1060 75.00

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

મનુષ્યોની આશ્ચર્યકારી ચેષ્ટા

ચલા વિભૂતિઃ ક્ષણભઙ્ગિ યૌવનમ્,
કૃતાન્તદન્તાન્તવર્તિ જીવિતમ્ ।
તથાપ્યવજ્ઞા પરલોકસાધને,
અહો ! નૃણાં વિસ્મયકારિ ચેષ્ટિતમ્ ॥

ચપળ વિભૂતિ–સંપત્તિ, ક્ષણભંગી યૌવન, યમના મુખમાં રહેલ જીવિત આ બધું નજરે જોવા છતાં પણ પરલોકને વિષે જે અવજ્ઞા દેખાય છે તેથી લાગે છે કે મનુષ્યોનું ચેષ્ટિત ખરેખર આશ્ચર્ય કરનાર છે.

વર્ષ ૧૦

અંક ૧+૨

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA PIN-361005

લવાજમ આજીવન

Received 23/8/97

શ્રી કૈલાસસાગરસૂરી જ્ઞાન મંદિર
મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા

શ્રી ઓશવાળ એસોસિએશન ઓફ ધી યુ. કે. તરફથી

ઓશવાળ સેન્ટરના પ્રાંગણમાં

શ્રી મહાવીર સ્વામી જિનાલયના ભૂમિપૂજન-ખનન વિધિ-શિલાન્યાસ મુહુર્તે

પધારવા સકલ સંઘને હરખભર્યું નિમંત્રણ

લંડનની ભવ્ય ધરા ઉપર ઓશવાળ એસોસિએશન ઓફ ધી યુ. કે.ના ઓશવાળ સેન્ટરના આંગણે આજે પરમાત્માકૃપા ઉતરી છે. શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ જૈન સંઘના સહુના અંતરને અજવાળતા પરમાત્મભક્તિના આલંબન રૂપ શ્રી મહાવીર સ્વામિ પ્રભુનું શિખરબંધી જિનાલય નિર્માણ કરવાનું ઓશવાળ સંઘે નક્કી કરેલ છે. હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મ.ના શિષ્યરત્ન પટ્ટધર પ. પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. તથા સુવિશાલ ગચ્છાધિપતિ પ. પૂ. આ. શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના વિદ્વાન શિષ્ય અધ્યાત્મયોગી પ. પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી મ.સ ના વિનેય શિષ્યરત્ન પ. પૂ આ. શ્રીમદ્ વિજય કુંદકુંદસૂરીશ્વરજી મ.સા. ના શિષ્યરત્ન પ.પૂ.પં. શ્રી વજ્રસેનવિજયજી મ. સાહેબે ઓશવાળ એસોસિએશનને જિનપ્રસાદ બાંધવાની સતત પ્રેરણા કરીને ઓશવાળ સંઘ ઉપર અસીમ ઉપકાર કર્યો છે. આજની આ શુભ ઘડીએ પૂજ્યશ્રીઓના અનન્ય ઉપકારને યાદ કરી અમો પૂજ્યોના ચરણે વંદના કરીએ છીએ.

આ અનુપમ અણમોલ અવસરના પાવન પ્રસંગે: **મંગલ કાર્યક્રમ :—**

તા. ૭—૯—૧૯૯૭ ભાદરવા સુદ ૫ રવિવારના શુભ દિવસે : સવારના ૮-૦૦ વાગે સ્નાત્ર પુજા ૯—૩૫ વાગે ભૂમિપુજન અને ત્યારબાદ ખનનવિધિ ૧૧—૩૦ વાગેથી બપોરના ૨—૦૦ વાગ્યા સુધી : સ્વામિ વાત્સલ્ય જમણ બપોરના ૨—૦૦ વાગ્યાથી અરહદ મહાપુજન તા. ૧૪-૯—૯૭ ભાદરવા સુદ ૧૨ રવિવારના શુભ દિવસે સવારના ૬—૩૦ વાગ્યે સ્નાત્ર પુજા ૭—૨૦ શિલાન્યાસ વિધિ ૯-૩૦ વાગ્યે જગ ચિંતામણી પુજન બપોરના ૨-૦૦ થી સાંજના ૬—૦૦ સુધી સ્વામિ વાત્સલ્ય જમણ.

પરમાત્મા સમિપ પહોંચવાના આ મંગલ પ્રસંગે આપ સહુ વિશાલ સંખ્યામાં સહપરિવાર પધારી અનુગ્રહિત કરશો.

નિમંત્રક : લી. ઓશવાલ એસો. ઓફ. ધી યુ. કે.

શુભ સ્થળ : ઓશવાલ સેન્ટર, કુપર્સ લેન રોડ, નોર્થો. હર્ટસ.

પર્યુષણ પર્વ નિમિતે ઉપરોક્ત દિવસે અન્ય કાર્યક્રમ : તા. ૭—૯—૯૭ સવારના ૧૧-૩૫ તપસ્વીઓનો વરઘોડો અને ત્યારબાદ તપસ્વીઓના પારણા તા. ૧૪—૯—૯૭ બપોરના ૧૨—૩૯ ઓશવાળ સેન્ટર ઘર દેરાસર ઉપર ધ્વજા બદલાવવાની અને લહેરાવાવાની

— સહુને પધારવા ભાવભર્યું આમંત્રણ છે. —

આદ્યાક્ષરદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર.

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ. શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘાજી ગુડકા (ભુવડ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (વઢવાણ)
ચાંદમલ ધર્મશી મુહડા (થરાદ)

વર્ષ : ૧૦] ૨૦૫૩ શ્રાવણ સુદ-૧૨ મંગળવાર તા. ૧૨-૮-૯૭ [અંક : ૧+૨

卐 પ્રકીર્ણક ધર્મોપદેશ 卐

-પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ વદિ-૧૨ મંગળવાર તા. ૨૨-૭-૧૯૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઈ-૬

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશ્રય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, મિચ્છામિ દુક્કડમ્ (પ્રકરણ ૧૯ મું) -અવ૦)

હયંનાણું ક્રિયાહીણું, હયા અન્નાણુઓ કિયા ।
પાસંતો પંગુલો દડ્ઢો, ધાવમાણો અ અંધઓ ॥

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકારપરમર્ષિ આચાર્ય ભગવંત શ્રી મુનિ સુંદરસૂરીશ્વરજી મહારાજા અત્યાર સુધીમાં એ વાત સમજાવી આવ્યા કે, 'મોક્ષ સિવાય સાચું અને વાસ્તવિક સુખ બીજે ક્યાંય છે જ નહિ અને સંસારનું જે સુખ છે તે દુઃખરૂપ છે. દુઃખ ફલક છે, દુઃખાનુબંધી છે માટે તે સુખ ઇચ્છવા જેવું નથી, મેળવવા જેવું નથી, ભોગવવા જેવું નથી, તે જાય તો રોવા જેવું નથી અને તેને મૂકીને જવાનો વખત આવે તો આનંદ પામવા જેવુ છે' વગેરે ઘણી ઘણી વાતો સમજાવી આવ્યા અને 'ધર્મ માત્ર મોક્ષ માટે જ કરવાનો છે પણ સંસાર માટે કરવાનો જ નથી' તે વાત પણ સમજાવી આવ્યા.

જે જીવ મોક્ષમાર્ગની પૂરેપૂરી આરાધના કરે તે જ મોક્ષ પામે. મોક્ષ માર્ગ શું છે ? સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર એ જ મોક્ષમાર્ગ છે. એકલા જ્ઞાનથી પણ આત્માની મુક્તિ ન થાય તે રીતે એકલાં દર્શનથી પણ આત્માની મુક્તિ

ન થાય. સમ્યક્‌ચારિત્ર, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન એ ત્રણે લેગા થાય તો જ આત્માની મુક્તિ થાય. માટે સમજાવી રહ્યા છે કે– એકલું જ્ઞાન પાંગળું છે અને એકલી ક્રિયા આંધળી છે. જ્યારે આત્મા ક્ષાયિક ભાવના ગુણો પામે તો જ તેની મુક્તિ થાય. તે ક્ષાયિક ચારિત્ર ચૌદમે ગુણઠાણે આવે અને તેના વિના મુક્તિ પણ ન થાય. તે મેળવવા માટે જ આ બધો ધર્મ કરવાનો છે.

પરન્તુ આ જગતમાં એવા પણ ઘણા બનાવટી જ્ઞાનિઓ છે કે જેએ ક્રિયા માત્રનો નિષેધ કરે છે અને એવા પણ અજ્ઞાની ક્રિયા કરનારા છે જેઓ જ્ઞાનની બેઠરકારી કરે છે, સાચા જ્ઞાનિઓની મશ્કરી કરે છે. તેનાથી બચાવવા કહે છે કે–'સમ્યક્ ક્રિયા વગરનું જ્ઞાન નકામું છે અને અજ્ઞાનિની ક્રિયા નકામી છે. જંગલમાં દવ લાગ્યો તો પાંગળો જોવા છતાં પણ સામર્થ્યહીન હોવાથી બળી ગયો અને આંધળો દવ તરફ દોડીને મરી ગયો.'

જ્ઞાની કહે છે કે– આ જગતમાં એવા પણ જીવો હોય છે.

"જાનન્તિ કેચિન્નતુ કર્તુમીશા:, કર્તું ક્ષમા યેન ચ તે વિદન્તિ ।
જાનન્તિ તત્ત્વં પ્રભવન્તિ કર્તું, તે કેઽપિ લોકે વિરલા ભવન્તિ ।।"

કેટલાક જીવો સાચું સમજતા હોય છે પરન્તુ કરવાની શક્તિવાળ નથી હોતા, કેટલાક જીવોની કરવાની શક્તિ હોય છે પણ તેએ । સમજતા નથી હોતા અને જેઓ તત્ત્વને સારી જાણે છે અને તે પ્રમાણે કરવાના સામર્થ્યવાળ હોય તેવા જીવો બહુ જ થોડા હોય છે. જ્ઞાનીથી ક્રિયા ન થતી હોય પણ તે જે ક્રિયા કરનારનું બહુમાન કરતા હોય, તેવી રીતે અજ્ઞાની પણ ક્રિયા કરનારો જે જ્ઞાનિની સાચા ભાવે નિશ્રા સ્વીકારે તો તે બે ય કલ્યાણ સાધે છે.

ધર્મ જ એવા હોય તો જાણકાર પણ ન કરી શકે એવું બને ને ત્રણે લોકના નાથ, આખા જગતના તારક એવા શ્રી અરિહંત પરમાત્માઓને પણ સંસાર માંડવો પડે ? રાજ કરવું પડે ? લગ્ન કરવું પડે તે શાથી ? લગ્ન કરવું જોઇએ માટે કરે કે કરવું પડે માટે કરે ? ત્રણ ત્રણ નિર્મલજ્ઞાનના ધણીને ય સંસારમાં રહેવું પડે છે તે શાથી ? તેવી રીતે ગમે તેટલી ક્રિયા કરનારા પણ જો જ્ઞાની ન હોય તો તેનું ઠેકાણું પડે ?

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્‌ચારિત્ર એ મોક્ષનો માર્ગ છે સમ્યગ્દર્શન ન આવે ત્યાં સુધી સમ્યગ્જ્ઞાન કે સમ્યક્‌ચારિત્ર ન આવે. સમ્યગ્દર્શન ન હોય તો ગમે તેટલું જ્ઞાન ભણે તો પણ પરિણામ ન પામે, ગમે તેટલું સારું ચારિત્ર પાળે તો પણ તે કાયકષ્ટકારી બને.

માટે સમજાવી રહ્યા છે કે– સમ્યક્ ક્રિયા વિનાનું જ્ઞાન ફળ આપી શકતું નથી. તેવી રીતે જ્ઞાની હોય પણ ક્રિયા વગરનો હોય તો પણ કામ ન થાય. તે વાતને દૃષ્ટાન્તથી સમજાવે છે કે એક નગરમાં એક આંધળો અને એક પાંગળો એ બે ઊભા છે. તે વખતે નગર સળગ્યું છે. તે વખતે પાંગળો દેખતો છે પણ ચાલી શકતો નથી માટે સળગી જાય છે અને જે આંધળો છે તેને કઈ બાજુ સળગે છે તે ખબર નથી માટે તે જ તરફ દોડતો જાય છે ને સળગી જાય છે.

શ્રી જૈન શાસનમાં તો શાસનને સમજેલો જ્ઞાની કદાચ ક્રિયા ન કરી શકતો હોય તો પણ સારી રીતે ક્રિયા કરનારની પ્રશંસા કરે કે–'આ ભાગ્યશાલી છે, ક્રિયા બરાબર કરે છે તેને બરાબર જ્ઞાન થઇ જાય તો ઝટ ઠેકાણે પડી જાય.' તેવી રીતે સમજપૂર્વક ક્રિયા કરનારો પણ જ્ઞાનીને કહે કે–'તમારી વાત સાચી છે પણ તમારા આધાર વગર અમે ચાલી ન શકીએ.' તેથી જ શ્રી જૈન શાસનમાં જેમ ગીતાર્થ તરે તેમ અગીતાર્થ પણ જો જ્ઞાનિની સલાહ મુજબ ચાલે તો તે ય તરી જાય ! માટે એકલું જાણવું જરૂર નથી તેમ એકલું કરવું પણ જરૂરી નથી પણ જાણવું અને સમજપૂર્વક કરવું તે બે ય જરૂરી છે.

તમે બધા ભગવાનનું શાસન પામ્યા છો, ભગવાનનું શાસન અમને ગમે છે એવો તમારો ભાવ છે તો તમે બધા ઘરમાં કેમ રહ્યા છો એમ પૂછે તો શું કહો ? તમે બધા સાધુ નથી થયા તે સાધુ થવાની શક્તિ ન હતી માટે કે તમારે સાધુ થવું જ ન હતું માટે સાધુ નથી થયા ? અમારી શક્તિ ન હતી માટે અમે સાધુ નથી થયા તેવું હૈયાપૂર્વક કેટલા બોલી શકશે ? જૈન શાસનને પામ્યા છો તેની ખાત્રી કરવા માટે જ પૂછું છું કે તમને સંસારમાં મઝા આવે છે ? 'અમે ન છૂટકે સંસારમાં રહ્યા છીએ' આવું જે બોલે તે શ્રી જૈન શાસનને પામેલો છે કાં પામવાનો છે. પણ 'સંસારમાં રહેવામાં વાંધો શો ? ઘરમાં રહે ધર્મ ન થાય ? સાધુ થઇએ તો જ ધર્મ થાય ?' આવું બોલે તે બધા શ્રી જૈન શાસનમાં જનમવા છતાં પણ શ્રી જૈન શાસનને પામેલા નથી અને પામવાના પણ નથી. તેવા લોકોથી જ શાસનને ઘણું નુકશાન થાય છે. સારો કાળ હોય તો તે બધાને શ્રી સંઘ બહાર જ કરે. આજે તો સાચાને તે લોકો સંઘ બહાર કરે છે. સંઘની સત્તા નામશેષ થવાથી ઘણું ઘણું નુકશાન થયું છે.

આજે તો મોટભાગ જૈનોનો રાતે ખાય છે અને પાછો પોતાને ધર્મી માને છે. તેને પૂછીએ કે– તું રાતે ખાય છે તે ન છૂટકે ખાય છે મજેથી ખાય છે ? રાતે ખાતી વખતે પણ તને થાય છે કે– આ બહુ ખબર થઇ રહ્યું છે. મારો

સતત પાપોદય છે કે જૈનકુળમાં જનમવા છતાં ય આટલું કરી શકતો નથી. આવું હૈયાથી બોલનારા કેટલા મળે ? રાતે ન છૂટકે ખાતા હોય, ખાવું પડે તેનું દુઃખ હોય તેને ય મારે સંઘમાં રાખવા છે.

આજે ભગવાનના શાસનનો ક્રિયામાર્ગ પણ લુપ્ત થઇ રહ્યો છે. શાસ્ત્રે કહ્યું છે કે– જે જીવ બીજો વિશેષ ધર્મ ન કરી શકે પણ જો તે જૈનકુળના આચાર મુજબ જીવે તો પણ તે દુર્ગતિમાં જાય નહિ. જૈનકુળના ઓછામાં ઓછા આચાર શું તે જાણો છો ? રોજ સ્વદ્રવ્યથી પોતાની શક્તિ મુજબ ભગવાનની પૂજા કરે, રોજ સવારે નવકારશીનું પચ્ચક્ખાણ તો કરે જ અને સાંજના ચોવિહાર. તિવિહાર કે ઉકાળાના કારણે દુવિહાર પણ કરે. રોજ એકાદ સામાયિક કરે, અભક્ષ્યભક્ષણ કે અપેયપાન ન કરે. આ બધું ભારે પડે તેવું છે ? આમાં પૈસા ખરચવાના છે ? પણ આજે તો બધા જૈનાચારોનું દેવાળું નીકળી ગયું છે ! જૈનકુલમાં એવા કુલાંગારો પાક્યા છે જેમણે જૈનપણાનું લીલામ કર્યું છે ! આજે કોઇ ઘર એવું નહિ મળે કે જે કહી શકે કે–'અમારા ઘરમાં કોઇ પૂજા વિના તો રહે જ નહિ. રાત તો ખાય નહિ. ઓછામાં ઓછું નવકારશીનું પચ્ચક્ખાણ તો કરે જ !' તેના ઘરના નાના–નાના છોકરાઓને પણ એવું જ શીખવ્યું હોય કે તે બચ્ચાં પણ કહે કે–'રાતે ન અવાય. રાતે પાણી પણ ન પીવાય. ખવાએ–પીવાએ તો નરકે જવાય.' આવા આચાર તમારા ઘરમાં જીવતાં છે ? તમારા ઘેર જન્મેલા કદાચ સાધુ ન થઇ શકે પણ શ્રાવકના આચાર પણ ન પાળી શકે ? આ આચાર ન પાળી શકાય તેવા છે ? તમારો પરિવાર રાતે ખાય તો તમને દુઃખ થાય છે ? તમે તેને પાસે બેસાડીને કદી કહ્યું છે કે– 'મારા ઘરમાં જન્મી, કારણ વિના તમે બધા રાતે મજેથી ખાવ છો, પીવો છો તે મારાથી સહન થતું નથી. મારા ઘરમાં જન્મેલા તમે બધા દુર્ગતિમાં જશો તે જોઇ શકતો નથી.' જો તમે આવી રીતે તમારા પરિવારને કહેતા હોત તો તેઓ રાતે ખાતાં–પીતા ન હોત, અભક્ષ્યની પાસે પણ જતા ન હોત, સદાચારી હોત અને તિથી બચી ગયા હોત !

તમારું કુળ તે જૈન છે ખરું ? આજે તો જૈનકુળ તે જૈનકુળ રહ્યા નથી, નામના રહ્યા છે. આજના જૈનકુળમાં જનમવું તે પાપોદય હોય તો જન્મે ?

(ક્રમશઃ)

મહાભારતનાં પ્રસંગો

[પ્રકરણ-૧૧]

—શ્રી રાજુભાઇ પંડિત

(૧૧) આખરે જન્મભૂમિ ભણી.....

'આખરે વસુદેવ અને સમુદ્રવિજય સામસામે યુદ્ધમાં આવી ચડયા. બે સગા ભાઇઓનું હવે ઘમસાણ યુદ્ધ થવાનું હતું. અને આખરે યુદ્ધ શરૂ થયું. શૌરીધરાધીશ સમ્રાટ સમુદ્રવિજયે શરસંધાન કર્યા. ધનુષ ઉપર બાણ ચડાવ્યું. પણછ ખેંચીને તીર છોડે તે પહેલાં જ.....

ત્વરિત વેગવાળા રૂપ પરાવર્તન કરેલા વસુદેવકુમારે તીવ્ર વેગથી એક બાણ છોડી દીધું. સમુદ્રવિજય સમ્રાટના પગમાં આવીને તે બાણ પડયું. તે બાણમાં હસ્તાક્ષરો હતા.

શબના ઢાહમલ (અગ્નિમય) કપટને કરીને અર્થાત્ શૌરપુરીના પૂર્વદ્વાર તરફ સળગતા શબનું કપટ કરીને આજથી સેંકડો વર્ષ પૂર્વે જે શૌરપુરી નગરમાંથી ચાલ્યો ગયો હતો તે વસુદેવ, હે દેવ ! આપના ચરણકમલને નમન કરી રહ્યો છે.'

શૌર્યનગરીના પૂર્વદ્વારમાં બળતા મડદાને કુમાર વસુદેવનું સળગતું શબ સમજીને રાજા સમુદ્રવિજય, માતા સુભદ્રા તથા સમસ્ત નગરજનો વસુદેવના અગ્નિ–મૃત્યુથી અત્યંત શોકાતુર હતા. આસ કરીને તો રાજા સમુદ્રવિજયને કયાંય સુખ–ચેન ન હતા. હતા. સેંકડો વર્ષો પ્રિયભાઈ વસુદેવકુમારના મૃત્યુશોકમાં વહી ગયા હતા.

તેવામાં એક દિવસ કોષ્ટુકિ નામના નિમિત્તજ્ઞે આવીને રાજાને શુભ–સંદેશ આપ્યો કે–હે દેવ ! ઘણાં ઘણા મનોમંથનને અંતે મને આજે એક વાત નિશ્ચિતપણે જણાઇ છે કે-'કુમાર વસુદેવ નિરામયપણે આ પૃથ્વી ઉપર જીવી રહ્યા છે. (તેમનું અગ્નિ–મૃત્યુ હું માની શકતો નથી.)' શોકમગ્ન શોકભર્યા આ અવસરમાં નિમિત્તજ્ઞની કર્ણ માટે અમૃત સમાન વાણી સાંભળીને રાજા સમુદ્રવિજય ફરીથી પૂર્વની જેમ જ રાજસભામાં કંઇક પ્રવૃત્ત થયા.

હવે આ બાજુ અરિષ્ટનગરના રાજા રૂધિરે પોતાની રોહિણી નામની પુત્રીનો સ્વયંવર યોજ્યો હતો, તેમાં સમુદ્રવિજય રાજાને પણ આમંત્રણ આપ્યું. સમુદ્રવિજય રાજા સ્વયંવરમાં ગયા ખરા પરંતુ તે કન્યાને પરણવા માટે નહિ પણ વસુદેવ કુમારના વિરહ શોકને દૂર કરવા માટે જ ગયા હતા. પ્રતિવાસુદેવ જરાસંધ આદિ અનેક બાહુબળી, પ્રચંડ પરાક્રમ રાજાઓ પણ આ સ્વયંવરમાં પધાર્યા હતા. દરેક રાજા–મહારાજાઓ પોત પોતાના યોગ્ય સ્થાને બેસી ગયા હતા. દરેક પોતે રોહિણીનો પતિ થવાને યોગ્ય માનતા હતા.

થોડીવાર થઇ અને કામદેવની રતિ જેવી રૂપ–લાવણ્યભર્યા અંગોવાળી રાજકુમારી રોહિણી શરીરનો અદ્ભૂત શણગાર સજીને ધાત્રી સાથે સ્વયંવર મંડપમાં પ્રવેશી. રોહિણીની પસંદ બનવા માટે દરેક રાજાઓ, રાજકુમારોએ પોતાને યોગ્ય રીતે રોહિણીને બતાવ્યા. ધાત્રીએ એક એક રાજકુમારો, રાજાઓના ગુણ વર્ણનો કરી કરીને રોહિણીને ઓળખાવ્યા. સેંકડોની સંખ્યામાં આવેલા આ સ્વયંવરના અતિથિઓમાંથી રોહિણીને એકે પણ પસંદ પડયા નહિ. અને આ દરેક રાજાઓ ઉપરથી ઉઠી ગયેલી રોહિણીની નજર એકાએક એક પાટહિક=પડહ વગાડનાર કુબડા ઉપર પડી. રોહિણી ગર્ભ. તે કારણે તેને જ વારંવાર જોવા લાગી. ઇચ્છા પણ તેના તરફ ઢળી. આ તકને ઝડપી લેતાં પાટહિકે પડકો વગાડી સ્પષ્ટપણે કહ્યું કે–'હે મૃગાક્ષી! સ્વયંવરની આ વરમાળાથી મને પસંદ કર. પ્રસન્ન કર.' પાટહિકના કમળ, ચંદ્ર જેવા ગુણોને ઓળખી ગયેલી તેને વશ બની ગયેલી રોહિણીએ તે કુબડાના કંઠમાં સ્વયંવરમાળા નાંખી.

અમારી જેવા મહાસમૃદ્ધિશાળી, રૂપ–વૈભવના ધણી, શક્તિશાળી મહાબાહુઓની ઉપેક્ષા કરીને આ રાજકુમારી રોહિણી આવા નાદાન, મેલા ઘેલા, રસ્તે ભટકતા કુબડાને પરણશે, ? નહિ, એ નહિ બની શકે.' આ રીતના ભયાનક ખળભળાટ વચ્ચે જ જરાસંધની આજ્ઞા થતાં જ યુદ્ધ કરવા તૈયાર થયા. આવા પાટહિકને નહિ તરછોડતા, પોતાના જમાઇ તરીકે સ્વીકારતા રાજા–રૂધિર તરફ દરેક દરેક રાજાઓ એક બનીને સંગ્રામ આરંભી બેઠા. ચારે તરફથી આવતા સેંકડો બાણો, શસ્ત્રો આમે ફાટી નીકળેલા પ્રચંડ ક્રોધાનલથી રાજા રૂધિરે એકલે હાથે પ્રતિ આક્રમણ શરૂ કર્યું. શસ્ત્ર સૈન્ય ચાહે ગમે તેટલું કેમ ન હોય, પ્રચંડ શક્તિશાળીઓ કદિ ફફડતા નથી. પૂરા સત્ત્વથી, વીર્યથી, પરાક્રમથી રૂધિર રાજાએ સંઘર્ષ ભર્યો સામનો શરૂ કર્યો. પરંતુ...યુદ્ધમાં લડતા લડતા ચારે કોરથી આવતા બાણો શસ્ત્રોથી આખરે રાજા રૂધિર વિધુર બન્યા, જર્જરિત થયા. રાજા રૂધિરને જર્જરિત થયેલા જોયા કે તરત જ પાટહિક એકલો સમર–યુદ્ધ માટે સજ્જ થયો. અને એ સાથે જ એચરોએ પાટહિકને શસ્ત્રના ભંડારથી ભરપૂર એક રથ આપ્યો. અને... પ્રચંડ વીજળીક વેગથી પાટહિકે એકલે હાથે શત્રુ રાજાઓની હરોળને ઢળી નાંખી. શત્રુપક્ષમાં હાહાકાર મચાવી દીધો. આથી ક્રોધાયમાન થયેલા ધરાધણી જરાસંધે સમુદ્રવિજય રાજાને આદેશ કર્યો કે–'જાવ, એની સામે આક્રમણ કરો.'

આદેશ થતાં જ શૌરીનગરના ધણી સમુદ્રવિજય શસ્ત્રસજ્જ બની પાટહિકની સામે યુદ્ધ કરવા આવી ચડયા. સામે પાટહિકને જોતા 'આ પડહો વગાડી જાણનારો મને શું કરી શકવાનો છે? તું પડહા વગાડયા કર, તારૂ સંગ્રામમાં કામ નથી પાટહિક! જીવતા રહેવું હોય તો હવે ચાલ્યો જા.' આવા ભાવથી જાણે સમુદ્રવિજય રાજાએ પાટહિકનો

તિરસ્કાર કર્યો. અને એ સાથે જ પાટલિકે સમુદ્રવિજય રાજાના આખા સૈન્યનો ખુડદો બોલાવી દીધો. આથી સગી આંખે પાટલિક જોવાથી સૈન્યનો વિનાશ વેરાતો જોઇને આશ્ચર્ય પામેલા પ્રચંડ તેજોમૂર્તિ ખુદ રાજા સમુદ્રવિજય પાટલિક સામે રણ-મોરચો ખેલવા તૈયાર થયા. રોષાયમાન થયેલા રાજાએ શરસંધાન કરી લીધા. ધનુષનો ગગનભેદી ટંકાર કરીને ધનુષ ઉપર બાણ ચડાવી ધનુષની પણછ ખેંચી. બસ બાણ છોડવાની તૈયારી જ હતી.

અને ત્યાં જ... સામેથી વીજળીક વેગે પાટલિકે એક તીવ્ર વેગવાળુ બાણ છોડી દીધું. અને આવીને સીધું રાજા સમુદ્રવિજયના પગમાં પડેલું.

આવેલું આ પત્ર (બાણ) માત્ર પત્ર (બાણ) જ નો'તુ. પત્રની સાથે પત્ર (સંદેશો) પણ હતો. અર્થાત્ આવેલું પત્ર પત્રને લઇને આવેલું.

રાજા સમુદ્રવિજયે બાણ ઉઠાવ્યું. મોતીના દાણા જેવા અક્ષરો તેમાં અંકાયેલા હતા. તેમાં લખ્યું હતું કે-'આજથી સેંકડો વર્ષ પૂર્વે સળગતા શબનું કપટ કરીને જે પહેલા નગરમાંથી ચાલ્યો ગયો હતો તે વસુદેવ કુમાર, હે દેવ! આપના ચરણ કમલમાં નમસ્કાર કરે છે.' વસુદેવના હસ્તાક્ષરો વાંચતા, વર્ષોથી વિછોડાયેલો પોતાનો વહાલો નાનો ભાઇ મલતા, જેના વિરહના શોકથી સંતપ્ત હૃદયને સાંત્વન આપવા માત્ર સ્વયંવર જોવા આવતા વિછડાયેલા ભાઇનું મધુર મિલન થતા હર્ષાશ્રુ વરસાવતા રાજા સમુદ્રવિજય શસ્ત્રોને છોડીને વસુદેવ ભણી પળનોય વિલંબ કર્યા વિના દોડી ગયા. પાટલિકના વેશમાં રહેલા કુમાર વસુદેવ પણ તરત જ દોડતા આવીને ભ્રાતૃ ચરણમાં નમી પડયા. અને બંને એક બીજાને ગાઢ આલિંગનથી ભેટી પડયા.

'સેંકડો વર્ષો સુધી તું ક્યાં હતો, વત્સ!' 'દેવ! આપની કૃપાથી નિર્વિઘ્નપણે રૂપ પરાવર્તન કરીને પૃથ્વી ઉપર સ્વર વિહાર માણતો રહેલો.'

'કુમાર! ચાલો, હવે આપણે ઘેર જઇએ.' 'દેવ! આપની આજ્ઞા મને માન્ય છે. પણ હમણાં નહિ. પૃથ્વી ઉપર ભમતા ભમતા સેંકડો રમણીઓને પરણ્યો છું તે બધાંને સાથે લઇને આવીશ.' ખુશ-ખુશાલ થયેલા રાજા શૌરી નગરીએ પાછા ફર્યા.

રૂધિર રાજાને પાટલિકે તો વસુદેવકુમાર છે તેમ જાણવા મળતા આનંદનો કોઇ પાર ન રહ્યો એક દિવસ વસુદેવ કરેક પરણેલી સ્ત્રીઓ સાથે આવતા રાજા સમુદ્રવિજયે અભૂતપૂર્વ સ્વાગત-સત્કાર કર્યો. મથુરાથી આવીને રાજા કંસે પણ વસુદેવનું આગમન-માંગલ્ય કર્યું. શૌરી નગરી જાણે સુખ-આનંદના સાગરમાં ડુબી ગઇ. (ક્રમશઃ)



: વિશેષાંક માટે તુરત લેખ મોકલો :

ફ્ર જૈન શાસન વિશેષાંક ફ્ર

નવા વર્ષનો વિશેષાંક દિવાળી ઉપર પ્રગટ થશે.

જૈન ધર્મની પ્રાણી કથાઓ-વિશેષાંક

અંક પ્રગટ થશે કારતક સુદ ૧ શનિવાર તા. ૧–૧૧–૯૭

— તરત કથા લેખ મોકલો —

* લેખ : તા. ૧૧–૧૦–૯૭ સુધી મોકલી આપશો.
* શુભેચ્છા : તા. ૨૧–૧૦–૯૭ સુધી મોકલી શકાશે.

આ વિશેષાંક માટે લેખો વિ. મોકલી આપવા પૂ. આચાર્યદેવો આદિને વિનંતી છે. તથા શુભેચ્છકો આદિ તથા શુભેચ્છાઓ વિ. માટે પ્રયત્ન કરીને ખાસ મોકલવા સર્વે વાંચકો તથા માનદ પ્રચારકોને વિનંતી છે. તા. ૧–૧૦–૯૭ સુધી લેખો મળી જશે તો તે સચિત્ર બનાવવાની ધારણા છે.

આજીવન વિશેષાંક સૌજન્ય રૂા. ૧૧) હજાર
આજીવન ,, સહાયક રૂા. ૫) હજાર
આજીવન ,, શુભેચ્છક રૂા. ૧) હજાર

આમ આજીવન શુભેચ્છક બનતાં દર વર્ષે વિશેષાંકમાં શુભેચ્છા આવશે.

–: આ ચાલુ વાર્ષિક વિશેષાંક :-

વિશેષાંક શુભેચ્છક રૂા. ૧૦૦) પરદેશમાં શુભેચ્છક રૂા. ૩૦૦)
આજીવન સભ્ય રૂા. ૫૦૦) પરદેશમાં રૂા. ૧૦૦૦)


આ વિશેષાંકમાં શુભેચ્છા જાહેરાત એક પેજ ૧૦૦) અડધુ પેજ રૂા. ૫૦૦)
૧/૪ પેજ રૂા. ૩૦૦) ૧/૮ પેજ ૧૫૦)

* શ્રી જૈન શાસન કાર્યાલય *

C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર (સૌરાષ્ટ્ર)

દરેક સંઘ રૂા. ૧૦૦૦) ભરી કાયમી શુભેચ્છક બને. સંઘનું તથા પ્રેરકનું નામ દર વર્ષે વિશેષાંકમાં શુભેચ્છક તરીકે છપાશે કાયમ જૈનશાસન આવશે.

જે સંઘો કે ભાવિકો આજીવન સૌજન્ય, સહાયક કે શુભેચ્છક બન્યા છે તેમને હવે રકમ ભરવાની રહેતી નથી.



વિચાર વસંતની સુગંધ

[મુદ્રણદોષથી થયેલ અશુદ્ધિ સુધારીને વાંચવા ભલામણ છે–લેખક]

'જૈન શાસન' સાપ્તાહિકના તા. ૧૫-૧૦–૯૬ ના અંકમાં, 'વિચારવસંત'માં આપણે આચાર્ય શ્રી નરેન્દ્રસાગરસૂરિજીના ઉત્સૂત્રો વગેરે પ્રગટ કર્યા હતા. તેઓ પોતાના ઉત્સૂત્રો સુધારીને પ્રાયશ્ચિત કરવાપૂર્વક પોતાના આત્માને શુદ્ધ કરે–તેવી આપણી ભાવના હતી. પરંતુ નરેન્દ્રસાગરજી તેમને વારસામાં મળેલ સંસ્કાર મુજબ ઉત્સૂત્રોનો ઓટો બચાવ કરી રહ્યા છે. ઉત્સૂત્રો બતાવનાર ઉપર હુમલો કરવાનું પણ તેમને વારસામાં મળ્યું હોવાથી શાસ્ત્રીયવાત રજુ કરનારનો પ્રતિકાર કરવાનું પણ તેઓ ભૂલ્યા નથી. એ વાત તો ખૂબ જ પ્રસિદ્ધ છે કે પૂ. તપાગચ્છાધિપતિ જગદ્‌ગુરૂ શ્રી હીરસૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી સેનસૂરીશ્વરજી મ., પૂ. આત્મારામજી મ. વગેરેથી માંડીને પૂ. આ. શ્રી વિ. રવિચંદ્ર સૂ. મ. સુધીના ગીતાર્થ, ભવભીરૂ અને સુવિહિત મહાપુરૂષોના શાસ્ત્રીય વિધાનોનું ખંડન કરવાનું પાપકાર્ય નરેન્દ્રસાગરજી ખૂબ જ રસપૂર્વક કરી રહ્યા છે. આ બધા મહાપુરૂષો એ ચતુર્વિધ શ્રીસંઘ ઉપર કરેલો ઉપકાર અને તેઓશ્રીની ગીતાર્થતા સુપ્રસિદ્ધ છે. છતાં આવા મહાપુરુષોના શાસ્ત્રીય વિધાનો ઉપર હુમલો કરીને નરેન્દ્રસાગરજીએ પોતાની લાયકાત પ્રગટ કરેલી જ છે. આવા આચાર્યપદની લઘુતા કરનારા, અયોગ્ય અને અભિનિવેશી આત્માએ મહાપુરુષોની કરેલી આશાતનાનો પ્રતિકાર શક્તિસંપન્ન આત્માએ અવશ્ય કરવો જ જોઇએ. નરેન્દ્રસાગરજીને વર્ષોથી એવો વહેમ સતાવે છે કે 'તેમણે કરેલા ખંડનને કોઇ પણ વ્યક્તિ ખોટું ઠરાવી શકે જ નહિ.' આવી ઉન્મત્ત બડાઇ તેમણે જાહેરમાં લખી પણ નાંખી છે. બીજાની શાસ્ત્રીયવાતનું ખંડન કરતી વખતે સહજ રીતે ઉત્સૂત્ર લખી નાંખનારા નરેન્દ્રસાગરજી આવી બડાઈ હાંકે છે. ત્યારે તેઓ અત્યંત દયાપાત્ર બની જાય છે.

'બધાં વિચારવસંત'ની સુગંધ માણી રહ્યા છે ત્યારે આ નરેન્દ્રસાગરજીને તેમાંથી 'ગટરની ગંધ' આવી રહી છે ! પેલી માખીની વાત નથી સાંભળી ? બગીચાની માખીએ એકવાર ઉકરડાની માખીને બગીચાની સુગંધ લેવા આમંત્રણ આપેલું. પેલી ઉકરડાની માખી આમંત્રણનો સ્વીકાર કરીને આવી તો ખરી, પણ થોડીવારમાં જ બગીચાની સુગંધથી અકળાઈ ગઈ. તુરત ઉકરડે પાછી ફર્યા પછી જ તેને રાહત જણાઈ. સુગંધથી

ન ટેવાયેલાં માટે બગીચો બેચેનીનું કારણ બને છે. ઉત્સૂત્રના ઉકરડામાં આળોટતા મોટા થયેલા નરેન્દ્રસાગરજી 'વિચારવસંત'ની શાસ્ત્રીય વાતોની સુગંધથી અકળાઈ ઉઠે તેમાં કોઇ આશ્ચર્ય નથી. આ રોગ તો તેમને વારસામાં મળેલો છે. તેથી 'વિચારવસંત'ને 'ગંધાતી ગટર' માને તે સહજ છે. 'વિચાર વસંત'થી નરેન્દ્રસા. બેચેન બની ગયા તેમાં 'વિચાર વસંત'નો શો વાંક? અને નરેન્દ્રસા.નો ય શો વાંક? વાંક તો તેમની પ્રકૃતિનો ગણાય.

નરેન્દ્રસા.એ 'વિચારવસંત'ની સામે લખેલી ૧૨૬ પાનાની બચાવ ચોપડીમાં તેમનું ઉત્સૂત્ર સુધરી ન જાય તેની ખૂબ જ કાળજી રાખી છે. ઉત્સૂત્રભાગ આત્માઓ હંમેશાં આવું જ કરતા હોય છે. નરેન્દ્રસા.એ ખૂબ જ મહેનત કરીને પોતાના ૧૦૯ વિશેષણોની યાદી બનાવી છે. દુર્ગતિમાં લઈ જનારા તેમના આ વિશેષણો જાહેરમાં મૂકાયા તે તેમને ખૂબ જ ખટકે છે. પણ નરેન્દ્રસા. જરાય સુધરવાનું નામ લેતા નથી. તેઓ પોતાની જાતને સર્વગુણસંપન્ન માને છે અને સુવિહિત ગીતાર્થ મહાપુરુષોને અશિષ્ટ–અસભ્યભાષામાં ભાંડવાનું કામ ચીવટપૂર્વક કરે છે. હવે રહી રહીને તેમને 'બહુધા સૌમ્યભાષા'માં લખવાના મનોરથ થયા છે. અશિષ્ટ અને અસભ્યભાષામાં ઉત્સૂત્ર લખનારા નરેન્દ્રસા. હવે 'બહુધા સૌમ્યભાષા'માં ઉત્સૂત્રનો બચાવ કરશે. પણ એથી તેમની દુર્ગતિ અટકવાની નથી. ઉત્સૂત્ર નહિ જ લખવાનો કે ઉત્સૂત્રનો બચાવ નહિ જ કરવાનો તેઓ સંકલ્પ કરશે અને તેને અમલમાં મૂકશે તો જ નરેન્દ્રસા.ની દુર્ગતિ અટકશે. ઉગ્ર કે સૌમ્યભાષાની વાતમાં અટવાયા વિના નરેન્દ્રસા.એ ઉત્સૂત્રથી અટકવાની જરૂર છે, આ વાત તેમને કોઇએ સમજાવી હોય તેમ લાગતું નથી.

નરેન્દ્રસા.એ પોતાના ઉત્સૂત્રના બચાવ માટે ભારે પરિશ્રમ ઉઠાવ્યો છે. 'પ્રશ્નોત્તર કર્ણિકા', 'પ્રશ્નોત્તર કર્ણિકા શુદ્ધિપ્રકાશ', 'શુદ્ધિપ્રકાશનો ઘોર અંધકાર', 'સર્વલાઇટ' અને 'જૈન શાસનનો તા. ૧૫–૧૦–૯૬ નો વિચારવસંત લેખ' : આ બધામાંથી તેમના ઉત્સૂત્રનો બચાવ થઇ શકે તેવી ફાવતી વાતો આડી ધરીને નરેન્દ્રસા.એ તેમની 'ગંધાતી ગટર' નામની ચોપડી લખી નાંખી છે. તેઓ ભલે શેખી હાંકે કે 'વાહ, મેં તો બધે બધી વાતોનો જવાબ આપી દીધો!' પણ તેમણે કેવા જવાબો આવા છે તે તપાસવા માટે અહીં એક નમૂનો બતાવું છું :

* 'જૈન શાસન'ના 'વિચારવસંત' લેખમાં મેં લખ્યું હતું કે 'પ્રશ્નોત્તર કર્ણિકા' ના પૃ. ૨૯–૩૦ ઉપર પ્રભુપૂજામાં થતી હિંસામણાને યજ્ઞની હિંસા સાથે સરખાવનાર કેટલા બધા છે–તે દર્શાવનાર પ્રશ્નોત્તર છે. તેમાંની જુદી જુદી પંક્તિઓ ઉઠાવીને શાસ્ત્રીયખંડન નં. ૫ લખવા માટે અખંડ પેરેગ્રાફ બનાવવાનો અનાડી ખંડનકારોને

શોભે તેવો પ્રપંચ નરેન્દ્રસા.જીએ કર્યો હતો.” આના જવાબમાં તેમની ‘ગંધાતી ગટર’માં નરેન્દ્રસા.જી લખે છે કે ‘શું મારી પ્રશ્નોત્તર કર્ણિકા શુદ્ધિ પ્રકાશ’ના પેજ ૮ ઉપર છાપેલા તે પેરેગ્રાફ શું અખંડ નથી ? તેમાં શું જુદી જુદી પંક્તિઓના જુદાં–જુદાં ગોઠવ.યેલા છે ? તે જાહેર કરશો.

આ એક નમૂના ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે નરેન્દ્રસા.જી ‘ચોર કોટવાલને દંડે’ અને ‘ચોરી ઉપર શિરજોરી’ આ કહેવતોને બરાબર ચરિતાર્થ કરી રહ્યા છે. નરેન્દ્રસા.એ ‘પ્રશ્નોત્તરકર્ણિકા શુદ્ધિ પ્રકાશ’ ના પૃ. ૮ ઉપર ‘પ્રશ્નોત્તર કર્ણિકા’ ના અવતરણ તરીકે જે પેરેગ્રાફ છાપ્યો છે. તે પેરેગ્રાફ અખંડ રૂપે ‘પ્રશ્નોત્તર કર્ણિકા’માંથી કાઢી આપવાનો છે. પણ તેમણે ‘પ્રશ્નોત્તર કર્ણિકા’ માંથી જુદી જુદી પંક્તિઓ ઉઠાવીને અખંડ પેરેગ્રાફ બનાવ્યો હોવાથી આ કાર્ય તેવો કરી શકવાના નથી. નરેન્દ્રસા.એ પોતાના આ અનાડી પ્રયાસ બદલ સરળતાપૂર્વક માફી માંગી લેવી જોઈએ. એના બદલે તેમણે ‘ચોરી ઉપર શિરજોરી’ની કહેવત મુજબ ખોટી રીતે હુમલો કર્યો છે. નરેન્દ્રસા.ની ‘ગંધાતી ગટર’ નામની ચોપડી આવાં કાવતરાંઓથી ભરેલી છે. અને વિશેષમાં નરેન્દ્રસા.જીને તેમની ગુરુપરંપરાથી એવો વારસો મળ્યો છે કે તેમના સતત શાસ્ત્રીયવાતોનું ખંડન કરતાં જ રહે છે.

તેમના આવાં ખંડનોનો પ્રતિકાર કરીને શાસ્ત્રીય વાતનું મંડન કરવામાં આવે ત્યારે તેમના ‘ગંધાતી ગટર’ જેવી ચોપડીઓ ચીતરી નાંખે છે. વારંવાર તેઓ બધાને બીજું મહાવ્રત યાદ રાખવાની ‘આપ્ત સલાહ’ દીધે રાખે છે અને નરેન્દ્રસા.જી પોતે ઉત્સૂત્ર લખીને અને ઉત્સૂત્રનો બચાવ કરીને વારંવાર બીજું મહાવ્રત ભાંગી નાખે છે. ઉત્સૂત્રભાષણના મહાપાપનું પ્રાયશ્ચિત ન જ કરવાનું તો તેમને વારસામાં મળ્યું જ છે. પરંતુ ચોકકસ સમુદાય અને વ્યકિતની શાસ્ત્રીયવાતોનું ખંડન કરતાં રહેવાનું પણ તેમના વડિલો તરફથી નરેન્દ્રસા.જી ને વારસામાં મળ્યું છે. સ્વ. સાગરજી મ.ના ઉત્સૂત્રોના દગલામાંથી થોડા નમૂના તેમને બતાવવામાં આવ્યા તેમાં તો નરેન્દ્રસા.જી દોડતા બચાવ કરવા કૂદી પડયા. કાચના ઘરમાં બેસીને બીજાના ઘરમાં પથ્થર મારવાની કુટેવ નરેન્દ્રસા.જી ને આજે ભારે પડી રહી છે. બીજાની સાચી વાતનું મંડન કરવું અને પોતાનાની ખોટી વાતનો બચાવ કરવો : આ તો નરેન્દ્રસા.જી નો કુલધર્મ છે.

ઉપર જણાવેલ નમૂનાથી ય ચઢિયાતો માયામૃષાવાદ નરેન્દ્રસા.જી એ પોતાની ‘ગંધાતી ગટર’ નામની ચોપડીમાં અનેક સ્થળે કર્યો છે. (‘વિચાર વસંત’ ની સામે ‘ગંધાતી ગટર’ જેવી ચોપડી લખી નાંખવામાં ય તેમના ગુરુઓના સંસ્કારો કામ કરી

ગયા છે. નરેન્દ્રસા.જી નૈ 'ગંધાતી ગટર' જેવું જ લખતા આવડે છે ? સારૂં લખવાનું તેમના ગુરૂઓ તેમને શીખવી ગયા નથી ?) આ સ્થિતિમાં તેમના માયામૃષાવાદ વગેરેને સ્પષ્ટ કરવાની જરૂર નથી. વાચકો સ્વયં 'પ્રશ્નોત્તર કર્ણિકા' થી માંડીને નરેન્દ્રસા.જી ની 'ગંધાતી ગટર' સુધીની ચોપડીઓ સાથે રાખીને નરેન્દ્રસા.જી નો માયામૃષાવાદ, વિતંડાવાદ, શબ્દછળ, વાક્યછળ, અને ઉત્સૂત્ર ભાષણ વગેરેને પકડી શકશે. અહીં તો તે તે વાતોની શાસ્ત્રીય રજુઆત અને જરૂરી સ્પષ્ટીકરણ કરવામાં આવે છે.

(૧) પૂ. પ્રશ્નોત્તરકર્ણિકાકારશ્રીએ લખ્યું કે-'સાંસારિક સુખ માટે જે કરવું તે ધર્મમાં ન આવે" આ વાત 'ધર્મસ્તાવદ્રાગાદિમલવિગમેન પુષ્ટિશુદ્ધિમચ્ચિત્તામેવ' આ વ્યાખ્યાને આધારે શાસ્ત્રીય જ છે. વ્યવહારમાં પણ મરવા માટે ઝેર ખાય અને રોગ દૂર કરવા માટે (વૈદ્યની સલાહ મુજબ) ઝેર ખાય ત્યારે, એકને ઝેર કહેવાય, બીજાને ઔષધ કહેવાય. વસ્તુ એક જ હોવા છતાં આશયભેદે નામભેદ હોઇ શકે છે. ઉપરની વાતમાં પણ વ્યાખ્યા વિશેષથી 'સાંસારિક સુખ માટે જે કરવું તે ધર્મમાં ન આવે' એમ અવશ્ય કહી શકાય છતાં આ વાતને અશાસ્ત્રીય અને ઉત્સૂત્ર માનનારા નરેન્દ્રસા.જી પોતે ઉત્સૂત્રભાષી બને છે.

(૨) 'ભગવાનની પુષ્પાદિ પૂજાનું વિધાન મોક્ષ માટે છે.' (પ્રશ્નોત્તર કર્ણિકા) આ વાક્યમાં ક્યાંય 'દ્રવ્યપૂજા સાક્ષાત્ મોક્ષનું કારણ છે' એમ લખ્યું નથી છતાં 'તેરમે અભ્યાખ્યાન' નામનું પાપ આચરીને નરેન્દ્રસા.જી ઉપરના વિધાનને અશાસ્ત્રીય અને ઉત્સૂત્ર માને છે, આવા આત્માની દયા ચિંતવ્યા વિના ઉપાય નથી.

સાગરજી મ.એ 'સિદ્ધચક્ર' વર્ષ ૮, પૃ. ૧૫૫ ઉપર લખ્યું છે કે કે 'શ્રી જિનેશ્વરદેવની પૂજા પણ મોક્ષ માટે છે' પક્ષદ્વેષ અને વ્યક્તિદ્વેષથી 'પ્રશ્નોત્તર કર્ણિકા' નું ખંડન કરનારા નરેન્દ્રસા.જી સાગરજીમ.ના આ વિધાન સામે વર્ષોથી ચૂપ છે આજ સુધીમાં બીજાના જે જે વિધાનોને અશાસ્ત્રીય-ઉત્સૂત્ર તરીકે વગોવીને નરેન્દ્રસા.જી એ ખાંડ્યા છે. તેવા જ અનેક વિધાનો સાગરજી મ.એ કર્યા છે. છતાં સાગરજીમ.નું ખંડન નરેન્દ્રસા.જી એ નથી કર્યું. આથી નરેન્દ્રસા.જી ખંડનનો ધંધો પક્ષદ્વેષ કે વ્યક્તિદ્વેષથી જ ચલાવે છે, એમાં કોઇને કંઇ પણ શંકા રહે તેવું નથી. સાગરજી મ.ના સાહિત્યની પૂરી જાણકારી મેળવ્યા વિના બીજા ઉપર હુમલો કરવા નીકળી પડેલા નરેન્દ્રસા.જી કફોડી હાલતમાં મૂકાઈ ગયા છે. અને તેમની 'શાસ્ત્રનિષ્ઠા' નો કંભ ખૂલ્લો પડી ગયો છે.

(૪) 'આરાધના નિમિત્તે થતાં કાઉસગ્ગમાં 'સાગરવર ગંભીરા' સુધી લોગસ્સ

ગણવો ઠીક લાગે છે, તત્ત્વ કેવલી ભગવંત જાણે' પ્રશ્નોત્તર કર્ણિકામાં આ વિધાન લંબાણથી સમજાવીને કર્યું છે.' આરાધના નિમિત્તો કરાતા કાઉસગ્ગો, સંપૂર્ણ લોગસ્સના જ ગણવ જોઇએ' એવો શાસ્ત્રપાઠ ક્યાંય મળતો નથી. 'લબ્ધિપ્રકાશ શુદ્ધિપ્રકાશ'ના પૃ. ૧૩૦–૧૩૧ ઉપર પણ તેવો શાસ્ત્રપાઠ નથી. અમોએ તો અનુમાનના આધારે શાસ્ત્ર અવિરુદ્ધ વિધાન કરેલું છે. નરેન્દ્રસા. શાસ્ત્રપાઠની શેખી કરે છે પણ ઉપર લખ્યા મુજબનો શાસ્ત્રપાઠ તો તેઓ રજુ કરી શકતા નથી. ઉપરથી 'તત્ત્વ કેવલી જાણે' એવા 'પ્રશ્નોત્તર કર્ણિકા'ના વાક્યની ઠેકડી ઉડાડે છે. ભવભીરૂ આત્માઓ તો પોતાને યુક્તિ યુક્ત લાગતી વાતની રજુઆત કર્યા પછી પણ છદ્મસ્થ સંભવિત હોવાથી બચવા માટે 'તત્ત્વ કેવલીગમ્ય' કહે છે. આ વખતે ભાવરસિક કે ભવાભિનંદી આત્માઓ તેઓની ઠેકડી ઉડાવીને આનંદ માણતા હોય છે. તેઓ પોતાની જાતને સર્વજ્ઞતુલ્ય જ માનતા હોય છે તેથી કેવળીને ભળાવવી પડે તેવી વાત પણ પોતે જ સંભાળી લઇ ઉત્સૂત્ર ઉપર ઉત્સૂત્ર લખતા જ જાય છે. આવા બિચારા મિથ્યાભિમાની આત્માઓને પણ સદ્બુદ્ધિ જાગે તેવી ભાવના રાખીએ.

(૫) સાતક્ષેત્રમાંના સાધુ–સાધ્વીક્ષેત્રના દ્રવ્યનો ઉપયોગ સાધુ–સાધ્વીની આપત્તિ નિવારવા વગેરે કાર્યમાં થઇ શકે–એવું શ્રી સેનપ્રશ્નના પ્રશ્નોત્તર ઉપરથી સ્પષ્ટ સમજાય છે. આ પ્રશ્નોત્તરને આગળ કરીને ગુરૂપૂજનનું દ્રવ્ય પણ આપત્તિ નિવારવા આદિ કાર્યમાં વાપરવાની હઠ નરેન્દ્રસા. લઇ બેઠા છે. શ્રી સેનપ્રશ્નના તે પ્રશ્નોત્તરમાં ગુરૂપૂજનના દ્રવ્ય અંગેની કોઇ વાત જ નથી. અરે, શ્રી હીરપ્રશ્નમાં પણ ગુરૂપૂજનના દ્રવ્યનો ઉપયોગ કરવાની વાત લખી છે ત્યાંય દેવદ્રવ્યમાં લઇ જવાની પુષ્ટિ કરી છે. આપત્તિ નિવારવા આદિ કાર્યમાં વાપરવાની વાત ત્યાં પણ નથી કરી. નરેન્દ્રસા. અસંગત શાસ્ત્રપાઠો રજુ કરે છે તેનો આ તો નમૂનો છે જ. બીજા કેટલાય નમૂનાઓ આગળની પુસ્તિકામાં મેં રજુ કરેલા છે જ પણ જ્યાં પાપનો ડર ન હોય ત્યાં થાય શું?

(૬) 'ત્યારબાદ મુક્તિમાં જાય ત્યાં સુધી (શ્રી તીર્થંકરોના) વાળ ઉગતા નથી.' (પ્ર. ૪.) આ વિધાન શ્રી વીતરાગસ્તોત્રની ટીકાના આધારે શાસ્ત્રીય જ છે. આ ટીકામાં 'વધતા નથી' એવું સ્પષ્ટ વિધાન છે છતાં આ જ ટીકાના આધારે 'વાળની વૃદ્ધિ થયા પછી' એવું ગપ્પું નરેન્દ્રસા. ફટકારે છે. વારંવાર તેમના આ ઉત્સૂત્ર તરફ તેમનું ધ્યાન દોરવા છતાં તેઓ હજી તેનું 'મિચ્છામિ દુક્કડમ્' કરતા નથી. ઉપરથી 'હું સર્વ-શાસ્ત્રનો જાણ છું' એવા મિથ્યાભિમાનમાં રાચી રહેલા તેઓ ભગવાનના (ચોત્રીસે અતિશયો ભગવાનના જ કહેવાય તેટલું જ્ઞાન પણ શિશુ નરેન્દ્રસા.ને નથી) અતિશય બાબતમાં પણ સવાલો ઉઠાવ્યા કરે છે.

(૭) 'ગૃહસ્થ ચાલુ વરસાદમાં વ્યાખ્યાન સાંભળવા જઇ શકે છે, સાધુથી જઇ શકાતુ નથી' પ્ર. ક. નું આ વિધાન શાસ્ત્રીય જ છે. કારણ કે સાધુધર્મ અને શ્રાવકધર્મની મર્યાદા અલગ છે. છતાં આ શાસ્ત્રીય વાતનું ખંડન કરવા માટે સ્થાનકવ સીઓથી પણ આગળ વધીને નરેન્દ્રસા. લખી નાંખે છે કે 'શ્રાવક જો ચાલુ વરસાદે વ્યાખ્યાન સાંભળવા આવતો હોય તો તેને તેવી રીતની જીવ વિરાધના કરીને આવવાથી અટકાવવો જોઇએ...' આવતીકાલે હવે નરેન્દ્રસા. જીવવિરાધનાના નામે શ્રાવકોને જિનપૂજા કરતાં પણ અટકાવવાની વાતો કરે તો આશ્ચર્ય પામવા જેવું નથી. શાસ્ત્રીયવાતનું ખંડન કરીને ઉત્સૂત્ર લખી નાંખનારો આત્મા બીજા કયા પાપ ન કરે ? આવો આત્મા 'પરંપરા' શબ્દમાં અટવાઇ જાય તેમાં શું નવાઇ છે ?

(૮) 'જ્યારે ચોમાસી પુનમની હતી ત્યારે વદ ૧ ના વિહાર અને સિદ્ધગિરિ ની યાત્રા થતી હતી.' નરેન્દ્રસા.ના આ વિધાન માટે 'પુનમની ચોમાસી હત ત્યારે સિધ્ધગિરિની યાત્રા વદ–૧ના થતી હતી. 'એવો શાસ્ત્રપાઠ રજુ કરવા મેં આમંત્રણ આપ્યું હતું. પણ તેઓ તેમની વારસાગત આદત મુજબ બાહનાબાજી કરવા લાગ્યા. મેં તેમને એક પણ શાસ્ત્રપાઠ તેમને આપ્યો ન હતો, છતાં નરેન્દ્રસા.એ સંગત–અસંગત સવાસો શાસ્ત્રપાઠોમાં ખડકલો કરી દીધો હતો. હવે બહાના કાઢયા વિના તેમણે તેવો શાસ્ત્રપાઠ પોતાની પાસે નથી એવી કબુલાત કરી દેવામાં શરમાવાની જરૂર નથી.

(૯) '(શ્રી તીર્થંકરોની) જીવનચર્યામાં રોજ છ કલાક દેશના દેવ ની હોય છે.' (પ્ર. ક.) આ વિધાન શાસ્ત્રીય જ છે. શ્રી તત્ત્વાર્થ સૂત્રની ટીકામાં સ્પષ્ટ લખ્યું છે કે 'શ્રી તીર્થંકર ભગવંતો પ્રતિદિન–દરરોજ બે પ્રહર દેશના દે છે.' છતાં શાસ્ત્રકારોની સામે પડેલા નરેન્દ્રસા. આ વાતનું ખંડન કરતા લખે છે કે 'તેઓશ્રી (પૂ. આ. શ્રી રવિચંદ્ર સૂ. મ.) એ 'પ્રતિદિન'નું વિધાન કરેલ છે તે તદ્દન અશાસ્ત્રીય છે. શાસ્ત્રની વાતને અશાસ્ત્રીય કહી દેનારા નરેન્દ્રસા. ઉત્સૂત્રભાષી તો સિધ્ધ થઇ જ ગયા છે. સાથે સાથે શાસન અને શાસ્ત્રની અપભ્રાજના/આશાતના પણ કરી રહ્યા છે. તેવા વિશિષ્ટ પ્રસંગોમાં શ્રી તીર્થંકર ભગવંતો દેશના આપતા ન હોય ત્યારે શાસ્ત્રકારો અને તેમના કથનમુજબ કહેનારા મહાપુરૂષોએ વાપરેલ 'પ્રતિદિન' શબ્દને કોઇ બાધા પહોંચતી નથી. અગીતાર્થ નરેન્દ્રસા. 'એકાંત માન્યતા'નો આરોપ મૂકીને 'અભ્યાખ્યાન' નામનું પાપ આચાર્ય બનીને આચરી રહ્યા છે. સ્વ. સાગરજી મ.ના આ વિષયમાં વપરાયેલા 'રોજ–દરરોજ' શબ્દથી 'એકાંત માન્યતા' ન માનવી અને શાસ્ત્રકારોના વિધાનના આધારે મહાપુરૂષોએ વાપરેલ 'પ્રતિદિન' શબ્દ ઉપર 'એકાંત માન્યતાનું' આળ ચઢાવવું : આવી કુલનીતિનું પાલન કરતાં નરેન્દ્રસા.નો બધો ઢંભ ખુલ્લો પડી જાય છે. પક્ષદ્વેષ અને

વ્યક્તિદ્વેષનું અકાર્ય ચાલુ રાખીને નરે-દ્રસા. ભયંકર પાપ બાંધી રહ્યા છે. શાસનદેવ તેમને સદ્બુદ્ધિ આપે.

(૧૦) 'જિનેશ્વરદેવોએ જ્યાં જ્યાં જીવોની હિંસા કે વિરાધના થતી હોય તેવા સર્વકાર્યો કરવાનો નિષેધ ફરમાવેલ જ છે.' આ નરે-દ્રસા.નું વિધાન ઉત્સૂત્ર છે. પોતાની ખોટી પકડના બચાવમાં તેઓ સ્થાનકવાસીના સિદ્ધાંતના શરણે જઈ પહોંચ્યા છે. સ્થાનકવાસીઓએ શ્રી જિનેશ્વરદેવોના નામે જે ગપ્પું મારેલું તે નરે-દ્રસા.એ ચૂપચૂપ સ્વીકારી લીધું છે. વાસ્તવમાં તો શ્રી જિનેશ્વરદેવના શાસનમાં–સ્વરૂપહિંસા, હેતુહિંસા અને અનુબંધહિંસાની સ્પષ્ટ સમજ આપીને ધર્મકાર્યો કરવાનું ફરમાવ્યું છે. જીવોની હિંસા કે વિરાધના થતી હોય તેવા પણ ધર્મકાર્યો કરવાનું સ્પષ્ટ ફરમાન કર્યું છે. આ શાસ્ત્રીય મર્યાદાનો વિચાર કર્યા વિના ઉપર મુજબ ઉત્સૂત્ર લખી નાંખનારા નરે-દ્રસા. ખોટી રીતે સમય, શાહી અને કાગળનો દુરૂપયોગ કરી રહ્યા છે. અને લાજવાને બદલે ગાજી રહ્યા છે.

(૧૧) પૂ. ન્યાયવિશારદ મહોપાધ્યાયશ્રીએ "ઐન્દ્રસ્તુતિમાંથી પાર્શ્વનાથ પ્રભુની ચોથી ગાથાની અવચૂરીમાં પદ્મવતી દેવીને શ્રી પાર્શ્વનાથ પ્રભુના શાસનની 'યક્ષિણી' તરીકે સંબોધેલ નથી જ. છતાં નરે-દ્રસા. તેઓશ્રીના નામે ચોકખુ જુઠાણું ચલાવે છે. મહાપુરૂષે એ ન લખી હોય તેવી વાતો તે જ મહાપુરૂષના નામે ચલાવવાનો મૃષાવાદ નરે-દ્રસા વારંવાર સેવે છે. કોના માટે તેઓ આવું મહાપાપ આચરી રહ્યા છે? કદાગ્રહ છોડ્યા વિના તેઓ આ મહાપાપથી અટકી શકવાના નથી. ઉત્સૂત્રને કદાગ્રહ પૂર્વક પકડી રાખવાનું તેમને વારસામાં મળ્યું છે. આ સ્થિતિમાં તેઓ બીજાને ડાહી–ડાહી શિખામણો આપવા બેસી જાય છે ત્યારે ખુબ જ હાસ્યાસ્પદ બને છે.

(૧૨) "તે વખતના કોઇપણ મનુષ્ય દોડવામાં ચક્રવર્તીને ન પહોંચી શકે તેવી ચક્રવર્તીની દોડ હોય છે. બીજાને તેઓ ઘોડાની જેમ દોડતા દેખાય તેમ દોડવામા સમર્થ હોય છે. (પ્ર. ક.) આ શાસ્ત્રીય વાત વાંચીને નરે-દ્રસા.જી દિગ્મૂઢ બની ગયા છે. મનુષ્યની ચાલને ગજગામિની–હંસગામિની વગેરે ઉપમાઓ અપાય છે–તે સાહિત્ય પ્રસિદ્ધ છે. અને અહીં ઉપમા એકદેશીય લેવાની હોય છે તે ય વિદ્વાનો સારી રીતે સમજે છે. 'પ્રશ્નોત્તર કષષ્ટિકા' માં દોડ માટે અશ્વની ઉપમા આપી તેમાં કશુ અનુચિત નથી. અહીં પણ ઉપમા એકદેશીય જ લેવાની છે. નરે-દ્રસા.જી ને સાહિત્યનો કશો ય અભ્યાસ ન હોવાથી મુંઝાઇ જાય તેમાં આપણે શું કરીએ? નરે-દ્રસા.જીને પાછો બીજો પણ એક વહેમ બહુ સતાવે છે કે તેઓ શાસ્ત્રપાઠ છાપે

તે પછી જ મને શાસ્ત્રપાઠો મળે છે. ગાડા નીચે ચાલનારાને ગાડું પોતે જ ખેંચવા હોવાનો ફાંકો હોય છે. નરેન્દ્રસા.જી ભલે છાતી ફુલાવીને ફરતા. એ વાત તો જાણીતી છે કે નરેન્દ્રસા.જી સમજ્યા વિના જ શાસ્ત્રપાઠોનો ઢગલો કરવામાં હોંશીયાર છે. ચાલુ વાત સાથે તે તે શાસ્ત્રપાઠો સંગત છે કે નહિ તેનો વિચાર અભણ શિશુ તો કરે જ ક્યાંથી જાણકારો એની વિસંગતિ બતાવે. તો આ શિશુ તરત રીસાઈ જાય છે.

(૧૩) શ્રી ભરત ચક્રવર્તીના સમયમાં, અયોધ્યા–અષ્ટાપદગિરિનુ બાર યોજનનું અંતર 'પ્રમાણાંગુલે' લેવાની વાત 'પ્રશ્નોત્તર કર્ણિકા' માં જણાવી હતી. શ્રી 'લોક પ્રકાશ' ગ્રન્થના આધારે આ વાત એકદમ શાસ્ત્રીય જ છે. તેની સ્પષ્ટ રજુઆત મેં અગાઉ કરી જ છે. નરેન્દ્રસા.જીએ પોતાની ગપગોળા–શૈલીમાં આ શાસ્ત્રીય વાતનું ખંડન બહુ લાંબુ કર્યું હતું. તેમની શાસ્ત્રદ્રોહી તરંગી કલ્પનાનું અવતરણ કરતા પણ આજે તેમના હાથ ધ્રુજી રહ્યા છે. છતાં પોતાના ઉત્સૂત્રનું પ્રાયશ્ચિત કરવાનું તેમને સુઝતું નથી.

ઉત્સૂત્ર પ્રરૂપણા આંખ મીંચીને કરતા રહેવું, ઉત્સૂત્ર તરીકે સ્પષ્ટ પૂરવાર થઇ જાય છતાં ય પોતાના ઉત્સૂત્રનો બચાવ કરતા જ રહેવું : આવી રીતિ–નીતિ નરેન્દ્રસા.જીને વારસામાં મળી છે. શાસ્ત્રીય વાતનું ખંડન કરતા રહી પોતાનો સંસાર વધારવાનું નક્કી કરી બેઠેલા નરેન્દ્રસા.જી પોતાના ઉત્સૂત્રથી પાછા હઠે તેવાં લક્ષણ દેખાતા નથી. તેઓ પોતાના તોડ–ફોડના ધંધાને 'સિધ્ધાંતરક્ષા' નું રૂપાળુ નામ ભલે આપતાં, પરંતુ સૌ વિચારકો આગળ તેમનું શાસન–શાસ્ત્ર–પ્રત્યનીકપણું પ્રગટ થઇ ગયું છે 'સિધ્ધાંતરક્ષા' ના ઓઠા નીચે સિધ્ધાંતનું ખંડન કરનારને શાસન–શાસ્ત્ર પ્રત્યનીક કહ્યા વિના ચાલે તેમ નથી. 'જૈન શાસન' ના તા. ૧૫–૧૦–૯૬ના અંકમાં, પેજ ૧૬૮–૧૬૯ ઉપર નરેન્દ્રસા.જીનું અયોધ્યા–અષ્ટાપદગિરિના અંતર વિષયક ઉત્સૂત્ર સ્પષ્ટરૂપે સિદ્ધ થઇ ગયેલ છે તેથી તેનું અવતરણ અહીં આપવાની જરૂર જણાતી નથી.

(૧૪) 'ભરત ચક્રવર્તી દોડતા ગયા' આ વાક્યમાં 'એકલા ગયા કે સપરિવાર ગયા' તેની કોઈ ચર્ચા જ નથી. નરેન્દ્રસા.જી પોતાની ખંડન કરવાની તલપને પૂરી કરવા 'એકલા ગયા' એવો આરોપ મૂકીને ખંડન કરી રહ્યા છે તેથી તેઓ સ્પષ્ટ પાપના ભાગીદાર બને છે. 'ભરત ચક્રવર્તી સપરિવાર નથી ગયા' એવું વાક્ય પ્રશ્નોત્તર કર્ણિકા' માંથી તેઓ કાઢી આપે તો તેમનું ખંડન સાચું કહેવાય. નરેન્દ્રસા.જીએ મને અંગતમાં પૂછેલી વાતમાં તો એવું છે કે 'નરેન્દ્રસા.ને શાસ્ત્રપાઠો વાંચતા તો આવડતા નથી. સમજ્યા વિના શાસ્ત્રપાઠોનો ઢગલો કર્યા કરે છે. શાસ્ત્રપાઠ

અંગત છે કે અસંગત, તેનો વિચાર તેમને કરવાનો હોતો નથી. આ સ્થિતિમાં નરેન્દ્રસા.જીને એવો ગર્વ આવે કે 'હું છું તો શાસ્ત્રપાઠોની બધાને ખબર પડે છે. બાકી તો બધા શાસ્ત્રપાઠ વિનાના જ છે' તો તે સહજ ગણાય.

'નિર્વાણકલ્યાણકમાં ભાગ લીધો' આ પ્ર. ક. ની વાત પણ શાસ્ત્રીય જ છે. ભગવાનની દીક્ષ નો વરઘોડો વગેરે જેમ 'દીક્ષાકલ્યાણક'માં આવી જાય છે. ત્યાં જેમ કુતર્કો કરવામાં આવતા નથી. તેમ ભરત મહારાજાએ 'પર્યુપાસના' કરી તેય નિર્વાણકલ્યાણકમાં ભાગ લીધો' એ વાક્યમાં આવી જાય છે. આચાર્ય બન્યા પછી પણ શિશુ જ રહેલા નરેન્દ્રસા.ને આ ન સમજાય તે દુઃખની વાત છે.

(૧૫) શ્રી 'સેનપ્રશ્ન' માં સ્પષ્ટ જણાવ્યું છે કે બ્રાહ્મી– સુંદરી પરણેલાં હતાં' શ્રી સેનપ્રશ્નમાં શ્રી આવશ્યકસૂત્રની મલયગિરિવૃત્તિને પણ ધ્યાનમાં લેવામાં આવી હતી. આ પાઠે મુખ્ય જ આજ સુધી કરેક મહાપુષો વિધાન કરતા આવ્યા છે. અરે, બધા મહાપુરૂષો તો ઠીક પણ નરેન્દ્રસાગરજીના પિતા ગુરૂ હંસસાગરજી પણ આ જ મતના હતા. આજે નરેન્દ્રસાગરજી સેનપ્રશ્નાનુસાર કહેનાર મહાપુરૂષોના વિધાનોને તો ગતાનુગતિક કહી દે છે. પણ તેમના પિતાગુરૂની પણ 'સ્ખલના થઇ' એમ જણાવી દે છે! નરેન્દ્રસાગરજી મોટી શાસ્ત્રપાઠોની શેખી કયાં કરે છે, પણ તેમણે રજુ કરેલા એક પણ શાસ્ત્રપાઠમાં 'બ્રાહ્મી–સુંદરી બાલબ્રહ્મચારિણી હતા, પરણેલાં હતાં જ નહિ' એવું લખેલું નથી

પોતાની હઠ પૂરી કરવા માટે તેઓ મારી –મચડીને તેવો અર્થ ખેંચી કાઢવાનો નિષ્ફળ ઉદ્યમ કરે છે. પૂ. સેન સૂ. મ. જેવા તપાગચ્છાધિપતિ, ગીતાર્થ મહાપુરૂષનું વચન જ માન્ય ગણાય. ભાંગફોડિયા નરેન્દ્રસાગરજીએ શાસ્ત્રપાઠોના નામે ચલાવેલો પ્રલાપ મનાય નહિ. પોતાની હઠ પૂરી કરવા માટે તેઓએ 'કલિકાલ સર્વજ્ઞ 'શીલ સુંદરી' એ વિશેષણથી 'સુંદરીને બ્રહ્મચારિણી જણાવે છે' એવું ગપ્પું મારેલું. તેનો આધાર મેં માંગ્યો, તે હજી તેઓ પૂરો પાડી શક્યા નથી. શાસ્ત્રકારોના નામે ગપ્પાં મારનારા નરેન્દ્રસાગરજી, 'સેનપ્રશ્ન' ના વિધાનને સુધારવા નીકળી પડે છે ત્યારે તેમની દયા આવે છે. તેમના ગુરૂઓ તેમને આવા કાવતરા કરવાનું શીખવી ગયા છે? કલ્યાણ સમાધાન શુદ્ધિપ્રકાશ' માં હંસસાગરજીએ 'બ્રાહ્મી સુંદરી પરણેલાં હતાં' એમ જણાવ્યું હતું ત્યારે નરેન્દ્રસા.ને અત્યારે થયું છે. તેવું જ્ઞાન ન થયુ અને પ્રશ્નોત્તર કર્ણિકાના વિધાન વખતે જ કેમ જ્ઞાન થયું? આમાં પણ પક્ષરાગ અને તેજોદ્વેષ જ કામ કરે છે ને? હજી પણ ડાહ્યા થઇ નરેન્દ્રસા. સેનપ્રશ્નના ઉત્તરને માન્ય રાખે, નહિ તો 'બ્રાહ્મી સુંદરી પરણેલાં ન જ હતાં 'તેવા અક્ષરો ટંકશાળી શાસ્ત્રોમાંથી કાઢી આપે.

(૧૬) શ્રી કુર્માપુત્ર કેવળી અજ્ઞાતવૃત્તિએ ગૃહસ્થવેષે કેવી રીતે રહી શક્યા ? તેની શોધ–ખોળ નરેન્દ્રસા. કરી રહ્યા છે. આ કેવળી ભગવંત અજ્ઞાતવૃત્તિએ કેવી રીતે રહ્યા તેની ચિંતા આપણે કરવાની હોય નહિ. એ કુર્માપુત્ર કેવળી ભગવંતનો વિષય છે. કેવળજ્ઞાનમાં એ માટેના બધા રસ્તા મળી રહે છે. નરેન્દ્રસા. એ કેવળી ભગવંતની ચિંતા કરવાને બદલે તેમના પોતાના જ આત્માની ચિંતા કરવાની જરૂર છે. મહાપુરૂષોને ભાંડી ભાંડીને ઘણાં પાપો ભેગા કર્યા છે હવે પ્રાયશ્ચિત કરીને પોતાની છેલ્લી જીંદગી તેઓ સુધારી લે– એવી 'આપ્ત સલાહ' તેમને આપું છું.

(૧૭) 'જિન નામ કર્મ નિકાચિત કરેલ જીવો આ અઢીદ્વીપના મળીને શ્રી અજિતનાથ સ્વામીના સમકાળે ઉત્કૃષ્ટ ૧૦૦ હતા' આ નરેન્દ્રસા.જીનું વિધાન ચોકખું ઉત્સૂત્ર છે. કારણ કે શ્રી અજિતનાથ ભગવાન આદિ ૧૭૦ જિન તો તે સમયે વિહરતા હતા. તે સિવાયના જિન નામકર્મ નિકાચિત કરેલા બીજા જીવો દેવલોક વગેરેમાં હોય જ. આ તો વિદ્વાનોમાં ખુબ જ પ્રસિદ્ધ વાત છે. આચાર્ય બન્યા પછી પણ નરેન્દ્રસાગરજી આટલું ય શીખ્યા નથી. શું જોઇને આવા અજ્ઞાની શાસ્ત્રપાઠની શેખી કરતા હશે ? નરેન્દ્રસા.જીને શાસ્ત્રપાઠ વાંચતા આવડતો નથી તેનો આ એક વધુ પુરાવો જૂઓ:

'મહાવિદેહક્ષેત્રમાં ભાવજિનનો સર્વથા વિરહ હોતો નથી' આ વાત માટે તેઓ શાસ્ત્રનો આધાર માંગે છે. અને તેમણે જ રજુ કરેલી ગાથામાં જ સ્પષ્ટ લખ્યું છે કે 'જઘન્યથી તીર્થંકરો વીસ કે દસ વિહરે છે.' જઘન્યથી વીસ તીર્થંકરો વિહરતા હોય તો મહાક્ષેત્રમાં ભાવજિનનો સર્વથા વિરહ થાય જ શી રીતે ? વિહરમાન તીર્થંકર ભગવાન મોક્ષમાં પધારે અને અન્ય છદ્મસ્થ તીર્થંકર ભગવાનને કેવળજ્ઞાન થાય જ એમાં આશ્ચર્ય શું છે ? જો સર્વથા વિરહ થાય તો વિહરતા તીર્થંકરોની જઘન્યથી વીસની સંખ્યા ઘટે જ શી રીતે ? નરેન્દ્રસા.ને સસૂત્ર અને ઉત્સૂત્ર કોને કહેવાય તેની ગતાગમ જ નથી. એટલા બિચારા તેઓ સસૂત્રને ઉત્સૂત્ર કહી દે છે અને ઉત્સૂત્રને સસૂત્રને સમજીને તેનું જીવની જેમ જતન કરે છે. શ્રી 'હીરપ્રશ્ન' નો તેમણે આપેલો પાઠ તો અમે ક્યારનો વાંચી લીધેલો છે. એ પાઠ પ્રશ્નોત્તર કર્ણિકાના વેધાનનું ખંડન કરતો નથી છતાં નરેન્દ્રસા. 'જિનનામકર્મનિકાચિત આત્માઓ અસંખ્યાત હોય છે' આ વાતને ઉત્સૂત્ર કહી દે છે. શાસ્ત્રનો આધાર આપ્યા વિના તે વિધાનને ઉત્સૂત્ર કહી દેવાથી નરેન્દ્રસા.નો હઠાગ્રહ અને જડતા ખુલ્લી પડી જાય છે. તેઓ જ્યાં સુધી આ વિધાનનું ખંડન કરતો શાસ્ત્રપાઠ રજુ ન કરે ત્યાં સુધી મારે શાસ્ત્રપાઠ આપવાનો રહેતો નથી.

(૧૮) શ્રી અરિહંતોની બાહ્યવિભૂતિ અને આંતરવિભૂતિના ભેદ પાડીને 'પ્રશ્નોત્તર કર્ણિકા'મ સ્પષ્ટ સમજ આપેલી જ છે. આ શાસ્ત્રીય સમજનું ખંડન કરવાનો પ્રયાસ નરેન્દ્રસા.એ તેમની આદત મુજબ કર્યો. પણ એમાં તેમના હાથે સ્પષ્ટ ઉત્સૂત્ર, એકાંત માન્યત રૂપે લખાઇ ગયું. તેમના ઉત્સૂત્રને મેં જાહેર કર્યું તેથી તેઓ હંમેશની ટેવ મુજબ વિતંડાવાદના રસ્તે ઉતરી ગયા. પણ એથી તેમનું ઉત્સૂત્ર ઢંકાઈ જવાનું નથી. તેમનું 'ખંડન' વાંચનારો પણ તેમનું ઉત્સૂત્ર પકડી પાડે તેવું લખાણ નરેન્દ્રસા.એ કર્યું છે. હજી પણ તેઓ સમજીને પ્ર. ક. ની શાસ્ત્રીયવાત સ્વીકારી લેશે તો વિરોધી વાતો લખવાની લાચારીમાંથી મુક્ત થશે.

(૧૯) નરેન્દ્રસા.એ 'શુદ્ધિપ્રકાશ'માં સ્પષ્ટ ઉત્સૂત્ર લખ્યું છે કે 'ચૌદ લાખ સાધારણ વનસ્પતિ તરીકે ગણાતી એવી **સૂક્ષ્મ અને બાદર નિગોદમાંના સૂક્ષ્મ જીવોની હિંસા નથી થતી** પણ તેના જીવોની સાથે કે તે જીવોને પરસ્પર સંઘટ્ટન–કિલામણા આદિનો પ્રસંગ ખરો કે નહિ ? અને તે રૂપ વિરાધનાનો સંભવ ખરો કે નહિ ? અને તેવી વિરાધના ન થાય તેની કાળજી વ્રતધારીઓએ રાખવાની કે નહિ ? આ બધી વાતે ના વિચારને અવકાશ આપ્યા વગરનું જ તેઓશ્રી (પૂ. આ. શ્રી રવીચંદ્ર સૂ. મ.)નું લખાણ છે.' આમાં નરેન્દ્રસા.એ 'સૂક્ષ્મ અને બાદર નિગોદમાંના સૂક્ષ્મ જીવોની હિંસા થતી નથી' એ વાત સ્પષ્ટ કબૂલ કરી છે. હવે વિચારો કે–આ જીવોની હિંસા થતી ન હી તો તે જીવોની સાથે સંઘટ્ટન–કિલામણા કે વિરાધના થાય જ શી રીતે ? છતાં તે જીવોની સાથે સંઘટ્ટન–કિલામણારૂપ વિરાધનાને નરેન્દ્રસા. માને છે અને એવી કલ્પિત વિરાધનાથી વ્રતધારીને બચવાની વાત પણ માને છે. આથી નરેન્દ્રસા. પોતાનો નવો ધર્મ સ્થાપી રહ્યા છે તેમાં કોઇ વિવાદ રહેતો નથી. છતાં તેઓને પોતાની ભૂલ સમજાઇ ગઇ હોય તો તેઓ પોતાનું ઉત્સૂત્ર પાછું ખેંચીને પ્રાયશ્ચિત કરી લે. પોતાના ઉત્સૂત્રનો બચાવ કરવાથી તેમનું ભવભ્રમણ ઘટવાનું નથી.

(૨૦) પ્રશ્નોત્તર કર્ણિકામાં 'કુલકોટિ'માંના 'કોટિ' શબ્દનો સંગત અર્થ કરવા માટે લખ્યું છે કે 'અહીં 'કોટિ'નો અર્થ સમુદાય કે વર્ગ હોય એમ લાગે છે×××બાકી તત્ત્વ તો કેવલી ભગવંત જાણે 'આમ લખીને પોતાની ભવભીરુતા દર્શાવી છે. આનું ખંડન કરવા માટે નરેન્દ્રસા.એ તદ્દન ખોટું અર્થઘટન કરી અસંગત વાત ઊપજાવી કાઢી. 'એક કુલમાં ૧૦૮ પુરુષો હોય છે–એવી પ્રસિદ્ધિ છે, આના સ્પષ્ટ અક્ષરો શાસ્ત્રમાં જોયા નથી' એવું ઢીલું ઢીલું સેનપ્રશ્નમાં કહ્યું છે છતાં નરેન્દ્રસા.એ અસંગત અર્થ કરીને ૧૪૨૫ અબજ વર્ષે ૬૦ કરોડ ફક્ત યાદવવંશી પુરુષો (બીજા બધા તો અલગ)ને દ્વારિકાનગરીની અંદર અને બહાર વસાવવાની હઠ લીધી છે. પોતાની હઠ પૂરી કરવા

માટે તેઓ બહુમાળી મકાનોમાં આજે લોકો રહે છે તે રીતે રાખવાની વાત કરી રહ્યા છે. વસુદેવ, કૃષ્ણ મહારાજા વગેરેની રાણીઓ, પુત્રો આદિના મહેલો, માંહેલાના ઉદ્યાનો, સરોવરો વગેરેનો વિચાર કરે તો બાર યોજનની દ્વારિકામાં ૧૪૨૫ અબજ અને ૬૦ કરોડ ફક્ત યાદવવંશી પુરુષો (બાકીની સંખ્યા તો વધારામાં)ને વસાવવા ની હઠ નરેન્દ્રસા.ને મૂકી દેવી પડે. પોતાની અવ્યવહારૂ ગણતરીને શાસ્ત્રીય કહીને નરેન્દ્રસા. શાસ્ત્રની આશાતના કરે છે. અને લોકોને અશ્રદ્ધા ઉત્પન્ન કરાવે છે. (ગુણાકાર કરતાં થયેલી એક મીંડાની ભૂલ હજી નરેન્દ્રસા.ને સમજાઇ નથી) શ્રી અજિતનાથ ભગવાનના કાળે ૨૯ આંક પ્રમાણ વસતીની વાતમાં શાસ્ત્રકારે નરેન્દ્રસા.ની જેમ બાર યોજનનું ક્ષેત્ર લીધું નથી. શાસ્ત્રકારો તો સંગત વાત જ કરતા હોય છે. નરેન્દ્રસા. જેવ અભિનિવેશી અને અજ્ઞાની આત્માઓ અસંગત વાત કરીને હાસ્યાસ્પદ બનતા હોય છે.

(૨૧) પ્રશ્નોત્તર કર્ણિકામાં સ્પષ્ટ લખ્યું છે કે 'ચંદ્રનો જન્મ સાગરમાંથી—એ માન્યતા આપણી નથી.' આમ છતાં નરેન્દ્રસા, લખે છે કે—'સમુદ્રમાંથી જન્મેલ' એવો ખોટો અર્થ કરીને તેના ઉપર કલ્પનાનો મહેલ ચણનાર આ આચાર્યશ્રી.એ શું આ પાઠો નહિ જોયા હોય ?' પૂ. આ. શ્રી રવિચંદ્ર સૂ. મ.એ 'ચંદ્રનો જન્મ સાગરમાંથી' એ માન્યતા આપણી નથી—એમ સ્પષ્ટ કહે છે. છતાં નરેન્દ્રસા.જી તેઓશ્રી ઉપર 'સમુદ્રમાંથી જન્મેલ એવો ખોટો અર્થ કરનાર' તરીકે આળ ચઢાવી રહ્યા છે. આચાર્ય થઇને 'અભ્યાખ્યાન' નામનું પાપ જાહેરમાં આચરીને નરેન્દ્રસા.જી આચાર્યપદને લજવી રહ્યા છે, એમ નથી લાગતું ?

(૨૨) ગૃહસ્થો વ્રત, તપ, જપ, પૂજા આદિ જે કોઇ અનુષ્ઠાન કરે તેમાં આ લોકના સુખોની વાંછના રાખવાની નહિ હોવા છતાં મુખ્યતાએ અને ગૌણતાએ રહેલી જ હોય છે' આ નરેન્દ્રસા.નું એકાંત વિધાન તદ્દન ઉત્સૂત્ર છે. કારણ કે શાસ્ત્રમાં સ્પષ્ટ લખેલું છે કે 'સદ્દષ્ટિવાળા તો **'મોક્ષ માટે જ આ વિહિત છે'** એવી **બુદ્ધિથી જ** તપ કરે છે.' આ શાસ્ત્રીય વાત મુજબ નરેન્દ્રસા.ની ઉપરની માન્યતા શાસ્ત્રવિરુદ્ધ જ ઠરે છે. નરેન્દ્રસા. જ્યાં સુધી પોતાના ઉત્સૂત્રનો બચાવ અને શાસ્ત્રીય વાતોનું ખંડન ચાલુ રાખશે ત્યાં સુધી તેમના ઉત્સૂત્રો પ્રગટ થતાં રહેશે. એથી એમને અકળામણ થતી હોય તો તેમણે સુધરી જવું જોઇએ.

(૨૩) 'સંસારના સુખો જ મેળવવાનો ધરાદો હોય તો તે ત્રણ કાળ પૂજા, અસંખ્ય ભવો સુધી કરે તો પણ તે જીવ મોક્ષે ન જાય' પ્ર. ક. ની આ વાત શાસ્ત્રીય જ છે. આશયશુદ્ધિ વિના મોક્ષ મળવાનો જ નથી. છતાં નરેન્દ્રસા. આ વાતનું ખંડન

કરવા બેસી ગયા. બીજો કોઇ શાસ્ત્રપાઠ ન મળતા તેઓએ 'પુષ્પાત્' વાળો સમ્યક્ત્વ કૌમુદીનો શ્લોક ટાંકી દીધો. આ શ્લોકમાં જિનપૂજનનું ફળ જ બતાવવામાં આવ્યું છે. સંસારનું સુખ મેળવવાનો ઇરાદો રાખવાનું લખ્યું જ નથી. નરેન્દ્રસા. અસંગત પાઠો રજુ કરે છે તેનો આ એક વધુ પુરાવો છે.

(૪) 'યાદ રાખજો કે–**ધર્મ, મોક્ષની અભિલાષાએ પણ કરવાનો નથી.** ધર્મ તો તદ્દન નિરાશંસભાવે કરવાનો જ છે.' આ વિધાનમાં, મોક્ષની અભિલાષાએ ધર્મ કરવાનો નિષેધ કરનારા નરેન્દ્રસા. અગીતાર્થ શિરોમણી છે. શ્રી લોગસ્સ, જયવીયરાય સૂત્ર વગેરેમાં સ્પષ્ટપણે મોક્ષમાં અબાધક આશંસાઓ કરવાનું ફરમાન કર્યું છે. નરેન્દ્રસા. એટલા બધા અભણ છે કે 'ધર્મ તો મોક્ષની અભિલાષાથી જ કરવાનો ઉપદેશ અપાય' આ વિધાન માટે શાસ્ત્રપાઠની માંગણી કરી રહ્યા છે. શ્રી તત્ત્વાર્થસૂત્રની આદ્ય કારિકાનો છેલ્લો શ્લોક 'नर्ते च मोक्षमार्गात्...' પણ તેમને નથી આવડતો એમ લાગે છે. આ શ્લોક ઉપર વિચાર કરશે તો તેમને શાસ્ત્રપાઠ શોધવા નીકળવું નહિ પડે.

(૨૧) 'પુરાવા વિનાના આક્ષેપો કરનારા નરેન્દ્રસા.!' 'જૈન શાસન'ના તા. ૧૫–૧૦–૯૬ના અંકમાં, નરેન્દ્રસા.ના જાહેર આક્ષેપો અને તેમના આક્ષેપો સિધ્ધ કરવા માટેના પુરાવા મેળવવા મેં તેમની સાથે કરેલ પત્રવ્યવહાર જાહેર કર્યો હતો. એથી 'નરેન્દ્રસા. પોતાના વારસાગત સંસ્કાર મુજબ ઘણી બધી કથાઓ રચી કાઢીને પોતાના બીજા મહાવ્રતનો જાહેરમાં ભંગ કરે છે' એ વાત સિધ્ધ થઇ ગઇ. ચોકકસ વર્ગ અને વ્યકિતને બદનામ કરવા માટે જ તેઓ જાત જાતના આક્ષેપો અને બનાવો ઉપજાવી કાઢે છે.–આ વાતમાં કોઇને શંકા રહી નહિ. 'હેમંત પાલીતાણાકર આદિ ઉર્ફે મુનિશ્રી જયદર્શન વિ.ને આપ્ત સલાહ' આ હેડીંગ અને લેખમાં લખેલી વિગત મુજબ 'શ્રી સિધ્ધગિરિ ચાતુર્માસ યાત્રા અંગેના બંને પોસ્ટરો મેં બહાર પાડ્યા–છાપ્યા છે' એવો આક્ષેપ નરેન્દ્રસા.એ કર્યો છે એ નકકી છે. આ આક્ષેપ પૂરવાર કરવા માટે મેં પૂરાવા માંગ્યા હતા. પણ તેઓ એક પણ પુરાવો રજુ કરી શકયા નથી. છતાં આક્ષેપ પાછો ખેંચી લેવા જેટલી સાધુતા પણ તેમણે બતાવી નથી. બીજો પણ એક આક્ષેપ તેમણે કર્યો હતો કે 'શુધ્ધિ પ્રકાશનો ઘોર અંધકાર' નામની મેં લખેલી પુસ્તિકા બહાર પાડવામાં અમારા ગચ્છાધિપતિ આદિ વડીલોની સંમત ના હતી' આના માટે પણ પુરાવા માંગતા, નરેન્દ્રસા.એ 'બોલતા પુરાવા' તરીકે એક પત્ર પ્રગટ કરી દીધો છે. તે પત્ર નીચે મુજબ છે :

તા. ૧૭–૧૨–૯૪

પ. પૂ. આ. દે. શ્રી નરેન્દ્રસા. સૂ. મ. સા. સેવકના...ના વંદન મારો પત્ર

મળ્યો હશે. નવસારી તપોવન ગયો હતો. પ. પૂ. પં. પ્ર. શ્રી ચંદ્રશેખર વિ. મ. સા. ત્યાં હતા. પ. પૂ. મહોદય સૂ. મ., પ. પૂ. હેમભૂષણ સૂ. મ. તેમજ પ. પૂ. ગણિવર શ્રી કીર્તિયશ વિ. મહારાજે પ. પૂ. રવિચંદ્ર સૂ. મ. સા.ના શિષ્યને આપના પુસ્તક વિરૂદ્ધ 'ઘોર અંધકાર' નામનું પુસ્તક લખવાની સ્પષ્ટ 'ના' જણાવી હતી. છતાંય મારે બહાર પાડવું જ છે એ પ્રમાણે જણાવ્યુ હતું અને બહાર પાડયું છે. એમ જાણવા મળ્યું છે પ. પૂ. પં. શ્રી ચંદ્રશેખર વિ. મ.એ આપે એ સામે લખેલ સર્ચલાઇટ' નામનું પુસ્તક મંગાવ્યું છે. આપ એમને નીચેની સરનામે મોકલી આપશો×××' વગેરે વગેરે.



નરેન્દ્રસા. નામ-ઠામ વિના આ પત્રને 'બોલતો પુરાવો' કહીને ખુબ જ ઉત્સાહથી રજુ કરી દે છે. આના ઉપરથી ખ્યાલ આવે છે કે નરેન્દ્રસા. પાસે પુરાવાઓ કેવા 'જોરદાર' હોય છે. કોઇ વ્યક્તિ પત્ર લખીને જણાવી દે કે 'ફલાણી ફલાણી વ્યક્તિ માટે આમ જાણવા મળ્યું છે' તો તેવા પત્રને પુરાવા તરીકે ગણાવી શકાય નહિ, કોઇ પણ વિચારક માણસ તેને પુરાવા તરીકે ન ગણે. છતાં નરેન્દ્રસા. આવા પત્રને 'બોલતો પુરાવો' માને જ છે તો તેમની માન્યતા મુજબનો એક 'બોલતે પુરાવો' હું પણ અહીં રજુ કરું છું.

તા. ૨૧-૫-૯૫

પ. પૂ. મુનિરાજ શ્રી જયકર્શનવિજયજી મ. સા.ની સેવામાં સેવક.....ની સ્વીકારશોજી.

આપશ્રી સુખશાતામાં હશો ?

વિ.માં આપની 'શ્રી નરેન્દ્રસા.સૂ. લિખિત પ્રશ્નોત્તર કર્ણિકા શુધ્ધિ પ્રકાશ' નો 'ઘોર અંધકાર' નામની પુસ્તિકા મળી વાંચી ખુબ જ આનંદ થયો. આપે નરેન્દ્રસા. સૂ. મ.ને સચોટ જવાબ આપ્યો છે એ આચાર્યશ્રીને તો હું બરાબર ઓળખું છું. વિ. સં. ૨૦૪૪ ના સંમેલનમાં તેમને મોટું પ્રલોભન આપ્યું હતું, તેથી તેમણે 'અશાસ્ત્રીય ઠરાવો નીચે પોતાની સહી કરી હતી. પણ પછી સંમેલનના સૂત્રધારોએ નકકી થયેલું આપ્યું નહિ તેથી નરેન્દ્રસા. સૂ.મ. સંમેલનમાંથી નીકળી ગયા. સંમેલનમાંથી છૂટા થયાની જાહેરાત તેમણે છાપામાં છપાવી પણ હતી. સમેલનમાં ખુબ જ અંદરની ગણાય તેવી વ્યકિત પાસેથી આ પ્રમાણે જાણવા મળેલ.

હમણાં પણ પૂ. પં. શ્રી ચંદ્રશેખરવિ. મ.ના 'ધાર્મિક વહીવટ વિચાર' પુસ્તક

અંગે પણ નરેન્દ્રસા. સૂ. મ. મૌખિકમાં પુસ્તક અશાસ્ત્રીય છે' એમ કહે છે પણ લેખિતમાં કશું બહાર પાડતા નથી. આ વિષયમાં તપાસ કરતાં જાણવા મળ્યું છે કે પૂ. પ. શ્રી ચંદ્રશેખર વિ. મ. તરફથી નરેન્દ્રસા. સૂ. મ.નું એકદમ ખાનગી રહસ્ય બહાર પાડી દેવાની ધમકી તેમને (નરેન્દ્રસા.ને) મળી છે તેથી તેઓ એકદમ ચૂપ બેઠા છે. આપની પુસ્તિકા સામે બહાર પાડેલ 'સર્ચલાઇટ' નામની તેમની પુસ્તિકા મંગાવવી પડી. એક જ બેઠકે આખી પુસ્તિકા વાંચી ગયો.×××× (નોંધ : આ પત્રમાં બીજી પણ ઘણી મહત્ત્વની વાતો છે. તે બધી અહીં પ્રગટ કરતો નથી.)

નરેન્દ્રસા.ની માન્યતા મુજબ તો આ પત્ર 'બોલતો પુરાવો' જ કહેવાય તેથી તેમણે તો પત્રમાં લખેલ વિગતને પ્રતીતિજનક માનવી જ પડશે. અમે તો પ્રામાણિક અને નક્કર આધારને પુરાવા તરીકે માનીએ છીએ. એટલે અમારા પૂ. ગચ્છાધિપતિશ્રીના હસ્તાક્ષરમાં 'અમે મુનિશ્રી જયદર્શનવિજયજીને 'શુદ્ધિપ્રકાશનો ઘોર અંધકાર' નામની પુસ્તિકા લખવાની સંમત ના પાડી છે' એમ લખેલો આધાર નરેન્દ્રસા. રજુ કરે નહિ ત્યાં સુધી તેમણે કરેલો આક્ષેપ સાબિત થાય નહિ. બાકી નરેન્દ્રસા. માને છે એવા 'બોલતા પુરાવા' નો તો અહીં એક નમૂનો દર્શાવ્યો છે. તેમની વધારે ફજેતી ન થાય તેથી નરેન્દ્રસા.ની દયા ખાઈને બાકીના 'બોલતા પુરાવા' અહીં રજુ કર્યા નથી નરેન્દ્રસા.એ મારા ઉપર કરેલા બે બે લેખિત આક્ષેપોને પણ તેઓ પૂરવાર કરી શકયા નથી. ખોટી વાતો ઉપજાવી કાઢીને તેઓ બીજા મહાવ્રતનો સ્પષ્ટ ભંગ કરે છે આ પ્રસંગથી જણાય છે કે ભૂતકાળમાં પણ અમારા બીજા અનેક મહાપુરૂષો ઉપર નરેન્દ્રસા.એ કરેલા આક્ષેપો અને બનાવોની વિકૃત રજુઆત પણ તદ્દન અવિશ્વનીય જ છે.

આવા પાપીકાર્યને જ પુણ્ય સમજી ચાલનારા નરેન્દ્રસા. બીજા મહાવ્રતનો છડેચોક ભંગ કરીને કઇ ગતિમાં જવા ઇચ્છે છે ? લેખિત આક્ષેપો પણ પૂરવાર ન કરી શકતા નરેન્દ્રસા.ની મૌખિક વાતોમાં તો સત્યનો અંશ હોય જ ક્યાંથી ? નરેન્દ્રસા.ને શાસનદેવ સદ્બુધ્ધિ આપે તેવી ભાવના રાખવા સિવાય બીજું તો શું કરી શકીએ ? પરાણે કોઇની પાસે મહાવ્રત થોડા પળાવાય છે ?

(૨૬) મુખકોશ, વેશમર્યાદા, શય્યાતરપિંડ, પુરાણીખંડિત પ્રતિમા અયોધ્યા–અષ્ટાપદગિરિનું અંતર, આદિની વાતોમાં નરેન્દ્રસા.નું ઉત્સૂત્ર એકદમ જાહેર છે. આ ઉત્સૂત્રનું ખંડન કરવા છતાં વિતંડાવાદી નરેન્દ્રસા. કબુલ કરતા નથી ખોટો બચાવ કર્યા કરે છે તેથી તે જ વાત ફરી ફરી રજુ કરવી જ પડે. નરેન્દ્રસા.એ એથી અકળાવાને બદલે ઉત્સૂત્રને છોડી દેવું જોઇએ.

(૨૭) 'સૂતકમાં જિનપૂજા થઇ શકે છે, કોઇ શાસ્ત્ર નિષેધ ફરમાવતું નથી' આ અંગેની વિસ્તૃત પ્રશ્નોત્તરી 'જૈન શાસન' ના તા. ૧૧-૩-૯૭ના અંકમાં પ્રગટ થઇ ગઇ છે. તેમાં નરેન્દ્રસા.ના કુતર્કોનાં જવાબ આવી જાય છે.

(૨૮) સોનગઢની મુલાકાત અંગે નરેન્દ્રસા.જીએ પહેલેથી જ અસત્યનો સહારો લીધો હોવાથી તેઓ વધુને વધુ મૃષાવાદ સેવતા જાય છે. 'શ્રાવકોનો અતિ-આગ્રહ થવા છતાં હું પૂજામાં ગાતો નથી' આ વાત તો અમારી નિશ્રામ ચાલતા મહોત્સવમાં હાજરી આપનારા શ્રાવકો પણ સારી રીતે જાણે છે છતાં નરેન્દ્રસા. 'સોનગઢમાં ઉપાશ્રયમાં હું પૂજાની ઢાળ ગાવા બેસી ગયો' એવું નવું જુઠાણું હાંકી રહ્યા છે. નવી નવી કથાઓ રચી કાઢવાનું જેમના લોહીમાં છે એવા નરેન્દ્રસા. બીજા મહાવ્રતનો ભંગ કરવાનું કાર્ય ખુબ જ ચીવટપૂર્વક કરે છે. મૃષાવાદી નરેન્દ્રસા.ની લેખિત વાતો પણ સાચી હોતી નથી તો મૌખિક વાતોમાં તો સત્યનો અંશનો અંશ પણ હોય જ શેનો ?

(૨૯) 'પ્રશ્નોત્તર કર્ણિકાના પૃ. ૨૯-૩૦ ની વાતના અનુસંધાનમાં ૩૬૦મા પેજના લખાણનો હવાલો આપતાં તમોને કોઇ જાતની શરમ પણ ન આવી ? ૩૦ પેજનો હવાલો ૩૬૦ પેજ ઉપર નાંખનાર કેવો મૂર્ખ ગણાય ?' આવું નરેન્દ્રસા. લખી નાંખે છે. આ જ નરેન્દ્રસા., સ્વ. સાગરજીમ.ના ઉત્સૂત્રનો બચાવ કરવા માટે સિદ્ધચક્ર વર્ષ-૬ ની વાતના અનુસંધાનમાં સિદ્ધચક્ર વર્ષ-૯ ના લખાણનો હવાલો નાંખતા જરાય શરમાયા નથી. હવે તેઓ કેવા મૂર્ખ ગણાય ? તેમના પગ નીચે રેલો આવે તેવી મૂર્ખ ઢલીલો, મૂર્ખ સવાલોથી નરેન્દ્રસા.ની 'ગંધાતી ગટર' ઉભરાઇ રહી છે. આ તો એક નમૂનો જ બતાવ્યો છે.

(૩૦) અતિચારની આઠ ગાથાના સ્થાને આઠ ગાથાના સ્થાને આઠ નવકાર ગણવામાં શ્વાસોચ્છ્વાસનું પ્રમાણ લેવાનું નથી- એવી 'સેનપ્રશ્ન' ની વાતને, લોગસ્સની જગ્યાએ ચાર નવકાર ગણવામાં શ્વાસોચ્છ્વાસનું પ્રમાણ લેવું કે નહિ ? તેની ચર્ચામાં નરેન્દ્રસા. ઉપાડી લાવે છે. તેમને શાસ્ત્રપાઠ વાંચતા આવડતો નથી અને તેઓ અગીતાર્થ શિરોમણી છે, તેનો આ સ્પષ્ટ પુરાવો છે. આવી ઘણાજનક સ્થિતિનું પ્રદર્શન કરવાની તેમને બહું હોંશ છે !

(૩૧) શ્રી તીર્થંકર માટે વપરાયેલા 'એકાસણા' શબ્દને ન સમજવાની નરેન્દ્રસા. આડાઈ કરે છે અને શ્રી તીર્થંકરોને 'પચ્ચક્ખાણી' ઠરાવવાનો આરોપ મૂકે છે. શ્રી કલ્પસૂત્રકારે પણ 'છટ્ઠ' શબ્દ વાપરેલ છે. નરેન્દ્રસા.ની આડાઇ મુજબ તો ગણધર ભગવંતોએ પણ શ્રી તીર્થંકરોને 'પચ્ચક્ખાણી' ઠરાવ્યા ગણાય ! કરેક ગીતાર્થો શ્રી તીર્થંકરો

માટે વાપરેલ 'એકાસણા–છઠ્ઠ' વગેરે શબ્દનો અર્થ બરાબર સમજે છે. શ્રી કલ્પસૂત્ર સાંભળનારા પણ સમજે છે. નાઠાન શિશુ નરેન્દ્રસા. જેવા આઠાઇ કરે અને ખોટું પાપ બાંધ્યા કરે તેમાં આપણે શું કરીએ ?

(૩૨) શુદ્ધ આયંબિલની વ્યાખ્યા જણાવતો શાસ્ત્રપાઠ નરેન્દ્રસા.ને આપ્યો. આ આ પાઠમાંના 'સિદ્ધભત્તુવરિ' પદથી 'રાંધેલા ભાત' એવો અર્થ કરીને શુદ્ધ આયંબિલ કરવા–કરાવવાનું સાધુ અને શ્રાવકોમાં ચાલે જ છે. તેથી ચાર આંગળ તરતા પાણીવાળા ભાતથી જ આયંબિલ કરવામાં આવે છે. નરેન્દ્રસા. પોતે 'રાંધેલી બધી વસ્તુ'માં ચાર આંગળ તરતુ પાણી રાખીને શુદ્ધ આયંબિલ કરતાં હોય તો તેઓ જાણે !

(૩૩) 'ઉપધાનની આમંત્રણ પત્રિકાઓ આરાધકોને બોલાવવા માટે નથી મોકલાતી' એવી મૂર્ખ માન્યતા તો નરેન્દ્રસા. સિવાય બીજા કોની હોય ?

(૩૪) હોમ-હવનની કરણી માટે 'આ કારણે આ પ્રથા શરૂ થઇ ? કોણે કરી ? ક્યારથી શરૂ થઇ ? ઇત્યાદિ શોધવાનું હોય કે તેના માટે શાસ્ત્રાધાર માંગવાનો હોય ?' એવું લખનારા નરેન્દ્રસા. કુર્માપુત્ર કેવળીની બાબતમાં 'તે તારક અજ્ઞાતવૃત્તિએ કેમ રહ્યા' તેની ગવેષણા ચલાવતા અને શાસ્ત્રાધાર માંગતા જરાય શરમાતા નથી. હોમ-હવનની બાબતમાં સવાલ ઉઠાવ્યા વિના સ્વીકારી લેવાનું અને કુર્માપુત્ર કેવળી ભગવંતની બાબતમાં સવાલો ઉઠાવ્યા કરવાના : નરેન્દ્રસા.ની આ રીતિ-નીતિ મુજબ, તેમને કેવળી ભગવંત કરતા પણ હોમ–હવન ઉપર વધુ શ્રધ્ધા હોવાનું જણાઇ આવે છે. તેમને શાસનદેવ સમ્યગ્દર્શન કરાવે તેવી ભાવના રાખીએ...!

(૩૫) નરેન્દ્રસા. શ્રી સિધ્ધગિરિજીની ચાતુર્માસયાત્રાને 'હિંસક–યાત્રા' કહે છે. તેમના મતની આ હિંસક (!) યાત્રામાં તેઓ હિંસા માને છે તે, સ્વરૂપહિંસા માને છે, હેતુહિંસા માને છે કે અનુબંધ–હિંસા માને છે ? તે જાહેર કરતાં તેમના હાથ અને હોઠ અચકાઈ રહ્યા છે.

❀

નરેન્દ્રસા.એ પોતાની 'ગંધાતી ગટર'માં પોતાના ઉત્સૂત્રનો બચાવ કરવા માટે ખુબ જ ધમપછાડા કર્યા છે. ઉત્સૂત્રને ઉત્સૂત્ર તરીકે સ્વીકારીને તેનો ત્યાગ કરી દેવાનું નરેન્દ્રસા. તેમના વડીલોની જેમ જ શીખ્યા નથી. ઉત્સૂત્રને જીવની જેમ જાળવી રાખવાના જ તેમને સંસ્કાર મળ્યા હોય ત્યાં થાય શું ? તેમણે પોતાની 'ગંધાતી ગટર'માં જે ઠેકાઠેક કરી છે, તે જોતાં તેમના ઉપર ભારે કરૂણા ઉપજે છે. વિતંડાવાદ કરીને ઉત્સૂત્રને સાચવી રાખવાનું કામ તેમણે ખુબ જ ખંતથી કર્યું છે. 'ગંધાતી ગટર' લખી

નાંખીને તેમના ઉત્સૂત્ર બતાવનારને બરાબર ખાંડી નાંખ્યાનો 'આત્મ સંતોષ' નરેન્દ્ર સા. ભલે અનુભવતાં.

પૂ. આ.ભ. શ્રી જિનેન્દ્ર સૂ. મ.ને વિનંતીના નામે ધમકી આપવાનું પણ નરેન્દ્ર સા. ચૂકયા નથી. તેઓ પોતાની શાસ્ત્રીયવાતોનું ખંડન કરવાની અને ઉસૂત્રભાષણ કરતા રહેવાની પ્રવૃત્તિને પડકારે કે પડકારવાની પડખે રહે, તેને સહન કરી શકતા નથી નરેન્દ્રસા. પોતે એકબીજા સમુદાયના મૈત્રીભાવને સતત સળગાવતા રહે છે. વૈમનસ્યવર્ધક સાહિત્ય સિવાય કશું સારૂં લખતા તેમને આવડતું જ નથી છતાં 'ડાંડી સાસરે જાય નહિ અને ડાંહીને શીખામણ આપે' એ નિયમ મુજબ વૈમનસ્યવર્ધક સાહિત્યને સ્થાન ન આપવાની દંભી વિનંતી કર્યા કરે છે. વૈમનસ્યના સર્જક નરેન્દ્રસા. પોતે છે. તેમને જો વૈમનસ્ય પસંદ ન હોય તો બીજા બીજા સમુદાયોમાં શિંગડા ભરાવવાનું બંધ કરે. તેઓ છેલ્લી જીંદગીમાં પોતાનો ખોટો ધંધો સમેટી લઇને આરાધનામાં લાગી જશે તો તેનું કલ્યાણ થશે. (તા. ૨૧–૫–૯૭)

ખોટા ફોન કરી પૈસા પડાવનારમાં ફશાસો નહિ

છેલ્લા ૨ મહિનામાં મુંબઇમાં પ્રવીણભાઇ (મલાડ)ને જામનગરથી ફોન કરૂં છું. કૌશિકભાઇ ટ્રસ્ટી છે. સંજાણ ગુજરાત સીનલ કે. શાહ રમેશભાઇ હોસ્પીટલની બાજુમાં મોકલવા જિનેન્દ્ર સૂ. મ.એ કહ્યું છે. પૈસા માટે અરવિંદ કે. શાહ પાવાવાળા. બિલ્ડીંગ ચર્ની રોડ વિ. નામ આપ્યા જામનગરથી ફોન આવ્યો છે. તંત્રી મગનભાઇ તેની ટપાલ આપી ગયા છે. મલાડના તે ભાઇને શંકા તો પડી. વળી તે ભાઇએ મગનભાઇના થાણાથી સમાચાર છે તે પણ પુછયું.

થાણા મગનભાઇને ૨ મહિના પહેલા પૂ. જિનેન્દ્ર સૂ. મ. રાજકોટ હતા ત્યારે અનીલભાઇ ટ્રસ્ટી ફોન કરૂં છું મહારાજને જાપમાં બેસવાનું. છે અમુક જગ્યાએ અમુક રકમ આપવાની છે. મુંબઇ ૧૩ અને થાણાથી પ૭ હજાર આ રીતે પડાવી ગયા છે.

ઘણા ફોન કરી જુદી જુદી જગ્યાએથી વિશ્વાસ પમાડે છે પરંતુ તેવા કોઇ ફોન કે રૂબરૂ વાતમાં ભરમાવું નહિ તેમ પૂ. જિનેન્દ્ર સૂ. મ. અને અમે પણ કહીએ છીએ આવા ફોન આવે તો પોલિસમાં જાણ કરવી.

તંત્રીઓ : શ્રી મહાવીર શાસન તથા
શ્રી જૈન શાસન

-- વ્યાખ્યાન નહિ દેશના દાતા —

આ અવસર્પિણી કાળમાં ૨૫ તીર્થંકર થયા પ્રથમ શ્રી ઋષભદેવસ્વામી ત્રીજા આરાના અંતે તથા બાકીનાં ૨૩ તીર્થંકર ચોથા આરામાં થયા.

કરક ઉત્સર્પિણી કાળમાં ૨૪ તીર્થંકર થાય. ઉત્સર્પિણી તથા અવસર્પિણી થઇ એક કાળચક્ર ૨૦ કોટા કોટી સાગરોપમનું થાય. અનંતા કાળચક્ર ગયા. અનંતા ૨૪ તીર્થંકર થયા. કરેક તીર્થંકર ભગવાન કેવળજ્ઞાની થઇ ધર્મ તીર્થની સ્થાપના કરે આ અવસર્પિણી કાળનાં છેલ્લા તીર્થપતિ ભગવાન શ્રી મહાવીર સ્વામી કેવળજ્ઞાન પામી તીર્થની સ્થાપના કરતાં. ઉપાનેઇવા, વિગમેઇવા, ધુવેઇવા આ ત્રણ પદ શ્રી ગણધર ભગવંતોને કહ્યા. એ ત્રણ પદથી જ્ઞાનના ભંડાર શ્રી ગણધર ભગવંતોએ દ્વાદશાંગીની રચના કરી.

તીર્થંકર ભગવાનની દેશનાથી શ્રાવક–શ્રાવિકાઓ દીક્ષા લઇ કેવળજ્ઞાન પામ્યા. કોઇએ મહાવ્રત ઉચ્ચર્યો કોઇએ દેશવિરતિ સ્વીકારી. એ દેશના જ એવી કે હળુકર્મી આત્માને સંસાર અસાર જ લાગે. ખાલી અભવી, દુર્ભવી કે ભારે કર્મી કાંઇ પામે નહીં. એ દેશના એવી કે અત્યારે ધર્મના ખપી માણસને થાય છે કે આપણા કમનસીબ કે આપણે એ કાળમાં જન્મ્યા નહીં આપણું એટલું ભારે કર્મીપણું પણ એ નિરાશામાં આશ્વાસન મળ્યું છે કે આપણો જન્મ ભાવિ તીર્થંકર થવાનાં છે જેના કાળમાં જન્મ થયો એનુ સાનિધ્ય મળ્યું.

એમનું વ્યાખ્યાન વ્યાખ્યાન ન હતું પણ દેશના હતી.

પૂ. આચાર્ય ભગવંત વ્યાખ્યાનમા કહેતા કે હું મારા ઘરનું નથી કહેતો અનંતા તીર્થંકરો કહી ગયા તે કહું છું. એમની દેશનાથી એક મંત્ર તો હૃદયસ્પર્શી થઇ જાય છે કે "तं मेव सच्चं" આટલું નક્કી થતાં જે મોક્ષ માર્ગનો કરવાળે છે તે સમકિત પ્રાપ્ત થાય છે. અમે તો કહીએ છીએ કે ભલે તમો તીર્થંકર ભગવાને બોધરૂપે કહ્યું તે તમે કહો છો પણ જેમ તીર્થંકર ભગવાને કહ્યું તે 'तं मेव सच्चं' માનનાર અમે એમ પણ માનીએ છીએ કે આપની વાણીથી અમને પણ થાય છે કે 'तं मेव सच्चं'

આવી વાણી હતી, તીર્થંકરની, આવા અત્યારનાં શલાકા પુરૂષ હતા સ્વ. પૂ. આચાર્ય શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા.

અમના પીછાન બહુ મોડી, તેઓની વૃદ્ધાવસ્થા થઇ ત્યારે થઇ એટલે તેઓનું વ્યાખ્યાન બહુ દુર બેસે એને સંભળાય નહી પણ એમનાં વ્યાખ્યાન રૂપે બહાર પડેલા પુસ્તકો વાંચતા મનમાં નક્કી થયું કે 'तं मेव सच्चं.'

એ બધા પુસ્તકો 'આત્માની ઉન્નતિના સોપાન', ચાર ગતિનાં કારણો સમ્યગ દર્શન, શ્રાધ્ધગુણ દર્શન, સંઘ સ્વરૂપ, નવપદ દર્શન જીવન સાફલ્ય દર્શન.

આ પુસ્તકો વાંચવાની પ્રેરણા આપનાર પૂ. પન્યાસજી શ્રી સુધાંશુવિજયજી મ. મારા ઉપકારી છે. છેલ્લે છેલ્લે જે પુસ્તકો મળતા ન હતા તે હરણીયા પરીવારે બધા ફરીથી છપાવી જ્ઞાનગંગા વહાવી, તે મહાનુભાવોને ધન્ય છે.

શ્રી રામાયણના છ ભાગ, પતન અને પૂનઃઉત્થાન, ચાર ગતિના કારણો વિ. પુસ્તકો ફરીથી છપાવી ભાવીકોને આપેલ છે 'જિનવાણી' ને પણ ધન્ય છે કે હજુ સુધી પૂ.શ્રીનાં વ્યાખ્યાનો પ્રકાશિત કરે છે.

સ્વ. શ્રી આચાર્ય ભગવંત વર્તમાન હકીકત છે. અને તે પુરવાર કરવા શાસન દેવીનાં ચમત્કાર રૂપે ઘણા પ્રસંગો તેઓના સાનિધ્યમાં થયા કે જે ન ભૂતો છેલ્લા ત્રણસો વરસમાં નહીં થયા હોય.

હસ્તગીરી તીર્થની સ્થાપના અને નિર્માણ.

શ્રી અતુલભાઇનો દીક્ષા પ્રસંગ

શ્રી જયેન્દ્રભાઈ હરણીયાનો દીક્ષા પ્રસંગ.

પૂ.શ્રી ના અંતીમ સંસ્કારની ઉછામણી તથા

પૂ.શ્રી નું ભવ્ય સ્મારક જે સાબરમતી (અમદાવાદ)માં નિર્માણ છે. થાય આ બધાં પ્રસંગોમાં પૂ. શ્રી મહાન પુરૂષ હતા તે બતાવવા માટે શાસનદેવીની સહાય હતી.

બાકી અહમૂથી ન કરવાનું થઇ જાય છે. નહીંતર ૪૫ વર્ષ સુધી પોતે જે તિથિ પાળતા તે સં. ૨૦૪૪ ના સંમેલનમાં એકતા ના નામે ફેરફાર કરના ઠરાવમા એકલું પણ ન લખે કે અમો જે તિથી વિષયક આરાધના કરતા હતા તે સાચી છે પણ મહાન એકતા કરવી છે એટલે એ આરાધના છોડીએ છીએ.

પાંચ પ્રકારનાં મિથ્યાત્વ છે. એમાં પાંચેયમાં સમાવેશ ન થાય એવું મિથ્યાત્વ કે અહમ્ જે કહે તે એ પોષીને એકતા કરી જે એકતાનાં ફતવા થઇ ગયા.

અત્યારે સ્વ. પૂ. શ્રી આ. ભ. ને માનનારો વર્ગ વધુ થતો જાય છે. સત્ય આરાધના અહીં જ છે એ આરાધક વર્ગને સમજાણું છે.

— શ્રી પ્રાણલાલ છગનલાલ શેઠ મલાડ

卐

ॐ માર્ગને સમજો ॐ

૫૦ : વિલાયતી કાપડ પહેરવું સારું કે ખાદી પહેરવી સારી? એમાં આપનો શો મત છે?

કે૦ : આ પ્રશ્નનો અનેકવાર ઉત્તર અપાઇ ગયો છે. આખા જગતનો નિર્ગ્રંથ–પરિગ્રહથી રહિત થવાનો ઉપદેશ સાધુઓ આપે છે. એને પૂછવામાં આવે કે–'બંગલો બંધાવું કે ઝુંપડી બંધાવું? એમાં આપનો શો મત છે? કયું સારું?' સાધુ શો મત આપે? સાધુ તો એક જ કહે કે–'બંગલો ય છોડવા લાયક છે અને ઝુંપડી પણ છોડવા લાયક છે. ત્યાં બંધાવવાની વાત જ શી?' કોઇ પૂછે કે–'ઘી ખાઉં સારું કે દૂધ ખાઉં તો સારું?' એને ઘી યે છોડવાનું અને દૂધે ય છોડવાનું કહેવાય. **જે સાધુઓ દુનિયાની કોઇ પ્રવૃત્તિ, કે જેમાં થોડો પણ પાપનો અંશ હોય, તે માટે સંમતિ ધરાવતા નથી, તેઓ આ પ્રશ્નમાં મત કઇ રીતે આપે એ સમજવો! દુનિયાની કોઇપણ પ્રવૃત્તિ જેમાં અધિક યા ઓછું પાપ હોય, તેવી પ્રવૃત્તિનો જેણે કરવાનો, બીજા પાસે કરાવવાનો અને કરનારને સારૂં માનવાનો ત્યાગ કર્યો છે તેવા સાધુ દુનિયાની પ્રવૃત્તિમાં પોતાનો મત આપે કઇ રીતે?** પારકે પૈસે વહેવાર કરવો એ સારો કે ઘરની મૂડીએ કરવો એ સારો? એમાં સાધુ શું કહે? ચૂલામાં કાથ ઘાલું તો સારું કે ઓલામાં ઘાલું એ સારું? એમાં સાધુ શું કહે? સાધુ તે એમ જ કહે કે–ચૂલામાં ને ઓલામાં બેઉમાં અગ્નિ હોય છે. **જે સાધુએ દુનિયાની સઘળી પાપ પ્રવૃત્તિમાંથી હાથ ખંખેરી નાખ્યા છે. જાત માટે પાપ પ્રવૃત્તિ મૂકી દીધી છે. એટલું જ નહિ, પણ માતા, પિતા અને બીજા ઉપકારીની પણ સેવા છોડી એકની શ્રી જિનેશ્વરદેવની સેવા સ્વીકારી છે તેની પાસે દુનિયાની પ્રવૃત્તિમાં મત માંગવો એ મારા માનવા પ્રમાણે વધારે પડતો વ્યામોહ છે, પહેરેલું કઢાવવાની વાત કરનાર પાસે શું પહેરવું? એમ, કેમ પૂછાય? ખાવા, પીવા કે પહેરવા–ઓઢવાની વાત સાધુ પાસે પૂછવી એ નકામી છે. સાધુનો મત કાઢવામાં છે, પહેરવામાં નથી. નહિ વાપરવામાં છે, વાપરવામાં નથી.**

(આના પરથી સૌ સારી રીતના સમજી શકશે કે પૂ. પરમ તારક ગુરૂદેવેશશ્રીજીનો હૈયાનો અભિપ્રાય અત્યંત સ્પષ્ટ છે કે, થોડા પણ પાપવાળી પ્રવૃત્તિમાં સાધુનો અનુમોદનાનો પણ મત ન જ હોય. તે જ રીતે વધુ હિંસામાં પણ સાધુ પોતાનો મત ન આપે તેમ ઓછી હિંસામાં પણ ન જ આપે. છતાંય પૂ.શ્રીને નામે ગપગોળા ચલાવનારા

પર્યાવરણવાદીઓને ઓળખીને જાકારો આપવો તે જ પૂ.શ્રીની પ્રત્યેની, શાસનપ્રત્યેની સાચી સેવાભક્તિ છે પણ માત્ર ગુણગાન ગાવા–ગવરાવવામાં નથી.)

પ્ર૦ : સાધુને પણ કપડાં તો પહેરવા પડે છે ને ?

ઉ૦ : સાધુને કપડાં વાપરવાના રહે છે એ બરાબર છે. પણ સાધુ જે કાંઇ વાપરે છે તે ક્યારે અને કેવી રીતે વાપરે છે એ નક્કિ કરવું પડશે.

ગૃહસ્થ એમ પૂછે કે–'સંસારી અમે, ઘર તો ચલાવવું ને ? તો સાધુએ શું કહેવું ? **જે પ્રશ્ન વસ્ત્રમાં પડયો છે તેવો બીજે પણ પડયો છે** જેમ સાધુને કપડાં પણ ગૃહસ્થ પાસેથી લેવાના છે તેમ બીજી ચીજો પણ ગૃહસ્થ પાસેથી લેવાની છે. ગૃહસ્થ પોતે પોતાની જાત માટે ઉપયોગમાં લેવા લાવ્યો હોય, તે એને હરકત ન આવે અને પોતાને પુરૂં થઈ જાય એ રીતે સાધુ લે છે. જો તમે એમ પૂછતાં હો કે–'અધિક પાપ શેમાં લાગે છે ?' તો એનો ઉત્તર સ્પષ્ટ છે. મીલાદિ યંત્રોથી ઉત્પન્ન થતા વસ્ત્રોમાં અધિક પાપ દેખાય જ છે. એના હિસાબે વિચારો તો એ સિવાયનામાં ઓછું પાપ થાય છે, એમ જણાય. મીલ આદિના જે યંત્રોમાં હિંસાદિનો પાર રહેતો ન હોય, એમાં અધિક પાપ છે એ ખુલ્લું છે. **બાકી સર્વથા પાપનો ત્યાગ એ ધર્મ છે, એમ કહેનાર પાપ ત્યાગના માર્ગે જવામાં જ ધર્મ જણાવે છે.'**

(આટલી સ્પષ્ટ વાત હોવા છતાં ય પોતાની કદાગ્રહભરી ખોટી માન્યતાની પુષ્ટિ માટે આનો દુરૂપયોગ કરી કઇ રીતના પૂ.શ્રીને (સ્વ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્ર સૂ. મ.) 'શ્રદ્ધાંજલી' આપે છે તે જ સમજાતું નથી. વ્યુદ્ગ્રાહિક આત્માઓની 'ભાવદયા' ચિંતવ્યા વિના બીજો વિકલ્પ નથી. સમજુ આત્માઓ મહાપુરૂષોના પવિત્ર નામનો 'વટાવ કરવાના આશાતના પાપથી બચે અને ભોળા લોકોને બચાવે તે જ એક શુભ હેતુ છે. બાકી પર્યાવરણ–સંસ્કૃતિ પ્રેમીઓ કે તેમના સમર્થકો પકડયું પૂછડું છોડે તો 'પ્રેમી' શેના કહેવાય ?)

(પૂ.શ્રીજીના પ્રવચનોનું 'આત્માને ઓળખો' પુસ્તકના 'સાત્ત્વિક વિચારણા' નામના પ્રવચનમાંથી સાભાર.)

શાસન સમાચાર–ચેવલા–પૂ.મુ.શ્રીધ્રુવસેનવિ.મ. તથા પૂ.મુ.શ્રી સુવ્રત વિ.મ.નો ચાતુર્માસ પ્રવેશ જેઠ સુદ ૧૦ના સુંદર રીતે થયો હતો માલેગામથી બેંડ તથા સંઘના પ્રમુખ વિ. ભાઇઓ આવેલ હતા. શત્રુંજય છઠ્ઠ અઠ્ઠમ તથા સિદ્ધિતપ ચાલે છે. વ્યાખ્યાન પ્રતિક્રમણમાં સારી હાજરી થાય છે. દર રવિવારે બેઠાસણા જાપ થાય છે. ભાવિકો સારો રસ લે છે.

શાસન સમાચાર

'પધારો સૂરિરામના પરમ વિનય–ગુણયલ શિષ્યો રત્નો પધારો અમ આંગણીયે પાવન કરો.'

" મલાડ-રત્નપુરીના આંગણે ત્રિ-દિવસીય " જિનભક્તિ મહોત્સવ

જેઠ સુદિ ૬, ૭, ૮, સ્વ. પ. પૂ. આ.દેવ શ્રીમદ્ વિ. રામચંદ્ર સૂ. મ.ના શિષ્ય પ્રશિષ્યરત્નો-વર્ધમાન તપોનિધિ આ. ભ. ગુણયશ સૂ. મ. તથા પ્રવચન પ્રભાવક પરમ પૂ આ. ભ. કીર્તિયશ સૂ. મ. સુવિશાલ પરિવાર સાથે અમારી આગ્રહભરી વિનંતીથી અમારા ગૃહે પધારેલ. ત્યાં નૌકારસી આદિ કરેલ–ત્યારબાદ પૂ.શ્રીનું ગુરૂપૂજન તથા સંઘપૂજન થયેલ. ત્યારબાદ વાજતે ગાજતે રાજમાર્ગે થઇ ઉપાશ્રયમાં પધારેલ. પૂ.શ્રીએ માંગલિક પ્રવચન સુંદર ફરમાવેલ ત્યારબાદ જુદા જુદા પુણ્યશાળીઓ તરફથી ૧૦ રૂા. નું સંઘપૂજન થયેલ.

(૧) મહોત્સવનો પ્રથમ દિવસ : સ્વ. શરલ સ્વભાવી શ્રાદ્ધગુણ વિભૂષિત શ્રી રમણિકલાલ ગીરધરલાલ વોરાએ જીવનમાં આરાધેલા વિવિધ ધર્મકૃત્યોની અનુમોદનાર્થે બપોરે ૩–૩૦ ક. શ્રી અજીતનાથસ્વામી જિનાલયમાં શ્રી પંચ કલ્યાણકની પૂજા ભણાવાઇ તેમજ પ્રભુજીને ભવ્ય અંગરચના થયેલ.

(૨) દ્વિતિય દિવસ જેઠ સુદ ૭ ના રોજ સવારે પૂજ્યોનું પ્રવચન સુંદર રીતે રીતે થયેલ. ત્યારબાદ ગુરુપૂજન તથા સંઘપૂજન થયેલ. સવારે ૧૦-૩૦ ક. રામલીલા હોલમાં શ્રી વિશસ્થાનક પૂજન ભણાવેલ. ત્યારબાદ કાંતીલાલ ગીરધરલાલ વોરા અભય-ભાઈ પરિવાર તરફથી લાડવાની પ્રભાવના થયેલ. પ્રભુજીને નયનરમ્ય અંગરચના દીવાની રોશની થયેલ તેથી જિનાલય તીર્થ સમું લાગતું હતું.

૩) ત્રિ-દિવસ જેઠ સુદ ૮ સવારે ૯ ક. પૂ.શ્રીનું પ્રવચન સુંદર રીતે ફરમાવેલ ગુરૂપૂજન તથા સંઘપૂજન થયેલ. બપોરે ૧૨-૩૬ ક. શ્રી અઢાર અભિષેક જિનાલયમાં થયેલ. આમ જિનભક્તિનો લાભ સુભદ્રાબેન રમણીકલાલ વોરા અશ્વિનભાઇ-દિનેશભાઇ-શૈલેષભાઇ પરિવારે લીધેલ. ત્યારબાદ પૂ.શ્રી સંઘ સાથે ધનજીવાડી ત્યાંથી રાજેશપાર્કમાં પધારેલ. રવિવાર બીજી વાચના શ્રેણીની અણમોલતક રાજેશપાર્કની બાજુમાં રામનગરી મંડપ બાંધવામાં આવેલ તેમાં પૂ.શ્રીએ સવારે ૯ થી ૧૨ બપોરે ૨-૩૦ થી ૪-૩૦ ક. સુધી સચું જૈનત્વ ધર્મનો પાયો, ધર્મપ્રાપ્તિ માટે આવશ્યક (૨૧) ગુણો વિશે સુંદર રીતે ફરમાવેલ. બપોરે બહારથી પધારેલ પુન્યશાળીઓની સાધર્મિક ભક્તિ સુંદર રીતે

થયેલ. તેમજ ૧૦ રૂા.નું સંઘપૂજન આદિ થયેલ. પૂ.શ્રી મલાડ, ગોરેગાંવ, વિક્રોલી, ઘાટકોપર, મુલુંડમાં શ્રીજી વાચના શ્રેણી, ચોથી પાલીમાં કરી પરેલ લાલબાગ ગોવાલિયા ટેંક વગેરે શાસન પ્રભાવના કરી પૂ.શ્રી ચંદનબાળા, વાલકેશ્વર મધ્યે અષાઢ શુદિ ૨ના દિવસે ભવ્યાતિભવ્ય રીતે પ્રવેશ કર્યો છે.

ચાતુર્માસ ભવ્ય પ્રવેશ–પ. પૂ. મુ. શ્રી નયભદ્ર વિ. મ. સાહેબ તથા ૬૬ મી ઓળીના આરાધક પ. પૂ. મુ.શ્રી નિર્મલયશ વિ. મ. સાહેબ આદિ ઠાણા તથ. પ. પૂ. સા.શ્રી ધર્મયશાશ્રીજી મ. સા. આદિ ઠાણા અષાઢ સુદ ૨ ના પ્રવેશ થયો. તપસ્વી, સદ્ધર્મનિષ્ઠ, શ્રાવકગુણ વિભૂષિત શ્રી કાંતીલાલ ગીરધરલાલ વોરા રાધનપુરવાળાની આગ્રહભરી વિનંતિથી તેમના નિવાસસ્થાને જવાનનગરમાં પધારેલ ત્યાં પૂ.શ્રીએ મંગલાચરણ આદિ કરેલ. ગુરૂપૂજન તથા સંઘપૂજન કરાયેલ–ત્યારબાદ ત્યાંથી વાજતે ગાજતે રાજમાર્ગે થઇ ઉપાશ્રયે પધારેલ. ત્યાં પૂ.શ્રીએ સુંદર શૈલીમાં પ્રવચન ફરમાવેલ.. વર્ષાનો આરંભ કાળઝાળ ગ્રીષ્મઋતુના ગરમાવાને ઠારવા માટે જેમ પાણી વરસાવે છે–તેમ અનાત્મવાદ–શાસ્ત્ર નિરપેક્ષવાદ–સ્વચ્છંદવાદના ઉકળાટને શમાવવા માટે પૂ.શ્રીના ચાતુર્માસનો પ્રારંભ જિનવાણી વરસાવે છે. પ્રવચન બાદ ગુરૂપૂજનની ઉછામણીનો લાભ શ્રી કાંતીલાલ વોરા તથા રીખવચંદજી શાહ પરિવારે લાભ લીધેલ તથા બાદ જુદા જુદા બાર–૧૨ પુન્યશાળીઓ તરફથી ગુરૂપૂજન તથા સંઘપૂજન તથા લાડવાની પ્રભાવના થયેલ. આ મંગલદિન નિમિતે આયંબિલ તપમાં સારી સંખ્યામાં મહાનુભાવોએ લાભ લીધેલ. તેમજ પ્રભુજીને ભવ્ય અંગરચના થયેલ. આયંબિલ કરનાર ભાગ્યશાળીઓને ૧૧ રૂા.ની પ્રભાવના થયેલ.

જોધપુર (સૂર્યનગરી–રાજ.માં) **શ્રી ભગવતીસૂત્ર અને પાંડવચરિત્રની પ્રવચનશ્રેણી અને નવાંગી ગુરૂપૂજન**

પ્રવચન પ્રભાવક પં. શ્રી કલ્પતરૂ વિ. ગણિવર્ય આદિનો જોધપુરનગરમાં મેડતાગેટથી અષાઢ સુદ ૨ ફિ: ૬–૭–૯૭ ને શુભમુહુર્તમાં પ્રવેશ થયેલ. પ્રવેશના દિવસે મંગલ–આયંબિલ થયેલ. રોજ આયંબિલ તથા સાંઠલી અટ્ઠમ ચાલે છે. સિદ્ધિતપ–મોક્ષદંડક તપ ચાલે છે. અષાઢ વદ ૨ ના દિવસે સાયરમલજી મૂલરાજજી મહેતા પરિવારે રેકોર્ડ ૩૫ બોલી બોલી શ્રી ભગવતીસૂત્ર વહોરાવેલ તથા શિવરાજ કાચર પરિવારે પાંડવચરિત્ર ગુરૂદેવને વહોરાવેલ અને શિવરાજજી કોચરે બોલી બોલીને નવાંગી ગુરૂપૂજન કરેલ. જ્ઞાનની પાંચ પૂજા તથા અષ્ટપ્રકારી પૂજા પણ જુદા જુદા ભાગ્યશાલીઓ તરફથી બોલી બોલીને થયેલ, ઉત્સાહ ઘણો સારો છે, બહેનોમાં સાધ્વીજી ગુપ્તિરત્નાશ્રીજી જૈન રામાયણ વાંચે છે.

પાલીતાણા–પૂ.આ. શ્રી વિ. લલિતશેખર સૂ. મ., પૂ. આ. શ્રી વિ. રાજશેખર સૂ. મ. ની નિશ્રામાં—૧ ઓસવાળ યાત્રિક ગૃહમાં આશરે ૧૨૦ આરાધકોને સંવત ૨૦૫૩ના ચાતુર્માસની આરાધના માટે સગવડતા આપવામાં આવેલ છે.

(૨) સંવત ૨૦૫૩ના અષાડ સુદ પુનમથી કારતક સુદ પુનમ સુધી બપોરના એકાસણા કરાવવાનો તથા જેમની તપસ્યા હોય તેઓને પારણાના દિવસે પારણા કરાવવાનો આ બંને ભક્તિલાભ નીચે મુજબના પરિવારોએ લીધેલ છે.

૧–શ્રીમતી લક્ષ્મીબેન હંસરાજ પોપટ હરણીયા પરિવાર
મૂળ નાની રાફુદળ હાલ નાઇરોબી

૨–શ્રીમતિ સુમતિબેન હરખચંદ નેમચંદ કુલચંદ પરિવાર
મૂળ કનસુમરા હાલ નાઇરોબી

૩–શ્રીમતિ કસ્તુરબેન હંસરાજ ગોસર પરિવાર મૂળ દાતા, હાલ નકુરુ

૪–શ્રીમતિ સુશીલાબેન તારાચંદ ધરમશી વીરજી પરિવાર મૂળ દાતા હાલ મોંબાસા

ઉપરોકત ચારેય પરિવારોએ સરખે હિસ્સે ભક્તિલાભ લીધેલ છે. તથા આવતા ચાતુર્માસ દરમ્યાન સવારના નૌકારશીમાં અમુક લાભ શ્રીમતિ સુશીલાબેન તારાચંદ ધરમશી વીરજી પરિવારે લીધેલ છે.

વિહાર દર્શિકા અંગેના સૂચનો : પ્રાપ્તિસ્થાનમાં સમીર કે. પારેખ, ૫/ગાંધી ચોક, જામનગર. રૂા. ૧ ની સ્ટેમ્પ મોકલવાથી ભેટ મોકલાશે.

ચોમાસા બાદ પ્રાપ્તિસ્થાન–હેમેન્દ્ર સી. શાહ નવરંગ વસ્ત્ર ભંડાર,
મોટા દેરાસર સામે, સુરેન્દ્રનગર

ઘરના ખાનામાં R છે ત્યાં રસોડાની વ્યવસ્થા છે તેમ સમજવું. ભો. છે ત્યાં ભોજનશાળા છે તેમ સમજવું.

–રૂટ નં-૨માં થરાથી ધાનેરાનો રસ્તો કેન્સલ સમજવો.

–વિહાર રૂટોમાં રહી ગયેલી ભૂલો વિગેરે અવશ્ય જણાવવું જેથી નવી આવૃત્તિમાં સુધારો થઇ શકે. તે સિવાય આપશ્રીજીને યોગ્ય લાગે તે સુધારો વધારો સૂચવશો.

રાનીદશીપુરા(રાજ.)માં જિનાલય મંદિર બાંધવાનો નિર્ણય–પં.પ્રવર શ્રી દર્શનરત્નવિ. મ. આદિ જેઠ સુદ ૧૩ના પધાર્યા અગો જૈનોના ૨૫ ઘર હોવા છતાં જૈન દેરાસર નથી. આજે ગુરૂભગવંતના ઉપદેશથી આજે જૈનદેરાસર બાંધવાનો સંઘે નિર્ણય કર્યો તથા ટીપની પણ શરુઆત થઈ તથા સંઘના આગેવાનોએ જૈનદેરાસર ન થાય ત્યાં સુધી અમુક વસ્તુનો ત્યાગ કર્યો. કોઇએ બધી મીઠાઇનો ત્યાગ કર્યો. પૂ. પં. પ્રવરશ્રી આદિ અહિંથી આજે ઢુંઢાડા થઇ જોધપુર અ.સુ.૨ તા. ૬-૭-૯૭ના દિવસે પ્રવેશ કરેલ.

કલિકુલકિરીટ પૂ આ. લબ્ધિસૂરીશ્વરજી મ. સા ના સમુદાયના ભગવંતોની ચાતુર્માસિક યાદી

પૂ. આ. જિનભદ્રસૂરીશ્વરજી મ. સા. તથા પૂ. આ. યશોવર્મસૂરીશ્વરજી મ. સા. આદિ C/o. બાબુ અમીચંદ પન્નાલાલ જૈન ઉપાસરા ૪૧, રીજ રોડ, વાલકેશ્વર મુંબઇ–૪૦૦૦૦૬

પૂ. આ. અશોકરત્નસૂરીશ્વરજી મ. સા. તથા પૂ. આ. અમરસેનસૂરીશ્વરજી મ. સા. આદિ C/o. સુમતિનાથ જૈન શ્વે. મંદિર તીર્થંકર રોડ, મુ. મૈસુર–૫૭૦૦૦૧

પૂ. આ. પુણ્યાનંદસૂરીશ્વરજી મ. સા. તથા પૂ. પ. મહાસેનવિજયજી ગણિવર્ય આદિ શ્વે. મૂ. પૂ. જૈન મંદિર શાહુપુરી મુ. કોલ્હાપુર–૪૧૬૦૦૧

પૂ. આ. હિરણ્યપ્રભસૂરીશ્વરજી મ.સા. જૈન ઉપાશ્રય મુ. રતલામ M.P. ૪૫૭૦૦૧

પૂ. આ. સ્થુલભદ્રસૂરીશ્વરજી મ. સા. શ્વે. જૈન. ઉપા. મુ. દેવનહલ્લી બેંગ્લોર

પૂ. આ. રાજયશસૂરીશ્વરજી મ. સા. શ્વે. મૂ. પૂ. જૈન મંદિર ૩૫૧ મિન્ટ સ્ટ્રીટ આરાધના ભવન મુ. મદ્રાસ–૬૦૦૦૧

પૂ. આ. વારિષેણસૂરીશ્વરજી મ. સા. પૂ. પ. વિનયસેનવિજય ગણિવર્ય આદિ ૩૪–૩૬ પ્રહલાદ પ્લોટ જૈન ઉપાશ્રય મુ. રાજકોટ–૩૬૩૦૦૧

પૂ. પ્રવર્તક હરિશભદ્રવિજયજી મ. સા. ચિંતામણી પાર્શ્વનાથ જૈન મંદિર મુ. ગોરેગાંવ (વેસ્ટ) મુંબઇ

પૂ. મુનિવર્ય કલ્પયશવિજયજી મ. સા. શ્વે. જૈ. મં. ચીક પેઠ મુ. બેંગ્લોર ૫૬૦૦૫૩

પૂ. મુ. નયભદ્રવિજયજી મ. સા. પૂ. મુનિ વીરયશવિજયજી મ.સા. આત્મ–કમલ–લબ્ધિ જ્ઞાન મંદિર મુ. દાદર (વેસ્ટ) મુંબઇ–૪૦૦૦૨૮

પૂ. મુનિરાજ જયકુંજરવિજયજી મ. સા. મુ. જોધપુર (રાજસ્થાન)

પુ. પં. શ્રી પદ્મયશવિ. મ. ભદ્રબાહુવિજયજી મ. મુંબઇ–વાલકેશ્વર ૪૧–રીજ રોડ,

પુ. આચાર્ય શ્રી વિજય **નીતિસૂરીશ્વરજી મ.ના. સમુદાય ચાતુર્માસ.**

આચાર્ય પદ્મસૂરિજી મ. આદિઠાણા ૩ (પદ્મમાવતીનગરી) C/o. શ્રી આબુ તળેટી તીર્થ નેશનલ હાઇવે રોડ, માનપુર, આબુરોડ ૩૦૭૦૨૬ (રાજ.) ફોન નં. : ૨૨૦૧૩ – ૦૨૯૭૪

મુનિ શ્રી પ્રવિણવિજયજી મ. આદિ ઠાણા–૨ પારસધામ પો. મેઘાનગર વાયા બાલોતરા જિ. બાડમેર (રાજ.)

મુનિ શ્રી પ્રમોદવિજયજી મ. આદિઠાણા મુ. પો. મહેગામ જિ. ગાંધીનગર (ગુ.)

મુનિ શ્રી વિમળવિજય એવં મુદિતવિજયજી મ. આદિઠાણા–૨ પુનાડીયા વાયા–ડુંગરપુર વાંસવાડા (રાજસ્થાન)

સાધ્વીજી શ્રી સુલોચનાશ્રીજી મ. સા. શ્રી અશોકલત્તાશ્રીજી મ. આદિઠાણા–૨

સાધ્વીજી શ્રી સમર્પિતગુણાશ્રીજી મ. આદિઠાણા–૨ બાઇઓઢા જૈન ઉપાશ્રય મુ. નાડોલ વાયા–રાની જી. પાલી (રાજ.)

અમીયાપુર (ગાંધીનગર) અત્રે પુ. પં. શ્રી ચંદ્રશેખરવિજયજી ગણિવર્યની નિશ્રામાં શાહ કરમશી ખીમા ગુદકા ગાગવાવાળા (જામનગર) તેમના ચિ. સુપુત્ર રતિલાલભાઇ ૧૦૦ ઓળી પુર્ણ થાય છે તેનો ભવ્ય મહોત્સવ અષાડ વદ ૧૩ થી ૦)) સુધી શ્રી સિદ્ધચક્ર મહાપુજન આદિ સહિત ઉજવાશે, તે પ્રસંગે કરમશીભાઇના સંસારી સુપુત્ર પુ. મુ. શ્રી દિવ્યપદ્મવિજયજી મ.ને ૪૫, મી ઓળી તથા પુત્રીઓ રંભાબેનને ૬૮ જ્યાબેન ૫૨ લક્ષ્મીબેનને ૪૮ શાંતાબેનને ૪૭ પુત્રવધુ નર્મદાબેન જયંતિલાલને ૪૫મી ઓળીનું પણ પારણું થશે.

પટણા (બિહાર) પુ. આ. ભગવંત પ્રભાકરસૂરિ. મ. પાટડીમા ભવ્ય પ્રવેશ અષાડ સુદ બીજનો થયેલ બન્ને ટાઇમ સાધર્મિક વાત્સલ્ય થયેલ, સાંઠડી અઠ્ઠમ ચાલુ છે દર રવિવારે જ્ઞાન સત્ર સાથે અલ્પ આહાર આપવામાં આવે છે જુદા અનુષ્ઠાને પાંચ તિથિ ચાલુ છે તેમજ અષાડ વદ ૧૦ ના પુષ્પાબેનની ૧૧ ઉપવાસની તપસ્યા નિમિતે સંઘ સાથે સંઘ પ્રમુખ માંગીલાલજીના ઘરે ગયા ત્યાં સંઘની સાધર્મિક ભક્તિ થયેલ અને દરેકને ચાંદીના સિક્કા અપાયા છે. વિશેષ માં પુજ્યપાદ આ. ભગવંત રામચદ્રસૂર.શ્વરજી મ. છઠ્ઠી પુન્ય તિથિ નિમિતે ૩ દિવસ ભવ્ય મહોત્સવ અને સકળ સંઘનું સાધર્મિક વાત્સલ્ય અષાઢ વદ અમાસનું થયેલ પુજ્યપાદના સુંદર ગુણાનુવાદ થયેલ.

લંડન–અત્રે અખાત્રીજે વરસીતપના પારણા ૬ તપસ્વીઓના સુંદર ઉલ્લાસથી થયા હતા કાલ લંડનમાં નીચે મુજબ વરસીતપ ચાલે છે (૧) દેવશીભાઇ શાહ (૨) ગુલાબચંદભાઈ મેવજી (૩) હસમુખ કચરાભાઇ (૪) કસ્તુરબેન સોમચંદ મેરગ (૫) દેવકુંવરબેન કુલચંદ લાલજી (૬) મધુબેન કાંતિલાલ ગડા (૭) રેણુકાબેન સૌભાગચંદ શાહ (૮) કસ્તુરબેન પ્રેમચંદ હંશરાજ સૌ શાતામા છે. અને શાતાપુર્વક તપ પૂર્ણ કરે એજ અભિલાષા.

卐

જામનગર–અત્રે પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂ. મ.ની નિશ્રામાં ભાઇશ્રી ઝવેરચંદ લાધાભાઇ નાગડા લાખાબાવળવાળાની પ્રેરણાથી પ. પૂ. વ્યાખ્યાન વા. આ. દેવશ્રી વિ. રામચંદ્ર સૂ. મ.ની છઠ્ઠી સ્વર્ગારોહણતિથિ નિમિતે ત્રણ દિવસનો મહોત્સવ તથા એક દિવસમાં એકાસણાથી વીશ સ્થાનકનું આરાધન થયું.

અષાડ વદ ૧૩ ના શ્રીમતી મણિબેન ભગવાનજી નરશી સાવલા યંગા હાલ લંડન તરફથી સ્વ. અ. સૌ. હંસુબેન ચંદુલાલ ભગવાનજીના શ્રેયાર્થે અંતરાય કર્મ નિવારણ પુજા આંગી પ્રભાવના (૨૦૦ ગ્રામ સાકર) સહ થયા. વદ ૧૪ નવારે પ્રવચનમાં ગુણાનુવાદ થયા શ્રી શાંતિલાલ ઝીણાભાઇએ પણ પુ. શ્રીના જીવનની મહત્તા બતાવી. બપોરે શાહ રાયચંદ લાધાભાઇ નાગડા લાખાબાવળવાળાના સુપુત્રી અ. સૌ. શોભનાબેન ઇશ્વરલાલ વેલજી ગંગર (ઢીંચડા હાલ લંડન) તરફથી અંતરાય કર્મ નિવારણ પુજા આંગી પ્રભાવના સાટાની થઇ. વદ ૦)) ના સ્વ. શાહ હેમરાજ કુંભા તથા સ્વ. ગંગાબેન હેમરાજના શ્રેયાર્થે શાહ લાલજી હેમરાજ અ. સૌ. રમાબેન લાલજી તથા શ્રીમતી સ્મિતાબેન મુકેશ લાલજી ચંગાવાળા હાલ લંડન તરફથી વીશ સ્થાનકના ૪૦૦ એકાસણા તથા ૨૦૦ આમંત્રિતોનું જમણ થયું. સજ્ઝાયમાળાની તપસ્વીઓને લાણી કરી તથા બપોરે ઠાઠથી વીશ સ્થાનક પુજા આંગી પ્રભાવના લાડુની થઇ પુજા માટે શ્રી વિમલ જિનેન્દ્ર સંગીત મંડળે ભક્તિ જમાવી હતી. ઝવેરચંદભાઇએ ઉત્સાહ ઉત્સવ ચેાન્યેા હતેા સંઘે ખૂબ ઉલ્લાસથી દીપાવ્યેા હતેા. મેરૂ મંદિર તપ ૫૦ દિવસનો ચાલે છે સાંજના બેસણા ભાવિકેા તરફથી થાય છે.

જોધપુર-પં. દર્શનરત્નવિ. ગણિવર્ય આદિની શુભ નિશ્રામાં અષાઢ વદ ૧૪ તથા ૩૦ બે દિવસે પૂ. આ. શ્રી વિ. રામચંદ્ર સૂ. મ.ના ગુણાનુવાદ સભા થયેલ તેમાં પુ. ગુરૂવરેા ઉપરાંત શરબતમલજી, નવરતનમલજી નાહર, સાપરમલજી મેહતા આદિએ પણ ગુણાનુવાદ કરેલ. પુ. સુવિશાલ ગચ્છાધિપતિ આ. દેવ શ્રીમદ્ વિ. રામચંદ્ર સૂ. મ. સા.ના ગુણાનુવાદથી ઘણાંઓએ કહ્યુ કે અમેા આ બધું જાણતાં જ હેાતા પુ. અનુયેાગાચાર્ય શ્રી વિમલરત્ન વિ. મ. સા.ના શિષ્યરત્નેા મુનિશ્રી તરૂણરત્ન વિ. એવં પ્રાજ્ઞરતિ વિ.ના સદુપદેશથી રાજસ્થાન પત્રિકા દૈનિકમાં અષાઢ વદ ૩૦ ને પુ.પાદ શ્રી રામચંદ્ર સૂ. મ.ને છઠી પુણ્યતિથિ પર હાર્દિક શ્રધ્ધાંજલિ અપાયેલ. જેના લેાકેા પર ઘણી અસર થયેલ. આજે ખીરના એકાસણા પર અત્રે થયેલ, સિદ્ધિતપ સામુદાયિક તથા મેાક્ષદંડક આદિ તપેા ચાલી રહેલ છે: ઉપાશ્રયની બારીયેામાં વપરાયેલ દેવદ્રવ્યની શુધ્ધિઓ માટે બારીયેા નોંધાઈ રહેલ છે. વ્યાકરણ આદિની વાંચનાઓ પંન્યાસજી ભગવંત–સાધુ–સાધ્વીઓને આપે છે.

શાસન સમાચાર :

જામનગર શાંતિભવનમાં પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ. આદિ પૂ. મુ. શ્રી દિવ્યાનંદ વિ. મ.ની ૧૦૦ ઉપર ૯૪ મી ઓળીના પારણા પ્રસંગે જેઠ વદ ૦))ના પધાર્યા પારણા નિમિત્તે અ. સુ. ૧ ના પારણું થયું બંને દિવસ ગુલાબચંદ માણેકચંદ શાહ હ. નવીનભાઇ તરફથી સંઘ પૂજન થયા. પૂ. આ શ્રી વિજય નરચંદ્ર સૂરીશ્વરજી મ. આદિ અત્રે બિરાજમાન છે. તેમનો પ્રવેશ અષાડ સુદ –૨ ના અત્રે સસ્વાગત થયો

જામનગર– ૪૫ દિગ્વિજય પ્લોટમાં પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ. પૂ. પ્રવર્તક મુ. શ્રી યોગીન્દ્ર વિ. મ. પૂ. તપસ્વી મુ. શ્રી દિવ્યાનંદ વિ. મ. આદિ તથા પૂ. સા. શ્રી સુરેન્દ્રપ્રભાશ્રીજી મ. આદિ પૂ. સા શ્રી અનંતપ્રભાશ્રીજી મ. આદિનો અષાડ સુદ– ૨ નાઉત્સાહથી પ્રવેશ થયો પ્રવચન બાદ શાહ અમૃતલાલ તરફથી લાડુની પ્રભાવના થઇ ૪૭૫ સંખ્યા થઇ શાહ લખમણ વીરપાર મા[illegible]: રામજીભાઇ થાનગઢ તરફથી સંઘ પૂજન થયું. શાહ ઠાનજી જેઠાભાઇ તથા શાહ રમણિકલાલ કેશવજી તરફથી સામુદાયિક એકાસણા ૧૫૦ ઉપર થયા હતા.

અષાડ સુદ ૬ ના ઓસવાળ કોલોની પૂ. શ્રી સસ્વાગત પધાર્યા જુદા જુદા ભાવિકો તરફથી મળીને પ્રવચન બાદ ૧૦–૧૦ રૂા. ની પ્રભાવના થઇ સંખ્યા ૩૭૫ થઇ. ઉત્સાહ સારો હતો.

પાર્લા-મુંબઇ પૂ. આ. શ્રી વિજય અમરગુપ્તસૂરીશ્વરજી મ. પૂ. આ. શ્રી વિજય ચન્દ્રગુપ્તસૂરીશ્વરજી મ. તથા પાર્લાના જ પૂ. મુ. શ્રી જિતધર્મવિજયજી મ. આદિ ઠાણા, જેઠ સુદ ૨ અત્રે પધારેલ અને ત્રણ દિવસ સ્થિરતા કરેલ. જયેન્દ્રભાઇ વેલજી હરણીયા પરિવાર તરફથી પૂજ્યો સાગૈયા સહ પધારેલ અને પૂ. મુ. શ્રી નયવર્ધન મ. પણ પધારેલ આવેલ બધાને નવકારશી કરાવ્યા પછી વ્યાખ્યાન સમયે ઉપકરણો વહોરાવેલા અને પૂ. મુ. શ્રી જિતધર્મ વિજયજી મ. ને ચિ. કુશલે ઓઘો વહોરાવેલ ત્યારે સભામાં આનંદ છવાયેલ બપોરે આમંત્રિતોનો જમણવાર રાખેલ પછી વાચના અને વાચનામાં પધારેલ બધાને સાંજની ચોવિહારની ભક્તિ જેઠ સુ. ૩ ના સવારે ઘરે પધરામણી રાખેલ અને પધારેલાને નવકારશી ત્રણે દિવસે બપોરે વાચના તથા સાંજની સાધર્મિક ભક્તિ રાખેલ પ્રભાવના અનુક્રમે શ્રીફળ, રૂા. ૫, સાકરના પડા. જેઠ સુદ ૨ ના વ્યાખ્યાનમા મોતિચુર લાડું ડેખરેખ નીચે બનાવેલ અને પેક કરાવેલ. જેઠ સુદ ૨ ના ભવ્યાતિભવ્ય આંગી આ રીતે પૂ. મુ. શ્રી જિતધર્મ વિજયજી મ. સાહેબનો સંયમ જીવનના દ્વિતીય વર્ષમાં પ્રવેશ થયેલ ત્રણ મહિનાનો સતત પ્રથમ વિહાર થયો હોવા છતાં ખૂબજ પ્રસન્ન જણાય છે.



પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



Saturday

- આપણે બધા પુણ્યશાલી ખરાં. પણ ખરાબ ધર્મ કરીને આવ્યા લાગે છે આવી સુંદર સામગ્રી પામેલાંને પણ જો સંસાર જ ગમતો હોય, મોક્ષની ઈચ્છા જ થતી ન હોય; તે દુઃખથી ગભરાતા હોય, સુખ માટે ફાંફા મારતા હોય તે બધ પાપના ઉદયવાળાં જ છે. તે ધર્મ સારી રીતે ન કરે પણ પાપ જ સારી રીતે કરે.
- વણિક કહ્યા તેનું નામ માયા, માટે જ વાણિયા કદિ ધર્મી થાય નહિ. વાણિયાપણું ભૂંડું લાગે. તો તે ધર્મ કરે.
- કોઈના ય રૂપને રાગથી જોવું તે ય વ્યભિચાર છે !
- જે ધર્મસ્થાનમાં સારી રીતે વર્તે અને બહાર ખરાબ વર્તે તે ધર્મની વગોવણી અને ભયંકર આશાતના કરનારો છે.
- 'આ આ ધર્મ કરો તો આવું આવું સુખ સુખ મળે' આવી લાલચથી કરાવનારો અને કરનારા બંન્નેની દુર્ગતિ જ થાય.
- પરમાત્માના દર્શન મોક્ષ માટે કરે તો પાપ જાય પણ સુખ માટે કરે તો પાપ જ બંધાય.
- પ્રમાદ-માનપાનાદિમાં મરતાં અમને અમે ખરાબ છીએ તેમ ન લાગે તો અમે પણ એવું પાપ બાંધીને આવ્યા છીએ કે, અહીં માન-પાનાદિમાં પડી, તમને રાજી કરવા તમારાં ખોટાં વખાણ કરી ભગવાનની આજ્ઞાથી વિરૂધ્ધ વર્તી દુર્ગતિમાં જ જવાના છીએ.
- આજે ઠોકે કપડાંમાં સારા છે, હૈયાના સારા નથી.
- સુખમાં મહાલવું તે જ પાપ. જો સુખમાં મહાલવું તે પાપ હોય તે તે સુખ ખરાબ હોય તો જ બને ને ?

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા
૧૬૦૧

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

વર્ષ ૧૦

અંક ૩+૪

૦ ક્ષમાની મહાનતા

ખંતી સુહાણ મૂલં,
મૂલં ધમ્મસ્સ ઉત્તમા ખંતી ।
હરઇ મહાવિજ્જા ઇવ,
ખંતી દુરિઆઇં સવ્વાઇં ॥

સુખોનું મૂલ ક્ષમા છે, ઉત્તમ ધર્મનું મૂળ પણ ક્ષમા છે અને તે ક્ષમા મહાવિદ્યાની જેમ સઘળા ય દુરિતાનો નાશ કરે છે.

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન

* પર્વો મોહરાજા સામેની લડાઈ છે *

— પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

શ્રી પર્યુષણા પર્વની આરાધના કરવી હશે તો બધા જ કષાયોને તિલાંજલિ આપવી પડશે. કષાયોને નોટીસ આપીને કહેવાનું કે, સારી રીતે કામ કરવું હોય તો કરો. પ્રશસ્ત કોટિના બનીને મને ધર્મ કરવામાં સહાયક બનો. માન મારું આમ કરવાનું કે, 'અમે શ્રી પર્યુષણા પર્વ આમ ઉજવીએ.' તમે શ્રી પર્યુષણા પર્વ કેવી રીતે ઉજવશો તે બોલો. ધર્મની જોહોજલાલી શી રીતે થાય ? તમે તમારા સંતાનોના લગ્નમાં શું શું નિર્ણય કરો છો ? પાંચડે પાંચડે દીવા કરનારી જાત...! તેમ અહીં પર્વને શી રીતે આરાધવાનો વિચાર કર્યો છે ! આવા પર્વના મહોત્સવના પ્રસંગે, વખતે તમારા હૈયામાં આનંદ કેટલો હોય ! શું શું કરવાનું મન હોય ! ઉમળકા કેવા કેવા ઉછળતા હોય ! પહેલા ત્રણ દિવસમાં પર્વનાં કાર્યો, વર્ષનાં કાર્યો કરીએ છીએ.

જો તમે બધા જાગી ઊઠો તો કર્મને ઘેર ધાડ પડે. મોહને થાય કે. આ હવે મને લાતે મારવા લાગ્યા છે. પણ તમે લોકો આ બધાં કાર્યો સાંભળી ક્યાં નાખી આવો છો તેનો પત્તો જ લાગતો નથી. આજે તો તમારી ઉછામણીના પણ વખાણ થાય જ નહિ. ઉછામણી પણ તેની વખાણાય જેના આજુબાજૂના કામ મઝેના હોય અર્થાત્ આજ્ઞા મુજબના હોય, તમારી ઉછામણી પણ નામના માટેની જ દેખાય છે. તમારા ઘરમાં જેમ સ્વાભાવિક ખર્ચા છે, તેવો અહીં સ્વાભવિક ખર્ચાનો એક પૈસો પણ નથી. **પર્વો મોહ રાજા સામેની લડાઇ છે. પૈસા અગત્યા નથી ઉડાડવા પણ મોહના લમણામાં લાગે તે રીતે ઉડાવવા છે.** ખરેખર તમે ઉદાર બની જાવ અને નામનાદિના મોહને ભૂલી જાવ તો આ પર્વની આરાધના કલ્યાણકારી બને.

(સં. ૨૦૩૦, પ્ર.ભા.વ.–૯ મંગળવાર તા. ૯–૯–૧૯૭૪, શ્રીપાલનગર–મુંબઇના પ્રવચનમાંથી)

પ્રભાવકદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુબજ સ્યાદ્વાદ અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેલજી મુહડા (અંજાર)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (વઢવાણ)
ચાંદમલ ધરમશી મુહડા (થરાદ)

વર્ષ : ૧૦] ૨૦૫૩ શ્રાવણ વદ-૯ મંગળવાર તા. ૨૬-૮-૯૭ [અંક : ૩+૪

卐 પ્રકીર્ણક ધર્મોપદેશ 卐

-પ. પૂ આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ વદિ-૧૨ મંગળવાર તા. ૨૨-૭-૧૯૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુબઈ-૬

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશ્રય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, મિચ્છામિ દુક્કડમ્ (પ્રકરણ ૧૯ મું) -અવ૦)

પ્રશ્ન : શાસ્ત્રે તો જૈન કુળમાં જનમવું તેને મહાપુણ્યોદય કહ્યો છે અને આપ પાપોદય કહો છો તે કેવી રીતે ?

ઉ૦ : જૈનકુળમાં જન્મ મળવો તે મહાપુણ્યોદય હોય તો જ મળે તેની ના નથી પણ આજના જૈન કુળમાં જન્મેલા જે રીતે જીવી રહ્યા છે તેથી કહેવું પડે છે કે આજના જૈનકુળમાં જનમવું તે પાપોદય છે આજના જૈનકુળમાં જન્મેલા બધા જ ખોટાં કામ નહેથી કરે છે, પાપ કરતા ગભરાતા નથી. આજના જૈનકુળમાં જન્મેલા કહે છે કે-" સાધુઓ તો નવરા છે. તેમને શું કામ છે ! તેમને ક્યાં ઘર માંડયું છે તો ખબર પડે ! આમાં પાપ અને તેમાં પાપ કહ્યા કરે છે. આ ખવાય... આ ન ખવાય... આ પીવાય.. આ ન પીવાય... રાતે ન ખવાય... પાપ ન કરીએ તો શું મરીએ ? પાપ પાપ કર્યા કરીએ તો જીવાય શી રીતે ! " ઘણાને તો જૈનકુળમાં જન્મ્યા તેનું દુઃખ છે !

તમે તમારા છોકરાઓને કહ્યું છે કે- મનુષ્યભવ મળ્યો છે. શ્રી જૈન શાસનમાં જન્મ મલી ગયો છે તો આ જન્મમાં સાધુ જ થવા જેવું છે. તમે તમારા છોકરાઓને મોટામાં મોટા ડીગ્રીધારી બનાવ્યા છે, વેપારી બનાવ્યા છે પણ શ્રાવક કે સાધુ બના-

વવાની મહેનત કરી છે ? તમારા સંતાન સાધુ થાય તેવી પણ ઇચ્છા છે ખરી ? સાધુ ન થાય તો શ્રાવક તો બને જ તેવી પણ મહેનત કરી ? કો'ક જીવ સારો પાકે તે જુદી વાત પણ તમે મહેનત નથી કરતા.

આજના જૈનકુળ નામના રહી ગયા છે. એક જૈનકુળ સાચું શોધવું હોય તો મળે ? સારા સુખી ઘરોમાં પણ રાત્રિભોજન ચાલુ છે. સુખી માણસો ખુદ ગાતે મઝેથી આય તે જૈનકુળની ફજેતી છે કે બીજું કાંઇ ? તમારા છોકરા ધર્મક્રિયા ન કરે, વ્રત-પચ્ચક્ખાણ ન કરે તે તમને ગમે ખરૂં ? દર્શન-પૂજનાદિ ન કરે તેના પ્રત્યે તમે અણગમો બતાવેલો ખરો ? આજે તો મંદિર પાસે હોય તો પણ દર્શન કેટલા કરે ? પૂજા તો મોટો ભાગ ન કરે. પૂજા કરે તો મફત કરે. પૂજા કરનારને એક પાઇનો ખર્ચો નહિ ! સાધારણનું સુખી માણસ ભોગવે ખરો ? આજે ઘણો અનર્થ વ્યાપી ગયો છે ઘણી ગરબડ થઇ ગઇ છે. આજના પૂજા કરનારામાં શ્રીમંત કોણ અને દરિદ્રી કોણ તે ય ઓળખાય નહિ. બાકી આજે ઘણા જે રીતે પૂજા કરે છે તે જોતા તો ઘણીવાર કહેવાનું મન થઇ જાય છે કે તમે બધા પૂજા ન કરો તો સારા ! જે પોતાના સંતાનો જે વેપારાદિ કરે છે તે ધર્મને અનુરૂપ કરે છે કે નહિ તેની ખબર ન રાખે તે જૈનકુળ કહેવાય ખરા ? આવા જૈનના ઘરમાં જન્મે તેને લાભ શો ?

સભા૦ : નવકાર તો પામી જાય ને !

ઉ૦ : નવકાર શા માટે છે તે કહ્યું છે ? નવકાર ગણનારથી રાતે ખવાય ? જૂઠ બોલાય ? શ્રી નવકાર મંત્રમાં કોને નમસ્કાર કરો છો તે સમજાવ્યું છે ? શ્રી નવકાર મંત્રમાં મોક્ષમાર્ગની સ્થાપના કરનારા, મોક્ષે ગયેલા અને મોક્ષમાર્ગની આરાધના કરનારાને રાખ્યા છે. તે શ્રી નવકારમંત્ર ગણનારને સાધુ થવાની જ ઇચ્છા હોય તે વાત ખરી છે ? જેને સાધુ થવાની ઇચ્છા નહિ તે શ્રી નવકાર મંત્ર સમજતો જ નથી તેમ કહેવાય ?

શ્રી નવકારમંત્ર ગણીને તમે બજારમાં જાવ છો તો તમારા મનમાં તે વખતે શું હોય છે ? જે કાંઇ કરીએ તેમાં સફળ થઇએ, પાપ કરીએ, અનીતિ કરીએ તો પણ પકડાઇએ નહિ ! આવાને શ્રી નવકારમંત્ર લાભ શું કરે ? શ્રી નવકારમંત્ર ગણવો જુદો છે અને માનવો જુદો છે. શ્રી નવકારમંત્ર ગણનારને પાપ કરવાનું ફાવે ? સારી સામગ્રી મલી છે પણ લાભ થતો નથી તેનું કારણ ઘરના બધા સંસ્કાર બુઠ્ઠા બની ગયા છે. મા-બાપ સારા હોત તો છોકરા મોટે ભાગે બરાબર પાકત નહિ. તમે

છોકરાઓનો વાંક કાઢો છો પણ તમે બગડ્યા તે યાદ નથી કરતા. તમારા છોકરા તમને અનુકૂળ નથી માટે ખરાબ લાગે છે !

તમને ભગવાનનું શાસન ગમી ગયું છે ? તમે બધા શ્રાવક છો ? તમારે ઝટ મોક્ષે જવુ છે ? તે માટે સમ્યગ્દર્શન જોઇએ છે ? સમ્યગ્જ્ઞાન પામવું છે ? સમ્યક્-ચારિત્ર જોઇએ છે ? તમારા છોકરા જેન્યુયેટ છે, ડોક્ટર–વકીલ છે, વેપારી છે પણ તેને સામાયિક કેમ કરતા ન આવડે, સામાયિક શું તે ખબર ન હોય તે ચાલે ? તમારો છોકરો પાંચ પ્રતિક્રમણ અને નવતત્ત્વ ન સમજે ત્યાં સુધી તેનું કમાયેલું ખાવું નહિ અને છોકરી પણ તેટલું ન સમજે ત્યાં સુધી કોઇને ઘેર મોકલવી નહિ : આટલો પણ નિયમ કરવો છે ?

સમા૦ : બધા માને કે, દર્શન–પૂજન કરીએ એટલે સમ્યગ્દૃષ્ટિ થઇ ગયા !

ઉ૦ : 'તત્ત્વાર્થ શ્રદ્ધાનમ્ સમ્યગ્દર્શનમ્' તેમ લખનારા મૂરખા છે ?

જૈન તો ઘરમાં રહેતો હોય તો ય રહેવા જેવું નથી તેમ માનતો હોય. વેપાર કરતો હોય તો કરવા જેવો નથી તેમ માનતો હોય. આજીવિકાનું સાધન હોવા છતાં ય ધંધાદિ કરે તો પોતાને લોભીયો માનતો હોય. શ્રાવક સુખી હોય તો ધંધો કરતો જ ન હોય. તમે કહો કે– અમને સંસાર છોડવાનું મન નથી થતું માટે અમે હજી જૈન પણ બન્યા નથી ! જૈન તો ઘરમાં પણ દુઃખે રહેતો હોય. પૈસા–ટકાદિ મળ્યા છે તે છોડવા જેવા ન લાગે તે જૈન હોય ? તમને ઘર–બારાદિ છોડવાના વિચાર આવે છે ? સમકિત પામવાની ઇચ્છા થાય છે ખરી ? સમકિત પામશો તો જ્ઞાન, જ્ઞાન થશે અને તે પછી આચાર સારા થશે. સંસારમાં રહેવું પડે તો ઓછામાં ઓછાથી ચાલે તો સારું આવું પણ મન છે ? જો તમારા આવા હૈયા હોત તો બધા શ્રાવકો દૃષ્ટાન્તભૂત બની જાત ! સંસારમાં ય કેમ જીવવું તે જૈનના પરિચયમાં રહે તે શીખી જાય. જૈનના પરિચયમાં આવેલા ઘણા જૈન થઇ જાય.

મારે જ્ઞાનીને ક્રિયા કરતા અને ક્રિયા કરનારને જ્ઞાની બનાવવા છે તે માટે શું કરવું તે હવે પછી–



卐 ક્ષમા ધર્મથી આત્માને અજવાળીએ 卐

—પૂ. મુનિરાજ શ્રી પ્રશાન્તદર્શન વિજયજી મ.

જગતના સઘળા ય જીવો સાથે સાચા ભાવે ક્ષમાપના કરવી હોય તો નમતા અને ખમતા શીખવું જોઇએ. નમવા માટે લઘુતા જોઇએ, ખમવા માટે નિખાલસતા અને સરળતા જોઇએ. 'હું મોટો છુ" આમ માનનારો કોઈ પણ નમવા યોગ્યને પણ નમી શકે નહિ અને હૈયામાં બીજું હોય અને બતાવે બીજું તે ખમી શકે નહિ.

જ્યારે આ ક્ષમાપના પર્વના ગુણગાન ગાતા હિતૈષીઓ ફરમાવે છે કે-પ્રાણી માત્રને પ્રેમનો પયગામ આપતું આ પર્વ છે ! વેર-વિરોધ-વિખવાદના વમળોનું વમન કરાવનારું આ પર્વ છે ! અહિંસાની આલબેલ પોકારતું અને ક્ષમા ધર્મનો જયનાદ ગજવતું આ પર્વ છે ! તૂટેલાં દિલોના તાણાવાણાના તારને સાંધનારું આ પર્વ છે. કોઇના પણ દિલની વેદનાને હરનારું આ પર્વ છે. શરીરના ઘા રૂઝાય છે પણ મનના ઘા રૂઝાતા નથી તો તેને પણ રૂઝાવનારું આ પર્વ છે.

જેના જીવનમાં ક્ષમા નથી તેનું જીવન વૈરની આગથી ધગતું હોય છે. બાઝવા અને ઢાઝવા-દઝાડવા વિના બીજું કાંઇ તેના જીવનમાં દેખાતું નથી જે સ્વયં બળે અને અનેક બાળે તેને તો લોક દૂરથી સલામ ભરે છે.

ક્ષમાપના મર્મને સમજેલો આત્મા તો ભૂલ થઇ નથી અને એકરાર-સ્વીકાર કર્યો નથી. તેને નાનાની પણ માફી માગવામાં નાનમ નથી, ઝુકવામાં જરા ય ઝાંખપ નથી તેથી જ સાચી મૈત્રીના માંડવામાં પરસ્પરની ભૂલોને ભૂલી જતાં અને ગળી જતાં તેને વાર લાગતી નથી. કારણ 'ભૂલને ભૂલી જાવ અને ગમ ખાવાનું શીખવનાર આ પર્વ છે. તેવો જ પુણ્યાત્મા 'મિત્તી મે સવ્વ ભૂ એસુ, વેર મજઝ ન કેણઇ' અર્થાત્ 'બધા જ જીવો મારા મિત્રો છે, કોઇ જ મારું શત્રુ નથી' સાચા ભાવે બોલી શકે છે.

તે સમજે છે કે, ક્રોધાદિ તો આત્માની વિભાવ દશા છે અને ક્ષમાદિ આત્માનો સ્વભાવ. 'પરःપ્રવિષ્ટःકુરૂતે વિનાશ" ઉક્તિને સમજનારો તે માને છે કે બહારનો ઘરમાં ઘુસેલો, ઘરનો વિનાશ કરે છે. ક્રોધાદિ તે ચોરટા છે આત્માના ઘરમાં ઘુસી આત્માનો નાશ કરે છે. ક્રોધી આત્માનું જીવન વિષમય-ત્રાસમય બને છે. સ્વનું તો ભયંકર નુકશાન અને અહિત કરે છે પણ સાથે-પાસે રહેલાને પણ નુકશાન કરે છે અહિતના ગર્તામાં ધકેલે છે જ્યારે ક્ષમાવાન સ્વયં શાંતિને પામે છે અને પરિચયમાં આવનારા સૌને સાચી સુખ-શાંતિ-સમાધિનો અનુભવ કરાવે છે. જીવનને સુખ-શાંતિ-સમાધિમય બનાવી પરંપરાએ મોક્ષ સુખને પમાડનાર આ ક્ષમા ધર્મનો સૌ સાચા ભાવે આદર કરનારા બનો તે જ મંગલ કામના.

卐 સત્ય સાધના ※ એક દુર્ગમ પથ 卐

— હરિભાઇ કોઠારી

સત્યને. માર્ગ એ શુરવીરોનો માર્ગ છે. એ પંથે પ્રવાસ કરવો એ ખાંડાની ધાર પર ચાલવા જેવું છે. આ માર્ગનું વર્ણન કરતા શ્રુતિ કહે છે. 'ક્ષુરસ્ય ધારા નિશિતા દુરત્યયા દુર્ગ' પથ તત્કવયો વદન્તિ.' રિચાર્ડ વ્હેટલીએ કહ્યું છે કે, 'કરેક જણ ઇચ્છે છે કે સત્ય એની પડખે હોય પણ સત્યની પડખે ઊભા રહેવાની ખરા દિલની ઇચ્છા કરેક જ રાખતું નથી.'

ધનાંધ ધર્માંધ, સત્તાંધ કે પરંપરાવાદીઓ સામે સચ્ચાઇનો અવાજ ઉઠાવનાર હંમેશા મુશ્કેલીમાં મૂકાય છે. સંપૂર્ણ રીતે ખુવાર થવાની ખુમારી અને સ્નેહીઓ તેમજ સ્વજને દ્વારા બહિષ્કૃત થવાની તૈયારી હોય તો જ સ્પષ્ટવક્તા બની શકાય છે. સત્યની કઠિન સાધનાનું વર્ણન કરતાં ખલિલ જિબ્રાન કહે છે 'જો તમે પાંચ મિનિટ માટે સત્ય બોલવાનું ચાલુ રાખશો તો તમારી આસપાસનો સમૂહ વિખરાઇ જશે, જો દશ મિનિટ સુધી ચાલુ રાખશો તો આજીવન કેદની સજા મળશે અને જો પંદર મિનિટ સુધી સાચું બોલવાનું ચાલુ રાખશો તો તમને દેહાંતદંડની સજા મળશે.'

'આહાર વ્યવહારે ચ સ્પષ્ટવક્તા સુખી ભવેત' એમ બોલવું સહેલું છે. પરંતુ વાસ્તવિક પરિસ્થિત જુદી જ હોય છે. રાજસત્તા, ધર્મસત્તા અને સ્થાપિત હિત ધરાવતા લોકો પોતાની શક્તિનો ઉપયોગ આવા સ્પષ્ટ વક્તાઓનો કાંટો કાઢવા માટે જ કરતા હોય છે. પાસ્કલે એક ઠેકાણે લખ્યું છે, **'Men never do dvil so completets and cheerfully as when they do it from religous conviction.** ગુંડાગિરીને ધર્મની ઓથ મળે તો એ શહીદીમાં ખપી જાય છે. **"Religious autocracy is most dangerous'** ધર્મના નામે માણસ અનન્વિત કૃત્યો કરતાં પણ અચકાતો નથી. સ્વલ્પ લાભને માટે કોઇના અનુગતા મતને સ્વીકારી લેનાર પોતાની નિશ્ચિત બેઠક વગરના માનવો માટે ફ્રેન્ચ લેખક એન્દ્રે જીદેએ એક મૂલ્યવાન સંદેશ આપ્યો છે,

'O' Godi Teach me to differ Teach me to put off my happiness.

અર્થાત 'હે પ્રભુ ! મને કોઇનો મત સ્વીકારી લેવાની નબળાઇ નહીં પણ મારો સ્વતંત્ર મત વ્યક્ત કરતાં શીખવ. કોઈની જોડે મતભેદ વ્યક્ત કરતી વખતે હું મારી સુખની લાલસાને આઘી રાખી શકું તેવી શક્તિ મને આપ.'

સોક્રેટીસે પણ લખ્યું છે કે 'બીજાની દોરવણીથી દોરવાયેલા અને ઠગાયેલા

માણસો સત્યથી વેગળા હોય તેવા અભિપ્રાયો બાંધે છે અને સાચું ખોટું પારખવાનો વિવેક ગુમાવી બેસે છે. જ્યારે ટોળાશાહી લોકસત્તાનું કૃપાળું નામ ધારણ કરે છે. ત્યારે લોકો પોતાનું ભલું કરનારને જ શત્રુ માનીને પાગલપણું આચરે છે અને સત્તાધારીઓ આવે સમયે સત્યપ્રેમી માનવીને ભાગ્યે જ જીવવા દે છે.' તત્વચિંતક રૂપીનોઝાએ યુવાનોને શિખામણ આપતાં કહ્યું છે કે, 'હંમેશાં તમારી બુધ્ધિનું અપમાન થાય એટલે ગમેતેવી સુંવાળી સ્થિતિ પણ છોડી દો.'

સત્યના સાધકો સાહસિક હોય છે જ્યારે સલામતીના ચાહકો સિદ્ધાંત વિહીન સમજૂતીમાં રાચે છે. પોતાની સલામતી ન જોખમાય માટે તેઓ અસત્ય જોડે પણ સમાધાન સાધે છે. સગવડો સાચવવા તેઓ સિધ્ધાંતોમાં પણ બાંધછોડ સ્વીકારી લે છે **There can be no compromise in principles.'** આભાસી એકતાના નામે પણ આવી સૈધ્ધાંતિક બાંધછોડ સ્વીકારી ન શકાય. **'The wisdom of Insecurity'** પુસ્તકમાં એલથ વોટસ લખે છે.

"Never decide for security, otherwise you will always decide wrongly.

Always decide for Love.

Who cares for security, if there is love!.'

સલામતીનો મોહ માણસને પરાંમુખ બનાવે છે જ્યારે પ્રેમ તો સદા સત્યનો સાક્ષાત્કાર કરાવે છે. પ્રેમના પરાક્રમની સામે સલામતીની સગવડો ફીકી છે.

'અંગીકાર' નામની પોતાની નવલકથામાં સારંગ બારોટે એક પાત્રના મુખમાં આ વાતો ખૂબ જ પ્રભાવી રીતે મૂકી છે–'સામે ચાલીને બદનામી વહોરી લેવાનું કોઇને ન ગમે પણ જ્યાં સાવ ખોટી વાતને સાચી માની લઇ હલકા પ્રકારના આક્ષેપ કરવામાં આવે ત્યાં માણસે લડી લેવું જોઇએ. એ લડાઇ પછી કોઇ વ્યક્તિ સામે હોય કે આખા સમાજ સામે!

જેણે આ સંજોગો ઊભા કર્યા છે તે કોઇના પર નહીં ને આપણા પર આપત્તિ શા માટે ? એટલા માટે કે જે સાચું છે તે આપણે સિધ્ધ કરી બતાવીએ અને ફાવે ત્યાં તેને માટે ફાવે તેવું બોલનાર દુષ્ટોની સાન ઠેકાણે લાવી શકીએ– માટે આ એક ધર્મકાર્ય છે.

આવા અસત્યો આટલી હદે ફૂલે ફાલે અને આપણા જેવાનાં જીવન છિન્નભિન્ન કરી નાખે ત્યારે એને ખુલ્લાં પાડવાને બદલે સમાધાનો શોધવા એ કાયરતા છે જૂઠનો

આવડો મોટો ચક્કર માણસ જો ડામી નહીં શકે તો એ વધુ ને વધુ મોટો થતો જશે અને સંબંધની સાચી લાગણીઓને હંમેશને માટે વામી દેશે.'

વિલિયમ ડુમન્ડે કહ્યું છે, 'જે બુદ્ધિ દોડાવતો નથી એ મતાંધ છે, જે બુદ્ધિ દોડાવી શકતો નથી એ મુર્ખ છે, જેનામાં બુદ્ધિ દોડાવવાની હિંમત નથી એ ગુલામ છે."

સત્યની સાધના તો તે જ કરી શકે જે નિર્ભય છે અને જે તેજસ્વી છે. નિર્ભય રહેવા માટે નિષ્પાપતા જોઇએ અને તેજસ્વી રહેવા માટે નિઃસ્પૃહતા કેળવવી જોઇએ નિષ્પાપ માણસ કોઇનાથી ડરતો નથી જ્યારે નિઃસ્પૃહ માણસ કોઇની શેહમાં ઢબાતો નથી. આવો જ માણસ સત્યની સાધના કરી શકે. એનું વિશુદ્ધ ચારિત્ર્ય એને અસત્યની સામે પ્રતિકારાત્મકતા બક્ષે છે. અસત્ય તો આમેય પાંગળું જ છે. સત્યના સહારા વગર તે ટકી શકતું નથી. ખોટા માલ પર પણ લેબલ સાચા માલનું લગાડો તો જ એ માલ ખપે. સત્યમાં સહજતા છે જ્યારે અસત્યમાં ઠંભ, બનાવટ અને કૃત્રિમતા છે.

અસત્ય છે આભાસ છે જ્યારે સત્ય એ પ્રકાશ છે. અસત્યનો પરપોટો ગમે તેટલો ફૂલે તે પણ તે ક્ષણજીવી છે જ્યારે સત્યનું મોતી મૌનના મહાસાગરને તળિયે બિરાજે તો પણ ત અમૂલ્ય અને ચિરંજીવી છે. શુન્યે યથાર્થ લખ્યું છે.

"અમે તો સમંદ ઉલેચ્યો છે પ્યારા,
નથી માત્ર છબછબિયાં કીધા કિનારે,
મળી છે અમોને જગા મોતીઓમાં
તમોને ફક્ત બુદબુદ ઓળખે છે !"

અસત્ય એ આડંબર છે જ્યારે સત્ય તો છે સાક્ષાત પીતાંબર ! અસત્ય વાત-વાતમાં ઉશ્કેરાઇ જાય છે જ્યારે સત્ય સદા શાંત રહે છે. અસત્યનો આધાર એકવાર લીધો કે પછી માણસ એ વિષચક્રમાં ફસાય છે– એક જૂઠને ઢાંકવા માટે એણે બીજા હજાર જૂઠને શરણે જવું પડે છે. વિલાસપ્રિય અસત્ય સંતતિનિયમન સ્વીકારતું નથી પરિણામે એનો પરિવાર ખૂબ બહોળો હોય છે. સંયમિત સત્ય તો બ્રહ્મચર્ય પાળે છે. એ સ્વયંમાં જ પૂર્ણ છે તેથી તે હંમેશાં મિતભાષી હોય છે. મહાકવિ કાલિદાસે પણ 'सत्याय मितभाषिणाम्' કહીને રઘુવંશમાં આ વાતનું સમર્થન કર્યું છે. અસત્ય ઊધઈની માફક માણસને અંદરથી કોરી ખાય છે જ્યારે સત્ય માણસની આત્મશક્તિને વધારે છે.

અસત્ય વિચારનાર, બોલનાર કે આચરનારનું વ્યક્તિત્વ વિક્ષિપ્ત બની જાય છે તે પોતાની આંતરિક અખંડિતતા ખોઇ નાખે છે. એના જીવન વ્યવહારમાં કોઇ જ જાતની એક સૂત્રતા રહેતી નથી. ખંડિત પ્રતિભાનો આ માનવ પછી સકલસર્વંદા ખંડનમાં જ રાચે છે. સત્ય હંમેશાં સંકલિત જ હોય છે. મન, વાણી, અને કર્મથી સદા સાચની સેવા કરનાર જ ખરો મહાપુરુષ છે. સત્ય એ નારાયણ છે તેથી સાચો માણસ પ્રભુની ખૂબ જ નજીક હોય છે અને પ્રભુની આસપાસ ફરનારો માણસ કદી ભવસાગરમાં ડુબતો નથી કે ભવાટવિમાં અટવાતો નથી એ કહેવાની કંઇ જરૂર ખરી ?

ખોટા માણસની સાચી વાત પણ જ્યારે કોઇ માનવા તૈયાર થતું નથી ત્યારે એને ભીતરમાં જે વ્યથા થાય છે તે શું એણે પોતે જ પોતાની કરેલી સાજા નથી સત્યની પણ કસોટી જરૂર થાય છે પરંતુ એ તો મૂલ્ય વધારવા માટે જ. અગ્નિ પરીક્ષામાંથી એ સોનું શુદ્ધ કાંચન થઇને બહાર આવે છે.

પોતાની આંતરિક પોકળતાને કારણે અસત્ય હંમેશાં ભયભીત હોય છે જ્યારે પોતાની આંતરિક સંપન્નતાને લીધે સત્ય સદા નિર્ભય હોય છે. ભયભીત હિરણ્યકશ્યપૂ શ્રી કૃષ્ણ પાસેથી ન મરવાનું વરદાન માગે છે અને સત્યનું ગળું દબાવી દેવા પોતના પુત્ર પ્રહ્લાદને મારવાના રાતદિવસ કાવતરાં કરે ને જ્યારે નિર્ભય પ્રહ્લાદ હસતે મુખે હોલિકાના ખોળામાં આસન જમાવે છે અને મોતના થાંભલાને પ્રેમથી આલિંગન આપે છે. ઇતિહાસ સાક્ષી છે કે મોતથી ભાગનારો અને સત્યનો છળ કરનારો મરી ગયો જ્યારે સત્યને માટે મોતને ભેટનારો અમર થઇ ગયો. સોક્રેટીસને મારનારા મરી ગયા જ્યારે સત્ય સિધ્ધાંતોને માટે પ્રસન્ન ચિત્તે વિષપાન કરનાર સોક્રેટીસ કાળના સ્મરણપટ પર કાયમનો અંકિત થઇ ગયો. (મુ. સા. તા. ૧–૫–૯૪)

– જિનવાણી–જૈન પ્રવચનના જૂના અંકો અંગે મહત્વની સૂચના –

* જેઓને ત્યાં જિનવાણી–જૈન પ્રવચનના જૂના નવા અંકો પડયા હોય અને જરૂર ન હોય તેઓએ તે અંકે ટ્રાન્સપોર્ટ આદિ દ્વારા વિ. સં. ૨૦૫૩ ભાદરવા સુદ ૧૫ મંગળવાર ૧૬–૯–૯૭ સુધીમાં નીચેના સરનામે મોકલી આપવા જેથી તેની આશ્રતના અટકી જાય અને તે અંકોની ફાઇલો બનાવી જ્ઞાન ભંડારોને આપી શકાય.

અંકો મોકલનારે પેડ કરીને જ અંકો મોકલવા નોટપેડ (જેની રકમ ત્યાંથી ચૂકતે નહિ કરાઇ હોય તે) સ્વીકારવામાં આવશે નહિ.

અંકો મોકલવાનું એડ્રેસ : To. સમીરભાઇ કે. પારેખ C/o. શાંતિભુવન જૈન ઉપાશ્રય આણંદ બાવાનો ચકલો, જામનગર–૩૬૧૦૦૧

સન્માર્ગને ડહોળવાના પાપથી બચો!

— શાસનભક્ત —

ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ સ્થાપેલા માર્ગની જેઓને યથાર્થ શ્રધ્ધા થઈ જાય છે તેવા શ્રાવકો પણ માર્ગથી જરા પણ વિરુદ્ધ પ્રવૃત્તિ ન થઇ જાય, વચન ન બોલાઇ જાય કે, મનમાં વિચાર સરખો ય ન આવી જાય તેની પૂરી કાળજી રાખે છે. જો શ્રાવકો આવા 'શ્રદ્ધાળુ' હોય તો સાધુઓ જે સર્વ સંગના, સર્વ પદાર્થોના ત્રિકરણ યોગે ત્યાગી છે તેમની શ્રદ્ધા સંપૂર્ણ હોય તેમાં નવાઇ નથી. કારણ માર્ગની પૂર્ણ શ્રદ્ધા, માર્ગનું યથાર્થ જ્ઞાન મેળવવાનો પ્રયત્ન અને તદનુરૂપ પ્રવૃત્તિ જ આ વિષમકાળમાં આત્માને સંસારસાગર તારવા માટે સમર્થ છે. આ સર્વ સામાન્ય સર્વજન સુપ્રસિધ્ધ વાત હોવા છતાં પણ આ વિષમકાળના પ્રભાવે સંસ્કૃતિપ્રેમી અને પર્યાવરણનો પ્રેમ : આત્માને કેટલું ઊંધું સમજાવે છે તે માટે તેમના વિચારોનો પડઘો પાડતું સાહિત્ય જે રીતના હાલ પ્રગટ થાય છે, પ્રચારાય છે તે કેવું અનર્થકારી–ખોટું છે તે ઉપર સામાન્ય વિચાર કરવો છે.

લોકોની શ્રધ્ધાના મૂળને કેવા હચમચાવે છે અને 'રાજા ઋષભ'ના નામનો કેવો 'વટાવ' અને દુરૂપયોગ કરવામાં આવે છે જે વિચારતા સજ્જનોને તેમના પ્રત્યે દયા ભાવ પેદા થાય છે. પણ ઘણીવાર આત્માની અયોગ્યતા એવી પ્રબલ હોય છે કે મહાપુરૂષોની કરુણા પણ નિષ્ફળ જાય છે. તેમને મન મહાપુરૂષો 'કરુણા' પાત્ર લાગે છે. આવા લોકોના ઉન્માર્ગગામી વિચારવાયુમાં આપણો આત્મા ચક્રવાતનો ભોગ ન બને, અટવાઇ ન જાય તે માટેનો આ પ્રયત્ન છે. આજના પ્રચારયુધ્ધના સમયમાં પ્રચારના માધ્યમો ખરીદી પોતાની પિપુડી વગાડી લોકોને વશ કરવા તે ખુબ જ સહેલું કામ છે. ઠંભના પારને ખુદ બ્રહ્મા પણ પામી શકતા નથી તેવી લોકોક્તિ છે તો સામાન્ય લોક ક્યાંથી પામે? એ તો ગાડરિયા પ્રવાહમાં તણાઇ જાય. આનું મૂળ ભેજું જેનું છે તેના હૈયામાં ખરેખર દયાભાવ વસ્યો હોય તો અનેકના હિત સાથે ચેડા થાય તેવી પ્રવૃત્તિ ન જ કરે. પણ જે ખુદ ભગવાનને પણ છોડે નહિ તે સામાન્યજનોનો વિચાર કેમ કરે? ભલે આજીવિકા, રોજીરોટીની અઢારે વર્ણની ચિંતાના ચિંતનાત્મક (!) લેખો લખે, સાવદ્ય કામોની સંપૂર્ણ અનુમોદના–પુષ્ટિ કરે ભલે પોતાની પ્રતિજ્ઞાનો ભાંગીને ભુક્કો થાય! મારા એકના નાશથી અનેકનો ઉધ્ધાર કરવો મંજુર રાખે. (ભલે તેના ગુર્વાદિ વડિલો 'ઘર વેચીને વરો કરવાની મના કરે. પણ પકડયું પૂછડું છોડે તે બીજા, 'વીરનો માર્ગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને' તેમ પાછા પુષ્ટિ કરે.)

માર્ગના સુજ્ઞાતા આત્માઓ સમજે છે કે, કોઇપણ વસ્તુની ઉત્પત્તિ સુધી પહોંચવાનું નથી. જીવન જરૂરિયાતની જે ચીજ-વસ્તુની જરૂર પડી, ત્યારે સ્વાભાવિક ઉચિત મૂલ્યે મલી ગઇ, કામ થઇ ગયું. વાપરવા માત્રથી અનુમોદનાનું પાપ છે જ નહિ. તેમાં જો રાગ-દ્વેષની પરિણતિ ભળે તો જ પાપબંધ થાય, બાકી ગુણઠાણા પ્રત્યયિક જે બંધ થયા કરે તે અલગ વાત છે. ધન-ધાન્યાદિ નવ પ્રકારના પરિગ્રહનું યથાર્થ સ્વરૂપ સમજનારા ધર્માત્માઓ પાપના ભીરૂ હોય છે અને હવે તો બજારમાં જ્યારે જે ચીજ જોઇએ તે સહજ મલી શકે છે તો પરિગ્રહનું પાપ પણ પોતાના શિરે કેમ લે?

જેમકે પોતાને એક કબાટની જરૂર પડી. તો બજારમાં પ્રખ્યાત કંપનીના જે તેના માટે તો બનાવતા પણ નથી લાખોની સંખ્યામાં તૈયાર મળે છે તો પોતાની ચોઇસ પ્રમાણે લે તો તેને કાંઇ આરંભ-સમારંભ-અનુમોદનાનું પાપ લાગે નહિ. પણ લાકડાનું સ્પેશિયલ બનાવવામાં તો આરંભ-સમારંભાદિ પાપ સ્પષ્ટ જ છે. તેને પાપ ક્યારે લાગે? જો તે બધે વખાણ કરતો જ ફરે કે-'ભાઇ! કબાટ તો અમુક કંપનીના જ! શું ડીઝાઇન અને શું શું તેની કારીગરી છે...' ઇત્યાદિ. બાકી જરૂર પડી, વિશાળ સંખ્યામાં જેનું રોજનું ઉત્પાદન થઈ રહ્યું છે તેમાં પાપ લાગે નહિ. (અહીં યાદ રાખવું કે કોઇ નાની કંપની હોય, જેના માલની ખપત ન હોય તે કંપનીનું તમે ખરીદો તો પાપ લાગે કે હવે અમારો માલ ખપશે, ઉત્પાદનને વેગ મળશે.)

આ જ વાત કવા, કાપડ આદિમાં સમજી લેવી, શ્રાવકો વિવેકી હોય છે.

સ્વ. ગચ્છાધિપતિ પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મ. ને એક મિલના એક દલાલે પૂછેલ કે-હું આ મીલના માલના દલાલનો વેપાર કરી આજીવિકા ચલાવું છું. તો મને તેમાં તે મિલનું પાપ લાગે ખરું?

ત્યારે સ્વ. પૂ. ગચ્છાધિપતિએ જણાવેલ કે-મીલ માલ બનાવે તમે વેચો છો તેથી તેનું પાપ તમને ન લાગે. પણ જો તમે મીલ માલિકને કહો કે બજારમાં આ આ માલની ખપત સારી છે. પછી મીલ તે માલનું ઉત્પાદન વધારે તો તમને બધું પાપ લાગે.' આવા ભાવનો જવાબ આપેલ.

ખુદ સ્વ. પૂ. ગચ્છાધિપતિએ એક મોટા શહેરની જાહેર સભામાં પ્રસંગ પામીને જણાવેલ કે આજે કાપડ મીલોમાં ઉત્પન્ન થાય છે. તેમાં અમારું નિમિત્ત તો હોતું પણ નથી, તો તે કાપડ અમારે માટે પણ નિર્દોષ ગણાય.'

આ વાત આજના સંસ્કૃતિપ્રેમી અને પર્યાવરણપ્રેમી સાંભળવા-સમજવા જેટલી પણ ધીરજ ધરાવવાના નથી. તેઓ તો હોબાળો જ મચાવવાના અને બાદીનું પકડ્યું

પૂછડું છોડવાના નહિ, પણ તેથી સત્ય કાંઈ ઢંકાઇ જતું નથી, અધર્મી–પાપાત્માઓ નરક ન માને તો નરક બંધ નથી થવાની. ગુનેગારો જેલ ન માને તો દુનિયાની જેલો પણ બંધ નથી થવાની.

આપણે માર્ગની વાત સમજવી છે, માર્ગ સમજીને જીવનમાં ઊતારી આપણું કલ્યાણ કરવું છે, પરિચિતોના આત્માનું કલ્યાણ થાય તેવો પ્રયત્ન કરવો છે. જિજ્ઞાસુઓને સાચું સમજાવવું છે, ઊંધું ગણિત ગણનારા સંસ્કૃતિપ્રેમીઓથી આપણી જાત બચાવવી છે તેના ફંદામાં ફસાઇ આત્મઘાતક પ્રવૃત્તિ ન થઇ જાય તેની કાળજી રાખવી છે. આપણી શ્રધ્ધામાં ખામી ન આવે તેટલા તો સાવધ–સાવચેત બનવું જ છે. આ બધા સ્પષ્ટ ઉન્માર્ગગામીઓ ગમે તેટલો 'વેપારી પેપરો'માં હબાળો મચાવે તેથી કાંઇ સમજુઓ તેમાં અંજાવાના જ નથી. સત્ય વાત-માર્ગનું ડીમડીમ ગાયા જ કરવાના છે. અંધારી રાતે આગીયો પણ પથદર્શક બની જાય. કરેક કાળમાં માર્ગના સુજ્ઞાતા તો અલ્પ જ રહેવાના પણ અલ્પની જ કિંમત રહેવાની, અને ગોશાળાના અગિયાર લાખ 'ટોળું' જ ગણાવાનું, શાસ્ત્રપ્રસિદ્ધ શ્રી મંડુક શ્રાવકની વાત વિચારી આપણી શ્રધ્ધા પણ તેવી બનાવવી છે. જેથી આવા લેભાગુઓ આપણું દિલ–દિમાગ તો ન જ ફેરવી શકે. કદાચ આચરણ વધતું–ઓછું થાય તે જ્ઞાનિઓ નભાવી લેશે. પણ શ્રદ્ધાની પોલ તો કોઇ જ નભાવશે નહિ.

શ્રી રાજગૃહી નગરની પાસે ગુણશીલ નામનું ચૈત્ય છે. તેના નજીકના પ્રદેશમાં કાલોદાયી–શૈલોદાયી વગેરે ઘણા અન્યતીર્થિકો રહે છે. એકવાર તે બધા ભેગા થયા અને પરસ્પર આ પ્રમાણે આલાપ–સંલાપ થયો કે, 'ભગવાન શ્રી મહાવીર ધર્માસ્તિકાય આદિ પાંચ અસ્તિકાયોને પ્રરૂપે છે. તેમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાયને અચેતન અને જીવાસ્તિકાયને ચેતન રુપે પ્રરુપે છે. તથા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને જીવાસ્તિકાયને અરૂપી અને પુદ્ગલાસ્તિકાયને રૂપી એમ પ્રરુપે છે. તો અદૃશ્યમાન હોવાથી સચેતન અને અચેતન રૂપે કઇ રીતના મનાય ?'

તે નગરમાં મંડુક નામનો એક શ્રમણોપાસક વસે છે જે મહા ઋધ્ધિવાળો, લોકમાન્ય, જીવાજીવાદિ તત્ત્વોનો જ્ઞાતા અને ધર્મકાર્યોમાં મગ્ન બની પોતાના કાળને પસાર કરે છે.

હવે એકવાર શ્રમણ ભગવાન શ્રી મહાવીર મહારાજ રાજગૃહી નગરીમાં ગુણશીલ ચૈત્યમાં સમોસર્યા. તેથી ભાવિક નગરજનો પોત–પોતાની ઋધ્ધિને અનુસારે ભગવાનને

વંદનાર્થે જઇ રહ્યા છે. પરમ તારક ત્રિલોકનાથનું આવાગમન સાંભળી હર્ષિત બનેલો આ શ્રી મંડુકશ્રાવક પણ ઉચિત વેષભૂષાદિથી અલંકૃત થઇ ભગવાનને વંદનાર્થે જઇ રહ્યો છે. નગરમાંથી બહાર નીકળી જેટલામાં તે આ ઉપર્યુક્ત અન્ય તીર્થિઓની બહુ દૂર પણ નહિ અને બહુ નજીક પણ નહિ ભૂમિમાં આવ્યો. તો ભગવાન પાસે જતા તેને જોઇને તે બધા ભેગા થઇ તેની પાસે આવીને આ પ્રમાણે કહેવા લાગ્યા કે–'હે મંડુક! તારો ધર્માચાર્ય ધર્માસ્તિકાયાદિ પાંચ અસ્તિકાયોની પ્રરૂપણા કરે છે તે કઇ રીતના જણાઈ?'

ત્યારે મંડુકે તેઓને કહ્યું–'ધર્માસ્તિકાયાદિ વડે પોતાનું કાર્ય કરાય તો તે કાર્ય લીંગ વડે અમે તેના અસ્તિત્વને જાણીએ છીએ. જેમ ધૂમાડાથી અગ્નિનું કાર્ય જણાય છે તેમ. વળી જો, તેઓ વડે કાર્ય ન કરાય તો અમે જાણી શકીએ નહિ. આવા પ્રકારના કાર્યાદિ લિંગનો–હેતુઓ વડે જ છદ્મસ્થ જીવોને અતીન્દ્રિય પદાર્થોનું જ્ઞાન થાય છે. જો કે ધર્માસ્તિકાયાદિ આપણને પ્રતીત નથી પરંતુ કાંઇક કાર્યાદિ લિંગથી જણાય છે. તેના અભાવથી અમે નથી પણ જાણતા.'

તેથી ધર્માસ્તિકાયાદિ અપરિજ્ઞાનનો સ્વીકાર કરતાં મંડુકને ઉપાલંભ આપતાં તેઓએ કહ્યું કે–'હે મંડુક! જો તું આ અર્થને પણ જાણતો નથી તો તું શ્રાવક શેનો?'

આ પ્રમાણે તે અન્યતીર્થિકો વડે ઉપાલંભને પામેલો અને તેઓ વડે અદૃશ્યમાન હોવાથી ધર્માસ્તિકાયાદિકનો અસંભવ કહેવાયો તેથી તેના પ્રતિકાર રૂપે તેણે કહ્યું કે–'હે આયુષ્માનો! વાયુકાય વાય છે?'

તેઓ–હા, વાય છે.

મંડુક–વાતા એવા વાયુકાયના રૂપને જુઓ છો?

તેઓ–ના, તે અર્થ સમર્થ નથી.

મંડુક–ઘ્રાણ સહગત પુદ્ગલો છે?

તેઓ–હા, છે.

મંડુક–તમે ઘ્રાણ સહગત પુદ્ગલના રૂપને જુઓ છો!

તેઓ–ના,

મંડુક–અરણિ સહગત અગ્નિકાય છે?

તેઓ–હા, છે.

મંડુક–તમે, અરણિકાષ્ઠ સહગત અગ્નિકાયના રૂપને જુઓ છો?

તેઓ–ના.

મંડુક–સમુદ્રનું પારગત રુપ છે.

તેઓ–હા.

મંડુક–તમે તે રુપ જુઓ છો ?

તેઓ–ના.

મંડુક–દેવલોક ગતરુપ છે ?

તેઓ–હા.

મંડુક–તમે તે રૂપ જુઓ છો ?

તેઓ–ના.

મંડુક–આ પ્રમાણે હે આયુષ્માનો ! હું, તમે કે અન્ય કોઇપણ છદ્મસ્થો જે જાણતા નથી કે જોતા નથી તે બધું જ ન હોય.

આ પ્રમાણે માનશો તો તમે ઘણા લોકો પણ નહિ માની શકો. આ પ્રમાણે તે બધા અન્ય તીર્થિકોને નિરૂત્તર કરીને તે શ્રી મંડુક શ્રાવક ગુણશીલ ચૈત્યમાં ભગવાન શ્રી મહાવીર પરમાત્માની પાસે જઇને વંદનાદિ પૂર્વક ઉચિત સ્થાને બેઠો ત્યારે ખુદ ભગવાને મંડુકને કહ્યું કે–'હે મંડુક ! તું શોભનિક છે. જે તારા વડે અસ્તિકાયાદિના સ્વરુપને નહિ જાણતો હોવાથી, અન્ય તીર્થિકોની આગળ પણ 'હું જાણતો નથી' તેમ કહ્યું. **પરંતુ જો તેં નહિ જાણતા હોવા છતાં પણ 'હું જાણું છું' તેમ જો કહ્યું હોત તો તું અરિહંત આદિની આશાતના કરનારો થાત !**'

એક શ્રદ્ધાલુ શ્રાવકની ખુદ ભગવાને ભર સભાવસરણમાં પ્રશંસા કરી અને સ્પષ્ટ કહ્યું કે–'તું જાણતો હોવા છતાં પણ 'હું જાણું છું" તેમ કહ્યું હોત તો શ્રી અરિહંત આદિની આશાતના કરનારો થાત !'

આના ઉપરથી સંસ્કૃતિ પ્રેમ અને પર્યાવરણની ધૂનમાં ભાનભૂલા બનીને માર્ગનું જ્ઞાન નહિ હોવા છતાં હું જ બધું જાણું છું–સમજું છું. અમે પણ ભણેલા છીએ તેમ માને; કોઇ સાચું સમજાવે તો તુરત જ 'વિરોધી'નું લેબલ આપનારા તે બધા વિચારી લે કે કેવા પાપના ભાગી બને છે. જે સાવદ્યનો ભીરૂ શ્રાવક પણ ન બોલે કે કરે તેવું કરવાની સંમતિ જ્યારે સાધુઓ અને પક્ષસ્થ ગણાતા આપે તો તે બધાને કેવા માનવા પડે ?

શાસન અને સંસ્કૃતિની રક્ષાને નામે બધાનું 'કલ્યાણ' કરવા માગતા ખૂબ જ શાંતિથી વિચારે કે અમે લોકોને કેવું કેવું સમજાવી રહ્યા છે. જે સંસ્કૃતિ સાવદ્યકાર્યોની અને મિથ્યાત્વની પુષ્ટિ કરે તેને સંસ્કૃતિ કહેવાય ખરી ? અને જે શાસન સાવદ્યકાર્યોને

અને મિથ્યાત્વને એકાંતે પાપ જ સમજાવે, ત્યાગ કરવા સમજાવે; તે શાસન અને સંસ્કૃતિના સોહામણા શબ્દોની ભેળસેળ કરી ભોળા–ભદ્રિક લોકોને ઊંઠા ભણાવવાનું બંધ કરે તેમાં જ સૌનું 'કલ્યાણ' છે.

વાસ્તવમાં તો શાસન અને સંસ્કૃતિ આમને–સામને છે. સંસ્કૃતિ જેને વિધેય–કરણીય માને છે તેનો શાસન નિષેધ કરે છે–અકરણીય માને છે. પણ ઊંધા ગણિત ગણનારાને આ સૂક્ષ્મ વાત સમજાવવાની જ નથી. સાચી વાત કહેનારા તેને જન્મજાત શત્રુ લાગે છે. જાણે તે બધા મોજશોખ કરવા આવાને પુષ્ટિ આપે છે તેમ માને છે અને મનાવે છે.

કોઇના ઉપર વ્યક્તિગત દ્વેષભાવ નથી, એક માત્ર હિત બુધ્ધિથી, જે રીતના થોડેઘણે અંશે માર્ગ સમજાયો છે તે માર્ગ સમજાવવા પ્રયત્ન કર્યો છે. જે વિષયમાં ન જાણીએ તેમાં મૌન રાખવામાં આવે તો ય ઘણા અનર્થોથી બચી શકાય. ખોટા અનર્થોથી આપણી જાત બચાવવી છે, સમજે તેમને બચાવવા છે, સુધરે તો સારું છે, ન જ સુધરવાનો નિર્ણય કર્યો હોય અને અનેકવાર માફી માગી પાછા પોતાની એની એ પ્રવૃત્તિ ચાલુ જ રાખવી હોય તો તેમનું તે જાણે. તેવાને સુધારવાનો ઠેકો પણ રાખ્યો નથી, રાખવો પણ નથી. તેવાઓથી આપણું તો ન જ બગડે તેટલો પ્રયત્ન કરવો છે.

સૌ વાચકો આ શ્રી મંડુક શ્રાવકની જેમ માર્ગના જ્ઞાતા, માર્ગના આરાધાલુ બની, શાસનની સાચી આરાધના કરી આત્મકલ્યાણના ભાગી બનો તે જ શુભાભિલાષા.

❋ વિવિધ વાચનમાંથી ❋

—પૂ. સા શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ.

❋ જે જીભ પરમાત્માના ગુણગાનમાં તત્પર નથી-તે જીભ મુંગી હોય તો સારી છે.

❋ જે શરીર ધર્મની સેવામાં કામ આવતું નથી–તે શરીર રોગી હોય તો સારૂં છે, અને જે ધન–પરોપકારમાં કામ ન આવે તે કરતાં નિર્ધનપણું સારૂં છે.

❋ આગ લાગે ત્યારે કૂવો ખોદવો જેમ અશક્ય છે–તેમ મરણ પ્રાપ્ત થયે ધર્મ સાધવો પણ અશક્ય છે.

❋ મુનિરાજની અવહીલના–તર્જના અને હાંસી કરવાથી મહાવિપત્તિ આવે છે.

❋ આધિ વ્યાધિ અને ઉપાધિથી ભરેલા આ સંસાર સમુદ્રમાં પડેલા એવા મને ઝીલી લેનાર હે પરમાત્મા તું જ મારો સાચો સુકાની છે.

મહાભારતનાં પ્રસંગો

[પ્રકરણ-૬૨] —શ્રી રાજુભાઇ પંડિત

છઠ્ઠની કદી સાતમ થતી નથી/મૃત્યુદાતાનું મૃત્યુ જ્યારે અશક્ય બન્યું.

'લાજ શરમ વગરની ! અહીંથી દૂર હટ. જેના વિવાહ મહોત્સવમાં તું નાચી રહી છે તે દેવકીનો સાતમો ગર્ભ તારા પતિનો ઘાત કરશે.'

સેંકડો વર્ષો પૂર્વે આખી નગરીને સૂતેલી છોડીને જે એકલા કુમાર વસુદેવ, બળેલા મડદાનું છળકપટ કરીને શૌરીનગરી છોડીને ચાલ્યા ગયા હતા, તે આજે સેંકડો વર્ષો પછી સેંકડો નર-ખેચરોની કન્યાઓને પરણીને શૌરીનગરીમાં ધામધૂમપૂર્વક પ્રવેશી ગયા હતા. મથુરાનરેશ રાજા કંસે પણ શૌરીપુરી આવીને પૂર્વના મૈત્રીભર્યા સંબંધના નાતે ઉત્કૃષ્ટ પ્રવેશ મંગલ કર્યું હતું.

હવે પોતાના ઉપકારી વસુદેવની લાંબા સમયથી શુશ્રુષા કરવાની હાર્દિક ઇચ્છાથી રાજા સમુદ્રવિજયની આજ્ઞા મેળવીને વિનયપૂર્વક મથુરાનરેશ રાજા કંસ વસુદેવને પોતાની મથુરા નગરીએ લઈ ગયો. અને પોતાના કાકા દેવકની પુત્રી, અત્યંત સુરૂપવાન દેવકીને વસુદેવ સાથે પરણાવી. દેવકી-વસુદેવનો લગ્ન-મહોત્સવ ઉજવાઇ રહ્યો છે ત્યારે જ કંસના ભાઇ કે જે વિવેકી છે, મુક્તિના અર્થી છે અને દીક્ષિત થયેલા છે તે આ લગ્ન-ઉત્સવ સમયે ભિક્ષા અર્થે પધાર્યા છે.

બરાબર આ જ ઉત્સવ સમયે જરાસંધની પુત્રી કે જે કંસની પત્ની છે (કે જે એક વખત યુદ્ધમાં શત્રુને જીતીને આવતા હર્ષિતમાં વસુદેવ સાથે પરણાવાઇ હોત તે વસુદેવે નિમિત્તજ્ઞ પાસેથી જીવયશાને પિતા-શ્વસુર પક્ષની સંહારક જાણીને ચાલાકીથી કંસ સાથે પરણાવી હતી) તે જીવયશા યૌવનના ઉન્માદમાં ભાન ભૂલીને, ભિક્ષાર્થે આવેલા નિઃસીમ તપશ્ચર્યાના ઉગ્ર તપસ્વી અતિમુક્તક મુનિની સન્મુખ થઇ.

મદિરા પીધેલી જીવયશાના કાળા ભમ્મર જેવા વાળ વિખરાઇ ગયા હતા, વક્ષસ્થળ ઉપરનું વસ્ત્ર સરી ગયું હતું, મદથી ઉન્મત્ત હતી. નાભિ નીચેનું અધોવસ્ત્ર શિથિલ થયું હતું, આવી વિચિત્ર-બેહૂદી હાલતમાં રહેલી જીવયશાએ આવેલા મુનિવરને કહ્યું- મુનિવર ! આવો તમારી બેન દેવકીના વિવાહના મહોત્સવમાં આપણે નૃત્ય કરીએ. આટલું બોલીને તેણીએ મુનિવરને બેહાથ વડે આગ્રહપૂર્વક કંઠેથી પકડી લીધા.

સજાગ મુનિવરે કહ્યું-અરે ! બેશરમ, લાજશરમ વગરની ! દૂર હટ દૂર. આમ કહી કઠોર શબ્દોમાં આક્ષેપ પૂર્વક બોલ્યા કે-જેના વિવાહ મહોત્સવમાં તું મદોન્મત્ત

થઇને, અતિ ઘમંડી બનીને નાચી રહી છે તે દેવકીનો સાતમો ગર્ભ તારા ધણીનો ઘાત કરનારો થશે.'

આ રીતે મુનિવરના વાક્ય માત્રથી જ ત્રાસી ઉઠી. એનો મદોન્માદ અલોપ થઇ ગયો. તેણે મુનિવરના કંઠને છોડી દીધું. મુનિવર તો આવ્યા હતા તેમ પાછા ચાલ્યા ગયા.

દુઃખી થયેલી જીવયશાએ મુનિવરની ભાવિ વાણી કંસને કહી. કંસ પણ અત્યંત ક્ષોભ પામ્યો. પોતાના મૃત્યુની તથા દુર્ગતિની વાત હંમેશ કર્કજનક જ હોય છે.

મૃત્યુથી ડરી ગયેલા કંસે કૂટ-કપટથી વસુદેવને કહ્યું-'તમે આજ સુધી માંગણી કરનારને કૃતાર્થ કર્યા વિના નથી રહ્યા. તેથી મારી એક નાની અમસ્તી પ્રાર્થના સ્વીકારો તો સારૂ. દેવકીને જે સાત ગર્ભો થનાર છે તે મને આપો તો ઘણું સારૂં'

કંસની કપટજાળમાં ફસાઇ ગયેલા દાક્ષિણ્યશાલી (યાચના ભંગ નહિ કરનાર) વસુદેવે વિચાર્યું આમે ય મારે તો બલભદ્ર આદિ અનેક પુત્રો તો છે જ. આ બિચારો કંસ અપુત્રીયો છે. મારા સાત સંતાનોથી તે પણ ભલે સંતાનવાન બને આ કંસ પણ મારા આ સંતાનોને મારી જેમજ સ્નેહથી પાળશે જ. આ રીતે પોતાની પ્રિયા દેવકીને તેની ઇચ્છા ન હોવા છતાં સમજાવીને શૌરીએ (વસુદેવે) કંસની તે માંગણીને માન્ય કરી.

આથી કંસની ખુશીનો પાર ન રહ્યો. દેવકીને જન્મેલું સંતાન સંરક્ષણ હેઠળ સૂતિકા ગૃહમાંથી જન્મતાની સાથે જ ક્રુર કંસ ગ્રહણ કરી લેતો હતો. અને (દેવકી-વસુદેવને ખબર ના પડે તેમ) તે જન્મેલા ગર્ભને ક્રુર કંસ રહેંસી નાંખતો હતો. આ રીતે કુલ છ-છ ગર્ભોને જીવતાને જીવતા ક્રુર-ખતરનાક કંસે રહેંસી નાંખ્યા હતા. મથુરામાં એ વાત થવા લાગી કે-'દેવકી-વસુદેવના છએ છ સંતાનોને ક્રુર કંસે હણી નાંખ્યા છે' આ વાત સાંભળી ત્યારે દેવકી-વસુદેવના શોકનો પાર ન રહ્યો. પુત્રના મરણના સમાચાર પીડાની ચરમ સીમા ગણાય છે.

હવે એક દિવસ નિશ્ચિત ઉદયવાળા સાત મહાસ્વપ્નોથી સૂચિત એવા અદ્‌ભૂત ગર્ભને દેવકીએ ધારણ કર્યો. સવારે પતિદેવ વસુદેવને આ મહાન સાત સ્વપ્નોની વાત કરતાં પતિએ કહ્યું-'હે દેવિ ! તને આ સ્વપ્નથી ભરતાર્ધનો અધિપતિ પુત્ર થશે તેમાં કોઇ શક નથી.' સ્વપ્નના ફળકથનથી દેવકી ખુશ-ખુશાલ થઇ ગઇ. પરંતુ પાછું કંસની દુષ્ટતા-ક્રુરતાનું સંસ્મરણ દેવકીને વિષાદ ઘેરી બનાવી ગયું. દેવકીએ પતિદેવને કહ્યું-હે નાથ ! તમારી જેવા પ્રચંડ પરાક્રમી મારા નાથ હોવા છતાં હું તો અનાથ જેવી જ અભાગન છું. અહીં મને પુત્ર જન્મે છે અને આ દયાહીન કંસ તેને ઘડીના છઠ્ઠા

ભાગમાં હણી નાંખે છે પણ પુત્રના જન્મતા જ થતાં ક્રૂર મોતની વાતોથી હું વાજ આવી ગઇ છું. મારા થી પુત્રમૃત્યુનું દુઃખ સહ્યું નથી જાતુ. જો હવે પછી આ સાતમા ગર્ભને પણ તે નાલાયક, પાપી હણી નાંખશે તો દેવકીને પણ મરી ગયેલી જ જાણજો. એમાં કોઇ બે મત નથી.'

પુત્રોના રહેંસાટભર્યા, કમકમાટી ભર્યા છ–છ વખતના મોતને તો આજ સુધી લોકો પાસેથી સાંભળી–સાંભળીને ખુદ વસુદેવ પણ વેદનાથી વ્યથિત જ હતા. આજે દેવકી આગળ પોતે પણ હૈયાવરાળ ઠાલવતા બોલ્યા કે–પ્રિયે! મારી જ નજર સામે મારા જ જન્મજાત નવજાત શિશુઓને પશુની જેમ હરામખોર કંસે હણી નાંખ્યા છે તેથી તો હું જીવતો મરેલો છું (જીવતું મોત જોઇ રહ્યો છું) પણ હવે એ કંસ રાક્ષસથી આ પુત્ર મારે બચાવવાનો જ છે. માટે હે દેવિ! બેદ કર્યા વિના દોહલા પૂર્વક ગર્ભનું પાલન કરો. બેદ કરશો નહિ. ગોકુલનો અધિપતિ નંદરાજા મારા આ પુત્રનું ગુપ્ત રીતે લાલન કરશે. માટે મેં પુત્ર જન્મે કે તરત નંદરાજાને આપી આવવાનો નિર્ણય કરી લીધો છે. આ પુત્ર મારા પ્રાણના ભોગે પણ રક્ષણ પામશે જ. માટે હવે દેવિ! તમે નિશ્ચિંત રહો આવી આશ્વાસનની વાણીથી ખુશ–ખુશાલ થયેલા દેવકીએ પણ સુખપૂર્વક ગર્ભનું પાલન કર્યું.

જેમ દેવકી–વસુદેવને સાતમા ગર્ભના રક્ષણની ચિંતા હતી. તેમ કંસને પણ આ જ ગર્ભની જરૂર હતી. કેમકે અતિમુક્તક નામના મુનિવરે દેવકીનો સાતમો ગર્ભ મારો હત્યારો જણાવ્યો છે. આથી આ વખતનો ગર્ભ વધુ રક્ષણની અપેક્ષા રાખતો હતો. જો આ ગર્ભ કયાંય છટકી જાય તો મારૂ મૃત્યુ તેનાથી જ નિશ્ચિત છે. આમ વિચારીને કંસે દેવકીના સૂતિકાઘરને વધુ સંરક્ષણ હેઠળ મૂકી દીધું.

સાતમો ગર્ભ જન્મતાં જ કંસના હાથે મરે તો દેવકી જીવી શકવાની નથી. અને આ ગર્ભ બચી જાય તો કંસ જીવી શકવાનો નથી. સાતમા ગર્ભના સંરક્ષણના ઉપાયો બન્ને પક્ષે સાંજ બન્યા હતા. દેવકીની મથુરામાં જ મજબૂર દશાથી પ્રચંડ શક્તિશાળી વસુદેવ પણ મજબૂર જ હતા. તેમાંય વધી ગયેલા સુરક્ષા કવચમાં વધુ ફસાઇ ગયા હતા.

આવા ખતરનાક વાતાવરણ વચ્ચે પણ આખરે તો દેવકીના સાતમા ગર્ભનો જન્મ થયો જ. દેવતાઓથી અધિષ્ઠિત એવા ભરતાર્ધની મહાસમૃદ્ધિના ભોગવનારા પુત્રને દેવકીએ શ્રાવણ–સુદ–૮ની રાત્રે લોકોત્તર લગ્ન હતું તેવા સમયે એક પુત્રને જન્મ આપ્યો.

કંસના સૈનિકો દેવકીના પુત્ર જન્મને જાણીને કંસને જણાવે તે પહેલા જ ભરતાર્ધની અધિષ્ઠાયક દેવીએ કંસના સૈનિકોને નિદ્રામાં પોઢાડી દીધા. દેવકીએ તે બધાને ઘસઘસાટ ઉંઘતા જોઇને તરત જ શૌરી–વસુદેવને બોલાવ્યા અને પળનો પણ વિલંબ કર્યા વગર પુત્રને લઇને ગોકુળ તરફ પ્રયાણ કરી દીધું.

જન્મેલા લઈ જવાતા પુત્રની ઉપર દેવોએ પુષ્પોના અઢળક સમૂહથી વધાવ્યા કે જેથી ભૂતલ આખુ પુષ્પરૂપી કાંતવાળું બની ગયું. દેવો વડે ધારણ કરાયેલા છત્ર અને વીંઝાતા અદ્‌ભૂત ચામરવાળા બાળકને વસુદેવ લઈ જઇ રહ્યા હતા ત્યાં જ ગોપુરમાં ઉગ્રસેન રાજા કે જે કંસના પિતા હતા તેમણે પૂછયું–'અરે! આ નેત્રને આનંદ કરનાર અદ્‌ભૂત દૃશ્ય દેખાય છે તે શું છે વસુદેવ!?' ત્યારે હર્ષભર વદનથી વસુદેવે કહ્યું–'આ કાષ્ટના પાંજરામાંથી તમને જે છોડાવનારો છે તે આ છે.' આ રીતે ધીમે રહીને ઉગ્રસેન રાજાને વસુદેવે કહ્યું.

આગળ જતાં ખતરનાક યમુના નદી આવી. એક તો અંધારા જેવી રાત. તે પણ મધરાત, ચોમાસાના શ્રાવણ માસનો દિવસ, અને ભયાનક મોજા ઉછાળતી યમુના નદી. અતળ ઉંડા એના પાણી. સાથે (માથા ઉપર ટોપલામાં મૂકેલ) નવજાત શિશુ. પાણીનું કોઇ જાણે વહેણ કંઈ બાજુ હશે. પણ બાળકને બચાવવો જ એક ધ્યેય હતું. સવાર પડે તે પહેલા તો ગોકુળ પહોંચી પાછુ મથુરા પહોંચી જવાનું હતું. ટુંકા સમયમાં ભયાનક આફતોના ઝળુંબતા ઓળા નીચે બધુ કામ પાર પાડવાનું હતું. પાપુ સાથ હતો પુન્યવાન નવજાત શિશુના પ્રભાવનો શિશુના પ્રભાવથી પ્રચંડ મોજા ઉછાળતી યમુના નદીને સુખેથી ઉતરી જઈ બાળકને નંદ રાજાને સોંપ્યો. ભાગ્યયોગે નંદપત્ની યશોદાએ સુંદર પુત્રીને ત્યારે જ જન્મ આપ્યો હતો. તેને લઇને અને બાળક યશોદાને સોંપીને કૃતકૃત્ય થયેલા વસુદેવ જલ્દી મથુરા પાછા ફર્યા. પુત્રી દેવકીની બાજુમાં સુવાડી પોતે પોતાના સ્થાને ગયા. અને તે જ વખતે કંસના સૈનિકોની નિદ્રા દૂર થઇ. જાગી ગયેલા તેઓએ દેવકી પાસે રહેલી બાળકીને ઝુંટવીને કંસને સોંપી. કંસે પણ બાળકીને હાથમાં લઇ તિરસ્કાર પૂર્વક તેની સામે જોઇને કંસે બાળકીના નાકને છેદી નાંખ્યું.

અને અહંકારભરી ભાષામાં બોલ્યો કે-'પ્રીતિ અને ભીતિથી જે કંસ સદા અસ્ખલિતપણે મિત્રો અને શત્રુઓથી સ્મરણ કરાતો રહ્યો છે તે કંસ દેવકીના સાતમા ગર્ભથી જે ય પાછી આવી બાળકીથી મૃત્યુ પામશે. અસંભવ, અસંભવ. અતિમુક્તક મુનિનું તે વચન જુઠ્ઠું છે, સાચું નથી. આ રીતે ઉલ્લંઠ રીતે અતિમુક્તક મુનિના સત્ય વચનને હસી કાઢીને, પોતાને મૃત્યુંજય (અમર) માનતો કંસ મનથી નિર્ભય બનીને રાજ્ય કરવા લાગ્યો. પ્રચંડ બાહુબળીઓને હીનશક્તિવાળાથી મૃત્યુ થવાનો ભરોસો નથી હોતો. આથી નારદની જન્મેલી તે બાળકીના નાકને છેદી નાંખીને તેની અવજ્ઞા કરીને દેવકીને પાછી સોંપી દીધી.

'પોતાને મૃત્યુંજય માની લેવા માત્રથી, મોત કયારેય પીછો છોડતુ નથી. નક્કિ થયેલા સમયે એકના એક દિવસ મોત આવ્યા વગર રહેતું નથી. છઠ લખાયેલી હશે તો સાતમ થવાની નથી. આ વાત અત્યારે તો કંસ ભૂલી જ ગયો છે.

પોતાના ઘાતકની હત્યા પોતાના હાથ બહારની ચીજ છે. [ક્રમશઃ]

શાસન માન્ય મહાગ્રન્થકારીની આશાતનાની મોટી ભૂલ

—શ્રી પ્રેમપ્રિય

ન્યાય વિશારદ ન્યાયાચાર્ય મહામહોપાધ્યાય શ્રી યશો વિ. મ. લગભગ ત્રણસો વર્ષ પૂર્વે થઇ ગયા હતા. એઓશ્રી જૈન શાસનમાં અજોડ વ્યક્તિત્વને ધરાવનારા મહાપુરૂષ હતા. સરસ્વતી માતાની કૃપાને વરેલા હતા 'ઐં નમઃ' એ મંત્રનો સવા કરોડ જાપ કર્યો હતો. બાલ્યવયમાં વિશિષ્ટ પ્રકારના અવધાન કરી જૈન શાસનની અનુપમ કોટીની પ્રભાવના કરી હતી. કાશીમાં દીર્ઘકાલ રહી સઘલાએ ન્યાયાદિ દર્શનોનો સાંગોપાંગ તલસ્પર્શી અધ્યયન કર્યું હતું. ત્યાં વાદીઓ સાથે વાદ કરવામાં વિજય પ્રાપ્ત કરવાના કારણે પરદર્શની પંડીતોએ રાજસભામાં એઓશ્રીને ન્યાયાચાર્યની પદવીથી વિભૂષિત કર્યા હતા.

આચાર્યશ્રી હરિભદ્રસૂરિજી માટે મહાપુરૂષો દ્વારા એમ કહેવાયું છે કે આ. હરિભદ્રસૂરિજીએ પૂર્વધરોનું ભાન કરાવ્યું છે એમ મહોપાધ્યાય શ્રી યશો વિ. મ. માટે પણ કહેવાયું છે કે એઓ લઘુ હરિભદ્ર હતા. આ. શ્રી હરિભદ્રસૂરિ મ. જેમ ચૌદસો ચુમ્માલીસ ગ્રન્થોની રચના કરી છે. તેમ મહોપાધ્યાય શ્રી યશો વિ. પણ અનેકાનેક ગ્રન્થોની રચના કરી છે ન્યાયાલોક નયોપદેશ વગેરે કેટલાએ આકર ગ્રન્થો રચ્યા છે ભાષારહસ્ય વગેરે કેટલાએ પ્રકરણ ગ્રન્થોની રચના કરી છે. આ. હરિભદ્ર સૂ. રચિત શાસ્ત્રવાર્તા સમુચ્ચય ગ્રન્થ પર સ્યાદ્વાદ કલ્પલતા નામની ટીકા રચી છે જે નવ્ય-ન્યાયની શૈલીથી સભર છે બીજા પણ આવા અનેકાનેક ગ્રન્થો પર ટીકાઓ રચવાનું અનુપમ કોટીનું કાર્ય કર્યું છે તેમજ ગુજરાતીમાં પણ તત્વસભર સવાસો—દોઢસો—સાડા ત્રણસો ગાથાના સ્તવનો—સજ્ઝાયો રચ્યા છે અને એ રીતે એ મહાપુરૂષે જૈન શાસનને અનેકવિધ સાહિત્યથી સમૃદ્ધ બનાવ્યું છે.

આજે પણ હકીકત રૂપે કહેવાય છે કે જ્યાં સુધી આ. હરિભદ્ર સૂ. મ. તથા ઉપાધ્યાયજી મ.ના ગ્રન્થોનું અધ્યયન—અધ્યાપન કે પરિશીલન ન કર્યું હોય ત્યાં સુધી શાસનની યથાયોગ્ય સેવા હાથમાં આવી શકતી નથી અને જૈન શાસનના સાચા ઉપદેશક બની શકાતું નથી.

જૈન શાસન સંઘમાં ઉપા. શ્રી યશો વિ. મ. પ્રામાણિક તરીકે પરમ માનનીય અને પરમશ્રદ્ધેય રૂપે પ્રસિદ્ધિને પામેલા છે. તેઓશ્રીની ગૌરવ ગરિમા તેમની હૈયાતી દરમ્યાન ગવાતી હતી અને વર્તમાનમાં પણ ગવાઇ રહી છે.

તેઓશ્રીએ જૈન ન્યાયને નવીન ન્યાયની શૈલીમાં ઉતાર્યો એથી એમને માટે એમ પણ કહેવાય છે કે ઉપા. યશો વિ. મ. ન થયા હોત તો નવીન નૈયાયિકો સ્યાદ્વાદ—

સિદ્ધાંતને અસત્ય ઠરાવી દેત. આજે પણ એઓશ્રીના ગ્રન્થોનો તલસ્પર્શી અભ્યાસ કરી પોપટ પાઠની માફક પણ ઉપસ્થિત કરવામાં આવે તો કોઇ ઇતર પંડીતની તાકાત નથી કે ચર્ચામાં ઉભા રહી શકે.

વર્તમાન કાલમાં પ. પૂ. આ. દેવ શ્રી ભુવનભાનુ સૂ. મ. ના પ્રશિષ્ય મુનિરાજ શ્રી યશો વિ. મ. પણ ન્યાયવ્યાકરણ આગમ–પ્રકરણ વગેરે ગ્રન્થોનો અભ્યાસ કરીને વર્તમાન કાલની અપેક્ષાએ સારી એવી વિદ્વત્તા પ્રાપ્ત કરી છે પરંતુ એમની એ વિદ્વત્તા પૂર્વકાલિન મહોપાધ્યાય શ્રી યશો વિ. મ. ની વિદ્વત્તાની આગળ એક અંશના તોલમાં પણ આવી શકે એમ નથી અને એ મુનિશ્રી પણ પોતા માટે એવું જ માનતા હશે.

મુનિશ્રી યશો વિ. એ ઉપા. શ્રી યશો વિ. મ. રચેલા ગ્રન્થો અને વિવરણાદિ ઉપર ટીકાઓ અને ભાષાંતર રચવાનું કામ કરી રહ્યા છે એમાં ઉપા. શ્રી યશો વિ. મ. ભાષારહસ્ય પ્રકરણ નામના ગ્રન્થની રચના કરી છે અને તેના પર વિવરણ (ટીકા) પણ તેઓશ્રીએ જ રચ્યું છે એ વિવરણ (ટીકા) પર મુ. યશો વિ.એ 'મોક્ષરત્ન' નામની ટીકા રચી છે અને હિન્દી ભાષાંતર પણ કર્યું છે એ 'મોક્ષરત્ન' નામની ટીકામાં મુનિશ્રીએ પૃષ્ટ ૧૯ પર–એકસ્મિન્ પરમાણૌ મૃદુસ્પર્શવત્વં અત્ર મૃદુશીતૌ મૃદ્વષ્ણૌ વેત્યાદિનોક્તં તદ્ વ્યાખ્યાપ્રજ્ઞપ્ત્યાદિભિઃ સહ વિરૂદ્ધમિવ પ્રતિભાતિ...

અતઃ ત્રિસ્પર્શત્વં કાનિચિન્મૃદુશીતસ્પર્શાનિ' ઇત્યાદિ યદુક્તમત્ર વિવરણકારેણ તદ્ધ્યુપર્યુક્ત શાસ્ત્રવચનૈઃ સહ વિસંવદતિ.

તથા 'ચતુઃસ્પર્શવિચારેઽપિ દ્વૌ મૃદુલઘુરૂપાવવસ્થિતૌ સ્પર્શૌ' ઇત્યાદ્યિકમપિ પ્રજ્ઞાપના–વ્યાખ્યા પ્રજ્ઞપ્ત્યાદિભિ.' સહ પ્રતિકૂલ મિવ પ્રતિભાતિ.

વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ (ભગવતી સૂત્ર) ગ્રન્થમાં એક પરમાણુમાં સ્પર્શનો વિચાર કરતા જણાવવામાં આવ્યું છે કે એક પરમાણુંમાં શીત–સ્નિગ્ધ શીત–રૂક્ષ ઉષ્ણ–સ્નિગ્ધ/ઉષ્ણ–રૂક્ષ આ ચાર યુગલમાંથી કોઇ પણ એક યુગલ (બે સ્પર્શ) હોય છે પરંતુ મૃદુ સ્પર્શ જણાવ્યો નથી.

જ્યારે ઉપા. યશો વિ. મ. 'મૃદુશીતૌ મૃદ્વષ્ણૌ' વા । એમ કહીને પરમાણુમાં મૃદુ સ્પર્શ હોય છે એમ જે કથન કર્યું તે વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ (ભગવતી સૂત્ર) ગ્રન્થની સાથે વિરૂદ્ધ જેવું લાગે છે એમ પોતાની મોક્ષરત્ના ટીકામાં કહીને મુનિ યશો વિ.એ ઉપા. યશો વિ. મ.ના કથનનું ખંડન કરવા જેવું કર્યું છે અને આગળ વધીને 'કેટલાક દ્રવ્યોમાં ભગવતી સૂત્ર (વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ)ની અંદર મૃદુ સ્પર્શ નથી જણાવ્યો માટે કેટલાક ભાષા દ્રવ્યોમાં ઉપા.જી મ. મૃદુ સ્પર્શ હોય છે એમ જણાવ્યું તે વ્યાખ્યા

પ્રજ્ઞપ્તિ (ભગવતી સૂત્ર)ની સાથે વિસંવાદી વિરૂધ્ધ છે એમ કથન કરી ઉપા.જી મ.ના કથનનું ચોખ્ખુ ખંડન જ કર્યું છે. મુનિશ્રી યશો વિ.ની આ પ્રવૃત્તિ ખરેખર જૈનશાસનની મર્યાદ બહારની લાગે છે જૈન શાસનમાં એવી મર્યાદા છે કે શાસન માન્ય મહા પુરૂષોએ જે વાતની પ્રરૂપણા કરી હોય તેનું ખંડન કરાતુ નથી પણ સમન્વય કરાય છે.

જૈન શાસનમાં એ પ્રણાલિકા છે કે કેટલીકવાર દેખીતી રીતે શાસ્ત્રોમાં પરસ્પર વિરોધી વાતો જોવા મળે છે પણ સ્યાદ્વાદની સાપેક્ષ દૃષ્ટિવાળા જ્ઞાની પુરૂષો તેનો સમન્વય કરી આપતા, જ્યાં સમન્વય સાધવા પોતાની પ્રજ્ઞા કામ ન કરતી ત્યાં 'तत्व' केवलिगम्य" 'तत्वमत्र बहुश्रुता विदन्ति' એમ જણાવતા અને એમ જણાવીને શાસન માન્ય મહાપુરૂષોનું ગૌરવ જાલવી રાખતા હતા અથવા ગ્રન્થકારે કઈ અપેક્ષાએ વાત કરી છે તે અમને સમજાતુ નથી એમ પ્રતિપાદન કરી મહાપુરૂષો શાસન માન્ય મહાપુરૂષોની મહાનતાને અખંડિત રાખીને પોતાની જાતની લઘુતા પ્રદર્શિત કરતા હતા, પરંતુ ખંડન કરવા દ્વારા પોતાની જાતનું ગૌરવ દેખાડતા ન હતા.

ભાષારહસ્ય અને તેના વિવરણના કર્તા ઉપા. શ્રી યશો વિ. મ. વિવરણમાં પરમાણુ આદિમાં સ્પર્શની જે વાતો કરી છે તે વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ વગેરે ગ્રન્થોની વિરૂધ્ધ જેવી છે વિસંવાદી છે. એમ પોતાની 'મોક્ષરત્ના' ટીકામાં કહીને જાણે અજાણે પણ મુનિશ્રીએ ગ્રન્થવાંચન કરનારના દિલ અને દિમાગમાં ઉપા. શ્રી યશો વિ. મ. ભગવતી સૂત્ર (વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ) આદિ શાસ્ત્રથી વિરૂધ્ધ પ્રરુપણા કરનારા છે આવી આભા પૈદા થાય અને એથી વાંચન કરનારના હૃદયમાં રહેલી ઉપા.જી મ. પ્રત્યે પ્રમાણભૂત પુરૂષ તરીકેની બહુમાન પરિણતિ ખંડિત થાય એવું કાર્ય કર્યું હોય એમ લાગે છે.

ઉપા. શ્રી યશો વિ. મ. પણ કેવલિ ભગવંતોના જ્ઞાનના ઉપયોગની બાબતમાં ભિન્ન ભિન્ન મંતવ્ય ધરાવનારા આ. શ્રી સિધ્ધસેન દિવાકર, મલ્લવાદી, જિનભદ્ર ક્ષમાશ્રમણના મતભેદોનો નયો દ્વારા સમન્વય કરી આપી એ મહાપુરૂષો પ્રત્યેની પૂજ્ય બુદ્ધિ જરી રાખી હતી તેમ મુ. યશો વિ.એ પણ ઉપા.જી મ.ના ભાષારહસ્યના વિવરણમાં કહેલી વાત જુદુ વક્તવ્ય ધરાવનારા શાસ્ત્ર પાઠોથી જુદી જણાવા મળી તો તેનો સમન્વય કરી આપવો જોઇતો હતો અથવા સમન્વય કરવા પોતાની પ્રજ્ઞા ન પહોંચતી હોય તો ઉપા.જી મ. કઇ અપેક્ષાએ વાત કરી છે એ અમારી સમજમાં નથી આવતી એમ પોતાની ટીકામાં રજુઆત કરવી જોઇતી હતી એના બદલે ઉપા.જી મ વિવરણમાં જે વાત કરી છે તે પ્રજ્ઞાપના વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ વગેરે શાસ્ત્રોની સાથે વિરુધ્ધ જેવી છે છે વિસંવાદી છે પ્રતિકુલ જેવી છે એમ કહીને ખંડન કરવા લાગી ગયા તે મહાનપુરૂષની મહાનતાને પીછાન્યા વગર પોતાની તુચ્છતાનું પ્રદર્શન કર્યું હોય એમ લાગે છે. જૈન

શાસનની એક વિરલ વિભૂતિની ઘોર આશાતના કરી છે તેમજ જૈન સંઘમાં ઉપા.જી મ. માટેની પૂજ્યત્વ બુધ્ધિ પર જોરદાર કુઠારાઘાત કર્યો છે.

સમુદાયની અપેક્ષાએ ભાષા દ્રવ્યમાં સ્પર્શ સંખ્યાનો વિચાર કરવામાં આવે ત્યારે એક સમયમાં ગ્રહણ કરેલા ભાષા દ્રવ્યના સમુહમાં અવશ્ય ચાર સ્પર્શ હોય છે ઓછા કે વધારે નહીં. ભાષા દ્રવ્યના સમુહમાં ચાર સ્પર્શની ઘટના ઉપા.જી મ. આ રીતે કરે છે-ભાષા દ્રવ્યના સ્કન્ધમાં મૃદુ લઘુ સ્પર્શ અવસ્થિત-સદા રહેત. હોય છે તથા અન્ય બે સ્પર્શના યુગલ 'સ્નિગ્ધ-ઉષ્ણ, સ્નિગ્ધ-શીત, રૂક્ષ-ઉષ્ણ, રૂક્ષ-શીત', આ ચાર યુગલમાંથી કોઇપણ એક યુગલ હોય છે આ રીતે મૃદુ-લઘુ અને ઉપરોક્ત ચાર યુગલમાંથી એક યુગલ એમ ચાર સ્પર્શ હોય છે.

એમ પ્રાચીન સમ્પ્રદાય છે અર્થાત્ ઉપા.જી મ. ભાષાદ્રવ્ય સમુહમાં ચાર સ્પર્શની વાત સમ્પ્રદાયના આધારે કરેલી છે. પોતાની મતિકલ્પનાથી નથી કરી. આગળ જઇને તેઓશ્રી એ પણ જણાવે છે કે સૂત્રકારોના સૂત્રોની ગતિ (શૈલી) વિચિત્ર-વિવિધ પ્રકારની હોવાથી સમ્પ્રદાય દ્વારા કહેવાયેલી વાતમાં આનું શું પ્રયોજન છે એમ શંકા કરવી જોઇએ નહીં.

એક સમય ગૃહિત ભાષાદ્રવ્યમાં ચાર સ્પર્શની વાત સમ્પ્રદાયના અનુસારે જણાવેલી હોવા છતાં અને મુનિશ્રીએ પણ પોતાની ટીકામાં 'સમ્પ્રદાય' ઇતિ વિવરકારોક્ત વર્ણાદ્વિસ્પર્શાન્તવિવરણં પ્રજ્ઞાપનાવૃત્તિ મવલમ્બ્ય કૃત" વિવરણકાર ઉપા.જી મ. પ્રજ્ઞાપના સૂત્રની વૃત્તિને અનુસરીને વર્ણના વિચારથી માંડી સ્પર્શ સુધીનો વિચાર કર્યો છે, તેમજ પ્રજ્ઞાપનામાં ક્રાર્મગ્રન્થિકના અભિપ્રાયથી આ. ભ. શ્રી મલયગિરિ મ.એ ભાષાપદમાં ભાષા દ્રવ્યના સમુહમાં ચાર સ્પર્શની વાત કરી છે અને એના અનુવાદ રૂપે ઉપા. યશો. વિ. મ. વિવરણમાં ચાર સ્પર્શની વાત કરી હોવી જોઇએ. આ રીતે મુ. યશો. વિ.એ જણાવવા છતાં 'તથા ચતુઃસ્પર્શ વિચારેઽપિ 'દ્વૌ મૃદુ લઘુરૂપાવવસ્થિતૌ રૂપશૌ' ઇત્યાદ્વિકમપિ પ્રજ્ઞાપના-વ્યાખ્યા-પ્રજ્ઞપ્ત્યાદ્રિ ભિઃ સહ પ્રતિકુલમિવ પ્રતિભાતિ' એમ જણાવીને ઉપા.જીમ. વિવરણમાં જે ચાર સ્પર્શની વાત કરી છે તે પ્રજ્ઞાપના વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ વગેરે' ગ્રન્થોની સાથે પ્રતિકુલ-વિરૂદ્ધ જેવી જણાય છે આ રીતનું લખાણ મુનિશ્રીએ કર્યું છે તે જરાય ઉચિત કર્યું નથી એમાં પણ ઉપા.જી મ.ની ગૌરવ ગરિમાને ધક્કો લાગે એવું જ થયું છે.

આગળ જતા પૃષ્ટ ૨૦ પર આ. ભ. શ્રી મુનિચંદ્રસૂરિ મ. જેઓ પૂર્વકાલિન એક પ્રામાણિક મહાપુરૂષ થઇ ગયા એમણે બંધશતક ચૂર્ણિ ટીપ્પણમાં—

'મઉયલહુયમિતિ । યઽત્ર મૃદુલઘુ સ્પર્શાભ્યાં અવસ્થાયિભ્યાં યુગ્મત્વેન સ્નિગ્ધ-


મુણ્ણુમિત્યાદિભિશ્ચતુર્ભિશ્ચ દ્વિકસંયોગૈશ્ચતુ-સ્પર્શત્વમુક્તં તદ્ વ્યાખ્યાપ્રજ્ઞપ્ત્યાદિભિઃ સહ વિરૂધ્ધમિવ ભાતિ । ભાષાદ્રવ્ય સમુહમાં બે મૃદુ લઘુ સ્પર્શ અને સ્નિગ્ધ-ઉષ્ણુ, આદિ ચાર યુગલમાંથી કોઇપણ એક યુગલ એમ ચાર સ્પર્શ હોય છે એમ જે કથન બંધશતક ચુર્ણિ ટીપ્પણામાં કર્યું છે તે પણ વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ (ભગવતી સૂત્ર) આદિની સાથે વિરૂધ્ધ જેવું લાગે છે એમ કહીને મુનિશ્રીએ ખરેખર હદ કરી નાખી છે આવા લખાણથી તો મોક્ષરત્ના ટીકા વાંચનારના દિલ અને દિમાગમાં એવી જ પ્રતીતિ થાય કે આ. શ્રી મુનિચંદ્રસૂરિ મ. પણ વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ પ્રજ્ઞાપના આદિ શાસ્ત્રોથી વિરૂધ્ધ વાત કરનારા છે. વાસ્તવમાં મુનિશ્રીએ એમ લખવું જોઇતું હતું કે ચાર સ્પર્શના વિચારમાં વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ પ્રજ્ઞાપના સૂત્રમાં ચાર સ્પર્શવાળા ભાષાદ્રવ્યોને ગ્રહણ કરે છે તે આ પ્રમાણે-શીત-ઉષ્ણ ઋક્ષ-સ્નિગ્ધ, ભાષાદ્રવ્યોને ગ્રહણ કરે છે એમાં મૃદુ સ્પર્શ નથી કહ્યો તેમજ વ્યાખ્યા પ્રજ્ઞપ્તિમાં બાદર સ્કન્ધોમાં જ ગુરૂ-લઘુ-મૃદુ-કર્કશ સ્પર્શ હોય છે સૂક્ષમ સ્કન્ધોમાં નથી હોતા ભાષાદ્રવ્યો સૂક્ષમ સ્કન્ધો છે એથી એમાં મૃદુ સ્પર્શ નથી હોતો એમ જણાવ્યું.

ત્યારે ઉપા.જી મ. વિવરણમાં ભાષાદ્રવ્યના સમુહમાં તત્ર-ચતુસ્પર્શે દ્વૌ ઇત્યાદિ ગ્રન્થથી મૃદુ સ્પર્શ હોય છે એમ જણાવ્યું તે સમ્પ્રદાયના અનુસારે આ. મલયગિરિ મ.ની પ્રજ્ઞાપના સૂત્રની વૃત્તિના અનુસારે આ. મુનિચંદ્રસૂરિના બંધ શતક ચૂર્ણિના ટીપ્પણાના અનુસારે ભાષાદ્રવ્યના સમુહમાં મૃદુ-લઘુ આદિ ચાર સ્પર્શની વાત કરી ભાષાદ્રવ્ય સમુહમાં મૃદુ સ્પર્શ હોય છે એમ જણાવ્યું છે અને જો આ રીતે પોતાની ટીકામાં લખ્યું હોત તો આ ગ્રન્થ વાંચન કરનારના હૈયે ઉપા.જી મ. પ્રજ્ઞાપના વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ આદિ ગ્રન્થોથી વિરૂધ્ધ વાત વિવરણમાં કરી છે એવી પ્રતીતિ થાવાની શકયતા જ ન રહત. પૂ. ઉપા.જી મ. વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ (ભગવતી સૂત્ર) પ્રજ્ઞાપના વગેરે આગમ ગ્રન્થોનું વાચન-પરીશીલન નથી જ કર્યું એવું તો નથી જ કેમકે તેઓ શ્રી સકલ શાસ્ત્રના પારગામી હતા. છતાં પણ ભાષા રહસ્ય ગ્રન્થના વિવરણમાં સમ્પ્રદાય આદિને અનુસરીને પરમાણુમાં મૃદુ-શીત, મૃદુ-ઉષ્ણ સ્પર્શની ભાષા દ્રવ્યોના કેટલાક દ્રવ્યોમાં મૃદુ આદિ ત્રણ સ્પર્શની અને સમુદાયને આશ્રયીને મૃદુ આદિ ચાર સ્પર્શની વાતો કરીને મૃદુ સ્પર્શ ભાષા દ્રવ્યમાં હોય છે એમ જણાવ્યું એ માટેની કોઇ અપેક્ષા શોધી કાઢવી જોઇતી હતી એના બદલે એમણે કરેલી એ વાતો વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ વગેરે શાસ્ત્રોની સાથે વિરુધ્ધ જેવી છે. પ્રતિકુલ જેવી છે વિસંવાદી છે એમ નિરુપણ કરી મુનિશ્રીએ જૈન શાસનની મર્યાદાનું ઉલ્લંઘન કરી પોતાની બુધ્ધિનું પ્રદર્શન કર્યું હોય એમ લાગે છે. પૂ. ઉપા. શ્રી યશો વિ. મ. ની ઉપરોકત વાતોને શાસ્ત્રો સામે વિરુધ્ધ જેવી-પ્રતિકુલ જેવી-વિસંવાદી જણાવવાનો જે પ્રયાસ કર્યો છે તે કોઇ પણ રીતે ક્ષમ્ય નથી. માટે સમજુ બનીને સુધારી લે અને ફરી આવી ભૂલ ન કરે એવી આશા રાખી વિરમું છું.

દયા ધર્મનું મુળ છે ॥ શ્રી મહાવીરાય નમઃ ॥ અહિંસા પરમો ધર્મ

ESTD SY 2028 Trust Act. Reg. No. E-379 Kachchh 20040/20079

Donation is Exam. U/S 80-G (5)Certi No. 63 42 CITR Dt. 9-10-93 to 31-3-98



શ્રી જીવદયા મંડળ – રાપર

રાપર–કચ્છ ૩૭૦ ૧૬૫ * પોસ્ટ બોક્ષ નં. ૨૩

રાપર પાંજરાપોળને મદદ માટે અપીલ

ધર્મપ્રેમી ભાઇશ્રી,

છેલ્લા ૨૫ વર્ષથી આ સંસ્થા અબોલ, નિરાધાર, નિઃસહાય જીવોને આશ્રય આપી નિભાવવાનું તેમ કસાઇ વાડે જતા જીવોને બચાવવાનું કાર્ય કરી રહેલ છે.

છેલ્લા બે વરસથી ઊપરા ઊપરી અછત ને લઈ આ સંસ્થા ઊપર ખૂબ જ મોટી જવાબદારી આવી પડેલ છે આજની તારીખે આ સંસ્થામાં ૪૮૦૦ (ચાર હજાર આઠશો) આસપાસ અબોલ જીવો આશ્રય લઈ રહેલ છે. તારીખ ૧–૪–૯૬ થી તારીખ ૩૧–૩–૯૭નો નિભાવ ખર્ચ રૂા. ૧,૨૫ કરોડ (સવા કરોડ) આસપાસ લાગેલ છે. જેના ઊપરથી સંસ્થાની જવાબદારીનો ખ્યાલ આવશે.

આવડી મોટી જવાબદારી હલ કરવી એ કંઈ નાનુ સુનૂ કામ નથી સૌનો સહયોગ મળે તો જ કાર્ય શકય બને.

ચાલુ સીઝનમાં આ વિસ્તારમાં સારો વરસાદ થયેલ છે, જેથી નિભાવ કાર્યમાં થોડી રાહત જરૂર થશે જ. આમ છતાં ૪૦૦૦ જીવોની નિભાવવાની જવ બદારી તો ખૂબ જ મોટી છે. વળી હવે સારા વરસાદ થવાથી સરકારી સહત બંધ થશે તેમ સારા વરસમાં સૌ કોઇને પણ એમ લાગે કે વરસ સારૂં છે, જેથી બેંચાઇને જીવદયાના કાર્યમાં વાપરવામાં આવતી રકમમાં પણ ફરક પડે જેથી પાંજરાપોળના કાર્યમાં મુશકેલી જરૂર થાય તો જીવદયા પ્રેમી ભાઇઓ, શ્રી સંઘો તથા સંસ્થ ઓને નમ્ર વિનંતી આ સંસ્થાને શકય વધુમાં વધુ રકમ મોકલી જીવદયાના ઉમદા કાર્યમાં સહયોગ આપે અને અપાવે...

સંસ્થામાં આશ્રય લઈ રહેલ ઢોરોની વિગતવાર સંખ્યા :–

ગાય : ૧૮૧૭ બળદ : ૩૩૧ ભેંસ : ૩૩ પાડા : ૬૨૭ આખલા : ૫૪ વાછરડા : ૧૨૬ ઘેટા બકરા : ૬૭૫ હરણ–રોઝ : ૬ = કુલ સંખ્યા ૪૮૧૯ તારીખ ૪–૮–૯૭ છે.

પત્ર વ્યવહારનું સરનામું : શ્રી જીવદયા મંડળ રાપર (વાગડ) કચ્છ પીન. ૩૭૦૧૬૫ સંસ્થાનું ખાતુ દેના બેંક રાપર શાખામાં શ્રી જીવદયા મંડળ રાપરના નામનું છે. S.B. ખાતા નં. ૪૬૪ છે.

લી. ટ્રસ્ટી મંડળ તથા કાર્યવાહક કમીટી શ્રી જીવદયા મંડળ–રાપર

" જો મળશે આપનું દાન તો બચશે પશુઓના પ્રાણ "



પ્યારા ભૂલકાંઓ...

પર્યુષણ મહાપર્વ નજીક આવી રહ્યાં છે. આ મહાપર્વની આરાધના કરવા માટે તમે સૌએ અષાઢ સુદી ૧૪ થી પ્રારંભ કરી દીધો છે એટલે સંવત્સરી મહાપર્વના ૫૦ દિવસ પૂર્વેથી તૈયારીઓ થવા માંડી હતી.

આ ૫૦ દિવસમાં ચાતુર્માસાર્થે પધારેલ ગુરુભગવંતે આપેલી વિશુધ્ધ દેશના સાંભળી હશે ? શ્રી સંઘે કરાવેલ તપાનુષ્ઠાન પણ આચર્યા હશે. જ્ઞાન સાથે તપાચરણ કરવાથી ક્ષણે ક્ષણે બંધાતા ૭ કર્મો ઓછાં થયાં હશે ?

વિશેષ સાંવત્સરીક પર્વ નજીક આવે છે. વેર-ઝેર-ક્રોધ-માન માયા કે લોભથી કોઈની સાથે ઝઘડા-ટંટા, બોલાચાલી, ન બોલવાના વર્ણો કદાચ બોલાઇ ગયા હોય તો તે સર્વેની ક્ષમાપના કરવાનો અવશર આવી લાગ્યો છે.

આ પર્વ આવે તેની પહેલાં આપણે સૌ ક્ષમાપના કરી લઇએ. મારા નિમિત્તો અથવા મારા કોઇ કારણે મારા પ્યારાં ભૂલકાંઓને જે કાંઇ દુઃખ ઉત્પન્ન થયું હોય અથવા અસંતોષની લાગણીઓ પ્રગટ થઈ હોય તો તે સર્વેની હું ક્ષમાપના યાચું છું. આબાલવૃધ્ધો મને મિચ્છામિ દુક્કડમ્ પાઠવશોને !

૫૦ દિવસ સાંભળેલા પ્રવચનોમાંથી જે કાંઇ સારભૂત તત્ત્વો, વાતો આદિ જે કાંઈ યાદ રહ્યું હોય તે લખીને મોકલશો તો અવશરે અવશરે પ્રગટ થશે.

બાકીના ૭૦ દિવસ સારી રીતે ધર્મારાધનામાં જીવન વ્યતીત કરી મનુષ્ય જન્મને સફળ બનાવો એવી શુભાભિલાષા.

રવિશિશુ C/o. જૈન શાસન કાર્યાલય

— બાલ ગઝલ —

દુશ્મનો રૂઠ્યા તો પથ્થર સુધી ગયા
સ્વજનો રૂઠ્યા તો ખંજર સુધી ગયા

જનની જણજે પુત્ર જન કાં કાતા કાં શુર
નહિ તો રહેજે વાંઝણી મત ગુમાજે નૂર

— ઇસીતા

— કથાનક —

એક મુસાફર જંગલમાં ભૂલો પડયો બે ત્રણ દિવસથી આમતેમ ફરે છે. દિવસો વહેવા લાગ્યા કાંઈ માર્ગ સુઝતો નથી.

સૂર્ય પણ એવા ઘટાટોપ વૃક્ષોની ઓથે સંતાયો છે કે દિશાઓનું પણ કાંઇ

જ્ઞાન થતું નથી. કાંઇ ગમ પડતી નથી.

હું કરવું ને શું ન કરવું.

કયાં જવું ? પગ ચાલતાં નથી આડો પુરવા કાંઈ ખાવ–પીવાનું મળતું નથી આંખે અંધારા આવે છે.

દૂર–સદૂર નજર કરતાં હવે આંખો પણ થાકી ગઇ છે.

એવામાં સામેથી કોઈ પથિક આવતો જણાયો મુસાફરને સંતોષ થયો હાશ ! છૂટકારો થશે. શાંતિનો દમ છોડયો. સારું થયું હવે માર્ગ જડશે.

નજીક આવતાં પથિકને જોઈ બોલ્યો, ભાઇ સારું થયું તમે મળી ગયા. હું અહિંયા ત્રણ દિવસથી ભૂલો પડયો છું.

પેલા પથિકે કહ્યું અરે ! ભલા આદમી, તમે તો ત્રણ દિવસથી ભૂલ્યા પડયા છો તેવી વાત કરો છો પણ હું તો છ દિવસથી આ ઘનઘોર જંગલમાં ભૂલ્યો પડયો છું. કહો ! અજ્ઞાની, અજ્ઞાની શું કરે ?

પ્રણામ આર. સંઘવી
(નાસિક)

જીવન–પરિવાર

નામ–વર્ધમાન, પિતા–સિદ્ધાર્થ, માતા ત્રિશલા, જન્મ સ્થળ–ક્ષત્રિય કુંડ, લાંછન–સિંહ, વર્ષ–૭૨, ચ્યવન–અષાઢ સુદ ૬, જન્મ–ચૈત્ર સુદ ૧૩, દીક્ષા–કાર્તિક વદ ૧૧ કેવળજ્ઞાન વૈશાખ સુદ ૧૦, નિર્વાણ આસો વદ ૦)), ગણધર–૧૧, સાધુઓની સંખ્યા ચૌદ હજાર, સાધ્વીજીઓ છત્રીશ હજાર, શ્રાવક–એક લાખને ઓગણસાઠ હજાર અને શ્રાવિકાઓ ત્રણ લાખને અઢાર હજાર, યક્ષ–માતંગ અને યક્ષિણી–સિધ્ધાયિકા.

મહત્વકાંક્ષી વિચારો

અરે ! મારે સારા લેખક થવું પણ લેખ
લખતાં આવડતો નથી
મારે સારા વકતા થવું છે પણ બોલતા
આવડતું નથી
મારે સારા નેતા બનવું છે પણ
લાંબુ ભાષણ કરતાં આવડતું નથી
મારે સારા પ્રોફેસર થવું છે પણ અંગ્રેજી
બોલતાં કે લખતા આવડતું નથી
મારે સારા ડોકટર થવું છે પણ ઇંજેકશન
આપતાં હાથ ધ્રુજે છે
મારે બાલવાટિકાના સંપાદક થવું છે
પણ સંપાદન કરવાની ગતાગમ પડતી નથી
(બધુ થવું છે ખરૂં પણ તે અંગેની
લાયકાત અને આવડત કેળવ્યા પછી
થવાય છે. માટે મહતા છોડી દો,)

વિકાસ આર. સંઘવી (નાસિક)

— હાસ્ય લોજ —

પ્રવાસી (ટી.સી.ને) : સાહેબ, મને ખૂબ જ અફસોસ છે કે કૂતરો મારી ટિકિટ ખાઇ ગયો.

ટી.સી. : હું પણ દિલગીર છું કે તમારે તમારૂં ભોજન ફરીથી ખરીદવું.

–મેઘના

ઇસ્વી સન્ ૧૯૪૭ પહેલાં (આઝાદી પહેલાના)

રાજા-મહારાજાઓના સમયે કેશરીયાજી તીર્થ શ્વેતાંબરોનું છે એવો આવેલો ન્યાય

પ્રસ્તુતકર્તા–ઉદયચંદજી હ. મહેતા C/o. ગરિમા ટેક્સટાઇલ,
[ક્રમાંક : ૫] ૨૦ બિરલોંકાવાસ, પાલી-મારવાડ–૩૦૬૪૦૧ (રાજસ્થાન)

આ શ્રી કેશરીયાજી મ.નું તીર્થ મુગલ શહેનશાહ અકબરે પણ શ્વેતાંબરોને જ આપેલ છે. આ વિષયમાં ખુદ બાદશાહી મહોર છાપનું ફરમાન શેઠ આનંદજી કલ્યાણજી જે શ્વેતાંબરોની એક મોટી તીર્થ સંસ્થાનું નામ છે. એમાં હાજર છે અને આ ફરમાન સાચું છે. કારણ કે એ ફરમાનમાં શ્રી સિદ્ધાચલ, ગિરનાર, સમેતશિખરજી, રાજગૃહીના પાંચે ડુંગરા, આબુજીનો ડુંગર પણ શ્રી કેશરીયાજીની સાથે શ્રીમાન્ હીરસૂરીશ્વરજીને આપેલ છે તે સિધ્ધાચલાદ્રિમાં સિધ્ધાચલજીની મુખ્યતા હોવાથી શ્રી સિદ્ધાચલજી શ્વેતાંબરોને અપાવાનો લેખ પોતે શ્રી હીરસૂરિજીનો રાસ જે શ્રીમાન્ હીરસૂરિજીના સમકાલીન ઋષભદાસજીએ બનાવેલ છે. શ્રી કુપારસ કોષ જે શ્રી હીરસૂરિજીના પૌત્ર શ્રીમાન્ ભાનુચંદ્રજીએ બનાવેલ તેમાં અને તેની પ્રસ્તાવના જે જિનવિજયજીએ બનાવી છે તેમાં શ્રી સિધ્ધાચલજીનો શિલાલેખ (જે જિનવિ. અને આબુપૂરણ લેખમાલામાં છે) શ્રી હીરસૌભાગ્ય કાવ્ય આદિથી આ વાત નિર્ણીત થઇ જાય છે કે શ્રીમાન્ મુગલ શહેનશાહ અકબરે શ્રી હીર સૂ.ને ફરમાન આપેલ.

દિગંબર લોગ આ કહે કે અકબરનું રાજ્ય મેવાડમાં હતું જ નહીં, પરંતુ એમને વિચારવું જોઇએ કે જ્યારથી ચિત્રોડથી મહારાણાઓને નિકલવું પડયું ત્યારથી મહારાણા શ્રીમાન્ પ્રતાપસિંહજીનો પૂરો પ્રતાપ નહીં. જામ્યો ત્યાં સુધી અહીં મેવાડના મુગલોની કાર્યવાહી ચાલતી હતી. કારણ કે ૧૬૨૪ માં મુગલોએ ચિત્રોડનો કિલ્લો લઇ લીધો. ૧૬૩૨ માં હલ્દીઘાટીના યુધ્ધમાં અને ૧૬૩૩ માહ સુદ ૭ ના કુંભલમેરના યુધ્ધમાં મહારાણા પ્રતાપસિંહજી પરાજય પામ્યા હતા અને સંવત્ ૧૬૨૬ માં રાવ સુજન મહારાજાને અને ૧૬૩૮ માં રામપુરાના ચંદાવતને મેવાડથી મુગલ શહેનશાહે જુદા કર્યા.

આ બધા ઇતિહાસ જાણનાર માટે દિગંબરોની આ ફરમાન સંબંધી અમાન્યતાનું કથન અજ્ઞાનતનું અને તીર્થ ડાકુપણાને બતાવ્યા વિના નહીં રહે. આ પ્રમાણથી એટલે મુગલ શહેનશાહ અકબરના ફરમાનથી પણ આ તીર્થ કેશરીયાનાથજી શ્વેતાંબરોનું જ

છે આવો નિર્ણય કરીએ છીએ અને દિગંબરોને તીર્થ ડાકુની કોટડીમાં ત્યાં સુધી કેદ રાખવામાં આવે કે જ્યાં સુધી તે લોકો પોતાની ખુરી દાનતનું ફલ ભોગવીને કોટાકોટી સાગરથી લાયક ન બને અને બતાવેલ ટોડ રાજ્ય-સ્થાનની વાતને સાચી માનીને શ્વેતાંબરોનું જ આ કેશરીયાજી તીર્થ છે આ મંજૂર ન કરે. ટોડ-રાજસ્થાન પૃષ્ઠ ૩૩૬ માં સ્પષ્ટ લખે છે કે-મુહણ્ણતખાંએ ઉદયપુર લઇ લીધુ-(યત્ મેવાડની ભૂમિના પ્રત્યેક નગર ગ્રામ પટ્ટી અને પહાડીદુર્ગ પર શત્રુઓનો અધિકાર થઇ ગયો. આથી આ સ્પષ્ટ થાય છે કે સં. ૧૬૩૯ ના સમયે મેવાડ આખું જ મુગલોના અધિકારમાં હતું. આથી જ શ્રીમાન હીરસૂરિજીનું ફરમાન માંગવું અને અકબર બાદશાહનું ફરમાન આપવું ખોટું નથી.

આવી રીતે મહારાણા શ્રીમાન્ પ્રતાપસિંહજીનું ફરમાન જે કે સં. ૧૬૩૫ નું છે તે પણ બરાબર છે. કેમકે મહારાણા સાહેબે આ પરવાનું ચૌંડથી જ લખેલ છે અને વિજય કટક કરીને જ એટલે સૈન્યના પડાવના સ્થાનથી તે લખ્યું છે અને મહારાણા સાહેબનું તે સમયે એટલે ૧૬૩૫ માં ચૌંડમાં રહેતુ ટોડ રાજસ્થાનમાં સ્પષ્ટ મલે છે આથી મહારાણા પ્રતાપસિંહજી મેવાડને પોતાનો ગણીને શ્રી હીરસૂરિજીને આખા મેવાડના ધર્મસ્થાનોં માલિકી આપવી ઉચિત જ છે. આથી પણ શ્વેતાંબરોની તરફેણમાં આ ફરમાનથી તીર્થનો ચૂકાદો આપવામાં આવે છે.

આથી કેશરીયાનાથજીનું મંદિર ૧૬૮૫ માં બનેલ છે. આ વાત તો શ્રી કેશરીયા નાથજીના મંદિરના શિખર પર જે ગજધરોની મૂર્તિયાં છે તે પરના લેખોથી જ સ્પષ્ટ થાય છે અને દિગંબરો તો તે વખતે મંદિરનું બનાવવું માનતાં જ નહોતા આથી દિગંબરોનું કહેલું વ્યાજબી નથી; અને ભગવાનની સામે જ જે મરૂદેવાજીનો હાથી છે. તેના ઉપર મહાવ્રતની પાછલ જે લેખ છે તેમાં શ્રી કનકવિમલજીનું નામ સ્પષ્ટ ઉલ્લેખ છે તો આ મરૂદેવાનું હાથી મંદિરનું મુખ્ય અંગ હોવાથી અને તે શ્વેતાંબરોની વિમલ શાખાના નામથી અંકિત મહાવતવાલો હોવાથી આ મંદિર શ્વેતાંબરોનું જ છે. આવો નિર્ણય કરીએ છીએ.

મરૂદેવામાતાની પાસે જ જે પાદુકા છે, તે પણ ૧૬૮૮ માં શ્રીમાન સિદ્ધિચંદ્રજી અને ભાનુચંદ્રજીએ પ્રતિષ્ઠિત કરાવીને પધરાવેલ છે અને ભાનુચંદ્રજી તે છે કે જેઓએ અકબરની સભામાં મોટું નામ મેલ્યું છે અને જેઓના શિષ્ય શ્રીમાન દેવચંદ્રજીએ તીર્થમાલા ૧૬૯૫ માં બનાવેલ છે અને જેમાં પણ શ્રી સિદ્ધાચલજી આદિનું ફરમાન શ્રીમાન ભાનુચંદ્રજીને અકબર બાદશાહથી મલ્યું. આ વાત બતાવેલ છે જુઓ! તીર્થમાલા પાનું ૪૩.

સોલ પંચાણુઓ સાર, મહાવદિ ચૌઠસિ ગુરૂવાર
ભેટયો જગધણીએ, આસ્પા મતિ ધણીએ. ૫૯૫
પૃષ્ઠ ૪૭ ગુરૂશ્રી હીરવિજયસૂરિ પસાયે શ્રી ભાનુચંદ્ર ઉવજઝાયા,
કાશ્મીર અકબર પાસઈ, શત્રુંજય ઢાણુ સુરાયા.
તાસ સીસ દેવચંદ્ર કહે એ ગિર ગિરિનો રાયા.

તે શ્રી ભાનુચંદ્રજીએ અહીં શ્રીમાન ઋષભદેવજી આદિના ચરણ-કમલ બિરાજમાન થયેલ. છે એટલે આ શ્રી કેશરીયાજીનું તીર્થ શ્વેતાંબરોંનું જ છે. મેવાડના ઇતિહાસના જાણનાર લોગ શ્રીમાન દયાલ શાહની સઝાથી અપરિચિત નથી. અને તે જ દયાલશાહે ૧૭૨૪ વર્ષમાં અહીં પ્રતિમા ભરાવીને પધરાવેલ છે અને તે પ્રતિમા અત્યારે પણ વિદ્યમાન છે તે તેવા સત્તાધીશ અને શ્રીમંત આઠમી કદી પણ બીજાના સ્થાનમાં પોતાની પ્રતિમા પધરાવે નહીં અને તે પ્રતિમાનો શિલાલેખ આ પ્રકારે છે કે-

સંવત ૧૭૨૪ વર્ષે જેઠ માસે શુકલ પક્ષે તિથિ ૧૨ ગુરૂવાસરે રાજાધિરાજ મહારાણાજી શ્રી રાયસિંહજી વિજયરાજ્યે ઉપકેશવંશે સિસોદિયા ગોત્રે સા, રાજા ભાર્યા ભવાની તત્પુત્રી સા, ઉદાસા, કુદાસા, દેદાસા, દયાલદાસ, ઉદા ભાર્યા માવલદે પુત્ર સુંદરદાસ જુઠા ભાર્યા દાદીસંદે પુત્ર વર્ધમાન દેદા ભાર્યા સિન્દૂર દે-

પ્રતિમાઓની વિદ્યમાનતા મંદિરની માલિકી માટે ઉપયુક્ત નથી મનાતી પરંતુ એક સત્તાધીશ શ્રીમંત પોતાની વિદ્યમાનતામાં પોતાના તરફથી પોતાના નામવાલી મૂર્તિ કોઇ પણ અન્યસ્થાનમાં વિરાજમાન કરી શકતો નથી. આ જ આધારે આ પુરાવાને લઇને એની તીર્થની માલિકીનો નિશ્ચય કરી લઇએ છીએ અને હુકમ કરીએ છીએ કે આ તીર્થ શ્વેતાંબરી જ છે. આથી દિગંબર લોગ શ્વેતાંબરોંની રજાથી આવે જાએ અને શ્વેતાંબરોની વિધિ મુજબ જ પૂજન વગેરે કરે પરંતુ કદી પણ પોતાનો હક જમાવા લાગે તો ફૌરન બહાર કાઢી દેવા.

જેમ કેટલાક શ્વેતાંબરોંની મંદિરોમાં દિગંબર આમ્નાયની મૂર્તિયાં અને દિગંબરોના કેટલાક મંદિરોમાં શ્વેતાંબર આમ્નાયની મૂર્તિયાં જે ભગવાનની હોય છે તે તો વિરાજીત હોય છે પરંતુ કોઇપણ દિગંબર મંદિરોમાં શ્વેતાંબર આચાર્યની મૂર્તિનું અને શ્વેતાંબર મંદિરોમાં દિગંબરાચાર્યની મૂર્તિની પ્રતિષ્ઠા કદી થઇ સકતી. અને અહીં કેશરીયાજીમાં સંવત ૧૭૫૬ માં શ્રી વિજયસાગરજી જે વિજયગચ્છના શ્રી પૂજ્ય હતા એમની મૂર્તિ બિરાજિત છે. આથી પણ આ તીર્થ શ્વેતાંબરોંનું જ છે. એમ અમો જાહિર કરીએ છીએ.

આમાં આ વિશેષતા છે કે બીજા આચાર્યોની મૂર્તિમાં પ્રાયઃ મર્યા પછી પ્રતિષ્ઠિત કરાય છે પરંતુ આ શ્રી વિજયસાગરજીની મૂર્તિ પોતે જ પ્રતિષ્ઠિત કરી બિરાજમાન કરેલ છે. એટલે શ્રી વિજયસાગરજી અહીં પધાર્યા તેઓએ જ આ પ્રતિમાની પ્રતિષ્ઠા કરેલ છે. જો આ મંદિર દિગંબરોનું હોત અથવા એમની માલિકી ૧૭૫૬ માં હોત તો આચાર્ય મહારાજ પોતાની મૂર્તિ કદી પણ વિરાજિત ન જ કરી સકત.

શ્રીમાન વિજયસાગરજી આચાર્ય ઉદયપુરના નગરશેઠ અને બાફણા કુટુંબ શ્રી વિજયસિંહજીના ગુરૂ હતા અને આ જ કુટુંબે એ વખતે એટલે ૧૭૫૬ માં જ અહીં અનેક પ્રતિમાઓ ભરાવી છે એટલે જો કહેવાય છે કે ૧૯૩૪ માં મહારાણા સાહેબે કમેટી મુકરર નહોતી કરી ત્યાં સુધી શ્રીમાન નગરશેઠ એટલે ઉદયપુરમાં બાફણા ગોત્ર વાલોંના કબજામાં આ મંદિર હતું. એમને જ અહીં ૧૭૫૬ માં અનેક પ્રતિમાઓ પોતાના નામની બનાવીને પોતાના ગુરૂની પાસે અંજન શલાકા કરાવીને વિરાજિત કરેલ છે તો નિશ્ચિત થાય છે કે ૧૭૫૬ માં પણ આ તીર્થ શ્વેતાંબરોંના કબ્જામાં હતું અને માલિક પણ એ વખતે શ્વેતાંબર જ હતાં.

આવી રીતે આસપુરના પોરવાડ ભીમસિંહજીએ ૧૭૪૨ માં શ્રી ધુલેવામાં સંઘ લાવ્યા અને આંગી બનાવી. શ્રીમાન હીરસૂ.ની પરંપરાવાલા ખુશાલ વિ.ના શિષ્ય રૂપ વિ.એ શ્રી કેશરીયાજીની યાત્રા કરીને સ્તવન બનાવ્યું અને શ્રીમાન સૌભાગ્ય વિ.એ ૧૭૫૦ માં તીર્થમાલા બનાવી છે અને શ્રીમાન શીલ વિ.એ ૧૭૬૪ માં જે તીર્થમાલા બનાવી તેમાં શ્રી ઋષભદેવજીને શ્વેતાંબરી તીર્થ બતાવેલ છે. ૧૭૭૩ માં છારોલીના સેવક ભોજાએ શ્રી કેશરીયાનાથજીનું સ્તવન અને શ્રી ગુણસૂરિજી કે જે વે.સાગરજીના કાકા ગુરૂ છે તેમને બનાવેલ શ્રી કેશરીયાજીનું અષ્ટક જોવાથી પણ નિશ્ચિત થાય છે કે આ શ્રી કેશરીયાનાથજીનું તીર્થ શ્વેતાંબરોનું જ છે.

સંવત ૧૯૯૭ માં ઉદયપુરના હિરણગોત્રવાલા શેઠ જીવાજીએ સંઘ શ્રી કેશરીયાજીની યાત્રા માટે કાઢયો. ત્યાં કેશર–પુષ્પથી પૂજન કરેલ અને તે સંઘમાં શ્રીમાન ભોજસા.જી મ. વગેરે સાધુ હતા અને એ બધી વાત શ્રીમાન ભોજસાગરજીનું બનાવેલ સ્તવન જાહેર કરી રહેલ છે. આથી પણ આ તીર્થ શ્વેતાંબરોંના કબ્જામાં અને માલિકીમાં હતું એવું અમો નિશ્ચિત કરીએ છીએ. આવી જ રીતે સંવત ૧૮૦૧ માં શ્રી પાર્શ્વનાથજીનું મંદિર શ્રીમાન ઋષભદેવજી (કેશરીયાજી)નું મંદિરના કોટમાં છે તે પણ શ્વેતાંબર આ. શ્રી સુમતિચંદ્રનું પ્રતિષ્ઠિત અને સ્વયંભૂમૂર્તિ જે શ્વેતાંબરામ્નાયની છે તેથી અલંકૃત છે. આથી પણ આ તીર્થ શ્વેતાંબરોનું જ છે એવું નિશ્ચિત કરીએ છીએ.

શ્રી કેશરીયાનાથજીના મંદિરની આગલની નવચૌકી શ્વેતાંબરાચાર્ય શ્રીમાન જિનલાભસૂરિજીના ઉપદેશથી બનેલ છે જેનો લેખ નવચૌકીના ખુલ્લ ખુલ્લો છે, આથી પણ આ તીર્થ શ્વેતાંબરોનું જ છે આવું નિશ્ચિત કરીએ છીએ.

સંવત ૧૮૮૯ માં શ્રીમાન શેઠજી સુલતાનમલજીએ શ્રી કેશરીયાનાથજી મ. ના મંદિરપર ધ્વજાદંડ ચડાવેલ અને તેની ક્રિયા શ્વેતાંબરાચાર્યથી કરાવેલ જેનો લેખ નગારખાનામાં અને ધ્વજાદંડની પાટલી પર દેખાય છે આથી પણ આ શ્વેતાંબરોનું જ તીર્થ છે આવું નિશ્ચિત કરીએ છીએ.

શ્રીમાન. દીપ વિ. કવિની શ્રી કેશરીયાજીની લાવણી બનાવેલ વિદ્યમાન છે અને શ્રીમાન મૂલચંદજીએ શ્રી કેશરીયાજીનો છંદ બનાવેલ છે તે પણ પ્રસિદ્ધ છે. આથી પણ આ તીર્થ શ્વેતાંબરી જ છે એવું અમે નિશ્ચિત કરીએ છીએ.

શ્વેતાંબર લોગ જે રાત્રિપ્રતિક્રમણમાં તીર્થવંદન કરે છે તેમાં પણ શ્રી કેશરીયાનાથજીનું તીર્થ બોલાય છે આથી પણ આ તીર્થ શ્વેતાંબરોનું જ છે એવો નિશ્ચય કરાય છે. આવા લેખ અને શાસ્ત્રોથી નિશ્ચિત કરાય છે કે આ તીર્થ શ્વેતાંબરોનું જ છે.

હવે બધા પ્રમાણોથી વધારે પ્રમાણ કબ્જાનો ગણાય છે તે પણ આ જ સુધી કેવલ શ્વેતાંબરોનો જ છે. આથી જ તો દિગંબર લોગ મેમ્બર બનવા માટે હલચલ મચાવી માંગણી કરી રહ્યા છે તો એવી અવસ્થામાં તીર્થ શ્વેતાંબરી જ છે એવું જાહેર કરીએ છીએ

દિગંબરી પોતે મંજુર કરે છે કે અહીં આંગીના પહનાવ અને આભૂષણોની ઉછામણી સેંકડો વર્ષોથી છે તો પછી એવી દશામાં અમને પૂર્ણ વિશ્વાસ છે કે આ તીર્થમાં શ્વેતાંબર વિધિથી જ પૂજા થઇ રહી છે તો શ્વેતાંબરોની રજા મેલવે અને એમના કહ્યાં મુજબ જ પૂજન કરે.

દિગંબર લોગ આ પણ સ્વીકાર કરે છે કે શ્વેતાંબરના આમ્નાય મુજબ પૂજન પેઢી તરફથી થાય છે અને દિગંબર આમ્નાયથી પૂજન કરનારને હમણાં પણ સામાન ઘરેથી લાવવે પડે છે તો પછી આ તીર્થ શ્વેતાંબરોનું જ છે તે સ્પષ્ટ થાય છે.

ઉપરોકત બધાં કારણોનો વિચાર કરીને આ તીર્થનો કબ્જો શ્વેતાંબરોને જ આપીએ છીએ અને તેમની મરજી મુજબ જ વ્યવસ્થા કરવા માટે અમો એમને ફરમાવીએ છીએ.

જગત શહેનશાહ સેવક **જોધરાજ**

* કામદેવ રાજા કથાનો ગુજરાતી અનુવાદ *

આ પ્રમાણે ફરી ફરી કર્યું તે આવા ઘોર તપ વડે જ નાશ પામે છે બીજી રીતે નહિ એજ નિકાચિત કર્મ કહેવાય એ પ્રમાણે કેવલી ભગવાને કહ્યું ? તમારા બે વડે પૂર્વભવમાં રક્ષકનો પણ પુત્ર મહેમાન હોય છે. તે પ્રમાણે દુષ્ટ પાપના વારંવાર બોલવાથી નિકાચીત કર્મ અને કોઇ દિવસ આલોચના પણ નહિ કરેલ માટે પુત્રનું અંતરાયય કર્મ બાંધ્યું આ જ કર્મથી ઘણાં લાંબા સમય સુધી સ્વયં અનુભવ કરવાથી અત્યારે નિંદા અને ગર્હાપૂર્વક થોડી આલોયણા કરવાથી નાશ પામે છે. અને બાકીની કશવિધ પ્રાયશ્ચિતમાં તપ વડે છઠ્ઠો ભેદ ક્ષય પામે છે!

તપ પ્રાયશ્ચિત આદિ દેવના વખતમાં બાર મહિનાનો તપ હતો અને બાવીશમાં તીર્થંકરના વખતમાં આઠ મહિનાનો અને અંતિમ તીર્થંકર મહાવીરસ્વામીના વખતમાં છ મહિનાના ઉપવાસનું તપ ઉત્કૃષ્ટ છે. તપ વડે નિકાચિત કર્મનો ક્ષય ચોક્કસ થાય છે. તેમ કરવાથી કર્મ નાશ પામે એ પ્રમાણે કેવલિ ભગવાનનું વચન છે. કર્મની નિર્જરા માટે તપની રજા અપાવી છે. આ લોક, પરલોક કે કીર્તિવર્ણ માટે તપ ન કરવો પણ નિર્જરા માટે તપ કરવો.

માટે બાકી રહેલા દુષ્ટ અંતરાય કર્મની નિર્જરા માટે ૧૦૦૮ આયંબિલ તપ પ્રાયશ્ચિત તમને બન્નેને ઘટે છે. અને સમ્યક્ત્વ મૂલ શ્રાવકના બાર વ્રત ધારવાથી જલ્દી સફળ થાય છે. તેથી સર્વ સમ્યક્ત્વ સ્વરૂપ તત્વરૂપ શ્રાવકના બારવ્રતનો વિચાર ભગવાને વ્યાખ્યાનમાં જણાવ્યો.

એજ પૃથ્વીપતિ પોતાની પત્ની સાથે મોટી સંવેગના રંગ વડે પૂર્વભવમાં ભેગા કરેલ પોતાના ખરાબ ચારિત્રને સારી રીતે આલોચના કરીને તે પાપોથી ફરીવાર નહિ કરવા વડે પોતાના મન સંકોચીને કેવલિ ભગવાને કહેલા પ્રાયશ્ચિતને અંગીકાર કરે છે. જલ્દીથી સમ્યક વડે અલંકૃત એવા શ્રાવક ધર્મને સ્વીકારી મોટી ભક્તિ વડે ભગવાનને નમસ્કાર કરી પોતાના નગર તરફ જાય છે.

ત્યારે ઘણા ભૂષણથી ભરેલો પ્રકાશિત દેવ ઉત્પન્ન થયો અને બોલ્યો. જુઓ જાઓ કેવો શ્રી પંચ પરમેષ્ઠિ મહામંત્રનો પ્રભાવ છે. આશ્ચર્ય કરાવીને મારું વિચિત્ર ચરિત્રને આવ આવ હે સ્વચ્છ બુદ્ધિવાળા તું આવ અને ભગવાનને પૂછો અપત્યતાના દુઃખની વાત. જલાંજલીનો ત્યાગ કરીને પૂછ ! બધા અંધકારના સૂર્ય વડે તિરસ્કાર કરે છે તે દીવા વડે શું કરવાનું એ પ્રમાણે રાજાને બે હાથ ધારણ કરીને નમસ્કાર વડે અને કેવલિને ત્રણ પ્રદક્ષિણા આપીને ભૂમિપર મૂક્યું છે. પોતાનું માથું તે અને ભક્તિ વડે

ભગવંતને નમસ્કાર કરીને સારી રીતે બે હાથ જોડીને પોતાનો પૂર્વભવ પૂછયો ?

કેવલિએ કહ્યું : આ જંબુદ્વિપમાં ભરતક્ષેત્રમાં અયોધ્યામાં પ્રથમ તીર્થંકર ઋષભ દેવનો પુત્ર શ્રી ભરતચક્રવર્તિ થયો હતો. એકવાર તે ઘણા શ્રાવકોને બોલાવવા આદિ વડે મારા આવાસમાં ભોજન કરવા આવ્યા. અને કહ્યું–ધર્મધ્યાન કરવું જોઇએ, અને તમે હારો રહ્યા છો, તેથી હણીશ નહિ, હણીશ નહિ એ પ્રમાણે મારા આદર્શમાં રૂપને જોતાં આગળ જાણવું જોઇએ એ પ્રમાણે આદેશ આપ્યો એમ કહીને કરરોજ ભોજન માટે આવવા લાગ્યા.

ભોજન કર્તા વધવા માંડયા તેની સંખ્યા પ્રાપ્ત નથી થતી રસોઇયા વડે અમે શું કરીએ ? એ પ્રમાણે કહેવાયું. સમ્યક ધર્મની પરીક્ષા કરીને શુધ્ધ શ્રાવકના હૃદય ઉપર કાંકિણી રત્ન વડે ત્રણ રત્ન વડે ત્રણ રેખા ચક્રવર્તિએ કરી અને તેમણે ભણવા માટે આર્ય વેદોને બોલાવી છ–છ મહિના પરિક્ષા કરી. ભરતરાજા મોક્ષમાં ગયે છતે આઠ પુત્રો વડે આદિત્ય અને યશા આદિ મુખ્ય પુત્રો વડે અડધું રાજ્ય ભોગવાયું અને શ્રાવકોને નિત્ય ભોજન અપાતું હતું.

તેથી બીજા વંશવાળા પણ અજિતનાથ ભગવાનના વખતમાં શ્રાવકોને બહુમાન અપાતું હતું અને હનશો નહિ હનશો નહિ એ પ્રમાણે પાઠથી બ્રાહ્મણો તે કાળમાં કહેવાયા તેમના વંશમાં અસંખ્યાત કાળ ગયા છતે તારા પૂર્વભવમાં તારો પડોશી સોમશર્મ બ્રાહ્મણ હતો જેના બાળકો બેતરમાં રમતા હતા ત્યારે પૂર્વભવમાં તમારા બે વડે શ્રાપ અપાયો હતો અને તે બ્રાહ્મણ પણ ક્રિયાવાળો હોવા છતાં કુસંગથી માંસમાં લુબ્ધ બન્યો અને પોતાની પત્નીને કહ્યું–કરરોજ મારા માટે માંસ પકાવવું પડશે તેણી તે પ્રમાણે કરે છે.

એક દિવસ રાત્રે બનાવેલું મોરનું માંસ બિલાડી ખાઇ ગઇ અને બીજું માંસ ન મળવાથી એના માટે અનાથ મરેલા બાળકને રાંધીને આપ્યું. બ્રાહ્મણને ખુબ સ્વાદિષ્ટ લાગવાથી કરરોજ એક એક છોકરાને મારતો રાજાને ખબર પડતાં તેને જંગલમાં કાઢી મૂકયો. એકવાર મુસાફર સાધુની હત્યા કરવા દોડયો પણ સાધુએ પંચ પરમેષ્ઠિ મંત્રથી સ્થિર કરી દીધો. નવકારના બોધ આપ્યો હિંસાને મૂકીને પર્વતી ગુફામાં રહ્યો. લોકો વડે જાણીને હણાયો. નવકારના ધ્યાનથી સ્વર્ગમાં ગયો. હું અહિં કયાંથી એ પ્રમાણે જ્ઞાનના ઉપયોગથી જોયું.

મારા પાસે દેવઋધ્ધિ કયાંથી એ પ્રમાણે નમસ્કારના ફલને જાણીને હમણાં તે ત્યાં આવ્યો છે. તેને પૂર્વભવનો મિત્ર જાણીને નમસ્કાર મંત્રના મહાત્મ્યને બતાવવા

માટે મારો પોતાનો પૂર્વભવ મેં ભગવાનને પૂછ્યો હતો. આથી શ્રી સૂરદેવ રાજા કેવલિ ભગવાનના મુખે સાંભળી ચમત્કાર ચિત્તવાળો ચિંતન કરવા લાગ્યો કે અહો ! શ્રી નમસ્કારનો મહિમા જેના ધ્યાનથી આવા પ્રકારનો બાલહત્યા કરનારો પણ સ્વર્ગમાં ગયો. તે આ જ ધ્યાન કરે છે. એ પ્રમાણે ચિંતન કરીને નમસ્કારનું સ્વરૂપ, ફળ અને જાપની વિધિને કેવલિ ભગવાનને પૂછી. કેવલિએ કહ્યું: રાગ, દ્વેષ, કષાય અને પાંચ ઇન્દ્રિયોના પરિષહ અને ઉપસર્ગમાં નમો અરિહંતાણં જાપ કરવો જોઇએ એ પ્રમાણે નવકારનું સ્વરૂપ છે.

આ લોકમાં પૈસા, કામ, આરોગ્ય, અભિરૂચિ પ્રાપ્ત થાય છે. પરલોકમાં સિદ્ધિ, સ્વર્ગ સારૂ કુળ પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે ફલને કહીને જાપ વિધિને કહે છે. પવિત્ર શરીર, પવિત્ર વસ્ત્ર, ત્રણ ટાઇમ વિધિથી પૂજા કરીને સુખાસન ઉપર બેસીને પોતાના બે હોઠ બીડેલા, નાકના અગ્ર ભાગપર દૃષ્ટિ, દાંત વડે દાંત નહિં અડેલા હોય જેના મુખ સુખવાળો પ્રમાદ વગરનો સ્થિર ચિતથી ત્રણ પ્રકારે બ્રહ્મચર્ય પાળનાર વિશિષ્ટ તપ વડે અખંડ ઉચ્ચ ચોખા વડે ૧૦૮ નવકાર મંત્રનો ત્રણવાર જાપ કરે છે. તે સ્વર્ગ આદિ સંપતિ તો દૂર રહી પણ પરિણામે નિર્મલતાના વશથી એવું તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરે છે.

જે આ નિયંત્રણા વડે સ્મરણ કરવા શક્તિમાન હોય તે યથાશક્તિ એક લાખનો જાપ કરીને જે લાખ જાપ કરનાર લાખ ચોખા દેવને ચઢાવે ત્યારે નિર્મલ સમ્યક્ દૃષ્ટિપણું મેળવે છે. ઘોર પાપકર્મ નાશ થાય છે, અને કોડ જાપ કર્યા પછી એક કોડ ચોખા ચઢાવે તો બધા પાપથી તે મુક્ત થયેલો સાત આઠ ભવમાં સિધ્ધ થાય છે. પરંતુ મન સ્થિરતા અનુસારથી બધા ફળ મેળવે તે તેનો ઉપાય કહેવાય છે.

અહિંયા જાપ ત્રણ પ્રકારનો જણાય છે પૂર્વાનુપૂર્વી, પશ્ચાનુપૂર્વી, અનાનુપૂર્વી ! જે કોઇપણ પાઠ કરવો હોય તે પાઠના પદોના ક્રમથી પાઠ ભણે તે પૂર્વાનુપૂર્વી. આ જાપમાં મન સ્થિરતા માટે કમલ બનાવવા વડે કરવું. પહેલા પદના ઉચ્ચારણમાં કમલની કર્ણિકામાં સફેદ રંગના આઠ પ્રાતિહાર્યથી યુક્ત અરિહંત ભગવાનનું ધ્યાન કરવું. બીજા પદના ઉચ્ચારણમાં લલાટ ઉપરના પાંદડામાં રહેલા સિદ્ધાસને બેઠેલા લાલ રંગના સિધ્ધ ભગવાનનું ધ્યાન કરવું. ત્રીજા પદના ઉચ્ચારણમાં જમણી બાજુના ઉપરના પાંદડામાં પ્રવચન મુદ્રાવાળા સૂરીમંત્રનું ધ્યાન કરતા પીળા રંગના આચાર્ય ભગવંતનું ધ્યાન કરવું. ચોથા પદના ઉચ્ચારણમાં હોઠમાં રહેલા પશ્ચિમ પાંદળા પર રહેલા, શિષ્યોને ભણાવતા લીલા રંગના ઉપાધ્યાય ભગવંતનું ધ્યાન કરવું.

પાંચમા પદના ઉચ્ચારણમાં ડાબી બાજુના પાંદડામાં કાયોત્સર્ગ મુદ્રામાં રહેલા કાળા રંગના સાધુ ભગવંતનું ધ્યાન કરવું. (ક્રમશઃ)

શાસન સમાચાર

સાબરમતી–અત્રે પૂ. આ. શ્રી વિ. વિચક્ષણ સૂ. મ. આદિનો ચાતુર્માસ પ્રવેશ પુખરાજ ભુવન ખાતે અષાડ સુદ ૨ ના થયેલ.

પટણા (૮૦૦૦૦૪) અત્રે નાગેશ્વર કોલોની બાઠરગંજમાં પૂ. આ. શ્રી વિ. પ્રભાકર સૂ. મ. આદિનું ચાતુર્માસ છે. અષાડ સુદ–૨ નો પ્રવેશ થયેલ.

નવરંગપુરા–અમદાવાદ–૯ : પોસ્ટ ઓફિસ પાસે ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી વિ. મહોદય સૂ. મ., પૂ. આ. શ્રી વિ. હેમભૂષણ સૂ. મ., પૂ. આ. શ્રી વિ. શ્રેયાંસપ્રભ સૂ. મ આદિનું ચાતુર્માસ છે. પ્રવેશ અષાડ સુદ–૨ રવિવારે હાથી, બગીઓ, બેન્ડો વિ. ૨ાટા ઠાઠથી પ્રવેશ થયેલ.

મહેંસુર–અત્રે ચંદ્રગુપ્ત રોડ, સંગમ ટોકીઝ પાસે, મહાવીર ભવન ખાતે પૂ. તપસ્વી આ. શ્રી વિ. અશોકરત્ન સૂ. મ., પૂ. આ. શ્રી વિ. સમરસેન સૂ. મ. આમનો ચાતુમ.સ પ્રવેશ અષાડ સુદ–૨ ના થયેલ.

ગાંધીધામ (કચ્છ)–પૂ. મુ. શ્રી મહાભદ્રસાગરજી મ. ઠા. અત્રે અષાડ સુદ–૨ના ચાતુમ સ પ્રવેશ કરશે.

અગાસી તીર્થ (તા. વિરાર) અત્રે પૂ. મુ. શ્રી મુદિતધન વિ. મ., પૂ. મુ. શ્રી પુણ્યધન વિ. મ. તેમજ પૂ. સા. શ્રી મદનસેનાશ્રીજી મ. ઠાણા ૫ અષાડ સુદ ૬ના ચાતુમ સ પ્રવેશ કરેલ ઠે. ચાલ પેઠ મુનિસુવ્રતસ્વામી જૈન દેરાસર જૈન ઉપાશ્રય.

બેંગલોર–શ્રી પાર્શ્વ લબ્ધિ ધામમાં પૂ. આ. શ્રી ભુવનતિલક સૂ. મ. ના શિષ્ય પૂ. આ. શ્રી અશોકરત્ન સૂ. મ., પૂ. આ. શ્રી અમરસેન સૂ. મ. અને પૂ. સા. શ્રી જિતેન્દ્રશ્રીજી મ. આદિની નિશ્રામાં ફાગણ ચૌમાસીની આરાધના સુદ ૧૫ ના મેળો પૂજા, પ્રભાવના, આંગી રચના સ્વામીવાત્સલ્ય.

ચીકપેઠમાં–પૂ. આ. મ.ની નિશ્રામાં આયંબિલની ઓળી પારણા શ્રી સિધ્ધચક્ર મહાપૂજન પ્રભાવના આદિ શ્રી પાર્શ્વલબ્ધિ ધામમાં વર્ષીતપના પારણા તપસ્વીઓનું સન્માન પૂ. આ. મ. ની ૧૦૦ ઓળી નિમિતે ૧૮ અભિષેક મહાપૂજન સાથ ત્રણ દિવસનો મહોત્સવ ૧૫ ના મેળો, નૂતન ભોજનશાળાનો પ્રારંભ ચીકપેઠમાં ૧૦૦ ઓળીના પારણા પ્રસંગે શ્રી ઉવસગ્ગહરં પૂજન શ્રી શાંતિસ્નાત્ર ૧૦૮ છોડના ઉજમણા સાથ અઠાઇ

મહોત્સવ પૂ. આ. શ્રી રાજયશ સૂ. મ. અને પૂ. સા. શ્રી રત્નચૂલાશ્રીજી, પૂ સા. શ્રી વાચયમાશ્રીજી મ. આદિનું આગમન.

યશવંતપુરમાં–જેઠ શુદમાં પ્રતિષ્ઠાની સાલગિરી અને પૂ. આ. મ. ની ૧૦૦ ઓળીની આરાધના નિમિતે ૧૮ અભિષેક ૨૦ સ્થાનક પૂજન સાથ ત્રણ દિવસનો મહોત્સવ.

બસવ તગુડી–ઢાઢીવાડીમાં ત્રણેય પૂ. આ. મ.ની અને પૂ. સા. મ.ની નિશ્રામાં નૂતન મંદિરની ભૂમિ પૂજન ખાત શિલાસ્થાપન અને પૂ. આ. શ્રી ભુવનતિલક સૂ. મ.ની જેઠ શુદ ૨ ના પુણ્યતિથિ નિમિતે મહાપૂજન શાંતિસ્નાત્ર આદિ સહ અષ્ટાન્હિકા મહોત્સવ.

ચીકપેઠમાં–પૂ. આ. મ.ની ૧૦૦ ઓળીની આરાધના નિમિતે શાંતિસ્નાત્ર સાથ ત્રણ દિવસનો મહોત્સવ.

અકકીપેઠ–નૂતન ઉપાશ્રય પાઠશાળા અને આયંબિલ ભવનના ભૂમિપૂજન, ખાત શિલા સ્થાપના ચડાવા ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન આદિ.

બસવંતગુડી–નૂતન ઉપાશ્રયનું શિલા સ્થાપન આદિ.

મહેસુરમાં–અષાડ સુદ–૨ ના પૂ. આ. અશોકરત્ન સૂ. મ., શ્રી અમરસેન સૂ. મ., પૂ. સા. શ્રી જિતેન્દ્રશ્રીજી મ. આદિનો શ્રી સંઘના ઉલ્લાસ સાથ ચાતુર્માસાર્થે સસ્વાગત પ્રવેશ પ્રભાવના અલ્પાહાર પૂજા આંગી રચના પ્રભાવના આયંબિલ તથા બહારગામથી સારી સંખ્યામાં જનતાનું આગમન પૂ. આ. અમરસેન સૂ. મ. નું ૯॥ થી ૧૦॥ વ્યાખ્યાન.

અગાસીતીર્થ–અત્રે પૂ. મુ. શ્રી મુકિતધન વિ. મ., પૂ. મુ. શ્રી પુણ્યધન વિ. મ. ના ચાતુર્માસથી આરાધના સારી થાય છે. સાંઢળી અઠાઇ અઠમ, રોજ અંબેલ તથા શત્રુંજય તપ ચાલે છે. માસખમણની બે તપસ્યા ચાલે છે. પ્રવચનમાં દરરોજ પ્રભાવના થાય છે પૂ. આ. શ્રી વિબુધપ્રભ સૂ. મ. તથા પૂ. પં. શ્રી ભદ્રાનંદવિ. ગણિ. પૂ. સા. શ્રી મનોરંજનાશ્રીજી મ. તથા પૂ. સા. શ્રી કીર્તિમાલાશ્રીજી મ. ની કાલધર્મની તિથિ નિમિતે શ્રા. સુદ ૪ થી ૧૨ નવ દિવસનો ઉત્સવ શ્રી સિદ્ધચક્ર મહાપૂજન આદિ પૂર્વક ચોળચો છે. પૂ. સા. શ્રી મદનસેનાશ્રીજી મ., પૂ. સા. શ્રી વિશ્વગુણાશ્રીજી મ. આદિના ચાતુર્માસથી બહેનોમાં સારી જાગૃતિ છે.

विराधित हि श्रामण्यं बहुवनर्थप्रदायकम् ।

વિરાધના કરેલું શ્રમણપણું બહુ અનર્થને દેનારું છે. પ્રવજ્યા વિધાન પ્રકરણટીકા.

સાધુપણું લીધું નથી તે કર્મભાગી છે પરંતુ સાધુપણું લઇને તેની વિરાધના કરે તે તો સંયમ નહીં લેનારથી વધુ અનર્થને પામે છે.

OSHWAL ASSOCIATION OF THE U. K.

(Registered Charity–Charity Reg. No. 267037)

Cordially invites the whole Sangh to

The 'Bhoomi Poojan' (Ground Purification Ceremony) The 'Khannan Vidhe' (Groundbreaking Ceremoy) The 'Shilanyas' (Foundation Stone for the **Shree Mahabir Swami Jinalaya** at the Oshwal Centre

Jai J nendra

With the blessings of Pujya Acharyadev Shree Jinedrasurishvarji Maharaj Saheb and Pujya Panys Shree Vajrasenvijayji Maharaj Saheb, the Oshwal Association of the U. K. is construcing an upulent home for Shree Mahavir Swami in the form of a Shikarbandhi Jinalaya at the Oshwal Centre which will be a special place of pilgrimage for all over the world.

The following programmes are scheduled to mark this historic occassion of the commencement of construction.

AUSPICIOUS PROGRAMME

Sunday 7-9-97	Sunday 14-9-97
8.00 Snatra Poojan	6.80 Sanatra Poojn
9.35 Bhoom Poojan followed by Khannan Vidhi	7.20 Shilanyas (Founation Stone Laying) Ceremony
11.30 Swami Vatsalya Bhojah (Lunch)	9.30 Jag Chintamani Poojan
2.00.onwards–Arhad Mahapoojan	2.00onwards Swami Vatsalya Beojan

Place : Oshwal Centre, Coopers Lane Road, Northaw, Herts EN6 4DG

You are all cordially invited to attend the above auspicious ceremonies

OTHER PROGRAMMES, ON THE ABOVE TWO DAYS, RELATED TO PARYUSHAN FESTIVAL

Sunday 7/9/97 : 11.35 a.m. Procession of the Tapasvis followed by 'Parna' (Breaking of Fast)

Sunday 14/9/97 : 12.39 p.m. Raising & Unveiling of the Flag at Oshwal Centre.

PLEASE COME AND GRACE THE AUSPICIOS OCCASSIONS WITH YOUR PRESENCE

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



* માણસ વિચાર વિના રહેતો નથી માટે સારા વિચારમાં સ્થિરતા તે સરું ધ્યાન. ખોટા વિચારમાં સ્થિરતા તે ખોટું ધ્યાન !
* સારા-ખોટા વિચારનું ભાન ન હોય તે અજ્ઞાની કહેવાય કે જ્ઞાની કહેવાય ? આવા અજ્ઞાની શું ધ્યાન કરે ?
* પાપથી બચાવનાર વર્તમાન કાળમાં સાચા સાધુ વિના કોઈ નથી.
* વર્તમાનમાં જે રીતે મજેથી જીવાય છે તેને માટે દુર્ગતિ વિના બીજું સાધન છે. ? વેપાર કરતાં ન આવડે અને વેપાર કરે તો જેમ મુડી ગુમાવે તેમ ધર્મ વિધિ-મુજબ-આજ્ઞા મુજબ ન કરે તો લાભ તો ન થાય પણ નુકશાન જ થાય.
* દુનિયાનું સુખ એવું ભૂત છે; જેને વળગે તેને મોક્ષ-આત્મા, પુણ્ય-પાપ, પરલોક યાદ જ ન આવવા દે. પાપ કરવાનું મજેથી શીખવે, ધર્મ-પુણ્ય કરવાનું શીખવે નહિ. કદાચ કરે તો નામના-કીર્તિ માટે કરે પણ આત્મકલ્યાણ માટે કરે જ નહિ.
* મોક્ષ માટે ક્રિયા કરે તેને ક્રિયારૂચિ કહ્યો છે. સંસારના સુખ માટે કરે તેને ક્રિયારૂચિ નથી કહ્યો.
* ગ્રન્થિને ન ઓળખે તે કદિ જૈન થાય નહિ.
* ગ્રન્થિને જે ઓળખે તેને આ સંસારમાં ન ફાવે, સુખ ન ફાવે, દુઃખ હજી ફાવે
* ભગવાન ગમે તેને સંસારનું કશું ન ગમે. સંસારનું બધુ ગમે તેને ભગવાન ગમ્યા છે તેમ કહેવાય ?
* સુખ અને સમકિતને વૈર છે.
* સર્વ ધર્મ સમ અને સર્વધર્મ મમ તે મહા મિથ્યાત્વ છે.
* ગ્રન્થિવાળો કદિ સંસારથી છૂટે નહિ, મોક્ષે જાય નહિ, ધર્મ કરવાનું મન થાય નહિ, ધર્મ કરે નહિ. ધર્મ કરે તો પોતાના સંસારને ખીલવવા કરે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાન મંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા
૧૬૦૨

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

નવનિધિભૂત ગુણો

સૌજન્યં લજ્જા મર્યાદા,
ગામ્ભીર્યં ધૈર્યમાર્જવમૂ ।
દયા દક્ષત્વમૌદાર્યં,
નિધીયન્તે ગુણા નવ ॥

સૌજન્ય, લજ્જા, મર્યાદા, ગાંભીર્ય, ધૈર્ય, સરળતા, દયા, દક્ષપણું અને ઉદારતા આ નવ ગુણો નવનિધિ જેવા છે.

વર્ષ ૧૦

અંક ૫+૬

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA PIN-361005

લવાજમ આજીવન

—: પંચ પરમેષ્ઠિ અને ઘડિયાળ :—

ઘડીયાળનો ઉપયોગ ટાઇમો ટાઇમ કાર્ય કરવા માટે છે. તેમ સિદ્ધ થયા પછી કોઇ કાર્ય કરવાનું રહેતું નથી. તેવી રીતે પંચ પરમેષ્ઠિમાં એ ઘડીયાળ કેવી રીતે ગોઠવાઇ ગયેલ છે તે વિચારીએ.

અરિહંત ભગવાન એ મશીન છે. મશીન ગમે તેટલું સારૂં હોય, ચાવી આપ્યા વગર બરાબર ચાલતું નથી. તેવી રીતે સાધુપણાના ભાવ વગર સિદ્ધ બનવાનું ઘડિયાળ કામનું નથી. એટલે સાધુ ભગવંત એ સિધ્ધ બનવાની ચાવી છે. ગમે તેટલી ઘડીયાળ, મશીન અને ચાવીવાળી હોય પરંતુ તેનું. રક્ષણ મોર્ડનથી થાય છે. આચાર્ય ભગવંત તેનાં રક્ષકુહાર છે. ઉપાધ્યાય ભગવંત એ કાંટા છે. કલાક મિનિટના તે આપણને જીવનનો કાંટો કયાં છે તે બતાવે છે. અને સિધ્ધ ભગવંત એ કાર્ય છે. પંચ પરમેષ્ઠિ એ સિધ્ધ બનવાના કાર્યની ઘડીયાળ છે.

ધર્મમાં તૃપ્તિ છે સંસારમાં તૃષ્ણા છે. ધર્મનો અંતિમ પરિણામ પૂર્ણ સુખની પ્રાપ્તિ પરમાત્માદશાની પ્રાપ્તિ છે. સંસાર એક ગતિમાંથી બીજી ગતિમાં ભટકવાનું રઝળવાનું, રડવાનું, રિબાવાનું. અનેક જીવો સાથે વારંવાર કષાયો કરવાના, કલેશ કરવાનાં.

ભેદ પાડે તે નીચે અને અભેદ આવે તે ઉંચે, સોય સાંધવાનું કામ કરે છે. કરજી નીચે રાખે છે. સંઘમાં ભાગલા પડાવવા જેવું કોઇ પાપ નથી. સંઘમાં સમાધાન કરાવવા જેવું કોઇ પુણ્ય નથી.

જે સહન કરે છે છે તે ઉજળો બને છે. મજબુત બને છે. ઓરણ સહન કરે છે મજબુત બને છે. અને ઘા કરનારો હથોડો તુટી જાય છે. કોલસા ધીમે ધીમે બળે છે તો તેની રાખ ઉજળી થાય છે. અને સફેદ કાગળ જલ્દી બળે છે. કાળો થાય છે.

ત–તત્ત્વ અને પ–પરિણતિ, ત–તરવું પ્ર–પ્રવિણ બનવું ત–તકરાર ન–પાછાફરવું ત–તેજ પ–પ્રગટાવે આવા કલ્યાણકારી અનેક તત્ત્વો પ્રગટાવે તેનું નામ તપ છે.

બુધ્ધુને બુધ્ધિશાળી બનાવે તેનું નામ ધર્મ અને બુધ્ધિશાળીને બુધ્ધુ બનાવે તેનું નામ સંસાર

જેના જીવનમાં ધર્મ એટેચ નથી. તેના જીવનમાં આધિ-વ્યાધિ અને ઉપાધિના એટેક આવ્યા કરે છે. અસમાધિ એને ઘેરી વળે છે. (અનુ. ટાઇ ૩ ઉપર)

હજારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

-: તંત્રીઓ :-
ચુનીલાલ મોહનલાલ ગુંદીકા (મુલુંડ)
હેમેન્દ્રકુમાર મગનલાલ શાહ (શાંતાક્રુઝ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (વડોદરા)
પ્રાણલાલ પદમશી ગુંદીકા (થાણા)

વર્ષ : ૧૮] ૨૦૫૩ ભાદરવા સુદ-૭ મંગળવાર તા. ૯-૯-૯૭ [અંક : ૫+૬

॥ પ્રકીર્ણક ધર્મોપદેશ ॥

-પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ વદિ-૧૩ મંગળવાર તા. ૨૩-૭-૧૯૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઇ-૬

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશ્રય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, મિચ્છામિ દુક્કડમ્ (પ્રકરણ ૨૦ મું) -અવ૦)

जा गुंतो वि य तरिउं, काएअनेगं न जुंजइ जे अ ।
सो बुज्जइ सोएणं, एवं नाणी चरणहीणो ।।

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્ય ભગવંત શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજ સંસારની અસારતા અને મોક્ષની મનોહરતા સમજાવી આવ્યા પછી તે મોક્ષને મેળવવા માટે જ ધર્મ કરવાનો છે તે મોક્ષમાર્ગ શું છે તેની વાત સમજાવી રહ્યા છે. સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ જ મોક્ષમાર્ગ છે. શ્રી ઉમાસ્વાતિજી મહારાજાએ પણ તત્ત્વાર્થસૂત્રમાં આ જ વાત કહી છે કે- **'सम्यग्दर्शन चारित्राणि मोक्षमार्गः'** સમ્યગ્દર્શન થયા પછી જ જીવને સમ્યગ્જ્ઞાન થાય છે અને જેને સમ્યગ્જ્ઞાન થઈ જાય તે જીવ સમ્યક્ચારિત્ર માટે જ ઝંખે છે. જો તેની તાકાત હોય અને કોઇ કર્મ નડતું ન હોય તો તે જીવ ચારિત્ર સ્વીકાર્યા વિના રહેતો નથી. જે જીવને ચારિત્રના પરિણામ પેદા ન થાય જે જીવ યથાખ્યાત નામનું ચારિત્ર પામે નહિ ત્યાં સુધી તે મુક્તિને પામી શકતો નથી.

એકલો જ્ઞાની જીવ શક્તિ મુજબ પણ ચારિત્ર ન સેવે તો મુક્તિને પામી શકતો નથી. શ્રી જૈન શાસનને સમજેલો જ્ઞાની શક્તિ મુજબ ત્યાગ, સંયમ અને તપ કર્યા વિના રહે જ નહિ. તેને કહેવું ના પડે. તેને પોતાને જ મન થયા કરે કે– આ આ છોડવું જોઇએ અને આ આ કરવું જોઇએ તેવો જીવ જ્યારે જ્યારે આવા બેસે ત્યારે તપસ્વીઓને હાથે જોડીને બેસે તે સમજે છે કે– ખાવાથી મોક્ષ ન મળે. પૂજામાં પણ આવે છે કે–"ખાવત–પીવત મોક્ષ જે માને, તે મૂરખ બહુ જટમાં." ખાવા–પીવાદિમાં જે આનંદ માને તે જ્ઞાની કહેવાય ? ખાધા–પીધા વિના ચલે નહિ તે જુદી વાત પણ તેમાં મઝા કરવા જેવી છે ખરી ?

મહામુનિઓ શરીર પાસે સંયમની સાધના કરાવવા માટે પેટને ભાડાં પૂરતું આપતા હતા બાકી ઘોર તપ કરતા હતા. આ શરીર તો ગધેડાની જાત છે તેની પાસે તો બરાબર કામ કરાવવાનું છે. પરંતુ આપણે આ શરીરને મંગલ ઘોડા જેવી બનાવી દીધી છે. શરીરને જે માગે તે આપનારા શરીરની આળપંપાળમાંથી ઊંચા નહિ આવનારા અને એમાં જ મઝા કરનારા બધા મિથ્યાદૃષ્ટિ છે. મહાત્માઓએ આ શરીર પાસેથી એવું કામ લીધું છે જેનું વર્ણન ન થાય. શ્રી ધન્ના અણગારની વાત ઘણી વાર સાંભળી છે. પ્રસંગ પામીને દીક્ષા લીધી તે જ દિવસે ભગવાન પાસે અભિગ્રહ લીધો છે કે–"હે ભગવન્ ! આજથી હું જીવનભર છઠ્ઠને પારણે છઠ્ઠ કરીશ અને પારણામાં આયંબિલ કરીશ. આયંબિલમાં પણ માપી ન બેસે તેવા આહાર લઈશ." તેમને આવા તપથી શરીરને એવું બનાવ્યું તો તેનું વર્ણન સાંભળો કમકમા આવી જાય. નવ મહિનામાં અગિયાર અંગ ભણ્યા અને કામ કાઢી ગયા.

જેનામાં સમ્યગ્દર્શન હોય તેને જેટલું જ્ઞાન થાય તે બધું સમ્યક્ હોય. તે કદી ખાવા–પીવામાં આનંદ ન માને. ધર્મની જેટલી પ્રવૃત્તિ છે તે બધી કરવાનું મન થયા કરે. તે ધર્મની પ્રવૃત્તિ કયારે ન કરે ? શક્તિ ન હોય તો જ. માટે જેટલા શ્રાવક હોય તે બધા સમ્યક્ ચારિત્રના જ અર્થી હોય. સમ્યક્ચારિત્ર પામવાનું રોજ મન થયા કરે અને સમ્યક્ચારિત્રને પામેલો જીવ તપસ્વી હોય, તે ખાય તે પણ તપને માટે ખાય. જે શરીરથી ધર્મ કરવો છે તેથી ધર્મ થઇ શકે માટે ખાય–પીએ પણ મોજમઝાદિ માટે ખાય–પીએ નહિ. ખાવા–પીવામાં જેને મઝા આવી તે મર્યો સમજો ! ખાવા–પીવાના રસિયા બનેલાથી તપ થઈ શકે નહિ અને તેવા જીવો કદાચ તપ કરતા હોય તો સારી રીતે ખાઇ–પી શકાય તે માટે જ તપ કરે. આપણે બધા શક્તિ મુજબ તપ કરીએ છીએ ખરા ?

એકલું જ્ઞાન તો નકામું છે. જ્ઞાની પણ જો ચારિત્રની ઇચ્છા વિનાનો હોય તો

નકામો છે. તે ય ડૂબે અને બીજા અનેક ને ય ડૂબાડે. તે જ વાતને દૃષ્ટા-તથી સમજાવતા ગ્રન્થકાર કહે છે કે-"સારામાં સારો તરવૈયો હોય, તરવાનું સારી રીતે જાણતો હોય છતા પણ પાણીમાં પડતા તે હાથ-પગ હલાવે નહિ તો તે હોશિયાર પણ ડુબે. જાય. તેવી રીતે ચારિત્રથી-ચારિત્રની ઇચ્છાથી પણ રહિત એવો જ્ઞાની સંસારમાં ડુબી જાય છે." શક્તિ હોવા છતાં પણ તેનો ઉપયોગ ન કરે તે જીવ કેવો કહેવાય ? ગાઢ અંધકાર હોય અને જેની પાસે પેટી હોય તે પ્રકાશ ન નાખે તો કેવો કહેવાય ?

આપણે બધા બહુ પુણ્યશાલી છીએ. અમે સાધુ છીએ તમે શ્રાવક છો. તો રોજ આત્માને પૂછવાનું છે કે-'તને શક્તિ મુજબ ધર્મ કરવાનું મન થાય છે કે 'આ તો ન બને' 'આ તો ન બને' તેમ કરે છે ? ' આપણે બધા શક્તિ મુજબ ધર્મ કરીએ છીએ કે નહિ તે નક્કી કરવું છે. આપણે બધા શક્તિ મુજબ ધર્મ ન કરતા હોઇએ તો જ્ઞાની કહે છે કે- આપણી શ્રદ્ધામાં ખામી છે. આવાનું જ્ઞાન અભિમાન કરાવી ડુબાડનારું થાય. દુનિયામાં પૈસા કમાવાની ઇચ્છાવાળા વેપાર કરે છે, નોકરી કરે છે, કાંઇ ન આવડે તો મજુરી કરે કાંઈ ન થાય તો કોઇના બુટનું પોલિસ પણ કરે, તેમ આપણે બધા શક્તિ મુજબ ધર્મ કરીએ છીએ ખરા ? આજે સમજુને પણ પાપ કરવામાં વાંધો નથી આવતો અને ધર્મનાં કામ આવે તો આ આ ન થાય તેમ કહી અનેક વાંધો કાઢે છે. તમે બધા સંસારના કામ માટે જરા પણ આળસુ નથી. જરૂર પડે રાતે બે વાગે ઊઠીને પણ જાવ. અને ધર્મની બાબતમાં 'આ તો મારાથી થાય નહિ, બની શકે નહિ.' આવો ઉત્તર આપે તો તે સાચો છે કે ખોટો છે ? આપણે જે કરવા લાયક છે તે કરીએ છીએ કે નહિ ? ન કરવા લાયક પણ કરીએ છીએ કે નહિ ? કરવા લાયક નથી કરતા તેનું દુઃખ થાય છે ? ન કરવા લાયક કરીએ છીએ તેનું પણ દુઃખ થાય છે ? આપણી શ્રદ્ધા સાચી છે કે બનાવટી છે તેનું માપયંત્ર આ છે.

રોજ આત્માને પૂછવાનું છે કે- શક્તિ જેટલો ધર્મ કરે છે કે શક્તિ જેટલો અધર્મ કરે છે ? અધર્મ શક્તિથી વધારે કરો છો અને ધર્મ શક્તિ જેટલો પણ નથી કરતા તો મારી શક્તિ નથી તેમ બોલતી વખતે 'હું આ જુઠું બોલું છું" તેમ લાગે છે ? તરવૈયાને તરવાનું જ્ઞાન હોવા છતાં પાણીમાં પડ્યા પછી હાથ-પગ ન હલાવે તો ડુબે. સારી ગાનારી ભરસભામાં ન ગાય તો નિંદાને પામે તેમ આપણે ધર્મ કેવો કરીએ છીએ ?

'યથા શક્તિ' સાચું કોણ બોલે ? શક્તિ મુજબ કરે તે. તમે તો જુઠ્ઠા છો.

સમય મળે ત્યારે સામાયિક કરવું જોઇએ.' તેમ રોજ સામાયિક પાળતી વખતે બોલો છો તો નવરા પડો ત્યારે સામાયિક કરો છો ? તમે કહો કે, અમને મન જ થતું નથી. નવરા હોઇએ તો ગપ્પા મારીએ પણ સામાયિક ન કરીએ. માંદા પડીએ તો દશ દા'ડા ન ખાઇએ પણ સાજા હોઇએ તો જેટલી વાર મળે તેટલીવાર ખાઇએ દરરોજ એકવાર કે બે વારથી વધારે વાર તો ન જ આવું આવો પણ નિયમ. કેટલા કરે ? ભગવાનની પૂજા–ભક્તિ પણ શક્તિ મુજબ કરો છો કે નહિ ?

શાસ્ત્રે કહ્યું છે કે– પરલોક માને તે આસ્તિક છે અને મુક્તિ માને તે મહા આસ્તિક છે. આપણે બધા મહા આસ્તિક છીએ ખરા ? મોક્ષને માનીએ છીએ ? ઝટ મોક્ષે જવાનું મન છે ? ઝટ શ્રીમંત થવાનું મન છે કે મોક્ષે જવાનું મન છે ? તમે બધા શ્રીમંતાઇ મેળવવા જેટલી મહેનત કરો છો તેટલી મહેનત જો અમે મોક્ષ માટે કરીએ તો અમારું તો કામ થઈ જાય ?

પ્ર૦ : શ્રીમંતાઇ પ્રત્યે અનાદિનો રાગ છે તો મન થઇ જાય છે !

ઉ૦ : આને શ્રદ્ધાળુ કહેવાય કે અશ્રદ્ધાળુ કહેવાય ? મહા પરિગ્રહ નરકમાં લઇ જાય તે વાત પર શ્રદ્ધા છે ? મહારંભ નરકે લઇ જાય તે વાત પર શ્રદ્ધા છે ? શ્રદ્ધામાં જ પોલ છે. આજના ભણેલામાં મોટેભાગે શ્રદ્ધાનું મીંડું છે !

આજના ભણેલાઓને બધું સારું સારું જોઇએ છે. તેથી તો ભણેલા મૂરખને ઘેર નોકરી કરે છે. મૂરખ શેઠીયો તેને બેવકૂફ કહે તો સાંભળી લે છે. આજના ભણેલા મોટેભાગે અહીં આવતા નથી, આવે તો અમને સાંભળતા નથી. અમને ગપ્પીદાસ કહે છે. આજે આત્માની વાત ભૂલાઈ ગઈ છે. પાપ તો ન જ થાય, ધર્મ જ થાય તે વાત ભૂલાઇ ગઇ છે. પૈસો અને દુનિયાનું સુખ મળતું હોય તો ગમે તે થાય તે માન્યતા વ્યાપક ફેલાઇ ગઈ છે. ભણેલાઓને કહીએ કે, તમે જૂઠ બોલો છો ? તો તે કહે કે–'સાહેબ ! જૂઠ ન બોલીએ તો ચાલે નહિ. જગત કેમ ચાલે છે તેની તમને શી ખબર છે ?' જૂઠ ન બોલો તો તમે જગતમાં જીવી જ ન શકો તેમ છે ?

સભા૦ : મોજશોખાદિ ન થાય.

ઉ૦ : મોજશોખાદિ કરવા જેવા છે ? આજ મોટી મુશ્કેલી છે ! જૂઠ ન બોલાય તેમ સમજનારા મજેથી જૂઠ બોલે છે, સારામાં સારા જીવો મજેથી જૂઠ બોલે છે. ઉપરથી કહે છે કે, આ કાળમાં જૂઠ અને ચોરી વિના તે ચાલે ?

(ક્રમશઃ)

શ્વેતાંબર જૈનોના હક્ક પુરા છે

(લેખ ૧ લો)

આજનું ન્યાયતંત્ર અને કાયદાઓ એવા છે કે જો યોગ્ય રજુઆત જે તે વકીલ દ્વારા કરવામાં ન આવે તો...સીધી સરળ રીતે જીતી શકાય એવો કેસ પણ હારી જવાય...અને વકીલની રજુઆત જ એવી હોય... એકાદ શબ્દ ઉપરનો આધાર જ એવો ઊભો કર્યો હોય કે... દેખીતી રીતે હારી જવાય એવો કેસ જીતી પણ જવાય !

સમગ્ર જૈન સમાજમાં છેલ્લા પંદર–વીસ દિવસથી ચર્ચાના ચગડોળે ચઢેલો એક કેસ આ પ્રકારનો છે.

જૈનોના તીર્થસ્થાનો (જૈનોમાં...બીજા બધા ધર્મ–કોમની જેમ મુખ્ય ત્રણ–ચાર ફિરકા છે. મૂર્તિપૂજક શ્વેતાંબર જૈન જે દેરાવાસી તરીકે પણ ગુજરાતમાં ઓળખાય છે, બીજા મૂર્તિ નહિ પૂજનારા અને દેરાને બિન મહત્ત્વનું ગણનારા સ્થાનકવાસી જૈનો તથા દિગંબર મૂર્તિ અને દિગંબર સાધુને પૂજનારા દિગંબર જૈનો... એ સિવાય બીજા

વિક્રમની બીજી સદીમાં આચાર્ય પાદલિપ્તસૂરિજી તથા નવમી સદીમાં આચાર્ય બપ્પભટ્ટિસૂરિજી મ. આકાશગામિની વિદ્યાની જાણકારીના પ્રતાપે જેની નિત્ય યાત્રા કરતા હતાં એવા.....

નાના મોટા ફિરકાઓ લગભગ સો જેટલા છે. પરંતુ જૈનોના તીર્થસ્થાનો) સેંકડો નહિ પણ હજારો છે તથા મહિને વર્ષે નવા નવા થતા પણ જાય છે જેમકે...જેને તીર્થસ્થાન જ કહેવાય એટલે કે જ્યાં દેરાસર ઉપરાંત ધર્મશાળા અને ભોજનશાળા પણ હોય એવા તીર્થસ્થાનો છેલ્લા દસ વર્ષમાં લગભગ ૧૦૦ જેટલા ઊભા થયા હશે.

ગુજરાત અને રાજસ્થાનમાં જો કે તીર્થસ્થાનો વધુ છે એવું લાગે પરંતુ સંશોધન થતાં એવું પણ લાગે છે કે...કર્ણાટક, આન્ધ્ર, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ વગેરેમાં એક કોઇ જમાનામાં આટલા જ તીર્થસ્થાનો જૈનોનાં હશે. છેક બંગાળ, ઓરિસ્સામાં પણ તીર્થસ્થાનો કોઈક જમાનામાં હશે એવું સંશોધન ઉપરથી લાગે છે.

જૈનોના આ બધા જ તીર્થસ્થાનોમાં શિરોમણિરૂપ ગુજરાતના પાલિતાણાનું શત્રુંજય અને બિહારના મધુબન ગામ અને રેલવે સ્ટેશન (મુંબઇ–હાવરા કે અમદાવાદ–હાવરા લાઇન પર) ગીરડીહ તથા નવું થયેલું પાર્શ્વનાથજીના સ્ટેશન નજીકનું લગભગ ૪૫૦૦ ફીટનાં ઊંચાઇવાળા પહાડ પરનું સમેતશિખર છે.

તીર્થ જૈનનું હોય કે હિન્દુનું હોય, ખ્રિસ્તીનું હોય, મુસ્લિમ હોય, વનવાસી હોય પરંતુ...સંસાર સમુદ્રથી માનવીને તારે એ તીર્થ છે. માનવી સંસારની જાળમાં ડુબેલો હોય ત્યારે એને તીર્થદર્શનની ભાવના જાગે એ જ એના સદ્‌ભાગ્યની નિશાની છે.

તીર્થોનું વાતાવરણ પવિત્ર હોય છે અને તેને આત્માભિમુખ બનાવે છે. તીર્થોનું સાચું મહત્ત્વ સમજાય એટલે 'તારે તે તીર્થ' થઇ ગયું.

જૈન ધર્મ શું...પણ હિન્દુ ધર્મ કે બીજો કોઇ પણ ધર્મ અને સંસ્કૃતિ આજ સુધી ઝળહળતા રહ્યા છે તેમજ એના કે બીજા કોઇ પણ ધર્મ અને સંસ્કૃતિના આચાર અને વિચારનું રક્ષણ કરવાનું તથા ટકાવવામાં તીર્થોનો ફાળો સાધુ સંતો અને મુનિ ભગવંતોના ફાળા જેટલો જ છે.

તીર્થયાત્રા જીવનને સુધારવાની જડીબુટ્ટી છે, જીવનને ઉન્નત બનાવવાનો અદ્‌ભૂત ક્રિમીયો છે, જીવનને શુદ્ધ, નિર્મળ, પવિત્ર બનાવવાનો અનુપમ ઉપાય છે. તીર્થયાત્રામાં કષ્ટ પડે તો હસતે મુખે સહન કરવું તે પણ તપ છે.

જૈનોના પરમ પાવક તીર્થધામ વિહારમાંના સમેતશિખર ઉપરના શ્વેતાંબર જૈનોના હક્કો જીતી શકાય તેવો કેસ એના વકીલકારો કેમ હારી ગયા?

જૈન તીર્થ સ્થાનોમાં કલ્યાણક ભૂમિનું ઘણું મહત્ત્વ છે. કલ્યાણક ભૂમિ એટલે જ્યાં જૈનો જેમને તીર્થંકરો (એટલે કોઇ માનવી, મનુષ્ય, મારા તમારા જેવો જીવ... તપ, ત્યાગ અને જ્ઞાન વડે આત્માને ઓળખીને પરમ જ્ઞાન પામ્યો હોય એને જૈન ધર્મની પરિભાષામાં 'તીર્થંકર' કહે છે. તીર્થંકર એટલે ભગવાન નહિ પરંતુ પરમજ્ઞાની, પરમ ત્યાગી, પરમ તપસ્વી માનવી. હિન્દુ અને જૈન ધર્મની એ વિશિષ્ટતા છે કે—એમાં કોઇને ભગવાન નથી ગણ્યા. દા. ત. રામ છે તો એ પુરૂષોત્તમ ગણ્યા. પછી આપણે એવી વ્યક્તિને ભગવાન બનાવી દઇએ એ જુદી વાત છે. પરંતુ આદિ ધર્મગ્રંથો તો પ્રકૃતિ, સૂર્ય, વાયુ, વગેરેને જ પૂજવાનું કહીને 'પરમ તત્ત્વ'ની જ વાત કરે છે. કહ્યા છે એ તીર્થંકરોનો જ્યાં જન્મ કે દીક્ષા કે નિર્વાણ કે પરમજ્ઞાન (કેવળજ્ઞાન) થયેલું હોય એવું સ્થળ. એવા સ્થળ તરીકે જૈનોમાં સમેતશિખરનું ઘણું મહત્ત્વ છે કારણ કે જૈનોના જે વર્તમાન ૨૪ તીર્થંકરો થયા (એટલે કે ઋષભદેવ અથવા આદિનાથથી મહાવીર સ્વામી સુધીના ૨૪ તીર્થંકરોનો સમયગાળો હજારો લાખો વર્ષોનો થાય છે અને મહાવીરસ્વામી પણ ૨૫૦૦ વર્ષો પહેલા થઇ ગયા એટલે એ પહેલાના લાખો વર્ષ અગાઉ પહેલા તીર્થંકર ઋષભદેવ થયા.) એ પહેલા બીજા ૨૪ તીર્થંકરો થઇ ગયા જેને પૂર્વ

ચોવીસી કહે છે. એ ૨૪ પૂર્વ તીર્થંકરો આ સમેતશિખરના પર્વત ઉપરથી નિર્વાણ પામીને મોક્ષે ગયેલા તથા વર્તમાન ચોવીસીના ૨૪ તીર્થંકરો પૈકી ૨૦ તીર્થંકરો પણ આ જ તીર્થ પરથી નિર્વાણ પામેલા (જે ૪ તીર્થંકરો બીજે નિર્વાણ પામેલા એમાં (૧) પહેલા તીર્થંકર ઋષભદેવ અષ્ટાપદજી ઉપર, (૨) ૧૨ મા તીર્થંકર વાસુપૂજ્ય ચંપાપુરીમાં, (૩) ૨૨ મા તીર્થંકર નેમીનાથ ગિરનાર પર અને, (૪) ૨૪ મા તીર્થંકર મહાવીર સ્વામી પાવાપુરીમાં નિર્વાણ પામ્યા.)

જ્યાં કોઇ મહાન વ્યક્તિનું પદાર્પણ થયું હોય, નિવાસ થયો હોય, એ સ્થળને પવિત્ર પૂજનીય વિશિષ્ટ માનવાનું દુનિયાભરના સમાજોમાં છે. (રા. સ્વ. સંઘના ગુજરાતના પ્રાંત પ્રચારક મનમોહનજી વૈદ્ય વિવેકાનંદ શતાબ્દિમાં અમેરિકાના પ્રવાસે ગયેલા ત્યાં ત્યાંના કોઇ એક નાનકડા ગામમાં જ્યાં વિવેકાનંદજી ગયેલા અને રહેલા ત્યાં ગયેલા. ત્યારે એમને જ્યાં વિવેકાનંદ રહેલા એ મકાનમાં જવાનું થયેલું. એમાં એમણે મકાનમાં જઇને જોયું તો એક ખંડ એ મકાનમાલિકે અલાયદો અને અલગ રીતે રાખેલો જોયો. મનમોહનજીને એ ઓરડો બતાવતા એ મકાનના અમેરિકન માલિક ગૃહપતિએ કહ્યું કે–'અહીં ભારતના કોઇ સંન્યાસી આવીને રહેલા એવું અમે જેમની પાસેથી આ મકાન ખરીદેલું એમણે કહેલું અને તેઓ આ ખંડને અલગ પવિત્ર રાખતા હતા એટલે અમે પણ એ ખંડને અલગ પવિત્ર રાખીએ છીએ. અમે આ ખંડમાં જઇએ છીએ ત્યારે આજે પણ શાંતિ અનુભવીએ છીએ.'

ટૂંકમાં, કોઇ મહાન વ્યક્તિના જ્યાં પગ પડયા હોય એ સ્થળને પવિત્ર માનવાનું દુનિયાભરમાં ચાલે છે. એટલે જે પર્વત કે ભૂમિ ઉપર અનેક તીર્થંકરોનો પાદસ્પર્શ થયો હોય એ ભૂમિ પવિત્રતમ ગણાય. અયોધ્યા, વારાણસી, ગયા, પુરી, દ્વારિકા, મથુરા, સોમનાથ વગેરેની જેમ સમેતશિખર, શત્રુંજય વગેરેનું પણ એટલે જ વિશેષ મહાત્મ્ય છે.

સમેતશિખર તીર્થધામ એ રીતે, સ્વયં પવિત્રતાનો પાવનપુંજ છે એ તીર્થમાં શુદ્ધ મનથી પ્રવેશનારો આરાધક આત્મા એક વિદ્યુતભૂમિમાં પ્રવેશીને સ્વયં પાવિત્ર્યપુંજ બની જાય છે. એ તીર્થાધિરાજ 'સમેતશૈલ', 'સમેતાચલ', 'સમેતગિરિ', 'સમેતશિખર', 'સમાધિગિરિ', 'સમ્મેદગિરિ' કે 'શિખરજી'ના નામોથી પ્રસિદ્ધ છે.

જે વીસ તીર્થંકરોએ ભૂમિ પરથી મુક્તિને વર્યા એમાં ૨૩ મા તીર્થંકર પાર્શ્વનાથ સ્વામિ છેલ્લા હતા એટલે પણ એ પર્વતને 'પારસનાથહીલ' અથવા 'પાર્શ્વનાથ પહાડ' તરીકે પણ ઓળખાવાય છે.

સમેતશિખરનું આ તીર્થધામ બિહારમાં ક્યાંથી થયું હશે ? એવા પ્રશ્નોના જવાબમાં કહી શકાય કે-નિહાર એટલે પૂર્વ કાળનું મગધ મહાવીર સ્વામીનો જન્મ પણ ત્યાં જ ક્ષત્રીયકુંડ નામના સ્થળે થએલો અને મગધની નરેશ પરંપરા પણ જૈન ધર્મ પાળતી થએલી. એટલે એ જમાનામાં મગધમાં જેમ હિન્દુ ધર્મના તીર્થસ્થળો હતા એમ જૈન ધર્મના પણ અનેક તીર્થસ્થળો હતા. વિક્રમની ૮ મી સદીમ એ રીતે ભારતમાં જૈન ધર્મ સર્વ પ્રકારે ફાલ્યો ફુલ્યો હતો. બંગાળ અને બિહાર પણ એમાં આવી ગયા. બંગાળમાં આજે પણ જિયા ગંજ, અઝિમ ગંજ, કઠગોલા, મહિમાપુર તથા ઓરિસ્સામાં ખંડગિરિ-ઉદયગિરિ અને બિહારમાં ઋજુબાલુકા, વૈશાલી, પાટલીપુત્ર, રાજગૃહી, પાવાપુરી, કુંડલપુર, ગુણીયાજી, ક્ષત્રિયકુંડ, કાકન્દી, ચંપાપુરી વગેરે આ હિન્દુ ધર્મની એક શાખા જેવા જૈન ધર્મના તીર્થસ્થળો છે જ.

એટલે બિહાર યાને મગધ પણ જૈન ધર્મના વર્ચસ્વવાળો પ્રદેશ એ જમાનામાં હતો પરંતુ અદ્વૈત મતના આદિસ્થાપક શંકરાચાર્ય વિ. સં. ૮૪૪ થી ૮૭૬ એટલે કે ઇ. સં. ૭૮૮ થી ૮૨૦ માં થયા એમણે જૈન ધર્મ અને બૌદ્ધધર્મને પાછો પાડવા સાથે અદ્વૈત સિદ્ધાંતને સ્થાપ્યો. ભટ્ટપાદ અને રાજા સુધન્વા એમના આનુયાયીઓ હતા. એમણે બૌદ્ધ અને જૈન ધર્મ ઉપર આક્રમણ કર્યું પરિણામે બૌદ્ધો ૯ મી સદીમાં ભારત છોડીને પૂર્વ એશિયા ભણી ચાલ્યા ગયા તથા જૈનો પૂર્વ ભારત છોડીને પશ્ચિમ ભારત તરફ ચાલ્યા ગયા.

એ વિકટ સદીની પરિસ્થિતિમાં પછી સુધારો થતા જૈનાચાર્યો ફરી ભારતભરમાં વિચરવા લાગ્યા અને જૈન તીર્થોને પુનઃ હસ્તગત કરીને જીર્ણોદ્ધાર કરાવ્યા. (બંગાળમાં જે શરીફ તરીકે જાણીતા છે એ મૂળ જૈન ધર્મી હતા અને નાગજાતિ તો પાર્શ્વનાથ તીર્થંકરની ઉપાસક હતી. પાર્શ્વનાથનું આજે પણ નાગની ફણાનું અથવા નાગનું વાહન છે.)

એ સમયે આચાર્ય પ્રદ્યુમ્નસૂરિ નામના જૈન સાધુ થઇ ગયા. એ મગધ (બિહાર) માં ખૂબ વિચરેલા અને એમણે સાત વખત સમેતશિખરની યાત્રા કરેલી. તેમના ઉપદેશથી પૂર્વ ભારતમાં ૧૭ નવાં જિનાલયો બન્યા હતા અને ઘણાંનો જીર્ણોદ્ધાર થયો હતો.

આચાર્ય પ્રદ્યુમ્નસૂરિની પહેલા વિક્રમની બીજી સદીમાં આચાર્ય પાદલિપ્તસૂરિ થયા. એમને આકાશગામિની વિદ્યા હસ્તગત હતી. એટલે તેઓ સમેત શિખરની નિત્ય યાત્રા કરતા હતા. એ પછી નવમી સદીમાં બપ્પભટ્ટસૂરિ થઇ ગયા. એ પણ આકાશ ગામિની વિદ્યા જાણતા હતા એટલે તેઓ પણ આ તીર્થની નિત્ય યાત્રા કરીને વ્યાખ્યાન

પાળતા હતા. આચાર્ય પ્રદ્યુમ્નસૂરિ પણ આ નવમી સદીમાં જ થઈ ગયા. ('શ્રી પ્રભાવક ચરિત્ર' નામના ગ્રંથમાં આ બધા ઉલ્લેખો છે.) એ પછી તેરમા સૈકામાં આચાર્ય દેવેન્દ્રસૂરિ થઇ ગયા. એમણે 'વંદારૂવૃત્તિ' નામના ગ્રંથમાં સમેતશિખર પરના દેવાલયો અને જૈન મૂર્તિઓની નોંધ કરી છે.

વિ. સં. ૧૩૪૫ માં શરણદેવ નામના શ્રેષ્ઠીના પુત્ર વીરચંદે પોતાના ભાઇ, પુત્ર, પૌત્રો વગેરે પરિવાર સાથે આચાર્ય પરમાનંદસૂરિના હસ્તે સમેતશિખર તીર્થમાં પ્રતિષ્ઠા કરાવી હતી. એવો ઉલ્લેખ ગુજરાતના અંબાજી પાસે અંબાજીથી હિંમતનગરના રસ્તે ૧ કિ. મી. દૂર આવેલા કુંભારિયા તીર્થમાંથી મળી આવે છે. (બિનજૈનો આ કુંભારિયા જતા નથી પરંતુ ત્યાંનું શિલ્પ, સ્થાપત્ય વગેરે એવું અદ્ભૂત છે કે–ઘડીભર આબુના દેલવાડાને પણ ભૂલાવી દે...એ બધું જોવા જેવું છે. એ સ્થાપત્યને સમજાવનાર અભ્યાસુ 'ગાઇડ'નો ત્યાં અભાવ છે. ત્યાં ભોજનશાળા પણ છે પરંતુ એ ભોજનશાળામાં પણ છેતરપિંડી ચાલે છે. એ બધુ દૂર કરવાની જરૂર છે. ત્યાં આધુનિક પ્રકારની ધર્મશાળા પણ છે, પરંતુ એનો વહીવટ પણ મનસ્વીપણે ચાલે છે. છતાં કુંભારિયાજી એના સ્થાપત્ય માટે જોવા જેવું છે. જો કે એ મંદિરોમાંથી ઘણું બધું સ્થાપત્ય ચોરાઇ–લુંટાઇ ગએલું દેખાય છે. છતાં જે કંઇ બચ્યું છે એ અદ્ભૂત છે.)

વિ. સં. ૧૬૫૯ માં જ્ઞાનકીર્તિ રચિત 'શ્રી યશોધરચરિત્ર' ગ્રંથમાં ઉલ્લેખ છે એ પ્રમાણે બિહારના ચંપાનગરી નજીકના અકબરપુર ગામના રાજા માનસિંહના પ્રધાન નાનુએ ત્યાં મંદિરોનું નિર્માણ કરાવ્યું હતું.

વિ સં. ૧૬૭૦ માં આગ્રાના રહેવાસી ઓસવાલ શ્રેષ્ઠ કુંરપાલ અને સોનપાલ લોઢાએ સંઘ લઇને સમેતશિખરની યાત્રા કરી હતી અને ત્યાંના જીનાલયોનો પુનરોદ્ધાર કરાવ્યો હતો એવો ઉલ્લેખ જયકીર્તિ રચિત શ્રી સમેતશિખર રાસ'માં છે.

આમ...સમેતશિખરનો ઇતિહાસ ઘણો જુનો છે અને ત્યાં દેરીઓ, ચોતરા, સ્તૂપો વગેરે થતા રહ્યા હતા પરંતુ વ્યવસ્થિત ઇતિહાસ ઉપલબ્ધ નથી.

અરે રીતસરનો ઉલ્લેખ અકબરના વખતથી મળી છે.

(ગુ. સ. તા. ૨૦–૮–૯૭) –આશ્લેષ શાહ (ક્રમશઃ)

卐

❋ ચોર કોટવાળને દંડે છે ❋

ગુ. સ. તા. ૨૯–૭–૯૭માં નોંધ પ્રગટ થઇ છે તે નીચે મુજબ છે.

સમેત શિખરના પ્રશ્ને વધુ વિવાદમાં ન પડો

એક સંયુક્ત નિવેદનમાં અખિલ ગુજરાત દિગંબર જૈન સમાજના પ્રમુખ શ્રી શોભાગમલ ઠટારિયા અને સમસ્ત જૈન સેવા સમાજના મહામંત્રી શ્રી રવિન્દ્ર જૈને જણાવ્યું છે કે સમેત શિખરના પ્રશ્ને હવે વધારે વિવાદમાં ન પડવું જોઇએ.

તેમણે જણાવ્યું છે કે હાલમાં બિહારની ઉચ્ચ અદાલતે આપેલ ચુકાદો પણ એ જ કહે છે કે આ તીર્થ સ્થાન પર કોઇ એક સંપ્રદાયની નહીં પરંતુ સમગ્ર જૈન સમાજની માલિકી છે. આ બાબતે અમુક લોકોની ગેરસમજથી લોકોને ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે. સમગ્ર સંપ્રદાયના આચાર્ય ભગવંતોને તેમણે અપીલ કરતાં જણાવ્યું છે કે આ વિવાદને હવે આગળ વધારવાને બદલે એકતાના માર્ગે જવું જોઇએ.

તેમ છતાં આ પ્રશ્નના ઉકેલમાં મુશ્કેલીઓ આવતી હોય તો સમગ્ર સમાજના પ્રતિષ્ઠિત પ્રતિનિધિઓએ સાથે બેસીને તેનો વહેલી તકે ઉકેલ લાવવો જોઇએ.

(ગુ. સ. ૨૯–૭–૯૭ (મંગળ)

આ નોંધ વાંચતા સ્પષ્ટ થાય છે કે દિગંબર પ્રમુખ પોતાની તરફેણમાં આવેલા ચુકાદા મુજબ વર્તવા શ્વેતાંબરો તથા તેમના આચાર્યોને વિવાદમાં ન પડવા સલાહ આપે છે. તેઓએ જ આ સલાહ પોતે જ સ્વીકારવાની જરૂર છે.

એ લખે છે કે– આ તીર્થ ઉપર કોઇ એક સંપ્રદાયની નહિ પરંતુ સમગ્ર જૈન સમાજની માલિકી છે.

આ દિગંબર પ્રમુખ શું તેમના દિગંબરની માલિકીના ધર્મસ્થાનોને સમગ્ર જૈન સંપ્રદાયની માલિકીના કરવા જાહેર તૈયાર છે.

અત્યાર સુધીનો કોઇ ઇતિહાસ નથી કે શ્વેતાંબરોએ દિગંબર માલિકીના ધર્મસ્થાન ઉપર આમકમણ કર્યું હોય શ્વેતાંબરોને કોઇનું કંઈ જોઇતું નથી એ યાદ રાખે.

卐

સામયિક સ્ફુરણ :- # મુક્તિદૂતનું પક્ષપાતી વલણ

૪૨૭માં ૭૨ જિનાલયની વર્ષગાંઠ પ્રસંગે સર્વ જિન મંદિરોમાં ૧૮ અભિષેક ગોઠવેલ. તે સમયમાં પૂ. આ. શ્રી જિનેન્દ્ર સૂ. મ. ભવ્ય સંઘ લઇ ભદ્રેશ્વરજી પધાર્યા. મોટી ઉપજ, મોટું જીવદયા ફંડ વિ. થયા. પૂ. શ્રી નાની મોટી પંચતીર્થી ભુજમાં મહાવીર જન્મ કલ્યાણક ભવ્ય ઉજવાયા. ભચાઉમાં વરસીતપના પારણા ઉત્સવ વિ. થયા અને ૧૮ અભિષેક ત્યાં તેમની નિશ્રામાં થયા.

છતાં મુક્તિદૂતના સમાચાર ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં પૂ. ગુણોદયસાગર સૂ. મ. તથા પૂ. જંબુ વિ. મ. નું નામ માત્ર લખ્યું છે.

કટારીયામાં શ્રી સુભાષભાઇ માલદેની સાથે ૩૦-૪૦ યુવાનો પણ આવેલા, જમવાનું ત્યાં હતું. આમ છતાં સમાચારમાં પક્ષપાત કર્યો છે. આમ હોય તો પછી સમતા અને બધાની સાથે મેળની વાત કરવી તે કેટલું યોગ્ય છે ?

નાગ દેવતા કે તિર્યંચ ?

હમણાં હમણાં મહિમા વધારવા માટે અને ભોળા લોકોને કે લાલચુને આકર્ષવા માટે દેરાસર વિ.માં નાગ નીકળે તો મોટો પ્રભાવ વિ. બતાવી પ્રચાર જાહેરાત થાય છે.

વર્ષો પહેલા અજારા તીર્થમાં પ્રભુજી પાસે સર્પ રહ્યો તેની જાહેરાત થઇ હતી. જેસલમેરમાં દેરાસર પાછળ સાપ નીકળે છે. નાગેશ્વરમાં ગભારામાં પ્રભુજી ઉપર બાંકોરૂં છે તેમાં સર્પ આવે છે તે તો સામાન્ય રૂટીંગ છે પરંતુ તે દ્વારા સ્થાનનો પોતાનો પ્રભાવ વધારવા માટે પ્રયત્ન જાહેરાતો અને પ્રભાવ વિ. કરે તો તે ધર્મની દૃષ્ટિએ માત્ર ભોળા અજ્ઞાન કે લાલચુ લોકોને છેતરવાનો એક પ્રચાર બની રહે.

ભીવંડીમાં એક મહાત્મા પાસે પદ્માવતી ફોટા પાસે સર્પ છે તે પ્રચારથી લોકો દોડ્યા, પ્રચાર થયો, પત્રકારો ખેંચાયા. ભીવંડી જાણવા જતાં ટ્રેનમાં મહારી મહત્યા, અને વાત થઈ મહારાજને સાપ આપી આવ્યા છીએ તે લેવા જઇએ છીએ. તે પત્રકારોએ આ ઢંભને છાપામાં લખ્યો.

મોડન એડા દેરાસર પાસે સાપ નીકળ્યો ત્યાં કહેવા લાગ્યા ગુરૂદેવ, ગુરૂદેવ ! (રાજેન્દ્રસૂરિજી) ત્યાં એક ભાવિક આવેલા કે ગુરૂદેવને કિતના પાપ કીયા હોગા સર્પ બના.' ઔર દેવ કે માનવ ન બના. બીજે કોઇ બોલ્યો હોય ઐસા મત બોલો યે લોગ ગુસ્સા કરેંગે.

હાલમાં ભોરોલમાં દેરાસરમાં સાપ આવ્યો અને જાહેર છાપાઓમાં અને જૈન

છાપાઓમાં તેનો પ્રચાર થયો, એમાં શું સિદ્ધિ થઇ તે ભગવાન જાણે પરંતુ જે મહા પુરૂષ શ્રી રામચંદ્રસૂરીશ્વરજી દ્વારા જગતમાં સમ્યક્ત્વ અને સત્યનો ઝંડો ફરકાવ્યો તેમાં શું વૃદ્ધિ કરી શકશે.

ચમત્કાર હોય તો પણ તે મીઠાઇ સુગંધ છે મિઠાઇ નથી. સુગંધથી ઉદરપૂર્તિ ન થાય. મહિમાથી લોકો ખેંચાય તો પણ તેમને સત્ય મળે ત્યારે જ મહિમા સિદ્ધ થાય. ભ્રમમાં પડે તો તે મહિમા નથી પણ આડંબર બની જાય.

જોધપુર (સૂર્યનગરી)માં શાસન-પ્રભાવના

પ. પૂ. તપસ્વી આ. ભ. શ્રી કમલરત્નસૂરીશ્વરજી મ. સા.ના શિષ્ય-પ્રશિષ્યરત્નો પ. પૂ. અનુયોગાચાર્ય દર્શનરત્નવિજયજી ગ., પ. પૂ. મુનિવર્ય શ્રી ભાવેશરત્નવિજયજી મ., પ. પૂ. પ્રશમરત્નવિજયજી મ. ની શુભ નિશ્રામાં દર રવિવારે જોધપુરમાં આધ્યાત્મિક જ્ઞાનસત્ર બાળકો માટે ચાલે છે. નવરતનમલજી નાહરે વ્યાખ્યાનમાં નિમ્ન સ્તુતિ ગાયેલ

પ્રથમ નમું અરિહંતને, બીજા ગણધર પાય,
પ્રેમ રામચંદ્રસૂરિ કમલરત્નને, નમું શીષ નમાય,
નમું દર્શનરત્નને ઔર ભાવેશ પ્રશમ મુનિરાય,
કહે 'નાહર નવરત્ન' યું નમતાં દુઃખ પલાય. ॥૧॥
ભગવતી સૂત્રની વાંચના, કરે દર્શનરત્ન પંન્યાસ,
પાંડુચરિત્રા ભાવેશરત્ન, સંભલાવે સોલ્લાસ,
સૂત્ર દોનો યે મહત્ત્વપૂર્ણ સુનિયે ચિત્ત લગાય,
સુણતાં સુણતાં ભવ ટલે, કહે 'નવરત્ન' હરખાય. ॥૨॥
બહુત મુનિ હૈ બહુત હી પાઠક, બહુત આચારાજ જાણ,
'નવરત્ન' ઉત્તમ હૈ, વે હી જો ભાખે શાસ્ત્ર પ્રમાણ. ॥૩॥
રત્નોકી બહાર હૈ, દેખો રત્ન હી રત્ન,
સૂરિ કમલરત્ન કે શિષ્ય હૈ પંન્યાસ દર્શનરત્ન,
ઇનકે શિષ્ય ભાવેશરત્ન, ભાઇ હૈ વિમલરત્ન,
ભાવેશરત્ન કે શિષ્ય હૈં, મુનિ પ્રશમરત્ન ॥૪॥
જિસ જગહ વે વિરાજતે, વહ ક્રિયાભવન ધર્મરત્ન,
સન્મુખ બૈઠે આપસભી, રત્નો કે હૈ રત્ન,
અલ્પમતિ અનભિજ્ઞ હું, મૈં ભી એક રત્ન,
આલોકરહિત નિસ્તેજ હું, કહે નાહર નવરત્ન. ॥૫॥

લઘુકથા :—

—: સામયસૂચકતા

—પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

એક શેઠ એક ગામમાંથી ઉઘરાણી લઇ આવતા હતા તેમની સાથે એક ઠગ પણ થઇ ગયેા. શેઠ સમજી ગયા કે, આ ઠગ છે અને મારી ઉઘરાણી પર તેની દાનત છે. છતાં ય અવસર જાણનાર શેઠે રસ્તામાં તેથી સાથે વાત–ચીત કરી અને બંન્ને જાણે ગાઢ મિત્રો હેાય તેમ ચાલવા લાગ્યા પણ બંન્નેના મનમાં વાત જુદી હતી. એકને રકમ બચાવવાની ભાવના હતી અને બીજાને બધું પડાવી લેવાની ભાવના હતી. એક ગામમાં આવ્યા. ત્યાં સાંજ પડી ગઇ. અને ગામના મુસાફરખાનામાં બન્નેએ રાત્રિ પસાર કરવાને. નિર્ણય કર્યો. બન્ને સૂઇ ગયા.

ઠગને પડાવી લેવાની ભાવના હતી તેથી ઊંઘ આવતી ન હતી અને પડખા ઘસતેા જ્યારે શેઠ તો ઘસઘસાટ ઊંઘતા હતા. નચિંત મને નિદ્રાદેવીના ખેાળે લાગી ગયા હતા. ઠગે જોયું કે, શેઠ હવે ભર ઊંઘમાં છે તેથી ઊઠયેા અને શેઠની પેાટલી વ. બધું જોઇ વળ્યેા પણ માલ મલ્યેા નહિ. તેથી વિચારે કે, શેઠે માલ ક્યાં મૂકયેા ! ઠાંઇ બહાર તેા ગયા નથી. પછી તે પણ સૂઈ ગયેા. પરોઢિયે તેની આંખ મલી ગઇ અને શેઠ જાગી ગયા તથા પેાતાની પેાટલીમાં પેાતાનેા માલ બરાબર તપાસતા હતા. તે જોઇ ઠગ પણ જાગી ગયેા અને પેાતાની ઓળખાણ આપી કહે, તમે તેા મને ય ઠગી લીધેા. તેા કઇ રીતે તે જણાવેા ?

ત્યારે શેઠે કહ્યું કે, તું મારી સાથે થયેા ત્યારથી જ હું તને જાણી ગયેા હતેા અને રાત્રિના મારી પેાટલી મારી પાસે જ હતી પણ તું જ્યારે લઘુ શંકા કરવા ગયેા ત્યારે મેં મારી માલની કિંમતી પેાટલી તારી પેાટલીમાં મૂકી દીધી અને હું નચિંત થઇને ઘસઘસાટ ઊંઘી ગયેા. મને ખાત્રી હતી કે તું બધું જોઈશ પણ તારી પેાટલી નહિ જૂએ તેથી મારેા માલ બચી જશે. સવારના તારી આંખ મીચાઇ ગઈ મેં તારી પેાટલીમાંથી મારી માલની કિંમતી પેાટલી કાઢી લીધી.

આના ઉપરથી એ બેાધ લેવેા છે કે, આજે પારકી પંચાતમાં આપણે આપણા આત્માને જ ભૂલી ગયા છીએ. બધા 'પર' ની મેાંકાણમાં એવા પડયા છે કે 'સ્વ'નું અસ્તિત્વ જ ભૂલી ગયા છે. અમીરેાનેા પણ અમીર એવા આત્માને પુદ્ગલના પ્રેમમાં આપણે રાંકનેા પણ રાંક બનાવી દીધેા છે. પૈસા–પ્રતિષ્ઠા–પદના મેાહમાં પડી આપણા સાચ સ્વરૂપને ભૂલી ગયા છીએ.

સમયની સાથે સૂર પૂરાવવો કે તાલ મીલાવવો તેનું નામ 'સમયજ્ઞ' નથી પણ સમયની સાથે રહીને પણ આપણા ધર્મને ન ભૂલવો, આપણે ધર્મમ સ્થિર રહી સર્વેને સદ્ધર્મમાં સ્થિર રાખવા તે જ સાચી સમયજ્ઞતા છે. સૌ સાચા સમયજ્ઞ બની સાચા આરાધક બનો પુદ્ગલ સંગ છોડી આત્મગુણોને પામો તે જ ભાવના.

卐

॥ શ્રીપ્રેમ–રામચંદ્રસૂરીશ્વરેભ્યો નમઃ ॥

પરમપૂજ્ય તપસ્વી આ. ભ. શ્રીમદ્ વિ. કમલરત્ન સૂ. મ. ની નિશ્રામાં

શ્રી પીંડવાડાથી પાલીતાણા છ'રી પાલિત પદયાત્રા સંઘ

સંઘપ્રયાણ–વિ. સં. મહા સુદ ૧૩ સોમવાર દિ. ૯-૧-૯૮ ને પીંડવાડાથી પ્રયાણ કરશે.

શુભનિશ્રા–ગચ્છાગ્રણી આ. ભ. શ્રી ૫. પૂ. સુદર્શન–રાજતિલક–મહોદય. સૂ. મ. ના શુભ આશીર્વાદથી ૫. પૂ. મેવાડ દેશોદ્ધારક આ. ભ. શ્રીમદ્ વિ. જિતેન્દ્ર સૂ. મ. સા.ના શિષ્યરત્ન ૫. પૂ. મરૂધરદેશે સદ્ધર્મ સંરક્ષક આ. ભ. **શ્રીમદ્ વિ. કમલરત્ન સૂ. સા.** પોતાના શિષ્ય–પ્રશિષ્યો ૫. પૂ. અનુયોગાચાર્ય **૫. પૂ. શ્રી દર્શનરત્ન વિ. મ. સા.**, ૫. પૂ. અનુયોગાચાર્ય **શ્રી વિમલરત્ન વિ. મ. સા.**, **૫. પૂ. મુનિરાજ શ્રી ભાવેશરત્ન વિ. મ. સા.**, **૫. પૂ. તરૂણરત્ન વિ. મ.**, **૫. પૂ. પ્રાજ્ઞરતિ વિ. મ.**, **૫. પૂ. પ્રશમરત્ન વિ. મ.**, **૫. પૂ. દાનરત્ન વિ. મ.** આદિ ૫૦ ઉપરાંત સાધુ–સાધ્વી ભગવંતોની નિશ્રામાં માહ સુદ ૧૩ ને પીંડવાડાથી પ્રયાણ કરી ઉંઝરાતીર્થ બામનવાડા, નાંદિયા, લોટાણા, જિરાવલા, શંખેશ્વર આદિ અનેક તીર્થોની છ'રી પાલિત યાત્રા કરતો પાલીતાણા તીર્થમાલ થશે. પ્રવેશ મેલવવા ઇચ્છનારે નીચે લખેલ સરનામેથી સ્વીકૃતિ મેલવવી.

પત્ર વ્યવહારનું સરનામું :
શા પુખરાજ કિસ્તુરચંદજી
પેલાવાસ, **પીંડવાડા**–૩૦૭૦૨૨
(રાજસ્થાન) સ્ટે. સિરોહી રોડ

લિ. **શા ધર્મચંદ, પુખરાજ, કિસ્તુરચંદજી, હંશરાજજી, જોગાતર**
પરિવારના સબહુમાન
જય જિનેન્દ્ર વંચનાજી...

તા.ક. : માહ વદ બીજી ૬ દિ. ૧૯–૧–૯૮ ના દિવસે કુમારિકા બેન ગિન્ની પ્રવીણજી સાંકલચંદજીની દીક્ષા ઉપરોકત પૂ. આ. ભ. શ્રી કમલરત્નસૂરીશ્વરજી મ. સા.ની નિશ્રામાં થશે.

OSHWAL ASSOCIATION OF THE U. K.

(Registered Charity-Charity Reg. No. 267037)

Cordially invites the whole Sangh to

The 'Bhoomi Poojan' (Ground Purification Ceremony) The 'Khannan Vidhe' (Groundbreaking Ceremoy) The 'Shilanyas' (Foundation Stone for the **Shree Mahabir Swami Jinalaya** at the Oshwal Centre

Jai Jinendra

With the blessings of Pujya Acharyadev Shree Jinedrasurishvarji Maharaj Saheb and Pujya Panys Shree Vajrasenvijayji Maharaj Saheb, the Oshwal Association of the U. K. is construcing an upulent home for Shree Mahavir Swami in the form of a Shikarbandhi Jinalaya at the Oshwal Centre which will be a special place of pilgrimage for all over the world.

The following programmes are scheduled to mark this historic occassion of the commencement of construction.

AUSPICIOUS PROGRAMME

Sunday 7-9-97	Sunday 14-9-97
8.00 Snatra Poojan	6.80 Sanatra Poojn
9.35 Bhoom Poojan followed by Khannan Vidhi	7.20 Shilanyas (Founation Stone Laying) Ceremony
11.30 Swami Vatsalya Bhojah (Lunch)	9.30 Jag Chintamani Poojan
2.00.onwards-Arhad Mahapoojan	2.00onwards Swami Vatsalya Beojan

Place : Oshwal Centre, Coopers Lane Road, Northaw, Herts EN6 4DG

You are all cordially invited to attend the above auspicious ceremonies

OTHER PROGRAMMES, ON THE ABOVE TWO DAYS, RELATED TO PARYUSHAN FESTIVAL

Sunday 7/9/97 : 11.35 a.m. Procession of the Tapasvis followed by 'Parna' (Breaking of Fast)

Sunday 14/9/97 : 12.39 p.m. Raising & Unveiling of the Flag at Oshwal Centre.

PLEASE COME AND GRACE THE AUSPICIOS OCCASSIONS WITH YOUR PRESENCE

: વિશેષાંક માટે તુરત લેખ મોકલો :

ફ જૈન શાસન વિશેષાંક ફ

નવા વર્ષના વિશેષાંક દિવાળી ઉપર પ્રગટ થશે.

જૈન ધર્મની પ્રાણી કથાઓ-વિશેષાંક

અંક પ્રગટ થશે કારતક સુદ ૧ શનિવાર તા. ૧–૧૧–૬૭

— તરત કથા લેખ મોકલો —

* **લેખ** : તા. ૧૧–૧૦–૬૭ સુધી મોકલી આપશો.
* **શુભેચ્છા** : તા. ૨૧–૧૦–૬૭ સુધી મોકલી શકાશે.

આ વિશેષાંક માટે લેખો વિ. મોકલી આપવા પૂ. આચાર્યદેવો આદિને વિનંતી છે. તથા શુભેચ્છકો આદિ તથા શુભેચ્છાઓ વિ. માટે પ્રયત્ન કરીને ખાસ મોકલવા સર્વે વાંચકો તથા માનદ પ્રચારકોને વિનંતી છે. તા. ૧–૧૦–૬૭ સુધી લેખો મળી જશે તો તે સચિત્ર બનાવવાની ધારણા છે.

આજીવન વિશેષાંક સૌજન્ય રૂા. ૧૧) હજાર
આજીવન ,, સહાયક રૂા. ૫) હજાર
આજીવન ,, શુભેચ્છક રૂા. ૧) હજાર

આમ આજીવન શુભેચ્છક બનતાં દર વર્ષે વિશેષાંકમાં શુભેચ્છા આવશે.

–: આ ચાલુ વાર્ષિક વિશેષાંક :–

વિશેષાંક શુભેચ્છક રૂા. ૧૦૦) પરદેશમાં શુભેચ્છક રૂા. ૩૦૦)
આજીવન સભ્ય રૂા. ૫૦૦) પરદેશમાં રૂા. ૬૦૦)

આ વિશેષાંકમાં શુભેચ્છા જાહેરાત એક પેજ ૧૦૦) અડધુ પેજ રૂા. ૫૦) ૧/૪ પેજ રૂા. ૩૦) ૧/૮ પેજ ૧૫)

* શ્રી જૈન શાસન કાર્યાલય *

C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર (સૌરાષ્ટ્ર)

દરેક સંઘ રૂા. ૧૦૦૦) ભરી કાયમી શુભેચ્છક બને. સંઘનું તથા પ્રેરકનું નામ દર વર્ષે વિશેષાંકમાં શુભેચ્છક તરીકે છપાશે કાયમ જૈનશાસન આવશે.

જે સંઘો કે ભાવિકો આજીવન સૌજન્ય, સહાયક કે શુભેચ્છક બન્યા છે તેમને હવે રકમ ભરવાની રહેતી નથી.

સમેતશિખર વિવાદ અંગે દસ્તાવેજી પુરાવાઓ પ્રસ્તુત કરવા જોઈએ

જૈનોના પવિત્ર તીર્થ સમેતશિખર તીર્થ અંગે બિહારની રાંચીની વડી અદાલતે આપેલા ચુકાદા સામે તા. ૩૦ મી જુલાઇ સુધીમાં હવે બે દિવસમાં જ બે ન્યાય-મૂર્તિઓની ખંડપીઠ સમક્ષ અરજી કરવાની રહેશે અને શ્વેતાંબર જૈનોએ અગાઉના ચુકાદા સામે મનાઇ હુકમ મેળવવાનો રહેશે. નહીતર વડી અદાલતના ચુકાદા મુજબ સમેતશિખરનું તીર્થ શ્વેતાંબર જૈનો પાસેથી નીકળી જશે ને તેના પર બિહાર સરકાર માલિકી હક્ક ભોગવશે તેમજ તેના વહીવટ માટે અદાલતના ચુકાદા મુજબ શ્વેતાંબર અને દિગંબરોના સરખા પ્રમાણમાં પ્રતિનિધિઓની સમિતિ બનાવવાની રહેશે એમ ગુજરાત વડી અદાલતના નિવૃત્ત ન્યાયમૂર્તિ અને આવા કેટલાંક તીર્થસ્થાનોના દાવા લડી ચૂકેલા શ્રી સાંકળચંદ શેઠે જણાવ્યું હતું.

ચૂકાદા સામે મનાઇ હુકમ મેળવવો જ જોઇએ : શ્રી સાંકળચંદ શેઠ

ગત ૧૫ મી જૂલાઇએ બિહારની વડી અદાલતે શ્વેતાંબર જૈનો વિરૂદ્ધ આપેલા ૧૩૨ પાનાના ચુકાદાનો ઝીણવટભર્યો અભ્યાસ કર્યા બાદ શ્રી શેઠે જણાવ્યું હતું કે આગળ ઉપર જણાવ્યા મુજબ બિહારની વડી અદાલતમાં અપીલ કરવાથી મનાઇ હુકમ મળશે, તો કરીને મનાઇ હુકમ મુજબ શ્વેતાંબર જૈનો પાસે આ ખંડપીઠનો ચુકાદો આવે નહિ ત્યાં સુધી વહીવટ રહેશે.

શ્રી શેઠે જણાવ્યું હતું કે છેક ૧૯૧૦ થી લઇને છેલ્લા ૮૭ વર્ષ સુધી આ તીર્થનો વિવાદ ચાલી રહ્યો છે. તેમાં અનેક દસ્તાવેજી પુરાવાઓ શ્વેતાંબર જૈનોની તરફેણમાં હોવા છતાં સાવ ક્ષુલ્લક કારણોસર શ્વેતાંબરો આ કેસ હારી ગયા છે. આથી લાખ્ખો શ્વેતાંબરોને આઘાત પહોંચ્યો છે તેમણે વધુ ઉમેરતાં જણાવ્યું હતું કે શ્વેતાંબરોમાં ખળભળાટ મચાવી દેનાર આ ચુકાદાની સામે મનાઇ હુકમ માટે અરજી કરવાની વિચારણાર્થે દેશભરના કેટલાક વકીલોનો અને મુખ્ય સહિતના કેટલાક જૈન આગેવાનોની એક બેઠક દિલ્હીમાં મળેલી જેમાં હું હાજર હતો આ બેઠકમાં ઉપરોક્ત ચુકાદાની સમીક્ષા કરી કોઇપણ સંજોગોમાં મનાઇ હુકમ મેળવી સમેત શિખર તીર્થનો વહીવટ શ્વેતાંબરના હાથમાં રહે તે અંગે વિચારણા કરવામાં આવી હતી. શ્રી શેઠે કહ્યું હતું કે ૧૯૧૦, ૧૯૧૨ અને ૧૯૧૮ માં ખાલગંજના મહારાજાએ શેઠ શ્રી કસ્તુરભાઇ મણિભાઇ

શેઠને આ પવિત્ર તીર્થ આપ્યું હતું ને તે અંગેના કરારો કર્યા હતાં. ૧૯૩૩ માં અંગ્રેજ સરકાર વખતે લંડનની પી. વી. કાઉન્સીલે શ્વેતાંબરની તરફેણમાં ચૂકાદો આપ્યો હતો તથા ૧૯૬૫ માં બિહાર સરકારે શ્વેતાંબરની તરફેણમાં કરાર કર્યા હતાં તેમ છતાં નજીવા કારણસર એને આણંદજી કલ્યાણજી પેઢીને ટ્રસ્ટના બદલે વેપારી પેઢી ગણીને આ ચુકાદો આપ્યો હતો. **શ્વેતાંબર જૈન સમાજ તરફથી રાંચીની અદાલતમાં ૧૯૬૫ માં બિહાર સરકારે કરેલા કરારને આધાર રાખીને દાવાની દલીલ કરવામાં આવી હતી. આથી દાવો હારી ગયા હતાં. ૧૯૩૩ ના પીવી કાઉન્સિલના ચુકાદાને આધારિત દાવો કરાયો હોત તો હારી ગયા ના હોત એમ શ્રી શેઠે જણાવ્યું હતું.** ૧૯૯૦ માં ગિરીડીહની અદાલતે પણ દેલવાડા ચુકાદો શ્વેતાંબરોની તરફેણમાં આપ્યો હતો.

શ્રી શેઠે એવા અનેક કાયદાઓ અને ભારત સરકારે બહાર પાડેલા જાહેરનામાઓ જેમાં ભારત સ્વતંત્ર થયું ત્યારે ૧૫ મી ઓગષ્ટે ૧૯૪૭ ની સ્થિતિ કાયમ રાખવા અંગેની વિગતો જણાવી હતી.

અંતમાં તેમણે જણાવ્યું હતું કે આ તીર્થના ચુકાદા સામે હવે મનાઈ હુકમ મેળવવો જ પડશે. (ગુ. સ. તા. ૨૦–૭–૯૭.)

: શાસન સમાચાર :

અગાશી તીર્થ–અત્રે પૂ. ગ. આ. ભ. મહોદય સૂ. મ. સા. ની આજ્ઞાથી પૂ. મુ. મુક્તિધન વિ. મ. પૂ. મુ. પુન્યધન વિ. મ. તથા પૂ. સા મનહંસનાશ્રીજી આદિ ઠાણા અત્રે અષાઢ સુ.– ૬ નો ચાતુર્માસનો શુભ જ ધામધૂમ પૂર્વક પ્રવેશ થયેલ. ૧૧ રા'નું સંઘ પૂ. તથા બધાની નવકારશી થયેલ. રોજ વ્યાખ્યાન માં લોકો સુંદર લાભ લે છે અને દરરોજ સંઘ પૂજન થાય છે. રવિવારે સવારે વાચના શ્રેણી ચાલે છે. બપોરે જાહેર પ્રવચન તથા જુદા જુદા અનુષ્ઠાનો થઇ રહ્યા છે. અષાઢ સુ. ૧૪ થી સાંઠણી અઠ્ઠાઇ, સાંઠણી અઠમ, રોજ આયંબીલ તથા શત્રુંજયતપ ૨૯ દિવસ નો ચાલી રહ્યો છે. બધાના બેસણા અહિં થાય છે. માસ ક્ષમણની તપશ્ચર્યા પણ ચાલુ છે. પૂ. ગ. આ. ભ. વિ. રામચન્દ્ર સૂ. મ. ની ૬ ટ્ઠી પુન્ય તિથિ પ્રસંગે સવારે વરઘોડો, ગુરૂ ગુણ સ્તુતિ ગુણાનુવાદની સભા અને ૧૯૯ આયંબીલ તથા બપોરે ભવ્ય ગોઠવણ સાથે નવપદની પૂજા પ્રભુજીને ભવ્ય અંગરચના થયેલ તથા પૂ. આ. ભ. વિબુધપ્રભ સૂ. મ. તથા પૂ. પંન્યાસ ભદ્રાનંદ વિ. મ. ની તથા પૂ. સા. મનોરંજનાશ્રીજી તથા પૂ. સા. કીર્તિમાલા શ્રીજીની બધાની પુન્ય તિથિ નિમિત્તો ૯ દિવસનો મહોત્સવ શ્રી સિધ્ધચક્ર પુજન તથા ૪૫ આગમની રચના ડેકોરેશન સાથે થયેલ છે. ઘણા વર્ષો બાદ અત્રે ચાતુર્માસ થાય છે.

મહાભારતનાં પ્રસંગો

[પ્રકરણ-૧૩]

—શ્રી રાજુભાઇ પંડિત

(૧૩) દમયંતી જ્યારે કનકવતી બને છે...

પેઢાલ નગરી... હરિશ્ચંદ્ર રાજા... કનકવતી રાજપુત્રી... પુત્રીના જન્મ સમયે દેવલોકમાંથી. કુબેર દેવરાજે ખુદ પૂર્વભવના પતિ–પત્નીના સંબંધથી આકર્ષાઇને રાજા હરિશ્ચંદ્રના રાજભવનમાં સુવર્ણની વૃષ્ટિ કરી હતી. અને તેથી જ રાજપુત્રીનું નામ કનકવતી રાખવામાં આવ્યું હતું.

ધાવમાતાઓથી લાલન–પાલન કરાતી કનકવતી બાળપણ પસાર કરી યુવાવસ્થાને પામી. રૂપ-લાવણ્ય–શરીર સૌષ્ઠવની અપ્રતિમ મૂર્તિ સમી લાડકોડથી ઉછેરાયેલી રાજપુત્રી પોતાના મનપસંદ પતિને પરણે તે માટે રાજા હરિશ્ચંદ્રે સ્વયંવર રચ્યો છે.

રોહિણીના સ્વયંવર સમયે યુદ્ધમાં સામ સામે આવી ચડેલા રાજા સમુદ્રવિજય અને વસુદેવ બંને સૌ કોઇ વર્ષો પછી પાછા ભેગા થઈ જતા આનંદ–આનંદ છવાઇ ગયો હતો. આ રોહિણીના સ્વયંવર પ્રસંગ પૂર્વે રાજકુમાર વસુદેવ દેશ–પરદેશમાં ફરતા ફરતા એક વખત આ કનકવતી રાજકુમારીને પરણવા માટે સ્વયંવરમાં આવી ચડ્યા છે.

સવારના સમયે કુમાર વસુદેવ હજી તો શ્રી જિનમંદિરમાં દર્શન કરીને બહાર આવ્યા ત્યાં જ આકાશમાંથી અત્યંત સુરમ્ય શોભાવાળા એક દિવ્ય ચમકારા વેરતા વિમાનને નીચે ઉતરતું જોયું.

કુમાર વસુદેવે કોઇ દેવને પૂછ્યું–'આ કોનું વિમાન છે?' દેવે કહ્યું–ખુદ કુબેરનું વિમાન છે. અને તે કનકવતીના સ્વયંવરને જોવા માટે આવ્યા છે.

કુમાર વસુદેવે વિચાર્યું–આ કનકવતી ધન્ય છે, જેના સ્વયંવરને જોવા ખુદ વૈશ્રવણ પોતે આવ્યા છે.' વૈશ્રવણે ત્યાં જિનાલયમાં પ્રભુપૂજનાદિ કર્યા પછી પાછા વિમાનમાં બેઠા ત્યાં જ તેમની નજર દેદીપ્યમાન વેશભૂષાધારી રાજકુમાર વસુદેવ ઉપર પડી. વસુદેવની આકૃતિથી આકર્ષાઇને ધનદ–વૈશ્રવણે આંગળીના ઇશારાથી વસુદેવને પોતાની પાસે બોલાવ્યો. 'આપની શી આજ્ઞા કરૂં'' આટલું હાથ જોડીને બોલતા વસુદેવને વૈશ્રવણે કહ્યું મારૂં એક દૂત જેવું કામ કર, કુમાર! આ નગરીના રાજા હરિશ્ચંદ્રની રાજપુત્રી કનકવતીને જઇને કહે કે દેવરાજ ઇન્દ્રનો ઉત્તર દિકપતિ વૈશ્રવણ તને પરણવા ઇચ્છે છે. તું માનુની–નરલોકની નારી હોવા છતાં પણ મને પરણીને દેવી બન.' આટલો

મારો સંદેશો હે કુમાર ! મારી વાણીથી અસ્ખલિત રીતે કોઇનાથી અવરોધાયા વગર જઇને તું કનકવતીને કહે.'

વસુદેવ કે જે કનકવતીને ખુદ પોતે જ પરણવા આવ્યા હતા તેને વૈશ્રવણના દૂત બનીને કનકવતી પાસે જવાનો સમય આવ્યો. કુમાર વસુદેવે તરત જ પોતાના આવાસે જઈ દિવ્યાલંકારો–વસ્ત્રો ઉતારીને દૂતને ઉચિત મેલા વસ્ત્રો પહેરી કનકવતી તરફ જવા માંડયું.

વૈશ્રવણે સુંદર વસ્ત્રો તજી મલિન વસ્ત્રો પહેરવાનું કારણ પૂછતા વસુદેવે કહ્યું– દૂતને સારા/નરસા વસ્ત્રોના અભરખા કેવા ? દૂતને તો વાણી એજ આભૂષણ છે અને તે મારી પાસે છે.

કુમાર વસુદેવ કોઇના દૂત/પ્રતિહારીથી અટકયા વગર અદૃશ્ય પુરૂષની જેમ રાજા હરિશ્ચંદ્રના રાજભવનમાં આવી ગયો.

સાત–સાત માળના દેદીપ્યમાન દિવ્ય મણિ–રત્નોથી ઝળહળતા રાજભવનના એક પછી એક કક્ષોને વટાવતો કુમાર આખરે સાતમા કક્ષમાં આવી ગયો. અહીં દેવતાઇ કલ્પવૃક્ષો જેવા દિવ્ય વેષધારી તો ત્યાં દાસીઓ હતી. એક દાસને પૂછતા ખબર પડી કે કનકવતી અહીં નથી. પ્રમદવન નામના સાતભૂમિના મહેલમાં છે. કુમાર ત્યાંથી પ્રમદવન ભવનમાં ગયો. સાતમા કક્ષમાં દેદીપ્યમાન વસ્ત્રાલંકાર/આભૂષણોથી ઝળહળ થતી રૂપસૌંદર્યની મૂર્તિ સમી કનકવતીને જોઇ. અને તેની નજીક ગયો.

કનકવતીની નજર યદુવંશ વારસ મલિન વસ્ત્રધર વસુદેવ ઉપર પડી.. અને તે કોઇકે ચિત્રપટ ઉપર દોરીને આપેલ આ વસુદેવને ઓળખી જતાં જ તરત જ ઉભી થઇ અને વસુદેવને પ્રણામ કરતી કહેવા લાગી–તમે જ મારા પતિ છે.!'

વસુદેવે કહ્યું–હું તો સેવક છું. જે તને અનુરૂપ છે તેને તું પ્રણામ કર. હું તો સેવક છું સેવક.

કનકવતી બોલી–દેવતાએ તથા ચિત્રમાં કહેલ વસુદેવ તું જ છે. તું જ મારો પતિ છે.

વસુદેવે કહ્યું–તે દેવતાએ કહેલ તારા પતિનો હું સેવક છું. સાંભળ સુંદરી ! દેવરાજ ઇન્દ્રનો ઉત્તર દિગ્પાલ વિશ્રવવિશ્રુત વૈશ્રવણ તારો પતિ છે અને હું તેનો સેવક છું. તે શક્રના સામાનિક વૈશ્રવણની તું પત્ની થા.' દેવીની વાણી નહિ માનવાથી તું પણ દવદંતી=દમયંતીની જેમ દુઃખ પામીશ. (વસુદેવને કે કનકવતીને ક્યાં ખબર છે કે કનકવતી પૂર્વભવની દમયંતી અને કુબેર નળરાજા છે.)

કનકવતી બોલી–વૈશ્રવણ પૂર્વભવના ભલે મારા પતિ હતા. પણ અત્યારે તો હું

મનુષ્ય ક્રીડા જેવી છું. ક્યાં તે દિવ્ય શરીરધારી વૈશ્રવણ અને ક્યાં હું અશુચિના કીડા જેવી માનુષ નારી. અમારા બે નો સંગમ શક્ય જ નથી.

કનકવતીએ કહ્યું યદુવારસ કુમાર ! જઈને વૈશ્રવણને કહે કે હું અશુચિમય શરીરવાળી તમારા દર્શનને પણ લાયક નથી. તમે અમૃતના જમનારા પ્રતિમા કરીને મારે માટે અપ્રાપ્ય છો. તીર્થંકરોની વાણી છે કે-સુંદર સર્જેલા મનુષ્યના શરીરના દુર્ગંધને દેવો જ પણ દેવો સાંખી શકતા નથી. કૃતના બહાને હે કુમાર ! તું જ મારો પતિ છે.

કનકવતીનો સંદેશો લઈ પાછા ફરેલા વસુદેવની એકાંતવાસમાં લાવણ્યની તરતી અંગના તરફના નિર્વિકાર દશાની વૈશ્રવણે દેવો આગળ પ્રશંસા કરી...અને હર્ષપૂર્વક કુબેરે વસુદેવને દિવ્ય વેશભૂષા કડા-કુંડલ-હાર-કટિસૂત્રાદિ આપ્યા. તે શરીર ઉપર ધારણ કરત વસુદેવ પણ વૈશ્રવણ જેવો દેખાવા લાગ્યો.

હવે સ્વયંવરનો સમય થતા વૈશ્રવણ-વસુદેવ તથા દેશ-દેશના રાજાઓ આવી પહોંચ્યા અને યોગ્ય સ્થાને બિરાજમાન થયા.

હાથ જાલીને દાસીએ રાજાઓ-રાજપુત્રોને ઓળખાવા માંડયા. પણ ક્યાંય વસુદેવ દેખાયા નહિ. આથી દુઃખી દુઃખી થઇ ગયેલી કનકવતીએ દાસીને કહ્યું-મારો ઇષ્ટ પતિ અહીં દેખાતો નથી. હે હૃદય ! તું ચિરાઇ જા.

એવ માં એકાએક કુબેરને જોતાં જ કનકવતી પ્રણામ કરતા બોલી-કે હે દેવ ! હું તમારી પૂર્વજન્મની દેવભવની દેવાંગના પત્ની હતી. એ પૂર્વભવના સંબંધના સંસ્મરણોથી મારા મશ્કરી ના કરો. આપણો સંગમ શક્ય નથી. મેં પસંદ કરેલા મારા પતિને તમે સંતાડી દીધો છે. આવું ના કરો દેવ !'

આથી હસીને વૈશ્રવણે વસુદેવને આપેલી વીંટી પાછી માંગી લેતા તેના તેજથી ઢંકાઇ ગયેલ વસુદેવ દૃષ્ટિ ગોચર થયા અને તરત જ કનકવતીએ વસુદેવના કંઠમાં સ્વયંવરમાળા નાંખી અને આકાશમાં દેવ દુંદુભિના નાદ રેલાવા માંડયા.

વસુદેવ-કનકવતીનો લગ્નોત્સવ ધામધુમપૂર્વક ઊજવાઈ ગયો. લગ્નોત્સવ પછી અંજલિ જોડીને વસુદેવે વૈશ્રવણને પૂછ્યું. હે દેવ ! આપ આ કનકવતીના સ્વયંવર પ્રસંગે શા માટે પધાર્યા હતા ?

આનો જવાબ આપવા વૈશ્રવણે પોતાનો નળ-દમયંતીનો પૂર્વભવનો સંબંધ કહેવા માંડયો. પૂર્વભવમાં કનકવતી દમયંતી હતી અને વૈશ્રવણ નળરાજા હતા. ત્યાંથી દેવલોકમાં દમયંતી વૈશ્રવણ બનેલા નળરાજાની દેવાંગના બની હતી. અને અત્યારે તે કનકવતીના રૂપમાં પૂર્વભવની દેવપત્ની તથા દમયંતીના સ્વયંવર પ્રસંગે વૈશ્રવણ પોતે તે પ્રસંગ નિહાળવા આવ્યા હતા. આવું જાણ્યા પછી નળ-દમયંતીના પૂર્વભવની વૈશ્રવણ કુબેર જે કથા કહી હતી તે આ પ્રમાણે હતી.

(આવતા અંકથી નળદમયંતી પૂર્વભવ પ્રસંગો આવશે.) (ક્રમશઃ)

પરમાત્માની પ્રિય વાણી —શાહ સતિલાલ ડી. ગુદકા–લંડન

મુક્તિ મેળવવા–સંયમ–તપ–ધ્યાન અને યોગથી પૂર્વ કર્મોનો ક્ષય કરી સર્વ દુઃખોથી રહિ એવા સંતપુરૂષોએ મોક્ષને મેળવેલ છે. ને તે માર્ગ પણ આપણને પોકારીને બતાવી રહ્યા છે.

સંપૂર્ણ જ્ઞાનના પ્રકાશથી અજ્ઞાન એ અંધકાર છે તેને દૂર કરવાથી અને મોહ-માયાના ત્યાગથી અને વળી રાગદ્વેષના ક્ષયથી કેતા એના વમનથી એકાંત અને શાંતિકારી અક્ષયપદ એવું મોક્ષપદ પામી શકાય છે. તેમાં તત્પર રહેવું તો જ બની શકે છે.

સમુદ્ર સમાન ગંભીર. શાંત સરળ બુદ્ધિથી પરાભવ કદી નહિ પામનારા કષ્ટો સંકટોથી ત્રાસી નહી જનારા કામભોગમાં અનાશકત–શ્રુતથી પરિપૂર્ણ અને જગતના પ્રાણીઓના રક્ષક મહાન આત્માઓ–મહાપુરૂષો કર્મરૂપી જે કલેશ છે તેનો નાશ કરીને મોક્ષગતિને પામ્યા છે.

વળી શાસ્ત્રોમાં વર્ણન યોકબંધ આવે છે કે–આ લોક અને પરલોક બંનેમાં જેને કોઇ જાતનો બંધન નથી (રાગ નથી) તથા જે બધા પદાર્થોની આશંસાથી રહિત નિરાલંબ અને જેમનો કોઇ જાતનો (પ્રતિબંધ નથી) અપ્રતિબદ્ધ છે તે માર્ગમાં આવવા જવાથી મુક્તિ મેળવી લીએ છે. તેની મુક્તિ થાય છે.

ભોગો સંસારમાં રઝળાવે છે. તેમ ભોગી સંસારમાં ભમે છે ભોગો એ આત્માના મોટા રોગો છે. કર્મ છે ભોગમુકત સંસારથી મુક્તિ મેળવી શકાય છે. (ભોગ ગુમડા જેવું કર્મ છે).

શાસ્ત્રમાં વર્ણન આવે છે કે જેએઓ કામ ગુણને તપના તેજમાં એ ગાળી નાખે છે તેઓ ખરેખર કંચન જેવા શુદ્ધ મુકત બને છે કેતા સોના જેવું શુદ્ધ આત્મા તેમનો બને છે. એક વાત તો સો ટકા નકી જ છે કે કરેલા કર્મો ભોગવ્યા વિના મુક્તિ નથી. (અંત નથી).

જ્ઞાન દર્શન (તત્વરૂચિ) ચરિત્ર (સંયમ અને તપ) આ ચાર મહાન તત્વાર્થો છે અને એ ચાર તત્વો જેના જીવનમાં રમી રહ્યા છે તે આત્માઓ અવશ્ય મુક્તિ પામે છે.

સમ્યગ્દર્શન વિના, સમ્યગ્જ્ઞાન ન હોય અને સમ્યગ્જ્ઞાન વિના સમ્યગ્ચારિત્રના ગુણો ન આવે (ન હોય) અને ચારિત્રના ગુણો વિના મુક્તિ કોઇ કાળે મળે નહિ. તો પછી કર્મથી છૂટકારો મલ્યા વિના નિર્વાણ ગતિ મોક્ષગતિની પ્રાપ્તિ અશક્ય છે.

જ્ઞાનીઓએ ઉપમા આપી છે કે–શરીર એ નાવ સમાન છે. સંસાર સમુદ્ર છે.

અને જીવ એ (ડ્રાઈવર) નાવિક છે. સંતપુરૂષો, મહર્ષિઓ સમુદ્રને નાનુરૂપી શરીર દ્વારા તરી જાય છે–તરી ગયા છે.

ઘણીવાર વિચાર માંગે કે ઘર બળતું હોય ત્યારે આપણે કે જે ઘરનો માલિક પહેલાં તો એ તુચ્છ વસ્તુને છોડીને પહેલા ઉત્તમ અને મૂલ્યવાન વસ્તુ જ ઉપાડી લેવા તત્પર બને છે તો સમજો કે આપણો આ સંસાર સમસ્ત બાજુ જરા અને મરણથી બળી રહ્યો છે તો આવા સમયે આપણે શાણપણું વાપરી તુચ્છ એવા કામભોગોને તજી આત્માને ઉગારી લેવો એજ સાર છે એજ ડહાપણ છે. જેમ કહેવત છે ને–જીવતો નર ભદ્રાને પામે. તેમ પહેલા–સાર શોધવી જરૂરી છે.

આપણી સંસારીઓની કામનાનો પાર નથી. કાંકરામાં કમોઢ શોધવાનો પ્રયત્ન કરીએ તો નિરર્થક છે જેમ ચાળણીમાં પાણી ભરવાનો પ્રયાસ એતો અનુચિત જ છે.

જેના પર આપણે મુગ્ધ બની ગયા છીએ. આપણો આત્મા કાચના ટુકડા ઉપર ઉપર મોહિત બન્યો છે. તે જીવન અને રૂપ એ બધું કાચના ટુકડાના ચમકારા જેવું ચપળ છે (ચંચળ છે).

સ્ત્રી–પુત્રો–મિત્રો–ભાઇ–બંધુઓ કે સગાઓ આ બધા સ્વાર્થમાં સગા છે જીવતા ને જ અનુસરી તેમાં હકદાર બને છે (મરણ પછી) મરણ થયા પછી કોઈ બાજુમાં ઉભું પણ રહેતું નથી.

સગ વ્હાલાં ધન દોલત પરિવાર–અરે પ્રાણથી અધિક પત્નિ પરિવાર એ બધું અહીં રહી જાય છે. અને (જીવે) આપણે કરેલા શુભ કે અશુભ કર્મ જ તેની સાથે જાય છે (આત્મા સાથે).

સ્ત્રી–પુત્રો–પૌત્રો–માતા પિતા ભાઇઓ અને પુત્રવધુઓ કે કોઇપણને પોતાના કર્મથી પીડાતા એવા–હે આત્મન્ તને શરણ આપવા માટે કોઈ સમર્થ નથી. કોઇની તાકાત નથી શરણ બને.

જીવ માત્રને–રાજા હો યા રંક દેવ દાનવને કરેકને પોતાના સુખ દુઃખ જાતે જ ભોગવવા પડે છે. જીવન ધર્મની જરૂર પહેલાં છે. પડતાને બચાવે તે ધર્મ.

જરા અને મરણથી–એટલે કે જરા અને મરણ રૂપી વેગથી સંસારના જીવો (પ્રાણીઓ) તણાઇ રહ્યા છે તેને શરણ–સ્થાન–ગતિ અને જો કોઇપણ આધાર રૂપ હોય તો એક જ ધર્મ છે.

જેમકે–સંસારી જીવડો (આપણો આત્મા) એક મુસાફીર છે અને જે મુસાફીર લાંબા માર્ગમાં ભાતું લીધા વિના પ્રયાણ કરે છે તે રસ્તે જતા ભુખ અને તૃષાથી ખૂબ

પીડાય છે અને દુઃખી થાય છે. એજ પ્રમાણે આપણે પરભવની લાંબી મુસાફરી કરવી છે. ભવાંતરમાં જવા માટે તે જ પ્રમાણે જે મનુષ્ય ધર્મને આચર્યા વિના. વ્રત–દેહ–નિયમ–નિતી વિના પરલોકમાં જાઇએ તો ત્યાં જઇને અનેક પ્રકારના રોગો. કષ્ટો અને ઉપાધીઓથી પીડાવું પડે છે.

અધર્મને અંગીકાર કરીને એટલે અંધકારમાં જેમ મનુષ્ય જ્યાં ત્યાં અથડાય છે એમ અધર્મથી મનુષ્ય જીવનની જેમ મરણના મોઢા આગળ ગયેલો પાપી માણસ જાણે તેની જીવન ઘોંસરી ભાંગી ગઇ ના હોય તેમ શોક સંતાપ કરે છે. ઝુરયા કરે છે.

જેમ ગયેલો વખત પાછો આવતો નથી. ગયા પ્રાણ પાછા આવતા નથી. અને જે જે રાત્રિ દિવસ જાય છે તે પાછા ફરતા નથી. પણ સદ્ધર્મના આચરનારને તે જરૂર સફલ થાય છે.

ધરમ એ પરમ મંગલ છે. અહિંસા સંયમ અને તપરૂપી ધર્મમાં જે રકત રહે છે તેને દેવો પણ નમસ્કાર કરે છે.

—: શાસન સમાચાર :—

વડોદરા–અલકાપુરી–જૈન શાસનના જગપ્રસિદ્ધ જ્યોતિર્ધર પૂ. પાદ આ.દેવ વિ. રામચંદ્ર સૂ. મ.ની ષષ્ઠ સ્વર્ગારોહણ તિથિ નિમિતે તેઓશ્રીના શિષ્યરત્નો પૂ. મુનિ શ્રી મોક્ષરતિ વિ. મ. અને પૂ. મુનિ શ્રી તત્ત્વદર્શન વિ. મ. ની પાવન નિશ્રામાં શ્રી અલકાપુરી જૈન સંઘના ઉપક્રમે વડોદરામાં ત્રિ–દિનિક ભવ્ય જિનભકિત મહોત્સવ ઉજવીયો અષાઢ વદ ચૌદશે ભવ્ય ગુણાનુવાદ સભામાં ગુણાનુવાદ અને નવાંગ ગુરૂપૂજન થયા બાદ સૌને પૂ.શ્રીજી સુરમ્ય પ્રતિકૃતિ ધરાવતો ૧૦ ગ્રામનો ચાંદીનો સિકકો અને શ્રીફળ પ્રભાવના વડોદરા શહેરના ગુરૂભકતો તરફથી કરવામાં આવી હતી. અષાઢ અમાશે ભવ્ય વરઘોડો ગુણાનુવાદ સ્વામી વાત્સલ્ય અને શ્રી શાંતીસ્નાત્ર રંગેચંગે યોજાયેલ મહોત્સવ શ્રી અલકાપુરી જૈન સંઘ તરફથી ઉજવાયો હતો. મહોત્સવમાં સાણ દિવસ સદ્ગત પૂ.શ્રીના ગુણાનુવાદના ગંગામાં સ્નાન કરીને સૌએ અપૂર્વ અને ચિર–સ્મરણીય અનુભૂતિ માણી હતી. શ્રી સંઘના ઉપક્રમે આ યોજાયેલ ૯-૦૦ થી ૧૨–૦૦ રવિવારીય પ્રવચનો ચાતુર્માસનું આકર્ષણ બન્યા છે.

પટણા–બાકર ગંજમાં પૂ. આ. શ્રી પ્રભાકર સૂ. મ. ની નિશ્રામ શ્રાવણ સુદ ૮ ના પાર્શ્વનાથ જન્મ દિને અત્રે દેવદ્રવ્યની રકમ જે વપરાઇ ગઇ તે અંગે ઉપદેશ આપતા સારો પ્રતિભાવ પડયો હતો.

ખોટું ન લગાડતા હો ને !

શાસ્ત્રપાઠ તો તારે આપાવનો મારે નહિ, સમજ્યો.

– ભદ્રંભદ્ર

આવતી કાલે મને મારો એક મિત્ર મલી ગયો મને પૂછ્યું કેમ ક્યાં જઇ આવ્યા ' મેં કીધુ. આ ફોન કરવા ગ્યો' તો. પછી મેં મારી ફોન સપ્તાહ સંભળાવી. પેલા મહાપુરૂષોને જેમ વાતે વાતે "સંસારના સુખો માટે ધર્મ થાય" આવું અશાસ્ત્રીય કહેવાની આદત છે ને, તે જ રીતે. મારી ફોન સપ્તાહ શરૂ કરી મેં.

આપણે બહારગામ ફોન કરવાનો હોય ને તો લોકલ પી. સી. ઓ. કરતા જ નથી. આપણે લોકલ થોડા છીએ. એસ. ટી. ડી. જ કરૂ હું તો ભલે ને પછી લોકલ કરતાં ચાર્જ વધુ થાય. ટ્રેનમાં ય લોકલ ડબ્બામાં નથી બેસતો ને ફોન લોકલમાંથી કરૂ એ ય પાછો બહારગામનો ફોન ? ન ભૂતો ન ભવિષ્યતિ.

તમે કદાચ કહેશો કે-'આમે ય બહારગામ કરવાનો હોય તો ફોન એસ. ટી. ડી. ઉપર જ થઇ શકે. લોકલમાંથી થાય જ નહિ.' પણ હું તમને પુછુ છું કે એ માટે તમારી પાસે કોઇ શાસ્ત્રપાઠ છે ખરો ? તમે મને પૂછશો કે- તમારા સિદ્ધાંત માટે તમારી પાસે કોઈ શાસ્ત્રપાઠ છે ખરો ? તો હું કહુ છું કે- તમને શાસ્ત્રપાઠ આપવાની જરૂર જ નથી. તમે મારો વિરોધ કરો છો એટલે તમારે જ શાસ્ત્રપાઠ આપવો પડશે. શાસ્ત્રપાઠ ન હોય તો વિરોધ ના કરશો અમે જે કંઇ કરીએ તે અંગેનો અમારી પાસે શાસ્ત્રપાઠ છે કે નહિ તે તમારે જોવાની જરૂર નથી.

મેં આટલું કીધુ ત્યાં તો મારો તે શાસ્ત્રીય મિત્ર ધીરે રહીને મને કહે કે– 'ભદ્રંભદ્રજી ! તો તો આપણે સંમેલનનો વિરોધ કર્યો તે ખોટુ કર્યું ને ? તે લોકો તેમના વિધાનો ! કરાવો અંગે શાસ્ત્રપાઠ નો' તા આપતા અને વિરોધી એવા આપણી પાસે માગ્યા કરતા હતા ત્યારે આપણે કહેતા હતા કે શાસ્ત્રપાઠ હાજર કરવાની ખરી અને પહેલી ફરજ તમારી છે. વિરોધ કરનારની નહિ.'

સાલુ મને થયુ તો ખરૂ કે– આ નંગ ને બધુ યાદ પણ છે. અને આ નંગની વાત કંઇ ખોટી પણ નથી. કેમ કે હું કોઇપણ પ્રવૃત્તિ કરૂ તે શાસ્ત્રીય છે કે અશાસ્ત્રીય તે સાબિત કરવાની પહેલી ફરજ તો મારી છે વિરોધ કરનારની તો પછી છે. હું જો કે મારા શાસ્ત્રીય–મિત્રની આખી વાત બરાબર સાચી છે તે રીતે સમજી તો ગયો પણ હવે મોટે ઉપાડે કીધેલું કે 'શાસ્ત્રપાઠ વિરોધ કરનાર આપે.' એટલે હવે પીછેહઠ કરવામાં, એય પાછા આવા બહુ શાસ્ત્રો નહિ ભણેલા નંગ જેવા મિત્ર આગળ પીછેહઠ કરવામાં સાલુ સ્વમાન ઘાયલ થતુ હતુ. માનભંગના પ્રશ્નને અગ્રેસર

બનાવીને સાચુ સમજી ગયેલો હતો છતાં ય એક નંગ જેવા આગળ હાર કબૂલવી ના પડે એ જ શુભ નહિ પણ શુદ્ધ આશયથી મેં પેલા નંગને ફટ કરતાં કહી દીધુ કે– 'તારી કરતાં શાસ્ત્રો વધારે હું ભણ્યો છું. વધુ દોઢો થા મા.' આટલું સાંભળીને પેલો નંગ ગમ ખાઈ જઇને વધુ તો ના બોલ્યો જતો રહ્યો. મને થયુ હાશ! ટાઢે પાણીએ ખસ ગઇ. આ નંગ વધુ કાંઇ બોલ્યો હોત તો પાછી રામાયણ થાત.

પણ પછી મેં નક્કિ જ કર્યું (હજી પેલા શાસ્ત્રીય-નંગ મિત્રને દીધુ નથી હોં. કહેવું ય નથી. માન ઘાયલ કોણ થવા દે. જો કે કહેવામાં જ પ્રમાણિકતા છે પણ માન કષાય ભાન કે શાન આવવા નથી દેતો.) કે– હવે કોઈપણ પ્રવૃત્તિ કરીએ પછી તે બહારગામ એસ. ટી. ડી. ઉપર ફોન કરવાની હોય કે ઉછામણી ઉપર સરચાર્જ લગાડવાની હોય કે પછી ગમે તે પહેલાં તે પ્રવૃત્તિ અંગે શાસ્ત્ર શું કહે છે તે જ વિચારવાનું પછી જ આગળ વધવાનું નહિ તો શાસ્ત્ર જોયા કર્યા વગરના બે–ચાર પ્રસંગો થાય અને પછી પદ્ધતિ આવા નંગના કારણે બદલવી પડે તો તે માની જેવા ફેમશ મહાપુરૂષ માટે સારૂ નો કહેવાય.

હવે થયુ એવું કે– હું બહારગામનો ફોન એસ. ટી. ડી. થી કરવો શાસ્ત્રીય છે તેવું સમજ્યા પછી બુથ ઉપર ગયો. લાઇન હતી. રાતે નવ વાગ્યા પછી એસ. ટી. ડી. ઉપર બહુ ભીડ હોય છે. (પેલા રાત્રિ વ્યાખ્યાનની જેમ જ. રાત્રિ વ્યાખ્યાન શાસ્ત્રીય નથી જ્યારે પા ભાગના ચાર્જમાં બહારગામ એસ. ટી. ડી. ઉપર ફોન હોય તો રાતે નવ વાગ્યાથી સવારના છ વાગ્યા સુધી થઇ શકે એ વાત પાછી શાસ્ત્રીય છે એટલે રાત્રિ વ્યાખ્યાન અને રાત્રિ–ફોનમાં આટલો ફરક છે.) મારે નંબર અડધા કલાકની તપસ્યા કર્યા પછી લાગ્યો તો ખરો પણ થયુ એવું કે– મેં ડાયલ કરી ફોન જોડ્યો કશ-કશ દૃષ્ટાંતો આપીને મનુષ્ય–જન્મની દુર્લભતા શાસ્ત્રોમાં કહી છે તે આ ફોન જોડતી વખતે સાચી લાગી. ફોન જોડ્યો ત્યારે પહેલાં તો ઓલ ઇ. લાઇન વાળી કેસેટ વાગી જો ફરી ફાસ્ટ ડાયલ જોડવા સૌ પહેલા * સ્ટારનું બટન દબાવી પછી ફોન ડાયલ કર્યો સામે વિરોધ પક્ષે રીંગ વાગી. ફોન ઉપાડ્યો મિત્રના ઘરે નાનો બાબો હતો તેણે તરત ફોન ઉપાડ્યો મેં કીધું તારા પપ્પાને ફોન આપ જલ્દી. તો આ બબુચક ડોબા જેવો મને પૂછે કે– અંકલ! તમારૂ નામ શું છે? મેં (ખીજાઇને) કીધું– હવે દોઢો થ્યા વગર તારા પપ્પાને આપ જલ્દી હું બહારગામથી બોલુ છું. બાબો કહે પણ તમ.રૂ નામ તો કો. મને થયું આ લાલા મારો ચાર્જ બગાડાવે છે. મેં ફરી ગુસ્સાથી કીધુ તારા પપ્પાને આપ ને જલ્દી. એટલે જરા ડરી જઇને તેણે કીધું હમણા બોલાવી લાવું છું. તમે ચાલુ રાખજો મેં ફરી કીધું. જલ્દી'જા.

મને થયુ કે ફોનવાળા માટે એક ઠરાવ ઘડી નાંખવો જોઈએ કે- નાના-નાના બાબાવાળાઓને ફોન લાઇન સરકારે ન આપવી અને આપે તો નાના-નાના બાબાઓએ ફોન ઉપાડવો નહિ. નહિ તો પછી નાના બાબા વાળાઓએ પોતાની ફોન લાઇન કેન્સલ કરાવી દેવી.

મેં મનથી ઠરાવ તો ઘડી કાઢયો લોકોને લાભદાયી પણ છે પણ પાછું મને પેલા મારા નંગ તથા શાસ્ત્રીય મિત્રનું સ્મરણ થઇ આવ્યુ અને તે તે જ વખતે આવી ચડયો મેં કીધું તું સો-સવાસો વરસનો થવાનો છે મે હમણાં જ ચાલ કર્યો મેં મારો ઠરાવ જણાવ્યો. તો પેલો મિત્રરત્ન મને કહે કે 'શાસ્ત્રમાં એવું વિધાન છે કે- 'આપણું સુંદર પણ વાત મનથી કલ્પેલી હોય પણ શાસ્ત્રાનુસારી ન હોય તો તે સુંદર લાવાં છતાં અસુંદર છે' જેમ કે તમે કોઈ ઉપાશ્રય બનાવડાવો કે મંદિર બનાવડાવો કે પ્રતિમા ભરાવડાવો તો તેની જેટલી રકમ છે તેના ઉપર વધારાના પૈસા સરચાર્જ રૂપે લેવા તે અશાસ્ત્રીય છે. લોકોને સુંદર લાગતી હોવા છતાં પણ છે.

મારા મિત્રની બુદ્ધ-પ્રતિભા માટે મને માન છે. પણ દુઃખ એટલું છે કે- તે સાલો મને ય સપાટામાં લઈ લે છે. ક્યારે ક ક્યારે ક મિત્ર રત્નની વાતના આધારે હવે હમણાં તો બાબાવાળાઓને ફોનના જોડાણ અંગેનો ઠરાવ પાસ કરવાનું આજ સુધી મોકુફ રાખેલ છે પછી જે થાય તે ખરૂ. હ્યો આવજો બાપુ !

ચાલતે પંચે : હમણાં હમણાં રાષ્ટ્રપતિ પદની ચૂંટણીના ઉમેદવારો બિલાડીના ટોપની જેમ ઉભટી પડયા છે. ચોમાસુ છે ને આમે ય તેમ હમણાં હમણાં ભદ્રંભદ્રની લોકપ્રિયતા, તેની લખાણ શૈલી, અગાધ જ્ઞાન શક્તિ આદિ આદિ જોતાં 'ભદ્રંભદ્ર' બનવા માટે પણ ઘણા બધાં ઉમેદવારોનો રાફડો ફાટી નીકળ્યો છે. બધા ય સમજોને પોતાને જ 'ભદ્રંભદ્ર' કહેવડાવવામાં ગૌરવ લેવા માંડયા છે. પણ આ બધું પગ નીચે રેલો નથી આવ્યો ને ત્યાં સુધી જ સમજવાનું હોં. 'ભદ્રંભદ્ર' જો કોઈ ધબડકો વાળશે અને કોઇને પકડવામાં આવશે ત્યારે એ શૂરાતનના ધણી કહેશે કે- હું નહિ, ભદ્રંભદ્ર તો બીજા કોક છે ભદ્રંભદ્ર બનતા પહેલા કે-

તેને સમજતા પહેલા ભદ્રંભદ્ર બનવાની જરૂર છે. બીજું કે- કોઇ પાક્કી ખાત્રી કર્યા વગર ગમે તેને ભદ્રંભદ્ર તરીકે કલ્પી લઇને તેની સાથે ચર્ચા કરવા માંડે છે તે લોકોની તે ભાત રીત પણ સારી તો નો જ ગણાય. પણ શું થાય ? તમને કોઇ ભદ્રંભદ્ર ગણીને તમારા માથે તુટી પડે તો એક જૈન શાસન ખાતર કે એક ભદ્રંભદ્રની ખાતર પણ હે મહાપુરૂષો તેને સહન કરી લેજો આમે ય સહન કરવાનો તો તમારો સ્વભાવ તો નહિ પણ ધર્મ જ છે ને. અરે ! એક શાસન ખાતર આટલું સહન નહિ કરો. જો કે તે મારા માનવામાં નથી આવતુ હવે હમણાં વધુ કાંઇ નથી લખતો પછી આવતે અઠવાડીયે પાછા મળશું જ ને ? બસ ત્યારે...હ્યો આવજો રામ...રામ...એ...રામ...રામ...

પ્રસંગ પરિમલ :—

—શ્રી ધર્મ શાસ્ત્રન

દીપાવલી પર્વ

ભારત વર્ષની જનતા પ્રતિવર્ષ દીપાવલી પર્વની ઉજવણી કરી આનંદોત્સવ મનાવે છે. દીપાવલી પર્વની પાછળ જૂગજૂનો ઉજવળ ઇતિહાસ છૂપાયેલો છે.

શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામી વર્ષો સુધી આ પૃથ્વીતળમાં વિહરી અનુપમ ઉપકાર કરતા અપાપાપુરી નગરીમાં હસ્તિપાળ રાજાની રજજૂ સભામાં યાને કરકુનોની સભામાં અંતિમ ચાતુર્માસ રહ્યા હતા. પરમાત્મા સોળ પ્રહર યાને ૪૮ કલાક સુધી એકધારી અમૃતધારા સમી અખંડ દેશનાનો પ્રવાહ વહાવી રહ્યા હતા. દેવો અને દેવેન્દ્રો દાનવો અને દાનવેન્દ્રો, નરો અને નરેન્દ્રો સૌ કોઈ દેશના શ્રવણ કરવામાં લહ્વીન બન્યા હતા. ભૂખ, પ્યાસ અને આયાસને સૌ વિસરી ગયા હતાં. પ્રભુ તે વખતે પુણ્યનું ફળ દર્શાવનારા પપ અધ્યયનો, પાપનાં ફળને બતાવનારાં પપ અધ્યયનો અને ૩૬ અણપૂછ્યા પ્રશ્નોના ઉત્તરો આપી રહ્યા હતા.

ચંદ્ર નામનો બીજો સંવત્સર હતો. કાર્તિક માસ હતો, જેનું અપર નામ પ્રીતિવર્ધન હતું, નંદિવર્ધન નામનું પખવાડીયું હતું. અગ્નિવેશ્ય નામનો દિવસ હતો. દેવાનંદા નામની અમાવાસ્યાની રાત્રિ હતી, જેનું બીજું નામ નિરતી હતું. અર્ચ નામનો લવ હતો. મુહુર્ત નામનો પ્રાણ હતો. સિદ્ધ નામનો સ્તોક હતો સર્વાર્થ સિદ્ધ નામનું મુહુર્ત હતું. તેમજ સ્વાતિ નક્ષત્રમાં ચંદ્રમા હતો. ભગવાનને છઠ્ઠની ચોવિહારી તપશ્ચર્યા હતી. પ્રભુ પલ્યંકાસને—પદ્મમાસને બિરાજમાન હતા. તે વખતે ભગવાન મહાવીરદેવ નિર્વાણ પામ્યા. સમગ્ર ભારતે, દેવો અને દાનવોએ પ્રભુના નિર્વાણથી ભારે આઘાત અનુભવ્યો. તીર્થંકર દેવો જ્યારે નિર્વાણ પામે છે ત્યારે સર્વત્ર—અંધકાર વ્યાપી જાય છે.

ચ્યવન, જન્મ, દીક્ષા અને કેવળજ્ઞાન આ ચાર કલ્યાણકોમાં ત્રણે લોકમાં અજવાળાં—અજવાળાં પથરાય છે. જ્યારે નિર્વાણ કલ્યાણકમાં અંધકાર પ્રસરે છે.

ઠાણાંગ સૂત્રના ત્રીજા ઠાણામાં ત્રણ કારણે વિશ્વમાં અંધકાર વ્યાપે છે એમ બતાવવામાં આવ્યું છે—

'तिहिं ठाणेहिं लोगंधयारे सिया—तंजहा अरिहंतेहिं वोच्छिज्जमाणेहिं अरिहंतपन्नत्तो धम्मे वोच्छिज्जमाणेहिं पुव्वगते वोच्छिज्जमाणेहिं.'

તે વખતે અપાપાપુરી નગરીમાં કાશી દેશના નવમલ્લિક રાજાઓ અને કોશલ

દેશના નાના લેચ્છકિ રાજાઓ ગણ મેળાપના કારણે અહીં આવ્યા હતા. તેઓ ભગવાન મહાવીર દેવના મામા ચેડા મહારાજાના સામંતો હતા. સૌએ આહાર ત્યાગરૂપ પૌષધ યાને ઉપવાસ કર્યો હતો.

પરમાત્મા નિર્વાણ પામતા અપાપાપુરીનું નામ પાપાપુરીમાં દેવોએ ફેરવી નાખ્યું. જે આજે પાવાપુરીના નામથી પ્રચલિત છે. ત્યાં આજે એક ભવ્ય જળમંદિર છે અને ભગવાનના નિર્વાણ દિને ત્યાં ચમત્કારિક ઘટના બનવા પામે છે. હજારો યાત્રાળુઓ દૂર દૂરથી આ તીર્થના દર્શન કરી નિજને નિર્મળ બનાવે છે.

"ભાવ ઉદ્યોત ગયે થકે દિવાળી કરતા દેવ"

આ બધા રાજાઓએ ભાવઉદ્યોત કરનારા ભગવાન નિર્વાણ પામતા એના પ્રતિક રૂપ દ્રવ્ય દીપકો પ્રગટાવ્યા. ત્યારથી દીપાવલી પર્વની શરૂઆત થઇ.

જ્યારે મૂળ વસ્તુનો અભાવ હોય ત્યારે નકલી વસ્તુથી કામ લેવું પડે છે. ઇલેકટ્રીક લાઇટ બંધ થતાં માણસોને ફાનસની શોધ કરવી પડે છે. ત્યારે પરમાત્મા તો–

તેજે રવિથી વડો રે, દોય શિખાનો દીવડો રે; ઝળકે કેવળ જ્યોત.

કોટિ કોટિ સૂર્યના પ્રકાશ કરતાં પણ અધિક પ્રકાશવાન પરમાત્મા હોય છે. લોગસ્સ સૂત્રમાં કહ્યું છે કે–

'આઇચ્ચેસુ અહિયં પયાસયરા' તેમજ પરમાત્માની–'લોગપઇવાણું', લોગપજ્જોઅગરાણું' તથા 'લોગસ્સ ઉજ્જોઅગરે' આવા વિશેષણોથી સ્તુતિ કરવામાં આવી છે. આ વિશ્વમાં અસંખ્ય સૂર્ય અને ચંદ્રમાં તેમજ અગણિત તારાઓ વિદ્યમાન છે પણ એ બધાયના તેજ અને પ્રકાશ કરતા અધિક પ્રકાશવાન પરમાત્માનું જ્ઞાન હોય છે. પરમાત્માના જ્ઞાનથી કશું જ છૂપું હોતું નથી. લોક અને અલોક, સર્વ દ્રવ્યો અને સર્વ પર્યાયો પરમાત્માના જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે, એવી મહાન સર્વલાઇટ બુઝાઇ જતાં રાજા-મહારાજાઓએ દીપકોની શ્રેણિ પ્રગટાવી અને સૌ મેરૈયા લઇને નીકળ્યા હતા ત્યારથી દીપાવલિ પર્વની શરૂઆત થઇ. દેશદેશના રાજા-મહારાજાઓની અહીં આ સમયે હાજરી હતી, તેથી એ બધા રાજા-મહારાજાઓએ આનું અનુકરણ કર્યું. ત્યારથી સમસ્ત ભારતવર્ષ અપૂર્વ આનંદ અને ઉમંગથી દીપાવલી પર્વની ઉજવણી કરે છે.

જેના સર્પ ચાલ્યો જાય અને લીસોટા રહી જાય તેમ કેટલા લોકો આ પર્વના રહસ્યને ભૂલી આ દિવસોમાં મોજશોખ એશઆરામ અને અમનચમન કરે છે. જ્યારે જૈનો આ પર્વમાં દેવાધિદેવનું સ્મરણ, જાપ, કીર્તન અને સ્તવના કરી જીવન પાવન બનાવે છે. તપ-ત્યાગ કરી કર્મોને ભસ્મીભૂત કરે છે.

ભગવાન મહાવીરદેવ જ્યારે નિર્વાણ પામ્યા ત્યારે ૮૮ ગ્રહો પૈકી ૩૦ મો ક્ષુદ્ર અને મહાકુર ભસ્મરાશિ નામનો મહાગ્રહ પરમાત્માના જન્મ નક્ષત્રમાં સંક્રાત થયો હતો. એની સ્થિતિ બે હજાર વર્ષની હતી પણ એ ગ્રહ વક્રી થવાથી ૫૦૦ વર્ષ વધી ગયાં. એટલે ભગવાન મહાવીરસ્વામીના નિર્વાણ પછી ૨૫૦૦ વર્ષ સુધી આ ભસ્મગ્રહ પોતાનો પ્રભાવ બતાવશે. બસ હવે થોડાં જ વર્ષો બાકી છે. યુગપ્રધાન જેવા મહાન પુરૂષનો જન્મ થવાની સંભાવના છે. એ યુગપ્રધાન જૈનશાસનની જ્યોતને દીપ્તિમંત રાખશે, અને જૈનધર્મનો જયજયકાર થશે. જેમ આપણા આ ભારતમાં ૨૪ મા તીર્થંકર સંપૂર્ણ ૭૨ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી નિર્વાણ પામ્યા. તે જ ક્ષણે તે જ સમયે બીજા ચાર ભરતમાં અને ઐરવત ક્ષેત્રમાં પણ ૨૪ મા તીર્થંકર નિર્વાણ પામે છે.

પાંચ ભરતમાં અને પાંચ ઐરવતમાં સમકાળે તીર્થંકરદેવોનું ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ થાય છે.

જે રાત્રીએ ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા તે રાત્રિના છેલ્લા પ્રહરમાં ગણધર ભગવંત શ્રી ગૌતમસ્વામી ભગવાનને કેવળજ્ઞાન થયું. પરમાત્માના નિર્વાણથી પરમાત્મા મહાવીરદેવના વડીલબંધુ શ્રી નંદિવર્ધનને ખૂબ આઘાત લાગ્યો હતો. પોતાની ભગિની સુદર્શનાએ તેમને જમાડ્યા, ત્યારથી ભાઇબીજના પર્વનો પ્રારંભ થયો.

ભગવાનના ૧૪ હજાર સાધુઓ અને ૩૬ હજાર સાધ્વીજી હતા તેમાં ૭૦૦ શ્રમણો અને ૧૪૦૦ સાધ્વીજી મોક્ષમાં સીધાવ્યા હતા. **'णमोऽत्थु वद्धमाणाय'**

–: વિવિધ વાંચનમાંથી :–

—પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ. સા.

પારસમણિના સંપર્કથી લોઢું કંચનમય બની જાય છે.

સ્વાતિ નક્ષત્રના જળથી–જળના સંયોગથી છીપલીમાંથી મોતી બની જાય છે.

ગાય વિગેરેના મુખમાં પડવાથી પાણી પણ પોષકતત્વોથી ભરપૂર દૂધપણે પરિણમે છે.

તેમ પરમાત્માના આજ્ઞા સ્વરૂપ ધર્મને પામીને ભવ્યજીવ સંપૂર્ણ સિદ્ધિને પામે છે.

હે ભગવન્ ? તારી સેવા મળી એ જ મારા માટે મોક્ષના સાચા મેવા છે. હવે મારે તારૂં જ એક શરણ જોઇએ તારા શરણ દ્વારા જ હું મારા સઘળા પાપકર્મોથી નિવૃત્તિ મેળવીશ.

આજનો દિવસ એ આપણા જીવનનો પ્રથમ વિકાસ અને અંતિમ શ્વાસ પણ હોઇ શકે છે, એમ માનીને ધર્મારાધનામાં સતત જાગૃત રહેવું જોઇએ.

卐 જ્ઞાન ગુણ ગંગા 卐

—પ્રજ્ઞાંગ

ધર્માસ્તિકાય – અધર્માસ્તિકાય – આકાશાસ્તિકાય આ ત્રણે દ્રવ્યો અનંત અગુરુ-લઘુ પર્યાયો વડે આશ્રિત છે. એટલે કે એ ત્રણમાં અનંતા અગુરુ લઘુ પર્યાય છે. કારણ કે આપી દ્રવ્યોમાં એ જ પર્યાયો છે.

જે ગુણ વડે દ્રવ્યમાં છ (૬) પ્રકારની વૃદ્ધિ અને છ (૬) પ્રકારની હાનિની વર્તના હોય તે અગુરૂલઘુ કહેવાય અને તે ગુણ વડે પ્રવર્તતી છ પ્રકારની વૃદ્ધિ અથવા હાનિ તે અગુરુલઘુ પર્યાય કહેવાય.

તે છ પ્રકારની વૃદ્ધિ–હાનિ આ પ્રમાણે છે.

(૧) અનન્તભાગ વૃદ્ધિ (૨) અસંખ્યભાગ વૃદ્ધિ (૩) સંખ્યભાગ વૃદ્ધિ (૪) સંખ્યગુણ વૃદ્ધિ (૫) અસંખ્યગુણ વૃદ્ધિ (૬) અનંતગુણ વૃદ્ધિ.

છ પ્રકારની હાનિ.

(૧) અનન્તભાગ હાનિ (૨) અસંખ્યભાગ હાનિ (૩) સંખ્યભાગ હાનિ (૪) સંખ્યગુણ હાનિ (૫) અસંખ્યગુણ હાનિ (૬) અનન્તગુણ હાનિ.

વૃદ્ધિ હાનિની સમજ.

૧. અનન્તભાગ વૃદ્ધિ :– કોઇક વિવક્ષિત રાશિના અનન્તભાગ કરીએ તેમાંને એક જ ભગ અધિક હોય તે **અનન્તભાગ વૃદ્ધિ** આ ભાગ બહુ નાનો હોય છે.

૨. અસંખ્ય ભાગ :– કોઇ વિવક્ષિત રાશિના અસંખ્યભાગ કરીએ, તેમાંનો એક ભાગ અધિક હોય તે **અસંખ્યભાગ વૃદ્ધિ** કહેવાય આ એક ભાગ પૂર્વોક્ત અનન્તભાગ કરતાં મોટો હોય છે.

૩. સંખ્ય ભાગ વૃદ્ધિ :– વિવક્ષિત રાશિના સંખ્યાત ભાગ કરીએ તેમાંનો એક ભાગ અધિક હોય તે સંખ્ય ભાગ વૃદ્ધિ આ ભાગ પૂર્વોક્ત અસંખ્યભાગ કરતા પણ મોટો હોય છે.

૪. સંખ્યગુણ વૃદ્ધિ :– કોઇક વિવક્ષિત રાશિને સંખ્યાત રાશિ વડે ગુણતાં જે જવાબ આવે તે **સંખ્યગુણવૃદ્ધિ** કહેવાય. જે સંખ્યા ઉપરોક્ત ત્રણ કરતાં મોટી હોય.

૫. અસંખ્યગુણ વૃદ્ધિ :– વિવક્ષિત રાશિને અસંખ્યાત્મક રાશિ વડે ગુણતા જે જવાબ આવે તે **અસંખ્યવૃદ્ધિ** કહેવાય. જે સંખ્યા પૂર્વોક્ત કરતાં મોટી હોય.

૬. અનંતગુણ વૃધ્ધિ :– વિવક્ષિત રાશિને અનન્તરૂપ રાશિ વડે ગુણતાં જે જવાબ આવે તે રાશિ **અનંતગુણ વૃદ્ધિ** કહેવાય જે સંખ્યા પૂર્વોક્ત પાંચે કરતા મોટી હોય.

તે જ રીતના હાનિનો પણ વિચાર કરવો.

અસત્ કલ્પનાથી આ વાત સમજીએ.

વિવક્ષિત રાશિ એક લાખ ૧૦૦૦૦૦ છે. ૧૦ એ સંખ્યાત રાશિ છે, ૧૦૦ એ અસંખ્યાત રાશિ છે અને ૧૦૦૦ એ અનંત રાશિ છે.

(૧) અનંતભાગ વૃધ્ધિ :– વિવક્ષિત રાશિનો જે અનંતમો ભાગ, તેને અધિક કરતાં આવે. ૧૦૦૦૦૦ નો અનંતમો ભાગ લાવવા તેને અનંત રાશિ ૧૦૦૦ છે તેના વડે ભાગતા ૧૦૦ આવે. તે સંખ્યા, વિવક્ષિત રાશિથી અધિક કરતાં ૧૦૦ ૧૦૦ એ અનંતભાગ વૃધ્ધિ કહેવાય.

(૨) અસંખ્ય ભાગ વૃધ્ધિ : વિવક્ષિત ૧૦૦૦૦૦ રાશિનો અસંખ્યાતમો ભાગ જે ૧૦૦ છે તેનાથી ભાગતા ૧૦૦૦ આવે. તે અધિક કરતાં ૧૦૧૦૦૦ એ અસંખ્ય ભાગવૃધ્ધિ.

(૩) સંખ્ય ભાગ વૃધ્ધિ : વિવક્ષિત ૧૦૦૦૦૦ રાશિનો સંખ્યાતમો ભાગ જે ૧૦ તેનાથી ભાગતા ૧૦૦૦૦૦ આવે. તે અધિક કરતાં ૧,૧૦,૦૦૦ એ સંખ્ય ભાગ વૃધ્ધિ.

(૪) સંખ્યગુણ વૃધ્ધિ : વિવક્ષિત ૧૦૦૦૦૦ રાશિને સંખ્યાત એટલે ૧૦ વડે ગુણતાં દશ લાખ આવે, તે સંખ્યગુણ વૃધ્ધ.

(૫) અસંખ્યગુણ વૃધ્ધિ :– વિવક્ષિત એક લાખની રાશિને અસંખ્ય એટલે સો વડે ગુણતાં કોડ જવાબ આવે. જે અસંખ્ય ગુણ વધ્ધિ કહેવાય.

(૬) અનંતગુણ વધ્ધિ : વિવક્ષિત એક લાખની રાશિને અનંતગુણ એટલે હજાર વડે ગુણતાં દશ કોડ આવે તે અનતગુણ વધ્ધિ કહેવાય. (ક્રમશઃ)

મનન : * પાપી જીવને પવિત્ર થવા માટે પ્રબળ સાધન એ એક પરોપકાર છે.

* પાયો પવિત્ર તેનું બધુ પવિત્ર, આરતી સુંદર તેની પૂર્ણાહુતિ પણ સુંદર

* નર્ક એ ભુકાનો વિકાસ છે, જ્યારે શ્રધ્ધાઓ આત્મ શુધ્ધિનો વિકાસ છે.

* જેવું રૂપ તેવું ધન, અને જેવું શીલ તેવા ગુણ
આમાં જ માનવીની શોભા છે.

શાસન સમાચાર

વલભીપુર–તીર્થાધિરાજની તળેટી અને શાસ્ત્રલેખનની જન્મભૂમિ અમારૂં ગામ લોકોત્તર શાસનમાં જેને જ્ઞાનીએ દીઠું તે કહેવાય છે અને લોકોમાં ધાર્યું ધણીનું થાય એવી કહેવત પ્રસિધ્ધ છે, તેનો અમારા આંગણે સાક્ષાત્કાર થયો. ગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રી વિજય મકોદયસૂ. મહારાજ સપરિવાર અમદાવાદ તરફ વિહાર કરતા વૈશાખ વદ ૧૧ના પધાર્યા, સકારણ પૂ. આ. ભ. શ્રી વિજય શ્રેયાંસપ્રભસૂ. મ.ની અહી વધુ વધુ સ્થિરતા થઈ અને વૈશાખ વદ ૧૪ની વહેલી સવારે વિહારના ૧ કલાક પહેલા જ વાયુપિત્તના પ્રકોપથી છાતીમાં ભીસ આવતાં હાર્ટનો હુમલો તેઓશ્રીને આવ્યો ટ્રીટમેન્ટ માટે કોઈપણ મોટા અપવાદથી બચવાની પૂ.શ્રીની મકકમતાને કારણે અમે કે ડોકટર તેઓશ્રીને ચલિત ન કરી શકયા પણ તેઓની પૂજ્યોની સેવામાં જવાની ભાવના હોવા છતાં અમારા સંઘની મકકમ ભાવના જાણી જેઠ વદ ૯ ના પ્રસ્થાન થઇ ચુકયુ હોવા છતાં પરિસ્થિતિ વશ પૂ. ગચ્છાધિપતિશ્રી આદિ ગુરૂદેવોએ અમારી ભાવનાને વધાવી તેઓશ્રીને આજ્ઞા ફરમાવતાં અમે એક અભૂતપૂર્વ–અકલ્પ લાભને મેળવી શકયા.

અષાઢ સુદ ૧૧ ના તેઓશ્રીનો પ્લોટ દેરાસરથી ભવ્ય પ્રવેશ થયો તે દિવસનું વાતાવરણ સદૈવ સ્મરણીય રહેશે પ્રવેશના માંગલિક પ્રવચન પછી ડા. ઉપા– નું સંઘજન અને શ્રીફળની પ્રભાવના પૂર્વક સંઘ ભક્તિ કરીને અમે અપૂર્વ આનંદ આનંદ અનુભવ્યો પૂ. શ્રીના શિષ્ય રત્ન પૂ. મુ. શ્રી ધર્મદર્શનવિ. મ.શ્રીના પ્રવચનોથી જાગૃતી આવતી ગઇ ચોમાસાની સુંદર આરાધના થઇ.

ચોમાસાની સુંદર આરાધના થઇ અષાઢ વદ ૬ અષ્ટકારી પૂજનાદિ વિધાનપૂર્વક ગ્રન્થ સમર્પણ કરી ગ્રન્થ વાંચનનો પ્રારંભ થયો. અષાઢ વદ ૮ થી સમૂહ ગૌતમ કમળ તપનો શુભારંભ થયો નાના મોટા ૨૦૦ વ્યક્તિઓના નાનકડા સંઘમાં સાંકળી અઠ્ઠમ–સાંકળી આયંબિલ સહ સમૂહ તપનો રંગ અભૂતપૂર્વ રહ્યો. એમાં તપાગચ્છના તાજ 'સૂરિરામ' ની સ્વર્ગારોહણતિથિ ના ઉપલક્ષમાં સંઘના ઉપક્રમે આયોજીત મહોત્સવના ભવ્ય પત્રિકાથી આમંત્રિત મહેમાનો આદિનું આગમન શરૂ થયું, અષાઢ વદ ૧૨–૧૩–૧૪ ના ત્રિદિવસીય મહોત્સવમાં પ્રભાતીયા–જિન ભક્તિ-ગુરૂવંદના સ્તવના અને શરણાઇના નાદોથી ગામ ગાજી ઉઠયું શુદ્ધ વિધિકાર જામનગરવાળા

નવિનભાઇએ પ્રથમ દિવસે કુંભ સ્થાપનાદિ તથા નવગ્રહાદિ પાટલા પૂજન કરાવ્યું, બીજે દિવસે લઘુશાંતિ સ્નાત્રની ઝલક આનંદની ઉર્મિઓ વધારનારી બની. અષાઢ વદ ૧૪ ના મુખ્ય દિવસે સુરેન્દ્રનગરથી વાસુપૂજ્ય ભક્તિ મંડળ આવી પહોંચ્યા ગુરૂગુણ સ્તુતિ શ્રી નવપદની પૂજા અને સાંજની મહાપૂજાના અનુપમ શ્રેષ્ઠ શણગારથી સજ્જ જિનાલયમાં બિરાજિત શ્રી ચિંતામણિ પ્રભુ આદિની શ્રીયુત વિનોદભાઈ ચૌધરીએ કરેલી શ્રેષ્ઠ અંગરચનાએ જૈન-જૈનેતરોના દિલડાં ઝોળાવી દીધાં, ભક્તિની રમઝટ જામી ગઇ. કરબવાળા લહેરીબેન પરિવારની સાધર્મિક ભક્તિ, વ્યારાવાળા રાજેન્દ્રભાઇની નવપદ પૂજા અને શેષ સમગ્ર મહોત્સવમાં શા. તલકચંદ જસાજી રૂમાળવાળા પરિવારની ઉદારતા અમારા સંઘને દેવગુરૂની ભક્તિમાં ગળાબૂડ કરી ગઇ.

આ બધાયમાં વિશેષ આલંબન રહ્યું ગુણાનુવાદ–પ્રવચન શ્રવણનું, નાદુરસ્તી સ્વાસ્થ્ય છતાં પૂ. આચાર્ય ભગવંતે પહેલા વા। કલાક સ્વ. પૂ. આ. ભ. શ્રી વિજય રામચન્દ્રસૂ. મહારાજના ગુણગંગાનો સ્રોત સમી પૂર્વભૂમિકામાં શાસનના ધુરંધર પૂજ્યોનું સ્મરણ કરાવ્યું. બીજે દિવસે ૧–૧। ક. સુધી પૂ.શ્રીની પૂર્વાવસ્થા અને સંસ્કાર દાનનો અદ્ભુત પ્રભાવ વર્ણવ્યો અને ત્રીજે દિવસે એટલે અષાઢ વા। ૧૪ ની છઠ્ઠી સ્વર્ગારોહણ તિથિને દિવસે ૨–૨। ક. સુધી પૂ.શ્રીના દીક્ષા સ્વીકારથી માંડીને તેઓશ્રી રત્નત્રયીની શ્રેષ્ઠ મંગળ આરાધના સિદ્ધાંત સુરક્ષાની સામ્યભરી વિશિષ્ટ નિડરતા અને પ્રભાવનાનો પ્રભાવવંતો ઇતિહાસ વર્ણવી અંતિમ પળોનું હૃદય દ્રાવક વર્ણન કરી શ્રોતાજનો ભાવવિભોર બનાવી દીધા.

છેલ્લે સૂરિ ગુણ છત્રીશીની સ્મૃતિ રૂપ રૂા. ૩૬૧– ના સંસુ પૂજન પૂર્વક પ્રવચનની સમાપ્તિ થઇ ત્યારે ૧૨।। ના સીમાડે ઘડીયાળનો કાંટો પહોંચી ગયો હતો. રૂમાળવાળા પરિવાર તરફથી પૂ.શ્રીના ગુણને વર્ણવનારો પુસ્તિકાનું અને પૂ. આ. ભગવંતએ તેઓશ્રીના સંસારી પિતા મુનિરાજશ્રી ચારિત્રસુંદર વિ.મ.શ્રીના સંસારી પરિવાર જનો તરફથી ૧ કિલો સાકર ઘર દીઠ વિતરણ કરવાનું જાહેર કરાયું. જીવદયા ખાતે સુરેન્દ્રનગરના મંડળે પણ લાભ લીધો તથા અમારી પાડેશી મોનપુર ગામના સંઘ તરફથી જેઠ સુદ ૧૪ ની સાળગિરિ વેળા થયેલ ટીપમાંથી પાંજરાપોળ ખાતે કાયમી તિથિના ૩ હજાર રૂા. જાહેર કરાયું.

તેમજ વલભીપુર નિવાસી શેઠ કેશવજી દેવરાજભાઇ તથા રાયચંદભાઇ દેવરાજભાઈ પરીવાર તરફથી જુવાર ૪૦૦ કીલો મુંગા પ્રાણીઓને નાખવામાં આવેલ છે.

છઠ્ઠી સ્વર્ગારોહણ તિથિ તથા પૂ. આચાર્ય ભગવંતના સંયમ સાધક દેહના સુસ્વાસ્થ્ય નિમિત્તે આયોજીત મહોત્સવે મીની-પર્યુષણ

પર્વનું દર્શન કરાવી મહાપર્વની વિશિષ્ટ આરાધના પ્રભાવનાના સંદેશ આપ્યા.

આ રીતે સ્વર્ગસ્થ સૂરિદેવની શ્રી સમ્મેત શિખર તીર્થરાજની સુરક્ષા નિમિત્તે અષાઢ સુદ ૮ થી જાપનો પ્રારંભ થયો અને અષાઢ વદ ૧૪ ના શ્રી સૂરિરામની છઠ્ઠી સ્વર્ગારોહણ તિથિ તથા તીર્થાધિરાજની સુરક્ષા નિમિત્તે શા. વેલચંદભાઇ ધારશીભાઇ પરિવાર તરફથી એકસો આઠના સમૂહ આયંબિલ થયા.

કલકત્તામાં મહોત્સવની હારમાળા

પૂ. આ. ભગવંતપ્રભાકરસૂરિ. મ.ના શિષ્યો મુનિ મોક્ષરક્ષિતવિ. મ.ની નિશ્રામાં કેની'ગસ્ટ્રીટમાં ભવ્ય સ્નાત્ર મહોત્સવ ઉજવાયો તેમજ કચ્છી ઉપાશ્રયમાં શાંતિ સ્નાત્ર મહોત્સવ ઉજવાયો તેમજ પૂ. વિમલરક્ષિતવિ. મ.ની નિશ્રામાં ભવાનીપુરમાં સાધર્મિક વાત્સલ્ય મહાપૂજન સહિત ભવ્ય મહોત્સવ ઉજવાયો તેમજ ઢાઢાવાડીમાં ૧૫૦ વિદ્યાર્થી સહ પાઠશાળાની ભવ્ય ઉજવણી, સાધર્મિકભક્તિ થયેલ. તેમજ વિમલરક્ષિત વિ. તથા મોક્ષરક્ષિત વિ.ની ઓળીઓ નિમિત્તે સંઘપૂજન, પૂજા આદિ ભવ્ય મહોત્સવ થયો. તારાબેન કાંકરીયાને ત્યાં ભવ્ય વર્ષગાઠ ઉજવાઈ તથા પ્રભુરક્ષિત વિ.ના જેઠ સુદ બારસ ના બે વર્ષની દીક્ષાની પુર્ણાહુતિ નિમિત્તે સંઘપુજનનો ચઢાવો સારો થયેલ તેમજ સંઘ પુજન થયેલ.

કેની'ગસ્ટ્રીટમાં જેઠ સુદ ૮ ની આત્મારામજી મ.ની ૧૦૧ મી તિથિ નિમિત્તે ગુણાનુવાદ જેઠ સુદ ૧૦ કેની'ગસ્ટ્રીટમાં દેરાસરની વર્ષગાંઠની ઉજવણી સાધર્મિક વાત્સલ્ય થયેલ. મોક્ષરક્ષિત વિ. તથા પ્રભુરક્ષિત વિ.ના પ્રેરક પ્રવચનો થયેલ. તેમનું ચોમાસું ભવાનીપુર કલકત્તા દેરાસર સામેના મકાનમાં થયેલ.

સા ઇન્દ્રપ્રભાશ્રીજી એ દરેક મહોત્સવને દીપાવ્યા છે. તેમનું ચોમાસુ શ્રી એપાર્ટમેન્ટ હાવરામાં થયેલ છે.

ઇન્દોર શહર મેં
જૈન શ્વેતામ્બર યાત્રિયોં કે લિયે આવાસ એવમ્ ભોજન વ્યવસ્થા

માલવા ક્ષેત્ર કે અનેક જૈનતીર્થો જૈસે માણ્ડવગઢ, ઉજ્જૈન, નાગેશ્વર, હાસમપુર લક્ષ્મણજી, અમકેઠા, મોહનખેડા, મક્સી આદિ કે બીચ સ્થિત ઇન્દોર એક મહત્વપુર્ણ વ્યાવસાયિક એવં ઔદ્યોગિક કેન્દ્ર હૈ, જૈન સમાજ કે નિરન્તર આવાગમન કે કારણ નગર મેં શ્વેતાંબર જૈનિયો યાત્રિયો કે ઠહરને હેતુ આવાસ વ્યવસ્થા એવમ્ શુદ્ધ ભોજન હેતુ ભોજનશાલા કી કમી મહસૂસ હો રહી થી, કમી કો પુરા કરને [redacted] લિયે નગર મેં રામબાગ સ્થિત ઢાઢાવાડી મે એક ટ્રસ્ટ 'શ્રી ઢાઢાવાડી [redacted] ટ્રસ્ટ'

કાયમ કિયા ગયા જિસમેં નિમ્નાનુસાર પદાધિકારી નિર્વિરોધ નિર્વાચિત કિયે ગયે :–

શ્રી હેમન્તકુમાર શેખાવત	અધ્યક્ષ	શ્રી પ્રકાશચન્દ ઠાકુરિયા	ટ્રસ્ટી
શ્રી વિમલચન્દ છજલાની	સંયોજક	શ્રી સુમેરમલ કોઠારી	,,
શ્રી માનસિંહ ગાંગ	સચિવ	શ્રી પ્રકાશચન્દ્ર માલુ	,,
શ્રી અશોક કોઠારી	સહસચિવ	શ્રી ડૉ. પ્રકાશ બંગાની	,,
શ્રી શિખરચન્દ બાફના	કોષાધ્યક્ષ	શ્રી પુખરાજ ખુરાના	,,
શ્રી રાજેન્દ્ર ગાંધી	ટ્રસ્ટી	શ્રી વિજયચન્દ છજલાની	,,

ઉક્ત ટ્રસ્ટ દ્વારા દાદાવાડી, રામબાગ મેં શ્વેતામ્બર જૈન યાત્રિયોં કે ઠહરને હેતુ નિવાસ એવમ ભોજનશાળા કી વ્યવસ્થા કી ગઇ હે જિસ કે અન્તર્ગત ૧૧ કમરે (ડબલ બેડ), કમરે લેટ્રિન–બાથરૂમ સહિત, એક હાલ મય ચૌકા (જો ધર્મ સભા, મીટિંગ હાલ, બાહર સે આને વાલે સંઘ કે લિયે), એક બડા હાલ જિસમેં ૭૦ એક સાથ ટેબલ કુર્શી પર બૈઠકર ભોજન કર સકતે હે । ઇસકે અતિરિક્ત ૧૦ લેટ્રિન, ૧૦ સ્નાનગૃહ અલગ સે આધુનિક પદ્ધતિ કે મુતાબિક નિર્મિત કિયે હે । સીલ મેં ૨૪ ઘન્ટે ગરમ પાની કી વ્યવસ્થા ઉપલબ્ધ હે.

સાધુ–સાધ્વિયાં હેતુ, જો વિચરણ કરતે હે– ઉનકે લિયે ભી ઠહરને કી અસ્થાયી વ્યવસ્થા ઇસ પ્રાંગણ મેં અલગ સે વિચક્ષણ ભવન મેં ઉપલબ્ધ કરાઇ ગઇ હે.

અત સભી શ્વેતામ્બર જૈન યાત્રિયો કે લિયે જો બાહર સે ઇન્દોર શહર મેં જાતે હેં, ઉનકે ઠહરને તથા ભોજન કી સમુચિત વ્યવસ્થા કી ગઇ હે અગ્રિમ સૂચના ભેજકર નિવાસ આરક્ષણ એવં ભોજન વ્યવસ્થા ભી કરાઇ જા સકતી હે । સમસ્ત શ્વેતામ્બર જૈન યાત્રી ઇસ વ્યવસ્થા કા લાભ લેવે.

નંદરબાર–અત્રે પૂ. પં. શ્રી કનકસુંદર વિ. મ.ની નિશ્રામાં તેમની ૧૦૦ ઉપર ૨૭ થી ૪૦ તથા પૂ. પદ્મમાનંદવિ. મ.ની ૮૯ તથા પૂ. મુ. હિતસુંદર વિ. મ.ની ૩૨ ઓળી તથા સંઘમાં વિ. ૨૪ ઉ. તથા વિવિધ તપ નિમિત્તો કશ દિવસનો મહોત્સવ ચોળ્યો હતો અષ્ટોત્તરી સ્નાત્ર સિદ્ધચક્ર પુજન વિ. પુજનો તથા સ્નાત્ર મહોત્સવ વિ. શ્રા. વ. ૧ સુધી ચોળ્યો.

ચક્રવાક અને ચક્રવાકીનું મન એક આત્મા જુદો હોય છે. પરંતુ આપણી સાથે જોડાયેલ શુદ્ધિ સાથે બુદ્ધિ જોડાય તો સિધ્ધ સાચી મળ્યા વગર રહે નહિ. સાચા ન્યાલ જઇ જવાય.

દર્પ ન કરવાનું કહે છે. દર્પણ અને વડપણ બરાબર સમજાઇ જાય તો સાચું વડપણ આવી જાય. તો ધર્મમાં સુખ સામગ્રીનું તર્પણ અને સગપણ થઇ જાય.

સીનીયર થઇને નજીકથી શીખ. જુનીયર થઇને જુ-જાવું નીયર-પાસેનું નજીકથી જો તો ઓર્પ નયર આવશે. તું ખોટું જીવી રહ્યો છું. તું ખોટું કરી રહ્યો છે

ધર્મ એ ડાયવર છે કે તે રાગને વિરાગમાં ફેરવે છે. ક્રોધને ક્ષમામાં ફેરવે છે. ક્રુરતાને કરુણામાં ફેરવે છે. ધિક્કારને વાત્સલ્યતામાં ફેરવે છે. અકકડને નમ્ર બનાવે છે. કામીને બ્રહ્મચારી બનાવે છે. બુધ્ધુને બુધ્ધિમાન બનાવે છે. માનને નમ્રતામાં, માયાને સરળતામાં, લોભને સંતોષમાં, આ જગતમાં આવું ઉત્તમ ડાઇવીંગ બીજા કોઇ કલાકાર કે વૈજ્ઞાનિક ને આવડતું નથી.

ધર્મ પૈસા કે વસ્તુની સામગ્રીથી ખરીદી શકાતો નથી. પરંતું પૈસાના ત્યાગથી ખરીદી શકાય છે. અહિંસા અને તપને ઉત્પન્ન કરનાર આત્માની ભૂમિ છે.

ધર્મ એ આસક્તિને અસક્ત બનાવે આત્માને સશક્ત બનાવે. મન નપુંસક ને પુલિંગ બનાવે તે તેની ઉંચી ક્વોલીટી છે.

આખા જગતની અંદર ટનબંધ કચરા ઉઠાવવા માટે મશીનોની શોધખોળ થઇ છે. પરંતુ આત્માના કચરા અદશ્ય દૂર કરવાની શોધ થઇ નથી. જે આત્માનો કચરો જોતો નથી કાઢતો નથી તે વધુને વધુ મેલો થયા કરે છે.

પદાર્થમાં પ્રગતિ કરી, પંડમાં મતિ ગઇ માટે વિપત્તિઓની વણઝાર આવ્યાજ કરે છે.

ધરમ પતિ કરે વાદ, પૂત્ર કરે વિવાદ, અને પત્નિ કરે અનુવાદ આત્મ ભાવ કરે સંવાદ તો થઇ જાય મોક્ષનો પરિસંવાદ.

શુભ કામ કરતા પરિણામનું ચિંતન નહિ. કર્મના ફળનો લવ લેશ વિચાર નહિ તેજ સાચુ શુભ કાર્ય છે.

છ દીશા કહી છે. પૂર્વ પશ્ચિમ માતા પિતા, ઉત્તર સ્ત્રી દક્ષિણ મિત્ર ઉપર ગુરૂ અને નીચે નોકરની છે.

નિસ સા વાસના અને રસના ત્રણનો ગુણાકાર છે તેનું નામ છે સંસાર. સંસારનું સુખ સિમિત છે નિર્વાણનું સુખ અસીમ બની જાય છે.

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુરુદર્શી



* સંસારમાં મજેથી રહે, ગૃહસ્થ પણું મજેથી જીવે અને તે શ્રાવક કહેવાય તેમ ત્રણ કાળમાં બને નહિ !
* સંસારમાં મજેથી રહે, મજેથી લહેર કરે, મજેથી સંસાર ભોગવે તે બાંધ્યા દુર્ગતિમાં જ જાય.
* જેને દુઃખ ન જોઇએ તેને કોઇને પણ દુઃખ ન થાય તેવું જીવન જીવવું જોઇએ. તેવું જીવન આ મનુષ્યભવમાં જ જીવી શકાય છે માટે આ ભવના વખાણ કર્યા છે.
* આજે ઘણા સાધુને નમસ્કાર એટલા માટે કરે છે કે 'તમે દૂર રહેજો તમારા જેવો રંગ લગાડતા નહિ. તમારી પાસે આવવું છે, જવું છે, સંસારમાં મજા કરવી છે પણ તમારો ચેપ અમને લગાડતા નહિ !'
* ભગવાનનો સાધુ એટલે સંસારનો વૈરી, જીવના નહિ !
* જે ભણતર સંસારને ભૂંડો ન સમજાવે તે ભણતર ભણતર કહેવાય ખરૂ ?
* જેને જીવાજીવાદિક જ્ઞાનનો ક્ષય ન હોય તે ધર્મી હોઇ શકે ? ધર્મનો પ્રેમી હોઇ શકે ?
* જૈન બનવા સંસાર ભૂંડો માનવો પડે, મોક્ષની તાલાવેલી જાગવી જોઇએ. ઘરમાં રહેવું પડે તો તે પાપનો ઉદય છે તેમ માને તો તેનામાં જૈનપણાની પ્રાપ્તિ થાય.
* જેને દુનિયાનું સુખ ગમે, ઋદ્ધિ-સિદ્ધ, માન-પાનાદિ ગમે તે હજી આ ધર્મ પામ્યો જ નથી.
* જેનામાં સંવેગ ન હોય, મોક્ષનું અર્થીપણું ન હોય તે સાધુપણું પણ પામી શકતો નથી.
* પરસ્પર ક્ષમાપના એ **શ્રી** પર્યુષણાપર્વનો પ્રાણ છે.

જૈન શાસન અઠવાડિક માસિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

Receiver
30-9-88
1603

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

માનના દોષો

નાસિયગુરુવએસં,
વિજ્જાઅહલત્ત કારણમસેસં ।
કુગ્ગહગયઆલાણું,
કો, સેવઇ સુવ્વએ માણું ?

ગુરૂના હિતકારી ઉપદેશોને નાશ કરનારું, વિદ્યાની નિષ્ફલતાનું સંપૂર્ણ કારણ, કદાગ્રહ રૂપી હાથીના આલાનસ્તંભ સમાન માનને કયો સજ્જનપુરૂષ સેવે ?

વર્ષ ૧૦

અંક ૭+૮

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન

શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાન મંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર

ખ્રિસ્તી મિશનરી સ્કૂલમાં પોતાના બાળકોને ભણાવતા

મા–બાપ વાલીઓ સાવધાન

(સ્વાનુભાવ જીવન પ્રસંગ)

ધર્મ પ્રચાર કાર્ય અંગે મુંબઇ જવાનું થયું. અનેક લોકોને મળવાનું થયું. મારા એક સ્નેહી જૈન અગ્રણી ઉદ્યોગપતિ શ્રી મહેશભાભુને મળવા જવાનું થયું. એમનો અનુભવ એમના જ શબ્દોમાં :

અમારી નવ વર્ષની દીકરી માનસી લોઅર કે. જી. થી જ (બે વર્ષની હતી ત્યારથી) ક્રિશ્ચિયન મિશનરી સ્કૂલમાં અભ્યાસ કરે. શ્રીમંત રહ્યાં ને ! અને વળી મુંબઇમાં રહીએ એટલે સારામાં સારી અંગ્રેજી માધ્યમના અભ્યાસના મોહમાં લપટાયા.

અમારા ઘરમાં પરાપૂર્વથી એક પરંપરા ચાલી આવે. રાત્રે સૂતી વખતે પરિવારના બધા સભ્યો એકત્ર થઇ ઈષ્ટ દેવ મહાવીર સ્વામીની છબીને દીવો-અગરબત્તી કરીએ, પ્રણામ કરીએ પછી જ સૂવા જઇએ એવો નિત્યક્રમ.

એક દિવસ અમારી નવ વર્ષની વ્હાલસોઇ પુત્રી માનસીએ પ્રણામ ન કર્યા. એમ જ ઊભી રહી. તેના માતુશ્રીએ પ્રેમથી કહ્યું, 'બેટા પ્રણામ કરો.' ન કર્યા. બીજી વાર કહ્યું પ્રણામ ન કર્યા. ત્રીજી વાર કહ્યું અને માનસી એકદમ ગુસ્સામાં બોલી, 'મારા શબ્દો કાન ખોલીને સાંભળી લ્યો. હવે પછી હું આને કોઇ દિવસ પ્રણામ કરવાની નથી. આ મારા ઇષ્ટદેવ નથી. મારા ભગવાન તો ઇસુ ખ્રિસ્ત છે. આ મસ્તક હવે ઇસુ ખ્રિસ્ત સિવાય કોઇને નહિ નમે.'

હિન્દુઓના કોઇ દેવી–દેવતા, ભગવાન નથી. રામ રાજા, કૃષ્ણ રાજા, બુદ્ધ રાજા અને મહાવીર સ્વામી રાજા હતાં. અને રાજા તો યુદ્ધો કરે, હિંસા કરે, નિર્દોષોના લોહી રેડે, રાજ્યની હદ વધારે અને કરવેરા દ્વારા ગરીબોનાં લોહી ચૂસે એ કદી ભગવાન ન હોઈ શકે. ભગવાન એક ઇસુ ખ્રિસ્ત ગરીબીમાં જન્મ્યા અને ગરીબોની સેવા કરી. મારા ઇષ્ટદેવ ઇસુ ખ્રિસ્ત છે.'

મહેશભાઇએ દુઃખી હૃદયે જણાવ્યું અમે અમારી દીકરીને બીજા જ દિવસે સ્કૂલમાંથી ઉઠાડી લીધી ને હિન્દુ સંસ્કાર આપતી સ્કૂલમાં દાખલ કરી છે પણ હવે એનામાં મૂળ સંસ્કાર લાવવા અમારે વર્ષો સુધી મહેનત કરવી પડશે.

(મુક્તિદૂત–ઓગસ્ટ ૧૯૯૭) –ડો. રસિકભાઇ લાખાણી–પોરબંદર

*

ભારતદેશોદ્ધારક પૂ. આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર.

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ ભવાય ચ

સંરક્ષિકા
પ્રેમચંદ મેઘાજી ગુંદા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મણસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ મેઘ (વડવાળા)
ચાંદાચંદ પદમશી ગુંદા (થાણા નગર)

વર્ષ : ૧૧] ૨૦૫૩ ભાદરવા વદ-૭ મંગળવાર તા. ૨૩-૯-૯૭ [અંક : ૭+૮

卐 પ્રકીર્ણક ધર્મોપદેશ 卐

–પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ વદિ–૧૩ મંગળવાર તા. ૨૩–૭–૧૯૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઈ–૬

(શ્રી. જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશ્રય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, મિચ્છામિ દુક્કડમ્ (પ્રકરણ ૨૦ મું) –અવ૦)

સભા૦ : વેપારની કલા છે ?

ઉ૦ : જૂઠ બોલવું તે વેપારની કલા ! ચોરી કરવી તે વેપારની કલા ! તમારી દુકાન ઉપર બોર્ડ મારો–'જૂઠ અને ચોરીની કલામાં હોંશિયાર છીએ માટે અમારી પેઢી ઉપર સમજીને આવજો.'

પ્ર૦ : મોટો માણસ જૂઠ બોલે તે જૂઠ ન કહેવાય.

ઉ૦ : આ વ્યાખ્યાન કોને બાંધી ? મિથ્યાદૃષ્ટિઓએ મોટામાં મોટો ચક્રવર્તી પણ મરતા સુધી ચક્રવર્તીપણાને ન છોડે તો નરકે જાય. વાસુદેવ અને પ્રતિવાસુદેવ નિયમા નરકે જાય. મહારંભી અને મહાપરિગ્રહી પણ તેને સારો માને તો નરકે જ જાય.

સભા૦ : નરક તો સાત જ છે ને ? આઠમી નથી ને ?

ઉ૦ : આવાને તો નરકની શ્રદ્ધા જ નથી ! પા ડીગ્રી તાવમાં હાયવોય કરનારા નરકમાં જશે ત્યારે ખબર પડશે !

આજે જનાવરોની શી હાલત છે ? જનાવરો મનુષ્યની મહેરબાની ઉપર જીવે છે. હજારો જનાવરો રોજ કપાય છે છતાં દયાળુઓ તેને રોકી શકતા નથી. આજની

સત્તા પણ તમારા જેવી પાપમાં સહાય કરનારી મલી છે. 'માંસાહારીને માંસ પૂરું પાડવું તે અમારી ફરજ છે' તે માટે કતલખાના ખોલે છે. આજના દેશની શી હાલત છે ? આગળ સુખીને ઘેર ઘોડાગાડી રહેતી તો એકવાર ઘોડો જોડાવ્યા પછી ઘણીવાર ઘોડો જોડાવતા નહિ. ઘોડાને મારી નાખવો છે તેમ કહેતા. આજે મોટરમાં બેસનારાએ ડ્રાઇવરને કહ્યું છે કે– કોઇને ધક્કો ન લાગે તેમ ચલાવજે ! પાંચ મિનિટનો રસ્તો હોય તો તે પહેલા ન નીકળે અને જે હડફેટે આવે તે મરે. જેને મોટર મલી છે તે બધા ઝપાટાબંધ જાય ને ? ગાડી મલી તેને ગમે તેમ દોડાવાની છૂટ પણ રસ્તે ચાલનારની ચિંતા નહિ આ કયાંનો ન્યાય કહેવાય ?

આજના બધા માણસો મોટેભાગે દુર્ગતિગામી જીવો છે. જેને મારે દુર્ગતિમાં જવું નથી અને સદ્ગતિમાં જવું છે તો શું કરીએ તો સદ્ગતિમાં જવાય, શું કરીએ તો દુર્ગતિમાં જવાય; શું ન કરીએ તો સદ્ગતિમાં ન જવાય, શું ન કરીએ તો દુર્ગતિમાં ન જવાય : આમ જે સમજે નહિ, સમજવા છતાં હૈયાપૂર્વક માને નહિ તેના જેવા અધમ કોઈ નથી ! ભણેલા વધારેમાં વધારે પાપ કરે છે, હજી અભણ ઓછાં પાપ કરશે. ભણેલા ગોઠવી ગોઠવીને સારામાં સારાં પાપ કરે છે.

તમે બધા તમારા સંતાનોને શા માટે ભણાવો છો ? 'ભણશે નહિ તો ખાશે શું ?' તેમ કહો છો. 'છોકરાંને એટલા માટે ભણાવીએ છીએ કે, ભણે તો સાચું–ખોટું સમજી શકે, સમજ્યા પછી મરી જાય પણ ખોટું ન કરે અને સાચું શક્તિ હોય તો કર્યા વિના ન રહે તે માટે ભણાવીએ છીએ' તેમ કહી શકો છો ?

તમે બધા જો શક્તિ મુજબ ધર્મ કરતા હોત તો એક મંદિરમાં એક પણ દિવસ મહોત્સવ વગરનો ન હોત. દરેકે દરેક મંદિરમાં રોજ મહોત્સવ ચાલતા હોત ! કદાચ દિવસો ઓછા પડત તો ભાગમાં પણ ઉત્સવાદિ કરવું પડતું હોત. તમારે ઘેર આવેલો દુઃખી પણ સુખી થઇને જાત. તમારે ઘેર આવેલો ભિખારી પણ હસતો હસતો જાત. આગળના ધર્મી શ્રીમંતો એવી વ્યવસ્થા કરતા કે ગામમાં કોઈ ભુખ્યો કે તરસ્યો ન રહે. શ્રી વસ્તુપાલ, શ્રી પેથડશા આદિ અનેક પુણ્યાત્માઓનાં ચરિત્રોમાં આ વાત તમે અનેકવાર સાંભળી છે કે– આ લોકોએ આટલી દાનશાળાઓ ખોલી, પરબો માંડી, અન્નાગારો ખોલ્યા. તમારામાં શું શક્તિ નથી ? સાધુ થવાની ખરેખર શક્તિ નથી ? બારવ્રતધારી શ્રાવક થવાની શક્તિ નથી ? ત્રિકાલપૂજાની શક્તિ નથી ? સદ્ગુરુનો યોગ હોવા છતાં અને સદ્ગુરુ રોજ સંભળાવતા હોવા છતાં રોજ શ્રી જિનવાણી સાંભળવાની શક્તિ નથી ? સાંભળેલું સમજવાની શક્તિ નથી ? તમે જે કાંઇ સમજો અને જે સારું લાગે તે આચરવાનું મન થાય તો

કેટલું કરી શકો તેમ છો ? જે તમારાથી થઇ શકે તેવું હોય તો રોજ કેટલું કરો છો ? ધંધાદિ દિવસે દિવસે વધતા જાય છે અને ધર્મ રોજ રોજ ઘટતો જાય છે; ધંધાદિ કરવ ની શક્તિ વધી છે અને ધર્મ કરવાની શક્તિ ઘટી છે તેનું કારણ શું ?

ભગવાન ઉપર ખરેખર પ્રીતિ હોય તો ભગવાન શું કહી ગયા છે તે જાણવાનું મન થયા વિના રહે ખરું ? ભગવાને પોતે ઘર–બારાદિ છોડ્યા અને તે પછી ઘર–બારાદિ આપો સંસાર છોડવાનું કહી ગયા છે. જેટલા શ્રી અરિહંતપરમાત્માઓ થયા તે બધા સાધુ થઇને, મોક્ષમાર્ગ સ્થાપીને મોક્ષે ગયા છે, એક શ્રી અરિહંતપરમાત્મા એવા નથી થયા જેઓ સાધુ થયા વિના મોક્ષે ગયા હોય ! તે જ ભવમાં મોક્ષે જવાનું નક્કી હોવા છતાં ઘોર તપ કર્યો છે. પ્રથમ તીર્થંકરદેવના કાળમાં બાર મહિનાના ઉપવાસનો તપ થઈ શકે છે, બાવીશ શ્રી તીર્થંકરદેવના કાળમાં આઠ મહિનાના ઉપવાસનો તપ થઈ શકે છે અને છેલ્લા શ્રી તીર્થંકર દેવના કાળમાં છ મહિનાનો તપ થઈ શકે છે. જગદ્ગુરુ પૂ. આ. શ્રી હીરસૂરીશ્વરજી મહારાજના કાળમાં શ્રીમતી ચંપાબેન નામની સુશ્રાવિકાએ છ મહિનાના ઉપવાસનો તપ કરેલો છે. આ પાંચમા આરામાં છ મહિનાના ઉપવાસનો તપ થઇ શકે ને ?

શાસ્ત્રે શ્રાવકની જેટલી કરણી લખી છે તે કરી શકો તેમ છો કે અમારાથી થઈ શકે જ નહિ તેમ માનો છો ? શ્રાવકના બારવ્રત, પર્વતિથિએ પૌષધ, ઉભયકાળ આવશ્યક, ત્રિકાળ પૂજા, સામાયિક આદિ કરવાં યોગ્ય કર્ત્તવ્યો તમે કરી શકો તેમ નથી ? તમે સાધુ પણ થઇ શકો તેમ નથી કે છો ? તમે આજ સુધી સાધુ નથી થયા તે શક્તિ નથી માટે નથી થયા કે તમારે સાધુ થવું જ ન હતું માટે નથી થયા ? સાધુ થવાનું પણ મન થયું છે ? શ્રી અરિહંત પરમાત્માને માનનારને સાધુ થવાનું મન ન થાય તે કદી બને નહિ. રોજ નવકાર બોલે તેને સાધુ થવાનું મન ન થાય તે બને ખરું ? રોજ કેટલીવાર શ્રી નવકારમંત્ર બોલો છો ? શ્રી નવકારમંત્ર બોલનાર એવા તમને શ્રી અરિહંતપરમાત્મા કે શ્રી સિદ્ધપરમાત્મા થવાનું મન થાય છે ? પૈસો પૈસો બોલનારાને વાત–વાતમાં પૈસો જોઇએ છે, તેને પૈસાવાળા થવાનું મન થાય છે. ગરીબને પણ પૈસાવાળા થવાનું મન થાય છે. જગતમાં કોઇ એવો જીવ છે. જેને પૈસાવાળા થવાનું મન ન થતું હોય ! માત્ર શ્રી નવકારમંત્ર ગણનારા જ એવા છે કે જેઓને શ્રી અરિહંતપરમાત્મા કે શ્રી સિદ્ધ પરમાત્મા થવાનું મન થતું નથી અને તે માટે સાધુ જ થવું જોઇએ તેવું પણ મન થતું નથી. આવું મન ન થાય તેને શ્રી નવકાર મંત્ર ગણનારો કહેવાય ? તો પછી તમે બધા શ્રી નવકારમંત્ર શા માટે ગણો છો ? બજારમાં કોઇને ય શેઠ થવાનું મન ન હોય તેમ છે ? નોકરને

પણ શેઠ થવાનું મન હોય છે ખરું ને ? તેમ સમજવા છતાં પણ જેને સાધુ થવાનું મન ન હોય તે શ્રી નવકાર મંત્ર ગણીને તેની આરાધના કરે છે ? તમે બધા જૈન હોત તો ય આવું ન પૂછવું પડત ! ખરેખર જે શ્રાવક હોય તેની પાસે જે હોય તેમાં સંતોષ માને એટલું નહિ વધુ પરિગ્રહ હોય તો તેને ય ઓછો કરવા માગે જ્યારે આજે તો તમારી પાસે જે છે તે ઓછું લાગે છે તેને વધુ કરવાનું. મહેનતમાં છો. તમે મીલના કે કારખાનાના માલિક કેમ નથી ? તમારે થવું જ નથી માટે કે થઈ શકતા નથી માટે ? અભિગ્રહ લીધો છે ?

જેની સાધુ થવાની ઈચ્છા જ ન હોય તેને શાસ્ત્રે શ્રાવક કહ્યો જ નથી, તેનામાં સમકિત પણ ન હોય, તે જીવ ધર્મ પામી શકે નહિ. તે તો ધર્મના બોઠા હેઠળ વધારે અધર્મ કરે. આજે જેટલા હોશિયાર અને મોટા શેઠીયા હશે તે મોટામાં મોટું જૂઠ બોલતા હશે, મોટામાં મોટી ચોરી કરતા હશે ! આજે મોટો વેપારી તેમ મોટો ચોર તેમ કહીએ તો કોઇ મોટો વેપારી તેનો વિરોધ ન કરી શકે. તે તો ચોરી કરે પણ બીજા અનેકને ચોર બનાવે છે. આજના ઘણા પ્રધાનો મોટા શેઠીયાઓના નોકર જેવા છે તે બેને એવો મેળ છે કે, સરકાર શું કરવા માગે છે તે બધી ખબર તેને પહેલેથી આપી દે છે. આજે જેટલા ધાડ પાડવા જાય છે તે કશું લઇને આવતા નથી અને ખોટી સહી કરીને આવે છે. આજે જેને જેને ઘેર ધાડ પડી છે તેમાંનો એક પકડાયો નથી અને પછી શું થયું તેની ખબર પણ પડતી નથી ! ત્યાં તમે પૂરા 'હાનેચરી' છો માત્ર અહીં ધર્મકામમાં ટીપમાં આપવું હોય તો ન આવાય. પોતે એકલો ધર્મનું કામ કરી શકે તેવો હોય છતાં તે કરતો હોય તેવા કેટલા જીવો મળે ? તેવો જીવ શ્રી નવકારમંત્ર ગણનારો કહેવાય કે બીજું કાંઇ કહેવાય ? આવાને શ્રી નવકારમંત્ર ગણવાનો વાસ્તવિક અધિકાર નથી. આવા ચોરટા લોકો તો શ્રી નવકારમંત્ર ગણીને શ્રી નવકારમંત્રની આબરૂ બગાડે છે.

તમે બધા શ્રી નવકારમંત્ર શા માટે ગણો છો ? આ સંસારથી છૂટવા ગણો છો કે સંસારમાં લહેર કરવા ગણો છો ? સંસારમાં લહેર કરવા શ્રી નવકારમંત્ર ગણવો તે પાપ છે ! સંસારમાં લહેર કરવા ધર્મ કરવો એટલે તે ધર્મ પણ અધર્મ થઇ જાય છે તે વાત માનો છો ! રાજ્ય પણ પાપ છે ! શેઠાઇ પણ પાપ છે ! ઘણા પૈસામાં મઝા માનવી તે ય પાપ છે ! તે માટે જ શ્રી નવકાર મંત્ર ગણે તો તે શું ધર્મ કરે છે ? ભણેલા તો બહુ સમજદાર હોય છે. કેટલી પરીક્ષાઓ પાસ કરે ત્યારે ડીગ્રી મેળવે છે, તેવા માણસ માટે આ જૂઠ બોલે તેમ માની શકાય ખરું ? ભણેલો જૂઠ બોલે ? તે પણ મજેથી બોલે ? તેના ચોપડા ખોટા હોય ? 'તારો ચોપડો ખોટો છે' તેમ કહે તો 'લઇ જા.' ભૂલ કાઢે અને ન સુધારું તો હું સાચો વેપારી નહિ; આમ કહેનારાં કેટલા મળે ? આજની હાલત ઘણી ખરાબ છે. (ક્રમશઃ)

મહાભારતનાં પ્રસંગો

[પ્રકરણ-૧૪] —શ્રી રાજુભાઇ પંડિત

(૧૪) રત્નજડયા સુવર્ણ લલાટ-તિલક.

અષ્ટાપદ મહાતીર્થ ગિરિની બાજુમાં સંગર નામનું નગર હતું. ત્યાં મમ્મણ રાજાને વીરમતી નામે રાણી હતી. એક વખત પત્ની સહિત રાજા મમ્મણ મૃગયા ખેલવા નીકળ્યો. તને સામે ચાલ્યા આવતા એક સાર્થમાં એક મલિન વસ્ત્રવાળા ક્ષમાશ્રમણ-સાધુ ભગવંતને જોયા. મુનિરાજને જોતા જ રાક્ષસી દુષ્ટ જ્ઞાનતવાળા રાજા મમ્મણે-'આ મારા મૃગયા મહોત્સવમાં વિઘ્ન કરનારું અપશુકન છે' એમ સમજી સાધુ ભગવંતને સાર્થથી છૂટા પાડી દઇને પકડી રાખ્યા. પછી પત્ની વીરમતી સાથે જ રાજમહેલમાં પાછા ફરેલા રાજાએ બાર-બાર ઘડી સુધી તે મહાત્માને દુષ્ટાતિદુષ્ટ વચનો સંભળાવ્યે રાખ્યા.

બાર ઘડીને અંતે દયા આવતા તે રાજા-રાણીએ મુનિવરને પૂછ્યું. 'તમે ક્યાંથી આવો છો ? ક્યાં જઇ રહ્યા છો ?'

મુનિવરે કહ્યું-સાર્થની સાથે રોહિતક નગરથી હું અષ્ટાપદ ઉપર શ્રી અરિહંત પરમાત્માના બિંબોને વંદન કરવા જઇ રહ્યો હતો. પણ હે મહાભાગ ! તમારા વડે સાર્થથી વેગળો પડાયેલો હું અષ્ટાપદ પર્વત ઉપર જઇ ના શક્યો. ધર્મકર્મ બહુ અંતરાયવાળુ હોય છે.

આ દંપતી લઘુકર્મી હોવાથી મુનિવર પાસે ધર્મવાર્તા કરવા પોતાના મુનિ ઉપરના રોષને જલ્દી ભૂલી ગયા. ભક્તિભાવભીના તે બંનેને જાણીને પરોપકારી મુનિવરે જીવદયા પ્રધાન ધર્મ સમજાવ્યો. આજ સુધી નહિ સાંભળેલા ધર્મને સાંભળીને ધર્માભિમુખ બનેલા તે બંને પ્રિય અતિથિની જેમ મુનિવરની સ્વયં ભક્તિ-પાન આદિથી પર્યુપાસના કરવા લાગ્યા. કર્મરોગથી પીડાતા તે બંનેને ધર્મની ઔષધિનું દાન કરીને ઘણા લાંબા કાળે તે રાજા-રાણીની અનુજ્ઞા પામીને મુનિવર અષ્ટાપદ તીર્થયાત્રાએ પધાર્યા.

લાંબા કાળના મુનિવરના સંસર્ગથી શ્રાવકવ્રતને સ્વીકારીને તે રાજા-રાણી કૃપણ માણસ ધનની રક્ષા કરે તેમ શ્રાવકવ્રતનું પાલન કરતા રહ્યા.

એક વખત ધર્મમાં વધુ સ્થિર કરવાના હેતુથી શાસનદેવી વીરમતીને અષ્ટાપદ-ગિરિ ઉપર લઇ આવ્યા. દેવેન્દ્રો-અસુરેન્દ્રો વડે શ્રી વીતરાગ પ્રભુની ભક્તિપૂર્ણ મનથી પૂજાતી પ્રતિમાઓ જોઇને વીરમતી અત્યંત આનંદિત થઇ ગઇ. ત્યાં ૨૪ તીર્થંકરોને

વંદના કરીને વીરમતી પાછી પોતાના નગરે આવી.

શ્રી અષ્ટાપદ તીર્થ, ત્યાંના પ્રતિમા અને ત્યાંની દેવ–દાનવોથી થતી પૂજાના દર્શનથી ધર્મમાં વધુ દૃઢ બનેલી વીરમતીએ પ્રત્યેક તીર્થંકરોને ઉદ્દેશીને ૨૦–૨૦ આયંબિલ તપ કર્યો, અને રત્નજડિત સુવર્ણના ૨૪–૨૪ ઝિંમરી તિલકો અષ્ટાપદના ચોવીસેય તીર્થંકર પરમાત્મા માટે ભક્તિપૂર્વક કરાવ્યા.

અને એક દિવસ પરિવાર સહિત અષ્ટાપદ પર્વત ઉપર જઇને ચોવીશેય તીર્થંકરોની સ્નાત્ર (પ્રક્ષાલ) પૂર્વક પૂજા કરી અને તે દરેક પ્રતિમાના લલાટમાં રત્નજડિત સુવર્ણના તિલકો સ્થાપન કર્યા. ત્યાં પધારેલા ચારણ મુનિઓને દાન દઈને તપશ્ચર્યા કરવા લાગી. પછી કૃતકૃત્ય થયેલી તે ચિત્તથી નૃત્ય કરતી વીરમતી પોતાના નગરે પાછી ફરી. ધર્મ કર્મમાં ઉદ્યત થયેલી તે રાજાની સાથે જ સમાધિપૂર્વક મૃત્યુ પામીને દેવલોકમાં દેવ–દેવી દંપતી રૂપે ઉત્પન્ન થયા.

દેવલોકમાંથી ચ્યવીને મમ્મણનો જીવ પોતનનગરમાં ધમ્મિલાસ નામના ભરવાડની રેણુકા પત્નીથી ધન્ય નામે પુત્ર થયો. અને તે વીરમતી ત્રિદશાલય–દેવાલય–દેવલોકમાંથી ચ્યવીને ધન્યની જ ધુસરી નામે પત્ની થઇ.

ભેંસોને ચરાવ્યા કરતા દિવસો વીતાવી રહ્યા હતા.

એક વખત ઘનઘોર વાદળો છાયા, ઉમટેલા મેઘ અને વાદળાઓનાં ભયાનક ગર્જના સાથે મુશળધાર વરસાદ તૂટી પડ્યો. ભેંસો ચરાવવા આવેલા ધન્યએ છત્ર સાથે રાખેલું હતું. પણ ફરતા ફરતાં ધન્યની નજર વૃષ્ટિમાં પલળી રહેલા કોઇ ધ્યાનસ્થ મુનિવર ઉપર પડી. તરત જ પોતાના છત્રથી મુનિવરની પાણીથી રક્ષા કરી.

વૃષ્ટિ બંધ થાય ત્યાં સુધી કાયોત્સર્ગ ધરીને રહેલા મુનિ સતત સાત–સાત દિવસ સુધી કાયોત્સર્ગસ્થ રહ્યા. આખરે વૃષ્ટિ અટકી. ધન્યે મુનિવરને પોતાની ભેંસ ઉપર બેસવાનું કહેતા મુનિવરે–કોઇને પીડા કરનારૂ કામ મહર્ષિઓ કરતા નથી. મહર્ષિઓ તો પદથી સંચરનારા હોય છે તેમ કહ્યું. પછી પોતાની વસતિમાં મુનિવરને પધરાવીને પોતે દૂધ વડે મુનિવરને પારણું કરાવ્યું. તે મુનિવરે તે ચોમાસુ પોતનપુરમાં પસાર કરી અંતે અન્યત્ર વિહાર કર્યો. શ્રાવકધર્મ પામી ગયેલા ધન્ય અને ધુસરી શ્રાવકવ્રતનું પાલન કરતા કરતા સમાધિપૂર્વક મૃત્યુ પામ્યા અને યુગલિક બન્યા. તે બંને ત્યાંથી દેવલોકમાં ગયા. દેવલોકમાંથી ચ્યવીને ધન્યનો જીવ કોશલા નગરીમાં નિષધ રાજાનો પુત્ર નળ થયો. અને ધુસરી વિદર્ભમાં કુંડનનગરના ભીમરથ રાજાની દમયંતી નામે પુત્રી થઇ.

(ક્રમશઃ)

卐 શ્વેતાંબરોના વિજયોની તવારીખ 卐

(ક્રમ–૨) (ગતાંકથી ચાલુ)

કોઇ માને કે ન માને પણ તીર્થસ્થાનોનું મહાત્મ્ય જગતભરમાં શિક્ષિત–અશિક્ષિત, શહેરવાસી, વનવાસી, પ્રગતિશીલ–પછાત...તમામ વર્ગો અને સમાજોમાં કહેવાયું છે.

સાડા ત્રણ કરોડ સંસ્કૃત–પ્રાકૃત શ્લોકના રચયિતા મૂર્ધન્ય શાસ્ત્રકાર અને વૈયાકરણીય આચાર્ય કલિકાળ સર્વજ્ઞ હેમચંદ્રસૂરિવરે 'ત્રિષષ્ઠિશલાકા પુરૂષ ચરિત્ર' નામક શાસ્ત્ર (અજના અર્થમાં વિજ્ઞાન જ નહીં પણ પરમ વિજ્ઞાન... વિજ્ઞાનથી પણ આગળનું વિજ્ઞાનથી પણ પર...એટલે શાસ્ત્ર... અંગ્રેજોએ અને અંગ્રેજોના વાદે આપણા અંગ્રેજ ભકત કહેવાતા બૌદ્ધિકો અને પોતાને શિક્ષિત ગણાવનાર ભારતીયોએ શાસ્ત્રનો વિકૃત અર્થ કરીને આપણી સંસ્કૃતિની શ્રેષ્ઠતાને હાનિ પહોંચાડવાનો પ્રયત્ન કર્યો છે. ઋષિ શબ્દનું પણ એવું જ વિકૃત અર્થઘટન તેઓએ કર્યું છે. હકીકતમાં ઋષિ એટલે આજના આઇન્સ્ટાઇનો કરતા પણ અનેકગણું આગળનું, દૂરનું, પરમતત્ત્વનું જ્ઞાન ધરાવનાર પરમ જ્ઞાતા...પરંતુ પેલા ગુલામ માનસવાળાઓએ ઋષિ એટલે દાઢી, જટા, રાખવાળો

પવિત્રતાના પાવનપુંજ સમેતશિખર મહાતીર્થ ઉપરના શ્વેતાંબર જૈનોના માલિકી હક માટેના કાનુની જંગમાં, શ્વેતાંબર જૈન સંઘના ઉપરાછાપરી વિજયોની દસ્તાવેજી તવારીખ.

કોઈ માંગણ એવો અર્થ આપણા મનમાં ઘુસાડયો છે અને શાસ્ત્ર એટલે 'બોગસ', ધર્મકર્મકાંડ અને સંસ્કૃત જેવી મૃત ભાષામાં લખેલું લખાણ...એવો અર્થ આપણને સમજાવ્યો છે ! હવે આઝાદીના ૫૦ વર્ષ પછી આપણે આવી વિકૃતિમાંથી બહાર આવવાની જરૂર છે.

ગ્રંથમાં તીર્થયાત્રાનું દર્શન કરાવતો શ્લોક આવ્યો છે. 'સમ્યકત્વધારી પથિ પાઠચારી/ભૂસ્વાપકારી વરશીલધારી/સચ્ચિત્તવારી સુકૃતી સદ્કા/હારી વિશુદ્ધાં વિધાતા યાત્રામાં' એટલે કે, જે સમ્યકત્વધારી, પાઠચારી, ભૂમિસંથારી, બ્રહ્મચારી, સચ્ચિત્તવારી અને એકાગ્રજ્ઞાનકારી હોય એવો બુદ્ધિમાન પુણ્યાત્મા વિશુદ્ધ યાત્રા કરનારો બને છે.

અન્ય ધર્મોમાં મક્કા, માનસરોવર, અમરનાથ વગેરેની યાત્રાઓનું કે તીર્થોનું જે મહત્ત્વ છે એ જ મહત્ત્વ જૈનોમાં સમેતશિખરનું છે.

એ સમેતશિખરની પવિત્રતાને આંચ લાગે એવા પ્રયત્નો છેલ્લા દસકામાં રાજ-

કારણીઓ દ્વારા તથા એમને સાથ આપીને ચાવી આપનારા કેટલાક ધનાઢ્યો અથવા સ્વાર્થસાધકો દ્વારા થયા છે. (આવો એક પ્રયત્ન ગુજરાત અને રાજસ્થાનના સંગમ પર આવેલા કેસરીયાજી તીર્થ માટે આઝાદી આપણને મળ્યા પછી થયો હતો જેના કારણે આજે એ તીર્થનું મહાત્મ્ય કોડીનું પણ નથી રહ્યું અને એ તીર્થની પવિત્રતા એટલી બધી નષ્ટ થઈ ગઇ છે કે...ત્યાં દર્શને જવાની ઇચ્છા પણ ન થાય. કારણ કે એ તીર્થસ્થળ ઉપર મૂળ તો...શ્વેતાંબર જૈનોનો માલિકી હક્ક હતો જેમાં ભાગ પડાવવા દિગંબર અને જૈનોએ ફાચર મારેલી અને પરિણામે અંતે આજે એ પ્રતાપી અને પવિત્ર તીર્થસ્થળ ઉપર સરકારનું નિયંત્રણ થઇ ગયું છે. અને સરકાર. નિયંત્રણ એટલે શું...એ હવે કોઇને સમજાવવાની જરૂર નથી. નિયમશાહી, નોકરશાહી, વહીવટહીનતા, અવ્યવસ્થા, તુમારશાહી, ખાયકી, ભ્રષ્ટાચાર, અંકુશહીનતા. વગેરે એટલે 'સરકાર' જેનું કેસરીયાજીમાં સ્પષ્ટ દર્શન થાય છે!)

એ સમેતશિખર તીર્થરાજ ઉપર શ્વેતાંબર જૈનોનો આદિકાળથી હકદાવો હતો એના છૂટક છૂટક ઉલ્લેખો મળે છે. પરંતુ જે રીતસરનો વ્યવસ્થિત ઉલ્લેખ મળે છે એ મુજબ :—

બાદશાહ અકબરે જૂલસી સન ૩૭ અને ઇલાહી સન ૩૭ ના 'બીજા મરદીબેહસ્ત મહિના'ની બીજી—ત્રીજી તારીખે...હીજરી સન ૧૦૦૦ ના ત્રીજા રવિ ઉલ અવલ મહિનાની ૭ મી તારીખે એટલે કે વિ. સં. ૧૬૪૯ ના વૈશાખ શુદ ૧૦ એટલે કે ઇ. સ. ૧૫૯૨ ના એપ્રિલની ૧૨ તારીખે એક ફરમાન બહાર પાડીને શત્રુંજ, તારંગા, ગિરનાર, કેશરીયાજી, આબુ, રાજગૃહિની પાંચ પહાડીઓ તેમજ સમેતશિખર તીર્થોને 'શ્વેતાંબર જૈન તીર્થો' જાહેર કરી એની માલિકી જૈનોની બતાવેલી.

એ સાથે બાદશાહ અકબરે આચાર્ય વિજયહીરસૂરિને એ તીર્થસ્થળો ભેટ આપ્યાનું પણ ફરમાન જણાવેલું.

ટુંકમાં બાદશાહ અકબરે વિક્રમ સંવત ૧૬૪૯ માં આચાર્ય વિજયહીરસૂરિજીને સમેતશિખરનો પહાડ ભેટ આપ્યો હતો.

બાદશાહ અકબરે જણાવેલું કે, શ્વેતાંબર જૈનાચાર્ય હીરવિજયસૂરિજી તથા તેમના શિષ્યો જે પવિત્ર મનવાળા સાધુપુરૂષો છે. તેઓના દર્શનથી મને ઘણો આનંદ થયો છે. તેઓની માંગણી છે કે, અમારા તીર્થ સિદ્ધાચલજી, ગિરનારજી, તારંગાજી, કેશરીયાજી, આબુજી, રાજગૃહીના પાંચ પહાડો, સમેતશિખરજી વગેરે શ્વેતાંબર તીર્થસ્થાનો છે. તેમાં તથા તેની આસપાસની ભૂમિમાં કોઇ જાતની હિંસા થાય નહીં એવો

હુકમ કરવો જોઇએ. અમને આ માગણી વાજબી લાગે છે. તપાસ કરતા નક્કી થયું છે કે આ સ્થાનો શ્વેતાંબર જૈનોના જ છે. એટલે હું આ સૌ સ્થાનો શ્વેતાંબર આ. હીરવિજયસૂરિને અર્પણ કરું છું કે તેઓ એ પવિત્ર સ્થાનોમાં શાંતિથી ઉપાસના કરે. આ સ્થાનો શ્વેતાંબર સમાજના છે. તેઓની માલિકીવાળા છે. જ્યાં સુધી સૂર્ય–ચંદ્ર તપે ત્યાં સુધી આ ફરમાન જૈન શ્વેતાંબર સંઘ માટે અફર રહે. આ ફરમાનના અમલમાં કોઇએ ડખલ કરવી નહીં.'

આ ફરમાનની મૂળ નકલ અમદાવાદમાં શ્વેતાંબર જૈન સંઘની પ્રતિનિધિ સંસ્થા 'શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી' પાસે છે.

હવે....બીજા દસ્તાવેજી પુરાવા જુઓ-(૧) એ પછી દિલ્હીના ૧૮ મા બાદશાહ અહમદશાહે પણ મુર્શિદાબાદના શેઠ મહતાબરાયને વિ. સં. ૧૮૦૫ જેઠ મહિનામાં 'જગત શેઠ'નું બિરુદ આપીને વિ. સં. ૧૮૦૯ માં મધુવન, કોઠી, જયપારનાળુ, પ્રાચીનનાળું, જળહરિકુંડ, પારસનાથ તળેટી વચ્ચેની ૩૦૧ વીઘા જમીન વગેરે ભેટ આપ્યા હતા.

(૨) એનાં ૪ વર્ષ પછી વિ. સં. ૧૮૧૨ માં બાદશાહ અબુ અલીખાન બહાદુર બીજા આલમશાહે 'પાલગંજ પારસનાથ પહાડ'ને કરમુક્ત જાહેર કર્યો હતો. એટલે ત્યાં વેઠ, વેરો, લાગત, જકાત, મુંડકાવેરો, રખોપા વગેરે માફ કર્યા હતા.

(૩) તા. ૨૫–૧૨–૧૭૫૯ થી ૧૯–૧૧–૧૮૦૬ એટલે કે વિ. સં. ૧૮૧૬ થી ૧૮૬૩ સુધી રાજ્ય કરનાર બાદશાહ આલમ ત્રીજાના સમયમાં જેસલમેરના શેઠ ગુલાબચંદ સંઘવીએ વિ. સં. ૧૮૨૫ ના મહા સુદી ૫ ના દિવસે સમેતશિખરનો આચાર્ય વિજયધર્મસૂરિના (જૈન સાધુઓને જ્ઞાન અને તપના આધારે જે પદવી આપવામાં આવે છે એમાં 'આચાર્ય' પદવી છેલ્લી છે. એટલે જેમની આગળ 'આચાર્ય' લખ્યું છે એ અમસ્તુ નથી લખ્યું પરંતુ એમની પદવીનું એ દ્યોતક છે.) હાથે સમેતશિખર પર્વતનો ૨૧મો ઉદ્ધાર કરાવ્યો. (પહેલો ઉદ્ધાર અયોધ્યા નગરીના ચક્રવર્તી રાજા સગરના પૌત્ર રાજા ભગીરથે આચાર્ય સાગરસૂરિના ઉપદેશથી કરાવેલો. બીજો ઉદ્ધાર હેમનગરના રાજા હેમકરો ગણધર વારૂકના ઉપદેશથી કરાવેલો. ત્રીજો ઉદ્ધાર પુરણપુરના રાજા રત્નશેખરે કરાવેલો. ચોથો ઉદ્ધાર યમનગરના રાજા આનંદસેને કરાવેલો. પાંચમો ઉદ્ધાર બંગાળના પ્રભાકરનગરના રાજા સુપ્રભે કરાવેલો. છઠ્ઠો ઉદ્ધાર રાજા ઉદ્યોતે કરાવેલો. સાતમો ઉદ્ધાર પુંડરીક નગરના રાજા લલિત કરો, આઠમો ઉદ્ધાર શ્રીપુર નગરના હેમપ્રભ રાજાએ, નવમો ઉદ્ધાર માળવાના ભદ્રિલપુરના રાજા મેઘરથે, દસમો ઉદ્ધાર માળવાના બાલનગરના રાજા આનંદસેને કર્યો.

અગિયારમો ઉદ્ધાર ક્ષત્રાવતી નગરીના રાજા ક્ષત્રકરથે, બારમો ઉદ્ધાર કૌશાંબીના રાજા બાલસેને વિદ્યાચરણ મુનિના ઉપદેશથી તેરમો ઉદ્ધાર પંજાબના શ્રીપુરના ભવદત્તે આચાર્ય ધર્મઘોષસૂરિના ઉપદેશથી, ચૌદમો મિત્રપુર નગરના રાજા સુદર્શન, પંદરમો વત્સ પ્રદેશના શાલિભદ્રનગરના રાજાએ, સોળમો ભદ્રપુર નગરના રાજા આનંદસેને, સત્તરમો કલિંગના શ્રીપુરના રાજા અમરદેવે, ૧૮ મો રત્નપુર નગરના રાજા સોમદેવે, ૧૯મો શ્રીપુર નગરના રાજા મેઘદત્તે અને ૨૦મો ગંધપુરના રાજા પ્રભસેને આચાર્ય દિનકરસૂરિના ઉપદેશથી ઉદ્ધાર કરાવ્યો હતો.)

મુર્શિદાબાદ અને 'જગતશેઠ' મહેતાબ રાયને ખુશાલચંદ, ગુલાબચંદ, સમીરચંદ અને સુખલાલ નામના ચાર પુત્રો હતા. જેસલમેરમાં પણ એમની પેઢી હતી એટલે એમણે દેવવિજય ગણીના ઉપદેશથી ૨૧મો ઉદ્ધાર સમેતશિખરનો કરાવવાનું તથા મધુવનમાં નવા દેરાસર બનાવવાનું નક્કી કર્યું. પરંતુ વિ. સં. ૧૮૨૨માં એમનો દેહ વિલય થતા બાદશાહ આલમે એમના મોટા પુત્ર ખુશાલચંદને "જગત શેઠ"નું બિરૂદ આપેલું.

એ જગતશેઠ ખુશાલચંદ મુર્શિદાબાદથી હાથી પર બેસીને અવારનવાર સમેત શિખરની યાત્રાએ જતા.

આ ખુશાલચંદ શેઠે જ દેવવિજય ગણિના ઉપદેશ (સૂચન)થી તથા દેવી પદ્માવતી માં ના માતાના જાપના પ્રતાપે શિખર પરના ૨૦ તીર્થંકરોની દેરીઓના ચિન્હ, ચરણ પાદુકાઓની દેરીઓ, જલમંદિર નામનો ભવ્ય જિન પ્રાસાદ, તળેટીમાં કોઠી. ધર્મશાળા ભોમિયાદેવનું મંદિર, શામળિયાજી પાર્શ્વનાથ વગેરે સાત મંદિરો બનાવ્યા. એ પછી એમણે વિ. સં. ૧૮૨૫માં તેમજ ૧૮૦૩ થી ૧૮૪૧ની વચ્ચે પ્રતિષ્ઠાઓ કરાવી. એટલે કે... લગભગ ૧૫૦–૨૦૦ વર્ષ પહેલાં આ થયું. ત્યાર પછી આ તીર્થનો મહિમા વધુ વધી ગયો. એ ખુશાલચંદ શેઠ વિ. સં. ૧૮૪૦માં એટલે કે લગભગ ૨૦૦ વર્ષ પહેલાં અવસાન પામ્યા. (ગુજરાતમાં અને અમદાવાદમાં પણ એજ વર્ષોમાં સંખ્યાબંધ જીનાલયો બંધાયેલા. જેમ કે અમદાવાદના ઢાળુપુર ટંકશાળના દેરાસરની ૧૩૯મી જયંતિ ગયા અઠવાડિયે ઉજવાઇ. એ સિવાય અમદાવાદના ઝવેરીવાડના માંડવીની પોળના, ઢાલુપુરના દેરાસરો એજ વર્ષોમાં અથવા એ પછીના ૪૦ વર્ષમાં બંધાયેલા.

આજે કોટની અંદરનું અમદાવાદ બહાર નીકળી જતા એ બધા દેરાસરોની અવદશા શરૂ થઈ ગઇ છે. પૂજારી હોય છે પણ પૂજન કરવા જનાર જૈનો નથી રહ્યા. અગાઉની એ દેરાસરોની જાહોજલાલી પણ જતી રહી છે. પાટણ–ખંભાતના દેરાસરો તો એનાં કરતાં પણ જૂના અથવા એ જ અરસાના છે. પરંતુ ત્યાં પણ જૈનો નહીં

રહેતા મોટાભાગના એ દેરાસરો બંધ અવસ્થામાં આવી ગયા છે. જૈન સંઘોએ અને આસ કરીને સમગ્ર જૈન સમાજનું પ્રતિનિધિત્વ ધરાવતી તથા કરોડો રૂપિયાનું ભંડોળ અને આવક ધરાવતી આણંદજી કલ્યાણજીની પેઢીની એ બધા દેરાસરોને જીવંત રાખવાની જવાબદારી છે. એ જવાબદારીમાંથી છટકી જવાના બહાના તો હોય જ છે. પરંતુ એમ કરવું એ જૈન સમાજનો વિશ્વાસઘાત કરવા જેવું છે. એ બધા જ દેરાસરોને કોઇપણ સંજોગોમાં બંધ થવા દેવા જોઇએ નહીં.)

આ જગત શેઠ ખુશાલચંદે બીજા પણ લોકોપયોગી કાર્યો કર્યા હતા. જેમકે પોતાના માતાની અને પત્નીની યાદમાં ૧૦૮ વાવો ખોદાવી હતી.

એ વખતે બ્રિટીશરોનો લોર્ડ વેારન હેસ્ટીંગ ભારતમાં પ્રદેશો કબ્જે કરતો હતો. એની ભાવના જગતશેઠનો ખિતાબ વંશવારસામાં પણ આપવાની હતી પરંતુ એ પહેલા ખુશાલચંદ જગતશેઠ નિઃસંતાન અવસાન પામ્યા.

પરંતુ સમેતશિખર તીર્થનું મહાત્મ્ય વધતું રહ્યું.

દા. ત. એ અરસામાં એટલે કે વિ. સં. ૧૭૯૪માં સુરતના શેઠ કચરાકીકા પટણીએ દેવચંદજી મહારાજના ઉપદેશથી સમેતશિખરનો યાત્રા સંઘ કાઢેલો. એ દેવચંદ મહારાજના સૂચનથી એમણે રસ્તામાં ધાર્મિકવિધિ કરાવવા માટે અમદાવાદની શામળાની પોળના શેઠ લાલચંદના ૧૬ વર્ષના પુત્ર પુંજાશાહને સાથે લીધેલો. એ પૂંજા શાહે વિ. સં. ૧૭૯૬માં સત્યવિજય ગણિની પરંપરાના શિષ્ય જિનવિજયજી ગણિ પાસે દીક્ષા લીધેલી અને ઉત્તમવિજય નામ રાખેલું.

(ગુ. સ. તા. ૨૧–૮–૯૭) —આશ્લેષ શાહ



શાસન સમાચાર : કલકત્તા–પૂ.આ.શ્રીવિ. પ્રભાકર સૂ.મ.ની આજ્ઞાથી ચાતુર્માસ રહેલ પૂ. તપસ્વી મુ.શ્રી વિમલરક્ષિત વિ. મ.ની ૭૧મી ઓળીની તથા પૂ.મુ.શ્રી મોક્ષરક્ષિત વિ. મ.ની પહ્લી ચાલતી નિમિતે પૂ.સા.શ્રી તત્ત્વમાલાશ્રીજી મ.ના ઉપદેશથી કુ. નિમુબેન વીરચંદ ગોસર શાહ–જામનગરવાળા તરફથી શ્રા. સુદ ૧૧ના શ્રી સંઘમાં ગુરૂપૂજન સંઘપૂજન રાખી લાભ લીધો હતો. પૂ.સા.શ્રી ઈન્દ્રપ્રભાશ્રીજી મ. આદિ હાવડા કલકત્તા ચાતુર્માસ છે. પૂ.સા.શ્રી ચારિત્રશ્રેયાશ્રીજી મ. સા. સમવસરણ તપ ચાર બારી ૬૪ ઉપવાસ અને સિંહાસનતપ ૨૫ ઉપવાસ ૪–૪ અને ૫–૫ ને પારણા કરતા ઉત્સાહ થતાં અનેક સાંજીઓ પ્રભાવના વિ. થયા. ઘણો ઉત્સાહ વધ્યો.

આ તે કેવી સંસ્કૃતિ !

—પૂ.આ. શ્રી વિ. ચન્દ્રગુપ્તસૂરીશ્વરજી મ.

સાચા અને ખોટાનું અસ્તિત્વ અનાદિકાલની ચાલ્યું આવે છે અને અનંતકાલ સુધી રહેવાનું છે. સાચા ઉપર ખોટાની ચડાઇ પણ આથી જ સનાતન હોવાની. આ ચડાઇમાં ખોટું, હંમેશા પોતાનું કુરૂપ ઢાંકવા નકલી સત્યનાં આવરણ પહેરીને ફરતું હોય છે. અન્ય ક્ષેત્રની જેમ ધર્મક્ષેત્રમાં પણ સિદ્ધાન્તપક્ષ ઉપર સિદ્ધાન્તવિરોધી-ઓના હુમલા સતત થતા હોય છે અને આ હુમલાખોર તત્ત્વો, પોતાના ઇરાદા અને કારનામાં ઢાંકવા કોઇ રૂપાળાં આવરણ શોધી કાઢતાં હોય છે. આશરે છ–સાત દાયકા અગાઉ સમાજસેવા અને સુધારકવાદના આવરણ નીચે આવાં ધર્મદ્રોહી તત્ત્વો આપણાં શાસ્ત્રો અને આચારો ઉપર આક્રમણ કરી રહ્યાં હતાં. આપણા સુવિહિત ધર્મગુરુઓએ ત્યારે એમનો જોરદાર પ્રતિકાર કર્યો હતો.

આથી અકળાયેલાં એ તત્ત્વોએ આપણા ધર્માચાર્યોની અવહેલના કરવામાં કશી કચાશ રાખી ન હતી. આજે (છેલ્લાં દસેક વરસથી) સિદ્ધાન્તપક્ષે ફરી એક નવા આક્રમણનો સામનો કરવાનો આવ્યો છે. આ આક્રમણ, પેલા સુધારાવાદ કરતાં વધુ રૂપાળાં, 'સંસ્કૃતિરક્ષા' અને એવાં એવાં બીજાં આવરણો નીચે થઇ રહ્યું છે. સુધારાવાદીઓ ખુલ્લેઆમ 'શાસ્ત્રો શાસ્ત્રો શું કરો છો ? જમાનો જુઓ, આજે એ શાસ્ત્ર કામ ન લાગે' એમ કહેતા. આજના આ સંસ્કૃતિરક્ષકો શાસ્ત્રોને માથે ચડાવવાનો ઢોંગ કરે છે, પરંતુ શાસ્ત્રોનો અર્થ પોતાને ફાવતો કરે છે. (પેલા સારા કે આ સારા–એની ચર્ચામાં ઊતરવા જેવું નથી. બન્ને એક બીજાના ગુરુ થવા લાયક છે !)

સંસ્કૃતિને નામે મિથ્યાત્વ અને સાવદ્યના અખાડા ખોલી બેઠેલા આ પ્રચારકોને ય સુવિહિત ધર્માચાર્યો નડતરરૂપ લાગે એમાં નવાઈ નથી. એમની એ અકળામણ અવારનવાર પ્રગટ થયા કરતી હોય છે. બે–ત્રણ માસથી આવી અકળામણ ઠાલવતી એક પત્રિકા ફરતી થઈ છે. એ પત્રિકાનું કોઇ શીર્ષક નથી, કોઇ લેખક – પ્રકાશકનું નથી. 'માતમ' શબ્દથી શરૂ થતી તે પત્રિકાને આથી તે નામથી જ ઓળખીશું. (મુંબઈમાંની આવી એક 'સંસ્કૃતિરક્ષક' સંસ્થાના સાહિત્ય સાથે એ પત્રિકા મળતી હોવાના સમાચાર છે.) 'માતમ'ના સર્જકની તપાસમાં ઊંડા ઊતરવાની જરૂર નથી.

સુવિહિત શ્રમણો માટે આવી આક્ષેપભરી – અવિનયભરી – ભાષા વાપરનારાં તત્ત્વોને આપણે હવે ઓળખીએ છીએ. વાસ્તવમાં આવાં નનામાં 'માતમો'ને ધ્યાનમાં લેવાનાં ન હોય, પરંતુ એક પૂજ્ય આચાર્યશ્રીએ આ પત્રિકાના મુદ્દા અંગે માર્ગદર્શન

અને વિચારો જણાવવા પૂ. ચંદ્રગુપ્ત સૂ.મ.સા.ને વિનંતી કરી. તેના જવાબરૂપે વિચારાયેલા આ પત્રની ઉપયોગિતા અન્ય જીવો માટેય ઘણી હોવાનું લાગતાં પૂજ્યશ્રીની આજ્ઞા લઇને એ લખાણ પ્રગટ કરું છું. આત્માને ભૂલીને આખી દુનિયાની ચિંતા કરવ નીકળેલા 'સંસ્કૃતિરક્ષકો'ની માયામાંથી મુગ્ધજીવો ઉગરી જાય એવી અપેક્ષા રાખું છું.

કિશોર બી. શાહ (ખંભાતી)

જે તનામી પત્રિકાના નિમિત્તને પામીને આ વિચારણાનો પ્રસંગ આવ્યો છે, તે પત્રિકા પણ આ સાથે વાચકોની જાણ માટે પ્રગટ કરવામાં આવી છે.

'માતમ મનાવવાનો દિવસ આવ્યો છે. લોહીનાં આંસુઓ પાડવાનો અવસર છે.' પરંતુ તે રાજા ઋષભની સંસ્કૃતિની કે વર્ણવ્યવસ્થાની છિન્નભિન્નતાના કારણે નહિ પણ શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્માના પરમતારક શાસનને પામ્યા પછી પણ મેકઅનાત્મવાદના પ્રતીકારના નામે બીજા પ્રકારના પ્રબળ અનાત્મવાદના જ પ્રચાર સામે આપણે કશું જ કરતા નથી – એ માટે. શ્રી મહાવીર પરમાત્માના પરમતારક શાસનને પામ્યા પછી એ શાસનને જ છિન્નભિન્ન કરનારાઓને સમયસર રોકવામાં નહિ આવે તો આપણાં જયવંતા જિનશાસનની સર્વવિરતિપ્રધાન વ્યવસ્થાનો ઉચ્છેદ ન થાય તો પણ હ્રાસ તો ચોક્કસ થશે–એવો સંભવ દેખાય છે. સેંકડો દીવાને બદલે એકાદ દીવો બળતો હોય તો દીવાનો ઉચ્છેદ ભલે ન થાય પરન્તુ એનો પ્રકાશ સહુને ક્યાંથી મળે ?

આત્મવાદ અને અનાત્મવાદના ફરકને સમજ્યા વિના જ આજે આત્મવાદનો પ્રચાર કરવા અને અનાત્મવાદનો પ્રતીકાર કરવા કેટલાક સંસ્કૃતિરક્ષકો તૈયાર થયા છે, જે આપણું દુર્ભાગ્ય છે. અને આમાં કેટલાક સાધુમહાત્માય ભળ્યા છે, તે એથીય વધુ દુર્ભાગ્ય છે. વર્ત્તમાનના આ સંસ્કૃતિરક્ષકોને ઓળખી લેવાની જરૂર છે. તેમની વાતમાં સમ્મત નહિ થતા સાધુભગવંતો માટે તેઓ જે ભાષા વાપરે છે તે વાંચતા તેમને ઓળખી લેવાની વધુ જરૂર લાગે છે.

આ અવસર્પિણીના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાને, પોતાના તીર્થંકરનામકર્મના ઉદયના કારણે શિલ્પકર્મ કે રાજ્યની વ્યવસ્થા કરી કે તેમને કરવી પડી તેનો આ સંસ્કૃતિરક્ષકોને ખ્યાલ નથી. ઉત્સર્પિણીકાળમાં એ વ્યવસ્થા પ્રથમ તીર્થંકર પરમાત્મા નથી કરતા, પરન્તુ તેમની પૂર્વે તે સ્થાપિત થયેલી હોય છે. આ વ્યવસ્થા અનાદિકાળથી ચાલતી આવેલી છે. લોકસ્થિતિ અને કાલમર્યાદા પ્રમાણે સ્થપાતી અને નાશ પામતી એ વ્યવસ્થાને શાસન મર્યાદા સાથે

જોડવાની જરૂર નથી. એ રાજ્યાદિ વ્યવસ્થા ગમે તેટલી હિતકર જણાતી હોય તો પણ એનો ત્યાગ કરી શ્રી તીર્થંકર પરમાત્માની પરમતારક આજ્ઞા મુજબ રત્નત્રયીની સાધના કર્યા વિના કલ્યાણ નહિ થાય. જે તીર્થંકર પરમાત્માએ રાજ્યવ્યવસ્થા સ્થાપી એ જ પરમાત્માએ રાજ્યને નરકપ્રદ વર્ણવ્યું છે. નરકપ્રદ રાજ્યની વ્યવસ્થાને શ્રી તીર્થંકર પરમાત્મા કરે કે તેમને તે કરવી પડે – એ વિચારવાની આવશ્યકતા છે.

શ્રી તીર્થંકર પરમાત્માએ કર્મવશ કરેલી તે રાજ્યાદિ વ્યવસ્થાને આગળ ચાલુ રાખવા માટે કે બંધ કરવા માટે શ્રી તીર્થંકર પરમાત્માએ તીર્થની સ્થાપના કરી નથી અને કોઇ પણ સાધુસાધ્વીઓને એ વ્યવસ્થાનું રક્ષણ કરવાની જવાબદારી સોંપી નથી. કેવલજ્ઞાનની પ્રાપ્તિ પછી જે તીર્થની સ્થાપના કરી છે, તે તીર્થની રક્ષા અને પ્રભાવનાની સંપૂર્ણ જવાબદારી શ્રી આચાર્ય ભગવન્તોના શિરે મૂકી છે. (બધા જ સાધુસાધ્વીઓના શિરે એ ભાર નથી મૂકયો. તે બધાને આત્મહિતાર્થે આરાધના કરવાનું જ ફરમાવ્યું છે.) શિલ્પકર્મ કે રાજ્યાદિવ્યવસ્થાનો રક્ષાદિની જવાબદારી શ્રમણસંસ્થાના શિરે મૂકી નથી. શ્રમણસંસ્થા તો શ્રી વીતરાગ પરમાત્માની પરમતારક આજ્ઞા મુજબ આરાધના કરવા સાથે તીર્થરક્ષાદિના કાર્યમાં તત્પર હોય છે.

અનાત્મવાદના પ્રતીકારના નામ એક નવી જાતનો અનાત્મવાદ આવિર્ભાવ પામી રહ્યો છે. આત્માને ઉદ્દેશીને જે કાંઇ કરાય તે આત્મવાદ છે. અને આત્માને છોડીને માત્ર શરીરાદિને ઉદ્દેશીને ધર્મ પણ કરાય તો તે એક જાતનો અનાત્મવાદ જ કહેવાય છે. આત્માને પરમાત્મા બનાવવા માટેની કોઇ પણ વિચારણા આત્મવાદ છે. અને ધર્મના નામે પણ શરીરની અનુકૂળતાનો વિચાર એ અનાત્મવાદ છે. સાધક માત્ર પોતાના શરીરની ચિંતા ધર્મને નામે કરે તો તે અનાત્મવાદ છે, તો ધર્મને નામે આખી દુનિયાનાં ઘરબારની ચિંતા કરનારા આ સંસ્કૃતરક્ષકોને આત્મવાદી કહેવાય ? રાજા ઋષભની કે ભગવાનઋષભની સંસ્કૃતિને શરીરાદિની અનુકૂળતાની સાથે સાંકળી લેવાની પ્રવૃત્તિ વસ્તુતઃ આત્મવાદ નથી, અનાત્મવાદ છે. તીર્થંકર પરમાત્માની પરમતારક આજ્ઞાના આત્મલક્ષી પાલનમાં આત્મવાદ છે. શ્રી વીતરાગ પરમાત્માએ તીર્થની સ્થાપના કર્યા પછી આત્મવાદની શરૂઆત થઇ હતી. તીર્થની સ્થાપના પૂર્વે આત્મવાદની વાત જ ન હતી.

અવસર્પિણીકાળના પ્રથમ તીર્થંકર તરીકે તીર્થંકરનામકર્મના યોગે, તીર્થની સ્થાપના પૂર્વે બતાવેલાં શતશિલ્પ વગેરેને આત્મવાદ માનનારા અક્ષર શાસ્ત્રને જાણતા નથી. દીક્ષા લેતાં પૂર્વે શ્રી ઋષભદેવ ભગવાને જેનો ઉપદેશ કર્યો તેનો ઉપદેશ કેવલજ્ઞાન પામ્યા પછી કેમ ના કર્યો ? શ્રી ગણધર ભગવન્તાદિ મહામુનિઓને

પણ એ કરવાનું કેમ ના ફરમાવ્યું ? દીક્ષા લેતાં પૂર્વે પોતાના પુત્રોને ભગવાને રાજ્ય આપ્યું હતું ને ? દીક્ષા લીધા બાદ શ્રી તીર્થંકર પરમાત્માએ શા માટે તે છોડવાનું ફરમાવ્યું ? દીક્ષા લેવાનું શા માટે ફરમાવ્યું ! ચક્રવર્ત્તીની અપેક્ષાએ નાના રાજ્યમાં આરંભસમારંભ ઓછા જ હતાં ને ! અસિ મસી અને કૃષિની વ્યવસ્થાનો નિર્દેશ કરનારા શ્રી તીર્થંકર પરમાત્માએ કેવલજ્ઞાન પામ્યા પછી એ કામ કરવાનું શા માટે જણાવ્યું નહિ ? એને પાપરૂપ કેમ ફરમાવ્યું ? પોતાના સાધુ ભગવન્તોને એ કામ કરવાનું કેમ ન જણાવ્યું ? મોટી ઉમરે દીક્ષિત થયેલા વૃદ્ધ સાધુભગવન્તે કાઉસ્સગ્ગમાં, પોતાના દીકરા ખેતી કરશે નહિ તો ભૂખે મરશે – એવી વિચારણા કરી તો તે વિચારણા ઉચિત નથી એમ શા માટે જણાવ્યું ? એ વિચારણા ય ખરાબ, તો તેની પ્રરૂપણા અને આચરણા સારી ?

અલ્પ પણ આરંભસમારંભાદિનો ઉપદેશ આપવાનો શ્રી તીર્થંકર પરમાત્માએ સ્પષ્ટ નિષેધ ફરમાવ્યો હોવાથી સાધુભગવન્તો અલ્પહિંસાદિનો ઉપદેશ આપતા નથી. માત્ર હિંસા જ પાપ છે ? અનાત્મવાદ છે ? કે પછી મૃષાવાદાદિ બીજાં પણ પાપ છે ? થોડું અસત્ય બોલવા વગેરે 'અલ્પ' પાપનો પણ ઉપદેશ આપી શકાય ? પાપની પૂર્ણ કે આંશિક નિવૃત્તિનો ઉપદેશ અપાય, પણ અલ્પ પાપની પ્રવૃત્તિનો ઉપદેશ ન અપાય. તેથી એવો ઉપદેશ સાધુ ભગવન્તો નથી આપતા.

અલ્પ હિંસા કે વધુ હિંસા એ પરિણામને લઈને છે. કેટલા પ્રમાણમાં કયા જીવોને મારે છે – એને આશ્રયીને અલ્પ હિંસા કે વધુ હિંસાનો વિચાર કરાતો નથી મરણ સુધી ગાદીએ બેઠેલા ચક્રવર્તીના આરંભ–સમારંભની અપેક્ષાએ તંદુલિયા મત્સ્યનો આરંભસમારંભ કેટલો ? છતાં બંન્ને સાતમીએ જાય ને ? હિંસાની અલ્પતા અને અધિકતાનો વિચાર શાસ્ત્રને આધારે થાય અને તો જ સમજાય કે ('કરેમિ ભંતે'થી જ નહિ) પાંચ મહાવ્રતોના ઉચ્ચારણથી પ્રતિજ્ઞા લેનારા સાધુ ભગવન્તો અલ્પ કે અધિક કોઇ પણ જાતની હિંસાનો ઉપદેશ ન જ આપે. સર્વથા હિંસાનો ત્યાગ કરવાનો ઉપદેશ આપનારા સાધુ ભગવન્તો; જીવનમાં એ શક્ય ન જ બને તો દેશવિરતિ વગેરેનો ઉપદેશ આપશે. પરન્તુ અલ્પ અવિરતિ વગેરેનો ઉપદેશ નહિ આપે. સર્વસાવદ્ય (પાપ) યોગથી ત્રિવિધે ત્રિવિધે જીવનભર વિરામ પામનારા મહાત્માઓ અલ્પહિંસાદિ પાપોનો ઉપદેશ કઇ રીતે કરે ? અલ્પ હિંસાદિનો ઉપદેશ અને હિંસાદિની અલ્પ પ્રમાણમાં વિરતિનો ઉપદેશ : આ બેમાં ઘણો ફરક છે. જેને એ સમજાતો ન હોય તેને 'માતમ મનાવવાનો સમય' આવશે. જેને તે સમજાય છે તેને એવો સમય નહિ આવે. અલ્પ હિંસા અને હિંસાની અલ્પતા – એ બેમાં ભેદ છે.

વિધેયાંશનો ખ્યાલ કર્યા વિના બંનેને એક માની લેવાનું મૂળ જ અયુક્ત અને અસંગત બનશે. અવિરત સમ્યગ્દૃષ્ટિ આત્માઓને કે માર્ગાનુસારી ચિલાતી વગેરે પુણ્યાત્માઓને તેમની યોગ્યતા મુજબનો ઉપદેશ આપી શકાય. કોને કેવો ઉપદેશ અપાય, કયો ઉપદેશ કોઇને ય ન અપાય અને કયો ઉપદેશ બધાને અપાય એ સમજવા શાસ્ત્ર ભણવાં પડે. જેમને અલ્પ કે અધિક હિંસાદિના પરમાર્થનું જ્ઞાન ન હોય તેવાઓથી કોઇને પણ ઉપદેશ આપી શકાય નહિ.

અનાત્મવાદ અને આત્મવાદ, અલ્પ હિંસા અને અધિક હિંસા : આ બધાના પારમાર્થિક સ્વરૂપને સમજી લીધું હોત તો અનિવાર્ય હિંસાનો કાલ્પનિક ભેદ માનવાની જરૂર ન રહેત. શાસ્ત્રમાં સ્વરૂપહિંસા હેતુહિંસા અને અનુબંધ હિંસા : આ પ્રમાણે હિંસાના ત્રણ ભેદો સમજાવ્યા છે. શ્રી વીતરાગ પરમાત્માની પરમતારક આજ્ઞા મુજબ જયણાપૂર્વક કરાતાં પૂજાદિ ધર્મનુષ્ઠાનો વખતે થનારી હિંસા સ્વરૂપહિંસા છે. ગૃહસ્થજીવનમાં ખાનપાનાદિ માટે જયણાપૂર્વક કરાતી રાંધવા વગેરેની પ્રવૃત્તિ વખતે થતી હિંસા હેતુહિંસા છે. અને જીવની રક્ષાના પરિણામસ્વરૂપ જયણા – યતના વિના કરાતી કોઈ પણ પ્રવૃત્તિ વખતે થતી હિંસા અનુબંધહિંસા છે. દ્રવ્યથી હિંસા (એટલે જીવમરણ) થાય કે ન થાય પરન્તુ જીવની રક્ષાનો પરિણામ ન હોય તો અનુબંધહિંસાનું પાપ લાગે છે. એ પાપ; સ્વરૂપહિંસા કે હેતુહિંસા જન્ય પાપથી વધારે ખરાબ છે. સ્વરૂપહિંસા વિહિત પ્રવૃત્તિ વખતે હોય છે. અવિહિત પ્રવૃત્તિ વખતે તો ગૃહસ્થજીવનની અપેક્ષાએ હેતુહિંસા હોય છે. હેતુહિંસાસ્થળે સ્વરૂપહિંસા ન હોય. અનિવાર્યહિંસા કે નિવાર્યહિંસા આવા ભેદો શાસ્ત્રકારોએ પાડ્યા નથી.

ગૃહસ્થપણામાં ખાવાપીવાદિ માટે હિંસા કરવી પડે છે– એની ના નહિ. પરન્તુ એ માટે જેમ બને તેમ હિંસા ઓછી થાય – એનો ખ્યાલ રાખવો જોઇએ. જે પણ રાંધવા વગેરેની પ્રવૃત્તિ કરવામાં આવે છે તેમાં પણ જયણા પ્રધાન હોવી જોઇએ. જીવનોપયોગી વસ્તુ તૈયાર મળતી હોય અને કલ્પ્ય હોય તો શ્રાવકે તે જાતે સરથી બનાવીને ન લેવી જોઇએ. દેરાસરના નિર્માણકાર્ય જેવા વિહિત કાર્ય માટે પણ ઈંટો વગેરે સામગ્રી તૈયાર મળતી હોય તો નવી બનાવરાવીને લેવાનો નિષેધ કરાયો છે.

(ક્રમશઃ)

સાવધાન : આગમ કે નામપર સ્થાનકવાસી સંતો કા ઉન્માર્ગ પ્રેરક પ્રચાર

લેખક :– ૧) કપૂરચંદ જૈન, ભાયલા પુરી, હિંડૌન સિટી (રાજ.) ૩૨૨૩૦

(૨) મહેશચંદ્ર જૈન, અગ્રવાલોં કા મંદિર કે નીચે, ભાડૂજીકા ચૌક, ઘીવાલોં કા રાસ્તા. જયપુર (રાજ.) ૩૦૨૦૦૩

હાલ હી મેં હમારે પાસ સ્થાનકવાસી સંત શ્રી તિલોકમુનિજી દ્વારા લિખી ગઈ દો કિતાબ એક–જૈનાગમ નવનીત પ્રશ્નોત્તર. પુષ્પ–૧.

ઔર દૂસરી–જૈનાગમ નવનીત પ્રશ્નોત્તર પુષ્પ–૨. આયી, હમને પઢી । ઇન દોનોં કિતાબ મેં આગમમનીષી કહેલાનેવાલે શ્રી તિલોકમુનિજી ને આગમ શાસ્ત્રોં કે નામ પર આગમશાસ્ત્રોં સે વિપરીત, મનગઢંત વિરોધી ઉન્માર્ગ પ્રેરક અનેક અસત્ય બાતેં લિખી હૈ ।

એક ઓર તો મુનિશ્રી તિલોકજી ઉપદેશ લિખતે હૈં કિ–

'સમજુ સંકે પાપ સે, અણ સમજુ હરસંત' (પુષ્પ–૨, પૃષ્ઠ–૮૭)

અર્થ:–સમઝદાર જ્ઞાની પાપ હોને કી સંભાવના–શંકા સે ભી ડરતા હૈ, જબ કિ અજ્ઞાની પાપ કરકે ભી આનંદિત હોતા હૈ ।

મીમાંસા :– ઉક્ત ઉપદેશ દેનેવાલે શ્રી તિલોકમુનિજી મનોવૃત્તિ અજ્ઞાની કી તરહ નિઃસંકિત હોકર પાપ કરને કી હૈ, ક્યોંકિ મુનિશ્રી સ્વયં ને હી બેટરી સૈલ અગ્નિકાય નહીં હૈ, સ્થાનકવાસી સતી કો માસિકધર્મ પાલના આવશ્યક નહીં, ફોટુ ખિંચવાને સે દોષ તો લગતા હૈ, પર ફોટુ ખિંચવાકર પ્રાયશ્ચિત કર લેને સે કોઇ દોષ નહીં રહતા હૈ, આલૂ પ્યાજ–મૂલી–ગાજર-લહસુન આદિ ખાને મેં કોઈ દોષ નહીં હૈ, ઐસા શાસ્ત્ર પાઠ હૈ, સાધર્મિક ભોજન કરવાને સે કર્મબંધ હોતા હૈ, ઇસ પ્રકાર કી અનેક બેમેલ, મનગઢંત બાતેં ઉન્હોંને આગમ શાસ્ત્ર કે નામ પર લિખી હૈ ।

હમારી સમસ્ત શ્રી જૈન સંઘ સે કરબદ્ધ નમ્ર વિનંતી હૈ કિ–જિનાજ્ઞા વિરૂદ્ધ વર્તન કરનેવાલે ઐસે સભી સ્થાનકવાસી સંતો સે સાવધાન રહેં । ઔર વિશેષકર શ્રી તિલોકમુનિજી સે, ક્યોંકિ ઉનકી અનાગમિક બાતપર કોઇ ભી સમ્યગ્દૃષ્ટિ શ્રાવક કતઈ વિશ્વાસ નહીં કર સકતા ।

સ્થાનકવાસી સંતશ્રી તિલોકમુનિજી કે ઉન્માર્ગપ્રેરક, સ્વચ્છંદી, અનાગમિક ઔર

અસત્ય વિચારોં કી કુછ-કુછ સમીક્ષા-મીમાંસા હમને જૈનાગમ-જૈન માર્ગ કે અનુસાર સદ્‌ગુરુ કા પૂછકર કી હૈ, યથા—

—: જૈનાગમ નવનીત પ્રશ્નોત્તર પુષ્પ-૧, મેં સે :—

(૧) બેટરી યા ઘડી કે સૈલ અગ્નિકાય નહીં હૈ, અચિત હૈ (પૃષ્ઠ-૨૧)

મીમાંસા :- હાં, યદિ શ્રી તિલોકમુનિજી કો કેવલજ્ઞાન હુઆ હોતા, ઔર ફિર ઐસી બાત લિખતે તો હમ માનતે । પર અજ્ઞાનગ્રસ્ત વ્યક્તિ કી બાત પર વિશ્વાસ કૈસે કિયા જાતા હૈ ? કયોંકિ નેગેટીવ વ પોઝીટીવ દો સેલસે યા વાયરસે અગ્નિ પૈદા હોતી હૈ ઔર અગ્નિ સચિત હૈ—જીવ હૈ ।

(૨) માસિકધર્મ મેં સ્થાનકવાસી સાધ્વી વ્યાખ્યાન કર સકતી હૈ, આગમ કી વાંચના લે સકતી હૈ, ગોચરી જા સકતી હૈ ।

મીમાંસા :- સ્થાનકવાસી સતીયાં યહ સભી માસિકધર્મ મેં કરતી હૈ, પર યહ ઉનકા અનાચાર હૈ ઔર શ્રી તિલોકમુનિજી ઈસ અનાચાર કે અધર્મ કો સદાચાર બતાકર, ઉનકે પાપમાર્ગ કી પુષ્ટિ કર રહે હૈ ।

કિન્તુ માસિકધર્મ નહીં પાલના યહ લોકવિરુદ્ધ ઔર જૈનાચાર વિરુદ્ધ હૈ । માસિક ધર્મ મેં સાંસારિક કાર્યો ભી નિષિદ્ધ હૈ, ફિર ધાર્મિક કાર્ય કૈસે કિયા જા સકતા હૈ । શાસ્ત્રોં મેં રક્ત કી અસજ્ઝાય બતાયી ગઇ હૈ, ઈસકા ઇન્કાર નહીં કિયા સકતા । સ્થાનકવાસી સતીયોંજી માસિકધર્મ કા પાલન નહીં કરતી હૈ, યહ ઉનકા અધર્મ હૈ, ઉન્માર્ગ હૈ । શ્રી તિલોકમુનિજી કો ઇસ પાપ કા બચાવ નહીં કરના ચાહિએ ।

(૩) સાધ્વીજી છેદસૂત્રકા અભ્યાસ કર સકતી હૈ (પૃષ્ઠ ૩૧)

મીમાંસા :- પુરાનેકાલમેં જબ પૂર્વકા જ્ઞાન વિદ્યમાન થા, તબ ભી સાધ્વીજીકો ગ્યારહ અંગ સે આગે પઢને કી અનુજ્ઞા નહીં થી । આજ પૂર્વકા જ્ઞાન લુપ્ત હો ગયા હૈ, હાલ મેં સાધ્વીજી કો આચારાંગ સૂત્ર તક પઢને કી અનુજ્ઞા હૈ, વહ ભી તપ આદિ વિશિષ્ટ વિધિ 'યોગોદ્વહન' કરકે । અનાગમિક કલ્પિત સ્થાનકવાસી પરંપરા મેં તો યોગોદ્વહન વિધિ કા જ્ઞાન તક હી નહીં હૈ, ફિર ઉસે કરને કી વિધિ તો દૂર હી રહી ।

યહ સત્ય હૈ કિ સાધ્વીજી કો કેવલજ્ઞાન હો સકતા હૈ, પર ઉન્હેં આચાર્યાદિ પદ કા અધિકાર નહીં હૈ । ઈસી પ્રકાર છેદસૂત્ર પઢનેકા અધિકાર પૂર્વાચાર્યોંને સાધ્વીજી કો નહીં દિયા હૈ । શાસ્ત્ર મેં સાધ્વીજી કો છેદસૂત્ર કે લિએ અયોગ્ય—અલ્પાધાર

બતાયા હૈ ઔર યહ દૃષ્ટાંત દિયા હૈ કિ–જિસ પ્રકાર કચ્ચે ઘડે મેં ડાલા ગયા પાની સે ઘડા ઔર પાની દોનોં કા નાશ હો જાતા હૈ, ઈસી પ્રકાર છેદસૂત્રોં કી પઢાઇ કા સાધ્વીજી કો નિષેધ હૈ, જિસ સે શાસ્ત્ર કી ઔર સ્વયં સાધ્વીજી કા નાશ હોતે બચેગા।

સ્થાનકવાસી સતીયોં છેદસૂત્ર નહીં પઢેં ઐસી ગીતાર્થ–જ્ઞાની પૂર્વાચાર્યોં કી આજ્ઞા હૈ, યહ બાત ઉનકે હિત મેં હૈ–ઐસા સમઝકર સ્થાનકવાસી સતીયોં કો છેદ-સૂત્ર નહીં પઢને ચાહિએ।

(૪) સંતો કે સામને સ્થાનકવાસી સતીયોં પાટપર (સમાન આસન સે) બૈઠ સકતી હૈ (પૃષ્ઠ ૩૨)

મીમાંસા :–શ્રી તિલોકમુનિજી કી યહ બાત ભી શાસ્ત્રવિરુદ્ધ હૈ ઔર સતીયોં કે અવિનય કા બચાવ કરને કે લિએ હૈ। સંતો કે સામને સતીયોં પાટપર બૈઠતી હૈ યહ ઉનકા બડા અવિનય હૈ। ઈસ પ્રકાર કે અનુચિત કાર્ય કા સમર્થન કતઈ નહીં કરના ચાહિએ। કયોંકિ જૈન–શાસ્ત્રોં મેં સાધ્વીજી કો અલ્પસત્ત્વ બતાયા હૈ, ઇસલિએ શીલરક્ષા હેતુ ઉન્હેં સાધુઓં કે સામને બૈઠને કા ભી નિષેધ ફરમાયા હૈ, ફિર પાટપર બૈઠના તો સર્વથા અનુચિત હી હૈ। તીર્થંકર પરમાત્મા કી દેશના કે વક્ત સમવસરણ મેં ભી સાધ્વીજી કો બૈઠને કા નિષેધ હૈ, ઉન્હેં ખડે ખડે દેશના સુનને કા કલ્પતા હૈ।

(૬) સ્થાનક બનવાને કી પ્રેરણા કરના યહ સાધુ કે લિએ પાપ કા કાર્ય હૈ। (પૃ. ૩૪)

મીમાંસા :–વાસ્તવ મેં સ્થાનક બનવાના યહ અનુબંધ હિંસા નહીં, અપિતુ ઉદ્દેશ્ય શુદ્ધ વ શાસ્ત્રીય હોને સે યહ સ્વરૂપ હિંસા કા કાર્ય હી હૈ। ફિર ભી સ્થા-નકવાસી સંત સ્થાનક બનવાને કો પાપ સમઝતે હુએ ભી સ્થાનક નિર્માણ કા ઉપદેશ તો વે દેતે હી હૈં। અબ ઉન્હેં ઐસા ઉપદેશ દેના ચાહિએ કિ–'સ્થાનક નિર્માણ કરના પાપ હૈ, ઔર ઇસ મેં પૈસા દેનેવાલા કર્મબંધ કરતા હૈ ઔર દુર્ગતિ મેં જાતા હૈ। ફિર કૌન સ્થાનકવાસી શ્રાવક ઐસા હોગા જો ધનખર્ચ કર પાપ મોલ લેગા?

એવ યદિ સ્થાનક નિર્માણ કા કાર્ય પાપ કાર્ય હૈ, તો ફિર સ્થાનકવાસી સંત સ્થાનક કા ઉદ્ઘાટન કયોં કરતે–કરવાતે હૈં? સ્થાનક પર અપના નામ કયોં લિખાતે હૈં?

(૭) સાધુ કો ફોટુ ખિંચવાના પાપ હૈ, ઐસે ઉપવાસ કા પ્રાયશ્ચિત આતા હૈ (પૃ. ૩૫)

મીમાંસા :–ઇસ મહાશય શ્રી તિલોકમુનિજીને હી અપની ઇસ આગમ પ્રશ્નોત્તર

ક્તિાબ કે અન્તિમ પૃષ્ઠ પર અપના ચાર કલર રંગીન ફોટુ છપવાયા હે। હાં પ્રાયશ્ચિત એક ઉપવાસ કા હે, સો વહ કરલો ઔર ફોટુ ખિંચવાતે–છપવાતે રહો, હે ન યહ પ્રત્યક્ષ અનાચાર ! આગમ કી ક્તિાબ પ્રચાર હેતુ સૌજન્ય કે ભી દાનદાતા કી ફોટુ ઈ-હોં ને છપાઇ હેતુ મંગવાયી હે । હાં ઉનકા વિરોધ હે એક માત્ર તીર્થંકર ભગવાન કી ફોટુ–મૂર્તિ–તસ્વીર સે હૈં ।

માલુમ નહીં હોતા હે કિ–તીર્થંકર કી પ્રતિમા–મૂર્તિ-ફોટુ ને કિનકા ક્યા બિગાડા હે ?

(૮) સ્થાનકવાસી શ્રાવિકાઓં માસિકધર્મ મેં સામાયિક કર સકતી હે, વ્યાખ્યાન સુન સકતી હે, આહાર બનાકર સંતો કો બહેરા સકતી હે । (પૃ. ૪૧)

મીમાંસા :–યહ બાત ભી શ્રી તિલોકમુનિજી કી માસિકધર્મ પાલન રૂપી સન્માર્ગ કા નાશ કરનેવાલી હે । માસિકધર્મવાલી સ્ત્રી કી છાયા સે પાપડ, વડી, ઔષધી બિગડ જાતી હે । બતાસા, સાખર, કાગજ, ચીપ્સ આદિ બનાતે વક્ત ઇનકી પરછાઇ પડને સે યે પીલે હો જાતે હે ઔર આચાર બિગડ જાતે હે, ઐસે દિનોં મેં સ્ત્રી કો રસોઇ બનાના યહ સ્વ–પર આરોગ્ય કા નાશક હે । પશ્ચિમ કે લોગ ભી માસિકધર્મ પાલન મેં વિશ્વાસ કરતે હે । અર્થાત્ શ્રી તિલોકમુનિજી કી બાત આગમ વિપરીત, અસત્ય એવં અવિશ્વસનીય હે । સ્થાનકવાસી શ્રાવિકાઓં કો માસિકધર્મ કા પાલન કરના હી ચાહિએ ઔર અધર્મ સે બચના હી ચાહિએ ।

(૯) મંદિર બનાના પાપ હે, મંદિર નિર્માણ કરનેવાલા મિથ્યાદૃષ્ટિ કુલિંગી હે । (પૃ. ૪૭)

મીમાંસા :–પ્રાય સભી સ્થાનકમાર્ગી સંત અપને ગુરૂઓં કે સ્મારક, સમાધિ મંદિર, પગલ્યા, છત્રી, ચોતરાં આદિ નિર્માણ કરવાતે હી હૈં । યહ કૈસા અન્યાય કિ કેવલજ્ઞાની, પરમોપકારી તીર્થંકર ભગવાન કે મંદિર–સ્મારક કા નિષેધ કિયા જાએ ઔર અજ્ઞાની–અલ્પજ્ઞાની–મિથ્યાદૃષ્ટિ ગુરૂઓં કે મંદિર–સ્મારક કા નિર્માણ કિયા જાએ। સ્થાનકવાસી સંત એક ઓર જિનમંદિર-જિનપૂજા સંબંધિત હિંસા કા વિરોધ કરતે હે, દૂસરી ઓર વે હી સમાધિમંદિર–સ્થાનક નિર્માણ, પુસ્તક છપાઇ આદિ કી હિંસા કરતે-કરવાતે હી હે, ઐસા ક્યોં ?

(૧૦) સ્થાનકવાસી ધર્મ કી ઉત્પત્તિ ભગવાન મહાવીર કે બાદ દો હજાર વર્ષ પર ભસ્મરાશિ ગ્રહ કે ઉતરને સે હુઈ હે, જિસકી પ્રશંસા મૂર્તિપૂજકોં કે શ્રી કલ્પસૂત્ર શાસ્ત્ર મેં ભી કી હે (પૃ. ૪૭)

મીમાંસા :–શ્રી તિલોકમુનિજી સ્થાનકવાસી સંપ્રદાય કો ભસ્મરાશિ ગ્રહ કી અસર કે બાદ મેં ૨ હજાર વર્ષ બાદ મેં નયા ઉત્પન્ન હોને કા બતાતે હૈ, જબ કિ સ્થાનકવાસી આચાર્ય શ્રી હસ્તીમલજી મ. ને અપને 'જૈનધર્મ કા મૌલિક ઇતિહાસ નામક પુસ્તક મેં સ્થાનકવાસી પરંપરા કો ભગવાન મહાવીર સે નિકલી હુઇ પ્રાચીન બતાયી હૈ । ઉન્હોં ને તો સ્થાનક માર્ગ કે મનઃકલ્પિત આચાર્યો કે નામ તક લિખે હૈં । અબ સ્વયં સ્થાનકવાસી લોગ હી તય કરેં કિ ઉનકી પરંપરા પ્રાચીન હૈ યા નવીન ।

દૂસરી બાત યહ કિ–શ્રી કલ્પસૂત્ર પ્રાચીન આગમિક ગ્રંથ હૈ, વહ ભલા અનાગમિક સ્થાનકમાર્ગ કી અનુમોદના–પ્રશંસા કયોં કરતા ? ફિર યહ માનના સર્વથા ગલત હૈ કિ–સ્થાનકવાસી પરંપરા સે જૈનધર્મ કી બોલબાલા હુઈ હૈ, કયોંકિ આચારધર્મ મેં આજ મૂર્તિપૂજકોં જિતના વ્યવસ્થિત હૈ, ઉતના સ્થાનકમાર્ગી વ્યવસ્થિત નહીં દિખતે હૈં, સ્થાનકવાસી સંત તક અભક્ષ્ય વ કંદમૂલ–આલુ–પ્યાજ આદિ ખાતે દિખતે હૈ । અનુપાત મેં જિતના દાન–શીલ–તપ ધર્મ મૂર્તિપૂજકોં મેં દિખાઇ દેતા હૈ, ઉતના સ્થાનકમાર્ગી મેં કતઇ નહીં દિખતા હૈ । સચ કહા જાએ તો ભગવાન મહાવીર દેવ સે આજતક જો જિનશાસન કી પ્રભાવના–બોલબાલા હુઇ હૈ ઔર જૈનશાસન યહાં તક આયા હૈ, ઉસમેં સ્થાનકવાસી પરંપરા કા કુછ ભી યોગદાન નહીં હૈ ।

અબ–**'જૈનાગમ નવનીત પ્રશ્નોત્તર–પુષ્પ (૨) કી કુછ વિપરીત બાતેં** :—

(૧) સ્થાનકવાસી સંપ્રદાય મેં દી જાનેવાલી મંત્રી, મહામંત્રી, સલાહકાર, ઉપ પ્રવર્તક, ઉપાચાર્ય, યુવાચાર્ય આદિ પદવી–ઉપાધિ ધાર્મિક યા આગમિક નહીં હૈ, યે તો સાંસારિક યા રાજનીતિક પદ હૈ (પૃ. ૧૮)

મીમાંસા :–જબ સ્થાનકવાસી સંતો કી પ્રાયઃ સભી બાતે, પ્રવૃત્તિયાં હી અનાગમિક જિનાજ્ઞા વિપરીત એવં કલ્પિત હૈ, ઉનકા માર્ગ જ્ઞાનિયોં કા માર્ગ નહિ હૈ । ઉનકે માર્ગ મેં કેવલ અકામ નિર્જરા હૈ, ફિર ઐસે સ્થાનકમાર્ગ કી કૌનસી પ્રવૃત્તિ ધાર્મિક યા આગમિક હો સકતી હૈ ? ન ઉનકે રજોહરણ કા નાપ શાસ્ત્રીય હૈ ન મુહપત્તિ કા નાપ । ન ઉનકા વેશ શાસ્ત્રોક્ત હૈ, ન પાત્ર, ઉનકે પ્રતિક્રમણ મેં ભી એક વાક્યતા નહીં હૈ, સાધુ કો બોલનેકા પગામસિજ્જા અતિચાર સૂત્ર ઉનકે શ્રાવક બોલતે હૈં, જબ કિ શ્રાવક કે અતિચાર બિલકુલ હી અલગ હોતે હૈ । ન ઉનકે ખાન પાન મેં કોઇ વિવેક હૈ, કયોં કિ કહીંવડા–આલુ–પ્યાજ–લહસૂન–દ્વીદલ આદિ અભક્ષ્ય કો ભી વે સભી સ્થાનકવાસી સંત બડે ચાવ સે ખાતે હૈ ।

(૨) પરોપકાર કે લિએ કિતાબ છપવાને મેં સાધુ કો દોષ નહીં હૈ (પ. ૬૧) **મીમાંસા** – યદિ કિતાબ છપાઇ મે હિંસા હોતે હુએ ભી કોઇ દોષ નહીં હૈ, તો ફિર ઉપાશ્રય બાંધનેમેં, મંદિર નિર્માણ મેં દોષ કયા લગેગા ? કિતાબ પરોપકાર કે

લિખે હૈ, તો મંદિર ભી પ્રાર્થના–ભક્તિ કે લિખે હૈ ઔર સ્થાનક ભી સામાયિક–પ્રતિક્રમણ કે લિખે ઉપયુક્ત – સુયોગ્ય હી હૈં ।

(૩) સાધર્મિક વાત્સલ્ય–ભોજન કરવાને સે કર્મબંધ કી વૃદ્ધિ હોતી હૈ (પૃ.૮૫)

મીમાંસા :– ફિર તો સ્થાનકવાસી સંતો કો કર્મબંધ કી વૃદ્ધિ કરાનેવાલે સાધર્મિકવાત્સલ્ય–નવકારશી ભોજન, ચોમાસા મેં ચૌકા ચલાના આદિ કા જોર-શોર સે વિરોધ કરના ચાહિએ । ફિર કૌન શ્રાવક ઐસા હોગા કિ પૈસા ખર્ચ કર કર્મબંધ પાપવૃદ્ધિ મોલ લેગા ।

(૪) આલુ–પ્યાજ–મૂલી–ગાજર–લહસુન આદિ કંદમૂલ કા ભક્ષણ કરને કા શ્રી આચારાંગ સૂત્ર મેં કહા હૈ (પૃ–૧૦૪)

મીમાંસા :– સ્થાનકવાસી સંત શ્રી તિલોક મુનિજી આદિ સભી સંતો આલુ–પ્યાજ–લહસૂન આદિ કંદમુલ ખાતે હૈ, ઇસલિએ ઉન્હોં ને શાસ્ત્ર કે નામ પર ઐસી જુઠી બાત લીખી હૈ ।

ફિર ભી મુનિશ્રી તિલોકજી કે કથનાનુસાર યદિ શાસ્ત્રવચન મિલ હી ગયે હૈં તો અબ આલુ–પ્યાજ–લહસૂન–મૂલી–ગાજર હૈ સ્થાનકવાસી સંતો ! આપ ખૂબ ખાઓ, મૌજ ઉડાઓ । આપકે શ્રાવકોં કો ભી યહી સિખાઓ ! ઐસા પ્રચાર કરેંગા

સત્ય યહ હૈ કિ– શ્રી તિલોકમુનિજી સૂત્રો કે અર્થ કે પરમાર્થ કો નહીં જાનતે હૈ, ઉનકો ગુરુગમ–બોધ હૈ હી નહીં । કિન્તુ શાસ્ત્રો મે જમીકંદકો છૂના તક મના ફરમાયા હૈ । પર હમ સ્થાનકવાસી સંત શ્રી તિલોક મુનિજી કો યહ સૂચના કરતે હૈં કિ જમીકંદ ભક્ષણ કી તરહ યદિ શાસ્ત્ર મેં કહી માંસભક્ષણ કા પાઠ હોં તો ઉસે ભી પ્રસ્તુત કરેં, ઉસે છપવાકર પ્રચાર–પ્રસાર કરેં, તાકિ આલુ–પ્યાજ–મૂલી ગાજર–લહસૂન કી તરહ સ્થાનકવાસી સંતો કે લિએ વહ માર્ગ ભી ખુલા હો જાએ ।

અસ્તુ । હમારા તો યહ માનના હૈ કિ–સ્થાનકવાસી સંત મંદિર–મૂર્તિ–મૂર્તિ-પૂજા, ઇત્યાદિ અનેક બાતોં મેં અસત્ય બોલતે–લિખતે હૈં, ઔર ઉનકા અનાગમિક–કાલ્પનિક સ્થાનકમાર્ગ કી એવં ઉનકી અનાગમિક–શાસ્ત્રનિષિદ્ધ પ્રવૃત્તિયોં કા ગલત બઢાવા કરતે રહતે હૈં ।

પર યહ ઉનકા ઉન્માદ હૈ, પંથ મોહ હૈ । પર ઉન્હેં ઐસા અનાગમિક પંથ મોહ છોડના ચાહિએ । સચ્ચં ખુ ભયંવ યાની **'સત્ય હી ભગવાન હૈ'** ઇસ આગમ વચનાનુસાર હમ સભી સદ્ધતિ કે ચાહક સ્થાનકવાસી સંતો કો વિનંતી કરતે હૈં કિ 'આપ આપકી આત્મા કે હિત કી ખાતીર ભી, આપકી સદ્ગતિ હોવે ઇસલિએ ભી અસત્ય બોલના–લિખના બંધ કરેં વ આપકી આત્મા કો બચાઇયે ।

આખિર તો પંથમોહ સે ભી આત્મા કી ઉન્નતિ–આત્મા કી સદ્ગતિ બઢકર હી હોતી હૈ ।

પુરે લેખ મેં હમ સે જિનાજ્ઞાવિરુદ્ધ કુછ ભી લિખા ગયા હોં તો તીન કરણ વ તીન યોગ સે સદ્ગુરુ કી સાક્ષી સે મિચ્છામિદુક્કડમ્ ।

❋ પ્રેરણામૃત સંચય ❋

—શ્રી પ્રજ્ઞાંગ

આજના શ્રાવકો અહીં સુધરવા નથી આવતા પણ સાધુઓને બગાડવા આવે છે. તમારો વધારે પરિચય જે સાધુ કરે તે બગડે. ધર્મના કારણ વિના ગૃહસ્થનો પરિચય કરવો નહિ—તેમ કહ્યું છે. અને આજના અમારા આ બધા શ્રાવકો અમને કહે છે કે, 'આજે નીતિની વાત ચાલે નહિ. રાજ્યની ટેક્ષની ચોરી કર્યા વિના ચાલે નહિ.' તેમની વાતમાં આવી જે સાધુઓ પણ આમ કહે તો તે સાધુ પણ ભાટ થઇ ગયા છે. તમને લોકોને કશું ભાન નથી.

પ્ર૦ : જે આવે તેને ટપલા મારવાના ?

ઉ૦ : સંસારના રસિયા આવે તેનો રસ ઉડે તેવી વાત કહેવી તેને 'ટપલા' માનવા હોય તો ભલે તે માને. ભાગ્યશાલી કહું, ઘણું પુણ્ય લઇને આવ્યા પણ આમાં ફસ્યા તો દુર્ગતિમાં લઇ જશે આ વાત તે સાંભળે ખરો ? તેમના વખાણ કરી કરીને બગાડયા. આજના ઘણા સુખીને સાધુ પાસે ય માન જોઇએ છે. ઘણા સાધુ પણ આપતા થઇ ગયા. તે ય 'ભાટાઇ' કરે છે.

પ્ર૦ : તે ઔચિત્ય ન કહેવાય ?

ઉ૦ : ઔચિત્ય ભંગ કહેવાય. શ્રીમંતને આગળ સાધુ પોતે જ બેસાડે, 'આવો' 'પધારો' કહે તો તે મોટામાં મોટો ઔચિત્ય ભંગ છે.

" મહારાજ તો શ્રીમંતના 'ભગત' છે. તેમની સાથે વાત કરે. આપણી સાથે ન બોલે અને સામું ય ન જુએ " તેવી આબરૂ આવી વૃત્તિવાળા ઘણા સાધુની થઇ છે.

વર્તમાનકાળ ખરાબ છે. સાવચેત ન રહીએ તો અમને ય બગાડે અને તમને ય બગાડે. અમારે ન બગડવું હોય તો ખૂબ સાવચેત રહેવું પડે. તમારી વાતમાં અમે આવી ગયા તો ઓઘો હાથમાં રહે, ધર્મ હૈયામાં ન રહે અને દુર્ગતિમાં જવું પડે.

ધર્મ કરો તો આ આ મળશે. ગમે તે માટે ધર્મ કરો તો વાંધો નહિ' તેવો ઉપદેશ આપે તે સાધુ ય 'મહામિથ્યાદૃષ્ટિ' છે. ભગવાનની ભક્તિથી બધું જ મળે પણ મંગાય શું ? રોજ મંદિરે શા માટે જાવ છો ? અહીં શા માટે આવો છો ? આ બધું સમજાવવું પડે ને ? ભગવાન થવા મંદિરે જાવ છો ? સાધુ થવા અહીં આવો છો ? આજે મોટા ભાગ સમજાવવા છતાંય સમજતો નથી. તેનું વર્તન જોતાં કહેવું પડે કે તેમને દુર્ગતિનો ભય નથી અને સદ્ગતિ જોઇતી નથી. આવું કહેવું પડે તેવો આજનો વખત છે. **આજની કોઇ ઢીલી વાતને પોષણ આપવાનું નથી. જે ખોટું કરે**

તો ખોટું થાય છે તેમ કહેવું જ પડે ! આજે બહુ દુઃખના દા'ડા જોવામાં આવ્યા છે. અમારામાં પણ અમારા ગણાતા ઘણા ગમે તેમ બોલે છે. તેને લઇને સાચી વાત પણ ઘણા સાંભળતા નથી. આજે સંઘની હાલત આવી થઇ છે. તે પરિવર્તન કરવું હોય તો અમારામાં પરિવર્તન જોઇએ. શું ? શાસ્ત્રને જ વફાદાર બનવાનું. ભગવાનની આજ્ઞા પ્રમાણે જીવવાનું અને કહેવાનું.

સાધુને પોતાની પાસે જે આવે તે બધાને સાધુ કરવાનું જ મન થાય. 'બધા જ સાધુ થાય તો સારૂં' આવી ઇચ્છા હું કરૂં' તો તે સારી કહેવાય કે ખોટી ? ભગવાનના વખતમાં પણ બધા સાધુ થયા નથી. પણ જે નવો આવે અને ધર્મ શું તેમ પૂછે તો તેને ધર્મ સાધુપણાનો જ બતાવાય. સાધુપણાની ઇચ્છા નહિ તે પણ ધર્મી નહિ, સમકિતી નહિ, પણ મિથ્યાદૃષ્ટિ જ. જેને સાધુપણાની ઇચ્છા નહિ તે બધાને મિથ્યા-દૃષ્ટિ કહું તો તે તમને ગમે ? તમને સાધુપણાનું મન ન થયું તો મિથ્યાત્વ જોરદાર છે તેમ લાગે છે ?

પ્ર૦ : અવિરતિ ખરાબ કે મિથ્યાત્વ ?

ઉ૦ : અવિરતિ ખરાબ છે. તે છોડવાનું મન નથી થતું તે મિથ્યાત્વનું કામ છે.

મિથ્યાત્વનો ઉદય હોય તે મહારોગી છે. પણ ઘણાને રોગનું ભાન નથી. નિરોગી થઇને ફરે છે જેને સાધુપણાની ભાવના પણ ન થાય, ઇચ્છા પણ ન થાય તે મિથ્યાત્વ નામના મહારોગી છે. તમને સમ્યક્ત્વ પામવાનું મન છે ? મિથ્યાત્વ કાઢવાનું મન છે ?

શ્રાવક સંસારમાં દુઃખથી રહે પણ રાજીથી ન રહે. સંસારમાં રહેવાનું મન નહિ પણ રહેવું પડે તે અવિરતિનો ઉદય લાગે. અવિરતિ જતી નથી તેનું ભારોભાર દુઃખ હોય તે ઠાં સમકિતી હોય ઠાં તેનું મિથ્યાત્વ મંદ હોય. આવું ન હોય તેનામાં સમકિત નથી અને મિથ્યાત્વ ગાઢ છે.

૦ આ સંસાર ગમે, સુખ ગમે, સંપત્તિ ગમે, માન–પાન–સન્માન ગમે તો સમજી લેવું કે તે જીવ ઊઠયો–પતન પામ્યો ! આપણી ઇચ્છા મોક્ષે જવાની ? વહેલા કે મળે ત્યારે ? માંદાને સાજા થવાનું મન હોય જ ? જેને સંસાર ગમે તે માંદો છે. સંસાર ન ગમે તે માંદો છે પણ સારા થવાની ઇચ્છાવાળો છે આ સંસાર રૂપી રોગથી નિરોગી થવું છે ને ? રોગી રોગ રહિત થવા જલ્દી ઇચ્છે કે ગમે ત્યારે ? આપણને આ સંસાર રોગ ગમતો નથી ને ? અમારે વહેલામાં વહેલા સંસાર રૂપી રોગથી છૂટવું છે અને મોક્ષ રૂપી આરોગ્યને પામવું છે' આવું આપણા બધાનું મન ખરૂં ? રોગી મરતા સુધી સાજો ન થાય, માંદો ય મરે પણ સાજા થવું જ નથી તેમ કહે ખરો ? રોગ કાઢવા પ્રયત્ન ન કરે તેમ પણ બને ખરૂં ?

સાધુ પણ બધા સરખા નથી હોતા. કોઇ સાધુથી ધર્મ જોઇએ તેવો પળાતો ન હોય. ઘણા દોષ લાગતા હોય. પાલન ઓછું થાય, ખામી આવે પણ આજ્ઞા પ્રમી હોય અને પોતાની ભૂલ–ખામી કબૂલ કરે, પણ તેનો બચાવ ન કરે તો તે સારો છે. જે પોતાની ભૂલ કબૂલ ન કરે તે 'આમે ય ચાલે, તેમે ય ચાલે' તેમ કહે તે ગુરૂ ય 'ઉત્સૂત્ર ભાષી' કહેવાય. ભૂલ થઇ જાય તે ચાલે, ખામી આવે તે ય ચાલે પણ ભૂલનો અને ખામીનો સ્વીકાર કરે. હું પ્રમાદી છું માટે ભૂલ–ખામી થઈ આવે છે તેવો સદ્‌ગુરૂ 'કલ્પ-તરૂ' જેવો રહ્યો છે. ઊંચો સંયમી હોય 'આમે ય થાય તેમે ય થાય' તેમ તે બોલે તો તે ગુરૂ 'ઉત્સૂત્રભાષી' કહેવાય.

પ્ર૦ : ઉત્સર્ગ સાથે અપવાદ પણ છે ને ?

ઉ૦ : અપવાદ સેવતો હોય તો અપવાદ કહે કે ઉત્સર્ગ ? અપવાદ મજેથી સેવાય કે દુઃખથી ? ઉત્સર્ગના અર્થી માટે કારણે અપવાદ છે, પણ જાણી બૂઝીને પ્રમાદ કરે તેના માટે નહિ. કર્યા વિના ચાલી શકે નહિ તે જુદી વાત છે. દુનિયામાં પણ સારો વેપારી ખોટમાં વેપાર કરે તે શા માટે ? આબરૂ રાખવા માટે. જેને આબરૂની પરવા નથી તે પોતાના ઘી કેળાં રાખી દેવાળું કાઢે છે ! આબરૂની પરવાવાળા કેવા હોય ? તે વેપારી શાહુકાર કહેવાય. પોતાના નાણા રાખી બુધવારીયા કોર્ટમાં જાય તે કેવો કહેવાય ? ને આબરૂવાળો કહેવાય ? તેમ મજેથી અપવાદ સેવે તે ઉત્સર્ગનો પ્રેમી કહેવાય ?

અતિચાર શા માટે જાણવાના છે ? સેવવા જેવા નથી માટે. સેવવા પડે તે મારી ખામી છે તેમ કબૂલ કરવું પડે ? બધા ય અપવાદ સેવી શકે તેમ કહેવાય ? શક્તિ ન હોય તેને અપવાદ સેવીને માર્ગ સાચવવા મહેનત કરવી પડે. અપવાદ શા માટે ? ઉત્સર્ગ માર્ગે ચાલવા. નિરંતર અપવાદ સેવે તે ઉત્સર્ગ માર્ગે ન ચાલે અને તે દુર્લભબોધિ થાય. અપવાદ ઉત્સર્ગમાં રહેવા માટે સેવવાનો છે. પણ અપવાદ સેવવા જેવો તો નહિ જ. અપવાદ ઉત્સર્ગમાર્ગ પામવા માટે છે પણ મારવા માટે નહિ.

દવા શા માટે ખાવાની ? જીવવા માટે. મરવા માટે ખાય તો તે દવા વૈદ્ય ન કરે. દવા ખાય અને પથ્ય ન પાળે તો ! કુપથ્ય સેવે તો ? કુપથ્ય સેવાય તો વૈદ્ય ને કહે ને ? ન કહે તો ? અપવાદ કમને સેવવાનો છે. ઉત્સર્ગ પ્રેમથી જીવવાનો છે. શક્તિ હોય તો અપવાદ સેવવાનો નથી, ઉત્સર્ગ માર્ગે જ ચાલવાનું છે. દવાખાનારે કુપથ્ય ખાવાનું નહિ. ખાય તો તેની દવા સાચો વૈદ્ય ન કરે, ઉંટવૈદ્ય ભલે કરે ! મજેથી કુપથ્ય સેવે તો શું થાય ? રોગ વધી જાય. તેમ મજેથી અપવાદ સેવે તો ઉત્સર્ગ ન પામે પણ માર્ગથી ય પતિત થાય અને વખતે સંસાર વધી પણ જાય. 'અપવાદ સેવવા લાયક છે, સેવવો

જ જોઇએ' તેમ જે બોલે તે ભગવાનની અપવાદ આજ્ઞાનો 'અપવાદ' કરે છે.

આપણે કેવું સુખ જોઇએ છે ? દુઃખના લેશ વિનાનું, બીજા કોઇની પાસે અધિક ન હોય તેવું જેથી મેળવવાનું મન થાય કે ઇર્ષ્યા થાય અર્થાત સંપૂર્ણ કોટિનું અને આવ્યા પછી કદી નાશ ન પામે તેવું. આવું સુખ જોઇએ છે ને ? જેમાં દુઃખ હોય તે ચાલે ? બીજા પાસે અધિક દેખાય તો લોભ વધે ને ? આવ્યા પછી ન જાય તેવું કે જાય તેવું ? તેવું સુખ ક્યાં છે ? સંસારમાં છે કે મોક્ષમાં છે ? આ શ્રદ્ધા છે કે આવું સુખ સંસારમાં નથી પણ મોક્ષમાં છે ? આવું સુખ જોઇતું હોય તેને સંસારના સુખમાં મજા આવે ? જ્ઞાનિઓ કહે છે કે, આ સંસારના જ સુખમાં મજા આવે તેનો આ ભવ બગડે, મરણ બગડે, પરલોક બગડે અને અનંતકાળે ય ઠેકાણું ન પડે.

આ સંસારનું સુખ એવું લોભામણું છે કે તે સુખે બધાને ગાંડા બનાવ્યા છે. તે સુખ માટે પૈસા મેળવવા માણસ, માણસ નથી રહ્યો. જેટલા ખરાબ વિશેષણ આપવા તે આપી શકાય. આગળ જે સદ્‌ગૃહસ્થો હતા તે બધા માર્ગાનુસારી. આજે સુખ માટે તમે કયું પાપ ન કરો ? ગમે તેમ થાય પણ સુખ માટે પૈસા જોઇએ તો જૂઠ ન બોલું, ચોરી ન કરું, રાજદંડ થાય તેવી પણ ચોરી ન કરું આવી પ્રતિજ્ઞા છે ? આજે તમને પકડીને લઇ જાય તો તમારી કોઇ દયા ખાય ખરો ? બધાને લાગે કે પૈસા માટે શું શું કરે તે કહેવાય નહિ ! આવી આબરૂ ગૃહસ્થની હોય ?

સદ્‌ગૃહસ્થ કોણ કહેવાય ? બીજાની ઇચ્છા પણ પાપ છે, તેની જરૂર પડે તે ય પાપ છે, તેને મેળવવાનું મન થાય તે ય પ્રાપ છે, મળે ને રાજી થવું તે ય પાપ છે, તે જાય ત્યારે પોક મૂકો તે ય પાપ છે– આવું માને તે. આમાં તમે હા કહી શકો કે નહિ ?

સુખની ઇચ્છા થાય તે ય ખરાબ છે ? પૈસો પણ ખરાબ છે ? પૈસો કયા પાપમાં આવે ? અમારી પાસે પૈસા જુઓ તો શંકા પડે કે આ સાધુ હશે કે નહિ ! અમારી પાસે પાપ અને તમારી પાસે પુણ્ય થઇ જાય ? પૈસાને તમે પાપરૂપ માનો કે કેવો માનો ? જેની પાસે ઘણા પૈસા તે મોટો ધર્માત્મા કહેવાય ? પૈસો પાપ જ... સુખ પાપ જ. આ પાયાની વાત યાદ રહે તો કામ થઇ જાય.

જે સુખ ભવિષ્યમાં દુઃખ પેદા કરે તેવું સુખ મારે જોઇતું નથી તેવું મનમાં છે ખરું ? તમે દીકરા– દીકરીને શું કહો ? તમારાં સંતાનો તમારી આજ્ઞા મુજબ ચાલે તો તે સદ્‌ગતિમાં જાય કે દુર્ગતિમાં ? આજે માતા–પિતાની આજ્ઞા માનવી તેના ઉપદેશ આપવો હોય તો પણ વિચાર કરવો પડે. આજના માતા પિતા સંતાનને કેવો બનાવવા ઇચ્છે છે ?

સભા : વિવેકી.

ગુ૦ : વિવેકી એટલે શું ? આ લોકો મને ય ઊંઠા ભણાવે તેવા છે.

સભા : સ્વ પરનું કલ્યાણ કરનારો બને.

ગુ૦ : તેવો કોણ બને ? આ સમજે તે.

તમે તમારાં સંતાનનું પણ કલ્યાણ ઇચ્છો છો ? સંતાન સંસારમાં ન ભટકે તેમ ઇચ્છો છે ? કદી દુર્ગતિમાં ન જાય અને વહેલો મોક્ષે પહોંચે તેવી પણ ઇચ્છા ખરી ? તમારા ઘોકરો શક્તિ હોય તો સાધુ જ થાય. શક્તિ ન હોય તો શ્રાવક થાય પણ તેનામાં કોઇ 'દુષણ' તો આવે જ નહિ. તમારાં સંતાન સુખના, પૈસાના લોભી હોય ? બહુ મોજ મજા કરનારા હોય ? તમારો જેના પર બહુ પ્રેમ હોય તેના માટે શું ઇચ્છો ? આ ભવમાં સાધુ જ થવા જેવું છે તેમ કહો ખરા ? તમે કદી આવું કહ્યું છે કે– 'આ ઘરમાં ફસી ગયો છું, રહેવા જેવું નથી. મેં ભૂલ કરી છે, તું કરતો નહિ.'

શ્રાવક પુણ્યશાલી હોય. તેની પાસે પૈસા ટકાદિ હોય પણ તેને તે ગમતા ન હોય. તે બધું ય છોડવાનું જ તેનું મન હોય પણ વધારવાનું મન ન હોય.

ગુ૦ : ગમે નહિ તો તે મેળવે કેમ ?

ઉ૦ : તેને પાપનો ઉદય છે માટે.

તમે સંસારમાં રહેવા રહો તો શ્રાવક નહિ. સમ્યગ્દૃષ્ટિ જીવ સંસારમાં વસે ખરો પણ દુઃખથી વસે, સંસારમાં રમે નહિ, મજા આવે નહિ મજા આવે તો તે સમ્યગ્દૃષ્ટિ નહિ. મજા આવે તે મિથ્યાદૃષ્ટિ. મજા આવે તેને સારી માને, કરવા જેવી માને તે તો મહામિથ્યાદૃષ્ટિ. સમકિતી સંસારમાં વસે છે પણ સંસાર તેને ગમતો નથી. બંગલો તેને જેલ લાગે છે. જેલમાં રહે તે છૂટવા ઇચ્છે કે રહેવા ઇચ્છે ? તમારો બંગલો તમને કેવો લાગે છે ? જેલ લાગે છે? જેલ નથી લાગતો તેનું દુઃખ છે ? જેલ જેવો લગાડવાની મહેનત ચાલુ છે ? તો સમકિત આવશે. તેવી દશા નહિ આવે તો મિથ્યાત્વ પણ ગાઢ બનશે.

—: શાસન સમાચાર :—

સુરત– અત્રે ગોપીપૂરા શ્રી રામચંદ્ર સૂ. આરાધના ભવનમાં પૂ. મુ. શ્રી અક્ષય વિજય જી. આદિની નિશ્રામાં ૨૫૦ ભાવિકોએ પંચ મહાવ્રત તપની સામુદાયિક આરાધના કરી દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા ગ્રંથ ઉપર પ્રવચનો ચાલે છે બહોળો સમુદાય લાભ લે છે.

❋ ખોટું ન લગાતા હો ને! ❋

—શ્રી ભદ્રંભદ્ર

જૈનો સંસારના સુખો માટે ધરમ કરે? ના ભૂનોના ભવિષ્યતિ.

એક વખત એક કાકાએ ઘરે આવીને કાકીને કહ્યું કે– સાંભળ્યુ આજે થોડું દાન પુન કરી આવ્યો છું. મંદિરે ગયો તો ત્યાં મંદિરની બહાર એક છોકરો ભીખ માંગતો હતો. હું દેવ–દર્શન કરીને બહાર આવ્યો એટલે એ બિચારો મારી પાસે આવ્યો અને બે હાથ જોડીને કરગરવા લાગ્યો કે– 'કાકા, આપો, કંઇક આપો હું પંદર વરસનો બોબડો છું કાકા, આપો. આપો.'

મેં કીધુ– સાલા તું બોબડો છે તો મારે શું? ભિખારી કહે કાકા! સચે મારે પૈસાની જરૂર છે હું બોબડો છું. આવું તે બોલ્યો એટલે મને ખરેખર દયા આવી ગઇ. મેં તરત જ તેને દશ રૂપિયા આપી દીધા.

કાકી કહે પણ તમારામાં કંઈ અકકલ બકકલ જેવું કંઇ છે કે નહિ? તે બોબડો હતો તો બોલતો હતો શી રીતે?

કાકા કહે મોઢેથી બોલતો હતો.

કાકી કહે અરે! બુધ્ધુ રામ! બોબડો હોય એ બોલી જ ના શકે. તમને તમે એને બોબડો માનીને દશ રૂપિયા આપી આવ્યા

કાકા કહે પણ ઇ કેતો તો કે હું બોબડો છું. ઇ બોબડો છે તેની ખબર તને પડે કે તેને? બોલતા પણ બોબડા હોય તો તેની તને ખબર છે. આ કરોડોની વસ્તીમાં બોલતા બોબડા ય હોય વળી.

કાકી ખીજાણા. કહે કે બોલે ઇ બોબડો નઇ ને બોબડો કદિ બોલે નઇ

કાકા કહે મેલ ને હવ બોબડા કી ગત બોબડા જાણે.

આવી વાત મારાથી કયાંક ભૂલથી સંભળાઇ ગઇ હશે કે વાંચવામાં આવી ગઇ હશે. એટલે હવે આ આમ તો ટૂચકો જ છે. પણ असारात सारं उद्धरेत् અસારમાંથી પણ સાર લેવો. આ ઋષિઓના ઉપદેશામૃતને યાદ કરીને પેલા ટુચકાનો મને તત્ત્વજ્ઞાન સાથે મેળ કરવાનો પરમ પવિત્ર વિચાર જાગ્યો અને મેં અનંતજ્ઞાનીના અનંતા પદાર્થોમાં આ ટુચકો સેટ કરવાનો પ્રયત્ન કર્યો.

અને... અને... ખરેખર કહુ તમે નહિ માનો, પૂરી અડધી મિનિટ પણ નહિ થઇ હોય ને મને પદાર્થ જડી ગયો. "સંસારના સુખો માટે પણ ધર્મ કરાય" આવું

કહેનારા મહાપુરુષોનું એ વાક્ય જ મને ટુચકા સાથે જોડવાના કોડ જગ્યા.

મેં વેચાર્યું કે– જે લોકો સંસારના સુખો માટે ધર્મ કરાય આવું કહે છે તે લોકો સંસારના સુખોને છોડીને દીક્ષા કેમ લે છે. જે સુખો મેળવવા માટે ધર્મ કરવાનું તે લોકો કહે છે તો સંસારના સુખો તો પોતાની પાસે છે તેને છોડીને શું કરવા દીક્ષા લેવાની ? શ્રાવકોએ સંસારના સુખો મેળવવા માટે એકસણા, આંબેલ, ઉપવાસ જેવા દુઃખો શું કરવા વેઠવાના ? ભલા માણસ મળ્યુ છે તો પછી માણો ને. ! આ ભવ મીઠા, પરભવ કોણે (બાપે) દીઠા ?

શ્રાવકો સંસારના સુખો મેળવવા માટે જ ત્રણ વખત ટેસથી ખાવા રૂપ સંસારનું સુખ છોડીને એકવાર ખાવાનું બિચ્ચારા દુઃખ ભોગવે છે. મને તો એમ લાગે છે કે– આ લોકો સંસારના સુખો માટે ધરમ કરવામાં એક તો મળેલું સુખ આ ભવમાં ભોગવી નથી શકતા અને પરભવમાં સુખ કયાંથી મળવાનું ? કેમ કે સંસારના સુખો માટે ધરમ કરે છે. એટલે તો દુર્ગતિ જ મળવાની. અને એવું ય ઇચ્છે કે સંસારના સુખો પણ વિચારે ને કે આ ગમારોને હું મળુ છું તો મને સાચવી શકતા નથી. અને મને છોડી દે છે. એ પણ મને જ મેળવવા માટે. આવા ઢગાખોરો પાસે ના જવાય. મોક્ષ માટે ધર્મ કરવા વીતરાગના પંથે ચાલનારા જવાંમર્દો પાસે તો આપણે ગયા વગર ચાલે જ નહિ. કેમ કે તે લોકો આપણને (સંસારના સુખોને) છોડે છે તે પછી આપણી તો સામે ય જોતા નથી. આપણી તો વાંછા ય કરતા નથી એવા લોકોનો ત્યાગ ખરેખરો ત્યાગ છે. આવા મોક્ષ માટે ધર્મની સાધના કરનારા સંસાર સુખના ત્યાગી એવા ત્યાગવીરોના ચરણોમાં તો આપણે (સંસારના સુખોએ) આળોટતા રહીને ધન્ય બનવાનુ હોય.

બોબડા હોય તે કહિ પણ બોલતો ન હોય એમ સંસારના સુખોને છોડનારો સંસારના સુખોને માટે ધર્મ કરે કે કરવાનું કહે એ બને કેમ ? ન જ બનવું જોઈએ. પણ પેલા કાકાએ એશી કરોડની વસ્તીમાં કહાચ બોલતો બોબડો મળી જાય તો ? આવો અપવાદનો દર બતાવ્યો છે ને ઇ મને ખટકે છે. કેમ કે જૈન ધર્મ પામેલા સાધુઓ કે શ્રાવકો કદિ સંસારના સુખો માટે ધરમ નો જ કરે. અરે ! ઉલટાના લોકોને જૈન ધર્મ પમાડવા માટે પોતાના સંસારના સુખો (ધન-વૈભવ) લોકોને વહેંચે પણ આટલા બધાં જૈન ધર્મ પામેલામાં એકાદ અપવાદ મળી જાય તો... તો બોબડાઢી ગત બોબડો જાણે. એમાં શું ?

*

* પરોપકાર કરતાં પોતાનો જીવ ખોનાર છોકરો *

તા. ૧૯ નવેમ્બર ૧૮૬૭ને દિવસે જર્મનીના દક્ષિણ ભાગમાં ભારે વરસાદ પડયો હતો, તેના જેવો કોઇ વખતે આગળ પડયો નહોતો એવું કહેવાય છે. તેને લીધે નાની મોટી નદીઓ ઉભરાઇને કેટલાક ગામને ઘસડી ગઇ. તે વરસાદમાં કારલ સ્પ્રીનગેલ નામના ૧૯ વર્ષની ઉંમરના છોકરાએ જે બહાદુરીનું કામ કર્યું હતું તેનું વર્ણન નીચે આપવામાં આવે છે.

વીલહેલમ સ્પ્રીનગેલ નામનો એક સબ્સ રેલ્વે ઉપર નોકર હતો. તે ડેવીલના ગુલશના નદી ઉપર પુલની ચોકીદારનું કામ કરતો હતો. તેનો ૧૪ વર્ષનો છોકરો કારલ સ્પ્રીનગેલ તેની સાથે રહેતો હતો. જે દિવસે મોટું તોફાન સાથે વરસાદ પડયો હતો તે રાત્રે ગાડી આવવાની પહેલા પુલ જોવા માટે વિલહેલમ સ્પ્રીનગેલ ગયો. તેનો છોકરો ઘરમાં બેઠો હતો. થોડીવાર પછી તે રાત્રે બહાર નીકળીને પુલ તરફ ગયો અને જોવા લાગ્યો પણ પુલ ભાંગી ગયો હતો. તેથી બાપને બોલાવવા મંડયો કે બાપા તમે ક્યાં છો પણ તેનો જવાબ મળ્યો નહિ. બાપ પણ નથી. અને હમણા રાતની છેલ્લી ગાડી આવવાનો વખત છે હવે શું કરવું જોઇએ. જો તે ગાડીને નહિ રોકવામાં આવે તો ગાડી નદીમાં પડીને સઘળા માણસો મરણ પામશે. આવો વિચાર કરતાં કરતાં તેના મનમાં દયાનો સંચાર થયો. તેણે દૃઢ નિશ્ચય કર્યો કે કોઇપણ રીતે ગાડીને રોકવી. ગાડીને જવાનો રસ્તો એક પહાડની શાંકડી નીકમાંથી હતો. ત્યાં માણસને ઉભાં રહેવાની જગા નહોતી. હવે શું કરવું ? તે આ વેળાએ તેને સૂચવ્યું કે હાથની ગાડીને ઉભી કરીને તેના ઉપર ચઢીને લાલ ફાનસ દેખાડવાથી ગાડી ઉભી રહેશે. એવું નક્કી કરીને હાથની ગાડી ગોઠવીને તરત તે ગાડી લઇ ગયો અને હાથમાં લાલ ફાનસ લઇને ઉભો. એટલામાં ગાડી આવી. ગાડીના હાંકનારે છોકરાને ગાડી ઉપર ચઢીને લાલ ફાનસ દેખાડતાં ઉભેલો જોયો. તરત તેણે ગાડીને વેગ ધીમો પાડયો પણ તે કોઇ રીતે જલદી ઉભી રાખી શકયો નહિ. છોકરો ખુમો પાડીને કહેવા લાગ્યો કે પુલ ભાંગ્યો છે, પુલ ભાંગ્યો છે. આવું બોલતાં જ ઇજીનનો ધકકો છોકરાની ગાડીને લાગ્યો તેથી ગાડી ને છોકરો ઉછળ્યાં ને કેટલાક ફુટ ઉચ્ચે જઇને નીચે પછડાયાં. ગાડી અને છોકરાના ચૂરેચૂરા થઇ ગયા. પછી આગગાડી ઉભી રહી અને તે છોકરાની શોધ કરી તો તે મુવેલો જણાયો. ત્યારપછી બીજે દહાડે મોટા માનની સાથે તેની પાસેના ગામમાં કબર કરી. તેની કબર ઉપર આવું લખવામાં આવ્યું છે : **'કારલ સ્પ્રીનગેલ'** ઉંમર ૧૪ વર્ષની. તે બહાદુરીથી અને પરોપકાર કરતાં મરણ પામ્યો છે, તેણે ૨૦૦ માણસોના જીવ ઉગાર્યા છે.

—: બોધ દાયક કથા —: કોણ ચઢે ? બુધ્ધિ કે ધન ?

—પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

એક નગરમાં એક કરોડપતિ ધનવાન રહેતો હતો અને એક બુદ્ધિશાલી ધીમાન પણ રહેતો હતો હતો. બંન્નેને પરસ્પર મૈત્રી પણ સારી હતી. તે બંન્ને પાછા રાજાના પણ પ્રીતિ પાત્ર હતા એકવાર બંન્નેની વચ્ચે વિવાદ થયો કે ધન ચઢે કે બુદ્ધિ ? રાજાને પણ તેમની વાતો સાંભળવામાં આનંદ હતો. રાજા પાછો સમજુ હતો. બંન્નેનો વિવાદ વિખવાદમાં ન ફેરવાય માટે રાજાએ તે બંન્નેને કહ્યું કે "મારા સિક્કાવાળો પત્ર લઈ અમુક નગરમાં જાવ. અને ત્યાં જેની શક્તિ કામ લાગે તે ચઢિયાતો માનવો." તે બંન્નેએ તે વાત કબૂલ રાખી. રાજાએ આપેલ મુદ્રાવાળો પત્ર લઇ, રાજાએ કહેલ ગામમાં ગયા.

તે ગામનો રાજા, આ મોટા રાજાનો બંડિયો રાજા હતો. તેણે રાજાની મુદ્રા-વાળો પત્ર વાંચ્યો. અને તે બંન્નેને પકડીને કેદખાનામાં પૂરી દીધા અને કહ્યું કે, અમુક દિવસે તમને બંન્નેને શૂળી ઉપર ચઢાવવાના છે. આ બંન્ને કેદખાનામાં રહ્યા.

તે પછી બુદ્ધિશાળીએ ધનવાનને કહ્યું કે, તમારી શક્તિ અજમાવો અને આપણો છૂટકારો થાય તેમ કરો. ધનવાને રાજાને કહ્યું કે, અમને છોડી મૂકો તો તમને લાખ સોનામહોર આપીશ.

ત્યાં તે નાના રાજાને કહ્યું– મોટા રાજાના હુકમનો અનાદર કરીને લાખ સોનામહોરે મારે જોઇતી નથી. હું ભલો ને મારૂં આ નાનુ રાજ્ય પણ ભલું. મને તો તે મોટ રાજાની છત્ર છાયામાં બધી રીતના સુખ–ચેન, આનંદ છે. અનીતિના આ જમાનામાં આ વાત બધાને ન ગમે. આજના ધર્માત્મા પણ ખોટું બોલવાથી આવો લાભ મળતો હોય તો જવા ન દે અને પાછા તે પૈસાથી એકાદ અનુષ્ઠાન કરાવી ગુરૂને પણ પોતાના ગજવામાં રાખે ! અને ગામમાં શાહુકારના લેબાશમાં છાતી કાઢીને મજેથી ફરે. બોટું કર્યું– કરવાનો જરાપણ રંજ નહિ કે ડંખ પણ નહિ, ધનવાનની એક પણ લાલચ ત્યાં ફાવી નહિ. પછી ધનવાને અંતે બુદ્ધિશાળીને કહ્યું– હવે તું તારી બુદ્ધિ અજમાવી આપણો છૂટકારો કરાવ.

પ્રસંગ પામી બુદ્ધિવાને રાજા કહ્યું આપને ખબર છે, અમે કોણ છીએ અને અમારા રાજાએ એમને અહીં કેમ મોકલ્યા છે ? રાજાએ ભલાભોળા ભાવે હૈયામાં જે હતું તે કહી દીધું, ના મને તો કાંઇ ખબર નથી. બુધ્ધિશાળીએ તક જાણ સોગઠી મારતા કહ્યું કે– અમે બંન્ને રાજાના પ્રીતિપાત્ર છીએ. એકવાર અમારી સભામાં આવેલા

નૈમિત્તિકને રાજાએ અમારૂં ભવિષ્ય પૂછયું તો તેણે કહ્યું કે– આ બંન્ને જ્યાં મરણ પામશે તે રાજ્ય ઉજ્જડ થઇ જશે. રાજાને અમારા પર ગુસ્સો આવ્યો અને અમને તમારે ત્યાં મોકલી આપ્યા. અમારે તો મરવાનું છે જ. પણ તમારા હિત માટે અમે કહીએ છીએ કે અમને અહીં શુળી ઉપર ચડાવશો તો તમારા રાજ્યનો નાશ થશે. પછી તો આપની મરજી.

આ સાંભળી રાજા ગભરાઇ ગયો અને બચાવાનો ઉપાય પૂછયો તો બુદ્ધિશાલીએ કહ્યું–ઉપાય છે જો તમે મંજુર થતા હો તો કહું. રાજાએ કબુલાત આવી એટલે તેણે કહ્યું– આપ મોટા રાજાને વિનંતી પત્ર લખીને અમને આપો અને તેમ લખો કે, આપની કૃપાથી અહીં તેવા ભારે ગુના થયા નથી. કોઇને શૂળી ઉપર ચડાવવાનો પ્રસંગ આવ્યો નથી. અહીં શુળી માટે ખર્ચો કરવો પડે તેમ છે. આપના વિશાળ રાજ્યમાં આ કાર્ય માટે કાંઇ નવીનતા નથી. એટલે આ બંન્નેની આપની પાસે પાછા મોકલ્યા છે. અને આપની આજ્ઞા હશે તો તેને માનવામાં પણ વિલંબ નહિ કરૂં આ ભાવનું લખી આપ્યું અને બંન્નેને પાછા ત્યાં મોકલી આપ્યા.

બુદ્ધિનો પ્રભાવ ધન કરતાં વધી ગયો અને બંન્નેનો વિવાદ ટળી ગયો.

મારા પ્રિય વાચકો ! ધન તો ગર્વ ન કરતાં પણ બુદ્ધિનોય ઓટો ગર્વ ન કરતા બુધ્ધિ માર્ગાનુસારી અને પરિણત બનાવી આત્મ કલ્યાણમાં ઉપયોગ કરજો તે જ આ કથાનો પરમાર્થ છે. સુજ્ઞેષુ કિં બહુના !

* વિવિધ વાંચનમાંથી *

–પૂ. સાધ્વી હર્ષપૂર્ણાશ્રીજી મ.

કાળચક્રનું સ્વરૂપ — (અવસર્પિણીકાળ ૧૦ કોટાકોટી સાગરોપમ)

નામ	સમય	જીવ	આહાર	પાંસળી
૧ સુષમા સુષમા	૪ કોડાકોડી સાગરોપમ	યુગલિક	૩ દિવસ પછી	૨૫૬
૨ સુષમા	૩ કોડાકોડી સાગરોપમ	યુગલિક	૨ દિવસ પછી બોરના પ્રમાણમાં	૧૨૮
૩ સુષમ દુષમા	૨ કોડાકોડી સાગરોપમ	યુગલિક	રોજ આંબળાના પ્રમાણમાં	૬૪
૫ દુષમ સુષમા	૧ કોડાકોડી સાગરોપમ (૪૨ હજાર ઓછા	મનુષ્ય	અનિયત ફળ ધાન્ય	૩૨
૫ દુષમ	૨૧૦૦૦ વર્ષ	મનુષ્ય	અનિયત ફળ ધાન્ય	૧૬
૬ દુષમ દુષમા	૨૧૦૦૦ વર્ષ	મનુષ્ય	મત્સ્ય અભક્ષ્ય	૮

નોંધ : આ રીતે ઉત્સર્પિણીકાળમાં નીચેથી ઉપર સમજવું

* માનવ ભવની સાચી સાધના *

—શાહ રતિલાલ દેવચંદ ગુઢકા-લંડન

જ્ઞાનીઓના વચન છે જેના શાસનમાં જીવીએ છે એની વાણી છે અનંત કેવળી ભગવંતોનો ઉપદેશ છે કે માનવ ભવ મહાન મોંઘો અને આપણે કેટલા પુન્યો કર્યા હશે. તેનો જરા સરવાળો માંડજો કે વિચાર રૂપી ટોટલ કરજો કે માનવ ભવમાં ઉત્તમકુળ ઉત્તમ જાતિ ઉત્તમ ધર્મને ઉત્તમ શરીર ઉત્તમ દેવ ઉત્તમ ગુરૂ ત્યાગી ભગવંત મલ્યા હતાથી ભરપુર એવો જૈન ધર્મ મલ્યો છે. અરે આંખો ૨ મળવી અતિ દુર્લભ છે શરીર છે પણ આંખે અપારંગ છીએ તો કદી કોઇને જોઇ શકશું નહિં કદી પ્રભુ મુખ દર્શન કરી શકશું નહિં. પછે કંઇ પણ ઉતમ શુ શબ્દો વાંચી શકશું નહિં.

કારણ આંખ વિના રાત અને દિવસ સરખા જ થઇ પડયા આગળ વધીએ. પગ પણ બે મળ્યા છે સારા અને કેટલા પુન્યે અને જો પગ બે ના હોય તો ઘણાને પગ નથી કેટલી મુશ્કેલી ભલે આજે તો એની સીટ આવે છે પણ પગ જેવું થાય આ પગથી ડુંગર ચડાય તીર્થના પગથીઆ ચડાયને આજ પગથી કાઉસગ્ગ થાય અને આ પગથી પ્રભુ દરબારમાં પણ જવાય એટલે કેટલા પુણ્યો કર્યા હશે આપણે આર્ય છોડ અનાર્યમાં કર્મ સંજોગે કમનશીબે ભલે વસતા હોઈ એ પણ આપણી ધ્યાન આર્ય ભૂમિ ઉપર છે કેમ કે તે માતૃ ભૂમિ છે અને જ્યાં પાવન પવિત્ર તીર્થો પણ છે.

પણ આપણે હવે બધા ભેગા મળી એક સામાયિક રોજ કરવી એવો નિયમ કરીએ તો આત્માનું કલ્યાણ છે અને સામાયિક ગમે ત્યારે થઇ શકે છે હાથ પગ ધોઇ અને કટાસણું ચરવડો મુહપતિ માળા લઈ બેસી જાઇએ ૪૮ મીનીટ સામાયિકનો ટાઇમ છે ત્યાં લગી ધર્મ ધ્યાન સ્વાધ્યાય માળા ફેરવવી વાંચન કરવું અને એક સામાયિક ભાવનાથી નિયમથી એક કોઈપણ મનુષ્ય રોજ લાખ મણ ખાંડી સોનાનું દાન કરે તો પણ એથી અધિક સામાયિકનું ફળ મળે છે ૯૨૫ ૯૨૫ ૯૨૫ ૧/૩ તેટલું દેવ ભવનું આયુષ્ય બંધાય છે અને વળી તે સિવાય અઠવાડિએ એક સામાયિક ભેગા મળીને કરવી શનિવાર કે રવિવાર બોલો મંજુર થાય છે.

પછે અઠવાડિયે ઓછામાં ઓછું વ્રત કરી અવશ્ય સાંજ સવારનું પ્રતિક્રમણ કરવું આ પ્રતિક્રમણની કીંમત રોજ કરવાની છે અને દર અઠવાડિયે અષ્ટપ્રકારી કરવી પુજા કરવી પક્ષાલ ચંદનપુજા કુલ ધુપદીપ અક્ષત નૈવેદ્યને ફળ અને આ રીતે જો ટયુશન ચાલુ કરશું કે પાર્ટ ટાઇમ લેશન કોર્સ કરશું તો અવશ્ય આપણો આત્મા

જાગી ઉઠશે સત્ય સમજવા કટીબદ્ધ થઇ જાશું જીવનમાં ૩૦ વર્ષ લગી પણ કે સત્સંગ ભક્તિ કરીએ પણ જ્યાં લગી સમકિત રૂપી વૃત રૂપી ખરૂં શ્રાવકપણું ને ન પાલી શકીએ કેતાં ઓફીશીઅલ ડીગ્રી ન મળી ત્યાં લગી તેને મોટો લોહો ન મળી શકે તો આપણો આત્મા સાવજ રખડી પડશે પછે તો અંધારૂ થઇ જાશે દિવસ અને રાત્રિમાં ફેર છે તેમ અને આપણને આ દેશમાં એવો મોકો તો ભાગ્યે જ મલશે કે ચાલો આપણે આ દેશ છોડી આ સંસાર છોડી અણગાર બની જાઇએ.

અરે એવા ભાવ જે આત્મામાં થશે તે પણ ઉતમ છે ને અવશ્ય છોડવા જેવું છે બાકી આપણો આત્મા ૮૪ લક્ષચોની ભમી અનંતા કષ્ટો વેઠી એમાંએ તિર્યંચ-ભવમાં અનંતોકાળ પુદ્ગલપરાવર્તન સમય રહ્યો છે. કોડીમંકોડી–ચકલા વાઘ સર્પ નોળીયો એવા ભવમાંથી પસાર થઇને આ માનવ ભવ પાચો છે હવે પાછા ન પડવું પણ આગળ વધવું છે તમે તો બધા મહાજ્ઞાની સમજુ છો જરાક કયાંક કંઈક જોવા મળે તરત તે કાર્ય તે રીતી અપનાવા કોશીષ કરો છો પણ તે તો બાહ્ય છે દેખાવમાં રૂડી છે પણ આત્મા માટે ભુંડી છે અને તો પણ આપણે આત્મા માટે કંઇક કરવાનું છે જેથો આ ભવમાં એવા બીજ રોપાય જાય તો આત્મા–ઉત્તમ ભવ પામે અને દુઃખ તો ક્યાંતમાં સળી જ પડે તેટલું ગમતું નથી તો સુખ કયાંથી મળે કેમ મળેને કેવી રીતે મલ્યું છે. કામ સારૂં અને સારો પગાર સારો ધંધો કઇ રીતે મળે તે આપ જાણો છો અને એના માટે શું ઉપાય કરવો પડે તેમ આત્મા માટે પણ સમજવું જરૂરી છે.

સોના કણ :— પૂ. આ. શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ.

(૧) વચનનો વિશ્રામ મૌન, મગજનો વિશ્રામ જાપ, હૃદયનો વિશ્રામ ગુણાનુરાગ, મનનો વિશ્રામ દર્શન, તનનો વિશ્રામ નિદ્રા, ધનનો વિશ્રામ દાન વાસનાનો વિશ્રામ શીલ, ઇચ્છાનો વિશ્રામ તપ ભયનો વિશ્રામ ભાવ.

(૨) વડલા નીચે બેસતા શાંતિ મળે છે તેમ ધર્મરૂપિ વડલા નીચે શાંતિ મળે છે.

(૩) વિચાર વિ + ચાર વિનો ચાર સાથે લગ્ન કરો વિનમ્ર વિદ્યા–વિવેક અને વિરતિ.

(૪) મા=નવ મ=નહિ નવ=નવ વસ્તું હિંસાદિ પાંચ–પાંચ ઇન્દ્રિય સંયમ અને ચાર કષાયો ને ઓછા કરવા પ્રયત્ન કરે તે માનવ માનનું વર્જન કરે તે માનવ મનન કરે તે માનવ.

❋ પ્રગતિના પથ પર ❋

એક પુનિત ત્રિવેણી : —પૂ. આ. શ્રી વિજય કનકચંદ્ર સૂ. મ.

આ સંસારમાં જાતજાતની અને ભાતભાતની વ્યક્તિઓ વસવાટ કરે છે. આ બધી જ વ્યક્તિઓમાં એક સામાન્ય સમાનતા તમને જોવા મળશે : કોઇ પણ વ્યક્તિ પછી તે નાની હોય કે મોટી, પોતાનો ઉત્કર્ષ સાધવાની અભિલાષા સેવે છે. માનવ માત્ર ઉન્નતિ માટે, પ્રગતિ માટે, ક્રાંતિ માટે, ઉત્ક્રાંતિ માટે અને વિકાસ માટે એક અવિરમ પિપાસા સેવે છે.

આજે કશે દિશામાંથી લોકોને પોકારી, પોકારીને કહેવામાં આવે છે કે, પ્રગતિના વિશાળ રાજમાર્ગ ઉપર આ વિશ્વ પૂર ઝડપથી આગળ વધી રહ્યું છે. અમુક અંશે આ વાત યોગ્ય પણ છે. વિજ્ઞાન અને ભૌતિક ક્ષેત્રમાં વિશ્વે આશ્ચર્યકારક પ્રગતિ કરી છે. વિજ્ઞાન દિન–પ્રતિદિન આગેકૂચ કરી રહ્યું છે. નિતનવા ફેરફાર થઇ રહ્યા છે. કરોડો રૂપિયાનો ધૂમાડો કરીને, સંસારના મહાન ગણાતા રાષ્ટ્રો એક–બેકને પછાડવાની સ્પર્ધામાં રાત–દિવસ, તનતોડ મહેનત કરી રહ્યા છે. માનવી મંગલ ગ્રહ પર પહોંચવા અને ચંદ્રલોકમાં વિહરવા માટે તલપાપડ થઇ ગયો છે.

રોકેટ, ઉપગ્રહ અને અંતરિક્ષ યાનની મદદથી માનવી આકાશમાં તરવાનો પ્રયાસ કરે છે.

સાચા અર્થમાં જોઇએ તો માનવીને પૃથ્વી પર પણ યોગ્ય રીતે રહેતા આવડતું નથી. આ ઊણપને નિવારવાને બદલે ચંદ્રલોકમાં પહોંચવાની યોજનાઓ ઘડવામાંથી તે ઊંચો આવતો નથી. માણસના પગ જમીન ઉપર ડગુમગુ થઇ રહ્યા છે, તેને સ્થિર કરવાને બદલે તે ચંદ્રલોકમાં પગલા ભરવા માટે અધીરો બની ગયો છે. આ વાત તમને આશ્ચર્યકારક નથી લાગતી શું ? (ક્રમશઃ)

— લોભની લપસામણ —

કિચ્ચાકિચ્ચવિવેયં, હણઇ સયા જો વિડંબણા ડેઉ ।
તં કિર લોહ પિસાયં, કો ધીમં સેવએ લોએ ? ॥

હંમેશા જે (અનેક પ્રકારની) વિટંબણાઓનું (મૂળ) કારણ છે, કૃત્યા અને અકૃત્યના વિવેકને હણી નાંખે છે, તે લોભ રૂપી પિશાસને લોકમાં કયો બુદ્ધિમાન સેવે ? અર્થાત કોઇ જ બુદ્ધિમાન ન સેવે !

શાસન સમાચાર

નૂતન ઘર જિનાલય ઉદ્‌ઘાટન.

ટાન્ઝાનીયામાં દારેસલામ નગરે વિ. સં ૨૦૫૩ ને શ્રાવણ વદ ૧૦ ને બુધવાર તા. ૨૭–૮–૯૭ તથા ગુરૂવાર તા. ૨૮–૮–૯૭ ના એક ખૂબજ ભવ્ય પ્રસંગ ઉજવાયેલ જેની નોંધ ઇસ્ટ આફ્રીકાના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લેવાશે.

ઇસ્ટ આફ્રીકાના અગ્રગણ્ય અને વેપારી આલમમાં પ્રસિદ્ધ ઢિલાવર શેઠ શ્રી ગુલાબચંદ પુનમચાદ શાહના પરિવાર તરફથી તેમના નિવાસસ્થાને 'ગુલાબકુંજ'માં પ. પૂ. આચાર્ય વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા તથા આશીર્વાદથી અત્યંત સુંદર અને વિશાળ નૂતનઘર જિનાલયની ઉદ્‌ઘાટન વિધિ કરવામાં આવેલ અને શ્રી ગુલાબભાઇના પરિવારે ઘણા વર્ષથી સેવેલ સ્વપ્ન સાકાર થયું.

શ્રી ગુલાબભાઇ, શ્રીમતી જયાબેન, પુત્ર જયેશ, પુત્રવધુ રીટા બેન તથા બાળ-ગોપાલ પૂજને બુધવાર તા. ૨૭–૮–૯૭ ના હિંદી મહાસાગરના સવારના મનમોહક વાતાવરણમાં સર્વ શુભેચ્છકોનું સ્વાગત કરેલ અને વાજતે-ગાજતે શ્રી આદીશ્વર ભગવાન શ્રી પાર્શ્વનાથ પ્રભુ તથા શ્રી મહાવીર સ્વામી ભગવાનની અતી નયન રમ્ય પ્રતિમાઓ સાથે વરસીદાન કરતા રથયાત્રામાં તેમના નિવાસસ્થાન 'ગુલાબકુંજ'માં પ્રવેશ કરેલ.

આ શુભ પ્રસંગે નવસારીથી જાણીતા વિધિકારક શ્રી કનુભાઇ એફ. દોશીએ માસ હાજરી આપેલ અને પ્રતિષ્ઠાની વિધિ તથા અઢાર અભિષેક પૂજન કરાવેલ. ગુરૂવાર તા. ૨૮–૮–૯૭ ના સવારના મહા પૂજન ખૂબજ ભાવ પૂર્વક કરાવેલ. અમી છાંટણા વર-સવાથી સર્વ ભાવુકો ખૂબજ ધન્યતા અનુભવતા હતા અને સર્વએ ખૂબજ ભાવવિભોર બની પૂજનનો આનંદ માણેલ. ત્રણ દિવસ ઉજવાયેલ આ મહોત્સવમાં રવિવાર તા. ૨૪–૮–૯૭ ના સિદ્ધચક્ર પૂજન કરાવવામાં આવેલ જૈન, જૈનેતર અને લંડન, ભારત તથા કેન્યાના અનેક શુભેચ્છકોએ હાજરી આપેલ દરરોજ બપોરના સ્વામીવત્સલ ભોજન અને રાત્રે ભાવનાનો કાર્યક્રમ રાખવામાં આવેલ દરેક કાર્યક્રમમાં સર્વએ ખૂબજ હર્ષો-લ્લાસથી ભાગ લીધો હતો. શ્રી ગુલાબભાઇના પરિવાર તરફથી સર્વ ધર્મપ્રેમી ભાઇઓને દરિસલામની મુલાકાતે આવે ત્યારે અચૂક જિનાલયના દર્શનાર્થે (ગુલાબકુંજ) મા પધા-રવા ભાવભર્યું આમંત્રણ પાઠવે છે.

પ્રસ્તુત કરનાર : રમેશ કલીચંદ કોઠારી, દારેસલામ

: વિશેષાંક માટે તુરત લેખ મોકલો :

ફ્ર જૈન શાસન વિશેષાંક ફ્ર

નવા વર્ષનો વિશેષાંક દિવાળી ઉપર પ્રગટ થશે.

જૈન ધર્મની પ્રાણી કથાઓ-વિશેષાંક

અંક પ્રગટ થશે કારતક સુદ ૧ શનિવાર તા. ૧-૧૧-૬૭

— તરત કથા લેખ મોકલો —

* લેખ : તા. ૧૧-૧૦-૬૭ સુધી મોકલી આપશો.
* શુભેચ્છા : તા. ૨૧-૧૦-૬૭ સુધી મોકલી શકાશે.

આ વિશેષાંક માટે લેખો વિ. મોકલી આપવા પૂ. આચાર્યદેવો આદિને વિનંતી છે. તથા શુભેચ્છકો આદિ તથા શુભેચ્છાઓ વિ. માટે પ્રયત્ન કરીને ખાસ મોકલવા સર્વે વાંચકો તથા માનદ પ્રચારકોને વિનંતી છે. તા. ૧-૧૦-૬૭ સુધી લેખો મલી જશે તો તે સચિત્ર બનાવવાની ધારણા છે.

આજીવન વિશેષાંક સૌજન્ય રૂા. ૧૧) હજાર
આજીવન ,, સહાયક રૂા. ૫) હજાર
આજીવન ,, શુભેચ્છક રૂા. ૧) હજાર

આમ આજીવન શુભેચ્છક બનતાં દર વર્ષે વિશેષાંકમાં શુભેચ્છા આવશે.

—: આ ચાલુ વાર્ષિક વિશેષાંક :—

વિશેષાંક શુભેચ્છક રૂા. ૧૦૦) પરદેશમાં શુભેચ્છક રૂા. ૩૦૦)
આજીવન સભ્ય રૂા. ૫૦૦) પરદેશમાં રૂા. ૬૦૦૦)

આ વિશેષાંકમાં શુભેચ્છા જાહેરાત એક પેજ ૧૦૦૦) અડધુ પેજ રૂા. ૫૦૦)
૧/૪ પેજ રૂા. ૩૦૦) ૧/૮ પેજ ૧૫૦)

ફ્ર શ્રી જૈન શાસન કાર્યાલય ફ્ર

C/૦. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર (સૌરાષ્ટ્ર)

દરેક સંઘ રૂા. ૧૦૦૦) ભરી કાયમી શુભેચ્છક બને. સંઘનું તથા પ્રેરકનું નામ દર વર્ષે વિશેષાંકમાં શુભેચ્છક તરીકે છપાશે કાયમ જૈનશાસન આવશે.

જે સંઘો કે ભાવિકો આજીવન સૌજન્ય, સહાયક કે શુભેચ્છક બન્યા છે તેમને હવે રકમ ભરવાની રહેતી નથી.

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



* દુનિયાની સુખ-સંપત્તિની જે આશા છે તે ખોટી છે, તે કાઢવાની ઇચ્છા પેદા થાય તેવા જ આત્મા ધર્મ પામી શકે.
* તમને સંસારમાં મહાલતા જોઇને દયા ન આવે તો તે સાધુપણું પામ્યો નથી. મોટા સુખીને જોઇને 'આવું મને મળે તો સારુ" આમ થાય તે ય સાધુપણું પામ્યો નથી.
* આ દુનિયાની સુખ-સંપત્તિ પાછળ જ પડે તો આત્માનું બધું સાચું બળ નાશ પામે અને દુર્ગતિમાં જવું પડે.
* તમારા માનથી રાજી થાય તો તે સાધુ ય ડૂબે !
* જેનામાં માન ઘણું હોય તેનામાં વિનય ન આવે સાચા શ્રુત જ્ઞાનની તેને પ્રાપ્તિ ન થાય. ગમે તેટલું ભણે તો ય તેનું મિથ્યાત્વ ઘસે નહિ પણ વધુ મજબૂત બને.
* ભગવાનના શ્રી સંઘમાં ત્યાગી આવે કાં ત્યાગની ભાવનાવાળો આવે પણ ત્યાગ કરવા જેવો ન લાગે તેનું તો આ શાસનમાં સ્થાન જ નથી.
* જેનામાં દુઃખીનું દુઃખ દૂર કરવાની શક્તિ છે છતાં ય ન આપે તો તે સુખી કહેવાય કે દુઃખી ?
* આ સંસાર એટલે મોટામાં મોટું કતલખાનું !
* ચારે ગતિના બધા જીવોને મરવાનું ! બધાના માથે મરવાનો ભય ! તે ભય ક્યારે છૂટે ? જન્મે નહિ ત્યારે ક્યારે ન જન્મે ? મોક્ષે જાય તો આ નમજનારાને આ સંસાર ગમે ?
* રોગીને જેમ પથારી (માંદગી) ન ગમે તેમ શ્રાવકને સંસાર ન ગમે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

પ્રા. શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાન મંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર.

જૈન શાસન

સાપ્તાહિક

સવિ જીવ કરું શાસન રસી.

પ્રા. શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાન મંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા

માયાની ભયંકરતા

કુડિલગઇ કૂર મઇ,
સયાચરણુવજ્જિઓ મલિણો ।
માયાઇ નરો ભુઅગુવ્વ,
દિટ્ઠમિત્તો વિ ભયજણુઓ ।।

કુટિલ-વક્ર-ગતિ, કુરમતિ, સદાચરણથી રહિત, મલીન, જોવા માત્રથી ભયજનક સર્પની જેવો માયાવી મનુષ્ય હોય છે.

વર્ષ ૧૦

અંક ૯+ ૧૦

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન

— શાસન સમાચાર —

પૂ. આ. ભગવંત પ્રભાકરસૂરીશ્વરજી મહારાજની પાવન નિશ્રામાં પટણા (બાકરગંજ)માં શ્રી જૈન શાસનની આરાધનાના ડંકા વાગ્યા.

(૧) આઠે દિવસ પર્યુષણા પર્વમાં સકલ સંઘના એકાસણા.

(૨) ભા. સુદ ૫ સકલ સંઘના પારણા, ૬૨ રવિવારે 'સંસ્કાર સભા.'

(૩) ઘેર-ઘેર તપસ્યા, ૧૩ થી ૧૪ વર્ષના બાળકો જીવનમાં કદી એકાસણું નથી કરેલ તેવાઓએ અઠ્ઠાઈ કરી જીવન ધન્ય બનાવ્યું છે.

(૪) સૌ કહે છે છેલ્લા પાંત્રીસ વર્ષમાં અમારા શ્રી સંઘમાં આવી આરાધનાઓ થઈ નથી. જન્મ વાંચનના દિવસે સાધર્મિક વાત્સલ્ય થયેલ. કુલ પાંચ સાધર્મિક વાત્સલ્ય.

(૫) ભાદરવા સુદ ૧ જન્મ વાંચનના દિવસે ઉપાશ્રયમાં દેવદ્રવ્યમાંથી મુક્ત થયો છે. અને કાયમી સાધારણ ખાતાની રકમ મુકાઇ જાય તે માટે સૌ પ્રયત્નશીલ છે. પાંચ તિથિ આયંબિલ, એકાસણા સામુદાયિક તપસ્યા.

(૬) સ્વ. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ. નો યાદગાર ત્રિદિવસીય જિનેન્દ્રભક્તિ મહોત્સવ સાધર્મિક વાત્સલ્ય સાથે થયેલ છે. અત્રેના દેરાસરમાં થતી આશાતના દૂર કરવા તથા દેરાસરજીને ભવ્ય તીર્થ તુલ્ય આકર્ષક બનાવવાની યોગ્ય કાર્યવાહી શરૂ થઇ છે. (૭) સમેતશિખર અંગે સામુદાયિક આરાધના, જાપ વિગેરે માટે વિચારણા ચાલુ છે. (૮) ગભારામાંથી લાઇટ દૂર કરી સુંદર દીવા રાખવાનું નક્કી થયું છે. દિવા આવી ગયા છે.

પટના સિટીમાં પૂ. આ. ભગવંતની આજ્ઞાથી તેઓશ્રીના શિષ્યરત્ન મુનિ જિન રક્ષિતવિજય કરાવેલ છે. શ્રી સંઘને ખુબ જ આનંદ ઉલ્લાસ થયો છે. છઠ્ઠ, અઠ્ઠમ, ક્ષીર સમુદ્ર વિગેરે તપો થયેલ છે. સામુદાયિક પારણાં થયેલ. સંવત્સરી પ્રતિક્રમણમાં સૌને ખુબ જ આનંદ થયેલ. બધી ઉપજ સારી થયેલ છે. પટના સિટિના ૧૦૦ વર્ષ જુના જિનમંદિરનો જિર્ણોદ્ધાર કરવાનું નક્કી થયેલ છે. અષ્ટ પ્રકારીપૂજા સુધ્ધા આઠિની અડધી રકમ સાધારણમાં જતી હતી. તેના માટે ભંડોળ એકત્ર થયેલ છે. રૂ. ૨૫૦૦) આપનાર દાતાનું નામ તકતીમાં લગાવવામાં આવશે. જેઓની ભાવના હોય તેઓને નીચેના નામનો ડ્રાફ્ટ કઢાવી મોકલવા વિનંતી છે. (પટનાની કોઇપણ બેન્ટમો મોકલી શકાશે.)

પટના ગ્રુપ ઓફ જૈન શ્વેતાંબર ટેમ્પલ કમિટિ

સંસ્થાનો ખાતુ **કનારા બેંક પટના સિટિમાં છે.** આ બેંકનો ચેક-ડ્રાફ્ટ

(અનુ. પાન ૧૬ ઉપર)

હાલારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાઢ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘાજી ગુંદરા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મણસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ મેઠ (વઢવાણ)
ચાંદમલ પદમશી ગુંદરા (થાણા ગઢ)

વર્ષ : ૯૦] ૨૦૫૩ આસો સુદ ૫.–૬ મંગળવાર તા. ૭–૧૦–૯૭ [અંક : ૯+૧૦

卐 પ્રકીર્ણક ધર્મોપદેશ 卐

–પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ વદિ–૧૩ મંગળવાર તા. ૨૩–૭–૧૯૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઈ–૬

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશ્રય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, મિચ્છામિ દુક્કડમ્ —અવ૦)

(પ્રકરણ ૨૦ મું)

૨.વા બધા ધર્મ કરનાર મરી મરીને ક્યાં જાય ? તમને 'મારો પરલોક ન બગડવો જોઈએ' તેવી ચિંતા છે ? પરલોક માનો છો ખરા ? આ લોકમાં પણ મારાથી ખોટું ન થાય તેની ચિંતા છે કે અહીં સારી રીતે ગોઠવી ગોઠવીને ખોટું કરો છો ? આજનું ભણતર ભણતર નથી. ભણેલા એટલા માટે ભણે છે કે સારી રીતે પાપ કરી શકાય. ! ચોપડા ખોટા કેમ લખવા તે શિખવનારી કોલેજો ચાલે છે. તેમાં તમારા છોકરા પણ ભણે છે અને તમે તેને ત્યાં ભણાવો છો. ભણાવ્યા પછી તેને કહ્યું છે કે ખોટું ન કરતો ! તમારો છોકરો ખોટું જ કરે છે તેમ બનવા પડી જાય તો તે પછી તમે કહી તેની પર પ્રેમ બતાવો નહિ તેમ કર્યું છે ? મારો છોકરો દુર્ગતિમાં જાય તેવ. કામ કરે તે મારાથી સહન થઇ નહિ આવું માનનારા બાપ કેટલા મળે ? મારે ય દુર્ગતિમાં જવું નથી અને મારો પરિવાર પણ દુર્ગતિમાં જાય તેવાં કામ કરે નહિ આવા નિર્ણયવાળાને સાચો આસ્તિક કહેવાય ! શાસ્ત્રે જૈન જાતિ અને જૈનકુળનો મહિમા એટલા માટે જ ગાયો છે કે– જૈનજાતિ અને જૈનકુળમાં જન્મેલો જીવ મરી જાય પણ કદી ખોટું કામ ન કરે અને કરે તો તેના માબાપને પાલવે નહિ. આવી વ્યાખ્યામાં તમે બધા આવી જાવ ખરા ?

તમને બધાને આ મનુષ્યભવની કિંમત છે ? જૈન ઘરે જન્મ્યા તેની કિંમત છે ? શ્રી નવકારમંત્ર મળ્યો તેની કિંમત છે ? શ્રી નવકારમંત્ર ગણનારો શી ઇચ્છાવાળો હોય ? શ્રી નવકારમંત્ર ગણનારને સંસારમાં ય રહેવું પડે, સંસાર પણ માંડવો પડે, પૈસો પણ મેળવવો પડે પણ તે તેને પાપ માને. તમે પૈસા-ટકાદિને પાપ માનો છો ? ઘરમાં રહેવું પડે તેને પાપ માનો છે ? સારો બંગલો મળે તે પુણ્યોદય પણ તેમાં મઝેથી રહે તે પાપોદય છે તેમ માનો છો ? તમને મંદિર-ધર્મસ્થાન સારાં બાંધવાનું મન થાય કે બંગલો સારો બાંધવાનું મન થાય ? તમારા મોટા બંગલામાં પણ ભગવાનનું મંદિર હોય ? પૌષધશાળા હોય ? મોટા શેઠીયા પણ રોજ પૂજા કરે ? વ્યાખ્યાન સાંભળે ? વેપાર બંધ કરી દીધો હોય તેવા કેટલા મળે ?

સભા૦ : આજનું ભણતર ન ભણાવીએ તો શું કરીએ ?

ઉ૦ : આજનું ભણતર ન ભણાવો તો છોકરો મૂરખ જ રહે ? બીજી રીતે ભણાવવાની તમારી શક્તિ નથી ? જરૂરી ભાષાજ્ઞાનાદિ માટે તમે બીજી વ્યવસ્થા કરી શકો તેમ નથી ?

આજની સ્કૂલોમાં ભણતા છોકરા મા-બાપને, મા-બાપ નથી માનતા. મા-બાપને પગે લાગતા શરમ આવે છે. ઘણા તો મા-બાપને કહી દે છે કે– અમારી વાતમાં તમારે આવવું નહિ. અમારી વાતમાં ભાંજગડ કરવી નહિ. તમારા છોકરાઓને તમે તે માગે તેટલા પૈસા આપો છો પણ તે પૈસા ક્યાં વાપર્યા તે પૂછી શકો નહિ. છતાં પણ મા-બાપ તેને હોશિયાર માને છે તમે તો તમારાં સંતાનોના મા-બાપ છો કે દુશ્મન છો ? તમારે તમારાં સંતાનોને સારા રાખવા હોય તો નક્કી કરો કે-- એકવાર જે પૈસા વાપરવા આપ્યા તે ક્યાં વાપર્યા તે પૂછ્યા પછી જ બીજીવાર પૈસા આપવા ! આગળ એક પાઇ આપી હોય તો તે ય ક્યાં વાપરી તેનો ખ્યાલ ન જવાબ ન આપે તો બીજી આપે નહિ; એટલું નહિ ઘરની બહાર પણ ન જવા દે.

તમે બધા રોજ શ્રી નવકારમંત્ર ગણો છો અને તેમાંની એક પણ ચીજનો તમારે ખપ નહિ, તેવા થવાની ઇચ્છા પણ નથી તો શું કામ તે ગણો છો ? શ્રી નવકારમંત્ર ગણીને તમારે શ્રીમંત થવું છે. ખાઈ-પીને લહેર કરવી છે તો તમારી તે પ્રવૃત્તિ તમને ક્યાં લઈ જાય ? શ્રી નવકારમંત્ર ગણનારો નરકે ન જાય તેમ. જેમ તેમ ગણનારો નરકે પણ જાય. શ્રી નવકારમંત્ર ગણતાં ગણતાં નરકનું પણ આયુષ્ય બંધાય દુશ્મન મરી જાય, પાયમાલ થાય તે માટે જ શ્રી નવકારમંત્ર ગણવો હોય

તો ? ઘણા એવા પણ જીવો હોય છે જે બીજાને હલકા પાડવા માટે પણ ધર્મ કરે છે. સાધુ થવાની ઇચ્છાવાળો હોય તે જ શ્રી નવકારમંત્રને સાચી રીતે ગણનારો કહેવાય, કદાચ સાધુ ન પણ થવાય તો ય જો તેનું દુઃખ હોય તો તે ય સદ્ગતિમાં જાય. જૈનકુળમાં જન્મીને તમે સારી રીતે જીવો છો ? તમારું જીવન જૈનકુળમાં જન્મેલા જેવું છે ? તમે જે રીતે જીવો છો તે જાહેરમાં કહી શકો તેમ છો ? શ્રી નવકાર-મંત્ર ગણનારની કશી જોખમદારી નથી !

શ્રી નવકારમંત્રમાં મોક્ષમાર્ગના સ્થાપકોને, મોક્ષે ગયેલાઓને અને મોક્ષે જવા માટે જ મોક્ષમાર્ગની આરાધના કરનારાને સ્થાન આપ્યું છે. તેમાં તમને ઘાલ્યા છે ? ઇન્દ્રોને પણ ઘાલ્યા છે ? ઇન્દ્રો તેમની આગળ પોતાની ઇન્દ્રપદવીને તુચ્છ માને છે, તેમના પગમાં પડે છે, પોતાના દેવજન્મને મોટી જેલ માને છે. તમે તમારા ઝુંપડાને ય મહેલ માનો છો તમને તેનો ય એટલો મોહ છે જેનું વર્ણન ન થાય. ઇન્દ્રો સર્વ-વિરતિને નમસ્કાર કર્યા પછી સિંહાસન ઉપર બેસે છે. સાધુ નથી થઇ શકતા તેનું તેમને ઘણું દુઃખ હોય છે. તમે સાધુ થઇ શકો તેમ હોવા છતાં પણ તમને સાધુ થવાનું મન પણ થતું નથી.

તમારામાં સમ્યક્ત્વ છે ? સમ્યક્ત્વ પામવું છે ? સમકિત વિનાની ધર્મકરણી કશા કામની નહિ તેમ અનેકવાર સાંભળવા છતાં પણ મારામાં સમકિત છે કે નહિ તેની ચિંતા કરી છે ? સમજુ હોવા છતાં સમકિતની ઇચ્છા વિના અને સમ્યક્ત્વની હાજરી વિના કરેલો ધર્મ તે ધર્મ જ નથી. ધર્મ કરનારમાં સમકિત હોવું જોઇએ કાં તો તે પામવાની ઇચ્છા હોવી જોઇએ. જેનામાં સમકિત હોય તેને આ બંગલો જેલ લાગે, પૈસો અનર્થકારી લાગે, કુટુંબ બંધન લાગે, વહેલામાં વહેલા સાધુ થઇને મોક્ષે જવાનું મન હોય. જેને રોજ મોક્ષ યાદ આવે નહિ તે શ્રી નવકારમંત્ર ગણવા છતાં પણ લાયક ન કહેવાય. જેને મોક્ષે જવું હોય તેને સાધુપણું જોઇએ. ભાવથી પણ સાધુપણું પામ્યા વિના કોઇનો મોક્ષ ન જ થાય આ શ્રદ્ધા છે ? આવી શ્રદ્ધા હોય તેને સાધુ થવાનું જ મન હોય ને ? હજી સુધી સાધુપણું ન પમાયું તેનું દુઃખ હોય, સાધુને જોઇને થાય કે આ ફાવી ગયા અને હું ફસી ગયો ! સારા શ્રીમંતને જોઇને શ્રીમંત થવાનું મન થાય, મોટા બંગલાવાળાને જોઇને બંગલાવાળા થવાનું મન થાય પણ મંદિરને જોઇને છતી શક્તિએ મંદિર બંધાવવાનું મન પણ ન થાય, સાધુને જોઇને સાધુ થવાનું મન ન થાય, ભગવાનને જોઇને ભગવાન થવાનું મન ન થાય તે નવકાર ગણનારા સાચા કહેવાય કે જૂઠા કહેવાય ? માટે જ સમજાવી રહ્યા છે કે- તરવાની કળા જાણવા છતાં પણ પાણીમાં પડયા પછી હાથ પગ ન

હલાવે તો ડૂબી જાય. સારામાં સારી કળા જાણવા છતાં પણ તેનો ઉપયોગ ન કરે તો નકામી થાય તેમ આવો નવકાર મંત્ર મળવા છતાં પણ શ્રી અરિહંત પરમાત્માદ્વિ થવાનું મન ન થાય તે કેવો કહેવાય ?

સમજી શકો એવા હોવા છતાં પણ તમને 'મારી જાત પણ દુર્ગતિમાં ન જાય અને મારા પરિવારમાંથી પણ કોઇ દુર્ગતિમાં ન જાય આવી ચિંતા છે ખરી ? તમે શક્તિમુજબ ધર્મ નથી કરતા તેનું તમને દુઃખ છે ખરું ? તમારો પરિવાર પણ શક્તિમુજબ ધર્મ નથી કરતો તેનું પણ તમને દુઃખ છે ખરું ? શક્તિમુજબ ધર્મ ન કરીએ અને તેનું દુઃખ ન હોય તો શ્રી નવકારમંત્ર આપણને પણ ફળ્યો નથી તેમ કહેવાય ને ? આપણને જે યોગ મળ્યો છે તેને સફળ કરવો છે ને ?

તમે બધા મોક્ષના જ અર્થી છો, તે માટે સાધુપણાના જ અર્થી છો. કર્મ-યોગે ઘરમાં રહેવું પડ્યું છે માટે રહ્યા છો એમ હું કહું ને ? દેશવિરતિનો પરિણામ સર્વવિરતિની લાલસા એટલે તીવ્ર ઇચ્છા માગે છે, સામાન્ય ઇચ્છા નહિ. તેવા જીવમાં જ સમ્યક્ત્વ હોય, બાકીનામાં ન હોય. સમકિત ઉચ્ચરવા માત્રથી આવી જાય તેવું નથી. જે જીવ સમકિત પામે તેને ઘર–બારાદ્વિ છોડવાનું મન હોય, ઘર–બારાદ્વિ ન છૂટી શકે તેનું દુઃખ હોય સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણે ભેગા થાય તો જ મોક્ષ મળે. જ્ઞાની હંમેશા શક્તિમુજબ ક્રિયા કરનારો હોય. ધર્મક્રિયા કરવી ન ગમે તે જ્ઞાની નથી. તેનું જ્ઞાન તેને ઊંધે માર્ગે લઇ જનાર છે, સંસારમાં ડુબાડનાર છે. આપણે મોક્ષ વિના બીજું કાંઇ જોઇતું નથી. મોક્ષમાં જે સુખ છે તેવું બીજે ક્યાંય નથી. તે માટે આ મળેલી સારી સામગ્રીનો સદુપયોગ કરતા થાવ તો કામ થઇ જાય. તે માટે શું કરવું તે હવે પછી.

કવિત :– **– કવિ નૃસિંહ ભટ્ટ**

"સ્તુતા સંપૂજિતા પુષ્પૈઃ ધૂપ ગંધાદ્વિ મિસ્તથા"
"દદાતિ વિત્તં પુત્રં ચ, મતિં ધર્મે ગતિ 'શુભામ્'

સ્તુતિ પ્રાર્થનાથી પુષ્પ–ધૂપ–દીપ–ચંદનથી ભાવથી પૂજાએલા ભગવાન લક્ષ્મી પુત્ર આપે અને ધર્મમાં મતિ રાખે, અને ગતિ શુભ માર્ગે કરાવે.

'સંસાર માયાવી બધો જ્યાં હર્ષ છે ત્યાં શોક છે'
'સુખ થોડું દુઃખ અતિશય, આપતો આ લોક છે'
'જ્યાં સુખ નથી કંઈ દુઃખ નથી, નથી હર્ષ કે કંઈ શોક પણ'
'એ જ્ઞાન આપે, શાંતિ મળતી, જાણતાં સહુ સાધુ ગણ'

卐 સામાયિક સ્ફુરણ 卐

–સત્ય તિથિ માર્ગના મસીહા : પૂ. પ્રેમસૂરીશ્વરજી મ.

–સત્યમાર્ગના પ્રારંભક : પૂ. અમૃતસૂરીશ્વરજી મ.

–સત્યમાર્ગના સાધક : પૂ. ભુવનભાનુસૂરીશ્વરજી મ.

'જૈન શાસનમાં ક્ષયે પૂર્વા તિથિ કાર્યા વૃદ્ધૌ કાર્યા તથોત્તરા' એ સિદ્ધાંત મુજબ ૧૯૯૨ સંવત્સરી કરવા માટે પ. આ. ભ. શ્રી વિ. પ્રેમ સૂ. મ. સા. ૧૯૯૨માં મુંબઇ લાલબાગમાં ચાતુર્માસ હતા ત્યારે રાત્રે ૯ાા વાગ્યે પૂ. રામચંદ્ર સૂ. મ. ને બોલાવ્યા અને કહ્યું આપણે સંવત્સરી સાચી નહિ કરીએ તો આવતી શાલ પણ ખોટું કરવું પડશે.

પૂ. રામચંદ્ર સૂ. મ. એ કહ્યું : સાહેબ, ઘણો ઉહાપોહ થશે. ગોડીજીમાં ક્ષમાભદ્ર સૂ. મ. મલાડમાં ભુવન સૂ., સુદર્શન સૂ. મ. ચાતુર્માસ છે અને બીજે પણ આપણા મહાત્માઓ છે માટે ચોમાસામાં તકલીફ ઉભી થશે.

પૂ. પ્રેમ સૂ. મ.એ કહ્યું–ભલે થાય પણ આપણે ખોટું કરાય નહિ. અને આ માટે આપણા ૧૦૦ સાધુ મુંબઇમાં ચાતુર્માસ છે તેમને ભેગા કરીને નિર્ણય કરી લેવો છે.

પૂ. રામચંદ્ર સૂ. મ. એ સાહેબ બહુ અઘરું છે, ઘણી ધમાલ થશે. માટે વિચારીને આગળ કરીએ.

પૂ. પ્રેમ સૂ. મ. એ કહ્યું : આપણે ૧૦૦ સાધુ છીએ અને આ વખતે નહિ કરીએ તો આવતી વખતે ૧૯૯૩માં પણ આ ફેર આવે છે. માટે નકી જ કરવું છે અને સાધુ ભેળા કરો.

પૂ. રામચંદ્ર સૂ. મ. કહે સાહેબ–હવે પછી વિચારજો.

પૂ. પ્રેમ સૂ. કહ્યું : કહે–નહીં હમણાં જ કરવું છે.

પૂ. રામચંદ્ર સૂ. મ. કહે–સાહેબ બહુ મક્કમ રહીને સામનો કરવો પડશે. આપ કહો છો તો કરીશું પણ મકકમ જ રહેવું પડશે.

પૂ. પ્રેમ સૂ. મ. કહે–મકકમ જ છીએ અને રહેશું, પણ આ કરવાનું જ છે.

પૂ. રામચંદ્ર સૂ. મ. કહે–તો સાહિબ ચિંતા ન કરશો–થઇ જશે.

સવારે બધા સાધુને ભેગા કરવાના સંદેશ ગયા.

* * *

પૂ. કપૂર સૂ. મ. અને પૂ. અમૃત સૂ. મ. તે વખતે ખંભાત અમર જૈન શાળામાં ચોમાસું હતા તેમણે પંચાંગ જોયું અને સંવત્સરી ઉદયાત્ ચોથની કરવી

જોઇએ. તે વાત વ્યાખ્યાનમાં મૂકી શ્રેષ્ઠિવરશ્રી કસ્તુરભાઇ અમરચંદભાઇએ કહ્યું--તમે જે કરશો તે અમે કરીશું. પૂ. દાન સૂ. મ. ખંભાત નવાબના ગેઝેટમાં પણ એ રીતે સંવત્સરી લખાવી ગયા છે.

પૂજ્યશ્રીએ મુંબઇ લાલબાગમાં પૂ. આ. શ્રી વિજય રામચંદ્ર સૂ. મ. ને ટપાલ લખી કે અમે ઉદયાત્ ચોથની સંવત્સરી કરવા તૈયાર છીએ આપ પુરવાર કરી શકો તો જણાવો, વળી પૂ. દાન સૂ. મ. પણ ખંભાતના નવાબના ગેઝેટમાં ઉદયાત ચોથની સંવત્સરી લખાવી ગયા છે.

પૂ. રામચંદ્ર સૂ. મ. નો પત્ર આવ્યો--પુરવાર કરવામાં વાંધો નથી તમે કરી શકો તો કરો, અત્રે પણ વિચારણા ચાલે છે.

આ વાત વ્યાખ્યાનમાં મુકાઇ. કસ્તુરભાઇ શેઠે ઉભા થઇને જાહેર કર્યું તમે કરશો તે અમે કરીશું. અને આ રીતે સૌ પ્રથમ નિર્ણય અને જાહેરાત પૂ. અમૃત સૂ. મ. કરી અને સત્ય સંવત્સરીની બે પાંચ વખતે ઉદયાત ચોથની જાહેરાત કરીને પ્રારંભ કરવાનું કાર્ય પૂ. કપૂર સૂ. મ., પૂ. અમૃત સૂ. મ. એ કરી સત્ય માર્ગનો જય જયકાર કર્યો.

* * *

પૂ. આ. ભ. શ્રી વિજય પ્રેમ સૂ. મ. સા. એ મુંબઇમાં સમુદાય ભેગ કર્યા અને એકી અવાજે ઉદયાત ચોથ અને સર્વ પર્વ તિથિઓ ઉદયાત તિથિએ કરવાનો નિર્ણય થયો અને સકલ સંઘમાં ઉદયાત તિથિની આરાધનાનો વિજય ધ્વજ પૂ. આ. ભ. શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ. એ ફરકાવ્યો. સત્ય તિથિ માર્ગના મસીહા બની જૈન ધર્મની વિજય પતાકા ફરકાવી.

આ સમયે પ્રખર પ્રવચનકાર પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજ મ. હતા પરંતુ તિથિ માર્ગની સત્યતાની શ્રદ્ધા છતાં તે બાબતમાં વધુ તો પૂ. જંબૂ સૂ. મ. અને પૂ. પં. શ્રી કાંતિ વિ. ગણિવર નિષ્ણાંત હતા અને પાઠો વિ. બધા કાઢીને પૂ. રામચંદ્ર સૂ. મ.ને આપ્યા અને તેઓશ્રી સત્ય પ્રરૂપક સિદ્ધાંત પ્રરૂપક પ્રવચનકાર હતા અને તે મુજબ સત્ય તિથિ માર્ગની પ્રરૂપણા કરીને પૂ. પ્રેમ સૂ. મ. ની આજ્ઞાના અંતરના ઉપાસક બની જય જયકાર કર્યો.

* * *

જામનગરના વીશા શ્રીમાળી જ્ઞાતિ ઉપાશ્રયમાં પૂ. ભુવનભાનુ સૂ. મ. ચતુર્માસ હતા અને શ્રી પુનમબાબુ તરફથી ઉપધાન નક્કી થયા અને આસો સુદ ૧૪ જે હતી.

તેમાં પ્રતિક્રમણમાં કોઇ ભેદ પણ થતો ન હતો પરંતુ પત્રિકામાં બે ચૌદશ લખવાની બાબતમાં વિરોધ થયો અને પૂ. ભુવનભાનુ સૂ. મ. ૨૫ સાધુ મહાત્માઓ ચાલુ ચોમાસે ત્યાંથી વિહાર કરી ૪૫ દિગ્વિજય પ્લોટ તપાગચ્છ ઉપાશ્રયે પધાર્યા. ત્યાં ઉપધાન થયા અને ઉદય. તિથિના ઉપાસક પૂ. ભુવનભાનુ સૂ. મ. એ ત્યાં ચાતુર્માસ પૂર્ણ કર્યું. ઉપધાન માળારોપણ વિ. ભવ્ય પ્રસંગ ઉજવાયો.

પૂ આ. ભ.એ ઉદયતિથિ રક્ષા માટે આવો ભવ્ય ભોગ આપ્યો. હવે તેમનો પરિવાર આ મહાન ભોગને એળે ન જવા દે એ ઇચ્છનીય છે. આમ તો પૂ. ચંદ્રશેખર વિ. મ. વખતે વીશા શ્રીમાળી જ્ઞાતિમાં સુદ–૫ બે કોત્રીમાં છપાએલી પરંતુ પૂ. આ. શ્રી ભુવનભાનુ સૂ. મ. વખતે જ વિરોધનો વંટોળ ઉપાડયો હતો.

* * *

પૂ. રામચંદ્ર સૂ. મ. જૈન શાસનના તારણહાર અને પનોતા સુકાની હતા. તેઓશ્રીએ સદા સત્યનો પક્ષ લઇને જીવન અને જૈન શાસન દીપાવ્યું છે તેમ તિથિના પ્રશ્નમાં પણ પૂ. પ્રેમ સૂ. મ.નો સત્ય પક્ષ સ્વીકારીને ગુરૂની સાચી વફાદારી જૈનશાસન અને જગતમાં પ્રગટ પ્રભાવશાળી બનાવી છે અને તેથી જ તેઓશ્રીનો જૈનશાસન રક્ષાનો આંક સૌથી ઉંચો છે.

सत्य कया ? अरहंत या अरिहंत ?

* दोनो सत्य *

હજારીમલ ભુરમલજીએ કુર્નુલ (એ.પી.)થી એક પુસ્તિકા પ્રગટ કરી છે તેમાં નમો અરિહંતાણ ખોટું છે અને નમો અરહંતાણ સાચું છે તેવો લખવાનો પ્રયાસ કર્યો છે તે લખે છે કે :–

નમસ્કાર સૂત્ર કા પ્રથમ પદ જો કિ નમો અરિહંતાણં કહા જાતા હૈ જિસકા અર્થ હોતા હૈ અરિ–યાને શત્રુ દુશ્મન હંતાણં–યાને મારના નાશ કરના હત્યા કરના આદિ.

શત્રુ અર્થાત્–દુશ્મન કો મારનેવાલે નાશ કરનેવાલે કો નમસ્કાર ઐસા કહા જાતા હૈ.

યહાં પે સમઝાયા જાતા હૈં કિ રાગ દ્વેષ ક્રોધ માન માયા લોભ આદિ આત્માકે શત્રુ હૈ દુશ્મન હૈ અતઃ શત્રુ કો મારના ચાહિયે નાશ કરના ચાહિયે.

યહાં પર ભૂલા દિયા જાતા હૈ કિ જૈન દર્શન કા મૂલ આધાર મૌલિક સિદ્ધાંત હી કિસી કો નહીં મારને કા હૈ ? મન વચન કાયા ઇન તીનોં સે ભી કિસી કો મારને કા સંકલ્પ કિયા જાતા હૈ ઔર ઐસા કહને સે ભી આત્મા કો ઉચ્ચ સ્થાન પ્રાપ્ત

હોતા હૈ જબ કિ યહાં પર મારના નાશ કરના આદિ કષાય જન્ય શબ્દોં કે વિશેષણોં સે તીર્થંકર જૈસે મહાન વીતરાગ મહાન સર્વોત્કૃષ્ટ આત્મા કો સંબોધિત કિયા જાતા હૈ યહ કિતના ઉચિત હૈ કિતના યોગ્ય અયોગ્ય હૈ, વૈર સે વૈર સમે નહીં કો ભી ભૂલા દિયા જાતા હૈ ।

આ લખાણમાં તેમને શ્રી નવકાર મંત્ર ઉપર જ શ્રદ્ધા નથી જેથી દિગંબર સ્થાનકવાસી તેરાપંથીઓએ પણ એ પાઠને ખોટો ઠર્યો નથી જ્યારે આ ભાગ્યશાળી તેને ખોટો કહે છે. અને ગણધરો આદિ ઉપર અરિ એટલે રાગ દ્વેષ શત્રુને હંતાણું એટલે હણનારા આવા અર્થનો પણ અપલાપ કરે છે. આવા શ્રદ્ધાથી ભ્રષ્ટ અને કુતર્કથી ભરેલા એ તેમણે કલ્પસૂત્ર ભગવતી સૂત્રમાં અરિહંતાણું શબ્દના પાંતરો પણ અરહંતાણું અરુહંતાણું વિ. છે. પરંતુ આ અજ્ઞાની આત્મા મૂળ મંત્રમાં રહેલા અરિહંતાણુનો અપલાપ કરીને મહા આશાતના કરનાર બન્યા છે.

તે જગતને તો ભરમાવી શકશે નહિ પણ પોતે ભ્રમથી મુકત બને અને ભવમાં ન ભટકે એજ તેમને માટે સારૂં છે.

ભગવતી સૂત્રમાં વ્યાખ્યા કરતાં લખ્યું છે કે–અટ્ઠવિહપિય કમ્મં અરિભૂયં હોઇ સયલ જીવાણ તે કમ્મારિહંતા અરિહંતા તેણ વિચ્ચંતિ. પૃષ્ઠ–૩. 'જિણે'તિ જયતિ નિરા કરોતિ રાગદ્વેષાદિ રુપાનરાતીનિતિ જિનઃ પૃષ્ઠ ૧૦.

આ રીતે શાસ્ત્રની વાતો પ્રસિધ્ધ છે.

હજારીમલજીએ આ રીતે જૈન શાસનના અનેક સત્યોને અસત્ય ઠરાવવા પહેલાં પણ પુસ્તિકા પ્રગટ કરી છે તેમનો આ આત્મઘાતી રોગ દૂર થાય એજ અભિલાષા...

૨૦૫૩ અષાડ વદ ૭
જામનગર
ઓસવાળ કોલોની,

જિનેન્દ્રસૂરિ

— જિનવચન અપલાપની સ્થિતિ —

વીરોપદિષ્ટેક, પદાપલાપાત્સહઘે જમાલિર્ંત દુર્ભંગોઽભૂત્ ।
વ્યઙ્ગઃ પુમાનઙ્ગુલિમાત્રભઙ્ગાત્કિમઙ્ગમઙ્ગીલ્યપદં લભેત ।।

(પંચલિંગીપ્રકરણબૃહદ્વૃત્તિ પૃ. ૯૩)

વીરપરમાત્માએ ઉપદેશેલા એક પદને પણ ઓળવવાથી જમાઇ જમાલિમુનિ પણ સંઘમાં કમભાગી બની ગયા. એક માત્ર અંગુલીના ભગ માત્રથી વિકલાંક માનવી શું મંગલ પદને પામી શકે ?

મહાભારતનાં પ્રસંગો

[પ્રકરણ-૧૫] —શ્રી રાજુભાઇ પંડિત

૧૫. નળ–દમયંતી વિવાહ.

'હું છું ત્યાં સુધી કોની તાકાત છે કે દમયંતીને પરણી શકે. નલ! સમજી જા, અને દમયંતીને છોડી દે, નહિ તો યુદ્ધ કરવા તૈયાર થા. આ કૃષ્ણરાજને હરાવ્યા વિના તું દમયંતીને પરણી નહિ શકે.'

દમયંતીએ તને પસંદ ના કર્યો તેથી દુખી કેમ થાય છે કૃષ્ણરાજ! પાપથી પણ નહિ ફફડતો પરદારાની વાંછા કરનારો તું હવે એક ક્ષણ પણ ટકી નહિ શકે.' એમ કહેતાં જ નલરાજ કૃષ્ણરાજની સામે નિસ્ત્રિંશ=તલવાર તાણીને સંગ્રામ ખેડવા સજજ થયા.

વિદર્ભના કુંડિનપુર નગરના ભીષ્મ પરાક્રમી ભીમરથ રાજાની પુષ્પદંતી રાણીએ દાવાનલથી (દવથી) ત્રાસીને ભાગેલો કંતી=હાથી પોતાના મુખમાં પ્રવેશતો જોયો. ઉત્તમ પુન્યવાન ગર્ભનું કુક્ષિમાં અવતરણ થવા રૂપ ફળ સાંભળી રાણી ખુશ ખુશ થયા. હજી રાજા–રાણી આ સ્વપ્નની વાત કરતા હતા ત્યાં જ એક ઐરાવત જેવો શ્વેત હસ્તિ રાજા પાસે આવ્યો. રાજા–રાણી બંનેને હાથીએ પોતાના ઉપર બેસાડી આખી નગરીમાં ફેરવી પાછા રાજમહેલમાં ઉતારી હાથી જાતે જ આલાનસ્તંભમાં આવી ગયો. દેવોએ પુષ્પો અને રત્નો વરસાવ્યા. રાજાએ પણ સુગંધિ દ્રવ્યોથી હાથીના શરીરે વિલેપન કરી ઉત્તમ પુષ્પોથી પૂજા કરી.

ગર્ભકાળ પૂર્ણ થતાં પુષ્પદંતી રાણીએ એક પુત્રીને જન્મ આપ્યો. રૂપ–સૌંદર્ય પૂર્ણ તે પુત્રીના લલાટમાં સૂર્યના બિંબ જેવું જ તેજસ્વી તિલક ઝળહળી રહ્યું હતું. [વીરમતીના ભવમાં અષ્ટાપદ તીર્થના ચોવીશે ય તીર્થંકરોના લલાટમાં રત્નજડિત સુવર્ણ તિલક ભરાવ્યા હતા તેનું આ ફળ હતું.]

લલાટ–તિલકની ઝળાહળાથી વધુ દેદીપ્યમાન લાગતી આ પુત્રીનું નામ દવથી ભાગેલા કંતીના સ્વપ્નના આધારે દવદંતી રાખવામાં આવ્યું.

ધાત્રીઓથી પ્રેમપૂર્વક લાલનપાલન કરાતી દવદંતી–દમયંતી ધીરે ધીરે ૮ વર્ષની થતાં કલાચાર્ય પાસે કળાભ્યાસ અર્થે મૂકવામાં આવી. દરેક કળાને ટુંક સમયમાં હસ્તગત કરીને કલાપૂર્ણ બનેલી દમયંતીએ કળાની પરીક્ષા સમયે રાજાને એટલા ખુશ કર્યા કે જેથી રાજા પોતે સમ્યગ્દર્શનમાં દૃઢ બન્યા.

અત્યંત ખુશ થયેલા રાજાએ કલાચાર્યને એક હજાર લાખ સોનામહોરથી સન્માન કરી વિસર્જન કર્યા.

ધીરે ધીરે કલાપૂર્ણ દમયંતી યૌવનારંભને પામવા લાગી. શાસનદેવીએ આવીને ભવિષ્યમાં થનારા શ્રી શાંતીનાથ ભગવાનની એક સુવર્ણમય પ્રતિમા દમયંતીને આપી. અને હંમેશા તેની પૂજા કરવાનું જણાવી દેવી અદૃશ્ય થયા. ઉત્કુલ્લ–પ્રફુલ્લ નયનોવાળી દમયંતી રોજ આ પ્રતિમાની પૂજા–વંદના કરવા લાગી.

સમય જતાં દમયંતી હવે ૧૮ વર્ષની યૌવના બની. માતા–પિતાને તેને અનુરૂપ પતિની ચિંતા સતાવવા લાગી. દેશ–દેશમાં દૂતોને મોકલી અનુરૂપ વરની તપાસ કરી પણ ક્યાંય દમયંતીને અનુરૂપ વર ના મલ્યો તે ના જ મલ્યો.

આખરે... ભીમરથ રાજાએ ભૈમી–દમયંતીનો સ્વયંવર યોજ્યો દૂતોને મોકલી દેશદેશના રાજાઓને સ્વયંવરમાં આમંત્ર્યા

દેશદેશના રાજાઓ–રાજપુત્રો સ્વયંવરમાં આવી પહોંચ્યા. કોશલ દેશના નિષધ રાજા પણ નલ અને કૂબર નામના પોતાના બંને પુત્રો સાથે આવ્યા હતા,

અદ્‌ભૂત શોભાઓથી સુશોભાયમાન બનેલા સ્વયંવર મંડપમાં રાજાઓ તથા રાજપુત્રો ગોઠવાઇ ગયા છે. અને મોતી–મણિ–રત્નોથી ઝળહળતા આભૂષણો પહેરીને દેદીપ્યમાન–રૂપ–સૌન્દર્યની અપ્રતિમ મૂર્તિ સમી દમયંતી સ્વયંવર મંડપમાં પ્રવેશે છે. લોકોની ચક્ષુઓ દમયંતી ઉપરથી ખસતી નથી.

રાજાની આજ્ઞા થતાં જ અંતઃપુરની દાસીએ રાજાઓ અને રાજપુત્રોને નામ લઈ લઇને દમયંતીને ઓળખાવવા માંડ્યા.

હે રાજકુમારી ! આ શિશુમાર પુરથી આવેલો ઋતુપર્ણ રાજા છે આ જો ઇક્ષ્વાકુવંશના વારસ ચંદ્રરાજ કુમાર છે. આ ચંપારાજ સુબાહુ છે. પેલો રોહિતકેશ પવનપુત્ર ચંદ્રશેખર છે. શું તું એને ઇચ્છે છે ? અને આ છે કોશલાના ધણી નિષધ-રાજનો પુત્ર મહાશક્તિશાળી કુમાર નલ છે. અને આ કુબર તેનો ભાઇ છે. શું આ તને અભિમત છે ?

દમયંતીએ તરત જ સ્વયંવરમાલા નલના કંઠમાં આરોપી દીધી. અને આકાશમાં ખેચરોએ 'સારૂ (પસંદ) કર્યું', સારૂ કર્યું'' આવો આકાશમાં ઘોષ ફેલાવ્યો.

આ જ સમયે ક્રોધથી ધૂઆંપુઆં થઇ ગયેલા કૃષ્ણરાજે મ્યાનમાંથી તલવાર તાણીને ઉઠીને નલનો તિરસ્કાર કરતા કહેવા માંડ્યું કે–સ્વયંવરની માળા તારા ગળામાં નંખાઈ છે તે યોગ્ય નથી થયું. મારી હયાતિ છે ત્યાં સુધી કોની તાકાત છે કે દમ-

યંતીને પરણી શકે? નલ! આ દમયંતીને છોડી દે. કહું છું જ્ઞાનમાં સમજી જા. નહિતર યુદ્ધ માટે ઊભો થા. તૈયાર થા. આ કૃષ્ણરાજને જીત્યા વગર તું દમયંતીને પરણી નહિ શકે.'

રાજપુત્ર નલકુમારે સામી ત્રાડ નાંખતા કહ્યું–ક્ષત્રિય કુલાંગાર! દમયંતિએ તને પસંદ ના કર્યો તેથી નક્કામો દુઃખી શું કામ થાય છે? દમયંતીએ મને પસંદ કર્યો છે માટે આ પરસ્ત્રીની ઇચ્છા કરનારા પાપી! પાપથી પણ ફફડ્યા વગર પરસ્ત્રી તરફ તારી નજર બગાડે છે, પણ તું હવે એક ક્ષણ ટકી શકીશ નહિ.' આ રીતે ક્રોધાતુર બનીને નલકુમારે નિસ્ત્રિંશ–તલવાર ખેંચી કાઢી અને સળગતી આગની જેમ નલ અનલ (અગ્નિ) જેવો અસહ્ય તેજધારી બન્યો.

બંને બાજુ કૃષ્ણરાજ અને નલના સૈન્યો યુદ્ધ કરવા સજ્જ થઇ ગયા.

અને દમયંતીએ વિચાર્યું–આ પ્રલય મારે લીધે ઊભો થયો. હું પુન્યહીન છું? જો હું તીર્થ કર પરમાત્માની ભક્તિ કરનારી આર્હદ્ધર્માચારી હોઉ તો હે માતા શાસનદેવતા! નલ વિજયી હો અને બંને પક્ષના સૈન્યનું કુશળ હો.' આમ કહી એક ઝારીમાં પાણી લઇ તે પાણી અનર્થની શાંતિ માટે દમયંતીએ કૃષ્ણરાજ ઉપર ત્રણવાર છાંટતા બુઝાઇ ગયેલા અંગારાની જેમ કૃષ્ણરાજ નિસ્તેજ થઇ ગયો. અને શાસનદેવીના પ્રભાવથી તેના હાથમાંથી તલવાર પડી ગઇ.

કૃષ્ણરાજ તરત નલરાજને શરણે આવી માફી માંગવા લાગ્યો. નલરાજે કૃષ્ણરાજને માફ કરી દીધો.

પછી દરેક રાજાઓની હાજરીમાં નળ–દમયંતીનો વરમહોત્સવ-લગ્ન મહોત્સવ ધામધૂમથી ઉજવાયો. અન્ય રાજાઓ પોતપોતાના દેશ તરફ વિદાય થયા.

(ક્રમશઃ)

– શાસન સમાચાર –

ધોરાજી–અત્રે પૂ. મુ. શ્રી નેમિચંદ્રવિજયજી મ. તથા પૂ. સા. શ્રી પૂર્ણયશાશ્રીજી મ.નો ચાતુર્માસ પ્રવેશ આ. સુદ ૬ના થયો હતો. પ્રવચનમાં વર્ધમાન દેશના અને ગૌતમપૃચ્છા વંચાય છે. વિવિધ આરાધના તપો થાય છે સમવસરણ પટ વિ.ની સ્થાપના ઉત્સાહ થઇ.

* વિજ્ઞાનની આંધી *

—પૂ. આ. શ્રી વિજય કનકચંદ્ર સૂ. મ.

વિજ્ઞાનની આંધીમાં માણસ પોતાનું ઘર ભૂલી ગયો છે. વિકાસ અને ઉન્નતિના સીધા માર્ગ પર ચાલવાને બદલે તે આડા રસ્તે ફંટાઇ ગયો છે. ખોટા ખાડા–ટેકરાવાળા રસ્તા પર તે ચાલી રહ્યો છે. આમ છતાં પણ તેના મનમાં એક પ્રકારની ભ્રાંતિ ઘર ઘાલી બેઠી છે કે, વિકાસની મંઝીલ પર તે આગળ ને આગળ વધી રહ્યો છે.

આથી સૌ પ્રથમ આપણે એક વાત સમજી લેવી અનિવાર્યપણે જરૂરી છે કે, પ્રગતિ અને ઉન્નતિનો સાચો રસ્તો કયો ? અભ્યુદયનો રાજમાર્ગ કયો છે ? માણસને આ વાત પર વિચાર કરવા–સમજવા માટે સુઅવસર મળ્યો છે.

એકેન્દ્રિય, બેઇન્દ્રિય આદિ પંચેન્દ્રિય તિર્યંચ આદિ અન્ય જીવોની સરખામણીમાં મનુષ્ય મોખરાનું સ્થાન ભોગવે છે. કારણ મનુષ્ય માટે જે વિવેકબુદ્ધિ સુલભ છે, તે અન્ય જીવો માટે નથી.

માનવ અવતારનું આ એક મહાન સદ્‌ભાગ્ય છે કે, આ આખીય પરિસ્થિતિ સમજવાની, તેના પર વિચાર કરવાની અનુપમ શક્તિ માનવ માટે સુલભ છે.

નીચલી કોટિના પ્રાણીઓ પોતાના પુણ્ય પૂંજના પ્રતાપે પંચેન્દ્રિય જીવની કક્ષામાં આવી બેસે છે. તેમના આગળના પુણ્યના સંચયને પ્રતાપે તેમની ઉન્નતિ જરૂર થાય છે, પરંતુ આ ઉન્નતિ વિચાર પૂર્વકની નથી.

ઉન્નતિ માટે શું કરવું જોઇએ ? તેની સ્પષ્ટ સમજ તે બાપડા પાસે નથી. અકામ નિર્જરા અથવા ભવિતવ્યતાના બળ ઉપર જ તે આગળ વધે છે. પરંતુ આ વસ્તુની બાબતમાં માનવી ધારે તો પોતાના પુરુષાર્થથી પ્રગતિ સાધી શકે છે, તેની પાસે વિચાર શક્તિ–વિવેક શક્તિ છે. આની સરાણ ઉપર પ્રશ્નોને ચડાવીને, મનન કરીને તે આગળ વધી શકે છે.

આના સમર્થનમાં સંસ્કૃતમાં કહેવાયું છે કે, બુદ્ધિનો હેતુ તત્ત્વ ચિંતન કરવાનો છે. દેહનો હેતુ વ્રત, પ્રત્યાખ્યાન, શીલની સાધના કરવાનો અને સંયમ પાલનનો છે. લક્ષ્મી દાન માટે છે. વાણીનો હેતુ સત્યમ્, શિવમ્ અને સુંદરમૂની ઉપાસના કરવા માટે મધુર વાણી ઉચ્ચારવાનો છે. આ બધું જાણવા છતાં–સમજવા છતાં માણસ પોતાની શક્તિઓનો ઉપયોગ આજે જે માર્ગે કરી રહ્યો છે, એ વસ્તુ ખિન્નતા જન્માવનારી છે.

— પાટણના જ્ઞાનભંડારો અવલોકન —

--પૂ. મુનિરાજ શ્રી [illegible]ન્તરત્ન વિજયજી મ.

ચાપોત્કટ–ચાવડાવંશીય મહારાજા શ્રી વનરાજ અને જૈનાચાર્ય શ્રી શીલગુણ-સૂરિના સહકારથી પાટણમાં ગુજરાત રાજ્યની સ્થાપના થયા બાદ ગુણવંતી ગુજરાતની પૂણ્યભૂમિમાં ઉત્તરોત્તર રાજનીતિ, વાણિજ્ય, વિદ્યા, કળા, સાહિત્ય, ધાર્મિકત અને સંસ્કારિતાના શ્રી ગણેશ મંડાયા, આ સૌના ક્રમિક વિકાસનો વ્યવસ્થિત ઇતિહાસ લખાવો તો હજુ બાકી જ છે. આથ છતાં આપણે એટલું જાણીએ છીએ કે એ વારસો રાજનીતિજ્ઞ અને વિદ્યા–કળા–સંસ્કારપ્રેમી ગુર્જરેશ્વર મહારાજ શ્રી સિદ્ધ-રાજ જયસિંહદેવ અને મહારાજ શ્રી કુમારપાલદેવના સમયમાં રાજનીતિ પારંગત અને વિદ્યા–કળા–સંસ્કારના સ્વામી ધર્મપુરૂષ આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિના ઓજસ અને પુરૂષાર્થભર્યા સહકારથી સોળે કળાએ ખીલી ઉઠયો હતો. આચાર્ય શ્રી હેમચંદ્ર સાંપ્રદાયિક પુરૂષ હોવા છતાં તેમણે પોતાની પ્રતિભા અને વિવેકનો ઉપયોગ એકાંગી સંપ્રદાય વૃદ્ધિ માટે ન કરતાં ગુજરાતની આદર્શ સંસ્કારિતાને વિકસાવવામાં જ કર્યો હતો. આથી પાટણ અને ગુજરાતની પ્રજાને સદાચાર, વિવેક, પારસ્પરિક ધર્મ-અવરોધ અને સંસ્કારિતાનો જે વારસો મળ્યો હતો તેનાં બીજો આજે આપણને જોવા મળે છે.

આચાર્ય શ્રીહેમચંદ્ર અને તેમના પુરોગામી તેમજ જૈનાચાર્યો વિવેકભરી વિદ્યાના સ્વામી હોઇ, એ સૌએ ગુજરાતની ભૂમીમાં અનેકવિધ સાહિત્યની સરિતાઓ છલકાવી દીધી હતી. આ સાહિત્યને સમજવા માટે તેમને સર્વ પ્રકારના સર્વદેશીય સાહિત્યની જરૂરત પડી અને એ રીતે પાટણ–ગુજરાતની ભૂમીમાં અનેક સ્થળે વિશાળ જ્ઞાનભંડારો સ્થપાવા લાગ્યા. તર્કપંચાનના આચાર્ય શ્રી અભયદેવસૂરિ, વાદિદેવસૂરિ, શ્રી હેમચંદ્રાચાર્ય જેવા સંખ્યાબંધ સમર્થ જૈનાચાર્યોએ દેશવિદેશમાં ભ્રમણ–પર્યટન કરી સર્વદેશિય વિશાળ સાહિત્યરાશિને ગુજરાતની ભૂમીમાં આણ્યો અને મંગાવ્યો. એજ કારણ છે કે જૈન જ્ઞાન સંગ્રહાલયો સર્વદેશીય વિધવિધ વિષયોને લગતા પ્રાચીન પ્રાચીનતમ સાહિત્ય ગ્રંથરાશિથી શોભી રહ્યા છે. એક રીતે એમ કહી શકાય કે જૈન જ્ઞાનભંડારો શાસ્ત્રસંગ્રહની દૃષ્ટિએ હંમેશા અસંપ્રદાયિક રહ્યા છે અને એ રીતે જૈન સંસ્કૃતિજ્ઞાનનું સમગ્રભાવે મૂલ્યાંકન કર્યું છે. આજ કારણને લીધે જૈન જ્ઞાનભંડારો ભારતીય અને પશ્ચાત્યે હજારો વિદ્વાનોનું આકર્ષણ બન્યા છે.

જૈનાચાર્યો જૈનેતર વિદ્વાનોના સહવાસમાં રહેતા. અને પરસ્પર વિદ્યાની લેવડ દેવડ કરતા.

નૈષધકાવ્યની ચાંડૂપ પંડિત કૃત દીપિકામાં તેમણે પુનિદેવસૂરિ પાસે આ કાવ્યનું અધ્યયન કર્યાનું જણાવ્યું છે. કાથરથકવિ સોઢલે પોતાની ઉદયસુંદરી કથામાં જૈનાચાર્યો સાથે મૈત્રી હોવાનું જણાવ્યું છે. જૈનાચાર્યોનો સાહિત્ય સંબંધ ઘણો વ્યાપક હતો એટલે વિદ્યા સાહિત્ય આદિની તેમની લેવડ દેવડ પણ વ્યાપક જ હતી. એથીએ આગળ વધીને જૈનાચાર્યોએ સેંકડો જૈનેતર વ્યાકરણ, કાવ્ય, કોશ, અલંકાર, છંદોગ્રંથ દાર્શનિક શાસ્ત્રો ઉપર વ્યાખ્યા–ટીકા ગ્રંથો રચ્યા છે. આ રીતે ઉત્તરોત્તર પ્રાચીન ગ્રંથ સંગ્રહો સાથે નવીન રચનાઓનો ઉમેરો થતાં જ્ઞાનભંડારો મોટા થતા રહ્યા છે.

ગુજરાતની ભૂમીમાં અને ખાસ કરી પાટણ આદિમાં જ્ઞાનભંડારોનું સ્થાપના કયારે અને કેવી રીતે કોણે કરી એનું વ્યવસ્થિત વર્ણન આપણા સામે નથી, તે છતાં આપણા સામે જે કેટલાક ઉલ્લેખો વિદ્યમાન છે તેને આધારે કહી શકાય કે પાટણ આદિમાં આવા ગ્રંથસંગ્રહો પાટણની સ્થાપનાના કાળથી નાના પ્રમાણમાં પણ જરૂર હોવા જોઇએ. પરંતુ વિશાળ જ્ઞાનભંડારો તો ગુર્જરેશ્વર ચૌલુકયરાજ શ્રી સિદ્ધરાજ જયસિંહ દેવના યુગમાં ઉભા થયા છે. આજે પાટણના સગ્રહાલયોમાં તે યુગ પહેલાંના પ્રાચીન હસ્તપ્રતિઓ ભાગ્યે જ જોવામાં આવે છે. આ હકીકત ગમે તેમ હો, તે છતાં મહારાજ શ્રી જયસિંહદેવ અને કુમારપાલદેવના યુગમાં જૈનાચર્યો મુખ્યત્વે પાટણમાં રહીને જ અનેક વિષયના ગ્રંથોની રચના કરતા હતા. આ માટે પાટણમાં જ નહિ પણ તે સિવાય ખંભાત, ધોલકા, વીજાપુર, પાલનપુર, ગાંભુ, હારીજ, થરાદ આદિ જેવાં સ્થાનોમાં ત્યાંના ધનિકોની વસતિઓ–મઠોનો ખૂલ્લી મૂકાઇ હતી, ફક્ત મકાન જ નહિ પણ તે સાથે ગ્રંથકારોની દરેક આવશ્યકતાઓને પુરી પાડવામાં આવતી હતી. કયારેક ખાસ ગ્રંથોની આવશ્યકતા મંડાતાં એપીયાઓ મોકલાવીને મંગાવી પણ આપતા હતા. પાટણમાં શ્રેષ્ઠી દોહદ્રિ, આશાવર, સોવણિક, નેમીચંદ્ર, કવિચક્રવર્તિ, શ્રી શ્રીપાળ આદિની વસતિઓ હતી, જેમાં રહીને જૈનાચાર્યોએ સેંકડોની સંખ્યામાં ગ્રંથોની રચના પ્રશાન્ત ચિત્તે કરી છે. આ ઉપરથી આપણે વિશ્વસ્ત રીતે એમ કહી શકીએ કે પાટણ અને ગુજરાતનાં જુદાં જુદાં સ્થળોમાં વિશાળ જ્ઞાન ભંડારોની સ્થાપનાનો આ સમર્થ યુગ હતો અને ગુજરાતને જ્ઞાન અને સંસ્કાર સમૃદ્ધ કરવામાં જૈનાચાર્યો અને જૈન ધનિકોનો મહાન ફાળો હતો. આજે જેસલમેર આદિમાં જે જ્ઞાનભંડારો છે તેમાં હસ્તલિખિત ગ્રંથોનો મોટો ભાગ એવો છે જે પાટણ, ખંભાત આદિ, ગુજરાતનાં સ્થાનોમાં જ લખાયેલો છે.

આજે જેસલમેર જે મહાન તાડપત્રી સંગ્રહ છે તેમાંનો એક ચતુર્થાંશ જેટલો ભાગ ખંભાતના ધનિક પારી, ધરણુકે અને સાધુ ઉદયમહારાજ – બલિરાજે પોતાનાં ધનથી લખાવેલો છે. આ ઉપરાંત બીજી પણ ઘણી પ્રતો છે જે પાટણ, ખંભાત, આદિમાં લખાયેલી છે. આ રીતે પાટણ અને ગુજરાતના જ્ઞાનભંડારોના સાર્વત્રિક લેખનમાં અને વૃદ્ધિમાં મોટો ફાળો છે.

પાટણના શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિરમાં ૧. શ્રી સંઘનો ૨. તપાગચ્છનો ૩. વાડીપાર્શ્વનાથનો ૪. સાગરનો ૫. મોંઢા મોદીનો ૬. વસતા માણેકનો અથવા લહેર વકીલનો ૭. લીંબડી પાડાનો ૮. મહાલક્ષ્મી પાડાનો ૯. અડુવસી પાડાનો ૧૦. હિમ્મતવિજય યતિનો ૧૧. પૂનમીયાઓનો મળી પાટણના અગીયાર જ્ઞાન ભંડારો એકત્ર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ૧ અમદાવાદનો શુભવીરનો ૨ પ્રવર્તક શ્રી કાન્તિવિજયજીનો ૩ પંજાબનો શ્રી વિજયાનંદ સૂરીશ્વરજીનો અને ૪ જેસલમેરીય યતિજીની શ્રી વૃદ્ધિચંદ્રસૂરિ મહારાજનો એમ ચાર ભંડારો પણ આ જ્ઞાન મંદિરમાં મુકવામાં આવ્યા છે. આ સિવાય કચ્છ–ભુજના કુશળશાના યતિઓનો વ્રજ–રાજસ્થાની–ગુજરાતી ભાષાની કવિતાઓનો અને પિંગળ ગ્રંથોનો સંગ્રહ પંડિત અમૃતલાલ દ્વારા ખરીદવામાં આવ્યો છે, જે અતિ મહત્વનો છે. કુશળ શાખાના આ યતિઓને કચ્છના મહારાવનો આશ્રય હતો અને તેમને મહારાવે ગામગરાસ વગેરે આપ્યા હતાં. વિક્રમના સત્તર, અઢાર, ઓગણિસમાં સૈકામાં ઓચિંતો આ યતિઓ પાસે રાજસ્થાન અને ગુજરાતમાંથી કવિત્વનો અભ્યાસ કરવા માટે અનેક વ્યક્તિઓ આવતી હતી.

એક રીતે કહીએ તો તે યુગમાં કવિત્વનો અભ્યાસ કરવા માટેની આ એક વિશિષ્ટ સ્કુલ જ હતી. ભાઇ શ્રી અમૃત પંડિતને જોધપુરમાં એક બુઝર્ગ કવિ મળ્યા હતા તેમણે કહ્યું હતું કે મેં ને કવિત્વના અભ્યાસ કચ્છ–ભુજની પોશાલમેં રહ કર કિયા હૈ. ડે. ભોગીલાલ સાંડેસરાને એવું સાંભળ્યાનું યાદ છે કે કેટલાક ઘરડાઓ વહાલમાં બોલતા કે, મારો ભાઇ તો ભઉજની પોશાળમાં જઇને ભણશે. ગુજરાતના પ્રસિદ્ધ કવિવર શ્રી દલપતરામ પણ થોડો વખત કચ્છની પોશાળમાં રહ્યા હતાં એમ સાંભળવા મળ્યું છે, ઉપરથી ભુજની પોશાળમાંથી મેળવેલો કવિતા અને પિંગળ ગ્રંથોનો આ સંગ્રહ કેવો મહત્વનો છે તેની આપણને ખાત્રી થાય છે. તે સાથે એ પણ એક મહત્વની વાત છે કે ગુજરાતમાં વસતા ગુજરાતીઓ વ્રજ અને રાજસ્થાની ભાષામાં આવતી સમર્થ રચનાઓ કરી જાણતા હતા.

આ બધા ભંડારોની મળીને કુલ વીસ હજાર જેટલી હસ્તલિખિત પ્રતો (હાથ-

પોથીઓ) શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિરમાં વિદ્યમાન છે. જે અધ્યયન અને નિરીક્ષણની દૃષ્ટિએ સગવડભર્યો બન્યો છે.

આ ભંડારો ઉપરાંત પાટણમાં ૧ ભાભાના પાડાનો, ૨ ખેતરવાસીનો અને ૩ સંઘવીના પાડાનો એમ ત્રણ ભંડારો પોતાના સ્થાનમાં જ છે. ભાભાના પાડાના ભંડાર સિવાય ના બે ભંડારો પ્રાચીન વાડપત્રીય પ્રતોના સંગ્રહરૂપ હોઇ અલભ્ય દુર્લભ સાહિત્ય અને સંશોધનની દૃષ્ટિએ ઘણું જ મહત્વના ભંડારો છે. ખેતરવસીમાં વાડપત્રીય ગ્રંથસંગ્રહ ઉપરાંત ત્યાં આવનાર જનાર સાધુઓના જે સંગ્રહો છે તેમાં પણ સારો એવો કાગળ ઉપર લખાએલ પ્રાચીન અર્વાચીન હસ્તપ્રતિઓનો સંગ્રહ છે. ઉપર જણાવ્યા તે બધા ભંડારોની મળીને આજે પાટણમાં લગભગ પચીસથી ત્રીસ હજાર જેટલી હસ્તપ્રતીઓનો સંગ્રહ છે. આ સાથે એક પણ ધ્યાનમાં રાખવા જેવું છે કે આજે પાટણમાં દેવનાગરી લિપિમાં લખાએલ પ્રાચીન તાડપત્રીય પ્રતિઓનો જે વિશાળ ગ્રંથસંગ્રહ છે એવડો વિશાળ ગ્રંથસંગ્રહ ભારત કે દુનિયાના કોઇપણ દેશમાં નથી. એ દૃષ્ટિએ પાટણના જ્ઞાનભંડારો ઘણા જ મહદ્ધિધક અને મૂલ્યવંતા છે.

સંઘનો જ્ઞાન ભંડારમાં વિક્રમ સંવત–૧૪૧૦માં કાપડ ઉપર લખાએલી ધર્મવિધિ પ્રકરણ–કન્છુલી રાસ આદિની પત્રાકાર એક લાંબી પોથી છે, એ પણ પાટણના ભંડારોની એક વિશિષ્ટતા છે. વિદ્વાનોની આજ પર્યંતની શોધમાં કાપડ ઉપર પત્રાકાર પોથી રૂપે લખાએલી કોઇ હસ્તપ્રતિ પ્રાપ્ત થઇ નથી.

પાટણના જ્ઞાનભંડારોની મહત્તા મુખ્યત્વે તેમાં રહેલા અલભ્ય દુર્લભ પ્રાચીન સાહિત્યને લીધે જ છે. તે છતાં તે પ્રતિઓની અનેક વિધ લિપિઓનાં પલટાતા રૂપો, વાડપત્રો અને કાગળની વિવિધ જાતિઓ, ત્રિપાઠ–પંચપાઠ–સતપાઠ આદિ અને પ્રકારની લેખનશૈલિઓ, અને ચિત્રો, ઇત્યાદિ દૃષ્ટિએ પણ આ પ્રાચીન જ્ઞાનભંડારો વિદ્વાનોના અધ્યયનના સાધનરૂપ છે.

આ ભંડારોમાં એક સરખા વિષયના ગ્રંથોની સિરીઝનો અર્થ–સરખા કાગળો સરખાં પાનાં, સરખી લિપિ અને એકધારું સુંદર લખનાર લહિઆઓના હાથે લખાએલી પ્રતિઓનો સંગ્રહ થાય છે. બધાય જૈન આગમોની એવી એક સિરીઝ મોંઢા મોટીના ભંડારમાં છે. વાડીપાર્શ્વનાથના જ્ઞાન ભંડારમાં જૈન આગમો, જૈન-ધાર્મિક પ્રકરણો, જૈન ચારિત્ર ગ્રંથો, દાર્શનિક સાહિત્ય વ્યાકરણ, કોષ અલંકાર, છંદસ્થો, કાવ્ય, નાટક આદિ વિષયોને લગતી ઘણી સિરીઝો છે. આ ભંડારનું સ્થાપના વિક્રમના પંદરમાં સૈકાના અંતમાં ખરતરગચ્છીય આચાર્યશ્રી જિનભદ્રગણીએ કરી છે. જ્ઞાનભંડારનો મહત્વનો સંગ્રહ તેમણે જ લખાવ્યો છે. જેસલમેરના મહત્વપૂર્ણ વાડ-પત્રીય ભંડારની સ્થાપના પણ તેમના હાથે જ થઇ છે. આ ઉપરાંત તેમણે પોતાના યુગમાં ઘણે ઠેકાણે ગ્રંથભંડારો સ્થાપ્યા હતાં. (ક્રમશઃ)

❋ અકબરના હુકમથી રાંચીના ચુકાદા સુધી ❋

— સમેત શિખર —

શ્વેતાંબરો અને દિગંબરો વચ્ચે વર્ષોથી વિવિધ જૈન તીર્થક્ષેત્રોના વહીવટ બાબતે કજિયા ચાલી રહ્યા છે. તેમાં સમેતશિખરજી માટેનો ઝઘડો સૌથી વધુ ઉગ્ર બની ચૂક્યો છે. જૈનોની ધાર્મિક દૃષ્ટિએ શત્રુંજયગિરિ પછી સમેતશિખરનો ક્રમ આવે છે. જૈનોના ૨૪ તીર્થંકરોમાંથી ૨૦ તીર્થંકરો અહીં નિર્વાણ પામ્યા છે. તેથી સમેતશિખર તમામ જૈનો માટે વિશ્વનું સૌથી પણ વધુ પવિત્ર તીર્થધામ ગણાય છે. આ તીર્થ બિહારના ગિરિડીહ જિલ્લામાં પારસનાથ ડુંગર પર આવેલું છે. તેની માલિકી તથા વહીવટના પૂરેપૂરા હકકો શ્વેતાંબરો પાસે છે. જ્યારે દિગંબરોને પૂજા–પ્રાર્થનાનો જ માત્ર હકક છે. આના કારણે લાંબા સમયથી બંને વચ્ચે કજિયો ચાલી ગયો રહ્યો છે. ચાલુ વર્ષે ૧લી જુલાઇએ પટણા હાઇકોર્ટની રાંચી બેન્ચે આપેલા ચુકાદાએ વિવાદને ઓર ઘેરો બનાવ્યો છે.

આણંદજી કલ્યાણજીની પેઢીએ આખો પહાડ ખરીદી વિવાદનો અંત આણવા પ્રયાસ કર્યો છતાંય તેના માટે સમેતશિખર હજી દૂરનું દૂર!

૪૦૦ વર્ષ જુના આ વિવાદની કેટલીક રસપ્રદ વિગતો આ મુજબ છે :

સમેતશિખર સહિત પારસનાથ ડુંગર ઇ. સ. ૧૫૯૩માં શહેનશાહ અકબરે હિરવિજયસૂરિ મહારાજશ્રીને કાયમ માટે લખી આપ્યો હતો. એમ જોઇએ તો અકબરે પારસનાથને લખી આપ્યો ત્યારથી આજ સુધી ૪૦૦ વર્ષથી શ્વેતાંબરો અને દિગંબરો વચ્ચે ગજગ્રાહ ચાલે છે. ૧૫૯૩માં અકબરે આપેલી સનદની મૂળ પ્રત આજે પણ આણંદજી કલ્યાણજીની પેઢી પાસે મોજુદ છે. એ સમયે સ્વ. કસ્તુરભાઇ લાલભાઇના પૂર્વજ શેઠ શાંતિદાસજીએ એ માટે અથાગ પરિશ્રમ કર્યો હતો. સમ્રાટ અકબર પછીના બીજા મોગલ સમ્રાટોએ પણ આવી સનદો શ્વેતાંબરોને આપી છે.

પારસનાથ પાલગંજના તાબા હેઠળ આવતો હતો. આથી બ્રિટિશરોએ પહાડ તેમના નામે કર્યો હતો, જો કે શ્વેતાંબરોનો કબજો ચાલુ રહ્યો હતો. એ સમયે અંગ્રેજોએ પહાડ પર મિલીટરી સેનીટોરીયમ બનાવવા તૈયારી કરી હતી. પરંતુ, શ્વેતાંબરોના પ્રચંડ વિરોધના કારણે કોઇ બાંધકામ થયું નહોતું.

આ પછીના થોડા સમયમાં રાજા પાલગંજે પહાડની માલિકી પોતાની હોવાનો દાવો કર્યો હતો, અને ટુંકોમાં જે ભેટ–સોગાદો આવે તે લેવા પોતે હકકદાર છે એવી

માગણી કરી હતી. આ અંગે કોર્ટમાં કેસ ચાલ્યો હતો. કોર્ટે પહાડ રાજાની માલિકીનો હોવાનો ઠરાવ સ્વીકાર્યો હતો, પરંતુ ભેટ-સોગાદો લેવાના અધિકારને ફગાવી દીધો હતો. તેમ છતાં રાજા દ્વારા જૈન યાત્રાળુઓને કનડગત થતી હતી. આથી ૧૮૭૨ અને ૧૮૭૮માં રાજા ભેટ-સોગાદો લેવા ઉપર હકક નહિ કરે તથા સોસાયટી રાજાને કર વર્ષ રૂા. ૧,૫૦૦ આપે તથા જૈનોની લાગણી દુભાય એવું કોઇ કૃત્ય નહિ કરવા તથા ધાર્મિક કાર્ય માટે જમીન આપવાના કરાર રાજા અને શ્વેતાંબરો વચ્ચે થયો હતો.

આ સમય દરમિયાન ૧૮૭૬માં રાજાએ એક અંગ્રેજ વેપારીને ચાના બગીચા માટે બે હજાર એકર જમીન લીઝ પર આપી હતી. આ અંગ્રેજ વેપારી બોઢામે પહાડ ઉપર કતલખાનું બનાવવાની તૈયારી કરી હતી. જેની સામે શ્વેતાંબર સોસાયટીએ રાજા અને અંગ્રેજ વેપારી બોઢામ વિરૂદ્ધ દાવો દાખલ કર્યો હતો. જે 'પાગરી કેસ' તરીકે ઓળખાય છે. કલકત્તા હાઇકોર્ટે જૈનોની લાગણી દુભાતી હોઇ બોઢામ વિરૂદ્ધ સ્ટે આપ્યો હતો. ધાર્મિક લાગણી દુભાતી હોવા છતાં દિગંબરો ત્યારે આ લડતમાં પક્ષકારે નહોતા બન્યા એવી ટીકા શ્વેતાંબરો કરે છે.

રાજ્યનો કથળેલ વહીવટ અને રાજા સગીર વયનો હોવાથી બ્રિટિશ સરકારે એ રાજ્યનો વહીવટ પોતાના હસ્તક લીધા હતા અને રાજ્યને સધ્ધર કરવા માટે પહાડ ઉપર રહેણાંકના મકાનો, યાત્રીઓ માટેના આવાસો બાંધવા માટે તૈયારી કરી હતી, અને લોકો પાસેથી ઓફરો મંગાવી હતી. જેની સામે જૈનોએ વાંધો ઉઠાવ્યો હતો. આ વખતે બ્રિટિશ સરકારે એવું સૂચન કર્યું કે પહાડનો માલિક રાજા છે પણ જો જૈનોને પહાડ ઉપર બાંધકામ કરવા સામે વાંધો હોય તો તેમણે પહાડ ખરીદી લેવા જોઇએ. આ સૂચનને કારણે દિગંબરો અને શ્વેતાંબરો પહાડ ખરીદવાની હોડમાં ઊતર્યા હતા. પરંતુ શેઠ આણંદજી કલ્યાણજી પેઢીએ પહાડની પવિત્રતા સચવાઇ રહે તથા કાયદાકીય તકરારોનો અંત લાવવાના હેતુથી ઇ. સ. ૧૯૧૮માં આ પહાડ ખરીદી લીધો હતો.

આ પછી પાલગંજ રાજાની જાગીર બ્રિટિશ સરકારના વહીવટમાંથી મુકત થતા થતાં રાજા અને દિગંબરોએ સાથે મળીને પહાડનું વેચાણ રદ કરાવવા દાવો કર્યો હતો. આની સામે આણંદજી કલ્યાણજી પેઢી છેક પ્રીવી કાઉન્સિલ સુધી લડી હતી. લંડનની પ્રીવી કાઉન્સિલે તીર્થક્ષેત્રનો કબજો અને વહીવટ શ્વેતાંબર મૂર્તિપૂજકના હાથમાં છે એ સ્વીકાર્યું હતું.

૧૯૫૩માં બિહાર સરકારે બિહાર જમીન સુધારણા કાયદા હેઠળ પારસનાથ પહાડ ઉપર સરકારની માલિકી થતી હોવાનું જાહેરનામું બહાર પાડયું હતું. જેની

સામે પેઢી તરફથી લેખિત વાંધો રજુ કરાયા હતા. આ સંબંધે બિહાર સરકાર અને આણંદજી કલ્યાણજી પેઢી વતી કસ્તુરભાઈ લાલભાઈ અને સરકાર વચ્ચેના ૫–૨–૧૯૬૫ માં થયેલ કરારમાં પહાડ પરનો પેઢીનો હકક માન્ય રખાયો હતો તથા મંદિર, ટુંકો વગેરેની આજુબાજુના અડધા માઇલના વિસ્તારના બહારના જંગલના વિસ્તારનો વહીવટ જંગલ ખાતા મારફતે પેઢીના એજન્ટ તરીકે કરાવવાના અને નફાના ૬૦ ટકા પેઢીએ અને ૪૦ ટકા સરકારે વહેંચી લેવા એવો કરાર થયો હતો. એની સામે દિગંબરોએ તેમના હકકે ને નુકશાન થશે એવી રજુઆત સરકારમાં કરી હતી. જે સંબંધે ઓગસ્ટ ૧૯૬૬માં સરકારે સ્પષ્ટતા કરતાં કરાર તેમની સાથે કર્યો હતો. એની વિરૂદ્ધમાં શ્વેતાંબરોએ દિગંબરોને પહાડ ઉપર બાંધકામ કરવાનો કોઇ અધિકાર નથી એ મુદ્દે અદાલતમાં ૧૯૬૭માં દાવા નાંખી હતી.

સામે પક્ષે દિગંબરોએ પણ શ્વેતાંબરો અને સરકાર વચ્ચે થયેલા ૧૯૬૫ ના કરારને રદ જાહેર કરવા દાવો કર્યો હતો. જેની સામે તા. ૩–૩–૯૦ ના રોજ સ્થાનિક ગિરદીહ જિલ્લા અદાલતે સમેતશિખર પર શ્વેતાંબરોનો કબ્જો માન્ય રાખ્યો હતો. સાથે સાથે ૧૨ માઇલ જેટલું ચાલીને આવતા દિગંબરોના વિસામા માટે આરામગૃહ બાંધવાની દિગંબરોને રજા આપવી એવો આદેશ આપ્યો તથા આરામગૃહ બનાવવા દિગંબરોએ શ્વેતાંબરો પાસે લેખિત અરજી કરવી એવી સુચના કોર્ટે આપી. પરંતુ, દિગંબરો અરજી કરવા તૈયાર નથી. કારણ કે જો એ પ્રમાણે લખાણ આપે તો તીર્થક્ષેત્ર પર શ્વેતાંબરોનો અધિકાર છે એવું આપમેળે પ્રસ્થાપિત થાય. દિગંબરો માટે આ વાત જાતે ઠાંડા કાપી આપવા જેવી બની રહી હતી. પરિણામે ચુકાદાના વિવિધ આદેશો સામે શ્વેતાંબરો અને દિગંબરોએ હાઇકોર્ટમાં અપીલ કરી હતી.

એક મહિના પહેલા પટણા હાઇકોર્ટની રાંચી બેન્ચે તા. ૧ જુલાઇ, ૧૯૯૭ ના રોજ ચુકાદો જાહેર કર્યો છે. હાઇકોર્ટે ૧૯૬૫નો શ્વેતાંબરો સાથેના સરકારના કરારને ધાર્મિક નહિ પરંતુ વ્યાપારિક ધોરણે થયેલો કરાર ગણાવ્યો છે તથા આણંદજી કલ્યાણજી પેઢીને ધાર્મિક પેઢી હતી જ નહિ, પરંતુ વ્યાપારી પેઢી હતી એવું ઠરાવ્યું છે. આખો પહાડ ધાર્મિક ન હોવાના કારણે બિહાર ભૂમિસુધાર કાયદા હેઠળ ૧૯૫૩ માં સરકારની માલિકીનો થઇ ગયો છે, અને એ કારણસર ૧૯૬૫ માં શ્વેતાંબરો સાથેનો કરાર કોર્ટે ગેરકાયદે ગણાવ્યો છે.

સાથોસાથ હાઇકોર્ટે એવું ઠેરવ્યું છે કે દિગંબરોનો આ પહાડ ઉપર કોઇ અધિકાર નથી. તેઓ આપમેળે પહાડ ઉપર કશું બાંધી શકે નહિ તથા ૧૯૬૬ માં

卐 જ્ઞાન ગુણ ગંગા 卐

—પ્રજ્ઞાંગ

બળવાન માણસ પોચણીના સુકોમલ બત્રીશ (૩૨) પાનને એક સોયથી વીંધે તો એક પાન ભેદી–વીંધીને બીજું પાનમાં જે સોય જાય તો શ્રી વર્ધમાનસ્વામિ ભગવાન શ્રી ગૌતમ મહારાજાને કહે છે કે તેટલામાં તો અસંખ્ય સમય વીતી જાય છે. આવા અસંખ્ય સમયની એક આવલી થાય.

૨૫૬ આવલીનો એક ક્ષુલ્લક ભવ થાય. જે નિગોદની અંદર આપણે બધાએ અનુભવ્યા છે.

એક શ્વાસોશ્વાસમાં ૪૪૪૬।। આવલી થાય.

એક શ્વાસોશ્વાસમાં નિગોદનો એક જીવ સત્તર (૧૭) ભવ પૂરા કરે અને ઉપર ૬૪।। આવલી બાકી રહે.

એક મુહૂર્ત–૨ ઘડી; તેના ૩૭૭૩ શ્વાસોશ્વાસ થાય તેથી એક મુહૂર્તમાં નિગોદનો જીવ ૬૫,૫૩૬ ભવ કરે.

શ્રી કેવલી ભગવંતના અધિકારમાં એક દિવસના ૧,૧૩,૧૯૦ શ્વાસોશ્વાસ થાય. તેમાં તે નિગોદનો જીવ ૧૯,૬૬,૦૮૦ ભવના ફેરા કરે.

એક માસના શ્વાસોશ્વાસ ૩૩,૯૫,૭૦૦ થાય. તેમાં તે નિગોદનો જીવ ૫,૮૯,-૮૨,૪૦૦ વાર જન્મ–મરણ કરે.

એક વર્ષના શ્વાસોશ્વાસ ૪,૦૭,૪૮,૪૦૦ થાય. તેમાં તે નિગોદનો જીવ ૭૦,-૭૭,૮૮,૮૦૦ વાર જન્મ–મરણ કરે.

(નિગોદાદિ સંસાર દુઃખવર્ણન ગર્ભિત 'શ્રી સીમંધર જિન વિનતિ'ના આધારે શ્રી સિદ્ધિવિજયજી કૃત આ વિનંતિ સ્તવન છે.)

દિગંબરો સાથે થયેલા સરકારના કરારને પણ ગેરકાયદે જાહેર કરાયા છે.

આ ચુકાદાના અમલ સામે શ્વેતાંબરોએ સ્ટે માંગ્યો હતો. જેને હાઇકોર્ટે માન્ય રાખીને બંને પક્ષોને પહાડ ઉપર કોઇ પણ બાંધકામ કરવા સામે મનાઇ ફરમાવી છે. શ્વેતાંબરોએ હવે આ ચુકાદાને હાઇકોર્ટની ડિવિઝન બેન્ચ સમક્ષ પડકાર્યો છે.

છેલ્લાં ચારસો વર્ષથી ચાલી રહેલા વિવાદમાં હજુ અંત નથી આવ્યો.

(જનસત્તા, લોકસત્તા તા ૪–૯–૯૭)

આ તે કેવી સંસ્કૃતિ !

—પૂ આ. શ્રી વિ. ચન્દ્રગુપ્તસૂરીશ્વરજી મ.

અહીં યાદ રાખવું જોઇએ કે આ રીતે કોઇવસ્તુ તૈયાર હોય અને કલ્પ્ય હોય તો તેનો ઉપયોગ કરવામાત્રથી તેના ઉત્પાદનનું પાપ લાગતું નથી. 'એ વસ્તુ સારી છે, કાયમ માટે મળે તો સારૂં...' વગેરે પ્રકારની અનુમોદના કરીએ તોજ ઉત્પાદનની અનુમોદનાનું પાપ લાગે. (ગૃહસ્થે વિરતિ લીધી ન હોય તો અવિરતિનું પાપ લાગે—એ જુદી વાત.) વાપરવામાત્રથી જો અનુમોદનાનું પાપ લાગતું હોય તો સાધુ ભગવન્તો તેગેરેને પણ આરંભસમારંભનું પાપ લાગે. કારણ કે તેઓ પણ આહાર વસ્ત્ર પાત્ર વગેરે વાપરે છે.

કલ્પ્ય (વાપરવા યોગ્ય) વસ્તુ પ્રાપ્ત થતી ન હોય તો વિધિ મુજબ જયણાપૂર્વક પ્રમાણોપેત તે વસ્તુ બનાવનારા ગૃહસ્થોએ પણ એનો ધંધો કરવો ઉચિત નથી. વસ્તુના અભાવમાં શક્ય હોય તો વસ્તુ વિના ચલાવી લેવું જોઇએ, જીવનનિર્વાહમાં અનિવાર્ય વસ્તુના અભાવમાં જે વિધાન હોય, તે વિધાન બીજી વસ્તુના અભાવમાં ન હોય એ સમજી શકાય છે ગૃહસ્થજીવનમાં ન છૂટકે કરાતી સાવદ્ય પ્રવૃત્તિની માત્રા નક્કી કરવાનું કામ ખૂબ વિચારણા માંગે છે. આવા વખતે માયાનો આશરો સાહજિક લેવાતો હોય છે. અનિવાર્ય હિંસાની આજે કરાતી વા એક કલ્પનામાત્ર છે. રાજા ઋષભે કે ઋષભદેવ ભગવાને અનિવાર્ય હિંસાની વ્યવસ્થાપી સ્થાપી છે એમ કહેવું શાસ્ત્રાનુસારી નથી.

શ્રી ઋષભદેવ ભગવાને તો સર્વથા હિંસાદિ સર્વસાવદ્યયોગથી વિરાગ પાસી જીવન જીવવાની વ્યવસ્થાને ઉપદેશી છે. સર્વસાવદ્યયોગથી સર્વથા વિરામ પામવાનું શક્ય ન જ બને તો અલ્પાંશે પણ સાવદ્યયોગથી વિરામ પામવાની અથવા તો તેને અનુકૂળ બનવાની વ્યવસ્થાને ઉદેશી છે. પ્રભુએ જગતને મોટી હિંસામાં ડુબાડવા ઉપદેશ નથી કર્યો એમ અલ્પહિંસામાં પાડવાનોય ઉપદેશ નથી કર્યો. સર્વથા કર્મરહિત બનાવી મોક્ષે પહોંચાડવા જ સર્વથા હિંસાથી વિરામ પામવાદ્વિનો ઉપદેશ કર્યો છે. એ ઉપદેશને અનુસરનારા સાધુભગવન્તો અનિવાર્યહિંસાથી જીવન જીવવાનો ઉપદેશ નહિ આપે. સર્વથા હિંસા વિના જીવન શી રીતે જિવાય અથવા તો તે શક્ય ન જ બને તો દેશવિરતિ કે માર્ગાનુસારિતાથી જીવન કઇ રીતે જિવાય તેનો ઉપદેશ આપશે. કારણ કે એ મુનિ ભગવન્તોને પોતાની 'કરેમિ ભંતે' તથા મહાવ્રતોની પ્રતિજ્ઞાનો પૂર્ણ ખ્યાલ છે. અને એને અનુસરતી ઉપદેશવિધિનું પૂર્ણ જ્ઞાન છે. પ્રભુએ બતાવેલી

વ્યવસ્થા હિંસક નથી, પરંતુ એને વિકૃતરૂપે રજુ કરનારા આજના કેટલાક ઉપદેશકોની રજુઆત જરૂર હિંસક છે. પ્રભુએ બતાવેલી વ્યવસ્થા યથાર્થસ્વરૂપે રજુ કરવામાં આવે તો આત્માને અહિંસક બનાવવાનું ખુબ જ સરળ બને છે. રાજા ઋષભ અને ભગવાન ઋષભના નામે ગપ્પાં મારવાથી આત્માને મોક્ષે પહોંચાડી શકાશે નહિ.

શ્રી તીર્થંકર પરમાત્માએ ઉપદેશેલી પરમતારક જીવનવ્યવસ્થાને છોડીને બીજી કોઇ જ વ્યવસ્થા અહિંસા ધર્મને પ્રાપ્ત કરાવનારી નથી. કોઇ ગૃહસ્થ સાધુ ભગવન્તો એ આત્માની યોગ્યતા જોઇને અહિંસક બનવાનું ચોકકસ જ માર્ગદર્શન આપે. પરંતુ અલ્પહિંસક બનવાનું કુમાર્ગદર્શન નહિ આપે. કારણ કે તેમ કરવામાં તેમનું સાધુપણાની મર્યાદા નાશ પામશે. પોતાની મર્યાદાના ભોગે સાધુ ભગવન્તો ઉપદેશ કઇ રીતે આપે ? અહિંસક જીવનવ્યવસ્થાને સમજ્યા વિના સાધુ ભગવન્તોને તેના રક્ષક બનાવવાનું સાહસ ભારે પડવાનું છે. અહિંસક જીવન (સંયમજીવન) કેમ જીવવું તેનું માર્ગદર્શન આપવું અને તેનો ઉપદેશ આપવો તે સર્વસાવદ્યયોગથી વિરામ પામવાની પ્રતિજ્ઞામાં સમાય છે. પરંતુ અલ્પહિંસક બનાવવાની પ્રવૃત્તિ તો ચોકકસ જ તે પ્રતિજ્ઞામાં સમાતી નથી. અલ્પ હિંસક અને અહિંસક જીવનવ્યવસ્થા—એ બેનો ફરક સમજાતો ન હોય તો ઉપદેશક બનવાની જરૂર નથી. કોઇ ગીતાર્થ ગુરૂભગવન્ત પાસે અધ્યયન કરવાની જરૂર છે,

'અનાત્મવાદની જીવનવ્યવસ્થાનો રાક્ષસ જ્યારે જૈન ગૃહસ્થોના રસોડાની રસોડાની વ્યવસ્થાને તોડી ફોડી નાંખે' તે પૂર્વે જ જૈન ગૃહસ્થોએ આજ્ઞા પ્રત્યે થોડી વધુ રૂચિ કેળવી, સંતોષપૂર્વક જરૂરિયાત ઘટાડીને જીવવાની કલા આત્મસાત કરી લેવી જોઇએ. સગવડ, સમય અને ધનનો ભોગ આપવો જોઇએ. આમ થાય તો હોટલમાંથી લાવેલી વસ્તુઓ' મુનિભગવન્તોને વહોરાવવી નહિ પડે. અહિંસક જીવનવ્યવસ્થાનું રક્ષણ કરવા આડે કોઇને પણ મર્યાદા નડતી નથી. પરન્તુ અહિંસક જીવનવ્યવસ્થાની રક્ષાના નામે આરંભસમારંભવાળી જીવનવ્યવસ્થાને પ્રવર્ત્તાવવ આડે સાધુભગવન્તોને શાસનની મર્યાદા નડે છે. પોતાની માની લીધેલી 'અલ્પ હિંસક' જીવનવ્યવસ્થાનો સાધુભગવન્ત પ્રચાર ન કરે. તેથી રોષમાં આવી સાચા સાધુભગવન્તોને —"હિંસક વ્યવસ્થાને રોકટોક વિના વધવાનો માર્ગ ખુલ્લો કરી આપનારા" તરીકે ઓળખાવનારા આ પ્રચારકો પોતાના અજ્ઞાન, આવેશ, અવિવેક અને અહંકારનું પ્રદર્શન કરી રહ્યા છે.

જૈન મુનિભગવન્તો અહિંસાનો ઉપદેશ આપે. હિંસાનો ઉપદેશ ન આપે. અહિંસાના પાલન માટે કઇ રીતે જીવન જીવવું જોઇએ એ બતાવે. આરંભસમારંભનો

ત્યાગ કઇ રીતે કરાય તે પણ બતાવે. એનો અર્થ એ નથી કે તેઓ આરંભસમારંભ થાય એવા ઉપાય બતાવ્યા કરે અને એને 'અલ્પ આરંભસમારંભ'નું રૂપાળું નામ આપી પાપનો બચાવ કરે! શ્રી ઋષભદેવ ભગવાને તિર્યંચ પ્રાણીઓની હિંસા અટકાવવા માટે કૃષિવ્યવસ્થા નથી બતાવી. પરંતુ જે વખતે કલ્પવૃક્ષોનો વિચ્છેદ થયો અને નિસર્ગતઃ પ્રાપ્ત પદાર્થોથી જીવનનિર્વાહ શક્ય ન બન્યો ત્યારે પોતાની ફરજ તરીકે તેમને તે વ્યવસ્થા બતાવવી પડી હતી. આ વાતને સમજ્યા વિના "એકેન્દ્રિય જીવોની હિંસા માટે કે તિર્યંચ પ્રાણીઓની રક્ષા માટે કૃષિવ્યવસ્થા બતાવી હતી"– એવો વિકૃત સવાલ પૂછનારા પોતાના કદાગ્રહનો પુરાવો આપી રહ્યા છે. કૃષિમાં ષટકાયજીવની હત્યા તો થાય છે જ એની જેને ખબર છે, તે તૈયાર અનાજ લેવાનું પસંદ કરે કે તેના માટે ખેતી કરે? ખેતી કરવી જ પડે તો તેમાં કેટલી કાળજી રાખવી તે જણાવવાનું કાર્ય સાધુ ભગવન્તો કરે તો તે ખુબ જ વિવેકપૂર્વક કરે.

ગૃહસ્થોના ઘરોમાં અહિંસક વ્યવસ્થાની કલ્પના જ ભ્રામક છે. ત્યારે તે ઘરોમાં "અહિંસક વ્યવસ્થાનો નાશ થતો હોવાની અને એના યોગે સાધુમહાત્માઓ અહિંસક જીવન નહિ જીવ શકે વગેરે વાત પણ વાહિયાત છે. ગૃહસ્થજીવનમાં લોભાદિની આધીનતાએ આરંભસમારંભ ઘણા થાય તો પણ તે સાધુ ભગવન્તો માટે નહિ હોવાથી ત્યાં ગોચરી વગેરે નિર્દોષ પ્રાપ્ત થઇ શકે છે. અકલ્પ્ય જ પ્રાપ્ત થતુ હોય અને કલ્પ્ય સર્વથા પ્રાપ્ત થતું ન હોય ત્યારે કઇ રીતે જીવવું તેનું માર્ગદર્શન ગીતાર્થ ગુરૂભગવંતે શાસ્ત્રાનુસારે સાધુ ભગવન્તોને આપી શકશે. પ્રચારકોએ એમની ચિંતા કરવાની જરૂર નથી. અહિંસાના પાલન માટે, શ્રી તીર્થંકર ભગવન્તોની આજ્ઞાના પાલન માટે ગમે તેવુ કષ્ટ વેઠવાનું સત્ત્વ ખીલવવું જોઇએ છે. તેની ખામી હશે તો ભગવાનની નિશ્રામાં ય 'અહિંસક જીવન' નહિ જિવાય. આ બધું સ્વસ્થ ચિત્તે વિચારવાની જરૂર છે.

"અહિંસાનું ઉત્કૃષ્ટ પાલન કરનારા જૈન મુનિઓ પણ જ્યારે સંપૂર્ણ અહિંસક જીવન જીવી શકે તેમ નથી ત્યારે અનિવાર્ય હિંસાથી જીવન જીવવાના જ માર્ગની પ્રથમ તીર્થપતિએ રચના કરી છે"– આવું માનારા અને જગતને સમજાવનારા ભારે અજ્ઞાની છે. સર્વથા લોકવ્યવસ્થાનો જ્યારે અભાવ હતો ત્યારે શ્રી તીર્થંકરનામકર્મના ઉદયના કારણે પ્રથમ તીર્થપતિએ એવી કેટલીક વ્યવસ્થાને લોકહિત માટે કરી હતી. સાધુ ભગવન્તો તો એ વ્યવસ્થા પછી લગભગ ૮૩ લાખ પૂર્વ પછી થયેલા. જ્યારે શ્રી તીર્થંકર પરમાત્માએ ૪૦૦૦ ની સાથે દીક્ષાને અંગીકાર કરી ત્યારે પોતાના અને પોતાની સાથે દીક્ષા લેનારાના આહારપાણીની કોઇ જ ચિંતા કરી ન હતી. જેથી તે ૪૦૦૦ તાપસ થયેલા.

કેવળજ્ઞાન પામ્યા પછી પ્રભુએ તીર્થની સ્થાપના કરી અને સાધુ ભગવન્તોને જે આચાર ઉપદેશ્યો છે– એ ઉપદેશાનુસાર જગતના જીવોને જીવોને સર્વથા કે અલ્પાંશે પણ હિંસાથી નિવૃત્ત બનાવાનો ઉપદેશ, પૂર્વે પણ અને આજે પણ સાધુ ભગવન્તો (અંગુલિનિર્દેશ જ નહિં) પોતે આચરણમાં મૂકી બીજાને સમજાવી રહ્યા છે. જગતના માનવીને ઓછી હિંસાથી જીવન જીવવાના માર્ગ તરફ અંગુલિનિર્દેશ કરવાનું શ્રી તીર્થંકર પરમાત્માએ સાધુભગવંતોને જણાવ્યું નથી. તેથી તેઓ એ જવાબદારી વહન કરતા નથી. 'રાજા ઋષભે એ વ્યવસ્થા સ્થાપી છે માટે એ જવાબદારીમાંથી સાધુ ભગવન્તો છટકી ગયા છે–' એવું નથી. કારણ કે ખરી રીતે એવી કોઇ વ્યવસ્થા શ્રી ઋષભદેવ ભગવાને કે રાજા ઋષભે સ્થાપી નથી. પરંતુ લોકસ્થિતિ અને કાલમર્યાદા પ્રમાણે અનાદિકાલથી ચાલતી અને ખંડિત થતી એવી લોકવ્યવસ્થાને અવસર્પિણીના પ્રથમ તીર્થંકરના કલ્પરૂપે પુનઃ પ્રવર્ત્તાવવી પડી હતી. સાધુ ભગવંતોને એ લોકવ્યવસ્થાનું રક્ષણ કરવાની જવાબદારી તીર્થંકર પરમાત્મા સોંપી નથી ગયા. તેથી એ જવાબદારીમાંથી છટકી જવાનો આક્ષેપ સાધુભગવન્તો ઉપર કરનારાનાં માથાં ઠેકાણે નથી. સાધુભગવંતની મર્યાદા બહારની પ્રવૃત્તિ સાવદ્ય જ ગણાય– એ યાદ રાખવું જોઇએ. આવી કોઇ પણ જાતની સાવદ્ય પ્રવૃત્તિ સાધુ મહાત્માઓથી ન જ થાય.

આથી જ જૈન મુનિભગવન્તો માંસાહારનો નિષેધ કરે છે શાકાહાર કરવાનું ફરમાવતા નથી. ચોમાસી પ્રતિક્રમણ કરમ્યાન મેવો વગેરે અભક્ષ્ય ગણાય છે. અથવા તો અભક્ષ્ય ગણાતો નથી... ઇત્યાદિ જણાવે છે. ભક્ષ્યાભક્ષ્યાદિની વ્યવસ્થા શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે. અને તેનું નિરૂપણ સાધુભગવંન્તો કરે જ છે. આયંબિલ કે નીવિ વગેરેમાં શું કલ્પ્ય છે તે જણાવાય. પરંતું તે વાપરો એમ તો ન કહેવાય ને? અનિવાર્ય હિંસાથી જીવન જીવવાથી જ સન્માર્ગ અસ્તિત્વ ધરાવે છે– એ માન્યતા ભૂલભરેલી છે.

આજ્ઞામય જીવન જીવવાથી જ વસ્તુતં સન્માર્ગ અસ્તિત્વ ધરાવે છે. તેથી આજ્ઞામય જીવન જીવવાનો ઉપદેશ આપવાની ઉપેક્ષા કરાય નહિ. તેમાં પણ "આજે જ્યારે અનાત્મવાદના આદર્શ ઉપરની જીવનવ્યવસ્થાએ ચારે બાજુ અંધાધૂંધ ફેલાવી છે. જેથી સાચું શું અને ખોટું શું – એ સમજવામાં ભલભલાની બુદ્ધિ થાપ ખાઇ જાય તેમ છે ત્યારે તો જગતને સાચી દિશા તરફ દોરવાની વિશેષ જવાબદારી જૈન-મુનિવર્ગ ઉપર સહજ જ આવી જાય છે." તેથી આજ્ઞામય જીવન જીવવાને ઉપદેશ આપવાની કોઇ પણ રીતે ઉપેક્ષા કરવી નહિ. દા.ત. ડેરીનું દૂધ અભક્ષ્ય છે. થેલીનું દૂધ અભક્ષ્ય છે. ગાયનું કે ભેંસ વગેરેનું તે તે દિવસનું અભક્ષ્ય નથી... એમ

(અનુ. ટાઈટલ ૩ ઉપર)

❋ ખોટું ન લગાડતા હો ને! ❋

—શ્રી ભદ્રંભદ્ર

અસ્થિર મનના લેખકથી સાવચેત રહેજો

હું મારા ઘરની ખુરશીમાં બેઠો હતો ત્યાં જ મારો કલ્યાણ દોસ્ત મારી પાસે આવીને બેઠો. જરાક ઉકળાટમાં હતો. મને એક ઝેરોક્ષ કોપી બતાવી તેમાં દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકા ભાગ-૧... ભાવાનુવાદ શ્રી પ્રેમ ભુવનભાનુ ધર્મજિત-જયશેખરસૂરીશ્વર શિષ્ય મુનિ અભયશેખરવિજય ગણી, પ્રકાશક દિવ્ય દર્શન ટ્રસ્ટ ××× પ્રથમ પ્રકાશન વિ.સં. ૨૦૫૧' આવું પૂંઠા ઉપર હતું અને અંદર પૂ.નં. ૭૪-૭૫ ઉપર તિથિ અંગેનું લખાણ હતું. મેં વાંચ્યુ પછી મેં કીધુ પણ તું આ મારી પાસે કેમ લાવ્યો ?

દોસ્ત કહે- ભગાના ભઈ ! આ લખાણનું ખંડન કરવા જેવું છે અને તે તમે કરો માં..

મેં કહ્યું - આટલું સરસ લખાણ છે તેનું ખંડન શું કરવા કરવાનું ?

મિત્ર કહે- ભલા મા'ણ. ! આમાં તો આપણા પરમ આરાધ્ય ગચ્છાધિપતિ પૂ. આ. દે. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ માટે ઘસાતું લખાણ છે. આવાનું ખંડન નહિ કરવાનું તો શું પૂજવાનું ?

મેં કીધું- હે મિત્ર રત્ન ! (હું આ બધું બ્રાહ્મણોની ભાગવત સપ્તાહની શૈલિથી બોલ્યો છું હોં એટલે એ રીતે વાંચશો તો તમને પણ ભદ્રંભદ્રના લક્ષણ મળશે.) તું બહુ ઉકળાટમાં છે. શાંત થા. દ્વેષબુદ્ધિ કે વેરઝેર રાખ મા. તેમના જ ગુરૂદેવ પૂ. આ. શ્રી વિ. ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજએ સમરાદિત્ય ચરિત્ર લખેલ છે તે વાવાની સામે તારે વાંચવું અને ઇર્ષ્યા-વેર-દ્વેષ-ક્રોધ-કષાયથી લાખો યોજન દૂર જવું. (આમ તો આ મિત્રરત્ન બહુ જ ઉકળેલો હતો પણ મારી ભાગવત સપ્તાહથી શાંત બન્યો.)

પછી મને કહે- તો પછી એ લોકો કેમ નથી વાંચતા ?

મેં કીધું-હે ભવિકજન ! કોઇનું તારે શું કામ છે ? તું તારા આત્માની ચિંતા કર. પોતાના વડિલ ગુરૂદેવોએ લખેલું તેમના શિષ્યોએ માનવું જ જોઇએ આવો કદાગ્રહ (આ શબ્દ ઉપર કોઈ ખીજતા નહિ હોં. ક્રોધ નહિ કરવાની જ વાત ચાલે છે માટે) તારે ન સેવવો. (મારા વાક્ય બાણોમાંથી ઝરતા અમૃતબિંદુઓથી પ્રતિબોધ પામીને મિત્રનું હૃદય પરિવર્તન થયુ. એટલે)

તેણે મને કીધુ - હવેથી આવા લેખો બનશે ત્યાં સુધી તો વાંચીશ જ નહિ. (પણ મિત્રને એ પણ મુંઝવણ થઇ કે આવા ખરાબ દ્વેષભર્યા લખાણો લખીને આ લેખકે તો 'દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા' નામના પરમ પવિત્ર ગ્રંથ તરફ તથા તે ગ્રંથના રચયિતા પ. પૂ. મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મ. તરફ પણ (આ ચોપડીને અભડાવી હોવાથી તે ચોપડી લેવાનું મન ન થવાથી) તિરસ્કાર બુદ્ધિ પેદા કરાવવાનું પાપ બાંધ્યુ છે. મારા મિત્રને આવે ઉકળાટ થયો. થાય પણ ખરો. પ્રસંગ જ એવો છે. અને યુવાની પણ છે ને ? મારે એને પાછો શાંત કરવો પડયો. હવે મને લખ્યું કે– રહસ્યનું ઉદ્ઘાટન કર્યા વગર મિત્રને શાંતિ નહિ વળે.

મેં કીધુ– એમણે જે લખ્યુ છે તે આમ તો બધું એને જ લાગુ પડે છે. બિચારા તેમણે કોઇ પ્રત્યેના વેરની ઊપડેલી ચળને શાંત કરવા લખાણ તો કર્યું પણ તેણે તો તેના ગુરૂ ઢાઢા, ગુરૂ દાદાના ય ગુરૂ અને દાદાના ય દાદ. ગુરૂને ચોખ્ખે ચોખ્ખા 'અસ્થિર મનના' કહી દીધા છે. (આટલું સાંભળતાં તો મિત્ર ચોકન્નો થયો. ખુશ-ખુશ થયેા. કેમ કે તેના શત્રુના દોષ ગવાતા હતા. પણ મેં તેના મનોભાવને જાણી આવી અધીરાઇ પાપ બંધાવનારી જણાવી. અને લેખકની દયા ખાવા વિચારવા કહ્યું કે– પોતાના જ સગા વડિલોને ભાંડવાની નીતિ પોતાનો જ બાબલો કરે ત્યારે જેવી દશા થાય તેવી આ દશા છે. માટે હે ભવિકજન ! તું દોષ સાંભળવા અધીરો ના બનીશ. જો ને હું પણ હસુ આવે તેવું નથી લખતો હું પણ ગંભીરતાથી જ લખું છું ને ? એટલે હવે ધીરજ રાખીને સાંભળ.

જો એ પુસ્તકના પૃ. નં. ૭૪ તથા ૭૫ ઉપર લખ્યુ છે કે **પૂનમ-અમાસની ક્ષય-વૃદ્ધિએ તેરસની ક્ષય-વૃદ્ધિ કરવા એ શાસ્ત્રનિષિદ્ધ છે એવી પોતાની માન્યતા હોવા છતાં પૂ. સ્વ. આચાર્ય વિજય રામચન્દ્રસૂરિ મહારાજે પણ વિ. સંવત ૨૦૨૦ થી ૨૦૪૭ સુધી એવી જે આચરણા કરી ને એ પૂર્વે તથા પછી એનાથી ભિન્ન આચરણા કરી, તો આ બેમાંથી કઇ આચરણા શાસ્ત્રસિદ્ધ ને કઇ શાસ્ત્રનિષિદ્ધ ? બેમાંથી એક તો શાસ્ત્રનિષિદ્ધ હશે જ ? એ અંગે એમને શાસ્ત્રપાઠ પૂછવા જોઇએ ? તથા, પહેલાં તેઓ જુદું કરતા હતા, હવે જુદુ કરે છે, અસ્થિર મનના છે... આવું બધું કહી શકાય ? તથા એ શાસ્ત્રનિષિદ્ધ આચરણા જે આચરી એ વિરાધના કરી એમ કહી શકાય ?**

'પણ એ તો અભિયોગ વગેરે પરિસ્થિતિવશાત્ એમણે એવી આચરણા કરવી પડેલી.'

આવું હે મિત્રરત્ન ! તેં આપેલા ફરફરિયામાં લખેલું છે હવે તું જ વિચારને કે આ બિચારા લેખક મહાશય કોને કોને ભાંડે છે ? જે પોતાના સગા ગુરૂ દાદાગુરૂ આદિની ચાર-ચાર પેઢીને ભાંડે તે બીજા મહાપુરૂષોને શા માટે છોડે ?

આપણે તો આપણા ગુરૂદેવ પૂ. સ્વ. આ. દે. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા કરતા તેઓશ્રીના પરમ ઉપકારી ગુરૂદેવશ્રી આ. દે. શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા કે પૂ. આ. દે. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના તથા ધર્મજિત-જયશેખર-સૂરીશ્વર શિષ્ય અભયશેખર વિજય ગણિ તે દરેકના અપ્રતિકાર્ય શ્રદ્ધેય મહાપુરૂષ છે તેમની સામે તથા અગણિત યુવા પ્રતિબોધક, રાત્રિના બે વાગે ઉઠીને ઉપાશ્રયમાં સૂતેલા કેટલાયે યુવાને વૈરાગ્ય જગાડી સાધુ પંથે ચડાવનાર પરમ વિરાગમૂર્તિ વર્ધમાન તપોમૂર્તિ પ. પૂ. આ. દે. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા માટે 'અસ્થિર મનના' શબ્દ પ્રયોગ કરવા બદલ આ લેખકને થોડી હિત-પ્રસાદી આપવી છે.

હે મિત્રરત્ન ! તું પેલો પૃ. ૭૪-૭૫ ઉપરનો ફકરો વાંચ. વાંચ્યો બરાબર. જો તેમાં એમ લખે છે કે- 'પૂનમ-અમાસની ક્ષય વૃદ્ધિએ તેરસની ક્ષય-વૃદ્ધિ કરવા એ શાસ્ત્ર નિષિદ્ધ છે એવી **પોતાની** માન્યતા હોવા છતાં.' હે ભવિકજનો ! આ માન્યતા પ. પૂ. આ. દે. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજીના પોતાના ઘરની ન હતી અને કે મોનો કક્કાય હતી તો શું પ. પૂ. સચ્ચારિત્ર ચૂડામણી પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા તથા પ. પૂ. વર્ધમાન તપોનિધિ પૂ. આ. દે. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા આ માન્યતા નહોતા માનતા ? શું તેઓ બીજી માન્યતા માનતા હતા ? તેઓશ્રી શાસ્ત્રવિરૂદ્ધ હતા ? હે ભવિજનો ! હે મિત્ર રત્ન ! એવા ભાંડચુનીતિ અપનાવનારા લેખકને જઈને સમજાવો કે લખતા ના આવડતું હોય તો ના લખો. હાથની ને પેટની ચળને દૂર કરવા આવા ધંધા શું માંડયા છે ? કોઇ તેને જઈને કહેજો, પણ શાંતિથી કહેજો હોં. (ગુસ્સો ન કરવાનું આપણે નક્કિ કર્યું છે ને એટલે હોં.)

હવે બીજી વાત-વિ.સં. ૨૦૨૦ નો પટ્ટક કોણે બનાવ્યો છે ? તે ખબર છે ને ? માત્ર સ્વ. પૂ. આ. દે. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના જ એ ગુરૂદેવ હતા કે પ. પૂ. વર્ધમાનતપોનિધિ આ. દે. શ્રી વિજય ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજાના પણ હતા ? તે પટ્ટક બનાવનાર મહાપુરૂષ પૂજ્ય સચ્ચારિત્ર ચૂડામણી આ. દે. શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા વિ.સં. ૨૦૨૦ નો પટ્ટક બનાવ્યા પહેલા જુદુ કરતા હતા પટ્ટક બનાવ્યા પછી ૨૦૨૪ સુધી જુદુ કર્યું માટે અસ્થિર મનના તે લેખકની ભાષામાં કહેવાયા કે નહિ ? પ. પૂ. વર્ધમાન તપોનિધિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્

વિજય ભુવનભાનુ સૂ. મ. વિ. સં. ૨૦૨૦ પહેલા જુદુ કરતા હતા, ૨૦૨૦ થી ૨૦૪૨ સુધી (કે ૨૦૪૪ સુધી) જુદુ કરતા હતા અને ૨૦૪૪ પછી સાવ જુદુ કરતા હતા તો તે હે ભવિકજનો ! આ સુસ્થિર મનવાળા લેખક મહાપુરૂષની દૃષ્ટિએ પૂ. વર્ધમાન તપોનિધિ અસ્થિર મનના કહેવાયા ને ?

'પ્રેમ ભુવનભાનુ-ધર્મજિત-જયશેખરસૂરીશ્વર શિષ્ય મુનિ અભયશેખરવિજય ગણિ.' આ નામમાં જેટલા પણ મહાપુરૂષો છે એ કરેકને આ જ લેખકે 'અસ્થિર મનના' કહ્યા કહેવાય કે નહિ ? હે ભવિકજનો ! હે મિત્રરત્ન ! તું પણ વિચારજે.

હે ભવિકજનો ! હે મહાજનો ! જ્યારે જ્યારે સંઘની છિન્ન-ભિન્ન દશા જોઇ આ ઉપર નામ લખ્યા તે કરેક મહાપુરૂષોની આંખો આંસુથી સૂકાઈ નથી ત્યારે ત્યારે આ મહાપુરૂષોએ એક વખત શાસ્ત્રને ગૌણ કરવું પડયું તો તે ગૌણ કરીને પણ રડતા હૈયે ૨૦૨૦ ના તથા ૨૦૪૨ ના તથા ૨૦૪૪ ના પટ્ટકનો સ્વીકાર કર્યો. એક માત્ર સંઘની એકતા ખાતર. (ના થઇ તે અલગ વાત છે) આ જુદી જુદી આચરણા આ લેખક અભયશેખર ગણિજીના સિદ્ધાંત મુજબ 'અસ્થિર મનના લોકોની પેઢાશ' છે તો તે 'અસ્થિર મનના' કોણ થયા ? ભવિકજનો ! વિચારો. અને આવા લેખકોને જ્ઞાનમાં ઠેકાણે લાવો. (શાંતિથી હોં. ક્રોધ ન કરશો.)

હે વહાલા સાધર્મિક ભાઇઓ-બહેનો ! આ લેખકને સ્વર્ગસ્થ આચાર્યદેવ શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. પ્રત્યે તેઓશ્રીના સ્વર્ગવાસ થયા પછી પણ કેટલો કાતિલ ક્રોધ ઇર્ષ્યા-વેર-ઝેર છે તે પૂ.શ્રીના સં. ૨૦૪૭ના કાળધર્મ પામ્યા પછી આ લેખકના સં. ૨૦૫૧માં છપાયેલા આ પુસ્તકમાં નજરોનજર દેખી શકાય છે. અને તે મહાપુરૂષ તરફના દ્વેષથી રીબાઇને લખતા લખતા તે તેમના જ પોતાના અને આપણા પણ પૂજ્ય મહાપુરૂષોને કેવા ભાંડે છે તે જુઓ. એને જઇને કહી દો કે તમને કોઇની પણ પ્રત્યે કંઇપણ વેરભાવ હોય તો છોડી દો. ભવ હારી જશો. સાધુપણું હારી જાઓ. લેવા દેવા વગરના. અને તમારા પૂર્વના કર્મથી તમે છોડી ના શકો તો પણ પરમ પૂજ્ય મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મ. જેવા મહાપુરૂષના ગ્રંથોમાં તમારી આભડછેટ લગાડી તે ગ્રંથોને કલંકિત કરવાના ધંધા છોડી દો.

અને હે ભવિકજનો ! તેમને જઇને કહો કે 'અસ્થિર મનના' લખ્યું છે તે બદલ માફી લેખિત આપે. અને તેમની તે કરેક ચોપડીમાં છપાવે.

ભદ્રંભદ્રની જાહેર ચેતવણી : ઠરાવ નં. ૧-હે ભવિકજનો ! જો આ લેખ પ્રગટ થયા પછી પેલા લેખક ગણિવરે પહેલા જુદું કરવું અને પછી જુદું કરવું આ તેમના માનેલા માનીતા સિદ્ધાંત મુજબ પ. પૂ. સચ્ચારિત્ર ચૂડામણિ કર્મસાહિત્ય નિષ્ણાંત પૂ.

આ. દેવ શ્રીમદ્ વિ. પ્રેમ સૂ. મ. તથા પરમ વિરાગમૂર્તિ પરમ વર્ધમાન તપોનિધિ પ. પૂ. આ. દેવ શ્રી વિજય ભુવનભાનુ સૂ. મ.ને (સ્પષ્ટ નામ લીધા વગર) તેઓશ્રી તરફ તથા ૨૦૨૦ થી ૨૦૪૭ સુધીના પૂજ્ય મહાપુરૂષોને 'અસ્થિર મનના' કહેવાનો નિંદનીય પ્રયાસ કર્યો છે તે બદલ તેમણે લેખિત ક્ષમાપના માંગવાની રહેશે.

ઠરાવ નં. ૨ : કોઇપણ ગ્રંથોમાં (જૈનોના કે જૈનતરોના) અંગત દ્વેષની કે અંગત ચર્ચાસ્પદ વિવાદાસ્પદ લખાણ કરવાની કોઇપણ લેખકને આથી મનાઇ ફરમાવવામાં આવે છે.

આ બે ય ઠરાવ કોઇપણ વ્યક્તિના વિરોધ વગર સર્વાનુમતે (હું એકલો જ છું માટે) પસાર થયેલ છે. જેની હે ભવિષ્યજનો ! નોંધ લેજો.

આટલું સચોટ તત્ત્વજ્ઞાન આપ્યા છતાં મારો મિત્ર મને કહે પણ-ભદ્રંભદ્ર ! તમે લેખકે જે પ. પૂ. સ્વર્ગસ્થ આ. દેવ શ્રી વિ. રામચંદ્ર સૂ. મ. માટે લખ્યું તેનું તો ખંડન ના કર્યું ?

મને આ પ્રશ્નથી મારા મિત્રની યાદશક્તિ તથા તર્કશક્તિ તરફ માન ઉત્પન્ન થયું. મેં તેને કીધું-ભલા મા'ણ ! આ વસ્તુ જ એવી છે ને કે મને ય અસ્થિર મનનો બનાવી દીધો. લેખકની જેમ પહેલા કરતા જુદું કર્યું ને એટલે. આમ તો મારી ભાવના અહીં જ 'કુવૃષ્ટિ ન્યાય' બતાવવાની હતી. અને શબ્દે શબ્દે કે લીટીએ લીટીએ સમીક્ષા કરવાની હતી. પણ અહીં માત્ર એટલું જ બતાવું કે-'પ.પૂ.સ્વર્ગસ્થ આ.દેવ શ્રીમદ્વિ. રામચંદ્રસૂરીશ્વરજી મ. એ તો સં. ૨૦૨૦નો પટ્ટક કર્યો હતો. તેમને તેઓશ્રીના ગુરૂદેવના અભિયોગના કારણે અપવાદ પદે સ્વીકારવો પડયો હતો. અને સં. ૨૦૨૪માં પૂ. ગુરૂદેવ સચ્ચારિત્ર ચૂડામણી પૂ. આ. દેવ શ્રી વિ. પ્રેમ સૂ. મ. સંભળાય છે કે તેઓશ્રીને કહેતા ગયા હતા કે-તારી વાત સાચી પડી. સંઘની કશી એકતા ના થઇ પણ હું તે પટ્ટક કાઢી નહિ શકું તું તે કાઢવા સમર્થ છે તો યોગ્ય સમયે કાઢી નાંખજે.'

આ ગુરૂવચનના આધારે ૨૦૨૦ના શાસ્ત્રવિરૂદ્ધ પટ્ટકનો ત્યાગ કરી પૂ. સ્વર્ગસ્થ આ. દેવ શ્રી વિ. રામચંદ્ર સૂ. મ. તો ૨૦૪૭ થી ફરી પાછા ૨૦૨૦ પૂર્વેના શાસ્ત્રીય માર્ગે જ આવી ગયા હતા.

પણ સં. ૨૦૨૦ના પટ્ટકનો બડિલને જાણ કર્યા વગર ત્યાગ કરીને સં. ૨૦૪૨ તથા સ. ૨૦૪૪ના ભિન્ન ભિન્ન પટ્ટકો સ્વીકારીને સં. ૨૦૨૦ની પૂર્વે જુદુ કરનાર, સં. ૨૦૨૦ થી ૨૦૪૨ સુધી જુદુ કરનાર, સં. ૨૦૪૨ થી સં. ૨૦૪૪ સુધી તેનાથી પણ જુદુ કરનાર અને સં. ૨૦૪૪ થી આજની ઘડી સુધી પૂર્વેની ઠરેઠ સાલ-સંવતથી સાવ જ જુદુ કરનારને (નામો લખવા માંડુ) કેવા ગણશો લેખક ગણિ મહાશય ? તમારો

નંબર શેમાં છે? અસ્થિરમાં કે અતિ અસ્થિર મનવાળામાં?'

અરે! ભદ્રંભદ્ર તમે તો બહુ હદ કરી નાંખી. મને ક્રોધ કરવાની ના પાડી ને તમે રાતા–પીળા થઇ ગયા. ખરૂ ખંડન કરી નાંખ્યું. પણ હે ભદ્રંભદ્ર તમને ખબર છે, આ લેખકે તો પોતાના જ લખાણમાં માફી માંગી લીધી છે, બિચારાએ! આવુ મારા મિત્રે ભદ્રંભદ્રને (મને) કહેતા તેમણે પૂછ્યું કયાં માફી માંગી છે બતાવો? અને માફી માંગી હોય તો ચોકકસ એ બિચારાને...હોસ્પિટલમાં દાખલ કરવા પડશે.

આવું મેં મારા મિત્રને પૂછતાં મારા મિત્રે મને કીધું કે–જુઓ હવે પછીનું પૃ. ૭૫ ઉપરનું લખાણ વાંચો. તેમાં તે લખે છે કે–

'છતાં, ચતુર્વિધ સંઘના એમને અનુસરનારા સભ્યોને પણ એ આચરણનું પ્રાયશ્ચિત કરાવવામાં નથી આવ્યું એ જણાવે છે કે એ આચરણા સામાન્યથી શાસ્ત્રનિષિદ્ધ હોવા છતાં વિરાધના રૂપ નહોતી, ને તેથી માર્ગરૂપ હતી.

સંવિગ્ન ગીતાર્થ મહાત્માઓ પણ પટ્ટક વગેરે દ્વારા જે ફેરફાર કરે છે તે દેશ–કાળાદિની પરિસ્થિતિવશાત્ જ કરે છે ને તેથી એવો ફેરફાર વિરાધના રૂપ ન બનતા માર્ગરૂપ જ બને છે એ સ્વીકારવું જોઇએ.'

બોલો, ભદ્રંભદ્ર! હવે આમાં તો ૨૦૨૦ થી ૨૦૪૭ની આચરણા માર્ગરૂપ જ બતાવીને, અને પહેલા અસ્થિર મનના કહીને પ. પૂ. સ્વ. આ. દેવ શ્રી વિ. રામચંદ્ર સૂ. મ.ને સંવિગ્ન ગીતાર્થ જ કહ્યા ને? માટે પ.પૂ. સ્વ. આ.દેવશ્રી વિ. રામચંદ્ર સૂ. મ. માટે જ આટલું સરસ લખીને તે લેખકે પોતાનો હૃદય પલ્ટો બતાવ્યો છે. ક્ષમાપના જ માંગી કહેવાય ને? તો હવે શું કરવા તે લેખક ઉપર ખિજાવું?

હે મિત્ર! તું (પક્ષદ્રોહી બન્યો છે. તે લેખકના પક્ષમાં ભળી ગયો છે. તું પણ અસ્થિર મનનો થઇ ગયો છે તેથી) હજી આવા હૃદય–પલ્ટાના વ્યામોહમાં તણાતો રહ્યો છે. પણ તારી ભૂલ છે. એ બિચારા લેખકે પ. પૂ. સ્વર્ગસ્થ મહાપુરૂષની આચરણાને (કે જેમણે શરૂ કરી નહોતી તેને) માર્ગરૂપ કહી છે તે તેના પેટમાં જે પાપ છે તે છતું કરે છે. તને ખબર છે, આ બિચારા લેખકે આચરણા માર્ગરૂપ કહી તે તેમના ૨૦૪૨ના અને ૨૦૪૪ના શાસ્ત્રવિરૂદ્ધ પટ્ટકને માર્ગરૂપ સાબિત કરવાની મેલી દાનતથી કહી છે. અને આ મેલી દાનતમાં તેમનો એક પાપનો ઘડો કુટી ગયો છે. અત્યાર સુધી તેમના પટ્ટકના ઠરાવને શાસ્ત્રસંમત સિદ્ધ કરવાના તેમણે ધમપછાડા કરેલા હવે તેમને બિચારાને (ભાન થયું) ખ્યાલ આવ્યો કે શાસ્ત્ર વિરૂદ્ધ જ આ ૨૦૪૨ અને ૨૦૪૪ નું

સંમેલન છે એટલે બચારાને લખવું પડયું કે શાસ્ત્રનિષિદ્ધ હોવા છતાં વિરાધના રૂપ નથી પણ માર્ગ રૂપ છે. (પણ તે લેખકને કહી આવ કે ૨૦૪૨ નું કે ૨૦૪૪ નું પટ્ટક માર્ગરૂપ બનશે જ નહિ. ૨૦૨૦ થી ૨૦૪૭ સુધીનું તે પહેલાનું અને પછીનું તો શાસ્ત્રસંમત જ હતું, છે અને રહેવાનું છે.)

કે મિત્ર ! હજુ કાન ખોલીને સાંભળી લે સં. ૨૦૨૦ના પટ્ટક પૂર્વે અને ૨૦૪૭ સુધી તથા ૨૦૪૭ પછી નું આચરણ કોઈપણ કાળે શાસ્ત્રનિષિદ્ધ હતું જ નહિં. આવું તો તે લેખકે જ કહી દીધું છે. પણ તે કહીને તે પોતાના ૨૦૪૨ ના કે ૨૦૪૪ ના પટ્ટકના પાપને, શાસ્ત્રવિરૂદ્ધ ચેષ્ટાને શાસ્ત્રસંમત કે માર્ગરૂપ ઠરાવી શકવાના જ નથી. અરે ! સાક્ષાત્ બ્રહ્માને નીચે ઉતારશે તો પણ નહિ.

હજી સાંભળી લે હે વહાલા મિત્ર ! અને હે ભવિકજનો કે–'પહેલા ૨૦૪૪ ના પટ્ટકને શાસ્ત્રસંમત કહેતા હતા તે હવે શાસ્ત્રનિષિદ્ધ કહેવાની બે મોઢાની વાત કરનાર અસ્થિર મનના છે કે નહિ ?

નંબર (૨) 'સંસારના સુખો માટે ધર્મ ન કરાય તો શું પાપ કરાય ?' આવું કહીને પાછળથી ફરી જઈને સંસારના સુખો માટે પણ ધર્મ કરવાની જુદી-જુદી વાતો કરનારા તેમના જ સિદ્ધાંત મુજબ અસ્થિર મનના મનાય કે નહિ ?

નં. ૩ : ૨૦૨૦ના પટ્ટક પહેલા જુદુ કરનાર, ૨૦૨૦ થી ૨૦૪૨ સુધી જુદુ કરનાર, ૨૦૪૨ થી ૨૦૪૪ સુધી જુદુ કરનાર અને ૨૦૪૪ થી આજની ઘડી સુધી જુદુ કરનારાઓના આ લેખકના સિદ્ધાંત મુજબ અસ્થિર મનના ગણાય કે નહિ ?

નં. ૪ : પહેલાં જેને અસ્થિર મનના કહ્યા અને પછી તેમને જ પોતાના પેટની પાપી દાનતથી સંવિગ્ન ગીતાર્થ કહેવા પડયા આમ હાથીના દાંત જેવા લખાણ કરનાર પોતાના જ માનીતા સિધ્ધાંત મુજબ અસ્થિર મનના ગણાય કે નહિ ?

અને અત્યંત મોસ્ટ ઈમ્પોર્ટન્ટ વાત. નં. ૫ : હે કલ્યાણ દોસ્ત ! પહેલાં તને ક્રોધ કરવાની ના પાડીને હવે હું ક્રોધ કરતો થયો આવી મારી બે ભિન્ન ભિન્ન અવસ્થાને પેલા લેખક મહાશયના સિધ્ધાંત મુજબ અસ્થિર મનની કક્ષા ગણાય કે નહિ ? (અસ્થિર મનના લેખકના સહચારનું આ પરિણામ છે હોં. હું કંઈ પાગલખાનામાં જવા લાયક નો ગણાઉ. કદાચ પાગલખાનામાં લઈ જશો તો ય ત્યાંના ડોક્ટરો ડાહ્યા હોવાથી તમને જ પાગલ ગણશે.)

અરે ! વાહ ! ભદ્રંભદ્ર ! તમે તો કમાલ કરી નાંખી. બસ હવે ઘણું થયું. મિત્રે આમ કીધું એટલે ફોરમમાં આવી ગયેલા ભદ્રંભદ્ર એવા મેં કહ્યું કે અરે ! જતા તા

કયાં ? હજી 'કુવૃષ્ટિ ન્યાય' પણ સાંભળતા જાવ.

કલ્યાણ મિત્રો મને–ભદ્રંભદ્રને અટકાવતાં કહ્યું–ભદ્રંભદ્ર ! કોઈપણના ખંડનની વૃત્તિથી કહેવું તે પણ પાપબંધનું કારણ છે. તમે આ અશુદ્ધ આશય હોય તો કાઢી નાંખજો.

કલ્યાણ મિત્રને મેં કહ્યું–યાર ! તું ય બી મારા શુદ્ધ આશયને સમજી ન શકયો તને સત્ય સમજાવવાનો જ એક માત્ર નિર્મળ આશય છે. ખંડન તો આપણે શું કરવાના હતા.

હાં તો જુઓ. એક ગામમાં એક નિમિત્તકે કહ્યું અહીં જે વરસાદ પડશે તેનું પાણી પીવાથી ગાંડા બની જવાશે. માટે તે પીવુ નહિ. આથી રાજાએ દરેકને સારા પાણીનો સંગ્રહ કરવા અને વરસાદનું પાણી ન પીવા કહ્યું. સમય થતાં કુવૃષ્ટિ થઇ શરૂમાં તો લોકોએ પાણી ના પીધું પણ સંગ્રહ ખાલી થતા તે પાણી પીવા લાગ્યા આથીત (રાજા–મંત્રી) સિવાય ગાંડા થઇ ગયા. તે બધાં ભેગા થઈને વિચારે છે કે રાજા અને મંત્રી આપણી જેમ ચેષ્ટા નથી કરતા માટે તે બન્ને ગાંડા છે.

(સંસારના સુખો માટે ધર્મનો ઉપદેશ નથી દેતા, ૨૦૪૨ કે ૨૯૪૪ ના પટ્ટકને શાસ્ત્રસંમત નથી કહેતા માટે રામ અને રામભકતો ગાંડા છે આવું જોડવું હોય તો જોડજો ફરજ નથી પાડતો)

માટે તે બન્નેને મારી નાંખીએ. મંત્રીને ખબર પડતાં રાજાને કહ્યું આપણે ગાંડાની સામે નકલી ગાંડા દેખાશું તો જ બચી શકીશું નહિતર આ બધા મારી નાંખશે.

(રામ કે રામભકતોને નકલી ગાંડા બનવાની જરૂર પડી જ નથી તે ધ્યાન રાખવું')

એટલે રાજા–મંત્રીને ગાંડા જેવી ચેષ્ટા કરતા જોઇને ગાંડાઓએ તેને ડાહ્યા ગણ્યા. રાજા–મંત્રીએ નાટક કરી જીવન બચાવ્યું. પછી તો સુકાળ થયો સુવૃષ્ટિ થઇ તેનું પાણી પીવાથી પેલા બધા ગાંડાઓ ડાહ્યા થઇ ગયા.

(હવે આપણે સુવૃષ્ટિ જલ્દી થાય તો સારૂ જેથી જેને જેને ગાંડપણ વળગ્યું હોય તે તેનું દૂર થઇ શકે.)

'બસ આ જ કુવૃષ્ટિ ન્યાય હતો. હે કલ્યાણ મિત્ર ! જા. હવે તું જઇ શકીશ. મેં તને આપેલો હિત સંદેશો બધે ફેલાવી શકીશ. જા મારા તને હૃદયપલટાના આશિર્વાદ છે. જાવ ફતેહ કરો. કોઇની સાથે ચડભડ નો કરવી હોં ! નહિં તો બે ચાર ખાવી પડશે. જો હું ભળ. આપણાથી ખોંખલી જેવો હોય ને તો દમદાટી દેવાની. અને શક્તિશાળી

હોય ને તો ચર્ચા જ નો કરતો. ગમે તે બહાનુ કાઢીને છટકી જજે. નહિ તો શક્તિશાળીની આગળ આપણું સત્ય કચડાઇ જશે. જો કે વિજય સત્યનો જ છે પણ મારા–મારી નો થાય ત્યાં સુધી. ટૂંકમાં પીઠ બતાવવાનો વારો નો આવે ઇ ધ્યાન રાખજે. અને જો એવું ય કદાચ થાય ને તો જાહેર કરી દેવું કે હું આપઘાત કરૂ છું અને તે વખતે બોલજે કે– હે ભવિકજનો ! હે ઇશ્વર ! આ સૃષ્ટિ પરનો એક ચમકતો સિતારો ના છૂટકે આપઘાત કરવા મજબૂર બન્યો છે. જીવવાની આશા ઘણી છે છતાં સત્ય શક્તિશાળીના હાથમાં કચડાઇ રહેલું મારાથી જોવાતું નથી. જો શક્તિશાળી લોકો મારી સાથે મારામારી કરવાના ના હોય તો મારે આપઘાત કરવાની જરૂર રહેશે નહિ. મને ડર માત્ર મારનો જ છે.”

મેં મિત્રને આટલી શિખામણ આપી તો તે જરા અકળાયો. મને કહે કે ભદ્રંભદ્ર ! હું તમારો જેમ કેસી નથી. હું તો મરીને પણ સત્યને જીવાડવા તૈયાર છું.” પછી મેં કીધું– હું પણ તારા સત્ત્વની પરીક્ષા જ કરતો હતો. જા બેટા તું પાસ થયો હવે વગર ડર્યે આગે કૂચ કરો. ફતેહ આગળ જ છે.

શિવાસ્તે પન્થાન સન્તુ.

મિત્ર આગળ ચાલ્યો. હું તેની શુરવીર ફતેહ ચાલને જોઇ રહ્યો. મને આવા મિત્ર માટે માન ઉત્પન્ન થતુ થતુ રહી ગયુ. કારણ કે મારો તે મેં શુરવીર માનેલો હતો તે મિત્ર ધોયેલા મૂળાની જેમ ગભરાયેલો હોય તેમ બેબાકળો થતો થતો દોડતો દોડતો પાછો મારી પાસે આવ્યો. મેં કીધુ–પધારો શુરવીરતાના માલિક ! પાછા કેમ આવ્યા ? મેં તો કીધેલું જ હતું કે એવું લાગે તો આપઘાત કરજે પણ પીઠ ના બતાવીશ.

મારો મિત્ર કહે પણ સાંભળો તો ખરા. હજી કોઇની સાથે ચર્ચા ય ચાલુ નથી કરી ને વગર વાંકે કે વગર કારણે આપઘાત શું કરૂં ? હું એક ખાસ પ્રશ્ન પૂછવા આવેલો કે “તિથિ એ સમાચારી છે કે સિધ્ધાંત ? તિથિની વાત સામાચારીના ગ્રંથોમાં આવે છે માટે તિથિ સમાચારી છે એવું તે લોકો કહે છે.

મેં કીધુ–મને ય હતું જ કે મારો મિત્ર મને આ પ્રશ્ન કેમ નથી કરતો ? હું સમજતો હતો કે તને આનો જવાબ આવડતો હશે. એટલે મેં હાથે કરીને તે ઉભેળીને તને અજ્ઞાનમાં બચાવવું સારૂના સમજ્યો.

હવે મારા પ્રશ્નનો જવાબ આપોને યાર જલ્દી. મિત્રએ અધીરાઇ બતાવી. મને પણ જો કે મુંઝવણ તો હતી જ પછી તો રસ્તો સૂઝયો મેં મારા મિત્રને એક તર્ક આપ્યો.

જો સામાચારીના ગ્રંથોમાં આવતી હોવાથી તિથિ એ સામાચારી છે, તો પછી કેળું, મરચું, અને દૂધી, ભજીયામાં આવતા હોવાથી કેળા આદિ ભજીયા રૂપ છે. પણ લીલોતરી નથી. કેમકે ભજીયું લીલોતરી નથી.'

મેં આ દલીલ આપી એટલે બુદ્ધિશાળી મિત્રને કીધું પણ કેળા, મરચા દૂધી તો લારીમાં પણ આવે છે તો શું તે બધાંને લારી સમજવી ? મેં કીધુ– ગાભા જેવા ! બહુ ઊંડો ઉતરમા. નક્કામી ફજેતી કરીશ મારી, લેવા દેવા વગરની કયાંક. 'જે વસ્તુ જેમાં આવે તેને તેવી સમજવી' આવો પેલા અસ્થિર મનના લેખકનો સિદ્ધાંત તારે પકડી જ રાખવો. ભૂલે ચૂકે ય છોડીશ મા. કેળાને ભજીયું પણ કહેવાય અને લારી પણ કહેવાય ડર્યા વગર કહી દેજે તું તારે હું કહું છું ને. જા મુંઆ મા.

પણ તિથિ એ સામાચારી ગ્રંથો સિવાય ક્યાં ય નથી આવતી ? મારા મિત્રે મને પાછો પૂછીને ઉશ્કેર્યો. એક તો મને હમણાં બરાબર જવાબ આવડતો નથી ને આ બબુચક જેવો પૂછ્યા જ કરે છે. એ ય પાછા ગંભીર પ્રશ્નો પૂછે છે. મને આવડે એવું એણે મને પૂછવું જોઇએ ને ? ખાલી પીલી વગર લેવા દેવાનો મને દાઝ ચડાવે છે. (કોઇને જવાબ ન આવડે ત્યારે તેમની આ જ દશા થતી હોય છે. મારા જેવી જ)

મેં કીધું શ્રાદ્ધવિધિ, શ્રાધ્ધદિનકૃત્ય આદિ સિદ્ધાન્ત ગ્રંથો છે. તત્ત્વ તરંગિણી આદિ પણ સિદ્ધાંત ગ્રંથો જ છે અને તેમાં પણ તિથિની વાતો આવે જ છે. અને ભગવતી સૂત્ર વિ. પણ આવે છે.

મિત્ર કહે તમને પાક્કો ખ્યાલ છે ને ?

મને હસવું પણ આવ્યું. મેં કીધુ– હે મિત્ર ! તારી આ પ્રશ્નોત્તરી થી કયાંક હું અસ્થિર મનનો બની જઇશ. પણ તારે ય શું કામ જાણવું છે કે તિથિ સામાચારી છે કે સિદ્ધાંત છે ? ભલેને એ લોઢો તિથિને સામાચારી કહે તારૂ શું બગડી ગયું ?

મિત્ર કહે તે લોઢો સામાચારી કહીને સામાચારી ફરી શકે છે માટે તિથિ સામાચારી હોવાથી ફેરવી શકાય આવું સિદ્ધ કરવા મથે છે.

શું વાત છે ? તો તો જુલમ થયો કે'વાય. હવે મને તારા પ્રશ્નોમાં રસ પડ્યો. ન જ ચાલે તેમની મનઘડંત વાતોને હું એક સેકંડ પણ હવે તો સાંખી નહિ શકું. તિથિનો ફેરફાર કરવા માગે છે તે લોઢો ? અને તિથિને સામાચારીના નામે વગોવીને ? નહિ હરગીજ નહિ બને. તું ચાર આટલો બધો ગંભીર પ્રશ્ન કરે છે તે તો મને હવે જ સમજાણું. જો હવે ધ્યાન રાખજે મિત્ર ! હું તને તેમની માન્યતાના કુરચે કુરચા ઉડાડી મૂકે તેવા જવાબો શીખવાડી રાખું છું. બરાબર ગોખી લે જે.

જો તિથિ સામાચારી હોય ને સિદ્ધાંત ન હોય તો જ્યારે પૂ. કાલકસૂરીશ્વરજી મહારાજાને પેલા રાજાએ પાંચમનો વસંતોત્સવ હોવાથી સંવત્સરી છઠ્ઠના રાખો એમ કીધું તો તે આચાર્ય ભગવંતે શું કીધું તે ભાન છે, તે લોકોને ? તે ભગવંતે કહેલુ કે રાજન્ ! પાંચમ તિથિ ઓળંગાય નહિ આવો સિદ્ધાંત છે માટે છઠ્ઠની સંવત્સરી નહિ રહી શકે પરંતુ ચોથની થઈ શકશે. માટે ચોથની સંવત્સરી કરાશે આ આચાર્ય ભગવંતે છઠ્ઠની કેમ ના કરી ? તિથિ સામાચારી છે તો છઠ્ઠ કરી હોત ને ? કેમ ના કરી ? કહેજો એ લોકોને અને અંતરા વિ સે કપ્પઇ = તિથિની આરાધના અંદર પણ કરી શકાય છે. અર્થાત્ ત્યારે પાંચમની સંવત્સરી થતી હતી માટે કાં પાંચમ કાં પાંચમની અંદર ચોથની કરી શકાય તેમ કલ્પસૂત્રનો જ શાસ્ત્રપાઠ છે, સિદ્ધાંત છે, આ કંઈ સામાચારી નથી. હવે કદાચ કોઇ એવો સમય આવી લાગે તો ચોથની પાંચમ તો કોઇ કાળે જ ના થઇ શકે. હા ચોથ કે ચોથની અંદર ત્રીજની સંવત્સરી કરવા બધા નક્કિ કરે તો તે થઇ શકે. પાંચમની તો હરગીજ નહિ.

બીજું હે મિત્ર ! આમ નજીક આપ. જો કોઇ વધારે લપલપ કરે ને તો કહેજો કે આપના ગુરૂદેવની સ્વર્ગતિથિ પણ તમારી માન્યતા મુજબ સામાચારી જ છે તો હવે કોઇ ચૌદશના દિવસે નહિ જ ઉજવો ને ? તમારી દીક્ષાતિથિએ ઉપવાસાદિ વિશિષ્ટ તપ-પૂજા–આંગી તમારી દીક્ષા તિથિના દિવસે જ કરાવશો એવું નહિ ને ? આ તો તર્ક છે હો જોજે પાછો તું આને સિધ્ધાંત માની ના લઇશ. અને એક બીજી અત્યંત અગત્યની બાનગી વાત કે જો તિથિ તમારા મત મુજબ સામાચારી જ છે તો પર્વતિથિ બે ન જ હોય, પર્વતિથિનો ક્ષય ન હોય, આ શી બધી બબાલ છે ? ભળી જાવ ને શાણા થઇને અમારી ભેળા. તમારે તો તિથિનો ફેરફાર કરી શકાય છે. સંઘમાં કુસંપની ગાંઠો દૂર કરવાનો યશ લાભ થશે. અને કદાગ્રહથી દૂર થવાશે. આમે ય તમારી માન્યતાઓ તો ખોટી જ છે. પણ એ ચર્ચામાં હાલ ના ઉતરીએ તો ય તમે તો એકતાવાદી છો. અમે એકલતાવાદી છીએ. તો તમારો મમતાગ્રહ, મતાગ્રહ, કદાગ્રહ, હઠાગ્રહ, પૂર્વગ્રહ છોડી ભળી જાવ અમારી હારે. કોઇનાથી ડરવાની તમારે જરૂર નથી. આમ તો એકતા માટેની બાંગો પોકરાય છે અને ફાગણ સુદ ૧૩ વખતે શનિવારે જ જવાનું શુક્રવારે નહિ' આવી કદાગ્રહી ભાવના કયાંથી જન્મી ગઇ ? હે મિત્ર તથા ભવિકજનો ! આ એકતાવાદીઓની આ જ ઓળખ છે.

અને એક બીજી પણ અત્યંત અગત્યની વાત સમજતો જા મિત્ર ! કે જો, તિથિ સામાચારી જ છે તો ૨૦૨૦ ના પટ્ટકથી ૨૦૪૭ સુધીની તેની પહેલાની તથા પછીની વાતને આ અસ્થિર મનના લેખકે તે વાત શાસ્ત્રનિષિદ્ધ છે કે શાસ્ત્રવિહિત છે ? આવી

ઉખેળવાની દુષ્ટ ચેષ્ટા શી રીતે કરી ? પૂછજે, આ બધુ તે મહાપુરૂષોને. તું તારે હું કહું છું ને ? જા, મિત્ર ! તારો પંથ સદા ઉજમાળ બનો ! આ જ રસ્તેથી તારી વિજય યાત્રા હું કઢાવીશ. કોઇ નહિ આવે તો હું તો તે યાત્રામાં જોડાઇશ જ. ભલે કે તારે તો તારૂં શરીર પણ તારી સાથે નથી આવવાનું તેવી જ ભાવના ભાવવી. રમે આવીએ તે જુદી વાત છે.

હવે એક મારે તને કહેવાની હતી તે વાત ભૂલાઇ ગયેલી યાદ આવી ગઇ તે કહી દઉ—એ અસ્થિર મનના લેખકે જે એમ લખ્યું છે ને કે-૨૦૨૦ થી ૨૦૪૭ સુધી એવી જે આચરણા કરી ને એ પૂર્વે તથા પછી એનાથી ભિન્ન આચરણા કરી, તો આ બેમાંથી કઇ આચરણા શાસ્ત્રસિધ્ધ ને કઇ શાસ્ત્રનિષિધ્ધ ? બેમાંથી એક તો શાસ્ત્રનિષિધ્ધ હશે જ ? એ અંગે એમને શાસ્ત્રપાઠ પૂછવા જોઇએ ?'

આવું લખ્યું છે તેના જવાબ બરાબરના સણસણતા દેજે કે—૨૦૨૦ થી ૨૦૪૭ સુધીની તો તમે જ માર્ગરૂપ કહી છે માટે તે તો સ્પષ્ટ છે. અને ૨૦૪૭ પછી ૨૦૨૦ પૂર્વે જે તમારા શ્રધ્ધેય પરમ ઉપકારી મહાપુરૂષો કરતા હતા તે જ તેમણે કર્યું છે એટલે એ બંને આચરણા શાસ્ત્રાસિધ્ધ જ હતી, છે અને રહેશે.

હે મિત્ર ! એ લેખક મહાશયને કહેજે—શાસ્ત્રપાઠ તો ૨૦૪૨ પછી ૨૦૪૪ સુધી અને ૨૦૪૪ પછીથી આજ સુધી બધા નવા નવા અસ્થિર વિચારોનો અમલ કરનારા પાસે માંગો.

અને હે મિત્ર ! આ વસ્તુઓનો એટલો સુંદર પ્રચાર કરજે કે જેથી ભવિકજનો આવી જાળમાં ફસાતા બચે. મહાપુરૂષોને આ સાધુ ગાળો દેનાર છે એવું લોકોને તેના જ લખાણથી સ્પષ્ટ રીતે સમજાવજે. અને અધૂરા-અધૂરા વાકયો લેનારા તરીકે આને ઠેક-ઠેકાણે જાહેર કરજે.

હે ભવિકજનો ! આવા અસ્થિર મનના લેખકથી સાવધાન રહેજો. માનવજનમ બગાડવો ના હોય તો, હોં લો. પછી તો તમારી જેવી મરજી.

(અનુ. ટા. ૨ નું ચાલુ)

હશે તો સંસ્થાને તે દિવસે જ નાણાં ઉપયોગમાં આવી શકે. આ રકમ કાયમી રાખી તેનું વ્યાજ વપરાશે. સકલ સંઘને લાભ લેવા વિનંતી છે. ચેક-ડ્રાફટ આ સરનામે મોકલી શકાશે. **પટના ગ્રુપ ઓફ શ્વેતાંબર ટેમ્પલ કમિટિ, પારસનાથપથ,** પોસ્ટ : **પટના સિટિ-બાકરગંજ** બંનેનો સામુદાયિક રથયાત્રાનો વરઘોડા ભા. સુદ ૧૨ નીકળેલ. નવકારશી સાધર્મિક વાત્સલ્ય થયેલ. વરઘોડાની ઉપજ સુંદર થઇ પટના સિટીમાં સુંદર પાઠશાળા કર રવિવારે નિયમિત ચાલુ થઇ ગઇ છે.

જણાવવું. પરંતુ એ માટે "ગાય–ભેંસ વગેરેનું પાલન કરવું, એમાં ઘણા ફાયદા છે. ગોરક્ષાર્થ અનેક લાભો છે, ગોબરમાં થી દૂધ પીવા મળે, શરીરનું આરોગ્ય સારૂં રહે"... વગેરે સાવદ્ય નહિ જણાવવું. વિધિનો ઉપદેશ આપવો; અવિધિનો નિષેધ ફરમાવવો પરન્તુ એ કરતાં પહેલાં વિધિ–અવિધિનું સર્વાંગીણ જ્ઞાન પ્રાપ્ત કરી લેવું જોઇએ અવિધિને જાણ્યા વિના અવિધિનો નિષેધ સાવદ્ય જ ગણાય.

વિધિના જ્ઞાન વગર વિધિમાર્ગનું સ્થાપના કરતાં વિનાયકની સ્થાપનાના બદલે વાનરની સ્થાપના થઇ જાય. આજથી સો વર્ષ પૂર્વેની સ્થિતિ કરતાં આજની સ્થિતિ ચિન્તાજનક છે– એની ના નહિ. પરંતુ એની પાછળ મુખ્યત્વે કાલબળ અને એના યોગે જ પેદા થયેલાં અનેક કારણ છે. "સાધુઓ દ્વારા સુવ્યવસ્થાની થતી ઉપેક્ષા" થી આ પરિસ્થિતિ બગડી નથી. કેટલાક સાધુઓએ "સુવ્યવસ્થાની ચિંતા" કરવા માંડી– એ આ પડતા કાલનો પ્રભાવ છે. અનિવાર્ય હિંસા એ અમર્યાદહિંસાનો વિકલ્પ નથી. શ્રી વીતરાગ પરમાત્માની પરમતારક આજ્ઞા પ્રત્યેની અગાધ શ્રદ્ધા એ એક માત્ર વિકલ્પ છે. (ક્રમશઃ)

સોના કણ :– –પૂ. આ. શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ.

મંગલ કામ કર્યા કરે અને મન ન કરે, મદદે આવે અને મૌન રાખે. મન શુધ્ધ કરે તે સારો માનવી બની શકે છે.

પાપનો ભય તેનું નામ પરિણતિ.

ગમે તે નિર્દોષ વસ્તુ ચાલશે. ગમે તે નિર્દોષ કામ બનશે. ગમે તે પ્રતિકૂળ સમયમાં ફાવશે. ગમે તે વ્યક્તિ ગમશે. આવા માણસ સદા સુખી રહેશે.

દેવ ભવ સુખ પ્રધાન છે. નારક ભવ દુઃખ પ્રધાન છે. તિર્યંચ ભવ સંજ્ઞા પ્રધાન છે. મનુષ્ય ભવ આજ્ઞા પ્રધાન બને તો સફળ બને તેમ છે નહીં તો ભયાનક ભવોની પરંપરા અને દુઃખોના ડુંગરો, લખાયેલા છે.

માનવનો ઉંધો અક્ષર વનમા થાય છે. વનમાં જતાં નહીં. એટલવન પહેલા ત્યાગ જીવન સંયમ–જીવન અથવા વાનપ્રસ્થાશ્રમ સેવે તે માનવ છે.

જ્યાં સુધી તમારામાં કર્મ છે ત્યાં સુધી શરીર રૂપી જેલમાં બેસવું પડે છે. જ્યાં સુધી માચીસમાં જવાળાની શક્તિ છે ત્યાં સુધી તેને પેટીમાં પુરાવું પડે છે. જ્યાં સુધી દુન્યર્વ સામગ્રીમાં રાગ છે ત્યાં સુધી તેને ભય રહેલો છે. જ્યાં રાગની આગ ન હોય પછી જન્મ–જરા–મરણ–બંધ–કાણ–મોંઢાણ–ઠાઠ–માઠ અને ઠાઠડીઓ સદા માટે બંધ,

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



* આ સંસારના સુખના ભિખારી કદી જૈન બની શકે નહિ.
* સાધુને જોઇ સાધુ થવાનું મન ન થાય અને શ્રીમંતને જોઇને શ્રીમંત થવાનું મન થાય તે મિથ્યાદૃષ્ટિ હોય કે સમકિતી ?
* જેને દુર્ગતિનો ભય ન હોય અને ધર્મસાધક સદ્ગતિનો પણ ખપ ન હોય તે ધર્માત્મા જ નહિ ?
* અધર્મ માત્રનો ત્યાગ અને સદ્ધર્મનો આદર તે જ સાચા સુખી થવાનો રાજમાર્ગ !
* સાધુપણું એટલે બિલકુલ પરતંત્ર જીવન અને સ્વતંત્રતાનો સાચો સ્વાદ અનુભવાવનારું જીવન !
* દુનિયાના સુખી થવાની લાલસા ભૂંડી, સારા થવાની ઇચ્છા સારી. સારા થવા ઇચ્છે તેને જ મોક્ષ મળે દુનિયાના સુખે સુખી થવા ઇચ્છે તેને મોક્ષ મળે જ નહિ !
* મોક્ષના સાધકે સમજવું પડશે કે, મન, વચન, કાયાને યથેચ્છ પ્રવર્તાવા અને મોક્ષમાર્ગની આરાધના કરવી એ અશક્ય છે.
* હિંસાદિ આશ્રવો જેમ સ્વ માટે પાપકારી છે તેમ પર માટે કરાતા સેવાતા આશ્રવો પણ પાપરૂપ છે. જે પ્રવૃત્તિથી હિંસાદિ પુષ્ટિ પામે, જનતા એ માર્ગે જોડાય, પરિણામે એમાં રક્ત થાય, તે તમામ ક્રિયાઓ આશ્રવ લાવનારી છે.
* અહીં કેવળ કુલ, જાતિ કે નામની પૂજા નથી, યોગ્યતાની પૂજા છે.
o આત્માની દબાઇ ગયેલી અનંત શક્તિને પ્રગટાવવા માટે ધર્મક્રિયાઓ છે.
o ખરેખર જે આત્માને માનતો હોય તેને આત્માની કિંમત વધારે હોય કે શરીરની કિંમત વધારે હોય ?

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

Received

નમો ચઉવિસાએ તિત્થયરાણ ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

વર્ષ : ૧૦ અંક : ૧૧+૧૨

જૈનધર્મની પ્રાણીકથાઓ

૧૦ માં વર્ષનો વિશેષાંક

પરમ ઉપકારી પૂજ્ય ગુરૂદેવ શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજના ઉપદેશથી સ્વ. શાહ ધરમશી નથુભાઇ (કાનાલુંણ-હાલાર) તથા તેમના પૌત્ર સ્વ. ચન્દ્રકાન્તભાઇ તથા સ્વ. નરેન્દ્ર ભાઇ જુઠાલાલભાઇના શ્રેયાર્થે શ્રીમતી પાનીબેન ધરમશી તથા શાહ જુઠાલાલ ધરમશી તથા શ્રીમતી યશોદાબેન જુઠાલાલ શાહ પરિવારની શુભેચ્છા..

14, WHITTINGTON WAY
PINNER MIDDX LONDON
HA5 6UT (U.K.)

ભારતદેશો ગરક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
દ્વારા મુબઇ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનુ પત્ર.

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
ચુનીલાલ મોહનલાલ ગુજરાતી
(મુંબઇ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ
(રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ
(વડોદરા)
ચીમનલાલ પ્રેમચંદ ગુજરાતી
(થરાદગઢ)

વર્ષ : ૧] ૨૦૫૩ આસો વદ-૧૨ મંગળવાર તા. ૨૮-૧૦-૯૭ [અંક : ૧૧+૧૨

ભવ્યાત્મા ચંડકૌશિક

-પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

(પતન અને પુનરુત્થાન ભા. ૧ માં સાભાર સંકલિત)

અનંત ઉપકારી ભગવાન શ્રી મહાવીર પરમાત્માના શ્રીમુખેથી, પ્રશમભાવને પામવાનો જે સદુપદેશ, તેને સાંભળીને પ્રતિબોધને પામેલો ચંડકૌશિક નામના દૃષ્ટિવિષ સર્પનો જે જીવ, તેના વૃતાન્તને વાંચવાનો આજથી આરંભ કરાય છે. ચંડકૌશિકના પ્રતિબોધને પ્રસંગ એ, ભગવાન શ્રી મહાવીર પરમાત્માએ પોતાના ચારે ય ઘાતી કર્મોને સર્વ પ્રકારે ક્ષીણ કરીને કેવલજ્ઞાનને પ્રગટાવ્યું, તે પછીનો બનેલો પ્રસંગ નથી. પરન્તુ તે પૂર્વે બનેલો પ્રસંગ છે. અનન્ત લબ્ધિનિધાન ગણધર ભગવાન શ્રીમાન્ ગૌતમસ્વામિજી મહારાજા આદિ જે કોઈ પુણ્યાત્માઓ, ભગવાન શ્રી મહાવીર પરમાત્માથી પ્રતિબોધને પામ્યા, તેઓ બધા ભગવાન શ્રી મહાવીર પરમાત્માએ પોતાના કેવળજ્ઞાનને પ્રગટાવ્યા બાદ જ પ્રતિબોધને પામેલા છે; જ્યારે ભવ્યાત્મા ચંડકૌશિકનો આત્મા તો, એવો ભાગ્યશાલી કે- ભગવાન શ્રી મહાવીર પરમાત્માની છદ્મસ્થાવસ્થામાં જ, એ, એ તારકથી પ્રતિબોધને પામ્યો. ચણ્ડકૌશિકને માટે, આ જેમ એક વિશિષ્ટતા છે, તેમ એ પણ એક વિશિષ્ટતા છે કે- તિર્યંચાવસ્થામાં રહેલો એ, પ્રતિબોધ પામે એવો છે- એવું જાણીને, એને પ્રતિબોધવાને માટે ખુદ ભગવાન છદ્મસ્થાવસ્થામાં એના સ્થાને પધાર્યા; અને, એ સંયોગોમાં એ પ્રતિબોધને પામ્યો છે. **ભગવાન શ્રી જિનેશ્વર દેવોથી પ્રતિબોધને પામનારા પુણ્યાત્માઓમાં, એવા પણ સંખ્યાબંધ આત્માઓ હોય છે, કે જે આત્માઓ તે સમયે તિર્યંચગતિના**

આયુષ્યને ભોગવી રહ્યા હોય : એટલે ચણ્ડકૌશિકનો જીવ તિર્યંચાવસ્થામાં પ્રતિબોધને પામ્યો – એ કોઇ વિશિષ્ટ બાબત નથી; પરન્તુ, તિર્યંચાવસ્થામાં રહેલા એવા પણ ચણ્ડકૌશિકના પ્રતિબોધમાં જેવું બન્યું છે, તેવું તો ભાગ્યે જ બને. કારણ કે– ભગવાન ખુદ છદ્મસ્થાવસ્થામાં છે અને એ વખતે ચણ્ડકૌશિક ભારે હિંસક ધ્યાનમાં તત્પર છે; છતાં પણ, એ તારકને લાવ્યું છે કે–'ચણ્ડ કૌશિક ભવ્યાત્મા છે અને પ્રતિબોધને પામવાની લાયકાતવાળો હોઇને પ્રતિબોધને પામવાને છે.' પોતાના જ્ઞાનબળે આવું જાણીને જ, ભગવાન ચણ્ડકૌશિક સર્પનો જ્યાં મારે ભય પ્રવર્તતો હતો, ત્યાં પધાર્યા હતા. તિર્યંચગતિમાં રહેલો જીવ અને તિર્યંચગતિમાં પણ ઉત્કટ કોટિના કષાયાવેશમાં રહેલો જીવ, છદ્મસ્થ એવા પણ ભગવાનની જ્ઞાનદૃષ્ટિમાં આવી રીતિએ વ્યક્તિગતપણે આવે અને ખુદ ભગવાન એને પ્રતિબોધ પમાડવાની અપેક્ષા રાખીને પધર્તે, આ કેવી અને કેટલી બધી અસાધારણ બાબત છે, એ ખાસ વિચારવા જેવું છે ને ?

તમને લાગે છે ને કે– ચણ્ડકૌશિકનો જીવ ભારે નશીબદાર હશે ? એ જીવને જેવી અવસ્થામાં ભગવાનનો યોગ મળ્યો, તેવી અવસ્થામાં ભગવાનનો યોગ મળવો, એ જ પહેલાં તો બહુ મુશ્કેલ; અને, એવી અવસ્થામાં કદાચ ભગવાનનો યોગ મળી પણ જાય, તો પણ એ યોગ ફળવો– આ તો વળી એથી પણ અધિક મુશ્કેલ ! પણ ભગવાન 'પરકાર્યકરણરસિક' અનેક ચણ્ડકૌશિકનો જીવ, ખૂબ ખરાબે ચઢી ગયેલો હોવા છતાં પણ 'બહુ લાયક !' એથી જ, એ સુયોગ સફળ નીવડ્યો ચણ્ડકૌશિકના પ્રતિબોધના પ્રસંગમાં, ભગવાનની પરકાર્યકરણની રસિકતાનો અને ચણ્ડકૌશિકના જીવની ઊંચી કોટિની લાયકાતનો તથા તેની સુંદર ભવિતવ્યતાનો સુમેળ દેખાઇ આવે છે.

એટલે, જે સમયે ભગવાન શ્રી વર્ધમાન સ્વામિજીએ કનકખલ નામના આશ્રમનાં પ્રદેશમાં પ્રવેશ કર્યો, તે સમયે તેઓ ચાર જ્ઞાનના સ્વામી હતા. ચારજ્ઞાનના સ્વામી એવા ભગવાન શ્રી વર્ધમાન સ્વામિજી જાણે છે કે–'આ ગોવાળિયાઓ જે દૃષ્ટિવિષ સર્પની વાત કરે છે, તે સર્પનો જીવ ભવ્ય છે અને પ્રતિબોધને પામે એવો પણ એ છે, એટલે એ જીવ પ્રતિબોધ પામવાનો છે.' એટલે જ, ચરિત્રકાર પરમર્ષિ ફરમાવે છે કે– ચણ્ડકૌશિક એ ભવ્યાત્મા છે અને પ્રતિબોધને પામવાને છે, એવું જાણનારા ભગવાન શ્રી વર્ધમાન સ્વામિજી, ગોવાળિયાઓએ વારવા છતાં પણ, **'પરકજકરણરસિયત્તણેણ'** પારકાનું કાર્ય કરવાના રસિકપણાને લીધે, કનકખલ નામના આશ્રમપ્રદેશમાં પધાર્યા; અને, એ આશ્રમે પહોંચીને, ત્યાં એક યક્ષાયતનનો જે

મંડપ હતો, તે મંડપમાં ચણ્ડકૌશિક સર્પને પ્રતિબોધ પમાડવાને માટે, ભગવાન કાયોત્સર્ગે રહ્યા. આટલું વર્ણન કર્યા પછીથી, **'કો પુણ એસ સપ્પો પુવ્વભવે આસિત્તિ ?, નિસામેહ–'** પૂર્વભવે આ સર્પ કોણ હતો, તે સાંભળો–એમ કહીને, ચણ્ડકૌશિક સર્પના પૂર્વભવોના વૃત્તાન્તને વર્ણવવાનું ચરિત્રકાર પરમર્ષિએ શરૂ કરેલું છે. અહીં, ચરિત્રકાર પરમર્ષિએ, ચણ્ડકૌશિકના પૂર્વભવોના વૃત્તાન્તને વર્ણવવો શરૂ કરતાં પહેલાં, વચમાં, કનકખલ નામના તે આશ્રમનું જે વર્ણન કરેલું છે, એ વર્ણનમાં કવિકલ્પના રૂપે ચરિત્રકાર પરમર્ષિએ એવી વાત પણ કહી છે કે–એ આશ્રમ સ્થાનમાં જે વૃક્ષો હતાં તે વૃક્ષો, પવનથી પ્રકમ્પિત બનેલાં પોતાનાં પલ્લવો રૂપી હાથો દ્વારા, આવી રહેલા ભગવાનને 'આવો નહિ, આવો નહિ'–એમ કહેતાં હતાં અને પક્ષિઓ જે કલરવ કરતાં હતાં, તે કલરવથી પક્ષિઓ પણ ભગવાનને દૃષ્ટિવિષ સર્પના ભયને કહેતાં હતાં. કનકખલ આશ્રમનું સ્થાન કેટલું બધું ભયંકર બની ગયું હતું, તેની કલ્પના આ વર્ણનથી પણ આવે તેમ છે. એવા પણ આશ્રમસ્થાનમાં, ભગવાન, પરોપકારરસિકપણાને લીધે, એ સર્પને પ્રતિબોધ પમાડવાને માટે પધાર્યા.

આ પરોપકાર-રસિકપણું, એ કેવી મોટી વસ્તુ છે ? ભગવાન જ્ઞાની પણ છે, પરોપકારરસિક પણ છે અને સમર્થ પણ છે. માટે જ ભગવાન એ માર્ગે પધાર્યા. બીજાઓએ ય આમ જ કરવું જોઇએ–એવું કહેવાય નહિ, કેમ કે–જ્ઞાની અને પરોપકારરસિક હોવા છતાં પણ, જો તેવા પ્રકારનું સામર્થ્ય ન હોય, તો પાછા ય વળવું પડે. ભગવાન જાણે છે કે–ચણ્ડકૌશિકનો ઉપદ્રવ કેટલો બધો ભયંકર કોટિનો છે, પણ 'એ જીવ ભવ્ય છે અને પ્રતિબોધ પામે એવો છે,– એ વાતને જાણ્યા પછી આત્મામાં રહેલું પરોપકારરસિકપણું ઉછાળો માર્યા વિના રહેતું નથી. એમ થઇ જાય છે કે– એના અપકારને વેઠી લઇને પણ, એના ઉપર ઉપકાર કરવો છે. પોતે જાણે છે કે– પોતે ઉપકાર કરી શકે તેમ છે. શક્તિ સંપન્ન માટે આ વાત છે. જેનામાં શક્તિ ના હોય, તેના હૈયામાં પરોપકારનો ચાહે તેવો ભાવ પેદા થાય, તો ય તે કરી શું શકે ? પણ, એવા વખતે, એને પોતાના અસામર્થ્યના કારણે પરોપકારની તકને જતી કરવી પડે, તો એ વસ્તુ એને સાલે તો ખરી ને ? જેના હૈયામાં પરોપકારનો ભાવ પ્રગટ્યા હોય, તેને જ આ વાતની ખરેખરી ગમ પડે ને ? જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી તો, પરોપકાર કર્યા વિના જે રહેતો જ ન હોય, તેને જ જ્યારે તે પોતાના અસામર્થ્યના કારણે પરોપકાર કરી શકે નહિ, ત્યારે પોતાનું તેવું અસામર્થ્ય ખટકે ને ? અને, એ અસામર્થ્યને ટાળીને સામર્થ્યને પ્રગટાવવાનું મન

પણ તેને જ થાય ને? જો આ રીતિએ પણ અસામર્થ્યને પ્રગટાવવાનું મન થાય, તો એથી પણ આરાધનાના ભાવમાં તેજી આવે. પણ, મનમાં એવું છે ખરૂં કે-'શક્ય હોય ત્યાં સુધી તો હું પરોપકાર કર્યા વિના રહું જ નહિ?'

આપણે જે કાંઇ પણ પારકી વાતોને વાંચીએ, વિચારીએ, તે તો આપણા ભલાને માટે જ વાંચીએ-વિચારીએ ને? જેની વાત, તેની ઉત્તમતાનો કે અધમતાનો વિચાર કરીએ ખરા; એના ગુણ-દોષને વિચારીએ ખરા; એમાં જે કાંઇ સારૂં હોય, તેની અનુમોદના કરીએ અને જે કાંઇ ખોટું હોય, તેને અંગે જીવને દોષ કેવી રીતિએ હેરાન કરે છે તથા જીવને પોતાનું જ કર્મ કેવી કેવી સ્થિતિમાં મૂકે છે-એ વગેરે વિચારીએ ખરા; પણ આપણું લક્ષ્ય કયું? એમાંથી સારને શોધવાનું, સારને ગ્રહણ કરવાનું અને એમ કરતે કરતે દોષથી મુક્ત બનવાનું તથા ગુણને પ્રગટ કરવાનું! લક્ષ. તો એ જ ને? એટલે, ભગવાનના પરોપકારરસિકપણાની વાતને સાંભળતાં, 'આપણામાં પરોપકારરસિકપણું છે કે નહિ અને આપણામાં પરોપકારરસિકપણું છે તો તે કેટલું'ક છે'-એવો વિચાર પણ આપણને આવે જ ને? 'કોણ કોણ કેવા કેવા હતા અને કોણે કોણે શું શું કર્યું', એ જાણવાનું શા માટે?-એનો પહેલો નિર્ણય કરો. જો આપણને એથી લાભ થતો ન હોય, અગર તો આપણે એના દ્વારાએ લાભ લેવો ન હોય, તો આપણે એવી પારકી પંચાતમાં પડીએ જ શું કરવાને? કોઇ ગમે તેવો સારો હતો અગર કોઇ ગમે તેવો ખરાબ હતો, તેમાં આપણે શું? આપણે તો એ શોધવાનું ને કે-આપણને એથી શો લાભ થાય છે? તમે જે આટલો વખત કાઢો છો, તે કાંઇક લાભને જોઇને કાઢતા હશો ને? અહીં કયો લાભ મળવાનો? અથવા તો, તમારે અહીંથી કયો લાભ લેવાનો? ભગવાનના પરોપકારરસિકપણાની વાતને સાંભળીને, મનમાં એમ થાય ને કે-'મારામાં પરોપકારરસિકપણું છે ખરૂં? છે, તો કેટલું'ક છે? અને નથી, તો કેમ નથી?' ભગવાન, પરોપકારરસિકપણાને કારણે જ એ ધનકબલ નામના આશ્રમના સ્થાને પધાર્યા. આ વાતને સાંભળતાની સાથે જ, તમને આવો વિચાર આવેલો કે નહિ? એ વખતે કદાચ આવો કોઇ વિચાર ન આવ્યો હોય, પણ આ વિચાર હવે તો આવ્યો ને?

ઉપકાર કરવાની તક આવે, તો એ શક્તિ-સામગ્રી અનુસાર ઉપકાર કરવામાં પાછો પડે નહિ. જેણે પોતાના ઉપર અપકાર કર્યો હોય, તેના ઉપર ઉપકાર કરવાની તક જો આવી મળે, તો તો જૈન વધારે રાજી થાય. જેના ઉપર ઉપકાર કર્યો હોય, તે ય જો પોતા ઉપર અપકાર કરનારો નીવડે, તો પણ જૈનને પોતે કરેલા ઉપકાર બદલ ખેદ ઉપજે નહિ. કેમ? ભગવાન શ્રી જિનેશ્વરદેવનો એ અનુયાયી છે માટે!

આપણે જોઇ આવ્યા કે-ભગવાન શ્રી વર્ધમાનસ્વામિજી તો, પરોપકાર કરવાના રસિકપણાવાળા હતા; પણ એ તારક કનકખલ નામના એ આશ્રમે જે પધાર્યા, એમાં એ તારકનું પરોપકારરસિકપણું, એજ એક કારણ નહોતું. ખુદ ભગવાનની અપેક્ષાએ પરોપકારરસિકપણું એજ કારણ હતું, પરંતુ સામો જીવ લાયક ન હોય, તો પરોપકારરસિકે પણ કરે શું ? ચણ્ડકૌશિકના પ્રસંગમાં તો સુમેળ મળેલો છે. કયો ? ભગવાન પરોપકારરસિક છે અને ચણ્ડકૌશિકનો જીવ પ્રતિબોધ પામે એવો છે. ચણ્ડકૌશિકનો જીવ ભવ્યાત્મા છે અને પ્રતિબોધ પામવાનો છે-એવું પોતાના જ્ઞાનબળે જાણીને જ, ભગવાન શ્રી વર્ધમાનસ્વામિજી આશ્રમસ્થાનના માર્ગે પધાર્યા છે. તે વખતે, ચણ્ડકૌશિક એટલી બધી ખરાબ અવસ્થાને પામેલો હતો કે-એની નજરે ચઢવું અને મરવું, એ બેમાં લોકને કાંઇ તફાવત જેવું લાગતું નહોતું. એવી અવસ્થાવાળો પણ ચણ્ડકૌશિકનો જીવ, પ્રતિબોધ પામવાની યોગ્યતાવાળો હતો. ચણ્ડકૌશિકના જીવની આ યોગ્યતા તરફ પણ, તમારે તમારી નજર દોડાવવા જેવી છે ને ? આ વાત આવે એટલે વિચાર આવવો જોઇએ કે- 'મારામાં પ્રતિબોધની યોગ્યતા છે ખરી ?' ભવ્ય પણ આત્માઓમાં, જ્યારે પ્રતિબોધની યોગ્યતા પ્રગટે છે, ત્યારે જ તેઓ પ્રતિબોધને પામી શકે છે.

પ્રતિબોધની યોગ્યતા પ્રગટયા વિના તો, ભવ્ય પણ આત્માઓ, પ્રતિબોધને પામી શકતા નથી. અભવ્ય આત્માઓ તો, ગમે તેવી સારી પ્રતિબોધની સામગ્રી તેમને મળે તો ય, પ્રતિબોધને તેઓ કોઇ કાળેય પામી શકતા નથી; પરંતુ ભવ્યાત્માઓને માટે તો પ્રતિબોધને પામવાની શક્યતા રહેલી છે. એવી શક્યતા હોવા છતાં પણ, જ્યાં સુધી તેઓની યોગ્યતા પ્રગટતી નથી, ત્યાં સુધી તેઓ પ્રતિબોધને પામી શકતા નથી. જેઓની યોગ્યતા પ્રગટી નથી, એવા ભવ્યાત્માઓને માટે ય, પ્રતિબોધની સામગ્રી અકિંચિત્કર નીવડે છે. એટલે, 'પ્રતિબોધને પામવાની યોગ્યતા આપણામાં પ્રગટી છે કે નહિ'-તેનો ય તમારે વિચાર તો કરવો જોઇએ ને ? એ યોગ્યતાની 'ખામી' લાગે, તો તો બહુ દુઃખ થવું જોઇએ; અને, એ યોગ્યતાને પ્રગટાવવાને માટે, એકદમ પ્રયત્નશીલ બની જવું જોઇએ.

'મારામાં દોષનો પાર નથી અને ગુણનું ઠેકાણું નથી-એવો કોઇ વિચાર, તમને આવે છે ખરો ? અને એવો વિચાર આવતાં, દોષ છે તેથી અને ગુણ નથી તેથી, મનમાં દુઃખ પેદા થાય છે ખરૂં ? ખરેખર, તમે તમને દોષવાળા માનો છો ? કે પછી, તમે તમને ગુણસમ્પન્ન જ માનો છો ? કોઇનો ય ઠપકો ખમી ખાવાની તાકાત તમારામાં છે ?

એમ થયું ખરૂં કે-'હજુ આપણામાં એવી લાયકાત આવી નથી, પણ હવે આપણે આપણામાં એવી લાયકાત આવે એવો પ્રયત્ન કરવો છે?' જો તમને આવું થયું હોય, તો તમારામાં પ્રતિબોધની યોગ્યતા છે, એમ કહેવાય. વ્યાખ્યાન પૂરૂં થાય ને તમને તમારો કોઇ દોષ જે દિ' નજરે ચઢે નહિ, તે દિ' તમને એમ થાય ને કે-'આજે તો આ આપણો કોઇ દોષ હાથ આવ્યો નહિ! આપણામાં દોષ ઘણા છે, છતાં આજે કેમ આપણો કોઇ દોષ આપણી નજરે આવ્યો નહિ? આપણી કંઈ ખામીને લઇને આવું બન્યું?' આવા આવા વિચારો આવે ખરા? એજ રીતિએ, ગુણને પામવાને અંગે પણ વિચારો આવવા જોઇએ. પોતાનું, જ્યાં દોષનું ભાન થવું એજ દુર્લભ હોય, ત્યાં વળી ગુણાર્જનની વાત હોય જ કયાંથી?

ભગવાન શ્રી વર્ધમાનસ્વામિજીએ જોયું કે-ચણ્ડકૌશિકનો જીવ ભવ્ય પણ છે અને પ્રતિબોધને પામે એવો પણ છે. એટલે પરકાર્યકરણની રસિકતાને લઇને, એ તારક કનકખલ નામના આશ્રમસ્થાનમાં પધાર્યા. એ સ્થાન મહા ભયનું છે. પણ ભગવાન તો સર્વ ભયોથી પર છે ને? મહા ભેદજ્ઞાની છે. શરીરની પીડાને એ ગણકારે એવા નથી શરીરથી આત્મા જુદો છે, પણ એ ભેદજ્ઞાનને અમલી બનાવવું, એ સહેલું નથી. જે જે મહાપુરૂષોએ ભયંકરમાં ભયંકર ઉપસર્ગોને પણ સાનન્દ સહ્યા છે; તે ભેદજ્ઞાનના પ્રતાપે જ. શ્રી ખંધક મુનિવરનો પ્રસંગ યાદ છે? જીવતે ચામડી ઉતારનારા આવ્યા, ત્યારે ય એ મહાપુરૂષે શું કહ્યું? તમે કહો તેમ ઉભો રહું, કે જેથી તમને ચામડી ઉતારતાં તકલીફ પડે નહિ, એવું કહ્યું ને? ચામડી ઉતારવામાં આવી, ત્યારે વેદના નહિ થતી હોય? પણ, ભેદજ્ઞાનથી આત્માને મહા પરાક્રમી બનાવી દીધેલો ભેદજ્ઞાનથી આત્માના પરાક્રમને ખૂબ ખૂબ વિકસાવેલું! બાકી, જે 'આત્મા જુદો છે ને શરીર જુદું છે'-એમ બોલે, એ વાતને સદ્દહે, તે બધા કાંઇ એવું સહન કરી શકે એવા હોય છે? ભેદજ્ઞાનને પામીને આત્માના હિતમાં જ તત્પર બનવું, એજ ભેદજ્ઞાનને પામ્યાની સાર્થકતા છે. ભગવાનના ભેદજ્ઞાનની તો વાત જ શી કરવી? મહા ભયના સ્થાનમાં પણ, એ તારકમાં, મહા નિર્ભયતા જ હોય છે.

કનકખલ નામના એ આશ્રમના સ્થાને પહોંચીને પણ, ભગવાન ચણ્ડકૌશિક સર્પને પ્રતિબોધ કરવાને માટે, એક યક્ષભવનના મંડપમાં કાઉસ્સગ્ગ ધ્યાને સ્થિર થયા. કેમ એમ? ભગવાન જાણે કે-આ જીવે એક સામાન્ય પ્રકારની ભૂલમાંથી પણ ક્રમે કરીને એવા સ્વભાવને ઉપાર્જ્યો છે કે-એ સદા ધમધમતો રહે છે. આ જીવ ઉત્કટ કોટિના કષાયના યોગવાળો છે. આનામાં લાયકાત જરૂર છે, પણ કષાયના આવેશમાં

આ જીવના એ લાયકાત દબાઇ ગયેલી છે. એટલે, એક વાર તો, એને એનું જોર કરી લેવાની તક આપવી પડશે. એ પછી જ, એને ઉપદેશની અસર થશે. ઉપદેશની અસર પેદા થાય ત્યાં સુધી રાહ જોવી પડશે. તમને સમજાય છે કે–ઉપદેશ આપવાને ઇચ્છનારે પણ અવસર જોવો પડે છે? શ્રી નયસારને ધર્મોપદેશ દેવાને ઇચ્છતા મુનિવરે, વાતની શરૂઆત કઇ રીતિએ કરી હતી, એ યાદ છે ને? ઉપદેશ દેવાનો છે ઉપકાર કરવાને માટે; તો ઉપકાર થશે કે નહિ અને કેમ કરવાથી ઉપકાર થશે, એ જોવું પડે ને? તમે આપને કહો કે–'આપ અમારામાં જે કાંઇ ખામી હોય, તે જરૂર કહો!' તોય અમે એકદમ તમને તમારી ખામીઓ કહેવા માંડીએ નહિ. તમારી ખામીઓની વાત તમને કેટલી પચશે, એ જોઇએ. ખામીઓની વાત કહેવી, એ તો એવી વાત છે કે–જે કહેતાં ન આવડે, તો જેની ખામીઓને સુધારવી હોય. તેનામાં ખામીઓ વધી જવા પામે, એવું પણ બને.

કનકખલ નામના એ આશ્રમના સ્થાને પહોંચીને ભગવાન શ્રી વર્ધમાનસ્વામિજી, ચણ્ડકૌશિક સર્પને પ્રતિબોધવાને માટે, એક યક્ષભવનના મંડપમાં, કાઉસ્સગ્ગ ધ્યાને સ્થિર થયા–આટલે સુધીનું વર્ણન કરીને, ચરિત્રકાર પરમર્ષિ, ચણ્ડકૌશિક સર્પના પૂર્વ-ભવના વૃત્તાંતને વર્ણવવો શરૂ કરે છે. ચણ્ડકૌશિક સર્પના જીવનો ઉત્થાનનો પ્રસંગ જેમ આશ્ચર્યકારક છે, તેમ ચણ્ડકૌશિક સર્પના પતનનો પ્રસંગ પણ આશ્ચર્યકારક છે. ચણ્ડકૌશિક સર્પ જેવી અવસ્થામાં હતો, તેવી અવસ્થામાં એ જીવનો ઉદ્ધાર થવો, એ સામાન્ય રીતિએ તો અશક્ય જેવું જ ગણાય; પણ ભગવાન શ્રી વર્ધમાનસ્વામિ-જીના જ્ઞાનમાં એ જીવની યોગ્યતા આવી અને એ તારકના પરોપકારરસિકપણાને લઇને એ જીવનો ઉદ્ધાર થઇ જવા પામ્યો. એજ રીતિએ, ચણ્ડકૌશિકનો જીવ પૂર્વભવે બહુ લાયક હતો, છતાં પણ કલ્પનામાં આવવું મુશ્કેલ પડે-એવા નિમિત્તો, એ જીવનું પતન થયું હતું. આ જીવનું આવી રીતિએ પતન થાય, એવું એકદમ તો માન્યામાં પણ આવે નહિ, એવી રીતિએ એ જીવનું પતન થવા પામ્યું હતું. બાકી, એ જીવ બહુ લાયક હતો, એ આપણને એના આ પૂર્વભવના વૃત્તાંતથી તરત જ જણાઇ આવે એવું છે.'

શ્રી જૈન શાસનનું રૂા. ૫૧ લવાજમ ભરી વાર્ષિક ગ્રાહક બનો.

* વિશેષાંક પ્રારંભે....મારી હૃદય ભાવના *

અનંતોપકારી પરમતારક શ્રી તીર્થંકર દેવોએ સ્થાપેલું આ 'જૈન શાસન' સદૈવ જયવંતુ છે અને સદૈવ જયવંતુ રહેવાનું છે.

'આ પરમ તારક શાસન છે માટે જ આપણે છીએ' આવી સદ્‌ભાવનાવાળા પુણ્યાત્માઓ જ શાસનની સાચી સેવા–ભક્તિ–આરાધના કરે છે, કરાવે છે અને ઘણી ધર્માર્થીઓને મોક્ષમાર્ગમાં સહાયક બની, આગેકૂચ કરાવે છે. 'મારાથી જૈન શાસન' એ તો નામના–પ્રસિદ્ધિ ભુખ્યા લોકોની માનસિક બિમારી જણાવે છે. તેઓ 'શાસન'ની પ્રભાવનાને બદલે 'જાત'ની પ્રભાવનામાં બધી શક્તિ માને છે. તેવાઓને પૂરક્યાં પાડવા તે પણ શાસનની સેવા–ભક્તિ છે.

અતીન્દ્રિય અને ગહન પદાર્થોને સારી રીતના સમજી શકાય અને સર્વગ્રાહ્ય બને માટે જ મહાપુરૂષોએ આત્મિક અને તાત્ત્વિક પદાર્થોને ચાર વિભાગમાં વહેંચ્યા છે. જે ચારે અનુયોગ તરીકે સુપ્રસિદ્ધ છે. દ્રવ્યાનુયોગ, ચરણ–કરણાનું યોગ, ગણિતાનુયોગ અને કથાનુયોગ.

શ્રી જૈન શાસનનો કથાનુયોગ પણ તાત્ત્વિકતાથી ભરેલો અપૂર્વ ખજાનો છે. તે કથાનુયોગને, કથાના પાત્રોનો યથાર્થ ભાવ પ્રગટ કરી સમજાવવામાં આવે તો અનેક આત્માઓને બોધીબીજથી માંડી મુક્તિની પ્રાપ્તિ સહજ બને છે કથાનો માત્ર કર્ણેન્દ્રિયના રસને પોષવા જ વાંચવાની કે સાંભળવાની નથી, પરન્તુ કથાના પાત્રોને આત્મસાત્ કરી વાંચવાની અને સાંભળવાની છે. તે કથાના પાત્રને આપણે જાતને અનુલક્ષીને વિચારીએ તો આત્મિક લાભ થયા વિના રહે જ છે. કથાનુયોગ હૃદય-સ્પર્શી બનાવવા તેમાં માત્ર શબ્દોના સાથીયા કે પ્રાસોને મેળવવાના પ્રયત્નો બદલે, તે તે પાત્રોની સંવેદનાને યથાર્થ સમજવામાં આવે તો ખરેખર આત્માનો તાત્ત્વિક અનુભૂતિ થશે તેમાં બે મત નથી. શ્રી જૈન શાસનનો અભ્યાસ વિદ્વાન થવા કે પંડિતાઇ મેળવવા કરવાનો નથી પણ તત્ત્વજ્ઞાની થવા કરવાનો છે. પંડિતાઇ માટે ભણે તે 'વકીલ' જેવો બને અને તત્ત્વજ્ઞાની થવા તલસ્પર્શી બોધ મેળવે તે 'અસીલ' જેવો બને. માત્ર પંડિતાઇ મેળવવા વિદ્વાન થયેલાઓથી શાસનનો ઘણું નુકશાન થયું છે જે વર્તમાનમાં પણ પ્રત્યક્ષ છે.

શ્રી જૈન શાસનનો જે પ્રાણી વિશેષાંક પ્રગટ થવાનો છે તેમાં ધર્મ પામેલા કે અધર્મી બનેલા પ્રાણીઓની કથાના માધ્યમે જો આત્મા વિચારશીલ બને અને આત્મા સાથે વાતો કરનારો થશે તો આ 'વિશેષાંક' ઘણો જ લાભદાયી બનશે. જેમાં ભિન્ન

ભિન્ન પ્રાણીઓ ધર્મ પામ્યા પછી કેવા આરાધક બન્યા તે જાણવા મળવાનું છે. જે ધર્મ હારીને વિરાધક બન્યા તો કેવી હાલત થઇ તે ય સમજવા મલશે. સૌ પુણ્યાત્માઓ શાંતિથી વાંચી, વિરાધના અને વિરાધકભાવથી બચી , આરાધના અને આરાધકભાવને કેળવી, આત્માની સુવિશુદ્ધ અવસ્થાને પામો. તેવી કક્ષાને પામવામાં સહાયક બનનારા આવા વિશેષાંક પ્રગટ કરનારા સૌનો ઘણો જ આભાર માનું છું. આવા આત્મિક–તાત્ત્વિક જ્ઞાનથી ભરપુર, વૈરાગ્યપોષક સંસાર રસ શોષક આવું સાહિત્ય વધુ પ્રગટ કરો તેવી ભાવના રાખું છું.

"જયતુ જૈન શાસનમ્ ।"

— એક વાચક

— કાગડો અને હંસ —

—શ્રી ધર્મશાસન

એક વનમાં એક નગરનો રાજા વૃક્ષની નીચે આરામ કરી રહ્યો હતો તે જ વૃક્ષ ઉપર એક હંસ અને એક કાગડો બેઠા હતા.

કાગડાએ પોતાના સ્વભાવ મુજબ કા...કા...કા...નું સુમધુર સંગીત પોતાના અવાજમા ચાલુ કર્યું. તેથી રાજા કંટાળી ગયો હતો ત્યાં થોડા સમયમાં કાગડો ચરકયો કુદરતી રીતે એ ચરક રાજાના માથા ઉપર જ પડી પછી પૂછવાનું જ શું હોય ? તરત જ રાજાએ સૈનિકોને આદેશ કર્યો શું જૂઓ છે ? આ કાગડાને તુરત જ પતાવી દો !

બસ પછી તો સૈનિકોએ ધનુષ્ય બાણ દ્વારા કાગડા તરફ બાણ છોડ્યું પરંતુ ચતુર કાગડો તો ઉડી ગયો પણ પેલો હંસ તો તેનો બલી બની ગયો.

વિંધાયેલો હંસ જ્યારે રાજા પાસે પડયો ત્યારે રાજા આશ્ચર્ય પામ્યો.

શું કાગડો સફેદ હોય છે ?

રાજાનું સમાધાન કરતાં હંસે કહ્યું રાજન્ ! હું તો માનસરોવરમાં રહેનારો હંસ છું પણ નિચની સોબતના કારણે આ દશા પામ્યો છું માટે સજ્જન્ તમે ક્યારેય ખરાબ–નીચ લોકોની સોબત કરશો નહિ. નહિતો મારા કરતા બૂરા હાલ હવાલ આપના થશે. કહીને હંસે પોતાનું પ્રાણ પંખેરૂ છોડ્યું અને વિદાય થઇ ગયો આ લોકમાંથી.

(ચોસઠ પ્રકારી પૂજા)

પશુઓ તરી ગયા. હું જૈન! મારી મુક્તિ થશે?

—પૂ. આ. શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મહારાજ

ત્રિલોકનાથ, દેવાધિદેવ, તીર્થંકર પરમાત્મા, વીતરાગ, મોક્ષમાર્ગના પ્રકાશક, અજોડ, અદ્વિતીય, અવિસ્મરણીય, પરોપકાર, કરૂણાના કરનારા અનંત કલ્યાણકારી શ્રી જિનશાસનની અંદર ભવ્યાત્માઓ તો તરી ગયા. પશુઓ પામી ગયા. ભવસાગર તરી ગયા. તે લઘુ કથાઓને જોઇએ. ડોક્ટર ઘણીવાર કહે છે ભાઇ હૃદ્દીને હવા હલાવીને આપજો પણ વિવેકના અભાવે કેટલાંક હૃદ્દીને હલાવી નાખે છે, અને યમસદને પહોંચાડી દે છે. જ્ઞાની ભગવંતો, ગુરૂ-ભગવંતો વિવિધ માધ્યમો દ્વારા આપણા હૃદયને હલાવવા ઉચિત પ્રયત્ન કરે છે. પરંતુ ભારેકર્મી જીવોને આ વાતો બેસતી નથી. ત્યારે લાગે છે કે આ લોકોને જીવતા કહેવા કે મડદા કહેવા? હાર્ટફેઇલ થાય એટલે મરી ગયેલા કહેવાય છે, તેમ માણસ ભલે જીવતો કહેવાતો હોય પણ જે માનવીને ધર્મ સાંભળવાની, સમજવાની, અને શક્તિ મુજબ આરાધવાની તૈયારી નથી તે ધર્મની દુનિયામાં ભલે જીવતા હોય, પણ તે બધા હાર્ટફેઇલના હૃદ્દી જેવા છે.

અરિહંત પરમાત્માના શાસનને પામી, પ્રાણીઓ સાચું પાણી બતાવી પરમપદના પથિક બની ગયા.

પ્રભુ શાસનમાં જિનાજ્ઞા મુજબ આરાધના થતી હોય, કોઇ કરતું હોય, કરાવતું હોય તેની અનુમોદના કરવામાં આવે છે. આ કરણ-કરાવણ-અનુમોદન દ્વારા ભૂતકાળમાં અનેક-પશુઓ તરી ગયા વર્તમાનમાં તરી રહ્યા છે. સદ્ગતિ પામી સિદ્ધિગતિને પામશે.

ઉંદરનો પ્રસંગ

પંદરમાં તીર્થપતિ શ્રી ધર્મનાથ ભગવાનના સમયની આ ઘટના છે. ભગવાનના સમવસરણની નજીક એક ઉંદર ફરી રહ્યો છે. ભગવાનની દેશના પાંત્રીસ ગુણોથી યુકત માલકોષ રાગમાં પુષ્કરાવર્તમેઘની જેમ વહી રહી છે. આ ઉંદર પ્રભુની વાણી સાંભળે છે અને જાતિસ્મરણજ્ઞાન થાય છે. ગત જન્મમાં પોતે મુનિ હતો તેનું સ્મરણ કરે છે. મુનિ ભવ યાદ આવતાં મનમાં ભારે પશ્ચાતાપ થાય છે. વિચારમાં ને વિચારમાં ત્યારે આહારનો ત્યાગ કરી અનશન કરવાનો નિર્ધાર કરે છે. ઇન્દ્ર મહારાજા તે સમયે પ્રભુને પ્રશ્ન કરે છે, હે ભગવંત! અહીંથી પ્રથમ કયો જીવ મોક્ષ પામશે? ત્યારે પ્રભુ જવાબમાં કહે છે,—સામો રહેલો ઉંદર. ઇન્દ્ર મહારાજા ઉંદરને લઇ આનંદપૂર્વક નાચ કરે છે. ઉંદરના ભવની અંદર આવવાનું કેમ

બન્યું ! પ્રભુ સાક્ષાત્ કેમ મળ્યા ? ઉંદરના આત્માએ પૂર્વભવમાં મુનિપણું પાળ્યું છે, પણ ગુરૂભગવંતની આજ્ઞા પ્રત્યે બહુમાન ન હતુ તેથી ઉંદર બનવું પડ્યું. હવે સમોવસરણ વિખરાય છે. બધી ઉંદરડીઓ ઉંદરને ખાવા માટે સમજાવે છે. વહાલ કરે છે. બહુ મનામણા કરે છે. ઉંદર વિચારે છે આ બધાની વાતમાં લેપાઇ જઇશ, મોહમાં તણાઇશ તો હું જીવન હારી જઇશ. ઉંદર મક્કમ રહે છે. શુભ ધ્યાનમાં મરી મનુષ્ય જન્મને પ્રાપ્ત કરે છે. નાની વયમાં સંયમ લઇ સમિતિ-ગુપ્તિનુ સુંદર પાલન કરે છે. ક્ષપકશ્રેણી પ્રાપ્ત કરી મુક્તિ-મોક્ષને પામે છે. ધન્ય શ્રી જિનશાસન.

એવા પણ માનવીઓ છે હજામ કહે અસ્ત્રો વાગી જશે માથું નિચું કરો, ત્યાં માનવી ડાહ્યો ડમરો બનીને માથું નીચું કરે છે. ડોક્ટર કહે ડાયાબિટીશની અસર છે, હવે ગળ્યું ખાવાનું બંધ કરો. શરીરનો પ્રેમી કહે છે સારૂં ડોક્ટર સાહેબ, આપ કહો તેમ કરીશું.

પણ કોણ જાણે આવા બુદ્ધિશાળી માનવીને કહીએ કે ભગવાને રાત્રિભોજન કરવાનાં ના પાડી છે. કંદમૂળ, અભક્ષ્ય ખાવાની ના પાડી છે. તો માનવી કહે છે જોઇશું હજી શું વહી ગયું છે ઝાઝેરૂં ઘણીવાર કહેવાય છે કે સમજુ સમજે જ્ઞાનમાં અને નહિ તો પછી પડે ભવરાનમાં. માનવી દુનિયાનું બધું સમજવા મથે છે. ધર્મમાં કેમ આડોડાઈ કરે છે તે સમજાતું નથી.

પોપટનો પ્રસંગ

એક વખત એક ગામમાંથી વિહાર કરી રહ્યા હતા. એક દયાળુ માનવી આવ્યો, કહેવા લાગ્યો, મહારાજજી ! તમારૂં મન-ભગવાનમાં લાગી ગયું છે અને મારૂં મન સંસારમાં લાગી ગયું છે. તેમ છતાંય થોડી પ્રાણી સેવા કરી જીવનને ધન્ય બનાવું છું. આવો-પધારો-જુઓ, આ પોપટ છે. તે ઊડી શકતો નથી. પરાધિન બની ગયો છે. હું તેની સાર-સંભાળ કરૂં છું. આ પોપટને આપણે જે બોલાવીએ તે બોલી જાય છે. પછી તો મેં ધીરે ધીરે નવકાર મંત્રના એક એક પદ બોલાવ્યા. પોપટ આખો નવકાર મંત્ર બોલી ગયો. પછી મેં કહ્યું કે પોપટ ! હું જે બોલું તે તું બોલજે. હું આ પ્રમાણે બોલતો ગયો. પોપટ પણ સામે તે પ્રમાણે બોલતો ગયો.

પોપટ આ પ્રમાણે અક્ષર અક્ષર બોલી ગયો હતો. જે બોલાવ્યું તે આ પ્રમાણે હતું.

હાલ હું પોપટ છું. પક્ષી છું મારે મનુષ્ય જન્મ અને જૈન ધર્મ પ્રાપ્ત કરવો છે. નાની ઊંમરમાં દીક્ષા મેળવવી છે. સુંદર આરાધના કરી જલદી મોક્ષે જવું છે.

પક્ષીને સમજાવી શકાય. પણ મિથ્યાત્વથી મહાત થયેલાને સમજાવવું કઠિન છે.

જૈન માત્રને રોજ મોક્ષ યાત્રા આવવો જોઇએ શક્ય તે આરાધના કરી લેવાનું મન થવું જોઇએ.

શ્રીમુનિ સુવ્રત સ્વામિ ભગવાન દ્વારા ઘોડાને પ્રતિબોધ

ઓગણીસમા પ્રભુ શ્રી મુનિસુવ્રતસ્વામિ ભગવાને ઘોડાને પ્રતિબોધ કરવા એક રાત્રિમાં ૬૦ કોષનો વિહાર કરી ભરૂચ પહોંચી ઘોડાને પ્રતિબોધ પમાડી સદ્‌ગતિ ગામી બનાવ્યો.

પ્રભુ શ્રી મહાવીરસ્વામિ દ્વારા દૃષ્ટિ વિષ ચંડકૌશિક સર્પને પ્રતિબોધ

શ્રી મહાવીર સ્વામિ ભગવાન દૃષ્ટિ વિષ સર્પ ચંડકૌશિકને પ્રતિબોધવા ભયંકર જંગલમાં જાય છે. ચંડકૌશિક સર્પને પ્રતિબોધ કરે છે. આ જગ્યા આજે વિદ્યમાન છે તે જગ્યાને ત્યાંના માનવીઓ ઢાલી-પહાડીના નામે ઓળખે છે વેસ્ટ બેંગાલમાં સેંથિયાગામ છે. સેથિયા ગામથી ૯ કિ.મિના અંતરે આ જગ્યા આવેલી છે. આ માટી હિન્દુસ્થાનમાં સર્વશ્રેષ્ઠ મનાય છે. જે ઝાડ નીચે આ બનાવ બન્યો હતો તે ઝાડ તેવું ને તેવું દેખાય છે તેવી લોકવાયકા છે ત્યાંના લોકો કહે છે વૈશાખ મહિનામાં સર્પદર્શન થાય છે.

પૂર્વભવમાં સાધુપણામાં નાનકડો કષાય કર્યો ફળસ્વરૂપે સર્પ બન્યો. સર્પના મુખમાં ઝેર હોય પરંતુ ચંડકૌશિક સર્પની દૃષ્ટિમાં ઝેર ફેલાંતું હતું જેના ઉપર તેની દૃષ્ટિ પડે તે ત્યાં મૃત્યુ પામતા. આવા ભયંકર સર્પને પણ 'બૂજ્ઝ બૂજ્ઝ ચંડ-કૌશિક' જેવા શબ્દો સંભળાવી પ્રભુએ ઉદ્ધાર કર્યો. સર્પે પંદર દિવસ અનશન કરી જીવન સફળ કર્યું અને આઠમા દેવલોકમાં ગયો.

એક વખત વિહારમાં જઇ રહ્યા હતા. એક શ્રાવક પોતાના પરિવાર સાથે મોટરમાં જઇ રહ્યા હતા. અમોને જોયા એટલે મોટર સાઇડમાં ઉભી રાખી સૌ પરિવાર નીચે ઉતરી "મત્થએણવંદામિ" બોલ્યા. શ્રાવકે પૂછ્યુ, ગુરૂ ભગવંત વંદન કરૂં ? પરિવારે વંદન કર્યું, પછી સુપાત્રદાનનો લાભ લીધો. ગુરૂ ભગવંતે વાસક્ષેપ નાખ્યો." નિસ્તારગ પારગાહોહ ધર્મલાભ કહ્યું. શ્રાવક વિદાય થયા.

એક અજૈન માણસ આ બધું થોડે દૂર શાંતિથી ઉભો ઉભો નિહાળી રહ્યો હતો તેને આવી કહ્યું. મહારાજ સાહેબ આપે પેલાં ભાઇના માથે શું નાખ્યું ? અને શું બોલ્યા ? તેનો શું અર્થ થાય ?

અમે કહ્યું તેનો અર્થ થાય છે. તમે સંસારસાગરથી પાર ઉતરો ભગવાન બનો. પવિત્ર બનો. પેલા અજૈન ભાઇએ કહ્યું મને પણ તેવું કરો તો સારું. તેને પણ વાસક્ષેપ નાખી આગળ વધ્યા ઘણાં નાન-પણથી જિંદગી સુધી વાસક્ષેપ નંખાવે છે પણ શા માટે વાસક્ષેપ નંખાવે છે તે સમજવાની કોશિષ બહુ ઓછા કરતા હોય છે.

અક્ષત પૂજા દ્વારા પોપટ રાજા બને છે.

શ્રી શત્રુંજય મહાતીર્થ જેનો મહિમા અપરંપાર છે અને ભવ્યાત્માઓ દ્વારા થતી વિવિધ ભાવ ભરી ભક્તિ નિહાળી પોપટ વિચારે છે હું પણ દાદાની ભક્તિ કરું. અક્ષત લાવી લાવી ભક્તિ કરે છે. અને રાજા બને છે.

હરણે આત્મકલ્યાણ સાધ્યું.

બલભદ્ર મહામુનિ માસક્ષમણના પારણે માસ ક્ષમણ કરે છે. માસક્ષમણના પારણે પણ મુનિ નિર્દોષ ગોચરી વાપરે છે. મુનિની નિર્મળ જીવન ચર્યા જોઇ હરણ મુનિને નિર્દોષ ભિક્ષા મળે તે માટે પથિકને બોલાવી લાવે છે. પથિક વહોરાવે છે. મનમાં અનુમોદના કરે છે. આ હરણ કેવું સુંદર કામ કરે છે. મહામુનિ કેવા સુંદર આરાધના કરે છે. મુનિ ભગવંત, હરણ અને પથિક ત્રણેની અંદર ઊંચી કોટિની શુભ અધ્યવસાયની ધારા ઝડપભેર આગળ વધી રહી છે. ત્યાં વૃક્ષ પડે છે. અને ત્રણ સ્વર્ગવાસ પામે છે. આત્મશ્રેય સાધે છે. ધર્મ પ્રવૃત્તિ નાની પણ લાભ અનોખો.

જિનભક્તિ દ્વારા પોપટ માનવ જન્મને પામ્યો

સિદ્ધગિરિમાં એક પોપટ હતો. રોજ દાદાની પૂજા કરે. એક વખત એક જૈન વૃદ્ધ યાત્રા કરવા સિદ્ધગિરિ આવ્યા ઘરે બધું સુખ હતું. પણ વહુને દિકરો ન હતો તેનું દુઃખ હતું. આ વૃદ્ધ બાઇએ પોપટને પુછ્યું તારે મારે ઘરે આવવું છે? કાલી કાલી ભાષામાં તે તેની ભાવના બતાવે છે. જૈન યાત્રા કરી ઘેર આવ્યા.

સમય પસાર થતાં વહુને દિકરો આવ્યો. મુંબઇ વાલકેશ્વરના દેરાસરે દર્શન કરવા યોગ્ય વયે લઇ ગયા. આ દિકરો કહે છે મારે શત્રુંજયમાં બિરાજમાન આદિનાથ પ્રભુના દર્શન કરવા છે. પરિવાર વિચારે છે કે આ દિકરાએ સિદ્ધગિરિ કદી જોયું નથી. આવું કેમ બોલાય છે? તે જ બોલ્યો હું પૂર્વભવમાં પોપટ હતો. દાદીમાં એ મને અહીં જન્મ માટે વાત કરી હતી. હું પોપટના ભવમાં ચાંચમાં કેસર લઇ આદિનાથ દાદાની પૂજા કરતો હતો.

આ છોકરાનું નામ સિદ્ધરાજ ગુલાબચંદ ઢઢ્ઢા રાખવામાં આવ્યું હતું પત્રકાર પરિષદ પણ મળી હતી. પેપરોમાં સમાચાર પણ પ્રગટ થયા હતા. જિનપૂજા કરી પોપટ પણ જૈનકુળ પામ્યો.

રૂપસેન અને સુનંદા

રૂપસેન અને સુનંદાની કથા આવે છે. રૂપસેન અત્યંત કામી છે. સુનંદા તેને ધર્મનો પંથ બતાવે છે. રૂપસેન થોડા ભવ કરી હાથી બને છે. સુનંદા જ્ઞાની પુરૂષોના વચનો દ્વારા રૂપસેનના ભવોની વાત જાણે છે. વૈરાગ્ય વાસિત બની ચારિત્ર ધર્મને પામે છે. રૂપસેન, રાજા,

સર્પ, કાગડો, હંસ હરણ આવા ભવોને પામ્યો છે. હાથીના ભવમાં રૂપસેનનો જીવ ગાંડો બન્યો છે. કોઇનાથી પણ કબજે આવે તેવું નથી. સુનંદા- જૈને દીક્ષા લીધી છે. તે હાથીને પ્રતિબોધ કરે છે. પોતાનાં પૂર્વ ભવોને જાણે છે. હાથીના ભવમાં છઠ્ઠના પારણે છઠ્ઠ કરી દેવલોકમાં જાય છે. હાથી છઠ્ઠના પારણે છઠ્ઠ કરી કામ કાઢી જાય તેવું બને પણ અહીં તો જૈન કુળમાં જન્મેલાને નવકારશી કરાવતા છક્કા છૂટી જાય તેવું કયારે ક બનતું હોય છે. વહેલી સવારે સિગારેટ ચા, પીને સંડાસમાં છાપું લઇ જતાં માનવીઓ જોવા મળતા હોય છે. એક બાજુ છાપુ વંચાય, સિગારેટ ચાલુ હોય અને મોસમ ઉતરતી હોય આ કેવું અધ પતન કેવા ક્રુર કર્મ બંધાતા હશે ? જ્ઞાની જાણે જીંદગી પલટાશે નહિ તો- પટકાયા વિના રહેશે નહી. વાર્યો નહી વરીયે તો હાર્યા વરવું પડશે. જન્મતા અંધાપો- મળી શકે છે. માથું પછાડીને મરી જાય તો બારાખડીનો ક- પણ ન આવડે તેવું બની શકે છે. જાગ જાગ ઓ માનવ જાગ.

મુંબઇમાં કુતરો જૈનોના ઘર બતાવતો હતો.

ઘણાં વર્ષો પૂર્વે મુંબઇમાં એક કુતરો હતો. ઉપાશ્રયે પાસે રહે. કદી ઉપાશ્રય બગાડે નહી, કોઇને હેરાન કરે નહી. ગુરૂ-ભગવંત ગોચરીના સમયે નીકળે, કુતરો આગળ રહે, જે બિલ્ડીંગમાં જૈન પરિવાર રહેતા હોય, ત્યાં ઉભો રહે. ગુરૂ ભગવંત આવે, એટલે તે કુતરો બિલ્ડીંગમાં ઉપર જાય. જ્યાં જૈન પરિવાર રહેતા હોય ત્યાં જઇ ઉભો રહે. એક બે કલાક બધા ઘેર ગોચરી સુધી સાથે રહે. પશુના ભવમાં પણ આવી સુંદર સમજ પશુ કેળવી શકે છે. આજે તો કોઇને પુછીએ તો કહે મહારાજ સાહેબ જૂઓ ત્યા રસ્તો છે. આગળ જશો કલાણી ગલી આવશે. સામે બોર્ડ આવશે. ત્યાં મારૂં ઘર છે. પધારજો. ગુરૂ મહારાજને લેવા જવું જોઇએ. મુકવા જવું જોઇએ આ બધું ભુલાતુ જાય છે. ઘણીવાર તો મોટા પરિવારમાં ગોચરી ગયા હોય તો સોફામાં બેઠા બેઠા બોલે હે મહારાજ, મહારાજને વાંદારાવી દેજો મત્થએણ વંદામિ, પધારો આવું પણ ભૂલાતું જાય છે. મારે વહોર વવું જોઇએ. હું લાભ લઉં. આ ભાવનાઓ ઉપર જમાનાના ઘોડાપુર ફરી વળ્યા છે. ભૂલ નહી સમજાય તો જીવન ફૂલ થયા વગર નહી રહે.

વડોદરાનો કાચબો

વડોદરામાં એમ્બેસેડર કોટલ હતી. તેના માલિક એકવાર મોટર લઇ જઈ રહ્યા હતા, રસ્તા વચ્ચે કાચબો બેઠેલો હતો. આ ભાઇએ ગાડી ઉભી રાખી કરૂણાભાવથી

કાચબાને ગાડીમાં લઇ લીધો. ઘરે લાવ્યા ઘરમાં જિનમંદિર હતું. બધા પ્રદક્ષિણા આપે, ઘંટ વગાડે પચ્ચક્ખાણ કરે. આ કાચબો પણ બધું જોયા કરે. આ ઘરના ધર્માત્માઓ કાચબાને કહે, જા પ્રદક્ષિણા આપ તો આ કાચબો ટપ ટપ ત્રણ પ્રદક્ષિણા આપે. પછી આ ધર્માત્માઓ કહે તારે પોરસીનું પચ્ચક્ખાણ કરવાનું છે. તો પોરિસીનું પચ્ચક્ખાણ કરતો માત્ર બે દ્રવ્ય વાપરતો. આ પ્રસંગ વર્તમાન કાળનો છે.

પશુના ભવમાં ઘાંસ ખાવાનું છે. ત્યાં નથી ચટણી, ટેસ્ટ કુલ ખાવાનું જીંદગીભર આયંબિલ કરતાં પણ તુચ્છ ખાવાનું છે. ખાવા મળે કે ન મળે, પાણી મળે કે ન મળે, રોગ-કષ્ટ થાય તો બોલી પણ ન શકાય. ગમે તેટલું વજન ઉપડાવે, ન તાકાત હોય તો ખેંચવું પડે ઉપર દંડા પડે. અંતે માલિક વેચી મારે. કસાઇના છરા ફરી વળે. આ બધું પ્રત્યક્ષ જોવા મળે છે.

આવો બે દુ ચાર જેવો ઉપદેશ પણ ગળે ન ઉતરે ? સામાયિક કરવાનું મન થાય ? જિનપૂજા કરવાનું મન થાય ? ઉકાળેલું પાણી પીવાનું મન થાય ? કોલા-ફેન્ટા થમ્સ અપ, આઇસ્ક્રિમ ટી.વી. વિડીયા છોડવાનું મન થાય ? જો હા તો પુરૂષાર્થ કરો અને જો ના તો સમજી લેવાનું.

કુતરાના ભવમાં ગટરના પાણી પીને હડહડતા જીવન પુરા કરી આર્તધ્યાન અને રૌદ્રધ્યાનમાં જીવન પૂર્ણ કરી દુર્ગતિઓમાં ભ્રમણ ચાલુ રહેશે. ફરી શાસન મળશે કે કેમ ?

ધર્મનો યોગ સાધી મોક્ષ પામવું છે કે ધન દ્વારા મળેલા ભોગ સુખોમાં ખોવાઇ જઇ રખડવું છે એ જીવે પોતે નક્કી કરવાનું છે.

કુતરાએ અઠ્ઠમ કરી કામ કાઢી લીધું

અમદાવાદમાં બે વર્ષ પહેલાં સમ્રાટ-નગરમાં કુતરાએ અનસન કર્યું હતું. પર્યુષણ પર્વ હતું જૈનોને પર્યુષણ પર્વ એટલે તપ-ત્યાગ-ભક્તિ, દાન, શીલ, તપ, ભાવનો સમુદ્ર ઉછળે અને જ્યાં પર્યુષણ પૂર્ણ થાય એટલે બધું શાંત. એક ભાઇ કહેતા હતા. મહારાજ સાહેબ પર્યુષણમાં એવું લાગે છે કે ચોથો આરો વર્તી રહ્યો છે. પણ પછી જાણે છઠ્ઠો આરો બેસી જતું હોય તેવું લાગે છે. કોઇ પૂજામાં, પ્રતિ-ક્રમણમાં વ્યાખ્યાનમાં ફરકતું નથી. કુતરાની વાત એવી બની હતી કે પર્યુષણના ત્રણ દિવસ છેલ્લાં રહ્યા ત્યારે કુતરાએ અઠ્ઠમ કર્યો. ગમે તેવી સારી વસ્તુ ખાવાની મુકીએ તો અડે નહી. કાચુ પાણી હોય તો સુંઘે નહી ઉકાળેલું છે, તો જ પીએ. સંવત્સરિ પછી પાંચમે બધાની સાથે તેને પણ પારણું કર્યું.

જો કુતરો અઠ્ઠમ કરી શકે તો જૈન

કુળમાં જન્મી રાત્રિ ભોજન ન છોડી શકીએ. એક પૈસાનો ખર્ચ નહી, નકારનો પાર નહી, નુકશાનનું નામ નહી, આર્થિક વ્યાવહારિક, આધ્યાત્મિક, સામાજીક, આયુર્વેદિક બધી રીતે ફાયદો છે. જિનાજ્ઞાનું પાલન થાય. સારો આદર્શ જીવતો રાખવામાં આપણો ફાળો કહેવાય. ઘરમાં એક આવી વ્યક્તિ હોય તેની છાપ સમગ્ર પરિવારમાં પડે. રોજના અસંખ્યાતા જીવોને આપણા તરફથી અભયદાન મળે, કેવો મહાન લાભ ? ક્રોડો રૂપિયા આવતાં કોઇના લીધેલા પ્રાણ પાછા ન આપી શકાય. ત્યારે આ તો રોજના અસંખ્યાતા જીવોને અભયદાન. જિંદગી ભરમાં કેટલાં થાય ? આગામી ભવોમાં પણ આ સંસ્કાર આપણને બચાવે. રાત્રિભોજન નહી કરવાથી દર મહિને પંદર ઉપવાસનો લાભ મળે. બાર મહિને છ મહિના ઉપવાસમાં જાય. ૫૦ વર્ષનું જીવન હોયતો ૨૫ વર્ષ આપણાં ઉપવાસમાં ગયા એમ કહેવાય. આમેં બહુ બહુ તો મોડામાં મોડું રાત્રે ૧૦ વાગે ખાતા હોઇએ તો ચાર કલાક પહેલાં છોડી દેવાનું છે. આખી રાત ક્યાં આપણે જમીએ છીએ ? ડોક્ટર ઓપરેશન વખતે બાર કલાક પહેલાં ખાવા પીવાનું બંધ કરાવે છે.

ભગવાને ધર્મ કરવાની કેવી સુંદર પેઢી બતાવી છે ? ગઇ ગુજરી ભુલી જઇએ જાગ્યા ત્યારથી સવાર ચાલો નક્કી કરીએ આજથી રાત્રિ ભોજન બંધ.

બહારગામ પાળવા પ્રયત્ન કરવો. કદાચ બહારગામ જમવું પડે તો તેની જયણા રાખવી માંદગીમાં બની શકે તો દવાની જયણા રાખવી. આ ધંધો રોજ ન ફાવે તો જ્યારે દુકાન પેઢી– ફેક્ટરી બંધ હોય ત્યારે તો રાત્રે ન જ જમવું આવું નક્કી કરી શકાય.

ઘેર બાળકો બેનોએ રાત્રે ના માટે જમવું જોઇએ ? સુખી માણસ ઓફિસે ફેક્ટરીમાં ટિફીન મંગાવી પણ રાત્રિભોજન છોડી શકે.

એવા પણ પુણ્યવાનો છે સૂર્યાસ્તના ૪૮ મિનિટ પહેલાં પચ્ચક્ખાણ કરે છે. સંકલ્પ કરીએ જીવનના બાકી રહેલાં દિવસો રાત્રિભોજન ત્યાગ કરવા માં જાય. રાત્રે ખાવું પડે તો તેનું દુઃખ. મનમાં રહે. ૫૦ વર્ષ પહેલાં એવા જૈનો હતા કયારેક રાત્રે જમવુ પડે તો વિચારતા હતા કે હે ભગવાન ! તારી આજ્ઞાની વિરાધના કરીશ તો મારૂં શું થશે ? હું રાત્રિભોજન છોડી શકતો નથી, હસહસાર વર્ષની નરકની કાતિલ વેદનાઓ કેવી રીતે ભોગવી શકીશ ? હસતા બાંધ્યા કર્મ, રડતાં નવી છૂટે પ્રાણી.

બળદ, કંબલ અને સંબલ બન્યા

જિનદાસ ધર્મ ચુસ્ત શ્રાવક હતા તેના ઘેર બે બળદો હતા. બે બળદો દર ચૌદશે ઉપવાસ કરતા હતા. છેલ્લે બન્ને બળદોએ અણસણ કર્યું અને કંબલ અને સંબલ

(અનુસંધાન પેજ ૨૩૦ પર)

આ....ભા....ર દ....ર્શ....ન

શ્રી જૈન શાસન પ. પૂ. હાલાર દેશોદ્ધારક આચાર્યદેવ શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજની ભાવના મુજબ શરૂ કરવામાં આવ્યું. જૈન શાસન અને સંઘ ઉપર થતા પ્રહારોના પ્રતિકાર માટે એક અઠવાડિકની જરૂર લાગી અને તેથી તેઓશ્રીના ઉપદેશથી વિ.સં. ૨૦૦૯ સને ૧૯૫૩ માં શ્રી મહાવીર શાસન શરૂ કર્યું પરંતુ અઠવાડિકને બદલે પાક્ષિક કર્યું. અને તે પણ પહોંચી વળવામાં મુશ્કેલી જણાતા માસિક બનાવ્યું.

પૂ.શ્રીનો જે આશય હતો તે ઢીલો પડયો. મહિના પછી પ્રતિકાર થાય તો અયોગ્ય વિધાનો તો પ્રતિકારનો સમય લાંબો થઇ જાય પણ બીજો ઉપાય ન હતો અને તેથી તેઓશ્રીના ભાવના એટલી અધુરી રહી. પ્રતિકાર્ય વિધાનો તો આડેધડ ચાલુ જ રહ્યા. અને તેથી પૂ.શ્રીની ભાવના લક્ષમાં લઇને પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજે તે માટે ઉપદેશથી ઉત્સાહ જગાવી અને આ જૈન શાસન અઠવાડિક પ્રારંભ થાય તેવું કર્યું.

જે આજે નવ વર્ષ થયા. ચર્ચા અને પ્રતિકારના લખાણોથી અંકમાં જગ્યા મુખ્ય રોકાયી હોવાથી અને ગ્રાહક અને સહકારમાં ભદ્રીક ભાવિકો પણ લેતા રહે છે અને ખાસ કરીને પૂ.શ્રીના પરિમિત ભાવિકો અને ખાસ હાલારી ભાવિકોના સહકાર હોવાથી તેમને રસ પડે અને સકલ સંઘમાં પણ પ્રેરણા મળે તે માટે વિશેષાંક યોજના કરી અને દર વર્ષે જુદા જુદા વિષયો ઉપર વિશેષાંક પ્રગટ થાય છે.

પણ પણ પ્રસંગે કે નવા વર્ષ પ્રારંભે વિશેષાંક પ્રગટ કરતાં સમય ઓછો રહે છે. તેથી કિંવાળી ઉપર વિશેષાંક પ્રગટ કરતા રહે છે. આ માટે દર વર્ષે ૧૦૦–૫૦૦ રૂ.ના શુભેચ્છકો બનાવ્યાં કરતા આજીવન શુભેચ્છક બનાવવાની યોજના કરી છે. તેમાં સહકાર મળ્યો છે જ પરંતુ વિશેષાંકનો ખર્ચ અને વાર્ષિક તોટો પુરો કરવા પુરતો સહકાર નથી મળ્યો અને તેથી દર વર્ષે આ વિશેષાંક માટે સહકારની પ્રેરણા કરવામાં આવે છે તેમાં લાગણી સભર પૂ. મુનિરાજો સાધ્વીજી મહારાજો તથા ભાવિકોની પ્રેરણાથી યતકિંચિત સહકાર મળે છે જે અપેક્ષા પૂર્ણ કરતી નથી પરંતુ જેમને શાસનના પ્રશ્નો અને વિવાદોમાં સત્યની ઝંખના રહે છે. તેવા ભાવિકો આમાં રસ લેશે તો વિશેષાંકનો ખર્ચ અને વાર્ષિક તૂટો પુરાઇ જશે.

અનેક નવા પત્રો પ્રગટ થતાં અને મુખ્યતયા સંઘમાં સમાચાર અને પ્રચાર માટેની લાગણી પ્રગટ થતી જાય છે. જેથી શાસનના પ્રશ્નોમાં લક્ષ ઘટતું જાય છે. તેથી તે માટે ઝંખના ઓછી રહે તેમ બને અને પોતાનું મહત્ત્વ રહે કે ધાર્યું કરે તેવી વૃત્તિ પણ સહકાર આપવામાં ઉપેક્ષા કરાવે છે.

સહકારની અપેક્ષા એક બાજુ રાખીએ તો પણ લેખ વિ. સાહિત્યમાં પણ ઉપેક્ષા થાય તેમ બને છે. પ. પૂ. આ. ભ. શ્રી વિજય વિબુધપ્રભસૂરીશ્વરજી મ.નો સ્મૃતિ વિશેષાંક પ્રગટ થયો તેમાં સાહિત્ય તો વિપુલ પ્રમાણમાં આવ્યું નમુનેઠાર ઢળઢાર ગ્રંથ બન્યો પરંતુ આવા પૂજ્ય મહાપુરૂષ પ્રત્યેની સદ્‌ભાવના લેખોની કે શુભેચ્છાઓની જ્યાં જ્યાં અપેક્ષા હતી ત્યાં ત્યાં સેંકડો પત્રો જવા છતાં તે અપેક્ષા અધુરી રહી. તે અમારી સદ્‌ભાગ્યની ખામી ગણાય.

આ વિશેષાંક માટે લેખો મોકલનાર પૂ. આચાર્યદેવો આદિનો ખૂબ આભાર માનીએ છીએ અને સહકાર માટે પ્રેરણા કરવા માટે પૂ. આ. ભ. શ્રી વિજય પ્રભાકર સૂરીશ્વરજી મ. તથા પૂ. સા. શ્રી કૈવલ્ય રત્નાશ્રીજી મ. પૂ. સા. શ્રી પુણ્યપ્રભાશ્રીજી મ. પૂ. સા. શ્રી પૂર્ણભદ્રાશ્રીજી મ. પૂ. સા. શ્રી અનંતપ્રભાશ્રીજી મ. શ્રી મોતીચંદ એસ. શાહ (લંડન) શ્રી લક્ષ્મીબેન હંશરાજ પોપટ (પાલીતાણા)નો આભાર માનીએ છીએ.

વિશેષાંકનું કાર્ય કાળજીથી કરવા માટે પ્રેસ માલિક શ્રી સુરેશ ભાઇનો પણ આભાર માનીએ છીએ.

લિ.

તા. ૧૫–૧૦–૯૭
જામનગર

શ્રી મહાવીર શાસન પ્રકાશન
મંદિર ટ્રસ્ટીઓ તથા તંત્રીઓ



બળભાગી બળદીયો

—પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ.

આ ભરત ક્ષેત્રની ભૂમિપર ક્ષેમાપુરી નામે શ્રેષ્ઠ નગરી હતી. ત્યાં ન્યાય નિપુણ નયદત્ત નામે શેઠ હતા. તેને શીલ વિનય લજ્જા આદિથી ગુણવાન વસુનંદા નામે પત્ની હતી.

તેને બે પુત્ર હતા. મોટો ગુણ ગુણથી ગરિષ્ઠ ધનદત્ત નામનો અને નાનો વસુદત્ત નામે પુત્ર ગુણવાન હતો પરંતુ થોડો અભિમાની હતો.

તે નગરમાં વામદેવ નામે બ્રાહ્મણ હતો તે પ્રકૃતિથી પણ વાંકો હતો, શેઠના બંને પુત્રોનો એ બાલપણથી મિત્ર હતો.

તે જ નગરમાં એક સમુદ્રદત્ત નામના શેઠ રહેતા હતા. તેને ગુણથી મહાન એવી ગુણવંતી નામે પુત્રી હતી. આ કન્યા શેઠે નયદત્તના મોટા પુત્ર ધનદત્તને માન સહિત આપી હતી.

હવે તે નગરમાં એક બીજો શ્રીકાંત નામે શેઠ હતો તેને ધનનો પાર ન હતો. અને રૂપ વિગેરે ગુણનો તે ભંડાર હતો.

શ્રીકાંત શેઠ સમુદ્રદત્તની નજરે ચઢી ગયા. અને તેનું મન ફરી ગયું, જે ધનદત્તને કન્યા આપી તે ગુણવતી તેણે શ્રીકાંત શેઠને આપી.

મિત્ર વામદેવે વસુદત્તને કહ્યું એકવાર ભાઇ ધનદત્તને આ કન્યા આપી અને ફરી વચન ભ્રષ્ટ થઇને શ્રીકાંતને આપી. કેવી ધીઠ્ઠાઇ છે સમુદ્રદત્તની ?

વસુદત્ત અભિમાની હતો તેમાં વામદેવની વાણી ભળી અને તેનો ગુસ્સો પ્રબળ બન્યો. એકવાર શ્રીકાંત તેને મલી ગયો અને કલહ થયો. વસુદત્તે તલવારનો એવો ઘા કર્યો કે શ્રીકાંતને બરાબર વાગ્યો. પરંતુ શ્રીકાંતે પણ વળતો ઘા કર્યો જે તલવાર પણ વસુદત્ત માટે જીવલેણ બની, આમ બંને એક બીજાના તલવારના ઘાથી ઘવાઇને મરણ પામ્યા. આમ, ગુણવંતી માટે બંનેના હૈયામાં વૈરનું બી વવાયું.

વસુદત્ત અને શ્રીકાંત મરીને મૃગલા થયા.

ગુણવતી શોકમાં પડી ગઇ. પિતા સમુદ્રદત્તે આશ્વાસન આપ્યું. 'હે પુત્રી, ખેદ ન કર, પાપનું ફલ આવું હોય છે માટે તું ધર્મને વિષે ઉદ્યમ કર.

પિતાની વાત સારી અને સાચી હતી. પણ વિવેકી માટે વહાલી, અવિવેકી માટે ઠવલી હતા. ગુણવતીને પણ આ વાત ન રૂચી. ધર્મની વાત જેને ન ગમે તે ભારે કર્મી કહેવાય.

ગુણવતી ગુણવાન પ્રત્યે દ્વેષ ધરે છે અને ધર્મની નિંદા કરે છે. પાપના ઉદય સમયે પણ ધર્મ આવી જાય તો ઘણા અનર્થથી બચી જવાય.

વૈધવ્ય દુઃખથી દુઃખી થએલી ગુણવતી મરીને તે મૃગલાઓ જ્યાં હતા તે વનમાં હરિણી તરીકે ઉત્પન્ન થઇ. ભવિતવ્યતા પણ કેવી છે ? પરલોકમાં પણ ત્રણે ભેગા થયા.

એકવાર તે બંને મૃગલાઓએ આ મૃગલીને જોઇ. અને તે મૃગલી માટે બંને લડવા લાગ્યા અને મરીને પાડા થયા. હરણી મરીને બંને પાડી થઇ. આ ભેંસ માટે મરીને હાથી થયા. ભેંસ પણ મરીને હાથણી બની. આમ ત્રણે તિર્યંચમાં બહુ દુઃખ ભોગવે છે.

મોટો ભાઇ ધનદત્ત પોતાના ભાઇ તથા શ્રીકાંતનું મૃત્યુ સાંભળી વૈરાગ્ય પામ્યો. ઘરમાંથી ચાલી નીકળ્યો, ભમતો ભમતો રાજપુર નગરમાં આવ્યો. ભાગ્ય યોગે ત્યાં તેણે કોઇ મહામુનિને જોયા. રાત્રિ પડી ગઇ હતી. ભૂખ લાગી હતી. તેણે માંગણી કરી 'મને ભોજન આપો.'

મહામુનિઓએ કહ્યું: 'અમે ધન ધાન્યના ત્યાગી છીએ. પેટ પુરતુ વસતિમાંથી લાવીએ. એટલે દિવસે પણ ગમે ત્યારે અમારે ત્યાં અન્ન પાન ન મળે તો રાત્રે ક્યાંથી મળે ? તમારે રાત્રે ખાવું યોગ્ય નથી. રાત્રે ખાતાં ઉડીને પડતા જીવો ભોજનમાં આવી જાય.

જે રાત્રિ ભોજન ત્યાગ કરે તે અર્ધી જીંદગીના ઉપવાસ કરે છે. જ્યારે બે ઘડી પણ વ્રત જીવ ધારણ કરે છે તો પણ સ્વર્ગગામી બને. તો રાત્રિના ચાર પહોરનું વ્રત લે તેની શું વાત કરવી ? જીવન કષ્ટથી ભરપુર છે. ભાગ્ય યોગે જ કોઇ રાત્રિ ભોજનના ત્યાગી બને.

ધનદત્તને વાત ગમી. ધર્મ સમજ્યો અને સમકીત સહિત શ્રાવક ધર્મ સ્વીકાર્યો. ભાવનાથી ધર્મ આરાધી સમભાવે મરી સૌધર્મ દેવલોકમાં દેવ થયો.

✤

ભરત ક્ષેત્રમાં રત્નપુર નગર છે ત્યાં સૌભાગ્યસંપન્ન મેરૂપ્રભ નામે શેઠ છે. ધનદત્તદેવ બે સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરી આ શેઠને ત્યાં પુત્રપણે ઉત્પન્ન થયો. તેનું નામ પંકજમુખ રાખ્યું. તે સ્વભાવથી ઉદાર હતો. કલામાં નિપુણ હતો. જિનેન્દ્રદેવ અને મુનિભગવંતોની ભાવનાથી ભક્તિ કરવામાં સદા ઉજમાળ હતો. એકવાર તે મિત્રો સહિત ઘોડા ખેલવવા માટે નંદનવનમાં આવ્યો. ઘોડા ઉપર ચડી તે ખેલાવી રહ્યો છે ત્યાં તેણે કોઇ જગ્યાએ પડેલો ઘરઠો બળદીયો જોયો.

બળદ અતિ દુબળો હતો, લોહી હતું નહિ. હાડકા ને ચામડી દેખાતા હતા. મોઢું વિકૃત હતું. તેજ હણાઇ ગયું હતું. આંસુ અને ચેપડાથી આંખો ભરાઇ ગઇ

હતી. છાણ પેશાબ થઇ ગયા હતા. જમીનમાં ચારે પગ તે ઘસી રહ્યો હતો. ઉપર તડકો પેશાબ હતો. અને શ્વાસ ખેંચતો હતો શરીર કુબજ હતું. દાંત હતા નહીં અને હોઠ લબડત હતા.

આ ઘરડા બળદને જોઇ પંકજમુખ સંવેગ પામે છે અને વિચારે છે.

આ બળદનું બળ ક્યાં ગયું ? રૂપ લાવણ્ય ક્યાં ગયા ? તેની ગર્જના શક્તિ ક્યાં ગઇ ? ખરેખર બધું ક્ષણભંગુર છે.

મરતા એવા આ બળદનું કંઇ હિત થાય તેમ કરું—એમ વિચારી તે નીચે ઉતર્યો અને બળદના કાન પાસે જઇ પ્રાણાંત દશાને ભોગવતા બળદને ઉચ્ચાર પૂર્વક મધુર વાણીથી શ્રી નમસ્કાર મહામંત્ર સંભળાવે છે.

બળદના કાનમાં નવકાર મંત્ર પડયો અને તેણે સામે જોયું, જાણે નવકારે તેને ચેતના આપી. સાવધાન થયો, અશુભ ધ્યાનથી મુકત થયો. કાન રૂપ અંજલી વડે શ્રી નવકાર રૂપ અમૃતને ઘૂંટવા લાગ્યો. સમગ્ર શ્રુતજ્ઞાનના સાર રૂપ દહીંમાંથી માખણ તુલ્ય આ શ્રી મહામંત્ર સાંભળતાં સાંભળતાં બળદ મરણ પામ્યો.

અનાથ બળદનું પણ કેવું સુંદર મૃત્યુ ! આવું મૃત્યુ કમભાગી માનવને પણ ન મળે, ક્યારે બળભાગી બળદીયો પામી ગયો, તેનું ધન્ય જીવન, ધન્ય મૃત્યુ.

એજ નગરમાં શતચ્છદ નામે રાજા છે. તેને ભુવનશ્રી નામે રાણી છે. તેની કુક્ષીને વિષે આ બળભાગી બળદીઓ પુત્ર તરીકે ઉત્પન્ન થયો.

રાણીએ શ્રેષ્ઠ વૃષભનું સ્વપ્ન જોયું. મનોહર મનોરથ થયા, રાણીએ પરિપૂર્ણ સમયે પુત્રને જન્મ આપ્યો. વધામણાં થયાં. રાજાએ મહોત્સવ પૂર્વકનું પુત્રનું નામ વૃષભધ્વજ રાખ્યું.

બાલવયમાંથી આગળ વધતો કલા ગુણ નિપુણ બન્યો. એકવાર વૃષભધ્વજકુમાર ઘોડેશ્વાર બની પરિવાર સહિત નંદનવનમાં આવ્યો. આમ તેમ ફરતો ક્રીડા કરતો જ્યાં બળદનું સ્થાન હતું ત્યાં આવ્યો. તેને થયું આ પ્રદેશ જોયેલો છે આમ ઉહાપોહ કરતાં તેને જાતિસ્મરણ થયું.

આ ઘાસ લીધું, અહીં પાણી પીધું અહીં બેઠો, અહીં ભમ્યો, બિમાર પડયો, નવકાર મળ્યો. તેના પ્રભાવથી રાજકુમાર થયો. એ બધું જાણ્યું, પરંતુ નવકાર સંભળાવનાર પરમબંધુ કોણ છે તે સમજાયું નહિં.

અહો, કરૂણાસાગર એવા તેણે નવકાર સંભળાવ્યો તેના પ્રભાવે કંઇ પણ સુકૃત

ન કરવા છતાં હું રાજકુમાર થયો. એ પરમ ગુરૂ પરમ ઉપકારી સર્વ પ્રકારે સેવા કરવા યોગ્ય એવા તે ઉપકારીને ઓળખ્યા વિના હું અનૃણી કયાંથી થઇ શકું ?

તે જ મહાન પુરૂષ છે કે જેણે ઉપકાર કર્યો નથી તેનો પણ ઉપકાર કરે. જ્યારે જેમણે ઉપકાર કર્યો છે તેનો પ્રત્યુપકાર પણ ન કરે તેમની શી ગતિ થશે ? તો પછી ઉપકાર કરનારનો પણ અપકાર કરે તેની તો વાત શું કરવી ? એ અધમાધમનું નામ પણ લેવા જેવું નથી. વૃષભધ્વજ ઘેર ગયો. અને રાજાને બધી વાત કરી. અને કહ્યું કે–મારા ઉપકારી મળે તો શાંતિ થાય.

રાજા કહે–હે પુત્ર, ઉતાવળો ન થા. તારૂં એ ચરિત્ર ચિતરાવીને રખાવવાથી તે તારા ઉપકારીને જલ્દીથી મેળવી શકાશે. વૃષભધ્વજકુમારે તે ઉદ્યાનમાં ભવ્ય શિખરબંધી જિનમંદિર બંધાવ્યું, તે મંદિરના કોઇ ભાગમાં તેણે બળદને કોઇ નવકાર સંભળાવે છે તેવું ચિત્ર દોરાવીને મૂકયું અને રાજપુરૂષો ગોઠવી દીધા અને કહ્યું કે–

આ ચિત્રને જોઇને જે પૂછે કે આ ચિત્ર કોણે દોર્યું છે ? પૂછનારનો શીઘ્ર તમારે મને ભેટો કરાવવો. એકવાર પંકજમુખ તે ઉદ્યાનમાં દર્શન કરવા આવ્યો. પેલું ચિત્ર જોયું આશ્ચર્ય પામી ગયો. અને રાજપુરૂષોને પૂછ્યું–આ ચિત્ર કોણે દોર્યું છે ?'

રાજપુરૂષો તરત રાજકુમાર પાસે ગયા અને વાત કરી, વૃષભધ્વજ તરત ત્યાં આવ્યો. શ્રેષ્ઠિપુત્રા પંકજને એ પ્રેમપૂર્વક ભેટી પડયો. પંકજમુખ તો જોયા કરે છે કે આ રાજકુમાર કેમ પ્રેમ બતાવે છે ?

રાજપુત્રો પછી પૂર્વભવની વાત કરી અને કહ્યું–'તમારા પ્રભાવથી આ બધી સંપત્તિ મળી છે. આ રાજ્ય, આ પરિવાર, આ દેશ, આ ભંડાર, એ બધું તમારે સ્વાધીન છે અને મારે જે કરવાનું હોય તેનો હુકમ તમે કરો.

પંકજમુખ પણ આશ્ચર્ય પામી ગયો. અહો શ્રી નમસ્કાર મંત્રનો કેવો પ્રભાવ છે ? વળી આ કુમાર પણ કેવો કૃતજ્ઞી છે કે ઉપકારીને સર્વસ્વ આપવા તૈયાર થાય છે.

કૃતજ્ઞી આપે પણ ઉપકારી લે નહિ. લઇ લેશે તેવી બુદ્ધિથી ન આપે તે કૃતજ્ઞી નથી પણ કૃતઘ્ની છે. ઉપકારી લે એ તો મહા ભાગ્ય કહેવાય. રાજકુમાર અને શ્રેષ્ઠિપુત્રા વાત કરે છે ત્યાં ધર્મરૂચિ નામના સાધુ જિનમંદિરે દેવ વંદન કરવા માટે આવ્યા. સાધુ અતિશયજ્ઞાની છે. જિનદર્શન કરી એ બહાર આવ્યા અને યોગ્ય આસને બેઠા. પંકજમુખ અને વૃષભધ્વજ ત્યાં ગયા અને મુનિને ભાવથી વિધિપૂર્વક વંદન કર્યા અને કહ્યું હે પ્રભુ ! અમોને જ્ઞાન દર્શન ચારિત્રનું સ્વરૂપ કહો.

મુનેવરે જ્ઞાનથી વૃષભધ્વજને પૂર્વભવ જાણી કહ્યું. 'જ્ઞાનદર્શન ચારિત્ર ત્રણ રત્નો છે. તેમાં શ્રી નમસ્કાર મહામંત્ર એ જ્ઞાન છે. સઘળાય શ્રુતનું રહસ્ય અને પ્રથમ પંચનમસ્કાર છે તે જ્ઞાનનું ફળ તમે જોયું. અને દર્શન ચરિત્રનું ફળ તમે સાંભળો.

દર્શન ત્રણ રત્નમાં ઉત્તમ છે કેમકે જ્ઞાનચરિત્ર હોવા છતાં સમ્યક્ત્વ વિના તે ફલદાયક બનતા નથી. અરિહંત દેવ સુસાધુ, ગુરૂ, જિનભાષિત ધર્મ એવી બુદ્ધિ તે દર્શન છે. સર્વ સાવદ્યનો ત્યાગ એ ચારિત્ર છે. તે ચરિત્ર સર્વથી તથા દેશથી છે. સાધુ અને શ્રાવક ધર્મ રૂપે છે જે આ ત્રણ રત્નો સાધે છે તે અવશ્ય મુક્તિ સુખને પામે છે.

ધર્મરૂચિ મુનિ પાસે ધર્મ સાંભળી બંને સમ્યક્ત્વ મૂળ શ્રાવક ધર્મ સ્વીકારે છે અને વંદન કરી પોતાના સ્થાને જાય છે.

યાનુક્રમે પિતાએ વૃષભધ્વજને રાજા તરીકે સ્થાપન કર્યો, અને વૃષભધ્વજે પંકજમુખને યુવરાજ પદે સ્થાપન કર્યો. બંને પ્રીતિપૂર્વક રાજ્ય સુખને ભોગવે છે.

બંને જણા કાલ, વિનયાદિ આઠ પ્રકારે જ્ઞાન સાધે છે. ત્રિકાલ જિનપૂજા કરે છે; શંકાદિ રહિત બની શ્રદ્ધામાં દૃઢ બને છે. નિરતિચાર બાર વ્રતનું સેવન કરે છે. શક્તિને ગોપવ્યા વિના તીવ્ર તપમાં ઉદ્યમ કરે છે, ત્રણ પ્રકારે દાન આપે છે, ત્રિકરણ શુદ્ધ શીલ પાળે છે અને સંવેગ નિર્વેદને જગાડનારી ભાવનાઓ ભાવે છે.

ઉંઢગીભર સુંદર વ્રતનું પાલન કરીને બંને જણા છેલ્લે અનશન સ્વીકારે છે અને એક માસ સુધી અનશન પાળી સમાધિપૂર્વક મૃત્યુ પામી ઇશાન દેવલોકમાં ઇન્દ્ર સમાન દેવ થયા. ત્યાં બે સાગરોપમનું આયુષ્ય છે. દિવ્ય સુખને ભોગવતા સમય પસાર કરે છે.

દેવભવનું આયુષ્ય પૂર્ણ થતાં વૃષભધ્વજનો જીવ ત્યાંથી ચ્યવીને આ ભરત ક્ષેત્રમાં કિષ્કિંધપુરમાં વિદ્યાધર રાજા સુગ્રીવ થાય છે.

આ ભરતમાં દક્ષિણાર્ધ ભરત છે. ભરતના મધ્ય ખંડમાં અયોધ્યાનગરી છે, ત્યાં દશરથ રાજા છે, તેને અપરાજીતા દેવી છે તેની કુક્ષીને વિશે ચાર સ્વપ્નથી સૂચિત એવો પંકજમુખનો જીવ ઉત્પન્ન થયો. શુભ મુહૂર્તે જન્મ થયો અને તેનું પદ્મકુમાર નામ આપ્યું. આ પદ્મકુમારએ ધનદત્તનો જ જીવ છે જે દેવલોકમાં પંકજમુખ થયો અને તે પદ્મકુમાર એટલે રામચંદ્રજી તરીકે ઉત્પન્ન થયો.

વસુદત્તનો જીવ ઘણા તિર્યંચના ભવ ભમીને પદ્મકુમારના નાનાભાઈ લક્ષ્મણ તરીકે ઉત્પન્ન થયો.

શ્રીકાંતનો જીવ પણ ઘણું ભમીને સ્ત્રીનો લોલુપ્ત એવો પ્રતિવાસુદેવ દશગ્રીવ એટલે રાવણ થયો.

ગુણવતી કન્યા પણ બહુ ભમીને જનક રાજાની પુત્રી જાનકી સીતા તરીકે ઉત્પન્ન થઈ. તેને રામ પરણ્યા, કોઈ વાર દશગ્રીવ તેને હરણ કરી જાય છે તે વખતે લક્ષ્મણ વાસુદેવે રાવણને હણ્યો.

પદ્મની સાથે સુગ્રીવને પ્રીતિ થઈ અને લાંબા કાળ સુધી રાજ્ય પાલન કર્યું.

સુગ્રીવે ભવથી વિરાગી બની ગુરૂ પાસે દીક્ષા લીધી. પદ્મકુમારે લક્ષ્મણના મરણથી વિરાગ પામી દીક્ષા લીધી અને રામ અને સુગ્રીવ બંને લાંબા કાળ સુધી જ્ઞાનદર્શન ચારિત્ર રૂપ રત્નત્રયીને આરાધી, કેવલજ્ઞાન પામી અનુક્રમે નિર્વાણ પામ્યા.

જ્ઞાનદર્શન ચરિત્રનો આવો મહામહિમા છે. માટે રત્નત્રયીને ધારણ કરનારની સર્વ પ્રકારે ભક્તિ કરવી જોઈએ.

બળભાગી બળદીયો દીનદશામાંથી અદીનદશા પામ્યો. શ્રી નમસ્કાર મહામંત્ર સ્વરૂપ શ્રુતજ્ઞાનનો સાર પામી તે ધન્ય બન્યો.

અહો, જૈન શાસન, અહો તેનો મંત્ર.



જૈન શાસનમાં શાસન વિઘાતક તત્ત્વોનો પ્રતિકાર હોય છે જેથી લોકપ્રિય થવું કઠીન છે પણ શાસન પ્રિયનું તે પ્રિયપાત્ર બની શકે.

卐 નવકાર કરે ભવપાર 卐

—પૂ. આ. શ્રી વિજય રાજશેખરસૂરીશ્વરજી મ.

અનંત ઉપકારી મહાપુરૂષોએ નમસ્કાર મહામંત્રનો મહિમા જણાવતાં કહ્યું છે કે–

सुचिरं पि तवो तविय, चरणं चरणं सुयं च बहु पढियं ।
जइ ता न नमुक्कारे, रई तओ तं गयं विहलं ॥

લાંબ કાળ સુધી તપ કર્યો હોય, લાંબા કાળ સુધી ચરિત્ર પાળ્યું હોય, શ્રુતનો અભ્યાસ ઘણો કર્યો હોય, પણ જો નમસ્કાર મહામંત્ર ઉપર ઉપર પ્રેમ ન હોય તો એ બધું નિષ્ફલ બને.

નમસ્કાર મહામંત્ર ઉપર પ્રેમ થયા વિના બધી સાધના નિષ્ફલ છે.

નમસ્કાર મહામંત્ર ઉપર અસ્થિ મજ્જા જેવો પ્રેમ થવો જોઇએ. આવો પ્રેમ કયારે આવે ? નમસ્કાર મહામંત્ર મારા બધાં સુખોનું મૂળ છે એવી શ્રધ્ધા થાય તો જ આવો પ્રેમ આવે. નમસ્કાર મહામંત્રના પ્રભાવથી આ લોકનાં અને પરલોકનાં બધાં સુખો મળે છે, યાવત્ મોક્ષ મળે છે. સંસારમાં એવું કોઇ સુખ નથી કે જે નમસ્કાર મહામંત્રના પ્રભાવથી ન મળે. નમસ્કાર મહામંત્રનો આરાધક જીવ સંસારના ઉત્તમ સુખો પામે છે. અને પછી મોક્ષ પામે છે.

નમસ્કાર મહામંત્રની આરાધનાથી આ લોકમાં આરોગ્ય, ધન, ઇચ્છિતસુખો મળે છે કોઈ આપત્તિ આવતી નથી, આવેલી આપત્તિ તુરત દૂર થાય છે, અને પરલોકમાં સ્વર્ગ મળે છે. આ રીતે સુખ ભોગવતો તે જીવ અલ્પકાળમાં મોક્ષ પણ પામે છે. મોક્ષમાં કોઇ જાતનું જરાય દુઃખ ન હોય, કેવળ સુખ જ હોય.

સાધકને નવકાર પ્રત્યે કેવો રાગ હોય ?

નમસ્કાર મહામંત્રના પ્રભાવને–યથાર્થને જાણનારા સાધકને નમસ્કાર મહામંત્ર ઉપર અધિકરાગ હોય છે. દુનિયામાં ચિંતામણીરત્ન, કલ્પવૃક્ષ, કામકુંભ વગેરે પદાર્થો સર્વોત્તમ ગણાય છે. કારણ કે તેનાથી ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ થાય છે. પણ નમસ્કાર મહામંત્રથી ઇચ્છિત વસ્તુ તો મળે જ છે, વધારામાં નહિ ધારેલી પણ ઉત્તમ વસ્તુ મળે છે. આથી દુનિયાના જીવોને ચિંતામણિરત્ન આદિ પ્રત્યે જેટલો રાગ હોય તેનાથી અનંતગણો રાગ નમસ્કાર મંત્ર પ્રેમી જીવને નવકાર ઉપર હોય. આથી જ સાધક નવકારમંત્ર મલ્યો એટલે બધું મળ્યું અને નવકાર નથી તો કંઇ જ નથી એમ માને. નવકાર મંત્ર મળી જવાથી પોતાને કૃતાર્થ માને.

પ્રશ્ન : નમસ્કાર મહામંત્રના જ્ઞાન વિના નવકાર ગણવામાં આવે તો લાભ થાય ? ઉત્તર હા. સાકરનું જ્ઞાન ન હોય તો પણ તેને ખાનારને મીઠાશનો અનુભવ થાય છે. ઔષધિના જ્ઞાન વિના પણ ઔષધ ખાવામાં આવે તો રોગ દૂર થાય છે. તે પ્રમાણે (નવકાર) નમસ્કાર મહામંત્રનું વિશેષજ્ઞાન ન હોય તો પણ, શ્રધ્ધાપૂર્વક નવકાર ગણવાથી કે સાંભળવાથી લાભ થાય. નવકારથી થતા લાભમાં જ્ઞાનનું એટલું મહત્વ નથી કે જેટલું શ્રદ્ધાનું છે નવકાર પ્રત્યે અનન્ય શ્રધ્ધા= નિષ્ઠા હોવી જોઇએ. નમસ્કારના પ્રભાવનું જ્ઞાન હોય પણ શ્રધ્ધા ન હોય તો જરાય લાભ ન થાય. જેમ સ્વીચબોર્ડ સાથે વાયરનું કનેકશન ન હોય તો સ્વીચબોર્ડ ઉપરની સ્વીચ ગમે તેટલી વાર દબાવવામાં આવે તો પણ લાઇટ ન થાય. તેમ નવકાર પ્રત્યે અનન્ય શ્રધ્ધા= નિષ્ઠા ન હોય તો ગમે તેટલા નવકાર ગણવામાં આવે તો પણ લાભ ન થાય. નવકાર ઘણા ગણવા છતાં કોઇ લાભ ન જણાય તો તેનું મુખ્ય કારણ શ્રધ્ધાની ખામી છે. નવકારના પ્રભાવનું વિશેષજ્ઞાન ન હોય તો પણ અત્યંત શ્રધ્ધાપૂર્વક નવકારની આરાધનાથી અવશ્ય લાભ થાય. આ વિષે શાસ્ત્રોમાં અનેક દૃષ્ટાંત જણાવેલા છે. વિશેષજ્ઞાન વિના પણ શ્રધ્ધાથી નવકારની આરાધનાથી લાભ થાય તે અંગે બળદનું દૃષ્ટાંત આ પ્રમાણે છે.

ધનદત્ત નામનો યુવાન હતો. તેના ભાઇને કોઇએ મારી નાખ્યો આથી ધનદત્ત શોકાતુર બનીને જ્યાં ત્યાં ભટકવા લાગ્યો. એકવાર રાતે ભૂખ્યા થયેલ તેણે સાધુઓને જોઇને સાધુઓ પાસે ભોજનની માગણી કરી, સાધુઓમાંથી એક મુનિએ તેને કહ્યું : 'હે ભાઈ ! મુનિઓ દિવસે પણ ભોજનનો સંગ્રહ કરતા નથી, તો રાત્રે તેમની પાસે ક્યાંથી હોય ? વળી હે ભદ્ર ! તારે પણ રાતે ખાવું કે પાણી પીવું યોગ્ય નથી. કારણ કે અંધકારમાં અન્ન વગેરેમાં રહેલાં જીવો જોઇ શકાય નહિ. રાતે ખાવાથી જીવોની હિંસા થતી હોવાથી રાત્રિભોજન મોટું પાપ છે. આ ઉપદેશ તેને રૂચ્યો પછી તે સાધુ પાસેથી ધર્મ સમજીને શ્રાવક થયો. મૃત્યુ પામીને પહેલા દેવલોકમાં ઉત્પન્ન થયો. ત્યાંથી ચ્યવીને પદ્મરૂચિ નામે શ્રાવકપુત્ર થયો.

એકવાર પદ્મરૂચિ અશ્વ ઉપર આરૂઢ થઇને ગોકુળમાં જતો હતો માર્ગમાં તેણે મરવાની તૈયારીવાળા વૃદ્ધ બળદને જોયો. કૃપાળુ તે શેઠે અશ્વ ઉપરથી નીચે ઉતરી તેની નજીકમાં જઇને તેના કાનમાં નમસ્કારમંત્ર સંભળાવ્યો તેના પ્રભાવથી મૃત્યુ પામીને તે જીવ તે જ નગરમાં વૃષભધ્વજ નામે રાજકુમાર થયો. તે રાજકુમાર એક વખત ફરતો ફરતો વૃદ્ધ બળદ મૃત્યુ પામ્યો હતો. તે સ્થળે આવ્યો. પૂર્વ જન્મનું તે સ્થાનને જોઇને તેને જાતિ સ્મરણ જ્ઞાન થયું. આથી તેણે ત્યાં એક જિનમંદિર કરાવ્યું. તેમાં

ભીંત ઉપર મરણ સ્થિતિમાં આપેલા વૃધ્ધ બળદનું ચિત્ર આલેખ્યું. તથા તેની પાસે બળદના કાનમાં નમસ્કાર મંત્ર સંભળાવતા પુરૂષને અને તેની પાસે પલાણસહિત તેના અશ્વને ચિતર્યો પછી મંદિરના રક્ષકને આજ્ઞા કરી કે, જે કોઈ આ ચિત્રને પરમાર્થથી જાણી લે તે પુરૂષની મને તત્કાળ ખબર આપવી.

એક વખત પદ્મરૂચિ શેઠ તે મંદિરમાં દર્શન કરવા આવ્યો. જિનમૂર્તિના દર્શન કરીને તેણે ભીંતમાં રહેલાં ચિત્રો જોયાં, જોતાં જ વિસ્મય પામીને તે સહસા બોલી ઉઠયો : અરે ! આ ચિત્રની બધી જ વિગત મને જ લાગુ પડે છે. રક્ષકોએ તત્કાળ રાજકુમારને આ ખબર પહોંચાડયા. રાજકુમાર તત્કાલ ત્યાં આવ્યો. તેણે પદ્મરૂચિને પૂછયું : તમે આ ચિત્રનો વૃત્તાંત જાણો છો ? શેઠે કહ્યું : હા. આ મરણ પામતા વૃષભને નમસ્કાર મંત્ર સંભળાવતા એવા મને કોઇ જાણીતા પુરૂષે અહીં આલેખ્યો છે. આ સાંભળી રાજકુમારે તેને નમસ્કાર કર્યો અને કહ્યું : હે ભદ્ર ! તે વૃધ્ધ બળદ નમસ્કાર મંત્રના પ્રભાવથી આ હું રાજપુત્ર થયો છું જો કૃપાળુ તમોએ મને નમસ્કાર મંત્ર ન સંભળાવ્યો હોત તો હું તિર્યંચ યોનિમાં= પશુના ભવમાં કે અન્ય કોઇ હલકા ભવમાં ગયો હોત. તમે મારા ગુરૂ છો, સ્વામી છો, દેવ છો. ખરેખર તો આ રાજ્ય તમોએ જ આપ્યું છે. તમોએ આપેલું આ રાજ્ય તમે જ ભોગવો પછી રાજકુમાર અને પદ્મરૂચિ એ બંને વચ્ચે ગાઢ પ્રેમ બંધાયો. બંને ઘણા કાળ સુધી શ્રાવકધર્મ પાળીને બીજા દેવલોકમાં ઉત્પન્ન થયા.

બળદને નવકારના અર્થનું જ્ઞાન ન હતું, એના પ્રભાવનું પણ જ્ઞાન ન હતું. આમ છતાં બળદને નવકારનાં શબ્દો પ્રત્યે પ્રેમ થયો. નવકારના શબ્દો સાંભળીને આ ઉત્તમ છે. મારા સારા માટે છે, એમ થયું. એનાથી આત્મામાં શુભ અધ્યવસાય થયા. એ શુભ અધ્યવસાયના કારણે પુણ્યાનુબંધી પુણ્યનો બંધ થયો. એના કારણે મરીને રાજપુત્ર થયો, અને જૈન ધર્મની પ્રાપ્તિ થઈ.

આમ નવકાર પ્રત્યે શ્રદ્ધા રાખનાર જીવ નવકારના જ્ઞાનથી રહિત હોય તો પણ કલ્યાણને પામે છે. માટે સાધકે નવકાર પ્રત્યે શ્રદ્ધા વધે તેમ કરવું જોઇએ.

રૂપીયા ૫૦૧) ભરી જૈન શાસનના
આજીવન સભ્ય બનો

* અશ્વની પૂર્વ ભવની યોગ્યતા *

—શ્રી વિરાગ રૂચી

પ્રભુ ! આપ સર્વજ્ઞ છો ?

પ્રભુ ! આ યજ્ઞનું ફળ શું છે ?

અરે ! આ કોણ પૂછે છે ?

કોને પૂછાઇ રહ્યું છે ?

અરે ! આનું રહસ્ય સમજાતું નથી

વણ ઉકેલ પ્રશ્નનો જવાબ મળતો નથી...

હા,હા મળશે... થોડી ધીરજ ધરો... શાંતીથી વાંચો... !!!

ભરૂચ નામે શહેર છે. વર્ષો પહેલાં તે ભૃગુપુર નામથી ઓળખાતું હતું. આ નગરનો રાજા યથાર્થ નામવાળો હતો. શત્રુઓનો કોળીયો કરવામાં પાવરધો હતો. તેનું નામ જિતશત્રુ રાજા હતું. રાજા અન્ય ધર્મી હોવાથી અન્ય ધર્મના ગુરૂઓનું આવાગમન સારૂં હતું. રાજ્ય વધારવાની લાલસા જાણીને બ્રાહ્મણ ધર્મગુરૂઓએ યજ્ઞ કરાવવાની સલાહ આપી.

યજ્ઞનો પ્રારંભ થયો અવનવા ક્રીયાકાંડો થવા લાગ્યા. અવરનવર યજ્ઞમાં બકરાનો હોમ થવા લાગ્યો. પહ૭ બકરા હોમાયા પછી યજ્ઞના અંતિમ દિવસે રાજાનો પટ્ટ અશ્વ યજ્ઞની વેદિકામાં હોમવા માટે મંગાવાયો.

આ જ સમય પટ્ટઅશ્વને પ્રતિબોધવા માટે પ્રતિષ્ઠાન નગરથી શ્રી મુનિસુવ્રત સ્વામી ભગવાન પોતાના પરિવાર સાથે ૬૦ યોજનનો વિહાર કર્યો. રસ્તામાં રાત્રે સિદ્ધપુર નગરમાં એક ક્ષણનો વિશ્રામ કરી વહેલી સવારે પ્રભુ ભૃગુપુર નગરમ. પધાર્યા.

ભૃગુપુર નગરની બહાર આવેલા ઉદ્યાનમાં આમ્રવૃક્ષની નીચે દેવોએ સમ.વસરણની રચના કરી. પ્રભુએ દેશનાની શરૂઆત કરી.

સર્વજ્ઞ પધાર્યા છે તેવી વાત સારાય નગરમાં થવા લાગી. ભગવાનની રિદ્ધિ-સિદ્ધિ જોવા માટે ટોળે ટોળા ઉમટયા અન્ય ધર્મી જિતશત્રુ રાજા પણ તે બાજુ આકર્ષાયો. સમવસરણમાં આવી પ્રભુ સન્મુખ બેઠો.

જે પટ્ટઅશ્વને આજે યજ્ઞની વેદિકામાં હોમવાનો છે તે જ પટ્ટઅશ્વ ઉપર આરૂઢ થઇને જિતશત્રુ રાજા સમવસરણમાં આવ્યા હતા.

દેશના ચાલુ હતી તે જ અવસરે સમય જોઇને જિતશત્રુ રાજાએ પૂછ્યું

પ્રભુ ! આપ સર્વજ્ઞ છો ?

પ્રભુ ! આ યજ્ઞનું ફળ શું ?

સર્વજ્ઞ ભગવાનને કહ્યું. પ્રાણિવધવાળા આવા યજ્ઞો નરકમાં જ લઇ જાય છે. આટલું જ સાંભળતાં અશ્વની આંખો પહોળી થઇ ગઇ અચેતન આવ્યું. પ્રભુના નયને નયન મિલાવે તેની પહેલાં તો ટપક ટપક અશ્રુની ધારા વહેવા લાગી.

રાજા પ્રજા આદિ સાંભળતા જ પ્રભુએ અશ્વને ઉદ્દેશીને ઉપદેશ આપતાં કહ્યું હે પટ્ટ અશ્વ "તારા પૂર્વભવને કહું છું તે તું સાંભળ, ધ્યાનપૂર્વક સાંભળીને તું પ્રતિબોધ પામ."

આજ ભૃગુકચ્છ નગરમાં સમુદ્રદત્ત નામે એક વેપારી હતો. તે જૈન ધર્મ પાળતો હતો. તેને એક મિત્ર હતો તેનું નામ હતું સાગરપોત તે મિથ્યાદૃષ્ટિ હતો સતત સહેવાસને કારણે તેને અહિંસા પરમો ધર્મ ગમવા લાગ્યો. વિશેષ જાણકારી મેળવી તે મિત્રે જૈન ધર્મ અંગીકાર કર્યો.

પૂર્વ કર્મના ઉદયથી સાગરપોત બિમાર પડયો. ભયંકર માંદગીમાં પટકાયો. આનો લાભ ઉઠાવીને મિથ્યાદૃષ્ટિ સગા–સંબંધીઓ બોલવા લાગ્યા–મેણાંટોણા મારવા લાગ્યા–"તે તારો ધર્મ છોડી દીધો માટે જ હેરાન થાય છે. જૈન ધર્મ સ્વીકાર્યો તેનું ફળ તું ચાખ." વારંવાર કહેવાતી આ વાત ને કારણે તેની જૈન ધર્મ ઉપરની શ્રદ્ધા હલવા લાગી.

એકદા બ્રાહ્મણો પર્વના દિવસે લિંગની પૂજા કરવા તેમજ આવેલ અતિથિને અમીપાન કરાવવા માટે ભક્તોના ઘરેથી ઘી લાવવા માંડ્યા. લાવતી વખતે રસ્તામાં ઘીના છાંટા પડવ લાગ્યા સુંગધથી ધીમેલો તેમ જ કીડીઓ આદિ જીવજંતુઓ ઉભરાવવા લાગ્યા. સતત અવર જવરને કારણે પેલી ધીમેલો–કીડીઓ ચગદાવા લાગી. આ જોતાં સાગરપોતનું હૈયું કંપી ઉઠયુ. કંપારી છૂટી. દયાળુ એવા તેણે બ્રાહ્મણના ઉપયોગ વગરના અને દયા વગરના ધર્મની ભરપુર પેટે નિંદા કરવા માંડી.

પોતાના ધર્મની નિંદા સાંભળતાં જ બ્રાહ્મણો ગુસ્સે થયા. લાકડીનો માર મારવા લાગ્યા અધમૂઓ થઇ ગયો ત્યાં સુધી તેઓએ તેણે ટીપી નાંખ્યો. ઢોર માર ખાતાખાતા જ તે આર્તધ્યાનમાં ચઢયો તત્કાળ મરણ પામ્યો અનેક તિર્યંચના ભવોમાં ભટકી હે અશ્વ તું પોતે જ સાગરપોત છે. અને અત્યારે અહિં ઉત્પન થયો છે.

હવે મારો અને તારો પૂર્વના ત્રીજા ભવ સંબધને સાંભળ...

આજથી ત્રીજા ભવે હું શ્રી ચંદ્રપુર નગરીનો શ્રી વર્ય નામનો રાજા હતો. મારી નગરીમાં અનેક વેપારીઓ વેપાર કરવા આવતા હતા તેમાં એક વખત ઉપર કહ્યા પ્રમાણે તારો મિત્ર સમુદ્રદત્ત વેપાર કરવા માટે મારાં રાજ્યમાં આવ્યો અનેક ભેટણાં સાથે અનેક ઉત્તમ વસ્તુઓ મને અર્પણ કરી. હું ખુશ થયો મેં પણ તેનો સત્કાર કર્યો તેની સાથે મૈત્રીબાંધી વેપાર કરવાની છૂટ આપી. અવરનવર સાથે બેસતાં ઉઠતાં અને વાતચીતો કરતાં તેણે મને જૈન ધર્મ સમજાવ્યો. હું પણ જૈન બની ગયો. જૈન ધર્મ પાળવા લાગ્યો. એકવાર તેની સાથે તું પણ વહાણ વટુ ખેલવા માટે આવેલો. આપણા ત્રણેયની મૈત્રી બંધાયેલી જૈન ધર્મના નિતિ–નિયમોમાં આપણે દઢ બનેલા તે પાળતો હું સમાધિ પૂર્વક મૃત્યુ પામ્યો. પ્રાણાત દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયો ત્યાંથી ચ્યવીને અત્યારે તારી સમક્ષ હું મુનિસુવ્રત નામે તીર્થંકરના રૂપમાં છું.

પૂર્વ ભવની દાસ્તાન સાંભળીને રાજાની અનુમતિ મેળવીને પટ્ટ અશ્વ અનશન સ્વીકાર્યું ત્યાંથી મરીને સહસ્વર દેવલોકમા ઇન્દ્રનો સામાનિક દેવ થયો.

(પશુઓ તરી ગયા ૦ ૦ ૦ પેજ ૨૧૬ નું ચાલુ)

દેવ બન્યા વીર પ્રભુ ઉપર ઉપસર્ગ થતાં કંબલ અને સંબલ અવધિજ્ઞાન દ્વારા નિહાળે છે. પ્રભુના ઉપસર્ગનું નિવારણ કરવા આવે છે.

કુકડો મનુષ્ય જન્મ પામ્યો.

વર્તમાન કાળનો ૧૦ વર્ષ પહેલાંનો બનાવ છે. કસાઇની દુકાનમાં કસાઇ કુકડાની ટાંગ પકડી ચામડી ઉતારી રહ્યો હતો. તે વખતે મુનિભગવંત ત્યાંથી પસાર થતાં હતાં. કુકડાએ મુનિના દર્શન કર્યા. ભયંકર વેદનાની વચ્ચે મુનિ દર્શન થતાં શુભ ભાવમાં તે લીન બને છે. તે કુકડો માનવ-જન્મ પ્રાપ્ત કરે છે. આ ભાઇ મુંબઇ મલાડમાં રહે છે. નામ બાબુભાઇ છે. જિનભક્તિ ખુબ સુંદર કરે છે.

જીવન રંગોળીના રજકણ

બે આંખનો આંધાપો જે નુકશાન નથી કરતો, તેનાં કરતા કઇક ઘણું નુકશાન મિથ્યાત્વનો આંધાપો, અવિરતિનો અજગર કષાયોનો ધમધમાટ અને અધર્મનો યોગ કરે છે.

ઘઉં વીણનાર પણ કાંકરા ફેંકી દઇ ઘઉંને ગ્રહણ કરે છે. પણ પોતાની જાતને બુદ્ધિશાળી માનનાર અન્યના ગુણને બદલે દુર્ગુણ શા માટે ગ્રહણ કરતો હશે. ?

આપણી કોઇ જરાં નિંદા કરે તો તુરત જ ગરમ થઇ જઇએ છે તો આપણે બીજાની નીંદા શા માટે કરવો ?

મનુષ્ય જીવનનો મુખ્ય ઉદ્દેશ મોક્ષ પુરૂષાર્થ છે. બીજા બધા ઉદ્દેશ પછી છે, પહેલા નહી.

વિવેકી મહાત્મા ગજરાજ

— ગુણદર્શી —

અનંતજ્ઞાનથી જગતનું સંપૂર્ણ સ્વરૂપ જાણીને તેનાથી બચવા માટે અનંત ઉપકારી શાસ્ત્રકાર પરમર્ષિઓ ભારપૂર્વક ફરમાવે છે કે, આત્મગુણોની પ્રાપ્તિની સામગ્રી-સહાયકો મળવા દુર્લભ છે, આત્મગુણ પામવા દુર્લભ છે અને પામેલા આત્મગુણોને ટકાવી રાખવા તો સુદુર્લભ છે. જીવ જરામણ ગાફેલ થયો તો ક્યારે ગુણોથી પતિત થાય તે કહેવાય નહિ. માટે જ કહ્યું કે–'સમયં ગોયમ! મા પમાયમ્' અર્થાત્ હે આત્મન્! એક ક્ષણનો પણ પ્રમાદ કરીશ નહિ, નહિ તો આ પ્રમાદ એવો ભયંકર જીવલેણ શત્રુ છે કે 'આત્મગુણ' ઉન્નતિના શિખરે ચઢેલા જીવને ક્ષણવારમાં દોષોની ઊંડી ખાઈઓમાં પાડી દે છે. પછી ભવિતવ્યતા સારી હોય તો કોઈ બચાવનાર હિતૈષી મલી જાય તે જુદી વાત. આ અંગે આ અવસર્પિણીકાળના ચોવીશમા તીર્થપતિ પ્રગટ પ્રભાવી પુરૂષાદાનીય શ્રી પાર્શ્વનાથ સ્વામિ ભગવાનના પૂર્વભવનો સામાન્યથી વિચાર કરવો છે. જે આત્મા ક્ષુદ્ર શ્રી તીર્થંકર પરમાત્મા થવાનો છે તે આત્માની નાનકડી ભૂલ અને ગાફેલગિરિથી મનુષ્યગતિમાંથી તિર્યંચગતિમાં જવું પડ્યું. ભવિતવ્યતા સુંદર માટે ત્યાં જગાડનાર મહર્ષિ મલી ગયા અને આત્મા વિકાસના પંથે ચઢી ગયો. આપણું વર્તમાન જીવન જોતાં તો લાગે છે કે, આપણી મોહનિદ્રામાંથી જગાડનાર રોણીયા સમાન પરમ ગુરૂનો સુયોગ થવા છતાંય હજી આપણે જાગી શકતા નથી તો ભવાંતરમાં અરેરાટ શું થશે, કોણ બચાવશે તે વિચાર આવતાં કમકમા થાય તેમ છે.

કમઠને ખમાવવા ગયેલા મરૂભૂતિ ઉપર કમઠે મોટી શિલા ફેંકી અને તેના મહા-ઘાતથી વેદનાથી પિડિત થયેલો મરૂભૂતિ મહાઆર્ત્તધ્યાનમાં મરીને ગંધક નામના અરણ્યમાં હાથી તરીકે ઉત્પન્ન થયો. અને ક્રમે કરીને યૂથાધિપતિ બન્યો અને અરણ્યમાં ઇચ્છા મુજબ ફરવા લાગ્યો અને હાથણીઓ સાથે વિવિધ વિલાસને કરતો પોતાનો કાળ નિર્ગમન કરવા લાગ્યો.

આ બાજુ, શ્રી અરવિંદ રાજાને પ્રસંગ પામીને વૈરાગ્ય ઉત્પન્ન થયો અને જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમે અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. પોતાની પત્ની આદિ સૌને પ્રતિબોધ કરી સાધુપણાનો સ્વીકાર કર્યો અને ગુર્વાજ્ઞાથી એકલવિહારી પ્રતિમાપણે વિચરવા લાગ્યા. આ પ્રમાણે વિચરતા તેમણે 'સમ્મેત શૈલ' તીર્થને વંદન કરવાની ઇચ્છાથી સાગરદત્ત સાર્થવાહની સાથે વિહાર કરવા લાગ્યા. ક્રમે કરીને સાર્થની સાથે

જ્યાં મરૂભૂતિનો જીવ વનહાથી તરીકે ફરી રહ્યો છે તે અરણ્યમાં આવ્યા અને એક સરોવરની પાસે સાર્થ પડાવ કરીને રહ્યો.

તે હાથીએ હાથણીઓની સાથે સરોવરમાં ઘણી જળક્રિડા અને વિલાસો કરી અને બહાર નીકળ્યો. સરોવરની પાળ પાસેથી ચારે બાજુ નજર કરતાં મૃત્યુની જેમ સાર્થ તેની નજરમાં આવ્યો. અને સાર્થને જોતાં જ ગુસ્સાથી વ્યાપ્ત થઇ સૂંઢનું ગુંચળું વાળીને પ્રચંડ ગર્જનાઓ કરતો મોટા વેગથી પૃથ્વીતલને કંપાવતો સાર્થ તરફ દોડ્યો. તેથી મૃત્યુના ભયથી સાર્થવાસીઓ ચારે દિશાઓમાં ભાગી ગયા. મહા મુનિવર શ્રી અરવિંદરાજર્ષિ અવધિજ્ઞાનથી તેને પ્રતિબોધવાનો સુંદર અવસર જાણી ત્યાં ને ત્યાં જ કાઉસ્સગ્ગ ધ્યાનમાં ઊભા રહ્યા. આત્માની યોગ્યતા જ આત્મને સારો બનાવે છે. યોગ્ય આત્માને પ્રતિબોધક જાણીને જ્ઞાની આત્માઓ પ્રાણાંત આપત્તિઓથી જરાપણ ડરતા નથી.

બધા હાથણીઓથી પરિવરેલા તે હાથીએ બધા સાર્થની બીજ વસ્તુઓનો બરાબર રીતે વિનાશ કરીને આગળ નજર ફેરવી, તો તે મહામુનિને જોયા. તરત જ તેમના તરફ દોડ્યો. તેવા પ્રકારના ભય, હાસ્ય, રોષાદિથી રહિત મહામુનિને જોઇને તેનો ક્રોધ ઓગળી ગયો, મારવાનું મન મટી ગયું અને મુનિના પ્રભાવથી હાથીના હૃદયમાં પણ સંવેગ ઉલ્લસિત થયો. ચિત્રામણમાં જાણે ચિત્રિત ન કરેલો હોય તેવા સ્થિર હાથીને જોઇને મુનિએ પણ કાઉસ્સગ્ગ પાર્યો અને અંજનગિરિ સમાન હાથીને જોઇ, તેને પ્રતિબોધ કરવા માટે અત્યંત સુખકારી, હિતકારી, પ્રિય એવી મનોહર વાણીથી હાથીને કહેવા લાગ્યા કે—

'હે મરૂભૂતિ! શું તું મને અરવિંદ રાજાને સંભારતો નથી? અથવા દ્વિજાતિમાં ઉત્પન્ન થયેલ, જિનમત સ્વીકારનાર પોતાના મનુષ્યજન્મને યાદ કરતો નથી, કે પ્રજાને ઉપદ્રવ કરનાર એવા પ્રકારના કર્મને તું આચરે છે?' મુનિએ કહેલું સાંભળીને વિચારતાં તે હાથીને પણ જાતિસ્મરણ જ્ઞાન થયું. ભાગ્યશાલીઓ! વિચારો કે યોગ્ય આત્માઓને યોગ્ય અવસરે કહેલી હિતકર વાત કેવી સુંદર રીતે પરિણામ પામે છે. માટે જ તો ઉપકારી પરમર્ષિઓ યોગ્યતા ખીલવવા ઉપર ખૂબ જ ભાર મૂકે છે. યોગ્યતા પેદા થઇ એટલે આત્માનું હિત સુનિશ્ચિત જ છે તેમાં બે મત નથી. પણ અયોગ્યતા જોયા પછી અયોગ્યતા દૂર કરવા અને યોગ્યતા પેદા કરવા પ્રયત્ન કરે તેનો પણ બેડો પાર થવાનો છે તેમાંય શંકા નથી.

તે પછી દ્રવ્ય–ભાવ બંને રીતે શાંત બનેલા હાથીએ ધરણીતલ પર મસ્તક

નમાવીને મુનિને પ્રણામ કર્યા. મુનિ પણ તેની શુભ ચિત્તવૃત્તિ જાણીને તેને કહેવા લાગ્યા કે-'ચપળ નયનોથી સ્નેહપૂર્ણ કટાક્ષ કરનાર, વિજળી સરખી દેદીપ્યમાન, કર્ણાભૂષણથી શોભતી, રૂપ-સૌભાગ્ય-લાવણ્યાતિશયવાળી પ્રાણપ્રિય પ્રિયાઓ મળવી સુલભ છે, પરંતુ શ્રી જિનધર્મની પ્રાપ્તિ દુર્લભ છે. વિવિધ મણિ, સુવર્ણ, રત્નજડિત ભવનોના ભોગવટાવાળી ઋદ્ધિ મળવી સુલભ છે, પરંતુ શ્રી સર્વજ્ઞદેવ કથિત ધર્મ મળવો સુદુર્લભ છે. મનોહર હાથી, ઘોડા, રથ, સમર્પિત અને કેળવાયેલ પાયદલ-સૈન્ય સહેજે સહેજે મળી જાય તેમ છે પરંતુ મોક્ષના જ કારણભૂત શ્રી કેવલિભગવંતે ભાષિત ધર્મ મળવો અતિશય દુર્લભ છે. હજારો-લાખો શત્રુઓને પરાભવ પમાડી નિર્વિઘ્ન રાજ્યની પ્રાપ્તિ દુર્લભ નથી પરંતુ સંસાર રૂપી આંધળા કુવામાં પડતા આત્માનો ઉદ્ધાર કરનાર ધર્મ મળવો ઘણો જ દુર્લભ છે. રૂપ, લાવણ્ય, સૌભાગ્યાદિ સંપત્તિ સહિત વિજ્ઞાન, જ્ઞાન, વિદ્યા, કળાઓની પ્રાપ્તિ સુસાધ્ય છે પણ ભવસમુદ્રમાં ડુબતા જીવોને તારનાર ધર્મ મળવો મહામુશ્કેલ છે.

મનોહર ઉપવન, શ્રેષ્ઠ સુરસુંદરીઓ સહિત ઇન્દ્રાદિ દેવોની સમૃદ્ધિ મળવી હજી સુલભ છે પરંતુ મોક્ષફલ આપનાર ધર્મ મળવો મહાદુષ્કર છે. તેથી હે કરિનાથ! આ જગતમાં દુર્લભ ગણાતી ચીજ-વસ્તુ હજી મેળવી શકાય છે પરંતુ શ્રી વીતરાગદેવ કથિત ધર્મની પ્રાપ્ત થવી મહા મુશ્કેલ છે. તો હે ગજેન્દ્રરાજ! જો તેં આત્માને ઓળખ્યો હોય, તો આ સમગ્ર જીવોને ઉપદ્રવ કરવાનું છોડી દે. ભાવિ ભદ્રંકર બને માટે પ્રમાદ આચરણના વિલાસોનો ત્યાગ કર, સત્પુરૂષોના ચરિત્રનું અવલંબન કર' અને તિર્યંચગતિમાં શક્ય એવા પંચાણુવ્રત રૂપ શ્રાવક ધર્મને અંગીકાર કર.'

આ હિતકર વાણીથી પ્રતિબોધ પામેલા ગજરાજે 'મને શ્રાવકધર્મ અંગીકાર કરાવો.' એમ સૂચવવા મસ્તક હલાવ્યું અને સૂંઢ લાંબી કરી પ્રણામ કરવા લાગ્યો. તેના મનોગત ભાવને જાણનાર મહામુનિએ તેને શ્રાવક ધર્મ આપ્યો અને તે હાથી ધર્મનો સાર ગ્રહણ કરી જેમ આવેલો તેમ શાંત થઇ ચાલ્યો ગયો.

આવો આશ્ચર્યકારી પ્રસંગ જોઇ સાર્થપતિ આદિ સાથેના બધા આનંદિત થયા અને મુનિએ તે બધાને પણ ભગવાનનો ધર્મ સમજાવ્યો અને ઘણા પુણ્યાત્માઓએ શ્રાવકધર્મ આદિ પોતપોતાની શક્તિ પ્રમાણે અંગીકાર કર્યો. મહામુનિ પણ 'અષ્ટાપદ' પર્વત ઉપર જઇ, વિધિપૂર્વક ત્યાં શ્રી જિનેશ્વર દેવોને વંદનાદિ કરી સંયમમાં ઉદ્યમિત બન્યા.

હવે આ ઉત્તમ હસ્તિરત્ન પણ સમ્યક્ત્વ રત્નનો સ્વીકાર કરીને નેત્રથી પૃથ્વીતલ

જોઈને પોતાના પગ મૂકવાથી કોઇપણ જીવ–જંતુ મરી ન જાય તેમ ધીમે ધીમે ચાલતો, છઠ્ઠ–અઠ્ઠમ આદિ તપોથી આત્માને ઉજમાળ કરતો, રસ ત્યાગ કરવાની પરિણતિવાળો પોતાની હાથણીઓના ટોળાના સંગનો ત્યાગ કરીને, મોટા ગ્રીષ્મકાળના તાપને સહન કરી, શરીર શોષાવી ઉત્તમ યતિની જેમ સમિતિ આદિ તથા સંયમમાં ઉપયુક્ત માનસવાળો અચિત્ત શય્યા, પ્રાસુક અશન, ભક્ત જળથી નિર્વાહ કરતો. અને ધર્મધ્યાનથી પોતાના આત્માને ભાવિત કરતો પોતાનો કાળ પસાર કરતો હતો.

સાચી સમજ પેઠા થયા પછી જીવની પરિણતિ કેવી સુંદર બને છે તેના માટે આ દૃષ્ટાંત ખૂબ જ મનનીય છે. હાથી જેવું એક વિશાલકાય ધરાવતું પ્રાણી જો આવો વિવેકી બને તો જૈનકુળમાં ઉત્પન્ન થયેલા પુણ્યાત્માઓ અને એથી આગળ વધીને શાસનને સમર્પિત થયેલા સાધુ–પુરૂષો તો કેવા વિવેકરત્નના સ્વામી હોય તેનું વર્ણન ન થાય. વિવેક પેઠા ન થયો હોય તેવા તો મોટા પદવીધર અને ગચ્છનાયકના પદને પણ લજવનાર બને છે. તેમાં તે બિચારાઓનો આભિનિવેશ જ કારણભૂત છે. દાગ્રહી. પોતાનો જ કક્કો ખરો કરવાની મમતે ચઢેલાઓને સુધારવાનો કોઇ જ ઉપાય નથી. સ્વયં સમજે અને સુધરે તો સારું. બારી કુતરાની પૂંછડી છ મહિના ભોંયમાં દાટો તો ય વાંકીને વાંકી જ રહે. તેમ વક્ર બનેલા પોતાની વક્રતાને જડતાને અવસરે આવ્યે જણાવી પોતાની જાત ખુલ્લી પાડે જ છે. તેવાઓના યદ્વાતદ્વા ઉન્મત્ત જેવા પ્રલાપો ધ્યાનમાં લેવાના હોય જ નહિ. પણ ભલા ભોળા ભદ્રિક જીવો દ્વિધા અનુભવે નહિ અને તેવા લેભાગુઓની વાતમાં આવી હારી ન જાય માટે ક્યારેક સત્ય હકીકત પણ 'કહેવા' બની જાહેર કરવી હિતાવહ છે.

જગતમાં પરમતારક શાસન મહાન છે. પણ ખોટી એકતા સારી નથી. શાસનના સત્યસિદ્ધાંતોનું પ્રાણના ભોગે રક્ષણ કરવું એજ શાસનની સાચી વફાદારી અને સિદ્ધાંત ટિકાકરતા' છે. સત્યસિદ્ધાંતોના રક્ષણ માટે અયોગ્ય આત્માઓને 'કલેશ' થાય તેની પરમર્ષિઓને મન કુટી કોડિની કિંમત નથી અને સાચી વાતથી યોગ્ય આત્માની આંતરડી કયારે ય બળતી નથી. આ તો 'ગામનો બળ્યો પેટ બાળે' તે ન્યાયે મહાપુરૂષોના નામે પોતાની ખીચડી પકાવનારા પેટભરા પાપાત્માઓ જ બોલે! વાસ્તવમાં તો તેવાઓના અપવિત્ર જુઠ્ઠા મોઢામાં મહાપુરૂષોનું નામ પણ શોભતું નથી. આજે બહુ જ દુઃખની વાત છે જેનો સુજ્ઞ આત્માઓથી પણ ઇન્કાર થઇ શકે તેમ નથી પણ સત્ય વાત છે કે, **દુર્જનોની દુર્જનતા કરતાં તો સજ્જનોની નિષ્ક્રિયતા, ઉદાસીનતા, અને ઉપેક્ષા વધારે ખરાબ–ભયંકર છે.** 'જજની પાઘડી પાડી નાખી

તો આંબેરીને પહેરી લીધી અને પાડનારને જવા દીધો, નાહકનો ગામમાં ફજેતો થાય– તે ન્યાય તે કાયરતા અને બીકણપણાની નિશાની છે. સાચો ગુરૂ ભક્ત તો આંખ પણ લાલ કર્યા વિના રહે નહિ. માટે તો શાસનનું સુકાન છદ્મસ્થોને સોંપાય છે, જે અવસર આવે 'સીમ' પણ બને અને હૈયાથી 'ક્રાન્ત' પણ હોય. વાઘને ન કહેવાય કે 'તારૂં મોં ગંધાય છે' પણ લોકોને તો ઓળખાવાય કે 'આ વાઘ છે, હિત કરવું હોય તેને તેની છાયામાં પણ જવા જેવું નથી'.

સમજુ બનેલો હાથી મનુષ્યને પણ શરમાવે તેવી સુંદર આરાધના કરે, આરાધક ભાવને રાખે. જ્યારે મનુષ્યમાં સાધુ બનેલા અને પદવીધરનું બિરૂદ ધરાવનારા એક જનાવર થી પણ નીચા બને, પોતાના, પાશવીપણાનું પ્રદર્શન કરાવે–તેમાં આ કાળના પ્રભાવ કરતાં તે આત્માઓની અયોગ્યતા અને અધમતા જ સૂચિત કરે છે. આ તો ગુરૂ ભક્તિથી પ્રેરાઇ હૃદયની વેદનાને વાચા આપી. બાકી આવા અધમાત્માઓ તો પોતાના ભારે જ પોતે ડુબવાના છે. પોતાના ઉપકારીને માટે ગુણાનુવાદના નામે અવર્ણવાદ કરવા તે તો આત્માની કેટલી બધી નિમ્ન દશા બતાવે છે. અસ્તુ.

આ બાજુ કમઠ પરિવ્રાજકને, સગાભાઇ મરૂભૂતિને મારવા છતાં ક્રોધની શાંતિ થતી નથી. અને અત્યંત આર્ત્તધ્યાનમાં આયુષ્ય પૂર્ણ કરી તે કુક્કુટ જાતિના સર્પ તરીકે ઉત્પન્ન થયો. અને અનેક પ્રાણીઓના પ્રાણનો નાશ કરવા છતાં ય જરા પણ તૃપ્ત ન થયો. ફરતો ફરતો તે હાથી એકવાર જળપાન કરવા સરોવરમાં આવ્યો અને સૂર્ય કિરણોથી તપેલ અચિત્તજળનું પાન કર્યું. સરોવરમાંથી બહાર નીકળતાં તથા પ્રકારની ભવિતવ્યતાના યોગે તે, કાદવમાં ખૂંપી ગયો. તે જ વખતે તે કુક્કુટ સર્પ આ હાથીને જોયો. પૂર્વ ભવના ક્રોધના અતિશયથી કુક્કુટ સર્પ, બહાર નીકળવા અસમર્થ એવા તે હાથીના કુંભસ્થળમાં ડંખ માર્યો. વૈરનો અનુબંધ કેવું કામ કરે છે. માટે કોઇનં પણ સાથે વૈર વિરોધ ન થઇ જાય, વધી ન જાય તે માટે ખુબ જ સાવધ રહેવું જેવો વૈર વિરોધ થયો તો તરત જ તે કાપી નાખવો જેથી ભવાંતરમાં નુકશાન ન થાય.

આવી દશાને પામેલ વિવેકી મહાત્મન્ ગજરાજ જે સુંદર ભાવનાને ભાવે છે, તેવી ભાવના વાંચવાથી પણ હૈયામાં સુંદર આલ્હાદ ઉત્પન્ન થાય તેવો છે કે ભગવાનનું પરમ તારક શાસન સમજેલા અને હૈયામાં પરિણત કરેલા પુણ્યાત્માઓની પ્રાણાંત પીડામાં પણ મનોદશા કેવી ઉત્તમ હોય છે. તારક ગુર્વાદિ પ્રત્યે વૈર ભાવ અસૂયા અને પૂર્વગ્રહથી પીડિત આત્માઓ જો આ વિચારે અને પોતાના અવર્ણવાદોનું સરળ ભાવે

ક્ષમાપના કરે તો ય સ્વ-પરનું કલ્યાણ સાધે. પણ અયોગ્યતા આ વિચારને અવકાશ પણ આપે તે વાતમાં માલ નથી;

કુકકુટ સર્પના ડંશથી પીડિત તે હાથીરત્ને પોતાનો અંતિમ કાળ નજીક જાણી, ગુરૂએ આપેલા ઉપદેશનું સ્મરણ કરી, ચારે પ્રકારના આહારનાં ત્યાગ કરી ભાવના ભાવવા લાગ્યો કે–

" આ જગતમાં જન્મેલા સર્વે પ્રાણીઓને કોઇ પણ કારણથી અવશ્ય મરવાનું છે. સમગ્ર જીવલોકની આ સનાતન સ્થિતિ છે. તો પછી વિવેકીઓએ તેવી રીતે મરવું જોઇએ કે જેથી વારંવાર કુગતિઓમાં મહાભયંકર દુઃખો ભોગવવાં ન પડે. તેવા પ્રકારનું સમાધિ સાથેનું મરણ તો ખરેખર ધર્મના પ્રભાવથી જ થાય છે અને ધર્મોમાં પણ નારકી– તિર્યંચગતિના દુઃખોનો નાશ કરનાર હોય તો શ્રી જિનેશ્વરદેવોએ કહેલો ધર્મ જ છે. પૂર્વે કરેલા સુકૃતના યોગે મેં તેવો સમગ્ર સુર, અસુર અને મોક્ષ સુખનાં કારણભૂત શ્રી જિનેશ્વર દેવે કહેલો ધર્મ પ્રાપ્ત કર્યો છે; તો હવે હું ત્રિકરણ યોગે સર્વ કષાયો, હાસ્યાદિ છ એ નોકષાયો, રાગ–દ્વેષ, રતિ–અરતિ, દુગંછા, વિષયતૃષ્ણા, સમ્યક્ત્વના શંકા–કાંક્ષા–વિચિકિત્સા, તથા પરધર્મની પ્રશંસા–સેવા કરવી, તે ધર્મનું ચિહ્ન રાખવું–આ સઘળા ય દોષોનો ત્યાગ કરૂં છું. તે વિષયક લાગેલાં સઘળાં ય પાપોને વોસિરાવું છું. બાહ્ય– અભ્યંતર સંગ, આર્ત–રૌદ્ર ધ્યાનનો પણ ત્રિવિધે ત્રિવિધે ત્યાગ કરૂં છું." આ રીતે સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રની યથા શક્ય આરાધના કરીને ધર્મ ધ્યાનમાં વધતો એવો મહાસત્ત્વશાલી તે ઉત્તમ ગજરાજ **'નમો જિણાણં' તથા 'સુહ સમિદ્ધાણં સિદ્ધાણં'** એમ વારંવાર બોલવાની અભિલાષાવાળો નિર્મળ બુદ્ધિવાળો ત્યાં કાલ કરીને સહસ્રાર નામના સાતમા ઉત્તમ વૈમાનિક દેવલોકમાં દેવ થયો.

આવા હાથીરત્ન સમાન સુંદર વિવેકને પ્રાપ્ત કરી, આવી સુંદર ભાવના ભાવી સૌ પુણ્યાત્માઓ સમાધિને સુલભ બનાવી, સદ્ગતિની પરંપરા સાધી પહેલામાં પહેલા સિદ્ધિપદના ભોક્તા બનો તે જ શુભાભિલાષા.

રૂા ૧૦૦૦/ ભરી જૈન શાસન વિશેષાંકના
આજીવન સભ્ય બનો



* શૃંગી મત્સ્યની સોનેરી શિખામણ *

— શાસન ભક્ત

જંબૂદ્વીપને વિંટળાઇને બે લાખ યોજનના વિસ્તારવાળો લવણ સમુદ્ર છે, આ લવણ-સમુદ્રનું પાણી ખારું છે. આ લવણસમુદ્રમાં શૃંગી નામના એક મત્સ્યની જાતિ ઉત્પન્ન થાય છે, જે શૃંગી મત્સ્યો લવણ સમુદ્રનાં ખારાં પાણીનું પાન ક્યારે ય કરતાં નથી પરન્તુ ગંગા સિંધુ આદિ નદીઓ જે જગ્યાએ લવણસમુદ્રને લેગી થાય છે ત્યાં આવીને લવણસમુદ્રમાં રહેવા છતાં પણ મીઠા જલનું જ પાન કરે છે અને પોતાનો નિર્વાહ કરે છે.

આના પરથી બોધપાઠ ઓટલો લેવાનો છે કે, આ સંસાર સાગર જેવો ખારો છે, તે ખારા સાગરમાં કર્મ સંયોગે રહેવા છતાં પણ શ્રાવક-શ્રાવિકા બનેલા આત્માઓ ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ આત્મ કલ્યાણાર્થે ફરમાવેલી ધર્મક્રિયાઓ રૂપી મીઠા જલનું પાન કરી પોતાના આત્માને સંસારથી અલિપ્ત રાખે છે.

જે ધર્માચાર્યો અને ધર્મોપદેશકોની પોતાની પાસે આવતા અર્થીજનોને સંસારની ખારાશથી બચાવી ધર્મની મીઠાશ અનુભવાવવાની જવાબદારી છે. તે જ ધર્માચાર્યો અને પદવીધરો પોતે જ મીઠાશને બદલે ખારાશ વધારવાનું અને કડવાશ પેદા કરી વૈરવિરોધ વૈમનસ્ય વધારવાનું કામ કરે તે અરેખર કેટલું બધું અનુચિત કહેવાય. પોતાની પાસે જે ધર્માર્થી ભવ્યાત્મા આવે તેને ધર્મનું અમીપાન કરાવવાને બદલે ધર્મના નામે, ધર્મના ઓઠા હેઠળ, ગુણાનુવાદના રૂડાં રૂપાળાં લેબાશ નીચે વૈર-વિરોધનું વિષપાન કરાવે તો તે શૃંગી મત્સ્યથી પણ હીન થયેલા જ માનવા પડે કે શું ? હૈયામાં રહેલી દુર્વાસનાઓ અને કડવાશને આવા અવર્ણવાદના વિષથી ઓક-વાનું કામ કરે તે તો સર્પથી પણ હીન બન્યો કહેવાય. સર્પ પણ વિના કારણે છંછેડાતો નથી કે ડંખતો નથી.

જ્યારે આ તો... અરેખર તો આયોજકોએ પહેલેથી સ્પષ્ટતા કરવી જોઇએ અને પછી આવું બને તો પોતાનું ખમીર બતાવવું જોઇએ– વેશ્યાઓને કહેવું કે સતીના ગુણગાન ગા તો જાણકારોમાં હાસ્યાસ્પદ પ્રવૃત્તિ કહેવાય. તો જાણવા છતાં ય પેટ ચોળીને ગુલ ઊભી કરે તે કેવા કહેવાય– તે સ્વયં વિચારવાની જરૂર છે.

અયોગ્ય આત્માઓનો સ્વભાવ અડપલાં કરવાનો, શાંત જલમાં કાંકરા નાખી ડહોળવાનો હોય છે. આપણને હૈયાથી પ્રીતિ ન જન્મે તો આપણે જ ના પાડવી કે ભાઇ ! નાહક સંકલેશ વધે, વાતાવરણ કલુષિત થાય તેના કરતાં આમાં અમારું કામ

નહિ– તેવો પણ એક સૌજન્યપૂર્ણ વ્યવહાર કર્યો હોત તો ય ગૌરવ વધત. પણ મનની મેલી વાસનાને પ્રગટ કરવાની આવી તક શા માટે જવા દેવી– આવી ભાવના હોય તો તે જવાબદારી ભર્યા સ્થાનની પણ મહત્તા કિંમત ઘટાડનારી બને છે. સૌ સુજ્ઞ શાણપણ દાખવી સમજશક્તિ સાચી કેળવી આ શૃંગી મત્સ્યની જે સોનેરી શિખામણ કે ખારા પાણીમાં રહેવા છતાં ય મીઠા જલનું પાન કરવું તેમ આ સંસારની ખારાશમાં કર્મયોગે રહેવું પડે તો ય ધર્મક્રિયાઓની મીઠાશ માણી, સૌ વહેલામાં વહેલા મુક્તિપદ ભોક્તા બનો અને મળેલી સઘળી ય સારી સામગ્રી અને શક્તિઓનો શાસનની સેવામાં સદુપયોગ કરી– કરાવી, પરસ્પરની કડવાશને દૂર કરનારા બનો તે જ ક્રમના સાથે પંડિતવર્ય શ્રી રૂપવિજયજી મહારાજા કૃત સજ્ઝાયમાંથી સાભાર સાથે વિરમું છું કે–

"લેશ નથી અમને અંતરમાં માન અને અપમાન;
હોય કશી કડવાશ અમારી તો પ્રિયે કરજો પાન.
શિવ સુખની છાયા માટે સંવરમાં કરજો પ્રયાણ;
પરંપરાએ કર્મરહિત થઇ, પામો પદ નિરવાણ."

શ્રી શત્રુંજયગિરિ અને મોર

—શ્રી ધર્મ શાસન

કેવલજ્ઞાન દ્વારા સર્વ જગતના ત્રણે કાળના સર્વ ભાવોને પર્યાયોને એક સાથે જોતા અને જાણતા એવા પરમકરૂણા સાગર કોડો દેવતાઓથી સેવતા એવા શ્રી અજિત નાથ પ્રભુ ૧૦૮ શિખરોથી શોભતા એવા શ્રી શત્રુંજયગિરિ પાસે આવ્યા અને ત્યાં પ્રભુજી ધ્યાનમાં સ્થિર રહ્યા. એ વખતે પોતાના પીંછાઓથી પરમાત્મા ઉપર છત્ર કરતો અનેક મોરથી પરિવરેલો એક મોર ત્યાં આવ્યો. ધ્યાનના અંતે પરમાત્માએ મોરોને ઉપદેશ આપ્યો અને ત્યારબાદ મયુરોની સાથે પરમાત્મા શ્રી શત્રુંજયગિરિના મુખ્ય શિખર ઉપર આવ્યા અને ત્યાં રાયણના વૃક્ષ નીચે અનેક દેવતાઓથી સેવતા પરમાત્મા ત્રણ દિવસ રહ્યા. સવારે વૃધ્ધ મોરનું આયુષ્ય અલ્પ જાણી પ્રભુએ તેને સંલેખના કરાવી. મયુરે પણ ચારે પ્રકારના આહારનો ત્યાગ કર્યો અને સમાધિપૂર્વક મરીને શ્રી શાશ્વતગિરિના પ્રતાપે ચોથા દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયો. ત્યાંથી આવી શ્રી અજિતનાથ પ્રભુની ઉચ્ચપ્રકારે ભક્તિ કરી અનેક કર્મો ખપાવ્યા દેવલોકમાંથી ચ્યવીને આજ ભરતક્ષેત્રમાં ઉત્પન્ન થઇને તે મયુરદેવ શ્રી શત્રુંજય ઉપર મોક્ષે ગયા.

—શ્રી શત્રુંજય માહાત્મ્ય...સર્ગ–૮

અશ્વાવબોધ તીર્થ=સમણી વિહાર [શકુનિ વિહાર]

—શ્રી રાજુભાઇ પંડિત

ભૃગુકચ્છ આજનું ભરૂચ.

તીર્થંકર ભગવંત શ્રી અજિતનાથ પ્રભુ વિચરતા વિચરતા જ્યારે 'શ્રીપુર' નામના નગરે પધાર્યા ત્યારથી તે નગર 'શ્રીપુર' તીર્થ તરીકે પ્રસિધ્ધ થયું. ત્યાર પછી લાખો વર્ષો બાદ આઠમા તીર્થપતિ શ્રી ચંદ્રપ્રભ સ્વામી તે જ સ્થળે સરસ્વતી પીઠના ઉદ્યાનમાં પધાર્યા ત્યારથી તે 'ઉદ્યાન' નામથી પ્રસિધ્ધ થયું. ફરી તે ઘણાં કાળે ક્ષીણ થયેલું 'ભૃગુ' નામના મહર્ષિએ તે તીર્થનો જીર્ણોદ્ધાર કરાવતા 'ભૃગુપુર' એ નામથી ઓળખાવા લાગ્યું, ત્યા ભૃગુપુર કહો ભૃગુકચ્છ કહો કે અશ્વાવબોધ તીર્થ કહો તે બધું એક જ છે. સમય જતાં શ્રી મેકલ કન્યકા નદીના તટે અશ્વાવબોધ તીર્થ કે જે ભૃગુપુર નામે ઓળખાતુ હતુ તે તીર્થના નામે જ પછી તે નગર પણ ઓળખાવા લાગ્યું. (જેમ આજનું શત્રુંજયવર તીર્થ છે તે તીર્થનાં નામે જ તે વઢીયાર ગામ ઓળખાય છે. તેમ.)

આ ભૃગુપુર નગરમાં શત્રુનો સંહારક 'જિતશત્રુ' નામે રાજા હતો.

બ્રાહ્મણોના ઉપદેશથી તેણે એક યજ્ઞ આરંભ્યો હતો. તે યજ્ઞમાં તેણે પહ્લ બકરાનો હોમ તે કરી જ દીધો હતો. અને યજ્ઞના અંતિમ દિવસે એક પટ્ટઅશ્વ હોમ કરવા રાજા દ્વારા મંગાવ્યો હતો.

રેવા નદીના દર્શનથી તે અશ્વને પોતાનો પૂર્વભવ દેખાયો.

આ જ સમયે બરાબર પ્રતિષ્ઠાન નગરમાં ભગવાન શ્રી મુનિસુવ્રત સ્વામીએ તે પટ્ટ અશ્વને પોતાના આજથી ત્રીજા ભવના પૂર્વેના મિત્ર તરીકે જાણીને તેને પ્રતિબોધ કરવા માટે પ્રતિષ્ઠાન નગરથી એક જ રાત્રિમાં ૬૦ યોજન (૧૨૦ ગાઉ)નો સતત વિહાર કર્યો. રાત્રિના સિદ્ધપુર નગરમાં માત્ર એક જ ક્ષણનો વિશ્રામ કરીને પ્રભુ પ્રાતઃકાળે ભૃગુકચ્છ પધાર્યા.

ભૃગુકચ્છના કોરંટિકા નામના ઉદ્યાનમાં ત્રણશો હજાર મુનિવરોથી પરિવરેલા પ્રભુએ આમ્રવૃક્ષની નીચે સમવસરણમાં દેશનાની શરૂઆત કરી.

જિતશત્રુ રાજા કે જે જૈનધર્મી નથી છતાં પધારેલા ભગવાનને 'આ સર્વજ્ઞ છે' તેમ સમજીને પ્રભુની દેશના સાંભળવા તે જ પટ્ટઅશ્વ ઉપર આરૂઢ થઇને આવ્યો કે જે પટ્ટઅશ્વ બ્રાહ્મણો યજ્ઞની વેદિકામાં હોમવાના હતા.

રાજાએ ભગવંતને પૂછ્યું કે—પ્રભુ ! આ યજ્ઞનું ફળ શું છે ?

ભગવાને કહ્યું–પ્રાણિવધવાળા આ યજ્ઞો નરકમાં જ લઇ જાય છે. આટલું સાંભળતા અશ્વની નજર ભગવાન ઉપર પડી અને તરત જ તેની આંખમાં અશ્રુ છલકાઈ ગયા. જે ઘડી–પળ માટે પ્રભુ આવ્યા હતા તે જ ઘડી હવે આવેલી હતી. જિતશત્રુ રાજાના દેખતા જ ભગવંતે અશ્વને ઉદ્દેશીને ઉપદેશ દેતા કહ્યું કે–'હે અશ્વ ! તારા પૂર્વભવને કહું છું તે સાંભળ અને ધ્યાનપૂર્વક સાંભળીને તું પ્રતિબોધ પામ.'

પહેલાં આ જ નગરમાં સમુદ્રદત્ત નામે એક જૈન વેપારી હતો. અને તેને સાગરપોત નામે મિત્ર હતો તે મિથ્યાદૃષ્ટિ હતો. પણ સમુદ્રદત્તે તેને જીવની અહિંસામય ધર્મ સમજાવીને જૈન ધર્મી બનાવ્યો હતો. પૂર્વકર્મના ઉદયથી સાગરપોતને ક્ષય રોગ થયો. આ તકનો લાભ ઉઠાવીને તેના મિથ્યાદૃષ્ટિ સંબંધીઓએ કહ્યું કે–'તેં તારો પોતાનો ધર્મ છોડીને જૈનધર્મ સ્વીકાર્યો તેનું જ આ ફળ છે.'

આ સાંભળી સાગરપોતની જૈન ધર્મમાં શ્રદ્ધા ઘટવા લાગી.

એકવાર ઉદયન નામના બ્રાહ્મણોના પર્વના દિવસે લિંગપૂજન માટે તથા અતિથિ બ્રાહ્મણો માટે ત્યાંના ભક્તો ઘી લાવવા માંડ્યા. પણ ઘી લાવતા લાવતા રસ્તામાં તેના છાંટા પડવા લાગ્યા. અને ઘીની સુગંધથી ધીમેલો ત્યાં ઊભરાવા લાગી. રસ્તામાં ઉભરાયેલી ધીમેલો નોકરો તથા માણસોના આવવા જવાથી પગ નીચે ચગદાઇ ચગદાઇને મરી જતી હતી. તે સાગરપોતાના જોવામાં આવી, આથી દયાળુ એવા તેણે બ્રાહ્મણોના તે ઉપયોગ વગરના તથા દયા વગરના ધર્મની નિંદા કરી.

પોતાના ધર્મની નિંદા સાંભળીને તે દયાહીન બ્રાહ્મણોએ મુઠ્ઠીઓ તથા લાકડીઓથી સાગરપોતને ઘણો માર માર્યો. તે માર ખાતા ખાતા જ આર્તધ્યાનમાં ચડેલો તે મૃત્યુ પામ્યો. સેંકડો તિર્યંચભવોમાં ભમીને હે અશ્વ ! તે સાગરપોત એવો તું અત્યારે અશ્વ થયો છે.

હવે મારો તારી સાથે મારા બોધિલાભથી સાતમા અને આજથી ત્રીજા ભવ પૂર્વના સંબંધને સાંભળ.

હું (૧) શિવકેતુ (૨) સૌધર્મમાં દેવ (૩) કુબેરદત્ત (૪) સનકુમાર દેવલોકમાં દેવ (૫) શ્રી વજ્રકુંડલ (૬) બ્રહ્મલોક દેવલોકમાં દેવ (૭) શ્રી વર્મરાજા (૮) પ્રાણત દેવલોકમાં દેવ (૯) મુનિસુવ્રત તીર્થાધિપતિ થયો છું.

હું આજથી ત્રીજા ભવે શ્રી ચંદ્રપુર નગરમાં શ્રી વર્મરાજા હતો. ત્યાં સમુદ્રદત્ત નામનો ઉપર કહ્યો તે વેપારી આવ્યો. તેણે ઘણાં ભેટણાં આપી મને ખુશ કરતાં મેં પણ તેનો સત્કાર કરી તેની સાથે મૈત્રી બાંધતા તેણે મને જૈનધર્મ સમજાવતા

હું જૈન ધર્મ પાળવા લાગ્યો. અને એકવાર સાગરપોત પણ ત્યાં આવતા અમારે ત્રણેયની મૈત્રી થઇ. હું સમાધિપૂર્વક મૃત્યુ પામી ત્યાંથી પ્રાણુત દેવલોકમાં દેવ થઇ ત્યાંથી ચ્યવી તારી સામે હે અશ્વ ! મુનિસુવ્રત નામે તીર્થંકરના રૂપમાં છું.

આ રીતે પ્રભુના મુખેથી પૂર્વજન્મની વાતો સાંભળીને રાજાની અનુમતિ મળતાં પટ્ટઅશ્વએ અનશન સ્વીકાર્યું. સતત સાત દિવસ સુધી અનશન ધારણ કરીને તે મૃત્યુ પામીને સહસ્રાર દેવલોકમાં ઇન્દ્રનો સામાનિકદેવ થયો.

દેવલોકમાં ઉત્પન્ન થતાં જ અવધિજ્ઞાનથી પોતાના અશ્વના ભવને જોયો. અને દેવલોકમાંથી જ સાડા બાર ક્રોડ સોનૈયાની ભૃગુપુર તીર્થસ્થળે વૃષ્ટિ કરી. આથી રાજા અને નગરજનો જિનધર્મ પ્રત્યે દૃઢ શ્રદ્ધાળુ બન્યા.

તે દેવે પોતાના અશ્વ તરીકેના ભવમાં જ્યાં ભગવાને પોતાને બોધ પમાડયો હતો ત્યાં જ ભગવાન શ્રી મુનિસુવ્રત સ્વામીનું સ્વર્ણરત્નમય ભવ્યચૈત્ય બનાવ્યું.

ભગવાન શ્રી મુનિસુવ્રત સ્વામી અશ્વરત્નને પ્રતિબોધ પમાડવા મહા સુદ ૧ ના દિવસે ભૃગુકચ્છ પધાર્યા હતા. અશ્વરત્ન સાત દિવસનું અનશન કરી મહા સુદ ૮ ના દિવસે સહસ્રાર દેવલોકમાં દેવ થયો હતો. અને તે જ દેવે મહા સુદ ૧૫ ના દિવસે શ્રી મુનિસુવ્રત સ્વામી ભગવાનનું દિવ્ય ચૈત્ય બનાવ્યું હતું.

નર્મદા નદીના કિનારે ભૃગુકચ્છમાં 'અશ્વાવબોધ' તીર્થ આ રીતે ઉદ્ભવ પામ્યું હતું. ભગવાન શ્રી મુનિસુવ્રત સ્વામીના નિર્વાણ પછી બાર હજારને બાર વર્ષે પદ્મ ચક્રવર્તીએ તે તીર્થનો ઉદ્ધાર કર્યો હતો. ત્યાર પછી હરિષેણ ચક્રવર્તીએ આ તીર્થનો દશમો ઉદ્ધાર કરાવ્યો હતો. આમ એ તીર્થને પાંચ લાખ ૧૧ વર્ષ વીતી ગયા. ૯૬ હજાર વર્ષમાં કુલ ૧૦૦ ઉદ્ધાર થયા. ત્યાર પછી સુદર્શનાએ ઉદ્ધાર કરાવ્યો હતો.

સુદર્શના ઉદ્ધાર=શકુનિ વિહાર=અશ્વાવબોધ તીર્થ.

વૈતાઢ્ય પર્વત. રથનૂપુર ચક્રવાલ નગર. વિજયરથ રાજા. વિજયમાલા રાણી. વિજયા રાજપુત્રી. રાજપુત્રી એકવાર તીર્થયાત્રાએ નીકળી ત્યારે તેના રસ્તે સાપ આડો ઉતરતા સાથેના સૈનિકોએ અપશુકન સમજી તેને મારી નાંખવા લાગ્યા. પણ રાજપુત્રીએ સાપને બચાવવા પ્રયત્ન કર્યો. અને સાપ મરીને શિકારી થયો.

હવે રાજપુત્રીએ શ્રી શાંતિનાથ પ્રભુના તીર્થમાં વંદના કરતી વખતે જયણામાં તત્પર એવા વિદ્યાચારણ સાધ્વીને જોતાં પોતે સાપને બચાવ્યો નહિ તે માટે ઘણો પસ્તાવો થતા તેનું થોડું કર્મ ક્ષીણ થયું. પણ તે રાજકુમારી મૃત્યુ પામીને શકુનિ-સમણી બની.

એક વખત ભૂખથી પીડાતા પોતાના સાત બચ્ચાઓને ભોજન માટે સમળી તે શિકારીના ઘરમાંથી માંસનો ટુકડો લઇ આવી, પણ શિકારીએ બાણ મારીને તેને વિંધી નાંખી. વિંધાયેલી સમળી ભૃગુપુરના તે તીર્થ પાસે જ પડી. અને તેના સદ્‌ભાગ્યે ત્યાં ભાનુ અને ભૂષણ નામના બે મુનિવરો આવી ચડતા તેમણે પાણી છાંટીને થોડું આશ્વાસન આપ્યું. પછી નવકાર મંત્ર સંભળાવ્યો. આથી તે તીર્થના ધ્યાનમાં મૃત્યુ પામેલી સમડી સિંહલ દ્વિપના ચંદ્રશેખર રાજાની ચંદ્રકાંતા રાણીની પુત્રી સુદર્શના થઇ.

એક વખત વૈદ્ય રાજાને તીખા (મરીયા), પીપર આદિ આપતા હતા ત્યારે એક વણિકને તેનાથી છીંક આવતા તે વણિક આખો નવકાર મંત્ર મોટેથી બોલ્યો. તે સાંભળતા રાજપુત્રીને મૂર્ચ્છા આવી અને જાતિસ્મરણ જ્ઞાન થતાં તે ભૃગુપુર તીર્થે આવવાની રાજા પાસે અનુમતિ માગવા લાગી. પણ રાજાએ રજા ન આપતા સુદર્શનાએ અનશન કરવાની પ્રતિજ્ઞા લેતા છેવટે રાજાએ જિનદાસ સાર્થવાહ સાથે ૧૮ સખી સાથે તથા રૌપ્યાદ્રિ પરિવાર સાથે મોકલી, ભૃગુપુર આવીને ભાનુ તથા ભૂષણ મુનિવરને વંદના કરી સાથે લાવેલું અઢળક હીરા–માણેક–રત્નાદિ અર્પણ કર્યું. પણ મુનિવરોએ તે ન લેતા, સુદર્શનાએ તે બધુ દ્રવ્ય ભગવાન શ્રી મુનિસુવ્રત સ્વામીના ચૈત્યોદ્ધારમાં વાપર્યું ત્યારથી ને ચૈત્ય 'શકુનિ વિહાર'ના નામથી પ્રસિદ્ધ થયું.

બાર વર્ષ દુસ્તપ તપ કરીને અનશનપૂર્વક મૃત્યુ પામીને સુદર્શના અતે દર્શના નામે દેવી થઇ.

એક વખત વીરપ્રભુ આગળ તે દર્શના દેવીએ ઉત્તમ નાટક કર્યું. ત્યારે શ્રી સુધર્માસ્વામીએ પ્રશ્ન પૂછતા ભગવાને તે દેવીનો પૂર્વભવનો વૃત્તાંત કહી છેલ્લે કહ્યું કે– આ ભવથી ત્રીજા ભવે તે મોક્ષે જશે. તથા અત્યંત સુગંધિ પુષ્પો તથા ફલોથી સુરમ્ય અને બીજા નગરોથી ચડિયાતુ ભૃગુપુર નગર આ દેવીના પ્રભાવથી અભંગ રહેલું છે!

હવે હંમેશા જિનપૂજા માટે તે દેવી બધાં પુષ્પો વીણી લેતી તેથી ઇતરજનોને ઇતરદેવ પૂજામાં પુષ્પ મળવામાં વિઘ્નકરનાર બની, આથી સંઘની પ્રાર્થનાથી શ્રી આર્ય સુહસ્તિસૂરીના શ્રીમાન કલહંસ સૂરિએ તેમને સ્તંભાવીને તેવું કરતાં અટકાવી દીધી.

શ્રી સંપ્રતિ રાજાએ તે ચૈત્યનો પુનરોદ્ધાર કરાવ્યો. ત્યાં મિથ્યાદૃષ્ટિ વ્યંતરો ઉપસર્ગ કરવા લાગતા શ્રી ગુણસુંદરસૂરિના શ્રી કલાચાર્યે વિદ્યાબળથી વ્યંતરોને ૨૫ યોજન દૂર રાખ્યા હતા.

શ્રી સિદ્ધસેન દિવાકર સૂરિના ઉપદેશથી વિક્રમાદિત્ય રાજાએ તે તીર્થનો ઉદ્ધાર

કરાવ્યો હતો પહેલા શ્રી કાલકસૂરીએ સમ્યગ્દર્શન માટે જે પ્રતિમા કરાવી હતી તે આકાશમાં ઊડીને જતી હતી તે શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિએ અટકાવી દીધી હતી.

શ્રી વીર નિર્વાણ પછી ૪૮૪ વર્ષે શ્રીમાન આર્યખપુટાચાર્યે મિથ્યાદૃષ્ટિ વ્યંતરો તથા બૌદ્ધમતના વાદીઓથી આ ભવ્યતીર્થની રક્ષા કરી હતી.

શ્રી વીર નિર્વાણના ૮૪૫ વર્ષે તુર્કો રાજાઓએ વલ્લભીપુરનો ભંગ કર્યો હતો. પણ ભૃગુપુરનો વિનાશ કરવા આવતા તેમને દર્શના દેવીએ અટકાવ્યા હતા.

વીર નિર્વાણ પછી ૮૮૪ વર્ષ શ્રી મલ્લવાદી સૂરિએ બૌધ્ધો તથા વ્યંતરોને પરાસ્ત કર્યા હતા. શ્રી સાતવાહન રાજાએ તે તીર્થનો પુનરૂદ્ધાર કરાવ્યો અને શ્રી પાદલિપ્તાચાર્ય પાસે ત્યાં ધ્વજ–પ્રતિષ્ઠા કરાવી હતી. ત્યારે ભગવાન શ્રી મુનિસુવ્રત સ્વામી પ્રત્યેની ભક્તિથી ખેંચાઈને સુદર્શના દેવીએ દિવ્ય શૃંગાર સજીને નાટક કર્યું હતું.

હવે એક વાર અંકુલેશ્વર (અંકલેશ્વર) નગરથી પ્રચંડ પવનના કારણે બળતો એક ઊંચો વાંસ ભૃગુપુર નગરમાં ઉડીને આવ્યો. તેનાથી ઘાસ–લાકડા આદિના મકાનો સળગવા લાગ્યા. અને તેમાં પવનના સૂસવાટાએ સાથ આપ્યો. આખુ ભૃગુપુર નગર બળીને ભસ્મ થવા લાગ્યું. ત્યારે ભગવાન શ્રી મુનિસુવ્રત સ્વામીનું કાષ્ટ મંદિર પણ બળી ગયું. તેમાં રહેલા ધાતુના પ્રતિમાજી પણ સાવ જીર્ણ થઇ ગયા. પણ શ્રી મુનિસુવ્રત સ્વામીનું બિંબ રહેજ પણ અસર પામ્યું ન હતું. પછી તે વખતે શ્રી વિજય સિંહસૂરીશ્વરજીએ અંબિકાદેવીથી પ્રાપ્ત કરેલી ગુટિકાને પોતાના મુખમાં રાખીને હાથમાં સત્પાત્ર લઇ તીર્થોદ્ધાર માટે ભિક્ષા માગવા નીકળ્યા. પ્રથમ બ્રાહ્મણોના ઘરે ધર્મલાભ આપતા બ્રાહ્મણોને ૫૦/૧૦૦/૨૦૦/૫૦૦ સોના મહોરો આપી. તેમ પાંચ હજાર સોના મહોર એકઠી કરીને સુથાર પાસે ઉત્તમ કાષ્ટથી જિનમંદિરનો ઉધ્ધાર કરાવ્યો. અને તેઓશ્રીએ નાંખેલા વાસક્ષેપના પ્રભાવથી ત્યાં અગ્નિ મંદિરને બાળી શકયો નહિ. આ. ભગ. લબ્ધિધર હોવા છતાં તેમણે અદત્તાદાનનો દોષ ન લાગે તે માટે લબ્ધિ પ્રયોગથી ધન એકઠું ન કરતાં સત્પાત્રથી લેવું કર્યું.

પછી ૨૦ માં પ્રભુના મોક્ષથી ૧૧ લાખ ૮૫ હજાર ૬૮૬ વર્ષો જતાં કાષ્ટ જંતુઓને લીધે તે ચૈત્ય જીર્ણ થયું. ત્યારે અંબડની જેમ શ્રીમાન રાણાએ પત્થરનું ચણાવીને તેનો પુનરૂધ્ધાર કર્યો.

આ રીતે અશ્વાવબોધ–શકુનિ વિહારના અનેક ઉધ્ધારો થયા છે.

[પ્રભાવક ચરિત્રના આધારે]

— એકમાત્ર અશ્વ જ ધર્મને પામ્યો ! —

—પૂ. મુ. શ્રી ધર્મતિલકવિજયજી મ.

વીસમા તીર્થપતિ શ્રી મુનિસુવ્રત સ્વામી ભગવાન કેવલજ્ઞાન દ્વારા જગતને પ્રકાશિત કરતા કરતા પૃથ્વીતલ ઉપર વિહાર કરતા કરતા પ્રભુજી ભૃગુકચ્છ (ભરૂચ) નગરે પધાર્યા તે નગરનો રાજા જિતશત્રુ જાતિવંત ઘોડા ઉપર બેસીને પ્રભુજીને વંદન કરવા આવ્યો અને પરમાત્માની દેશના સાંભળવા બેઠો તે સમયે જિતશત્રુ રાજાનો જે ઘોડો હતો તે પણ રોમાંચિત થઇ પોતાના કાન ઉંચા કરીને પરમતારકની વાણીનું પાન એકચિત્તે કરવા લાગ્યો.

દેશનાને અંતે ગણધરભગવંતે પ્રભુજીને પૂછ્યું કે હે સ્વામી ! આ સમવસરણમાં અત્યારે ધર્મ કોણ પામ્યુ ? ત્યારે પ્રભુજી બોલ્યા કે આ સમયવસરણમાં આ નગરના રાજા જિતશત્રુ છે તેનો જાતિવંત ઘોડો છે તે ઘોડા સિવાય કોઇ ધર્મને પામ્યુ નથી તે સાંભળી જિતશત્રુરાજાએ વિસ્મયથી સ્વામીને પુછ્યું હે વિશ્વનાથ ! એ ઘોડો કોણ છે કે જેને ધર્મ પ્રાપ્ત કર્યો ? ત્યારે પ્રભુએ મધુર ધ્વનીમાં આ પ્રમાણે જણાવ્યું કે-

પદ્મિની ખંડ નગરમાં પૂર્વે જિનધર્મ નામે એક શ્રાવક વસતો હતો સર્વ જનોમાં અગ્રેસર સાગરદત્ત નામે તેને એક મિત્ર હતો. તે ભદ્રકપણાથી દિન પ્રતિદિન તેની સાથે જિનચૈત્યમાં દર્શન વંદન કરવા આવતો હતો. તે વખતે તેણે સાધુઓ પાસે સાંભળ્યુ કે, જે અરિહંત પ્રભુના બિંબને કરાવે તે ભવાંતરમાં સંસારને મંથન કરે તેવા ધર્મને પામે તે સાંભળી સાગરદત્તે એક સુવર્ણનું બિંબ કરાવી મોટા મહોત્સવ પૂર્વક સાધુઓ પાસે તેની પ્રતિષ્ઠા કરાવી સાગરદત્ત પ્રથમ મિથ્યાત્વી હતો તેથી તેણે તે જ નગરની બહાર પૂર્વે એક મોટું શિવમંદિર કરાવ્યું હતું ઉત્તરાયણનું પર્વ આવતાં સાગરદત્ત ત્યાં ગયો ત્યારે શિવ ભક્તો વ્રતપૂજાને માટે પ્રથમથી જ ભેગા કરેલા ઘીના ઘડાઓને ઝડપથી લઇ રહ્યા હતા. ઘણા દિવસથી તે ઘીના ઘડા એક જ સ્થળે પડ્યા હોવાથી ત્યાં ઘીમેલો ઉધઇનો પીંડાકાર થઇને ચોટેલી હતી. તે ઘડા ઝડપથી લેવાના કારણે કેટલી ત્યાં જ મરી ગઇ કેટલીક રસ્તામાં પડી તો શિવભક્તોના પગમાં ચગદાઇને મરી ગઇ.

ત્યારે સાગરદત્તે આ જોયું એટલે તે દયામય પરિણામના કારણે તે વસ્તુથી દૂર કરવા લાગ્યો. તે વખતે અરે ! શું તને ઘેાળીયા પતિઓએ આવી કોઇ નવી શિક્ષા આપી છે ? એમ બોલતા એક પૂજારીએ પગનો જોરથી ઘા કરીને તે સર્વ જીવાતોને ચગદી નાંખી સાગરદત્ત શેઠ વિલખા થઇ તે પૂજારીને શિક્ષા થાય એવું

ધારી પૂજાઓના મુખ્ય નાયક પૂજારી સામે જોયું તો તે નાયકપૂજારી પણ તે પાપની ઉપેક્ષા કરવા લાગ્યો એટલે સાગરદત્તે વિચાર્યું કે–

"આ નિર્દય પાપીઓને ધિક્કાર છે" જે આ ભયંકર માણસો પોતાના આત્માને અમને તેમના શરણે આવેલાઓને દુર્ગતિમાં મોકલે છે. તેને ગુરુ બુદ્ધિથે શી રીતે મનાય ? પૂજાય ? આવો વિચાર કર્યો છતાં તેમના આગ્રહથી તેણે શિવપૂજન કર્યું. પરિણામે સાગરદત્ત શેઠ સમકિતને ન પામ્યા અને દાન-શીલનો સ્વભાવ ન હોવાથી મોટા આરંભ સમારંભ કરીને ધનની રક્ષા માટે જ એક નિષ્ઠ રહેવાથી મરીને આ જાતિવંત ઘોડો બન્યો છે. અને તેને બોધ કરવા માટે જ હું અહિ આવ્યો છું. પૂર્વ-ભવમાં તેણે જિનપ્રતિમા કરાવેલી હતી તેના પ્રભાવથી અમારો ધર્મોપદેશ સાંભળીને તે ક્ષણવારમાં પ્રતિબોધ પામ્યો છે. અને મરીને સારી ગતિમાં જશે અને ટુંક સમયમાં મોક્ષે જનારો છે. આવા ભગવંતના વચનો સાંભળીને વારંવાર સ્તુતિ કરતા એવા તે ઘોડાને જિતશત્રુ રાજાને ખમાવ્યો અને છોડી મૂક્યો ત્યારથી તે યથાશક્તિ ધર્મારાધના કરી સ્વર્ગે ગયો. ત્યારથી તે ભરૂચ શહેર "અશ્વાવ બોધ" નામે પવિત્ર તીર્થ તરીકે લોકમાં પ્રસિદ્ધ થયેલું છે. **(ત્રિષષ્ઠિ શલાકા પુરૂષચારિત્ર પર્વ-૬ સર્ગ-૬)**

શ્રી સિદ્ધાચલ અને બગલો :— **— શ્રી ધર્મશાસન**

એક સુંદર વનમાં કમળો-ફૂલોથી આચ્છાદિત એક સુંદર સરોવર હતું ત્યાં એક પક્ષીઓને ત્રાસ આપનાર અનેક માછલાઓને મારી નાખનાર અને ખાનાર રૌદ્ર-ધ્યાની અને મહાક્રુર એક બગલો તે સરોવરમાં રહેતો હતો. એક વખતે જાણે સાક્ષાત ધર્મસ્વરૂપ જ ન હોય તે કેવલજ્ઞાની ભગવંત તે સરોવરના કાંઠે સમોસર્યા તેમના પુણ્યપ્રભાવથી અનેક જંગલી પશુઓ સિંહ-હાથી-મૃગ વિગેરે આવ્યા. અનેક બગલાઓથી પરિવરેલો રૌદ્રધ્યાની બગલો પણ ત્યાં દેશના સાંભળવા આવ્યા. સર્વ પશુઓના ભાવોને જાણનારા શ્રી કેવલી ભગવંતો તે તે પશુઓને હિતકારી એવી ધર્મદેશના આપી.

ધર્મદેશનાના પ્રતાપે સિંહ વગેરે જીવો દયાળુ બન્યા પેલો રૌદ્રધ્યાની બગલો પણ પોતાના ક્રુરઅધ્યવસાયને છોડીને શુભભાવનાથી ભાવિત બન્યો નરકાદિ દુર્ગતિમાં જનારો બગલો શ્રી કેવલી ભગવંતની અમોઘ દેશનાના કારણે સ્વર્ગગામી બન્યો. તે જ દિવસથી સર્વજીવોની હિંસાને છોડીને અહિંસક રીતે જીવન જીવવા લાગ્યો એમ કરતા કરતા કાળ પસાર કરતા કરતા તે બગલાનો અંતસમય નજીક આવવા લાગ્યો ત્યારે શ્રી કેવલી ભગવંતની એક જ વખતની અમોઘદેશનાને જ વારંવાર યાદ કરતો ધર્મમ જ સતત રમણ કરતો તે બગલો ત્યાંથી મરીને દેવલોકમાં ગયો ત્યાંથી ચ્યવીને વ્યવહારીના કુળમાં જન્મ પામીને આ સિદ્ધાચલગિરિ ઉપર મોક્ષે ગયો.

શ્રી શત્રુંજય માહાત્મ્ય સર્ગ-૧

વૈરિણી વાઘણની પણ સદ્ગતિ

— —પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

('શ્રી જૈન રામાયણ' ભાગ–બીજો. સર્ગ–ચોથામાંથી સંકલિત)

આપણે જોઇ ગયા કે મોહમગ્ન સહદેવી પુત્રના વિયોગથી આર્ત્તધ્યાનમાં તત્પર બનીને જ્યારે ગિરિગહ્વરમાં વાઘણ બની, ત્યારે તેના જ પતિ કીર્તિધર મહારાજા અને પુત્ર સુકોશલ મહારાજા મહામુનિ બની આત્મકલ્યાણમાં એવા રક્ત બની ગયા કે જેઓને આત્મકલ્યાણ સિવાયની બીજી કોઇ પણ જાતની પરવા જ નથી રહી. એ જ કારણે એ બન્નેય મહામુનિઓ ચોમાસાના ચાર માસનો સમય વ્યતીત કરવા માટે એક પર્વતની ગુફામાં આવીને વસ્યા અને પોતાના શરીર ઉપર પણ નિઃસ્પૃહ બનેલા તે રાજર્ષિ મુનિઓએ ચારેય મહિના ચારે પ્રકારના આહારનો ત્યાગ કરી સ્વાધ્યાય અને ધ્યાનમાં તત્પર બનીને પસાર કર્યા.

એ રીતે ચારેય મહિના પસાર થયા અને કાર્તિક મહિનો આવ્યો એટલે એ બન્નેય રાજર્ષિ મહામુનિઓ પારણા માટે બહાર નીકળ્યા. પારણા માટે જતા એવા એ બન્નેય રાજર્ષિ મહામુનિઓને માર્ગમાં યમની દૂતીના જેવી દુષ્ટ એવી તે વાઘણે જોયા. જોતાંની સાથે જ તેણે પોતાનું મુખ પહોળું કર્યું અને ઉતાવળી તે મુનિયુગલ તરફ દોડી.

'ઉતાવળે દોડી આવવું' એ વસ્તુ મિત્ર અને શત્રુ એ ઉભય માટે સરખી છે, એનો ખ્યાલ આપતાં કલિકાલસર્વજ્ઞ શ્રી ભગવાન હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે,

"दूरादुत्यागमस्तुल्यो दुर्हृदां सुहृदामपि ।"

"દૂરથી આગમન દુશ્મનો અને મિત્રોનું પણ સરખું હોય છે."

કારણ કે મિત્રો જેમ મળવા માટે ઉતાવળે આવે છે, તેમ દુશ્મને. મારવા માટે ઉતાવળે આવે છે; એટલે દૂરથી ઉતાવળે આવવામાં મિત્રો અને શત્રુઓ બન્નેય એક સરખા જ હોય છે; કારણ કે એકમાં ઉતાવળે આવવાનું કારણ રાગ હોય છે, ત્યારે બીજામાં દ્વેષ હોય છે.

આથી એ પણ સ્પષ્ટ થાય છે કે વાઘણ પૂર્વભવના વૈરવાળી એટલે એ વૈર-વૃત્તિના યોગે જ આવા મહામુનિઓના દર્શનની સાથે જ તેના અંતરમાં એકદમ

દ્વેષની આગ સળગી ઉઠે છે અને એ દ્વેષની આગના યોગે તે એકદમ એ બન્નેય મહામુનિઓ તરફ મુખ ફાડીને ઉતાવળે દોડી આવી. આ સ્થિતિમાં પણ એટલે કે, વાઘણ એકદમ આપણી ઉપર પડવાને જ આવી રહી છે, એમ જાણવા છતાં પણ ક્ષમાશ્રમણોમાં ઉત્તમ એવા તે બન્નેય રાજર્ષિ મહામુનિઓ ધર્મધ્યાનનો સ્વીકાર કરતાં છતાં કાયોત્સર્ગ કરીને ઉભા રહ્યા.

વિચારો કે આ કેવી અને કેટલી ધીરતા ? આવી અને આટલી ધીરતા તે જ આત્માઓ રાખી શકે કે **જે આત્માઓ કેવલ મુક્તિરમણીના જ રસીયા હોય. અન્ય પદાર્થોમાં આસક્ત અને એ આસક્તિના યોગે અન્ય પદાર્થો આરાધનામાં જ ઉદ્યમશીલ આત્માઓ આવે સમયે આવી ધીરતા કદી જ ધરી નથી શકતા.** અનંત ઉપકારીએ, સંયમ મહર્ષિઓ માટે પણ પરિષહોને સહન કરવાની અને બારે પ્રકારના તપની આરાધનામાં જ રકત રહેવાની જે વિધિ બાંધી છે, તેનો હેતુ પણ એ જ છે કે આવા સમયે પણ તે આત્માઓ ધૈર્યશીલ રહે. અનંત ઉપકારીઓએ વિહિત કરેલા એ વિધાનનું જો યથાસ્થિત પાલન થાય, તો એ વિધાનમાં એ સામર્થ્ય છે કે આત્માને ગમે તેવા પ્રસંગમાં પણ મૂંઝાવા ન દે; પણ અનંત ઉપકારીઓના એ વિધાન પ્રત્યે સાચો સદ્ભાવ અને એને આરાધવાનો અપૂર્વ ઉત્સાહ તે જ આત્માઓને આવે છે કે જે આત્માઓની ભવસ્થિતિ પરિપકવ થઇ હોય; એવા આત્માઓ કદાચ અશકિત આદિના યોગે એ વિધાનની યથાસ્થિત આરાધના ન કરી શકે, તો પણ તેની આરાધના માટેની ભાવના અખંડિતપણે એવા આત્માઓના અંતરમાં નિરંતર ઉદ્ભવ્યા જ કરે અને યથાસ્થિત આરાધના ન થઇ શકે તેનો પશ્ચાત્તાપ પણ સતત્ રહ્યા જ કરે છે.

ખરેખર. આ બે રાજર્ષિ મહામુનિઓ આવા સમયે પણ આવી ધીરતા રાખી શકયા છે,-એ પ્રતાપ અનંત ઉપકારીઓએ વિહિત કરેલા કલ્યાણકારી એ વિધાનના પાલનનો જ છે. આથી જે આત્માઓ, એકાંતે મુક્તિમાર્ગની જ આરાધના કરવા ઇચ્છે છે તે આત્માઓએ, અનંત ઉપકારીઓએ એકાંત કલ્યાણના હેતુથી જ વિહિત કરેલા એ વિધાનનું યથાશકિત પાલન કરવામાં જ રકત બની જવું જોઇએ. વળી એકાંત મુક્તિમાર્ગના આરાધકો માટે એ સિવાય બીજું કરવાનું પણ શું છે ? એ સિવાયની કોઇ પણ પ્રવૃત્તિ, એકાંતે મુક્તિમાર્ગની જ આરાધના કરવા ઇચ્છતા આત્માઓએ કરવાની જ નથી; એ છતાં પણ એ કલ્યાણકર વિધાનન પાલનમાં જે આત્માઓને રસ ન જાગે, તે આત્માઓ ખરેખર શોચનીય ગણાય એવા શોચનીય આત્માઓ,

પ્રભુશાસનના સારને અને તેના રસને વાસ્તવિક રીતે નથી પામી શકતા અને એથી એ બિચારાઓ તેના અનુપમ આસ્વાદથી સાચે જ વંચિત રહે છે.

પણ આ બન્ને રાજર્ષિ મહામુનિઓ તો અનંત ઉપકારીઓએ વિહિત કરેલા એ કલ્યાણકર વિધાનના યથાસ્થિત પાલનના પરિણામે, શ્રી જિનેશ્વરદેવોના શાસનના સારને અને તેના રસને પામી શકેલા હોવાથી તથા એ સર્વોત્તમ રસના આસ્વાદનથી સ્વભાવ પૌદ્ગલિક સુખને વિસરી ગયેલા હોવાથી, આવા વિકટ પ્રસંગે પણ અન્ય કોઇ પણ જાતના વિકલ્પો નહિ કરતાં, ધર્મધ્યાનનો આશ્રય કરીને કાયાનો ત્યાગ કર્યો અને સ્થિર થઇને ઉભા. મહાપુરૂષો સ્થિર થઇને ઉભા રહે, એથી પાપાત્માઓનો રોષ ઓછો જ ઉતરી જાય ?

વૈરવૃત્તિનો પ્રભાવ જ એવો છે કે સામો આત્મા ગમે તેવો સારો હોય અગર તો શાંત થઇને વર્તે, તો પણ વૈરવૃત્તિના સ્વામિની વૈરવૃત્તિ પ્રાયઃ શમતી નથી. એવી જ દશા પ્રાયઃ બહુલકર્મી આત્માની પણ હોય છે, પણ આ સ્થળે એવા આત્માનો પ્રસંગ નથી; કારણ કે આ સ્થળે તો વૈરવૃત્તિથી જ ધમધમતો આત્મા છે, એટલે વૈરવૃત્તિથી ધમધમતી તે વાઘણને વધુ રોષ સુકોશલ ઉપર હોવાથી પ્રથમ તે વાઘણ વીજળીની માફક સુકોશલ નામના રાજર્ષિ મહામુનિ ઉપર પડી અને દૂરથી દોડી દોડીને પ્રહાર દ્વારા તેણે તે મહામુનિને પૃથ્વી ઉપર પાડી નાખ્યા.

એ રીતે પૃથ્વી ઉપર એ રાજર્ષિ મહામુનિને પાડી નાખ્યા બાદ પાપિણી એવી તે વાઘણે પોતાના નખરૂપી અંકુશો વડે તે મહામુનિના ચર્મને 'ચટ ચટ' એવા શબ્દ થાય તે રીતે ફાડી ફાડીને મારવાડ દેશની મુસાફર સ્ત્રી જેમ તૃષાર્ત પણે પાણી પીએ, તેમ અતૃપ્ત એવી તે, તે મહામુનિના લોહીને પીવા લાગી અને ગરીબ સ્ત્રી જેમ વાલુંક નામની કોઇ તુચ્છ વસ્તુ વિશેષ ખાય, તેમ તે હાંતોથી 'ઘટ તટ' એ પ્રમાણે તોડી તોડીને તે મહામુનિના માંસને ખાવા લાગી, તેમજ હાથિણી જેમ શેલડીને પીલી નાખે તેમ ક્રોર 'કટ કટ' એ પ્રમાણે કરતી તે, તે મહામુનિનાં હાડકાંને દાંતરૂપ યંત્રના અતિથિ કરવા લાગી. અર્થાત્ ચાવવા લાગી.

ભાગ્યવાનો ! વિચારો કે રોષવશ આત્માઓની દશા કેવી હોય છે ? પૂર્વાવસ્થાની માતા પોતાના જ પુત્રને આવી દશામાં જોવાથી આનંદ પામવાને બદલે વિપરીત વિચારણાના યોગે, આવી ભયંકર અને નિર્ઘૃણ દશાને પામે છે, એ વાત કલ્યાણના અર્થી આત્માઓએ અવશ્ય વિચારવા યોગ્ય છે. **સંસારની અસારતા**

અને તુચ્છના તથા મોહના વિલાસને જાણવા માટે આ પ્રસંગ કોઇ નાનોસૂનો નથી.

આ પ્રસંગ પામીને ભગવાન્ શ્રી ગૌતમસ્વામિજી મહારાજા પણ શ્રી શ્રેણિક મહારાજાને સંબોધીને મોહના વિલાસનો ખ્યાલ આપતાં ફરમાવે છે કે હે શ્રેણિક ! આ પ્રમાણે તું સંસારમાં આ મોહના વિલસિતને જો, કે જે સંસારમાં સારી રીતે ઇષ્ટ એટલે વહાલામાં વહાલા એવા પુત્રના માંસને માતા ખાય છે ! (પઉમચરિયમ્)

સંસારનો આ મોહવિલાસ અવશ્ય વિચારણીય છે. આ ભયંકર સંસારની સ્થિતિ જ એવી છે કે તેમાં મોહમગ્ન આત્માઓ અનેક જાતનાં સુરૂપો અને કુરૂપો ધરે છે, એક ભવનો સ્નેહી જ્યારે બીજા ભવમાં શત્રુ બને છે, ત્યારે શત્રુ સ્નેહી બને છે. પિતા પુત્ર થાય છે, ત્યારે પુત્ર પિતા થાય છે, માતા પુત્રી થાય છે અને પુત્રી માતા થાય છે, પતિ પત્ની થાય છે અને પત્ની પતિ થાય છે, રાજા રંક થાય છે તો રંક રાજા થાય છે. શેઠ નોકર થાય છે, તો નોકર શેઠ થાય છે, અર્થાત્ સૌ સૌ કંઇ થાય છે.

એ જ કારણે સંસારભાવનાનું સ્વરૂપ દર્શાવતાં પરમોપકારી પરમર્ષિ કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે–

શ્રોત્રિયઃ શ્વપચઃ સ્વામી, પ્રેષ્યોશ્રોહ્યા કૃમિશ્ચ સઃ
સંસારનાટયે નટવત્, સંસારી હન્ત ! ચેષ્ટતે ॥૧॥
ન યાતિ કતમાં યોનિં, કતમા વા ન મુઞ્ચતિ
સંસારી કર્મસમ્બન્ધા–દ્વક્રકુટિમિવ ॥૨॥
સમસ્તલોકાકાશેઽપિ નાનારૂપૈઃ સ્વકર્મતઃ
વાલાગ્રમપિ તન્નાસ્તિ, યન્ન સ્પૃષ્ટં શરીરિભિઃ ॥૩॥

(યોગશાસ્ત્ર)

સંસારરૂપ જે નટકર્મ, તેમાં નાટકીઆની માફક સંસારી આત્મા વિવિધ પ્રકારની ચેષ્ટા કરે છે, એટલે કે જેમ નાટકમાં વિવિધ વર્ણક આદિના યોગે નાટકીઆઓ ભિન્ન ભિન્ન ભૂમિકાને અંગીકાર કરે છે, તેમ વિવિધ પ્રકારનાં કર્મરૂપ ઉપાધિથી ઘેરાયેલો આત્મા વેદપારગામી હોવા છતાં ચંડાળ થાય છે, સ્વામી સેવક થાય છે અને બ્રહ્મા કૃમિ થાય છે. વળી સંસારી જીવ ચોરાશી લાખ યોનિઓ પૈકીની કઇ યોનિમાં જતો નથી અને કઇ યોનિને મૂકતો નથી ? અર્થાત્ સઘળી યોનિઓમાં જાય છે અને સઘળી યોનિઓ મૂકે છે, એટલે કે જેમ કોઇ ગૃહસ્થ કોઇ કારણસર એક ભાઠાની કોટડીમાં

પેસે છે અને કારણ ન હોય ત્યારે તેને મૂકી દે છે, અને વળી બીજા કારણસર બીજી કોટડીનો સ્વીકાર કરે છે અને કારણ પ્રત્યે તે બીજીનો પણ ત્યાગ કરે છે, તેમ સંસારી આત્મા પણ નિયત કર્મોના ભોગ માટે એક યોનિમાં પ્રવેશ કરે છે અને તે યોનિને યોગ્ય એવા કર્મોનો ઉપભોગ થઇ ગયા પછી તે યોનિને મૂકી દે છે; એજ રીતે બીજી યોનિમાં પ્રવેશ કરે છે અને ફરી તેને મૂકી દે છે, પરંતુ સંસારી આત્માઓને કોઇ પણ યોનિનો નિયત સ્વીકાર નથી, કારણ કે સંસારી આત્માનો યોનિનો સ્વીકાર કે ત્યાગ તેને સ્વાધીન નથી, પણ તેના કર્મને આધીન છે. એ જ હેતુથી સમસ્ત લોકાકાશને વિષે એક વાળના અગ્રભાગ જેટલું પણ સ્થાન એવું નથી કે જે સ્થાનને પોતાના કર્મના પ્રતાપે સૂક્ષ્મ, બાદર, પ્રત્યેક અને સાધારણ એકેંદ્રિય તથા બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચતુરિંદ્રિય અને પંચેન્દ્રિય ભેદથી નાના પ્રકારના રૂપોને ધરી ધરીને ઉત્પન્ન થતા તથા મરતા એવા જીવોએ ન સ્પર્શ્યું હોય !

આ ઉપરથી તમે સમજી શકશો કે સંસારની સ્થિતિ જ ભયંકર છે અને એમાં મોહમગ્ન થઇને પડેલા આત્માઓ જે જે અને જેટલા જેટલા અનર્થો ન કરે, તે તે અને તેટલા તેટલા ઓછા છે, માટે સગી અને પ્રેમવતી માતા પણ મોહના યોગે મોહને છાજતું પોતાનું ઇષ્ટ ન થવાથી, આર્ત્તધ્યાનવશ બને એ પણ સંભવે, આર્ત્તધ્યાનના યોગે વાઘણ બને એ પણ સંભવે.

ત્યાર બાદ આ બાજુ સુકોશલ રાજર્ષિના અંગોને ખાતી સહદેવી કે જે વાઘણ બનેલી છે, તેને પુત્રના ઢાંતો જોઇને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. એ જ્ઞાનના યોગે ઉત્તમ પુત્ર પ્રત્યે આચરેલી પોતાની અધમતાનો તેને પશ્ચાત્તાપ થયો. એ પશ્ચાત્તાપના પ્રતાપે તેણે ત્રણ દિવસ સુધીનું અનશન કર્યું. એ અનશનના પરિણામે તે વાઘણ મરીને સૌધર્મ નામના પહેલા દેવલોકમાં ઉત્પન્ન થઇ.

સુકોશલ રાજર્ષિ મહામુનિનો પ્રસંગ અનેક વાતો ઉપર સુંદરમાં સુંદર પ્રકાશ નાંખે છે અને એ પ્રકાશ દ્વારા કલ્યાણના અર્થી આત્માઓ સમક્ષ એ બોધ આપે છે કે–

૧ સંસારના સ્નેહીઓના સ્નેહમાં ફસવું, એ આત્મસ્વરૂપ વિસરીને પરની સાધના કરવા જેવું છે અને પરિણામે–

ધ્રુવાણિ પરિત્યજ્ય, અધ્રુવં પરિષેવતે ।
ધ્રુવાણિ તસ્સ નશ્યન્તિ, અધ્રુવ નષ્ટમેવ ચ ॥

જે આત્મા ધ્રુવ વસ્તુઓનો પરિત્યાગ કરીને અધ્રુવની સેવા કરે છે, તેની ધ્રુવ

વસ્તુઓ નાશ પામે છે અધ્રુવ તો નાશ પામેલ જ છે. આ કથનના ભોગ અવશ્ય થવું પડે છે.

૨–સાંસારિક સ્નેહની સ્થિતિ, સ્વાર્થ સરવાનો સંભવ હોય ત્યાં સુધીની જ પ્રાયઃ હોય છે; એ કારણે સ્વાર્થ સરવાનો સંભવ ટળી જાય ત્યારે જે ભૂંડું કરવા કેટલીક વાર દુશ્મનો પણ તૈયાર ન થઇ શકે તે ભૂંડું કરવા તે સ્નેહીઓ જ તૈયાર થાય છે અને તેમ કરવા માટે પોતાના તરફથી કરવા યોગ્ય સઘળું જ કરી છૂટે છે.

૩- સાંસારિક સ્નેહ કૃત્રિમ અને ભયંકર હોવાના કારણે, એનો ત્યાગ કરવામાં જ સ્વ–પરનું શ્રેય સમાયેલું છે. એ સ્નેહનો ત્યાગ કરતાં સ્વાર્થમગ્ન બનેલા સ્નેહિઓને કલેશ થતો દેખાય છે, પણ એ કલેશનું ફલ સાચા ત્યાગીને સહેજ પણ નથી ભોગવવું પડતું.

૪- ધર્મરાજાનું શરણ આત્માને ગમે તેવી આપત્તિમાં કે સંપત્તિમાં અનુપમ ધીરતાનો ઉપાસક બનાવે છે; એ ધીરતાના પ્રતાપે આત્મા, સંપત્તિના ભોગવટામાં રસિક કે અભિમાનયુકત નથી થતો અને આપત્તિના ભોગવટાનો સમય આવે ત્યારે તે મૂંઝવણમ નથી પડતો કે બહાવરો નથી બનતો.

૫-ધર્મરાજાનું શરણ પામેલા આત્માઓના સ્નેહિઓ, જો તેઓમાં થોડી ઘણી પણ યોગ્યતાનો આવિર્ભાવ થયો હોય તો જરૂર તેઓ એવા ઉત્તમ સ્નેહિના સંસર્ગને પામીને અનાયાસે અતર્કિત લાભ મેળવી શકે છે અને પોતાના જીવનને ધર્મરાજાની સેવામાં રાખી તેની સાચી સફલતા સાધી શકે છે.

卐

જૈન શાસન તમે વસાવો અને વધુ
નહિ તો એક બે નવા ગ્રાહકો કે
આજીવન સભ્યો બનાવો.

શુભનિમિત્તના સહારે....

[મત્સ્યની વાર્તા]

પૂ. આ. શ્રી વિજય પુણ્યાનંદસૂરિ
(કોલ્હાપુર)

મત્સ્ય–'ઓહ! મેં આવી આકૃતિ કોઇ સ્થળે જોઈ છે. વારંવાર જોઉં છે. કેમ મને યાદ નથી આવતી? આમ એજ આકૃતિવાળા મત્સ્યને જોયા જ કરે છે. એકી ટસે. આંખ મીંચ્યા વગર.

ત્યાં જ આકાશમાં ઘનઘોર વાદળો છવાયા હોય અને વિજળીનો ઝિંગાટો કેવો પ્રકાશ પાથરી દે! તેમ મત્સ્યને ગત-ભવનું જ્ઞાન યાને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું.' વિચારવા લાગ્યો કે, 'વાત્સલ્યભરી માતા અને વ્હાલવતી વેણુ વગાડતા એવા પિતાની મમતાભરી હુંફમાં હું મોટો થયો.

એકનો એક પુત્ર, સંપત્તિનો સાગર ઉછળે, મા–બાપના ચાર હાથ. અને યુવાનીના પ્રાંગણમાં પ્રવેશ કરતાં, એક અવિવેકના અજ્ઞાતથી અટવાયેલો–ફસાયેલો હું કુમિત્રોના સંગે ચડી ગયો.

દારૂ અને જુગાર સાથે પરસ્ત્રીના પ્યારમાં ગુમરાહ બનેલો હું મા–બાપની આજ્ઞાને ઠુકરાવો–છંછેડતો સ્વચ્છંદી–દુરાચારી બની ગયો.

દેવપૂજા, ગુરૂવંદના આદિ ધર્મારાધના મારા માટે દુર્લભ બની ગયા. આ તો જીવન–યાત્રાના માર્ગમાં વિઘ્ન નાખવાવાળા બરબ જેવા છે. આ પંચેન્દ્રિયના વિષયો ભોગવવાની મકમતા ભરી યુવાની મલી હોય, તે વખતે ધર્મસાધના કરવી, તે તો આ લોકના સુખને છોડીને પરલોકના સુખ મેળવવા માટે ફાં ફાં મારવ જેવી વ્યર્થ વાત છે.

પણ મારા હિતસ્વી, પરલોકમાં મને સદ્ગતિ મલે એજ શુભ આશયથી પિતાએ સામે મંદિર હોવાથી મકાનનું પ્રવેશદ્વાર નાનું કરી નાખ્યું. મકાનની બહાર નીકળીને માથું ઉંચું કરતાં જ સામે પ્રશમરસના ઝરણાં વહાવતી–પ્રસન્નતાના પમરાટને પ્રસરાવતી દેવાધિદેવની મૂર્તિના અનિચ્છાએ દર્શન થઇ જાય યાને તે મૂર્તિ નયનને સ્પર્શી જાય. આ રોજનો ક્રમ થઈ ગયો.

સમયના સલીલ વહેવા માંડ્યા. માતા અને પિતાએ સ્વર્ગલોક ભણી સોપાન ભર્યા યાને સ્વર્ગવાસી બન્યા.

બસ, પછી તો પૂછવાનું શું? હવે કોઇ કહેનાર કે ટોકનાર ન રહ્યું. છૂટું મેદાન મલી ગયું. કુમિત્રોની સોબત, પૈસાની રેલછેલ અને મદભરી યુવાની આ

ત્રિકોણમાં ફંગોળાઈ ગયો કે, સ્થાવર મિલ્કત અને બેંક બેલેન્સ સર્વે ગુમાવી દીધું. જુગાર, દારૂ અને પરસ્ત્રીના ખૂનખાર વ્યસનમાં–ઐનપ્રતાપે ઠાયાને રોગોના રાક્ષસોએ ભરડો લીધે. ધર્મ ઔષધોના અભાવે અંતે આર્ત્તધ્યાનના અનલમાં સળગીને હું મૃત્યુ પામી તિર્યંચગતિ મત્સ્ય રૂપે અવતર્યો. નરજન્મ રૂપી ઐરાવણ ગજરાજ વેચીને ગધેડારૂપી હીનગતિ મત્સ્યપણાને મેં સ્વીકાર કર્યો...'

'ધીક્કાર છે મારી મૂઢમસ્તભરી, અવિવેકના ચક્ષુથી અંધ બનેલી યુવાનીને! મને ધર્મનિષ્ઠ માતા–પિતા મલવા છતાંય ધર્મારાધનથી સો ગાઉ દૂર રાખ્યો! કુમિત્રોના અભંગ સંગથી પ્રેરાયેલો 'જીતી બાજી ગયો હારી' એ ઉક્તિને સાચી કરી હું આવી અવદશાને પામ્યો.'

છતાંય મારો હજુ કોઈ પુણ્યોદય જાગૃત છે કે, આવી દુઃખદ અવસ્થામાં મને પ્રભુ–પ્રતિમાના આકારવાળા મત્સ્યનું દર્શન થતાં–જોતાં મને પૂર્વભવનું જ્ઞાન લાધ્યું. અને આખું દૃશ્ય સામે ખડું થઇ ગયું.

પોતાને ધીક્કારવાદનો વરસાદ વરસાવતો સ્વયં, બોલવા લાગ્યો કે, હું કેવો કુલાંગાર પુત્ર પાકયો કે, માતા–પિતાના ઉપકાર તો ઠીક તેમની આજીવન સેવાથી વંચીત રહ્યો.

આમ મત્સ્ય પશ્ચાતાપના પાવકમાં પવિત્ર બનેલો, આહાર–પાણી છોડીને અણ-સણને સ્વીકારે છે. ગતભવનો મંત્રાધિરાજ સ્મરણમાં આવતા તેના જાપ ધ્યાનમાં મસ્તાન બનીને, મૃત્યુ પામી સ્વર્ગલોકની સુંદરીઓનો સહવાસી બન્યો.

ક્રમે કરીને અંતે સિદ્ધિ–સુંદરીનો શાશ્વત ભોકતા બનશે.

વાચક મહાશય! તમો પણ આવી ચાર દિવસની ચાંદની જેવી યુવાનીને વ્યસન અને ફેશનમાં ન વીતાવતાં, પુણ્યોદયે પ્રાપ્ત નર ભવને ધર્મારાધનાના અમૃત પાન દ્વારા સફળ કરશો જેથી ફરી–ફરી જન્મ–જરા–મૃત્યુની ચુંગાલમાં ફસાવું ન પડે અને જલ્દ મુક્તિ–મહિલાના સંગી બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય.

જૈન શાસનમાં શાસન વિઘાતક તત્ત્વોનો પ્રતિકાર હોય છે
જેથી લોકપ્રિય થવું કઠીન છે પણ
શાસન પ્રિયનું તે પ્રિયપાત્ર બની શકે.

ભગવાન શ્રી જિનેશ્વર દેવોનું શાસન જે પુણ્યાત્માઓને પ્રાપ્ત થાય અને હૈયામાં પરિણત થાય તે આત્માઓ પોતાનું કલ્યાણ તો સાધે જ છે પણ પોતાના પરિચયમાં સહવાસમાં જે કોઇ આવે તેમના કલ્યાણમાં પણ નિમિત્ત અને સહાયક બને છે. માટે તો ધર્માત્માઓને ધર્મીજનોનો જ સંગ કરવાનું કહ્યું છે. દુનિયામાં પણ કહેતી છે કે 'સંગ તેવો રંગ' અને 'સોબત તેવી અસર' માટે આત્મકલ્યાણના ઇચ્છુક આત્માઓએ ધર્મીજનોનો સહવાસ કરવો હિતાવહ છે.

ધર્માત્માના કારણે તિર્યંચો પણ ભદ્રિક ભાવ અને સાધર્મિકપણાને પામે છે. બહુ સુપ્રસિદ્ધ આ વાત છે. યોગ્ય આત્માઓને સામાન્ય નિમિત્ત પણ બોધિબીજનું કારણ બને છે અને અંતે સદ્ગતિના ભાગી બને છે. જ્યારે બધાની યોગ્યતા કેળવવાની જેમના શિરે કપરી જવાબદારી છે તેવા જ ગચ્છાધિપતિ પદ પર રહેલા આત્માઓ પણ પોતાની જ અયોગ્યતાને પોતાના મુખે જ જાહેર કરે તો પોકાર કયાં કરવે ? 'રક્ષક જ ભક્ષક બને' 'વાડ જ ચીભડાં ગળે' તેવી પરિસ્થિતિ પેદા થાય ત્યારે સમજુ અને વિવેકીઓએ ખૂબ જ સાવધ–સાવચેત થવાની જરૂર છે. સમજુને શિખામણ જ્ઞાનમાં માની અયોગ્ય અને અધમાત્માઓની મેલી મુરાદોથી આપણો આત્મા અભડાઇ ન જાય,

વૃષભોની વિકાસ યાત્રા

— પ્રજ્ઞાંગ —

અપવિત્ર બની ન જાય માટે આપણે તેવાઓનો પડછાયો પણ ન પડે માટે તેમનાથી દૂર રહેવામાં જ સ્વ–પર ઉભયનું કલ્યાણ છે. અયોગ્ય આત્માઓ સુધરે કે તેમને સુધારવાનો ઠેકો પણ રાખવો તે તો શશશૃંગ સમાન વાત છે. પણ આપણા આત્માને બચાવવો, આપણા પરિચયમાં આવનારને બચાવવા તે તો અશક્ય કામ નથી.

આખા ગામમાં કાદવ હોય તો આખા ગામને ચામડે ન મઢાય પણ આપણા પગનું તો આપણે રક્ષણ કરી જ શકાય. તેમ પોતાના ઉપકારીઓ માટે ગુણાનુવાદના નામે અવર્ણવાદ ગાનારાઓએ પોતાની અયોગ્યતા આપોઆપ પૂરવાર કરી છે. સમજુ અને વિવેકી આત્માઓ આગળ તેમની ઠંભલીલાના પડલો ખૂલ્લા પડી ગયા છે. 'વિનાશ કાળે વિપરીત બુદ્ધિ' તે આનું નામ ! ચોકખી ગુજરાતી ભાષામાં કહેવાય કે 'ઘો મરવાની થાય ત્યારે વાઘરીવાડે જાય' તે ન્યાયે જેણે પોતાના કપડાં ફાડી જ નાખવા

હોય અને જાત ખુલ્લી જ કરવી હોય તો કપડાં પહેરાવનાર અને જાત ઢાંકી રાખવાનો પ્રયત્ન કરનાર પણ શું કરે ?

માટે આવા લોકોના મદોન્મત્ત પ્રલાપો સાંભળવા કરતાં દૂર રહેવું સારૂં અને બીજાઓને પણ દૂર રાખવા સારા. વિરોધીઓ પણ જેમની શાસન સેવાના બે મોંઢે વખાણ કરે ત્યારે ગુણની વાત તો દૂર રહી પણ અવગુણથી પોતાની બળેલી આંતરડીને ભલે ઠારે, ભલે તેમાં આનંદ પામે. ભૂંડને વિષ્ટા ચૂંથવામાં જ આનંદ આવે અત્તરના કુંડમાં ન આવે તો તેમાં તે ભલે આનંદ પામે. વિષ્ણુનો કીડો વિષ્ટામાં જ આનંદ પામે તેને પુષ્પની સુગંધ દુર્ગંધ લાગે તેમાં તે પુષ્પનો બિચારાનો શું ગુનો ? તેની જેમ જે જેવા સ્વભાવવાળા હોય તેમાં બિચારા ભલે બે ઘડીનો આનંદ પામે. કોઈનું કાંડું ઓછું પકડાય છે ! જગતના સુજ્ઞપુરૂષો સારી રીતના સમજી ગયા છે કે સાચાં કોણ અને ખોટાં કોણ ? માટે અયોગ્ય–અધમ આત્માઓથી દૂર રહેવા–રાખવામાં જ શાણપણ છે.

આપણી યોગ્યતા પેદા કરવા પ્રયત્ન કરવો તે જ હિતકર માર્ગ છે, યોગ્ય આત્મા કઇ રીતના સદ્ગતિને સાધે છે તે વાત જ આપણે જોઇએ.

મથુરાપુરીમાં જિનદાસ નામનો એક વણિક રહેતો હતો. તેને સાધુદાસી નામે પતિવ્રતા પત્ની હતી. બંને ય શ્રાવકધર્મની આરાધના કરતા પોતાનો કાળ નિર્ગમન કરતા હતા. તે દંપતીએ પરિગ્રહનું પ્રમાણ કરતાં ઢોર નહિ રાખવાનો નિયમ લીધો હતો. ચોકખાં ઘી–દૂધ મળે માટે શ્રાવકે ગાય-ભેંસ રાખવા તેમ પ્રચારતા સંસ્કૃતિ પ્રેમી અને પર્યાવરણ પ્રેમીઓને આ વાત હૃદયમાં શલ્યની જેમ વાગવાની છે. શ્રાવક ઢોર પણ રાખે નહિ અને આ પર્યાવરણના નાદે ચઢેલા સાધુઓએ ગીતાર્થ પાસે રહી અભ્યાસ કરવાની જરૂર છે. જેથી માર્ગનું યથાર્થ જ્ઞાન થાય.

તેથી પોતાને જરૂર પ્રમાણે આહીર લોકોની સ્ત્રીઓ પાસેથી દહીં–દૂધ વગેરે લેતા હતા. એકવાર કોઇ આહીરની સ્ત્રી ઉત્તમ દહીં લાવી, તે ખરીદી લઇને પ્રસન્ન થયેલી સાધુદાસીએ તેણીને કહ્યું કે 'તારે ત્યાં જે દૂધ–દહીં વગેરે થાય તે તું અમને આપજે, અમે તે લઇશું અને તેનું તારી ઇચ્છા પ્રમાણે મૂલ્ય આપીશું.' ત્યારથી તે આહિરી પણ આનંદિત થઇ અને સાધુદાસી પણ તેને વસ્ત્ર આદિ આપી ખુશી કરતી. તેમ કરતાં તે બંનેને સગી બેનો જેવો સ્નેહ થયો.

એકવાર તે આહિરીને ત્યાં વિવાહનો પ્રસંગ આવ્યો. ત્યારે તેણીએ તે પ્રસંગે પધારવા શેઠ-શેઠાણીને નિમંત્રણ કર્યું. ત્યારે શેઠે કહ્યું કે–'અમે તારે ઘેર આવી શકીશું

નહિ પણ તારે વિવાહને યોગ્ય જે વસ્તુ જોઇએ તે સર્વે અમારે ત્યાંથી લઇ જજે.' એમ કહીને સારાં વસ્ત્રો, ધાન્ય, અલંકાર વગેરે તેણીને આપ્યા. તેમને આપેલી વસ્તુઓથી તેનો વિવાહનો પ્રસંગ ઘણો સુંદર થયો, જે તેના સગાસંબંધીઓમાં શોભાનું કારણ બન્યો. તેથી તે ગોવાળ અને ગોવાળણી આનંદિત થઇને ત્રણ વર્ષની વયના શોભતા કંબલ અને સંબલ નામના બે બળદો શેઠને આપવા માટે લાવ્યા. શેઠે નિયમ હોવાથી તે ગ્રહણ કર્યા નહિ. તો પણ તેઓ બળાત્કારે તેને દ્વારે બાંધીને ગ્રાહ્યા ગયા. ખરેખર ગોવાળોનો સ્નેહ તેવો જ હોય છે.

જિનદાસે વિચાર્યું કે 'હવે જો હું આ બે વૃષભોને છોડી મૂકીશ તો બીજા સાધારણ પુરૂષો તેને હળ આદિમાં જોડશે અને દુ:ખી કરશે. અને મારે ઘેર તેના ઉપયોગ વગર પાળવા તે પણ મુશ્કેલ છે. હવે મારે શું કરવું ? મૂર્ખ સાથેના સ્નેહથી હું સંકટમાં પડી ગયો છું.'

દયાળુ એવા શ્રી જિનદાસ શેઠ તે બંને વૃષભોનું પ્રાસુક ઘાસ અને પાણીથી પોષણ કરવા લાગ્યા. અષ્ટમી કે ચતુર્દશી આવે ત્યારે તે શેઠ ઉપવાસ કરે, પૌષધવ્રત લઇને તે બે વૃષભો સાંભળે તેમ ધર્મસંબંધી પુસ્તકો વાંચતા હતા. એ પ્રમાણે હંમેશા ધર્મ સાંભળવાથી તેઓ ભદ્રિકભાવી થયા.

શાસ્ત્રોમાં ગીતાર્થોને માટે ગીતાર્થ વૃષભની ઉપમા આપી છે અને સંયમના ભારને આજ્ઞા પ્રમાણે વહન કરે માટે ય વૃષભની ઉપમા આપી છે. છતાંય અ જમાનામાં 'સિધ્ધાંત દિવાકર'નું બિરૂદ ધરાવનારા બળદ જેવી બુદ્ધિનું પ્રદર્શન કરે છે ત્યારે સુજ્ઞ લોકોમાં હાસ્યાસ્પદ બને છે છતાંય પોતાને મહાવૃષભ માની ગાડું ગબડાવે છે તે આ કલિકાલની અજાયબી માનવી પડે ! આ બે વૃષભો ધર્મગ્રંથોના શ્રવણથી ભદ્રિક પરિણામી થયા. અને આ મહાવૃષભ ધર્મગ્રંથોના અભ્યાસથી લોકોમાં વૈર વિરોધનાં બીજ વાવી કડવાશ વધારનારા થયા તો કયા વૃષભ સારા તે વાચકો સ્વયં વિચારી લે ?

ભદ્રિક પરિણામી થયેલા તે વૃષભો જે દિવસે શેઠ ભોજન કરે નહિ તે દિવસે તેઓ પણ ઘાસ ચારો પાણી વાપરતા નહિ. તે દિવસે તેમને ઘાસ વગેરે નીરે પણ જ્યારે તેઓ ખાય પણ નહિ ત્યારે શેઠે વિચાર્યું કે 'મેં આટલા વખત પુર્યો તો માત્ર દયાને લીધે આ બળદોને પોષ્યા પણ હવે તો આ મારા સાધર્મિક બંધુ છે એવી બુદ્ધિથી મારે તેમનું પોષણ કરવું જોઇએ.'

આ પ્રમાણે વિચારીને શેઠ રોજ તેમનું વિશેષ વિશેષ બહુમાન કરવા લાગ્યા કારણ કે શેઠની બુદ્ધિમાં તે પશુ ન હતા પણ એક સાધર્મિક હતા. તેથી પૂજ્ય ભાવ

અને ભક્તિભાવ હતો. સમજુ શેઠની સુંદર વિચારણા ઠર્યા અને આજના ઘણા આપણા આ મહાવૃષભ જેવા ઉપદેશકો શ્રોતાઓને પશુ જેવા માની ઘાસ સમાન સંસાર સુખને માટે ધર્મ કરવાનું સમજાવી રહ્યા છે. તો આ બેમાં ડાહ્યા કોણ–તે વિવેકી વાચકો વિચારી લેશે

એકવાર તે નગરીમાં ભંડીરવણ નામના યક્ષની યાત્રાનો દિવસ આવ્યો. તે દિવસે ગામના યુવાનો આદિએ વાહનોની વહનક્રીડા કરવા માંડી. તે વખતે આ શ્રી જિનદાસ શેઠનો એક કૌતુકી મિત્ર હતો, તે શ્રેષ્ઠિને પૂછ્યા વગર તે દિવસે તે બંને હૃષ્ટ પુષ્ટ વૃષભને પોતાના વાહને જોડવા લઇ ગયો.

કુકડાનાં ઈંડા જેવા શ્વેત, જાણે જોડલે જ જન્મ્યા ન હોય તેવા એક સરખા, ઠડાની જેમ વર્તુલ અંગવાળા, ચામર જેવા પુચ્છવાળા, જાણે ઊંચે ચડતા હોય તેમ ઉછળતા, અને વાયુના પુત્ર હોય તેવા વેગવાળા તે બંને બળદોને તે શેઠના મિત્રે પોતાની ગાડીમાં જોડ્યા. તેમની સુકુમારના જાણ્યા વગર એ નિર્દય મિત્ર લોકોને આશ્ચર્ય બતાવવા ચાબુક અને પરોણાની આર મારી મારીને તેમને હાંકવા લાગ્યો. અનુપમ વેગવાળા તે બે વૃષભોથી તેણે વાહનક્રીડા પણ કરનારા બધા નગરજનોને ક્ષણવારમાં જીતી લીધા.

આરથી પડેલા છીદ્રોમાંથી નીકળતા રૂધિર વડે જેમના અંગ આર્દ્ર થઇ ગયા છે અને જેમના સાંધાઓ તૂટી ગયા છે એવા વૃષભોને કામ પતી જવાથી તે મિત્ર શેઠને ઘેર પાછા બાંધી આવ્યો. ભોજનના સમયે શેઠ હાથમાં જવનો પૂળો લઇ પુત્ર સમાન તે વૃષભોની પાસે આવ્યા. ત્યારે તો તે વૃષભોના મુખ પહોળાં રહી ગયા હતા, નેત્રમાંથી અશ્રુધારા પડતી હતી, શ્વાસ ચઢયો હતો, અસહ્ય દુઃખી જણાતા હતા, કંપારો છૂટતો હતો અને આરા વડે પડેલા છીદ્રોમાંથી રૂધિરની ધારાઓ નીકળતી હતી. તેમની આવી દુઃખદ સ્થિતિ જોઇને શેઠ બોલ્યા કે, 'આ વૃષભો કે જે મને પ્રાણથી પણ વહાલા છે. તેઓને પૂછ્યા વગર લઇ જઇને કયા પાપીએ આવી દશાને પમાડયા ?' પછી પરિજને આવીને શેઠને તેમના મિત્રની વાર્તા કહી. એટલે પોતાના સહોદરને વિપત્તિ–આપત્તિ આવવાથી જેવો ખેદ–દુઃખ થાય તેવું શેઠને થયું.

એ વૃષભોને પણ અનશન કરવાની ઇચ્છા થયેલી હોવાથી તેઓએ શેઠે આપેલા ઘાસ–પાણી જરા પણ સૂંઘ્યા નહિ. શેઠે પૌષ્ટિક અન્નથી ભરપૂર એક થાળ લાવીને તેમની સામે મૂક્યો તો તેઓએ તે તરફ નજર સરખી પણ કરી નહિ. તેથી તેમનો ભાવ સમજીને શેઠે તેમને ચારે આહારના પચ્ચક્ખાણ કરાવ્યા. તેઓએ હૈયાની

ઇચ્છાથી સમાધિપણે ગ્રહણ કર્યા. તેમને નિર્યામણા કરાવવાની ભાવનાથી શેઠે પોતાના બધા જ કામો છોડી તેમની પાસે બેસી પોતે જાતે જ શ્રી નવકાર મહામંત્રને સંભળાવવા લાગ્યા અને ભવસ્થિતિનો બોધ કરાવતા તેમની પાસે જ બેસી રહ્યા. શ્રી નવકાર મહામંત્રનું સ્મરણ કરતાં અને ભવસ્થિતિને ભાવતા તેઓ સમાધિથી મૃત્યુને પામીને નાગકુમારમાં દેવ થયા. 'સિદ્ધાંત દિવાકર' ગણાતા જો આ પ્રસંગને પુનઃ વિચારે અને સ્મૃતિપથ ઉપર લાવે તો જરૂર તેમને પોતાની ભૂલનું પ્રાયશ્ચિત્ત કરવાનું મન થશે કે મારા સંસારી પિતા ગુરૂને જેમણે નાદુરસ્ત તબિયતમાં રાત્રિમાં સુંદર નિર્યામણા કરાવેલી તે પુણ્યપુરૂષના ગુણાનુવાદ મેં આવા ગાયા...શાસનદેવ તેમને સદ્‌બુદ્ધિ આપો!

એક ભદ્રિક પરિણામ પણ જો આત્માની વિકાસયાત્રામાં સહાયક બને તો આત્મગુણોની પ્રાપ્તિથી આત્મકલ્યાણ છેટું નથી જ, સૌ આત્મગુણ પ્રાપ્તિથી આત્મકલ્યાણને પામી મુક્તિપદને નિકટ બનાવો તે જ શુભકામના...

: સુકોશલમુનિ અને વાઘણ : —શ્રી ધર્મદાસન

અયોધ્યાનગરીના રાજા કીર્તિધર રાજાના પુત્ર સુકોશલકુમાર હતા. સુકોશલકુમારની માતાનું નામ સહદેવી હતું. કીર્તિધર રાજાએ ગર્ભસ્થ એવા સુકોશલકુમાર હતા ત્યારે તેને રાજ્ય સોંપીને દીક્ષા લીધી હતી. કાળક્રમે સુકોશલનો જન્મ થયો. સુકોશલકુમાર ધાવમાતાઓ દ્વારા મોટા થવા લાગ્યા, તેવામાં ધાવમાતા દ્વારા જાણવામાં આવ્યું કે મારાપિતા કીર્તિધર રાજાએ તો દીક્ષા લીધી છે. ત્યારથી તેને પણ દીક્ષા લેવાનું મન થયા કરતું હતું પરંતુ સહદેવીમાતા પુત્ર દીક્ષા ન લે તે માટે ભરપૂર પ્રયત્નો કરતી હતી. કીર્તિધરરાજા એકવાર અયોધ્યાનગરીમાં આવ્યા તો સહદેવી રાણીએ સેવકો દ્વારા નગર બહાર કઢાવ્યા. આ વાતની પુત્ર સુકોશલને ખબર પડતા પિતા મુનિ પાસે જઇ ક્ષમા માંગવા પૂર્વક દીક્ષાની માંગણી કરે છે અને પિતામુનિ પણ યોગ્ય જાણી સહદેવીની ના હોવા છતાં દીક્ષા આપી. પુત્રનો વિયોગ અસહ્ય થઇ પડયો. આર્તધ્યાન કરતા કરતા મરીને ગિરિવરની ગોદમાં વાઘણ તરીકે જન્મ પામી. એક વખત બંને રાજર્ષિ શ્રી કીર્તિધર મુનિ અને શ્રી સુકોશલ મુનિ તે ગિરિવર ઉપર વિહાર કરતા હતા ત્યાં આ વાઘણે જોયા અને એકદમ ગુસ્સો આવ્યો અને મુનિવરોને ફાડી નાખવા તેમના તરફ દોડી ત્યાં જ પિતા મુનિએ પુત્રમુનિને આત્મકલ્યાણ સાધી લેવાની ક્ષણ સમજાવી અને અને બંને કાયોત્સર્ગ ધ્યાનમાં રહ્યા. વાઘણે પ્રથમ પુત્ર મુનિ ઉપર હુમલો કર્યો મુનિવર અંતકૃત કેવલી થઇ મોક્ષે પધાર્યા. શ્રી સુકોશલ મુનિના મુખમાં સોનાની દાઢ જોઇને વાઘણ વિચારમાં પડી ત્યારે શ્રી કીર્તિધર મુનિવરે ઉપદેશ આપ્યો ને વાઘણ જાતિસ્મરણ જ્ઞાન પામી અને ત્યાં ગિરિવર પર જ અણસણ કરી દેવગતિમાં ગઇ. શ્રી કીર્તિધર મુનિવર પણ કેવળજ્ઞાન પામી મોક્ષે પધાર્યા. **(શ્રી ગિરિવર રપર્શના)**

* પાપી પક્ષી પણ પુણ્યાત્મા *

—પૂ. મુ. શ્રી પ્રશાન્ત દર્શન વિજયજી મ.

શ્રી રામચંદ્રજી જ્યારે દંડકારણ્યમાં રહેલા હતા ત્યારનો આ પ્રસંગ છે. શ્રી જૈનસારનના મહામુનિઓના પુણ્ય પ્રભાવે પક્ષીના હૈયામાં પણ કેવું પરિવર્ત્તન આવી ગયું તે વિચારવા આ નાનકડો પણ પ્રસંગ ઘણો જ મહત્ત્વનો છે.

આ દંડકારણ્ય એ સ્થળ છે કે જ્યાં શ્રી સ્કંદકસૂરીશ્વરજીના ઉપર ઉપસર્ગ આવ્યો હતો અને અભવ્ય એવા પાલક પાપીએ પાંચસો (૫૦૦) મુનિવરોને ઘાણીમાં પીલ્યા હતા. તે આ દંડકારણ્યમાં મહાગિરિની ગુફામાં શ્રી રામચંદ્રજી. શ્રી લક્ષ્મણજી તથા મહાસતી સીતા દેવીજીની સાથે પોતાના ઘરની જેમ આનંદથી પોતાના કાળને પસાર કરી રહ્યા છે.

એકવાર મધ્યાહ્ન સમયે બે માસના ઉપવાસી એવા શ્રી ત્રિગુપ્ત નામના બે ચારણ મહામુનિઓ પારણા માટે આવેલા છે. શ્રી રામચંદ્રજી આદિ ત્રણે પુણ્યાત્માઓએ તે બંને મહામુનિઓને ભાવથી વંદન કર્યું અને નિર્દોષ અન્નપાણીથી ભક્તિ કરી. તે વખતે દેવોએ રત્નોની અને સુગંધી પાણીની વૃષ્ટિ કરી. પુણ્યાત્માઓના પગલે કશું જ અસાધ્ય નથી. 'મને મળો' તેવી ઇચ્છા નહિ હોવી જોઇએ. સુપાત્ર ભક્તિનો શાસ્ત્રકારોએ મહિમા જે વર્ણવ્યો છે તે પ્રમાણે આજ્ઞા મુજબ સુપાત્ર ભક્તિ કરવામાં આવે તો આત્મકલ્યાણ સુનિશ્ચિત જ છે.

દેવોએ ગંધોદકની જે વૃષ્ટિ કરી હતી તે વૃષ્ટિની ગંધથી ત્યાં રહેતું 'ગંધ' નામનું પક્ષી જે રોગી હતું તે વૃક્ષ ઉપરથી ઉતરીને નીચે આવ્યું. તે જોતાંજ જ તેની જે હાલત થઇ તેનું વર્ણન ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર પર્વ–૭ સર્ગ–૫ માં કરતાં પૂ. શ્રી કલિકાલ સર્વજ્ઞે કહ્યું કે–

' સંજાતજાતિસ્મરણો, મુનેર્દર્શન માત્રત : !
પપાત મૂર્છયા ભૂમૌ, સીતાલોભિ: સિષેચ તમ્ ॥ ૧
લબ્ધસંજ્ઞ : સમુત્થાય, સાધુપાદેષુ સોડપતત્ ।
સાધો : સ્પર્શૌષધીલબ્ધ્યા, નિરોગશ્ચાભવત્ક્ષણાત ॥ "

મુનિના દર્શન માત્રથી તે ગંધ નામના પક્ષીને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું અને મૂર્છા આવવાથી તે પક્ષી એકદમ ભૂમિ ઉપરે પડયું ત્યને મહાસતી સીતાદેવીએ તેના ઉપર પાણીનું સિંચન કર્યું. આથી પ્રાપ્ત થઇ છે સંજ્ઞા એવું તે પક્ષી ત્યાંથી

ઊઠીને મહામુનિના ચરણોમાં પડયું અને સાધુની 'સ્પર્શૌષધી' નામની લબ્ધિવડે ક્ષણવારમાં નિરોગી બન્યું.

તેનું વર્ણન કરતાં આગળ કહ્યું કે–

"પક્ષી હેમાવદાતેતાં, અગ્ર્યૂવિદ્રુમવિભ્રમા ।
પદ્મરાગપ્રભૌ પાદૌ, નાનારત્નપ્રભં વપુ : ॥
રત્નાંકુરશ્રેણિ નિભા, જટા: શિરસિ ચાભવન્ ।
જટાયુર્નામ તસ્યાભૂ– ત્તત: પ્રભૃતિ પક્ષિણ: ॥

તે ગંધ નામના પક્ષીની પાંખો સુવર્ણમયી થઇ, તેની ચંચૂ–ચાંચ પરવાળાનો ભ્રમ કરાવવા લાગી, પગ પદ્મરાગ મણિ જેવા થયા અને તેનું શરીર વિવિધ રત્નોની કાંતિવાળું બની ગયું. વળી તે પક્ષીની માથા ઉપરની જટાઓ રત્નાંકુરોની શ્રેણિ સમાન થઇ– આથી ત્યારથી માંડીને તેનું 'જટાયુ' એ પ્રમાણે નામ થયું

આવો આશ્ચર્યકારી બનાવ જોઇ, શ્રી રામચંદ્રજીએ તે બે ચારણશ્રમણોને વિનયપૂર્વક પુછ્યું કે–'શ્રી પક્ષી માંસનું ભક્ષણ કરનારૂં અને દુર્બુદ્ધિને ધરનારૂં હોય છે છતાં આપના ચરણો પાસે આ પક્ષી શાંત કેમ બન્યું ? વળી પહેલા આ પક્ષી વિરૂદ્ધ અવયવોવાળું હતું તે ક્ષણવારમાં સુવર્ણરત્નોના ઢગલાની કાંતિવાળું કેમ થયું ?

ત્યારે શ્રી સુગુપ્ત નામના ચારણશ્રમણે શ્રી રામચંદ્રજી આગળ વેસ્તારથી તે જટાયુનો પૂર્વભવ કહ્યો અને આ જટાયુ પક્ષીનો આત્મા જ પૂર્વે દંડક નામનો રાજા હતો અને તેથી જ આ અરણ્યનું દંડકારણ્ય નામ પડયું તે બધી વાત કહી.

આપણે તો આટલી જ વાત મહત્ત્વની છે કે મહામુનિઓના પ્રભાવે પક્ષીની પણ કેવી સુંદર અવસ્થા થઇ. બધા ભવ્યાત્માઓએ રોજ વિચારવું જોઇએ કે– કર્મને પરવશ આત્મા ચોર્યાશી લાખ જીવા ચોનિમાં ભટકે છે અને અનેક પ્રકારનાં દુ:ખોનું ભાજન બને છે. માટે સાચું અને વાસ્તવિક સુખ જોઇતું હોય અને સઘળા ય દુ:ખોથી મુક્ત થવું હોય તો શ્રી જિનેશ્વર દેવોના ધર્મનું તે પરમતારકોની આજ્ઞા મુજબ આરાધન કરવું જોઇએ.

શ્રી જૈનશાસનનો આવો કથાનુયોગ પણ વિવેકી આત્માની મોહનિદ્રાને ઉડાડી સાચી જાગૃતિને પેદા કરનારો છે. પાપનાં ફળ જાણી આત્મા પાપમાત્રથી વિરામ પામે અને સંસારના સુખની ઇચ્છ માત્રથી વિરામ પામી, કર્મનાશ માટેના પ્રયત્ન કરે તો આ કથાનુયોગ લાભ કરે !

એકવારનો મોટો રાજા પણ આજે આવી રોગી અવસ્થાવાળા ગીધ પક્ષીનો ભવ અનુભવી રહ્યો છે, એ જ વાત શું સંસારની અસારતા જણાવવા પૂરતી નથી! પાપના ભયંકર પરિણામો વિચારવા આ વાત ખુબ જ શાંતિથી મનન કરવાની જરૂર છે. આ રીતના જો આ પ્રસંગનો વિચાર કરાય તો આ જટાયુ પક્ષીનો પ્રસંગ આત્માને જાગૃત કરનારો બન્યા વિના રહે જ નહિ. સૌ પુણ્યાત્માઓ જાગૃત બની આત્મ કલ્યાણને માર્ગે આગળ વધો તે જ મંગલ કામના.

❋

❋ સાચી વફાદારી ❋

રાવણે માયાપૂર્વક મહાસતી સીતાદેવીનું અપરહરણ કર્યું. રૂદન કરતાં સીતાદેવીને બળાત્કારે પુષ્પક વિમાનમાં બેસાડવા લાગ્યા ત્યારે મહાસતીના રૂદનનો અવાજ સાંભળી, સ ધર્મિક બનેલા જટાયુ પક્ષીએ કહ્યું કે-"હે સ્વામિની! આ હું આવી ગયો છું માટે આપ જરાપણ ભય પામતા નહિ." મહાસતીને આશ્વાસન આપી પછી તે પક્ષી-"હે નિશાચર! તું ઊભો રહે! ઊભો રહે!" એમ રોષથી રાવણને ધિક્કારતો, રાવણ તરફ દોડયો અને પોતાની ચાંચ અને નખોના તીક્ષ્ણ અગ્રભાગ વડે રાવણના ઉરસ્થલને ઉઝરડી નાંખ્યુ જાણે કે હળથી ખેડાયેલી ભૂમિ જોઇ લો. તેથી ગુસ્સાના આવેશમાં આવેલા રાવણે ભયંકર ખડ્ગ વડે તે પક્ષીની પાંખો કાપી નાખી, તેને પૃથ્વીતલ ઉપર પાડી દીધું.

જટાયુ નામના આ મહાપક્ષીએ પોતાના પ્રાણના ભોગે પણ પોતાની શક્તિ ઉપરાંતનું સાહસ ખેડી, મહાસતીને બચાવવા બધા જ પ્રયત્નો કર્યા. પ્રતિવાસુદેવ આગળ આ પામર પક્ષીનું કેટલું ચાલે! આપણે તો આ પ્રસંગથી એ વિચારવું છે કે પક્ષીની પોતાના સ્વામિની ઉપર ભક્તિ કેવી અને સ્વામિની વફાદારી પણ કેવી!

આજે ઉપકાર કરનાર ઉપર પણ અવસર આવે અપકાર કરવાનું ચૂકતા નથી. અને ગચ્છાધિપતિ જેવા પદ ઉપર આરૂઢ થયેલા પણ પોતાના ઉપકારીને હીન ચીતરવામાં બાકી રાખતા નથી અને તેમાં જાણે મળેલી તકની સાર્થકતા સમજે છે. સાચો 'ગુરૂ ભક્ત' હોય તે આવું સાંખી જ ન લે! પ્રતીકાર કરવા સમર્થ ન હોય તો આવું સાંભળવા કરતાં ઊભો થઇ ચાલ્યો જાય તેમાં તેની ભક્તિ છે. પણ આવો વિવેક ન હોય તેમાં કઇ વફાદારી, કઇ ભક્તિ તે જ સમજાતું નથી.

બાકી એક પક્ષીની જાત પોતાના પ્રાણ આપી સ્વામિનીનો બચાવ કરવા

પ્રયત્ન કરે અને પક્ષી કરતાં બધી રીતે ચઢિયાતા મનુષ્યો પોતાના પરમ તારક ગુરૂદેવ માટે ગમે તેમ ગવાતા ગુણાનુવાદને સાંભળી લે તેમાં કોની ભક્તિ ચઢે તે વિચારણી ય છે.' બાકી 'સિક્કાની બીજી બાજુ બતાવું'' આવું કહે તો સાચો ગુરૂભક્ત ઊભો થઇ તરત વિનવે કે, આપની બીજી બાજુ આજે પ્રત્યક્ષ જોઇ ! આવી ખુમારી ન હોય તો 'ગુરૂ ભક્તનું ખોટું બિરૂદ ધરાવવાની જરૂર નથી. પોતાની નજર સમક્ષ ગુરૂની અવહીલના થાય અને ગુરૂભક્તો 'સમભાવ' કેળવે તે આજના યુગની અગીયારમી અજાયબી ગણાય.

આપણી મૂળ વાત ચાલે છે પક્ષીની વફાદારી અને કૃતજ્ઞતાની. જે સાધુ અને પઢવીથરમાં પણ આ પક્ષી જેવી કૃતજ્ઞતા ન હોય તેવામાં સામાન્ય મણુસ જેવી માણુસાઇની આશા રાખવી તે આકાશકુસુમવત્ છે. સ્વાર્થ સધાયા પછી 'ગરજ સરી અને વૈદ્ય વૈરી' કહેવતને યર્થાથ કરનારાઓનો દુનિયામાં તોટો નથી. પણ જૈન શાસનમાં પણ આવા વેષધારીઓ પાક્યા તે તો દુઃખદ વાત છે. ખરેખર અધમ-અયોગ્ય આત્માઓની સાચી પીછાન આવા અવસરે જ થાય છે પોતાના ઉપકારીઓ પ્રત્યે અધમતા બતાવ્યા જ કરે, એક પણ તક જતી ન કરે.

ખરેખર ઉપકારી મહાપુરૂષોને તો તેવા નીચ, અધમ અને દુષ્ટ હૃદયના પામરોની 'કૃતઘ્નતા' તરફ લેશ પણ દુર્ભાવ કે ક્રોધ નથી આવતો પણ તેમની સાચી ભાવદયા જ જન્મે છે. પણ બીજા ઉન્માર્ગગામી ન બને માટે જ પ્રતીકાર કરવો પડે માટે તેવાઓને ઓળખાવે છે જેથી ભલાભોળા તેમાં ફસાય નહિ. શાસ્ત્રકારો કહે છે કે, કૃતઘ્નતા જેવો ભયંકર દોષ એક નથી જેઓ માત્ર સ્વાર્થી, સંકુચિત હૃદયના, પરમાર્થથી સેંકડો જોજન દૂર અને છળ-કપટ કરવામાં જ મશગૂલ બની પોતાના પદની સાર્થકતાની તેમાં જ ઇતિશ્રી માને છે, વળી તેઓ તો ઉપકારીઓના ઉપકારને: બદલો વાળવાનું તો દૂર રહો પણ ઉપકારીઓના અછતા પણ દોષો ગાવાનો અધમ ધંધો કરતાં લેશ પણ અચકાતા નથી. આવા પાપાત્માઓ તેમના જ પાપથી ભારે બનવાના છે. મારે પણ મારી લેખીનીને લજવવી નથી.

જટાયુ પક્ષીએ પોતાના જીવનના ભોગે જેવી વફાદારી બતાવી તેવી વફાદારી આપણે સૌ તારક શાસનની રાખી, આપણા આત્માની મુક્તિ નિકટ બનાવીએ તે જ હૈયાની મંગલ ભાવના.

—: જટાયુની સાચી કૃતજ્ઞતા :—

—પૂ. આ. શ્રી. વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

('રામાયણમાં સંસ્કૃતિનો આદર્શ' ભા.૫' માંથી)

પ્ર૦ – પક્ષિઓ સર્વથા અજ્ઞાન જ હોય છે; એમ નથી હોતું. પશુ –પક્ષિઓમાં પણ જીવ હોય છે, એવું તો તમે માનો છો ને ?

સ૦ એય જીવ છે.

એ શરીરોમાં જે જે જીવો રહેલા હોય છે, તે તે જીવો પણ તમારા જેવા જ હોય છે કે કાંઇ ફેરફાર હોય છે ?

સ૦ એ જીવો અમારાથી હલકા ગણાય ને ?

એ તો તમારી અને એ જીવોની વર્ત્તમાન ગતિની અપેક્ષાએ વાત થઇ, પણ જીવ તરીકે જો પશુ–પક્ષિઓના દેહમાં રહેલા જીવનો વિચાર કરવામાં આવે; જીવના મૂળ સ્વભાવની દૃષ્ટિએ જો વિચાર કરવામાં આવે; તો જેવા જીવ તમે છો, તેવા એ પણ જીવ જ છે. એ જીવોને પણ જો સારી સામગ્રીનો સુયોગ થઇ જાય છે અને એમનું ભાવી જો સુન્દર હોય છે; તો એ જીવો પણ ઘણા સુન્દર આચાર–વિચારવાળા બની શકે છે. વનાવરમાં રહેલો આત્મા પણ જો સારા સંસ્કારોમાં આવી જાય છે, તો એનામાં કેટલીક વાર તો એટલી બધી વફાદારી જોવાને મળે છે, કે જેટલી વફાદારી કળિકાળના માનવીઓમાં પણ ભાગ્યે જ જોવાને મળે. તમે કદાચ જોયું હશે કે, માંકડાંઓને કેળવીને મદારીઓ પોતાની આજીવિકા ચલાવે છે. માંકડાંઓની વાત તો દૂર રહી, પણ જેને ડંખે તેનો જીવ જાય, એવા ઝેરી સાપોને પણ કેળવીને, તેમના દ્વારા પોતાની આજીવિકોને ચલાવનારાઓ પણ હોય છે. હિંસક વરૂઓ, સિંહ, વાઘ વગેરેને કેળવીને પણ કમાઇ ખાનારાઓ હોય છે. એટલે, પશુ–પક્ષિઓમાં પણ સારા આચાર-વિચારને અવકાશ તો છે જ. એમને સામગ્રી મળવી જોઇએ.

અહીં જે પક્ષીની આપણે વાત કરી રહ્યા છીએ, તે જટાયુ નામનું પક્ષી, યોગની બીજી ભૂમિકાને પામેલું હતું. એક વાર, મુનિઓના દર્શનથી, તેને પોતાના પૂર્વ-ભવોનો ખ્યાલ આવી જાય એવા પ્રકારનું જ્ઞાન, કે જેને જાતિસ્મરણ જ્ઞાન કહેવાય છે, તે જ્ઞાન તેનામાં ઉત્પન્ન થઇ ગયું. તે પછી એ પક્ષિએ મુનિઓ પાસેથી ધર્મોપદેશનું શ્રવણ કર્યું અને એથી પણ સદ્બોધને પામેલા એ પક્ષિએ યોગની બીજી ભૂમિકાએ

જીવવાનું સ્વીકાર્યું. હિંસક પક્ષિઓની કોટિનું એ પક્ષી હોવા છતાં પણ, એ ન તો કોઇ જીવનો ઘાત કરતું અને ન તો માંસનો આહાર કરતું. રાત્રિભોજનનો પણ એણે ત્યાગ કરેલો. આ વિષેની શ્રી રામ આદિને બધી ખબર પડી ગયેલી, એટલે એ ત્રણેય આ પક્ષિને પોતાના સાધર્મિક તરીકે સાચવીને સાથે રાખતાં હતાં.

જે વખતે શ્રી રામની નજર એ પક્ષીની ઉપર પડી, તે વખતે એ પક્ષી મરણોન્મુખ અવસ્થામાં હતું. શ્રી રામની ગેરહાજરીનો ગેરલાભ લઇને, શ્રી રાવણ, જે સમયે રૂદન કરતાં સીતાજીને, પોતાના વિમાનમાં બેસાડવાનો પ્રયત્ન કરી રહ્યા હતા, તે વખતે આ પક્ષી ત્યાં જ હતું. સીતાજીને રોતાં સાંભળીને, એ સીતાજીની વહારે ધાયું હતું. શ્રી રાવણ ઉપર એણે પોતાના બળથી હુમલો કર્યો હતો અને પોતાના તીક્ષ્ણ નખોની અણીઓથી, એ પક્ષિએ શ્રી રાવણના ઉરસ્થળને ઉઝરડી નાંખ્યું હતું. એટલે જો ચાલ્યું હોત, તો કોઇ પણ રીતિએ સીતાજીને એ ઉઠાવી જવા દેત નહિ, પણ તેના આક્રમણથી ક્રોધે ભરાયેલા શ્રી રાવણે પોતાની તલવારથી તેની પાંખોને જ છેદી નાંખી, એટલે એ પક્ષી લાચાર થઇને જમીન ઉપર પટકાઇ પડ્યું. શ્રી રામે જ્યારે એ પક્ષિને જોયું, ત્યારે એ મરવાની અણી ઉપર હતું. શ્રી રામ પણ સમજી જ ગયા કે 'સીતાનું હરણ કરવાને માટે જે માયાવી આવેલો, તેની સામે આ પક્ષી થયેલું અને એથી એણે જ આ પક્ષિને આવી રીતિએ માર્યું છે.' શ્રી રામ તરત જ એ પક્ષીની પાસે પહોંચ્યા અને તેને શ્રી નમસ્કાર મહામન્ત્ર સંભળાવીને સદ્ગતિના માર્ગે પ્રયાણ કરાવ્યું. એટલા શોકમાં પણ, શ્રી રામે, પોતાના સાથીદાર પક્ષી ઉપર ઉપકાર કરવાની તકને જતી કરી નથી!

રૂા ૧૦૦૦/ ભરી જૈન શાસન વિશેષાંકના
આજીવન સભ્ય બનો



બિચારી એ કીડીઓનું શું થશે ?

—શ્રી રાજુભાઇ પંડિત

'મુનિવર ! આપના પગ નીચે દેડકી કચડાઇને મરી ગઇ.'

'શું આ બધી દેડકીઓને પણ મેં મારી નાંખી છે ?' માસક્ષમણના પારણે ગોચરી માટે બાલમુનિ સાથે જતાં તપસ્વી મુનિવરને બાલમુનિએ નિર્દોષ ભાવે જ તપસ્વી મુનિવરથી છૂંદાઇ ગયેલી દેડકીની વિરાધના થયેલી બતાવી. પણ તપસ્વી મુનિવરે ઉંધો અર્થ કરીને લોકોથી મરી ગયેલી પણ ત્યાં દેડકીઓ હતી તે બતાવતા બાલમુનિને કહ્યું–'શું આ બધી પણ મેં મારી છે ? અર્થાત્ મેં એકેય દેડકીની વિરાધના કરી નથી.

બાલમુનિ શાંત રહ્યા, એમ માનીને કે–'આ મહાભાગ સાંજે પ્રતિક્રમણ વેળાએ આ દેડકી વિરાધનાની આલોચના કરી લેશે.'

માસક્ષમણના તપસ્વી મુનિરાજે ગોચરી લાવી પારણું કર્યું. સાંજનો સમય થયો. પ્રતિક્રમણની વેળા આવી, પણ દેડકીની વિરાધનાની તેમણે આલોચના ના કરી તે ના જ કરી.

સહજભાવે જ બાલમુનિએ કહ્યું–મહાભાગ! દેડકીની વિરાધનાની આલોચના કેમ નથી કરતાં ?

આ શબ્દોએ માસક્ષમણના મહાન તપસ્વી મુનિવરનું માન ઘવાયું. ક્રોધથી તે ધમધમી ઊઠયા. અંતરમાં ક્રોધથી અંધાપો હતો, આંખોમાં રાત્રિનો અંધકાર હતો. 'આ ક્ષુલ્લકને હમણાં જ હણી નાંખું. મને વાર'વાર પરેશાન કરી રહ્યો છે.' આ ક્રોધના કૂંફાટ સાથે આલોચનાનો સન્માર્ગ દેખાડનાર બાલમુનિને હણી નાંખવા તપસ્વી મુનિવર તપસ્યાના અજીર્ણ એવા ક્રોધ સાથે દોડયા. અતિ વેગથી દોડતા તપસ્વી મુનિવર વચ્ચે આવેલા પત્થરના થાંભલા સાથે અથડાયા. મસ્તકમાંથી લોહીની ધારા વહેવા લાગી. અને ક્ષણ–બે ક્ષણમાં મુનિવર મૃત્યુ પામ્યા.

ક્રોધનો કરૂણ અંજામ આવ્યો.

મુનિવર કાળધર્મ પામીને કનકખલ નામના આશ્રમમાં ચંડકૌશિક નામે ૫૦૦ તાપસોના કુલપતિ થયા, ગયા જનમના ક્રોધના સંસ્કારે આ જનમમાં પણ આ કુલપતિને ક્રોધાયમાન બનાવ્યા.

આશ્રમમાં સડીને પડી ગયેલા, ફળ, ફૂલ, પાંદડા અગર કોઇ તાપસ આવા માટે લેતા તો તે કુલપતિ તેમને લાકડીએ લાકડીએ ફટકારી નાંખતા.

એક વખત આશ્રમમાં વાડી બનાવવા માટે કુલપતિ બાજુના ગામમાં ગયા હતા. તે સમયે રાજપુત્રોએ આવીને આખા આશ્રમમાં ભાંગફોડ મચાવી મૂકી હતી. આશ્રમ તરફ આવી રહેલા કુલપતિને કોઇકે કહ્યું-અરે ! રાજપુત્રો તમારા આશ્રમને તોડ-ફોડ કરી રહ્યા છે.

આ સાંભળતા જ કુહાડીથી રાજપુત્રોને હણી નાંખવાના ક્રૂર ક્રોધભર્યા વિચાર સાથે તે કુલપતિ આશ્રમ તરફ દોડ્યા. પણ... રસ્તામાં આવેલા એક ઉંડા ખાડાને જોઇ ન શકવાથી કુલપતિ તે ખાડામાં પડ્યા. અને પોતાના હાથની પરશુ-કુહાડી પોતાના જ માથામાં તીવ્ર વેગથી વાગતા તેના મસ્તકના બે ટુકડા થયા. કુલપતિ ત્યાં જ મૃત્યુ પામ્યા અને મરીને એ જ કનકખલ આશ્રમમાં 'ચંડકૌશિક' દૃષ્ટિવિષ સર્પ બન્યા.

પૂર્વના સંસ્કારોથી આ સર્પ મમતાપૂર્વક આશ્રમની આજુબાજુ જ ફર્યા કરે છે. કોઇ પણ આ રસ્તેથી જતાં મુસાફરોને આ સર્પ પોતાની દૃષ્ટિની જ્વાળાઓથી બાળીને ભસ્મ કરી નાંખે છે. માત્ર આ રસ્તેથી જ નહિ આકાશમાં ઉડતું કોઇ પંખી જો આ સર્પની નજરે ચડી જાય કે તરત જ તે સર્પ તે જ ક્ષણે તે પંખીને બાળીને ખાખ કરી નાંખે છે.

આથી આ પ્રદેશ હવે અત્યંત ઉજ્જડ બની જાય છે.

આવા સમયે શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામી વિહાર કરતાં કરતાં આ તરફ આવી ચડે છે. રસ્તામાં ગોવાળોએ પ્રભુને વિનવ્યા, 'પ્રભુ ! આ સીધો રસ્તો ચંડકૌશિક સર્પ તરફ જાય છે. ત્યાં ગયેલું કોઇ પાછું ફર્યું નથી પ્રભુ ! માટે કૃપા કરીને આપ આ વાંકા-ચૂકા પણ નિર્ભય રસ્તેથી પધારો.'

પ્રભુએ જ્ઞાનના ઉપયોગથી જોયું તો-'એ થાંભલા સાથે ટકરાયેલા મુનિવર, ખાડામાં પોતાના જ હાથના કુહાડાથી પોતાના મસ્તકના બે ટુકડાથી મોત પામતા કુલપતિ અને છેલ્લે આ ચંડકૌશિક સર્પ દેખાયા.' બોધ પામી શકે તેવા આ આત્મા છે તેમ સમજીને કરૂણાનિધિ પ્રભુ ગોવાળો ના પાડતા રહ્યાં છતાં ચંડકૌશિક તરફ લઇ જનારા રસ્તે જ પ્રધાર્યા.

ચંડકૌશિકના રાફડાથી થોડે દૂર પ્રભુ કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહ્યાં.

થોડીવાર થતાં પ્રચંડ ક્રોધનો પહાડ ફૂંફાડા મારતો બહાર નીકળ્યો. તેણે પ્રભુને જોયા. વિચાર્યું કે-અરે ! આ મને ઓળખી નહિ શકીને મારી અવજ્ઞા કરીને આ કોણ અહીં ઉભો છે ? ઘમંડી ! હવે તું તારા ઘમંડની અને મારી અવજ્ઞાના

અંજામને ચાખી લે. અહીં આવેલા સહુ કોઇ મારા ક્રોધની સળગતી નજર-જ્વાળામાં ભસ્મ થઇને હવામાં ઉડી ગયા છે. તું પણ એજ રસ્તે જવા આવ્યો લાગે છે.'

આમ વિચારી ચંડકૌશિકે સૂર્યની સામે જોઇને-જોઇને દૃષ્ટિવિષની જ્વાળાઓ ફેંકવા માંડી. પણ પ્રભુને કશી અસર ના થઇ. લાકડાથી સળગી જનારો આ હજી મારી ભયાનક દૃષ્ટિજ્વાળાથી કેમ સળગ્યો નહિ ? આમ વિચારતા હાથો જુગારી ઘમણ રમે તેમ હવે ચંડકૌશિકે પ્રભુના જમણા પગના અંગૂઠે ડંખ દીધો. ડંખ દઇ દઇને પોતે દૂર ખસી જતો હતો. એમ માનીને કે-'મારા ઝેરથી આકાંત થઇને પડી જશે તો આ કયાંક મને પણ ચગદી નાંખશે ! પણ પ્રભુ ઉપર ડંખની પણ કશી અસર ના થઇ.

ચંડકૌશિકે ડંખ દેતા પ્રભુના ચરણ-અંગૂઠામાંથી શ્વેત દૂધની (શ્વેત દૂધ જેવા રકતની) ધારા વહી. દૂધને ઓળખી શકનારી સર્પની તે આંખો લોહીને બદલે દૂધ જોઇને આશ્ચર્ય પામી. સર્પે ધીમે ધીમે પ્રભુજીના શરીર તરફ જોવા માંડયું. પ્રભુના અદ્વિતીય શરીરને જોતાં તે થોડો શાંત પડવા લાગ્યો. આખરે ચંડકૌશિયાની નજર પ્રભુની નજર સાથે મળી. અને તે જ સમયે પ્રભુએ માત્ર એટલું જ કહ્યું-

'બુજ્ઝ બુજ્ઝ ચંડકોસિય ! હે ચંડકૌશિક ! બોધ પામ, બોધ પામ.' અને પ્રભુના આટલા જ શબ્દોએ ચંડકૌશિકને પૂર્વના ભવોનું જાતિસ્મરણ જ્ઞાન થયું. તેને થયું કે-'માસક્ષમણને પારણે માસક્ષમણ કરનારો હું તપસ્વી મુનિવર કયાં અને અહીં મારી નજરે ચડી જનારને ભસ્મસાત કરી દેનારો હું પાપી કયાં ?

આખરે ચંડકૌશિકે મૌનપણે પ્રભુ પાસે અનશન કરવાની અનુજ્ઞા માંગી અને પ્રભુએ તેને યોગ્ય સમજી અનુજ્ઞા આપી.

હવે ચંડકૌશિક ધર્મધ્યાનમાં સ્થિર થયો. કરેલા જીવહિંસાના પાપોને યાદ કરી કરીને તેનો પશ્ચાત્તાપ કરવા લાગ્યો. ખતરનાક આગ ઓકતી મારી નજરો હવે કોઇ નિર્દોષ-નિરપરાધી જીવને કયાંક બાળી ના નાંખે તેમ વિચારીને તેણે પોતાની નજરો સાથે મુખ રાફડામાં રાખ્યું. આ તરફ ગોવાળીયાઓએ પ્રભુને સ્થિર રહેલા જોઇ તે તરફ આવ્યા. અને રાફડામાં મુખ રાખીને અનશન ધર્મની આરાધના કરી રહેલા મહાત્મા ચંડકૌશિક સર્પને ઢેફા-પત્થરો અને લાકડીઓના ફટકા મારવા લાગ્યા, આમ પ્રચંડ ઉપસર્ગ છતાં સર્પ વિચારે છે કે-'મેં કરેલા પાપની આગળ તો આ કોઇ જ નથી.'

પછી તો શાંત મુદ્રામાં પડી રહેલા સર્પને જાણીને ગ્રામજનો તથા તે રસ્તેથી ઘી-માખણ વેચનારી ગોવલણોએ આવી-આવીને સર્પની પૂજા કરી. અને સર્પના શરીર ઉપર ઘી-માખણનું વિલેપન કરવા લાગ્યા.

ઉજ્જડ રસ્તો ફરી ધમધમતો થયો. સર્પની પૂજા થવા લાગી. પણ તે પૂજા જ સર્પ માટે પ્રાણાંત ઉપસર્ગમાં નિમિત્ત બની. બન્યું એવું કે–ગોવાલણો તો સર્પને ઘી–માખણ ચોપડતી રહી. પરંતુ તેની ગંધથી એકાએક વજ્ર જેવા મુખવાળી કરડતા જ આગના કણિયા જેવી કાળી બળતરા પેદા કરે તેવી વજ્રમુખી કીડીઓ ત્યાં ઉભરાવા લાગી. અને સર્પના શરીરને ડંખી ડંખીને ફોલી–ફોલીને ચાલણી જેવું કરી નાખ્યું. સર્પને આ મરણાંત કષ્ટ હતું. સહી ન જાય તેવી પ્રત્યેક પળની કાળી બળતરા ભરી વેદના થયા કરતી હતી. પન્નગરાજ હમણાં જ ત્યાંથી ચાલીને દૂર ખસી જાય તો આ વેદના દુર થાય તેમ હતી. પણ ચંડકૌશિકે અનશન સ્વીકાર્યું હતું. જે થાય તે હવે તો આ જે સ્થિતિમાં છે તે જ સ્થિતિમાં તેને રહેવાનું નક્કિ કરેલું હતું. અને એટલે જ તો વારંવાર ક્ષણે ક્ષણે કાતિલ ઝેરીલા ચટકા–ડંખ પોતાના સુંવાળા કોમળ શરીર ઉપર થયા કરતાં હોવા છતાં પણ ચંડકૌશિકે વિચાર્યું કે–'મારા શરીરના સહેજ પણ ચાલવાથી આ બિચારી સાવ અલ્પ તાકાતવાળી કીડીઓ ચગદાઇને કયાંક મરી જશે તો ?' આવા વિચારથી તો સર્પરાજે પોતાના શરીરને એક તસુ જેટલું પણ હાલવા દીધું નથી.

પ્રભુ પોતે પણ એ સર્પરાજના સમાધિ મરણ માટે તે સ્થાને જ રહ્યા હતા. આમ કુલ બે–પાંચ નહિ પણ પૂરા પંદર–પંદર દિવસ સુધી આવી કાળી વેદનાને સહેતા સહેતા સર્પરાજ આખરે મૃત્યુ પામ્યા, અને સમાધિમરણના કારણે આઠમા સહસ્રાર દેવલોકમાં દેવ થયા.

પંદર દિવસને અંતે પ્રભુએ પણ ત્યાંથી વિહાર કર્યો.

દેડકીના પ્રાણની વિરાધના કરનારા માસક્ષમણ જેવા માસક્ષમણની તપશ્ચર્યાના તપસ્વી મુનિવર ક્રોધાંધ બનીને અહીં ચંડકૌશિક સર્પ બને છે. જ્યારે જીવો પ્રત્યે જિંદગીની અંત ઘડીએ ક્ષમાભાવ ધારણ કરનાર એજ ચંડકૌશિક સર્પ જૈન–શાસનના ક્ષમાપના–પર્વનું એક ઝળહળતું આકર્ષ–દર્શક દૃષ્ટાંત બને છે.

[ત્રિષષ્ઠી શલાકા પુરૂષ ચરિત્ર]

રૂપીયા ૫૦૧ ભરી જૈન શાસનના
આજીવન સભ્ય બનો

'રૌનિકો ! આ પાપી નાલાયક કોઢીયો અહીંથી બહાર નીકળે કે તરત તેને પકડી લેજો અને મને સોંપજો હવે એને જીવતો રહેવા ના દેવાય. તે હરામખોર, ભગવાનની પોતાના શરીરના પરૂથી ભગવાને વિલેપને કરીને ભયંકર આશાતના કરી રહ્યો છે.'

દર્દુરાંક દેવે કોઢ ગળતા શરીરે આવીને ગંધ મારતા પોતાના શરીરના પરૂથી ભગવાનને વિલેપન કર્યાનું જોતાં જ શ્રેણિક મહારાજા રોષથી સમસમી ઉઠયા. અને પોતાના રૌનિકોને આદેશ કર્યો.

એટલામા ભગવાનને છીંક આવી. અને એ જ દર્દુરાંક દેવે ભગવાનને કીધું 'તમે મરો' શ્રેણિક રાજાને છીંક આવતા કહ્યું–તું જીવ. અભયકુમારને છીંક આવતા કહ્યું કે– તું જીવ કે મરે. અને કાલસૌરિક કસાયને છીંક આવતા કહ્યું– તું મરીશ પણ નહિ કે જીવીશ પણ નહિ.' આટલું સાંભળી ભગવાનને 'તુમે મરો' આવું સાંભળતા શ્રેણિક મહારાજાનો રોષ રોમ રોમ વ્યાપી ગયો.

* સેડૂક....દેડકો....દર્દુરાંક દેવ *

— શ્રી રાજુભાઇ પંડિત

દેવના પૂરી થઇ. શ્રેણિક રાજાના સુભટોએ પેલા કોઢીયાને ઘેરો ઘાલ્યો. આથી તે કરેકનં. દેખતા જ દિવ્યરૂપ ધારણ કરીને તે દેવ ઉડી ગયો.

શ્રેણિક મહારાજાએ રૌનિકોને પૂછતાં રૌનિકોએ બધી હકીકત કહી.

ત્રીજે દિવસે શ્રેણિક રાજાએ ભગવાનને પૂછ્યુ–'પ્રભુ ! એ દેવ કોઢીયો કેમ હતો ?

પ્રભુએ કહ્યું– કૌશામ્બી નગરી. સેડુક નામે બ્રાહ્મણ. તેની પત્ની ગર્ભવતી થઇ. ગર્ભપીડા અસહ્ય થતાં સેડૂકને ઘી લાવવા કહેતા લાવી ના શક્યો. રાજાની સેવા કરવા પત્નીએ કહ્યું પણ કરી આવડત ન હતી. એવામાં ચંપા નરેશે કૌશામ્બી ઉપર આક્રમણ કર્યું. શતાનીક રાજા નગરમાં જ ભરાઇ બંધ કરી ભરાઇ રહ્યા.

દિવસો વીતતા કંટાળીને ચંપાનરેશ પાછા ફરતા હતા. ફૂલ લેવા ગયેલા સેડૂકે તે જોયું તરત શતાનીક રાજાને કહેતા શતાનીક રાજાએ આક્રમણ કર્યું. ચંપા નરેશ જીવ લઇ નાઠો. પણ રાજકોશ, હાથી–ઘોડા શતાનીક રાજાએ લુંટી લીધું. ખુશ થઇને સેડુકને જોઇએ તે માંગવા કહેતા તેણે પત્નીને પૂછ્યું. પત્નીએ વિચાર્યું ગ્રામ નગર

માગીશ તો આ બીજી કન્યાને પરણીને મને છોડી દેશે તેના કરતા રોજ એક ઘરે જમવાનું અને દક્ષિણામાં એક દીનાર. આવું માગવા કહ્યું રાજાએ તે રીતે કર્યું. સેડુક રોજ જમી જમીને ઓકી નાંખે અને ફરી ફરી જમીને વધુ-વધુ દિનાર મેળવે છે. આમ ખાઈ-ખાઈને ઓકયા કરતાં તે કોઢી થયો. તેના સ્થાને તેના મોટા પુત્રને જમવા મોકલવામાં આવ્યો. કોઢીયા સેડુકને આખા શરીરે માખીઓ બણબણ્યા કરતી હોવાથી તેને ઘરમાંથી એક ઝુંપડીમાં કાઢયો. પુત્રવધુઓ પણ તેને મોં બગાડીને જમાડે છે. સેડુકે આ અપમાનનો બદલો લેવા વિચારી પોતાના પુત્રને કહ્યું- હવે હું જીવવા નથી ઇચ્છતો માટે કુળની નીતિ મુજબ મને એક પાડો આપો. તે હું તમને જમાડી શકું. મુગ્ધ પુત્રોએ પાડો આપ્યો. સેડુકે પોતાનું બાકીનું ઓકી ઓકીને પાડાને બવડાવી પાડાને કોઢી બનાવ્યો પછી તે પાડાને હણી તેના ટુકડા પુત્રોને આપ્યા પુત્રોએ સરળભાવે ખાધા. તે દરમ્યાન સેડુક તીર્થયાત્રા કરવાના બહાને બહાર ચાલ્યો ગયો.

રસ્તામાં અત્યંત તાપ લાગતા એક તળાવનું પાન-કુલવાળું કવાથ જેવું પાણી પીધુ. જેમ જેમ પાણી પીધુ તેમ રોગ મુક્ત થયો. છેવટે સુંદર શરીર થતા ઘર તરફ આવીને કોઢી બનેલા પુત્રોને જોઇને ખુશ થતાં કહ્યું મને હેરાન કર્યો તેનું હવે તમે પરિણામ ભોગવો. લોકોએ સેડુકને કાઢી મૂકયો. તે હે રાજન્ શ્રેણિક ! તારી નગરીમાં આવ્યો. અમે ત્યારે અહીં આવેલા સાંભળીને તારો દ્વારપાળ મારી દેશન સાંભળવા આવતા આ સેડુકને દ્વારપાળ તરીકે મૂકીને આવ્યો. પણ ત્યાં બાજુમાં દુર્ગા દેવીને *ચડેલા લોહ બલિનો પકવાન્ન આકંઠ ખાતા-ખાતા અતિ તરસ લાગી છતા* તેણે દ્વારપાળ વઢશે તે ડરથી દ્વાર છોડી પાણી પીવા ના ગયો. જળચર જીવોને તે સેડુક ધન્ય માનવા લાગ્યો છેવટે પાણી-પાણી કરતા મર્યો અને તે તમારી નગરની વાવડીનો દેડકો થયો.

ફરી વાર અમે અહીં આવ્યા ત્યારે પનિહારીઓ પાસેથી અમાર આવ્યાના સમાચાર સાંભળી તે દેડકો જાતિસ્મરણ જ્ઞાન થતાં અમને વંદન કરવા કુદતો કુદતો આવી રહ્યો હતો પણ તું અમને વંદન કરવા જે ઘોડા ઉપર બેઠા હતો તે ઘોડાના પગની ખુર નીચે તે દેડકો ચગદાઇને મરી ગયો. દેશના સાંભળવાના શુભ પરિણામને કારણે તે દેડકો=દર્દુર દેવ થયો. માટે તે દર્દુરાંક નામે ઓળખાય છે.

ઇન્દ્ર મહારાજાએ દેવ સભામાં તારા દૃઢ સમ્યક્ત્વના વખાણ કર્યા પણ તે વાત

(જુઓ પેજ ૨૭૪)

❋ શ્રી પુંડરિકગિરિ અને સિંહ ❋

— શ્રી ધર્મકાંક્ષી

પ્રતિષ્ઠાનપુરમાં એક બ્રાહ્મણ ત્રિન–પ્રતિત્રિન હિંસામય યજ્ઞ કરાવતો હતો.

એકવાર યજ્ઞ ચાલી રહ્યો હતો ત્યારે ત્યાં મુનિવર આવી ચડયા અને કહ્યું કે ભરત મહારાજાએ ધર્મમયવેદ બનાવ્યા છે તે વેદ ના અર્થને બદલીને આ પેટ ભરૂ પાપી પુરૂષો હિંસાથી દૂષિત કરે છે.

મુનિના આવા ઉત્તમ વચનોથી આ બ્રાહ્મણ કોપાયમાન થયો અને મુનિને મારવા દોડયો. ત્યારે વચમાં જ યજ્ઞ સ્થંભ સાથે અથડાઇ જતાં મરણ પામ્યો મુનિવરના દર્શનના પ્રભાવે મરીને શ્રી પુંડરિકની ગોદમાં સિંહ તરીકે ઉત્પન્ન થયો.

એકવાર શ્રી શાંતિનાથ ભગવાન આ પુંડરિકગિરિપર ધ્યાનારૂઢ થયેલા છે. ત્યારે પેલો સિંહ પણ ત્યાં આવ્યો અને પરમતારક પરમાત્માને મારવા માટે એકદમ છલાંગ મારી પરંતુ વચમાં જ પટકાઇ ગયો. બીજીવાર પ્રયત્ન કર્યો પરિણામ એજ. એમ વારંવાર પ્રયત્ન કરવા છતા જ્યારે નિષ્ફળતા જ મળી ત્યારે સિંહ વિચાર કરવા લાગ્યો કે 'વચમાં કોઇ વસ્તુ નથી છતાં હું ફાળ કેમ ચૂકી જાઉં છું નક્કી કોઇ આ મહાનપુરૂષ લાગે છે. આમ વિચારતાં તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. ત્યારે પરમતારક કરૂણાસાગર પ્રભુજી એ તેને પ્રતિબોધ કર્યો. અને કહ્યું કે તેં પૂર્વભવમાં પાપકર્મો કર્યા છે તેથી તું પશુગતિમાં ઉત્પન્ન થયો છે. હાલમાં તીર્થંકરપ્રભુનું સાનિધ્ય મળતા છતાં અતિરૌદ્ર કરીને નરકની માતા તુલ્ય હિંસાને કેમ હજુ આચરે છે? પૂર્વભવમાં તું મુનિને મારવા જતો હતો ત્યાં તેનું તત્કાલ તને મરણનું ફળ મલ્યુ માટે તું હવે જીવહિંસા છોડી દે અને દયામય ધર્મને આચર. એક પામ્યા વિના આ તીર્થની આરાધના કર તીર્થના પ્રભાવે તું દેવગતિમાં જઇશ અને ત્યાંથી ચ્યવીને હવે તું મનુષ્ય બની મોક્ષે જવાનો છે. પરમકરૂણાસાગર પ્રભુની આવી વાણી સાંભળી સિંહ પ્રભુજીનું અને પુંડરિકગિરિનું ધ્યાન કરવા લાગ્યો અને શાંતચિત્ત વાળો બન્યો અને આયુષ્યના અંતે અણસણ કરીને મરીને દેવલોકમાં દેવ થયો. ત્યાંથી ચ્યવી મનુષ્યભવ પામી મોક્ષે ગયો માટે હે ભવ્ય જીવો હિંસક એવો સિંહ પણ આ ગિરિવરના સાનિધ્યે અહિંસક અને મોક્ષભાગી બન્યો તેમ તમે પણ આ તીર્થને પામીને આશાતના આરાધના કરીને મોક્ષ મેળવવા પ્રયત્નશીલ બનો.

(શ્રી ગિરિવર સ્પર્શના)



પ્યારા ભૂલકાંઓ...

દિવસ પછી દિવસો અને મહિના પછી મહિનાઓ પસાર થતાં જાય છે. આપણે સૌ મહિને મહિને મળીએ છીએ અને મહિના સુધી છૂટા પડીએ છીએ. આ આપણો ક્રમ વર્ષોથી ચાલુ છે. આ મહિનો આપણા માટે છેલ્લો મહિનો છે. બરાબર ને !

આ સાલનો એટલે ૨૦૫૩ નો છેલ્લો મહિનો છેલ્લું મિલન નવા વર્ષની નવી પ્રભાત ઊગે તે અવશરે આજથી તમને નૂતન વર્ષાભિનંદન પાઠવી દઉં ?

નવું વર્ષ નવી પ્રભા અને મળેલા શક્તિપાનથી તમારું જીવન ધર્મ વર્ષ બની રહે, અવનવા ધર્મોના સંકલ્પો સ્વીકારી વિશેષ પ્રકારે આરાધના કરતાં થાવ અને હવે પછી જીંદગીના સર્વ વર્ષો દેવગુરૂ અને ધર્મની આરાધનામય બની જાય !

અરે ! એક વાત કહેવાની તો રહી ગઇ. અરે ! એક સૂચન અમલી બનાવશો ને ! દર વર્ષની જેમ આ વર્ષે પણ ફટાકડા–ઠારૂખાનાને તિલાંજલી દેવટો આપીને દયાદેવીને ખુશ કરશો ને !

ઉગતી નવી પ્રભાતે શ્રી ગૌતમ સ્વામીને કેવળજ્ઞાન પ્રગટ થયું અને તે પ્રભાતે આપણે સૌ માંગલિક સાંભળીએ છીએ. જ્ઞાનની પ્રાપ્તિ માટેનો દિવસ એકદમ નજીક આવી લાગ્યો છે. કારતક સુદ ૫ ને દિવસે જ્ઞાન પંચમીની આરાધના કરાય છે. જ્ઞાનની આશાતના ટાળી જ્ઞાન ઉપાર્જન કરવાનો પ્રયત્ન કરશો તો ચોક્કસ સુજ્ઞાન પ્રાપ્ત કરી શકશો. સુજ્ઞાનના પ્રતાપે સુદેવ અને સુગુરૂની સાચી ઓળખાણ થશે. તેઓની આજ્ઞા પ્રમાણે આરાધના થશે જીવન ધન્ય બનશે.

જો જો આ વાત વિસરી ન જતાં.
હવે નવા વર્ષે નવી વાત કરીશું.

—રવિશિશુ C/o. જૈન શાસન કાર્યાલય

— આજનો વિચાર —

ક્રોધ મનના દીપકને બુઝાવી દે છે.

— હાસ્ય દરબાર —

મનહરલાલ : તને નોકરી ઉપર રાખું તો ખરો પણ તારી દરેક ભૂલના દસ રૂપિયા કાપી લઈશ.

નોકર : કબુલ છે.

(બાર મહીના પછી)

મનહરલાલ : મેં તકિયા નીચે હજાર રૂપિયા રાખ્યા હતા તે ક્યાં ગયા ?

નોકર : ભૂલ થઇ ગઇ માલિક, દસ રૂપિયા કાપી લેજો.

—રાજેશ અશોકચંદ્ર

— ગુરૂ ભક્તિ —

વિનયર્થ જ્ઞાન, જ્ઞાનથી સમ્યક્ત્વ, સમ્યક્ત્વથી ચારિત્ર અને ચારિત્રથી મુક્તિની પ્રાપ્તિ થાય છે. આ સંસારનો વૈભવ પણ જે કાર્ય કરી શકતો નથી તે સમજણ સદ્જ્ઞાનથી ને સદ્જ્ઞાન ગુરૂઓની કૃપાથી મળે છે અને ગુરૂકૃપા વિનયથી મળે છે. માટે ગુરૂવિનયમાં તત્પર રહેવું.

'વિનય વિના વિદ્યા નહિ'

—સુલશા જૈન (ખોરીવલી)

: મણુનો ચમત્કાર :

અમે હાથ હલાવ્યા તો
અન્નની કોઠીઓ ભરાઇ ગઇ,
અને જીભ હલાવી તો
એ કોઠીઓ ખાલી થઇ ગઇ.

—કેયુર જૈન

: ધન ભાગ્ય હમારા :

બાળકો આપ જાણો છો આપણા ભારત વર્ષમાં આવેલ એક ગામમાં આજે પણ એક જૈન દહેરાસરજી છે જેનો ઉપરનો ઘુમટ સંપૂર્ણ સોનાનો છે. તેથી આ દહેરાસરજીને સુવર્ણમંદિર પણ કહેવાય છે. જાણવું છે તે ક્યાં આવ્યું છે ?

જવાબ : પંજાબ રાજ્યમાં આવેલ, જલંધરથી ૪૦ કિ.મી. દુર આવેલ હોશિયારપુર ગામમાં આવેલ શ્રી હોશિયારપુર (સ્વર્ણમંદિર) તીર્થને મારા સત્ સત્ વંદન,

—અમી શાહ

— અજબ-ગજબ —

અજબ અને ગજબ નામનાં બે મિત્રો હતાં. ગપ્પીદાસ પણ તેવા; એવાં ગપગોળા ફેંકે કે, ચકિત થઇ જઇએ. એક દિવસ બન્ને રસ્તામાં મળ્યાં લાગ્યાં વાતો કરવા, આડું અવળું પતાવી તરંગે તરવા લાગી ગયાં.

અજબ કહે, ગજબભાઇ શું વાત કરું મેં કાલે એક નવાઇ મારી મજરે જોઇ એક કીડી એક જ છલાંગે એક જ ઠેકડે આખો ડુંગર કુદી ગઇ.

ગજબ કહે, તારી વાત સો ટકા સાચી આ એ જ કીડી હશે જેણે આખે આખો ઝુલતો હાથી ગળ્યો હતો. જે મેં મારી સગી આંખે નીહાળ્યું હતું.

અજબ કહે, શી વાત કરું, મેં એક એવો અજબ ગજબ નો સાત સાગરો સમાય જાય તેઓ ઉંડો ખાડો જોયો છે.

ગજબ કહે, શાબાશ, બિરાદર આ ખાડો તો મેં ઘણી વખત મારી જાતે ખૂબો છે. તેથી તારી વાતમાં જરા પણ વહેમ આવતો નથી.

બાળકો તમને પણ ક્યારેક કોઈક વાર આ અજબ ગજબની સવારી મળી જાય તો જરૂર થોડીક વાર તેમની પાસે ઉભા રહેશો તમને ખબર પડશે કે આવા ગપ્પીદાસો હોય છે મગજમાં ન ઉતરે તેવું ભરડે છે.

-મૌન્તુ મુકેશભાઇ

— બાળ ગઝલ —

પગલે પગલે સાવધ રહીને પ્રેમળતા પ્રગટાવ્યે જા,
અંતરને અજવાળે વીરા, પંથ તારો કાપ્યે જા.

- યશીતા



(સેડુક...દેડકો...દર્દુરાંક દેવ પેજ ૨૭૦ નું ચાલુ)

ઉપર વિશ્વાસ ન બેસતા તે દર્દુરાંક દેવે અહીં તારી પરીક્ષા કરવા અમને ચંદનરસથી જ વિલેપન કરવા છતાં તારી નજર સામે તેણે પરૂ જેવા ગંદા પ્રવાહીને દેખાડયુ.

દેશના પૂરી થતાં શ્રેણિક મહારાજા પોતાના મહેલ તરફ જતા હતા, ત્યારે તેમણે એક સાધુને માછલા પકડવાની જાળ સાથે માછલા પકડતા જોયાં કે તરત જ શ્રેણિક રાજાએ શાસનની અપભ્રાજના અટકાવવા તે સાધુને તેમ કરતા અટકાવી દીધા. વળી આગળ જતાં એક સાધ્વી કે જે ગર્ભવતી હતા તેને જોયા કે તરત શ્રેણિક રાજાએ તે સાધ્વીને પોતાના મહેલમાં છૂપાવી દીધા.

આટલી પરીક્ષા દર્દુરાંક દેવે કરી. છેવટે પોતાના સ્વરૂપમાં પ્રગટ થઇને તે દેવે સર્વે હકીકત કહી સંભળાવી અને છેલ્લે દૃઢ સમ્યગ્દૃષ્ટિ શ્રેણિક રાજાને વંદના કરીને એક હાર તથા ગોળા આપીને પોતે દેવલોકમાં ગયા.

દેશના સાંભળવા જવાના જ માત્ર પરિણામથી દર્દુર= દેડકો દર્દુરાંક દેવ બન્યો.

(ત્રિષષ્ઠી શલાકા પુરૂષ ચરિત્ર)

હાથીના ભવની યોગ્યતા



—શ્રી વિરાગ

'અહો ! મારી સુખ શય્યા ક્યાં ?

અહો ? મને કુલની શય્યા પણ ખુંચતી હતી.

તો, આ પૃથ્વી પટ્ટ ઉપર કેમ આળોટાશે ?

સવારે, પ્રભુજીની આજ્ઞા લઇને પાછો ઘરે ચાલ્યો જઇશ.'

એક મહાત્માના આવા વિચારો !

આવું દુર્ધ્યાન ચિંતવ્યું ?

ના, ના, આવું ચિંતવનાર મેઘકુમાર પૂર્વભવ જાણો છો ?

આનાથી ત્રીજા ભવે વૈતાઢ્ય પર્વતની ભૂમિમાં છ દંતશુળવાળો, શ્વેત વર્ણવાળો અને એક હજાર હાથણીઓનો સ્વામી હતો. તેનું નામ સુમેરૂ હતું. એકવાર જંગલમાં દાવાનલ જાગ્યો. તેના ભયથી નાસતો, ભાગતો ને વળી તરસ્યો થયેલો તે તળાવ કિનારે પહોંચ્યો. કિનારે કાદવ હોવાથી તે તેમાં ખૂંચી ગયો **અતો ભ્રષ્ટ ततो ભ્રષ્ટ** જેવી તેની હાલત થઇ ગઇ. એટલામાં તે જ જંગલનો બીજો કોઇ વૈરી હાથી ત્યાં આવી પહોંચ્યો. દંતશુળના પ્રહારથી તેને ઘાયલ કર્યો. સાત દિવસ સુધી ભયંકર વેદના સહન કરી ત્યાંથી મરીને વિંધ્યાચળ પર્વત ઉપર લાલ ચાર દંતશુળવાળો અને સાતસો હાથણીઓને. તે ધણી બન્યો.

એક વખત દૂર દાવાનલ જાગ્યો. તે જોઇને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. પૂર્વભવ યાદ આવ્યો. ભયથી બચવા માટે પોતે જ ચાર યોજન પ્રમાણનું માંડલું કર્યું. માંડલાની અંદર ઉગેલા ઘાસ–તણખલા–વેલાઓ આદિ ઉખેડી–ઉખેડીને તે માંડલાની બહાર નાખવા લાગ્યો. આખું ય માંડલું ચોકખું ચણાક રાખતો હતો.

ફરી એકવાર દાવાનલ જાગ્યો. બધા જાનવરો નાસભાગ કરતા જીવ બચાવવા માંડલામાં આવીને ભરાયા. હાથીએ હૃદયમાં વિશાળતા કેળવી, જેમ મને જીવવાની ઇચ્છા છે તેમ સર્વેને જીવવાની ઇચ્છા હોય જ. આ આશયથી સૌ કોઇ ત્યાં આવી ભરાયા.

આ પછી કંઈક કર્મના ઉદયે શરીરમાં ખણજ ઉપડી તે દુર કરવા માટે પગ ઉપાડ્યો. ઊંચો કર્યો. ભીંસમાં દબાતા સસલાએ ખાલી જગ્યા જોઇ, તત્કાળ ત્યાં ભરાઇ પેઠું. શરીરની ખંજવાળ દુર કરી પગ નીચે મુકવા જતાં તેણે તે જગ્યાએ સસલાને જોયું.

કોઇ વસ્તુ લેવી હોય કે મુકવી હોય તો આપણી દૃષ્ટિ ક્યાં હોય છે ? આપણા દયાના ભાવો જાગૃત છે ને ?

તેની દયા જાગતી હતી. તેણે સસલાની દયા ચિંતવી. ત્રણ દિવસ સુધી સમતા પૂર્વક પગ ઉંચો રાખીને તે ઉભો રહ્યો, પોતાની જગ્યામાં પોતે જ દુઃખ વેઠતો ઉભો રહ્યો. દાવાનળ શમી ગયો, બધા પશુઓ પોતપોતાના માર્ગે પલાયન થયા, સસલો પણ ચાલ્યો ગયો. પગ અક્કડાઇ જવાથી હાથી પગ નીચે ન મૂકી શક્યો. હાથી ધરા પર પટકાયો.

આવી અસહાય દશામાં પણ હાથીએ વિવેક ગુમાવ્યો નહિ. મનમાં એવો ક્રોધ પણ ન આવ્યો કે 'મારી જગ્યામાં સૌને રક્ષણ મળ્યું. કષ્ટ સહન કરી મેં સસલાની સેવા કરી. મેં દયા કરી ને ડાકણ મને જ આવા આવી. દયાને કારણે જ મારે લથડીયું ખાવું પડ્યું. સૌ સ્વાર્થના જ સગા છે. આવી મારી હાલત જોઇને સૌએ મારી ઉપેક્ષા કરી અને બધા ભાગી ગયા.

આવો કોઈ અપલક્ષણીયો વિચાર તેને આવ્યો નહિ મન કે મુખનો વિકાર જરા પણ બગડયો નથી. ગુસ્સાનું સામ્રાજ્ય છવાયું નથી, આવેલ કષ્ટને હસ્તે મુખે સહન કરે છે. શાંત ચિત્તમાં દયામય ભાવો વધુને વધુ પ્રજ્જવલિત કરતો ને આયુષ્ય પૂર્ણ કરીને અને અનુપમ કોટીની અનુકંપાના પ્રભાવે તે શ્રેણિક રાજાના પુત્ર મેઘકુમાર તરીકે જન્મ પામ્યો.

આ તિર્યંચ હાથીની જગ્યાએ આપણે હોઇએ તો આપણે શું કરીએ ? આવી પરિસ્થિતિમાં આપણે આપણા માંડલામાં કોઇ જીવને સમાવીએ ખરા ? અરે ! પગ જકડાઇ ના જાય, વ્યવસ્થિત હલન ચલન થઇ શકે, કોઇના ઉના ઉના શ્વાસો શ્વાસ, કોઇનો પરસેવો કે શરીરમાંથી છૂટતી ગંધ પણ મારામાં પેસી ના જાય તેવી રીતે આપણે આપણી જાતને ગોઠવીએ છીએ. કદાચ કોઇ જાણી–અજાણી વ્યક્તિ નજીક આવી જાય તો તેને ડાઘીયા કુતરાની જેમ ભરડી ખાતાં આપણને શરમ નથી આવતી દોઢ પગે ઉભા રહીને જીવની તો રક્ષા કરી જ ન હોત પરંતુ આવા પ્રસંગે ગુસ્સો લાવીને સર્વ પ્રાણીઓને ભગાડી મૂકયા હોત.

શું આપણું માંડલું જ ગુસ્સાના કારણે આપણું રક્ષણ કરી શકયું હોત ? વિચાર કરશો તો મેઘકુમારના હાથી તરીકેના ભવની યોગ્યતા સમજાશે.

❋ નાગમાંથી નાગરાજ ❋

— ગુણાનુરાગી

જે પુણ્યાત્માઓ ઉપર પ્રભુની અમીદૃષ્ટિ પડે છે તેમનો પણ ઉદ્ધાર થઇ જાય છે. તેમાં પ્રભુની અમીદૃષ્ટિની સાથે તે જીવને યોગ્યતા પણ તેવી જ કારણ છે. કારણ કે અયોગ્ય જીવો તો પ્રભુને, પ્રભુશાસનને પામીને પાપથી પોતાના આત્માને ભારે કરી સંસારમાં ડુબવાનું કામ કરે છે. શ્રી ઠાણાંગ સૂત્રની અંદર દુર્લભબોધિપણાના જે પાંચ કારણ કહ્યા તે 'સિદ્ધાંત દિવાકર' ગણાતા પણ ન જાણે અને પોતાના ઉપકારી ગુરૂ-દેવોના અવર્ણવાદ અશિષ્ટને લજવે તેમ મજેથી કરે અને તેમાં પાછી 'શિષ્ટતા'ની મહોર છાપ મારે તે આત્માની કેવી ભયંકર વિકૃતિ કહેવાય અને દુનિયાની ભાષામાં કહીએ તો શયતાનને પણ શરમાવે તેવું કામ કહેવાય ! એટલે જ 'યોગ્યતા' ઉપર જે ભાર મૂક્યો છે તે ખૂબ જ સૂચક છે. દુનિયાના કરેક ક્ષેત્રોમાં યોગ્યતા ઉપર ભાર મૂકાય છે તો મોક્ષમાર્ગમાં તો યોગ્યતા વિશેષ મહત્વની ગણાય તેમાં કોઇપણ સમજુ ઇન્કાર ન કરે.

આપણી વાત ચાલે છે પ્રભુની અમીદૃષ્ટિથી આત્માનું કલ્યાણ થઇ જાય છે. પ્રસંગ તો સુપ્રસિદ્ધ છે પણ તેમાં જીવની 'યોગ્યતા' મહત્ત્વની છે તે વાત માર્મિક છે. જેનો વિચાર વર્તમાનમાં વિસરાઇ જવા લાગ્યો છે તે એકજનક છે.

શ્રી પાર્શ્વનાથ સ્વામી ભગવાન જ્યારે ગૃહસ્થપણામાં યુવરાજ પાર્શ્વકુમાર તરીકે જીવે છે ત્યારની આ વાત છે. એકવાર શ્રી પાર્શ્વકુમાર પોતાના મહેલના જરૂખામાં બેઠેલા હતા ત્યારે નગરના માર્ગ પર નગરના લોકોને શ્રેષ્ઠ પુષ્પ-બલિથી ભરેલા થાળ હાથમાં લઈ નગરની બહાર જતાં જોઇ, પાસે રહેલા સેવકોને પૂછયું કે-શા કારણે આવી પૂજનની સામગ્રી લઇ લોકો નગરની બહાર જાય છે ! શું કોઇ મહોત્સવાદિ છે ? ત્યારે નજીકમાં રહેલા કોઇ સેવકે કહ્યું કે-સ્વામિન્ ! કોઇ તેવું ખાસ કારણ નથી પરંતુ કોઇ કમઠ નામનો મહાતપસ્વી નગરની બહાર આવેલ છે તેને વંદન કરવા નગરજનો જાય છે.

ત્યારે કુતુહલવાળા ભગવાન પણ ત્યાં ગયા અને પંચાગ્નિ તપ કરતા તે તાપસને દેખ્યો. અતિનિર્મલ એવા મતિ, શ્રુત અને અવધિજ્ઞાનના ધારક એવા તે કૃપાલુ ભગવંતે એક અગ્નિકુંડમાં નાખેલા મોટા વૃક્ષકાષ્ઠની અંદર બળતા એવા નાગકુલને જાણ્યું. તે પ્રકારે બળતા સર્પને જાણીને અત્યંત કરૂણાર્દ્રહૃદયવાળા ભગવાને કહ્યું કે-'અહો !

એ પણ કષ્ટ છે.' જે માટે સાંભળો–'મૂળ ફેલાવો ન પામે તેવું વૃક્ષ ટકી શકતું નથી તેમ ધર્માર્થીઓને દયા વગરનો ધર્મ હોઇ શકતો નથી. જેમ બીજ વગર સમગ્ર ધાન્યોત્પત્તિ હોઇ શકે નહિ, તેમ ધર્મના અર્થીઓને દયા વગર નક્કી ધર્મ હોતો નથી. જેમ રથ, અશ્વ, હાથી, સૈન્ય વગર રાજા શોભા પામતા નથી તેમ દયા રહિત ધર્મ સાધુને શોભા આપતો નથી. કિલ્લા અને મોટા દરવાજા–દ્વાર વગર નગર શોભા પામતું નથી, તેમ દયા વગર ધર્મ મેળવી શકાતો નથી. જેમ આકાશમાં મેઘ વગર ક્યાંય પણ જળની પ્રાપ્તિ થતી નથી તેમ પ્રાણિદયા વગરનો ધર્મ પણ મેળવી શકાતો નથી. આ પ્રમાણે જગતમાં સર્વ જીવને અભય આપનાર એવો ધર્મ હોય, તે જ ધર્મ છે. જેમાં દયા સમજાઇ નથી, એવો ધર્મ જગતમાં કેવી રીતે હોઇ શકે! 'ન જ હોઇ શકે.'

આ સાંભળીને કમઠે કહ્યું–'રાજપુત્રો તો માત્ર રથ, ઘોડા, હાથી એમની ક્રિડા કરવાના પરિશ્રમને જ ધર્મ સમજનારા હોય છે; ધર્મ તો યતિઓ જ સમજી શકે છે.'

અયોગ્ય આત્માઓ સાથે વિવાદ કરવા કરતાં સીધી જ વાત પૂરાવા સાથે સમજાવવી સારી. તેથી ભગવંતે પોતાના એક સેવક પુરૂષને આજ્ઞા કરી કે–આ મોટા બળેલા લાકડાને બહાર કાઢી, કુહાડીથી ફાડી નાખ. સેવકે પણ તેમની આજ્ઞા શિરોધાર્ય કરી તે પ્રમાણે કર્યું. કાષ્ઠના બે ફાડિયા કર્યા તો તેમાંથી મોટું નાગકુલ નીકળ્યું. તેમાં થોડો થોડો બળતો સર્પ પણ દેખાયો. તેથી ભગવાનની અમીદૃષ્ટિથી સીંચાયેલ અને સેવકના મુખથી તેને શ્રી નવકાર મંત્ર સંભળાવ્યો અને પચ્ચક્ખાણ પણ અપાવ્યા. સર્પે પણ તે અંગીકાર કર્યા. શ્રી નમસ્કાર મહામંત્રનું શ્રવણ કરતો અને પચ્ચક્ખાણ અંગીકાર કરતો કાલક્રમે પામતો સર્પ નાગરાજ ધરણેન્દ્ર તરીકે ઉત્પન્ન થયો.

અંતિમ આરાધના અને નિર્યામણા કરાવી સદ્ગતિમાં સહાયક બનનાર પુણ્યાત્માના ગુણગાન સૌ ગાય, તેને બદલે તેવા પુણ્યપુરૂષના અવર્ણવાદ કોઇ કરે તે પણ ગચ્છાધિપતિના પદે રહેલા તે તો આ કાળનું આશ્ચર્ય માનવું પડે. કલિકાલનું આ કૌતુક તેમને મુબારક! આપણે યોગ્યતા કેળવી તેવાથી દુર રહીએ તેમાં જ આપણું કલ્યાણ છે.

જૈન શાસન તમે વસાવો અને વધુ
નહિ તો એક બે નવા ગ્રાહકો કે
આજીવન સભ્યો બનાવો.

કંબલ--શંબલ

-શ્રી રાજુભાઇ પંડિત

'આ એજ છે જેણે પૂર્વજન્મમાં સિંહ એવા મને તેણે ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં મેં એનું કંઇ જ બગાડયું ન હોવા છતાં બાહુબળના ઘમંડથી મને ત્યારે જીવતો ને જીવતો ચીરી નાંખ્યો હતો. પણ હવે જતી જિંદગીના મારા આ દિવસોમાં મારો તે શત્રુ મને મળ્યો છે તે સારૂ થયું. હવે મારા પૂર્વભવના વેરની વસૂલાત કરીને હું મારા જન્મારાને કૃતાર્થ કરી લઇશ.'

આમ વિચારીને સુદાઢદેવે ગંગાનદી-ઉતરવા નાવડામાં ભગવાન શ્રી મહાવીર સ્વામી સહિત અન્ય મુસાફરોથી ભરેલા નાવડાને મરણાંત ઉપસર્ગ કરવા માંડયો. ભયંકર સૂસવાટા મારતો વાયુ ફૂંકાવા લાગ્યો. ગંગા નદીમાં પ્રલયકાળના મોજા જેવા ખતરનાક આવર્તો થવા લાગ્યા. ગંગા નદીના ઊંચે ઊંચે ઉછળતા મોજા સાથે નાવડી ફંગોળાવા લાગી. કર્ણધાર-નાવિક અને યાત્રિકોના જીવ પડીકે બંધાઇ ગયા. જીવવાની હવે કોઇ આશા ન રહી. આમથી તેમ મોજામાં ફંગોળાઇ રહેલી નાવડીના શઢ ફાટી ગયા. લંગર બાંધવાના સાંભલા, તૂતકો તૂટી ગયા. યમરાજની જીભ જેવી નાવડીમાં રહેલા યાત્રિકો પોતાના મોતને ઘણા નજીકથી નિહાળી રહ્યાં હતાં. અધૂરામાં પૂરૂ સુદાઢ દેવે ભયંકર અટ્ટહાસ્ય અને ચિત્કારીઓ કરી કરીને વાતાવરણમાં ભયનો આંતક ફેલાવી દીધો. હવે તો જેટલું જીવ્યા એટલું લાભમાં જેવી દરેકની દશા હતી.

પોતાના પૂર્વજન્મના વૈરની વસૂલાત થઇ રહ્યાનો સુદાઢ દેવને આનંદ થઇ રહ્યો હતો.

બરાબર આવા જ સમયે... અચાનક જ કોઇ એક દેવે ભગવાન તથા યાત્રિકો સહિતની આખી નાવને ઊંચકીને ગંગા નદીના કિનારે લાવી મૂકી. અને બીજા એક દેવે સુદાઢ દેવ સાથે યુદ્ધ શરૂ કર્યું. આખરે યુદ્ધમાં પરાભવ થતાં સુદાઢ દેવ પોતાના સ્થાને ચાલ્યો ગયો.

નાવમાંથી ઉતરીને લોકોએ ભગવાનનો ઉપકાર માન્યો કે-'આ મહર્ષિના પ્રભાવે જ આપણે આ સમુદ્ર જેવી ગંગા નદીમાંથી પાર ઉતર્યા છીએ.'

કંબલ અને શંબલ નામના બંને દેવોએ આવીને પ્રભુની ભક્તિભાવ પૂર્વક પૂજા કરી. આ કંબલ શંબલ કોણ હતા ?

એક શ્રેષ્ઠિના ઘરે પૂર્વના ગાઢ પરિચયના કારણે એક ગોવાળ કંબલ અને શંબલ નામના બે હૃષ્ટપુષ્ટ બળદો શ્રેષ્ઠિના અત્યંત ના પાડવા છતાં પણ બાંધીને ચાલ્યો ગયો હતો.

શ્રેષ્ઠિને ચતુષ્પદ (પશુ) ન રાખવા તેવો અભિગ્રહ હતો. પણ અતિ સ્નેહાળ ગોવાળો આ બળદોને પરાણે શ્રેષ્ઠિના ઘરે બાંધી ગયા હતા. શ્રેષ્ઠીને માથે હવે ધર્મ-સંકટ હતું. પાળવા જાય તો અભિગ્રહ તૂટતો હતો અને છોડી મૂકે તો લોકો ખેતરમાં જોતરે તેમ હતું. છતાં અનુપયોગી હોવા છતાં પણ શેઠે છેવટે તે બંનેનું પાલન કરવા માંડ્યું. આ બંને બળદો ભદ્ર પરિણામી હતા. એટલે જ જે દિવસે શેઠ પૌષધ કરતા તે દિવસે બંને બળદો પણ ઘાસ ચારો કે કશું ખાતા નહિ. આથી શેઠને મન તે બંને પશુ મટીને સાધર્મિક બન્યા હતા. અને તેથી જ હવે તો પોતાના ઘરના સ્વજનની જેમજ શેઠ બંને બળદોનું પાલન કરતા હતા.

એક વખત નગરમાં વાહનો દોડાવવાની હરિફાઇ હતી. શેઠના કોઇ મિત્રે શેઠને પૂછ્યા વગર જ બંને બળદો લઈ જઇને ગાડામાં જોડ્યા અને દોડાવ્યા. દોડાની આર અને ચાબૂકના ફટકા મારી મારીને વેગથી દોડાવવાથી તે મિત્ર હરિફાઇ જીતી ગયો. પણ પછી તે બળદો શેઠના ખ્યાલમાં ન આવે તેમ જ પાછા મૂકી ગયો.

આખા દિવસના દોડવાથી હાંફી ગયેલા, લોહાની આરના ઘાથી શરીરમાં નીકળતા, લોહીથી પીડાતા, ચાબૂકના ફટકાના સોળથી શરીર ઉપર થથરતા રહેલા તે બળદોને શેઠે ઘાસચારો નીર્યો પણ તે તેમણે આરો નહિ. શેઠે બળદના શરીર સામે જોયું ત્યારે તેમને પરિસ્થિતિનો ખ્યાલ આવ્યો અને ક્રોધથી—બોલ્યા કે કોણ પાપીયાઓએ આ મારા પ્રાણથી પણ પ્યારા બળદોને મને પૂછ્યા વગર લઈ જઇને તેમની આ અવદશા કરી છે ? સ્વજનોએ શેઠને મિત્રનો વૃત્તાંત કહ્યો. તે સાંભળીને શેઠને પોતાના સ્વજનને પીડા થઈ હોય તેવી પીડા પોતે પામ્યા. (છૂટા મૂકી દેવાથી ખેતરમાં જોતરાવાથી જે નિર્મમ માર પડવાનો હતો તેનાથી બચાવ્યા છતાં એક જ દિવસમાં પોતાના મિત્રે પોતાના પ્રાણપ્યારા બળદોની અત્યંત ભૂંડી અવદશા કરી નાંખી હતી તે શેઠથી સહ્યું જતું ન હતું.)

શેઠે ઘાસચારો નીર્યો તો તે તરફ બળદોએ જોયું પણ નહિ. આથી વિશિષ્ટ પકવાન્ન પીરસ્યું અને વહાલથી હાથ ફેરવી અવરાવવા પ્રયત્ન કર્યો. પણ તે તરફ પણ જ્યારે બંને બળદોએ જોયું નહિ ત્યારે શેઠે બંને બળદોને ઉપવાસનું પચ્ચકખાણ કરાવ્યું. પોતે પૌષધ સમયે ધર્મનું પુસ્તક વાંચતા ત્યારે આ બંને બળદો શાંતિથી સાંભળતા હતા. આ વાત શેઠના ધ્યાનમાં હતી. એટલે હવે બળદોને ઉપવાસનું પચ્ચકખાણ કરાવી અંતિમ આરાધના કરાવવા લાગ્યા. સંસારની સ્થિતિનું વર્ણન સંભળાવવા માંડ્યું. નમસ્કાર મહામંત્ર સંભળાવ્યો. આખરે સમાધિપૂર્વક મૃત્યુ પામીને

કંબલ અને શંબલ નામના બંને બળદો વ્યંતર નિકાયમાં દેવ થયા.

દેવ થનાંની સાથે ઉપયોગ મૂકતા તેમને ગંગા નદીમાં પ્રભુ મહાવીર સ્વામી ઉપર મરણાંત કષ્ટ કરી રહેલ સુદંષ્ટ્ર દેવને જોયો. અને તે જ ક્ષણે બીજા તમામ કાર્યો પડતા મૂકીને ગંગા નદીએ આવ્યા. એક દેવે સુદંષ્ટ્ર દેવ સાથે યુદ્ધ કરી તેને પરાજીત કર્યો. અને બીજા દેવે આખી નાવડી ગંગા કિનારે લાવી મૂકી અને પછી બીજા દેવો પ્રભુની ભક્તિપૂર્વક પૂજા કરીને સ્વધામે ગયા

ભગવંત વિહાર કરતા કરતા અન્યત્ર પધાર્યા.

પશુભવમાં ધર્મારાધન કરવાની ભાવનાના ધણી કંબલ–શંબલને હાર્દિક પ્રણામ.

(ત્રિષષ્ઠી શલાકા પુરૂષ ચરિત્ર)

卐 શિયાળની નિર્જરા 卐

મથુરાના રાજા જિતશત્રુ કાલી નામની વેશ્યા પર મોહિત થઇ પરણ્યા તેને કાલવૈશિક નામે પુત્ર થયો.

એકવાર રાત્રે તે સૂતો હતો, ત્યાં શિયાળનો શબ્દ સાંભળ્યો. તેજાણીને પગથી બંધાવી શિયાળ પોતાની પાસે મંગાવ્યું.

કુમાર ક્રીડા માટે શિયાળને વારંવાર મારે છે અને શિયાળ ખી–ખી શબ્દ કરે છે તે ખી–ખી શબ્દ સાંભળી કુમાર નિરંતર મારે છે તેથી શિયાળ મરણ પામ્યું અને અકામ નિર્જરાથી મરી વ્યંતરદેવપણું પામ્યું.

ક્રીડામાં પરની પીડા નહીં જોનારા કેવા નિર્દય હોય છે ?

એકવાર કાલવૈશિકે ગુરૂ મુખથી ધર્મદેશના સાંભળી, પ્રતિબોધ પામી દીક્ષા લીધી. એકલવિહાર પ્રતિમા ધરે છે તેમને અર્શની પીડા પણ દવાનો નિયમ કર્યો. બહેને આહારમાં ઔષધ આપી દીધું પછી ખબર પડી અભિગ્રહ ભંગથી પશ્ચાતાપ કરી અનશન કર્યું.

શિયાળ દેવ પૂર્વભવના વૈરથી ઉપસર્ગ કરે છે. શિયાળ બની ખી–ખી કરતા બચકાં ભરે છે.

અર્શની પીડા અને ઉપસર્ગ સહન કરી ૧૫ દિવસ અનશન પામી કેવલ મુનિ મોક્ષે ગયા.

મુનિવાણીનો નાદ—શ્વાનોનું સંવેદન
અહિંસકવૃત્તિનું આવેદન

—પૂ મુ. શ્રી હિતરત્ન વિ મ.

આજ જંબુદ્વીપના ભરતક્ષેત્રના મંડનભૂત દેવનગરીની રમણીયતાની તર્જના કરતુ, અનેક વન ઉદ્યાનોથી સુશોભિત પદ્મીનીખંડ નામનું શ્રેષ્ઠ નગર હતું.

જે નગરની ગલીમાં રાત્રીનાં સમયે ઘુવડ વગેરેનો પ્રવેશ પણ દુષ્કર હતો કેમકે એના મણિમય ભવનોના પ્રકાશની જળહળતી જ્યોતિનો પ્રભાવ. ત્યાં અતિશય શુરવીર સૂરસેન નામનો રાજા પ્રતાપશાળી, વૈભવી હતો. પણ જય વિજય દ્વારા પ્રતાપરૂપી વૃક્ષની વૃદ્ધિ એવી પમાડી હતી કે જેના પુષ્પ-ફળો તારાઓના બ્હાને આજે પણ તેની યશોગાથા ગાઇ રહ્યા હતા. તે સૂરસેન રાજવીને નિરુપમ રૂપલાવણ્યશ્રી, શારીરિક સૌંદર્યથી દેવકુમારને પણ જીતી લીધેલ એવો સંગ્રામસૂર નામે કુમાર હતો.

બાલ્યવયથી જ શિકારના વ્યસનમાં આસક્ત ક્રુર સ્વભાવી સાથે શુરવીરતા ગુણથી શુરની પંક્તિમાં પ્રથમ નંબરે હતો. અને શિકાર વિ. દ્વારા પોતાનો કાળ નિર્ગમન કરતો હતો. એકવાર પોતાની પ્રવૃત્તિને રૂચિકર, દેશી–પરદેશી ક્રુર અને ઘાતકી પુરૂષોને લઇને શિકાર કરવા જતો હતો. તે સમયે તેના પિતાએ તેને કહ્યું કે, "હે વત્સ ! તું શિકાર કરવા ન જા. નિરપરાધી જીવોનો વધ કરવામ પુરૂષાર્થ કેવો ? વળી રૌદ્રદુઃખ, વિટંબણાની અનુભૂતિના સ્થાનભૂત નરકગમનમાં કારણભૂત શિકારનો તું ત્યાગ કર.

પૂર્વકાલીન આપણા પ્રતાપી પુરૂષોના યશરૂપી પ્રાસાદને તારા કુકૃત્યરૂપ કાલિમાથી શા માટે મલિન બનાવે ? નીચ પુરૂષોચિત શિકારની આ કુટેવને છોડી દે. નહિતર મારા રાજ્યની બહાર ચાલી જા, ચાંડાલની જેમ તારૂં મુખ પણ મને ના બતાવીશ. તું મારી આંખ સામેથી ચાલ્યો જા જેથી તારૂં મુખ પણ જોવા ન મળે.

કેવી હતી આર્યસંસ્કૃતિના ધર્મપ્રેમી રાજવીઓની અહિંસકવૃત્તિ અને તેની રક્ષા ખાતર સગા દીકરાને પણ દેશવટો દેવામાં પાછી પાની કરતા નહોતા.

પિતા વડે અપમાન પામેલો તે રાજકુમાર સંગ્રામસૂર નગરની બહાર પોતાની મિત્રમંડળીની સાથે રહેવા લાગ્યો. અને નિત્યપ્રભાતે સૂર્યોદય થતાવેંત જ કુતરાઓને લઇને હરણિયાનો શિકાર કરવા ચાલ્યો જતો. સૂર્યનારાયણ પ્રગટ થતાં પ્રકાશકિરણો ફેલાવતા અંધકાર વિલય પામી જાય. પણ આ તો જાણે જીવનમાં પાપરૂપી અંધકારનો પ્રવેશ કરવાની ઇચ્છવાળો જ ન હોય તેમ પ્રકાશસમયે કુકૃત્યો કરવા નીકળી પડતો.

અરણ્યમાં અશરણ્ય મૃગલાઓનો વધ કરી પોતાની આજીવિકાને કરતાં એક વાર કોઇ કાર્ય ઉપસ્થિત થતાં ગ્રામાંતર જવાનું થયું ત્યારે કુતરાઓને પોતાના આશ્રિતોને ભલામણપૂર્વક સોંપી ચાલી નીકળ્યો.

જાણે એના જીવનમાંથી હિંસાને વિદાય કરાવવાને માટે જ ન હોય ! અરે એના જીવનનું ટર્નીંગ પોઇંટ જ ન હોય ! તેમ વિહાર કરતા–કરતાં તે અરણ્યમાં એક ચૌદ પૂર્વધર (શ્રુતકેવલી) અવધિજ્ઞાની શ્રી સિદ્ધંધરાચાર્ય પધાર્યા. વસતિની યાચના કરી ત્યાં કુતરાઓની પાંજરાપોળ હતી ત્યાં નજીકમાં રહ્યા. જ્ઞાની મહાત્મા હતા. કુતરાઓની યોગ્યતા નિહાળી લીધી. સિદ્ધાંતના રહસ્યરૂપ પાઠો ભણવા લાગ્યા તથા શિષ્યોને પણ ભણાવવા લાગ્યા.

(૧) **ણણુમિત્ત સુકખકજ્જે, જીવે નિહણંતિ જે મહાપાવા**
હરિચન્દ્રણુવણુસંહં, દહંતિ તે છારકજ્જંમિ ।।

અહો આ પ્રલોભગર્ભિત અભયદાનનો મહિમા કેવો અદ્‌ભૂત આકર્ષણીય છે. આ પાપીપુરૂષો ક્ષણમાત્ર સુખ માટે જીવોને વધને કરે છે. ખરેખર તેઓની ચેષ્ટા ચંદનાકાષ્ટને છાર (રાખ) માટે બાળે છે. એક પછી એક અહિંસાભાવને જણાવતી ગાથાઓનો નાદ વહી રહ્યો.

(૨) **જો જીવદયારહિઓ. મૂઢો અન્નં કરેઇ ણહ ધમ્મં ।**
આરૂહઇ છિન્નકણ્ણં, સો ખરમિન્નમુત્તમં મુ તુ ।।

જે મૂઢ ! જીવદયાથી રહિત દાન-શીલ વગેરે ધર્મને કરે છે ને ઉત્તમહાથીની સવારીને છોડીને કર્ણ છેદાયેલા ગધેડાની સવારીને કરે છે.

(૩) **જો જલહિબિંદુમાણું, જાણઇ ગયણમ્મિ રિક્ખપરિમાણું ।**
સો અભયદાનપુણ્ણું, સંપુણ્ણું વણ્ણુહ કહવિ ।।

જે સમુદ્રમાં રહેલ પાણીઓના બિંદુનું પરિમાણ કરી શકે, જે વળી આકાશમાં ટમટમતા તારલાઓની ગણના કરી શકે તો, તે પુરૂષ અભયદાનથી પ્રાપ્ત થતાં પુન્યના વર્ણન કરી શકે.

આવા હિતકારી મનોહર વચનોને સાંભળી એકાગ્રચિત્તવાળા બનેલા કુતરાઓ જાગૃત ચૈતન્યવાળા આ પ્રમાણે વિચારવા લાગ્યા. ખરેખર ! એહની વાત છે કે અમે કેટલા મૂઢ છીએ કે પુન્યપાપના વિપાકને જાણી શકતા નથી પરકાર્ય કરવામાં સજ્જ બની પાપ કરી અમે અમારા આત્માને શા માટે નરકાવટમાં નાંખીએ ? અહો !

આ સ્વામીદ્વારા આપણને ખૂબ જ સુંદર કહેવાયું. જીવ વધને નરકગમીની–ટિપીકા સમાન જણાવી આપણા ઉપર મહાન ઉપકાર કર્યો.

જુઓ ? સાધુ સ્વાધ્યાય– મૂર્ચ્છિતને પણ ચૈતન્યવંત બનાવી દે. સ્વાધ્યાયના નાદે કુતરાઓનો અંતઃનાદ નીકળ્યો. આજથી માંડીને જ્યાં સુધી આ દેહમાં પ્રાણ છે ત્યાં સુધી કયારેય અમે જીવવધાદિ ન કરીએ નરકાદિના પાતરૂપ આ પાપ કરવું નથી. આત્મા જાગૃત થઇ ગયો. બરેબર સૂતેલાને જગાડવા માટે એક જ પળ બસ છે. વધારાની જરૂર નથી. હિંસકવૃત્તિવાળા કુતરા અહિંસક ભાવને ધારણ કરનારા થયા

હવે સંગ્રામશુર ગ્રામાંતરથી પાછો આવી પોતાની શિકારના વ્યસનની પળને સંતોષવા કુતરાઓ સાથે જંગલમાં ગયો. જ્યાં દૂર દૂર હરણિયાના ટોળાંને જુએ છે ત્યાં તેમના પર કુતરાઓને છોડે છે. મારો, પકડોના શબ્દો જોરથી ઉચ્ચરે છે. પણ આ શું ? શબ્દની તાકાત પણ નાકામિયાબ ! અકલ્પનીય આશ્ચર્ય નિહાળ્યું હિંસક-વૃત્તિવાળા કુતરા અહિંસકવૃત્તિવાળા બની ગયા. કુતરાઓને એના શબ્દની જરાય અસર ન થઇ. એક ડગ પણ આગળ જતાં નથી ત્યાંને ત્યાં સ્થિર થઇ ગયા જાણે પૂતળાના જ કુતરા ન હોય ? અથવા ચિત્રમાં આલેખિત ન હોય ? તેવી સ્થિતિમાં રહેલા જોયા. તે વખતે સંગ્રામશુર કુતરાના રખેવાળને પૂછે છે ? કેમ આમ થયું ? ત્યારે રખેવાળ કહે છે કે અમે વિશેષ તો કાંઇ જાણતા નથી પણ આ કુતરાઓ જ્યાં રહ્યા હતા ત્યાં નજીકમાં મુનિઓ થોડા દિવસ માટે રહ્યા હતા. તેઓ પ્રતિક્ષણ દયાપુર્ણ શાસ્ત્ર ભણી રહ્યા હતા. તેઓના વચનો સાંભળવાથી આ કુતરાએ જીવદયાના પરિણામવાળાના થયેલા દેખાય છે.

રખેવાળના વચનો સાંભળી જાગૃત ચૈતન્યવાળો કુમાર પણ વિચારવા લાગ્યો કે અહો ! અહો ? કેવો છે મહાત્મા પુરૂષોનો મહિમા. જેમના વચનથી પશુઓ પણ પ્રતિબોધ પામ્યા. જ્યાં નરોમાં પશુ જેવાં હું નિરપરાધી જીવોને મારવામાં આજ સુધી મોજ માણી રહ્યો છું. તે વારે તે કુતરાને પંપાળતા–પંપાળતા તેની પીઠ થાબ-ડતા કહે છે. હે શ્વાનો ? જેમના વચનોથી પ્રતિબોધ પામ્યા છે તે સુરિશેખર પાસે મને પણ લઇ જાઓ.

માલિકની આવા પ્રકારની સાનુકુળ આજ્ઞાને પામી, તેમજ ઉપકારીના વિરહ વ્યથાથી ક્ષુબ્ધ થયેલા તેમનાં પગલાંને સુંઘતા કેઠ આ ગુરૂભગવંત ગામુકાય સાથે જ્યાં રહેલા છે ત્યાં લાવી ઉભા રહે છે. પૂજ્યોપકારી મહર્ષિઓના ચરણો ચાટતા

ઉભા રહે છે. હાથ જોડી પ્રણામ કરે છે. જુઓ કેવો છે મૌનીન્દ્ર શાસનના ગુરૂ ભગવંતોના વચનનો પ્રભાવ ?

કુમાર પણ કૌતુક જોવાની ઇચ્છાવાળો તેમની પાછળ પાછળ, તીર-કામઠાધારી અનેક સુભટોથી પરિવરેલો આચાર્ય ભગવંતની પાસે આવે છે. પ્રણામપૂર્વક, ધર્મમાં ઉત્પન્ન થયેલી શ્રદ્ધાવાળો આ પ્રમાણે વિનવે છે.

હે ભગવંત ! મારા જેવા નાસ્તિકનો ઉદ્ધાર કરો. તે અવસરે પૂ. આ. ભગવંત ચૌદપૂર્વધર, અવધિજ્ઞાની કુમારની આગળ ધર્મના રહસ્યને જણાવે છે. અઢારદોષથી રહિત દેવની ઉપાસના કર. વળી પરમાત્માની આજ્ઞામાં રત, તૃણ અને મણિને સમાન માનનાર સુસાધુ ભગવંતોને ગુરૂ તરીકે સ્વીકાર જીવદયાથી રમ્ય, કેવલીભગવંત પ્રરૂપિત ધર્મને તું આરાધ. આ ત્રણ રત્નોને તું સદા માટે સેવ જ્યારે ભૂતકાળમાં અનંત અરિહંતો થઇ ગયા. વર્તમાનમાં પ્રત્યુત્પન્ન છે. અને ભવિષ્યકાળમાં જે અનંત થવાના છે તે સર્વે આ પ્રમાણે કહે છે, પ્રરૂપણા કરે છે. ભાખે છે કે સર્વે પ્રાણીઓ, સર્વે જીવો, સર્વે સત્વો હણવા યોગ્ય નથી, ગ્રહણ કરવા યોગ્ય નથી પીડા પમાડવા યોગ્ય નથી આ પ્રમાણે મૌનીન્દ્રશાસનમાં પ્રવેદન કરાયેલ છે.

किं ताओ पढियाओ, पयकोडीओ पलालभूयाओ ।
नत्थित्तियं न नायं, परस्स पीडा न कायव्वा ।।

નિઃસાર અર્થ વગરના સેંકડો પદો ભણવા વડે શું ? જેને અહીં તૃણની ઉપમા આપવામાં આવી છે. પરંતુ તે પણ એકદેશીય હોય અધુરી ગણાય કારણ તૃણમાંથી પણ ગાય દૂધને પેદા કરે છે. જ્યારે સિદ્ધાંતના સેંકડો પદોનો સ્વાધ્યાય કરવા છતાં પણ જેના દ્વારા પરને પીડા ન કરવી જોઇએ એટલું પણ નથી સમજ્યું તે ભણવા છતાં પણ ભૂલાવામાં પડયા જ ગણાય.

આમ ઉત્તમ ઉપદેશના રહસ્યને ચિત્તમાં અવધારણ કરી જેને આ સંસારને ભય લાગ્યો છે તેવો કુમાર નિરતિચાર સમ્યક્ત્વનને ગ્રહણ કરે છે. અને શ્રાવકોચિત વ્રતોના સ્વીકારમાં પહેલે સ્થુલ પ્રાણાતિપાત વિરમણવ્રતમાં નિરપરાધી હાલતા-ચાલતા જીવોને મારવાની બુદ્ધિથી નિરપેક્ષપણે હું નહિ મારું એવો દૃઢ સંકલ્પ કરે છે. આનંદની અનુભુતિ કરે છે ? પછી તે કુમાર ઉપકારી ગુરૂદેવને નમસ્કાર કરી પોતાને સ્થાને જાય છે.

પોતાને દુર્ગતિમાં જતાં અટકાવી દેનાર તે ઉપકારી શ્વાનોને પણ તે ભાવથી નમન કરે છે. તેમને બંધનમાંથી મુકત બનાવી પોતાના સાધર્મિક તરીકે તેમની

સંપૂર્ણ કાળજી લે છે. ધર્મમાં તત્પર એવા તે સહુનો સુખપૂર્વક કાળ પસાર થઇ રહ્યો છે.

આ સમાચાર મહારાજા સૂરસેનને મળતાં તેમણે રાજકુમારને સન્માનપૂર્વક બોલાવી યુવરાજપદે સ્થાપ્યો. આ કથાનક તો હજુ આગળ ચાલે છે. "સમ્યક્ત્વ-સપ્તતિ" ગ્રંથમાં છ યતના દ્વાર અંતર્ગત પ્રથમ-દ્વીતિય "યતના" ના સિદ્ધાંતને જ દૃષ્ટાંતદ્વારા દૃઢ કરવામાં આવ્યો છે. તેમાં આગળ જતાં સ્વીકારેલા સમ્યક્ત્વની પરીક્ષા યુવરાજ બનેલા સંગ્રામસૂરની કઇ રીતે થાય છે તેનો સવિસ્તાર અધિકાર વર્ણવવામાં આવેલ છે. પણ આપણે તો અહીં પશુઓ પણ . 'પરમ' કઇ રીતે બને છે તે જ પ્રયોજન છે.

જૈન શાસનની આજ મહાનતા છે કે માનવમાંથી પશુ બનેલાને પણ પરમ-પદનો મુસાફર સહજમાં બનાવી દે છે. આજ શાસનને પામી ચંડકૌશિક સર્પ પણ પશુ મટી દેવ બન્યો ને ? શંબલકંબલ બન્ને બળદો મરી દેવ બન્યા ને ? કમઠયોગીના બળાએલા કાષ્ઠમાં બળતો સર્પ મરી ધરણેન્દ્ર દેવ બન્યો.

શ્રી પાર્શ્વપ્રભુનો આત્મા મરૂભૂતિના ભવમાં જરા થાક ખાઇ ગયા. ગબડ્યા, પહોંચ્યા હાથીનાં ભવમાં પણ પુન્યોદયે મળી ગયા મુનિવર, પામ્યા સમકીત, ગ્રહણ કર્યા વ્રતો, સૂકા પાંદડા જ ખાતા, સૂર્યના તાપમાં તપેલું જ પાણી પીવું, નીચે જોઇને ચાલવું, બેસવું હોય ત્યારે મારી કાયા, જેટલી જગ્યાને પોંચી નજરે બરાબર જોઇને પછી જ બેસવું વિગેરે નિયમો કર્યા.

આ અને આવા અનેક સમ્યગ્દર્શન ગુણને પામેલા પશુઓ આપણને ઘણું ઘણું કહી જાય છે. જો તે વાત આપણા બહેરાકાને અથડાય તો આપણું જીવન પણ ધન્ય બની જાય.

હે માનવ ! જરા સાંભળ, કર્મે ફટકારેલી સજાને અમે નીચે મોંઢે સહન કરીએ છીએ. તમને મળ્યું છે ઉંચુ મોં ધારો તો કર્મોની સામે બળવો પોકારી શકો છો.

હે ભાગ્યશાળીઓ ! જરા ચેતો અમે પણ તમારી જેમ ખાવા-પીવામાં, ઐશ-આરામમાં ગળાબુડ ડુબેલા હતા. તેથી જ આ કર્મોની કડવાશ અનુભવીએ છીએ. તમને મળ્યો છે ઉત્તમમાનવનો ભવ. તેમાં ધારો તેટલી અમૃતની મિઠાશ માણી શકો તેમ છો ? બનો, સાવધ, કર્મોને કહી દો હવે તારૂં કહ્યું મારે કરવું નથી મારા કહ્યા પ્રમાણે તારે ચાલવું. પડશે. બસ ! કર્મોની સાથે જંગ શરૂ ધર્મ તમારામાં પેદા થઇ જશે.

અંતમાં મુનિવાણીનો નાદ-કુતરાઓ પામ્યા સંવેદન-અહિંસકવૃત્તિનું આવેદન-પરમતત્ત્વનું પ્રવેદન.

૨૦૫૩ ભા. વ. ૨ -- નવા ડીસા

ગુરૂ રામચરણરેણુ મુનિ હેતરત્ન વિ.

卐 શ્રી સિધ્ધવડ અને પેાપટ 卐

—શ્રી ધર્મશાસન

અને...

મારી માતા વર્ષોથી એકપૌત્ર માટે ઝંખતી હતી પણ પુત્રીના જન્મથી તેમની આશાઓ ભાંગી પડતી. મૃત્યુ પહેલા પૌત્રનું મુખ જોવાની ભાવનાથી તે જીવન ટકાવી રાખતા હતા (ખરેખર સંસારનો મોહ દુસ્ત્યાજ્ય છે.) ચાર વર્ષ પછી આશાઓનું કિરણ દેખાયું અને માતાજીનું હૃદય નાચી ઉઠયું. પર્યુષણા મહાપર્વમાં પૂજા અને વ્યાખ્યાન પછી આનંદ ઉત્સવ અંગે કુટુંબના આપ્તજનોને બોલાવીને માતાજીએ કહ્યું: પરમાત્માએ મારી પ્રાર્થના સાંભળી છે. મારી છેલ્લી ઇચ્છા જરૂર પૂરી કરશે તો મારૂં જીવન સાર્થક પણ થઇ જશે. તમને બધાને સુખી જોઇને મારો આત્મા આનંદ અનુભવે છે. મારી ઈચ્છા તો તે મારા લાલ પૌત્રનું નામ અત્યારથી જ નક્કી કરવાની તાલાવેલી જાગી છે. હુ તેના મુખારવિંદને જોઇશ ત્યારે ખરી પણ નામ તો નક્કી જ કરી લઉં.

કુટુંબીજનો તો વૃદ્ધ માતાની આવી આશ્ચર્યજનક વાતથી વિસ્મિત થયા કોઇ શું બોલે? પણ એક દસ વર્ષની બાલિકા બધાની વચ્ચેથી આગળ આવીને માતાજીના ખોળામાં બેસી ગઇ અને કહેવા લાગી.

અમ્માજી એક સોનાની સીડી બનાવરાવી તેના ઉપર તમારે ચઢવાનું તે સીડી દાનમાં આપ અને મિષ્ટ ભોજન કરી અમને બધાને જમાડવાના બિરાદરીમાં (પરિવારમાં) લાડવા વહેંચાયા અને દેરાસરજીમાં પૂજા ભણાવવાની આપણે શ્રી સિદ્ધાચલજી હમણાં જ જઇ આવ્યા તેની યાદમાં પુત્રનું નામ સિદ્ધાચલજી ઉપરથી જ પાડવું.

બધા આ બાલિકાની વાત સાંભળીને મુગ્ધ બની ગયા. મારી સૂચના પ્રમાણે 'સિદ્ધરાજ કુમાર' નામ રાખવાનું નક્કી થયું.

ઇ. સ. ૧૯૦૮ માં હું મુંબઇમાં સમ્મેતશિખરજીના મુકદ્દમામાં રોકાયેલો હતો અને પુત્રજન્મના આનંદદાયક સમાચાર મલ્યા મારી માતાના હર્ષનો પાર નહિ હોય તેમની પ્રાર્થના ફળી દસ દિવસે હું જયપુર પહોંચ્યો અને બાળકને ખોળામાં લીધો કે તરત જ અત્યંત રડવા લાગ્યો અને અમારા બધા જ પ્રયત્નો નિષ્ફળ ગયા મારી માતાએ કોઇ સ્તવન ગાવાની સૂચના કરી અને સ્તવન લલકાર્યું.

કયું ન ભયે હમ મોર... વિમલગિરિ કયું ન ભયે હમ મોર
સિદ્ધવડ રાયણ રૂખડી શાખા... ઝુલત કરત ઝકોર. વિમલ...

સિદ્ધવડનું નામ બાળકને કાને પડતાં જ બાળક રડતો બિલકુલ બંધ થઇ ગયો. અને બહુ જ ધ્યાનપૂર્વક આખું સ્તવન સાંભળવા તલ્લીન બની ગયો. અગ્યાર દિવસના બાળકની આંખમાં અને મુખારવિંદમાં, હૃદયમાં અને મનમાં આ સ્તવને એવી ઊર્મિ જગાડી કે જ્યારે જ્યારે બાળક અસ્વસ્થ જણાય કે તુરત જ આ મધુર સ્તવન સંભળાવીએ કે તુરત જ બાળક સ્વસ્થ બની જાય.

સિદ્ધરાજ ત્રણ વર્ષનો થયો. એક દિવસ સોના કાકી સાથે વાલકેશ્વર મુંબઇ શ્રી આદીશ્વર દાદાના દર્શન કરવા ગયો ત્યારે મૂળનાયકજીની પ્રતિમા જોઇ સિદ્ધરાજ તુરત બોલી ઉઠયો શ્રી આદીશ્વર દાદાની પેલી પ્રતિમા આ પ્રતિમાજી કરતા મોટી હતી.

સોના કાકી : તું કયા આદીશ્વર દાદાની વાત કરે છે ?

સિદ્ધરાજ : સિદ્ધવડના આદીશ્વર દાદા.

સોના કાકી : તું તે ક્યાંથી જાણે ?

સિદ્ધરાજ : મેં તે પ્રતિમાની પૂજા કરી છે.

સોના કાકી : ખોટું બોલે છે ? તારા જન્મ પછી આપણે સિદ્ધાચલ ક્યાં ગયા જ છીએ ?

સિદ્ધરાજ : હું સાચું જ બોલું છું મેં પૂજા કરી જ છે.

સોના કાકી : તેં ભગવાનની પૂજા કરી છે કે ? સ્વપ્નામાં જોયા છે ?

સિદ્ધરાજ : મેં પૂજા કરી છે.

સોના કાકી : તે કેવી રીતે બને ? બોલ બેટા તેં ક્યારે પૂજા કરી ?

સિદ્ધરાજ : પહેલા.

સોના કાકી : એ કેવી રીતે ?

સિદ્ધરાજ : પૂર્વભવમાં હું પોપટ હતો.

સોના કાકી : તે વખતે તું ક્યાં રહેતો હતો ?

સિદ્ધરાજ : સિદ્ધવડમાં.

આ આશ્ચર્યજનક વાત હોઇ. મન તે ઝડપી સ્વીકારવા તૈયાર ન હતું છતાં જ્યારે સિદ્ધરાજ વારંવાર સિદ્ધાચલની વાત કરતો તેથી તે ખોટું બોલે છે તેમ માનવાને કોઇ કારણ ન હતું તે વારંવાર સિદ્ધાચલજી જવા માટે હઠ લેતો અને સિદ્ધગિરિમાં વાપરવા માટે તે થોડા પૈસા લેગા કરવા લાગ્યો.

ઇ. સં. ૧૯૧૨ના જાન્યુઆરીમાં અમે બધા પાલીતાણા આવ્યા. સોનગઢથી

ગિરિવરના શિખરો જોતાં જ બાળક ઉત્સાહથી બોલી ઉઠ્યો કે જૂઓ સિદ્ધાચલ દેખાય અને તુરત જ ગિરિવરને નમન કર્યું. અને કહેવા લાગ્યો કે જુઓ ! જુઓ ! કાકા પેલો કાળો પર્વત દેખાય છે તે જ સિદ્ધગિરિ છે. હવે જલ્દી ઉપર જવાય તો કેવું સારૂં.

પાલીતાણા આવ્યા. અને બીજે જ દિવસે યાત્રા માટે ગયા મારી અશક્તિને લીધે હું ડોળી માં બેઠો મેં કુમારને કહ્યું: બેટા ચાલ ડોળીમાં બેસીજા પણ તે ન બેઠો અને મારા બંધની આંગળી પકડીને ચાલવા લાગ્યો.

રસ્તામાં છોકરાઓને તેડીને ઉપર લઇ જનારી બહેનોએ કહ્યું: આ બેટા તેડી લઉં તો ના પાડી અને એકપણ વિશ્રામ વિના આનંદથી કુમાર ઉપર ચડી ગયો. તેની ભાવનાથી તેને માટે પહેલી પક્ષાલ પૂજા–ચંદનપૂજા–કેસરપૂજા આદિનું ઘી બોલી તેની પૂજા કરાવી. પૂજા કરતાં કરતાં તેનો આનંદ એકદમ અનુપમ હતો, અમે ચૈત્ય-વંદન કરવા બેઠા. ત્યારે તે કાઉસ્સગ્ગમાં બેઠો હોય તેમ તે બેસી ગયો અને ધ્યાનમાં બેસી ગયો.

યાત્રા કરીને તે અત્યંત આનંદીત બની જતો હંમેશા યાત્રાએ આવવાનો તેણે વિચાર અમારા આગળ રજુ કર્યો. અને યાત્રા કરીને એક–બે વાગે તે નાનો ચાર વર્ષનો બાળક નીચે જમતો ગિરિરાજ ઉપર તો પાણી સુદ્ધા લેતો નહિ. (આવા બાળ-કની આવી મક્કમતા જોઇને શું આપણે એટલું પણ નક્કી ન કરી શકીએ કે ગિરિરાજ ઉપર કોઇપણ ચીજ–વસ્તુ આવી પીવી નહિ અરેઅર ગિરિવર ઉપર દહીં–દૂધ આદિ કોઇ પણ વસ્તુ આવી તે ગિરિવરની ભયંકર આશાતના છે અને યાત્રા તેની નિષ્ફળ જાય છે.)

સિદ્ધવડ–તેનું પ્રિય સ્થાન જોવાનું તેને ખૂબ જ મન હતું અને એક દિવસ કાકાની યાત્રા કરીને અમે સિદ્ધવડ પાસે ગયા. ત્યાં તેણે જે વૃક્ષ ઉપર પૂર્વભવમાં વસતો હતો તે વૃક્ષ તેણે બતાવ્યું. અને અમારા બધાના આશ્ચર્ય વચ્ચે તે વખતે ત્યાં રહેલા પૂ. મુનિરાજ શ્રી મોહનવિજયજી મ. સા. પૂછ્યું કે આ સિદ્ધવડમાંથી બીજી કોઇ બાબાએ નહિ પણ જયપુરમાં ઢઢ્ઢાજીને ત્યાં જ તેં જન્મ લેવાનું કેમ પસંદ કર્યું ? આના જવાબમાં તે બાળકે મારા તરફ ફરીને જણાવ્યું કે જ્યારે તમે અને માતા અહિંયા યાત્રા કરવા આવ્યા ત્યારે માતાએ મને જોઇને પૂછ્યું કે પોપટ... પોપટ... તું મારે ત્યાં આવીશ. ત્યારે મેં ચાંચ હલાવીને હા પાડી હતી તે વખતે મેં તેમને ત્યાં જવાની ભાવના વ્યકત કરેલી.

પૂ. પ્રશાંતમૂર્તિથી કર્પૂર વિ. મ. સા., પૂ મુ. શ્રી હંસ વિ. મ. સા., પૂ.

મુ. શ્રી મોહન વિ. મ. સા.એ બાળકની બધી વાતો જાણી તથા બાળક સાથે વાતો કરીને જણાવ્યું કે ખરેખર આ બાળકને જાતિસ્મરણ જ્ઞાન થયું છે.

હજારો યાત્રાળુઓ આ બાળકને જોવા આવતા.

કેવી અદ્‌ભૂત સત્યકથા કેવો એ તારણહાર ગિરિરાજનો મહિમા એક પોપટ જેવું પક્ષી પણ ભાવથી એકાદ–બે વખત પૂજા કરી ને તેના ધ્યાનના પ્રભાવે મનુષ્ય–જન્મ પામી જાતિસ્મરણ જ્ઞાન થયું. અને એ તારણહાર ગિરિવરના દર્શન–વંદન–પૂજનની તાલાવેલી જાગી ખરેખર આવા સર્વવિઘ્નમાં અલ્પેઽ ગિરિવરનં ભાવપૂર્વક આશાતના રહિત જાત્રા કરવાથી આપણા અનંતા પાપો ધોવાઇ જાય છે.

(શ્રી શત્રુંજય સૌરભ પૃ. ૭)

ફોન ૬૭૧૪૫૦૫

"જુનું તે સોનું"

શ્રી જિનેન્દ્ર ભક્તિના સંગીત માટે જૈન ગાયક

મનુભાઇ પાટણવાલા એન્ડ પાર્ટી

૧૪૫/ડી–અરૂણા નિવાસ, અરવીંદ કોલોની, એસ. વી. રોડ, ઇર્લા,
વીલેપારલે (વેસ્ટ), **મુંબઇ**–૪૦૦૦૫૬

卐

દરેક મોટા પૂજનો માટે વિધિકારકો અમારો સંગીત સાથ ચાહતા હોય છે.

* વિભંગજ્ઞાની વારણની વફાદારી *

— ગુણરાગી —

આ અવસર્પિણીકાળમાં શ્રી ચેટક મહારાજા અને તેમના જ દૌહિત્ર કૂણિક વચ્ચે થયેલ ભયંકર યુદ્ધના પ્રસંગની આ વાત છે. પ્રસંગ ઘણો નાનો છે પણ વિચારશીલ આત્માઓને વફાદારીનો બોધપાઠ આપે તેવો છે.

કૂણિક ચેટકરાજાની નગરીને રૂંધીને રહેલો છે. તે વખતે રોજ રાત્રિના સેચનક હાથી ઉપર ચડીને હલ્લવિહલ્લ કૂણિકના સૈન્યમાં આવીને સૈન્યનો નાશ કરવા લાગ્યા. કારણ કે એ સેચનક હાથી સ્વપ્ન હાથીની જેમ કોઇથી મારી કે પકડી શકાતો ન હતો. તેથી રાત્રિના સમયે અચાનક આવી, હલ્લો કરી ઘણા સૈન્યનો વિનાશ કરી હલ્લ વિહલ્લ કુશળક્ષેત્ર પાછા ચાલ્યા જતા હતા.

આર્થ અકળાયેલા કૂણિકે પોતાના મંત્રીઓને કહ્યું કે, આ હલ્લ વિહલ્લે આપણા આપણા સૈન્યને વિલુપ્ત કરી નાંખ્યું છે તો તેઓને જીતવાનો કોઇ ઉપાય છે ? મંત્રીઓએ વિચારીને કહ્યું કે, જ્યાં સુધી એ નરહસ્તી હલ્લ વિહલ્લ સેચનક હાથી ઉપર બેસીને આવે છે, ત્યાં સુધી તેઓ કોઇનાથી પણ જીતી શકાશે નહિ, માટે આપણે એ વારણ–હાથીનો જ વધ કરવાની જરૂર છે. તેથી તેના આવવાના માર્ગમાં એક ખાઇ કરી, તેમાં બેરના અંગારા સંપૂર્ણ ભરો અને તેની ઉપર આચ્છાદન કરી લઇ તેને પુલની જેમ ખબર ન પડે તેમ કરો. પછી સેચનક વેગથી દોડતો આવશે, એટલે તેમાં પડીને મરી જશે. કૂણિકે પણ મંત્રિઓની સલાહ પ્રમાણે તરત જ બેરના અંગારાથી ભરેલી એવી ખાઇ તેના આવવાના માર્ગમાં કરાવી અને તેની ઉપર આચ્છાદન પણ કરી લીધું,

હવે હલ્લ વિહલ્લ પોતાના વિજયથી ગર્વિત થઇ સેચનક હાથી ઉપર બેસીને રોજની જેમ કૂણિકના સૈન્યનો વિનાશ કરવા વિશાળામાંથી મસ્તીથી નીકળ્યા. માર્ગમાં પેલી અંગારાવાળી ખાઇ આવી એટલે તરત જ તેની રચનાને સેચનક વિભંગજ્ઞાનથી જાણી ગયો. તેથી તે કાંઠા ઉપર જ ઊભો રહ્યો. આ બેએ તેને ચલાવવાનો ઘણો પ્રયત્ન કરવા છતાં પણ તે એક ડગલું પણ ચાલ્યો નહિ.

ત્યારે તે હલ્લ વિહલ્લે તે સેચનક હાથીનો તિરસ્કાર કરતાં ઉપાલંભભર્યાં વચનોમાં કહ્યું કે–'અરે સેચનક ! તું અત્યારે ખરેખરો પશુ થયો, તેથી જ આ વખતે રણમાં જવાને કાયર થઇને ઊભો રહ્યો છે. તારે માટે તો અમે વિદેશગમન અને બંધુનો ત્યાગ

કર્યો, તેમ તારે જ માટે અમે આર્ય ચેટકને આવા દુર્વ્યસનમાં નાંખ્યો. જે પોતાના સ્વામી ઉપર સદા ભક્ત રહે તેવા પ્રાણીને પોષવો તે શ્રેષ્ઠ છે, પણ તારા જેવાને પોષવો યોગ્ય નથી, કે જે પોતાના પ્રાણને વહાલા કરીને સ્વામિના કાર્યની ઉપેક્ષા કરે છે.' આવાં તિરસ્કારનાં વચનો સાંભળી પોતાના આત્માને ભ્રષ્ટ માનતા સેચનક હાથીએ બળાત્કારે હલ્લવિહલ્લને પોતાની પીઠ ઉપરથી નીચે ઉતારી નાખ્યા અને પોતે તે અંગારાની ખાઇમાં પડીને ઝંપાપાત કર્યો અને તત્કાળ મૃત્યુ પામી તે ગજેન્દ્ર પહેલી નરકમાં ઉત્પન્ન થયો.

આ પ્રસંગ ઉપરથી એટલો જ બોધ લેવો છે કે, પોતાના સ્વામીના પ્રાણ બચાવવા પોતે પોતાના પ્રાણ આપી દીધા અને સ્વામિ ભક્તિનો આદર્શ રજુ કર્યો. તો શાસનને પામેલા આપણે સૌ જો શાસનના સાચા વફાદાર સેવક બનીએ, નિમક-હલાલ સેવક બનીએ પણ નિમકહરામ તો ન જ બનીએ તો ય આ ભવમાં આપણું કલ્યાણ સુનિશ્ચિત છે. શાસનને બેવફા બનીશું તો આપણું ભાવિ ભયંકર અંધકારમય છે તેમાં દિવાકર પણ કામ નહિ આવે. શાસનની સેવાનો જ વેષ લઇને બેઠેલાઓએ તો આ પ્રસંગને હૈયામાં અંકિત કરી, પોતાની ફરજમાં જરાપણ ઊણાં ન ઉતરાય તેની કાળજી રાખવાની ખૂબ જ જરૂર છે. સૌ પુણ્યાત્માઓ શાસનની સાચી વફાદારી કેળવી, શાસનના સાચા અનુરાગી સેવક બની આત્મોન્નતિના સોપાન પામો તે જ મંગલ કામના...

નિલેશ ગાલા છસરાવાલા

ફોટોગ્રાફીના ક્ષેત્રે હવે એક કદમ આગળ

ચાંદલાવિધિ * લગ્ન પ્રસંગ * જન્મ દિવસ અથવા કોઇપણ પ્રસંગે...
આપ અમને બોલાવો !

વીડીયો શુટીંગ * કલર ફોટોગ્રાફી * ફોટો લેમીનેશન

*** ગાલા વીડિયો કાર્ફટ ***

ઓફીસ : વી. એન. પવાર હાલ, દેવીપાડાની સામે, હાઇ-વે પાસે,
બોરીવલી (ઇસ્ટ), **મુંબઇ-૪૦૦૦૬૬**

રહેઠાણ : ૧૨, લક્ષ્મી નિવાસ, કાર્ટર રોડ નં. ૩, અંબાજી માતાના મંદિર સામે,
બોરીવલી (ઇસ્ટ), **મુંબઇ**-૪૦૦૦૬૬ ફોન-૮૦૬૪૧૧૦, ૮૦૬૦૬૪૪

સંગ તેવો રંગ [બે પોપટ]

—શ્રી રાજુભાઇ પંડિત

એક જંગલ હતું. હરિયાળી લીલી વનસ્પતિ=ઉગ્યા એ જંગલમાં જાણે લીલા રંગની શેતરંજ પાથરેલી હતી. ઘટાદાર વૃક્ષોના ડગલે પગલે થતાં દર્શન મનને આનંદથી ભરી દેતું હતું. નાના-નાના પર્વતોમાંથી વહેતા ઝરણા ખળખળ અવાજ કરીને જંગલની રમણીયતામાં વધારો કરતા હતા. નજીકના નાનકડા સરોવરમાં કમળો ખીલી ખીલીને સૂરણભર્યા વાતાવરણને ઊભુ કરતા હતા.

આવા વન-જંગલના પર્વત ઉપરના એક ઘટાદાર વૃક્ષમાં એક મેના-પોપટનું યુગલ વસતુ હતું. જંગલના વૃક્ષોના ફળોનો આહાર કરીને તે આનંદના દિવસો વિતાવતા હતા.

એક વખત સારિકા=મેના ગર્ભવતી બની. સમય જતાં તેણે બે બચ્ચાને જન્મ આપ્યો. જન્મેલા બચ્ચાઓને મેના રોજે આવાનું શોધી લાવી પોતાની ચાંચથી તે આહાર પોચો બનાવીને બચ્ચાઓને ખવરાવ્યા કરે છે. આમ મેના બંને બચ્ચાઓને આહાર કરાવ્યા-કરાવીને ઉછેરતી હતી.

દિવસો જતાં બચ્ચાઓ મોટા થવા લાગ્યા. થોડીક અમથી પાંખ આવતા ઉડવાના જન્મજાત સંસ્કારથી ઉડવા માંડયા. પણ બહુ ઊંચે ઊડી શકતા ન હતા. આથી ઝાડ ઉપરથી નીચેના ભાગમાં ઊડી ઊડીને પડી જતાં. તેથી પોપટ કે મેના પોતાની ચાંચમાં તે બંનેને ભરાવીને પાછા માળામાં મૂકી દેતા.

એક દિવસની વાત છે. થોડા વધુ મોટા થયેલા બંને બચ્ચાઓ થોડેક દૂર સુધી ઉડી ગયા. પણ આખરે વધુ ઊંચે ન જઈ શકવાથી પોતાના માળાથી દૂર લોકોના જવા આવવાના રસ્તા ઉપર બંને પડી ગયા. ઊંચે ઉડવાની કોશિશો કરી છતાં તે વધુ ઉંચે ઉડી ના શક્યા.

બીજી તરફ મેના-પોપટ પોતાના બચ્ચાને શોધવા આમ તેમ જોવા લાગ્યા. પણ બચ્ચાનો ક્યાંય પત્તો ના મલ્યો. આથી તેમણે અવાજ કરી કરીને આખું જંગલ ગજવી મૂક્યું. પોતાના માતા-પિતા એવા એવા મેના-પોપટનો અવાજ સાંભળીને નાનકડા બચ્ચાં સામો જવાબ આપવા લાગ્યા. પણ તેમનો નાનકડો અવાજ મેના-પોપટ સુધી પહોંચી ના શકયો.

આખાં... તે રસ્તેથી પસાર થતા તાપસોનું એક વૃંદ આ બચ્ચાને જોઇ ગયું.

એક તાપસે નજરે ચડેલા એક બચ્ચાને ઉઠાવી લીધુ.. અને પોતાના તપસ્વાશ્રમમાં લઇ જઇ તેનું પાલન કરવા લાગ્યા.

હવે બીજું બચ્ચું પોતાના ભાંડુ જેવા બચ્ચાને ક્યાંય ન જોતાં ઘણું આકુળ-વ્યાકુળ બન્યું. ગભરામણથી આમતેમ ઉઠયા કરતું હતું. તેવામાં એક ધનુષધારી ભીલ એ તરફ નીકળ્યો. તેણે પોપટના નાનકડા બચ્ચાને પકડી લીધું અને પોતાની પલ્લીમાં તેને લઇ ગયો. જો કે ભીલે બચ્ચાને મારી ના નાંખ્યું. પણ તેણે પણ બચ્ચાને ઉછેરવા માંડયું.

એક વખતની વાત છે. કનકકેતુ નામનો એક રાજા વન-વિહારે નીકળ્યો હતો. ઘોડો અવળી શિક્ષા પામેલો હોવાથી જેમ જેમ ઘોડાને અટકાવવા રાજાએ લગામ ખેંચી તેમ તેમ ઘોડો ઉલ્ટો રહેવાને બદલે ભાગવા માંડયો. આથી તે ઘોડો રાજાને ભીલોની તે પલ્લી તરફ ખેંચી ગયો. અહીં પેલો ઉછરીને મોટો થયેલો પોપટ ઊંચા ઝાડ ઉપર બેસીને આવી રહેલા રાજાને જોઇ ગયો. અને તરત જ તેણે ભીલોને કહ્યું કે-'અરે ! પકડો પકડો આ કોઇ ઘોડેસ્વાર રાજા આવી રહ્યો છે. લુંટી લો એને. એના મુગટ-તલવાર-હાર-કુંડલ-કડા-મોજડીઓ બધું જ લુંટી લો.'

આ રાજા પક્ષી એવા તે પોપટની આવી વાત સાંભળીને ચોંકી ગયો. અને તેણે તરત જ પોતાનો રસ્તો બદલ્યો. અને ભીલોની પલ્લીથી દૂર નીકળી ગયો. અને જતાં જતાં તે પેલા તાપસોના આશ્રમ તરફ આવી ચડયો.

અહીં પણ પેલો તાપસોએ લીધેલો પોપટ બેઠો હતો. તેણે તાપસોએ કહ્યું કે-'અરે ! તાપસ મુનિઓ ! જુઓ જુઓ આ પૃથ્વીનો માલિક રાજા આવી રહ્યો છે. તેને આદર પૂર્વક આવકારો. શીતળ જળ પાવ. ફળાહાર કરાવી તેની ભૂખ દુર કરો. રાજાઓની મહેમાનગતિ કરવાના અવસર ભાગ્યે જ આવે છે.'

તરત રાજાનું તાપસ મુનિઓએ ઉચિત સ્વાગત કરી. ફળાહાર કરાવી. તેનો થાક દુર કર્યો.

રાજા હવે સ્વસ્થ થયો. તેણે પોપટને પૂછ્યું-તમે પોપટો એ જ તિર્યંચની પંખી જાતના છતાં તમારા બેમાં આટલો બધો આકાશ-પાતાળ જેટલો તફાવત કેમ છે ? એક પોપટ મને જોઇને પકડી લેવાની, લુંટી લેવાની વાત કરે છે અને બીજો પોપટ મને જોઇને આદર-સત્કાર કરવાની વાતો કરે છે.

પોપટે કહ્યું-રાજન્ ! અમે માત્ર પક્ષી રૂપે જ એક નથી. પણ મારી અને તે

પોપટની માતા અને પિતા એ પણ એક જ છે. પણ બન્યું એવું કે-એક વખત અમે બંને સાથે ઉડતા ઉડતા માળાથી દુર જઇ ચડયા. રસ્તામાં પડી ગયા. મને આ તાપસ મુનિઓ લઇ આવ્યા. અહીં 'કોઇ જીવને મારશો નહિ, શક્ય હોય તો તેની સાર-સંભાળ લેવી. ઇત્યાદિ રૂપ દયાના પરિણામવાળું વાતાવરણ મલ્યું અને મારા આત્મા ઉપર એવા જ મૈત્રીભાવવાળા સંસ્કારો પડયા છે. જ્યારે પેલો મારો ભાઇ પોપટ હતો તેને ભીલ ઉપાડી ગયો. ભીલની પલ્લીમાં 'આને મારી નાંખો, તેને કાપી નાંખો, એને લુંટી લો, તેને જીવતો છોડશો નહિ' આવા નિર્ઘૃણ-હિંસક વાતાવરણમાં ઉછરતા તેના આત્મા ઉપર તેવા જ હિંસક સંસ્કારો પડયા છે તેથી તમને જોઇને તેણે આ રાજા આવે છે તેને લુટી લો, જીવતો છોડશો નહિ આવા શબ્દો ઉચ્ચાર્યા હતા.

રાજન ! તિર્યંચ ગતિ એક જ, તિર્યંચમાં પણ પંખી રૂપે સરખા, પંખીમાં પણ પોપટરૂપે સરખા, પોપટમાં પણ એક જ મા-બાપના અમે સંતાનો હોવા છતાં અમારા બન્નેમાં જે આકાશ-પાતાળનો ફેરફાર લાગે છે તે અમને મળેલી સારી-નરસી સોબતનું જ પરિણામ છે.

આ સાંભળી સારી સોબત કરવાના મનોરથો સેવતો રાજા તપોવનમાંથી પોતાના રાજ્ય તરફ પાછો ફર્યો.

[સંવેગરંગ શાળાના આધારે]

—: મગરમચ્છની પરાર્થતા :—

ધવલશેઠની બુદ્ધિ ફરી. શ્રીપાલકુમારને વિશ્વાસ પમાડી, છેતરીને દરીયામાં નાંખી દીધા.

પણ શ્રીપાલકુમાર નવપદના પુરા પ્રેમી, હૈયામાં અને મુખમાં સિદ્ધચક્રનું નામ રમી રહ્યું.

તે દરિયામાં પડયા પણ ત્યાં જ કોઇ મગરમચ્છ આવી ચડયું. તેની પીઠ ઉપર પડયા. તે મગરમચ્છ પણ શ્રીપાલકુમારને સીધા કોંઢણને કાંઠે મૂકી આવે છે. અને ભક્તિ કરીને પ્રેમભરી દૃષ્ટિ કરી ચાલ્યો જાય છે.

કુમાર ઝાડ નીચે સૂઇ જાય છે. જ્યાં જાગે છે ત્યાં ઠાણા નગરીના રાજાના પુરૂષો તેમને લેવા આવેલા છે. સન્માનથી લઇ ગયા અને વસુપાલ રાજાએ પોતાની પુત્રી મદનમંજરી શ્રીપાલકુમારને પરણાવી. કુમારના પુન્યથી ખેંચાયને આવેલો મગરમચ્છ પુણ્યસંચય કરી ગયો.

સેચનક હાથી 

ના...ના...હું આગળ નહી ધપું.

વસ્તુસ્થિતિ સમજી જાવ...! ! !

શાની ના પાડે છે ? શા માટે આગળ વધતો નથી !

અમારું માન–સન્માન અને અભિમાન ઘવાય છે.

તું શું સમજાવા માંગે છે ? સમજાતું નથી.

સમજવું છે.

એમ ત્યારે તો હવે આગળ વાંચો.

ભયંકર તોફાન કરતો અને ઝાડ–પાન છોડવાને તોડતો તથા લોકોને રંજાડતો સેચનક હાથી અહિં–તહિં ભાગભાગ કરતો હતો. રાજા શ્રેણિકનો પુત્ર નંદિષેણને જોતાં જ તે ઠંડો પડી ગયો. વશમાં આવી ગયો. રાજા શ્રેણિકે પટ્ટ હસ્તી બનાવી સારી એવી સીમાડાની પૃથ્વી ઉપર વિજય પ્રાપ્ત કર્યો.

વર્ષો વીતવા લાગ્યાં. જેની બુદ્ધિના વખાણ સારીએ પ્રજા કરી રહ્યા છે તેના મુખ્ય અમાત્ય શ્રી અભયકુમાર ના ભાઇઓ અને નંદાના પુત્રો હલ્લ અને વિહલ્લને રાજા શ્રેણિકે સેચનક હાથી, બે દેવી કુંડળો અને વસ્ત્રો અર્પણ કર્યાં. પૂર્વભવના વેરના કારણે કોણિકે રાજા શ્રેણિકનું રાજ્ય પડાવી લીધું. લોખંડની સળીયા પાદળ ધકેલી કીધાં કોણક પ્રસંગ નજરે નિહાળતાં રાજા શ્રેણિક પોતાનું જીવન ટુંકાવી દીધું.

પિતૃશોક દૂર કરવા માટે મંત્રીઓની સલાહથી ચંપા નામની નવી નગરી વસાવી ત્યાં વસવાટ કર્યો. એક વખત હલ્લ અને વિહલ્લે દેવતાઇ વસ્ત્રો અને કુંડળો પરિધાન કર્યા, સેચનક હાથી ઉપર આરૂઢ થઈ નગરમાં ફરવા લાગ્યા. અરૂએ બેઠેલી રાજા કોણિકની રાણી પદ્માવતીએ તેઓને જોયાં અનેક ઉત્તમ ચીજોમાં આવી વસ્તુઓ પોતાની પાસે ના હોવાથી તે મેળવી આપવાની વાત રાજા કોણિકને કરી.

ઘણી ઘણી રીતે સમજાવવા છતાં રાણી પદ્માવતી માનતા નથી વડિલ પિતાશ્રીએ નાના ભાઇઓને વસ્તુઓ આપી છે. આજે પિતાશ્રી નથી. તેઓના સ્થાને હું છું મારે તેઓને આપવું જોઇએ કે તેના બદલે તેઓ પાસેથી લેવું–માંગવુ જોઇએ ?

સમજી ના મ ગવું ઉચીત નથી.

રાજ હઠ, યોગી હઠ, સ્ત્રી હઠ અને બાળ હઠ આ ચાર હઠ ભયંકર છે. એકવાર પક્કડ પકડાઇ ગઈ બસ ? પછી પૂછવું જ શું ? ક્રોધપણ ભોગે પુરી કરવી જ પડે.

રાણી પદ્માવતી હઠ છોડતી નથી, ખાતી નથી, પીતી નથી લાચાર કોણિકે હલ્લ–વિહલ્લ પાસે નફટ થઇને તે વસ્તુઓ માંગી. અવસરે વિચાર કરીશું એમ કહીને બન્ને ભાઇઓ પોતાના મહેલે આવ્યાં.

ગુપ્ત મંત્રણા કરી બન્ને ભાઇઓ રાતોરાત સેચનક હાથી આદિ વસ્તુઓ લઇને પોતાના મામા ચેટક રાજા પાસે પહોંચી ગયા સવારે કોણિકને સમાચાર મળતાં વાચાળ દૂતને વૈશાલી નગરી તરફ રવાના કર્યો.

સભ્ય શબ્દોમાં દૂતે રાજા ચેટક પાસે હલ્લ–વિહલ્લ–સેચનક હાથી આદિની માંગણી કરી.

શરણાગત આવેલા ભાણિયાઓને પાછાં કેમ મોકલાય આમ વિચારી કહ્યું. જાવ કશું જ નહિ મળે પૂ. પિતાશ્રીએ અર્પણ કરેલી વસ્તુઓ માગતાં મોટા ભાઇની જીભ કેમ ઉપડી ?

આ બાંગેની ચર્ચા–વિચારણા મારે નથી કરવી મારા રાજાએ મંગાવેલી વસ્તુઓ મને સોપી દો નહિંતર યુદ્ધ કરવા તૈયાર થઇ જાવ.

દૂતને પાછલા દરવાજેથી તાણી કરીને રવાના કર્યો. દૂતે કાન ભંભેરણી કરી રાજા કોણિક સળગી ઉઠયો. પ્રચંડ સૈન્ય લઇને યુદ્ધ કરવા વૈશાલિ નગરી તરફ આવી પહોંચ્યો.

વૈશાલિ નરેશ કોણિક અને તેના સૈન્ય સામે ટકરાયા ટુંકા દિવસોમાં કોણિકના દશ–દશ ભાઇઓ રાજા ચેટકના એક દિવસના એક જ દેવતાઇ બાણથી રામ શરણ થઇ ગયા. સૈન્ય છિન્ન–ભિન્ન થઇ ગયું. એક દિવસના એક જ બાણના મરણના ભયથી બચવા માટે કોણિકે દેવની સહાય લીધી. દેવના કવચથી કોણિક હણાતો નથી તે જોઇ ચેટક રાજા પાછલા પગે વૈશાલિ નગરીમાં ભરાયો.

હલ્લ અને વિહલ્લ રોજ રાત્રે સેચનક હાથી પર બેસીને કોણિકના સૈન્યનો કચ્ચરઘાણ વાળતાં હતાં. પોતાનું સૈન્ય નામશેષ થતું જોઇને કોણિકે મંત્રીઓની સલાહ લીધી, મંત્રીઓએ કહ્યું હલ્લ-વિહલ્લને મારવા કરતાં હવે તો સેચનક હાથીને જ

પતાવી દેવો સારો છે તે જીવતો હાથમાં આવવાનો નથી, બીજી બાજુ કોઇ રીતે પકડી શકાય તેમ નથી. છલ કરીને પતાવી દેવો તે જ બહુ શ્રેષ્ઠ છે.

હાથી જે રસ્તે આવે છે તે જ માર્ગમાં એક ઊંડી ખાઇ ખોદાવીને તેમાં બેરના અંગારા ભરી દેવામાં આવે તો નહિ જાણતો એવો તે ખાઇમ પડીને મરી જશે. અને શત્રુ પણ.

બીજે જ દિવસે ખાઈ તૈયાર થઇ ગઇ. બેરના સળગતા અંગારા ભરી દેવામાં આવ્યા. ઢાંકીને વ્યવસ્થિત કરવામાં આવ્યું. રાતે સેચનક હાથી પોતાની મસ્તીથી શત્રુના સૈન્ય તરફ જવા લાગ્યો ખાઇની નજીક પહોંચતા જ સેચનક હાથી અટકી ગયો અવધિજ્ઞાનથી ખાઈના અંગારાનું કપટ જણાઇ આવ્યું જીવતો હાથી પાછો ફર્યો તાત પણ...પણ.

પણ શું બન્યું તે જાણો છો ?

માનવીનું માન–અભિમાન–સ્વમાન ઘવાય ત્યારે માનવી કેવો બકવાટ કરે છે ? માનવીને વાણી સ્વાતંત્ર મળ્યું છે એટલે ન બોલવાની વાણી બોલે જવાની, ક્રોધાગ્નિથી સળગતો માનવી અપમાન જનક શબ્દો બોલવામાં પાછીપાની કરતો નથી.

આવી જ પરિસ્થિતિ સેચનક હાથી માટે સર્જાઈ ગઇ. ત્રિશુળના ઘા...ઘા...ઘોંચાતા છતાં સેચનક હાથી પોતાનું માથું ડોલાવી રહ્યો છે. ના...ના...હું આગળ નહીં ધપું. વસ્તુ સ્થિતિ સમજી જાવ તો સારૂં છે.

ભાન વગરનો હાથી અવસર જોતો નથી. આપણું માન–સ્વમાન ઘાયલ થાય તેવું વર્તન કરી રહ્યો છે. ગુસ્સાપૂર્વક અપમાન જનક શબ્દ બોકતાં બન્ને ભાઇઓ બોલ્યા 'તુ તો પશુ છે પશુ આળસુનો પીર છે તારી વફાદારી ક્યાં ગઈ ? અવસરે કામ ન લાગે તો તું ક્યારે કામ લાગીશ. શા માટે બેવફા બન્યો છે ? તારા કરતાં તો કુતરો ય સારો ટુકડો રોટલો બવડાવે તેની વફાદારી છોડતો નથી. તારી ખાતર ભાઇઓ છોડ્યાં, ચંપાનગરી છોડી, વેરઝેર બાંધ્યું, મામાના પ્રાણો સંકટમાં મુકયાં. કેટકેટલાંની કતલ કરી છતાં પણ તું શત્રુ સાથે યુધ્ધ કરવા માટે કેમ તૈયાર થતો નથી ? ઢોર છે ઢોર ડફણાં બાતું ઢોર પણ માલિકનું કામ પૂર્ણ કરે છે ત્યારે તું તો..'

આહ ! ભડકે બળતી જવાળાની જળ સેચનક હાથીને સ્પર્શી ગઇ. અવર્ણવાદના શબ્દો સહી ન શકાયા વસ્તુસ્થિતિ નહિ સમજેલા હલ્લ–વિહલ્લ સાથે હવે કેમ રહેવું ? બન્ને ભાઇઓને પરાણે નીચે ઉતાર્યા. ઢોડતો પોતે બેરના સળગતા અંગારા ભરેલી બાઇમાં કુદી પડયો. દાહથી બળતો સેચનક હાથી ચીસાચીસ કરવા લાગ્યો જીવતો સેચનક હાથી બળવા લાગ્યો–સેકાવા લાગ્યો.

"સ્વમાન ઘાતક શબ્દો સાંભળવા કરતાં મરવું બેહતર છે.
વફાદારીને બાતર કુરબાન થઇ જવું વધારે સારૂં છે"
આવું માનત સેચનક હાથીએ પ્રાણનો ત્યાગ કર્યો.

પશ્ચાતાપના આસુંઓ હલ્લ-વિહલ્લના નયનોમાંથી ટપકવા લાગ્યાં. રાંઢ્યા પછીનું ડાહપણ આવ્યું. વગર વિચારે બોલ્યા તેનું ભાન થયું. વફાદારી બતાવતો સેચનક પોતે જ સળગી ગયો. સેચનક આપણો ના રહ્યો...ના રહ્યો...!!!

કોઇ કોઇનું નથી, એકત્વ ભાવનામાં ચઢતા બન્નેને ભયાનક સંસાર બારો ઝેર જેવો લાગ્યો સંસાર દાવાનળ જેવો લાગ્યો, વૈરાગ્ય પ્રગટ થયો. દેવે પ્રભુ વીરની પાસે મૂકયાં. દીક્ષિત થઇ આત્મ સાધના સાધી લીધી.

— શ્રી વિરાગ

* બગલાને બોધ *

એક જંગલમાં મનોહર સરોવર કાંઠે મત્સ્યભક્ષી બગલો રહેતો. રૌદ્રધ્યાનમાં રહેતા. પાણી પીવા કાગડા ત્યાં આવે તેમને પણ હેરાન કરે અને મારી પણ નાખે. એકવાર કેવલજ્ઞાની મુનિ ત્યાં પધાર્યા અને તેમની પાસે સિંહ ને મૃગ, સર્પ ને મોર વિ. આવ્યા. પેલો બગલો પણ ઘણા બગલા સાથે આવ્યો. બગલાને બોધ કરવા મુનિએ દયામય દેશના આપી.

પાંચ ઇન્દ્રિયોથી પૂર્ણ વિવેક પૂર્વકનો ધર્મ દુર્લભ છે. પૂર્વભવમાં વિરાધના કરીને તિર્યંચો ઉત્પન્ન થાય છે. તેમાં વળી પાપ કરે તો નરકમાં જાય. જ્યાં તપાવેલા લોઢાને ભેટાવે, પીવડાવે, મારે, છેદે, પીલે, દળે. માટે રૌદ્રધ્યાન ન કરવું; પ્રાણીવધ ન કરવો, સર્વના આત્મા સમાન જાણવા.

મુનિના વચનથી સિંહ, વાઘ વિગેરે ઘણાએ પરપ્રાણી પીડા છોડી, બગલો પણ દયાળુ બન્યો. દયાથી દિવસો પસાર કરી ધર્મને યાદ કરતો મરી દેવલોકમાં ગયો. એકાવતારી થયો. જૈન કુલમાં ઉત્પન્ન થઇ ધર્મ પામી મોક્ષે જશે. કર્મ શત્રુનો જય કરશે.

બગલો પણ બોધ પામી તરી ગયો.

નફરતકી દુનિયા કો છોડકે—મતંગજ—સેચનક

—શ્રી રાજુભાઇ પંડિત

'જે આશ્રમના ઘાસચારા અને ફળ-ફુલો ખાઇને તું નાનેથી મોટો થયો તે જ આશ્રમનો વિધ્વંસ કરતા તને શરમ ના આવી? આશ્રયનો નાશ કરનારા સેચનક! તારી આલાનસ્તંભમાં બંધનદશા થઇ છે તે દશા માટે જ તું લાયક હતો.'

એક વિપ્ર રાજગૃહી નગરીમાં યજ્ઞ કર્યા કરતો હતો. તેણે યજ્ઞનું ધ્યાન-રક્ષણ કરવા એક દાસને રાખ્યો. પણ દાસે શરત કરી કે જે કંઇ ભોગ-બલિ આવે તેમાંથી શેષ મને આપવી પડશે. બ્રાહ્મણે તે સ્વીકાર્યું.

દાસને શરત પ્રમાણે યજ્ઞમાં આવેલા બળી તરીકે અન્ન—પકવાન્નમાંથી શેષ મલતી તે શેષ તે દાસ સાધુ ભગવંતોને વહોરાવતો, દાનના પ્રભાવે તે દેવલોકમાં ગયો. અને ત્યાંથી ચ્યવીને શ્રેણિક રાજાનો રાજપુત્ર નંદિષેણ થયો.

પેલો બ્રાહ્મણ અજ્ઞાન—મિથ્યાધર્મ કર્યા કરવાથી મરીને અનેક યોનિઓમાં ભમવા લાગ્યો.

રાજગૃહી નગરના સીમાડે આવેલા જંગલમાં હાથીઓનું એક યૂથ હતું. તેનો યૂથપતિ દિગ્ગજ જેવો મહા બળવાન હતો. હાથણીઓના સ્પર્શસુખમાં આસકત હતો. આથી જ તે યૂથપતિ હાથણીઓને જેટલા બચ્ચા જન્મતા તે દરેકને મારી નાંખતો હતો. એવા વિચારથી કે અન્ય કોઇ હાથી મારી આ હાથણીઓને ભોગવી ન જાય.

એક વખત પેલો બ્રાહ્મણનો જીવ એક હાથણીના ગર્ભમાં આવ્યો. હાથણીએ આ પુત્રને બચાવવા માયા કરી. તેણે કપટથી માંદી હોય તેમ ધીમે ધીમે ચાલ્યા કરવા માંડયું. આથી યૂથપતિ તેને વચ્ચે વચ્ચે આવીને મળી જતો. પછી તો હાથણી અર્ધા દિવસે, બે દિવસે હાથીને મળવા જતી. આથી હાથીએ વિચાર્યું કે—'તે બિચારી સાવ અશકત છે. પણ બે દિવસે પણ મળે તો છે જ. માટે હવે તેની ચિંતા કરવાની જરૂર નથી.'

એકવાર હાથી ઘણે દુર ગયો ત્યારે હાથણીએ મોંમાં તૃણનો પૂળો લઈ તાપસના આશ્રમમાં આવી શરણાગતિ સ્વીકારી. તાપસોએ તેને તાપસકન્યાની જેમ જ આવકારી અને પોષવા માંડી. સગર્ભા તે હાથણીએ એક હાથી—બાળને જન્મ આપ્યો. અને પછી તરત જઇને યૂથપતિને મલી ગઇ. વચ્ચે વચ્ચે તક મેળવીને પાછી આવીને હાથણી પોતાના બચ્ચાને સ્તનપાન કરાવી જતી હતી.

ધીરે ધીરે તાપસકુમારો સાથે ક્રીડા કરતો તે બાળહસ્તિ વધવા લાગ્યો. અને તાપસોની વૃક્ષસિંચન ક્રિયા જોઇને પોતે સૂંઢથી આશ્રમના દરેક વૃક્ષોને સીંચવા લાગ્યો. તેથી તેનું નામ 'સેચનક' (સિંચન કરનાર) પાડયું.

યુવાવસ્થા પામતા આ સેચનક શરીરના દરેક લક્ષણોથી યુકત મદ ઝરાવતો થયો.

એકવાર નદી કિનારે તે પાણી પીવા ગયો. અને ત્યાં આવેલા પોતે નહિ ઓળખેલા પિતા હસ્તી સાથે યુદ્ધ કરીને તેને હણી નાંખ્યા.

સેચનકે પોતાના જન્મ ઉછેરની માયાવી પદ્ધતિ જાણી લઇને વિચાર્યું કે–જે રીતે મારી માતાએ મારા રક્ષણ માટે મને અહીં ઉછેર્યો પણ યુવાન થયેલા મેં મારા પિતાની જેમ હત્યા કરી નાંખી તેમ આ આશ્રમમાં મારો જ પુત્ર મારી હત્યા કરી નાંખે તે શકય છે. માટે આ આશ્રમને હવે ભાંગી નાંખવો જોઇએ.' આમ વિચારીને રોષથી આવીને સેચનકે આશ્રમના ઝાડ-છોડવાઓ, આશ્રયસ્થળો ભાંગવા માંડયા. તાપસોએ તેને તેમ કરતા અટકાવવા પ્રયત્નો કર્યા પણ બધાં પ્રયત્નો નિષ્ફળ ગયા. આખરે તાપસોએ જઇને શ્રેણિક રાજાને કહ્યું કે–'સેચનક' હાથી તમારા રાજપટ્ટહસ્તી તરીકે દરેક લક્ષણોથી યુકત છે.'

આથી રાજાએ 'સેચનક'ને સૈનિકો અને મહાવત દ્વારા વશ કરીને આલાનસ્તંભમાં લોખંડી બેડીથી બાંધી દીધો.

આશ્રમમાં થતી હેરાનગતિ શાંત થતા અને સેચનક બંધાઇ જતા તાપસોએ આવીને સેચનકને તર્જનાપૂર્વક કહ્યું કે–અગ્નિની જેમ આશરો દેનારનો નાશ કરનારા! અમે જ ખવડાવેલા કોળિયાથી દુર્મત બનેલા! તને આશરો દેનારા આશ્રમનો નાશ કરતા શરમ ના આવી? સારૂ થયું કે–'તું અત્યારે લોઢાની બેડીઓમાં બંધાઇ ચૂકયા છે. 'તું' આ આશ્રમને નહિ પણ આવી લોખંડની બેડીઓને જ લાયક હતો.

આ રીતે પોતાની તર્જના–અપમાન થતું જાણીને દુભાયેલા સ્વમાનવાળો હાથી અત્યંત રોષારૂણ બનીને લોઢાની બેડીઓ તોડીને તાપસો તરફ દોડયો. તાપસો જીવ લઇને નાઠા. નગર આખામાં હાહાકાર મચી ગયો. શ્રેણિક મહારાજા તરત જ પોતાના રાજપુત્રો સાથે અશ્વ દોડાવતા હાથી પાછળ દોડયા. હાથી કોઇ રીતે વશ થતો ન હતો ત્યાં રાજકુમાર નંદિષેણે હાથીને બોલાવ્યો. રાજકુમાર તરફ જોતા અવધિજ્ઞાનથી પોતાના પૂર્વભવના સંબંધને યાદ કરતા સેચનક શાંત થયો. અને તરત જ કુમાર નંદિષેણ હાથી ઉપર આરૂઢ થઇ તેને નગરના આલાનસ્તંભે લઇ આવ્યા. અને તે હાથીને પટ્ટહસ્તી તરીકે સ્થાપ્યો.

અનેક યુદ્ધોમાં સેચનક હાથીએ શ્રેણિક મહારાજાને વિજય અપાવ્યા.

વર્ષોના વહાણાં વાઈ ગયા.

મહારાજા શ્રેણિકે સેચનક હાથી તથા બે દેવી કુંડલવાળા દેવીગોળા નંદાના પુત્ર અને અભયકુમારના ભાઇ હલ્લ વિહલ્લને અર્પણ કર્યા.

સમય વીતી ગયો. નંદિષેણ, મેઘકુમાર, અભયકુમાર આદિએ દીક્ષા સ્વીકારી લીધી હતી. હવે મોટા ભાઇ તરીકે કુણિક હતો. તેણે પિતા શ્રેણિક રાજાને પૂર્વભવના વેરના કારણે જેલમાં પૂર્યા. રોજે સવારે ને સાંજે મીઠામાં ઝબોળેલા ૧૦૦–૧૦૦ ચંટરોના ફટકા શ્રેણિક રાજાની પીઠ ઉપર મારવા માંડ્યા હતા. એક દિવસ પોતાના પિતાને છોડાવવા માટે લોઢાના સળીયા સાથે દોડતા આવેલા કુણિકને જોઇને રાજા શ્રેણિક પોતાને મારવા આવેલ સમજીને વિષ પાયેલી તાળકૂટ ઝેરની ગુટિકા ખાઇને જેલમાં જ મરણ પામ્યા. તુ પિતાના મૃત્યુથી કુણિકને પસ્તાવાનો કોઇ પાર ન રહ્યો. દિવસો સુધી જ્યારે પિતૃમરણના શોકને તે ભૂલી ના શક્યો ત્યારે મંત્રીઓએ ભેગા થઇ તેને રાજગૃહી છોડાવી ચંપા નામની નવી નગરી વસાવી ત્યાં રહેવા જણાવ્યું. અને ત્યાં આવતાં પિતૃશોક ધીરે ધીરે દુર થવા લાગ્યો.

એક દિવસની વાત છે. હલ્લ અને વિહલ્લ બંને ભાઇઓ સેચનક હાથી ઉપર બેસીને દેવી કુંડલ તથા વસ્ત્રો પહેરીને ચંપાનગરીમાં ફરી રહ્યા હતા. આથી ઇર્ષ્યાથી સળગી ઉઠેલી કુણિકની પત્ની પદ્માવતીએ કુણિક પાસે સેચનક હાથી અને કુંડલાદિ હલ્લ-વિહલ્લ પાસેથી લઇને પોતાને અપાવવા હઠ કરી.

કુણિકે કહ્યું–'પિતાએ તે મારા બંને નાના ભાઇને આપ્યું છે. તે મારાથી કેમ લેવાય ? ઉપરથી હવે તો પિતા નથી ત્યારે તો વડિલ ભાઇ તરીકે મારે તેને આપવાનું હોય તેમની પાસેથી લેવાનું ન હોય.'

પણ પદ્માવતીની હઠ છૂટી નહિ, તેથી કુણિકે હલ્લ–વિહલ્લ પાસે સેચનક હાથી આદિ ચીજો માંગી. હલ્લ–વિહલ્લે કહ્યું–સારૂ વિચારીશું.

પછી બંને ભાઇઓએ વિચાર્યું કે-કુણિક આમ માગે છે તેથી તેનો આશય સારો નથી માટે આપણે અહીંથી નાસી જવું જોઇએ. આમ વિચારી તે જ રાતે સેચનક હાથી ઉપર બેસીને પોતાના મામા વૈશાલીના રાજા ચેટક રાજાને ત્યાં આવી પહોંચ્યા.

સવારે ચંપાનરેશ કુણિકને આ સમાચાર મળતાં જ તે હવે ક્રોધાયમાન થઈ ઉઠ્યો. તેણે વૈશાલિ તરફ દૂતને મોકલ્યો.

દૂતે આવીને ચેટક રાજાને કહ્યું–'તમારે ત્યાં સેચનક હાથી તથા રત્નો સાથે ચંપા-નગરીથી નાસીને આવેલા હલ્લ–વિહલ્લ છૂપાયા છે તેને સત્વરે કુણિકરાજાને સોંપી દો.'

ચેટકરાજે કહ્યું–અન્ય પણ ગમે તેવા શરણાગતને કોઇ પણ ક્ષત્રિય પ્રાણના ભોગે સોંપે નહિ, તો આ તો મારા ભાણેજો છે. તેને હું કેમ સોંપું ?

દુતે કહ્યું–તો તેમની પાસેથી સેચનક હાથી અને રત્નો કુણિકને સોંપો.

ચેટકરાજે કહ્યું–અન્ય પાસેથી તેની માલિકીની ચીજો ઝુંટવી લઇને મારાથી તેનું દાન શી રીતે કરાય ? જા, તારા સ્વામીને કહેજે તેં માંગ્યું છે તેમાંનું તને કશું મલશે નહિ.

દુત પાછો ફર્યો. ચેટક રાજાનો સંદેશો સાંભળીને રોષાયમાન થઈ ઉઠેલો કુણિક પ્રચંડ સૈન્ય સાથે યુદ્ધ કરવા વૈશાલિ તરફ આવી ચડયો.

આ બાજુથી વૈશાલિનરેશ પણ પોતાના શસ્ત્ર સરંજામ સાથે કુણિકના સૈન્યની સામે ટકરાયા.

રાજા ચેટકને આખા દિવસના યુધ્ધ દરમ્યાન માત્ર એક જ બાણ ચલાવવાનો નિયમ હતો કુણિકના કાલ, મહાકાલ આદિ દશ–દશ ભાઇઓને દશ દિવસ સુધી માત્ર એક જ દેવતાઇ બાણ છોડીને રાજા ચેટકે હણી નાંખ્યા હતા.

આથી કુણિકે વિચાર્યું કે–'મારો પણ એ ચેટકરાજા આ જ હાલ કરશે. પણ મારી નજર સામે જ મારા દશ–દશ ભાઇના મોત મારાથી સહ્યા જતા નથી. તેથી રણ–સંગ્રામ છોડીને પણ જઇ શકું તેમ નથી કે સંગ્રામમાં વૈશાલિનરેશને પરાજય પમાડી શકું તેમ નથી. હું શું કરું ? હા. દેવની આરાધના વગર વૈશાલિનરેશને જીતવા અશકય છે. માટે દેવી આરાધના જ કરું.' આમ વિચારી કુણિકે અઠ્ઠમ કર્યો આથી સૌધર્મેન્દ્ર ખુદ હાજર થયા. અને ચમરેન્દ્ર પણ હાજર થયા.

કુણિકે કહ્યું–ચેટકને હણી નાંખો.

સૌધર્મેન્દ્રે કહ્યું–ચેટક તો મારો સાધર્મિક છે, તેને હણી ના શકાય. પણ યુદ્ધમાં તારી શરીર રક્ષા જરૂર કરીશ. આમ કહી સૌધર્મેન્દ્રે આગળથી અને ચમરેન્દ્રે પાછળથી કુણિકની શરીર–રક્ષાનું કવચ ગોઠવી દીધું.

હવે યુદ્ધ શરૂ થયું. યુદ્ધ ભયંકર–રૌદ્ર સ્વરૂપ ધારણ કરવા લાગ્યું. આ યુદ્ધમાં ઉભયપક્ષના કુલ એક કરોડ ને ૮૦ લાખ માણસોના મૃત્યુ થયા. એક દિવસમાં એક જ તીર ચલાવવાની પ્રતિજ્ઞાધર વૈશાલિનરેશ ચેટકે દેવતાઇ બાણ ધારણ કર્યું. તીવ્ર

વેગથી કુણિક ઉપર છોડયું. કુણિક હમણાં હતો ન હતો થઇ જાય તેમ હતું. પણ તે બાણ સૌધર્મેન્દ્રએ રચેલા કવચ રક્ષા આગળ સ્ખલના પામ્યું. આ રીતે બે-ત્રણ દિવસ સુધી થતાં ચાલાકી વાપરીને વૈશાલિનરેશ પીછેહઠ કરીને વૈશાલીમાં કિલ્લા બંધ કરીને ભરાઇ ગયા.

કુણિકે વૈશાલિને ફરતો ઘેરો ઘાલી દીધો.

હલ્લ-વિહલ્લે હવે રોજ રાત્રે સેચનક હાથી સાથે આવીને કુણિકના સૈન્યનો ખતરનાક ખાતમો બોલાવવા માંડયો.

આથી સૈન્યને નામશેષ થયેલું જોઇને કુણિકે મંત્રીઓને પૂછયું કે-હલ્લ-વિહલ્લના જે સેચનક હાથી માટે આ સંગ્રામ ખેડાયો છે તેમાં મારા પક્ષે તો ધુરંધર યોદ્ધાઓની સૈન્યની ભારે ખુવારી થઇ છે અને છતાં હજી 'સેચનક' હાથી તો હાથમાં પણ આવ્યો નથી હવે કરવું શું ?

મંત્રીઓએ કહ્યું-કોઇપણ શત્રુને મારવા કરતા હવે તો સેચનકને જ મારી નાંખવો જરૂરી છે. જો કે તેને જીવતો તો યુદ્ધમાં કે બીજી રીતે પકડવો અશકય છે. પણ કપટ કરીને જ તેને મારી નાંખવો પડશે. હાથીના આવવાના માર્ગમાં એક ઊંડી ખાઇ ખોદાવીને તેમાં ખેરના સળગતા અંગારા ભરીને ઉપરથી ઢાંકી દેવામાં આવે તો તે નહિ જાણી શકવાથી સેચનક હાથી ખાઇમાં પડીને મરી જશે.

મંત્રીઓની સૂચના મુજબ સળગતા ખેરના અંગારાની ખાઇ ખોદાઇ ગઇ.

રાતનો સમય થતાં હલ્લ-વિહલ્લ સેચનક ઉપર આરૂઢ થઇને શત્રુ સૈન્ય તરફ જવા લાગ્યા. ત્યાં એકાએક હાથી આગળ વધતો જ અટકી ગયો. અવધિજ્ઞાનથી તેને ખાઇના ખેરના અંગારાનું કપટ જણાઇ ગયું. આમ તો ત્યાંથી જ જીવતો તે હાથી પાછો ફરી શકત. પણ... પણ...

હાથી જ્યારે આગળ નથી વધતો ત્યારે હલ્લ-વિહલ્લે હાથીના વફાદારી ભર્યા સ્વમાનને ઘાયલ કરી નાંખતા અપમાન ભર્યા શબ્દો સંભળાવ્યા કે-'સેચનક તું તો પશુ જ છે પશુ. માલિકના કામમાં આળસુ છે. શત્રુ સૈન્ય તરફ શા માટે દોડતો નથી તું ખરેખર માલિકને બેવફા છે. તારી કરતા તો કુતરા સારા માલિકની વફાને તે કયારે ય છોડતા નથી. તારી ખાતર તો અમે ચંપાનગરી છોડી, કુણિક જેવા ભાઇઓ છોડયા, તેમની સાથે વૈર બાંધ્યું. આર્યપાદ મહારાજા ચેટકને પ્રાણના સંકટમાં નાંખ્યા એ બધુ તારી ખાતર કર્યું અને તું નિમકહરામ શત્રુ સામે યુદ્ધ માટે ચાલવા તૈયાર નથી થતો. તું જનાવર છે જનાવર.'

પોતાના વફાદારી ભર્યા સ્વમાનની ક્રારમી હત્યા કરી નાંખનારા આ બેવફા જેવા શબ્દો ચેચનક્થી સહ્યા ન ગયા. ધારત તો તે ત્યાંથી જ પાછો ફરી ગયો હોત પણ હવે વસ્તુસ્થિતિને નહિ સમજેવા હલ્લ-વિહલ્લની સાથે જિંદગી ગુજારવી તેને અસહ્ય બની હતી. એટલે જ તો સેચનકે હલ્લ-વિહલ્લને બળાત્કારે પોતાની પીઠ ઉપરથી નીચે ઉતારી દીધા. અને પોતે દોડતો દોડતો ખેરના ધગધગતા અંગારા ભરી ખાઇમાં કુદી પડયો. પ્રત્યેક પળે જીવતો સળગી રહ્યો હતો. 'બેવફા'ના સ્વમાનઘાતક શબ્દો સાંભળવા કરતા ખેરના અંગારામાં સળગી મરવું તેને મન વધુ બહેતર હતું. વફાને વહેતા વહેતા માલિકની જિંદગી બચાવવા ખાતર વફાદારીની વેદિકા ઉપર સેચનક પોતાના પ્રાણોને ખેરની ખાઇમાં સળગીને કુરબાન કરી દીધા હતા.

ખેરનં. ખાઇમાં જતે જ સ્વમાનથી સળગી રહેલા સેચનક હાથીને જોઇને પશ્ચાત્તાપથી પીડાઇ ઉઠેલા હલ્લ-વિહલ્લના પસ્તાવાનો કોઇ પાર ન રહ્યો. તેમણે વિચાર્યું-અરે ! આપણે આવું કેમ બોલ્યા ? આપણા હિત માટે સેચનક આગળ જતો ન હતો. અરે ! જેની ખાતર આપણે કુણિક સામે સંગ્રામ ખેડયો, ચેટક રાજાને મરણ સંકટમાં નાંખ્યા તે આપણો હોવા છતાં સેચનક આપણો ન રહ્યો. આપણી જ નજર સામે આપણી વફાદારી ખાતર સળગી ગયો. હવે આપણને પણ જીવવાનો શો અધિકાર છે ? સેચનકને આપણે આપણા જ હાથે ગુમાવ્યો છે. હવે આપણે જીવીને પણ શું કરીએ ? 'અમ યાદ મેં તેરી બિત જાયેંગે રો-રો કે જીવન કે દિન ચાર.' અગર જીવવું હોય તો આપણે શ્રી વીર પ્રભુના શિષ્ય બનીને જ જીવી શકીશું. અન્યથા નહિ.' આમ વિચારતા તે બંનેને શાસનદેવીએ શ્રી વીર પ્રભુ પાસે મૂકયા. તેઓ દીક્ષિત થયા.

(ત્રિષષ્ઠી શલાકા પુરૂષ ચરિત્ર)



જૈન શાસન તમે વસાવો અને વધુ
નહિ તો એક બે નવા ગ્રાહકો કે
આજીવન સભ્યો બનાવો.

— અશ્વાવબોધ તીર્થની ઉત્પત્તિ —

— પૂ સા. શ્રી અક્ષયગુણાશ્રીજી મ.

પરમતારક શ્રી તીર્થંકર પરમાત્માઓનું જીવન જ્ઞાનપ્રધાન હોય છે. તે તારકના આત્માઓ પોતાના જ્ઞાનમાં જેમ લાભ જુએ તેમ પ્રવૃત્તિ કરતા હોય છે. **પણ આપણે તો શ્રી તીર્થંકર પરમાત્માઓએ કર્યું તે નહિ જોતાં, તેમની પરમતારક આજ્ઞા પ્રમાણે તેમના કહ્યા પ્રમાણે કરવાનું છે** તો આપણું આત્મકલ્યાણ નિશ્ચિત છે.

વીસમા શ્રી મુનિસુવ્રતસ્વામિ ભગવાન પૃથ્વીતલને પાવન કરતાં વિચરી રહ્યા છે. એવા પ્રભુ વિહાર કરતાં કરતાં એકવાર ભરૂચ નગરે સમવસર્યા છે, તે નગરનો શ્રી જિતશત્રુ રાજા પણ એક જાતિવંત અશ્વ ઉપર ચઢીને પ્રભુને વંદન કરવા આવ્યો અને દેશના સાંભળવા બેઠો. તે વખતે જિતશત્રુ રાજાનો જે આ અશ્વ હતો તે પણ ભવ્યાત્મા હતો અને ભવ્યાત્માઓને શ્રી જિનમુખેથી શ્રી જિનવાણી સાંભળવા મળે તો 'મેઘ ગાજે અને મયુર નાચે' તેમ અતિ હર્ષિત ઉલ્લસિત થઇ મુક્તિમાં આવવાનું આમંત્રણ આપનારી ધર્મ દેશના સાંભળ્યા વિના રહે જ નહિ. મુક્તિગમન યોગ્યતા સ્વરૂપ જે પરિણામ તેનું નામ જ ભવ્યત્વ કહેલું છે. આ અશ્વ પણ અતિ ઉલ્લસિત અને રોમાંચિત થઇ ઊંચા કર્ણ કરી એકધ્યાનથી પ્રભુની દેશના સાંભળવા લાગ્યો. દેશનાને અંતે શ્રી ગણધરદેવે પ્રભુને સ્વાભાવિક પૂછ્યું કે–'સ્વામી ! આ સમવસરણમાં અત્યારે ધર્મને કોણ પામ્યું ?" પ્રભુએ પણ મનોહર મેઘ ગંભીર સ્વરે કહ્યું કે–"આ સમવસરણમાં આ જિતશત્રુ રાજાના આ જાતિવંત અશ્વ વગર બીજું કોઇ જ ધર્મને પામ્યું નથી.' આ સાંભળી વિસ્મયથી ઉલ્લસિત થયેલા રાજાએ પ્રભુને કહ્યું કે–'હે વિશ્વનાથ ! આ અશ્વ કોણ છે કે જે ધર્મને પામ્યો ?"

ત્યારે ભગવાને તેના પૂર્વભવ સંબંધી વાત કરતાં કહ્યું કે–

"પદ્મિની ખંડ નામના નગરમાં પૂર્વે જિનધર્મ નામે એક શ્રેષ્ઠી શ્રાવક હતો. તે નગરમાં અગ્રેસર એવા સાગરદત્ત નામનો શ્રેષ્ઠી તેનો મિત્ર હતો. તે પણ ભદ્રિકપણાથી પ્રતિદિન તેની સાથે જિનચૈત્યમાં આવતો. એકવાર સાધુઓ પાસેથી તેણે સાંભળ્યું કે 'જે શ્રી અરિહંત પરમાત્માના બિંબને કરાવે તે જન્માંતરમાં સંસારને મથન કરે તેવા ધર્મને પામે.' તે સાંભળી સાગરદત્તે સુવર્ણનું એક શ્રી જિનબિંબ કરાવી મોટી ઋદ્ધિથી સુસાધુઓ પાસે તેની પ્રતિષ્ઠા કરાવી.

આ સાગરદત્ત પહેલા મિથ્યાત્વી હતો, તેથી તેણે તે નગરની બહાર પૂર્વે એક શિવાલય કરાવ્યું હતું. ઉત્તરાયણનું પર્વ આવતાં સાગરદત્ત ત્યાં ગયો. તે વખતે શિવપૂજકો ઘૃતપૂજાને માટે પહેલાં ભેગા કરી રાખેલા કરેલ ઘીના ઘડાઓ જલકીથી ખેંચતા હતા. ઘણા દિવસ થયાં પડી રહેલા તે ઘડાની નીચે પિંડાકાર થઇને ઘણી ઉધઇઓ ચોંટેલી હતી. તે ઘડા લેવાથી માર્ગમાં પડી હતી. આમ તેમ ચાલતાં પૂજકોથી તે ઉધઇઓને ચગદાતી જોઇ, સાગરદત્ત દયાથી તેને વસ્ત્રથી દૂર કરવા લાગ્યો. તે વખતે "અરે ! "અરે ! શું તને ધોળીયા યતિઓએ આ નવી શિક્ષા આપી છે ? " એમ બોલતા એક પૂજારીએ પગના બળથી ઘા કરીને તે સર્વ ઉધઇને વિશેષે ચગદી નાંખી. સાગરદત્ત શેઠે વિલખા થઇ તેને શિક્ષા થાય તેમ માની પૂજારીઓના મુખ્ય આચાર્યના મોં સામે જોયું. તેમણે પણ તે પાપની ઉપેક્ષા કરી.

ત્યારે સાગરદત્તે વિચાર્યું કે–"આ નિર્દય પાપીઓને ધિક્કાર છે. જે આ દારૂણ હૃદયવાળા પુરૂષો પોતાના આત્માને અને યજમાનને પણ દુર્ગતિમાં પાડે છે. માટે તેમને ગુરૂબુદ્ધિએ શા માટે પૂજવા ? " આવો વિચાર કર્યા પછી પણ તેમના આગ્રહથી તે સાગરદત્તે શિવપૂજા કરી. પરિણામે સાગરદત્ત શેઠને સમકિત પ્રાપ્ત ન થવાથી, દાનરૂચિ સ્વભાવ ન હોવાથી અને મોટા આરંભાદિથી ઉત્પન્ન કરેલાં ધનનાં રક્ષણમાં જ રચ્યા પચ્યા રહેવાથી મૃત્યુ પામીને તે સાગરદત્તનો જીવ આ જાત્યવંત અશ્વ તરીકે ઉત્પન્ન થયો. તેને બોધ કરવાને માટે જ હું અહીં આવ્યો છું. પૂર્વ જન્મમાં તેણે શ્રી જિનબિંબ કરાવેલ હોવાથી અમારો ધર્મોપદેશ સાંભળીને તે ક્ષણવારમાં પ્રતિબોધ ધર્મને પામ્યો છે."

ભગવાનનાં આવા વચનથી લોકોથી વારંવાર સીંચના કરાયેલો તે અશ્વ પણ રાજાએ ખમાવીને છોડી મૂક્યો. ત્યારથી ભરૂચ શહેર અશ્વાવબોધ નામે પવિત્ર તીર્થ તરીકે લોકમાં વિખ્યાત થયું.

આપણે પણ મળેલી સઘળી ય સુંદર સામગ્રીનો ધર્મને પામવામાં સ્થિર કરવામાં– આરાધવામાં સદુપયોગ કરી, આત્માની અનંત– અક્ષયગુણ સ્થિતિને પામનારા બનીએ તે જ મંગલ કામના.

રૂપીયા ૫૦૧ ભરી જૈન શાસનના
આજીવન સભ્ય બનો

卐 વાનરમાંથી દેવ 卐

—પૂ. સા. શ્રી અનંતદર્શિતાશ્રીજી મ.

શક્તિમતિ નામની નગરીમાં સિદ્ધ નામનો એક ઉત્તમ વૈદ્ય રહેતો હતો. લોભી એવો હતો કે મુનિજનો સિવાયના બધા જ માણસોને છેતરતો હતો. 'લોભે લક્ષણ જાય' તે આનું નામ! કાંઈક પુણ્યોદય સહાયમાં માટે સાધુજનોની સદ્ભાવથી સેવા-ભક્તિ ચિકિત્સા કરતો. પણ પાપ કોઈને છોડતું નથી. લોભી જીવો માટે સદ્ગતિ સુદુર્લભ કહી છે. આ વૈદ્ય પણ અંતે આર્ત્તધ્યાનથી મૃત્યુ પામી એક અટવીમાં વાનર તરીકે ઉત્પન્ન થયો. ભાગ્યશાલીઓ! વિચારો પુણ્યોદયે આવી સુંદર ધર્મસામગ્રીવાળો મનુષ્યભવ મળ્યો, ધર્મ કરવાની સઘળી ય અનુકુળતા મલી છતાં પણ દુન્યવી સુખ લાલસા, કામભોગોમાં ધર્મમાં જ આળસુ, પ્રમાદી, બેદરકાર બને તો આવી સુંદર સદ્ગતિ સુલભ થાય કે દુર્લભ તે કરેકે સ્વયં વિચારવાની જરૂર છે.

તે વાનર તો તે વનમાં વાનરોનો મોટો યૂથપતિ થયો. સારા ભાવે કરેલાં સત્કાર્યો કયારે પણ નિષ્ફળ જતા નથી. કયારેક તો તે આત્માને સાવધ-સાવચેત કરી જાગૃત કરે જ છે.

તે જંગલમાં સાર્થથી ભ્રષ્ટ થયેલા અને માર્ગથી ભૂલા પડેલા કેટલાક મુનિવરો આવી ચઢયા. તેમાં એક મુનિના પગને દુઃસહ એવો જંગલી કાંટો વાગ્યો અને પાછો ભાંગ્યો. અશુભ કર્મ કયારે કેવી રીતે ઉદયમાં આવે તે ખબર નથી તેવે અવસરે સમાધિ ટકાવવી-રાખવી દુર્લભ ન બને માટે હંમેશા અનુકુળતામાં ઉદાસીનતા અને પ્રતિકૂળતામાં પ્રસન્નતા કેળવવી ખૂબ જ જરૂરી છે. આ તો મહામુનિ હતા. સમતા-સમાધિના સાગર હતા. આવી અસહ્ય પીડામાં પણ મજામાં હતા, નમતાથી સહન કરતા હતા. નિર્જન અટવી અને આવી પીડા-તેમાં સમાધિ રાખવી કેટલી કઠીન છે! છતાં પણ ભગવાનનું શાસન જેના હૈયામાં પરિણામ પામ્યું હોય તેના માટે તો આ બધું સહજ છે. તેથી તેમણે સહવર્ત્તી મુનિઓને કહ્યું કે, 'નિર્જન અટવી છે, હું એક ડગલું પણ ચાલી શકું તેમ નથી માટે મને મૂકીને તમે બધા જાઓ. હું પણ સાગારિક અનશન સ્વીકારી આત્મકલ્યાણ સાધીશ.' બીજા મુનિઓ તેમને ખમાવીને આગળ ચાલ્યા ગયા અને આ એક મુનિ કાંટાની અસહ્ય પીડા-વેદના છતાં સ્વાધ્યાયામૃતના પાનમાં મગ્ન બની સમાધિના પારણે ઝુલવા લાગ્યા.

તે જ વખતે પેલા વાનરોનું યૂથ ત્યાં આવ્યું અને આ સમાધિનિષ્ઠ સાધુને

જોતાં જ તે બધા વાનરો ક્રોધિષ્ઠ થઇ તે મુનિને મારવાને જેટલામાં દોડ્યા તેટલામાં જ પેલો યૂથપતિ વાનર પણ આવી પહોંચ્યો. બંનેની ભવિતવ્યતા સુંદર માટે સાધુને જોતાં જ તે યૂથપતિ વાનરને જાતિસ્મરણ જ્ઞાન થયું. ભગવાનની આજ્ઞા પ્રમાણે જીવતા મહામુનિઓ મૂર્તિમંત ધર્મ છે તેનો સાક્ષાત્કાર અનુભવતો ન હોય તેમ તે વાનરે, મુનિને મારવાને ઉદ્યત થયેલા પોતાના આશ્રિત સર્વ વાનરોને નિવાર્યા.

પૂર્વભવમાં જે સદ્ભાવથી સાધુઓની ચિકિત્સા કરેલી તે બધું યાદ આવી ગયું પછી તેણે ભાવથી મુનિને નમસ્કાર કર્યા અને 'વિશલ્યા' નામની ઔષધી વડે તે કાંટાનું શલ્ય કાઢી પગના ઉપર વ્રણસંરોહિણી ઔષધી લગાડી મુનિને વ્રણ રહિત કરી દીધા. ત્યારે તે વાનરના નેત્રોમાં આંસુ જોઇ મુનિએ પૂછ્યું કે—'તેં મારા ઉપર ઉપકાર કર્યો, છતાં દુઃખી કેમ થાય છે ?'

ત્યારે વાનરે પૃથ્વી ઉપર અક્ષરો લખી પોતાનો પૂર્વનો વૈદ્યનો મનુષ્યભવ મુનિને જણાવ્યો અને ભાવિ સુધરવાનો ઉપાય પૂછ્યો. **આત્મા સમજુ બને અને સાચું જ્ઞાન પેદા થાય એટલે ભાવિ સુધારવાનો પ્રયત્ન કર્યા વિના રહે જ નહિ સાચો બુદ્ધિશાલી-પ્રજ્ઞાશીલ જ તેનું નામ જે આત્માનું ભાવિ ભદ્રંકર બને તેવી જ પ્રવૃત્તિ આચરે.**

મુનિએ પણ સ્વસ્થ થઇ તેને પ્રતિબોધ આપ્યો કે-'ભદ્ર ! ઉત્તમજનોએ વર્જેલા આર્ત્ત અને રૌદ્ર ધ્યાન કરવા નહિ. આર્ત્તધ્યાનને લઇને તું પૂર્વે મનુષ્યભવને હારી તિર્યંચપણાને પ્રાપ્ત થયો છે. રૌદ્રધ્યાન કરવાથી તો નરકની જ પ્રાપ્તિ થાય છે. તેથી એ દુર્ધ્યાનને છોડી દઇ તું સામાયિક વ્રત અંગીકાર કર. જે વ્રતથી તને બીજા જન્મને વિષે સ્વર્ગ અને મોક્ષ સુલભ થશે.'

મુનિનું આ વચન સાંભળી તે સદ્બુદ્ધિ વાનરે તે મુનિની પાસે ભાવ સામાયિકનો અભિગ્રહ ધારણ કર્યો. પછી તે સાધુ પણ પોતાના ગુરૂદેવાદિને ભેગા થઇ ગયા તે વાનરે એકવાર પર્વત ઉપર સામાયિક આદર્યું. ભાવિભાવના યોગે ત્યાં કોઇ એક સિંહ આવ્યો. ત્યાં તે વાનરને આર્ત્ત અને રૌદ્રધ્યાનનો પરિહાર કરીને સ્થિર રહેલા તેને તે સિંહે ભક્ષણ કરી લીધો, તે મૃત્યુ પામી શ્રી જિનશાસનનું સાન્નિધ્ય કરનાર મહર્દ્ધિક અને ધાર્મિક દેવ થયો. માટે હે પ્રિય વાચકો ! ભાવથી ધર્મની આરાધના કરશો તો આ સંસાર સાગર તરી જશો. વાનર જેવો વાનર ભાવથી સામાયિકની આરાધના કરી દેવ થયો તો આપણા માટે તો દેવગતિ અને પરંપરાએ મુક્તિ સુલભ છે. તો પુણ્યાત્માઓ શીઘ્ર મુક્તિપદના ભાગી બનો તે જ કામના...

❋ પોપટની ધર્મબુદ્ધિ ❋

—પૂ. સાધ્વીજી સુવર્ણપ્રભાશ્રીજી મ.

શંખ રાજાની રાણી કલાવતીને તેના પિયરથી તેના ભાઇ જયસેનકુમારે મોકલેલ કડાં આપ્યા. તે રાજી થઇને કડાંને પ્રસન્નતાથી જુએ છે. અને બોલે છે કે—આ કડાં જોઉં છું. અને તને જોઉં છું. કડાં યાદ કરું છું અને તું યાદ આવે છે. આમ કહી તે છાતી સરસાં કરી વહાલ કરે છે.

શંખરાજા તે જોઇ જાય છે. તેને થયું નક્કી આ કોઇના પ્રેમમાં પડેલી છે. આ દુષ્ટાને મારી નંખાવું.

રાજાએ રાજપુરૂષોને કહ્યું: કલાવતી રાણીને જંગલમાં મૂકી આવો અને તેના બંને હાથ કાપી કડાં સહિત મારી પાસે હાજર કરો.

રાજપુરૂષો તો ચીકુની ચાકર, રાજાજી ફરવા બોલાવે છે. તેમ કહે. કલાવતીને લઇ ગયા અને દુર જંગલમાં ઉતારી તેના કાંડા કાપી લઇ અને તેને મૂર્છિત છોડી દીધી.

કડાં રાજા પાસે આવ્યા. તે જોતાં અંદર જયસેનકુમાર લખેલું હતું. તે તો કલાવતીનો ભાઇ થાય. તપાસ કરાવી કોઇ શ્વસુરના ગામથી આવ્યું છે? રાજપુરૂષો મળી આવ્યા. તેમણે રાજાને કહ્યું, 'આપ રાજકાર્યમાં હતા તેથી અમે કલાવતીને મળ્યા હતા અને જયસેનકુમાર મોકલેલ કડાંની ભેટ તેમને આપી હતી.

રાજાને પશ્ચાતાપ થયો અને દેવી ન આવે તો અગ્નિમાં પડું તેમ નક્કી કર્યું. શીલના પ્રભાવથી દેવી હેમખેમ થઇ અને આવી પણ ગઇ.

કોઇવાર જ્ઞાની ગુરૂદેવ પધાર્યા. કલાવતીના કાંડા કપાવાનું કારણ પૂછ્યું. ગુરૂ કહે—પૂર્વભવમાં કલાવતી રાજકુમારી હતી. કોઇએ રાજાને પોપટ ભેટ આપ્યો. અને તેની મધુર વાણી અને કળાથી કુમારીએ પોતા પાસે રાખ્યો.

કુમારી પોપટ સાથે શાંતિનાથ પ્રભુના મંદિરે દર્શન કરવા ગઇ. તે વખતે પોપટ પણ પાસે બેસીને પ્રભુના દર્શન કરે છે. અને એકીટશે જોતા તેને પૂર્વભવનું જ્ઞાન થયું.

હું પૂર્વે જૈન હતો. દીક્ષા લીધી. પણ શરીરની સુશ્રુષામાં પડી ગયો. અતિચાર લગાડ્યા અને મરીને પોપટ થયો. હવે શું થાય? ધન્ય હો આ કુમારીને જે મને પ્રભુ પાસે લાવી. પ્રભુના દર્શન વિના આહાર પાણી લઇશ નહિ.

આમ એ અભિગ્રહ લે છે. કુમારી વિધિ પૂર્ણ થતાં પોપટ સાથે રાજમહેલમાં આવી.

બીજે દિવસે કુમારીએ પોપટને નવડાવી ખાવાનું આપ્યું તે ખાતો નથી. કુમારીએ ઘણું મહેનત કરી પ્રેમથી ખાવા સમજાવ્યો પણ તે ખાતો નથી. તેને તો જિન-દર્શન કરવા હતા. કુમારી દુર ગઇ તરત તે ઉડીને મંદિર ગયો અને પ્રભુના દર્શન કરી.

કુમારીને તો પોપટ વિના ચાલતું નથી તે કલ્પાંત કરવા લાગી અને બેશુદ્ધ થઇ ઢળી પડી. અને ભાનમાં આવતાં પોપટ-પોપટ રટન કરવા લાગી રાજાએ તપાસ કરાવી. રાજપુરૂષો મંદિરે ગયા ત્યાં પોપટ હતો લાવીને કુમારીને આપ્યો તે ખુશ થઇ ગઇ. આનંદનો તેણીને પાર ન રહ્યો.

પોપટને લઇ છાતી સરસી ચાંપ્યો. અને ઠમકો દેવા લાગી-તું મને છોડી ગયો. હું તને પ્રાણ કરતાં પણ વહાલો ગણું છું. પ્રેમનો વિચાર ન કર્યો.

ગુસ્સામાં આવેલી કુમારીએ છરી મંગાવી અને પોપટ સામે જોઇને કહ્યું, તારી પાંખો જ કાપી નાખું પછી ક્યાં જશે ?

પોપટના ભાવને નહીં જાણતી કુમારીએ તેની પાંખો કાપી નાખી. પોપટ બિચારો ભયભીત બની પીડાને ભોગવી રહ્યો તેણે કુમારી ઉપર દ્વેષ ન કર્યો. સમભાવમાં રહ્યો અરિહંતનું ધ્યાન કરતો લીન રહ્યો, આંખો બંધ કરી, મૌન થયો. ખાવા-પીવાનું માંડી વાળ્યું. પ્રભુ દર્શન વિના ખાવું-પીવું નહિં તે નિયમની કુમારીને ક્યાં ખબર હતી ?

ત્રણ દિવસ પોપટ અનશનમાં રહ્યો અને સમભાવે પાંખ કપાવાની પીડા સહન કરતાં પ્રભુન દર્શનનું સ્મરણ કરતાં મરીને સદ્ગતિ સાધી.

હે રાજન્, એ પોપટ તે તું શંખરાજા છે. કુમારી તે કલાવતી છે. પૂર્વભવમાં તેણીએ પાંખો છેદી આ ભવમાં તમે હાથ કપાવ્યા પણ શીલના પ્રભાવથી તેને હાથ આવી ગયા. એકવીશ ભવ સુધી ઉત્તરોત્તર ધર્મ સાધી સુખ ભોગવી તમે બંને પૃથ્વીચંદ્ર અને ગુણસાગરના ભવમાં ગૃહસ્થપણામાં કેવલજ્ઞાન પામી મોક્ષે જશો.' રાજાએ કલાવતીને નમન કર્યું.

ગુરૂના ઉપદેશથી બંને ધર્માત્મા બન્યા અને ધર્મ સાધી જીવન સફળ બનાવ્યું.

શ્રી જૈન. શાસનનું રૂા. ૫૧-લવાજમ ભરી
વાર્ષિક ગ્રાહક બનો.

❋ દેશાવકાશિક ઉપર વાનરની કથા ❋

— પૂ. સા. શ્રી પૂર્ણભદ્રાશ્રીજી મ.

પૂર્વકાલમાં કાંતિમતિ નામે નગરી હતી. તે નગરીમાં સિદ્ધધનામે મોટો વૈદ્ય રહેતો હતો. તે વૈદ્ય ઘણો લોભી હતો. કે સગા હોય કે મીત્ર હોય કે કોઇ ગરીબ હોય તો દવા રાખ્યા વિના પૈસા પડાવતો હતો. તેમજ ઘણા પાપવાળી ઔષધી વાપરતો હતો.

એક વખત નગરમાં મુનિમહારાજ પધાર્યા સર્વલોકોની સાથે વૈદ્ય પણ વ્યાખ્યાન સાંભલવા ગયો. મુનિરાજે દેશના શરૂ કરી અને માનવભવની દુર્લભતા ઉપર જ મુનિ ભગવંતે વિવેચન કર્યું. દેશનાને અંતે વૈદ્યને વિશેષ બોધ આપ્યો અને કહ્યું કે વૈદ્યનું જીવન બહુ કપરૂ છે લોકના ભલા કરતા ભૂંડામાં વધારે રાજી રહે છે અને વૈદ્ય માને કે વધારે માંદા પડે લોકો તો સારૂ આમ જો સારા વૈદ્ય દયા ભાવે અને હિતબુદ્ધિએ દવા કરે તો કલ્યાણ થાય.

મુનિ ભગવંતની દેશના સાંભળી વૈદ્યનું હ�ૃદય કુણું પડ્યું તે પોતાને ઘેર ગયો પણ પાછો પૂર્વના અભ્યાસને લઇને લોભવૃત્તિથી પોતાનો ધંધો કરવા લાગ્યો અંતે તે મરણ પામી જંગલમાં વાનરરૂપે ઉત્પન્ન થયો. આ વાનર પોતાના ટોળાનો અગ્રણી બન્યો. અને વાનરીઓ સાથે ક્રીડા કરતો સમય પસાર કરવા લાગ્યો. એક વખત આ વાનર જ્યાં વસે છે, તે જંગલમાં સમેતશિખારની યાત્રાએ નિકળતા એક સાધુઓનો સમુદાય આવી ચડ્યો. અહિ એક મુનિના પગે કાંટો વાગ્યો. કાંટો એટલે. બધો ઉંડો વાગેલ કે ખેચીને કાઢી શકાય નહિ. પગ પણ સુજી ગયો મુનિ પગલુ પણ આગળ ચાલી શકે નહિ. મુનિઓ બધા ઉભા રહ્યા પણ ઘોર જંગલમાં કોઇ પ્રતિકાર દેખાયો નહિ. કાંટાથી વિંધાયેલ મુનિએ બીજાઓને કહ્યું કે મારા માટે બીજા કોઇને રોકાવાની જરૂર નથી. તમો બધા સુખેથી પધારો અને હું અહિં રહ્યો રહ્યો સમેતશિખરની ભાવના ભાવી જીવન પવિત્ર બનાવીશ. થોડીવાર તો મુનિઓ રહ્યા પછી એક બીજાને ખમાવી સૌ નીકળ્યા.

કંટક વિંધાયેલ તે મુનિ એક શિલાતલને પોતાનો ઉપાશ્રય માની ધ્યાનમાં રહ્યા તેવામાં થોડીવારમાં કેટલાક વાનરોનું ટોળું આવ્યું કેટલાકે તો મુનિને પત્થરા મારવા લાગ્યા. કેટલાકે તો લાકડાના ટુકડા ઉપાડ્યા તેટલમાં વૈદ્યનો જીવ વાનર થયો. હતો તે ત્યાં મુનિને જોતા જ વિચારવા લાગ્યો કે આવા મુનિને ક્યાંક ક્યાંક જોયા છે. તેમ વિચાર કરતાં પૂર્વભવ યાદ આવ્યો બીજા બધા વાનરો મુનિને મારવા તૈયાર

થયેલા તે વાનર અને વાનરીઓને દૂર કરી સિદ્ધ વૈદ્યની જેમ મુનિનો પગ હાથમાં લઈ પૂર્વભવના અભ્યાસથી મુનિના પગમાંથી કાંટો ખેંચી કાઢયો તરત જ વાનર જંગલમાં ઉપડયો અને સંરોહિણી ઔષધિ લગાવી મુનિના પગને સારો બનાવ્યો. મુનિએ વાનરને કહ્યું હે વાનર ? તું તિર્યંચ છે છતાં પણ તિર્યંચપણામાં તું પ્રયત્ન કરે તો તારું કલ્યાણ સાધી શકે છે. માટે તું સમ્યક્ત્વ મૂળ બારવ્રતને શક્તિ મુજબ આરાધ. જેથી ઘણા ભવો તારા નાશ પામી જશે. બારવ્રતમાં પણ વિશેષે કરીને દેશવકાશિક વ્રત આરાધવા યોગ્ય છે.

મનદો પણ પાપ વ્યાપાર નહિ કરવાનો નિર્ણય કરી નિયત કરેલી ભૂમીમાં રહેવું તે સામાયિક દેશાવકાશિક છે. વાનરનું ચિત્ત દેશાવકાશિક ઉપર ચોંટયું મુનિએ પણ વાનરને ધર્મમાં સ્થિર કરી ત્યાંથી આગળ વિહાર કર્યો અને અનુક્રમે સમેતશિખર પહોંચ્યા. વાનરને પણ સંપૂર્ણ ફલ મેળવવાની ઇચ્છા થઇ તેથી તે જ રાત્રીએ એક પર્વત ઉપર સામાયિક સહીત દેશાવકાશિક વ્રત સ્વીકાર્યું અને તે જ રાત્રે સિંહે વાનર ઉપર હુમલો કર્યો વાનર પણ વ્રતને સંભાળીને એક ડગલું પણ ખસ્યો નહિ તેથી સિંહે વાનરને ફાડી નાખ્યો. વાનરે મન સ્થિર રાખ્યું તેથી ધર્મ ધ્યાનમાં મૃત્યુ પામી ભુવનપતિ હજારો વર્ષના આયુષ્યવાળો દેવ થયો.

ભુવનપતિમાં દેવનું આયુષ્ય પૂર્ણ કરી વાનરનો જીવ મણિમંદિર નામના નગરમાં મણિશેખર રાજાની પટરાણી મણીમાલાની કુક્ષીમાં ઉત્પન્ન થયો. પૂર્ણ માસે જન્મ થયો. માતા પિતાએ તેનું નામ અરૂણદેવ પાડયું પાંચધાવમાતાથી ઉછેરાતો અરૂણ દેવ મોટો થયો. બાલ્યવય પસાર કરી યૌવન વયને પામ્યો હજારો વિદ્યાધરની કન્યાઓ પરણ્યો હજારો વિદ્યાઓ પ્રજ્ઞપ્તિ વિગેરે મેળવી વિદ્યાધરની બંને શ્રેણીઓનો અધિપતી થયો. એક વખત મણિમંદીર નગરમાં રથયાત્રાનો ઓચ્છવ આરંભાયો સંઘે ગામેગામ આમંત્રણ મોકલ્યા. અનેક શ્રાવકગણ સુવિહિત સાધુ સમુદાય પધાર્યા રથયાત્રાના વરઘોડાનો ઘેર ઘેર સત્કાર થયો. ફરતો ફરતો રથ રાજાના મંદિર આવ્યો. રાજાએ રથ જોયો અને જૈન શાસનની પ્રભાવનાને તે અનુમોદના કરવા લાગ્યો.

તેવામાં તેની નજર ઉત્સવમાં વચ્ચે રહેલ સાધુસમુદાય ઉપર નજર પડી આ સમુદાય અગ્રેસર શ્રી પ્રભસૂરિ. મ. હતા. તેમની પાસે રહેલા એક વૃદ્ધ સાધુ ઉભા હતા. આ સાધુને દેખતાં જ રાજાને ચક્કર આવ્યા મૂર્છા આઇને જમીન ઉપર પડી ગયા. થોડીવારે શુદ્ધી આવી અને પ્રથમ વૃદ્ધ મુનિને વાંદ્યા લોકોએ કહ્યું કે આચાર્યને છોડીને મુનિને કેમ વાંદો છો ? રાજાએ પોતાનો પૂર્વભવ વાનરપણાનો કહી બતાવ્યો.

અને મારા આ પરમ ઉપકારી છે. આચાર્ય ભગવંતે કહ્યું કે તિર્યંચપણામાં ધર્મ કર્યો તો આવી રાજઋદ્ધી પામ્યા તો માનવભવમાં શુધ્ધ ધર્મ કરો. રાજા પ્રતિબોધ પામ્યો પોતાના પુત્રને રાજ્યગાદી સોંપી. પોતે દીક્ષા લીધી અને ઉગ્ર તપસ્યા આદરી એક વખત અરૂણદેવ રાજર્ષિ વિહાર કરતાં હતાં તે વખતે આકાશમાંથી પસાર થતી લક્ષ્મીદેવીએ જોયા. તેમની પરીક્ષા કરવાનું મન થયું. નિચે દેવી ઉતરી દેવાંગનાઓ વિવિધ અનુકુલ ઉપસર્ગ કર્યા તેનાથી મુનિ ક્ષોભ ન પામ્યા પછી પ્રતિકુળ ઉપસર્ગ કર્યાં આમ છ માસ સુધી ઉપસર્ગ કર્યા છતાં મુનિ જ્યારે ક્ષોભ ન પામ્યા દેવી થાકી અને મુનિભગવંતને ખમાવી અને સ્તવના કરી અદૃશ્ય થઇ ગઇ. મુનિભગવંતે પણ ઉગ્રતપસ્યા અને નિરતિચાર પાલન કરી તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું આયુષ્યપૂર્ણ કરી દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાંથી મહાવિદેહમાં જન્મ પામી મુક્તિપદને પામશે.

વાનરના ભવમાં સ્વીકારેલ દેશાવકાશિક વ્રતનું પાલન કરી મનુષ્યભવ દેવભવ કરીને તીર્થંકર થઇને મુક્તિપદને પામશે કેવી સુંદર રીતે તિર્યંચ છતાં વ્રતનું પાલન કર્યું હશે! આપણે સહુ પણ વ્રતની સુંદર આરાધના કરી મુક્તિપદના ભોક્તા બનીએ એજ મનોકામના.

— ઉંટડીઓનો પશ્ચાતાપ —

મદનપુર નગર. ઉદ્યાનમાં ઋષભદેવ પ્રભુનું ભવ્ય મંદિર. એકવાર ત્યાં બે ઉંટડીઓ આવી ઉંચા સ્વરે રૂદન કરે છે.

ઉદ્યાનમાં આવેલ રાજાદ્રિ તે જોઇ આશ્ચર્ય પામ્યા. જ્ઞાની ગુરૂ આવી ચડે છે. વંદન કરી ઉંટડીઓના રુદનનું કારણ પૂછ્યું.

ગુરૂ કહે-રમાપુરી નગરીમાં કુંતલ નામે શેઠ હતો. તેને સોઢી અને મોઢી નામની બે પત્નીઓ હતી. એકવાર શેઠ સુગતિનું કારણ પુષ્પ પૂજાથી જિનપૂજા કરવા કહ્યું પણ સ્ત્રીઓ કહે—આપણને મળ્યું છે તે ભોગવીએ. પુજા ન કરી શેઠ પણ કંટાળ્યો સ્ત્રીઓ પાસે મૌન રહ્યા. સ્ત્રીઓ મરી ઉંટડીઓ થઇ છે. કુંતલ શેઠ ભીમરાજાનો પુત્ર થયો છે.

રાજા ઉંટડીઓ પાસે આવ્યો અને કહ્યું—તમે પૂર્વભવે જિનપુજા ન કરી એટલે ઉંટડીપણું પામ્યા હવે શોક કરે શું થાય ?

ઉંટડીઓ પણ તે સાંભળી જાતિસ્મરણથી પોતાની ભુલ જાણી પશ્ચાતાપ કરી શ્રી જિનેશ્વરદેવનું ધ્યાન કરે છે. ધ્યાન પુજામાં રહેલી તે બન્ને અણસણ કરી પહેલા દેવલોકમાં ગઇ.

ભક્તિમાં વાંકા તેનું ઉંટડીની જેમ વાંકું થાય.
ધ્યાનથી પણ જિનપુજાના પ્રભાવે સદ્ગતિ થાય.

❋ વાછરડાથી વૈરાગ્ય ❋

—પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

શાસનના પરમાર્થને પામેલા પરમર્ષિઓ આત્માના હિતને માટે ભિન્ન ભિન્ન પ્રકારની હિતકારી વાતો જણાવે છે. આ સંસાર સમજુ આત્માઓ માટે વૈરાગ્યનું કારણ છે. આત્મા જો વિચારશીલ અને વિવેકી બને તો નાનકડું નિમિત્ત પણ તેના માટે વિરાગનું અને વીતરાગતાનું બીજ બની જાય છે.

એક વાછરડો પણ વૈરાગ્યનું નિમિત્ત બની ગયો અને તે ભવ્યાત્માના કલ્યાણનું કારણ બન્યું. બહુ સુપ્રસિધ્ધ પ્રસંગ છે.

શ્રી જૈન શાસનના પ્રસિધ્ધ એક પ્રત્યેકબુધ્ધના જીવનનો આ પ્રસંગ છે. ચાલો, આપણે પણ માણીએ.

શ્રી કરકંડુ રાજા એકવાર પોતાનું ગોકુળ જોવા ગયા છે. તે ગોકુળમાં રહેલા એક સુકુમાલ સુંદર વાછરડા ઉપર રાજાની નજર પડી અને તે વાછરડું પણ રાજાની નજરમાં વસી ગયું. મોટા માણસની મહેરબાની જેની ઉપર પડે તે ય ન્યાલ ન્યાલ થઇ જાય. તે ન્યાયે આ વાછરડાને જોતાં જ રાજાએ ગોપાલને આજ્ઞા કરી કે—ગોપાલક! આ વાછરડો ઘણો જ સુંદર છે. એની ચામડીનું તેજ શું ઝગારા મારે છે જાણે ચમકતું રૂપું! અને તેનો થન થનાટ તો પિયુઘરે મલવા જતી હિલોળા મારતી ચંચલ યુવતી જેવી નદીના વેગ જેવો છે. માટે આનું જીવની જેમ જતન કરવું અને સારી રીતના ઉછેર કરવો.

રાજાની આજ્ઞાને સ્વીકારી ગોવાલ પણ વાછરડાનું સુંદર રીતના પાલન—પોષણ કરે છે. રાજા પણ તેને જોઇ જોઇને મલકાય છે અને પ્રશંસા કરે છે કે—શું સુંદર હૃષ્ટપુષ્ટ શરીર અને ચપળતા છે?

રાજા રાજ્યકાર્યમાં વ્યગ્ર બન્યા અને ઘણા સમય પછી ફરીથી ગોકુલ જોવા આવેલા રાજાએ ગોવાલને પૂછ્યું કે—મારો માનીતો વાછરડો હતો તે કેમ દેખાતો નથી?

અચાનક રાજાના આવેલા આ સવાલનો પ્રત્યુત્તર વાળતા ગોવાલે કહ્યું કે—'રાજન્! આ રહ્યો આપનો માનીતો વાછરડો. તેમ કહી એક વૃધ્ધ, બોખો, નિર્બલ અને આંખમાં પીઆવાળો બળદ લાવી રાજાને બતાવ્યો. તેને જોતાં જ રાજાનો પિત્તો આસમાને પહોંચ્યો. અને ગોવાળને ધમકાવતાં સૂરમાં કહ્યું કે-હું આ ઘરડા પંખને જોવા નથી માગતો પણ જેને તમે જીવની જેમ જતન કરી ઉછેરેલો અને જેને જોતાં

હું આનંદ પામતો તે વાછરડાને જોવા માંગું છું.

ગોવાલે નમીને રાજાને કહ્યું કે–રાજન્ ! આ એ જ બળદ છે, જે હવે વૃધ્ધ થયો છે, વૃધ્ધાવસ્થાએ તેનાં રૂપ, યૌવન અને શક્તિ સંહર્યા છે.

તેજીને ટકોરાની જેમ રાજાના હૈયામાં વિવેક દીપક પ્રગટયો અને રાજા વિચારવા લાગ્યો કે–'વૃધ્ધાવસ્થા બધાની આવી જ દશા કરે કે શું ? હું પણ શું આવો બોઓ, નિસ્તેજ અને પ્રતિભા વગરનો થઈશ ? કાલે આ સાંઢ કેવો સશક્ત, જોતાં મન હરે તેવો અને ગર્જના કરતો હતો તે આજે સાવ દુર્બળ, નિસ્તેજ અને ઓજસ વિનાનો થયો છે. અરેખર કાળ બધાનું બળ, રૂપ અને શક્તિ સંહરે છે, જગતમાં કોઇ પદાર્થ નિત્ય નથી તો પછી રૂપ અને રૂધ્ધિમાં શા માટે આશક્ત બની આત્માનું અકલ્યાણ કરવું.'

શ્રી કરકંડુ રાજાની આ વિચારધારાએ તેમના પૂર્વના સંસ્કાર જાગૃત કર્યા અને પ્રત્યેકબુધ્ધ બન્યા.

તેથી શાસ્ત્રે કહ્યું કે—

''संबुध्धो दट्ठुणं रिद्धिं वसहस्स जोअरिद्धिं च ।
सो करकंडुराया कलिंगजणवयवइ जयउ ।।'

અર્થાત્—બળદની યુવાવસ્થા અને પુષ્ટદેહને જોઈ તથા યુવાવસ્થા ગયા પછી તે જ બળદનો દુર્બળ દેહ અને પરાભવતા જોઇ પ્રતિબોધ પામેલા તે કલિંગદેશના અધિપતિ શ્રી કરકંડુ રાજર્ષિ જય પામો.

❀

વાનરનો વિરાગ

એક વખત કોઇ સમેતશિખર જતાં સંઘમાં સાથે આવેલ સાધુઓ ગોચરી ગયા અને સંઘ આગળ ચાલ્યો ગયો. સાધુ ભૂલા પડયા અને જંગલમાં કોઇ એક સાધુને પગમાં જોરદાર કાંટો વાગ્યો. બધા ચિંતા કરવા લાગ્યા.

તે વખતે તે સાધુએ કહ્યું–તમે બધા પીડિત થશો માટે આપ આગળ નગરમાં પધારો હું અહીં સમભાવે રહીશ. તમે ત્યાંથી સંઘ લેગા થઇ સહાયક મોકલશો.

આગ્રહથી બધાને મોકલ્યા પોતે સમભાવે રહ્યા.

(જુઓ અનુ. પાન ૩૧૮ ઉપર)

卐 વાઘણની જાગૃતિ 卐

—શ્રી સેના-રમ્યા

સુકોશલ અયોધ્યાનો યુવરાજ હતો તેના પિતા કીર્તિધરે દીક્ષા સ્વીકારી હતી તે ત્યાંનો રાજા હતો.

તેની માતા સહદેવી હતી. તે રૂપમાં અપ્સરાને પણ વીસરાવતી. તેનું સૌંદર્ય સતત ઉપભોગ ઝંખતુ. તેનામાં સહજીવનની ઊંડી લાલસા હતી. તેના અંગેઅંગ પુરૂષત્વના સંગમને ઇચ્છતાં પતિની દીક્ષા તેને કઠવી લાગી.

તેણે પુત્ર ઉપર દ્રષ્ટી ફેરવી. તેના પર વાત્સલ્ય વર્ષાવવામાં તે જીવનનું અમૂલ્ય સુખ માણવા લાગી. પુત્રનાં દાંત તેણે સોને મઢાવ્યા. તેની સામે સ્નેહ વહાલથી હસવા લાગી.

એક જ ઇચ્છા તેણીને હતી; પુત્ર પિતાને માર્ગે ન જાય—પિતાને ન અનુસરે. તે માટે તેણીએ પતિનું નામ પણ નાબુદ કર્યું. નામનિશાન પણ રહેવા ન દીધું. પુત્રની આગળ પિતાના દોષ ગાવા લાગી. કદાચ પિતાને સંભારે તો પણ અવગુણો દેખાડતી.

એક વખત કીર્તિધર મુનિ વિહાર કરતાં અયોધ્યામાં પધાર્યા. રાણીને તેમના સમાચાર મળ્યા. પુત્રને બચાવી લેવા, પુત્રનો સમાગમ ન થાય તે માટે કીર્તિધર મુનિને નગરની બહાર કઢાવી મૂક્યા.

મિત્રો દ્વારા પુત્રને આ માઠા સમાચાર મળ્યા. અશ્વ ખેલાવતો પુત્ર વનમાં જઈ ચઢયો. પિતાને વંદન કરવાની આકંઠ ઇચ્છા પુત્રને એ તરફ ખેંચી લાવી. વંદના કરી, ઉપચારીક વાતો થતાં પિતાશ્રીના માતાજીએ કહેલા દોષો દેખાતાં નથી. વનનાં શાંત વાતાવરણમાં પિતાશ્રીના સ્વતંત્ર ગુણો પ્રગટ થવા લાગ્યા અને માતાનો દૃષ્ટિદોષ ખુલ્લો થવા લાગ્યો. આવું હડહડતું અપમાન પિતાશ્રીનું કરે તે કેમ ચાલી લેવાય? માતા દૃષ્ટિ ખોલવી જ જોઇએ. પિતાશ્રીમાં રહેલા ગુણોને અવગુણો કઇ રીતે કહી શકાય? માતાને આવા ભયંકર પાપથી નિવારવી જોઇએ. સુકોશલ યુવરાજ ત્યાં ને ત્યાં દીક્ષિત થઇ ગયો. પિતાશ્રીના શિષ્ય બની બંને ચાલી નીકળ્યા.

આ સમાચાર મળતાં જ સહદેવીનું હૈયું ચીરાઇ ગયું. તેણે આકંઠ સાથે મસ્તક અફાળ્યું. થોડીક ક્ષણોમાં તરફડવા લાગી. ભયંકર શુળ ઉપડ્યું તત્કાળ મૃત્યુને ભેટી પતિ પરના ક્રોધના કારણે વાઘણનો અવતાર મળ્યો.

એક સમયે કીર્તિધર મુનિ તેમજ સુકોશલ મુનિ બંને વિહાર કરતાં કરતાં

એક ગાઢ જંગલમાં પ્રવેશ્યાં, વનમાર્ગ પસાર કરતાં બંને મુનિઓને તે વાઘણે દૂરથી જોયાં. મુનિવેષ જોતાં જ ક્રોધાગ્નિ પ્રગટ થયો, આંખોમાં ઉભરાયો અને મુનિઓ સામે દોટ મૂકી.

બંને મુનિઓએ વાઘણને જોઈ કીર્તિધર મુનિ ઉપસર્ગને નિવારવા અન્ય પંથે ચાલ્યા. સુકોશલને તે માર્ગે અનુસરવાની ના કહી. વાઘણનો ગુસ્સો ઘોર હતો તેથી જો બંને એક જ માર્ગે જઇશું તો બંને મોત પામીશું. માટે સુકોશલને અન્ય માર્ગે જવાની સલાહ આપી.

કીર્તિધર મુનિ ચાલ્યા ગયા. સુકોશલ મુનિ પિતાના પંથને રોકી ઉભા રહ્યા. શુભ ધ્યાનનો આશરો લીધો. ત્રાડ–રાડ નાંખતી વાઘણે તેમની ઉપર ધૂબકો માર્યો. સુકોશલ મુનિને ફાડી ખાધા. પ્રાણપંખેરૂં ઉડી ગયું. અંત ક્ષણે શુભ ભાવનાના બળે મુનિવર કેવલજ્ઞાન પામીને મુક્ત બન્યા.

શરીરને ભક્ષતી વાઘણે સુકોશલ મુનિના મુખમાં ચમકતી સોનાની પંક્તિ જોઇ સ્મૃતિ ઉછળી આવી. જાતિસ્મરણ જ્ઞાન પ્રગટ થયું. પૂર્વભવનો પુત્ર ઓળખ્યો–પહેચાન્યો.

મુનિવેશ પરના વૈરને લીધે તે સુકોશલ પર ઉછળી આવેલી પણ એ વૈરે તો પુત્રનો જ ભોગ લીધો.

પશ્ચાતાપ નિઃસીમ બન્યો. ભાવના ઉંચે પંથે ચઢી પાપના પડદા તરફડિયા મારવા લાગ્યા. પુનીત ધ્યાને ચઢી. મૃત્યુ પામી સ્વર્ગે સિધાવી.

(અનુ. પાન ૩૧૬ નું ચાલુ)

ત્યાં એક વાનરનું ટોળું આવ્યું અને મુનિને જોઇ પત્થરા ઉપાડી મુનિને મારે છે. તેવામાં તેના નાયકે મુનિને જોઇ આવા મહાત્માને મેં ક્યાંક જોયા છે–તેમ વિચાર કરતાં આગલો ભવ જોયો. પોતે પૂર્વભવમાં વૈદ્ય હતો. ભવ હારી ગયો. ખેદ કરે છે. ટોળાને અટકાવે છે અને મુનિના પગમાંથી કાંટો ખેંચી કાઢે છે.

મુનિ તેને ઉપદેશ આપે છે અને તે સમકિત પામે છે. મુનિ આગળ ગયા. હવે તે વાનર તો ત્યાં સામાયિક વગેરે કરે છે ત્યાં રાત્રે કોઇ વિકરાળ સિંહ આવે છે પણ વાનર ડગતો નથી અને સિંહ તેને ફાડી ખાય છે.

સમભાવે વાનર મરીને ભવનપતિ દેવ થાય છે અને માનવ સદ્ગતિ પામી શિવસુખનો ભોગતા બનશે.

દિવાળીમાં દિલનો દીવડો પ્રગટાવો

—શાહ રતિલાલ દેવચંદ ગુઢકા (લંડન)

જગત માત્રનું કલ્યાણધર્મ જગતના જીવમાત્રનું કલ્યાણ થતે જગત આખું સુખ શાંતિમાં રહે। ત્રણે લોકના જીવો સદા સુખી થતે દિવાળી પર્વ ઝમઝુમ આવે છે દિ વા ળી એનો અર્થ મીનીંગ દિ વાળે દિવસો સારા સૌના જાય શાંતિમાં જાય અને જીવ માત્રના જીવનમાં શાંતિ થાય. સૌના જીવનમાં હૃદયમાં દિલના દિવડાને પ્રગટાવી પ્રકાશ આપે આ પર્વ ખુબ જ ખુશીનું પર્વ છે. વળી અરસ પરસ મૈત્રી અને પ્રેમ ભાવનાના દોરે બંધાય. જીવદયા પાલનનું આ પર્વ છે. સાધનાનું આ પર્વ છે. 'ફ્રુ વરસીપ' પ્રેમ. અને ધર્મભાવનાના દિવડા ઝગમગે અને આ પર્વમાં જીવ માત્રને જીવત-દાન આપવાનું પર્વ છે—સુખ સૌને ગમે છે. દુઃખ કે મરવું કોઇને ગમતું નથી.

વળી હમણાં જ આપણા મહાન પર્વ પર્વાધિરાજ પર્યુષણા ગયા તેમાં પણ અગત્યનાં પાંચ કર્તવ્યો કેતા 'ડ્યુટી' ફરજ 'ફસ્ટ ડ્યુટી' મારી કેતાં કોઇપણ નાના જીવને પણ આપણા નિમિતે જાણી સમજી ન મરાય 'ફસ્ટ થીંગ' ઠાર મારવું તે 'ટોકીલ' ઇચ્છા પૂર્વક 'વીલ ચીક' તે ધર્મમાં મનાઇ છે નિષેધ છે (પ્રોહીબીશન) અને આપણને માતાપિતા લાગે—મારા વડિલો મારા મિત્રો, સાથીદારો મારા ધર્મી ભાઇઓ બહેનો આપ દરેક તો ખુબ જ દયાળુ છો. ખુબ જ ભલા છો અને ખુબ જ સમજુ છો. અત્યારે આપણી પ્રજા ભણેલ-ગણેલ છે તો આપ સહુને સદબુદ્ધિ મળે. થોડાથાં વધારે સમજી શકો છો અને આપણે ઠરેકે અહિંસાનો ઝંડો હાથમાં પકડયો છે. અહિંસા પરમો ધર્મ કેતાં કોઇપણ સૂક્ષમમાં સૂક્ષમ જીવ જાણી જોઇ આપણા નિમેત્તે ન મરી જાય.

ખાસ આપણે બધાએ જરા સમજવાની જરૂર છે કે જ્યાં આપણા પરમાત્માનું 'ટેમ્પલ' છે જ્યાં આપણે બધા બે ઘડી શાંતિ માટે તે મંદિરે જઇ પાપોની ક્ષમા માંગીએ છીએ દુઃખથી ઉગરવા પ્રભુ શરણમાં જઇએ છીએ તથા આત્માને ઓળખાવવા તથા આત્માની શાંતિ માટે તથા જગતના જીવ માત્રની શાંતિ ઇચ્છવા જઇએ છીએ તે ઇન્સાફનું મંદિર છે-ઇન્સાફનું ઘર છે. જ્ઞાતિ એક સંઘ છે જ્ઞાતિ એક સમસ્ત ઓસવાળોનું ક્ષેત્ર છે. જ્ઞાતિ એક માતા—પિતા છે અને એજ જ્ઞાતિ તથા જ્ઞાતિના બાહોશ ભલા કાર્યકરો જો આવું જરૂર વગરનું કાર્ય કરવા જ્ઞાતિની હદ મંદિરોની આજુબાજુ ત્યાં આબેહુબ દેરાસર બંધાવવું છે એમાં ફઠાફડા ફોડવાની જાહેરાત ખબર આપે તો એથી વિશેષ પાપ બંધ ન હોઇ શકે. જરા સમજવા પ્રયત્ન કરો જાગો ચેતો

આપણે જૈન છીએ આંખ ખોલો હવે તો દેરાસરનો પાયો પણ પડી ગયો છે.

આપણે ભલે ઘેર ઘેર ન અટકાવી શકીએ ત્યાં આપણી શક્તિ નથી ભલે કે સંઘ જ્ઞાતિ તો એ પણ કરવા ધારે તો આશા છે કે ૫૦ ટકાએ પણ શક્ય છે પણ એ પછીની વાત છે ને શાહ–એટલે 'કિંગ' એક મુસલમાન અકબર રાજાએ ધર્મ પામ્યા બાદ છ છ ૬–૬ મહિના પોતાના દેશમાં અમારી પડાવી હતી તો જ્ઞાતિના લેડ–જ્ઞાતિના સુકાન છે 'કિંગ' છે તો ખાસ અરજ છે કે ફટાકડા ફોડવાથી અનંતા સૂક્ષ્મ નિરપરાધી જીવો બિચારા માર્યા જાય છે કોઈપણ જીવજંતુ પોતાનો ('સોલ') આત્મા વ્હાલો છે. એ જીવવા માંગે છે તે આપણે એના બદલે 'સવિનય ઓફ લાઇફ' એક જીવને બચાવી લેવાથી સ્વર્ગ સુખ મળે છે અંતે મોક્ષ સુખ આ હકીકત છે જાગૃત બનો (વક કુલ) આંખ ઉઘાડો અને આત્માને ઓળખવા પ્રયત્ન કરવા જેવું છે.

આપણે તો કોઇપણ જીવને દુઃખ ન થાય કોઇનો આત્મા ન દુભાય તેવું બિરૂદ સ્વીકાર્યું છે તો ભલે આપણાથી ધર્મ ન થાય, કદાચ વળી આપણાથી બીજાનું ભલું કદાચ ન થઇ શકે રોજ આપણાથી રોજ વ્રત નિયમ પચ્ચક્ખાણ કદાચ ના પણ થઇ શકે તે બને. રોજ સેવા પૂજા પણ કદાચ ન થાય કર્મ સંજોગે રોજ બે ઘડિની સાધના કે બે ઘડી પ્રતિક્રમણ કરતાં પ્રાયશ્ચિત ન થાય, એવું પણ બને. અને રોજ ધર્મ પણ ન બની શકે એવું પણ બને. પણ જાણી જોઇ આપણાથી પાપ થઇ જાય એવું કાર્ય તો ન જ બને કેતાં ફટાકડા એ તો એક ઠાર ગોળો છે એક મશીનગન છે નાના નાના જીવો માટે અને બંધુકની ગોળી વાગે, જેમ કુમળા બાળકને તો શું બને તેમ બે દેશો (વોર) લડાઇ કરે એમાં હજારો નિર્દોષ બિચારા 'વન ચર ઓલ્ડ ચાઇલ્ડ' મનુષ્ય ઘર બાર વિનાના–પુત્ર વિનાના, પતિ વિનાના, મા–બાપ વિનાના બની જાય છે અને મરી જાય છે. આપણી થોડી મમ અનંતા જીવોનું કચરઘાણ નિકળી જાય પ્યારા વ્હાલા બંધુઓ અને બાળકો જાગો આ એક અરજ છે વિનંતિ છે આરજુ છે રીકવેસ્ટ છે આજીજી દુઃખભરી વિનંતી છે ને હાથ જોડી અરજ કરું છું. હા ઘેર ઘેર અટકાવી ન શકાય પણ આ અમૃત ભરી અરજી વિનંતી ઘેર ઘેર પહોંચે જાગો આત્માને નિહાળો અને ભેગા મળી કાર્ય કરવાથી સારા કાર્યથી બધાને સારૂં ભેગું સુખ જરૂર મલે છે તેમ ભેગા મળી કોઇ પાપ કર્મ થઇ જાય તો ભેગા બધાને ભોગવવું પડે છે. આ સમજ એક જેમ પાપ બધાને એની રીતી મુજબ 'ટુ કમીટ એ સીન' આપે છે તેમ તમોને કોઇ સંત સાધુઓ 'ટુ સફર' સમજણ આપે છે.

થોડીવારની મજા એને મોટી મળશે સજા કે થોડીવારનું ખેલ અરે મળશે મોટી

જેલ આપાંુ ('ફલાવર ઓફ જૈનીઝમ') જૈન-જિન ધર્મના અનુયાયી તો છીએ ભલે ૧૦૦ ટકા સમજ ન હોય પણ ડહાપણ છે જ-વળી ફટાકડા ફોડવાથી બીજી ઘટના બને છે ઘાટી જગ્યાએ ઘણા બાળકો દાઝી જાય છે કોઇના મકાન ઉપર પડી જવાથી આગ લાગે છે અને ફટાકડાનો ધુમાડો ધનનો ધુમાડો છે અને આ વાત દેશ પરદેશ ભારત બંધ જ લાગુ પડે છે નાઇરોબી, કેન્યા પણ આ માટે ધારો કે દાખલો કોઇ સરકાર કે વડાપ્રધાન મનાઇ કરે છે તો બેસી રહીએ અને ખરૂં જોતાં મારા સાધર્મિક ભાઇઓ-આપ દરેક જાગો આત્માને દેખો એમાં કલ્યાણ છે આટલી ભાવનાથી મહેનતથી લખવાનું તાત્પર્ય કે મારા ભાઇઓ બહેનો બાળકો ખોટા પાપથી બચે અને એ કારણે જ લખી રહ્યો વેશ છે આ સત્ય હકીકત છે. મારૂં એમાં પણ ભલું છે આપ દરેકનું ભલું કરાવ કોઇને આ ન સમજણ ના ગમે.

કુકડાઓની કલા

પુંડરીકણીનગરી રાજા ધનરથ, રાણીઓ પ્રિતીમણી અને મનોમોહી બંનેના પુત્રો મેઘરથ અને દૃઢરથ.

એકવાર સભામાં ગણિકા કુકડો લાવી. રાણીના કુકડા સાથે યુદ્ધ માંડયું, પણ કોઇ હારતું નથી.

ધનરથ તીર્થંકરનો જીવ છે. તેમણે મેઘરથને કહ્યું આમાં કોઇ હારશે જીતશે નહિ ?

પૂર્વ ભવમાં બે બેડુત હતા. ઝઘડો કરી મરીને હાથી થયા. ત્યાં ઝઘડીને પાડા થયા. ત્યાં પણ ઝઘડીને બોકડા થયા અને ત્યાં પણ ઝઘડીને કુકડા થયા છે. મારા દર્શન માટે આવેલા બે વિદ્યાધરોથી અધિષ્ઠિત છે. તે વિદ્યાધરોનો હું પૂર્વભવનો પિતા છું.

વિદ્યાધરો પ્રગટ થયા. ધનરથને નમીને પોતાને સ્થાને ગયા. અનુક્રમે દીક્ષા લઇ કેવલ પામી મોક્ષે જશે.

બંને કુકડાઓએ પોતાના પૂર્વભવની વાત સાંભળી. પાપી જીવનથી બેઠા પામ્યા. પોતાની ભાષામાં અવધિજ્ઞાની ધનરથ રાજાને પૂછયું, અમે હવે શું કરીએ ?

રાજાએ સમકિત સહિત અહિંસામય ધર્મ કહ્યો. તે પણ ધર્મ સાધી ભૂત દેવલોકમાં તામ્રચૂડ દેવ થયા.



પાટલિપુત્ર જૈનશ્વેતાંબર તીર્થ જીર્ણોદ્ધાર કમિટી

બાડે કી ગલી, ગાઉગંજ, **પટના સિટી** (બિહાર) ૮૦૦૦૦૮

ધન્ય ભાગ્ય, ધન્ય ઘડી, ધન્ય ગૌરવશાલી ભૂમિ પાટલી પુત્ર (પટના શહેર !)

શ્રી જિન મંદિર જીર્ણોદ્ધાર કે લિયે હાર્દિક વિનંતી !

ભાગ્યશાલિ, જિન શાસન કે પરમ અનુરાગી શ્રી જિન મંદિરકે ધાર્મિક સંસ્થાઓકે ટ્રસ્ટિગણ. શ્રી જિનશાસન મેં ગૌરવાન્વિત જગમગાતા ઇતિહાસ કી દ્રષ્ટિ સે પાટલી પુત્ર (પટના) એક અતિભવ્ય શહર રહા હૈ । બ્રહ્મચર્ય વ્રત મેં વિશ્વ વિખ્યાત અદ્વિતિય કામ વિજેતા આચાર્ય શ્રી સ્થુલીભદ્રજી કા નામ ૮૪ ચૌવિસી તક માંગલિક રૂપ મેં અમર રહેગા. ઐસી વિભૂતિ કી સાધના એવં કાર્યક્ષેત્ર, તત્વાર્થ સૂત્ર કી રચના દશ પૂર્વધર શાસ્ત્રોં કે પરમ જ્ઞાતા શ્રી ઉમાસ્વાતી કી જન્મભૂમિ હોનેકા ગૌરવ ભી ઇસ ભૂમિ કે પ્રાપ્ત હૈ । શિયલ કે પ્રભાવ સે શુલિ કો સિંહાસન બનાને વાલે કી અંતિમ સાધના ભૂમિ ભી યહીં હૈ । ઐસી કિતને હી મહાન વિભુતિયોં કી ધર્મભુમિ યહીં હૈ । અતઃ જૈનો કે લિયે વિશિષ્ટ રૂપ સે યહ ભુમિ દર્શનીય વ તીર્થ સ્વરૂપ હૈ ।

પટના સિટી મેં ૪૦૦ વર્ષ પુરાના પ્રાચીન જિન મંદિર કા જિર્ણોદ્ધાર કરાનેકા નિશ્ચય સ્થાનીય લઘુ શ્રી સંઘ ને તય કિયા હૈ, જિર્ણોદ્ધાર કરાના અતિ આવશ્યક હો ગયા હૈ । નયા મંદિર બંધવાને સે ભી આઠ ગુણા અધિક લાભ જિર્ણોદ્ધાર કરાને મેં શાસ્ત્રકારોને કહી હૈ । ઇસ મંદિર કી મૂર્તિ કલા કે ઉત્કૃષ્ટ નમુના સ્વરૂપ ૨૫૦૦ વર્ષ પ્રાચીનતમ પ્રતિમાજી બિરાજમાન હૈં । મંદિરોં કે ટ્રસ્ટિયોં સે હમારી વિનમ્ર વિનંતિ હૈ કી ઇસ શુભ કાર્ય મેં હમેં અધિક સે અધિકાધિક સહયોગ તથા આર્થિક મદદ કરેં !

હમારી યોજનાયેં ઇસ પ્રકાર હૈ :

(૧) દેરાસર કે બાહર મુખ્ય દ્વાર પર નામ વ દુકા નકરા રૂા ૩૫૧૦૦૦/, (૨) મુખ્ય દ્વાર કે આજુબાજુ નામ પટ્ટકા નકરા–૨૧૧૦૦૦/ (૩) મૂલનાયક કા ગભારે કા નામાંકિત નકરા–૫૧૧૧૧/ (૪) મૂલનાયક કે આજુબાજુ નામાંકિત નકરા–૨૧૧૦૦૦/ પ્રત્યેક, (૫) રંગમંડપ પર નામાંકિત નકરા–૨૧૧૦૦૦/. (૬) મુખ્ય શિખર પર નામાંકિત નકરા–૪૫૧૦૦૦/, (૬) કાયેંબાયેં શિખર પર નામાંકિત નકરા–૧૫૧૦૦૦/, પ્રત્યેક (૭) દેરાસર કી મુખ્ય ચૌકી કા નકરા–૧૨૫૦૦૦/ (૮) દેરાસર કી આજુબાજુ કી ચૌકી કા નકરા–૭૫૦૦૦/–પ્રત્યેક, (૯) ૧૧૦૦૦/ રૂા. યા ઉસસે અધિક રાશિ દેનેવાલે દાતા કા નામ સંગેમરમર કે બોર્ડો પર લિખા જાએગા, (૧૦) પટના સિટી કી રાશિ કે અનુકુલ કી શીતલનાથ ભગવાન કી ૩૫" પ્રતિમાજી પરિકર સહિત ભરવાને કા નકરા–૫૦૦૦૦૧/ રૂા.

卐 આ તે કેવી સંસ્કૃતિ ? 卐

[ગતાંકથી ચાલુ] —પૂ. આ. શ્રી વિ. ચંદ્રગુપ્ત સૂ. મ.

સાધુ ભગવંતો વિધિમાર્ગનું નિરૂપણ કરે; વિધિમાર્ગની સ્થાપના પણ કરે અને અવિધિનો નિષેધ પણ ફરમાવે. વિધિમાર્ગની સ્થાપના આસેવનશિક્ષાસ્વરૂપ છે. દા. ત. મુહપત્તિનું પડિલેહણ કેવી રીતે કરવું, ક્યારે કરવું. વગેરે સમજાવવું તે વિધિમાર્ગ-કથન છે અને મુહપત્તિપડિલેહણ કરીને બતાવવું—એ વિધિમાર્ગની સ્થાપના છે. પર્યાવરણની રક્ષા કરવી અથવા એ અંગે પ્રેરણા કરવી એ વિધિમાર્ગની સ્થાપના કે કથન નથી. વિધિમાર્ગની સ્થાપના કરવામાં વિવેક ચુકાય તો માર્ગને બદલે ઉન્માર્ગની સ્થાપના, રક્ષા અને પ્રભાવના થાય. વર્ત્તમાનમાં સંસ્કૃતિરક્ષકો એ જ કાર્ય ઉત્સાહથી કરી રહ્યા છે, કેટલાક સાધુઓ ય એમાં ભળ્યા છે. અને એ બધા ભેગા થઈ, નહિ ભળેલાનો દ્વેષ કાઢી રહ્યા છે.

આજથી સો વર્ષ પૂર્વે ડેરી શબ્દ કોઇએ સાંભળ્યો ન હતો. આજે ઘરઘરમાં ડેરીની બનાવેલી વસ્તુઓ પેસી ગઇ છે. તે અભક્ષ્ય છે—એ જણાવવાની સાધુ ભગવંતની મર્યાદા છે. તેમજ ગાય કે ભેંસ વગેરેનાં દૂધ વગેરે તે તે દિવસના હોય તો અભક્ષ્ય નથી—એ પણ જણાવવાનું સાધુભગવંતની મર્યાદામાં સમાય. પરંતુ ગાય-ભેંસના દૂધ-દહીં માટે પશુપાલન કે કૃષિ વગેરેનો ઉપદેશ આપવાનું કોઇપણ રીતે સાધુભગવંતની મર્યાદામાં સમાય નહિ. અનિવાર્ય હિંસાના બચાવમાં અમર્યાદ હિંસાનો શેર મચાવવાનું કામ સાધુનું તો નથી જ, પરંતુ સાચા શ્રાવકનું ય નથી. તે તે જીવોની રક્ષા મુજબ આજ્ઞાપ્રધાન જીવન જીવવાનું સાધુભગવંતો તે તે જીવોને આગમાનુસાર ફરમાવી શકે છે. 'ડેરીમાંથી બનાવેલી વસ્તુનો ઉપયોગ કરનારા અમર્યાદ હિંસા કરે છે અને શુદ્ધ ઘી-દૂધ વાપરવા માટે પશુપાલન વગેરે કરનારા અનિવાર્ય હિંસા કરે છે' એમ માનનારા-બોલનારા પાપના ભાગી બને છે, અને શાસ્ત્રોના નામે એવી વાતો કરનારા મહાપાપના ભોગી બને છે. માત્ર બાહ્યાચરણથી હિંસાનું અનિવાર્યપણું કે અમર્યાદપણું માપવું એ વિવેકીનું લક્ષણ નથી. ચક્રવર્ત્તી અને સામાન્ય માણસના બાહ્યાચરણમાં—આસમાનભેદિમ -જેટલું અંતર હોય તેટલું અંતર પરિણામમાં ન પણ હોય. આથી બુદ્ધિમાન આત્માએ હિંસાની અમર્યાદતા કે અનિવાર્યતાનો વિચાર તે જીવની આત્મપરિણતિને આંખ સામે રાખી કરવો જોઇએ.

'વર્ત્તમાન દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવનું સાચું જ્ઞાન' અને -'ગોરક્ષા ભૂરક્ષા વનરક્ષા અને જલરક્ષા: એ તારક ચતુષ્ક'નો ઉપદેશ સાધુ તો ન જ આપે, પણ શ્રાવકેય

ન આપે. ત્રિકાલાબાધિત વિધિનિષેધ માત્ર દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવના કારણે ફરતા નથી. આપણી અસહિષ્ણુતાના કારણે કોઈવાર વિધિનિષેધમાં આપણે પ્રવૃત્તિકે નિવૃત્તિ કરી ન શકીએ એટલામાત્રથી વિધિ, વિધિ નથી; અને નિષેધ, નિષેધ નથી—એમ માનવું ઉચિત નથી.

વિધિવાક્યો અથવા તો નિષેધવાક્યો દ્રવ્યક્ષેત્રકાળભાવાદિની વિવક્ષા વિનાનાં નથી. વિધ્યર્થ અપવાદના વિષયથી અન્યત્ર જ હોય છે—એ શાસ્ત્રીય પરિભાષા છે. શાસ્ત્રીય પરિભાષા ભણ્યા વગરના પ્રચારકોએ શાસ્ત્રીય શબ્દો વાપરવાનો શોખ છોડી દેવો જોઇએ.

'આખા જગતમાં ફરી વળીએ; જગતને સુખી થવાનો સાચો માર્ગ જૈનશાસ્ત્રકારો સિવાય કોઇ બતાવી શકે તેમ નથી.' આવી વાત કરનારાએ જૈનશાસ્ત્રોમાં બતાવેલો માર્ગ બતાવવો જોઇએ. પોતાને દેખાયો તે માર્ગ જૈનમાર્ગના નામે નહિ બતાવવો જોઇએ.

સત્ત્વસામર્થ્ય મેળવીને શ્રી તીર્થંકર પરમાત્માની પરમતારક આજ્ઞા મુજબ રત્નત્રયીની આરાધના કરવી એજ સુખી થવાનો સરલ અને સચોટ ઉપાય છે. શ્રી તીર્થંકર પરમાત્માની આજ્ઞા મુજબ જીવન જીવવાની વ્યવસ્થા જ્યારે પણ જગતમાં અસ્તિત્વ નહિ ધરાવે ત્યારે તો તીર્થનો વિચ્છેદ થશે. સવાલ એટલો જ છે કે શ્રી તીર્થંકર પરમાત્માની પરમતારક આજ્ઞા મુજબ જીવન જીવવાની વ્યવસ્થા એટલે શુ ? અમર્યાદ હિંસાનો ભય બતાવી અનિવાર્ય હિંસાના ઉપાસક બનાવવા ?

બારવ્રતધારી શ્રાવકો માટે ન્યાયોપાર્જિત વિત્ત મળવાના તમામ દરવાજા બંધ થતા જતા હોય તો ખૂબ જ અલ્પ જરૂરિયાતવાળા બની જવું જોઇએ, જેથી અન્યાય કરવો ન પડે અને નિર્વાહ ચાલ્યા કરે. ભક્ષ્યાભક્ષ્યની સુવ્યવસ્થા નાશ પામતી જતી હોય ત્યારે પણ ખૂબ જ સંતોષી બની જેમ બને તેમ ઓછા દ્રવ્યથી નિર્વાહ કરતાં શીખી લેવું જોઇએ. શ્રાદ્ધવિધિ વગેરે ગ્રંથોમાં ચીંધેલા માર્ગ મુજબ જીવન જીવવાની તમામ સગવડો નાશ પામતી જતી હોય તો કાલાનુરૂપ નિર્દોષ જીવન જીવવાનો અભ્યાસ પાડવો જોઇએ. પણ એ માટે કૃષિ વગેરેના આરંભસમારંભમાં પડવાની જરૂર નથી. શ્રાદ્ધવિધિ વગેરે ગ્રંથો દ્વારા બતાવેલી વ્યવસ્થાના નામે કે તેનાં અંગોના નામે કૃષિ વગેરે કે ગોકુલ વગેરેનો ઉપદેશ સાવદ્ય જ ગણાય, એ નિરવદ્ય નથી. દેવદ્રવ્યાદિની રક્ષા વગેરે કરવાનું માર્ગદર્શન આપવાનું શાસ્ત્રમાં જણાવાયું છે, માટે તેનો ઉપદેશ આપવાનું સાવદ્ય નથી. દેવદ્રવ્યાદિની રક્ષા, છતે સામર્થ્યે ન કરે તો દર્શનાચારનો અતિચાર ગણાય છે. જ્યારે કૃષિ વગેરે આરંભસમારંભને તો પાપનાં સ્થાન ગણ્યાં છે.

પુણ્યપ્રકાશના સ્તવનમાં કૂવા–તલાવ ખોદ્યાં હોય અને ખેતી વગેરે કરી હોય તો તે અંગે આલોચના કરાવાતી નથી. હિંસાના તાંડવને નિયંત્રણમાં રાખવા માટે શ્રાવકની 'જીવનવ્યવસ્થા' નથી ગોઠવાઇ પરંતુ સર્વવિરતિને આરાધવાની શક્તિના અભાવે એ જીવનવ્યવસ્થામાં શ્રાવક ગોઠવાયા છે.

જૈન મુનિઓને સાવદ્યયોગની નિવૃત્તિ છે. નિરવદ્ય પણ ભગવાનની આજ્ઞા મુજબ જ વિહિત છે. શ્રી વીતરાગ પરમાત્માની પરમતારક આજ્ઞા મુજબનું નદી ઊતરવા વગેરેનું દેખીતું સાવદ્ય પણ નિરવદ્ય છે. અને તેઓશ્રીની પરમતારક આજ્ઞાથી નિરપેક્ષ એવાં નિર્દોષ ભિક્ષાચર્યા સ્વાધ્યાય વિહાર વગેરે પણ સાવદ્ય છે. શ્રી વીતરાગ પરમાત્માની આજ્ઞા મુજબ જે છે તે બધું જ નિરવદ્ય છે અને તેવા પ્રકારની આજ્ઞા મુજબ જે નથી તે બધું જ સાવદ્ય છે. અનુબંધ-અહિંસામાં પરિણામ પામનારી ઠોઠપણ પ્રવૃત્તિ કારણ સ્વરૂપે વ્યવહારથી નિરવદ્ય છે. તે માટે કરાતો ઉપદેશ સાવદ્ય નથી, નિરવદ્ય જ છે, પરંતુ અનુબંધ અહિંસામાં પરિણામ પામનારી પ્રવૃત્તિ શ્રી વીતરાગ પરમાત્માની પરમતારક આજ્ઞા મુજબની હોય કે આજ્ઞાથી રહિત હોય ?

અષ્ટપ્રકારી પૂજા અને ચોખ્ખાં ઘી–દૂધ અનાજ માટે ગોકુલ કૃષિ વિગેરે–એ બંનેને નિરવદ્યસ્વરૂપે એકસરખા જોનારાને શાસ્ત્રમર્યાદાનો સહેજ પણ ખ્યાલ હોય એવું લાગતું નથી. એટલે જ તેઓ જણાવે છે કે–'શ્રી ઋષભદેવ પ્રભુએ રચેલી વ્યવસ્થા જગતમાં અસ્તિત્વ ધરાવે છે તો જ જગતમાં હિંસા–અહિંસાનાં દ્વન્દ્વો સંભવી શકે છે. આ વ્યવસ્થાના નાશ પછી જગતમાં માત્ર હિંસાનું જ અસ્તિત્વ રહેશે. હિંસા-અહિંસાનો અભેદ થઇ જશે.' આ અંગે જણાવવાનું કે અનાદિકાલથી એ વ્યવસ્થા આ જગતમાં (મહાવિદેહમાં) ચાલુ જ છે. ભરતાદિક્ષેત્રમાં પણ અમુક આરામાં એ વ્યવસ્થા હતી અને રહેશે. અને આમ છતાંય તે તે કાલમાં અને તે તે ક્ષેત્રમાં તીવ્ર આરાધક અને તીવ્ર વિરાધક એમ બંને પ્રકારના જીવો હતા, છે અને રહેશે. મહત્ત્વ, વ્યવસ્થા કરતાં, તે તે જીવની પરિણતિનું છે.

શ્રી ઋષભદેવ ભગવાને ગૃહસ્થપણામાં બતાવેલી એ વ્યવસ્થા પછી લગભગ ત્યાશી લાખ પૂર્વ વર્ષ બાદ પરમતારક શ્રી તીર્થની સ્થાપના થઇ. એ પરમતારક તીર્થના અને પોતાના આરાધક ભાવના પ્રભાવે આરાધકો પંચ મહાવ્રત, બાર વ્રતો અને શીલાદિ ધર્મનું પાલન કરી શકે છે. એના બદલે તે પાલન 'સુવ્યવસ્થાના પ્રભાવે' કરી શકે છે તેમ વર્ણવનારાનો જે ભાવ છે તે આપણે સમજી શકીએ છીએ. શ્રી તીર્થવ્યવસ્થાની અપેક્ષાએ 'અનિવાર્યહિંસાથી જીવન જીવવાની વ્યવસ્થાને' પ્રાધાન્ય આપનારાને આપણે

કઠાચ સમજાવી નહિ શકીએ. શ્રી વીતરાગ પરમાત્મા પણ કેવલજ્ઞાનથી જોયેલું પરમ-તત્ત્વ અને તેનો માર્ગ બધા જીવોને સમજાવવા સમર્થ નથી. તે તે જીવોની અયોગ્યતાનું કોઇ ઔષધ હોતું નથી.

જે તારણતારણ તીર્થની અચિન્ત્ય કૃપાએ અનંતાનંત આત્માઓ પરમપદને પ્રાપ્ત કરી પરમાત્મા બન્યા છે અને બનવાના છે, તે પરમતારક તીર્થને કરોડો ખમા-સમણાં આપી કરોડો નમસ્કાર કરવાના બદલે 'શ્રી ઋષભદેવ ભગવાને સ્થાપન કરેલી શતશિલ્પાદિની વ્યવસ્થાને' નમસ્કાર કરવાનું જણાવનારાઓ તીર્થની ઘોર અવહેલના કરે છે—એમાં શંકા નથી. શ્રી ઋષભદેવ ભગવાને સ્થાપેલી સુવ્યવસ્થા પણ ખરી રીતે એ પરમતારક તીર્થના સેવકો માટે જ સુવ્યવસ્થા હતી અને છે. જેમનો ઉપર એની અંશતઃ પણ છાયા પડી ન હતી તેમના માટે એ સુવ્યવસ્થા માત્ર વ્યવસ્થારૂપ જ ગણાય. રાજા ઋષભ અને ભગવાન ઋષભનો ભેદ તો સંસ્કૃતિના આ રક્ષકોએ જ પાડેલો. (આજે તેઓ આ ભેદ પાડવાનો દોષ સુવિહિતો ઉપર નાખી રહ્યાં છે.) શ્રી તીર્થંકર પરમાત્માઓ જે વસ્તુ ગૃહસ્થપણામાં કરે તે બધું જ શ્રી તીર્થંકર થયા પછી કરે? એ અપેક્ષાએ રાજા ઋષભ અને ભગવાન ઋષભદેવનો ભેદ તો શાસ્ત્રસિદ્ધ છે. પોતાના પુત્રોને રાજ્ય આપ્યું, શિલ્પ અને કર્મ શિખવાડ્યું, કળાઓ અને ગણિતનો ઉપદેશ કર્યો, એ બધું દીક્ષા પછી ભગવાન કરે? આ જુદી જુદી મર્યાદાના કારણે પડેલો ભેદ શા માટે અળખામણો લાગે છે? દીક્ષા લીધા પછી પણ છદ્મસ્થ અને સર્વજ્ઞ આ પ્રમાણે ભેદ હોય કે નહિ? જુદી જુદી અવસ્થાને લક્ષમાં લઈને વર્ણવેલા તે તે ભેદોની વિવક્ષા કોઇ 'જવાબદારીથી છટકવા માટે' નથી. પરંતુ પોતાની સાધુજીવનની મર્યાદાને સ્પષ્ટ કરવા માટે છે. (મહારંભ, કર્માદાન, અનર્થદંડ, મિથ્યાત્વ વગેરે ઘોર પાપોને આર્ય-સંસ્કૃતિમાં ખપાવવા નીકળેલા વર્ત્તમાનના ઉપદેશકો આ ભેદને પોતાની સગવડ મુજબ લખતા અને ભૂંસતા હોય છે.)

જે પરમતારક તીર્થ ધર્મનો આધાર છે તે તીર્થની પ્રાણના ભોગે પણ આરાધના સાથે રક્ષા—પ્રભાવના કરવાના બદલે રાજ્યાદિ સુવ્યવસ્થાની રક્ષા ઉપર ભાર મૂકી તીર્થની આરાધનાદિની જવાબદારીમાંથી શા માટે છટકી જવાય છે? આમાં કઇ મર્યાદા સચવાય છે?

(ક્રમશઃ)

❋ પહેલીવાર જાણ્યું ❋

—પૂ. આ. દે. શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મહારાજ

આ વિશ્વની અંદર અનંત અનંતકાળથી શ્રી જૈન શાસન વિદ્યમાન છે. પરમ તારક તીર્થંકરદેવોએ સુદેવ સુગુરૂ સુધર્મ અને સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન–સમ્યગ્ચારિત્રના સહારે પોતાના આત્મા ઉપર લાગેલા કર્મોને દૂર કરતાં કરતાં આત્માની એવી પરમ અને ચરમ સ્થિતિને પામ્યા કે તેથી તોલે કોઇ આવી શકે જ નહિ. તે તારક તીર્થંકર દેવો દ્વારા સ્થાપિત શ્રી જૈન શાસન તેના વ્યવ્હાર અને નિશ્ચય માર્ગો એટલાં બધાં સુવ્યવસ્થિત છે કે જૈને ખોટા કે ગલત કદી કોઇ સાબિત કરી શકે નહિ. આ શાસનના સહારે ભવ્યાત્માઓ આરાધના કરતાં કરતાં સિદ્ધિપદને પામ્યા છે. પામી રહ્યા છે અને પામશે.

સમરે સમયે આ શાસનની અંદર વિરલવિભૂતિઓ મહાન પુરૂષો/પ્રભાવક પુરૂષો થયા છે જેના દ્વારા શ્રી જિન શાસન ભયંકર આંતર બાહ્ય મુંઝવણો સામે અડગ/અડોલ અને જયવંત રહ્યું છે.

શ્રી જૈન શાસન સ્વયં પોતાના બળે જ જગતમાં સુરક્ષિત છે. પરંતુ મહાન-પુરૂષોની પ્રતિભા–પુણ્યાઇ-દૃષ્ટિકોણ જોખું અનોખું હોય છે. તેઓની સમજ શક્તિ એવી વિકસી ગઇ હોય છે કે ભલભલાને વિચારતા કરી મુકે ઘણાને થાય કે નાની નાની વસ્તુમાં મહાનપુરૂષોએ માથું ન મારવું જોઇએ. પરંતુ નાની પણ મોટી વાત સર્વત્ર ઘુસી જાય તો સત્ય વાત સમજવાનું પણ કઠિન બની જાય. જગતમાં સત્ય વાતો જિવંત રાખવાનું સદ્ભાગ્ય સત્ત્વશાળી બુદ્ધિમાન માનવીઓને ફાળે જાય છે.

પ્રભુ શાસનમાં થઇ ગયેલા અજોડ શાસન પ્રભાવક–અગણિત આત્માઓના ધર્મદાતા-મિથ્યાત્વના મૂળને દૂર કરી સમ્યગ્દર્શનના બીજને આરોપિત કરનારી શ્રી જિનવાણીના સચોટ પ્રચારક–પ્રસારક–પ્રવાહક પ. પૂ. આ. દેવ શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના કેટલાંક જીવન પ્રસંગો હૃદયમાં સચવાયેલા તે અહીં આલેખન કર્યા છે.

પ. પૂ. સ્વ. દાનસૂરીશ્વરજી મહારાજાના મુખે આ પ્રસંગ પરંપરાએ સાંભળેલો તે લખું છું

પ્રસંગ બહું નાનો છે. પણ તેમાં માર્મિક રહસ્ય ભરેલું છે. એક વખત એક ગામમાં અમે ચોમાસુ હતા. ગુરૂમ. સા. માંદા પડયા. ગામ બહુ જ મધ્યમ હતું હતું. વૈદ્યે ગુરૂમહારાજની સુંદર વૈયાવચ્ચ કરી સારૂં કરી દીધું. વૈદ્યને રૂપિયા બસો ચૂકવવાના હતા. વૈદ્યને કીધું આ ગામ મધ્યમ છે એટલે અહીં કોઇને આ અંગે

કહેવા જેવું નથી. કોઇ ભગત આવશે તો વાત કરીશું. હવે આ ભગવંત રામચન્દ્ર-સૂરીશ્વરજી મહારાજ (તે વખતે મુનિ રામવિજય) વિહાર કરી રાધનપુર આવ્યા. મુનિ રામવિજયનો આ શરૂઆતનો પિરિયડ હતો. આચાર્ય ભગવંત શ્રી કાનસૂરીશ્વરજી મહારાજે મુનિ રામવિજયને કહ્યું કોઇ ભગત આવે તો ધ્યાન રાખજો રૂા. બસો કવાના ચૂકવવાના છે. રાધનપુરનો એક કોડપતિ માણસ પૂજ્ય મહારાજશ્રીને રોજ કામ પૂછતો હતો. પૂજ્ય ગુરૂ ભગવંત મારા લાયક કોઇ કામ સેવા હોય તો જરૂર કહેજો. પૂજ્ય મુનિરાજ શ્રી રામવિજય મહારાજે તે કોડપતિને કહ્યું ભાઇ વૈદ્યને કવાના રૂા. ૨૦૦૧ મોકલવાના છે. આ કરોડપતિએ કહ્યું સાહેબ અડધા હું મોકલીશ. અડધાનો બીજાને લાભ આપજો. મુનિ રામવિજય મહારાજે કરોડપતિને કહ્યું ભાઇ ચિઠ્ઠી મુઠ્ઠી દે પછી વાત. ત્યારબાદ એક મધ્યમ વર્ગનો આરાધક ત્યાં ખુણામાં ઉભો હતો. તે પૂજ્ય મુનિ-રાજ શ્રી રામવિજય મહારાજ પાસે આવ્યો અને કહે ગુરુભગવંત આવો મહાન લાભ પુરેપુરો મને આપો તો સારું. પૂજ્ય મુનિરાજ શ્રી રામવિજય મહારાજે કહ્યું ખુશીથી તમે આ લાભ લઇ શકો છો. ત્યારથી મુનિ રામવિજય મહારાજે નક્કી કર્યું કે વાણિયાને કોઇ કામ કહેવું નહિ.

તેઓશ્રીની દેશના પદ્ધત્તિ એવી હતી કે ગમે તેવો શ્રીમંત હોય યોગ્યતા હોય અને એક પ્રવચન બરાબર સાંભળી લે તો તેને થઇ જાય આ બરોબર શ્રીમંતાઇ નથી પણ ખોટી મજૂરી છે. વીતરાગ ધર્મની આરાધના એજ સાચી છે ધર્મ માર્ગે જે સદ્વ્યય થયો તે જ સાચો છે. ધન વાપરીને પણ નામના–કામનાની ઇચ્છા ન રાખવી જોઇએ. શક્તિ સંપન્ને તો શાસનના કાર્યો સ્વદ્રવ્યથી ઉલ્લાસપૂર્વક કરવા જોઇએ. તેઓશ્રીના જીવન કાળ દરમ્યાન અઢળક ધન શ્રી જિન શાસનની આરાધના–પ્રભાવના–રક્ષા માર્ગે સદ્વ્યય થયો પણ આ મહાપુરૂષે કદી કોઇને કહ્યું નથી કે તમે આટલા વાપરો. તેઓશ્રીના પ્રવચનો જૈન અજૈન બધાને ઉપકારી થયા હતા. એટલું જ નહિ પણ તેઓશ્રીના પ્રવચનોની અસર શ્રોતાના જીવનમાં જીવનભર જળવાઇ રહેતી હતી. તેમના પ્રવચનોને સાંભળનાર કોઇ જુદા જ તરી આવતા જોવા મળે છે.

એક ભાઇએ વાત કરી કે ભગવાન અને ધર્મને પાછળ કરી સ્વયં પોતાનું નામ આગળ કરવા એક આચાર્ય ભગવંત ખુબ જ પાવરધા હતા પ્રવચન બહુ સારા કરે બધાં સાંભળવા જાય. મને બહુ રસ પડે નહિ તેમ છતાંય વ્યવહાર ખરાબ ન લાગે– એટલે હું વિનંતી કરવા ગયો. આ. મહારાજ ગોચરી માટે કોઇને મારે

ત્યાં મોકલો. બા. મહારાજે કહ્યું તમે ટિફીન અહીં મોકલી દો જે ખપ હશે તે લાભ આપી કહીશું. આ ભાઇએ કહ્યું આચાર્ય મહારાજ આપની પાસે જુવાન જોધ સાધુઓ છે તેમને મોકલો. તો આચાર્ય મહારાજે કહ્યું નહિ આવી શકે. તો આ ભાઇએ કહ્યું મારે ભક્તિ નથી કરવી મારા ગુરૂના મેં પ્રવચનો સાંભળ્યા છે. કોઇ એવું કારણ હોય તો મારે અહીં લાવીને ભક્તિ કરવી જોઇએ. પણ મને અહીં એવું કાંઇ દેખાતું નથી. મારાથી ટિફીન લાવવાનું નહિ બની શકે.

બીજો એક પ્રસંગ છે. મુનિ ચિત્રભાનુ મુંબઇમાં હજારોની સભાઓ ગજવતા હતા. પાયોહરે સાધુવેશ છોડી ગૃહસ્થ બની ગયા. પ્રવચનો કરવા કરતાં ટોળા ઉમટતા અમેરિકા ગયા. ત્યાંના જૈનોને તો થયું આવું સાંભળવા ક્યાં મળે ? ઘણાં બધાં સાંભળવા જતા. અમદાવાદના એક શ્રાવક અમેરિકા ગયેલા અને ત્યાં ચિત્રભાનુનાં પ્રવચનો ગોઠવાયા હતા. આ શ્રાવક ત્યાં ગયા. પ્રવચનની શરૂઆતમાં એક ગૃહસ્થભાઇ ઉભા થઇ બોલ્યા. હવે આપણી સમક્ષ જબરજસ્ત પ્રવચનકાર–શાસ્ત્રના જ્ઞાતા વિદ્વાન મુનિ ચિત્રભાનુ પ્રવચન કરશે. આ ભાઇએ બોલવાનું બંધ કર્યું ત્યાં આ અમદાવાદના શ્રાવકે ઉભા થઇ કહ્યું મને બે મિનિટ બોલવાની રજા મળે તો સારૂં વ્યવસ્થાપકે કહ્યું ખુસીથી બોલી શકો છો.

આ ભાઇએ કહ્યું જગતની અંદર જૈન શાસન અને તેના અનુયાયી જૈનો એ જગતનું સાચું અજવેરાત છે. શ્રી જિન શાસન તેના સુદેવ સુધર્મ એ જગતની અંદર વિશિષ્ટ પ્રકારના છે. સાચો જૈન સાચો શ્રાવક કે સાચી શ્રાવિકા જિનવાણીથી વિરૂદ્ધ કોઇ વાત ચાલતી હોય ત્યારે શક્તિ હોય સમજ હોય તો મૌન બેસી ન રહે. શક્તિ હોય તો તંદુરસ્ત વિરોધ કરે. અને એવું લાગે કે અહીં બોલવામાં સાર નથી તો તે સભા છોડીને ચાલી જાય.

અહીં હું એક વાતનો ખુલાસો કરવા માંગુ છું કે આ સભાની શરુઆતમાં ભાઇશ્રી બોલ્યા કે મુનિ ચિત્રભાનુ પ્રવચન કરશે તેની સામે મારો વિરોધ છે. જે જૈન મુનિ હોય તે પ્લેઇન–ટ્રેઇન કે વાહનમાં મુસાફરી કરે નહિ. મુનિને તેની પત્ની કે છોકરા છોકરી હોય નહિ. મુનિ તેને કહેવાય માતા પિતા ભાઇ–બહેન જગતના સર્વ સંબંધોનો ત્યાગ કરી ૨૪ કલાક જિનાજ્ઞાનું ગુરૂ નિશ્રાએ પાલન કરે. બીજું બધું ઘણું જૈન મુનિ ભગવંતને પાલન કરવાનું હોય છે. સાચા જૈન મુનિ માઇકમાં કદી બોલે નહિ.

મુનિ ચિત્રભાનુ પહેલા હતા. તેમને મુનિપણું છોડી દીધુ છે. હવે તેઓએ લગ્ન કર્યા છે. પત્ની છે. બાળકો છે. પ્લેઇનમાં ઉડે છે. માઇકમાં બોલે છે. તેમને મુનિ કહી શકાય નહિ.

એક જૈન શ્રાવક તરિકે મેં મારી ફરજ બજાવી છે.

આ ભાઇ બોલીને બેસી ગયા એટલે ચિત્રભાનુએ ખુલાસો કર્યો ભાઇની વાત તદ્દન સાચી છે.

ટાયરમાંથી હવા નીકળી જાય અને ગાય અટકી જાય. તેમ અહીં શ્રોતાજનોને થયું આ ભાઇએ આવું સુંદર સમજાવ્યું તે સારું થયું. નહિ તો અંધ વિશ્વાસમાં આપણે ખોટી સમજ પ્રાપ્ત કરી આપણા પરિવારમાં પણ ખોટી સમજ ફેલાવવાનું પાપ કરત ટુંકમાં પૂજ્ય આચાર્ય ભગવંતના પ્રવચનો સાંભળી તૈયાર થનાર આરાધકને શાસન-વિરૂદ્ધ શાસ્ત્રવિરૂદ્ધ સાંભળવાનું ઋચતું ન હતું.

અમદાવાદની અંદર સુધારકવાદીઓ ભેગા થઇ વિધવા વિવાહ થવા જોઇએ તેવો ઠરાવ કરવા ભેગા થયા હતા. તે વખતે પૂ. આ. દે. શ્રી રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના પરમ ભકત શ્રી ચિમનભાઇ કડિયા ત્યાં પહોંચી ગયા હતા, અને સાથે એક મિત્રને પણ લઇ ગયા હતા. એક ભાઇ ઉભા થઇ બોલ્યા આજની સભાનું પ્રમુખ સ્થાન હું ચિમનભાઇ કડિયાને આપું છું. બીજા ભાઇ ઉભા થઇ બોલ્યા. આજની સભાનું પ્રમુખ સ્થાન હું મોતીલાલ ગિરધરલાલ ઝાવડીયા સુધારકને આપું છું. મિટીંગમાં હો હા ધાંધલ ધમાલ મચી ગઇ. ત્યાં કોઇ બોલ્યો. આ બધું આચાર્ય રામચન્દ્રસૂરિના ભકતોનું તોફાન લાગે છે. ત્યાં વળી કોઇક બોલ્યો. ભલા માણસ ઢિકરી વિધવા બને છે તે તેનો પાપોદય છે તો વળી તમે તેને બીજા પાપમાં કયાં નાખો છો. સભા બરખાસ્ત થઇ એટલે ચિમનભાઇ કડીયાએ બધા સુધારકોને કહ્યું ચાલો મારે ઘેર ભક્તિનો લાભ આપો. જમવા પધાર્યા. થાળીઓમાં એક એકથી ચઢિયાતી વસ્તુઓ બનાવીને પિરસી હતી. તેમા એક ચપ્પુ પણ થાળીમાં મુકયું હતું. કોઇએ પૂછ્યું આ થાળીમાં ચપ્પુ કેમ મૂકયું છે ? તો ધર્મની અનોખી ખુમારી ધરાવતા શ્રી ચિમનલાલ કડિયાએ કીધું વિધવા વિવાહના ઠરાવો કરવા નીકળ્યા છો તો આ ચપ્પું લઇ તમારું પેટ ફાડી નાખો અમદાવાદમાં આવા ઠરાવો નહિ થઇ શકે.

બધા સમજીને વિદાય થઇ ગયા અને કહ્યું–સારું થયું તમે અમને મહાપાપથી બચાવ્યા છે. શાસનના સાચા સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકાને લોકહેરી કે લોકો શું કહે છે તેમાં જરાય રસ હોતો નથી. લોકોત્તર શ્રી જિનશાસન તેના લોકોત્તર આગમો

શું કહે છે તેમાં જ રસ હોય છે. બહુમતી, લઘુમતી, સર્વાનુમતિમાં સાચો આરાધકને ફાવતું નથી. શાસ્ત્રમતિ જ પ્રમાણ માને છે.

એક વાર કોઇ છાપાનો પત્રકાર આવ્યો અને કહે છે અમારી છાપાની નકલો ખુબ પ્રગટ થાય છે ઢેર ઢેર જાય છે. જો તમે મને એક પાનાના આટલાં રૂપિયા આપો તો આખું પાનું ભરી તમારા સમાચારો રોજ છાપું. આ મહાપુરૂષે કહ્યું-સાધુ પ્રચારક ન હોય પ્રભાવક હોય. સિંહ કદી ઘાસ ખાતો નથી. પત્રકાર કહે છે અમને બધાં સામેથી બોલાવે છે અમે તમારી પાસે આવ્યા અને તમે ઠંડા પાડી દીધા. પૂ. આ. ભગવંતે કહ્યું-અમારૂં સાધુ-જીવન જેટલું સુંદર પાળીએ એમાં સૌનું કલ્યાણ છે. પત્રકાર કહે મારે દીક્ષા લેવી હોય તો મળે ? પહેલાં યોગ્યતા પેદા કરો-અમને એવું લાગશે ત્યારે વિચારીશું ? ગમે તેવા પ્રલોભનો આ મહાપુરૂષને જરાય ચલાયમાન કરી શકતા ન હતા.

એક વખત તેઓશ્રીનું ભવ્ય સામૈયું થયું. સામૈયું પૂર્ણ થયા બાદ એક ભાઇએ પૂછયું-આટલા બધાં માન-સન્માન તમને મળે છે તો તમને મનમાં એવો વિચાર ક્યારેક આવે છે કે આપણો આ કેવો વટ પડે છે ? હું એટલા માટે પુછું છું કે અમને કોઈ ન બોલાવે તો દુઃખી દુઃખી થઇ જઇએ છીએ, અમને માન તો મળતું નથી પણ અપમાન કરે તો ધુંઆ પુંવા થઇ જઇએ છીએ. આપને સામેથી રોજ આટલાં બધાં માન સન્માન મળે છે આપને કાંઇ થાય છે કે નહિ ? આ મહાપુરૂષે ખુલાસો કર્યો-કોઇક વાર મનમાં ગલગલીયાં થઇ જાય છે પણ ન થવા જોઇએ મનને સમજાવું છું. કેવી બાળક જેવી સરળતા વસી હશે ?

ધીરજલાલ ટોકરશી પંડિત હતા. શતાવધાની હતા. સુધારકોના પક્ષકાર હતા. ધીરજલાલ પંડિત પ. પૂ. સ્વ. આ. દેવ શ્રી પ્રેમસૂરીશ્વરજી મ. સા. પાસે આવ્યા. અને કહે છે કે પદ્મમાવતી મને પ્રગટ છે. હું તિથિ ચર્ચાનું સમાધાન કરી આપું તે સાધના કરવા માટે રૂા. ૨૦૦૦૦ વીસ હજાર જોઇએ. આ. ભગવંત શ્રી પ્રેમસૂરીશ્વરજી મ. સા. બહુ સરળ હતા. આ. ભગવંત પ્રેમસૂરીશ્વરજી મહારાજે પૂ. આ. દેવ શ્રી યશોદેવસૂરિને વાત કરી કે શું કરવું છે ? પૂ. આ. દેવ શ્રી યશોદેવસૂરીશ્વરજી મહારાજે કહ્યું રૂા. વીસ હજાર નહિ પણ રૂા. એક લાખ આપવાના પણ સમાધાન થયા પછી. મારા ગુરૂ આવી જુઠી પદ્મમાવતીઓને પગ નીચે ઘસડે છે એમ કરીને પગ લાંબો કરી બતાવ્યો. ખોટી વાતમાં મન્તુ મારવા સાચી પદ્માવતી કદી આવે નહિ. ભગવાનનું શાસ્ત્ર જેને માનવું હોય તેનું સમાધાન ભગવાન કરીને ગયા છે. શાસ્ત્ર નથી માનવું તેને ચંદર વલાય નહિ. પછી તે પંડિત ફરી ફરક્યા ન હતા.

મહારાષ્ટ્રમાં મુરબાડ ગામ છે. ત્યાં પૂ. આ. ભગવંત રામચંદ્ર સૂ. મ. સા. પધાર્યા. તે એવો સમય હતો પૂ. આ. ભગવંત માટે છાપાઓમાં જેમ ફાવે તેમ ઘણું લખાતું હતું, આ ગામની અંદર મંગળદાસ નામે એક અગ્રણી ભાઇ હતો. આ મંગળદાસને કોઇએ એવું કીધું કે–આ. રામચંદ્ર સૂ. મ. ત્રણ ટાઇમ મેવા–મિઠાઇને ભજીયા ઝાપટે છે. એટલે આ મંગળદાસ ઉપાશ્રયમાં અવારનવાર છાના છૂપા આવતા અને પૂ. આ. ભગવંત રામચંદ્ર સૂ, મ. સા. શું કરે છે તેનું બારીકાઇથી નિરીક્ષણ કરતાં. જ્યારે જ્યારે તે આવે ત્યારે ક્યાં તો આ. ભગવંત શિષ્યોને ભણાવતા હોય, પોતે પ્રત લઇને વાંચતા હોય, જાપ કરતા હોય, આરાધનામાં મસ્ત હોય. આ ગામનો આગેવાન ધર્મ પામી ગયો. તેના પગલે પગલે આખું ગામ ધર્મ પામી ગયું. આજે પણ મુરબાડ પૂ. આ. ભગવંતની માન્યતા ધરાવતું ક્ષેત્ર છે.

એકવાર પૂ. આ. ભગવંત પ્રવચનમાં ભગવાનના ૩૪ અતિશયો ઉપર સુંદર વિવેચન પૂર્વક સમજાવી રહ્યાં હતા ત્યારે કોઈ શ્રોતાએ પ્રશ્ન કર્યો. ગુરૂ ભગવંત અતિશય કોણે કહેવાય ? પ્રખર શાસ્ત્રના જ્ઞાતા, સચોટ સમાધાન આપવાની આગવી વિશિષ્ટતા ધરાવતા આ મહાપુરૂષે કહ્યું–તારા ને મારા માથામાં ન બેસે, બુદ્ધિમાં ન બેસે તેનું નામ અતિશય. જ્યારે જ્યારે પણ પૂ.શ્રી પ્રવચનમાં પ્રશ્નોના ઉત્તર આપતાં ત્યારે શ્રોતાઓને અંતરમાં થતું કે કેવા સુંદર હૃદયમાં બેસી જાય તેવા જવાબો આપે છે.

પાલીતાણા સિદ્ધક્ષેત્રમાં પૂ. આ. દેવ શ્રી રામચંદ્ર સૂ. મ. બિરાજમાન હતા. તેઓશ્રી સિદ્ધગિરિની ૯૯ યાત્રા એકાસણાથી કરી રહ્યાં હતા. તે વખતે પ. પૂ. આ. દેવ શ્રી મુક્તિચંદ્ર સૂ. મ. સા. ત્યાં હતા. તેઓને નવકારશી જ કરવી પડતી. પરંતુ પૂ. આ. દેવ શ્રી રામચંદ્ર સૂ. મ. સુંદર વાત્સલ્ય અને હિંમત આપ્યા. જેના બળે પૂ. આ. દેવ શ્રી મુક્તિચંદ્ર સૂ. મ. નવાણું યાત્રા એકાસણાથી ઉલ્લાસ અને ઉત્સાહપૂર્વક કરી શક્યા હતા.

એકવાર બાપુનગર પ્રતિષ્ઠા પ્રસંગે પધાર્યા હતા. ત્યારબાદ એક ભાઇએ વિનંતી કરી–પૂ. ગુરૂદેવ અમારા ઘરની બાજુમાં દેરાસરજી છે પધારો. વિનંતી સ્વીકારી દર્શન કરવા ગયા. દર્શન કરી બહાર આવ્યા પછી પેલા ભાઇએ કીધું મારા ભાઇએ દીક્ષા લીધી છે મારા ઘરે પગલાં કરો. ઘરે પગલાં કર્યા પછી પેલા ભાઇ બોલ્યા બહુ આનંદ થયો. પૂ. આ. ભગવંતે સિધો જ પ્રશ્ન કર્યો શું ધર્મ કરે છે ? પેલા ભાઇ મૌન થઇ ગયા. ધર્મ ગુરૂને ઘરે પધરાવવા છે ધર્મ કરવો નથી તમારે અમારૂં શું કામ છે ? પેલા ભાઇની આંખમાંથી ઝરઝરિયા નીકળી ગયા.

એક વખત મણિનગર સંઘે પૂ. આ. ભગવંતને વિનંતી કરી બે દિવસ પધારવા કહ્યું. બેન્ડવાળાની થોડીવાર હતી એટલે એક જૈન ભાઇએ કીધું પૂ.શ્રી મારા ઘરે થોડી સ્થિરતા કરો. પૂ.શ્રી ત્યાં ગયા. પેલા ભાઇ બોલ્યા આજે બહુ લાભ મળ્યો ? પૂ. આ. ભગવંતે કહ્યું-લાભ લેવાની બહુ વાર છે. 'મફતીયા ચંદન ઘસ ભાઇ લાલીઆ' એમ લાભ ન લેવાય. આ તો અમારે આવવું પડયું માટે આવ્યા છે.

એક વખત એક શ્રાવકે વ્યાખ્યાનમાં પ્રશ્ન કર્યો. સાહેબજી જિનપૂજા, જિનવાણી શ્રવણ, પ્રતિક્રમણ, સામાયિક, ગુરૂવંદન-તપસ્યા, સાધર્મિક ભક્તિ-ગુરૂભક્તિ બધું બહુ ગમે છે. પણ દીક્ષા લેવાનું મન થતું નથી. પૂ.શ્રીએ કહ્યું-તમારી તપસ્યામાં માલ નથી. પારણામાં ગોળ મોળું થાય તો થાળી પછાડો છો. પારણામાં તમે એવી રીતે વર્તો છો કે તમને તપ યાદ જ આવતો નથી. તમને તપમાં ખાવાનું યાદ આવે છે કે ખાતી વખતે તપ યાદ આવે છે. તમારી શ્રાવિકા આવીને કહી જાય છે તમારા ભગત ગુસ્સો કેવો કરે છે ? બોલો, આમાં શાસનનું ગુરૂનું ધર્મનું ગૌરવ વધે કે ઘટે ? હું કહું છું દીક્ષા જલદીમાં જલદી ઉદયમાં આવી શકે વાપરવાની ચીજોમાં મીઠું નાંખ્યા વગર વાપરવાનું રાખો. પેલો કહે સાહેબ આ તો થાય તેવું નથી. પૂ. આ. ભગવંતે કહ્યું-પ્રયત્ન કરતાં રહો. ધર્મ આપણે માની બેઠા છે તેવી સહેલી વસ્તુ નથી.

બિહારના તીર્થોની સ્પર્શના કરતાં કરતાં પાવાપુરી આવવાનું બન્યું. આ પાવાપુરીની અંદર સમવસરણ મંદિર બનેલું છે. આ મંદિર બનવામાં સદુપદેશ પૂ.શ્રીનો છે.

વિ. સં. ૨૦૧૦-૨૦૧૧ માં પૂ. આ. ભગવંત રામચંદ્ર સૂ. મ. એ ચાતુર્માસ પાવાપુરીમાં કરેલ. ચરમ તીર્થપતિ પ્રભુ મહાવીરદેવે જ્યાં અંતિમ દેશના આપી તે દેશના ભૂમિનાં ઉદ્ધાર માટે પૂ.શ્રીએ સદુપદેશ આપ્યો. ભારતભરના આરાધકો આરાધના કરવા પધાર્યા હતા. તે વખતના વહિવટદારે વાત કરી. ગુરૂભગવંત દેવદ્રવ્યની રકમ સાધારણમાં વપરાઇ ગઈ છે. પૂ.શ્રીએ કહ્યું-આ બહુ ખોટું થયું છે. આવેલ આરાધકોને વિગત સમજાવતા દેવદ્રવ્યની રકમ જે વપરાઇ હતી તે ભરપાઇ કરાવી દેવાઇ હતી

વ્યાખ્યાન વાચસ્પતિ, મહારાષ્ટ્ર દેશોદ્ધારક, તપાગચ્છીય શાસ્ત્ર-જીત વ્યવહાર શુદ્ધ સામાચારી સમુદ્ધારક આ. દેવ શ્રી રામચંદ્ર સૂ. મ.ના હાથે ખુબ જ ધામધુમ પૂર્વક સમવસરણ મંદિરમાં ૩ વૈ.ના ૪ જિનબિંબો ગાદી નસીન કરવામાં આવ્યા હતા. વિ. સં. ૨૪૮૩ વિક્રમ સંવત ૨૦૧૩ પોષ (મહા) વદી ૬.

આ સમવસરણ મંદિર ખુબ જ સુંદર બનેલું છે. એમ લાગે કે વીરપ્રભુ સાક્ષાત

બિરાજમાન થઇ દેશના આપી રહ્યા હોય. સમવસરણમાં સાધુ–સાધ્વી, ગણધરો–દેવો, પશુ–પક્ષી વિગેરે આરસમાં એવા સુંદર બતાવાયા છે કે જોયા જ કરવાનું મન થાય.

આ પ્રતિષ્ઠા પ્રસંગ જ્યારે ઉજવાયો ત્યારે સમગ્ર ગામનું જમણ થયેલ. આ પ્રસંગ અંગે પુરી ગામમાં રહેતા ઉપેન્દ્રભાઇ (એમ. એ. ઇકોનોમિક્સ વાળા)એ વાત કરી કે મેં તો પૂ. આ. દેવ શ્રી રામચંદ્ર સૂ. મ ને જોયા નથી. કારણ કે તેઓ જ્યારે પાવાપુરી પધાર્યા ત્યારે મારો જન્મ પણ થયો ન હતો. પરંતુ મારા પિતાજીએ મને કહ્યું કે–શ્વેતાંબર–મૂર્તિપૂજક તપાગચ્છની માન્યતાવાળા સુંદર પ્રવચનકાર પૂ. આ. દેવ શ્રી રામચંદ્ર સૂ. મ. સા. અહીં ચોમાસામાં પધાર્યા અને ભગવાનની પ્રતિષ્ઠા થઇ તે દરમ્યાન સમગ્ર ગામની પ્રજામાં પણ ધર્મ ભાવનાની ખુબ વૃધ્ધિ થઇ હતી. પ્રતિષ્ઠા પ્રસંગે સમગ્ર ગામના ભાઇ–બેનોને ત્રણે ટાઇમ જમવાનું નિમંત્રણ મળ્યું હતું. સામાન્ય રીતે બીજે જમવા જવામાં અમે માનતા ન હતા. પરંતુ આ પ્રસંગે બધા જ જમવા આવ્યા હતા. શ્રી સંઘે એવી જાહેરાત કરી હતી કે આખો દિવસ કોઇએ ઘરે ચૂલો સળગાવવાનો નથી. નાના મોટા સૌએ ભોજન માટે પધારવાનું છે. કોઇના ઘેર ચૂલો સળગ્યો ન હતો. જે વૃધ્ધો આવી શકે તેમ ન હતા તેઓએ ઉપવાસ કર્યો હતા પણ ચૂલો સળગાયો ન હતો. તે ભોજન આજે પણ બધા યાદ કરે છે.

આજે તો આ પાવાપુરીમાં વિરાટ ધર્મશાળા બની છે. સાત ક્ષેત્રની વ્યવસ્થા પહેલેથી જ એવી સુંદર કરી છે કે વાંધો ન આવે. વિશ્વભરના હજારો જૈનો આ તીર્થ ભૂમિના દર્શન–વંદન કરી પાવન બને છે.

બિહાર–બંગાળમાં તેઓ પ્રથમવાર આવ્યા હતા. કોઇનો પરિચય ન હતો. પરંતુ પુણ્ય પ્રભાવે અને પ્રવચનના પ્રભાવે તેઓનો ચુસ્ત વર્ગ તૈયાર થયો હતો.

શાસનરાગી આત્માઓએ આ તીર્થમાં આવી રહેવા જેવું છે. વધુ સુંદર વિકાસ થાય તે માટે તન–મન–ધન–સમય–શક્તિ–બુધ્ધિનો સદ્વ્યય કરવા જેવો છે.

પૂ.શ્રીના ઉપલબ્ધ પ્રકાશનો અહીં વ્યવસ્થિત રખાવી પ્રચાર કરવા જેવો છે. વિશ્વભરના જૈનો અહીં અવારનવાર આવે છે. આ મહાન પુરૂષને જેટલાં વધુ જાણે સમજે તેમાં શાસનનું અને તે આત્માઓનું પણ હિત થશે.

પૂ.શ્રીના પ્રવચનો હિન્દીમાં તૈયાર કરીને પણ અહીં રખાવવા જોઇએ, હિન્દી ભાષી જૈનો ઢેર ઢેર છે. એવા સરળ જૈનો હોય છે ઘણીવાર કહે છે અમને આવી કોઇ સમજ જ નથી મળી. વ્યવસ્થિત કામ થાય તો ખુબ લાભનું કારણ બને.

卐 કરમકી ગતિ ન્યારી 卐

—નીલીમા શાહ

કર્મની ગતિ વિચિત્ર છે. હાથીના ભવમાં સહનશક્તિ કેળવીને મેઘકુમાર બનાવનાર પણ કર્મ જ છે અને તંદુલિક મત્સ્યને વિણ આધે વિણ ભોગવે સાતમી નરકે લઈ જનાર પણ કર્મ જ છે. બલભદ્રમુનિ અને કઠિયારા સાથે 'કરણ-કરાવણ ને અનુમોદન સરખા ફલ નીપજાવે'ના ન્યાયે દાનની અનુમોદના કરનાર કરણને દેવલોક અપાવનાર પણ કર્મ જ છે અને ધર્મનાથ પ્રભુની પર્ષદામાંથી પહેલો મોક્ષે જવાની યોગ્યતાવાળો ઉંદર હોય કે પણ કર્મની જ બલિહારી છે. વીસમા તીર્થંકરે જેને પોતે પ્રતિબોધ્યો હોય એવો લઘુકર્મી ઘોડાનો જીવ હોય કે શ્રેણિકના ઘોડાના પગ નીચે કચડાઇને મરીને દેવલોકમાં ગયેલા દેડકાનો જીવ હોય-કરેકને તિર્યંચગતિ મળવા છતાં પરમાત્માનું શાસન જાણે-અજાણે મળી ગયું અને સુગતિની પરંપરાઓ સર્જાવી ગયું. પણ મનુષ્યભવ મળવા છતાં અચાનક તિર્યંચગતિ નામકર્મના ઉદયથી તિર્યંચ બની સોળ વર્ષ તિર્યંચગતિ ભોગવવી પડે એવી કર્મની વિચિત્રતાનું શું કહેવું !

આભા નગરીનો ચંદ્ર નામે રાજા એને ગુણાવલી નામે પત્ની સુખેથી દિવસ પસાર કરતા'તા. સાવકી માતા વીરમતીના હાથ નીચે એમનું વિશેષ કાંઈ નીપજતું નહીં. વિદ્યારાને વશ કરવામાં સફળ નીવડેલા વીરમતી મા=રોજ રાત્રે સખી સાથે દેશ-વિદેશ ફરતી. એકવાર ચંદ્ર રાજાને શક પડતો એ પણ માતાની પાછળ જાય છે. વીરમતિ વિદ્યાના બળે એક ઝાડ પર સખી સાથે બેસે છે ત્યારે ઝાડના પોલાણમાં ચંદ્રરાજા પણ બેસી જાય છે ને ઝાડ ઉપડે છે વિમળાપુરી નગરીની બહાર આવી થોભે છે. વિમળાપુરી નગરીના રાજાની પુત્રી પ્રેમલાલચ્છીના લગ્ન હોય છે.

માતા અને એની સખીઓ લગન મહાલવા નીકળી પડે છે. પણ આ બાજુ પ્રેમલાલચ્છી જેને પરણનાર હોય છે એ રાજકુંવર કોઢિયો હોય છે એમને દેવે વચન આપેલ હોય છે કે ભાડુતી વર એક દિવસ પૂરતો મળી જશે પછી રાજકુંવરીને લઇને તમે જતાં રહેજો. દેવે કહેલું. એ દિવસે નગરમાં પેસતાં જે પહેલું મળે એને આ ભાડુતી વર સમજજો. યોગાનુયોગ ચંદ્રરાજા માતાની પાછળ પાછળ છૂપાતા નગર પ્રદેશ કરતાં'તા એમને પકડીને તૈયાર કરી કોઢિયાની જગ્યાએ બેસાડી લગ્ન-મંડપમાં પ્રેમલાલચ્છી સાથે લગ્ન કરાવવા લઈ આવ્યા. વીરમતિની સખીને ચંદ્રરાજા જેવો આભાસ થયો છતાંયે એ અહીં ક્યાંથી હોય કહી સાવકી મા એ ગણકાર્યું નહીં. લગ્ન પત્યાં ને

પાછા બંને ઝાડ પાસે આવ્યા. ત્યારે ચંદ્રરાજા પણ લઘુશંકાનું બહાનું કાઢી ત્યાંથી સરકી ફરી ઝાડના પોલાણમાં બેસી રાજમહેલમાં આવી ચૂપકેથી સૂઇ ગયા.

ઉતાવળમાં તો વેશ બદલ્યો પણ મીંઢળ કાઢવાનું ભૂલી ગયાં. સવારે ઉઠતાંની સાથે પત્ની ગુણાવલીએ પતિની આંખમાં જોઇને હાથમાં મીંઢળ જોઇ સાસુને કહી દીધું. વીરમતીની શંકા પાક્કી થઇ ને તરત એને મારવા છાતી પર ચઢી બેસે છે. ગુણાવલીના કરગરવાથી એનો જાન ન લેતાં. દોરો બાંધી કુકડો બનાવી દે છે. ચોધાર આંસુએ રડતી ગુણાવલી સાસુની કુનીતિને જાણી ગયેલી પશ્ચાતાપ કરતી દિવસ પસાર કરે છે. એકવાર એક શિવકુમાર નટ ત્યાં ખેલ કરવા આવે છે તેની શિવમાળાને આ કુકડો ગમી જાય છે અને લઇ જવાની જીદ કરી સાથે લઇ જાય છે. ફરતાં ફરતાં નટ વિમળાપુરી આવે છે ત્યાં પણ પૂર્વના પ્રેમાનુબંધને કારણે પ્રેમલાલચ્છીને કુકડો ગમી જાય છે અને પોતે લઇ લે છે. પ્રેમલાલચ્છી પણ કોઢિયો એ મારો પતિ નથી એમ કહી પિયરમાં જ રહી હોય છે.

એક દિવસ કુકડાને લઇ સૂરજકુંડમાં નહાવા જાય છે. ત્યાં વરસોથી ખવાઇ ગયેલા દોરાને કુકડો પગેથી લાતો મારી કાઢી નાંખે છે ને તીર્થના પ્રભાવથી એ ચંદ્રરાજા તરીકે પ્રગટ થાય છે. પછી પ્રેમલાલચ્છીને બધી વિગત જણાવે છે, ગુણાવલીને કાગળ લખે છે–પછી આભાનગરી પર ચઢાઇ કરી જીતીને પોતે રાજા થાય છે.

પૂર્વભવમાં કોશી, નામના પક્ષીને પીંછા કાઢી મારી નાંખવાના કંટાલા પાપને કારણે અને પાછળથી થયેલા પસ્તાવાને કારણે રાજા બનવા છતાં સોળ વર્ષ કુકડો બની જીવવું પડયું અને એજ કોશી મરીને એની સાવકી માતા વીરમતિ થઇ જેણે એનો જાન લેવાનો પ્રયત્ન કર્યો.

દેવકાણવ તીર્થંકર ગણધર, હરિહર નરવર સબલા,
કર્મયોગે તે સુખદુઃખ પામ્યા, કર્મ હુઆ માઠા નીર્બલા રે...
પ્રાણી કર્મ સમો નહીં હોય ।
કીધા કર્મ વિના ભોગવીયાં છુટક બારી ન હોય રે,
પ્રાણી કર્મ સમો નહીં હોય ।

મનુષ્યભવમાં મનુષ્યઆયુષ્ય ભોગવતાં તિર્યંચગતિ ભોગવવી પડી એ પણ કર્મની જ બલિહારી છે, કીધું અણકીધું થતું નથી માટે કરતાં જ વિચાર કરવો !

નવસારી તપોવન-પ્રકરણ [૨]

(પાંચ મહિના પહેલાં તપોવનમાંથી શ્રી લલિતભાઇ ધામીની વિદાય અને પૂ. પં. શ્રી ચંદ્રશેખર વિ. મ. તપોવન ત્યાગનું પ્રકરણ થયેલ તે વાંચકોને આ અંકોમાં વાંચવા મળેલ છે.

હવે તપોવનના ટ્રસ્ટીઓને ત્યાગ કરવા માટે પૂ. પં. શ્રી ચંદ્રશેખર વિ. મ.ના અમુદ્દતના ઉપવાસ સાથેનું પ્રકરણ બીજું આ અંકમાં વાંચકોને વાંચવા વિચારવા આપીએ છીએ.)

નવસારી પાસેની તપોવન સંસ્કાર ધામના સંચાલન અંગેના વિવાદમાં ટ્રસ્ટીઓનાં રાજીનામાની માગણીસર ચંદ્રશેખર વિજયજીના આજથી ઉપવાસ

(અનિલ શાહ દ્વારા)

નવસારી તા. ૭ : નવસારી જિલ્લાના કબીરપોર ખાતે આવેલા "તપોવન સંસ્કાર ધામ"ને ફરી એકવાર તોફાનનું ગ્રહણ લાગ્યું છે. અને આ તપોવનના ટ્રસ્ટીઓના રાજીનામાની માંગણી સાથે આ સંસ્થાના સ્થાપક પન્યાસ શ્રી ચંદ્રશેખર વિજયજીએ આવતી કાલ બુધવારથી ઉપવાસ પર ઉતરવાની ઉચ્ચારેલી ચીમકીના પગલે સમગ્ર જૈન સમાજ સ્તબ્ધ બની ગયો છે.

બનાવની જાણવા મળેલી વિગત મુજબ આજથી થોડા સમય પહેલા નવસારીના તપોવન સંસ્કાર ધામમાં સર્વેસર્વા અને વિવાદાસ્પદ બનેલા લલીત (ધામી)ને ટ્રસ્ટીઓએ વિદાય આપી ત્યારે પન્યાસ ચંદ્રશેખર વિજયજીએ ભારે વિવાદમાં સપડાયા હતા અને તે સમયે સમગ્ર કિસ્સાની સારી એવી ચર્ચા જગાવી હતી, પરંતુ પાછળથી પન્યાસ ચંદ્રશેખર વિજયજીએ તપોવનમાં જો લલીતધામી ન હોય તો હું પણ નહીં અને તપોવનમાંથી પોતે નિવૃત્તિ જાહેર કરી આવો નિવૃત્તિ પત્ર પણ તપોવનના સંચાલકોને પઠવી દીધો હતો. અને ત્યારબાદ તપોવનનો વિવાદનો અંત આવ્યો હતો.

ત્યારબાદ આ તપોવનના સ્થાપકે ઉપવાસ પર ઉતરવાની જાહેરાત કરતાં નવો વિવાદ સર્જ્યો જે.

ચંદ્રશેખર વિજયજીના ભકતોએ આવેશમાં આવી અમદાવાદ અને સુરતમાં ટ્રસ્ટીઓના ઘર સામે કાર્યક્રમો યોજયા

તદઉપાંત આજે અમદાવાદથી મળતા અહેવાલ મુજબ, પન્યાસ ચંદ્રશેખર વિજયજીના ભકતોએ ભારે આવેશમાં જઇ તપોવનના ટ્રસ્ટી પાસે બળ જબરીથી

રાજીનામા મેળવવાની પ્રક્રિયા આદરી હતી હતી તે મુજબ ભરતભાઇ માણસાવાળાના ઘરે પૂજ્યશ્રીના હુકમનુ પાલન કરનારા ૭૦ જેટલા યુવાનો ગયા અને ભરતભાઇને જણાવ્યું કે, જો પૂજ્યશ્રીની તબિયત સારી નથી કાંઇ. થશે તો જવાબદારી તમારી રહેશે તેવી ભાષામાં વાત કરી ભરતભાઇએ પૂજ્યશ્રીના સ્વાસ્થ માટે સમાધાન કરી લખાણ લખી આપ્યું જો કે તેમણે તપોવનના રાજીનામાનો પત્ર હજી સુધી તપોવનને આપ્યો નથી તેવી જ હાલત આજ સંસ્થાના વયોવૃદ્ધ ટ્રસ્ટી હિંમતભાઈ બેડાવાળાની થઇ આમ હવે દબાણપૂર્વક રાજીનામા લેવાનો સીલસીલો ચાલુ થયો છે.

તો બીજી તરફ આજે સવારે ૯ વાગ્યાના સુમારે સુરતના કેટલાક યુવાનો નવસારીના હસમુખ રાયચંદ શાહના બંગલે પહોંચી ટ્રસ્ટી અશોકભાઇ પાસે રાજીનામાની માંગણી કરી પણ અશોકભાઈ હાજર ન હોય તેઓ થોડી રકઝક કરી બપોરના ૧૧ વાગ્યાના સુમારે અમદાવાદના ૨૫ જેટલા યુવાનો ભેગા થઈ આ તપોવનનું હાલ સંપૂર્ણ સંચાલન સંભાળતા મનુભાઇ ત્રિકમલાલ શાહને ત્યાં હલ્લો મચાવ્યો હતો અને તેમના ઘરે આ યુવાનો ઘસી ગયા હતા. પરંતુ મનુભાઇ ઘરે ન હોય યુવાનો રાજીનામાનો સંકલ્પ લઇને આવ્યાં હોય તેઓ તેમના નિવાસ્થાનની નીચે રામધુન લગાવી બેઠા હતા. જો કે, આ લખાય છે ત્યાં સુધી આ યુવાનો ત્યાં જ બેઠા છે અને મનુભાઇ નવસારીમાં હોવા છતાં તેમના ઘરે તેઓ જઇ શકતા નહતા. તેમના ઘરે ધમકીના સતત ફોન મળી રહ્યા છે તો સોના ચાંદીના મોટા વેપારી મગનલાલ કિરીટ ચોકસી નામનાં યુવાને જણાવ્યું હતું કે, મનુભાઇને કહો રાજીનામું આપે અને નહીતર આવતી કાલથી જ પૂજ્યશ્રી ઉપવાસ પર ઉતરશે અને પૂજ્યશ્રી (બિમાર) હોય એક દિવસ પણ ઉપવાસ કર્યો નથી અને તેમને કોઇપણ થશે તો જવાબદારી તમારી રહેશે તેવી વાત કરી હોવાનું જાણવા મળ્યું છે.

આ વિવાદથી જૈન સમાજ ભારે વિસામણમાં મૂકાઇ ગયે છે. એક તરફ ટ્રસ્ટીઓ છે તો બીજી તરફ જૈન સંત ચંદ્રશેખર વિજયજી છે. આવા સંજોગમાં જૈન સમાજ ચૂપ રહેવાનું વધારે પસંદ કરી રહ્યા છે. તો બીજી તરફ કેટલાક આગેવાનોએ જણાવ્યું હતું કે, જૈન સાધુ અપરિગ્રહી હોય તે કોઇ સંસ્થાના માલિક બની શકતા નથી ત્યારે ચંદ્રશેખરવિજયજીએ તપોવનમાં પોતાનો માલિકી હકક પ્રસ્થાપિત કરવા ઉપવાસનું શસ્ત્ર ઉગામતા ટ્રસ્ટીઓ તેમના આ માલિકી હકકને સ્વીકારવા તૈયાર નથી અને તેઓ રાજીનામા આપવા તૈયાર નથી જો કે આજે મુંબઇના અન્ય ટ્રસ્કીઓ સંપર્ક કરી શકાયો નથી. જ્યારે અન્ય એક ટ્રસ્ટી હાલમાં પાલીતાણા છે. આ વિવાદ

વધુ ઘેરો બનશે તેમ જણાઇ રહ્યું છે. જૈન સમાજમાં કોઈ ભારે ચહલ-પહલ મચે અને અપ્રિય ઘટનાં આકાર લે તે પહેલા આગેવાનોએ જાગવાની જરૂર છે.

અમારા પ્રતિનિધિએ મોડી રાત્રે ઠોબા તપોવન ખાતે પૂ. પન્યાસજીના અંગત લલીત ધામીને સંપર્ક કરતા તેઓએ પૂ.શ્રીના આવતીકાલથી ઉપવાસ પર ઉતરવાની વાતને સમર્થન આપ્યું હતું. અને તેઓ ગાંધીનગર નજીક આવેલા ઠોબા ખાતે ઉભા થયેલા તપોવનમાં ઉપવાસ પર ઉતરનાર હોવાનું કહ્યું હતું.

(ફૂલછાબ તા. ૮-૧૦-૯૭)

નવસારીના તપોવનનો વિવાદ ગંભીર બને છે : જૈનાચાર્યના ઉપવાસ સામે આજથી ૮૦ વરસના શ્રેષ્ઠીના બેમુદતી ઉપવાસ

(જગદીશ ૨. શાહ દ્વારા)

સુરત તા. ૯ નવસારી નજીકના તપોવન સંસ્કાર ધામના વહીવટના પ્રશ્ને વર્તમાન ટ્રસ્ટમંડળના રાજીનામાની માગણી સાથે અમદાવાદમાં ગણકાલથી બેમુદતી ઉપવાસ કરી રહેલા પન્યાસ મુનિ શ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજની તબિયત એક બાજુ કથળી છે તો બીજીબાજુ આ વિવાદમાં સમાધાન થવાના બદલે પ્રશ્ન વધુ પેચીદો બન્યો છે.

મળતા માહિતી પ્રમાણે મુનિશ્રીના ઉપવાસ સામે તપોવન સંસ્કાર ધામના સ્થાપકો માંહેના એક અને એંસી વરસની વયના ટ્રસ્ટી શ્રી હિમ્મતલાલ રૂઘનાથભાઇ ખેડાવાલા પણ આવતીકાલથી બેમુદતી ઉપવાસ શરૂ કરશે. જો આ વાત સાચી પડે તો સમગ્ર વિવાદ વધુ ગંભીર બનશે. આ પ્રકરણમાં ભૂતકાળમાં વિવાદનો મધપુડો છેડાયો હતો આથી અમદાવાદ, સુરત, નવસારી અને મુંબઇમાં ચાતુર્માસ ગાળી રહેલા ઘણાં જૈનાચાર્યો અને સાધુ-સાધ્વીઓ તથા શ્રેષ્ઠીઓએ મૌન રહેવાનું પસંદ કર્યું છે.

આજે દિવસ દરમ્યાન સમાધાનની ભૂમિકા શોધવાની પણ મથામણ ચાલુ હતી. મધરાતે રાજસ્થાનના પીંડવાડા ખાતે ચાતુર્માસ કરી રહેલા ઉપવાસી મુનિના ગુરૂ અને જૈન તપગચ્છ સંઘના ગચ્છાધિપતિ શ્રી જયઘોષ સૂરિશ્વરજી મહારાજે ખાસ ફેકસ પાઠવી મુનિશ્રીને ઉપવાસ શરૂ નહિ કરવા આદેશ આપ્યો હતો જેની તેમણે અવગણના કરી હતી. આજે એજ જૈનાચાર્ય શ્રીમદ વિજય જયઘોષ સૂરિશ્વરજી મહારાજે નવસારી-તપોવન સંસ્કારધામના વયોવૃદ્ધ મેનેજીંગ ટ્રસ્ટી શ્રી હિંમતભાઇ ખેડાવાળાને

મુંબઇ ખાતે ફેક્સ મોકલી મુનિશ્રીની માગણી સ્વીકારી જૈન સંઘને થનારી સંભવિત હાનિમાંથી ઉગારી લેવા અનુરોધ કર્યો હતો. એજ રીતે મુંબઇ ખાતે ચાતુર્માસાર્થે બિરાજમાન અને પ્રકાંડ વિદ્વાન જૈનાચાર્ય શ્રીમદ્‌વિજય રત્નસુંદરસૂરીશ્વરજીએ પણ અન્ય એક ટ્રસ્ટી શ્રી પ્રાણલાલ દોશીના રાજીનામા માટે મથામણ કરી હતી. બીજી બાજુ આજે મોડી સાંજે અમદાવાદના પાલડી ખાતે ભગાવનભાઇના ટેકરે આવેલા વિશ્વનંદીકર જૈનસંઘના ઉપાશ્રયે જૈન સંઘોની એક મળેલી એક અસાધારણ સભામાં મુનિશ્રીને પારણાં કરવાની આગ્રહભરી વિનંતી કરાઇ હતી તે જ રીતે તેમની માગણી સ્વીકારી રાજીનામાં આપી દઇ નવા ટ્રસ્ટીઓને વહીવટ સોંપવાનો માર્ગ ખુલ્લો કરવા ટ્રસ્ટીઓને આદેશાત્મક અનુરોધ કરાયો હતો.

બન્ને પક્ષોના હઠાગ્રહની આસપાસ

* અમદાવાદમાં જૈનની અસાધારણ સભા યોજાઇ.
* ગુરૂનો આદેશ અવગણી ચંદ્રશેખરવિજયજી ઉપવાસમાં મક્કમ.
* સુરતમાં એક ટ્રસ્ટીના નિવાસ સામે મુનિના વીર સૈનિકો દ્વારા ધરણા યથાવત
* પરાણે લખાવાયેલા રાજીનામા નામંજૂર કરવા વરિષ્ઠ ટ્રસ્ટીનો ચેરિટી કમિશનરને પત્ર.

બંને પક્ષે હઠાગ્રહ યથાવત

દિવસ કરમ્યાની આ ભરમાર પછી પણ લાગે છે કે બંને પક્ષે હઠાગ્રહ ચાલુ રહ્યો છે. ટ્રસ્ટીઓએ પોતાની પરિસ્થિતિ સમજાવતું એક નિવેદન કર્યું છે. મુંબઇમાં રહેતા શ્રી પ્રાણલાલ દોશી નામના ટ્રસ્ટીએ જૈનાચાર્ય શ્રીમદ્‌વિજય રત્નસુંદર સૂરીશ્વરજી મહારાજ સાથેની ચર્ચા દરમ્યાન વિવાદાસ્પદ વહીવટદાર લલિતચંદ્ર ધામી અને શ્રી યોગેશ શાહને દૂર કરવા, મુનિશ્રી એક વર્ષ સુધી 'તપોવન'ના મામલામાં દખલ ન કરે તેવી શરતે નવા દશ જૈન અગ્રણીઓને વહીવટ સોંપવા જેવી છએક શરતો રજૂ કરી એનો સ્વીકાર થાય તો ટ્રસ્ટીઓ રાજીનામાં આપે તેવી તૈયારી દાખવી હતી.

આજે સુરતમાં પણ કેટલાક જૈન શ્રેષ્ઠિઓ સાથેની વાતચીત દરમ્યાન 'તપોવન' ના એક ટ્રસ્ટી શ્રી અતુલ શાહના નિવાસ્થાને તેમનું રાજીનામું લખાવી લેવા મુનિશ્રીના 'વીર સૈનિકો' નામના અનુયાયીઓના ધરણા ચાલુ છે જ્યારે શ્રી અશોક શાહ નામના

ટ્રસ્ટી હૈદ્રાબાદમાં હોવા છતાં તેમના નિવાસે છેલ્લા ત્રણ દિવસથી દરરોજ અડીંગા જમાવાય છે.

ગઇકાલે વીર સૈનિકોના કબાણુથી રાજીનામું લખી આપનારા મુંબઇ ખાતેના બે ટ્રસ્ટીઓ હિંમતલાલ રૂઘનાથભાઇ માણસાવાળા તથા બારડોલી રહેતા બે ટ્રસ્ટીઓ રસિકલાલ મગનલાલ શાહ અને મહેન્દ્ર દેવચંદ શાહના લખાવી લેવાયેલાં રાજીનામાં કબાણુ હેઠળના હોય તેને ગણતરીમાં ન લેવા અંગે એક ટ્રસ્ટી શ્રી મનુભાઇ ત્રિકમલાલ શાહે ચેરિટી કમિશનરને પત્ર પાઠવી જાણ કરતાં આ વિવાદમાં સમાધાન દૂર ઠેલાયું હતું. 'કુલછાબ' તા. ૧૦-૧૦-૯૭

ઉપવાસ અંગે પુનર્વિચારણા કરવા ચંદ્રશેખરવિજયજીને નવસારીના "તપોવન"ના ટ્રસ્ટીઓનો અનુરોધ

પાંચ જૈનાચાર્યોને વિવાદ સોંપી દેવા ઘડાતી ફોર્મ્યુલા

સુરત. તા. ૯ : નવસારીના તપોવન સંસ્કાર ધામના ટ્રસ્ટીઓનાં રાજીનામાંની માંગણી સાથે ગઇકાલથી બેમુદ્દત ઉપવાસ પર ઉતરેલાં જૈનાચાર્ય શ્રી ચંદ્રશેખર વિ.એ આજે બીજા દિવસે પોતાના ઉપવાસ અમદાવાદના પાલડીમાં વિશ્વનંદીકર જૈન સંઘના ઉપાશ્રયે ચાલુ રાખ્યા છે. અનેક જૈનાચાર્યો અને આગેવાનોની સમજાવટ છતાં તેમણે પારણાં કરવાનો ઇન્કાર કર્યો છે. ગઇકાલે રાત્રે તેમને એસીડીટીની તકલીફ થઇ હતી.

દરમિયાન નવસારીથી અમારા પ્રતિનિધિ જણાવે છે કે, તપોવન સંસ્કાર ધામના ટ્રસ્ટીઓએ કરેલ નિવેદનમાં એમ જણાવ્યું છે કે, ઉપવાસ પર ઉતરવાની આ ઘટના જિનશાસનની એક દુઃખદ ઘટના છે. આ જગ્યાનો કબજો ટ્રસ્ટીઓએ મળીને લીધો છે એવો મ. સાહેબનો આક્ષેપ ભુલભરેલો અને ગેરસમજભર્યો છે જિનશાસનની વ્યવસ્થા પ્રમાણે તમામ મંદિરો, તીર્થો, ધર્મશાળાઓ, પાઠશાળાઓ અને ગુરૂકુળનો વહીવટ ગ્રહસ્થોએ કરવાના હોય છે, સાધુઓ આવી સંસ્થામાં માત્ર માર્ગદર્શકની ભૂમિકા જ અદા કરી શકે. તેઓ કોઇ સંસ્થા પર કદી કબજો જમાવી શકે નહિ. અથવા તેના પર માલિકી હક્ક જમાવી શકે નહિ, જો આમ કરે તે સર્વથા પરિગ્રહત્યાગ મહાવ્રતને ભંગ થાય છે.

નિવેદનમાં વધુમાં જણાવાયું છેકે શ્રી ચંદ્રશેખર વિ. મ. અગાઉ ટ્રસ્ટનો કબજો ગ્રહસ્થોને ટ્રસ્ટીઓને લેખિત સોંપી દીધો છે.

નિવેદનમાં અંતે તેમણે આ વિવાદ પાંચ જૈન મુનિઓને સોંપી તેમનો નિર્ણય

માથે ચઢાવવા અપીલ કરી હતી અને ઉપવાસ અંગે ફેરવિચારણા કરવા મુનિશ્રીને અનુરોધ કર્યો હતો.

તપોવન પ્રશ્ને ચંદ્રશેખરવિજયજી મહારાજને અનશન છોડી દેવા નાણામંત્રી શાહનો અનુરોધ

(અમારા પ્રતિનિધિ તરફથી) ગાંધીનગર, તા. ૯ : શ્રી ચંદ્રશેખરવિજયજી મ.શ્રીએ નવસારી પાસેના તપોવન શિક્ષણ સંસ્થાને બચાવવા અને કેટલાક ટ્રસ્ટીઓના રાજીનામાં માટે અચોક્કસ મુદ્દતમાં ઉપવાસ શરૂ કર્યા છે. તેમને ઉપવાસ છોડી પારણા કરવાનો નાણામંત્રી શ્રી બાબુભાઇ મેઘજી શાહે અનુરોધ કર્યો છે.

મહારાજશ્રી જ્યાં ઉપવાસ કરી રહ્યા છે ત્યાં શ્રી વિશ્વનંદીકર જૈન ઉપાશ્રયે શ્રી બાબુભાઇ શાહ ગયા હતા. તેમની નાદુરસ્ત તબીયત જોઇને ચિંતા વ્યક્ત કરી હતી. તે સમયે એકત્રીત જૈન આગેવાનોને અનુરોધ કર્યો હતો કે પૂ. મ.શ્રીનું જીવન જૈન સમાજ માટે અમૂલ્ય છે. તેઓશ્રીએ તપોવન સંસ્થા માટે પંદર વર્ષ સુધી લોહીપાણી એક કરી આ સંસ્થાને સંસ્કારયુકત શિક્ષણ સંસ્થા બનાવી છે. જૈન સમાજમાં સંસ્કારોનું ધર્મનું જે સિંચન કર્યું છે તે જોતાં અને હજુપણ આવનારા વર્ષોમાં તેમણે જૈન સમાજને દોરવણી અને માર્ગદર્શન આપવાનું આથી તેઓશ્રીએ ઉપવાસ છોડી પારણાં કરવા જોઇએ. તપોવનનો સમગ્ર પ્રશ્ન જૈન સમાજે ઉપાડી લેવો જોઇએ. શ્રી બાબુભાઇ શાહે પણ આ પ્રશ્ને તેમનાથી જે કાંઇ શક્ય હશે તેવા પ્રયત્નો કરવાનો ખાત્રી આપી હતી.

ટ્રસ્ટીઓ રાજીનામું ન આપે ત્યાં સુધી ઉપવાસ ચાલુ રાખવા ચંદ્રશેખરવિજયજીનો દઢ નિશ્ચય

ઉપવાસના બીજા દિવસે સમગ્ર જૈનસમાજમાં પ્રસરેલી ચિંતાની લાગણી ભૂગર્ભમાં ચાલ્યા ગયેલા બે ટ્રસ્ટીઓને શોધવા જૈન અગ્રણીઓની ભારે દોડધામ સમભાવ આસો સુદ-૯ શુક્રવાર તા. ૧૦-૧૦-૯૭

(પ્રતિનિધિ દ્વારા) અમદાવાદ, ગુરૂવાર : તપોવન સંસ્કારધામના ટ્રસ્ટીઓના રાજીનામાની માંગણી સાથે આમરણ ઉપવાસ પર ઉતરેલા ચંદ્રશેખર વે. મ. ના ઉપવાસના બીજા દિવસે જૈન સમાજમાં ભારે હલચલ મચી ગઇ છે. નવસારીના તપોવન સંસ્કારધામના પાંચ ટ્રસ્ટીઓએ રાજીનામાં આપી દીધાં છે. જ્યારે અન્ય ત્રણ ટ્રસ્ટીઓને સમજાવવા જૈન સમાજના અગ્રણીઓએ ભારે દોડધામ ચાલુ કરી દીધી છે. ટ્રસ્ટીઓ

જ્યાં સુધી રાજીનામું ન આપે ત્યાં સુધી નાદુરસ્ત તબિયત છતાં ઉપવાસ ચાલુ રાખવાનો ચંદ્રશેખર વિ. મ. દ્વારા નિશ્ચય જાહેર કરતાં જૈન સમાજમાં ભારે ચિંતાની લાગણી પ્રસરી ગઇ છે.

નવસારીના તપોવન સંસ્કારધામના પાંચ ટ્રસ્ટીઓએ મ. સા.ના ઉપવાસ અને જૈન અગ્રણીઓની સમજાવટ બાદ રાજીનામાં આપી દીધાં છે. ટ્રસ્ટીઓ પૈકીના બે ચંદ્રશેખર વિ.ને સમર્પિત છે. એક ટ્રસ્ટી નિષ્ક્રીય છે જ્યારે બાકી રહેલા ત્રણ ટ્રસ્ટીઓમાંના બે ટ્રસ્ટી ભૂગર્ભમાં ચાલ્યા જતાં જૈન સમાજના અગ્રણીઓ–કાર્યકરોએ તેમની સઘન શોધખોળ શરૂ કરી છે. બાળકોમાં શિક્ષણની સાથે સંસ્કારનું સિંચન કરવા ચંદ્રશેખર વિ.એ સ્થાપેલી તપોવન સંસ્થામાં તેમની ઇચ્છા વિરૂદ્ધ કેટલાક ટ્રસ્ટીઓની નિમણૂંક થઇ જતાં ચંદ્રશેખર વિ.એ છ મહિના પહેલાં સંસ્થા છોડી દીધી હતી. આજે પાલડી ખાતેના ઉપાશ્રયમાં ઉપવાસ સ્થળે ચંદ્રશેખર વિ.એ પત્રકારોને જણાવ્યું હતું કે, તપોવનમાં શિક્ષણ લેતાં બાળકોમાં સંસ્કારનું સિંચન થાય અને સંસ્થાનો વહીવટ શુદ્ધ રીતે ચાલે તે માટે ટ્રસ્ટીઓ તરીકે જે લોકોની પસંદગી કરી હતી તે વ્યક્તિઓમાંના કેટલાક માણસોએ મારા પર આક્ષેપ કરવાની સાથે સાથે તપોવન જે આઠશો સાથે શરૂ કરી હતી તે આઠશો બાજુ પર રહી જાય તે રીતે વહીવટ શરૂ કર્યો હતો. આના કારણે શિક્ષણ કાર્ય તો ચાલે પણ સંસ્કારનું સિંચન થઇ શકે નહીં તેવી સ્થિતિનું નિર્માણ થયું હતું. સંસ્કરણ અને શિક્ષણ જેવી બાબતોમાં કોઇપણ સમજ ન હોવા છતાં સાધુઓ પર પોતાની શ્રીમંતાઇના જોરે આ લોકો સત્તા જમાવી રહ્યાં છે. આવો એકધારો ત્રાસ હું કોઇ પણ સંજોગોમાં ચલાવી લેવા માગતો નથી. ટ્રસ્ટીઓ દાદાગીરી કરી સંસ્થાનો કબજો આ રીતે લેશે તો સંસ્કરણનું વિરાટ કામ ખતમ થઇ જશે.

મ. સાહેબે વધુમાં જણાવ્યું હતું કે આ તમામ ટ્રસ્ટીઓને નભાવ્યા હતા. પરંતુ જ્યારે કાર્યકર તરીકે પણ ચાલે નહીં તેવા લોકોને ટ્રસ્ટી બનાવી દેવાયા ત્યારે તપોવન સંસ્કારધામ છોડી દેવાની મને ફરજ પડી હતી. તપોવનમાં બાળકોને શિક્ષણની સાથે સાથે સંસ્કાર આપી શિવાજી, ભામાશા, ભગતસિંહ જેવા વીરોને પેદા કરવાનું સ્વપ્ન રોળાતું જોઇને આ સંસ્થાને બચાવા મારે ઉપવાસનું શસ્ત્ર અપનાવવું પડયું છે. બાકીના ત્રણ ટ્રસ્ટીઓનાં રાજીનામાં ન આવે ત્યાં સુધી ઉપવાસ છોડી દેવાનો કોઇ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી તેમ તેમણે મક્કમતાથી જણાવ્યું હતું.

દરમિયાનમાં સામાન્ય રીતે ઉપવાસની તપશ્ચર્યા ન કરતાં ચંદ્રશેખર વિ. મ.ની

તબિયત નાદુરસ્ત બની છે. તબીબોએ તેમને અગમચેતીનાં પગલાંરૂપે હોસ્પિટલમાં દાખલ થવાની પણ સલાહ આપી છે. મ. સાહેબની નિકટના એક જૈન અગ્રણીએ પત્રકારોને જણાવ્યું હતું કે, પ્રાણલાલ દોશી, અશોકભાઈ શાહ અને મનુભાઇ મહેતા એમ ત્રણે ટ્રસ્ટીઓએ રાજીનામાં હજુ આપ્યાં નથી. તેમાંના એક ટ્રસ્ટીએ ફોન પર રાજીનામું આપવા સંમતિ દર્શાવી છે. પરંતુ હજુ સુધી રાજીનામું લેખિતમાં મોકલાવ્યું નથી. બે ટ્રસ્ટીઓ ભૂગર્ભમાં જતા રહ્યાં છે. તેમના નિવાસસ્થાને અગ્રણીઓએ જઇ સંપર્ક કરવા પ્રયત્ન કર્યો હતો પરંતુ હજુ સુધી તેમનું કોઈ ઠેકાણું મળ્યું નથી. તેમ છતાં સઘન પ્રયાસો ચાલી રહ્યાં છે.

ગુરૂઆજ્ઞાને શિરોધાર્ય ગણી અમદાવાદમાં પંન્યાસ મુનિ ચંદ્રશેખરજીના પારણાં : તપોવનના પ્રશ્નને સમાધાન ૧૦ દિવસમાં નવા ટ્રસ્ટીઓને વહીવટ સોંપવાની આતરી શ્રેણીકભાઇએ રાજીનામાની જવાબદારી સ્વીકારી ?

(જગદીશ ૨. શાહ તરફથી) સુરત તા. ૧૦ : નવસારી નજીકના 'તપોવન સંસ્કાર ધામ'ના વહીવટનો કબજો લેવા-સંભાળવાની બાબતે છેલ્લા ત્રણ દિવસથી અમુકતી ઉપવાસ પર ઉતરેલા જૈન સમાજના સન્માનીય મુનિ પંન્યાસ શ્રી ચંદ્રશેખર વિ. મ. તેમના ગુરૂ અને તપગચ્છ સંઘના ગચ્છાધિપતિ જૈનાચાર્ય શ્રીમદ્ વિ. જયઘોષ સૂ. મ.ની આજ્ઞાને શિરોધાર્ય ગણી આજે સવારે સકળ શ્રી સંઘની ઉપસ્થિતિમાં નોકારશી બાદ પારણાં કર્યા હતા.

મુનિશ્રી ચંદ્રશેખર વિ.એ ગયા બુધવારથી આ ઉપવાસ-આંદોલન શરૂ કર્યું તે પછી અમદાવાદ, મુંબઇ, સુરત, નવસારી, બારડોલી, રાજસ્થાન વિગેરે વિસ્તારોમાં વસતા તેમના અનુયાયીઓમાં તેમજ સમગ્ર જૈન સમાજમાં ભારે ચિંતા ઉપજે અજંપો પ્રસર્યો હતા.

અમદાવાદથી પ્રાપ્ત વિગતો પ્રમાણે પોતાના ગુરૂની આજ્ઞા ઉપરાંત તેઓ જે બાબતે હઠે ચડયા હતા તે તપોવન-નવસારીના વર્તમાન ટ્રસ્ટીગણનાં રાજીનામાં સંબંધે ગઇકાલે મોડીરાત્રે મુંબઇવાસી ટ્રસ્ટી શ્રી પ્રાણલાલ દોશીએ રાજીનામું આપતાં કહે છે કે પારણાં માટેનો માર્ગ ઉજળો બન્યો હતો. શ્રી દોશીને સુરતમાં ચાતુર્માસાર્થે બિરાજતા ઝીંઝુવાડા સંપ્રદાયના જૈનાચાર્ય શ્રીમદ્ વિ. યશોદેવ સૂ.એ સકળ સંઘ અને જિનશાસનની પ્રભાવનાના હિતમાં રાજીનામું આપી દેવા શ્રી દોશીને અત્રેથી આદેશ પાઠવ્યો હતો.

સમાધાનની 'ભૂમિકા વિશે પાલડી ખાતેના શ્રી વિશ્વનંદીકર જૈન સંઘના ઉપાશ્રયેથી બહાર પડેલી યાદિ પ્રમાણે એવી સમજૂતી સધાઇ છે કે નવા નિમાનારા ટ્રસ્ટીઓને દસ દિવસમાં તપોવન નવસારીનો તમામ વહીવટ હાલનું ટ્રસ્ટીમંડળ સોંપી દેશે એવી ખાતરી આ ટ્રસ્ટીમંડળે આપેલી છે અને આ ખાતરીના અમલ માટેની જવાબદારી જૈન ટ્રસ્ટોની સંચાલક સંસ્થા આણંદજી કલ્યાણજી પેઢીના અધ્યક્ષ અને જૈન શ્રેષ્ઠીવર્ય શ્રી શ્રેણિકભાઇ કસ્તુરભાઇ તથા તપોવન– નવસારીના વયોવૃદ્ધ મેનેજીંગ ટ્રસ્ટી શ્રી હિંમતલાલ રૂઘનાથમલ બેડાવાલાએ સ્વીકારી છે.

મુનિશ્રીના સુરતસ્થિત ભક્તોમાંથી પ્રાપ્ત વિગતો પ્રમાણે ચન્દ્રશેખરવિજયજી મહારાજ હવે ચાતુર્માસનો બાકીનો સમયગાળો સેટેલાઇટ જૈન સંઘના ઉપાશ્રયે જ ગાળશે. (કૂલછાબ તા. ૧૧–૧૦–૯૭)

પૂ. ચંદ્રશેખર મહારાજના ઉપવાસ અને પારણાં પછી હવે આગામી દિવસોમાં રાજીનામાના પ્રશ્નને ચેરિટી કમિશનર મુકી લઇ જવા કેટલાક ટ્રસ્ટીઓ મક્કમ

નવસારી તા. ૧૧

જૈન સમાજના ફીરકાઓમાં ચર્ચાની ચેરણે ચડેલા નવસારી તપોવન સંસ્કાર-ધામના ટ્રસ્ટીઓના રાજીનામા મુદ્દે સામ–સામા થઇ રહેલા આક્ષેપ-પ્રતિઆક્ષેપોએ ભારે ચર્ચા જગાવી છે તેવા સંજોગોમાં મહારાજ ચંદ્રશેખર વિજયજી દ્વારા બોલા-વાયેલી બેઠકની કાયદેસરતા અંગે પણ તર્ક–વિતર્ક ચાલ્યા છે તપોવન સંસ્કારધામ વિવાદ અંગે ટ્રસ્ટીઓ અદાલત કે ચેરીટી કમિશનરમાં જશે, તો શી પરિસ્થિતિ થશે, તે અંગેની ચર્ચાએ પણ સમાજને ક્ષુબ્ધ અને સ્તબ્ધ બનાવી દીધો છે.

આ દરમિયાન, નવસારી તપોવન સંસ્કાર ધામના ટ્રસ્ટીઓના રાજીનામા મુદ્દે ચંદ્રશેખર વિજયજી મહારાજે જૈન આગેવાનોની દરમિયાનગીરી અને સમજાવટ બાદ પારણાં કરી લીધાં છે. પણ આ પારણા પછી પ્રશ્નનો અંત આવી જાય એમ દેખાતું

નવસારી તપોવન પ્રકરણ નવો વળાંક લઇ રહ્યું છે.

નથી કારણ કે મહારાજશ્રીના ઉપવાસ આગળ ઝુકી ગયેલા કેટલાક ટ્રસ્ટીઓ આપેલા રાજીનામામાં પાછળના પ્રેરક બળો કે લાચારી અંગે ચેરીટી કમિશનર આગળ પોતાની કેફિયત રજૂ કરે તેવું સમજાય છે.

અલબત્ત સાંજે ચાર વાગે મહારાજશ્રી અને ટ્રસ્ટીઓની સમીક્ષા પછી જ ટ્રસ્ટીઓ કાયદેસરતા અંગે વિચારશે.

આ અંગે કેટલાક જૈન અગ્રણીઓ દ્વારા પ્રાપ્ત માહિતીનુસાર બે–ત્રણ દિવસમાં જ કેટલાક ટ્રસ્ટીઓ દ્વારા ઉક્ત બેઠકને પડકારવા અંગે નિર્ણય લેવાશે. જેમાં રજીસ્ટર્ડ ટ્રસ્ટના રાજીનામા બાદ કારોબારી બેઠક આવશ્યક છે. તેવી ચર્ચા છે. હાલ તો, બેઠકની સત્તા માત્ર ટ્રસ્ટીઓને જ હોય ત્યારે પારણા પછી મહારાજે બોલાવેલી બેઠકની કાયદેસરતા અંગે પણ ભારે ચર્ચા ચાલી છે.

ઉક્ત વિવાદથી, પ્રસ્ત થઇ ઉઠેલા જૈન અગ્રણીઓ તપોવનનો વિવાદ સાથે બેસી શાંતિથી ઉકેલાય એ માટે સમાધાનકારી વલણ અપનાવવાના મતના છે.

(સમભાવ તા. ૧૧–૧૦–૯૭)

❋ શાસન સમાચાર ❋

થાનગઢ–શાહ હીરજી કાનજી તરફથી શ્રીમતી અમૃતબેન હીરજીના વીશ સ્થાનક તપની પૂર્ણાહુતિ નિમિત્ત શ્રી વીશ સ્થાનક પૂજન ઠાઠથી બપોરે આસો સુદ ૧ ના ભણાવાયુ. સવારના રથયાત્રાનો વરઘોડો સંઘ તરફથી હતો તે પ્રેમચંદ કાલીદાસને ત્યાં આવ્યો સ્નાત્ર પૂજા ભણાઇ.

બપોરે હીરજી કાનજી તરફથી સંઘ જમણ થયું બાદ પૂજન ભણાયું જીવદયાની ટીપ થઇ પુજન ભણાવવા જામનગર સુરેશભાઇ હીરાલાલ શાહ અને પૂજા મંડિત માટે શ્રી વિમલ જિનેન્દ્ર સંગીત મંડળ પધારેલ.

મહાવીર શાસન જૈન શાસનના જુના અંકો

શ્રી મહાવીર શાસન તથા જૈન શાસનના જુના અંક પ્રવીણચંદ્ર ગંભીરદાસ શેઠ ભારતી ટ્રેડર્સ ૨૦૯ દાદી શેઠી અગ્યારી લેન મુંબઇ પહોંચાડશો તે કાર્યાલયમાં જામનગર પહોંચાડી દેશે.

॥ શ્રી ॥

અરિહંત અરિહંત જપતે રહેા, સારે પાપેા સે બચતે રહેા,
રાત્રિ ભેાજન ત્યાગ કરેા, જૂઠા કલી મત છેાડેા,
જૂઠા કલી મત છેાડેા, થાલી બેાલકર પીયા કરેા,

કલોઠી નિવાસી, ભંવરલાલ અશોકચંદ વૈદ્ય
મુ. પટના

શ્રી પિંડવાડા (રાજસ્થાન) માં સંવત ૨૦૫૩ અષાઢ વદ ૧૪ શનિવાર
તા. ૨-૮-૯૭ના સ્વ. પૂ. આચાર્યદેવ શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ. સા. ના

* ગુણાનુવાદ અંગે બનેલા પ્રસંગો વિષે સ્પષ્ટતા *

પ્રેષક :— જયંતિલાલ લાલચંદ, પિંડવાડા (રાજસ્થાન)

(પૂ. સાધર્મિક બંધુઓની સેવામાં

પિંડવાડા મુકામે સ્વ. પૂ. આ. શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની છઠ્ઠી સ્વર્ગારોહણ તિથિ પ્રસંગે ત્રણ દિવસનો મહોત્સવ અમારા તરફથી ઊજવ્યો હતો. તેમાં અષાઢ વદ ૧૪ના ગુણાનુવાદ પ્રસંગે જે કાંઇ બન્યું તે અંગે બનેલી હકીકતોની સ્પષ્ટતા કરવા જરૂરી લાગવાથી આ અહેવાલ આપના સમક્ષ રજુ કરીએ છીએ, તે એટલા માટે કે સ્વ. પૂજ્યશ્રીના અવર્ણવાદમાં અમે નિમિત્ત બન્યા તેનું અમને દુઃખ છે. આ હકીકતો પ્રગટ કરવામાં કોઇના મન દુભવવાનો અમારો આશય નથી. સ્વ. પૂજ્યશ્રી પ્રત્યેના કર્તવ્યની ફરજ સમજી અમે આ બધી વિગત પ્રગટ કરીએ છીએ તેથી કોઇના મનને દુઃખ લાગે તો સંઘ સમક્ષ મિચ્છામિ દુક્કડં કરીએ છીએ.

લિ. સંઘ સેવકો

શા. લાલચંદ છગનલાલ	શા. કુંદનમલ તારાચંદ મહેતા
શા. ચંદનમલ હજારીમલ બેડાવાલા	શા. ધરમચંદ તિલોકચંદ દોશી
શા. મેલાપચંદ હીરાચંદ	શા. ભૂરમલ સરેમલ)

— અનુક્રમણિકા —

ક્રમાંક	વિગત	પાના નં.	ક્રમાંક	વિગત	પાના નં.
૧	આયોજનનો અહેવાલ પ્રેષક–જયંતિલાલ લાલચંદ	૩૪૮	૫ (અ)	વાત્સલ્ય ભવનમાં થયેલ રચનાઓ	૩૬૪
૨	જયંતિલાલ લાલચંદે કરેલા ગુણાનુવાદ	૩૫૩	(બ)	સુવાક્યનાં લગાડેલ ચાર બેનરો	૩૬૫
૩	પૂજ્ય ગચ્છાધિપતિએ કરેલા ગુણાનુવાદ	૩૫૮	૬	સવારના ફેરી ફરીને આવ્યા પછી વાત્સલ્યભવનમાં ગવાયેલ સ્વ. પૂ. આ. પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબનું ગીત	૩૬૬
૪	પૂજ્ય મહોપાધ્યાયવિજયજી મહારાજે કરેલા ગુણાનુવાદ	૩૬૧			

ક્રમાંક	વિગત	પાના નં.
૭	સવારના ફેરી ફરીને આવ્યા પછી વાત્સલ્યભવનમાં ગવાયેલ સ્વ. પૂ. આ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબનું ગીત જેમાં (કલમ ૫ મી) કડી ઢાઢી નાખેલ છે. જે "કલિકાલમાં પ્રભુ આપ જ ઠિવા ઢાંડી હતા, / છો આંધી કે તોફાન આવે, આપ તો અણનમ હતા, તિથિ પ્રશ્ન કે સંમેલનને, પણ આપ જરીયે ના ડગ્યા, ગ્રહી સત્ય પક્ષ અસત્ય સામે, આપ, જીવન ભર લડ્યા ।।૫।।	૩૬૭
૮	ઉપાશ્રયમાં ગુણાનુવાદ વખતે ગવાયેલ સ્તુતિ ગીતો	૩૬૮/૬૯
૯	જયંતિલાલ લાલચંદે ગચ્છાધિપતિ આચાર્ય શ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબને તા. ૨૯–૮–૯૭ ના લખેલ પત્ર	૩૭૦–૭૨
૧૭	ગણિ હરિકાન્તવિજયજી મહારાજ સાહેબે બહાર પાડેલ અષાઢ વદ ૩૦ના સ્વ.પૂ.આ. શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના ત્રિદિવસીય મહોત્સવનો અહેવાલ	૩૭૩
૧૧	જયંતિલાલ લાલચંદે ગચ્છાધિપતિ આ. શ્રી જયઘોષસૂરીશ્વરજી મ. સા. ને આગળના પત્રના અનુસંધાનમાં વિશેષ સ્પષ્ટતા કરવા તા. ૨–૯–૯૭ના લખેલ પત્ર	૩૭૪

સ્વ. પૂ. આ. શ્રી રામચંદ્રસૂરી. મ. સા. ના ત્રિદિવસીય મહોત્સવના આયોજનનો અહેવાલ

(૧) પિંડવાડાની પુણ્યભૂમિ પર ગચ્છાધિપતિ પરમ પૂ. આ. દેવ શ્રીમદ્ વિજય જયઘોષ સૂ. મ. સા. નો પરિવાર સાથે વિ. સં. ૨૦૨૩ના અષાઢ સુદ ૨ ને રવિવાર તા. ૬–૭–૯૭ ના ચાતુર્માસ પ્રવેશ થયો.

(૨) તે વખતે જ મેં પૂ.શ્રીને વિનંતી કરી કે અષાઢ વદ ૧૪ના સ્વ. પૂ. આ. ભ. રામચંદ્ર સૂ. મ. સા.ની સ્વર્ગારોહણ તિથિ આવે છે તો તે પ્રસંગે મારે ૩ દિવસનો ભવ્ય અનુષ્ઠાનો સાથે મહોત્સવ મારી સામેની વાત્સલ્યભવનની જગ્યામાં રાખવો છે–આપ આજ્ઞા (અનુમતિ) આપી તો કરું !

(૩) પૂ.શ્રીએ હા પાડી, પણ તેમના શિષ્ય ગણિ હરિકાન્ત વિ. મહારાજે કહ્યું કે પેઢીને પૂછી લો–મેં પૂ.શ્રીને જણાવ્યું કે આપશ્રી પૂછી લેશો, તો કાલે તે માટે વિચારીશું !

બીજે દિવસે ફરી વાર મારા તરફથી પૂ.શ્રીને પૂછવામાં આવતા તેઓશ્રીએ ફરમાવ્યું આમાં શું વાંધો છે–ભલે તું રાખ !

પછી પૂ.શ્રીને મેં આ અંગે પત્રિકાનો

ડ્રાફ્ટ તૈયાર કરવાની વિનંતી કરી, પૂ. શ્રીએ કહ્યું પૂ. મુનિરાજશ્રી મહાબોધિ-વિજયજીને મળ!

પૂ. મહાબોધિ વિ. મ.ને આ માટે વિનંતી કરતાં શું શું રાખવું છે તે માટે વિચારણા કરતાં તેઓશ્રીએ ફરમાવ્યું કે 'અર્હદ્ અભિષેક પૂજન' ત્રણ દિવસનું રાખો-સંગીતકારો માટે વાત થતાં મુકેશ નાયકને બોલાવવાનું સૂચન થયું, ક્રિયા-કારક માટે પૂછતા શ્રી ભીખુભાઇ કટારીયા પૂનાવાલાનું એડ્રેસ અને ફોન નંબર તેઓશ્રીએ પૂ. ગણિ હરિકાન્તવિજય પાસેથી અપાવ્યો.

પત્રિકાનો ડ્રાફ્ટ બીજે દિવસે તૈયાર નહિ થવાથી મારે મુંબઈ-પાલિતાણા પણ ચાતુર્માસ પ્રવેશ ઉપર જવાનું હોવાથી વિનંતી કરી આપ લખાણનો ડ્રાફ્ટ શ્રી ચંપાલાલ બાટીયાજીને આપશો, તેઓ મને પાલિતાણા પહોંચાડી દેશે.

(૪) પત્રિકાના લખાણનો ડ્રાફ્ટ અષાઢ સુદ ૧૩ના પાલિતાણા ચાતુર્માસના પ્રવેશ ઉપર પિંડવાડાથી બે બસો આવવાની હતી, તેમની સાથે આવતાં મને મળ્યો.

ડ્રાફ્ટ વાંચતાં વ્યાખ્યાનનું સ્થળ 'ધર્મશાળા' લખેલ હોઇ તે છપાવવા મોકલવાનું બાકી રાખી, ત્યાં પિંડવાડા પેઢીના પ્રમુખ મેલાપચંદજીને સામૈયામાં વાત કરી કે ડ્રાફ્ટ આવ્યો છે પણ વ્યાખ્યાન 'ધર્મશાળા'માં રાખવાનું લખેલ, પણ સાહેબજી સાથે બધા પ્રસંગ 'વાત્સલ્ય ભવન'માં રાખવાનું કહેલ હતું; તો તેઓએ જણાવ્યું કે ત્યાં રાખો તો મને કોઇ વાંધો નથી. છતાં પણ આ માટે ગુરૂ ભગવંતે ડ્રાફ્ટ બનાવી મોકલાવેલ હોવાથી તેઓશ્રીજીની સંમતિ લઇને જ છપાવવાનું ઉચિત માની હું પાલિતાણાથી આ માટે પિંડવાડા ગયો.

પત્રિકા છપાવવા માટે અમદાવાદ હું ડ્રાફ્ટ આપી આવેલ હતો, સ્થળ બાકી રાખેલ, પૂ.શ્રીજીની સંમતિ મળતાં ફોનથી અમદાવાદ સૂચના આપી કે 'બધા પ્રસંગો વ્યાખ્યાન વિગેરે વાત્સલ્યભવનમાં જ ઉજવાશે.' પત્રિકાઓ પ્રિન્ટીંગમાં ગઈ અને સંઘ વ્યાખ્યાનમાં આ મહોત્સવ અંગેની જાહેરાત કરવામાં આવી-સ્થળ અંગેની જાહેરાત કરતાં કેટલીક વ્યક્તિઓએ વ્યાખ્યાન ધર્મશાળામાં રાખેતા મુજબ રાખો, ચર્ચાનો વિષય ન બનાવતાં પૂ.શ્રીએ જણાવ્યું કે વદ ચૌદશના ગુણાનુવાદ વાત્સલ્યભવનમાં થશે અને વદ તેરસ અને વદ અમાસનું વ્યાખ્યાન ધર્મશાળામાં રાખવામાં આવશે.

કોઇ પણ કારણે મેં ચર્ચાનો વિષય ન બનાવતાં ગુરૂભગવંતશ્રીને મેં જણાવ્યું કે પત્રિકામાં સ્થળ વાત્સલ્યભવન છપાઇ ગયું છે, તે સ્વીકારતાં-'કંઇ વાંધો નહિં!' એમ કહ્યું.

પાટણ સંગીતકાર માટે ફોન કર્યો-

મુકેશભાઇએ આવવાની ના પાડી, તેમના ભાઇ મનોજે આવવાનું નક્કી કર્યું !

પૂ. મહાબોધિવિજય મ. સાથે બેસી 'અર્હદ્‌અભિષેક' પૂજનમાં હોમ આવતો હોવાથી તે ન રાખતાં બીજા પૂજન અને પૂજાઓ નક્કી કરી.

ક્રિયાકારક માટે તેઓશ્રીને પુછતાં સંજયભાઇ પાઠવાલાને બોલાવવાનું જણાવ્યું તેમનો ફોન નંબર મને આપ્યો.

ગીત છપાવવાનું મારા તરફથી કહેવાતાં તેઓશ્રીએ પૂ. આ. પ્રેમ સૂ. મ. સા.નું ગીત પણ રાખવાનું અને છપાવવાનું જણાવેલ.

હું મુંબઇ આવ્યો બંને ગુરૂભગવંતના ગીતો છપાવવામાં આવ્યાં જે પાના નંબર ૩૬૬–૬૮ ઉપર છે.

સ્વ. પૂ.શ્રીની વાણીના સુવાકયોનાં બેનરો બનાવવામાં આવ્યાં–જે પાના નંબર ૩૬૫ ઉપર છે.

હું તા. ૩૦ના પિંડવાડા પહોંચ્યો, મંડપ, ડેકોરેશન, વિગેરેનું કામ ચાલતું હતું પત્રિકાઓ પૂ.શ્રીને આપવા માટે હું કુંદનમલજી તથા મેલાપચંદજી ઉપાશ્રયમાં ગયા, આપતાં વાંચતાં તેઓશ્રીએ પૂછયું આ બીજા તારા સગા સંબંધી છે ?

મેં કહ્યું–નહીં સાહેબજી ! કોઇ સગા નથી. પૂ. મહાબોધિ વિ. મ.ને કહ્યું સાહેબજી ગીતો, સ્તુતિનાં કાર્ડ પણ છપાઇને આવી ગયાં છે, તેઓશ્રીએ મોકલવા જણાવ્યું.

બનાવેલ બેનરો–બોર્ડો વિગેરે બધા લગાવવામાં આવ્યા હતા સ્વ. પૂ.શ્રીના કટઆઉટ વિગેરે લગાવવામાં આવેલ.

બીજે દિવસે સંગીતકાર આવવાથી તેઓને સ્તુતિનાં કાર્ડ આપ્યાં અને પૂ.શ્રીને પણ આપવા મારા તરફથી કહેવામાં આવ્યું.

પૂ. મહાબોધિ વિ. મ. સાહેબે મને ઉપાશ્રયમાં બોલાવ્યો અને હું ગયો, ત્યારે સ્તુતિનું કાર્ડ તેઓશ્રીએ બતાવી જણાવ્યું પૂ. સ્વ. રામચંદ્ર સૂ.મ. સા. ની સ્તુતિ (ગીત)માં ૫ મી પંક્તિમાંની છેલ્લી બે લાઇનો બરાબર નથી તેથી ગીત બોલવા નહીં, બંનેમાંથી ફકત ૪/૪ પંક્તિઓ જ બોલો.

મેં જણાવ્યું ફકત બે લાઇન બરાબર ન હોય તો બધું ગીત ન બોલવું તે બરાબર નથી, કાર્ડ ઉપર ૫ મી કડીની ૪ લાઇન ઉપર મારા હાથેથી ચોકડી મુકી તો તેઓશ્રીએ જણાવ્યું કે કાર્ડ બહાર જ ન આવવા જોઇએ, ચોકડી લાઇન લગાવવાથી ખ્યાલ તો આવી જ જાય તો મારા તરફથી વિનંતી કરવામાં આવી અત્યારે આ ચારે લાઇન ઉપર કાગળ લગાવીને ઝેરોક્ષ કઢાવી લઇશ અને બધાંને વહેંચીશ–

આ કાર્ડ બહાર નહીં જાય આવે–તો કહ્યું સારૂં.

–તે ઝેરોક્ષ રાતના તે રાતના કઢાવી–છાપેલ કાર્ડ મારી પાસે એમ જ પડયાં છે.

*** અષાઢ વદી ૧૩ના મહોત્સવની શરૂઆત થઇ ***

* પ્રભાતિયામાં ૧૭૨ બહેનોની હાજરી વાત્સલ્યભવનમાં થઇ. જિન મંદિર તથા ઉપાશ્રયની ૭ હાર શરણાઈ–બેન્ડ વિગેરે વાગ્યાં, વ્યાખ્યાન માટે બેન્ડ સાથે ગુરૂ ભગવંતશ્રીની ધર્મશાળામાં પધરામણી થઇ.

* બપોરના શ્રી પંચકલ્યાણકની પુજા શ્રી જિનમંદિરજીમાં સંગીતકાર મનોજભાઇ નાયક પાટણવાલા તેમજ સંગીતકાર જગદીશભાઇ આચાર્ય આબુરોડવાલાએ પુજામાં સારી એવી રમઝટ જમાવી. આખું જિન મંદિર ભમતી પુરેપુરી ભરાઇ ગઇ હતી આશરે ૧૨૦૦ લોકોની હાજરી હતી જેમાં સાટાની પ્રભાવના કરવામાં આવી હતી. આખી રાત વરસાદ ઘણો પડયો.

* **અષાઢ વદ ૧૪**

* સવારના વરસાદ હોવા છતાં પ્રભાતિયા બંદનોએ ગાયાં (૨૭૧ બહેનોની હાજરી)

* છોકરાઓએ ફેરી કાઢવાનો નિર્ણય કર્યો હતો, ૭ વાગે ફેરી સ્વ. પૂ. પ્રેમ સૂ. મ. તથા સ્વ. પૂ. રામચંદ્ર સૂ. મ. ના ફોટાઓ અને બેન્ડો સાથે કાઢવામાં આવી. ગામમાં ફરીને આશરે ૮ વાગે વાત્સલ્ય ભવનમાં આવી ત્યાં બંને સંગીતકારો પોતાનાં સાજ સાથે તૈયાર હતા.

* સૌ પ્રથમ ગુરૂવંદન કરવામાં આવેલ. સ્તુતિની ઉછરાક કોપી વહેંચવામાં આવી અને પછી પ્રથમ પૂ. પ્રેમસૂ. મ. ની સ્તુતિ ગાવામાં આવી, પછી પૂ. રામચંદ્રસૂ.મ. ની ગાવામાં આવી લોકો હર્ષથી નાચ્યાં.

રૂા. ૫ ની પ્રભાવના કરવામાં આવી જેમાં ૯૭૬ પુણ્યશાળી પધારેલા હતા.

* ૯ વાગી ગયા હતા, વરસાદ રીમઝીમ–રીમઝીમ ચાલુ હતો. ઉપાશ્રયમાં જઇને મેં પૂ.શ્રીને વિનંતી કરી વરસાદ વધારે આવે તો મુશ્કેલી થશે તેથી ગુણાનુવાદ અહિં જ રાખીએ તો કેમ? પૂ.શ્રીએ ફરમાવ્યું, અમને કોઇ વાંધો નથી. ત્યાં જ રાખવાનું નક્કી થતાં જાજમ વિગેરે પાથરવાની વ્યવસ્થા કરવામાં આવી, વ્યાખ્યાનની પાટ ઉપર પૂ. સ્વ. આ. ભ. ભુવનભાનુસૂ. મ. સા. નો ફોટો હતો જ, મેં પૂ.શ્રીને વિનંતી કરી આપ ફરમાવો તો પૂ. સ્વ. રામચંદ્રસૂ. મ. સા.નો એક ફોટો લાવું! કારણ કે ગુણાનુવાદ તેઓશ્રીના છે! પૂ.શ્રી વિચારતા હતા જ પણ હરિકાંતવિજયજી ગણિવરે તો કહ્યું કે 'કોઇ સંજોગોમાં નહીં, આપ આંગળી પકડાવશો તો આ લોકો હાથ પકડશે.'

મેં કહ્યું એવું શું કર્યું છે! હાથ પકડવાની કે આંગળી પકડવાની વાત જ ક્યાં છે આપ ફરમાવો તો લાવીએ "કોઇ સંજોગોમાં નહી" સારૂં સાહેબજી, હું આટલું કહીને નીચે મારા ઘેર ગયો. ટાઇમ ૯–૩૦ વાગી ગયા હતા, સામુદાયિક વંદન કરી માંગલીક સાંભળી સહુ બેઠા.

પ્રથમ પૂ. પ્રેમસૂરીશ્વરજી મ.સા.નું સ્તુતિ ગીત ગાવામાં આવ્યું પછી પુ. સ્વ. રામચંદ્રસૂરીશ્વરજી મ. સા. નું સ્તુતિ ગીત ગાવામાં આવ્યું.

જે ગીત ગવાયાં તે પાના નં. ૩૬૯ ઉપર છે.

તે પછી ગુણાનુવાદ કરવા માટે પુજ્ય શ્રીના આદેશથી હું ઉભો થયો મેં લખીને લાવેલ હતું જ આ સાથે પાના નંબર ૩૫૩ ઉપર છે. તે મેં વાંચીને પુજ્યશ્રીના ગુણાનુવાદ કર્યા છેલ્લે મારા તરફથી કહેવામાં આવ્યું કે બીજા પણ ત્રણ ચાર ભાગ્યશાળીઓ પણ ગુણાનુવાદ કરવાના છે.

બેસવાની રજા માંગી પછી બીજાને ગચ્છાધિપતિશ્રીએ ગુણાનવાદ ન કરવા કહ્યું પોતે આવેશમાં આવી બોલવા માંડયા!

અમે શાન્ત...ચિત્તે...માથા...ઉપર બરફ રાખી સાંભળતાં રહ્યા કોઇ દુશ્મન પણ આવું ન બોલે તે શબ્દો ગચ્છાધિપતિશ્રીના મુખે કાન ઉપર હાથ રાખી સાંભળતા રહ્યાં, મુનિ મહાબોધિ વિ. પણ બોલ્યા—શું શું વાકયો બંને બોલ્યા જેની નોંધ આ સાથે પાના નં. ૩૫૮ થી ૩૬૨ ઉપરની નોંધમાં લગાવેલ છે.

રૂા. ૧નું સંઘપૂજન કરવામાં આવેલ.

* બપોરના વિજય મુહૂર્તે શ્રી વિશસ્થાનક પૂજન ભણાવવામાં આવેલ, ૧૩૦૦ સાધર્મિક ભાઇબહેનોએ લાભ લીધો—મોતીચુરના લાડવાની પ્રભાવના કરવામાં આવેલ.

સંઘમાં આયંબીલ કરાવવામાં આવેલ—૨૧૫ આયંબીલ થયાં.

રાતના ભાવના થઇ, લોકોની સારી હાજરી હતી.

* અષાડ વદ અમાસ

* સવારમાં બહેનોએ પ્રભાતિયાં ગાયાં, જેમાં ૧૯૯ બહેનોની હાજરી હતી. રૂા. ૧ ની પ્રભાવના કરવામાં આવેલ.

વિજય મુહૂર્તે શ્રી ૧૦૮ પાર્શ્વનાથજિન મહાપૂજન શ્રી સંજયભાઈ પાંચપવાલાએ ભણાવેલ. ૧૫૫૧ સાધર્મિક ભાઇ બહેનોની હાજરી, પેંડાની પ્રભાવના કરવામાં આવેલ, રાતના ભાવના વાત્સલ્યભવનમાં રાખવામાં આવેલ, સારી સંખ્યામાં લોકોએ હાજરી આપી હતી.

મહોત્સવ પૂરો થયો.

પ્રેષક :—

જયંતિલાલ લાલચંદ. પિંડવાડા

卐

બેલો શ્રી આચાર્યદેવ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબની જય

આજ રોજ આપણે ગચ્છાધિપતિ પૂ. આચાર્ય દેવ શ્રીમદ્ વિજય જયઘોષ-સૂરીશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં પરમ પૂજય સ્વ. આચાર્ય શ્રીમદ્-વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબની છઠ્ઠી સ્વર્ગારોહણ તિથિ પ્રસંગે ગુણાનુવાદ કરવા માટે આપણે ભેગા થયા છીએ. આપ સૌ જાણો છો કે

એ પણ એક 'રામ' થઇ ગયા, આ પણ એક 'રામ થઈ' ગયા. એક દશરથનંદન હતા. તો બીજા સમરથ નંદન હતા. 'રામ ત્યાં અયોધ્યા' આ કહેવત ઓછે વત્તે અંશે બન્ને માં ચરિતાર્થ થતી જણાતી હતી છતાં ભન્ને રામ વચ્ચેની વિશેષતા દર્શાવવા કહેવું હોય તો એમ કહી શકાય કે, પહેલા રામ અયોધ્યામાં અવતર્યા તે પછી તેઓ જયાં જતા ત્યાં તેમના પગલે પગલે અયોધ્યા અવતરતી હતી. જયારે બીજા રામ અયોધ્યામાં નહિં, પણ પાદરા જેવા ગામડામાં જન્મ્યા, છતાં તેમના પગલાં જયાં પડતાં, ત્યાં અયોધ્યાનું નાનું એવું અવતરણ અચૂક થઇ જવા પામતું.

અયોધ્યાના રામને જાણનારા–પિછાણનારાઓનો તો સુમાર નહિ, પરંતુ આ પાદરા ગામના રામ ના નામ, કામ પણ કંઇ ઓછાં જાણીતાં નથી ! સદેહાવસ્થામાં તો આ રામ ઘટ ઘટ અને ઘર ઘર માં જાણીતા થયા હતા, પણ વિદેહાવસ્થા પછીના સમયથી તો આ રામ દેશો દેશ ઉપરાંત વિદેશોમાંય જે રીતે વિખ્યાત બનતા ગયા, એવી તો જોડ જડવી મુશ્કેલ છે. જેમના પગલે પગલે અયોધ્યા અવતરતી અને જંગલમાંય જેમના પગલે મંગલની હારમાળા રચાઇ જતી એ પૂજનીય વિભૂતિ પૂણ્યશ્લોક આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજાએ ૬/૯ દાયકાઓના સમય તટ પર એકધારી રીતે છવાયેલા રહીને જૈન શાસનની આરાધના, પ્રભાવના રક્ષા કરવા દ્વારા જે ઇતિહાસ રચ્યો, એ જેટલો રોમાંચક એટલોજ રસિક અને જેટલો રસિક એટલો જ રોમાંચક છે.

પાદરાથી આરંભીને અમદાવાદના પરિમલ દર્શન બંગલે સમાપ્ત થયેલી અને વિ. સં. ૧૯૫૨ થી વિ. સં. ૨૦૪૭ના સમય સુધી વિસ્તરેલી એ જીવન યાત્રા એટલી બધી મોટી માત્રામાં તીર્થધામો ધરાવતી હતી કે, જેના દર્શને આંખો તૃપ્ત થઇ ઊઠતી અને અંતર અમૃતસ્નાનનો આનંદ અનુભવતું. શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજા આ અઢાર અક્ષરી નામ મંત્રના ઉચ્ચારણ–શ્રવણની સાથે જ ૬/૯ દાયકાની દીર્ઘતા ધરાવતા એક સુવર્ણ યુગના અનેક સોનેરી સંસ્મરણો ઉપસી આવે છે.

ઇતિહાસનું વાંચન હજી સહેલું છે. ઇતિહાસનું સર્જન પણ કંઈ બહુ કઠીન નથી. કઠીનાતિકઠીન જો હોય તો તે 'ઇતિહાસમય' બની જવાની સિદ્ધિ છે ! આ સંદર્ભમાં પૂજ્ય આચાર્ય દેવ શ્રીમદ્ રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના જીવનની પળે પળને અને ક્ષનના શબ્દે શબ્દને એક 'ઇતિહાસ' તરીકે બિરદાવી શકાય ને આવા જીવન ક્ષનના સર્જક સંદેશ વાહક પૂજ્ય આચાર્યદેવશ્રીને સીમાતિત સિદ્ધિના સ્વામી તરીકે પોંખી શકાય.

શબ્દો જેને વર્ણવતા શિથીલ બની જાય, વાણી જેને વદવા જતાં વામણી ભાસે, અને કલમ, કેમેરા જેને સાચા રૂપમાં રજુ કરવા કુંઠિત બની રહે એવી અત્યદ્ભુત વિરલ વિશેષતાઓના સ્વામી શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના જીવનનો આખો બાગ એવા એવા સહસ્ત્રદળ કમળોથી ભર્યો ભર્યો હતો કે, એમાંથી ગુણના કયા કમળ પર પસંદગી ઉતારીને એની પ્રશંસા કરવી, એ મીઠી મુંઝવણનો વિષય બની રહે.

મહાનતાના મેરૂ શિખર પર પ્રતિષ્ઠિત હોવા છતાં નાનામાં નાની વ્યક્તિ તરફ પણ વાત્સલ્યપૂર્ણ વર્તન ! ભક્તો અને ભક્તિની પ્રચંડ ભરતી વચ્ચે વસવાટ હોવા છતાં કટ્ટર વિરોધીઓનેય સમજવા સમજાવવાની હર પળે તત્પરતાને તૈયારી ! મારૂં જ સારૂં નહિ, પણ સારૂં, સાચું એ જ મારૂં, આ જાતની સત્ય નિષ્ઠાપૂર્વક "મારૂં" ને "મારૂં" ગણ્યા બાદ એ મારૂં "ને" સારૂં–સાચું" સિદ્ધ કરી આપવામ સતત વિજયની વરમાળા વરતો તલસ્પર્શી શાસ્ત્રાભ્યાસ ! પગલે પગલે સર્જાતી રહેલી શાસન પ્રભાવનાનો યશ શાસનને શિરે જ અભિષેકવાની વફાદારી પૂર્વક, શાસનને અસમર્પિત વ્યક્તિઓ દ્વારા આવી જાતની વફાદારી નિષ્ઠાની ઉંધી અતવણી દ્વારા કાગારોળ મચાવીને ઉભા કરાતા શાસન હીલનાના આભાસ બદલ પોતાની પૂણ્યાઇની કરાશને જ દોષ દેવાની વિનમ્ર નિષ્ઠા ! આ અને આવી વિરલ વિશેષતાઓના સુભગ સંગમ સમા પૂજ્ય આચાર્યદેવશ્રીના જીવનને જો પૂર્વગ્રહ અને પૂર્વાગ્રહ વિના નિહાળવામાં આવે, તો મન અને મસ્તક ઝુકી ગયા વિના ન જ રહે.

પ્રભુશ્રી મહાવીર દેવની ૭૭ મી પાટ પર પ્રતિષ્ઠા ! ૧૭ મા વર્ષે સંયમ ગ્રહણ ! ૯૬ વર્ષનું આયુષ્ય ! ૭૯ વર્ષનો સંયમ પર્યાય ! ૫૬ વર્ષનો આચાર્ય પદ પર્યાય ! ૧૨૧ શિષ્યોનું ગુરૂત્વ વગેરે વગેરે વિશેષતાઓના સંગમ તટે તીર્થધામની જેમ પ્રેક્ષણ પુરૂં પાડતું એક જીવન એટલે જ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ ! સાગરનો તાગ હજી પામી શકાય પણ આ મહાપુરૂષના જીવન સાગરનો તાગ પામવો શક્ય નથી. આમ છતાં એ વિસ્તારનો ટુંક ટુંકમાં સાર તારવવા. નિહાળવા એક પ્રયાસ કરીએ.

વિક્રમ સંવત ૧૯૫૨ ફાગણ વદ ચોથની રાતના શુભ ઘડી પળે જન્મ, વતન પાદરા, જન્મભૂમિ ઠહેવાણ, નામ ત્રિભુવન, જન્માંતરના સંયમ સંસ્કાર વારસો લઇને આ ધરતી પર આવેલા ત્રિભુવને ૯ વર્ષની ઉંમરે ઘરમાંથી ભાગી જઇને દીક્ષા લેવાનું સાહસ કર્યું. પણ સગાંવહાલાં પકડીને લઇ આવતાં એ સાહસ સફળ ન થયું. અંતે ૧૭ વર્ષની વયે ૧૯૬૯ની સાલમાં પોષ સુદ ૧૩ સે ગંધાર તીર્થમાં સંયમ સ્વીકારવાનો પુરુષાર્થ કર્યો અને શ્રી રામવિજયજી મહારાજના નામે . પૂશ્રી પ્રેમવિજયજી મહારાજન શિષ્ય તરીકે જાહેર થતાં જૈન ઇતિહાસમાં એક સુવર્ણ પ્રકરણ ઉમેરાયું.

પહેલું જ ચાતુર્માસ પુજ્ય ગુરૂદેવોની નિશ્રામાં સિનોરમાં થયું. એકા એક પ્રવચન અપવાનો પ્રસંગ ઉપસ્થિત થતાં પાઠશાળામાં ગોળેલ સમકિતના સડસઠ બોલની સઝાયના આધારે પ્રવચન આપ્યું, પ્રવચન સાંભળીને ખુશ થઇ ગયેલા વચનસિદ્ધ પુજ્ય ઉપાધ્યાયજી શ્રી વીરવિજયજી મહારાજે શ્રી રામવિજયજી મહારાજની પીઠ થાબડીને, આશિર્વાદ આપ્યા કે "બીજા! તું જબ્બર શાસન પ્રભાવક હોગા." આ પછી ૫૦ વર્ષ બાદ પુજ્યશ્રીએ નિયમિત રીતે પ્રવચનની જે ગંગોત્રી વહાવવા માંડી એ પ્રવચનના અંત સુધી સતત વહેતી જ રહી, વહેતી જ રહી !

સા: વર્ષના સંયમગાળામાં વિધવા વિવાહના ઠરાવને પસાર કરવા માટે વડોદરામાં જૈનાચાર્યની મળેલી સભાનો માત્ર પોતાની ઉપસ્થિતિ દ્વારા જ શ્રી રામવિજયજી મ.ડારાજે રક્ષાસ કર્યો. લાલન શિવજી પુજા પ્રકરણ, કાશીવાળા આચાર્યશ્રીએ પંડિત બેચરદાસ દ્વારા જગવેલ દ્રવ્યપૂજા ચર્ચા, ભાગવતીદીક્ષાદિ ધર્મકાર્યો સામે યુવકસંઘે જાહેર કરેલ વિરોધી ચરવળ: આ અને આવા અનેક અવસરે શ્રી રામવિજયજી મહારાજે પોતાની મોવડી શક્તિનો પરચો બતાવીને સુંદર શાસન રક્ષા કરી.

૧૯૭૬ની સાલમાં ખંભાતમાં શ્રમણ-સંમેલન બોલાવતાં દ્રવ્યપૂજા આદિની શાસ્ત્રીય વ્યવસ્થા માટેના જે નિર્ણયો લેવાયા, એની શાસ્ત્રાધારતા સંઘને સમજાવવા એક મુનિમંડળ નીમાયું. જેમાં સાત વર્ષના પર્યાયવાળા શ્રી રામવિજયજી મહારાજને પણ સ્થાન અપાયું. આ વર્ષે અમદાવાદમાં ચાતુર્માસ લક્ષ્મી થતાં હોટેલ આદિ તરફ વળેલા જનપ્રવાહને સાચી સમજણ આપતાં પ્રવચનો થતા વિલાસ ને ચંદ્રવિલાસ જેવી પ્રખ્યાત હોટેલોમાંય ઝગડા ઉડવા માંડયા. ભદ્રકાળી મંદિરે થતાં પોકડાની બલિ પુજ્યશ્રીના પ્રવચનોના પ્રભાવે બંધ થયો. કૂતરાં હત્યા પ્રકરણ ઉપસ્થિત થતાં નામાંકિત ઉદ્યોગપતિની સામે પડીનેય સત્ય સમજાવવામાં પુજ્યશ્રીએ જરાય પાછી પાની ન કરી.

આ બધી સત્ય રક્ષાના કારણે શ્રી રામવિજયજી મહારાજનાં નામ, કામ ટુંક સમયમાં જ જગ જાહેર થઇ જવા પામ્યાં. ૧૯૮૨નું ચાતુર્માસ અમદાવાદ થતાં, ખાદી–રેંટિયો આદિની ચર્ચા જાગતાં ગાંધીજી સાથે પત્ર વ્યવહાર કરીને શાસ્ત્રીય સત્યનું પુન્યશ્રીએ સચોટ સમર્થન કર્યું. આ પછી કેટલીય દીક્ષાઓને કોર્ટમાં પડકારવામાં આવી, જેથી જૈન દીક્ષાને જવલંત રાખવા કોર્ટના કાંગરે જવું પડયું, તો ત્યાં જઇનેય પુજ્યશ્રીએ એવો ભવ્ય વિજય મેળવ્યો કે, જેના પડઘા હજીય શમ્યા નથી.

૧૯૮૫ ના ચાતુર્માસ માટે પુજ્ય ગુરૂદેવોની સાથે મુંબઇમાં પધરામણી થતાં શ્રી રામવિજયજી મહારાજના નામને વરેલી શાસનની રક્ષા–પ્રભાવનાની જવાબદારીમાં ઓર વધારો થયો અને ચોરશી બંદરના વાવટાની વિખ્યાતિ ધરાવતા મુંબઇમાં થયેલી શાસનની એ રક્ષા–પ્રભાવનાની કીર્તિ દિગંતવ્યાપી બનતી ચાલી, એમાં દીક્ષાની દુદુંભિના નાદ ભળતાં તો એ પડઘા વધુ વ્યાપક બન્યા.

૧૯૮૮માં બાળ સંન્યાસ દીક્ષા પ્રબંધક બીલની સામે પુજ્યશ્રીએ જોરદાર પડકાર કર્યો. ૧૯૯૦ની સાલમાં રાજનગરમાં આયોજિત મુનિસંમેલનનાં મુખ્યત્વે દેવદ્રવ્ય, દીક્ષા આદિના પ્રશ્નો વિચારાયા. પુજ્ય આચાર્ય શ્રી દાનસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં રહીને, ત્યારે પુંજ્ય પં. રામવિજયજી ગણિવરે શાસ્ત્રીય ચર્ચામાં મહત્વનો ભાગ લઇને સિદ્ધાંત રક્ષાની જવાબદારી અદા કરી. ૧૯૯૧ ચૈત્ર સુદ ૧૪ ના દિવસે પુજ્યશ્રીને ઉપાધ્યાય પદે સ્થાપિત કરાયા. આ જ વખતે પુજ્ય આચાર્ય શ્રી દાનસૂરીશ્વરજી મહારાજાએ શ્રી રામવિજયજી મહારાજને ૧૯૯૨ના વૈશાખ સુદ ૬ ના દિવસે આચાર્ય પદે સ્થાપવાનું મુહૂર્ત નિર્ણીત કર્યું. રાધનપુરમાં થયેલ આ ચાતુર્માસ દરમિયાન જ શ્રી રામવિજયજી મહારાજે તિથિ ચર્ચા આદિનું તલસ્પર્શી જ્ઞાન પુ. શ્રી દાનસૂરીશ્વરજી મહારાજા પાસેથી મેળવ્યું. ચાતુર્માસ બાદ મહા મહિને પાટડીમાં પ્રતિષ્ઠા પ્રસંગ હોવાથી સૌ મહાત્માઓ રાધનપુરથી શંખેશ્વરા પધાર્યા. ખંભાતના આગેવાનો ખંભાતમાં ઉજવાનારા ધર્મમહોત્સવ પ્રસંગે વિનંતી કરવા શંખેશ્વર આવતાં ઘણી ઘણી હા ના પછી પુજ્ય આચાર્ય શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજા અને પુજ્ય ઉપાધ્યાય શ્રી રામવિજયજી ગણિવર આદિ ખંભાત તરફ પધાર્યા. અને પુજ્ય આચાર્ય શ્રી દાનસૂરીશ્વરજી મહારાજે પાટડી તરફ વિહાર કર્યો ત્યારે ભાવિના ભાવ કોઈ જાણતું ન હતું કે, આ વિરહ/વિદાય કાયમની બની જશે. મહા સુદ બીજે પુજ્ય આચાર્ય શ્રી દાનસૂરીશ્વરજી મહારાજા પાટડીમાં કાળધર્મ પામતાં સમસ્ત

પુજ્ય આચાર્ય શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં ખંભાતમાં ભવ્ય મહોત્સવ ઉજવાયો. તેઓશ્રીના શિરે બે મોટી જવાબદારી આવી પડી હતી : એક તો પુજ્ય ઠાનસૂરીશ્વરજી મહારાજ આદિ વડીલો ઇચ્છતા હતા, એ મુજબ એઓશ્રીએ ઠરાવેલા મુહૂર્તે ઉપાધ્યાય રામવિજયજી મહારાજને આચાર્યપદાર્પણ અને બીજી મહત્વની જવાબદારી હતી : તિથિ આરાધના અંગે સત્ય માર્ગનો પુનરુદ્ધાર. આચાર્ય પદવીનો દાભ લેવા અનેક સંઘોની વિનંતિઓ હોવા છતાં મુંબઇ- લાલબાગની વિનંતિ સ્વીકારાતાં બધે આનંદ મંગલ છવાઇ ગયો, અને મુંબઇમાં પધરામણી થતાં તો એ આનંદ મંગલમાં અભૂતપુર્વ ભરતી આવવા પામી. આઠ દિવસ ઉજવવા ધારેલો આચાર્યપદ નિમિત્તક એ મહોત્સવ પુરા એક મહિના સુધી ચાલ્યો.

વૈશાખ સુદ ૬ શુભ ઘડી પળે જૈનશાસન ગગનતળમાં "શ્રીમદ્ વિજય રામચંદ્ર-સૂરીશ્વરજી મહારાજા" આ નામનો એવો એક સૂર્ય ઉગ્યો કે અસ્ત થતાં સુધી તો એણે અગણિત અજવાળા રાતદિવસ પાથર્યા જ. પણ અસ્ત પામ્યા પછી પણ પોતાના પ્રચંડ પુણ્ય-પ્રકાશથી દેશ વિદેશ ચારે બાજુથી ભરી દઇને એ સૂર્યે સૌને આશ્ચર્ય ચકિત બનાવી દીધાં,

એઓશ્રીનું પરમ પુનિત જીવત અગણિત પુણ્યોથી ભર્યું ભર્યું હતું. હજારો મુક્તિમાર્ગના રસિક આત્માઓ એઓશ્રીનાં પ્રવચન પુણ્યોનો પરાગ પામી જીવનને પવિત્રતા તરફ લઇ જતા હતા, કેઈ પતિતો મુક્તિનગરનાં પથિક બની જતા, હજારોને માર્ગ- દાન કરવા છતાં કશાયની પણ અપેક્ષા રાખ્યા વગર અરિહંત શાસનનું એક કર્તવ્ય અદા થયું- એમ જ તેઓશ્રી માનતા. જીવનની સતત પળે પળ અપ્રમત્ત ભાવથી ભાવિત બનેલા પુજ્યશ્રીએ અનેક બાહ્યાભ્યંતર હુમલાઓનો સામનો કર્યો છતાં ક્યારેય વ્યાકુળ બન્યા નહિ, હૈયાને શાંત-પ્રશાંત-ઉપશાંત બનાવી વીર શાસન પરના કરેક હુમલાઓને ખાળી, એ શાસનનો મહામાર્ગ કંટક વિનાનો કર્યો, એંસી એંસી વર્ષનાં સુદીર્ઘ સંયમ પર્યાયમાં પ્રાયઃ ૩૬ હજારથીય વધારે વાર પ્રવચનો કરવા છતાં, તેઓશ્રીની પ્રવચન પદ્ધતિ, શાસ્ત્રીય અભિગમ અને સુવિશુદ્ધ પ્રરૂપણામાં લેશ પણ ફેર આવ્યો નથી અને તે સ્વગચ્છ-પરગચ્છના અનેક ગીતાર્થો-મહાત્માઓ માટે પરમ માર્ગદર્શક બન્યા છે.

તે સિવાય સારાયે જૈન સમાજમાં તેમની બહુમુખી પ્રતિભાથી છવાઇ જનારા તેમના જીવનમાં અનેક યશસ્વી કાર્યો છે, જૈન દૃષ્ટિએ સત્યતિથિ પ્રકાશન. જો કે આ

કાર્ય માટે તેમને છેવટ સુધી ઘણાં સંઘર્ષો વેઠવાં પડ્યા હતા પણ તોય તેમની ઋજુ-આતને સત્યતાને કોઇ અવગણી શક્યું નથી. તેમના પગલે પગલે જૈન ધર્મના સુવર્ણ ઇતિહાસો રચાતા હતા. દીક્ષા–પ્રતિષ્ઠા–તીર્થોદ્ધાર આદિ ઘણાં ઘણાં યશસ્વી કાર્યોથી તેમનું જીવન ભર્યું ભર્યું હતું. તેમની પ્રકાંડ વિદ્વતા ભરેલી પ્રચંડ પ્રવચન શક્તિ એ તેમની આગવી વિશેષતા હતી, તેમના પ્રવચનો એવી શક્તિ ધરાવતાં હતાં કે એક વખત સાંભળનારી વ્યક્તિ પણ તેનાથી પાવન બની જતી હતી.

સકલાગમ રહસ્યવેદી, જ્યોતિર્વિદ્યા નિષ્ણાંત પુ. પાદ આચાર્ય શ્રીમદ્ વિજય દાનસૂરીશ્વરજી મ.ના પટ્ટાલંકાર સિદ્ધાંત મહોદધિ સુવિશાળ ગચ્છાધિપતિ પુ. પાદ આ. ભગવંત શ્રીમદ્ વિજયપ્રેમસૂ. મ.ના પટ્ટાલંકાર તરીકે સંઘ અને સમુદાયને સાચી વાત સમજાવવામાં કોઇ શેહ શરમ નહીં અનુભવનારા આ યુગ પુરૂષની મહત્તા સદીઓ સુધી ગવાતી રહેશે તેમાં શંકા નથી.

અંતે પરમોપકારી એ મહાપુરૂષનાં ચરણોમાં આ છઠ્ઠી સ્વર્ગારોહણ તિથિ પ્રસંગે વંદનાંજલિ સમર્પિ હું બેસી જવાની રજા લઉં છું.

પૂજ્ય ગચ્છાધિપતિએ કરેલ ગુણાનુવાદના હૃદયને ડંખે તેવા કેટલાક અવતરણો

(૧) દરેક જીવમાં ગુણ અને દોષ બંને હોય છે પરંતુ માણસ મર્યા પછી તેમના માત્ર ગુણ ગવાય છે. પણ દોષ ગવાતા નથી.

(૨) હમણાં રામચંદ્રસૂરી મ. સા.નાં ગુણો કહેવાયા પરંતુ એ જેટલા ગુણીયલ હતા પણ એમણે જીવનમાં કેવા કેવા કાળા કામો કર્યા છે તે તો અમે જ જાણીયે છીએ, તમો એમને એટલા ગુણીયલ માનવાની ભૂલ કરતા નહીં.

(૩) પુ. રામચંદ્રસૂરિ મ. સા. એ શાસનની પ્રભાવના કરી છે કે તિથિના નામે શાસનમાં મોટો ઝઘડો ઉભો કર્યો છે.

(૪) જે વાત ગુરૂ સંઘની શાંતિ માટે કરી ગયા અને કહી ગયા હોય તે વાત પણ એમની નહીં માનવાની ? કહો તિથિ સાચી કે શાસન સાચું ?

(૫) સં. ૨૦૧૪ માં સકલ સંઘ મલીને કર્યું ત્યારે પુ. પ્રેમસૂરિ મ. સા. એ પુ. રામચંસૂરિ મ. સા.ને સકલ સંઘ વચ્ચે માફી માગવા કહ્યું તો એટલી વાત પણ એમણે ગુરૂજીની માની નહીં.

(૬) અને ગુરૂજીને એક બાજુ મુકી ગુરૂની વાત નહીં માનવા ખાતર તો પુ. સિદ્ધિસૂરિ મ. સા.ને તથા પુ. લબ્ધિસૂરિ મ. સા.ને હાથમાં લીધા હતા કારણ કે મોટા પક્ષમાં હોય તો પછી ગુરૂનું શું ચાલે ?

(૭) પુ. રામચંદ્રસૂરિ મ. સા.ને દશરથ નંદન રામની સાથે સરખાવો છો તો એ રામે તો પિતાના વચન ખાતર ચૌદ વર્ષ વનવાસ સહ્યો હતો અને આ રામને તો કલકત્તાનો વનવાસ મળ્યો હતો.

(૮) એ પ્રવચન પ્રભાવક હતા પુણ્યશાળી હતા એ વાત સો ટકા સાચી પણ એમણે જે શાસનને નુકશાન પહોંચાડયું છે એવું બીજા કોઇએ નહીં.

(૯) પુ. હેમંતવિ. મ. સાહેબે પુ. પ્રેમસૂરિ મ. સા.ની હાજરીમાં માંડલીમાં કહ્યું હતું કે પુ. રામચંદ્રસૂરિ મ.સા.નું સાહેબજીએ જે સહન કર્યું છે તેમને આ દેકાણે બીજો કોઇ હોત તો ઝેર ખાઇને મરી જાત હવે ઘણું નથી કહેવું બસ રહેવા દો ! તે વખતે પુ. પ્રેમસૂરિ મ. સાહેબ મૌન રહ્યા હતા.

(૧૦) પુ. પ્રેમસૂરિ મ. સા. પણ કહેતા હતા કે એમની કુંડલી સારી છે પુણ્ય સારૂં છે પણ એ પુણ્ય થોડું વાંકું છે માટે જ આ બધી ઉપાધિ છે.

(૧૧) પુ. રામચંદ્રસૂરિ મ. સા. પુ. ઠાનસૂરી મ. સા. તથા પુ. પ્રેમસૂરી મ. સાહેબજીનં. ભક્તિ અને આજ્ઞા તો શું માને પણ એમની આંતરડી જે બાળી છે એવી કોઇએ બાળી નથી.

(૧૨) પુ. પ્રેમસૂરી મ. સાહેબને પુ. રામચંદ્રસૂરી મ. સાહેબના શિષ્ય વિહારમાં પાણી પણ પાતા ન હતા, એટલે તો સાહેબજી મુકામમાંથી પચ્ચખાણ કરીને નિકળતા હતા, સાહેબજીએ ઓછું સહન નથી કર્યું.

(૧૩) અને 'અહિં' પણ મૂર્તિ ઉપર શીલાલેખમાં પુ. યશોદેવસૂરી મ. સાહેબ પટ્ટધર તરીકે લખાય છે તો રામચંદ્રસૂરી મ. સા. કેમ નથી લખાયા એ વિચાર કર્યો ?

(૧૪) પાટણમાં પ્રવેશ પહેલાં લખાયું કે 'રામવિજયજી ભલે પધારો' અને વિરોધીઓને ખબર પડતાં આગળ "હ" કરાયો અને પછી ખબર પડી ત્યારે ઉપર ઠાનો લગાડ 'હે રામ વિજયજી ભલે પધારો' એમ લખવામાં આવ્યું.

(૧૫) ધારણા અવધિવાળાને આગળ કરાય કે મર્યાદા અવધિવાળાને ?

(૧૬) અને પાટણમાં આ મંડપ નામે ઉપાશ્રય ઓળખાય છે એ નામ કેમ પડયું ? તો કહેવું છે કે એમને પાટણમાં ઉતરવા કયાંય જગ્યા ન મલી ત્યારે નવા પામેલા ભકતોએ આ મંડપ ઉભો કર્યો, ખબર છે ?

(૧૭) રામચંદ્રસૂરી મ. સા. સં. ૨૦૨૦ના પટ્ટકમાં સંમત ન થતા હતા તો પુ. પ્રેમસૂરી મ. સાહેબે વટહુકમથી સંમત કરાવેલ.

(૧૮) એમના શ્રાવકો બધા ઉપદેશથી તૈયાર થયેલા છે પણ કોઇ ભણીને તૈયાર નથી થયા.

(૧૯) એમનું નામ આજે ઇતિહાસમાં સુવર્ણાક્ષરે તો શું લખાય ? પણ કાળા અક્ષરે પણ નહિ લખાય !

(૨૦) એમણે જો શાસનની રક્ષા કરી હોત તો યુગ પુરૂષ કહેવાત.

(૨૧) એમણે જે ગુરૂની આંતરડી બાળી છે તે તો અમને હજી સુધી ભુલાતી નથી અમારૂં અંતર જ ઠરતું ન હોય તો ગુણાનુવાદ શી રીતિએ થાય ?

(૨૨) અને શાસનમાં આ એક આવા અખંડ પાઠયા ન હોત તો આજે જૈન શાસનમાં ભાગલા દેખાય છે અશાંતિ દેખાય છે તે આજે જૈન શાસન જય જય કાર પામ્યું હોત.

(૨૩) પુ. રામચંદ્રસૂરી મહારાજ સાહેબ તથા પુ. ભુવનભાનુસૂરી મ. સાહેબ મળીને ઇષ્ટફળ સિદ્ધિ બાબત સહી પણ કરી દીધી હતી. લવાદી ચુકાદો પણ આવી ગયો હતો, શું ચુકાદો આવ્યો હતો એ મારે કહેવું નથી પણ પછી પુ. રામચંદ્રસૂરી મ. સાહેબને સાધુઓએ શ્રાવકોએ ઠબાવ્યા કે આ શું કર્યું, કાંડા કાપી આપી દીધાં ! એટલે એ ચુકાદો જિનવાણી વગેરેમાં બહાર પડવાનો હતો છતાં ન પડયો.

(૨૪) બાળદીક્ષા વગેરેના વિરોધની સામે પુ. સાગરજી મ. સાહેબ તથા પુ. રામચંદ્રસૂરી મ. સા. એ બંનેએ મળીને પ્રતિકાર કરીને વિજય મેળવેલ છતાં આજે પુ. રામચંદ્રસૂરી મ. સાહેબનું જ નામ આવે છે તો પુ. સાગરજી મ. સા. કેમ નહિ? રથ બે પૈડાં વડે ચાલે છે કે એક પૈડા વડે ?

(૨૫) મુંબઇમાં મેં ચાતુર્માસ કર્યું ત્યારે રોજ એકને એક ઉપાધિ આવ્યા જ કરે અને હેરાન હેરાન થઇ ગયા. ખરેખર મને થઈ ગયું કે રામના ભકતો જ્યાં હોય ત્યાં ચોમાસું ક્યારે પણ ન કરવું.

(૨૬) આજે રામચંદ્રસૂરી મ. સા.ના શિષ્યો આદિ વકતા દેખાય છે તે બધાને તૈયાર કોણે કર્યા છે ? પુ. પ્રેમસૂરી મ. સાહેબે, એમને તો શાસ્ત્રોની વાતો જ કરી જ છે, શિષ્યો વિગેરે ભણ્યા પણ નથી !

(૨૭) હવે ઘણું કહેવાથી શું ? પણ એમણે જે શાસનને નુકશાન કર્યું છે તે બીજા કોણ કરી શકે ? હવે મારે ઘણું કહેવું નથી, બધું બાંધી મુઠ્ઠી લાખની રાખવા જેવી છે, કારણ કે આજે એમની સ્વર્ગારોહણ તિથિ છે માટે બસ !

(૨૮) અને કહું છું કે હવે તો ઘણા પાઠશે પણ બાંધી મુઠ્ઠી લાખની રાખો !

❖

પૂજ્ય મહાબોધીવિજયજી મહારાજ સાહેબે કરેલા ગુણાનુવાદ

(૧) કોઇ ઘોડો રંગમાં સારો એવો કાળો ઘોડો છે, દીર્ઘ કાયાવાળો છે, બધી કલા શીખ્યો છે, એ ઘોડા પર નજર પડતાં સહુ એ ઘોડાના ગુણોને બોલે છે પણ પેલા ઘોડાને તૈયાર કરવામાં પેલા ઘોડેસ્વારને શું શું નથી સહેવું પડયું કે કેટલી મહેનત અને પરસેવા પાડયા છે એ કોઇ જોતું નથી.

(૨) એક બરોબર તૈયાર થયેલો હાથી સૂંઢમાં તલવાર પકડી રણ મેદાનમાં આવી જાય છે ત્યારે બધાની નજર એના પર હોય છે પણ પાછળ રહેલા મહાવતને કોઇ જોતું નથી.

(૩) એક નાનું એવું બાળક અભ્યાસ કરતાં કરતાં સારો એવો તૈયાર થાય છે એ તમને બધાને દેખાય છે પણ એને તૈયાર કરનાર એવા એના મા–બાપ તરફ કોઇ નજર પડતા નથી.

(૪) એક શિષ્યને તૈયાર કરવામાં કે વકતા બનાવવામાં ગુરૂએ કેટલા લોહીનાં પાણી કર્યા છે એ ગુરૂ તરફ તમારી આંખ નથી પરંતુ એ વકતાને જોઇ કે સાંભળી તે વકતાના સહુ વખાણ કરશે કે હાં હાં હો મહારાજ સાહેબ બહુ સારૂં બોલ્યા, ટોપ બોલ્યા છે હોં!

(૫) આ સામે વડલો દેખાય છે ને? તેના પર રહેલી શાખા પત્રાદિના આધારે પક્ષીઓ, પોપટ, મેના, કોયલ આદિ માળા કરી વસે છે એ તમને દેખાય છે પણ એ સૌનો આધાર તો માત્ર વડલાનું મૂળ છે મૂળ નહિં તો કાંઇ નહિં! તે તમે ભૂલી બેઠા છો ત્યાં જ મોટો વાંધો છે!

(૬) પૂ. રામચંદ્રસૂરી મ. સા. તો મારા દીક્ષાના જન્મદાતા છે એમના હાથે મને આ રજોહરણ મળેલ છે, એ મારા ઉપકારી છે, એમનામાં ત્રણ ગુણો હતા તે મને યાદ છે ખાસ તે હું તમને કહું છું (૧) 'નિયમિતતા' એમને ૯–૩૦ વાગે સૂવું એટલે સૂવું પછી મોટો જર્મની આવી જાય તોય ભલે ને એમને મળવા ન મલે તે ન જ મલે.

(૨) અને સવારે ચાર વાગે એટલે ઉઠી જ જાય, ભલે પછી સાધુઓને ઘડિયાળ મેળવવી હોય તો મેળવી શકે કારણ કે તેમનો એકજેકટ ટાઇમ છે. છે! એમના કહેવાતા ભકતોમાં એવી નિયમિતતા કે પછી અભક્ષ ભક્ષણ, અપેય, વાસી, રાત્રી ભોજન, જુગાર આદિ બધા વ્યસનો કે એનો ત્યાગ, એમના કહેવાતા ભકતોમાં છે એવી નિયમિતતા કે બધું ચાલે?

(૮) નં. ૨ 'નિડરતા' તેઓ એવા તો નિડર હતા કે જેઓએ નિડરતાના પ્રભાવે જેવું હોય તેવું બધું પાટે બેસી બોલી શકતા હતા પણ ત્યાંથી ઉતર્યા પછી કે કેબીનમાં જઇને કોઇના કાનમાં ફૂંક મારી ? છે આવી નિડરતા તમારામાં ?

(૯) તમો જે હો તે આવી અમારે મોઢે વાત કરો ને ? શું અમે ભૂત છીએ, પ્રેત છીએ, પલિત છીએ કે તમને ખાઇ જઇએ છીએ, તો અમારી પાસે ભણતા એવા મુમુક્ષુઓને ભરમાવવાનો શું ધંધો માંડયો છે કે અહિં શું દીક્ષા લેશે, ત્ય. લે ને ? આવી બધી દલાલો દલાલી કરે છે, તો એ દલાલોને મારે કહેવું છે કે આ દલાલી કરવામાં તમને શું મળે છે ? આવો ને મારી પાસે હું તમને ડાયરેક્ટ દલાલી આપી દઉ !

(૧૦) નં. ૩ 'નિર્વાણ' સમજ્યા ! કે નિર્વાણ એટલે મોક્ષ. મહારાજજી એક વખત એવા સીરીયસ અવસ્થામાં આવી પડયા કે જેથી થોડો વખત તેમને રોકાવું પડયું, અને વળી આયુષ્ય બળવાન અને વૈદ્યાદિના ઉપચાર કરી સ્વસ્થતાને પામ્યા અને ફરી બેઠા થયા ત્યારે સાધુઓએ તેમને પુછ્યું કે સાહેબજી આ પે આટલા દિવસ દરમિયાન શું શું વિચારો કર્યા ? ત્યારે પૂ. રામચંદ્રસૂરિ મ. સાહેબે જવાબ આપ્યો કે મેં આટલા દિવસ માત્ર એક 'જ્ઞાનસારના' અષ્ટકની જે ગાથા છે કે 'નિર્વાણપદમપ્યેકં' એ ગાથા ઉપર જ વિચાર કર્યો છે અને એમના વ્યાખ્યાનમાં મોક્ષ શબ્દ આવે જ તો કહો તમને કેટલીવાર મોક્ષ યાદ આવે છે ? કે સંસારમાં બેઠા હો ત્યારે તો જાણે હું જ મોટો શ્રીમંત અને એવા તો જાણે મશગુલ બની જાય કે કહેવું જ શું ? મહારાજજીએ કીધું હતું કે મંદિરમાં અને ઉપાશ્રયમાં મોક્ષ યાદ કરજો ? ઘરે ગયા પછી મોક્ષ નહિં એમ ?

(૧૧) હમણાં જ પૂ. આ. મ. સાહેબે એક સરસ મજાની વાત કરી કે બાપ દીકરાના નામે ઓળખાય કે પછી દીકરો બાપના નામે ઓળખાય ? ગુરૂ શિષ્યના નામે ઓળખાય કે શિષ્ય ગુરૂના નામે ઓળખાય ? જયંતીભાઇ બોલો બોલો હજી મને કહેવા દો, હું પોતે મુંબઇમાં દર્શન કરવા ગયો ત્યારે બહાર જ બોર્ડ જોયું ત્યાં લખેલું હતું કે કલિકાલ કલ્પતરૂ વ્યાખ્યાન વાચસ્પતિ આદિ આદિ ૮–૧૦ વિશેષણો પછી પૂ. પાદ આચાર્ય ભગવંતશ્રી રામચંદ્રસૂરીશ્વર મ. સા.ના ગુરૂદેવ સિદ્ધાંત મહોદધિ પૂ. પાદ આચાર્યદેવ શ્રી પ્રેમસૂરી મ. સા.ના ચરણોમાં કોટી કોટી વંદના ! આ બોર્ડ લાગ્યા ત્યારે તો પૂ. રામચંદ્રસૂરી મ. સા. હયાત હતા !

(૧૨) હજી મને કહેવા દો કે કૌરવ અને પાંડવ યુદ્ધમાં સામ સામે આવી જતા પણ ત્રીજો કોઇ આવી જાય ત્યારે તો બંને એક થઈ કહેતા કે નારે ના અમે ૧૦૦ નહીં, ૫ નહીં પણ ૧૦૫ છીએ.

(૧૩) તેમ કહું અમે ભલે પ્રેમસૂરી મ.ના બે હાથ એક પૂ. રામચંદ્રસૂરી મ. સા. ત્યારે બીજા પૂ. ભુવનભાનુસૂરી મ. સા., એમને ભાગલા પાડી જુદા કરનાર જો કોઇ હોય તો આ ભક્તો છે. એમને અમે બે એક થઇ જઇએ તે નથી ખમાતું એજ મોટી રામાયણ છે.

(૧૪) હજી કહું કહું ગુરૂ શિષ્યની જોડી કેવી હતી, એકની જન્મભૂમિ પીંડવાડા ત્યારે બીજાની પાદરા, હજી આગળ વધો પ્રેમનો જન્મ નનિહાલ નાંદિયામાં ત્યારે તેમનો જન્મ પણ મોસાળ કહેવાણમાં પણ મહાવીર સ્વામી અને નાંદિયામાં મહાવીર સ્વામી ભગવાન, હજી આગળ બંને જણ ભાગીને દીક્ષા લીધી એકે પાલીતાણામાં ત્યારે બીજાએ ગંધાર તીર્થમાં !

(૧૫) અને એજ પ્રેમની બે શાખા નીકળી એકનું નામ ત્રિભુવન એમની પાછળ ભુવન ત્યારે પૂ. ભુવનભાનુસૂરી મ. સા.ને આગળ ભુવન, હજી હજી એમને પણ ૨૫૦ સાધુ ત્યારે એમને પણ ૨૫૦ સાધુ.

પુ. રામચંદ્રસૂરી મ. સા. અમદાવાદમાં કાળધર્મ પામ્યા ત્યારે પુ. ભુવનભાનુસૂરી મ. સા. પણ અમદાવાદમાં કાળધર્મ પામ્યા ! હજી હજી એકે દર્શન બંગલે છેલ્લો શ્વાસ લીધો ત્યારે બીજાએ ડોકટર હાઉસમાં.

(૧૬) અમારો સમુદાય વધે એમાં એ રાજી અને એમનો સમુદાય વધે એમાં અમે રાજી, પણ આ ભક્તોને જ ફાવતું નથી.

(૧૭) શ્રી રામચંદ્રસૂરિ મ. સા. પોતે બોલી ગયા કે મારા ભક્તો બધા દુર્ગતિમાં જશે, એનો પુરૂ જોઇતો હોય તો તે હજી મારી પાસે મૌજુદ છે એનો કેમ નથી વિરોધ કરાતો.

(૧૮) અને હજી પણ હું તો તમને એક જ વાત કહેવા માગું છું કે ભલે માસખમણ નહિં થશે તો ચાલશે, અઠાઇ પણ નહિં થશે તો ચાલશે ? પણ જયંતીભાઇ તમો આગેવાન થવા તૈયાર હો તો તમારા બીજા બધા ચમચાઓને એક બાજુએ રહેવા દો, તમે અને હું, આચાર્ય મહારાજ સાહેબ અને તમે, અને ત્યાંના પણ કોઇ મહારાજજી મને તમે, તો બોલો અમારે તો આજે પણ એક થવાનું મન છે અને હું તમને કોરા રાગળ ઉપર લખી આપવા તૈયાર છું.

(૧૯) બધી વાત રહેવા દો પણ આપણે પીંડવાડાવાળા તો નહીં પુ. રામચંદ્રસૂરી મ. સા. અને નથી પુ. ભુવનભાનુસૂરી મ. સા.ના અમે તો છીએ કાકા પ્રેમસૂરી મ. સા.ના ત્યારે સભાજનો પણ પ્રેમસૂરી મ. સા.નું નામ બોલાયું ત્યારે કહે કે વાહ !

આજે એટલી અવાજે જેનું નામ બોલ્યા છો એ નામ ને વળગી રહી આત્મ-કલ્યાણને સાધો.

(૨૦) ગોરેગાંવમાં : જ્યારે પૂજ્ય ભુવનભાનુસૂરી મહારાજ સાહેબનું સ્વર્ગા-રોહણ તિથિ નિમિત્તે રામચંદ્રસૂરી મહારાજ સાહેબના સાધુને ગુણાનુવાદ કરવાનું કહ્યું ત્યારે કહે અમે નહિં કરીએ, ત્યારે સંઘે મળી કહ્યું કે તો પછી મહારાજ સાહેબ આપ ઉપર પધારો ત્યારે અમે તો ગુણાનુવાદ કરવાની ના નથી પાડીને ?

વાત્સલ્યભવનના કંપાઉન્ડમાં થયેલ પાંચ રચનાઓ ની નોંધ

(૧) ખંભાતમાં પૂજ્ય પ્રેમસૂરિદાદાને સમાધિ આપી રહ્યા છે.

(૨) પૂજ્ય પ્રેમસૂરિદાદાને પૂજ્યશ્રી રાઇયમુહત્તિ કરી રહ્યા છે.

(૩) પૂજ્ય પ્રેમસૂરિદાદા–પુજ્યશ્રી પરસ્પર હાથ પકડીને ચાલી રહ્યા છે !

(૪) પુજ્ય પ્રેમસૂરિદાદાના–પુજ્યશ્રી ઉપર હાથ (આશિર્વાદ)

(૫) પુજ્ય પ્રેમસૂરિદાદા–પુજ્યશ્રીનું મિલન

દિવસ ૧ :– અષાઢ વદ ૧૩ તા. ૧–૮–૯૭
સવારે ૭–૦૦ વાગે પ્રભાતિયામાં ૧૭૨ બહેનો, રૂા. ૧ની પ્રભાવના
શ્રી પંચકલ્યાણકની પુજામાં ૧૨૦૦ માણસો, સાટાની પ્રભાવના

દિવસ ૨ :– અષાઢ વદ ૧૪ તા. ૨–૮–૯૭
સવારે ૭–૦૦ વાગે પ્રભાતિયામાં ૨૭૧ બહેનો, રૂા. ૧ ની પ્રભાવના
સવારે ૭–૦૦ વાગે ફેરી, ૯૭૬ શ્રાવક અને શ્રાવિકાઓ અને યુવાનો, રૂા. ૫ ની પ્રભાવના
સવારે ૯–૩૦ વાગે ગુણાનુવાદ, ૧૩૩૫ શ્રાવક અને શ્રાવિકાઓ અને યુવાનો, રૂા. ૧ની પ્રભાવના
શ્રી વિશસ્થાનકનું પુજન, ૧૩૦૦ માણસ, મોતીચુરના લાડુની પ્રભાવના
આયંબિલ ૨૧૫, તેઓને રૂા. ૧૦ની પ્રભાવના
રાતના ૮–૩૦ વાગે ભાવના, ૧૪૦૦ જણની હાજરી
પૌસાતી ૩૦

દિવસ ૩ :– અષાઢ વદ ૩૦ તા. ૩–૮–૯૭
સવારના પ્રભાતિયા ૧૬૮

શ્રી ૧૦૮ પાર્શ્વનાથજિન મહાપુજન, ૧૫૫૧ પેંડાની પ્રભાવના
રાતના ભાવના, ૧૩૫૦ જણની હાજરી

સુવાક્યના ચાર બેનરો

(૧) જેનામાં અધ્યાત્મ–ભાવ ન હોય એના માટે શાસ્ત્ર શસ્ત્ર બને અને જ્ઞાન એના અજ્ઞાનમાં વધારો કરનારું બને, મોહની આજ્ઞામાં આપણે નહિં પણ મોહ આપણી આજ્ઞામાં હોય તો સમજવું કે આપણામાં અધ્યાત્મ – ભાવ જાગી ચૂક્યો છે.

(૨) પુણ્ય યોગે મળેલી લક્ષ્મી અસલમાં ભૂંડી છે, એનો ભોગવટો પાપ છે, એનો સંગ્રહ તો મહા પાપ છે, એનો જે કોઇ સદુપયોગ હોય તો તે ધનની મૂર્છા ઉતારવાના ઉદ્દેશથી કરેલું દાન છે.

(૩) શ્રાવક રાજા જેવો હોય એમ શાસ્ત્રકારોએ ઉપમા આપી છે, પણ આ ઉપમાને લાયક કોણ ગણાય ? જે શ્રાવક સાધુઓ માટે મા–બાપ જેવા હોય, એજ અવસર આવ્યે રાજા જેવા બનવાના અધિકારી ગણાય, આવા અધિકાર વિનાના શ્રાવકો જો રાજા જેવા બની બેસે તો જૈન શાસનની ઘણી ઘણી નિંદા થયા વિના ન રહે.

(૪) સંસાર ઉપર નિર્વેદ ન આવે ત્યાં સુધી મોક્ષ માટે સાચો પ્રયત્ન જ થતો નથી. સંસારનો રાગ એ ભયંકર રોગ છે, એ રાગની પ્રશંસા અને પુષ્ટિ કરનાર ત્યાગીઓ, એ વસ્તુતઃ ત્યાગીઓ જ નથી, આ વાત સમજવામાં હવે કશી પણ હરકત આવે તેમ છે ? ત્યાગીના વેશમાં રહીને ધર્મના બહાને એમની પાસે ધર્મ લેવા આવનારને, આરંભ– સમારંભના શિક્ષણ દ્વારા આવા નાશક ઉન્માર્ગે ચઢાવનારા, એ વસ્તુતઃ ત્યાગી નથી, આ વાત તમને આ પ્રાર્થના સૂત્ર સમજાવે છે ! જેમ જેમ વિચારશો તેમ તેમ તમને આ પ્રાર્થના સૂત્રમાંથી ઘણું ઘણું મળશે.

નોંધ :—

ગણિ હર્ષિકાન્ત વિજયજીના અષાઢ વદ ૩૦ના ત્રિદિવસીય મહોત્સવનો જે અહેવાલ બહાર પાડવામાં આવ્યો તેમાં લખેલ છે કે વિવિધ રચનાઓ પણ કરેલી હતી, તેમજ કેટલાક વિચારાત્મક બેનરો પણ ચારે બાજુ લગાડવામાં આવ્યા હતા. ૧ બેનર નંબર ૪ નું અમારી સુચનાથી ઉતારવું પડ્યું, બીજા (આ લખેલ નંબર ૧–૨–૩) બેનરોની ઉપેક્ષા કરી.

આપ જોઇ શકશો ! બીજા બેનરો માટે મને કંઇ પણ કહેવામાં આવેલ નથી, તો ઉપેક્ષા કરવાનું કારણ શું છે ?

સવારના ફેરી ફરી આવ્યા પછી વાત્સલ્યભવનમાં ગવાયેલ ગીત

શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબની સ્તુતિ

તપગચ્છ ગગને શોભાવતા શ્રી આત્મકમલસૂરીશ્વરા,
તસ પાટને શોભાવતા, મહાજ્ઞાની દાનસૂરીશ્વરા,
સૂરીદાનપટ્ટ પરંપરામાં પ્રથમ પ્રેમસૂરીશ્વરા,
કરું નમન શ્રી ગુરૂ પ્રેમચરણે આપજો આશિષ સદા ॥૧॥

વાત્સલ્યનો જાણે મહાસાગર લહેરાઇ રહ્યો,
કરુણાતણો મહાપ્રોધ જેના જીવનમાં વ્યાપી રહ્યો,
આંખો જુઓ ગુરૂ પ્રેમની સદભાવ છલકાઇ રહ્યો,
કરું નમન શ્રી ગુરૂ પ્રેમચરણે આપજો આશિષ સદા ॥૨॥

દીક્ષા લઇ એકાન્તમાં ધૂણી ધખાવી જ્ઞાનની,
સિદ્ધાંતના બની પારગામી લહાણી કીધી જ્ઞાનની,
ગુરૂને વસાવ્યા હૃદયમાં, ગુરૂના હૃદયમાં જે વસ્યા,
કરું નમન શ્રી ગુરૂ પ્રેમચરણે આપજો આશિષ સદા ॥૩॥

ગુરૂએ બનાવ્યા ગણી અને પંન્યાસ પાઠક પણ કર્યા,
આચાર્ય પદની વાત સુણતાં આંખમાંથી આંસુ સર્યા,
આજ્ઞા બળે આચાર્ય પદ પર શિષ્યને સ્થાપિત કર્યા,
કરું નમન શ્રી ગુરૂ પ્રેમચરણે આપજો આશિષ સદા ॥૪॥

દસ શિષ્ય મુજ ગુરૂને થાએ શિષ્ય મુજ હું ના કરું,
ગુરૂ પ્રેમની હતી આ પ્રતિજ્ઞા શિષ્ય સહુ ગુરૂના કરું,
આદર્શનો ઇતિહાસ રચનારા હતા ગુરૂ પ્રેમ એ,
કરું નમન શ્રી ગુરૂ પ્રેમચરણે આપજો આશિષ સદા ॥૫॥

સંયમ ગ્રહી જેણે જીવનમાં નિત્ય એકાસણુ કર્યા,
મધ્યાહ્ન કાલે સ્થંડિલાર્થે તપ્તભૂમિ પર ડગ ભર્યા,
પ્રાચીન કો પરમર્ષિના જસ દર્શને દર્શન થતાં,
કરું નમન શ્રી ગુરૂ પ્રેમચરણે આપજો આશિષ સદા ॥૬॥

ત્રણસો અધિક શિષ્યો તણા ગુરૂ ગચ્છનાયક જે હતા,
મહાધર્મશાસ્ત્ર અગાધસિન્ધુ – ગ્રન્થસર્જક જે હતા,
શાસનપ્રભાવક શિષ્યગણ જન્માવનારા જે હતા,
કરું નમન શ્રી ગુરૂ પ્રેમચરણે આપને આશિષ સદા ॥૭॥
લઇ જન્મ રાજસ્થાનમાં, ગુજરાતને ગાંડું કર્યું,
સાધી સમાધિ સ્તંભ તીર્થે મૃત્યુને મહોત્સવ કર્યું,
જસ નામ લેતાં કામ જાયે નામ મંત્ર સમું ઠર્યું,
કરૂં નમન શ્રી ગુરૂ પ્રેમચરણે આપને આશિષ સદા ॥૮॥
અગણિત ગુણભંડાર છો ગુરૂ ! ગુણ ગાવા કેટલા ?
સ્વર્ગે ગયા ગુરૂ આપ આપો ગુણ ઓછા જેટલા,
મુક્તિકિરણ પ્રગટાવવા ગુરૂ ગુણ બસ છે એટલા,
કરૂં નમન શ્રી ગુરૂ પ્રેમચરણે આપને આપને આશિષ ॥૯॥

સવા[illegible]ના ફેરી ફરીને આવ્યા પછી વાત્સલ્યભવનમાં ગવાયેલ ગીત

શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની સ્તુતિ

સમકિત દાયક ઓ ગુરૂ, ઉપકાર તુમ શે વર્ણવું,
અગણિત ગુણ તુજમાં ભર્યા, ચરણે નમાવું શિષ હું,
કરોડો ભવો પણ ઓ ગુરૂ, તુજ ચરણોની રજ હું બનું,
ઋણમુક્ત તોયે ના થાઉં, એથી વધારે શું કહું. ॥૧॥
સૂરિપ્રેમ પાટે પ્રથમ, પટધર તું બની બિરાજતો,
સૂરિરામ તુજ સામ્રાજ્યમાં, સુવિશાલ ગચ્છ મહાલતો
સત્તર અધિક સો શિષ્યનો, ઉદ્ધારનારો તું હતો,
વય પુણ્યે પર્યાયે ગુણે, સહુથી વડેરો તું હતો. ॥૨॥
ઢેહવાણમાં જન્મ્યા અને ગંધારમાં દીક્ષીત બન્યા,
મુનિમાંથી ગણિ પન્યાસને ઉવજ્ઝાય આચાર જ બન્યા,
નિજ દેહ તોડીને દર્શને, મૃત્યુ સમાધિને વર્યા,
સાબરમતીએ વિલીન થઇ ચિરકાળ નવજીવન વર્યા. ॥૩॥
સૂરિરામ એવું નામ પણ, મુજ કાનમાં અથડાય જ્યાં,
તન, મન અને કરોડો રૂંવાટા, ઉલ્લાસિત થઇ જાય ત્યાં,

કહેવાય છે કે રામ નામે, પત્થરો પણ તરી જતા,
તારો ગુરૂ અમને અમે છીએ ભક્ત કેમ ભૂલી જતા. ॥૪॥

॥૫॥

સૂરિરામ તારા નયનમાં, વાત્સલ્યનાં ઝરણાં વહે,
સૂરિરામ તારા વચનમાં, જિનવચનના તથ્યો રહે,
સૂરિરામ તારા સ્મરણમાં, મન મારૂં આનંદ રહે,
સૂરિરામ તારા ચરણમાં, મસ્તક સદા મારૂં રહે. ॥૬॥

અજ્ઞાનમાં અથડાઉં ત્યારે, સૂર્ય બનીને આવજો,
ભવતાપમાં તપતો જુઓ, તો ચંદ્ર બનીને ઠારજો,
ઉન્માર્ગમાં ક્યારે જુઓ તો, રામ બનીને ઉગારજો,
જે જે રૂપે કરૂં હું પ્રતિક્ષા, તે સ્વરૂપે આવજો. ॥૭॥

ગુરૂદેવ મુજ મન મંદિરે, પારસ બની બેસી ગયા,
ગુરૂદેવ મુજ મન મંદિરે, આરસ બની છાઇ ગયા,
ગુરૂદેવ તુજ ગુણ રાજ્યનો, વારસ મનેય બનવજો,
તુજ ભક્તિથી મુક્તિ મળે, આશિષ એવા આપજો. ॥૮॥

આપે બતાવ્યા માર્ગથી, મન મારૂં જરીએ ના ફરે,
ભાગ્યે મળ્યા ગુરૂ આપ, મુજ મન ક્યાંય બીજે ના ઠરે,
કરૂં વિનંતિ ભવો ભવ હવે, ગુરૂ એક આપ જ મુજ થજો,
મુજ હાથ ઝાલી સાથ, તુમ મુક્તિપુરીએ લઇ જજો. ॥૯॥

ભવસાગરે ભમતાં ગુરૂ, મહાભાગ્યથી અમને મળ્યા,
માનું હવે ભવો ભવ તણા, ફેરા અમારા ફરટળ્યા,
દર્શન ગુરૂવર દેજો જલ્દી, એજ એક જ પ્રાર્થના,
પ્રગટાવો મુજ મન મુક્તિકિરણ, એ જ એક અભ્યર્થના. ॥૧૦॥

ઉપાશ્રયમાં ગુણાનુવાદ વખતે ગવાયેલ ગીત
શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબની (પૂર્વની છેતે મુજબ ગવાઇ હતી) સ્તુતિ

॥ શ્રી મહાવીર સ્વામિને નમઃ ॥

॥ પૂ. પાદ આ. શ્રી વિજયદાન પ્રેમ–રામચંદ્રસૂરિ સદ્ગુરુભ્યો નમઃ ॥

જૈન શાસનના મહાન જ્યોતિર્ધર પરમશાસન પ્રભાવક
સંઘસ્થવીર–સંઘસ–માર્ગદર્શક–સંઘપરમહિતચિંતક
વ્યાખ્યાનવાચસ્પતિ સુવિશાલગચ્છાધિપતિ સ્વર્ગસ્થ પૂ. આચાર્ય દેવ

શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની

છઠ્ઠી સ્વર્ગારોહણ તિથિ

શાસનના સેનાની ને વંદન

(રાગ : અય મેરે વતન કે લોગો)

ઓ ! રામચંદ્રસૂરીશ્વર ! શાસનનો તું સેનાની
સૈનિક અમે સહુ તારા, નમીયે તને સેનાની

શાસનની સામે આવ્યા, વિઘ્નો તોફાનો જ્યારે,
જેહદ જગાવી તેં તો, વિઘ્નો શમાવ્યા ત્યારે,
તારી જ હતી એ હિંમત, શાસનમાં જેની કિંમત. સૈનિક...

દીક્ષા વિરોધે જ્યારે, ભીષણ સ્વરૂપ થયું તું,
દીક્ષાના પક્ષે રહીને, જગને ઉભું કર્યું તું,
જોયો તું સામે પુરે, ચાલ્યો જનાર એક જ. સૈનિક...

પત્થર પણ બનતા પાણી, એવી હતી તુજ વાણી,
શાસનની આતર તે તો, કીધી જીવન કુરબાની,
જેવો તું તેવી તારા, ભક્તોની જય જવાની. સૈનિક...

જીવનમાં એવાં આવ્યાં, કેઇ મહાતોફાનો,
ક્યાંયે ના પડયો પાછો, હો માન કે અપમાનો,
સમભાવ તારો ન્યારો, કેવો અજબ ગજબનો. સૈનિક...

સૂરિપ્રેમ પાટે પટ્ટધર, શોભી રહ્યો હતો તું
તુજ ઋણ જોઇ ગુરુવર ! મોંઘી રહ્યો હતો હું
વંદન કરું હું ભાવે, હૈયું ભરાઇ આવે. સૈનિક...

અંતિમ ચોમાસું તેં તો, સાબરમતીએ કીધું,
મૃત્યુ સમાધી સાધી, મંગલ પ્રયાણ કીધું,
છોડી ગયો તું અમને, સહેવો રહ્યો બિરહને. સૈનિક...

એ હજાર ને સુડતાળીસની, ચૌદશ અષાઢ વદની,
કોને ખબર હતી આ, ઘડીએ ગુરૂગમનની,
છોડી ગયો ભલે તું, અમે યાદ કરીશું તુજને. નૈનિક...

શાસનના ઇતિહાસે, તુજ નામ અમર રહી જાશે,
કીર્તિ ના કદી ભૂંસાશે, જ્યાં ત્યાં બધે ગવાશે,
પળ પળ સ્મરું હું તુજને, આશિષ દેજે મુજને. નૈનિક...

તુજ સ્વર્ગ તિથિ છે આજે, તું સ્વર્ગમાં બિરાજે,
સ્વીકારજે તે ભાવે, વંદન કરું છું આજે,
માગું છું 'મુક્તિતિરણ' ભમવું હવે આ રણમાં. નૈનિક...

જયંતિલાલ લા. શાહ **પાલિતાણા**

તા. ૨૭-૮-૯૭

આગમ દિવાકર ગચ્છાધિપતિ આચાર્ય શ્રી જયઘોષસૂરીશ્વરજી મ. સાહેબ,

પીંડવાડા મુકામે ગત અ. વ. ૧૪ ના રોજ પૂ. આ. ભગવંત શ્રી રામચંદ્ર સૂ. મ.ના તેઓશ્રીની છઠ્ઠી સ્વર્ગવાસ તિથિ નિમિત્તે આપે કરેલા ગુણાનુવાદ સાંભળતાં અમારા મસ્તક ડોલાયમાન ! થઇ ગયાં. એ અદ્ભુત ! પ્રસંગ કયારેય હું ભૂલી શકીશ નહિં. આપના આવા ઉચ્ચ પ્રકારના ગુણાનુવાદ ! થી આપના 'આગમ દિવાકર' બિરુદને ચાર ચાંદ લાગી ગયા છે તેવું અમને લાગે છે. સ્વર્ગસ્થ સૂરી ભગવંતે પોતાની હયાતિકાળ દરમિયાન જૈન શાસનના દીક્ષા, બાલદીક્ષા, દેવદ્રવ્ય આદિ મૂલભૂત સિદ્ધાંતોની રક્ષા ખાતર અજ્ઞાન ધર્મ વિરોધી ટોળાંઓની હજારો ગાળો ખાધી હતી તે તો જગ જાહેર છે, પણ તેમના કાળધર્મ પછી તેમને ગાળોથી નવાજનારો કોઇ વિરલો હજી સુધી નીકળ્યો ન હતો. ખરેખર આપે તે ત્રુટિ પુર્ણ કરી એક અસાધારણ કાર્ય કર્યું છે, અને આપના દિવાકર પદને સાર્થક કર્યું છે, એમ મને લાગે છે.

'દરેક માણસમાં ગુણ અને દોષ બંને હોય છે પણ સ્વર્ગવાસ પામેલાના ગુણો જ બધા ગાય છે. દોષ કોઇ ગાતું નથી' આ આપનો સિધ્ધાંત સામાન્ય કક્ષાના સંસારી જીવો માટે ભલે સાચો હોય પરંતુ આપ જેવા મહા ગીતાર્થ ગણાતાને તે બાધક ન હોય તે સ્વાભાવિક છે. સ્વ. પૂ. આ. ભગવંત તો તેઓશ્રીના ઉપદેશમાં વારંવાર એવું ફરમાવી ગયા છે કે પાપીમાં પાપી જીવ પ્રત્યે પણ દુર્ભાવ ન કરવો પણ તેમની દયા

ચિંતવી. એટલે તેમના માટે આપે જે કાંઇ કહ્યું તેમાં આપને વાંધો નહિં આવે પરંતુ આ પ્રવૃતિનો અમલ આપ આપના ગુરૂ, દાદા ગુરૂ કે પુર્વના મહાપુરૂષો માટે નહિં કરો તેવું હું ઇચ્છું છું કારણ કે છદ્મસ્થતાના યોગે તે બધામાં ગુણ અને દોષ બંને હોઇ શકે તેવું આપનું મંતવ્ય હોઇ, અને જેના બધા જ ગુણો ગાય તેના દોષ ગાવાનું આપનું વલણ હોઈ આપનાથી તેવી ભુલ થઇ જવા ઘણો સંભવ છે,

સ્વ. સૂરી ભગવંતે તિથિનો ઝઘડો ઉભો કરી સંઘમાં ભાગલા પડાવ્યાનું મહા પાપ કર્યું છે તેવું આપે કહ્યું ત્યારે આપ એ વાત ભુલી ગયા કે તિથિનો મતભેદ ઉભો થયો ત્યારે પુ. બાપજી મહારાજ, પુ. લબ્ધિસૂ. મ., પુ. પ્રેમ સૂ. મ., પુ. કનક સૂ. મ., પુ. ભદ્રસૂ. મ. આદિ અનેક વડિલો વિદ્યમાન હતા, એટલે તેનો યશ ! એકલા સ્વ. પુ.શ્રીને જ કેમ મલે તે મને સમજાતું નથી. વળી આપને એ વાતનો પણ ખ્યાલ ન રહ્યો કે આપના જ ગુરૂદેવે કાશીના ૧૦૯ ધુરંધર ગણાતા પંડિતો દ્વારા 'આર્હત-તિથિદિવાકર' ગ્રંથ ખુબ જ પરિશ્રમ લઇને વિક્રમ સંવત ૨૦૦૬માં બહાર પડાવ્યો હતો તેથી તો આપના મત પ્રમાણે તિથિના ઝઘડાને ઓર પુષ્ટિ મળી. આપે ઉતાવળે આવો અણછાજતો આક્ષેપ કરીને આપના ગુરૂદેવના અગાધ શ્રમ ઉપર ખરેખર પાણી ફેરવી દીધું. યાદ રાખશો કે આ ગ્રંથ પરમ ગુરૂદેવશ્રી પ્રેમ સૂ. મ.ની પ્રેરણાથી જ આપના ગુરૂદેવે તૈયાર કરાવ્યો હતો.

પુ. હેમંતવિ. મ. સા.ની આપે વાત કરી ત્યારે આપના ધ્યાનમાં એ વાત ન રહી કે તેઓશ્રીના જ પરમ વિનિત શિષ્યોએ તેમની હયાતી બાદ તરત જ સ્વ. પુ. શ્રીની નિશ્રા સ્વેચ્છાએ સ્વીકારી લીધી તે વખતે આપે આ મંત્ર તેમના કાનમાં કેમ ન ફૂંક્યા તે આશ્ચર્ય જનક છે. હવે આજે આપને તે વાત એકાએક કેમ યાદ આવી ગઇ ? તે હું સમજી શકયો નથી.

સ્વ. પૂ.શ્રીએ પુ. કાનસૂ. મ.ની અને પુ. પ્રેમસૂ. મ.ની આંતરડી બાળી તેવું આપને કદાચ સ્વપ્નમાં દેખાયું હશે ? બાકી ઉઘાડી આંખે જોનારે જોયું છે કે ખંભાતથી પરમ ગુરૂદેવશ્રીએ યાદ કર્યાના સમાચારનો અણસાર મલતાં જ સ્વ. પુ.શ્રીએ નકકી થઈ ગયેલો મહારાષ્ટ્ર તરફનો વિહાર અને અનેક કાર્યક્રમો રદ કરીને મુંબઇથી ઉગ્ર વિહાર કરી પુ. પરમ ગુરૂદેવશ્રીની સેવામાં ઉપસ્થિત થઇ ગયા. થોડો સમય ત્યાં રહ્યા બાદ વિહાર કર્યો ને બીજા જ મુકામે પાછા અસ્વસ્થતાના સમાચાર મળતાં તરત જ પાછા ફર્યા અને ગુરૂદેવને અંતિમ આરાધના તથા નિર્યામણા કરાવી એક પરમ વિનયી શિષ્ય તરીકે ફરજ બજાવી ત્યારે આપના ગુરૂદેવશ્રી કયાં અને કેવા અગત્યના ! કામે

પધાર્યા હતા તે આપ જાણો છો તેથી હું તે વિશે વધુ કાંઇ લખવા ઇચ્છતો નથી.

પાટણના મંડપના ઉપાશ્રયના ઇતિહાસ અંગે જે પ્રકાશ પાથર્યો ત્યારે આપ એ વાત ભૂલી ગયા કે આખા પાટણમાં મંડપના ઉપાશ્રયની ખ્યાતી આજે પણ કેવી છે? આપના પરમ ગુરૂદેવશ્રીના શિષ્ય પરિવારે જ એ સ્થાનને ૫૦, ૬૦ કે ૭૦ વર્ષથી શોભાવ્યું છે. આજે આપને તે સ્થાન પ્રત્યે અભાવ જાગ્યો તેથી જણાય છે કે આપ તો હવે ક્યારેય તે સ્થાનમાં પદાર્પણ નહિં જ કરો.

આપે કહ્યું કે સ્વ. પુ.શ્રીના સાધુઓ પરમ ગુરૂદેવશ્રીજીને પાણી પણ પતા ન હતા તો સ્વ. પુ.શ્રીના શિષ્યો પુ. પં. શ્રી ભદ્રંકરવિજયજી મ. પુ. આ.શ્રી જિતયશસૂરિ સૂ. મ., પુ. આ.શ્રી હિમાંશુસૂરી મ., પુ. આ.શ્રી નરરત્નસૂરી મ., પુ. આ.શ્રી મુક્તિચંદ્રસૂરી મ., પુ. આ.શ્રી કનકચંદ્રસૂરી મ., પુ. પં. શ્રી કાંતિવિ. મ. આદિ અનેક મહાપુરૂષોની વિનયશીલતા માટે તો આ કાળમાં હવે દૃષ્ટાંત શોધવા પડે તેવુ છે. આપે કયા શિષ્યો માટે આ વાત કરી છે તે સંશોધનનો વિષય છે.

આપ કહો છો કે સ્વ. પુ.શ્રીનું નામ ઇતિહાસમાં સુવર્ણાક્ષરે તો શું પણ કાળા અક્ષરે પણ નહિ લખાય, તે અંગે કહેવાનું કે આપની અંગત ડાયરીમાં એ વલે ન લખાય પણ લોક હૃદયમાં તો એ ત્યારે જ લખાઇ ગયું હતું કે જ્યારે તેઓશ્રીની અંતિમ યાત્રામાં લાખો લોકોએ તેઓશ્રીને ભાવભરી અંજલી અર્પણ કરી હતી. ઉઘાડી આંખવાળા અસંખ્ય લોકોએ તે નજરે નિહાળ્યું છે. આંખો બંધ કરીને બેઠેલા કોઇ હીણભાગીઓએ તે ન જોયું હોય તો તેનો ઉપાય નથી. સૂર્યના પ્રકાશમાં ઘુવડ ન જોઇ શકે તો તે દોષ તેની આંખોનો છે બીજા કોઇનો નહિં.

આપે ગુણાનુવાદ (અવગુણાનુવાદ)માં આ બધા પ્રશ્નો છેડ્યા તેથી ન છૂટકે મારે આટલો ખુલાસો મારી ફરજની રૂએ બહાર પાડવો પડે છે બાકી મને આપના તરફ કોઇ દુર્ભાવ નથી. હા, એટલી કરૂણા જરૂર ઉપજે કે આવા જ્ઞાની કહેવાતાની પણ આ દશા, આપે નિષ્કારણ છેડેલી આ બાબતો અંગે આટલો ખુલાસો કરવામાં આપનો કાંઇ અવિનય થતો હોય તો ક્ષમા યાચું છું.

લિ. આપના સેવક
જયંતિલાલ લાલચંદની
સવિનય વંદના સ્વીકારશોજી.

1112, Raheja Centre, 214, Nariman Point, MUMBAI-400 021
Tel. : 2842952/2834872 Resi. 3621295/3677670

।। ૐ હ્રીં અર્હં નમ : ।। શ્રી પ્રેમ ભુવનભાનુ જય ઘોષ સૂરિશ્વર સદ્ગુરૂભ્યો નમઃ

સ્વ. પૂજ્ય આચાર્ય શ્રી રામચંદ્રસૂરિ મહારાજ સાહેબના ત્રિદિવસીય મહોત્સવનો અહેવાલ

પિંડવાડા મધ્યે જયંતીભાઇ લાલચંદ આદિ ૫–૬ મહાનુભાવો અષાઢ વદ ૧૩, ૧૪, ૩૦ ત્રે દિવસીય મહોત્સવ કરવાનું નક્કી કરીને પૂજ્ય ગચ્છાધિપતિ શ્રી પાસે અનુમતિ લેવા આવ્યા. પૂજ્ય શ્રી એ ઉદારતા પૂર્વક સંમતિ આપી. મહોત્સવ તેઓએ પોતાના વ્યક્તિગત સ્થાન ભોજનશાળાના મેદાનના ભવ્ય મંડપમાં રાખ્યો હતો. વિવિધ રચનાઓ પણ કરેલી હતી તેમજ કેટલાક વિવાદાસ્પદ લખાણોના બેનરો પણ ચારે બાજુ લાગાવવામાં આવ્યા હતાં તેમાંનું ૧ બેનર તો અમારી સૂચનાથી ઉતારવું પડ્યું. બીજા બેનરોની અમે ઉપેક્ષા કરી. ગુણાનુવાદના દિવસે ગાવા માટે ગીતના પેમ્ફલેટો તેઓએ કરાવ્યા હતા તેમાં પણ વિવાદાસ્પદ વિધાનોની પંક્તિ લીધા વિના રહી ના શક્યા. અમારી સૂચનાથી તેને પણ કેન્સલ કરવી પડી. આવી બધી કુચેષ્ટાથી અમને ખ્યાલ આવી ગયો હતો કે ગુણાનુવાદના દિવસે કંઇક નવા જુની કરશે. તેથી અમારે ગુણાનુવાદના આગલા દિવસે જયંતીભાઇને બોલાવીને સ્પષ્ટ સૂચના આપવી પડેલ કે ગુણાનુવાદ વખતે કોઇ પણ વિવાદાસ્પદ વિષયો તમારા તરફથી ન આવે તો સારૂં નહિ તો પછી અમારે તેના ખુલાસા કરવા પડશે. ગુણાનુવાદ વખતે સ્વર્ગસ્થના કેવલ ગુણાનુવાદ જ કરવાની પૂજ્ય શ્રી ની ગણતરી હતી પણ પ્રવચનની શરૂઆતમાં જયંતીભાઇએ લગભગ અડધો કલાક સુધી પુર્વ સુયોજિત એક લેખને જોઇને વાંચી ગયા જેમાં વિવાદાસ્પદ વિષયોનો ઉલ્લેખ કર્યા વિના રહી ન શક્યા. તેમના લેક્ચર બાદ પુજ્ય ગચ્છાધિપતિશ્રીને ના છૂટકે ફડવી પણ વાસ્તવિક પરિસ્થિતિને રજુ કરવાની ફરજ પડી. તેમાં (૧) તિથિના કારણે સંઘર્ષ, વિખવાદ (૨) ગુરૂદ્રોહ, ગુરૂની ભક્ત-વર્ગ સર્જન, જેવી કેટલીક બાબતો હતી સાથો સાથ શાસન પ્રભાવનાના અનેક સારા સત્કૃત્યો પોતાના કુલગુરૂ તેમજ પોતાના ગુરૂદેવને સુંદર સમાધિ પ્રદાન દ્વારા પોતાના પર કરેલા ઉપકારોનું પણ વર્ણન કરેલ.

ત્રણ દિવસ ભવ્ય રીતે મહોત્સવ ઉજવાયેલ

શ્રી સંઘમાં ઉલ્લાસ પુર્વક આરાધનાઓ અનુષ્ઠાનો તેમજ વિવિધ તપશ્ચર્યાઓ ચાલી રહી છે.

પ્રેષક : ગણિ હરિકાન્તવિજય. અષાઢ વદ ૩૦ પિંડવાડા

જયંતિલાલ લ. શાહ

પાલીતાણા
તા. ૨–૯–૧૯૯૭

આગમ દિવાકર ગચ્છાધિપતિ આચાર્ય શ્રી જયઘોષ સૂરિશ્વરજી મ. સા.

મારા ગત પત્રના અનુસંધાનમાં કેટલીક બાબતો અંગે થોડી વિશેષ સ્પષ્ટતા કરવાની રજા લઉં છું.

સ્વ. પૂ. રામચંદ્રસૂરિ મ. સા.ના ગુણાનુવાદ કરતાં આપના મત પ્રમાણે તેઓશ્રીએ કરેલાં કાળાં કામોની યાદી આપે રજૂ કરેલ તેમાં ચાર બાબતો તિથિ અંગે હતી.

(૧) તિથિ અંગે ઝગડો કરી સંઘમાં ભાગલા પડાવ્યા.

(૨) તિથિ સાચી કે શાસન સાચું ?

(૩) વિ.સં. ૨૦૧૪માં સંમેલનમાં ગુરૂએ કહેવા છતાં સકળ સંઘ વચ્ચે માફી ન માગી.

(૪) વિ.સં. ૨૦૨૦ના પટ્ટકમાં ગુરૂદેવ શ્રી પ્રેમસૂરિજી મ. સાહેબે વ.. હુકમથી તેમની પાસે સહી કરાવી.

(૧) ઉપરના પહેલા મુદ્દા અંગે મેં ગયા પત્રમાં જણાવ્યું છે કે વિ.સં. ૧૯૯૨માં સંઘમાં તિથિ અંગે ભેદ ઊભો થયો તે કેવળ સ્વ. પૂ. રામચંદ્ર સૂ. મ.થી નહિં પણ તે સમયના ભિન્ન ભિન્ન સમુદાયના અનેક વડીલ પૂજ્યો - સ્વ. પૂ. બાપજી મ.થી માંડીને પરમ ગુરૂદેવ સ્વ. પૂ. પ્રેમસૂરિજી મ. સુધીના બધાની એકમતિથી થયો હોઇ આપે જાણે અજાણે તે બધાને આપના મંતવ્ય પ્રમાણે કાળા કામ કરનારની યાદીમાં મૂકી દીધા, તે શું ઉચિત થયું છે ?

આપણા મહાન પુર્વજ પુ. આત્મારામજી મહારાજે સત્યને ખાતર તેમના સ્થાનકવાસી મતમાં ભાગલા પાડી અહિં આવ્યા તો તેમણે શું તે કાળું કામ કર્યું છે ?

તે પછીની પરંપરાના આપણા મહાન વડિલ પુજ્યોએ દીક્ષા, બાલદીક્ષા, દ્રવ્ય જેવા સિદ્ધાંતોની રક્ષા માટે સંઘમાં પડતા ભાગલાની ચિંતા ન કરી તો તેમણે કાળાં કામ કર્યા ?

ભગવાન મહાવીર દેવની પરંપરામાં પચીસસો વર્ષમાં થઇ ગયેલા અનેક પ્રભાવક મહાપુરૂષોએ સિદ્ધાંતની રક્ષા માટે ભલભલા ધુરંધર આચાર્યોને સંઘ બહાર કરી ભાગલાની પરવા ન કરી તો એ બધાએ શું કાળા કામ કર્યા છે ?

આપના કાળા ધોળાની વ્યાખ્યા શું છે, તે આપ જણાવી શકશો ?

(૨) આપે પ્રશ્ન કર્યો કે તિથિ સાચી કે શાસન સાચું ?

આથી આપ શું કહેવા માંગો છો તે સ્પષ્ટ કરશો ? તિથિની આરાધના

શાસનનું અંગ નથી ? શાસનની આજ્ઞાને અવગણીને ખોટી તિથિ પકડવી અને શાસન સાચું એમ બોલવું મૃષાવાદ નથી ? અજ્ઞાન લોક ગમે તેમ બોલે પણ આપ જેવા આગમ દિવાકર ગણાતાના મોઢેથી આવો પ્રશ્ન ઊઠે તે શું આશ્ચર્યજનક નથી ?

(૩) વિ.સં. ૨૦૧૪ના સંમેલનમાં સંઘ વચ્ચે માફીની વાત તદ્દન વજૂદ વિનાની અને વાહિયાત એટલા માટે છે કે- જો વડિલ તરીકે માફી માગવાની હોત તો સ્વ. પરમ ગુરૂદેવ શ્રી પ્રેમસૂરીશ્વરજી મ. એ તેમ કર્યું જ હોત કારણ તેઓ વડિલ હતા તેથી તેઓશ્રીને કોઇને પૂછવાની જરૂર ન હતી, અને જો સ્વ. પૂ. રામચંદ્ર સૂ. મ. પાસે માફી મંગાવવાની હોત તો સં. ૨૦૨૦ના પટ્ટકમાં કર્યું તેમ વટ હુકમથી માફી મંગાવી શકતા હતા. પરંતુ તેઓશ્રીએ આમાંનું કશું કર્યું નથી, તેથી આપની આ વાત કેવળ ઉપજાવી કાઢેલી ઠરે છે. આપ જેવા આગમ દિવાકર અને ગચ્છાધિપતિ ગણાતાને આ શોભે છે ? આજે હવે ચાલીસ વર્ષ પછી આવી આધાર વિહોણી અદ્ધર વાતો ઊભી કરી સ્વ. પુજ્યશ્રી પ્રત્યે કાદવ ઉછાળવાનો પ્રયત્ન કરવો એ આપ જેવા માટે ઉચિત નથી.

(૪) વિ.સં. ૨૦૨૦ના પટ્ટકમાં પુ. ગુરૂદેવશ્રીએ વટહુકમથી સ્વ. પુ. રામચંદ્ર-સૂરિજી મ. પાસે સહી કરાવી હતી આવી હકીકત જણાવીને તો આપે તે પ્રકરણ ઉપર નવો જ પ્રકાશ ફેંકયો છે. જાણે કે આ વાત અત્યાર સુધી અંધારામાં ! હતી અને આપે તેને અંધારામાંથી બહાર કાઢી ! આ વાતમાં તથ્ય કેટલું તે વિચારણીય છે. હા ! એ વાત સાચી કે સ્વ. પુજ્યશ્રીએ તે વખતે પણ પિંડવાડાના અને બીજા પણ આગેવાન શ્રાવકોને મોઢે એમ જરૂર કહેલું કે 'આ જે કર્યું છે તેથી જરાય આનંદ માનવા જેવું નથી, "પરંતુ પુ. ગુરૂદેવે બળાત્કારે મારી પાસે સહી કરાવી છે, એવી વાત તેઓશ્રીના મુખે કયારેય સાંભળવા મળી નથી. તેથી જ તેઓશ્રી તો પરમ ગુરૂદેવશ્રી ના સ્વર્ગવાસ બાદ પણ વર્ષો સુધી પટ્ટકને અત્યંત વફાદારી પુર્વક વળગી રહ્યા હતા. પરંતુ, કમનસીબે પટ્ટકમાં હોંશે હોંશે સહી કરનારા આપ બધાયે વિ. સં. ૨૦૪૨માં સ્વ. પરમ ગુરૂદેવશ્રીનો દ્રોહ કરીને પટ્ટકને સાપ જેમ કાંચળી ઉતારે તેમ ઉતારીને ફેંકી દીધો અને તે પણ સસ્તી લોકપ્રિયતા અને ઉતરવાના સ્થાનો મેળવવાના તુચ્છ પ્રલોભનમાં પડીને ! ત્યારે પણ સ્વ. પુજ્યશ્રી એ પટ્ટકને વફાદારી પુર્વક વળગી રહ્યા તે એવી આશાએ કે પરમ ગુરૂદેવશ્રીના માર્ગથી વિમુખ થયેલાઓ વિચારીને માર્ગે પાછા ફરશે, પુર પાંચ વર્ષ સુધી રાહ જોયા બાદ આ આશા ફળીભૂત થવાના કોઇ સંયોગો ન જણાયા ત્યારે સ્વ. પુજ્યશ્રીએ પટ્ટકમાં જ નિશ્ચિતપણે સ્વ. પરમ ગુરૂદેવશ્રીએ દર્શાવેલા મૂળમાર્ગનો પુનઃસ્વીકાર કરીને અપવાદ માર્ગનો ત્યાગ કર્યો તેનો યશ પણ એક રીતે

પક્ષકનો દ્રોહ કરનારાઓને ફળે જાય છે, તેમ કહેવું જોઇએ. કારણ કે જો તેઓએ વિ.સં. ૨૦૪૨માં આવું ખોટું પગલું ન ભર્યું હોત તો સ્વ. પુન્યશ્રીને આવું પગલું ભરવાની કદાચ તક ન મળી હોત, અને સ્વ. પરમ ગુરૂદેવશ્રીની શાસ્ત્રશુદ્ધ માન્યતા પુનઃસ્થાપિત ન થઇ શકી હોત. આ બધો ઇતિહાસ તો તાજો અને આપણા સૌની આંખ સામે જ બનેલો છે ને !

આપની વટહુકમ વાળી વાત વળી એ રીતે પણ વિચારણીય છે કે વિ.સં. ૧૯૯૨માં ભાગલા પડયા ત્યારે કે વિ.સં. ૨૦૧૪માં સંઘ સમક્ષ માફી મંગાવવાના પ્રશ્ને સ્વ. પુ. પરમ ગુરૂદેવશ્રીએ વટહુકમનો આશ્રય ન લીધો તેનો હેતુ શો હોઇ શકે ? તે વિચારવાનું આપના પર છોડું છું.

આપને મેં પ્રથમ પત્ર લખ્યો તે દરમિયાન આપના તરફથી ગણિ શ્રી હરિકાન્ત વિજયજી મહારાજે પ્રસ્તુત ગુણાનુવાદ પ્રસંગના ઉત્સવનો અહેવાલ લાગત વળગતા સ્થળોએ મોકલ્યો તે મારા વાંચવામાં આવ્યો. તેમાં તેઓશ્રીએ એટલી વાતનો સ્વીકાર કર્યો છે કે– આ પ્રસંગ મેં આપની અનુમતિ લઇને યોજ્યો હતો અને આપને વિવાદાજનક લાગ્યો તેવો બેનર મેં ઉતારી લીધો હતો. તેમજ ગુણાનુવાદના ગીતમાંથી આપના સૂચન મુજબની પંક્તિઓ કાઢી નાખી હતી. બાકીના બેનરો અંગે આપે ઉપેક્ષા કરી તે મારા કહેવાથી નહિ પરંતુ આપને યોગ્ય લાગ્યું માટે કરી એટલે તેમાં મારી કોઇ કસુર ન હતી. હવે રહી મેં કરેલા ગુણાનુવાદની વાત. ગુણાનુવાદનો ઉત્સવ હતો અને તેમાં ગુણાનુવાદનો દિવસ હતો તેથી મેં ગુણાનુવાદ કર્યો તેમાં મારા ધ્યાને કોઇ વિવાદાસ્પદ બાબતો ન હતી. તેમ છતાં ગણિશ્રીએ અહેવાલમાં જણાવ્યું છે તેમ માનો કે વિવાદાસ્પદ વાતો હતી તો એવી કઇ વિવાદાસ્પદ વાતો હતી તે તેમણે સ્પષ્ટ કર્યું હોત તો મને જાણવા મળત વળી એ વિવાદાસ્પદ વાતો તેમના કહેવા મુજબ જો હતી તો તેનો ગુનો મારો હતો એટલે એ માટે જો સજાને પાત્ર હતો તો હું હતો. તેથી આપે કાંઇ પણ ઠપકો આપવો હતો કે બે કડવા વેણ કહેવાં હતાં તો મને કહેવાં હતાં, પરંતુ તેને બદલે સ્વ. પુન્યશ્રીજી માટે અણછાજતા શબ્દો બોલીને અને મિથ્યા આરોપો મૂકીને તેઓશ્રીની જાહેરમાં જે બદબોઇ કરી તે તો આપે પાડાના વાંકે પખાલીને ડામ આપવા જેવું કર્યું છે, અને આપના આગમ દિવાકર અને ગચ્છાધિપતિ બિરુદને કાળું કલંક લાગ્યુ છે તેવું હું માનું છું.



મારા અમુક હિતૈષી મિત્રોએ પ્રસ્તુત પ્રસંગ પિંડવાડાને બદલે શ્રીપાળનગરમાં કે બીજા કોઇ યોગ્ય સ્થળે ઉજવવાની મને સલાહ આપી હતી. પરંતુ મેં તેમની સલાહ એટલા માટે ધ્યાનમાં ન લીધી કે મારી ઇચ્છા સ્વ. પૂ. પ્રેમસૂરીજી મ. ના સમુદાયના જે કેટલા ભાગલા પડ્યા છે તેને આ નિમિત્તે એક બીજાની નજીક લાવવા, પરંતુ પરિણામ મારી ધારણા કરતાં તદ્દન ઉલટું આવ્યું તેનું મને અત્યંત દુઃખ છે, ખેર ! ભવિતવ્યતા એવી જ હશે ! એમ માનવું રહ્યું. આ પ્રસંગે આટલી સત્ય હકીકત આપના ધ્યાન ઉપર લાવવાની મારી ફરજ સમજીને લખ્યું છે તેમાં આપનો કાંઇ અવિનય થતો હોય તો ક્ષમા કરશોજી.

એજ વિનંતિ- લી.

મિતિ સંવત ૨૦૫૪ **સેવક જયંતિલાલ લાલચંદની**

ભાદરવા સુદ બીજી એકમ વંદના સ્વીકારશોજી.

(ભગવાન મહાવીર જન્મ વાંચન દિવસ)

—: શાસન સમાચાર :—

જામનગર પ્રેમ્બેટ-અત્રે પૂ. આ. શ્રી જિનેન્દ્ર સૂ. મ.ની નિશ્રામાં પૂ. સાધુ-સાધ્વીજી તથા શ્રી સંઘમાં થયેલ તપસ્યાઓના ઉદ્યાપન માટે કા. સુદ ૫ થી ૧૦ સુધી ઉત્સવ ઉજવાયો તેમાં (૧) સુદ-૫ પુજા શાહ કેવચંદ હંધા ગુદકા, હ: રતિલાલ કેવચંદ ગુદકા રાસંગપુરવાળા, લંડન (૨) સુદ-૬ પુજા કલાબેન વિનોદ લીલાધર શાહ પડાણાવાળા લંડન, (૩) કા. સુદ-૭ શાહ સોજપાર નાયાભાઇ ડબાસંગવાળા જામનગર તરફથી સિદ્ધચક્રપુજન ૧૦ હજાર ઉપર જીવદયા ફાળો થયો (૪) સુદ-૮ નવપદ ઓળીના આરાધકો તરફથી પુજા (૫) રાયચંદ કરમણ નાગડા ચિ. દીપક સોમચંદના લગ્ન પ્રસંગે પુજા, (૬) સુદ-૧૦ શાંતાબેન પુંજાભાઇ મેરઉ હરણીયા તરફથી (અમીરત્ન ઓસવાળ કોલોની) શ્રી સિદ્ધચક્ર પુજન, સોનાનો ચેન ભગવાનને ચડાવ્યો, જીવદયાનો ફાળો સારો થયો (૭) સુદ ૧૧+૧૨ મંગળવાર શાહ લખમશી જેઠાભાઇ તરફથી તેમના ધર્મપત્ની વીરાંબેનના શ્રેયાર્થે પુજા.

દાવણગિરિ (કર્ણાટક)-પુ. ગણિવર્ય શ્રી મુક્તિચંદ્રવિજયજી મ. ની નિશ્રામાં કા. સુદ-૪ થી ૮ શાંતિસ્નાત્ર મહોત્સવ શા વકતાજી કુલાજી ગુન્દેશા પરિવાર મરુધર થુરવાળા તરફથી ઉજવાયો.

જયઘોષસૂરિને સુબોધચંદ્ર શાહની ખુલ્લી ચેલેન્જ

પ્રાતઃકાલે હજારો સમ્યક્ત્વધારીઓ જેમના નામને મંત્રપદોની જેમ સ્મ. છે, જેમનું નામ લેવાથી અંતર અપાર શાતા અનુભવે છે, એવા સ્વનામ ધન્ય, પૂ.નીય, આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.ની છઠ્ઠી સ્વર્ગવાસતિથિ, ભારતના અનેકાનેક ગામો અને શહેરોમાં ઉજવાઇ.

અનેક આંખોએ આંસુઓની અંજલિ તે ગુરુદેવના ચરણોમાં અર્ઘ્યરૂપે આપી, અનેક સ્થળોએ એ પરમગુરુદેવને જેમના પ્રત્યે અપાર ભક્તિ હતી તે ત્રિજ્ઞાનઘનની મૂર્તિ સમક્ષ મહોત્સવો યોજાયા.

મુંબાઇ જેવા મહાનગરના માતબર પત્રોને પણ પોતાના પૃષ્ઠો, એ સૂરિપુંગવની ગુણગાથા માટે (જાહેર ખબર રૂપે નહિં) રોકવા પડ્યા.

ઘણાને આશ્ચર્ય થાય છે કે—જેમના કાળધર્મ પછી ૨૧૬૦ વખત સૂરજ ઉગ્યો અને આથમ્યો છતાંય આ ગુરુવર કેમ ભૂલાતા નથી!

એમની અગ્નિસંસ્કાર ભુમિ ઉપર માનવસમૂહ આ વખતે હિલોળે ચઢ્યો હતો. શું નર કે શું નારી, શું બાલક કે શું બાલિકાઓ, એક જ સૂર હતો સૌનો,

"દર્શન દઇજા, દર્શન દઇજા, ગુરુવર પાછો દર્શન દઇજા"

આ તો મેં મારી આંખોથી જોયું છે અને હું મારા રુદનને રોકી શક્યો નથી. જાણે કે એક તીર્થંકર ધરતી ઉપર પધાર્યા હતા અને અલોપ થઇ ગયા. આટલું છતાંય એક તેજદ્વેષી ગ્રુપ અને તે પણ ઉપર્યુક્ત પૂ. ગુરુદેવથી ધર્મ પામેલું તેમના માટે પાટ ઉપર બેસી યદ્વા તદ્વા પ્રલાપ કરે છે ત્યારે તો શું કહેવું તે જ સમજાતું નથી.

મારે લાંબી વાતોમાં નથી પડવું. તેમના આ પ્રલાપ બદલ ચારે બાજુથી પત્રિકાઓનું યુદ્ધ ચાલ્યું છે, આ ઠીક નથી થયું. એ વાત કબૂલવા સાથે પણ કહીશ કે પૂ. ગુરુદેવના અનુયાયી ભક્ત હૈયાઓમાં આ પ્રલાપથી કેવા ચીરાડા પડ્યા છે, એ આળાં હૈયાંઓને કોઇએ જાલિમ પ્રહાર કરીને લોહી નિંગળતા કર્યાં છે એ સાબિત થાય છે. અને આ કામ એક આચાર્ય ગણાતી વ્યક્તિ કરે છે જેનું નામ છે, "જયઘોષસૂરિ."

એમણે પોતાનું નામ, સ્થાન, મુનિત્વ અને આચાર્યપદ આ સૌને ભયંકર ખાડામાં ફેંક્યો છે.

આખા ભારતવર્ષમાં પૂ. આચાર્યથી વિરૂદ્ધ માન્યતાવાળાઓ પણ એમના માટે એક અરાબ શબ્દ નથી બોલતા ત્યારે એમના જ મુનિગણના, એમના જ ગુરુના શિષ્ય ગમે તેમ બોલે છે. લાગે છે કે હદ થઇ ગઇ. અને એ કહેવત સાચી પડી કે—'વટલાયેલી બ્રાહ્મણી તરકડીને તોલે.'

એમણે કરેલા સઘળા આક્ષેપો છોડી દઉં, માત્ર એક જ આક્ષેપ કે 'એમણે (રામચંદ્ર સૂ. મહારાજે) ઘણાં કાળાં કામ કર્યાં છે' નો જ જવાબ માગું છું. આ દુનિયાના ચોકમાં હું પિંડવાડાની પાટ ઉપરથી પ્રલાપ કરનાર જયઘોષસૂરિને ચેલેન્જ કરું છું કે તેઓ વિજય રામચંદ્રસૂરિ મહારાજે ક્યાં કાળાં કામ કર્યાં છે તે સાબિત કરી બતાવે તો હું જીવન પર્યંત આ પ્રલાપ કરનારનો શિષ્ય થઇશ યા તો તે જે દંડ નક્કી કરે તે ભોગવીશ, પણ જો તે સાબિત ન કરી શકે તો? તો!

તો તેમણે ભારતવર્ષના સકલસંઘ સમક્ષ માફીપત્ર લખી, મુંબઈ, અમદાવાદ વગેરે શહેરોના મુખ્ય મુખ્ય પત્રોમાં તે છપાવી પોતાનું મુનિપણું છોડું દેવું પડશે, આ મારી ચેલેન્જ સ્વીકારી લેવાની તેમને વિનંતિ છે. જો તેમને કબૂલ હોય તો તે લખી જણાવે યા જાહેર કરે.

આ શરત કેવલ મારી નથી, મારા જેવા અનેક આવી શરત કરવા તૈયાર છે. જેમની ૨૪ કેરેટથી પણ શુદ્ધ પ્રામાણિકતા, ભગવંતે કહેલા સિદ્ધાંતો માટે ખુવાર થઇ જવાનું અપ્રતિમ ધૈર્ય, કુશાગ્ર બુદ્ધિ, હાજરજવાબીપણું, ધર્મ માટે ફના થઇ જવાની હમઢિલી, જિનદેવ માટે અસહ્ય યંત્રણા સહન કરવાનું ભયંકર જનૂન, ૩૧ વર્ષની ભરયુવાનીમાં પણ ધર્મ માટે શહીદ થઇ જવાની તમન્ના આ કશું જ જોવાની જેમને આંખ જ નથી અને કેવળ તેમના પ્રચંડ પુણ્યોદયથી જે ઢાંકી રહ્યાં છે તે આવું બોલે તેમાં નવાઇ શી છે?

હું ભારતવર્ષના એકેક ભાગ્યવંત, કે જે વિજયરામચંદ્રસૂરિ મ.ને આરાધ્ય માને છે તેમને, પછી તે શ્રમણ ભગવંત, શ્રમણી ભગવંત, શ્રાવક કે શ્રાવિકા હોય તેમને વિનંતિ કરીશ કે–આવા તીર્થંકર તુલ્ય આ.શ્રીની જેમણે ભયંકર તોહીન કરી છે તેમનો સહકાર બહિષ્કાર કરે. તેમના કોઇ પણ પ્રસંગમાં ભાગ ન લેવાથી માંડીને તેમને વ્યવહાર સુધ્ધાં બંધ કરે.

આ. જયઘોષસૂરિનું ગાઢ મિથ્યાત્વ ઉદયમાં આવ્યું છે, તેમણે પોતાના મોક્ષને લાત મારીને, આઘો ઠેલ્યો છે, એમણે તીર્થંકર તુલ્ય અમારા આરાધ્યદેવતાને વિરાધ્યા છે, અમારા કોમલ હૈયાઓને કારમી ઠેસ મારી છે. અમારે તેમના ઉપર પણ ક્રોધ નથી કરવો, કે પત્રિકાઓ બહાર નથી પાડવી. કર્મસત્તા તરતમાં જ તેમનો ન્યાય કરશે.

'अत्युग्रपुण्यपापानामिहैवफलमश्नुते' આ વાક્ય અમારી આંખ સામે છે. આટલું કહી મારી ઉપરોક્ત ચેલેન્જ સ્વીકારી લેવાનું તેમને આહ્વાન કરું છું.

સુબોધચંદ્ર નાનાલાલ શાહ
૧૨, દેવશ્રુતિ, ૨૩, સરસ્વતી સોસાયટી, પાલડી, **અમદાવાદ–૭**

શાસન સમાચાર

જામનગર–અત્રે દિગ્વિજય પ્લોટ ઓસવાળ કોલોની તથા ધામધાર કોલોની ત્રણે સંઘોમાં પર્યુષણમાં થયેલ ૩૫૭ તપસ્યાના પારણા ભાઈ ઝવેરચંદ લાધા નાગડા (મિતલવાળા) લાખાબાવળવાળા દ્વારા સ્વ. ભગવાનજી નરશી સાવલા તથા ગં સ્વ. મણિબેન ભગવાનજી પરિવાર શ્રી મોહનલાલ ધીરજલાલ સૌભાગ તથા ચંદુલાલ ભગવાનજી તથા ચિ. સમીર નિશીત તથા અમીત ચંદુલાલ તરફથી કુંવરબાઈ ધર્મશાળામાં થયા. સામુહિક પ્રભાવના ૬૫ હજાર રૂા.ની થઈ હતી તથા ઝવેરચંદભાઇની પ્રેરણાથી ઓસવાળ કોલોનીમાં ભા. વદ ૩ થી ૭ સુધી પૂ. આ. શ્રી વિ. જિનેન્દ્ર સૂ. મ. આદિની નિશ્રામાં ઉત્સવ ઉજવાયો. પૂ. શ્રીનું સામૈયું ઝવેરચંદભાઇએ કરાવ્યું પ્રભાવો (૧) શ્રી દેવકુંવરબેન વેલજી મેઘજી (૨) ચંદુલાલ ભગવાનજી (૩) સિદ્ધચક્ર મહાપૂજન સ્વ. અનસુયાબેન ચંદુલાલના શ્રેયાર્થે મણિબેન ભગવાનજી હ: મોહનભાઇ ધીરજલાલ સૌભાગ ચંદુલાલ ભગવાનજી તથા સમીર નિશીત અમીત ચંદુલાલ તરફથી (૪) પૂજા પ્રદીપકુમાર લાલજી (૫) રક્ષાબેન અરવિંદ રામજી તથા નીશા કમલ અરવિંદ તરફથી ભણાવાઇ હતી. પૂ. ન શ્રી સુરેશભાઇએ ભણાવેલ. પૂજા ભક્તિ માટે શ્રી વિમલ જિનેન્દ્ર સંગીત મંડળ આવેલ.

રાજકોટ–પૂ. આ. શ્રી વારિષેણ સૂ. મ. આદિનો પ્રવેશ થતા પ્રહલાદ પ્લોટના મહાપ્રભાવિક પરમ તીર્થપતિ શાસન નાયક શ્રી મહાવીરસ્વામી પ્રભુની શીતલછાયા તથા શ્રી મલ્લિનાથદાદાની અસીમ કૃપામાં આરાધના કરવા તથા કરાવવા ચાતુર્માસ પ્રવેશ અષાડ સુદ ૨ ના પધાર્યા. પૂ શ્રીના પગલા પડતાં જ આરાધનાના ઉમંગ છલકાવા લાગ્યા. પ્રવેશમાં જ ૩૫૦ આયંબિલ, ૫૦ રૂા. સંઘપૂજન, અલ્પાહાર. રોજ સવારે ભક્તામર પાઠ–પ્રવચનોની ધૂમ મચી. સાંઠબી અઠ્ઠાઇ, અઠ્ઠમ, આયંબિલની શરૂઆત થઇ ગઇ. દર રવિવારે વિવિધ આરાધનાઓ, સમૂહ સામાયિક ૫૦૦, શંખેશ્વર પાર્શ્વ આરાધના. ઉપવાસ દ્વારા ૩૦૦, રવિવારીય પાઠશાળા જાહેર પ્રવચનો, ભક્તામર અઠ્ઠમ ૪૪, સમૂહ નીવી ૧૦૦, ઇન્દ્રિય જય તપ ૪૪, ખીર એકાસણા ૧૪૦, નમસ્કાર મંત્ર આરાધના પૂ. આ. શ્રી લબ્ધિ સૂ. મ. મ. ની પુણ્યતિથિ પૂ. આ. શ્રી હિર સૂ. મ. સા. પુણ્ય તિથિ પૂ. આ. શ્રી વિક્રમ સૂ.મ. ની પુણ્યતિથિ પૂ.આ. શ્રી વિરસેનસૂરિજી

મ. સા.ના પુણ્યતિથિના મહોત્સવો થયા. રંગોળી, પ્રદર્શન ભવ્ય આંગીઓ, સ્પર્ધાઓ, ગુણાનુવાદ આદિ દ્વારા થયેલ.

પર્યુષણ પર્વમાં માસક્ષમણ, ૧૬ ઉપવાસ, અઠ્ઠાઇ, અઠ્ઠમ અનેક થયેલ. ૧૫૫ સમૂહ પૌષધ, ચૌ. પ્રહરી પૌષધ ૩૦, અક્ષયનિધિ, વ. ત. પાયા, શ્રમજીવી ચૈત્ય પરિપાટી, રથયાત્રા, સ્વામિવાત્સલ્ય, અખંડ ભક્તામરપાઠ, સિદ્ધચક્ર, ભક્તામર મહાપૂજન, જિન મંદિર શુધ્ધિકરણ, સમૂહ આયંબિલ ૧૦૦૦ થી વધુ થયેલ. પૂ. સાધ્વી હંસકલાશ્રીજીની ૧૦૩ મી ઓળી પૂર્ણાહુતિ મહોત્સવ, જીવદયા, અનુકંપાદાન સાલમાં ૨૪ આયંબિલના નિયમો આદિ થયેલ. નવપદ ઓળી આરાધના પારણા સહ, દિવાળી છઠ્ઠ, જ્ઞાન પંચમી આરાધના, ચાતુર્માસ ૧૪ આરાધના, પુનમના પટ્ટ દર્શન, ચાતુર્માસ પરિવર્તન આદિ થયેલ. અનેક સંઘના આગમન, પૂ. સાધ્વી ઉજ્જવલતાશ્રીજી, પૂ. સા. હંસકલાશ્રીજીએ બહેનોમાં સારી આરાધના કરાવેલ.

દર પૂનમે શંત્રુજ્ય યાત્રા કરાવતા અતિ ઉલ્લાસ આવતો હતો.

અગાસી તીર્થ–પૂ. મુ. શ્રી મુક્તિધન વિ. મ., પૂ. મુ. શ્રી પુણ્યધન વિ મ. શ્રીની નિશ્રામાં પર્યુષણ પર્વની આરાધના ખુબ જ સુંદર થયેલ. આખુ ગામ શણગાર્યુ હતું. રોજ પ્રભાવના, પ્રભુજીની ભવ્ય અંગરચના થતી હતી. તપશ્ચર્યા પણ ખુબ જ થયેલ છે ભા. સુદ ૫ ના પારણા થયા હતા અને ભા. સુદ ૬ ના ભવ્યાતિભવ્ય વરઘોડો અને સંઘજમણ સોહનલાલ પુખરાજજી તરફથી નિકળ્યો હતો. અગાશી તીર્થમાં પહેલી વખત આવો વરઘોડો હતો. ભા. સુદ ૧૨ નાં ચાર દેરાસરની ભવ્ય ચૈત્યપરિપાટીમાં ૧૦૮ થાળી દેરાસરની સામગ્રી સાથે નીકળી હતી ત્યાર બાદ બધાની નવકારશી અને તે દિવસે બધા તપસ્વીઓનું બહુમાન રાખવામાં આવેલ અને ભા. વદ ૨ થી ૬ સુધી પાંચ દિવસનો ભવ્ય મહોત્સવ નવ્વાણું અભિષેક મહાપૂજન સાથે રાખવામાં આવેલ. ભા. વદ ૧૧ થી વર્ધમાન તપના પાયા નાંખવામાં આવશે અને અત્યારે રોજ વ્યાખ્યાન તથા વાંચના વિગેરે જાહેર પ્રવચનો ચાલી રહ્યાં છે. સુંદર આરાધના ચાલી રહી છે. ભા. વદ ૧૧ નાં ભવ્ય અઢાર અભિષેકનું આયોજન થયેલ છે.

: દારેસલામ–પર્યુષણ મહાપર્વ :

દારેસલામ (ટાન્ઝીનીયા)માં પર્યુષણ મહાપર્વ શનિવાર તા. ૩૦–૮–૯૭થી શનિવાર તા. ૬–૯–૯૭ સુધી ખૂબ જ હર્ષોલ્લાસથી ઉજવવામાં આવેલ. દરરોજ સવાર–સાંજ બહેનો તથા ભાઇઓ સામાયિક પ્રતિક્રમણનો લાભ લેતાં ધર્મધ્યાનમાં મન પરોવતાં હતા. પર્યુષણ નિમિત્તે ભદ્રેશ્વરથી અત્રે પધારેલ ભાઇ શ્રી રફીક મહમદ-

ભાઈ દરરોજ રાત્રે ભાવનામાં કર્ણપ્રિય સ્તવનોનો રસથાળ પીરસતા હતા અને એક કુશળ ઉસ્તાદને છાજે તેવા તબલાવાદન સાથે શ્રી ફકીર મહમદભાઈ સાથ આપતા હતા. દરરોજ રાત્રે ઉછામણીમાં ભાગ્યશાળીઓનો ઉત્સાહ ખૂબ જ વર્તાતો હતો.

શ્રી મહાવીર પ્રભુનું જન્મવાંચન બુધવાર તા. ૩–૯–૯૭ના બપોરના કરવામાં આવેલ અને ભાગ્યશાળીઓએ મન મૂકીને ઉછામણી બોલી સંઘની ઝોળી છલકાવી દીધી હતી. ઉછામણી દરમિયાન સંઘપતિ શ્રી ગુલાબભાઈ શાહ સભ્યોને ખૂબ જ ઉત્સાહ પ્રેરતા હતા અને શ્રી રજીકભાઇ પ્રસંગને અનુરૂપ સ્તવનો ગાઇને ઉછામણી બોલનારને પ્રોત્સાહન આપતા હતા.

પર્યુષણ દરમિયાન કુલ ૧૩ તપસ્યાઓ થયેલ જેમાં શ્રીમતી રમીલાબેન પટેલની ૨૧ ઉપવાસની અને ૧૩ વર્ષની ઉંમરના આકાશ પ્રકાશ શાહની અઠાઇ નોંધપાત્ર હતી. તે ઉપરાંત ૪ અઠાઇ,૪ નવાઇ અનેક ક્ષીર સમુદ્રની તપસ્યા થયેલ.

શુક્રવાર તા. ૫–૯–૯૭ના રાત્રે આરતી ભાવના બાદ સંઘપતિ શ્રી ગુલાબભાઇ શાહે તેમના પ્રવચનમાં તપસ્વી ભાઈ–બહેનોની અનુમોદના કરેલ ત્યારબાદ પાઠશાળા તેમજ સ્કુલના વિદ્યાર્થીઓને ઇનામોની વહેંચણ કરવામાં આવેલ.

શનિવાર તા. ૬–૯–૯૭ના સંવતસરી પ્રતિક્રમણ કરી એક બીજાને મિચ્છામિ-દુક્કડં: કરી ખમાવેલ અને રાત્રે આરતી–ભાવન બાદ સંઘપતિએ તપસ્વીઓનું બહુ માન કરેલ.

રવિવાર તા. ૭–૯–૯૭ના સકળ સંઘ પારણા શ્રી વિનય પ્રકાશ શાહ તથા શ્રી પોપટલાલ ભાણજી દોશીના પરિવાર તરફથી કરાવવામાં આવેલ. આ પ્રસંગની નોંધ કારેસલામના સ્થાનીક ટી.વી.સ્ટેશન ઉપર પણ લેવામાં આવેલ. સવારના ૮–૩૦ વાગ્યે તપસ્વીઓના સમૂહ પારણા કરાવવામાં આવેલ, અને પર્યુષણ નિર્વિઘ્ને પૂરા થયેલ.

–પ્રસ્તુત કરનાર : રમેશ હરીચંદ કોઠારી

— શાસન સમાચાર —

નવરંગપુરા અમદાવાદ – પૂ. આ. શ્રી વિજય મહોદયસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં ૧૮ દીક્ષાના મુહૂર્તે અપાયા હતા. તે દીક્ષા જુદે જુદે સ્થાને થશે કા. સુ. ૯ ના દીક્ષાર્થીઓની વરસીદાનનો ભવ્ય વરઘોડો કાઢવામાં આવ્યો હતો જે ખૂબ પ્રભાવક બન્યો હતો સંઘમાં ખૂબ ઉત્સાહ હતો.

શ્રી જૈન શાસન અઠવાડિક

હાલારદેશોદ્ધારક કવિપ્રભાવક સિદ્ધાંતનિષ્ઠ પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર પરમ ઉપકારી પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજના પરમ ઉપકાર અને પરમ ઉપદેશથી વિવિધ પ્રકારના શાસનના ધર્મના કાર્યો, અંજનશલાકા, જિનમંદિર, ઉપાશ્રય, પ્રતિષ્ઠા, યાત્રા સંઘો, શ્રુતજ્ઞાન ભવન, જૈન ધર્મશાલા આદિના વિવિધ લાભોની પવિત્ર અનુમોદનાર્થે..

તેઓશ્રીના પરમ સદુપદેશથી..

જૈન શાસન અઠવાડિક ને હાર્દિક શુભેચ્છા

વિશેષાંક સૌજન્ય ધન્ય દાતાઓ

(૧) સ્વ. શાહ વીરજી હેમરાજ દોઢીયા
(૨) સ્વ. શ્રીમતી જશમાબેન વીરજી હેમરાજ દોઢીયા
(૩) સ્વ. ભાઈ વેલજી વીરજી હેમરાજ દોઢીયા
(૪) સ્વ. શ્રીમતી ગંગાબેન હીરજી પેથરાજ
(૫) સ્વ. શ્રીમતી પાનીબેન મેઘજી વીરજી દોઢીયા
(૬) ભાઈ મેઘજી વીરજી હેમરાજ દોઢીયા તથા
શ્રીમતી ડાહીબેન વેલજી વીરજી દોઢીયા સર્વ પરિવાર.

કનસુમરા (હાલાર) બોક્સ નં. ૪૯૬૦૬ નાઈરોબી (કેન્યા)

માલિક : શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫-દિગ્વીજય પ્લોટ, જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠ સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર) થી પ્રસિદ્ધ કર્યું. ફોન : ૨૪૫૪૬

Reced
Reced 1967
૧૬૦૬

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઈ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરૂ શાસન રસી

શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા
પો. કોબા-ગાંધીનગર, પિન-382009

આ ચાર દુર્લભ છે.

दानं प्रियवाक्सहितं ज्ञानमगर्वं,
क्षमाऽन्वितं शौर्यं ।
त्यागसहितं च वित्तं दुर्लभमेत चतुर्भद्रम् ।।

પ્રિય સંભાષણ પૂર્વક દાન, ગર્વરહિતનું જ્ઞાન ક્ષમાથી યુક્ત બળ અને કોઇપણ પ્રકારની ઇચ્છા વિનાનો ધનનો ત્યાગ આ ચાર ચીજ ખરેખર દુર્લભ છે.

વર્ષ ૧૦

અંક ૧૩+૪

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA PIN 361005

લવાજમ આજીવન

શાસન સમાચાર

જામનગર-ઓસવાળ કોલોનીમાં આંબેલ ભવન એકટેશન લોબીનું ઉદ્ઘાટન આસો સુદ ૪ ના નીચે ભાઇ લખમશી નથુભાઇ અને ઉપર ભાઇ નેમચંદ રા.જીભાઇને હાથે ઉદ્ઘાટન થયું. સંસ્થાના મુખ્ય દાતા શ્રી દેવચંદ શામજીભાઇનું તથા ઉદ્ઘાટકોનું બહુમાન કર્યું. આ નિમિત્તે કાર્યકરો વિ નું ઉદ્બોધન થયું તથા આયંબિલ તપની મહત્તા પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ મ.નું પ્રવચન થયું. પ્રભાવના થઇ તથા નેમચંદ રામજીભાઈ તરફથી રૂા. ૧૦૧નું સંઘપૂજન થયું.

[redacted]પ્રેમચંદ મેપાભાઇ ગોસરાણી આંબલાવાળા હાલ મોંઘાસા તરફથી ઓળીનું આ[redacted]યું. ૧૨૫ ઓળી થઇ તથા નવે દિવસ ઉત્સવ થયો સંઘ તરફથી. શાંતિ-સ્નાત્ર તથા અઢાર અભિષેક થયા પૂજાઓ (૧) શ્રી પ્રેમચંદભાઇ મેપા (૨) શ્રી કચરા મેપા [redacted]ડા લાખાબાવળ હ: અમૃતલાલભાઇ પાંડુરના (૩) નવપદની ઓળં. કરનારા (૪[redacted]પેથરાજ માડ્ (૫) શ્રીમતી મોંઘીબેન જીવરાજ કચરા લાખાબાવળ શ્રીમતી સન્નારીબેન મગનલાલના તપના ઉદ્યાપન નિમિત્તે (૬) કુંભસ્થાપન દીપકસ્થાપના નવ-ગ્રહની[redacted] મણિબેન ધરમશી હ: સોમચંદ વીરપાર ચંદરિયા (૭) પૂજા લીલાબેન રાયશીના શ્રેયાર્થે નરશી દેવશી તથા નાથાલાલ પાનાચંદ (૮) જીવીબેન રા શી લાધા લઉને શાંતિસ્નાત્ર કરેક પૂજા માટે રકમ ભેગી કરીને ઠાઠર્યા ભણાવાયું-જી[redacted]દયા ફંડ [redacted]વિધિ માટે શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહ તથા પૂજા ભાવના માટે શ્રી વિમલ જિનેન્દ્ર સંગીત મંડળ આવેલ.

પાલીતાણા-મગનલાલ મૂલચંદ જૈન ધર્મશાળા તથા મુક્તિનિલય ધર્મશાળામાં પૂ. આ. શ્રી વિજય શાંતિચંદ્ર સૂ. મ.ના પટ્ટધર પૂ. આ. શ્રી વિજય જિનચંદ્ર સૂ. મ.ની નિશ્રામાં તેમના શિષ્ય પૂ. મુ. શ્રી સંયમરતિવિજયજી મ. તથા તેમના શિષ્ય પૂ. મુ. શ્રી યોગતિલકવિ. મ.ની ગણી પદવી કારતક વદ ૬ ગુરૂવાર તા. ૨૦/૧૧/૯૭ના છે તે પ્રસંગ બૃહદ અષ્ટોત્તરી સ્નાત્ર સહિત નવાહ્નિકા મહોત્સવનું આલ્યો૪૮૮ થયું છે. પૂ. આ. ભ. શ્રી વિજય રાજતિલક સૂ. મ. આદિ સાત પૂ. આ. ભગવંતો આદિ વિશાળ સાધુ-સાધ્વી મંડળ પધારશે.

— ઐતિહાસિક તપની ભવ્ય ઉજવણી —

મહાન તપસ્વિ સમ્રાટ ઇતિહાસના પાને અજાયબી સર્જનાર પૂ. પા. આ.દેવ

(અનુ. પેજ ૪૨૬ ઉપર)

કોલારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘાજી ગુંદિકા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મણસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (વઢવાણ)
ધનજીભાઈ પદમશી ગુંદિકા (થાણા ગઢ)

વર્ષ : ૧૦] ૨૦૫૩ કારતક વદ-૧૧ મંગળવાર તા. ૨૫-૧૧-૯૭ [અંક : ૧૩+૧૪

卐 પ્રકીર્ણક ધર્મોપદેશ 卐

-પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, આ.વદ વદિ-૧૪, શુક્રવાર તા. ૨૪-૭-૧૯૮૭ જૈન ઉપાશ્રય, શ્રીપાલનગર મુંબઇ-૬

(કી જિનાજ્ઞા વિરૂદ્ધ કે પૂ. પ્રવચનકારશ્રીના આશય વિરૂદ્ધ કાંઇપણ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના. (પ્રકરણ ૨૧ મું) અવ૦)

જાણંતો વિ ય તરિઉં, કાઇયજોગં ન જુંજઇ જો અ ।
સો વુજ્જઇ સોએણું, એવં નાણી ચરણ હીણો ।।

અનંત ઉપકારી શ્રી અરિહંતપરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્ય ભગવાન શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજા સમજાવી આવ્યા કે- મોક્ષ એ જ જીવનું સાચું સ્વરૂપ છે. જીવ જે સુખ ઇચ્છે છે તે સાચુ અને વાસ્તવિક સુખ મોક્ષમાં જ છે. મોક્ષને માટે જ ધર્મ કરવાનો છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ જ મોક્ષનો માર્ગ છે. એકલું જ્ઞાન પણ નકામું છે અને એકલી ક્રિયા પણ નકામી છે. હવે જ્ઞાન અને ક્રિયા બંન્નેની મહત્તા સમજાવી રહ્યા છે. ગમે તેવો પણ જ્ઞાની જ્ઞાનમાં જે જાણ્યું છે તેનો અમલ ન કરે તો તે પણ સંસારમાં ડૂબી જાય છે. તે વાતને દૃષ્ટાન્તથી સમજાવે છે કે- ગમે તેવો પણ સારો તરવૈયો તરવાનું જાણવા છતાં પણ પાણીમાં પડયા પછી હાથ-પગ ન હલાવે તો શું હાલત થાય ? શ્રી જૈન શાસનમાં તો કાયદો છે કે જાણકાર પણ શક્તિ મુજબ આચરણ કરે તો તે સંસાર સાગર તરી શકે, નહિ તો તે પણ ડૂબી જાય.

મોટા મોટા આચાર્યો કે ભણેલા ગણેલા જ્ઞાનિઓ પણ પ્રમાદમાં પડી ગયા તો સંસારમાં ડૂબી ગયા; ગુરૂ છતાં કુગુરૂ તરીકે ઓળખાયા શ્રી જૈન શાસનનો આ ઠાયદો છે કે– ગુરૂને પણ ઓળખીને માનવાના છે. જેને સાચી આરાધના કરવી હોય, વહેલા મોક્ષે જવું હોય તેને પણ ગુરૂને ખાસ ઓળખવા પડે. **ઘણીવાર ગુરૂ તરીકેની પ્રસિદ્ધિને પામેલા પણ જો માર્ગની આરાધનામાં ઢીલા થાય, માન-પાનાદિને ખાતર સાચો માર્ગ પણ ભૂલી જાય અને પછી તો સન્માર્ગની દેશનામાં પણ ફેરફાર કરે તો તે પોતે ય ડુબે અને બીજાને ય ડુબાડે.**

તે માટે અહીં રુદ્રાચાર્યની કથા કહે છે. એક ગામમાં એક આચાર્ય પોતાના શિષ્યોની સાથે રહેલા છે. એક વાર સવારના સમયે તેઓને સ્વપ્નું આવે છે કે પાંચસો હાથીઓના ટોળા સાથે એક ભૂંડ આગેવાન થઇને આવી રહ્યું છે તેઓ પોતાના સ્વપ્નની વાત પોતાના શિષ્યોને કરે છે ત્યારે શિષ્યો પૂછે છે કે– આનું ફળ શું ? ત્યારે તેઓ કહે છે કે– પાંચસો શિષ્યો સાથે એક આચાર્ય આવવા જોઇએ. તેમાં સાધુઓ બધા સારા છે પણ તે આચાર્ય અભવ્ય છે. થોડા સમયમાં પાંચસો શિષ્યો સાથે તે આચાર્ય આવ્યા છે. સાધુઓએ તેમની આગતા–સ્વાગતા કરી છે. તે આચાર્યની પરીક્ષા કરવાને માટે, રાત્રિના સમયે માત્રુ પરઠવાની જગ્યાને કોલસી પથરાવી છે, બીજા સાધુઓ માત્રુ પરઠવા જાય અને કચ કચ અવાજ આવે તો વિચાર કરે છે કે– આ શેનો અવાજ છે ? આપણા પગ નીચે કોઇ જીવ તો નથી આવી ગયા ને તેની ચિંતામાં પડે છે. એટલે સાચવીને પગ મૂકે છે. હવે તે આચાર્ય પોતે માત્રુ પરઠવા નીકળે છે અને કોલસી પર પગ મૂકતાં કચ કચ અવાજ આવે છે તે સાંભળીને કહે છે કે– "ભગવાને કહેલા જીવડા કચકચ અવાજ કરે છે" એમ કહીને મજેથી પગ મૂકે છે, તેથી તે આચાર્ય અને તેમના શિષ્યોને ખાત્રી થઇ ગઇ કે– નવા આવેલા આચાર્ય બરાબર નથી. પછી તેમના શિષ્યોને પણ આ આચાર્ય સમજાવે છે કે– તમારા આચાર્ય અભવ્ય જેવા લાગે છે. તમારા જેવાઓએ આમનો સહવાસ કરવા જેવો નથી. બધી વાત સમજાવીને તે ગુરુનો ત્યાગ કરાવે છે. શ્રદ્ધાહીન બની ગયેલા જીવો કેવા હોય ? પહેલા સારા હોય પણ પછી માર્ગ ભૂલે, માર્ગમાં શિથિલતા આવે તો કેવી રીતે ભયંકરતા થાય છે તે આજે શોધવા પડે તેવું છે ? એકવાર શિથિલતા આવ્યા પછી ક્યાં સુધી પહોંચે તે સમજાવવું પડે તેવું છે ?

શાસ્ત્રે ગુરુમાં પણ ભેદ પાડયા છે. સુગુરૂ અને કુગુરૂનું સ્વરૂપ પણ શાસ્ત્રે જ

સમજાવ્યું છે. પાંચ પ્રકારના ગુરૂ વંદનીક હોય છે અને પાંચ પ્રકારના ગુરૂ અવંદનીક હોય છે તે વાત પણ શાસ્ત્રે જ કહી છે. આ બધો ખુલાસો શાસ્ત્રે જ કર્યો છે. જેટલા સાધુ તેટલા વંદનીક તેમ નહિ. ગુરુવંદન ભાષ્ય ભણ્યા છો ? દુનિયામાં બીજી બીજી ચીજોની પરીક્ષા કરીને લો છો તેમ શ્રી જૈન શાસનમાં દેવ-ગુરૂ અને ધર્મ પરીક્ષા કરીને સ્વીકારવાના છે.

તમે બધા રોજ સામાયિક કરો તો મુહપત્તિ પડિલેહો છો. તેના પચાસ બોલ આવડે છે ? તેમાં આવે છે કે-'સુદેવ-સુગુરૂ-સુધર્મ આદરૂં; કુદેવ-કુગુરૂ-કુધર્મ પરિહરૂં.' તો તમારી ફરજ નથી કે 'સુ' કોને કહેવાય અને 'કુ' કોને કહેવાય તે સમજી લેવું ? તે સમજવા માટે આજે મોટો ભાગ બેદરકાર રહ્યો છે. તેથી શ્રાવક વર્ગમાં પડ્યું ઘણું ઘણું અજ્ઞાન પ્રવર્ત્યું છે. આજે વિધિપૂર્વક મોટોભાગ અભ્યાસ કરતો નથી, વિધિ પ્રત્યે ઘણી ઉપેક્ષા સેવાય છે એટલું નહિ કોઇ સાચું સમજાવે તો પણ સમજવા પણ કોઈ પ્રયત્ન કરતું નથી. આચરણ . કદાચ ઓછું-વધતું થાય તો નભાવી લેવાય પણ વિચારણા તો શાસ્ત્રાનુસારી જોઇએ. મનઃ કલ્પિત વિચારણા કરે તો શું થાય ? પોતે ય ડુબે અને અનેકને ડુબાડે. તેવી રીતે ચિંતન અને મનન પણ શાસ્ત્રાનુસારી જોઇએ તો સાચું ધર્મધ્યાન આવે. શ્રાવક પણ જ્ઞાની જોઇએ. કોઇ જેમ દોરે તેમ દોરવાઇ જાય તો તે શ્રાવક કહેવાય ?

શ્રી જૈન શાસનમાં જ્ઞાનની પ્રધાનતા જેટલી છે તેટલી જ જ્ઞાન સાથે ક્રિયાની જરૂર પણ એટલી જ છે. બે માંથી એક પણ ઓછું હોય તો ન ચાલે. આજે મોટે-ભાગે જ્ઞાન તો ગયું છે પણ ક્રિયા પણ કેવી રહી છે ? જુનાને જોઇને નવો આવેલો ક્રિયા કરતાં કેવી શીખે ? આજે ક્રિયા પણ એવી થઇ છે જેનું વર્ણન પણ ન થાય. આજે સામાયિક કરનારને પણ સામાયિક લેવાનાં સૂત્રો આવડતાં નથી, કોઇ કરાવનાર હોય તો વળી સામાયિક કરે, બાકી સામાયિક પણ રહી જાય. જેને સૂત્રો ન આવડે તેને અર્થ તો આવડતા હશે ? જેને સૂત્રો આવડે છે તેમાંના ઘણાને અર્થ પણ નથી આવડતા; અને જેને સૂત્રો અને અર્થ બંન્ને ય આવડે છે તેઓ તેમાં ઉપયોગ નથી રાખતા, સંમૂર્ચ્છિમની જેમ બોલી જાય છે તેમાં શું આવે તે ભગવાન જાણે ! આવાને ધર્મક્રિયાથી લાભ થાય ખરો ?

સામાયિકનાં સૂત્રોના અર્થ જાણે અને સમજીને ઉપયોગપૂર્વક બોલે તો તેમાં જે મઝા આવે તે અજ્ઞાનીને આવે ? રોજ આવી રીતે એક સામાયિક કરનારો તો તત્ત્વજ્ઞાની થઇ જાય. આજે તમારા અભ્યાસ કેટલો છે ? ભગવાને તમને ભણવાની ના

પાડી છે ? ધર્મી આત્મા સુદેવ–સુગુરૂ અને સુધર્મ તેમજ કુદેવ–કુગુરૂ અને કુધર્મ કોને કહેવાય તે સમજે કે ન સમજે ? તમે બધા મુહપત્તિના પચાસ બોલ બરાબર સમજી જાવ તો ય તત્ત્વજ્ઞાની થઇ જાય. તે પચાસ બોલમાં તો શ્રી જૈન શાસનનો આખો સાર સમાઇ જાય છે. તે પચાસ બોલ આવડે કેટલાને ? અને આવડે તેમાં બોલે પણ કેટલા ?

સભા૦ : અને આજે જેટલું કરીએ તે બસ છે એમ માનીએ છીએ.

ઉ૦ : પેઢી ઉપર આવાને બેસાડો ખરા ? બેસાડો તો શું થાય ?

સભા૦ : ત્યાં તો નુકશાન પ્રત્યક્ષ દેખાય છે. અહીં શું નુકશાન છે ?

ઉ૦ : અહીં જે નુકશાન થાય છે તેથી અનંતકાળ સંસારમાં ભટકવું પડશે. પણ ભગવાનના વચન ઉપર શ્રદ્ધા જ નથી તેનું આ પરિણામ છે.

સામાયિક કરવા છતાં ય સામાયિક શું તે ન સમજાય ? સામાયિક કરનારને કેવો સમભાવ હોય ! કેવી સમતા હોય ! તે દુનિયાનું સુખ મળે તો રાજી થાય અને દુઃખ આવે તો રોવા બેસે તેમ ત્રણ કાળમાં ય બને ? સાચું સામાયિક કરનારો સુખમાં વિરાગી અને દુઃખમાં સમાધિવાળો હોય છે. ભગવાનની આજ્ઞા પુણ્યથી મળતું એવું પણ સુખ છોડવાની છે અને પાપના યોગે આવતું દુઃખ મજેથી વેઠવાની છે. જ્યારે તમે તો દુનિયાના સુખમાં નાચો છો અને દુઃખમાં રૂવો છો. દુનિયાના સુખમાં મઝા કરે તે મરીને ક્યાં જાય ? આવી ધર્મક્રિયા કરનારા મરીને દુર્ગતિમાં જાય તે ઓછું નુકશાન છે ? ધર્મક્રિયા કરનારા કશું સમજે નહિ, જેમ તેમ કરે તો તે ધર્મક્રિયા તેનું રક્ષણ કરે ?

મુહપત્તિના પચાસ બોલ બરાબર શીખી જાય તો સાધુ પણ સાચો સાધુ થઇ જાય અને શ્રાવક પણ સાચો શ્રાવક થઇ જાય. જે સાધુ આ ન સમજે તો તેના સાધુપણામાં પણ માલ નથી હોતો ! સાધુમાં પણ પાંચ વંદનીક છે અને પાંચ અવંદનીક છે. તે વાત શાસ્ત્રે કરી છે. તમે બધા દુનિયાની નાનામાં નાની ચીજ ઓળખીને, પરીક્ષા કરીને લો છો પણ દેવ–ગુરૂ અને ધર્મની વાત આવે તો અમે શું સમજીએ, અમે શી પરીક્ષા કરીએ એમ કહો તે ચાલે ? તમે બધા અણસમજુ છો ? ધારો તો ન સમજી શકો તેવા છો ? તમે બધા ન સમજી શકો તેવા નથી પણ તમે તો નક્કી જ કર્યું છે કે દેવ–ગુરૂ અને ધર્મની બાબતમાં અમારે સમજવું જ નહિ. જેમ કરતા હોઇએ તેમ ક્યાં કરવું. આવા જીવો ધર્મ કરીને ધર્મની નિંદા કરાવે છે.

(ક્રમશઃ)

સામાયિક સ્ફુરણ—

જૈન સંઘને સમેતશિખરજીની હારનો આંચકો

જૈનશાસનનું પુણ્ય ખૂટ્યું કે શું?

પદ્મમાવતી મણિભદ્ર ઘંટાકર્ણની પાછળ પડેલા માત્ર સંઘે ધૂતે છે કે કંઈ સત્તા છે?

પૂ. આચાર્યો આદિની આ લોકની અને જાતની મહત્તાની દષ્ટિ છે કે આત્મ કલ્યાણ અને જૈન શાસનની દષ્ટિ છે?

જૈન સંઘને શાસન ઓળખવાની જરૂર.

શ્રી સમેતશિખરજી અંગે રાંચી અને પટણા હાઇકોર્ટે શ્વેતાંબર દિગંબર અને સરકાર એની સંયુક્ત કમિટિ બનાવી વહિવટ કરવાનો નિર્ણય જાહેર કર્યો.

કોઇ પણ બે વટ કે સંસ્થાઓ રાજકીય રીતે કોંગ્રેસ અને ભાજપ રાજ્યોની દષ્ટિએ ગુજરાત અને રાજસ્થાન સાથે મળીને વહિવટ કરે તે અસંભવ છે. તેમ શ્વેતાંબરોની માલિકી અને વહિવટી તીર્થમાં દિગંબરોને ભેગા મળીને વહિવટ કરવો અસંભવ છે. છતાં આજની અદ્વિતીય રીતીને કારણે આવો અસંભવ પણ સંભવ બનાવવા નિર્ણય કોર્ટે કર્યો.

તે સામે સમસ્ત શ્વેતાંબર સંઘ વિરોધ કર્યો છે અને કરશે.

વળી સમેતશિખરમાં હક્ક આપીને બીજા અનેક તીર્થોમાં દિગંબરો લડે છે કે લડશે અને આ ઝઘડો વિસ્તાર પામશે એમ લાગે છે. દિગંબર બધા તીર્થોમાં શું શ્વેતાંબરોને હક્ક આપશે? શ્વેતાંબરોને એવો હકક આપે તો પણ આવો હકક લેવા શ્વેતાંબરો તૈયાર નથી તેમને કંઇ જોઈતું નથી.

અનેક કોર્ટો અને સુપ્રીમ વિ. દ્વારા પણ શ્વેતાંબરોના સમેતશિખરજીના હકકો માન્ય રહ્યાં છે દિગંબરોને દર્શન પૂજન માટે મનાઈ નથી તે પૂરાવા છતાં સુપ્રીમ કોર્ટે રીટ કાઢી નાંખીને શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘને ભારે આંચકો આપનાર બન્યું છે અને તેથી શ્રી સંઘમાં પારાવાર ખેદ અને નિરાશા થઈ છે.

આ કાર્ય માટે પૂ. આચાર્યદેવો આદિ, શ્રમણ સંઘ પ્રયત્નશીલ છે. શું ભાવિભાવ છે તે વાત જુદી છે પણ શાસ્ત્રીયતા અને પરંપરાને બચાવવા પ્રયત્ન કરવો જ રહ્યો. સુપ્રીમની કુલ બેંચમાં અને શ્રી રાષ્ટ્રપતિ પાસે પણ આ વિગત લઇ જવી જોઇએ એમ લાગે છે. આંચકો ટળી જાય અને જે હકો હતા તે સ્થાપિત થાય એજ છેવટે ઇચ્છનીય છે.

અંતરિક્ષજીમાં મક્ષીજીમાં વારા ફરતી શ્વેતાંબર દિગંબર પ્રજા કરે છે અને મક્ષીજીમાં તો ત્યાં શ્વેતાંબર મંદિરમાં દિગંબરો આવે ત્યારે દિગંબર મંદિરમાં શ્વેતાંબર વિધિથી પૂજા કરવાનો હકક તે સમાધાનમાં મળેલ છે પરંતુ શ્વેતાંબરે તેવું કરીને પારકું પચાવવા માગતા નથી.

આટલું સત્ય હોવા છતાં દિગંબરોને હકક આપતો ચૂકાદો આવ્યો તે શ્વે. સંઘનું પુણ્ય ખૂટયું તેમજ માનવું રહ્યું. હજારો વર્ષથી જે સત્ય તીર્થ જાળવી શકયા હતા તે આમ અચાનક બીજાની ભાગીદારીમાં જાય તે દુઃખદ છે અને દિગંબરો પ્રેમાળી કયાંય વર્તયા છે ? અંતરિક્ષજીની મારામારી તો પ્રસિદ્ધ છે. કેસરીયાજીમાં શ્વેતાંબરો દિગંબરો ઐકય થાય તો સરકાર સોંપવા તૈયાર છે તેમ શ્વેતાંબરો કરતા નથી કેમકે છેવટે દિગંબરો આડોળાઇ કરીને શ્વેતાંબરોને જ તગડી મુકવાના મુડમાં છે.

ભારત મહામંડળે તટસ્થતા ગુમાવીને જમાનાવાદ પ્રમાણે બધાને ભેગા રાખવાની વાત તેના પ્રમુખે કરી તે વિવેક શુન્ય છે આજે તે કે બીજી પોતાના તકલીફવાળા ભાઇઓ કે કુટુંબીઓને પોતાની મિલ્કત, પેઢી, બંગલા, મકાનો વિ. માં શું ભાગ આપવા તૈયાર છે ? પરોપદેશે પાંડિત્યમ્–જ તેમનું છે.

જૈન સંઘમાં હાલમાં ફાટી નીકળેલા પદ્માવતી મણિભદ્ર, ઘંટાકર્ણ વિગેરે પૂજનો તેના તે નામે સંઘમાં આકર્ષણ ઉભું કરનારા અને અમારામાં શકિત છે ચમત્કાર છે તેવી ગુલબાંગો પોકારનારાઓનું સત્ય કયાં ગયું ? કોઇ કેમ અહિં ચમત્કાર બતાવી શકયા નહિ ? શકિત કેમ ન વાપરી ?

આ હાર તે આ દેવ દેવીઓની શકિત વાદીઓને ચેલેન્જ રૂપ છે તેમણે આવી શકિત ન હોય તો પદ્માવતી આદિ પૂજનો અને તેને નામે સંઘને ભરમાવી પોતાના કામો કે અધર્મ પોષવાનો ધૂર્ત માર્ગ છોડી દેવો જોઇએ અને જૈન સંઘને સ્વાર્થ લોભ અને માયાની દુનિયાથી મુકત કરવો જોઇએ અને જૈન સંઘોમાં તથા જૈન સંઘના અનુયાયીઓએ આવા ધૂતારાઓથી દૂર રહેવું જોઇએ અને તેમને ઉત્તેજન આપવું ન જોઇએ. છડે ચોક આ ઠગાઇ અને પ્રપંચને પડકાર કરી અટકાવવા જોઇએ. હજારો પદ્માવતી, હજાર મણિભદ્ર, હજારો ઘંટાકર્ણની મૂર્તિ પધરાવી સંઘને એવી સ્થિતિમાં

મુકયેા છે. ઘણાને ભગવાન હવે જોઇતા નથી અને આ દેવ-દેવીઓ જોઇએ છીએ. એ પણ જૈન સંઘના પતનનું એક જબ્બર કારણ છે. આત્મા કલ્યાણનું લક્ષ તૂટી જાય છે અને મોક્ષ માર્ગને બદલે ઉન્માર્ગ પોસાય છે. મૂળનાયક યક્ષ યક્ષીણી સિવાયના દેવ-દેવીઓ ને વિસર્જન કરીને વિધિથી જલશરણ કરવા જોઇએ અને આવા મોક્ષમાર્ગને ભૂલાવનારા દેવ-દેવીઓના તીર્થો ઉભા કરવા એ મહા પાપ છે. ભગવાનની મૂર્તિ ૧૫-૨૫ ઇંચની અને દેવ દેવીઓની મૂર્તિ ૪૧-૫૧ ઇંચની આવું ભયંકર અપમાન કરનારા છે. મૂળનાયકની ગાદીમાં બેસી શકે તેવા જ અને તેટલા જ કદના દેવ દેવી જોઇએ. અને તે માટે પરિકર હોય ત્યાં જુદા દેવ દેવી પધરાવામાં નહિ. સંઘો પણ સાધારણની આવકની લાલચે લોભાય છે. મંદિરની પરિકરમાં દેવ દેવી હોય તે આવક દેવ દ્રવ્યમાં જાય.

પોતાની દુકાને બીજાને કોઇ ચોટલો માંડી વેપાર કરવા દે? નહિ જ તેમ આ પણ પરમાત્માનો લુંટવાનો એક પ્રકાર છે તે પણ જૈન સંઘની હલકી મનોવૃત્તિનું પ્રતિક છે પુણ્યોદયને ભૂંસવાનો એક પ્રયત્ન છે.

જૈન સંઘમાં સેંકડો આચાર્યો, હજારો સાધુ સાધ્વી, શ્રાવક શ્રાવિકા છે તેઓ આ પક્ક સંઘમાં ધરાવે છે તે પરમાત્માના માર્ગની આરાધના માટે ધરાવે છે જયારે આજની પરિસ્થિતિ સ્વાર્થ અભિમાન ઇર્ષ્યા, માયા અને દંભનો ધજાગરો ફરકાવી રહી છે.

શ્રમણ સંઘમાં આત્માનું લક્ષ તૂટયું છે, તૂટતું જાય છે. આ લોકની દૃષ્ટિ, મહત્તા, અભિમાન વિ. પોષવાનું ભયંકર અભિયાન ચાલે છે. અને લાજ મુકીને ધીંગાઇની પરાકાષ્ઠા હદ ઉભી થાય છે ભ્રષ્ટને પોષણ મળે છે પછી કોઇ સડેલા પાંદડાની જેમ ફેંકાઇ જાય તે વાત જુદી, શ્રી શ્રમણ સંઘમાં કયું સત્ય છે કે કલ્યાણ માર્ગને અખંડ રાખી છે.

ભ્રષ્ટ નથી તેઓ પણ અભિમાન ઈર્ષા અને માયા દ્વેષના પનારે પડી જાય તો જૈન શાસન કેવી રીતે દીપે? જૈન શાસનનું પુણ્ય પ્રભાવ ઘટે કે અત્યારે નીચે જોવાનું અને મોં સંતાડવાનો શરમ જનક પ્રસંગ આવ્યો છે તે જ આવે?

આજે સાધુ કે શ્રાવકમાં આવું સત્ત્વ નથી કે જૈન માર્ગને ડોળનારાને સુધારી શકે? પરંતુ જો આત્મ કલ્યાણની દૃષ્ટિ જો જાગે તો આ લલચામણા ધૂતોંથી બચી શકે, બાકી પેા મરવાની થાય ત્યારે વાઘરી વાડે જાય. તેમજ જૈનો પછી તે સાધુ હોય, સાધ્વી હોય, શ્રાવક હોય કે શ્રાવિકા હોય એ આ લોકના સુખ મહત્તા અભિમાન ઇર્ષા ને માર્ગ જઇને જૈન શાસનની અને પોતાની પણ ઘોર ખોદવાનું કામ કરે છે?

શ્રી સંઘમાં શ્રી મહાવીર પરમાત્માના ઉપદેશો, વિધાનો, આચારો, વિચારો અને પ્રચારો દૃઢ બને તો કાલે સોનાનો સૂરજ ઉગે અને તે માટે આત્માર્થીઓએ પણ જાગવાની જરૂર છે.

શાસ્ત્રમાં એવા પાઠો છે, કે બહુ ભણેલો હોય, મોટો પરિવાર હોય અને સંઘમાં પણ ઘણું માન હોય તો પણ ભગવાનના વિચારો ઉપદેશોમાં સ્થિર ન હોય તો તેવા આચાર્યો પણ જૈન શાસનના શત્રુઓ છે?

સારૂં સંયમ પાલનારા પણ જિન આજ્ઞાની અવજ્ઞા કરતા હોય તો તે જૈન શાસનથી બાહ્ય છે.

જમાનાવાદને આગળ કરનારા અને આ કાલમાં આમ તેમ ન ચાલે. તેવું બોલનારાઓએ ભગવાનની આજ્ઞા મુજબનો વેશ ન ધારવો જોઇએ–વેશને છોડી દેવો જોઇએ.

આ બધા અને આવા કલ્યાણકારી ઉપદેશો જ સંઘમાં ફેલાય તે મુજબ વર્તન થાય અને વિચારાય સંઘો પણ તે જ વાતને ઉત્તેજન આપે તો જે નીચું જોવાપણું છે તે ટળી જાય.

પ્રભાવ પણ ફેલાય પુણ્યોદય અને આરાધનાનો માર્ગ ઉજવળ બને સાને કાલે એવી સ્થિતિ પેદા થાય કે જૈન શાસન જૈન તીર્થો જૈન સંઘોનો જય જયકાર થઇ જાય.

આવી શુભ પળોની ઝંખના કરીએ એજ અભિલાષા...

૨૦૫૪ કા. સુદ–૧૦ તા. ૧૦–૧૧–૯૭
૪૫, દિગ્વિજય પ્લોટ, **જામનગર**

જિનેન્દ્રસૂરિ

卐

: શાસન સમાચાર :

જોધપુર–અત્રે તા. ૨૭–૧૦–૯૭ ના પૂ. શ્રી દર્શનરત્નવિજયજી મ. આદિની નિશ્રામાં મુહતાજીના મંદિરમાં ૧૮ અભિષેક રાખેલ ખૂબ ઉત્સાહથી થયા વિધિ માટે ચંપકભાઇ શિવગંજથી પધાર્યા હતા.

કુર્લા વેસ્ટમાં ઉપધાન–અત્રે પૂ. મુ. શ્રી ભુવનરત્નવિજયજી મ. ની નિશ્રામાં કા. સુદ ૭ થી ઉપધાન પાંડરેચા પરિવાર સાંડેરાવવાળા તરફથી શરૂ થયા છે.

ચન્દ્રશેખર વિ.મ.સા.ના પુન્યાઈહ્રાસ પાછળ કારણ શું ?

તપોવન વિવાદનો ઉકેલ ચપટીમાં છે. સ્યાદ્વાદના સિદ્ધાંતને અપનાવાય તો !

છેલ્લાં કેટલાક મહિનાઓથી તપોવનના વિવાદે ખૂબ જ વરવું રૂપ ધારણ કર્યું છે. આમને સામને આક્ષેપબાજી ચાલી રહી છે. સત્ય કયાંક અટવાઇ રહ્યું છે. બંને પક્ષે સત્યને અર્ધસત્ય ઠેરવાઇ રહ્યું છે.

જૈન સમાજની આદરણીય પંન્યાસ ચંદ્રશેખરવિજયજી મ. દિનપ્રતિદિન છેલ્લા દસેક વર્ષથી પોતાની શાસ્ત્રનિષ્ઠ ઇમેજનું ધોવાણ કરી રહ્યા છે. એક દસકા પહેલાં તેઓનો જે પ્રભાવ હતો તે વિસ્તરવાના બદલે સંકોચાઇ રહ્યો છે. દસ વરસ પહેલાં ભવિષ્યના ગીતાર્થ–શાસ્ત્રમાન્ય–સર્વમાન્ય જિનાજ્ઞાના કટ્ટર પાલક–યુવાપેઢીના રાહબર–બાલ સંસ્કરણના પ્રણેતા–તીર્થરક્ષક–દેવદ્રવ્યના રક્ષક–ટુંકમાં જૈન સંઘના હિતચિંતક તરીકે ઉપસેલા હતા. તેઓએ જ એમના જ સંસ્થાઓના જાળામાં કરોળીયાની માફક ભેરવાઇ ગયા લાગે છે. તેમની જબરજસ્ત ખૂમારી અને શ્રીમંતોની સામે પણ અટલ, અડગ અને અડોલ નિષ્પૃહતા હતી તે તપોવનરૂપી તલવારથી ઘાયલ થઇ ગઈ છે.

એમના જ નીમેલા ટ્રસ્ટીઓ–એમના જ દ્વારા ધર્મજીવન પામેલા યુવાનો સામે તેઓને ઉપવાસ ઉપર ઉતરવું પડે તે કેટલી કરૂણ કમનસીબી ? એમના હતાશાભર્યા નિવેદનથી આ બધું છતું થાય છે ! જે ખરેખર એમના જેવા ખૂમારીભર્યા અને અણિશુદ્ધ જીવન જીવનારા માટે કલંકરૂપ છે.

તપોવનનો પ્રશ્ન એ એમનો અંગત પ્રશ્ન કહેવાય, છતાં તેના દ્વારા અખબારોમાં આવતી આંતરિક વાતોથી સરવાળે જૈન સમાજને નીચું જોવા જેવું થાય છે તેમાં પણ સુરતના અખબારો સુધી દોડી જતા, જૈનો વારંવાર જૈન ધર્મની હીલના કરે છે તેમાં બે મત નથી. આવી મામૂલી મામૂલી વાતે બાંયો ચઢાવીને બેસી જવું, ઢાઢાગીરી કરી અન્યોને દબાવવા વગેરે બધું ખરેખર યોગ્ય થતું નથી. તેવું મને લાગે છે. અને મોટાભાગના જૈન સમાજને લાગે છે.

આ માટે જૈન અગ્રણી યુવક શ્રી શ્રેણીકભાઈ વિદાણીની વાતને સમજવામાં આવે તો તપોવનનો વિવાદ શમી જાય તેમ છે. તેઓ ઘણી વખત લખતા હોય છે કે સત્યની પક્કડ–જીદ એવી ન હોવી જોઇએ કે જેથી જૈન સંઘમાં અશાંતિ થાય ! તેઓ જૈન શાસ્ત્રની જગતને અણમોલ ભેટ છે તે સ્યાદ્વાદનો સિદ્ધાંત ઘણી વખત સમજાવે છે. આ સ્યાદ્વાદના લેખનું એક કટીંગ પંન્યાસ ચંદ્રશેખર વિ. મ. સા.ને મોકલે અને

ટ્રસ્ટીઓના સત્યને પણ અનેકાંતવાદથી જુએ તો તેઓ પણ સાચા હોઇ શકે એ ન્યાયે ઝઘડો ટકી ન શકે. મારૂં તે જ સાચું એવું ન હોવું જોઇએ પણ સાચું તે મારૂં એવી સલાહ અવારનવાર શ્રેણીકભાઇ વિદાણી આપે છે તે સલાહ અનુસાર પંન્યાસજી ચંદ્રશેખર વિ. મ. સા. ચિંતન કરે તો ટ્રસ્ટીઓના પક્ષે રહેલા સત્યને સમજી શકશે.

ટ્રસ્ટીઓ પાસે બળજબરીથી રાજીનામું માંગવાનું કારણ શું ? ટ્રસ્ટીઓએ કયાંય વહીવટમાં ગરબડ કરી છે ? તેનો જવાબ ના હોય તો પછી ટ્રસ્ટીઓની સામે આંદોલન–ઉપવાસ પર ઉતરવાની જરૂર કયાં છે ?

બીજું આપે જ આપના મુદ્રિતદ્વત માસિકમાં ચાર મહિના અગાઉ જ આ વિવાદનો અંત લાવતું નિવેદન કર્યું હતું. ગુરૂકૃપાથી આપે આપના જ સિંચન કરેલા બીજમાંથી વટવૃક્ષ જેવા કરેલા તપોવનને ઘડીભરમાં ત્યજી શકયા તેવો ઘા કોણે કર્યો હતો. તો ફરી પાછા કોઇ અને કોની કૃપાના બળે તપોવન પાછું મેળવવાને ઘા કર્યો ? કોઇ ગુરૂકૃપા કરતાં ચઢી જાય તેવી કૃપા આપની ઉપર વરસી ? કે ચાર મહિના બાદ આપનું જ લખેલું આપનું નિવેદન ફેરવી તોળવા અને એ રીતે વચન શુદ્ધિનું બીજું મહાવ્રત ખંડીત કરી બેઠા ?

ઇસુ ખ્રીસ્તે કહ્યું હતું કે એ બિચારા શું કરે છે તેની તેમને ખબર નથી. પરમાત્મા એમને માફી આપ ! અમારે કહેવું પડશે કે આપ પંન્યાસજી શું કરો છો તેની આપને ખબર નથી... સંઘ તેમને માફી આપ.

ઉપવાસના શસ્ત્રો જૈન સંઘમાં છે ખરા ? ઉપવાસ શાના માટે કરવાના છે તેની જાણ પંન્યાસજીને ખબર છે ? રાજકારણીઓની માફક ઉપવાસનું શસ્ત્ર ઉગામનાર અને એક વખત જાહેરાત કરે કે જ્યાં ટ્રસ્ટીઓ મને રાજીનામા નહિ આપે ત્યાં સુધી હું આમરણાંત ઉપવાસ કરીશ. આવો અભિગ્રહ લેનારે પછી રાજીનામા આવ્યા વગર પારણા કરી શકાય ? આ એક વિચારણીય બાબત છે.

ચંદ્રશેખર વિ. મ.એ વિચાર કરે કે આપની પચીસ વરસ પહેલાંની પુન્યાઇમાં ઓટ કેમ આવી ? એવા કયા કયા પગલા ભર્યા જેથી પુન્યાઇ ઘોવાઇ રહી છે, ઘટી રહી છે ? શુદ્ધ સાધુતાના આગ્રહી હોત અને આવા તપોવનો જેવા જંગલો ઉભા ન કરતાં માત્ર શાસનને જ મહત્વ આપ્યું હોત તો આપની પુન્યાઇ કંઇ ઓર જ હોત.

પેલા મહાપુરૂષે શાસનરક્ષાના અનેક કાર્યો કર્યા. શાસન પ્રભાવનાના અનેક કાર્યો કર્યા. જેથી દિનપ્રતિદિન પુન્યાઇનો સૂરજ ખીલતો જ ગયો, ખીલતો જ ગયો. જે એમના સમાધિ મૃત્યુ બાદ માત્ર તેમના હાડપીંજર જેવા ટચુકડા દેહને અગ્નિ સંસ્કાર

કરવાના હેને પણ વીકસતો જ દેખાયો.

જ્યારે આપે સમુદાય તોડવાથી માંડીને સંમેલનનું સર્જન કરવા સુધી અનેક અવિચારી કૃત્યો દ્વારા સંમેલનના દેવદ્રવ્ય જેવા અતિ ઘાતક ઠરાવ દ્વારા પુન્ય ઉપાર્જન કર્યું કે પાપ તે નજર સમક્ષ દેખાઇ આવે છે.

દેવદ્રવ્યના ચોખાના દાણાનું પણ ભક્ષણ કરનારને આવું તીવ્ર પાપ આ ભવમાં ભીખારી કરી દે છે. તો આપ સાધુ રહ્યા. આપને ઘર–બાર ન હોય તે સ્વભાવીક છે પણ તપોવન જેવી સંસ્થા અમારી અપેક્ષાએ આપનું એક ઘર કરતાં પણ મહત્વનું સ્થાન હતું. આપના લોહીના પાણી કરવા દ્વારા સર્જન પામેલી સંસ્થા કરોડો રૂપિયા આપના પ્રવચન દ્વારા એકઠા કરીને નવપલ્લીત કરેલી સંસ્થા આપના જ શ્રાવકો દ્વારા–ટ્રસ્ટીઓ દ્વારા હાથમાં ચાલી જાય તે શું દેવદ્રવ્ય ભક્ષણનો ઠરાવ કર્યા તેનું તો ફળ નહીં જ હોય ને ?

આવા ઠરાવોના અમલ માટે આગેવાની લેનાર, આખા સંઘને ઉન્માર્ગમાં દસડવાની આગેવાની લેવાનું ફળ તો આવું કંઈ નહીં જ હોય ને ? દેવદ્રવ્ય તો ખેદાન–મેદાન કરી નાખે, હતા ન હતા કરી નાખે, નામશેષ કરી નાખે.

આપના જેવા આમરણાંત ઉપવાસ ઉપર ત્યારે ઉતરે આપના જ વડીલો અને સાથીઓ દ્વારા સહકાર જ ન મળે, આપના યુવાનો પણ આપના આ પગલાને વખોડે ત્યારે આપને હજુ પણ વિચારવા જેવું નથી લાગતું કે યશ નામકર્મ કેમ પરવારી ગયું ?

આપના નિવેદનમાં આપના હૈયાની વ્યથા અને બળાપો વ્યક્ત થતો દેખાય છે. આટલું મોટું નિવેદન આપવા છતાં જરાસરખી લોકલાગણી ન ઉભરાય તે છતાં આપ કંઈ વિચારવા ઉભા નહિ રહો ? આજ અમદાવાદમાં આપની નાની વયે હજારો યુવાનો આપનો પડયો બોલ ઝીલવા ઉભા રહેતા, અનેક સંઘો આપના પડખે હતા, અનેક અગ્રણીઓ સતત આપના સંપર્કમાં હતા. જેની સામે આજે એજ અમદાવાદમાં લોકલાગણી ઉભી કરવાના આપના સલીત પ્રયત્નો વ્યર્થ ગયા તે ઉપરથી પણ કંઇ વિચાર નથી આવતો કે દિનપ્રતિદિન માન–પાન–કીર્તિ આદિ ન વાંછવા છતાં પ્રબળ પુન્યના ઉપાર્જનને લઇને વધવા જોઇએ તેના બદલે સમગ્ર હ્રાસ દેખાતો હોય તો તેના નિમિત્તમાં શું હોઇ શકે તેટલું વિચારણીય નથી ?

રામણી વહોરાવવાની કે ગુરૂપૂજનની રકમ દેવદ્રવ્યમાં જતી હતી અને લઇ જવી જોઇએ તેવી શાસ્ત્રીય માન્યતાનું ખુન કરીને વૈયાવચ્ચ ખાતામાં લઇ જવાના અને

એ રીતે સાધુ-સાધ્વીજી-ભગવંતોને પણ વિહારાદિના ક્ષેત્રોમાં આ જ રકમ ફરજીયાત પણે દેવદ્રવ્યને આરોગવા સુધીની નીચી હદની ફરજ પાડવાથી પુણ્ય સમુળગુ ખલાસ કરવા તો નથી બેઠા ને?

ખરેખર વિચારવાની તાતી જરૂર છે. કાચો પારો ખાવો પણ દેવદ્રવ્ય તરફ નજર પણ નાખવી તે ઘણું ખરાબ છે. જે હવે આપને અનુભવથી પણ સમજાય તો સારૂં છે—આટલી અપેક્ષા છે.

શ્રેણીક વિઠાણી અવાર નવાર સંદેશમાં જિન શાસનની કોલમમાં સંઘ એકતા વગેરે માટે ભાર મૂકે છે. અને સ્યાદ્વાદનો સિદ્ધાંત સમજાવવા ભારે મહેનત કરે છે. એમના મતે સ્યાદ્વાદ એટલે મારૂં જ સાચું એમ નહિ. બધાનું સાચું—બીજાનું પણ સાચું હોઇ શકે છે! માટે કયારેય હઠાગ્રહ કદાગ્રહ રાખવો ના જોઇએ તેવી ઘણુભાગી સલાહ સત્યના આગ્રહીઓને આપે છે. તેઓ તો ઘણી વખત સલાહ આપે કે જ્યારે જ્યારે હું વાંચું છું ત્યારે મને એક જ વિચાર આવે છે કે આ સલાહ સ્યાદ્વાદીઓ જાતે કેમ અમલમાં નહી મુકતા હોય? સંમેલનનો વિરોધ કરનારને ઝુડી નાખનાર આવા કોલમીષ્ટો પોતે સ્યાદ્વાદનો સિદ્ધાંત લગાવી સંમેલનનો વિરોધ કરનારનો એંગલ કેમ નહિ સમજી શકતા હોય? છતાં આપણે મન મનાવી લઇએ કે વિરોધપાર્ટીને તો ચાબકા મારવાની તક મળે તો કોઇ જતી ના કરે. પણ હવે તો ઘરના જ લોકોમાં ભંગાણ પડયું છે. તપોવનના પ્રેરક માર્ગદર્શક અને ટ્રસ્ટીઓ એમ સામસામે હવે તો યુદ્ધ એ જ કલ્યાણના માર્ગે જઇ રહ્યાં છે ત્યારે ખરેખર સ્યાદ્વાદનો આધાર લઇ જેમ પં. ચંદ્રશેખર વિ. સાચા છે તેમ ટ્રસ્ટીઓ પણ સાચા કેમ ન હોઈ શકે? તેઓ પણ હોઇ શકે. એવું પ્રતિપાદન કેમ નહિં થતું હોય? ટ્રસ્ટીઓના એંગલને સમજવાનો અને સમજાવાનો પ્રયત્ન કરવાના બદલે નવસારીમાં ટ્રસ્ટીઓને ઘેર જઇ હોબાળો મચાવવામાં શા માટે આવતો હશે? અહીં સ્યાદ્વાદ કયાં જતો રહેતો હશે?

તિથિ માટે ઝઘડાય નહિં, એતો સિધ્ધાંતનો પ્રશ્ન નથી પણ સમાચારીનો પ્રશ્ન છે એવું લખવાવાળા કે બોલવાવાળા આજે ઝાડપાનથી શોભતું અને ઇંટ માટોડાથી બનેલા સજીત તપોવન માટે લડાય? ઝઘડાય? વારંવાર એકતાની વાતો કરનારાની એકતા કયાં હવાઈ ગઇ? જૈન શાસનના પ્રશ્નોને અખબારોમાં ચગાવાથી શાસનની હીલના થાય છે પૈસાની બરબાદી થાય છે તેવું લખનારા અને બોલનાર પોતાના નિવેદન માટે અડધાપાના ત્રણ ત્રણ પેપરમાં કેમ રોકે છે? ત્યાં રૂપીયાની બરબાદી નથી દેખાતી? સાધર્મિકો પર વહાલ ઉભરાતું હોય તેમ જ્યારે સામે પક્ષ પેપરમાં ૪ ૪૪ જાહેરાત આપે તો તરત બોલી નાંખે કે આટલા રૂપીયામાં તો કેટલા સાધર્મિકનો

મહિને નીકળી જાય ! હવે આવી સલાહનું જાતે કેમ પાલન નથી કરાતું ? આ તો અંગત પ્રશ્ન હતો, એમાં અખબારોમાં નિવેદન કરવાની જરૂર કયાં હતી ?

લોકો ચિંતા કરવા માંડયા કે સાધુને વળી સંસ્થાઓના કબજા મેળવવા ઉપવાસ ઉપર ઉતરવું પડે ? અંતરિક્ષજી કે સમેતશિખરજી જેવા તીર્થો માટે કે કતલખાનાના વિરોધ માટે ઉપવાસ ઉપર ઉતરે તો સમજી શકાય પણ પોતાના જ ટ્રસ્ટીઓ સામે ઉપવાસનું શસ્ત્ર ઉગામાય તેમાં બુદ્ધિમતા કયાં રહી ?

ખરેખર હજુ, ચંદ્રશેખર વિ. મ. સા. જાત નિરિક્ષણ કરવા જેવું છે. તેમની અડખે પડખે રહેતા તમામ જૈનોએ પણ મનોમંથન કરવા જેવું છે કે ચંદ્રશેખર વિ. મ. સા. આજે કયા કાર્યનું આ ફળ પામી રહ્યા છે. ખુબ જ શાંતિથી આ બાબતે વિચારાય અને કંઇક સત્ય તરફ પક્ષપાત થશે તો આટલી મહેનત સફળ ગણાશે.

—સમીર શાહ

❋ જ્ઞાન–સુધા ❋ —શ્રી રતિલાલ દેવચંદ ગુઢકા–લંડન

જ્ઞાની પુરૂષોએ જે ધાર્મિક વ્યવહારને આચર્યો છે તેનું આચરણ કરવા ફરમાન કર્યું છે અને ધાર્મિક વ્યવહારને આચરતો ધર્મી પુરૂષ કદી નિંદાને પાત્ર બનતો નથી.

સરળ આત્માની શુધ્ધિ થાય છે. જેમ ધર્મથી ધ્યાન ટકે છે. ધર્મ કરનારો ધૈર્યવાન હોય તો જ શુદ્ધ મનુષ્યના અંતઃકરણમાં જ ધર્મ સદા ટકી શકે છે. એમ સંતવાણી છે.

જીવનમાં દુર્લભ વસ્તુ–ચાર મુખ્ય છે–ને શ્રાવકના ચાર મુખ્ય વિશ્રામો–(૧) મનુષ્યપણું (૨) ધર્મનું શ્રવણ (૩) ધર્મને વિષે શ્રધ્ધા થવી (૪) સંયમ વિરતી.

દાન ધર્મથી ધન્ના શાલિભદ્ર અતુલ સંપત્તિ પામ્યા. શીયલ ધર્મથી સુદર્શન શેઠ–કલાવતી આદિ સ્વર્ગસુખને પામ્યા. તપ ધર્મની દૃઢપ્રહારી ઢંઢણ આદિ ઋષિઓ મોક્ષ પામ્યા ભાવધર્મથી પ્રસન્નચંદ્ર રાજર્ષી ઇલાચીકુમાર મારૂદેવાદિક સિધ્ધિસુખને પામ્યા.

એજ પ્રમાણે ચાર વસ્તુ ભવમાં ભમાડનાર છે–એટલે ચાર હેતુઓ સમજવા (૧) મિથ્યા ત્વ (૨) અવિરતિ (૩) કષાય અને (૪) યોગ. સાધારણ દાખલો–મિથ્યાત્વ સાચી વસ્તુને ખોટી માનવી તે (ખોટી વસ્તુને સાચી માનવી તે) કોઇપણ જાતનું વ્રત ગ્રહણ ના કરવું તે અવિરતિ. જેનાથી સંસાર સાપડયા કરીએ કેતા સંસાર વધતો રહે તે કષાય મને મન વચન કાયાનો દુરૂપયોગ તે યોગ મનને મેલું કરવું વાણીનો દુરૂપયોગ કાયાર્થે કર્મ કરવું ખોટું આલંબન લેવું તે યોગ.

સમ્યગ્દર્શનના ઉદ્‌ગાતા મહામાનવ આચાર્યશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

—સુબોધચંદ્ર નાનાલાલ શાહ–અમદાવાદ

ભારતવર્ષનો વિ. સં. ૧૯૬૯ થી વિ. સં. ૨૦૪૭ સુધીનો જૈન સંઘ સમ્યગ્‌દર્શનના મહાન દાનેશ્વરી, ગણાધિપતિ **આચાર્યશ્રી વિજય રામચંદ્રસૂરિ** મ.નો, હજારોને સમ્યગ્દર્શન રૂપી રત્નના દાન બદલ અપાર ઋણી રહેશે.

સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો, સમ્યગ્દર્શનને ભારતની ભૂમિમાં જન્મ લેવાનું મન અને તે આ. શ્રી વિ. રામચંદ્ર સૂ.ના સ્વરૂપમાં અવતાર પામ્યું.

સમ્યગ્દર્શનના જોરશોરથી ડિંડિમ વિ. સં. ૧૯૬૯થી વાગવા શરૂ થયા ધર્મ કરનારા લોકો પણ સમ્યગ્દર્શન એ વળી કયી ચીજ છે! તે જાણતા ન હતા, તે યુગમાં નાના બાલકથી માંડી મૃત્યુની નજીક પહોંચેલાઓને પણ સમ્યગ્દર્શનની સાચી સમજ જો કોઇએ આપી હોય તો ઉપર્યુક્ત આ. ભગવંતે આપી. આજે નાના બાલકો પણ સમ્યગ્દર્શન શું? તે સમજાવી રહ્યાં છે.

વિ. સં. ૧૯૬૯ પૂર્વેના આચાર્ય પુંગવોની દેશનામાં સમ્યગ્દર્શનની વાતો આવતી, પણ ઉપર્યુક્ત પૂ. આ.દેવે જે રીતે તેની અહાલેક જગાડી, જે રીતે સમ્યગ્‌દર્શનની મોરલીના નાદે લોકોને ડોલતા કર્યા તે તો ઇતિહાસમાં અમર થઇ જાય તેવી હકીકત બની ગઇ. એટલું જ નહિં, પણ તેમની દેશના સાંભળી તેમના દાદાગુરૂ પૂ. કમલસૂરિ મહારાજને કહેવું પડયું કે–'આ ચીંથરે બાંધેલું રત્ન છે, એનું બરાબર જતન કરજો.'

પૂ. આત્મારામજી મ. તો તેમના જન્મ પછી તરત જ સ્વર્ગવાસી કે મહાવિદેહ-વાસી થઇ ગયા હતા, એટલે તેમણે આ મહાત્માને જોવાનો સવાલ જ ન હતો, પણ પૂ. કમલસૂરિ મ., પૂ. વીરવિજયજી મ., પૂ. દાનસૂરિ મ. અને પૂ. પ્રેમસૂરિ મ. આ સૌનાં વાત્સલ્ય અને આશીર્વાદ જો કોઇ એક જ વ્યક્તિને મલ્યા હોય તો તે શ્રી વિ. રામચંદ્રસૂરિ મ. હતા. અને તે પણ તેમની સમ્યગ્દર્શનની દેશના તથા પ્રભુશાસનની સમર્પિતતા બદલ. તેમની માર્ગસ્થ અને સુવિશુદ્ધ દેશના માટે તેમના પૂ. ગુરૂદેવ શ્રી પ્રેમસૂરિ મ. પણ કહેતા કે–'રામચંદ્રસૂરિની દેશના પૂર્વાપરના વિભાગ પૂર્વક સાંભળો તેની દેશનામાં ક્યારેય શાસ્ત્રવિરૂદ્ધ વાત આવે જ નહિ અને ભવિષ્યની પ્રજા માટે રામચંદ્રસૂરિનાં વ્યાખ્યાનોનું સંસ્કૃતમાં રૂપાંતર કરાવી તે જ્ઞાનભંડારોમાં મૂકાવા જોઇએ.'

આવા મહાન ધુરંધર આ.દેવ **શ્રીમદ્** વિ. રામચંદ્રસૂરિ મહારાજે જૈન સંઘને ઘણીય ચીજો વારસામાં આપી છે. પરંતુ તેમાં આ ત્રણ ચીજો વિશેષ ધ્યાન ખેંચે તેવી છે.

તેમનું **પ્રથમ પ્રદાન છે**–સમ્યગ્દર્શનનું ઠેર ઠેર દાન.

બીજું પ્રદાન છે-શ્રમણ શ્રમણી સંઘને અપાર વિપુલતા ઉપર પહોંચાડવો. આન. અંગે પણ ઘણી વાતો કહેવાય તેવી છે. વિ. સં. ૧૯૬૦ લગભગમાં શ્રમણ-શ્રમણી સંઘની સંખ્યા તપાસો અને સંવત્ ૨૦૪૭ વખતની સંખ્યા તપાસો આસમાન જમીનનું અંતર જણાશે. આ તેમનું અપૂર્વ પ્રદાન છે.

ત્રીજું પ્રદાન છે–કરેક વસ્તુને જિનવચન સાથે સરખાવી પછી માનવી પણ જડ રૂઢિઓના દાસ ન થવું આવી એક આગવી સૂઝ તેમણે આપી છે. ક્યાં ક્યાં રૂઢિચો, ક્યા ક્યા સમયે, કેવા કેવા સંજોગોમાં શરૂ થઇ તે તપાસી, જિનવચનને બાધ ન આવે તે રીતે નિર્ણય કરી આચરણ કરવું તે બુદ્ધિ તેમના સિવાય કોણ આપત!

જૈન સંઘમાં સેંકડો વર્ષોથી કેટલીક તદ્દન ખોટી પ્રણાલિકાઓ ચાલુ થઇ ગઇ હતી, તેમણે આ પ્રણાલિકાઓ સામે પ્રખર વિરોધ કર્યો. પણ જેમનામાં **નવું** વિચારવાની મતિ કે શક્તિ જ ન હતી તેઓ પૂ. આ.શ્રીની આવી બધી વાતો કેમ પચાવી શકે! તિથિઓની આરાધના કયી સાચી! તે તેમણે આગમોનો અને શાસ્ત્રપાઠોનો દીવો ધરીને બતાવ્યું. આવી તો કેટલીય શાસ્ત્રવિરૂધ્ધ રૂઢિઓ તેમણે એકલે હાથે સાફ કરી.

તેઓશ્રી કહેતા કે–હજી તો કેટલાં જાળાં ઉલેચવાના બાકી છે પણ હવે હું શરીરથી થાકયો છું, તે કામ, પાછળના ગીતાર્થો કરશે. અને તેમણે તેમની પાસે રહી, જ્ઞાનની પિપાસા બૂઝવનારાઓને તે જાળાં દેખાડયાં હતાં. આ સર્વ કામો કરવામાં તે પુષ્કળ ઘસાઇ ગયા હતા, તેમને આ કામમાં તેવા વિપુલ-સહાયકો પણ ન હતા, તોય જૈન શાસનનો આ રાણો પ્રતાપ એકલપંડે ઝઝુમતો હતો.

સાથીઓ સાથ છોડી દેતા હતા, જેમણે તેમને કોરા ચેક આપ્યા હતા તેવા આચાર્યો પણ એ ચેક પાછા લેવા આવ્યા હતા, એટલું જ નહિં પણ જેઓ તેમનાથી સમ્યગ્દર્શન અને વિરતિધર્મ પામ્યા હતા તે પણ તેમનાથી માત્ર વિમુખ જ નતા થયા પરંતુ વિરૂધ્ધ પણ થયા હતા. તો ય આ મહાસુભટ કોઇની પણ પરવા કર્યા વિના, પોતે માંડેલો શુધ્ધિયજ્ઞ પૂરો કરવા મથતો હતો. જાણે કે આચાર્ય હરિભદ્રસૂરિ અને યશોવિજય ઉપાધ્યાયે ફરી અવતાર લીધો હતો. 'ધર્મથી સુખ મળે' આ માન્યતાને તેમણે જડમૂલથી ઉખેડી, 'ધર્મથી સુખનો રાગ જાય અને દુઃખ વહાલું લાગે.' આ એક શંખનાદ ફૂંકયો જેના પડઘા આજે પણ ત્રિગંતમાં ગૂંજે છે અને તેમનો પરિવાર પણ આજે એજ શંખનાદ ફૂંકી રહ્યો છે, જો કે આ મહાન શુદ્ધિ યજ્ઞ માટે તેમને પોતાના અઢીસો લગભગ સાથીઓને બહાર મુકવા પડયા, તો ય આ સેનાપતિ અડોલપણે પોતાનું કામ બજાવતો જ રહ્યો. સમગ્ર ભારતવર્ષ તેમના પ્રદાનો બદલ કરોડો જન્મ સુધી તેમનું ઋણી રહેવાનું છે.

❋ વિચાર વસંત ❋

(પૂર્વના લેખનું અનુસંધાન)

(અંક ૧-૨ તા. ૧૨-૮-૯૭ પેજ ૧૨ ની છેલ્લી લાઇન પહેલા)

(૩) પ્રશ્નોત્તર ઠર્ણિકામાં 'પદ જેટલા શ્વાસોશ્વાસ ગણવાનું વિધાન છે' આ પ્રમાણે વાક્ય છે. આ વાક્ય 'પાય સમા ઉસાસા' એવી શાસ્ત્રપંક્તિના અનુસારે સાચું જ છે છતાં તેનો ઉંધો અર્થ કરીને ખંડન કરતા નરેન્દ્રસાગરજીએ લખેલું કે-'કાઉસ્સગ્ગ કરનાર વ્યક્તિ, લોગસ્સના પદ બોલતો જાય અને શ્વાસોચ્છવાસ પણ સાથોસાથ ગણતો જાય એ બને જ ક્યાંથી ? શું એક સમયે બે ઉપયોગ હોય ખરા ? ન જ હોય' અહીં નરેન્દ્રસાગરજી, (શાસ્ત્રીય મર્યાદા મુજબ ન કરવાનું હોવા છતાં) કોઇ વ્યક્તિ 'લોગસ્સના પદ બોલતો જાય અને શ્વાસોચ્છવાસ પણ સાથોસાથ ગણતો જાય તે એક સમયમાં બે ઉપયોગ થઇ જવાની આપત્તિ આપે છે. આવા પ્રસંગોમાં એક સમયે બે ઉપયોગ માનનારને શાસ્ત્રકારોએ 'નિહ્નવ' જાહેર કર્યા છે. કારણ કે 'સમય'નું પ્રમાણ એટલું સૂક્ષ્મ હોય છે કે એક સાથે અનેક પ્રવૃત્તિ થતી દેખાતી હોવા છતાં ક્યારેય એક સમયમાં બે ઉપયોગ થાય નહિ. પોતે કોના મતમાં જઇ રહ્યા છે-તેનું ધ્યાન નરેન્દ્રસાગરજીને નથી.

પ્રશ્નોત્તર ઠર્ણિકામાં 'લોગસ્સનું પદ બોલતા જવું અને સાથે શ્વાસોચ્છવાસ ગણતા જવું' એમ લખ્યું જ નથી. છતાં તેવું માનીને ખંડન કરી રહેલા નરેન્દ્રસા.ને તેમના સંમેલનના સાથીદાર શ્રી ૐકાર સૂ. મ.નું વિધાન ભેટ આપું છું. તેઓશ્રીએ 'પ્રશ્નોત્તર ઠર્ણિકા' પુસ્તક બહાર પડ્યું તેના પહેલા જ 'જ્ઞાનસાર પ્રવચનમાળા ભાગ ૨' ના પૃ. ૫૩ ઉપર લખ્યું છે કે-'કાઉસ્સગ્ગમાં શ્વાસોચ્છવાસની ક્રિયા...

'હા, કાઉસ્સગ્ગમાં નવકાર મંત્ર બોલીએ ત્યાં વિધિ એ છે કે, એક પદે એક શ્વાસોચ્છવાસ થવો જોઇએ. એનું આખું વ્યવસ્થિત ગણિત છે. નવકાર મંત્રના પદ નવ, પણ તેની સંપદા આઠ. અર્થાત વિરામ સ્થાન, શ્વાસોચ્છવાસ માટે થોભવાના સ્થાન આઠ છે. 'લોગસ્સ' ચંદેસુ નિમ્મલયરા' પદ સુધી કેમ ગણાય છે ? એવું કારણ આ છે : જ્યારે પચ્ચીસ શ્વાસોચ્છવાસનો કાઉસ્સગ્ગ હોય ત્યારે 'ચંદેસુ નિમ્મલયરા' પદ સુધી પચ્ચીસ પદ થઇ ગયા એક ગાથાના ચાર પદ...પચ્ચીશ પદે પચ્ચીશ શ્વાસોચ્છવાસ. 'આમ પ્રાણાયામની ક્રિયા આપણા અનુષ્ઠાનોમાં જોડાયેલી જ છે.' આમ તો 'કાઉસ્સગ્ગ સાથે પ્રાણાયામની ક્રિયા હોવા'નું સ્પષ્ટ પ્રતિપાદન છે. નરેન્દ્રસાગરજી ઉપરના વિધાનનું ખંડન કરશે કે પછી સંમેલન વખતની મૈત્રીને યાદ કરીને બચાવ કરશે ? કે વૈમનસ્ય વધવાના ભયથી માફ કરી દેશે ?

તપોવન કે સંત તુને કરદીયા ધમાલ....!....!!

—જિગ્નેશ શાહ–મુંબઇ

તપોવન પ્રણેતા પં. ચન્દ્રશેખર વિ. મ. પોતે શું કરી રહ્યા છે તેની તેમને પોતાને ખબર હોય તેવું લાગતું નથી. છેલ્લા કેટલાક મહિનાઓથી તપોવનને. વિવાદ સાથે પર આવેલ. ટ્રસ્ટી મંડલ અને લલીતભાઇ ધામીનો ઝગડો ઘણા સમયથી ચાલી રહ્યો હતો. પન્યાસ ચન્દ્રશેખરવિ. પોતાના પચીસ પચીસ વરસના તમામ કાર્યના સાક્ષી અને સાથીદાર, જમણા હાથ સમા લલીતભાઇ ધામીના પક્ષ લઇ ટ્રસ્ટીઓની સામે જંગે ચડયા અને ટ્રસ્ટીઓની મચક ન આપતાં ચન્દ્રશેખર વિ. નિવેદન કરી દીધું કે 'કા ટ્રસ્ટીઓ નહિ કાં લલીતભાઇ ધામી નહિ ! અને લલીતભાઇ નહી તો હું ન !' !" આવા બાળચેષ્ટા જેવા કાર્યથી નાદાનબુદ્ધિથી વગરવિચારે અને આવેશમાં આવીને લખાયેલા શબ્દો આજે તેમને જ કનડી રહ્યા છે.

બોલતાં બોલી નાખ્યું અને ટ્રસ્ટીઓએ સ્વિકારી લીધું. લલીતભાઇ તો નહિ જ. અને લલીતભાઇ જતા હોય તો ભલે જાય. અને એમની સાથે રહેવા ચન્દ્રશેખર મહારાજ પણ જતા હોય તો ભલે જાય. અને તપોવનને ચલાવવા લોહી પાણી એક કરનાર ચન્દ્રશેખર વિ. મ. તપોવન સાથે છેડો ફાડી દીધો. એમની મુરાદ સફળ ન થતાં તેઓ અને લલીતભાઇ ગાંધીનગર પાસેના નવા તપોવનમાં સ્થિર થયા.

મુહપત્તમાં નિવેદન પણ આપી દીધુ તપોવનને ટ્રસ્ટીઓને સોંપીને પોતે નવસારીના તપોવનથી છેડો પણ ફાડી નાખ્યો. તપોવન પ્રગતિ કરે તેના આશિર્વાદ પણ આપી દીધા. લોહી પાણી એક કરીને ઉભું કરેલું તપોવન મમત્વ વગર ઘડી ભરમાં છોડી શક્યા તેમાં ગુરૂકૃપાના બળ ને યશ આપી શક્યા.

પણ ફરી પાછા છ મહિના જતાં અને તપોવન ટનાટન ચાલતાં તેમને લાગ્યું કે મારા વગર અને લલીતભાઇ વગર પણ તપોવનને સફળતા મળી છે. મેં અગાઉ ભૂલ કરી નાખી કે બધા હક્ક ટ્રસ્ટીઓને આપી દીધા ! હવે કરવું શું ? તો ફરી કોઇપણ જાતના ટ્રસ્ટીઓના વાંક ગુના વગર ટ્રસ્ટીઓના ઘેર પોતાના વીર સૈનિકોને રાજીનામા દેવા મોકલ્યા. બળ જબરી અને ધમકીથી રાજીનામા લખાવ્યા તેવા મુંબઇ સુરતના અમળારી અહેવાલો પ્રસિધ્ધ થયા.

ત્યારબાદ પોતે ઉપવાસ ઉપર ઉતરી ગયા. જૈન શાસનમાં ઉપવાસ શું છે અને શેના માટે ઉપવાસ કરવાના હોય તેની જાણકારી આ પંન્યાસજીને લાગતી નથી.

ધાર્મિક વંઠીવટ વિચાર નામના પુસ્તકો લખી લખીને જૈન સમાજને શાસ્ત્રીય વહિવટથી ગેરમાર્ગે દોરવવાના ધંધા કરનારા પંન્યાસજી ફરીથી જૈન સમાજની લોક લાગણી જીતવા ઉપવાસનું શસ્ત્ર પોતાના જ ટ્રસ્ટીઓ અને પોતાના જ યુવાનો સામે ઉગામ્યું !

ટ્રસ્ટીઓની દાદાગીરી સામે પોતે ઉપવાસ ઉપર ઉતર્યા છે. જ્યારે ટ્રસ્ટીઓ કહે છે અમે લલીત ધામીની દાદાગીરીની કેટલીયે વાર ફરીયાદ-રાવ આ તને કરી હતી ત્યારે દરેક વખતે તેમનો જ પક્ષ કેમ લેતા હતા ? તેમને જ શા માટે છાવરતા હતા ? એમની સામે કેમ ક્યારેય ઉપવાસ ઉપર ઉતરવાની વાત ન કરી ?

લલીતધામી અને ચન્દ્રશેખર વિ. મ.ની સાંઠગાંઠ કોઇને સમજાતી નથી. તેઓ બંને નો સ્નેહ અવ્વલકોટીનો છે. લલીતભાઇ માટે કરીને આજસુધીમાં ઘણું ઘણું સહન કર્યું છે છતાં હંમેશને માટે લલીતભાઇ ઉપર ચાર હાથ રાખવાનું કારણ અરૂ ? લલીતભાઇ ખાતર તપોવનના મુખ્ય સંચાલક યોગેશ મ શાહ, ૮ચેન્દ્ર ર. શાહ, સંજય વોરા, દિપક બારડોલી, ઠીલીપસિંહરાજ જેવા અનેક યુવાનોનો નારાજ કર્યા, તેમની લાગણી અને માગણીને ઠુકરાવીને કાયમ માટે લલીતધામીનો જ પક્ષ શા માટે લેવાયો તે સમજાતું નથી. અમદાવાદના ધામ માટે બાબુ ધારશી, શાંતિલાલ સનાલાલ અશ્વિન વકીલ જેવા પાયાના કર્મઠ કાર્યકરોને લલીતભાઇનો પક્ષ લઇ અન્યાય કર્યો હતો. આની પાછળનું રહસ્ય શું છે તે તો કોઇ પત્રકાર જ ખોલી શકશે.

મુદ્દાની વાત માટે તપોવનનો ઝઘડો બતાવીને એ કહેવું છે કે જે સાધુઓએ આત્મકલ્યાણ માટે સંસાર છોડયો-પરિવાર છોડયો ઘર અને કુટુંબ છોડયું તેઓને સાધુ બનીને ઉપાશ્રયની આશઠિત પણ છોડવાની છે અને ફેર ફેર વિચરવાનું છે. જ્યારે તપોવન નામનો મઠ બનાવીને હવે સંસારનો ત્યાગ કરનાર ઉપાશ્રયનો મોહ નહિ રાખનાર મઠના માલીક બનવા નીકળ્યા છે. ક્યાં ગયું તમારૂં પરિગ્રહ પરિમાણ વ્રત ?

તપોવનની યોજના લઇને ૨૦૩૩ની સાલમાં કેટલાક અગ્રણીઓ જે વખતે સુરત ખાતે ગચ્છાધિપતિ આ રામચન્દ્રસૂરીશ્વરજી મ.ને મળવા આવેલ ત્યારે બધી રૂપરેખા સમજાવનારને ગચ્છાધિપતિએ કહ્યું હતું કે મારે ચન્દ્રશેખર જેવો સાધુ ગુમાવવો પાલવે તેમ નથી. એ શાસનને માટે ઘણો ઘણો ઉપયોગી છે. માટે એના ગળામાં આવું ઘંટીનું પડ ઘાલવાનું નથી. આ શબ્દો અને આ સલાહ નહિ માનનાર

ચન્દ્રશેખર વિ. માટે આપણે તો એટલો જ વિચાર કરવાનો છે કે એ ત્રિર્ઘદષ્ટા મહાપુરૂષના શબ્દે શબ્દો કેટલા બધા સાચા ઠર્યા છે ! ખરેખર આ શબ્દો સાચા પડયા તેનું દુઃખ થાય છે. આવી અણમોલ સલાહ એ વખતે માની હોત અને સ્વીકારી હોત તો ? આ ભવિષ્ય અને આ અંજામ આવત ખરો ?

હવે પોતે ગુજરાત સમાચાર (તા. ૯–૧૦–૯૭) માં જાહેરાત કરે છે કે ટ્રસ્ટીઓની આ દાદાગીરીથી મને મુક્ત નહિ કરાવો અને મને દબાણ કરશો પારણા માટે તો હું આ બધી પ્રવૃતિ છોડીને ગુફામાં આત્મસાધના કરવામાં લીન બની જઇશ ! વડીલોને તો તેઓ કાયમને માટે ધમકીઓ જ આપતા આવ્યા છે. એ વખતે અનેક વખત એમના ગચ્છાધિપતિ આ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાનું ઉલ્લંઘન કરી સ્વચ્છંદતાને પોષતા આવ્યા તે જ સંસ્કાર આજે પણ વિદ્યમાન છે. આ વખતે હવેના તેમના ગચ્છાધિપતિ જયઘોષસૂરીશ્વરજી મની ઉપવાસ ઉપર ઉતરવાની સ્પષ્ટ ના જણાવતી આજ્ઞાનું ઉલ્લંઘન કરીને પોતે ઉપવાસ શરૂ કરી દીધા છે !

જૈન સાધુનું જીવન તો કેટલું મસ્તીભર્યું અલખ નિરંજન જેવું હોય ! તેને ગામમાં ઘર ન હોય, સીમમાં ખેતર ન હોય અને બેંકમાં બેલેન્સ ન હોય ! જેઓએ આવી વાતને અવગણી તેઓની દશા આજે કેવી ભયંકર દેખાય છે.

૨૫૦૦ મી ઉજવણી વખતે પણ ચન્દ્રશેખર વિ.ને ઉપવાસ ઉપર ઉતરવાની તેમના એ વખતના ગચ્છાધિપતિના રામચન્દ્રસૂરીજી મહારાજે મુંબઇથી સ્પષ્ટ ના કહેવડાવી, છતાં આજ્ઞાનું ઉલ્લંઘન કરીને ઉપવાસ શરૂ કરી દીધા પણ સરવાળે નમતું જોખીને પારણું કરવું પડયું. કસ્તુરભાઇ લાલભાઇને હાથે પારણું કરવું પડયું. આ વખતે પણ ટ્રસ્ટીઓ મક્કમ છે. રાજીનામું ન આપવા માટે ત્યારે હવે કેટલા ઉપવાસ કરીને રાજીનામું મેળવશે તે તો જ્ઞાની જાણે.

હું છેલ્લા છસેક વરસથી ૨૦૪૪ નું સંમેલન થયું ત્યારથી તેઓની કરુણીય હાલત જોઇ રહ્યો છું. સંમેલને કરેલા અશાસ્ત્રીય ઠરાવોથી એટલે કે શાસ્ત્ર વિરૂદ્ધ સમગ્ર જૈન સંઘને ઉન્માર્ગે દસડવાનું આગેવાની લઇને ઉગ્રપાપ કર્યું તે ઉગ્રપાપ તત્કાળ ફળ આપે તે ન્યાયે તુરત જ ફળ કેટલાકને મળી ગયું હતું. અને ચન્દ્રશેખર વિ. મ. સા. ને સતત મળી રહ્યું છે. જે સંમેલન દ્વારા દેવદ્રવ્યના નાશનો માર્ગ મોકળો કરી આપ્યો તો ઉગ્ર પાપ જ તેમને કનડી રહ્યું છે. ત્યારથી તેઓની શાંતિ–સ્વસ્થતા–સમાધિ હણાઇ ગઇ છે. તેમાં દિન પ્રતિદિન વધારો થઇ રહ્યો છે. દેવદ્રવ્યનું

ભક્ષણ કરનારને કેટલી બધી સજા મળે છે. તો આ તો સમગ્ર સંઘને દેવદ્રવ્ય ભક્ષણનું પાપ કરવાનું લાઇસન્સ આપનારને કેવી સજા મળે ? ભવાંતરમાં શું થશે તે તો આપણે નહિ જાણી શકીએ પણ આ ભવમાં મળી રહેલી સજા તો નજર સમક્ષ છે. સતત ટેન્સન અને તણાવમાં રહેલા પંન્યાસજીની માનસિક હાલત–સમતુ ા કેટલી બધી કથળી ગઇ છે ? પરમાત્માની પૂજાનું કે સામાયિકનું ફળ ચિત્તની પ્રસન્નતા કહી છે. મોક્ષના સુખમાં પણ આત્મસુખમાં રમણતા કહી છે આનો અંશ પણ જીવનમાં ન અનુભવી શકનાર અને સમાધિથી સો માઇલ સતત દૂર રહેનાર પંન્યાસ જીને દેવ-દ્રવ્યના ઘાતક ઠરાવનું ફળ છે તેવું કોણ ઠસાવી શકશે ?

તેઓની સમગ્ર ઇમારત હચમચી ગઇ, તેમના જ યુવાનો તેમની સા ા હોવાના બદલે તેમની જ સામે, તેમના જ ટ્રસ્ટી તેમને સાથ આપવાને બદલે તેમને બાથ ભીડે છે, તેમની જ પ્રેરણાથી મળેલ કરોડો રૂપિયાના દાનો તેમની ઇચ્છા મુજબ ઉપયોગમાં આવવાના બદલે તેમની સામે લડવાના ઉપયોગમાં આવી રહ્યા છે. મતલબ કે તેમના ગણાતા બધા તેમને છોડી રહ્યા છે. સંસારમાં આવી પરિસ્થિતિ સર્જાય ત્યારે માણસનું પુન્ય પરવાર્યું કહેવાય છે. માણસ બરબાદ થઇ ગયો કહેવાય છે. તો આ બધું તેમના માટે બની રહ્યું છે ત્યારે શું પુન્યોદય કહેવો કે મહાન પાપોદય ? હજુ પણ વિચારે અને આગળની તમામ આવૃત્તિઓને નાબૂદ કરીને એક નવી જ ધાર્મિક વહિવટ વિચારની બુક બહાર પાડે અને તેમ સંઘને ગેરમાર્ગે દોરવાના પાપનો એકરાર કરી–પશ્ચાતાપ વ્યક્ત કરીને નવી સુધારાવધારા કરી શાસ્ત્રીય આજ્ઞા મુજબની એ બુક બનાવે તો કંઇક સ્વસ્થતા છેલ્લી ઘડીએ પ્રાપ્ત થશે. બાકી ભાવી ભયંકર છે તેમાં બે મત નથી.

ક્યાં એક વખત એમનો જમાનો હતો કે તીર્થરક્ષા કે જીવદયા માટે એક એલાન કરે ત્યાં હજારો માણસો કે લાખો રૂપીયા એકઠા થઇ જતા હતા. આજે પુન્યનો હ્રાસ થયો કે જેથી ગમે તેટલી ટહેલો નાખવા છતાં સફળતા મળતી નથી. જેથી ન બોલવા જેવા શબ્દો બોલી નાખવા પડે છે કે મારા માથે કરોડોનું દેવું છે. તમારી પાસે ભીખ માગું છું કે તમારા સંતાનોના સંસ્કરણ માટે મેં શરૂ કરેલી સંસ્થા માટે દાન આપો !

આટલા બધા નીચા ઉતરવું પડે તે જ બતાવે છે કે ખરેખર અગમ્ય પાપ થઇ ગયું છે હજુ પણ સુધારવાની તક છે.

પર્વતિથિની શાસ્ત્રીય ક્ષયવૃદ્ધિને અમાન્ય કરી અનેક શાસ્ત્રોને જગત સમક્ષ ખોટા ચીતરી સંઘ એકતા કરી પણ એ એકતા કરવાવાળામાંથી તમારા પક્ષે તમારી સાથે

નવું કોણ બેઠું ? ઉલટાના આપશ્રી સંમેલનને ભાર તાણીને બધે ફર્યા. અને તમે જેની સાથે બેસવા હાથ લંબાવ્યો તેઓ તો તમારી સામે પણ જોવા તૈયાર નથી. ઉલટાના સંમેલનમાં રચાયેલ અને રમાયેલ કાવાદાવાને સંમેલનના સંઘાચાર્ય દ્વારા જ ખુલ્લા પડ્યા ! ત્યારે હજુ પણ શાંતિથી વિચારો અને બીજુ કંઈ ન સ્વીકારો તો તમે જાણો પણ કમ સે કમ આરાધનાના સાચા દિવસમાં તો પાછા ફરો અને સંઘને ધર્મદ્રવ્ય વહીવટની સાચી સલાહ આપો તો તમારું કલ્યાણ થઇ જશે. બાકી તો નહિતર હોકોને ગાવું પડશે કે તપોવન કે સંત તૂને કર દીયા ધમાલ !!!

સોના કણ :— —પૂ. આ. શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ.

મંગલ કામ કર્યા કરે અને મદ ન કરે, મૂઢે આવે અને મૌન રાખે મન શુદ્ધ કરે તે સાચો માનવી બની શકે છે.

પાપનો ભય તેનું નામ પરિણતિ.

ગમે તે નિર્દોષ વસ્તુ આલશે ગમે તે નીર્દોષ કામ બનશે. ગમે તે પ્રતિકૂળ સમયમાં ફાવશે ગમે તે વ્યક્તિ ગમશે આવા માણસ સદા સુખી રહેશે.

દેવભવ સુખ પ્રધાન છે. નારકભવ દુઃખ પ્રધાન છે. તિર્યંચ ભવ સંજ્ઞા પ્રધાન છે, મનુષ્યભવ આજ્ઞા પ્રધાન બને તેમ છે નહી તો ભયાનક ભવોની પરંપરા અને દુઃખોના ડુંગરો, લખાયેલા છે.

માનવનો ઉંધો અક્ષર વનમા થાય છે. વનમાં જતાં નહી. એકાવન પહેલાં ત્યાગ જીવન-સંયમ-જીવન અથવા વાનપ્રસ્થાશ્રમ સેવે તે માનવ છે.

જ્યા સુધી તમારામાં કર્મ છે ત્યાં સુધી શરીરરૂપી જેલમાં બેસવું પડે છે. જ્યાં સુધી માચીસમાં જ્વાળાની શક્તિ છે ત્યાં સુધી તેને પેટીમાં પુરાવું પડે છે. જ્યા સુધી દુન્યવી સામગ્રીમાં રાગ છે ત્યાં સુધી તેને ભય રહેલો છે. જ્યાં રાગની આગની આગ ન હોય પછી જન્મ-જરા-મરણ બંધ કાણ-મોંકાણ-ઠાઠ-માઠ અને ઠાઠડીઓ સદા માટે બંધ.

બીજા ભવમાં જે ન કર્યું તે નવું કરે મા. માનવ=નવ=નવુ નવું શું ? તો કહે છે રત્નત્રયી સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્ર પ્રાપ્ત કરવા માટે માનવ જન્મની મહત્તા છે.

પંન્યાસ ચંદ્રશેખર વિ. મ.ના નિવૃત્તિ પત્રના કારણે નવસારી જૈન તપોવન સંસ્કારધામ પ્રકરણમાં નવો વળાંક

અમદાવાદ-મુંબઇ-સુરત-રાજકોટ-નવસારીમાં પડેલા બીજા પ્રત્યાઘાતો

(અનિલ શાહ તરફથી)

સુરત, તા. ૩૦ : નવસારી નજીક આવેલા જૈનોના તપોવન સંસ્કાર ધામમાં ટ્રસ્ટીઓ અને આ તપોવનના પ્રણેતા પંન્યાસ ચંદ્રશેખર વિ. વચ્ચે ઉભા થયેલા વિવાદમાં, ગઇ કાલે મહારાજશ્રીએ અચાનક નિવૃત્તિ જાહેર કરી દેતાં સમગ્ર જૈન સમાજ સ્તબ્ધ થઇ ગયો છે. તપોવનના ટ્રસ્ટી શ્રી હિંમતભાઇ અને અન્યો ટ્રસ્ટીઓને મ.શ્રીએ નિવૃત્તિ પત્ર લખી મોકલ્યો છે. જો કે આ પ્રકારનો આ ત્રીજો નિવૃત્તિપત્ર છે, તેથી તે કેટલો સમય ટકશે તે સમય કહેશે. બીજી બાજુ, તપોવનના ટ્રસ્ટીઓ હવે આ મુદ્દે જે કાનૂની આશરો લીધો છે તે પાછો ખેંચે છે કે કેમ તે જોવાનું રહ્યું.

પત્રની વિગતો :—

ચંદ્રશેખર વિ.એ પોતાના ત્રીજા નિવૃત્તિ પત્રમાં ટ્રસ્ટીઓને સંબંધીને લખ્યું છે, 'આજે મારી ઉપર પૂ.શ્રી ગચ્છાધિપતિનો પત્ર છે, જેમાં સૂચન છે કે મારે તમને વાત સ્પષ્ટ જણાવવી. તો હું તમને સ્પષ્ટ શબ્દોમાં જણાવું છું કે નવસારીના તપોવનમાં હું તથા લલિતભાઇ ધામી સીધી કે આડકતરી રીતે બીલકુલ રસ લેવા માગતા નથી. અમારી ત્યાંથી સંપૂર્ણ નિવૃત્તિ સમજવી. ખરેખર મને તેમાં રસ નથી. મારી લેખિત કબુલાતને તમે સ્વીકારશો ને જે તે પ્રયત્નો બંધ કરો તેમ ઇચ્છું છું. એકવાર બધા ટ્રસ્ટીઓ મને મળશો તો આનંદ થશે.

વિવાદ પ્રકરણ :—

જુલાઇ માસમાં એક સમયના તપોવનના સર્વે સર્વા લલિત ધામી અને સંસ્કાર ધામના ટ્રસ્ટીઓ વચ્ચે ભારે મતભેદ સર્જાયા હતા. લલિત ધામીએ તપોવન છોડી દેવું પડયું હતું અને તે જ સમયે પંન્યાસ ચંદ્રશેખર વિ.એ પણ તપોવન બાબતે જણાવ્યું હતું કે, 'જો લલિતભાઇ ધામી નહીં તો હું પણ નહીં' એમ કહી તપોવનમાંથી તેમના તમામ સાધુને પણ પાછા બોલાવી લીધા હતા. પરંતુ હાલમાં ૧૫ દિવસ પહેલા ફરી એકવાર એકાએક પંન્યાસ ચંદ્રશેખર વિ. મ.એ જો તપોવનના ટ્રસ્ટીઓ રાજીનામા ન આપે તો ઉપવાસ પર ઉતરવાની વાત સાથે ઉપવાસ પર ઉતરવા ભાંગ ઘોળાણો મચ્યો હતો.

અ તે આસો સુદ–૫ સુધીમાં તમામ ટ્રસ્ટીઓના રાજીનામા લાવી આપવાની બાંહેધરી ત્રણીકભાઇ કસ્તુરભાઇ, અતુલભાઈ શાહ તથા હિંમતભાઇ બેડાવાળાએ લેતા પંન્યાસજીએ પારણા કર્યા હતા, તો બીજી તરફ રાજીનામા પત્ર હિંમતભાઇ બેડાવાળાને મોકલી આપ્યા, પરંતુ પૂ.શ્રીને ઉદ્વેગાધીને લખેલા રાજીનામા પત્ર જૈન સાધુને શિખામણ પત્ર જેવા હોય આથી અકળાયેલા પંન્યાસજીએ ટ્રસ્ટીઓને એક કડક ભાષામાં કહી શકાય તેવે. પત્ર લખ્યો અને તેમાં ટ્રસ્ટી મંડળની ભારે ઝાટકણી કાઢી હતી અને આ ટ્રસ્ટી મંડળના એક સભ્ય ચેરીટી કમિશનરમાં વિવાદને લઇ ગયા હોય મહારાજ ભારે અકળાતા હતા. જો કે તેમણે લખેલા પત્રમાં તેમણે કરેલા આક્ષેપોને ટ્રસ્ટીઓએ વાહિયાત લેખાવ્યા હતા અને એ પત્રનો જવાબ મળે તે પહેલાં જ પંન્યાસ ચંદ્રશેખર વિ.એ એક નિવૃત્તિ પત્ર લખેલ છે. આ પત્ર અમદાવાદ, મુંબઇ, સુરત, રાજકોટ અને નવસારીમાં તેના તીવ્ર પ્રત્યાઘાત પડયા છે. યુવાનોએ આ પત્રના કોમેન્ટમાં જણાવ્યું કે, 'વાર્યા ન વળેલા પંન્યાસજી હાર્યા વળ્યા' જે હોય તે તપોવનનો આ ભારેલો અગ્નિ ઉપર દેખાતી લલિતભાઇના કારનામાની રાખ ઉડતા ફરી પાછો ઉથલો મારે તો નવાઇ નહીં. પરંતુ મહારાજના પત્ર હાલમાં તો તપોવનના પ્રશ્નને તલવાર મ્યાન કરી છે.

(કુલછાબ ૩૧–૧૦–૯૭)

❖

: પધારો માંડવગઢ તીર્થ :

આ મહાન પ્રાચીન તીર્થનો ભવ્ય જીર્ણોદ્ધાર થઇ ગયો છે અને નવા વિકાસ કાર્યો પણ થયાં છે, આગમ મંદિર શ્રી શત્રુંજયની રચના સમેતશિખર તીર્થ રચના આદિ આ પ્રાકૃતિક સૌંદર્યથી ભરપુર એવા રમણીય તીર્થની યાત્રાએ જરૂર પધારો.

આ તીર્થમાં અંજન શલાકા થયેલ ૫૧" થી ૯" ઇંચ સુધીના સુંદર ભગવાન આપને તૈયાર મલશે, જેમને ભગવાનની જરૂરીયાત હોય તેમને પેઢીના સરનામે સંપર્ક સાધવા વિનંતી છે.

ટ્રસ્ટી : લિ. **શ્રી જૈન શ્વે. તીર્થ પેઢી,**
માંડવગઢ (જી. ધાર), (મ. પ્ર.) પિન–૪૫૪૦૧૦

સુધારો : વર્ષ ૧૦ અંક ૫–૬માં ટાઇટલ ૨ માં પંચ પરમેષ્ઠિ અને ઘડિયાળ લેખના લેખક પૂ. આ. શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ. છે.

મહાભારતનાં પ્રસંગો

[પ્રકરણ-૧૬] —શ્રી રાજુભાઇ પંડિત

(૧૬) પતિનો પડછાયો થઇને રહેજે, બેટા !

નળ-દમયંતીનો વિવાહ ધામધૂમ પૂર્વક થઇ ગયો. વિવાહ કંકણધારે. દંપતિ સાથે કેશલેશ નિષધ રાજાએ કોશલ દેશ તરફ જવાની તૈયારી કરી. કુંડિનપુરથી કોશલા ભણી જઇ રહેલા નિષધ રાજાને થોડે સુધી વળાવવા ભીમરથ રાજા ખુદ આવ્યા.

પતિની પાછળ પાછળ જઈ રહેલી દમયંતીને જોતા માતા પુષ્પદંતી અશ્રુલીના થઇ ગયા. જે ઘરમાં ૧૮-૧૮ વરસ સુધી નજરો સામે જ જન્મીને ઉછરેલી, રમતી-ખેલતી, અભ્યાસ કરતી હતી તે પુત્રીના વીતેલા ૧૮ વર્ષોનો મેળાપ આજ વિખૂટો પડી રહ્યો હતો. વર્ષો જુની યાદો યાદ આવી આવીને રડાવી રહી હતી. ન જાણે હવે દમયંતી ફરી પાછી અહીં ક્યારે આવશે ? માની મમતા પુત્રીના પતિગૃહ ગમન ટાણે રડી ઉઠી. છેલ્લા આશિષ દેતા દેતા માતાએ દમયંતીને કહ્યું કે-

"દેહચ્છાયેવ મા ત્યાક્ષીર્વ્યસનેઽપિ પતિં સુતે !"

બેટા ! શરીરના પડછાયાની જેમ ગમે તેવા સંકટમાં પણ પતિનો સાથને તજીશ નહિ. (તજતી નહિ.) બેટા ! તું હવે તારા પતિનો પડછાયો છે. સુખમાં પતિની સાથે-સાથે રહેનારી તું દુઃખમાં પણ પતિની સાથે-સાથે જ રહેજે.

પુત્રીના વળામણાંની હવે સીમા આવી ગઇ હતી. આથી માત-પિતાની અનુજ્ઞા લઇને નળે દમયંતીને રથમાં પોતાના અંકમાં આરોપિત કરી. કુંડિનપુરની રાજપુત્રી દમયંતીને લઇને નળનો રથ કોશલાનગરી ભણી ચાલવા માંડયો પુત્રીના પતિ ઘરે જતા રથ તરફ છેલ્લી નજર નાંખી લઇને માતા-પિતા પુત્રી વિયોગી શુની ઢિવારોવાળા રાજ મહેલમાં ગમગીન હૈયે પાછા ફર્યા.

પુત્રીને લાયક પતિની ઉમંગભેર શોધખોળ કરનારા માત-પિતા પુત્રીના પતિઘર ગમન ટાણે તો સઢીઓથી રડતા જ આવ્યા છે, ચાહે પછી તે રાજા-રાણી હોય કે રંક હોય. પતિઘરે-શ્વસુરગૃહે જઇ રહેલી પુત્રીનો પિતૃઘરનો છેલ્લો દિવસ માતા-પિતાની મમતા અને વાત્સલ્યને તથા ભાઇ-બેનના સ્નેહને રડાવનારો દિવસ છે.

દમયંતીને લઇને નળનો રથ કોશલાના રસ્તે આગળ વધી રહ્યો હતો. સાથે આવેલા સૈન્યના ઘોડાના પગના ડાબડાના અવાજથી ધરતી ગાજી ઉઠી હતી. ચારેકોર ધૂળ જ ઉડતી દેખાતી હતી. તરસ્યા સૈનિકોએ રસ્તામાં આવતા તળાવના પાણી પીતા તળાવો તળિયે પહોંચી ગયા હતા.

સાંત ઠડમઝલ કરી રહેલો આ કાફલો આગળને આગળ વધ્યે જ જતો હતો અને જતાં જતાં જ રસ્તામાં દિવસ આથમી ગયો. ચારેકોર વન–જંગલના ઘોર–ભેંકાર પ્રદેશમાં અંધારૂ–અંધારૂ થઇ જતાં રસાલો આગળ વધી ના શક્યો. રાતના અંધકારમાં આવી ભયંકર અટવીમાં રોકાણ કરવું પણ ઉચિત ન હતું.

આથી જ નળે પોતાના ખોળામાં શાંતિથી સૂઇ રહેલી દમયંતીને કહ્યું– હે દેવિ ! એક ક્ષણ માટે જાગો. અંધકારે આપણા સૈન્યનો માર્ગ રૂંધ્યો છે. તમારા લલાટના તિલકસૂર્યને પ્રકાશિત કરો દેવિ !

તરત જ ઉઠીને દમયંતીએ પોતાના લલાટને સ્વચ્છ કરતાં જ લલાટ–તિલક ઝળહળવા લાગ્યુ, રાત્રિ પણ દિવસ જેવી બની ગઇ. આથી સૈન્યની ઠડમઝલ ફરી પાછી ચાલુ થઇ.

હજી તો સૈન્ય થોડે જ આગળ ગયુ હશે ત્યાં નળની નજર એક મુનિવર ઉપર પડી. કાયોત્સર્ગમાં સ્થિર રહેલા આ મુનિવરને ઝાડનું ઠુંઠુ સમજીને એક મદ ઝરતો હાથી પોતાની ખંજવાળ દૂર કરવા મુનિવર સાથે પોતાનું શરીર ઘસી રહ્યો હતો. અને તેથી પોતાના શરીરમાંથી ઝરતો મદ મુનિવર ઉપર પડયો હતો. આ મદની સુગંધથી ખેંચાઇ આવેલા ભમરાઓ તે મુનિવરના શરીરને ડંખી ડંખીને ફોલી રહ્યા હતા. આવા કાંતિલ ઉપસર્ગને સહી રહેલા મુનિવરને જોઇને તીર્થ જેવા તે મુનિવરને વંદના કરવા નળ–દમયંતી–રાજા નિષધ કૂબર આદિ પ્રયાણ અટકાવીને થોભી ગયા.

મુનિવરને નમીને, સ્તુતિ કરીને ભ્રમર તથા હાથીના ઉપદ્રવથી પૂર્ણપણે મુક્ત કરીને પછી જ નળ-દમયંતી આદિ આગળ વધ્યા.

રાત ભરની વનયાત્રા નગર તરફની યાત્રાને અંતે કોશલા નગરીના કિલ્લાના કાંગરા દેખાવા લાગ્યા. આથી નળે દમયંતીને કહ્યું - દેવિ ! જિનાયતનોથી મંડિત આ તે આપણી નગરી છે, (જ્યાં આપણે આપણે ઘેર જવાનું છે.)

દમયંતીએ કહ્યું– હું ધન્ય છું કે જેથી નલને હું પતિ તરીકે પામી શકી. અને જ્યાં રોજ મારાથી આ ચૈત્યો વંદાશે. (પાછળ જુઓ)

卐 વિવિધ વાંચનમાંથી 卐

— પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ.

ચક્રવર્તિના ચૌદ રત્નો

(૭ એકેન્દ્રિય... ૭ પંચેન્દ્રિય....)

૧ ચક્રરત્ન ૨ દંડરત્ન ૩ અશ્વરત્ન ૪ સેનાપતિરત્ન ૫ પુરોહિતરત્ન ૬ ગૃહરત્ન ૭ વાર્ધકીરત્ન ૮ ચર્મરત્ન ૯ મણિરત્ન ૧૦ કાકિણીરત્ન ૧૧ ખડ્ગ રત્ન ૧૨ હસ્તી રત્ન ૧૩ છત્ર રત્ન ૧૪ સ્ત્રી રત્ન.

આ દરેક રત્નો ૧૦૦૦ યક્ષોથી સેવાય છે.
નીચે મુજબ તેની ઉત્પત્તિ (પ્રાપ્તિ) થાય.

નં. ૧–૨–૧૧–૧૩ આ ચાર રત્નો આયુધશાળામાં ઉત્પન્ન થાય.
નં. ૮–૯–૧૦ આ ત્રણ રત્નો કોશાગાર (બજનામાં) ઉત્પન્ન થાય.
નં. ૩–૧૨ આ બે રત્નો વૈતાઢ્ય પર્વતની સીમામાં ઉત્પન્ન થાય.
નં. ૪–૫–૬–૭ આ ચાર રત્નો રાજધાનીમાં ઉત્પન્ન થાય.
નં. ૧૪ વૈતાઢ્યપર્વત ઉપર ઉત્તર વિદ્યાધર શ્રેણીના સ્વામિની પુત્રી.

— ચક્રવર્તિના નવ નિધાન —

(૧) નૈસર્પ : ગામ નગર આદિનો વ્યવહાર.
(૨) પાંડુક : નાના મોટા દ્રવ્યોનો વ્યવહાર થાય.
(૩) પિંગલક : પુરૂષ–સ્ત્રી–હસ્તી–અશ્વના આભૂષણનો વ્યવહાર થાય.
(૪) સર્વરત્ન : ચક્રવર્તીને ૧૪ રત્નો (એકેન્દ્રિયાદિ) ઉત્પત્તિ થાય.
(૫) મહાપદ્મ : પ્રવેત રંગીન વસ્ત્રોની ઉત્પત્તિ થાય.
(૬) કાળ : વર્તમાન આદિ ત્રણે કાળનું તથા બધી કળાનું જ્ઞાન થાય.
(૭) મહાકાળ : લોહાદિ સાત ધાતુ અને સ્ફટિકાદિની ઉત્પત્તિ થાય.
(૮) માણવક : યુદ્ધ નીતિ, દંડ નીતિ, યોધ આયુધો વિ.ની ઉત્પત્તિ થાય.
(૯) શંખક : સંગીત વાદ્યો નૃત્યની ઉત્પત્તિ થાય.

આ દરેક નિધિઓ એકેક હજાર યક્ષોથી સેવાય છે.
(ગંગા નદીના પટ ઉપરથી પ્રાપ્ત થાય.)

શુભ દિવસ આવતાં જ રાજા નિષધે નળ–દમયંતિ આદિનો નગર પ્રવેશ કરાવ્યો.

નળ સાથે દમયંતીના ભોગ સુખ પૂર્ણ દિવસો વીતવા લાગ્યા. દમયંતી તથા નળ ધર્મને બાધા ન પહોંચે તે રીતે કામનું જીવન કરતા હતા. આમ નળ–દમયંતીનો સુખી સંસાર વીતી રહ્યો હતો.

: અષ્ટમંગલ આલેખવાનો પરમાર્થ :

— અભ્યાસી —

જગતના જીવો સુખ ઇચ્છે છે. સુખની કલ્પના સાથે જોડાયેલાં પ્રતીકોને આથી જ તે માંગલિક માને છે. સાત્ત્વિક દૃષ્ટિએ સુખ-સમૃદ્ધિનાં પ્રતીકોને માંગલિક માનવામાં કશું અનુચિત નથી. પરંતુ સુખ-સમૃધ્ધિ સાચાં કયાં–તેની સમજણ પહેલાં મેળવી લેવી જોઇએ. જે સુખ મેળવતાં, સાચવતાં અને ભોગવતાં બીજાને દુઃખ પહોંચાડતું હોય તે સુખની ઇચ્છા અને તેનો ભોગવટો પાપ રૂપ બને છે અને પાપનું ફળ દુઃખ જ હોય છે. તેથી તેવાં સુખ સાચાં સુખ ગણાય નહિ. વધુમાં જે સુખ કે તેનાં સાધન, માલિકને છોડી ને ચાલ્યાં જાય અથવા માલિકે તેમને છોડીને ચાલ્યા જવું પડે તેવાં સુખ પણ સુખ ગણાય નહિ. આ બધો વિચાર કરતાં સંસારનાં કોઇ સુખ સાચા સુખની વ્યાખ્યામાં આવી શકે નહિ. **આત્માના સાચા સ્વરૂપની પ્રાપ્તિ–એટલે કે આત્માના પોતાના (કર્મયોગે આવરાયેલા) ગુણોની પ્રાપ્તિ–એજ સાચું સુખ** છે. અનાદિકાલથી ખોવાયેલાં-ઢંકાયેલાં–ગુણરત્નોની પ્રાપ્તિ અને શુધ્ધિ માટેનો પુરૂષાર્થ જ સુખની સાચી સાધના છે. એ સાધનામાં સહાયક અને ઉત્સાહક પ્રતીકો જ તાત્ત્વિક દૃષ્ટિએ માંગલિક છે.

સ્વસ્તિક, શ્રીવત્સ, દર્પણ, ભદ્રાસન, નંદાવર્ત્ત, કલશ, વર્ધમાનક અને મત્સ્ય-યુગલ આ આઠ પદાર્થ માંગલિક–અષ્ટમંગલ–તરીકે પ્રસિદ્ધ છે. તેની સંક્ષેપમાં વિચારણા કરીએ.

—(૧) **સ્વસ્તિક** :–આ આકૃતિ પ્રસિદ્ધ છે. જમણી તરફ જતા ચાર છેડાની આ આકૃતિ ચાર ગતિરૂપ સંસારમાંથી મુક્ત થવાનો સાધકનો અભિલાષ સૂચવે છે. આ સંસારથી મુક્ત થવાના એક માત્ર ઉપાયરૂપ ધર્મના પણ દાનાદિ ચાર પ્રકાર છે. દક્ષિણ–જમણી–તરફ જતી આ આકૃતિ ચતુર્વિધ ધર્મના સેવનમાં પણ દક્ષિણ–સરળ અને સૌને સૌને અનુકૂળ–એવી પ્રવૃત્તિનું મહત્ત્વ બતાવે છે. ચાર પ્રકારના ધર્મના સેવનથી ચાર ગતિવાળા સંસારથી મુક્ત થવાનું લક્ષ્ય સૂચવતું આ મંગલ છે.

(૨) **શ્રીવત્સ** :–આ પણ એક વિશિષ્ટ આકૃતિ છે. શ્રી તીર્થંકરદેવો, ચક્રવર્ત્તી વગેરે શલાકાપુરૂષોના વક્ષઃસ્થળ ઉપર નૈસર્ગિક રીતે જ આ આકૃતિ હોય છે. ઉત્કૃષ્ટ પુણ્યબળ આ આકૃતિથી સૂચિત થાય છે. આ આકૃતિના આલેખનથી એવા મહાપુરૂષોના સત્ત્વ આવણામાં આવે એવો આશય ધારવાનો છે. શ્રી વત્સનું આ ચિહ્ન બધા જ

શલાકાપુરૂષોના દેહ ઉપર હોય છે. આમાંના નવ વાસુદેવ, નવ પ્રતિવાસુદેવ અને જીવનના અંત સુધી રાજ્યનો ત્યાગ ન કરતા ચક્રવર્ત્તી અવશ્ય નરકમાં જતા હોય છે. તેથી આ શ્રીવત્સને ભૌતિક સુખના પ્રતીક તરીકે પૂજનારા માટે આ મંગલ ખરેખર મંગલ રૂપ બને નહિ. શલાકાપુરૂષોની આત્મિક સમૃદ્ધિ અને સત્ત્વશુદ્ધિના પ્રતીક રૂપે આ શ્રીવત્સનું આલેખન ખરેખર મંગલ રૂપ બને છે.

(૩) **દર્પણ** :–પ્રસિદ્ધ છે. શુદ્ધ દર્પણ જ વાસ્તવિક સ્વરૂપનું દર્શન કરાવી શકે છે. અશુદ્ધ વ્યક્તિ પોતાની અશુદ્ધિ દર્પણની સહાયથી જોઇ–જાણીને દૂર કરી શકે છે. પણ દર્પણ પોતે અશુદ્ધ હોય તો તેનો કોઇ ઉપયોગ નથી. સાધકે પણ શુદ્ધ આલંબનના સેવનથી પોતાના આત્મ સ્વરૂપની અશુદ્ધિ દૂર કરવાની છે. આપણા શાસનમાં આથી જ દેવ, ગુરૂ અને ધર્મની શુદ્ધતાનું અનન્ય મહત્ત્વ છે આ શુદ્ધ તત્ત્વત્રયીનું આલંબન સાંધકના આત્મ સ્વરૂપને પણ પૂર્ણ વિશુદ્ધ બનાવી દે છે. આ રીતે શુદ્ધતાના પ્રતીક રૂપ દર્પણને મંગલ તરીકે સ્વીકારાય છે.

(૪) **ભદ્રાસન** :– ઉત્કૃષ્ટ ઋદ્ધિમાન વ્યક્તિઓને બેસવાના સુશોભિત આસનને ભદ્રાસન કહેવાય છે. આપણા આત્માના ગુણો આપણી સાચી સમૃદ્ધિ છે. આપણા એ સમૃદ્ધ આત્મ સ્વરૂપને સ્થિરતાપૂર્વક સ્થાપિત કરવાં માટે આપણી પાત્રતાને કેળવવાનું લક્ષ્ય સાધવા માટે આ ભદ્રાસનનું પ્રતીક પ્રરમાત્મા સમક્ષ આલેખવાનું છે. સમૃદ્ધના આશ્રય તરીકે આ પ્રતીક મંગલ રૂપ મનાય છે.

(૫) **નંદાવર્ત્ત** :– સ્વસ્તિકના જ વધુ વિસ્તાર જેવી આ એક આકૃતિ છે. સ્વસ્તિક સાથે જોડાયેલી વિચારણા અહીં પણ વિચારી લેવી. વધુમાં જ્યાં સુધી મુક્તિમાં ના જવાય ત્યાં સુધી આપણી સાધનામાં જ્ઞાનાદિ ગુણોના આનંદની ચઢતી પરંપરા અનુભવાય અને દરેક ભવમાં અગાઉના ભવ કરતાં વધુને વધુ ગુણોના આનંદનાં આવર્ત્તન થયા કરે–એવા આશયથી આ માંગલિકનું આલેખન કરવાનું છે.

(૬) **કલશ** :– શુદ્ધ ઉત્તમ જલથી ભરેલા ઉત્તમ કલશ–કુંભને મંગલનું પ્રતીક મનાય છે. ઉત્તમ વસ્તુ ઉત્તમપાત્રમાં જ મૂકાય અને ઉત્તમ પાત્રમાં ઉત્તમ વસ્તુ જ મુકાય-આવી સમજણ વ્યવહારમાં સહુ કોઇ ધરાવતું હોય છે. તાત્ત્વિક દૃષ્ટિએ જ્ઞાનાદિ આત્મગુણોથી વધુ કોઈ ઉત્તમ પદાર્થ અને કર્મક્ષયથી નિર્મળ બનેલા આત્માથી વધુ કોઇ ઉત્તમ પાત્ર આ દુનિયામાં નથી. આવા ગુણો રૂપી જલથી પૂર્ણ ભરેલા આપણા આત્મરૂપી કલશની શ્રી સિદ્ધશિલા ઉપર સ્થાપન થાય–એવા આશયથી આ મંગલનું આલેખન થવું જોઇએ.

(૯) **વર્ધમાનક** :– દીવાના કોડિયાં કે ફૂલોના કૂંડા જેવી–નીચે સાંકડી અને ઉપર પહોળી એવી–આકૃતિના પાત્રને વર્ધમાનક કહેવાય છે. આપણા જીવનમાં જ્ઞાનાદિ ગુણોની સાધના અને તે સાધના માટેનો ઉલ્લાસ ઉત્તરોત્તર વધતો રહે–એ જ સાચું 'વર્ધમાનક' છે. આ મંગલ એવી ચઢતી પરિણામધારાનું પ્રતીક છે.

(૮) **મત્સ્યયુગલ** :– પાણીની સપાટી નીચે સતત ચંચલતાપૂર્વક મત્સ્ય ખેલતા હોય છે. આપણા જીવનમાં ય મન–વચન–કાયાની બધી પ્રવૃત્તિ પાછળ રાગ–દ્વેષની ચંચલ લીલા સતત ચાલ્યા કરતી હોય છે. અને એથી આત્માની સ્વાભાવિક સ્થિરતા લુપ્ત થઈ જતી હોય છે. આ મંગલના આલેખનથી રાગ–દ્વેષની એ ચંચલ લીલા ઉપર આત્માની સ્વાભાવિક સ્થિરતા પ્રાપ્ત કરવાની શક્તિ પ્રભુ પાસે માંગવાની છે. લૌકિક શાસ્ત્રમાં મત્સ્ય કામદેવનું ચિહ્ન ગણાય છે. આપણા ભગવાન તે કામના વિજેતા છે અને આપણે એ કામની સામે વિજય મેળવવાનો છે–આવો આશય પણ આ મંગલ આલેખવા પાછળ સમાયેલો છે.

અષ્ટ મંગલની આ સંક્ષિપ્ત વિચારણા ઉપરથી સ્પષ્ટ થાય છે કે શ્રી જિનેશ્વર દેવ સમક્ષ અષ્ટ મંગલનું માત્ર આલેખન કરવાનું છે. અષ્ટ મંગલનું પૂજન કરવાનું નથી. પૂજન તો શ્રી જિનેશ્વર દેવનું કરવાનું છે. અષ્ટ મંગલનું આલેખન એ પૂજા વિધિના એક ભાગરૂપે કરવાનું છે. અષ્ટ મંગલની આકૃતિ સરળતાથી અને તરત આલેખી શકાય એવી ભાવનાથી પાટલામાં એની આકૃતિ કોતરી રાખવામાં આવતી. જેથી એમાં ચોખા પૂરતાં જ આકૃતિ સ્પષ્ટ થઇ જાય. અજ્ઞાનના યોગે (અને 'મંગલના પૂજનથી મંગલ થાય' એવી લાલસાના યોગે) અષ્ટ મંગલનું પૂજન પ્રચલિત થયું છે–એ દૂર કરવા આટલી પ્રાસંગિક વિચારણા કરી છે.

શાસન સમાચાર : જામનગર–દિગ્વિજય પ્લોટ અત્રે **શ્રી** ધીરજલાલ નાયાભાઈ (નાઘેડીવાળી)ના ૧૦૮ અઠ્ઠમની પૂર્ણાહુતિ તથા શ્રીમતી રતનબેન નાયાભાઇના સમાધિપૂર્ણ સ્વર્ગવાસ નિમિત્તે તથા સુપુત્રી શાંતાબેન મહેન્દ્રભાઇના મેરૂમંદિર તથા લંડન નોર્થ ભત્રીજા પુત્રવધુ નયનતારા જયંતિલાલના નવ ઉપવાસ નિમિત્તે ભા. સુદ ૬ ના પૂ. આ. શ્રી જિનેન્દ્ર સૂ. મ.ની નિશ્રામાં શ્રી સિદ્ધચક્ર મહાપૂજન શ્રી સુરેશભાઇ હીરાલાલે ભણાવેલ તથા પૂજા ભક્તિમાં શ્રી વિમલ જિનેન્દ્ર સંગીત મંડળ આવેલ.

આ તે કેવી સંસ્કૃતિ?

[ગતાંકથી ચાલુ] —પૂ. આ. શ્રી વિ. ચંદ્રગુપ્ત સૂ. મ.

પ્રભુએ જે વ્યવસ્થા દર્શાવી તે શું અહિંસક હતી ? સર્વથા હિંસા વિનાની હતી ? અગ્નિકાયાદિની તેમાં વિરાધના ન હતી ? હતી તો શા માટે તેમાં હિંસાની સમ્બન્ધિતાનું જ્ઞાન ન થાય ? જો તેમાં કોઇ પણ જાતની વિરાધના હતી જ નહિ, તો તેને દીક્ષા લીધા પછી તાપસોને કેમ ના બતાવી ? સાધુની અને ગૃહસ્થની મર્યાદા જુદી છે કે એક જ છે ? સાધુ ભગવંતો તો સર્વથા હિંસાને દૂર કરી સર્વથા અહિંસક બનવાનો ઉપદેશ આપે. એ શક્ય ન બને તો જેમ બને તેમ અલ્પાંશે પણ હિંસાથી વિરામ પમાય, પરિણામ નિર્ધ્વંસ ન બને એ માટે ઉપદેશ આપે. અમર્યાદ હિંસાના ત્યાગનો ઉપદેશ આપી 'અનિવાર્ય હિંસા' ની છૂટ આપનાર સાધુ, ભગવાનના શાસનનો નથી. ભગવાને સ્થાપેલા ધર્મતીર્થની સરખામણી રાજ્યવ્યવસ્થા સાથે કરવા માટે "મંદિરમાંની મૂર્તિને ભગવાન ગણો છો કે પાષાણ ?" જેવા તુચ્છ પ્રશ્નો પૂછનારાને તર્ક–કુતર્કનો ભેદ સમજાયો નથી.

આજે કર વર્ષે સાધર્મિકો માટે ફંડો કરવા પડતા હોય અને ઉત્તરોત્તર એ ફંડોની રકમમાં વૃદ્ધિ કરવાનો ઉપદેશ આપવો પડતો હોય તો તેનું કારણ તૂટતી જતી આ સુવ્યવસ્થા નથી. પરન્તુ પૂર્વે જણાવી ગયા તેમ કાલબળ અને તેના યોગે સાધર્મિક પ્રત્યે બહુમાનનો અભાવ વગેરે ઘણાં કારણો છે. આ સત્ય હકીકતને છુપાવી લોકોનું ધ્યાન બીજી તરફ દોરવાની જરૂર નથી. બની શકે તો સાધર્મિક પ્રત્યે બહુમાન, ઉદારતા વગેરે કેળવવાનો ઉપદેશ આપવાની જરૂર છે. ફંડો ભેગાં કરવા માટે ઉપદેશ આપવાની જરૂર નથી. ફંડોની રકમમાંથી સાધર્મિકોની કેવી ભક્તિ થાય છે– એ આપણે સૌ સારી રીતે જાણીએ છીએ. ઔદાર્યાદિ ગુણો કેળવી લેવાનો ઉપદેશ આપવાની જરૂર છે. જેમને માર્ગનું જ્ઞાન ન હોય તેઓ ઉપદેશ આપવાના અધિકારી નથી. સાધર્મિક ભક્તિનો ઉપદેશ અને સાધર્મિકો માટે ફંડનો ઉપદેશ : એ બેમાં ફરક છે.

જે સુવ્યવસ્થા; અનિવાર્ય હિંસાથી નહિ પણ જેમ બને તેમ અલ્પાંશે પણ હિંસાથી વિરામ પામી જીવનનિર્વાહ કરવાનું ફરમાવે તે ચોક્કસ જ અહિંસકભાવનું બીજ આરોપે છે. અનિવાર્યહિંસાથી જીવન જીવવા માટેની વ્યવસ્થાને સુવ્યવસ્થા કહેવાય નહિ. એવી વ્યવસ્થા કોઇ પણ રીતે અહિંસકભાવને પલ્લવિત કરે નહિ, અહિંસક બનવાનો પુરૂષાર્થ કરવાનું બલ પૂરું પાડે નહિ, જૈનમુનિઓનો આદર્શ

પૂરો પાડે નહિ તેના દ્વારા કોઇ અરિહન્ત પરમાત્મા થાય પણ નહિ. જેમને સંસ્કૃતિના સુવ્યવસ્થાનું જ જ્ઞાન નથી એવા લોકો સુવ્યવસ્થાની રક્ષાની સંપૂર્ણ જવાબદારી પોતાને માથે લઇ એમાં સહાયક બનવા સાધુ મહાત્માઓને આહવાન આપે – તે તેમની અજ્ઞાનતા સૂચવે છે.

ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે. તે અહિંસા સંયમ અને તપ સ્વરૂપ છે. તેને પ્રાણ તો શ્રી વીતરાગ પરમાત્માની પરમતારક આજ્ઞા છે. આજ્ઞા વગરના અહિંસા સંયમ અને તપ, ધર્મ નથી અને મંગલ પણ નથી. જ્યારે આજ્ઞાનું અસ્તિત્વ ધર્મમાં નહિ હોય અથવા તો તે નાશ પામતું જતું હોય તો તેની રક્ષાદિની જવાબદારી આચાર્ય ભગવન્તાદિ મહાત્માઓની છે. અને તે માટે તેઓશ્રી આજે પણ યથાશક્તિ પ્રયત્નશીલ છે જ.

સુવ્યવસ્થામાં સમાતી ભક્ષ્યાભક્ષ્યની વ્યવસ્થા પશુપાલનથી શક્ય છે– એમ કહેવું એ પાપોપદેશ છે. તેથી સાધુઓ તેવો ઉપદેશ આપતા નથી. લોકોને અનિવાર્ય-હિંસાથી જીવન જીવવાનો ઉપદેશ આપવાથી 'કરેમિ ભંતે...' ઇત્યાદિ ગૃહીત પ્રતિજ્ઞાનો સ્પષ્ટ ભંગ થાય છે. અનિવાર્ય હિંસાથી જીવન જીવવાનો ઉપદેશ આપવાથી સર્વ-સાવદ્ય યોગનાં પ્રવૃત્તિ નહિ કરાવવાની પ્રતિજ્ઞા શું ખંડિત થતી નથી? 'કરેમિ ભંતે૦' સૂત્ર દ્વારા લેવાતી પ્રતિજ્ઞાને "પ્રતિજ્ઞાની સંબંધ લેનારાની સાથે છે. પોતાની અંગત સગવડ માટે હિંસા નહિ કરું" વગેરે પોતાની ફાવતી રીતે અર્થઘટન કરીને સમજાવવા નહિ કહેલાઓએ શાસ્ત્રો ભણવાની જરૂર છે, નવાં શાસ્ત્ર બનાવવાની જરૂર નથી.

કેવલજ્ઞાન પામ્યા પછી યતિ અને શ્રાદ્ધ ઉચિત સર્વવિરતિ અને દેશવિરતિ ધર્મનો ઉપદેશ પ્રભુ આપવાના છે, તેનું નિરતિચારપણે પાલન થાય એ અંગે ચોક્કસ જ માર્ગદર્શન આપ્યું છે. દા.ત. નિર્દોષભિક્ષા લેવાનું ફરમાવ્યા પછી નિર્દોષભિક્ષા ક્યાં મળશે? તે કઇ રીતે મેળવવી? કેટલા પ્રમાણમાં લેવી? કયા કારણે લેવી? વગેરે પ્રભુએ ફરમાવ્યું છે જ. પરન્તુ એ માટે ગૃહસ્થોને રાંધવાનો, કૃષિનો કે પશુ-પાલનાદિનો ઉપદેશ આપ્યો નથી. ચાતુર્માસ રહેવા માટે જે ક્ષેત્રમાં ઘી–દૂધ વગેરે પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ હોય તે ક્ષેત્ર શોધવાનું ફરમાવ્યું છે. પરન્તુ એ માટે ગૃહસ્થના ઘરોમાં ઘી–દૂધ વગેરે પુષ્કળ પ્રમાણમાં મળી શકે એની વ્યવસ્થા કરવાનું ફરમાવ્યું નથી. વસ્તુ મળતી હોય અને જરૂર હોય તો વાપરવી, પરન્તુ ન મળે તો તે બનાવવાનો ઉપદેશ આપ્યો નથી.

શ્રી ઋષભદેવ પ્રભુએ ગૃહસ્થપણામાં જે સુવ્યવસ્થાનું સ્થાપન કર્યું છે તે

પોતાનું અનુશાસન ચલાવવા નહિ. પરન્તુ મુખ્યત્વે તે પોતાના પ્રથમ તીર્થંકર-નામકર્મના ઉદયના કારણે કર્યું છે. એવી વ્યવસ્થાને સાધુ ભગવન્તોએ પણ કરવી જોઇએ અથવા સાચવવી જોઇએ–એવું પ્રભુએ ફરમાવ્યું ન હોવાથી સાધુભગવન્તોએ એ કામ કરવું જોઇએ નહિ. શતશિલ્પકર્મ વગેરેની વ્યવસ્થા અહિંસક છે – એમ શાસ્ત્રોમાં કહ્યું નથી. માટે એને અહિંસક કહેનારાએ પોતાના નામે વાત કરવી, શાસ્ત્રને નામે નહિ.

જૈન મુનિઓની વિશ્વશ્રેષ્ઠતા, તેઓ સર્વદા શ્રી વીતરાગપરમાત્માની પરમ-તારક આજ્ઞા મુજબ રાગ દ્વેષ અને મોહને આધીન બન્યા વિના સમ્યગ્જ્ઞાન દર્શન અને ચારિત્રની સાધના કરે છે–માટે છે. તેઓ પેલી સુવ્યવસ્થાનું રક્ષણ કરે છે માટે નહિ.

શ્રી શ્રાદ્ધવિધિ ગ્રંથમાં અલ્પાંશે પણ હિંસાની વિરતિ કઇ રીતે શક્ય છે–તે દર્શાવ્યું છે. અનિવાર્યહિંસાથી જીવન કઇ રીતે જિવાય–એ માટે એ ગ્રંથ નથી. શ્રી ઋષભદેવ ભગવાનના શાસનમાં એવો કોઇ ગ્રંથ રચાયો હતો કે નહિ તેની ખબર નથી. પરંતુ અનિવાર્યહિંસાથી જીવન કઇ રીતે જિવાય એ સમજાવનારો એક પણ ગ્રંથ કોઇ પણ સુવિહિત સાધુએ રચ્યો નથી–એ ચોક્કસ છે. શ્રી ઋષભદેવ ભગવાનના શાસનમાં એવો ગ્રંથ હોવાની કલ્પના કરનારને જણાવવાનું કે એવો ગ્રન્થ જે કોઇએ રચ્યો હશે તેણે તે શ્રી પુંડરીકસ્વામી વગેરે ગણધરભગવન્તોની સલાહ મુજબ રચ્યો નહિ જ હોય. પોતાની ઇચ્છા મુજબ રચેલા તેવા ગ્રન્થને તે વખતે સુવિહિતોએ પ્રમાણભૂત કર્યો નહિ જ હોય. એવા ગ્રન્થ રચનારાને તેમની યોગ્યતા મુજબ પ્રભુને જે ઉચિત લાગ્યું હશે તે બધું જ કર્યું હશે. તેની ચિંતા આપણે કરવાની જરૂર નથી.

સાધુજીવનની મર્યાદા સમજાતી ન હોય તો તેને કોઇ સુવિહિત ગીતાર્થ ગુરુ-ભગવંત પાસે સમજી લેવી જોઇએ, નયના નામે વાત કરતાં પહેલાં નયસાપેક્ષ વિચાર કર્યો હોત તો સૂત્રવિરુદ્ધ લખવા–બોલવાનો અવસર જ આવત નહિ.

અન્તે એ ધ્યાનમાં રાખવું કે ઉચિત–અનુચિત; અનિવાર્ય–નિવાર્ય, અમર્યાદ–મર્યાદિત, વિહિત–અવિહિત; નિષિદ્ધ–અનિષિદ્ધ. અને હિંસા–અહિંસા વગેરેનો વિચાર શ્રી વીતરાગ પરમાત્માની પરમતારક આજ્ઞા મુજબ કરવો જોઇએ. "રાજા ઋષભે રચેલી સુવ્યવસ્થા સાધુભગવન્તોએ ચલાવવી જોઇએ"– એમ શ્રી વીતરાગ પરમાત્માએ ફરમાવ્યું ન હોવાથી સાધુ ભગવન્તો તેવા પ્રયત્નથી દૂર રહે છે અને તેમણે દૂર જ રહેવું જોઇએ. સૂક્ષ્મ બુદ્ધિનો ઉપયોગ આરાધના માટે કરી આપણે સૌ માર્ગસ્થ બની રહીએ એ જ એક શુભાભિલાષા... **—આ. વિ. ચન્દ્રગુપ્તસૂરિ.** (ક્રમશઃ)

પાટણના જ્ઞાનભંડારોનું અવલોકન

(ગતાંકથી ચાલુ) —પૂ. મુનિરાજ શ્રી પ્રશાંતરત્નવિજયજી મ.

વાડ. પાર્શ્વનાથનો જ્ઞાનભંડાર એ જેસલમેરના જ્ઞાનભંડારની નવી આવૃત્તિ છે. જેસલમેરના સંગ્રહમાં તત્ત્વ સંગ્રહ, કાવ્યમીમાંસા આદિ જે મહત્વના ગ્રંથો હતા તેને નવેસર લખાવીને તેઓશ્રીએ આ ભંડારને મહત્વનો અને ઉપયોગી બનાવ્યો છે. મલયગિરિ વ્યાકરણ સિદ્ધ હેમ વ્યાકરણ ઉપરના સ્વોપજ્ઞ બૃહન્ન્યાસ ઢુંઢિકાકક્ષાપટવૃત્તિ આદિની પ્રાચીન પોથીઓ આ ભંડારમાં છે.

શ્રી સંઘ અને તપાગચ્છનો આ બે ભંડારો ઘણા મોટા છે. આમાં ઘણું જ સાહિત્ય છે. અને ઘણાં ગ્રંથોની પ્રાચીન નકલો છે. ઐતિહાસિક સાહિત્ય આમાં વિપુલ પ્રમાણમાં સચવાયું છે. અપભ્રંશ, ગુજરાતી, રાજસ્થાની આદિ ભાષાઓની કૃતિઓ પણ આમાં ઘણી યે છે. આમ કરીને તપાગચ્છનો ભંડાર આ દ્રષ્ટિએ ઘણો જ ઉપયોગી છે. એમાં શ્રી જિનહર્ષની ઘણી કૃતિઓ તેમના પોતાના હાથે જ લખાયેલી છે. સંઘના ભંડારમાં બારસો પ્રાચીન વાડપત્રીય પ્રતિઓ છે અને તપગચ્છના ભંડારમાં સં. ૧૩૯૦ માં લખેલી હેમકાવ્યાનુશાસન અને છંદોનુશાસનમાં આદિ ગ્રંથોની પંદરેક વાડપત્રીય પોથીઓ છે. આ ભંડાર આચાર્ય શ્રી વિ.દેવસૂરિયે સ્થાપ્યો છે.એમ કહેવામાં આવે છે.

સાગરનો ભંડાર નાની નાની કૃતિઓના સંગ્રહરૂપે હોવા છતાં તેમાંના વિજ્ઞપ્તિ લેખો આદિ સામગ્રીની દ્રષ્ટિએ સંગ્રહ મહત્વનો છે. શ્રી યશોવિજયોપાધ્યાય કૃત અસ્પૃશદ્ ગતિવાદ ગ્રંથની પ્રતિ આ ભંડારમાં જ સુરક્ષિત છે.

લહેરૂ વકીલ આદિ ભંડારોમાં એકંદર સારો એવો સંગ્રહ છે. જે સંશોધનની દ્રષ્ટિએ ઘણો મહત્વનો છે.

સંઘવીપાડાના વાડપત્રીય ભંડારની સ્થાપના તપાગચ્છીય આ. શ્રી દેવસુંદરસૂરીયે વિક્રમના પંદરમા સૈકામાં કરી છે. આ સંગ્રહ 'લોઢી પોસાળનો ભંડાર'ના નામે ઓળખાય છે. લઘુલહુડી શબ્દ વિકૃત થઇને 'લોઢી' શબ્દ બની ગયો છે. આ અને શ્રી સંઘ તથા ખેતરવાસી આદિના વાડપત્રીય સંગ્રહમાં કેવી સાહિત્ય સંપત્તિ છે તેનું સમુચ્ચય નિરીક્ષણ કરી લઇએ.

આ સંગ્રહ સાતસોથી આઠસો પ્રતિઓનો છે. તેમાં સેંકડો નાના મોટા ગ્રંથો છે. વિક્રમના બારમા સૈકાના પ્રારંભથી પંદરમાં સૈકાના અંત સુધીમાં લખાયેલો આ ગ્રંથ સંગ્રહ છે. આ સંગ્રહમાં પ્રાકૃત–સંસ્કૃત–અપભ્રંશ–ગુજરાતી આદિમાં રચાયેલ ગ્રંથરાશિ છે. આમાં ચિત્ર સમૃધ્ધિ મોટા પ્રમાણમાં છે જેનો ઉપયોગ ભાઇશ્રી સારાભાઇ નવાબે ચિત્રકલ્પદ્રુમ આદિમાં અને ડો. નોર્મન બ્રાઉન આદિએ 'સ્ટોરી ઓફ કાલક'માં

કર્યો છે. સાહિત્ય સંગ્રહની દ્રષ્ટિએ આ સંગ્રહ ઘણો જ કિંમતી છે. આમ. જિનભદ્ર-ગણી ક્ષમાશ્રમણકૃત વિશેષાવશ્યક સ્વોપજ્ઞ ટીકા, પંચ સંગ્રહ, સ્વોપજ્ઞ ટીકા, શુભદ્રાચાર્ય-કૃત જ્ઞાનાર્ણવ વિ. સં. ૧૨૮૪માં લિખિત, ભદ્રેશ્વરસૂરિની કહાવલી, વાદિદેવસૂરિ કૃત ચોરાસી હજાર સ્યાદ્વાદ રત્નાકરનો દ્વિતિય ખંડ, અકલંકદેવનો પ્રમાણસંગ્રહ, બૌદ્ધ આ. શ્રી ધર્મકીર્તિકૃત હેતુબિંદુ તર્કટિકા, જયરાશિકૃત તત્વો પપ્લવસિંહ મલ્લ-વાદિકૃત–ધર્મોત્તર ટિપ્પનક, મુગ્ધાવબોધ વ્યાકરણ, પં. ઢામોદરકૃત ઉક્તિ વ્યક્તિ પ્રકરણ, સારસ્વત વ્યાકરણ, તિલકમંજરી ટિપ્પનક શાંત્યાચાર્યકૃત રામચરિત, સુકૃત રત્નાકર, સુકૃતસમુચ્ચય, લક્ષ્મણનો સુક્તિ સંગ્રહ વિનયચંદ્રની કવિશિક્ષા ભોજદેવ કૃત સરસ્વતી કંઠાભરણની આજડકૃત ટીકા, કલ્પલતા પલ્લવશેષ, વૃત્તરત્નાકરની ત્રિવિક્રમ ભટ્ટ વિરચિત ટીકા સં. ૧૨૨૧ માં લિખિત, કૌટેલીય અર્થશાસ્ત્ર ઉપર ઓગસ્તની ટીકા, સોમદેવસૂરિ કૃત નીતિવાક્યામૃત, ઢામોદરગુપ્તનું શંભલીમત અપરમાનમ કુટ્ટનીમતમ, રામચંદ્રસૂરિ કૃત રઘુવલાસનાટ, દેવપ્રભુસૂરિનું અનર્ઘરાઘવટિપ્પન, કર્પૂરચરિત વાલ ભારચૂડામણિ પ્રહસન, નિપુરઢાહડિમ, કિરાતાજર્નુનીય વ્યાયોગ, સમુદ્રમંથન સમવકાર રુક્મિણી-હરણ, ઈહામૃગ, વારાહી સંહિતા સં. ૧૩૧૩માં લિખિત, પ્રશ્નચૂડામણિ નિમિત્ત શાસ્ત્ર, લક્ષ્મણ સમુચ્ચય શિલ્પશાસ્ત્ર ઇત્યાદિ અલભ્ય દુર્લભ સંખ્યાબંધ પ્રાચીન પ્રતીઓ છે.

આ ઉપરાંત વાહિલકૃત પઉમસિરિચરિઉ, વહઠકૃત, વયસામિ ચરિઉ, ચુલસ-કખાણુ, દુહાભાઇ, રેવંતગિરિરાયુ, કવિસોલ્હણની ચચ્ચરીયો, આદિ અપભ્રંશ ગુજરાતી ભાષાની કૃતિઓ પણ આ સંગ્રહમાં છે. આ. શ્રી જિનપ્રભ આદિની તાની નાની અપભ્રંશ અને પ્રાચીન ગુજરાતી કૃતિઓનો સંગ્રહ પણ વિપુલ છે. સંશોધનની દ્રષ્ટિએ પ્રાચીન વ્યાકરણોની વ્યાખ્યાઓ.

અલંકારશાસ્ત્ર આદિ વિષયક સેંકડો ગ્રંથો છે. આજે પ્રસિદ્ધ કાવ્ય, કોષ, અલં-કાર આદિ ગ્રંથોને શુદ્ધ કરવા માટે આ પ્રાચીન પ્રતિઓ અતિ મહત્વની છે. વક્રયતિરાજનો ગઉડવહો, કુતુહલની લીલાવતી, હેમચંદ્રની દેશીનામમાલા, શિશુપાલવધ સં. ૧૨૯૬ ની પ્રતિ નૈષધકાવ્ય સં. ૧૩૦૪ ની પ્રતિ મોક્ષકરગુપ્તની તર્કભાષા પ્રવર સેનકૃત રાવણવ સેતુબંધ મહાકાવ્ય આદિની પ્રાચીન પ્રતિઓ સંશોધન માટે ઘણી ઉપયોગી છે. આ ભંડારમાંની પ્રતિઓને અંતે લખાયેલી લેખકની પુષ્પિકાઓ અનેકવિધ ઐતિહાસિક માહિતિઓથી ભરપૂર હોઇ ગુજરાતના ઇતિહાસ માટે ઘણી જ ઉપયોગી છે.

પાટણના ભંડારોનો અહીં ટુંકમાં જે પરિચય કરવામાં આવ્યો છે એ ઉપરથી આપણને સમજાશે કે આપણો સાહિત્યિક અને સાંસ્કૃતિક વારસો કેટલા વિપુલ પ્રમાણમાં છે અને આપણા જીવનિર્માણ માટે તે કેવો ઉપયોગી છે. (શાશ્વત ધર્મ)

❋ કામદેવ રાજા કથાનો ગુજરાતી અનુવાદ ❋

(ગતાંકથી ચાલુ)

અહિંયા જાપ ત્રણ પ્રકારનો જણાય છે. પૂર્વાનુપૂર્વી, પશ્ચાનુપૂર્વી, અનાનુપૂર્વી, જે કોઇપણ પાઠ કરવો હોય તે પાઠના પદોના ક્રમથી પાઠ ભણે તે પૂર્વાનુપૂર્વી. આ જાપમાં મન સ્થિરતા માટે કમલ બનાવવા વડે કરવું પહેલા પદના ઉચ્ચારણમાં કમલની કર્ણિકામાં સફેદ રંગના આઠ પ્રાતિહાર્યથી યુકત અરિહંત ભગવાનનું ધ્યાન કરવું. બીજા પદના ઉચ્ચારણમાં લલાટ ઉપરના પાંદળામાં રહેલા સિદ્ધાસને બેઠેલા લાલ રંગના સિધ્ધ ભગવાનનું ધ્યાન કરવું. ત્રીજા પદના ઉચ્ચારણમાં જમણી બાજુના ઉપરના પાંદડામાં પ્રવચન મુદ્રાવાળા સૂરીમંત્રનું ધ્યાન કરતા પીળા રંગના આચાર્ય ભગવંતનું ધ્યાન કરવું. ચોથા પદના ઉચ્ચારણમાં ડોકમાં રહેલા પશ્ચિમ પાદળાં પર રહેલા શિષ્યોને ભણાવતા લીલારંગના ઉપાધ્યાય ભગવંતનું ધ્યાન કરવું.

પાંચમા પદના ઉચ્ચારણમાં ડાબી બાજુના પાંદળામાં કાયોત્સર્ગ મુદ્રામાં રહેલા કાળા રંગના સાધુ ભગવંતનું ધ્યાન કરવું અથવા આ પાંચપદનું કમળમાં કહ્યા પ્રમાણે સ્થાનોમાં સ્ફટિક વર્ણવાળા પરમેષ્ઠિઓનું ધ્યાન કરે તો તેના બધા કર્મો નાશ પામે, બધા રોગો દૂર થાય છે. એ પ્રમાણે કેવલિ ભગવાન પાસે સાંભળીને રાજા વિધિ વડે નમસ્કારનો લાખ જાપ કરીશું એવું નિશ્ચય કરીને કેવલિ ભગવાને નમસ્કાર કરીને બોલ્યો–આપના વડે સારૂં કરાયું. હું પરમેષ્ઠિ તત્વોનો જાપ જપીશ. કરોડો ઉપકાર વડે પણ મારાપતા ઋણ વગરનો નહિ થાવું. એ પ્રમાણે પ્રતિવચન વડે મિત્ર દેવને છોડીને પોતાના નગરમાં આવીને ઉદ્ઘોષણા કરાવીને સ્વસ્થ ચિત્તવાળા થઇને પત્નિ સાથે પરમેષ્ઠિ મંત્રનો યથોકતવિધિ વડે લાખ જાપની શરૂઆત કરી છે.

સવારના થોડા પાણીથી સ્નાન કરી સફેદ વસ્ત્રો પહેરી કર્યું છે. આયંબિલતપ એવા શ્રી સર્વજ્ઞને પૂજીને અખંડ શીલવ્રત પાળી ત્રણસો ચોવીશથી જાપ જપે છે! સવારે, મધ્યાને અને સાંજે અખંડ ચોખા વડે કરે છે. એ પ્રમાણે એકસો આઠ આયંબિલ તપની સાધનાથી લાખ જાપ પૂર્ણ કરીને, બાકી રહેલું અંતરાય કર્મ નાશ પામ્યું ત્યારે પારણાના દિવસે બધા જિન મંદિરોમાં પૂજાઓ કરાવીને દિન અદિનને ઉચિત્ત દાન આપીને સાર, સ્નિગ્ધ ખોરાક વડે બધા સાધર્મિકને ભોજન કરાવીને સાધુઓને શુધ્ધ આહાર વહોરાવીને સફેદ ખીર અને ઘી વડે પારણું કરીને બધા સંસારના વ્યવહારોને પૂર્ણ કરીને સુખેથી સૂઈ ગયા છે. ત્યારે એ પ્રમાણે કોઇ પુણ્યવાન જીવ ગર્ભમાં આવે છે.

કામદેવ પ્રભાવ વડે બધી દિશાઓમાં ઉદ્યોત કરીને કંઇક ઢુંઢણું એવું બિંબ મારે તરફથી ક્ષિપ્ત મંડળ એવા સૂર્યને મારા પેટમાં સ્થાપન કરીને આવા પુત્રને મેળવ. એ પ્રમાણે વરદાન આપીને અદૃશ્ય થઇ ગયા. સુખેથી સુતેલી રાણીએ સ્વપ્નને જોઇને મધુરવાણી વડે ઉઠેલા રાજાને કહ્યું—રાજાએ પણ સૂર્ય સમાન તેજસ્વી પુત્ર તારા નસીબમાં છે પણ બિંબની અંદર રહેલા ઢુંઢણાપણાને હું જાણતો નથી એમ કહ્યું—તેટલામાં તો શંખના અવાજ વડે આખા નગરમાં પંડિતોએ મંગલ પાઠ કર્યો કે--કંઇક ઢુંઢણું બિંબપણ તેજ વડે દિશાઓને પ્રકાશિત કરતું અને જે ક્રમથી કાંતિવાળું બિંબ થવાનું છે. તે સૂર્ય તમોને આનંદ આપે. આથી તે સ્વપ્ન ફલની ઉપશ્રુતિ સાંભળીને પ્રમોદથી ખુશ થતી રાજપત્ની શુકુનની ગાંઠ બાંધીને પહેલાની જેમ પુણ્યને કરતી એવી એ સારા કામમાં શુભ સમયે બધા લક્ષણયુકત પુત્રનો જન્મ આપ્યો.

પુત્ર વગરના રાજાને પુત્રની પ્રાપ્તિ થવાથી વિશેષ આનંદનું કારણ હોવાથી અનેક જગ્યાએ મહોત્સવો કરાવ્યા અને પુત્રની શુદ્ધિ પછી સ્વપ્ન પ્રમાણે કામદેવ એવું માતપિતાએ નામ રાખ્યું અને તે સુદ પક્ષમાં ચંદ્રની જેમ અને નંદનવનમાં કલ્પવૃક્ષની જેમ દરરોજ વધતા જતાં કમલના પુષ્પની જેમ અનેક રાજાઓના ખોળામાં રમાડાતો હતો. કોને આ જોઇને આનંદ ન થાય એ પ્રમાણે પાંચ વર્ષ ગયે છતે કામદેવને રાજાએ મહોત્સવ પૂર્વક સ્કુલમાં ભણવા માટે મૂકયો ! અને તે જ સમયે વિપક્ષના પક્ષથી પીડાતો પોતાના દેશને જાણીને ભંભાવાદના અવાજ પૂર્વક પૂરા સૈન્ય સાથે પોતે દેશની રક્ષા માટે ચાલતો થયો. અહિંયા કુમાર પંડિતો વડે યથોચિત ભણવા વડે અને ઘણા ખરાબ શબ્દો સાંભળવા વડે પણ પહેલાના કર્મથી એક અક્ષરનો પણ બોધ પામ્યો નહિં !

એ પ્રમાણે સોળ વર્ષ વિતી ગયા. અહિંયા રાજા દુશ્મનોને જીતીને દેશના સ્વાસ્થ્યને ઉપાર્જિને ઘણાંય રાષ્ટ્રો પર પોતાની આજ્ઞાને સ્થાપીને નગરમાં આવ્યો. કુમાર પણ પાંચ પતાકા આદિ વડે નગરને, અલંકારીને સામે જઇને ભૂમિ ઉપર મૂકયું છે જેને ભાલ એવા એ રાજાને પ્રણામ કર્યા. રાજા પણ પગલે પગલે થતા ઘણા જ ઉત્સવ પૂર્વક નગરમાં પ્રવેશીને પહેલાના સિંહ દ્વારમાં સિંધુરથી ઉતરીને સર્વોત્તમ વેળામાં સિંહાસન ઉપર બેઠા પ્રણામ કર્યો છે. જેને આગળ બેઠી છે જે અને સ્પષ્ટ રાજલક્ષણથી શોભતો પુષ્કળ પ્રકાશ વડે પ્રકાશી અને રૂપથી જીત્યા દેવોને જેને એવા કામદેવ પુત્રને જોઇને બધા ગુણોથી સંપૂર્ણ એવો મારો આ પુત્ર યૌવનને પામ્યો છે. કંઈ કન્યા ધન્ય હશે કે જે આનું પાણી ગ્રહણ કરશે. આ પ્રમાણે જ્યાં ચિંતન કરતો

હતો ત્યાં જ દ્વારપાળથી નિવેદન કરાયેલો કોઇ દૂત સભાની વચમાં આવીને રાજાને પ્રણામ કરીને પોતાને આવવાનો હેતુ કહે છે.

હે રાજન ! વારાણસી નગરીમાં સર્વ શત્રુરૂપી સમુદ્ર માટે સૂર્ય સમાન ત્રાસ પડાવનાર સિંહ સમાન સિંહ જેવો શ્રી વીરસિંહ રાજા પ્રજાનું પાલન કરે છે. તેની અંતપુરીરત્ન શીલકૃત્યયત્ન પુષ્કળ ગુણની શ્રેણીવાળી છે. તે બંનેની પુત્રી નિરૂપમ રૂપવાળી લાવણ્ય–શીલકાંતિ, બુદ્ધિથી યુકત પ્રજ્ઞા પ્રમુખ ગુણ પાત્ર સૌભાગ્ય વૃક્ષની મંજરી જેવી સૌભાગ્યમંજરી છે. તે બધી કલાઓને જાણીને નવતત્વ આદિ જિનેશ્વર ભગવાને કહેલા વિચારને જાણવા વડે સમ્યકત્વમાં દૃઢ છે. ત્યારે તે કલાચાર્ય વડે તેને રાજા પાસે લઈ જવાઇ રાજાએ પોતાના ખોળામાં બેસાડીને પરિક્ષા માટે આ શું શું જાણે છે. તે પંડિતને પૂછ્યું–પંડિત વડે કહેવાયું મહારાજ આપ જ પરીક્ષા કરો.

રાજાએ કહ્યું હે બેટા ! પૂછેલા પ્રશ્નોનો બરાબર જવાબ આપીશ કન્યાએ કહ્યું–પિતાના મનને ગુરૂના આદેશથી રાજાએ પંડિતને કહ્યું–પ્રશ્ન કરો. પંડિતે કહ્યું–હે બેટા ! સાવધાનીથી જવાબો આપ. કન્યાએ કહ્યું પંડિતજી યથારૂચિ પ્રશ્ન કરો. હવે કેવી રીતે પ્રશ્નોત્તરી થાય છે. તે આખી સભામાં આશ્ચર્ય સહિત જોવાયું. લક્ષણ, સાહિત્ય, છંદ, અલંકારો આદિ વિષયવાળાના પ્રશ્નોના જવાબો કલ્પના વડે અપાયેલ. પંડિતે તે પ્રમાણે પરીક્ષા માટે પૂર્વપક્ષ કર્યો હતો ! હે બાળક આ સંસારમાં લક્ષ્મી જ સાર છે, બધા કાર્યોનું સાધકપણું હોવાથી સર્વ ધર્મ, અર્થ, કામની સિદ્ધિનું કારણ લક્ષ્મી છે. તેના વગર બીજો કોઇ શકિત વડે એક પણ નિર્માણ થતું નથી. આથી સર્વ કાર્યોનું સાધક પણું તો દૂર રહો પણ આની કૃપા વડે બધા દોષો પણ ગુણ થઇ જાય છે. ધનવાનનો ક્રોધ હોય તો તેને તેજ કહેવાય. ધનવાનો ગ્રહ સ્થિતિ બને છે. ધનવાન દુરાચાર કરેતે ક્રિડા કરે છે. કહેવાય.

માયા કરે તો વ્યવહાર કુશલતા છે. અજ્ઞાનની બુદ્ધિ સ્વચ્છ બને છે. બરાબ બોલે તો સારૂં લાગે છે. ધનવાન આગળ ડાહ્યા માણસો વડે જેના (લક્ષ્મીના) વશથી તેની સાથે દોષમાં પણ ગુણપણા વડે વ્યવહાર કરે છે. ધનથી વિશિષ્ટ ધન વડે નીચ કુલવાળો કુલીનવાળો કરાય છે. ધનવડે ફરી પાપ ચીતરી જાય છે. માટે તે લક્ષ્મીને નમસ્કાર થાય ! લોકમાં કાંઇ નથી માટે લોકો પૈસા કમાવો, પૈસા કમાવો. ભૂખ્યા વડે વ્યાકરણ ભણવાતું નથી. તરસ્યા વડે કાવ્યરસ પીવાતો નથી. છંદ વડે કોઇના કુલનો ઉદ્ધાર થયો નથી. માટે સોનું લેવું કરો. બીજી બધી કળા નિષ્ફળ છે. એ પ્રમાણે પંડિત વડે કહે છતે. મધુર કોયલની જેમ સ્વર ઝરતી કન્યાએ કહ્યું–પંડિતરાજ એવું ન બોલો નારૂં કહેવું સાંભળો. (ક્રમશઃ)

શ્રીમદ્ વિજય રાજતિલક સૂ. મ. ૨૭ વર્ષ બાદ પાલિતાણાની પુણ્યભૂમિમાં જ્યારથી વિ. સં. ૨૦૫૩નાં ચાતુર્માસાર્થે પધાર્યા. ત્યારથી અનેકવિધ શાસન પ્રભાવક કાર્યોની હારમાળા સર્જાતી રહી છે.

પૂ.શ્રીની નિશ્રામાં ચાતુર્માસ આયોજક પિંડવાડા નિવાસી શાહ લાલચંદજી છગનલાલજી પરિવાર તરફથી તથા મહેતા કુંદનમલજી તારાચંદજી પરિવાર તરફથી ઉપધાન તપની આરાધના પણ ખુબ જ સુંદર રીતે ચાલી રહી છે. આરાધકે ઉલ્લાસ પૂર્વક આરાધના કરી રહ્યા છે.

તપોમૂર્તિ પૂ.શ્રીની ઐતિહાસિક અને હેરત પમાડનારી વર્ધમાનતપની ૬૦૦+ ૧૦૦+૮૮ મી ઓળીની મંગલમય પૂર્ણાહુતિ નિમિતક ૫૪ દિવસના ચાલી રહેલા અભૂતપૂર્વ જિનભક્તિ મહોત્સવની અંતર્ગત નવાહ્નિક મહોત્સવ ખૂબ જ રંગેચંગે ઉજવાઈ જવા પામ્યો. આકર્ષક પત્રિકા દ્વારા આમંત્રણ સ્વીકારીને તપોત્સવને ઉજવવા વિશાળ પ્રમાણમાં પુણ્યાત્માઓ ઉમટી પડેલ. નવપદ મહાપૂજન, નવાણું અભિષેક મહાપૂજા, ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજના, શ્રી અર્હદ્ અભિષેક મહાપૂજના, શ્રી બૃહદ્ અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર, જળયાત્રાનો વરઘોડો આદિની સાથે વિવિધ સંગીતકારે ભવ્ય અંગરચનાઓ વિશિષ્ટ પ્રભાવનાઓ ૨૮૮ મી ઓળીની અનુમોદનાર્થે ઉભી કરવામાં આવેલ ૮૮ કમાનો ઉપર શત્રુંજય માહાત્મ્યનાં આકર્ષક ચોટદાર લખાણો પૂર્વકના પ્રભુ મહાવીર દેવની પાટ પરંપરાનાં તથા શાસન પ્રભાવક મહાપુરૂષોના ચરણે વંદના સાથેના ૮૮ બેનરોથી તળેટી માર્ગનો વિશિષ્ટ શણગાર વર્ધમાન તપના શતાધિક પાયા, વર્ધમાન તપની ઢગલાબંધ ઓળીયો, વિશિષ્ટ ચૈત્યપરિપાટી, પ્રેમ-વિહારમાં થયેલ પધરામણી આદિથી ઉત્સવ ચિરસ્મરણીય રહેવા પામ્યો.

આસો વદ ૮ ગુરૂવાર તપ અનુમોદન દિને પૂ.શ્રીનાં મંગલાચરણ પૂર્વક ગુરૂગુણ ગીતથી પ્રારંભાયેલ કાર્યક્રમ લગભગ ચાર કલાક ચાલેલ. અનેક મહાત્માઓનાં પ્રવચનો થવા પામેલ. ગુરૂપૂજનની (૧ લાખ ૯૯ હજારની) બોલી ઓલીને ચાતુર્માસ આયોજક શા લાલચંદજી છગનલાલજી પરિવારે લાભ લીધેલ. જીવદયાની વાત મૂકાતા મહોત્સવ આયોજક તરફથી ૨ લાખ ૮૮ હજારથી જીવદયાની ટીપનો પ્રારંભ થતાં ખૂબ સુંદર સહકાર જીવદયામાં પ્રાપ્ત થયેલ. ત્યાર બાદ કદંબગિરિ-પાલિતાણા, પાલિતાણામાં ઉપધાન માળ તથા પાલિતાણા ગિરનાર છરીપાલક સંઘની વિનંતિઓ સ્વીકારાઈ ચૂકેલ હોવાથી આગામી પ્રોગ્રામોની નિશ્રા પ્રદાન કરવાની વિનંતિઓનો સિલસિલો શરૂ થતાં પૂજ્યશ્રીએ—

(અનુ ટાઈટલ પેજ ૩ ઉપર)

આવાં પર્યુષણ તો પહેલીવાર જ જાણ્યા–માણ્યા

'સૂરિરામ' ના શિષ્ય–પ્રશિષ્ય વર્ધમાન તપોનિધિ પૂ.આ.શ્રી વિ. ગુણયશસૂરીશ્વરજી મ. સા. તથા પ્રવચન પ્રભાકર પૂ. આ. શ્રી વિ. કીર્તિયશસૂરીશ્વરજી મ. સા.ની નિશ્રામાં પર્વાધિરાજ પર્યુષણા મહાપર્વની અત્યંત અનુમોદનીય–અભૂતપૂર્વ–ઉલ્લાપૂર્ણ આરાધનાઓ થવા પામી હતી. ઉપજના જૂના રેકર્ડ તૂટ્યા હતા. શાસનની ઊંચી પરંપરાના અણિશુદ્ધ પાલનના શિલારોપણ પણ થયાં હતાં તેમ જ શાસનની ઉજ્જવળ પ્રભાવનાનો કીર્તિધ્વજ આકાશમાં ઊંચે લહેરાયો હતો.

કોણે પોતે આ પર્વાધિરાજની ઉજવણીને માણી છે તે જ વાસ્તવિક રીતે તેને જાણી શકે. તો શબ્દમાં એ પ્રસંગોની જીવંતતા કયાંથી લાવી શકાય છતાં દૂર–સુદૂર રહેલા ધર્મપ્રેમીઓ પણ ધર્મના ઊંચા બહુમાનની વાતોને માણી શકે, એટલા માટે એક આંતરી શબ્દ ઝલકને ઝીલવાનો આ પ્રયાસ કર્યો છે.

પર્યુષણા મહાપર્વના પ્રસંગે ચોળાયેલો સાધર્મિક વાત્સલ્યનો અનુપમ અદ્વિતીય અપૂર્વ પ્રસંગ :

પર્યુષણ મહાપર્વના અવસરે સાધર્મિક વાત્સલ્ય કર્તવ્ય ઉપર પૂજ્ય આચાર્યશ્રીએ સમાજણ આપતાં જણાવ્યું હતું કે, ભૂતકાળમાં આવા અવસરે સંઘગત સાધર્મિક વાત્સલ્યો થતાં, જેથી કોઇનેય ઘરકામની–રસોઇની ચિંતા રહેતી નહિ અને વ્યાખ્યાન પ્રતિક્રમણ દિક દરેક અનુષ્ઠાનોમાં સંઘની આબાળવૃદ્ધ એક એક વ્યક્તિ જોડાઇ શકતી. વાલકેશ્વર જેવા સુખી વિભાગમાં એક પુણ્યશાળી પણ ધારે તો આવી ગોઠવણ કરી સુંદર લાભ લઇ શકે. આ રીતે કરવામાં આવે તો આ કાળમાં પણ જૈનશાસનની અપૂર્વ પ્રભાવના થાય.

પૂજ્યશ્રીની આવી સુંદર – ઉપદેશધારાને નયનબાળાબહેન બાબુભાઇ જરીવાલા પરિવારવાળા શ્રીયુત કલ્પનેશભાઇ જરીવાલાએ સહર્ષ ઝીલી આઠે દિવસ સંઘ સાધર્મિક વાત્સલ્યની પોતાના પરિવાર તરફથી કરવાની વિનંતી સંઘને કરતાં સંઘે રજા આપી હતી અને તે પ્રમાણે એવી અજોડ ઉદારતાપૂર્વક આયોજનબદ્ધ વ્યવસ્થા ગોઠવી કે સૌ કોઇને 'અપૂર્વ' 'અભૂતપૂર્વ' કહેવાની સ્વયંભૂ ઇચ્છા જાગી જાય. એ આયોજનની વિશિષ્ટતા ખ્યાલમાં આવે એટલા પૂરતી જ કેટલીક બાબતો અમે રજુ કરી છે.

૧. આઠેય દિવસ ચંદનબાળા–શ્રીપાળનગર વ્યાખ્યાનમાં પ્રત્યેક સાધર્મિકોને લાભ આપવાની વિનંતી.

૨. આઠ દિવસ વીણા હોલમાં દરેક સાધર્મિકને પાટલે બેસાડીને ભક્તિ.

૩. સવારે ૮–૦૦ થી છેક બપોરે ૪–૦૦ વાગ્યા સુધી અખંડ ભક્તિ

૪. સમગ્ર પરિવારે હાજર રહી પ્રેમપૂર્વક આવકાર–આગ્રહ સાથે ભક્તિ કરી.

૫. શરણાઇ વાદન–સૂરોની સરગમમાં ભક્તિ.

૬. હજારો સાધર્મિકોની દુધે પગ ધોઇ બહુમાનપૂર્વક અનેકવાર મોટી રકમોથી સંઘપૂજન.

૭. પાટલે પાટલે ઊંચા–સુગંધી ધુપ પ્રગટાવાયા.

૮. પીરસનારા ભાઇઓને નવીનક્કોર કપડાંની જોડી બક્ષીસ, લેંઘા ટોપો આપ્યાં.

૯. કોઇપણ સાધર્મિકને કોઇ પણ અગવડ ન પડે તેનું પુરૂં ધ્યાન રખાયું.

૧૦. જયણાનું ઊંચું લક્ષ્ય રખાયું.

૧૧. એકાસણાં–બિયાસણાં–પૌષાર્થીની સુંદર સગવડ.

૧૨. સૂર્યોદય બાદ જ ચૂલી પ્રગટાવી રસોઇ બનાવાઇ.

૧૩. નિર્વિષ અને ઉત્તમ કોટિનાં અનાજમાંથી બનેલ દ્રવ્યો દ્વારા ભક્તિ.

૧૪. ગુણીબંધ તાજી ફોડેલી ઉસ્માની બદામનો મીઠાઇમાં ઉપયોગ.

૧૫. ૨૫ થી ૩૦ શુદ્ધ–વાનગીઓથી ભક્તિ.

૧૬. ડેરીના દોષથી રહિત ચોખ્ખા દેશી ઘીનો વપરાશ.

૧૭. મીઠાઇ ઉપર સોનાના વરખ લગાડાયા.

૧૮. આયોજન સંભાળનારા 'શ્રી જૈન શાસનમ્' પરિવારના પાંચેય સાધર્મિકો (૧) હસમુખભાઇ (ઢાઢા), (૨) પારસભાઇ (૩) શૈલેષભાઇ ઊંબરીવાળા (૪) મહેન્દ્રભાઇ દુધવાળા અને (૫) અનિલભાઇ મનુભાઇનું સોનાની વજનદાર ચેઇનો પહેરાવી ભક્તિ કરી.

૧૯. પાંચેય સાધર્મિકોએ બધી જ ચેઇનો પ્રભુજીના કંઠે સમર્પિત કરી ઊંચો આદર્શ પ્રસ્થાપિત કર્યો.

૨૦. જરીવાલા પરિવારે શ્રી બારસાસૂત્રને અને ચતુર્વિધ શ્રી સંઘને સોનાના મણકાઓ અને સાચા મોતીઓથી હૈયાના ભારે ઉલ્લાસપૂર્વક વધાવ્યાં.

૨૧. શ્રીસંઘે જરીવાલા પરિવારનું બહુમાન કરવાનો નિર્ણય કરતાં પરિવારની બહુમાન સ્વીકારવાની સર્વથા નામરજી છતાં સંઘના અતિઆગ્રહથી સ્વીકાર કરવો પડયો.

૨૨. અનિલભાઇ મનુભાઇ (ઘાટકોપર) પરિવારે ઊંચી રકમની ઉછામણી બોલી બહુમાન કર્યું.

સંવત્સરી મહાપર્વના દિવસે ચંદનબાળા તથા શ્રીપાળનગરમાં પ્રતિક્રમણ કરનાર

પ્રત્યેક આરાધકોનું સાધર્મિક વાત્સલ્ય અને સર્વ તપસ્વીઓના પારણાંનો લાભ પણ જરીવાલા પરિવારે લીધો હતો. તે માટે પણ ઉપરોક્ત વિશિષ્ટતાઓથી સભર વ્યવસ્થા ગોઠવી હતી. પધારનાર સૌ ભક્તિની રીત અને તેની પાછળનું શાસન સમર્પિત ઉદાર હૈયું જોઈ આફરીન પોકારી અંતરની અનુમોદના કરી ગયા હતા. સવારે ૮–૦૦ થી બપોરે ૪–૦૦ વાગ્યા સુધી પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી આરાધના ભવનના વિશાળ પ્રવચન ખંડમાં આ ભક્તિ રાખવામાં આવી હતી. આ પ્રસંગે સહજપણે અનુમોદનાના ઉદ્‌ગારો લોકજીભે સરી પડ્યા હતા.

* વાલકેશ્વરના આજ સુધીના ઇતિહાસમાં સૌ પ્રથમવાર આટલો માનવ મહેરામણ.
* આવું ઉદાર ભક્તિ અમે અમારાં ૭૫ વર્ષમાં જોઇ નથી.
* ગજબ વ્યવસ્થા, ગજબ વિધિપૂર્વકનું વિવેકભર્યું આયોજન, ધન્ય શાસન.
* સુંદર જયણાનું પાલન કરાયું.
* એમના આવકારની રીતથી જ અમે ગદ્‌ ગદ્‌ થઇ ગયા, પછીની ભક્તિની વાત કરવા શબ્દો નથી.
* આવ દિવસોમાં આટલી મોટી સંખ્યામાં આરાધકોની આવી સુંદર ભક્તિ કયારેય કલ્પી ન હતી.
* કયાંય પડાપડી નહીં. બધું આયોજન વિશિષ્ટ.
* પૂજ્યશ્રીની પ્રેરણાને બરાબર ઝીલી. ધન્ય છે. પુણ્યશાળીને !
* આ કાળમાં પણ શાસનને જયવંતુ રાખનાર આવા પુણ્યાત્માઓ છે.

સુશ્રાવક કલ્પનેશભાઇએ સમગ્ર આયોજન પોતાના માતુશ્રીના હાથે–તેમના નામે જ કરીને માતૃભક્તિનો પણ એક ઉજળો આદર્શ રજુ કર્યો હતો.

* **વ્યાખ્યાનોની ઝીલવટ :** પ્રવચનકાર આચાર્યદેવશ્રીએ આ ૮ દિવસ પ્રભાવક શૈલીમાં પ્રવચનો ફરમાવ્યાં હતા. રોજના મુંબઇના સૌથી મોટા પ્રવચનખંડનો દરેક વિભાગનો ખુણેખુણો ભરાઇ જાય તેટલું માનવ મહેરામણ ઉમટતું હતું. ત્રણ કલ્પાકનાં વ્યાખ્યાનો તો રોજીંદી બાબત બની ગયાં હતાં. ગણધરવાદ અને સ્થવિરાવલીનાં વ્યાખ્યાનો બપોરે બે થી સવાપાંચ સુધી નોન-સ્ટોપ ચાલ્યાં હતાં. એકેએક વ્યક્તિએ એકીટસે સાંભળી અપૂર્વ શ્રુતની પ્રાપ્તિ કરી હતી.

* **અદ્‌ભૂત ઉપજ :** સકામહાર કામધેનુ જેવી જૈન શાસનની અનેક ઉછામણી પદ્ધતિની પ્રભાવકતામાં ચાંદ લગાડવા માટે હૈયાની ઉદારતા ય મહત્વપૂર્ણ ભાગ

ભજવે છે. પુ.શ્રીના દાનધર્મ પ્રેરક બોધવચનો ઝીલી વાલકેશ્વરના ધનાઢ્યોની ધનની મૂર્છા તોડી બધા ખાતાંઓ તર કરી દીધાં. એકલા પર્વાધિરાજના ગાળામાં જ દેવદ્રવ્યાદિ ખાતાઓમાં આશરે ૫૫ લાખ જેટલી માતબર ઉપજ થવા પામી હતી. શ્રીપાળનગરના આંગણે જન્મવાંચન પ્રસંગે પુ.શ્રી પધારતાં ત્યાં–પણ આવી જ પ્રભાવક ઉપજ થવા પામી હતી.

* **ચોસઠ પહરી આદિ પૌષધ :** પર્યુષણા પર્વમાં ખાસ આરાધવા યોગ્ય એક કર્તવ્ય તરીકે પૌષધ છે. મુંબઇના વિષમ વાતાવરમાં આ કર્તવ્યનું આરાધના મુશ્કેલ છે. સમિતિઓનું પાલન આકરું બને છે. છતાં આઠ દિવસના પૌષધમાં ૪૫ ભાઇઓ જોડાયા હતા. (બહેનો અલગ) પ્રથમ દિવસે સો ઉપરાંત ભાઇઓ અને સંવત્સરીના દિવસે દોઢસોથી વધુ સંખ્યામાં ભાઇઓએ પૌષધ કર્યા હતા. સમિતિ બરાબર પળે એ માટે અઠ્ઠાઈ કરીને ય આરાધકોએ પૌષધ કર્યા હતા. તો વળી ઘણાએ છઠ્ઠ–ઉપવાસ–અઠ્ઠમ કરી સમિતિના બરાબર પાલનપુર્વક પણ પૌષધ કર્યા હતા. સૌનું સંઘે સુંદર બહુમાન કર્યું હતું.

* **વિભિન્ન તપશ્ચર્યાઓ :** તપની અનુપમ આરાધના દ્વારા પર્વાધિરાજની ઉપાસના કરવામાં ઘણા ભાગ્યવંતો જોડાયા હતા. દોઢમાસી–માસક્ષમણ–૧૬ ઉપવાસ–સિદ્ધિતપ–શ્રેણિતપ, સિંહાસન તપ, ચત્તારી અઠ્ઠ દસ દોય તપ, દસ ઉપવાસ દ્વાદશાંગી તપ, મોક્ષદંડક તપ, અઠ્ઠાઇ તપ, ભદ્ર તપ વગેરે અનેકવિધ તપો સારી સંખ્યામાં થવા પામ્યા હતા. છ વર્ષના બાલુડા તન્યકુમારે અપ્રમત્તપણે અઠ્ઠાઇ તપની આરાધના કરી હતી. જેનું સંઘે પુજનાં ચાંદીના ઉપકરણો દ્વારા બહુમાન કર્યું હતું.

* **અનુમોદનાનું કારણ :** ૮ વર્ષના ચૈત્યકુમારે હમણાં જ અતિચાર નવા કંઠસ્થ કર્યા અને પજુષણામાં ચૌદસે ચડાવો લઇ ઘણી સારી રીતે બોલ્યા. અક્ષરશુદ્ધિ જોઇ મોટાઓને પણ મોઢામાં આંગળા નાખવાં પડ્યાં હરખાતાં હૈયા સાથે ચૈત્યકુમારનું ચાંદીની થાળી–વાટકી વગેરે ઉપકરણોથી સુંદરતમ બહુમાન કરાયું.

* ૭ વર્ષની જ બાળકી કુમારીએ હાલરડું ગોખ્યું. સાંજે પ્રતિક્રમણ સમયે વીર જન્મને વધાવવા માટે ! ચડાવો લેવો હતો, સામે મોટી પાર્ટી આવી ગઇ. બાળકીએ કલ્પનામાં ન આવે એવી રસાકસી સાથે સવા લાખ રૂપિયા જેટલી માતબર રકમ બોલીને ચડાવો લીધો અને મધુર કંઠે હાલરડું ગાઇ પોતાના પ્રાણપ્યારા વીરપ્રભુને હુલરાવ્યા. ધન્ય જિન શાસન કે જેમાં આવાં બાળ–રત્નો વિરાજે છે. આરાધક બહેનોએ સોનાની ચેન પહેરાવી તેનું બહુમાન કર્યું.

* **ભવ્યતમ અંગરચના :** ભાદરવા સુદ ત્રિ. ૧ ના દિવસે તેમજ સંવત્સરીએ શ્રી મહાવીર પ્રભુ તેમજ શ્રી પાર્શ્વનાથ પ્રભુને અત્યંત નયનરમ્ય અંગરચના રચાઇ હતી. બેસતરીન ફૂલોનો શણગાર, દીપકોની રોશની, જળકુંડમાં ચૌદ સ્વપ્નોની રચના, શરણાઇ વાદન, ક્રીમતી ધૂપ–અત્તરોની મહેંક વગેરેથી વાતાવરણ દિવ્ય બની ગયું હતું. દરેક જિનબિંબોની મનહર અંગ રચના કરાઇ હતી. જેને જોવા માટે રાતના મોડે સુધી એકસરખી માનવભીડ ઉમટી હતી.

સંવત્સરીના દિવસે મહાવીર પ્રભુના રંગમંડપમાં સજળ પાવાપુરી મહાતીર્થની તેમજ પાર્શ્વનાથ પ્રભુના રંગમંડપમાં શંખેશ્વર મહાતીર્થની મનમોહક રચના પણ કરાઇ હતી. જે માટે પાલીતાણા અને પુનાથી અત્યંત સુગંધી દેશી ગુલાબો વગેરે ફૂલો મંગાવ્યા હતા. સંઘના વિવિધ ભાઇઓ–બહેનો ઉપરાંત સુશ્રાવિકા ચેરમેન તથા રાજુભાઇ વરધોડાવાળાઓએ તનતોડ મહેનત કરી હતી. એ ઉપરાંત રોજરોજ પણ મોહક આંગીઓ વિભિન્ન ભાઇઓ તરફથી થઇ હતી.

* **ગુરૂપૂજન :** શ્રી કલ્પસૂત્ર વાંચનના દિવસે વાંચના પ્રદાતા ગુરૂદેવેશનું નવાંગી ગુરૂપૂજન કરવાનો લાભ છ આંકડા જેટલી માતબર ઉછામણી બોલીને મુદ્રાબેન નાણાવટીએ તથા સંવત્સરીના દિવસે ભાઇલાલભાઇ વર્દીચંદ પરિવારે લીધો હતો. બંને પરિવારોએ સુવર્ણ–રૌપ્ય મુદ્રાઓ મુકવાપૂર્વક નવાંગી ગુરૂપૂજન કરી ગુરૂ પ્રત્યે સમર્પણભાવ દાખવ્યો હતો.

* **કલ્પસૂત્રની સોનાની જવલાની ગહુંલી :** કલ્પસૂત્રની પુજા અને ગુરૂ-પુજનનો અનેરો લાભ લેનાર મુદ્રાબેન નાણાવટીએ અત્યંત ભક્તિભાવથી પ્રેરાઇને ૭૦ ગ્રામ સોનાના સ્પેશ્યલ નકકર જવલા બનાવરાવી તેનાથી સ્વસ્તિક રચાવી પુજા કરી હતી. શ્રેષ્ઠિક મહારાજા પ્રભુ મહાવીર સ્વામીજી જે દિશામાં વિચરતા તે દિશા સન્મુખ રહી રોજ સોનાના અક્ષતોથી સ્વસ્તિક કરતા હતા એ શાસ્ત્રાંકિત વાતની સૌને આ સમયે યાદ આવી હતી.

* **સુવર્ણાક્ષરીય પ્રત વાંચન :** આ વખતે પ્રથમ જ વાર પુ. આ.દેવશ્રીએ દીલીપભાઇએ લખાવેલ સોનાની શાહીથી લખેલ અત્યંત મૂલ્યવાન બારસાસૂત્રની પ્રતનું સંઘ સમક્ષ વાંચન કર્યું.

* **વાર્ષિક અગિયાર કર્તવ્યોની ઉજવણી :** વિવેકી શ્રાવકોએ દર વર્ષે કરવાના અગિયાર કર્તવ્યોની ભવ્ય ઉજવણી કરવા માટે સંઘશાહી દીપની શરૂઆત થતાં

સુંદર ફાળો નોંધાયો. ટુંકમાં જ દરેક કર્તવ્યની વિશિષ્ટ ઉજવણી પુર્વક દરેકનો જિનભક્તિ મહોત્સવ આયોજાયો છે.

* **વિવિધ સંઘોમાં પર્યુષણા પ્રસંગે પૂજ્ય મુનિવરોની પધરામણી :** પુ. ગચ્છાધિપતિશ્રીજીની આજ્ઞાથી પૂ.શ્રીએ વિભિન્ન મુનિ ભગવંતોને અલગ અલગ સ્થાનોએ આરાધનાર્થે મોકલ્યા હતા. દરેક સ્થળે સુંદર ઉપજ સાથે સરસ રીતે આરાધના થવા પામી હતી.

દેવકરણ મેન્શન–પુ. મુ. શ્રી વિશ્વદર્શનવિજયજી મ. સા. તથા પુ. મુ. શ્રી જગદર્શનવિ. મ. સા.

વડાલા–પુ.મુ.શ્રી વિશ્વસેન વિ. મ. સા. તથા પુ.મુ. શ્રી જિતદર્શન વિ. મ. સા.

લાલબાગ–પુ. આ. શ્રી ચંદ્રોદય સૂ. મ. સા.ની પાવન નિશ્રામાં પુ. મુ. શ્રી મતિરત્ન વિ. મ. સા.

પાવાપુરી એપાર્ટમેન્ટ–પુ. મુ. શ્રી તત્ત્વપ્રભ વિ. મ. સા. તથા પુ. મુ. શ્રી વિનયયશ વિ. મ. સા.

* **પ્રભાવનાઓ–સંઘપૂજનો :** મહાપર્વ દરમ્યાન નારીયેળ, લાડવા, સાકરના પડિકાને રોજેરોજ અનેક રૂપિયાઓથી પ્રભાવના–સંઘપુજન કરવા દ્વારા સાધર્મિકોની ભક્તિ કરાઇ હતી. હોલની બન્નેય ગાળા ચિક્કાર ભરાય તેટલી રોજની ભીડ હોવા છતાં સુંદર શિસ્તપુર્વક સૌએ વ્યવસ્થા જાળવી હતી.

* **ચતુર્વિધ શ્રી સંઘ સાથે પધરામણી :** ૩૩ ઉપવાસ, માસક્ષમણ, ૧૬ ઉપવાસ, નવ, અઠ્ઠાઇ વગેરે વિશિષ્ટ તપ કરનાર પુણ્યશાળીઓની આગ્રહી વિનંતી સ્વીકારી ચતુર્વિધ શ્રીસંઘ સાથે પુજયોએ તે–તે પુણ્યશાળીઓના નિવાસસ્થાને પધારી માંગલિક ફરમાવ્યું હતું. આ પ્રસંગે સાચા મોતીથી પુજયોને વધાવવામાં આવ્યા હતા, કેટલેક સ્થળે વિવિધ રત્નો મૂકીને નવાંગી–ગુરૂપુજન–વિશિષ્ટ રીતે સંઘપુજન વગેરે થવા પામ્યાં હતાં.

* **બહારના સાધર્મિકોની નિવાસ–ભક્તિ :** પ્રવચનમાં થયેલ પ્રસંગિક વાતને ઝીલીને પર્યુષણા પર્વ દરમ્યાન અત્રેના અનેક શ્રાવકોએ બહારગામના તેમજ દૂરના પરામાંથી આવનાર અનેક ભાઇ–બહેનોને વિનંતી કરી આઠે દિવસ આરાધના સારી રીતે કરી શકે એ માટે પોતાના નિવાસસ્થાને પધરાવી સુંદર ભક્તિ કરી હતી. દિન–દિન લુપ્ત થતા આવા ઉત્તમ સાધર્મિક–ભક્તિના અનુષ્ઠાનને કાંઇક અંશે જીવતું કરાયું હતું, જેથી ઘણા આરાધકો સુંદરતમ આરાધના કરી શક્યા હતા.

: **શેષ ચાતુર્માસ નિર્ણય** : પૂ. ગચ્છાધિપતિશ્રીજીની નિશ્રામાં પાલિતાણા ખાતે ચાતુર્માસની જય બોલાઇ ત્યારે પહેલાનું અર્ધું ચોમાસુ પૂ.આ.શ્રી રામચંદ્ર સૂ. આરાધન ભવન, ચંદનબાળા ખાતે અને બાકીનું અર્ધું શ્રીપાળનગર ખાતે–એ રીતે જાહેરાત થઇ હતી. પરંતુ અત્રે ચાતુર્માસ પ્રવેશ બાદ જે અનેરું ધર્મપ્રભાવક વાતાવરણ જામ્યું અને જુના–નવા હજારો આરાધકોને વ્યાખ્યાન–વાચનાદિનો જે અપુર્વ લાભ મળ્યો તે જોતાં અત્રેના ટ્રસ્ટીઓએ તેમજ આરાધકોએ શ્રીપાળનગરના ટ્રસ્ટીઓને તેમજ આરાધકોને પૂ.શ્રીની બાકીના ચાતુર્માસ માટે પણ અત્રે જ સ્થિરતા કરાવવા અંગે આગ્રહપૂર્વક વિનંતિ કરી. લાભાલાભનું કારણ જોઇ શ્રીપાળનગર સંઘે અત્યંત ઉદારતા દાખવી દેવા માટે અનુમતિ આપતા અત્રેના સંઘે પુ. ગચ્છાધિપતિશ્રીના ચરણોમાં પોતાની વિનંતી રજુ કરીને અને પૂ.પાદ ગચ્છાધિપતિશ્રીજીએ પણ વિશેષ લાભ જોઇ શેષ ચાતુર્માસ પણ શેઠશ્રી ભ. ક. કોઠારી રીસર્ચ ટ્રસ્ટ પૂ.આ.શ્રી રામચંદ્રસૂરિ આરાધના ભવનના આંગણે જ પૂર્ણ કરવાની આજ્ઞા કરતાં તે અંગેની વિધિવત જાહેરાત સંવત્સરીના દિવસે કરાઇ. જેને સાંભળી જોરદાર જયનાદ થયો અને સંઘના દરેક આરાધકો અત્યંત આનંદવિભોર બની ગયા. તેથી હવે શેષ ચાતુર્માસ પણ પૂજ્યો પૂ. આ. શ્રી વિ. રામચંદ્ર સૂ. આરાધના ભવન–ચંદનબાળા ખાતે જ વીતાવશે.

(અનુ. પાન ૪૨૬ નું ચાલુ)

: બળેજતીર્થમાં પોષ દશમીની આરાધનાનો.

: ૧૬ દિવસીય ભવ્ય ઉત્સવ પૂર્વક અંજનશલાકા, પ્રતિષ્ઠા, ૮ સામુહિક દીક્ષાઓ તથા હાલાર પ્રદેશનાં ૪૨ ગામોમાં અઢાર અભિષેકના ભવ્ય કાર્યક્રમની મુહુર્ત પ્રદાન કરવા સાથે થયેલ જોરદાર વિનંતિનો તથા—

: શ્રી શંખેશ્વર તીર્થે ચૈત્ર માસની શાશ્વતી ઓળીનો સ્વીકાર કરવા પૂર્વક, ચાતુર્માસ, છરીપાલક સંઘ આદિની વિનંતિઓ અંગે અવસરે વિચારીને જણાવશે એવું જણાવવા પૂર્વક પૂ.શ્રીએ સર્વમંગલ ફરમાવેલ. આઠ દીક્ષાર્થીઓનું બહુમાન થયા બાદ ૫૦ ફા.નું સંઘપૂજન થવા પામેલ.

: આ રીતે પાલિતાણાના ભવ્યતમ ચાતુર્માસની યશ કલગી સમ ઓળી પુર્ણાહુતિનો પ્રસંગ યાદગાર જાતભાત પાડી ગયો. ૫૪ દિવસનો અનેરા ઉલ્લાસ પુર્વક ઉજવાઇ રહેલ પ્રભુ ભક્તિનો ઉત્સવ વિ. સં. ૨૦૫૪ નાં વ. સુદ ૭ નાં દિને મંગલમય રીતે પુર્ણ થયેલ છે.

પૂજયશ્રી કહેતા હતા કે- -શ્રી રાણદશી



સ્વ. પ.પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્‌વિજયરામચંદ્રસૂરીશ્વરજીમહારાજ

* પ્રમાદો એ ચેતનના ચૈતન્યને હણનારા છે, પણ પ્રમાદને પરવશ થયેલું દુનિયાને એ પ્રમાદોના ત્યાગનો ઉપદેશ રૂચતો જ નથી અને એ જ કારણે સુધર્મ સામે પ્રમાદમાં પડેલાઓનો વિગ્રહ સહાને માટે અવિચ્છિન્નપણે ચાલ્યા કરે છે, એમ છતાં પણ શ્રી જિનેશ્વરદેવનું શાસન કાયમ માટે એ પ્રમાદોના પરિત્યાગ માટે એક સરખી રીતે નિયમિતપણે જોરશોરથી ઉપદેશ, એ વિગ્રહ કરનારાઓની એક લેશ પણ દરકાર કર્યા વિના, આપ્યા જ કરે છે. અને એ જ કારણે અર્થ-કામના રસિયાઓને શ્રી જિનેશ્વરદેવનું શાસન સંપૂર્ણ રીતિએ રૂચિકર થતું નથી.

* અનાદિકાલથી સંસારમાં રૂલાવનારા પ્રમાદની સામે ઉદ્યમપ્રધાન બન્યા સિવાય બીજો કોઇ ઉપાય જ નથી.

* આખી દુનિયા પ્રમાદમાં તો પડેલી જ છે. એને અર્થ-કામમાં રકત થવા કહેવાની કશી જ જરૂર અને એ માટે જ મહાપુરૂષો પ્રમાદમાત્રનો ત્યાગ કરી, ધર્મમાં જ ઉદ્યમ કરવાનું ફરમાવે છે.

* જે સિદ્ધપદને જ ન માને, તેનું તત્ત્વજ્ઞાન એળે જ જાય છે, કારણ કે- એની જ પ્રાપ્તિ માટે સઘળા તત્ત્વો માનવાનાં છે. માટે જે મોક્ષ તત્ત્વને ન માને, તે આઠે તત્ત્વને માનવા છતાં પણ મિથ્યાદૃષ્ટિ જ કહેવાય છે.

* આલંબનની શુદ્ધિ એ ચિત્ત શુદ્ધિનું પરમ કારણ છે. અને આ વિશ્વમાં એ નવપદ જેવું કોઇ શુદ્ધ આલંબન નથી.

* સાચી સ્વતંત્રતા અને સાચી સમાનતા તો સિદ્ધપદે છે.

* સાચો પરોપકાર વિશુદ્ધ સિદ્ધાંતાનુસારી દેશનામાં જ સમાયેલો છે. અને વિશુદ્ધ સિધ્ધાંતો અનુસરતી દેશના મોક્ષમાર્ગને જ પ્રતિપાદન કરનારી, પોષનારી અને ખીલવનારી છે. તથા મોક્ષમાર્ગને બતાવવા જેવો આ જગતમાં કોઇ ઉપકાર જ નથી.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રગટ કર્યું

Received
૧૫-૧૨-૮૭

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

સવિ જીવ કરૂં શાસન રસી. અઠવાડિક

ચૈત્યવંદનથી થતા લાભો

चैत्यवन्दनतः सम्यक् शुभो भावः प्रजायते ।
तस्मात्-कर्म्मक्षयः सर्वं ततः कल्याणमश्नुते ॥
(શ્રી લલિત વિસ્તરા)

ચૈત્યવંદનથી શુભાનુબંધી રૂપ પ્રકૃષ્ટ ભાવ પેદા થાય છે અને ઉત્કૃષ્ટ શુભાનુબંધી ભાવથી કર્મના ક્ષયરૂપ ફળ થાય છે અને તેથી સકલ કલ્યાણને–મોક્ષને મેળવે છે.

વર્ષ ૧૦

અંક ૧૫+૧૬

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન

卐 જ્ઞાન ગુણ ગંગા 卐

—પ્રજ્ઞાંગ

૦ ચરમતીર્થપતિ શ્રમણ ભગવાન મહાવીર પરમાત્માના શાસનમાં નવ પુણ્યાત્માઓએ શ્રી તીર્થંકરનામકર્મ ઉપાર્જન કરેલ છે.

તે અંગે શ્રી સ્થાનાંગ સૂત્રના નવમા સ્થાનમાં કહેલ છે કે–

"समणस्स णं भगवतो महावीरस्स तीत्थंसि नवहि जीवेहिं तित्थगर नामगोत्तं कम्मे निवत्तिते–

१ सेणिएणं, २–सुपासेणं, ३–उदातिणा, ४–पोट्टिलेणं अणगारेणं, ५–दढ्ढाउणा, ६–संखेवेणं, ७–सयगेणं, ८–सुलसाए साविआए, ९–रेवइएणं ।।'

ભાવાર્થ :– શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામિજીના તીર્થમાં નવ ઉત્તમ આત્માઓએ તીર્થંકર નામ ગોત્રકર્મ ઉપાર્જન કર્યું છે.

૧–શ્રી શ્રેણિક મહારાજા, ૨–શ્રી સુપાર્શ્વ મહારાજા, ૩–શ્રી ઉદાયિ મહારાજા, ૪, શ્રી પોટ્ટિલ અનગાર, ૫–શ્રી દૃઢાઉ, ૬–શ્રી શંખ શ્રાવક, ૭–શ્રી શતક શ્રાવક, ૮–શ્રી સુલસા શ્રાવિકા અને ૯–શ્રી રેવતી શ્રાવિકા.

૦ ચાર સ્થાનોમાં જગતમાં અંધકાર થાય છે. તે અંગે શ્રી સ્થાનાંગસૂત્રના ચોથા સ્થાનના ત્રીજા ઉદ્દેશામાં કહ્યું છે કે,


"चउहिं ठाणेहिं लोगंधयाये सिया, तं जहा– १–अरिहंतेहिं वोच्छिज्जमाणेहिं, २–अरहंतपन्नत्ते धम्मे वोच्छिज्जमाणे, पुव्वगते वोच्छिज्जमाणे, ४–जायतेए वोच्छिज्जमाणे"

આ ચાર સ્થાનોમાં અંધકાર થાય છે. તે ચારેના નામ અનુક્રમે કહે છે. ૧–શ્રી અરિહંત પરમાત્મા નિર્વાણ પામે ત્યારે, ૨–શ્રી અરિહંત પરમાત્માએ પ્રરૂપેલા ધર્મનો શાસનનો વિચ્છેદ થાય ત્યારે, ૩ શ્રી અરિહંત પરમાત્માના પૂર્વના જ્ઞાનનો વિચ્છેદ થાય ત્યારે અને ૪–બાદર અગ્નિકાયનો વિચ્છેદ થાય ત્યારે. આ ચાર કારણોથી સંપૂર્ણ જગતમાં અંધકાર ઉત્પન્ન થાય છે.

૦ ચાર પ્રકારના અજીર્ણ છે. તેમ શ્રી 'પ્રશ્નોત્તરશતક' નામના ગ્રન્થમાં કહ્યું છે.

"अजीर्णानि कति विधानि ? उच्यते–एजीर्णानि चतुर्विधानितद्यथा–
अजीर्णं तपसः क्रोधो, ज्ञानाजीर्णंग्रहंकृतिः । (જુઓ ટાઇટલ ૩ જું)

હજારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર



વર્ષ : ૧૦] ૨૦૫૩ માગસર સુદ-૧૦ મંગળવાર તા. ૯-૧૨-૯૭ [અંક : ૧૫+૧૬

卐 પ્રકીર્ણક ધર્મોપદેશ 卐

-પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ વદિ-૧૪, શુક્રવાર તા. ૨૪-૭-૧૯૮૭ જૈન ઉપાશ્રય, શ્રીપાલનગર મુંબઇ-૬

(શ્રી જિનાજ્ઞા વિરૂદ્ધ કે પૂ. પ્રવચનકારશ્રીના આશય વિરૂદ્ધ કાંઇપણ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના. **(પ્રકરણ ૨૧ મું ચાલુ)** અવ૦)

સ્ના૦ : મુહપત્તિના બોલ સમજાવો ને ?

મુહપત્તિનો પહેલો બોલ છે 'સૂત્ર અર્થ તત્ત્વ કરી સદ્દહું" ભગવાન શ્રી જિનેશ્વર દેવોએ કહેલા જે અર્થો અને શ્રી ગણધર દેવોએ ગુંથેલા જે સૂત્રો તે જ તાત્ત્વિક અર્થ છે. તે સૂત્રોને સારી રીતે ભણવા અને તેનો યથાર્થ અર્થ કરીને જાણવો તે જ ખરેખર તાત્ત્વિક ચીજ છે તેની હું શ્રધ્ધા કરું છું. આ બોલ બોલનારો જીવ સૂત્રોનો કેવો પ્રેમી હોય ? પોતે જે સૂત્ર ભણ્યો હોય તેનો અર્થ તેને ન આવડે તો ચેન પડે ખરૂં ? આ પચાશ બોલ નહિ શીખો તો શ્રધ્ધા કેવી રીતે કરશો ? પરિણામે આજે જૈનો પણ બધા દેવોને માનતા થઇ ગયા છે. શ્રાવક તો રોજ રોજ બોલે કે–

"અરિહંતો મહ દેવો જાવજ્જીવં સુસાહુણો ગુરૂણો
જિણપન્નત્તં તત્તં ઇઅ સમ્મત્તં મએ ગહિઅં."

શ્રં. અરિહંત પરમાત્મા તે જ મારા દેવ છે, સુસાધુ તે જ મારા ગુરુ છે. શ્રી અરિહંત પરમાત્માએ કહેલ ધર્મ તે જ તત્ત્વ છે, આમ બોલનારને પૂછવું છે કે– શ્રી અરિહંત પરમાત્મા શું કહી ગયા છે ? આ સંસારમાં રહેવાનું કહી ગયા છે કે સંસાર છોડવાનું કહીને ગયા છે ? જેને આ સંસાર છોડવા જેવો ન લાગે અને આ

સંસાર છૂટી ન શકે તેનું દુઃખ ન હોય અને મઝેથી સંસારમાં રહે તે ભગવાને કહેલું તત્ત્વ માનનારો કહેવાય ખરો? તમે આ સંસારમાં મઝેથી જોતા છો કે દુઃખથી બેહા છો? રોજ 'આ સંસાર અસાર છે, છોડવા જેવો છે, મોક્ષ જ સાર છે માટે મેળવવા જેવો છે' તેમ સાંભળે છતાં પણ સંસારમાં મઝેથી રહે, સંસાર છોડવાનું મન સરખું પણ ન થાય, સંસાર છોડવા લાયક છે તેમ પણ ન લાગે, આ સંસાર ન છૂટે તેનું દુઃખ પણ ન હોય ઉપરથી સંસારમાં મઝેથી મહાલે તો તે શ્રી અરિહંત પરમાત્માને માનનારો કહેવાય? સુગુરૂને માનનારો કહેવાય? ધર્મનો જાણકાર કહેવાય? આજે સંસારમાં દુઃખથી રહેનારા શ્રાવક કેટલા મળે? સંસાર છોડવાનું મન કેટલાને છે? સંસાર છૂટતો નથી તેનું પણ દુઃખ કેટલાને છે? અહીંથી મરવાનું નક્કી છે, ક્યાં મરવાનું છે તેની ખબર નથી. ઇચ્છા હોય કે ન હોય તો પણ મરવું તો પડશે જ. તો મરીને ક્યાં જવું છે તેનો નિર્ણય કર્યો છે કે નથી કર્યો?

સભા૦ : આટલી સહેલી વાતનો વિચાર પણ નથી આવતો તેનું કારણ શું?

ઉ૦ : ભગવાન શ્રી જિનેશ્વરદેવોના વચન ઉપર શ્રદ્ધા નથી તે. ભગવાનના વચન ઉપર શ્રદ્ધા હોય તો આ વિચાર આવ્યા વિના રહે નહિ. આ સંસાર મઝેથી સેવે તે દુર્ગતિમાં જાય તેમ ભગવાન કહી ગયા છે.

સભા૦ : શ્રદ્ધા પેદા કરવા શું કરવું જોઇએ?

ઉ૦ : ભગવાન શ્રી જિનેશ્વરદેવો શું કહી ગયા છે તે સમજવું જોઇએ, સમજવા પ્રયત્ન કરવો જોઇએ. સમજીને તેના ઉપર વિચાર કરવો જોઇએ અને શંકિત મુજબ આચરણ કરવું જોઇએ. કદાચ કોઇ વાત ન સમજાય તો માનવું જોઇએ કે– મારી બુદ્ધિમાં મંદતા છે માટે હું સમજી શકતો નથી પણ રાગ–દ્વેષ અને મોહને જેણે જીત્યા છે તેમને ખોટું બોલવાનું કોઇ જ કારણ નથી. માટે ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ જે કહ્યું છે તે જ સાચું છે અને શંકા વિનાનું છે. 'તમેવ સચ્ચં નિસંકં, જં જિણેહિં પવેઇયં' આનો જ પાઠ કરવો જોઇએ તો શ્રદ્ધા પેદા થાય.

તમે બધા દુનિયામાં કોઇપણ કામ કરતા હો તો તે અંગે કાંઇ ખબર નથી તેમ કહેનાર કોઇ મળે ખરો? કચરો કાઢનારને પણ કચરો કેમ કાઢવો જોઇએ તે આવડવું જોઇએ ન આવડે તો કોઇ ન રાખે. તો ધર્મ કરવા માટે કાંઇ સમજવું ન પડે તેવું છે? આ શ્રી જિનેશ્વર દેવોનો ધર્મ એવો છે કે– ગાંડાઓ કરે તો પણ ચાલે? ગમે તેમ કરે તો પણ ચાલે? તમે બધા તમારી જાતને મોટા ધર્માત્મા, ધર્મના સમજદાર તરીકે ઓળખાવો છો તે કઇ રીતે ઓળખાવો છો

તેની જ સમજ પડતી નથી ! તમારો છોકરો જ તમને પૂછે કે– બાપાજી ! મારે આ જ ભવમાં શું કરવા જેવું છે તો તમે શું કહો ? છોકરાના હિતની ચિંતા ન હોય તે બાર થાય તો ય સંતાનનું સત્યાનાશ કાઢે છે ! તમારો છોકરો મરીને ક્યાં જશે તેની ચિંતા છે ? તમે ય મરીને ક્યાં જશો તેની ચિંતા છે ? તમારું આસ્તિક્ય-પણું કેવું છે તે જ ખબર પડતી નથી !

તમને આજ સુધી ધર્મ સમજવાની જરૂર પડી નથી, ઇચ્છા પણ થઇ નથી. ધર્મ તો સમજ્યા વગર પણ થાય. ધર્મ કરનારો સંસારમાં મજેથી જીવે તો ય વાંધો નહિ. તેને સંસાર છોડવાનું મન ન થાય તો ય ચાલે. સંસાર છોડવાનું મન થાય તે 'બગડયો' કહેવાય' આવી માન્યતા આજે મોટા ભાગની છે. છોકરાને સાધુ થવાનું મન થાય તો તે સાધુથી ભોળવાઇ ગયો તેમ કહો કે તેને સારું કર્યું તેમ કહો ? અમારા કરતાં વધારે સમજુ તે થયો તેમ માનો ? જ્યારે મરતા સુધી સાધુ થવાનું મન જેને ન થાય તે સમજુ કહેવાય આવી તમારી વ્યાખ્યા છે. જેને સંસાર છોડવા જેવો લાગે તે તો ગાંડો થયો તેમ તમને લાગે છે. આવા જીવો રોજ અહીં આવે, વ્યાખ્યાન સાંભળે તો પણ તેને શું લાભ થાય ?

તમે તમારાં સંતાનોને કદી કહ્યું છે કે-'તમને મંદિરે, ઉપાશ્રયે સાધુ પાસે એટલા માટે મોકલીએ છીએ કે તમને મોક્ષે જવાનું મન થાય, તે માટે સાધુ થવાનું મન થાય, અમને આવું સમજાવનાર કોઈ ન મળ્યું અને જ્યારે સમજાવનારા મળ્યા ત્યારે તેવી શક્તિ ન હતી. માટે અમે તો આ સંસારમાં ફસી ગયા. પણ અમારી જેમ આ સંસારમાં તું ફસતો નહિ.' તમે તમારાં સંતાનોને મંદિરે શું કામ મોકલો છો ? પૂજા શા માટે કરવાનું કહો છો ? સાધુ પાસે શા માટે મોકલો છો ? તમે લોકો અજ્ઞાન રહ્યા છો તેથી બહું નુકશાન થયું છે. તમારા ઘરમાં આજે કોઇ ધર્મ પામે તે નવાઇ, ધર્મ ન પામે તે નવાઇ નહિ ! તેના પ્રતાપે જૈનકુળના જેટલા આચાર છે તે પણ મોટેભાગે સારા ગણાતા શ્રાવકના ઘરમાં પણ પળાતા નથી. રોજ આ વાત ચાલે છે છતાં તમને ય દુ:ખ થાય કે મારા ઘરમાં આવું કેમ ચાલે છે ? મારા સંબંધીમાં મારાં કુટુંબની આબરૂ શી હોય ? મારે ઘેર રાત્રિભોજન તો થાય નહિ, કોઇ રાત્રે જમવા તો આવે નહિ, રાત્રે આવનારને પાણીનો ભાવ પણ ન પૂછીએ તો ખોટું ન લાગે તેમ કહી શકો ખરા ?

સભા૦ : તેમાં ઔચિત્યભંગ ન થાય ?

ઉ૦ : જરા ય ન થાય. તેને ઘેર દા'ડે આવે તો સારામાં સારું જમાડે, રાતે

પાણીનું ટીપું ય ન પાવે. પણ આ વાત તમને નહિ બેસે. તમે બધા ઔચિત્ય સમજી ગયા છો !

તમે બધાએ ઔચિત્યના, વ્યવહારના નામે જૈનધર્મની ફજેતી કરી છે. ઘણા અમને પૂછે છે કે– તમે તો રાતે ખાવાની ના પાડો છો તમારા શ્રાવકો તો બધા રાતે ખાય છે તેનું શું ? મારાથી એમ કહેવાય કે– શ્રાવકોને છૂટ છે ? હું તો કહું છું કે– તે બધા શ્રાવક નહિ હોય, નામના શ્રાવક હશે ! શ્રાવકથી શું થાય અને શું ન થાય તે ખબર નથી ? શ્રાવકો વેપારમાં અનીતિ–અન્યાય મજેથી કરે છે એમ ઘણા કહે છે ત્યારે અમારે ચૂપ રહેવું પડે છે. શ્રાવક હોય તે અનીતિ ન કરે. અનીતિ પ્રેમથી કરે તે શ્રાવક નહિ, નહિ ને નહિ જ. મજેથી રાતે ખાય તે ય શ્રાવક નહિ જ ! તે શ્રાવક કહેવરાવતો હોય તો ય શ્રાવકપણાની ફજેતી કરે છે. તમે નથી ભણ્યા એટલે કશું સમજતા નથી. ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ કહેલી વાત અમે કહીએ તે ન સમજી શકે તેવી આ સભા નથી, પણ સમજી શકે તેવી આ સભા છે. આ બધા 'બાળ' નથી, અમને ય વેચી ખાય તેવા છે. સાધુઓને તો ઘણા ઊંઠા ભણાવી જાય છે. જે શ્રાવકોને શ્રાવકપણું પામવાની કે પાળવાની પણ ઇચ્છા સરખી નથી તે બધા સાધુઓને ઠગી જાય છે.

આજે તમને કેવા સાધુ ગમે ? તમે આવો ત્યારે પુછે કે–'કેમ છો ? સંસાર કેમ ચાલે છે ?' આવું પુછે તે સાધુ તમને ગમે કે ન ગમે ? સાધુ તમને પુછે કે– 'પ્રતિક્રમણ કરો છો કે નહિ ? શ્રાવકપણાની કરણી કરો છો કે નહિ ?' તો તે તમને ગમે ? તમે બધા ધારો તો શ્રાવકપણું સારામાં સારી રીતે જીવી શકો તેમ છો, શ્રાવકપણાની કરણી પણ સારામાં સારી રીતે કરી શકો તેમ છો. છતાં પણ કેમ નથી કરતા તે જ સમજાતું નથી ! 'હું પાપી છું' માટે નથી કરતો આવું કહો તો ય તમને લાયક માનું. જેટલા સુખી શ્રાવકો છે તે બધા ત્રિકાળ પુજા રોજ પણ નથી કરતા તે સમય નથી માટે કે તેમને કરવી નથી માટે નથી કરતા ? ગરીબ હજી ન કરી શકે પણ સુખીને શું વાંધો આવે છે ?

આજે ત્રિકાળ પુજા ગઇ. એકવારની પુજા રહી તે અંધારામાં થઈ ગઇ. સૂર્યોદય પહેલા તો બધું પતાવીને રવાના થઇ જાય. તેવાઓનું અહીં સામ્રાજ્ય ચાલે છે. સારી આંગીના બીજે દિવસે દર્શન પણ ન થાય. શ્રાવકો નથી સમજતા તેથી કેટલું બધું નુકશાન થયું છે ! ઘર સારામાં સારી રીતે ચલાવો છો અને એક મંદિર ટીપ કરીને ચલાવો છો ! મંદિર 'નભાવવું' પડે તેમ કહો છો. આટલા બધા સુખી શ્રાવકો જ્યાં વસતા હોય ત્યાં મંદિરની, સાધારણની, કેસર–સુખડાદિની ટીપ કરવી પડે ? ટીપની વાત સાંભળતાં જ ઘણાના મોં ચઢી જાય છે. બહુ મોટા માણસો તો ટીપ હાથમાં લે નહિ અને પોતાને 'હોશિયાર' માને. (ક્રમશઃ)

卐 विवेकः दशमो निधिः । 卐

—પૂ. મુનિરાજ શ્રી પ્રશાન્તદર્શનવિજયજી મ.

ભવ્ય જીવોના કલ્યાણને માટે સ્થાપિત એવું શ્રી જિનેશ્વર દેવોનું પરમતારક શાસન વિવેક પ્રધાન છે. માટે જ ઉપકારી શાસ્ત્રકાર ભગવંતોએ 'વિવેક'ને દશમો નિધિ કહ્યો છે. જે ચક્રવર્ત્તિઓ પાસે નવ નિધિની સાથે આ દશમો વિવેક નિધિ હોય છે તે ચક્રવર્ત્તિઓ તેના પ્રતાપે મોક્ષમાં કે દેવલોકમાં જાય છે. અને જે ચક્રવર્ત્તિઓ પાસે આ દશમો વિવેકનિધિ હોતો નથી તે નરકમાં જાય છે.

આત્માના હિતની પ્રાપ્તિ અને અહિતના પરિહાર માટે, મારે માટે આ આ ઉપાદેય એટલે કરણીય અને આદરણીય છે, અને આ આ હેય એટલે અકરણીય અને ત્યાજ્ય છે–આવો જે સ્પષ્ટ બોધ થાય તેનું નામ જ વિવેક છે. દુન્યવી પદાર્થોમાં ઇષ્ટ પ્રાપ્તિ અને અનિષ્ટના પરિહારમાં આ વિવેક બધામાં દેખાય છે. માટે જ શાસ્ત્રકાર પરમર્ષિઓએ આત્મક ગુણોની પ્રાપ્તિ માટે સમ્યક કોટિના વિવેકને પ્રધાન કહ્યો છે. આજે આ સમ્યક નિર્મલ કોટિના વિવેકગુણના અભાવે સારી વસ્તુનો પણ માત્ર સ્વાર્થ પૂર્તિ અને દુન્યવી લાલસાઓની પુષ્ટિમાં જ ઉપયોગ કરાઇ રહ્યો છે તે ખુબ જ શોચ્ય-નીય છે. તેનું એક જ કારણ છે કે આત્માની યોગ્યતાનો અભાવ. દુનિયાના દરેકે દરેક ક્ષેત્રોમાં યોગ્યતા–લાયકાત પહેલા જોવાય–વિચારાય છે. જે નાશવંતી ઉદ્યમપ્રધાન ચીજોમાં પણ લાયકાત ઉપર આટલો ભાર મૂકાય તો તો શાશ્વત એવા ધર્મને સહજ સિદ્ધ કરવા યોગ્યતા ખુબ જ જરૂરી છે એ વાત સુતરાં સિદ્ધ થાય છે.

પરંતુ આજે દુનિયામાં યોગ્યતાને પહેલો નંબર આપનારા, ધર્મમાં તો બધું ચાલે, તેમા વળી આવા વિચારને અવકાશ જ નથી, આવી જે માન્યતા ઘર કરી ગઇ છે તેથી ઘણું જ નુકશાન થયું છે. તેના જ પ્રતાપે સ્વચ્છંદી કષોલકલ્પિત મનઘડંત વિચારધારાઓને પ્રચારનારાઓને મોકળું મેદાન મલી ગયું છે. પોતાની તે અશાસ્ત્રીય, સ્પષ્ટ ઉત્સૂત્રભાષી, ઉન્માર્ગ ગામિની વિચારધારાઓને ફેલાવવામાં પોતાના તારક દેવ–ગુરૂનું નામ વટાવવામાં પણ જરા ય નાનમ આવતી નથી તેનું કારણ સમ્યક નિર્મલ વિવેક ગુણનો અભાવ છે.

શાસ્ત્રકાર પરમર્ષિઓએ અર્થી, સમર્થ અને અધિકારી આત્માને ધર્મ આપવાનું ભારપૂર્વક ફરમાવ્યું છે. તેવી દશા પામવાના ઉપાયો પણ બતાવ્યા છે. પરંતુ અન-

ધિકારીઓને 'શ્રુતદાન' આપવાનો સ્પષ્ટ જ નિષેધ કર્યો છે. આજે અનધિકારીઓ જાતે જ જ્ઞાની થઇ બેઠા તેના કારણે શાસનને ભયંકર નુકશાન થઇ રહ્યું છે.

જેમ ચિંતામણિ આદિ ઇહલૌકિક ફલ આપનાર પણ વિધિપૂર્વક આરાધે તો ઇચ્છિત ફલને પામે છે અને અવિધિથી આરાધે તો દુઃખ-ક્લેશ આદિને પામે છે. તેમ અધિકારી આત્માએ કરેલી વિધિપૂર્વકની આરાધના કલ્યાણને આપે છે અને અવિધિથી આરાધનારો અકલ્યાણને પામે છે તે નિર્વિવાદ વાત છે-કહ્યું છે કે-

'ધર્માનુષ્ઠાન વૈતથ્યાત્પ્રત્યપાયો ગહાન્ભવેત્ ।
રૌદ્રદુઃખૌઘજનકો, દુષ્પ્રયુક્તાદિવૌષધાદ ॥'

અર્થાત્-અવિધિથી સેવેલ ઔષધની માફક, ધર્માનુષ્ઠાનને અવિધિથી-વિપરીતપણાથી સાધવાથી ભયાનક વેદનાજનક, મોટો પ્રત્યપાય થાય છે. ઘણા ભયંકર દુઃખોને પામે છે.

શરીરના રોગનાશ માટે આપેલું ઔષધ પણ જો બરાબર ન કરે કે ગમે તેમ કરે તો લાભને બદલે નુકશાન કરે છે. તેમ ધર્માનુષ્ઠાન પણ વિતથપણે આચરવાથી અનધિકારીને ઉપદેશથીતે ભયંકર દુઃખોને કરે છે, એટલું જ નહિ પણ પાત્રાપાત્રની પરીક્ષા કર્યા વિના અનધિકારી-અયોગ્યને ભણાવનારનું પણ અકલ્યાણ થાય છે તેમ કહ્યું છે.

શ્રી 'ધર્મરત્નપ્રકરણ'માં કહ્યું કે-બધા જ દાનોમાં શ્રુતદાન એ શ્રેષ્ઠ કોટિનું છે અને તે યોગ્યને જ આપવું જોઇએ અયોગ્યને નહિ. અયોગ્યને આપવાથી મિથ્યાત્વગમનનો દોષ થાય છે.

'સવ્વં પિ જઓ દાણું દિન્નં પત્તંમિ દાયગાણું હિયં ।
ઇહરા અણત્થજણુગં પહાણુદાણું સુયદાણું ॥૧૭॥
સુઠુયરં ચ ન દેયં એયમપત્તંમિ નીયતત્તેહિં ।
ઇયદેસણાડરિ સુદ્ધા, ઇયરા મિચ્છત્તગમણાઇ ॥૧૮॥

ભાવાર્થ :- સઘળું પણ દાન પાત્રને વિષે આપેલ હોય તો જ આપનારને-દાતારને કલ્યાણકારી થાય છે. અન્યથા કુપાત્રને આપેલું દાન અનર્થજનક-સંસાર વધારનાર થાય છે અને બધા દાનોમાં શ્રુતનું દાન એ પ્રધાન-શ્રેષ્ઠ દાન છે. માટે-

ગીતાર્થોએ શ્રુતોપદેશાદિ રૂપ દાન, પણ અપાત્રમાં આપવું નહિ કારણ કે-પાત્રમાં અપાતા દેશના એજ શુદ્ધ દેશના કહેવાય છે. અપાત્રને આપેલી દેશનાથી શ્રોતા મિથ્યાત્વમાં પડે, દ્વેષી બને અને ઉપદેશકનો પણ અહિતકારી બને.

તે જ કારણથી સારી રીતના સમજી શકાય છે કે, **અયોગ્યને નહિ ભણાવવામાં પણ જેમ કલ્યાણ છે, તેમ યોગ્યને ભણાવવામાં જ કલ્યાણ છે.** માટે જ્ઞાનદાતાએ પાત્રાપાત્રનો સુવિવેક કરવો ખુબ જ અનિવાર્ય અને જરૂરી છે. અયોગ્ય જીવોને તેમના હિત ખાતર પણ શાસ્ત્રજ્ઞાનનું દાન નહિ કરવું તે ઉભયને માટે કલ્યાણકર-હિતાવહ છે. કહ્યું છે કે. કાચા માટીના ઘડામાં નાંખેલું જલ જેમ ઘડાનો અને જલનો વિનાશ કરે છે તેમ અપાત્રને આપેલી સારી પણ વસ્તુ કે વિદ્યા તે વસ્તુ અને વિદ્યા તથા અપાત્રનો પણ નાશ કરે છે.

તેથી જ ચૌદસો ચુમ્માલીશ ગ્રંથના પ્રણેતા પૂ. આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા પણ શ્રી લલિતવિસ્તરા ગ્રંથમાં અધિકારી-અનધિકારીની વાત વિશદ રીતે સમજાવી, અધિકારીને જ ચૈત્યવંદનાદિ સૂત્રને ભણાવવાનું ભારપૂર્વક જણાવે છે. અધિકારીને આપવાથી થતાં લાભનું વર્ણન કરતાં કહે છે કે—

'એવં હિ કુર્વતા આરાધિતં વચનં, બહુમતો લોકનાથઃ, પરિત્યક્તા લોક સંજ્ઞા, અંગીકૃતં લોકોત્તરયાનં, સમાસેવિતા ધર્મચારિતેતિ, અતોઽન્યથા વિપર્યય ઇત્યાલોચનીયમેતદતિસૂક્ષ્માભોગેન ॥'

અર્થાત્—અધિકારીને સૂત્ર પ્રદાન કરનાર કરતા મહાપુરૂષે શાસ્ત્રના વચનની આરાધના-સેવા-ભક્તિ કરી, લોકનાથ શ્રી તીર્થંકર પરમાત્માનું હૃદયપૂર્વક બહુમાન કર્યું, સમજ્યા વગર એક ગયો તેની પાછળ બીજો ગયો તે સ્વરૂપ ગતાનુગતિક લક્ષણવાળી ગાડરીયા પ્રવાહ રૂપ લોકહેરીનો ત્યાગ કર્યો, લોકોત્તર યાન-પ્રવૃત્તિનો સ્વીકાર કર્યો અને આજ્ઞા મુજબની વિહિત ધર્માચરણનું સારી રીતના આસેવન કર્યું, જ્યારે અધિકારીની યોગ્યતાની પરીક્ષા કર્યા વગર ભણાવવાની પ્રવૃત્તિ કરનારે તો શ્રી વીતરાગ દેવના પરમતારક વચનની વિરાધના કરી, લોકનાથ શ્રી તીર્થંકર પરમાત્માનું અપમાન કર્યું, લોકસંજ્ઞામાં મૂંઝાઇ ગયો-ફસાઇ ગયો, લૌકિક પ્રવૃત્તિ આરંભી, અધર્મનું જ આચરણ કર્યું આદિ અનેક દોષોની પુષ્ટિ જ કરી તે નિઃસંદેહ વાત છે. માટે આ વિષયની આલોચના-મીમાંસા અત્યંત સૂક્ષ્મ ઉપયોગ પૂર્વક-ધ્યાન પૂર્વક કરવી અર્થાત પદાર્થનો સાંગોપાંગ બધા જ પાસાનો યથાર્થ અભ્યાસ કરવાથી જ સાચું તત્ત્વ હાથમાં આવે નહિ તો તત્ત્વના નામે અતત્ત્વમાં જ અટવાઇ જવાય. તેથી જ તે પુણ્યપુરૂષે કહ્યું કે—

'નહિ વચનોકતમેવ પન્થાનમુલ્લઙ્ઘ્યાપરો હિતાપ્ત્યુપાયઃ'

અર્થાત—શાસ્ત્રે કહેલ માર્ગ સિવાય બીજો કોઇ જ હિતપ્રાપ્તિનો સાચો ઉપાય—માર્ગ નથી.

જે પુણ્યાત્માઓએ પોતાના આત્માનું હિત કરવું હોય તેમણે શાસ્ત્રવચનની અવગણના કરવી જોઈએ નહિ પણ શાસ્ત્રની સાચી આધીનતા કેળવી, ગીતાર્થ પુરૂષોની વિનયપૂર્વક સેવા–ભક્તિ–ઉપાસના કરી શાસ્ત્રવચનનો પરમાર્થ સમજવા પ્રયત્નશીલ બનવું. કેમકે, શ્રી અનંતનાથસ્વામિ ભગવાનના સ્તવનમાં પણ પૂ. શ્રી આનંદઘનજી મહારાજે કહ્યું કે–

"વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો,
વચન સાપેક્ષ વ્યવહાર સાચો."

આ બધો વિચાર એટલા માટે કરવો ખુબ જ જરૂરી છે કે, વર્તમાનમાં ઘણા જાતે પંડિત બની બેઠેલા પંડિત માની લોકો પોતાના મનઘડંત શાસ્ત્ર બાહ્ય વિચારોને શાસ્ત્રના નામે જણાવી સ્વ–પર ઉભયના આત્મહિતની સાથે ચેડા કરી સ્વ–પર ઉભયના આત્માના અહિતની કારમી કારવાઇ કરી રહ્યા છે. તેવાઓ હવે પોતાના માર્ગેથી પાછા વળે તેવું લાગતું નથી પણ તેવાઓની વિચારધારામાં આપણે ફસાઇને આપણા આત્માનું અહિત–અકલ્યાણ ન કરીએ તે માટેનો આ પ્રયત્ન છે.

જેમકે, શ્રી ઋષભદેવ સ્વામિ ભગવાને, રાજા અવસ્થામાં–અવસર્પિણી કાળના પ્રથમ તીર્થંકરના આત્માનો કલ્પ હોવાથી–બતાવેલી રાજ્યવ્યવસ્થાના ભારોભાર વખાણ–પુષ્ટિ કરી, સુવિહિતોએ પણ તેમ કરવું આજે ખુબ જ જરૂરી છે તેમ પ્રચારી રહ્યા છે–તેથી લાગે કે તેમણે શાસ્ત્રનો પરમાર્થનો જરાપણ બોધ જ નથી. નહિ તો આવી સાવદ્ય પ્રવૃત્તિનો ઉપદેશ કરવાનું સર્વ સાવદ્યથી વિરામ પામેલાઓને કહેવાનું દુઃસાહસ કરત જ નહિ.

શ્રી ઋષભદેવ સ્વામિ ભગવાનના વૈરાગ્યનું વર્ણન કરતાં 'શ્રી ચઉપ્પન્ન મહાપુરિસ ચરિય'માં કહ્યું છે કે–'એકવાર વૈશાખ માસમાં ભગવાન સપરિવાર ઉદ્યાનમાં ક્રીડા કરવા ગયા. ભરતાદિ બધા કુમાર વિવિધ પ્રકારની ક્રીડાઓમાં મશગુલ બની ગયા. 'શું આ દેવોનું કૃત્ય દેવો ક્રીડા કરે છે કે બીજા કોઇ? એ જાણવા માટે ભગવાને અવધિજ્ઞાનનો ઉપયોગ મૂક્યો. વિચાર કરતાં–કરતાં અવધિજ્ઞાનથી દેવોનું ઉત્તરોત્તર સુખ અને પોતે અનુભવેલ અનુત્તરવિમાન–સર્વાર્થસિદ્ધ વિમાન–નું સુખ સાક્ષાત્કાર થયું. ઘણે દૂર થયા છે મહામોહના બંધનો જેમના તે પ્રભુ વિચારવા લાગ્યા કે–

(ક્રમશઃ)

❋ ઉત્તમ વિચાર શ્રેણી ❋

(૧) અનંત ઉપકારી મહાપુરૂષો ભવ્ય જીવોને ઉદ્દેશીને હંમેશા એક જ વાત કરે છે. સંસારનું સુખ ભૂંડું, દુઃખ ઉપકારી. આ વાત સંસારી જીવોના વિચારસરણીથી સાવ ઊંધી વાત થઇ કારણ કરેક જીવ સુખનું ઇચ્છુક છે. દુઃખ આવવાનું છે—એમ લાગતાં જ હતાશ થઇ જાય છે. તેથી ઉપકારી મહાપુરૂષના કથનને વિચારવું તો પડશે કે, સંસારીજીવોના વિરુદ્ધની વાત કેમ થઇ ?

આપણે અત્યારે મનુષ્ય જન્મમાં છીએ, એ પહેલાં નિગોદ, એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને તિર્યંચમાં હતા. આ બધા ભવો કરી આપણે ઉચ્ચ એવો મનુષ્યભવ પામ્યા. જેને દેવો પણ ઝંખી રહ્યા છે. કઇ દૃષ્ટાંતે દુર્લભ એવો આ મનુષ્યભવ પામ્યા તે અનંતા દુઃખ વેઠીને મળ્યોને ? અકામ નિર્જરાથી દુઃખ વેઠતા ઉંચી ગતિમાં આવ્યા એટલે એક સિદ્ધાંત નક્કી થાય છે કે, મનુષ્ય ગતિથી પણ ઉચ્ચ ગતિમાં જવું હોય તો દુઃખને સહન કરવું જ પડશે. અત્યારે આપણે એવી સ્થિતિમાં છીએ કે દુઃખ આવતા ગભરામણ ઉપરાંત જુદું બોલવું, કેટલાંયે કાવા–દાવા કરતાં નવા પાપ બાંધીએ છીએ એટલે જે નિમિત્તો આગલા ભવના કરેલા પાપથી દુઃખ આવ્યું તે સમતા ભાવે સહન કરી ભોગવી લેવાને બદલે આવતા ભવમાં દુઃખ મળે એ આપણા હાથે જ નક્કી કર્યું.

અશુભ કર્મ બંધાવાના કારણો ઘણાં છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ અને એના લીધે અઢાર પાપસ્થાનક, અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ, ખરાબ લેશ્યા, રૌદ્રધ્યાન વગેરે અશુભ કર્મ બંધાવવાના કારણો છે. પરંતુ તેનાથી છૂટકારો થવાના બે જ કારણ છે. 'સુખ ભૂંડું' લાગવું જોઇએ અને દુઃખને સમતા ભાવથી ભોગવવું જોઇએ. નિકાચીત કર્મ ખપાવવા તપ જરૂરી છે. અને દુઃખને સમતાભાવથી સહન કરવું તો જ આપણો આત્મા ઉચ્ચ ગતિને પામે છે.

વિશેષમાં સુખ ભૂંડું હવે આમ વિચારીએ તો અચંબો લાગે કે, સુખ અને પાછું ભૂંડું. તો ઉપકારીઓના આ કથનનો પણ વિચાર કરવો જ પડશે. પુન્યથી સુખ આવે ગયા ભવે કે આ ભવે ઉત્કૃષ્ટ પુન્ય કર્યું હોય તો જ સુખ ઉદયમાં આવે છે. અને જીવનમાં બધી અનુકૂળતા મળતી હોય છે. એ સુખ ભોગવતાં આરંભ સમારંભ અભિમાન, ધર્મમાં રૂચિ નહિ, સુખમાં જ મહાલવું, એમાં પણ વળી, છળકપટ, અનિતિ, અતિલોભ કરીએ તો આવી કરણીથી આવતા ભવે પણ આપણે દુઃખને આમંત્રણ આપીએ છીએ. દુઃખ વેઠતા નથી આવડતું અને સુખ ભોગવતા નથી આવડતું.

શુભ બંધ કે, અશુભબંધ જ્યારે પડે ત્યારે કર્મની ચાર સ્થિતિ એ ક્ષણે નક્કી થાય છે. પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ ને પ્રદેશબંધ, સ્થિતિબંધ કે રસબંધ કર્મનો બંધ થયા પછી ક્યારે ઉદયમાં આવે તથા કેટલો ટાઇમ ભોગવટો રહેશે તે નક્કી થાય. હવે આપણને પુન્યનો ભોગવટો આવ્યો એ આપણા જીવનમાં દેખાવા માંડે એટલે આપણું મગજ ઠેકાણે ન રહે. એક પેટી હતી બે કરી, ફોરેન વેપાર કર્યો, લોખંડ બજારમાં ધંધો કર્યો, કાપડનો ધંધો કર્યો. શેરબજારમાં ઝંપલાવ્યું 'હળદરના ગાંઠે ઠરિયાણા વારો' જેવું થાય જ્યારે પુન્ય પરવારીયું ત્યારે એ બધા ધંધાના લાભ બીજાઓ લીએ છે, પોતે પાગલ જેવી સ્થિતિમાં હોય, પુન્યથી દાવ સીધા પડે, જ્યાં સુધી પુન્ય ઉદયમાં હોય ત્યાં સુધી. પરંતુ આપણને એમ જ થાય છે કે, આપણી બુદ્ધિથી જ બધું સવળું થાય છે. પણ આમાં આપણી કાર્યવાહીથી જ એ સુખ આપણી જીંદગીમાંથી જતું રહે છે. આમાં મારે જુદી રીતે કહેવું છે કે જે સુખ ભોગવટાનો રસબંધ પડેલ તેને તમોએ વેડફી નાંખ્યો. એ વેડફી ન નાંખ્યો હોત તો આ જ ભવમાં ખરાબ સ્થિતિ ન આવત. સ્થિતિબંધ અને રસબંધનો ફાવે તેમ ઉપભોગ કર્યો પણ પુન્યના ભોગવટામાં લેપાયા વગર આસક્ત ન બનતાં અત્યારે આપણને પુન્યનો ઉદય છે.

બીજું ઉપાધી નથી તો લાવ શુભ પ્રવૃત્તિમાં લાગી જાઉં. ધર્મ-ધ્યાનમાં મન લગાડો તો નવું પુન્ય બંધાય અને આશાતાવેદનીયનો બંધ ઢીલો થતો જાય. કર્મની સરભેસરખી પ્રકૃતિનું સંક્રમન થાય શુભ પ્રવૃત્તિ જેમ જેમ કરશો તેમ આશાતા-વેદનીયનો રસ ઓછો થાય. જેમકે બહુ કડવી દવા હોય એમાં પાણી નાખતાં કડવાશ ઓછી થાય પછી દવા સહેલાઇથી પીવાઇ જાય એમ અશાતાવેદનીયનો ઉદય બહુ તકલીફ ન આપે.

સુખ એવી રીતે ભોગવવું જોઇએ કે બીજાને તમારી જીંદગી જોઇ ભવિતવ્યતા લાગે. આગળના કાળમાં સુખ ભોગવટો વંશ પરંપરા દેખાતો કારણ પુન્ય પુન્યનું કામ કરે પોતે એમાં લેપાઇ નહી, આશક્ત ન થાય.

પણ અત્યારની આપણી કાર્યવાહીથી, પુન્યના રસનો તથા સ્થિતિબંધનો ભોગ વટો ધારો કે ૫૦ વર્ષ ચાલે તેમ હોય તે રસના જથ્થો તથા સ્થિતિબંધનો કાળ ૫ વર્ષમાં ભોગવી લઇ છીયે. લખપતિ હતા તે થોડા ટાઇમમાં સાધારણ સ્થિતિના થઇ જાય છે. એટલે સુખનો કાળ પણ ભોગવતાં ન આવડ્યો. સુખ ભૂંડું દુઃખ ઉપકારી આ વિચારશ્રેણીવાળો જીવ ભવ્ય હોય, સમકિતી હોય, અને નજીકના કાળમાં મોક્ષ ગામી હોય. સ્વ. આ. ભ. **વિ. રામચંદ્રસૂરીશ્વરજી મ.ના વ્યાખ્યાન શ્રેણીથી**

લી. પ્રાણલાલ છગનલાલ શેઠ–મલાડ, મુ બઇ–૬૪

આ તે કેવી સંસ્કૃતિ?

[ગતાંકથી ચાલુ] —પૂ. આ. શ્રી વિ. ચંદ્રગુપ્ત સૂ. મ.

: દેશના – વિવેક :

અનંતોપકારી શ્રી અરિહંત પરમાત્માના પરમતારક શાસનના પરમાર્થના જાણકારને નહિ, પરંતુ ખરી રીતે તે પરમાર્થ જેમને પરિણત થયો છે, તેમને જ પરમતારક મોક્ષ-માર્ગની દેશના આપવાનો એકમાત્ર અધિકાર છે. ગમે તે આત્માઓ એ દેશનાને ફરમાવે તે ઉચિત નથી. કારણ કે એ આત્માઓને હેય–ઉપાદેયઃ, સદસદ્; સાવદ્ય–નિરવદ્ય; હિતકર–અહિતકર; સસૂત્ર–ઉત્સૂત્ર; ઉત્સર્ગ–અપવાદ અને ઉચિત–અનુચિતનો વિવેક હોતો નથી.

આવી વિવેકહીન દેશનાનાં આજે ઘણાં સ્થાને દર્શન થવા માંડયાં છે. સર્વથા સાવદ્યયોગથી વિરામ પામવાની જેમણે પ્રતિજ્ઞા અંગીકાર કરી છે–એવા સાધુ મહાત્મા-ઓએ પોતાની મન-વચન–કાયાની કોઇ પણ પ્રવૃત્તિ સાવદ્યયોગની અનુમોદનાનું પણ કારણ બને નહિ–એનો સતત ઉપયોગ રાખવો જોઇએ. ખાસ કરીને ઉપદેશક મહાત્મા-ઓએ તો એ અંગે ખૂબ જ સાવધાન રહેવું જોઇએ.

વર્તમાન–ઉપદેશકોને સામાન્ય રીતે સર્વવિરતિનો, દેશવિરતિનો અને માર્ગાનુ-સારિતાનો ઉપદેશ આપવાનો પ્રસંગ આવે છે. જે ઉપદેશકોને વિશિષ્ટ પ્રજ્ઞાપૂર્વકનો સૂક્ષ્મબોધ ન હોય એવા ઉપદેશકોએ તો સર્વવિરતિધર્મનો જ ઉપદેશ આપવાનું રાખવું જોઇએ. કારણ કે શાસ્ત્રાનુસાર એમનો ઉપદેશ આપનાર મહાત્માઓને એ વખતે સાવદ્યની અનુમોદનાનો પ્રસંગ પ્રાયઃ આવતો નથી. દેશવિરતિનો ધર્મ ઉપદેશતી વખતે પણ એવો પ્રસંગ લગભગ આવતો નથી. પરંતુ માર્ગાનુસારિતાનો ઉપદેશ આપતી વખતે પદાર્થનો વાસ્તવિક ખ્યાલ ન હોય તો ડગલે ને પગલે એવો પ્રસંગ આવવાની પૂર્ણ શક્યતા છે.

સર્વથા સર્વસાવદ્યયોગથી વિરામ પામીને સર્વવિરતિધર્મની ઉપાસના કરનારા પૂ. સાધુભગવંતોને જો સાવદ્યની અનુમોદના કરવાનો નિષેધ હોય, તો તેઓ સાવદ્યનો ઉપદેશ આપી શકે નહિ–એ સમજી શકાય છે. ઉપદેશકનું એ કર્તવ્ય છે કે ઉપદેશ આપતાં પૂર્વે સાવદ્ય અને નિરવદ્ય વસ્તુનો પૂર્ણપણે ખ્યાલ મેળવી લેવો. એ ન મેળવાય ત્યાં સુધી ઉપદેશ આપવાનું કામ બંધ રાખવું જોઇએ. અનિવાર્ય સંયોગમાં કોઇ વાર એવો ઉપદેશ આપવો જ પડે તો ખુબ જ ઉપયોગપૂર્વક સુપ્રસિદ્ધ વસ્તુનો જ ઉપદેશ આપવો જોઇએ, જેથી સાવદ્યની અનુમોદનાનો પ્રસંગ આવે નહિ.

સાવદ્ય કે નિરવદ્ય હેઠ સમજતાં પૂર્વે વિહિત કે નિષિદ્ધ વસ્તુનો વિચાર કરવો જોઇએ. ઉપદેશક મહાત્માઓ માટે જેનું વિધાન નથી કરાયું એવાં પૂજા વિગેરે અનુષ્ઠાનો સાવદ્ય નથી. વ્યક્તિ-જીવવિશેષની અપેક્ષાએ જેનું વિધાન કરાયું છે, તે જીવ માટે જ વિહિત છે. તેનાથી અન્ય જીવો માટે તે અવિહિત–નિષિદ્ધ છે. તેથી તેવા અનુષ્ઠાનનો ઉપદેશ તે જીવને આશ્રયીને હોય. બીજાને આશ્રયીને ન હોય. પૂ. સાધુભગવંતો પૂજાનો ઉપદેશ શ્રાવકને કરી શકે છે, પરંતુ સાધુભગવંતને આશ્રયીને ન કરે. જીવની ઉચિત ભૂમિકાનો વિચાર કરી તેને અનુરૂપ ઉપદેશ પણ પરમતારક આજ્ઞા મુજબ જ આપવાનું શ્રી વીતરાગ પરમાત્માએ ફરમાવ્યું છે. આજ્ઞાનિરપેક્ષ ઉપદેશ કોઇ પણ રીતે હિતાવહ નથી. ગૃહસ્થને ઉપદેશ આપવાનું કાર્ય ખુબ જ અઘરું છે. ગૃહસ્થને સામાન્ય ધર્મનું જ્ઞાન આપતી વખતે ખુબ જ સાવચેતી રાખવી પડે છે. અનાદિકાળથી ચાલી આવતી પાપની પ્રવૃત્તિઓમાંથી પણ અલ્પાંશે તેની નિવૃત્તિનું વિધાન કરતી વખતે બાકીની પ્રવૃત્તિમાં આપણી અનુમતિ આવી ન જાય–એનું ખાસ ધ્યાન રાખવું જરૂરી છે.

વર્તમાનમાં કેટલાક ઉપદેશકોને એનો ખ્યાલ રહેતો નથી. અથવા તો ખ્યાલ રાખવાનું તેમને જરૂરી જણાતું નથી, જે અનંતજ્ઞાનીઓની દૃષ્ટિએ સર્વથા અનુચિત છે. સાધુ ભગવંતો માત્ર ઉપદેશ કરવાનું છોડીને તેની પાછળ પડે છે ત્યારે ઉપદેશનું સ્થાન, આદેશસ્વરૂપ ઉપદેશ લઇ લેતો હોવાથી વિવેક નષ્ટ થાય છે. નિર્વિવેક અનુષ્ઠાન અને ગુણશુન્ય અનુષ્ઠાનમાં કશો જ ફરક રહેતો નથી. બંનેનું કાર્ય એક જ છે.

આવું મોટા ભાગે માર્ગાનુસારીપણાના ઉપદેશના પ્રસંગે ખાસ બનતું હોય છે. સામાન્યરીતે પાપની અલ્પાંશે નિવૃત્તિનો આશય માર્ગાનુસારીપણાના ઉપદેશમાં રહેલો હોય છે. પરંતુ આવા વખતે અલ્પહિંસાદિની અથવા તો મર્યાદિત હિંસાદિની વાતો ચાલુ થવાથી ઉપદેશની પ્રવૃત્તિમાં પાપોપદેશતા પ્રવેશે છે; જે સાવદ્યની અનુમોદનાદિના કારણે સર્વવિરતિધર્મની મર્યાદાના અતિક્રમણ–સ્વરૂપ બની જાય છે. સર્વથા પાપની નિવૃત્તિનો ઉપદેશ આપવો હોય ત્યારે સહજપણે જ એવા અતિક્રમણનો ભય નથી રહેતો. શાસ્ત્ર અને શાસ્ત્રકાર પરમર્ષિ પ્રત્યેની અવિચલ શ્રદ્ધા હોય તો સર્વથા કે અલ્પાંશે પાપનિવૃત્તિના ઉપદેશપ્રસંગે એવો ભય રહેતો નથી. શ્રી વીતરાગ પરમાત્માએ શ્રી આચારાંગ, શ્રી દશવૈકાલિક વગેરે શાસ્ત્રોમાં પૂ. સાધુભગવંતોને સાવદ્યભાષાનું વર્જન કઇ રીતે કરવું જોઇએ–તે વિસ્તારથી સમજાવ્યું છે. આપણા વચનથી કોઇ પણ સાંભળનાર સાવદ્ય કરે કરાવે કે અનુમોદે નહિ–એ મુખ્ય આશયને કેન્દ્રિત કરો એ સૂત્રમાં

સાવદ્યભાષાનું સ્વરૂપ વર્ણવેલું છે, એનું અધ્યયન કરનારા ઉપદેશકો એ મુજબ જ ઉપદેશ આપે તો કોઇ પણ દોષનો પ્રસંગ જ આવે નહિ.

ફલથી લચપચતું વૃક્ષ; કોઇને વિહારાદિનો માર્ગ સમજાવતી વખતે જણાવવું પડે તો તેની ફલથી લચપચતાનો કોઇને ખ્યાલ આવે નહિ અને એ વૃક્ષના ફલને ઉતરવાનું કે ખ કરે નહિ એ રીતે સાંકેતિક ભાષાનો ઉપયોગ કરવાનું ફરમાવ્યું છે. જ્યારે આજે સાધુભગવંતોમાં કેટલાક ઉપદેશકો વૃક્ષારોપણ, ટાંકા, પશુપાલન, ઘાણી, ફર્ટિલાયઝર વિનાની ખેતી, દેશી-ખાદી, દેશી નળિયાનાં ઇંટચુનાના મકાન અને તેલ (દીવેલ વગેરે)ના દીવા વગેરેની ઉપાદેયતા સમજાવવા અથાગ પ્રયત્ન કરી રહ્યાં છે અથવા તો કરવાનું જણાવી રહ્યાં છે; જે, મહાસાવદ્ય-કર્મોદાનની પ્રવૃત્તિનું પરિણામે અનુમોદન કરવારૂપ છે. ખુબ જ વિચિત્ર છે વર્તમાનપરિસ્થિતિ! પ્રાચીનતાના આગ્રહી (કદાગ્રહી) ઉપદેશકોએ ઉપદેશની પ્રાચીનતાનો ત્યાગ કર્યો છે. ગૃહસ્થોનું અનુકરણ કરવાનું જણાવનારા મહાનુભાવો પૂર્વાચાર્યોનું અનુકરણ કરવામાં નથી માનતા. સાધન-સામગ્રીના અભાવે ઉદ્ભવેલી એ પ્રાચીનવ્યવસ્થાનો આદર કરનારા મહાનુભાવોનું; ત્રિકાલાબાધિત દ્રવ્ય-ક્ષેત્ર-કાલાદ્વિથી સર્વથા પર-એવા પરમતારક શ્રીજિનાગમનો અનાદર કરવાનું વલણ ખુબ જ વિચિત્ર છે. પદાર્થ પોતે નિશ્ચિત કરીને તેને અનુકૂળ શાસ્ત્રપાઠ શોધવા નીકળેલા આ ધર્મદેશકોને આજ સુધી તો શાસ્ત્રપાઠ મળ્યો નથી...

પૂ. સાધુભગવંતોની આચારમર્યાદાનો ખ્યાલ રાખ્યા વિના મન ફાવે તે રીતે ધર્મદેશનાની પ્રવૃત્તિ અનર્થ સર્જ્યા વિના નહિ રહે. ચાતુર્માસ માટે જે ક્ષેત્રમાં રહેવાનું હોય તે સ્થાનના ગૃહસ્થો પોતાના મકાનની મરામત, સાફસફાઇ જ્યાં સુધી કરી ના લે ત્યાં સુધી તે સ્થાનમાં ચાતુર્માસ રહેવાનો પોતાનો નિર્ણય સાધુભગવંતો જણાવે નહિ. અન્યથા પોતાના એ નિર્ણયને જાણ્યા પછી ગૃહસ્થો મકાનનું જે કાંઇ સમારકામ કરે-તેનું પાપ સાધુમહાત્માને લાગે...આવી મર્યાદાનું રહસ્ય જાણ્યા પછી મકાન બાંધવા વગેરેનો ઉપદેશ કે માર્ગદર્શન આપવાનું કેટલું ઉચિત છે-તે આપણે સમજી શકીએ છીએ. મકાનના (ઉપાશ્રયાદિ-વસતિના) બારી-બારણાં જે સ્થિતિમાં હોય એ સ્થિતિમાં જ રહેવા દેવાનાં છે, એમાં ઉઘાડ-વાસ કરવાનો નથી. આથી સમજી શકાશે કે પૂ. સાધુભગવંતોની પ્રવૃત્તિમાં સહેજ પણ સાવદ્યાંશનો સમાવેશ નથી. વર્તમાનમાં આવી પ્રવૃત્તિ આપણું ઠરી શકતા નથી કે કરતા નથી-એનો અર્થ એ નથી કે જેમ બને તેમ વધારેમાં વધારે દુષ્ટ પ્રવૃત્તિ કરવી. આપણે દુષ્ટ પ્રવૃત્તિ કરતા હોઇએ એટલા માત્રથી તે ઉપાદેય છે. અથવા તો તેનો ઉપદેશ કરી શકાય-એ માન્યતા તદ્દન અનુચિત છે.

(ક્રમશઃ)

લઘુ બોધ કથા :—

કદાગ્રહના ત્યાગમાં જ લાભ છે

પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

ભગવાન શ્રી જિનેશ્વરદેવોનો શ્રી જિનધર્મ પામવો ઘણો જ દુર્લભ છે. દુનિયાના વ્યવહારમાં નુકશાનકારક લાગે તેનો ત્યાગ કરતાં માણસ જરાપણ અચકાતો નથી. કે ગભરાતો નથી. પણ સદ્ધર્મની વાત આવે ત્યાં સો બહાના સૂઝે છે. દુન્યવી નુકશાન બહુ બહુ તો એક ભવ પૂરતું થાય જ્યારે આત્મિક નુકશાન તો ભાવિને ભદ્રંકર બનાવવાના બદલે ભયંકર બનાવે છે. ખોટું પકડ્યું નહિ છોડવાથી તે ભવમાં પણ કેવું નુકશાન થાય છે તે અંગે બહુ પ્રસિદ્ધ શાસ્ત્રીય વાત કરવી છે.

ચાર મિત્રો ધન કમાવા માટે પરદેશ ચાલ્યા. માર્ગમાં લોઢાની ખાણ આવી તો અવસરે આ પણ ઉપયોગી બનશે માની પોતાનાથી ઉપાડી શકાય તેટલું લોઢું બાંધી લીધું. પછી આગળ જતાં રૂપાની ખાણ જોઇ તો લોઢું ત્યજી રૂપું લીધું, વળી વધુ આગળ જતાં સોનાની ખાણ જોઇ તો રૂપું ત્યજી સોનું લીધું. ઘણે આગળ જતાં રત્નોની ખાણ જોઇ તો સોનું ત્યજી રત્નો લીધાં. ત્રણ મિત્રોએ તો આ પ્રમાણે કર્યું. પણ એક દુરાગ્રહી મિત્રે પહેલા લીધેલું લોઢું ત્રણે મિત્રોએ ઘણું સમજાવવા છતાં ત્યજ્યું નહિ. ભાઇ! આ લોઢું ત્યજી રત્નો લો તો ભવિષ્ય સુધરશે. એ વાત તો માની નહિ ઉપરથી પેલા મિત્રોને ઉપાલંભ આપતા કહે કે–'તમે મૂર્ખ છો એટલે વારંવાર ત્યજી દો છો. સજ્જનો તો એકવાર લીધેલું ત્યજતા હશે?' અનુક્રમે તે ચારે મિત્રો સ્વસ્થાને આવ્યા. ત્રણ મિત્રો તો રત્ન વેચી ઘણું ધન પામી સુખી થયા. ચોથો દરિદ્રીનો દરિદ્રી રહ્યો અને દુઃખી થયો તે નફામાં.

માટે સાચું સમજાયા પછી સાચાનો સ્વીકાર કરવો અને ખોટાને—કદાગ્રહનો—પોતાની મમતના પૂંછડાનો ત્યાગ કરવો તે જ સાચા સુખી થવાનો ઉપાય છે. આ વિષમકાળના પ્રતાપે કદાગ્રહીઓ સમજવા છતાં પોતાનો હઠાગ્રહ છોડતા નથી અને શાસનને ડહોળાવવાનું કામ કરી અનેક આત્માઓના હિતને રૂંધે છે.

સૌ વાંચકો પોતાના આત્માના હિતને માટે કદાગ્રહનો ત્યાગ કરી સન્માર્ગે ચાલી આત્માનું સાચું હિત સાધો તે જ પુણ્યાભિલાષા...

જામનગર દિગ્વિજય પ્લોટ મધ્યે

પૂ. આ. શ્રી વિજય જિને-દ્રસૂરીશ્વરજી મ. સા. આદિની નિશ્રામાં

લંડન નિવાસી મુમુક્ષુ **શ્રી કુસુમબેન** શાહની પરમ ભાગવતી પારમેશ્વરી પ્રવ્રજ્યા નિમિત્તે તથા તે નિમિત્તે મોઢપરના ૯૯ ઈંચના કેશરીઆ શત્રુંજય આદિશ્વરજી તથા વસ્તુપાલ મંત્રીશ્વરની સ્વર્ગભૂમિ અંકેવાડીયાના ૪૧ ઈંચના શ્રી વાસુપૂજ્ય સ્વામી આદિ જિનબિંબોની ભવ્ય અંજનશલાકા તથા શાંતિસ્નાત્ર આદિ મહોત્સવ

દીક્ષા તથા અંજનશલાકા મહોત્સવનો મંગલ કાર્યક્રમ

દિવસ પહેલો : પોષ સુદ ૧૪ રવિવાર તા. ૧૧–૧–૯૮, સવારે ૯-૦૦ કલાકે જલયાત્રાનો વરઘોડો (પોલિસ ચોકી સુધી જશે.) બપોરે ૨–૩૦ વાગ્યે શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા.

દિવસ બીજો : પોષ સુદ ૧૫ સોમવાર તા. ૧૨–૧–૯૮, સવારે ૯–૦૦ ક. પ્રવચન ૧૦–૦૦ વા. કુંભસ્થાપન જવારારોપણ, બપોરે ૧–૦૦ વા. નંદાવર્તપૂજન દશદિક્પાલપૂજન, ૧૬ વિદ્યાદેવીપૂજન, નવગૃહપૂજન, અષ્ટમંગલપૂજન.

દિવસ ત્રીજો : પોષ વદ ૧ મંગળવાર તા. ૧૩–૧–૯૮, સવારે ૯–૦૦ વા. પ્રવચન, ૧-૦૦ વા. નવપદપૂજન વીશ સ્થાનકપૂજન.

દિવસ ચોથો : પોષ વદ ૨ બુધવાર તા. ૧૪–૧–૯૮ સવારે ૯–૦૦ વા. ઈંદ્ર–ઈંદ્રાણી સ્થાપના, માતા–પિતા સ્થાપના, ચ્યવન કલ્યાણક, ૧૪ સ્વપ્ન દર્શન, સ્વપ્ન કથન, બપોરે ૩–૦૦ વા. ચ્યવન કલ્યાણકનો વરઘોડો પ્રેમચંદ કોલોની તરફ જશે.

દિવસ પાંચમો : પોષ વદ ૩ ગુરૂવાર તા. ૧૫–૧–૯૮ સવારે ૯–૦૦ વા. ૫૬ દિક્કુમારી મહોત્સવ, ૬૪ ઈંદ્રોનો મેરૂ શિખર મહોત્સવ, બપોરે ૩–૦૦ વાગ્યે જન્મ કલ્યાણક વરઘોડો (પોલીશ ચોકી, અંબાળીયા ગેઇટ, પવન ચક્કી)

દિવસ છઠ્ઠો : પોષ વદ–૪ શુક્રવાર તા. ૧૬–૧–૯૮ સવારે ૭–૦૦ વા. ૧૮ અભિષેક, સવારે ૯–૦૦ વા. પુત્ર જન્મ વધામણી, પારણું ઝુલાવવું, પ્રભુનામ સ્થાપન પ્રભુશાળા ગમન.

દિવસ સાતમે : પોષ વદ–૫ શનિવાર ૧૭–૧–૯૮ સવારે ૯ ૦૦ વા. પ્રભુલગ્ન મહોત્સવ મામેરુ, કુલેકું, બપોરે ૨–૦૦ પ્રભુ રાજ્યાભિષેક.

દિ. આઠમો : પોષ વદ–૬ પહેલી રવિવાર તા. ૧૮–૧–૯૮ સવારે ૯–૦૦ વા. દીક્ષા કલ્યાણકનો વરઘોડો તથા મુમુક્ષુ કુસુમબેનનો વરસીદાનનો વરઘોડો

ભવ્ય રીતે ચડશે. (પોલીશ ચોકી, ઓશવાળ કોલોની, ક્રામદાર કોલોની, ઓશવાળ બોર્ડીંગ, સાત રસ્તા પોલીશ ચોકી) વરઘોડો કેતર્યા બાદ પ્રભુની દીક્ષા વિધિ બાદ ૧૨–૦૦ વા. શ્રી હાલારી ઓશવાળ સંઘનું સાધર્મિક વાત્સલ્ય (કુંવરબાઈની ધર્મશાળા) રાત્રે અધિવાસના.

દ્વિવસ નવમો : પોષ વદ ૬ બીજી તા. ૧૯–૧–૯૮ સવારે અંજન શલાકા, સમવસરણ દેશના, સવારે ૭–૦૦ વા. ૧૦૮ અભિષેક, સવારે ૮–૦૦ વા. મુમુક્ષુ કુસુમબેનની દીક્ષા વિધિનો પ્રારંભ (કુંવરબાઈ જૈન ધર્મશાળા) બપોરે ૧–૦૦ વા. શાંતિસ્નાત્ર.

દીક્ષા વિધિ : શ્રી કુંવરબાઈ જૈન ધર્મશાળા, ન્યુ. જેલ રોડ, દ્વિગ્વિ. પ્લે.૮.

દીક્ષાર્થીનો ઉતારો : શ્રી કુંવરબાઈ જૈન ધર્મશાળા, ન્યુ. જેલરોડ, દ્વિ.પ્લોટ, જામનગર

અંજન શલાકા મહોત્સવ : શ્રીમતી જશમાબેન વીરજી, શ્રી મેઘજી તથા શ્રી વેલજી વીરજી દોઢીયા, શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દ્વિ. પ્લોટ, જામનગર

આ ભવ્ય મહોત્સવમાં પધારવા સકળ સંઘને ભાવભર્યું આમંત્રણ છે.

શુભેચ્છા સહ...

પ્રાણલાલ સી. શાહ

પ્લાસ્ટીક એન્જીનીયરીંગ વર્કસ

મેન્યુફેક્ચરર્સ

પી.પી./પીવીસી/એફ.આર.પી. એકઝોસ્ટ ફેન્સ

સ્કમરર્સ, ડકટીંગ, ઈન્ડસ્ટ્રીયલ મોલ્ડીંગ્સ

૧૯ બોમ્બે ટોકીઝ કમ્પાઉન્ડ મલાડ (વેસ્ટ)

મુંબઇ–૪૦૦ ૦૬૪

ફોન નં. ૮૮૨૩૯૧૪–૮૮૨૦૮૪૭ ફેકસ : ૮૮૨૦૬૬૩

સમ્મેત શિખરજીના સંદર્ભમાં દિગંબરો બધું લોલેલોલ જ ચલાવી રહ્યાં છે.

—જિનદાસ ભગવાનદાસ

વિવાદ

આણંદજી-કલ્યાણજી પેઢી સામે ચલાવવામાં આવેલા ગોબેલ્સનો પર્દાફાશ

શ્રી સમ્મેતશિખરજીના કેસમાં શ્વેતાંબરોએ ઉદારતાથી 'રાઇટ ઓફ વર્શિપ'ની આંગળી દિગંબરોને પકડવા દીધી. એટલે હવે તેમાંથી 'રાઇટ ઓફ ઓનરશિપ'નો પહોંચો પકડવા દિગંબરો છેલ્લાં સો વર્ષથી અકારણ રીતે આ વિવાદને વધુ ને વધુ વકરાવતા જાય છે. છેલ્લાં સો વર્ષના લગભગ બધા જ ચુકાદાઓ દિગંબરોની વિરુદ્ધમાં ગયા છે અને હજારીબાગની નાની કોર્ટથી માંડીને વડી અદાલતો અને પ્રીવી કાઉન્સિલે પણ સર્વાનુમતે શ્વેતાંબરોના માલિકી, વહીવટ, નિયંત્રણ અને કબજા બાબતના સર્વાંગીણ અધિકારો પર મંજુરીની મહોર મારી છે. શ્વેતાંબરોએ ઉદાર ભાવે દિગંબરોને પૂજા કરવાનો કોર્ટે આપેલો અધિકાર માન્ય રાખ્યો છે. રાંચી હાઇકોર્ટના ડિવિઝન બેન્ચમાં જે ચુકાદો આપવામાં આવ્યો છે તેને સર્વોચ્ચ અદાલતમાં શ્વેતાંબરો દ્વારા પડકારવામાં આ યો છે છતાં દિગંબરો એમ જુઠ્ઠાણું ફેલાવે છે કે શ્વેતાંબરો સમ્મેતશિખરજીના કેસમાં હારી ગયા છે તે એક આશ્ચર્યની વાત છે.

દિગંબરો દ્વારા ચલાવવામાં આવી રહેલા ગોબેલ્સ અભિયાનનો પર્દાફાશ આ લેખમાં કરવામાં આવ્યો છે. દિગંબરો પાસે કશું હતું જ નહીં તેથી તેમને તો જે મળે તે મફતનું જ છે એમ સમજીને બિહાર સરકાર પાસે વટહુકમો કરાવી, ખોટેખોટા કેસો ઊભા કરીને આખેઆખું પવિત્ર તીર્થ સરકારના હાથમાં અને તે દ્વારા પોતાના કબજામાં આવી જાય તેવા દાવપેચ રમવાનું શરૂ કર્યું છે. શ્વેતાંબરો પાસે પરાપૂર્વથી ચાલ્યા આવતાં અંતરીક્ષજી, કુંભોજગિરિ, મક્ષીજી વગેરે જુદાં જુદાં ૧૧ તીર્થોમાં આવી રીતે ખોટી માલિકીના હકો ઊભા કરી દિગંબરોમાં રહેલાં કેટલાંક સ્થાપિત હિતો સમગ્ર જૈન સંઘને ભયંકર નુકશાન પહોંચાડી રહ્યાં છે. શ્વેતાંબરોની એક વિશેષતા ઉડીને આંખે વળગે તેવી છે. તેઓએ દિગંબરોના શ્રવણ બેલગોડા વગેરે કોઇ તીર્થ ઉપર પોતાને. દાવો રજુ નથી કર્યો અને દિગંબરોએ એથી ઉલટું શ્વેતાંબરોના એક પણ તીર્થમાં પોતાનો દાવો રજુ ન કર્યો હોય તેવું બન્યું નથી. ટાઇમ્સ ઓફ ઇન્ડિયાના અંગ્રેજ જૈન પાસે ચોથી જાગીર જેવું માતબર અખબાર છે. તેમના ઉચ્ચ

રાજદ્વારી સંપર્કો વગેરે પરિબળોના સહારે તેઓએ સત્યના ગળે ડુંપો દેવાનો જ્યારે જ્યારે પ્રયાસ કર્યો છે ત્યારે અંતે સોના જેવું સત્ય સોનારૂપે જ બહાર આવ્યું છે અને શ્વેતાંબરો બધા કેસમાં સાચી રીતે જીત્યા જ છે.

અરે ખર તો જૈનોના ચોવીસમાં અને છેલ્લા તીર્થંકર શ્રી મહાવીરસ્વામી ભ. પછી ૬૦૦ વર્ષ દિગંબરો શ્વેતાંબરોની મૂળ પરંપરામાંથી જુદા પડ્યા છે. તેનાં અઢળક ઐતિહાસિક શાસ્ત્રીય પ્રમાણો છે. શ્વેતાંબરોના મૂળ ૪૫ આગમોને પણ દિગંબરોએ સ્વીકાર્યા નથી તો પછી તીર્થો વગેરે સંપત્તિઓ પરથી પણ તેમણે ઊભો કાટવી દેવો જોઇએ. કેથલિકમાંથી પ્રોટેસ્ટંટો જ્યારે જુદા પડ્યા ત્યારે તેમને પોતાની મિલકતો નવેસરથી વસાવવી પડી હતી, કારણ એ 'ક્રોસ અબે ગ્રુપ' હતુ તેવો અદાલતનો પણ આદેશ હતો. એજ ન્યાયે દિગંબરોએ આવા ધમપછાડા છોડી જૈનોના ઠીંમતી માનવકલાકો, જૈનોની ધીમંતાઇ અને શ્રીમંતાઇને વેડફવી ન જોઇએ. તેને બદલે પશ્ચિમના અનાત્મવાદના આક્રમણ સામે બંને ભાઇઓએ ખભેખભા મિલાવીને તુટી પડવું જોઇએ.

દિગંબરોએ 'જે દૂધ પીવાય નહીં તે ઢોળી નાખવુ' એ ન્યાએ કદાચ આ તીર્થ અમારા હાથમાં ન આવે તો બિહાર સરકારને મળી જાય તેવા હીન કક્ષાના પ્રયત્નો શરૂ કર્યા છે. પણ માત્ર દિગંબરોએ જ નહીં પણ સરકારે પણ એક વાત સમજી લેવાની જરૂર છે કે ધર્મતીર્થનો સાચો માલિક ધર્મસંઘ જ હોય છે. ભારત સરકાર બ્રિટિશ સલ્તનત કે મોગલોના શાસકોના જન્મ પહેલાં ધર્મશાસનની સ્થાપના કરવામાં આવી છે અને તે અપ્રતિહત અખંડિત રીતે ચાલ્યું આવે છે. ભારતના બંધારણની ૨૫મી અને ૨૬મી કલમમાં પણ ધર્મશાસનના આ સ્વતંત્ર અસ્તિત્વનો સ્વીકાર કરવામાં આવ્યો છે અને તેમાં સરકાર કોઈ પણ પ્રકારે અનિચ્છનીય દખલ નહીં કરે તેની બાંયધરી આપવામાં આવી છે.

દિગંબરો દ્વારા એવી વાત ફેલાવવામાં આવી છે કે શ્વેતાંબરોની તરફેણમાં અકબરનાં ફરમાનો જુઠાં અને પોકળ છે. આજે પણ આ ફરમાનોની મૂળ પ્રત શ્વેતાંબરોની આણંદજી-કલ્યાણજી પેઢી પાસે ઉપસ્થિત છે. તે સિવાય કોર્ટોમાં અનેક ચુકાદાઓમાં **Exclusive ownership, control, management & possession** શ્વેતાંબરોના જ છે તેવું માન્ય કરવામાં આવ્યું છે. અન્ય દાવાઓમાં ૫૬ ૧૫૯૩ના અકબરનું ફરમાન, ૧૭૫૩માં મુર્શિદાબાદના જગતશેઠને ત્યારના બાદશાહ અહમદશાહે આપેલ ફરમાન તેમજ ૧૯૧૮માં પાલગંજના રાજા સાથે ઝઘડો ટાળવા શ્વેતાંબરો દ્વારા કરવામાં આવેલી ખરીદીને પણ માન્ય રાખવામાં આવી છે.

૧૯૩૩ થી ૧૯૬૫ સુધી તદ્દન શાંતિ પ્રવર્તતી હતી એ દરમિયાન દિગંબરોએ કયારેય આ તીર્થમાં દખલગીરી કરી નથી અને ૧૯૫૦નાં બિહાર લેન્ડ રિફોર્મ્સ એક્ટ અમલમાં આવતા જ દિગંબરોની દાઢ સળકી. ૨–૫–૫૩ના રોજ બિહાર સરકાર દ્વારા એક નોટિફિકેશન (નંબર ૯૫૫/એલ.આર./ઝેડ.એ.એન.) ઉપરોક્ત જમીન સુધારણા કાયદાના અન્વયે કાઢવામાં આવ્યો. જે જમીનદારો ખોટી રીતે ગરીબોને ચૂસાતા હતા તેને નિયંત્રણમાં લેવા માટે હતો તેમ છતાં શ્વેતાંબરોના આ તીર્થ ઉપર મારીમચડીને તેનું અમલીકરણ કરાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘે આનો જોરદાર વિરોધ કર્યો. બિહાર સરકાર બરાબર સમજતી હતી કે ખરેખર આ કાયદો ધર્મ તીર્થનં. સંપત્તિને ન જ લાગુ પાડી શકાય. તેથી ૧૧ વર્ષ સુધી એનું અમલીકરણ પણ ન કર્યું. તેમ છતાં શ્વેતાંબરોએ સર્વોચ્ચ અદાલતમાં એક રિટ અરજી (૫૮/૧૯૬૪) કરીને બંધારણે બક્ષેલા ધાર્મિક સ્વાતંત્ર્યના મૂળભૂત અધિકારોનો ભંગ થાય છે તે વાતની રજુઆત કરી. આ તબક્કે બિહાર સરકારને લાગ્યું કે અમારી માનહાનિ થશે, તેથી તેમણે શ્વેતાંબરોને વચન આપ્યું કે તમે રિટ અરજી પાછી ખેંચી લો અને તમારી ધાર્મિક લાગણી દુભાશે નહીં તેવો રસ્તો કાઢવામાં આવશે તે કારણે આ અરજી પાછી ખેંચવામાં આવી હતી. તેથી કંઇ પર્વતની માલિકી બિહાર સરકારની થઇ જાય કે આ વાત પેઢીએ શ્વેતાંબરોથી છૂપાવી રાખી છે તેવી બિનુનિયાદ વાત કરવાનો કોઇ અર્થ પણ નથી રહેતો.

બિહાર સરકારે ૨–૫–૬૫ના રોજ કાયદેસર રીતે શ્વેતાંબરો સાથે દ્વિપક્ષી કરાર કર્યો અને તેમાં શ્વેતાંબરોને ફોર્ટ વિલિયમની હાઇકોર્ટ દ્વારા આપવામાં આવેલા બધા જ અધિકારોને માન્ય રાખ્યા. વળી આ નોટિફિકેશન પારસનાથ પહાડ ઉપર આવેલ મંદિર, ધર્મશાળાને લાગુ નહીં પડે તેવી બાંયધરી આપવામાં આવી. તે પહાડ ઉપરના જંગલના રક્ષણની સારી વ્યવસ્થા સરકાર પૂરી પાડી શકે તે માટે શ્વેતાંબરોએ તેના માત્ર ઝાડ વગેરે કાપવાના અધિકારો સરકારને આપ્યા. તેની આવકમાંથી ૬૦ ટકા શ્વેતાંબરોને આપવા અને એ ન્યાયે ૧૯૮૦ સુધીમાં લગભગ ૬ થી ૭ લાખ રૂપિયા સરકારે શ્વેતાંબરોને આપ્યા છે. આ જ વાત પુરવાર કરે છે કે માલિકી શ્વેતાંબરોની હતી જ અને તેથી જ ૧૯૬૫ના એગ્રીમેન્ટ મુજબ ૬૦ ટકા શ્વેતાંબરોને આપવામાં આવતા હતા. આ કરારમાં એમ પણ કરાવવામાં આવ્યું કે શ્વેતાંબરોની માલિકી સરકારે સ્વીકારી છે તેથી આ કાયદા હેઠળ કોઇ વળતર સરકારે શ્વેતાંબરોને ચૂકવવું નહીં. તેમ છતાં દિગંબરો હાથે કરીને એવો પ્રચાર કરે છે કે જે ૬૦ ટકા આપવામાં આવે

છે તે બિહાર લેન્ડ રિફોર્મ્સ એક્ટ હેઠળ બિહાર સરકારે આ પહાડ લઇ લીધો છે તેના વળતરરૂપે આપવામાં આવે છે. 'કહેતા ભી દીવાના ઔર સુનતા ભી દીવાના.'

હવે જ્યારે ૧૯૬૫માં આવું સ્પષ્ટ એગ્રીમેન્ટ થયું તેથી હરહંમેશની જેમ દિગંબરોના પેટમાં તેલ રેડાયું. ૧૯૬૬માં તેઓ પક્ષ ગેરકાયદેસર રીતે બિહાર સરકાર સાથે એગ્રીમેન્ટ કરીને આવ્યા. જે મિલકત માટે એક પાર્ટી સાથે કરાર થયો હોય. તો તેને પૂછયા વગર અથવા તેણેની સંમતિ વગર નવો કોઇ કરાર થઇ જ ન શકે છતાં આવો ગેરબંધારણીય કરાર કરવામાં આવ્યો. જો કે તેમાં પણ દિગંબરોને તીર્થની માલિકી, વહીવટ, અંકુશ કે કબજાના કોઇ અધિકાર ન મળ્યા પણ માત્ર અગાઉન કોર્ટના ચુકાદાઓ દ્વારા મળેલા પૂજાના અધિકારને જ સરકારે માન્ય રાખ્યો. આ કરારના અંચળા હેઠળ દિગંબરોએ ગેરકાયદેસર રીતે પતરાના શેડનું બાંધકામ શરૂ કર્યું તેનો વાજબી રીતે શ્વેતાંબરોએ સખત વિરોધ કર્યો અને ગિરિડિહની અદાલતમાં ૧૮/૧૯૬૭નો દાવો દાખલ કર્યો. દાનુની દારપેચમાં કાબેલ એવા દિગંબરોએ ૨૩/૧૯૬૮ નંબરનો પોતાનો પણ દાવો રજુ કર્યો અને ૨૩ વર્ષ સુધી આ કેસ ચાલ્યો.

ત્રીજી માર્ચ '૯૦ના રોજ વિદ્વાન ન્યાયમુર્તિ ચંદ્રસેન ચૌબેએ ઠરાવ્યું કે, સંપૂર્ણ હકો શ્વેતાંબરોના જ છે અને દિગંબરોએ જો કંઇપણ બાંધકામ કરવું હોય તો શ્વેતાંબરોની રજા લેવી જ પડે. અલબત્ત, આ આદેશમાં આ પહાડ બિહાર સરકારનો છે એવો અછડતો જે ઉલ્લેખ કરવામાં આવ્યો તેની સામે સખત વિરોધ નોંધાવી શ્વેતાંબરોએ રાંચી હાઇકોર્ટમાં અપીલ દાખલ કરી. આ બાજુ લાંબા દાનુની વિવાદો ટાળવા દિગંબરોને ધર્મશાળા બાંધવા દેવાની શ્વેતાંબરોએ શરતી તૈયારી બતાવી : કોર્ટના આદેશ મુજબ તમે અમારી રજા માગો તો અમે તમને પરવાનગી આપીએ પણ એ દ્વારા પણ શ્વેતાંબરોની માલિકીને સ્વીકારે તો તે દિગંબરો શાના ? પોતાના ૫૦૦૦ રૂા. માટે સામેવાળાને સુપ્રીમ કોર્ટ સુધી લઇ જતાં વધુ લોકો સુફિયાણી સલાહ આપતા હોય છે કે ભાઇ શ્વેતાંબરો તમે સમાધાન કેમ નથી કરતા ? પણ જ્યારે જ્યારે તડજોડ કરવાનો પ્રયત્ન કર્યો છે ત્યારે આખો લાડવો જ ખાઇ જવાની દિગંબરોએ પેરવી કરી છે. સમાધાનની આવી એક સભામાં આપણા શ્વેતાંબરભાઇએ દિગંબરી અગ્રોક્ષ જૈનને પૂછેલું કે અમારી પાસે માલિકી, નિયંત્રણ, વહીવટ અને કબજો છે. તમારે શું જોઇએ છે ? ત્યારે તેમણે જવાબ આપેલો કે તમારી પાસે જે છે તે બધાનું અડધોઅડધ લઇ લેવું છે. હવે આવા લોકો સાથે સમાધાન કરવા પણ કેવી રીતે બેસવું એ એક મોટો પ્રશ્ન છે.

(વધુ આવતા અંકે)

ખોટું ન લગાડતા હો ને! *

—શ્રી ભદ્રંભદ્ર

કર્માધીન છે સૌ સંસારી કોઇને કાંઇ ના કહેવું.

હું અમેરિકાના બી.બી.સી. લંડનની જેમ લગભગ કોઇપણ જાતના નાત–જાતના ભેદભાવ વગર બિનસાંપ્રદાયિક રીતે જૈન શાસનના સમાચારો લખનાર ગણાતો આવ્યો છું. માટે હું આજથી મને મારા જ વરદ હસ્તે 'જૈન શાસનના બી. બી. સી લંડન' ના સુવર્ણ ચંદ્રકથી નહિ, ચાંદી ચંદ્રકથી પણ નહિ, કાંસ્ય ચંદ્રકથી પણ નહિ, સીસા કે જરાત કે લોઢા ચંદ્રકથી પણ નહિ પરંતુ સંસાર સાગરથી પાર ઉતારે તેવા લાકડા ચંદ્રકથી નવાજુ છું હવે પછીથી તમારે મને ભદ્રંભદ્ર ઉર્ફે જૈન શાસનના બી.બી.સી. લંડનના નામથી ઓળખવાનો રહેશે. આ આપની જાણ માટે.

આજે જો કે જૈન શાસનમાં વાતાવરણ મસાલેદાર છે.

(૧) છેક છેલ્લી ઘડીએ કોઇ વિહાર કરવાના પાક્કા સમાચાર જાણ્યા પછી તેમને "મિતિ-સંવાદ" (તિથિ ચર્ચા) માટે પડકાર, ચેલેંજ કે આહવાન માનવેન્દ્ર-સમુદ્રની શુરવીરતાની પ્રશંસા આપણે હમણા નહિ કરી શકીએ.

(૨) વળી આગ એટલે અગ્નિ અને લોઢ એટલે વજન માટે આગલોઢ='અગ્નિ-વજના' નામના ગામમાં કોઇ 'સુવર્ણરત્ન' નામના મહાપુરૂષને સપનામાં કે સાક્ષાત પ્રસન્ન થયેલા 'શ્રી માણિભદ્ર વીર'ની પ્રસન્નતાથી હવે આપણા શ્રી અંતરીક્ષજી તીર્થના શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રક્ષાલ, પૂજા આંગી બંધીની હવે મુક્તિ થવાના ગણત્રીના કલાકો તો નહિ પણ વરસોય નહિ પણ દિવસોમાં સમચાર જાણવા મલશે તેવા અત્યંત આનંદ દાયક આવનારા ભવિષ્ય અંગે હમણાં કશું કહેવું મોકુફ રાખવું જરૂરી તથા ઉચિત ગણાયું છે. માટે તે પણ નહિ લખું.

(૩) અભયશેખર એટલે ખબર છે તમને? અભય=નિડર, નિર્ભય, ડર વગરનો (મૂરખ) એવા અર્થો થાય છે. (મૂખને કોઇનો ડર હોતો નાથી માટે તે પણ અભય જ ગણાય. કોઇ શબ્દકોશ જોવા ના જશો.) અને શેખર એટલે મુગટ માથાનું ઘરેણું આથી અભયશેખર=નિડર શેખર પણ થાય અને ( ) પણ થાય.

હાં તો આવી વાત આપણે એટલે કરી કે– આ ઉપરના નામવાળા મહાપુરૂષના ઉપદેશ કે વાંચનથી પ્લાવિત થયેલો કોઇ મારો મિત્ર મલ્યો. અને મને કહે કે– તમે તો એકલું મોક્ષ માટે જ ધર્મ કરવાનું પૂછડું પકડી રાખ્યું છે ને પણ જુઓ અમે

તો હવે પ્રગતિ સાધી છે. પહેલા સ્ટીકરમાં માત્ર એમ જ લખેલું કે–

(૧) 'સંસારના સુખો માટે ધર્મ ન કરાય તો શું પાપ કરાય ?' પણ હવે તો એ વાક્યમાં ફેરફાર કર્યા વગર ઉમેરો કર્યો છે કે–

(૨) 'સંસારના સુખો માટે પણ ધર્મ ન કરાય તો શું પાપ કરાય ?'

મેં કીધુ– તમે તમારી જ જાતે મારી જેમ તથા પેલા ઢલા તરવાડીની જેમ તમારા જ માનીતા સિદ્ધાંતને પ્રમોશન આપી તે વાક્યને નરકમાં લઇ જતું થોડુક બચાવ્યુ તેથી મને ખુશી થઇ. હવે આ બિચારા વાક્યને સન્માર્ગે લઇ જઇ મોક્ષ અપાવવો હોય તો સીધે સીધા માની જાવને અમારી વાત. બિચારા સિદ્ધાંતને તમારા મમત્વને કારણે શું કામ રીબાવો છો ? તમારા જ સિદ્ધાંત મુજબ ખોટા ફર્યા કર કરીને અસ્થિર મનવાળા શું કામ બનો છો ? અને આમે ય તમે તો એકતાવાદી છો ને ? એકતા સિવાયનો તમારો અલગ એકપણ સિદ્ધાંત ન જ હોવો જોઇએ. તમારો તિથિનો, દેવદ્રવ્યથી પુજાનો, સંસારના સુખ માટે ધરમ કરવાનો, ગુરૂપૂજનનું ધન વૈયાવચ્ચમાં લઇ જવાનો અલગ ચોકો શું કામ જમાવવાના ધંધા કરો છો ? ભળી જાવને અમારી ભેળા.

મારી આટલી કડક ઉગ્રવાણીના પ્રવાહથી પેલો મિત્ર જરા ડગી અને ડરી ગયો મેં કીધું– ભલા મા'ણ ! મારી જેવા ભદ્રંભદ્રથી શું કરવાનું ' અરે ! તું તો રડવા લાગ્યો. અરેરે ! એમાં તે રડાતું હશે ? લે પાણી પી લે. છાનો રહી જા. જો રડાય નહિ. તું તો ડાયો છે ને. લે ચૂપ થઇ જા બકા.

પછી તો એ રડતા રડતા જ બોલ્યો– તો પછી અમે તો અત્યાર સુધી એ સંસારના સુખ માટે ધર્મ કરવાની વાતને જ સાચી માનતા હતા. તો અમારૂ હવે શું થશે ?

અરે ! ભઇ તું તો ગાંડો થઇ ગયો લાગે છે. જો હજી બાજી હાથમાં છે તે જ જેથુને તારા સ્ટીકરમાં અને બીજા વાક્યમાં 'પણ' 'ઉમેરો કર્યોને. હજી તે વાક્યમાં ઘણાં ફેરફારો થશે. પેલા ૨૦૪૪ ના સંમેલનના દેવદ્રવ્યના ઠરાવના અર્થોમાં ફેરફાર કર્યો છે ને તેમ જ.

હજી તો વાત પૂરી કરૂં ત્યાં જ મિત્ર કહે– પહેલા જુદુ કહેતા કરતા હતા અને હવે જુદુ કહે ! કરે તે તો અસ્થિર મનના જ કહેવાય ને ? એ મહરાજે જ (ક્રાન્તિ શદ્ર–ક્રાન્તિ શિક્ષામાં) એક જગ્યાએ આવું લખ્યુ છે. એ ય પા. ૫. પૂ. ૨૭.

આ. દે. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ માટે અસ્થિર મનના લખ્યુ છે.'

મેં કીધુ- ગાંડા તું પાછો ભૂલ્યો. એ ભલેને ગમે તે કહે આપણે કશું નહિ કહેવાનું આપણે થોડા એની જેમ...

'અરે ! પણ તે આપણા પરમ મહાપુરૂષ સામે એલફેલ લખે છે ત્યાં આપણે ચૂપ રહેવાનું હોય ?'

મેં પાછા શાંત કરતા મિત્રને કીધુ- જો ભાઇ ! તારામાં ધગધગતી ગુરૂભક્તિ છે તે વાત સાચી પણ આપણે પહેલાં તો એ પણ નાના જ છે ને ? એટલે તેમના વડિલો આદિને સમજાવવાનું વિચારશું કંઇક કરશુ. મહાપુરૂષો સામે એલફેલ લખનારને અમે સાંખી લઇશું એમ તું માને છે ? અમારૂં ય લોહી ધખી જાય છે. પણ તેની જેમ આપણે ઉકળી કે ઉછળી ન પડાય તેનું ધ્યાન રાખવા પ્રયત્ન કરીશુ.

'શું સમજીને તે લોકો સંસારના સુખો માટે કે માટે પણ ધર્મ કરાય તેમ લખે-બોલે છે ? 'તે જ મને તો હવે નથી સમજાતું આવું મારા મિત્રે મને પૂછતાં મે કીધું- હોય ! કોઇના મિથ્યાત્વનો ઉદય હોય ને બિચારો ઉંધી માન્યતા પકડ્યા પછી છોડી ના શકે એવું ય બને તું જેમ સાચું સમજીને તે ખોટી માન્યતા છોડીને સાચ રસ્તે આવી ગયો ને ? બસ એમ બીજાઓ માટે પણ વિચારવાનું તેમનો કાળ પાકશે ત્યારે આપો આપે સાચા રસ્તે (લાઇન પર) આવી જશે. જો કે આપણે તો ય લોકોને સાચો માર્ગ તો કહેતા જ રહેવાનો (કદાચ કોઇ તારી જેમ સુધારી પણ જાય.)

જો ભદ્ર ભદ્ર તમે મને ના મલ્યો હોત તો મારૂ શું થાત ?

અરે ૮૪ લાખમાંથી એકાદ બે પાંચ ભવો વધી જાત એમાં શું ?

છેલ્લે ગંભીર મુદ્રામાં કે શોક દશામાં સભા વિસર્જન કરવી અપશુકન ગણાય માટે આ રીતે હસ્યા-હસાવ્યા. હવે હાલો હવે જમવા ટાણુ થઇ ગીયુ સે. કલ્પિત એક જીવના સન્માર્ગ પ્રતિબોધક જમવા જઇ રહેલા ભદ્ર ભદ્ર કી જય.

જમવા જતાં જતાં વળી મને પાછો વિચાર સૂઝતા મેં મારા ઉન્માર્ગ ગામીમાંથી સન્માર્ગ ગામી બનેલ મિત્રને પૂછ્યું કે-

(૨) ચરમ તીર્થપતિ ભગવાન શ્રી મહાવીર સ્વામીની સૌથી પહેલી દેશના નિષ્ફળ શા માટે ગઇ હતી ? ભગવાને અર્થ-કામની પ્રાપ્તિ માટે ધર્મ કરવાનો ઉપદેશ ના આપ્યો માટે કે પછી કોઇને ચારિત્ર ના લીધું માટે ? (આ પ્રશ્ન છે ને તમારે સંસારના સુખ માટે ધર્મ કરવાનું કહેનાર-લખનાર-માનનાર સામે પુછવા કામ

લાગશે. આવું બધું લખી રાખવું. કામ લાગે ક્યારે ક. કહેવાય છે ને કે સંઘરેલો સાપ કામ લાગે.) અને

આ જ ચરમ તીર્થપતિ ભગવાન શ્રી મહાવીર સ્વામીએ પોતાની અંતિમ દેશનામાં જે એવા ભાવનું કહ્યું કે– "ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરૂષાર્થમાં અર્થ અને કામ એ અર્થ (પુરૂષાર્થ) નથી પણ વાસ્તવિક રીતે અનર્થરૂપ જ છે માટે તેનો ત્યાગ કરવો.' આવું શા માટે કહ્યું હશે ? અર્થ–કામ માટે ધર્મ કરવાનું કહેનાર માટે છેલ્લે છેલ્લે પણ આ લાલબત્તી નથી ધરીને ક્યાં ક ?

મિત્ર કહે– એવું જ લાગે છે.

મેં કીધું– એવું જ લાગે છે એમ નહિ પણ એવું જ છે.

લો હવે બહુ થયું. હવે પછી ભેગા થાશું. વાંધો ન હોય અને આપી શકતા હો તો જમવાનો લાભ આપો. પધારો. જો કે અમે ખાદીનું તેલ, અરે ! ભૂલ્યો તલનું તેલ કે ઘાંચીની ઘાણીનું તેલ નથી વાપરતા હોં. ખપે તો પધારો. દૂધપાક બનાવ્યો છે તેમાં પાળેલી ગાયનું દૂધ નથી વાપર્યું. આસનીયા ખાદીના વપરાય પણ સાલા મેલા જલ્દી થાય છે અને ધોવામાં સાબુ તથા પાણી બન્ને વધુ વપરાય છે. અને ધોયા પછી આસનીયુ જુવાન હોવા છતાં સાલુ ખાદીના કપડાની જેમ કરચલીઓ વળીને ક્યારે ક ઘરડુ બની જતું હોય છે. રસોઇ ગેસ ઉપર જ કરેલી છે. ચૂલો તો શિયાળામાં પાણી ગરમ કરવા પૂરતો જ વાપરીએ છીએ. જો કે તેથી ચૂલો નારાજ છે પણ પણ શું થાય ? કેટલાંને રાજી રાખવા.

તમે આહાર–પાન અંગે ચોક્કસાઇ રાખો છો ને એટલે મેં તમને માત્ર ચોખવટ કરી. આશયશુદ્ધ જ છે મારો હોં. જો જો પાછા ક્યાંક–

મિત્રે જો કે જમવા આવવાની મારે ત્યાં ના પાડી. મને જો કે કારણ ના કીધું પણ આ ખાદીવાળું બધુ હોત તો મને તેનો લાભ ચોક્કસ મળત. કંઇ વાંધો નહિ. હજી હમણા તો સામા પક્ષમાંથી આવ્યો છે નવો નવો છે એટલે હમણાં બધું ક્યાં કહી દઉં. મારે ય ટાઇમ પાસ કરવા અને તેને આવતો રાખવા કોઈક પોઇન્ટો તો જોઇશે જ ને રોજે. એટલે હવે ખાદીવાળી વાત આવતી ફેરા. (વખતે એમાં કંઇ સંસારના સુખો માટે ધર્મ કરવા જેવું ખતરનાક પાપ નથી. અરે ! ઉલટાનું એમાં તો વધુ પાપમાંથી ઓછા પાપમાં જવાનું છે. જો કે તેમાં લક્ષ્ય સાચું છે. પણ રીત અપનાવવામાં થોડું ગાંડપણ છે. એ તે દૂર કરશું. આપણે આમેય મારે બીજુ કામે ય શું છે ?

તો લો હવે ડબલ ફિલ્ટર સિંગતેલનો ડબ્બો વાપરનાર અને મોક્ષ માટે જ ધર્મ કરાય તેવી પથ્થર ઉપર લોઢાની લકીરની જેમ માન્યતા ધરાવનાર ભદ્રંભદ્રની જે બોલાવો એટલે તે જમવા જઇ શકે. (જમવામાં શું હતું કહું હાંભળો મારા મિત્રને કહેતા નૈ. જમવામાં હતું છાસને રોટલા પ્યોર ગામડાનું ખાદી છાપ ખાણું.)

આરાધકે બનો

—શ્રી રતિલાલ દેવચંદ ગુઢકા (લંડન)

સુજ્ઞ મહાશયો, ધર્મીજનો સાંભળો જ્ઞાનીઓએ આપણા ઉપર કેટલી મહેર કરી છે કે—પંચમ કાળમાં જીવો મોક્ષ કઇ રીતે પામે અને કેવી સાધના કરવી જોઇએ. એના માટે છ અઠ્ઠાઇઓ તથા પર્વતિથિઓ ખાસ આરાધવા માટે બતાવી છે આમ તો ૧૨ તિથિ અવશ્ય આરાધવાની છે. કારણ કે આપણા આત્માનો બંધ કેતાં આપણા આયુષ્યનો બંધ એટલે કે જીવનું મરણ બાદ કયાં ફરી જન્મ પામે તેને બંધ કેવાય છે. અને તે બંધ અવશ્ય પ્રાયઃ લગભગ તિથિમાં પડે છે કે આ જીવ અહીંથી મરીને ફરી મનવ ભવ પામશે કે, દેવ ભવ પામશે કે, તિર્યંચ ભવ પામશે કે પછે નિચિ ગતિમાં અને જેથી તિથિ ખાસ આરાધવા કહ્યું છે. અને કેટલું સરસ છે. બીજ પછે ૨ દિવસ મુકીને પાંચમ પછે ૨ દિવસ મુકીને આઠમ, પછે ૨ દિવસ મુકીને અગીઆરસ ૨ દિવસ પછે ચૌદસ ને પૂર્ણિમા બાજુમાં પણ—ઢાંકલો કેવા ભાવ હતો સર્વે જીવોના કે પાંચમનો ઉપવાસ આયંબિલ હોય છઠ્ઠના પારણું કરે અને ૭ ના ફરી ભાવના ભાવે.

ઘરમાં કહે બેનપણીને કહે મિત્રને કહે આવતી કાલે આઠમ છે મારે વ્રત છે મારો ઉપવાસ હશે. ૯ ના પારણું કરી ૧૦ ના એજ ભાવના એટલે ભાવનામાં રહેને ભાવનામાં જ જીવન પસાર થાય જેથી જીવની ગતિ પણ તેવી ઉંચી જ થાય ભાવ તેવો ભવ જે સમયે જેવી મતિ તેવી ગતિ માટે તિથિ આરાધનામાં ઉજમાળ બનવું આરાધનાના દિવસો છે.

આવી પણ ગયા છે અને પર્વના દહાડા સાંઠડા પણ ભાઇ કાયમ સ્કુલમાં એકડો ને એકડો જ રહેતો ટીચર—માસ્તર પણ કંટાળે ને વળી મા—બાપને દુઃખ થાય એમ આપણે કરેકે પોતાના આપણા આત્મા માટે આગળ વધવાનું છે. મને લાગે છે કે જો આપણે ઇન્ટરેસ્ટ ધરાવીએ કેતાં કંઇક જો કરવા ધારીએ તો જરૂર જન્મારો સફળ બને. આપણને મોકો છે સમય પણ મળે છે ને સમજણ—શાન છે અને કર્મ સંજોગે રોજ બધું ના થઇ શકે તો શનિવાર—રવિવારના ૨-દિવસ તથા હોલીડે દિવસો પણ આપણને આત્મભાન જો થાય તો જ બને. કાલે આ અમર આત્માનું શું. ભલે કદાચ રોજ પૂજા ના કરી શકીએ પણ જરૂર શનિ—રવિવારે કરી શકીએ. ભગવાને તો કહ્યું કે—શ્રાવકે ઘેર—ઘેર ગૃહ મંદિરને વસાવું જોઇએ. જિનબિંબ પધરાવવા પણ એ શક્ય ના હોય તો કદાચ જ્યાં જિનમંદિર હોય ત્યાં જઈ દર્શન—પૂજા—ભક્તિ કરવાથી અનંતા ભવોના કર્મ કચરા બળી જાય છે ને એજ પ્રમાણે શ્રાવકે રોજ સામાયિક પ્રતિક્રમણ

અવશ્ય કરવા જોઇએ જેનાથી જુના કર્મરૂપી રોગો નાશ પામે અને નવા રોગો રૂપી કર્મો આવતા અટકે અને તે સામાયિક એક રોજ કરવી. પાણી વિના દુધ ચાહ વિના ચાલે જ નહિં તેમ સામાયિક વિના વાંજીયો દિવસ ગણાય.

અને આ સામાયિક તો એકે એક ભાઇ-બહેન બાલિકા-જુવાન કરી શકે છે અને તે ફક્ત ૪૮ મિનીટ સમભાવનામાં રહેવાનું છે. ધર્મધ્યાનમાં રહેવું છે. બે ઘડી તો આમ જ વાતોમાં પૂરી થઇ જાય છે. જેમાં કર્મ બંધન છે-જ્યારે આ બે ઘડી શુભ ભાવનામાં સ્થિર રહીને ધર્મધ્યાન-ધર્મવાંચન-જાપ નવકાર મંત્રની માળા ફેરવવી કે સ્વાધ્યાય કરવો ધર્મ ક્રિયા કરવી આમ બે ઘડી સમભાવમાં રહેવાથી ૧ સામયિકનો પુણ્ય કેટલો છે ૯૨૫ ૯૨૫ ૯૨૫ ૧/૩ પલ્યોપમથી વધારે આયું દેવભવનું બંધાય છે પરમાત્મા ત્યાં દાખલો પ્રમાણ બતાવ્યું કે ૧-જણ રોજ ૨૦ કોટી સોનાનું દાન આપે તેના કરતા સામાયિકનું ફળ વિશેષ છે-આ વચન પ્રભુના શાસ્ત્રના છે તેનું વર્ણન ચંદ્રસાગ. મહારાજાએ બતાવ્યું છે.

માટે આવી સામાયિક આજે બધા નિયમ કરો કે રોજ ૧ કરવો છે. તો જોએ, પણ રોજ કદાચ નહિં બને તો અવશ્ય અઠવાડિયામાં બે જરૂર કરશું. સામાયિક લેવી પાળવી સહેલી છે પણ કદાચ તે પણ ન જ આવડે શીખવા માટે પ્રયાસ કરજો ને કોઇ મિત્ર-બેનપણી ભેગા કરવા ઉમંગી બનજો ને તેમ સગવડ જો ન બને તો ૩ નવકાર ગણીને બેસવાનું-પ્રથમ એક નાના ટેબલ મેજ ઉપર સાપડો, ધર્મની બુક નવકારવાળી તે રૂમાલ પાથરીને પધરાવવા ને તેના સન્મુખ ઉંધા હાથ રાખી ૩ નવકાર ગણવાના-ને ૪૮ મીનીટ પૂરી થયા બાદ. ૩ નવકાર ગણી અને સવળે હાથ રાખી ૧ નવકાર ઉથાપવા માટે ગણવાના-સ્થાપવા માટે નવકાર પંચિંદિય સૂત્ર બોલવાનું છે અને આ તો સાવ જ નાની વસ્તુ છે આપણને જે ઇન્ટ્રેસ્ટ ભાવન. જાગે આત્મા વિશેનો તો જેમ ઘર વેપાર માટે કે સંસાર વેપાર માટે અધરામાં અધરા કાર્યમાં સાહસ કરીને મેળવીએ છીએ તેમ આ પણ જરૂર શીખી શકાય, થઇ શકે. આ તો આપણા પોતાનું જ છે અને અવશ્ય એક બે સામાયિક રોજ ન બને તે શનિ રવિવારે જરૂર કરવા જોઇએ જેમાં નવું શીખવાનું સ્વાધ્યાય-માળા કરેક ક્રિયા થઇ શકે અને જરૂર થશે કરશો.

ત્યારબાદ રોજ પ્રભુ દર્શનની ક્રિયા ઘેર નાનું પણ મંદિર રાખી જેમાં મહાવીર સ્વામી પ્રભુની મુર્તિ પધરાવી વિધિથી દર્શન ક્રિયા કરવા કટીબદ્ધ થવું જે કોઇ ના કરી શકતા હોય તેમના માટે છે અને છેવટે તેમ નાં બને તો પાડોશીમાં મિત્રને ઘેર

જઇ શીખવા કોશીષ કરવી અને આપણા જીવનમાં દર્શન શુદ્ધિ આચાર અને વિચાર શુદ્ધ હશે તો જરૂર આપણે પણ એક વખત સાચા શ્રાવક બની શકશું. ત્યાર બાદ પ્રતિક્રમણ પણ અઠવાડિયે એકવાર બધા ભેગા મળીને અગર તો જાતે છેવટે બુકમાં જોઇ વાંચીને અને તેમ શક્ય ન બને તો પાડોશી કે જ્યાં જે ભાઇ–બેન–ભાઇઓ માટે ભાઇ–બહેનો માટે બેન. કરતા હોય ત્યાં જવું કે મારે તમારો સંસર્ગમાં પ્રતિક્રમણ કરવું છે અને એમ આપણે કેશું તો રોજ પ્રતિક્રમણ કરનારો તો ખુશી થશે એને કોઇ મહેનત નથી મૂળ આપણને ઇન્ટરેસ્ટ જાગવો ઘટે. જેમ અને શનિ–રવિવારે જો તે દિવસ તિથિ હોય તો અવશ્ય ઓછામાં ઓછું નવકારસીનું પચ્ચખાણ કરવા માટે હોંશ કરવી જેનાથી ૧૦૦ વર્ષના દોષો નાશ પામશે.. અને સાંજનું ચોવિહાર વગેરે એજ ભાવના એજ સર્વ જીવોનું કલ્યાણ થાઓ–કલ્યાણ થાઓ. એવી શુભ ભાવના..

આ જીવન તો ૫૦–૮૦ વર્ષનું પછે આપણો આત્માનું શું આવો વિચાર પણ રોજ થવા જોઇએ બાકી તો જીવન અસ્થિર છે આત્માનું સાચું સુખ તો ત્યાગમય જીવન છે. ધર્મમય જીવન ભક્તિમય સાધનામય જીવન જીવવાથી આત્માનું કલ્યાણ અવશ્ય વહેલું વહેલું થઇ શકે છે એજ શુભ ભાવના...

સિદ્ધાંત મહોદધિ કોટીશ... કોટીશ... વંદના...

પરમ આરાધ્યપાદ, પરમકૃપાસિંધુ, સિદ્ધાંત મહોદધિ, સ્વ. આ. પ્રેમસૂરીશ્વરજી મહારાજા એટલે તપ, ત્યાગ, તીતીક્ષાના મૂર્તિ, વિનય, વૈયાવચ્ચ, વૈરાગ્ય, વાત્સલ્યના વારિધી સંયમ, સેવા સ્વાધ્યાયના સાગર; ૩૦૦ ઉપરાંત સાધુના અધિપતિ; અનેક પ્રખર ચારિત્રના, પ્રખર તપસ્વીઓના, પ્રખર વક્તાઓના, શાસન પ્રભાવકો, શાસન સુભટો, વિદ્વાનો પકડી શ્રી જિન શાસનને ચરણે ધર્યા, છતાં ન મોટાઇ! ન બડાઇ! ન આડંબર!

૧૭ વર્ષ સંયમ સ્વીકાર્યું, ત્યાગાદ્રિમાં આગળ વધ્યા, ગંભીર માંદગીમાં પણ તમામ ફળ, મેવા, મીઠાઇ બંધ.

૫૦ વર્ષ સુધી એકાસણા તે પણ પ્રશિષ્યોએ મહાકાય ગ્રંથ રચનાની બાંહેધરી આપી ત્યારે જ છોડયા! કેવા? દક્ષ વ્યાપારી! આવા અનેકાનેક ગુણાલંકૃત મહાન સૂરિપુંગવના ચરણ કમળમાં ચરણ કીંકર, ચરણરજ, શિષ્યાણુ ચરણપ્રભવિજયની પુનઃ પુનઃ કોટીશઃ કોટીશઃ વંદનાવલિ. જય પરમગુરૂદેવ... સ્વર્ગારોહણ તિથિ વિક્રમ સં. ૨૦૨૪ન વૈશાખ વદ ૧૧.

—પૂ. મુ. શ્રી ચરણપ્રભવિજયજી મ.

: શાસન સમાચાર :

અમદાવાદ-પાલડી : શ્રી લક્ષ્મીવર્ધક જૈનસંઘ પૂ. આ. શ્રી વિ. યશોદેવ સૂ. મ.ની ૨૬ મી સ્વર્ગારોહણ તિથિ નિમિતે શ્રી સિદ્ધચક્રપૂજન શ્રી લઘુ શાંતિસ્નાત્ર સાથે નવાન્હિક જિનેન્દ્રભક્તિ મહોત્સવ પૂ. મુ. શ્રી નંદીશ્વર વિ. મ.ની નિશ્રામાં ભાસો વદ ૧૩ થી કારતક સુદ ૬ સુધી ભવ્ય રીતે ઉજવાયો. વિધિકાર શ્રી રોહિતભાઇ આર. શાહ તથા સંગીતકાર શ્રી ગજાનનભાઇ ઠાકુર આદિ પધારેલ.

કાર્તિકી જૈન પંચાંગ-કેલેન્ડર : પ્રકાશક-**શ્રી ઉદયતિથિ પ્રકાશન,**
C/o. એમ. જે. શાહ, ૨૦૫, ૨જ્ય એપાર્ટમેન્ટ, ૪૬, પ્રિતમનગર,
પાલડી, **અમદાવાદ**-૩૮૦૦૦૬ ફોન-૦૭૯ ૬૫૭૯૧૧૩

સુંદર આકર્ષક કેલેન્ડર છે-પાછળના ભાગમાં કલ્યાણક પચ્ચકખાણો, પચ્ચકખાણ સમય પર્વતિથિ તથા કલ્યાણકોની આરાધના વિ. આપેલ છે. દિવાલે ટાંગી શકાય તેવું લેમીનેશન કરેલું છે. શાહ **વીઠલજી ખીમચંદ ત્રવે. મૂ. તપા. ટ્રસ્ટ** જામનગરના સૌજન્યથી પ્રગટ થયું છે.

—: શિક્ષકની જરૂર છે :—

ઓસવાલની ઉત્પત્તિ જ્યાંથી થયેલ છે તે ઓસિયા તીર્થમાં જૈન બોર્ડિંગમાં ધાર્મિક ભણાવનાર અધ્યાપકની જરૂર છે. ખાવું-પીવું અને યોગ્યતાનુસાર પગાર રૂા. ૨૦૦૦) થી ૨૫૦૦) આપવામાં આવશે. નીચેના સરનામે ઇચ્છુકે પત્ર વ્યવહાર કરવો.

શિવરાજજી કોચર (કાપડના વેપારી)
તંબાકુ બજાર, **જોધપુર**-૩૪૨૦૦૨ (રાજસ્થાન)

ઓશિયા તીર્થ જોધપુરથી ૬૧ કિ. મિ. છે. હજારો યાત્રાલુઓ તથા બસો અવાર નવાર જાત્રા માટે આવે છે.

મહાભારતનાં પ્રસંગો

[પ્રકરણ-૧૭] —શ્રી રાજુભાઇ પંડિત

(૧૭) હાર્યા છતાં સંસારને છોડનારા કેટલા ?

'જો. તારા રાજાને જઇને કહે કે હું સંગ્રામ માટે સજ્જ છું. તું પણ સંગ્રામ-સજ્જ થઇ જા.'

એ દિવસ નિષધ રાજાએ નલને રાજ્ય સોંપી પુષ્કરને યુવરાજપદે સ્થાપન કરી પોતે સંયમ સ્વીકાર્યું.

પ્રજાના સુખ-દુઃખના સહભાગી બનીને રાજા નલે પૃથ્વિ ઉપર સુંદર શાસન જમાવ્યું. ઘણાં રાજાઓને પોતાના બાહુબળથી નળરાજે જીતી લીધા.

એ દિવસ નલરાજાએ પ્રધાનોને પૂછ્યું કે-શું હું પિતાનું જ રાજ્ય ભોગવું છું કે તેનાથી વધુ મેળવેલું ભોગવું છું ? પ્રધાનોએ કહ્યું-તમારા પિતા ત્રણ અંશ ન્યુન ભરતાર્ધને ભોગવતા હતા જ્યારે તમે પૂર્ણ ભરતાર્ધને ભોગવો છો. માટે તમે પિતાથી પણ અધિક મેળવેલું ભોગવો છો.

પરંતુ... પરંતુ રાજન્ ! અહીંથી બસ્સો યોજન દૂર તક્ષશિલા નગરીનો રાજા કદંબ તમારી આજ્ઞા નથી માનતો. તે દુર્વિનીત એક જ તમારા યશચંદ્રમાં કલંક બન્યો છે. જો કે તમે માત્ર રોષથી કઠોર તમારા મનને કરશો તેટલા માત્રથી જ તે પર્વત ઉપરથી પડતા ઘડાની જેમ વિશીર્ણ થઇ જશે. તે પહેલા દૂત દ્વારા તે દુર્મતને શાનમાં સમજાવીએ પછી જે ઉચિત લાગશે તે કરાશે.'

વિશાળ સૈન્ય સાથે એક ચાલાક-ચતુર દૂતને નલરાજે તક્ષશિલા તરફ રવાના કર્યો. દૂત તક્ષશિલા જઇ પહોંચ્યો. અને કદંબ રાજાને કહ્યું કે-શત્રુઓ રૂપી જંગલોને ભસ્મ કરી નાખનારા દાવાનલ જેવા મારા સ્વામી નલની હે રાજન્ ! તું સેવા કર. સેવા કરીશ. તો ઘણો સુખી થઇશ. નક્કામો સેવા નહિ કરીને તારા પોતાના જ તેજો-વધને તારા જાતે ના કર. હું તારી કુળદેવીથી અધિષ્ઠિત થયેલાની જેમ તને હિતકર વાત કહું છું નળની શરણાગતિ સ્વીકારી લે, કંઈક વિચાર, મુંઝાઇ શું ગયો છે ?

શું રોમ રોમ સ્વમાનને સળગાવી નાંખે તેવા શબ્દો સાંભળીને દાંત વડે હોઠોને કરડીને મુર્ખ, પોતાની શક્તિને ઓળખી નહિ શકનારો રાજા કદંબ બોલ્યો કે-શું

તારો રાજા નલ મુર્ખો છે, કે તેને કોઇ વળગાડ વળગ્યો છે ? શત્રુના સંહારક મારી જેવા શત્રુને તારો રાજા ઓળખતો નથી લાગતો. શું તારા રાજકુળમાં કુલામાર્યો પણ નથી કે જેથી મૂઢ જેવા આ નલને આવું કહેવડાવતા તેને અટકાવ્યો નહિ ? જા દૂત ! તારો રાજા રાજ્યથી કંટાળી ગયો હોય (અને મરણ ઇચ્છતો હોય) તો જઇને તારા રાજાને કહે કે–હું સંગ્રામ માટે સજ્જ છું તું પણ સજ્જ થઇ જા.'

દૂતે આવીને કઠંબ રાજાની આ વાત કરતાં રાજા નળે પ્રચંડ સૈન્ય સાથે તક્ષશિલા તરફ પ્રયાણ કર્યું. તક્ષશિલાને બધી બાજુથી ઘેરી લીધી. શુરવીરતાનો સ્વામિ તક્ષશિલાનો નરેશ કઠંબ રાજા પણ સંગ્રામ–સજ્જ થઇને આક્રમણ લઇને આવ્યો.

બંને પક્ષોના સૈન્યો ક્રોધાવેશ બનીને કાપા–કાપી કરવા લાગ્યા.

નિર્દોષ જીવોની હિંસા જોઇને દ્રવી ઉઠેલા નલ રાજાએ કઠંબ રાજાને કહ્યું–આ નિરપરાધી જીવોની હિંસા કરવાથી શું ? આપણે જ બંને દ્વન્દ્વયુદ્ધ કરી લઇએ.

નલ–કઠંબનું ભયાનક દ્વંદ્વ યુદ્ધ શરૂ થયું. નલે કઠંબને દરેક યુદ્ધમાં હરાવા માંડયો. જે જે યુદ્ધ કરવા કઠંબે કહ્યું–નલે તે તે યુદ્ધ કરીને કઠંબને હરાવી દીધો.

સંપૂર્ણ હારની અણી ઉપર આવી ચૂકેલા કઠંબ રાજાએ વિચાર્યું–મારાથી પણ મહાશક્તિશાળી નળરાજાની શક્તિ સામે મેં મારા ક્ષાત્રવટને ટકરાવ્યું. આખરે હાર તો રહ્યો. મૃત્યુકશા હવે નજીકમાં જરૂર છે પણ દીપકની રોશનિમાં કે આગના ભડકતા અંગારામાં બળીને ખાખ થઇ જતાં પતંગિયાની જેમ તો મારે નથી જ મરવું. તેથી અહીંથી પલાયન કરીને હું વ્રત સ્વીકારી લઇશ. તેવું પલાયન પણ સારું છે જેનું ભાવિ ઉજળું હોય ! આમ વિચારીને કઠંબરાજા નાસી છૂટયા. દીક્ષા લઇ લીધી. સંયમધર બનેલા મુનિવર કઠંબ આગળ આવીને નલરાજે પોતાની ક્ષમા માંગી. કહ્યું કે–મુનિવર ! તમે જીત્યા હું હાર્યો. તમે આ પૃથ્વીને છોડી ના દો.' ત્યારે મુનિવર મૌન જ રહ્યા. આથી કઠંબ મુનિવરના સંસાર ત્યાગ કરવાના સત્ત્વની પ્રશંસાપૂર્વક નમસ્કાર કરીને નળરાજે તે જ કઠંબરાજાના પુત્ર જયશક્તિને તક્ષશિલાની ગાદીએ સ્થાપન કર્યો. પાછા ફરેલા નલનો દરેક રાજાઓએ ભરતાર્ધપતિ તરીકે અભિષેક કર્યો.

(ક્રમશઃ)

❋ કામદેવ રાજા કથાનો ગુજરાતી અનુવાદ ❋

(ગતાંકથી ચાલુ)

તે વાત એકાંતમાં વિમલબોધ મંત્રીને જણાવીને તેની બુદ્ધિ વડે બાલચંદ્ર અને બાલસરસ્વતી નામવાળા બે પંડિતને સહાય માટે સાથે લઇને ચાલતો થયો. આ તરફથી કોઇ એક મહેમાન ફરતો ફરતો સૌભાગ્ય મંજરીને આશિષ આપીને નગરમાં નિવાસ કરીને આ પ્રમાણે પૂછયું–હે બેટા, યૌવન, આયુ લક્ષ્મીના લાભ ને તું ગ્રહણ કરે છે કે નહિં. ઇચ્છા વડે ખાવું પીવું આદિ કપોલાની હેમનોહર આંખવાળી તું ખા, અને પીવ હે શ્રેષ્ઠ શરીરવાળી જે ભૂતકાળમાં હતું તે તારૂં નથી. કન્યા વડે કહેવાયું આયુષ્ય, યૌવન લક્ષ્મી નશ્વર છે. પ્રતિક્ષણ અને ભીરૂં ગયેલું પાછું નથી આવતું. આ શરીર સમુદાય માત્ર પુણ્યનું ફલ ગ્રહણ કરવું જોઇએ એ કારણ એવું પરિણામ અમૃત રસવાળું છે.

તાપસીએ કહ્યું–પુણ્ય નથી, પાપ નથી જીવ ભોકતા નથી. અને સ્વર્ગ મોક્ષ આદિ કોઇ વસ્તુ નથી. આ મહા ભવભૂતિ ભાવનાને છોડીને ડાહ્યા માણસોએ પોતાની ઇચ્છા પૂર્ણ કરવી જોઇએ.

કન્યાએ કહ્યું–જીવ નથી એ પ્રમાણે કેમ જાણ્યું તું જો એમ કહે કે પ્રત્યક્ષ નથી દેખી શકાય માટે તો તારા પૂર્વજો પણ અદૃશ્ય માનહેતુ વડે નથી એમ અમે કહીશું કે વખતના માણસો વડે જોવાયેલ. તેથી પૂર્વજો હતા એમ જો કહો તો તે સમયમાં વર્તતા જ્ઞાનીઓ વડે જીવ જોવાયેલ માટે જીવ છે. તો કોણ જાણે છે જ્ઞાનીઓ હતા એમ જો કહો તો તે સમયમાં માણસો હતા કે નહી એ પ્રમાણે સરખો જ પ્રશ્ન થશે. અથી પૂર્વજોના અભાવમાં અમે કેવી રીતે થઇએ.

એ પ્રમાણેના અનુમાનથી પૂર્વજો હતા એમ માને છે, તો જ્ઞાનીઓના અભાવમાં સત્ય આગમ વચન પણ થાય. એ પ્રમાણે જ્ઞાની વડે જોવાયેલ જીવ કેમ ન મનાય! અને જીવ છે તો તેને કરેલ પુણ્ય, પાપ પણ છે. એમ જો ન હોય તો સુખી દુઃખી આદિ જગતમાં વિચિત્રપણું ન હોત. તેથી જો તું એમ કહે કે જન્મ વખતે શુભ–અશુભ ગ્રહનો સંબંધ થાય છે. તે (સુખ દુઃખ) એ પ્રમાણે શુભ–અશુભ ગ્રહનો સંબંધ પણ પુણ્ય થાય જ નિમિત્ત સમજવો. બીજું કોઇ નિમિત્ત દેખાતું નહિ હોવાથી જેમ પથ્થરમાંથી થયેલ બિંબ અને સિડી એક પૂજા થાય છે. બીજું અપૂજ્ય છે. તેમ નિમિત્ત વગર સુખ દુઃખ થાય છે.

એ પ્રમાણે કહે તો બરાબર નથી પ્રતિષ્ઠિત બિંબ નામવાળા ધનવાનોનું પુણ્ય અને સિડિનું પુણ્યનો અભાવ જ કારણ છે. જો એમ ન હોય તો કોઇપણ પુણ્યવાળાના

નામની પ્રતિષ્ઠા વગરના બિંબ પણ કેમ પૂજાતા નથી. એમ જ પાપીની મૂર્તિ પગના પ્રહાર થૂંક આદિ વિડંબનાના ન્યાયને પણ સ્થાપવો જોઇએ તેથી આ પ્રમાણે પુણ્ય અને પાપ છે તેથી બેના નિમિત્તવાળા સ્વર્ગ નરકમાં પેઠા કોના વડે વારિ શકાય. વળી પુણ્ય પાપના ક્ષયમાં મોક્ષ એ પ્રમાણેનાં વચન વડે જીવ એમ મોક્ષ પણ છે. આ પ્રમાણે બધું સારૂં છે. જો એમ તમારો મત છે કે ડાહ્યા માણસોએ હંમેશા પોતાની ઇચ્છા પૂર્ણ કરવી જોઇએ એ પ્રમાણે હોય ત્યારે નહિ જોવા જેવા મુખવાળા તને હમણાં જ બહાર કાઢવાની અમારી ઇચ્છા છે તો અમારે તેણે પૂરી કરવી જોઇએ.

એ પ્રમાણે કહીને આંખના ઇશારા વડે કન્યા વડે દાસીને પ્રેરણા કરી તેણીના વડે મુખ બાંધવા પૂર્વક તાપસીએ ગળામાંથી પકડીને બહાર કાઢી મૂકયો. હવે તે તાપસીએ કહ્યું–પોતાના નિપુતાણાના અભિમાનવાળી એવી આને આખી જિંદગી સુધી મહામૂર્ખ પતિના સંકટમાં હું પાળું છું એ પ્રમાણે ક્રોધથી કોઇપણ અતિશયવાળા યક્ષની આરાધના કરીને સૌભાગ્યમંજરીને મૂર્ખ વડે વાઢમાં જીતીને પરણાવવી જોઇએ. એ પ્રમાણે વરદાન માગ્યું હતું યક્ષ પણ કામદેવકુમાર જેવો બીજો કોઇ મૂર્ખ નથી તેથી તેણે તેનો પતિ બનાવીશ.

એ પ્રમાણે કહીને કામદેવકુમાર સ્વયંવરમાં સૌભાગ્ય મંજરીને પરણશે. એ પ્રમાણેનું સ્વપ્ન વિમલબોધ મંત્રીને આપીને પરણશે મારા વડે કામદેવના મંત્રીને એ પ્રમાણેનું સ્વપ્ન આવ્યું છે. એ પ્રમાણે તાપસીને જાણકારી આપી હતી. આ સંભવ છે, એ પ્રમાણે જો મંત્રી કહે તો તેને આ સ્વપ્ન સ્થાપન કરાયું. હવે સવારના પ્રયાણના અંતમાં સભામાં બેઠેલા કુમારે તાપસીના વિશે કહ્યું–આપનાથી ઇચ્છા સિદ્ધિ થશે. એ પ્રમાણે આશિષ આપીને તે ઉત્સાહ સાથે નગરમાં રહ્યો. મંત્રીએ કહ્યું–આ કેવી રીતે ! તેણે કહ્યું–કુમાર કન્યાને વાઢમાં જીતીને પરણશે. અહિંયા આ વિષયમાં આજે રાત્રે સ્વપ્ન તારા વડે જોવાયું છે. એવો નિશ્ચય છે. અરે સાચું જ છે.

એ પ્રમાણે મંત્રીએ કુમારને સ્વપ્ન કહીને તાપસીને ઇનામ આપીને છૂટો કર્યો. જરૂર આપની અપેક્ષાએ સિદ્ધ થશે. એ પ્રમાણે સ્વાસ્થ્ય ચિત્ત વડે કુમાર અને મંત્રી ખુશીને ભજતા હતા. આ તરફથી સૌભાગ્ય મંજરી મહેલની ઉપર ચંદ્રશાલામાં બેઠેલી આકાશમાં મધુર ઘુઘરીના અવાજ સાંભળીને જ્યાં ઉપર જુએ છે-ત્યાં જ ચંદ્રના બિંબથી જાણે ઉતરેલી સોનાની ઘુઘરી કંઠમાં શોભતી લાલ ચાંચવાળી લાલ પગવાળી લાલ આંખવાળી બે રાજહંસ બારી ઉપર આવીને પરસ્પર લીલાસહિત રમતી અને જોતી હતી એક વડે બીજાને પૂછ્યું હતું તું કોણ છે, કયાંથી અને કેવા કારણથી આવી છે.

(ક્રમશઃ)

શાસન સમાચાર

ઠાકમનગર–અત્રે ૪૫, દિગ્વિજય પ્લોટમાં પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂ. મ. પૂ. પ્રવર્તક મુ. શ્રી યોગીન્દ્ર વિ. મ. પૂ. તપસ્વી મુ. શ્રી દિવ્યાનંદ વિજયજી મ. આદિ સાધુ–સાધ્વીજીનું ચાતુર્માસ પરિવર્તન શાહ રામજી પરબત ગુંદકા (પ્રેમચંદ કોલોની) તરફથી થયું હતું.

રામજી પરબત ગુદકા શ્રીમતી અમૃતબેન રામજી શ્રી રાજેન્દ્રકુમાર નેમચંદ ગુદકા શ્રી ધીરેન્દ્રકુમાર દેવચંદ ગુદકા શ્રી શાંતિલાલ હીરજી દોઢીયા શ્રી પ્રેમચંદ રામજી ગુદકાના શ્રેયાર્થે શાંતિ સ્નાત્ર મહોત્સવ રાખેલ સુદ ૧૪ ના કુંભ સ્થાપન દીપક સ્થાપન નવગ્રહાદિ પૂજન થયું. શ્રીફળની પ્રભાવના થઇ.

સુદ ૧૫ ના સવારે દેરાસરે શત્રુંજય પટ્ટ જુહારવાનું ૮–૪૫ કલાકે ઉપાશ્રયથી સામૈયું થઇ નેમચંદ રામજીભાઇને ઘેર પ્રવચન થયું.

રોનાની સંખ્યાબંધ ગીનીઓ મુકીએ ગુરૂ પૂજન સઘળા કુટુંબે કર્યું દરેક સાધુ સાધ્વીજીને કપડા વહોરાવ્યા બે બે શ્રીફળની પ્રભાવના કરી બપોરે પણ મોટી મેદની સાથે શાંતિ સ્નાત્ર તેમણે ભણાવ્યું.

તેમના ભાઈ પ્રેમચંદ ૮ દિવસ પહેલાં જ ઉંઘમાંજ હાર્ટ ફેઇલ થઇ સ્વર્ગવાસ પામ્યા હતા પરંતુ ધર્મ ભાવના આખા કુટુંબમાં એવી કે મરનાર પાછળ ઉત્સવ કરીએ છીએ આ ઉત્સવ પણ તેમની પાછળ ચાલુ રાખીએ એમ બપોરે અને રાત્રે પ્રતિક્રમણમાં પણ શ્રીફળની પ્રભાવના થઇ.

વદ ૧ શનિવાર તા. ૧૫ ના આર. કે. શાહને ત્યાં પૂ. શ્રી પધાર્યા ત્યાં સંઘ પૂજન થયું હરિયા એજ્યુકેશન ટ્રસ્ટ તરફથી હરિયા સ્કુલમાં ચાતુર્માસ પરિવર્તન માટે બેન્ડ સહિત સામૈયું થયું ત્યાં મોટી સંખ્યા આવી બાજુમાં એક બિલ્ડીંગ બની છે ત્યાં પધાર્યા પછી હરિયા સ્કુલમાં બાળક–બાલિકાઓએ સ્વાગત ગીત ગાયું પ્રવચન ગુરૂપૂજન થયું અને લાડુની પ્રભાવના થઇ આર. કે. શાહ ચંદુભાઇ રસીકભાઇ તથા કાનજી નાહટા ચંપકભાઇ આદિએ સારી વ્યવસ્થા ગોઠવી.

વદ–૨ રવિવાર પોલીસ ચોકી પાસે શાહ એજ્યુકેશન અને મેડીકલ ટ્રસ્ટની વિનંતિથી પૂજ્યશ્રીનું ઓસવાળ કોલોની ધીરજલાલ પરબત ગુદકાને ત્યાંથી સામૈયું

થયું શ્રીમતી મણિબેન વાવજી પેથરાજ હોસ્પીટલમાં આવ્યું ત્યાં મંડપમાં પ્રવચન થયું સાટાની પ્રભાવના ગુરૂપૂજન કરી કામળી વહોરાવી બાબુભાઇ ટ્રાન્સપોર્ટવાળા વેલજીભાઇ મોકર તથા ધીરજલાલ પરબત આદિ સારી વ્યવસ્થા ગોઠવી.

વદ–૩ સોમવારે ૪૫ દિગ્વિજય પ્લોટ પધાર્યા છે.

વદ–૭ કનકકુમરા વર્ષ ગાંઠ નિમિત્તે પધારશે પછી મૌન એકાદશી જામનગર કરી મોડપર સુધી પધારશે બાદ પોષ સુદ ૧૫ તા. ૧૧–૧–૯૮થી શ્રી સુમબેન શાહનો દીક્ષા મહોત્સવ તથા મોડપર અંકેવાડીયાના પ્રતિમાનો અંજનશલાકા મહોત્સવ શ્રી કુસુમબેન તરફથી ઉજવાશે.

અંજન શલાકા દીક્ષા પોષ વદ ૬ (૨) તા. ૧૯–૧–૯૮ના છે બાદ મોડપર પ્રભુ પ્રવેશ પ્રતિષ્ઠા છે પ્રતિષ્ઠા મહા સુદ ૫ તા. ૧–૨–૯૮ ના છે પછી આરાધના ધામ દીક્ષા પ્રતિષ્ઠા આદિ પ્રસંગે પધારશે. બાદ જામનગરથી વિહાર થશે.

પાલીતાણા–ઓશવાળ યાત્રિક ગૃહમાં ભવ્ય ચાતુર્માસ આરાધના

પ. પૂ. આ. ભ. શ્રી લલિતશેખરસૂરીશ્વરજી મ. સા. તથા પ. પૂ. આ. ભ. શ્રી રાજશેખરસૂરીશ્વરજી મ. આદિ ઠાણા ૭ ની નિશ્રામાં ૩૧ ઉપવાસ શ્રેણીતપ, સિદ્ધિતપ, ચતુર્થ કર્મતપ, કર્મ સુદનતપ, કંઠાભરણતપ, મોક્ષદંડકતપ, શત્રુંજયતપ વગેર વિવિધતપો ખૂબ જ ઉલ્લાસથી થયા. ભગવતીસૂત્ર ઉપરના દૈનિક પ્રવચનોમાં ખૂબ જ ઉમંગથી લાભ લીધો. પર્યુષણ પર્વમાં ૬૪ પ્રહોરી પૌષધ આદિ સુંદર આરાધના થઇ. તપસ્વીઓનું તથા ચોસઠ પ્રહોરી પૌષધ કરનારાઓનું અતિસુંદર બહુમાન કરવામાં આવ્યું હતું.

ચાતુર્માસના પ્રારંભથી જ દરરોજ સંઘપૂજન ઉલ્લાસથી થઇ રહ્યું છે. પૂ. સાધ્વીજી રત્નજ્યોતિશ્રીજી, પૂ. સા. શ્રી દિવ્યરત્નાશ્રીના શિષ્યા પૂ. સા. શ્રી. દીપ્તિરત્નાશ્રીજી પૂ. સા. શ્રી કૈવલ્યરત્નાશ્રીજી આદિની નિશ્રામાં બહેનો સુંદર આરાધના કરી રહી છે.

(૧) શ્રીમતી સુમતિબેન હરખચંદ નેમચંદ કુલચંદ શાહ પરિવાર કનસુમરા–નાઇરોબી
(૨) શ્રીમતી લક્ષ્મીબેન હંસરાજ પોપટ હરણીયા પરિવાર નાની રાકુદડ–નાઇરોબી
(૩) શ્રીમતી કસ્તુરબેન હંસરાજ ગોસર દેવસી ખીમસીયા પરિવાર ઢાતા–નકુરૂ કેન્યા
(૪) શ્રીમતી સુશીલાબેન તારાચંદ ધરમસી વીરજી માલદે પરિવાર મોટીરાકુદડ મોમ્બાસા

આ ચાર મહાનુભાવોએ ચાતુર્માસ કરાવવાનો લાભ લીધો છે. લગભગ ૧૩૦

આરાધકોની સુંદર ભક્તિ કરી રહ્યા છે, અને પૂજ્યશ્રીએ વંદનાર્થે આવનારા સાધર્મિકોની પણ સારી રીતે ભક્તિ કરી રહ્યા છે.

આ સંયમતિઓનું બહુમાન આસો માસમાં ઠશેરાના દિવસે કરવામાં આવેલ. પ. પૂ. આ. શ્રી લલિતશેખરસૂરીશ્વરજી મ. ના પ્રશિષ્ય પૂ. મુ. શ્રી રવિશેખર વિ. મ.ની ૧૦૦ મી ઓળીની પૂર્ણાહુતિ નિમિત્તે.

પ પૂ. આ. શ્રી ગુરૂદેવ શ્રી હીરસૂરીશ્વરજી મ. સા. ની ૧૮ મી સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે પ. પૂ. આ. શ્રી રાજતિલકસૂરીશ્વરજી મ.ની ૧૦૦+૧૦૦+૮૮ મી વર્ધમાનતપની ઓળી પૂર્ણાહુતિ નિમિતે તથા ઓશવાળ યાત્રિક ગૃહના આરાધકોમાં થયેલ વિવિધ તપશ્ચર્યા નિમિતે આસો સુદ ૧૦થી અષ્ટાહ્નિકા મહોત્સવનો પ્રારંભ થયેલ.

આ સમગ્ર આયોજનમાં શ્રી ગુલાબચંદ કરમણ શાહે સારી સેવા આપી.

પ પૂ. આ. શ્રી રાજતિલકસૂરીશ્વરજી મ. સા. આદિ આચાર્યોની નિશ્રામાં ઉપધાન તપ, નવાણુયાત્રા તથા છ'રી પાલિત સંઘોનું આયોજન થયું છે. ઉપધાન દરમિયાન પૂ. આ. શ્રી લલિતશેખરસૂરીશ્વરજી મ. સા. ના પ્રશિષ્ય પૂ. મુ. શ્રી રવિશેખર વિ. મ. સા. ઉપધાન તપની ક્રિયા કરાવશે.

સંવત્સરીના દિવસે વ્યાખ્યાનમાં ૭૦૦ રૂપિયાની તથા સાંવત્સરિક પ્રતિક્રમણમાં ૪૫ રૂપિયા તથા શ્રીફળની પ્રભાવના થઇ.

દરરોજ શુદ્ધ આયંબિલ તથા સાંકળી અઠ્ઠમતપની આરાધના ચાલુ છે.

પ્રેષક :– **ગુલાબચંદ કરમણ શાહ**

પરમાત્માની ઘોળે દહાડે આશાતના

હનણાં હમણાં જેનો શ્રદ્ધાથી નીચા ઉતરતા જાય છે અને પરમાત્મા પ્રત્યે અભાવ વધતો જાય છે અને પરમાત્માના નામે પોતાની ઢોકળી ચડાવતા જાય છે.

હૈદ્રાબાદ જેવા શહેરમાં ૪૦૦ વર્ષના પ્રાચીન જિન મંદિરનો જીર્ણોદ્ધાર કરવાનું મહાન કાર્ય કારવન સાહુમાં નટ્ટી થયું છે પરંતુ એકની વાત છે કે ભૂમિપૂજન અને ખનન મુહુર્તને દિવસે પ્રથમ માણિભદ્ર મહાપૂજન રાખ્યું છે. આ કેટલી બધી આશાતના છે ? શું પાર્શ્વનાથ પંચ કલ્યાણક પૂજા કે ૧૦૮ પાર્શ્વનાથ પૂજન કે શ્રી શાંતિસ્નાત્ર ન રાખી શકાત ?

આ આવું કલ્પિત આયોજન એ સંઘની નબળાઇ અને પતનનું લક્ષણ છે, જેમા સાધુઓ ને ધર્મના પ્રચારકો સમજે તોજ જિનેશ્વર દેવનો મહિમા વધે સૌને સદ્‌બુદ્ધિ મલો એજ અભિલાષા.

બિહાર પાટનગર પટના બાકરગંજ બિરાજમાન વર્ધમાન તપોનિધિ પૂ. આ. પ્રભાકરસૂરિ મ.ની સમસ્ત જૈન સંઘને જાહેર અપીલ :

પટણા તા. ૨૮–૮–૯૭ : પૂ. આ. પ્રભાકરસૂરિજી મ. ખુબ દુઃખી હૃદયથી સમસ્ત સંઘોને જાહેર અપીલ કરે છે કે સેંકડો વર્ષોથી શ્વેતાંબર મૂર્તિપુજક જૈન સંઘની માલિકી ધરાવતા સમસ્ત શિખરજી મહાનતીર્થ ઉપર દિગંબરીઓની લાગવગ સાહી અને ભ્રષ્ટાચારી રાજકારણીઓના કારણે શ્વેતાંબર મૂર્તિપુજક જૈન સંઘને સામે ન્યાય મલ્યો નથી અને સરકાર પહાડનો કબજો પોતાને માનેલ છે. અને હાલ મંદિરોમાં જે સ્થિતિ છે જે વિધિ વિધાન ચાલુ છે એમાં કોઇ ફેરફાર કરવાનો કે નવું બાંધકામ કરવાનું અધિકાર સરકારને પુછ્યા વગર કોઇ કરી શકશે નહીં અને દિગંબર શ્વેતાંબર ને પુજન કરવાનો અધિકાર રહેશે. આ ચુકાદાને હાલ પાછળ કરીને સકળ સંઘને માન્ય આણંદજી કલ્યાણજીની પેઢી એમજ પુર્વ પ્રદેશ ભારતીય તીર્થ રક્ષક કમિટિ એમજ સમસ્ત શિખરજી સોસાયટી તથા શ્વેતાંબર કોઠી પેઢીએ જુદા જુદા કેર્ટમાં કેસો સરકાર ઉપર દાખલ કરીને સાચો ન્યાય મેળવવા પ્રયત્નશીલ છે.

દિગંબર સમાજનાં કેટલાક તોફાની તત્વોએ તા. ૨૫–૮–૯૭નાં શિખર પહાડ ઉપર આપણા દેરાસરમાં દિગંબર સમાજે એ ભંડારની પેટી તથા અન્ય વસ્તુ રાખીને સરકારનાં તાજેતરમાં ચુકાદા આવેલાની અવહેલના કરીને દાન પેટી (ભંડાર) મુકી છે. આ ભંડાર મુકતા સમયે આપણા રક્ષક મંદિરના ચોકીદારો તથા યાત્રાળુ ભાઇઓને વિરોધ કરતા ઇજા થયેલ છે.

દિગંબરોએ એક પછી એક તીર્થને આપણી નિશ્રિતતા સમજીને પાવાપુરી જલ-મંદિર તથા પટણા સીટી જુગ જુના સુદર્શન શેઠ અને મહર્ષીને શ્વેતાંબર માલિકીની ઢેરી ઉપર દિગંબર મંદિરનાં બોર્ડ લગાવ્યા હતા. આ પ્રમાણે દિગંબર સમાજ એ ચારો તરફ દેશમાં એક સાથે તોફાન ચાલુ કરી દીધેલ છે.

બિહાર રાજ્યમાં શ્વેતાંબર મૂર્તિપુજક જૈન સંઘના ફક્ત ચારસો ઘર છે. ત્યારે દિગંબરોની વસ્તી લગભગ ૪૦૦૦ હજાર છે. માટે હવે મની પાવર કરતા મેન પાવરની અત્યારે ઘણી જ જરૂરત છે. હવે સકળ સંઘને ગિરીડીહ ઉપાયુક્ત કમિશનર એ ઉચ્ચ ન્યાયલયનાં બોર્ડરનાં વિરૂધ્ધ જઇને જે બોર્ડર દિગંબરને આપેલ છે એ બોર્ડરને નિરસ્ત અર્થાત કેન્સલ કરે તેના માટે એના બોફીસ અથવા ઘરમાં વધુમાં વધુ સંખ્યામાં જાત્રાળુ દરરોજ હાજરી આપીને ત્યાં ધરના આપવાનું તથા બધાને તે દિવસ ઉપવાસ રાખવાનું આ કાર્યક્રમ ત્યાં સુધી કરવાનું જ્યારે આપણને આપણા કાર્યમાં સફલતા મલે. બિહાર, પટના તથા વડા પ્રધાનને તારે કરવું ખૂબ જરૂરી છે. તેમજ ગીરિડીહ કરેક જાત્રાળુએ વિરોધ કરવાનું ચૂકે નહીં.

પરતપ્તિઃ ક્રિયાજીર્ણં–મન્નાજીર્ણં વિસૂચિકા ।।"

અજીર્ણ કેટલા પ્રકારનું છે ! ઉત્તર–અજીર્ણના ચાર ભેદ કહ્યા છે. તે આ પ્રમાણે. ૧–તનું અજીર્ણ ક્રોધ, ૨–જ્ઞાનનું અજીર્ણ અભિમાન, ૩–ક્રિયાનું અજીર્ણ ઇર્ષ્યા અને ૪–ભોજનનું અજીર્ણ વિસૂચિકા.

૦ છ પ્રકારની વિકથાઓ શ્રી મહાનિશીથસૂત્રના પાંચમા અધ્યયનમાં કહ્યું છે કે–

"ઇત્થીકહા ભત્તકહા તેણકહા રાયકહા જયવયકહા પરિભટ્ઠાયાર કહા ।"

૧–સ્ત્રી કથા, ૨–ભોજન કથા, ૩–ચોરો સંબંધી કથા, ૪–રાજ કથા, ૫–દેશ કથા અને ૬–પરિભ્રષ્ટ આચારવાળા સાધુ કે ગૃહસ્થ સંબંધી કથા આ છ પ્રકારની વિકથાઓથી કલ્યાણાર્થી આત્માઓ રહિત હોય.

તેમાં સાતમા અધ્યયનમાં પણ કહ્યું છે કે–

ઇત્થીકહં વા ૧, ભત્તકહં વા ૨, દેસકહં વા ૩, રાયકહં વા ૪, તેહકહં વા ૫, ગારત્થિયકહં વા ૬ ।"

અર્થાત્ સ્ત્રી કથા, ભક્ત કથા, દેશ કથા, રાજ કથા, ચોર કથા અને ગૃહસ્થ કથા આ ૬ વિકથાઓ કલ્યાણાર્થીએ વર્જવી.

૦ સાત વિકથાઓ કઈ ! શ્રી ગચ્છાચાર પયન્નાની ટીકામાં કહ્યું છે કે– સ્ત્રી કથા ભક્ત કથા, દેશકથા રાજકથા, મૃદુકારુણિકા કથા, દર્શન ભેદિની કથા અને ચારિત્ર ભેદિની કથા આમ સાત પ્રકારની વિકથાઓ કહી છે.

તેમાં 'હે વત્સ ! હે પુત્ર ! તેં મને કેમ અનાથ મૂકી' આવા વિલાપોની મુખ્યતાએ સાંભળનારા હૃદયમાં કોમલતા પેદા કરે તેને મૃદુકારુણિકા કથા કહી છે.

કુતાર્થિક નિન્હવાદિના જ્ઞાનાતિશય જોઇ તેની પ્રશંસા કરે તે દર્શનભેદિની કથા અને જે કથા કરતાં ચારિત્રનો કે ચારિત્રના પરિણામનો નાશ થાય તે ચારિત્ર ભેદિની કથા.

૦ મૂળાનાં પાંચે અંગ પત્ર, ડાંડલા. મોગરા આદિ અભક્ષ્ય છે. પૂ. શ્રી રત્નશેખર સૂ. મ. શ્રી 'શ્રાદ્ધવિધિ' માં કહ્યું છે કે– **"મૂલકસ્તુ પંચાંગોઽપિ ત્યાજ્યઃ ।"** અર્થાત્ :– મૂલાના પાંચે અંગ ત્યાગ કરવા યોગ્ય છે.

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



* 'ઇચ્છામિ ખમાસમણો' બોલનાર ધર્મ માટે–સાધુપણા માટે તરફડે છે. તેને શ્રી અરિહંત થવાય તો અરિહંત થઈને જ, મોક્ષે જવું છે. કદાચ તે ન થવાય તો સિદ્ધ પરમાત્મા તો અવશ્ય થવું જ છે.

* ખમાસમણું દેતાં નમાવવાનું ઉત્તમાંગ અને સ્પર્શવાના ચરણ. જેનું માથુ સમર્પિત થાય પછી બાકી કાંઇ રહે ?

* કષાયના વિજય માટે વિષય વિજય જરૂરી છે.

* શ્રાવકની યતના પણ સાધુપણાનો બોધ બતાવે છે.

* આપણને આપણા આત્મા ઉપર પ્રેમ આવી જાય તો જગતના બધા જીવો ઉપર આપો આપ મૈત્રી આવી જાય. બધા આત્મા આપણા જેવા લાગે પછી બધા આત્માની હિતની ચિંતા આપોઆપ આવે.

* દુનિયાની તુચ્છમાં તુચ્છ ચીજની પણ પરીક્ષા કર્યા વગર લાવતા નથી તે. ધર્મની બાબતમાં નહિ કરવાની ? અહીં ગમે તેને માની લેવાની વાત છે ? અપણે ત્યાં સાધુવેષનો મહિમા એટલો સારો આંકયો છે કે, વેષ દેખાય તો હાથ જોડવાના છે પણ 'ઇચ્છામિ ખમાસમણો' બોલતા તો ઓળખવાના જ છે. તમારે ઘેર કોઇ જમવા આવે તો જમાડાય પણ સંબંધ બાંધતા ઓળખાણ કરો કે નહિ ? પૈસા માગે તો તુરત જ આપો કે તપાસ કરીને આપો ?

* જે જીવો સત્તર સંડાસા પૂર્વક, પૂંજી પ્રર્માજીને વિધિપુર્વક ખમાસમણ બરાબર દે તો દુનિયાની બધી કસરતો ધૂળ ફાંકે છે.

* ઉભય–કાળની આવશ્યક ક્રિયા શુદ્ધ ઉચ્ચારથી બોલે તો વચનશુદ્ધિ થાય, વિચાર-પુર્વક બોલે તો મનશુધ્ધિ થાય અને બરાબર પુંજી–પ્રર્માજી સંડાસાપુર્વક કરે તો કાય શુદ્ધિ થાય.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન [illegible] પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠ [illegible] વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

Received
31

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર.

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

શાસ્ત્ર યોગનું સ્વરૂપ

शास्त्रयोगस्त्विह ज्ञेयो, यथाशक्त्यप्रमादिनः ।
श्राद्धस्य तीव्रबोधेन वचसाऽविकलस्तथा ।।

(યોગદૃષ્ટિ સમુચ્ચય)

શક્તિને અનુસારે, પ્રમાદ વગરના શ્રદ્ધાવાળા જીવનો જે તીવ્ર બોધથી અવિકલ–અખંડ–તે તે કાલે કરવા રૂપ–વંદનાદિ રૂપ જે ધર્મવ્યાપાર તે શાસ્ત્રયોગ–અહીં–યોગ તંત્રમાં જાણવો.

વર્ષ ૧૦

અંક ૧૭+૧૮

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન

❋ ખોટું ન લગાડતા હો ને! ❋

—શ્રી ભદ્રંભદ્ર

મહાપુરૂષો વારે ઘડીએ નથી મળતા કંઈ

કલ્યાણમિત્ર, શાસ્ત્રીયમિત્ર, નુતન સન્માર્ગગામી મિત્ર આ આખુ મિત્ર વર્તુળ મારી પાસે ઉપસ્થિત થયું. અને ચર્ચાની શરૂઆત કરતાં એકે પૂછ્યુ કે– તમે કોઇને તિથિની ચર્ચા કરવા માટે આમંત્રણ તો નહિ પણ ચેલેંજ, આહ્વાન કરો ખરાં ?

મેં કીધું જ્યાં કોઇ ભગતો ફરકતા ય ન હોય તેની સાથે નહિ પણ જ્યાં ભગતો મધપુડા તરફ મધમાખીની જેમ ઉભરાતા હોય તેની સામે આહ્વાન જ નહિ પડકાર ફેંકુ પડકાર !

મિત્રે પૂછ્યુ– કેમ એમ ?

મેં કીધું– થોડા વ્યવહારમાં પણ જબરા બનવું જોવે ને ? લાલા ! મહા પ્રતિષ્ઠિત મહાપુરૂષ આમે ય મારી સાથે તો ચર્ચા કરવાના જ નથી હોતા છતાં તેમને પડકાર ફેંકવાથી જ્યાં મારો કોઇ ભાવે ય પૂછતુ ન હોય ત્યાં હું પ્રસિદ્ધ-પ્રસિદ્ધ થઇ જઉં તે મહાપુરૂષના નામ સાથે મારૂ નામ જોડાયા વગર રહે જ નહિ. અને આવી તે મહાપુરૂષે તેમના પુન્યથી મેળવેલી પ્રસિધ્ધિ મને એક પત્રિકા છાપવા જેટલા જ રૂપિયા ખરચતા મળી જતી હોય તો તે તકનો લાભ કેમ ના લેવો ? લોકમાં ગાંધીજી સાથે ગોડસેની પ્રસિધ્ધિ થઇને અને શાસ્ત્રમાં પ્રભુ મહાવીર સાથે ગોશાળાની પ્રસિધ્ધિ ન થઇ ?

અને એવા મહાપુરૂષને તમે આહ્વાન કેવા ટાઇમે કરો ? મારા મિત્રના આ પ્રશ્નના જવાબમાં મેં ફટ કરતાક ને કીધુ કે એમાં પૂછવાનું જ શું ? જ્યારે તે મહાપુરૂષનો વિહાર પાક્કો નક્કિ થયો તેના ૨૦–૨૨ કલાક પહેલાં જ.

એમ કેમ ? આવું પૂછતાં મિત્રને મેં કીધું– ગગા ! ચર્ચા કરવાનો કોઇ સમય જ ના રહે તેવો જ સમય પકડવાનો. વગર ચર્ચાએ પેલા મહાપુરૂષને ઉતારી પાડી શકાય. અને આપણો હાથ ઊંચો રહે. તથા પ્રસિધ્ધિ મળે તે નફામાં

પણ માનો કે મહાપુરૂષ કટાચ રોકાઇ ગયા તો ?

એવું મારી જેવા બબુચક સાથે અને એ ય પાછી ચર્ચા માટે અને એ ય પાછી તિથિની ચર્ચા માટે મહાપુરૂષ રોકાય એ કોઇ હિસાબે શક્ય ન કહેવાય. ના તેમની તબિયત બગડે અને રોકાય તો ય મારે કંઇ કરવાની જરૂર નૈ. (જુઓ પેજ ૫૧૨)

કદાગ્રહેશ્વરાય પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ લાસા અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

સંત્રીઓ
પ્રેમચંદ મેઘજી ગુડકા (મુલુંડ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (પરચુરણ)
ચાંદમલ પદમશી ગુડકા (ધ્રાંગધ્રા)

વર્ષ : ૧૦] ૨૦૫૩ માગસર વદ-૯ મંગળવાર તા. ૨૩-૧૨-૯૭ [અંક : ૧૭+૧૮

卐 પ્રકીર્ણક ધર્મોપદેશ 卐

-પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ વદિ-૧૪, શુક્રવાર તા. ૨૪-૭-૧૯૮૭ જૈન ઉપાશ્રય, શ્રીપાલનગર મુંબઇ-૬

(શ્રી જિનાજ્ઞા વિરૂદ્ધ કે પૂ. પ્રવચનકારશ્રીના આશય વિરૂદ્ધ કાંઇપણ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના. **(પ્રકરણ ૨૧ મું ચાલુ)** અવ૦)

આજે તમે બધા નામના શ્રાવક રહ્યા છો. આજે તમારાં ઘર શ્રાવકનાં રહ્યાં નથી. તમે જે રીતે જીવો છો, જે જે કરો છો તે કહી શકો છો ? આજે ઘણા લોકો કહે છે કે ભગવાન શ્રી મહાવીરદેવના આનંદ-કામદેવાદિ મહા શ્રાવકો મહાશ્રીમંત હતા; તો અમને પહેલા શ્રીમંત તો થવા દો પછી ધર્મની વાત કરો ! આવા પાપાત્માઓને-સંસારસુખના જ લાલચુઓને તે મહાશ્રાવકોનું નામ દેવાનો અધિકાર નથી. તે બધાને તમે ઓળખો છો ? તે બધા પહેલેથી મહાશ્રીમંત હતા, તે બધા જૈનકુળમાં જન્મેલા ન હતા. તેમની સ્ત્રીઓ પણ કરોડો સૌનેયા લઇને આવેલી હતી. અને ભગવાનની એક જ દેશનામાં પ્રતિબોધ પામ્યા અને ભગવાનને કહ્યું કે-'આપ જે કહો તે જ સાચું છે, બીજું બધું ખોટું છે, સાધુપણું તે જ અર્થ છે, પણ તે લેવાની અમારી શક્તિ નથી માટે અમને શ્રાવક ધર્મ આપો.' તમને તમે જે કરો છો તે ખોટું છે તેમ લાગ્યું છે ? વ્યાખ્યાનમાં સાધુ ભલે આ સંસારને ખોટો કહે, છોડવા જેવો કહે પણ આપણે છોડવાનો નહિ આ તમારો મત છે ! તમને આ સંસાર ખરાબ ન લાગે, છોડવા જેવો ન લાગે તો શા માટે અહીં આવો છો ? સંસાર ન છૂટી શકે તો દુઃખી હોય તેવા શ્રાવક કેટલા મળે ? તેવા શ્રાવક થાય તો ઘર ચાલે,

નહિ આ તમારી કઇ સમજ છે ! જે ખરેખર શ્રાવક હોય તો તેનું ઘર જ સારામાં સારી રીતે ચાલે. તેના ઘરમાં કજીયા-કંકાશ ન હોય. હકની મારામારી ન હોય, કોઇ કોઇ ઊંચે સાદે બોલતું ન હોય, તેની આબરૂ ઊંચામાં ઊંચી હોય. તેની આબરૂ એવી હોય કે દુશ્મન પણ તેના વખાણ કરે ! તમે બધા ખરેખર શ્રાવક થઇ જાવ તો બહુ લહેર થઇ જાય.

તમારે બધાને સાચા સુખી થવું હોય તો તમારા પરિવારને પણ કહો કે-'આ સંસાર અસાર છે. મોક્ષ જ સાર છે. માટે આ સંસારને છોડવા જેવો માનો. ધર્મ જ કરવા જેવો છે તેમ માનો. સાધુપણું તે જ ખરેખર ધર્મ છે. તાકાત હોય તો સાધુ જ થવા જેવું છે તેમ કહો. સાધુ નથી થઇ શકતા માટે ઘરમાં રહેવું પડે તો દુઃખથી રહો.' જો આવું કહેતા થાવ તો તમારો પરિવાર પણ સારો થઇ જાય.

તમે બધા સાધુ થાવ તો જરા પણ હરકત નથી. તમે બધા ઘરમ મઝેથી બેઠા છો, મારા વડે ઘર ચાલે છે તેમ કનુ છો પણ તમારી ઘરમાં શી આબરૂ છે ? તમારા માટે તમારા ઘરના જ બધા ઇચ્છે છે કે- આ જાય તો સારું ! આખો દિવસ કચકચ કર્યા કરે છે તેમ કહે છે.

આ મુહપત્તિના પચાસ બોલ તમે ભણી ગયા હોત, તેનો અર્થ સમજી ગયા હોત તો તમે બધા મોટામાં મોટા વિદ્વાન હોત. પછી આ ઘર-બારાદિને સારા ન માનત પણ છોડવા જેવા જ માનતા હોત, કુટુંબ-પરિવારને મોટું બંધન માનતા હોત, પૈસા-ટકાદિને નુકશાન કરનાર માનતા હોત. આજે તમે બધા સારા નથી રહ્યા તે શાથી ? તમે બધા મઝેથી જૂઠ બોલો છો, ચોરી કરો છો, અનીતિ કરો છો તે શાને લઇને કરો છો ? ભૂખે મરો છો, ખાવા નથી માટે કરો છો ?

સભા૦ : તેમાં પાપ છે તેમ નથી સમજતા.

ઊ૦ : આ આક્ષેપ તમને મંજુર છે ? પૈસા માટે ચોરી કરવી. જૂઠ બોલવું તે પાપ નથી તેવી માન્યતાવાળા તમે છો ? જો તમે આવા હો તો તો દેવાળું નીકળી ગયું ! આવા જીવો હોય તો તે મંદિરમાં જઇને મંદિરને ખરાબ કરે છે, ઉપાશ્રયમાં જઇને ઉપાશ્રયને ખરાબ કરે છે. આવા જીવોના પ્રતાપે મંદિર-ઉપાશ્રયની આબરૂ ઘટી છે. મંદિર-ઉપાશ્રયે જનારા જૂઠ્ઠા હોય છે. ચોર હોય છે તેમ દુનિયા કહે છે. માટે ચાંલ્લાવાળાનો વિશ્વાસ ન કરવો તેમ કહે છે.

તમે જે રીતે સંસારમાં જીવો છો તેમ પણ જીવવા જેવું નથી તેમ તમને

લાગે છે ખરું ? તમારે તો આવો પણ સંસાર ચલાવવો છે માટે કહો છો કે–'શ્રાવકપણું જીવીએ તો ઘર ચાલે નહિ.' આજે ભગવાનની પૂજા પણ એટલા માટે કરે છે કે– જેટલું ખોટું કરીએ તે ચાલે. ગમે તે પાપ કરીએ તો પણ વાંધો આવે નહિ. ધર્મ કરવા છતાં પણ તમે આ જન્મ હારી જશો તેમ લાગે છે. તમારા યોગે ધર્મને કલંક લાગે છે. આ સમજી જાવ તો બેડો પાર થઇ જાય.

મુહપત્તિના પચાસ બોલ જીવનમાં ઉતારો તો તમારી આબરૂ વધશે, દુઃખ નાશ પામે. જશે, સાચું સુખ વધી જશે. પછી આજના પૈસાવાળાની કયા આવશે તે બધા દુર્ગતિમાં જનારા લાગશે. તમારો પરિવાર પણ તમારો નથી. આજે મા–મા નથી, સ્ત્રી સ્ત્રી નથી. તમે દુશ્મનોથી ઘેરાયેલા છો. દુર્ગતિમાં ન જવું હોય અને સદ્ગતિમાં જવું હોય તો આના ઉપર વિચાર કરતા થાવ. માત્ર સાંભળ્યું તેમ ન કરો પણ શક્ય તેટલું જીવનમાં ઉતારતા થાવ તો કલ્યાણ થશે. તે માટે શું કરવું તે હવે પછી–

સોના કણ :— —પૂ.આ. શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ.

ઇતિહાસ ભૂતકાળ બતાવે, વિજ્ઞાન વર્તમાનકાળ બતાવે, જ્યોતિષ ભવિષ્ય કાળ બતાવે ત્યારે આગમ ત્રણે કાળ બતાવે છે. આપણે કેવા હતા કેવા બની ગયા છીએ. કર્મની ચંડાળ ચોકડીની કરામત કેવી છે. ધર્મ બધું મરામત કરાવી આત્મામાં મસ્ત બનાવી મુક્તિને પ્રાપ્ત કરાવી આપે છે. ધન ગમે તેટલું વધી જાય છતાં સુરક્ષાની ખાત્રી નહિ પણ ધર્મ વધી જાય એટલે આત્મિક ગુણો, સુસંસ્કારો, સુટેવો પુણ્યબળ વધે વધે ને વધે ધર્મ જ સદા તારણહાર રક્ષણહાર ને ભવોભવ સુધારનાર છે

ધર્મ આવવાની વસ્તુ છે શિખવાની વસ્તુ નથી. આજે શીખી શીખીને પરિક્ષા આપવા કરતા યુધિષ્ઠિરની માફક આચરણમાં ક્ષમાનો પાઠ ભણવા જેવો છે. માટે જૈન શાસનમાં જ્ઞાન કરતાં આત્મ પરિણતિની કિંમત ઘણી છે. બહુ ધર્મનું ન સમજ્યો હોય પરંતુ પાપ રાચી માચીને કરવા જેવું નથી. શક્તિ મુજબ ધર્મ કરી લેવા જેવો છે. સંયમ–ચારિત્ર–દીક્ષા ન મળી તેનું ભારે દુઃખ હોય મોક્ષ રોજ યાદ આવતો હોય ભગવાન જિનેશ્વરદેવે કહ્યું તે જ સાચું આટલી હૃદયપૂર્વકની ઢંભ વગરની કબુલાત અને સ્વીકાર કરે તેવા પણ ભવસાગર વહેલા મોડા તર્યા વગર રહે નહિ.

રાત્રિ ભોજન તજો

—શાહ રતિલાલ ડી. ગુઢકા લંડન

સ્વાદિમ અહાર કરવામાં ખાવામાં ભમણું પાપ લાગે છે સ્વાદિમ કરતા—ખાદિમ અહાર કરવામાં ત્રણ ગણું પાપ લાગે છે અને ખાદિમ અહાર કરતા અશન અહારમાં પાછુ એનાથી ત્રણ ગણું પાપ લાગે છે. અશન એટલે અન્ન ધાન્યાદિ યુક્ત સમસ્ત ભોજન ખાદિમ એટલે સેકેલી ધાણી આદિ મેવા ફળ આદિ અને સ્વાદિમ એટલે સુંઠ વરિયાળી એલચી લવીંગાદિ રાત્રિના અંધકારમાં સૂક્ષમ જીવો જોઇ શકાતા નથી માટે રાત્રે બનાવેલ પાકે આદિ તે દિવસે ખાવામાં તો પણ રાત્રિ ભોજનનો દોષ લાગે (ભાંગો લાગે) અર્થાત એની સમાન ગણાય છત્યાદિ રત્ન સંચય નામના ગ્રંથમાં લખ્યું છે રાત્રિ ભોજનના વર્જનમાં આ લોક તથા પરલોક સબંધી ન કલ્પી ન વેટલા લાભો રહેલા છે છતાં અજ્ઞાની આગ્રહી જીવો છોડતા નથી.

એક દાખલો એડકાક્ષની કથા (ધ) દશાણ નગરમાં ધનશ્રી નામે શ્રાવક કન્યા ધનદેવને પરણી સાસરે આવી પતિના ઘરના લોકોને રાત્રિ ભોજન કરતા જોઇ તેને ઘણું લાગી આવ્યું તે બધાને તો ન સમજાવી શકી પણ પોતાના પતિને દિવસ ચરિયં નું પચ્ચખાણ કરાવ્યું રાત્રે દેવીએ પરીક્ષા કરી બ્હેનનું રૂપ કરી ભાવથી બોલાવા લાગી ધનશ્રીએ ખૂબ સમજાવ્યું ન માન્યો દેવીએ આવી એવી લપાટ મારી બંને આંખો બ્હાર નીકળી પડી પતિએ કાઉસગ્ગ કર્યું દેવી પ્રસન્ન થઇ પલ તરતના મારેલા કોઇ ઘેટાની આંખો બેસાડી દીધી ત્યારથી એડકાક્ષના નામે પ્રસિદ્ધ થયો.

સૂર્યની સાક્ષીએ જમવાથી નિત્ય એક તીર્થ યાત્રાનું ફળ મળે છે. રાત્રિભોજન કરનારને ઘુવડ કાગડા બિલાડી ગીધ સાબર ડુક્કર સર્પ વીંછી ઘો ગીરોળીના અવતાર પામે છે પરલોકમાં દુર્ગતિ આ લોકમાં અંતે દુઃખ માટે ત્યાગ કરવું.

રામચંદ્રજી લક્ષ્મણજી વનવાસમાં કુર્બર નામના ગામ બહાર વડ નીચે રાતવાસો રહ્યા હતા કુર્બરના રાજા મહીધરને વનમાલા નામની ૧ સુંદર કન્યા હતી લક્ષ્મણના પ્રભાવથી એ એના ઉપર રાગીણી બની હતી પણ એણે સાંભળ્યું કે લક્ષ્મણ તો વનવાસી બની ગયા છે એટલે આત્મ હત્યા કરવા ગળે ફાંસી ખાવા બેઠી તે જ સમયે લક્ષ્મણ આવી ચડયા ફાંસો દૂર કર્યો વિતક પૂછતાં વાત કરી લક્ષ્મણે ગાંધર્વ વિવાહ કર્યા અને કહ્યું હમણાં તમારા પિતાને ત્યાં રહો પરતું અનુરાગિણી વનમાલા વાત માની નહિ શું ભરોસો પુરૂષનો લક્ષ્મણ ગૌહત્યા સ્ત્રી હત્યા બાળ હત્યના પાપ જેટલું મને પાપ લાગે ન આવું તો છેવટે આ સંસારમાં રાત્રિભોજન કરનારને જે પાપ લાગે તે.

સામાયિક સ્ફુરણ :—

મારૂં કરજો હું આશીર્વાદ નહિ આપી શકું....

વર્તમાન રાજકારણમાં શ્રી હિતેષભાઇ પરીખ ગુજરાતના મુખ્યમંત્રી બન્યા, તેઓ શ્રી કેશુભાઇ પટેલના પ્રધાન મંડળમાં હતા. તેમને ત્યાં ચોચિંતા પહોંચી ગયા: શ્રી કેશુભાઇએ એકા એક આગમનના પ્રયોજન અંગે પૂછતા શ્રી પરીખના પત્નીએ આશીર્વાદ આપવા વિનંતિ કરી કેશુભાઇએ કહ્યું હતું કે—

ગુજરાતના મુખ્યમંત્રી તરીકે આપને હું સન્માન પૂર્વક આવકારૂં છું. હોદ્દો ગ્રહણ કરવ બદલ અભિનંદન આપું છું, પરંતુ આશીર્વાદ શી રીતે આપી શકું ? અનૈતિકતાનો માર્ગ અપનાવનાર આશીર્વાદને લાયક ન હોઇ શકે.

એ સૂરમાં શ્રી કેશુભાઇએ **શ્રી પરીખને ભાજપ છોડવાના દ્રોહની યાદ અપાવી હતી અને કહ્યું હતું કે "મારૂં કરજો હું આશીર્વાદ નહીં આપી શકું."**

ઉપર મુજબ વિગત વાંચતાં ખ્યાલ આવશે કે વ્યવહારમાં પણ કરેલો દેનારને આશીર્વાદ અપાતા નથી તો પછી—ગુરૂનો કે ગચ્છાધિપતિનો દ્રોહ કરે એટલું જ નહિ પણ સિદ્ધાંતનો દ્રોહ કરે તેની સાથે બીજી ત્રીજી વાતોની વિચારણા કરી તે ગુરૂ કે ગચ્છાધિપતિ અને શાસ્ત્રના દ્રોહને અનુમોદન આપવાનું થાય છે.

વિવેકી આત્માઓએ આ વાતનો ચિત્તમાં ખ્યાલ રાખવા જેવો છે. પૂ. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ.ના પટ્ટધર પૂ. રામચંદ્ર સૂ. મ.એ અજયપાલની ગુરૂદ્રોહની વાત ન માની ને તેણે મરવાનું પસંદ કર્યું.

કુમારપાલની આરતી-એ અનુચિત છે અને ભ્રમ છે.

હાલમાં સસ્તો ધર્મ અને મોટી પ્રભાવકતા દેખાડવાના પ્રયોગ રૂપે કુમારપાલની આરતી શરૂ થઇ છે તે અંગે જૈન શાસન વર્ષ ૬ અંક ૪૬ માં તે પ્રથા ખોટી છે તે લેખ આવ્યો હતો અને વિવેકી આત્માઓ તે ખોટી પ્રથાથી દુર રહે છે આ અંગે જાણવા માટે પત્ર આવેલ તે અંગેની વિગત અત્રે મુકાય છે :—

નમામિ નિત્યં ગુરૂરામચંદ્રમ્

જેઠ વદ ૪—મુંબઇ

પરમ પૂજ્ય પરમ શાસન પ્રભાવક હાલારદેશોદ્ધારક સિદ્ધાંત નિષ્ઠ આચાર્યદેવ શ્રીમદ્ વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ.ના ચરણોમાં મુંબઇથી અભિષના કોટિશ વંદન...

આપ શાતામાં હશો...

વિ. જણાવવાનું કે જૈન શાસન અઠવાડિક અંક ૪૬ માં શાસન સમાચારમાં આપની નિશ્રામાં ઉજવાયેલ ઉપધાન તથા તેના મહોત્સવના અનુમોઠનીય સમાચાર જાણ્યા-જાણીને ખૂબ આનંદ થયો.

એ સમાચાર વાંચી શક થાય છે એમાં લખાણ છે-**'કુમારપાળ મહારાજા થઇને આરતી કરવી તે અવિધિ છે.**

પ. પૂ. આ. શ્રી જયકુંજર સૂ. મ.ની નિશ્રામાં ઢાઢર જ્ઞાન મંદિરમાં તથા પ. પૂ. પં. શ્રી ભદ્રશીલ વિ. મ.ની નિશ્રામાં ઘાટકોપર મધ્યે મહારાજા થયેલ એ વખતે હું હાજર હતો તેથી આ વાંચી શંકા ઉદ્ભવી છે આપ તો સિધ્ધાંત નિષ્ઠ છો આપ શંકાનું સમાધાન કરશો એ આશા સાથે આ પત્ર લખ્યું છે.

આપ પ્રત્યુત્તર જરૂરથી મોકલશો...

લિ. અમિષની વંદનાવલિ.

અમિષ શરદભાઇ કોઠારી

૪૦૩, વિમલ સોસાયટી, ૯૧/૨ બાણગંગા રોડ, વાલકેશ્વર, મુંબઇ-૪૦૦૦૬

આ પત્ર અંગે કુમારપાલની આરતીની પ્રથા ખોટી છે તે તેમને જણાવેલ અને ઢાઢર તથા ઘાટકોપરમાં શું થયું તે ખબર ન હોવાથી પૂ. પાદ આ. ભ. શ્રી વિજય મહોદયસૂરીશ્વરજી મ.ને આ પત્ર મોકલ્યો. તેઓશ્રી તરફથી આ. દેવ શ્રી વિજય હેમભૂષણ સૂ. મ.એ આપેલ જવાબ આવેલ તે નીચે મુજબ છે જેથી ખ્યાલ આવશે કે તે ઢાઢર વિ.ના પ્રસંગો તેમની ખ્યાલ બહાર હોવાથી થઇ ગયા અને પ. પૂ. પરમ શાસન પ્રભાવક આ. ભ. શ્રી વિ. રામચંદ્ર સૂ. મ.એ તે પ્રવૃત્તિ માટે નિષેધ જણાવ્યો હતો. તે જવાબ નીચે મુજબ છે.

ભા. સુદ-૧૩

સાદર વંદનાવલી વર્ષ દરમ્યાન આપશ્રી પ્રત્યે થયેલ અવિનય અપરાધ મનોદુઃખાદિ બદલ ત્રિવિધે ત્રિવિધે ક્ષમાપના સ્વીકારશોજી. ક્ષમા પ્રદાન કરશોજી.

આપ ઉભય શાતામાં હશો ?

અમો ઠા. ૧૧ શાતામાં છીએ ફિ. ભૂ. ને ચેઇનની તકલીફ ચાલુ જ રહે છે.

આપનો તા. ૮-૭-૯૪ નો ઈન્દોરથી લખેલ પત્ર મળેલ તેમાં વિમલ સોસાયટીવાળા અમિષનો **P. C.** મળેલ તે રૂબરૂ મળેલ ત્યારે તેને તેનો ખુલાસો કાઢી દીધેલ છે.

શ્રી કુમારપાળ મહારાજની આરતિની પ્રથા ઉચિત નથી તેમા સ્વ. પૂ. પા. શ્રીજી જણાવતા હતા. અને આપણે પણ તેમની વાત માનીએ છીએ. ઘાટકોપર, ઠાઠર સ્થળે જે થયેલ તે અંગે પણ સ્વ. પૂ. આ. શ્રીજી તરફથી યોગ્ય લખાયેલ ફરી ન કરવા તેમજ થઇ ગએલ તેની જાહેરાત આદિ ન કરવા પણ જણાવેલ.

તે પી. સી. પણ આ સાથે પાછો મોકલ્યો છે મુ. શ્રી હેમેન્દ્ર વિ. જીને અનુવંદનાદિ જણાવશોજી કામ સેવા ફરમાવશો.

લિ. હેમ ભૂ.ની વંદના...

આ પત્રથી ખ્યાલ આવશે કે પ. પૂ. ગચ્છાધિપતિશ્રીજી કુમારપાલની આરતિને ઉચિત માનતા ન હતા અને નિષેધ કરતા હતા.

શાસ્ત્ર પદ્ધતિ પણ તે આરતી સ્વીકારતી નથી.

શ્રી કુમારપાલ મહારાજાએ રથયાત્રા તેમને ઘેર આવી ત્યારે સુવર્ણ આભૂષણ પહેરાવી, પૂજા કરીને આરતી ઉતારી છે પણ ઘેર તેડવા જવું, કોડિયા લાવવા, સાધુ પણ તેડવા જાય–વિ. કુમારપાલ મ.ના જીવન સાથે કોઇ બંધ બેસતી વાત નથી.

મંગલ દીવામાં આરતી ઉતારી રાજા કુમારપાલે આવે છે તે રથયાત્રાની વાત છે. બાકી કુમારપાલ મ.એ વિધિકાર બનીને બાહડ મંત્રીને આરતી ઉતરાવી છે તે વાંચવા–વિચારવા અને તેવી ભાવના ઉલ્લસતા કેળવવા જેવી છે.

૨૦૫૪ માગશર સુદ–૫,
૪૫, દિગ્વિજય પ્લોટ, **જામનગર**

જિનેન્દ્રસૂરિ

પ્રભુ! દૂર કરો અંધારું —પૂ. મુ. શ્રી મોક્ષરતિવિજયજી મ.

હે પ્રભુ! મને એ જ નથી સમજાતું કે–રાજઋદ્ધિ અને રાજમણીઓથી હર્યા-ભર્યા સંસારમાં તને એવાં તે કેવાં દુઃખોનાં દર્શન થયાં કે એ બધું જ છોડીને, સાવ અકિંચન અને એકલવાયો બનીને તું સંસારમાર્ગે ચાલી નીકળ્યો. મને સમજાવ પ્રભુ, કે સંયમમાં તને એવાં કેવાં સુખોનાં દર્શન થયાં?

હે પ્રભુ! મને વિસ્મરણશક્તિ આપ, મારા પ્રત્યે કોઇએ આચરેલા અપરાધને અને કોઇના ઉપર મેં કરેલા ઉપકારને હું સમયસર ભુલી શકું.

❖

ખરી ક્ષમા

ફ્રાન્સના એક શહેરની નિશાળમાં એવો ધારો હતો કે કોઇ છોકરો કંઇ અપરાધ કરતો તો મહેતાજી કલાસના છોકરાને પંચ કરીને ન્યાયાધિશની પેઠે છોકરાની પાસેથી ન્યાય કરાવતો હતો, તેમાં કોઇ છોકરા ઉપર ગુનોહ સાબિત થતા, તો તેને ફક્ત રોટલી અને પાણી આપીને એક અંધારી કોટડીમાં પૂરી રાખતો હતે.. વળી તેનો એ પણ નિયમ હતો કે જો કોઇ છોકરો બીજાની વતી તે કેદખાનમાં રહેવાનું કરતો તો પેલા અપરાધી છોકરાને મુકત કરવામાં આવતો હતો.

નિશાળમાં એક મસ્તીખોર છોકરો હતો, તે સર્વદા મસ્તી તોફાન કરતો હતો. તેને વારંવાર કેદખાનામાં રાખવામાં આવતો હતો અને મહેતાજી કંટાળી ગયો હતો. મહેતાજીએ કહ્યું હતું કે જો હવે તે તોફાન કરશે તો આ નિશાળમાંથી કાઢી મૂકવામાં આવશે. ભોગજોગે એક દહાડો પેલા મસ્તીખોર છોકરાએ એક છોકરાને માર્યો, તેને માટે પંચ મુકરર કરીને તેનો ન્યાય થયો, પંચે તેને અપરાધી ઠરાવ્યો. તેને અંધારી કોટડીમાં પૂર્યો, કેટલાંક દિવસ પછી કલાસમાં પુછવામાં આવ્યું કે તેને માટે કોઇ દયા કરવાને તૈયાર છે.? ત્યાંના બધા નિશાળીઆઓએ કહ્યું કે તે ઘણો ખરાબ છોકરો છે તેના ઉપર અમે દયા કરતા નથી. તે વેળાએ જે છોકરાને પેલા કેદ પહેલાં છોકરાએ માર્યો હતો તેના મનમાં દયા આવી, તેણે કહ્યું કે, 'સાહેબ ! હું તેને માટે કેદખાનામાં જવાને રાજી છું.' આ સાંભળીને બધા આશ્ચર્ય પામ્યા, પછી તેને કેદખાનામાં નાંખ્યો અને પેલા મસ્તીખોરને છોડાવ્યો. તે મસ્તીખોર આથી વિચાર કરવા લાગ્યો, મેં જેને માર્યો હતો તેણે મને છોડાવ્યો. હા, તે કેવો ભલો છોકરા છે, બીજા કોઇએ મને છોડાવ્યો નહિ, તેના મનમાં તરેહવાર વિચારો ઉત્પન્ન થયા અને તે અફસોસ કરવા લાગ્યો, ત્યાર પછી મહેતાજીને પોતાના અપરાધની માફી અને પેલા છોકરાને છોડવાની અરજ કરી અને કહી પણ ખરાબ ચાલ ચલાવીશ નહિ એવું વચન આપ્યું. ત્યારથી તેણે કોઇ વેળાએ પણ આગળના જેવી ચાલ ચલાવી નહોતી.

આના ઉપરથી શીખમણ લેવાની કે દુશ્મનને સારા કામ કરીને શરમાવવો જોઇએ. નહિ કે તેને ખરાબ વચનો તથા મારીને. ક્ષમા ત્યારેજ કહેવાય કે દુશ્મનનું પણ હિત કરાય, ઉપલા છોકરાના દૃષ્ટાન્તથી સિદ્ધ થાય છે કે તેજ ખરેખરો ક્ષમાશીલ છોકરો હતો.

❋ કલિકાલ સર્વજ્ઞને સોનેરી શીખ ❋

(શ્રી ઋષભદાસ કવિ વિરચિત 'કુમારપાળ રાજાના રાસનું રહસ્ય'માંથી

પ્રકાશક : **શ્રી જૈન ધર્મ પ્રચારક સભા, ભાવનગર.** સં. ૧૯૯૦)

શ્રી હેમસૂરિમહારાજના ઉપદેશની અસરથી કુમારપાળ ભૂપાળના હૃદયમાં અનુકંપા બહુ જ ઉંચા પ્રકારની વસેલી હતી અને તેથી કરીને એક દિવસ તેમણે ગુરૂમહારાજને વિનંતિપૂર્વક કહ્યું કે–'હે સ્વામી ! જો આપ કૃપા કરી મને સુવર્ણસિદ્ધિની વિદ્યા બતાવો તો હું તેન પ્રતાપે સર્વને ઋણરહિત કરી સારી રીતે સુખી કરૂં.' તેના જવાબમાં ગુરૂ મહારાજે કહ્યું કે–'તે વસ્તુ હું જાણતો નથી અને તે મેળવવાની મ્હારામાં શક્તિ પણ નથી; પરંતુ મ્હારા ગુરૂ શ્રી દેવચંદ્રસૂરિ એકાંત સ્થળે તપસ્યા કરી રહ્યા છે. તેમને વિનંતિ કરતાં તેઓશ્રી જો અહિં પધારે તો તે મહાત્મા આ કાર્ય કરવા સમર્થ છે.' આ પ્રમાણે કહેવાથી કુમારપાળ રાજાએ શ્રી દેવચંદ્રસૂરિ જ્યાં બિરાજમાન હતા ત્યાં તેડવા માટે વિનંતિપત્ર લખી પોતાના સેવકોને મોકલ્યા, એટલે ગુરૂ શ્રી દેવચંદ્રસૂરિ પાટણ પધાર્યા. તેમના આવાગમનના ખબર મળતાં જ કુમારપાળ મ. વિગેરે ઉપાશ્રયે આવ્યા અને ગુરૂ મ.ને વિધિપૂર્વક વંદન કરી સુખશાતા પૂછી વ્યાખ્યાન સાંભળવા બેઠા. ગુરૂ મ.ની અમૃતસમાન દેશના સાંભળ્યા બાદ વ્યાખ્યાન સંપૂર્ણ થયા પછી રાજા કુમારપાળે એકાંતમાં દેવચંદ્રસૂરિને વિનંતિ કરી કે–'હે કૃપાળુ ગુરૂ મ. ! મ્હારા હૃદયમાં અનુકંપાબુદ્ધિએ જગતના જીવોને ઋણરહિત કરવાની ભાવના થઇ છે, તે માટે સુવર્ણસિદ્ધિની જરૂર છે; તે આપની પાસે છે તો કૃપા કરી મને તે વિદ્યા બતાવો. આ ખાસ કારણ માટે મેં આપ સાહેબને અહિં તેડાવ્યા છે.'

આ પ્રમાણે કુમારપાળ ભૂપાળે સુવર્ણસિદ્ધિ માટે યાચના કરી કે તુરત જ તે વાત હેમસૂરીશ્વરે ઉપાડી લીધી અને પોતાના ગુરૂને વિનંતિપૂર્વક કહ્યું કે–'હે ગુરૂ મ. ! આ સુવર્ણસિદ્ધિ આપની પાસે છે અને મને યાદ છે કે એક વખતે આપે તેની પરીક્ષા અર્થે એક શ્રાવક પાસે એક વેલડી મંગાવી હતી, જેને તાંબાની સાથે ઘસતાં તે તુરત જ સુવર્ણ થઇ ગયું હતું. એજ વસ્તુની કુમારપાળ રાજાને ઘણી જરૂર છે, કારણ કે અનુકંપાબુદ્ધિની ભાવનાએ તેમની ઇચ્છા સહુ કોઇને ઋણરહિત કરીને સુખી બનાવવવાની છે, તો આપ કૃપા કરી તે બતાવશો તો તેમાં કોઇ હરકત જેવું જણાતું નથી.' ગુરૂશ્રી દેવચંદ્ર મુનિવરે પ્રથમ તો આ વાત શાંતપણે સાંભળી. પછી પ્રત્યુત્તરમાં સ્હેજ ખીજવાઇને બોલ્યા કે–'અરે હેમ ! તું ખરેખર હજુ કાચા કુંભની બરાબર જ જણાય છે. જેમ કાચા ઘડામાં ભરી રાખેલું જળ ટકી શકતું નથી તેમ તારામાં પણ

વાત જીરવવાની તાકાત જણાતી નથી. જે ગુહ્ય વસ્તુ અન્યને નહિ જણાવવા જેવી હતી છતાં મુખમાંથી બહાર નીકળી પડી, તે સમયે તમારામાં ગંભીરપણું દેખાતું જ નથી. વળી ખાસ ધ્યાનમાં રાખવા જેવી બાબત તો એ છે કે જ્યારે તમારા જેવે હેમ પણ ગંભીરપણું રાખશે નહિ તો પછી બીજાની તો વાત જ શી કરવી?' આ પ્રમાણે હિત-વચનો કહીને કહ્યું કે–'હે હેમ ? આ વિદ્યા અનર્થનું મૂળ છે, આ વિદ્યાથી સંયમમાં હાનિ થવા સંભવ છે; માટે ચારિત્રના ખપી જીવોએ અને શુદ્ધ ચારિત્ર પાળવાના અભિલાષી જીવોએ આવા સાવદ્ય વચન બોલવા કોઇ પણ રીતે યુક્ત જ નથી. સંયમ-ધારી મુનિવરોએ તે માટે નીચેની ઢાળ ખાસ વાંચીને વિચારવા જેવી છે.

ઢાળ

રાગ રામગ્રી (દેશી–રામભણી ઉઠીએ)

સાવદ્ય વચન મુનિ નવિ કહે, ન કહે મંત્ર કે મૂળ રે;
ઔષધ ભેષજ ભાખે નહિ, તો રહે સંયમ મૂળ રે. સાવદ્ય૦
જીવ છકાયને રાખતો, ન કહે હિંસાની વાત રે;
યંત્ર તંત્ર મુખે નવિ કહે, તસ મુનિ કહે જગનાથ રે. સાવદ્ય૦
નવવિધ પરિગ્રહ પરિહરે, કારણ પણે પરિહાર રે;
પંથ ઇસ્યો નર પડિવજે, તે કહ્યા સંયમ ધાર રે. સાવદ્ય૦
જેણે નિજ મંદિર પરિહર્યા, ન કરે પરગ્રહ સાર રે;
જ્યોતિષ નિમિત્ત નવિ કહે, જેહ સૂધો અણગાર રે. સાવદ્ય૦
શરીરની શોભા નવિ કરે, નવિ વંછે શુભ આહાર રે;
શાતા ગારવ પરિહરે, છંડે કામ વિકાર રે. સાવદ્ય૦
પ્રમાદ પાંચે પરિહરે, રાખે ક્રિયાશું રંગ રે;
વળી વૈયાવચ્ચ ખપ કરે, કરતો સદ્ગુરૂ સંગ રે. સાવદ્ય૦
જે સમુદાણી ભિક્ષા કરે, દોષ બેંતાલીશ દૂર રે;
જે તપ સંયમ ઉપશમી, ન પડ્યા સંસાર પૂર રે. સાવદ્ય૦
જે ષડરસ ભિક્ષા લીએ, છએ વિગયનો આહાર રે;
નહિ તપ સંયમ ઉદ્યમી, દુરગતિના ભજનાર રે. સાવદ્ય૦
મૃષા મુખથી બોલે નહિ, અદત્તતણું પચ્ચખ્ખાણ રે;
શીલ ધરે નવ વાડશું, નવિ ખંડે જિન આણ રે. સાવદ્ય૦
જે અભિલાષી છે મોક્ષનો, તેહને સંયમ ધ્યાન રે;
મંત્ર શુઠન જે મુનિ કહે, તે ખોવે નિજ માન રે. સાવદ્ય૦

આ પ્રકારની હિતશિક્ષા શ્રી દેવચંદ્રસૂરિએ હેમસૂરિને કહી સંભળાવી. તેની સાથે કહ્યું કે–'હે હેમ! જે મોક્ષના જ અભિલાષી છે તેમણે તો માત્ર સંયમ શુદ્ધપણે પાલન કરી અષ્ટકર્મને તોડી નાખવાની જરૂરિયાત છે, એટલે મંત્ર, શુકન આદિ સાવદ્ય વચન કહીને કર્મબંધન કોઇપણ રીતે કરવા નહિ; પણ જો એ પ્રમાણે વર્તન ન થાય તો તે પ્રભુઆણાથી વિરૂદ્ધ ગણાય તેમજ મંત્ર, શુકન કે નિમિત્ત વિગેરે કહેવાથી પરિણામે મહાઅનર્થ ઉત્પન્ન થાય છે, તે ઉપર રાજગૃહી નગરીના રહેવાસી **ભીમાની** કથા અવશ્ય જાણવા લાયક છે તે સાંભળ.

શ્રી રાજગૃહી નગરીમાં **ભીમા** નામે ક્ષત્રીય રહેતો હતો, જે ત્યાંના રાજ્યમાં નોકરી કરી પોતાની ફરજ અદા કરતો હતો અને પોતે કાર્યકુશળ પુરૂષ હોવાથી રાજાને પણ બહુ પસંદ પડી ગયો હતો. એક વખત પોતાના રાજાજીને અન્ય રાજા–સાથે લડાઇ કરવા જવાનું થતાં ભીમાને રાજાજીની સાથે લડાઇમાં જવું પડ્યું, જ્યાં બાર વર્ષ સુધી લડાઇ ચાલી.

આ નરક પછવાડે ભીમાના ઘરે ભીમાની સ્ત્રી એકલી હતી, જે પોતાના ભરથારને ઘણો સમય થઇ જવાથી પતિવિરહે અતિ દુઃખી બનીને મુશ્કેલીમાં દિવસો ગાળતી હતી. અને પોતાના પતિની રાહ જેમ ચાતક મેઘરાજાની વાટ જોયા કરે તેમ જોયા કરતી હતી; તેમજ કોઇપણ જોશીને કે મંત્ર–તંત્રવાળાને જોતી તો તુરત જ પોતાના પતિના આગમન માટે પ્રશ્ન પૂછ્યા કરતી હતી.

એક દિવસે માસખમણના પારણાવાળા કોઇ તપસ્વી મુનિ મ. ફરતાં ફરતાં ગોચરી અર્થે ત્યાં આવ્યા અને ધર્મલાભ કહીને ઉભા રહ્યાં. તુરત જ ભીમાની સ્ત્રીએ બે હાથ જોરી વંદન કરી આંખમાં આંસુની ધારાસહિત 'પોતાને પતિનું વિરહદુઃખ બહુ સાલે છે' તેમ કહી 'પોતાનો ભર્તાર ક્યારે આવશે?' તે પ્રશ્ન પૂછ્યો.

તે ભીમાની સ્ત્રીએ વિનંતિપૂર્વક મુનિ મ.ને કહ્યું કે–'હે મુનિવર! આપ તો ક્ષમાના સાગર છો, શાંત રસના ભરેલા છો અને કૃપાના પણ કરિયા છો, તો મ્હારા પ્રશ્નનો ઉત્તર જ્ઞાનબળવડે જાણી મને જરૂર કહેશો. હું લગભગ બાર વર્ષ થયા પતિ વગરની એકલી મહાદુઃખી છું.' એમ કહી બહુ જ રડવા લાગી.

તપસ્વી મુનિવર નિઃસ્પૃહી, નિર્માની અને અતિ કૃપાળુ હોવાથી તેમના હૃદયમાં તે બાઇની હકીકતથી કૃપા ઉપજી અને સારાસારનો વિચાર કર્યા વગર તેમજ મુનિવરનો શું ધર્મ છે તેનો ખ્યાલ કર્યા વગર માત્ર તે બાઇ બહુ દુઃખી સ્થિતિમાં આંસુ પાડી

નિશાસા નાખ્યા કરે છે તેને શાંતિ ઉપજે તે કારણે જ્યોતિષવડે જોઇને કહ્યું કે–'હે બાઇ ! કોઇ ચિંતા કરીશ નહિ, તારો પતિ તને કાલે પ્રભાતે જરૂર મળશે.' આમ કહીને મુનિરાજ તો ચાલ્યા ગયા.

પ્રિયતમ પ્રભાતે મળશે એવી મુનિના મુખથી મધુરી વાણી સાંભળીને ભીમાની સ્ત્રી બહુ જ હર્ષિત થઇ ગઇ અને એ હર્ષમાં તેમજ પોતાનો ભર્તાર સવારમાં આવશે એવા મનોરથમાં તેણે બહુ પ્રકારની તૈયારીઓ કરી અને પતિની વાટ જોઇ રહી. સાનુકુળપણાને લઇને બીજા દિવસની પ્રભાતે જ તે ભીમો ક્ષત્રીય પોતાને ઘરે આવ્યો અને પોતાની સ્ત્રીને સ્નેહપૂર્વક મળી ખબર–અંતર પૂછવા લાગ્યો. ભીમાની સ્ત્રીએ પોતાના પતિને પ્રેમરસ ભરી મીઠી મીઠી વાતો કહી સંભળાવી, પોતાના પતિને જમવા માટે ઘણા પ્રકારની રસોઇ તૈયાર કરવી શરૂ કરી; તેમજ ભીમો પણ પોતાનાં સગાં–સ્નેહી મળવા આવતા હતા તેને પ્રેમથી મળીને સ્નાનવિગેરે કાર્યથી પરવારી જમવા માટે તૈયાર થઇને બેઠો. તે દરમિયાન તેણે રસોઇ કરતાં કરતાં પોતાની સ્ત્રીને વારંવાર ઘરની બહાર નીકળતાં અને કોઇની રાહ જોતી હોય તેમ ફરી ફરીને કંઇક કરતાં જોઇ તેથી તે સંપૂર્ણ વ્હેમમાં પડી ગયો. ભીમાની સ્ત્રી તો પેલા મુનિવર કે જેણે સાચું નિમિત્ત કહેલ છે તે આવે તો તેમને વહોરાવું એ બુદ્ધિએ બહાર આવ–જા કર્યા કરતી હતી; પરંતુ ભીમાને તે બાબતની કાંઇ ખબર નહિ હોવાથી તે તો વધારે વધારે વ્હેમમાં પડતો ગયો.

મધ્યાહ્ન સમયે તે મુનિવર ગોચરી અર્થે ફરતાં ફરતાં તે બાઇના જોવામાં આવ્યા એટલે તેમને હર્ષપૂર્વક તેડી લાવી અન્નોદક વિગેરે વહોરાવ્યા. તે મુનિવરની આટલી ભક્તિ કરતી પોતાની સ્ત્રીને જોતાં વળી ભીમાના હૃદયમાં વિપરીત વિચારો ઉદ્ભવ્યા, તેથી મુનિરાજ તો વહોરીને હજુ ઉભા જ છે ત્યાં જ આવીને ક્રોધના સંપૂર્ણ આવેશમાં ભીમો પોતાની સ્ત્રીને પૂછવા લાગ્યો કે–'સાચેસાચું બોલ ! તારે અને આ મુનિને આટલી બધી પ્રીતિ શા કારણે થઇ છે ? જેવો હોય તેવો સાચો જવાબ અત્યારે ને અત્યારે આપી દે, નહિ તો આ તરવારવડે તને હમણાં જ મારી નાંખું છું.' આ પ્રમાણે સાંભળતાં તે સ્ત્રીએ કહ્યું કે–'હે સ્વામી ! આપને અહીંથી ગયા બાર બાર વર્ષ થઇ ગયા છતાં આપના આવવાના કાંઇ સમાચાર આવ્યા જ નહિ એટલે આપના વિરહનું દુઃખ મને બહુ જ થવા લાગ્યું, એથી હું કોઇ પણ જોશ કે મંત્ર–તંત્રનો જાણકાર મળી આવતો તો તેને આપના આગમનસંબંધી પ્રશ્ન પૂછ્યા કરતી હતી. તેમ પૂછતાં પૂછતાં અનાયાસે આ દયાળુ નિર્ગ્રંથ–તપસ્વી મુનિ ગઇ કાલે ભિક્ષા અર્થે અહીં

પધારેલા અને તેમની આગળ પણ મેં તેવો જ પ્રશ્ન કર્યો. તે સાંભળતા જ તેમને દયા ઉપજી અને તુરત જ પોતાના જ્ઞાને કરીને કહ્યું કે–'તમારો પતિ કાલે પ્રભાતે આવશે.' એમનું નિમિત્ત સત્ય પડવાથી મને બહુ શાંતિ થઇ તેમજ એ મુનિના કથન મુજબ આપનું બરાબર આગમન આજે થયું તેથી તે મુનિવરની ભક્તિ કરવાની મને બહુ જ અભિલાષા જાગી એ જ ફક્ત આ મુનિવરને પ્રેમપૂર્વક અન્નોદક આપવાનું કારણ છે, બાકી આ સિવાય હે નાથ! અન્ય બીજું કાંઇ પણ કારણ સમજશો નહિ, તેમજ કોઇ પણ પ્રકારના ખોટા તર્ક બાંધશો નહિ.'

આ પ્રમાણે સાંભળીને ભીમાએ કહ્યું કે:–'હું એમ ને એમ તો બીલકુલ માનું જ નહિં; પરંતુ આ મુનિવર જે પેલી આપણી સામે ઉભેલી ગર્ભવતી ઘોડી છે તેને શું આવશે તેમજ તેને કેટલા તિલક-ચાંડલા હશે એ કહી બતાવે તો જ તમારી વાત સાચી માનું.' મુનિ પણ આ વાત સાંભળી રહ્યા છે, તેઓ સારાસારનો વિચાર કર્યા વગર તેમજ આમાંથી પરિણામ લાભકારક કે હાનિકારક નીવડશે એનો પણ ખ્યાલ કર્યા વગર તુરત જ પોતાના નિમિત્તાબળે બોલી ગયા કે–'આ ઘોડીને વછેરો આવશે અને તે પાંચ તિલકવાળો હશે.' મુનિવરનું વચન સાચું છે કે કેમ? તે જાણવાની આતર તેમજ પોતાની સ્ત્રી પણ સાચી છે કે કેમ? તેની પરીક્ષાની ખાતર તુરત જ ભીમાએ તરવારના ઘા વડે તે ઘોડીને મારી નાંખી, જેમાંથી પાંચ તિલકવાળો વછેરો નીકળ્યો જે તરફડીયા મારીને તરત જ મરી ગયો.

મુનિવરનું કહેલું નિમિત્ત તો સાચું ઠર્યું એટલે ભીમાને તેની સ્ત્રીઉપરનો વહેમ તો તદ્દન દુર થયો; પરંતુ સાહસ કરીને તરવારવડે ઘોડીને મારી નાંખી તેની સાથે વછેરાન. પણ પ્રાણ ગયા એ બે જીવની હત્યાનું મહાન કલંક અને મોટું પાપ માથે આવી પડતાં મુનિને પશ્ચાત્તાપનો પાર રહ્યો નહિ. ભીમાની સ્ત્રીને પણ આવા પ્રકારનો કરૂણાજનક દેખાવ જોવાથી બહુ જ લજ્જા આવી અને વિચાર કરવા લાગી કે–'અરેઅરે, મને ધિક્કાર છે! અરે, મ્હારા નિમિત્તો આ ઘોડી અને વછેરાના પ્રાણ ગયા. એ મહાપાપથી હું ક્યારે છુટીશ? વળી આ પાપના પ્રતાપે હું ભવાંતરમાં ભટકીશ તો પણ મારો આવશે નહિ.' એમ વિચાર કરતી અને અતિ ખેદ કરતી તેણે પોતાના મસ્તકપર પ્રહાર કરીને પ્રાણ ત્યાગ કર્યો. ભીમાએ પોતાની સ્ત્રીના અકાળ મૃત્યુથી નિશ્વાસા નાખ્યા અને બહુ જ અફસોસ સાથે કરેલા કૃત્યનો પસ્તાવો કરવા લાગ્યો કે–'સ્ત્રીવગરનું જીવન નકામું છે, સ્ત્રીવગર ઘર શોભતું નથી, એટલે સ્ત્રીવગર મારે જીવીને પણ હવે શું કરવું?' આમ વિચારી પોતે પણ પોતાના પ્રાણ તજી દીધા.

આ પ્રમાણે ઘોડી અને વછેરો, ભીમો અને ભીમાની સ્ત્રી–એ ચાર જીવની હત્યા મુનિએ ફક્ત પોતાના નિમિત્તકથનથી થયેલી નજરે નિહાળતાં પોતાને પણ ઘણું જ જ દુઃખ થયું અને પોતે પણ ત્યાં પ્રાણત્યાગ કર્યો.'

શ્રી દેવચંદ્ર ગુરૂ મ. કહે છે કે–'હે હેમ! સાંભળી લે અને વિચારી લે કે એક નિમિત્તના કહેવાથી પલકમાં પાંચ જીવની હત્યા બનવાનો પ્રસંગ આવી પડયો. આ ઉપરથી ખાસ સમજવાનું છે કે સાવદ્ય વચના મુનિએ ભાખવું નહિ, તેમજ મંત્ર–તંત્ર કે નિમિત્ત પણ કહેવું જ નહિ. આત્માર્થી શુદ્ધ સંયમરસિક મુનિવરોએ તો ગૃહસ્થનો વિશેષ પરિચય પણ કરવો નહિ એવી ભગવંતની આજ્ઞા છે.' કહ્યું છે કે:–

મૂળ મુનિ જે આત્મગવેષી, ન કરે ગૃહસ્થનો સંગ;
જીહાં પરિચય તિહાં અવજ્ઞા, થાયે સમકિત ભંગ.

આ પ્રકારે હેમસૂરિને હિત–શિખામણ દ્રષ્ટાંત સાથે આપીને સમજાવ્યા બાદ ગુરૂમહારાજે કુમારપાળ રાજાને ઉદ્દેશીને કહ્યું કે–'હે રાજન્! જગતને ઋણરહિત કરવાની તમારી ભાવના ઉત્તમ છે, પરંતુ તમારા ભાગ્યમાં એ વસ્તુ જ નથી; માટે પુત્યવગર પ્રાપ્તિ થવી અસંભવિત સમજવી. તમે તો દેવભક્તિ, ગુરૂભક્તિ, સ્વામીભક્તિ. જીવ-દયાદિ અનેક સત્કાર્યો કરો છો તે જ વિશેષપણે કરતા રહો. તમારૂં આત્મકલ્યાણ એ પ્રકારે જ થશે.' એ રીતે નિખાલસપણે સત્ય હકીકત ગુરૂમહારાજાએ બંનેને સંભળાવી દીધી અને ત્યાંથી વિહાર કરી ગયા.

— જૈન શાસન કાયમી વિશેષાંક —

પૂ. સા. શ્રી પુણ્યપ્રભાશ્રીજી મ.ના ઉપદેશથી ભેટ

૫૦૧) રા. હસમુખલાલ ચુનીલાલ મોઠી, વાલકેશ્વર, મુંબઇ–૬

આજીવન શુભેચ્છક રૂા. ૧૦૦૦) બે સભ્ય

(૧) પૂ. વર્ધમાન તપોનિધિ ૧૦૪ ઓળીના આરાધિકા સા. શ્રી હેમપ્રભાશ્રીજી મ.ના શિષ્યા પૂ. સા. શ્રી રવિચંદ્રાશ્રીજી મ.ના ૩૯ વર્ષના કાર્તિક વદ ૧૧ ના દીક્ષા પર્યાયના અનુમોદનાર્થે પૂ. સા. શ્રી ઉદયચંદ્રાશ્રીજી મ.ના ઉપદેશથી.

(૧) એક સદ્‌ગૃહસ્થ–મુંબઇ.

(૨) શ્રી સાયન જૈન સંઘ–મુંબઇ.

આ તે કેવી સંસ્કૃતિ!

[ગતાંકથી ચાલુ] —પૂ. આ. શ્રી વિ. ચંદ્રગુપ્ત સૂ. મ.

દેરાસર કે ઉપાશ્રયાદિ ધર્મસ્થાનોનું નિર્માણ શ્રાવકો માટે વિહિત હોવાથી શાસ્ત્રાનુસાર તેનો ઉપદેશ કરી શકાય. આરાધના માટે તે અનુકૂલ હોવા જોઇએ, જીવ-જંતુના ઉપદ્રવો ન થાય–તેની રક્ષા થાય–એ માટે પ્રયત્ન કરવો જોઇએ, આ બધું યતના-જયણા [જીવવિરાધનાથી બચવાનો આત્મપરિણામ]પૂર્વક થવું જોઇએ...ઇત્યાદિ જણાવાય. પરંતુ તેનું મટેરિયલ, લાકડું, પથ્થર, લાદી... વગેરે કેવું લેવું, કેવું રાખવું, કેવી રીતે વાપરવું. વગેરે અંગે મૌન જાળવવું. એ બધો વિષય સાધુમહાત્માઓનો નથી. કોઇ સંયોગોમાં અજ્ઞાનાદિના કારણે ગૃહસ્થો એ વિષયમાં પૂછે તોપણ વધારેમાં વધારે કોઇ જાણકારનું નામ સૂચવવું. દેરાસર અને ઉપાશ્રયાદિના શિલાસ્થાપન કે ખનનનું મુહૂર્ત પણ સાધુ ભગવંતો કાઢી આપતા નથી. તો તે સંબંધી બાંધકામ અંગેનું માર્ગદર્શન સાધુભગવંતોએ આપવાની જરૂર નથી. જયણાના નામે ઉપાશ્રયની લાદી વગેરે કાઢી નાંખવાનો કે નવી નાખવાનો ઉપદેશ આપવાની અથવા તો એ માટે જોરદાર પ્રેરણા કરવાની પ્રવૃત્તિ; સાધુ મહાત્માઓ કઇ રીતે કરી શકે છે–એ સમજાતું નથી. પ્રાચીનતાના હિમાયતીઓને અર્વાચીનતા પ્રત્યે નિષ્કારણ નફરત થઇ લાગે છે. પહેલાં જ્યારે ટાઇલ્સ વગેરે ઉપલબ્ધ ન હતી ત્યારે છાણ કે માટીથી બનાવેલી જગ્યામાં કીડીઓ વગેરે ન દેખાવાનો પ્રોબ્લેમ તો હતો જ. આમ છતાં જયણાના નામે ઉપાશ્રયાદિમાં ટાઇલ્સ ન બેસાડવા અંગે જે ઝુંબેશ ચલાવાય છે–તે યોગ્ય નથી. વ્યાખ્યાનની પાટે; આવી જાતની વાતો કરવાનું યોગ્ય નથી. પોતે માની લીધેલી જયણાના પ્રચાર માટે વ્યાખ્યાનની પાટ નથી. જયણાનો ઉપદેશ આપવો અને એ માટે ઝુંબેશ ચલાવવી એ બેમાં ઘણો ફરક છે.

ખરી રીતે તો ઉપદેશકે ઉપદેશની મર્યાદાનો ખ્યાલ રાખવો જોઇએ. ઉપદેશ અને આદેશના ફરકને સમજી લઇને આદેશાત્મક વચનનો ત્યાગ કરવો જોઇએ. શ્રી વીતરાગ પરમાત્મા કે તેઓશ્રીની પરમતારક આજ્ઞાને અનુસરનારા શ્રી ગણધરાદિ મહાત્માઓ દીક્ષા લેવા આવનારને પણ 'તું દીક્ષા લઇ લે'–એ પ્રમાણે જણાવતા નથી. પરંતુ તે અવસરે 'તું પ્રતિબંધ [વિલંબ-પ્રમાદ] ન કરીશ'. વગેરે જણાવે છે. સર્વસાવદ્યયોગથી વિરામ પામનારા પુણ્યાત્માઓને ઉદ્દેશીને પણ જે ઉપર પ્રમાણે જણાવવાનું છે તો એકાંતે ગૃહસ્થોચિત–વિહિત હોવા છતાં પણ અવિરતિમૂલક–ઉપાશ્રયાદિના નિર્માણપ્રસંગે આદેશતુલ્ય ઉપદેશ આપવાનું સાધુ ભગવંતો માટે તેમની મર્યાદાના અતિક્રમણસમાન

છે. વારંવાર પાછળ પડીને દરરોજ સંબદ્ધ કે અસંબદ્ધ રીતે ગમે ત્યાંથી એ વિષયને લાવીને ઉપદેશ કરીએ તો તે ઉપદેશ, આદેશતુલ્ય ઉપદેશ બની જાય છે.

સામાન્ય રીતે 'જેમાં સ્વરૂપથી હિંસાદિ છે એવાં પૂજાદિ અનુષ્ઠાનોની અનુમતિ કોઇ માંગે તો એવા વખતે પૂ. સાધુભગવંતોએ મૌન રહેવું જોઇએ'–એમ ઉપદેશરહસ્ય વગેરે ગ્રંથમાં ફરમાવ્યું છે. તેમજ શાસ્ત્રવિહિત ન હોય એવા અનુષ્ઠાનમાં (સાવદ્યમાં) કોઇ અનુમતિ માગે તો તેનો નિષેધ કરવાનું તેમજ નિષેધ કરવા છતાં તે માને તેમ ન હોય તો મૌન રહેવાનું ફરમાવ્યું છે. આ પ્રમાણે મૌન બે જાતના છે : એક સંમતિસૂચક અને બીજું અનિષેધ (નિષેધને અયોગ્ય) સૂચક. દરેક વખતે મૌન એક જાતનું હોતું નથી. કહેવાનો આશય એ છે કે શાસ્ત્રવિહિતમાં પણ સ્વરૂપથી સાવદ્યાંશમાં પૂ. સાધુભગવંતોની સંમતિ આવે નહિ એ માટે જો મૌન જાળવવાનું પૂ. સાધુ ભગવંતોને ફરમાવ્યું હોય તો પૂ. સાધુભગવંતો ઉપાશ્રયાદિના બાંધકામને લગતી બાબતમાં ઉપદેશાદિ દ્વારા રસ કઇ રીતે લઇ શકે–એ વિચારવાની ખૂબ જ જરૂર છે.

ઉપદેશકોએ સદા માટે એ વસ્તુનો ખ્યાલ રાખવો જોઇએ કે આપણે સર્વવિરતિ-ધર્મની પ્રતિજ્ઞાનું પાલન કરવા માટે સાધુ થયા છીએ. બીજાની પાસે તેનું પાલન કરાવવા માટે આપણે સાધુ થયા નથી. વિશિષ્ટ યોગ્યતાદિના સામર્થ્યથી કોઇ વાર ઉપદેશ આપવાનો પ્રસંગ આવે તો ખૂબ જ ઉપયોગપૂર્વક શાસ્ત્રાનુસાર માર્ગદર્શન કરાવવું. ઉપદેશકના પરમતારક વચનથી જ લઘુકર્મી મુમુક્ષુજનો માર્ગના જ્ઞાતા બની માર્ગના આરાધક બનતા હોય છે. તેમની પાછળ પડવાની જરૂર રહેતી નથી. પૂ. સાધુભગવંતોની પરમપવિત્ર મર્યાદા; બીજા યોગ્ય આત્માઓ માટે સ્વયં પ્રેરણા છે. મર્યાદાના અતિક્રમણથી કોઇને લાભ દેખાતો હોય તો પણ તે હિતાવહ નથી.

ઉપદેશકોએ એક મૂલભૂત વસ્તુ ધ્યાનમાં લેવી જોઇએ કે–પાપનો ઉપદેશ સર્વથા આપવાનો નથી. અલ્પ પાપ કે અધિક પાપ; અમર્યાદ પાપ કે અનિવાર્ય પાપ; સૂક્ષ્મ પાપ કે સ્થૂલ પાપ-આવા કોઈ પણ ભેદ પાડયા વિના પાપમાત્રનો ઉપદેશ આપવાનો નથી. સર્વસાવદ્યની નિવૃત્તિનો ઉપદેશ આપ્યા પછી કોઈ વાર મુમુક્ષુજનો તેવી નિવૃત્તિ કરવા માટે સમર્થ ન બને તો પાપની અલ્પાંશે નિવૃત્તિસ્વરૂપ દેશવિરતિનો ઉપદેશ અથવા તો તેને અનુકૂલ એવો માર્ગાનુસારી માર્ગનો ઉપદેશ આપવો જોઇએ. પરંતુ અલ્પપાપનો, અનિવાર્યપાપનો કે સૂક્ષ્મપાપનો ઉપદેશ પૂ. સાધુભગવંતોથી અપાય નહિ. સર્વસાવદ્યયોગ કરીશ નહિ. કરાવીશ નહિ અને કરતાને સારા માનીશ નહિ–આવી પ્રતિજ્ઞાનો ભંગ ન થાય–એ માટે કોઇ પણ જાતના પાપોપદેશથી પૂ. સાધુભગવંતોએ

દૂર રહેવું જોઇએ. અલ્પ–અનિવાર્ય પાપ અને પાપની અલ્પતા કે અનિવાર્યતાના ઉપદેશનો નિષેધ છે. અલ્પાંશે પણ પાપની નિવૃત્તિનો ઉપદેશ આપવાનો નિષેધ છે–એવું નથી. શબ્દોના પરમાર્થને સમજ્યા વિના બધાનો ભાવ એક જ છે–એવું માનીએ તો ઉપદેશનો વિષય પાપ બને છે.

'પાપની અલ્પતા કે અનિવાર્યતાનો ઉપદેશ છે'–એવું માનીએ તોપણ અલ્પતા કે અનિવાર્યતાને લઇને પરિણામે પાપનો જ ઉપદેશ સમજાય છે. પરંતુ પાપની અલ્પાંશે કે સર્વાંશે નિવૃત્તિનો ઉપદેશ આપીએ તો બંને સ્થાને પાપની નિવૃત્તિનો જ ઉપદેશ હોવાથી પાપના ઉપદેશનો પ્રસંગ આવતો નથી. ડેરીનું દૂધ અભક્ષ્ય છે–અપેય છે, એ સમજાવતા વખતે ગાયભેંસનું તે દિવસનું દૂધ પીવાનો ઉપદેશ અપાય નહિ. એકાશનાનું પચ્ચક્ખાણ આપતી વખતે એકથી વધારે બે–ત્રણ ટાઇમ ના ખાવાની પ્રતિજ્ઞા અપાય છે. પરંતુ એક ટાઇમ ખાવાની પ્રતિજ્ઞા કઇ રીતે અપાય? માંસાહાર કરાય નહિ–એ જણાવાય, પરંતુ શાકાહાર કરાય–એમ કઇ રીતે કહેવાય? મોટું અસત્ય બોલવું નહિ, મોટી ચોરી કરવી નહિ–એમ જણાવાય, પરંતુ નાના અસત્ય કે નાની ચોરી અંગે ઉપદેશ કઇ રીતે અપાય? યાંત્રિક વાહનોનો ઉપયોગ કરાય નહિ–એ જણાવાય, પરંતુ એના બદલે બળદગાડાનો ઉપયોગ કરવો જોઇએ–એવું કઇ રીતે કહેવાય? શું એમાં હિંસા નથી? અધિક હિંસાદિ હેય છે અને અલ્પહિંસાદિ ઉપાદેય છે? આજે એ બધાનો વિચાર કર્યા વિના કેટલાક ઉપદેશકો પ્રાચીન સંસ્કૃતિની રક્ષાના નામે પાપોપદેશ કરી રહ્યા છે, જે ખૂબ જ અનુચિત છે.

અનાદિકાલથી ચાલી આવતી પ્રવૃત્તિમાં ઉપદેશકોની સંમતિ ન જ હોય. હિંસાદિ અંશતઃ પણ ઉપાદેય નથી. ગૃહસ્થોને સર્વથા હિંસાદિથી વિરામ પામવાનું શક્ય બનતું ન હોવાથી અંશતઃ તેની નિવૃત્તિનો ઉપદેશ અપાય છે, અંશતઃ પાપનો ઉપદેશ અપાતો નથી. પાપની પ્રવૃત્તિ તો વર્ષોજુની છે. એમાંથી શક્ય પ્રયત્ને વિરામ પામવાનું જ ફરમાવાય. પાપની નિવૃત્તિનો જ ઉપદેશ હોય, પ્રવૃત્તિનો નહિ. નિવૃત્તિમાં અલ્પ કે અધિકાદિ અંશ હોય–એ જુદી વાત, પાપની પ્રવૃત્તિ ઉપદેશ વિના સ્વયંસિદ્ધ છે. શ્રી જિનમંદિર કે ઉપાશ્રયાદિનું નિર્માણકાર્ય કે પૂજાદિ અનુષ્ઠાનો જયણાપૂર્વક કરવા છતાં તેમાં થતી સ્વરૂપહિંસાની પણ અનુમોદના ન થાય–એ માટે પૂ. સાધુભગવંતોએ કાળજી રાખવી જોઇએ. શાસ્ત્રવિહિત કાર્ય હોવાથી શ્રી જિનમંદિરાદિના નિર્માણકાર્ય માટે ઉપદેશ આપવામાં દોષ નથી. પરંતુ તેનાં દરેક અંગોમાં પૂ. સાધુ ભગવંતોએ રસ લેવાની જરૂર નથી. ટાઈલ્સ કેવી બેસાડવી, પથ્થર કેવો વાપરવો અને લાડવું કેવું

વાપરવું વગેરે વિષય ઉપદેશકનો નથી જયણાનો ઉદ્દેશ સચવાય એ માટે ઉપયોગ રાખવાનું જણાવી શકાય. પરંતુ કોઇ વાર ભૂતકાળમાં એવી વસ્તુ ગમે તે કારણે ધ્યાનમાં લેવાઇ ન હોય તો પણ તેને કાઢી નાખીને બીજી બેસાડવાનું જણાવાય નહિ. આવા વખતે ખુબ જ ઉપયોગપૂર્વક જયણાનું પાલન કરવાનું જણાવી શકાય. આમ છતાં કોઇ જયણાનું પાલન ન જ કરે તો એનું પાપ ઉપાશ્રયાદિ બંધાવનારને લાગતું નથી. પરંતુ ઊલટાનું, આપણા કહેવાથી કોઇએ એ પ્રમાણે કર્યું અને તેથી કોઇ પડી જાય કે બીજું કોઇ અનિષ્ટ–અહિત થાય તો તેનું પાપ આપણને લાગે. જે–ખેતી પશુપાલન વનરક્ષા કે જલરક્ષા–કરવાનું શાસ્ત્રવિહિત નથી, તેનો ઉપદેશ તો આપવાનો જ નથી. સવાલ તો માત્ર, જે કાર્ય શાસ્ત્રવિહિત છે–તે શ્રી જિનમંદિર ઉપાશ્રયાદિના નિર્માણ અંગેનો છે. સર્વથા નિરવદ્યમાં એ સવાલ નથી. અને સર્વથા સાવદ્ય તો ઉપદેશ માટે યોગ્ય જ નથી–એટલે એમાં પણ સવાલ જ નથી.

આથી સમજી શકાશે કે ઉપદેશક મહાત્માઓની કઇ જાતની મર્યાદા છે. એ મર્યાદા શ્રી તીર્થંકર પરમાત્માએ દર્શાવી છે. તેના પાલનથી જ ઉપદેશક, ઉપાસક બની પ્રભાવક થઇ શકે છે. શ્રી વીતરાગ પરમાત્માના પરમતારક શાસનની ઉપાસના અને પ્રભાવના માટે એ મર્યાદાનું પાલન ખૂબ જ ચીવટથી કરવું જોઇએ. જ્ઞાની વિવેકી ન હોય તો અનેકોને ઉન્માર્ગગામી બનાવે. અંતે, ઉપર જણાવેલી વિગત ધ્યાનમાં લઇ વિવેકપૂર્ણ માર્ગાનુસારી દેશના દ્વારા સ્વ–પરકલ્યાણ કરવા ઉપદેશક મહાત્માઓ પ્રયત્નશીલ બની રહે–એ જ એકની એક સદા માટેની શુભાભિલાષા...

મુંબઇ–લાલબાગ, —આ. વિ. ચન્દ્રગુપ્તસૂરિ

જેઠ સુદ ૧૦ રવિવાર (સમાપ્ત)

વિવિધ વાંચનમાંથી —પૂ. સાધ્વી શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ.

ભગવાન મહાવીર પરમાત્માના ચતુર્વિધ સંઘનો પરિવાર

* ગણધર	૧૧	કેવલજ્ઞાની	૭૦૦
* મનઃપર્યવજ્ઞાની	૫૦૦	અવધિજ્ઞાની	૧૩૦૦
* વાદલબ્ધિ	૪૦૦	વૈક્રિયલબ્ધિ	૭૦૦
* ચૌદ પૂર્વધર	૩૦૦	અનુત્તરવાસી	૮૦૦
* સાધુ	૧૪૦૦૦	સાધ્વી	૩૬૦૦૦
* શ્રાવક	૧,૫૯૦૦૦	શ્રાવિકા	૩,૧૮૦૦૦

卐 विवेकः दशमो निधिः । 卐

(ગતાંકથી ચાલુ) —પૂ. મુનિરાજ શ્રી પ્રશાન્તદર્શનવિજયજી મ.

"ખરેખર અજ્ઞાન એ પણ કષ્ટ છે, મોહનું સામ્રાજ્ય મહાન છે, કર્મના પરિણામો ભયંકર છે, વિષયોની ઇચ્છા વશ કરવી મુશ્કેલ છે, ઇન્દ્રિયો ચંચળ છે, ચિત્તનો ફેલાવો થતા અટકાવવો મહામુશ્કેલ છે, કામ સર્વથી ચઢિયાતો અને ન જીતી શકાય એવો છે, દોરડાના બંધન વગરનો સ્નેહાનુરાગો છે. આ સંસાર એકાંતે અસાર છે. આ સંસારમાં રહેલા આત્માઓ પોતાનું હિત સમજતા નથી, ભવિષ્યમાં થનારાં ભયંકર કર્મના વિપાકો દેખતા નથી, અલ્પ વિષયસુખ મેળવવાની અભિલાષવાળા જીવો 'આના કરતાં ચઢિયાતું બીજું કોઈ સુખ નથી—' એમ માનનારા દુઃખના પ્રતિકાર રૂપ ઇન્દ્રિયોના અનુકુળ વ્યાપારોમાં સુખની કલ્પના કરીને પ્રવર્તે છે. અન્યોન્ય ઉલટી બુધ્ધિવાળા સુખના અભિલાષી દુઃખનો પરિહાર કરવાના સ્વભાવવાળા એવા તેમને દરેક પ્રકારની ચેષ્ટાઓ દુઃખના કારણમાં જ પરિણમે છે. બીજું આ સંસારના વિલાસોનો પ્રભાવ પણ કેવો છે કે, 'અનુત્તર વિમાનના સુખનો અનુભવ કરવા છતાં પણ હજુ હું દુઃખના પ્રતિકાર કરવાના કારણભૂત મનુષ્યના તુચ્છ કામભોગમાં અતૃપ્તિવાળો, તૃપ્તિ કરનાર તે વિષય સુખની અભિલાષા કરું છું. ચારે સમુદ્રના જળથી જેની તૃષ્ણા છેઠાઇ નથી, એવા પુરૂષની તૃષ્ણાનો છેદ ખાકળના જળબિંદુથી કેવી રીતે થાય? કયું કોની સાથે સંબંધવાળું રહ્યું છે? ખરેખર સર્વથા સંસારના વિલાસો જ આ વિષયમાં મૂંઝવણ ઉત્પન્ન કરનારા છે. સંસારી આત્માઓ વિવેક રહિત હોય છે.'

કલિકાલ સર્વજ્ઞ પૂ. આ. ભ. શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ 'યોગશાસ્ત્ર'માં (પ્રકાશ—૧, શ્લોક—૧૦ માં) શ્રી ઋષભદેવસ્વામિ ભગવાનના ચરિત્રમાં નમિ—વિનમિ, ભગવાન દીક્ષિત થયા પછી ભગવાન પાસે રાજ્યની માગણી કરે છે. તે પ્રસંગનું વર્ણન કરતાં કહ્યું કે—

" न किञ्चिदूचे भगवांस्तदा तौ सेवकावपि ।
निर्ममा हि न लिप्यन्ते, कस्याप्यैहिकचिन्तया ॥

ભાવાર્થ :— નમિ—વિનમિ સેવકની જેમ જે રીતે ભગવાનની 'સેવા—ભક્તિ' કરી રહ્યા છે છતાં પણ ભગવાન કાંઇ બોલતા નથી.

નિર્મમ — મમત્વ રહિત — મહાપુરૂષો કયારે પણ કોઇની આ લોકની ચિંતાથી લેપાતા જ નથી.

આજના કહેવાતા સંસ્કૃતિ રક્ષકો અને પર્યાવરણ પ્રેમીઓ – આ વાત પોતાને જરાપણ અનુકૂળ ન આવવાથી તેના ઉપર વિચાર કરે જ નહિ. ભલે શાસ્ત્રકારપરમર્ષિઓને મન આ વાત અત્યંત મહત્ત્વની હોય.

તેમના મતે તો ભગવાને 'ભૂલ' જ કરી ગણાય. ખુલ્લે આમ જો આ પ્રગટ કરે તો ખરેખર તેમને 'પ્રમાણિક' મનાય.

તે જ ચરિત્રમાં આગળ વધતા, પોતાના અઠ્ઠાણું પુત્રોને પ્રતિબોધ પ્રસંગે ભગવાને જે ઉપદેશ આપ્યો તે પ્રસંગનું વર્ણન કરતાં પૂ. શ્રી કલિકાલ સર્વજ્ઞે જણાવ્યું કે–

'अनेक योनि सम्पातानन्तव्याधानिबन्धनम् ।
अभिमानफलोवेयं राज्यश्रीः सापि नश्वरी ॥ १ ॥
किञ्च या स्वः सुखैस्तृष्णा नात्रुटयत्प्राग्भवेषु वः ।
साऽङ्गारकारकस्येव भर्त्यभोगैः कथं त्रुटेत् ? ॥

ભાવાર્થ :– અનેક યોનિના કારણભૂત અને અનંત પીડાને આપનારી, અભિમાન છે ફલ જેનું એવી રાજ્ય લક્ષ્મી પણ નાશ પામનારી છે.

વળી, તમારી તૃષ્ણા પૂર્વભવોને વિષે દેવલોકના સુખોથી પણ ના તૂટી તો અંગારકારકની જેમ આ મનુષ્યના ભોગો વડે કઇ રીતે નાશ પામે ?

જે શ્રી ઋષભદેવસ્વામિ ભગવાન રાજ્ય લક્ષ્મીને નાશ પામનારી કહે તે જ ભગવાનના નામે સંસ્કૃતિ રક્ષાદિના નામે રાજ્યા વ્યવસ્થાની પુષ્ટિ કરે તે બધા માર્ગના જાણ કહેવાય કે અજાણ કહેવાય! સૂત્ર પ્રમાણે ચાલનારા કહેવાય કે ઉત્સૂત્ર ભાષી જ કહેવાય ?

દીવા જેવી સ્પષ્ટ હકીકત હોવા છતાં પણ જે ખોટું પકડાયું તેની જ પુષ્ટિ માટે ભગવાનના નામનો દુરૂપયોગ કરનારાને બરાબર ઓળખી તેમનાથી દૂર રહેવામાં જ સાચું આત્મ કલ્યાણ છે.

તે બધા ખરેખર પ્રામાણિક હોય તો જાહેર કરે કે, આ બધા અમારા અંગત વિચારો છે પણ શાસ્ત્રના વિચારો નથી તો ય સારા કહીએ. પણ શાસ્ત્રના નામે પોતાના વિચારો ફેલાવે તેને કઇ ઉપમા આપવી તે **वयं न जानीमहे**. શાસનના કહેવરાવી શાસનના નામે મળતા માન–પાનાદિ, નામનાનો મજેથી ઉપભોગ કરનારા, શાસનને ડહોળવાનું કામ કરનારાઓથી બચવા–બચાવવા આ પ્રયત્ન છે.

પરમતારક પરમોપકારી પૂજ્યપાદ પરમગુરૂદેવેશશ્રીજીના નામનો પણ પોતાના

મનોકલ્પિત વિચારોની પુષ્ટિ માટે જે દુરૂપયોગ કરી રહ્યા છે તે પણ તારક ગુરૂદેવેશ-શ્રીની આશાતનાના જાણે-અજાણે ભાગી બની રહ્યા છે. પૂ. પરમ તારક ગુરૂદેવેશશ્રીજીએ અમારા પણ જન્મ પહેલા- લગભગ ૭૦ વર્ષ પહેલા જે મનનીય અમૂલ્ય માર્ગદર્શન આ બાબતમાં જે સ્પષ્ટ આપેલ છે તે પણ જોઇએ.

વિ. સં. ૧૯૮૬ના ફા. વદ ૧૪, શનિવાર, તા. ૩૦-૧૧-૧૯૨૯ના રોજ મુંબઇ, લાલબાગ મુકામે **શ્રી આચારાંગ-ધુતાધ્યયન** પ્રવચન-૧૧૯ માં જે વાત ફરમાવી અને શ્રી જિનવાણી વર્ષ-૨૧, અંક ૧૩-૧૪ માં પૃ. ૧૪૯-૧૫૦ માં છપાઇ છે. તે જોઇએ.

૧૧૯ શ્રી આચારાંગ - ધૂતાધ્યયન

કથા પણ શા માટે ?

જૈન શાસનમાં કથા બે જાતની. સારાની અને નરસાની. નરસાની પણ સારા થવા માટે અને નરસાથી બચવા માટે. આણંદ કામદેવની કથા શા માટે લખાઇ ? એમના હીરા માણેક પન્ના આદિના વર્ણન શા માટે લખ્યાં ? એ આવા છતાં પ્રભુ મળ્યા પછી એ કેવા બન્યા, એ બતાવવા માટે. ભગવાનને સાંભળ્યા કે તરત જે હતું તેમાં એક રતીભાર પણ ના વધારવાનો નિયમ કરી લીધો. કામદેવે તો એટલી ધીરતા કેળવી કે પૌષધમાં દેવતાએ એના પુત્રોને એની સામે ખડા કરી ભયંકર કદર્થના કરી દેખાડી છતાં ચલાયમાન ન થયા. આ કરણે એ એકાવતારી થયા, પાંચસો હળ અને ગોકુળોના કારણે નહિ. છતાં આ વાતને આગળ કરી તમને કોઈ સાધુ એમ કહે કે- 'આણંદ કામદેવને પાંચસો હળ, તો તમારે કેટલા ? એમની પાસે જમીન કેટલી હતી ? જમીનનો ત્યાગ તો અમારે સાધુને હોય, તમારે ગૃહસ્થને શું છે ? ત્યાગની વાતો સાંભળી ઘેલા ન બનો. જેના ઘરમાં હળ નહિ, જેના ચરમાં ગાય નહિ તે શ્રાવક શાના ? શાસ્ત્રમાં આવતી કથાઓ સાંભળો.' તો એને તમે શું કહેવાના ?

સભા૦ : 'એને ગાંડપણ થયું છે એમ કહેવું પડે.'

કલ્પસૂત્રની વાત કરનારને પૂછો :

કલ્પસૂત્રમાં સાધુએ ચાતુર્માસ રહેવા માટે ક્ષેત્રના જોવા જોઇતા ઉત્કૃષ્ટ તેર ગુણ કહ્યા છે. તેમાં એક ગુણ એ પણ છે કે 'જ્યાં શ્રાવકના ઘરો ધન ધાન્યથી ભરપૂર હોય અને પ્રચૂર દૂધ દહીં ઉપલબ્ધ હોય.' આ વાત પકડીને કહે છે કે 'જોયું ! શ્રાવકના ઘર કેવા હોય ? ગોરસથી ભરપુર હોય એમ શાસ્ત્ર કહે છે.

ગાયલેંસ હોય તો ગેરસ થાય ને ? માટે જોડો હાથ ને પાંચ પાંચ ગાય રાખવાનો નિયમ કરો.' આવું બોલનારને તે વખતે ત્યાં કોઇ શ્રાવકે ઊભા થઇને પૂછવું જોઇએ કે– 'મહારાજ ! કલ્પસૂત્રમાં તો શ્રી જિનદાસ શેઠની વાત પણ આવે છે. પાંચમાં પરિગ્રહ પરિણામ વ્રતમાં એમને ચતુષ્પદ નહિ રાખવાનો નિયમ હતો. તો એ ઊંચા કે પાંચ ગાયો રાખનારો શ્રાવક ઉંચો ?' તો એ જવાબ નહિ આપી શકે.

જીનદાસ શ્રાવકની કથા :

વ્રતધારી જિનદાસ શ્રાવકને પાંચમા વ્રતમાં ચતુષ્પદ નહિ રાખવા એવો નિયમ હતો. ઘરે દૂધ આપવા ભરવાડના કુટુંબ સાથે એમને સંબંધ હતો. ભરવાડને ત્યાં લગ્નપ્રસંગે શેઠની ઘણી સામગ્રી એને વાપરવા મળી તેથી એનો પ્રસંગ બહુ દીપ્યો. ખુશ થયેલા એણે નવા તાજા બે બળદની જોડ શેઠને કહ્યા વિના એમને ત્યાં બાંધી દીધી શેઠે વિચાર્યું કે હવે જો પાછા આપીશ તો બિચારા ધૂંસરીમાં જોડાશે અને દુઃખી થશે. તેથી શેઠે ઘરે રહેવા દીધા. એમને સૂકું ઘાસ અને પ્રાસુક પ્રાણી નિર્વાહ માટે આપતા. શેઠ સામાયિકમાં ધર્મ કથા મોટેથી વાંચતા અને બળદો પણ તે સાંભળતા. આમ તે બળદો શેઠના સાધર્મિક બની ગયા. ભદ્રકપરિણામી થયા. શેઠ પર્વતિથિએ પૌષધોપવાસ કરે ત્યારે બળદો પણ ઘાસ પાણી ના વાપરતા ને ઉપવાસ કરતા. શેઠ જે કાંઇ સ્વાધ્યાય કરે તે સાંભળવામાં દિવસ પસાર કરતા.

બળદો શુભ ધ્યાનમાં મરીને દેવલોકમાં ગયા :

એવામાં એક દિવસ કોઈ તહેવાર પ્રસંગે ગાડા દોડાવવાની હરિફાઇ માટે શેઠનો કોઇ મિત્ર શેઠને પૂછ્યા વિના એ હૃષ્ટપુષ્ટ બળદોને લઇ ગયો અને ગાડામાં જોડીને ખૂબ દોડાવ્યા અને પછી ચુપચુપ પાછા મૂકી ગયો. કોઇ દિવસ ગાડામાં નહિ જોડાયેલા બળદો અત્યંત પીડાવા લાગ્યા. તેમની આવી હાલત જોઇને શેઠની આંખમાં આંસુ આવી ગયા. છેલ્લી ઘડીએ ચારે આહારના પચ્ચક્ખાણ કરાવી નવકાર સંભળાવ્યો. બળદો શુભ ધ્યાનમાં મરીને દેવલોકમાં ગયા. ત્યાં ઉત્પન્ન થતાં જ ભગવાન મહાવીર-દેવને નાવડીમાં થયેલો ઉપસર્ગ દૂર કર્યો.

સભા૦ : 'જાનવર શેઠની ભાષા સમજતા ?

જાનવરો પણ સંજ્ઞિ છે. પરિચયથી માલિકના ભાવ અને તેના શબ્દ સમજે છે, આજે તો માણસો જ ભાવ નથી સમજતા તો જનાવરની શી વાત કરવી ? જાનવરોને પાળનાર માનવો જ જનાવર જેવા થાય ? શાસ્ત્રમાં જ આવતી આ જિનદાસ શેઠની વાત તમે સાંભળી ને ? (ક્રમશઃ)

શ્વેતાંબરોએ સમ્મેતશિખરજીને દિગંબરોના દાવપેચમાંથી બચાવવું રહ્યું

વિવાદ (ગતાંકથી ચાલુ)

હવે તો એમ થાય છે કે ૧૯૧૮ માં પોતાના જ પહાડ માટે ૨.૫ લાખ ખર્ચેલા તે વ્યાજ સાથે પાછા માગવા તેમજ દિગંબરોને ઉદારતાથી આપેલો પૂજાનો હક રદ્દ-બાતલ કરાવવો, કારણ કે નાનકડા કાણામાંથી જ બાકોરું પાડવામાં આવે છે અને છેવટે બારણું કરી નાખવામાં આવે છે.

ગિરિડિહ કોર્ટના સ્પષ્ટ ચુકાદાઓ છતાં અને મેટર કોર્ટાધીન (સબજ્યુડીસ) હોવા છતાં દિગંબરોએ દાદાગીરીથી, ધાકધમકીથી ત્યાંના પચાસ જેટલા વનવાસીઓને તીરકામઠા સાથે ઊભા રાખી ચોપરાકુંડ ઉપર બાંધકામ કર્યું છે. ૩૧-૧૦-૬૧ ના રોજ આ બાંધકામ રોકવા કોર્ટે આદેશ પણ આપ્યો છતાં એ આદેશની અવગણના કરીને આજે તો ઘણું મોટું બાંધકામ કરી દેવામાં આવ્યું છે. કોર્ટના હાયકાનું અમલીકરણ પણ પોલીસો પાસે જ કરાવવું પડતું હોય છે. પણ દિગંબરો ખુબ પહોંચેલા હોવાથી નોકરશાહીને પણ ફોડી નાંખવામાં આવે છે. તે સમયે બિહારના ડી. આઇ. જી. તરીકે પણ એક દિગંબર જૈનને જ મૂકવામાં આવ્યા હતા તે વાત ઘણું કહી જાય છે.

શ્વેતાંબરોએ રાંચીની કોર્ટમાં કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટનો કેસ દાખલ કર્યો તે ૨૦-૨૫ વર્ષે પૂરો થશે ત્યાં સુધીમાં તો દિગંબરો આખા પહાડ ઉપર પોતાનાં મંદિરો અને ભગવાન બેસાડી દે તો નવાઈ નહીં. શ્વેતાંબરો તીર્થનો વિકાસ નથી કરતા એવો પ્રચાર પણ તદ્દન ભૂલભરેલો અને ગેરવાજબી છે. લગભગ જુદી જુદી જ રીતે ૧૭ વખત શ્વેતાંબરોએ પગથિયાંના સમારકામ આદિ માટે જ્યારે જ્યારે પ્રયત્ન કર્યો ત્યારે આડ-ખીલીઓ ઉભી કરી કોર્ટને ગેરમાર્ગે દોરવી રટે લાવીને બાધાઓ પહોંચાડી છે. તેના પુરાવાઓ આણંદજી-કલ્યાણજી પેઢી પાસે મોજુદ છે.

દિગંબરોએ એક વાતનો ભ્રામક પ્રચાર કરે છે કે જૈનોમાં દિગંબરોની વસતિ વધારે છે. તેથી શિખરજી અમને મળવું જોઇએ. જો આમ જ હોય તો છેલ્લા ૧૦ વર્ષનો શિખરજીની મધુબનની પેઢીમાં આવેલી ધર્મશાળામાં આવતા યાત્રિકોનો રેકોર્ડ તપાસવો જોઇએ. વળી દિગંબરોની ધર્મશાળામાં જેટલી રૂમો છે તેના કરતાં પચાસ ગણી રૂમો શ્વેતાંબરોની ધર્મશાળાની છે. તે સિવાય મુંબઇમાં સમગ્ર દેશમાંથી બધા જ લોકો સ્થાયી થવા આવ્યા છે તો મુંબઇને જ એક સેમ્પલ લઇને નક્કી કરવામાં આવે તો

ખ્યાલ આવશે કે એકલા મુંબઈમાં જ શ્વેતાંબરોના નાનામોટા થઇ ૫૦૦ જેનાલયો આવેલાં છે. તેની સામે દિગંબરોનાં ભાગ્યે જ ૨૦-૨૫થી વધુ મંદિરો નહીં હોય. નિષ્પક્ષ સંસ્થાઓને આવી વસતિ ગણતરીનું કાર્ય પણ સોંપી શકાય. તો ખ્યાલ આવશે કે શ્વેતાંબરોથી દસમા ભાગની વસતિ પણ દિગંબરોની નહીં હોય.

બીજો એક પ્રચાર એમ પણ છે કે શ્વેતાંબરો જંગલો કપાવી બનીજ સંપત્તિ કાઢી કમાણી કરે છે. શ્વેતાંબરોને કમાણી કરવા માટે બિહારના જંગલો સુધી નજર નાખવી પડે એ વાત હાસ્યાસ્પદ છે. ૧૯૮૦ થી આ જંગલો કાપવાની શ્વેતાંબરોએ જ ના પાડી સમગ્ર પહાડ પરના જંગલને 'અનામત જંગલ' જાહેર કરવાની વિનંતી કરી છે. ૧૯૬૫ થી ૧૯૮૦ સુધીમાં ભાગ્યે જ ૮ થી ૧૦ લાખ રૂપિયા (૬૦ ટકાના ભાગે) શ્વેતાંબરોને મળ્યા છે. અલબત્ત, દિગંબર અશોક જૈનની રોહતાસ નામની કંપનીએ ૧૦ લાખ રૂપિયાનાં વાસનાં ઝાડ કાપ્યા પછી તે કંપની કડચામાં ગઇ હોવાથી પૈસા નથી આવ્યા, એમાંની ૬૦ ટકા રકમ આમાં ઉમેરવામાં નથી આવી. તેથી આણંદજી કલ્યાણજીની પેઢી ઉપર આવો કાદવ ઉછાળવો કેટલે અંશે વાજબી છે ?

૧૯૬૬ માં જ્યારે શ્વેતાંબરોએ પોતાને મળતા હકના અન્વયે પૂજારી માટે રહેવાની રૂમો બાંધવાનું નક્કી કર્યું ત્યારે દિગંબરોએ એનો સખત વિરોધ કરેલો કે આ પહાડ તો એટલો પવિત્ર છે કે એના ઉપર શુંકાય પણ નહીં. તો રૂમો બાંધો રહેવાય શે ? એજ દિગંબરભાઇઓ લાલુ પ્રસાદના વટહુકમનું સમર્થન કરે છે, જેના દ્વારા સરકાર ત્યાં સંડાસ ઉભાં કરવાની છે.

સત્ય હકીકતોનો ખેલદિલીપૂર્વક સ્વીકાર કરવાને બદલે દિગંબરો અભીચંદની ભૂમિકા ભજવી, બે ભાઇઓના ઝઘડામાં ધાર્મિક બાબતોમાં હસ્તક્ષેપ કરનારી બિહાર સરકારને વચ્ચે લાવી, પોતાનું પલ્લું નમાવવા માગે છે. આ ખુબ ખતરનાક ચાલ છે અને તેનો ફાયદો સરકારી ભ્રષ્ટ અમલદારો સિવાય કોઇને નથી થવાનો એ વાત સૌ કોઇ ડાહ્યા જૈનોએ સમજી લેવાની જરૂર છે, તેને બદલે દિગંબરોએ પોતાની વાત રજુ કરવા લાલુ પ્રસાદની સરકાર પાસે એક કાળો વટહુકમ તૈયાર કરાવ્યો. દિગંબરના અશોક જૈન જે ભાષા વાપરે છે અને જે માગણી કરે છે તે જે ભાષા અને તે જ વાક્યો લાલુ પ્રસાદના મુખમાંથી સાંભળવા મળ્યા છે. આ વાત ઘણી બધી સૂચક છે. દિગંબરો જેના બે મોઢે વખાણ કરે છે અને કહે છે કે જેના દ્વારા આ પહાડ બિહાર સરકારની માલિકીમાંથી જૈનોનો થઇ જવાનો હતો તે વટહુકમની કલમો ખુલ્લી આંખે વાંચવાની જરૂર છે.

સૂચિત વટહુકમનો અધ્યક્ષ કોઇ અજૈન રહેવાનો હતો, જેને જૈનોના દેવદ્રવ્યના પૈસાની વ્યવસ્થાનો કોઇ મહાવરો ન હોય એને સરકારી અમલદારોને આ બધી સ્થાવર જંગલ મિલકત સામેથી સોંપી દેવાતી હતી. શ્વેતાંબરોના શેઠ શ્રેણિકભાઇ આમાં આનાકાની કરે તો તેમને એક વર્ષની જેલ થાય. સૂચિત વટહુકમમાં પૂજા કરવા માટે ફી મૂકવવી પડે, ૬–૬ શ્વેતાંબરો દિગંબરોના મેમ્બરોને અનાદરના બહાના હેઠળ બોર્ડમાંથી હાંકી કાઢી શકાય અને તેની સામે કોઇ અપીલ ન થઇ શકે. નિર્ણાયક મત સરકારી અધિકારીનો જ રહે. આ બાબતની તપાસ કરવા પોલીસોને મળતા સર્ચ વૉરંટના પાવર પણ આ સરકારી અધિકારીઓને મળે. આવી અનેક ગળે ટુંપો દઇ દે તેવી કલમો હોવા છતાં દિગંબરોએ આ સૂચિત વટહુકમને અને તે કાઢનાર લાલુ પ્રસાદને ગળે હારતોરા પહેરાવ્યા છે. આ વટહુકમથી શ્વેતાંબરો લઘુમતીમાં હશે, દિગંબરોની બહુમતી રહેશે અને ખરી સત્તા તો સરકારી અમલદારોના હાથમાં જ સરકી જાય તેવી જોગવાઇઓ હતી.

જેને કે આવાં ખોટાં કામો કરનાર અશોક જૈન ઉપર જ ફેરા લગાવવામાં આવ્યો છે અને સૂચિત વટહુકમની કસુવાવડ થઇ ગઇ છે. જોકે શ્વેતાંબરોના નબળા પુણ્યને કારણે કે કોઇક અગમ્ય કારણોસર મંત્રીની હાઇકોર્ટે ફરી એક વાર આવા જ એક બોર્ડની નિમણુક કરવાનું સૂચવ્યું છે, જેમાં શ્વેતાંબરો દિગંબરો અને સરકારના પાંચ–પાંચ મેમ્બરોનું એક બોર્ડ બનાવવામાં આવે અને બિહારના મહેસૂલસચિવ આ બોર્ડના અધ્યક્ષ બને તેવું જજમેન્ટ આપ્યું છે. આ ચૂકાદામાં ઉપરના અડધા માઇલની વિસ્તારની જગ્યા ઉપર જ્યાં મંદિરો, ધર્મશાળા–બધાં આવેલાં છે તેને પણ નવા બોર્ડના વહીવટમાં આશ્ચર્યકારક રીતે આવરી લેવામાં આવ્યાં છે. અલબત્ત, આ મેટર સબજ્યુડીસ હોવાથી અત્રે એ અંગેની વધુ ટિપ્પણી શક્ય નથી, પણ ડિવિઝન બેન્ચના આ ચુકાદાની સામે શ્વેતાંબરોએ સર્વોચ્ચ અદાલતમાં આ અંગેની એસ.એલ.પી. દાખલ કરી છે, જેની સુનાવણી ૬–૧૧–૬૭ના રોજ થશે.

હવે તો શ્વેતાંબરોએ આ તીર્થ બચાવવા તપ–જપ અને પ્રાર્થનાનો સહારો લેવો જ રહ્યો તો આ જ તીર્થને દિગંબરોના દાવપેચોમાંથી બચાવી શકાશે.

(**'સમકાલીન'**માંથી સાભાર ઉદ્ધૃત) જિ. જા.

(સંપૂર્ણ)

પૂજ્યપાદ આ. દેવ શ્રીમદ્વિજય **મહોદયસૂરીશ્વરજી મહારાજ** આદિ ઠાણાનો

—: સંભવિત વિહારક્રમ :—

(તા. ૧૯–૧૨–૯૭ થી તા. ૨૬–૧૨–૯૭ સુધી શંખેશ્વરમાં સ્થિરતા છે.)

ગામ	કી.મી.	તારીખ	વાર	તિથિ	ઘર	દેરા.
મુજપુર	૧૨	૨૭–૧૨–૯૭	શનિ	મા. વ. ૧૩	છે	છે
હારીજ	૧૪	૨૮–૧૨–૯૭	રવિ	મા. વ. ૧૪	છે	છે
અડીયા	૧૬	૨૯–૧૨–૯૭	સોમ	મા. વ. ૦))	છે	છે
કુણઘેર	૬	૩૦–૧૨–૯૭	મંગળ	પો. સુ. ૧	છે	છે
પાટણ	**૧૦**	**૩૧–૧૨–૯૭**	**બુધ**	**પો. સુ. ૨**	**છે**	**છે**
(તા. ૩૧–૧૨–૯૭ થી તા. ૩–૧–૯૮ સુધી પાટણમાં સ્થિરતા છે.)						
રણુંજ	૧૪	૪–૧–૯૮	રવિ	પો. સુ. ૬	છે	છે
ધીણોજ	૧૫	૫–૧–૯૮	સોમ	પો.સુ. ૭/૮	છે	છે
પાંચોટ	૭॥	૬–૧–૯૮	મંગળ	પો. સુ. ૯	છે	છે
મહેસાણા	**૭**	**૭–૧–૯૮**	**બુધ**	**પો. સુ. ૧૦**	**છે**	**છે**
"હાઇવે	૨	૮–૧–૯૮	ગુરૂ	પો. સુ. ૧૧	છે	છે
લીચ(હોલીડેસો)	૧૩	૯–૧–૯૮	શુક્ર	પો. સુ. ૧૨	છે	છે
નંદાસણ	**૧૨**	**૧૦–૧–૯૮**	**શનિ**	**પો.સુ. ૧૩**	**છે**	**છે**
કિંજલ	૭	૧૧–૧–૯૮	રવિ	પો. સુ. ૧૪	છે	છે
કલોલ	૧૨	૧૨–૧–૯૮	સોમ	પો. સુ. ૧૫	છે	છે
અડાલજ	૧૪	૧૩–૧–૯૮	મંગળ	પો. વ. ૧	છે	છે
સાબરમતી	૧૦	૧૪–૧–૯૮	બુધ	પો. વ. ૨	છે	છે

—: પત્ર–સંપર્ક સ્થળ :—

મુ. શંખેશ્વરતીર્થ

C/o. જીવણદાસ ગોડીદાસ પેઢી, મુ. પો. શંખેશ્વરતીર્થ જી. મહેસાણા–૩૮૪૨૪૬

મુ. રાધનપુર

C/o. કૌશિક ચંદ્રકાંતભાઇ દોષી ધાનબજાર, મુ. પો. રાધનપુર જી. બ. કાંઠા ૩૮૫૩૪૦

મુ. પાટણ

C/o. હરેશ એમ. શાહ કોટાવાળા ધર્મશાળા, આગાઢ મેદાન, મુ.પાટણ જી.મહેસાણા

મુ. અમદાવાદ

C/o. વિજયદાનસૂરિ જ્ઞાન મંદિર, કાલુપુર રોડ, મુ. અમદાવાદ–૩૮૦૦૦૧

પૂજ્યપાદ, પરમશાસન પ્રભાવક, સુવિશાલ ગચ્છાધિપતિ, વ્યાખ્યાન વાચસ્પતિ સ્વ. આ. દેવ શ્રીમદ્ **રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના** પટ્ટાલંકાર પૂજ્યપાદ પ્રશાંતમૂર્તિ ગચ્છાધિપતિ આ. દેવ **શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજાની** પાવનકારી નિશ્રામાં શ્રી રાજનગર–નવરંગપુરાથી લોંયણી તીર્થ છ'રી પાલિત પદયાત્રા સંઘ લોંયણી તીર્થે પધારતાં બહુમાન પ્રસંગે

卐 શ્રી સંઘયાત્રા–બહુમાન ગીત 卐

રાગ–સિદ્ધાચલ ગિરિ રે ભેટયા રે

ભવજલ તરવા, મલ્લિનાથને ભેટવા, આજે લોયણી તીર્થે આવ્યા,
રૂડી યાત્રા કરી, પ્રભુભક્તિ કરી, જીવન ધન્ય બનાવ્યા... આજે–(૧)
આ તીરથનો મહિમા ગવાતો, જગપ્રસિદ્ધિ પાયા,
મહલી જીણુંકની મૂર્તિ મનોહર, તારક તીર્થ પંકાયા...આજે–(૨)
કોબ્ડી મોહનલાલ રાઠોડના દિલમાં, યાત્રા મનોરથ જાગ્યા,
વિધિસહિત છ'રી યાત્રા કરાવું, લોયણી તીર્થ સુખકાયા...આજે–(૩)
સ્નેહી સ્વજના પરિવારની સાથે, નવરંગપુરામાં આવ્યા,
સંઘ સહાયક ત્રેવીસ પુણ્યશાળી, સંઘયાત્રામાં જોડાયા...આજે–(૪)
ગચ્છપતિ મહોદયસૂરીજીની સન્મુખ, વિનંતી સુર વહાયા,
સંઘ ચતુર્વિધ સાથે પધારો, લોયણી તીર્થ ગુરૂરાયા...આજે–(૫)
વિનંતી સ્વીકારી ગુરૂવરજીએ, શુભ મુહુરત અપાયા,
ઐ હજાર ચોપન કારતકની, વદી છઠ દિન સોહાયા...આજે–(૬)
હર્ષવિભોર બની ગયો શ્રી સંઘ, જયજય નાદ ગજાવ્યા,
સાથે બાવીસ દિક્ષાર્થીને દિક્ષાના, મુહુરત ત્યાંહી અપાયા...આજે–(૭)
સ્વજન–સંબંધી–સાધર્મિકને, આમંત્રણ પાઠવીયા,
ધર્મતણું આરાધના કરવા, ભાવો ઉરમાં ધરીયા...આજે–(૮)
દ્રવ્ય તૈયારી શ્રી સંઘની કરતાં, સાત જિનબિંબો શોભાયા,
દેવાધિદેવ પાર્શ્વનાથ પ્રભુને, મહોદયસૂરીજીની છાયા...આજે–(૯)
૬ ગજરાજ ત્રણ રથ, ઇન્દ્રધ્વજને, પચાસ ગાડા જોડયા,
નહીં વીજળી, નહીં યંત્રસામગ્રી, શક્ય મનોરથ ફળીયા...આજે-(૧૦)

સંઘપતિ, સંઘસહાયક સહુએ, વિધિ પાલન આચરીયા,
પાલમાં રસોડાની વિશિષ્ઠતા જોતાં, સહુને અચરીજ થાયા. આજે–૧૧
ત્રણ સૂરીશ્વર સાથે સવાસો, સાધુ–સાધ્વી સમુદાયા,
છસો યાત્રિકની સાથે, હજાર સંઘમાં જોડાયા. આજે–૧૨
મંગલમય પ્રસ્થાન પ્રારંભે, ભક્તિ મહોત્સવ મંડાયા,
રાજનગર–નવરંગપુરાના આંગણે, જયમંગલ વરતાયા. આજે–૧૩
પ્રયાણ કર્યું નવરંગપુરાથી સંઘે, ગોતા–શેરીસા રોકાયા,
ત્યાંથી કલોલ થઇને પાનસર, શાસનપતિને ભેટયા. આજે–૧૪
મહાપૂજાનું આયોજન અનુપમ, જિનાલય દીવડે દીપાયા,
વીરપ્રભુને કૂલ બાગમાં નીરખી, સંઘજનો સહુ નાચ્યા. આજે–૧૫
વિહાર કર્યો ત્યાંથી રાજપુર ગામે, નેમિનાથને પૂજ્યા,
કડી થઇને લોયણી તીર્થે, બારસના દિને પ્રવેશ્યા. આજે–૧૬
ગામોગામે શ્રી સંઘની પૂજા, ચરણ પખાળી કરીયા,
સંઘભક્તિ, સ્વાગતથી પૂર્વની, ઝાંખી દેખી મન હરીયા. આજે–૧૭
ભવ્ય સામૈયું શ્રી સંઘનું કરતાં, લોયણી તીરથ ગાજ્યા,
જિનશાસનની પ્રભાવના જોઇ, જૈન–જૈનેતર હરખ્યા. આજે–૧૮
ધર્મશાળામાં સ્થિરતા કરીને, દર્શન કરવા ચાલ્યા,
મલ્લિ જિણંદને ભાવે ભેટી, અવિચલ સુખડાં માંગ્યા. આજે–૧૯
તીર્થમાળની બોલી બોલાવી, પૂર્વ પ્રણાલી આચરીયા,
માળ–પ્રસંગ તેરસના દિવસે, શ્રી સંઘે ઉજવીયા. આજે–૨૦
મુક્તિ–પ્રભસૂરિજીનીવાણી પ્રભાવક, છ'રી પાળતા રાખ્યા,
પંચાચાર સમજાવે ગુરૂવર, તીરથ મહિમા ભાખ્યા. આજે–૨૧
યુગચંદ્રને હિતરૂચી મુનિવરે, જિનવાણી સાર સમજાવ્યા,
ગુરૂનિશ્રામાં આ સંઘ છે આઠમો, શાસન જયોત જગાયા. આજે–૨૨
વિધિ સહિત તીર્થયાત્રા કરાવી, સુકૃત લાભ કમાયા,
તન–મન–ધનની ઉદારતા જોઇ, અનુમોદના ભાવ લાવ્યા. આજે ૨૩
ધન્ય સંઘપતિ, ધન્ય સહાયક, ધન્ય કાર્યકર સથવારા,
સંઘમાં કાંઇ ઉણપ ના રાખી, બહુમાને ગુણ ગાયા. આજે–૨૪
પૂર્વના કોઇ પ્રબળ પુણ્યોદયે, સંઘમાં સ્થાન અમે પાયા,
'ધર્મ રસિક સુત'ને યાત્રિકો, ભુલશે નહીં સંઘ છાયા. આજે–૨૫

સં. ૨૦૫૪ કારતક વદ ૧૨ રચયિતા : 'ધર્મ રસિક સુત'
બુધવાર તા. ૨૬–૧૧–૯૭ લોયણી તીર્થ **મહેન્દ્ર રસિકલાલ શાહ**–અમદાવાદ

મહાભારતનાં પ્રસંગો

[પ્રકરણ-૧૮]

—શ્રી રાજુભાઇ પંડિત

૧૮. નળરાજે જ્યારે સોગઠા ખોયા.

'હજી તું સાનમાં નહિ સમજે તો આ મહાસતી દમયંતી તને ભસ્મસાત કરી નાંખશે. સતીઓને દુષ્કર કશું નથી. સતીઓનાં શીયલ સામે ચેડા કરીને તેમને કોપાયમાન કરાવવામાં સાર નથી. કુબર ! સાનમાં સમજી જા.'

નલનો ભરતાર્ધપતિ તરીકે અભિષેક થઇ ગયો. ભરતાર્ધનો માલિક નલનરેશ દમયંતી સાથે વિવિધ ભોગો ભોગવતો કાળ પસાર કરી રહ્યો હતો.

પણ... કુબર નલના અસહ્ય તેજની ઇર્ષ્યાથી સળગતો રહેતો નલની પૂરી દશા કરવાના છિદ્રો શોધતો જ રહ્યો. અને એક દિવસ. કુબરને નલનું છિદ્ર મલી ગયું. નલની સાથે દ્યુતક્રીડા=જુગાર રમવાનું કુબરે શરૂ કર્યું. બંને હોંશથી રમતા રહ્યા.

અને... એક દિવસ સાચો જુગાર ખેલાઇ ગયો. ભાગ્યનો સથવારો છૂટી જતાં નલરાજ જુગટું રમતા રમતા સોગઠીઓ હારવા માંડયા. ગામ, નગરો જુગટું રમતા રમતા હારવા લાગતા નળના પ્રેમી વર્ગે હાહાકાર મચાવી મૂકયો. નલને જુગાર રમવાથી અટકાવવા માંડયા.

લોકોનો હાહાકાર સાંભળીને દમયંતી ત્યાં આવી ચડી. જુગારમાં હારી રહેલા નલરાજાને જોઇને જુગાર રમતા અટકાવવા માટે દમયંતીએ કાકલુદીભરી વાણીમાં કહેવા માંડયું :-

હે સ્વામી ! તમને પ્રાર્થના કરૂં છું, મારા ઉપર કૃપા કરો, શત્રુ જેવા આ દ્યુતને છોડી દો. ક્રીડા માત્ર જેવા વેશ્યાગમનની જેમ દ્યુતક્રીડાને કે જે આત્માને આંધળો કરનારી છે તેને બુદ્ધિશાળીઓ સેવતા નથી. આ રાજ્ય નાનાભાઇને તમારા હાથે જ સોંપી દેવું સારૂં છે પણ જુગાર છોડી દો. નાનાભાઇ પાસેથી લક્ષ્મી આંચકી લીધી તેવો તમારી જાતનો પ્રવાહ થવા ન દો નાથ ! સેંકડો યુદ્ધોથી લોહાની તલવારથી જીતેલી આ ધરતી તમે લાકડાની સોગઠીથી હારી રહ્યા છો નાથ ! મારાથી આ સહ્યું નથી જાતું.'

દમયંતીની વાણી તો નલે ન સાંભળી પણ દમયંતીની સામે પણ ના જોયું.

આથી પતિ વડે અત્યંત અપમાન કરાયેલી ચોધાર રડતી દમયંતીએ કુલામાત્યોને કહ્યું–નલને જુગાર રમવાથી અટકાવો.'

કુલામાત્યોની વાણી પણ નૈષધિ=નલને અસર કરી ના શકી.

આખરે જુગારની બાજીના સોગઠા હારી જતાં નલ આખી પૃથ્વીને હારી ગયો. બાકી હતું તો દમયંતી સહિત આખા અંતઃપુરને કોડમાં મૂકયું ત્યાં પણ નલરાજા હારી ગયા. સર્વસ્વ હારી ચૂકેલા નલરાજે શરીર ઉપરથી મુમુક્ષુની જેમ આભૂષણો ઉતારવા માંડયા.

ખુશ–ખુશાલ બનેલા દુષ્ટ કુબરે સોગઠા હારી ચૂકેલા નલને કહ્યું–પિતાએ રાજ્ય આપ્યું હતું. મને સોગઠાએ આપ્યું છે. એક ક્ષણ પણ હવે અહીં ઉભો ના રહીશ. (મારી ધરતીને છોડીને હમણાંને હમણાં જ ચાલ્યો જા.)

આ રીતે તિરસ્કાર પામેલો નલ માત્ર અંગ ઢાકવા પૂરતું ઉત્તરીય વસ્ત્ર (ખેસ) જ પહેરીને (રાજપોષાક ઉતારીને ત્યાંથી ને ત્યાંથી જ નીચી નજરે ચાલી નીકળ્યો.

નલના સુખ દુઃખની સાથી સંગાથી દમયંતી નલની પાછળ પાછળ જવા લાગી ત્યારે તેને અટકાવતા દુષ્ટ દાનતનો દાનવ જેવો કુબર બોલ્યો કે-તું તો જુગારમાં મારાથી જીતાઇ ગઇ છું. તું નલની પાછળ નહિ પણ મારા અંતઃપુરને અલંકૃત કર.

મેલી દાનતના કુબરને ચેતવણી આપતા મંત્રીશ્વરોએ કહ્યું–આ દમયંતી તો મહાસતી છે, અન્ય પુરૂષના પડછાયાને પણ તે અડકતી નથી. આ માતૃસમાન જ્યેષ્ઠ ભાઇની પત્નીને અવરોધમાં નાંખીશ નહિ. નાના બાળકો પણ નાનપણથી ભણતા આવ્યા છે કે જ્યેષ્ઠ ભાઇ પિતા સમાન છે. આટલું તને જ્ઞાનમાં સમજાવ્યા છતાં જો તું બળાત્કારે મહાસતી દમયંતી નળ તરફ જતાં માર્ગમાં અવરોધ કરીશ તો સમજી રાખજે કુબર કે–આ મહાસતી છે, તને બાળીને ભસ્મસાતૂ કરી નાંખશે. મહાસતીઓને કશું જ દુષ્કર નથી. મહાસતીના શિયલ સામે ચેડા કરવાની બૂરી દાનત રાખીને મહાસતીને કોપાયમાન કરાવવામાં તારા આયુષ્યનું કુશળ નથી, કુબર ? અનર્થને આપનારા ધંધા છોડી દે. ભરથારની પાછળ જઈ રહેલી મહાસતીને અટકાવવાની ભૂલ રખે કરતો. સુખની જેમ દુઃખના સાથી–સંગાથી બની રહેલા આ મહાસતીને તેના પતિના પગલે પગલે જવા દે. અન્યથા એક પળમાં જ તું રાખ બનીને ઉડી જઇશ.'

ગ્રામ–ગોટાદિનું તારે તો તારા સગા ભાઈ નલને દાન કરીને રહેવા જગ્યા આપવી જોઇએ પણ તે આશા અમે તારી પાસે રાખી શકીએ તેમ નથી. તેથી છેવટે તું ભાથા

અને સારથિ સહિત એક રથ નલને અર્પણ કર.'

આ રીતે મંત્રીશ્વરોની સમયસરની સમયોચિત ચેતવણીભરી વાતથી સાનમાં સમજી ગયેલો કુબર મહાસતી દમયંતીના અવરોધેલા માર્ગથી ખસી ગયો. અને નલને ભાથા તથા સારથિ સહિતનો એક રથ આપ્યો.

પણ નલરાજાએ કહ્યું–બાહુબળથી જે ભરતાર્ધની લક્ષ્મી ઉપાર્જન કરી હતી તે હારના પંજાથી ખેલાતી સોગઠાબાજીની ક્રીડામાં રમતમાં જ તજી દેનારા મને હવે આ એક રથની ઇચ્છા કયાંથી હોય ?

લાંબા કાળથી નલરાજની સેવા કરનારા મંત્રીશ્વરોએ કહ્યું–શયા કરે છે કે અમે તમારી પાછળ પાછળ જ ચાલી નીકળીએ. પણ શું થાય આ કુબર અમને અટકાવે છે. વળી તમારાથી પ્રાપ્ત થયેલા રાજ્યનો ધરનાર તે કુબર અમારાથી ત્યાજ્ય નથી, કેમકે આ અમારો વંશગત નિયમ રહ્યો છે કે જે રાજા હોય તેને સેવવો. તેથી હે મહાભૂજ ! ઉત્કંઠા ઘણી હોવા છતાં અમે તમારી સાથે શકતા નથી. હવે તો તમારા જીવનમાં આ દમયંતી મહાસતી જ તમારી મંત્રી, તમારી અંગરક્ષક અને તમારી સખા છે.

શિરીષના પુષ્પો જેવી આ સુકુમાર–સુકોમળ શરીરવાળી, મહાસતીઓના ખડ્ગ-ધારા–અસિધારા વ્રતના પગલે પગલે ચાલનારી આ મહાસતી દમયંતીને હે રાજન્ ! વન–વગડાની રેતિયાળ વાટે તમે શી રીતે લઇ જઇ શકશો.

સૂર્યના સંતાપથી અગ્નિના કણ જેવા રેતીના કણોવાળા તે જંગલના સળગતા માર્ગને કમળ જેવા સુકોમળ આ દેવીના ચરણો શી રીતે અડી શકશે ?

તેથી હે નરનાથ ! આ રથને ગ્રહણ કરો. અમારા ઉપર કૃપા કરો. આ દેવીની સાથે રથમાં આરૂઢ થાવ નલરાજ ! તમારો માર્ગ કુશળ રહો, અને તમારૂ કલ્યાણ થાવ.'

આ રીતે વારંવાર પ્રધાન–મંત્રીઓની પ્રાર્થના થતાં છેવટે નળરાજે રથનો સ્વીકાર કર્યો. દમયંતી પણ રથમાં નલ સાથે બેઠી. જે શરીરનો મોટો ભાગ વસ્ત્રો તથા અલંકારોથી છવાયેલો રહેતો હતો આજે એજ દમયંતીને આખરૂ ઢાંકનારા એક જ વસ્ત્ર સાથે નગરમાંથી જતી જોઇને નગરની નારીઓ ચોધાર આંસુડે રડી પડી.

ભાગ્ય જયારે કરવટ બદલે છે.

क्षणाद् रंकोऽपि राजा स्यात् छत्रछन्नदिगंतरः ।

સારાયે નગરની અશ્રુભરી હમદર્દી પામીને નળ–દમયંતી એક–એક જ વસ્ત્ર પહેરીને રથમાં પોતાના જ રાજ્યધૂરા કાળના રસ્તેથી પસાર થઇ રહ્યાં છે.

રથ જઇ રહ્યો હતો ત્યાં જ માર્ગમાં ૫૦૦ હાથ ઉંચા એક થાંભલાને જોઇને રથ થોભાવીને નળરાજાએ તે સ્તંભને રમતમાં જ ઉખાડી નાંખ્યો અને પાછો ત્યાં જ સ્થાપી દીધો.

ઉત્પાત પ્રતિરોપ=પહેલા શત્રુને ઉખાડીને પછી ત્યાં જ સ્થાપન કરવો એવા રાજવ્રતના નલરાજે દર્શન કરાવ્યા. આ જોઇને લોકોએ નલરાજના બળની પ્રશંસા કરી અને મહાબળીને પણ આપેલી દુર્દશામાં વિયતિ-ભાગ્યને જ પ્રમાણ માનવા લાગ્યા.

નગરમાંથી જતાં જતાં નલરાજે નગરજનોના મુખેથી સાંભળ્યું કે-'પહેલા કુબરની સાથે નગોદ્યાનમાં ક્રીડા કરતા નલરાજાને ત્યાં જ્ઞાનરત્ન મહાનિધિ જેવા પધારેલા મહર્ષિએ કહ્યું કે-પૂર્વજન્મમાં મુનિને ક્ષીરનું દાન દેવાના પ્રભાવથી આ નલ ભરતાર્ધનો અધિપતિ થશે તથા આ ૫૦૦ હાથ ઉંચા સ્તંભને ઉખાડશે તે ભરતાર્ધનો અધિપતિ થશે.

આ બંને વાત નલરાજામાં ઘટી શકતી હતી પણ નલના જીવતા કોશલાનો રાજા કોઇ નહિ થઇ શકે. આ વાત અત્યારની દશા જોતાં ઘટી શકતી નથી. કદાચ નલ ફરીથી આ કોશલાનો રાજા થાય તો પણ કંઇ કહેવાય નહિ. પુન્યશ્લોક એવા આ નલનું પુન્ય વૃદ્ધિ પામો.'

આ રીતે લોકોમાં વચનો સાંભળતા સાંભળતા નલરાજાએ અનરાધાર રડી રહેલી દમયંતીના અશ્રુથી ભીંજાઇ ગયેલા રથમાં કોશલા નગરીનો ત્યાગ કર્યો.

એક અતિ કરૂણ ઘટનાના સાક્ષી બનેલા નગરજનો રથની છેલ્લી દશાને જોતાં આખરે ગમગીન હૈયે ઘરભણી જવા લાગ્યા. (ક્રમશઃ)

---

* આનુષંગિક ફલની કશી કિંમત નથી.

फलं प्रधानमेवाहुर्नानुषङ्गिकमित्यपि ।
पलालादिपरित्यागात्कृषौ धान्याप्तिवद् बुधाः ॥

(શ્રી લલિત વિસ્તરા)

પંડિતપુરૂષો પ્રધાન-મોક્ષફલને જ ફલ કહે છે પરંતુ આનુસંગિક પ્રાસંગિક સંસારિક સુખ આદિ ફલને ફલ રૂપે કહેતા નથી, જેમ ખેતીમાં પલાલ-ધારાદિ ગૌણ ફલને છોડીને, ધાન્યની પ્રાપ્તિ રૂપ પ્રધાન ફલને કહે છે તેમ.



પ્યારા મૂલકાઓ...

— કથાનક —

મહારાજ, હમણાં હમણાં નસીબ યારી નથી આપતું.

કાંઇ ફાવટ આવતી નથી. કાંઇક રસ્તો–માર્ગ બતાવોને!

કોની પાસે જાઉં? કોની પાસે માંગણી કરૂં? આપનો ઉપકાર કદીયે નહી ભુલું!

મદનલાલ આજીજી કરી રહ્યા હતા તે અવસરે...

મહારાજે કાનમાં સરવાટ થાય તેવું કાંઇક કહ્યું, અને 'કલ્યાણમ્ અસ્તુ' આશિર્વાદ આપ્યા.

મહેની બહાર નીકળતા મદનલાલે ટેક્સી પકડી... ટેક્સી રોડ ઉપર દોડવા લાગી મદનલાલ ચશ્મા ચઢાવી ટર્ફકાર્ટ (રેસના પાણીદાર ઘોડાઓનું લીસ્ટ) વાંચવા લાગ્યા કયા ઘોડીને દોડાવો? ત્યાં તો.

એકાએક આંચકા સાથે ટેક્સી ઉભી રહી. મદનલાલનું ધ્યાન તૂટયું. વાંચવાના ચશ્મા કપાળે ચઢાવ્યાં, ટર્ફકાર્ટમાંથી નજર બહાર કાઢી ઉંચું જોયું. સામે લાલ બત્તી દેખાઇ કલ્પના કરી લીધી લાલ બત્તીને 'કારણે ટેક્સી ઉભી રહી છે.

"બા'હ, ગરીબ કો કુછ દે દો. ભગવાન આપકો બહોત દેગા."

મદનલાલને ચીડ ચઢી રીસથી ભિખારીના છોકરા સામે જોયું– કાળો, મંદો, ચીપડાવાળી આંખો, મેલું અને ફાટેલું ખમીશ ચીતરી ચઢેલા મદનલાલ બોલી ઉઠયા. "ભાગો."

'સ', ભગવાન આપકો છપ્પર ફોડકે દેગા, ભુખા હું કુછ દે દો.' ભિખારીનો અવાજ વધુ કરૂણ અને આજીજી ભર્યો બન્યો.

'ભાગતા હૈ કી થોબડે મેં જૂતા દૂં' મદનલાલનો ક્રોધ વધ્યો. મદનલાલના મગજમાં રેસના ઘોડાઓ કતારબંધ ઉભા હતા ને ભિખારીના કરુણ અવાજથી તે તે ઘોડાઓ ભડકી રહ્યા હતાં ત્યાં તો અચાનક...

ગ્રીન સિગ્નલ પડ્યું. ટેક્સી ચાલુ થઇ. ભિખારીએ ઉંડો નિશ્વાસ નાખ્યો. ટેક્સી રવાના થઇ જવાથી મદનલાલે રાહતનો દમ ખેચ્યો. નિરાંતનો ઉંડો શ્વાસ લીધો.

'સાલ્લા ભિખારીઓ,' મદનલાલ મોઢેથી બબડયો.

'જીવને નિરાંતે લેવા નથી દેતા.' 'જ્યાં ને ત્યાં અને જ્યારે ને ત્યારે આવાઓ ટપકી જ પડે છે.' મદનલાલની આંખો પાછી ટ્રેઈનના ઘોડાઓમાં છૂપાઈ ગઇ.

ટેક્સી ડ્રાઇવરે મહાલક્ષ્મીના મંદિર બહાર ટેક્સી ઉભી રાખી. 'સા'બ મંદિર આ ગયા.'

મદનલાલ ચમક્યા ઉતર્યા અને મિટર પ્રમાણે પૈસા ચૂક્વ્યા.

હાર અને પ્રસાદવાળાની દુકાનો પસાર કરતા મદનલાલ મંદિરના પગથિયા ચઢવા લાગ્યા. ત્યાં પણ ભિખારીઓની લાંબી લાઇન લાગી હતી.

ગંદા, નાક ગળતા, કોઇક કપડા વગર-ના ટાબરીઓ શેઠની આજુબાજુ ઘૂમવા લાગ્યા બસ એજ આજીજી, એજ કરૂણ અવાજ, અને માંગવાની એજ પદ્ધતિ.

'ભાગો,' એજ વર્ણો ઉચ્ચારતા શેઠે નાળિયેર, હાર એને પ્રસાદ આદિ ખરીદ્યા ચપ્પલ બહાર સાચવવા આપી શેઠ મદનલાલ મંદિરમાં પ્રવેશ્યા.

બપોરનો સમય હતો. ખાસ કોઇ ભક્ત વર્ગ ન હતો.

પૂજનો થાળ મહાલક્ષ્મીજી પાસે મૂક્યો. હાથ જોડી નમ્રતાથી ઉભો રહ્યાં.

હે લક્ષ્મીજી, આજ મને જરૂર જિતાડજે, અત્યાર સુધીના દરેક રેસમાં મે પૈસા ગુમાવ્યા છે. મારે લાખો રૂપિયાની જરૂર છે. હે દેવી, દયા કરજે. થોડા લાખો રૂ. જરૂર આ ભક્તને આપજે તે રૂપિયા મળેથી હું તમને ચાંદીનું છત્તર ચડાવીશ.

એ પછી.

'દયામણું' મોઢું કરીને થોડીવાર તેઓ ઉભા રહ્યા.' અચાનક...

મંદિરના ઘૂંમટમાંથી કોઇક અવાજ આવી રહ્યો હતો.

કદાચ મદનલાલે નહીં સાંભળ્યો હોય.

સાલ્લો ભિખારી...

— શ્રી રમ્યા

(દયા કરવી ન થાય તો તિરસ્કાર ન કરવો. દયા કરવા જેવા ન હોય તો ઉપેક્ષા કરવી પણ દ્વેષ ન કરવો.)

બાલ ગઝલો

* અઢાળે સંસાર છોડી, ચાલ્યા જવાનું,
સ્વજન કોઇ સાથે, નહિ આવવાનું;
જશે જીવ તારો, કરમના સહારે,
કરે તેવું પામે; ફળે તે પ્રકારે.

સરિતા તટે સળગે ચિતા સંબધી બેઠા રેતમાં,
કોઇ આવ્યા દ્વેષમાં ને કોઇ આવ્યા હેતમાં,
મરનારનો હિસાબ કરતાં, પુણ્યનો ને પાપનો
શબ કહે છે, 'આજ મારો, કાલ વારો આપનો'

સો હજાર કે લાખ કરોડો મળે તોયે નહિ શાંતિ
સોનું રૂપુ હિરા હોય, પણ દીલમાં સદા અશાંતિ
નથી પ્રભુ પાતાળમા, નથી પ્રભુ આકાશમાં,
અજ્ઞાનનો પડદો હટાવતાં, પ્રભુ દેખાયે પાસમાં.

સંધ્યાના રંગો જોઇને,
જીવનના રંગોનો ખ્યાલ કરજો;
કરમાયેલા ફુલો જોઇને,
મરણનો જરૂર ખ્યાલ કરજો.

—હરિતા

ગુંજન

દુર્જનેન સમં સખ્યં
પ્રીતિં ચાપિ ન કારયેત્ ।
ઉષ્ણો દહતિ ચાં ગારઃ
શીતઃ કૃષ્ણાયતે કરમ્ ॥

દુર્જનની સાથે મિત્રતા કે પ્રીતિ કરવી નહિ. કેમ કે કોલસો ગરમ હોય તો દઝાડે અને ઠંડો હોય તો હાથ કાળો કરે માટે દુર્જનને કોલસા જેવો જાણવો.

—વિનાબેન મુકુલચંદ્ર

ગુંજન

મરણ તિથિ નક્કી છે
પણ ના કોઇએ જાણી
કાલને વિસારે પાડો
આજને લ્યો માણી
કોણ તો કરી લે છે
લોકોની ત્યાં ઉજાણી
વિરલા આગળ ધપે છે
મેળવવા મુક્તિરાણી

ગુંજન

પોતાના બન્ને પુત્રોની વિચક્ષણતાની પરીક્ષા કરવા શાહ પિતાએ બન્નેને એક એક રૂપિયો આપતા કહ્યું 'આ રૂપિયાની એવી વસ્તુ ખરીદી લાવો કે જેથી ઘર ભરાઇ જાય.'

અજીતે રૂપિયાનું સસ્તુ ઘાસ લાવી ઘરમાં પાથર્યું અને ઘર ભરાઇ ગયું.

અભયે સુગંધી અગરબત્તી અને મીણબત્તી લાવી, જ્યોતિ પ્રગટાવી અને જ્યોતિના ઉજાજવળ પ્રકાશ અને સુગંધથી ઘર ભરાઇ ગયું.

—અદિત કિરીટ શાહ

જીતવા જેવું છે.

ઇન્દ્રિયમાં રસનેંદ્રિય
કર્મમાં મોહનીય કર્મ
વ્રતમાં બ્રહ્મચર્ય અને
ગુપ્તિમાં મનોગુપ્તિ

આ ચારેય જીતાય જાય તો મુક્તિ નજીક થઇ જાય.

—મનુજ કે. ચોરડીયા

કેમ? પછી તો તમારે ચર્ચા કરવી પડે ને?

ના રે ના ચર્ચા કેવીને વાત કેવી. ઉપરથી એમની પાસે જઇને કહી આવવાનું કે– સાહેબ! તબિયત બગડી તે સારૂ ના થયું. સુધરે અનુકુળતા હોય તો જણાવજો મારી તિથિ અંગે સમજવું છે થોડું. (ચર્ચા કરવી છે એવું તો ભૂલે ચૂકે ય નો કે'વાય હમજ્યો ગગા! અને પછી તેમનો વિહાર થાય એટલે ભળતી જ વાતો જાહેર કરવાની કે– ચર્ચામાં તેમની હાર થવાની તેમને શક્યતા લાગતા તે ભાગી ગયા. હકિકતમાં તો ભલે ને હું જ ફફડતો હોઉં, ને રકુચક્કર થતો હોઉ. પણ એ જણાવા નહિ દેવાનું. દુંકમાં આપણો હાથ ઉપર રહેવો જોવે. બીજું કાંઇ નહિ.

અરે! આ તો ચોકખો ઠંભ છે, માયા છે, કપટ છે ભદ્રંભદ્ર! આવું ના ચાલે હો!

મને બધી જ ખબર છે દોસ્ત! પણ એક પ્રસિધ્ધિની – કીર્તિની યશની લાલચથી મજબૂર બનીને આવું કરી લેવામાં મને વાંધો નથી લાગ્યો. એટલે ચાલે છે મારા ભૈ. નહિ તો બીજા લોકો સાથે હું તિથિની ચર્ચા કયાં નથી કરી શકતો? પણ આવનારી પેઢીમાં મારૂ નામ બોલાતું રહે તે પણ એટલું જરૂરી છે. સાલુ કશી પ્રસિધ્ધિ વગર છતે મહાપુરૂષે મરી જવું તે ઠંઇ માનવ જનમ ફરી ફરી થોડો મલવાનો છે? 'હું છું' એવી જ ઠોઇને ખબર ન પડે, ભદ્રંભદ્ર જીવે છે કે મરે છે આવું ય ઠોઈ જાણી ના શકે એ કેવું બેડોળ કહેવાય. કીર્તિ– લાલસાથી તો નામ કમાવા માટે લોકો લાખ્ખો કરોડો રૂપિયા ખર્ચે છે અને હું આવી દુનિયામાં જીવનારો એક ચેલેંજવાળુ પેમ્પ્લેટ બહાર ના પાડી શકું? અરે! આ તિથિના આંદોલનથી તો મારૂ જીવન સાર્થક થયું. હવે મરીશ ત્યારે મારા નામ સાથે એ મહાપુરૂષનું ય નામ જોડાશે કે– મર્યો તે આ મહાપુરૂષનો શત્રુ હતો. બસ બસ. આથી વધુ આ જનમમાં આપણે જોઇએ પણ શું? પોતાની પ્રચંડ પુન્યાઇથી દુનિયાભરમાં પ્રસિદ્ધ બનેલા મહાપુરૂષની સાથે તેમના શત્રુ તરીકે નામ જોડવાના અવસર વારે ઘડીએ નથી આવતા. દુનિયા પણ મહાપુરૂષના સેવક કરતા શત્રુને જ વધુ યાદ રાખે છે ને? આપણે ગૌતમસ્વામીને વધુ યાદ કરીએ છીએ કે ગોશાળાને? 'ચંદન' ન વને વને' કરેક વનમાં ચંદન ન હોય તેમ દર વખતે મહાપુરૂષનો ભેટો થવો દુર્લભ છે સદીઓ પછી મળતા હોય છે.

ભોલા મિત્ર રત્ન! મારો પ્રસિધ્ધ બનવાનો આઇડીયા મસ્ત છે ને? પણ તમે

આવું કાંઈ ના કરતા હો. પાછા ક્યાં ક. મારી વાત જુદી છે. (તમે પ્રસિધ્ધ થઇ જશો તો મારે મુશીબત થશે.) આપણે તો તિથિ કઈ સાચી તે સાબિત કરવાનું કામ તો તે મહાપુરૂષને જ સોંપવાનુ. આપણે તો આગી જરૂર પડે ત્યાં મમરાં મૂકતા રહેવાનો કે સળી કરતા રહેવાનું. અને છેવટે હારવાની બાજીને હોકેાને ઉંધુ ભરમાવીને સ્વમાન ભરી દશામાં ફેરવી નાંખવાની. આપણી એક તિથિ પક્ષની તિથિ કયા દા'ડે સાચી હતી તે વિનય આપણે થાય. પણ આ તો થોડી ગમ્મત. ટાઇમ પાસ. સાલુ આટલુ મોટું આયુષ્ય. પસાર કેમ કરવું ? કંઇક ટીખળ કરતા રહીએ તો જીવનમાં થોડો આનંદ–રસ ટકી રહે. બીજું શું ?

એટલે ભદ્રંભદ્ર તિથિ–ચર્ચા માટે ચેલેંજ શા માટે ફેંકે તે ખ્યાલ આવ્યો ને ? લો.

ભદ્રંભદ્રનું સૂત્ર ગોખી રાખો.

જીવનમાં પ્રસિદ્ધિ પામવાનો એક માત્ર રાજમાર્ગ, પ્રસિધ્ધ મહાપુરૂષને કોઇપણ બાબતમાં ચર્ચા માટે ચેલેંજ ફેંકવી તે.

ચર્ચાના વિષયમાં ઊંડુ જ્ઞાન મેળવવાની જરૂર જ નથી. જો સર્વથા ઊંડુ જ્ઞાન મેળવશો તો તમને પ્રસિધ્ધિ મેળવવાની લાલસા જ મરી જશે. માટે બહુ ઉંડા ઉતરશો મા.

તે ભદ્રંભદ્ર ! આનો અર્થ એ થયો કે– ચર્ચાઓ માટે ચેલેંજ/આહ્વાન/પડકાર ફેંકનારાઓ અધુરા જ્ઞાનવાળા છે એમ ને ?

ના. ના. આટલું બધું કડક નક્કિ કરી નો લો. પણ જે ઊંડા/પૂરા જ્ઞાનવાળા હોય ને તે તો તિથિને સમજવા કે સમજાવવા માટે જાય. હારવા/જીતવાની એમને પડી નો હોય. પડકાર જેવી ભાષા તો એ પૂર્ણજ્ઞાની કદિ ના વાપરે.

તો ભદ્રંભદ્ર ! તમે કેમ પડકાર ફેંકો છો ?

હું ક્યાં ઊંડો જ્ઞાની શું. અને પ્રસિદ્ધિ મેળવવા જેવી લાલસા તથા તેને પૂર્ણ કરવાની તક ક્યાં ફરી ફરી મળે છે ? પડકાર ફેંકુ ત્યારે મને અધુરો ગણવાનો પુરો નહિ. બસ આવડ્યો.



સુધારો :– આ અંકના પેજ ૪૮૧ ના હેડીંગમાં
"માફ કરજો...ની જગ્યાએ "માફ કરજો...એમ વાંચવું.

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



* સંસારના જ સુખનો ભુખ્યો અને દુઃખનો ભીરૂ જીવ ધર્મ માટે લાયક નથી.
* અનીતિથી કમાઇને મજેથી જીવે તે બધા 'આત્મઘાત' કરી રહ્યા છે.
* પ્રમાદ એ ભાવધર્મનો વૈરી છે.
* ગુરુ તરીકેની પ્રસિદ્ધિને પામેલા પણ જો માર્ગની આરાધનામાં ઢીલા થાય, માન-પાનાદિને ખાતર સાચો માર્ગ પણ ભૂલી જાય અને પછી તો સન્માર્ગની દેશનામાં પણ ફેરફાર કરે તો તે પોતે ય ડૂબે અને બીજાને ય ડૂબાડે
* આ કાળમાં જો સાધુઓ પણ માર્ગસ્થ નહિ રહે, માર્ગ ચુસ્ત નહિ બને, માન-પાનાદિના લોભમાં ફસાશે તો પોતે ય ડુબશે અનેક ને ડુબાડશે. માટે દરેકે દરેક ધર્મપ્રેમી જીવે પોતાના ય ભલા માટે શાસ્ત્રને આધીન થવાની જરૂર છે.
* શાસ્ત્રો પંડિત થવા નહિ પણ તત્ત્વજ્ઞાની થવા ભણવાનું છે, વાંચવાનું છે. પંડિત 'વકીલ' જેવો હોય છે જ્યારે તત્ત્વજ્ઞાની 'અસીલ' જેવો હોય.
* તમે બધા ઘર-બારાદિની સેવા કરો અને અમે શરીર-ભગતાદિની સેવા કરીએ તો શાસન સમજ્યા જ નથી. શાસન સમજે તેને આ બધું ગમે ?
* પોતાના દોષ ઢાંકવા ગુણિની પણ નિંદા કરે તો તે 'મહા ખતરનાક' છે. ચારિત્ર-હીન બહુ બહુ તો પોતાનું બગાડે જ્યારે ઉત્સૂત્રભાષી તો પોતાનું અને પારકાનું બન્નેનું ય બગાડે !
* અવસર આવ્યે પણ સત્યનું પ્રતિપાદન ન કરે તો તે ય સત્યનો પક્ષપાતી નથી પણ અસત્યનો ટેકેદાર છે.
* શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાથી કર્મશત્રુઓ સામે સંગ્રામે ચઢેલા સાધુઓ, શ્રી જિને-શ્વર દેવોએ કહેલ અને શ્રી જિનેશ્વરદેવની આજ્ઞામાં જ વિચરતા પરમર્ષિઓએ ગૂંથેલ શાસ્ત્રરૂપ સુચક્ષુથી જ સર્વ જૂએ, તેમાં જગતને આશ્ચર્ય શું લાગે તેમ છે અને સાધુઓને નાનમ પણ શી લાગે તેમ છે ?

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું.

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર.

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી

આનુષંગિક ફલની કશી કિંમત નથી.

ફલં પ્રધાનમેવાહુર્નાનુષઙ્ગિકમિત્યપિ ।
પલાલાદિપરિત્યાગાત્કૃષૌ ધાન્યાપ્તિવદ્ બુધાઃ ।।
(શ્રી લલિત વિસ્તરા)

પંડિતપુરૂષો પ્રધાન–મોક્ષફલને જ ફલ કહે છે પરંતુ આનુસંગિક પ્રાસંગિક સંસારિક સુખ આદિ ફલને ફલ રૂપે કહેતા નથી, જેમ ખેતીમાં પલાલ-ધારાદિ ગૌણ ફલને છોડીને, ધાન્યની પ્રાપ્તિ રૂપ પ્રધાન ફલને કહે છે તેમ.

વર્ષ ૧૦

અંક ૧૯૪ ૨૦

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન

અંતરિક્ષજીમાં શ્વેતાંબરોને પૂજા–હકક આપતી કોર્ટ

આજકાલ પ્રતિનિધિ–મુંબઇ

છેલ્લા કેટલાક વર્ષોથી જૈનોનાં પવિત્ર સ્થળ અંતરીક્ષજીમાં શ્વેતાંબરો અને દિગંબરો વચ્ચે પૂજાના અધિકાર વિશે ચાલી રહેલો કાનૂની વિવાદ વાશિમ ડિસ્ટ્રીક્ટ કોર્ટના ચૂકાદાથી ઉકેલાયો છે.

અદાલતે શ્વેતાંબરોનાં પૂજા હક્કને માન્ય રાખીને દિગંબરોની આ પવિત્ર સ્થળ પર કબજો જમાવવાની મુરાદવાળી અરજને ફગાવી દીધી હતી.

૧૯૦૫ સુધી અંતરીક્ષજીમાં માત્ર શ્વેતાંબરો જ પૂજા કરતા હતા પરંતુ પૂજારીઓ સાથેનાં એક કાનૂની વિવાદમાં દિગંબરોએ પણ મકક કરી એટલે કે શ્વેતાંબરોના વડિલોએ પણ તેમને અહીં પૂજા કરવાની છૂટ આપી હતી. જો કે, ૧૯૦૮ માં દિગંબરોએ ત્યાંથી શ્વેતાંબરોના હકકને નકારી અંતરીક્ષજી પર કબજો જમાવવાની ચોંકાવનારી રજુઆત કરી હતી. જો કે, ૧૫ મી ઓગષ્ટ, ૧૯૪૭ સુધી અહીં માત્ર શ્વેતાંબરો જ પુજા કરતા હતા એ અગાઉ ૧૯૨૮માં પ્રિવી કાઉન્સીલમાં દિગંબરો હારી ગયા અને ૧૯૬૦માં તેઓ ફરી અદાલતે ગયા હતાં. તેનો ચૂકાદો ૧૯૬૪ માં આવ્યો ત્યારે પણ તેઓ હાર્યા હતા છતાં અંતરીક્ષજીમાં બેમાંથી એકેયને પૂજાનો હકક મળ્યો ન હતો. એટલે ભગવાન પાંજરે પૂરાયેલી અવસ્થામાં જ રહ્યા હતાં.

શ્વેતાંબરોએ ૧૯૬૪ ના અદાલતના ચૂકાદા સંદર્ભે સુપ્રિમ કોર્ટના એડવોકેટ જસ્ટીસ બચાવત પાસે એક અરજી તૈયાર કરાવી હતી. આ અરજી સંદર્ભે અંકોલાનાં સાકળચંદ શાહે વાશિમ કોર્ટમાં આ મુકદ્દમો લડવા ભારે મહેનત કરી હતી. ડિસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટે આપેલા ચૂકાદા મુજબ ૧૯૪૭ની ૧૫મી ઓગષ્ટે જે સ્થિતિ હોય એને માન્ય કરવાનો નિર્દેશ આપ્યો અને આ નિર્દેશ મુજબ શ્વેતાંબરોને પૂજાનો હકક મળે છે. પ્લેસીસ ઓફ વર્શિપ એકટની કલમ ૪–બી હેઠળ ૧૫ મી ઓગષ્ટ ૧૯૪૭ ના રોજની સ્થિતિને કાયમ કરવાનો નિર્દેશ મળે છે એનો લાભ અહીં અંતરીક્ષજીમાં શ્વેતાંબરોને મળ્યો છે. એક રીતે બિહારનાં પવિત્ર સ્થળ સંમેતશિખરજીના વિવાદમાં પણ શ્વેતાંબરોના અધિકારને માન્ય રખાય એવી ઉજળવણ તકોનું નિર્માણ થયાનું જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તીર્થ રક્ષા ટ્રસ્ટનાં એકઝીકયુટીવ ડીરેકટર પ્રકાશ ઝવેરીએ તાજેતરમાં જયપુરથી જણાવ્યું હતું.

(આજ કાલ તા. ૧૯–૧૨–૮૭ શુક્રવાર)

હજારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેલાજી ગુજરા (અંજાર)
હેમેન્દ્રકુમાર મણસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (વઢવાણ)
ચાંદાચંદ પદમશી ગુજરા (થાણા રોડ)

વર્ષ : ૧૦] ૨૦૫૩ પોષ સુદ-૯ મંગળવાર તા. ૭-૧-૯૮ [અંક : ૧૯+૨૦

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ વદિ-૦)) શનિવાર તા. ૨૫-૭-૧૯૮૭ જૈન ઉપાશ્રય, શ્રીપાલનગર મુંબઇ-૬

(કી જિનાજ્ઞા વિરૂદ્ધ કે પૂ. પ્રવચનકારશ્રીના આશય વિરૂદ્ધ કાંઇપણ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના. (પ્રકરણ ૨૨ મું) અવ૦)

જાણંતો વિ અ તરિઉં કાઇયજોગં ન જુંજઇ જોઉ ।
સો વુજ્જઇ સોએણું, એવં નાણી ચરણહીણો ॥

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્ય ભગવાન શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજા જે જે વાતો ફરમાવી ગયા તે જો ધ્યાનમાં રહી જાય તો કલ્યાણ થઇ જાય. ભગવાને ધર્મ મોક્ષને માટે જ કરવાને કહ્યો છે તે વાત સમજાવી આવ્યા પછી હવે કહે છે કે- "તરવાની કળા જાણનાર સારો તરવૈયો પાણીમાં પડ્યા પછી પણ જો હાથ-પગ ન હલાવે તો ડૂબી જાય છે. તેવી રીતે મોક્ષમાર્ગને પામેલા એવા પણ જીવો જ્ઞાની હોવા છતાં ય જો શક્તિ મુજબ ચારિત્રનું સેવન ન કરે તો તે પણ સંસારમાં ડૂબી જાય છે.' ભગવાન શ્રી જિનેશ્વરદેવોનો મોક્ષમાર્ગ પામવો હોય તો ઘણી જાગૃતિ જોઇએ. પરન્તુ મોક્ષ વિના બીજે કશે સાચું અને વાસ્તવિક સુખ છે જ નહિ તેની પ્રતીતિ થવી જોઇએ. તે મોક્ષે જવા માટે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર ત્રણે ય પરિપૂર્ણ જોઇએ. તે માટે આખો સંસાર ખરાબ લાગવો જોઇએ, સંસારનું સુખ પણ ખરાબ લાગવું જોઇએ.

પરન્તુ આજે આ સમ્યગ્દર્શન પામવું પણ ભારે પડે તેવું છે. તે માટે આપણી વાત ચાલે છે કે, સામાયિક લેનારને મુહપત્તિ પડિલેહવાની હોય છે. તે મુહપત્તિના જે પચાસ બોલ છે તે બધા સમજી જાય તો તેને સમ્યક્ત્વ થયા વિના રહે. નહિ સમ્યગ્જ્ઞાનનો ખપ લાગ્યા વિના રહે નહિ અને સમ્યક્ચારિત્રને પામવા માટે તે તરફડતો હોય.

રોજ સામાયિક કરનારને મોટાભાગને આ બોલ આવડતા નથી તેનું શું કારણ છે ? ધર્મ સમજવાની સામગ્રી નથી મલી માટે નથી સમજતા કે સમજવું નથી માટે નથી સમજતા જે ક્રિયાઓ ધર્મની કરો છો તે શા માટે કરો તેની ય ખબર મોટાભાગને નથી. આ પચાસ બોલ સમજી જાય તેના માટે આ ભગવાનનો ધર્મ પામવો સહેલો છે. અનંત ઉપકારી અનંતજ્ઞાનિઓએ આપણા માટે એવો સુંદર ક્રિયાયોગ બતાવ્યો છે, તે જે જીવ સમજીને કરે તે જરૂરથી સમ્યગ્દર્શન પામે, સમ્યગ્જ્ઞાન પણ પામે અને ચારિત્ર મોહનીયકર્મ નડતું હોય તો તેને ય તોડીને સમ્યક્ચારિત્ર પામીને, તેની સુંદર આરાધના કરીને વહેલામાં વહેલો મોક્ષે જાય, જાય ને જાય જ.

આજ સુધીમાં અનંતા શ્રી અરિહંત પરમાત્માઓ મોક્ષે ગયા, તેમની પરમ તારક આજ્ઞા પાળીને તેઓ કરતાં અસંખ્યાત ગુણા બીજા આત્માઓ મોક્ષે ગયા. તો આપણો નંબર કેમ ન લાગ્યો ? શું શ્રી અરિહંતપરમાત્મા આપણને નહિ મળ્યા હોય ? શ્રી નવકાર મંત્ર ગણનારને ચિંતા થઇ કે– 'તું કેમ સંસારમાં રહી ગયો ?' રોજ શ્રી નવકારમંત્ર ગણે તેને આ સંસાર ગમે કે એક મોક્ષ જ ગમે ? તેને સમ્યગ્દર્શન પણ ? ન થાય આનો ય તમે સાચો જવાબ આપી શકતા નથી તેનું એક જ કારણ છે કે– હજી પણ આ સંસારનું સુખ અને તેને અનુકૂળ સામગ્રી ખુબ જ ગમે છે. તમને આ સંસારનું સુખ ખુબ ગમે છે ? અનુકૂળ સામગ્રી પણ ખુબ ગમે છે ? જ્યારે જ્યારે તે ગમી જાય ત્યારે આશ્વાત લાગે છે ? 'જો આ સંસારનું સુખ અને તે સુખના સાધન સ્વરૂપ સંપત્તિ ઉપર રાગ થશે, તેને આધીન થઇશ તો મારે સંસારમા ઘણું ઘણું ભટકવું પડશે' તેમ તમને થાય છે ? સંસારના જ ગાઢ પ્રેમી જીવો ગમે તેટલો ધર્મ કરે તો પણ તેમની મુક્તિ થાય નહિ. તેવા અનંતીવાર ધર્મક્રિયા કરનારા ધર્મ પામ્યા નથી અને હજી પણ ધર્મ પામવાના નથી.

અભવ્યો, દુર્ભવ્યો અને ભારેકર્મી ભવ્ય જીવોને અનંતીવાર શ્રી અરિહંતપરમાત્મા મળે; અનંતીવાર ધર્મ કરે તો પણ તેમને ધર્મની પ્રાપ્તિ ન થાય. આપણે જે ધર્મ

કરીએ છીએ તેની અપેક્ષાએ અભવ્ય જીવો સારામાં સારો ધર્મ કરે છે. એક પણ દોષ ન લાગે તેવું ચારિત્ર પાળે છે છતાં પણ ધર્મ નથી પામતાં. આપણે ધર્મ કરીએ છીએ તો ધર્મ પામી ગયા છીએ? વેપાર કરનારો ન ફાવે તો માથે હાથ દે છે, તેને ચિંતા થાય. તેમ આપણે ધર્મ પામ્યા કે નહિ તેવી ચિંતા આપણને થાય છે? જે જીવ સમ્યક્ત્વ ન પામ્યો હોય, પામવાની ઇચ્છા પણ ન હોય તેની ધર્મક્રિયા તેને કદી ધર્મ પમાડે નહિ, અધર્મ કરતાં રોકી રાખે નહિ, ધર્મમાં ય અધર્મ કરાવે જેને સંસારનું સુખ જ સારું લાગે અને તેના સાધન સ્વરૂપ સંપત્તિ જ સારી લાગે તે કોઇ દા'ડો સમકિત પામે? સમકિત ન પામે તો તેનું ઠેકાણું પડે?

આજે તો અમે સમકિતની વાત કરીએ તે ય ઘણાને ગમતી નથી. આજની હાલત બહુ ખરાબ છે. આજે મિથ્યાત્વ ખુબ વધી ગયું છે, મિથ્યાત્વને વધારી દેવામાં આવ્યું છે. મિથ્યાત્વને વધારવાનું કામ શક્તિસંપન્ન લોકો કરી રહ્યા છે. આજનાં વાધાં તોફાન મિથ્યાત્વને પ્રધાનતા આપવાના અને સમ્યક્ત્વની ગણના જ નહિ કરવાના છે, સારા લોકો પણ લોકહેરીમાં ફસાયા છે. તેથી બધાએ સાવચેત થવાની જરૂર છે. **આ કાળમાં જો સાધુઓ પણ માર્ગસ્થ નહિ રહે, માર્ગચુસ્ત નહિ બને, માન–પાનાદિના લોભમાં ફસાશે તો પોતે ય ડુબશે અને અનેક ડુબાડશે. માટે દરેક ધર્મપ્રેમી જીવે પોતાના ય ભલા માટે શાસ્ત્રને આધીન થવાની જરૂર છે.** અમે અમારી મરજી મુજબ બોલવા માંડીએ તો અમારો આ સાધુવેષ પણ લાજે. અમારે ભગવાનના કહ્યા મુજબ ન બોલવું હોય અને અમારી મરજી મુજબ બોલવું હોય તો આ સાધુવેષ તજવો જોઇએ. **શાસનના વોગે અમે છીએ તે શાસનને ય જો વફાદાર ન રહીએ તો અમે કેવા કહેવાઇએ?**

માટે જ કહું છું કે– આ મુહપત્તિના પચાસ બોલ તો શ્રી જૈન શાસનનો આરિસો છે. તે જે સમજી જાય તે અજ્ઞાન રહે ખરો? પોતે જે સાધુના પરિચયમાં હોય તેને ય જો સુખશીલીયો દેખે તો તેના પગ ઠબાવતા ઠબાવતા ઠબાવતા તે સાધુને ય ચેતવે. શ્રાવકો સાધુ-સાધ્વીના મા–બાપ છે. માની જેમ બહુ ચિંતા કરે અને બાપની જેમ ખબર રાખે. તેવું કરવા છતાં પણ જો તેમાં ઠેકાણું ન પડે, તે સાધુ ન સુધરે તો રાળ જેવા ય થાય. ગાંડા સેવકો મલી જાય તો સાધુનું પણ સત્યાનાશ નીકળી જાય.

આ કાળ બહુ વિષમ છે. અમે પણ સાવચેત ન રહીએ તો અમને ય ડુબાડનારા ઘણા છે. આજનો મોટો ભાગ ભલું કરવાને બદલે ભૂંડું જ ઘણું કરે છે. આજના સુધારકોએ સાધુઓને પરદેશ પણ રવાના કર્યા, કૈંકના ભાવ પ્રાણ લુંટી લીધા, છતાં પણ તેમનાં વખાણ કરતાં થાકતા નથી. પરદેશમાં ધર્મનો બહુ પ્રચાર કર્યો તેમ કહે છે પણ તે લોકોમાં અક્કલ નથી કે આવાઓની પુષ્ટિ કરવાથી ઘણા સાધુ પરદેશમાં ભટકવા જશે. અહીં બધા ધર્મ પામી ગયા છે કે પરદેશીઓ ધર્મ પામશે ? તે બધા 'સ્કોલરો' બનશે પણ 'ધર્મી' કદી નહિ બને. તમે બધા સમજો તો કામ થાય.

જેમ સાધુ પણ જ્ઞાની જોઇએ તેમ તેની ભક્તિ કરનારો શ્રાવક પણ જ્ઞાની જોઇએ સાધુની ભક્તિ કરવા તમારે સજ્જદારી જોઇએ ખરી ને ? સાધુને શું અપાય અને શું ન અપાય તેની ખબર છે ખરી ? સુપાત્રમાં શુદ્ધ દાન આપે તે તરી જાય માત્ર દાન આપે તે તરી ન જાય. આજે વર્તમાનમાં જો સાધુ પણ સાવચેત નહિ હોય તો તેની ભિક્ષા જ તેના સંયમબળનો નાશ કરશે, અમારે શુદ્ધ જ ભિક્ષા જોઇએ. તે માટે શાસ્ત્રે બેંતાલીશ (૪૨) દોષ રહિત ભિક્ષા લાવવાનું વિધાન કર્યું તેમાં સોળ દોષ તમારાથી થાય છે, સોળ દોષ અમારાથી થાય છે, બાકીના દશ દોષ આપણા બંનેની ભાગીદારીથી થાય છે. સૌથી પહેલા દોષ પેઠા કરનારા તમે, અમે ય જો અમારી સમજણનો ઉપયોગ ન કરીએ, રસના લાલચુ બની જઇએ તો બીજે નંબરે અમે. શ્રાવકે સાધુની ગોચરીના બેંતાલીશ દોષ સમજવા જ જોઇએ. તમે સમજો છો ? તે સમજી જાવ તો સાધુને શું અપાય અને શું ન અપાય તે ય સમજી જાવ.

આ મુહપત્તિના પચાસ બોલ સમજાવવા છે. આ પચાસ બોલ ભણે પણ સમજે નહિ તો તે ભણેલો કહેવાય ?

સભા૦ : આ પચાસ બોલની જરૂર શી છે ?

ઉ૦ : આ પંડિત સાધુ બોલે છે ! તેં સાધુપણું કેમ લીધું ? આપણી બધી ધર્મક્રિયા સૂત્રો સાથે સંકળાયેલી છે. જે જે સૂત્ર બોલીએ તેનો અર્થ ન સમજીએ અને ઉપયોગપૂર્વક ન કરીએ તો તે ક્રિયા સંમૂર્છિમ જેવી થાય છે. તે કાંઈ લાભ ન આપે પણ હાનિ જ કરે. આ પચાસ બોલમાં તો જૈન શાસનનો સાર સમાઇ જાય છે અને પૂછે છે કે– તેની જરૂર શી છે ? સાધુ પણ જો ન સમજે તો તેના સાધુપણામાં ય માલ નથી. (ક્રમશઃ)

卐 પ્રશ્નોત્તરી પરાગ 卐

—શ્રી પ્રેમમ્રિય

પ્ર૦- પં-યાસ શ્રી અભયશેખર વિ. ગણિએ કરેલા ન્યાયસિદ્ધાંત મુક્તાવલીના ભાષાંતરમાં પૃ. ૧૯૦ પર નીચે મુજબ લખાણ કર્યું છે કે, 'જે બલવદ્ અનિષ્ટાનુબંધી હોય, અકર્તવ્ય હોય, નિષિદ્ધ હોય એનું વિધાન હોઇ શકે નહીં. પણ પ્રસ્તુતમાં એનું (વેદમાં શ્યેન યાગનું) વિધાન છે માટે એની સંગતિ કરવા નૈયાયિક ને ફાંફા જ મારવા પડે છે ને? આવા જ ફાંફા મારવાની પ્રવૃત્તિ વર્તમાનમાં શ્રી જૈન શાસનમાં એક વર્ગમાં (પ. પૂ. આ. ભ. શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ. સા.ના વર્ગમાં) પણ જોવા મળે છે ને'

તો આ વિષયમાં સત્ય શું છે?

ઉ૦- પં. શ્રી અભયશેખર વિ. ગણિનું આવું લખાણ સત્યથી તદ્દન વેગળું છે. પ. પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂ. મ. સા.ના વર્ગને શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના પાઠને સંગત કરવા માટે જરા પણ ફાંફા મારવા પડતા નથી. પ. પૂ. આ. દેવ શ્રી ભુવનભાનુ સૂ. મ. સા. તથા પં. શ્રી અભયશેખર વિ. મ.ની બુદ્ધિ નૈયાયિક દર્શન વાદીઓના સિદ્ધાંતથી વાસિત થઇ જવાના કારણે' ઉત્તરાધ્યયન સૂત્રની વૃત્તિના નામે પોતાની મતિ કલ્પનાથી કલ્પેલા પાઠને લઇ અર્થઘટન કરવામાં ઘણો મોટો ગોટાળો ઉભો કરી પ. પૂ. આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ. સા. તથા તેમના વર્ગને જૈનેતર દર્શનીયોના શાસ્ત્રમાં પણ તેનું ભાષાંતર કરતા 'સ્વ. આ. શ્રી રામચંદ્ર સૂ. મ. સા.ના વર્ગને ફાંફા મારવા પડે છે.' એમ લખી જૈનેત્તર સમાજમાં પણ પૂ.પાદશ્રી પ્રત્યેની પોતાની સાગતી દ્વેષવૃત્તિ પ્રદર્શિત કરવાનું કુકૃત્ય કર્યું છે સાથે સાથે આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ. સા. પ્રત્યેની અરૂચી પણ આવું લખાણ કરવામાં કામ કરી રહી હોય એમના લખાણ પરથી જણાઈ આવે છે.

પ્ર૦- ઉત્તરાધ્યયન સૂત્ર વૃત્તિનું **'અર્થકામાભિલાષિણોઽપિ ધર્મે એવ યતિતવ્યમ્'** આવું આપ્ત વચન વિધિ પ્રત્યય ધરાવે છે. જે અર્થકામના અભિલાષી હોય તો પણ ધર્મ જ કરવાનું વિધાન કરે છે. સ્વ. પૂ. પાદ ગુરૂદેવ ન્યાયવિશારદ આ. ભગવંત શ્રીમદ્ વિ. ભુવનભાનુસૂરીશ્વરજી મ. સાહેબે તો આ આપ્તપુરૂષ એવા શાસ્ત્રકારનું વચન છે ને એમાં વિધિ પ્રત્યય છે માટે એ બલવદ્અનિષ્ટાનુબંધી જ હોય (ઈષ્ટસાધન તો ખરૂં જ) એમ વાસ્તવિક અર્થ કરી અર્થકામની ઇચ્છા હોય તો પણ

ધર્મ જ કરાય, અધર્મ (પાપ) નહિ' આવું જ વિધાન કર્યું' પણ 'સ્વ. આ. શ્રી રામચંદ્રસૂરિ મહારાજે' અર્થકામની ઇચ્છા છે તો ધર્મ તો કરાય જ નહી એ રીતે કરેલો ધર્મ ભૂંડો છે સંસાર વધારનારો છે. રીબાવી રીબાવીને મારનારો છે' ટુંકમાં બલવદનિષ્ટાનુબંધી છે ને તેથી અકર્તવ્ય છે એવું નિરૂપણ કર્યું' છે. આનો સ્પષ્ટ સૂચિતાર્થ એવો કેમ ન થઇ શકે કે–'અર્થ કામની ઇચ્છા છે તો ધર્મ ન કરાય અધર્મ (પાપ) કરાય. કારણ કે સંસારી જીવની ધર્મ અને અધર્મ એ બે જ પ્રવૃત્તિ છે નો-ધર્મ જેવી કોઇ ત્રીજી પ્રવૃત્તિ નથી (નહિતર તો ત્રીજી રાશિનો જીવ માનનારા નિહ્નવ રોહગુપ્તના અનુયાયી બની જવું પડે) એટલે ધર્મ ન કરાય એનો અર્થ અધર્મ કરાય એનો અર્થ અધર્મ કરાય એવો થઇ જ જાય

આ લખાણમાં પ. પૂ. આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ. સા. નામે જે અર્થ કર્યો છે અને પ. પૂ. આ. દેવ શ્રી ભુવનભાનુ સૂ. મ. સા. જે અર્થ કર્યો છે આમાં કયો અર્થ સાચો ?

ઉ૦–પ. પૂ. આ. દેવ શ્રી ભુવનભાનુ સૂ. મ. સા.ને માટે 'સ્વ. પૂ.પ.ક ગુરૂદેવ, ન્યાયવિશારદ આ. ભગવંત શ્રીમદ વિ. ભુવનભાનુ સૂ. મ. સાહેબે' એમ લખીને સારામાં સારૂં ગૌરવ સાચવ્યું છે જ્યારે પ. પૂ. આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ. સા. ના નામનો ઉલ્લેખ 'સ્વ. આ. શ્રી રામચંદ્રસૂરિ મહારાજે' આવી રીતના તોછડાઇ ભર્યા શબ્દોમાં કર્યો છે. કોઇ વિશેષ વિશેષણ આપવું તો બાજુમાં રહ્યું પણ 'આચાર્યદેવ' 'સૂરીશ્વરજી' આટલા શબ્દ લખવામાં પણ એમની કલમ કામ ન કરી પાતંજલિ માટે 'ભગવાન પાતંજલિ' એ પોતાના ગ્રંથમાં અનુવાદ રૂપે 'ભગવાન' શબ્દ લખીને આ. ભ. શ્રી હરિભદ્ર સૂ. મહારાજે પોતાનું માધ્યસ્થ જાળવી રાખ્યું ત્યારે પં. શ્રી અભયશેખર વિ. ગણીને માધ્યસ્થ પણ જાળવવાનું ન સુજ્યું એ એમનામાં રહેલ પ. પૂ. આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ. સા. પ્રત્યેની અરૂચીનું સૂચક છે !

ઉત્તરાધ્યયનસૂત્ર પર આ. દેવ શ્રી ભાવદેવ સૂ. મ., આ. દેવ શ્રી નેમિચંદ્ર સૂ. મ., આ. દેવ શ્રી શાંતિચંદ્ર સૂ. મ. આદિ અનેક પૂર્વના મહાપુરૂષોની વૃત્તિઓ છે એમાંની કોઇ પણ વૃત્તિમાં પં. શ્રી અભયશેખર વિ.એ બતાવેલ અને જેને અનુલક્ષીને ઉટપટાંગ લખાણ કર્યું' છે એવો **'अर्थकामाभिलाषिणोऽपि धर्मे एव वर्तितव्यम्'** આ રીતનો પાઠ છે જ નહિ. આવો પાઠ તો પં. શ્રી અભયશેખર વિ. મ. અર્થ અને કામ માટે ધર્મ થઇ શકે એવી પોતાની માન્યતાને મારી મચડીને સિદ્ધ કરવા માટે સંદર્ભ વિનાનો કોઇક ગ્રંથમાંથી લઇને અથવા પોતાની મતિકલ્પનાથી ઉપજાવીને

શાસ્ત્રાસિદ્ધ વાતોની પ્રરૂપણા કરનારા પ. પૂ. આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ. સા.ને શાસ્ત્ર વિરુદ્ધ પ્રરૂપણા કરનાર તરીકે સિદ્ધ કરવા ન્યાય સિદ્ધાન્ત મુક્તાવલી ગ્રન્થના ભાષાન્તરમાં લીધો છે તેમજ તે ભાષાન્તરમાં 'અર્થ કામની ઇચ્છા છે તો ધર્મ તો કરાય જ નહિ એ રીતે કરેલો ધર્મ ભુંડો છે સંસાર વધારનારો છે. રીબાવી રીબાવીને મારનારો છે ટુંકમાં બલવદનિષ્ટાનુબંધી (બલવાન—ભયંકર, અનિષ્ટ—દુર્ગતિને કરનાર) છે ને તેથી અકર્તવ્ય છે આવુ જે લખાણ પં. શ્રી અભયશેખર વિ.એ પ. પૂ. આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ. સા.ના નામે કર્યું છે એવું લખાણ પ. પૂ. આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ. સા.ના કોઇપણ પ્રવચન સાહિત્યમાં લખાયું નથી અને આવા પ્રકારની માન્યતા પણ એઓશ્રીની ન હતી. ઉપરોક્ત લખાણ પૂ. આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ. સા. ના માથે ખોટી રીતે ઠોકી બેસાડયુ છે અને એમ કરીને એઓશ્રીને ઉત્સૂત્રભાષી તરીકે ખ્યાત કરવાનું કુકૃત્ય કરવા માંગે છે.

પૂજ્યપાદશ્રી તો એવા આશયથી જ પ્રરૂપણા કરતા હતા કે સંસારમાં મઝા માણવા અર્થ કામને મેળવવા માટે કરેલો ધર્મ ભુંડો છે રીબાવી રીબાવીને મારનારો છે બલવદ નિષ્ટનો અનુબંધી છે માટે અકર્તવ્ય છે એમ કહેતા પણ અર્થકામની અભિલાષાવાળો ધર્મ કરે. તેના ધર્મને ભુંડો વગેરે વિશેષણો આપીને અકર્તવ્ય તરીકે ક્યારે ય પણ કહ્યો જ નથી અને કોઇ ઠેકાણે પ્રવચનમાં કહ્યું હોય તો શોધી બતાવે.

પ. પૂ. આ. ભ. શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ. સા. અર્થ—કામ મેળવવા કે અર્થ કામની આશંસાથી કરેલા ધર્મને ભુંડો કહે છે એથી એઓ ઉત્સૂત્ર ભાષી કે શાસ્ત્ર વિરુદ્ધ પ્રરૂપણા કરનારા છે એવું કહેવા માંગતા હોય તો શ્રી લલિતવિસ્તરા ગ્રન્થના ભાષાન્તર 'પરમતેજ' નામના પુસ્તકમાં પૃષ્ટ ૩૪ માં 'પરન્તુ તે શુભક્રિયા જો દુન્યવી સુખ—સન્માનની આશંસાના અશુભ અધ્યવસાયથી મિશ્રિત થાય તો ઝેરના લાડુ જેવી બની જાય છે એ પુન્યના ટેસ આપે પણ આત્માના ભાવપ્રાણ હણી નાંખે. તેવી અનેક પાપમય અને દુઃખમય દુર્ગતિના જન્મ-મરણ આપે છે' એમ પ્રતિપાદન કરીને તેવા ધર્મને ભુંડા કહેનારા પ. પૂ. આ. દે. શ્રી ભુવનભાનુ સૂ. મ. સા.ને પણ ઉત્સૂત્ર ભાષી કે શાસ્ત્ર વિરુદ્ધ પ્રરૂપણા કરનારા તરીકે કહેવા જોઇએ. કેમકે જેવી વાત પ. પૂ. આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ. સા. રજુ કરી છે એવી જ વાત પ. પૂ. આ. દે. ભુવનભાનુ સૂ. મ. સ. પણ રજુ કરી છે 'આપકી લાપસી પરાઇ કુસકા' આવી કુટ નીતિ અપનાવવી એ પન્યાસ તરીકે પંકાયેલા અભયશેખર વિ. મ.ને શોભતી નથી.

દિવ્યદર્શનમાં પણ મોટા અક્ષરોના હેડીંગ રૂપે લખેલ છે કે 'સંસાર માટે કરેલો

ધર્મ સંસારમાં રખડાવે અને મોક્ષ માટે કરેલો ધર્મ મોક્ષમાં પહોંચાડે' આવુ લખનાર દિવ્ય દર્શન પત્રના પ્રણેતા પ. પૂ. આ. ભ. શ્રી ભુવનભાનુ સૂ. મ. સા.ને ઉત્સૂત્રભાષી કે શાસ્ત્ર વિરૂદ્ધ પ્રરૂપણા કરનાર તરીકે પ્રખ્યાત કરવા પં. શ્રી અભયશેખરવિ. ગણીનું મન અને જીભ તૈયાર થશે ખરી ? નહી જ. તો એમના જેવી જ આવી શાસ્ત્ર સમ્મત રજુઆત કરનારા પ. પૂ. આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ. સા.ને અધ્યાહારથી ઉત્સૂત્રભાષી કે શાસ્ત્ર વિરૂધ્ધ પ્રરૂપણા કરનાર તરીકે જૈનેતર ગ્રન્થમાં પૂ. આ.ભ. શ્રી રામચંદ્ર સૂ મ.ના નામે તેમની માન્યતા બહારનું લખાણ કરી જૈનેતરોમાં હીણપત દેખાડવાનું કાર્ય કરવું એ પં. શ્રી અભયશેખર વિ.ના સંયમ જીવનને શોભે ખરૂ કે કલંકિત કરે ?

પ્ર૦–'આનો સ્પષ્ટ સૂચિતાર્થ એવો કેમ ન થઇ શકે કે અર્થ કામની ઇચ્છા છે તો ધર્મ ન કરાય, અધર્મ (પાપ) કરાય ? કારણ કે સંસારી જીવોની ધર્મ અને અધર્મ એ બેજ પ્રવૃત્તિ છે નોધર્મ જેવી ત્રીજી કોઈ પ્રવૃત્તિ નથી (નહિતર તો ત્રીજી રાશિનો જીવ મરનાર નિહ્નવ રોહગુપ્તના અનુયાયી બની જવું પડે) એટલે ધર્મ ન કરાય એનો અર્થ અધર્મ કરાય એવો થઇ જ જાય.' આ રીતના લખાણમાં પં. શ્રી અભયશેખર વિ.એ જે સૂચિત અર્થ કાઢયો કે અર્થકામની ઇચ્છા છે તો ધર્મ ન કરાય તો અધર્મ (પાપ) કરાય. તે સૂચિત અર્થમાં સત્યાંશ કેટલો છે ?

ઉ૦–પં. શ્રી અભયશેખર વિ. મ. ઉપરોકત લખાણ કરીને અર્થકામની ઇચ્છા છે તો ધર્મ ન કરાય–પાપ કરાય. આવો જે સૂચિતાર્થ કાઢયો છે તે તદ્દન સત્યથી વેગળો છે એ સૂચિતાર્થમાં જરા પણ સત્ય નથી એમ નહીં પણ અસત્યથી સભર છે. પ. પૂ. આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ. સા. પ્રથમ તો 'અર્થ–કામની ઇચ્છા છે તો ધર્મ ન કરાય.' આવું પોતાના જીવનમાં કયારેય પણ બોલ્યા નથી તેમજ એમના પ્રવચનમાં કયાંયે આવું લખાયું પણ નથી. હમેશા એઓશ્રીના પ્રવચનમાં એવા જ રણકાર હતા કે અર્થ–કામ મેળવવા માટે કે મેળવવાની ઇચ્છા આશંસાથી ધર્મ ન કરાય.

પ. પૂ. આ. દે. શ્રી ભુવનભાનુ સૂ. મ.ની શ્રધ્ધામાં પરિવર્તન આવ્યુ અને સંસાર માટે પણ ધર્મ થઇ શકે.' એવી એઓશ્રી પ્રરૂપણા કરવા લાગ્યા અને એ વાતનો પ્રચાર કરવા માટે 'સંસાર માટે ધર્મ ન થાય તો શું પાપ થાય. સંસાર માટે પણ ધર્મ થઈ શકે.' આવી રીતના લખાણવાલા સ્ટીકરો ગામે ગામે ઉપાશ્રયાદિ ધર્મસ્થાનોમાં લાગવા લાગ્યા ત્યારે એ સ્ટીકરો વાંચીને લોકો શંકાનું સમાધાન મેળવવા વ્યાખ્યાનમાં પ. પૂ. આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ. સા.ને પ્રશ્ન પૂછતા કે 'સંસાર માટે ધર્મ ન થાય તો શું પાપ થાય' ત્યારે પૂજ્યશ્રી તેના પ્રત્યુત્તરમાં ઠોકી વગાડીને કહેતા કે સંસાર માટે ધર્મ પણ ન

થાય અને પાપ પણ ન થાય. ધર્મ તો મોક્ષ માટે થાય. જ્યાં જ્યાં પૂ.શ્રીનું વિચરણ થતું ત્યાં ત્યાં લોકો આ પ્રશ્ન પુછતા અને પ્રત્યુત્તર પણ આવો જ અપાતો ! સંસાર માટે પાપ થાય કે કરાય. એવું કદિ બોલતા ન હતા ને બોલ્યા પણ ન હતા. અરે ! આવું એમના દિલમાં પણ ક્યારેય ઉગ્યું ન હતું તો બોલવાની કે લખવાની તો વાત ક્યાં રહી ?

એટલે એઓશ્રીના હૈયામાં 'સંસાર માટે ધર્મ ન થાય તો પાપ થાય.' અર્થ-કામ માટેધર્મ ન થાય તો પાપ આવી શાસ્ત્ર વિરૂધ્ધ વાતો હતી જ નહિ.

તેમજ 'અર્થકામની ઇચ્છા છે તો ધર્મ કરાય જ નહીં એ રીતે કરેલો ધર્મ ભૂંડો છે સંસાર વધારનાર છે રીબાવી રીબાવીને મારનારો છે. દુઃખમાં બલવદનિષ્ટાનુબંધી છે ને તેથી અકર્તવ્ય છે' આવી શાસ્ત્રવિરૂદ્ધ માન્યતાની પ્રરૂપણા કરવાનું તો શું પણ પૂ.શ્રીના હૈયામાં પણ આવી માન્યતા ન હોવા છતાં એ માન્યતાનો આરોપ કરી મનઘડંત કલ્પના કરી સૂચિત અર્થ કાઢવો એ વિશ્વવંદ્ય વિભૂતિ સમા એક મહાપુરૂષની ઘોર આશાતના કરવા જેવું છે અને આવી જ આશાતના પં. શ્રી અભયશેખર વિ.એ કરી છે એ વિચાર કરતા કરેક સુજ્ઞ પુરૂષને જણાયા વગર ન રહે.

પ્ર૦-તમો જણાવો છો કે ઉત્તરાધ્યયનસૂત્ર વૃત્તિમાં '**અર્થકામાભિલાષિણોઽપિ ધર્મે એવ યતિતવ્યમ**' આવો પાઠ છે જ નહીં તો ઉત્તરાધ્યયનસૂત્ર વૃત્તિઓમાં કેવો પાઠ છે અને તેનો વાસ્તવિક અર્થ કેવો થાય છે તે જણાવશો.

ઉ૦-ઉત્તરાધ્યયન સૂત્રમાં ઔરભ્રીય નામના સાતમા અધ્યયનમાં ૨૩-૨૪ મી ગાથાની ટીકામાં જે પાઠ આપવામાં આવ્યા છે તે નીચે પ્રમાણે છે અને તેનો સત્ય સભર અર્થ પણ નીચે પ્રમાણે છે.

હાલારદેશોદ્ધારક પ. પૂ. આ. દેવ શ્રી જિનેન્દ્ર સૂ. મ. સા. ઉત્તરાધ્યયન સૂત્ર પર જેટલી વૃત્તિઓ (ટીકાઓ) રચાએલી છે તે બધી જ વૃત્તિઓનું એક જ ગ્રન્થપ્રતમાં સંકલન કરેલું છે એ ઘણું જ સુંદર કર્યું છે.

એમાં પૃ. ૧૧૧૫ ઉપરના ઔરભ્રીય નામના સાતમા અધ્યયનમાં-

જહા કુસગ્ગે ઉદગં સમુદ્દેણ સમં મિણે ।
એવં માણુસગા કામા દેવકામાણ અન્તિએ ॥
કુસગ્ગમિત્તા ધમે કામા સન્નિરૂદ્ધંમિ આઉએ ।
કસ્સ હેઉં પુરાકાઉં જોગખેમં ન સંવિદે ॥

આ બે ગાથા પરની પ. પૂ. આ. દેવ શ્રી ભાવદેવ સૂ. મ. સા.ની ૧૧૫૬ પૃ.

૫૨ની વૃત્તિ (ટીકા)માં 'મનુષ્ય ભોગાશ્ચ ધર્મપ્રભાવદ્દિવ્યભોગાપેક્ષયાઽત્યલ્પા તતસ્તત્ત્યાગતો ભોગાભિલાષિણાઽપિ ધર્મ એવ યતનીયમિતિ.'

પૃ. ૧૧૬૧ ઉપર પ. પૂ. આ.દેવ શ્રી શાંતિસૂ. મ. સા.ની 'શિષ્યહિતા' નામની વૃત્તિમાં 'તે ચ ધર્મપ્રાપ્યદ્દિવ્યભોગાપેક્ષયૈવ પ્રાયઃ તતસ્તત્ત્યાગતો વિષયાભિલાષિણાઽપિ ધર્મ' એવ યતિતવ્યમિત્યભિપ્રાયઃ ।

૧૧૬૫ પૃ. ૫૨ આ. દેવ શ્રી કમલસંયમસૂરીજીના 'સર્વાર્થસિદ્ધ' નામના વિવરણમાં–'તે ચ ધર્મપ્રાપ્યદ્દિવ્યભોગાપેક્ષયા કુશાગ્રબિન્દુપ્રાયા એવ તતસ્તત્ત્યાગાદ્ વિષયાભિલાષિણાઽપિ ધર્મે એવ યતિતવ્યમિતિ ।

જૈન શાસનની એક આ અનુપમ પદ્ધતિ છે કે જ્યારે જ્યારે સૂત્રોના અર્થ કરવાના હોય ત્યારે જો પૂર્વાપર સૂત્ર કે અન્યશાસ્ત્રોની સાથે વિરોધ આવતો હોય ત્યારે માત્ર શ્રુતજ્ઞાનમાં અટવાયા કરીને યથાશ્રુત (ઉપરછલ્લો) અર્થ પકડી રાખવો ઉચિત નથી. પરંતુ ચિંતાજ્ઞાન દ્વારા ભાવનાજ્ઞાન સુધી પહોંચી સૂત્રનો પૂર્વાપર સૂત્ર કે અન્ય શાસ્ત્રની સાથે વિરોધ ન આવે એ રીતે અર્થ કરવો જોઇએ જેથી સૂત્ર અને અર્થની આશાતનાના પાપથી બચી જવાય.

કુશાગ્ર એટલે ડાભના ઘાસની અણી ઉપર રહેલ જલબિંદુને સમુદ્રના પાણી સાથે માપવું જોઇએ તેવી રીતે મનુષ્યના ભોગોને દેવોના ભોગો સાથે માપવા જોઇએ. જેમ અજ્ઞાની–જડ માણસ ડાભના ઘાસની અણી ઉપર રહેલ જલના બિંદુને સમુદ્ર જેવું માને છે તે રીતે મુઢ માણસ ચક્રવર્તી આદિના ભોગોને દેવોના ભોગો જેવા માને છે પરંતુ એવું નથી જેમ પાણીનું બિંદુ એ બિંદુ જ છે સાગર નથી સાગર એ સાગર જ છે પણ બિંદુ નથી. પાણીના બિંદુ અને સાગરના પાણી એ બેની વચ્ચે મોટું અંતર છે. સાગરનું પાણી અપાર છે જ્યારે પાણીનું બિંદુ અત્યલ્પ છે તેવી રીતે ચક્રવર્તી આદિના પણ ભોગો ગમે તેવા હોય તો પણ દેવોના ભોગોની આગળ એ મનુષ્યભોગો બિંદુ તુલ્ય છે અલ્પ છે.

દેવોનું આયુષ્ય પલ્યોપમ અને સાગરોપમોનું દીર્ઘાતિદીર્ઘ હોય છે અને મનુષ્યોનું (કર્મભૂમિના) મોટામાં મોટું પણ આયુષ્ય સંખ્યાત વર્ષનું જ હોય છે તે પણ દેવોના પલ્યોપમ–સાગરોપમના આયુષ્યની આગળ ડાભતૃણના અગ્રભાગ પર રહેલા જલબિંદુ તુલ્ય છે અર્થાત્ અતીવ અલ્પ છે અને એકસીડન્ટાદિના ઉપક્રમો લાગતા તૂટી જાય તેવું સોપક્રમ પણ હોય છે માટે જ દેવોનું સુખ અને સમૃદ્ધિ સમુદ્ર જેવા અપરંપાર હોય છે જ્યારે મનુષ્યના સુખ–સમૃદ્ધિ ડાભના ઘાસની અણી પર રહેલા

પાણીના બિંદુ જેટલા અત્યલ્પ હોય છે.

છતાં એ મનુષ્યની સુખ–સમૃધ્ધિમાં (ભોગોમાં) માનવ આસક્ત હોવાના કારણે ધર્મના યોગક્ષેમ એટલે કે ધર્મની પ્રાપ્તિ અને પાલનને જાણતો નથી.

તેથી ડાભના ઘાસના અગ્રભાગ ઉપર રહેલા પાણીના બિન્દુ જેવા અત્યલ્પ કામભોગોનો ત્યાગ કરીને વિષયાભિલાષી એવા પણ માનવે ધર્મમાં જ પ્રયત્ન કરવો જોઇએ. આ રીતે ઉત્તરાધ્યયન સૂત્રની વૃત્તિઓના પાઠોનો યથાશ્રુત અર્થ થાય છે.

હવે અર્થના તાત્પર્ય સુધી પહોંચીએ તો પૂર્વાપર સૂત્ર કે અન્યશાસ્ત્રોની સાથે કેવો સંગત અર્થ થાય અને તાત્પર્ય સુધી પહોંચીને અર્થ ન કરવામાં આવે તો કેવો વિરોધ પૂર્વાપર સૂત્ર કે અન્ય શાસ્ત્રોની સાથે આવે તે જાણવા જેવું છે.

માનવ ધર્મની પ્રાપ્તિ (યોગ) અને ધર્મનું પાલન (ક્ષેમ) નથી કરી શકતો એનું કારણ એને મળેલા ભોગોની અને નવા ભોગોને મેળવવાની ને ભોગવવાની આસક્તિ છે અભિલાષા છે આવી ભોગોવિષયોની આસક્તિ કે અભિલાષાવાળા માનવને પણ ધર્મમાં પ્રવૃત્તિ કરાવવા માટે ઉત્તરાધ્યયન સૂત્રના વૃત્તિકાર (ટીકાકાર) મહાપુરૂષો 'સાગરસમા દેવોના વિષયભોગોની અપેક્ષાએ મનુષ્યના વિષયભોગો ડાભના ઘાસનાં અગ્રભાગ પર રહેલા જલ બિન્દુ જેવા છે.' એવા સૂત્રકારનાં કથનનું તાત્પર્ય એ જણાવે છે કે–

દેવલોકના સાગર જેવા દેવતાઇ ભોગો ભોગવ્યા છતાં તૃપ્તિ ન થઇ તો બિન્દુ તુલ્ય અત્યલ્પ અને તુચ્છ એવા માનવના ભોગોમાં કઇ રીતે તૃપ્તિ થવાની છે ? અર્થાત્ નથી થવાની માટે વિષયભોગોને ભોગવવાનો અભિલાષ હોય તો પણ આવા વિષય-ભોગાભિલાષી માનવે વિષયભોગોનો ત્યાગ કરીને ધર્મની આરાધનામાં જ પ્રયત્ન કરવો જોઇએ અને એ ધર્મમાં પણ એવી તાકાત છે કે વિષયભોગોના ત્યાગ પૂર્વક ધર્મારાધના કરનારની વિષયભોગની અભિલાષાનો એ ધર્મ નાશ કરી નાખશે.

આ રીતે ઐદંપર્યાર્થ સુધી પહોંચીને સૂત્ર અને વૃત્તિકારોના પાઠોનો અર્થ કરવામાં પૂર્વાપર સૂત્રનો કે અન્ય શાસ્ત્રોની સાથે કોઈ જાતનો વિરોધ આવે તેમ નથી.

'तत्त्यागतो भोगाभिलाषिणाऽपि धर्मे एव यतितव्यम.'

'तत्त्यागतो विषयाभिलाषिणाऽपि धर्मे एव यतनीयम.'

આ બે સૂત્રમાં સ્પષ્ટ નિર્દેશ ન હોવા છતાં ઉત્તરાધ્યયન સૂત્રના વૃત્તિકાર (ટીકા-કાર) મહાપુરૂષો આ રીતનું કથન કરવા દ્વારા અને પાઠોમાં 'अपि' શબ્દનો પ્રયોગ કરવા દ્વારા એ પણ કહેવા માંગે છે કે મોક્ષના અભિલાષીએ તો માનવીય વિષયભોગોનો

ત્યાગ કરીને ધર્મમાં જ પ્રયત્ન કરવાનો છે પણ જેના હૃદયમાંથી વિષયભોગોનો અભિલાષ ગયો નથી એવા માણસે પણ વિષયભોગોનો ત્યાગ કરી ધર્મમાં જ પ્રયત્ન કરવો જોઇએ અને આ રીતના કથનથી વૃત્તિકાર મહાપુરૂષો પણ ઔદંપર્યાર્થથી એ જણાવવા માંગે છે કે ધર્મ કરતા કરતા ધર્મનો એવો ક્ષયોપશમ થશે કે જેના કારણે મોક્ષાભિલાષ યાવત ઉત્કટ રૂપે પ્રગટ થવા સાથે વિષયભોગાભિલાષ ચાલ્યો જશે. વૃત્તિકાર મહાપુરૂષોની મનોભાવના જીવોના વિષયભોગાભિલાષોને કાઢવાની છે પરંતુ વિષયભોગોના અભિલાષને પુષ્ટ કરવાની નથી હોતી.

દેવતાઇ ભોગો સાગરસમા છે અને મનુષ્યભોગો ડાભના ઘાસના અગ્રભાગ ઉપર રહેલા જલબિન્દુ તુલ્ય છે એમ જણાવીને ઉત્તરાધ્યયન સૂત્રકાર પણ જગતને એજ જણાવવા માંગે છે કે મનુષ્યના ભોગોમાં તૃપ્તિ થાય એમ નથી કારણ કે સાગરસમા દેવતાઇ ભોગો ભોગવવા છતાં તૃપ્તિ થઈ નથી માટે મનુષ્યભોગોનો ત્યાગ કરવા પૂર્વક ધર્મ કરવાનો છે તેમ દેવતાઇ ભોગોને મેળવવાની પણ અભિલાષા–ઇચ્છા કે આશંસાનો ત્યાગ કરીને ધર્મ કરવાનો છે. આ લોકના કે પરલોકના ભોગોને મેળવવા માટે ધર્મ કરવામાં આવે તો ભોગાભિલાષને પુષ્ટ કરવા માટે ધર્મ કર્યો કહેવાય.

વિષયભોગોને મેળવવા માટે ધર્મ કરવામાં આવે તો તે ધર્મને શાસ્ત્રકારો વિષ અનુષ્ઠાન કે ગરલ અનુષ્ઠાન કહીને ભૂંડો જણાવે છે. રીબાવી રીબાવીને મારનારો છે એથી બલવદનિષ્ટાનુબંધી છે માટે જ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ. 'ત્રિક તજીએ દ્વિક ભજીએ.' એમ જણાવી વિષઅનુષ્ઠાન અને ગરલ અનુષ્ઠાનનો ત્યાગ કરવાનું કહી તેવા ધર્મને અકર્તવ્ય તરીકે બતાવે છે એટલે કે આલોક પરલોકના સુખાદિ માટે ધર્મ નહિ કરવો જોઇએ.

'ત્રિક તજીએ દ્વિક ભજીએ' ઉપાધ્યાયજી. મ.ની આ પંક્તિનો અર્થ આ પ્રમાણે છે વિષાનુષ્ઠાન–ગરલાનુષ્ઠાન–અનનુષ્ઠાન-તદ્હેતુઅનુષ્ઠાન–અમૃતાનુષ્ઠાન. આ પાંચ અનુષ્ઠાનમાંથી પ્રારંભના ત્રણ અનુષ્ઠાનનો ત્યાગ કરવો જોઇએ એટલે કે આવા ત્રણ અનુષ્ઠાન ન કરવા જોઇએ 'એ ત્રિક તજીએ' પદથી જણાવે છે અને 'દ્વિક ભજીએ' એ પદથી તદ્હેતુ-અનુષ્ઠાન અને અમૃતઅનુષ્ઠાન આ બે અનુષ્ઠાન કરવા જોઇએ એ જણાવે છે.

આ રીતનો અર્થ ઉત્તરાધ્યાયન સૂત્ર અને તેના પરની વૃત્તિ–ટીકા રચનારા આપ્ત પુરૂષોના 'તત્ત્યાગતો વિષયાભિલાષિણોઽપિ ધર્મે એવ યતિતવ્યમ્' આવા પાઠોનો કરવામાં આવે તો પૂર્વાપર કોઈ શાસ્ત્ર કે સૂત્રનો વિરોધ ન આવે.

પરન્તુ વિષય–ભોગ–અર્થ–કામને મેળવવા પણ ધર્મમાં પ્રયત્ન કરવો જોઇએ એવો અર્થ પૂ આ. દે. શ્રી ભુવનભાનુ સૂ. મ. સા. અને પં. શ્રી અભયશેખર વિ.મ. કરવા માંગતાં હોય તો એમને યોગ બિન્દુ ગ્રન્થની સાથે મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ.ના 'ત્રિક તજીએ દ્વિક ભજીએ' એ પાઠની સાથે વિરોધ આવવાનોજ. કેમકે યોગ બિન્દુ ગ્રન્થમાં આ લોકના અર્થ–કામ–વિષયભોગો મેળવવા માટે કરાતા ધર્મને વિષાનુષ્ઠાન અને પરલોકના અર્થ–કામ–વિષયભોગો મેળવવા માટે કરાતા ધર્મને ગરલ અનુષ્ઠાન તરીકે જણાવીને એવા ધર્મને ભૂંડો જણાવ્યો છે અને એથી જ એ ધર્મ બલવદનિષ્ઠાનુબંધી (મોટા અનર્થને કરનાર) હોવાના કારણે મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ. 'ત્રિક તજીએ' એમ કહી એવા ધર્મને અકર્તવ્ય તરીકે જણાવે છે.

ઉત્તરાધ્યયન સૂત્રના વૃત્તિકાર મહાપુરૂષોને જેમ મોક્ષ માટે ધર્મ કરાવવો ઇષ્ટ છે તેમ વિષયભોગ માટેની અભિલાષાથી ધર્મ કરાવવો ઈષ્ટ હોત તો જે લખાણ એઓશ્રીએ પોતાની વૃત્તિઓમાં કર્યું છે તેને બદલે 'વિષયાભિલાષેણાઽપિ ધર્મે એવ યતિતવ્યમ્' એવો સ્પષ્ટ નિર્દેશ કરત પણ એમ ન કરતા 'તત્ત્યાગતો વિષયાભિલાષિણઽપિ ધર્મે એવ યતિતવ્યમ્' આવો નિર્દેશ કર્યો છે એથી એ નિશ્ચિત થાય છે કે એ આપ્ત મહાપુરૂષોને લોકોની વિષયાભિલાષા પુષ્ટ કરવી ન હતી. પણ વિષયાભિલાષીઓને પણ વિષય ભોગોનો ત્યાગ કરાવી ધર્મમાં પ્રવૃત્તિ કરાવવા દ્વારા એમની વિષય ભોગોને મેળવવાની-ભોગવવાની અભિલાષાને પ્રશમ કરવાનો જ આશય હતો એથી કરીને જે અર્થ ભાવનાજ્ઞાન સુધી પહોંચીને કરવામાં આવ્યો છે એવોજ અર્થ વૃત્તિકારોના પાઠનો છે અને તેજ અર્થ પ. પૂ. આ. મ. શ્રી રામચંદ્ર સૂ. મ. સા. માનતા હતા અને એમનો વર્ગ પણ માને છે અને એ રીતે કરીને એઓ આપ્ત પુરૂષોની આપ્તતાને ચાર ચાંદ લગાડવાનું અનુપમ કામ કરનારા છે.

જ્યારે પૂ. આ. દે. શ્રી ભુવનભાનુ સૂ. મ. તથા તેમનો વર્ગ અર્થકામાભિલાષિણાઽપિ ધર્મે એવ યતિતવ્યમ્' આવો પાઠ ઉત્તરાધ્યયન સૂત્રની વૃત્તિઓમાં ન હોવા છતાં ક્યાંકથી ઉપસ્થિત કરી એ પાઠનો 'અર્થ કામ માટે પણ ધર્મ થઇ શકે' આવો અર્થ ઉપજાવી કાઢતા હોય તો તેઓ એ આપ્તપુરૂષોની આપ્તતાને કલંકિત કરે છે.

પંચાશક પ્રકરણ ગ્રન્થમાં પણ પૃષ્ટ ૧૩૩ ગાથા ૧૨૦ તેની ટીકામાં 'કુશલં–શુભં ન તુ ભવહેતુપદાર્થ પ્રાર્થનાદિવદ શુભં પ્રણિધાનં–પ્રાર્થનાગર્ભમેકાગ્રયં કર્તવ્યમ્' દ્રવ્ય પૂજા કર્યા બાદ ચૈત્યવન્દન કર્યા પછી ભવનિર્વેદાદિ કેટલાક પદાર્થોની માંગણી જેમાં છે એવા 'જ્યવીયરાયસૂત્ર' બોલવા રુપ પ્રણિધાન કરવું જોઇએ આવુ પ્રણિધાન કુશલ

એટલે કે શુભ છે. પરન્તુ ભવહેતુ પદાર્થોની પ્રાર્થનાદિની માફક અશુભ નથી. આમાંથી આ પણ અર્થ સ્પષ્ટ રીતે જણાય છે કે ભવહેતુ પદાર્થોની માંગણી આદિ રૂપ પ્રાર્થના અશુભ છે.

ભવહેતુ – સંસારવૃદ્ધિના કારણ અર્થ અને કામ છે વિષયભોગો છે એની માંગણી શ્રી અરિહંત પરમાત્મા પાસે કરવી કે એના માટે ભક્તિ આદિ રૂપ ધર્મ કરવો એ અશુભ છે. એટલે એવો ધર્મ ભુંડો છે બલવદનિષ્ટાનુબંધી છે અને એવો ધર્મ અરેબર અકર્તવ્ય છે આ રીતે આવા અનેકાનેક પાઠોના આધારે પ. પૂ. આ. ભ. શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ. સા. તથા તેમનો વર્ગ અર્થ કામ કે વિષયભોગો મેળવવાની અભિલાષાથી કરાતા ધર્મને ભૂંડો રીબાવી રીબાવીને મારનારો બલવદનિષ્ઠાનુબંધી અને અકર્તવ્ય તરીકે માનનારો છે ગમે તે ધર્મને કે ગમે તેવા ધર્મને ભુંડો આદિ માનનારો નથી અર્થ અને કામ ભવહેતુ– સંસારવૃદ્ધિનું કારણ છે એ વાતની રજુઆત કલિકાલ સર્વજ્ઞ આ. ભ. શ્રી હેમચંદ્ર સૂ. મ. સા. ભગવાન મહાવીરદેવની અંતિમ દેશનાના સારનું વર્ણન કરતા–

"कामार्थौ तत्र जन्मिनां अर्थभूतौ नामधेयादनर्थौ परमार्थतः"

જગતમાં જે ચાર પુરૂષાર્થ છે તેમાં અર્થ અને કામ એ બે પુરૂષાર્થો તો નામ માત્રથી જ પુરૂષાર્થો છે અર્થ અને કામ માત્રથી નામથી અર્થભૂત છે પણ પરમાર્થથી પરિણામથી તો જીવોને માટે તે અનર્થ ભૂત છે. અર્થ અને કામને અનર્થ ભૂત કહીને તેની ભવહેતુતા અત્રે બતાવવામાં આવી છે. અર્થ અને કામ આ લોકમાં પણ રોગ–મરણાદિના અનર્થને પેદા કરનાર છે તથા પરિણામે પરલોકમાં પણ નરકાદિ દુર્ગતિઓમાં દુરન્તકાલ સુધીના દુઃખો આપનારા છે.

જુદા જુદા શાસ્ત્રોમાં દેખીતી રીતે એક સરખા પાઠો દેખાતા હોય તો પણ શાસ્ત્ર પરિકર્મિત મતિવાળા ગીતાર્થ મહાપુરૂષો શ્રુતજ્ઞાનનું જ અવલંબન લઇ એ પાઠોનો અર્થ કરી એને જ વળગી રહેતા નથી પરન્તુ ચિંતાજ્ઞાન દ્વારા ભાવનાજ્ઞાન સુધી પહોંચી દરેક પાઠો કયા સંદર્ભમાં કહેવાયા છે અને એનો વાસ્તવિક અર્થ શું થાય છે એની જાણકારી મેળવે છે. ઉત્તરાધ્યયન સૂત્ર વૃત્તિઓના "तत्त्यागतो विषयाभिलाषिणोऽपि धर्मे एव यतितव्यम्" એવા પાઠો વિષયાભિલાષી– વિષયના વિરાગી કે મોક્ષાભિલાષી જીવોને આ ભવમાં મળેલા વિષયોના ત્યાગ કરાવી ધર્મમાં પ્રવૃત્તિ કરાવવાના સંદર્ભમાં છે ન કે વિષયભોગોને મેળવવા માટે ધર્મમાં પ્રવૃત્તિ કરાવવાના સંદર્ભમાં છે.

તેવી રીતે ઉપમિતિ ભવ પ્રપંચા કથા ગ્રન્થમાં "અર્થકામૌ હિ વાંછતામપિ પુરુષાણાં ન ધર્મવ્યતિરેકેણ સમ્પદ્યતે, ધર્મવતાં પુનરતર્કિતૌ સ્વતઃ એવોપનમેતે અતો અર્થકામાર્થિભિઃ પુરુષૈઃ પરમાર્થતો ધર્મ એવ ઉપાદાતું યુક્તઃ તસ્માત્ સ એવ પ્રધાન ઇતિ" એ પ્રમાણે પુસ્તક પૃષ્ઠ ૪૨ પરનો પાઠ ધર્મની પ્રધાનતા બતાવવાના સંદર્ભમાં છે.

અર્થ–કામને વાંછનારા એવા પણ પુરૂષોને અર્થ–કામ ધર્મ વગર મળતા નથી અને ધર્મવાળાઓને કલ્પના પણ ન હોય ને પોતાની મેળે પ્રાપ્ત થઈ જાય છે એથી અર્થ કામ જેને જોઈતા હોય તે પુરૂષોએ પરમાર્થથી એટલે કે વાસ્તવિક રીતે ધર્મનુ જ ઉપાદાન કરવું યુક્ત છે. અહિ "એવ" શબ્દ દ્વારા ઉપમિતિકાર એ જણાવવા માંગે છે કે પાપનું ઉપાદાન કરવુ યુક્ત નથી. પાપ કરવાથી અર્થ–કામ નથી મળતા પણ ધર્મ કરવાથી જ અર્થ–કામ મળે છે માટે ધર્મ એજ પ્રધાન છે. અહિં પણ "અતો અર્થકામાર્થિભિઃ પુરૂષૈઃ પરમાર્થતો ધર્મ એવ ઉપાયાનું યુક્તઃ" આ રીતના પાઠથી અર્થ કામ જેને જોઇતા હોય એવા માણસને પણ ધર્મ જ કરવો પડે પણ પાપ કરે તે બરોબર નથી એવો જ અર્થ કરવો ઉચિત છે કેમકે અહિ ગ્રન્થકારને ધર્મની પ્રધાનતા બતાવવી છે પરન્તુ અર્થકામ માટે ધર્મ કરાવવો ઈષ્ટ નથી એનું કારણ એ છે કે અન્ય ગ્રન્થોમાં અર્થ કામ માટે કરેલા ધર્મને વિષ અને ગરલ અનુષ્ઠાન કહીને અકર્તવ્ય તરીકે કહ્યો છે-

પ્રશ્ન : ન્યાયસિદ્ધાન્તમુક્તાવલી ગ્રન્થના ભાષાન્તરમાં ૧૯૦ માં પાના પર પાંચમા ફકરામાં પં. શ્રી અભયશેખર વિ. મ. જે લખાણ કર્યું છે એના પરથી આશંકા થાય છે કે પરિકર્મિત બુદ્ધિ કોની ? પ. પૂ. આ. ભ. શ્રી રામચંદ્રસૂ. મ. સા.ની કે પં. શ્રી અભયશેખર વિ. તથા પ. પૂ. આ. દે. શ્રી ભુવનભાનુ સૂ. મ. સા. ની ? તો આ આશંકાનું સમાધાન જણાવશો.

ઉત્તર : કયો ધર્મ અને કોનો ધર્મ બલવદનિષ્ટાનુબંધી (પરિણામે ભયંકર દુઃખ લાવનાર) અને અકર્તવ્ય છે અને કયો અને કોનો ધર્મ બલવદનિષ્ઠાનનુબંધી (પરિણામે દુઃખ ન આપનાર) અને કર્તવ્ય છે એની જેને જાણકારી નથી અને જેઓ ઉત્તરાધ્યયનસૂત્ર વૃત્તિઓમાં જે પાઠ નથી એવા કોઇક ઠેકાણેથી ઉઠાવીને લીધેલા અથવા પોતાના ભેજાની પૈદાશમાંથી ઉપસ્થિત કરેલા અને ઉત્તરાધ્યયનસૂત્ર વૃત્તિના નામે લોકોને ઉન્માર્ગે દોરવા માટે રજુ કરેલા "અર્થકામાભિલાષણોઽપિ ધર્મે એવ યતિતવ્યમ્" એ પ્રમાણેના પાઠ દ્વારા પ. પૂ. આ. ભ. શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ. સા. જે નથી

માનતા તેની રજુઆત કરી તેઓશ્રીને શાસ્ત્ર વિરૂદ્ધ પ્રરૂપણા કરનારા કે ઉત્સૂત્રભાષી તરીકે બદનામ કરવાની મનોવૃત્તિ ધરાવનારા પં. શ્રી અભયશેખર વિ. કે પ. પૂ. આ. દે. શ્રી ભુવનભાનુ સૂ. મ. સા.ને શાસ્ત્ર કે ન્યાયથી પરિકર્મિત બુદ્ધિવાળા તરીકે માનવા કોણ તૈયાર થાય ? પોતાને અને પોતાના પરમગુરૂદેવ આ. દે. શ્રી ભુવનભાનુ સૂ. મ. ને પરિકર્મિત બુદ્ધિવાળા માનવાના મદમાં પ. પૂ. આ. દે. શ્રી રામચંદ્ર સૂ. મ. કે તેમના વર્ગને પરોક્ષ રીતે એટલે કે આડકતરી રીતે અપરિકર્મિત બુદ્ધિવાળા તરીકે સિદ્ધ કરવા મથનારા પં. શ્રી અભશેખર વિ. એ જ પહેલા શ્રુતજ્ઞાનમાં અટવાયા વગર ચિંતાજ્ઞાનનો સહારો લઈ ભાવનાજ્ઞાન સુધી પહોંચી શાસ્ત્રોના પાઠોનો (ગમે તેવા બુદ્ધિથી ઉપજાવી કાઢેલા નહી) અર્થ કરવો જોઇએ તો જ એ પાઠોનો સાચો અર્થ કરવા દ્વારા શાસ્ત્રોને ન્યાય આપનારા બની શકવાના. નહિતર અનુચિત એવા સૂચિત અર્થ કાઢી ખોટી રીતે ખંડન કરવા દ્વારા શાસ્ત્રોની આશાતના કરવાની સાથે પ. પૂ. આ. ભ. શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ. સા. જેવા અનેકાનેક મહ પુરૂષોની અને પૂર્વાચાર્યોની આશાતનાના ભાગીદાર બનવાનું પાપ પણ લમણે ચોંટવાનું જ એવું. ન બને એટલા માટે શ્રુતજ્ઞાન ચિંતાજ્ઞાન અને ભાવનાજ્ઞાન આ ત્રણેનું અવલંબન લઈ બુદ્ધિને શાસ્ત્ર પરિકર્મિત બનાવી શાસ્ત્રપાઠોના સાચા અર્થ કરવા જોઇએ અને એમ કરવામાં જ સ્વ-પરનું સાચુ શ્રેય છે !

— પ્રેમપ્રિય

પ્રભુ ! દૂર કરો અંધારું —પૂ. મુ. શ્રી મોક્ષરતિવિજયજી મ

હે પ્રભુ ! ઓડિયન્સની અપેક્ષા વિના આંબાની ડાળે બેસીને એકલું. એકલી મનમૂકીને ટહુકતી કોયલ જેવા મારે થવું છે, દેરાસરમાં હોઉં ત્યારે !

હે પ્રભુ ! રૂપ તો અનેરાં જોયાં, પણ તારું રૂપ એટલે તારું રૂપ ! સ્પર્શ પણ ઘણેરા માણ્યા, પણ તારો સ્પર્શ એટલે તારો સ્પર્શ ! સ્નેહ તો જોકે, બહું ઓછાએ આપ્યો છે મને. પણ એમાંય તારો સ્નેહ એટલે તારો સ્નેહ !

હે પ્રભુ ! મને સ્મરણશક્તિ આપ, દેરાસરમાં તારી સાથે કરેલી વિરાગ અને ત્યાગની વાતો મને ઘરમાં, રસોડામાં અને દુકાનમાં બધે જ ઠેકાણે બરાબર યાદ રહે !

હે પ્રભુ ! કેટકેટલી મથામણ કરી છૂટયો છું હું. હવે હું આ ભાર એક ક્ષણ પણ ઊંચકી શકું એમ નથી, હવે તો પ્રભુ, તું જ આવ અને મારાં તમામ મહોરાં એક ઝાટકે બધાની વચ્ચે જ ઉતારી દે.

દેવદ્રવ્યના રૂપિયે બનાવેલ દેવવિમાન જેવું દેરાસર

સ્વદ્રવ્યથી નિર્મિત કરેલું કહેવાય ?

જ્ઞાનદ્રવ્યના રૂપિયે સડેલા વિચારોથી વાસિત કોઇપણ

મહારાજશ્રીના પુસ્તકો છપાવાય ?

—સમીર શાહ–મુંબઇ

થોડા દિવસો પહેલાં મુક્તિદૂતનો અંક હાથમાં આવ્યો, એના ટાઇટલ ત્રણ નંબરના પેજ પર 'દેવદ્રવ્ય અને જ્ઞાનદ્રવ્ય માટે અરજીપગઠ'ની જાહેરાત આવી છે. તેમાં ભારતભરના જૈનસંઘોને તેમણે નમ્ર નિવેદન કરતાં દેવદ્રવ્યની અને જ્ઞાનદ્રવ્યની જૈન સંઘો પાસે માગણી મૂકી છે.

દેવદ્રવ્યની માગણી કરતાં જણાવ્યું છે કે સંપૂર્ણ લાભ શ્રાદ્ધવર્ય મહેન્દ્રભાઇ ત્રિકમલાલ શાહે લીધો છે. હવે તે જિનાલયને દેવવિમાન તુલ્ય બનાવવાનું કાર્ય ચાલુ છે. અને તેમાં સાઇઠ લાખ રૂપિયાનો ખર્ચ થનાર છે. તે માટે દાન ૬૦ લાખ રૂ. જોઇએ છે.

વાત એમ છે કે એક બાજુ લખે છે કે–દેરાસરનો સંપૂર્ણ લાભ મહેન્દ્રભાઇએ લીધો છે તો પછી બરોબર તો જેવું જિનાલય બનાવ્યું હોય તેવું જિનાલય તે વ્યક્તિએ જ બનાવીને આપવું જોઇએ. તો જ તેઓને સંપૂર્ણ જિનાલય નિર્માણનો લાભ મળ્યો કહેવાય. અને જો સાઇઠ લાખ રૂપિયા દેવદ્રવ્યના જે તે સંઘો પાસેથી મેળવીને ઉમેરવાના હોય અને મહેન્દ્રભાઇએ દસ–વીસ કે પચીસ લાખ રૂા. આપીને પોતાનું નામ લખાવાનું હોય તો કેટલું ઉચિત કહેવાય ? કારણ કે દેરાસરજીનો બરોબરો ઓપ દેવવિમાન જેવું બનશે તે તો દેવદ્રવ્યના રૂપિયાથી થશે. હવે જો એ દેરાસર ઉપર નિર્માણ કરનાર તરીકે મહેન્દ્રભાઇનું નામ લાગે તો તેઓ દેવદ્રવ્યના રૂપિયે વ્યક્તિગત માન મેળવનાર તરીકે ગણાય. આ કેટલું ઉચિત છે ? તે પં. ચંદ્રશેખરવિ. મ. સા. વિચારવું જોઇએ.

ભૂતકાળની અંદર જેઓના મંદિરો પોતાના નામથી ઓળખાય છે તે તમામ પોતાના સ્વદ્રવ્યથી બનાવેલા છે. રાણકપુરનું દેવવિમાન જેવું જિનાલય ધરણાશાહે પોતાના દ્રવ્યથી બનાવેલ છે. આબુ–દેલવાડાના જિનાલયો મંત્રીશ્વર તેજપાળ–વસ્તુપાળ બંધુબેલડીએ સ્વદ્રવ્યથી બનાવેલ છે, તારંગાજીનું ભવ્ય જિનાલય કુમારપાળ મ.એ

પોતાના ખર્ચે બનાવેલ છે, મોતીશા શેઠ વગેરેની પાલીતાણાની ટુંકો જે તે ભાગ્યશાળીઓએ પોતાના જ સંપૂર્ણ દ્રવ્યથી બનાવેલ છે. માટે આ જિનાલયો પોતાના નામથી ઓળખાય તે બરાબર છે પણ અન્ય દેવદ્રવ્યથી નિર્માણ પામતા કે દેવદ્રવ્યના આંશિક ઉપયોગથી પણ નિર્માણ પામેલા મંદિરોને કોઇ વ્યક્તિ પોતાનું મંદિર કહી શકે નહિ. પોતાનું નામ નિર્માણ કરનાર તરીકે ઓળખાવી શકે નહિ. અને મહેન્દ્રભાઇ ત્રિકમલાલ શાહને આ ઘડીએ વિનંતી પણ કરીએ કે તપોવનના સંચાલકો તો આજે રૂપિયા મેળવવા ગમે તે કક્ષાએ નીચે ઉતરી જશે. પાંચ કરોડના તપોવનનું નામ પચીસ લાખ રૂા. આપનારને નામે બનાવી દેશે. પણ દાતા તરીકે આપને સ્વિકારવું કે નહિ તે ખાસ વિચાર કરશો. બાકી સો બસો વરસ પછીના લોકો દેવદ્રવ્યના રૂપિયે દેવવિમાન જેવું બનાવેલ દેરાસરને મહેન્દ્રભાઇના સ્વદ્રવ્યે બનાવેલ જિનાલય તરીકે ઓળખશે. તો તે બધા દોષના ભાગીદાર મહેન્દ્રભાઇ ગણાશે.

બીજી માગણી છે જ્ઞાનદ્રવ્યની ! અને તે પણ પ્રાચિન શાસ્ત્રોના પુનરૂદ્ધાર માટે નહિ, પણ પં. ચંદ્રશેખર વિ. મ. સા.ના પુસ્તકો પ્રકાશિત કરવા માટે ? અને તે પણ માત્ર સાધુ–સાધ્વીજી કે જ્ઞાનભંડારો માટે જ નહિં, સમસ્ત પ્રજાને વાચવા માટે ! અને તે પણ પડતર મૂલ્યે વેચવા માટે નહિ, પણ ૧૫ થી ૨૫ ટકા નફો રળવા માટે ! હદ થઇ જાય છે ને ! આનાથી તો હવે નીચે ઉતરવું હોય તો પણ નીચે ઉતરવા માટેની બાકી હોય જ નહિ. છેલ્લી લીમીટ–મર્યાદા–હદ આવી ગઇ છે !

શાસ્ત્રકારોએ ધર્માદાદ્રવ્યને વ્યાજે લેવાની જૈનો માટે સખ્ત ના ફરમાવી છે જૈનોથી દેવદ્રવ્ય કે જ્ઞાનદ્રવ્ય કે વૈયાવચ્ચ દ્રવ્ય વ્યાજે લેવાય નહિ. કારણ કે તેનું વ્યાજ ટકો કે બે ટકા ગણીને આપે પણ નફો વધારે થતો હોય તો એ વધારાના રૂપિયા જે તે દ્રવ્યથી કમાયા હોઇ તે કમાણી અંગત ઉપયોગમાં કઇ રીતે લઇ શકાય ?

જ્યારે કમલ પ્રકાશન ટ્રસ્ટ કે જે પં. ચંદ્રશેખર વિ. મ. સા.ના પુસ્તકો પ્રકાશિત કરે છે તેઓની જૈનસંઘ પાસે ૫૦ થી ૬૦ લાખ રૂા. ની જ્ઞાનખાતાની રકમની માગણી મૂકી છે. અને તેનું ટકો વ્યાજ જ્ઞાનખાતે આપવાની વાત જણાવી છે. અને ૨૫ ટકા સંસ્થા નફો કરી પુસ્તકો વેચે છે ? ત્યારે ખરેખર આ રીતની તેમની માંગણી વ્યાજબી છે ? સંઘોથી આ પ્રવૃતિ માટે પૈસા આપી શકાય ?

એમણે પૈસા મેળવતા અપીલ કરતા આગળ લખ્યું છે કે–આમ પણ રકમ બેંકમાં નકામી પડી રહે છે. એનો અમો શ્રેષ્ઠ ઉપયોગ કરીશું !' આ ઉપયોગ શ્રેષ્ઠ કહેવાય ? બેંકમાં રકમ ખરેખર રાખવાની જરૂરત જ શી છે ? દેવદ્રવ્યના રૂપિયા બેંકમાં પડી

રાખવાના બદલે હજારો જિનમંદિરો જિર્ણોદ્ધાર માગે છે તેમાં ખર્ચી નાખવા જોઇએ. જેથી બીજા પાંચસો હજાર વરસ સુધી મંદિરો દેવવિમાન જેવા ટકી રહે, અને ખરેખર જો જિનમંદિરોનો જિર્ણોદ્ધારનો અંદાજ કરાય તો દેવદ્રવ્યની રકમ પણ ઘટે તેમ છે. ત્યારે ફાજલ બેંકોમાં મૂકી રાખતા ટ્રસ્ટીઓને સમજાવવા જોઇએ કે–આવા અમૂલ્યધનને તો યોગ્ય જિનમંદિરોમાં વાપરી દેવું જોઇએ.

તે જ રીતે હજારો જીર્ણશિર્ણ થઇ ગયેલી હસ્તલિખીત પ્રતોનો પણ જ્ઞાનદ્રવ્યથી જિર્ણોદ્ધાર કરવો જોઇએ. ભૂતકાળમાં સચવાયેલા શાસ્ત્રો જ આજે ઉપયોગમાં આવે છે તે રીતે આજે સચવાયેલા શાસ્ત્રો ભવિષ્યકાળમાં અતિ ઉપયોગી બનશે. માટે આપણા મહાપુરૂષોના રચેલા અનેક ગ્રંથોને ફરી ફરીને હસ્તલિખીત કરવા માટે લહીયાઓને બેસાડીને આ કાર્ય કરાવવું જોઇએ. તો જ્ઞાનદ્રવ્યનો એક રૂપિયો પણ બચે નહિ. પછી બેંકોમાં મૂકવાની વાત જ ક્યાં આવે ?

પં. ચંદ્રશેખર વિ. મ. સા.ના પુસ્તકો જો જ્ઞાનખાતામાંથી (લોન લઇને વ્યાજ ભરીને પણ !) છપાવાનું શરૂ થશે તો ઘણી ગંભીર ભૂલ થશે. તેઓના એક પણ પુસ્તકમાં જિનાજ્ઞા–ગર્ભિત વાતો આવતી જ નથી માત્ર રાજકારણ ને સંસ્કૃતિની વાતોને પોતાના વિચારોનો મરોડ જ આપવામાં આવે છે. બધી બુકસમાં એકની એક જ વાતો નો સાર આવતો હોય છે. આ બધી બુકો કદાચ લોકોને આજના સંદર્ભે કેટલીક ઉપયોગી પણ હશે ! પણ પચાસ વરસ પછી આ પુસ્તકો એ કાળના સંદર્ભમાં જરા પણ ઉપયોગી હશે ખરા ? જ્યારે આપણા મહાપુરૂષોએ રચેલ આગમો આઠે પંચાંગી તો ૨૧ હજાર વરસ સુધી એક સરખી ઉપયોગી છે. તો જ્ઞાનદ્રવ્યનો ઉપયોગ શામાં કરાય ?

પંન્યાસજીના પુસ્તકોમાં અનેક વિરોધાભાષી વાતો છપાતી હોય છે. એક જગ્યાએ માઇકનો કટ્ટર વિરોધ કરતા વિચારો છપાયા હોય તો બીજા પુસ્તકમાં વડીલો રજા આપે તો માઇક વાપરવાના વિચારોના લાભાલાભ પણ બતાવ્યા હોય ! એક પુસ્તકમાં દેવ-દ્રવ્ય તો શું પણ ધર્માદાના કોઇપણ ક્ષેત્રનું દ્રવ્ય ભૂલથી પણ ન વાપરવાનું લખ્યું હોય તો બીજા કોઇ પુસ્તકમાં ધર્માદાદ્રવ્ય તો શું પણ દેવદ્રવ્ય ને પણ છુટથી પૂજા–આંગી કેસર–સુખડ બધામાં છુટથી વાપરવાનું લખ્યું હોય ! કોઇમાં ગુરૂપૂજનની બોલી દેવદ્રવ્યમાં જ જવી જોઇએ (નહિતર સાધુને આશંકિત થઇ જાય) તેવું લખ્યું હોય તો કોઇમાં ગુરૂપૂજન વૈયાવચ્ચમાં લઇ જવાનું ઢોલ પીટ્યું હોય. (ત્યારે પાછી આશંકિતવાળો તેમનો જ જવાબ તેમની સામે સવાલ તરીકે ખડો થાય ! ત્યારે પાછો એમનો જવાબ

તૈયાર જ હોય કે આશંકિત તો સાધુ સાવચેત ન રહે તો આવા ઉપરે થઈ જાય! એટલે શું આવાથી સાધુને દૂર રહેવું તેવો જવાબ.)

છેલ્લા મુદ્રિતદ્વતમાં તો સાધુને માતૃ આદિ પરવઠતા ધર્મની લઘુતા થતી હોય તો સંડાશ બાથરૂમ વાપરે તો ઓછો દોષ છે આવું લખીને ભયંકર વિરાધનાનો માર્ગ બતાવે છે તેને બદલે વિરાધના વિના જીવાય નહિ તે તે સ્થાનમાં રહેવું નહિ તેવી હિતની વાત કરતા નથી.

આમ અનેક બાબતે વિરોધાભાષી ધરાવતા પુસ્તકોને છાપવા જ્ઞાનદ્રવ્યને ઉપયોગમાં લેવું તે કેટલે અંશે યોગ્ય છે?

અને સંસ્થા કબુલ કરે છે કે ૧૫ થી ૨૫ ટકા નફો થાય છે. તો જ્ઞાનદ્રવ્યના રૂપિયે પુસ્તકો છાપવાના–તેને વેચવાના અને તેમાંથી ૨૫ ટકા નફો કરાય અને તેમાંથી એક ટકો જ્ઞાનખાતે જમા કરાવાય તેવું તો લુચ્ચો વેપારી પણ ન કરે! કેમ આવા આવા વિચારોના તુક્કા આવે છે તે જ સમજાતું નથી.

આ અંગે અન્ય સમુદાયના સાધુઓ પણ પોતાના વિચારો પ્રગટ કરે તે જરૂરી છે. શાસન હૈયે વસેલું હોય તેવા તમામ શ્રાવક–સાધુ આદિ શક્તિશાળીઓએ આ પ્રવૃત્તિની ભયાનકતા સમજી કોઈ પણ હિસાબે તેમને આ પ્રવૃત્તિમાંથી પાછા વાળવા જોઇએ તેવું લાગે છે.

શાસન સમાચાર : ઉદયપુર (રાજસ્થાન)માં ભવ્ય દીક્ષા મહોત્સવ

પૂ. મરુધરદેશે સદ્ધર્મ સંરક્ષક આ.દેવ શ્રીમદ્ વિ. કમલરત્ન સૂ. મ. સા. પાલનપુરથી ઉગ્રવિહાર કરી પધારેલ અને માગ.સુદ ૧ તા. ૧–૧૨–૯૭ ને સૂરજપોલથી માલદાસગલી જૈન ઉપાશ્રયમાં ભવ્ય–પ્રવેશ થયેલ. માગ. સુદ ૨–૩ તા. ૨–૧૨–૯૭ના દિવસે દીક્ષાર્થીની વોનોલી નીકળેલ. માગ. સુદ ૪ દિ. ૩–૧૨–૯૭ ને સવારે દીક્ષાર્થીને ઘરે ગુરૂભગવંતોનું પદાર્પણ વ્યાખ્યાન તથા વર્ષીદાનનો વરઘોડો નીકળેલ. વર્ષીદાનના વરઘોડામાં રાજસ્થાન પુલિસ બેંડ તથા હાથી પણ બોલાવવામાં આવેલ. બપોરે આજે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન થયેલ. સાંજે દીક્ષાર્થીનો મેલાવડો થયેલ. માગ. સુદ ૫ તા. ૪–૧૨–૯૭ ને સવારે ૮ વાગે દીક્ષાર્થી ક્રિયા તથા બાલમુનિશ્રી રવિરત્ન વિ.ની વડી દીક્ષાની ક્રિયા પ્રારંભ થયેલ. બોલિયો અભૂતપૂર્વ થઇ. આશાબેનનું નામ સાધ્વીજી અક્ષયરૂચિતાશ્રીજી રાખવામાં આવેલ. તથા ગુરૂણીનું નામ સા. ગુપ્તિરત્નાશ્રીજી રાખેલ. બાલમુનિ રવિરત્ન વિ.નું નામ વડીદીક્ષામાં મુ. શ્રી રત્નેશરત્નવિ. મ. રાખવામાં આવેલ.

મહાભારતનાં પ્રસંગો

[પ્રકરણ-૧૯] —શ્રી રાજુભાઇ પંડિત

આ ભરતાર્ધની વિજયી અસિધારા છે, નાથ !

ભરતાર્ધનો ધણી આજે પોતાની પત્ની દમયંતી સાથે માત્ર આબરૂ ઢાંકવા પૂરતા જ પોતાની પાસે બાકી રહેલા એક-એક વસ્ત્રને પહેરીને કરૂણ રૂદન કરતી દમયંતી સાથે રથમાં બેસીને કોશલાનગરીના સીમાડાથી દૂર જઇ રહ્યો હતો.

નલ રાજાએ હવે કરૂણ વિલપતી દમયંતીને પૂછ્યું- જવાના સ્થાનને નક્કિ કરીને જ બુદ્ધિમાનો પ્રવૃત્તિ કરે છે. કહો દેવિ ! હવે ક્યાં જઇશું ?

તીક્ષ્ણ બુદ્ધિવાળી દમયંતીએ કહ્યું- કુંડિનપુર તરફ જઇએ, ચાલો નાથ ! ત્યાં મારા પિતા છે તેમના અતિથિ બની તેમના ઉપર અનુગ્રહ કરો.

નલરાજે કહ્યું- સારથિ ! રથને કુંડિનપુર તરફ હંકાર.

અને રથ કુંડિનપુર તરફ જવા લાગ્યો. એક સમય હતો કુંડિનપુરથી સૈન્ય-સામંત-માણસ સાથે આ જ રસ્તે વસ્ત્રાલંકારોથી દેદીપ્યમાન દમયંતી નળરાજા સાથે કોશલા નગરીએ આવી હતી. આજે વસ્ત્રાલંકાના તો શું માત્ર આબરૂના ઢાંકણને ઓઢીને એક વસ્ત્ર સાથે નળ-દમયંતી કોશલાથી કુંડિનપુર તરફ જઇ રહ્યા હતા. એક વખતનો ભરતાર્ધનો ધણી દમયંતીના શણગારને પણ સાચવી ના શકયો. લોઢાની તલવારથી સંગ્રામો ખેડીને વિજયી બનેલો ભરતાર્ધનો ધણી એક નાની એવી લાકડાની સોગઠીથી જિંદગીથી બાજી હારી ચૂકયો હતો. શરીર ઉપરનુ એક શ્વેત વસ્ત્ર વીતેલા વૈભવના દિવસોને નજર સામે જ લાવ્યા કરતું હતુ અને એ વૈભવી યાદ નળ-દમયંતીના દિલને બેચેન બનાવ્યા કરતી હતી. રથ ભલે કુંડિલપુરની દિશા તરફ આગળ જતો હતો પણ નળ-દમયંતીના મન કોશલાના વૈભવી ભૂતકાળ તરફ પાછા ફર્યા હતા.

આગળ જતાં એક ભયાનક જંગલ આવ્યુ. હિંસક પ્રાણીઓની ગર્જના-ત્રાડ-ચિંઘાડ-ભુકાર-ફૂંફાટથી જંગલ ભેંકાર બન્યુ હતુ. આવા પણ અરણ્યમાં નલરાજાનો રથ આગળ વધ્યો અને થોડા જ આગળ જતાં યમના દૂતો જેવા ભયાનક-બિહામણા એક યૂથે આવીને નલના રથને ચારે બાજુથી ઘેરી લીધો. નળરાજાએ જોયું તો કેટલાંક ભીલો ધનુષ ઉપર બાણ ચડાવીને ઉભા હતા, કેટલાંક શિંગડું વગાડતા હતા.

કેટલાંક ઢારૂપાન કરીને નાચતા હતા, કેટલાંક ભયાનક અવાજ કરતા હતા તો કેટલાક તો બાણો વરસાવી રહ્યા હતા. અને કેટલાંક મલ્લની જેમ બાહુસ્ફોટ કરી રહ્યા હતા.

ચારે બાજુથી કુતરાથી હાથીની જેમ ઘેરાઇ ગયેલા નળે તરત જ રથમાંથી ઉતરીને કોશમાંથી (મ્યાનમાંથી) તલવાર ખેંચી કાઢી અને ઘુમાવા માંડી. આ જ ક્ષણે દમયંતી પણ રથને છોડીને તરત નળની પાછળ દોડી અને હાથથી નલને પકડી રાખીને કહ્યું-"આ ભરતાર્ધની (વિજય અપાવનારી) તલવાર છે સ્વામિન્ ! આ શક્તિ-હીન સસલા જેવાઓ સામે આ ભરતાર્ધની વિજયી તલવારને ખેંચી કાઢીને, તાણીને તલવારને શરમાવો નહિ. આ સસલાઓ આ તલવારને લાયક નથી નાથ ! આ સસલા જેવા શક્તિહીન ઉપર આ મહામૂલી તલવાર ન ચલાવાય સ્વામિન્ ?" આટલું કહીને દમંતીએ વારવાર હોંકારા પાડવા માંડ્યા હુંકારના શબ્દો બધા ભીલોના કાનમાં તીક્ષ્ણ લોઢાની સોયની જેમ ભોંકાયા. અને કરેક ભીલો ત્યાંથી જીવ બચવતા ભાગી છૂટ્યા. ભાગી રહેલા તેમની પાછળ નળ-દમયંતી પડ્યા. અને પોતાના રથથી ઘણા દૂર નીકળી જતાં આ બાજુ બીજા ભીલો આ રથને લઇને ભાગી છૂટ્યા. ભાગ્ય પરવારે ત્યારે પુરૂષાર્થ પણ કામ ન આપે. છેલ્લે છેલ્લે બાકી હતુ તો રથ પણ લૂંટાઇ ગયો.

હવે નળ દમયંતીનો હાથ પકડીને ભયંકર અટવીમાં ભમવા લાગ્યો. નળે-દમ-યંતીને પાણી ગ્રહણના પ્રસંગને યાદ કરાવ્યો. દેવિ ! આ રસ્તેથી આપણે રથમાં બેસીને નિર્ભય પણે તમારા ઘરેથી મારા ઘરે આવતા હતા. અને આજે ભયભીત દશામાં મારા ઘરેથી તમારા ઘર તરફ પગે ચાલતા જઇ રહ્યા છીએ.

ચાલતા ચાલતા વગડાના તીક્ષ્ણ કાંટાઓ વૈદર્ભિ=દમયંતીના પગને વિધિ નાખતા તેમાંથી છૂટતી રુધિરની ધારાથી વૈદર્ભિના લોહી રંગ્યા પગલા પૃથ્વી ઉપર પડવા લાગ્યા. તરત જ નલે પોતાના વસ્ત્રને ફાડી નાંખીને દમયંતીના સુકોમળ ચરણોમાં બાંધ્યા. એક સમય ભોગોના ભૂતકાળમાં દમયંતીના મસ્તકે પટ્ટબંધ કરનારો હતો. આજનો સમય લોહીની નીકળતી પીડા શમાવવા પગમાં વસ્ત્ર બંધાવતો હતો.

જ્યાં રત્નજડિત વીંજણા નિરંતર વીંઝાતા હતા તે દમયંતીને આજે વૃક્ષનીચે બેસાડીને તાલવૃંત તથા વસ્ત્રના પાલવથી નળ વીંઝણા નાંખી રહ્યો હતો.

કમળ પત્રોના પાંદડાના બીડા બનાવીને જલ્દીથી જળ લઇને આવીને નળ પિંજરાની તરસી સારિકાની જેમ દમયંતીને પાણી પાતો હતો.

દુઃખની સહન ન થઇ શકતી વેદના વૈદર્ભિએ પૂછ્યુ– હવે કેટલી અટવી પસાર કરવાની છે ? મારૂ હૃદય તો અહીં જ ચિરાઇ જવાને કંપી રહ્યું છે.

નલે કહ્યું– દેવિ ! આ અટવી તો પૂરા સો યોજન લાંબી છે અને આપણે તો હજુ પાંચ યોજન જ આવ્યા છીએ. ધીરજ ધરો દેવિ !

આ વાત ચાલી રહી છે ત્યાં જ સૂર્ય અસ્ત થયો.

અશોક વૃક્ષના (આસો પાલવના) પાંદડા એકઠા કરીને તેને ડીટા વગરના બનાવીને નલરાજાએ એક પથારી તૈયાર કરી. અને દમયંતીને કહ્યું– દેવિ ! નિદ્રા કરવાનો આ સમય છે. દુઃખને વિસારી દે તેવી સખી જેવી આ નિદ્રા છે. ચાલો, ઉઠો આ પર્ણશય્યાને અલંકૃત કરો. અને શાંતિથી સૂઇ જાવ.

દમયંતીએ કહ્યું– નાથ ! અહીં ગાયોના ભાંભરવાના અવાજ સંભળાય છે. બાજુમાં ગામ હોવું જોઇએ. ચાલો ત્યાં જઇને શાંતિથી નિર્ભિકપણે રાત્રિ પસાર કરીએ.

નલે કહ્યું– તે ગામ નથી, પણ તાપસોનો આશ્રમ છે દેવિ ! જેનો ઉદય અશુભ છે તેવા મિથ્યાત્વી તાપસોનો સંપર્ક આપણને ઉચિત નથી. તાપસોની સંગતિથી સમ્યકત્વનો નાશ થાય છે દેવિ ! સમ્યકત્વનો વિનાશ વેરી નાંખતા તાપસના આશ્રમની શય્યા કરતા વન–જંગલની આ પર્ણશય્યા શું ખોટી છે ? દેવિ ! જ્યાં માત્ર પ્રાણ ભંગનો જ ભય છે પણ સમ્યકત્વ ભંગનો ભય નથી. તેથી દેવિ ! અહીં જ સુખેથી સૂઇ જાવ. તે આશ્રમ તરફ મન ના કરો. હું દ્વારપાળની જેમ તમારો પ્રતિહારી બની જાગતો રહીશ. આમ કહી પર્ણશય્યા ઉપર પોતાનું અર્ધ વસ્ત્ર પાથરતા પાથરતા નલને પ્રિયા દમયંતીની તે ભવ્ય રૂ–રેશમ-મસૂરની સુંવાળી શય્યાઓ સાંભરી આવી વજ્ર કઠોર મન કરી આંસુને ખાળી રાખીને નલે દમયંતીને કહ્યું– દેવિ ! જેવી તેવી પણ આ મારી શય્યા છે. તેમાં તમે સુખેથી સૂઈ જાવ ડર રાખશો નહિ.'

અરિહંતને વંદના કરીને અને નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરીને દમયંતી પર્ણ શય્યા ઉપર સૂઇ ગઇ.

❋ પવિત્રતા કયારે ? ❋

વપુઃ પવિત્રીકુરૂ તીર્થયાત્રયા, ચિત્તં પવિત્રીકુરૂ ધર્મવાંછયા ।
વિત્તં પવિત્રીકુરૂ પાત્રદાનતઃ કુલં પવિત્રીકુરૂ સચ્ચરિત્રતઃ ॥

તીર્થયાત્રા વડે શરીરને, ધર્મની અભિલાષાથી ચિત્તને, સુપાત્રદાનથી વિત્ત–ધનને અને સદ્ આચરણથી કુલને પવિત્ર કરવું જોઇએ.

બોધકથા :—

લોભને થોભ નહિ

—પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

'અદ્દપસંસારી જે નર હોય, ભવ્ય જીવનું લક્ષણ જોય;
મુક્તિતણી અભિલાષા કરે, તે નર લોભપણું પરિહરે.
લોભ લાગ્યાં લક્ષણ જાય, અતિ લોભે નર દુઃખીયો થાય,
ચાર પુરૂષની સુણજો વાત, અતિલોભીનો કહું અવદાત.'

(શ્રી ઋષભકવિકૃત શ્રી કુમારપાળ રાજાના રાસમાંથી)

લોભી આત્માઓની હાલત કેવી ભૂંડી થાય છે. તે અંગે ચાર પુરૂષની કથા સુપ્રસિદ્ધ છે. એક ગામમાં ચાર પુરૂષો રહેતા હતા. ધન મેળવવા સાથે મળીને પરદેશ જવા નીકળ્યા. માર્ગમાં અતિ તૃષાતુ બન્યા. તૃષા છીપાવવા પાણીની શોધમાં આમ તેમ ચારે બાજુ ભટકવા લાગ્યા. તેવામાં તેમણે એક વાલ્મિક જોયા અને તેની આસપાસ બીજા ચાર શિખરો જોયા. તેમાંથી શું નીકળે છે તે જોવા પહેલું શિખર ફોડયું તો તેમાંથી નિર્મલ પાણી નીકળ્યું. જે પીને ચારેએ પોતાની તરસ છીપાવી. પછી લોભમાં આવી બીજું શિખર ફોડયું તો તેમાંથી સોનાની ખાણ નીકળી. તેમાં પણ સંતોષ ન માનતા ત્રીજું શિખર ફોડયું તો તેમાંથી રત્નોની ખાણ નીકળી. તેથી લોભમાં આંધળા બની બેકાબુ બની. ચોથું શિખર તોડવાની તૈયારી કરવા લાગ્યા. ત્યારે તેમાંનો એક શાણો હતો તે કહે કે—

'ભાઇઓ ! અતિલોભ પાપનું મૂળ છે, લોભને થોભ હોતો નથી. અતિતૃષ્ણામાં મજા નથી. આપણને જરૂર કરતાં પણ વધારે સુવર્ણ અને રત્નો મળ્યા છે તો વધુ લોભી બની આ ચોથાને ફોડવાનું કામ નથી. સંતોષ તૃપ્તિ રાખો. સંતોષી નર સદા સુખી કહ્યો છે, તો મારી આ વાતને માનો.'

તે વખતે લોભાંધ બનેલા તે ત્રણે એક થઇને કહે કે, 'તારા અભિપ્રાયની અમારે જરૂર નથી. તારે ધનની જરૂર ન હોય તો તું તારા રસ્તે પડ. પણ અમે તો ચોથું શિખર ફોડવાના જ છીએ.' આ વાત ત્યાંના વનદેવતાએ સાંભળી તેથી સાચી સલાહ આપનાર ચોથા મિત્રને તરત જ તેના ઇષ્ટ સ્થાને મૂકી દીધો. પેલા ત્રણેએ અતિલોભની પરિણતિથી ચોથું શિખર ફોડયું તો તેમાંથી મહાવિકરાળ ભયંકર વિષધર નીકળ્યો અને તેની દૃષ્ટિથી તે ત્રણે બળીને ભસ્મ થઇ અતિ લોભના પરિણામે નરક-ગતિમાં ગયા. માટે લોભને આધીન નહિ બનવા ભલામણ. જેથી આત્માની દુર્ગતિ ન થાય.

* ખોટું ન લગાડતા હો ને! *

—શ્રી ભદ્રંભદ્ર

"હે ભિખારીઓ! અમારે ત્યાં ખાવા માટે દીક્ષા અપાય છે, ચાલો."

હું બહારથી ઘર તરફ પાછો ફરી રહ્યો હતો. મને વાંચવાનો શોખ છે ખરો. મેં એક વાક્ય વાંચ્યું. (જો કે અહીં લખ્યું કે નહિ તેની મથામણ છે. પણ વાક્ય ભૂલાઈ જશે તો એમ માનીને લખી નાંખુ છું. એક મૂતરડી ઉપર લખેલું કે, 'અહીં આવીને ભલભલા મૂતરી જાય છે.' હું આ વાક્યના ભાવનાજ્ઞાન– એના પર્યાર્થ–રહસ્ય સુધી જવા પ્રયત્ન કરવા લાગ્યો. અને મને રહસ્ય સ્ફોટ થયો કે ઘણીવાર ડરી જવાના કારણે આવું થઇ જતું હોય છે પણ મૂતરડી જેવા સ્થળે આ વાક્યને કંઇ સંબંધ બેસતો ન હતો છતાં કોઇ ટીખળખોરે એ વાક્ય રચયિતાના આશયનું ખૂન કરીને ક્યાંનુ વાક્ય કેવા સ્થળે જોડી દીધું તે જાણી મને હસવું આવ્યું. દુનિયામાં ગજબ લોકો છે પછી તો હું આ જ વાક્યના રહસ્યાર્થના ચિંતનમાં ખોવાયો. તો મને ભાન થયું કે– 'સાલુ આપણે ત્યાં જૈનશાસનમાં પણ પેલા ટીખળખોરોની જેમ ક્યાંનું વાક્ય ક્યાંનું ક્યાં જોડી દેનારા ફળદ્રુપ ભેજાઓ કેટલા બધા છે.' આ તત્વ ચિંતનમાં ઘર આવી ગયું. ત્યાં મારી વાટ જોતો મારો પેલો શાસ્ત્રીય મિત્ર બેઠો જ હતો. હું ઘેર આવ્યો ન હતો ત્યાં સુધી તેણે તેના મનમાં મને પૂછવા માટેની પ્રશ્નોની હારમાળા ગોઠવી રાખીને મનઃ પ્રસન્નતા મેળવી હતી તે હવે હું મળતા તેને પ્રશ્નો પૂછતાં 'આ પૂછું કે નહિ? આવું ક્યાં પૂછવું? આને નહિ આવડતું હોય તો?' આવી કલ્પનાઓથી તે બિચારો વ્યાકુળ બની ચૂક્યો હતો. મેં જ તેને કહ્યું 'જો મજા ઇન્તજાર મેં હૈ વો મિલન મેં નહિ.' આ સાંભળતાં જ મિત્રના મનની વાત મને સમજાઇ ગઇ તેવું મિત્રને લાગી આવ્યું.

તેણે કહ્યું– ભદ્રંભદ્ર! તમને સંસ્કૃત આવડે છે?

મેં કીધું– આવડવું જોઇએ. પણ હું શીખ્યો નથી છતાં પૂછોને તમ તમારે ગમે તે ભાષાનો પ્રશ્ન.

મિત્રે કહ્યું– મારા એક સંબંધી મિત્ર એમ મને સાંભળાવી ગયા કે– 'અર્થકામાભિલાષિણાડપિ ધર્મે એવ યતિતવ્યમ્ એટલે કે અર્થ કામની અભિલાષાવાળા વડે પણ ધર્મમાં જ પ્રયત્ન કરવો જોઇએ. આવો અર્થકામની ઇચ્છાથી ધર્મ કરવાનો શાસ્ત્રપાઠ છે તો તમે કેમ માનતા નથી? અરે! નૈયાયિકોના કોઇ મુક્તાવલી જેવા ગ્રંથના પણ

તેણે તો મને ફટફટ પાઠો સાંભળાવ્યા. હું તો સંસ્કૃતથી ડરી ગયેા. હવે શું થશે ? ભદ્રંભદ્ર ! આપણા 'મોક્ષ માટે જ ધર્મ કરાય' એ સિદ્ધાંત સામે આ તો ખતરનાક-કરપીણ-ઘાતકી આક્રમણ કહેવાય.

મેં મિત્રને પૂછયું– તેં શું કીધું ?

મિત્ર કહે– હું તો બાઘાની જેમ સાંભળી ગયેા.

મેં કીધું– પણ તારે કહેવું તો હતું કે ચાલો તમને ભદ્રંભદ્ર પાંચ સંસ્કૃતના જાણકાર પાસે લઇ જઉ.

મિત્ર કહે– તમે સંસ્કૃત તો જાણતા નથી.

મેં કીધું– ભલા મા'ણ ! એ સંસ્કૃતની વાત કરવા માટે ત્યાં જ આપણે એને કહેત કે– ભાઇ ! ભેંસ આગળ ભાગવત નેા વાંચેા.

મિત્ર કહે– તો આપણે ભેંસ ના ગણાઇએ ?

મેં કીધું– અરે ડોબા ! આપણે તેા ભેંસ જ કહેવાઇએ પણ ઇ ભેંસ આગળ ભાગવત વાંચનાર ડોબેા કેવેા કહેવાય ? હવે પાછા ફરી આવે ત્યારે એમનેા તું મારી પાસે લઇ આવજે. અને એણે કંઇ તને આપ્યું છે ?

મિત્રે મને તેનું 'ન્યાય સિદ્ધાંત મુકતાવલી' નામનું ફરફરીયુ બતાવ્યું. હું ફફડયેા. અરે ! આ તો ચેાર સંસ્કૃત અને એમાંય પાછેા ન્યાય. અરે ! બાપ. હું કયાં આ ઝંઝાળમાં ફસાણેા. હવે મારા અજ્ઞાનનું પ્રગટીકરણ થવાની ઘડીએા જ ગણાતી હતી. મને તો તાત્કાલિક કંઇ સમજાયું જ નહિ. એટલે મિત્ર પાસે મારૂ અજ્ઞાન પ્રગટ કરવું ય ઉચિત ન લાગતા મેં કીધું હવે છે ને એ તારા મિત્રને લઇને જ આજે. આમાં તને કંઇ હજમણ નહિ પડે. અમે બે ય હમજી લઇશું. પણ તું ડરીશ નહિ. આપણે જાણી લઇએ કે ઈ શું કહેવા માંગે છે ? એ કેવેાક હોંશિયાર છે તે પણ જાણી લઇએ. ઈ આપણી જેવા આગળ ડોબા જેવેા સંસ્કૃત ભાષાની વાતેા કેમ કરે છે ?

મિત્ર કહે– સારૂ. આવશે ત્યારે ચેાક્કસ લઇને આવીશ.

મને થયું હાશ ! ઝંઝાળમાંથી હમણાં તેા છૂટયેા. આગે દેખા જાયેગા. અરે ડરનેઠા કયા.

બીજા જ દિવસે મારેા મિત્ર તેા પેલા અર્થકામના અભિલાષા વાળાને લઇ આવ્યેા. પડછંદ કાયા શરીર. મેં મનમાં કીધું માર્યા. હવે તેા ચેાક્કસ મુશ્કેલી આ વશે. જીવરામ

ભટ્ટની જેન ખોટે ખોટુ મિથ્યાભિમાન કર્યા કરવાથી થતી અવદશા તરફ વારંવાર મારૂં મન જવા લાગ્યું.

ત્ય. તો પડછંદ કાય બોલ્યા– કયેાં સંસ્કૃત આતા હૈ ?

આ પ્રશ્નથી મારી રહી સહી હિંમત પરસેવો બનીને વહી જવા લાગી. મેં કીધું શું લેશેા, ચા, દૂધ, કેાફી ?

પડછંદ કાય કહે– કુછ નહિ. મેં તો ચર્ચા કરને આયા હું. મેરે સવાલેાકા જવાબ દેા

મેં કીધું– તુમને તેા મને એક જ સવાલ પૂછા હૈ. તેા 'સવાલેા' શબ્દ કેમ વાપરતે હેા.

પેલાએ ભૂલ સ્વીકારી. હવે મારામાં થેાડી ગરમી આવી. છતાં ય સાવચેતીના પગલા રૂપે તેને ચાની શરમમાં નાંખવા કીધું લેાને ચા, ચલેગા.

પેલા કહે– અચ્છા તુમ બહેાત કહેતે હેા તેા ચાય લે લૂંગા. મૈં ભી સંસ્કૃત પઢા નહિ હું મુજે પેાપટકી તરહ યહ સંસ્કૃતકા પાઠ પઢાયા ગયા હૈ.

હવે મને વિજયની વરમાળા મારા ગળા તરફ આવવાની પાકી ખાત્રી થઇ. મેં પૂછયુ યાર ! પહેલે તુમકેા વેા લેાગેાએ જે સમજાવ્યા હે તે મને સમજાવેા.

તે બેાલવા લાગ્યા– 'આમ તેા સંસારના સુખેા માટે ધર્મ ન જ કરાય મેાક્ષ માટે જ કરાય, અને મેાક્ષ માટે કરાતા ધર્મ સમયે અર્થકામની અભિલાષા કર્મના ઉદયથી થઇ હેાય તેા તેની માંગણી ભગવાન આગળ કરાય પણ તે અર્થ–કામમાં લહેર કરવા માટે નહિ પણ મેાક્ષ માટે કરાતા ધર્મમાં ચિત્ત મગ્ન બનાવવા માટે' આવું મેાક્ષ માટે ધર્મ કરવાનું કહેનર લેાકેાનું તદ્દન સાચું જ છે. પણ અમે એક ઉંધી માન્યતા પકડી લીધી હેાવાથી હવે તે છેાડી નથી શકતા માટે અર્થ–કામની ઇચ્છાથી ધર્મ ન કરાય તેા શું પાપ કરાય આવેા કુતર્ક લગાવ્યા કરીએ છીએ. હવે તેા પકડેલું અમારે છેાડવું તેા નથી પણ સાબિત કરવા માટે શાસ્ત્રપાઠેા શેાધવા છે. ભલેને પછી અમે અધૂરી લીટી લઇએ. તેમ કરીને પણ અમે અમારૂં સાચું સાબિત કરવાની ભાવનાવાળા છીએ. અમે ખેાટા જ રસ્તે છીએ.' જે અર્થકામ છેાડવાનું ભગવાન કહી ગયા છે તેના માટે ધર્મ કરવાનું ભગવાન કદિ કહે ખરાં ? શાસ્ત્રેા પણ ધર્મને જ ઉપાદેય મનાવે છે. અર્થકામને નહિ આટલી સ્પષ્ટ અને સત્ય વાત શાસ્ત્રમાં હેાવા છતાં અમે

હવે અમારી જ પકડેલી ખોટી વાત સિદ્ધ કરવાનો પ્રયત્ન કરવાના.' આવા ભાવનું તેમણે અમને જણાવ્યું છે.

કલ્પના ચિત્રાથી ઉપસાવેલા મિત્રને મેં કહ્યું– તે લોકો તમને આટલું સાચું કહી દે છે, તો તો ખરેખર ધન્યવાદ આપવા ઘટે. પણ તે સાચી વાત જાણ્યા પછી તમે કેમ નથી સ્વીકારતા મિત્રજી? તમે તો હવે તે ચર્ચા બંધ કરો. બીજું કે પોતાની સાચી કે ખોટી વાતને સાબિત કરવા માટે શાસ્ત્રના પાના ફેંદવા તે શાસ્ત્રની આશાતના છે, પોતાના મતાગ્રહની પુષ્ટિ છે. શાસ્ત્ર આ બાબતમાં શું કહે છે? તે રીતે હજી શાસ્ત્ર જોઈ શકાય.

ચડછંદ કાય મિત્રનો હૃદય-પલટો થયો. તેમણે ચર્ચા કરવાનું માંડી વાળ્યું. હવે જિજ્ઞાસાવૃત્તિ આવી હતી. એટલે મેં તેને કહ્યું– જુઓ સદ્ધર્મ પામેલા હે મિત્ર રત્ન! આપણા શાસ્ત્રમાં– 'અર્થ–કામના અભિલાષી વડે ધર્મ કરવા યોગ્ય છે' આવું આવે. પણ 'અર્થ–કામની અભિલાષાથી ધર્મ કરવા યોગ્ય છે' આવું ક્યાંય નહિ આવે. દા. ત. મોક્ષની અભિલાષા વાળી વ્યક્તિને અર્થ-કામની અભિલાષા પણ જાગે અને તે દૂર કરવા માટે ધર્મ કરે. પણ તે અર્થ–કામની અભિલાષાથી ધર્મ ન કરે. પણ ધર્મમાં સ્થિર રહેવા માટે ધર્મ કરે. મોક્ષાર્થીને અર્થકામની અભિલાષા જાગે તે દૂર કરવા અને ધર્મમાં સ્થિર રહેવા માટે ધર્મારાધનથી અર્થ–કામ માંગે તો પણ તેણે અર્થકામ માટે ધર્મ નથી કર્યો પણ ધર્મમાં ચિત્ત સ્થિર કરવા માટે જ ધર્મ કર્યો ગણાય છે. મેં આટલું કીધું કે તરત જ આ નૂતન મિત્રે મને કહ્યું કે– આ તો એવું થયું કે– 'હું મુંબઇ જવા મુંબઈની ગાડીમાં બેઠો અને વચ્ચે આવતા સ્ટેશનો પરથી પસાર થઉ તો પણ મુંબઇ જ જઇ રહ્યો કહેવાઉં.' મેં કીધું– હું પણ એ જ ગાડીમાં બેસી રહેવાનું ક્યાં કે ઉતરી પડો તો મુંબઇ જતા ના ગણાય. તમે મોક્ષ માટે ધર્મ કરો કરાવો એટલે અર્થ–કામ આદિની વાતો વિચારવાની જ નથી રહેતી. અર્થ–કામ પણ આખરે શા માટે માગવાના છે? સંસારમાં મોજ મજા કરવા માટે માગવાના છે? પૂછજો તે લોકોને. કે તમે અર્થ–કામ માટે ધર્મ કરવાનું કહો છો તે સંસારમાં મોજ-મજા મળે માટે કે અમે ધર્મમાં આગળ આવીએ માટે?

મોજ–મજા પડે માટે તો એ લોકો બોલી જ નથી શકવાના અને ધર્મમાં આગળ વધવા માટે કહેતા હોય તો પૂછવાનું કે તો મોક્ષના ઇરાદાથી ધર્મ કરવાનું કહેવામાં તમારું બગડી શું જાય છે? મોક્ષના ઈરાદાથી ધર્મ કરનારને અર્થ–કામની અભિલાષા સંસારમાં રીબાવતી નથી. જ્યારે અર્થ–કામની ઈચ્છાથી ધર્મ કરનારને તે ઇચ્છા

સંસારમાં રૂલાવનારી બને છે. જેમ કે અભવી આત્માઓ સંસારના સુખો માટે ધર્મ કરે છે કે નહિ ? વાસુદેવો–પ્રતિ વાસુદેવો સંસારના સુખો માટે ધર્મ કરે છે તેના પરિણામો નરક જ આવે છે કે નહિ ? આવું બધું એ લોકોને પૂછતા રહેવું.

પણ...પાછા નૂતન મિત્રે મને ચકાસી જોવા પૂછ્યુ કે– 'અર્થકામાભિલાષિણાપિ ધર્મે એવ યતિતવ્યમ્' આ શાસ્ત્રપાઠ તેમના લખ્યા મુજબ ઉત્તરાધ્યયન જેવા આગમમાં છે તેનું શું ?

મેં કીધું– તમે પાછા સામા પક્ષમાં ભળી ગયા લાગો છો ? તમે હવે કૂટી ગયા લાગો છો આટલું હસતા હસતા કહીને મેં કીધું– આ પરમ પવિત્ર ઉત્તરાધ્યયન નામના આગમગ્રંથમાં પણ 'અર્થ–કામના અભિલાષીએ પણ ધર્મમાં પ્રવર્તવું' એમ જ કહ્યું છે અને તે પોતે પણ લખે છે કે– 'અર્થકામની ઇચ્છા હોય તો પણ ધર્મમાં જ પ્રવર્તવું.' આવું તદ્દન સાચું લખ્યુ છતાં તે એમ કહેવા માંગે છે કે 'અર્થકામની ઇચ્છાથી ધર્મ કરી શકાય છે.' તે તદ્દન ખોટું જ છે અને સાથે સાથે પવિત્ર આગમ-ગ્રંથનું હડહડતું અપમાન છે. આ લીટી તો એમ બતાવે છે કે– અર્થ કામની ઇચ્છા-વાળાને પણ ધર્મ કર્યા વિના છૂટકો નથી. ધર્મ જ આરાધે તો જ ઇષ્ટ પ્રાપ્ત થશે. ખરેખર અહીં 'ધર્મ જ આરાધવો' એ મુખ્ય વાતને તે લોકો અર્થ–કામની વાતને મુખ્ય બનાવવા માટે કચડી રહ્યા છે. અહીં અર્થ–કામની ઇચ્છાથી ધર્મ આરાધવાની વાત છે જ નહિ. પણ અર્થ–કામની ઇચ્છાળાએ પણ ધર્મ વિના ચાલશે જ નહિ તે વાત છે. 'મુંબઇ જવાની ઇચ્છાવાળાએ મુંબઇની ગાડીમાં જ જવું પડશે. આ વાક્યમાં જેમ મુંબઇની ગાડીમાં જ જવાની વાત મુખ્ય છે. પણ મુંબઇ જવાની ઇચ્છા મુખ્ય નથી જ. તેમ ઉત્તરાધ્યયન સૂત્રના પાઠમાં સમજવું.

'ગોચરી વાપરવાની ઇચ્છાવાળાએ પણ દીક્ષા જ લેવી જોઇએ.' આ વાતમાંથી હું અર્થો લખું છું હવે તમે જ સાચુ ખોટું નક્કિ કરજો.

નં. ૧. ગોચરી વાપરવાની ઇચ્છાવાળાએ પણ દીક્ષા વિના છૂટકો જ નથી.

નં. ૨. ગોચરી વાપરવાની ઇચ્છા હોય તો પણ દીક્ષા જ લેવી.

નં. ૩. ગોચરી વાપરવાની ઇચ્છાથી દીક્ષા લેવાય.

આ ત્રણમાંથી અમને તો ત્રીજો અર્થ ખોટો લાગે છે અને આવું જ ઉત્તરાધ્યયન માટે કર્યું છે તેવું લાગે છે. આવું મારા નૂતન મિત્રને બોલતા અટકાવીને મેં કીધું હમણાં નહિ જવાબ પછી આપજો, લેખિત. ક્યાં કોની મુખ્યતા છે તે પણ જણાવજો.

આવું જ અહીં-

(૧) અર્થકામના અભિલાષીએ પણ ધર્મ વિના છૂટકો જ નથી.

(૨) અર્થકામના અભિલાષીએ પણ ધર્મ જ કરવો.

(૩) અર્થકામની અભિલાષાથી ધર્મ કરાય.

અહીં પણ સાચા ખોટાનો નિર્ણય કરજો. જો તમને અહીં નંબર ત્રણ ખોટું લાગે તો તમે સાચા રસ્તે છો તેમ સમજજો અને લોકોને તે વાત સમજાવવાનો પ્રયાસ કરજો.

હું હજી આ વાત કરીને ઉઠું ત્યાં જ એક ભિખારી માંગવા આવ્યો. મને ઉપરનું તત્ત્વ યાદ જ હતું. એટલે મેં કીધું કે ભિખારીઓ ! ચાલો અમારે ત્યાં ખાવા માટે પણ દીક્ષા અપાય છે. તમારી આખી જમાતને બોલાવી લાવજો. જેટલા હશે તે દરેકને દીક્ષા મળશે અને દીક્ષા પછી તો તમને ધૂત્કારનારા અમે જ પ્રેમથી બોલાવશું". આટલું સુંદર પ્રલોભન આપવા છતાં ભિખારીઓ મારે ત્યાં દીક્ષા દેનાર પાસે જવા માટે આવ્યા નથી. તે પણ કદાચ સમજતા હશે કે ખાવા જેવી તુચ્છ વાત માટે દીક્ષા થોડી લેવાતી હશે ? એ પણ જૈનોની દીક્ષા. એ તો હરગીઝ ન બને. દુઃખ ગર્ભિત વૈરાગ્ય-એટલે સંસારમાં પડતા દુઃખોથી કંટાળીને વૈરાગ્ય પામી દીક્ષા લે ત્યારે તે દુઃખ ગર્ભિત વૈરાગ્ય કહેવાય. આ વૈરાગ્યને શાસ્ત્રકારોએ વખોડી નાંખ્યો છે. એ લીટી જ્યારે જ્યારે શાસ્ત્રમાં આવતી હશે ત્યારે ત્યારે તે લોકોની આંખો બંધ થઇ જતી હોવા જોઇએ.

વળી તે વાત જે સાધુ કહેતા હોય તેમને જ પૂછવું કે તમે દીક્ષા અર્થકામની અભિલાષાથી લીધી છે ?

હવે ત્યારે નૂતન મિત્રની પ્રાપ્તિ સાથે એક સભ્યવૃધ્ધિથી સુશોભિત બનેલા ભદ્રંભદ્રકી જય હો.

(પેજ–૫૫૨ નું ચાલુ) લોહચુંબકની જેમ ચોંટી જાય છે જ્યાં આત્મા જાય ત્યાં હેલ્પર બની જાય છે આપણે વ્યવહારના કાર્યોમાં બીજા માટે કેપ છે સગા સ્નેહી માટે જે કાંઇ કરીએ છીએ અસલ તો આપણા માટેજ આપણી જ શોભા માટે કરીએ છીએ જેટલું સારૂં કરીએ એનાથી ડબલ સારૂં આપણને મળે અને તે હકીકત છે તે આત્મા માટે જેટલું કરીએ એનાથી દશગણું મળે છે માટે આત્માને તો જરૂર ઓળખો ને ધર્મ કરણી પણ એવી કરો કે જે આપણા આત્માને ઓળખાવે.

એજ શિવમસ્તુ સર્વજગી :

卐 विवेकः दशमो निधिः । 卐

(गतांकथी चालु) —पू. मुनिराज श्री प्रशान्तदर्शनविजयजी म.

शास्त्रनो केवो दुरुपयोग ?

हवे शोचो के शास्त्रनो पण केवो दुरुपयोग थाय छे ? श्रावके हळ चलावबा ओ धर्मोपदेश के पापोपदेश ? 'आणंद कामदेव चालीस चालीस हजार गायो राखता तो तमे बे चार राखो तेमां शो वांधो ?' आवुं साधुथी बोलाय ? आ बधी वात जेने न रुचती होय ते अहीं ज बोलजो. बोलवानी कोईने पण छूट छे. जे पूछशो तेनो जवाब आपवा हुं तमारी सामे जीवतो जागतो बेठो छुं. तेम छतां बहार जईने बोलो तो ते ठीक नहि कहेवाय. अहीं ऊलटी करशो तो रुमाल आडो धरीश. आजु बाजु हांड बगडवा नहिं दउं. हवा खराब नहि थवा दउं अने फरी ऊलटी न थाय ते माटे पडीकी आपीश. बहार ऊलटी करशो तो रस्तो बगाडशो, हवा खराब करशो अने मरकी फेलावशो. साची वात सांभळावबा छतां पोतानी खोटी ऊलटीने बहार करी मरकी फेलावे ओ तो प्लेगना कीडा छे. साधु प्लेगना कीडा नथी.

आणंद कामदेवना जीवनमांथी शुं लेवाय ?

आणंद कामदेवना जीवनमांथी शुं लेवाय ? भगवान महोता मळ्या त्यां सुधी तो ओ परिग्रही हता. परिग्रह वधारे जता हता. पण प्रभु मळ्या. वस्तु स्वरुप समज्या के तरत अंकुश मूकयो. आ तो परिमाण कर्युं ते वखते जे हतुं तेनी संख्या बताबी छे. त्यांथी लेश मात्र आगळ नहि वधबा माटेनी मर्यादा बांधी दीधी. धीमे धीमे ओ ओबा बन्या के श्रावकनी अगीयारे पडिमा वहीं. श्रावक छतां लगभग साधु-जीवन गुजार्युं. रात्रे पौषधमां आखी रात कायोत्सर्गमां रहीं देवोना उपसर्ग पण सह्या, अवधिज्ञान पाम्या, आराधना करीने देवलोकमां गया. त्यांथी च्यवी मनुष्य थईने मुक्तिमां जशे. आ बधो प्रताप ते परिग्रहनो के भगवान पासे लीधेली विरतिनो ?'

उपसंहार :

टीकाकार जणावे छे के विवेकहीन अंध छे. मिथ्यात्व, अविरति, कषाय, प्रमाद अने अशुभ योग ओ भयंकर अंधकार छे. ओ अंधकारमांथी बहार काढी प्रकाशमां लाववा माटे आ शासन छे. ओ विषयमां ग्रंथकार हजी पण विशेष शुं फरमावे छे ते हवे पछी...

તથા વિ. સં. ૧૯૮૬ના માગસર સુદ ૮, સોમવાર, તા. ૯–૧૨–૧૯૨૯ના રોજ મુંબઇ, લાલબાગ મુકામે આપેલ **'શ્રી આચારાંગ–ધૂતાધ્યયન–૧૨૯**માંથી શ્રી જિનવાણી વર્ષ ૨૧ અંક ૨૩–૨૪ પૃ. ૨૭૬માં પણ જે સ્પષ્ટીકરણ કર્યું તે ય જોઇએ.

'ઋષભદેવ ભગવાન એમના કલ્પ મુજબ વર્તે છે' :

ભગવાન શ્રી ઋષભદેવ સ્વામીએ પૂર્વાવસ્થામાં બધું કર્યું પણ પછી કેવળજ્ઞાન પામી જનતા સામે ધર્મ મૂકયો ત્યારે સર્વ સાવદ્ય યોગના પચ્ચકખાણનો અમલ પૂરો કે અધૂરો ? **આજે તો ફાવતી વાત લેવી એ માન્યતા થઇ છે. એને લઇને શ્રી જિનેશ્વરદેવનું સ્વરૂપ પમાતું નથી.** પહેલા તીર્થંકરનો કલ્પ પણ કળી શકતા નથી. પહેલા તીર્થંકર કઇ રીતે વર્તે તે જોવાની દૃષ્ટિ એમની પાસે નથી. **ઋ**ષભદેવસ્વામી આ અવસર્પિણીના પહેલા તીર્થંકર. એ થયા ત્યારે જનતાની સ્થિતિ કઇ હતી ? શું ખાવું, શું પીવું, શું કરવું એ કાંઇ લોકો જાણતા ન હતા. એ વખતે ભગવાન એમના કલ્પ મુજબ વર્તે છે, તો પણ એ બધાને શ્રી હેમચંદ્રસૂ. મહારાજ સર્વસાવદ્ય કહે છે. એ જીવન જો પાપવાળું ન હોત તો, નિરવદ્ય હોત તો સર્વ સાવદ્યયોગનું પચ્ચકખાણ ભગવાન શું કામ કરત ? એ પચ્ચકખાણ કર્યું ત્યારથી પાપ તો કબુલ્યું ને ? પચ્ચકખાણ પછીની કાર્યવાહી વિચારવાની કે નહિ ? એમાં કમીના ન રાખી તો કેવળજ્ઞાન પામ્યા, ધર્મ સ્થાપ્યો અને એના સંચાલન માટે ત્યાગીને નીમ્યા. **સર્વસાવદ્યના ત્યાગથી હવે પૂર્વની કાંઇપણ પ્રવૃત્તિની અનુમોદના પણ ન થાય અનુમોદનાથી કરવું કરાવવું પણ આવી જાય છે.'**

❀ ❀ ❀

સર્વવિરતિ ધર્મનો સ્વીકાર કરનાર આત્માથી શું વિહિત છે અને શું અવિહિત છે તે બાબત પણ જે માર્ગદર્શન આપ્યું છે, સ્પષ્ટતા કરી છે તે ય પ્રસંગ આવ્યો તો જોઇએ.

'****સમ્યકચારિત્રના ધરનારથી 'પ્રાણાતિપાત' આદિ એકપણ પાપક્રિયાનો વિચારથી, ઉચ્ચારથી કે આચારથી ને કરવાથી, કરાવવાથી કે અનુમોદવાથી સ્વીકાર થઇ શકે જ નહિ. એટલું જ નહિ પણ જે આત્મા જીવનભર સંપૂર્ણપણે સમ્યકચારિત્રનું પાલન કરવા ઇચ્છે તે આત્માએ **એક એક પાપ ક્રિયાના ત્યાગમાં** અને એક એક શુભક્રિયાના સેવનમાં **અપ્રમત્તપણે પ્રયત્નશીલ બનવું જોઇએ.** તેનાથી એમ ન જ કહેવાય કે–**'પાપક્રિયાનો અમે ત્યાગ કર્યો છે, પણ જેઓએ ત્યાગ નથી કર્યો તેઓને તેવી ક્રિયાઓ કરવાની સલાહ અગર તો તેવી ક્રિયાઓ કરવામાં**

સહાય આપવામાં કે તેવી પાપક્રિયાઓ કરનારની પ્રશંસા કરવામાં હરકત શી ? પરન્તુ આ કહેવું અને કરવું ગેરવ્યાજબી છે. કારણ કે– એમ કરવામાં તો **સમ્યકચારિત્રનું પાલન નથી થતું** પણ ઉલટી **વિરાધના જ થાય છે.** આથી કર્મના સંચયને ખાલી કરનાર સમ્યકચારિત્રનું પાલન કરવા ઇચ્છનારે, **દુનિયાદારીની સઘળી આળપંપાળોથી અલગ જ રહેવું જોઇએ. દુનિયાદારીની એકપણ પ્રવૃત્તિ આ સર્વોત્તમ ચારિત્રના ધરનાર માટે અનુમોદ્ય પણ નથી, તો ઉપદેશ્ય તો હોય જ શાની ?** પણ લોકહેરીમાં પડેલા પામરો ખરે જ, આ બધી વસ્તુઓનો વિચાર કરવાની દરકાર કર્યા વિના જ, મળી ગયેલી ઉત્તમોત્તમ વસ્તુઓને. એક તુચ્છ માનપાનની ખાતર હારી જઇને, પોતાના આત્માને અનંત-કાલના ચક્રમાં ધકેલી દે છે.

અને આથી જ એકવાર પૂજ્યકોટિમાં ગણાતા આત્માઓ, દીન અને દયાપાત્ર બની જાય છે તથા પોતાની જાતને એવી પરાધીન બનાવી દે છે કે– જેઓને ઉપદેશ આપવાની લાયકાત પોતે ધરાવતા તેઓનો ઉપદેશ સાંભળવાની અને તેને આધીન થવાની દશામાં પોતે જ મૂકાઇ જાય છે અને એ કારણે તે ખોટી વાહવાહની ખાતર પામર બની ગયેલા આત્માઓની દશા ધોબીના કુતરા જેવી થાય છે.

(ચૈત્ર શુકલા નવમી, વીર સં. ૨૪૫૬ તારીખ–૭ એપ્રીલ સને ૧૯૩૦ : સોમ નવપદ દર્શન પુસ્તકમાંથી, વ્યાખ્યાન–ત્રીજું)

'નવપદ દર્શન' પુસ્તકના સાતમાં વ્યાખ્યાનમાં ચૈત્ર શુકલા ચતુર્દશી, વીર સં. ૨૪૫૬, તારીખ–૧૨ : એપ્રીલ સને ૧૯૩૦ શનિ ના પ્રવચનમાં પણ સાધુથી કેવો ઉપદેશ થાય અને કેવો ન થાય તે પણ જોઇએ

"ના પહુ કુણહ પસાયં, કિંપિ ઉવાયં કહેહ મહ પઇણો ।
જેણેસં દુકૃવાહી, જાઇ ખયં લોઅવાયં ચ ।। ૩ ।।"

હે પ્રભો ! આપ કૃપા કરો અને કોઇપણ ઉપાય કહો, કે જેથી મારા પતિના આ દુષ્ટ વ્યાધિનો અને લોકવાદનો ક્ષય થાય.

વિચારો કે–શ્રીમતી મદનાસુંદરી શું શું અને કેવું કેવું કહે છે ? શ્રીમતી મયણાસુન્દરી કહે કે–**'પિતા નારાજ થયા, રાજ્ય મૂકવું પડયું, સુખસંપત્તિને છોડવી પડી અને કોઢીયો પતિ મળ્યો, એ બધાનું મને જરાપણ દુઃખ નથી, પણ આ કાર્યવાહીના પરિણામે મિથ્યાદૃષ્ટિ લોકો શ્રી જિનેશ્વરદેવના**

ધર્મને નિંદે છે અને મિથ્યાધર્મને વખાણે છે, એ દુઃખ મને મોટું થાય છે. હે સ્વામિન્ ! આપ કૃપા કરો અને એવો ઉપાય મને કહો કે જેથી, મારા પતિનો આ કુષ્ટ વ્યાધિ નાશ પામે અને ધર્મની નિંદા સમેટાય: એટલે કે-આવી જાતિના લોકાપવાદનો ક્ષય થાય ! કોઢીયાનો કોઢ જાય તો જ નિંદા સમેટાય એ વાત કહેવામાં વાંધો નથી, કેમકે-અજ્ઞાન લોક એ વિના સમજે શી રીતે ? શ્રીમતી મયણાસુંદરીને પોતાને, શ્રી જિનેશ્વરદેવના શાસનમાં અખંડ શ્રદ્ધા છે, એટલે માતા, પિતા કે રાજ્યનો ત્યાગ કરવો પડયો એથી કે કોઢીયા પતિ મળવાથી, એ વિદુષીને જરાય દુઃખ લાગતું નથી. દુઃખ માત્ર ધર્મની નિંદાનું જ જ થાય છે અને એથી જ એણે ગુરૂદેવ પાસે માગણી કરી અને એ માગણીમાં પણ હેતુ શુધ્ધ જ છે. તે છતાં ગુરૂદેવ કહે છે એ જ જોવાનું છે !

આમે તેવો ધર્મી શ્રાવક પણ આખર તો સંસારી જ ને ? સારું બોલી જાણે પણ અંતે કોણ ? સ્થળ અને સંયોગની અસર આત્મા ઉપર થયા વિના માગ્યે જ રહે. હેતુ શુધ્ધ છે, જરા પણ લોકોત્તર મિથ્યાત્વ ન લાગે એવી કાળજીપૂર્વક જ શ્રીમતી મયણાસુંદરી બોલી છે, છતાં પણ ગુરુદેવ સાધુધર્મનું સ્વરૂપ કેવી રીતે વર્ણવે છે અને કહેવા યોગ્ય કહેવા છતાં કયાં સ્વરૂપે કહે છે, તે ખાસ ધ્યાનમાં રાખવ જેવું છે. આજે એવી વાત ચાલે છે કે- 'ગુરૂ પાસે મયણાસુંદરીએ રોગ મટાડવાની માગણી કરી, ગુરુએ સાંભળી અને ઔષધિ આપી. વગેરે' પણ ગુરૂદેવ તો એ વાતને પ્રથમ જ ઇન્કાર કરે છે. આજના એવી જાતિના લોકો, મુદ્દાની વાતને કાં તે ભૂલે છે અને કાં તો છૂપાવે છે. શ્રીમતી મયણાસુંદરીની માગણી અશુધ્ધ નથી, પણ જે રીતે થવી જોઇએ તે રીતે થઇ છે : તે છતાં પણ ગુરુનો ધર્મ છે કે-બરાબર ખુલાસા-પૂર્વક જ વસ્તુને આપે. સુયોગ્ય સાંભળનાર કાંઇ ઊંધું લઈ બેસે નહિ. તે માટે દેશનાદાતા ગુરૂ ધ્યાન આપે જ. ગુરુ અહીંયા કાંઇ પણ બતાવતાં પહેલા ખુલાસો કરે છે કે-

"પભણેઇ ગુરૂ ભદ્દે ! સાહૂણં ન કપ્પએ હુ સાવજ્જં
કહિઉં કિંપિ તિગિચ્છં, વિજ્જં મંતં ચ તંતં ચ ॥ ૯ ॥

' હે ભદ્રે ! સાધુઓનો કોઇ પણ સાવદ્ય એટલે કે- સદોષ વસ્તુ કહેવી કલ્પે જ નહિ : જેમકે- ચિકિત્સા, વિદ્યા, મન્ત્ર અને તન્ત્ર !,

આ કથનદ્વારા પરમ ઉપકારી શ્રી જિનેશ્વરદેવના શાસનના પરમ જ્ઞાતા 'શ્રી મુનિચંદ્ર' નામના ગુરુદેવ સાફ સાફ ફરમાવે છે કે- 'સાધુઓ માટે કંઇ પણ સાવદ્ય કહેવું એ કોઇ પણ રીતિએ કલ્પે નહિ અને 'ચિકિત્સા એટલે વૈદ્યક, વિદ્યા મંત્ર

અને તંત્ર'–આ બધી વસ્તુઓ પાપરૂપ જ છે, માટે એનો ઉપદેશ કરવો, એ પાપનો જ ઉપદેશ કરવા બરાબર છે. આથી સ્પષ્ટ જ છે કે–જે આત્માઓને શ્રી જિનેશ્વરદેવે પ્રણીત કરેલી સાધુતાનો અપ હોય, તે આત્માએ ચિકિત્સા, વિદ્યા, મંત્ર અને તંત્ર આદિ સાવદ્ય એટલે પાપવાળી વસ્તુઓનો ઉપદેશ કરી લોકપ્રિય બનવાના લોભનો પરિત્યાગ કરી, પ્રભુપ્રણીત સાધુતાના સેવનમાં જ રક્ત બનવું જોઈએ.

આખર, ચિકિત્સા પણ પાપ જ છે. ચિકિત્સા પામીને પણ ગૃહસ્થ શું કરે વારુ ? ગમે તેવા ગૃહસ્થને પણ શાસ્ત્રે, તપાવેલા લોઢાના ગોળાની જ ઉપમા આપી છે. શ્રી જિનેશ્વરદેવનું પૂજન કરનાર, એ તારકની આજ્ઞાને કલ્યાણકર માનનાર અને બાર વ્રતને ધારણ કરનાર એવા પણ તપાવેલા લોઢાના ગોળાની ગણનામાં આવી જાય. કારણ કે–તે જ્યાં જાય ત્યાં જીવોની વિરાધના તો એના કપાળે લખાયેલી જ છે ને ? છકાયની વિરાધના વિના તો એ જીવતો જ નથી. અને એ જ કારણે બારવ્રતધારીનો ધર્મ પણ, મુનિધર્મરૂપ મેરૂ પાસે સરસવ જેટલો જ કહ્યો છે. ગૃહસ્થને ઉપમામાં પણ ગોળા કહ્યા, કેમકે ચપટા તો સ્થિર રહે અને તેથી એક જ જગ્યાએ રહી શકે અને રહે એટલી જ જમીન બાળે, પણ ગોળા તો બધે જ ગબડે: બાળે નહિ તોયે ડાઘ તો લગાડે જ: છેવટે કાળું તો કરે જ. આથી સર્વ પાપવ્યાપારના ત્યાગી માટે ચિકિત્સા પણ વર્જ્ય છે. પોતાથી સાવદ્ય ન થાય અને બીજાને–'ચિકિત્સા, વિદ્યા, મંત્ર, તંત્ર'–વગેરે જે સાવદ્ય છે તે કહેવું પણ ન કલ્પે. વિદ્યામાં અર્થકામને પુષ્ટ કરનારી તમામ વિદ્યા આવી જાય.

શ્રીમતી મયણાસુંદરી જેવી પરમ શ્રાવિકા પાસે આટલો ખુલાસો કરવાનું કારણ ? જો કોઇ અજ્ઞાન હોત તો તો ઠીક, પણ આવી વિદુષી તત્ત્વજ્ઞાતા શ્રાવિકા પાસે આવો ખુલાસો ગુરૂને કરવો પડે એનું કારણ શું ? એ જ કે–તેણી ગૃહસ્થ છે. ગુરૂદેવ સમજે છે કે–ગમે તેવા જ્ઞાની ગૃહસ્થને પણ દુનિયાનો વાયરો અડપતાં વાર નથી કરતો. શ્રીમતી મયણાસુંદરી ગમે તેવી પણ કોણ ? ષટકાયની વિરાધનામાં બેઠેલી અને હજી મારા–તારાનાં રાચતી તો ખરી જ ને !' આ મારા પતિ અને હું એની પત્ની'–એ તો છે જ ને ! ઉપકારીઓમાં વસ્તુસ્વરૂપ સમજાવવાના જ્ઞાનની કમીના ન જ હોય. આ ઉપકારી જે વસ્તુ બતાવવા માગે છે તે એવી છે કે જેથી મુક્તિ મળે: તો પછી તેનાથી રોગ અને શોક વગેરે જાય એમાં તો નવાઇ પણ શી ? મુક્તિ મળે, રોગ જાય, શોક જાય,–એ બધું સાંભળીને કોઈ સમજે કે-'ચાલો ? રોગશોક કાઢવા તથા સુખ–સંપત્તિ મેળવવા પણ ધર્મ થઇ શકે છે'–તો પરિણામે ધર્મ ઉડી જાય (ક્રમશઃ)

સારૂં કરો સારૂ મળે

—રતિલાલ દેવચંદ ગુદકા–ડંડન

આપણા જીવનમાં રોજીંદા વ્યવહાર માટે જેમ ધન દોલત કેતા પુરૂષાર્થ ધંધો નોકરી જરૂર છે તેમ જીવન આત્મા માટે પણ કાયમની ભક્તિ પ્રાર્થના આરાધના–સાધના ધર્મથી હમેશા રૂડા વાના થાય છે થવાનાને ૧૦૦ ટકા શ્રય એવા આશીર્વાદ આ જીંદગી તો ૭૦–૮૦–૯૦–૧૦૦ વર્ષની પછે આત્માનું શું અને એક દિવસ આ દુનિયા છોડી જાવાનું છે વ્હેલા મોડા અને ઘર પતિ પુત્ર પરિવારને છોડી રડતો મુકી જાવાનું છે ત્યારે પતિને ગમે તેટલો પ્રેમ હશે પણ ભેગા આવી જ નહિ શકે કે પુત્ર તો બીજા જે વ્હારથી વા વા કરે છે તે સ્વાર્થમાં જ વા વા કરે છે અને સ્વાર્થી સર્યો માણસ નબળો પડયો કે શરીરના અવયવો ખોટ વાયા અને હવે ચાલી નથી શકાતું કે– ત્યાં જઇ નથી શકાતું કયાં કામે કે બીજાના કામે કે અગર તો જે લોકો બોલાવા આવતા હતા તે હવે નહિ જ આવે.

કારણ મારામાં તમારામાં કેતાં રતિભાઇ બાબુભાઇ કે હીરજીભાઇ જે કામ કરી શકતા તે હવે નથી કરી શકતાને લાચાર બની ગયા છે કે અપાર'ગ થઇ ાયા છે કે કારણસર આમ બની ગયું છે માટે તો પછે કોઇ નહિં જ બોલાવે અરે આ જ શરીરને આ જ ફલાણા માણસને આજ વ્યક્તિ પાસે ગઈ કાલે હજારો લોકો આવતા હતા ભાવ પૂછવા બેસવા તે હવે નહિં આવે જે શરીરને આછા વાના થતા હતા તે આજે હવે એજ શરીરને કઢાચ જે બાળવાની રજા નહિ મળી હોય તો અંધારી કોટડી ઠંઠી બરફની કોટડીમાં પુરી દેશે.

કારણ હવે જીવ નથી હવે કામ નથી દેવાનું હવે બોલતો હાલતો ચાલતો નથી હવે અહીં રાખીશું તો ઘર ગંધાશે વાસ મુકશે. અને તે થવાના જ પણ શરીરની કિંમત છે કે માણસની કે જીવ હતો એની ધન દોલતની સાથે ૯૮ સગાઇ છે. આવું આ સંસાર છે સ્વાર્થીઓ અને જેથી જેવો જીવ ગયો કે કોડી રોકડ શરૂને બીજી બાજુ કોન શરૂ થઈ જાય લોકો હવે એજ પૂછશે શું થયું અને થઈ રહી જીંદગી કયારે લઇ જાવાના છો કેતાં સ્મશાનનો ટાઇમ શું છે અને કયા દિવસે છે છે એજને આવું આપણે મેં તમો બધાએ નજરે જોયું છતાં મોહ દશા જોરથી ભાન ભૂલાવી પછે પછાડે છે અને આવું જે જાણીએ છીએ તો અવશ્ય એ બનવાનું છે.

માટે તમારે સૌને માટે સૌના ઘરે માટે ધર્મ ધર્મકરણી પ્રભુ સ્મરણ સ્મરણ પ્રભુ સાધન ગુડ વસીપને પ્રભુ ભક્તિ ટુ વસીપ એજ જીવનમાં સાર ભૂત છે જે એવી વસ્તુ છે તે આ આત્મા ભેગી જ આવે છે તે કદી બળતી નથી આ મા સાથે

(અનુસંધાન પાન ૫૪૬ પર)

શાસન સમાચાર

જામનગર–૪૫, દ્વિ. પ્લોટ–અત્રે શ્રી વિમલનાથ દેરાસરજીની ૪૦ મી વર્ષગાંઠ તથા પૂ.આ.શ્રી રામચંદ્ર સૂ. મ., પૂ.આ.શ્રી અમૃત સૂ. મ.ના ગુરૂમંદિરની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે ધજારોપણ તથા પૂ.આ.શ્રી જંબૂ સૂ. મ.ની તથા પૂ.આ. શ્રી જયંતશેખર સૂ. મ.ની સ્વર્ગારોહણ તિથિ નિમિત્તો તથા પૂ. પ્રવર્તક મુ. શ્રી યોગીન્દ્રવિ.મ.ની પ્રવર્તક પદવીની પ્રથમતિથિ તથા પૂ. પ્રવર્ત્તિની સા. શ્રી સુરેન્દ્રપ્રભાશ્રીજી મ. ની ૪૪ મી દીક્ષાતિથિ તથા પ્રવર્ત્તિની પદવીની પ્રથમ તિથિ નિમિત્તો પૂ.આ.શ્રી જિનેન્દ્ર સૂ. મ. આદિની નિશ્રામાં પંચાન્હિકા મહોત્સવ ઉજવાયો હતો.

માગશર સુદ ૨–૩ તા. ૨–૧૨–૯૭ શ્રીમતી કંકુબેન દેવચંદ હંસા ગુંદકા રાસંગપુરવાળા હ શ્રી રતિલાલ દેવચંદ ગુંદકા (લંડન) તરફથી પંચકલ્યાણક પૂજા તથા માગશર સુદ ૪ના શ્રીમતી હીરાબેન દેવરાજ ડબાસંગ હ: શ્રીમતી શાંતાબેન ઝવેરચંદ (જામનગર) તરફથી પંચ મહાવ્રત પૂજા મા. સુદ ૫ શ્રી વિમલનાથ મહિલા સ્નાત્ર મંડળ તરફથી સામુદાયિક સ્નાત્ર પૂજા મહા સુદ ૬ સવારે શાહ વેલજી દેપાર હરણીયા તરફથી ગુ: મંદિર ધજારોપણ તથા વેલજીભાઇના ૭૭મી ઓળી તથા શ્રીમતી કસ્તુરબેનના બીજા ઉપધાન તથા કુ. જૈની ધીરજલાલના શિખરજી યાત્રા નિમિત્તો સત્તરભેદી પૂજા ભણાવાઇ ધજાની બોલીમાં ૨૨૫૧ રૂા. મૂલનાયકની ધજાના શ્રીમતી કુસુમબેન શાહ–લંડન બીજી ધજા ૬૦૧૧ રૂા. શાહ રાયશી દેવશી ગડોયા, ત્રીજી ધજા ૩૦૧૧ રૂા. શ્રીમતી રમાબેન લાલજી હેનરાજ હ: ઝવેરચંદ લાધાભાઇ, ચોથી ધજા ૨૫૧૧ રૂા. હંસરાજ ગોસર દાંત વાળા નકુરૂ, પાંચમી ધજા ૨૫૧૧ રૂા. શ્રીમતી જીવીબેન નેમચંદ ખીમજી પારેખ. પૂ. રામચંદ્ર સૂ. મ.ના ગુરૂમંદિરની ધજા વેલજી દેપાર હરણીયા તથા પૂ.અમૃત સૂ. મ.ના ગુરૂમંદિરની ધજા શાહ ખીમજી વીરજી ગુંદકા પરિવારે ચડાવી હતી. સુદ–૭ સવારે પૂ. જંબુ સૂ. મ., પૂ. જયંતશેખર સૂ. મ.ના ગુણાનુવાદ શ્રીમતી મધુબેન હીરજી ખીમસીયા વસઇ હાલ લંડન તરફથી કામદાર કોલોનીમાં ઓળી કરાવવા નિમિતે શ્રી નવપદજીની પૂજા ભણાઇ. સુદ ૮ સવારે ઓસવાળ કોલોનીમાં શાહ સોમચંદ પેથરાજને ત્યાં પ્રવચન થયું. અને બપોરે શાહ વેલજી હીરજી ગુંદકા નવાગામ હાલ સાત રસ્તા તરફથી મહાવીર પંચકલ્યાણક પૂજા ભણાઇ. પૂજાઓ શ્રી વિમલ જિનેન્દ્ર સંગીત મંડળે ભણાવી હતી..

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



* ધર્મ સમજવાની શક્તિ છતાં ધર્મ સમજવા પ્રયત્ન ન કરે તો તે ધર્મની બેદરકારી સૂચવે છે. અને વસ્તુતઃ ધર્મની બેદરકારી એ આત્માની બેદરકારી છે.
* સંસારમાં જીવ મા-બાપને સમર્પિત જોઇએ, ધર્મમાં દેવ-ગુરુને સમર્પિત જોઇએ.
* સમજીને 'ઇચ્છામિ ખમાસણો' બોલનાર જીવ અવસરે મા-બાપના પગમાં પડીને કહે કે, 'ભગવાન શ્રી જિનેશ્વર દેવોની આજ્ઞા વિરૂદ્ધની આપની એક પણ વાત નહિ મનાય આપ માથું માગો તો આપીશ પણ ખોટી વાત ક્યારે નહિ માનું કેમકે, આપ મા-બાપ માત્ર આ ભવના છો જ્યારે 'શ્રી અરિહંત પરમાત્મા તો ભવો ભવના મા-બાપ છે.'
* વિધિપૂર્વક ખમાસમણું દે તો રોગની દેન છે કે રોગ આવે ? નિશ્ચિત કર્મના ઉદયે રોગ આવે તે જુદી વાત. આ તો માનસિક, વાચિક કાયિક કસરત છે.
* 'ખમાસમણું' તે 'નાટક' નથી પણ દેવ-ગુરૂને સમર્પિત ભાવની ક્રિયા છે.
* ભગવાન તો કહી ગયા છે કે, સમજવા છતાં સમજાવવા છતાં પણ ધર્મ મરજી મુજબ, ઊંધી રીતે કરે તો ઓડો નીકળી જવાનો છે.
* અમારે ઈર્યા સમિતિ વગર ચલાય નહિ, તમારે યતના વગર કોઈ કામ થાય નહિ.
* શાસ્ત્રે ગીતાર્થની આજ્ઞા માનવાની કહી છે, માત્ર ભણેલાની નહિ. સૂત્ર અને અર્થ જેને પરિણામ પામ્યા હોય તેનું નામ ગીતાર્થ ! યુદ્ધમાં સેના કહે આગળ વધવું અને સેનાપતિ કહે પાછા હઠવું તો પાછા હઠવું જ પડે. તેમ ગીતાર્થ કહે તે જ કરવાનું.
* આ મનુષ્ય જન્મ ઘર-પેઢી ચલાવવા નથી પણ ષટ્કાયની રક્ષા માટે જ છે. સાધુને પણ થવું જોઇએ કે, ષટકાયની રક્ષા માટે આવ્યા છીએ માટે તેની રક્ષા થાય તેમ જીવાય પણ તેની હિંસામાં સાધનભૂત થવાય નહિ.

જૈન શાસન અઠવાડિક માસિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

Received
21-1-98

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ	અંક
૧૦	૨૧+૨૨

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

ઇચ્છાયોગનું સ્વરૂપ

કર્તુમિચ્છોઃ શ્રુતાર્થસ્ય,
જ્ઞાનિનોઽપિ પ્રમાદતઃ ।
વિકલો ધર્મયોગો યઃ
સ ઇચ્છાયોગ ઇષ્યતે ॥
(યોગદૃષ્ટિ સમુચ્ચય)

આગમનું શ્રવણ કરનાર, ધાર્મિક અનુષ્ઠાન કરવાની ઇચ્છાવાળા જ્ઞાનીને પણ પ્રમાદથી તત્ત્વધર્મ વ્યાપાર કરવામાં સ્ખલના ભૂલ થાય, કાલથી વિકલતા ફેરફાર થાય તેને ઇચ્છાયોગ કહેવાય છે.

૨૯૬

卐

અંતરિક્ષજીમાં શ્વેતાંબરોને પૂજા–હકક આપતી કોર્ટ

આજકાલ પ્રતિનિધિ–મુંબઇ

છેલ્લા કેટલાક વર્ષોથી જૈનોનાં પવિત્ર સ્થળ અંતરીક્ષજીમાં શ્વેતાંબરો અને દિગંબરો વચ્ચે પૂજાના અધિકાર વિશે ચાલી રહેલો કાનૂની વિવાદ વાશિમ ડિસ્ટ્રીક્ટ કોર્ટના ચૂકાદાથી ઉકેલાયો છે.

અદાલતે શ્વેતાંબરોનાં પૂજા હકકને માન્ય રાખીને દિગંબરોની આ પવિત્ર સ્થળ પર કબજો જમાવવાની મુરાદવાળી અરજીને ફગાવી દીધી હતી.

૧૯૦૫ સુધી અંતરીક્ષજીમાં માત્ર શ્વેતાંબરો જ પૂજા કરતા હતા પરંતુ પૂજારીઓ સાથેનાં એક કાનૂની વિવાદમાં દિગંબરોએ પણ મકકમ કરી એટલે કે શ્વેતાંબરોના વડિલોએ પણ તેમને અહીં પૂજા કરવાની છૂટ આપી હતી. જો કે, ૧૯૦૮ માં દિગંબરોએ ત્યાંથી શ્વેતાંબરોના હકકને નકારી અંતરીક્ષજી પર કબજો જમાવવાની ચોંકાવનારી રજુઆત કરી હતી. જો કે, ૧૫ મી ઓગષ્ટ, ૧૯૪૭ સુધી અહીં માત્ર શ્વેતાંબરો જ પૂજા કરતા હતા એ અગાઉ ૧૯૨૮માં પ્રિવી કાઉન્સીલમાં દિગંબરો હારી ગયા અને ૧૯૬૦માં તેઓ ફરી અદાલતે ગયા હતાં. તેનો ચૂકાદો ૧૯૯૪ માં આવ્યો ત્યારે પણ તેઓ હાર્યા હતા છતાં અંતરીક્ષજીમાં બેમાંથી એકેયને પૂજાનો હકક મળ્યો ન હતો. એટલે ભગવાન પાંજરે પૂરાયેલી અવસ્થામાં જ રહ્યા હતાં.

શ્વેતાંબરોએ ૧૯૯૪ ના અદાલતના ચૂકાદા સંદર્ભે સુપ્રિમ કોર્ટના એડવોકેટ જસ્ટીસ બચાવત પાસે એક અરજી તૈયાર કરાવી હતી. આ અરજી સંકર્ભે અંકોલાનાં સાકળચંદ શાહે વાશિમ કોર્ટમાં આ મુકદ્દમો લડવા ભારે મહેનત કરી હતી. ડિસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટે આપેલા ચૂકાદા મુજબ ૧૯૪૭ની ૧૫મી ઓગષ્ટે જે સ્થિતિ હોય એને માન્ય કરવાનો નિર્દેશ આપ્યો અને આ નિર્દેશ મુજબ શ્વેતાંબરોને પૂજાનો હકક મળે છે. પ્લેસીસ ઓફ વર્શિપ એકટની કલમ ૪–બી હેઠળ ૧૫ મી ઓગષ્ટ ૧૯૪૭ ના રોજની સ્થિતિને કાયમ કરવાનો નિર્દેશ મળે છે એના લાભ અહીં અંતરીક્ષજીમાં શ્વેતાંબરોને મળ્યો છે. એક રીતે બિહારનાં પવિત્ર સ્થળ સંમેતશિખરજીના વિવાદમાં પણ શ્વેતાંબરોના અધિકારને માન્ય રખાય એવી ઉજળવળ તકોનું નિર્માણ થયાનું જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તીર્થ રક્ષા ટ્રસ્ટનાં એકઝીકયુટીવ ડીરેકટર પ્રકાશ ઝવેરીએ તાજેતરમાં જયપુરથી જણાવ્યું હતું.

(આજ કાલ તા. ૧૯–૧૨–૯૭ શુક્રવાર)

પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ સંસારાય ચ

વર્ષ : ૧૦ | ૨૦૫૩ પોષ વદ-૭ મંગળવાર તા. ૨૦-૧-૯૮ [અંક : ૨૧+૨૨

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અ૦ ૧૮ વદિ-૦)) શનિવાર તા. ૨૫-૭-૧૯૮૭ જૈન ઉપાશ્રય, શ્રીપાલનગર મુંબઇ-૬

(શ્રી જિનાજ્ઞા વિરૂદ્ધ કે પૂ. પ્રવચનકારશ્રીના આશય વિરૂદ્ધ કાંઇપણ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના. (**પ્રકરણ ૨૨ મું ચાલું**) અંવ૦)

આપણાં ઠરેકે ઠરેક સૂત્રો એવાં છે કે જેનું એક એક પદ બોલે ને આત્મા જાગૃત થઈ જાય આપણી ધર્મક્રિયામાં એવી તાકાત છે કે જે દુનિયાનો નાશ કરનારી છે. આજે આવું પરિણામ નથી દેખાતું તેનો અર્થ એક જ છે કે- મોટોભાગ વિદ્વાન થવા ભણે છે. શાસ્ત્ર પંડિત થવા નહિ પણ તત્ત્વજ્ઞાની થવા ભણવાનું છે. વાંચવાનું છે. પંડિત 'વકીલ' જેવો હોય છે જ્યારે તત્ત્વજ્ઞાની 'અસીલ' જેવો હોય. શાસ્ત્ર પહેલા પોતાને પરિણામ પામવું જોઇએ. અયોગ્ય જીવો માટે તો શાસ્ત્ર મોટામાં મોટું જીવલેણ શસ્ત્ર છે. તે તો શાસ્ત્રને નામે ય ઘણા અધર્મો કરે અને કરાવે. માટે સમજો સમજો કે અનંતજ્ઞાનિઓએ ફરમાવેલી કોઇપણ ધર્મક્રિયાને જે કોઇ બરાબર કહે, ઉતરતી કહે, જરૂર નથી તેમ કહે તેને ભવાંતરમાં જીભ ન મળે તેવું પાપ બંધાય છે. વખતે તેને એકેન્દ્રિયમાં પણ જવું પડે. સમજુ માણસ પણ સમજ્યા વિના ધર્મક્રિયા કર્યા કરે તેનો અર્થ એ છે કે તેને ધર્મનો ખપ જ નથી. શાસ્ત્રે તો કહ્યું છે કે- સમજવાની શક્તિ છતાં સમજણ મેળવ્યા વિનાનો કરેલો ધર્મ, નક્કામો ધર્મ છે. તમે પેઢી પર કોને બેસાડો ? સમજુને કે મૂરખને ? સગો દિકરો મૂરખ હોય તો મોટા પગાર આપી બીજા સમજુને પણ બેસાડોને ?

આ પચાસ બોલ આત્માને જાગૃત રાખનાર છે. તમને આખી દુનિયાની વાતો યાદ રહે છે અને આ બોલ યાદ નથી રહેતા, નથી આવડતા તેનું કારણ શું ? મુહપત્તિના આ પચાસ બોલ જે કહ્યા છે તે વિધિમાં છે કે નથી ? વિધિ કરતાં અવિધિ થાય તેની માફી માગવાની છે. પણ જાણીને અવિધિ કરે તેનું શું ? જે લોકો પચાસ બોલ નથી બોલતા તેઓ મુહપત્તિ અવિધિથી પડિલેહે છે તેમ કહેવાય ને ? તે અવિધિ થઇ કહેવાય કે કરી કહેવાય ? જાણી બૂઝીને અવિધિ કરે તે ભગવાનની આજ્ઞાના ભંજક કહેવાય કે પાલક કહેવાય ? આજ્ઞા ભાંગે તેના જેવો બીજો એકે ઠંડ છે ? આજ્ઞા ભાંગવી તે જ મોટું પાપ છે ! તમે શેઠની નોકરી કરો તો તેમની આજ્ઞા મુજબ કામ ન કરો તો શું થાય ? તેમની જાણ બહાર પણ કામ કરે તો શું થાય ? અહીં બધું ચાલે ને ?

આ પચાસ બોલમાં તો શ્રી જૈન શાસનનો સાર છે. આ બોલ તો શ્રી જૈન શાસનનો આરિસો છે. તે સમજી જાવ તો તમારી જિંદગી ફરી જાય. કદાચ ઘરમાં રહેવું પડે તો પણ મઝેથી ન રહી શકો, મઝેથી વેપાર-ધંધાદિ પણ કરી શકો નહિ. મોજ-મઝા પણ ન કરી શકો. તેનું અંતર ઘવાયા જ કરે કે– આ બધામાં મઝા આવી તો મારું શું થશે ? મારે ક્યાં જવું પડશે ? મોટાં કારખાનાના ધણી છાતી કાઢીને ફરે તે ક્યારે બને ? તેને ભગવાનનાં વચન ઉપર શ્રદ્ધા ન હોય કે– મહારંભ મને નરકમાં લઇ જશે તો. ભગવાનની આ મહત્ત્વની વાત યાદ ન રહે તે ભગવાનનો ભગત કહેવાય ખરો ?

આપણા બધા જ શ્રી અરિહંત પરમાત્માઓ સાધુ થઇને જ મોક્ષે ગયા છે. જ્યારે બીજા જેટલા આત્માઓ મોક્ષે ગયા તે બધા ભાવથી તો સાધુપણું પામેલા જ જ; તે સમ્યક્ ચારિત્ર તમારે ન જોઇએ તે બને ? તે સમ્યક્ચારિત્ર તમે બધા આ ભવમાં પામી શકો તેમ છો પણ તમારે પામવાનું મન નથી અને તે માન્યા વિના મરશો તો પણ તમને દુઃખ નહિ થાય. એટલું નહિ છોકરાઓને પણ સમજાવીને જશો કે સાધુ પાછળ ગાંડા થતા નહિ. અહીં દીક્ષાના અનેક મહોત્સવ ઉજવાયા છે છે તે વખતે તમને શું વિચાર આવે છે ? અનેકની દીક્ષા જુવે તેને દીક્ષા લેવાનું મન જ ન થાય તે આઠમી કેવો કહેવાય ? ભણેલો–ગણેલો, સમજદાર કહેવાય ? તે ચોખા વઘારે તે ય દેખાવ કહેવાય કે બીજું કાંઇ કહેવાય ?

સભા૦ : પારકાનો છોકરો દીક્ષા લે તો અનુમોદના કરીએ છીએ ને ?

ઉ૦ : 'અમારો છોકરો દીક્ષા લે તે કદી ન બને' આવી માન્યતાવાળા બધાને પક્કા મિથ્યાદૃષ્ટિ જ કહેવાય ને? તેમને ભગવાનની આજ્ઞાની કિંમત જ નથી.

વર્તમાનમાં ધર્મક્રિયા કરનારા મોટેભાગે અવિધિથી કરે છે, વિધિનું પાલન તો કરતા નથી પણ અવિધિ થાય છે તેનું દુઃખ નથી તેમ વિધિનું પાલન કરવાની ઈચ્છા પણ નથી; તેવાઓને વિધિ કરતાં જે કાંઈ અવિધિ થઈ તેમ બોલવાનો અધિકાર નથી. ભણેલા–ગણેલા હોય તો પણ. તેનું ભણતર પણ ખોટું છે. ભણવાનું એટલા માટે છે કે ખોટાથી બચાય અને સાચું બરાબર થાય. જેને સાચું જ્ઞાન થઈ જાય તે તો ડાહ્યો થઈ જાય. તે કદી ખોટું કામ કરે નહિ અને કદાચ થઈ જાય તો તેના દુઃખનો પાર ન રહે. અને ખોટું કામ કરવું પડે તો પ્રેમથી ન કરે. આજે તો ખોટાં કામ મઝેથી કરે છે, ગોઠવી ગોઠવીને એવી રીતે કરે છે કે તેને પકડવો ભારે પડે. તેમાં સફળ થાય તો એવી ખુમારી રાખે છે કે જેનું વર્ણન ન થાય.

સવાલ૦ : અમારી આશયની વાતમાં દેવાળું છે, ક્રિયાની વાતમાં ય દેવાળું છે, વિધિ-અવિધિની વાતમાં ય દેવાળું છે તો અમારે ધર્મ કરવો કઈ રીતે ?

ઉ૦ : આવી તમારી હાલત હોય તો બહુ જુલમ થઈ ગયો કહેવાય ધર્મ તો ભગવાને કહ્યો હોય તે રીતનો જ થાય.

આ પચાસ બોલ બરાબર આવડતા હોત તો તમે કોઈ સાધુને બગડવા દીધા ન હોત, કોઈ સાધુ બગડત પણ નહિ. સાધુની ખામી દેખાય તો સુધાર્યા વિના રહેત નહિ. છોકરો નાની ભૂલ કરે તો તમે ચલાવી લો ? જ્ઞાનિઓએ આ બોલ બતાવી ભગવાન શ્રી જિનેશ્વરદેવોનો આખો માર્ગ સમજાવી દીધો છે.

પહેલા બોલની વાત કાલે કરી આવ્યા છીએ. પહેલો બોલ છે "સૂત્ર–અર્થ તત્ત્વ કરી સદ્દહું." જેટલાં સૂત્રો આવડતાં હોય તે શુદ્ધ જોઈએ, અશુદ્ધ ચાલે નહિ. આજે શ્રી નવકાર મંત્ર પૂરે પૂરો શુદ્ધ બોલનારા ઘણા ઓછા નીકળશે. સૂત્રના ઉચ્ચારના એક અક્ષરનો ફેરફાર ન થવો જોઈએ. જે અક્ષર જેવો હોય– સંયુક્ત હોય હ્રસ્વ હોય કે દીર્ઘ હોય– તેવો જ બોલાવો જોઈએ. તે બધામાં અશુદ્ધિના બત્રીશ દોષ કહ્યા છે. ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ અર્થથી કહેલાં અને શ્રી ગણધરદેવોએ શબ્દ ગૂંથેલાં જે સૂત્રો છે, તે સૂત્રોનો જે અર્થ છે તે જ વાસ્તવિક તત્ત્વ છે. સૂત્ર અને અર્થને વાસ્તવિક તત્ત્વ તરીકે સ્વીકારું છું, તેની શ્રદ્ધા રાખું છું, આ પહેલા બોલનો અર્થ છે. આની વાસ્તવિક શ્રદ્ધા ન હોય તેની ક્રિયા જ ખોટી !

પ્રતિક્રમણ થાય તો કરીએ, ન થાય તો ન કરીએ આમ માનનારનું પ્રતિક્રમણ સાચું કહેવાય કે ખોટું કહેવાય ? શ્રાવકે ઉભયકાલ આવશ્યક કરવું જોઇએ. તમે વ્રત લીધા છે ? સમ્યક્ત્વ ઉચ્ચર્યું છે ? સમ્યક્ત્વ ઉચ્ચરનારો 'સુ' કે 'કુ' ઓળખે નહિ તે ચાલે ?

સભા૦ : ગુણહીન ગુણઠાણેથી ગુણવાન ગુણઠાણે આવવાના ફાંફા છે તો ચોથા ગુણઠાણાની વાત કઇ રીતે બેસે ?

ઉ૦ –તમે બધા ગુણહીન ગુણઠાણે છો તેની ખબર છે ? ગુણઠાણું પામવાની ઇચ્છા થઇ છે ખરી ? આ વાત મશ્કરીમાં ઉડાડો છો. જેમ કરીએ તેમ ચાલે તેમ કહેવું છે ને ?

સભા૦ : એવું નથી. પણ અમારાં લક્ષણો જોતાં લાગે છે કે હજી અમારું ઠેકાણું જ નથી.

ઉ૦ –જો બરોબર આવું લાગતું હોય તો ગુણસંપન્ન ગુણઠાણું પામવાની ઇચ્છા હોય કે ન હોય ? તે માટે મહેનત પણ ચાલુ હોય ને ?

સભા૦ : છે માટે જ વલોપાત થાય છે.

આવું હોય તો સારી વાત છે, તો આ બધું સમજવા મહેનત કેટલી કરો છો ? ન સમજાય તો દુઃખ થાય છે ? સમજવા માટે સાધુ પાસે જાવ છો ?

અપુનર્બંધકદશા આવ્યા વિના બરોબર ધર્મ થતો નથી. મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ જે હવે બાંધવાનો નથી, જે આ સંસારને બહુ ભયંકર માને છે, તીવ્રભાવે પાપ કદી કરતો નથી અને ઉચિત સ્થિતિનું ઉલ્લંઘન કરે નહિ તે જીવ અપુનર્બંધક દશાને પામેલો છે, તમે આવી દશા પામ્યા છો ? પામવાની ભાવના પણ છે ? આવી દશા પામવાની ભાવના ન હોય તે જીવ અનંતકાળ ધર્મ કરે તો પણ લેખે ન લાગે. એકડો ઘૂંટનારો બરાબર કાળજી રાખી ભણે તો હોંશિયાર થાય. ભણવા ગયા અને રખડયા કરે તે ભણી શકે જ નહિ. આજે કેટલાક પાસ થયેલા નાપાસ કરતા ય ભૂંડા છે, કશું સમજતા નથી. તમારે ગુણઠાણું પામવું છે ખરૂં ? કે તમે બધા ગુણઠાણે જ છો ? પૈસા મેળવવા મહેનત કરો છો, પૈસાથી મળતું સુખ ભોગવવા મહેનત કરો છો તેમ ગુણઠાણું પામવા મહેનત કરો છો ? જેને ગુણઠાણું પામવાની ઇચ્છા નથી તે બધા ગુણહીન ગુણઠાણે છે. (ક્રમશઃ)

❋ પ્રેરણામૂત સંચય ❋

—શ્રી મજ્ઝાંગ

૦ આ સંસાર છોડવા જેવો છે તેમ હૈયામાં છે ખરું ? પૈસો તે પરિગ્રહ નામનું પાપ છે તે સમજો છો ? પૈસો જ ગમે તો મારા માટે નરક તૈયાર છે તેમ ખબર છે ? અહીં મજેથી ભોગવવા જેવું માનીને આ દુનિયાનું સુખ ભોગવીશ તો ચક્રવર્તી વ્યાજ સાથે દુઃખ ભોગવવું પડશે, રિબાઇ રિબાઇને મરવું પડશે. આ સંસારમાં બેઠા છો, પૈસો મેળવવો પડે પણ તે સારો નથી. મેળવવો પડે તો નીતિને માર્ગે મેળવવાનો, તે ખબર છે ?

ભગવાન તમને શું કહી ગયા છે ? ભગવાનને માનો છો ? સાધુને માનો છો ? ધર્મને માનો છો ? હા, તો તે ઘરને કેવું માને ? પૈસાને કેવાં માને ? નુકશાન કરનારા માને ? પૈસાથી ધર્મ વધારે થાય કે પાપ ? પૈસા વધે તેમ તમારા ઘરમાં પાપ વધે કે ધર્મ ? ઘણા પૈસાવાળાને ઘેર ધર્મ નથી રહ્યો. તેને ય ધર્મ નથી ગમતો. તમારો છોકરો તો પૈસા ખાતર તમને ય મારી નાખે—આ ખબર છે ? ભાગ ન આપે તો કોર્ટમાં જાય છે—ખબર નથી ? તમારો પરિવાર આખો બગડી રહ્યો છે. સદ્ગતિમાં જવું છે કે દુર્ગતિમાં ?

પ્ર૦—સાંભળતા સાંભળતા પરિવર્તન આવશે.

ઉ૦—ઘણા ગ્રન્થો સંભળાવ્યા. કાંઈ પરિવર્તન નથી આવ્યું. ધર્મ તો ન છૂટકે ઘણા કરે છે. સંસારમાં પૈસા મજેથી ખરચે છે. છોકરા—છોકરીના લગ્નમાં નામ પ્રમાણે પૈસા ખરચે છે પણ પૂજા તો મફત કરે છે. મારૂં શું થશે તેમ કોઇ પૂછતું નથી. આજે તો ઘણાને સાંભળવા છતાંય અમે ખોટું કરીએ તેમ લાગતું નથી. અમારી પાસે કેવા કેવા જીવો આવે ?

પ્ર૦—ધર્મની ભાવના થાય તે આવે.

ઉ૦—ધર્મની ભાવના છે ? ધર્મ શું તે સમજો છો ? સાધુ ધર્મ તે જ ધર્મ. શ્રાવક ધર્મ તે ધર્માધર્મ, તેમાં ધર્મ રાઇ જેટલો અને અધર્મ મેરૂ જેટલો.

સાધુ કોણ થાય ? ગામમાં ઘર ન હોય, બજારમાં પેઢી ન હોય, જંગલમાં જમીન ન હોય, પાસે કુટી કોડી ન હોય તે. પાણીનું ટીપું જોઇએ તો ય તમારે ત્યાં

આવે. સંસારના સુખનો અને પૈસાનો ભીખારી ન હોય. સુખ સામે જોવું ન ગમે, પૈસાને અડે પણ નહિ. અડવાથી મમતા લાગે. ઘણાને મમતા લાગી ગઇ

ધર્મ સાધુપણામાં છે તો તે ધર્મ ગમે છે ? સાધુપણું આ જીવનમાં જ મળે તેમ છે તો આ જીવનમાં સાધુપણું પામવાનું મન છે ? ઘણા સાધુને લાવ્યા, મૂકી આવ્યા, પધારજો તેમ કહી આવ્યા. પણ ગમ્યું શું ? સંસાર ગમે છે ? સુખ ગમે છે ? પૈસા–ટકાદિ ગમે છે ? પૈસા રાખવા પડયા છે કે રાખવામાં મજા આવે છે ? ઘર બાંધવું પડે તો તે બાંધવું પડે છે કે મજેથી બાંધો છો ? તમને શું ગમે છે ? અમારી પૂંઠે પડે તેને સુખ ગમે, પૈસો ગમે અને તે બે વધે તો સારો લાગે તો તેને ભગવાન નથી ગમતા, સાધુ નથી ગમતા, ધર્મ પણ નથી ગમતો. ધર્મ ગમે તેને સંસારની કોઇ સારી ચીજ ન ગમે. સાધુ ધર્મ તે જ ધર્મ છે. ગૃહસ્થપણામાં ધર્મ નહિ જેવો અને અધર્મ ઘણો માટે તે કરવા લાયક નહિ જ, કરવું પડે તો દુઃખથી કરે

તમને કદી સાધુ થવાનો વિચાર પણ આવ્યો છે ? તમે અમને બહુ રમાડ્યા. હા...જી...હા...જી...કરી અમને ય બહું ભોળવ્યા. અમે તમને સારા માની લીધા. સાધુ ધર્મ કઠીન છે, મુશ્કેલ છે, સહેલો નથી પણ અસંભવ નથી. આજે તો ઘણા સાધુ થઇને તમારા કરતાં વધારે પાપ કરે છે. તે અનેકના ઘર ચલાવે છે...! વેપારાદિ કરાવે છે ! તમે સંસારમાં આગળ વધો, ખૂબ સુખી થાવ, મોજ–મજાદિ કરો તેવા આશીર્વાદ સાધુ આપે ? અમે તો **દરિદ્રીમાં દરિદ્રી શ્રાવક હોય પણ ભગવાનની આજ્ઞા પ્રમાણે ધર્મ કરે તો તેને ઊંચો કહીએ. અબજોપતિ હોય ને ધર્મનું ઠેકાણું ન હોય તો ભિખારી** જેવો માનીએ. તે ભિખારી થવાનો છે. ભીખ માંગતા ય પેટ ભરવાનું નથી. જે ગૃહસ્થ દુઃખી હોય પણ ધર્મી હોય તો સારો છે અને જે ગૃહસ્થ સુખી હોય અને ધર્મી ન હોય તે નકામો છે. નામ મૂકો તેનું તેમ કોઇ કહે છે. તેને સલામ ભરનારા કહે છે કે– મોં ય જોવા જેવું નથી, નામ પણ દેવા જેવું નથી તેમ કહે છે.

❖

૦ પરલોક*ન બગડે તેમ જીવતા આવડે, વહેલામાં વહેલા મોક્ષે જવાની ઇચ્છા હોય તેનું નામ શ્રાવક, તે જ શ્રી સંઘમાં ! આ વૃત્તિ ન હોય તે શ્રી સંઘમાં નહિ હિરાના હાર ચઢાવે તોય, ભગવાનનો પૂજારી નહિ. ભગવાન ભૂંડું કહે તે ભૂંડું લાગવું જ જોઇએ, સારું કહે તે સારું લાગવું જ જોઇએ તો તેનો નંબર શ્રી સંઘમાં. ભગવાને સંસારને કેવો કહ્યો છે ? સંસાર રહેવા જેવો નથી, અસાર છે, ભૂંડામાં ભૂંડો છે.

સુખ પણ લાંબકર દુઃખ આપનાર છે. તેના માટે પૈસા જોઇએ તો તે બધા પાપ કરાવવા તૈયાર છે. 'પૈસા કે દુનિયાના સુખ માટે હું પાપ કરું નહિ. સંસારમાં મને પૈસાની જરૂર પડે છે, સુખ જોઇએ છે તે મારી પામરતા છે' આમ હૈયાપૂર્વક બોલે તો તેને શ્રાવક કહેવાય.

પ્ર૦--આ કાળમાં બહુ મુશ્કેલી છે.

ઉ૦-શું મુશ્કેલી છે તે સમજાવો. આ નથી સમજ્યા માટે તમારે ચોપડા બોટા રાખવા પડે છે, અનીતિ કરવી પડે છે, મજેથી કરો છો. જેટલા લોભીયા તે બધા જૂઠ્ઠા, ચોરટા, બદમાશ, અને ઉઠાવગીર જેવા થયા છે. તેથી આજે શાહ ચોર કહેવાય છે શેઠ શઠ બન્યા છે અને સાહેબ શેતાન જેવા થયા છે. તેમાંથી તમને બાકાત રાખવા છે. તે માટેની આ વાત છે. અહીં આવનારા, શ્રાવક કહેવનારા, નવકારશી જમનારા તો આવા ન જ હોવા જોઇએ. તે બધા તો કહે કે, આ સંસારના સુખને ભૂંડું માનીએ છીએ, પૈસાને તો વધારે ભૂંડા માનીએ છીએ. પૈસાને ભૂંડા માને તે જ પૈસાનો સાચો સદુપયોગ કરે અને પૈસા માટે પાપ કરે પણ નહિ.

શ્રાવક લોભી હોય ? વેપાર કરવો પડે તેને ભૂંડો માને કે સારો માને ? ધર્મ જોઇએ છે. ધર્મ વિના મોક્ષ મળે નહિ. મોક્ષ ન મળે તો સંસારમાં રહેવું પડે. સંસારમાં રહેવું તે જ પાપ છે. આજ વાત સમજાવવા વર્ષોથી મહેનત કરું છું. જે સમજી ગયા તે ફાવી ગયા. ન સમજ્યા તે હારી ગયા. તમારી શી ઇચ્છા છે ?



૦ અયોગ્યને ગુરૂ ભણાવે તો ગુરૂનેય પ્રાયશ્ચિત આવે. ગુરૂની સેવા-ભક્તિ-વિનય કરે, કહ્યા પ્રમાણે તપ કરે પછી તેને આગમજ્ઞાન અપાય. જેને તેને અપાતું નથી. આજ્ઞા વિના, વિનય વિના, ગુરુ વિના સ્વયં જ્ઞાની બની ગયા તે ભટકી ગયા. અજ્ઞાનો જે પાપ ન કરે તે પાપં પંડિતો કરે છે. જગતમાં ભણેલા વધારે પાપ કરે છે કે મૂરખ ? સંસારના રસિયા જેમ જેમ ભણે તેમ તેમ તેની ધર્મ તરફની અભિરૂચિ ઘટતી જ જાય માટે રોવાને ન ભણાવાય તેમાં જ સ્વ-પર ઉભયનું કલ્યાણ છે.



૦ ભગવાન પાસે અક્ષત પૂજા કરો છો. સાથિયો કરો છો તે રમકડું કાઢો છો ? ભગવાનને રાજી કરવા કરો છો ? કે ભગવાન પાસે આ ભાવના પ્રગટ કરો છો કે- હે ભગવાન ! આ ચારે ગતિમાં ભટકી ભટકીને થાકી ગયો છું. તે ચારે ગતિનો છેદ કરવો છે, સિદ્ધશીલા ઉપર વાસ કરવો છે, તે માટે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને

સમ્યક્ત્વચારિત્ર રૂપ ત્રણ રત્નો જોઇએ છે.' આ જ રીતે અમારી આગળ પણ કબૂલ કરવાનું છે.

અહીં ચાર ગતિનો છેદ કરવા, રત્નત્રયીને મેળવવા અને ઝટ મોક્ષે પહોંચવું છે—માટે આવો છો ? અમારા સાધુ અમને સંસાર છોડવાનું, મોક્ષ મેળવવાનું સમજાવે, રત્નત્રયી મેળવવાનું કહે. જે સાથિયો કરે તે આ કબૂલાત કરે છે. માટે બધા નથી કરતા ? બધા વચ્ચે એકથી કામ ચલાવો છો ? જે આ કબૂલે તેને સંસાર ગમતો હોય ? ગમતો હોય તો અમને લાલચ આપો છો, લાંચ આપો છો. તેમાં અમે આવી જઇએ તો તમારા ગુરુ કહેવરાવવા પણ લાયક ઠીએ ખરા ?

✱

૦ શ્રાવકને સંસાર ગમતો નથી. સંસારમાં ખોટું કરવું પડે છે. સંસારમાં જૂઠું બોલવું પડે ?

સભા : બોલીએ છીએ.

ઉ૦—મજાથી કે દુઃખથી ? માંદાને બધી સેવા મળતી હોય તો ય શું કહે ? તમે સંસારમાં છો. રોગી પથારીમાં હોય, રોગીને જેમ પથારી ન ગમે તેમ શ્રાવકને સંસાર ન ગમે. જે શ્રાવકને સંસાર ન ગમે તો તે પુષ્ટ થાય તેવો ઉપદેશ સાધુ આપી શકે ખરો ? સાધુ માર્ગભૂલેલો આપે તો સાચો શ્રાવક સાંભળે ખરો ? જેને સંસાર ન જ ગમે તેને જ ભગવાનના મંદિરમાં જવાનો હક્ક છે.

મંદિરમાં જવાનો હકદાર કોણ ? જે મંદિરમાં સંસારનો એક વિચાર ન કરે, ધર્મ વિના બીજી વાત ન કરે. કાકા—મામા આદિ કોઇ સ્નેહી સંબંધીની ખબર ન પૂછે તે. પોતાના બાંધેલા મંદિરમાં પોતે પણ નિઃસિહી બોલ્યા વિના પેસી શકે નહિ. ઉપાશ્રયમાં પણ સંસારનો વિચાર થાય નહિ તો સંસારની પુષ્ટિ થાય તેવો ઉપદેશ સાધુ આપે ખરો ? આ વાત સમજો તો કામ થઇ જાય.

આજે તો તમે ઘણો ગુલ્લમ કરી નાખ્યો છે. શ્રાવકથી શું ખવાય અને શું ન પીવાય તે જ્ઞાન છે ? શ્રાવક ઉકાળેલું પાણી પીએ, કાચું પાણી ન પીએ. ઘણા કહે કે, ઉકાળેલું પાણી પીવા હિંસા કરવી પડે તો પછી ગમે તે પાણી પીવાય ? માર્ગ ન સમજે તેવાની હાલત આવી થાય. તે પોતે ય ડુબે અને અનેકને ડુબાડે. આવાઓની વાતમાં આવી ન જવાય માટે તમને અવસરે અવસરે ચેતવવામાં આવે છે. બચવું હોય તો સમજો.

✱

૦ તમને સંસાર ગમતો નથી. કર્મ નામના રોગને લઇને સંસારમાં રહેવું પડયું છે.

સભા : ખોટો બચાવ છે.

ઉ૦–સાચું કહો છો ? છોડવાની ઇચ્છા છે ?

આગળના શ્રાવકો પણ રાજાની ગુલામી ન હતા કરતા. રાજા બોલાવે તો તે જતા અને રાજાને પણ કહેતા કે, અમારા ધર્મની આડે ન અવાય. આજના સત્તાધીશો કેવા છે ? જ્યારે સત્તા ઉપર ન હતા ત્યારે ભટકતા ભૂત જેવા હતા. તમે બધા નક્કી કરો કે તેમને એક પૈસો આપવો નથી, તેમની મહેરબાની ઉપર જીવવું નથી. શાહુકારીથી જીવવું છે. તમે બધા ડાહ્યા થઈ જાવ તો સત્તાધીશોનું પણ ચાલે નહિ.

સભા : સંતોષ આવે તો કામ થાય.

ઉ૦–સંતોષ ન હોય તે શ્રાવક હોય ?

બધું મારે મૂકીને જવાનું છે. તે માટે કરેલાં પાપ મારે એકલાએ ભોગવવાના છે. કોઇ સાથે નહિ આવે. દુઃખમાં કોઇ ભાગ નહિ પડાવે. ઘરના આગેવાનને કેન્સર થાય તો બધા શું કરે ? બહુ બહુ તો આંસુ પાડે પણ દુઃખમાં ભાગ લે ? તમે પૈસા–ટકાદિને માટે પાપ કરો છો તે કોને માટે ?

સભા : છોકરા માટે.

ઉ૦–છોકરાને પૂછ્યું કે, પકડાવું તો છોડાવા આવશો ? તમારા જેવા મૂરખા કોણ જે છોકરા માટે ય પાપ કરે ?

સભા : મોહ તેવો છે.

ઉ૦–મોહને ઓળખો છો ? મોહને ભૂંડો કહ્યો છે તે ખબર છે ? મોહને છોડવાનો છે કે પોષવાનો છે ? ભગવાને મોહ સારો કહ્યો છે કે ભૂંડો ?

આ મોહ ગમે છે, સારો લાગે છે માટે ઊંડે ઊંડે પણ પૈસા જોઇએ છે, સુખ જોઇએ છે. રોજ સાંભળવા છતાં પણ સાધુપણું, શ્રાવકપણું કે સમકિત નથી જોઇતું. તેથી ઘણા કહે છે કે, 'સાધુએ પણ અમારી ચિંતા કરવી જોઇએ એકલા ધર્મની વાતો કરી કરીને લોકોને પાયમાલ કરી નાખ્યા.' આવી વાતો સાધુવેષમાં રહેલા કરતા હોય અને તમને બધાને ગમતી હોય તો તે બે ય માર્ગ ભૂલેલા છે. તેવાનો તો પડછાયો પણ ન લેવાય. ચાલે તો કાનપટ્ટી પકડી બહાર કઢાય.

આ સંસાર છોડવા જેવો ન લાગે તેને શ્રી અરિહંત પરમાત્મા દેવ લાગતા જ

(અનુસંધાન ટાઇટલ ૩ ઉપર)

卐 વિવેકો દ્રશમો નિધિઃ । 卐

(ગતાંકથી ચાલુ) —પૂ. મુનિરાજ શ્રી પ્રશાન્તદર્શનવિજયજી મ.

એ બધું સાંભળીને કોઇ સમજે કે–'ચાલો ? રોગશોક કાઢવા તથા સુખ-સંપત્તિ મેળવવા પણ ધર્મ થઇ શકે છે'–તો પરિણામે ધર્મ ઉડી જાય અને અધર્મ આવી પણ જાય. અને એવી ભાવના સમ્યગ્દૃષ્ટિ આત્મા માટે તો ઘાતક જ નીવડે.

બાકી જ્યાં મુક્તિ મળે એવું બતાવવામાં આવે, ત્યાં બીજું બધું તો આવી જ જાય: સોમાં નવાણું રૂપિયા પંદર આના અને પોણી બાર પ્રાપ્ત સુધીનું બધું જ સમાય છે. સોમાં એકડો-બે-અડી વગેરે નથી સમાતા એમ નહિ. અનંતસુખ આપનાર વસ્તુ માટે, તેનાથી–'રોગ જાય કે નહિ, સંપત્તિ મળે કે નહિ'–એ બધું ન જ પૂછાય, કારણ કે–ક્રોડ મલ્યા એટલે મોટર તથા બંગલા તો આવે જ ને ? મુદ્દો એ છે કે–મંગાય શું ? વ્યવહારમાં પણ મોટા આદમીની હંમેશાં મહેરબાની જ માગાય છે: એ સિવાય બીજું માગો તો કરી આપે, પણ તે પછી માગનારને સ્વાર્થી કલ્પી, એની સાથે મોટો આદમી કામ ન જ પાડે: અને જો માત્ર મહેરબાની જ માગે તો માગનારની બધી ચિંતા એ પોતે જ કરે. માગણી કરી તો સો દિવસની સલામ ના હીસાબમાં ગણી લેશે અને એક વખત શરમે કામ કરશે, પણ પછી સલામથી છેતા જ ભાગશે. એ જ રીતિએ ધર્મના વિષયમાં પણ સમજવાનું છે, કારણ કે–ધર્મ પણ મુક્તિ અને મુક્તિમાર્ગની આરાધનામાં જરૂરી જે સાધનો, તેના અર્થિને અંત સમય સુધી. એટલે કે– મુક્તિની પ્રાપ્તિ થાય ત્યાં સુધી, સાથે રહી સુંદરમાં સુંદર રીતે પૂરાં પાડે છે અને અર્થકામના અર્થિને અર્થકામ સમર્પિને જ ચાલ્યો જાય છે. આથી જ ધર્મના આરાધક આત્માએ, અર્થકામની વાસનાથી અલિપ્ત રહી, મોક્ષમાર્ગની આરાધનામાં જ આસક્ત રહેવું જોઇએ અને તેમાંય સાધુ તો એકાંતે ધર્મના જ આરાધક છે, એટલે કે પુણ્યાત્માઓથી તો મોક્ષમાર્ગની આરાધના સિવાયની કોઇ પણ પ્રવૃત્તિમાં,–મનથી, વચનથી કે કાયાથી, –કરવાદ્વારા, કરાવવાદ્વારા કે અનુમોદનાદ્વારા હિંસાનો અપાય જ નહિ. આ જ કારણે પરમ ઉપકારી 'શ્રી મુનિચંદ્ર' નામના ગુરૂદેવ, શ્રીમતી મદનાસુંદરી જેવી પરમ વિદુષી શ્રાવિકા સમક્ષ પણ, સ્પષ્ટ સ્પષ્ટ રીતિએ ફરમાવી દે કે 'સાધુઓને ચિકિત્સા, વિદ્યા, મંત્ર અને તંત્ર વગેરે જે જે સાવદ્ય એટલે પાપવાળી વસ્તુઓ છે, તે નિશ્ચય પૂર્વક કહેવી એ કલ્પે નહિ.' આ કથનથી દીવા જેવું સ્પષ્ટ જ થાય છે કે–'સાધુ નાડી પણ ન પકડી શકે, વૈદ્ય કે ડોકટર પણ સાધુ ન બતાવી શકે, 'ફલાણી

ચીજથી રોગ જાય' –એમ પણ સાધુ ન કહી શકે, અર્થકામની કોઇપણ વિદ્યાનો સાધુ ઉપદેશ ન દે, મંત્ર–તંત્ર વગેરે કાંઇ પણ સાધુ ન કહી શકે, સાધુથી આંકફરક પણ ન કઢાય, એનાથી પડીકાં પણ ન અપાય અને એનાથી દોરાધાગા વગેરે કશું જ ન થાય! અર્થાત્ –દુનિયાદારીના, એટલે કે સંસારવ્યવહારની પ્રવૃત્તિ, તેજ થાય એવો લેશ પણ ઉપદેશ સાધુથી ન અપાય.'

(પ્ર૦–જ્યારે સાધુથી એવો ઉપદેશ ન થાય, ત્યારે શું શ્રાવકથી તેવો ઉપદેશ થાય?)

જે ક્રિયા સાધુથી ન થાય તે શ્રાવકથી થાય એમ નથી. સાધુને કાચાપાણીને અડવાની ના પાડી અને તમને સરોવરમાં ડુબકી મારવાની છૂટ છે એમ? એમ ન માનતા. કાચા પાણીને ન અડવાની તમને આજ્ઞા કરે તો આજ્ઞા તમે પાળી ન શકો. તે માટે જ તમને તેવી આજ્ઞા કરી નહિ. જે ચીજનો નિષેધ ન કર્યો તે તમારામાં લાયકાત ઓછી જોઇ માટે, પણ એટલા માટે તમને એ કરવાની છૂટ આપી છે એવું ન માનતા. સાધુને પાંચ મહાવ્રત કહ્યાં અને ગૃહસ્થો માટે અણુવ્રતો કહ્યાં, એથી એવું ફલિત નથી જ થતું કે–સ્થાવર જીવોની હિંસા વિગેરે કરવાની ગૃહસ્થને છૂટ આપી છે : પણ એનો અર્થ એટલો થઇ શકે છે કે–તમારાથી અમલ કરી શકાય તેમ નથી, માટે નિષેધ ન કર્યો, સાધુને જે ન કલ્પે તે શ્રાવકને છડે ચોક કલ્પે એવું ન માનતા અને ન બોલતા આજ્ઞા કરનારા ઉપર બહુ જોખમદારી છે અને તે જોખમદારીને તારકો બરાબર સમજતાં. આજ્ઞા કરનારા જો અનંતજ્ઞાનીઓ અને અનંતજ્ઞાનીઓને જ અનુસરનારા ન હોત, તો તો બધા જ વિરાધક થાત: કારણ કે –વિધેયકોટિમાં એક મુક્તિમાર્ગ જ છે અને નિષેધકોટિમાં તો આખો સંસાર પડયો છે : પણ આખા સંસારનો એકદમ ત્યાગ કરનારા બધા જ આત્માઓ ન જ હોઇ અને કરવા ઇચ્છનારા પણ એકદમ ન જ કરી શકે, એ જ કારણે અનંતજ્ઞાની પરમર્ષિઓએ આજ્ઞાના વિભાગ પાડયા અને લાયકાત મુજબ જુદી જુદી આજ્ઞા કરી.

શ્રી જિનેશ્વરદેવનું અને તારકની આજ્ઞાનું ધ્યેય તો સંપૂર્ણ અહિંસાનું છે અને એ સંપૂર્ણ અહિંસા, કાયાના યોગની સૂક્ષ્મમાં સૂક્ષ્મ ક્રિયા પણ ન હોય ત્યારે થાય અને એ સ્થિતિ તો શૈલેશીકરણે આવે. આથી લાયકાત પ્રમાણે જ જ્ઞાનીઓએ આજ્ઞાના ભેદ પાડયા. સાતમે ગુણસ્થાનકે પ્રમાદનો સર્વથા નિષેધ કર્યો, પણ છઠ્ઠે ન કર્યો. છઠ્ઠે જો નિષેધ જ કર્યો હોત, તો કોઇ છઠ્ઠે આવી જ ન શકત. સુવાય નહિ, ખવાય નહિ, પીવાય નહિ એમાં કાયદો હોત તો કોણ આવત? કોઇ જ ન આવત, છઠ્ઠે ગુણસ્થાનકે પ્રમાદનો સર્વથા નિષેધ હોત, તો જરૂર કોઇ તે ગુણસ્થાનકે ન આવત. દેશવિરતિ લેવા આવનારને 'કાચા પાણીને ન અડાય, અગ્નિને ન અડાય, સ્ત્રીસંસર્ગ ન થાય'–એમ જ

કહેવાત. તો તેઓ પણ ભાગી જ જા : સમ્યક્ત્વ લેવા આવનારને કહેવામાં આવે કે– સંસારની ક્રિયા નહિ જ થાય' –તો એય ભાગી જ જાય. આથી જ્ઞાનીઓએ પણ આજ્ઞાનાં કાંધા કર્યા. જેમ લેણદાર હજાર માગતો હોય અને દેવાદાર ન આપી શકે, તો વરસે સો સોનાં કાંધા કરે, તે રીતે અહીંયાં પણ કાંધા છે.

બધા મિથ્યાત્વમાં તો પડેલા છે, માટે ચોથે, પાંચમે, છટ્ઠે આવવાના માર્ગો બતાવ્યા. હવે જે માર્ગ બતાવ્યા તે તો ઠીક, પણ બાકીનું શું ? જ્ઞાની તો કહે છે કે– 'કશું જ નહિ કરવાનું' સંસારી કહે કે–'પણ ન રહેવાય.' તો જ્ઞાની તો કહી દે કે– 'તે તું જાણ' શ્રાવક માટે નિદ્રા ન કરવાનું ન લખ્યું, પણ અલ્પ નિદ્રા લખી. ત્યાં નિદ્રા એ વિધાન નથી, પણ નિદ્રાની ઓછાશ એ વિધાન છે. અને બહલે તો નિદ્રાનો જન્મસિદ્ધ હકક બથાવી પડે તેનું શું થાય ? જો ગોક ઠિ' ઊંઘ ન આવે તો, ઊંઘ આવે એવી દવા લેવા ડોકટરને ત્યાં દોડે. 'નિદ્રા ઓછી કરે'–એમ લખ્યું. ત્યાં આજના લોકો 'ઓછી' શબ્દ ખાઇ જાય છે અને ' નિદ્રા કરે ' શબ્દ પકડે છે. જ્ઞાનીઓ કહે છે કે– દુનિયા નિદ્રા તો કરે છે જ, એટલે એના વિધાનની જરૂર નથી. પણ એ નિદ્રાને ઓછી કરવાનું જ વિધાન કરવાની જરૂર છે. પણ એ બધું સમજવાની પડી છે કોને? વસ્તુ માત્રમાં શાસ્ત્રાનુસારી દૃષ્ટિથી ગંભીરપણે વિચાર કરવાની જરૂર છે.

એકડો ઘુંટવવો કે કક્કો ભણાવવો તે સાવદ્ય નથી, પણ જેને માટે ઘુંટવો અને ઘુંટાવવો તે સાવદ્ય છે: બાકી એકડો તો જ્ઞાન છે : એને ભૂંસવામાં પાપ છે : કકકા ઉપર પગ આવે તો પણ આશાતના થાય, એમ આ શાસ્ત્ર કહે છે : પણ એ જેને માટે ઘુંટાય કે ભણાય, તેના ઉપર જ સાવદ્ય અને નિરવદ્યનો આધાર છે સાધુ શા માટે કકકો અને એકડો ભણાવે અને તમે શા માટે ભણાવો ? હૃદયને પૂછો, બરાબર પૂછશો તો ઉત્તર મળશે. વાંચન જે દૃષ્ટિએ કરે તેવું ફળ મળે. મુક્તિની ભાવનાથી જો આ વંચાય કે સંભળાય તો આ સુશાસ્ત્ર: અને એ ઇરાદો પલટાય તો વાંચનાર તથા સાંભળનારા બેય માટે 'કુશાસ્ત્ર' એટલે કે એ કુશાસ્ત્રનું ફલદાયક બની જાય ! એ જ રીતિએ વ્યાખ્યાન નિરવદ્ય છે, પણ તે તે ઇરાદે વંચાય અને સંભળાય તો, પરન્તુ જો ભાવના ફરી જાય, તો એ વ્યાખ્યાન નથી. ધર્મકથા નથી. પણ પાપકથા છે.

આ બધું આપણે એટલા જ માટે વિચારીએ છીએ કે– વસ્તુનું સાચું સ્વરૂપ આપણા હૃદયમાં ઉતરે. 'શ્રી મુનિચંદ્ર' નામના ગુરૂદેવે એ જ કારણે શ્રીમતી મદનાસુંદરી જેવી પરમ શ્રાવિકા સમક્ષ પણ, નિરવદ્ય ઉપાય અને તે પણ અપૂર્વ સુખના જ સાધન તરીકે કહેવા પૂર્વે, એ વાત સ્પષ્ટ કરી કે– ચિકિત્સા, વિદ્યા, મંત્ર અને તંત્ર રૂપ

સાવદ્ય વસ્તુઓ કહેવી એ સાધુઓને કલ્પે નહિ' આ સાંભળીને શ્રીમતી મદનાસુંદરી પણ પ્રસન્ન જ થાય છે, પણ ખિન્ન નથી થતીઃ કારણ કે-તે સુસાધુઓના આચારથી સુજ્ઞાત છે અને તેણીનો ઇરાદો પણ, ગુરૂદેવ પાસે સાવદ્ય બોલાવવાનો નથી. તે મહાસતીનો તો માત્ર એક જ ઇરાદો છે કે-'પ્રભુશાસનની થતી નિંદા અટકે અને એ નિંદા અટકાવવામાં આ કોઢ એ અંતરાયરૂપ છે માટે તે દૂર થાય' આ સિવાય બીજો કોઇ જ ઇરાદો નથી. એટલે તેણીને ગુરૂદેવની શાસ્ત્રાનુસારી વાણી કેમ જ ખટકે? ગુરૂદેવની શાસ્ત્રાનુસારી વાણી તે જ પાપાત્માઓને ખટકે છે, કે જેઓ ધર્મ કરતાં સંસાર સારો માને છે! અને એવા આત્માઓને ખટકે તે છતાં પણ સુગુરૂઓએ તો તે જ વાણી બોલવી જોઇએ, કે જે શ્રી જિનેશ્વરદેવના આગમને અનુસરતી હોય.

પાપાત્માઓ કે અજ્ઞાન આત્માઓને રાજી કરવા માટે પણ પ્રભુ-આગમથી વિરૂદ્ધ જતી વાણીને બોલવાનો સુસાધુને અધિકાર નથી અને એવો અધિકાર ચલાવવાની જે વેષધારીઓ ધૃષ્ટતા કરે છે, તેઓની જાત ઉત્સૂત્રભાષી તરીકે યા હૃદયના છુપા નાસ્તિક તરીકે જાહેર થાય, તેમાં કશું આશ્ચર્ય નથી. આથી સ્પષ્ટ જ છે કે- 'જે આત્માઓ પ્રભુના માર્ગમાં સાચું આસ્તિક્ય ધરાવતા હોય, તેઓ ગુરુદેવ શ્રી. મુનિચંદ્રની માફક શાસ્ત્રાનુસારે વાણીને જ બોલનારા હોય.' રાજપુત્રી સમક્ષ પણ ગુરૂદેવે શાસ્ત્રને અનુસરતુ જે હતું તે જેમ સ્પષ્ટ સંભળાવી દીધું, તેમ દરેકે દરેક પ્રભુમાર્ગના અનુસારી સાધુએ સંભળાવી દેવું જોઇએ, કારણ કે-એમાં જ સ્વપરનું શ્રેય સમાએલું છે.

આ બધી વાતો ઉપરથી આત્માર્થી આત્મા સારી રીતના સમજી શકે છે કે, અયોગ્ય આત્માઓ પોતાની કપોલકલ્પિત વાતોની પુષ્ટિ માટે તારક દેવ-ગુરુના નામનો 'વટાવ' કરી પોતાના આત્માને જ ગુરૂ-ભારે બનાવે છે. સુજ્ઞજનો તો સમજે છે કે માર્ગસ્થ પૂ. આચાર્ય ભગવંતો આવાઓની સાવદ્ય ક્રિયાની કયારે પણ પુષ્ટિ કરે નહિ કે અજાણતા પણ સંમતિ ન આવી જાય તેની કાળજી રાખે.

માટે સૌ જિજ્ઞાસુ વાચકો શાંતચિત્તે આ બધી વાતો વાંચી વિચારી સાચા તત્વને ગ્રહણ કરવા માટે સમ્યક્ નિર્મલ વિવેક નિધિને પામો અને સાચું તત્વ આત્મસાત્ કરી તેમાં જ સ્થિર બની વહેલામાં વહેલું આત્મ કલ્યાણ સાધો અને અનંત દુઃખમય સંસારનો સર્વથા ઉચ્છેદ કરી અનંતસુખમય મોક્ષસુખને પામનારા બનો તે જ હાર્દિક મંગલ મનોકામના. (સમાપ્ત)

❋ સિદ્ધગિરિ અને કાગડો ❋

—શ્રી ધર્મશાસન

પરમ કરૂણા સાગર દ્વિતીય તીર્થપતિ શ્રી અજિતનાથ સ્વામી શાશ્વતગિરિ શ્રી શત્રુંજય મહાતીર્થ ઉપર ચાતુર્માસ બિરાજમાન હતા. ચાતુર્માસ પૂર્ણ થયે તે અવસરે અનેક મુનિવરોની સાથે પૂ. આ. ભ. શ્રી સુવ્રત સૂ. મ. સા. ચોખાના ધોવાણનું પાણી લઇને તબીયત અસ્વસ્થ હોવાના લીધે ધીમે ધીમે ગિરિવર ચડતા ચડતા પ્રથમ શિખર પર આવ્યા થાકી જવાના કારણે બે શિખરોની વચ્ચે એક વૃક્ષ નીચે આરામ કરવા લાગ્યા. તે અવસરે એકદમ તૃષાતુર બનેલો કાગડો ત્યાં આવ્યો ત્યારે પૂર્વે મૂકેલ જલપાત્ર ને કાગડાએ ચાંચથી ઢોળી નાખ્યું. ત્યારે તડકાના કારણે એકદમ તૃષાતુર બનેલા આ. ભગવંતનું ગળું સુકાવા લાગ્યું. જલપાન ઢોળેલું જોઇને એકદમ ક્રોધાવીષ્ટ બની ગયા. અને બોલ્યા. હે કાકપક્ષી. આ પ્રાણરક્ષક જલને તેં ક્ષણવારમાં ઢોળી નાંખ્યું. તને જરાય શરમ પણ ન આવી ?

આ દુષ્કૃત્યના કારણે આજથી હવે આ શાશ્વતગિરિ ઉપર તારી સંતતિ આવશે નહિ. અર્થાત્ હવે પછી ક્યારેય આ તીર્થ ઉપર એકપણ કાગડો આવી શકશે નહિ.

અને આ સ્થળે મારા તપના પ્રભાવથી સર્વજનોને સંતોષ આપે તેવું નિર્જીવ અને પ્રાસુક જળ સદા રહેજો. આવા મુનિના વચનથી ત્યારે બધા જ કાગડાઓ ગિરિવર ઉપરથી ચાલ્યા ગયા. ત્યારથી ક્યારેય પણ આ ગિરિવર ઉપર કાગડાઓ આવતા નથી. જ્યારે કાગડા આ ગિરિવર ઉપર દેખાય તો સમજવું કે ભાવીમાં કોઈ મોટો દુષ્કાળ કે અનર્થ સર્જાશે. અને તે માટે શાંતિકર્મ કરવું. અને આ આચાર્ય ભગવંતના તપો બળથી નૈઋત્ય દિશામાં તે જલ સદાય ચાલુ રહ્યું. આજે છ ગાઉની યાત્રા કરવા જતા ચંદન તલાવડી પૂર્વે જે જલ આવે છે તે આ સમજવું. જો કે આજે તો તે દિવસે પૂજારી કે અન્ય લોકો તે જલમાં થોડું દૂધ નાંખીને લોકોને છેતરવા કહે છે કે આ ઢાઢાનું નમણ છે. ઢાઢાનું નમણ છે. પરંતુ હકીકતમાં આ આચાર્ય ભગવંતના તપો-બળથી સદાય જલ વહ્યા કરે છે. (અન્ય ગ્રંથમાં કહ્યું છે કે—શ્રી ભરત ચક્રવર્તીએ જે ૫૦૦ ધનુષ્યની રત્નમય પ્રતિમા ભરાવેલ તે પ્રતિમા હાલના જે મૂળનાયક દાદા છે તેમની બરાબર નીચે ગુફામાં છે. દેવો સદાય તેમની સેવાભક્તિ કરવા આવે છે. ગુફામાં રહેલા દાદાનું આ મહાજલ છે.) (तत्वं तु केवलिगम्यम्).

શ્રી શત્રુંજય માહાત્મ્ય સર્ગ—૮
શ્રી શત્રુંજય કલ્પવૃત્તિ

મહાભારતનાં પ્રસંગો

[પ્રકરણ-૨૦] —શ્રી રાજુભાઇ પંડિત

(૨૦) ના છૂટકે નળની દમયંતીથી વિદાય:

ભરતાર્ધના સમ્રાટની સામ્રાજ્ઞી આજે વન-જંગલોના તીક્ષ્ણ-કઠોર કાંટાથી વિંધાતી હતી. ખાહા-ટેકરાવાળી ધૂળભરી જમીન ઉપર પર્ણની શય્યામાં પોઢી રહી હતી રત્નજડિત ચાર દિવારોમાં રાજભવનમાં સુરક્ષિત રહેનારી દેવી આજે એક વૃક્ષની નીચે આવી ચડી હતી.

નમસ્કાર મહામંત્રના સ્મરણપૂર્વક દમયંતી અશોકવૃક્ષની પર્ણશય્યામાં પોઢી ગઇ હતી સુકોમળ શરીરમાં કાંટાની વેદના તથા થાકના કારણે મહાસતી દમયંતી તુરત જ નિદ્રાધીન બન્યા. નિદ્રાથી બીડાયેલા નેત્રોવાળી દમયંતીને જોઇને નલરાજા હવે વિચારના ચગડોળે ચડયા.

દમયંતીના કહેવાંથી કુંડિનપુર સસરાના ઘરે હું જઇ તો રહ્યો છું પણ તે મનુષ્યો અધમ છે જેમને સસરાને શરણે રહેવું પડે છે. તેથી આ નલ દમયંતીના પિતૃઘરે શી રીતે જઇ શકશે ? તેથી હૃદયને વજ્રસાત્ કઠોર કરીને આ સુકોમળ પ્રેયસીનો અહીં જ ત્યાગ કરીને અર્થાત્ દમયંતીને અહીં જ સૂતેલી છોડીને હું અન્યત્ર ચાલ્યો જઉ તે જ બરાબર છે. અને આ દમયંતીની આ જંગલ અટવીમાં રક્ષા કરનાર તો તેનું શીયળ છે જ. સતી સ્ત્રીઓના સર્વાંગરક્ષા કરનારો મંત્ર તેમનું યશોજજવળ શીયળ છે. માટે દમયંતીની પ્રાણરક્ષા તો તેનું શીલ જ કરશે.'

આમ વિચારી કેડમાંથી કટાર ખેંચી કાઢીને પોતાનું અર્ધ પાથરેલું અને અર્ધ પહેરેલું વસ્ત્ર છરી વડે છેદી નાંખ્યું. અને શરીરમાંથી કટારવડે રૂધિર કાઢીને દમયંતીના વસ્ત્ર ઉપર તે લોહીથી લેખ લખ્યો. લોહીના અક્ષરોમાં સંદેશો લખ્યો કે-હે દેવિ ! વડવૃક્ષની દિશાનો માર્ગ વિદર્ભના કુંડિનપુર તરફ જાય છે. અને તેની ડાબી તરફનો માર્ગ કોશલા તરફ જઇ રહ્યો છે. હે પ્રિયે ! આ બેમાંથી ગમે તે એક રસ્તે કાં પિતૃગૃહે કાં શ્વસુરગૃહે જજો. હું તો હવે કયાંય પણ રહી શકવાને લાયક નથી રહ્યો.'

રક્તાક્ષરોમાં પોતાનો અંતિમ સંદેશ લખીને ભરતાર્ધના માલિક

ચોધાર આંસુએ રડી પડયો. અવાજ ન થાય તેવા કરૂણ રુદનથી નલરાજ રડતો રહ્યો. અને આખરે પ્રિયા દમયંતીને સૂતેલી છોડીને ઉભો થઇ નલ ધીમા પગલે દમયંતીથી દૂર જવા ચાલવા લાગ્યો. વિશ્વાસથી ઘસઘસાટ સૂતેલી દમયંતીને ત્યાં જ સૂતેલી મૂકીને ચાલતો થયેલો નલ વાર વાર આંગળ જઇ-જઇને પાછું ફરીને સૂતેલી પ્રિયાને જોયા કરતો હતો. ચાલતો ચાલતો નલ દમયંતીથી એટલો બધો દૂર થઇ ગયો કે હવે દમયંતી દેખાતી બંધ થઇ.

દમયંતી દષ્ટિપથમાંથી દૂર થતાં જ નલને વિચાર આવ્યો કે-'ભૂખથી ઘુરકતો કોઇ જંગલી વાઘ કે સિંહ આ રાતમાં આવી ચડે અને મારા વિશ્વાસથી સૂતેલી અનાથ બનેલી તે બાળાને તે વાઘ કે સિંહ જીવતીને જીવતી ફાડી ખાશે તો શું થશે ?' તેથી તે મારી નજર સામે જ રહે તે રીતે અહીં દૂર કયાંક સંતાઇને રાતભર હું તેની રક્ષા કરૂં. સવારે તો મેં લખેલા બે રસ્તામાંથી તે ભલે ગમે તે રસ્તે જાય.' આમ વિચારીને જે પગલે દમયંતીથી નલ દૂર થયો હતો તે જ પગલે પાછો ફર્યો. અને દમયંતીને જોઇ શકાય પણ દમયંતી જોઇ ન શકે તે રીતે સંતાઇને રહ્યો.

પાછા ફરેલા નલરાજા ધરતી ઉપર પણ શય્યામાં પોઢેલી દમયંતીને જોઇને ફરી પાછા વિચારે ચડયા કે-સૂર્ય પણ જેને જોઇ નો તો શકતો એવા નલના અંતઃપુરની આ સામ્રાજ્ઞી હતી. આજે નલનું અંતઃપુર એક વસ્ત્રવાળુ થઇને જંગલના રસ્તામાં સૂઇ રહ્યું છે. મારા જ હતભાગીના પાપ-કર્મના દોષથી આ કુળવાન સુલોચના અહો ! કેવી દુર્દશા પામી. હતભાગી હું શું કરૂં ? હું ભરતાર્ધનો ધણી નજીકમાં હોવા છતાં સુંવાળી સેજ-શય્યામાં પોઢનારી આ મહાસતી અનાથની જેમ ધરતી ઉપર સૂઇ રહી છે અને હજી પણ ભરતાર્ધનો માલિક હું આ પ્રિયાની આ દુર્દશા જોવા છતાં દુઃખની વાત છે કે જીવતો રહ્યો છું. મારા વડે એકલી મૂકી દેવાયેલી આ મૃગલોચના જાગશે અને મને નહિ જોશે તો ચોક્કસ પ્રાણથી વિખૂટી પડી જશે. મારા વગર તે જીવી નહિ શકે. તેથી ભક્તિધર આ પ્રિયને છોડીને અન્યત્ર જવા મન થતું નથી. મારૂં જીવન કે મરણ આની સાથે જ હો.

અથવા તો અનેક દુઃખોથી ભરેલા આ નરક જેવા અરણ્યમાં નારક જેવો દુઃખી હું એકલોજ બનું તે જ ઉચિત છે. આ સુકુમાર પ્રિયાને મારી સાથે સાથે દુઃખમાં નાંખવી નથી. તેના વસ્ત્રમાં લખેલી મારી આજ્ઞા મુજબ

આ મૃગાક્ષી સ્વજનના ઘરે જઇને કુશલતા પૂર્વક રહે તે જ બરાબર છે.' આ રીતે નિશ્ચય કરીને તે રાત્રિ પસાર કરીને નલરાજા પત્નીના જાગવાના સમયે પત્નીથી દૂર દૂર ઉતાવળે પગલે ચાલ્યા ગયા.

આ તરફ રાત્રિના છેલ્લા સમયે દમયંતીએ એક સ્વપ્ન જોયું. કે-'ફળ પત્રોથી ફૂલેલા-ફાલેલા આંબાના વૃક્ષઉપર ચડીને ભમરાના ગુંજારવ સાંભળતી મેં તે આમ્ર-ફળ ખાધા. અને અચાનક જ વનહસ્તિ ચડે તે વૃક્ષ ઉખાડી નંખાતા હું પક્ષીના ઇંડાની જેમ ધરતી ઉપર પટકાઇ પડી.'

આ સ્વપ્ન જોઇને દમયંતી જાગી ગઇ. નજર સામે નલને નહિ જોતા બહાવરી બનેલી યુથભ્રષ્ટ હરણીની જેમ ફરેક દિશા તરફ જોવા લાગી છતાં નલ ન દેખાતા તેણે વિચાર્યું અરે! મારે આ અત્યંત કષ્ટદાયક અનિષ્ટ આવી પડયું કેમકે આવા અરણ્યમાં શરણ વગરની મને મૂકીને પતિ ચાલ્યા ગયા. અથવા તો સવાર પડી છે એટલે મારા પ્રાણેશ મુખ સ્વચ્છ કરવા ગયા હશે. અથવા તો કોઇ જલાશયમાં પાણી લેવા ગયા હશે. અથવા તો મારા નલના રૂપમાં લુબ્ધ બનેલી કોઇ ખેચરી આગ્રહ કરીને રાત-રમાડવા લઇ ગઇ હશે. અને તેની સાથે રમત કરતા મારો નલ હારી ગયો હશે ને તેથી શરત પ્રમાણે તે ખેચરી સાથે જ રોકાઇ ગયો હશે, નહિતર તે હજી સુધી આવ્યા વગર ના રહે. હજી તો ગઇ કાલે જ નલની સાથે સાથે જોયેલા હતા તે જ વૃક્ષો છે, તે જ આ પર્વતો છે, આ અરણ્ય અને આ ધરતી પણ તે જ છે. એક માત્ર અહીં કમલ લોચન મારો નલ જ દેખાતો નથી.' આ રીતે ચિંતાતુર બનેલી દમયંતી દરેક દિશાઓમાં વારંવાર જોઇ જોઇને આવતા પ્રાણનાથને ના દેખતા સવારે આવેલા સ્વપ્નને વિચારવા લાગી.

'આંબો તે નલરાજા, પુષ્પ-ફલાદિક તે રાજ્ય, ફલાસ્વાદ તે રાજ્યસુખ અને ગુંજારવ કરતા ભમરા તે મારા સ્વજનો, વનહસ્તિએ જે આમ્રવૃક્ષને મૂળથી ઉખાડી નાંખ્યું તેથી ભાગ્યવડે રાજ્યથી ઉઠાડીને મારા પતિ વનવાસના પ્રવાસી બનાવાયા અને જે હું વૃક્ષથી નીચે પડી તેનાથી જણાય છે કે-હું મારા પતિ નલથી તજાઇ છું. ચોક્કસ આ સ્વપ્નથી હવે મને નલ દુર્લભ દર્શન બન્યો છે.'

આ રીતે સ્વપ્નના અર્થને ચિંતવીને દમયંતીએ વિચાર્યું-મારે તો ન

તો રાજ્ય રહ્યું ન પતિ રહ્યો બંનેથી ભ્રષ્ટ દશા મારે તો આવી પડી અરેરે ! આ રીતે દમયંતી મુક્તકંઠે ચોધાર આંસુડે રડી પડી.

ધૈર્ય ગુમાવી બેઠેલી દમયંતી હવે મોટે મોટેથી વિલાપ કરવા લાગી કે–હે નાથ ! મને શા માટે તજી ? શું હું તમારે માટે ભારરૂપ હતી. પોતાની કાંચળી કદિ સાપને ભાર રૂપ નથી બનતી નાથ ! અથવા હે નાથ ! જો તમે મારી મશ્કરી કરવા માટે કયાંક સંતાયા હોય તો જલ્દી મારી પાસે આવો લાંબા સમય સુધી આમ મને હેરાન ન કરો મને સુખ–ચેન નથી નાથ ! હે વનદેવતાઓ હું તમને કરગરીને પ્રાર્થના કરૂં છું કે–મારો પ્રાણેશ નલ ક્યાં છે અને બતાવો, નહિતર તે જે રસ્તે છે તે રસ્તે મને લઈ જાય. હે પૃથ્વિ ! હવે તું ચિરાંઝ જા. તારા વિવરમાં મારે પ્રવેશીને પ્રાણત્યાગ કરવા છે.'

આ રીતે કરૂણ સ્વરે કરૂણ વિલાપ કરતી દમયંતીના નયનાશ્રુના પ્રવાહે અરણ્યના વૃક્ષોને સિંચ્યા.

પર્ણશય્યાની તે જગ્યા છોડીને ઉઠીને દમયંતી નલ–નલની જાણે ભૂમો પાડતી બેબાકળી બનીને નલને શોધવની ભટકતી રહી. જલમાં, સ્થળમાં, છાયામાં, તડકામાં નલ વિના દમયંતીને હવે એમ ન હતું.

નળને શોધતી શોધતી દમયંતીની નજર પોતાના વસ્ત્રના છેડા ઉપર પડી. રક્તથી લખાયેલા અક્ષરો વાંચી ખુશી–ખુશી થઇ ગઇ. હજુ હું તેના હૃદયમાં બિરાજમાન છું આટલું આશ્વાસન આ અક્ષરો વાંચતા થયું. નક્કિ કર્યું પતિનો આદેશ મને ગુરૂવર કરતા અધિક માન્ય છે. હું પતિના આદેશનું પાલન કરીશ. આમે ય પિતૃગૃહ તરફ જવા જ નીકળ્યા હતા. હવે હું પિતૃઘરે જ જઇશ. વટવૃક્ષની દિશા તરફનો રસ્તો મારા પિતૃઘરે જાય છે. ડાબી તરફનો રસ્તો કોશલા તરફ જાય છે. પણ પતિ વિના કોશલા તરફ જવું ઉચિત નથી. માટે હું હવે પિતૃઘરે કુંડિનપુર તરફ જ જઇશ. આમ નક્કિ કરીને નલના રક્તાક્ષરોને જોઇને નલને જ પોતાની પાસે રહેલો માનતી દમયંતી વટવૃક્ષની દિશા તરફના રસ્તે પિતૃઘરે જવા ચાલવા માંડી.

(ક્રમશઃ)

જૈનોમાં જૈનત્વના વિકાસની જરૂર છે કે હિન્દુત્વના વિકાસની ?

—શ્રી અવિનાશી

ત્રણ લોકના નાથ ચરમ તીર્થપતિ ભગવાન શ્રી મહાવીર સ્વામીનું શાસન પાંચમા આરાના અંત સુધી ચાલવાનું છે. વર્તમાન અવસર્પિણીનો કાલ ઘણો જ વિષમ અને વિચિત્ર કોટીનો છે કેમકે આ અવસર્પિણી દુઃષમ અવસર્પિણ છે એના જ કારણે આ અવસર્પિણીમાં અરિહંત પરમાત્માનું શાસન વચ્ચે વચ્ચે અનેકવાર વિચ્છેદ પામ્યું. ભગવાન મહાવીર દેવાધિદેવનું શાસન તો પાંચમા આરાના અંતે જ વિચ્છેદ પામવાનું છે. પાંચમા આરાના અંત સુધી ચાલનારૂં ભગવાન મહાવીર દેવાધિદેવે સ્થાપન કરેલું શાસન થોડા કાલ પછી ચાલણીએ ચળાતું આવ્યું છે અને વર્તમાન કાલમાં ચળાઇ રહ્યું છે અને ભવિષ્યમાં પણ ચળાતું રહેવાનું છે.

અરિહંત પરમાત્માની આજ્ઞા વિરૂદ્ધ મતમતાંતરો ચલાવનારા જૈન શાસનમાં રહેનારા નિહ્નવો તથા શ્રદ્ધા ભ્રષ્ટ સાધુ–ગૃહસ્થોએ નવા–નવા મતો કાઢીને અને ચલાવીને અનેક ભાવુક લોકોને ઉન્માર્ગે દોરીને જૈન શાસનને ચાળણીએ ચાળ્યું છે. અને ભવિષ્યમાં પણ ઉન્માર્ગના ઉપદેશકો વગેરે ચાળવાના છે તેમજ વર્તમાનમાં પણ કેટલાક સાધુઓ અને તેમનાથી વ્યુગ્રાહિત બનેલા ગૃહસ્થો ઉન્માર્ગની પ્રરૂપ । અને પ્રવૃત્તિઓ દ્વારા જૈન શાસનને ચાળવાનું કામ કરી રહ્યાં છે.

જૈન શાસનને ઇતર ધર્મીઓથી આજે મોટા ભાગે ભય નથી પરંતુ જૈન શાસનમાં રહેલા મતમતાંતર ચલાવનારા તેનો પ્રચાર કરનારા અને ઉન્માર્ગની પ્રવૃત્તિઓ કરનારાઓથી મોટો ભય છે એઓ લોકોને ઉન્માર્ગે દોરવા દ્વારા જૈન શાસનને જે નુકશાન કરી રહ્યાં છે એવું નુકશાન ઇતરધર્મીઓથી થવાનું નથી અને થતું નથી.

ભૂતકાળમાં અનેક નવા નવા મતો નીકળ્યા હતા તેમ વર્તમાનમાં પણ લેભાગાઓ મતો કાઢી રહ્યા છે જે અરિહંત પરમાત્માના આગમાદિ શાસ્ત્રોથી સંગત નથી.

વર્તમાનમાં પણ જેને શાસ્ત્રવાંચનમાં રુચિ જાગ્યું નથી અથવા લીધું નથી એવા મહાનુભાવ મહાત્મા સંસારી અવસ્થામાં પોતાના હિમાગમાં ભરાયેલા વિચારોમાંના એક પછી એક વિચારને જૈન સંઘમાં પ્રસારિત અને પ્રચલિત કરી રહ્યા છે જેના કારણે એ વિચારોના મહેલ અને એ વિચારો અપનાવનારાઓનું મંડલ જામી રહ્યું છે. કેટલાક સાધુ વર્ગમાં અને ગૃહસ્થવર્ગમાં એવી શ્રદ્ધા જામી ચુકી છે કે જેના કારણે એ મહાનુ-

ભાવ મહાત્માના વિચારો અરિહંત પરમાત્માના વિચારો છે એમ માનીને અપનાવી રહ્યા છે એ મહાનુભાવ મહાત્મા પણ અરિહંતના નામે પોતાના વિચારો જે પરિચયમાં આવે તેના ગલામાં ભરાવી રહ્યાં છે. બ્રેઇન વોશીંગ થવાના કારણે ખાલી થયેલા પોતાના ઉપલા મગજમાં (માથામાં) ભરી રહ્યા છે.

એ વિચારો પર વિચાર કરવા માટે પણ મનોવૃત્તિ ગુમાવી બેઠા છે. સંઘના નાયક કે સમુદાયના નાયક વડીલ સાથે કે ગીતાર્થો સાથે એ વિચારોનો વિનિમય કરવા માટે જવા એમના પગ તૈયાર નથી. મહાનુભાવ મહાત્માના વિચારો જ ભગવાનના પ્રરુપેલા સાચા વચનો છે એમ માની આંખ મીંચીને પોતાના જીવનમાં એ વિચારો અપનાવવા સાથે જૈન સંઘમાં પ્રચાર કરી રહ્યાં છે અને સંઘમાં રહેલા સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકાઓ ને આગમ શાસ્ત્રો અને વ્યવહારથી વિરુદ્ધ પ્રવૃત્તિઓમાં જોડી રહ્યાં છે અને એ મહાનુભાવ અને તેમને જ સર્વસ્વ માનનારો સાધુ અને શ્રાવક વર્ગ ભૂગર્ભમાં રહી એ પ્રવૃત્તિઓ કરી રહ્યા છે અને કરાવી રહ્યા છે, જ્યારે એ પ્રવૃત્તિઓ જાહેરમાં આવે ત્યારે ખબર પડે કે આ લોકો ભૂગર્ભમાં રહી તે પ્રવૃત્તિ અને પ્રચાર કેવો ચલાવી રહ્યા છે ?

એમણે જૈનોમાં જૈનત્વનો વિકાસ કરવાનો તો બાજુમાં મૂકી દીધો છે પણ જૈનોમાં હિન્દુત્વનો વિકાસ કરવા માટે જોરશોરથી પ્રચાર અને પ્રવૃત્તિ કરી રહ્યાં છે.

એમાં એઓ જ્યાં ને ત્યાં અને જે મળે તેને કહે છે કે–હિંદુત્વનું પ્રતીક કાનમાં કુંડલ કે કાનબુટ્ટી છે માટે કાનમાં કુંડલ કે કાનબુટ્ટી પહેરવી જોઇએ એના માટે કાન વિંધવા જોઇએ અને કાન વિંધવા માટેની સગવડતાઓ એઓ પણ ગોઠવી આપે છે. જોરદાર પ્રચાર કરવાના કારણે નાના મોટા જૈનો કાન વિંધાવી કુંડલો પહેરવા લાગ્યા. એનો પણ એક વર્ગ ઉભો થયો પ્રચારના લપેટામાં ભોલા–ભાલા માણસો જ આવ્યા એવું નથી પણ ભણેલા–ગણેલા બુદ્ધિજીવી જૈનો પણ આવી ગયા. અને કાન વિંધાવી કુંડલ કે કાનબુટ્ટી પહેરી પોતાની જાત 'હિન્દુ' છે એવો ગૌરવ અનુભવવા લાગ્યા કેટલાકોને એવી પણ શંકા પડવા લાગી કે કાનમાં કાનબુટ્ટી પહેરનારા હિન્દુ અને નહી પહેરનારા શું મુસલમાન હશે ?

એક આચાર્યનું કથન કર્ણોપકર્ણ સાંભળવા કે જાણવા મળ્યું કે હિંદુત્વનું પ્રતિક કુંડલ કે કાનબુટ્ટી નથી પણ ચોટલી છે. મુસલમાનો આખું માથું મુંડાવે છે. ચોટલી રાખતા નથી જ્યારે હિંદુઓ ચોટલી રાખીને માથુ મુંડાવે છે ટકો મુંડો કરાવે છે. બ્રાહ્મણની ચોટલી જુદી હોય છે. વણીકની ચોટલી જુદી હોય છે, રબારી કે ઠરબારની

ચોટલી જુદા પ્રકારની હોય છે કોઇની ચોટલી લાંબી હોય છે કોઇની ટુકી (નહાની) હોય છે જેમ વેષ જુદા જુદા હોય છે તેમ લગભગ ચોટલી દરેક કોમની જુદી સાઇજ અને ટીગાઇનની હોય છે.

જેમને હિન્દુત્વનું પ્રતીક શું છે એની જ ગતાગમ નથી એવા મહાનુભાવો કુંડલ ને કાનબુટ્ટી કાનમાં પહેરાવી હિન્દુની એક વિલક્ષણ જમાત ઉભી કરવાના પ્રયાસ કરે એ ખરેખર એક બેઠ ઉપજાવનારી આશ્ચર્યકારી બીના કહેવાય. બીજુ એક બાજુ કુંડલ ને કાનબુટ્ટી પહેરી હિન્દુત્વનુ પ્રદર્શન કરવું અને બીજી બાજુ પેન્ટસુટ પહેરી અનાર્યત્વ (મુસલમાનત્વ)નું પ્રદર્શન કરવું એ પણ એક આશ્ચર્યકારી બીના છે. આ તો નૃસિંહ જેવું થયું કહેવાય.

હિન્દુત્વનું પ્રતીક કુંડલ કે કાનબુટ્ટી નથી પણ ચોટલી છે એવું જાણવા મળ્યું એટલે મહાનુભાવ મહાત્માએ માથુ મુંડાવી ચોટલી રાખવાનો ઉપદેશ આપ્યો. એટલે લોલાલાલા નહાના બાલકોએ હજામ પાસે માથા મુડાવ્યા ચોટલી રાખી. ટકા–મુંડાવાળા માથામાં ચમકતી ચોટલી હિન્દુત્વની પ્રતીક પતાકા જેવી લાગતી હતી. નહાના બાલકો સરલ અને આજ્ઞાંકિત હોય છે. જેવું સમજાવો તેવું સમજે તેવા હોય છે. એટલે કેટલાક બાલકોએ ટકો મુંડો કરાવ્યો કેટલાક બાલકોને પસંદ ન પડયું માણસોમાં એકાદ બે જણને છોડીને ટકો મુંડો કરાવી ચોટલી રાખવાની પ્રવૃત્તિ પસંદ પડી નહિ. મહાનુભાવ મહાત્માનો માથુ મુંડાવી ચોટેલી રાખવાનો ઉપદેશ સ્વીકારવા મોટા માણસોનું મન તૈયાર થતું નથી હજી એમની જાત હિન્દુત્વમાં આવવા જાણે શરમાતી ન હોય એમ લાગે છે.

જોગીરાજ (ગધેડા)ના મૃત્યુના શોકમાં જેમ રાજા અને મંત્રીને છોડીને નગરના નાના–મોટા કંથડીઓ અને સામાન્ય લોકોએ માથા મુડાવ્યા હતા તેમ મહાનુભાવ મહાત્માઓનો અને તેમના ફોલર્સ બનેલા મહાત્માઓનો જોરદાર ફોટોનો રાજા ઋષભના નામે ઉપદેશ આપવાનું ચાલુ થશે ત્યારે માથા મુંડાવનારા મહાનુભાવોની હિન્દુ તરીકેની એક નવી નાત પણ કદાચ ઉભી કે જે જૈન સંઘ કે સમાજમાં એક મોટી તીરાડ ઉભી કરશે.

એક ગતકડું નવું જાણવા મળ્યું.–ભોયણીના સંઘમાં સંઘપતિએ જનોઈ પહેરી હતી. એક ભાઈ એ સંઘપતિને જનોઇ પહેરેલા જોયા ત્યારે તેને તેને અશ્ચર્ય થયું. એટલે પૂર્વે પાલિતાણાનો સંઘ કાઢનાર સંઘપતિને પૂછયું કે આ સંઘપતિએ જનોઈ કેમ પહેરી છે ? ત્યારે એ સંઘપતિએ કહ્યું કે સંઘ કાઢનાર સંઘવીએ જનોઇ પહેરવી

જોઇએ. મે પણ પહેરી હતી. આ જનોઇ પહેરવાનો ઉપદેશ આપનાર અને પ્રવૃત્તિ કરાવનારની જેવી મનોવૃત્તિ હશે કે જનોઇ પહેરનારા સંઘવીઓ ભરત મહારાજાને ત્યાં રહેલા સાધર્મિક-શ્રાવકોની પરંપરામાં આવેલા છે એવું જણાવવું. જેમ દીગંબરો જનોઈ પહેરીને પોતાની જાતને ભરત મહારાજાના વારસદાર તરીકે જણાવે છે તેમ.

ખરેખર એ મહાનુભાવોને ભાન નથી કે જનોઇ પહરવી એ બ્રાહ્મણત્વનું સૂચક છે. ભરત મહારાજાએ જે સાધર્મિકોને પોતાના આત્માને જાગૃત રાખવા માટે રાજ મહેલમાં રાખ્યા હતા એવીજ રીતે વંશપરંપરામાં રખાયેલા સાધર્મિકો જનોઇ પહેરનારા છેલ્લે બ્રાહ્મણો થઇ ગયા હતા અને આ રીતે જ બ્રાહ્મણ વર્ણ-જાતિની ઉત્પત્તિ થઇ હતી જનોઇવાળા બ્રાહ્મણ તરીકે ગણાયા. જનોઈ પહેરાવીને અમે જૈન ગણાતા સંઘવીઓને બ્રાહ્મણ બનાવી રહ્યા છીએ એનું ભાન એ મહાનુભાવોને નથી.

ખરેખર જનોઇ પહેરવાની પ્રવૃત્તિ વેગવંતી બનશે તો જૈનોમાંથી બ્રાહ્મણોની એક નવી જાત ઉભી થઇ જવા પામશે. માટે સંઘનાયકો અને ગચ્છનાયકોએ સચેત બનવાની તાતી જરૂર છે નહિતર આ પ્રવૃત્તિથી જૈન શાસનને ભારે નુકસાન વેઠવું પડશે.

ભરત મહારાજા, વિક્રમરાજા, કુમારપાલ મહારાજા, વસ્તુપાલ તેજપાલ વગેરે મહાપુરૂષો સંઘ કાઢીને સંઘવી બન્યા છે એમાંથી કોઇએ પણ જનોઇ પહેરી હોય એવું એકે દૃષ્ટાન્ત બન્યુ નથી કોઇએ પહેરાવી પણ નથી પહેરવાનો કોઇએ ઉપદેશ પણ આપ્યો નથી અમે દરેક સંઘવીએ જનોઈ પહેરવી જોઇએ એવું શાસ્ત્રમાં કોઇ વિધાન પણ નથી આચાર્ય ભગવંતો વગેરે સંઘવીઓને સંઘમાળ કે તીર્થમાળ પહેરાવી છે પણ જનોઇ કોઇને પહેરાવી નથી.

આવી જનોઇ પહેરાવવાની પ્રવૃત્તિ ખરેખર લેભાગેઉ મહાનુભાવોનો પ્રયાસ છે એમ લાગે છે એમને તો બ્રાહ્મણોની પરંપરા ઉભી કરવી છે પરન્તુ જનોઇ પહરવાની પ્રવૃત્તિ અને બ્રાહ્મણ વર્ણ (કોમ)ની ઉત્પત્તિ કઇ રીતે થઇ એનું ભાન લેભાગેઓને નથી એમ જણાય છે એમને તો હવે એક જ ધૂન જાગી છે કે ભરત મહારાજાના વારસદારો ઉભા કરવા.

ચક્રવર્તીપણાના સામ્રાજ્યમાં અને ભોગવિલાસમાં મારો આત્મા આસક્ત ન બની જાય. એટલા માટે પોતાનો આત્માને જાગ્રત રાખવા માટે ભરતમહારાજાએ શ્રાવક ધર્મનુ સુંદર આરાધન કરનારા શ્રાવકોને પોતાના રાજમહેલમાં રાખ્યા હતા ભોજનાદિની વ્યવસ્થા કરવા પૂર્વક અને પોતાના શ્રાવકપણાની સુંદર રીતે આરાધના રાજ-

મહેલમાં રહીને કરવાનું જણાવવા પૂર્વક ભરતમહારાજાએ રાજમહેલમાં રહેવાનું જણાવ્યું હતું સાથે એ પણ જણાવ્યું હતું કે જ્યારે હું રાજસભા ભરીને બેસું ત્યારે તમારે બધાએ રાજસભામાં આવવું અને બધાએ 'જિતો ભવાન્ વર્ધતે ભીઃ તસ્માત્ માહન માહન. એ ત્રણ મહાવાક્યો સંભળાવવા.

અને એ પ્રમાણે શ્રાવકો કરતા હતા. કેટલોક કાલ વીત્યા બાદ સારૂ સારૂ ખાવાના લોભથી ગમે તેવા માણસોનો રાજમહેલમાં ભરાવો થયો અને ભરતમ.ના રસોડે જમવા માટે માણસોનો ધસારો થવા માંડયો એટલે રસોઇયાએ ભરત મ.ને ફરીયાદ કરી એથી ભરત મ.એ સારા સારા શ્રાવકોના શરીરે કાકીણી રત્નથી જનોઇનું ચિન્હ કર્યું. એટલાને જ રાજમહેલમાં રહેવાનું અને રસોડે જમવાનું જણાવ્યું અને એ રીતે કરીને બીજાઓનું નિવારણ કર્યું.

કાંકીણીથી જનોઇનું ચિન્હ શ્રાવકોને ભરત મહારાજાએ કરાવ્યું હતું તે ગમે તે માણસો જમવા રસોડામાં ઘૂસી જતા હતા તેનું નિવારણ કરવા ન કે બ્રાહ્મણ બનાવવા ભરત મહારાજાની રાજગાદી પર આવેલા કેટલાક રાજાઓએ પણ શ્રાવકોને પોતાના રાજમહેલમાં રાખી પોતાના આત્માને જાગૃત રાખવા માટે એ ત્રણ મહા–વાક્યોનું શ્રવણ કરવાની પ્રવૃત્તિ ચાલુ રાખી હતી એમાંથી કોઇક રાજાએ સોનાની જનો-ઇનું ચિહ્ન બાવા માટે ઘૂસણખોરી કરનારા માણસોનું નિવારણ કરવા કર્યું હતું અને છેલ્લે સૂતરના દોરાની જનોઇનું ચિહ્ન કરાવ્યું હશે અને પડતા કાલના પ્રભાવે એ પરંપરામાં આવેલા શ્રાવકો માહણ–બ્રાહ્મણ થઇ ગયા એ રીતે બ્રાહ્મણવર્ણ (જાત)ની ઉત્પત્તિ થઇ આવું શાસ્ત્રમાં વિધાન આવે છે માટે જનોઇ પહેરવાની પ્રવૃત્તિ કોઇપણ જૈને કરવી જોઇએ નહી કેમકે જનોઇ એ શ્રાવકપણાનું ચિહ્ન નથી પણ બ્રાહ્મણપણાનું ચિહ્ન છે.

આ મહાનુભાવો શુદ્ધાશુદ્ધની પણ એવી ભાંજગડમાં પડયા છે કે એમને શુદ્ધ શું અને અશુધ્ધ શું એનું પણ જ્ઞાન નથી એના કારણે શુધ્ધ ને પણ અશુધ્ધ બેધડક કરી દે છે એવો જ એક પ્રસંગ લોયણી સંઘમાં બન્યો. એક ભાગ્યશાળી શ્રાવકને સંઘના યાત્રિક શ્રાવકોની સફરજન દ્વારા ભક્તિ કરી લાભ લેવાનું મન થયું એણે એક શ્રાવકને કહ્યું કે મારે સફરજન વધરાવી યાત્રિકોની ભક્તિ કરવી છે ત્યારે શુધ્ધિના ફિરસ્તા ગણાતા એ ભાઇએ કહ્યું કે–સફરજનની ભક્તિ કરાતી હશે ? એ તો અશુધ્ધ છે અશુધ્ધ પદાર્થથી ઉત્પન્ન થયેલ છે. ના કરાય. એ સાંભળીને એ ભાઇને ભક્તિ કરવાનું માંડી વાળવું પડયું.

એ વખતે કોઇ એને કહેનાર ન મળ્યો કે તું અહીં સંઘમાં કેમ આવ્યો છે

તું પણ અશુધ્ધ અને અપવિત્ર છે કેમકે તું તારા માતા પિતાના અશુધ્ધ પદાર્થોથી પેદા થયેલો છું.

આ મહાનુભાવોને શુધ્ધ કોને કહેવાય અને અશુધ્ધ કોને કહેવાય એની જરીકે ગતાગમ નથી.

ફર્ટીલાઇઝર ખાતરમાંથી ઉત્પન્ન થયેલ અનાજ–ફલાદિ વસ્તુઓને એઓ અશુધ્ધ માને છે પરંતુ એમની એ માન્યતા ઘેલછા ભરેલી અજ્ઞાન માન્યતા છે ફર્ટીલાઇઝર ખાતર જો અશુધ્ધ છે તો છાણીયું ખાતર પણ કાંઇ શુધ્ધ નથી જ એ પણ દુર્ગંધમય અશુધ્ધ જ હોય છે. છાણીયા ખાતરથી ઉત્પન્ન થયેલ અનાજ ફલાદિ અશુધ્ધ નથી મનાતું તેમ ફર્ટીલાઇઝર ખાતરથી ઉત્પન્ન થયેલ અનાજ આદિને પણ અશુધ્ધ ન મનાય. અશુધ્ધ વસ્તુને શુદ્ધ કહેવાથી જેમ જુઠ બોલવાનું પાપ લાગે તેમ શુધ્ધ વસ્તુને અશુદ્ધ કહેવાથી પણ જુઠ બોલ્યાનું પાપ લાગે. જેમ જેમ જીવને અજીવ માનવા–બોલવામાં તેમજ અજીવને જીવ માનવા બોધવામાં જુઠ બોલ્યાનું પાપ લાગે તેમ!

શુદ્ધ અને અશુદ્ધની ગડમથલમાં અટવાયેલા મહાનુભાવો પ્લાસ્ટિકને પણ અશુદ્ધ માને છે કેમકે પ્લાસ્ટિક પેટ્રોલીયમના કચરામાંથી પેદા થાય છે આવી માન્યતા પણ બરોબર નથી. છાણીયા ખાતરાદિથી ઉત્પન્ન થયેલ અનાજ આદિ અશુદ્ધ નથી ગણાતું તેમ પેટ્રોલીયમના કચરામાંથી ઉત્પન્ન થયેલ પ્લાસ્ટિક અશુદ્ધ ગણાય જ નહી. મોટા ભાગે વસ્તુઓની ઉત્પત્તિ અશુદ્ધ પદાર્થોમાંથી જ થતી હોય છે. પણ તે વસ્તુઓ દુનીયાના વ્યવહારમાં અશુદ્ધ ગણાતી નથી અને શાસ્ત્રોમાં પણ ક્યાંએ અશુદ્ધ ગણી નથી. ઉત્પન્ન થયેલ વસ્તુ વિષ્ટા, પેશાબ, માંસ, ચર્બી આદિ દુર્ગંધમય વસ્તુઓથી મિશ્રિત થયેલ હોય તો તે અશુદ્ધ ગણાય છે. પરંતુ ગંધ, દુર્ગંધમય પદાર્થોથી ઉત્પન્ન થયેલ અનાજ, ફલાદિ પરિણામાંતર પામેલ હોય છે માટે અશુદ્ધ ગણાતા નથી. તેમ પેટ્રોલીયમનાં કચરામાંથી પ્લાસ્ટિક પેદા થયેલ હોવા છતાં પરિણામાંતર દિવ્યંતર ઉત્પન્ન પામેલ દ્રવ્ય છે માટે કોઇ રીતે અશુદ્ધ ગણાય નહીં.

પ્લાસ્ટિકની વસ્તુઓ જીવોની હિંસાદિની પરંપરા સર્જનાર હોવાના કારણે તથા અનેક રીતે શારીરીક રોગો પેદા કરનાર હોવાના કારણે નુકશાન કરનાર હોવાથી ન વાપરવી યોગ્ય છે પણ પ્લાસ્ટિકને અશુદ્ધ માનવું તે યોગ્ય નથી જ. તેવી રીતે ફર્ટીલાઇઝર ખાતરાદિથી ઉત્પન્ન થયેલ અનાજ આદિ રોગાદિ ઉત્પન્ન કરવા દ્વારા શરીરને નુકશાન કરતા હોવાનાં કારણે ન વાપરવું તે યોગ્ય જ છે. પણ એવા અનાજ, ફલાદિને અશુદ્ધ માનવા તે કોઇ રીતે સંગત નથી કેમકે એ અનાજ આદિને અશુદ્ધ માનવામાં કોઇ પણ શાસ્ત્ર કે વ્યવહાર સાક્ષી પૂરતું નથી

શુદ્ધાશુદ્ધની જ જેને લત લાગી છે એવા એક મહાનુભાવ મહાત્મા વ્યાખ્યાનમાં બોલતા બોલતા એટલા આગળ વધી ગયા કે એમને એ ભાન પણ ન રહ્યું કે હું જે બોલું છું તે શાસ્ત્ર સંગત છે કે નહી. તેમજ વ્યવહારૂ છે કે નહી.

વ્યાખ્યાનમાં બોલ્યા કે ૨૨ અભક્ષ વસ્તુઓ શાસ્ત્રમાં બતાવી છે તેમાં ઝેર પણ અભક્ષ તરીકે બતાવ્યું છે. માટે જે અનાજ આદિ પર જીવાતોને મારવા માટે બેતરની અંદર ઉભા પાક પર ઝેરી દવાઓ છાંટવામાં આવે છે તે અનાજ આદિ પણ અભક્ષ છે એ વખતે સભામાંથી કોઇ પુછનાર ને નીકળ્યો કે મહારાજ! તમે સાધુઓ અને તમારા બધા જૈનો શું અભક્ષ અનાજાદિ ખાય છે? આજે મોટા ભાગે વ્યાખ્યાન સભાઓ તત્વની જાણકારીવાળી ન હોવાને કારણે ઉત્સૂત્ર પ્રરૂપણા કરનારાઓના આવા આવા ઘણી ગેા ચાવ્યા કરે છે.

જીવાને મારવા માટે ઝેરી દવાઓનેા ઉપયેાગ કરવેા એ જરાય યુક્ત નથી. ઝેરી દવાઓ છાંટવા દ્વારા પેદા થયેલ અનાજ આદિ શારીરીક દૃષ્ટિ નુકસાન કરનાર હોવાથી આવું અનાજ આદિ ન વાપરવા તે તદ્દન વ્યાજબી છે પણ એ અનાજાદિને અભક્ષ માનવા–બોલવા તે કોઇ રીતે યેાગ્ય નથી અને એ રીતે બોલવામાં શાસ્ત્ર વિરુધ્ધ બોલ્યાનું પાપ તેા લાગે જ સાથે કોઇના હૈયામાં એમ પણ લાગે કે આ મહારાજ વ્યવહાર વિરૂદ્ધની વાતેા કરે છે એના પરિણામે એ સાધુ પ્રત્યેના અભાવવાળેા પણ બની જાય અને એના માટે આગળ જતા કેવું પરિણામ આવે એ કાંઇ જ કહી શકાય નહી.

આ મહાનુભાવોને શુદ્ધાશુદ્ધના વિષયમાં ભ્રમણા થઇ છે તેમ દેશી–વિદેશીના વિષયમાં પણ એક મોટી ભ્રમણા થઇ છે એથી એઓ મહોત્સવ, વરઘોડા, સાગૈયા વગેરેમાં બેન્ડવાજા લાવવા નહી ઢોલ–ઢોલકા અને સરણાઇવાળા લાવવા જોઇએ એનેા જોરશોરથી ઉપદેશ–પ્રચાર કરી રહ્યા છે અને એમના અનુયાયી બનેલા ભોલા–ભદ્રિક ભાવુકો એમના દેશી–વિદેશીના પ્રચારના લપેટામાં આવી ગયેલા વરઘોડાદિના પ્રસંગેામાં બેન્ડવાજા નથી લાવતા. તેઓ લાવે છે ઢોલ–ઢોલકા–શરણાઇ આદિ વાળા તથા તલવાર ભમાવનારા કપડામાંથી કબુતર–મોરાદિ બનાવનારા કે કાંસીજોડા–લેઝીયમવાળાઓને બેન્ડવાજા વિદેશી છે ઢોલકાદિ દેશી છે ઢોલકા ચામડાને બદલે પ્લાસ્ટિકવાળા હોય તેા એમને ચાલે છે કેવી વિચિત્રતા છે? આ બધી પ્રવૃત્તિઓ ખરેખર શાસન પ્રભાવનામાં પૂરેપૂરી ઓટ લગાડનારી છે.

સેંકડો વર્ષોથી વરઘોડાદિમાં બેન્ડવાજા વગેરે લાવવાની પ્રવૃત્તિ જૈન શાસનમાં

ચાલતી આવી છે કોઇપણ ગીતાર્થ આચાર્ય ભગવંત વગેરે જો બેન્ડવાજા વિદેશી છે માટે વરઘોડાદિમાં નહી લાવવા જોઇએ એવો નિષેધ કર્યો નથી.

બેન્ડવાજા એ જૈન શાસનની પ્રભાવના કરવાનું સુંદરમાં સુંદર અંગ–સાધન છે સારામાં સારા બેન્ડવાજાઓ–બેન્ડો જેટલી વધુ સંખ્યામાં વરઘોડાદિમાં લવાય. એમાં વધુને વધુ શાસન પ્રભાવના થાય છે ઇતર લોકોનું આકર્ષણ પણ જોરદાર થાય છે લોકો દોડી દોડીને જોવા આવે છે એ વરઘોડો વગેરે જોઇને લોકોને અરિહંત પરમાત્માના, તથા આચાર્ય ભગવંત વગેરે ગુરૂભગવંતોના દર્શન કરવા દ્વારા તથા હાથ જોડી માથુ નમાવા દ્વારા નમસ્કાર કરી તેમજ જૈન ધર્મની અનુમોદના કરવા દ્વારા બોધિ બીજ પામવાની શક્યતા મોટા ભાગે રહે છે ત્યારે આવી શક્યતા કર્ણકટુ ઢોલ-ઢોલકાદિ દેશી વાઘો વરઘોડાદિમાં લાવવાથી લગભગ રહેતી નથી. શાસનની શોભા વધતી નથી પણ ઘટે છે.

આ મહાનુભાવોના છોકરા છોકરીઓ પરણે ત્યારે પોતાની પ્રતિષ્ઠા અને આબરૂ જમાવવા માટે તથા છોકરા-છોકરીઓને રાજી કરવા સારામાં સારા પ્રસિદ્ધ બેન્ડો લાવે છે ઢોલ ઢોલકા કે શરણાઈ લાવીને છોકરા છોકરીઓના લગ્ન પતાવી દેતા નથી અને આ લોકો બેન્ડવાજા વિદેશી હોવાને કારણે દોષ લાગે છે એમ માની વરઘોડાદિમાં બેન્ડવાજા લાવવાનું છોડી દઈ દેશી ઢોલ ઢોલકા વગેરે લાવે છે અને એમાં શાસ્ત્ર પ્રમાણેનો વરઘોડાદિ કાઢયાનું ગૌરવ અનુભવે છે અરેખર એમનું **મતિ માન્દ્ય** અને એમની મતિભ્રમણા સુજ્ઞ પુરૂષોને પણ આશ્ચર્ય ઉપજાવે તેવી છે.

રાષ્ટ્રપતિ કે વડાપ્રધાન વગેરે દેશનેતાઓ નગરમાં પ્રવેશતા હોય ત્યારે એમના સ્વાગત માટે કે સલામી માટે બેન્ડવાજા હોય છે ઢોલ ઢોલકા વગેરે હોતા નથી ગામડાદિમાં બેન્ડવાજાની સગવડ ન હોય ને ઢોલ ઢોલકા વગેરે લાવે ત્યારે રાષ્ટ્રપતિનું કે વડાપ્રધાન વગેરેનું અપમાન થયા જેવું લાગતું નથી પણ સારામાં સારા બેન્ડવાજા આદિની સગવડતા હોય ને ન લાવે અને એકલા ઢોલ ઢોલકા લાવે તો રાષ્ટ્રપતિ વગેરેનુ અપમાન થયું ગણાય છે અને રાષ્ટ્રપતિ–વડાપ્રધાન વગેરેનો નગર પ્રવેશનો ઉત્સાહ પણ પડી ભાગે છે દુનિયામાં પણ આવું થતું જણાતું હોય તો જૈનશાસનમાં તીર્થંકર ભગવંતો ચક્રવર્તીઓના ચક્રવર્તીઓ છે અને ઇન્દ્રોના પણ ઇન્દ્ર છે તથા આચાર્યાદિ ગુરુવરો રાષ્ટ્રપતિ રાજા મહારાજા કે ચક્રવર્તીઓ કરતા પણ કેઇ ગણા ચડીયાતા છે એમના વરઘોડા–સામૈયા કે મહોત્સવોમાં ઢોલ ઢોલકા વગેરે લાવવાથી સન્માન બહુમાન થયું ગણાતું નથી પરંતુ અપમાન અને આશાતના જ થઇ ગણાય

બેન્ડવાજા આદિની સામગ્રી ન મળતી હોય અથવા કોઇ સંઘ કે વ્યક્તિની શક્તિ ન પહોંચતી હોય અને સામૈયાદિમાં ઢોલ ઢોલક્યાદિ લાવે અરે એની પણ શક્તિ ન પહોંચતી હોય તો કેવલ સામે લેવા આવવા દ્વારા ભાવભીનું સ્વાગત કરે એમાં આશાતના લાગતી નથી અપમાન કર્યા જેવું ગણાતુ નથી પણ છતી શક્તિએ અને છતી બેન્ડવાજા આદિની સામગ્રીએ વરઘોડાદિમાં બેન્ડવાજા આદિ ન લાવે અને કેવલ ઢોલ ઢોલક્યા વગેરે લાવે તો અરિહંત પરમાત્મા વગેરેની આશાતના–અપમાનનો દોષ લાગે જ સાથે શાસન પ્રભાવનામાં પૂરેપૂરી ઓંખપ લાગવાથી શાસનની અશાતનાનો દોષ લાગે જ. જ્યારે આવા પ્રસંગોમાં જાણકારી હોવા છતાં પોતાની હાજરી કે ઉપસ્થિતિ આપનારાઓને પણ શાસન પ્રભાવનામાં ઓંખપને સપોર્ટ અપાઇ જવાના કારણે એઓ દોષના ભાગીદાર થયા વગર રહેતા નથી એ હકીકતનો સૂક્ષ્મદૃષ્ટિએ વિચારાય તો જણાયા વગર રહે એમ નથી.

જૈનશાસન દેશી–વિદેશીનું મહત્વ આંકતુ નથી પણ શાસન પ્રભાવનાને મહત્વ આપે છે વિદેશી સામગ્રીથી પણ શાસન પ્રભાવના થતી હોય તો વરઘોડા વગેરેના પ્રસંગોમાં વિદેશી સામગ્રી પણ લાવે તો એમાં દોષ પાત્ર ગણાતી નથી. માત્ર એ વિદેશી સામગ્રી શાસન માન્ય તથા ગીતાર્થ ગુરૂ માન્ય હોવી જોઇએ. બેન્ડવાજા આદિ શાસનને અમાન્ય નથી આજ સુધી જૈનશાસનના ઘરેક આચાર્ય ભગવંત વગેરે ગીતાર્થ ગુરૂ ભગવંતોની નિશ્રામાં થતા વરઘોડાદિના ધાર્મિક પ્રસંગોમાં બેન્ડવાજાદિ લવાતાં હતાં ક્યારે પણ વિદેશી માનીને એનો નિષેધ કર્યો નથી બેન્ડવાજા આદિની સુંદર સામગ્રી વરઘોડાદિમાં હોય તો સારામાં સારી શાસન પ્રભાવના થાય છે એવી માન્યતા ધરાવતા હતા.

એવું પણ જાણવા મળ્યું છે કે લૌકિક લગ્નાદિના પ્રસંગોમાં ઢોલ ઢોલકાને કાંશાની થાળી વગાડનારાઓ એટલા માટે લવાય છે કે ઢોલ ઢોલકાદિના કર્કશ અવાજથી ભૂત–ડાકણ વગેરે ભાગી જાય વર–કન્યા વગેરેને એનો વલગાડ ન થાય એટલા માટે જ બેન્ડવાજા વગેરે લાવ્યા હોય તો પણ ઢોલ ઢોલકા વગેરે લગ્નાદિના પ્રસંગમાં લવાય છે જ એનાં ઉપરથી એમ સમજી શકાય કે ઢોલ ઢોલકા વગેરે શાસન પ્રભાવનાના અંગ નથી.

માટે બેન્ડવાજા વગેરે વરઘોડા વગેરેમાં ન લાવવા જોઇએ દેશી ઢોલ ઢોલકાદિ વાજીંત્રો જ લાવવા જોઇએ આવો પ્રચાર અને પ્રવૃત્તિના રવાડે ચઢીને શાસન પ્રભાવનામાં ઓંખપ લગાડવાનું કે તીર્થંકર ભગવંતો તથા આચાર્ય ભગવંતો વગેરે ગુરૂવર્યોની વરઘોડાદિના પ્રસંગોમાં માત્ર ઢોલ ઢોલકા વગેરે લાવીને અને બેન્ડવાજાદિ

લાવવાની ઉપેક્ષા કરીને અશાતના–અપમાન કરવાનું પાપ કરવા જેવું નથી.

બીજુ આવી પણ એક ઉંડે ઉંડે માન્યતા આ મહાનુભાવોના હૈયે ઘર કરી ગઇ લાગે છે કે રાજા ઋષભના વખતની જે કલાઓ અને કલાની સામગ્રીઓ અને કલાકારો હતા એવી કલા અને કલાકારો ઉભા કરવા છે આવી માન્યતા પણ જૈન શાસનના સિદ્ધાંતોથી બાહ્ય છે વિરૂદ્ધ છે વરઘોડા મહોત્સવ વગેરે જૈન શાસનની પ્રભાવનાદિના કાર્યોમાં કલા–કલાકારોનો ઉપયોગ કરી લેવો બરોબર છે પરંતુ કલાકારો ને કલા વગેરેને ઉભા કરવા ઉત્તેજન આપવા માટે લાવવાના નથી. જૈન સંઘ કાંઇ કલા કલાકારોને ઉભા કરવા માટે ઉત્તેજન આપવા બંધાયેલો નથી કલા–કલાકારોને ઉત્તેજન આપવામાં આરંભ સમારંભાદિના મહા દોષો લાગે છે માટે કલાકારોને ઉત્તેજન આપવાનો માન્યતા કે પ્રચાર શાસ્ત્ર વિરૂદ્ધ અને ભ્રામક છે માટે આવા પ્રચાર અને પ્રવૃત્તિઓ જે નવી નીકળી રહી છે એને લાલબત્તી કે રેડસીગ્નલ જ આપી દેવું જોઇએ જેથી કરીને જૈન સંઘમાં બુદ્ધિભેદ–વિભાજીકરણ તથા તીર્થંકર ભગવંતો આદિ પૂજ્ય પુરુષોની અશાતના અટકી જાય.

જૈન સંઘના નાયકો–સમુદાયના નાયકો અને ગીતાર્થ ગુરૂદેવોએ આવી અયોગ્ય પ્રવૃત્તિઓ અટકાવવા પ્રયત્ન કરવો જોઇએ જેથી કરીને ગતકડા જેવી ઉન્માર્ગ પ્રવૃત્તિઓને પોષવાના કે ઉપેક્ષા કરવાના પાપથી બચી જવાય. જૈન શાસન ચાળણીયે ચળાતું અટકી જાય અને જયવન્તુ બને.

—: સર્વેઽપિ સન્માર્ગેઽવતરન્તુ :—

卐 જ્ઞાન ગુણ ગંગા 卐

—પ્રજ્ઞાંગ

૦ અપૌદ્ગલિક વસ્તુઓ કઇ કઇ છે તે અંગે શ્રી 'વિચારષંચાશિકા'માં કહ્યું છે કે–

'ધમ્મા ધમ્મા આસા જીવા કાલો ય આઇગં ચેવ ।
સાસાયણ ઉવસામિય અપુગ્ગલા ઇ ચ એ આઇ' ॥૨૮॥

ભાવાર્થ : ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવ અને કાલ તથા ક્ષાયિક સમ્યક્ત્વ, સાસ્વાદન સમ્યક્ત્વ અને ઉપશમ સમ્યક્ત્વ આટલી વસ્તુ અપૌદ્ગલિક છે.

* જીવનની સાર્થકતા *

[પ્રસંગ પરિમલમાંથી] —શ્રી ધર્મ શાસન

ધમ્મો મંગલ મુક્કિટ્ઠં, અહિંસા સંજમો તવો ।
દેવાવિ તં નમંસંતિ, જસ્સ ધમ્મે સયામણો ।।

દશવૈકાલિક સૂત્રના પ્રથમ અધ્યયનની પ્રથમ ગાથામાં પરમ પ્રભાવક આચાર્ય મ. શ્રી શય્યંભવ સૂ. મ. બાળમુનિ શ્રી મનકમુનિને ઉદ્દેશીને ભવ્ય જીવોને બોધ આપતા ફરમાવે છે કે–'હે ભવ્યો ! લક્ષચોરાશી યોનિમાં પરિભ્રમણ કરી મહાપુણ્યે આ આત્માને, દેવોને પણ દુર્લભ એવો માનવનો દેહ પ્રાપ્ત થાય છે, દેવતાઓ પણ આ માનવ જીવનની ઝંખના કરે છે, એવા દેવદુર્લભ જન્મને મેળવીને આપણે રાજી થવાનું નથી, પ્રાપ્ત થવા માત્રથી આનંદ માણવાનો નથી, પરંતુ આવો અમૂલ્ય–ઉચ્ચ કોટીનો માનવ-દેહ પ્રાપ્ત થયા પછી આપણું શું કર્તવ્ય છે ? અને એ કર્તવ્ય અદા કરવા માટે આપણે શું કરવું જોઇએ ? અને વર્તમાન જીવન આપણે કેવી રીતે જીવી રહ્યા છીએ ? આ બધી વસ્તુનો અહીં અહર્નિશ વિચાર કરવાનો છે, જીવનની એકેક ક્ષણ મહામૂલી પસાર થઇ રહી છે.

ચક્રવર્તી ચક્રવર્તીનું સમગ્ર સામ્રાજ્ય અર્પણ કરી દે તો પણ આયુષ્યની એક ક્ષણ પણ વધારી શકવાની કોઇની તાકાત નથી. ધરણીને ધ્રુજાવનારા મહાબળીયા, વાસુદેવો, ચક્રવર્તીઓ, રાજા-મહારાજાઓ, શ્રીમંતો અને ધીમંતો સૌ કોઇ યમરાજાના ફંદામાં ફસાઇ ગયા, કાળે એમનો કોળીઓ કર્યો, બધુંય અહીંયા મૂકીને ખાલી હાથે સૌ સીધાવી ગયા, આપણે પણ એક દિવસ અચાનક પરલોક તરફ પ્રયાણ કરવાનું છે. તે પહેલાં જ આત્માને સમજાવો, ચેતાવો કે હે ચેતન ! હે મહાનુભાવ ! આત્માને ઓળખ ! આત્મ નો વિચાર કર ! આત્માનો વિકાસ કર, પ્રગતિના પંથે પ્રયાણ કર, કારણ કે આત્મા અમર છે, અવિનાશી છે, અનંત સુખનો ભંડાર છે, અનંત જ્ઞાનના ખજાનાથી ભર્યો ભર્યો છે. સર્વજ્ઞ, સર્વદર્શી અને સર્વ શક્તિમાન છે. આ બધી અંતરમાં રહેલી અખૂટ સંપત્તિને પ્રગટ કરવાનો સુઅવસર આ માનવભવમાં જ મળે છે.'

આત્માને પોતાના આત્મામાં રહેલી આ અનંત શક્તિ, અનંત સુખ અને અનંત જ્ઞાનનું ભાન નથી માટે જ બેભાન બનીને બેહાલ જીવન જીવી

રહ્યો છે, સુખ માટે વલખા મારે છે, જ્યાં ત્યાં ફાંફા મારે છે, પણ એને ખબર નથી કે સુખનો ભંડાર હું પોતે જ છું. બધું મારામાં જ છે. બહાર કયાં ભટકે છે.

આત્માના ઉપર ઘોર અજ્ઞાનના ગાઢા આવરણોના થરના થર બાઝી ગયા છે, જેથી આ બધી શક્તિઓ આપણી દબાયેલી પડી છે. જેમ સૂર્ય સ્વયં પ્રકાશમાન છે. પણ જ્યારે ઘનઘોર વાદળા તેની આડા આવી જાય તો તેનો પ્રકાશ અવરાઇ જાય છે. પણ જ્યારે જોરનો સુસવાટા ભર્યો પ્રચંડ પવન વાય છે, ત્યારે એક ક્ષણમાં ગાઢ કાળા ઘનઘોર વાદળો દૂર સુદૂર ભાગી જાય છે. તેવી જ રીતે અહિંસા, સંયમ અને તપ દ્વારા અનાદિકાળથી આત્માને લાગેલા ચીકણા કર્મોને આ આત્મા ચેર વિખેર કરી પોતાની અનંત શક્તિને પ્રગટાવી શકે છે. જરૂર છે માત્ર પુરૂષાર્થની. આજે માનવી ભૌતિકવાદની ભૂતાવળમાં ગળાડુબ ડુબી ગયો છે. એશ–આરામ, મોજશોખ અને વૈભવ–વિલાસમાં રચીમાચી આ માનવજીવનને ધૂળમાં મેળવી રહ્યો છે. જ્યાંથી અનંત રત્નો ભરવા જોઇએ ત્યાંથી અનંત કાંકરાઓનો ભાર લાદી કર્મથી ભારે બની દુર્ગતિની ઘોર ગર્તામાં ખૂચી જાય છે, જ્યાંની એક ક્ષણ પણ એવી ભયંકર હોય છે કે એનું વર્ણન શ્રવણ કરતાં હૈયું કંપમયી ઉઠે છે.

ઓ મહાનુભાવ ! જરા વિચાર કર, અહીંયા જરા તાવ આવે છે ત્યારે તું ગભરાય છે; જરાક માથુ દુખે છે ત્યારે રાડ પાડે છે, અકળાય છે અને માથુ કુટે છે, તો પછી અહીંઆ પાપચારો સેવી અધમ જીવન જીવી, હિંસા, જૂઠ, ચોરી, જારી, અનીતિ, પ્રપંચ, વેર-ઝેર, દ્વેષ–કલેશ અને ઝગડા–રગડા કરી જ્યારે તું દુર્ગતિના ધામે સીધાવીશ ત્યારે ત્હારી શી દશા થશે. હજારો નહિ, લાખ્ખો નહિ, કોડો નહિ બલકે અગણિત અને અસંખ્ય વર્ષો સુધી નરકગતિમાં પરમધામી દ્વારા અસહ્ય તીવ્ર–ઘોર દુઃખો તારે સહવા પડશે માટે હે ભવ્ય ! તું તારા આત્માને ઓળખી, આત્મસ્વરૂપને પ્રગટાવવા અહિંસા, સંયમ અને તપના માર્ગે પ્રયાણ કર, જેથી મળેલું આ માનવજીવન સાર્થક થાય અને ઉત્તરોત્તર દિવ્ય સુખોને મેળવી અંતે તું શિવસુખનો ભોકતા બને.

*

❋ પેટની ચિંતા કે પેટીની ❋

—પૂ. આ. શ્રી વિજય કનકચંદ્ર સૂ. મ.

પશુઓને માત્ર પોતાનું પેટ ભરવાની ચિંતા છે. પેટ ભરીને આવાનું મળ્યા પછી એ બાપડા સંતોષથી આરામ કરે છે. પશુઓ કાલની ચિંતા કરતા નથી. પરંતુ માનવી આનાથી જુદો પડે છે. માણસ કેવળ પેટની ચિંતા નથી કરતો પરંતુ તેને પેટીની ચિંતા પણ જબોની માફક વળગી પડી છે. આથી આગળ ચાલીને જોઇએ તો માલુમ પડશે કે, માણસને પોતાનું પેટ ભરવાની જેટલી ચિંતા છે તેથી વધુ ચિંતા પોતાની તિજોરી ભરવાની હોય છે.

ઘણા માણસો પાસે સાત પેઢી ખાય તેટલો પૈસો ભેગો થયો હોવા છતાં પણ તેમના જીવને જંપ નથી, સંતોષ નથી કે નિરાંત નથી. આવી આઠમી પેઢીના અનુગામીઓ શું ખાશે? તેની ચિંતા તેમના મનને પીડે છે. આવી વ્યગ્રતાના કારણથી તેવા લોકો પોતાના વર્તમાન જીવનને દુઃખમય, ચિંતામય, અનીતિમય બનાવી રહ્યા હોય છે.

માનવીને બુદ્ધિની ભેટ એટલા માટે મળી છે કે, તે તત્ત્વચિંતન કરે. તેના બદલે માણસ લોભ, તૃષ્ણા, લાલચ અને સ્વાર્થમાં આંધળો ભીંત થઇને બુદ્ધિનો દુરૂપયોગ કરી રહ્યો છે. પોતાની જાતને ખૂબ સાંકડી બનાવીને, પામર બનાવીને તેણે મહા ભયંકર અનર્થોનું સર્જન કર્યું છે.

સામ્રાજ્યવાદની આંધળી પિપાસામાં હિટલરે પાગલ બનીને સંસારને બહાસ કરી નાંખ્યો, લાખો માનવીઓની કતલ તેની સત્તા પિપાસા કાજે કરવામાં આવી. યૂરોપ અને રશિયાની ભૂમિ પર લોહીની નદીઓ વહી. લાખો સ્ત્રીઓ અને બાળકો નોધારા બની ગયા. અબજો રૂપિયા તેના અખરચામાં હોમાઇ ગયા.

વિજ્ઞાન દ્વારા મહા ભયંકર શસ્ત્ર સરંજામો શોધાયે જ જાય છે, શોધાયે જ જાય છે. બોંબવર્ષા કરતાં વિમાનો, ટોરપીડો, અને ઝેરી વાયુ દ્વારા જળ, સ્થળ અને આકાશમાં કરપીણ, ક્રુર, વરવા વિનાશના કેટલા વામણા દશ્યો માણસ સર્જન કરી શકે છે, તે વિશ્વે જોયું છે. હિરોશીમા અને નાગાસાકી પર અણુબોંબ ફેંકીને આ શહેરોને તારાજ કરવામાં આવ્યા. આવા વામણા ઉપયોગ માટે જ માનવી બુદ્ધિની ભેટનો દુરૂપયોગ કરશે શું?

પોતાની બુદ્ધિમત્તાનું સર્વોપરીપણું સાબિત કરવા માટે, આ પ્રકારનું સંહારક આયોજન કરવું જરૂરી છે? આવી સંહારક શક્તિની પીઠીકા ઉપર જ શું માનવી પોતાની જાતને 'સર્વશ્રેષ્ઠ' સાબિત કરવા માગે છે?

વર્તમાનમાં આપણી આજુબાજુ શું બની રહ્યું છે? તેનો આપણે કયારેય તટસ્થ ભાવથી વિચાર કરવો જ રહ્યો. દુનિયાના નાના મોટા રાષ્ટ્રો એક બીજા પરત્વે શંકા અને ભયની નજરથી જોઈ રહ્યા છે વિનાશક શસ્ત્રોના ગંજને મોટો વધુ મોટો કરવાની આંધળી દોટમાં આ રાષ્ટ્રો અન્ય રાષ્ટ્રને પાછળ રાખવા માટે આકાશ પાતાળ એક કરી રહ્યાં છે.

આ બધી જ શક્તિઓનો ઉપયોગ સંહારક સાધનો પાછળ બરબાદ થઈ રહ્યો છે. આજ શક્તિઓ જનકલ્યાણકારી કાર્યોમાં લગાડવામાં આવે, તો દુનિયામાં કોઈ પ્રાણી દુઃખી, વેદનાવાળું કે પીડિત ના રહે અને સંતોષની સમૃદ્ધિથી આ વિશ્વ સ્વર્ગ સમું બની રહે.

સંસારનાં બે રાષ્ટ્રો અમેરિકા અને રશિયા એક બાજુથી વિશ્વશાંતિની ડાહ્યી વાતો કરે છે, જ્યારે બીજી બાજુ પર ભયંકર શસ્ત્રો તૈયાર કરવામાં જરા પણ ઊણપ રાખતા નથી. આખા વિશ્વને વિનાશની જ્વાળામાં ઓરવા માટેની તૈયારી તેઓ કરી રહ્યા છે.

કમનશીબે આ રાષ્ટ્રોના પ્રતિનિધિ સમા કોઈ મોટા નેતાના મગજની કમાન જરાક પણ છટકે, તો આખુંય વિશ્વ યુદ્ધના ભોળાઓમાં હોમી જાય એક મહા-પ્રલય સર્જાય. આ કલ્પના પણ કેટલી ભયંકર છે!

વિનાશના આ બધા સાધનો માણસ શા માટે છોડી શકતો નથી? આ વસ્તુ કોઈએ પણ કબૂલવી પડશે કે માનવીની ઉદ્દામ મહત્વાકાંક્ષા, લોભ, સ્વાર્થ, સત્તા અને ધન કે કીર્તિની લાલસા આ વૃત્તિઓના પાયામાં પડેલી છે.

આ વૃત્તિઓની નાગચૂડમાં સપડાયેલા માનવીએ ભારોભાર ઝેર વર્ષાવ્યું છે, ઇન્સાન પાગલ અને હેવાન બની ગયા છે.

આ વસ્તુઓ શું માનવીની ઉચ્ચ કક્ષાની બુદ્ધિનું પ્રતિબિંબ છે? પૂરાવો છે? કહેવું જ પડે કે, નહિ.

આ બધી જ વસ્તુઓ બતાવી આપે છે કે માનવી પોતાની બુદ્ધિનો

દુરૂપયોગ કરવામાં પાછું વાળીને જોતો નથી, આ બધાના મૂળમાં માણસની હીન વૃત્તિઓ પડેલી છે. માણસ વિચારીને પગલા ભરે અને પોતાનું તથા બીજાનું કલ્યાણ કરે એ વસ્તુ ખૂબ જરૂરી છે. માણસ પોતાના સ્વાર્થમાં ખૂબ જ સાંકડા મનનો ના બને એ વસ્તુ ખૂબ જ જરૂરી છે.

સંતોષ, સંયમ અને સહનશીલતાનો આપણે ત્રીવેણી સંગમ કરીને તેમાં સ્નાન કરીએ તો આપણા બધા જ દુઃખો, પરિતાપ વગેરે નાશ પામે.

'સ'કારમાં વિરામ પામતા આ ત્રણેય શબ્દોની આરાધના સુખ અને અભ્યુદયનો સમ્યક્ માર્ગ છે.

સંતોષ એ એક પ્રકારનું અમૃત છે. આ અમૃત આપણી બધી જ આધિ, વ્યાધિ, ઉપાધિને નષ્ટ કરી આપે તેમ છે. સંતોષ પરમ ધન છે. સંતોષ જ સુખ છે આથી જ ચરીતાર્થ રીતે કહેવાયું છે કે સંતોષથી ચઢિયાતું કોઇ સુખ નથી.

પ્રભુ! દૂર કરો અંધારું

—પૂ. મુ. શ્રી મોક્ષરતિવિજયજી મ

હે પ્રભુ! મારે ગુલાબ બનવું છે. પણ કાંટાથી દૂર રહેવું છે.

મારે કોયલ બનવું છે પણ કાળાશ જોઈતી નથી,

મારે તારા જેવા બનવું છે પણ તારી સાધનાને કાંટાળી અને કાળી ગણીને હું અવગણી રહ્યું છું. મારા મનનાં અંધારા ઘોર નાખ, પ્રભુ! એની અવગણના તું ન કર!

હે પ્રભુ! મોંમાં પાણી લાવવાની જે તાકાત રસગુલ્લાના સ્મરણમાં છે.

મનમાં રોકડિયો રણકાર ઉપજાવવાની જે તાકાત રૂપિયાના સ્પર્શમાં છે.

હૈયામાં હર્ષ ઉછાળવાની જે તાકાત પ્રિયજનના દર્શનમાં છે.

એ તાકાત, હે સર્વશક્તિમાન પ્રભુ, તારા સ્મરણમાં–તારા સ્પર્શમાં–તારા દર્શનમાં કેમ નથી?

હે પ્રભુ! રોજેરોજ તારી પાસે આવું છું, પણ તારામાં ભળી શકતો નથી. હું હજી સરિતા નથી બની શકયો કે તું હજી સાગર? મને સમજાવને, પ્રભુ!

✱



પ્યારા બાલકાઓ...

વર્ષનું અભિનંદન પાઠવતાં ઘણા બધા પત્રો મળ્યાં. પત્રોના ઢગલામાંથી કેટલા પત્રોને અભિનંદન પાઠવું. હું બાલવાટિકાના માધ્યમથી સર્વોને નૂતનવર્ષાભિનંદન પાઠવું છું.

વર્ષની શુભ શરૂઆત થઈ ગઇ. દિવાળીની ઉજવણી કરવામાં અને સગા-સ્નેહી મિત્રોને અભિનંદન પાઠવવામાં તમે સૌ વ્યસ્ત હશો ! નવા વર્ષે શ્રી ગૌતમસ્વામીનો રાસ સૌ કોઇએ સાંભળ્યો હશે ! આ રાસ આપણને ઘણી ઘણી સૂચનાઓ કરતો જાય છે. ગયા વર્ષના ધર્મ સંકલ્પો પુરા થયા હશે ! સરવૈયું કાઢ્યું હશે ! નવા વર્ષના નવા સંકલ્પો કરી લીધા હશે ?

જેમ વેપારી દર દિવાળીએ ચોપડા ચોખ્ખા કરી લે સરવૈયું કાઢી લે તેમ આપણે પણ આપણો હિસાબ મેળવી લઇએ.

કયા કયા કાર્યો ગયા વર્ષે પૂર્ણ કર્યા ? કયા કયા કાર્યો અધૂરા રહ્યા ? કયા કયા કાર્યો સાવ કરવાના રહી ગયા ? આ રીતે સરવૈયું કાઢીશું તો આપણે આપણા ધર્મ સંકલ્પોમાં ચોક્કસ આગળ વધીશું.

વર્ષ દરમ્યાન કેટલી ઉદારતા દાખવી...?
વર્ષ દરમ્યાન કેટલી ક્ષમા રાખી...?
વર્ષ દરમ્યાન કેટલી સહિષ્ણુતા કેળવી...?
વર્ષ દરમ્યાન કેટલી નમ્રતા મેળવી...?
વર્ષ દરમ્યાન કેટલીવાર સત્ય બોલ્યો...?
વર્ષ દરમ્યાન કેટલું દાન કર્યું...?
વર્ષ દરમ્યાન કેટલો વિનય કર્યો...?
વર્ષ દરમ્યાન કેટલું નવું નવું જ્ઞાન પ્રાપ્ત કર્યું...?
વર્ષ દરમ્યાન કયા કયા નવા ગુણો પ્રાપ્ત કર્યા...?

ઉપરની બાબતનો હિસાબ કરશો તો નવા વર્ષે નવા સંકલ્પો કરવાનો આનંદ લૂંટી શકશો.

રવિ શિશુ
C/o. જૈન શાસન કાર્યાલય.

કોણ મોટો કંજૂસ ?

રામનગરમાં એક શેઠ રહે. એની પાસે કરોડો રૂપિયા હોવા છતાં ખુબ કંજુસ અને લોભીયો હતો ચમડી તુટે, પણ દમડી ન છૂટે એ કહેવત ને જરા પણ ઉણી ન ઉતરવા તો. પગમાં પહેરવાના જોડા દસ દસ વરસ ચલાંવતો.

એકવાર એને ખબર પડી કે કાશી નગરીમાં ચંદન નામનો એક કંજૂસ રહે છે. વધારેને વધારે પૈસા શી રીતે બચાવી ભેગા કરવા એની નવી નવી યુકિત–પ્રયુકિતઓ જાણવા શેઠ ચંદન પાસે પહોંચી ગયા. ચંદન શેઠને ત્યાં ઉતર્યા. બન્ને જણાએ પોત-પોતાની ખૂબ વાતચીત કરી. પછી ચંદન બોલ્યો, 'આજ મારે ઘેર પહેલીવાર મહેમાન થઇ આવ્યા છો, તેથી તમારે માટે ઉત્તમ વાનગીઓનું ભોજન કરાવીએ. ચાલો આપણે બજારેથી વાનગી ખરીદી લાવીએ.

બન્ને બજારમાં કંદોઇની દુકાને જઇને પૂછ્યું, 'કેમ હલવાપુરી કેવાં છે ?' 'અરે શેઠ ! શું કહું ? માખણ જેવા મુલાયમ અને તાજા છે ?'

આ સાંભળી ચંદને શેઠને કહ્યું, 'જુઓ, ભાઇ ! આ કંદોઇ હલવાને માખણ જેવો કહે છે. આના કરતાં આપણે માખણ જ લઇએ તો કેમ ? પચવામાંય હલકું ગણાય.' શેઠ કહે, 'પણ માખણ મોંઘુ નહિ પડે ?' ચંદન બોલ્યો, 'અરે શેઠ ! શી વાત કરો છો ? મહેમાન કરતાં પૈસા થોડી વધારે છે ?'

બ ને જણા માખણવાળાની દુકાને ગયા. 'તાજુ માખણ રાખો છો કે ?' 'અરે શેઠ ! મા મણ ઠોપરા જેવું મીઠું અને તાજું છે ?' 'તો પછી કોપરા શું ખોટાં ? એમ કહી બંને જણા નારિયેળવાળાની દુકાને ગયા. દુકાનદારે કહ્યું, 'નારિયેળમાનું કોપરૂં કોપરેલથી ભરેલું છે.' આ સાંભળી ચંદને કહ્યું, 'આપોને કોપરેલ જ લઇએ.' બંને તેલવાળાની દુકાને ગયા. કોપરેલ માટે પૂછ્યું. નિર્મળ પાણી જેવું શુદ્ધ અમારે ત્યાંનું કોપરેલ છે.' એમ કહી દુકાનદારે કોપરેલની ધાર કરી બતાવી.

ચંદન બોલ્યો, 'ચોખ્ખા પાણી જેવું કોપરેલ છે ? મારે ઘરે પાણી ઘણું છે ચાલો આપણે ઘરે જ પાછા જઇએ. સારૂં થયું આપણને ખબર પડી કે હલવાપુરી, માખણ વગેરે કરતાં સ્વાદિષ્ટ, શુદ્ધ અને શ્રેષ્ઠ પાણી જ છે. હવે તો હું તમારૂં સ્વાગત એ કીંમતી પાણી વડે જ કરીશ.

બ ને ઘરે પાછા આવ્યાં. ગોળામાંથી લોટા લોટી ભરી પાણી મગ્યું, વધારેને વધારે વિનંતિ કરતો જાય. 'લો, હજી લો. એમ કંઇ ચાલે ? બધું તમારા વાસ્તે જ છે અમારે ક્યાં કમી છે. પાણી પીતાં–પીતાં શેઠે વિચાર્યું હાસ ! કેવો સફળ થયો. ચંદન પાસે ઘણું ઝીણવા મળ્યું ?

—અમી શાહ

આજનો વિચાર

કોઇપણ પ્રચારનું મુખ્ય સાધન નબળું હોય તો કોઇપણ કાર્ય થઇ શકતું નથી.

આજનું સુવાક્ય

જ્યાં સુધી પ્રાણ શરીરમાં છે ત્યાં સુધી જ લોકો ઘરમાં કુશળતા પુછે છે. શ્વાસ ચાલ્યા ગયા પછી વિકૃત પામેલા શરીરથી તો પત્ની પણ ભય પામે છે. કાયાનું કાવ્ય ક્ષીરતાર થકી જ છે. પ્રભુની પ્રાણ પ્રતિષ્ઠાના કારણે જ દેવળનો મહિમા છે.

—મેઘા

બાળ ગઝલ

શ્રાવકની નાત જેવી, બીજી કોઇ નાત નહિ.
માયાની લાત જેવી, બીજી કોઇ લાત નહી.
મહાવીરની વાણી જેવી, બીજી કોઇ વાણી નહી
'જૈન શાસન'ની બાલવાડી જેવી.
બીજી કોઇ વાડી નહી.

—ઇશીતા

હાસ્ય દરબાર

મણિબહેન : એ વાત સચી કે પૈસો બોલે છે ?

મગનભાઇ : હા, સાંભળ્યું તો છે.

મણિબહેન : તો પછી આજે ઓફીસ જતાં પહેલાં થોડા આપી જજો. હું ઘરમાં એકલી બેઠી બેઠી કંટાળી જાવ છું.

(અર્થ અને ભાવાર્થ સમજવા જેવો છે.)

—હર્ષીત

નેતા : અરે રામુ જરા પગ દબાવી દે તો આજે તો કેટલી બધી જગ્યાએ ભાષણ કર્યા હું ખુબજ થાકી ગયો છું.

રામુ : માણિક ભાષણ કરવાથી ગળું પણ દુઃખી ગયું હશે કહો તો એ પણ...

(રોગ અને ઈલાજનો ભેદ સમજવો જોઇએ તેમ હિત અને સુખનો ભેદ પણ સમજવો જોઇએ.)

—રીના પી. શાહ

ચાર પ્રકારના ધર્મ

–દાન ધર્મના સેવનથી પરિગ્રહ સંજ્ઞા ઉપર વિજય મેળવાય છે.

–શીલ ધર્મના પાલનથી મૈથુન સંજ્ઞા ઉપર કાબુ આવે છે.

–તપ ધર્મના આચરણથી આહાર સંજ્ઞા ઘટે છે.

–ભાવ ધર્મનું પાલન કરવાથી કોઇ જાતનો ભય રહેતો નથી,

આ ચારેય સંજ્ઞાને જીતવી હોય તો ચાર પ્રકારના ધર્મનું આચરણ કરો.

—હર્ષીત એન. શાહ
—અમીષ આર. શાહ

નોંધ :— શ્રીમહાવીર શાસનના તંત્રી શ્રી મગનલાલ ચત્રભુજ મહેતાનો ફોન નંબર બદલાઈ ગયો છે.
જુના ફોન નંબર : ૭૫૩૨૯ હતો તેના બદલે
નવા ફોન નંબર : ૫૪૦૨૯૦ થયો છે.
જેની સૌએ નોંધ લેવી.

લઘુ બોધ કથા

કાતીલ ઝેર કયું ?

પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

એકવાર વિદ્વાનોની પરિષદ ભરાઈ. તેમાં કાતીલ ઝેર કયું તે ઉપર બધા વિચાર કરવા લાગ્યા. કરેક જણ પોત પોતાની રીતે પ્રસિદ્ધ ઝેરોના નામ સૂચવવા લાગ્યા. તે વખતે એક અનુભવી તત્ત્વવેત્તા વિદ્વાને બહુ જ શાંતિથી કહ્યું કે–'ભાઇઓ ! ખરેખર કાતીલ ઝેર હોય તો ક્રોધ છે.'

સારા સારા ડોકટરોનો પણ અભિપ્રાય છે કે ક્રોધથી યુક્ત સ્ત્રી જો પોતાના બાળકને સ્તનપાન કરાવે તો તે દૂધ પણ ઝેર રૂપે પરિણામ પામી બાળકના મૃત્યુનું પણ કારણ બને છે.

અનંત જ્ઞાનિઓ તો કહે જ છે કે, ક્રોધ સમાન કોઇ કાતીલ ઝેર નથી. ક્રોધીલા માણસને બધા સાથે કડવા સંબંધો બને છે. તેનાથી સૌ દૂર જ રહે છે આ તો ઘણા બધાના અનુભવની વાત છે.

આ દુનિયાનું ઝેર તો બહુ બહુ તો એક જ ભવનો નાશ કરે છે. જ્યારે ક્રોધ રૂપી કાતીલ ઝેર જેને ચઢયું તે તો ભવોભવનો નાશ કરે છે.

માટે ક્રોધને દુનિયાનું કાતીલમાં કાતીલ ઝેર જાણી તેની કાલીમાનો પડછાયો પણ આત્માને ન અભડાઇ જાય. તેની કાળજી રાખીએ તો કમમાં કમ આપણા આત્માનું અહિત–નુકશાન તો નહિ જ થાય. સુજ્ઞેષુ કિં બહુના !

(અનુસંધાન પેજ–૫૬૫ નું ચાલું)

નથી. ખાલી મોંઢે બોલે છે, ઠગવિદ્યા કરે છે અને પોતાની કલ્પવતી વાતોની સિદ્ધિને માટે ભગવાનના નામનો ય દુરૂપયોગ કરે તો તેનાં જેવો 'પાપાત્મા' એક નથી. બધા જ ભગવાને સંસાર અસાર કહ્યો છે, સુસાધુ પણ તેજ સમજાવે છે, ધર્મ પુસ્તકોમાં પણ તેમ લખ્યું છે. તમને સંસાર અસાર લાગ્યો ? અસાર હોય તે છોડવા જેવો લાગ્યો રાખવા જેવો ? સંસારમાર્ગની પુષ્ટિ કરે તેવાની એક પણ વાત મનાય ખરી ? સમજો તો કલ્યાણ થશે. અણસમજુ આવાને આવા રહેશો તો સંસારમાં રખડી જશો !

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



* દ્રવ્યક્રિયા પણ જો ભાવ લાવવા માટે કરાય તો તે પ્રશંસનીય છે. સૂર્યના પ્રકાશથી ઘુવડ જેમ અંધ બને, તેમ સુખના રસીયા જીવો ભગવાનના શાસનને પામીને પણ સંસારમાં રખડે છે.
* રમણતા પુદ્ગલમાં નહિ, પણ જો આત્મગુણોમાં આવે તો મોક્ષ તો આ રહ્યો!
* જીવનભર મન-વચન-કાયા ગુરૂને જ સમર્પિત એનું નામ ગુરુકુલવાસ!
* રીબામણ પાપની હોવી જોઇએ; દુઃખની નહિ. અપાક્ષ (ચંડાળ) જેવા કષાયોથી હંમેશા દૂર રહેવું જોઇએ; જો આત્મકલ્યાણ સાધવુ હોય તો!
* વિષયના પ્રેમીના હૈયામાં કદિ પણ નવપદનો વાસ થતો નથી જન્મરહિત બનવાના ધ્યેય વિનાનો ધર્મ, ધર્મ નથી પણ અધર્મ છે.
* યતિ જીવન એ જ દુર્લભ એવા માનવ જીવનનું સાચું ફળ છે. રાગ-દ્વેષને આધીન જીવ, ભગવાનના ધર્મ માટે નાલાયક છે મરી જાય પણ અસત્ય ન બોલે તેનું નામ માનવ! ચંચલ એવા સંસારના સુખોમાં મૂંઝાય, તેને સમજુ કેમ કહેવાય?
* જેના વિના ચાલે જ નહિ તેવી બધી ચીજો 'નશાખોર' કહેવાય.
* જગત પ્રમાદનું સાથી છે. જૈનસંઘ પ્રમાદનો વૈરી છે.
* જે પ્રમાદના પ્રેમી હોય તે બધા ધર્મના વૈરી હોય.
* મનુષ્ય જીવન રત્નત્રયીનું ભાજન છે. તેમાં સંસારની સાધના કરવી એટલે સુવર્ણપાત્રમાં મદિરા પાન જેવું છે.
* રત્નત્રયી માટે જ તરફડે તેનું નામ **જૈન**!
* રત્નત્રયીની-આરાધનામાં જ સદા તત્પર તેનું નામ સુસાધુ. હોશિયારી-સન્માર્ગે વાળો તો જગતને તારે અને ઉન્માર્ગે વાળો તો જગતનું સત્યમાશ મારે!

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાણાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

Recieved
26-2-98

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઈ મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ ૧૦

અંક ૨૫+૨૬

શ્રુતદાન એ જ શ્રેષ્ઠદાન છે,

સવ્વં પિ જઓ દાણું,
દિન્નં પત્તંમિ દાયગાણું હિયં।
ઇહરા અણુત્થજાણુગં,
પહાણુદાનં સુયદાણું ॥
(શ્રી ધર્મરત્ન પ્રકરણ ગા.–૬૭)

સઘળું ય દાન પાત્રને આપ્યું હોય તો જ દાતારને હિતકારી થાય છે. અન્યથા કુપાત્રને આપેલું દાન અનર્થજનક સંસારને વધારનાર થાય છે. સઘળાં ય દાનોમાં શ્રુતનું દાન એ જ શ્રેષ્ઠ દાન છે.

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

❋ તેમાં જ સલામતી સમાયેલી છે ? ❋

— પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મ.કારાજ

આજે બેફામીના નામે ધર્માનુષ્ઠાન બંધ કરવાની વાતો થઇ રહી છે. અને એવી વાતોને પુષ્ટ કરવા માટે એ પાપાત્માઓ મહાપુરૂષોની મહત્તા ઘટાડવાને ચાહે છે અને મહાપુરૂષોની મહત્તા ઘટાડવાને જ માટે, **આજના પાપાત્માઓની પણ મહાપુરૂષોની સાથે સરખામણી કરવાની** ભયંકર નાલાયકી એવાઓ સેવી રહ્યા છે અને સાચા ત્યાગીઓની નિંદા કરી, આજના ઘોર પાપપ્રચારક અને ધર્મ-નાશકની પ્રશંસા કરવાના ભાટવેડા કરી રહ્યા છે. આથી જ ધર્મરસિક આત્માઓએ **ઉન્માર્ગ અને ઉન્માર્ગની પોકળતાનો નાશ કરવા માટે, પ્રબળ પ્રયત્નો કરવા ઘટે છે,** છતી શક્તિએ પણ જો ઉચિત પ્રયત્નો ન થાય, તો એ ભયંકર દોષ છે.

પ્ર૦ : ગણ્યા ગાંઠ્યા જૈન ગણાતા આવું બોલે એનો દોષ સમાજ ઉપર આવે !

ઉ૦ : એ ગણ્યા ગાંઠ્યાઓએ તો આજે પ્રાયઃ સમાજના મોટા ભાગને દોષિત બનાવ્યો છે. અને એનું તો આ દુષ્ટ પરિણામ છે ?

ચોર બધે ન હોય. સ્થળે સ્થળે પોલીસ હોય છે ને ? કારણ કે– જો પોલીસ ફરતી ન હોય તો તો ચોરો સર્વત્ર પ્રસરી જાય ! તેમ અહીં પણ આવાઓ એક ગામમાં ચાર પાકયા એની ઉપેક્ષા થઇ, તો ચારના ચાલીસ થતાં વાર શી ? આજે આ પાપી ટોળું જો વધ્યું હોય તો એ જ રીતે વધ્યું છે, એમાં શંકા શી છે ? **પહેલાં દેવદ્રવ્ય માટે કોઇ ન બોલે : સહજ વિરૂદ્ધ બોલવામાં પણ પાપ મનાતું : આજે આટલા બધા બોલનારા પાકયા કયાંથી ! ચેપ લાગ્યો માટે ને ?** માટે જ કહેવાય છે કે– ગણ્યા ગાંઠ્યાની પણ ઉપેક્ષા ન થાય. સમાજમાં ખોટા વિચારો કેવી રીતે ફેલાવાય છે ? પાપમય ભાષણો કયાં અને કેવાં થાય છે ! કોણ લખાવે છે અને કેવી રીતે પ્રચાર કાર્ય થાય છે ! તે સમજવવાનું કામ ઉપકારી આત્માઓનું છે. સામાન્ય રીતે પ્રચાર કાર્ય કરનારાઓનાં નામ ન દેવાય. ગોળ ગોળ રીતે કહેવાય, પછી જે હોય તેને લાગે અને તેમ છતાં ય જો **જરૂર પડે તો નામાવલિ પણ પ્રગટ થાય !** મોટા લુંટારાઓ પકડે ત્યારે સરકાર પણ એમના ફોટા, અંગ વિગેરેનું વર્ણન અને એમનાં પરાક્રમોનું વર્ણન પણ, નામ-ઠામ સાથે બહાર પાડે છે, કે જેથી પ્રજા સાવધ રહે. બસ થાય કે તરત સાબુ લગાડાય છે,

(અનુ. ટાઈટલ ૩ ઉપર)

ભારતદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધના ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેલાજી ગુંદેચા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ મેઢ (પાલડી)
ચાંદમલ પદમશી ગુંદેચા (ચાંણસ્મા)

વર્ષ : ૧૦] ૨૦૫૩ મહા વદ-૧૨+૧૩ મંગળવાર તા. ૨૪-૨-૯૮ [અંક : ૨૫+૨૬

卐 પ્રકીર્ણક ધર્મોપદેશ 卐

-પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ વદિ-૦)) શનિવાર તા. ૨૫-૭-૧૯૮૭ જૈન ઉપાશ્રય, શ્રીપાલનગર મુંબઇ-૬

(શ્રં જિનાજ્ઞા વિરૂદ્ધ કે પૂ. પ્રવચનકારશ્રીના આશય વિરૂદ્ધ કાંઇપણ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના. (**પ્રકરણ ૨૨ મું ચાલું**) અવ૦)

સંસાર અને મોક્ષને કટ્ટર વિરોધ છે. સંસાર જેને ગમે તેનામાં મિથ્યાત્વ જ હોય, મિથ્યાત્વ મોહનીય કર્મ ભયંકર લાગે છે ? એટલે સમકિત પામેલો જીવ સમકિત મોહનીય કર્મને કાઢવા ઇચ્છે છે. તે જીવતી હોય તો સમકિત જવાની સંભાવના પણ ખરી માટે જ આ સમ્યકત્વ મોહનીય અને મિથ્યાત્વ મોહનીય એ ત્રણેનો ત્યાગ કરવાનો છે.

આજે ઘણાને ત્યાગની, સાધુપણાની વાત પણ ગમતી નથી, બધાને ભાવા બનાવવા છે એમ કહે છે. તમારો છોકરો કહે કે- મારે સાધુ થવું છે તો તમે રાજી રાજી થઇ જાવ ખરા ? મારા કરતાં તું સારો પાકયો તેમ કહોને ? જેને સાધુ થવાનું મન ન હોય તે જૈન પણ નથી, ધર્મી પણ નથી. તમારી પાસે વધારે પૈસા નથી તેની તમને ચિંતા છે પણ સાધુ નથી થઈ શકયા તેની ચિંતા છે ? લક્ષ્મીના મોહને વધારવાની ચિંતા છે કે કાઢવાની ચિંતા છે ? શ્રી ઋષભદેવ ભગવાનની પરંપરા સાધુ થઇ છે તો તમને તમારી પરંપરાનું દુઃખ થાય છે ? કે- મારા ઘરમાં કોઈ સાધુ ન પાકયો ! શું મારા ઘરમાં બધા મડદા જ જીવે છે ! શાસ્ત્રે જૈન ઘરોને

વૈરાગ્યની ઉત્પત્તિની ખાણભૂત કહ્યાં છે. તમારા ઘરમાં જે આવે તેને વૈરાગ્ય થાય કે ન થાય? તમારા દિકરા-દિકરી રાગી થાય તો સારા કે વિરાગી થાય તો સારા? તમારાં ઘરમાં કોઇ વિરાગી ન પાકે તો તેનું દુઃખ થાય ખરૂં? તમે ય સાધુપણું નથી પામી શક્યા તેનું દુઃખ છે ખરું?

તમે બધા ઘરમાં મઝેથી રહેજો એમ ભગવાને કહ્યું છે? સાધુઓએ કહ્યું છે? ઘરમાં મઝેથી રહો તે મિથ્યાત્વ નામનું પાપ છે કે બીજું કાંઇ છે? ઘરમાં રહેવાનું સારું લાગે તે મિથ્યાત્વ નામનું મોટામાં મોટું પાપ છે. જેને ઘર છોડવ જેવું ન લાગે, છોડવાનું મન પણ ન થાય, કોઈ ઘર-બારાદિ છોડે તે ય ગમે નહિ. તે બધા મહામિથ્યાદૃષ્ટિ છે.

શાસ્ત્રે તો સાધુને પણ કહ્યું છે કે- ધર્મના કારણ વિના ગૃહસ્થનો પરિચય પણ કરવો નહિ. ગૃહસ્થની સેવા તો સાધુથી થાય જ નહિ. **મારો સેવક સુખી હોવો જોઇએ તેવું શ્રી જૈન શાસનના ગુરૂને ન થાય. મારો સેવક દુઃખી હોય તો ગુરુ રોવા ન બેસે. ગુરુને સેવક ધર્મી હોય તે ગમે તેને** દુઃખ આવે તો મઝેથી વેઠવાનું ગુરુ કહે, કર્મ ખપાવવાનું સુંદર સાધન છે તેમ કહે. પોતાનો ગમે તેવો ભગત હોય તો પણ તેને સાધુ થવાનું જ કહે પણ ઘર માંડવાનું ન કહે મંદિર ઉપાશ્રયમાં સંસારની વાત કરાય જ નહિ, ધર્મની વાત કરાય. સાધુ પણ જો સંસારની વાત પૂછે તો સાચા શ્રાવકને શંકા પડે કે- આ સાધુ મહારાજ આપણા છે કે પારકા છે?

હવે ત્રણ રાગની વાત આવવાની છે. 'કામરાગ, સ્નેહરાગ દૃષ્ટિરાગ પરિહરુ' તેમ કહેવાના છે. આ ત્રણે રાગ તમને બહુ ગમે છે ને? કામરાગ ગમે છે? સ્નેહરાગ ગમે છે? દૃષ્ટિરાગ શું તે મોટોભાગ સમજતો નથી. આ ત્રણે રાગમાં દૃષ્ટિરાગ ભૂંડામાં ભૂંડો છે. આ બધી વાતો શ્રાવક ન જાણે, ધર્મ કરનારો ન જાણે તે અચ્છેરું કહેવાય! આ સમજવાની ઇચ્છા ન હોય તો તે ધર્મી જ નથી. આ ત્રણ રાગ કેવા છે તે હવે પછી-



પરમગીતાર્થ, જ્યોતિષમાર્તંડ, સકલાગમ રહસ્યવેદી પ. પૂ. આ. શ્રી વિજય

દાનસૂરીશ્વરજી મહારાજના ગુણાનુવાદ

પ્રવચનકાર : પ. પૂ. સ્વ. આ. શ્રી. વિ. રામચન્દ્રસૂરીશ્વરજી સા.

(વિ. સં ૨૦૪૪ના મહાસુદિ-૨ને બુધવાર તા. ૨૦-૧-૧૯૮૮ના રોજ મુંબઇ. શેઠ શ્રી મોતીશા લાલબાગ જૈન ઉપાશ્રય-ભૂલેશ્વર મધ્યે સ્વ. પૂ. પ્રવચનકારે આપેલ આ પ્રવચન વાચકોની જાણ માટે પ્રગટ કરાય છે. શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકાર-શ્રીજીના આશય વિરૂદ્ધ કાંઇપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના. —અવ૦)

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના પરમ તારક શાસનની આરાધના, રક્ષા અને પ્રભાવના કરનારા અનેકાનેક મહાપુરૂષો થઇ ગયા. તેમાંના એક મહાપુરૂષ જે મારા પરમ ગુરુદેવેશશ્રીજી છે તેમની આજે સ્વર્ગતિથિ છે. આ મહાપુરુષનો અહીંવાળા ઘણા જૂના લોકોને પરિચય છે, બધાને પરિચય ન હોય.

તેઓ ગૃહસ્થપણામાં પોલીસ પટેલ હતા. તેમને ધર્મ પામવાનું નિમિત્ત શું મલ્યું તે વાત સમજાવવી છે. **સારા આત્માને ધર્મનું નાનું પણ નિમિત્ત મળે તો તે જાગૃત થયા વિના રહેતો નથી.** ઝીંઝુવાડા જેવા ધર્મી ગામમાં જન્મેલા છતાં પણ તેમનામાં તેવા કોઇ ધર્મના સંસ્કાર નહિ. એકવાર નોકરીના કારણે કોઇ ગામમાં ગયેલા, સંબંધી જૈનના ઘેર ઉતરેલા તે જૈન ધર્માત્મા હતા. તેથી કહ્યું કે આપણે પહેલા ભગવાનની પૂજા કરી આવીએ. પૂજા કરતા પણ આવડે નહિ છતાં ય લજ્જાથી તેમની સાથે ગયા. તે શ્રાવકે સામાન્ય ટકોર કરી કે, 'જૈનકુળમાં જન્મ્યા છતાં ય પૂજા કરતાં આવડતી નથી!' પેલા ભાઇએ પૂજા કરતાં શીખવાડી. ત્યારથી તેમના મનમાં થયું કે 'જૈનકુળમાં જન્મેલો છું છતાં ય પૂજા કરતો નથી, પૂજા કરતાં આવડતું નથી' તેમાંથી આત્મા જાગી ગયો. **સામાન્ય નિમિત્ત મળે તેની સાથે લઘુકર્મી ભવ્ય આત્મા જાગૃત થયા વિના રહે નહીં.** બાકી આજે પૂજા કરનારાને શા માટે પૂજા કરવી તે ય ખબર નથી.

પછી તો આખું જીવન પલટાઇ ગયું. માર્ગ સમજ્યા, ભાગીને દીક્ષા પણ લીધી, યોગ્યતા કેળવી અને છેક આચાર્યના સ્થાને આવ્યા. તેમના જીવનનો અભ્યાસ કરો તો ખબર પડે કે કઇ રીતના ધર્મ પામ્યા અને ધર્મ પામવો દુર્લભ લાગી ગયો.

આજે સત્સમાગમ જેવી ચીજ જ રહી નથી. મંદિર-ઉપાશ્રયે જઇ આવવું પણ સાધુ પાસે ધર્મ સમજવાની-જાણવાની ઇચ્છાવાળા બહું ઓછા છે. ધર્મ શું છે-તો જવાબ આપવાની ત્રેવડ છે? દેવ-ગુરુ-ધર્મનું સ્વરૂપ પણ કેટલા જાણે? શ્રી જૈન

શાસનના તત્ત્વની વાત પણ કેટલા જાણે ? આજે દેરાસરે, સાધુ પાસે જવાય છે, આવી રીતે ચાલે તો ધર્મ પમાય ખરો ? રોજ વ્યાખ્યાન સાંભળે અને સંસાર ખારો લાગે તે બને ? તેમ ન બને તો સંસારમાં રહેતા શ્રાવકને સંસારમાં રહેવું પડયું તેનું દુઃખ હોય ને ? જૈનકુળમાં જન્મેલા સાધુ કયારે ન થાય ? સંમૂર્ચ્છિમની જેમ ધર્મક્રિયા કરતા હોય તો. દેરાસર-ઉપાશ્રયે જઇ આવવાનું અને હતા તેવાને તેવા રહેવાનું. કેટલાક તો કહે સાધુ પાસે શું જાય ? ત્યાગની વાત કરે છે.

સારા આત્માને ધર્મનું નિમિત્ત મળે તો ધર્મ પામ્યા વિના રહે નહિ. એક જ પ્રસંગ બન્યો અને જીવન ફરી ગયું. ચાનક લાગે કે હું ય જૈનકુળમાં જન્મ્યો તો કેમ ન આવડે ? પછી તો સાધુના પરિચયમાં આવ્યા, સાધુ થયા અને ધર્માચાર્ય બની અનેક જીવો ઉપર ઉપકાર કર્યો. યોગ્ય જીવને નિમિત્ત મળે તો ઠેકાણું પડી જાય. આપણને ય એવા નિમિત્ત મળે છે, એવી ધર્મસામગ્રી મળી છે. પણ ધર્મ કરવાનો જોઇએ તેવો ઉત્સાહ જ જાગતો નથી. સંસાર છોડવાનું મન જ થતું નથી. ધર્મ સારી રીતે કરે તે સંસારમાં કેવી રીતે રહે ? હોંશિયાર વેપારીને ખાવા, પીવા, મોજમજાનો ટાઇમ નહિ, પેઢીનો ટાઇમ બરાબર જાળવતો હોય છે. તમને બધાને તેનો અનુભવ છે ને ? તમે નોકરી, પેઢી પર ટાઇમસર જાવ ને ? મોટી પેઢીવાળાને ઘણા નોકરો છતાં ય કાળજી કેટલી ? તેવી કાળજી ધર્મની થાય તો ધર્મ પામેલો કહેવાય ?

અમે અમારા જીવનમાં જોયું છે કે, આ મહાપુરુષે ગુરૂની સેવા કરી છે અને એવી રીતે ધર્મ સાચવ્યો છે કે વર્ણન ન થાય. આટલા 'મોટા' છતાં ય ગુરુ આગળ 'બાળ' જેવા હતા ! તે જે ગુણો હતા તે જો આપણામાં આવી જાય તો કામ થઇ જાય નિમિત્ત પામી જાગી ઊઠે તે કયારે બને ? ભગવાનની ભક્તિ કરનારાને સંસાર રહેવા જેવો લાગે ? ધર્મના યોગે રહેવું પડે તો ધર્મીને સંસાર રહેવા જેવો લાગે નહિ. આ વાત આ મહાપુરૂષના જીવનમાંથી જાણવા મળે છે. આ મહાપુરૂષે નિમિત્તથી જાગી એવી સમજ મેળવી કે સંસારથી મન ઊઠયું, સાધુપણું પામ્યા. સાધુપણું પામવાનું મન શ્રાવકને ન હોય તેમ કહી બને ? તમને બધાને સાધુ થવાનું મન ખરું ? રોજ વિચાર આવે કે, 'આ સંસારથી કયારે છૂટાય ? સાધુ થયા વિના તો મરવું જ નથી.' ધર્મ આરાધીને મોક્ષે જવું છે. આવી ભાવના ઉત્પન્ન થાય તેને સંસાર છોડવો સહેલો !

આ મહાપુરૂષનો પરિચય છે તેઓ તો તેમને ઓળખે છે. સાધુ થઇને જિંદગી ગુરુને સોંપી ! **સાધુ થવું એટલે જિંદગી ગુરૂને સોંપી દેવી !** મન, વચન, કાયા કોની આજ્ઞામાં ? આપણે બધા ધર્મ કરનારા છીએ. આપણું મન વિચારે શું ? વચન

બોલે શું ? ટાયા ફરે શું ? જે વાતની ભગવાને ના કહી તે કરાય ? **સાધુ થવું એટલે પોતાના મન–વચન–કાયા ગુરૂના ચરણે સોંપવાના. આ મહાપુરૂષ પાસે રહ્યા તેમનામાં આ ગુણ આવ્યા વિના ન રહે.** તેમની પાસે સાધુપણું પામવું તે આજના જેવ ન હતું. નવકારશીનું પચ્ચકખાણ માંગવું તો ય ગભરામણ થાય. નવકારશી કોના માટે ? બાલ, વૃદ્ધ, અશકત, અસહનશીલ, માંદા માટે છે. આજે બધા માટે નવકારશી થઇ ગઇ. તમે વિચારો નવકારશી વખતે ભૂખ લાગે છે ? તપની શકિતવાળો નવકારશી કરે ? આ મહાપુરૂષ પાસે નવકારશીનું પચ્ચકખાણ માંગવું તો કહેવું પડે કે આમ આમ થાય છે. તે પૂછે–આજે શું તહેવાર છે કે નવકારશી કરે છે ? શ્રાવકો પણ નવકારશીનું પચ્ચકખાણ માગતા ગભરાતા. તે પૂછતા કે–**ભૂખ લાગી માટે કરો છો કે સુખી છે. માટે ?** આજે નવકારશી સુખીપણાનું પ્રદર્શન થયું છે. બહુ સુખી તો રાતે ય ખાય. કહાડે ય ખાય, ન ખાવાનું ખાય !

જ્ઞાની કહે ખાવું તે જ દુઃખ છે. ખાવા પાછળ કેટલી પીડા છે ! ખાવાનું મટે તો કેટલી પીડા માટે ! ખાવાનું મટાડવા જેવું છે કે ચાલુ રાખવા જેવું છે ? **મોક્ષને અણાહારી પદ કહીએ** તો **તેવી અવસ્થા ગમે કે આ ખાવા–પીવા, પહેરવા–ઓઢવા જોઇએ તેવી અવસ્થા ગમે ?** તમને લાગે છે કે આવી ધર્મની સામગ્રી પામ્યા પછી આવી મજા કરીએ તે શોભે કે ન શોભે ? તેમાં જ મજા કરીએ તો મરીને કયાં જઇએ ? આ મહાપુરૂષના હૈયામાં તે વાત બેસી ગયેલી. છેક સુધી અપ્રમત્ત જીવન જીવ્યા છેલ્લી અવસ્થામાં સમાધિથી ગયા. અનેકને સમાધિ આપી છે. ગુરૂ મહારાજની જેવી સુંદર સેવા કરી તે નજરે જોઇ છે. ગુરૂની સેવામાં બાલકની જેમ રહેતા. ગુરૂ મહારાજ 'તું' કહીને બોલાવતા. ધર્મ પામેલાને ભગવાનની આજ્ઞા પાળવી છે. **ભગવાનની આજ્ઞા હોય તે જ વાત ગમે, ભગવાનની આજ્ઞા ના હોય તે વાત ન ગમે તેનું નામ ભગવાનનો સેવક !** તેવું સેવકપણું એક ટકોરમાં આવી ગયું ! તમને કેટલી ટકોર થઇ ? રોજ સાંભળો છતાં ય મજેથી શ્રાવકપણાને ન છાજે તેવાં કામ કરો છો ને ? રાતે ખાવું તે શ્રાવકપણાને શોભે ? અભક્ષ્ય ખાવું તે શોભે ? શકિત મુજબ વ્રત–પચ્ચકખાણ ન કરવા તે શોભે ? શ્રાવક ઘરમાં કેદીની માફક રહે, પૈસા ન છુટકે કમાય. તેને સંસારમાં જીવવું ભારે પડે છે !

ભગવાનના શાસનને પામેલો મનુષ્યભવમાં આવેલો સાધુ થયા વિના મરે ? મોક્ષ માનનારા દર્શનો કહે છે કે, માનવ સંન્યાસી થયા વિના રહે નહિ. ઇતરોએ પણ ચાર આશ્રમ માન્યા. બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસ્તાશ્રમ. સંન્યાસી થયા વિના મરે તે માનવ, માનવ જ નથી તેમ ઇતરો પણ કહે છે. આપણે ય

કહીએ છીએ કે જૈનકુળમાં જન્મેલો સાધુ થયા વિના મરે નહિ. **સાધુ થવાનું મન જ નહિ, તેને જૈન શાસન મલ્યું જ નથી તેમ કહેવાય! સંસારમાં મજેથી જીવે તેને ય જૈન શાસન મલ્યું જ નથી તેમ કહેવાય!** સંસારમાં જન્મેલાને મરવાનું તો છે. તો તમે મજાથી મરો કે આ મનુષ્ય જન્મમાં પામવા જેવું સાધુપણું ન પામી શકયો તેના વિચારથી-દુઃખથી મરો? પાછળનાને ય શું સલાહ આપીને જાવ? તમારો સાધુ નહિ થવાનો નિર્ણય કે સાધુ થઇને મરવાનો નિર્ણય છે? મનુષ્યપણામાં જે મેળવવા જેવું છે તે પામ્યા વિના મર્યા તેમ થશે?

આવા મહાપુરૂષ મળે, તેમનો ગુણાનુવાદ સાંભળો તો ય આ જનમમાં વહેલું સાધુપણું પામવું છે તેવી ભાવના ખરી? સાધુપણું આ જ જન્મમાં મળે છે, બીજા કોઇ જન્મમાં મલતું નથી માટે ઈન્દ્રાદિ દેવતા જે સમ્યગ્દૃષ્ટિ છે, તે પોતે જેલમાં રહેલા માને છે, મનુષ્યપણું ક્યારે મળે, ક્યારે સાધુપણું પામું અને ઝટ મોક્ષે જવું-ભાવના છે? તમે ભગવાન પાસે શું માંગો છો? પૂજા સાધુપણું પામવા માટે કરો છો કે ઘરમાં મજાથી રહેવા માટે કરો છો? સાધુ થઇને વહેલા મોક્ષે જવું આ ઇચ્છા બધાને ખરી? રોજ સાધુપણું પામવાનું મન થાય? સાધુપણું પામવાની ઇચ્છાવાળા છો? ભગવાનની પૂજા કરનારો 'સાધુપણાની ઇચ્છાવાળો છે' તેમ કહું તો ખોટો ન પડું ને? રોજ પૈસા કમાવવાનું, ખાવા-પીવા-પહેરવા-ઓઢવાનું સારામાં સારૂં મન થાય છે તેમ સાધુ થવાનું મન રોજ થાય?

આ મહાપુરૂષ એવી રીતે ધર્મ પામ્યા. ગુરૂ સેવાથી જ્ઞાની બની અનેક જીવો ઉપર ભારેમાં ભારે ઉપકાર કર્યો, તેમની પાસે રહેનારને ખબર છે કે અહીં-આમની પાસે કશી ગરબડ ચાલે નહિ. ટાઇમસર બધી ક્રિયામાં હાજર રહેવું પડે. વ્યવહારમાં જેમ ભણેલો-ગણેલો વેપારમાં કેટલો હોંશિયાર હોય, તેમ અહીં ભણેલો ગણેલો કેટલો હોંશિયાર હોય, તેની ધર્મક્રિયામાં ગરબડ નહિ. સહવાસમાં રહેનારને ઊંચ કોટિના બનાવ્યા છે. અમારામાં જે કાંઇ છે તે બધું તેમને આભારી છે. તેમના ન ઉપકાર ભૂલાય તેવો નથી. સ્વભાવ ઊંચા સ્વરે બોલવાનો પણ ગુરુ પાસે નહિ. વિનયાદિ ગુણો અદ્‌ભૂત કોટિના, **જ્ઞાન પચી ગયું તેમાના આ મહાપુરૂષ હતા.** તેમની નિશ્રામાં અનેક આત્માઓએ કલ્યાણ સાધ્યું. સારણાદિ કર્યા વિના રહેતા નહિ.

જે ગચ્છમાં સારણાદિ ન હોય તે ગચ્છનો ત્યાગ કરવો, ગુરૂને છોડી દેવાની આજ્ઞા છે. જે કામ કરવા જેવું તે રોજ યાદ કરાવે તેનું નામ સારણા, ન કરવા જેવું થાય તે રોકવા તેનું નામ વારણા, કરવા જેવું ઘણીવાર સમજાવે છતાં ન કરે, ન

કરવા જેવું કરે તો તેને રોકે છતાં ય ન માને તો જરા કડક શબ્દોમાં કહે તેનું નામ ચોયણા, અને તેને પણ ન માને તો રવાના કરવાની વિધિ છે. આ મહાપુરૂષ પાસે આ બધું શીખવા મળતું, જાણવા જેવી માહિતી મલી તે તેમના પ્રભાવે! વાતવાતમાં કહ્યા કરે કે, 'આ થાય,' 'આ ન થાય,' 'અહીં સુધી આવ્યા પછી પ્રમાદ કરો, શિથિલતા કરો ક્યાં જશો' તેમ કહેતા. તમે જૈનકુળમાં જન્મ્યા, આવી ધર્મસામગ્રી પામ્યા અને ધર્મ ન કરો તે કેમ ચાલે તેમ કહીએ તે ગમે? સાધુ-સાધ્વી જેમ ત્યાગી હોય તેમ શ્રાવક–શ્રાવિકાને સંસારમાં રહેવામાં મજા નથી હોતી. સંસારમાં રહેવામાં મજા હોય તે શ્રાવક–શ્રાવિકા નહિ.

ભગવાનની પૂજા કરનારને જો ભગવાન થવાનું મન ન થાય તો તે ભગવાનને માનતો જ નથી. જેની પૂજા કરો તેના જેવા થવાનું મન ન થાય? ભગવાનને પૂજે તે ભગવાન થવા? આજે તો એવું બોલનારા છે કે 'સંસાર કેમ ચાલે તેની ભગવાનને શી ખબર પડે?' 'આ થાય, આ ન થાય' તેમ સંસારમાં બને? જેને ભગવાનની પૂજા કરતાં ભગવાન થવાનું, સાધુની સેવા કરતાં સાધુ થવાનું અને ધર્મ કરનારને અધિકને અધિક ધર્મ કરવાનું મન હોય તે જીવ ધર્મ પામેલો કહેવાય.

આ મહાપુરૂષે સાધુપણાને–ધર્માચાર્યપણાને સાર્થક કર્યું. અનેકને માર્ગે ચઢાવી કલ્યાણ સાધ્યું અને પોતે ય કલ્યાણ સાધી ગયા. **મહાપુરૂષના ગુણાનુવાદ એટલા માટે છે કે તેમનામાં જે ગુણો હતા તે આપણે પામવા–મેળવવા છે. શાસનની જે સુંદર આરાધના રક્ષા–પ્રભાવના કરી તે કરવી છે. શાસનને સમર્પિત થયા તેવા આપણે થવું છે.**

પ્ર૦ : ભગવાનની પૂજા પુણ્ય માટે અને સાધુની સેવા આશીર્વાદ ફળે માટે કરીએ છીએ.

ઉ૦ : મોજમજા કરીએ અને ધર્માત્મા કહેવાઇએ તેમ કહે છે તો આના જેવા મહામિથ્યાદૃષ્ટિ બીજો એક નહિ! ભગવાનની પૂજા કરનારને ભગવાન થવાનું મન ન થાય, રાજા મહારાજા, શ્રીમંત થવાનું, મોજમજાદિ કરવાનું મન થાય તો તેના જેવો લાયકાત વિનાનો બીજો કોણ છે **તે સાધુને નમતો નથી,** તે તો પૈસાને નમે છે. 'ધ્યાન રાખજો, ગરીબ ન થાઉં, લક્ષ્મી ચાલી ન જાય, મદ્યા કરે' આવી અમારી પાસે ય ઇચ્છા કર્યા કરે તે મહામિથ્યાદૃષ્ટિ છે.

આ વાત આ મહાપુરૂષે સારી રીતે સમજાવી. ગુરૂનું એકજ કામ કે રોજ સમજાવે 'આ સંસાર રહેવા જેવા નથી, મોક્ષ જ મેળવવા જેવો છે, ધર્મ જ કરવા

જેવો છે, અધર્મ ન કરાય કદાચ કરવો પડે તો દુઃખ થાય. દુઃખ પૂર્વક કરે' આ વાત સમજાવે તે જૈન શાસનના ગુરૂ! બીજા બધા ગોર!

શ્રી અરિહંત પરમાત્માનો ધર્મ આપણો બાપ છે અને તે ધર્મને સ્થાપનારા શ્રી અરિહંત પરમાત્મા આપણા દાદા છે. **શ્રી અરિહંત પરમાત્મા ન હોય તો ધર્મ ન હોય, અમે સાધુ અને તમે શ્રાવક ન** હો. શ્રી અરિહંત પરમાત્માની સેવા કરનારને શ્રી અરિહંત પરમાત્મા કે સિદ્ધ થવાનું મન ન હોય તે બને? યોગ્યતા હોય તો શ્રી અરિહંત પરમાત્મા થઈ મોક્ષે જવું છે, તેવી લાયકાત ન હોય તો ય મોક્ષે તો જવું જ છે. **મોક્ષે જવા માટે ભગવાનની આજ્ઞા રૂપ ધર્મ કરવો પડે.** શ્રી અરિહંત પરમાત્મા કે શ્રી સિદ્ધ ભગવાન થવાનું મન હોય તેને સાધુ થવાનું મન હોય જ! સાધુ થવાનું મન હોય જ! સાધુપણું ન આવે તો કોઇ શ્રી અરિહંત પરમાત્મા કે શ્રી સિદ્ધ ભગવંત બને? સાધુ થવાનું મન થાય, ભાવ ન આવે તો મુક્તિ થાય?

સાધુપણામાં પ્રમાદ હોય? **સાધુને પાંચ પ્રહર સ્વાધ્યાય કરવાનો છે.** તેને તેને બદલે પાંચ કલાક પણ નથી કરતા. જે તેમની સેવામાં રહેલા તે સારા માં સારા જાણકાર અભ્યાસી થયા. તેમની સેવામાં રહ્યા તે ઇચ્છા હોય કે ન હોય પોરિસિ કરવી પડે. પણ સાધુપણું સારૂં પાળી ગયાં. આવા મહાપુરૂષની સ્વર્ગતિથિ ઉજવીએ તેનો હેતુ તે છે કે તેમના જેવા થવું છે. તમારા બધાની ઇચ્છા શ્રી અરિહંત પરમાત્મા થવાની, તે ન થવાય તો શ્રી સિદ્ધ ભગવંત તો થવાની છે. તે માટે સાધુ થવાની છે. શ્રી અરિહંત પરમાત્મા પણ શા માટે થવું છે? સમવસરણમા બેસવા નહિ, માન-પાન માટે નહિ પણ અનેક ભવ્યાત્માઓને મોક્ષે મોકલવા માટે.

તમે રોજ નવકાર ગણો છો તો તમને શું મન થાય છે? પાપથી પાછા ફરવા પ્રતિક્રમણ છે, સમ્યગ્દર્શનાદિ ગુણો નિર્મલ કરવા શ્રી જિનપૂજા, જિનદર્શન, સામાયિકાદિ છે. જેને શ્રી અરિહંત કે સિદ્ધ થવાનું મન ન હોય તે ભગવાનનો ભગત જ નહિ. દોડયા દોડયા વ્યાખ્યાનમાં આવો તે શા માટે? જેવાને જેવા છો તેવા જ રહેવા કે સારા થવા માટે? ભગવાનનો ધર્મ પમાડવા આ બધી વાતો છે. **સાધુ બનાવવા કાં સારા શ્રાવક બનાવવા કાં ઉત્તમ ધર્માત્મા બનાવવા તે જ અમારૂં કામ! અમારૂં આ જ રચનાત્મક કામ છે. તમે જે માનો છો તે નહિ.** મોટા શ્રીમંત મહાલતો મહાલતો આવે તો સાચા સાધુને ઠગ આવે કે પૈસાની પૂંઠે પડી ગયો. આવું સુંદર મનુષ્યપણું પામી પૈસાની પૂંઠે પડાય? **આ મહાપુરૂષે** (જુઓ પેજ ૬૬૭)

તીર્થ અને તિથિની આરાધનાનો અનુપમ અવસર–૧

(વિ. સં. ૨૦૫૪ મા. સુ. ૧૫+૧. ૧. રવિવાર તા. ૧૪–૧૨–૯૭,
શ્રીપાળનગર, વાલકેશ્વર, મુંબઇ–૬)

પ્રવચનનું પ્રતિબિંબ : પ્રવચન પ્રભાવક આ. શ્રી વિ. કીર્તિયશસૂરીશ્વરજી મ.

દ્રવ્યં ક્ષેત્રં ચ કાલં ચ, ભાવં પ્રાપ્ય જિનોદિતમ્ ।
આરાધ્યો ધર્મ એવૈકો, મુક્ત્યૈકતાનચેતસા ॥૧॥
દ્રવ્યં સામ્બશ્ચ પ્રદ્યુમ્નઃ, ક્ષેત્રં સહ્યદ્રશિખરમ્ ।
કાલં ત્રયોદશી શુક્લા, ફાલ્ગુના ભાવઃ મૌક્તિકઃ ॥૨॥
યાત્રાં કરોતિ યો ધન્યો, જિનાજ્ઞાપરિભાવિતઃ ।
તીર્થ–તિથિં સમારાધ્ય, પ્રાપ્નોતિ પરમં પદમ્ ॥૩॥

અનંત ઉપકારી ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્માના શાસનમાં જેટલા પણ આરાધનાના શ્રેષ્ઠતમ માર્ગો દર્શાવવામાં આવ્યા છે, તે પ્રત્યેક ધર્મમાર્ગની આરાધના–સાધના–ઉપાસના માટે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના આલંબનનું અત્યંત મહત્ત્વ આંકવામાં આવ્યું છે.

કોઇપણ પ્રકારની આરાધના કરવાનો પ્રસંગ આવે તેની પાછળ દ્રવ્યની, ક્ષેત્રની, કાળની, અને ભાવની વિશુદ્ધિ અનિવાર્ય હોય છે. આ ચાર પૈકી કોઇપણ વસ્તુની અવજ્ઞા કે અનાદર કરી શકાય નહિ.

કોઇપણ વ્યક્તિ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ આ ચાર પૈકી કોઇની પણ અવજ્ઞા કે અનાદર કરે, તે વ્યક્તિ વીતરાગ સર્વજ્ઞ પરમાત્માની આજ્ઞાનો આરાધક બનવાને બદલે વિરાધક બન્યા વિના ન રહે. માટે જ કરેકે કરેક મહાપુરૂષોએ દ્રવ્ય–ક્ષેત્ર–કાળ અને ભાવની રક્ષા માટે આજ સુધી આપણી કલ્પનામાં ન આવે તેવો વિશિષ્ટ પુરૂષાર્થ કર્યો છે.

જેણે પણ મુક્તિમાર્ગની આરાધના કરવી હોય, તેને આ ચાર પૈકી એકની પણ ઉપેક્ષા કરવી પાલવી શકે તેમ નથી. માટે જ પ્રસ્તુતમાં છ ગાઉની યાત્રાના સંબંધમાં આપણે આ ચારેની વિચારણા કરવી છે.

સુદ ૧૩ની છ–ગાઉની યાત્રા કરવામાં આવે છે. તેમાં સૌથી મુખ્ય આલંબન, શાંબ અને પ્રદ્યુમ્નકુમાર છે. પ્રભુ શ્રી નેમિનાથના નાના ભાઇ અને ત્રણ ખંડના અધિપતિ શ્રી કૃષ્ણ વાસુદેવના એ બંને પ્રતાપી પુત્રો હતા. દ્વૈપાયન ઋષિના યોગે દ્વારિકાનો

નાશ નિશ્ચિત થયો, તે વખતે ભવ સ્વરૂપથી વૈરાગ્ય પામી પોતાના જીવનને ભગવાન શ્રી નેમિનાથ પ્રભુના ચરણે એમણે સમર્પિત કર્યું હતું. એમનું જીવન ચરિત્ર વાંચવામાં આવે તો એમણે પોતાના જીવનમાં અનેક પ્રકારનાં પરાક્રમો કર્યાં હતાં. આવા ભોગી-પરાક્રમીએ પણ વૈરાગ્યવાસિત બની, પ્રભુ શ્રી નેમિનાથના ચરણે સંયમસાધનાનો સ્વીકાર કર્યો હતો. તપ, ત્યાગ, તિતિક્ષા, સ્વાધ્યાય અને ઉત્તમ કોટીની ધ્યાનધારાથી પોતાના આત્માની ઘણી ઉન્નતિ પ્રાપ્ત કરી હતી. સાધના કરતાં એકવાર શ્રી નેમિનાથ પ્રભુએ એમને કહ્યું કે તમારા માટે આત્મકલ્યાણનું સ્થાન શ્રી સિદ્ધગિરિરાજ છે. તે તમારા માટે ભવસાગર તરવાનું શ્રેષ્ઠ આલંબન પુરવાર થશે.

તરવાનું તો પોતાની સાધનાને બળે જ હતું, તો એમાં ભગવાને અમુક ભૂમિ એમ કેમ કહ્યું ? ભૂમિનું આટલું બધું મહત્ત્વ શા માટે ? ઘણા તો એમ પણ કહેતા હોય છે ને કે–'મન ચંગા તો કથરોટમેં ગંગા.' એને માટે 'અહીં જવું ને તહીં જવું એની જરૂર શું ? જ્યાં બેઠા હો ત્યાં જ ભાવના ભાવી શકાય છે.' પરમાત્માના શાસનને નહીં સમજેલા જ આવી વાત કરી શકે.

જો ક્ષેત્રનું મહત્ત્વ ન હોત, તો ભગવાન શ્રી આદિનાથ સિદ્ધગિરિ ઉપર ૯૯ પૂર્વ વાર કેમ ચડયા ? ૯૯ વાર નહિ, ૯૯ હજાર વાર નહિ, ૯૯ લાખ, ૯૯ કોડ વાર પણ નહિ પરંતુ ૯૯ પૂર્વ વાર. કાંઈ સમજ્યા ? ૮૪ લાખ ગુણ્યા ૮૪ લાખ=એક પૂર્વ થાય. ૭૦૫૬૦ અબજ એટલે એક પૂર્વ. આવા ૯૯ પૂર્વ વાર પરમાત્મા ચડયા. તે પણ બીજે કયાંય નહિ પણ સિદ્ધગિરિરાજ ઉપર જ. જો ક્ષેત્રનું મહત્ત્વ ન હોત તો ત્યાં જવાની કોઇ જરૂર ?

શ્રી પુંડરિકસ્વામીજીને પણ ઋષભદેવ પરમાત્માએ ત્યાં જ જવાનું કહ્યું. એનું કોઇ કારણ ? કારણ એ જ કે, સાધનાની સિદ્ધિ માટે ક્ષેત્રનું આલંબન પણ અનિવાર્ય છે.

આત્મ સાધના માટે ચોક્કસ ભાવોની જરૂર છે જ. પરંતુ તે ભાવ પામવા માટે વિશિષ્ટ કોટીના દ્રવ્ય, ક્ષેત્ર અને કાળનું આલંબન લેવું અનિવાર્ય બને છે માટે જ પંચવસ્તુ નામના મહાગ્રંથમાં પૂ. આ. શ્રી હરિભદ્ર સૂ. મ. જણાવે છે કે,

એસા જિણાણુમાણા, ઐત્તાઇઆ ય કંમુણો હુંતિ ।
ઉદયાઇકારણું જં, તમ્હા એએસુ જઇઅવ્વં ॥૧૬૪॥

કર્મોના ઉદય-ક્ષય-ઉદીરણાદિમાં ક્ષેત્રાદિ (દ્રવ્ય-કાળ-ભાવ-ભવ) નિમિત્ત બને છે. માટે એ (કર્મ)ની શુદ્ધિ સાચવવા પ્રયત્ન કરવો એવો શ્રી જિનેશ્વરોની આજ્ઞા છે.

પરમાત્માના વચનની શ્રદ્ધા દૃઢ કરીને શાંબ અને પ્રદ્યુમ્નકુમાર ૮૩ કરોડ મતાંતરે ૩૩ કરોડ ચ૬૧ મુનિઓ સાથે ત્યાંથી વિહરી સિદ્ધગિરિ ઉપર આવ્યા. રાયણ વૃક્ષ નીચે પ્રભુના પગલાંની સ્પર્શના કરી રાયણ વૃક્ષને પ્રદક્ષિણા કરી ત્યાંથી નીચે ઉતરી આજે જેને આપણે ભાંડવાનો ડુંગર કહીએ છીએ. જેનું શાસ્ત્રીય નામ સકલભદ્રશિખર છે, ત્યાં આવી સકલધ્યાનમાં લીન બની ગયા. જે સાધના કરવી હતી, જે શુકલ ધ્યાન ધરવું હતું, જે ક્ષપક શ્રેણી માંડવી હતી, તે માટે એમને આ ક્ષેત્ર અત્યંત ઉપકારક લાગ્યું.

સભા : આટલી મોટી સંખ્યામાં એક સાથે ?

હા. એમાં શી નવાઇ છે ?

સભા : જગ્યાનો સવાલ નડ્યો નહિ ?

ના, ન નડ્યો. જગ્યા ઘણી મોટી હતી. શત્રુંજય માહાત્મ્ય વાંચ્યું હોય તો ખ્યાલ આવે કે પહેલા આરામાં, બીજા આરામાં આમ દરેક આરામાં તેનું માપ કેટલું હતું, આજે કેટલું છે, પાંચમા આરાના અંતે અને છઠ્ઠા આરામાં તેનું માપ કેટલું હશે તે બધી વાત ત્યાં જણાવી છે. એ જો એકવાર બરાબર સમજી લેવામાં આવે તો આ આંકડા સાંભળી આશ્ચર્ય ન થાય. આશ્ચર્ય તો એ વાતનું થાય છે કે જે લોકો જૈનશાસનનો ઇતિહાસ, ભૂગોળ કાંઇ જાણતા નથી તે આવી વાતો સાંભળીને ભવાં ચડાવે છે. કુવાના દેડકા જેવી જ હાલત છે કે બીજું કાંઇ ? એકવાર સમય કાઢીને શાંતિથી સદ્‌ગુરૂ ભગવંતો પાસે આ બધી વાતો સમજી લેવાય તો આવા પ્રશ્નો ઉદ્‌ભવે નહિ.

બંને મહાત્માઓએ ૮૩ કરોડ મુનિવરો સાથે સાધના પ્રારંભી ક્ષેત્ર-વાતાવરણની અનુકૂળતા અને એનો પ્રભાવ દેખાવા લાગ્યો. શત્રુંજય માહાત્મ્યમાં પૂ. આ. શ્રી ધનેશ્વરસૂરિજી મ. લખે છે કે આજે પણ એ ક્ષેત્ર ધબકતું છે. વર્તમાનમાં પણ જો યોગ્ય પ્રકારે સાધના કરાય તો આત્મા ઘણો જ નિર્મળ બની શકે.

ગુજરાતી ભાષાની જેને થોડી ઘણી જાણકારી હોય તે જાણતા હશે કે ભાઇ અને પુત્રો માટે 'ભાઇ-ભાંડુઓ' શબ્દ વપરાતો હોય છે. શ્રી કૃષ્ણ મ.ના બે દીકરાઓ હતા એમના નામે ભાંડુઓનો અને એમાંથી અપભ્રંશ થઇને ભાંડવાનો ડુંગર એમ નામ પડ્યું. ત્યાં શુકલ ધ્યાનમાં આરૂઢ થઇ, ક્ષપક શ્રેણી માંડી, કેવળજ્ઞાન પામી, કાયાને વોસિરાવી, અણસણ કરી, ૮૩ કરોડ મુનિવરો સાથે સર્વ કર્મના ક્ષય કરી ફાગણ સુદ-૧૩ના દિવસે નિર્વાણ પામ્યા.

હવે કાળની વાત કરી લઇએ. સાધનામાં જેમ ભાવને પામવા માટે દ્રવ્યનું અને ક્ષેત્રનું મહત્ત્વ છે, તેમ કાળનું પણ મહત્ત્વ છે. સાધના માટે ક્ષેત્રને પકડવું પડે છે, તેમ કાળને પણ પકડવો પડે છે, એનું આલંબન લેવું પડે છે. આજે સિદ્ધગિરિને બદલે બીજે ગમે ત્યાં જઇએ તો પણ સિદ્ધગિરિ ઉપર જે પરિણામ આવે તે બીજે ન આવે. ૨૦ માળનું મકાન હોય, લિફ્ટ બંધ થઇ જાય, ચડવાની વાત તે જવા દો પણ ઊતરવાનું આવે તોય મનમાં શું થાય? અને એ જ વ્યક્તિને સિદ્ધગિરિ યાત્રાએ જવાનું થાય. ઘણી મુશ્કેલીએ ચડે તોય ઉપર ગયા પછી શ્રમનો અનુભવ થતો નથી. આ ક્ષેત્રનો પ્રભાવ છે તેમજ કાળનો પણ પોતાનો આગવો મહિમા હોય છે.

હમણાં ઉપવાસ કરવો હોય તો, ઘણાને અઘરો લાગે. પણ પન્નુસણમ, હંમેશા હંમેશા રાતના ખાનારો પણ અઠ્ઠાઇ કરી લે છે, હોંશે-હોંશે રમતા રમતા કરી લે છે.

કોઇ સાથે કષાય થયો, હમણાં કહીએ કે મિચ્છા મિ દુક્કડં આપી દો-તો તે માટે તૈયાર નહિ થનાર પણ સંવત્સરીના દિવસે હળવો થઇ આપી દે? ભલે બીજા દિવસથી ચોપડો ફરી લખવાનો ચાલું કરી દે, પણ એ દિવસે તો ક્ષમાયો કૂણા પડે?

કેટલાકને દિવસે જ મૂડ આવે, તો કેટલાકને રાત્રે મૂડ આવે. કેટલાકને ઉનાળો એટલે મોત બને, શિયાળો માફક આવે તો કેટલાકને ઉનાળો ગમે પણ શિયાળાના નામથી જ મુજારી છૂટી જાય. આ બધો કાળનો પ્રભાવ છે.

દરિયા જેવો દરિયો, તેના પર પણ કાળની અસર પડે છે, માટે તો ભરતી અને ઓટ ચોકકસ સમયે જ આવે. પખવાડિયાના દિવસો ૧૪ પણ હોય, ૧૫ પણ હોય, ૧૬ પણ હોય અને કોક વાર ૧૩ પણ હોય. પરંતુ કેટલા દિવસ છે તેની ખબર દરિયાને બરાબર પડી જાય. માટે તો ૧૩ દિવસનું પખવાડિયું હોય તો ભરતી ૧૩મા દિવસે જ આવે, ૧૪ દિ'નું પખવાડિયું હોય તો ૧૪માં દિવસે, ૧૫ દિ'નું પખવાડિયું હોય તો ૧૫માં દિવસે અને ૧૬ દિ'નું હોય તો ૧૬મા દિવસે ભરતી આવે છે. એને કોણ કહેવા ગયું હતું?

કાળની અસર દરિયા પર પણ પડે છે. એટલું જ નહિ પણ કાળની અસર વનરાજી, વૃક્ષો, પશુઓ, પક્ષીઓ અને માનવીના મન પર પણ પડતી હોય છે. જેટલા પણ પર્વતિથિના દિવસો હોય છે તે દિવસોમાં આપણાં પરિણામો ઉપર ચોકકસ અસર થતી હોય છે. માટે જ્ઞાનીઓ કહે છે કે સાધના કરવી હોય તેણે કાળને પકડવો પડે છે. આપણે ત્યાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે 'જીવને આયુ પરભવ તણો, તિથિ દિને બંધ હોય પ્રાયઃ રે' આયુષ્યનો બંધ પ્રાય પર્વતિથિને દિવસે થતો હોય છે.

પર્વ એટલે, સાંધો, સંધિકાળ, શેરડીનો સાંઠો...અમુક અંતર કાપો એટલે ગાંઠ આવે. એ સાંધાને પર્વ કહેવાય. કાળના પણ સાંધા પડે. તે સાંધાને પર્વ કહેવાય. પર્વ સાથે સંકળાયેલ તિથિ તે પર્વતિથિ. આપણે ત્યાં વર્તમાન ભવના આયુષ્યના ત્રીજે ભાગે પરભવના આયુષ્યના બંધ પડવાની વાત ફરમાવી છે તેમ એ બંધ પ્રાયઃ પક્ષની ત્રીજી ત્રીજી તિથિમાંની તિથિએ પડે છે. એમ પણ ફરમાવેલું છે. ચૌદસે પકખી પ્રતિક્રમણ કરી પંદર દિવસના પાપોની આલોચના કરાય છે. માટે ચૌદસ એ પક્ષનો છેલ્લો દિવસ ગણાય છે. ચૌદશ એ પક્ષનો છેલ્લો દિવસ તો પૂનમ અમાસ એ પક્ષનો પહેલો દિવસ. હવે પક્ષની ત્રીજી ત્રીજી તિથિ કઇ ગણાય ?

ચૌદસથી ત્રીજી તિથિ બીજ, બીજથી ત્રીજી તિથિ પાંચમ, પાંચમથી ત્રીજી તિથિ આઠમ. આઠમથી ત્રીજી તિથિ અગિયારસ અને અગિયારસથી ત્રીજી તિથિ ચૌદસ. આ પાંચ તિથિ શુકલ પક્ષની અને એ રીતે પાંચ તિથિ કૃષ્ણ પક્ષની એમ દશ તિથિમાં પ્રાયઃ કરીને જીવ પરભવનું આયુ ઉપાર્જે છે. માટે જ આ દશ તિથિઓએ કરેલી આરાધનાનું આપણે ત્યાં ઘણું જ મહત્ત્વ આંકવામાં આવ્યું છે.

આમાં સંબંધ દિવસો સાથે નહિ પરંતુ તિથિ સાથે છે. બંને કે એક પખવાડિયામાં દિવસો ૧૩–૧૪–૧૫ કે ૧૬ પણ હોય પણ તિથિ તો એક પખવાડિયામાં પંદર જ હોય. એમાં કોઈ ફેરફાર ન હોય. તિથિનો ક્ષય કે તિથિની વૃદ્ધિ આવે ત્યારે પર્વ તિથિનો દિવસ ત્રીજાના બદલે બીજા કે ચોથા દિવસ આવે તેમ બને પણ એમાં તિથિ તો ત્રીજી ને ત્રીજી જ છે.

પર્વતિથિના દિવસે પ્રાયઃ આયુષ્યનો બંધ કહ્યો છે, માટે જ એ દિવસોમાં આરંભ–સમારંભથી દૂર રહેવાનું, ધર્મધ્યાન–આરાધના વધારવાની અને લીલોતરીનો ત્યાગ, વિષય ત્યાગ, બ્રહ્મચર્ય પાલન વગેરેનાં વિધાન કરવામાં આવ્યાં છે. આ વાત ઉપરથી એક વાતનો આપણને ખ્યાલ આવવો જોઇએ કે આરાધનામાં કાળનું ઘણું જ મહત્ત્વ છે.

હવે છ–ગાઉની યાત્રા ફાગણ સુદ ૧૩ સે જ કરવાની શા માટે તે પણ સમજાવું.

યાત્રા શા માટે કરવી ?

યાત્રા ક્યા દિવસે કરવી ? અને

યાત્રા કઇ રીતે કરવી ?

આ ત્રણ પ્રશ્નો મુખ્ય રીતે જવાબ માંગે છે. ગણેનું બરાબર સમાગમ થાય તો

ઉત્તમ પરિણામ આવે, નહિતર ન આવે. અને એકની પણ ઉપેક્ષા કરાય, અનાદર કરાય તો વિપરીત પરિણામ પણ આવે.

યાત્રા શા માટે કરવી ?

શાંબ અને પ્રદ્યુમ્નકુમાર ૮॥ કરોડ (મતાંતરે ૩॥ કરોડ) મુનિવરો સાથે એ દિવસે મોક્ષે ગયા માટે. તે ક્ષેત્ર તેમની સાધનાકાળનાં પુદ્ગલોથી ધબકતું છે, તેમ તે તિથિનો કાળ પણ ધબકતો છે. તે દિવસે યાત્રાએ જવાથી ક્ષેત્ર અને કાળ બેય પકડી શકાય છે અને એના માધ્યમથી ઉત્તમ ભાવોને સ્પર્શી શકાય છે. દ્રવ્ય આપણો આત્મા અને લક્ષ્ય સંસાર સાગર તરવાનું મુક્તિનું આવી જાય તો ભાવ પણ પકડાઈ જાય. પરિણામે સંસાર સાગર તરવો આપણા માટે આસાન બની જાય.

યાત્રા કયા દિવસે કરવી ?

ગત વર્ષની જેમ જ આ વર્ષે આ પ્રશ્ન ઊભો થયો છે, ઘણા પૂછવા પણ આવે છે કે 'સાહેબ, બે તેરસમાંથી કઈ તેરસે છ ગાઉની યાત્રા કરવાની ?'

ફરી પણ તમને સૌને કહેવું છે કે, 'ગત વર્ષે તેરસ બે હતી જ નહિ અને આ વર્ષે પણ તેરસ બે છે જ નહિ. જો તેરસ બે હોય તો બીજી તેરસે જ યાત્રા કરવાની હોય. પરંતુ બે તેરસ હતી પણ નહિ અને છે પણ નહિ. તેરસ બે નથી પણ ચૌદસ બે છે. મંગળવારે ૧૦મી માર્ચે તેરસ છે, બુધવારે ૧૧મી માર્ચે પ્રથમ ચૌદશ છે અને ગુરૂવારે ૧૨મી માર્ચે બીજી ચૌદશ છે. માટે તેરસ બે નથી. તો 'બે તેરસ પૈકી કયા દિવસે યાત્રા કરવી' એ પ્રશ્ન રહેતો નથી. જે દિવસે તેરસ છે, તે દિવસે એટલે કે ૧૦મી માર્ચ મંગળવારે યાત્રા કરવી જોઇએ.

હજારો વર્ષો પહેલા આપણાં પોતાના પંચાંગો હતા, તેના આધારે જ આપણા વ્યવહારો ચાલતા. પણ જે કાળ દોષના કારણે આપણે ત્યાં પંચાંગ બનાવવા માટેનાં આવશ્યક કારણો વગેરેનો વિચ્છેદ થયો, જેથી આરંભાદિ વિના પંચાંગ બનાવવા શક્ય ન બન્યું અને સાધુ માટે આરંભ તો અત્યંત અનિષ્ટ મનાતો. આકાશ સાથે પ્રત્યક્ષ તાલમેળ મેળવવો હોય તો વેધશાળા વગેરેનો ઉપયોગ કરવો પડે. જે શ્રમણ જીવન માટે યોગ્ય ન હતું. તેથી પૂર્વધર મહર્ષિઓએ નક્કી કર્યું કે લૌકિક પંચાંગો મુજબ આકાશમાં ગ્રહાદિનાં ઉદય-અસ્ત, દિવસ-રાત વગેરે બાબતો મળતી આવે છે, તેથી તેને અનુસરવું.

આ રીતે લૌકિક પંચાંગોનો સ્વીકાર આપણે ત્યાં થયો. લૌકિક પંચાંગોમાં પદ્ધતિ

થોડી જુદી હતી. આપણે ત્યાં કોઈ તિથિની વૃદ્ધિ ન થતી. પણ દરેક બાસઠમી તિથિ ક્ષય પામતી, લૌકિકમાં તેમ ન હતું. ત્યાં કોઇપણ તિથિનો ક્ષય કે વૃદ્ધિ આવતી. આ રીતે કોઈપણ તિથિના ક્ષય કે વૃદ્ધિના પ્રસંગે આરાધના દિવસ નક્કી કઇ રીતે કરવો એ પ્રશ્ન ઉપસ્થિત થયો તે વખતે યુગપ્રધાન પૂર્વધર મહર્ષિ શ્રી ઉમાસ્વાતિજી મ. આપેલો પ્રબોધ આપણને આજે ય કામ લાગે છે. શ્વેતાંબર પરંપરામાંથી દિગંબરો જુદા પડયા એ પૂર્વના કાળમાં થયેલા એ મહર્ષિ છે એટલે તેમના એ વચનો દિગંબરો પરંપરામાં આજે પણ મનાઇ રહ્યાં છે.

પૂજ્ય ઉમાસ્વાતિજી મ.નો પ્રબોધ એમ કહે છે કે–

'क्षये पूर्वा तिथिः कार्या, वृद्धौ कार्या तथोत्तरा ।'

તિથિનો ક્ષય હોય ત્યારે તે તિથિની આરાધના એની પૂર્વની તિથિમાં કરવી અને તિથિની વૃધ્ધિ હોય ત્યારે તે તિથિની આરાધના ઉત્તર તિથિ–બીજી તિથિમાં કરવી.

આજે પણ દિગંબરીય પંચાંગોમાં પણ આ જ શ્લોક ટાંકવામાં આવે છે અને તે મુજબ આરાધના દિન નક્કી કરાય છે.

વિ. સં. ૨૦૧૪ પહેલા સકળ સંઘે જોધપુરથી નીકળતું ચંડાંશુચંડુ માન્ય રાખેલું. તેમાં આવતી બધી તિથિઓની ક્ષય–વૃધ્ધિ યથાવત માન્ય રાખીને આરાધના કરવી એ સૌનું કર્તવ્ય હતું. પણ તે થતું ન હતું. આ પછી વિ. સં. ૨૦૧૪ પછી સકળ સંઘે નક્કી કર્યું કે–'જન્મભૂમિ' પંચાંગ અનુસારે તેમાં આવતી બધી તિથિઓની ક્ષય વૃધ્ધિ યથાવત માન્ય રાખીને જ આરાધના કરવી તેથી જ જન્મભૂમિ પંચાંગ સંઘ-માન્ય તરીકે ઓળખાવા લાગ્યું. તેમાં જે તિથિ જે દિવસે બતાવી હોય, તે દિવસે જ તે તિથિની આરાધના કરવી, એ સૌનું કર્તવ્ય છે.

વિ. સં. ૨૦૫૩ ના ગત વર્ષમાં પણ ફાગણ સુદ ૧૩ ની આરાધના જન્મભૂમિ પંચાગ મુજબ જ કરવાનો આપણે સંકલ્પ કર્યો હતો અને તે મુજબ આરાધના સચવાઇ. એ વખતે અમુક આચાર્યોના નામે એક જાહેરાત કરાઇ હતી કે, 'શ્રી સંઘમાન્ય જન્મભૂમિ પંચાગના આધારે ફાગણ સુદ ૧૩ ની યાત્રાનો દિવસ શુક્રવાર તા. ૨૧ મી માર્ચે નથી, પરંતુ ફાગણ સુદ બીજ તેરશ શનિવાર તા. ૨૨ મી માર્ચે જ છે.' આ વાતની ખબર જ્યારે જન્મભૂમિ કાર્યાલયને થઇ ત્યારે જન્મભૂમિ કાર્યાલયના પંચાંગ વિભાગનાં સંપાદિકા કુ. જ્યોતિબહેન ભટ્ટને વાસ્તવિક ખુલાસો કરવાની ફરજ પડી. જેમાં તેમણે એ આચાર્યોની વાતને જન્મભૂમિ પંચાગનો આધાર હોવાની વાતનું ખંડન

કર્યું હતું. વધુમાં આ વર્ષે જે જન્મભૂમિ પંચાંગ બહાર પડ્યું, તેમાં ખેદ વિશિષ્ટ વાત થઇ. ૬૨ વર્ષે કરેક પક્ષોની માન્યતા મુજબના જે કોઠાઓ કરવામાં આવતા તે જન્મભૂમિ પંચાંગના આગળના પાનાઓમાં કોઇપણ ટીકા-ટિપ્પણ વિના જેમના તેમ છાપવામાં આવતા. પરંતુ આ વર્ષે ગયા વર્ષની ઘટનાથી બોધપાઠ લઇને તેમણે એ કરેક પક્ષના પંચાગના કોઠાઓ ઉપર પોતાની સંપાદકીય નોંધ મૂકી દીધી. એમાં લખ્યું છે કે-'અત્રે રજૂ કરાતા કોઠા સાથે પંચાંગકારને કોઇ નિસબત નથી.'

હવે કોઇપણ વ્યક્તિ આગળ રજૂ કરાયેલા વિવિધ પક્ષોના કોઠાઓ સાથે જન્મભૂમિ પંચાગનો મૂળ કોઠો મેળવી જુવે, તો તમને ખબર પડે કે, 'કોનો કોઠો જન્મભૂમિ પ્રમાણે છે.'

(અહીં વચ્ચે પ્રવચનકારશ્રીજીએ તિથિદિન નિર્ણય અને પર્વારાધના અંગે ક્ષય, વૃદ્ધિ વગેરેને લગતી વાતોને ખૂબ જ સરલ શૈલીમાં વિસ્તારથી સમજાવી હતી જે હવે પછી જૂદી પ્રકાશિત કરવામાં આવશે.-સંપાદક)

આ રીતે આ આરાધનાના સત્યને આજે ટુંકમાં સમજાવ્યું છે. તેની આરાધના કરવા, અન્ય સૌને કરાવવા, ઉમર, સંયોગ, પ્રતિકૂળતાનો કોઇ વિચાર કર્યા વિના માર્ગની રક્ષાનો જ વિચાર કરી કરેકે કરેક વ્યક્તિએ તન-મનથી જોડાઇ જ જવું જોઇએ. કરેકે પોતાની પ્રતિકૂળતાને ગૌણ કરી વધારેમાં વધારે સંખ્યામાં યાત્રા કરવી ને કરાવવી જોઇએ.

કમાવવામાં ઘણાના ભાગ જુદા જુદા હોય છે પરંતુ વાપરવાનો વારો આવે સાત પેઢીના નામે ભેગા થઇને લખાવે, એ કેટલું યોગ્ય કહેવાય ? આરાધનાનો એક માહોલ સર્જાવો જોઇએ. એમાં જો લોભવૃત્તિ સ્પર્શે તો સમજવું કે 'ભગવાનનો માર્ગ જે રીતે ગમવો જોઇએ તે રીતે હજુ ગમ્યો નથી.'

દીકરાના લગ્ન લેવાના હોય ત્યાં લાખોનો ધુમાડો કરનાર માર્ગરક્ષાનો અવસર આવે ત્યારે પૈસા ગણવા માંડે તેને ખરેખર માર્ગરક્ષાની વાત કરવાનો અધિકાર જ નથી.

વીતરાગનો સાધુ કોઇને 'તમે આટલા આપો' એમ જિંદગીમાં ન કહે. એ એનો માર્ગ નથી. બલિહારી છે, પરમ તારક ગુરૂદેવની કે આ માર્ગના ઘૂંઠડા અમને સૌને પાયાં છે.

આવા આરાધના કરવા-કરાવવાના અવસરે, અને માર્ગ-રક્ષાના અવસરે શક્તિમાન જો શક્તિ મુજબ લાભ ન લેતો તે યોગ્ય ન કહેવાય. બોલવાના અવસરે બધું જ

(અનુ. પેજ નં. ૬૬૫ ઉપર)

* કામદેવ રાજા કથાનો ગુજરાતી અનુવાદ *

(ગતાંકથી ચાલુ)

એ પ્રમાણે તે તાપસીએ સૌભાગ્યમંજરીને મૂર્ખ પતિના સંકટમાં પાડી હવે પર પુરૂષના અપહરણના સંકટમાં હું પાડીશ, એ પ્રમાણે ધ્યાન કરીને કાન્તીપુરીનો પતિ અને તિલાંગ આદિ દશ દેશોનો માલિક મહાકાલ આદિ દશ રાજાઓ જેના ચરણની સેવા કરે છે એવો સ્વયંવરથી કાંતી મેળવતો એવો કાલ નામના રાજાને જણાવ્યું હતું કે–કામદેવ બાળપણથી મહામૂર્ખ છે. કોઇ માયા વડે સૌભાગ્યમંજરીને છળી છે. વિદ્વતા વડે નહિ તેથી અહિંયા સભા સમક્ષ તું વાદ કર. અને જો તે તારા પૂછેલા તું બરાબર જાણે તો પણ તું મને યથા રૂચિ દુઃખ આપજે પણ આવા પ્રકારનું કન્યારત્ન અસ્થાને જાય તેવી ઉપેક્ષા ન રાખવી જોઇએ. આ સાંભળીને બિચારો આ કોણ યુદ્ધમાં અથવા અમારી આગળ વાદમાં કોણ કામદેવ એ પ્રમાણે ગર્જના કરતો કાલોદય દોડયો. અને તાપસી સૌભાગ્યમંજરીને ખરાબ કામના કપટને જણાવવા વડે હું દુઃખ આપું છું તેમ કહેતો તે અમ્બર ગામમાં આવ્યો અને ત્યાં નદી કિનારે રમતી ચંદ્રલેખાને જોઇને કહ્યું :

જોયું મારી અવજ્ઞાનું ફળ તારી સ્વામીનીને મહામૂર્ખ પતિના સંકટમાં પાડયો છે. અને ફરી બીજા સંકટમાં આજે તેને પાડીશ એમ તે બોલ્યો. ચંદ્રલેખા જલ્દીથી સૌભાગ્યમંજરી પાસે આવીને કહ્યું : સૌભાગ્યમંજરીએ પણ જાણ્યું અને કહ્યું–હે સખી પહેલા જ મને આ શંકા હતી જ જે કોઇપણ સમયે આવે છતે પણ પતિ શરમથી બોલતા નથી તેથી તાપસીને બોલાવીને પૂછીશ. જેથી બધું જણાય.

એ પ્રમાણે તાપસીના મુખ વડે બધું મૂળથી સાંભળીને રાજપુત્રી ખેદ પામી અને ચિંતન કરે છે. સમર્થ પણ દુઃખ પામે છે. અસમર્થ કોઇ દિવસ નહિં દુર્બલ ઉંદર પણ રાજાઓને આકુલ વ્યાકુલ કરે છે. કોઇ રાજાના વસ્ત્રની પેટી પાસે ભમતો એક ઉંદર લાકડીના મારથી તે નાસી ગયો. બીજા ઉંદરો સાથે ક્રોધથી તે સ્થાનમાં ભંડાર ઉપરના ચામડાના દોરડા અને હાથીને બાંધેલા દોરડા તેથી ઉત્કલાંગના વરસાદથી સિંચાયેલ પૃથ્વીની ગંધ વડે મદથી પાગલ બનેલા એવા અને ધ્વજાઓ જેને વાળી નાખી છે એવા હાથી બાંધવાના દોરડા ઉંદર કાપી ગયેલ છે એવું સાંભળીને હવે હું શું કરીશ. એ પ્રમાણે ગભરાયેલ રાજા ઉંદરો વડે પૂછાવાયો કયારેક સમર્થ વડે દુઃખ પમાય છે. અસમર્થ વડે નહિ. હવે તું ક્ષમા આપ.

એ પ્રમાણે તાપસીના બે હાથ પકડીને વિનયી વાણી વડે ક્ષમાવીને યક્ષને આરા-

ધીને જાવજ્જીવ મારા મૂર્ખતાના દોષને દૂર કરો એવું તે બોલી તાપસી બોલ્યો તેવું હું કરીશ પણ કાલદય આદિ કશરાજા મારાથી વેરાયેલા તારા અપહરણ માટે આવ્યા છે. તેથી કોઇપણ ઉપાયે તેની રાહ જોવી જોઇએ. એ પ્રમાણે શિક્ષા આપીને તે ચાલતો થયો. અને વિમલબોધ ઉઠયો અને ચંદ્રલેખાના મુખથી સ્વરૂપને જાણીને પોતાના સૌભાગના ચાર ભાગ કરીને શિક્ષા આપીને ચાર દિશામાં મોકલીને પોતે બધા સૈન્ય યુકત કુમાર પાસે ઉભો રહ્યો જે કાલ યમરાજની જેમ શબ્દના અવાજથી ચાર દિશાઓને પૂરતો ત્યાં આવ્યો તેટલામાં ચારે દિશામાં ચાર સૈન્ય ચાર સમુદ્રની જેમ હાથીની ગર્જનાઓ અને ઘોડાના હણહણાતી રથના ચિત્કારના અવાજથી સૈના પુરા હક્કા ઠક્કાથીના નાદ વડે બ્રહ્માંડ મંડપને ફાડતી પ્રગટ થઇ આ જોઇને આ શું છે.

એ પ્રમાણે કાલસૈન્યને વિષે ક્ષોભને પામે છતે વિમલ બોધવડે બોલાવેલો ભટ્ટ સન્મુખ જઇને જમણો હાથ ઉંચો કરીને મોટેથી બોલવા લાગ્યો. હે વીર શું કરવા વેર કરે છે. હવે જો તું કરીશ ચારે તરફ તેના સૈન્યને જો તો અમારો સ્વામી યુદ્ધમાં લડવા તૈયાર થયો છે. બધે ધર્મનો જય થાય છે—અધર્મનો નહિ એ પ્રમાણે જાણીને યોગ્ય હોય તે તું કર તેથી ચારે તરફથી પોતાના સૈન્યને વૈરીઓ વડે ઘેરાએલી જોઇને મહાકાલકુમાર બોલ્યો હતો કે—ભટ્ટ બરાબર કહ્યું—ધર્મ જય પામે છે અધર્મ નહિ પણ જો તારો સ્વામી આ પ્રમાણે જાણે છે ત્યારે શું કામ અધર્મનું આચરણ કરે છે. જે પુતળીના બાના વડે કન્યાને પરણે છે. ન્યાય ધર્મને એક શ્રદ્ધાવાળો તારો સ્વામી સર્વથા શું સહન નહિ કરે. જો એમ નથી તો વિદ્વાન સામે વાદમાં જીતીને રાજપુત્રીને ગ્રહણ કરે તારો પતિ તેથી ભટ્ટના મુખે આ વૈરીના વચનને સાંભળીને બે બાજુ દૃષ્ટિવાળો મંત્રીએ વિલંબ કરવા માટે ફરી તેના મુખ વડે આમ વૈરીને જણાવ્યું ભલે તેમ થાવ પણ સમર્થ વિદ્વાનો કાશ્મીર દેશમાં રહે છે. તેને જ તમે બોલાવો. તેમ કૌતુક દેખાડાય. હવે તેના વચનમાં યોગ્ય સ્થાનમાં રાખીને કાલકુમાર વડે સ્વીકારે છતે બંને કુમારો વડે પોતાના સૈનિકોને કાશ્મીર દેશમાં પંડિતોને આવકાર આપવા રાજાઓ વડે માણસોને મોકલ્યા.

એ પ્રમાણે તાપસીએ ફરી યક્ષને આરાધીને જાવજ્જીવ કામદેવનું પંડિતપણું દે એ પ્રમાણે માગ્યું.

યક્ષે કહ્યું : પૂર્વજન્મના ઉપાર્જિત કર્મને કાઢવા મારી શકિત નથી પણ નવમા દિવસે શ્રી વજ્રનાભ કેવલી ત્યાં આવશે તેના દર્શનથી તેના બધા મનોરથો સિદ્ધ થશે એ પ્રમાણે યક્ષનું વચન તાપસીએ વિમલબોધને કહ્યું તે વચન વડે બધા કોઇ ખુશ થયા.

એકવાર કેવલી ત્યાં આવ્યા અને દેવતાઓએ સ્વર્ણવાળા કમળને શોભાયમાન કર્યું. હવે કુમાર સપરિવાર અને કાલ આદિ રાજા કેવલીને ત્રણ પ્રદક્ષિણા કરીને ભક્તિથી નમીને આગળ બેઠા કેવલી ધર્મદેશનાને કહે છે. ભેગા કરેલા કર્મરૂપિ વ્યાધિને હરનાર વૈદ્યસમાન બધા દેવોના લોકોના લક્ષ્મીના લાભ આપનાર કલ્પવૃક્ષ અને અદ્વિતિયા બધા ક્લેશોમાંથી છોડાવનાર મુક્તિને આપનાર દેખાય છે. શુદ્ધ ભાવથી શુદ્ધ ધર્મને આરાધીને ત્યાં આઠ કર્મોનો પણ સ્વરૂપ બંધ આદિ હેતુનો ઉપદેશ આપે છે.

આંખે પાટા જેવું જ્ઞાનાવરણીય દરવાન જેવું દર્શનાવરણીય તલવાર પર મધ જેવું વેદનીય મદિરા જેવું મોહનીય હાથની બેડી જેવું આયુષ્ય ચિતારા જેવું નામ-કર્મ કુળ ઉંચનીચ એ ગોત્ર કર્મ કુંભારના જેવું ત્યાં જ્ઞાનને ભણે તે અટકાવવો તે જ્ઞાનાવરણીયનો પાટા બાંધવા જેવું ચક્ષુ અને બાકીની સ્પર્શાદિ ઇન્દ્રિયોથી થતું દર્શનને રોકનાર દર્શનાવરણીય છે. જેમ રાજાને જોવાની ઇચ્છાવાળો માણસ દરવાનવડે અટકાવાય છે જેનાથી સુખદુઃખ આપણે તલવાર પર મધ ચાટવું તો સુખદુઃખનો અનુભવ વેદના થાય–વેદનીય મદિરા પીધા પછી મોહ પામે જીવ તે મોહનીય તે બે પ્રકારે છે.

(૧) દર્શન મોહનીય (૨) ચારિત્ર મોહનીય. પડેલું મોહનીય કર્મ સમ્યક્ત્વ મેળવવામાં અંતરાય બીજું ચારિત્ર મોહનીયનું કામ ચારિત્રમાં અંતરાય અને જે ચાર ગતિમાં દેહમાં રહેલો જીવને અટકાવનાર આયુષ્યકર્મ તે જેમ ચોર બેડીઓ બાંધેલી હોય તે આયુષ્ય કર્મ ચોરના પગમાં બેડીની જેમ શુભગતિ અને અશુભગતિના જે ભેદ તે નામકર્મ સારા ખરાબ ચિત્રો દોરે તે સારા ખરાબ શબ્દમાં ઉંચનીચ ભાવવડે જે જીવ તે ગોત્રકર્મ શુભ અશુભના શબ્દથી માન અપમાનને સારા ખરાબ પ્રાપ્ત કરનાર કુંભારની જેમ ગોત્રકર્મ.

દાનર્થ અટકાવવો–રાજા દાન આપે ખજાનચી રોકે તે અંતરાય કર્મ. એ પ્રમાણે બધા કર્મના રૂપને જાણીને કુમાર વડે જ્ઞાનાવરણીયના બંધનો હેતુ પૂછ્યા. ફરી કેવ-લીએ કહ્યું : મથુરામાં હેમાગદ નામનો રાજા લીલાવતી રાણી તેને અનેક પાસે માગણીથી મળેલ આપને પ્રિય મહા સ્વરૂપવાળો મકરધ્વજ નામનો પુત્ર હતો. તે પાંચ વર્ષનો થયો ત્યારે માતાપિતાએ ઘણા મહોત્સવ વડે પાઠશાળામાં મૂકયો. જેમ જેમ ભણે છે તેમ તેમ રોગથી ઘેરાય છે. તેના વડે નવા પાઠ યાદ નથી કરી શકતો અને પહેલાનો પાઠ ભૂલી જાય છે. તે બાલવયના ક્રમમાં યૌવનમાં આવ્યો. જ્યાં તે વિદ્વાનની સભામાં ચર્ચા નિમિત્તો બોલી શકતો નહતો. જેમ તે બોલે તેમ જીભનો રોગ અલગ સ્વર

સ્વરથી બોલતો અને સહ્યોને અતિષ્ઠ થતું હતું તેની શાંતિ માટે ઉપચાર કરાય છે. તેમ વધારેમાં વધારે તેનું શરીર નાશ પામે છે.

આથી મહા દુઃખમાં પડેલો મૃત્યુને ઇચ્છે છે. તેના વડે માતાપિતા પણ દુઃખી થાય છે. કાળ જતો જ્યારે એકવાર કેવલી ત્યાં આવ્યા છે. તે સાંભળીને રાજા તે પુત્ર પરિવાર સાથે આવ્યા તે જગતના સ્વરૂપને જાણનાર કેવળીને નમીને દેશના સાંભળીને પુત્રના ક્લેશના હેતુને પૂછ્યો. કેવલીએ કહ્યું-રાજા પૂર્વભવમાં શ્રી શીલર નસૂરીના બે શિષ્યો હતા. તેમાં નાનો બુદ્ધિશાળી લોકમાં પ્રશંસા કરાતો મોટો તેને નહી સહન કરતા દ્વેષથી દુશ્મનતાને ધારણ કરતો નાના ના પાઠમાં અંતરાય પુસ્તક આદિ ફાડી નિંદા કરે છે.

એક વખત શાસ્ત્ર વાંચતા જાણ્યું—ભણતાને અંતરાયથી કર્મ બંધાય. એ પ્રમાણે કર્મબંધના હેતુની ગાથા ભણીને પાપથી પાછો હઠ્યો. નિરઅતિચારથી ચારિત્રનું પ્રતિપાલીને તેનું પ્રાયશ્ચિત કર્યા વગર અનશન કરીને મરીને બ્રહ્મલોકમાં સ્વર્ગે સુખ ભોગવીને તે તારો પુત્ર થયો છે. પૂર્વમાં ભેગા કરેલા જ્ઞાનાવરણીય કર્મથી ક્લેશને મેળવે છે. એ પ્રમાણે સાંભળીને જાતિસ્મરણને મેળવીને સંવેગી થયો. કુમાર પગમાં પડીને પૂર્વ પાપની આલોચના કેવલીના કહ્યા પ્રમાણે પ્રાયશ્ચિત વડે વિશુદ્ધ કરીને ક્રમ વડે આરાધના કરી હતી.

પાંચમો હેતુ મહા આશાતના અને તે અકાળે, વિનય વગર, બહુમાન વગર ઉપધાન વગર એવા વ્યંજનના ભેદના અર્થથી આઠ પ્રકારના કર્મ છે તેથી કાલ આશાતનાથી સોમકુમારનું દૃષ્ટાંત પહેલા શ્રી જિનદાસસૂરીના શિષ્ય ધર્મદાસગણિ કોઇ વખત કાળ વેળામાં સિદ્ધાંતનું વાંચન કરતાં કોના વડે ના પાડવા છતાં તે બોલ્યા. કાળવેળામાં ભણવું તે શું પાઠ નથી. આ પાઠનો અંતરાય નકામો એ પ્રમાણેની બુદ્ધિ વડે તે પ્રમાણે વાંચતા જ્ઞાનાવરણીય કર્મ બાંધીને યથોચિત આલોચના નહિ કરવાથી પ્રાયશ્ચિત ન કરવાથી તે કાળ કરીને સૌધર્મ દેવલોકમાં જઇને ત્યાંથી ચ્યવીને ચંદ્ર નરેન્દ્રનો પુત્ર સોમકુમાર થયો અને તેને મારીને પણ ભણાવજો.

એ પ્રમાણે રાજાના આદેશ વડે પંડિતે બધી કલાનું શિક્ષણ આપ્યું. સોમકુમાર જેવો કોઇપણ કલાવાળો નથી તેથી વસુધાતલીલાં ખ્યાતિ મેળવી આ તરફ ક્ષાંતિપતિ શ્રીષેણ રાજાની પુત્રી બધી કળાકુશલ સર્વોત્તમ રૂપ સુરૂપ નામવાળી પોતાની ઇચ્છા વડે વરને પરણીશ. (ક્રમશઃ)



મહાભારતનાં પ્રસંગો

[પ્રકરણ-૨૨]

—શ્રી રાજુભાઇ પંડિત

આંસુ રે.....પિયુમિલન.

વૈદર્ભી–દમયંતીને સૂતેલી છોડીને નલ ભમતો ભમતો એક અરણ્યમાં આવી ચડયો. તેણે જોયું તો વનના વૃક્ષમાંથી ધૂમાડો નીકળી રહેલો દેખાયો અને પલકારામાં તો ભયંકર જ્વાળાવાળો અગ્નિ પ્રચંડવેગે પ્રસરી રહ્યો હતો. વનચર પ્રાણીઓના કરૂણ આક્રંદો નળને સંભળાયા. અને એક સર્પ મનુષ્યની ભાષામાં નલને નામ સાથે બોલાવી આ અગ્નિમાંથી પોતાને બચાવવા માટે કરગરતો હતો.

લતા-કુંજની ગાઢ ઝાડીમાં એક સાપ ફસાઇ ગયેલો હતો. નલે તેને મનુષ્ય-ભાષા તથા મારૂ નામ શી રીતે જાણે છે? તેમ પૂછતા સર્પે કહ્યું કે–પૂર્વજન્મમાં મનુષ્ય હતો તેથી આ ભાષાનો મને અભ્યાસ પડી ગયો છે. અને મારી પાસે અવધિજ્ઞાન છે તેનાથી હું તને, તારા વંશને, તારા નામને જાણું છું.

હવે દયાળુ નલે પોતાના વસ્ત્રનો છેડો સર્પ તરફ નાંખતા તે વસ્ત્રને વીંટળાઇને સર્પ જલ્દીથી બહાર આવી ગયો. દૂર દૂર કયાંય અગ્નિનો ભય ન રહે તેવા સ્થાનમાં તે સર્પને નળ હજી છોડવા જ જતો હતો ત્યાં તો તે સર્પે નલને ડંખ દીધો. તરત જ પરસેવાની જેમ તે નાગને જમીન ઉપર ફેંકી દઇને નલે કહ્યું–'તે આખરે તારી જાત બતાવી ખરી. તને મોતના મોંમાંથી બચાવનારા ઉપકારી એવા મારો તે સારો ઉપકાર કર્યો. જે કૂપ પીવડાવે છે તેને ડંખનારી તું જાત છે.'

સર્પના ડંખથી નલના આખા શરીરે ઝેર પ્રસરી ગયું અને નલ કૂબડો થઇ ગયો. નાના અને પીળાવાળવાળો, ઊંટ જેવા લાંબા હોઠ વાળો, ટુંકા હાથ-પગ અને મોટી ફાંદવાળો કૂબડો થઇ ગયો. આથી આવા રૂપથી હવે મારી જીવવું નકામું છે. હવે હું પરલોકમાં ઉપકારી પ્રવ્રજ્યાનો સ્વીકાર કરીશ.'

આ રીતે વિચારી રહેલા નલની આગળ એક દેવ પ્રત્યક્ષ થયો. તેણે કહ્યું–માયાવી સર્પનું રૂપ લેનાર હું તારો પૂર્વભવનો પિતા નિષધ છું. અત્યારે ચારે તરફ તારાથી જીતાયેલા રાજાઓ તારા શત્રુ બની ગયા છે. તને કોઇ ઓળખી ન જાય માટે મેં જ તારૂ કૂબડું રુપ કર્યું છે. હમણાં દીક્ષાનો વિચાર ના કરીશ. તેનો સમય થશે ત્યારે તે પણ હું તને જણાવીશ. અને આ શ્રીફળ અને રત્નકરંડક આપું છું તે પ્રાણની જેમ સાચવજે. જ્યારે સ્વરુપ પામવાની ઇચ્છા થાય ત્યારે શ્રીફળ ફોડજે.

તેમાંથી દેવદૂષ્યો નીકળશે. નલે પૂછ્યું-દમયંતી હમણાં ક્યાં છે ?

દેવે દમયંતીના સતીત્વના પ્રભાવશાળી પ્રસંગો સાથે પિતૃઘરે પહોંચી ગયા સુધીની વાત કહી.

નલે દેવને ઢધિપર્ણ રાજાની સુંસુમાર નગરીમાં જવાની પોતાની ઇચ્છા જણાવતાં દેવે ક્ષણમાં નલને સુંસુમાર નગરીમાં મૂકયો

અહીં એક હાથી ગાંડો બનીને નગરીમાં ભાંગફોડ મચાવી રહ્યો હતો. ઢધિપર્ણ રાજાએ હાથીને વશ કરનારને ઇચ્છિત આપવાની ઘોષણા કરતા, કૂબડો નલ હાથીને વશ કરવા દોડયો. લોકો હસવા લાગ્યા અને જોત જોતામાં કૂબડાએ હાથીને વશ કરી લીધો.

આથી ખુશ થયેલા રાજાએ કૂબડાને મિત્રવત્ પોતાની પાસે બેસાડ. પૂછ્યુ-હે કુબ્જ ! તું બીજું શું જાણે છે ?

કૂબડાએ સૂર્યપાક રસોઈ જાણું છું તેમ કહેતા કૂબડાને મહેલ ઉપર લઇ જઇ રાજાએ ચોખા, શાક, વાસણાદિ આપ્યા. ચરૂઓ, ઘડાઓને સૂર્યના તાપમાં મૂકી સૌરી વિદ્યા યાદ કરીને જલ્દીથી સૂર્યપાક રસોઇ તૈયાર કરીને રાજાને પરિવાર સહિત જમાડી અને અપૂર્વ સ્વાદ ચખાડયો.

સૂર્યપાક રસોઇ નલ સિવાય કોઇ જાણતું નથી. નલે કહ્યું-હું નલનો લાંબા કાળથી પરિચિત હોવાથી આ રસોઇ શીખી ગયો છું. ખુશ થયેલા રાજાએ કૂબડાને પાંચશોગામ, લાખ ટંક, વસ્ત્રાલંકારો આપ્યા. ત્યારે ગામ સિવાય બધુ કૂબડાએ ગ્રહણ કર્યું. રાજાએ તને બીજુ પણ શું આપુ પૂછતા કૂબડાએ કહ્યું-જ્યાં સુધી મારી આજ્ઞા વર્તે છે ત્યાં શિકાર અને મદ્યપાન ઉપર પ્રતિબંધ મૂકાવ. રાજાએ કૂબડાના વચન મુજબ કર્યું.

એક વખતે ઢધિપર્ણ રાજાનો દૂત કુંડિનપુર ગયો. બધુ કુશળ કહેતા કહેતા વાત વાતમાં દૂત બોલ્યો કે-અમારે ત્યાં નળ રાજાનો રસોઇયો આવ્યો છે તેણે સૂર્યપાક રસોઇ જમાડી હતી.

આ સાંભળી દમયંતિ બોલી-પિતા ! જલ્દી પ્રધાન પુરુષોને મોકલી તે રસોઇઓ કેવો છે તે તપાસ કરાવો. સૂર્યપાકા રસોઈ નલ સિવાય કોઇ જ જાણતું નથી. ગુપ્તવેશમાં તે નલ જ છે.

તરત કુશલ નામનો બ્રાહ્મણને રસોઇઆની તપાસ કરવા મોકલ્યા. એને પૂછતા

પૂછતા કૂબડા પાસે પહોંચ્યા. આખા શરીરે કૂબડો જોઇને કુશલે વિચાર્યું–'ક્યાં તે નલ ને ક્યાં આ કૂબડો, ક્યાં મેરુ ને ક્યાં સરસવ. અરેખર દમયંતીને આમાં ભ્રમ ઉઠ્યો છે.' છતાં પાકી ખાત્રી કરવા તે પુરૂષ બે શ્લોક બોલ્યો—

'દયાહીન, લાજ શરમ વગરનો, બાયલો અને દુર્જન જો હોય તો આ જગતમાં એક નલ જ છે. કે જેણે મહાસતીને એકલી જ તજી દીધી. પોતાની રક્ષા કરનાર આ છે તેવા વિશ્વાસથી સૂતેલી મુગ્ધ સતી દમયંતીને એકલી તજી દેતા બુદ્ધિહીન નલના જીવ શી રીતે ચાલ્યો. તેના બન્ને પગ આગળ શી રીતે વધી શક્યા ?

વારંવાર બોલતા આ બે શ્લોકમાં પ્રાણપ્યારી પ્રિયાની ભૂતકાળની યાદો તાજી થતાં પ્રિયાના સ્મરણથી કૂબડાના રૂપમાં નલ ચોધાર રડી પડ્યો.

કુશલે પૂછ્યું–કેમ રડે છે ?

કુબડો કહે-તારા સુંદર કરૂણ રસ ભર્યા ગીતથી. પછી કુબડાએ જ કુશલને શ્લોકના અર્થ પૂછતાં કુશલે દમયંતીના પિતૃઘર ગમન સુધીનું બધું કહ્યું.

કુશલે કહ્યું–ભીમરથ રાજાને ખબર પડી છે કે તું સૂર્યપાક રસોઈ જાણે છે આ રસોઇ નલ સિવાય કોઇ જાણતું નથી. તેથી તને બરાબર જોવા માટે મને મોકલ્યો. આવતા મને સુંદર શુકનો પણ થયા. પણ તારી આ બેડોળ આકૃતિ જોઇને મને લાગે છે કે તે દેવતા સ્વરૂપ નલ ક્યાં અને આ કદરૂપો કુબડો ક્યાં ? તું નલ નથી તેવું મને જણાય છે.

દમયંતીની યાદો વધુ આવ્યા કરતાં કુબડો રડતો જ રહ્યો. આગ્રહ કરીને કુશળને પોતાના ઘર લઇ જઇ સ્નાન–ભોજનાદિથી તથા ઋધિપર્ણ રાજાએ આપેલા અલંકારોથી કુશલનું સન્માન કર્યું અને કુશલ વિદાય થયો. જઇને કુશલે બધું જ ભીમરથ રાજાને કહ્યું–આ સાંભળી દમયંતીએ પણ કુબડાની ગજશિક્ષા. સૂર્યપાકા રસોઇ, લક્ષ ટંક, વસ્ત્રાલંકારોનું દાન આ બધાં ઉપરથી કુબડાને નલ તરીકે નિશ્ચિત કરી લીધો. પિતાને કહ્યું–ગમે તે ઉપાયે તમે તેને અહીં બોલાવો જેથી હું પરીક્ષા કરી શકું.

પિતાએ ઉપાય બતાવતા દમયંતીને કહ્યું કે–તારો બોટો સ્વયંવર ચોજીએ ઋધિપર્ણ રાજા તારામાં લુબ્ધ હતો જ. તેથી તેને બોલાવતાં પેલો કુબ્જ પણ સાથે આવશે જ અને તું બીજાને અપાઈશ તે કુબડો સહન કરી નહિ શકે જો તે નલ હશે તો. વળી આપણે સમય પણ એટલો જ નજીકનો રાખીએ કે જે ઝડપથી નલ સિવાય કોઇથી આવી જ ન શકાય.

દૂતને ઋધિપર્ણ રાજા પાસે મોકલી દમયંતીના ચૈત્ર સુદ પાંચમના સ્વયંવરમાં આવવા આમંત્રણ આપ્યું. આ સાંભળી કુબડાએ વિચાર્યું–વૈદર્ભી મહાસતી છે તે અન્ય પુરૂષને ઇચ્છે જ નહિ. અગર ઇચ્છે તો મારા હોતા કોની તાકાત છે કે તે દમ-

ચંતીને ગ્રહણ કરી શકે ? માત્ર છ યામમાં અહીં થી કુંડિનપુર પહોંચવું અશકય લાગતા ઋધિપર્ણ રાજા દુઃખી દુઃખી થઇ ગયા. કુબડાએ ચિંતા ન કરવા જણાવ્યું. જાતિમાન અશ્વો ગ્રહણ કરી રથ તૈયાર કરી કુબડાએ દેવે દીધેલા શ્રીફળ તથા રત્નકરંડિકાને સાથે રાખીને પ્રયાણ શરૂ કર્યું.

પ્રચંડ વેગે રથ જાણે આકાશમાં ઉડતો હોય તેમ લાગ્યું. રસ્તામાં પવનની ઝાપટથી ઋધિપર્ણનો ખેશ ઉડી ગયેા. તેમણે કુબડાને રથ રોકવા કહેતા કુબડાએ કહ્યું– અત્યારે આપણે તમારા દુપટ્ટાથી પચીશ યોજન દૂર છીએ. આ ઘોડા તો મધ્યમ ઝડપવાળા છે. આનાથી શ્રેષ્ઠ હોત તો તો આપણે અત્યારે પચાશ યોજન દૂર હોત.

ઋધિપર્ણ રાજાએ આગળ એક અક્ષ નામનું વૃક્ષ જોઇ કહ્યું–આના જેટલા ફળ છે તે બધા હું ગણ્યા વગર કહી શકું છું. પાછા ફરીશું ત્યારે હું તને આ કૌતુક બતાવીશ.

કુબડો કહે–મોડું થવાનો ભય ન રાખો. એમ કહી એક મુઠ્ઠીથી તે બધા ફળ જમીન ઉપર પાડયા અને ગણતા ઋધિપર્ણ રાજાએ કહ્યા તેટલા અઢાર હજાર જ થયા. પછી કુબડાએ આ વિદ્યા રાજા પાસેથી ગ્રહણ કરી અને રાજાને પોતાની પ્રચંડવેગી વિદ્યા આપી.

રાતના અંતે કુંડિનપુર આવી ગયુ. સવારે ભીમરથ રાજાએ ઋધિપર્ણ રાજાને કહ્યું– તમારા રસોઇયા પાસેથી સૂર્યપાકા રસોઇ ચાખવાની ઇચ્છા છે. તરત કુબડાએ સૂર્યપાકા રસોઇ કરી. જેનો અતિ મધુર સ્વાદ ચાખીને દમયંતીએ કહ્યું–આ કુબડો હોય કે કુંટ હોય જેવો તેવો હોય પણ નલ જ છે. મને પહેલા જ્ઞાની ભગવંતે કહ્યું હતું કે–આ ભરતાર્ધમાં નલ સિવાય કોઇ સૂર્યપાંકા રસોઇ જાણશે નહિ. માટે આ નલ જ છે.

બીજી વાત કે જો કુબડો મારા શરીરને અડશે તો નલથી સ્પર્શાયેલી હું વિકસ્વર રોમરાજીવાળી થઇ જઇશ. કુબડાએ કહ્યું–અરે ! તમે બધાં ભ્રમમાં છો. દેવતા સ્વરૂપ નલ ક્યાં અને ન જોવા લાયક હું કુબડો ક્યાં ?

છતાં લોકોના આગ્રહથી કુબડાએ દમયંતીના વક્ષને આંગળીથી સ્પર્શ કર્યો. અને આ સ્પર્શમાત્રથી જ દમયંતીના રૂંવેરૂંવાડા ખડા થઈ ગયા. દમયંતીએ કહ્યું– ત્યારે તો મને સૂતેલી મૂકીને તમે ચાલ્યા ગયા હતા. પણ હવે ક્યાં જઇ શકશો ?

વિનંતી પૂર્વક બીજા ગૃહમાં નલને લઇ ગઈ. નલે પણ શ્રીફળ અને રત્નકરંડકથી વસ્ત્રાલંકારો પહેરી મૂળરૂપ ધારણ કરતા દમયંતી એકદમ જ નલ રાજાને વેલડીની માફક બાજી પડી. ત્યાર પછી મૂળ સ્વરૂપમાં નલને જોઇ ભીમરથ રાજા–ઋધિપર્ણ રાજા આદિ અનેક રાજાઓએ નલનો રાજ્યાભિષેક કર્યો. અમુક દિવસો બાદ નલરાજાએ ઠાઠમાઠથી ધામધૂમપૂર્વક કોશલા–અયોધ્યા નગરી ભણી પ્રયાણ કર્યું. (ક્રમશઃ)

સીમંધર જિન ઉપદેશ

—શ્રી રતિલાલ ડી. ગુઢકા–લંડન

સીમંધર પરમાત્મા જેના માતા સત્યકી પિતા શ્રેયાંસરાજા અને એમનો જન્મ પુંડરગિરીમાં જ્યાં સદા માટે ધર્મ ધર્મ ને આનંદ છે. ૫૦૦ ધનુષ્યની કાયા ઉંચી શરીરનું વર્ણ સોના જેવો, કંચન વર્ણી કાય–લાંછન વૃષભનું–૮૪ લાખ પૂર્વનું આયુ. શાંતિનાથ પ્રભુ અને કુંથુનાથ વચ્ચે જન્મ થયેલ છે. તેઓ ૨૦ લાખ પૂર્વ કુમાર વાસમાં રહ્યાં. અને ૬૩ લાખ પૂર્વ રાજ ભોગવવામાં પ્રજાને આનંદ પમાડયો અને ત્યારે ૮૩ લાખ પૂર્વ વયા ગયા હતા ત્યારે પરમાત્મા ૨૦ મા તિર્થંકર મુનિ સુવ્રતપ્રભુ વિચરતા હતા ત્યારે પ્રભુ શ્રી સીમંધર પ્રભુએ દીક્ષા લીધી હતી. અને પછી થોડા વર્ષો બાદ કર્મ ખપાવી અત્યારે સીમંધર પ્રભુ કેવલીપણામાં બિરાજે છે. અને જેમની સેવામાં કરોડો દેવો ભક્તિ કરી રહ્યા છે. ૧૦૦ ક્રોડ સાધુઓ ને ૧૦૦ ક્રોડ સાધ્વી જેમનો પરિવાર છે ૯૦ લાખ કેવલી કેતાં કેવલનાણી જેમની બાજુમાં છે કેટલું પૂન્ય સીમંધર પરમાત્માનું !

સીમંધર આવતી ચોવીસીના થનારા પ્રભુ ઉદયનાથ સ્વામી જે આત્મા શંખ શ્રાવકનો જીવ છે તે હાલ ૧૨ મા દેવલોકે સુખ ભોગવી રહ્યો છે એ આત્મા તિર્થંકર થશે એમનું શાસન ભરતક્ષેત્રમાં ચાલતું હશે જેમનું આયુષ્ય ૮૪ હજાર વર્ષનું હશે. કાયા ધનુષ ૩૦ પ્રમાણ હશે અને ૧૮ મા અરનાથ પ્રભુ જેટલું જ શરીર વર્ણ પ્રમાણ આયુ હશે ત્યારે સીમંધર પરમાત્મા નિર્વાણ પદને પામશે. ૧૦૦ ક્રોડ સાધુ ૧૦ લાખ કેવલી સાથે મોક્ષ કેવલી પરમાત્મા ફરમાવી ગયા છે અને ગણધરોએ ઝીલ્યું અને સમયે શાસ્ત્રોમાં ઉલ્લેખ લખાયેા.

આપણે તો આના ઉપરથી ફક્ત આત્માનું સ્વરૂપ વિચારવાનું છે અને આપણું આયુષ્ય કેટલું અને કેટલું વહી ગયું કેટલું રહ્યું સમુદ્રના ભરપુર મહાસાગરના પાણી સામે રસ્તાનું ખાબોચીયાનું પાણીથી ઓછું. જેમ કીડી મંકોડા કુંથુના જીવોની સામે મનુષ્યભવ કેટલો મોટો છે એજ પ્રમાણે તિર્થંકર પરમાત્મા અને એ પણ અબજો ક્રોડ વર્ષ પહેલાના આયુષ્ય ને શરીર પ્રમાણ શરીરની શક્તિ પુન્યાનુબંધી પૂન્ય તો આપણે હું તો શું બિસાતમાં તો એની સામે નથી લાગતું કે હવે ઉંઘ ઉડાડી જાગી પ્રમાદનો ત્યાગ કરી સમજી વિચારી શુદ્ધ ભાવથી કાંઇક જીવનનું વૃત નિયમ ટેક લઇ લઇએ, લઇ લઉં અને મન ડરે છે અગર તો સમ્યક્ત્વ સમકિત આને આમ બરાબ લાગે. ઘરમાં

બહાર સગામાં અગર તો શું વગેરે સામે આત્માને બરાબ લાગે છે આત્મ શાંત બેઠો છે એટલે પછી આત્માનું શું આત્માને દુઃખની સીમા નહિં રહે તો આત્મા અનાદિથી કુટાતો રીબાતો પીડાતો રોતો દુઃખી થતો પીલાતો સેકાતો કપાતો રડવળતો ને છેલ્લે કાંઈક પૂન્ય કરી ઉત્તમ રત્નચિંતામણીથી અધિક માનવભવ ફળને પામ્યો છે. ખૂબ જ પૂન્ય કર્યા હશે જેથી હવે પાછો ન પટકાય હવે ફરી એકડે એકથી શરૂ ન કરાય ન કરવું પડે. એજ વિચારવાનું છે.

સમજો ચેતો જાગો ઉઠો સાવધાન બનો. આ તો પ્રભુ મહાવીરનો સંદેશો છે એના સંતાનોને ભવની ઘાણીમાંથી પીલાતા પહેલા કાઢવાનો આત્મા પીલાઇ રહ્યો છે. આ શબ્દનો વિચાર રાત્રે સૂતા સૂતા નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતાં ત્યારે વધારે કરવાનું છે અને બીજું જીવન જાય છે. ભાગ્યું ક્ષણ ઉભી નથી રહેતી ચિંતુ મને તમને કે જીવ માગને જમનું તેડું આવી જાશે ત્યારે પછી કાંઈ નહિં ચાલે. 'રહો જમડાજી આજનો દહાડો શેત્રુંજે જઇને આવું જી, શેત્રુંજે જઇને મોક્ષ માગ માંગુજી પ્રાય ખચીત આવું જી છેલા જીવડા વેલું શું બોલે, એટલા દિવસ શું કીધું જી' 'સોવન વાત કુલડે છાઇ, છાબ ભરી લાવું જી કુલ લાવું હાર ગુંથાવું, ઉપવાસ કરૂં તો ભુખ જ લાગે ઉનું પાણી નવી ભાવેજી.'

ગુરૂ—માતા છે. આગમ શાસ્ત્રો પિતા છે ગુરૂ કહે છે—આગમ શાસ્ત્રો વાંચ સાંભળ અને એમાંથી શુભ સંદેશ લઇ શુભ કાર્ય કરવા પગલું ભર અને ધર્મ અંતિમ મંગળકારી છે અતિ શીતળ અને સુખદાયી છે. સમય વર્તે સાવધાન. સમયને જાણી કરવું ઉચિત છે.

આ આત્મા ઝાડમાં જઇ આવ્યો માથાનો પેલો જૂ પણ થયો. મકડ થયો જેને તડકે નાખવામાં કળકળતા પાણીમાં ઢાંકવું પડયું. લાખોના પગ નીચે ચગદાયો હણાયો સેકાયો, મકાઇ બની શેકાયો. ચણા બની ઝીંઝરાની જેમ શેકાયો. કેરી બની કપાયો શેરડી બની પીલાયો. ઠીક છે આ તો બન્યા પછી તરત બીજો અવતાર મળે અને એમાં જો સમજણ જ્ઞાન મળે તો જેમ ચંડકોશિયો નાગ ૮ મા સહસ્રાર નામના દેવલોકમાં ગયો દેડકો દેવ થયો. પણ જો આત્મા—મારો કે તમારો અધોગતિમાં પટકાઇ જાય તો ત્યાં તો કપાયા પછી, છેદાયા પછી, સેકાયા પછી પાછું હશે તેવું જ થઇ જાવાનું ત્યાં નિકાચિત છે ત્યાં અવધિ પુરી થાય આયુષ્ય પુરૂં થાય ત્યારે જ છૂટકારો મળે. નરકમાં પરમાધામી ગળું કાપી તીર મારી મારી નાખે તો પણ આત્મા તો ન જ મરે પણ દેહ એવો જ પાછો થઇ જાય એમાં ફેરફાર ન થાય. આ તો સાચું સમ્યગ્જ્ઞાન મેળવવા માટે હકીકત છે.

卐 બીજાના મર્મને બોલશો મા ! 卐

બોધ કથા

—પૂ સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

શાસ્ત્રકાર પરમર્ષિઓ ભારપૂર્વક ફરમાવે છે કે, કોઇની પણ ગુપ્ત વાત કહેવાથી અંતે સ્વ પર ઊભયને હાનિ થાય છે. પરમર્મોને પ્રગટ કરવા તે નાશનો રસ્તો છે. આ વાત જાણવા છતાં આજે ઘણાને એવો સ્વભાવ જ પડી ગયો છે કે, બીજાની નિંદા ન કરે ત્યાં સુધી તેના હૈયાને શાંતિ થાય નહિ, ખાધેલું પચે નહિ. સંસારી જીવોમાં પરનિંદા અને આત્મ પ્રશંસા એ બે અપલક્ષણો જોવા મળે તેમાં નવાઇ નથી. પણ સાધુ થયેલા અને તેમાંય ગચ્છાધિપતિ પદ ઉપર આરૂઢ થયેલા સંસારીને ય શરમાવે તેવી જીભની ચળ ઉતારે તે આ કાળની અજાયબી નહિ તો બીજું શું ? આવાઓનું નામ લેવાથી આપણને પણ પાપ લાગે માટે સર્યું. આપણી વાત જે ચાલે છે તે જ જોઇએ કે બીજાના મર્મ કહેવાથી કઇ રીતના નાશ થાય છે.

વસંતપુર નગરમાં વાહિમટ્ટી નામે રાજા હતો. તેને પાણી પીતાં તેમાં નાનો સર્પ આવી ગયો. તે પેટમાં ગયો અને વધવા માંડયો. તેથી તે રાજાનું પેટ પણ વધવા માંડયું અને ઘણી પીડા થવા લાગી. રાજાથી ખવાય પણ નહિ અને ખાય તો વધારે પીડા થાય પણ દૂધ–સાકર પીએ તો સાજા રહે કારણ તે સર્પને પ્રિય હતું. તેથી સર્પ પણ વૃદ્ધિ પામવા લાગ્યો અને રાજાને અસહ્ય પીડા થઇ, તેથી રાજા મરવા માટે કોઇ તીર્થભૂમિ તરફ ચાલ્યો. રાણી પણ સાથે ચાલી. ચાલતાં ચાલતાં નગર બહાર એક નિર્જન જગ્યાએ આવ્યા ત્યાં રાત્રિ પડી અને એક ઝાડની નીચે રાત્રિ વાસો રહ્યા. સમજાય છે કે કર્મ વિપરીત થાય ત્યારે કેવી હાલત થાય છે માટે ખરાબ કર્મ ન બંધાઈ જાય માટે મન–વચન–કાયાથી ખૂબ જ સાવધ રહેવું જોઇએ.

રાજા તો સૂઇ ગયા છે. રાણી જાગે છે તેવામાં રાજાના પેટનો સર્પ મોઢા વાટે બહાર નીકળ્યો. તે ઝાડ નીચે એક બીજો સર્પ આવ્યો. બન્ને મળ્યા અને અલક મલકની વાતો કરવા લાગ્યા.

બહારના સર્પે ઉદરના સર્પને કહ્યું કે–'તું આ રાજાને શા માટે દુઃખી કરે છે ? હવે તેના ઉદરમાં પેસવું રહેવા દે.' ત્યારે તે સર્પે કહ્યું કે–'ત્યાં દૂધ–સાકર પીવા મળે છે માટે શા માટે ન રહું ?' બહારનો સર્પ કહે–તેને કોઇ જાણકાર મળ્યો નથી. મળે અને કહે કે, ઝેર કોચરા ઉકાળી રાજાને પાય તું અંદરને અંદર કોહી પુંઠ વાટે બહાર નીકળી જાય. એ પ્રમાણે સાંભળી અંદરનો સર્પ કહે કે, તું જો આવો ડાહ્યો થાય છે તો પછી નકામો દ્રવ્યને વીંટળાઇને રહ્યો છે તો બીજાને લઇ જવા કેમ દેતો

નથી ? જો કોઈ જાણકાર તારા બીલમાં ગરમા–ગરમ પાણી રેડે તો તું મરી જાય અને બધું દ્રવ્ય તેને મળે.

આ પ્રમાણે બન્ને સર્પની વાત રાણીએ સાંભળી. તે બીલનો સર્પ બીલમાં પેસી ગયો અને પેટનો સર્પ પાછો મુખ દ્વારા રાજાના મોઢામાં પેસી ગયો. સવારે રાણીએ રાજાને મરવા જવાની ના કહી અને ઉપચાર કરવો છે કહી પોતાના સ્થાને પાછા ગયા. રાણીએ તે પ્રમાણે ઉપચાર કર્યો અને રાજા નિરોગી થયો. બીલના સર્પને મારી દ્રવ્ય પણ ગ્રહણ કર્યું.

આપણે તો આ કથાનો બોધ એજ લેવો છે કે, જે બીજાના મર્મને પ્રગટ કરે છે તે પોતે પણ પરિણામે દુઃખી થાય છે. માટે કોઇના પણ મર્મ પ્રગટ કરવા નહિ. આવી દશા આવે તે અંતે સાચો સુખી થયા વિના રહેતો નથી.

❀

કુકડા ને નવકાર

એક કોટવાળ બે કુકડા સાથે જઇ રહ્યો હતો. ઉદ્યાનમાં શશિપ્રભ નામના આચાર્ય મહારાજ પરિવાર સાથે બિરાજમાન હતા.

કોટવાલ ત્યાં ગયો એને ધર્મ પૂછ્યો. પંચમહાવ્રત સ્વરૂપ ધર્મ કહ્યો કોટવાળ કહે–'એ મહાધર્મ થયો. અમને ગૃહસ્થ યોગ્ય ધર્મ કહો.' ગુરૂએ શ્રાવક ધમ કહ્યો તે કહે–'હું કરીશ પણ વેદે કહેલી હિંસા નહિ છોડું.'

ગુરૂ કહે–આ કુકડાની જોડી જેવું થશે.

કોટવાળ કહે–તેમણે શું કર્યું હતું ?

ગુરૂ કહે–એ માતા પુત્ર હતા. લોટનો કુકડો બનાવી વધ કર્યો તેથી બન્ને મરીને મોર અને શ્વાન, સર્પ અને નોળિયો, રોહિત મત્સ્ય અને શિશુકુમાર. બોકડો–બોકડી, બોકડો–પાડો અને અત્યારે આ કુકડા થયા છે.

કોટવાળે હિંસા છોડી. કુકડાઓએ પણ સંવેગથી નમસ્કાર મહામંત્ર અને શ્રાવક ધર્મ સ્વીકાર્યો. ખુશ થઇ તેમણે હર્ષ સૂચન કર્યું. તે વખતે રાજાએ કુંજન સાંભળી રાણી જ્યાવલીને શબ્દવેધ કળા બતાવતા તીર માર્યું. તે વખતે બંને કુકડા મરીને રાણી જ્યાવલીની કુક્ષિએ પુત્ર–પુત્રી તરીકે ઉત્પન્ન થયા. અભયરૂચિ અને અભયમતિ નામ પાડ્યું.

કુકડાના ભવમાં નવકાર અને ધર્મ પામી સદ્ગતિ પામ્યા. નવકારનો કેવો મહિમા !

(અનુ. પેજ–૬૫૨ નું ચાલુ)

અમારી મર્યાદામાં રહીને બોલીશ. પણ પછી તમારી તરફ આંખ ઊંચી કરીને જોઇશ પણ નહિ. એ જ અમારી મર્યાદા છે, એમાં જ અમારી શોભા છે.

કેટલાક લોકો યાત્રાના કષ્ટથી ગભરાતા હોય છે, મારે તેમને કહેવું છે કે કષ્ટથી ગભરાવનારનું કયારે ય કલ્યાણ થતું નથી. કલ્યાણની કામનાવાળાએ કયારે ય કષ્ટથી ગભરાવું નહી. યુદ્ધમાં લડવા નિકળનારથી યુદ્ધમાં જેમ માર કેટલો પડશે તેનો વિચાર ન કરાય તેમ, માર્ગ–રક્ષાના અવસરે કષ્ટ કેટલું પડશે, તે ના વિચારાય. આવા અવસરે 'દેહે દુઃખં મહાસુખ" એ મંત્ર યાદ રાખવો. આવા અવસરે દુઃખથી, કષ્ટથી ગભરાઇને જે પાછા ન પડે તેનામાં માર્ગપ્રેમ છે, તેમ કહેવાય.

આયોજન કરનારા આયોજન કરી રહ્યા છે. ભક્તિના પાલ વગેરેનો લાભ લેનાર પુણ્યશાળી પરિવારે અત્યંત ઉદારતાથી લાભ લીધો છે. હવે બાકીનાએ આગળ આવવાની જરૂર છે.

હું જોતો આવું છું કે, કેટલાક કાર્યક્રમોમાં શિસ્તનો ઘણો અભાવ હોય છે. કાર્યકર્તા તરીકે નામ નોંધાવનારા પણ કામના વખતે હાજર ન હોય! યાત્રા કરવા ઉપડી જાય, એ ન બનવું જોઇએ. ભૂલની શરૂઆત એમ જ થતી હોય છે.

જે કાર્યકર્તા હોય તેમણે તો તેરસના દિવસે બધાની ભક્તિ જ કરવાની હોય, એ દિવસે એમાં મોટો લાભ છે. 'માથે લીધેલી જવાબદારીનો ભંગ તો નહિ જ કરીએ.' આવો સંકલ્પ કરવો જોઇએ. યુદ્ધનો મોરચો સમજીને ચાલવાનું છે. યુદ્ધમાં શિસ્ત હોવી જોઇએ.

આયોજકોએ આયોજન એવું સુંદર ગોઠવ્યું છે કે અગવડતાનો કોઈ સવાલ નથી છતાં યાત્રાર્થે જનારને મારે એક જ કહેવું છે કે કોઇ સગવડ નથી એમ માનીને જ જવાનું છે. સાધના અને સગવડને સંબંધ જ નથી. સુખ–દુઃખ, સગવડતા–અગવડતાનો વિચાર કર્યા વિના નાના મોટા સૌ કોઇએ જવાનું છે.

જેની જેની તાકાત હોય તે બધાએ જવાનું છે. ઘરડાઓએ પણ શક્તિ ફોરવી જેટલે સુધી જવાય તેટલે સુધી જવાનું છે. એમણે સમજવાનું છે કે થોડી તકલીફો વેઠીને પણ જો આરાધના માર્ગરક્ષા થતી હોય તો શું કામ એ લાભ જતો કરવો ?

૮૦ કરોડ મહાત્માઓ જ્યાંથી સિદ્ધિએ ગયા તેની સ્પર્શના કરવાથી આપણો બેડો પાર થઈ જવાનો છે.

શત્રુંજય મહાત્મ્ય ગ્રંથનું એક પાનુ કાઢી વાંચી લો તો પણ તનને અનેરો ભાવ પેદા થઇ જાય.

છેલ્લે ફરી કહી કઉં– ?

માર્ગની રક્ષાનો પ્રસંગ છે–

તનની શક્તિવાળાએ જરા ય કાળજી કરવાની નથી. મનની શક્તિવાળાએ માર્ગને બરાબર સમજી સુયોગ્ય વ્યક્તિઓને સમજાવવાનું કાર્ય કરવું જોઇએ. આયોજનની શક્તિવાળાએ લાગતા વળગતાનો સંપર્ક કરી આયોજનમાં જોડાઇ જવું જરૂરી છે. તેમાં પ્રમાદ કરવા જેવો નથી.

ધનની શક્તિવાળાએ લોભને આધીન થયા વિના કાંકરાની જેમ વેરતા શીખી જવાનું છે, પણ તેમાં પ્રમાદી થવાનું નથી. અને જેની આવી કોઇ શક્તિ નથી, માત્ર ભાવની જ શક્તિ છે, તે સુવિશુદ્ધ આરાધના–માર્ગરક્ષા માટે શુભ કામનાઓ કર્યા કરે. બેઠા બેઠા શુભ ભાવના ભાવ્યા કરે એમાં એ પણ પ્રમાદ ન કરે.

આ રીતે સૌ કોઇ પુણ્યોદયે પ્રાપ્ત પોતાની કરેક પ્રકારની શક્તિનો ઉપયોગ કરી ફા. સુ. ૧૩ના દિવસે છ–ગાઉની યાત્રાની વિધિપૂર્વક–આરાધના કરવા-કરાવવા દ્વારા જૈનશાસનના મહત્ત્વપૂર્ણ અંગ ગણાતા પરમતારક તીર્થાધિરાજની ભક્તિ અને તિથિદિનની સુરક્ષા–પ્રભાવના કરી તેના દ્વારા ઉત્પન્ન થનાર લોકોત્તર વિપુલ પુણ્ય પ્રાગ્ભાર અને વિશિષ્ટ કર્મનિર્જરાથી ઉત્તરોત્તર આધ્યાત્મિક વિકાસનાં સોપાન ચડી પ્રાંતે સર્વકર્મનો ક્ષય કરી અનંતા આત્માઓ જ્યાં શાશ્વત સુખ ભોગવે છે તેવા સિદ્ધિપદના સ્વામી બનો એ જ એક સકાની શુભાભિલાષા

❀

જાહેરાત

ચાલુ વર્ષે પાલીતાણામાં વરસીતપના તપસ્વીઓને વૈશાખ સુદ-૩ ને તા. ૨૯–૪–૯૮ ને બુધવારના રોજ વરસીતપના પારણાં કરાવવા અને ચૈત્ર વદ અમાસના રોજ ઉત્તરપારણાં કરાવવા માટે અથવા બંનેમાંથી કોઇપણ એક પ્રસંગ માટે જે ભાગ્યશાળીની ભાવના હોય તેમણે અત્રેની પેઢીને મોડામાં મોડાં તા. ૨–૨–૯૮ સુધીમાં પત્ર મળે તે રીતે મોકલી આપવા વિનંતી છે.

ઝવેરીવાડ, પટણીની ખડકી **શેઠ આણંદજી કલ્યાણજી-અમદાવાદ**

(અનુ. પેજ–૬૪૪ નું ચાલુ)

ગચ્છને એવી રીતે **જાળવ્યો છે કે તેમના પરિચયવાળા તો કહે કે ગુરૂ તો આવા જ જોઇએ !** સુખી માણસ પૈસાનો ભિખારી હોય ? પૈસા પાછળ દોડા દોડી કરે ? પૈસાના આધારે ધર્મી મનાય કે ધર્મના આધારે ? પૈસાની મહેનતથી દુર્ગતિમાં જવું પડે અને સાધુપણાને પામવાની મેળવવાની મહેનતવાળો સદ્ગતિમાં **જાય.** સાધુ જેમ નિયમા વૈમાનિક થાય તેમ શ્રાવક પણ વૈમાનિક થાય. ભગવાનને અને સાધુને ઓળખ્યા તેનું લક્ષણ શું ? **ભગવાન થવાનું મન** તે **ભગવાનને ઓળખ્યા; સાધુ થવાનું મન તે સાધુને ઓળખ્યા.**

આ મહાપુરૂષ છેક સુધી ટેકા વિના બેઠા છે. બિમારીમાં પણ ઊંહકારો કર્યો નથી. સમાધિથી મૃત્યુ પામ્યા છે. ભગવાન પાસે રોજ માગીએ કે મરણ થાય તો સમાધિ પૂર્વક થાય, મરીને જ્યાં જઉં ત્યાં બોધિની પ્રાપ્તિ થાય. ભગવાન તારો ધર્મ મળ્યા કે. તે જ જોઇએ છે. સંસાર ઉપર પ્રેમ છે કે ધર્મ પર ? **સાધુ એટલે કેવલ મોક્ષ માટે જ મહેનત કરનારો જીવ. શ્રાવક પણ મોક્ષ માટે મહેનત કરનારો જીવ !** પૈસા બહુ મળ્યા હોય તો તે શાસનની પ્રભાવના કરે. **શ્રાવક પોતે સારૂં મંદિર ન બાંધે તો પોતા માટે સારો બંગલો કદી ન બાંધે.** આ ધર્મ જે જીવે તે જ ખરેખર માણસ ! ધર્મ વગરના ઢાંઢા જાય તે માણસ નહિ ! તેને નરકે જવાનું મન થયું છે, નરકે જવા જે સામગ્રી જોઇએ તે મેળવવા આવ્યો છે.

કેવળજ્ઞાન બહું સહેલું છે. બધી વસ્તુની મમતા ઉતરે તો કેવળજ્ઞાન આ રહ્યું. પૈસા માટે જેટલી મહેનત કરે તેટલી ધર્મ માટે કરે તો મોક્ષ આ રહ્યો. પૈસા ગમે કે ધર્મ ? તમે કહો કે, પૈસો ગમતો નથી, ગમે છે ધર્મ. મારી પાસે પૈસો હોય અને દાન દેવાની તક હોય અને ન કઉં તે બને નહિ. ધર્મનું કામ આવે અને મારી તાકાત હોય તો ટીપ ન કરવા કઉં તેવા કેટલા મળે ? જે શ્રીમંતને દાન કરવાનું મન ન થાય તે કેવો કહેવાય ? ગરીબને પૈસાનું દાન કરવાનું મન થાય તો ઉદાર કહેવાય.

આ મહાપુરૂષના જેવા થવું છે તે માટે તેમને યાદ કર્યા. **આ સંસારમાં રહેવું જ નથી વહેલા મોક્ષે જવું છે તે માટે સાધુ થવું છે આવી જેની ઇચ્છા તે જૈન શાસનને સમજેલા કહેવાય.** આવા મહાપુરૂષો આદર્શને આપીને જાય છે, કરવા જેવું આ છે અને આ લીધા પછી કેમ જીવવું તે પાઠ આપીને જાય છે–આ યાદ રહે તો આમને યાદ કર્યા તે પ્રમાણ. સૌ આમના જીવનના એકાદ ગુણને પામો, તે માટે પ્રયત્ન કરો તો ગુણાનુવાદ સાંભળ્યા તે સાર્થક થાય.

શાસન સમાચાર

રાધનપુરમાં ઉજવાયેલો ગુરૂમૂર્તિ પ્રતિષ્ઠામાં ભવ્યાતિભવ્ય મહોત્સવ : રથયાત્રામાં ગુરૂ તૈલચિત્રમાં અમીઝરણું

—જયેન્દ્ર શાહ

માગસર સુદ ૧૪ ને શનિવાર તા. ૧૩–૧૨–૯૭ ના રોજ શ્રી આદીશ્વર જિનાલય તથા શ્રી શાંતિનાથ જિનાલય, સાગરગચ્છ જૈન ઉપાશ્રયના પ્રાંગણમાં વ્યાખ્યાન વાચસ્પતિ સુવિશાળ ગચ્છાધિપતિ પૂ. આ. દેવેશ શ્રીમદ્ વિ. રામચંદ્રસૂ. મ.ની ગુરૂમૂર્તિ પ્રતિષ્ઠાનો ભવ્યાતિભવ્ય મહોત્સવ ઉજવાયો હતો. તે સાથે અંજન શલાકા તથા કુ. સોનલ અને કુ. જાગૃતિની ભાગવતી દીક્ષાનો મહોત્સવ પણ યોજાયો હતો.

આ પ્રસંગે પૂ. આ.શ્રી વિ. હેમભૂષણસૂરિજી મ. સાહેબે પ્રાસંગિક પ્રવચન કરતાં કહ્યું હતું કે, પૂ. આ. શ્રી વિ. રામચંદ્ર સૂ. મ. સા. તિથિ અંગે જે શુદ્ધ શાસ્ત્રીય પ્રતિપાદન કર્યું હતું. તેનું બીજરોપણ તેમના પરમગુરૂ આ. શ્રીમદ્ વિ દાનસૂ.એ આ વિષે આપેલી સૂચનાથી અહીં રાધનપુર જ થયું હતું.

ગચ્છાધિપતિ પૂ. આ. શ્રીમદ્ વિ. મહોદય સૂ.એ મુમુક્ષુ કુ. સોનલ અને કુ. જાગૃતિને ઓઘો અર્પણ કર્યો હતો? અને આજીવન સામાયિક ઉચ્ચરાવ્યું હતું. કુ. સોનલનું દીક્ષા અવસ્થાનું નામ સંવેગવર્ધાશ્રીજી અને કુ. જાગૃતિનું નામ જિનરિદ્ધિ-શ્રીજી જાહેર કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હાજર રહેલા શ્રાવક શ્રાવિકાઓએ તેમને અક્ષત ઉછાળી હર્ષપૂર્વક વધાવ્યા હતા. આ પ્રસંગે નૂતન દીક્ષિતોને વસ્ત્ર, કામળી અને ઉપકરણો પહેરાવવાની, જીવદયાની તથા ધર્મપ્રલય સહાયક ફંડની બોલીઓ બોલ-વામાં આવી હતી. તેની ઉપજ સારા પ્રમાણમાં થઇ હતી.

પૂ. ગચ્છાધિપતિ આ. શ્રીમદ્ વિ. મહોદય સૂ. પૂ. આ. શ્રીમદ્ વિ જયકુંજર સૂ., પૂ. આ. શ્રીમદ્ વિ. પૂર્ણચંદ્રસૂ., પૂ. આ. શ્રીમદ્ વિ. મુક્તિપ્રભ સૂ., પૂ. આ. શ્રી વિ. હેમભૂષણ સૂ, પૂ. આ. શ્રી વિ. ગુણશીલ સૂ. તથા પૂ. આ. **શ્રી** વિ. શ્રેયાંસ-પ્રભ સૂ. આદિ સુવિશાલ **શ્રમણ–શ્રમણી** સમુદાયની નિશ્રામાં ગુરૂમૂર્તિ પ્રતિષ્ઠા આદિ નવ દિવસના મંગલ મહોત્સવના સાતમા દિવસે દીક્ષાકલ્યાણક તથા ભગવાનના વરસી-

દાનની અને દીક્ષાર્થીની બે બહેનોના વરસીદાન નિમિતે ભવ્યાતિભવ્ય રથયાત્રા શુક્રવારે રાધનપુરમાં નીકળી હતી. ૧૧ ઊંટગાડીઓ, ૫ બળદગાડાં, ૫ રથો, ૧૪ ઘોડા અને ૩ બેન્ડવાજાની ટુકડીઓથી શોભતી આ રથયાત્રામાં પૂ. આ. દેવ શ્રી વિ. રામચંદ્ર સૂ. મ.નું ૭ ફૂટ ઉંચું. આબેહુબ તૈલચિત્ર અને તેના પર પહેલા અભીઝરણાની દૈવી ઘટના જૈનો અને જૈનેતરો માટે ભારે આકર્ષણરૂપ બન્યા હતા.

શનિવારે દીક્ષાવિધિ, ગુરૂમૂર્તિ પ્રતિષ્ઠા, અંજન શલાકા તથા શ્રી બૃહદ્ અષ્ટોત્તરીસ્નાત્ર પુજનના મંગલ કાર્યક્રમો સાથે સવાર–બપોર અને સાંજની સાધર્મિક ભક્તિનો લાભ શ્રી ભાઇલાલભાઇ વરધીલાલ શાહ પરિવારે લીધો હતો. રૂા. ૨૫ લાખ ૫૦ હજારના ખર્ચે તૈયાર થયેલા ગુરૂમંદિરમાં મુખ્ય સહયોગકર્તા તરીકે પણ આ પુણ્યશાળી પરિવારે લાભ લીધો હતો. રાધનપુરના આંગણે ૮૦ વર્ષમાં ન જોવા મળ્યો હોય તેવા આ મહોત્સવે સમગ્ર નગરમાં આનંદોલ્લાસનું વાતાવરણ ખડું કર્યું હતું. મુંબઈ અને અન્ય શહેરોથી પધારેલા ભાવિકોને અહીનાં દેવવિમાનતુલ્ય ૨૫ જિનાલયોના તથા સાત પૂ. આ. ભગવંતો અને સાધુ–સાધ્વીજી ભગવંતોના દર્શનનો લાભ મળ્યો હતો. પ્રતિષ્ઠા અંજનશલાકા ને ગુરૂમૂર્તિની પ્રતિષ્ઠા પ્રસંગ ચાઢગાર રૂપી આરાધના પુરીમાં ઉજવાયો હતો. રાધનપુર નગરમાં અંજનશલાકા, દીક્ષા, ગુરૂમૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ભવ્યાતિભવ્ય રીતે ઉજવાઇ ગયો.

ધોરીમાં ચાતુર્માસ : પ્રવચન પ્રદીપ પૂ. આ. ભ. વિ. પુણ્યપાલ સૂ. મ. ચાંદવડમાં ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ નાસિકમાં બે નૂતન ઉપાશ્રયના ઉદ્‌ઘાટન, બે જીવિત મહોત્સવ સહ ભવ્ય ઉપધાન તપ કરાવી સિન્નરમાં પંચાહ્નિકા મહોત્સવ સહ નૂતન ઉપાશ્રયનું ઉદ્‌ઘાટન માલેગામમાં આરાધના ભવનનું ઉદ્‌ઘાટન પૂ. આ.ભ. વિ. રામચંદ્રસૂ. પૌષધશાળાનું ખનન, વણીમાં હાઈ-વે ઉપર નૂતન શંખેશ્વર પાર્શ્વનાથ તીર્થનું ભવ્ય ભૂમિપુજન કરાવી અ. સુદ ૬ના ભવ્ય સ્વાગત સહ ધોરી ચાતુર્માસાર્થે પધાર્યા. ૧૧ રૂા.નું સંઘપુજન, સ્વામીવાત્સલ્ય થયું. પ્રવેશ દિનથી સાંકળી અઠ્ઠમ ને આયંબિલ શરૂ થયા. તપસ્વીઓને ૧૫૧ તથા ૧૩૧ રૂા.ની પ્રભાવના થતી.

રોજ સંઘપુજનો થતા શ્રાદ્ધ દિનકૃત્ય પરના રોજના તથા રવિ–સોમના જૈન રામાયણના પ્રવચનોમાં ઠઠ જામતી, રત્નત્રયીતપમાં ૬૦ બાદ પંચમહાવ્રત તપમાં ૬૦ પુણ્યવાનો જોડાતા તેમના બંને ટાઇમ બેસણાથી ભક્તિ થતી. સ્વ. પૂ. ગચ્છા.ના સ્વર્ગવાસ દિન નિમિતે અ. વદ ૧૩થી ત્રણ દિવસ ભવ્ય મહોત્સવ થયો. આગળના ભવ્ય ગુણાનુવાદ ૨૧ રૂા.નું સંઘપુજન ને સાધર્મિક વાત્સલ્ય થયું. પર્યુષણા પર્વ પધારતા

માસખમણ ૨૧, ૨૦, ૧૬, ૧૫, ૧૪, ૧૧, ૯, ૮, આદિ તપની હોડ લાગી કેઇ ગામોમાંથી આરાધકો પૌષધાદિ કરવા પધાર્યા. ભા. સુઠ ૧ ના મુલુંડવાળા આરાધકો તરફથી સાધર્મિક વા. થયું. ભા. સુઠ ૫ ના પારણા સાગે ભા. સુઠ ૫ થી ભા. સુઠ ૧૨ સુધી અન્ય અન્ય વ્યક્તિ તરફથી સાધર્મિક વા. થયા. ભા. સુઠ ૬ ના ભવ્ય વરઘોડો ચડયો. ભા. વઠ ૫ થી વઠ ૧૩ સુધી મહાપુજા પુજનો શાંતિસ્નાત્ર સહ આઠેય દિવસના સાધર્મિક વા. સહ અઠ્ઠાઇ મહોત્સવ ઉજવાયો.

વ. ૧૨ ના મેરૂ રચી ૫૬–દિક્કુમારી યુક્ત સ્નાત્ર મહો. થયો. વ. ૧૩ના સૌ પ્રથમવાર ભવ્ય મહાપુજા થઇ ઘોરીના છ હજાર ઘરોમાં સવા સવા કિલો બુંદી વહેંચી ને તમામ તપસ્વિઓને વિશિષ્ટ ચીજોની પ્રભાવના કરી.

ઘોરીમાં ઉપધાન તપની આરાધના–મોહનલાલ ગમાનચંદ પરિવારને ઘણા વખતથી ઉપધાન તપ કરાવવાના ભાવના હોઇ પૂ. ગચ્છાધિપતિશ્રીજીની અનુજ્ઞા આશિર્વાદને તેઓએ આપેલ મુહુર્તાનુસારે આ. સુ. ૧૪ થી પૂ. પુણ્યપાલ સૂ. મ. ની નિશ્રામાં ઉપધાન શરૂ થયા. અતિ વિશાળ સ્થાનકવાસી મંગલ કાર્યાલયમાં ભવ્ય મંદિર પ્રવચન મંડપ ભોજન ગૃહ સાથે તમામ આરાધકોનું રહેઠાણ ત્યાં જ રાખવામાં આવેલ. ઘોરીના ૪૦ ઘરમાંથી ૧૦૪ ઉપરાંત આરાધકો બેઠેલા. ૬ વર્ષથી ૧૫ વર્ષ સુધીના બાળ આરાધકો ૫૧ પુરૂષો ૬૬ કુલ્લે ૨૧૯ આરાધકો ને ૧૫૧ માળા હતી. મણીભાઇ ડો. સુમતિભાઇ છબીલભાઇ ત્રણેયનો પરિવાર ઉપધાન કરવા સાથે ભક્તિનો ખડેપગે લાભ લઇ રહેલ. સા. તરૂલત્તાશ્રીજી મ. શ્રાવિકા ગણને સુંદર આરાધના કરાવતા હતા. છેલ્લે રજતના ૭ છોડ શાંતિસ્નાત્ર ૧૦ પૂજન આદિ સહ ભવ્ય પંચાન્હિકા મહો. ઉજવાયો. આરાધકોને સૌ પ્રથમથી સંથારો મચ્છરદાની ભેટ આપેલ. અંતમાં આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ શ્રીયુત શ્રેણિકભાઇના હસ્તે સૌને સોનાના ચેઇન, ચાંદીની મોટી વાટકી ઠીવી ધૂપેલિયું તથા વધુમાં તથા ૫૧ બાળક–બાલિકાને ઘડિયાળ પણ ભેટ આપવામાં આવ્યું. આ ભવ્ય સમારંભમાં મણીભાઇ આદિ પરિવારને રૂપાનો ભવ્ય કુંભ આદિ આપી બહુમાન કર્યું. સ્વ. પૂ. ગચ્છા.ની ૫ ભવ્ય રંગોળી પાદરાનગરના રચના વિ. કરેલ. માગ. સુ. ૪–૫ ના ૯ થી ૧૦ હજારની મેદની એકઠી થયેલ, માગ. સુ. ૫ ના મહારાષ્ટ્રના કેઇ ગામોની હાજરીમાં ભવ્ય માળા પરિધાન મહો. થયેલ, પૂ.શ્રીજીનું માગ. સુ. ૮ના ટાકેઠના છ'રી પાલિત સંઘમાં નિશ્રા આપી માગ. વ ૮ થી મુરબાડમાં શરૂ થતા ઉપધાનમાં નિશ્રા આપવા પધાર્યા છે. પૂજ્યશ્રીજીના મહારાષ્ટ્રમાં આગમનથી શાસનની અનેરી આભા ખીલી ઉઠી છે.

૧૦૦ ઓળી સમારાધિકા પૂ. સા. શ્રી જયદર્શનાશ્રીજી મ. સા. નો મિતાક્ષરી પરિચય.

ગરવી ગુજરાત-સોહામણો સોરઠ દેશ-શત્રુંજય અને ગિરનારની મધ્યમાં છે પ્રાકૃતિક સૌન્દર્યથી રમણીય ધર્મપુરી સાવરકુંડલા. દોશી જયંતિલાલ કપુરચંદના ધર્મપત્ની પ્રભાબેનની કુક્ષિએ જન્મેલા ભાનુબેન જાણે પૂર્વભવના સંસ્કારો લઇને જ અવતર્યા હોય તેમ ધર્મના રંગે રંગાયેલા હતાં. તેમાં વળી પૂ. વિદુષી સાધ્વીરત્ના શ્રી ત્રિલોચનાશ્રીજી મ. સા.નું સાવરકુંડલા ચાતુર્માસ થતાં તેઓશ્રીનો સુપરિચય ધર્મના-સંયમના માર્ગે વધારનાર બન્યો. મોહરાજાના સામ્રાજ્યની અસરતળે વર્તતા મોહાધીન માતા-પિતા વિ કુટુંબીઓ સંયમમાર્ગની આગેકૂચમા અવરોધક બન્યાં. પણ આ તો સાચો રંગ-ચોલમજીઠીયો વૈરાગ્ય હતો. દૃઢનિશ્ચયી ભાનુબેન પૂ. ગુરૂણીજીની નિશ્રામાં સંયમતાલિમ મેળવવા રાધનપુર ચાતુર્માસ માટે નીકળ્યાં. સળંગ ૧૦૮ ઓયંબીલ તપ દ્વારા સ્વજનોનો મોહ ઢીલો પડયો. પરિણામે વિ. સં. ૨૦૨૩ સ્વજન્મભૂમિ સાવરકુંડલામાં પૂ. ગીતાર્થમૂર્ધન્ય આ. શ્રી વિ. જંબુસૂરીશ્વરજી મ. સા.ના વરદહસ્તે અન્ય બે મુમુક્ષુઓની સાથે દીક્ષિત બની ગુરૂમાતા પૂ. ત્રિલોચનાશ્રીજી મ. સા.ના ચરણે જીવન સમર્પિત કરી પૂ. સા. શ્રી ધૈર્યગુણાશ્રીજી બન્યા.

વડિલભગિની એ સરળ બનાવેલા રાહે સંચરવા સુશીલાબેન કટીબદ્ધ બન્યા અને વિ. સં. ૨૦૨૫ માં સુશીલાબેન બન્યા પૂ. સા. શ્રી સંવેગરસાશ્રીજી. એની દીક્ષાના ટુંકાગાળામાં જ વળી ત્રીજા જ્યોતિબેન એ જ માર્ગે જવા થનગની ઉઠયા. વિ. સં. ૨૦૨૮ ની સાલમાં કાઠરા મુકામે દીક્ષાના કાનવીર સૂરિચક્રવર્તિ પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મ.ના પુણ્યહસ્તે અન્ય ત્રણ મુમુક્ષુઓની સાથે દીક્ષિત બન્યા. નામસ્થાપન થયું પૂ. સા. શ્રી જયદર્શનાશ્રીજી. ત્રણ ત્રણ બેનોને મુક્તિમાર્ગની મંઝિલસમા કાંટાળા સંયમ માર્ગે આનંદ કરતા જોઇ નાની બેન સુભદ્રાને પણ એ આનંદ લૂંટવાનું મન થતાં વિ. સં. ૨૦૩૨માં પુના મુકામે પૂજ્યપાદશ્રીજીના વરદહસ્તે સંયમરત્નને પામી બન્યાં પૂ. સા. શ્રી શુદ્ધનયાશ્રીજી. સંસારમાં રહેલી બેન-બેનની સગાઇને સાચવવા જ, અહિં પણ એક જ ગુરૂમાતાની ચરણે જીવન સમર્પિત કરતાં ચારેય ગુરૂભગિનીઓ સંયમધર્મની સુંદર આરાધના કરી રહ્યા છે.

જ્યોતિબેને વિ. સં. ૨૦૨૧ માં વર્ધમાન તપનો પાયો નાંખી ૧૬ ઓળી કરી. વિ. સં. ૨૦૨૮ના સંયમમાર્ગના આસ્વાદરૂપ ઉપધાન તપ વિરાટ સાહિત્ય સર્જક પૂ. આ. શ્રી વિ. કનકચન્દ્રસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં કર્યો. માળારોપણ પૂજ્યશ્રીના

હસ્તે થયું. તેના ફળસ્વરૂપે ૩ મહિનાના ટુંકા સમયમાં જ ચારિત્ર માર્ગના પથિક બન્યાં. દીક્ષા બાદ ગુરૂ સમર્પણ ભાવપૂર્વક વિનય-વૈયાવચ્ચ તપ વિ.માં આગેકદમ ભરતાં તેમણે માસક્ષમણ, સિદ્ધિતપ, ૨ વર્ષીતપ, અઠ્ઠ, દસ, દોય, ૧૬ ઉપવાસ, અઠ્ઠાઇ, ખીરસમુદ્ર, સળંગ ૫૦૦ આયંબીલ ૩ વાર સળંગ આયંબીલ-૨ વાર નવ્વાણું યાત્રા-ચોવિહાર છઠ્ઠ કરી ૨ વાર ૭ યાત્રા, બીજ-પાંચમ-આઠમ-એકાદશી-પુનમ શ્રી નવપદજીની અલુણી એકધાન-એક દ્રવ્યથી ઓળી-આયંબીલથી શ્રી દશવૈકાલિક સૂત્ર-શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર-શ્રી આચારંગસૂત્રના જોગ ઇત્યાદિ તપોનુષ્ઠાન સાથે વર્ધમાનતપ ચાલુ રાખ્યો અને સર્વ તપોમાં શિખરસ્વરૂપ આ મહાન તપની મંગલમય પૂર્ણાહુતિ પાટણમાં વિ. સં. ૨૦૫૪ ના મહાસુદી ૧૫ ના થઇ રહી છે. જે અમારા માટે અતિ ગૌરવનો વિષય છે.

શ્રીપાળનગરમાં દીક્ષા યુગ પ્રવર્તન દિવસ ઉજવાયો :

જૈનશાનનાં જ્યોર્તિધર પ. પુ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ.ની દીક્ષા-સ્મૃતિ દિન ભવ્યાતિભવ્ય ઉજવણી પોષ સુદ-૧૩સે શ્રીપાળ-નગર સંઘના આંગણે તેઓ શ્રીમદ્નાં શિષ્ય-પ્રશિષ્યરત્નો પ. પુ. આ. શ્રી વિ. ગુણયશ સૂ. મ. તથા પ. પુ. આ. શ્રી વિ. કીર્તિયશ સૂ. મ.ની નિશ્રામાં થવા પામી હતી.

સવારે ૭/૩૦ કલાકે વાજતે-ગાજતે ચતુર્વિધ સંઘની સાથે પુજ્યો ચંદીબાળા બાતે પુજ્યશ્રીનાં ગુરૂ-મંદિરનાં દર્શનાર્થે પધાર્યા હતા. સુશ્રાવક-કલ્પેશભાઇએ ગુરૂ સ્તુતી ગાઇ સૌને ગુરુ-ભક્તિમાં તરબોળ કર્યા હતા. ત્યારબાદ વાજતે-ગાજતે શ્રીપાળ નગરમાં પુનઃ પધરામણી થઇ હતી. સુંદર રીતે ગુરૂ-ગુણ-ગીત ગવાતાં સભાએ અદ્ભૂત ભક્તિ ભાવપુર્વક ગીતને ઝીલ્યું હતું. નવસારીથી પધારેલ સુ. નરેશભાઇએ સંવેદનાત્મક શબ્દોમાં ગુરૂ-ભગવંતોને અંજલી અર્પી હતી. સુ. નવીનભાઇ ગોળાવાલાએ પણ પોતાના શ્રદ્ધા સુમન અર્પણ કર્યા હતા. સંઘ તરફથી બુંદીના લાડવાની પ્રભાવના થઈ હતી. જયંતભાઇ મહેતાએ પુજ્યશ્રીનાં ગુણોનાં સંસ્મરણો રજુ કર્યા હતાં. ત્યારબાદ પુ. આચાર્યદેવે અત્યંત ભાવવાહી શબ્દોમાં દીક્ષા-યુગ પ્રવર્તક પુજ્યપાદશ્રીજીનાં દીક્ષાનાં રૂંધાયેલા માર્ગને જાનનાં જોખમો ખેડીને વિઘ્ન મુક્ત કરવાનાં પ્રસંગો વર્ણવ્યા હતા.

બન્ને આચાર્ય-ભગવંતોની બીજા દિવસે દીક્ષા-તિથિ હોવાથી કહેરામાં ભવ્ય અંગરચના થઈ હતી. વ્યાખ્યાનમાં સાટાની પ્રભાવના કરાઇ હતી. બન્ને પુજ્ય આચાર્ય ભગવંતોના ચાતુર્માસની જય પુ. ગચ્છાધિપતિશ્રીજીની નિશ્રામાં પાટણ મુકામે જય બોલાઇ છે. બન્ને પુજ્યોનું ચાતુર્માસ શ્રીપાળનગર મુંબઇ બાતે થશે.

બળે તેવી દવા લગાડાય છે કે જેથી ખસ બળીને ખાખ થાય. સાડા ત્રણ મણની કાયામાં આંગળીના ખૂણામાં થોડી ફોલ્લીઓ થાય, એમાં આટલી ગભરામણ ? પણ ત્યાં તો સમજે છે કે– ન ચેતે તો આખું અંગ સડે ! પેટમાં ભયંકર રીતે દુઃખે તો ઝટ ઓપરેશન પણ કરાવાય છે, **તેમ સમાજને કાતરી ખાનારા, કોરી ખાનારા અને કાપી ખાનારા ગણ્યા ગાંઠ્યા છે એમ કહીને ઉપેક્ષા ન થાય, પણ એમને તો પ્રસંગ આવ્યે વીણી વીણીને ખુલ્લા કરવા પડે.** સમાજની એમાં જ સલામતી સમાયેલી છે.

❋ શાસન સમાચાર ❋

રાજકોટ–પૂજ્ય નવ હજાર આયંબિલના તપસ્વી આચાર્ય શ્રી વારિષેણ સૂરિજી મ. આદિની નિશ્રામાં કા. સુ. ૧૫ ના સિદ્ધગિરિ યાત્રા ચાતુર્માસ પરિવર્તન ઉજવાયેલ જાગના પ્લોટ સંઘે મળીને ઉત્સવ ઉજવેલ છે. ચંદનબાલાના અઠ્ઠમો ખીર એકાસણા, પારણાને જિનાલયનો ધ્વજા રોહણ ઉત્સવ નવકાર મંત્ર આરાધના ભવ્ય થયેલ.

વઢવાણના વિહાર કરતા ડેમ સુધી ૯૦૦ માણસ વળામણા કરવા આવેલા સમુહ સ્નાત્ર ઉત્સવ ઈનામ બહુમાન સમારોહ સુંદર ઉજવાયેલ. પાલીતાણા આદિ સા ભુવન પધારતા અત્રે પૂ. આ. શ્રી પુણ્યાનંદસૂરિજી મ.ના ૫૧ માં સંયમ વર્ષ પ્રવેશ અનુમોદનાર્થે તથા મુનિસુશીલ વિજયજીનાં સ્મૃતિ ઉત્સવ પંચાહ્નિકા સિદ્ધચક્ર પૂજનસહભવ્ય ઉજવાયેલ પૂજ્યશ્રીની નિશ્રામાં આ. અજિતસેનસૂરિજીની પ્રેરણાથી હસ્તગિરિ તીર્થનો છ'રિ પાલીત સંઘ વાજતે ગાજતે નીકળેલ પૂ. આ. રવિપ્રભસૂરિજી મ.ની નિશ્રામાં ઉત્સવ ઉજવાયેલ.

ભેટ મળશે : પુણ્યાનંદ સુધા સિન્ધુ–ગીતો ખાતાનું પુર્વાલેખાદિ સંગ્રહ પૂ. આ. શ્રી પુણ્યાનંદસૂરિજી મ.ના ૫૧ માં સંયમ વર્ષ પ્રવેશ નિમીતે રૂ) ૩.ના સ્ટેમ્પ મોકલનારને ભેટ મળશે લબ્ધિ શાન્તિ મંદિર, આરિસાભુવન તળેટીરોડ, પાલિતાણા ૩૬૪૨૭૦ ગુજરાત.

નૂતન ઉપાશ્રય : ૐકાર જૈન તીર્થ ધાણીમાં પૂ. આ. શ્રી પુણ્યાનંદસૂરિજી મ. પૂ. શ્રી વારિષેણસૂરિ મ.ના આશીર્વાદથી ગૃહમંદિર સ્થાપના નૂતન ઉપાશ્રયોના ઉદ્ઘાટન થઇ ગયેલ છે. પુજ્યોને ભક્તિનો લાભ આપવા વિનંતી છે. અત્રે સર્વ સુવિધા સુંદર છે વર્ષે ૫૦૦ પુજ્યો વિહાર કરતા પધારીને લાભ આપે છે. સકલ સંઘને યાત્રાનો લાભ લેવા વિનંતિ છે–ભદ્રંકર નગર

પદમલા વાયા છાણી ગુજરાત ૐકાર તીર્થ

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



* 'આ આ ધર્મ કરો તો આવું આવું સુખ મળે' આવી લાલચથી ધર્મ કરાવનારા અને કરનારા બન્નેની દુર્ગતિ જ થાય.

* પરમાત્માના દર્શન મોક્ષ માટે કરે તો પાપ જાય પણ સુખ માટે કરે તો પાપ જ બંધાય.

* પ્રમાદ-માનપાનાદિમાં મરતાં અમને અમે ખરાબ છીએ તેમ ન લાગે તો અમે પણ એવું પાપ બાંધીને આવ્યા છીએ કે, અહીં માન-પાનાદિમાં પડી, તમને રાજી કરવા તમારાં ખોટાં વખાણ કરી ભગવાનની આજ્ઞાથી વિરૂદ્ધ વર્તી દુર્ગતિમાં જ જવાના છીએ.

* આજે લોકો કપડાંમાં સારા છે, હૈયાના સારા નથી.

* સુખમાં મહાલવું તે જ પાપ. જો સુખમાં મહાલવું તે પાપ હોય તો તે સુખ ખરાબ હોય તો જ બને ને ?

* આપણે બધા પુણ્યશાલી ખરાં. પણ ખરાબ ધર્મ કરીને આવ્યા લાગે છે. આવી સુંદર સામગ્રી પામેલાંને પણ જો સંસાર જ ગમતો હોય, મોક્ષની ઇચ્છા જ થતી ન હોય; તે દુઃખથી ગભરાતા હોય, સુખ માટે ફાંફા મારતા હોય તે બધા પાપના ઉદયવાળાં જ છે. તે ધર્મ સારી રીતે ન કરે પણ પાપ જ સારી રીતે કરે.

* વણિક કલા તેનું નામ માયા માટે જ વાણિયા કદિ ધર્મી થાય નહિ. વાણિયાપણું ભૂંસું લાગે તો તે ધર્મ કરે.

* કોઇના ય રૂપને રાગથી જોવું તે જ વ્યભિચાર છે !

* જે ધર્મસ્થાનમાં સારી રીતે વર્તે અને બહાર ખરાબ વર્તે તે ધર્મની વગોવણી અને ભયંકર આશાતના કરનારો છે.

શ્રી કૈલાસસાગર જ્ઞાનમંદિર
શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા (ગાંધીનગર) પિન ૩૮૨૦૦૯

જૈન શાસન અઠવાડિક માસિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું.

Recieved
9-2-98

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

શ્રાવકપણાનું લક્ષણ

श्रवंति यस्य पापानि,
पूर्वमद्धा-न्यनेकशः ।
आवृतश्च व्रतैर्नित्यं,
श्रावकः सोऽभिधीयते ॥

જેના પૂર્વે અનેક પ્રકારે બાંધેલાં પાપો શ્રવિ જાય છે– ચાલ્યા જાય છે. અને જે હંમેશા વ્રતોથી યુકત હોય છે તે શ્રાવક કહેવાય છે.

227

卐

અઠવાડિક

વર્ષ ૧૦ | અંક ૨૭

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

શું બે દાયકા સુધી ચૂપ જ રહેવું યોગ્ય લાગે છે ?

— પં. ચન્દ્રશેખરવિજયજી

છેલ્લા પાંચ–છ દાયકાઓથી જૈન–સંઘમાં સંક્લેશનું વાયુમંડળ વધુ ને વધુ તીવ્ર બનતું જાય છે. પરસ્પરનો મૈત્રીભાવ, ફિરકાભેદોમાં ગચ્છભેદોમાં, તિથિભેદોમાં બિલકુલ ન રહ્યો હોય તેવું લાગે છે. તેમાં ય નજીકના માણસો વધુ અમૈત્રીમાં ઝડપાયા હોય તેવું જણાય છે.

સર્વત્ર નિર્નાયકતા જોવા મળે છે. રાષ્ટ્રમાં. ધર્મમાં, સંસ્કૃતિમાં.. ગચ્છના નાયકોનું પણ ચાલતું નથી એટલે ગચ્છો પણ નિર્નાયકતા જ અનુભવે છે.

આના કારણે શ્રમણ–સંસ્થાના કેટલાક સાધુઓ (અપાત્ર દીક્ષા. પદવી, પાટ પહેનવાળા) બેફામ બન્યા છે. કોઇ પણ સત્કાર્ય તેઓ થવા દેવા માંગતા નથી. તેમના શિથિલાચારને છાવરવા માટે સદાચારીઓ ઉપર રાજકારણી રીતરસમોથી, ગનામી પત્રિકાબાજીથી હુમલા સતત કરતા રહે છે.

બીજુ બાજુ ગૃહસ્થ વર્ગના કહેવાતા શ્રાવકો અને શ્રાવિકાઓએ આચાર–સંપન્નતા મહદ્અંશે ગુમાવી દીધી છે. એ તો ઠીક પણ વિજ્ઞાનવાદ, શિક્ષણવાદ અને યંત્રવાદની જોરદાર અસરો નીચે આવીને તેમણે તેમનું સમ્યગ્દર્શન પણ ગુમાવ્યું છે. આ આચાર–વિચારની હીનતા હજારો ગુણી બનીને તેમના ડીસ્કો કલ્ચરના અને કોન્વેન્ટ ઉછેરના, હોટલિયા સંતાનોમાં પ્રવેશી ચૂકી છે.

ચારે ય સંઘની પરિસ્થિતિ એટલી હદે વણસી છે કે એમ લાગે છે કે, આમાં આપણાથી કોઈ સુધારો થઇ શકે તેમ નથી. ગામડાના આઠ–દસ ઘરોમાં પ્લેગ ફેલાયો હોય તો ડોકટરોની એમ્બ્યુલન્સ ત્યાં ધસી જાય, પરંતુ જો આખા ગામને પ્લેગ લાગુ થઇ ગયો હોય તો કયો ડોકટર ત્યાં જશે ?

ભયાનક આગને બુઝાવવાનું જોખમ જરૂર લેવું જોઇએ, પરંતુ તેમાં પોતે જ બળી મરે તો ? એવું જોખમ તો ન જ લેવાય.

ભૂતકાળના ચૈત્યવાસ અને યતિકાળના સમયની વિષમતાઓ ધ્યાનમાં હોવા છતાં "ભૂતકાળ પણ ખરાબ હતો કે આથી ય વધુ આવો ખરાબ હતો." તેમ કહીને આજની ખરાબીઓનું આશ્વાસન તો ન જ લઈ શકાય. આ તો બચાવની કે નિષ્ક્રિયતાની પછેડી ઓઢીને આરામથી પડી રહેવાની મનોવૃત્તિ કહેવાય. પેલો નીરો શહેર ભડકે બળતું હતું ત્યારે ફિડલ વગાડતો હતો ને ? (જુઓ ટાઇટલ ૩ જું)

પ.પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

• તંત્રીઓ •
ચીમનભાઈ મેઘાણી ગુ...
(ભાવનગર)
હેમેન્દ્રકુમાર મણિલાલ ...
(રાજકોટ)
ચુનીલાલ વીરચંદ શે...
(પાલીતાણા)
ચીમનભાઈ મફતલાલ મુ...
(ભાવનગર)

વર્ષ : ૧૦] ૨૦૫૩ ફાગણ સુદ-૬ મંગળવાર તા. ૩-૩-૯૮ [અંક : ૨૭

卐 તીર્થનો સાચો લાભ 卐

-પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૬, મહા સુદ-૧૧ સોમવાર તા. ૫-૨-૯૦ મહારાષ્ટ્ર ભુવન, પાલીતાણા

શ્રી જિનાજ્ઞા વિરૂદ્ધ કે પૂ. પ્રવચનકારશ્રીના આશય વિરૂદ્ધ કાંઇપણ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના. (પ્રકરણ ૨૨ મું ચાલુ) અવ૦)

આજે, આ પાલીતાણા એક નાનું ગામ હોવા છતાં ય મોટા શહેર કરતાં મોટું થયું છે તે કોનો પ્રતાપ છે ? શ્રી સિદ્ધગિરિજીનો. આનો-આ તીર્થનો મહિમા શાસ્ત્રોમાં ઘણો વર્ણવ્યો છે. આના કાંકરે કાંકરે અનંતા આત્માઓ મોક્ષે ગયા છે. આપણે બધા જ મોક્ષે જવા અહીં આવીએ છીએ. મોક્ષે જવા યાત્રા કરવા આવે તે આશાતના કરે ?

પણ આજે અજ્ઞાન એવું વ્યાપ્યું છે કે-અંધારે અંધારે તીર્થ ઉપર ચઢે છે અને ઉતરે છે. ઉપર જઇને પણ કહીં વગેરે ખાય તે તો મહા અજ્ઞાન છે. સંઘ કાળજી નહિ રાખે, તીર્થને માનનારા કાળજી નહિ રાખે તો ઘણું નુકશાન થશે.

સંસારથી તારે તે તીર્થ, તે તીર્થની ભક્તિ કરનારા સાવધ નહિ બને તો તો તેની આશાતના કરીને દુર્ગતિમાં જશે. અને સમજદાર જીવો પણ આશાતના કરનારને સાચું નહિ સમજાવે તો તે ય પાપના ભાગીદાર થશે અને તેને ય દુર્ગતિમાં જવું પડશે.

તમે બધા ભાગ્યશાલિઓ અહીં આવ્યા છો. ત્યાં હસ્તગિરિજી જાવ અને તેમને-કાંતિલાલને સમજાવો અને પછી પૂછો કે-હસ્તગિરિજીનો રોડ યાત્રિકો માટે પણ બંધ

કરવા માગો છો કે નહિ ? જો તે કહે કે—નથી માગતો તો પછી મારી પાસે આવો હું ઉપાય બતાવીશ. તેમને કહીને આવજો કે તમે નહિ માનો તો પૂ. આચાર્ય મહારાજશ્રી કહેશે તે દિવસથી સત્યાગ્રહ કરીશું. એક વાહનને ઉપર નહિ જવા દઇએ. પછી કહેતા નહિ કે—આ લોકો તોફાન કરે છે. તોફાન નથી કરવું પણ તીર્થને આશાતનાથી બચાવવું છે. સંઘને પણ બચાવવો છે.

પ્ર૦ : પાલીતાણાથી યાત્રા કરી આવેલા હોય. થાકેલા હોય તો ચઢીને ઉપર કેટલા ચઢે ? બસમાં—વાહનમાં જવાનું હોય તો હજારો ઉપર જઇ શકે. ને રસ્તો બંધ કરો તો એકાદ—બે જ ઉપર ચઢીને જાય.

ઉ૦ : શાસ્ત્રે કહ્યું છે કે-કરેક ધર્માનુષ્ઠાન વિધિપૂર્વક જ કરાય. જે લોકોની ઉપર ચઢીને યાત્રા કરવાની શક્તિ ન હોય, ઉપર જઇ શકે તેવા ન હોય તે નીચે બેઠે બેઠે હાથ જોડે તો ય તેને લાભ થાય. બહુ બહુ તો ડોળીમાં ઉપર જાય. પણ જો વાહનમાં જ જાય અને જવાનો આગ્રહ રાખે તો મહાપાપના ભાગી બને છે.

કાંતિભાઇ કહે કે હું તેમાં ફેરફાર કરવા માગતો નથી તો તમને બધું જ કહીશ મારી મહેનત ચાલું છે. પાંચ મજબુત માણસોની કમિટિ નીમી બધું જ કરીશું પણ ફજેતી નથી કરવી હોહા નથી મચાવવી.

એકવાર તમે બધા શ્રી હસ્તગિરિજી જઇ આવો, તે શું કહે છે તે જાણી આવો. સમજાવવા છતાંય નહિ સમજે તો હું જ કહીશ કે—આ હરામખોર માણસ છે. તેને સમજાવવા છતાં ય સમજતો નથી, લો પ્રયત્ન કરી તેને આઘો જ કરીશું.

આજ્ઞા પાલન ક્યારે આવે ? જે પોતે વિધિ મુજબ જ કરે અવિધિ કરે નહિ, જે કોઇ અવિધિ કરતા હોય તેને ય સમજાવીને બચાવે તેને ધર્મ કરનારો કહ્યો છે. તેવો જીવ મોક્ષને પામે. મરજી મુજબ ધર્મ કરનારા મુક્તિમાં નથી ગયા. તેવા જીવો અનંત વાર ધર્મ કરવા છતાં ય ધર્મ નથી પામ્યા. અભવ્ય જીવો, દુર્ભવ્ય જીવો અને ભારેકર્મી ભવ્ય જીવો ધર્મ કરવા છતાંય ધર્મ પામતા નથી. લઘુકર્મી જીવો જ ધર્મ પામે છે.

ઓઘો લેવા માત્રથી સાધુપણું આવે નહિં. સાધુપણું તો પામવું હોય તો આવે. જેમ અમારે તમને ઓળખવાના છે તેમ તમારે પણ અમને ઓળખીને માનવાના છે. આગળ તેવા શ્રાવકો હતા. એક શ્રાવકે એક સાધુને વંદન કર્યું તો સાધુએ પૂછ્યું કે—'તારો ધંધો કેમ ચાલે છે ?' તો તે શ્રાવક એકદમ ઊઠીને ચાલવા લાગ્યો. તેથી સાધુએ પૂછ્યું કે—આમ કેમ કરો છો ? તો શ્રાવક કહે કે—'તમે મારા ભગવાનના સાધુ નથી

લાગતા. મારા ભગવાનના સાધુ મારા ધંધાદિની–સંસારની ચિંતા ન કરે, માત્ર ધર્મની ચિંતા કરે. મારી ભૂલ થઇ ગઇ.' પછી તે સાધુને ય માફી માગવી પડી. શ્રાવકો સારા હોય તો સાધુ ખોટી રીતે ચાલે ? દુનિયાના સુખ માટે ય ધર્મ કરાય તેમ બોલત ? વ્યાખ્યાન આપણી જાતને સુધારવા માટે છે. અમારી ભૂલ થાય તો તમારે ય અમને કહેવી જોઇએ. આગળ અમે સાંજના વિહાર કરીને મોડા આવીએ તો શ્રાવકો પૂછતા હતા અને અમારે પણ કહેવું પડે કે ૨ માઇલ ધારેલા અને ચાર માઇલ નીકળ્યા. તો શ્રાવકો કહે કે–ખુશીથી પધારો. આજે તો પૂછનારા લગભગ છે નહિ અને કોઈ પૂછે તો ઉલટું જ બોલે કે–તું શું સમજે ?

તમે બધા જો સારા સાધુને પૂજો અને ખોટા સાધુઓને મૂકી દો તો કામ થઇ જાય. હું તો જ મતનો છું. ભલે 'ઝઘડાખોર' કહે. તમે કહેતા હો તો હું બોર્ડ મારું કે–'સત્યને માટે ઝઘડો કરનારો છું.' મને ઝઘડાખોર કહેનારા તો ભાગી ગયા અને મારું કહેલ સાચું માનતા નથી.

ગમે તેવા મોટા આચાર્ય હોય, સારું નિરૂપણ કરતા હોય અને પૂછે કે–આ વાત કયા શાસ્ત્રમાં આવે છે તો તેમને શાસ્ત્ર બતાવવું જ પડે. જો તે શાસ્ત્ર ન બતાવે. તો આ શ્રી સુધર્માસ્વામિની પાટે બેસવા લાયક નથી. ભગવાને કાંઇ જ બાકી નથી રાખ્યું.

તે (શ્રી હસ્તગિરિજી) તીર્થની આશાતના નહિ અટકે ત્યાં સુધી જંપીને બેસવાનો નથી એકવાર તમે બધા જઇ આવો અને તેમને પૂછો કે–તમે શું કરવા માગો છો ? રોડ બંધ કરવો છે કે નહિ ? તે કહે કે–નથી કરવાનો તો પછી શું કરવું તે વિચારીશું.

ઇન્દિરા ગાંધી વડાપ્રધાન હતા ત્યારે એકવાર હેલિકોપ્ટરમાંથી શ્રી સિદ્ધગિરિજી ઉપર ઉતરવા માગતા હતા. ત્યારે શ્રી કસ્તૂરભાઇએ કહેવરાવેલું કે–આપ અહીં પાલીતાણા પધારો. અમે આપને બધી સગવડ સાથે માનપૂર્વક ઉપર લઇ જઇશું. પણ ખોટી પ્રણાલિકા નહિ પડવા દઇએ. નહિ આવો તે ચાલશે.

આ બધો આધાર વહીવટકાર ઉપર છે. આ (કાંતિભાઇ) ઢીલા છે. ઢીલા હોય પણ ઉદ્યમ કરે તો ફેરફાર થાય. તેમના હાથે જો ફેરફાર નહિ થાય અર્થાત તેઓ ફેરફાર નહિ જ કરે તો બીજા સારા સારા માણસો નીમીશું, તમે બેફીકર રહો. એકવાર મળીને પૂછી આવો. આડો જવાબ આપે તો કહીશું કે–તું ઊઠી જા. હવે અમે બીજાને નીમીશું. તે માટે જરૂરી કાયદેસર કાર્યવાહી પણ કરીશું.

પ્ર૦ તે એમ કહે છે કે–આમાં મહારાજની આજ્ઞાનો ભંગ થાય છે, ભગવાનની આજ્ઞાનો ભંગ નથી થતો.

આવું પણ તે લોકો બોલે છે. આમાં શાસ્ત્ર શું કહે છે તે કરતાં ગુજરાતી ભાષામાં જ સ્તવનકારો કહી ગયા છે કે–

'ચાલો ચાલો વિમલગિરિ જઇએ રે, ભવજલ તરવાને;
તુમે જયણાએ ધરજો પાય રે, પાર ઉતરવાને.'

આ શાસ્ત્રની વાત નથી ! મારે કહેવું છે કે–આવાં ગપ્પાં ન મારો જાહેરમાં આવાં ગપ્પાં મારે છે તે બહુ જ ખોટું કામ કરે છે. પગે ચાલવાની શક્તિ હોય ત્યાં સુધી પગે ચાલીને જ યાત્રા કરવી જોઇએ. જેની ચઢવાની શક્તિ ન હોય તે જ ડોળીનો ઉપયોગ કરીને યાત્રા કરે તે જુદી છે.

ડોળીવાળાઓ યુનીયન બનાવી મોટો લાભ લે છે. તેની મુંબઇમાં એક માણસ, પૂજારીઓને યુનીયન મુજબ પગાર કરવાની સામે લડી રહ્યો છે. તેમાં તે સફળ થશે એટલે બધે તે લાગુ પડશે. મહેનત ચાલુ જ છે.

હું તો શ્રાવકોને રોજ કહું છું કે–પૂજા કરવી હોય તો પોતાના સાધનથી–દ્રવ્યથી કરવી જોઇએ. પોતાના દ્રવ્યથી પૂજા કરનારા બહુ થોડા જીવો છે. બાકી મફત કરનારો મોટો ભાગ છે. પોતાના કેસરથી પૂજા કરનારો થોડું જ કેસર વાપરે અને મંદિરનું કેસર હોય તો વાડકી ઢાળે ! ગમે ત્યાં વાડકી મૂકી આવે. પોતાની અગરબત્તી હોય તો ટુકડો લે અને મંદિરની અગરબત્તી હોય તો ચાર ભેગી સળગાવે. આ બધું તમે સમજતા નથી ? પોતાના દ્રવ્યથી પૂજા કરનારને લોક 'રામલક્ત' કહે છે. બાકીના બધા મજેથી સાંભળે છે. અને માને કે–અમારી શક્તિ નથી. જો શક્તિ ન હોય તો પારકે પૈસે પૂજા કેમ કરે છે ? જ્ઞાની તો કહે છે કે–જેની પૂજાની શક્તિ ન હોય તેને દ્રવ્યપૂજા કરવી જ જોઇએ તેમ નથી તે જીવ મંદિરનો ઢાળો લે, પાણી ભરે તો ય તેને લાભ થાય, જો બધા જ સાધુઓ–ઉપદેશકો આમ બોલતા થાય તો કામ થઇ જાય. પણ ઘણા ઉપદેશકો એમ કહે કે–ચાલે. પૂજા ન કરવા છતાં પારકા દ્રવ્યથી પૂજા કરે તો સારું.

તમારે ઘેર કોઇ મહેમાન આવે, તમે તેને સારું સારું જમાડો. અને પછી બીલ આપો તો જમનારો શું કહે ? મારી ભૂલ કે તમારે ઘેર હું જમ્યો. આવું જમવાની મારી શક્તિ જ નથી. મારે તો ભીખ માગવાનો વખત આવે. આજે તમારે ખાવા માટે ટીપ થાય તો તમે સહન કરો ? અને ભગવાનની પૂજાદિ માટે ટીપ થાય અને લખપતિ બેઠા હોય તે ય ટીપમાં શું માંડે ? તે માણસ છે ? ?

પ્ર૦ : આજે અમને સમયનો અભાવ છે. માંડ માંડ બે–એક કિવસ કાઢીને

અહીં–પાલીતાણા આવીએ છીએ. અહીં ઉપર યાત્રા કરીને આવીએ અને થાકી–પાકી જઇએ. પછી ત્યાં (શ્રી હસ્તગિરિજી) જઇએ તો ઉપર ચઢવાનું મન ન થાય. જો વાહનની વ્યવસ્થા હોય તો યાત્રા થઇ શકે.

તમે માંદા પડો તો ઘરમાં પડયા રહો ? માંદા માંદા પણ પેઢી ઉપર જાવ ને ? ભગવાને શરીરની શક્તિ જોઇને ધર્મ કરવાનો કહ્યો છે તેમ શક્તિ ગોપવવાની પણ નથી. લગભગ આજે મોટો ભાગ વિધિ સમજતો નથી અને વિધિ સમજવા પણ માગતો નથી. અને ખોટા પત્થરા ફેંકે છે. આજના તો કહેવાના કે ટાઇમ નથી. ઝટ બધું પતાવવું છે તે ચાલે જ નહિ. ધર્મ તો વિધિ મુજબ અને ભગવાનની આજ્ઞા મુજબ થાય.

ભગવાને ધર્મ શક્તિ મુજબ કરવાનો કહ્યો છે. શક્તિ ઉપરાંત ધર્મ કરવાનો નથી તેમ શક્તિ ગોપવો તો પણ પાપ લાગે. જેની ઉપર ચઢીને યાત્રા કરવાની શક્તિ ન હોય તે કદાચ જીવનભર ઉપર ન ચઢે અને નીચેથી હાથ જોડે તો ય કલ્યાણ થાય. અને આજ્ઞા ભાંગી ઉપર જાય તો પાપ લાગે અને સંસારમાં ભટકવું પડે. સંસારમાં ભટકવું ન હોય તો ખોટી કલીલો ન કરો.

તમારી બધાની આશાતના રોકવાની ભાવના છે તેની પ્રશંસા કરવા જેવી છે. માટે એકવાર તમે બધા ત્યાં જઇ આવો શું ઉત્તર આપે છે તે જાણીને હું તેમને અહીં બોલાવીશ. બધું ઘટતું કરીશું. જો તે નહિ માને તો તીર્થનો વહીવટ પણ છોડાવીશું. માટે ચિંતા કરતા નહિ. ભગવાનની આજ્ઞા જીવતી રહે–જળવાઇ રહે તે બધા ઉપાય કરીશું.

*

૨૦૪૬, મહા સુદિ–૩, સોમવાર, ૨૯–૧–૯૦ મહારાષ્ટ્ર ભુવન, **પાલીતાણા**

જુઓ હસ્તગિરિજીમાં ઘણી ગરબડ થાય છે ત્યાંના કાર્યકરો (રોડ ઉપરથી વાહનમાં યાત્રિકોને લઇ જવા અંગે) કહે છે કે–'મહારાજની આજ્ઞાનો ભંગ થાય તે વાત સાચી છે કે–વાહનથી યાત્રા કરવા ન ચઢાય પણ તેમાં ભગવાનની આજ્ઞાનો ભંગ થાય છે તે વાત ક્યાં છે ?'

ગુજરાતી ભાષાના સ્તવનાદિમાં મહાપુરૂષો લખી ગયા છે કે–

'ચાલો ચાલો વિમલગિરિ જઇએ રે, ભવજલ તરવાને,
તુમે જયણાએ ઘરજો પાય રે, પાર ઉતરવાને.'

આમાં બાકી શું રહ્યું છે ?

'વાહનથી ન ચઢાય તો રસ્તો કેમ કર્યો ?' આવી આવી દલીલો કરનારા ભેગા થયા છે તેવાને કોણ સમજાવે ?

સુ. શ્રી કાંતિલાલે તો વચનનો ભંગ કર્યો છે અને પાછા આવા બચાવ કરે છે જ્યાં જ્યાં મારી નિશ્રામાં તેઓ ટીપ કરવા આવ્યા છે ત્યાં ત્યાં તેઓએ જાહેરમાં કહ્યું છે કે–'આ સડક માત્ર માલ ચઢાવવા માટે છે. બીજા માટે નથી. પ્રતિષ્ઠા થશે એટલે તે સડક કાઢી જ નાખવાની છે.' આવી કબુલાત બધે આપી છે પણ હવે તે વચનનો અમલ કરતા નથી અને ખોટી ખોટી દલીલો કરે છે.

રોડ નહિ કાઢે અને તેનો ઉપયોગ ચાલુ રાખશે તો તીર્થને નુકશાન થશે. સમજાવવા છતાંય નહિ માને તો કાયદેસર કામ ચલાવીશું.

તમને ખબર નહિ હોય કે–ઇન્દિરા ગાંધી જ્યારે વડા પ્રધાન હતા ત્યારે હેલીકોપ્ટર દ્વારા શ્રી શત્રુંજય તીર્થ ઉપર ઉતરવા કહેવરાવેલું. ત્યારે સુધારક ગણાતા શ્રી કસ્તુરભાઇએ જણાવેલું કે–તમે અહીં પાલીતાણા આવો અમે અમારી વિધિ મુજબ સારામાં સારી સગવડ સાથે ઉપર લઇ જઇશું પણ આ રીતે ખોટી પ્રણાલિકા ન પડાય.' તે પછી તે ન આવ્યા તે જુદી વાત.

હજી પણ આજે શ્રી સિદ્ધગિરિજી અને શ્રી ગિરનારજી એ બે તીર્થનો મહિમા એટલો જ જળવાઇ રહ્યો છે, આ શ્રી હસ્તગિરિજી એ શ્રી સિદ્ધાચલજીની રંગ ટુંક છે માટે તેનો મહિમા પણ તે જ રીતે જળવાવો જોઇએ.

તે લોકો આબુનો દાખલો આપે છે પણ આબુ ઉપર તો ગામ વસે છે. માટે આવી ખોટી ખોટી દલીલો કરે છે તે વ્યાજબી નથી.

સાચું જાણવા છતાં સમજવા છતાં પણ ખોટું કરે તો તેના સમાન બીજું મોટું પાપ મોટું નથી. આપણે ત્યાં ભગવાનની આજ્ઞામાં ધર્મ છે. 'આણાએ ધરમો' કહ્યું છે, આજ્ઞા મુજબ જીવશો તો કલ્યાણ થશે.

---

* આનુષંગિક ફલની કશી કિંમત નથી

ફલં પ્રધાનમેવાહુર્નાનુષઙ્ગિકમિત્યપિ ।
પલાલાદિપરિત્યાગાત્કૃષૌ ધાન્યાપ્તિવદ્ બુધાઃ ॥ [લલિતવિસ્તર.]

પંડિતપુરૂષો પ્રધાન–મોક્ષ ફલને જ ફલ કહે છે પરંતુ આનુસંગિક–પ્રાસંગિક સંસારિક સુખ આદિ ફલને ફલ રૂપે કહેતા નથી. જેમ ખેતીમાં પલાલ–ઘાસાદિ ગૌણ ફલને છોડીને, ધાન્યની પ્રાપ્તિ રૂપ પ્રધાન ફલને કહે છે તેમ.

તીર્થ અને તિથિની આરાધનાનો અપૂર્વ અવસર ઊજવવા આરાધકોનું વિશિષ્ટ આયોજન

શ્રી સિદ્ધિગિરિ મહાતીર્થની છ–ગાઉની યાત્રાનો શુભ દિવસ ફાગણ સુદ ૧૩ નો છે, જે આ વર્ષે મંગળવાર તા. ૧૦–૩–૧૯૯૮ ના દિવસે આવે છે. માટે એ દિવસે જ યાત્રા કરવી–કરાવવી જોઇએ.

સિદ્ધગિરિ છ–ગાઉની યાત્રા અંગે મિટિંગ અને જાહેરસભા

ગતવર્ષની જેમ સિદ્ધગિરિ છ–ગાઉની શાસ્ત્રોકત આરાધના કરવા–કરાવવાનો એક મોકો આ વર્ષે પણ આવી લાગ્યો છે. જન્મભૂમિ પંચાંગમાં આ વર્ષે પણ ફાગણ સુદમાં તેરસ એક જ અને ચૌદસ બે દિવસે આવે છે. તેથી શાસ્ત્રાનુસારી ઉદયાત્ તેરસના દિવસે જ છ–ગાઉની યાત્રા કરવા–કરાવવાની હોઇ મંગળવાર તા. ૧૭–૩–૯૮ ના દિવસે છ–ગાઉની યાત્રા સવિશેષ સુંદર રીતે થાય એ માટે શ્રી સિદ્ધગિરિ છ–ગાઉ યાત્રા સમિતિના અન્વયે ભોયણી તીર્થમાં ગચ્છાધિપતિ પૂ. આ. **શ્રી** વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં પ્રથમ મીટિંગ થઇ હતી. તેમાં મુંબઇ સ્થિત પ્રવચન પ્રભાવક પૂ. આ. **શ્રી** વિ. કીર્તિયશસૂરીશ્વરજી મહારાજને આ અંગે માર્ગદર્શનાદિ આપવા માટે પૂજ્યોએ આજ્ઞા કરતાં તેઓશ્રીની નિશ્રામાં પણ એક મીટિંગ બોલાઇ હતી. જેમાં આયોજનની વ્યવસ્થા અંગે ઊંડા વિચારવિમર્શ કરી યાત્રાના સ્વરૂપ આપરેખ ઓપ આપવામાં આવ્યો હતો. તે અંગે **શ્રી**પાળનગર દેરાસરના કંપાઉંડમા બાંધેલા વિશાળ મંડપમાં મા. સુદ ૧૫+વદ ૧ રવિવાર તા. ૧૪–૧૨–૯૭ના એક જાહેર સભાનું આયોજન કરાયું હતું. સુ. કક્કેશભાઇએ છ–ગાઉ મહત્ત્વનું ગીત ગાયું હતું. જ્યંત મહેતા અને પ્રકુલ વીરવાડીયાએ ટુંકું ઉદ્બોધન. કર્યું હતું. ત્યારબાદ પ્રવચન પ્રભાવક આચાર્યશ્રીએ લગભગ બે કલાક સુધી અસ્ખલિત વારામાં સિદ્ધાચલ ગિરિરાજ ફાગણ સુદ ૧૩ યાત્રા, જૈન શાસનના દ્રવ્ય ક્ષેત્ર–કાળ ભાવાદિમાં આપણને કોઇનેય મનસ્વી ફેરફાર કરવાનો અધિકાર નથી વગેરે વિષયોની છણાવટ કરી હતી. ઉદયાત્ તિથિનો સિદ્ધાંત, ક્ષયતિથિ વૃદ્ધિ તિથિ, શાસનના અંગ તરીકે તિથિનું મહત્ત્વ વગેરે બાબતો ઉપર શાસ્ત્રીય પારંપરિક અને તાર્કિક દૃષ્ટિકોણની ઘણી જ સુંદર માહિતી આપી હતી.

સભાના અંતિમ તબક્કે આ પ્રસંગે ગિરિરાજની યાત્રા કરવા–કરાવવા માટેની વિવિધ યોજનાઓ જાહેર કરાઇ હતી, તેમાં સુંદર સ યોગ સાંપડયો હતો. મુંબઇથી

સ્પેશિયલ ટ્રેનની નોંધણી કરાઇ છે. તદુપરાંત મુંબઇના કરેક વિસ્તારોમાંથી યાત્રાર્થે પધારવાની પ્રેરણા કરાતાં ગણનાતીત સહયોગ સાંપડયો છે. કરેક સેંટર ઉપર વેઇટીંગ લીસ્ટમાં લાંબી કતાર છે. યાત્રા સમિતિએ માત્ર ૬૦૦ રૂા.માં આરાધકોને યાત્રા કરાવવા માટે સુકરતમ આયોજન ગોઠવ્યું છે. જેમાં મુંબઇથી ટ્રેઇનમાં, આગળ સ્પે. બસ દ્વારા જવા–આવવાનું અને રહેવા–જમવાદિની વ્યવસ્થા કરાશે.

આ વખતે સાધર્મિક ભક્તિના પાલનો સંપૂર્ણ લાભ શ્રીપાળનગર નિવાસી શ્રી નયનબાળાબેન બાબુભાઇ જરીવાળા પરિવારે પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીજીની નિશ્રામાં ખૂબ જ અંતરની ઉદારતા દાખની મોટી રકમ જાહેર કરવા પૂર્વક લીધેા છે. તેની ખૂબ અનુમોદના કરવામાં આવે છે.

— શાસન સમાચાર —

— રત્નકુક્ષી માતાની ચિર વિદાય —

સુશ્રાવક સોમચંદભાઇ ગીરધરદાસ શાહના ધર્મપત્ની સુશ્રાવિકા કમલાબહેન એક શ્રદ્ધાવંત ધર્મ આરાધિકા હતા જેમનો આત્મા ધર્મ રંગથી અત્યંત રંગાઇ ગયેા હતેા. સંયમ લેવાના ઉત્તમ ભાવોમાં રમતો હતેા તેના પ્રભાવે જ એ ઉત્તમ માતાએ પોતાના પાંચ પુત્રોને સંયમ લેવાના દૃઢ સંસ્કારો આપ્યા ને તેના સાથે સ્વ જીવનમાં ત્રણે ઉપધાન તપ, છ'રિ પાલ્ત સંઘ યાત્રા વર્ષીતપ, ૫૦૦ આયંબિલ વર્ધમાન ઓળીઓના આરાધક બન્યા. ત્રણે પુત્રોના દીક્ષા પ્રદાન પંન્યાસ ગણી પદવી ઉત્સવોના કર્શન કરી ધન્ય બન્યા હતા આચાર્ય વારિષેણસૂરિજી પંન્યાસ વિનયસેન વિ. મ. મુનિ વજ્રસેનવિજય મુનિ વલ્લભસેન વિજય મુનિ વિરાગસેન વિજય પાંચે બંધુઓની આરાધના પ્રભાવના જોઇ અનુમોદના કરતા હતા પૌત્રી સાધ્વી પાવનયશાશ્રીને પણ સંયમ સાધનામાં ખુબ જ પ્રેરક બન્યા હતા.

જીવનભર વૈયાવચ્ચ ભક્તિ ને પૂજા ભાવનાથી જીવનને અત્યંત સુવાસિત બનાવેલ તે ધન્ય માતા ૨૦૫૪ના પોષ વદ–૧ ના રાતના ૩ વાગે નવકાર સ્મરણ ને આરા.ના પચ્ચખાણસહ સમાધિ મરણને પામતા સંઘમાં ગમગીન વાતાવરણ વ્યાપેલ સાથે સૌ તેમની ધર્મલાગણીને પુત્રોને સંસ્કાર દાન સંયમ ભાવની અનુમોદના કરતા હતા.

શ્રી સિદ્ધગિરિજીની છ ગાઉની યાત્રા કયારે કરવી ?

ફાગણ સુદ–૧૩, તા. ૧૦–૩–૬૮ના મંગળવારે જ શા માટે કરવી ?

એક મહત્ત્વનું માર્ગદર્શન

શ્રી સિદ્ધગિરિ મહાતીર્થની દોઢ ગાઉ, ત્રણ ગાઉ, છ ગાઉ, બાર ગાઉની પ્રદક્ષિણાનો મહિમા છે તેમાં ફાગણ સુદ તેરસે છ ગાઉની પ્રદક્ષિણા યાત્રાનો ઘણો મોટો મહિમા છે.

આ દિવસે પ્રદક્ષિણામાં ચંદન તળાવડી, ભાંડવાનો ડુંગર અને સિદ્ધવડની જે જે સ્પર્શના કરવાની હોય છે તેમાં ભાંડવાના ડુંગરની સ્પર્શનાનું પણ એક વિશિષ્ટ મહત્ત્વ છે. કારણ કે ફાગણ સુદ તેરસના દિવસે ભાંડવાના ડુંગર ઉપરથી શાંબ અને પ્રદ્યુમ્ન સાડા ત્રણ કરોડ મુનિઓ સાથે ઉત્કૃષ્ટ સાધના કરી મોક્ષ ગયા. શાંબ અને પ્રદ્યુમ્ન એ કૃષ્ણ વાસુદેવના પુત્રો–ભાંડુઓ હોવાથી એ વિભાગનું નામ ભાંડવાનો ડુંગર પડયું. આ દિવસે હજારોની સંખ્યામાં ભાવિકો યાત્રા કરવા આવે છે. આ તીર્થ અને તિથિનું મહત્ત્વ છે. એટલે આ સ્પર્શના માટે તીર્થ અને તિથિ બંનેય જાળવવાનાં. જેમ તીર્થનું સ્થળ બદલી ન શકાય તેમ તિથિ પણ બદલી ન શકાય.

ચાલુ વર્ષે સંઘમાન્ય જન્મભૂમિ પંચાંગમાં ફાગણ સુદ ૧૩ તા. ૧૦–૩–૬૮ ના મંગળવારે આવતી હોવાથી દર વર્ષની જેમ આ વર્ષે પણ વિશાળ સંખ્યામાં ભાવિકો તા. ૧૦–૩–૬૮ના મંગળવારે ફાગણ સુદ તેરસની છ ગાઉની યાત્રા કરવાના છે.

આમ છતાં કેટલાકો દ્વારા એવો પ્રશ્ન કરાઇ રહ્યો છે કે છ-ગાઉની યાત્રા પહેલી તેરસે કરવાની કે બીજી તેરસ ? બે તેરસ હોય તો યાત્રા તા. ૧૧–૩–૬૮ના બુધવારની બીજી તેરસે જ કરવી જોઇએ. એના બદલે તા. ૧૦–૩–૬૮ ના મંગળવારની પહેલી તેરસે શી રીતે કરી શકાય ?

આ પ્રશ્ન કરનાર મહાનુભાવો જો સંઘમાન્ય જન્મભૂમિ પંચાંગ જોશે તો તેમને ખ્યાલ આવશે કે હકીકતમાં ફાગણ સુદ ૧૩ બે છે જ નહિ પણ ફાગણ સુદ ૧૪ બે છે. એટલે બીજી તેરસનો કોઇ પ્રશ્ન આવતો જ નથી.

જન્મભૂમિ પંચાંગ :

ફાગણ સુદ ૧૩ તા. ૧૦ મંગળવારે

ફાગણ સુદ પ્રથમ ૧૪ તા. ૧૧ બુધવારે

ફાગણ સુદ દ્વિતીય ૧૪ તા. ૧૨ ગુરૂવારે છે.

આમ છતાં પોતાની કલ્પનાથી બે ચૌદસ ન માનતાં બે તેરસ કરવી અને પંચાંગની સાચી તેરસને પ્રથમ તેરસ માની છોડી દેવી, પ્રથમ ચૌદસને બીજી તેરસ કહેવી અને આરાધવી તે સત્યનિષ્ઠા સાથે સંગત થતું નથી.

કેટલાક લોકો એમ પણ પૂછતા હોય છે કે મોટી તિથિ બે હોઇ શકે ? બે દિવસ ઓલીએ અને એમાં પહેલા દિવસે લિલોતરી વગેરેનો ઉપયોગ કરીએ તો દોષ ન લાગે ? આવું પૂછનારે સમજવું જોઇએ કે, બે ચૈત્ર, બે આસો, બે ભાદરવા આવે ત્યારે તે મુજબ જ બોલાય છે અને મનાય છે. અને એમ કરીને બીજા ચૈત્રમાં, બીજા આસોમાં ઓળી વગેરેની આરાધના કરનાર પહેલા ચૈત્ર–આસોમાં કશું કરતા નથી. બે ભાદરવા વખતે ભાદરવા પર્યુષણની કોઇ આરાધના કરતા નથી. તે છતાં જેમ ત્યાં કશું અનુચિત મનાતું નથી તેમ અહીં પણ મોટીતિથિઓ બે આવતી હોવાથી તેમ માનવામાં કશું જ અનુચિત નથી.

આ અંગે શાસ્ત્રીય કોઇ વિધાન છે ? કેટલાક લોકો પૂછતા હોય છે તેમણે એ પણ ધ્યાનમાં લેવા જેવું છે કે–

કલ્પસૂત્રના સમાચારી નામના વ્યાખ્યાનની કરેક વૃત્તિઓમાં આ અંગેની સ્પષ્ટ વિચારણા કરાઈ છે.

ત્યાં પ્રશ્ન કરાયો છે કે બે ભાદરવા મહિના આવે ત્યારે પર્યુષણની આરાધના પહેલા ભાદરવા માસમાં કરવી કે બીજા ભાદરવા માસમાં કરવી ?

એના જવાબમાં ત્યાં લખ્યું છે કે જ્યારે બે ચૌદસ આવે છે ત્યારે આપણે પક્ખીની આરાધના પહેલી ચૌદસે ન કરતાં બીજી ચૌદસે કરીએ છીએ તેમ જ્યારે બે ભાદરવા મહિના આવે ત્યારે પર્યુષણની આરાધના પહેલાં ભાદરવા મહિનામાં ન કરતાં બીજા ભાદરવામાં કરવી જોઇએ.

શ્રી કલ્પસૂત્રની કરેક વૃત્તિઓમાં આવતી આ પ્રશ્નોત્તરી ઉપરથી ખ્યાલ આવશે કે પહેલાં પણ બે ચૌદસો આવતી હતી અને જ્યારે જ્યારે બે ચૌદસો આવતી ત્યારે તેના બદલે બે તેરસ નહોતી કરાતી. પણ બે ચૌદસને યથાવત્ માન્ય રાખી પહેલી ચૌદસે પક્ખીની આરાધનાદિ ન કરતાં બીજી ચૌદસે કરાતી હતી.

આવી જ પરિસ્થિતિ ગયા વર્ષ જેમ જ આ વર્ષે ફાગણ સુદ ચૌદસની બાબતમાં છે.

વિ. સં. ૨૦૫૩ના ગયા વર્ષની જેમ અને ૨૦૫૪નો આ વર્ષે ફાગણ સુદ ૧૪

બે આવે છે. બંટલે તેરસ એક જ છે. અને ચૌદસના બદલે બે તેરસ કરવી એ ખોટું છે અને મંગળવારે તા. ૧૦ સે આવતી સાચી તેરસ છોડીને બુધવાર તા. ૧૧મી આવતી પહેલી ચૌદસને બીજી તેરસનું નામ આપી તે દિવસે છ ગાઉની યાત્રા કરવી તે પણ ખોટું છે.

સાચું તો તે જ છે કે જે રીતે આ વર્ષના જન્મભૂમિ પંચાંગમાં બે ચૌદસ છે અને તેરસ તો એક જ છે, તેથી તેને તે જ રીતે માન્ય રાખી મંગળવાર તા. ૧૦ મીએ ફાગણ સુદ તેરસની છ-ગાઉની યાત્રા કરવી જોઇએ.



— શાસન સમાચાર —

વરિષ્ઠ શ્રમણીરત્નની વિદાય

જૈન શાસનના મહાન જ્યોતિર્ધર વ્યાખ્યાન વાચસ્પતિ સુવિશાલ ગચ્છાધિપતિ સ્વ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજના સમુદાયવર્તી અને હાલ ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજના આજ્ઞાવર્તી તેમજ સુપ્રસિદ્ધ વક્તા સ્વ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય કનકચન્દ્રસૂરીશ્વરજી મહારાજના બહેન મહારાજ ૨૨૫ થી અધિક શ્રમણીવૃંદના વડેરા પ્રવર્તિની સ્વ. પૂ. સાધ્વીજી **શ્રી** દર્શનશ્રીજી મહારાજની સંયમ શાખાના ચોથા વરિષ્ઠ શ્રમણીરત્ના પ્રશાંતવિદુષી પરોપકારમૂર્તિ પૂ. સાધ્વીજી **શ્રી** ત્રિલોચનાશ્રીજી મહારાજ વિ. સં. ૨૦૫૪ પોષ વદ પ્ર. ૬ રવિવારના બપોરે ૨-૧૫ કલાકે **શ્રી** નમસ્કાર મહામંત્રનું શ્રવણ કરતાં મૂળ જ સમાધિપૂર્વક પાટણ મુકામે કાળધર્મ પામ્યા છે.

મૂળ પાટણના વતની હતા અને પાટણમાં જ દીક્ષા ગુરુના સમાધિસ્થાને સ્વર્ગવાસી બનેલા પૂજ્યશ્રી ૧૭ વર્ષની ભરયુવા વયમાં સંયમને પામ્યા હતા, ૬૦ વર્ષનાં નિર્મળ સંયમપર્યાય પાળી ૭૭ વર્ષની ઉંમરે ૭૩ શિષ્યા-પ્રશિષ્યાઓનું યોગ-ક્ષેમ કરતાં અપૂર્વ અને અદ્ભુત સમાધિ પ્રાપ્ત કરી ગયા.

પૂજ્યશ્રીનો આત્મા જ્યાં હોય ત્યાં પરમશાંતિને પ્રાપ્ત કરે અને પરમાત્માનું શાસન પામી શીઘ્ર શાશ્વત સુખને વરે.



卐 જ્ઞાન ગુણ ગંગા 卐

—પ્રજ્ઞાંગ

૦ 'શ્રી સ્થાનાંગ સૂત્ર' માં દશ પ્રકારનો લોચ કહ્યો છે. પાંચ ઇન્દ્રિયોનો જય, ચાર કષાયનો ત્યાગ એ નવ પ્રકારે ભાવ લોચ કહ્યો છે અને દશમો કેશલોચ એ દ્રવ્ય લોચ કહ્યો છે.

૦ 'શ્રી આવશ્યક સૂત્ર' માં શ્રુતજ્ઞાનની ચૌદ પ્રકારે આશાતના કહી છે તે આ પ્રમાણે–

૧. એકના એક પદને બે-ત્રણ વાર બોલવું તે 'આમ્રેડિત.'

૨. એક્ષર ઓછો બોલવો તે 'હીનાક્ષર'.

૩. અક્ષર અધિક બોલવો તે 'અધિકાક્ષર'.

૪. પદ કાઢી નાખીને બોલવું તે 'પદહીન'.

૫. વિનય રહિત બોલવું તે 'વિનય હીન'.

૬. ઉદાત્ત વિગેરે ઘોષ રહિત બોલવું તે 'ઘોષહીન'.

૭. યોગવલન કર્યા વિના ભણવું તે 'યોગહીન'.

૮. ગુરૂએ બરાબર નહિ દીધેલું તે 'સુષ્ઠુ અદત્ત'.

૯. ગુરૂએ બરાબર દીધા છતાં દુષ્ટપણું બતાવવું તે 'દુષ્ટ પ્રતિચ્છિત'.

૧૦. મલિન અંતઃકરણથી શ્રુતપાઠ કરવો.

૧૧. અકાલે સ્વાધ્યાય કરવો.

૧૨. કાલે સ્વાધ્યાય ન કરો.

૧૩. અસ્વાધ્યાય વખતે સ્વાધ્યાય કરવો.

૧૪. સ્વાધ્યાય વખતે સ્વાધ્યાય ન કરવો.

૦ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન વિના બીજા અવિધિજ્ઞાન, મનઃ પર્યવજ્ઞાન અને કેવલજ્ઞાન થાય જ નહિ. આ અંગે શ્રી વિશેષાવશ્યક ભાષ્યમાં

"×××तब्भावे सेसाणि य तेणाइअं भइ–सुयाइं ॥८५) टीका×××तद्भावे इत्यादि" तद्भावे मति-श्रुतज्ञान-सद्भावे-एव शेषाण्यवध्यादीनि ज्ञाना-यवाप्यन्ते; नान्यथा, न हि स कश्चित् प्राणी भूतपूर्वः, अस्ति, भविष्यति वा, यो मति–

શ્રુતજ્ઞાને અનાસાદ્ય પ્રથમમેવાડવધ્યાદીનિ શેષજ્ઞાનાનિ પ્રાપ્તવાન્, પ્રાપ્નોતિ, પ્રાપ્સ્યતિ વેતિ ભાવઃ ।।"

ભાવાર્થ :— મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ પછી જ બાકીના અવધિ આદિ ત્રણ જ્ઞાનોની પ્રાપ્તિ થાય છે, તે સિવાય નહિ. એવો કોઇ જીવ ભુતકાળમાં થયો નથી, વર્તમાનમાં છે નહિ કે ભવિષ્યમાં થવાનો પણ નથી કે જે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનને પામ્યા વિના પહેલેથી જ અવધિ આદિ ત્રણ જ્ઞાનોને પામ્યો હોય કે પામશે.

— જોઈએ છે —

મોમ્બાસા (કેન્યા) માં ધાર્મિક શિક્ષક, પુજારી તેમજ આયંબિલ શાળા સંભાળવા વ્યક્તિઓની જરૂર છે. પગાર, અનુભવ તથા લાયકાત મુજબ મળશે. અત્રે રહેવાની સગવડ મળશે, તે ઉપરાંત ભારતથી અત્રે આવવા તથા પરત જવા ફેર ભાડું મળશે જેમને ધાર્મિક શિક્ષક તરીકે રહેવાની ભાવના હોય, પુજારી તરીકે રહેવાની ભાવના હોય આયંબિલ શાળામાં રસોઇ કરવાની ભાવના હોય તેમજ આયંબિલ શાળા વ્યવસ્થિત ચલાવવાની ભાવના હોય તેમણે તાજેતરમાં પડાવેલ ફોટાની બેઠક નકલ સાથે પોતાનો અભ્યાસ, અનુભવ, ધાર્મિક જ્ઞાન, ઉંમર, જે જે સ્થળે કામ કર્યું હોય તેની સંપૂર્ણ વિગતો, પ્રમાણપત્રો તથા પોતાના કુટુંબ પરિવારની સંપૂર્ણ વિગતો સાથે નીચેના સ્થળે અરજી કરવા વિનંતી. (શિક્ષક અને પુજારીને અંગ્રેજી જ્ઞાન જરૂરી રહેશે.)


સરનામું :— માનદ્‌મંત્રી
શ્રી જૈન શ્વેતામ્બર દેરાવાસી સંઘ,
પો. બો. નં. ૮૦૭૧૧
મોમ્બાસા કેન્યા

નોંધ : પત્ર વ્યવહારમાં સરનામું અંગ્રેજીમાં કરવું

દયા ધર્મનું મુળ છે ॥ શ્રી મહાવીરાય નમઃ ॥ અહિંસા પરમો ધર્મ

ESTD SY 2028 Trust Act. Reg. N. E-379 Kachchh ☎ 20040/20079

Dnatin is Exam. U/S 80-G (5)Certi N.63-42 CITR Dt. 9-10-93 t 31-8-98



શ્રી જીવદયા મંડળ – રાપર

રાપર–કચ્છ ૩૭૦ ૧૬૫ * પોસ્ટ બોક્ષ નં. ૨૩

રાપર પાંજરાપોળને મદદ માટે અપીલ

ધર્મપ્રેમી ભાઇશ્રી,

અહિંસા પરમો ધર્મના ન્યાયે જીવદયાના ઉમદા ઉપદેશથી છેલ્લા ૨૫ વર્ષથી આ સંસ્થા દ્વારા અબોલ નિરાધાર, નિઃસહાય જીવોને આશ્રય આપી નિભાવવાનું, તેમ કસાઈ વાડે જતા જીવોને બચાવવાનું કાર્ય ચાલી રહેલ છે.

કચ્છની ભૌગોલીક સ્થિતિ જ એવી છે કે જ્યાં અવાર–નવાર આફત, અર્થ અછત કે દુષ્કાળો ચાલતાં હોય છે. ગયા છેલ્લાં બે વર્ષ પણ ઉપરા ઉપરી અછતનાં વરસ હતાં જેને લઇ આ સંસ્થા ઉપર ઢોરોનું ખૂબ જ મોટું ભારણ થઇ જવા પામેલ. આજની તારીખે પણ આ સંસ્થામાં ૪૬૦૦ પશુઓ આશ્રય લઇ રહેલ છે. તારીખ ૧–૪–૯૬ થી તા. ૩૧–૩–૯૭નો એક વરસનો નિભાવ ખર્ચ રૂા. ૯ કરોડ ૨૫ લાખ આસપાસ લાગેલ છે તેના ઉપરથી આ સંસ્થા ઉપર કેટલી મોટી જવાબદારી છે તેનો ખ્યાલ આવશે.

આવડી મોટી જવાબદારી હલ કરવી એ કંઇ નાનું–સુનું કામ નથી સૌ કોઇનો સહયોગ પ્રાપ્ત થાય તો જ આ કાર્ય શક્ય બને. આવા કપરા સમયમાં આવી સંસ્થાઓ પુજ્ય સાધુ ભગવંતો પુજ્ય સાધ્વી ભગવંતો તથા જીવદયા પ્રેમી ભાઇ–બહેનોના ભરોસે જ ચાલે છે.

આ સંસ્થાને સ્વાવલંબી બનાવવા માટે સંસ્થાએ પોતાની માલકીની ૨૨૫ એકર જમીનમાં વીડ વીકાસ યોજના બનાવેલ છે જેમાં રૂા. ૫૧૦૦૦ (એકાવન હજાર) આપનાર દાતાનું નામ શીલાલેખમાં લખવામાં આવશે,

આથી સૌ જીવદયા પ્રેમી ભાઇઓ, બહેનો, શ્રી સંઘો તથા સેવાભાવી સંસ્થાઓને નમ્ર વિનંતી, આ સંસ્થાને શક્ય વધુમાં વધુ રકમ મોકલી જીવદયાના ઉમદા કાર્યમાં સહકાર આપી–અપાવી આભારી કરશોજી.

પત્ર વ્યવહારનું સરનામું : **શ્રી જીવદયા મંડળ રાપર (કચ્છ) ૩૭૦ ૧૬૫**

ટેલીફોન નં. (કોડ–૦૨૮૩૦) પાંજરાપોળ ૨૦૦૪૦ પ્રમુખ ઓ. ૨૦૦૭૯ રે. ૨૦૩૫૭

૦ સંસ્થાનું ખાતુ દેનાબેંક રાપર શાખામાં શ્રી જીવદયા મંડળના નામનું છે.

જેમ લાખ હણુજો લાખનો પાલણહાર હણુસો નહી
તેમ સંતાનો કાજે સર્વસ્વ દેનારી વ્હાલી "મા" કોઇની મરશો નહી

પૂજ્ય પરમેશ્વરી વાત્સલ્યમૂર્તી પ્રેરણાદાતા સંસારદાતા સંઘમાતા "બા" ની માસીક પૂન્ય તિથીએ શ્રદ્ધાંજલી

જન્મ

ઇ.સ. ૧૯૨૦



સ્વર્ગવાસ
તા. ૨–૧–૯૮
શુક્રવાર

પૂજ્ય પરમેશ્વરી સંઘમાતા શ્રીમતી મણીબહેન પોપટલાલ વિરપાર દોદિયા

ગામ નવાગામ હાલ મુલુંડ

વિશ્વના કાળચક્રમાં મૃત્યુ અનિવાર્ય છે દેહ નાશવંત છે
આત્મા અમર છે મૃત્યુ એ નવજીવનનું વિરામ સ્થાન છે.

અમારા બહોળા કુટુંબને ધાર્મીક, સામાજીક, સંસ્કારોનું અમુલ્ય સીંચન આપનાર વાત્સલ્યતાની શીતલતા આપીને છાયડો આપનાર વડલો અનંતના પંથે ચાલ્યો ગયો.

અમારા આ શોકમય વાતાવરણમાં વિશ્વના દરેક ખુણેથી ફેક્ષ, તાર, ફોન, ટપાલ દ્વારા દેલસોજી પાઠવી શ્રદ્ધાંજલી પાઠવીને અમારા શોકમા સહભાગી થઇ હિંમત આપી છે. તે સર્વેનો અમારો સહ પરીવાર આભારની લાગણી દર્શાવે છે.

પૂજ્ય "બા" એ પોતાના જીવનમાં નાનેથી મોટી વયના પૂજ્ય સાધુ ભગવંતો પૂજ્ય સાધ્વીજીઓ સાથે આત્મીયતા આર્થીત્યતા વૈયાવચ ધર્મમયતા જે કેળવી હતી તે એમ બાળકો ઉપર તે સંસ્કારોનું પ્રભુત્વ વણાઇ ગયું હતું.

પોતાના જીવન શેષકાળ સુધી પૂજ્ય પિતાશ્રી સાથે ધર્મમયતામાં લીન થઇ ગયેલ જે નીચે લખેલ લખાણ ઉપરથી જોઇ શકાશે.

(૧) પાંચ ચાતુર્માસ પાલીતાણા (૨) ત્રણ નવાણુયાત્રા (૩) ત્રણ ઉપધાનતપ (૪) સોળ અઠ્ઠાઈ (૫) એક પંદર ઉપવાસ (૬) એકવીસ વર્ધમાન તપની ઓળી (૭) જીવન પર્યંત ચૌવીહાર (૮) સવાર સાંજ પ્રતીક્રમણ (૯) રોજની આઠ દ્રવ્ય સામયીક (૧૦) દિવસમાં ત્રણ વખત દેવવંદન (૧૧) વિશેષ નવાગામથી પાલીતાણા છ'રી પાલીત સંઘના પ્રેરણાદાતા સંઘમાતા.

આ સીવાય પૂજ્ય સાધુ-સાધ્વી ભગવંતોની વૈયાવચ્ચ અને સાધર્મિક ભક્તી વગેરે સદ્ગુણોથી સભર સ્વભાવ.

આવા સુસંસ્કારોથી આજે પ્રપૌત્રાઓ ઇંગ્લીશ મીડીયમમાં ભણતા હોવા છતા પાંચ વરસની ઉંમરના છ વાગ્યે ભગવાનની પુજા કરીને સાત વાગ્યે સ્કુલે ભણવા જાય છે.

આવી જનનીના સંસ્કારોના વારસાને યાદ કરીને માસીક પુષ્પાંજલી શ્રદ્ધાંજલી અર્પણ કરીએ છીએ. લી.

સંઘવી પૂજ્ય પિતામહ પોપટલાલ વિરચાર
દોઢિયા પરીવાર વતી
મનસુખલાલ રમેશચંદ્ર સુરેન્દ્ર
કુ. પ્રફુલાબેન શ્રીમતી ઇન્દીરા સુરેન્દ્ર પારેખ

પ્રભુ ! દૂર કરો અંધારું —પૂ. મુ. શ્રી મોક્ષરતિવિજયજી મ.

હે પ્રભુ ! 'અમને શિવસુખ આપો' એવું હું તને અમથું નથી કહેતો હોં ! સંસાર સુખનો સ્વાદ (!) ચાખ્યા પછી હું તને વિનવું છું- આપો આપો ને મહારાજ ! અમને મોક્ષસુખ આપો !

હે પ્રભુ ! 'કયા કરી મુજને નેહે નિહાળો' એવી મારી પ્રાર્થના પાછળની લાં... બી રામકહાણી તું સાંભળશે ત્યારે જ તારું હૈયું પીગળશે. પણ એ હું શી રીતે સંભળાવું ? એની પણ મને મુંજવે છે. ટુંકમાં એટલું જાણી લે પ્રભુ, કે જેની જેની પાસે હું નેહની આશ લઇને ગયો તે બધાએ મને છેહ દીધો છે. ત્રાસી ઠંટાળીને હવે તારી પાસે આવ્યો છું. શું તું પણ...?

હે પ્રભુ ! ડાંશે ડાંશે ગોઠવી ગોઠવીને રાચીમાચીને પાપલીલાઓ આચરનારો હું તારી સામે જ્યારે 'ભવમંડપમાં રે નાટક નાચિયો' બોલું છું ત્યારે લાગે છે કે અત્યારે રંગમંડપમાં પણ હું એક નાટક જ નાચી રહ્યો છું. મારી બેશરમી અને નફટાઇને હવે તું ચલાવી ના લે, પ્રભુ !

ગચ્છાધિપતિ જૈનાચાર્ય પૂ. આચાર્યદેવ

卐 શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજ 卐

—ડૉ. રમેશ એમ. વોરા—એમ. ડી.

"ત્રિભુવન, તારે દીક્ષા લેવી હોય તો લે જે! પણ તને મેં જેટલાં કપડાં સીવડાવી આપ્યા છે તે બધા જ ફાટી જાય પછી."

મામાની આ શરત સાંભળી ભાણેજ તરત જ વળતો જવાબ આપે છે કે, 'લાવો, ફાતર હમણાં જ ફાડી નાંખુ.'

કાકા સમજાવે છે કે 'તું દીક્ષાની વાત છોડી દે. અમારી બધી જ પેઢીઓ તારા નામે લખી આપીએ.' ત્યારે ત્રિભુવન કહે છે 'પાપની કમાણી કરતી પેઢીઓ ચલાવવામાં મને જરાય રસ નથી. શું ભગવાનની પેઢી ચલાવું તે તમને ગમતું નથી?' આવા જવાબો સાંભળી બધા ભેગા થઇ છેવટે એક પારસી જજ પાસે બાળકને લઇ ગયા. અગાઉની ગોઠવણ મુજબ જજ સાહેબે સવાલો પૂછ્યા. 'તારે દીક્ષા શા માટે લેવી છે? જ. ધર્મ કરવા માટે. સ. ધર્મ કરીને શું મેળવવું છે? જ. મોક્ષ. જજે પૂછ્યું, શું

મુંબઇમાં એકવાર થોડા સમાધાન પ્રેમીઓ પૂજ્યશ્રી પાસે આવ્યા અને જેના દ્વારા સમાજમાં વર્ષણ થાય તેવી સૈદ્ધાંતિક બાબતોમાં બાંધછોડ કરી ઢીલા પડવા તેમને કહ્યું કે 'અમે સૌ અજ્ઞાની છીએ પણ આપ જ્ઞાની થઇને બાંધછોડ ન કરો તે કેમ ચાલે? જ્ઞાનીએ તો ઢીલું મૂકી દેવું જ જોઇએ. વળતી પળે જ પૂજ્યશ્રીએ જવાબ આપ્યો કે 'તમે અજ્ઞાની ને અમે જ્ઞાની એટલે સત્ય સાચવવાની જવાબદારી અમારી અનેકગણી વધી જાય છે. અજ્ઞાની દૂધ-ઢોકળી બંનેયમાં પગ રાખે ચાલે—પણ જ્ઞાનીને જ્ઞાનનો પ્રકાશ મળ્યા પછી બંનેયમાં પગ રાખે કેમ ચાલે? તમે અજ્ઞાની અજ્ઞાનમાં ખોટી વસ્તુને પણ પકડી રાખો તો અમે જ્ઞાનથી જચેલ સાચી વસ્તુનો આગ્રહ કેમ ન રાખી શકીએ!

દીક્ષા વિના ધર્મ ન થાય? ઘરમાં રહીને પણ ધર્મ તો થાય જ ને. ત્રિભુવનકુમારે સામો સવાલ પૂછ્યો. જજ સાહેબ તમે ઘરમાં રહીને કેટલો ધર્મ કરો છો?

જજસાહેબને છેવટે કહેવું પડ્યું કે આ બાળક સાધુ થવા જ સર્જાયેલો છે અને તેને રોકવાનો પ્રયત્ન કરવો વ્યર્થ છે.

મહીસાગર કાંઠાના કહેવાણ ગામે આજથી ૧૦૦ વર્ષ પહેલાં જન્મેલા ત્રિભોવને નાની ઉંમરે જ માતા-પિતાની છત્રછાયા ગુમાવી. કાકીમા રતનબેને તેમને ઉછેર્યા અને

નાનપણથી ધાર્મિક સંસ્કારોનું સિંચન કર્યું. મોહવશ દાદીમાં દીક્ષા જ લેવા જેવી છે તેવી સલાહ આપીને પછી કહેતાં કે તું દીક્ષા જરૂર લેજે પણ મારા મૃત્યુ પછી જ!

બાર વર્ષની ઉંમરે વ્યવહારિક શિક્ષણને તિલાંજલી આપી ઉપાશ્રયને જ તેમનું ઘર બનાવ્યું. જ્ઞાનાભ્યાસ અને અને સાધુ સેવા જ તેમનો 'જીવનમંત્ર' ત્રિભુવનની અભિલાષા પૂર્ણ કરે તેવા ગુરૂદેવ પૂજ્ય મુનિરાજ શ્રી પ્રેમવિજયજીનો ભેટો થતાં જ સંયમ માટે કૃતનિશ્ચયી બની ગયા.

સત્તર વર્ષની વયે ઘરથી ભાગીને જૂજ વ્યક્તિઓની હાજરીમાં ગંધાર તીર્થમાં ત્રિભુવન મટીને મુનીશ્રી રામવિજયજી બન્યા. દીક્ષા વિધિ વખતે પવનના સૂસવાટાથી ચારેય દિવાની જ્યોત ઝબૂકતી જોઇને દીક્ષા ગુરૂએ ઉદ્‌ગાર કાઢયા કે 'હાલકડોલક થતી દીવાઓની જ્યોત સૂચવે છે કે આની સામે જીવનમાં અનેક ઝંઝાવાતો આવશે અને તેમ પણ લાગશે કે હમણાં જ આનું તે જ ભુક્કો જશે પરંતુ આ દીવાઓની જેમ આનું ધર્મ તેજ અખંડ રહેશે.' તેમના જીવનને જોનારા સર્વ જાણે છે કે આ ભવિવાણી ખરેખર સાચી પડી અને છેક છેલ્લી ઉમર સુધી શાસન પર આવેલા એક ઝંઝાવાતોનો સફળતા પૂર્વક સામનો કરીને તેઓ અમર બની ગયા.

દીક્ષાના બીજ જ વર્ષે પૂજ્ય ઉપાધ્યાયજી વીરવિજયજી મહારાજની આજ્ઞાથી વ્યાખ્યાનની પાટ પર બેસીને કોઇપણ જાતની પૂર્વતૈયારી વિના તેમણે જ જ્ઞાનગંગા વહાવી તે અવર્ણનીય હતી. માણસના હૃદયને વેધવા ને હૃદય પરિવર્તન કરવા ઉરમાંથી સહજ રીતે પ્રગટ થતા શબ્દો જ અમોઘ સાબિત થાય છે તે જ કારણસર આ મહાત્માના શબ્દો માણસના અંતરને ઢંઢોળી શકતા અને તેથી જ તેમનો ભક્તવર્ગ વિશાળ બન્યો. શાસ્ત્રવાચનમાં તે બિનહરીફ હતા. કલાકો સુધી શિષ્યવર્ગને વાચના આપતા. તેમની વાણી–વાચનામાં પૂર્વકાળના મહર્ષિઓની સ્વાધ્યાયની અનુભૂતિ થતી. તેમના પ્રવચનો સમ્યક્‌ત્વ, સંયમ અને મોક્ષની આજુબાજુ ફરતા. સાહિત્યરત્ન ગુજરાજ રાઠોડ નામના કવિએ તેમના પ્રવચનોને બિરદાવતા કહ્યું કે,

તેરે ઉપદેશો કી કવિને અર્ક નિકાલી,
ભોજન વહી રહા હૈ, નિત્ય બદલાતી થાલી.

લગભગ ૭૫ વર્ષ સુધી એકસરખી પ્રવચનગંગા વહાવનારા આ યુગપુરૂષને કદીય તેમના શબ્દો પાછા ખેંચવા પડયા નથી કે નથી કોઇ તેવી જરૂર પડી.

૧૯૭૬ની સાલમાં અમદાવાદમાં તેમણે અભક્ષ્ય ખાનપાન સામે જબ્બર જેહાદ જગાવી અમદાવાદની પોળેપોળે આ યુવાન મુનિના પ્રવચનોમાંથી જાગી ઊઠી. અભક્ષ્ય

ખાનપાનની ભયંકર અસરો સમજાવતી એ ધર્મવાણીના પ્રતાપે શહેરીઓના દિલ પીગળી ઊઠયાં. ઘણીબધી અભક્ષ્ય પીરસતી હોટેલો બંધ પડી. આ અરસામાં બીજી એક ઐતિહાસિક ઘટના બની. અમદાવાદના પ્રસિદ્ધ ભદ્રકાલી મંદિરમાં વિજ્યાદશમીના દિવસે ૬૨ સાલ બોકડાનો બલિ આપવાની પ્રથા હતી. આ મહાપુરૂષે અમદાવાદના આ કલંકને ભૂંસવા બીડું ઝડપ્યું. ઠરેઠ પોળે અહિંસાના પ્રવચનો આપ્યા. પ્રવચનોની એટલી જબરદસ્ત અસર પડી કે જૈન–જૈનેતરો અને સર્વધર્મના લોકો તે સાંભળવા ભીડ જમાવતા. આખું અમદાવાદ બલિ વિરૂદ્ધમાં એકમત થયું. મહાકાલિના પૂજારીઓ કોઇપણ ભોગે બલિ બંધ કરવા તૈયાર ના હતા. વિજ્યાદશમીના સવારે આખું અમદાવાદ ત્યાં ભેગુ થયું અને છેવટે લોકશક્તિનો સામે ઝુકીને પૂજારીઓએ બલિ પ્રથા હંમેશા માટે બંધ કરી. બલિના બોકડાને શણગારી આખા શહેરમાં ફેરવવામાં આવ્યો સરઘસમાં આગેમસ્થાને રહેવા નગરજનોને ઘણી વિનંતી કરી પરંતુ આ આમંત્રણને નમ્રતાથી પાછું મોકલીને હક્કની મળતી પ્રસિદ્ધિ ના લેતાં ધર્મ–મર્યાદાનું પાલન વધુ કિંમતી ગણ્યું.

પૂજ્ય ઉપાધ્યાયજી વીરવિજયજી મહારાજની આજ્ઞાથી વ્યાખ્યાનની પાટ પર બેસીને કોઇપણ જાતની પૂર્વતૈયારી વિના તેમણે જ જ્ઞાનગંગા વહાવી તે અવર્ણનીય હતી. માણસના હૃદયને વેધવા ને હૃદયપરિવર્તન કરવાં ઉરમાંથી સહજ રીતે પ્રગટ થતાં શબ્દો જ અમોઘ સાબિત થાય છે તે જ કારણસર આ મહાત્માના શબ્દો માનુસના અંતરને ઢંઢોળી શકતા અને તેથી જ તેમનો ભક્તવર્ગ વિશાળ બન્યો. શાસ્ત્રવાચનથી તેઓ નિસ્પૃહ હતા.

મુંબઇમાં એકવાર થોડા સમાધાન પ્રેમીઓ પૂજ્યશ્રી પાસે આવ્યા અને જેના દ્વારા સમાજમાં વર્ષણ થાય તેવી સૈદ્ધાંતિક બાબતોમાં બાંધછોડ કરી ઢીલા પાડવા તેમને કહ્યું કે 'અમે તો સૌ અજ્ઞાની છીએ પણ આપ જ્ઞાની થઇને બાંધછોડ ન કરો તે કેમ ચાલે ? જ્ઞાનીએ તો ઢીલું મૂકી દેવું જ જોઇએ. વળતી પળે જ પૂજ્યશ્રીએ જવાબ આપ્યો કે તમે અજ્ઞાની ને અમે જ્ઞાની એટલે સત્ય સાચવવાની જવાબદારી અમારી અનેકગણી વધી જાય છે. અજ્ઞાની દ્વિધા–ઢણી બંનેમાં પગ રાખે ચાલે–પણ જ્ઞાનીને જ્ઞાનનો પ્રકાશ મળ્યા પછી બંનેયમાં પગ રાખે કેમ ચાલે ? તમે અજ્ઞાની અજ્ઞાનમાં ખોટી વસ્તુને પણ પકડી રાખો તો અમે જ્ઞાનથી જોયેલ સાચી વસ્તુઓનો આગ્રહ કેમ ન રાખી શકીએ.

આ મુનિ સમક્ષ બાલદીક્ષા વિરોધ, સુધારાવાદ પ્રતિકાર, શાસ્ત્રીય સત્વની સુરક્ષા આદિ ઘણા જટીલ પ્રશ્નો આવતા. દરેકમાં તેમને ખંડનનો આશરો લેવો પડતો કેમ કે તો જ મંડન થઇ શકે, મંડન કરવા ખંડન કરવું આવશ્યક છે જેમ કે સાંધવા પૂર્વે કપડામાં સોયથી કાણું પડે જ. સીવતાં પહેલો કાપડ કાપવું પડે કે ઘર બાંધતા પહેલાં પાયો ખોદવો પડે જ, કેટલોક વર્ગ એવું માનતો કે મુનિ તો ખંડનના રસિયા છે. પણ તેઓએ જ્યાં ખંડન કર્યું ત્યાં મંડનને મુદ્રાલેખ સાથે જ કર્યું છે.

દુર્લભ દીક્ષા તેમને જનની બાજી લગાવીને મેળવી હતી. તેમણે જોયું કે જો દીક્ષા દુર્લભ રહેશે તો પ્રભુની આ તારક શ્રમણ સંસ્થા અવિરત રીતે માનવજાતનું કલ્યાણ કયાંથી કરી શકશે? દીક્ષા સુલભ બનાવવા તેમણે પ્રવચનોના કેન્દ્રબિંદુ તરીકે દીક્ષા ધર્મની સ્થાપના કરી. વિરાગથી નિતરતી વાણીથી નાનામોટા સૌને સંસારને સલામ કરવાનું મન થતું. અનેક દીક્ષાર્થીઓની વહારે ધાઇને સિદ્ધાંતની રક્ષા કાજે કોર્ટમાં ઘણીવાર ગયા. કાયદાના અભ્યાસ વિના આ યુવાન મુની પોતે જ પ્રતિભા ને બુમારીથી વાર્તાલાપ કરતા તે જોઇએ ન્યાયાધિશોય છક્ક થઇ જતા તેમને સોગંદવિધિ પણ અનોખી થતી. તેઓ બોલતા કે 'મેં જે પંચમહાવ્રત ધારણ કર્યા છે તેમના બીજા વ્રત મુજબ જુઠું બોલીશ નહી. બોલાવીશ નહી ને બોલતાને અનુમોદન કરીશ નહી... તે આધારે હું જણાવું છું... તેમ કરીને કોર્ટમાં સૌજન્ય રીતે પણ શાસ્ત્રીય આધારે ધારદાર દલીલો કરતા. કોર્ટમાં જજોને દલીલોમાં મહાવીર પ્રભુએ પ્રરૂપેલી દીક્ષા શુ ચીજ છે તે બતાવતા અને દીક્ષાનો ખોટો ભ્રમ ભાંગતા. તેઓ તીર્થંકર દેવોનો સંસાર ત્યાગ-જૈન મુનિ તરીકે તેઓની ફરજ-મુનિપણાની આરાધના-ત્યાગી ત્યાગનો જ ઉપદેશ આપી શકે તેની શાસ્ત્રોકત સાબિતીઓ-જગતના જીવોની અર્થકામની આસક્તિ ઓછી કરાવવાની પ્રયત્નશીલતા વગેરે પર ખૂબ જ સચોટ સ્પષ્ટ વકતવ્ય જુબાનીમાં આપતા, જજોને આ બાધું જાણીને આવા મુનિને કોર્ટમાં બસડી લાવનારા પ્રતિપક્ષની મેલી મુરાદો સમજતાં સિદ્ધાંત ને સત્ય તરફી ચુકાદો આપવો પડયો તેઓશ્રીએ કટોકટીના સમયોમાં આપેક્ષા માનનીય ને માર્ગદર્શક મંતવ્યો આજ પણ જૈન શાસનના બાંધારણના એક દસ્તાવેજી પુરાવા તરીકે મહત્વનું સ્થાન પામી ચૂકયા છે.

જમાનાવાદ સામે તેમણે મુંબઇમાં જેહાદ ચલાવી. તેમણે સિદ્ધ કરી બતાવ્યું જેમના હાથમાં સનાતન સત્યનું સત્વ ને તત્વ છે તે તો જમાના મુજબ ના જ ચાલે પરંતુ જમાનાને ચલાવે. જમાનાવાદની પ્રવૃત્તિઓનો ઉગ્ર વિરોધ કરીને પ્રવચનગંગા વહાવી જમાનાવાદના પુરને પાછા વાળ્યાં.

'સુખ છોડો દુઃખ મળેથી વેઠો.'
'સંસાર છોડવા જેવો છે એક સંયમ જ લેવા જેવું છે.'
'મેળવવા જેવો ફકત મોક્ષ જ છે.'
'સંસારે ભૂંડો, સંસારના સુખો પણ ભૂંડા.'
'ભગવાનની આજ્ઞા માને તે જ જૈન.'

દુઃખને તો બરાબ સૌ કહે પણ સુખને બરાબ કહેનારા આવા વિરલા ભાગ્યે જ મળે.

એકવાર પુના શહેરમાં અજૈન પંડિતોની ભરસભામાં તેમણે સ્યાદ્વાદ, અનેકાંતવાદ જેવા વિષયનું એટલું સુંદર બયાન આપ્યું કે ત્યાં રહેલા પંડિતો આનંદમાં આવી ગયા. મુખ્ય યજમાન પંડિતે મરાઠી ભાષામાં આનંદવિભોર થઇને જણાવ્યું કે 'મને એમ લાગતું હતું કે પ્રવચન પીઠ પર કોઇ માનવ નહી, સાક્ષાત સરસ્વતી બિરાજી રહી છે.'

અમદાવાદના પ્રેમભાઇ હોલમાં રવિવારીય પ્રવચન શ્રેણી 'જૈન રામાયણ' સાંભળવા માટે પૂજ્યશ્રી પધારે તે પહેલાં આખો હોલ ચિક્કાર ભરાઇ જાય. બસારો કાબુમાં લેવા વ્યવસ્થાપકોને હાથ જોડીને શ્રોતાઓને પાછા મોકલવા પડે અને છેવટે હોલના દરવાજા બંધ કરીને વ્યવસ્થા સાચવવી પડતી. જૈન–અજૈનો દરેકની આ સભામાં દરેક દિનકના પત્રકારો સ્વયંભૂ આવીને સોમવારના પાનામાં રામાયણ–પ્રવચનોનું અવતરણ પ્રસિદ્ધ કરતા.

પૂજ્યશ્રીની સભામાં પ્રશ્નો કરવાની સંપૂર્ણ છૂટ. શ્રોતાઓના મોમાં આંગળાં નાખીને પ્રશ્નો કઢાવતા. તેઓ કહેતા 'જેના શ્રોતા મૂંગા તેની સભા મૂગી ને જેની સભા મૂગી તેનો વકતા અધૂરો.' આ સત્યનું રોજ દર્શન થતું. પ્રશ્નો જગાડીને તરત જ પ્રત્યુત્તર આપતા અને તે પણ શ્રોતાનું મોં બંધ કરે તેવો નહીં, પણ તેના દીલના દ્વાર ખૂલી જાય તેવો.

પ્રભુ આજ્ઞાની રક્ષાને જ એક માત્ર ધ્યેય માનતા પૂજ્યશ્રી મતભેદો વિષે કહેતા કે 'શાસનમાં જે જે મતભેદો હોય તેને દૂર કરવા વચ્ચે આમ શાસ્ત્રો રાખવાનો અભિગમ અપનાવાય તો કોય મતભેદ એવો નથી કે ઉકેલ ન આવી શકે. બો એમ થાય તો જૈન શાસનમાં સુમેળનું સુંદર વાતાવરણ સર્જાય. સંઘસ્વરુપ વિષે તેઓ કહેતા કે ભગવાનની આજ્ઞાથી સહિત હોય તો સંઘ–આજ્ઞા નેવે મૂકે તે હાડકાનો સમૂહ' બહુમતિમાં માનનારાઓને તેઓ કહેતા કે 'બહુમતીની બાંગ પોકારનારા ઘણા

છે પણ તેમને પૂછો કે આપણા તીર્થંકર દેવો કઈ પણ બહુમતીમાં હતા ? સાધુની બહુમતી નથી–તો શું બહુમતી શ્રાવક કહે તેમ જ કરવું ? આપણે બહુમતી, લઘુમતી કે સર્વાનુમતી નથી જોવાની–જોવાની છે ફક્ત શાસ્ત્રમતી.'

નેવું વર્ષની યુવાન વયે એ મહાપુરૂષ સંપૂર્ણ નિત્યક્રમ સવારે ૫ વાગે ઊઠીને ચર્યા કરતા. એક આસને ૪ થી ૬ કલાક બેસીને વ્યાખ્યાન આપતા. સ્વાધ્યાય–વાચન બાકીના સમયે ચાલુ. જ. પૂ. પં. ભદ્રંકર વિજય ગણીવરના મતે તેઓ 'સિદ્ધયોગી' હતા. તેમના મુખમાં સરસ્વતીનો વાસ હતો. તેમનું કથન–આશીર્વાદ સોનાં પડતા. આમ તે 'વચનસિદ્ધ' પુરૂષ હતા. તેઓ ભગવાન મહાવીરની ૭૭મી પાટે વિરાજમાન સેંકડો શ્રમણ–શ્રમણી સમુદાયના ગચ્છના અધિપતિ હતા.

આવી બહુમુખી પ્રતિભા અને અનેક વિરલ વિશિષ્ટ વિશેષતા ધરાવતા આ મહાપુરુષ આપણા સૌની વચ્ચેથી આજથી પાંચ વર્ષ પહેલાં અષાઢ વદ–૧૪ તા. ૯–૮–૯૧ ના રોજ ચિરવિદાય થયા. તેમની ભવ્યાતિભવ્ય સ્મશાનયાત્રા સમગ્ર અમદાવાદ શહેરમાં ફરી તે હજુ પણ સૌ જૈન–અજૈન નગરજનોની નજર સમક્ષ છે.

સાબરમતીમાં અગ્નિસ્નાન સ્થળે ભવ્ય અંજલિ આપવા સમગ્ર નગર હૈયેહૈયું દબાય તેમ ઉમટ્યું હતું. સમગ્ર નગરે સ્વયંભુ બંધ પાળ્યો હતો.

મહાપુરૂષની વિદાય સાથે એક જબરદસ્ત પુણ્યપ્રભાવ અદ્રશ્ય થયો, તેમનો મહાન વારસો અને તેમનું સુરક્ષિત સાહિત્ય તેઓ આપણને આપીને ગયા. આ સાહિત્યની અને વારસાની જાળવણી કરીને આદર્શપંથે પગલા પાડે તેવા વિશાળ શિસ્તબદ્ધ શિષ્ય-સમુદાય ને ચુસ્ત શ્રાવક વર્ગ તેઓ પોતાની પાછળ મૂકી ગયા છે.

તેમણે અનેક વર્ષો સુધી જે પ્રવચનગંગા વહાવી તેની અક્ષરસ જાળવણી થઈ શકે તે માટે સન્માર્ગ પ્રકાશન નામની સંસ્થાએ પૂ. મુ. શ્રી કીર્તિયશવિજયજી (હાલ આચાર્ય)ને વિનંતી કરતા તેઓએ પૂ. ગચ્છાધિપતિ આચાર્ય શ્રી મહોદયસૂરિશ્વરજી મહારાજની અનુમતિ ને આશીર્વાદ લઇ પૂજ્યશ્રીના સાહિત્યનું સુંદર સંપાદન કરી આપેલ. આ પ્રવચનો પાંચ સેટમાં ૧૦૮ નાની વિષયવાર પુસ્તિકાઓના રૂપમાં પ્રકાશિત થઇ ચૂકયું છે.

મહાપુરૂષનો આ મહાન સાહિત્ય વારસો આપણને વર્ષો સુધી મળ્યા કરશે.

(સૌજન્ય ધર્મસંદેશ.)



પવિત્રતાની પરમટોચે પહોંચેલા, પવિત્રતાનો પરમસંદેશ વિશ્વને પહોંચાડનાર, બિહારની રાજધાની પટના સિટિની મહત્વની જગ્યા–ગુલઝાર બાગ

શીલ શિરોમણી શ્રી સુદર્શન શેઠની ભવ્ય યશોગાથા

જાણો, માણો, પામો, પમાડો.

લેખક :– વર્ધમાન તપોનિધિ, પૂ. આ. શ્રી વિ. પ્રભાકરસૂરીશ્વરજી મ.

[ગતાંકથી ચાલુ]

કપીલા કહે તમે સુદર્શનને ચલીત કરો તો તમે મહાન કહેવાવો. અભયા બોલી : સુદર્શનને ચલીત ન કરૂં તો હું અભયા નહીં. અભિમાન અને ખોટી જીદ ઉપર જીવ શું શું કરે છે. તેનો આ નમુનો છે.

એકવાર કારતક સુ. ૧૫ ઉપર કૌમુદી મહોત્સવ આવ્યો. આખા ગામને ફરજીયાત કૌમુદી મહોત્સવમાં ભાગ લેવા રાજાએ ફરમાન બહાર પાડયું. પરંતુ સુદર્શન પોતાનું ધાર્મિક પર્વ હોઇ રાજાની આજ્ઞા લઈ અઠ્ઠમતપ સાથે કાયોત્સર્ગ ધ્યાનમાં ઉદ્યાનમાં રહ્યા.

રાજા આનંદમાં છે. પ્રજા સાથે આજે આનંદ પ્રમોદ ગાળીશું. વિચારે છે. ત્યાં અભયાએ મોટે મોટું રડવાનું ચાલુ કર્યું. ખુબ રડયા કરે છે. પેટમાં દુઃખે છે. માથું પછાડે છે. રાજા કહે છે 'તને શું થયું છે ?' ચાલ મહોત્સવ ઉજવવા.

અભયા બોલી. હે સ્વામિનાથ તમે દુશ્મનની સામે લડવા ગયા ત્યારે મેં કામદેવની માનતા માની છે. હું તમારી સાથે તમારી ભક્તિ કરીશ. એ ભૂલાઇ જવાથી આ કામદેવનો ઉપદ્રવ થયો છે.

રાજાએ કહ્યું તું તારે મહેલમાં કામદેવની મૂર્તિ આદિ જે જોઇએ તે મંગાવી ભક્તિ કર અને હું મહોત્સવ ઉજવવા જવું છું. જે જરૂર હોય તે નોકરો પાસે મંગાવી લેજે.

મૂર્તિ આદિ મંગાવવાના બહાને અભયાએ દાસીઓ પાસે કાયોત્સર્ગ ધ્યાનમાં લીન સુદર્શનને બાંધીને મંગાવ્યો.

અભયા સુદર્શનને કહે છે. જુઓ આ મહેલ તમારો છે. આ રાણી તમારી દાસી બનવા તૈયાર છે. કૃપા કરીને તમારી યુવાનીનો લાભ આપો. આવી ખિલતી યુવાનીને ભગવાનની ભક્તિમાં ફેંકી ન દો. જો તમે વશ નહીં થાવ તો સ્ત્રી જેવી કોઇ વાઘણ

નથી. સ્ત્રીના ચરિત્રો તમે નથી જાણતા. તમને ફજેત કરીશ. મારી વાત માની જાવ. હજુ હું મર્યાદામાં રહી વાત કરું છું. સમુદ્ર મર્યાદા મૂકે તો શું થાય ?

સુદર્શન મૌન રહ્યા. અભયાએ સુદર્શનને વશ કરવા બધા જ પ્રયત્ન કરી લીધા. સુદર્શન કાયોત્સર્ગમાં જ દૃઢ છે. મક્કમ છે. કદાચ સૂર્ય પશ્ચિમમાં ઉગે, સમુદ્ર મર્યાદા મૂકે, દાનેશ્વરી દાન ભૂલી જાય. પણ આ સુદર્શન કોઇપણ હિસાબે ચલીત થાય નહીં.

જ્યારે રાણી સુદર્શન શેઠને ચલાયમાન કરવા સમર્થ ન થઇ ત્યારે કાનના કુંડળ કાઢી ફેંકી દીધા. બંગડીઓ અસ્ત વ્યસ્ત કરી દીધી. કપડા અસ્ત વ્યસ્ત કર્યા ચણ્ડી જેવું રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું. બુમરાણ મચાવી. બચાવો બચાવો. મોટા ચિત્કાર કર્યો. પોકાર કર્યો. આ અધમ ! પાપી ! ઢોંગી મારૂં શીયળ લુંટવા અહીં આવી ચઢયો છે.

શું સમજે છે તેના મનને એને એવા પાઠ ભણાવી દઉં કહી કોઇ સ્ત્રી સામે ઊંચી આંખ કરી જુએ નહીં. સિપાઇ આવી. સુદર્શનને પકડી લે છે.

વાત ચોમેર વાયુ વેગે પ્રસરી ગઇ. ઠેર ઠેર વાતો થઇ રહી છે. રાજાને પણ વિશ્વાસ છે સુદર્શન મોતને લેટે પણ અપવિત્રતાના માર્ગે એક ડગ ભરે તેવો આ માનવી નથી જ. પરંતુ આમાં રાજા પણ શું કરી શકે ? આતો પ્રત્યક્ષ દર્શનીય પુરાવા છે. સુદર્શન શેઠને પૂછે છે તો મૌન રહ્યા છે.

સુદર્શન શેઠ વિચારે છે ગમે તે ભવમાં જાણે અજાણે કર્મ બાંધ્યા હશે, તે ભોગવી લેવામાં આત્માનું હિત છે. અભયા રાણીનું નામ આપીશ તો તેનો જાન જશે. હિંસા ન થાય માટે નામ દેવું નથી.

સુદર્શન માટે કોઇને વાત બેસતી નથી. રાજાની ફરજ છે દુષ્ટને કરવો. રાજાએ ઓર્ડર કર્યો. સુદર્શનનું માથું મુંડાવવું. મોઢા ઉપર કાળી મેશ લગાવી.– ગધેડા ઉપર બેસાડી ગામના જાહેર માર્ગો ઉપરથી લઇ જઇ. ફાંસીના માંચડે ચઢાવો.

બીજી બાજુ સુદર્શનની ધર્મપત્ની મનોરમાને ખબર પડી કે મારા પતિ ઉપર મોટું કલંક લાગ્યું છે અને ફાંસીની સજા રાજાએ કરી છે. સત્ત્વ શિરોમણી મનોરમાએ નિર્ણય કર્યો કે જ્યાં સુધી આ કલંકનું નિવારણ ન થાય ત્યાં સુધી મારે કાયોત્સર્ગ ધ્યાનમાં રહેવું.

શુળીના માંચડે ચઢાવવા સુદર્શન શેઠને લાવવામાં આવ્યા. નમસ્કાર મહામંત્રનું ધ્યાન ધરે છે. ચાર શરણ અરિહંત, સિદ્ધ સાધુભગવંત, કેવલિ ભાષિત ધર્મને યાદ કરે છે. સુકૃત્યોની અનુમોદના દુષ્કૃત્યોની ગર્હા કરે છે. સકલ જીવરાશિને મન–વચન–

કાયાની ખમાવે છે. અરે ! શું ચમત્કાર થયો ? પુણ્યશાળીને ક્યાંથી કેવી સહાય મળે છે. શુળીનું સિંહાસન બની ગયું. શ્રી જૈન શાસનની મહાન પ્રભાવના થઇ.

પાંચ દિવ્ય પ્રગટ થયા. સાડા બાર ક્રોડ સોનૈયાનો વરસાઢ થયો. (૨) દુંદુભિ (૩) ફૂલ (૪) દિવ્યવસ્ત્ર (૫) દેવતા ઉતરે છે. આ વાતની જાણ રાજાને થતાં ત્યાં આવે છે. રાજા મનોમન બોલે છે સુદર્શન શેઠ જેવો શીયલ વ્રતધારી મળવો દુર્લભ છે. રાજા-સુદર્શનના ચરણમાં પડે છે. હાથ જોડે છે. નિર્દોષ-પવિત્ર આત્માને મારા દ્વારા દુઃખ પહોંચ્યું તેનાથી રાજાનું દિલ પણ હચમચાવી ગયું. પસ્તાવો કરે છે.

આ ભવ્ય પ્રસંગની વાત ઠેર ઠેર ફેલાઇ ગઇ. ધર્મ-પવિત્રતા-શીલ-સંયમ-સદાચાર-બ્રહ્મચર્યને 'આઉટ ઓફ ડેટ' કહેનારા સ્વઆત્મશત્રુ, અજ્ઞાન શિરોમણિ, બુદ્ધિભ્રષ્ટ માટે આ પ્રસંગ અંતરના-અંધકારના ઓરડામાં દિવ્ય પ્રકાશ પાથરનારો છે.

સુદર્શનની પવિત્રતાની સૌને ઝાંખી થાય તે માટે હાથી ઉપર બેસાડી શહેરમાં સન્માન ગોઠવાય છે. નાના મોટા સૌ વંદે છે. પૂજે છે. આનંદના આંસુથી સૌની ચક્ષુ ઉભરાઈ જાય છે. આ સમાચાર અભયાને પહોંચ્યા. પોતાના કૃત્ય ઉપર ધિક્કાર છૂટે છે. અભયા ફાંસીના માંચડે ચઢે છે. અને વનમાં વ્યંતરી બને છે. દાસી ધાત્રી ત્યાંથી ભાગીને પાટલીપુત્રમાં દેવદત્તા વેશ્યાને ત્યાં આશરો લે છે. રહે છે.

સુદર્શન શેઠ ઘેર આવે છે. મોટા સુપુત્રને ઘરનો કારભાર સોંપી. પોતાની પત્નિ સાથે સંયમધર્મ ધામધૂમ પૂર્વક અંગીકાર કરે છે. પાંચ મહાવ્રત-સમિતિ ગુપ્તિનું સુંદર પાલન કરી રહ્યાં છે. ઠેર ઠેર વિવિધ ગામ નગરોમાં વિહાર કરતાં કરતાં પાટલીપુત્રમાં પધારે છે.

પાટલીપુત્રમાં દાસીધાત્રી વેશ્યાને ચઢાવે છે. લાખો રૂપિયા હીરામોતી ઝવેરાત મળશે પણ આવો રૂપવાન માનવી નહિ મળે. આ તો રૂપ રૂપનો અંબાર છે. તેજસ્વી છે. વિગેરે શબ્દો વેશ્યાના ચિત્તને ખળભળાવે છે. વેશ્યા નક્કી કરે છે. આ સાધુને હું પતિત કરીને જંપીશ.

વેશ્યા શ્રાવિકાનો વેષ ધારણ કરી. મુનિ સુદર્શન પાસે પહોંચે છે. હે ગુરૂભગવંત ! ગોચરી પાણીનો લાભ આપી અમને પાવન કરો. મહામુનિ સુદર્શન વેશ્યાના સ્થાને આવે છે, હજી આ મુનિને ઉપસર્ગો-પરિષહો સહન કરવાના બાકી છે. મુનિ જરાય ચલાયમાન થતાં નથી. મનની પવિત્રતા આકાશને પેલે પાર પહોંચી જાય છે.

મહામુનિ સુદર્શન કર્મ ખપાવવા વેરાન વનની અંદર ધ્યાન સાધના કરવા જાય છે. આ વનની અંદર પૂર્વ ભવની અભયા જે વ્યંતરી બની છે. તે આ મુનિને હેરાન

કરવામાં કંઇ બાકી રાખતી નથી. વાઘ-સિંહ-વરૂ-સર્પ વિગેરે રૂપો કરી મુનિને ત્રાસ આપે છે. મુનિ પૂર્વમહર્ષિઓને યાદ કરી વંદી રહ્યા છે. સમતાની પરાકાષ્ઠાએ પહોંચે છે. ઘાતી-અઘાતી કર્મોને દૂર કરી અંતિમ-ચરમ-પરમ કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે. અજર અમરપદને પ્રાપ્ત કરે છે. પાટલીપુત્ર-પટના તે આ જ ભૂમિ. દેવો આવી મહોત્સવ કરે છે. કેવળજ્ઞાની ભગવંત સૌને અમૃતવાણી સંભળાવે છે. અંતે પોતાનો અંતિમ સમય જાણી સંલેખના કરે છે. અને આજ પટના સિટિમાં સુદર્શન મહર્ષી સિદ્ધ-બુદ્ધ નિરંજન-અજર-અમર-અક્ષય એવા મોક્ષ સુખને પ્રાપ્ત કરે છે.

સુદર્શન શેઠ અને મહામુનિ સ્થુલિભદ્રજીની આલબેલ પોકારતી ઢેરીઓ-પગલાં આજે પટનામાં ગુલબગ્ઝાર-બાગમાં છે. જેનો વર્ષોથી વહિવટ શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રી સંઘના હાથમાં છે. ત્યાં પૂજા-પાઠ કરવા નિયમિત શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ તરફથી પૂજારી જાય છે. છતાં કલેશ-કંકાશ-દાવપેચ કરી ખોટા તોફાન-લડાઈ કરવામાં દીગંબરો એક પછી એક ખોટો દાવો કરે છે. પોતાના બોર્ડ લગાવે છે. ખોટો સમયનો દુરપયોગ પૈસાની બરબાદી કરાવે છે. સુદર્શન શ્રેષ્ઠિ દિગંબર મહર્ષિ થઈ ગયા તેવા ખોટા પ્રચાર કરે છે. ગુલબગ્ઝાર બાગમાં મહાત્મા સ્થુલિભદ્રજી દ્વારા જે કોશા વેશ્યાનો ઉદ્ધાર થયો તે રંગશાળા અહીં છે. મહાત્મા શ્રી સ્થુલિભદ્રજીના પગલા અહીં છે. દીગંબરો કહે છે-શ્રી સ્થુલિભદ્રજી દીગંબર આચાર્ય થઇ ગયા. જો દીગંબર આચાર્ય હતા તો તેમના હિસાબે શ્રી સ્થુલિભદ્રજી નગ્ન હતા. કોઇ દિવસ નાગા બાવાની પાસે વેશ્યા જતી જ નથી. એ એનો આચાર છે. જેમ બહારવટિયા ચોરોને ત્યાં જતા નથી.

ગુલબગ્ઝાર બાગના દસ્તાવેજ શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રી સંઘના નામે છે. છેલ્લા વર્ષ સુધીના ટેક્ષ ભર્યાની રસિદો છે.

આ પટના સિટિમાં પૂર્વે અનેક જૈન મંદિરો-જ્ઞાનભંડારો હતા. ઉપાશ્રયો હતા. તત્વાર્થસૂત્રના રચયિતા શ્રી ઉમાસ્વાતિ મહારાજની જન્મભૂમિ પટના છે. શ્રી ભદ્રબાહુ સ્વામિજી નેપાળના હતા. ગંગાનદી પાર કરી અહીં પધાર્યા હતા. આ જગ્યાને ભદ્રશાળ વન તરીકે આજે પણ ઓળખાય છે. શ્રી ભદ્રબાહુસ્વામિના નામથી ભદ્રશાળ નામ પડ્યું છે. મહામુનિ શ્રી સ્થુલિભદ્રજીની ૧૪ પૂર્વની વાંચના પણ અહીં થઇ હતી.

કોણીકના પુત્ર ઉદાયન, રાજવી અહીં બન્યા. નવનંદ રાજા, શ્રી જૈનશાસનના પ્રભાવક મહાપદ્મ, ચાણક્ય, ચંદ્રગુપ્ત, શકડાલ, શ્રીયક, શ્રી સ્થુલિભદ્રજી આદિ અનેક રાજા મહારાજા, મંત્રી વિગેરે શ્રી જૈનશાસનની છાયા પામી આ પાટલીપુત્રમાં શાસનના ખુબ ડાંકા કર્યા છે.

(ક્રમશઃ)

બોધ કથા : અવર્ણવાદ સાંભળવામાં પણ પાપ !

—પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

જગતમના જેટલા આસ્તિક દર્શનકારો છે તે બધા પરનિંદા અને આત્મશ્લાઘાને આત્મોન્નતિના માર્ગમાં મોટામાં મોટા અવરોધક માને છે. આ બે દોષના પ્રતાપે ઊંચે ચઢેલા આત્માનું ક્યારે પતન થાય તે કહેવાય નહિ. આ જાણવા સમજવા છતાં ય આમાં જ આનંદ પામે તે બિચારા 'દયા પાત્ર' છે. કોઇને પણ હલકો ચિતરવા, ઉતારી પાડવા જે કાંઇ કહેવાય તેનું નામ નિંદા છે અને 'હું એટલે સર્વગુણ સંપન્ન' 'મારામાં કાંઇ ખરાબી છે જ નહિ' આવો જે હૈયાનો ભાવ તે આત્મશ્લાઘા રૂપ છે. પોતાના ગુણ ગાન પોતાના મોઢે ગાતો ફરે. પછી તેને 'ભાટ' કે 'ભાંડ' બનતા વાર લાગે નહિ. મોટા પદ ઉપર બિરાજમાન હોય તો ય બાલિશ હાસ્યસ્પદ ચેષ્ટા કર્યા વિના રહે નહિ અને પોતાના પદને–સ્થાનને–ગૌરવને કલંકિત કરું છું તે યાદ પણ ન આવે.

શાસ્ત્રકારો તો કહે છે કે, કોઇના પણ અવર્ણવાદ તો બોલાય જ નહિ. પણ કોઇના અવર્ણવાદ સાંભળવા તે પણ પાપ છે. આ વાત મારે અન્ય દર્શનવાળા જેમ માને છે તે સમજાવવી છે. તો જૈનદર્શનની સાર્થકતા શેમાં તે વાંચકો સ્વયં વિચારી લે !

કુમાર સંભવ કાવ્યમાં કહ્યું છે કે–એકવાર ઈશ્વર વનમાં જઇ ધ્યાન ધરે છે. તે વખતે પાર્વતી તેમને શોધે છે કે શિવ ક્યાં ગયા ? શોધતા શોધતાં તે વનમાં જઈ પહોંચ્યા અને શિવને ધ્યાન કરતાં જોયાં. તેમને મોહાવવા વસંતઋતુ વિકુર્વી. શંકર પણ વિચારે કે મને ચળાવવા આ કોણ આવ્યું ? તો પાર્વતીને જોયા. તેથી મોહાધીન બની શંકર પાર્વતીને મળવા ઊભા થયા. તો પર્વતી એકદમ પોતાના સ્થાને ચાલ્યા ગયા.

તે પછી શંકર વિચારે કે 'પાર્વતીને મારા પર કેવો પ્રેમ–રાગ છે તો જોઉં ? આમ વિચારી બટુકનું રૂપ કરી પાર્વતીને ઘરે જઈ શંકરનું વાકું બોલવા લાગ્યા, અવર્ણવાદ કરવા લાગ્યા. તો પાર્વતી તેને સમજાવે કે–હે બટુ ! શિવ તો પ્રભુ કહેવાય. તેમનું વાકું ના બોલાય. અવર્ણવાદ ના કરાય. તો પણ તે બટુ વાર્યો ન રહ્યો. તેથી પાર્વતી ઘરમાં ગયા અને પોતાની દાસીને કહે કે–પેલો બહાર ઊભો છે તે બટુક શંકરની નિંદરની નિંદા કરે છે તો તેને કાઢી મૂક. **નિંદા કરવાથી તેને પાપ લાગે છતાં ય આપણને સાંભળતાં ય પાપ લાગે.** દાસીએ જઈ બટુકને વિદાય કર્યો. બટુક રૂપે આવેલા શંકર પણ પાર્વતીનો સાચો જાણી રીઝી થયા.

આના ઉપરથી આપણે તો બોધ એ લેવાનો છે કે આપણા પરમ તારક માર્ગસ્થ સન્માર્ગદર્શક ગુરુની નિંદા કરે, અવર્ણવાદ કરે, વાંકું બોલે તો તેને વારવો. છતાં ય ન માને તો આપણે ગુરુના અવર્ણવાદ સાંભળવા નહિ. સાંભળે તો પાપ જ લાગે ! શાંતિદૂતો-સમાધાન પ્રેમીઓને આ વાત નહિ સમજાય. પણ સાચા ગુરુ ભક્તો અને ગુણાનુરાગી જીવોને જ આ વાત સમજાશે. જેના દિલની આંતરડી કકડી હોય તે જ રડી ઊઠે અને અવર્ણવાદ બોલનારો શક્તિ પ્રમાણે પ્રતિકાર કરે.

આપણા ભવોદધિતારક પરમોપાસ્ય અનંતોપકારી પરમતારક ગુરુદેવેશ શ્રીજીને પામેલા-સમજેલા આત્માઓ જ અવર્ણવાદ સાંભળવામાં પાપ માને બીજા તો 'વ્યવહારુ'નું ગૌરવ બળવત્તર પ્રયત્ન કરશે અને આવા પ્રયત્નો કરનારને અવ્યવહારુ ઠરેશે. કાકદૃષ્ટિનો ત્યાગ કરી ક્ષીર-નીર ન્યાયે હંસદૃષ્ટિના સૌ રાગી બને તે જ ભાવના છે.



❋ વિવિધ વાંચનમાંથી ❋

—પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ.

- વિષયોની વિષમતા -

વિષયો વિષ કરતાં ય વધુ ઝેરી હોય છે. વિષયોમાં આસક્તિ રાખનારનું જીવન ઉકરડા જેવું છે. આપણા જીવનમાં અને આજુબાજુમાં દુર્ગંધ ફેલાવશે. વિષયોથી વિમુખ રહેનારાનું જીવન સ્વ-પરના જીવનમાં અને આજુબાજુમાં સુગંધ ફેલાવશે...

વિષયોમાં ફસાયેલા જીવાત્માઓ-મનુષ્યો વિનાશના મુખમાં પ્રવેશે છે...ને વિષયોથી વિમુખ મનુષ્યો વિકાસના મુખમાં પ્રવેશે છે.

શુદ્ધ આચાર-સુંદર આદર્શ વિચારો...આત્માને પ્રગતિના પંથે લઇ જાય છે...

વિષયોમાં આસક્તિ રાખનારા સદાય સર્વદા દુઃખી હોય છે.

આજે મોટાભાગના માનવીઓ આત્મચિંતનના બદલે વધારે પડતા વિષય ચિંતનમાં વ્યસ્ત છે, અને પછી પોતે જ વિનાશના મુખમાં ધકેલાઇ જાય છે.

એટલે વિષયચિંતના છોડી આત્મચિંતનમાં વ્યસ્ત બનો !



પ્યારા બૂલકાઓ...

અનેક વિશેષાંકોની હારમાળ પૂર્ણ કરતું જૈન શાસન ધીરે ધીરે ૯ વર્ષના પગથીયાં ચઢી ગયું છે અને હવે ૧૦ માં વર્ષના પગથીયા સર કરી રહ્યું છે.

બીજમાંથી અંકુર, અંકુરમાંથી છોડ, છોડ પર મૃદુલનું આગમન અને મૃદુલમાંથી મંજરીને ક્રાલક્રમે પ્રફુલ્લિત પુષ્પ!

તેવી જ રીતે નાનું જૈન શાસનનો ફેલાવો, સત્યનું પ્રતિપાદન, સચોટ લેખો, સત્યનું સમર્થન કરતાં કોઇની શેહશરમ નહિ, સિદ્ધાંતોની વફાદારી પૂર્વકના કથાનકો, અગ્રલેખો, કટાક્ષ લેખો, બાલવાટિકાનું આગમન, તેમાં બૂલકાઓની લેખની વાંચકોનો ધસારો આદિ સૌને ગમે છે.

જૈન શાસન અચુક વાચનારા વાચકો મને જણાવે છે કે સાચી અને સિદ્ધાંતીક વાતો તો એમાં જ જાણવા–વાંચવા મળે છે.

અનેક સોપાન સર કરતી બાલવાટિકા આજે ૯ વર્ષની મંઝિલ પુરી કરી રહી છે અને તે ૧૦માં વર્ષની મંઝિલને પુરી કરવા થનગની રહી છે એના થનાગાટમાં તમારા સૌના સાથ–સહકાર, ફાળો કાંઇ ઓછો નથી તે ભુલી શકાય તેમ પણ નથી.

તમારા સાથ સહકારથી ઝળહળતી જે ફતેહ મેળવી છે એવા જ આનંદ અને ઉત્સાહથી આપણે સૌ વધુ વધુ આગળ વધીએ.

બાલવાટિકાથી વાચકોને ઘણું જાણવાનું મળ્યું છે–મળે છે. હજી પણ તેમાં વિવિધતા અને સુંદરતા, રસપદ લખાણો આપવાની મને જરૂર જણાય છે.

તેથી આપ સૌ આબાલવૃદ્ધો સારાં લખાણો ચૂંટી–ચૂંટીને અને પરિશ્રમ ઉઠાવીને મોકલશો તો તમને અને વાંચકોને લાભદાયી બનશે.

જ્યાં ત્યાંથી ઉઠાવેલા લખાણોથી તમારી શક્તિનો વિકાસ થતો નથી માટે આટલું ખાસ ધ્યાન રાખજો.

રવિશિશુ C/o. જૈન શાસન કાર્યાલય

– આજનું સુવાક્ય –

૦ વિવેકનો દીવો ઓલવતાં જ હૈયામાં હીરા સમા સદ્‌ગુણો લુંટાઈ જાય છે.

–અજ્ઞાત

શું થાય ને શું ન થાય

નમસ્કાર થાય તો વીતરાગદેવને
અન્ય દેવને કદીય નહિ.
હાથ જોડાય તો સંયમ વ્રત ધારી સુસાધુને
અન્ય કુગુરુઓને કદીય નહિ
માન અપાય તો ધર્મના રાગીઓને,
અન્ય દ્વેષીઓને કદીય નહિ
બહુમાન થાય તો સાધર્મિકનું જ થાય,
અન્ય અધર્મીનું કદીય નહિ
વાચન થાય તો બાલવાટિકાનું જ થાય
અન્યનું વાંચન કદીય નહિ
રક્ષા થાય તો જૈન શાસનની જ થાય.
અન્યની રક્ષા કદીય નહિ

–પિયૂષા પી. કોઠારી

જો ભણવું હોય તો...

કાગડા જેવી સાવધાની
કુતરા જેવી નિદ્રા
બગલા જેવું એકાગ્રતા
અલ્પ આહારી
અને વ્યસનોના ત્યાગી
આટલું કરશો તો જ સાચું વિદ્યાર્થી

મનીષા એચ. ગોસેરા

સહન શીલતામાં ધરતી જેવા
દાન આપવામાં મેઘ જેવા
સહકાર આપવામાં વૃક્ષ જેવા
જ્ઞાન લેવામાં લૂંટારા જેવા
થોડું ખાઇને ચલાવી લેવામાં કુતરા જેવા
ચાલાકીમાં કાગડા જેવા
થાક્યા વગર કાર્ય કરવામાં ઘોડા જેવા
ધ્યાન ધરવામાં બગલા જેવા

–પીનલ એમ. વખારીયા

જીભલડીની વાત

જીભને ટેરવે જ બધું છે જીભને ટેરવે લક્ષ્મી વસી છે, મિત્રો અને બંધુ કુટુંબીજનો પણ જીભને ટેરવે રહે છે. બંધન પણ જીભને ટેરવે છે જીવન–મરણ પણ જીભને ટેરવે છે.

જીભ છે તો ત્રણ ઇંચ જેટલી જ લાંબી પણ એ છ ફૂંટ ઊંચા માનવીનો પણ કતલ કરી શકે છે.

જીભ કાતરની જેમ ચાલે છે તેમ જીભની મીઠાશથી કઠાવર માનવીને પોતાનો બનાવી શકાય છે.

જીભને કઈ રીતે ચલાવવી તે વિચારજો

–રમ્યા

ટપકું–વિચાર

રજ–ધૂળ રંજ–હેરાન કરે છે.
ભાગ–હિસ્સો ભાંગ–પ્યાસીનું પીણું
મઠ–મંદિર મંઠ–ધીમું
કટક–લશ્કર કંટક–કાંટો
અંત–કાંગળ અંત–કાળજ

–વસુમતી

કટપૂતનાનો ઉપસર્ગ

પ્રભુ વીરે સંયમ સ્વીકાર્યું ઉપસર્ગોની હારમાળ શરૂ થઈ. એક પછી ભયાનક ઉપસર્ગો આવે જતાં હતા ને પ્રભુવીર દૃઢતાપૂર્વક સહન કરે જતાં હતાં.

વિહાર કરતાં પ્રભુવીર મિલેલક યક્ષના ઉદ્યાનમાંથી નીકળીને શાલિશીર્ષક નામના ગામની બહાર આવેલા ઉદ્યાનમાં સમોચર્યા ત્યાં પ્રતિમા ધ્યાને રહ્યા. તે વખતે મહા મહિનો ચાલતો હતો. ભલભલાને થીજવી દે તેવી ભયંકર કડકડતી ઠંડી પડતી હતી તે અવસરે કટપૂતના નામની વાણવ્યંતરી પ્રભુને ઉપસર્ગ કરવા આવી આ વાણવ્યંતરી કોણ?

ત્રિપુષ્ટ વાસુદેવના ભવમાં સ્વામીની વિજયવતી નામે રાણી હતી. ઘણી રાણીઓ હોવાથી તેને માન અને સત્કાર કાંઈક ઓછો મળતો હતો. અહં ન પોસાવાથી તે ભારે દ્વેષાગ્નિથી બળતી હતી. દ્વેષના અનુબંધો વધવા લાગ્યા આર્ત્તધ્યાન–રૌદ્રધ્યાનમાં તપતી. તે મરણ પામી. ભવાટવીમાં પરિભ્રમણ વધી ગયું. અનેક જાતિઓમાં ફરતી ફરતી, કાંઈક કર્મની હળવાશ થવાથી તે મનુષ્યભવ પામી ત્યાં બળતણ તપવાથી વ્યંતરીનો ભવ પામી. વૈરની ગાંઠો અકબંધ હતી. પ્રભુ વીરનું તેજ તે ખમી શકી નહિ. વૈરાગ્નિ ફરી પ્રવજ્વલીત થયો. તાપસીનું રૂપ વિકર્યું શરીર પર વલ્કલ ધારણ કર્યું. લટકતી લાંબી જટાઓના ભારથી સર્વ હિમ વર્ષા રોકી દીધી. શરીર આર્દ્ર કર્યું. સ્વામીના મસ્તક ઉપર અદ્ધર રહી અંગને ધુણાવવા લાગી. અતિશય ઠંડા પવનને વિંધતા હિમકણીઓ પ્રતિસમયે પ્રભુ વીરના અંગને બાણની જેમ વિંધવા લાગ્યા સમયે સમયે જળમાંથી અને વલ્કલમાંથી ગળતો અતિ દુર્સહ જળ પ્રવાહ પ્રભુના અંગને ઠંડુ કરવા લાગ્યો. એક તો માઘ માસની અતિ ઠંડી, તેમાં વળી શીતલ દુર્સહ પવન અને દુષ્ટ પ્રવૃત્તી કરતી વાણવ્યંતરીઓ પોતાની શક્તિનો પરચો બતાવ્યો. પછી કહેવું શું? આવી ભયંકર શીત વેદનાથી સામાન્ય માનવી તો મરણ જ પામે. પરંતુ નિરુપક્રમ આયુષ્યવાળા અરિહંતો જ તે સહન કરી શકે ચાર પ્રહર સુધી એક સરખો શીતોપસર્ગ ચાલુ રહ્યો, ને ભગવાને ભેદથી સહન કર્યો. ચાર પ્રહર સુધી ભગવન્તે ભવના કર્મને છેદનારું ધર્મધ્યાન વિશેષ પ્રકારે વિચાર્યું.

શ્રી વીર પ્રભુને નિષ્કંપ જાણી કટપૂતના ક્ષોભ પામી પરાજય પામી. પ્રભાત થતાં ઉપશાંત થઈ. પશ્ચાતાપના પાણીથી પ્રભુના ચરણ કમળ પખાળ્યાં વિશેષ પ્રકારે પૂજા કરવા લાગી. સ્વસ્થાને જતાં પ્રભુ પાસે ક્ષમાલોચના કરી. ભગવંત પણ અન્ય સાથે વિહાર કરી ગયા.

જોયું બાલમિત્રો! અતિશીલ ઉપસર્ગ પણ વીર પ્રભુને ચલાયમાન ન કરી શક્યો પ્રભુ વીરે હસતે મોઢે સહન કર્યો. કદાચ આપણી ઉપર આવો કોઇક આંશીક ઉપસર્ગ આવે તો આપણે ઊંચા નીચા નહીં થઇને?

—શ્રી રમ્યા

શુદ્ધ ઘી મેળવવાની ભાવના રાખનારા....

જ્યાં દૂધની સરિતા હતી ત્યાં છાશ પણ મળતી નથી.
ઘી તો મળે જ ક્યાંથી ઘી ની વાસ પણ મળતી નથી.
માખણ મલાઇની જરા મીઠાસ પણ મળતી નથી.
વસ્તુ અમારા દેશની છે ખાસ, પણ મળતી નથી.

શું આપ બજારના ભેળસેળીયા ઘી થી કંટાળ્યા છો ? શું આપ ઠો પણ કિંમતે શુદ્ધ ઘી જ વાપરવા માગો છો ? આજે આઝાદી બાદ કતલખાનાઓને પશુઓની કતલ કરવાની ભારે આઝાદી મળી છે અને દેશનું અમૂલ્ય પશુધન નાશ થવાના આરે છે. આજ સુધીમાં અબજો પશુઓ કતલખાનામાં કસાઇઓની કરવતનાં ભોગ બની કપાઇ ગયા છે. અને કરોડો પશુ વરસે કપાઈ રહ્યા છે, ઘી બનાવવા કરતાં દૂધમાં ઓછી મહેનતે વધુ કમાણી થતી હોવાથી ગામડે ગામડે વલોણા બંધ થયા, ઘી બનાવવાનું બંધ થયું અને દૂધ બધું ડેરીઓમાં ભરાવા માંડયું છે ત્યારે ગામડાના નામે વેચાતું ઘી શુદ્ધ ઘી હોઇ શકે ખરું ?

અભક્ષ્ય ત્યાગ અભિયાન દ્વારા બજારમાંથી મળતા ચરબી/વેજીટેબલ/અન્ય અભક્ષ્ય પદાર્થોના મીલાવટ વાળા ઘી ના વિકલ્પરૂપે શુદ્ધ ઘી દેશી પદ્ધતીથી વલોણા દ્વારા તૈયાર કરવાનું શરૂ કર્યું છે. આ રીતે ઘી બનાવવું ઘણું મોંઘુ પડે છે. પણ શુદ્ધતાના આગ્રહીઓ માટે મૂલ્યની નહી માલની કિંમત છે, કિંમતની નહી ક્વોલીટીની કિંમત છે.

જિનમંદિરો–દિક્ષા પ્રસંગો–પ્રતિષ્ઠા મહોત્વ–ચાતુર્માસ રસોડામાં–સંઘ યાત્રાદિમાં આવા શુદ્ધ ઘી જ વપરાય અને બજારૂ અભક્ષ્ય ઘી નો ઉપયોગ બંધ થાય તે અતિ જરૂરી છે.

શુદ્ધ–સાત્વિક–પૌષ્ટિક–ગુણકારી–આરોગ્યપ્રદ ઘી મેળવવા સંપર્ક કરે આજે જ માહિતિ ફોર્મ મંગાવો.

સરનામું : અભક્ષ્ય ત્યાગ અભિયાન
સુમંગલમ્ ટ્રસ્ટ કાર્યાલય, કાળાનું મેદાન
ગોપીપુરા સુરત (૦૨૬૧) ૪૩૩૩૨૨

❋ ખોટું ન લગાડતા હો ને.... ❋

—ભદ્રંભદ્ર

મને ઇનામ ના ગમે (મળે નહિ ત્યાં સુધી)

તમે લોકોને ઇનામો આપવામાં ઉત્સાહી કાર્યકર્તા લાગો છો કેમ ?

હા, હા, છું જ. પણ ઇનામો મારા ખિચ્ચાના પૈસાથી આપું છું તેમાં તમને શું દુઃખાતા ઉપડયો ?

દુઃખાવો તો હમળ્યા હવે પણ એશિયા કપ વખતે ફાઇનલ સુધી આવીને શ્રીલંકા સામે આપણી (અરે ! આપણી નહિ પણ ભારતની કેમ કે ટીમ તો આપણા એકલાની થોડી છે ? આખા ભારતની છે ને કેમ હો બરાબર ને ?) ટીમ જીતતા જીતતા બચી ગઇ. (જો જીતી હોત તો પાંચ પાંચ વરસથી એશિયા કપ લઇ જવાની જે કસરત શ્રીલંકાને કરવી પડે છે તે ભારતે કરવી પડત. અને આ કળજુગમાં ગેંગોના વેર–ઝેર વચ્ચે તે કપ સાચવવાની લમણાઝીંક પણ કેટલી બધી ? આવા બધાં જીત પછીના ઊભા થતાં ટેકનીકલ સમસ્યા પૂર્ણ પ્રશ્નોના નિકાલ માટે એશિયા કપ ન જીત્યા છે જ સારું થયું.) ઇનામી પ્રથાને કયા કીધા, ખિલાડી કો બરબાદ કીધા.

પણ આને ને ઇનામની વાતને લેવા–દેવા શું છે ? ભદ્રંભદ્રં !

અરે ! છે જ હમજાવું છું. જરા ધીરજ ધરો બાપુ. એક પત્રકારે શ્રી=લક્ષ્મી લંકાના એક બેટસમેનને પૂછ્યું કે—આ ભારત વારેઘડીયે કેમ હારી જાય છે ? ત્યારે ઓ ય ગના ! તે બેલાડીએ શું કીધું કહ્ય ? કે કે—ભારતની ટીમ દેશ માટે નથી રમતી. પોતની કારકીર્દી માટે રમે છે. જ્યારે અમે દેશ માટે જ રમીએ છીએ.' એટલે એવું છે ને કે જ્યાં સુધી કોઇ બેલાડીને તમે ઇનામ ન આપ્યું હોય ને તો ત્યાં સુધી તો શુદ્ધ આશયથી તે દેશ માટે જ રમે છે. પણ ઇનામનું એક પેકેટ આલો પછી જુઓ બાપુ. બંકા ઇનામ માટે જ રમશે. અને અંગત રીતે મળતા ઇનામો માટે રમવું એ એક આંતરરાષ્ટ્રીય ક્રિકેટ ટીમના બેલાડી તરીકે તે બેલાડીને શોભવું નહિ જોઇએ. પણ શું થાય ? તમારી જેવા ઉત્સાહી ઇનામદારો પણ ક્યાં સમજે છે ?

એટલે ભદ્રંભદ્રજી ! તમે એમ કહેવા માગો છો ને કે કોઇપણ સ્થળે ઇનામ અપાય છે. ઇનામી સ્પર્ધા યોજાય છે તે બધી ગેરવ્યાજબી છે. ઇનામ લેનારની ઊગતી પ્રતિભાને ઝાંખી પાડી નાંખે છે. રમતવીર પછી ઇનામનો લાલચુ બની જાય છે.

હા, હા, એમાં પૂછવાનું જ શું હોય ?

તો હમણાં જ તમને શ્રેષ્ઠ હાસ્ય લેખક અને ખરાબ કટાક્ષ લેખક તરીકે એક લોખંડનો મેડલ આપેલો તે તમે શું કામ લીધો હતો ?

અરે ! ભલા માણસ. મારી વાત અલગ છે. મને કશું ઘમંડ થાય તેવી શક્યતા હવે નથી. અને રાષ્ટ્રીયસ્તરે મારે કશું લખવાનું કામ કરવાનું નથી હોતું એટલે હું અપવાદ કેવાઉ. મેં ઇનામ લીધું એટલે બધાએ લેવું જરૂરી નથી, અને મને એકને આપ્યું એમાં બધાનું આવી જ જાય છે. એટલે બધાંયને આપવાની પણ ક્યાં જરૂર છે ? તમે લોકોના હિતના ઇચ્છુ હોય તો સાચું કઉ છું ઇનામી પ્રથા ટ્યુશન પ્રથાની જેમ તત્કાળ–તાકીદે દૂર કરી નાંખવા જેવી છે. આ એક સામાજિક જ નહીં પ્રાદેશિક જ નહીં, કેન્દ્રીય જ નહિ, સંસદીય જ નહી પણ રાષ્ટ્રીય બદી છે. તે બદી રાષ્ટ્રીય બરબાદી કરે છે. દૂર કરવી જરૂરી છે હોં ?

પણ આ રીસર્ચ ઓફ જમણ–ટેબલ' નામના પુસ્તકની ઓપન બુક એકઝીમ છે તેમા પાસ થનારને સોનાના ચેઇન, જવેલરી વગેરે આપવાના છે તે તમારા મતે ન જ અપાય ને ? બોલો ભદ્રંભદ્ર.

શું કીધું ? સોનાનો ચેન ? ફસ્ટક્લાસ પાસવાળાને ? શું વાત છે ? બાપુ એ પરીક્ષાનું ફોર્મ ય મળે છે ? મારા પ્રપ્યત તાને મરડી નાંખી। નહિ તો પરીક્ષા આપી આવું. ધર્મનું જ્ઞાનનું જ્ઞાન ને ઇનામનું ઇનામ. ભલામાણસ તમારી આવી ઇનામી સ્પર્ધાની વાતો તો તમારે મને કરતા રેવી.

પણ તમે તો હમણાં ઇનામી પ્રથા નાબૂદીની વાત કરતા તા ને ? હવે કેમ લલચાઇ ગયા ? ભદ્રંભદ્ર !

(મેં મનમાં જ વિચાર્યું હોં. આ બબુચક મારી ઇનામી પ્રથા નાબૂદીની વાત ભૂલી કેમ નથી જતો મૂરખ છે ? મારી પરીક્ષા વગર સોનાનો ચેઇન ગીફ્ટ આવ્યો જશે તો ? અરેરે ? એય ડફોળ જ છે ને ? પહેલાથી પરીક્ષાની વાત કરી હોત તો હું વિરોધ તો ના કરત કમસેકમ ચેઇન મળે ત્યાં સુધી. પછી તો મેં વિચાર્યું આ ડફોળને જવાબ શું આપવો ? હું મલી ગયો જવાબ. મેં કીધું કે)

એવું છે ને કે ઇનામી પ્રથા નાબૂદીની વાત છે ને એમાં એકાંત નથી. મારી જેવા ઇનામ મેળવી લીધા પછી ઘમંડી બની ના શકતા હોય અને લાલચુ પણ બની શકતા ના હોય (આટલો લાલચુવાળો ભાગ ના લખુ તો, કેમકે તે ડોબા જેવો મને લાલચુ ગણી જ બેઠો છે. કંઈ નહિ લખવા દે ને જે થવું હશે તે થશે.) તેવા

મહાનુભાવને તેમની ઉપબૃહણા-અનુમોદના નિમિત્તે ધનામ આપવામાં કશો બાધ આવતો નથી.

અચ્છા ! ભદ્રંભદ્ર ! તો એમ ને કે જે ધનામથી કોઇને ઘમંડ, લાલચ, લાગતી હોય તેવું ધનામ ન આપવું.

હું તમે હવે સમજ્યા. ધનામ આપવાની મારી ના નથી. આપો તમ તમારે પણ પહેલેથી ધનામની લાલચ લગાડી લોકોને લાલચુ ના બનાવો. અભક્ષ્યનું ભક્ષણ ન થઇ જાય એવું સુંદર જ્ઞાન જે પુસ્તકોમાં હોય તે પુસ્તકો એઠ સોનાની ચેઇન મેળવવાની લાલચથી વાંચવું અને તેની પરીક્ષા આપવી એ કેટલું બધું કઠંગુ છે. પુસ્તકના વિષયનો મર્મ મરી જતો નથી લાગતો તમને ? મેં આ રીતે થોડી જ ગંભીર વાતો કરતા પેલા ભાઈ પીગળ્યા. અને મને કહે કે તમારી વાત સાચી છે. હવે હું ધનામો આપીશ પણ વિવેક પૂર્વક આપીશ. ધનામમાં વસ્તુઓ પણ એવી જ આપીશ ને કે જેથી તેને ધર્મની જ ભાવના જાગે. આવા સોના-ચાંદીના ઘરેણા જેવા ધનના ધનામો આપવાથી ધર્મભાવના થોડી છેટી ભાગતી લાગે છે અને મને અહીં તો મુદ્દાની વાત એ જાણવા મલી કે-સંસારના સુખો માટે (ઘરેણા-ધન માટે) ધર્મ ન કરાય. (ધાર્મિક પુસ્તકની પરીક્ષા ન અપાય.)

મેં એવા ભદ્રંભદ્રે કહ્યું-'હું હવે તું બરાબર સમજી ગયો. મારે આ જ મુદ્દો તને સમજાવવો હતો.'

પણ ભદ્રંભદ્ર ! તમે કેમ સોનાની લાલચમાં પડી ગયા હતા ?

મેં વિચાર્યું-આ ડોળો મારી લાલચુની છાપ ભૂસી નહિ શકે એમ લાગે છે. હું થોડો ડગમગી ગયેલો ચેઇન માટે એ સાચું પણ પાછો લાલચ છોડીને બરાબર સ્થિર થવા સાથે તેને પણ સન્માર્ગે લાવ્યો છું એ પણ છે. પણ આ મારી લાલચુની છાપ લઇને જાય તે વ્યાજબી નથી. એટલે મેં કીધું-હું તો ખાલી ખાલી તમને બોધ પમાડવા માટે જ લાલચુ બનેલો. ચેવી તો કેટલીયે ચેનો છે મારી પાસે પણ તમને તમારી રીતે બોધ પમાડવાનો આ જ રસ્તો હતો એટલે મેં પરીક્ષા આપવાની વાત કરેલી. અને બીજું કે-બધાં ય જીવો છેવટે તો કર્માધીન જ છે ને ભૈ. કક્કાય મારી જેવો મને, મોટલું ભરમનું જાણકાર છતાં આવી લાલચ થાય તો બીજાનું તો પૂછવું જ શું ? લાલચ તો છે ને ભૈ બધાને થાય પણ આપણે લોકોની લાલચ એકદમ ભડકી ઉઠે, સંસારના સુખો મેળવવાના ગમવા માંડે આવી કોઇ વાત કે કોઇ યોજના-સ્પર્ધા આપણે યોજવી ના જોઇએ કે તેમાં ભાગ લેવો ના જોઇએ. હું તો એટલું માનું અને હાં હવે તમે વાંધો ન હોય તો મને લાલચુ ના ગણતા હોં ને ?

સાધ્વીજી બન્યા ગરોળી

—શ્રી ધર્મશાસન

એક શ્રાવિકાની આ વાત છે. એ ઘણી ત્યાગી-તપસ્વી ને ધર્મશ્રદ્ધાળુ હતી. પૂર્વભવના સારા કર્મોના કારણે પરમાત્મા શ્રી મહાવીરદેવના ઉપદેશને જીવનમાં ઉતારી સંસારની મમતા મૂકીને સંયમી બન્યા પણ સંસારી જીવનમાં પોતાની પાસે રહેલા મૂલ્યવાન ચાર રત્નોનો પરિગ્રહ ન તજી શકી.

રત્ન ઉપરના મમત્વના કારણે એ સાચવવા સાધ્વીજીએ એક સુંદર લાકડાની પાટલી બનાવી તેમાં અંદર પોલાણ રાખીને ચાર રત્ન તેમાં છુપાવી દીધા. અંત સમય સુધી તેની આશક્તિ ન છુટી તે લાકડાની પાટલી સ્થાપનાચાર્ય પાસે જ રાખી. જ્યારે અંત સમય નજદીક આવ્યો ત્યારે તે સ્થાપનાચાર્ય સન્મુખ જ નજર રાખીને પોતાના પ્રાણ છોડયા ત્યારે સહવર્તી સાધ્વીજીઓ સમજ્યા કે આપણા ગુરૂણીજીની નજર છેલ્લે સુધી ભગવાનમાં જ હતી તેથી સારી ગતીમાં ગયા જ હશે. તે સાધ્વીજી મરીને તિર્યંચગતિમાં ગરોળી તરીકે ઉત્પન્ન થયા. હવે એ રોજ પાટલી ઉપર આવીને બેસી જતી. અન્ય સાધ્વીજીઓ તે ગરોળીથી ગભરાઇ ગયા. ગરોળીને દૂર કરવા વિવિધ ઉપાયો કર્યા પણ તે ગરોળી ત્યાંથી ખસતી જ નથી. (છે ને આસક્તિ)

એક દિવસ સાધ્વીજીઓએ જ્ઞાની ભગવંતને ગરોળી સંબંધી અને અમારા ગુરૂણી કઇ ગતિમાં ગયા તે સંબંધી વાત પૂછી ત્યારે જ્ઞાનીભગવંતે કહ્યું કે-તમારા ગુરૂણીજીને સંસારી અવસ્થાના ચાર રત્નો ઉપર મમત્વના કારણે તે મરીને આ ગરોળી સ્વરૂપે બન્યા છે તે આખો સબંધ કહ્યો ત્યારે તે વાત સાંભળતા જ ગરોળીને જાતિસ્મરણ જ્ઞાન થયું પોતે કરેલી ભૂલ સમજાઇ જતા તુરત જ અણસણ કરી આયુષ્ય પૂર્ણ કરીને દેવગતિમાં તે ગઇ.

પરિગ્રહની મૂર્છા જીવને તિર્યંચગતિનું આયુષ્ય બંધાવે છે માટે પરિગ્રહની મૂર્છા ત્યાગ કરવાનો અત્યારથી જ પુરૂષાર્થ કરવા જેવો છે.

[ચોસઠ પ્રકારી પૂજા]

કેટલાક કાલકસૂરિજીઓ, કેટલાય યશોવિજયજીઓ અવતરશે ત્યારે જ આજની વિષમતાઓનું ઠેકાણું પડશે.

અમારા જેવા બહુ બહુ તો આ પરિસ્થિતિ સામે મુક્કાબલો કરતાં ઝઝુમે, પણ પરિણામની બહુ આશા રાખી ન શકાય. ઉપરથી ચિત્તવૃત્તિઓ અપ્રશસ્ત રીતે સંક્લિષ્ટ બનીને જતનું ય ખોવાનું થાય.

તો શું બે હાથકા સુધી અમારે ચૂપ બેસી રહેવું ? કે ઝઝુમ્યા કરવું ? રૂપિયે પાંચ જ પૈસા મળતા હોય તો તે લઇને સંતોષ માની લેવો ? હવે તો સ્પીડ–બ્રેકર બનીયે તો ય ઘણું છે પણ વો દિન કહાં કે મિયાં કે પાઉમેં જુતીયા.

જાન્યુઆરી ૧૯૯૮ (મુદ્રિતદ્વત)

(લેખકે ઘણું સારૂ જવાબદાર લખ્યું છે તે સાથે લેખકને પણ પોતાની જવાબદારી સમજાય–વડિલોને પણ નિરાધાર કોણ બનાવે છે ?)

— શાસન સમાચાર —

વાપી–જી.આઇ.ડી.સી. આદર્શ વિહારમાં જિનેશ્વર દેવના ગૃહમંદિરનું જયનગર શ્વે. મૂ. જૈન સંઘના અન્વયે અને શ્રાદ્ધવર્ય શ્રી ત્રિલોકચંદજી ભીમાણીના સહયોગથી નિર્માણ થયું છે. તેમાં દેવાધિદેવ શ્રી મહાવીર સ્વામીજી તથા શ્રી મુનિસુવ્રત સ્વામીજી આદિ જિનબિંબોનો પ્રવેશ અને ચર પ્રતિષ્ઠા તા. ૧૦–૨–૯૮ના રોજ મંગલ મુહૂર્તે થઇ છે.

તે દિવસે સવારે ૯ વાગે પ્રભુજીની રથયાત્રા શરુ થઇ અને મુખ્ય માર્ગો ઉપર ફરીને આદર્શ વિહારમાં પહોંચતા પ્રભુજીને પોંખવામાં આવ્યા. તે પછી ૐ પુણ્યાહં. ના ગગનભેદી નાદ સાથે પ્રભુજીનો મંગલ પ્રવેશ અને પ્રભુજીની ચર પ્રતિષ્ઠા થઇ. પૂજ્ય શાસન પ્રભાવક આચાર્ય શ્રી વિજય **રત્નભૂષણસૂરિજી** મ.સા. આદિની પાવન નિશ્રા મળતાં સૌના હૈયામાં આનંદનો મહાસાગર ઉછળતો હતો. પ્રતિષ્ઠા બાદ પૂજ્યશ્રીનું માંગલિક પ્રવચન થયું. તે પછી સંઘપૂજન તેમજ બહુમાન આદિ કરવામાં આવેલ. આજના પ્રસંગે સાધર્મિક ભક્તિનો ઉદારતાથી લાભ લેનાર ભિન્નમાલ નિવાસી (હાલ મુંબઇ) અને આદર્શ વિહારના બીલ્ડર શ્રી ત્રિલોકચંદજી ભીમાણીનું તેમજ બીજાઓનું પણ બહુમાન કરવામાં આવ્યું. સાધર્મિક ભક્તિ બાદ બપોરે ૩ વાગે શ્રી જિનેન્દ્રકુમાર બાબુલાલ શાહ તરફથી શ્રી પાર્શ્વનાથ પંચ કલ્યાણક પૂજા ભણાવવામાં આવી. સર્વ સાધારણ ફંડ માટે પ્રેરણા આપવામાં આવતાં સંઘના લોકોએ તેમાં પણ ઉદારતાથી લાભ લીધો– ભરપૂર ભક્તિભાવ અને આનંદ તથા ઉલ્લાસના કારણે આ પ્રસંગ ખૂબ જ દીપી ઉઠયો.

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુરુદર્શી



૦ આજે બધાની બુદ્ધિને ક્ષય થયો છે કારણ કે પાપનો ભય નથી, સુખનો લોભ છે, દુઃખનો ડર છે અને ધર્મનો ખપ નથી.

* વિરાગી ભગવાનની સેવા કરે તો ફળે. રાગી રાગ માટે સેવા કરે તો તે ફૂટી નીકળે.

* વિરાગના અભાવે આજે શ્રાવક-શ્રાવિકાની ખરાબ હાલત છે. વિરાગ વગરના ત્યાગીની તમારા કરતાં ય ભારે દુર્દશા હોય.

* આ સંસાર આખો ઉપાધિમય છે. જેને ઉપાધિ ગમે તે આધિ અને વ્યાધિથી પીડાતો જ હોય. તે આધિ-વ્યાધીથી ગમે તેટલો ભાગે તો પણ બચી શકે નહિ. માનસિક ચિંતા તે આધિ છે અને તેમાંથી શારીરિક રોગ રૂપ વ્યાધિ પેદા થાય છે. માટે ઉપાધિ તે આધિ-વ્યાધિની જનેતા છે. આ-તે ન જોઇએ આ-આ જોઇએ તે જ ઉપાધિ છે.

* જેટલું નિરૂપાધિકપણું તેટલો ધર્મ. જેટલું ઉપાધિપણું તેટલો અધર્મ.

* મોહથી મૂઢ બનેલાને જ્ઞાન પણ નુકશાન કરે. કેમકે તે કહ્યા મુજબ ન વર્તે પણ મરજી મુજબ વર્તે.

* જે સુખ માટે પાપ કરવું પડે તે સુખ સારું કહેવાય ? જેના માટે આપણે ખરાબ થવું પડે તે ચીજ સારી કહેવાય ?

* ચોરી કરીને, અનીતિ કરીને, મોજ મજા કરવી તે ય આત્માનો ડાઘ છે.

* જેને સુખ સારું લાગે છે અને દુઃખ ભૂંડું લાગે છે તે આર્ત્ત અને રૌદ્ર ધ્યાનમાં જ મરવાના અને દુર્ગતિમાં જવાના છે. જેને સુખ ભૂંડુ લાગે અને દુઃખ વેઠવા જેવું લાગે તે જ બચી જાય.

* આરંભ-પરિગ્રહ ભૂંડા ન લાગે ત્યાં સુધી અનીતિ ભૂંડી ન લાગે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

Received 1998

નમો ચઉવ્વિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

શ્રી. જૈન આત્માનંદ સભા ભાવનગર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, જૈન
શ્રી સંઘનગર, પિન-૩૬૧૦૦૫

જૈન શાસન

છદ્મસ્થોને માટે આગમ
પ્રમાણ જ પ્રમાણ છે.

जम्हा न धम्ममग्गे,
मो-तूणं आगमं इह पमाणं ।
विज्जइ छउमत्थाणं,
तम्हा तत्थेव जइयव्वं ॥

જે કારણથી ધર્મ માર્ગને વિષે છદ્મસ્થોને માટે આગમ પ્રમાણ છોડીને બીજુ પ્રમાણ નથી તે કારણથી આગમ પ્રમાણ આજ્ઞાને વિષે જ પ્રયત્ન કરવો જોઇએ.

અઠવાડિક

વર્ષ ૧૦

અંક ૨૮+૨૯

૨૯૦

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

❋ મેડલીન સાઉન ❋

પાગ્રિસમાં બારા ડે મોંથાં (The Baronde Mohthysm) નામનો એક વકીલ રહેતો હતો, તે ઇ. સ. ૧૮૨૦ માં મરણ પામ્યો. તેણે પોતાની માલ-મીલકતનું વશીયતનામું કર્યું હતું. તેમાં તેણે ઘણા જ પરોપકારના કામ કરવા માટે ફંડ કર્યા હતા. તેમાંના એક ફંડની મતલબ એવી હતી કે, દરવર્ષ ૧૦૦૦૦ એટલે હાલના હિસાબ મુજબ ૬૨૩૭૫ રૂપીયા જે ગરીબ ફ્રેન્ચ માણસ સારાં ઉપયોગી કામ કરે તેને ઇનામના આપવા. તે પ્રમાણે દર વર્ષે ઇનામ આપવામાં આવે છે. તેમાંનું એક ઇનામ એક ગરીબ છોક-રીને પરોપકાર કરવા માટે મલ્યું હતું તેનું વર્ણન નીચે આપવામાં આવે છે.

ઇ. સ. ૧૮૦૨ માં સેન્ટ ઇટીયન ડવાટન નામના ગામડામાં મેડલીન સાઉની જન્મી હતી. જ્યારે આ છોકરી નાની હતી, ત્યારે તે જન વરોની રખ-વાળીના કામમાં લાગી હતી તે દરરોજ પોતાનું ખાવાનું સાથે લઇને જતી હતી તેમાંથી દરરોજ ગરીબ માણસોને તે ખાવા આપતી. તેના મનમાં ઘણી દયા હતી. તે કોઇ ગરીબને જોતી તો તેને મદદ કરવામાં પાછી હટતી નહોતી.

પોતાની ઝુંપડીથી દોઢ માઇલ ઉપર એક આંધળી વિધવા એક નાની છોકરી જોડે રહેતી હતી. તેની દયા ભરેલી વાત સાંભળીને તે છોકરીને દયા આવી. તે દરરોજ તેના ઘરમાં જઇને ખાવાનું આપતી તથા સાફસુફ કરી આવતી હતી. પદર વર્ષ સુધી દરરોજ દોઢ માઇલ જઇને આવતી હતી અને તેના ઘરનો બંદોબસ્ત કરતી હતી. તેમજ તેટલે જ દૂર એક ગરીબ છોકરી રહેતી હતી. તેને રક્તપીતનો રોગ થવાથી તેના કુટુંબના માણસોએ ઘરમાંથી કાઢીને બહાર રાખી હતી, કોઇ પણ સગાંવહાલાં તેની ખબર અંતર પૂછતા નહોતા. આ ખબર મડલેન સાઉને પડી તેથી દયા આવી. તે દરરોજ તેને ત્યાં જઇને ખાવાનું આપતી અને જખમ ઉપર મલમપટો કરતી હતી. તે આઠ મહીના જીવીને આખરે તેના હાથમાં મરી ગઇ. તે વેળાએ કોઇ પણ સગુંવહાલું નહોતું કેવળ પેલી પરોપકારી છોકરી હતી.

(જુઓ અનુ. ટાઇટલ ૩ ઉપર)

પ્રેરણા મુખ્ય શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

વર્ષ : ૧૦] ૨૦૫૩ ફાગણ વદ-૪ મંગળવાર તા. ૧૭-૩-૯૭ [અંક : ૨૮-૨૯

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પ. પૂ આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

૨૦૪૩, શ્રા.વ. સુદ-૧ રવિવાર તા. ૨૬-૭-૧૯૮૭ ચંદનબાલા જૈન ઉપાશ્રય મુંબઈ-૬

(શ્રી જિનાજ્ઞા વિરૂદ્ધ કે પૂ. પ્રવચનકારશ્રીના આશય વિરૂદ્ધ કાંઇપણ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના. **(પ્રવચન ૨૩ મું)** અવ૦)

મહાપુણ્યોદયે આપણને સૌને શ્રી અરિહંત પરમાત્માનું શાસન મળ્યું છે, શાસનને યથાર્થ સમજાવનારા સદ્‌ગુરુઓનો યોગ મળ્યો છે, શાસનને સમજાવાની સદ્‌બુદ્ધિ પણ પ્રાપ્ત થઇ છે. શાસ્ત્રે કહ્યું છે કે- આ સંસારમાં જે આત્માઓને આર્ય દેશમાં, આર્યકુલમાં, આર્યજાતિમાં તેમાં ય જૈન જાતિમાં મનુષ્ય જન્મ મળ્યો છે, શ્રી નવકાર મંત્રની પ્રાપ્તિ થઈ છે તે આત્માઓ આ જગતના કોઇપણ જીવ કરતાં વધુમાં વધુ ભાગ્યશાલી છે. તે ભાગ્યશાલિઓને શ્રી નવકારમંત્ર ગણવા છતાં ય શ્રી અરિહંત-પરમાત્માની ઓળખ ન થાય તો આ બધું પુણ્ય ઝેળે જાય છે અને એવાં પાપ બંધાય છે કે આવો સારો જન્મ પામીને સંસારમાં ભટકવા જવું પડે છે. વખતે અનંતકાળે પણ આવો જનમ ન મળે તેવું પાપ પણ બંધાય છે. તેવું પાપ કરાવનાર કોઇપણ ચીજ હોય તો આ સંસારનું સુખ જ છે.

શ્રી અરિહંત પરમાત્મા અને તેમના શાસનના પરમાર્થને પામેલા સઘળા ય પરમર્ષિઓ ફરમાવે છે કે- આખું જગત જે સુખ માટે ઝંખે છે, જે સુખ મેળવવા ઘણા પાપ કરે છે તે સુખ વાસ્તવિક અને સાચું સુખ જ નથી. તેને જે સાચું સુખ

સમજે છે તે ભયંકર મહામિથ્યાત્વનો ઉદય હોય તો જ બને. સંસારનું સુખ જેને ગમે, સારું લાગે, મેળવવા જેવું લાગે, ભોગવવા જેવું લાગે તે બધા મહામિથ્યાત્વના ઉદયથી પીડાય છે. તે સુખ મેળવવા માટે અને ભોગવવા માટે શું શું કરે છે તેનું વર્ણન થઇ શકે તેમ નથી. તે સુખ માટે પૈસો જોઇએ છે તો તે પૈસો મેળવવા આજે શું શું કરો છો તે પણ કહી શકો તેમ છો ? આ મનુષ્યજન્મ સંસારનું સુખ મેળવવા માટે છે ? સુખ ભોગવવા માટે છે ?

જેને આ મનુષ્યજન્મ આત્મિક સુખ મેળવવા માટે જ છે, આ દુનિયનું સુખ તો કોઇ રીતે ઇચ્છવા જેવું નથી આમ ન સમજાય ત્યાં સુધી આવા આવ. અનંતા જન્મ મળે તો પણ ઠેકાણું ન પડે. આવું જગતને સમજાવનાર કોઇપણ હોય, તો તે શ્રી અરિહંતપરમાત્મા જ છે. આ દુનિયાના સુખ ઉપર જે ગાઢ રાગ છે તેના પ્રતાપે મોક્ષે જવાનું મન પણ થતું નથી. મોક્ષ માટે જરૂરી જે સાધુપણું છે તે આ મનુષ્ય-જન્મમાં જ મળે છે તેને પામવાનું પણ મન થતું નથી. આ મનુષ્યજન્મ સાધુ થવા માટે જ છે આવું જેની સમજમાં ન આવે તેવા જીવો ભયંકર પાપના ઉદયથી રિબાય છે તમને આ દુનિયાનું સુખ મૂકી દેવા જેવું લાગે છે ? ફેંકી દેવા જેવું લાગે છે ? સાચું સુખ મોક્ષ વિના બીજે કશે છે નહિ તેવી પ્રતીતિ થઇ છે ? આ દુનિયાનું સુખ ભોગવવું પડે તેનું દુઃખ છે કે તેનો આનંદ છે ?

સભા૦ : આપ કહો છો ભોગવવું પડે અને અમે તો સુખ ભોગવવા તરફડીએ છીએ.

ઉ૦ : આવા જીવો અનંતીવાર આવી ધર્મસામગ્રી પામે તો ય ધર્મ ન પામે. આવી સારી સામગ્રી પામીને, સામગ્રીની અવહેલના કરીને સંસારમાં રખડવાના પાપ બાંધીને જાય અને અનંતકાળ ભટકે.

ચૌદપૂર્વી અને મહાસંયમી, ઘોર તપસ્વી આત્માઓ પણ આ સંસારનાં સુખમાં ભૂલા પડી ગયા તો ભટકયા. તેવા અનંતા આત્માઓ આજે નરકમાં અને નિગોદમાં છે. ચૌદ પૂર્વી નિયમા સાધુ જ હોય, તેમના જેવું જ્ઞાન કેવળજ્ઞાની વિના બીજા કોઇમાં હોતું નથી. તેમનું સમ્યગ્દર્શન પણ ઊંચામાં ઊંચું હોય છે. પણ આ દુનિયાના સુખની લાલસાથી જ્ઞાન પણ ભૂલે, ચારિત્ર પણ જાય, સમ્યગ્દર્શન પણ જાય, ગાઢ મિથ્યાત્વનો ઉદય થાય અને તેના પ્રતાપે નરક–નિગોદમાં જાય.

આપણે ક્યાં જવું છે ? આ જનમમાં શું કરવાનું મન થાય છે ? દુનિયાનું સુખ ભોગવવામાં મઝા આવે છે ? તે મળી જાય તો આનંદ થાય છે ? તે સુખ ગમે તેમ કરીને પણ મેળવવું તેમ થાય છે ? જો આવું થતું હોય તો સમજવું કે- તે જીવને મહામિથ્યાત્વનો ઉદય છે. ચૌદ પૂર્વીને ય જો દુનિયાના સુખનો રાગ થાય તો તે ય પતિત થાય છે. અને જેને બીજું કાંઈ જ્ઞાન ન હોય પણ આ વાત સમજી જાય કે-'આ સંસારનું સુખ ઇચ્છવા જેવું નથી, મેળવવા જેવું નથી, ભોગવવા જેવું નથી' તેનું 'કાણું' પડી જાય. જ્ઞાન આવ્યા પછી પણ જો દુનિયાના સુખમાં મૂંઝાય તો તે જ્ઞાન પહેલાં મેલું થાય અને પછી જાય.

સભા : દુનિયાના સુખમાં જે રાગ થાય છે તેને અટકાવનાર તત્ત્વ કયું છે ?

ઉ૦ : સાચી સમજ થઇ જાય તે. તે સમજ ચાલી ન જાય તેની કાળજી રાખવી જોઇએ.

ચૌદપૂર્વીને સાચી સમજ આવેલી પણ તેને સાચવી ન શક્યા, દુનિયાના સુખમાં આર્દ્ર ન થયા તો નરક-નિગોદમાં ગયા. જેને સમજણ આવી અને બરાબર ટકાવી તો તેઓ સાધુપણું પામીને મારી, વીતરાગ થઇ, કેવળજ્ઞાન પામીને મોક્ષે ગયા. 'આ સંસાર રહેવા જેવો નથી, મોક્ષ જ મેળવવા જેવો છે' આટલું પણ જ્ઞાન થઇ જાય તો કામ થઈ જાય. પછી ગમે તેટલું દુનિયાનું સુખ મળે તેની સામે દૃષ્ટિ ન જાય તેનું નામ જ્ઞાની. જ્ઞાની ની દૃષ્ટિ જો દુનિયાના સુખ તરફ જાય તો તેનું જેવું પતન થાય તેવું બીજાનું ન થાય !

આ દુનિયાનું સુખ મળે પુણ્યથી પણ જો તે સુખ જ સારું લાગે, તેમાં જ રાગ થાય તો તે બધી પુણ્યાઇ ફોગટ જવાની. એવી દુર્ગતિમાં જવું પડે કે ફરી ક્યારે આવી ગતિ મળે તે શંકાની વાત છે. આ વાત સમજાઇ ગઇ ? આ વાત ન સમજાય તો તે ભણેલો પણ મૂર્ખ છે. આજે પંડિત મૂર્ખ ઘણા છે. આજે મોટામાં મોટી અનીતિ પણ ભણેલા-ગણેલા જ કરે છે. ભલા લોકો જેવા પાપ નથી કરતા તેવાં પાપ ભણેલાં-ગણેલા જ કરે છે. આજે લુચ્ચાઇ-હરામખોરી-બદમાશી કોણ કરે છે ? હરામખોરી આદિ કરે તેવા ભણેલા સારા કહેવાય કે ગમે તેવા કાળમાં ય દુનિયાની સુખ-સંપત્તિને માટે એક પણ ખોટાં કામ ન કરે તે સારા કહેવાય ? સંતોષથી જીવે તે દરિદ્રી સારો કહેવાય કે ભૂતની જેમ ભટકયા કરે તે શ્રીમંત સારો લાગે ? કોઇપણ ભોગે પૈસો મેળવવો છે અને તે મેળવવા જે પાપ આદિ કરવું પડે તે મજેથી

કરે તેવા જીવ સુખી હોય તો સારો લાગે કે દુઃખી લાગે ? જે દરિદ્રી કહે કે–'મને ભગવાન મળ્યા છે, સાધુ મળ્યા છે, ધર્મ મળ્યો છે, સમજણ પણ આવી કે આ દુનિયાનું સુખ ઇચ્છવા જેવું પણ નથી' તો તે સારો લાગે કે દુનિયાના સુખનો ભીખારી સારો લાગે ? તમને પૈસાવાળાને જોઇને જેવું બહુમાન થાય છે તેવું બહુમાન પાપ ન કરે, સંતોષથી જીવે તેવા દરિદ્રીને જોઇને થાય છે ? તમે 'આવો–આવો,' 'પધારો પધારો' કોને કહો ? તેના પરથી તમારું માપ નીકળે તેવું છે.

આજે આગળ બેસનારા ધારે તેટલી ધર્મની પ્રભાવના કરી શકે તેમ છે, પણ તે કરે છે ? તે તો જેટલી કજેતી કરે છે તેનું વર્ણન થાય તેમ નથી. પણ આગળ બેસેલા સાધુને ય ભૂલાવે છે. પૈસાનો જેને મદ ચઢયો છે, પૈસાને જ જેઓ સર્વસ્વ માને છે, પૈસાને જ સુખનું સાધન માને છે, પૈસો સારા પ્રમાણમાં હોવા છતાં પણ અધિકને અધિક પૈસો મેળવવા માટે ભારેમાં ભારે અનિતિ આદિ પાપો આચરી રહ્યા છે તેમને ઉદ્દેશીને આ વાત છે. તે બધા જો સમજદાર થઈ જાય, વેપાર-ધંધાદિ બંધ કરી દે, પેઢી ઉપર જવાનું બંધ કરી દે તો ખરેખર સારામાં સારી ધર્મની પ્રભાવના કરી શકે. આજે સુખી શ્રાવક સાધુ થાય તો કેટલી મોટી અસર થાય !

એક સુખી નિવૃત્ત થાય, ત્રિકાલ પૂજા કરે, ઉભયકાળ આવશ્યક કરે, સમય મળે સામાયિક કરે, સ્વાધ્યાય કરે, આત્મચિંતન કરે તો કેટલી મોટી અસર થાય ! જ્યારે આજના શ્રીમંતોને જોઇને બીજાઓ કહે છે કે–આવા સુખી લોકોને ધર્મની કુરસદ નથી તો અમને તો ક્યાંથી ધર્મની કુરસદ મળે ? તેમને જોઇને બીજાઓ પણ પૈસા મેળવવા જ મહેનત કરે છે અને કહે છે કે–'વસુ વિના નર પશુ'. જેની પાસે વધારે પૈસો હોય, તે પૈસો જ ગમતો હોય સારો લાગતો હોય તો તેને નરકે જવું પડશે તે ભગવાનનું વચન યાદ છે ?

મહાપરિગ્રહી તેને જ સારો માનતો હોય તો ક્યાં જાય ? શાસ્ત્રે કહ્યું છે કે– મહાપરિગ્રહી અને મહારંભી તે બેને સારા માનતો હોય તો તે નરકે જ જાય. મહારંભ, મહાપરિગ્રહ, પંચેન્દ્રિયઘાત અને માંસાહારને નરકનાં કારણ કહ્યાં છે.

શ્રી અરિહંત પરમાત્મા જેવા કોઈ ઉપકારી થયા નથી, થવાના નથી અને થશે પણ નહિ. તે ઉપકાર જો આપણને સમજાઈ જાય તો આપણો ય બેડો પાર થઇ જાય. સારા ય જગતના જીવોને એ પરમતારકોએ એ વાત સમજાવી છે કે– આ દુનિયાના જે કાંઇ સુખની પ્રાપ્તિ થાય છે, સુખની સામગ્રી મળે છે તે પુણ્યના પ્રભાવે મળે છે. પણ તેને છોડી દેવી તે જ ઉત્તમ કોટિનો ધર્મ છે. (ક્રમશઃ)

❋ કામદેવ રાજાની કથાનો ગુજરાતી અનુવાદ ❋

(ગતાંકથી ચાલુ)

એ પ્રમાણે કળામાં અતિશયથી સંતુષ્ટ પિતાએ આપેલ આદેશથી મોટી સેના આદિ સામગ્રી વડે દરેક દેશમાં રાજકુમારીની પરિક્ષા કરણ સોમકુમારને બધા પ્રકારના ગુણના આધારવાળા સાંભળીને ચંપા નગરીમાં આવી તે જાણીને ચંદ્રરાજા વડે એકાંતમાં પંડિતને પૂછયું–બધી કળાની પરિક્ષામાં કુમાર સમર્થ છે.

પંડિતે કહ્યું : ન જાણતા હોય તેવું ત્રણ લોકમાં નથી તે સત્ય છે. પંડિતે કહ્યું તે કુમાર કઇ નથી જાણતો જે ન જાણતા હોય તેવા વાચસ્પતિને પણ વાદમાં જીતે છે. સાક્ષાત તે પુરૂષ સરસ્વતી છે. અનેકવાર તેઓએ પરિક્ષાઓ આપેલ છે હવે ખુશ થયેલા રાજા વડે મંત્રીએ બોલાવેલા કુમારનો પ્રવેશ ઉત્સવ આદિ સત્કાર કરાયો. પરિક્ષા મંડપનું નિર્માણ કર્યું. શુભ મુહુંતને ગ્રહણ કર્યું. પ્રખ્યાત રાજાઓને બોલાવ્યા. આવેલા ઘણા લોકો ભેગા થયા હવે પરિક્ષાના દિવસે રાજવડે મંડપમાં પ્રવેશ કરીને બધા રાજાઓને અને સભ્યોને મંચ ઉપર સ્થાપન કરીને પંડિત સાથે સોમકુમારને બોલાવીને ગૌરવ સહિત કુમારીને ત્યાં બોલાવી તેથી રાજાના આદેશથી કોલાહલ શાંત થયે છતે કન્યા પરિક્ષા કરશે એ પ્રમાણે તે આશ્ચર્ય થયે છતે કુમારના રૂપ લાવણ્ય આદિ ગુણો બધા લોકમાં જોઇને કલાકૌશલ્યની પરિક્ષા કરવાની ઇચ્છાવાળા સરસ્વતીની જેમ સ્ખલના વગર ગદ્ય અને પદ્યની લહેરીઓ રાજાઓને ખુશ કરતી. એક ક્ષણમાં પોતાના અભ્યાસને બતાવીને કે કુમારનું નૈપુણ્ય બતાવ અને સભ્યોના મનને ખુશ કર.

એ પ્રમાણે કહીને જ્યાં કુમારી ઉભી રહી ત્યાં પૂર્વે કરેલા કર્મથી સોમકુમારની બુદ્ધિ જતી રહી. જીભ સ્થંભિત થઇ ગઇ છે. બધા શાસ્ત્રો ભૂલાઇ ગયા, બધી ઇન્દ્રિયો વિકારવાળી થઇ ગઇ છે. અને ત્યારે હજી પણ કુમાર કેમ બોલતો નથી.

એ પ્રમાણે આ શંકા વડે રાજાથી પ્રેરાયેલ બધા લોકમાં થયે છતે પંડિત બોલ્યો હતો–હે બેટા તું બધા શાસ્ત્ર જાણે છે. તેથી શરમને છોડ, કૃપા કર અને મનોરથોને પૂર્ણ કર. ઘણા શાસ્ત્રના રહસ્યને બોલ. વિદ્વને

વશ કર. પોતાના કુળને ઉજવાળ, કન્યાના નિર્મલ મનને ખુશ કર. એ પ્રમાણે પંડિત ફરી ફરી બોલવા છતાં પણ જ્યારે કુમાર કાંઇપણ બોલતો નથી ત્યારે-હે પાપ તારા વડે બોલાયું હતું. તારા વચનના વિશ્વાસે આ બધું કરાયું છે. શું કરવા છૂપાયું હતું.

એ પ્રમાણે ક્રોધથી રાજાવડે પંડિતને બાંધીને વધ માટે બહાર મોકલ્યો. ત્યાં જ કેવલી સમોસર્યા તેમના પ્રભાવથી એક પહોર પૂરો થતાં પહેલા લોકોના મોઢેથી સાંભળીને રાજા પોતાના પરિવાર અને આગળ કુમારને કરીને પંડિત સાથે ત્યાં આવીને કેવલીને નમીને કુમારનું કહેલું પૂછયું અને કેવલીએ પૂર્વભવને સંભળાવીને આ પ્રમાણે કહ્યું:—

જે કાળ વેલામાં સ્વાધ્યાય કરતામાં ચાલતા પ્રતિક્રમણ આદિ કરતા અવિધિ વડે આગમ ભણે છે તે બુદ્ધિશાળી માણસને અવસર આવે છતે કળા પ્રગટ થતી નથી.

એ પ્રમાણે સાંભળીને કુમારને પશ્ચાત્તાપ થયો. સાધુને નમસ્કાર કરીને પોતાના આત્માની નિંદા કરી રે-રે અજ્ઞાની મારા વડે ચિંતામણીને ચિતન વડે, કાંકરા વડે પોતે કોલતાને આકાશના મણીને સ્વર્ગના મણી વડે વદ પક્ષ વડે શુદ પક્ષને હાથી વડે મહાધ્વજાને સાપ વડે કલ્પવૃક્ષને કરીરતા વડે હંસને કાગડા વડે મુકુટને માથાના બંધન વડે અમૃતને ઝેર વડે ગાયના ઘીને તેલ વડે દૂધને કાંજી વડે પીક્ષણને લુખ્ખા વડે રાજાને નોકર વડે સર્વજ્ઞના ઉપદેશ અશ્રાવ વાકય વડે ચિતમાં ચિંતવ્યા.

આ પ્રમાણે તેનાવડે હું એકલો છું તેથી હે ભગવાન દીક્ષા આપીને મારા આ પાપથી મુક્ત કરો ત્યારે કુમારીએ તે વચન સાંભળીને સમ્યકત્વ દર્શનની પ્રાપ્તિની કુશલતા વગર આવા પ્રકારનું વચન કેવી રીતે પ્રગટ થાય. ખરેખર આ મહા વિદ્વાન પણ કર્મોના ઉદયથી ત્યારે કાંઇ બોલતો ન હતો. આથી અહિંયા આ ભવમાં આજ મારો પતિ છે.

એ પ્રમાણે નિશ્ચય કરીને કેવલી ભગવાને કહ્યું હતું. હે ભગવાન મારી દીક્ષા થશે કે નહિ-કેવલીએ કહ્યું તમારા બંનેનો ભોગ ફલના કર્મોનો ઉદય પછી દીક્ષા છે તેથી કેવલીનું આપેલ પ્રાયશ્ચિત વડે આત્માને શુદ્ધ કરીને કુમાર-કુમારીને પરણીને લાંબા સમય સુધી ભોગ સુખ ભોગવીને ભાર્યા સહિત દીક્ષાને ગ્રહણ કરીને અનશનથી સર્વાર્થ સિદ્ધિને પામ્યા.

ચિન્તવની આશાતનામાં ભાવિ શ્રેણિક રાજાની વાર્તા :—

ખરેખર ભાવિના છેલ્લા અપશ્ચિમમાં શ્રી વીર ભગવાનના સમયમાં રાજગૃહિમાં શ્રેણિક રાજા હતો અને તે સિંહાસન ઉપર બેસીને અને હરિજનને આગળ ઉંચા સ્થાને બેસાડીને અડગ બેંચીને આકર્ષક વિદ્યાને પૂછે છે. ડરેલો હરિજન બોલતો હતો પણ રાજાને ચઢતી નહતી. તેથી હે દેવ 'વિનય વિના વિદ્યા ન ચઢે.' એ પ્રમાણે અભયકુમાર મંત્રીના વચન વડે રાજાએ હરિજનને પોતાના આસને બેસાડીને અને પોતે આગળમાં બે હાથ જોડીને વિદ્યાને ગ્રહણ કરતાં તુરત ચઢી ગઇ. એ પ્રમાણે બધા શાસ્ત્રો વિનય વડે જ સફળ થાય છે

બહુમાનથી મનની ભક્તિ તેમાં બે વિદ્યાર્થીની કથા :—

એક પંડિતના બે વિદ્યાર્થી હતા. ધન્ય અને ધર્મ. ધર્મ શાસ્ત્રો ઉપર બહુમાન વિનયને કરે છે. ધન્ય તેવું નથી કરતો અને એક વખત પંડિતવડે નિમિત્ત શાસ્ત્ર ભણાવીને બે વિદ્યાર્થીને પરિક્ષા માટે મોકલ્યા રાજમાર્ગ ઉપર મોટા પગલા જોઇને ધન્યએ કહ્યું—હાથીની ના છે. અને તે ડાબી આંખે કાણી છે. તેના ઉપર થોડા સમયમાં પુત્રને જન્મ આપનારી રાણી બેઠેલી છે.

એ પ્રમાણે વાતો કરતા તેઓ બે બહાર ગયા. ત્યાં હાથીનીને જોઇ અને પડદા પાછળ બેઠેલી રાણી પુત્રના જન્મને સાંભળીને ખુશ થઇ. ફરી આગળ ગયા. કોઇ એક ગામમાં નદીના કિનારા ઉપર બેઠા ત્યાં એક વૃદ્ધા વડે પૂછાયું. મારો પુત્ર દેશાંતર ગયો છે તે પાછો કયારે આવશે ત્યાં જ કોઇ સ્ત્રી વડે પાણીથી ભરેલો માથા ઉપરનો ઘડો પડીને ભાંગી ગયો તે બંને વડે જોવાયો ત્યાં ધન્યએ કહ્યું:—

હે ભદ્ર ! તારો પુત્ર મરી ગયો છે. પણ ત્યાં જ ધર્મએ કહ્યું: માતા જલ્દી ઘરે જાવ તારો પુત્ર આવી ગયો છે. વૃદ્ધા જલ્દી ઘરે ગઇ તો પુત્ર આવેલો જોઇને ખુશ થતી હાથમાં અક્ષત પાત્ર કુંકુમ ફલ ફુલ પુચીપાત્ર આદિ લઇને નદી ઉપર આવીને ધર્મને અર્પણ કર્યું ત્યાંથી તેઓ બંને પોતપોતાના જ્ઞાનને એ ગુરૂ પાસે કહ્યું–ગુરૂવડે પૂછાયું કઇ રીતે ધન્ય કહે છે મોટા પગલા જોવાથી હાથીના છે. પાણીનો ઘડો ફુટયો અને પાણી ગયું તેમ દેહ ભાંગ્યું અને દેહમાંથી જીવ નીકળી ગયો એ પ્રમાણે મેં કહ્યું :-

[ક્રમશઃ]

પોપટની ભાષા?

દ્વારકામાં એક પંડિતને ત્યાં પોપટ હતો. પંડિતના સંગથી ગીતા પણ બોલતો થઇ ગયો.

લોકો તેનાં દર્શન કરવા આવે અને પોપટ ગીતાના શ્લોક બોલી પ્રસન્ન કરે.

લોકો કહેવા લાગ્યા, 'આ તો વ્યાસનો અવતાર છે.'

દ્વારકા એ વખતે સયાજીરાવના કબજાનું ગામ હતું. સયાજીરાવ ગાયકવાડને પોપટના ખબર મલ્યા. પોપટના દર્શન કરી ગીતાના શ્લોક સાંભળવાનું મન થયું. પંડિતને આમંત્રણ આપ્યું રસ્તાની સગવડ સુખપાલ વિ. કરી આપી.

પંડિત પણ તૈયાર થઇ ઉપડયા.

રસ્તામાં પાલખી ઉપાડનારા ભોઇલોકો હતા. તેઓ આખો દિવસ તેમની ભાષામાં વાત કરે. પ્રયાણ જોરદાર હતું. પંડિતજી પોપટને પાઠ કરાવી શકતા નહીં.

પોપટ આખો દિવસ ભોઇની ભાષા સાંભળે અને ધીમે ધીમે એ તેના મગજમાં વસી ગઇ.

વડોદરા પહોંચ્યા. ગાયકવાડ સરકારે સામૈયું કરાવ્યું. હજારો લોકો પોપટને જોવા–સાંભળવા આવ્યા.

પંડિતે રાજસભામાં સોનાના પાંજરામાંથી પોપટને કાઢી ટેબલ ઉપર બેસાડયો અને રાજા સામે શ્લોક બોલવા કહ્યું.

પોપટ તો 'લુચ્ચા, સાલા, બદમાસ.' એ શબ્દો બોલવા લાગ્યો. પંડિત ઝંખવાઇ ગયો. રાજાને આશ્ચર્ય થયું.

પછી ખબર પડી કે રસ્તામાં પોપટને ગીતાનો પાઠ રહી ગયો. અને ભોઇની ભાષાનો પાઠ થઇ ગયો. આનું નામ સંગ તેવો રંગ.

卐

❋ ખોટું ન લગાડતા હો ને.... ❋

—ભદ્રંભદ્ર

ભદ્રંભદ્ર અને નારદજીને સરખા ન સમજો.

'નારાયણ...નારાયણ...નારાયણ... મહારાજા ઇન્દ્રનો જય હો.'

શું ખબર લાવ્યા છો ભદ્રંભદ્રજી ?

અરે! મહારાજા તમે મને ઓળખ્યો નહિ ? હું તો નારદમુનિ છું. નારાયણ... નારાયણ...બે લું છું છતાં ય તમે મને ઓળખ્યો નહિ ?

મહારાજા કહે—નારદ ! તમારામાં અને ભદ્રંભદ્રમાં ભેદ શું છે ? મને તો કશો ભેદ ન લાગ્યો. માટે જ મેં તમને ભદ્રંભદ્રજી એવું નવું બિરૂદ આપ્યું છે.

નારદજી કહે—મહારાજ ! હું કૂતુહલ પ્રિય, બે પક્ષને બજાડવામાં (લડાવવામાં) આનંદ અનુભવું છું અને આ બિચારા ભોળા ભાભા જેવા ભદ્રંભદ્ર તો કોઇને ઝગડાવતા નથી. હા કટાક્ષપ્રિય જરૂર છે. આટલો આકાશ ને પાતાળમાં છે તેવો સ્પષ્ટ ભેદ હોવા છતાં અને આપ તો અનુભવી હોવા છતાં મને ભદ્રંભદ્ર બનાવ્યો તે સારૂ નો કર્યું કે'વાય.

સારૂ નારદજી હવે તમને ભદ્રંભદ્ર નહિ બનાવું બસ, પણ શું સમાચાર લાવ્યા છો તે કહો.

નારદજી કહે—આ ભદ્રંભદ્રના જ સમાચાર હતા ને તમે મને જ ભદ્રંભદ્ર બનાવી દીધે. એટલે મારે ચોખવટ કરેવી પડેને મહારાજ ! સમાચાર હવે જણાવું છું સાંભળો મહારાજ !

આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રના દક્ષિણાર્ધ ભરતમાં રાજનગર નામની ધર્મનગરી આવેલી છે. હું ત્યાં કને ગ્યો તો. એક આર્ય સંસ્કૃતિને જીવંત બનાવવાના ધરમમ—તનતોડ પ્રયત્નો કરતા જૈન ધર્મના સાધુ ભગવંતોની સુંદર મજાની કુટીર જોઇ. મને જો કે ત્યાં રહેવાનું ગમ્યું પણ થોડું થોડું અતડું લાગ્યું. કેમ કે ક્યાં જૈનધર્મ અને ક્યાં તેનાથી નીચલી કક્ષાની આર્ય સંસ્કૃતિ ? આવી આર્ય સંસ્કૃતિને એ ય પાછી જૈનકુળના લોકોની. જૈન સંસ્કૃતિ હમણા યાદ કરાવવી બાજુએ રાખીને આર્ય સંસ્કૃતિમાં જૈનોને જોડવા અને એ કામ જૈન સાધુએ કરવા આ બધુ કેવું અતડું અતડું લાગે કેમ ? મહારાજ ! મને પણ એવું જ લાગ્યું. પણ પાછું એ લોકોનું ખંડન કરવુ મને ઉચિત ના લાગ્યું.

કેમ કે ત્યાંના ચોખ્ખા ને ચટ્ટ પ્રદુષણ વગરના અને પર્યાવરણવાળા શુદ્ધ હવા–પાણી મને ગમી ગયા અને આ ભરાડી જેવી ભેંસના દૂધ કે ડેરીના દૂધ પીવા કરતા ચોકખી ગાયનું દૂધ ગટગટાવવા મલતું હતુ. એટલે મેં કીધું (મનમાં હોં) કયાં હવે અહીં ખંડનની લપ્પન–છપ્પનમાં પડવું. બધુ ચોકખું મળે છે ત્યાં સુધી લહેર કરી લેવા દેને પછી જરુર પડયે આ વાત ઉખેળશું કે ભૈ આ કામ સાધુથી (જૈન સાધુ) ના કરાય. અથવા કહી આવશું કે જૈન સાધુથી આવા સ્થાનમાં ન રહેવાય. આવો મમરો વચ્ચે વચ્ચે મૂકતા આવશું. પેલા ભદ્રંભદ્રની જેમ. એટલે મહારાજ ! હવે મને લાગે છે કે અત્યાર સુધી આપણી કામધેનું નક્કામી થઈ ગઇ હતી તે હવે કામમાં આવશે. એટલે આપે અહીંથી કામધેનુંને મોકલીને ગાય દૂધનો પ્રચાર કરવામાં સાથ આપવા જેવો છે. અને મહારાજ ! તમારી પાસે તો અઢળક ધન છે.

લોકોમાં જાહેરાત (અરે ! જાહેરાત નહિ આ સાલો આભડછેટ થયેલો શબ્દ છે) તો નહિ ઉદ્‌ઘોષણા કરાવવી જોવે કે જે કોઇ ગાયનું દૂધ વાપરશે, (આંબેલ કરનારા માટે આ ઉદ્‌ઘોષણા નથી હોં) સીંગના બદલે તલનું તેલ વાપરશે, તે દરેકને એક એક સોનાની મહોર આપવામાં આવશે. પેલા નૂતન આચાર્ય કે જે ડાયનીંગ ટેબલ'ની પરીક્ષા લે છે તેમાં પાસ થનારને સોનાનો ચેન આપવાના છે આપણે ગાયનું દૂધ પીવામાં પાસ થનાર, કે રેકોર્ડ તોડનાર ને નહિ પણ માત્ર પીનારને સુવર્ણ મોહર આપવી જોઇએ.

અને હા મહારાજ ! સાથે સાથે એક બીજી સ્પષ્ટતા પણ કરવાની કે 'જે જૈન-કુળમાં જન્મેલા હોય અને આર્ય સંસ્કૃતિ તરફ વળેલા હોય અને આર્ય સંસ્કૃતિને પુનર્જીવિત કરવાના શુદ્ધ આશયથી જ ગાયનું દૂધ પીતા હોય તેને જ આ સોનાનું મહોર મળશે.' જો આવી સ્પષ્ટતા નહિ કરીએ તો પેલા સંસ્કૃતિના જીવનદાતાઓ સોના મ-હોરથી વંચિત રહી જશે ને આવા શુદ્ધ આશય વગર પણ ગાયનું દુધ પીનારા ઘણા જૈના છે એ લોકો પણ આપણા આ જૈનસંસ્કૃતિના ભોગે આર્યસંસ્કૃતિ રક્ષાના આ નૂતન, શ્રી ઋષભદેવ ભગવાનથી માંડીને આજ સુધી કોઇએ પણ આ અભિયાન (ઝુંબેશ નહિ હોં) આદરવાની હિંમત નો'તી કરી તેવા તદ્દન નવતર અભિયાનમાં મારે જોડાય તો આપણને કયાં વાંધો છે. (અને આમે ય કયાં સોના મહોર આપવી છે મનમાં વિચાર્યું છે હોં) અને જ્યારે સોના મહોર ખાલી થઇ જશે ત્યારે જાહેર કરી દઇશું કે આજથી થોડા સમય માટે અનિવાર્ય સંજોગોને કારણે પ્રભાવના આપવાનું મોકૂફ રાખ્યું છે. અને પ્રભાવના મળતી બંધ થશે તો આપણી સંસ્કૃતિ રક્ષામાં સાચા

હશે તે જોડાયેલા રહેશે અને ખોટા હશે તે પકડાઇ જશે. હું નારદમુનિ આ રીતે બોલે જ જતો હતો, મહારાજ સામે જોઉ તો મને બશારાથી બોલવાની ના પાડે ને? પણ મહારાજ ક્યાં સુધી સાંભળે રાખે. એટલે મને હાકોટો પાડતા કીધું એ નારદજી! તમે મને સમાચાર સંભળાવો છો કે સલાહ આપો છો?

મેં નારદજીએ કીધું–મહારાજ! આ મને ભદ્રંભદ્રના આપણા સ્વમુખેથી એનાયત કરાયેલા સુવર્ણચંદ્રકનો પ્રભાવ છે.

બોલો બીજા શા સમાચાર છે?

નારદજી કહે–મહારાજ! પેલા ભદ્રંભદ્ર જે લેખો લખે છે ને તેનાથી ઘણા લોકોને બોટુ લાગ્યું છે.

મહારાજ કહે–બજુગતુ શું લખે છે તે?

નારદજી કહે–આમ તો કંઇ જ નહિ. પણ મહારાજ! સાચુ કયાં કોઇને ગમે છે? આ તો બસ મારી સામે લખ્યું ને, માટે ભદ્રંભદ્ર બરાબ. પણ સાચું છે કે બોટું ઇ કોણ જોવે છે?

મહારાજ કહે–તમને ભદ્રંભદ્ર કેટલી દલાલી આપે છે?

નારદજી કહે- હેં?

મહારાજ કહે–તમને કેટલા ટકા દલાલી મળે છે? એમ પૂછુ છું.

નારદજી કહે–એ કંજૂસનો કાકો, એક પૈસો ય આપતો નથી.

મહારાજ કહે–તો તો તેના આટલા બધા વખાણ કેમ કરો છો?

નારદજી કહે–એમાં બોટું ય શું છે મહારાજ!

મહારાજ કહે–હવે પછી તમે ભદ્રંભદ્રને મળ્યા છો તો તમારો ટાંટીયો ભાંગી નાંખીશ.

નારદજી કહે–મહારાજ! બધે આવું જ છે. કોઈ સાચા પક્ષના કે સાચી વાતના વખાણ કરીએ કે તરત શાસક પક્ષ સત્તાના જોરે સત્યની સંગતિ કરવા ઉપર માર્શલ લો જ લગાવી દે છે આપની જેમ જ.

મહારાજ કહે–જુઓ નારદજી! તમે ત્યાં જાવ તેમાં વાંધો નથી પણ સત્યને હેરાન થવું પડશે. કેમકે તમે ભદ્રંભદ્રના વખાણ કરો તેથી લોકો એમ સમજે કે બહુ મોટી શક્તિનો ભદ્રંભદ્રને સાથ છે માટે આવું લખે છે. નહિતર તેવડ છે તેની કે કાંઇ લખી શકે? આથી લોકો સાચી વાતથી દુર રહેશે. એટલે તમને જાહેરમાં ભદ્રંભદ્રને મળવા ઉપર મનાઇ મૂકી છે.

નારદજી કહે–તો ગુપ્–ચૂપ ગુપ–ચૂપ મલ્યા કરને ?

મહારાજ મૌન રહ્યા.

આથી નારદજીએ નક્કિ કર્યું 'અનિષિદ્ધં અનુમત" જેની ના પાડી નથી તેની હા સમજવી. આટલી વાત નારદજીએ મહારાજા પાસે કરી તે ભદ્રંભદ્ર પાસે આવતા હતા ત્યાં જ નારદજીને યાદ આવ્યું કે–પેલી કામધેનુ માટે શું વિચાર છે તે જાણી તો લઉં. તે તો ગયા મહારાજ પાસે અને પૂછ્યુ–મહારાજ ! પેલી કામધેનુનું લઇ જઉં. હમણાં કે પછી વાત ?

મહારાજ કહે–આટલી સદીઓમાં કયારે ય એવું બન્યું નથી કે આપણી કામધેનુ નીચે જાય. હું નવો ચીલો ચીતરવામાં નથી માનતો. સાંભળી લો નારદજી કે– તમારા મનથી તમે નક્કિ કરી રાખેલો માર્ગ પૂર્વના ચાલ્યા આવતા માર્ગથી ભિન્ન હોય અને સુંદર આશયથી કરાતો હોય તો પણ તે તમે તમારી મતિકલ્પનાથી કર્યો હોવાથી. આચરાતો તે માર્ગ માર્ગ નથી પણ ઉન્માર્ગ છે. હા ગીતાર્થ ગુરૂ ભગવંતોએ મળીને નક્કિ કર્યો હોય, અને તેનો કોઇએ શાસ્ત્રીય બાધ કાઢયો ન હોય કે નિષેધ કર્યો ન હોય તો તે મંજૂર ગણાય. જાવ હવે પછી કામધેનુની વાત કરી છે, તો તમારી ખેર નથી.

અને નારદજી તમે ચોકખા હવા–પાણી અને દૂધ ખાધા–પીધા, પણ ખ્યાલ રાખો કે–આ ખાધેલી વસ્તુઓએ તમને સત્ય બોલતા અચકાવી દીધા છે તે જરાય ઉચિત નથી થયું. જે ખાધેલુ અનાજ તમને સત્ય બોલતા અચકાવી દેતું હોય તો તે અનાજનું શરીરમાં લોહી બને તે પહેલા બહેતર છે કે મોંમાં આંગળા નાંખીને ઓકી નાખવું. ખાધેલા લુણની વફાદારી સત્યના ભોગે કદિ ન કરાય, સમજ્યા નારદજી.

જાવ, નારદજી ભદ્રંભદ્રને કહે કે-સત્ય કહેતા, બોલતા, લખતા ડરે નહિ. કહેજો કે 'જ્યાં સુધી આ સંસારને ધર્મ સાથે સબંધ છે ત્યાં સુધી સત્યનો જ વિજય થશે.'

નારદજી ખુશ–ખુશાલ થતાં કામધેનુ લીધા વગર જ આવ્યા.

હે વાંચકો– આ સત્ય ઘટના નથી હો. આ તો મને (ભદ્રંભદ્રને) આવેલું મધરાતનું સપનું છે. સપનું સુંદર છે પણ બહુ વહેલું આવી ગયું છે હવે આ સપનું સફળ બનાવવા માટે મારે જાગતું રહેવું પડશે. હજી તો રાતના સાડા બાર જ વાગ્યા છે. હવે સાલું કરવું શું ? મહાપુરુષો તો બાકીની રાત ધર્મ જાગરણમાં વીતાવતા. મને તો ધર્મ બહુ ગમતો ય નથી તે રાત્રિજાગરણ પણ કેમ કરું ?

આટલું સુંદર સ્વપ્ન નિષ્ફળ પણ કેમ જવા દેવાય.

આં ! હા. આનો ઉપાય તમને જ પૂછુ તો ? હે પ્રિય વાચકો ! મારે બાકીની રાત સુંદર સ્વપ્ન સકુળ બનાવવા શી રીતે પસાર કરવી તે જરા મને તાકીદે જણાવો ને ? એસ. ટી. ડી. થી હવે પા ભાગનો જ ચાર્જ થશે. અમારો ફોન નંબર બદલાઈ ગયો છે. પણ અમારો પીન કોડ નંબર હજી જ્યારથી આવ્યો ત્યારથી એનો એ જ છે. તે ફર્યો નથી એટલ વડોદરા, મોમ્બે, કલકત્તામાંથી ગમે તે પીન કોડ નંબર જોડજોને તમ તમારે અહીં બધે મારા ચાહકો છે જ એટલે તમે તેને ફોન કરો ને તેમાં એટલું કહેજો કે આટલા મેસેજ 'ભદ્રંભદ્ર' ને પહોંચાડી દેજો અને છેવટે ક્યાં ય નહિ તો જૈન શાસન કાર્યાલય – જામનગર' જણાવજો તમારે પીન કોડ નંબર જ જોડવો, ક્યાં ય રોંગ નંબર જ નો આવે.

જ્યારે, ત્યારે રાતના તમારા સમાચાર આવવાની આવવાની રાહમાં રાત પસાર કરી રહેલા ભદ્રંભદ્રના સાદર પ્રણામ !

તા ક. : રાતભર કેમે કરીને જાગતા રહીને હવારથી જ ઘસાઘસાટ હું ઉંઘી ગયેલો હો ભૈ. આવા સપના ક્યાંથી ફળે ?

નારાયણ...નારાયણ...નારાયણ

પ્રભુ ! દૂર કરો અંધારું —પૂ. મુ. શ્રી મોક્ષરતિવિજયજી મ.

હે પ્રભુ ! 'દયા કરી મુજને નેહે નિહાળો' એવી મારી પ્રાર્થના પાછળની લાં...બી લામકહાણી તું સાંભળશે ત્યારે જ તારૂં હૈયું પીગળશે. પણ એ હું શી રીતે સંભળાવું ? એની યાદ પણ મને ધ્રુજાવે છે. દુઃખમાં એટલું જાણી લે પ્રભુ, કે જેની જેની પાસે હું નેહની આશ લઇને ગયો તે બધાએ મને છેહ દીધો છે. ત્રાંસી કંટાળીને હવે તારી પાસે આવ્યો છું. શું તું પણ...?

હે પ્રભુ ! હોંશે હોંશે ગોઠવી ગોઠવીને રાચીમાચીને પાપલીલાઓ આચરનારો હું તારી સામે જ્યારે 'ભવમંડપમાં રે નાટક નાચિયો' બોલું છું ત્યારે એમ લાગે છે કે અત્યારે રંગ મંડપમાં પણ હું એક નાટક જ નાચી રહ્યો છું...મારી બેશરમી અને નફ્ફટાઇને હવે તું ચલાવી ના લે, પ્રભુ !

હે પ્રભુ ! 'અમને શિવસુખ આપો' એવું હું તને અમથું અમથું નથી કહેતો હોં ! સંસાર સુખનો સ્વાદ (!) ચાખ્યા પછી હું તને વિનવું છું-આપો આપો ને મહારાજ ! અમને મોક્ષસુખ આપો !

* સંમૂર્છિમ જીવોની ઉત્પત્તિના સ્થાનો :—

સંમૂર્છિમ જીવો ચૌદ સ્થાનમાં ઉત્પન્ન થાય છે તેમ શ્રી પન્નવણા સૂત્રમાં કહેલ છે તે ચૌદ સ્થાનો આ પ્રમાણે છે.

"ઉચ્ચારેસુ વા પાસવણેસુ વા ખેલેસુ વા સીંઘાણેસુ વા વંતેસુ વા પીતેસુ વા સોણિએસુ વા પુઇએસુ વા સુક્કેસુ વા સુક્કં પોગ્ગલે પરિસાડીએસુ વા ઇત્થીપુરૂષ સંજોગેસુ વા વિગયજીવકલેવરેસુ વા નગરનિદ્ધમણેસુ વા સવ્વેસુ ચેવ અસુઇઠાણેસુ વા।'

૧ ઉચ્ચારેસુ વા–વડીનીતિમાં
૨ વાસવણેસુ વા–લઘુનીતિ (પેશાબ)માં
૩ ખેલેસુ વા–ગળફામાં
૪ સીંઘાણેસુ વા–નાકનો મેલ–લીંટમાં
૫ વંતેસુ વા–વમન થાય તેમાં
૬ પીતેસુ વા–પિત્ત પડે તેમાં
૭ સોણિએસુ વા–લોહી પડે તેમાં
૮ પુઇએસુ વા–રસીમાં
૯ સુક્કેસુ વા–વીર્યમાં
૧૦ સુક્કં પોગલે પડીસાડીએસુ વા–વીર્યના પુદ્ગલો આર્દ્ર હોય તેમાં
૧૧ ઇત્થીપુરૂષસંજોગેસુ વા–સ્ત્રી–પુરૂષના સંજોગમાં
૧૨ વિગયજીવકલેવરેસુ વા–કલેવરોમાં અંતર્મુહુર્ત્તમાં
૧૩ નગરનિદ્ધમણેસુ વા–નગરના ખાળોમાં
૧૪ સવ્વેસુ ચેવ અસુઇ ઠાણેસુ વા–સઘળાય અશુચિ સ્થાનોમાં.

卐

❋ આ તે કેવો વિરોધાભાસ ! ❋

— શાસન ભક્ત

અનંતોપકારી શ્રી તીર્થંકર પરમાત્માઓએ સ્થાપેલું પરમતારક શાસન મોક્ષલક્ષી છે. રાગાત્મા મિથ્યાત્વાદિ દોષોથી સર્વથા રહિત બને અને એકાન્તે નિરવદ્ય આજ્ઞા મૂલક પ્રવૃત્તિમાં ઉદ્યત બને તો જ મોક્ષરૂપ સાધ્યને સિદ્ધ કરી શકે. અર્થાત્ પરમતારક શાસન એ એકાન્તે મિથ્યાત્વશોષક, સાવદ્યનું રોધક છે અને માત્ર નિરવદ્ય પ્રવૃત્તિનું જ પોષક છે. આ વાત નહિ સમજનારા કે સમજવા છતાં ય માન–પાન–કીર્તિ–પ્રસિદ્ધિના મોહથી સાચી વાતને છૂપાવનારા 'સંસ્કૃતિ'ના નામે સત્ય સામે ચેડા આચરી અનેક ભલાભોળા જીવોને સન્માર્ગથી ચ્યુત કરવાનું (દુઃ) સાહસ કરી રહ્યા છે. તે તો દુઃખદ વાત છે તેના કરતાં ય જાણે–અજાણે તેના હાથા બની રહેલ જવાબદાર વ્યક્તિઓ પણ આંખ મીંચામણા કરે છે તે વધુ દુઃખદ છે.

એક બાજુ સંસ્કૃતિ રક્ષાની વાતો પોકારવી અને શાસનની આભડછેટ રાખવી તે વદતો વ્યાઘાત જેવી વાત છે. યંત્રવાદનો સર્વથા વિરોધ કરવો અને પ્રચાર માટે યંત્રવાદનો જ આશ્રય લેવો, યંત્રવાદની પુષ્ટિ કરવી તે બાલિશ ચેષ્ટા સજ્જનોમાં હાસ્યાસ્પદ બને છે. પણ આજે જેમ શ્રીમંતોમાં પોતાની શ્રીમંતાઇના પ્રદર્શનનો 'ક્રેઝ' ચઢયો છે તેના કરતાં કઇ ગુણો ક્રેઝ આધુનિક સાધનોનો સહારો લઇ 'પ્રાચીનતા' બતાવવાનો આ સંસ્કૃતિ પ્રેમી, પર્યાવરણપ્રેમીઓને ચઢયો છે.

અમદાવાદથી પ્રગટ થતા 'ગુજરાત સમાચાર' (તા. ૧–૨–૯૮ રવિવાર) માં જે લેખ આવ્યો (કે આપવામાં આવ્યો લેવા આવનારો પેટ્રોલના સાધનમાં આવેલો, નહિ કે ઊંટગાડી આદિમાં બેસી) તે સ્વયં 'માતા મે વંધ્યા' જેવી વાત કરે છે. યાંત્રિક સાધનોનો– આધુનિક રીત રસમોનો વિરોધ કરનારા જાણે– અજાણે તેના પ્રચારના હાથા બને છે અને પ્રચાર–પ્રસિદ્ધિના મોહમાં અસત્યને સત્યનો આંચળો પહેરાવી જગતમાં પોતાની બુદ્ધિનું વરવું પ્રદર્શન કરે છે ત્યારે કહેવાનું મન થાય છે કે 'આ તે કેવો વિરોધાભાસ' !

તેના નમૂના જૂઓ–'હાથથી લખાયેલી' પત્રિકા કઇ રીતે મોકલાયેલ તે જણાવ્યું હોત તો તેમના ઠંભના લીરા ઉડત ! તેનો પ્રચાર 'ગુજરાત સમાચારે' પ્રીન્ટીંગ કર્યું કરેલ કે હાથથી ?

તેમાં જે જે ખાદ્ય સામગ્રીનું વર્ણન કર્યું છે તે ય કઈ રીતના મંગાવેલ ? ઊંટગાડીમાં કે યાંત્રિક સાધનોમાં ?

તાંબા–પિત્તલ-કાંસાનાં વાસણ કઈ રીતે બને છે ?

શ્રી જૈન શાસનને સમજેલા આત્માનું જીવન જયણા પ્રધાન હોય છે. અગ્નિના સાધનનો ઉપયોગ કરતી વખતે જયણાનું પૂરું પાલન કરવા પ્રયત્નશીલ હોય છે. કેમકે શાસન તો સમજાવે છે કે ઉઘાડા દીવા કે મશાલ તો રખાય જ નહિ. ઉડતા–ફરતા ત્રસ અને સંપાતિમ જીવોની વિરાધનાનું પાપ લાગે છે. મશાલ એ જૈન શાસનની વસ્તુ નથી છતાં પણ કક્કો ખરો કરવાના મુડમાં સાચી વાત ભૂલી જાય છે. ભગવાનનો શાસનનો પરમાર્થ સમજ્યા વિના ફાવતી વાતો શાસ્ત્રના નામે લેનારા ખરેખર શાસનનો શાસ્ત્રનો દ્રોહ કરનારા છે. આજે તો ફાવતી વાતો લેવી એ એક માન્યતા દૃઢ થઇ છે અને પ્રસિદ્ધિ–માન–પાનના પ્રેમી સાધુ–પદસ્થોની મહોર છાપ સંમતિ મળે પછી બાકી શું રહે ?

બાકી જાણવા–સાંભળવા પ્રમાણે સુપ્રસિદ્ધ જૈનાચાર્ય સ્વ. પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. શ્રી જિનમંદિરમાં સુંદર આંગીના પ્રસંગે, દીવાની રોશનીમાં ખુલ્લા દીપક રાખે તો તે તરફ સખત નારાજી–અણગમો વ્યક્ત કરતા અને ઠપકો પણ આપતા કે 'દીવા ખુલ્લા ન રખાય ઢાંકણવાળા રાખવા જોઇએ, હાર્ડવેરના ઢરબારમાં જોઇ આવો.' વરઘોડામાં ભાંડ–ભવૈયાઓને જોઇને પણ પૂજ્યશ્રીએ પોતાની નારાજી બતાવેલ અને કહેલ કે, 'ભાંડ-ભવાઇ એ શાસનની શોભા નથી કરતી પણ ભવાઇ કરે છે.' શાસ્ત્ર-સિદ્ધ વાતને પણ ન માની મનઃકલ્પિત વાતોની પુષ્ટિ કરે તો વિધિ ક્યાં રહે !

શ્રી જૈન શાસનમાં ઉચિત વેષભૂષાની, શ્રાવકને માટે સાત ધોતીયાની વાત આવે છે પણ ક્યાંય 'સાંસ્કૃતિક વેષ' કે 'કાન વીંધાવા' ની વાત આવતી નથી છતાંય શાસનમાન્ય વાતોનો પડછાયો પણ ન આવી જાય તેની કાળજી રખાતી હોય ત્યાં શું માનવું ? શાસ્ત્રનો એક અક્ષર પણ ન રૂચે તેને મિથ્યાદૃષ્ટિ કહ્યો છે. કહેવાતી સંસ્કૃતિ આવી મિથ્યાત્વની પોષક અને સાવદ્યની પ્રેરક હોય. જ્યારે શાસન તેનું વિરોધી હોય.

યંત્રવાદના વિરોધના નાદે ચઢેલ. આ સંસ્કૃતિ પ્રેમી સાધુઓ પણ પોતાને કામ પડે તો સાથે રહેલા મુમુક્ષુઓ પાસે સેલ્યુબર ફોન કરાવે તો તે શું માનવું ? આ જેના લેજાની ઉપજ છે તે ભગવાનની પૂજા પણ ન કરે તો શું માનવું ?

લોકમાં જેમ નવરાત્રિ આદિ ઉત્સવો ધાર્મિક કે સાંસ્કૃતિક પણ ન રહેતાં 'વ્યાપારી' ધોરણના, ફેન્સી ડ્રેસના પ્રદર્શનના અને સ્વચ્છન્દને પોષનારા બની ગયા (પછી ભલે તેને પ્રાચીનતાનું નામ આપો.) (અનુ. પેજ ૭૪૦ પર)

મહાભારતનાં પ્રસંગો

[પ્રકરણ-૨૩] —શ્રી રાજુભાઇ પંડિત

(૨૩) દોહીલા સંજમવ્રતભાર.

જે દિવસે દમયંતીનો બીજો સ્વયંવર યોજાયો હતો તે જ સવારે દમયંતીએ એક સ્વપ્ન જોયું હતું–તે પિતાને જણાવતા કહ્યું કે- 'સુખેથી સૂતેલી મેં નિવૃતિદેવીને જોઇ. અને તેના વડે કોશલાનું આકાશમાં લવાયેલું ઉદ્યાન જોયું. તે દેવીના કહેવાથી હું પત્ર-પુષ્પ અને ફુલોવાળા આમ્રવૃક્ષ ઉપર ચડી. અને તેણે મને વિકસેલું કમળ આપ્યું. હું વૃક્ષ ઉપર ચડી ત્યારે ત્યાં પહેલેથી બેઠેલું એક પક્ષી હતું તે જલ્દી પૃથ્વી ઉપર પડી ગયું.' આ સ્વપ્નના ફળાદેશમાં પિતા ભીમરથ રાજાએ દમયંતીને કહ્યું-વત્સે ! અતિ સુંદર સ્વપ્ન છે, આ નિવૃતિદેવીને જોઇ તે તારી ઉત્કૃષ્ટ પુન્યરાશિ સમજ. આકાશમાં કોશલા ઉદ્યાન જોયું તેથી કોશલાનું તને મળનારૂ ઐશ્વર જાણ. આમ્રવૃક્ષ ઉપર ચડી તેથી તને પતિ સાથે મિલન થશે. ત્યાં પહેલા ચડેલું પક્ષી પડયું તે રાજ્ય ઉપરથી હવે કુબરનું પતન માની લે.' અને સવારના સમયનું આ સ્વપ્ન આજે જ તારો નળ સાથે મેળાપ થશે.'

આમ્મરે દમયંતીનો નળમેળાપ થયો. હવે સૈન્ય સજજ બનીને અયોધ્યા-કોશલાનગરી તરફ નળરાજા આવી પહોંચ્યા. સંગ્રામથી ફફડી ગયેલો કુબર ગભરાઇ ઉઠયો. આથી નળરાજાએ ફરીવાર કુબરને સોગઠાબાજી રમવા માટે જ આમંત્રણ આપ્યું. પુન્ય નળરાજાના પક્ષમાં હતું માટે બાજી નલ-રાજા જીતી ગયા. આખુ ભરતાર્ધ પાછું સોગઠાબાજીથી હસ્તગત કરી લીધું. હવે કુબરને એક ક્ષણ પણ અહીં ઉભા રહેવાનો અધિકાર ન હતો. પહેરેં કપડે ચાલ્યા જવાનો વારો આવ્યો ત્યારે નળરાજે કુબર જેવા દુષ્ટ સામે દુષ્ટતા ન આચરતા પૂર્વની જેમ જ કુબરને યુવરાજ પદે સ્થાપિત કર્યો.

ભરતાર્ધનરેશ નલરાજાએ હજારો વર્ષો સુધી પૃથ્વિ ઉપર શાસન કર્યું હવે સમય થયો જાણીને દેવ બનેલા પિતા વિષયાર્ણવમાં ડુબી ગયેલા જગ-ચર જેવા નલને પ્રતિબોધ પમાડવા આવ્યા. દેવે કહ્યું-'વિષય વાસનાના તસ્કરોથી ભવ અરણ્યમાં લુંટાઇ રહેલા પોતાના વિવેક ધનની રક્ષા નહિ કરતો

તું પુરૂષ શી રીતે ગણાય ?' મેં તને પહેલા પ્રવજ્યા લેવાનો સમય જણાવવાનો કોલ દીધો હતો, આજે સમય છે, વત્સ ! આયુષ્યવૃક્ષના ફળ રૂપ હવે પ્રવજ્યા ગ્રહણ કરો વત્સ !' આટલું કહીને દેવ અંતર્ધાન થયા. અને તે જ સમયે ત્યાં જિનસેન નામના અવધિજ્ઞાની સૂરીશ્વર પધાર્યા.

નલ-દમયંતીએ તેમની પાસે દેશના સાંભળીને પોતાનો પૂર્વભવ પૂછતાં સૂરીશ્વરે કહ્યું કે-પૂર્વજન્મમાં મુનિવરને ક્ષીર-દૂધના દાનથી તે રાજ્ય પ્રાપ્ત કર્યું. અને ક્રોધથી એક મુનિવરને બાર ઘડી સુધી તે ધારી રાખ્યા હતા તેથી તમારો બાર વર્ષનો વિયોગ થયો.

આ રીતે પૂર્વભવ સાંભળી પુષ્કલ નામના પોતાના પુત્રને રાજ્ય ઉપર સ્થાપન કરીને પ્રવજ્યા ગ્રહણ કરીને બંને દંપતિએ લાંબા સમય સુધી સારી રીતે પાળી.

પણ... એક વખત નલને દમયંતી સાથેના પૂર્વના ભોગના દિવસો સાંભરી આવ્યા. ભોગની લાલસાથી નળે ભોગ માટે દીક્ષિત થઇ ગયેલી દમયંતી તરફ મન કર્યું. આચાર્ય ભગવંતને આ માનસિક પતનની જાણ થતાં આચાર્ય ભગવંતે નલમુનિને સમુદાય બહાર કર્યા પણ પિતાદેવે આવીને નલમુનિવરને દમયંતી તરફ ભોગ માટે મનન કરવા સમજાવ્યા.

પણ... હવે વાસના ઘેર્યા મનથી નલમુનિવરને વ્રતનું પાલન દુર્ધર બન્યું. આખરે નલમુનિવરે અનશન સ્વીકાર્યું.

આ બાજુ દમયંતીને પણ દીક્ષા પછી નલ તરફનો અનુરાગ રંજાડવા લાગ્યો. નલ તરફની અનુરાગની હેરાનગતિએ આખરે આર્યા દમયંતી પણ વ્રતનું પાલન કરવા લાચાર બની. છેવટે આર્યા દમયંતીએ પણ તે જ કર્યું જે નલમુનિવરે કર્યું. આર્યા દમયંતીએ અનશન સ્વીકાર્યું.

મુનિવર નલ અને આર્યા દમદંતી બને અનશન મરણથી દેવલોકમાં ગયા મુનિવર નલ મૃત્યુ પામીને હે વસુદેવ ! હું તમારી સામે કુબેર થયેલો ઉભો છું. અને આર્યા દમયંતી મારી પ્રિયા દેવાંગના બની. દેવલોકમાંથી ચ્યવીને મારી પ્રિયા દમયંતી અત્યારે કનકવતી બની છે. જેની સાથે હે વસુદેવ ! તારો વિવાહ થયો છે. પૂર્વજનમના પત્નીસ્નેહથી અત્યંત અનુરાગી બનેલો હું કનકવતીના સ્વયંવર અવસરને જોવા આવ્યો છું.

હે દશાર્હ ! વસુદેવ ! 'આ કનકવતી આ જ ભવમાં કર્મોનું ઉન્મૂલન કરીને નિર્વાણ પામશે.' ઇન્દ્ર મહારાજા સાથે વંદનાર્થે ગયેલા મને મહાવિદેહમાં શ્રી વિમલનાથ ભગવંત વડે કહેવાયેલું હતું.

આ રીતે કનકવતીનો પૂર્વભવનો નલ–દમયંતીનો સંબંધ કહીને કુબેર સ્વર્ગમાં ગયા.

હસ્તિનાપુરના સમ્રાટ સમુદ્રવિજયે દશાર્હ વસુદેવના પુનર્મિલન પૂર્વે સેંકડો વર્ષો સુધી પૃથ્વી ઉપર ફરતા ફરતાં જે કાંઇ આશ્ચર્યો જોયા હતા તે બધાની સાથે આ નળ–દમયંતીનો વૃત્તાંત પણ કહ્યો.

વસુદેવ સાથે રાજા સમુદ્રવિજયનો સુખકાળ વીતી રહ્યો છે.

(ક્રમશઃ)

* દશ પ્રકારનો ધર્મ *

—શ્રી રતિલાલ ડી. ગુદકા–કંડલા

મનુષ્યભવમાં છેલ્લી દુર્લભતા દશ છે–સમજવા જાણવા જેવી છે. ૧ ક્ષમા, ૨ માર્દવ, ૩ આર્જવ, ૪ મુક્તિ, ૫ તપ, ૬ દયા, ૭ સત્ય, ૮ શૌચ ૯ બ્રહ્મ, ૧૦ અકિંચન્ય.

ક્ષમા એટલે ક્રોધનો અભાવ, ૨ માર્દવ એટલે માન અભિમાનનો ત્યાગવર્જંત, આર્જવ એટલે સરળભાવ, મુક્તિ એટલે બે ય પ્રકારની નિર્ગ્રંથતા નિર્લોભતા તપ–એટલે ઇચ્છાનો નિરોધ–ઇચ્છાને શમાવવી ત્યાગભાવ તપવું તે તપ. દયા એટલે જીવોનું પાલન. ૭ સત્ય એટલે (દોષ) પાપ રહિત વાક્ય ઉચ્ચાર, ૮ શૌચ એટલે નિર્મળ ચિત્તના ઉંચા વિચારો જીવનમાં અપનાવવા તે. અબ્રહ્મ એટલે અઢારે પ્રકારના મૈથુનનુ વિર્સજન મૂળથી ત્યાગ તિલાંજલી અકિંચન્ય એટલે કોઇપણ વસ્તુથી મારે કાર્ય નથી એવી પ્રકારની નિસ્પૃહતા ધર્મને કલ્પવૃક્ષની ઉપમા આપવામાં આવી છે. કલ્પવૃક્ષ ઇચ્છિત વસ્તુને આપે પણ આ લોક આ ભવ પૂરતુ–જ્યારે ધર્મ કલ્પવૃક્ષ આ ભવ અને પરભવમાં ઇચ્છીત સુખને મોક્ષને મેળવી આપાવે છે મોક્ષ નગરમાં પહોંચાડે છે.

પવિત્રતાની પરમટોચે પહોંચેલા, પવિત્રતાનો પરમસંદેશ વિશ્વને પહોંચાડનાર, બિહારની રાજધાની પટના સિટિની મહત્વની જગ્યા-ગુલઝાર બાગ

શીલ શિરોમણી શ્રી સુદર્શન શેઠની ભવ્ય યશોગાથા

જાણો, માણો, પામો, પમાડો.

લેખક :- વર્ધમાન તપોનિધિ, પૂ. આ. શ્રી વિ. પ્રભાકરસૂરીશ્વરજી મ.

[ગતાંકથી ચાલુ]

શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનો જાગે તો બિહાર તીર્થની યાત્રા કરવા માટેનું પ્રવેશ દ્વાર બને તેવું પટના સિટી છે.

આ ધર્મકથાના બોધનો ઘોધ આત્માની ધરતી ઉપર બરાબર છવાઈ જાય અને આત્માની શુદ્ધિ-વૃદ્ધિ કરી સિદ્ધિપદ પામવાની લગની લાગી જાય તો ઘણું ઘણું કામ થઇ જાય. પછી તો આત્માના એક એક પ્રદેશથી ગુંજન ચાલે કે, ધન-સંપત્તિ વેડફી નાખવા માટે નથી. શરીરની શક્તિ પાયમાલ થવા માટે નથી. સમય બરબાદ કરવા માટે નથી. આંખો ટી.વી. વિડિયોની પાછળ ભ્રષ્ટ થવા માટે નથી.

મહાન પુરૂષોને બે હાથ, બે પગ, બે આંખ, આપણાં જેવું માથું. વિગેરે મળ્યા હતા. તેઓને સારા માતા-પિતા, ભાઇ-બેન, સારા મિત્રો મળ્યા. સદ્‌ગુરૂઓ મળી ગયા. તેઓનો બતાવેલો માર્ગ ગમી ગયો તે પંથે ચાલી ગયા તો પુરૂષાર્થના બળે તેઓ મહાન બની ગયા. તેઓના જીવન પ્રસંગો સાંભળી કંઈક માનવીના જીવન પલટાઇ ગયા. પલટાઇ રહ્યાં છે. પલટાઇ જશે.

આપણી ચામડીમાં ચિતરાઇ જાય મારે પવિત્ર બનવું છે. પરમાત્મા બનવું છે.
આપણા માથામાં મઢાઇ જાય. મારે પવિત્ર બનવું છે. પરમાત્મા બનવું છે.
આપણી આંખમાં અંજાઇ જાય. મારે પવિત્ર બનવું છે. પરમાત્મા બનવું છે.
આપણા લોહીમાં લખાઇ જાય. મારે પવિત્ર બનવું છે. પરમાત્મા બનવું છે.
આપણા કાનમાં કોતરાઇ જાય મારે પવિત્ર બનવું છે પરમાત્મા બનવું છે.
આપણા ગાલમાં ગુંથાઇ જાય મારે પવિત્ર બનવું છે પરમાત્મા બનવું છે.
આપણા ગળામાં ગદ્‌ગદ થઇ જાય મારે પવિત્ર બનવું છે પરમાત્મા બનવું છે.

મારે હવે બા આ કરી જીવન પુરૂં નથી કરવું પણ સુંદર તપ કરવો છે. કરસી નોટો ઘણી ગણી ઠેકાણું ન પડ્યું હવે નવકાર મંત્ર ગણવાનો આનંદ લુંટવો છે. વાસ-

નાના પાસમાં બંધાઇ પશુ કરતા હું બદતર બન્યો. દુઃખો અને રોગોનો ભોગ બન્યો. પાપોનો ભોગ બન્યો. હવે ઉપાસનાની મસ્તી માણવી છે. આપણે રાત્રે મજેથી ઘસઘસાટ ઉંઘતા હોઇએ છીએ ત્યારે મહાન પુરૂષ બનવાની ભાવનાવાળા જાગતા હોય છે. ચિંતન-સ્વાધ્યાય કરતાં હોય છે.

ચૌદ રાજની અંદર આ છેડાથી પેલા છેડા સુધી અનેક સ્થળોએ મેં રખડપટ્ટી કરી હવા ખાવાના સ્થળોએ ક્યો ઠેકાણું ન પડયું. ચલો હવે સિદ્ધ પદની મારે પ્રાપ્તિ કરવી છે તો સામાયિકમાં મનને જોડું. ૨૪ કલાકમાં સામાયિક ધર્મ ગમે ત્યારે કરી શકાય છે. જગતની અંદર ધર્મો ઘણાં છે પણ નિષ્કામ બનવા માટે કોઇ ધર્મક્રિયા નથી. સામાયિક ધર્મ ૪૮ મિનિટ માટે પાપરહિત બનવાની ધર્મક્રિયા છે. જ્યાં ત્યાં ભટકવાનો ચસ્કો એવો જીવને લાગ્યો છે કે સાચી વાત હૈયામાં ઘુસતી નથી. હજુકમી આત્મા બને. યોગ્યત પ્રગટે-ધન નહિ ધર્મ કિંમતી છે. અનંત જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્ય ઉપયોગ એ મારી પોતાની સંપત્તિ છે. તેનું સંપૂર્ણ પ્રગટીકરણ ધર્મ પુરૂષાર્થ દ્વારા થઈ શકે છે. આ વાત ક્ષણે ક્ષણે યાદ કરવી પડશે. અનંત અનંત વંદન મહાપુરૂષોને.

આ કથા શીલ-શિરોમણિ-શેઠ સુદર્શન નામનું પુસ્તક મુનિરાજ શ્રી ગુણસુંદર વિજયજી મહારાજે લખેલ છે તેના આધારે લખેલ છે. પૂજ્ય મુનિરાજ શ્રી આ. શ્રી રત્નપ્રભસૂરીશ્વરજી મ.ના શિષ્ય હતા. પૂજ્ય મુનિરાજ શ્રી ગુણસુંદરવિજયજી મહારાજે આ પુસ્તકની પ્રસ્તાવનામાં લખેલ છે કે મારી પાસે જીર્ણ-શીર્ણ પ્રાચીન પાનાઓ હતા. તેના અંતિમ પાનાઓ કોઇ કારણસર ખુબ મહેનત કરવા છતાં પણ ન મળ્યા. મનમાં મનોરથ જાગ્યો અને નિશ્ચય કર્યો કે જે કાંઇ ઉપલબ્ધ છે તેને તૈયાર કરી પ્રકાશન કરાવવું. આ નાનો પણ સુંદર કથાનક તૈયાર કરવા હું સફળ થયો તે હું મારૂં સદ્ભાગ્ય માનું છું. આ લેખકે છેલ્લે વિનંતી કરી છે કોઇ સજ્જન પાસે શ્રી સુદર્શનની સંપૂર્ણ પ્રત હોય તો મને મોકલાવે જેથી બીજી આવૃત્તિમાં સંપૂર્ણ પ્રકાશન થઇ શકે. આ પુસ્તકનું પ્રકાશન વીર સં. ૨૪૫૭ વિક્રમ સંવત ૧૯૮૭ ઓસવાલ સં. ૨૩૮૭ માં થયેલ છે. આ પુસ્તક શ્રી રત્નપ્રભાકર જ્ઞાન પુષ્પમાલા. મુ. ફલોદી (મારવાડ) રાજસ્થાન તરફથી પ્રગટ થયેલ છે.

બ્રહ્મચર્યનું સુંદર પાલન કરનારને મનુષ્યો તો નમે જ છે પણ દેવતાઓ પણ નમે છે દિવ્ય શક્તિઓ-ઓજ તેજ પ્રાપ્ત થાય છે. પૂજાના ઢાળમાં એ વ્રત

(જુઓ અનુ. પાના નં. ૭૪૦ ઉપર)

* સચ્ચાઈનું ફળ *

બોધ કથા : —પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

એક ગરીબ કઠીયારો હતો. દરિદ્રાઇથી પીડીત હતો. જંગલના લાકડા કાપી માંડ માંડ આજીવિકા ચલાવતો હતો. એકવાર પોતાની સાચી સહચરી કુહાડી લઈ જંગલમાં ગયો. સરોવર પાસે એક તોતીંગ વૃક્ષને કાપવાની ઇચ્છાથી કુહાડી ઉગામી અને આશ્ચર્ય એ થયું કે જે ડાળ કાપવા કુહાડી ઉગામેલી ત્યાં તે કુહાડી ફસાઇ ગઇ અને એકદમ ઉછળીને સરોવરમાં પડી ગઇ. આજીવિકાનું એક માત્ર સાધન ચાલ્યુ જવાથી તે અત્યંત મોટેમોટેથી રુદન કરવા લાગ્યા. સમજુ લોકોને પણ સામાન્ય નુકશાન આઘાત અને આંચકો આપે છે તો આને તો વધુ આઘાત થાય તેમાં નવાઇ ઓછી છે! ગાઢ અરણ્યમાં તેનું રૂદન કોણ સાંભળે? કોણ સહાય કરે?

તેનો કરુણ વિલાપ સાંભળી તે સરોવરની અધિષ્ઠાત્રી દેવીને દયા આવી. તેની પાસે આવી રડવાનું કારણ પૂછ્યું. અચાનક જેણી મફત મળે તો માણસને કેવો આનંદ થાય! તેવી દશા અનુભવતા તે કઠીયારાએ પોતાની આપવીતી જણાવી. તેથી તેને સાંત્વન આપી તેની પરીક્ષા કરવાના ઇરાદાથી દેવીએ સરોવરમાં ડુબકી મારી સોનાની કુહાડી લાવી કહે આ તારી છે? અભણ પણ ઇમાનદાર હતો તેથી કહે મારી નથી. ઇમાનદારીનો ઇજારો ઇલ્યો–શ્રીમંતોનો જ છે અને દરિદ્રો તેના દુશ્મન જ છે તેવું નથી હોં ને! પછી બીજીવાર, ડુબકી મારી ચાંદીની કુહાડી લાવી આપી તો ય મારી નથી કહી ના લીધી. ત્રીજી વાર ડુબકી મારી તેની લોખંડની કુહાડી લાવી આપી તો કહે કે મારી છે! તેની સચ્ચાઇથી ખુશ થયેલી દેવીએ ત્રણે કુહાડી તેને ભેટમાં આપી દીધી. આને ઘરે જઇ સરળતાથી જેવું બનેલ તે પોતાના કુટુંબ પરિવારને કહ્યું. થોડા સમયમાં શ્રીમંત જેવો થઈ ગયો. તે રીતના રહેવા લાગ્યો. સરળતા–પ્રામાણિકતા–સચ્ચાઇ આદિ ગુણો મોટાઘરાનાની દેન છે તેમ માને તે પહેલા નંબરના મૂરખ માનવા પડે ને!

આની શ્રીમંત જેવી રહેણી–કરણી જોઇ તેની પાડોશમાં રહેતા એક લોભી વાણિયાએ અવસર પામી તેની સારી સ્થિતિનું કારણ પૂછ્યું. આને તો નિષ્કપટ–સરળ–ભોળાભાવે જેવું બનેલું તે બધું કહી દીધું. વગર મહેનતે–મફતના માલદાર થવાની તક કયો મૂરખ ગુમાવે?

બીજા દિવસે તે વાણીયો પણ તેણે કહેલ જગ્યા ઉપર પહોંચી વૃક્ષને કાપવા માટે કુહાડી ઉગામી અને તે પણ ઉછળીને સરોવરમા પડી. આ પણ બનાવટી રૂદન

જોરશોરથી કરવા લાગ્યો. દેવીને કયા આવી તેની વાત જાણી. પૂર્વની જેમ પરીક્ષા કરવા માટે સોનાની કુહાડી લાવી બતાવી અને પૂછે આ તારી છે. સોનું દેખી મધલાળ પાડલા જ્હે કે હા મારી છે! પછી દેવીએ શું કહ્યું તે વાચકો સમજી શકે છે. અસત્ય અને અપ્રામાણિકતાની તેને એવી શિક્ષા કરી કે જીવનભર યાદ રહી જાય.

આ દૃષ્ટાન્તનો સાર એક જ છે કે સત્ય પ્રામાણિકતાના માર્ગે ચાલશો તો જીવનની સુવાસ ચોમેર ફેલાશે અને અસત્ય અને અપ્રામાણિકતાના પંથે ચાલશો તો પસ્તાવું પડશે બચાવનાર પણ કોઇ નહિ મળે. માટે સદ્‌ગુણોની મહેકથી જીવનને સુંદર બનાવો તે જ અભિલાષા.

વિવિધ વાંચનમાંથી તારવીને....

જ્ઞાનની આશાતનાથી બચો !

જ્ઞાન તો તેને કહેવાય જે જ્ઞાન દ્વારા આત્માના સ્વભાવનું જ્ઞાન થાય. પરમાત્મા પ્રત્યેના ભાવ પ્રગટે તે જ સાચું જ્ઞાન છે. બાકી તો બુદ્ધિનું અંધપણું છે.

મિથ્યાજ્ઞાન આત્માને ભૂલાવે,
સમ્યગ્જ્ઞાન આત્માને જગાડે.

અજ્ઞાન આત્માને દુર્ગતિમાં પટકે છે. અજ્ઞાન ભવભ્રમણમાં ભટકાવે છે...જીવનમાં જ્ઞાન ન હોવાથી આત્મા અજ્ઞાન દ્વારા ઘણાં ઘણાં પાપો બાંધી દુઃખી દુઃખી થઇ જાય છે.

છાપા–પેપર વિગેરેમાં પણ અક્ષર તો છે જ. જેથી તે પણ ત્યાં જ્ઞાનની વિરાધનાથી જીવો કર્મ બાંધે છે. છાપા વગેરેને જ્યાં ત્યાં નાખી તેના ઉપર બેસી–તેની અંદર ખાવાર્થ. પણ ઘણી જ્ઞાનની અશાતના થાય છે.

વળી એઠાં મોઢે બોલવાથી જ્ઞાનની ભયંકર આશાતના છે એઠાં મોઢે બોલવાથી ક્યારે જીભ અથડાઇ જાય તે ન કહેવાય...માટે ખૂબ વિવેક રાખી એઠાં મોઢે બોલવું નહિ.

પ્રેષક : પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ.



(અનુ. પેજ–૭૩૭નું ચાલુ)

જગતનો દિવો છે દ્વારા જ્ઞાનીઓએ પ્રશંસા કરી છે. કોઇપણ વ્રત, નિયમ તપનું પાલન બ્રહ્મચર્ય સહિત કરવાથી ફળદાયી બને છે. સર્વ વ્રતોમાં બ્રહ્મચર્ય વ્રતને શિરોમણી કહ્યું છે. શીલધર્મ પાલન કરનાર રાજાની ઉન્નતિ થાય છે. હીરા–મોતી–મણી–માણેકમાં શીલ બ્રહ્મચર્ય સાચું આભુષણ છે. બ્રહ્મચર્ય પરમગતિને અપાવે છે. દુર્ગતિને દૂર કરે છે.

બ્રહ્મચર્યનું સુંદર પાલન કરવા માટે : (૧) દૃઢ સંકલ્પ મારે પવિત્ર બનવું છે. (૨) જીવનમાં થયેલી ભુલોનું સદ્‌ગુરુ પાસે પ્રાયશ્ચિત લેવું જોઇએ (૩) કોઇપણ નાની છોકરીમાં દિકરીના દર્શન કરવા, સમાનમાં બેનના દર્શન કરવા, મોટામાં માતા, ભાભીના દર્શન કરવા સૌમા સિદ્ધભગવાન બિરાજમાન છે. (૪) પૂર્વમાં થયેલ ભૂલો સ્મરણમાં ન લાવવી. (૫) મન પવિત્ર બને તેવા મહાન પુરૂષોના જીવન ચરિત્રો વાંચવા. (૬) ૐ હ્રીં શ્રી સ્થુલિભદ્ર સ્વામિને નમઃ (૭) ૐ હ્રીં શ્રી નેમનાથ સ્વામીને નમઃ (૭) ૐ હ્રીં શ્રી સુદર્શન શ્રેષ્ઠિને નમઃ વિગરે જાપ પૂર્વ સન્મુખ બેસી બને તેટલા નિયત સમયે એક જગ્યાએ જેટલો વધુ જાપ થાય તે કરવો. (૮) રાત્રિભોજન–કંદ-મૂળ–હોટેલ–ઠંડાપીણાં વિગેરે ત્યાગ કરવો. (૯) વિકારો વધે તેવા અતિ સ્નિગ્ધ પદાર્થો છોડવા પ્રયત્ન કરવાં (૧૦) રોજ બે ટાઇમ પ્રતિક્રમણ–જિનપૂજા-ગુરુવંદન–જિનવાણી શ્રવણનો અભ્યાસ પાડવો. (૧૧) અનાદિ કાળથી ખોટા માર્ગે જવાથી ટેવાઇ ગયેલ આત્માને ભૂલ થઇ જવી તે સંભવીત છે પરંતુ તે ભૂલનું પ્રાયશ્ચિત લઇ ફરી પવિત્ર બનવાનો અભ્યાસ ચાલુ રાખવો. (૧૨) ૐ હ્રીં શ્રીં નમો ચારિત્તસ્સની માળા ગણવી. આ જાપના પ્રભાવે મને આ ભવમાં કે ભવાંતરમાં ચારિત્ર ધર્મની પ્રાપ્તિ થાવ અને મુક્તિ મળો. હવે હું ડાહ્યો બની જઈશ. (સમાપ્ત)



(અનુ. પેજ નં. ૭૩૨નું ચાલું)

તેવું જ આ ત્રોકોત્તર શાસનમાં થવા લાગ્યું છે. ત્યારે શાસનરાગી આત્મા-ઓના હૈયાનો પોકાર થાય છે કે **'આ તે કેવો વિરોધાભાસ' !**

કોઇના પુણ્યની છબ્યાથી આ લખાયું નથી પણ એક વાસ્તવિક હકીકત 'કડવા' બનીને વાચકો સમક્ષ રજૂ કરી છે. શાસન રાગી આત્માઓ આમના ઢંભને પૂરેપૂરો જાણે છે માટે સ્વયં બચે છે, સમજુને બચાવે છે. સુજ્ઞેષુ કિં બહુના ?

શાસન સમાચાર

જામનગરમાં અંજનશલાકા તથા દીક્ષા મહોત્સવ

પ. પૂ. હાલારદેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મ. ના પટ્ટધર પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ.ના સમુદાયમાં લંડન નિવાસી શ્રી કુસુમબેન શાહની ૩૫ વર્ષ વય દ્વિ–દિના દીક્ષા નકી થઇ તે સાથે દીક્ષાના ઉત્સવ પ્રસંગે મોડપર તીર્થના નૂતન મંડપ રૂપ સામરણવાળા મંદિરમાં ૯૯ ઇંચના પ્રતિમાજી તથા સંઘપતિ વસ્તુપાલ મંત્રીશ્વરની સ્વર્ગભૂમિ અંકેવાડીયા ચંપાપુરી શ્રી વાસુપૂજ્ય સ્વામી તીર્થના મૂળનાયક ૪૧ ઇંચના શ્રી વાસુપૂજ્ય સ્વામી આદિ જિનબિંબોની અંજન શલાકાનો મહોત્સવ પણ શ્રી કુસુમબેન તરફથી ઉજવવાનું નકી થયું.

૯૯ ઇંચના શ્રી શત્રુંજય કેશરીયા આદીશ્વરજી જયપુરથી આવી જતાં પો. સુ. ૧૨ના ચાંદીબજાર વર્ધમાન શાહના દેરાસરથી ભવ્ય સામૈયું ગોઠવાયું. બેંડો વિ. સાથે સામૈયું શરૂ થયું. આ પ્રતિમાજીના પ્રવેશની છાપાઓ દ્વારા પ્રવેશ શુભેચ્છા જાહેરાત અપાઇ હતી. તેથી મેદની એકત્રિત થઇ હતી. બજારોમાં પણ હજારો ભાવિકો જોવા કતારો લગાવીને ઉભા હતા. વરઘોડાની વ્યવસ્થા માટે સેંકડો ઓસવાળ યુવાનો તનતોડ મહેનત કરતા હતા. જેમ જેમ સામૈયું આગળ વધતુ હતુ તેમ તેમ માનવ મહેરામણ ઉમટતો જતો હતો. ૪૫ દ્વિ.પ્લોટ થઇ શ્રુતજ્ઞાન ભવનમાં ૯૯ ઇંચના બિંબને મંડપમાં પધરાવવામાં આવ્યા. પ્રવચન થયું. ૬ ટન વજનના બિંબને આ રીતે જયપુરથી લાવી અંજન માટે મુકાયા તે આશ્ચર્ય નવીન હતું.

૪૯ ઇંચના બિંબો વિ. જામનગર શ્રુતજ્ઞાન ભવનમાં જયપુરના શિલ્પીઓને તેડાવીને નિર્માણ કાર્ય ચાલુ હતું. તે જોવા માટે સેંકડો ભાવિકો આવતા હતા.

પૂ ગુરુદેવ સાથે ત્રણ વર્ષથી અભ્યાસ કરતા બાળ મુમુક્ષુ નંદિષેણકુમારની દીક્ષા માટે તેમના પિતાશ્રી આદિએ દીક્ષા આપવાનું નકી કરતાં ૧૧ વર્ષના નંદિષેણની પણ દીક્ષા આ અંજનશલાકા તથા દીક્ષા મહોત્સવમાં નકી થઇ નંદિષેણના પિતાશ્રી રશ્મિકાંત બાબુલાલ શાહે આવીને ઓસ્વાલ કોલોનીમાં બિરાજમાન પૂ. તપસ્વી સમ્રાટ આ. ભ. વિ. રાજતિલક સૂ. મ. આદિની નિશ્રામાં આવી ઉત્સાહ પૂર્વક દીક્ષાનું મુહૂર્ત

પૂ. શ્રી પાસે લીધું અને આ પ્રસંગે પૂ. આ. ભ. એ સુંદર બોધ ઉપદેશ આપ્યો. રશ્મિકાંતભાઇ તરફથી સંઘપૂજન થયું.

પ્લોટના શ્રી હા. વી. ઓસવાળ તપગચ્છ સંઘ હસ્તક આ બધો કાર્યક્રમ સુંદર રીતે ગોઠવાયો.

પૂ. આ. શ્રી વિ. જિનેન્દ્ર સૂ. મ., પૂ. પ્રવર્તક મુ. શ્રી યોગીન્દ્ર વિ. મ., પૂ. તપસ્વી રત્ન મુ. શ્રી દિવ્યાનંદ વિ. મ. આદિની નિશ્રામાં પૂર્ણ તૈયારીઓ થવા લાગી. મુમુક્ષુ કુસુમબેનના ભાઇ-બહેનો-બનેવીઓ વિ. પણ લંડનથી આવી ગયા. બીજા અનેક ભાવિકો લંડનથી આવી પહોંચ્યા.

પૂ. આ. શ્રી વિ. લલિતશેખર સૂ.મ., પૂ. આ. શ્રી વિ. મહાબલ સૂ. મ. આદિ આ મહોત્સવ પ્રસંગની વિનંતિનો સ્વીકાર કરતાં ખૂબ હર્ષ ફેલાયો.

પો.સુ. ૧૪ તા. ૧૬ના સવારે જલયાત્રાનો વરઘોડો ચડયો તે પોલીસ ચોકી આવ્યો અને પૂ. તપસ્વી સમ્રાટ આ. ભ. આદિ ભાઇશ્રી વેલજી દેપાર હરણીયાને ત્યાં પધારી ગયા હતા ત્યાં સામૈયું આવ્યુ અને વરઘોડા સાથે ૪૫-દિ. પ્લોટ શ્રી વિમલનાથ દેરાસર થઇ શ્રુતજ્ઞાન ભવનમાં ઉતર્યું. પ્રભુજીના પોખણા વિધિ બાદ પૂ. આ. ભ. શ્રી વિ. રાજતિલક સૂ. મ. મંડપમાં ખૂબ મનનીય પ્રવચન આપ્યું. પૂ. લલિતશેખર સૂ. મ. પૂ. જિનેન્દ્ર સૂ. મ. એ પણ ઉદ્બોધન કર્યું. બપોરે મંડપમાં શ્રી પંચકલ્યાણક પૂજા ભણાવાઇ.

પો. સુદ-૧૫ તા. ૧૨ સવારે પ્રવચન થયું બાદ કુંભ સ્થાપન દીપક સ્થાપન જવારા રોપણ થયું. બપોરે દશ દિકપાલ પુજન ૧૬ વિદ્યાદેવી પુજન, નંદાવ્રત પુજન નવ ગ્રહ પુજન, અષ્ટમંગલ પુજન થયું.

પો.વ. ૧ તા. ૧૩ના ૯ વાગ્યે પ્રવચન અને બપોરે નવપદ પુજન વેશસ્થાનક પુજન સુંદર રીતે ભણાવાયાં.

પો.વ. ૨ તા. ૧૪ ઇન્દ્ર-ઇન્દ્રાણી, માતા-પિતાદિની સ્થાપના થઇ. ઇન્દ્ર ઇન્દ્રાણી કુસુમબેનના જેન નિમુબેન તથા બનેવી મનુભાઇ બન્યા. માતા-પિતા કુસુમબેનના બેન જયાબેન તથા બનેવી ગુલાબચંદભાઇ બન્યા. તે વિધિ બાદ ચ્યવન કલ્યાણકની વિધિ થઇ. પ્રભુજીને દુધની કોઠીમાં પધરાવાયા. પુ. ગુરૂદેવોએ પ્રાણન્યાસ કર્યો. સ્ટેજ ઉપર ૧૪ સ્વપ્ન દર્શન થયું. સ્વપ્ન ફળ પાઠક દીપેશ ખીમસીયાએ કહ્યું. બપોરે ૨ વાગ્યે શાંતિભવનમાં કુસુમબેનની દીક્ષાની સાંજી હતી. મોટી સંખ્યામાં બહેનો પધારેલ. ૩ વાગ્યે ચ્યવન કલ્યાણકનો વરઘોડો ચડયો મોટી સંખ્યા જોડાઇ પર્યુષણથી વિશેષ વર-

ઘોડામાં સંખ્યા હતી. વરઘોડો ૪૬ ઠિ. પ્લોટ પવન ચક્કી પ્રેમચંદ કોલોની સુધી ગયો.

પો.વ. ૫ તા. ૧૫ સવારે જન્મ કલ્યાણકની વિધિ થઇ સંખ્યા સારી થઇ. બાર ૫૬ દિકકુમારિનો મહોત્સવ સ્ટેજ ઉપર થયો. ચિકાર મેદની થઇ. દિકકુમારીની ભક્તિ જોઇ સૌ ખુશ થઈ ગયા. કુસુમબેનના બોન જયાબેના શુલાબચંદ શાહ (લંડન) તરફથી ૬૨ બાલિકાઓને કાંડા ઘડિયાળો ભેટ અપાઇ તથા સભામાંથી દેશ પરદેશના ભાવિકાએ ૫૬ દિકકુમારીકાઓને હર્ષથી વધાવી રૂપીયાનો વરસાદ વરસાવ્યો તે લગભગ ૧૭૫–૧૭૫ રૂા. કરેક કુમારિકાને ભેટ કર્યા હતા **શ્રી** વિમલ જિનેન્દ્ર સંગીત મંડળે હેલે ચડયા ગીત ગાઇ બધાને આનંદ અને ભક્તિના હેલે ચડાવ્યા હતા. ઇન્દ્રસભામાં નૃત્યકાર મહેન્દ્રભાઇ શાહે નૃત્યની જમાવટ કરી હતી. ઇન્દ્રાસન ડોલ્યું. ઇન્દ્ર ગરમ થયા પણ ખુશ થયા ૬૪ ઇંદ્રો સહિત મેરૂ ઉપર જન્માભિષેક કર્યો.

બપોરે ૩ વાગ્યે જન્મ કલ્યાણકનો વરઘોડો પોલીસ ચોકી ખંભાળીયા ગેટ પવનચક્કી થઇ શ્રુતજ્ઞાન ભવન ઉતર્યો કરેક વરઘોડામાં સંખ્યા સારી જોડાતી.

પે. વ. ૪ તા. ૧૬ સવારે પ્રભુજીના ૧૮ અભિષેક થયા પ્રિયંવદા હાસી બનેલા સાજબેને હરખભરી વધાઈ મહારાજાને આપી મહારાજાએ ઇનામ આપ્યું પારણું ઝુલાવવા કુસુમબેનના સંબંધી વર્ગ ગોઠવાયો અને તેમણે તથા સંગીતકારે પારણા ગયા પ્રભુજીનું નામ પાડવા માટે ફૈબા સુરેખા (બેના) બેને જોશીને પ્રશ્ન કર્યા જે બનેલા બાળ દીક્ષાર્થી નંદિષેણકુમારે લાંબુ ટીપણું કાઢીને સવાલ જવાબ કર્યા અને પ્રસંગ અતિહર્ષક બન્યો ફૈબાએ નામ પાડયું. વિધિકાર શ્રેષ્ઠિવર્ય શ્રી નવીનભાઇ ગીત ગવડાવવા સાથે પ્રસંગ ચમક લાવ્યા દીક્ષાર્થી નંદિષેણ તથા દીક્ષાર્થી કુસુમબેનનું બહુમાન સંઘમાં થયું હતું.

— બહુમાન કરનારના નામો —

૧. શ્રી વિમલનાથજી દેરાસર પેઢી શાન્તિભાઇ જયેન્તિભાઇ ૨. શ્રી કુંવરબાઇ જૈન ધર્મશાળા શાન્તાબેન ચંપકભાઇ ૩. શ્રી હર્ષ. પુષ્પ, જ્ઞાન ભંડાર કાનજીભાઇ મોદી ૪. શ્રી ઓશવાળ કોલોની દેરાસરજી કાનજી જેઠા ૫. શ્રી જૈન કન્યા વિદ્યાલય આચાર્ય શ્રી લત્તાબેન ૬. શ્રી હરિયા સ્કુલ રસીકભાઇ અમુભાઇ ૭. શ્રી આરાધના ધામ આર. કે. લીલાવંતીબેન ૮. શ્રી કસ્તુરબેન ધીરજલાલ નાગડા ચેલા લંડન ૯. શ્રી કેશવલાલ પેથરાજ નાગડા ચેલા લંડન ૧૦. શ્રી વેલજી દેપારભાઇ હરણીયા ૧૧. શ્રી દેવકુંવરબેન કુલચંદ ૧૨. શ્રી મધુબેન કાન્તિલાલ ૧૩. શ્રી હેમાંગ કમલકુમાર ૧૪. શ્રી

રતનબેન જુઠાલાલ હરિયા ૧૫. શ્રી શાન્તિલાલ દેવશી હરિયા ૧૬. શ્રી હીરાભાઇ હધાભાઇ ૧૭. શ્રી શાહ રતિલાલ વીરચંદ ૧૮. શ્રી શાંતિલાલ મેપાભાઈ ૧૯. શ્રીમતી મોતીબેન ભગવાનજી ગદૈયા ૨૦. શ્રી ઝવેરચંદ લાધાભાઇ ૨૧. શ્રી કાનજી જેઠાભાઇ નાગડા ૨૨. શ્રી રળિયાતબેન મોહનલાલ શાહ ૨૩. શ્રી જીવીબેન કેશવજી મુળજી ચંગા લંડન ૨૪. શ્રી હેમકુંવરબેન વેલજી મુળજી ચંગા લંડન ૨૫. શ્રી શાન્તાબેન કાન્તિલાલ કેશવજી ચંગા લંડન ૨૬. સવિતાબેન વેલજી લંડન ૨૭. કંચનબેન જયસુખલાલ જામનગર ૨૮. મોહનલાલ વેલજી પારેખ જામનગર ૨૯. અમૃતબેન હંસરાજ ધરમશી હ: નર્મદાબેન ચુનીલાલ હંસરાજ.

પાઠશાળામાં મુકવા માતા પિતા તૈયાર થયા. શિક્ષક બનેલા દીપકભાઇ કેશવલાલ વિદ્યાર્થીઓને ભણાવ્યા. વિદ્યાર્થીઓ સમકીત, મોનીલ, ચિરાગ, હેમાંગ, પુનીત, આશીષ, વિમલ, દીપ, સાગર, ભાવિક. જિમીત, પ્રવીણ બન્યા હતા. પ્રભુજીને ભાગુવવા તે માત પિતાનો મોહ હતો. ઇન્દ્રે બ્રાહ્મણ રૂપે આવી પ્રભુજીના જ્ઞાનને પ્રગટ કર્યું હતું બાળકોને પાટી નોટ બોલપેન થેલી સાથે આપ્યા. મંડળે ગાયેલું પાઠશાળા ગમનનું ગીત જમાવટ કરી ગયું.

પો. વ. ૫ તા. ૧૭ સવારે લગ્ન મહોત્સવ ઉજવાયો. સાસુ, સસરા ઉષાબેન તથા શાંતિલાલભાઇ મુલુંડવાળા તથા મામા-મામી વેલજી દેપારભાઇ તથા કસ્તુરબેન હરણીયા હતા. કુસુમબેનના ભાઇ બચુભાઇ (સુરેશભાઇ) મામા બનીને લાભ લીધો હતો. વેલજીભાઇએ જેરદાર મામેરૂ લાવ્યા હતા. અલંકાર પહેરામણી અને ઢેરાસરના ઉપકરણો પછી કુલેકું ચડયું હતું. સાસુ સસરાએ પોંખ્યા બાદ લગ્ન વિધિ પહેરામણી વિ. થયા નવીનભાઇએ મામેરૂં તથા કંસારનું ગીત ગાઇ બધાને ઉલ્લસીત બનાવ્યા. લગ્ન છે બંધન નથી ગીત ગાઇ મંડળીએ પ્રભુજીના લગ્નનું ગીત ગાયું. નવીનભાઇ સાજન બેહું માંડવે ગીત ગાઇ વરના માતા પિતા આદિ સૌસંબંધીઓને લાવી ગીતની ઝલક જમાવી હતી. મંડળીના સંગીતના સૂરો ઠરેઠ પ્રસંગે જામતા હતા. પ્રભુના લગ્ન કર્મ ખપાવવા માટે છે વિ. શાસ્ત્ર રહસ્યો પૂ. ગુરૂદેવ સમજાવતા હતા.

બપોરે રાજ્યાભિષેક હતો. વિશાળ રાજસભામાં ગોઠવાઇ માતા પિતા ઇંદ્ર ઇન્દ્રાણી ઉપરાંત મંત્રીશ્વર વેલજી પાનાચંદ ભંડારી, રાજુભાઈ મોહનલાલ નગરશેઠ, જયંતિલાલ પેથરાજ, પુરોહિત સુરેશભાઇ, સેનાપતિ જયંતિલાલ મેરગ હરિણ ગમેષી હિતેશ હરખચંદ જોશી મુમુક્ષુ નંદિષેણ, કુલમહત્તા સરોજબેન તથા કુસુમબેનના ફૈબા બનેલ, જોનાબેન દાસી પ્રિયંવદા સરોજબેન સાસુ સસરા, મામા મામી, ચાર સામંત

રાજાઓ કુસુમબેનના ભાઇ બચુભાઈ, ભત્રીજા નિખીલ નરેન્દ્રભાઇ, કાનજી જેઠાભાઇ, રતિલાલ મુળજીભાઇ વિ. ગોઠવાઇ ગયા હતા. રાજસભાનું સંચાલન સેનાપતિએ કર્યું. સંગીતમય નૃત્ય મહેન્દ્રભાઇ શાહ (રાજકોટ) કર્યો. આવો ઋષભ કરબાર ગીત મંડળીએ રમઝટ બોલાવી નૃત્યકારે ભાવવાહી નૃત્યથી સભાના રોમાંચ ખડા કરી દીધા. રાજતિલક કરનારી કન્યાઓ, મયુરી, રીના કુસુમબેનના ભાણેજીઓએ તિલક કર્યું. કુસુમબેને સોનાના કર્યા વીંટીઓ વિ. પ્રાસંગિક બહુમાન કર્યા હતા. છડીદાર રજનીભાઈ મોદી, રાજેશ મોહનલાલ નંદિષેણ અવસરે અવસરે છડી પોકારતા હતા.

નવલાકાંતિક દેવો, શાંતિલાલ દેવશી, હરખચંદ વીરપાર, પ્રવીણચંદ્ર કાનજી, શાંતિલાલ મેપાભાઇ, નવીનચંદ્ર બાબુલાલ (વિધિકાર), કરમશી મુળજી, કેશવલાલ દેવશી, હંશરાજ ઘેલજી, ગોવીંદજી જીવરાજ જય જય નંદા જય જય ભદ્રાના નાદ સાથે આવી દીક્ષા લેવા પ્રભુજીને વિનવ્યા, પ્રભુજીએ પણ વરસીદાન શરૂ કર્યું. માત–પિતા આદિ રાજપરિવાર તથા કુસુમબેને તેજ વખતે વરસીદાન ઉછાળ્યું.

પોષ વ. પ્ર–૬ તા. ૧૮ સવારે પ્રભુજીના દીક્ષા કલ્યાણકનો તથા દીક્ષાર્થી નંદિષેણ તથા દીક્ષાર્થી કુસુમબેનનો વરસીદાનનો વરઘોડો ભવ્ય અને વિશાળ બન્યો હતો. ત્રણ રથ, ત્રણ બેંડ, ૪ બગીઓ, ૧૪ શણગારેલ ઉંટ ગાડીઓમાં અષ્ટમંગળ દીક્ષાર્થી કુસુંમબેનનું મયુર ગાડી, નંદિષેણની બલદ ગાડી, નૃત્ય કરતા નૃત્યકાર સાથે વિમલ જિનેન્દ્ર સંગીત મંડળ, ચાર મહિલા મંડળો, બગીઓમાં રાજ પરિવાર હાથી ઉપર રાજ પરિવાર ખૂબ વર્ણનીય વરઘોડો બન્યો હતો. પોલીસચોકી, ઓસવાળ કોલોની, રણજીતનગર, જનતા કામકાર કોલોની ઓસવાલ બોર્ડીંગ સાતરસ્તા, બસસ્ટેપો થઇ ૪૫ દિગ્વિજય પ્લોટ શ્રુત જ્ઞાન ભવન ઉતર્યો. વર્ણવી ન શકાય તેટલી મેદની થઇ જ્યાં જુઓ ત્યાં માનવ મહેરામણ માતપિતા તથા દીક્ષાર્થીઓના વરસીદાન વરસાદ વરસતો હતો. ઉત્સવ વરઘોડા વિ. સમિતિઓના અને બીજા યુવાનોનો અથાગ પરિશ્રમ દેખાતો હતો. આટલો વિશાળ વરઘોડો છતાં એકદમ વ્યવસ્થિત અને શાનદાર હતો. વરઘોડા બાદ દીક્ષા કલ્યાણકની વિધિ શરૂ થઇ માતાપિતાએ પોતાના પુત્ર પ્રત્યેના ભાવો કહ્યા, કુલ મત્તારા સરોજબેને પાલક માતા બનીને હૈયાના ભાવો કહ્યા. આ કથનોએ સૌના હૈયા ભીંજવી દીધા અશ્રુધારાઓ પણ વહેવા લાગી.

આજે હાલારી વીશા ઓસવાળ સમાજનું સાધર્મિક વાત્સલ્ય મુમુક્ષુ કુસુમબેન તરફથી હતું. પાંચેક હજારની સંખ્યા થઇ જમણવાર શ્રી કુંવરબાઇ જૈન ધર્મશાળામાં હતું.

પાછી રાત્રે અધિવાસના અંજન થયા. સમવસરણ દેશનામાં ઘણો સમુદાય એકત્રિત થયેા હતેા. ત્રિષષ્ટિમાંથી ઋષભદેવ પ્રભુજીની દેશનાનેા સાર પૂ. ગુરૂદેવે કહ્યો હતેા. બાદ ૧૦૮ અભિષેક નિર્વાણ કલ્યાણકના થયા હતા. નવીનભાઇ વિધિકારનેા બહેાળેા અનુભવ દરેક વિધિમાં જણાઇ આવતેા હતેા. પૂ. આ જિનેન્દ્ર સૂ. મ.એ નવીનભાઇને નવી હરિયરની પ્રતિષ્ઠાથી જોડ્યા હતા અને જાણકાર અનુભવી બનાવ્યા છે. તેમણે આ ૮૯મી અંજન શલાકા કરી હતી.

પેા. વદ બીજી છઠ્ઠ તા. ૧૯ સ્ટેજ ઉપર બંને દીક્ષાર્થી વરસીદાન દેતા આવી પહોંચ્યા હતા. ૮ વાગ્યે વિધિ શરૂ થઇ હતી અને પૂ. પાદ આ.ભ. શ્રી વિ. રાજતિલક સૂ. મ.ને મુમુક્ષુ નંદિષેણનેા રજોહરણ અપેા.

માતાપિતા મધુબેન તથા રશ્મિકાંત આદિ પૂ.શ્રીને રજોહરણ વહેારાવ્યું અને પૂ. શ્રીએ નંદિષેણને રજોહરણ આપતાં તે નાચી ઉઠયા અને સભા આખી હર્ષથી જય બોલાવતી તાળીઓના ગડગડાટ કર્યો. તથા મુમુક્ષુ કુસુમબેનના ભાઇ–બહેન–ભત્રીજી વિ.એ રજોહરણ પૂ. આ. ભ.ને આપ્યેા. મુમુક્ષુ કુસુમબેનને પૂ. આ. ભ. શ્રી વિ. રાજતિલક સૂ. મ.એ રજોહરણ આપતા તે હર્ષથી પુલકિત બની નાચી ઉઠયા અને વાજતે ગાજતે બંને વેષ પરિવર્તન કરવા ગયા. ઉપકરણેાની બેાલીઓ જોરદાર બેાલાઇ અને લાભેાના આંકડા વટાઇ ગયા. કુસુમબેનના સંબંધીઓ મંડળના સભ્યેા વિ. અને ભાવિકેા જે લંડનથી આવ્યા હતા તે બેાલીમાં વરસી પડયા નંદિષેણ માટેના ઉપકરણેાની બેાલી પણ ખૂબ સારી થઇ અને લાખ ઉપર વટાઇ ગઇ.

— દીક્ષાર્થીના ઉપકરણેા ગુરૂદેવને અર્પણ કરવાનેા લાભ લેનાર —

કુસુમબેનનાં ઉપકરણેા

૧ કામળી	જયાબેન ગુલાબચંદ પરિવાર	લંડન
૨ કપડેા	નીમુબેન મનસુખલાલ	,,
૩ સાળેા	સુરેશભાઇ કરમશી લાધા	,,
૪ સંથારીયું	દેવકુંવરબેન કુલચંદ લાલજી	,,
૫ આસન	લંડન ફ્રિન્ચલીના બહેનેા	
૬ સાપડેા	અરૂણાબેન સેામચંદ	લંડન
૭ પેાથી	કુમારી મયુરી મનસુખલાલ	,,
૮ નવકારવાળી	કસ્તુરબેન નરશી હઃ અરવિંદભાઇ	મુંબઇ
૯ દાંડેા દંડાસન	આદર્શ સંજય સુરેશ	લંડન

૧૦ પાત્રા	સરોજબેન શાંતિલાલ તથા સુરેખ બેન અમીચંદ	મુંબઇ
૧૧ તરપણી	નીમુબેન મનસુખલાલ	,,
૧૨ ઉત્તરપટો	નિલેશ હર્ષાબેન	,,
૧૩ ચરવલી	હંસાબેન સુરેશચંદ્ર કરમશી	,,

— નંદિષેણના ઉપકરણો —

૧ કામળી	મોંઘીબેન લખમણ વીરપાર હઃ રામજીભાઇ	થાનગઢ
૨ કપડો	સવિતાબેન વેલજી દેવકુંવરબેન કુલચંદ	લંડન
૩ પાંગરણી	મનસુખલાલ જીવરાજ ભાઇલાવાળા	રાજકોટ
૪ ચોળપટો	મેઘજી હાયાભાઇ ગોસરાણી હઃ લીલાધરભાઇ	મુંબઇ
૫ આસન	જયાબેન ગુલાબચંદ પરિવાર	લંડન
૬ સંથારીયું	મોંઘીબેન લખમણ વીરપાર મારૂ	થાનગઢ
૭ સાપડો	જેઠાલાલ નાનચંદ ધનાણી	જામનગર
૮ ચોથી	રાજેશ ગુલાબચંદ	લંડન
૯ નવકારવાળી	મેઘજી હાયાભાઇ ગોસરાણી	મુંબઇ
૧૦ દાંડો દંડાસન	વેલજી દેપાર હરણીયા	જામનગર
૧૧ પાત્રા	ગોવીંદજી મેપા મારૂ હઃ હરખચંદ ગોવીંદજી	ઘાટકોપર
૧૨ તરપણી	કેશવજી રવજી છેડા	મલાડ
૧૩ ઉત્તર પટો	મોંઘીબેન લખમણ વીરપાર મારૂ હઃ મગનભાઇ	થાણા
૧૪ ચરવળી	રતનબેન જુઠાલાલ હરિયા તથા વેલુબેન ઝવેરચંદ	આફ્રીકા

મુમુક્ષુઓ વેશ પરિવર્તન કરીને વાજતે ગાજતે આવી જતાં હર્ષથી સૌ પુલકિત બન્યા હતા. દીક્ષાની વિધિ આગળ ચાલી હતી. સમ્યક્ત્વ તથા સર્વ સામાયિક ઉચ્ચરાવવામાં આવ્યું હતું અને શુભ મુહુર્તે લોચનો વિધિ થયો હતો.

ત્રિગુપ્તધન થતાં મુમુક્ષુ નંદિષેણનું પૂ. આ. શ્રી વિ. જિનેન્દ્ર સૂ. મ. ના શિષ્ય તરીકે પૂ. મુનિરાજ શ્રી નમરેન્દ્ર વિ. તથા મુમુક્ષુ કુસુમબેનનું પૂ. સા. શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ.ના શિષ્યા તરીકે સાધ્વીજી શ્રી કૌશલ્યપ્રભાશ્રીજી જાહેર કરવામાં આવ્યા હતા.

હાલારના મહાજનના પર ગામમાં એક એક ગુણી ચણ રળિયાતબેન કાનજી જેઠાભાઇ ગાગડા વાવબોરાજ હાલ જામનગર તરફથી પર ગુણી તથા પર ગુણી શ્રીમતી જયાબેન ઝવેરચંદ હંસરાજ ગોસરાણી લંડન હઃ કાનજી જેઠાભાઇ તરફથી જાહેર

કરવામાં આવી હતી. જીવદયાની ટીપમાં મુમુક્ષુ કુસુમબેનને ૫૧ હજારથી શરૂ તથા ૩૬ હજારની ટીપ થઇ હતી.

શ્રી હા. વી. ઓ. તપ. સંઘ પ્લોટ, જામનગરના સર્વ સાધારણ કાયમી ફંડ અંગે નિવેદનમાં ૨૧૫ હજાર સંરક્ષક તથા ૧૧ હજાર સહાયક અને ૫૧ હજાર શુભેચ્છક તરીકે ચેાજના રજુ થઇ તેમાં નીચે મુજબ નામેા જાહેર થયા હતા.

સંરક્ષક ૨૧૦૦૦ (૧) કુંવરબેન કરમશી લાધા મુમુક્ષુ કુસુમબેનની દીક્ષા નિમિતે ચેલા. (૨) વેલજી દેપાર હરણીયા, જામનગર. (૩) સ્વ. કુલચંદ લાલજી હરણીયા લાખાબાવળવાળા હ: દેવકુંવરબેન કુલચંદ સપરિવાર, લંડન. (૪) વીરચંદ ગેાસરભાઇ હ: ભાઇ રતિલાલ વીરચંદ, જામનગર.

સહાયક ૧૧ હજાર–(૧) દેવકુંવરબેન કુલચંદ લાલજી–લાખાબાવળવાળાના ચાર પુત્રીઓ નિશાબેન પ્રવીણ નંદ, હસુમતીબેન ધીરજલાલ ગુદ્ધકા, શીલાબેન કમલેશ ગડા, નયનાબેન મયુર સુમરીયા, લંડન (૨) વાલીબેન જેઠાભાઈ ધરમશી (૩) રમણિકલાલ કેશવજી શાહ (૪) ફ્રીન્ચલી સત્સંગ મંડળ લંડન મુમુક્ષુ કુસુમબેનની દીક્ષા નિમિતે હ: અમૃતબેન.

શુભેચ્છક રૂા. ૫૧ હજાર–(૧) ચિ. મિતેશના શ્રેયાર્થે ભાઇ બિન્દેશ તથા માતુશ્રી પુષ્પાબેન પ્રેમચંદ વેલજી ગુદ્ધકા પરિવાર, લંડન (૨) ચિ. રાજુભાઇના શ્રેયાર્થે શ્રીમતી સવિતાબેન વેલજીભાઇ સામત, લંડન (૩) હિતેન તથા હિતેશ હ: રમણિકલાલ જેસીંગભાઇ વેારા પરિવાર ગેાઇંજવાળા, લંડન (૪) મહેન્દ્રભાઇ સેાજપાળ ગેાસરાણીના શ્રેયાર્થે હ: શ્રીમતી શાંતાબેન મહેન્દ્રભાઇ (૫) રશ્મિકાંત બાબુલાલ શાહ ચિ. નંદિનેણની દીક્ષા નિમિતે મલાડ-મુંબઈ (૬) શ્રીમતી અમૃતબેન હંશરાજ ધરમશી માલદે હ: નર્મદાબેન ચુનીલાલ હંશરાજ, ધુણીયા હાલ લંડન (૭) શ્રીમતી હંશાબેન બેતશી ખીમજી ગેાસરાણી હ: મહેશ નીતિન કનસુમરા હાલ લંડન (૮) શ્રીમતી જીવીબેન નેમચંદ ખીમજી પારેખ પરેશકુમાર ધીરજલાલ પારેખના શ્રેયાર્થે જામનગર (૯) નીતાબેન દીપ્તિબેન શિલ્પાબેન બીજલબેન હ: સુશીલાબેન શાંતિલાલ જુઠાલાલ ગુદ્ધકા વેમ્બલી લંડન (૧૦) અનુજ તથા નીશીત હ: સવિતાબેન મણિલાલ ગુદ્ધકા નવાગામ હાલ લંડન (૧૧) સ્વ. શ્રીમતી મણિબેન શામજી વીરજી ગુદ્ધકા ચિ. હસમુખભાઇ રજનીભાઇ હ: શામજી વીરજી ગાગવા હાલ લંડન (૧૨) શ્રીમતી વેલુબેન ઝવેરચંદ જીવરાજ, કાકાભાઇ સિંહણ.

૧૩. શાહ લખમણ વીરપાર માડ્ર સોળસણાવાળા થાનગઢ ૧૪. શાહ હરખચંદ દેવશી ગુદકા વાવબેરાજા જામનગર ૧૫. શાહ નોંધાભાઇ પેથરાજ ચેલા ૧૬. ખીમીબેન રાયશી રુપા હા. શ્રી નેમચંદ રાયશી ડબાસંગ મુલુંડ ૧૭. શ્રીમતી મોતીબેન પ્રભુલાલ ગાગવા લંડન ૧૮. શાહ ખીમજી વીરજી ગુદકા મીઠાઇવાળા પરિવાર ૧૯. શાહ મેઘજી ડાયાભાઇ ગોસરાણો હા. લીલાધરભાઇ નાનામાંઢા વરલી ૨૦. વેલજી પાનાચંદ ગદૈયા ૨૧. સુશીલાબેન કાંતિલાલ મીઠાઇવાળા નાઘરોબી. ૨૨. સ્વ. શામજી જીવરાજ સ્વ. હેમતબેન શામજી હઃ મેઘજી શામજી હઃ મોતીબેન મેઘજી.

મુમુક્ષુ કુસુમબેન તરફથી પ્લાટ સંઘ કુંવરબાઇ ધર્મશાળા ઓસવાળ કોલોની ઢેરાસર. કામઠાર કોલોની ઢેરાસર, વીશા ઓસવાળ મહાજન, વીશા ઓસવાળ શિક્ષણ સંઘ વિ.માં દાન જાહેર કરવામાં આવ્યું હતું.

ચિકાર મેદની ઠેઠ સુધી બેઠી હતી. આજે શ્રી હાલારી વીશા ઓશવાળ સંઘનું સાધર્મિક વાત્સલ્ય શ્રીમતી જયાબેન ગુલાબચંદ મૂળચંદ પરિવાર (કુસુમબેનના બેના) તરફથી થયું. બપોરે શાંતિસ્નાત્ર ઠાઠથી ભણાવાયું.

વદ–૭ના બંને દીક્ષાર્થીના કુટુંબીઓને ત્યાં શ્રી કુંવરબાઇ ધર્મશાળામાં પૂ. આ. ભ. સાથે વાજતે ગાજતે પધરામણી થઇ. ગુરૂપૂજન મંગલિક તથા પ્રભાવના થઇ.

પોષ વદ ૮ પૂ. શ્રીનો મોડપર પ્રતિષ્ઠા માટે વિહાર થયો વેલજીભાઈ મોકરને ત્યાં મંગલિક તથા સંઘપૂજન થયું. દીક્ષીતને મોડપરમાં જોગમાં પ્રવેશ થયો. મહાસુદ ૧૩ આરાધના ધામમાં વડી દીક્ષાઓ સાથે થઇ. બંનેના જામનગર જોગ. પૂર્ણ થયા. બાલમુનિ નમ્રેન્દ્ર વિ. મ. એ પણ વિહારમાં જોગ ચાલુ રાખી એક સાથે પૂર્ણ કર્યા.

પૂ. આ. શ્રી જામનગરથી વિહાર કરી રાજકોટ થઇ ડોળીયા ફા.સુ. ૧૧ ઢેરાસરની વર્ષ ગાંઠ પ્રસંગે પધારશે અને ત્યાંથી કાંતરાઇમાં કાઢી ગયેલા ૪ પૂ. મુનિરાજોને શાતા પૂછવા ઓળી પહેલા અમદાવાદ પહોંચવા ધારે છે.

દીર્ઘસંયમી સા. શ્રી ત્રિલોચનાશ્રીજી મ.નો સ્વર્ગવાસ

પરમવાત્સલ્યનિધિ આશ્રિતયોગક્ષેમકુશલા માતૃહૃદયા અમારા પરમતારક ગુરૂદેવશ્રીજી પૂ. ત્રિલોચનાશ્રીજી મ. સા. સં. ૨૦૫૪ પોષ વદ પ્ર ૬ રવિવારે બપોરે ૨–૧૫ કલાકે બેઠા બેઠા સ્વયંમુખે નમસ્કારમંત્રનું સ્મરણ શ્રવણ કરતાં 'મિચ્છામિ દુક્કડમ્' દેતાં દેતાં પૂર્ણજાગૃતિપૂર્વક સ્વસ્થતા સાથે અપૂર્વસમાધિમગ્ન દશામાં પાર્થિવદેહને ત્યજી, ૬૦ વર્ષનો નિર્મળચારિત્રપર્યાય પાળી, ૭૭ વર્ષની ઉંમરે, ૭૭ શિષ્યાનો પરિવારને નોંધારો મૂકી સહજ રીતે જ પરમસમાધિમૃત્યુને સાધી ગયા.

શારિરીક કારણે છેલ્લા ૫ વર્ષથી પાટણમાં સ્થિરતા હતી તે દરમ્યાન પૂ. ગુરૂદેવશ્રી આગમવાંચનપ્રત્યેના અપૂર્વપ્રેમના કારણે ડો. મ. સા. શ્રી જ્ઞાનરત્નાશ્રીજી તથા સા. શ્રી હિતપૂર્ણાશ્રીજી પાસે ભાવૌષધરૂપ, ચિત્તવિશુદ્ધિ કારક વૈરાગ્યપુષ્ટિકારક ગ્રન્થોનું નિયમિત વાંચન કરાવતાં અને તે દરમ્યાન સ્વયં આનંદ અનુભવવા સાથે પોતાના જીવનના અનુભવો કહેતાં, આશ્રિતોના દ્રવ્યપ્રાણ માટે ક્યાંય ક્યારેય કચાશ રાખતા નહીં, તેમજ ભાવપ્રાણો– સંયમપ્રાણોને જીવંત રાખવા– રખાવવા કયારેક વેધક શબ્દો કહેવામાંય શેહશરમ ન રાખતાં. ત્યાગ, વૈરાગ્ય, જિનભક્તિ, ગુરૂભક્તિ, શ્રુતભક્તિ, બાલવૃદ્ધગ્લાનની વૈયાવચ્ચાદિ, ઉદારતા, ગંભીરતા, પરહિતરતા પરાર્થવૃત્તિ, એવા ઘણા ગુણમૂર્તિ તારકગુરૂવરની ચિરવિદાયથી માથે તો જાણે આભ તૂટી પડયા જેવો આઘાત અનુભવી રહ્યા છીએ.

પરમારાધ્ય પાદસુવિશાલ ગચ્છાધિપતિ આ. શ્રી વિ. મહોદયસૂરીશ્વરજી મહારાજા, પૂ. ગુરૂદેવશ્રીજી તથા પૂ. જયધ્વજવિજય મ.સા. ની સમાધિના એકમાત્ર નિમિત્તે પાટણ પધાર્યા સંયોગવત્ ૪ દિવસની સ્થિરતા ૧૧ દિવસ લંબાણી તે દરમ્યાન તેઓશ્રીની ભાવનાનુસાર અપૂર્વ જિનભક્તિ મહોત્સવ થયો.

આમ તો ૨ મહિનાથી હાર્ટની તકલીફમાં વધારો હતો જ પરંતુ છેલ્લે દિવસે તાવ ચડયો તેમાંય સ્વસ્થતા જાળવી પણ અચાનક ૧–૪૫ મિનિટે શ્વાસની સાથે ખાંસી શરૂ થઇ. બધાયને ખમાવીને પાછા નમસ્કાર મંત્ર સ્મરણમાં લીન થયા તે દરમ્યાન પૂ. જયધ્વજવિજય મ.સા.ને જણાવતાં તેઓએ તુર્ત જ પૂ. હર્ષદર્શન વિ. મ.સા. ને બોલાવ્યા. પચ્ચક્ખાણુદ્વિ અંતિમનિર્યામણા સાંભળતાં પરમાત્મા પાસે ગુરૂભગવંતો પાસે જેની નિયમિત યાચના કરતા હતાં એવા પરમસમાધિમય મૃત્યુને તેઓ વર્યા છેલ્લે ૫ મિનિટમાં બનેલ પ્રસંગને જોતાં એકવાર તો એમ થયું કે શું મૃત્યુ

આટલું સહજ અને સરળ છે ? આવા મૃત્યુને પ્રાપ્ત કરવું તે ટુંક સમયમાં શાશ્વત સુખના ભોક્તાની નિશાની જ છે.

પાટણના સ્થિરવાસ દરમ્યાન ડો. હેમેન્દ્રભાઈ, ડો. દિલીપભાઇ તથા સુશ્રાવક હરેશભાઇએ ખડેપગે આપેલી સેવાભક્તિ ખરેખર અનુમોદનીય છે.

અંતે અમારી એક જ પ્રાર્થના છે કે જેમ આ ભવમાં અમારા હિતૈષી ગુરૂવર બન્યા તેમ ભવોભવ અમારા તારક ઉદ્ધારક બને.

કૃપાકાંક્ષી **સા. શ્રી જયકીર્તિશ્રીજી** ની
વંદના/અનુવંદના/ધર્મલાભ.

તા.ક. : પૂજ્ય ગુરૂદેવશ્રીજીના સંસારીભાઈ રસીકલાલ જમનાદાસના પુત્રોએ અગ્નિ સંસ્કારનો લાભ લીધેલ હતો. અન્ય ઉપજ પણ ઘણી સારી થયેલ છે.

— મિતાક્ષરી પરિચય —

જન્મ : મહા સુદ ૩ વિ.સં. ૧૯૭૭ કોકળીયાવાડો, પાટણ
માતા : બાપુબેન
પિતા : ભોગીલાલભાઇ
સંસારી નામ : ભીખીબેન
દીક્ષા : જેઠ સુદ ૨ વિ.સં. ૧૯૯૪ અમદાવાદ
ગુરૂણીજી : પ. પૂ દર્શનશ્રીજી મ. સા.
શિષ્યા : ૩૦ સમસ્ત પરિવાર–૭૭
સ્વર્ગવાસ : પોષ વદ પ્રથમ ૬ વિ. સં. ૨૦૫૪ પાટણ મોહન ઉત્તમની ધર્મશાળા

તપાગચ્છનું ઐતિહાસિક ઉદ્ગમ સ્થળ
આયડતીર્થ (ઉદયપુર)માં ૪૧ દેરીઓનો શિલાન્યાસ

પ. પૂ. આચાર્ય ભ. જિતેન્દ્રસૂરીશ્વરજી મ.સા.ના આશીર્વાદથી પ. પૂ. આચાર્ય ભ. ગુણરત્નસૂરીશ્વરજી મ.ના શિષ્ય પૂ. શ્રી મુનીશરત્નવિજયજી મ. સા.ની પાવન નિશ્રામાં આયડ તીર્થ મધ્યે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભાવન જિનાલય દેરાસર જિર્ણોદ્ધાર પ્રસંગે તા. ૭–૨–૯૮ના રોજ ૩૧ દેરીઓનો ખુબ જ ધામધૂમપૂર્વક શિલા સ્થાપન મહોત્સવ ઉજવાયો તેમજ મોતીનગરી સ્કીમ (ઉદયપુર)માં શ્રી ધર્મચન્દજી વાંસવાળ. નિર્મિત નૂતન જિનમંદિરમાં ભગવાન મહાવીર સ્વામીજી આદિ જિનબિંબોનો તા. ૪–૨–૯૮ ના રોજ ભવ્ય વરઘોડા સાથે પ્રવેશ થયો.

શ્રી શંખેશ્વર મહાતીર્થમાં હાલારી ધર્મશાળામાં

ચાતુર્માસ માટે આમંત્રણ

શ્રી શંખેશ્વર તીર્થમાં પાંચ લાખ ફુટ જમીનમાં હાલારી વી. ઓ. શ્વે. મૂ. તપા. જૈન ધર્મશાળાનું નિર્માણ થયેલ. આઠ હોલ સાથે ૩૨ રૂમોનું નિર્માણ તથા બે વિશાળ ઉપાશ્રય આદિનું નિર્માણ થઇ ગયું છે.

ત્રણ માળની ભવ્ય જિનમંદિર તૈયાર થઈ રહ્યું છે તેમાં જરમન સિલ્વરના ૪૧-૪૧ ઇંચના ત્રણ મૂળનાયક અને બીજા ચાર એમ કુલ સાત પ્રતિમાજી પધરાવાશે. આ મંદિરની અંજન શલાકા તથા પ્રતિષ્ઠા ૨૦૬૯ મહા મહિને થશે. તેમજ ઉપધાન અને ડોળીયાથી શંખેશ્વરજી મહાતીર્થના છ'રી પાલિત સંઘનું આયોજન થયું છે તે માટે શ્રી ધર્મશાળા કમિટિએ પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. તથા પ્રવર્તક પૂ. મુનિરાજ શ્રી યોગીન્દ્ર વિ. મ. આદિને ચાતુર્માસની વિનંતી કરી અને આ.દેવશ્રીએ તે વિનંતિનો સ્વીકાર કર્યો છે જેઠ વદમાં પૂ. આ.દેવશ્રી આદિ શંખેશ્વર પધારશે.

હાલારી ધર્મશાળામાં આ ચાતુર્માસનો અપૂર્વ અવસર પ્રાપ્ત થયો છે તો ચોમાસું કરવા આવનાર માટે એક સુવર્ણમય આરાધનાનો અવસર પ્રાપ્ત થશે. હાલારી વીશા ઓસવાળ ભાવિકોને ચાતુર્માસ માટે વ્યવસ્થા આપવાનું નકી થયું છે. વળી ધર્મશાળાની જગ્યાની મર્યાદા જોઇને મર્યાદિત આરાધનાનો સમાવેશ થઇ શકશે-માટે જેમને આ અપૂર્વ આરાધનાની તક સાધવાની ભાવના હોય તેમણે નીચેના ભાઇઓ પાસેથી વહેલાસર ચાતુર્માસ આરાધન સમિતિનો સંપર્ક સાધી નકી કરી લેવા વિનંતિ છે.

શંખેશ્વરજી ચાતુર્માસ આરાધન સમિતિ

C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ, **જામનગર** (સૌરાષ્ટ્ર)

(૧) **કાનજી હીરજી શાહ, કાનજી જેઠાભાઇ શાહ** જામનગર
(૨) **મગનલાલ લખમણ આરૂ થાણા તથા હરખચંદ ગોરીંદજી,** ઘાટકોપર
(૩) **શાહ મેઘજી વીરજી** ફોન-૭૪૫૦૬૫ **શાહ છગનલાલ ખીમજી**-નાધરોળા
(૪) **રતિલાલ દેવચંદ ગુઢકા** ફોન-૦૧૮૧, ૬૦૪, ૬૮૫૧ લંડન
મોતીચંદ એસ. શાહ ફોન-૦૧૮૧, ૬૦૭, ૫૩૬૨ લંડન

ચાતુર્માસમાં દરરોજ શંખેશ્વર પાર્શ્વનાથજીની વાજતે ગાજતે યાત્રા, પ્રવચનો, તપસ્યાઓ, આરાધનાઓ, પર્યુષણની વિશિષ્ટ આરાધના, ઉપધાન વિ.નો લાભ મળશે. ચૂકતા આ અલભ્ય લાભ.

શિયાળાની ઋતુમાં માનસેલ નામની એક ગરીબ બાયડી માંદી પડી હતી તેનું કોઇ સગું વહાલું નહોતું તેથી તેની ચાકરી કરવાને તેનો ઘરમાં તે રહેતી હતી. ત્યાં પુષ્કળ લોંકડીઓ હતી, ઘરનું બારણું જોઇએ તેવું મજબૂત નહોતું. જો કોઇ જરા ધક્કો મારે તો અન્દર આવી શકે તેથી તેણે એક મોટો પથ્થરો બારણા આગળ મૂક્યો કે જેથી બારણું ઉઘડે નહિ ઘરમાં શગડી બળતી હતી કારણ કે ટાઢથી ઘણું કષ્ટ થાય છે. યુરોપમાં શિયાળામાં માણસો આગથી શરીર શેકે છે. તે ઘરમાં ધુમાડો જવાનો કંઇ માર્ગ નહોતો તેથી આખા ઓરડામાં ધુમાડો થયો તેથી બારણું ઉઘાડ્યું. એટલામાં એક લોંકડી ઘરમાં આવી પહોંચી. તે વેળાએ મેડલેન સાહેબે તેનો કાન પકડીને બહાર કાઢી તેથી લોંકડી બરાડવા લાગી, એટલામાં બીજી લોંકડીનું ટોળું આવ્યું, જલદીથી દોડીને મેડલે તે ઘરનું બારણું બંધ કરી લીધું.

જો તે વેળાએ ઘણી સમયસૂચકતા નહિ વાપરી હોત તો લોંકડીનો તે ભોગ થઇ પડત. આવી રીતે ઘણી વખતે સમયસૂચકતા વાપરીને ગરીબ માંદી મનમલની સેવા ચાકરી કરતી હતી. થોડા દિવસમાં તે મરણ પામી. તેણે વિચાર કર્યો કે જો તેને આમને આમ રહેવા દઇને હું લોકોને બોલાવવા જાઉં તો લોંકડી આવીને ફાડી નાખશે તેથી તે પોતે તે મુડદું લઇને જ્યાં માણસો નો વસ્તી હતી ત્યાં ગઇ, પછી તેને દફનાવીને પોતાને ઘેર ગઇ.

આવી રીતે તેણે ઘણા પ્રકારના કષ્ટો સહન કરીને કરીને બીજાનું ભલું કર્યું હતું. આ ખબર રાણી અમેલીને પડી તેથી તે ઘણી ખુશી થઇને તેની જોડે વાતચીત કરવા માટે તેને બોલાવી અને ઘણું માન દઇને ઇનામ આપ્યું. ત્યારપછી આ ખબર બારાંડે મોથાંના કંડના ઉપરીને પડી, તેણે બારાંડે મોથાંનું સદ્‌વર્ત્તનનું ઇનામ એ છોકરીને આપ્યું. ગરીબ હોવા છતાં પણ પરોપકાર કરી શકાય છે, તેનું આ ઉદાહરણ છે.

શ્રેષ્ઠ લાભ કયો ?

ન ધમ્મકજ્જા પરમત્થિકજ્જં, ન પાણિહિંસા પરમં અકજ્જં
ન પેમરાગા પરમત્થિ બંધો, ન બોહિલાભા પરમત્થિ લાભો ॥

ધર્મકાર્ય સમાન શ્રેષ્ઠકાર્ય બીજું નથી, પ્રાણિ હિંસા જેવું ભયંકર અકાર્ય એક નથી, પ્રેમરાગ જેવું મોટામાં મોટું બંધન બીજું નથી અને બોધિ-સમ્યગ્દર્શન-સમાન શ્રેષ્ઠ લાભ એક નથી.

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



* અમારે પણ પણ સંયમની સાધનામાં જે જરૂરી ન હોય તેવી ચીજોની ઇચ્છા તે ઉપાધિ અને સંયમની સાધનામાં જરૂરી એવી ચીજો તે ઉપધિ.
* રોટલાના ભિખારી કરતાં સંસારના સુખના ભીખારી મોટામાં મોટા ભિખારી છે.
* દુનિયાનું સુખ ગમે, તે મોહ છે. દુનિયાની સંપત્તિ ગમે તે ય મોહ છે. તે સંપત્તિ મેળવવાનું મન થાય તે ય મોહ છે. તે સંપત્તિ મળે અને આનંદ થાય તે ય મોહ છે. તેથી દુનિયાનું સુખ અને સંપત્તિ મેળવવા જ ધર્મ કરે તો તે મોહથી ધર્મ કર્યો કહેવાય!
* જે જીવ ખાવાને ઉપાધિ માને તે રોજ તપ ન કરી શકે તોય 'તપસ્વી' છે. અને જે ખાવામાં જ મજા માને તો તે માસક્ષમણાદિ કરે તોય તપસ્વી નથી!
* પાપ કરતાં જેને ડર લાગે તે ધર્મી જ નથી.
* ભગવાન પાસે દુનિયાની સુખ–સંપત્તિ માગવી તે મોટામાં મોટો ભીખનો ધંધો છે!
* જે ભગવાન મોક્ષે ગયા, મોક્ષ આવવાનું આમંત્રણ આપી ગયા તે ભગવાન પાસે મોક્ષ વિના બીજું કાંઈ મંગાય ખરું?
* ધર્મને સેવનારો કદી દુઃખી થાય નહિ, પાપના યોગે તેને દુઃખ આવે તે બને પણ તે દુઃખી હોય નહિ.
* આ ધર્મ તે સંસાર રૂપી રોગની દવા છે. તે ધર્મ શા માટે કરવાનો છે? [redacted]મા અનાદિથી સંસાર રૂપી રોગમાં ફસાયેલા છે. તે સંસારની રિબામણથી છૂટી જાય અને મોક્ષ રૂપી આરોગ્યને પામે તે માટે.
* ભગવાન પાસે મોક્ષ મંગાય, મોક્ષ સાધક ધર્મ મંગાય પણ પૈસો–ટકો તે ન જ મંગાય.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખામાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

Recieved

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

૨૪

શ્રી જિન ધર્મરૂપી દ્વીપ

દીવો તાણું સરીરીણું સમુદ્દે દુત્તરે જહા ।
ધમ્મો જિણિંદ પન્નતા, તહા સંસાર સાગરે ।।

દુસ્તર એવા સમુદ્રમાં જેમ દ્વીપ-બેટ પ્રાણી-ઓનું રક્ષણ કરનાર છે તેમ આ સંસાર સાગરમાં શ્રી જિનેશ્વર દેવોએ પ્રરૂપેલો ધર્મ જ રક્ષણહાર છે.

વર્ષ ૧૦

અંક ૩૦+૩૧

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA PIN-361005

લવાજમ આજીવન

પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. નો વિહાર કાર્યક્રમ

તેઓશ્રી અમદાવાદ પધાર્યા છે ઓળી પછી.

ખંભાત વરસીતપના પારણા પ્રસંગે પધારશે. ચૈત્ર વદ ૧૧ થી વૈ. સુદ-૩ સુધી. C/o. અમર જૈન શાળા ટેકરી **ખંભાત.**

કારીયાણી વૈશાખ સુદ ૧૩ તથા ૧૪ તા. ૯/૧૦-૫-૯૮ C/o. જૈન ઉપાશ્રય **કારીયાણી** (વાયા-મોટાદ)

વૈશાખ વદ-૩-૪-૫ તા. ૧૪/૧૫/૧૬-૫-૯૮ ગઢડા સ્વામીના C o. સૌરાષ્ટ્ર એન્જીનીયરીંગ વર્કસ, બજારમાં, **ગઢડા સ્વામિના** વાયા-નીંગાળા જંક્શન (સૌરાષ્ટ્ર)

પીયાવા જેઠ સુદ ૨ તા. ૨૭-૫-૯૮ પ્રતિષ્ઠા વૈ. વદ ૧૧ થી જેઠ સુદ ૨ સુધી જૈન ઉપાશ્રય **પીયાવા** (તા. સાવરકુંડલા) સૌરાષ્ટ્ર

શ્રી સિદ્ધગિરિજી જેઠ સુદ ૭-૮ તા. ૧/૨-૬-૯૮ C/o. ઓસવાળ યાત્રિક ગૃહ તળેટી રોડ, **પાલીતાણા** (સૌરાષ્ટ્ર)

અંકેવાડીયા પ્રભુ પ્રવેશ તથા ૪ કલ્યાણક મંદિર ગુરુમંદિર ખાત શિલાસ્થાપન જેઠ વદ-૮ તા. ૧૭-૬-૯૮ C/o. જૈન ઉપાશ્રય **અંકેવાડીયા** (તા. લીંબડી)(સૌરાષ્ટ્ર)

ચાતુર્માસ પ્રવેશ શ્રી શંખેશ્વરજી અષાડ સુદ ૭ બુધવાર તા. ૧-૭-૯૮ હાલારી વીશા ઓસવાળ શ્વે. મૂ. તપાગચ્છ જૈન ધર્મશાળા પંચાસર રોડ, **શંખેશ્વરજી** વાયા વીરમગામ.

—: ચાલુ પત્ર વ્યવહાર :—

C/o. શ્રુતજ્ઞાન ભવન. ૪૫, દિગ્વિજય પ્લોટ જામનગર સૌરાષ્ટ્ર

ઇચ્છાયોગનું સ્વરૂપ

કર્તુમિચ્છોઃ શ્રુતાર્થસ્ય, જ્ઞાનિનોઽપિ પ્રમાદતઃ ।
વિકલો ધર્મયોગો યઃ સ ઇચ્છાયોગ ઇષ્યતે ।।

(યોગદૃષ્ટિ સમુચ્ચય)

આગમનું શ્રવણ કરનાર, ધાર્મિક અનુષ્ઠાન કરવાની ઇચ્છાવાળા જ્ઞાનીને પણ પ્રમાદથી તત્ત્વધર્મ વ્યાપાર કરવામાં સ્ખલના ભૂલ થાય, કાલથી વિકલતા ફેરફાર થાય તેને ઇચ્છાયોગ કહેવાય છે.

કદાગ્રહોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ લાસા અને સિદ્ધાચલ રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેલાજી ગુલેછા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મણસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (વડોદરા)
ધારાચંદ પદમશી ગુલેછા (થાનગઢ)

વર્ષ : ૧૦] ૨૦૫૩ ચૈત્ર સુદ-૪ મંગળવાર તા. ૩૧-૩-૯૮ [અંક : ૩૦-૩૧

✠ પ્રકીર્ણક ધર્મોપદેશ ✠

-પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, શ્રાવણ સુદ-૧ રવિવાર તા. ૨૬-૭-૧૯૮૭ ચંદનબાલા જૈન ઉપાશ્રય મુંબઈ-૬

(કથી જિનાજ્ઞા વિરૂદ્ધ કે પૂ. પ્રવચનકારશ્રીના આશય વિરૂદ્ધ કાંઇપણ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના. **(પ્રવચન ૨૩ મું)** અવ૦)

જે આત્માઓ આ વાત સમજીને હૈયાપૂર્વક તેનો પરિત્યાગ કરે છે તે આત્માઓને એવું બળ પેદા થાય છે કે જેથી અનાદ્રિથી ભૂતની જેમ વળગેલ આ શરીરની પણ મમતા ઉતરી જાય છે. આ શરીરની મમતા ઉતરે એટલે મોહની દૂતી જેવી આ ઇન્દ્રિયો પણ નઠામી બને છે. અને મન પણ દુનિયાની કોઇ ચીજ તરફ દોડતું નથી અને બોટી ચીજ મળી જાય તો ભાગતું નથી. જે સુખ તરફ જગત દોડે છે તેને છોડવાનું મન થાય છે અને જે દુઃખથી જગત ભાગે છે તે દુઃખને મઝેથી વેઠવાનું મન થાય છે.

આપણો મહાપુણ્યોદય છે કે ભગવાનનું શાસન મળ્યું છે, ભગવાનનું શાસન સમજવાની સઘળી સામગ્રી મલી છે પણ શાસન સમજવાની મોટા ભાગને ઇચ્છા સરખી થતી નથી, રોજ સાંભળનાર પણ શાસનને સમજતો નથી તેથી ઘણું નુકશાન થયું છે. જો તમે બધા સમજદાર હોત તો આ પાટ ઉપરથી ગમે તેમ કોઇ બોલી ન શકત ! જે લોકો શાસનને સમજ્યા નથી, શાસનને ઓળખ્યું નથી તે લોકો ભગવાનના શાસનના અહિંસા-સંયમ અને તપને સમજે તે વાતમાં માલ નથી. દુનિયાની

કોઇપણ સુખ–સંપત્તિ–સાહ્યબી હિંસા વિના મળે જ નહિ. ભગવાનના નામે ભગવાને ન કહેલું બોલનારા ઘોર આશાતના કરનારા છે. માટે જ સાધુને પગુ ઓળખીને માથું નમાવવાનું છે. **તમે બધા ઘર–બારાદિની સેવા કરો અને અમે શરીરાદિની સેવા કરીએ તો શાસન સમજ્યા જ નથી. શાસન સમજે તેને આ બધું ગમે ?**

આજે સમાજની આબાદી ઇચ્છે તે સાધુ સારો લાગે છે પણ આજના લોકોની આબાદી જે ઇચ્છે તેનું ય સત્યાનાશ જાય તેવું છે ! હરામખોર લોકોની આબાદી ઇચ્છાય ? આબાદી કોને કહેવાય તે ય સમજે છો ? આબાદી એટલે મરી જાય પણ પાપ ન કરે ! ભાવ આબાદી સાથે દ્રવ્ય આબાદી બંધાયેલી છે. શાસન સમજાય તો જ બેડો પાર થાય. શાસનને ઓળખે તે શક્તિમુજબ આરાધના કર્યા વિના રહે નહિ.

શાસનને સમજવા માટે તેના સ્થાપક શ્રી અરિહંત દેવોને ઓળખવા પડે. તે પરમતારકોએ આ સંસારની સુખ–સંપત્તિ–સાહ્યબીને ભૂંડામાં ભૂંડી કહી છે. જેની પાછળ આખું જગત મરી રહ્યું છે, જેની પાછળ ડાહ્યા ગણાતા પણ ભયંકર પાપો કરી રહ્યા છે તે સુખ સંપત્તિ ઇચ્છવા જેવી પણ નથી, મેળવવા જેવી પણ નથી, મળે તો લેવા જેવી નથી, ભોગવવા જેવી નથી પણ મળે તો ય છોડી દેવા જેવી છે. આ વાત ગમે છે ? બધા જ શ્રી અરિહંત દેવો રાજકુળમાં જ જન્મે, સુખની સામગ્રી પાર વિનાની મળેલી છતાં ય તેને લાત મારીને ચાલતા થયા, ઘોર કષ્ટો વેઠ્યા, મોહને માર્યો અને કેવળજ્ઞાન પામીને મોક્ષમાર્ગની સ્થાપના કરે છે. તે મોક્ષમાર્ગ આપણને મળ્યો છે તો ગમે છે ખરો ?

રોજ બોલીએ છીએ કે–'સર્વ મંગલ માંગલ્યં, સર્વ કલ્યાણકારણં, પ્રધાનં સર્વધર્માણાં, જૈનં જયતિ શાસનમ્' 'સઘળા ય મંગલોમાં જે મંગલભૂત છે, સઘળાં ય કલ્યાણોનું જે કારણ છે, સઘળા ય ધર્મોમાં જે પ્રધાન છે એવું શ્રી જૈન શાસન જય પામે છે.'

ભગવાન શ્રી જિનેશ્વરદેવો શાસનની સ્થાપના શા માટે કરે છે ? જગતના સઘળા ય જીવોને ભૌતિક સુખના અને સંપત્તિના ત્યાગી બનાવવા માટે. તમે અમને સાંભળવા શા માટે આવો છો ? અમારે કોઇ ગામમાં ઘર નથી, કોઇ બજારમાં પેઢી નથી, કોઇ જંગલમાં જમીન નથી, અમારી પાસે કાણી કોડી પણ નથી, અમારે પાણીનું ટીપું જોઇએ તો તમારે ઘેર આવવું પડે છે તો પછી અમારી પાસે શા માટે આવો છો ? ભગવાન પાસે પણ શા માટે જાવ છો ? તમને ભગવાન બહુ ગમી ગયા

છે ? સાધુ પણ બહુ ગમી ગયા છે ? અમને ઊંચે બેસાડી તમે નીચે કેમ બેઠા છો ? જે સુખ પાછળ તમે પાગલ બન્યા છો તે સુખ મારી નાખનારું છે, જે સંપત્તિ પાછળ ઘેલા બન્યા છો તે સંપત્તિ સંસારમાં રઝળાવનારી છે માટે તે સુખ અને સંપત્તિનો ત્યાગ કરવા જેવો છે તેવું સમજાવનાર અમે છીએ. આ દુનિયાનું સુખ તે સાચું સુખ જ નથી. તે સુખના રાગી થયેલા દુઃખી, દુઃખી થવાના છે.

આજે કોઇ સુખી જ દેખાતુ નથી; ખરેખરા સુખી તો ગયા. આજે તો અબજોપતિને., કોટિપતિને પણ આવાની કુરસદ નથી. પૈસા માટે દોડધામ કર્યા કરે છે. તમને પણ પૈસા મેળવવા માટે કોઇ પાપ કરવામાં વાંધો આવે ખરો ? કોઇ ભલો આદમી તમારા પંજામાં આવ્યો તો ઠગાયા વિના રહે ખરો ? આજની સરકારને પણ આજના મોટા શ્રીમંતો બનાવી રહ્યા છે. તે લોકો મોટા પ્રધાનોને માગે તેટલા પૈસા આપે છે અને બધાને લુંટવાનો પરવાનો લખાવી લે છે. આજે રાજ્ય ચાલે છે ? આજના વેપારીઓએ રાજના ઘણા માણસોને પોતાના નોકર બનાવી દીધા છે. તમે તેમાં છો કે નહિ તેની ખબર નથી ! જે સુખ આટલા પાપ કરાવે તે સુખને સારું કહેવાય ખરૂં ? તે સુખ માટે ધર્મ પણ કરાય એવું ડાહ્યો માણસ બોલે ખરો ? આવાં પાપ કરાવનારા મરીને જાય ક્યાં ?

તમને લોકોને હજી આ સંસાર અસાર નથી લાગતો તે જ નવાઇ છે ! અમે સંસાર અસાર કહીએ ત્યારે તમે હાજી...હાજી... કહો છો પણ હૈયાથી દુઃખને જ અસાર માનો છો. સંસારમાં ભૂંડામાં ભૂંડી ચીજ દુઃખ છે ? જો અમે લોકો પણ દુઃખને જ ભૂંડું કહેતા હોઇએ, દુઃખને જ ભૂંડું સમજાવતા હોઇએ તો અમે લોકો પણ હજી ઉન્માર્ગે છીએ અને તમને લોકોને ઉન્માર્ગે લઇ જનારા છીએ. દુઃખથી બચવા આખી દુનિયા મહેનત કરે છે. તમને લાલચુ બનાવી ધર્મ કરાવવો તે તો બહુ સહેલો છે. દુઃખ દૂર કરવા અને સંસારનું સુખ મેળવવા ધર્મ કરાવવો હોય તો દોઢ કલાક ઉભા રાખીએ, ત્રણ કલાક મંદિરમાં ઘાલી શકીએ પણ તે બધો ઉન્માર્ગ છે. બિચારો મહાપુણ્યે મનુષ્ય જન્મમાં આવ્યો તે પણ સાધુપણું પામી શકે તેવી જગ્યાએ આવ્યો તો તેને દુનિયાના સુખના લાલચુ બનાવી ઉન્માર્ગે ચઢાવ્યો તો તે તળાવે આવીને તરસ્યો ગયો, મોક્ષે જવાને બદલે સંસારમાં ભટકાવ્યો તે કેટલો મોટો ઉન્માર્ગ કહેવાય !

દુઃખ શાથી આવે છે ? પાપથી. પાપ શાથી થાય છે ? સંસારની સુખ–સંપત્તિની લાલસાથી. તો સુખ ખરાબ કહેવાય કે દુઃખ ખરાબ કહેવાય ? તમે બધા

વિચાર કરો તો આ સમજાય તેવી વાત છે. શ્રી અરિહંતપરમાત્માઓએ જગતને આ જ સમજાવ્યું છે કે– દુનિયાના સુખના જ પ્રેમી અને દુનિયાની સંપત્તિના જ લોભી બનેલા જીવો જેવા પાપી હોય છે તેવા પાપી બીજા નથી હોતા તે જીવોને જો સાધુઓ પણ પુષ્ટિ આપે તો તે કસાઇ કરતાં પણ ભૂંડા છે. તે જીવો પોતાને તો નુકશાન કરે છે પણ બીજા અનેક જીવોને નુકશાન કરે છે. દુનિયાની સુખ અને સંપત્તિ તમને પણ સારી લાગતી હોય તો તમારો નંબર ધર્મીમાં આવે કે અધર્મીમાં આવે? ધર્મી જૂઠ બોલે? ચોરી કરે?

જેઓ માત્ર સંસારના સુખના જ પ્રેમી છે, સંપત્તિના જ પ્રેમી છે, જેની પાસે ઘણી ઘણી લક્ષ્મી છે તેઓ પણ મોટામાં મોટું જૂઠ બોલે છે અને મોટામાં મોટી ચોરી કરે છે તેવો આ યુગ છે. આજે કોઇ સારો રાજ્યનો અધિકારી હોય અને મોટામાં મોટા શ્રીમંતને પકડીને લઇ જાય તો લોક કહે કે– તે જ દાવનો હતો, કોઇને ય તેની દયા ન આવે તેવો આ કાળ છે. ગમે તેટલો ભણેલો–ગણેલો હોય પણ જો તે દુનિયાના સુખનો લોભી હોય તેને માટે પૈસાનો લોભી હોય, તેને જે સુખ કે પૈસો મળે તે ઓછા જ લાગે તે કદી શ્રી અરિહંતદેવને ઓળખી શકતો નથી. તે ભગવાનની સારામાં સારી પૂજા–ભક્તિ કરતો હોય તો સ્વાર્થ માટે જ કરતો હશે પણ ભગવાન સારા છે માટે નહિ. તમે બધા રોજ ભગવાનનાં દર્શન પૂજન કરો છો તો ભગવાન પાસે શું માગો છો? (ક્રમશઃ)

FORM [IV]

રજીસ્ટર્ડ પેપર (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૬ ના અન્વયે

"જૈન શાસન" અઠવાડિક અંગેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

પ્રસિદ્ધિ સ્થળ : વઢવાણ શહેર. સૌરાષ્ટ્ર	પ્રસિદ્ધિનો ક્રમ : દર મંગળવારે
મુદ્રકનું નામ : સુરેશ કે. શેઠ	સુરેશ પ્રિન્ટરી, વઢવાણ
કઇ જ્ઞાતિના : ભારતીય	ઠેકાણું : મેઇન રોડ, વઢવાણ
પ્રકાશક : સુરેશ કે. શેઠ	તંત્રીનું નામ : સુરેશ કે. શેઠ
ઠેકાણું : મેઇન રોડ, વઢવાણ	કઇ જ્ઞાતિના : ભારતીય

માલિકનું નામ : શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ

ઠેકાણું : **લાખાબાવળ જામનગર**

આથી હું જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

સુરેશ કિરચંદભાઇ શેઠ

તા. ૩૧-૩-૬૮

卐 ગૌરવંતુ ગુરૂપદ 卐

--પૂ. મુનિરાજ શ્રી પ્રશાન્તદર્શનવિજયજી મ.

શ્રી જિનેશ્વરદેવોના પરમતારક શાસનમાં સમ્યગ્જ્ઞાનનો ઘણો મહિમા ગાવામાં આવ્યો છે. આત્માનો પ્રધાનગુણ પણ જ્ઞાન છે. નિગોદના જીવને પણ અક્ષરનો અનંતમો ભાગ હંમેશા ઉઘાડો રહેલ છે. તે જ્ઞાન સદ્ગુરૂની નિશ્રામાં રહીને પ્રાપ્ત કરાય તો જ આત્મામાં પરિણામ પામે અને તેના ફળ સ્વરૂપ આચરણમાં આવે. માટે તો 'જ્ઞાનસ્ય ફલં વિરતિઃ' કહ્યું :

સમ્યગ્જ્ઞાનનો મહિમા વર્ણવતા શાસ્ત્રકાર પરમર્ષિઓએ જ્ઞાનના પ્રધાન કોટિના ત્રણ ફળ વર્ણવ્યાં છે કે, **પાપથી નિવૃત્તિ, કુશલપક્ષમાં પ્રવૃત્તિ અને વિનયની પ્રતિપત્તિ-સ્વીકાર.** શ્રી ઉપદેશમાલા-પુષ્પમાલા ગ્રન્થના રચયિતા પ. પૂ. મલધારીય આ. ભ. શ્રી હેમચંદ્ર સૂ. મ. જ્ઞાનદાનના વર્ણનમાં આ જ વાતને વર્ણવતાં કહ્યું કે-

"पावाओ विणियत्ती, पव्वत्तणा तह य कुसलपक्खम्मि ।
विणयस्स य पडिवत्ती, तिन्निवि नाणे समप्पंति ॥३७॥"

આટલી સ્પષ્ટ હકીકત હોવા છતાં આજના સદ્ગુરૂની નિશ્રા વગરના જાતે જ જ્ઞાની બની બેઠેલા કેટલાક ઉપદેશકો વક્તાઓ પોતાના મનઘડંત વિચારોને શાસ્ત્રકાર પરમર્ષિઓના નામે પ્રચારી રહ્યા છે ત્યારે તેમના તે દુઃસાહસ ! ઉપર દયા આવે છે. સાધુવેષમાં રહેલા જ્યારે લોકોને પાપ માર્ગથી બચાવવાના બદલે પાપના પણ સમીકરણો માંડે છે ત્યારે તેમની તે મૂર્ખામી ગીતાર્થોમાં હાસ્યાસ્પદ બને છે. બધી જ અનુકૂળતા મજેથી ભોગવાતી રહે અને ધર્મીનો ઓલ્કાબ પણ ધારી રખાય તેવા ધર્મપ્રરૂપકોના અનુયાયીઓની સંખ્યા ઘણી જ હોય તેમાં નવાઈ નથી. તેની જેમ પાપ ચાલુ રહે અને તેનું દુઃખ સરખું પણ ન હોય ઉપરથી છાતી કાઢીને માથું ઊંચું રાખીને બકાશ હાંકતો કહે કે બીજા કરતાં તો અમે અલ્પ પાપ કરીએ છીએ માટે ઘણા સારા છીએ.

આવા પાપાત્માઓ જ ધર્મછદ્મના નામે ભોળા જીવોના ધર્મધનને લુંટનારા લુંટારૂઓ બને છે અને પાછો ગુરૂઓનો ટેકો મળે એટલે જાણે શાસ્ત્રની મહોર છાપ મળી ! આવા ગુરૂઓને હવે ઓળખીને તેમનાથી સ્વયં બચવા અને બીજાઓને બચાવવા ભારે પુરુષાર્થ કરવો ખૂબ જ જરૂરી છે. આ બધા પોતાની મનઘડંત વિચારધારાઓથી પાછા હઠવાના નથી બદ્કે વધુ આક્રમક બનવાના છે. અને સહસ્રાવધાની પ.

પૂ. આ. ભ. શ્રી મુનિસુંદર સૂ. મ. સા.એ 'અધ્યાત્મકલ્પદ્રુમ' ગ્રન્થમાં કહ્યું છે કે—

"न्यस्ता मुक्तिपथस्थ वाहकतया, श्री वीर ! ये माङ्ग त्वया,
लुंटाकास्त्वदतेऽभवन् बहुतरा-स्तत्वरछासने ते कली ।
ध्रिमाणा यतिनाम तत्त्वनुधियां सुष्णु ति पुण्यश्रिय
पूत्कुर्मः किमराज्यके ह्यपि तलारक्षा न किं दस्यवः ॥१॥"

ભાવાર્થ . 'હે શ્રી વીર ભગવાન ! પ્રથમ આપે જેઓને મુક્તિપથના વાહકપણાએ કરીને સ્થાપ્યા હતા, તેમાંના તે ઘણા આ કલિકાલમાં આપના અભાવમાં આપના શાસનમાં લુંટારા જેવા થયા. તેથી જ યતિનામને ધરનારા તેઓ અલ્પબુદ્ધિવાળા આત્માઓની પુણ્યલક્ષ્મીને ચોરી લે છે. આ વાતનો પોકાર અમો કયાં જઇને કરીએ ? રાજ્યના અભાવમાં કોટવાળો પણ શું ચોર નથી પાકતા ?' દુનિયાની જે કહેતી છે કે 'રક્ષક જ ભક્ષક બને' 'ચોર કોટવાળને દંડે' તેની જેમ જો જૈન શાસનને બોડી બામણીનું ખેતર માની આવા ઉપદેશકોનો ફાટેલો રાફડો ફાવતી રીતે ચગ્વા માને તો સાચા સદ્ગુરૂ તેનો પ્રતિકાર કરે જ. જૈન શાસનની ગુરૂતા રેઢી નથી પડી કે જેને જેમ ફાવે તેમ કરવા દે, ચાલવા દે.

ગુરૂ એટલે તત્ત્વમાર્ગના જાણુ, તત્ત્વ માર્ગનું જ નિરૂપણ કરનારા પણ ગોટાળાવાળીને માત્ર સ્વાર્થ જ સાધનારા 'ગોર' નહિ ! **સ્વયં નિષ્પાપ જીવન જીવે અને જે અર્થી આત્મા આવે તેને નિષ્પાપ જીવન પંથ બતાવે, તે માર્ગે ચલવે તેનું નામ ગુરૂ** ! તે ગુરૂ એમ ભેદ ન પાડે કે આમાં વધુ પાપ અને આમાં ઓછુ પાપ ! પાપ તે પાપ જ છે. અવસર આવે સન્માર્ગ અને ઉન્માર્ગ યથાર્થ ન સમજાવે, ગોટાળા વાળે, ગોળ ગોળ બોલે, ફેરવ્યું તોલે તે શ્રી જૈન શાસનના ગુરૂપદને ધારણ કરવા ય લાયક નથી. શાસ્ત્રકાર પરમર્ષિઓએ ઉન્માર્ગ પણ તેને કહ્યો કે, ક્ષાયોપશમિક ભાવનું ઉલ્લંઘન કરીને ઔદયિક ભાવમાં ગમન કરવું તે.

ઉન્માર્ગ: क्षायोपशमिक भावरुपमार्गमतिक्रम्य
औदयिकभावेन कृत इत्यर्थः । (वन्दारुवृत्तौ)

આવો વિવેક શાસન સમર્પિત સદ્ગુરૂઓમાં જ હોય જાતની પ્રભાવના નામના કરનારા ગુરૂઓમાં નહિ. આવી ગુરૂતા જ સંસારનો ઉચ્છેદ કરનારી સંસારી તારક બની શકે છે. આવા સદ્ગુરૂઓને શાસ્ત્રકારોએ 'જહાજ'ની ઉપમા આપી નવાજ્યા છે. જ્યારે ગુરૂતાને પડાવી બેઠેલા ગુરૂઓ તો પોતાના ભક્તોને માટે ય જહાજ સમાન નથી

બનતા પણ પોતાના પરિવાર-આશ્રિતોને ડુબાડવા માટે પત્થરની શિલાસમાન બને છે.

રાજ્ય ઋષભની રાજ્ય વ્યવસ્થાના નામે મોક્ષમાર્ગને છિન્નભિન્ન કરનારા પોતાની કુગુરૂતાનું સામ્રાજ્ય ફેલાવે છે ત્યારે સુવિહિતો સાચી ભાવદયાને ધરી તેનો મક્કમ પ્રતિકાર કરી આવા છૂપા દુશ્મનોને ઓળખાવવાની કપરી ફરજ અદા થવાની, અળખામણા બની પણ પાછી પાની કરતા નથી કે આમનો મોટો વર્ગ છે, માધાંતાઓ આમને વશ છે આપણે એકલા પડી જઇશું-તેવો ડર પણ રાખતા નથી. નિર્ભીકપણે સિંહસત્ત્વના સ્વામી બની પોતાના સુવિહિતપણાને સાર્થક કરે છે અને આશ્રિતોના આત્માના સાચા હિતૈષી બને છે. આવાઓના ફંદામાં ભલાભોળા ફસાય નહિ માટે પોતાની સબળીય શક્તિઓનો સદુપયોગ કરીને સન્માર્ગનો પ્રવાહ જીવતો રાખે છે-રખાવે છે.

શ્રી જિનેશ્વરદેવોના શાસનની આવી સુંદર કોટિની મર્યાદાઓ હોવા છતાં પણ માન-મોટાઇ-નામના-કીર્ત્તિ-પ્રસિદ્ધિના લોભે પોતાના મનઘડંત વિચારો-માન્યતાઓ ફેલાવી-પ્રચારી શાસનને ડહોળવાનું જ કામ કરે છે અને 'એકતા' 'શાંતિ' 'સંપ'ના નારે શાસનમાં વિપ્લવો જગાવે છે અને તેનાથી બચાવનારને-સાચો માર્ગ સમજાવનારને વિરોધી તરીકે ઓળખાવે છે.

સારાં પણ રસાયનોનો પ્રયોકતા વૈદ્ય જો મૂઢ હોય તો કર્દીને નિરોગી કરવાને બદલે તેના નાશનું કારણ બને છે. રસાયણ જેવી દુન્યવી ચીજ જો અયોગ્યના હાથમાં ગઇ તો જીવાડવાને બદલે મારનારી બને તો મહારસાયણ સમાન ધર્મ કર્મરોગથી સર્વથા મુકત બનાવવા સમર્થ છે તે જો સદગુરૂના માર્ગદર્શન પ્રમાણે ન કરાય તો સંસારરોગ વધી જાય અને મુક્તિ રૂપ આરોગ્ય દૂર ઠેલાય તેમાં જરાપણ નવાઇ નથી. આવા સદગુરૂના નામે ચરી ખાનારા વિચારકો અને પ્રચારકો શાસનમાં કારમી અંધાધૂંધી અને અવ્યવસ્થા ફેલાવે છે તે વાત આજે સૌના પ્રત્યક્ષમાં છે. બધા આવાઓને ઓળખી ગયા-રહ્યા છે ત્યારે આત્મહિતૈષી ધર્માર્થી પ્રાણીઓએ સાચા સદગુરૂના ચરણનું શરણ સ્વીકારવું શ્રેયસ્કર છે. જેથી જમાનાની એકપણ ઝેરી હવા આપણને અસર ન કરે.

જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ આત્માને વિદ્વાન બનાવે છે પણ એ ક્ષયોપશમ જો મિથ્યાત્વ મોહનીયથી સહચરિત હોય તો તે વિદ્વત્તા સ્વ-પર અનેકના હિતની ઘાતક થવા સાથે શ્રાપરૂપ બને છે. તેઓ તો માત્ર પોતાનો જ કક્કો ખરો કરવા યેન કેન પ્રકારે મથે છે. અને સદગુરૂઓનાં તારક પણ વચનોનો અનાદર કરે છે. માત્ર

પોપટિયા છીછરા જ્ઞાનના ધણી હોવાથી તેમનું જ્ઞાન કોઇપણ વસ્તુની વાસ્તવિકતાને સ્પર્શતુ નથી. તાત્પર્યો રહસ્યોને સમજી શકતા નથી. કદાચ સમજે ને પણ પોતાની વાતની પુષ્ટિના માટે જ સમજે અને આગમોમાંથી પણ પોતાની માન્યતાને શોધે જેમકે આનંદ–કામદેવાદિના ગોકુળોમાંથી પણ તત્ત્વ ગોબર–છાણ–જ કાઢે ! પછી તો માતેલા સાંઢ જેવા બની પોતાના જ્ઞાનનો ઉપયોગ સાચી વસ્તુઓને ડહોળવામાં કરે છે. તેવાઓને પુણ્યયોગે પ્રાપ્ત શક્તિઓ સાચા રૂપમાં પચતી નથી, તેના સદુપયોગને બદલે દુરૂપયોગ કરે છે. પોતાના લખેલા–બોલેલાની જ નિરંતર પ્રશંસા કરે છે. તેવાઓને કોઇ સાચી ભૂલ બતાવે તો તેઓ પોતાની ભૂલનો બચાવ કરવાની લતે ચઢે છે. સ્વયં સન્માર્ગથી પતિત થઈ ઉત્સૂત્રભાષી બની અનેકને પતિત કરવામાં આનંદ માને છે.

આવા અવસરે પૂ. પરમતારક ગુરૂદેવની એક હિતશિક્ષા સન્માર્ગમાં સ્થિત રહેવા 'સર્ચલાઇટ' સમાન છે.

'કોઇનીય વાતમાં આવી જઇને, દાક્ષિણ્યતામાં પણ ભાન ભૂલીને અથવા કોઇની પણ શેહમાં દબાઇ જઇને, માર્ગ મૂકાઇ જાય તેમ કરવું તેમાં લાભ નથી પણ નુકશાન જ છે. માર્ગના પાલનમાં મક્કમ રહેવાથી માર્ગ વિરૂદ્ધ વાતમાં સાથ નહિ આપવાથી કદાચ મૂર્ખાઓ માનતા હોય તે માનવાનું બંધ કરે કે જગત ફસી જાય તેની પણ પરવા મહાપુરૂષને હોય નહિ. આપણા મહાપુરૂષો આટલા મક્કમ ન હોત તો, પ્રભુશાસન આપણા સુધી શુદ્ધ સ્વરૂપે પહોંચી શકત નહિ. એ મહાપુરૂષોએ ઘણું બધું સહ્યું પણ માર્ગને શુદ્ધ ને અખંડિત રાખ્યો તો આજે આપણે શુદ્ધ માર્ગની યથાશક્તિ આરાધના પણ કરીએ છીએ. આજે તો આ માર્ગને શુદ્ધ રાખવાની તે શુદ્ધ સ્વરૂપે વહેતો રાખવાની કપરી જવાબદારી આપણી સૌની છે. આપણી મહત્તા ખાતર, મોટાઇ ટકાઇ રાખવા કે વચનને ઊંચું રાખવા આ માર્ગને ખરાબ કરવો અગર છતી શક્તિએ બેદરકાર બન્યા રહીને આ માર્ગને ખરાબ કરવા દેવો એના જેવું ભયંકર પાપ એક નથી. અધર્મ કરવામાં જે પાપ સમાયેલું છે તેના કરતાં વધુ પાપ અધાર્મિકતા ઉપર 'ધર્મસંમતિનો ઓપ' ચઢાવવામાં છે.'

શાસન સેવા અને ધર્મસેવાના સંસ્કૃતિના રૂડાં રુપાળા નામે બણગાં ફુંકી ઉગતા યુવાનવર્ગને ઉન્માર્ગે દોરી જતા, લોકરૂચિને અનુકૂળ જમાનાવાદના વાક્યો બોલી તાલીઓ પડાવી, સત્ય સિદ્ધાન્તોનો અપલાપ કરવામાં જીવનનો લહાવો માનતા

વક્તાઓ–ઉપદેશકો–વિવેચકોનો રાફડો ફાટયો છે લોકના હિતના નામે અહિતનો ધંધો આકરી બેઠેલા બિલાડીના ટોપની જેમ ઉગી નીકળ્યા છે ત્યારે સુવિહિતોની, ગચ્છ નાયકોની ઉપરી જવાબદારી છે. **દુર્જનોની દુર્જનતા કરતાં પણ સજ્જનોની ઉદાસીનતા ઉપેક્ષાવૃત્તિ ઘણી વધારે ખરાબ છે.**

શાસનના સત્યોને સમજનારા 'વિરલા'ની કોટિમાં આવનારા સુવિહિતો આવી ઉપરી જવાબદારીમાંથી છટકયા વિના મજેથી વહન કરી શાસનની શાન અને આનને ચાર ચાંદ લગાડી શાસનનો જયનાદ જગતમાં ગુંજતો રાખવાના જ છે. આવા ગૌરવવંતા સદ્‌ગુરૂપદને સાર્થક કરનારા સદ્‌ગુરૂઓના ચરણે કોટાનુકોટિ વંદના !

નિર્વાણપથપ્રદીપં જય-તુ તે જિનશાસનમ્ !

—: શાસન સમાચાર —

ડોળીયા તીર્થ ૮ મી વર્ષગાંઠની ઉજવણી

ડોળીયા તીર્થની ૮ મી વર્ષગાંઠની ઉજવણી તથા પૂ. હાલારદેશોદ્ધારક આ. શ્રી વિ. અમૃત સૂ. મ.ની ૩૨મી સ્વર્ગારોહણ તિથિ અંગેનો કાર્યક્રમ પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ.ની નિશ્રામાં થયો હતો. ફા. સુ. ૧૦ના પૂ.શ્રી પધારતાં સામૈયું થયું ૧૧ વાગ્યે સ્વ. પૂ. આ. ભ. શ્રી વિ. અમૃત સૂ. મ.ના ગુણાનુવાદ થયા. શાહ મનસુખલાલ જીવરાજ તરફથી ૨–૨ રૂા.નું સંઘપૂજન થયું. બપોરે પંચકલ્યાણક પૂજા ભણાવાઇ. સુ ૧૧માં વર્ષગાંઠ નિમિત્તે ૧૮ અભિષેક પૂજા બાદ ઉલ્લાસથી ધજાઓ ચડાવવામાં આવી. ચાંદીના ત્રણ ગભારાના તોરણો ૪૫, ૨૧, ૨૧ હજારની કિંમતના રામજીભાઇ ધોરાજી આયર તથા જે. આર. મહેતા રાજકોટ તથા કોરશ લીમીટેડ થાનગઢ તરફથી ભેટ અપાયા.

સંઘ તથા ગામ જમણ શાહ દેવરાજ નરશી ઢીંચડાવાળા શાહ, ખેતશી વીરપાર નવાગામવાળા મુલુંડ તથા શાહ મનસુખલાલ જીવરાજ–રાજકોટ તથા જે. આર. મહેતા રાજકોટ તરફથી થયું. ૨૨૦૦ ઉપરની સંખ્યા જમણવારમાં થઇ. સારા ઉત્સાહથી ઘણા ભાવિકો આવેલા ત્રણ બસો માલેગામની તથા એક બસ અમદાવાદની પણ આ સમયે આવી હતી અને સારો લાભ લીધો હતો.

પૂ. આ. મ. આદિ થાન પધાર્યા હતા તથા સામૈયું પ્રવચનો વિ. થયા રોજ સંઘપૂજન આદિ થયા હતા ચાતુર્માસ માટે પણ ખાસ વિનંતિ કરી હતી.

મહાભારતનાં પ્રસંગો

[પ્રકરણ-૨૪]

—શ્રી રાજુભાઇ પંડિત

(૨૪) તું ધન્ય છે, યશોદા...!

ભયથી ફફડી જઇને શત્રુઓ જેને સતત યાદ કરે છે અને પ્રીતિથી ખુશ થઇને મિત્રો જેને સતત યાદ કરે છે એવા આ પ્રચંડ શક્તિના ધણી કંસને દેવકીનું સાતમું બાળક આ છોકરી હણશે એમ, ન ભૂતો ન ભવિષ્યતિ. મુનિરાજ અતિમુક્તકનું તે વચન લાગતું નથી કે સાચું પડે. આ એક નાની અમથી અબળા છોકરી મને હણશે. હા...હા...હા... અસંભવ...અસંભવ...' આ રીતે મશ્કરી પૂર્વક અટ્ટહાસ્ય કરીને તરતની જન્મેલી તે બાળાનું નાક છેદી નાંખીને કંસે તે બાળા દેવકીને પાછી સુપ્રત કરી અને કંસ પોતાને મૃત્યુંજય—અજર—અમર ગણતો ચેનથી મથુરાનું રાજ્ય ચલાવવા લાગ્યો.

આ તરફ ગોકુળમાં બાલકૃષ્ણના આવવાથી જ આખું ગોકુળ આનંદ ભરપૂર થઇ ગયું. નંદ તથા યશોદાના તો આનંદનો કોઇ જ પાર નથી રહ્યો. આવો બાળક અનાયાસે જ પ્રાપ્ત થયો હોય તેનો આનંદ કોને ન હોય ?

બાળકનો વર્ણ શ્યામ હોવાથી નંદરાજે તેનું કૃષ્ણ એવું નામ રાખ્યું. ગોપીઓ તો પોતાના ખોળામાંથી કૃષ્ણને દૂર જ થવા દેતી નથી. નંદ યશોદાથી લાલન—પાલન પમાતો કૃષ્ણ ગોકુલમાં ઉછરી રહ્યો છે.

...આ બાજુ જનેતા દેવકી માતા સમયે સમયે કંઇને કંઇ ઉત્સવના બહાના ઉભા કરી કરીને પુત્ર કૃષ્ણને જોવા—રમાડવા મથુરાથી આવ્યા કરે છે. જ્યારે જ્યારે માતા દેવકી આવે છે ત્યારે ત્યારે તે પોતે જ પોતાના બાલ કૃષ્ણને મનભરીને સ્તનપાન કરાવ્યા કરે છે. અને કાલી ઘેલી ભાષાથી બાળકને વારંવાર બોલાવ્યા કરે છે. અને પાછા વિષાદથી ઘેરાઇ જાય છે કે—આજ સુધીના ૬—૬ જન્મેલા પુત્રોને હું રમાડી શકી નથી, ધવરાવી શકી નથી કે બોલાવી શકી નથી કેમકે કંસ જેવા ક્રુર નરાધમના હાથે મારા તરતના જન્મેલા બાળકો પત્થર ઉપર કપડા પછાડતા ધોબીની જેમ શિલા ઉપર માથા ભટકાવી ભટકાવીને મારી નાંખવામાં આવ્યા છે. તું જ એક મારો બાકી રહી ગયેલો પુત્ર છે. તારા બચી જવાથી હું ખુશ છું પણ દુઃખ છે કે—હું ભાગ્યહીન છું કેમકે હે પુત્ર ! તું જીવતો રહ્યો તો પણ હું તારાથી દૂર થઇ ગઇ છું. પૂર્વેના ૬ પુત્રોને તો હું

બચાવી ના શકી. જ્યારે હે પુત્ર ! હું તને બચાવી શકી તો પણ તારાથી દૂર જ રહી હું ભાગ્યવિહીન છું.' આ રીતે પોતાની જાતને વારંવાર ધિક્કાર્યા કરતી માતૃવેદનાથી વલોવાઇ ગયેલી માતા દેવકી નંદપત્ની યશોદાને કહ્યા કરતી હતી કે–હે યશોદા ! તું ત્રણે ભુવનની સ્ત્રીઓમાં સૌભાગ્યવતી છે કે જેનો ખોળો અહર્નિશ આ બાલકળથી અલંકૃત થયેલો ભર્યો ભર્યો રહે છે. તે કુલ અને તે ગોકુલ પણ રમ્ય છે જ્યાં આ બાળક હંમેશા રમતો રહે છે.'

આ રીતે યશોદાની પ્રશંસા કરી કરીને બાળકને મનભરીને વાત્સલ્યથી વહાલ કરી કરીને આખરે મજબૂરીથી મથુરા તરફ પાછા ફરવાની વેળાએ દુઃખતા હૈયે બાળકથી વિખૂટી પડતી માતા દેવકી જેટલા ઉત્સાહથી ઝડપભેર ગોકુલ આવે છે તેટલા જ ઉદ્વેગથી ગમગીન દશામાં ધીમે પગલે મથુરા તરફ પાછી ફરે છે.

ત્રણ ખંડનો માલિક, આવતી ચોવીશીના તીર્થંકર, ક્ષાયિક સમકિતનો ધણી જુઓ તો ખરા જન્મે છે એક કારાવાસમાં અને ઉછરે છે સગી માતાથી દૂર દૂર કયાંક નંદગોકુળમાં યશોદા મૈયાના ખોળામાં.

નંદ ગોકુળમાં ગોપીઓ કૃષ્ણને રમાડતા, ધરાતી નથી.

બાલકૃષ્ણ ૪–૫ વર્ષના થયા હશે ત્યારે પૂતના અને શકુની નામની બે વિદ્યાધરીઓ પૂર્વભવના વેરને યાદ કરીને બાલકૃષ્ણને હણી નાંખવાના ઇરાદાથી આવી. બાલકૃષ્ણ તો પોતાના મિત્રો સાથે રમી રહ્યો છે. પરંતુ બાલકૃષ્ણને આધીન થયેલી દેવીઓએ આ હણવા આવેલી બંને વિદ્યાધરીઓને હણી નાખી. સજ્જનોનું મરણ ઇચ્છનારનું જીવન ક્યાં સુધી ટકે ?

ગોકુલમાં સર્વત્ર ક્રીડા કરવા જતો કૃષ્ણ જીદ કરીને ગોપીઓના દૂધ–દહીંના વાસણો ઉંધા પાડીને ઢોળવા લાગ્યો હતો. અલબત્ત ગોવાળોને આથી નુકશાન થતું હોવા છતાં ગોવાળોથી સ્ત્રીઓને જરીજ પણ ઉદ્વેગ થતો નહિ. ઉપરથી જીદ કરીને ગોપીઓના હાથમાંથી દૂધ–દહીંના વાસણો ખેંચી–ખેંચીને ઢોળી નાંખતો ત્યારે ગોપીઓને તે બાલકૃષ્ણ અતિપ્રિય લાગતો. અત્યંત પ્રચંડ તાપ વેરતો હોવા છતાં જુઓને આ સૂર્ય કોઇને અપ્રિય બન્યો છે, કદિ ?

આમ કૃષ્ણના તથા ગોપીઓના તોફાન–મસ્તીભર્યા દિવસો વીતી રહ્યા છે.

ધીરે ધીરે બાલકૃષ્ણ ૭–૮ વર્ષના થયા. અને તે અરસામાં તેની કીર્તિ ચારે દિશામાં ફેલાવા લાગી. નંદનો નંદન મહા શક્તિશાળી છે. આવી વાતો મથુરામાં પણ

ચોરે ને ચૌટે થવા લાગી. આથી પુત્રના ગુણોની પ્રશંસાથી કંસ જેવા નરાધમથી પુત્રનું કયાંક મૃત્યુ થઇ જશે તો આવા ફફડાટથી વસુદેવે કૃષ્ણની રક્ષા માટે પોતાના મોટા પુત્ર શક્તિશાળી બલદેવને કૃષ્ણની પાસે મોકલ્યો.

કૃષ્ણ બલદેવને ઓળખતા નથી કે આ મારો ભાઇ છે છતાં કૃષ્ણને બળરામ ઉપર અત્યંત પ્રીતિ બંધાઇ ગઇ. અને કૃષ્ણ તેની પાસેથી સઘળી કળા શીખી ગયા. અગસ્ત્ય ઋષિને સમુદ્રો પીવામાં જેટલો સમય થયો તેટલા અલ્પ કાળમાં જ કૃષ્ણ બધી કલાઓમાં નિષ્ણાત થઇ ગયા.

શામળા અને સોહામણા લાગતા કૃષ્ણના રમ્ય શરીરમાંથી બાલપણે વિદાય લીધી અને યુવાવસ્થાનો આરંભ થયો. અત્યંત મનોહર આકર્ષક રૂપ સૌન્દર્યથી કૃષ્ણ પાસે કામદેવ પરાજય પામ્યો. આથી તે કામ ગોપીઓને હેરાન કરવા લાગ્યો. અને કામથી પીડાયેલી ગોપીઓ નવયુવાન કૃષ્ણની પાસે આવવા લાગી.

કેટલીક ગોપીઓ ચંદનના રસથી શ્રીકૃષ્ણના માંસલ બાહુ તથા ખંભાને હર્ષ પૂર્વક પત્ર–વેલડીઓ આલેખવા લાગી. તો કેટલીક ગોપીઓ મોરના પીછાઓ ભેગા કરીને શ્રી કૃષ્ણના મસ્તક ઉપર અદ્‌ભુત શણગાર સજવા માંડી. તો કેટલી ગોપીઓ શ્રીકૃષ્ણના વિશાળ વક્ષસ્થળને તાજા સુગંધદાર પુષ્પોની માળાઓથી શણગારવા લાગી. વળી કયારેક શ્રીકૃષ્ણને વચ્ચે રાખીને ગોપીઓ તેના ફરતે રાસ લેવા લાગતી. ગોવાળોની યુવાન ગોપીઓને ત્યાં સુધી જ રતિ હતી, ત્યાં સુધી જ સુખ અને આનંદ રહેતો કે જ્યાં સુધી તેમને કૃષ્ણના દર્શન થયા કરતા. કૃષ્ણને ન જુએ ત્યારે અને ત્યાં સુધી ગોપીઓ ઉદાસ ઉદાસ રહ્યા કરતી.

આ બધી લીલાપૂર્ણ આનંદની અવસ્થામાં પણ બંધુ બલદેવ શ્રીકૃષ્ણનું પ્રતિક્ષણે રક્ષણ કરવા સતત જાગૃત જ રહેતો.

આમ સુખેથી ક્રીડા કરતા કૃષ્ણનો ગોકુળમાં કાળ પસાર થઇ રહ્યો હતો. બીજી તરફ શૌર્યપુર નગરમાં શિવાદેવીએ ચૌદ મહાસ્વપ્નોના દર્શનપૂર્વક બાવીશમાં તીર્થંકર શ્રી નમિનાથને અત્યંત આનંદ પ્રમોદ પૂર્ણ વાતાવરણ સમયે શ્રાવણ સુદ પાંચમના દિવસે જન્મ આપ્યો હતો. નેમિકુમારના જન્મ સમયે વાસુદેવે અત્યંત ધામધૂમથી જન્મોત્સવ કર્યો હતો, જે કૃષ્ણના જન્મ સમયે કરી શકયો ન હતો. (ક્રમશઃ)

— રાપર પાંજરાપોળ સ્વાવલંબન ભણી —

જયંત સચદે અને રસિક મોરબિયા દ્વારા

અત્યંત મુશ્કેલ પરિસ્થિતમાંથી પસાર થયેલી રાપરની જીવદયા સંસ્થા સંચાલિત પાંજર પોળના સંચાલકોએ સ્વાવલંબી ભણી કદમ ઉઠાવ્યાં છે. સખી દાતાઓ, કેન્દ્રીય સંસ્થા 'કાપાર્ટ' ની સહાય અને ઘાસચારાના ઉત્પાદન માટે ૨૨૫ એકર જમીનમાં વીડ વિકાસ યોજના હાથ ધરાઇ છે.

ચાલુ વર્ષે વીડમાં ૬૦ ટ્રક જેટલી કડબની પેદાશ લેવાઇ હતી, આ ઉત્પાદન આગામી વર્ષમાં વધતું રહેશે. હજારો ઢોરનો માત્ર દાન ફાળાની રકમ ઉપર નિભાવ કરતી આ સંસ્થા અત્યારે રાજ્યભરની આગેવાન સંસ્થાઓની હરોળમાં આવી છે. ચાલુ વર્ષે ઢોર નિભાવનો ખર્ચ રૂપિયા ૭૦ લાખ સુધી પહોંચશે એવો સંચાલકોનો અંદાજ છે.

જિલ્લામાં જ્યારે દુકાળ પડે છે ત્યારે તો પશુધનની સ્થિતિ સૌથી વધુ કરૂણ અને કફોડી બને છે અને તેને નિભાવવાનો પ્રશ્ન ભારે મુશ્કેલ બની જાય છે, હજારો ઢોરોને સ્થળાંતર કરીને સૌરાષ્ટ્ર, ગુજરાતમાં લઇ જવાં પડે છે. એ વખતે કચ્છની પાંજરાપોળોનો બોજ પણ વધી જાય છે. પરંતુ વરસ સારૂં હોય ત્યારે પાંજરાપોળો પરનો બોજ હળવો થઇ જતો હશે એમ સામાન્ય રીતે આપણે માનીએ છીએ પરંતુ જીવદયા મંડળ સંચાલિત રાપર પાંજરાપોળની સ્થિતિ એના કરતાં જુદી છે, ગત ચોમાસામાં વાગડમાં શ્રીકાર વરસાદ થયો છે. ઘાસચારો પણ પેદા થયો છે. આ પાંજરાપોળનો બોજ જરાય ઓછો થયો નથી. તેમાં હજીયે રોજબરોજ નાના મોટા પશુઓ દાખલ થવા માટે આવે છે અને પશુઓને નિભાવવાનો ખર્ચ વધતો જ જાય છે એમ 'કચ્છમિત્ર' ની ટીમે તાજેતરમાં રાપર પાંજરાપોળની મુલાકાત લીધી ત્યારે તેના પ્રમુખ શ્રી વેલજી ઇસરજી મહેતાએ અને મંત્રી શાંતિલાલ શાહે જણાવ્યુ હતું.

અત્યારે નાના મોટાં ૪૮૫૦ જેટલા ઢોરોને દયા, પ્રેમ અને મમતાથી નિભાવતી આ પાંજરાપોળ ૧૯૮૪ '૮૫ અને '૮૬ એમ ત્રણ વર્ષ ઉપરાઉપર દુષ્કાળ પડતાં પાંજરાપોળ ઢોરોથી ઉભરાવા લાગી અને નાના મોટા ઢોરોની સંખ્યા દશ હજાર આસપાસ થઇ ગઇ ત્યારે પાંજરાપોળના સંચાલકો માટે વિકટ સમસ્યા ઉભી થઇ હતી કારણ કે કચ્છમાં ક્યાંયથી ઘાસ મળી શકે તેમ નહોતું. તમામ ઘાસ કચ્છ બહારથી

લાવવું પડતું હતું. એક તરફ પાંજરાપોળનાં મકાનોનું બાંધકામ ચાલુ હતું, બીજી તરફ ઘાસચારા માટે મોટી રકમ ખર્ચાતી હતી અને ઢોરોની સંખ્યા ડબલ થઇ જતાં સંસ્થાને રોજનો અંદાજે રૂા. પચાસ હજારનો ખર્ચ કરવો પડતો હતો. પરંતુ સ્થાનિક અને મુંબઇ વિ. સ્થળોના દાતાઓના ઉદાર દાન અને સૌના સહિયારા પ્રયાસથી આ આ સંસ્થા વિકટ પરિસ્થિતિ પાર કરી શકી.

છેલ્લે ૧૯૯૫-૯૬ અને ૧૯૯૬-૯૭ના વર્ષો પણ પ્રમાણમાં નબળા હતા. પરિણામે ૯૬-૯૭ના વર્ષમાં સંસ્થાનો વાર્ષિક નિભાવ ખર્ચ રૂા. એક કરોડ વીશ લાખ જેટલો થયો એ પરથી આ સંસ્થાની જવાબદારીનો ખ્યાલ આવે છે. ગત ચોમાસામાં કચ્છમાં સર્વત્ર શ્રીકાર વરસાદ થતાં ચાલુ વર્ષ ખૂબ સારૂં હોવા છતાં આ સંસ્થામાં ઢોરોનો વાર્ષિક નિભાવ ખર્ચ રૂા. ૬૦થી ૭૦ લાખ લાગવાનો સંભવ છે. દુષ્કાળની સ્થિતિમાં સૌ કોઇને ઢોરો પ્રત્યે લાગણી હોય તેથી પ્રેરાઇને દાન આપે તેમજ સરકાર તરફથી પણ સબસીડી રૂપે મદદ મળતી હોય છે પરંતુ સારા વરસમાં ગૌને તેમ હોય કે પાંજરાપોળને શું જરૂર છે ?

પરંતુ વાસ્તવિક સ્થિતિ જુદી જ છે. ૧૯૭૨માં આ સંસ્થાની નાના પાયે સ્થાપના થઇ. એ વખતે દશ વર્ષ સુધી તેમાં ઘેટાં-બકરાંને નિભાવવામાં આવતાં પરંતુ એ પછી અહીં સ્થિરવાસ બિરાજતાં મહાસતી વેલબાઇ સ્વામી, માણેકબાઇ સ્વામી અને ઉજવળ કુમારીબાઇ સ્વામીની પ્રેરણાથી ૧૯૭૬ના નગાસર તળાવની સામે ઘોરીમાર્ગ ઉપર સરકાર તરફથી મળેલી જમીન પર મકાનનું બાંધકામ હાથ ધરાયું અને એ વખતના અંજારના શેઠ સ્વ. મોણશીભાઇ આશકરણ રાજાના હસ્તે પાંજરાપોળની શિલારોપણ વિધિ થઇ. ત્યારબાદ ત્રણ વર્ષ સુધી મકાનોનું કામ થોડું વ્યવસ્થિત થયા પછી મોટા ઢોર ગાય, બળદ, ભેંસ, પાડા વિ. લેવાનું શરૂ કર્યું. મોટા ઢોરની સંખ્યા ઉત્તરોત્તર વધતી ગઇ અને તેના નિભાવ અને મકાન બાંધકામ એમ બંને મોરચે લડવાનું હતું. પરંતુ સંચાલકો અને સંચાલકો અને કાર્યકરોએ એ પડકાર ઝીલી લીધો. આજે તો આ સંસ્થા આવી કંઇક કસોટીઓ પાર કરીને વિશાળ વટવૃક્ષસમી બની છે અને જીવદયાના ક્ષેત્રે ઉમદા કામગીરી બજાવી રહી છે. (કચ્છ મિત્ર)

❋ આ તે કેવો વિરોધાભાસ ❋

—શાસન ભક્ત

શ્રી જૈન શાસનને યથાર્થ સમજેલો પુણ્યાત્મા ક્યારે આ સંસારવાસથી છૂટું અને સાધુપણાને પામું તે જ ભાવનામાં રમતો હોય છે. તેથી જ તે આત્માની જ ચિંતા પ્રધાનપણે કરે છે પરંતુ શરીર, કુટુંબ કે ધનાદિની ચિંતા કરવી પડે માટે કરે છે, કરવા જેવી માનીને કરતો નથી. કારણ તે આખાં સંસારને પાપરૂપ જ માને છે અને પાપ તે પાપ જ છે.

પાપથી જેટલું બચાય તેવો જ પ્રયત્ન કરે છે. પણ પાપને કરવા છતાં પાપનો બચાવ ક્યારે પણ કરતો નથી. પોતાને પાપ કરવું પડે તે પોતાની કમનશીબી માને છે. શ્રાવક એવા સ્થાનમાં બેઠો છે જ્યાં તેને પાપ કર્યા વિના જરા પણ ચાલે તેમ નથી અને તેની ભાવના જરા પણ પાપ કરવાની જ નથી. આ બેની ભીંસમાં તે આત્માને હાનિ ન થાય, આત્માનું અહિત ન થાય તેની જ ચિંતા કરે છે. આ સ્પષ્ટ વાત હોવા છતાં પણ શાસ્ત્રકાર પરમર્ષિઓની વાતોના પરમાર્થને સમજ્યા વિના માત્ર પોતાની જ વાત સાચીને ઠરાવવા નીકળેલા વક્તાઓ ઉપદેશકો કેવી વિટંબણા કરે છે તે સમજાય તેવી વાત છે.

તા. ૧–૨–૯૮–રવિવારના 'ગુજરાત સમાચાર' દૈનિકમાં જે લેખ આવ્યો તેના પર જ સામાન્ય વિચારણા કરવી છે.

શ્રી જૈન શાસન રોજી–રોટીની ચિંતા ક્યારે ય કરતું કે કરવાનું કહેતું નથી. શાસન તો વેપારાદિને પાપ જ કહે છે અને પાપથી શક્યમાં શક્ય વધુ નિવૃત્તિ કરવાનું ભારપૂર્વક જણાવે છે પણ પાપમાં પ્રવૃત્તિ કરવાનું જોડવાનું કહેતું જ નથી. આટલી સ્પષ્ટ દીવા જેવી વાત કેમ આ સંસ્કૃતિના નાદે ચઢેલા સમજી શકતા નથી. (કે પછી નહિ જ સમજવાનો નિર્ણય કર્યો લાગે છે) તે નવાઇ છે. જૈન શાસનને સમજેલા આત્મા આર્થિક ચિંતા કરે નહિ પણ 'આત્મિક' ચિંતા જ કરે. માટે જ મોક્ષને માટે જ ધર્મને પ્રધાન માને. પરન્તુ અર્થને માટે, કામને માટે કે અર્થ અને કામને માટે ધર્મને પ્રધાન માને નહિ કે મનાવે પણ નહિ. પાયાની મૂલભૂત વાતોમાં ભેળસેળ કરવાથી કે નહિ સમજવાથી આવી બધી ગરબડો ચાલી પડી છે.

શ્રી જૈન શાસન જ્ઞાનની આશાતનાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય તેમ કહે છે પાટલાની બાજુએ ઇંટો ઉપર થાળી મૂકી જમવાથી દોષ લાગે કે નહિ તે ગીતાર્થો

જણાવે તો સારૂં ! બાકી જ્ઞાનિઓ તો તેવી પ્રવૃત્તિને વખાણે તો નહિ જ. ઈંટો ઉપર નામ હોય છે અને તે પણ યાત્રિક વાહનમાં લખેલા કે કઇ રીતના તે ય તપાસનો વિષય જરૂર છે. સદ્‌ભૂત અર્થો–પદાર્થો–વાતોને છૂપાવવી અને અસદ્‌ભૂત અર્થો–વાતોને વિસ્તારવી તેને પણ 'અલીક વચન' નામનો દોષ–અઢાર દોષોમાંનો એક-શાસ્ત્રકારોએ કહેલ છે તેમાં ગીતાર્થો ઉન્કાર તો નહિ જ કરે !

દુનિયાને ઊંધા ચશ્મા પહેરાવવા નીકળેલાના ઢંભના પડલ ચીરવા માટેનો આ પ્રયત્ન છે. તે તો સમજે તેવા છે નહિ તે તો આકાશપુષ્પ જેવી વાત છે પણ બીજા લોકો તેમના ભ્રામક પ્રચારમાં ફસાય નહિ અને સન્માર્ગે સ્થિત રહી આત્મકલ્યાણના માર્ગે આગળ વધે તે ભાવના સહ શાસનદેવ સૌને સદ્‌બુદ્ધિ આપો તે જ અભ્યર્થના !

શાસન સમાચાર — ભાવથી માસક્ષમણ આરાધના

તળાજા–સુમતિનાથ દાદાના ચમત્કારી તીર્થમાં પૂ. લબ્ધિસૂરિજી ગુરૂવરના સમુદાય શોભિત સાધ્વી ચારૂપ્રજ્ઞ શ્રીજી મ. જે ચઢતા ભાવે માસક્ષમણ તપની તથા સાધ્વી નિર્દંભકલાશ્રીજીએ ૧૫ ઉપવાસની આરાધના કરતા પૂ. આચાર્ય શ્રી વારિષેણ-સૂરિજી મ. પં. શ્રી પુંડરીક વિ. મ. મુનિ વલ્લભસેન વિ. મ. આદિ વિનંતિ સહ પધારતા ભવ્ય સામૈયું થયેલ. ઉત્સવનો પ્રારંભ થતા સમુહ અઠમો છઠ્ઠો ઉપવાસની તપસ્યાઓ પ્રશ્નમંચ, ભક્તિ ભાવના ઉત્સવો શિહોરવાળા છોટાલાલ પરિવાર તરફથી જિન ભક્તિ પૂજનો સ્વામિ વાત્સલ્ય સંઘપૂજનો બહુમાન વિગેરે સંઘે ઉત્સાહથી કરાવેલ. ધ્વજા રોહણ ૧૮ અભિષેક પૂજન થયેલ. ઘર મંદિર પ્રભુ પ્રવેશ શાંતિનાથ જિનાલયે ધ્વજા ઉત્સવ અમીઝરણાં પૂ. શ્રીની આરિસા ભુવનમાં સ્થિરતા છે

છાણી–પ્રાચીન પ્રભાવિક શાંતિનાથ જિનાલયનો ૧૦૩ માં ધ્વજા રોહણ ઉત્સવ પ્રસંગે પૂ. આ. ભદ્રંકર સૂરિજી મ. પૂ. વીરસેન સૂરિજી મ. આદિની પ્રેરણા કાયમી તીથી શાંતિસ્નાત્ર સ્વામિવાત્સલ્ય ઉત્સવ સંઘના અનેરા ઉત્સાહથી પૂ. ગુરૂવરોની નિશ્રામાં ઠાઠથી મનાવાઇ ગયેા. તથા છાણી ભૂષણ આ. શ્રી ભુવનતિલક સૂરિજી મ.ના શિષ્ય પ્રશિષ્યોની પ્રેરણા આશીર્વાદથી પાઠશાળા આયંબિલ ખાતા શ્રાવિક ઉપાશ્રયો ૐકાર તીર્થ વાસુપૂજ્ય અમીનગર જિનાલય વિગેરેમાં સુંદર ધર્મારાધના ચાલુ રહેલ છે ઉપાશ્રયના જિર્ણોદ્ધારની યોજના પૂ. આ. શ્રી અશોકરત્નસૂરિજી પૂ. આ. શ્રી અમરસેન સૂરિજીની પ્રેરણાથી શુભ મુહુર્તે પ્રારંભ થયેલ છે. છાણી સંઘના સહયો ઉત્સાહથી ધર્મકાર્યો કરી રહ્યા છે.



પ્યારા ભૂલકાઓ...

મહિનાઓના મહિનાઓ વિદાય લેતાં જાય છે. અભ્યાસ ક્રમ આગળને આગળ જાય છે. અનાભ્યાસીની ધડકન વધતી જાય છે. (માર્ચ–એપ્રિલ) ફાગણ–ચૈત્ર મહિનો આવે એટલે પાઠય પુસ્તકો હાથમાં ઝલાય છે. ધૂળ ખંખેરાય છે. પાનાઓના પાના ઉથલ પાથલ થાય છે પાઠના પાઠો ધ્યાન પૂર્વક વંચાય છે. ફકરાઓના ફકરાઓ એકાંતમાં બેસી ગોખાય છે. અગત્યની વાતોનું વારંવાર પુનરાવર્તન થાય છે.

એક બાજુ રાતોના ઉજાગરા, ભણી–ભણીને આંખો દુઃખવા આવી હોય, વાંચવાનું ગોખવાનું ઘણું જ બાકી હોય, શું કરૂં ને શું ન કરૂં તેની મથામણ–મુંઝવણ ચાલતી હોય, નશાકારક વસ્તુઓનો ઉપયોગ સતત ચાલુ હોય, અંતરાત્મા કાંઈક અન્ય જ પોકારી રહ્યો હોય, ભાઇ ! શું પોકારે છે.

હાશ ! આમાંથી વહેલા છૂટીએ ? પરીક્ષા આવે છે ને લોહીનું પાણી કરી જાય છે.

અભ્યાસી/અનાભ્યાસી બાળકો, આવું કેમ બનતું હોય છે ?

જરા ...વિચારો...!

આપણા પોતાના પ્રમાદને કારણે પ્રમાદ છોડી...મહેનતું બનો ! પ્રમાદ આપણો શત્રુ છે. પ્રમાદ આપણને ભવિષ્યના કાળમાં ખેંચી જાય છે. કાલ પાકતો નથી. કાલ–કાલ પડતી નથી ને આપણે અભ્યાસ થતો નથી મિથ્યા વચનોની વણઝાર સતત ચાલુ જ રહે છે.

આવું ન થાય તે માટે,

રોજે રોજ થતી ચર્યાનું આસેવન બરાબર કરી લેવા જેવું ખરું. ચર્યા થશે તો ઉજાગરા–ગોખણ પટ્ટી અને નશાકારકાદિ વસ્તુઓનો ઉપયોગ છૂટી જશે. આ તો વ્યવહારિક શિક્ષણની વાત કરી પરંતુ શ્રી પર્વાધિરાજ મહાપર્વ–પજુષણ પર્વ આવે ત્યારે પણ આવી જ હાલત થાય છે. ત્યાં કોઈ પાસ–નાપાસ કરનાર નથી. એટલે લોલેલોલ ચાલી જાય છે. આવી પરિસ્થિતિ ન સર્જાય તે માટે પ્રમાદ છોડી સારો

એવો અભ્યાસ કરી લેવા ભલામણ અભ્યાસ હશે તો મુંઝવણ નહિ થાય અને આપણે આપણી પ્રવૃત્તિ અને ક્રિયા શુદ્ધિપૂર્વક કરી શકીશું.

રવિશિશુ
C/o. જૈન શાસન કાર્યાલય

આજનું સુવાક્ય

આવેગ–આવેશ જ્યારે મનનો કબજો જમાવે છે. ત્યારે બુદ્ધિ–તર્કશક્તિ વિદાય લઈ લે છે. –મેઘા

– ગઝલ –

ચિન્તાસે ચતુરાઇ ઘટે,
ઘટે રૂપ બલ જ્ઞાન,
બુદ્ધિ સહિત વિદ્યા ઘટે,
ચિન્તા ચિતા સમાન.
–ઇશિતા

– હાસ્ય દરબાર –

* શિક્ષક : રાજુ, તું આ વખતે પરીક્ષામાં બેસી નહિ શકે.
રાજુ : વાંધો નહિ, સર, હું ઊભા ઊભા પેપર લખીશ.

*

* મણિબહેન : એ વાત સાચી કે પૈસો બોલે છે ?
મગનભાઇ : હા સાંભળ્યું તો છે.

મણિબહેન : તો પછી બાજે ઓફિસ જતા પહેલાં થોડા આપો જજો. હું હું અહીં ઘરમાં એકલી બેઠી બેઠી કંટાળી જાઉં છું મને કંપની રહેશે !
(ભાવાર્થ સમજવો બસ)
–કે. એન. જૈન

– પરીક્ષા આવી –

ગોખણ પટ્ટી લાવી ઉજાગરા લાવી
પરીક્ષા આવી પરીક્ષા આવી
વાંચવાની ખટપટ
રમવામાં વધઘટ
લખવાની ખટપટ
વાલીઓની કટકટ
રજા પહેલાં સજા લાવી
પરીક્ષા આવી પરીક્ષા આવી
(આટલી મહેનત ધર્મ અભ્યાસમાં કરી હોત તો...?
–ઋષિત શાહ

" ભણતર ચડે કે ગણતર "

ચાર મિત્રો હતા. આમાંના ત્રણ વિદ્વાન હતા. પણ બુદ્ધિ વગરના એક શાસ્ત્રો ભણેલો નહોતો તો પણ તે બુદ્ધિશાળી હતો. ચારે જણા એક રાજાને ત્યાં ધન યાચના માટે જઇ રહ્યાં હતાં.

રસ્તામાં આ ચારે જણાઓએ એક સિંહના હાડકાં જોયાં. એટલે એકે કહ્યું આપણે જે મૃત સંજીવની વિદ્યા શીખ્યા છીએ તેની પરીક્ષા કરીએ. ચારેયે કહ્યું: ઠીક છે.'

એટલે એક જણે હાડકાં ભેગાં કર્યાં બીજાએ પોતાની વિદ્યાના બળથી તેમાં ચામડું ન ખ્યું. લોહી માંસ અને જીવ પણ નાખ્યાં હવે ત્રીજાએ કહ્યું 'હું મૃત સંજીવની વિદ્યા શીખ્યો છું. હું એને સજીવન કરીશ.' બે એ કહ્યું 'હા. તું તારી વિદ્યાનું પારખું કર.'

પેલા અભણ પણ બુદ્ધિમાન બોલ્યો, 'મારા પંડિત મિત્રો, આ સિંહ જો સજીવન થશે તો તે જીવતો થતાં આપણને જરૂર મારી નાંખવાનો.'

પણ ત્રણે પંડિતોએ કહ્યું-'ગમે તે થાય અમારેઅ મારી વિદ્યાનું પારખું તો કરવું જ રહ્યું.' કહી ત્રીજા પંડિતે શ્લોકો બોલવાની તૈયારી આરંભી.

એટલે બુદ્ધિમાને કહ્યું. ભાઇઓ જરા થોભો મને આ ઝાડ ઉપર ચડી જવા દો. પછી તમારે જે કરવું તે કરજો. કહીને એ અભણ પણ બુદ્ધિમાન ઝાડ ઉપર ચડી ગયો હવે વિદ્વાન પંડિતે સજીવન મંત્ર ભણ્યો. મંત્રમાં શક્તિ હતી એટલે તતકાળ મરેલો સિંહ જીવતો થઇ ગયો. તેણે તરત જ ત્રણે પંડિતોને પંજામાં પકડ્યાં અને તેમને મારી નાંખ્યાં.

ત્રણે પંડિતો ભણેલા પણ બુદ્ધિ વગરના હતાં. એટલે તેમણે જીવ ગુમાવ્યા. જ્યારે જે અભણ પણ બુદ્ધિશાળી હતો તે પોતાની બુદ્ધિના બળે જીવી ગયો.

ભાઇકો આપણે પણ આખુ વરસ શાળા-કોલેજમાં ભણ્યાં પણ સાથે ગણ્યા ખરા કે નહિ તે વિચારી જોશો નહિતર આપણી હાલત એક દિવસ આવી જ થશે.

'માટે ભણતર કરતાં ગણતર ચડે જ્ઞાન કરતાં વિવેક ચડે'

—મોન્ડુ મુકેશ

ક્રોધ - ક્ષમા

ક્રોધ આગ છે, ક્ષમા પાણી છે.
ક્રોધ તપતી રેતી છે, ક્ષમા શીળી સરવાણી છે.
ક્રોધ રોગ છે, ક્ષમા ઉપચાર છે.
ક્રોધ અંધકાર છે, ક્ષમા અજવાસ છે.
ક્રોધ કાજલ કેરી રાત છે, ક્ષમા સોનેરી પ્રભાત છે.

—દીક્ષિતા મહેન્દ્રભાઇ

શાસન સમાચાર : : રાજકોટમાં જીવંત મહોત્સવ

શાહ નંદલાલ જીવરાજ ભાડલાવાળા તથા તેમના ધર્મપત્ની વિજયાબેનના જીવંત મહોત્સવ તથા ચિ. પુત્ર સ્વ. શ્રી હર્ષદરાય તથા સ્વ. પુષ્પાબેન હર્ષદરાયના શ્રેયાર્થે તથા ભાઇ રમણલાલ નંદલાલના નૂતન મકાનના વાસ્તુ પ્રસંગે ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન તથા શાંતિસ્નાત્ર આદિ મહોત્સવનું આયોજન થયું હતું. પૂ આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. આદિ ફા. સુ. ૩ ના આ પ્રસંગે પધાર્યા. દિવાનપરામાં શાહ સૌભાગ્યચંદ તલકચંદને ત્યાં માંગલિક સંભળાવ્યું તેમના તરફથી ગુરુપૂજન સંઘ પૂજન આદિ થયા બાદ નંદલાલભાઇ તરફથી સામૈયું થયું વર્ધમાનનગર દર્શન કરી પ્રહલાદ પ્લોટમાં શ્રી રમણલાલના નિવાસે ઉતર્યું ત્યાં પ્રવચન પ્રભાવના થયા. સંખ્યા સારી થઇ હતી. બપોરે ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન પ્રકાશભાઇ અમૃતલાલ દોશીએ ઠાઠથી ભણાવ્યું. સુદ ૪+૫ સોમવાર સ્વાગત વર્ધમાનનગરમાં અરવિંદભાઇ રાયચંદ હરેશભાઇ જગજીવન હેમેન્દ્રભાઇ મનસુખલાલ, પ્રકાશભાઇ જગજીવન કનકરાય જગજીવનભાઇ, મગનલાલ ભાઇ મોતીચંદ, શિવલાલ ભુદરભાઈ ગૃહમંદિર. પધાર્યા હત .

દરેક જગ્યાએ સંઘપૂજન તથા માંગલિક થયા હતા બાદ વર્ધમાન નગર શ્રાવિકા ઉપાશ્રયમાં પ્રવચન થયું નંદલાલ જીવરાજ તથા તેમના પુત્રો પુત્રીએ આદિ તરફથી ૧૦–૧૦ રૂા. નું સંઘપૂજન થયું ૪૪૦ સંખ્યા હતી ૯ થી ૧૧॥ સુધી ભાવિકોએ હાજરી આપી હતી.

બપોરે વર્ધમાનનગર ઉપાશ્રયમાં ઠાઠથી સિદ્ધચક્ર મહાપૂજન ભણાયું. વિશાળ સંખ્યામાં તેમના મહેમાનો તથા ભાવિકોની હાજરી હતી. જીવદયાની સારી ટીપ થઇ પૂજન માટે શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહ જામમગરથી પધાર્યા હતા તથા બંને દિવસ મહાપૂજનમાં સંગીત માટે શ્રી પ્રભાતભાઇ તથા ચંદ્રકાંતભાઇ (રાજકોટ) મંડળીએ ભક્તિ રસ જમાવ્યો હતો.

શાસન સમાચાર

: વડોદરાથી વિમલગિરિ પદયાત્રા સંઘ :

વડોદરાનગરનું સદ્‌ભાગ્ય અને સૌભાગ્ય ખીલી ઉઠે એવા એક એકથી ચડિયાતા ધર્મોત્સવો તેણે આંગણે ઉજવાઇ રહ્યાં છે.

જૈન શાસનના જગવિખ્યાત જ્યોતિર્ધર પૂજ્યપાદ આ. ભ. શ્રી વિ. રામચંદ્ર સૂ. મ.ના પટ્ટપ્રભાવક પૂજ્યપાદ આ. ભ. શ્રી વિ. મહોદય સૂ. મ. સા. ની આજ્ઞાઆશિષ પામીને વડોદરાનગરના અલકાપુરી જૈન સંઘને આંગણે ચાતુર્માસ પધારેલા પૂ. મુ. શ્રી મોક્ષરતિ વિ. મ. અને પૂ. મુ. શ્રી તત્ત્વદર્શન વિ. મ.ની પાવન નિશ્રામાં વિ. સં. ૨૦૫૩નું ચાતુર્માસ એક ઐતિહાસિક સુવર્ણ ઉલ્લેખ જેવું બની રહ્યું.

રવિવારીય પ્રવચનમાળાઓ અને અતિથિગૃહમાં યોજાયેલા પર્યુષણપર્વનાં પ્રવચનોએ શ્રોતાઓનાં આંતર ચક્ષુ ખોલી નાખ્યા. ભરચક મેદનીએ પૂ. મુનિવરોની પાવન વાણી ઝીલી. પર્યુષણામાં તો સુભાનપુરા સંઘમાં પણ તેઓએ પ્રવચનો વરસાવ્યા. ચાતુર્માસ દરમિયાન તેમજ પર્યુષણામાં અવસર મુજબ નિઝામપુરા જૈન સંઘે પણ તેઓના પ્રેરક–બોધનો લાભ ઉઠાવ્યો.

પરિણામે ત્રણે ઠેકાણે મળીને પાંચ મહોત્સવો તેઓની નિશ્રામાં ઠબકભાભેર ઉજવાયાં અને છેલ્લે શિખર રૂપે વડોદરાથી વિમલગિરિ તીર્થ સુધી છ'રી' પાલક યાત્રા સંઘનું શાનદાર આયોજન થયું. જેણે વડોદરાના ઇતિહાસમાં અવિસ્મરણીય સુવર્ણ-પૃષ્ઠો ઉમેર્યા. વડોદરાનગરના કેટલાક પુણ્યવાન ભાગ્યશાળીઓએ ભેગા મળીને આ સંઘયાત્રાનું આયોજન કર્યું.

(૧) શ્રી આશાભાઇ સોમાભાઇ પટેલ (૨) શ્રી કાંતિભાઇ ભગવાનજીભાઇ મહેતા (૩) શ્રી મનસુખલાલ દીપચંદ શાહ (૪) શ્રી બાબુભાઇ મગનલાલ શાહ (૫) શ્રીમતી નયનાબેન રમેશચંદ્ર શાહ (૬) શ્રી મગનલાલ દેવજીભાઇ દોશી (૭) શ્રી સી. સી. શાહ (૮) શ્રી મુકેશકુમાર જમનાદાસ શાહ આ આઠ સંઘપતિઓ હતા અને (૧) શ્રી દીપકકુમાર ગંભીરમલાલ શાહ (૨) શ્રી શાંતિલાલ ઉદયચંદજી બોહરા (૩) શ્રી કુમારપાળ બાબુલાલ શાહ (૪) શ્રીમતિ વિદ્યાબેન સુમનલાલ શાહ (૫) શ્રીમતી સરયુબેન ચંદુલાલ વોરા (૬) શ્રી અમૃતલાલ વશરામભાઈ શાહ–આ છ સહાયક સંઘપતિ હતા

પોષ સુ. ૬ ના મંગલ પ્રભાતે અલકાપુરી જૈન સંઘના આંગણેથી. જ્યારે યાત્રા સંઘે પ્રયાણ આદર્યું ત્યારે હજારો ભાવિકોએ સંઘની સાથે કદમ માંડ્યા હતા. બે ગજરાજ, પાંચ બેન્ડ અને ૧૩ ઘોડાબગી વગેરેથી શોભાયમાન મંગલપ્રયાણ સ્વયં એક અભૂતપૂર્વ ઉત્સવ બની રહ્યું. હજારો હૈયાં હિલોળે ચડ્યાં હતા. નાસિકના ઢોલીઓની ધુંઆધાર રમઝટે ૭ થી માંડીને ૭૬ વર્ષની ઉંમર સુધીનાઓને નાચવા મજબૂર કર્યા કર્યા હતા. સિંગર બેન્ડમાંથી શત્રુંજયના ભક્તિગીતો અને સ્તવનો રેલાતા હતા. આ મંગળ પ્રયાણને નિહાળવા વડોદરાનગરને ખૂણે ખૂણેથી ભાવિકો પધાર્યા હતા. વી.આઇ. પી. ગણાતા લોકો પગ ચાલતાં ચાલતાં છેક છાણી સુધી આવ્યા હતા. સંઘયાત્રાનો પ્રથમ મુકામ છાણી હતો. વચ્ચે નિઝામપુરા જૈન સંઘે સંઘના વધામણાં કર્યાં હતાં. છાણી ગામનો ઉત્સાહ તો આકાશને આંબતો હતો. યાત્રાના રૂટમાં છાણીની સરહદથી માંડીને યાત્રાસંઘના મુકામ સુધી સંખ્યાબંધ સુશોભિત કમાનો લગાવવામાં આવી હતી. ગામમાંય ઠેર ઠેર કમાનો લગાવેલી હતી. લગભગ આખું ગામ સંઘને વધાવવા આવ્યું હતું. 'પુત્રના લક્ષણ પારણામાં' કહેવતને સંભારીને સૌએ સંઘયાત્રાના ઉજ્જવલ ભવિષ્યને કલ્પી લીધું હતું.

વડોદરાના લગભગ તમામ અખબારોએ આ મંગલ પ્રયાણના સમાચાર ખૂબ મોટી જગ્યા ફાળવીને આપ્યા હતા. વડોદરાના ઇતિહાસમાં જૈન સમાચાર આવી મોટી જગ્યામાં અખબારોએ કદાચ પહેલીવાર છાપ્યા હતા.

—: પ્રસ્તુત છે—સંઘયાત્રાની કેટલીક અનુમોદનીય વિગતો :—

* દરરોજ સાડા છ પોણા સાત આસપાસ ઢોલ-શરણાઇના મંગલસૂરો સાથે યાત્રા પ્રયાણ થતું.

* પૂજ્યશ્રીના સાહજિક ઉપદેશને શિરસાવન્દ્ય ગણીને લગભગ તમામ યાત્રિકો છ'રી' પાલનમાં વ્યવસ્થિત જોડાઇ ગયા હતા.

* શ્રી કુમારપાળ ઝવેરી મુંબઇવાળા સાથે સ્નાત્રમાં અને ભાવનામાં સૌ યાત્રિકો ભક્તિની રમઝટ બોલાવતા.

* મિઠાઇ ફરસાણથી તરબતર એકાસણાને છોડીને આંબિલ કરવા માટે રોજ પડાપડી થતી. સાંકળી અઠમમાં ત્રણ ચાર અઠમ એક સાથે ઉચ્ચારાવાતા

* તપશ્ચર્યાનો રંગ એવો તો લાગ્યો કે સાંકળી અઠાઇ સુદ્ધાં ગોઠવાઇ ગઇ.

* ખંભાતની ૭ વર્ષની બાળકી પીનલ કુમારીએ ઉઘાડા પગે ચાલીને. અને અખંડ એકાસણા કરીને સૌને અનુમોદનામાં મરક કરી દીધા.

* ૭૬ વર્ષના ૬'રી' પાળતા સંઘપતિ સૌને પીરસીને બે અઢી વાગે એકાસણું કરવા બેસતા તમામ સંઘપતિઓ બે અઢી વાગે એકાસણું કરવા બેસતા. કદી ઉપવાસ નહીં કરનારાઓએ બબ્બે–ત્રણ–ત્રણ અઠમો કર્યા.

* સંઘયાત્રાનું મોટું આકર્ષણ ૩–૦૦ થી ૫–૦૦ ના પ્રવચનમાં શ્રી વિમલગિરિનો મહિમા સાંભળવા યાત્રિકો આતુર રહેતા પૂજ્યશ્રીનો ઉપદેશ ઝીલીને જુવાનિયાઓ પણ પ્રવચન દરમિયાન સામાયિક લઈને બેસતા.

* પ્રવચનમાં ગામોગામના જૈનેતર લોકો પણ ઉત્સાહથી આવતા તે સૌને બુંદીના લાડુની પ્રભાવના થતી. સંઘમાં સાથે રહેલા મલપતા ગજરાજને જોવા કુતૂહલથી આવેલા તમામ બાળકોને પણ લાડવાની પ્રભાવના થતી.

* બહારગામના એક શ્રાવકે એક ટ્રક ભરીને મોકલેલા સ્વેટર કપડાં ગામડાના ગરીબ લોકોને વહેંચવામાં આવતા. અનુકંપાના આ બંને ક્ષેત્રોથી શાસન પ્રભાવનાનો હેતુ સુંદર રીતે બર આવ્યો. રાત્રે ભાવનામાં પણ જૈનેતરો આવીને બેસતા કેટલેક ઠેકાણે તો આરતીનો ચડાવો જૈનેતરોએ લીધો.

* કેટલાક ઠેકાણે પરિચિત જૈનેતરોને સોંપાયેલી દૂધ શાકભાજીની વ્યવસ્થાનો ખર્ચ તેઓએ ન લીધો. સંઘભક્તિનો લાભ તેમણે લઈ લીધો.

* પચીશ દિવસમાં ન કોઇ કુદરતી આફત આવી, કે ન કોઇ બીજી અગવડ પડી, કે ન યાત્રિકોને કોઇ ફરિયાદ રહી. સૌ હેમખેમ હસતા રમતા મંઝિલે પહોંચ્યા. દિવસો ક્યાં વીતી ગયા તેની ખબર ન પડી.

* પૂ. સા. શ્રી ચંદ્રાનનાશ્રીજીના શિષ્યરત્ના પૂ. સા. શ્રી નિર્વેદગુણાશ્રીજીએ બહેનોને આરાધનામાં ઝીલાવ્યાં. વલ્લભીપુરથી પૂ. સા. શ્રી જ્યોતિપ્રભાશ્રીજી અને પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી પણ જોડાયા.

* જેવું હતું પ્રથમ પ્રયાણ એવો જ હતો તીર્થ પ્રવેશ ! બે બેન્ડ અને નાશિકના ધમાકેદાર ઢોલીઓના ગગનભેદી ગર્જારવથી 'જય જય શ્રી આદિનાથ'ના નાદ સાથે નાચતા જુવાનિયાઓ ઝાલ્યા ઝલાય તેમ નહોતા. તીર્થયાત્રાને અંતે કેટલાક ભાવિકોએ આવી જ અન્ય તીર્થયાત્રાના સ્વતંત્ર આયોજનનો સંકલ્પ કર્યો, તો કેટલાક ભાવિકોએ સંયમયાત્રાના સ્વીકારના સંકલ્પ કર્યા.

* યાત્રિકોએ સંઘપતિઓનું શ્રી તીર્થાધિરાજની રમણીય છબિ અને ચાંદીની ગીનીથી સુંદર સનમાન કર્યું અને સંઘપતિઓએ યાત્રિકોનું એવું જ બહુમાન કર્યું.

* વડોદરાના એક યાત્રિકભાઇએ જિંદગીમાં પહેલીવાર પહેલેથી છેલ્લે સુધી પૌષધમાં રહીને તીર્થયાત્રા કરી. પગમાં ફોલ્લા પડયા અને ઇન્ફેકશન લાગ્યું તોય તેમણે ખુલ્લા પગે જ વિહારો કર્યા.

* તીર્થમાળ પ્રસંગનું દૃશ્ય નિહાળીને સૌ ગદ્‌ગદ બન્યા હતા. સંઘપતિઓએ તીર્થમાળ પહેરી ત્યારે તો આખો દાદાનો દરબાર ગાજી ઊઠયો હતો. તીર્થમાળ વેળાએ પૂજ્યોએ પ્રસંગોચિત નાનું પણ હૃદય સ્પર્શી પ્રવચન ફરમાવ્યું હતું. કેટલાક સંઘપતિઓએ ઊંચા ચઢાવા બોલીને દાદાની અષ્ટપ્રકારી પૂજા કરી અને એક સંઘપતિએ સોનાનો હાર દાદાને કંઠે ચઢાવ્યો.

* સંઘપતિઓએ સંયુક્ત રીતે પણ એક સુવર્ણહાર દાદાને પહેરાવ્યો. એક સંઘપતિ બહેન પગની તકલીફને કારણે ભાગ્યે જ ઘરબહાર નીકળતા. તેઓ આ યાત્રામાં છેલ્લે સુધી સાથે રહ્યા. રોજ એકાસણાં કરીને પાકવિહારી યાત્રિકોની અનુમોદના કરી.

* વાસદ, વીરસદ, ભોરસદ, ધોલેરા, વલ્લભીપુર, સોનગઢ આદિ જૈનસંઘોએ શ્રી સંઘનું સ્વાગત કર્યા, વીરસદમાં તો પ્રભુજી પહેલીવાર પધાર્યા હોવાથી અપાર ઉત્સાહ હતો. દરરોજ ૨/૫/૧૦ રૂા.ના સંઘપૂજનો થતા. દરરોજ સવારે સમૂહ ચૈત્યવંદન સમૂહ ગુરૂવંદન અને માંગલિક શ્રવણમાં એકેએક યાત્રિક હાજર રહેતા.

* સાંજે પ્રભુભક્તિમાં ભાવવિભોર બનાવતી સ્તુતિઓનું સમૂહગાન અત્યંત આકર્ષક બન્યું હતું. ખંભાતતીર્થ શ્રી તપગચ્છ અમર જૈનશાળા સંઘે યાત્રાસંઘનું દબદબા ભર્યું સ્વાગતના માર્ગો ધજાપતાકાઓ અને સુશોભનથી છવાઇ ગયા હતા. પૂજ્યપાદ ગુરૂદેવ આ. ભ. શ્રી વિ. રામચંદ્ર સૂ. મ.નો દિક્ષાસ્મૃતિદિન અને તેઓશ્રીના શિષ્યરત્ન પૂ. મુ. શ્રી તત્ત્વદર્શન વિ. મ.નો પંદરમો દીક્ષાદિન પો. સુ. તેરસે આજે હોવાથી પ્રવચનમાં સદ્‌ગત પૂ.શ્રીના ગુણાનુવાદ થયા હતા. જૈનશાળા આખી ખીચોખીચ ઉભરાઇ હતી. અંતે ૧૦ રૂા.નું સંઘપૂજન વિભિન્ન લાભાર્થીઓ તરફથી થયું હતું. ખંભાતતીર્થની બે દિવસની સ્થિરતા દરમિયાન યાત્રિકોએ લગભગ ૬૦ જેટલા જિનાલયોને સમૂહમાં ચૈત્યપરિપાટી રૂપે જુહાર્યા. આ તીર્થસ્પર્શના અવિસ્મરણીય બની રહી.

* આરાધનાનો એવો મજાનો આસ્વાદ સૌએ માણ્યો કે જે જિંદગીભર યાદગાર રહે. હવે મ. વ. ૪ રવિવારે પૂ. મુનિવરોની નિશ્રામાં કીર્તિધામથી સિદ્ધગિરિજીનો 'છ' પાલક સંઘ નીકળનાર છે. પૂ.શ્રી ફા. વ. ૧૦ સુધી લગભગ પાલિતાણા ખાતે બિરાજમાન છે.

પ્રાચીન મોડપર તીર્થનો વિકાસ ૯૯ ઇંચના શ્રી શત્રુંજય કેશરીઆ આદીશ્વરજીની ઉત્સાહથી પ્રતિષ્ઠા

શ્રી વર્ધમાન શાહે બંધાવેલા ૪૦૦ વર્ષ પ્રાચીન તીર્થના વિકાસ માટે નૂતન રંગ મંડપમાં ૯૯ ઇંચના પ્રતિમાજીની પ્રતિષ્ઠા નૂતન ધર્મશાળા, નૂતન ઉપાશ્રય તથા નૂતન ઓફિસ સ્ટોર સ્ટાફ રૂમ વિ.નું આયોજન થયું. પૂ. આ. ભ. શ્રી વિજય અમૃત સૂ. મ.ની પરમ કૃપાથી તથા પૂ. આ. વિજય જિનેન્દ્ર સૂ. મ. ના ઉપદેશથી આ કાર્ય સારી રીતે પાર પડયું છે.

મૂળ દેરાસરની પાછળની ભવ્ય ૨૧ ફુટ ઉંચા રંગ મંડપમાં ગર્ભ ગૃહમાં ૯૯ ઇંચના શ્રી શત્રુંજય કેશરીયા આદીશ્વરજીની પ્રતિષ્ઠા મહા સુદ ૫ ના પૂ. આ. ભ. શ્રી વિ. જિનેન્દ્ર સૂ. મ., પૂ. પ્રવર્તક મુનિરાજ શ્રી યોગીન્દ્ર વિ. મ., પૂ. વર્ધમાન તપોનિધિ મુનિરાજ શ્રી દિવ્યાનંદવિજયજી આદિ તથા પૂ. પ્રવર્તિની સાધ્વીજી શ્રી સુરેન્દ્રપ્રભાશ્રીજી મ. આદિ પૂ. સા. શ્રી અનંતપ્રભાશ્રીજી મ. આદિ પૂ. સા. શ્રી લલિતચંદ્રાશ્રીજી મ. આદિની નિશ્રામાં ઘણા ઉત્સાહથી થઇ.

પોષ વદ ૧૨ ના ૯૯ ઇંચના પ્રતિમાજી મોડપર આવી જતા પૂ. આ. શ્રી આદિની નિશ્રામાં સામૈયું થયું. ગામના ઘણા ભાવિકો સામૈયામાં જોડાયા ભવ્ય પ્રતિમાજી જોઇ સૌ આકર્ષાતા હતા. સામૈયા બાદ પ્રભાવના થઇ.

પોષ વદ ૧૩ તા. ૨૬–૧–૯૮ ના પ્રતિમાજીના ગર્ભગૃહ પ્રવેશ થયેા. કુંભસ્થાપન આદિ થયા. જામનગરથી બસ અને વાહનોમાં અને અનેક ગામના ભાવિકો પધાર્યા. સવારે ૧૧॥ વાગે ગભારામાં પ્રવેશ થયા પછી ૬ ટનના વજનના પ્રતિમાજીને મૂળ ગાદી ઉપર ગોઠવવામાં સાંજે ૬॥ વાગ્યા. ખૂબ પરિશ્રમ અને કાળજીથી પ્રતિમાજી મૂળ ગાદી ઉપર બીરાજ્યા. બસ મોટરો વિ.માં આવેલા ભાવિકો પણ ત્યાં સુધી રોકાયા. સ્વ. શાહ કુલચંદ લાલજી નગરીયા હ: દેવકુંવરબેન કુલચંદ પરિવાર તરફથી સાધર્મિક વાત્સલ્ય થયું.

શ્રી શત્રુંજય કેશરીયા આદીશ્વરજીની ૯૯ ઇંચના પ્રતિમાજી જયપુર ઘડાયા. આવા પ્રતિમાજી જયપુરમાં સૌ પ્રથમ ઘડાયા છે વળી ત્યાંથી જામનગર લાવી અને ભવ્ય સામૈયું થયું તે પણ પ્રથમ છે. તે પ્રતિમાજી પ્લોટ શ્રુત જ્ઞાન ભવનમાં ઉતારી અંજન શલાકા થયા તે પણ પ્રથમ થયું અને અંજન શલાકા પછી ઉપાડીને મોડપર લઇ જવાયા તે પણ અંજન પછી ૬ ટનના વજનના પ્રતિમાજી લઇ જવા

તે પણ પ્રથમ થયું. અને પ્રતિષ્ઠા વખતે હાજર રહેલા ઠરેક પ્રતિષ્ઠા થઇ શકે તે પણ અદ્‌ભુત હતું.

અલંકાર સહિતના તથા માથાના વાળની લટવાળા પ્રતિમાજી જમીનથી ૮ ફુટ રંગ મંડપમાં પાંચ ફુટ ઉંચા અને પ્રતિમાજી પોતે સવા આઠ ફુટ આમ ગભારામાં ૧૪ ફુટ ઉંચા બિરાજમાન પ્રતિમાજીને જોઇને બસવાનું મન ન થાય.

મહા સુદ ૩ ના નવગૃહ પૂજન દશદિક્‌પાલ પૂજન, અષ્ટમંગલ પૂજન થયા. આખા ઉત્સવનો લાભ લંડન નિવાસી શાહ રતિલાલ દેવચંદ ગુઢકા રાસંગપુરવાળા પરિવાર તરફથી લેવાયો હતો અને મહોત્સવના બધા કાર્યક્રમો સુંદર રીતે થય. હતા.

આજે સાધર્મિક વાત્સલ્ય સવારે શ્રીમતી કંચનબેન પ્રભુલાલ નરશી સાવલા લંડન તરફથી બપોરે લંડન બાઉન્સગ્રીન સત્સંગ મંડળ તરફથી તથ સાંજે શાહ ભારમલ કરમણ હરિયા પરિવાર રાસંગપુરવાળા મુંબઇ તરફથી થયા હતા.

મહા સુદ ૪ શનિવાર તા. ૩૧–૧–૯૮ના સવારે ભવ્ય રથયાત્રાનો વરઘોડો કંકુબેન દેવચંદ હંધા ગુઢકા રાસંગપુરવાળા પરિવાર હ: શાંતાબેન દેવચંદ તરફથી ચડયો હતો. જામનગરથી બેંડ આવેલું, જામનગરથી બે બસો તથા અનેક ગામોથી વાહનો વિ. દ્વારા ભાવિકો આવ્યા હતા. આખું ગામ વરઘોડામાં ઉમટી પડયું હતું. બાર પ્રભાવના થઇ હતી બપોરે પ્રભુજીને ૧૮ અભિષેક કંડ કળશના અભિષેક થયા હતા.

આજે સાધર્મિક વાત્સલ્ય સવારે શ્રીમતી રળિયાતબેન લીલાધર ગોવીંદજી લંડન તરફથી બપોરે તથા સાંજે શ્રીમતી જેઠીબેન રાયશી સોજપાર ડબાસંગવાળા લંડન, શ્રીમતી હેમલતાબેન ચંદુલાલ મુળચંદ લાખાબાવળવાળા લંડન, શ્રીમતી ચંપાબેન નરેન્દ્રભાઇ રાયચંદ ડબાસંગવાળા તરફથી થયા.

સાધર્મિક વાત્સલ્ય માટે નવી વાડીની જમીન ખરીદી છે તેમાં ભોજન મંડપ અને ઉતારાની વ્યવસ્થા થઇ હતી. જમવા માટે ખુરશી ટેબલ વિ.ની પૂર્ણ વ્યવસ્થા થઇ હતી. મંડપ માટે રાજકોટ ગણેશ મંડપ તથા રાજકોટ ધારેશ્વર ડેકોરેશનવાળા આવ્યા હતા જામનગરના કાર્યકરો, યુવાનો ખડેપગે સેવા આપતા હતા.

મહા સુદ ૫ રવિવાર તા. ૧–૨–૯૮ના સવારે પ્રવચન થયું તેમાં કંડ તથા કલશ પ્રતિષ્ઠાના આદેશ શ્રીમતી દેવકુંવરબેન કુલચંદ વાલજી નગરીયા પરિવાર લંડને લાભ લીધો, ગોમુખ યક્ષનો લાભ શ્રીમતી મોંઘાબેન લખમણ વીરપાર માડુ પરિવાર થાનગઢ તથા ચક્રેશ્વર દેવીનો આદેશ શ્રીમતી વેલુબેન જવેરચંદ જીવરાજ નાણેરોખી પરિવારે લાભ લીધો જિનમંદિર ઉદઘાટનનો લાભ શ્રીમતી દેવકુંવરબેન કુલચંદ લાલજી

તથા શ્રીમતી મધુબેન કાંતિલાલ બેડીવાળાએ લાભ લીધો.

પ્રતિષ્ઠાના સમયે ઘણા ઉત્સાહથી સૌ ગોઠવાઇ ગયા હતા.

૬૯ ઇંચના મૂર્તિ શ્રી શત્રુંજય કેશરીયા આદીશ્વર પધરાવવાનો લાભ (૧) શાહ મહેન્દ્રકુમાર મોજપાર કચરા ગોસરાણી–જામનગર (૨) શાહ પોપટલાલ રાજા ગુઢકા શાહ મેઘજી રાજા ગુઢકા–મુંબઇ (૩) નાઇરોબી શ્રી વીશા ઓસવાળ સત્સંગ મંડળ શ્રાવિકા બહેનો પરિવાર (૪) શ્રીમતી સવિતાબેન વેલજી સામતભાઇ–લંડન (૫) શ્રીમતી લલિતાબેન મહેન્દ્રકુમાર માલદે–લંડન (૬) શ્રી બાઉન્સ ગ્રીન સત્સંગ મંડળ ભાઇઓ તથા બહેનો તથા શ્રીમતી રળિયાતબેન લીલાધર, શ્રીમતી ચંદ્રિકાબેન રતિલાલ શ્રીમતી રમાબેન લાલજીભાઇ, શ્રીમતી કંચનબેન મોતીચંદભાઇ–લંડન, (૭) સ્વ. લીલાધર ગોવીંદજી શાહ હસ્તે રળિયાતબેન લીલાધર-લંડન તરફથી હતો. તેમના પરિવાર સભ્યો વિ. આવી ગયા હતા.

ધજાને ઠાયમી લાભ સ્વ. લીલાધર ગોવીંદજી શાહ હસ્તે રળિયાતબેન તરફથી હતો. ઠંડ ૬૯ શ્ર પ્રતિષ્ઠા દેવકુંવરબેન કુલચંદ લાલજી નગરીયા લંડનનો હતો. ગોમુખ યક્ષ મોંઘીબેન લખમણ વીરપાર તથા ચક્રેશ્વરીદેવી શ્રીમતી વેલુબેન ઝવેરચંદ જીવરાજ નાઇરોબીએ લાભ લીધો. મંત્રો પૂર્વક પ્રતિષ્ઠા થઇ સૌ જયકાર કરવા લાગ્યા.

પ્રતિષ્ઠા પછી અષ્ટપ્રકારી પૂજા શ્રીમતી દેવકુંવરબેન કુલચંદ લાલજી તથા પ્રભુજીનું ઘી માં મોં જોણું લીલાવતી પરમત ભોજા જામનગર તથા કંકુના થાપા શાહ પોપટલાલ રાજા શાહ મેઘજી રાજા તથા એક લાખ ચોખાનો સાથીયો શાહ દેવચંદ ગોસર રાસંગપુર-પુરવાળા તથા ગુરૂ પૂજન શાહ પોપટલાલ રાજા શાહ મેઘજી રાજા લાભ લીધો.

બપોરના શ્રીમતી કંકુબેન દેવચંદ હંસા ગુઢકા હસ્તે રતિલાલભાઇ લંડન તરફથી શાંતિ સ્નાત્ર ભણાવ્યું.

આજના સાધર્મિક વાત્સલ્ય સવારે સ્વ. મહેન્દ્રકુમારના શ્રેયાર્થે શ્રીમતી લલિતા-બેન મહેન્દ્રકુમાર લંડન તરફથી બપોરે ગામના વાડી સહિતના બાળકો ઘર દીઠ એક ભાઇ તથા મહેમાનોનો લાભ શ્રીમતી દેવકુંવરબેન કુલચંદ લાલજી પરિવાર તથા સાંજે ઐમવર સત્સંગ મંડળ હસ્તે શ્રીમતી મણિબેન કેશવજી તરફથી થયા.

મહા સુદ ૬ સવારે જિનમંદિર દ્વારોદ્‌ઘાટન સ્કુલથી લાવી શ્રીમતી દેવકુંવરબેન કુલચંદ તથા શ્રીમતી મધુબેન કાંતિલાલ લંડનને હસ્તે ઉત્સાહથી થયું જામનગર તેમના સંબંધી વર્ગ તથા ભાવિકો વહેલા આવી ગયા હતા.

બાદ સત્તરભેદી પૂજા ભણાવાઇ સાંજે સાધર્મિક વાત્સલ્ય સવા. શ્રીમતી લક્ષ્મીબેન હંશરાજ પોપટ નાઇરોબી તથા બપોરે શ્રીમતી કંચનબેન મોતીચંદ એસ. શાહ લંડન તરફથી થયા.

વિધિ માટે ભાઇ શ્રી સુરેશચંદ્ર હીરાલાલ શાહ જામનગર તથા ભાઇ શ્રી પં. અમૃતલાલ ભારમલ હરિયા મુંબઇથી પધારેલ પૂજા ભક્તિ માટે શ્રી જિનેન્દ્ર ભક્તિ મંડળ જામનગરથી પધારેલ મંડળનો તથા ડેકોરેશનનો લાભ શાહ મેઘજી વીરજી શાહ વેલજી વીરજી દોઢીયા નાઇરોબી તરફથી લેવાયો.

વ્યવસ્થા દરેક સુંદર રીતે જળવાઇ હતી. નવી વાડીની જમીન એક લાખ ફુટ ઉપર હતી જેથી ત્યાં બધી વ્યવસ્થા પાર્કીંગ વિ. થયા હતા પ્રતિમાજી અદ્‌ભુત છે જેથી આવનાર દર્શન આદિમાં એકાગ્ર બની જતા હતા.

મોડપર તીર્થ પ્રાચીન છે રેલ્વે સ્ટેશન એક કિ.મી. જેવું છે. જામનગર ખંભાળીયા રોડ ૩૫ કિ.મી. કુલઝર ડેમના પાટીયેથી ૯ કિ.મી. થાય છે.

સૌ પ્રતિષ્ઠાની અને પ્રતિમાજીની સુંદર યાદ લઇને ગયા હતા.

પ્રાચીન મંદિરને પણ રંગરોગાન વિ. કરાવી ભવ્ય બનાવાયું હતું.

અવશ્ય મોડપર તીર્થની યાત્રા કરવા યોગ્ય છે.

પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ના ઉપદેશથી
પ્રાચીન મોડપર તીર્થ તથા આરાધના ધામ

* માસિક પંચતીર્થી આયોજન *

મોડપર તીર્થની પ્રતિષ્ઠા પ્રસંગે ઉદ્‌ઘાટન થયા બાદ પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. એ મોડપર તીર્થ તથા હાલાર તીર્થની પંચતીર્થી દર મહિને તે માટે ઉપદેશ આપ્યો. કીર્તિભાઇ અભિષેક ટ્રાવેલ્સ વાળાએ તે જવાબદારી લીધી રૂા. બે હજાર આપીને જે પંચતીર્થનો લાભ લે તેમનું ગામ મંદિર હોય તો પંચતીર્થી યાત્રામાં લેવું અને રૂા. ૧૯ જેવું ટોકન ભાડું રાખવાનું એ રીતે દર મહિને દરે એક યાત્રા બસ નક્કી થઇ તેમાં નામો લખાયા બાદ જામનગર ઓગવાળ સેન્ટરમાં શ્રીમતી મોતીબેન પ્રભુલાલ મેઘજી તરફથી સામુદાયિક અઠ્ઠમ તથા તેમના તરફથી તથા શ્રીમતી કસ્તુરબેન હંશરાજ વેલજી તરફથી મહોત્સવ યોજાયો તે વખતે ઉપદેશ આપતાં ૧૪ નામો ૧૪ માસ માટે લખાયા તેની યાદી નીચે મુજબ છે.

— હાલાર પંચતીર્થી યાત્રાના સંઘપતિઓ —

(૧) શ્રીમતી દેવકુંવરબેન કુલચંદ લાલજી પરિવાર લાખાબાવળ લંડન
(૨) શ્રીમતિ મણિબેન શામજી વીરજી ગુઢકા ગાગવાવાળા પરિવાર લંડન
(૩) શાહ ન્યાલચંદ વેલજી નરશી દોઢીયા નાઘેડીવાળા હ: હંશરાજ વેલજી જામનગર
(૪) શ્રીમતી પુરીબેન દેવરાજ મેઘણ ભાઇ જીવરાજ ગોવીંદજી તથા જેઠાલાલ ગડા પરિવાર નાઘેડીવાળા જામનગર
(૫) શાહ દેવશી રાયમલ સાવલા હ: કેશવજીભાઇ તથા જયંતિભાઇ નાઘેડીવાળા ,,
(૬) શ્રીમતી મોતીબેન પ્રભુલાલ મેઘજી પરિવાર ગાગવાવાળા લંડન
(૭) શાહ સોજપાર કચ્ચરા ગોસરાણી પરિવાર લાખાબાવળવાળા જામનગર
(૮) શ્રીમતી કસ્તુરબેન સોમચંદ મેરગ હરિયા શેતાલુંશવાળા તેમના વરસીતપ નિમિતે લંડન
(૯) શ્રીમતી સવિતાબેન વેલજી સામત ચિ. રાજુભાઇના શ્રેયાર્થે પડાણા લંડન
(૧૦) શ્રીમતી રાણીબેન નરશી નાગડા હ. શ્રી નેમચંદ નરશી ગાગવાવાળા જામનગર
(૧૧) શાહ ગોસર હીરાભાઇ હ: રમણિકભાઇ ગોસર કંજુરડા બેંગલોર
(૧૨) નીતાબેન દીપ્તિબેન શિલ્પાબેન હ. શ્રીમતી સુશીલાબેન શાંતિલાલ જુઠાલાલ ગુઢકા હાલ વેમ્બલી લંડન
(૧૩) શ્રીમતી દેવકુંવરબેન કુલચંદ લાલજી નગરીયા લાખાબાવળવાળાના પુત્રો કીર્તિ દીપક હિતેન પૌત્ર દીપેન
(૧૪) શ્રીમતી દેવકુંવરબેન કુલચંદ લાલજી નગરીયા લાખાબાવળવાળાના પુત્રીઓ નીશાબેન પ્રવીણ નંદા હસુબેન ધીરજલાલ ગુઢકા શીલાબેન કમલેશ ગડા નયનાબેન મયુર સુમરીયા લંડન

આ પંચતીર્થી માટે સંઘપતિ થવાનો લાભ લે તે રૂા. ૨૦૦૦) આપે તો ટોકન ફી રૂા. ૧૦) જેવી રહે અને રૂા. એક હજાર આપે તો ટોકન ફી રૂા. ૨૦) જેવી રહે. પોતાને ઘાતું લેવું હોય તો લઈ શકે નહિંતર આરાધના ધામમાં ચાર્જ ભરી જમી શકે. સવારે ૯ વાગ્યે બસ ઉપડે અને સાંજે ચોવીહાર પહેલાં જામનગર આવી જાય. આ બસ પ્લોટ દેરાસર કન્યા છાત્રાલય પાસે, ઓસવાળ કોલોની પાસે રોડ ઉપર તથા કામદાર કોલોની દેરાસર પાસે ઉભી રહેશે ત્રણ દેરાસરે બોર્ડ લાગશે ત્રણ દિવસ પહેલા બુકીંગ થશે.

રકમ ભરવા માટે —
શ્રી વિમલનાથ જૈન દેરાસરજી, ૪૫ દિગ્વિજય પ્લોટ, જામનગર

બસની તથા ટીકીટની વ્યવસ્થા માટે :—
અભિષેક ટ્રાવેલ્સ, પોલીસ ચોકી પાસે, હિંમતકુંજ સામે, જામનગર

બોધકથા :—

અંતરની પ્રીતિ

—પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

શ્રી જૈનશાસન ભાવપ્રધાન છે. ભાવ વગરની ધર્મક્રરણી નિષ્ફલ કહી છે. દુનિયાના દરેક વ્યવહારોમાં હૈયાનો અને મોઢાનો ઉમળકો દેખાઇ આવે છે. હૈયાના આવકાર પૂર્વકનો પાણીનો ગ્લાસ મીઠોમધુર લાગે છે, હૈયાના સૂના આવકારનો કડવા દૂધનો ગ્લાસ વિષ જેવો લાગે છે. બાહ્ય પ્રીતિ અને અંતરંગપ્રીતિનો ભેદ અનુભવી આંખો ઓળખી કાઢે છે તો જે ધર્મ આત્માને સુવિશુદ્ધ અને સર્વથા નિર્મળ બનાવે તે ધર્મમાં ભાવની શી જરૂર છે તેમ કહે તે આત્માની અજ્ઞાનતા જણાવે છે.

દરેક ક્ષેત્રોમાં અંતરંગ ભાવની જ કિંમત છે. આજનો મૂરખ ગણાતો માણસ પણ બાહ્ય ચળકાટથી મૂંઝાતો કે અંજાતો નથી. આ વાત લૌકિક દૃષ્ટાંતથી સમજાવવી છે. લૌકિક મહાભારતમાં શ્રી કૃષ્ણના જીવનનો એક પ્રસંગ આવે છે. શ્રી કૃષ્ણ મ.ની બેન સુભદ્રાના મનમાં હતું કે મને મારા ભાઇ માટે જેવો ભાવ છે તેવો બીજા કોઇને નથી, સુભદ્રા અને દ્રૌપદી બંનેને સગી બેનોથી પણ વિશેષ પ્રીતિ હતી. આમ જુઓ તો બંને શોક્ય થાય. બંનેય અર્જુનની પત્ની હતી. બંનેને શ્રી કૃષ્ણ ઉપર વિશેષ ભાવ હતો છતાંય સુભદ્રાના મનમાં એમ જ થયા કરે કે, શ્રી કૃષ્ણ મારા સગ ભાઈ છતાંય દ્રૌપદી ઉપર વિશેષ લાગણી ધરાવે છે. બંને વચ્ચે ચર્ચા પણ થતી. એકવાર શ્રી કૃષ્ણે સુભદ્રાને કહ્યું કે અવસરે જણાવીશ કે દ્રૌપદી પર વિશેષ પ્રીતિ કેમ છે ?

એકવાર શ્રીકૃષ્ણને આંગળી ઉપર શસ્ત્રની તીક્ષ્ણતાની પરીક્ષા કરતાં ઘા પડયો અને એકદમ લોહીની ધારા નીકળવા લાગી. તેઓ સુભદ્રાને ત્યાં ગયા. લોહી નીતરતી આંગળી જોઇ બે બાકળી બનેલી સુભદ્રા ઘરમાં જુના ગાભાનો લીરો શોધવ લાગી, શ્રી કૃષ્ણે માયાથી તેની બધી સાડીઓ નવી બનાવી લીધી. જુનો કપડો ન મલવાથી નવી સાડીનો લીરો કરવાનું મન ન થયું.

ત્યાંથી તે બંને દ્રૌપદીને ત્યાં ગયા. દ્રૌપદીએ પણ લોહી નીતરતી આંગળી જોઇ તરત જ પોતાની નવી સાડીમાંથી લીરો ફાડી, આંગળી ઉપર લગાવી દીધો. શ્રીકૃષ્ણનું મર્માળુ સ્મિત જોઇ સુભદ્રા ભોંઠી બની અને દ્રૌપદી ઉપર કેમ વિશેષ લાગણી છે તે સમજી ગઈ. મને નવી સાડીનો લોભ જાગ્યો. મને આને... જે પોતાના હોય તેના માટે પ્રાણ પણ આપી દે તેનું નામ અંતરંગ પ્રીતિ છે, આવી અંતરંગપ્રીતિ જો દેવ–ગુરૂ ધર્મ ઉપર જાગી જાય તો આત્માની મુક્તિ છેટી નથી. આ રહી ! ભક્તિનો ઉછાંછળો દેખાડો કરવાનો મોહ ત્યજી હૈયાપૂર્વક સાચી ભક્તિ કરી આપણા આત્માની મુક્તિ નજીક બનાવીએ તે જ મંગલ ભાવના...

શ્રી અમૃતેશ્વર પાર્શ્વનાથ જિનેન્દ્રાય નમઃ
હાલારદેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયામૃતસૂરિભ્યો નમઃ

શ્રી શંખેશ્વર મહાતીર્થમાં પંચાસર રોડ ઉપર હાલારી ધર્મશાળામાં શ્રી હાલારી વીશા ઓસવાળ જૈન ભાવિકોને ચાતુર્માસ આરાધન કરવા માટે

ક્ષ ભાવભર્યું આમંત્રણ ક્ષ

સુજ્ઞ મહાશય,

જણાવતા આનંદ થાય છે કે શ્રી શંખેશ્વર મહાતીર્થમાં શ્રી હા. વી. ઓ. શ્વે. તપા. જૈન ધર્મશાળામાં ચાતુર્માસ કરવા માટે શ્રી ધર્મશાળા કમિટિએ હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી **વિજય અમૃતસૂરીશ્વરજી** મ. ના પટ્ટધર પૂ. **આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ., પૂ. પ્રવર્તક મુનિરાજ શ્રી યોગીન્દ્ર વિ. મ.** તથા પ્રવર્ત્તિની પૂ. સા. **શ્રી સુરેન્દ્રપ્રભાશ્રીજી** મ. આદિ પૂ. સા. શ્રી **અનંતપ્રભાશ્રીજી** મ. આદિ તથા પૂ. સા. શ્રી **ઇન્દ્રપ્રભાશ્રીજી મ.** આદિને ચાતુર્માસ કરવા વિનંતિ કરતાં પૂ. આ. મ. એ વિનંતિનો સ્વીકાર કર્યો છે.

આ ચાતુર્માસ કરાવવાનો લાભ લેવા માટે ઉલ્લાસ જાગતા **કનકસુમરાવાળા નાઘરોળા નિવાસી સ્વ. શાહ વેલજી વીરજી દોઢીયા તથા સ્વ. શ્રીમતી પાનીબેન મેઘજી વીરજી દોઢીયાના શ્રેયાર્થે શાહ મેઘજી વીરજી દોઢીયા શ્રીમતી ડાહીબેન વેલજી વીરજી દોઢીયા સપરિવારે ચાતુર્માસ કરાવવાનો લાભ લેવાનું નક્કી કર્યું છે.**

આ ચાતુર્માસનો લાભ હાલારી વીશા ઓશવાળ ભાવિકો લઇ શકે તેમ આયોજન કર્યું છે. અને તેથી જેમને ચાતુર્માસ કરવાની ભાવના હોય તેમણે જામનગર નીચેના સરનામે પોતાના (૧) નામ (૨) પુરું સરનામું (૩) ઉંમર (૪) ફોન વિ. વિગત લખાવી દેવા વિનંતી છે. નામ લખાવનારે રૂા. ૨૫૦૧ ડીપોઝીટ તરીકે સાથે મોકલવા વિનંતિ છે. ભાઇઓ અને બહેનો માટે જુદા જુદા હોલ નક્કી કર્યા છે. રૂમ કોઇને જોઇતી હોય તો તેમાં ૪ જણાનો સમાવેશ

કરવાનો રહેશે અને તે ચારે જણાએ ૫૦૦–૫૦૦ રૂા. ડીપોઝીટ મોકલવાનાં રહેશે.

મર્યાદિત સંખ્યામાં આરાધકો લેવાના છે જેથી નામ લખાવે અને આવે નહિ તો બીજા રહી જાય. જેથી જેમને આવવાની ભાવના હોય તેમણે નામ સરનામું અને ડીપોઝીટ મોકલી આપવી. ચાતુર્માસ પૂર્ણ થયે ડીપોઝીટ પાછી આપી દેવામાં આવશે. જેમના નામ આવશે તેમને ચાતુર્માસ આરાધન પ્રવેશ પત્ર મોકલવામાં આવશે.

ચાર્તુમાસની આરાધના કરવા માટે પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

— શંખેશ્વરજી ચાતુર્માસ આરાધન સમિતિ —

C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ **જામનગર** (સૌરાષ્ટ્ર) INDIA

ફોન : કાનજી હીરજી ૭૮૭૯૬ કાનજી જેઠાભાઇ ૫૫૬૦૨૫

મુંબઇ મગનભાઇ ૫૪૧૮૨૦૯ હરખચંદભાઇ ૫૧૬૨૨૨૩

નાઇરોબી શાહ મેઘજી વીરજી ૭૪૫૦૯૫

લંડનરતિલાલ ડી. ગુદકા ૦૧૮૧ ૬૦૪૯૮૫૧ મોતીચંદ એસ. શાહ ૦૧૮૧૬૦૭ ૫૩૬૨

ચાતુર્માસમાં દરરોજ વાજતે ગાજતે યાત્રા, પ્રવચનો તપસ્યાઓ. વિવિધ આરાધનાઓ, વાંચનાઓ, પર્યુષણની વિશિષ્ટ આરાધના, ઉપધાન વિ.નો લાભ મળશે.

— ચૂકો ચૂકતા આ અમૂલ્ય અવસર —

—: શાસન સમાચાર :—

મુંબઇ–ગોવાલીયા ટેંક ખાતે પ. પૂ. આ. ભ શ્રી ગુણયશ સૂ. મ. સા., પૂ. આ. ભ. શ્રી કીર્તિયશસૂ. મ. સા. તથા પ. પૂ. આ. ભ. શ્રી રત્નસુંદર સૂ. મ. સા. આદિની નિશ્રામાં મુમુક્ષુ રસિકભાઇ તથા ગુણવંતીબેનની દીક્ષા સુંદર રીતે થયેલ.

વરસીદાનનો વરઘોડો, દીક્ષાનું આયોજન, લોકોનો ઉત્સાહ દાદ માંગી લે તેવો હતો. ઉપજ પણ ખૂબ સારી થયેલ. મુમુક્ષુ રસિકભાઇ સ્વ. પ. પૂ. આ. ભ. શ્રી જિનપ્રભસૂ. મહારાજના શિષ્યરત્ન પૂ. મુ. શ્રી યુગપ્રભ વિ. મ. સા.ના શિષ્ય થયેલ. તેઓશ્રીનું નામ પૂ. મુ. શ્રી નયપ્રભ વિ. મ. રાખવામાં આવેલ. ગુણવંતીબેન પ. પૂ. આ. ભ. શ્રી. રાજેન્દ્રસૂ. મ.ના આજ્ઞાવર્તી પૂ. સા. શ્રી કીર્તિપૂર્ણાશ્રીજી મ.ના શિષ્યા તરીકે સા. શ્રી ગુપ્તિપૂર્ણાશ્રીજી નામે જાહેર થયેલ.

卐

ધર્મસ્થાનો માટે નોકરો અંગે મજુર અદાલતનો એવોર્ડ

મજુર અદાલત, સુરેન્દ્રનગર પ્રિસાઇડીંગ ઓફીસરશ્રી એ.આર. ત્રિવેદી સમક્ષ

આંક : ૬૦ રેફરન્સ (એલ.સી.એસ.) નં. ૬૨/૯૪, ૧૩૬/૯૪ અને ૧૭૦/૯૪

શ્રી સુરેશચંદ્ર ચુનીલાલ શેઠ અને અન્ય બે કામદારો,
C/o. માંડવ્રજભાઇ આર. કરથીયા, એડવોકેટ,
હરેન વિલા, ઢેબર ચોક પાસે, બીજે માળે, રાજકોટ. ...અરજદારો

વિ.

જૈન હિતવર્ધક મંડળ, નેશનલ હાઇવે, મુ. ડોળીયા. તા. સાયલા. ...સામાવાળા

—: એવોર્ડ :—

ઉપરોકત પક્ષકારો વચ્ચેનો નીચે અનુસુચિમાં દર્શાવ્યા મુજબનો આ ઔદ્યોગિક વિવાદ મકદનીશ મજુર કમિ. શ્રી સુરેન્દ્રનગરે તેમના તા. ૨૪–૨–૯૪ ના હુકમ ક્રમાંક કે.એચ.એ.ત.એચ.એમ.સી.- રેફ. ૧/૯૪ થી અત્રેની અદાલતને ન્યાય નિર્ણય અત્રે સુપ્રત કરવામાં આવેલ છે.

(૧) 'શ્રી સુરેશચંદ્ર ચુનીલાલ શેઠ (૨) જેસીંગભાઇ વીરમભાઇ સોલંકી (૩) જીકુબેન દાજીભાઇ ચૌહાણને તેમના પડેલા દિવસોના પગાર સાથે તેમને તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?'

૨. સંબંધિત કામદારો આંક : ૩ થી માંગણીનું નિવેદન રજુ કરી એવી રજુઆત કરેલ છે કે, રેફરન્સના કામદારો સામાવાળા સંસ્થામાં એકાઉન્ટન્ટ કામ મેનેજર વગેરે હોદા ઉપર એક વર્ષ અને ચાર માસથી માસીક રૂા. ૬૧૦૦/-ના પગારથી ફરજો બજાવતા હતા. સંસ્થા ધર્મશાળા, દેરાસર, રસોડું વગેરે ચલાવતી. તેની ઉપર દેખરેખ રાખવાનું અરજદારો કામ કરતા. તેમને તા. ૩૧–૧૦–૯૩ના રોજ ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છૂટા કરેલ છે. છૂટા કરતી વખતે નોટીશ, નોટીશ પગાર કે બેંકારી વળતર આપેલ નથી. તેમને રુબરુ કામે રહેવા વિનંતી કરેલ અને ત્યારબાદ તા. ૮–૧૧–૯૩ના રોજ ડીમાન્ડ નોટીશ આપેલ જેમાં ખોટા કારણો બતાવી સામાવાળાએ પત્ર–વ્યવહાર કરેલ પરંતુ તેમને કામે લીધેલ નથી. તેમને છુટા કરવાનું પગલું આઇ. ડી. એકટની જોગવાઇઓ વિરુધ્ધનું હોય પડેલા દિવસોના પગાર સહિત પુનઃસ્થાપિત કરવા તેમને વિનંતી કરેલ છે.

૩. સામાવાળાને નોટીશ કાઢતા સામાવાળાએ આંક : ૧૩ થી લેખીત જવાબ રજુ કરેલ છે. તેમા માંગણીના નિવેદનની હકીકતોનો ઇન્કાર કરેલ છે. અને એવું જણાવેલ છે કે, સામાવાળા સંસ્થા ઉદ્યોગની વ્યાખ્યામાં આવતી નથી અને અરજદારો કામદારોની વ્યાખ્યામાં આવતા નથી. તે પ્રાથમીક મુદ્દા ઉપર રેફરન્સ રદ થવાને પાત્ર છે. તે સિવાય માંગણીના નિવેદનની હકીકતો તેઓ સ્વીકારતા નથી. અરજદારોને તેમને છુટા કરેલ નથી પરંતુ તેઓ જાતે જ કામે આવતા બંધ થઇ ગયેલ છે. તેઓ બીજી જગ્યાએ કમાય છે તે જોતાં તેમનો રેફરન્સ ખર્ચ સહીત રદ કરવા વિનંતી કરેલ છે.

૪. આંક : ૧૭ થી અરજદારોએ કરતાવેજી પુરાવો રજુ કરેલ છે. સામાવાળાએ તમામ કેસો એકત્રીત કરી પ્રાથમીક મુદ્દો પ્રથા સાંભળવા વિનંતી કરેલ. જેના ઉપર કામદારની જુબાની ઉપરથી આ મુદ્દો નક્કી થાય તેમ છે-તેમ જણાવતા કામદારની જુબાની લેવામાં આવેલ છે. અરજદારને તપાસતા તેઓ એમ જણાવે છે કે, તેઓ સંસ્થામાં રહેતા અને ૨૪ કલાક કામગીરી કરતા. સંસ્થા ભોજનશાળા અને ધર્મશાળા ચલાવે છે. યાત્રાળુ પાસેથી ભોજનનો ચાર્જ અને રૂમનું ભાડુ લેવામાં આવે છે. સંસ્થાને ભાડાની આવક પણ છે. ઉલટ તપાસમાં તેઓ એમ કબુલ કરે છે કે. સામાવાળા સંસ્થા ધર્મસ્થાન હોવાની વાત ખરી છે. સામાવાળાએ આ મુદ્દા અંગે કોઇ પુરાવો લીધેલ નથી.

૫. અરજદાર તરફે દલીલ કરવામાં આવેલ છે કે, સામાવાળાનો પ્રાથમીક વાંધો એવો છે કે, સંસ્થા ઉદ્યોગ નથી. સામાવાળા મંદિર હોવાનો કોઇ પુરાવો નથી. તેમને કોઇ જુબાની લીધી નથી. રેફરન્સ મંડળની સામે કરવામાં આવેલ છે. સંસ્થામાં જમવાનો અને રહેવાનો ચાર્જ લેવામાં આવે છે. નફા ઉપર ચાલતી સંસ્થા છે તે જોતાં મંડળને ઔદ્યોગિક વિવાદ ધારો લાગુ પડે છે. સંસ્થા કોમર્શીયલ સંસ્થા છે તેથી પ્રાથમીક મુદ્દો રદ કરી કામદારોનો રેફરન્સ ખર્ચ સહીત મંજુર કરવો ઇચ્છીએ.

૬, સામાપક્ષે એવી રજુઆત કરવામાં આવેલ છે કે, અરજદારોની જુબાનીમાં સામાવાળા સંસ્થા ધાર્મીક સ્થાન હોવાની કબુલાત આપે છે. વળી સંસ્થામાં જે ચાર્જ લેવાય છે તે ફક્ત નામનો જ લેવાય છે. વેપારી ધોરણે તેવો ચાર્જ લેવામાં આવતો નથી. અને આ રકમ યાત્રાળુઓને મુશ્કેલી ન પડે તેની સગવડતા માટે રાખવામાં આવેલ છે જેની પાછળ કોઇ નફો કમાવવાનો ઉદ્દેશ નથી પરંતુ ધર્મધ્યાન કરવા આવેલ માણસોને મદદરુપ થવા માટે વ્યવસ્થા કરવામાં આવે છે. ફક્ત તેટલા જ કારણોસર

સંસ્થાને વ્યાપારી સંસ્થા ગણાવી શકાય નહી. વળી ધર્મસ્થાનને આઇ. ડી. એકટ લાગુ પડતો નથી. આમ આઇ. ડી. એકટમાં ઉદ્યોગની જે વ્યાખ્યા આપી છે તેમાં સંસ્થાનો સમાવેશ થતો ન હોય, રેફરન્સ ચાલવા પાત્ર ન હોય ખર્ચ સહીત રદ કરવો જોઇએ. પોતાની દલીલના સમર્થનમાં તેમને ૧૯૯૨ના એલ એલ.જે. પાન નં. ૫૨૦નો ચુકાદો રજુ કરેલ છે તેમાં એવું ઠરાવેલ છે કે, જૈન મંદિર એ ઉદ્યોગ નથી. અને તેના કામ કરતા માણસો કામદારો નથી.

૭. મારી સમક્ષનો પુરાવો અને દલીલો જોતા સામાવાળા સંસ્થા ધર્મસ્થાન છે અને બીજી કોઇ પ્રવૃત્તિઓ વ્યાપારીક હોવાનું મારી સમક્ષ પુરાવામાં આવેલ નથી. નામ. ગુજરાત હાઇકોર્ટના ચુકાદા મુજબ સંસ્થા વ્યાપારીક ધોરણે ચાલતી ન હોય અને જ્યાં લોકો ધર્મ ધ્યાન માટે આવતા હોય તેવી સંસ્થાને ઉદ્યોગ ગણી શકાય નહી. આ કિસ્સામાં યાત્રાળુઓ પાસેથી જે કાંઇ રકમ લેવાય છે તે તેમને પુરી પડાતી સગવડતાના બદલામાં શુષ્ક રકમ છે તેનો ઇરાદો કોઇ નફો કરવાનો નથી. તે જોતાં સંસ્થા ઉદ્યોગ હોવાનું માની શકાય નહીં અને તે સંજોગોમાં આઈ. ડી. એકટની જોગવાઇઓ તેને લાગુ પાડી શકાય નહીં. તે જોતા આ રેફરન્સ હું મંજુર કરવા પાત્ર ગણતો નથી અને નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે.

—: હુ ક મ :—

અરજદારોનો રેફરન્સ રદ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

સુરેન્દ્રનગર
તા. ૨૧–૮–'૯૭

સહી–(એ.આર. ત્રિવેદી) પ્રિસાઇડીંગ ઓફીસર,
મજુર અદાલત, સુરેન્દ્રનગર.

—। શાસન સમાચાર :—

જામનગર ઓસવાળ સેન્ટરમાં સામુદાયિક અઠ્ઠમ અને મહોત્સવ

અત્રે શાહ હંશરાજ વેલજી ઢોઢીયાને ત્યાં પૂ. સા. શ્રી લક્ષ્મણાશ્રીજી મ. ૧૮ મહિના સુધી વ્યાધિથી પરાધીન થતાં પાલીતાણાથી લાવ્યા. અને સુંદર આરાધના કરાવી સમાધિ આપી અને ૩૬ વર્ષના સંયમ આરાધના સાથે સં. ૨૦૫૩ મહા વદ ૦))ના સમાધિ પૂર્વક કાલધર્મ પામ્યા. તેમની સંયમ અનુમોદના નિમિત્તે ઉત્સવ આદિ કરવાનો હતો તે અંગે હંશરાજભાઇના બેન મોતીબેન તથા બનેવી પ્રભુલાલ

મેઘજી ગુઢકઃ ગાગવાવાળા લંડનથી આવી જતાં મોતીબેન તરફથી ભવ્ય રીતે સામુદાયિક અઠ્ઠમ તથા તેમના તરફથી તથા શ્રીમતી કસ્તુરબેન હંશરાજના વીશસ્થાનક નિમિતે વીશસ્થાનક આદિ મહોત્સવનું આયોજન નકી થયું અને પૂ. આ. ભ. શ્રી વિ. જયંતશેખર સૂ. મ.ના તપસ્વી શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી દિવ્યાનંદ વિ. મ.ને ૧૦૦+૯૬મી ઓળીની પૂર્ણાહુતિ નિમિતે તે તપની અનુમોદના રૂપ ઉત્સવ પણ આયોજન કર્યું.

મહા વદ ૨ ના અઠમના અત્તરે વાયણા થયા. મહા વ. ૩ ના પૂ. આ. શ્રી વિ. જિનેન્દ્ર સૂ. મ., પૂ. પ્રવર્તક મુ. શ્રી યોગીન્દ્ર વિ. મ., તપસ્વી મુ. શ્રી દિવ્યનંદ વિ. મ. આદિ તથા પૂ. સા. શ્રી સુરેન્દ્રપ્રભાશ્રીજી મ. આદિ પૂ. સા. શ્રી અનંતપ્રભાશ્રીજી મ. આદિ તથા પૂ. સા.શ્રી આદિનું જનતા ફાટકથી સામૈયું થયું. હંશરાજભાઇને ઘેર થઇ ત્યાં સંઘપૂજન કર્યું બાદ કામદાર કોલોની દેરાસરે દર્શન કરી ઓસવાળ સેન્ટરમાં પધાર્યા, ત્યાં પ્રવચન તથા મોતીબેન મેઘજી તરફથી પ્રભાવના સંઘપૂજન વિ. થયા બપોરે મોતીબેન તરફથી પંચકલ્યાણક પૂજા ઠાઠથી ભણાવાઇ વદ ૪ ના પૂ. મુ. શ્રી દિવ્યાનંદ વિ. મ.નું પ્રવચન થયું.

આજે સવારે પૂ. આ. મ પ્લોટમાં પૂ. સા. શ્રી અનંતપ્રભાશ્રીજી મ.ન. માતુશ્રી પાનીબેન દેવચંદના તેમના શ્રેયાર્થે તેમના પુત્ર શાહ મોતીચંદ દેવચંદ લખમશી તરફથી પૂજા ઠાઠથી ભણાઇ ત્યાં પધાર્યા હતા.

બપોરે ભત્રે શ્રીમતી કસ્તુરબેન હંશરાજ દોઢીયા નાઘેડીવાળા તથા રંભાબેન દેવશી રાયમલ સાવલા પરિવાર (જામનગર) તરફથી વીશસ્થાનક પૂજન ઠાઠથી ભણાયું પૂજન ભણાવવા શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહ પધાર્યા હતા. જીવદયાની ટીપ સારી થઇ.

વદ ૫ ના સવારે પ્રવચન થયું. પ્રવચનમાં મોડપર તીર્થ તથા આરાધના ધામ દર મહિને પંચતીર્થ કરવાની પ્રેરણા થતાં સારા નામો લખાયા. શ્રી પ્રીતિભાઇ અભિષેક ટ્રાવેલ્સ દ્વારા આ આયોજન નકી થયું હતું. આજે બપોરે ન્યાલચંદ ઘેલા દોઢીયા તરફથી મહાવીર પંચ કલ્યાણક પૂજા ઠાઠથી ભણાવી પૂ.આ. મ. શ્રી વિ. લલિતશેખર સૂ. મ. આદિ પધાર્યા હતા.

અઠમ તપની સંખ્યા માંડ પ૦ થશે તેમ લાગતું હતું પરંતુ ઉત્સાહ અને પ્રચારને કારણે ૧૩૮, અઠમ થયા હતા. અને ખૂબ શાતાપૂર્વક થયા હતા.

વદ ૬ના સવારે વાજતે ગાજતે કામદાર કોલોની દર્શન કરી હંશરાજભાઇને ત્યાં પૂ. આ. ભગવંતો સાથે પધાર્યા ત્યાં પ્રવચન માંગલિક (જુઓ ટાઇટલ ૩ ઉપર)

(અનુ. પેજ નં. ૭૯૨નું ચાલુ) થયા ગુરૂપૂજન સંઘપૂજન થયું. ગુરૂદેવોને કપડા વિ. વહોરાવ્યા. બાદ ઓસવાળ સેન્ટરમાં પારણાની વ્યવસ્થા હતી. તપસ્વીઓને મોતીબેન પ્રભુલાલ તરફથી શાલ ઓઢાળીને બહુમાન કરવામાં આવ્યું હતું. પારણામાં સંખ્યા સારી હતી બપોરે તેમના તરફથી હજારની સંખ્યાની આમંત્રિતોની ભક્તિ હતી. ભરતકુમાર હંશરાજ ઘેલજી દોઢીયાની મહેનત આદિ વ્યવસ્થાથી ઉત્તમ પ્રસંગમાં ઘણી હાજરી અને વ્યવસ્થા સુંદર જળવાઇ હતી.

૯ વાગ્યે શ્રીમતી વેલુબેન વેલજી ગુઢકા મીઠાઇવાળા હાલ લંડનવાળા તરફથી ઠાઠથી પૂજા ભણાવાઈ પૂજા માટે શ્રી વિમલ જિનેન્દ્ર સંગીત મંડળે ચારે દિવસ સુંદર ભક્તિ જમાવટ કરી હતી. વદ પ્ર. ૭ ના કામકાર કોલોની દેરાસરે વેલજીભાઈ કરમણભાઇના શ્રેયાર્થે પૂજા ઠાઠથી ભણાવાઇ.

વદ પ્ર. ૭ ના પૂ.શ્રી ઓસવાળ કોલોની પધાર્યા, પ્રવચન પ્રભાવના વિ. થયા વદ દ્વિ. ૭ દિગ્વિજય પ્લોટ સામૈયા સહ પધાર્યા તથા લંડનવાળા કંચનબેન પ્રભુલાલ નરશી આદિ તથા જીવરાજ લાલજી જામનગર તથા લંડનવાળા કસ્તુરબેન તરફથી પૂજાઓ ભણાવાઇ.

વદ ૧૦ રવિવારે પૂ. આ. ભ.શ્રી આદિ જામનગરથી ધુવાંવ વિહાર કર્યો સાથે ઘણા ભાવિકો આવ્યા તથા ૧૧ વાગ્યે પ્રવચન થયું શ્રીમતી મોતીલાલ પ્રભુલાલ તથા શ્રીમતી કસ્તુરબેન હંશરાજ તથા આઠ ભાવિકો તરફથી નવકારશી તથા સાધર્મિક વાત્સલ્ય રાખ્યું હતું આજે શહેરમાંથી પણ ૧૬ સાધ્વીજીઓ એક નૂતન દીક્ષિત સાધ્વીજી સાથે વિહાર કરેલ તે નૂતન દીક્ષિતના સંબંધીઓ તરફથી ભક્તિ હતી અને પ્રવચન બાદ પુંજાનું સંઘપૂજન મોતીબેન આદિ તરફથી થયું. સંખ્યા સારી થઇ હતી.


પૂ.શ્રી રાજકોટ નંદલાલ જીવરાજભાઇના ઉત્સવ પ્રસંગે પધાર્યા.

તે જ પુણ્યાત્માઓને ધન્ય છે.

ધન્નાણં વિહિજોગો વિહિપક્ખારાહગા સયા ધન્ના ।
વિહિબહુમાણિ ધન્ના વિહિપક્ખ અદુસગા ધન્ના ।।

(શ્રી દર્શન શુદ્ધિ પ્રકરણ ગાથા ૨૮)

વિધિનો યોગ જેમણે પ્રાપ્ત થાય તે ય ધન્ય છે, વિધિ માર્ગનું આરાધન કરનારા પણ હંમેશને માટે ધન્ય છે, વિધિનું બહુમાન કરનારા પણ ધન્ય છે અને વિધિમાર્ગને દૂષિત નહિ કરનારા પણ ધન્ય છે.



* આજે મોટોભાગ ધર્મની સામગ્રી વસાવવા 'ભિખારી' છે. સંસારની–પાપની સામગ્રી વસાવવા 'શ્રીમંત' છે.
* સંસારમાં જ મજા આવે અને મોક્ષનો જેને બહ નહિ તે બધા પાપી.
* આજનું બજાર એટલે પાપ કરવાનું ખુલ્લું મેદાન. બજારમાં પાપ કરવા જ જાય. ધંધો પાપ તો ઠીક પણ ધંધામાં ય પાપ કરે. વધારે પૈસાવાળા વધારે પાપ કરે.
* સુખ જેને ખરાબ લાગે તે ડાહ્યો ગણાય સુખ જેને સારા લાગે તેવો આઠમી ગમે તેટલું ભણે–ગણે તો ય પાગલ ગણાય.
* સાધુપણું મૂળમાં સારું છેઃ ગૃહસ્થપણું મૂળમાં ખરાબ છે.
* તમે કર્મના મિત્ર છો, ધર્મના શત્રુ છો.
* ધનવાનો જ્યારે ભિખારી જેવા પાકે ત્યારે ભિખારી પણ ચોર જેવા પાકે.
* સંસાર સારો લાગવો–માનવો તે મિથ્યાત્વ. આ–આ બધું મને મળો તેનું નામ અવિરતિ. તેના ક્રોધ–માન–માયા–લોભ ખીલેલા જ હોય. તેને લઇને તે ન કરવાના કામ કરી કરીને સંસારમાં રખડે.
* જીવને ખરાબ કરનાર પ્રમાદ છે.
* મોક્ષ જોઇતો હોય તો મોક્ષ કઠીન નથી. ન જોઇતો હોય, તેને મોક્ષ કદિ ન મળે.
* સાધુને કોઇ અધર્મ કરવાની જરૂર નથી. તમારે અધર્મ કર્યા વિના ચાલે તેમ નથી. માટે જ ધર્મ સમજેલાંને ગૃહસ્થપણું ગમે જ નહિ. સાધુપણું જ ગમે.
* આ મનુષ્યપણું પામ્યા પછી, આટલી સામગ્રી પામ્યા પછી પણ ગૃહસ્થપણું જ ગમે છે તે સૂચવે છે કે ધર્મ સમજાયો નથી.
* દેવ–ગુરૂ–ધર્મ–ધર્મી અને ધર્મની સામગ્રી ધર્મ કરાવનાર છે અને અધર્મથી બચાવનાર છે.

જૈન શાસન અઠવાડિક માસિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઈ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર.

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

શ્રેષ્ઠ લાભ કયો ?

ન ધમ્મકજ્જા પરમત્થિ કજ્જં,
ન પાણિહિંસા પરમ અકજ્જં ।
ન પેમરાગા પરમત્થિ બંધો,
ન બોહિલાભા પરમત્થિ લાભો ॥

ધર્મકાર્ય સમાન શ્રેષ્ઠ કાર્ય બીજું નથી, પ્રાણિ હિંસા જેવું ભયંકર અકાર્ય એક નથી, પ્રેમરાગ જેવું મોટામાં મોટું બંધન બીજું નથી અને બોધિ-સમ્યગ્દર્શન સમાન શ્રેષ્ઠ લાભ એક નથી.

વર્ષ ૧૦

અંક ૩૨+૩૩

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન

લઘુબોધ કથા : : સમજુને શિખામણ શાનમાં

— પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

પૂજ્યપાદ મહામહોપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજનું નામ જૈન-જૈનેતર વિદ્વાનોમાં સુપ્રસિદ્ધ છે. સર્વતોમુખી પ્રતિભા સંપન્ન અને દિગ્ગજ મૂર્ધન્ય વિદ્વાન એવા તે શ્રી મહોપાધ્યાયજી મહારાજ કાશીમાં ભણી-ગણીને પ્રકાન્ડ પંડિત બનીને આવ્યા છે. સરસ્વતી પુત્ર એવા તેમનું વ્યાખ્યાન શ્રવણ પણ જીવનનો અદ્ભૂત લહાવો મનાતું. એકવાર ખંભાતમાં તેઓ બિરાજમાન હતા અને રોજ શ્રોતાઓને શ્રી જિનવાણીના મર્મો સમજાવી રહ્યા હતા. જ્ઞાની હોવા છતાં પણ તેમના હૈયામાં અભિમાન થયેલ કે મારા જેવો વિદ્વાન કોઇ નથી તેથી વ્યાખ્યાન સમયે પાંચ રંગબેરંગી ધજાઓ વ્યાખ્યાન પીઠ પાસે ફરકાવતા. આ જોઇ એક માર્ગસ્થ શ્રાવિકાને થયું કે મહારાજની વિદ્વત્તાની તોલે કોઇ આવે તેમ નથી પણ આટલું અભિમાન કરે તે સારૂં નહિ. કારણ જૈન શાસનના સુતત્ત્વોથી પરિચિત દરેક આત્મા સમજે છે કે અજીર્ણ એ ખરાબ છે. ખોરાકનું અજીર્ણ શરીરમાં રોગોને આમંત્રણ આપે છે. તેમ તપનું અજીર્ણ ક્રોધ ગણાય છે અને જ્ઞાનનું અજીર્ણ અભિમાન કહેવાય છે.

એટલે અવસર પામી એકવાર વ્યાખ્યાન બાદ તે શ્રાવિકા જિજ્ઞાસુરૂપે મહામહોપાધ્યાયજીની પાસે ગઇ. અને પ્રાસંગિક વાત કરી કહે કે— ભગવંત ! આપની વાણીના શ્રવણથી સાક્ષાત્ શ્રી ગૌતમસ્વામિ ગણધરની યાદ આવે છે. આપ આટલા જ્ઞાની છો તો તેઓ તો કેવા ય જ્ઞાની હશે !

ત્યારે મહોપાધ્યાયજી કહે કે— શ્રાવિકે ! તેમના જ્ઞાનની આગળ મારૂં જ્ઞાન તો બિંદુ તુ ય નથી. તે પરમતારક તો શાસનના શિરતાજ, અનંતલબ્ધિના નિધાન અને સ્વયં દ્વાંદશાંગીના પ્રણેતા હતા. ક્યાં તેઓ અને ક્યાં હું ! તે શ્રાવિકા આશ્ચર્ય વ્યક્ત કરતાં તપાવેલા સોનાને જેવો ઘાટ આપવો તેવો અવસર પામી વિનમ્ર બની કહે કે— ભગવંત ! તો તેઓ પૂજ્યશ્રી કેટલી ધજાઓ પોતાની આગળ રાખતા હશે.

'તેજીને ટકોરો બસ' તે ન્યાયે પૂજ્યપાદ મહોપાધ્યાયજી શ્રાવિકાના વાતનો મર્મ સમજી ગયા અને કહે કે, ખરેખર તે મારા અભિમાનનો અંધાપો દૂર કર્યો. હવે ક્યારે પણ આવી ધજાઓ નહિ ફરકાવું. શ્રી જૈન શાસનથી સુપરિચિત માર્ગસ્થ શ્રાવિકા પણ જો આવી વિચક્ષણા હોય તો આગમના અભ્યાસી આત્મા તો કેવા વિનયી અને નમ્ર હોય ! પોતાના છીછરા જ્ઞાનનું પ્રદર્શન કરવાનું કે અભિમાન કરવાનું

(જુઓ પાનાંનં. ૩ જુ)

પ્રેરણા મુજબ લાસણા અને સિદ્ધાચલ છ'રી તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મણસુખલાલ શા (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (વઢવાણ)
પ્રાણલાલ પદમશી ગુઢકા (પ્રાગપર)

વર્ષ : ૧૦] ૨૦૫૩ ચૈત્ર વદ દ્વિ. ૨ મંગળવાર તા. ૧૪-૪-૯૭ [અંક : ૩૨-૩૩

૬૮ પ્રકીર્ણક ધર્મોપદેશ

–પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, શ્રાવણ સુદ–૧ રવિવાર તા. ૨૬–૭–૧૯૮૭ ચંદનબાલા જૈન ઉપાશ્રય મુંબઈ–૬

શ્રી જિનાજ્ઞા વિરૂદ્ધ કે પૂ. પ્રવચનકારશ્રીના આશય વિરૂદ્ધ કાંઇપણ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના. **(પ્રવચન ૨૩ મું)** અવ૦)

સમા૦ : ભવોભવ તુમ ચરણોની સેવા.

ઉ૦ : કોઇ મહાપુરૂષે લખેલું બોલો છો. તમારે તેની સાથે શું લાગે વળગે છે ?

ભગવાન પાસે જે મોક્ષ માગે તે માટે સાધુપણું માગે તે જ ભગવાનનો સાચો ભગત છે. જેને મોક્ષ જોઇતો ન હોય તે માટે સાધુપણું પણ જોઇતું ન હોય તે ખોટો ભગત. સાધુપણું પામેલા પણ જો દુનિયાની સુખ–સંપત્તિના જ ભિખારી હોય, સંપત્તિવાળાને જોઇને ગાંડાઘેલા થતા હોય તો તે ય મહાભિખારી છે. સંપત્તિવાળાની સાધુને દયા આવે કે તેની પાછળ ગાંડા હોય ? આજના સંપત્તિવાળા તો સાધુઓની પણ મશ્કરી કરે છે. સાધુઓને કશું આવડતું નથી, કશું જાણતા નથી. વાત વાતમાં એમ જ કહે કે, 'ત્યાગ કરો, ધર્મ કરો, સાધુ થાવ.'

આજના કાળમાં તો શ્રીમંતોએ વેપારાદિ કરવાની જ જરૂર નથી શા માટે પાપ કરે છે, મજેથી અધર્મ કરે છે તે સમજાતું નથી ! જો ભગવાનની કહેલી આ

વાત સારી રીતે સાંભળે અને સમજે તો જે ધર્મ કરશે તેનું વર્ણન નહિ થાય. જેને સાચું સમજવું હોય તેવા લોકો મંદિર-ઉપાશ્રયે બહુ આવે તેથી રાજી થવા જેવુ નથી. તમે બધા ભગવાન પાસે શું માગો છો તે જાણવું છે. ભગવાન પાસે શું માગવાનું છે તે જ્ઞાનિઓ સમજાવી ગયા છે, રોજ ચૈત્ય વંદન કરનારને ખબર છે કે મારે ભગવાન પાસે શું માંગવાનું છે.

સભા૦ : ભવનિર્વેદાદિ.

ઉ૦ : ખરેખર તે જ માગો છો ? તેનો અર્થ શું થાય તે સમજો છો ? આ સુખમય સંસારથી પણ ભાગી છૂટવાની જે ઇચ્છા તેનું નામ ભવનિર્વેદ છે.

'આ સંસારની સુખ-સંપત્તિએ મારું સત્યાનાશ કાઢયું છે. મારી પાસે ઘણા પૈસા હોવા છતાં, પાપ કરવાની જરૂર ન હોવા છતાં એવો લોભી છું કે ઘણાં પાપ કરું છું. મારા ચોપડા ખોટા છે. મારી પાસે જે છે તે ચોપડે નથી અને ઘણુ બતાવી શકું તેમ પણ નથી. હે ભગવાન્ ! મારું થશે શું ?' આવો પણ વિચાર તમને આ બોલતા આવે છે ? મારે તો આ સુખ સંપત્તિ છોડીને સાધુ જ થવું છે. સાધુપણું મનુષ્ય જન્મમાં જ મળી શકે છે. તે ન પામે ત્યાં સુધી આત્મા કદી સાચું સુખ પામી શકે નહિ. સાચું સુખ ન પામે તો આત્મા દુઃખી જ થવાનો છે. આ સંસાર તો દુઃખનું ઘર છે. સંસારમાં દુઃખ ન આવે તે નવાઇ ! દુઃખ મજેથી વેઠવાનો અભ્યાસ નહિ પાડયો હોય તો રિબાઈ રિબાઇને માથા કુટી કુટીને મરવું પડશે. તે રીતે મરશો તો કયાં જશો ? આવા વિચાર ન આવે તે ભગવાનનો ભગત જ નથી. ભગવાનનો ભગત તો દુઃખને મજેથી વેઠવાની ટેવ પાડે.

જીવને દુઃખ શાથી આવે છે ? કોઇ જીવને દુઃખ જોઇતું નથી, કોઇ દુઃખ ઇચ્છતું નથી, દુઃખ માગતું નથી છતાં પણ દુઃખ કેમ આવે છે ? તમને દુઃખ આવે તો ખ્યાલ આવે કે-'હું ઘણાં ઘણાં પાપ કરીને આવ્યો છું. અહીં ઘણાં પાપ કરું છું. આ થોડું પુણ્ય પૂરું થાય એટલી વાર છે. અહીંથી મારે મહાદુઃખમાં જ જવું પડશે. અહીં દુઃખ મજેથી નહિ ભોગવું તો દુઃખમાં રિબાઇ રિબાઇને મરવુ પડશે.' દુઃખમાં જે રોતો રોતો મરે તે ઠાં નરકમાં જાય ઠાં તિર્યંચમાં જાય. ભગવાનની આ વાતની તમને ખબર છે ? આ બધું સાંભળેલું મારા હૈયામાં બેસી જવું જોએ તેમ પણ થાય છે ?

સભ્ય : આ વિચારવા સમય મળતો નથી.

ઉ૦ : પાપ કરવાનો સમય મળે છે. પાપની યોજનાઓ કરવાનો સમય મળે છે. માત્ર પ૫ કર્યા પછી અમારૂં શું થશે તે વિચારવાનો સમય મળતો નથી. આવા વિચારવાળા કેટલા ખરાબ હોય ! પોતે તો ખરાબ કરે છે. પણ સારા માણસને ય બગાડવાની મહેનત કરે છે.

સભ્ય : તે સારા છે તેમ કેમ માન્યું ?

ઉ૦ : ઘણા સારા હતા પણ તમે તે બધાને બગાડયા !

આજે મોટોભાગ વિશ્વાસભંગ કરે છે. સોગંદ ખાઇને કહે કે– કોઇને નહિ કહું પણ પોતાના વાલેશ્વરીને જણાવી દે છે. પોતે બોલેલ પણ પાળતા નથી.

જેને આ દુનિયાની સુખ–સંપત્તિ સારી લાગે, જેટલી છે. તેટલી ઓછી લાગે તેને જેટલી વધારે સુખ સંપત્તિ મલે તે વધારે ને વધારે પાપ કરવા માટે જ મળે. તે અહીંથી મરીને નરકાદિ દુર્ગતિમાં જ જવાનો છે આમ ભગવાન કહી ગયા છે, આવું કહેવાનું ભગવાનનું અને ભગવાનના શાસનને સમજેલા આત્માઓ વિના બીજા કોઇનું ગજું નથી.

આપણે ત્યાં શ્રી કાલિકસૂરિજી મહારાજની વાત આવે છે કે– દત્ત રાજા ઘણા હિંસાત્મક યજ્ઞો કરતો હતો. તેણે એક વાર શ્રી કાલિકસૂરિજી મહારાજને પૂછ્યું કે– યજ્ઞનું ફળ શું ? તો આચાર્ય મહારાજે કહ્યું કે–નરક. ધર્મના નામે ઘણી હિંસા કરે તે હિંસા કરવામાં આનંદ માને તે ક્યાં જાય ? ફરી રાજા પૂછે કે– હું ક્યાં જઇશ ? તો આચાર્ય મહાજે કહ્યું કે- નરકે. તમે ક્યાં જશો એમ રાજાએ પૂછ્યું તો કહ્યું કે– સ્વર્ગે આમ કોણ બોલી શકે ? શ્રી અરિહંત પરમાત્માનો સાચો સાધુ હોય તે.

અમારી તો શ્રીમંતને પણ કહેવાની તૈયારી હોવી જોઈએ કે– આટલાં પાપ શા માટે કરો છો ? બહુ પાપ કરનારા અહીં આવે અને અમે ખુશી થઇએ, તેને એવું પણ ન કહીએ કે 'તમારા જેવો જરૂર વિના પણ પાપ કરે છે' તો તે અહીં આવ્યો તો તેને નુકશાન થયું કે લાભ થયો ? જેની પાસે ખાવા–પીવાદિ પણ ન હોય તે પેટ ભરવા માટે કદાચ અનીતિ અન્યાયાદિ કરે તો ક્ષંતવ્ય ગણાય પણ તમારા જેવા સુખી માણસો દુઃખાતા દિલે અન્યાયાદિ કરે તે ચાલે ? આજનો શ્રીમંત મોટે ભાગે ખોટો છે નામ કહું તે ગમે ? શ્રી અરિહંત પરમાત્માને ઓળખાવવા છે, તેઓએ આપણા ઉપર જે ઉપકાર કર્યો છે તે સમજાવી રહ્યો છું.

જગતના જીવો જે સુખ અને પૈસા પાછળ ગાંડા બન્યા છે. તે બેને મેળવવા પાપ કરી રહ્યા છે અને નરક–તિર્યંચાદિમાં ભટકી રહ્યા છે તે સુખ અને પૈસો ઇચ્છવા જેવો નથી, મેળવવા જેવો નથી, મળે તો લેવા જેવો નથી, ભોગવવા જેવો નથી પણ તાકાત હોય તો છોડી દેવા જેવો છે આવું જે ન સમજે તે ભગવાનનો ભગત સંભવી શકે ખરો ?

જ્ઞાનિઓ સમજાવી આવ્યા કે– દુનિયાની સુખ–સંપત્તિની ઇચ્છા થવી તે જ પાપ છે. તમે બધા શ્રાવક છો ને ? શાસ્ત્રે કહ્યું છે કે– શ્રાવક રોજ ઉભયકાલ આવશ્યક કરે. દિવસ દરમ્યાન થયેલાં પાપની માફી સાંજે માગવાની છે અને રાતના પાપની માફી સવારે માગવાની છે. પંદર દિવસે વિશેષ પ્રકારે માફી માગવાની છે. આ વાત શાસ્ત્રે કહી છે તો તમે માફી માગો છો ? તમને તમારા પાપ યાદ આવે છે ? સૂતી વખતે પાપ યાદ કરીને સૂઇ જાવ છો ? 'હું ઊઠ્યો ત્યારથી સૂતા સુધીમાં કેટલાં પાપ કર્યાં તે યાદ કરો, હવે કાલથી તે પાપ ફરી નથી કરવા તેવો નિર્ણય કરો અને જે પાપ કર્યાં તેની માફી માગીને સૂઇ જાવ' આવું કરશો તો હજી ઠેકાણું પડશે. તેમ નહિ કરો તો મરીને દુર્ગતિમાં જવું પડશે. તમે દુર્ગતિમાં ન જાવ તેની ચિંતા ભગવાનને કરી છે.

રોજ પાપને યાદ કરીને સૂનારા કેટલા મળે ? તમે બધા ભગવાનના ભગત છો ને ? ભગવાનને ઓળખો છો ? ભગવાન આ દુનિયાના સુખને અને પૈસાને ખરાબ કહી ગયા છે ને ? તે બે માટે તમે ઘણાં પાપ કરો છો ને ? તો તે પાપની માફી માગો છો ? હવે તેવા પાપ નથી કરવા તેવો નિર્ણય કર્યો છે ?

સભા૦ : પડિક્કમણું કરે તેમાં આવી જાય ને ?

ઉ૦ : આજે પ્રતિક્રમણ કરનારા ભગવાન તોળા છે ! તેવાની કશી કિંમત નથી. તેવાઓએ તો ભગવાનના ધર્મની કિંમત ઘટાડી છે. રોજ પ્રતિક્રમણ કરે અને મજેથી પાપ કરે–કરાવે છે. તેથી લોક પણ કહે છે કે– તેના ભગવાન તેવા હશે, સાધુ પણ તેવા હશે અને ધર્મ પણ તેવો હશે. ચાંલ્લાવાળાનો વિશ્વાસ નહિ કરવો તેમ લોક બોલે છે–

સભા૦ : આજે ચાંલ્લા ભૂસાતા ગયા છે, રક્ષા પોટલી બાંધતા થયા છે.

ઉ૦ : આવા બધા ભગવાનના ભગત કહેવાય ?

(ક્રમશ :)

મહાભારતનાં પ્રસંગો

[પ્રકરણ-૨૫] —શ્રી રાજુભાઇ પંડિત

(૨૫) તે તારો હત્યારો થશે, કંસ !

'તારા પ્રાણનો સંહાર કરનારો દેવકીનો સાતમો પુત્ર જીવતો છે, રાજન્ !'

દેવકીનાં સાતમા પુત્ર તરીકે એક પુત્રીને જોઇને હા. હા. હા. આ અબળા છોકરી શી રીતે મારૂ મોત બનશે ? આમ સમજીને તે પુત્રીનું નાક છેદી નાંખીને કંસે દેવકીને તે પુત્રી પાછી સોંપી દીધી હતી.

આ અરસરને પંદર વર્ષના વ્હાણા વાઇ ગયા હતા.

નંદ ગોકુલમાં શ્રીકૃષ્ણ યુવાવસ્થાના ઉંબરે આવી ઉભા હતા.

બન્યું એવું કે—એક વખત કંસને દેવકીના ઘરે તેની શું હાલત છે તે જોવા ગયો હતો. અને ત્યાં પેલી નાક છેદાવેલી બાળાને રમી રહેલી જોઇને કંસને પોતાનું મૃત્યુ પાછુ યાદ આવી જતાં અંદરથી ઘણો ભયભીત બની ગયો. અને પોતાના જ ભાઈ મુનિવર અતિમુક્તની વાણી પણ યાદ આવી કે દેવકીનો સાતમો ગર્ભ તારો હત્યારો થશે.' આથી કંસ મનથી અત્યંત ભયાતુર બની ગયો.

દેવકીના ઘરેથી પોતાના મહેલમાં પાછા ફર્યો બાદ તરત જ એકાંતમાં કોઇ નૈમિત્તિકને પૂછયું કે—'મને પહેલા મુનિવરે જે કહ્યું હતું તે સાચું છે કે ખોટું છે ?'

નૈમિત્તિકે કહ્યું—રાજન્ ! મુનિનું વચન અન્યથા નથી હોતું. તારો હત્યારો દેવકીનો સાતમો પુત્ર જીવતો જ છે. તેમાં કોઇ સંશય નથી. હા. તે ક્યાં છે તે હું જાણી શકું તેમ નથી. છતાં તે કોણ છે કે ક્યાં છે ? તે જાણવા માટેના મારી પાસે ઉપાયો જરૂર છે.

(૧) હે રાજન્ ! તારો જે રિષ્ટ/અરિષ્ટ નામનો શક્તિશાળી, ઉન્નત્ત શરીરધારી, પ્રચંડ ગર્જના કરનારો શ્યામ રંગનો વૃષભ છે તે અને (૨) જે અત્યંત તોફાની, દુર્વિનીત, લોકોને ઉપદ્રવ કરવામાં દયાહીન, કેશિ નામનો 'અશ્વ' છે તે બંનેને પૂરતા પ્રમાણમાં આહાર ખવડાવીને અત્યંત હૃષ્ટ-પુષ્ટ કર્યો પછી મથુરા નગરીની બહાર સ્વચ્છંદ રીતે ચરતા મૂકી દો. આ બંનેને જે રમતમાં જ હણી નાંખશે તે તારો હત્યારે હશે. (૩) તારા રાજભવનમાં જે કોઇથી પણ સ્પર્શી ના શકાય તેવું ધનુષ્ય છે તેને ઉપાડી તેના ઉપર પણછ જે ચડાવશે તે તારો હણનારો થશે. અને તે ધનુષ્ય

(શાઙ્ગી) ભાવિના આ કાળમાં થનારા વાસુદેવનું ધનુષ્ય થશે.' આવું પહેલા જ્ઞાની ભગવંતોએ કહેલું છે.

(૪) ચાણુર નામના તારા પ્રચંડ પરાક્રમી મલ્લને હણનારો તારો હત્યારો હશે.

(૫) તારા જે પટ્ટમોત્તાર અને થંપક નામના બે મત્તાંગજો છે તેના પ્રાણ નાશ કરનારો તારો સંહાર કરનાર થશે.

(૬) અને કાલિન્દી=યમુના નદીમાં રહેનારા મહા ભયંકર કાલી નાગનું દમન કરનારો તારો પ્રાણાંતક હશે.'

આ રીતે નૈમિત્તિકે કહ્યું: પછી તેનું વિસર્જન કરીને તરત જ મંત્રીઓને બોલાવીને વૃષભ અને અશ્વને હૃષ્ટ-પુષ્ટ કરીને યમુનાની વનરાજીમાં સ્વચ્છંદ રીતે ફરવા મૂકી દેવાની તથા ચાણુર અને મુષ્ટિક નામના બંને પ્રચંડકાય મલ્લોને હજી વધારે હૃષ્ટ-પુષ્ટ કરવાનો આદેશ આપ્યો.

આ બાજુ કંસના આદેશથી સ્વચ્છંદ રીતે ફરવા છૂટા મૂકાયેલા અરિષ્ટ વૃષભ અને કેશિ અશ્વ બંને ફરતાં ફરતાં ગોકુલ તરફ આવી ચડ્યા. અને ગોકુલમાં ગાંડાતૂર બનેલા તે બંને ગોવાળોનું ઉપમર્દન કરવા લાગ્યા. ગોકુળ આખું ખેદાન-મેદાન થવા લાગતા ગોવાળોમાં હાહાકાર મચી ગયો.

નંદને કૃષ્ણની ચિંતા થવા લાગી. અને તે ગોકુળમાં ક્યાંય જોવા ન મલ્યા. કૃષ્ણ તો બહાર ઉપવનમાં ગોવાળો અને ગોપીઓ સાથે આનંદ કિલ્લોલ કરી રહ્યા હતા.

ગોકુળમાં થયેલી નાસ ભાગની ખબર ગોવાળોએ કૃષ્ણને આપતા જ કૃષ્ણ તરત ગોકુલ તરફ દોડ્યા. અને અરિષ્ટ વૃષભને યુદ્ધ માટે લલકાર્યો. પંદર જ વર્ષના નાના કૃષ્ણને આ હૃષ્ટ પુષ્ટ તગડો વૃષભ હણી તો નહિ નાંખે ને આ ચિંતાથી બધાના જીવ તાળવે ચોંટી ગયા.

બે ય શીંગડાને ઉછાળતો પૃથ્વીને ધમધમાવતો વૃષભ તીવ્ર વેગથી કૃષ્ણ તરફ દોડ્યો. અને બે ય શીંગડામાં ભરાવીને કૃષ્ણને ઉછાળી મૂકવા જતો હતો ત્યાં જ કૃષ્ણે તેના બંને શિંગડા પકડી લઈને તેની ગરદનને મરડી નાંખી. આંખના પલકારામાં વૃષભ હતો ન હતો થઈ ગયો.

આ રીતે વૃષભને હણી નાંખીને કૃષ્ણ હાંફી રહ્યા હતા ત્યાં ગોપીઓએ તેને ઘેરી લીધો. અને શરીર ઉપર સંવાહન કરવા લાગી. બરાબર એ જ સમયે લોકોને

આડેધડ રીતે ઉછાળીને જમીનને ખોદી નાંખતો કેશી અશ્વ માર-માર કરતો આવી રહેલો કૃષ્ણે જોયો.

કૃષ્ણે અશ્વને કહ્યું-'અરે દુર્વિનીત ! લગામ વગરના તું મને ઓળખતો નથી ? અનાથ જેવું સમજીને મારા આ ગોકુળને ઉજજડ કેમ બનાવવા માંડયું છે ?' આ રીતે કૃષ્ણના વચનોથી ખૂર વડે પૃથ્વીને ખણી નાંખતો અને દાંત વડે દાંતોને પીસતો ક્રોધાયમાન થયેલો તે હૃષ્ટ-પુષ્ટ ઘોડો સીધો જ કૃષ્ણ તરફ દોડયો.

દોડત આવી રહેલા તે અશ્વના મોઢામાં યમદંડ જેવા કૂર્પર=(હળ)ને નાંખીને શ્રીકૃષ્ણે તેને જીર્ણ વસ્ત્રની જેમ ઘડીના છઠ્ઠા ભાગમાં જીવતોને જીવતો રમતમાં જ ચીરી નાંખ્યો.

અને ગોકુળના વૃદ્ધોએ શ્રીકૃષ્ણના ઓવારણા લીધા. તથા તરૂણીઓ શ્રીકૃષ્ણને વળગી પડી.

આ બાજુ મથુરામાં ગુપ્તચરોએ સમાચાર આપ્યા કે-નંદના નંદને વૃષભ તથા અશ્વને હણી નાંખ્યા છે.' અને પોતાના પ્રાણના દુશ્મનને નંદ ગોકુલમાં આનંદ માણતો સાંભળીને કંસ ધ્રુજી ઉઠયો. (ક્રમશઃ)

卐 જ્ઞાન ગુણ ગંગા 卐

—પ્રજ્ઞાંગ

* ચાર પ્રકારના મેઘો :

चत्तारि मेहा पन्नत्ता तं जहा-पुक्खलसंवट्टएणं नाम एगे १, पज्जुन्ने नाम एगे २, जीमूए नाम एगे ३, जिम्हे नाम एगे ४, पुक्खलसंवट्टएणं महामेहेणं एगेणं वासेणं दसवाससहस्साइं भावेइ १, पज्जुन्नेणं महामेहेणं एगेणं वासेणं दसवाससयाइं भावेइ २, जीमूएणं महामेहेणं एगेणं वासेणं दसवासाइं भावेइ ३, जिम्हेणं मेहेणं बहूहिं वासेहिं एगं वासं भावेइ, नो भावेइ वा ४ ॥

ચાર પ્રકારના મેઘ-વરસાદ કહેલા છે. ૧-પુષ્કરાવર્ત્ત નામનો, ૨-પ્રદ્યુમ્ન નામનો ૩-જીમૂત નામનો, ૪-જિહ્મ નામનો, તેમાં પુષ્કરાવર્ત્ત નામનો મેઘ એક જ વર્ષા વડે દસ હજાર વર્ષોનું કામ કરે છે, પ્રદ્યુમ્ન નામનો મેઘ એક વર્ષા વડે એક હજાર વર્ષોનું કામ કરે છે જીમૂત નામનો મેઘ એક વર્ષ વડે દશ વર્ષોનું કામ કરે છે જ્યારે જિહ્મ નામનો મેઘ ઘણી વર્ષા વડે એક વર્ષોનું કામ કરે કે ન પણ કરે.

※

શું શ્રી જૈનશાસનની દીક્ષા પર્યાવરણ માટે છે?

—પૂ. મુનિરાજ શ્રી પ્રશાન્તદર્શનવિજયજી મ.

અનંત ઉપકારી શ્રી તીર્થંકર પરમાત્માઓએ પોતાના જીવનમાં સ્વયં આચરેલી અને ભવ્ય જીવોના આત્મકલ્યાણને માટે ઉપદેશેલી અને મોક્ષના રાજમાર્ગ તરીકે વર્ણવેલી પારમેશ્વરી પ્રવ્રજ્યા એજ સંસાર સાગરથી તરવા માટે શ્રેષ્ઠ જહાજ સમાન છે. દીક્ષા એક માત્ર આત્મકલ્યાણને માટે જ ગ્રહણ કરવાની છે. શાસ્ત્રકાર પરમર્ષિઓ અનાદિ કાળથી **સંસારમાં પરિભ્રમણ કરતાં આત્માની જ ચિંતા કરે છે તે સિવાય, બીજી કોઇ જ ચિંતા કરતા નથી** છતાં પણ વર્તમાન કાળમાં સંસ્કૃતિ અને પર્યાવરણના પ્રેમી બનેલા લોકો 'આહાર તેવો જ ઓડકાર' અને જેવું હૈયામાં હોય તે જ હોઠે આવે તે ન્યાયે પણ શાસ્ત્રકાર પરમર્ષિઓની વાતને પગ નીચે કચડતા જરાપણ ખરકાટ અનુભવતા નથી પણ પોતાની જાતે જ પોતાની પીઠ થાબડી પોતાની પ્રશંસા દ્વારા કુલાઈ 'અહો રૂપમ અહો ધ્વનિ'નો સાક્ષાત્કાર કરાવે છે.

વર્લ્ડ **'નેટવર્ક'** નામના સાપ્તાહિકમાં (તા. ૯–૨–૧૯૯૮) (વર્ષ–૨, અંક-૨૯, સળંગ અંક-૮ ના પૃ. ૧૭ ઉપર મહોત્સવ... સતીષ સોની)

'અમદાવાદને આંગણે ભારતની સંસ્કૃતિને અનુરૂપ ચોજાતો દીક્ષા સમારોહ— લેખમાં જણાવે છે કે—

'આ દીક્ષા મહોત્સવનો મૂળ હેતુ સમાજને ફરી એકવાર પર્યાવરણની જીવનશૈલી તરફ દોરી જવાનો અને વધુમાં વધુ શ્રમજીવી અને રોજીરોટી આપવાનો છે.'

આ પ્રમાણે લખી (સમજાવનારા પણ) ભગવાન શ્રી જિનેશ્વરદેવોના માર્ગને સમજ્યા પણ નથી. માર્ગનું સ્પષ્ટ અજ્ઞાનપણું સૂચિત કરે છે. આવા સંસ્કૃતિપ્રેમી આત્માઓ સ્વયં સંસારમાં ફળે છે અને બીજાને ડુબાડે છે.

શ્રી જિનમંદિરમાં પ્રદક્ષિણા દેનાર ભાગ્યશાલી પણ સમજે છે કે, ચારિત્ર કોને કહેવાય અને ચારિત્ર શા માટે ગ્રહણ કરવાનું છે.

'ચય તે સંચય કર્મનો, રિક્ત કરે વળી જેહ;
ચારિત્ર નિર્યુક્તિએ કહ્યું, વંદો તે ગુણ ગેહ.'

અર્થાત અનાદિ કાલથી આત્મા ઉપર એકઠાં થયેલાં કર્મોનો જે સંચય-સમુદાય, તેને જે રિક્ત નામ ખાલી કરે તેનું નામ ચારિત્ર કહ્યું છે.

આનાથી પણ સ્પષ્ટ થાય છે કે શ્રમ ઝવી કે રોજીરોટી માટે કે પર્યાવરણ માટે દીક્ષા નથી પણ એક માત્ર કર્મોના નાશને માટે જ દીક્ષા છે.

શાસ્ત્રકાર ભગવંતોએ પાંચ પ્રકારના મિથ્યાત્વમાં આભિનિવેશિક મિથ્યાત્વને ભયંકરમાં ભયંકર અને દુરંત સંસારનું કારણ કહેલ છે. આભિનિવેશ મિથ્યાત્વનો ઉદય અને સાથે પ્રજ્ઞાશીલતા અને પાપાનુબંધી પુણ્ય ભળે તો જગતમાં કેવો કારમો ઉત્પાત મચાવે તેનો આ સાક્ષાત ચિતાર બતાવે છે.

ભગવાન શ્રી મહાવીર પરમાત્માના સ્વહસ્તે દીક્ષિત પૂજ્યપાદ શ્રી ધર્મદાસગણિ મહારાજા 'ઉપદેશમાલા' ગ્રન્થમાં સ્પષ્ટ ફરમાવે છે કે ભગવાનના એક વચનથી પણ વિપરીત કહેવું તેના જેવું મિથ્યાત્વ બીજું એક પણ નથી. શ્રી જિનાગમનો એક અક્ષર પણ ન રૂચે તેમાં કારણ હોય તો આ મિથ્યાત્વનો કારમો ઉદય જ છે.

સુવિહિત શિરોમણિ પૂ.પાદ આ. ભ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મ. 'પંચાશક' 'પંચવસ્તુ' આદિ ગ્રન્થોમાં દીક્ષા આત્મકલ્યાણને માટે જ લેવાની વાત ભારપૂર્વક ફરમાવે છે. આ લોકની, પરલોકની સુખ–સામગ્રી માટે, નામના–કીર્ત્તિ–પ્રસિદ્ધિ આદિના મોહથી પણ દીક્ષા લેવાનો સ્પષ્ટ નિષેધ કરે છે. પરંતુ પ્રસિદ્ધિ આદિના વ્યામોહથી મૂંઝાયેલા આ વાત સ્વયં સમજી શકતા નથી તો બીજાને સમજાવવાની વાત તો આકાશ પુષ્પ જેવી જ છે તેમાં નવાઇ નથી ! તે મહાપુરૂષ ત્યાં સુધી ફરમાવે છે કે દીક્ષા આપનાર દીક્ષા દાતા ગુરૂ પણ જો પોતાનો પરિવાર વધે તે ભાવનાથી દીક્ષા આપે તો તેને 'અકલ્યાણભાજ' પ્રાયશ્ચિત્તના ભાગી કહેલ છે. **દીક્ષા લેનાર આત્માના આત્મ નિસ્તારની ભાવના વિના બીજી એક પણ ઇચ્છાથી દીક્ષા આપવાનો નિષેધ કરેલ છે.**

'ષોડશક' ગ્રન્થમાં પણ ટીકાકાર પરમર્ષિઓ પૂ. શ્રી યશોભદ્ર સૂ. મ. તથા મહા મહોપાધ્યાય પૂ. શ્રી યશો વિ. મહારાજ **દીક્ષા** શબ્દનો અર્થ કરતા સમજાવે છે કે, **'દી' અક્ષર દાનના અર્થમાં છે તેથી દીક્ષા શ્રેય–કલ્યાણનું દાન કરે છે અને 'ક્ષા' અક્ષર ક્ષયના અર્થમાં છે તેથી તે અશિવનો નાશ કરે છે.**

આત્મકલ્યાણને માટે જ દીક્ષા છે–આટલી ચોકખી દીવા જેવી સ્પષ્ટ હકીકત હોવા છતાંય પોતાની માન્યતાને સિદ્ધ કરવા અન્યથા સમજાવવું તેમાં આભિનિવેશ વિના બીજું કારણ લાગતું નથી.

શાસનના પરમાર્થને સમજેલો આત્મા પોતાના પરમ તારક દેવ–ગુરૂને એવો સમર્પિત હોય છે જેનું વર્ણન ન થાય. સાચો સમર્પણ ભાવ લઘુતા નમ્રતા ગુણોને

પામ્યા વિના આવતો નથી. જૈન શાસનમાં શ્રીમંત અને ગરીબ બંનેય આરાધના માટે યોગ્ય કહ્યા છે પણ જો તે શ્રીમંતને શ્રીમંતાઇનું જરાપણ અભિમાન ન હોય, પોતાની શ્રીમંતાઇમાં લીન ન હોય અને ગરીબને ગરીબાઇની દીનતા ન હોય તો. બાકી જે શ્રીમંત પોતાની શ્રીમંતાઇના તોરમાં–ગુમાનમાં જ લીન હોય તથા ગરીબ હંમેશા પોતાની ગરીબાઇના જ રૂદણાં રોતો હોય તો તે ધર્મને માટે જરાપણ યોગ્ય કહ્યો નથી.

હૈયાપૂર્વક સઘળીય સામગ્રીનો ત્યાગ કરનારો કઠિયારો આદરણીય બને છે, ત્યાગ કર્યા પછીય 'હું આવો હતો... તેવો હતો' તેવું યાદ કરનાર ચક્રવર્તી પણ અનાદરણીય જ બને છે. શ્રી દશવૈકાલિક સૂત્રના બીજા અધ્યયનમાં પણ આ જ ભાવની વાત સ્પષ્ટ કરી છે કે જેની પાસે ભોગોપભોગાદિ સામગ્રી કાંઇ નથી અને માટે ભોગોપભોગ નથી કરતો માટે તે ત્યાગી નથી કહેવાતો. પરંતુ પુણ્ય યોગે મળેલી સઘળીય ભોગોપભોગની સામગ્રીનો સમજણ પૂર્વક હૈયાથી ત્યાગ કરે છે, ત્યાગ કર્યા પછી ભવિષ્યમાં પુનઃ તેના કરતાં વધારે મળે તેવી ઇચ્છા સરખી રાખતો નથી કે વારંવાર ભૂતકાળને વાગોળતો નથી તે જ સાચો ત્યાગી કહેવાય છે.

ખાવા ન મળે અને ભુખ્યો રહે તેથી તપસ્વી કે ઉપવાસી ન કહેવાય પણ ખાવા પીવાનું પૂરતું હોવા છતાંય આહાર સંજ્ઞાને જીતવા–રહિત થવા અને અણાહારી પદની પ્રાપ્તિ માટે સમજીને ખાવા પીવાનો ત્યાગ–નિયમ કરે તે તપસ્વી કહેવાય. ભૂતકાળમાં હું આવો તેવો હતો તે પ્રમાણે ઓળખાવવાની વૃત્તિ જ લઘુતા ગુણને દેશવટો આપનારી છે.

સાવદ્ય મિથ્યાત્વની પોષક સંસ્કૃતિના પ્રેમી બનેલા જીવોના આવા ભ્રામક પ્રચારમાં ભળા ભોળા જીવો ફસાય નહિ અને માર્ગનું યથાસ્થિત જ્ઞાન મેળવી સન્માર્ગમાં સ્થિત બની સ્વ–પર આત્માનું કલ્યાણ સાધે અને પુણ્ય યોગે મળેલી સઘળી આ સામગ્રી અને સુંદર શક્તિઓનો શાસનને યથાર્થ સમજવામાં સદુપયોગ કરી આત્માની મુક્તિ નિકટ બનાવે તે માટેનો આ પ્રયત્ન છે. સુજ્ઞેષુ કિં બહુના?

ચિંતનિકા :–

'ઉત્તમ વસ્તુને પ્રાપ્ત કરવાથી જ કલ્યાણ થતું નથી પરંતુ મળેલી એ ઉત્તમવસ્તુને ઉત્તમરૂપે ઓળખીએ તો જ કલ્યાણ થાય.

સામાયિકાદિ અનુષ્ઠાનો સંસારનો અંત લાવી મોક્ષે પહોંચાડનારાં છે. શ્રી જિનેશ્વરદેવની પરમતારક આજ્ઞા મુજબ કરાતાં અનુષ્ઠાનો જ મોક્ષસાધક છે–એનો ખ્યાલ જે આત્માઓને છે, તે આત્માઓ શ્રી વીતરાગ પરમાત્માની આજ્ઞાનું મૂલ્ય બરાબર સમજે

છે. શ્રી વીતરાગ પરમાત્માની પરમતારક આજ્ઞા અને શ્રી દ્વાદશાંગી સ્વરૂપ વચન બંને એક જ છે.

મુમુક્ષુ આત્માઓને પોતાની ઇચ્છાને પૂર્ણ કરવા માટે શ્રી તીર્થંકર પરમાત્માના વચન મુજબ આરાધના કરવા સિવાય બીજો કોઇ જ ઉપાય નથી. ધર્મની આરાધના એ કોઇ નવી વાત નથી. અનાદિકાળથી સર્વવિરતિ સ્વરૂપ ઉત્તમ ધર્મની પણ આરાધના આપણે અનંતીવાર કરી છે. **પરંતુ એ ભગવાનની આજ્ઞા મુજબની ન હતી. જેથી ભવથી પાર ઉતારનારી ન બની. આરાધનાની સાથે આજ્ઞાનો યોગ મળે તો જ ભવનિસ્તાર થાય. આજ્ઞાના યોગનો શુભારંભ ભગવાનના પરમ તારક વચનની શ્રદ્ધાથી થાય છે. એ શ્રધ્ધાથી જ આત્માના ગુણસ્થાનકની કલ્યાણકારિણી શુભ શરૂઆત થાય છે.**

(ન્યાય વ્યાકરણ વિશારદ પ. પૂ. આ. શ્રી વિ. ચન્દ્રગુપ્ત સૂ.મ.સા. આલેખિત 'પ્રતિલેખનાનો પરમાર્થ' પુસ્તિકામાંથી.)

શાસન સમાચાર : પાદરા–સમગ્ર વડોદરાનગરને ભાવિત અને પ્રભાવિત કરી જનારું અવિસ્મરણીય ચાતુર્માસ અલકાપુરી જૈન સંઘ આતે પૂર્ણ કરીને પૂ. મુ. શ્રી મોક્ષરતિ વિ. અને પૂ. મુ. શ્રી તત્ત્વદર્શન વિ. મ. પાદરા પધાર્યા હતા. પાદરા જૈન સંઘ અને પાદરા સોશ્યલ ગ્રૂપની આગ્રહભરી વિનંતિથી પૂ. મુનિવરોએ કા. વ. પ્ર. ૧૪/દ્વિ. ૧૪/૩૦ અને મા. સુ. ૧ ચાર દિવસ ત્યાં સ્થિરતા કરી હતી, દિવસના અને રાત્રિના ભરચક પ્રવચનો અને બે દિવસ બાળકોના સંસ્કાર સત્રથી શ્રી સંઘમાં સુંદર જાગૃતિ આવી હતી. શ્રી સંઘે પૂજ્યોને ચોમાસાનો લાભ આપવા ભાવ ભરી વિનંતી કરી હતી. તે પછી આણંદનગરે નવનિર્મિત શિખરબદ્ધ જિનાલયમાં શ્રી વાસુપૂજ્યસ્વામી આદિ જિનબિમ્બોનો પ્રવેશ ઉત્સવ શ્રી શાંતિસ્નાત્ર, સ્વામીવાત્સલ્ય સહ ભવ્યતાથી પૂ. મુનિવરોની નિશ્રામાં ઉજવાયા. છાણીથી નિકટમાં હાઇ–વે રોડને અડીને નિર્માણાધીન શ્રી ઉંકાર તીર્થમાં શ્રાવક આરાધના ભવન અને શ્રાવિકા આરાધના ભવનના મંગલ ઉદ્ઘાટન પ્રસંગે શ્રી ઉંકાર તીર્થના ટ્રસ્ટીગણની આગ્રહપૂર્ણ વિનંતિથી પૂ. મુનિવર શ્રી મોક્ષરતિ વિ. મ. અને પૂ. મુનિવર શ્રી તત્ત્વદર્શન વિ.એ નિશ્રા પ્રદાન કર્યું હતું. અતિથિવિશેષ તરીકે જાણીતા જાદુગર શ્રી કે. લાલ ઉપસ્થિત હતા. પૂ.શ્રીની નિશ્રામાં ઉજવાયેલ આ પ્રસંગ ખૂબ ભવ્યતાથી ઉજવાયો હતો. છેલ્લે સંઘપૂજન અને સ્વામિવાત્સલ્ય થયું હતું.

શાસન સમાચાર :–

પૂ. મુ. શ્રી હિતપૂર્ણવિજયજી મ. કાળધર્મ પામ્યા

સ્વ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના ૧૨૦માં શિષ્યરત્ન **મુનિરાજ શ્રી હિતપૂર્ણવિજયજી** આજે સવારે ૧૦–૪૯ કલાકે રાજસ્થાન હોસ્પીટલ, શાહીબાગ, અમદાવાદ ખાતે ચતુર્વિધ શ્રી સંઘની હાજરીમાં મારા મુખે અંતિમ નમસ્કાર મહામંત્રનું શ્રવણ કરીને સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે.

વિ. સં. ૧૯૮૦ના પોષ માસમાં ભંડારીયા ગામે જન્મ પામેલા, પિતાશ્રી જાદવજીભાઇ અને માતુશ્રી અંજવાળીબેનના સુપુત્ર હરગોવનદાસ કે જેઓ ઘીવાળા તરીકે પ્રખ્યાત હતા અને મુંબઇ શહેરમાં લાલબાગ (માધવબાગ) પાસે રહીને દેવ–ગુરૂ–ધર્મની આરાધના કરતા હતા. તેમના પર સિદ્ધાંત–મહોદધિ પૂ. આ. ભ. શ્રીમદ્ પ્રેમસૂરીશ્વરજી મહારાજનો તથા પરમશાસનપ્રભાવક પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજનો અનુપમ ઉપકાર હતો. તેઓ શ્રીમદ્ના પુણ્ય પરિચયથી અને જિનવાણીના શ્રવણથી ધર્મમાર્ગે પોતાના ધર્મપત્ની જસીબેન. તથા સુપુત્રો દીલીપ તથા અભયને પણ ધર્મમાર્ગે આગળ વધવાની પ્રેરણા આપતા રહ્યા. ઉભય પૂજ્યોના પ્રતાપે અને પ્રેરણાથી દેવભક્તિ અને ગુરૂભક્તિ, સાધુ–સાધ્વીજીનો વૈયાવચ્ચ, ગોચરી વહોરાવવામાં અપૂર્વ ઉલ્લાસ આદિથી સંયમજીવન પામવાના મનોરથવાળા થયા. તે પૂજ્યોના પ્રભાવે સંયમજીવન ન સ્વીકારાય ત્યાં સુધી અમુક ચીજના ત્યાગવાળા હતા.

છેલ્લા કેટલાય વર્ષોથી નિયમિત એકાસણાનો તપ અને તેય પરિમિત દ્રવ્યોથી કરતા હતા. પરમતારક પરમગુરૂદેવ વિ. સં. ૨૦૪૬ની સાલમાં તેમના ગામ ભંડારીયા ખાતે પધાર્યા ત્યારે ડોળીમાં બેસતી વખતે પ્રેરણા કરી કે 'હરગોવન ! હજી તારે ક્યાં સુધી સંસારમાં રહેવું છે ! દીક્ષા લેવી નથી ?' ને પૂ.શ્રીના આ જાદુઇ વચને એવી અસર કરી કે, દીક્ષા લેવાનો નિર્ણય કર્યોને વિ. સં. ૨૦૪૭ના વૈશાખ સુદ ૧૦ ના દિવસે અમદાવાદ નવરંગપુરા ખાતે પૂ.શ્રીના વરદ હસ્તે પ્રવજ્યા અંગીકાર કરી પૂજ્યશ્રીના શિષ્ય **મુનિરાજશ્રી હિતપૂર્ણવિજય** તરીકે જાહેર થયા. ગુરૂઆજ્ઞાની સમર્પિતભાવે આરાધના, નાના–મોટા સર્વની નિઃસ્પૃહતાપૂર્વક ભક્તિ, કષાયોની અલ્પતા, કોઇનું પણ કરી છૂટવાની વૃત્તિ આદિ ગુણોની સાધના દ્વારા તથા વડીલો જે આજ્ઞા ફરમાવે તે વિના વિકલ્પે 'તહત્તિ' કરવાની સમર્પિતતાથી જીવનને ધન્ય બનાવ્યું.

૨૦૫૩ના નવરંગપુરા ચાતુર્માસ બાદ ૨૦૫૪ના કા. વ. ૬ ના તેઓએ મુનિરાજશ્રી મોક્ષદર્શનવિજય સાથે મુંબઇ તરફ વિહાર કર્યો. સંયોગવશ બેડાથી પાછા

ફરી શ્રી શંખેશ્વરજી તીર્થમાં પોષ દશમીની આરાધના કરી ભોરોલ–ધાનેરા થઇ પોષ વદ ૧૮ના પૂ. આ. વિજય હેમભૂષણસૂ. મ.ની નિશ્રામાં યોજાયેલ દીક્ષા પ્રસંગે ઢાંતરાઇ પહોંચ્યા. કાયમ માટે વ્યાખ્યાનશ્રવણ, વાંચનાશ્રવણનો અપૂર્વ ગુણ હતો. મહા સુદ ૧૰૨ના વ્યાખ્યાનના સમયે લાગેલ આગના બનાવમા પાંચ મહાત્માઓ ઘેરી તેઓ પણ ફાગ્યા હતા. અમદાવાદ રાજસ્થાન હોસ્પીટલ ખાતે તેઓની સુંદર સારવાર થઇ રહી હતી. પૂ.આ. શ્રી વિજય મહોદયસૂ.મ. આદિ કાળજી રાખતા હતા. હોસ્પીટલમાં મુનિરાજ શ્રી ધર્મભૂષણવિ., મુ. શ્રી હિતદર્શન વિ., મુ. શ્રી આત્મરતિ વિ., મુ. શ્રી હિતરતિ વિ. મુ. શ્રી ધર્મરક્ષિત વિ., મુ. શ્રી આત્મરક્ષિત વિ., મ. શ્રી પાર્શ્વરક્ષિત વિ. આદિએ તથા તે સિવાય પણ પૂ. આ. શ્રી મુક્તિપ્રભસૂરિજી પૂ. મુ. શ્રી ભવ્યરત્ન વિ. મ. આદિએ પણ ચારે કાજેલા મુનિવરોની સુંદરભક્તિ–સમાધિપ્રદાન આદિ કરેલ. તે તરફથી વિહાર કરીને ફા. સુ. ૩ના આવેલ પૂ. આ. વિ. હેમભૂષણસૂ. મ. આદિએ પણ સેવા સમાધિ પ્રદાનનું કાર્ય કરેલ.

રાજસ્થાન હોસ્પીટલના વહીવટદારો, ડોકટરો, કાર્યકરો, સ્ટાફના સભ્યો આદિએ ખૂબ જ ભાવનાપૂર્વક સેવાનો લાભ લીધો હતો. અમદાવાદના જુદા જુદા સંઘોના આગેવાનો તથા આરાધકોએ તેમજ ગીરધરનગર જૈન સંઘે પણ સેવાભક્તિનો ખડેપગે લાભ લીધો અને લઈ રહ્યા છે. તેઓને છેલ્લા ૨૦–૨૫ દિવસથી પેશાબની તકલીફ હતી. તેમાં ફા. વ. ૪ના દિવસે પ્લાસ્ટીક સર્જરી કરી. તેજ દિવસથી પેશાબ બંધ થઇ ગયો. ૨ દિવસ બેભાન જેવી અવસ્થામાં રહ્યા. ડોકટરોના શક્ય તમામ ઉપચારો ચાલુ હતા અને મહાત્માઓ સતત સમાધિપ્રેરક સુંદર સ્તવન–સજ્ઝાય આદિ સાંભળાવતા હતા. નવકાર મહામંત્ર–ચાર શરણ–અંથારા પોરિસીની ગાથા આદિનું શ્રવણ પણ ચાલુ હતું. ફા. વ. ૬ ના સવારથી ભાન આવી ગયું. તમામે તમામ આવશ્યક ક્રિયાઓ ઉપયોગપૂર્વક કરતા થયા. બોલી શકતા ન હોવા છતાં દરેક ક્રિયા કરવાનું પૂછતા હકારાત્મક જવાબ મળતો. દેવાધિદેવના તથા તારક ગુરૂદેવશ્રીજીના ફોટાના દર્શન પણ ભાવપૂર્વક કરતાં. ફા. વ. ૭ની સવારે પ્રતિક્રમણાદિ આવશ્યક ક્રિયાઓ ઉપયોગપૂર્વક કર્યા બાદ પરમાત્મ પ્રતિકૃતિ સમક્ષ દર્શન ચૈત્યવંદનાદિ કર્યા અને ઔષધાદિનો ઉપયોગ પૂર્વક રત્નાકરપચ્ચીશી સારી રીતે સાંભળી. તે સાંભળવાનું ચાલું હતું ને અચાનક કોઇપણ જાતની પીડા વગર, ખુલ્લી આંખ સ્થિર બની અને તબીયતે ગંભીર વળાંક લીધો. ચિકિત્સકોએ પોતાના ઉપચારો કર્યાને મહાત્માઓએ ૐ નમો અરિહંતાણં...ની ધૂન ખૂબ જ તાલબદ્ધ રીતે શરૂ કરી. આ. હેમભૂષણસૂરિ આદિ પણ ત્યાં હાજર થયા.

પૂ. મહોદયસૂ. મ.ને સમાચાર મળતાં પહોંચી ગયા. એકધારૂ નમસ્કાર મહામંત્રાદિનું શ્રવણ ચાલુ હતું. મુખ ઉપર કોઇપણ પ્રકારની વેદનાનો આવુસાર દેખાતો ન હતો તેમજ કોઇપણ પ્રકારની વિકૃતિ પણ દેખાતી ન હતી, અંતે તેમણે નવકાર મહામંત્ર સંભળાવ્યો 'પઢમ હવઇ મંગલં' બોલ્યો ત્યાં જ ચાલતું 'મોનિટર' બંધ પડ્યું ને તે મહાત્મા ૧૦ કલાકને ૪૬ મિનિટે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. ચતુર્વિધ શ્રી સંઘ હાજર હતો તેમના સંસારી ધર્મપત્ની, પુત્રો, જમાઇઓ આદિ પણ હાજર હતા. ગીરધરનગર જૈન સંઘ તથા અમદાવાદના આરાધકભાઇઓ આદિ પણ હાજર હતા.

અંતિમ વિધિઓ પૂર્ણ થઇને તેમના સંયમપૂત દેહને ભાવિકો સ્ટ્રેચર દ્વારા ઉપાશ્રય લઇ આવ્યા. સેંકડો ભાવિકો દર્શનાર્થે આવ્યા અને સુંદર જરીયાન પાલખી તૈયાર થઇ ૩—૩૦ કલાકે પાલખી આદિની ઉછામણી શરૂ થઇ. સમયાનુસાર ઉપજ પણ સારી થઇ. લગભગ ૩—૩૦ કલાકે તેમની અંતિમયાત્રા 'જય જય નંદા—જય જય ભદ્દા'ના ગગનભેદી નારા સાથે શરૂ થઇ. શાહપુર દુધેશ્વરના અગ્નિદાહના સ્થાને અંતિમયાત્રા પહોંચીને શ્રી સંઘ તરફથી અપાયેલ આદેશાનુસાર તેમના સુપુત્રો દિલિપ અને અભયે અગ્નિદાહની વિધિ કરી.

વિવિધ સંઘોના ભાવિકો તથા તેમના સાંસારી કુટુંબીઓ આદિ હજારોની મેદની વચ્ચે એ કાર્ય પૂર્ણ થયું. લગભગ ૫૦ દિવસની આ અસહ્ય વેદનામાં પણ સમાધિ જાળવીને તે મહાત્માએ સહનશીલતાનું જવલંત દૃષ્ટાંત પુરૂં પાડ્યું છે. બાકીના ત્રણ સહાત્માઓ, મુનિરાજશ્રી ક્ષેમંકરવિજયજી, મુનિરાજશ્રી કુમુદચંદ્ર વિજયજી, મુનિરાજશ્રી નિર્મળબોધિ વિજયજીને ઘણો સારો સુધારો છે. પ્રાયઃ ચૈત્ર સુ. ૨ના દિવસે હોસ્પીટલમાંથી રજા મળી છે. ઉપાશ્રયના નજીકના સ્થાને લાવવામાં આવ્યા છે હજી એ ત્રણે મહાત્માને ઉપચાર-આરામ લાંબા સમય સુધી કરવા પડશે.



— નમ્ર વિનંતી :—

પૂ. આચાર્યદેવ આદી મુનિવરો તથા સાધ્વીજી મ. ને નમ્ર વિનંતી કે આપના ચાર્તુમાસિક સરનામા તથા કાયમી સરનામાં વહેલી તકે મોકલવા મે. મરશેાજી જેથી મહાવીર શાસન તથા જૈન શાસન સમયસર આપને મલી શકે. -સંપાદક



પ્યારા ભૂલકાંઓ...

તમે સહુ ટાઢકથી પરીક્ષાનો થાક ઉતારી રહ્યા હશો ? ભણતર ભણી-ગણીને આંખો પણ થાકી ગઇ હશે ? થાકોડો ઉતારવા લાંબી ઉંઘ પણ કદાચ ખેંચતા હશો ? કારણ કે આ અંક તમારા હાથમાં આવશે ત્યારે તમે સૌ વેકેશનની મોજ-મઝા માણતાં હશો ?

પણ, સબૂર, ખ્યાલ રાખજો– આ વેકેશન એ નવરાશ અને નકામો સમય નથી. જે કાંઇ ભણ્યા હોય, ગણ્યા હોય, તેને વાગોળવાનો આ સમય છે. આવા સમયનું નામ વેકેશન !

જેને મહાન બનવું હોય એણે તો એક પળની પણ કીંમત આંકવી જોઇએ. જે એક પળ પણ ફોગટ ગુમાવતો નથી તે આગળ આવ્યા વિના રહેતો નથી. પ્રથમ ગણધર શ્રી ઇન્દ્રભૂતિ (ગૌતમ મહારાજા) જેવા અપ્રમાદી શિષ્યને પણ શ્રી વીરપ્રભુ વારંવાર એક જ શીખામણ આપતાં કે,

"ગૌતમ, એક ક્ષણનો પણ પ્રમાદ કરીશ નહિ."

ભૂલકાંઓ, આબાલવૃદ્ધો, આપણને મળેલ જીવનની કિંમત શું આંકો છો ? કોઇ લાખની આંકશે પણ હું સવાલાખની આંકું તો પણ બાધ નહીં આવે, મળેલ કિંમતી જીવનની એક પળ પણ વ્યર્થ ગુમાવવા જેવી નથી. જીવનમાં એવું કોઇ યાદગાર કાર્ય કરી લેજો કે કદાચ જીવન દીપક બુઝાઈ જાય તો પણ તેની સુવાસ ચો તરફ જીવંત રહી જાય.

અંતે ત્યારે, એવા કાર્યની યોજના આજથી જ ઘડવા તૈયાર થઇ જજો. સારાં ઘડેલા કાર્યમાં ચોક્કસ સફળતા મળે છે. સફળતા મેળવીને મને જરૂર જણાવજો. લો તો લખી લો મારું સરનામું તમારી રોજનીશીની ડાયરીમાં.

રવિશિશુ
C/o. જૈન શાસન કાર્યાલય

— આજનું સુવાકય —

ત્યાગ જેવું કોઇ સુખ નથી, વૈરાગ્ય જેવી કોઇ શાંતિ નથી, સંયમ જેવી કોઇ સમાધી નથી, મુક્તિ જેવી કોઇ સાધના નથી, દયા જેવો કોઇ ધર્મ નથી.

—મેધા

— મારું બાળપણ —

સાત તાળી લીધી ને પછી ઊંચે જોયું ને ફરી જોયું તો બાળપણ ગુમ. આખ્યાય ઘરના હું ખુણાઓ જોઇ વળ્યો ફેંદી ઠાકયા બધા રૂમ, પણ તે ક્યાંય ના મળ્યું. (ચેતો ! નહિતર આમને આમ આખું જીવતર જતું રહેશે.)

—લબ્ધિ

*** બાળ ગઝલ ***

પ્રાણ જાવે દેહ તજકે,
આજ હી યા કલ ભલે,
ન મૂજકો દોષ દો કોઇ કિ,
થા ડરપોક મરને કા.
બીતાયા હૈ મૈને સદા,
સુજીવન નામ પાને મેં,
વહી મરને સે ડરતા હૈ,
જો પામી યા અધર્મી હો.

—યશીતા

*** હાસ્ય એ દરબાર ***

રાજા રીઝે તો ગામ આપે.
બ્રાહ્મણ રીઝે આશીર્વાદ દે.
પણ વાણિયો રીઝે તો હા...હા...હી.. કરતો તાળી આપે.

—હર્ષિત જૈન.

*** ચાલો બારાખડી શીખીએ ***

અ * અરિહંત	ણ * ણમો—નમસ્કાર
આ * આચાર્ય	ત * તરપણી
ઇ * ઇન્દ્રધ્વજ	થ * થાવેર
ઈ * ઈશ્વર	દ * દાદા
ઉ * ઉપાશ્રય	ધ * ધજા
ઊ * ઊર્ધ્વલોક	ન * નવકારવાળી
એ * એકાગ્રતા	પ * પરમેષ્ઠિખાણુ
ઐ * ઐરાવત	ફ * ફળ પૂજા
ઓ * ઓઘો	બ * બહુમાન
ઔ * ઔદાર્ય	ભ * ભગવાન
અં * અંબાડી	મ * મહાવીર
અઃ * અઃકાર	ય * યતિ જતિ
ક * કળશ	ર * રથ
ખ * ખમાસમણા	લ * લક્ષ્મીજી
ગ * ગણધર	વ * વરઘોડો
ઘ * ઘડી	શ * શત્રુંજય
ચ * ચરવળો	ષ * ષણમુખયક્ષ
છ * છત્ર	સ * સમેતશિખરજી
જ * જય જિનેન્દ્ર	હ * હસ્તિ
ઝ * ઝલરી (થાળી ડંકો)	ક્ષ * ક્ષમા
ટ * ટપકુ (તિલક)	જ્ઞ * જ્ઞાન
ઠ * ઠવણી	ઋ * ઋષભદેવ
ડ * ડબ્બી	
ઢ * ઢોલ	

(વેકેશનમાં રજાઓ દરમ્યાન આ જૈન બારાખડી આપણે શીખીશું ને ?)

—અમી શાહ

* કાર્ય સિદ્ધિ માટે અદ્‌ભુત આદ્યગ્રંથ દિનશુંદ્ધિ *

ચાણુક્યનું અર્થશાસ્ત્ર —ડૉ. ભરત ગરીવાલા

સફળતા કોને નથી ગમતી ? જીવનમાં નસીબ અને મહેનત–પ્રારબ્ધ અને પુરૂષાર્થ એ બંનેના સમન્વયથી જ વિકાસ સાધી શકાય છે, પૈસા કમાઈ શકાય છે તથા નામના મેળવી શકાય છે. પુરુષાર્થ એ સૌના હાથની વાત છે. જ્યારે પ્રારબ્ધ નસીબ–લક–એ પ્રભુના હાથમાં છે. શુભગ્રહોના હાથમાં છે. શુભ મુહૂર્તના હાથમાં છે અને આથી જ દરેક માનવ જ્યોતિષમાં કે પ્રભુમાં કે નસીબમાં માનતો હોય કે ના માનતો હોય છતાં કોઈપણ કાર્ય શરૂ કરતા પહેલાં હંમેશા શુભ મુહૂર્ત જોઇને, શુભ સમય જોઇને જ પ્રથમ પગલું ભરે છે. જેથી તેને કાર્યસિદ્ધિ મળે–સફળતા મળે–કીર્તિ મળે.

ચૌદમી સદીમાં જૈન આચાર્ય શ્રી રત્નશેખરસૂરી થઈ ગયા જેમણે 'દિનશુદ્ધિ' ગ્રંથની રચના કરી હતી. જેમાં તેમણે કાર્યસિધ્ધિ મેળવવા, શુભ સમય, શુભ મુહૂર્ત શુભ દિવસ, કુદરતી સંકેતો, ગ્રહો વગેરેનું શું ધ્યાન રાખવું તે ખૂબ જ સુંદર અને સરળ ભાષામાં સમજાવ્યું છે. તેમાં ઊંડા જ્યોતિષની ખૂબીઓ પણ છે. તેમજ જ્યોતિષના જાણકાર સામાન્ય પ્રજાજન માટે સરળ માર્ગદર્શન પણ છે. કાર્ય કયારે શરું કરવું અને કયારે શરુ ના કરવું તે પર તેમની ટિપ્પણીઓ અદ્‌ભુત છે. તેમણે પંચાગશુદ્ધિથી દિવસ જોવા આ 'દિનશુધ્ધિ' ગ્રંથ રચ્યો છે.

પ્રાકૃતભાષાના આ કળદાર ગ્રંથનું જૈનમુનિ શ્રી દર્શન વિજયજીએ ગુજરાતી ભાષાંતર કરી સં. ૧૯૮૩ માં ૭૦ વર્ષ પહેલાં વઢવાણ કેમ્પ–સુરેન્દ્રનગરથી શ્રી ચારિત્ર સ્મારક સીરીઝની ગ્રંથમાલામાં પ્રકાશિત કરાવેલો. તે સમયે ૨ રૂા. ૮ આનાની કિંમતના આ પાંચસો પાનાના ગ્રંથમાં અનેક જૈનાચાર્યોના સેંકડો વર્ષો જૂના વિવિધ પુસ્તકોના નિચોડનો પણ આમાં સમાવેશ કરાયો છે. જેમાં સૂર્ય પ્રજ્ઞપ્તિ, ચંદ્રપ્રજ્ઞપ્તિ નાર ચંદ્ર પ્રશ્નશતક, જોઇસહીર ભુવનદીપક, મેઘ મહોદય, આરંભસિધ્ધિ, જૈનમતપ્રભાકર, મુહૂર્ત ચિંતામણી, પ્રતિષ્ઠાકલ્પ, બૃહત જ્યોતિસાર, શિલ્પ દીપક, સર્વતોભદ્ર વિગેરે ગ્રંથોનો સમાવેશ થાય છે,

જૈન સાહિત્ય એ સર્વાંગ સંપૂર્ણ પ્રાચીન સાહિત્ય છે. જેમાં દરેક વિષયોને સારા રૂપમાં આલેખવામાં આવ્યા છે. જૈનાચાર્યોએ સાહિત્ય સાથે ગણિત, હોરા અને મુહૂર્ત જ્યોતિષને પણ સારૂં પોષણ આપ્યું છે. 'દિનશુધ્ધિ દીપીકા' તરીકે જાણિતા આ ગ્રંથમાં આપેલા કાર્ય શરૂ કરતાં પહેલાં સામાન્ય માનવીને એ શુભ મુહુર્ત–શુભ સમય માટે શું ધ્યાનમાં લેવું તેના કેટલાક અંશો આ રહ્યા.

'સાતવારો પોતપોતાનાં કાર્યોમાં તુરત ફળ દેવાવાળાં છે અને બીજાવારના કાર્યમાં હાનિ કરનારા છે. વારના દોષો રાત્રે નિર્બળ થઇ જાય છે. વિવાહ, શુભક્રિયા, ધર્મ, અર્થ તથા કામના કાર્યમાં મંગળ સિવાયના દરેક વાર શુભ છે. સોમ, બુધ, ગુરૂ અને શુક્રવારે સર્વ કાર્યો સિધ્ધ થાય છે. રવિ, મંગળ અને શનિવારે તે વારમ કરવાના કામો જ સિધ્ધ થાય છે. રવિવારે રાજ્યના દરેક કામ પુણ્ય ઉત્સવ, મંગળવારે આરંભ સમારંભવાળા ક્રુર કામો તથા યુધ્ધ, શનિવારે દીક્ષા, વાસ્તુશીલા, ખાતમુહુર્ત માટે શુભ છે. બુધવારે જ્ઞાન, શાંતિનાં કામો ફળ આપે છે. વિવાહમાં ગુરૂ અને પ્રવાસમાં શુક્ર બળવાન છે.

ચોમાસાના ચાર મહિનામાં શુભકાર્ય નિષેધ છે. બાકીના આઠ માસ શુભ છે. મહા, ફાગણ, વૈશાખ, જેઠમાં લગ્ન શુભ છે. પણ વર કન્યા બંને પોતપોતાના ભાઇ બેનોમાં સૌથી મોટા હોય તો જેઠમાં વિવાહ કરવો નહિ. જ્યેષ્ઠ સંતાનના શુભ કાર્ય માટે જ્યેષ્ઠ માસ વર્જ્ય છે.

સૂર્ય એક રાશિમાંથી બીજી રાશિમાં બદલાય તેને સંક્રાંતિ કહે છે. જે સામાન્ય રીતે અંગ્રેજી તારીખ પ્રમાણે દર મહિને પંદરમી છે. સંક્રાંતિનો દિવસ તથા તેની આગળ પાછળનો દિવસ એમ ૩ દિવસ ત્યાજ્ય છે. ધનારક (સૂર્યનો ધન રાશિમાં પ્રવેશ અંગ્રેજી તારિખ ૧૫ ડિસેમ્બરથી ૧૪ જાન્યુઆરી તથા મીનારક (સૂર્યનો મીન રાશિમાં પ્રવેશ ૧૫ માર્ચથી ૧૪ એપ્રિલ) શુભ કાર્યોમાં વર્જ્ય છે. સૂર્ય–ચંદ્રનું ગ્રહણ થાય તે દિવસ, તેનો આગળનો દિવસ તથા પાછળના સાત દિવસ શુભ કાર્યમાં વર્જ્ય છે. જે માસમાં સૂર્ય સંક્રાંતિ ના હોય તે અધિકમાસ કહેવાય છે અને જેમાં બે સંક્રાંતિ હોય તો એક ક્ષયમાસ કહેવાય છે. અધિકમાસ તથા ક્ષયમાસ અશુભ છે. ૧૮૮ વર્ષમાં ૭૨ અધિકમાસ (૧૯ વર્ષે ૮ અધિકમાસ) તથા બે ક્ષય માસ આવે છે.

તિથિઓમાં સુદ કે વદની ચોથ, છઠ, આઠમ, નોમ, ચૌદશ તથા અમાસમાં શુભકાર્ય કરવાથી સિધ્ધિ મળતી નથી. જો કે છઠ, નોમ અને બારસ અનેક કાર્યો માટે શુભ ગણાય છે. ચૌદસ યાત્રા માટે તથા આઠમ અને અમાસ ધાર્મિક કાર્યો માટે શુભ છે, ચોથ, નોમ, અને ચૌદશે શનિવાર હોય તો તે કાર્ય માટે નીકળેલા વ્યક્તિ અનેક કાર્યો સિધ્ધ કરી શકે છે એક તિથિ બે સૂર્યોદય જુવે તે વૃધ્ધિતિથિ કહેવાય છે. જ્યારે જે સૂર્યોદય ના જુવે તે ક્ષયતિથિ કહેવાય છે. વૃધ્ધિતિથિ તથા ક્ષયતિથિ બંને બધા જ શુભકાર્યોમાં વર્જ્ય છે. રવિવારે એકમ, આઠમ કે નોમ હોય, સોમવારે બીજ કે નોમ હોય, મંગળવારે છઠ, આઠમ કે તેરસ હોય, બુધવારે બીજ, સાતમ કે બારસ

હોય, ગુરૂવારે પાંચમ, દશમ, અગિયારસ કે પુનમ હોય, શુક્રવારે એકમ, છઠ, અગિયારસ કે તેરસ હોય, કે શનિવારે ચોથ, આઠમ, નોમ કે ચૌદશ હોય તો શુભ છે અને કાર્યસિધ્ધ થાય છે.

એજ રીતે રવિવારે છઠ સાતમ, અગિયારસ કે ચૌદસ હોય, સોમવારે સાતમ, બારશ કે તેરસ હોય, મંગળવારે એકમ અને અગિયારસ બુધવારે એકમ, ત્રીજ, આઠમ તેરસ, ચૌદશ હોય. ગુરૂવારે બીજ, ચોથ, છઠ, સાતમ અને બારસ હોય. શુક્રવારે બીજ, ત્રીજ, ચોથ, નોમ અને ચૌદશ હોય તથા શનિવારે પાંચમ, સાતમ, દશમ પુનમ હોય તો અશુભ છે.

પ્રવાસમાં એકમ લાભ કરાવે છે, બીજ મુશ્કેલી દૂર કરે છે. ત્રીજ અર્થ સિધ્ધિ કરાવે છે. પાંચમ. સાતમ, દશમ, અગિયારસ પણ પ્રવાસમાં શુભ છે તથા તેરસ હરીફ સામે વિજય અપાવે છે. પુનમના દિવસે પ્રવાસ શરૂ નો કરવો. દિવસમાં સવારે ઉત્તરમાં બપોરે પૂર્વમાં, સાંજે દક્ષિણમાં તથા મધ્યરાત્રિએ પશ્ચિમ દિશામાં પ્રયાણ કરવું શુભ છે. શનિ અને સોમવારે પુર્વમાં ગુરૂએ દક્ષિણમા, રવિ અને શુક્રવારે પશ્ચિમમાં અને મંગળ તથા બુધવારે ઉત્તર દિશામાં શૂળ હોય છે. એટલે આ વારોએ આ દિશાઓમાં પ્રવાસ કરવો અશુભ છે. આ વારોમાં આ દિશાઓમાં પ્રવાસ કરવો જ પડે તેવો હોય તો શુળની વિધિ કરવી જરૂરી છે.

વડીલને દુભવી, સ્ત્રીને રંજાડી, બાળકને રોવડાવી, કોઇને મારી, મૈથુન કરી, સન્માન્ય વ્યકિતની અવગણના કરી, અપશુકન દેખી કઠાપી પ્રવાસ કરવો નહિ. ભૂમિ આકાશ કે દિવ્યના ઉત્પાતમાં જેમ કે વીજળી, વાદળાની ગર્જના, વૃષ્ટિકાળ, ધુળની ડમરી, પ્રચંડ પવન, વીજળીનું પડવું વગેરેમાં પ્રવાસ શરુ કરવો નહિ. માંગલિક કાર્યોને અધુરા છોડી પુર્ણાહુતિ પહેલા પ્રયાણ કરવું નહિ કારણ કે તે અશુભ ગણાય છે. આપણામાં શ્રી સત્યનારાયણની પુજામાં પ્રસાદ લીધા પછી જ જવાના રિવાજ આ જ કારણસર છે, પુજાવિધિમાં એક પૂજા પૂરી થયા પછી જ લોકો ઉઠે છે. વિગેરે, પ્રયાણમાં શુભલગ્ન હોય તો કુશળતા, શુભતિથિ હોય તો કાર્યસિધ્ધિ, શુભ મુહુર્ત હોય તો લાભ, શુભનક્ષત્ર હોય તો સારૂં આરોગ્ય, શુભ ચંદ્ર હોય તો સુખસંપત્તિ અને શુભવાર હોય તો લક્ષ્મી મળે છે. યાત્રામાં સ્વલગ્નનો ત્યાગ કરવો.

સ્વરોદયશાસ્ત્રમાં ડાબી નાસિકામાં પવન ચાલતો હોય તેને ઇડા (ચંદ્ર) નાડી,

જમણી નાસિકામાં પવન ચાલતો હોય તો પિંગલા (સૂર્ય) નાડી તથા બંને નાસિકામાં હોય તો સુષુમ્ણા (શિવ) નાડી કહે છે. ચંદ્રનાડી કરેક કાર્યમાં શુભ છે. સુષુમ્ણા નાડી અધ્યયન, ધર્મધ્યાન વિગેરેમાં શુભ છે. ચંદ્રનાડી દૂરદેશાવર જવાં તથા સૂર્યનાડી નજીકમાં જવા ફળદાયક છે. સૂર્યનાડી વિદ્યા, સંગીત, ધ્યાન, ભોજશોખ, મંત્ર-તંત્ર, સાધના, વાહનો, સરકારી કામ, પૈસાનું કામકાજ વગેરેમાં શુભ છે. સવારમ ઊંઘમાંથી ઉઠતાં કે ઘરમાંથી બહાર નીકળતા જે નાડીમાં શ્વાસ ચાલતા હોય તે બાજુનો પગ પ્રથમ ધરતી પર મૂકવો હિતાવહ છે. બંને નાડીમાં ગમે તે પગ મૂકી શકાય. આમ કરવાથી કાર્યસિદ્ધિ થાય છે. કોઇપણ કાર્યની શરૂઆતમાં ચંદ્રનાડી વહેતી હોય તો તત્કાળ કાર્યસિદ્ધિ મળે છે. ગૃહપ્રવેશમાં વાસ્તુશાસ્ત્ર પ્રમાણે માગશર, પોષ, ફાગણ, વૈશાખ તથા શ્રાવણ માસ ઉત્તમ માસ છે. આ માટે શુભતિથિ (બીજ, છઠ, આઠમ, નોમ તથા ચૌદશ સિવાયની) તથા શુભવાર (મંગળ, શનિ સિવાયના) ઉત્તમ છે. શુભ-યોગમાં મંગળ-શનિ લઇ શકાય. ગૃહપ્રવેશમાં નવનો ત્યાગ કરવો. નવમી તિથિ, નવમું નક્ષત્ર વિગેરે ત્યજવું. ઘરધણીના નામના જેટલા અક્ષરવાળું ઘરનું નામ અશુભ છે.

વિજયમુહુર્ત-વિજયયોગ એ મધ્યાહ્ન પહેલાની અને પછીની એક એક ઘડીનો સમય છે. જેમાં કરેક કાર્ય સિધ્ધ થાય છે. (બપોરે ૧૨=૩૯) એ જ પ્રમાણે સંધ્યા પ્રારંભમાં ગોધુલિક સમય (સાંજના સાડા છ) સર્વકાર્ય માટે શ્રેષ્ઠ ગણાય છે. ગોધુલિક સમયે વિવાહ-લગ્ન ઉત્તમ ગણાય છે. બુધ-ગુરુ-શુક્રવારે પ્રથમવાર નવું વસ્ત્ર ધારણ કરવું શુભ છે. સોમ કે ગુરુવારે પ્રથમવાર નવાં વાસણ વાપરવા શુભ છે. સામી કે જમણી બાજુ કોઇની છીંક આવે તે અશુભ છે.

બધા જ શુભ કાર્યો પુષ્ય નક્ષત્રમાં કરવા સારાં છે. સર્વયોગોમાં રવિયોગ બળવાળો શુભ છે. અમૃતસિદ્ધિ યોગમાં કાર્યસિદ્ધિ થાય છે. યમઘંટ યોગમાં ખરાબ પરિણામો મળે છે, 'પંચકમાં સારૂં કાર્ય ના કરવું'.

ભગવાન મહાવીર દિવાળીના દિવસે નિર્વાણ પામેલા. આ વીર નિર્વાણ પછી ૪૭૦ વર્ષે વિક્રમ સંવત શરુ થયો. પછી ૧૩૫ વર્ષ પાંચ માસે શક સંવત પ્રવર્ત્યો. આમ સામાન્ય પ્રવૃત્તિમાં વિક્રમ સંવત અને લૌકિક જ્યોતિષશાસ્ત્રમાં શક સંવતથી ગણના ચાલે છે. પણ આમાં વિગતે જતા નથી.

શ્રી રત્નશેખરસુરીજી (૧૩૭૨-૧૪૨૮) એ આ મહાગ્રંથ મુનિઓ માટે લખેલ,

(અનુસંધાન ટાઇટલ ૩ ઉપર)

ચંદનની કહાણી

—પૂ. આ. શ્રી વિ. કનકચંદ્ર સૂ. મ.

ધન સંપત્તિનો લોભ જ્યારે માનવમનમાં ઘર કરી જાય છે, ત્યારે માનવીય બધા સદ્‌ગુણો નાશ પામે છે. આથી ઘણીવાર તે અક્ષમ્ય અપરાધ કરી બેસે છે. આ વાત સાબિત કરવા માટે નીચેની વાર્તા ઘણી ઉપયોગી પૂરવાર થાય છે.

એક રાજા હતો. પ્રજાજનો માટે તેના મનમાં ભારોભાર પ્રીતી ઉભરાતી. આથી પ્રજાજનો પણ રાજા ઉપર પોતાના અંતઃકરણનો સ્નેહ ઠલવાતા. રાજા અને નગરશેઠ વચ્ચે ગાઢ દોસ્તી હતી. એક બીજા ને એક પણ દિવસ ના મળે, તો બેચેન બની જતા. ભોજન વખતે તથા વાર્તાલાપ કરવા માટે રાજા નગરશેઠને અચૂક બોલાવતાં જ. ટુંકમાં કહેવાનું તાત્પર્ય એ છે કે બંને વચ્ચે ગાઢ મિત્રતા હતી.

નગરશેઠના પુત્રો મલય દેશમાં રહીને વેપાર વણજ કરતા. પુત્રોનો ખૂબ આગ્રહ હોવાર્થ નગરશેઠ પુત્રોને મળવા એકવાર મલય દેશ ગયા. ત્યાં ચંદન ખૂબ સસ્તું મળતું હતું. નગરશેઠનું મન વેપારીનું હતું. આથી તેમણે વિચાર્યું કે, આ ચંદન આપણા વતનમાં લઇ જઇએ, ઘણા સારા દામે વેચી શકાશે ! માણસ જ્યારે લોભમાં ફસાય છે ત્યારે તેની વિવેક રૂપી આંખ બીડાઇ જાય છે. શેઠજીએ પોતાની ગુંજાયશ કરતાં વધુ પ્રમાણમાં ચંદન ખરીદ્યું અને વતન પાછા ફર્યા. શેઠજીના બધા ગોદામો ચંદનથી ભરાઈ ગયા, દાખી મૂડી શેઠે ચંદનની ખરીદીમાં રોકી દીધી.

સમય વીતવા માંડયો. ગોદામો ચંદનથી ભરેલા જ હતા એટલા મોટા પ્રમાણમાં ચંદનની ખરીદી કોણ કરે ? આ વિચાર શેઠજીએ પહેલાં કર્યો ન હતો, આથી તેમના મનમાં જાતજાતના તરંગો ઉઠતા કે, આ ચંદનનું હવે શું કરવું ? નગરશેઠમાં રહેલી સાત્વિક વૃત્તિઓ એક દહાડો દેશવટો લઇ ગઇ. ચેન કેન પ્રકરેણ ચંદન વેચવું જ, તેવા વિચારો તેમના મનમાં રમવા માંડયા. અચાનક તેમના મનમાં એક સ્મૃતિ ઉપસી આવી કે ભૂતપૂર્વ રાજા સ્વર્ગવાસ પામ્યા, ત્યારે રાજા ખૂબ લોકપ્રિય હોવાથી લોકોએ તેમની ચિતામાં ચંદન નાંખ્યું હતું. ચંદનના નાનકડા ટુકડાની પણ ભારે ખૂબ ઊંચી કિંમત ઉપજેલી. એજ રીતે જો વર્તમાન રાજા મરી જાય, તો મારા ચંદનની ખૂબ-ખૂબ ખપત થાય અને મને ઘણી સારી આવક થાય !

આ વાત સમજવા જેવી છે, ઊંડાણથી વિચારવા જેવી છે. ધનના લોભમાં શેઠના મનમાં કેવો હલકટ પ્રકારનો વિચાર આવ્યો ! જે રાજા માટે તેમના હૃદયમાં

ભારોભાર સ્નેહ અને સદ્‌ભાવ ઉભરાતા હતા, તે સાવ અદૃશ્ય થઇ ગયા. આથી શેઠનો વ્યવહાર ફરી ગયો. તેમનું મન ચિંતિત રહેવા લાગ્યું. રાજસભામાં જતા કે રાજાને બીજી કોઇપણ જગ્યાએ મળતા, તો તેમનું મોં બદલાઇ જતું. અભાવ અને રૂક્ષતાની લાગણી આવતી. આ વસ્તુ રાજાને ગમતી નહિ. ઊંડે ઊંડે રાજાને મનમાં થતું કે, માન ન માન, પણ શેઠમાં કંઇક ફેરફાર જરૂર થઇ ગયો છે.

માણસના મનમાં જે વિચારો ચાલતા હોય છે, તેનું એક બીજી રીતે પ્રતિબિંબ તેના મોં ઉપર પડે જ છે. તેના આંખ, તેના વર્તન, તેના હાવભાવ સાવ બદલાઇ જાય છે. નગરશેઠની બાબતમાં આમ બનવા પામ્યું. આથી નગરશેઠ પ્રત્યે રાજાને પણ અભાવ આવવા લાગ્યો. માણસના મનના વિચારો વીજળીના તાર જેવું કામ કરે છે. વીજળીના તાર એક જગ્યાએથી બીજી જગ્યાએ સંદેશ લઇ જાય છે, એજ રીતે વિચારો રૂપી તાર દ્વારા આ વાત રાજાના દિલ સુધી પહોંચી. આથી રાજાએ મંત્રી દ્વારા નગરશેઠને સંદેશો કહેવડાવ્યો કે, ખાસ કામ વગર મળવાનો પ્રયત્ન કરતા નહિ

મંત્રી ભારે બુદ્ધિશાળી હતા. તેમણે વિચાર્યું કે, આમ કેમ થયું ? એક જ થાળીમાં બંને જણ જમતા ! એક–બીજા વગર જીવી ન શકે, એવા દિલોજાન દોસ્તની બાબતમાં આ શું બની ગયું ? આમાં નક્કી કાંઇક ઊંડું રહસ્ય છે.

આ વાતનો તાગ કાઢવા માટે મંત્રી નગરશેઠને ત્યાં એક દિવસ જઇ પહોંચ્યા. શેઠજી ખિન્ન મનોદશામાં લમણે હાથ ટેકવીને વિચાર સાગરમાં ડુબી ગયા હતા. તેમના દિલ અને દિમાગમાં ચંદનનું ભૂત સવાર થઇને બેઠું હતું. મંત્રી આવ્યા એટલે શિષ્ટાચારની રીતે નગરશેઠે તેમનું સ્વાગત કર્યું. આડી–અવળી વાતો થઈ. વાતમાં ને વાતમાં આસ્તેથી મંત્રીએ પૂછ્યું : શેઠસાહેબ આજકાલ આપ આટલા ઉદાસ કેમ રહો છો ? તેનું શું કારણ છે ?

નગરશેઠે વાત ઉડાવતા કહ્યું : ના એવી કોઇ ખાસ બાબત નથી.

મંત્રીએ કહ્યું : શેઠસાહેબ ! કોઇને કોઇ વાત જરૂર તમારા મનને મુંઝવી રહી છે. જરા પણ સંકોચ રાખ્યા વગર કહો. હું યથાશક્તિ આપની મુશ્કેલી દૂર કરવા માટે મદદ કરીશ. વાત તદ્દન અાનગી જ રહેશે.

મંત્રીએ ખૂબ આગ્રહ કર્યો, એટલે નગરશેઠે ચંદનની વિચાર વિનાની ખરીદીમાં પોતાની મૂડી ફસાઇ ગયાની વાત કરી :

મંત્રીએ પુછ્યું, શેઠજી ! ચંદન બચાવવા માટે કોઇ રસ્તો વિચાર્યો છે ખરો ?

નગરશેઠ કહે : મંત્રીશ્વર ! શું વાત કરું ? મારું તો મગજ જ કામ કરતું અટકી પડ્યું છે. મને એક વાતનું સ્મરણ જરૂરથી થાય છે કે ભૂતપૂર્વ મહારાજા સ્વર્ગવાસી થયા હતા. ત્યારે ખૂબ ચંદન વેચાયું હતું. તેના ભાવ આસમાને ચડેલા. એ સમયે ચંદનના વેપારીઓને ભારે તડકો પડેલો.

નગરશેઠના આ શબ્દો સાંભળતા જ ચતુર અને વિચક્ષણ મંત્રી સમજી ગયા કે, શેઠના મનમાં ખુબ હલકા વિચારો ઘર કરી બેઠા છે. આ વિચારોનું પ્રતિબિંબ જ નગરશેઠના વર્તનમાં પડી રહ્યું છે. આ જ કારણથી રાજાએ નગરશેઠને બનતા સુધી મળવા માટેની મનાઇ ફરમાવી છે. ધન લોલુપતાએ શેઠના મને બરાબ વિચારોને આવકાર આપ્યો છે.

સામાન્ય કક્ષાના લોકો વિદ્વનસંતોષી હોય છે. જરાય તક આવતા બીજાને કેમ નુકશાન પહોંચાડવું, તેની યોજના ઘડવા માંડે છે. જ્યારે મંત્રીશ્રી અસાધારણ વિચારશક્તિવાળા માનવી હતા. તેઓ વસ્તુના અતલ ઊંડાણ સુધી પહોંચીને સાચી પરિસ્થિતિ માપવ માગવા હતા. તેમણે જો ધાર્યું હોત. તો નગરશેઠને મહા ભયંકર શિક્ષા કરાવી શકત. પરંતુ તેમણે અનુકંપાથી આખીયે પરિસ્થિતિ પર વિચાર કર્યો. આમાં નગરશેઠનો દોષ ન હતો. નંગરશેઠ સારા હતા. પરંતુ નગરશેઠમાં ધન લોલુપતા ભરાઇ હતી, તેના લીધે આ પ્રમાણે થયું હતું. આ ધનલોલુપતા સંતોષાઇ જાય તો ફરી પાછી રાજા અને નગરશેઠની ગાઢ મિત્રતા બંધાઇ ગયા વિના ન રહે.

મંત્રીશ્વરનું દિલ કેટલું બધું ભવ્ય છે ! સાધારણ વ્યક્તિ પોતાના તરફનું મીઠું મરચું ભભરાવીને અહીંની વાત ત્યાં, તથા ત્યાંની વાત અહીં કરે છે, મનમેળ હોય તેવી વ્યક્તિઓમાં વિક્ષેપ પડાવે છે. આ પાપ છે.

જીવનમાં પૂલ બનવાનો પ્રયત્ન કરો. દિલને જુદી પાડતી દિવાલ જેવા ન બનો. ભાંગેલા દિલોને જોડવાનું કામ કરો. તેવા દિલનો ભૂક્કો ન કરી નાંખો.

મંત્રીશ્વરે પુલ બનાવાનો મક્કમ નિશ્ચય કર્યો. તેમણે વિચાર્યું કે સાનુકુળ પરિસ્થિતિ મળતાં જ હું આ બે વિખુટા પડેલા દિલોને જોડવાનું કામ કરીશ. ઉનાળો આવ્યો. સખત ગરમી પડવાની શરૂઆત થઇ. રાજા જ્યાં ફરે, ફરે કે બેસે ત્યાં ઠાસ-ઠાસીઓ વીંઝણા ઢાળતા, પરંતુ આથી ગરમી ઓછી થતી ન હતી. રાજસેવકો રાજાના શરીર પર ચંદનનો લેપ કરતા, આમ છતાં પણ રાજાના દિલને શાંતિ મળતી ન હતી. આથી મંત્રીજીએ કહ્યું : 'રાજન્ ! પંખા અને આ ઉપાયો કાયમ માટે ગરમી દૂર થાય તેવો ઉપાય શા માટે ન શોધીએ ?' (ક્રમશઃ)

"सत्य की विजय"

આજ ધરા પર યુદ્ધ છિડા હૈ, સબ વીર અનુયાયી એક હો જાઓ ।
યહ લડાઇ અસ્ત્ર–શસ્ત્ર સે નહીં, યહ સત્ય કી અંગડાઇ હૈ ॥
આવ્હાન હૈ ! નૌજવાનો કો, નૌજવાનોં બઢકર આગે આઓ ।
સત્ય જાનકર સત્ય બચાઓ, ચુકોં કા પર્દાફાશ કરોં ॥
યદિ સત્ય જાનના હો તો, સદિયોં કા રેકાર્ડ હમારે પાસ ।
દેખ લો ખુલી આંખ સે, નહીં તો હો જાવેગા સત્ય પર ઘાત ॥
જરા ઇતિહાસ ઉઠાકર દેખોં, મનગઢંત ભાષા સે ન બરગલાઓ ।
ધર્મ કિસી કી ધરોવર નહીં હૈ, ધર્મ આત્મા કી જાન હૈ ॥
સબ મુનિરાજોં કો વંદન હો હમારા, નહીં કિસી સે ઇર્ષ્યા ન દ્વેષ ।
સત્ય સમઝાઓ–માર્ગ દિખાઓં, સત્ય પ્રમાણ સે બતલાઓં ॥
કયા હડપના કિસી પરાઇ ચીજ કો, યહ ભી એક ષડયંત્ર હૈ ।
લિખિત પ્રમાણ દેખ લો સબજન, આનંદજી કલ્યાણજી પેઢી પર ॥
રાજનીતિ ઔર કુટનીતિ સે, ધર્મ કભી નહીં બના મહાન ।
ધર્મ કી આડ લેકર, કૈસા ઘોલા વિષ માનવને માનવ મેં આજ ॥
આજ સત્ય પર આંચ આઇ તો, હમ પિછે કભી નહીં હટેંગે ।
સત્ય બાત કો સન્મુખ રખકર, સત્ય પર હમ મર મિટેંગે ॥

—વિજય કકરેચા 'ચિંતક'

*

* નવો મળેલો સહકાર *

૬૦૦૦] શાહ ગુલાબચંદ મુલચંદ (આજીવન સભ્ય) લંડન યુ. કે.
૫૦૦] વડોદરાથી વિમલગીરી છ'રી પાલીત સંઘ વડોદરા

પૂ. મુનિશ્રી મોક્ષરતિ વિ.મ. તથા પૂ. મુનિશ્રી તત્વદર્શન વિ.મ.ની પ્રેરણાથી ખુશી ભેટ.

શાસન સમાચાર

'રૂપે ટ્રેન દ્વારા સુંબઇથી સિધ્ધાચલગિરિ' શ્રી વિમલગિરિ, શ્રી હસ્તગિરિ

ફા. સુદિ ૧૨ સોમવારના સાંજના તળેટીમાં 'ભવ્યાતિભવ્ય મહાપૂજનો લાભ તથા ગિરિરાજ ઉપર દાદાના ગળામાં સુંદર મજાનો સોનાનો કંઠો તેમજ છ ગાઉની પ્રદક્ષિણા કાઢી-પાલમાં પધારતાં દરેકની સાધર્મિક ભક્તિ. પાલનો તમામ લાભ શ્રીમતી નયનબાલા બાબુભાઇ જરીવાલા પરિવાર શ્રી કલ્યાણભાઇની ઉદારતાની હજારો પુન્યશાળીઓ ઠરી ભૂરી અનુમોદના કરતા ગયા.

'સુવર્ણમયદિન' ફા. સુદિ ૧૩ મંગળવાર ૧૦ મી માર્ચ તીર્થ અને તિથિ આરાધવાનો સોનેરી દિન છ ગાઉની યાત્રાનો દિન જે ઇતિહાસના પાને સુવર્ણાક્ષરે લખાઇ ગયો.

શ્રી સિદ્ધગિરિરાજની યાત્રા જતાં હજારો પુન્યશાળીઓએ સમય કાઢી, પૈસા ખર્ચી જ્યારે સિદ્ધગિરિરાજની યાત્રા કરવા એજ ભાવથી આવ્યા હતા કે, તીર્થ અને તિથિની સાચી આરાધના જીવનમાં થયા કરે. હે જીવ સાચી આરાધના કરવાથી તારો અનંતકાલીન સંસાર યાત્રાનો એ યાત્રા દ્વારા અંત આવી જાય. તરવા માટે તીર્થ જાય તે સાચા યાત્રી કહેવાય અને ફરવા ફરવા માટે જાય તે પ્રવાસી કહેવાય. તીર્થ અને તિથિની આરાધનામાં જેટલી તારવાની તાકાત છે. તીર્થ અને તિથિની વિરાધનમાં તેટલી જ ડુબાડવાની તાકાત છે.

આ દિવસે પ્રદક્ષિણામાં ચંદન તળાવડી, ભાડવાનો ડુંગર અને સિધ્ધવડની જે સ્પર્શના કરવાની હોય છે તેમાં ભાડવાના ડુંગરની સ્પર્શનાનું પણ એક વિશિષ્ટ મહત્વ છે. કારણ :-ફા. સુદિ ૧૩ ના દિવસે ભાંડવાના ડુંગર ઉપરથી શાંબ અને પ્રદ્યુમ્ન ટા. કરોડ મુનિઓ સાથે ઉત્કૃષ્ટ સાધના કરીને મોક્ષે ગયા. શાંબ અને પ્રદ્યુમ્ન એ કૃષ્ણ-વાસુદેવના પુત્રો ભાંડુઓ હોવાથી એ વિભાગનું નામ ભાંડવાનો ડુંગર પડયું. તેથી આ દિવસે હજારો-લાખોની સંખ્યામાં પુન્યશાળીઓ પોતાના આત્મા પર રહેલા કર્મોને બાળી નિર્મલ થવા આવે છે. એટલે આ સ્પર્શના માટે તીર્થ અને તિથિ બનેય જાળવવાના છે, જેમ તીર્થનું સ્થળ બદલી ન શકાય તેમ સાચી તિથિ પણ બદલી ન જ શકાય

તીર્થ અને તિથિની આરાધના કરવા માટે મહામય (મોહમય) નગરીના પુન્યશાળીઓની જોરદાર આવવાની ઉત્કંઠા થવાથી કાર્યકર્તા ભાઇઓએ ભારે પ્રયત્નો કરી તન–મન–ધન દ્વારા જેટલી સગવડતા મળે તે માટે બધા પ્રયત્નો કર્યા હતા. તે માટે મુંબઇથી ૧, ૨, ૩–ત્રણ ત્રણ રૂપે. ટ્રેનોનું સુંદર આયોજન કરાયું હતું. જેનું નામ સિધ્ધગિરિ–હસ્તગિરિ–વિમલગિરિ રખાયું હતું. હજારો યાત્રિકોને પડોદરા–અમદાવાદથી રૂપે. બસો દ્વારા કલીકુંડ તીર્થ ને હસ્તગિરિ તીર્થની જાત્રા કરવી હતી. ને સાંજે સિધ્ધગિરિરાજની ગોદમાં પ્રવેશ થયો હતો.

ફા. સુદ ૧૨ ને સોમવાર સવારે પૂજ્યો સાથે વાજતે ગાજતે જય તલાટીના દર્શનાર્થે પધાર્યા. પછી બપોરે ૨–૩૦ થી ૫ ક. સુધી સૌધર્મ નિવાસમાં રામનગરી વિશાળ મંડપમાં હજારો પુન્યશાળીઓને ૩-૩ આચાર્ય ભગવંતોએ તીર્થ અને તિથિનું સચોટ માર્ગદર્શન આપ્યું હતું. તેમાં ફા. સુદ ૧૩ના દિવસે સવારે તળેટીમાં પ્રથમ અષ્ટપ્રકારી પૂજા તથા અન્ય ચઢાવવા બોલાતા તેની સારી ઉછામણીઓ થઇ હતી.

ફા. સુદ ૧૨ ના રોજ સાંજના સમયે તળેટીએ ભવ્યાતિભવ્ય મહાપૂજાનું આયોજન કરાવ્યું હતું. તળેટી ઉપર સોનાના વરખ, સેંકડો ફુલોની સજાવટ–સેંકડો દિવાઓ, વાંજિત્રોથી તીર્થ દેવવિમાન જેવું લાગતું હતું" જેનો સઘળોય લાભ મુળઇ નિવાસી શ્રી નયનબાળા બાબુભાઇ જરીવાલા કલ્યાણભાઇની ઉદારતાની હજારો ભાવિકોએ ભૂરી ભૂરી અનુમોદના કરી.

ફા. સુદ ૧૩ મંગળવાર એટલે સોનાનો દિવસ જેની રાહ જોતા હતા તે પરમ પવિત્ર દિવસે સવારે શત્રુંજય દર્શનથી શ્રી સંઘ વાજતે ગાજતે ગિરિરાજનું જયનાદ કરતા જય જય શ્રી આદિનાથના નારાઓ લગાવતા ભાગ્યશાળીઓ તળેટી પધાર્યા ત્યાં સામુદાયિક પૂજા, ચૈત્યવંદન સુંદર રીતે થયું હતું. ત્યાં શ્રી સંઘ સાથે ભાવિકો છ ગાઉની યાત્રામાં જોડાયા. જેમાં નાની વયના બાળકો ૩ થી ૬ વર્ષની ઉંમરના જેવા કે ભવ્ય–દિવ્ય વસ્તુપાલ–તેજપાળ ત્રિભુવનકુમાર મયણા નિરાગી, રૂષભ વીરા જેવા બાળકોએ ઉલ્લાસ પૂર્વક જાત્રા કરી હતી તેમાં લગભગ ૮૦ વર્ષના વયોવૃદ્ધ દાદાને ધોમ ધખતા તાપમાં ખુલ્લા પગે ચાલતા જોઇને ૩ થી ૪ યુવાનોએ દાદાને પૂછ્યું : દાદા તમે ખુલ્લા પગે આવા તાપમાં ચાલો છો તો લો આ મારા ચંપલ પહેરો. ત્યારે આ દાદા વયમાં વૃધ્ધ પણ મનનો સાચા વીરના સેવક હતા.

તેમણે કહ્યું કે હે પુન્યશાળી જુવો સાંભળો મારી પાસે કરોડો રૂપિયા છે. પણ અહીંયા તીર્થ અને તિથિનો સાચો માર્ગદર્શન પામ્યા પછી આજ્ઞા મુજબ ચાલવું

સારૂં છે. કારણ કે ગયા વર્ષે મારે આવવું હતું પણ કોઇ કર્મના ઉદયે ન આવી શકયો. તેથી નિર્ણય કર્યો કે આવતી તેરસે તો દાદાને જરૂર ભેટીને છ ગાઉની જાત્રા વિધિ પૂર્વક કરવી જેથી અહીંયા મરણ થાય તો સમાધિ મરણ પામું. અને અહીંયાથી મહાવિદેહમાં જઇ ૮ વર્ષે દીક્ષા લઇ કર્મ ખપાવી–કેવળ પામી જલ્દી મોક્ષે પહોંચી જઇએ તેથી જ આવવાનું મન થાય છે આપણે બધા પણ આ જ ભાવથી અહીંયા આવ્યા છીએ. આ સાંભળીને યુવાનોની આંખમાં હર્ષના આંસુઓ આવી ગયા અને માફી માગી અને તેમણે પણ પગમાંથી ચંપલો ફેંકી દઇ તાપમાં ખુલ્લા પગે હસતાં હસતાં ચાલવા લાગ્યા, બળે છે તે મારૂ નથી. મારૂ બળતું નથી (શરીર આત્મા) આવા ભાવથી નીચે ઉતરવા લાગ્યા. નીચે ઉતરતા દરેક પૂ. આત્માઓને કાર્યકર્તાઓ દૂધથી પગ ધોઇ–ચાંદલો કરી. બાદલું છાંટી ગુલાબજલ વડે ઠંડક કરતા હતા. અને પછી બધા ભાગ્યશાળીઓ પાલમાં પધારતા.

બધા પાલનો લાભ પણ કલ્યાણભાઇ જરીવાલાએ લીધેલ. અને દરેક પુન્યશાળીઓની સારામાં સારી ભક્તિ કરાઇ હતી. બેસાડીને સુંદર વ્યવસ્થા કરાઇ હતી. લગભગ ૩૯–૩૮ હજાર ભાગ્યશાળીઓ પધાર્યા હશે. નીચે ઉતરતા દરેકને ૨૭–૨૭ રૂપિયા આપી ભક્તિ કરાઇ હતી. લોકોની યાત્રા શ્રદ્ધા સમજણ પૂર્વક હોવાથી જેને કારણે દહીં વેચનારાઓના દહીં પડયા રહ્યા હતા. તેઓ પણ કહેતા કે આ તો રામ ભક્તો લાગે છે આજે વકરો નથી તો કાલે થશે. એવી આશા સાથે બેઠા હતા. જેણે પ્રસંગ નિહાળ્યો–માણ્યો તે તો ખૂબ જ આનંદીત થઇ ગયા પણ ન આવ્યા તે લોકો પસ્તાવા લાગ્યા આપણે રહી ગયા.

પ્રભુ ! દૂર કરો અંધારું —પૂ. મુ. શ્રી મોક્ષરતિવિજયજી મ.

હે પ્રભુ ! 'તું પ્રભુ ! મારો' એમ બોલીને ક્ષણ એકમાં જ તને વીસરી જનારો હું ક્યાં ? અને 'હું પ્રભુ તારો' એમ બોલ્યા વગર ક્ષણ એક પણ મુજને નહીં વીસરનારો તું ક્યાં ? આપણા બેઉનો મેળ શી રીતે પડશે, પ્રભુ ?

હે પ્રભુ ! ,તારા હૃદયમાં હું વસું છું.' એવી કલ્પના તો હું સ્વપ્નમાં પણ નથી કરી શકતો, પણ, 'મારા હૃદયમાં તું વસે છે' એવું મારું સ્વપ્ન જે ક્ષણે સાકાર થશે તે ક્ષણે દુનિયા આખીનું રાજ મળ્યું હોય એવી ખુશી હું અનુભવીશ...

❋ કામદેવ રાજાની કથાનો ગુજરાતી અનુવાદ ❋

(ગતાંકથી ચાલુ)

રાજર્ષિને રોગ વગરના કર્યા હવે સારી રીતે આલોચના કરીને પ્રાયશ્ચિત્ત કરીને પોતાની શુદ્ધિ કરીને બધા જ્ઞાનની યોગોદ્વહન વડે આરાધીને મુક્તિ સુખને ભાજનારો થયો.

કોઈ એક બ્રાહ્મણ દુકાળના ભાવથી બીજા દેશમાં ગયો વિદ્યાના બલથી આકાશમા ભણ્ડિકની સાથે હનુમને જતાં જોઇને તેની સેવા વડે તે વિદ્યાને મેળવીને પ્રતિષ્ઠા અને લક્ષ્મી મેળવી સુકાળમાં પોતાના દેશમાં ગયો ત્યાં લોકો વડે પૂછાયું. તારો ગુરૂ કોણ છે પણ તે ગુરૂ નીચની શરમ વડે મારા મોટા ગુરૂ છે તેવું બોલવાથી ત્યાં જ બધી વિદ્યા નાશ થઇ ગઇ. ધોવાયેલી પોતડીવાળો આકાશમાંથી નીચે પડયો.

વ્યંજન એટલે સિધ્ધાંત તેનો ભેદ, મીડું માત્રા, આદિ વડે ફેરફાર અથવા બંનેના આ ભેદ સમજવા ઓછું વધારે કરીને તેમજ તેનો અર્થ અલગ કરે તે બોલતા તેની આશાતના ઉપર ચાર મિત્રોની કથા :-

વસંતપુરમાં જિતારી રાજાની ચાર રાણીના ક્રમથી ચાર પુત્રો હતાં. રુદ્ર, મેઘ, ધીર, વીર, તેઓના નામ હતા. તેઓ જન્મ સ્નેહથી પરસ્પર ઉચિત રમત રમતા હતા પણ રૂદ્ર જ્યારે બોલતો હતો ત્યારે તેની જીભ અટકતી હતી. મેઘ બોલે તો જે બોલતો તેનાથી બીજું જ કાંઇ બોલતો હતો. ધીરની વાણી અસ્પષ્ટ હોવાથી બીજા વડે સમજાતી નથી. વીર તો મૂંગો હતો તે કાંઇ બોલતો જ નહિ.

એકવાર તે ચારેય સોળ વર્ષની યુવાનીમાં પામ્યા ત્યારે સાધુને વ્યસનમાં લીન જોઇને વિતર્ક કરતા સાધુ વડે પૂછાયું–હે બેટા તમે ક્યાંથી આવો છો રૂદ્રે કહ્યું એમાં શું પુછો છો અમે નગરમાંથી આવ્યા છીએ. સાધુએ કહ્યું હું તે નથી પૂછતો તમે કયા ભવમાંથી આવ્યા છીએ એ પૂછું છું રૂદ્ર બોલ્યો :-

રે પાખંડી તું આમ વાંકી વાણી કેમ બોલે છે. શું કોઇપણ પૂર્વભવ થોડો જાણે છે.

મુનિ બોલ્યા : કોઈ કોઇ જાણે છે જો તને કૌતુક હોયતો સાંભળ તું કુતરાના ભવમાંથી અહિં આવ્યો છે. એ પ્રમાણે જ્યાં સાંભળ્યું ત્યાં તો ગુસ્સાથી કોશ ને ખડગ ઉપાડીને રે રે સંબંધ વગરનું તું શું બોલે છે. તું જો અમે તને શું કરીએ છીએ તે પ્રમાણે બોલીને જ્યાં તેને મારવા માટે દોડે છે ત્યાં તેમના તપના પ્રભાવથી

તે લોકો સ્તંભિત થઇ ગયા અને ગરીબ જેવા મોઢાવાળા બોલ્યા-ઋષિએ સાચું કહ્યું છે. સાધુએ કહ્યું–વિશ્વાસથી જુઓ પહેલા અહિના નગરમાં સમ્યકદૃષ્ટિવાળો જૈન અગ્નિ શર્મા બ્રાહ્મણ હતો તેને ચાર પુત્રો હતા. પૂર્ણ પદ્મ, પંચ્ચાનન અને ભીમ આર્યવેદો જાણીને નવતત્વ આદિ વિચારરૂપ ગ્રંથો ભણ્યા વિચારને જાણનારા થયા. એકવાર પિતાએ પુત્રોને કુટુંબનો ભાર સોંપીને દીક્ષા લીધી. તપથી અવધિજ્ઞાન મેળવ્યું તેના પુત્રો જ્યાં ચર્ચામાં બેસે ત્યારે બુધ્ધિના અભિમાન પૂર્વક સૂત્રના ભેદ કહે છે.

જ્યારે ધમ્મો મંગલ મુક્કિટ્ઠમ એ પ્રમાણે પુણ્ણ કલ્લાણ મુક્કિટ્ઠં પદ્મ અર્થોના ભેદને કહે છે. ધમ્મો મંગલ મુક્કિટ્ઠં ધર્મ ધાતુ આથી સોનું ઉત્કૃષ્ટ મંગલ છે. તેનાથી બધું મેળવાય છે. પંચ્ચાનન તેના બંનેનો શબ્દ અને અર્થોના ભેદ કરે છે. ધર્મ મંગલ ઉત્કૃષ્ટ ધર્મધાતુ મંગલ ગ્રહની જેમ મધ્યાધિમરથી ફુરતાવાળી લક્ષ્મી ઉત્કૃષ્ટ છે. ભીમ સિધ્ધાંતથી વિપરીત વ્યાખ્યા કરે છે. ધર્મની નિંદા કરે છે. ત્યારે ધર્મ ઉત્કૃષ્ટ મંગલને શાંત રસ કાંઇ કરી શકતો નથી ત્યારે પાપને ઉત્કૃષ્ટ મંગલ માનો હિંસા, અસત્ય, ચોરી આદિ ભેદ વડે બધા કાર્યો કરી શકતા હોવાથી હવે તે ચીકણા જ્ઞાનાવરણીય કર્મ બાંધતા હતા. તથા ખરાબ માર્ગની દેશના વડે અને સારા માર્ગના નાશ વડે તિર્યંચ ગતિમાં ડુબતા હતા.

એક વખત ઉનાળામાં મધ્યાન સમયે અતિતાપ લાગવા વડે સારભૂત પાત્રને આકર્ષણ કરવા માટે ઘરમાં પ્રવેશ્યાં. આર્તધ્યાન વડે નાશ પામ્યા નગરમાં માતંગ પાટકમાં કુતરા થયા ત્યાં જે દેખે તેની પાછળ કુતરા જતા અને જે લોકો જતાં તેની પાછળ કુતરા દોડતા હતા. કોઇ એક વખત પૂર્વ જન્મના પિતા રસ્તે જતાં જોઇને ત્યાં મોટા અવાજ વડે બોલતા તેની પાછળ દોડતા મારા વડે નામ સહિત બોલાવાયા મને જોતાં જ જાતિસ્મરણ જ્ઞાન થયું અને હવે પોતાનું પાપ સ્મરણવાથી પશ્ચાતાપ થયો. અનસન સાધીને રાજ પરિવારમાં જતા રાજા વડે પૂજાતા મરીને તે જ રાજમાં રાજપુત્રો તરીકે જન્મ્યા. હું તારા સંબંધમાં પૂર્વભવનો પિતા અગ્નિશર્મા છું.

એ પ્રમાણે યતિવચનને કુમારોને પૂર્વના પરિવારના મુખથી સાંભળીને રાજા ત્યાં આવ્યા ત્યારે કૌતુકથી ભેગા થયેલા લોકો વડે મુનિ ઓળખાયા અને વંદાયા.

હવે રાજા વડે આ શું એ પ્રમાણે પૂછે છતે સાધુએ કહ્યું :– આપના પુત્રો બધા તે પૂર્વ જન્મના આવાસમાં કુટુંબીઓને જોઇને નિશ્ચય ઉત્પન્ન થશે તેથી હવે રાજા વડે લોકથી અગ્નિ શર્માના ઘરને જાણીને પુત્રોને ત્યાં લાવ્યા. પૂર્વભવના કુટુંબી-

એને જોઇને જાતિ ને સ્મરણ કરીને તે કેવી રીતે મનુષ્યભવને હારી ગયા હવે દીક્ષા લઇએ તો પાપથી છુટીએ.

એ પ્રમાણે માતાપિતાના મહા આગ્રહ વડે વિનંતિ કરીને વૈરાગ્યથી શ્રી ગુણાકર સૂરી પાસે આવીને દીક્ષાને ગ્રહણ કરી તેથી જ્ઞાનની કાલાદિ આઠની ઘોર આશાતના ત્યાગીને બધા ગર્વને મૂકીને જ્ઞાનીઓની ગોચરી લાવવા આદિ ભક્તિ આરાધિ વડે ઘણા જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કરીને પંડિત મરણ વડે સર્વાર્થ સિધ્ધિમાં જઇને અહિયા ભરતમાં સાવત્થીમાં સુગ્રીવ રાજાના વૈતારીના પુત્રો થયા હંસ, કંસ, કામ અને કુંતી ઘણા થોડા સમયમાં બધી કલાઓ જે મેળવીને યુવાન વય પામી તેઓ સુખ ક્રિડા કરતા રમતા હતા. અને આ તરફથી કૌશલ્યામાં પ્રતાપ રાજાની ચાર રાણીને ચાર પુત્રી હતી. સોમશ્રી, સત્યશ્રી, ધનશ્રી, ગુણશ્રી નામની છે.

તેઓ એકવાર પ્રેમથી રમતી હતી પોતે પોતાના મનોરથને કહેતી હતી. આ પ્રમાણે પ્રતિજ્ઞા કરી પહેલીએ :– જે પુરૂષ એક પહોરમાં એક સાથે હજાર શ્લોક સંભળાવે તે મારો પતિ થશે. બીજીએ જે એક હજાર શ્લોક એકવાર સાંભળીને સંભળાવે તે મારો પતિ થશે. ત્રીજીએ જે પુરૂષ નવા એક હજાર શ્લોક એક પંદોરમાં કરે તે મારો પતિ થશે. ચોથીએ એક એક શ્લોકના એક હજાર અર્થ કરે તે મારો પતિ થશે.

એ પ્રમાણે બોલ્યા એમના તે વચન પિતાએ સાંભળીને સ્વયંવરમાં ઉત્સવ માટે બધા રાજાઓના રાજકુમારોને બોલાવ્યા અને ત્યારે સુગ્રીવ પણ પોતાના પુત્ર સાથે આવ્યો. હવે સ્વયંવર મંડપમાં રાજા હોકો બેઠે છતે વિમાન આદિમાં બેસીને ત્યાં આવ્યા. કુમારીની એક એક રાજ કરવાનો પોત પોતાની પ્રતિજ્ઞાને પ્રગટ કરી હતી તેથી તેવી પ્રતિજ્ઞાને પૂરણ કરવામાં કોઇ શક્તિમાન નથી ગરમ થયેલા બધા રાજાઓ સ્થંભિત થઈ ગયા. સુગ્રીવ રાજાના આદેશથી ચાર પુત્રોએ ક્રમથી તે પ્રતિજ્ઞાને પૂર્ણ કરી તેથી બાલાઓએ તેઓના કંઠમાં વરમાળા નાખી જય જયકાર થયો અને ત્યારે તેના ગુણો સાંભળવા વડે રાજાએ પોતાની પ્રત્યેકને બત્રીસ બત્રીસ છોકરીઓ પરણાવી વિવાહ ઉત્સવ સંપન્ન થયો. બધા રાજાઓનું સન્માન થયું. પોતપોતાના સ્થાનમાં ગયા.

હવે દશેરાના મહોત્સવ પછી રાણીઓ સાથે કુમારો સુગ્રીવ રાજા પોતાના નગરમાં જઇને રાજ્યનું પાલન કરે છે. ચારે કુમારો મહાબુધ્ધિ વડે ખ્યાતિ મેળવી હવે દૂર દેશમાં વસતા અનેક રાજાઓ એને રાજકુમારો મહાપંડિત યુક્ત બધા શાસ્ત્રના સંદેહને દૂર કરવા માટે અને જાણવા ત્યાં આવીને રાજ સભામાં રહેલા તેની ઉપાસના કરે છે. આ પ્રમાણે પિતાની કૃપા વડે બધા અનેક સુખને ભોગવતા તેઓને બહુકાળ વીત્યો.

એકવાર પુત્રો આદિ પરિવાર સહિત રાજા વનમાં ગયા ત્યાં કેવલી સાધુ સમવસર્યા હતા. તેમને નમસ્કાર કરીને પૂછ્યું–હે પ્રભુ કયા સુકૃત વડે આ મારા પુત્રો ડાહી બુદ્ધિવાળા થયા. કેવલીએ અગ્નિશર્મા અને તેના પુત્રની પહેલા ભવની બધી વાતો કહી અને ત્રીજા ભવે દીક્ષા લઇને જ્ઞાનની બધી આશાતના ત્યાગવા વડે જ્ઞાનની આરાધનાનો અહંકારના ત્યાગ વડે ભક્તિપાનાદિ સુશ્રુષા વડે આ ફળને મેળવ્યું. એમ સાંભળીને રાજપુત્રોએ એક જ્ઞાનની આરાધનાનું ફળ થયું ત્યારે જ્ઞાનદર્શન ચારિત્રની સંપૂર્ણ આરાધનાથી શાશ્વત સુખોનું છેલ્લું ફળ આસન સહિત ભાવી છે.

ઘણા સંવેગથી માબાપને પૂછીને અંતપુર સહિત પરિવાર આદિનો ત્યાગ કરીને શ્રી કેવલી પાસે દીક્ષા લઇને નિર્મલ ચારિત્રથી કેવલજ્ઞાન મેળવીને સિદ્ધિ પદને પામ્યા અને હવે કામદેવકુમાર કેવલીના મુખે જ્ઞાનાવરણીય કર્મ બંધના હેતુને સાંભળીને લોકો શરમવડે પોતાની અજ્ઞાનનો હેતુને છુપાવતો કેવલીને નમસ્કાર કરીને પોતાના સૈન્ય સાથે ગયો કાલ આદિ પણ વૈરને મૂકીને પોતાના સ્થાને ગયા હવે રાત્રે બધા સૂઇ ગયા બધા લોકોને મૂકીને કામદેવ દેવતાથી સેવાતા કેવલીને પ્રણામ કરીને પોતાના પૂર્વભવની કથા પૂછી હવે ભગવાન ઉજ્જૈયીનીમાં ભીમ ક્ષત્રિય જુગાર રમતા મોટો ચોર થયો અને તેને માતાપિતા વડે જંગલમાં કાઢી મૂકાયો.

ત્યાં રહીને ચોરી વડે જીવન ચલાવતો એકવાર કાશ્મીર દેશથી આવતા જૈન બ્રાહ્મણને હણીને પુસ્તકથી ભરેલ ગાડુ લઇને તેને ખોલ્યું તેમાં શાહી જેવા જુના કપડાથી બાંધેલ પુસ્તકો જોઇને ક્રોધ ઉત્પન્ન થયો પગથી હણીને બધા પુસ્તકો સળગાવી દીધા તે જાણીને ઉજ્જૈયીનીના રાજા વડે મરાયેલો ભીમ રૌદ્રધ્યાનથી ચોથી નરકમાં દશ સાગરોપમનું આયુષ્ય ભોગવીને તાંદુલીયો મત્સ થયો ત્યાંથી અંતમુર્હત જીવીને તે મહા રૌદ્રધ્યાન વડે સાતમી નરકમાં જઇને તેત્રીશ સાગરોપમ ભોગવીને બ્રાહ્મણઘરમાં ભારવાહક બળદ થયો અને તે ત્રણ હજાર વર્ષ ભાર ઉપાડીને તુટેલો ભૂમિ ઉપર પડયો ત્યાં ભિક્ષા માગતો સાધુને જોઇને તે સમયે ભદ્રક ભાવને મૂકીને કૌશામ્બીમાં ભદ્રશેઠના ઘરમાં સોમ નામનો નોકર થયો.

હવે તે શ્રેષ્ઠિની પ્રકૃતિ વડે બાલપણથી પણ બધા પ્રકારના જ્ઞાન–જ્ઞાનીઓની ભક્તિવડે સોમશ્રી નામની કુલવાન પુત્રી સાથે લગ્ન કર્યા અને તે બંને નજીકમાં રહેલા સાધુની સંગતિ વડે દયાથી તત્પર થયેલા નિર્મલ ચિત્ત વડે શ્રેષ્ઠિના ઘરમમાં બધા કામો કરત ઘણો કાળ વિતાવ્યો. (ક્રમશઃ)

યાત્રાસંઘોનું વિશુદ્ધ વિશેષણ કયું ?
છ'રી પાલિત કે ૬'રી' પાલક ?

—શ્રી હિતકાંક્ષી

પ્રશ્ન : ૧. છ'રી' પાલિત સંઘ, ૨. ૬'રી' પાલક સંઘ, ૩. ૬'રી' પાળતો સંઘ.

ઉપરના ત્રણ શબ્દસમૂહોમાંથી વ્યાકરણશાસ્ત્ર દૃષ્ટિએ કયો શબ્દસમૂહ યથાર્થ ગણી શકાય ?

ઉત્તર : ૧. 'છ'રી' પાલિત સંઘ' આ શબ્દપ્રયોગમાં છ'રી' અને 'પાલિત' આ બે અંશોની વિચારણા કરવાની છે.

તેમાં પ્રથમ અંશ છ'રી' અંગે વિચારણા કરતાં એમ લાગે છે કે 'છ' અને 'રી' સાથે વાંચતાં શાક સમારવાની 'છરી'નો ભ્રમ થવાની શક્યતા છે. તેથી આવા પ્રયોગમાં શબ્દને બદલે સંખ્યાંક (આંકડા)નો ઉપયોગ વધુ ઉપાદેય છે. અર્થાત્ છ'રી' નહિ, પણ ૬'રી' લખવું વધુ સારું છે.

બીજા 'પાલિત' અંશની વિચારણા કરતાં 'પાલિત સંઘ' એવો શબ્દ પ્રયોગ વ્યાકરણશાસ્ત્રની દૃષ્ટિએ યોગ્ય જણાતો નથી.

'પાલિત' એ સંસ્કૃત ૧૦ મા ગણના **'पाल'** (**पालयति**) ધાતુનુ કર્મણિ-ભૂતકૃદન્તનું રૂપ છે. તેનો અર્થ 'થી–વડે પળાયેલો–રક્ષાયેલો' એવો થાય છે, જે વધુ અભિપ્રેત નથી.

૨. ૬'રી' પાલક સંઘ અને ૩. ૬'રી' પાળતો સંઘ—આ બને પ્રયોગો શુદ્ધ અને અભિપ્રેત છે. 'પાલક' શબ્દ સંસ્કૃત ભાષાનો છે અને 'પાળતો' શબ્દ ગુજરાતી ભાષાનો છે.

'પાલક' શબ્દમાં કર્તૃવાચક **'अक'** પ્રત્યય હોવાથી તેનો અર્થ 'પાલન કરનાર' એવો થાય છે. —**ડો. અરુણોદય ન. જાની** (વડોદરા)

ભવસમુદ્રથી તારે તેને તીર્થ કહેવાય અને ભવસમુદ્રથી તરવાની ભાવનાવાળો હોય તેને યાત્રિક કહેવાય.

તીર્થયાત્રા દરમિયાન યાત્રિકે પાળવાના આચારો :

૧. હૃદયમાં સમ્યક્ત્વ ધારણ કરવું, ૨. પગ વડે ચાલવું, ૩. એકાસણું કરવું, ૪. સચિત્ત આહારનો ત્યાગ કરવો, ૫. બ્રહ્મચર્ય પાળવું, ૬. સંથારે શયન કરવું.

(જુઓ અનુ. ટાઇટલ ૩ ઉપર)

વંદનીક વંદન ફળ

—પૂ. મુનિરાજ શ્રી રત્નદર્શનવિજયજી મ.

વંદન-નમસ્કાર કરવા યોગ્ય જે હોય તેને વંદનીક કહેવાય. તે વંદનીકોની વ્યાખ્યા અનેકવિધ શાસ્ત્રોમાં વર્ણવાયેલી છે. વંદનીકોની કુલ સંખ્યા પાંચ બતાવાયેલી છે.

આયરિય ઉવજ્ઝાએ પવત્તિ થેરે તહેવ રયણિએ ।
એએસિં કિઇકમ્મં કાયવ્વં નિજ્જરટ્ઠાએ ।।

(અર્થ :—આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્ત્તક, સ્થવિર અને રત્નાધિક ને નિર્જરાને માટે કૃતિકર્મ અર્થાત્ વંદન કરવું જોઇએ.)

વંદનીકો વંદનીય માનવા માટે અને માનેલ ને પ્રત્યે વિશેષ અહોભાવ—પૂજ્યભાવ કેળવવા માટે તેઓનું સ્વરૂપ જાણવું ખૂબ જરૂરી છે.

(૧) આચાર્ય :— જ્ઞાનાચાર આદિ પંચવિધ આચારોમાં નિત્ય ઉદ્યમશીલ રહેનાર અને યોગ્ય જીવોને પ્રતિબોધિ આચારોમાં પ્રવૃત્ત કરાવનાર, પરમાત્માએ પ્રરૂપેલ તત્ત્વો ને જ રંગ—રગમાં વસાવી શુદ્ધદેશના થકી તીર્થંકર સમાન ખ્યાતિ પ્રાપ્ત કરનાર...

(૨) ઉપાધ્યાય :—સમ્યક્ત્વ—જ્ઞાન ચારિત્રથી યુક્ત, સૂત્ર—અર્થ અને તદુભયને જાણનાર, અને અભિલાષીને તેનું દાન કરનાર, સ્વાધ્યાયમાં નિત્ય જાગૃત સાથે કયારેય પણ થકાવટનો અનુભવ ન કરનાર...

(૩) પ્રવર્ત્તક :—જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપી રત્નત્રયીની આરાધનામાં હંમેશા પ્રવર્તનાર તેમજ નિશ્રાવર્તિ અન્યોને પણ પ્રવર્તાવનાર...

(૪) સ્થવિર-જ્ઞાનબલથી કે વયવૃદ્ધતાથી પરિપક્વતાથી રત્નત્રયીની આરાધનામાં સુસ્થિર થયેલ અને નિશ્રાવર્તિ અન્યોમાં જો કોઇ સંજોગથી કે ચિત્તચપળતાથી કે અસમાધિના કારણોથી રત્નત્રયીની આરાધનામાં અસ્થિર થયેલાઓને પ્રતિબોધિ સંયમમાં સ્થિર જ નહિ પણ સુસ્થિર કરનાર...

(૫) રત્નાધિક—રત્નત્રયીની પ્રાપ્તિ જેઓને વહેલી થઇ હોય એટલે આપણાથી પહેલાં દીક્ષિત થયેલાં હોય તેમને રત્ન(ગયી) અધિક કહેવાય. તેઓને વંદન કરવાથી રત્નત્રય નિર્મળ બને...

ઉપરોક્ત પાંચેય વંદનીકોના ગુણોને હ�ૃદયમાં સ્થિર કરી બહુમાન ભાવથી તેઓને વંદન કરવામાં આવે તો વંદન કરનારને શું લાભ પ્રાપ્ત થાય ?

વિણએાવયાર માણસ્સ-ભંજણા પૂઅણા-ગુરૂજણસ્સ ।
તિત્થયરાણ ય આણા સુયધમ્મારાહણાડકિરીયા ।।

વંદનીકોને વંદન કરવાથી ૬ ગુણો પ્રગટ થાય છે,

(૧) ગુરૂના વિનયની આરાધના (૨) માન (અભિમાન)નું ભંગ (૩) ગુરૂજનોની પૂજના, (૪) તીર્થંકરની આજ્ઞાનું પાલન (૫) શ્રુતધર્મની પ્રાપ્તિ એટલે વંદન કરવા પૂર્વક જ શ્રુત ગ્રહણ કરાય (૬) પરંપરાએ અક્રિયા એટલે મોક્ષની પ્રાપ્તિ થાય છે.

વંદનથી છ ફળની પ્રાપ્તિમાં ૫ મું અને ૬ઠ્ઠા ફળ વચ્ચેની પ્રક્રિયા શું હોઇ શકે ? તે બાબતે શ્રી ભગવતિ સૂત્રમાં સસ્પષ્ટ વર્ણન બતાવેલ છે.

શ્રી ગણધર શિરોમણિ ગૌતમસ્વામિ અવસર પામીને પરમતારક ગુરૂદેવશ્રી શ્રમણ ભગવાન મહાવીરને વિનમ્રભાવે જિજ્ઞાસાવૃત્તિ સાથે તેમજ ભવિલોકને પણ બોધ થાય તેવા ઉદ્દેશથી પ્રશ્ન પૂછે છે કેઃ-

'હે ભગવંત ! શ્રમણ કે પૂજનીક કે વંદનીકને વંદન-નમસ્કાર કરવા થી તેમજ તેઓની પર્યુપાસના એટલે શુશ્રુષા કરવાથી શું ફળ પ્રાપ્ત થાય ?'

ત્યારે ૩૫ ગુણોથી યુકત મધુર વાણીથી વીરપ્રભુ નિસ્કારણ કરૂણાથી તરબોળ હૃદય સાથે જવાબ આપતાં જણાવે છે કે...

'હે ગૌતમ ! વંદનીકને વંદન કરવાથી શ્રવણનો લાભ એટલે વાચનાદિક શ્રવણનો લાભ મળે અને શ્રવણના લાભથી જ્ઞાનનો લાભ થાય અને જ્ઞાનના લાભથી હેય-જ્ઞેય ઉપાદેય આદિ વસ્તુઓમાં વિજ્ઞાનનો લાભ થાય અને વિજ્ઞાનના લાભથી પચ્ચકખાણનો લાભ થાય અને પચ્ચકખાણથી સંયમનું લાભ થાય અને સંયમના લાભ થવાથી અનાશ્રવ એટલે આશ્રવરહિત પ્રવૃત્તિનો લાભ અને અનાશ્રવના લાભથી તપનો લાભ થાય અને તપના લાભથી વ્યવદાન એટલે પૂર્વે બાંધેલા કર્મોની વિશુદ્ધિનો લાભ થાય અને વ્યવદાનના લાભથી અંતે અક્રિયા એટલે મોક્ષની પ્રાપ્તિ થાય છે.'

વિધ-વિધ શાસ્ત્રોમાં અનેક પ્રકારના દૃષ્ટિકોણથી વંદનીકને વંદન કરવાથી થતાં લાભોનું વર્ણન આવે છે. આપણે સહુ ઉપરોકત અંતિમફળ-મોક્ષફળ ની પ્રાપ્તિ વહેલી તકે થાય તેવિ અભિલાષા સાથે વંદન કરનારા બનીએ તેવી અપેક્ષા સાથે...

કાબેલીયતની કેડી

— વત્સલા વી. અઢિયા

એક વખત બાદશાહે બિરબલને બોલાવીને કહ્યું કે મને બળદના દુધની જરૂર છે. અને મારે તે દૂધ એક વૈદરાજના કહ્યાં મુજબ મારી દવાનાં ઉપયોગમાં લેવાનું છે. માટે ગમે તેમ કરી ગમે ત્યાંથી હાજર કરો.

બિરબલે આ સાંભળી જવાબ આપ્યો કે 'જહાપના, હું જેમ બને તેમ જલ્દી પ્રયત્ન કરીશ પણ છતાં કદાચ તેની શોધમાં મને હાજર કરતા ચારથી પાંચ દિવસ થઈ જાય'

બાદશાહ આ સાંભળી બોલ્યા કે કદાચ એકાદ દિવસ ભલે વધુ મોડું થાય પણ બસ ઓર્ડર તે ઓર્ડર ! મને બળદનું દૂધ મળવું જ જોઈએ. કારણ કે તે વૈદરાજે એ દવાનો પ્રયોગ બળદના દૂધ સાથે મીલાવી કરશો તો જ ફાયદો થશે એવું કહ્યું છે. માટે જેમ બને તેમ જલ્દી બંદોબસ્ત કરજો.

બિરબલ તો હવે મનોમન ગડમથલમાં પડ્યા. હવે આ રાજાની સાન ઠેકાણે લાવવા કોઈને કંઈ વિચારવું પડશે.

બિરબલ તો હવે ઘેર આવ્યા. પોતાની પુત્રીને આ તમામ હકીકત ટૂંકી સંભળાવી. અને સાથે એ પણ કહ્યું કે આ કામમાં તારે મને સાથ આપવાનો છે. અને હું જેમ કહું તેમ કરવાનું કામ તારૂ. પુત્રી તો પિતાની મદદ માટે તૈયાર જ હતી.

બિરબલે કહ્યું કે તારે બાદશાહના મહેલની નજીક જે ધોબીઘાટ છે ત્યાં રાત્રે દસ વાગ્યા પછી ધોકો લઈને કપડા પીટે જ રાખવાના અને જ્યાં સુધી બાદશાહ ખુદ તને આનું કારણ પુછવા ન આવે ત્યાં સુધી કોઇના પણ કહેવાથી તારે આ બંધ કરવાનું નહિ.

પુત્રીએ તો બીજે દિવસે રાત્રે પોતાના પિતાની શિખામણ મુજબ બાદશાહના શયનકક્ષની સામે આવેલ ઘાટ પર પલાળેલાં કપડાને ધોકાથી પીટવાનું શરૂ કર્યું. આ અવાજથી બાદશાહનો નિંદ્રા ભંગ થયો અને તે સખત ક્રોધે ભરાયા. બાદશાહે પહેરેગીરને બોલાવી તે કપડાં પીટનારને પકડી લાવવા હુકમ કર્યો.

પહેરેગીર તો ત્યાં જઇ તે છોકરીને બાદશાહે કરેલા હુકમની અમલઆત કરી તેમની સમક્ષ હાજર થવા કહ્યું પણ બિરબલની પુત્રી સાંભળે જ શાની ? તેણે રોકટોક વગર તે કામ ચાલુ જ રાખ્યું.

પહેરેગીર વધુ ક્રોધિત થયો. એક તો બાદશાહની નીંદ હરામ કરી અને ઉપરથી તેમની આજ્ઞાનો પણ ભંગ કરે છે ? ચલ મારી સાથે. તારે બાદશાહને જવાબ આપવો પડશે. એમ કહી પહરેગીર તેની સાથે જ તેને લઇ ચાલ્યો. અને બાદશાહ સમક્ષ ખડી કરી.

અકબર બાદશાહ તો આ સુંદરીને જોઇ જ રહ્યાં. બાદશાહની ઉંઘમાં ખલેલ પહોંચાડવાની આટલી હિંમત ?

આખરે તેને તેમ કરવાનું કારણ પુછ્યુ તો તે યુવતીએ નીડરતાપૂર્વક કહ્યું કે હું સાચું કારણ જણાઉ તો મને શિક્ષા નહિ કરવાની. બાદશાહે તેની વાત મંજુર રાખી.

યુવતીએ ઠંડે કલેજે જવાબ આપ્યો કે આજે સવારે જ મારા પિતાજીએ એક બાળકને જન્મ આપ્યો છે. ઘરનાં અનેક કામોમાં પાણી બીલકુલ થઇ રહ્યું અને ન છુટકે મારે નવરાશ ન મળવાથી આ કામ અહીં રાત્રે કરવું પડયું. જેથી આ કપડા રાત્રે સુકાય તો સવારે ફરીથી ઉપયોગમાં આવી શકે.

બાદશાહ તો યુવતીનો જવાબ સાંભળી ચોંકી ઉઠયા અને તે યુવતીને કહ્યું કે પુરૂષ તે કદી બાળકને જન્મ આપતો હશે ? શું તે શકય છે ?

મોકો જોઈ તેણે બિરબલની શિખામણ મુજબ જ જવાબ આપ્યો કે બળકનું દૂધ જો આસાનીથી મળી શકે તો પુરૂષ કેમ પુત્રને જન્મ ન આપી શકે ? બળકનું દૂધ મળવાની સંભાવના હોઇ શકે તો પુરૂષને પણ પ્રસુતિ આવવાની સંભાવના હોઇ શકે.

જવાબ સાંભળી બાદશાહને પોતે કહેલા વાતનો ખ્યાલ આવી ગયો અને તરત જ પુછ્યું કે શું તું બિરબલ પુત્રી છે ? તે યુવતી બિલકુલ કંઇ જ બોલ્યા વગર મૌન રહી. તેની ખામોશી જ તેનો જવાબ હતી. બાદશાહ પામી ગયા કે બુદ્ધિ બિરબલની જ છે પણ રજુઆ તતેણે પુત્રી પાસે કરાવી.

બિરબલની આ યુક્તિ જ બાદશાહનો મુક જવાબ બની બેઠી. હવે તો બાદશાહને બળકના દૂધની રાહ જોવાની રહી જ નહિ.

બિરબલની પુત્રીની ચતુરાઇ પર તેને ઇનામ આપી પહેરેગીરને તેને ખૂમારીપૂર્વક બિરબલને ઘેર પહોંચાડી દેવા હુકમ કર્યો.

'સીધી આંગળીએ ઘી ન નીકળે ત્યારે વાંકી આંગળીએ કાઢવું જરૂરી બને છે.'

(મું. સ.)

પૂ.કૈલાસસાગરસૂરિ જ્ઞાનમન્દિર
શ્રીમદ્ વીર જૈન આરાધના કેન્દ્ર

સ્વપ્ન પણ કરે ખરા ! પુણ્યોદય હોય લોકોમાં વાહવાહ બોલાતી હોય તો 'હું કાંઇક છું' મારા જેવો કોઇ નથી તેમ સ્વમુખે ગાન ગાય ખરા !

જે જ્ઞાની નમ્ર અને વિનયી બને તેને કલ્પતરૂ કહ્યો છે અને જે જ્ઞાની ગર્વીલો અને અભિમાની બને તેને તો કંટકતરૂ કહેવો પડે ને ?

માટે જ્ઞાનનું અભિમાન ન આવે તેની કાળજી રાખી આત્મકલ્યાણના માટે તેનો સાચો વિનિયોગ કરી સૌ જ્ઞાનના સાચા ફળને પ્રાપ્ત કરો તે જ મંગલ કામના.

(આદ્યગ્રંથ દ્વિનશુદ્ધિ અનુસંધાન પેજ ૮૧૬ ચાલુ)

પણ ગૃહસ્થો માટે પણ ઉપયોગી હોવાથી પ્રકાશિત થયેલ છે. અમદાવાદમાં 'કાકા સાહેબના પગલાં' જેમના છે તે જૈન આચાર્ય શ્રી જિન પ્રભુસુરિજી પાસે તેમણે અભ્યાસ કર્યો, પછી આ ગ્રંથ રચેલ. જેમાં ચોઘડીયા, હોરા, ઘડી, રાશિ, ગ્રહો ઋતુ, યોગ, યોની, કરણ, નક્ષત્ર ષડવર્ગ, કુંડલી, પનોતી પ્રશ્નફળ, વાસ્તુ, ભૂમિ, પરીક્ષા, ખેતી પ્રવાસ વેપાર મુહુર્ત જેવા જ્યોતિષના અનેક અંગો પર કાર્યસિદ્ધિ માટે વિષદ છણાવટ કરી છે. પરંતુ અત્રે ફક્ત સામાન્ય વાચકને જ્યોતિષનો અભ્યાસ ના હોય તો પણ સમજ પડે તે જ વાતો આપી છે. આશા છે કે સૌ વાચકને કાર્યસિદ્ધિ માટે 'દ્વિન શુદ્ધિ દીપીકા' ગ્રંથની આ માહિતી ઉપયોગી નીવડશે, (સંદેશ ૨૩-૨-૯૮)

(અનુ. પેજ ૮૨૮ નું ચાલુ)

આ ૬ આચારો પાળનારને – સમ્યક્ત્વધારી, પાઠચારી, એકાશનકારી સચિત્ત-પરિહારી, બ્રહ્મચારી અને ભૂમિસંસ્તારકારી કહેવાય છે.

આ છએ શબ્દોને અંતે 'રી' અક્ષર આવતો હોવાથી ટુંકમાં તેને ૬ 'રી' કહે છે. આ ૬ પ્રકારે 'રી' વાળા યાત્રિકો જે યાત્રાસંઘમાં હોય તેને ૬ 'રી' પાલક યાત્રાસંઘ કહે છે.

૬ 'રી' પાલક યાત્રાસંઘ અટલે '૬' નું પાલન કરનારા યાત્રિકોવાળો (યાત્રા) સંઘ.

'૬ 'રી' પાલક સંઘ' અર્થની દૃષ્ટિએ સુસંગત હોવાથી એમ જ લખવું અને પ્રચારવું યોગ્ય છે.

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



૦ ભગવાનનું શાસન જે યથાર્થ ભણે- જાણે, તે પોતાની જાતને ભૂલી જાય છે. શાસનને જ પ્રધાન માને છે, સુખની કિંમત હોતી નથી. દુઃખની ગભરામણ હોતી નથી. તેના મન-વચન અને કાયાના યોગ ભગવાનના શાસનને જ સમર્પિત હોય છે.

૦ જગત અને નવપદ બે ય સામ સામે છે. જગત અને નવપદ બંને ય પરસ્પરના વિરોધી છે. જગત ગમે તેને નવપદ ન ગમે અને ખરેખર સાચા ભાવે નવપદ ગમે તેને જગત ન ગમે. પછી તે કોઇપણ કામ કરે તે ધર્મરૂપ બને. દાનાદિ કરે તો તે ધર્મ બને પણ સંસાર કરતો હોય તે ય ધર્મરૂપ બને, કર્મ અપાવવા જ કહે.

૦ ગરીબી એ કાંઇ ખરાબ ચીજનથી, ગરીબી એ કાંઇ કલંક નથી, તેમ અન્યાય-વાળી શ્રીમંતાઇ પણ ભૂષણ નથી, પરન્તુ અન્યાયવાળી શ્રીમંતાઇ તો મહાદૂષણ છે. તે મહાદૂષણવાળાના આજે માનપાનાદિ થાય છે તે આ સમાજનું મોટામાં મોટું કલંક છે. ગૃહસ્થ જેમ અનીતિ સંપન્ન નથી હોતો પણ નીતિસંપન્ન હોય છે તેમ કોઇના ખોટા ગુણગાન ગાવા 'ભાટ' નથી હોતો અને કોઇને ગાળ દેવા 'ભાંડ' નથી હોતો. જેમ ગમે તેવા લાયક વિનાના ગુણ ગાવાનું પસંદ નથી તેમ કોઇની ય નિંદા કરવી પસંદ નથી.

૦ પ્રમાદ એ ભાવધર્મનો વૈરી છે. પ્રમાદ સાચો ભાવ પેદા થવા દે નહિ. ભાવ વગરના દાન-શીલ-તપ નકામા કહ્યા છે. નકામા એટલે મોક્ષના સાધક નહિ પણ સંસારમાં રખડાવનારા !

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાભાભાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

नमो चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणाणं.

शासन अने सिद्धान्त
रक्षा तथा प्रचारनुं पत्र-

श्री भो वैराग्यनगर सूरि आराधक
श्री महावीर जैन आराधना केन्द्र, कोबा
जि. गांधीनगर, पिन-382009

जैन शासन

अठवाडिक

वर्ष	अंक
१०	३४+३५

श्री जैन शासन कार्यालय

श्रुत ज्ञान भवन
४५, दिग्विजय प्लोट,
जामनगर (सौराष्ट्र) INDIA
PIN- 361005

— माणेको —

आ अप्पिअसुअसहोअर-
प्पमुहा वि कुणंति तं न उवयारं।
जं निक्कारणकरुणा-
परो गुरु कुणइ जीवाणं ।।

જેવો ઉપર જે ઉપકાર, વગર કારણે કરૂણા કરવામાં તત્પર એવા માર્ગસ્થ સદ્ગુરૂ ભગવંતો કરે છે તેવો ઉપકાર માતા-પિતા પુત્ર અને ભાઇ વગેરે પણ કરી શકતા નથી.

302

卐

સંઘો જાગો

—મોક્ષાભિલાષી

જૈન સંઘની અંદર નાણાકીય માળખું એટલું બધું સુવ્યવસ્થિત છે કે હજારો-લાખો વર્ષો વીતવા છતાં જિન મંદિરાદિ એક પણ ક્ષેત્રને ઉની આંચ આવતી નથી.

અનાદિકાલીન આ સુવ્યવસ્થા ઉપર રોલર ફેરવવાના પ્રયત્નો ઘણા ૨. આચાર્ય ભ.ઓ કર્યા પણ એકેય આચાર્ય ભ. સફળ નથી થયા કારણ પરમાત્માનું શાસન જયવંતુ છે.

મોટા ભાગના જૈન સંઘોમાં 'દ્રવ્ય વ્યવસ્થા' પરમાત્માની આજ્ઞા મુજબની જોવા મળી છે. છતાં પણ કેટલેક ઠેકાણે ટ્રસ્ટીઓ-મુનિઓ આદિના અજ્ઞાનને કારણે, કેટલીક ભૂલો થતી જોવામાં આવી છે જે તરફ ધ્યાન દોરવાનો પ્રયત્ન કરું છું. જેથી થયેલી ભૂલો સુધારી લેવાય અને નવી ભૂલો ન થાય.

* મુમુક્ષુની દિક્ષા વખતે ઉપકરણાદિના ચડાવા બોલાવવામાં આવે છે. કેટલાક ચડાવા વૈયાવચ્ચમાં કેટલાક જ્ઞાનખાતામાં કેટલાક દેવદ્રવ્યમાં તો કેટલાક સાધારણખાતામાં જાય છે જેનું વિભાગીકરણ નીચે મુજબ છે.

* વિદાય તિલક કરવાનો ચડાવો-સાધારણખાતુ.

* નવકારવાળી-પોથી-સાપડાનો ચડાવો-જ્ઞાનખાતુ.

* પાત્રા વગેરે ઉપકરણો, સંથારો વગેરે ઉપધી તથા સુપડી વગેરે ચડાવો વૈયાવચ્ચખાતુ.

* દીક્ષાર્થીનું સાધુપણાનું નામ જાહેર કરવાનો-દેવદ્રવ્ય.

આ મુજબનું વિભાગીકરણ શાસ્ત્રોક્ત છે. તેમાં દીક્ષાર્થીનું નામ જાહેર કરવાનો ચડાવો છેલ્લા ૮-૧૦ વર્ષમાં વ્યાપક બન્યો છે. તે પૂર્વે તે ચડાવો ભાગ્યે જ કોઇ ઠેકાણે બોલાતો. નવા શરૂ થયેલા ચડાવાની ઉપજ શેમા લઇ જવાય? તેનું અજ્ઞાન હોવાના કારણે અમુક સંઘોમાં તે રકમ વૈયાવચ્ચ ખાતામાં લઇ જાય છે. જે ગંભીર ભૂલ છે. મુમુક્ષુ જીવ સાધુ થઇ ચૂક્યો છે. ગુરૂ ભ. હવે તેનું નવું નામ પાડવાનું કરે છે તે વખતે તે નામ જાહેર કરવાનો લાભ જેને લેવો હોય તે નિમિતે આ ચડાવો બોલાય છે. સાધુ નિમિતેનો આ ચડાવો હોવાથી તે 'પૂજાર્હ ગુરૂદ્રવ્ય' બને અને તેથી તે દેવદ્રવ્યમાં જાય.

દરેક સંઘના ટ્રસ્ટીઓ અથવા સંઘની જવાબદાર વ્યક્તિએ પોતાના સંઘમાં આ

(જુઓ અનુ. ટાઇટલ ૩ ઉપર)

પ્રેરણા મુજબ શાસન ભક્તિ અર્થે સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

વર્ષ : ૧૦] ૨૦૫૩ વૈશાખ સુદ-૨ મંગળવાર [અંક : ૩૪-૩૫

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, શ્રાવણ સુદ-૧ રવિવાર તા. ૨૬-૭-૧૯૮૭ ચંદનબાલા જૈન ઉપાશ્રય મુંબઈ-૬

(શ્રી જિનાજ્ઞા વિરૂદ્ધ કે પૂ. પ્રવચનકારશ્રીના આશય વિરૂદ્ધ કાંઇપણ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના. **(પ્રવચન ૨૩ મું)** અવ૦)

સારામાં સારી ક્રિયા પણ દુનિયાનું સુખ અને સંપત્તિ મેળવવા કરે તે શ્રી અરિહંતદેવનો ભગત છે ? ભગવાને દુનિયાનું સુખ અને સંપત્તિ છોડવા માટે ધર્મ બતાવ્યો છે તે ધર્મનો ઉપયોગ તે બેને મેળવવા કરે તે કેવો કહેવાય ? મોટામાં મોટો ચોર કહેવાય ને ? ભગવાને જેનો નિષેધ કર્યો તે જ ભગવાન પાસે માગે તો મોટો ઠગ કહેવાય ને ? પોતાની પાસે ઘણું ઘણું ધન હોવા છતાં ય મઝેથી પાપ કર્યા કરે, પોતે જે કરે તેને સારું માને તે ભગવાનનો ભગત બનવા પણ લાયક છે ખરો ?

શ્રી અરિહંતદેવનો સાચે સેવક તો સાધુ થવાની ઈચ્છાવાળો હોય. તમારા ઘરનું નાનું મચ્ચું પણ 'મારે સાધુ જ થવું છે' એમ ન બોલે તે તમારા પાપે ! આજે જૈનઘરમાં જન્મેલાને સાધુ થવાની ઇચ્છા નથી થતી તે તમારા પાપે. મા-બાપને પોતાને જ સાધુ થવું નથી, શ્રાવક થવું નથી, સમકિત પણ જોઇતું નથી, તેમને તો મઝેથી પાપ કરવા છે તો પછી સંતાનો સારા પાકે ક્યાંથી ?

આપણી એ વાત ચાલે છે કે શ્રી અરિહંતપરમાત્માના ભગતની ઇચ્છા શું હોય ? તેને આ દુનિતાની સુખ-સંપત્તિ કેવી લાગે ? છોડવા જેવી લાગે કે રાખવા

જેવી લાગે ? અધિકને અધિક મેળવવાની ઇચ્છા થાય કે ન થાય ? તે જો અધિક મેળવવાની ઇચ્છા થાય તો તે સુખી કહેવાય કે દુઃખી કહેવાય ? આજના શ્રીમંતો બજારમાં ભટકે છે તે અમારાથી સહન થતું નથી. તે તો મંદીર, ઉપાશ્રય અને ઘરે વિના બીજે ન મળવા જોઇએ. આજે તે બજારમાં જ મળે છે પણ મંદીર–ઉપાશ્રયે નહિ કેમકે તે ભગવાનના ભગત નથી માટે. જે લોભના યોગે બજારમાં જતો હોય ને દુઃખી થતો હોય તો તેને ય ભગવાનનો ભગત કહેવો છે. તેવા જીવને કોઇ 'શેઠ' કહે તો તે કહે કે– મારા જેવો 'મજુર' કોઇ નથી. તમારા નોકરને આઠ કલાકનું કામ અને તમને અઢાર કલાકનું કામ. આવા શ્રીમંતની સાધુને દયા આવે તેમ શ્રાવકને પણ દયા આવે. જે સાધુને તેની દયા ન આવે તો તેના સાધુપણામાં પોલ છે !

તમે કોઈ શ્રીમંતને આમ કહ્યું છે ? તમને કોઇ આવું કહે તો ગમે ? શ્રી નવ કારમંત્ર બોલનાર આદમી કેવો હોય ? તે સુખી હોય તો તેને વેપાર કરવો ગમે ? અધિક પૈસા મેળવવા ગમે ? તેના આડોશી–પાડોશી દુઃખી હોય કે સુખી હોય ? તેના ગુણ ગાતા હોય કે દોષ ગાતા હોય ? આજે તો શ્રીમંતની પાસે રહેલા સામાન્યને તો આટા જ આવા પડે ! આગળના શ્રીમંતોની આબરૂ હતી કે તેને જોઇને બધા કહે કે– અમારા ગામનો ધણી છે, ગામની રક્ષા કરનાર છે, ગામનું ભલું કરનાર છે, ગામનો આધાર છે. આજે તમારી શી આબરૂ છે ? પૈસાવાળો દાતાર હોય કે કૃપણ હોય ? તેને ઘેર દુઃખી આવે તો દુઃખી રહે ? તે ભગવાનની ભક્તિ કેવી કરે ? જૈનકુળમાં જન્મેલો સુખી બજારમાં ભટકતો હોય ? સુખી હોવા છતાં ય બજારમાં ભટકે તો તે દુઃખી લાગે છે ? આવું જગતને સમજાવનાર હોય તો એક શ્રી અરિહંતપરમાત્મા જ છે.

શ્રી કુમારપાળ મહારાજાને ઓળખો છો ? ધર્મ પામ્યા પછી તેમનું કલિકાલ સર્વજ્ઞ પૂ. આ. શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાને કહ્યું છે કે–'હું અઢાર દેશનો રાજા ભલે હોઉં પણ આપનો તો દાસ છું. મારા માટે જે કરવા જેવું હોય તે નહિ જણાવો તો ગુનેગાર આપ ગણાશો. આપ જણાવો તે કર્યા વિના રહેવાનો નથી.' તે શ્રી કુમારપાળ મહારાજા આજે સ્વર્ગમાં છે અને થોડાકાળમાં જ મોક્ષે જવાના છે. તેમ તમારા માટે શી કલ્પના કરીએ ? આજના સુખી સ્વર્ગે જ જવાના તેમ કહું ? બજારમાં ન જતા હોય અને એક માત્ર ધર્મ જ કરતા હોય તેવા સુખી કેટલા મળે ? હજી તો તમારી શ્રીમંતાઇ તમને ઓછી પડે છે એટલે તે વધારવા વધારેમાં વધારે પાપ કરો છો. આજની હાલત આ છે. તેવાને શ્રી નવકારમંત્ર બોલવાનો અધિકાર છે

ખરો ? તેવો જીવ શ્રી નવકારમંત્ર બોલીને પાપ બાંધે કે પુણ્ય બાંધે ? તમે બધા નવકારમંત્ર કેમ બોલો છો ? 'દુનિયાની મળેલી સુખ સાહ્યબી બની રહે, વધારેમાં વધારે મળે, જૂઠ-ચોરી, અભ્યાસ-અનીતિ આદિ કરું તો પણ પકડાવું નહિ અને કદાચ પકડાવું તો પકડારને પણ ચોર બનાવ્યા વિના રહું નહિ.' આ માટે શ્રી નવકારમંત્ર ગણે તો તે કેવા કહેવાય ? અનેકને ચોર બનાવનાર સારો કહેવાય ખરો ? આવા જીવો તો શ્રી અરિહંતપરમાત્માના નામને લજવનારા છે, જૈનકુળમાં કુલાંગાર પાક્યા છે તેમ કહેવાય. શાસ્ત્રે તો અમને ય બાકી રાખ્યા નથી.

સાધુ પણ આજ્ઞામુજબ ન જીવે આજ્ઞા મુજબ ન જીવાય તેનું દુઃખ ન હોય, આજ્ઞામુજબ જીવવા પ્રયત્ન ન કરે તો તે સાધુને ય વેષધારી બનાવટી કહ્યા છે સારી રીતે અધર્મ કરવા માટે ધર્મી તરીકે ઓળખાવનારા ઘણા છે તો તે કેવા કહેવાય ?

તમે બધા તો એવા સુખી છો કે ધારો તેટલો ધર્મ કરી શકો છો એટલું નહિ અમે પણ બગડતા હોઇએ તો સુધારી શકો છો પણ તમને દુનિયાની જે સુખ-સાહ્યબી મલી છે તે છોડવા જેવી છે તેમ લાગે છે ? નથી છોડી શકતા તેનું દુઃખ થાય છે ? કે- તે અધિકને અધિક મેળવવાની ઇચ્છા થાય. અને ગમે તે રીતે વધુ મેળવવાની મહેનત થાય તો તમારી જાત મહાલોભી છે તેમ લાગે છે ? તો મહાલોભને સફળ કરવા ઘણા પાપ કરો છો તો મારે દુર્ગતિમાં જવું પડશે તેમ લાગે છે ? આ બહુ મહત્વની વાત છે. તે નહિ સમજો, હાંસી-મશ્કરીમાં કાઢી નાખશો તો તમે શ્રી અરિહંતપરમાત્માના ભગત નહિ બની શકો અને અહીંથી દુર્ગતિમાં તમારે જવું પડશે. તમે બધા દુર્ગતિમાં ન જાવ તેવી ઇચ્છા છે. સારી જગ્યાએ આવવા છતાં ય હજી આવાને આવા જ રહો છો માટે દયા આવે છે. માટે આટલી વાત કહેવી પડે છે. તમે બધા આના ઉપર વિચાર કરો અને હજી જાગ્યા ત્યારથી સવાર સમજી બધી બાજી સુધારી લો. તે માટે શું કરવું તે હવે પછી.



અર્થસ્તુ મોક્ષ એવૈકો, ધર્મસ્તસ્ય ચ કારણમ્ ।
સંયમાદિદંશવિધઃ, સંસારાર્ણોધિતારણઃ ॥ ૨ ॥

'પુરૂષાર્થ તો એક મોક્ષ જ છે. અને સંસાર રૂપ સમુદ્રથી તારનારો સંયમાદિ રૂપ દશ પ્રકારનો ધર્મ (ધર્મ પુરૂષાર્થ) તે મોક્ષનું કારણ છે.' ૨



ખોટાને ખોટા તરીકે જગ જાહેર કરી

સાચાને સાચા તરીકે સમજાવનાર–પ. પૂ. આ. શ્રી વિ. ચંદ્રગુપ્ત સૂ. મ. તથા પ. પૂ મુ. શ્રી જયદર્શનવિજયજી મ. સા. ને કોટી: કોટી: વંદના...

૨૦ મી સદીના અજોડ, અનન્ય ઉપકારક, પરમ કૃપાળુ પરમાત્મ. મહાવીરદેવના માર્ગના સાચા રક્ષક અને પ્રચારક એવા આપણા અનંતોનંત ઉપકારી ગુરૂદેવ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિ. રામચંદ્ર સૂ. મ.ના આપ પૂજ્યો ખરેખર સાચા શિષ્યો છો. આપ જેવા પૂજ્યોના સફળ પ્રયત્નોથી જ પ્રભુનો માર્ગ હજી ૧૮૦૦૦ વર્ષ સુધી ટકવાનો છે.

'ધાર્મિક વહીવટ વિચાર' લે. પં. શ્રી ચંદ્રશેખર વિ.ના પુસ્તકની આપ બંને પૂજ્યોએ 'જૈન શાસન' મેગેઝીનમાં જે રીતે અને જે કિંમતથી અશાસ્ત્રીયતા જાહેર કરી છે તે માટે આપ પૂજ્યોને ખૂબ ખૂબ અભિનંદન આપી કોટી: કોટી: વંદના કરું છું. 'જૈન શાસન' પત્રિકા આ રીતે એક ઉત્તમ વાચન સામગ્રી પૂરી પાડે છે. તેમાં આવતા આવા લેખો હમારા જેવા આત્માઓ માટે ખૂબ ખૂબ ઉપકારક નીવડે છે. આપ બંને પૂજ્યોના લેખ દ્વારા આપે હમારા જેવા કેટલાય આત્માઓને સાચી વાત સમજાવી, ભગવાનના મોક્ષમાર્ગે ટકાવવામાં ખૂબ ખૂબ સફળતા મેળવી છે.

પં. શ્રી ચંદ્રશેખર વિ.ના વ્યાખ્યાન અને પુસ્તકોની અશાસ્ત્રીયતા જગજાહેર છે મારે તેમાં કાંઇ કહેવું નથી. પરંતુ અંદરનો ઉકળાટ, (એમના વ્યાખ્યાન અને પુસ્તકોના વાંચનથી ભગવાનના મોક્ષમાર્ગથી વિરૂદ્ધ દિશામાં ખેંચાતા આત્માઓની ભાવદયાને લીધે) તેમને ફરી ફરી એટલી વિનંતી કર્યા વગર રહેવા દેતો નથી જ કે તેઓશ્રી બે–પાંચ વર્ષ વ્યાખ્યાન આપવાનું, પુસ્તક લખવાનું, જાહેર નિવેદનો કરવાનું કે કોઇ નવા નવા પ્રોજેક્ટોના પ્લાનીંગ કરવાનું બંધ કરી આ કાળના મહાવિદ્વાન, ભગવાનના મોક્ષમાર્ગને સાચી રીતે સમજેલા પ. પૂ. પંન્યાસજી શ્રી કીર્તિયશ વિ. જેવા પાસે થોડો ઘણો ધર્મનો મર્મ સમજે તો ભવિષ્યમાં તેમના દ્વારા ઉપકાર થવાની શક્યતા ખરી. બાકી અત્યારે તો તેઓશ્રીની પ્રવૃતિથી કાંઇ સાચો લાભ થતો હોવાનું દેખાતું નથી. 'જિનવાણી' પાક્ષિક અને 'જૈન શાસન' અઠવાડિકમાં આવતા પૂ. આ. ભ. શ્રીમદ્ વિ. રામચંદ્ર સૂ. મ.ના વ્યાખ્યાનો વાંચી તેના મર્મને પોતાના આત્મા સાથે બરાબર ઘસે તો કઇ રીતનું બોલવું અને કઈ રીતનું લખવું તેનો સાચો ખ્યાલ આવે પરંતુ આ વાત ભવ્યાત્માઓ સિવાય કોઇને જચવાની નથી. સૌ ભવ્યાત્માઓ 'જિનવાણી'માં આવતા લેખોને વાંચી–પચાવી–મનન–ચિંતન કરી પોતાના આત્મા પર લાગેલી કર્મ-રજને ભાવધર્મથી ઉખેડી સદ્ગતિને પામી નજીકમાં જ પરમપદને પ્રાપ્ત કરો તેવી અભિલાષા રાખું છું.

પ્રો. (ડૉ.) પ્રમોદ રતીલાલ શાહ–ગોધરા

જૈનોના પરિવર્તનના પ્રશ્નો

શ્રી. જૈન ધર્મની મહાનતા વિશ્વમાં અજોડ છે. તેને અજોડ રાખવા માટે વિષમ પરિસ્થિતિમાં સાપેક્ષ ઉપાય વિચારવા.

ગુજરાત–સોરાષ્ટ્ર કચ્છ–રાજસ્થાન (મારવાડ–મેવાડ)ના વણિક જાતિના જૈનો પોતાના વતનને છોડી દેસાવર ગયા ત્યાં વસવાટ રાખ્યો. તેથી વતનમાં સમસ્યાઓ શરૂ થઇ.

મારવાડ–મેવાડ અને કચ્છ–વાગડના ગામો છોડીને તેમજ ગુજરાતમાં દક્ષિણ ગુજરાતને છોડીને દક્ષિણ ગુજરાતનાં ભરૂચ, સૂરત, નવસારી, વલસાડ, વાપી, સેલવાસ, દમણ વગેરે ગામો છોડીને સમસ્યાઓ અંગે કંઇક વિચારવું.

એહમદાબાદ–વડોદરાની આસપાસના ૧૫૦ ગામો વસ્તિ વગરના છે. ઉત્તર ગુજરાતન બંને કાંઠા સાબર અને બનાસ, બનાસના થરાદ, વાવ, કુવાળા ભાભર વગેરે વાવ પંથકના પાલનપુર–ડીસા બાજુના પાટણ, મહેસાણા, રાધનપુર બાજુના સેંકડો ગામો જૈનોની વસ્તિ વિહોણા થયા. સાબરકાંઠાના ઇડર, વડાલી, હિંમતનગર, દેહગામ વગેરે બાજુનાં સેંકડો ગામો વસ્તિ વિનાનાં થયા સાબર અને બનાસકાંઠાના ગામોની વસ્તિ મુબઇ, સુરત, નવસારી ને એહમદાવાદમાં વસી ગઇ. ખાલી થયેલા ગામોમાં દેરાસર, ઉપાશ્રય, પાંજરાપોળ, મહાજનવાડી વગેરે ધર્મસ્થાનો છે. પૂ. સાધુ–સાધ્વીજી મ.ના વિહાર પણ થાય છે. તેવી રીતે ભાવનગર જિલ્લાનાં સેંકડોની સંખ્યામાં, અમરેલી, સુરેન્દ્રનગર જુનાગઢ, રાજકોટ અને જામનગર જિલ્લાના તાલુકાઓના સેંકડો ગામો ખાલી થઇ ગયા. ખાલી થયેલા કંઇક ગામોમાં દેરાસર, ઉપાશ્રય વગેરે છે. પૂ. સાધુ–સાધ્વીજી મ.ના વિહાર પણ ચાલુ છે. વસ્તિ ન હોવાના કારણે ઘણી સમસ્યાઓ સર્જાઇ છે. તેનો ઉકેલ હવે વિચારશું.

ઉપર ગણાવેલા ક્ષેત્રના ગામોના જે જે જૈન કુટુંબો મુંબઇ, એહમદાબાદ, કોલ્હાપુર સાંગલી, પુના, સુરત, નવસારી, મદ્રાસ, બેંગલોર, હૈદરાબાદ, મહેસુર, નાગપુર, કલકત્તા, પટના જેવા શહેરોમાં વસ્યા છે, તેઓએ જે ધનવાન હોય તેવા ધનિક જૈનો સંગઠિત થઇ પોતાના ગામના ધર્મસ્થાનોના નિર્વાહ માટે એક સારૂં એવું ફંડ કરવું, તેમાંથી જ મંદીરો સંબંધી ખર્ચ, સાધુ–સાધ્વીજી મ.ની વૈયાવચ્ચ, સાધર્મિકોની ભક્તિ અનુકંપા વગેરે જીવદયા સંબંધી ખર્ચ કરવો. એમાં ખાસ તો જે જે ગામના દહીશો પરદેશ વસતા હોય તેમણે જ પોતાના ગામ સંબંધી ખર્ચ નિભાવવો

તે શક્ય ન હોય તો ઉદ્ધાર ઢીલ મહાનુભાવો પાસેથી સહાય મેળવી પોતાના ગામને સંભાળી લેવું. દુર વસતા જૈનોને પોતાના વતન પ્રત્યે ફરજ વતન પ્રેમ રાખવાથી જરૂર પ્રગટ થશે તેથી ધર્મ પ્રેમની સાથે વતન પ્રેમ જરૂરી.

જૈનોમાં ઉદારતાનો ગુણ આજે પણ એવો ને એવો જોવા મળે છે-પૂજ્ય સાધુ મહારાજોના ઉપદેશથી, જૈનો આજે પણ નૂતન તીર્થોમાં-નૂતન મંદીરોમાં નૂતન ધર્મ-શાલાઓમાં, નૂતન ઉપાશ્રયોમાં, નૂતન જ્ઞાન ભંડારોમાં, નૂતન પાંજરાપોળોમાં ક્રોડો ગમે ધન વ્યય કરે છે. વળી છરી પાલક તીર્થયાત્રાઓમાં, ઉજમણાઓમાં, ઉપધાનોમાં, મહોત્સવોમાં, જમણવારોમાં નવ્વાણુ પ્રકારી યાત્રાઓમાં તેમજ પદવી-ઢીદા વગેરેના સમારંભોમાં અબજો રૂપીયા ખર્ચે છે. એટલું કરનારા જૈનો પ્રાચિન શહેરોના મંદીરો જેમકે થરાદ, ધાનેરા, વાવ, કુવાળા, ભાભર, રાધનપુર, પાલનપુર, પાટણ. મહેસાણા, વીસનગર, વડનગર, ઇડર, ખંભાત, જામનગર, વડોદરા, એહમદાબાદ જેવા શહેરોના જે પ્રાચિન દેરાસરો છે તે દેરાસરોની આસપાસની વસ્તી સોસાયટીમાં જતી રહી છે દરેક શહેરની બહાર વસ્તી જવા માંડી છે. તેથી ઉપર જણાવેલા દેરાસરોની સાર-સંભાળ પૂજા વગેરે ઘટી છે ત્યાં આગળ ઊંચા પગારના કેળવાયેલા, સ્વચ્છતા રાખે તેવા સંસ્કારી ભાવનાવાળા પૂજારી રાખી મંદિર-મૂર્તિ સંભાળવા તેવી જ રીતે ઝિંઝુવાડા, જૈનાબાદ, હસાડા, બજાણા જેવા સેંકડો પ્રાચીન ગામોના પ્રાચિન મંદીરોને કેસર, સુખડ, અંગલુંછણા, ધુપ, દીપ વગેરે બરાબર મલતા રહે તે માટે ઉદારદીલવાળા સખી ગૃહસ્થોએ વ્યવસ્થા કરવી જોઇએ.

અને તે માટે જરુર પડે પાલીતાણા-શંખેશ્વરની પેઢીઓ પાસેથી સહાય લેવી જોઇએ. પણ મંદિરો સ્વચ્છ ને સારા કંડીસનમાં રહેવા જોઇએ.

આજના કાળે પણ જૈન સાધુઓના તપ-સંયમ-જ્ઞાન વગેરે અજોડ છે. આશ્ચર્ય-જનક છે. તેવા જ્ઞાની ઉપદેશક પ્રભાવક સાધુઓએ મોટા શહેરોમા વધારે વખત વસવાટ કરીને જૈનોમાં વતન પ્રેમ જગાડવો જોઇએ. નૂતન પેઢીના શક્તિશાળી આત્માઓને આગેવાન બનાવવાની તાલીમ આપવી. આજે દાતાનો પાર નથી પણ ધૈર્ય ધરીને દેરાસરો, સઘો સંભાળનારા સાધુ-સાધ્વીજીની વૈયાવચ્ચ કરનારા આગેવાન શ્રાવકોની તંગી છે. પરિચયમાં આવતા તું કયા ગામનો છે કઇ નાત શ્રીમાલી, ઓશવાલ કે પોરવાલ, દશા કે વિશા વગેરે પૂછવું. ગામમાં પોતાના પ્યારા વતનમાં દેરાસર સંબંધી વગેરે ખર્ચમાં લાભ લે છે કે નહીં. એ પહેલું અને જરૂરી છે.

અહીં શહેરોમાં ફાલતું ખર્ચા ઘણા તે ઓછા કરી નાખ પણ ગામમાં લાભ લે.

શહેરોમાં હોટલ–લારીના ખાવાના ખર્ચા, ફેન્સી કપડાના ધુલાઇ–સીલાઇના ખર્ચા મોંઘા ભાવના ફ્લેટોમાં ભપકાદાર ફર્નીચરના ખર્ચા, હોટલ–સીનેમા, વીડીયા, ટી.વી. ફાલતું મેગેઝીન વગેરેના ખર્ચા સિવાય બોટા હરવા–ફરવાના ખર્ચા એ ખર્ચાઓ ઘટાડી તું ગાન માટે કંઇ કર તેવા પ્રકારનો ઉપદેશ ગીતાર્થ મુનિ ભગવંતો આપે.

જૈનોમાં આજે પણ શ્રીમંત જૈન કુટુંબો લાખોની સંખ્યામાં છે અને તેઓ મુબઇ જેવા નગરમાં વસવાટ કરે છે તેઓ પોતાના વ્યવસાયમાં કામ કરનારા જૈન સાધર્મિક ભાઇઓને પગાર વગેરેના મીષથી નિમિત્તે પુષ્કળ ધન આપે તે ગૌરવથી કેમ જીવે તેનો ખ્યાલ રાખી જૈન તરીકેની પોતાની સાખ સત્ય કરવી જોઇએ જૈનેતર કામ કરનારાઓને પણ જૈન ધર્મની પ્રસંસા થાય તે માટે પગાર વગેરે અધિક આપી ખુશ રાખવા સારા માઠા પ્રસંગે લાચાર–તોહતાળ, દીન, યતીમ બની ફરતા ન રહે તેની ખાસ કાળજી રાખવી.

વિદ્વાન, સંસાર ત્યાગી વ્રતધારી સાધુ–સાધ્વીજી મ. અપ્રીતિ–અનાદર થાય ત્યાંથી વિહાર કરવો, ગુજરાત બહાર મારવાડ, મેવાડ, માલવા, મહારાષ્ટ્ર, કર્ણાટક, તામીલનાડુ, આંધ્રપ્રદેશ, ઉત્તરાપથ, બિહાર, બંગાળ, પંજાબ, આસામ વગેરે પ્રદેશોના મુખ્ય શહેરોમાં વિહાર કરવો જોઇએ તે તે પ્રમુખ શહેરોના શ્રાવકોને ધર્મમાર્ગમાં કરવા હાલ પુરતા પાલીતાણા, ભાવનગર, સુરેન્દ્રમગર, રાજકોટ, મોહમદાબાદ શંખેશ્વર પાટણ, બંભાત, સુરત વગેરે સ્થાનો ને એની આસપાસના પ્રદેશમાંથી નીકળી જવું જોઇએ. જેથી અણગમો વગેરે ઉત્પન્ન ન થાય હોય તો દૂર થાય.

ભારત ભરમા ૧૦ હજાર જેટલા સાધુ–સાધ્વીજી મ. છે જેમાંથી ૩ હજાર સ્થાનકવાસી–તેરાપંથી મ. સાધુ મહારાજ નેપાળ, હરીયાણા, અરૂણાચલ, હિમાચલ, પંજાબ, યુ. પી., બંગાળ, બિહાર, આસામ મીઝોરમ મધ્યપ્રદેશ રાજસ્થાન, મહારાષ્ટ્ર કર્ણાટક આંધ્રપ્રદેશ તામીલનાડુ વગેરે ભારત ભરમાં વિચરે છે. જ્યારે મૂર્તિપૂજક સાધુ–સાધ્વી ની સંખ્યામાં ૭,૦૦૦ જેટલા છે. તેમાંથી ખડતર–પાયગચ્છ અને અચલ ગચ્છવાળાનો વિહાર ગુજરાત તરફ બોછો છે અંચલ ને પાયગચ્છવાળા કચ્છ તરફ અને ખડતર ગચ્છવાળા રાજસ્થાન બંગાળ તરફ વિચરે છે જ્યારે બાકીના ૬,૦૦૦ જેટલા તપાગચ્છવાળા સાધુ–સાધ્વીજી મ. મોટા ભાગના ગુજરાતમાં અગાઉ જણાવેલા મોહમદાબાદ, પાલીતાણા, શંખેશ્વર, પાટણ વગેરે સ્થાનોમાં વિચરે છે એટલે ગુજરાત પકડી રાખ્યું છે.

卐 ગુરૂવંદનના ૩૨ દોષ 卐

--પૂ. મુનિરાજ શ્રી રત્નદર્શનવિજયજી મ.

અનાદિકાલના ભવભ્રમણમાં અનેકવાર વિધ-વિધ પ્રકારના અનુષ્ઠાન આચરતા હોવા છતાં કયારેક ગતાનુગતિકના કારણે કે બુદ્ધિદૌર્બલ્યતાના કારણે કે શુદ્ધ-અનુષ્ઠાન ને જાણવાની અને આચરવાની તલસાટ ન જાગવાથી તે તે અનુષ્ઠાન વિશિષ્ટકર્મ નિર્જરાનું કારણ બનતું નથી અને કયારેક તો વધારે પડતું નુકસાન કરનાર પણ બની છે.

અનેકવિધ સદ્અનુષ્ઠાનો પૈકી ગુરૂભગવંતને વંદન કરવાની વિધિ પણ અનેકવિધ શાસ્ત્રોમાં વર્ણવાયેલી છે. તેમાં સહુ પ્રથમ જેઓને આપણે સહુ વંદન કરવા ઉદ્યમિત બન્યા છીએ તેઓનું સ્વરૂપ જાણવું પણ અત્યંત જરૂરી જણાય છે. જે જાણવાથી પૂજ્યપણાનો ભાવ દ્વિગુણીત થવાની સંભાવના રહે છે.

'तीर्थंकरः समो सूरिः' પરમતારક તીર્થંકર પરમાત્માની સમકક્ષ બુધી જ્ઞાની ભગવંતોએ 'સૂરિ'ને ઓળખાવે છે. તેમાં મુખ્ય કારણ બતાવતા જણાવે છે કે-'જે શુદ્ધ પ્રરૂપક ગુણ થકી, તીર્થંકર સમ ભાખ્યા રે...'

પરમતારક તીર્થંકર પરમાત્મા કૃતકૃત્ય (એટલે પોતાને કરવા યોગ્ય સઘળીયે કરણીઓ જેઓ કરી ચૂકયા છે તેવા) હોવાથી તેમજ વર્તમાનકાલમાં જિનબિંબ સ્વરૂપે જ ઉપલબ્ધ થતાં હોવાથી તેઓ મૌખિક-વાચિક-વાર્તાલાપ-દેશના દ્વારા સાક્ષાત્ ઉપકાર કરી શકનાર ન હોવાથી, તે જિનેશ્વરોના સ્વરૂપને સમજાવીને, તે સ્વરૂપે પોતાના આત્માના નિજસ્વરૂપને પ્રગટ કરવા સરળ રસ્તો બતાવનાર જો કોઇ પણ હોય તો જંગમ તીર્થ સ્વરૂપ ગુરૂભગવંત જ છે. તે ગુરૂભગવંતની વાણી જિનેશ્વર પરમાત્માને સમર્પિત જ હોય.

વિભાવદશામાં ભટકતા આપણે સહુને સ્વભાવદશામાં સંચરવા નિત્ય પ્રેરણા કરનાર પરમોપકારી ગુરૂભગવંતને ૩૨ દોષથી રહિત વિશુધ્ધ વંદન કરનાર બનીએ તેવી અપેક્ષા સાથે 'વંદન દોષ સ્વરૂપ' શરૂ કરું છું.

તે જિનેશ્વરના માર્ગમાં યુક્તિ યુક્ત નથી તેથી તેમણે સહાય-સગવડ વગેરે વ્યવસ્થા લક્ષને પણ ભારતભરમાં વિચરવું જોઇએ. જેથી ગુજરાતના રાંકડો ગામે. જેમને મંદિર આદિની ફીકર છે તેઓની મુશકેલી ટળી જાય તેમને રાહત મલે તપાગચ્છના પૂજ્ય પુરૂષો ગચ્છાધિપતિઓ આ બાબતમાં સમ્યક વિચારણા કરે એવી શુભ કામનાહ મુનિ વિશ્વાનંદ વિ.ના મિચ્છામિ દુક્કડમ્ શુભં ભવતુ.

વંદનના ૩૨ દોષો :—

(૧) અનાદર દોષ વંદન : ગુરૂને આદર રહિત વંદન કરવું તેણે.

(૨) સ્તબ્ધ વંદન : જાતિ આદિ મદથી સ્તબ્ધ રહેલો શિષ્ય ગુરુને વંદન કરે તે.

(૩) ઉજ્ઝિતા દોષ વંદન : વંદન કરતી વેળાએ ગુરૂને અનિયન્ત્રિતપણે વંદન આપે અથવા અધૂરો વંદન કરીને ભાગી જાય તે.

(૪) પરિપિણ્ડિત દોષ વંદન : જ્યાં એક સ્થાને મળેલા ઘણા આચાર્યોને વંદન કરવા માટે આવેલો શિષ્ય એક જ વંદન કરવા વડે સઘળાય આચાર્યોને વંદન કરે તે.

(૫) તટ્ટોલગતિ વંદન : ચંચળ મનની જેમ શિષ્ય વંદન કરતી વેળાએ વારેઘડી આગળ–પાછળ ચાલ્યા કરે અને સ્થિર રહીને ગુરૂવંદન ન કરે તે.

(૬) અંકુશ વંદન : જેમ હાથી અંકુશથી વશ કરાય તેમ શિષ્ય વંદન કરતી વેળાએ ગુરૂભગવંત ઉંચે બેઠેલા–સૂતેલા–પ્રયોજન વિશેષથી વ્યગ્ર ચિત્તવાળા હોય ત્યારે તેમને ચોળપટ્ટો વિશેષ ઉપકરણને હાથમાં અવજ્ઞાથી ખેંચીને વંદન કરવા માટે ગુરુ ભગવંતને આસન ઉપર બેસાડે ત્યાર પછી વંદન કરે તે.

(૭) કચ્છપપરિગિંત વંદન : કાચબા, જલચર વિશેષ પ્રાણીઓની જેમ 'અહો કાયં કાયં' આદિ સૂત્રોના ઉચ્ચારને કરતો શિષ્ય ઘડીકમાં આગળ તો ઘડીકમાં પાછળ કુદકો મારીને વંદન કરે તે.

(૮) મત્સ્યોદ્વર્ત્ત વંદન : જેમ જલમાં રહેલી માછલી અંદર–બાહર ઉદ્વર્ત્તન કરે તેમ શિષ્ય એક આચાર્યને વંદન કરીને તેના સમીપમાં રહેલા બીજા વંદના કરવા યોગ્ય કોઇક ને વંદના કરવાની ઇચ્છાવાળો બેઠેલો જ માછલાની જેમ જલ્દીથી અંગને પરાવર્ત્તન કરીને જાય અને વંદન કરે તે.

(૯) સ્વપરપ્રદ્વેષ વંદન : મનમાં અનેક નિમિત્તથી પ્રદ્વેષ થાય, તેમાં કોઇક સ્વ (આત્મા)થી અથવા કોઇક પરથી થાય છે. એટલે 'સ્વ'માં પોતાના ગુરૂ કાંઇક કઠોર વચન કહેવાથી અને 'પર'માં તે શિષ્યના સંબંધિત વાતો ભાઇ સન્મુખ ગુરૂવડે કહેવાથી પણ પ્રદ્વેષ ઉત્પન્ન થાય છે. અર્થાત્ પ્રદ્વેષથી દુષિત મન વડે ગુરૂને વંદન કરે તે.

(૧૦) દુષિત વંદન : (વેદિપંચક દોષ)=વંદન કરતી વેળાએ શિષ્ય બે હાથ, બે જાનુ ઉપર મૂકે, અથવા બે જાનુની નીચે અથવા ઉપર મૂકે, અથવા એક જાનુ (ડાબો/જમણો) ઉંચુ કરે તેમાં બે હાથ (અંદર/બહાર) રાખીને વંદન કરે તે.

(૧૧) ભય દોષ વંદન : 'જો હું વંદન નહિ કરું તો ગચ્છમાંથી કાઢી નંખાવીશ' તેવા પ્રકારના ભયથી વંદન કરે તે.

(૧૨) ભજમાન વંદન : 'જો હું આચાર્યાદિને વંદન કરીશ તો હું તેમને મારા વશ કરનારો થઇશ અને મને અનુસરનારા થવાથી મારું ઇચ્છિત કરી શકીશ' એવા અભિપ્રાયથી વંદન કરે તે.

(૧૩) મૈત્રી વંદન : વંદનાદિ કરવાથી આચાર્યાદિ સાથે મૈત્રી બંધાશે' આવા ભાવથી વંદન કરે તે.

(૧૪) ગૌરવ વંદન : વંદન કરવાથી સઘળાય સાધુઓ મને વંદનપ્રદાન આદિ ક્રિયામાં કુશલ છે' આ અભિપ્રાયને મેળવવા વંદન કરે તે.

(૧૫) કારણ વંદન : 'રત્નત્રયને મૂકીને બીજું કાંઇ આલોક સંબંધિવસ્ત્ર કંબલાદિ દાન નહિ અપાવે' અથવા 'રત્નત્રયની પ્રાપ્તિ કરીને પૂજા–આદર–સત્કાર–બહુમાન આદિના આશયથી જ્ઞાનાદિ ગ્રહણ કરવાની આશા રાખવા સાથે વંદન કરે તે.

(૧૬) સ્તૈન્ય (ચૌર) વંદન : પોતાનાથી પર એવા સાધુ–શ્રાવક આદિની દૃષ્ટિને હણીને (ઠગીને) વંદન કરે, તેમાં મુખ્ય કારણ–શિષ્ય પોતે વિદ્વાન હોય અને ગુરુ અલ્પબુદ્ધિવાળા હોય તો વિદ્વાન શિષ્ય પોતાના અલ્પબુદ્ધિવાળા ગુરૂને વંદન કરતાં સાધુ–શ્રાવકાદિ જોઇ જાય તો પોતાની અપભ્રાજના થાય તેવા આશયથી લોકોની નજર ઠગીને વંદન કરે તેણે.

(૧૭) પ્રત્યનીક વંદન : ગુરૂભગવંત આહાર–નિહાર કરતાં હોય તે વેળાએ વંદન કરે તે.

(૧૮) રુષ્ટ વંદન : શિષ્યને કોઇપણ કારણથી રોષ (ગુસ્સો) ઉત્પન્ન થયો હોય અને ગુસ્સાને સમાવ્યા વગર ગુરૂને વંદન કરે તે.

(૧૯) તર્જિત વંદન : 'લાકડાથી બનાવેલી મૂર્તિ વિશેષની જેમ વંદન ન કરે તો પણ ગુસ્સે થતાં નથી અને કરીએ તો પણ ખુશ થતા નથી' આમ વિચારીને તર્જના કરીને વંદન કરે અથવા એમ વિચારે 'ઘણા લોકોના મધ્યમાં છો એટલે હે સૂરિ! તમને વંદન કરું છું, ત્યારે તું એકલો હોઇશ ત્યારે જોઇ લઇશ' આવા અભિપ્રાયથી હાથ અથવા મસ્તક વડે ગુરૂને તર્જના કરીને વંદન કરે તે.

(૨૦) શઠવંદન : 'જો ગુરૂને વંદન કરીશ તો લોકો મધ્યે હું વિશ્વસનીય બનીશ' આવા અભિપ્રયથી સદ્ભાવ વિના આંતરિક ભાવના વિના વંદન કરે તે.

(૨૧) હીલિત વંદન : 'હે ગણિ! હે વાચક! હે જ્યેષ્ઠાચાર્ય! હું તારા વડે

વંદન કરાવાય છે?' આવા અભિપ્રાયથી હાસ્યપૂર્વક હીલના કરીને વંદન કરે તે.

(૨૨) વિપરિકુંચિત વંદન : થોડું વંદન કરીને વચ્ચે દેશાદિ વિકથા કરી પછી પાછું વંદન કરે તે.

(૨૩) દૃષ્ટાદૃષ્ટ વંદન : ઘણા સાધુઓ વંદન કરતાં હોય ત્યારે તેમની અંદર છુપીને અથવા અંધકારવાળા પ્રદેશમાં વ્યવસ્થિત મૌનને ધારણ કરીને બેઠા અથવા ઉભો દેખાવ પુરતો વંદનની ચેષ્ટા કરે અને કોઇની દૃષ્ટિ પડે ત્યારે ચેષ્ટાપૂર્વક વંદન કરે તે.

(૨૪) શૃંગ વંદન : વંદન કરતી વેળાએ **'અહો કાયં કાય'** આવર્તોને કરતો બે હાથ વડે લલાટના મધ્યપ્રદેશને સ્પૃશ ન કરે પરંતુ ડાબી કે જમણી બાજુના લલાટને હાથનો સ્પર્શ કરી વંદન કરે તે.

(૨૫) કર વંદન : રાજાદિને કર આપવાની જેમ વંદનને 'કર' માનીને વંદન કરે તે.

(૨૬) મોચન વંદન : 'વ્રત ગ્રહણ કરવાથી લૌકિક 'કર'થી મુક્ત થઇ ગયા પરંતુ વંદન 'કર'થી મૂક્યા નથી' આવા અભિપ્રાયથી 'કર'થી મૂકાવા માટે વંદન કરે તે.

(૨૭) આશ્લિષ્ટાનાશ્લિષ્ટ દોષ વંદન : વંદન કરતી વેળાએ 'અહો કાયં કાય' આવર્તોના સમયમાં રજોહરણ અને લલાટને સ્પર્શ કર્યા વગર, ક્યારેક લલાટને સ્પર્શ કરે તો ક્યારેક રજોહરણને સ્પર્શ કરે તો ક્યારેક બંનેમાંથી એકને પણ સ્પર્શ કર્યા વગર વંદન કરે તે.

(૨૮) ન્યૂન વંદન : વંદન કરતી વેળાએ વાક્ય એટલે અક્ષરના સમૂહને અથવા થોડા અક્ષરોને ન્યૂન બોલવું અથવા કોઇક ઉત્સુકતા કે પ્રમાદના કારણે અલ્પકાલ વડે વંદન સમાપ્ત કરે ત્યારે બોલતાં અક્ષરો ન્યૂન–ઓછા બોલે અથવા આવશ્યકથી પણ ન્યૂન કરે તે.

(૨૯) ઉત્તરચૂડ વંદન : વંદનને આપીને પછી મોટા સ્વરેથી 'મસ્તકેનાહં વંદે' બોલે તે.

(૩૦) મૂક વંદન : વંદન કરતી વેળાએ આલાપકોનો ઉચ્ચાર્યા વગર વંદન કરે તે.

(૩૧) ઢઢ્ઢર વંદન : વંદન કરતી વેળાએ આલાપકોને મોટા શબ્દોથી ઉચ્ચારીને વંદન કરે તે.

(૩૨) ચુડુલિક વંદન : જંગલમાં આવતી જંગલી પ્રાણીઓને ભગાડવા જ ઉભાડીયું (અગ્નિ)ને ઘુમાડવામાં આવે તે ઉંભાડીયાની જેમ રજોહરણને ભમાડીને વંદન કરે તે.

ઉપરોક્ત ૩૨ દોષથી રહિત વિધિપૂર્વક ગુરૂભગવંતની વંદના દ્વારા કર્મનાશબળ મેળવીએ તેવી શુભેચ્છા...વંદનથી કયા કયા ગુણો પ્રગટે તે હવે પછી... (ક્રમશઃ)



પ્યારા ભૂલકાંઓ...

શ્રી જૈન દર્શનકારો કહે છે કે--

'આપણા શરીરમાં ગમન કરવાની શક્તિ પગમાં નથી
આપણા શરીરમાં જોવાની શક્તિ ચક્ષુમાં નથી
આપણા શરીરમાં સુંઘવાની શક્તિ નાકમાં નથી
આપણા શરીરમાં સાંભળવાની શક્તિ કાનમાં નથી
આપણા શરીરમાં સ્વાદુ કરવાની શક્તિ મુખમાં નથી.'

પરંતુ,

એક અંતરંગ સત્તા એ સર્વ ક્રિયાને નિયમમાં મૂકે છે, જો એ ન હોય તો.

મૃત શરીરને સ્પર્શેન્દ્રિય, રસેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચતુરિન્દ્રિય અને શ્રોતેન્દ્રિય હોવા છતાં તેનો ઉપયોગ નથી એ અંતરંગ સત્તાને સૌ કોઇ આત્મા તરીકે નીવાજે છે/ ઓળખે છે.

આત્મા પોતે નિર્લેપ અવસ્થાને પ્રાપ્ત છે ત્યારે તે તદ્દન શુદ્ધ છે. તે પોતે અક્રોધી, અમાની, અલોભી. અવિરતિ, અક્લેશી, અરાગી, અદ્વેષી, અયોગી, અભોગી, અકલેશી અને અસંગી છે. તે અજર, અમર અને અકલિકત છે. તેના પ્રદેશો પરમ નિર્મળ તેમજ અરૂપી છે.

પરંતુ, અતકર્મ પુદ્ગલોના અનાદિ સંબંધમાં તે ચિત્ર-વિચિત્ર ભવો ધારણ કરે છે આ કર્મના કારણે તેના મનુષ્યાદિ અનેક નામો આપવામાં આવે છે. કર્મ સંબંધથી તે અવનવા અનેક વેશો પહેરીને કર્મ રાજા જેમ નાચ નચાવે તેમ નાચ કરતો કરતાં વર્ષોના વર્ષો પૂર્ણ કરે છે. કામક્રોધાદિકને વશ થાય છે. ચગણિયુ લઇને જ્યાં ત્યાં ભટકે છે. સુખ-દુઃખાદિ હસતે-રોતે મોઢે ભોગવે છે. નવાનવા કર્મોનો જથ્થો લેગો કરીને આત્માને ભારે કરે. આત્માની શક્તિ હણી નાખે.

વસ્તુતઃ આત્માનું સ્વરૂપ-લક્ષણ જ્ઞાન, દર્શન અને ચારિત્રમય છે સર્વ વસ્તુઓને તથા સ્વરૂપે જોવી-જાણવી અને તેના ભાવોમાં સ્થિરતા કરવી. એ આત્માનું લક્ષણ છે. જ્યારે આત્મા કર્મોથી તદ્દન છૂટી થાય છે ત્યારે તે મોક્ષરૂપ થઇ જાય છે.

રવિશિશુ C/o. જૈન શાસન કાર્યાલય

આજનો વિચાર

જીવનો સ્વચ્છંદ એ મોટો દોષ છે.

એ...છે.

અતિથિ એ ઘરનો વૈભવ છે
ધર્મપ્રેમ એ ઘરની પ્રતિષ્ઠા છે
વ્યવસ્થા એ ઘરની શોભા છે
ધર્મધ્યાન એ ઘરનું સુખ છે

—ભરત શાહ

તેવું...નહિ.

રોગ થાય તેવું ખાશો નહિ
પાપ થાય તેવું કમાશો નહિ
ફેવું થાય તેવું ખર્ચશો નહિ
ક્લેશ થાય તેવું જીવશો નહિ
દુઃખ થાય તેવું જોશો નહિ
બગાડ થાય તેવું ભણશો નહિ
ઉપાધિ થાય તેવું રમશો નહિ

—વિમિત, વિકાશ શાહ

અસંગ...

વેશ્યાનો વિશ્વાસ કરશો નહિ
સોનીનો વિશ્વાસ કરશો નહિ
સર્પનો વિશ્વાસ કરશો નહિ
જુગારીનો વિશ્વાસ કરશો નહિ
કુમિત્રનો વિશ્વાસ કરશો નહિ
નદીનો વિશ્વાસ કરશો નહિ
શીંગડાવાળાનો વિશ્વાસ કરશો નહિ
બે વચનીનો વિશ્વાસ કરશો નહિ

—વિક્રમ વિ. ચોકસી

કદીએ...નહિ.

પ્રભુજીને કદીએ વિસરશો નહિ
હિંમત કદીયે હારશો નહિ
નમાલા કદીએ બનશો નહિ
કૃપણતા કદીયે કરશો નહિ
વિનય કદીયે ચૂકશો નહિ
કુસંગ કદીયે કરશો નહિ
અણહક્કનું કદીયે લેશો નહિ
અણવિચાર્યું કદીયે બોલશો નહિ
સહનશીલતા કદીયે છોડશો નહિ
ખાતાં-ખાતાં કદીયે બોલશો નહિ
કડવા વહેણ કદીયે કોઈને કરશો નહિ

—રશ્મિકા

મોન્ટુ-પપ્પા, (લગ્નને દિવસે) મારી બહેન કેમ રડે છે.

પપ્પા—મોન્ટુ, બહેન ભલે આજે રડતી કાલથી તારો બનેવી રડશે.

(સંસારનું વિષચક્ર તને સદાય રડાવશે.)

મોન્ટુ અમ. સોલંકી

બાળ-ગઝલ

આંસુનાં પણ પડે પ્રતિબિંબ
એવા દર્પણ ક્યાં છે ?
કહ્યા વિના ય સઘળું સમજે
એવા સગપણ ક્યાં છે ?

—શ્રી રમ્યા

ઢાઢમાં ખટકે કાંકરો
કણું ખટકે નેણ
વચન ખટકે ઉરમાં
ગયા ખટકે સેણ ઇસિતા

— કથાનક —

સ્વાવલમ્બી જીવન

પૂર ઝડપે આવતી હાવડા એકસપ્રેસ કલકત્તા સ્ટેશને આવી. આંચકા સાથે ઉભી રહી–થંભી ગઇ. બીલાડીનો ટોપ જેમ એકાએક ઉગી નીકળે તેમ મુસાફરો બારી–બારણામાંથી બહાર કુદવા લાગ્યા. એક મુસાફર પોતાની સુટકેશ ઉઠાવવા માટે કુલીને બુમો મારી રહ્યો હતો. ઘણી બુમો મારવા છતાં કોઇ કુલી તેની પાસે ફરકતો ન'તો, સૌ તેના સામાનને જોઈને ચાલ્યા જતા હતા.

શું મુસાફર પાસે ઘણો સામાન હતો ? ના રે ના ! સામાન ઘણો ઓછો હતો પણ સામાન ઉચકનારાઓની ભૂખ મોટી હતી. મોટો અને ભારે સામાન ઉંચકવા મળે તો મોટીમોટી રકમ મળે. દીવસભરનું દળદળ છૂટી જાય. મુસાફરની પરેશાની નિહાળતાં એક વ્યક્તિએ તે મુસાફરનો સામાન ઉચકી લીધો. બસ સ્ટેન્ડ સુધી પહોંચાડી દીધો. રકમની આનાકાની કરતો તે વ્યક્તિ તે મુસાફર પાસેથી રફુચક્કર થઇ ગયો.

આ મુસાફર, ઇશ્વરચંદ્ર વિદ્યાસાગરનું ઘર પૂછતો પૂછતો તેઓના ઘરે આવી આવી પહોંચ્યો. તેઓના દર્શન માટે આવેલો આ મુસાફર ઘણે જ દૂરથી આવેલો. દિવાનખંડમાં આવકાર પામતા મુસાફરની આંખો ઇશ્વરચંદ્ર વિદ્યાસાગરની આંખો સાથે ટકરાઇ. મુસાફર ચોંકી ઉઠયો. મુખ ઢાળી પ્રણામ કર્યા. આંખોના મિલને મુસાફરને લજ્જિત બનાવી દીધો.

ભાઈ, શું કારણ બન્યું ?

પોતાની સુટકેશ ઉપાડનાર અન્ય કોઇ નહિ પણ ઇશ્વર વિદ્યાસાગર પોતે જ.

મનોમન ક્ષમા યાચતો તે મુસાફર તેઓના ચરણે આળોટવા લાગ્યો. મુસાફરે મનોમન નક્કી કર્યું હવે, મારૂં કામ મારે જાતે જ કરવું કયારે પણ કોઇનો સથવારો લેવો નહિ અને કોઇપણ કાર્ય કરવામાં લજ્જાળું બનવું નહિ.

સ્વાવલમ્બી જીવન જીવવામાં મઝા છે.

–કેયુર એન. શાહ

* સંપનું પરિણામ *

--કમલાબેન આંશર

રામપુર ગામમાં એક જમીનદાર હતો, વીરસિંહ. વીરસિંહને ત્રણ છોકરા હતા પણ બધા આળસુ. બાપની સંપત્તિ ઉડાડનાર. વીરસિંહ ઘણું સમજાવતો. બેટા આ બાપદાદાની સંપત્તિને સંભાળો ને વધારો. પણ સાંભળે કોણ !

વીરસિંહને મનમાં ઘણી ચિંતા થતી પણ શું કરે.

આ જ જમીનદાર પાસે રામધન નામનો એક નોકર હતો. એના પણ ત્રણ છોકરા હતા મહેનતી અને સમજુ. જમીનદારની ખેતીમાં કામ કરે અને પેટ ભરે.

એક દિવસ જમીનદાર પ્રભુનો પ્યારો બની ગયો. હવે ત્રણે છોકરાઓ તો આઝાદ બની ગયા ને ખુબ પૈસા ઉડાડવા માંડ્યા. ધન ક્યાં સુધી ચાલે. ધીરે ધીરે બધું ખલાસ થાવા માંડ્યું.

રામધનને અને એના છોકરાઓને કાઢી મુક્યા. હવે ગરીબ માણસ શું કરે. રામધને ત્રણ છોકરાઓને બોલાવી કહ્યું. તમે શહેરમાં જઇને કોઇ કામ કરો. છોકરાઓએ કહ્યું. બાપુ. ખેતી સિવાય અમને કંઇ કામ પણ આવડતું નથી. ગમે તેમ કરો પણ બેટા, ગામમાં પેટ નહીં ભરાય.

રામધને ભારે મને ત્રણે જણને વિદાય કર્યા. જતા વખતે ત્રણે પિતાને પગે લાગી આશીર્વાદ લીધા.

પિતાએ જતા વખતે એક તરબુચ એમને આપ્યું અને કહ્યું, ભૂખ અને તરસ આનાથી મટશે. એક ચાકુ ને તરબુચ લઇને બધા નિકળ્યા.

ચાલતા થાકી ગયા. એક પીપળાનું ઝાડ આવ્યું. બેઠા પાસે પાણી પણ હતું. રાત થવા આવી હતી. એકે કહ્યું, લાવ હું કાપું ને બધા મળીને ખાઇએ.

હાંને બન્યુ એવું કે એ ઝાડમાં એક ભૂત રહેતું હતું. એ સમજ્યો કે આ લોકો મને ખાવ ની વાત કરે છે એટલે સામે આવ્યો અને બોલ્યો, અરે મને શા માટે મારો છો, શું જોઇએ છીએ તમને.

પેલા લોકોએ પુછ્યું તું કોણ છે, પેલાએ જવાબ આપ્યો "હું ભૂત છુ" ભૂતનું નામ સાંભળી ત્રણે ડરી ગયા. પણ હિમ્મત રાખી બોલ્યા અમને એક તાંત્રિક મંત્ર ભણાવીને મોકલ્યા છે ને આ ચાકુથી તારી ચોટલી કાપવી છે. પેલો કહે, ભાઇ તમને જે જોઇએ તે આપુ પણ મને ન મારો.

ભૂતે તો ઝાડના મૂળમાંથી ખોદીને ધનના ઢગલા કરી આપ્યા. હીરા, માણેક, રત્ન, સોનું. હવે તો આ લધુ લઇ ભાઇઓ શહેરમાં વસ્યા. વ્યાપાર કર્યો ને પિતાને બોલાવી લીધા. ધીરે ધીરે ધનવાન બની ગયા.

આ વાત જમીનદારના છોકરાઓને ખબર પડી એટલે આવ્યા એ લોકો પાસે બધી વાત પુછી તો રામધને સાચી વાત જણાવી કહી દીધી.

હવે ત્રણે ભાઇઓ દેખાદેખી કરી પેલા ઝાડ પાસે આવ્યા ને માંડયા લડવા પેણો કહે ધન મળશે તો હું લઇશ ને બીજો કહે હું. ત્રીજો પણ બરાડા પાડવા માંડયો. આ જોઇને ભૂત બહાર આવ્યો. પેલા લોકો ભૂત જોઇ ડરી ગયા પણ હિમ્મત રાખી ધન માંગવા લાગ્યા. ભૂતે કહ્યું તમે આપસમાં જ લડો છો તે ધન લઇને કેટલા લડશો. માટે તમારામાં સંપ નથી ધન નહીં મળે. અહીંથી ભાગો નહીંતો તમને હું ખાઇ જઇશ. ત્રણે ડરીને ભાગી છુટયા. જો ત્રણે ભાઇઓએ સંપીને કામ કર્યું હોત તો જરૂર સુખી થાત. (મું. સ.)

卐 શ્રી સિદ્ધ ભગવંતનું સ્વરૂપ 卐

શ્રી સિદ્ધ પરમાત્માઓ કૃત કૃત્ય હોવાને કારણે સિદ્ધ છે. કેવળજ્ઞાન અને કેવળ દર્શન દ્વારા સમસ્ત વિશ્વને જાણનારા હોવાથી બુધ્ધ છે. સંસાર સમુદ્રના પારને પામેલા હોઇ પારગત છે. તથા સમ્યગદર્શન જ્ઞાન અને ચારિત્રના ક્રમસર સેવનથી મુક્તિને પામેલા હોઈ. તેઓ પરંપરાગત પણ કહેવાય છે. સકલ કર્મોથી રહિત હોવાના કારણે કર્મનિરણોથી સર્વથા મુકત છે. વૃદ્ધાવસ્થાદિ અવસ્થાંતરોનો અભાવ હોવાથી અજર છે. આયુષ્યકર્મ ન. અભાવે અમર છે. અને સકલ કલેશથી મુકાયેલા હોવાને અંગ અસંગ પણ છે. આ બધા ગુણોના યોગે શ્રી સિદ્ધ પરમાત્માઓ, ભવ્યાત્માઓને મુક્તિના પ્રેમી બનાવનારા છે. ભવ્યાત્માઓના અંતરમાં મુક્તિ માર્ગના મુસાફર બનવાની વૃતિને જગાડીને ખીલવનારા છે તેમજ મુક્તિની સાધનામાં જ તે વૃત્તિને એકતાન બનાવવામાં સહાયક છે. તેથી જ શ્રી સિદ્ધ પરમાત્માઓ પણ આવો મહોપકાર કરનારા હોઇને કલ્યાણના કામી આત્માઓને માટે એકાંતે આરાધવા યોગ્ય છે.

❋ કામદેવ રાજાની કથાનો ગુજરાતી અનુવાદ ❋

(ગતાંકથી ચાલુ)

એકવાર ચાતુર્માસના દિવસમાં ચૈત્ય પરિપાટી કરતા બધા કુટુંબ વડે ધનશ્રી તે બંનેને પણ કરેક મંદિરમાં ભગવાનની પૂજા કરતા.

સાધુને નમીને અનાજ આપીતે દાન અધિકારમાં મુખ્ય છે. એ પ્રમાણે ઉપદેશ સાંભળ્યો હતો. સારા ક્ષેત્રમાં વાવેલું બીજ ઘણા ફળને આપે છે. તેમજ પુણ્યક્ષેત્રમાં વાવેલું થોડું પણ ધન ઘણા ફળને ચોક્કસ આપે છે. આ પુણ્યો ક્ષેત્રો છે. પુણ્ય ક્ષેત્ર પોતાના દ્રવ્યથી જિનભવન (દહેરાસર) બનાવવું, જિનબિંબ ભરાવવું, શ્રેષ્ઠ પ્રતિષ્ઠા કરાવવી, પુસ્તક લખાવવું, સુતીર્થ યાત્રા કરવી. તીર્થમાં ધનને વાપરવું ત્યાં પણ પુસ્તક ક્ષેત્રનું પુણ્ય વધારે છે. બધા પુણ્ય માર્ગોનું પ્રકાશક હોવાથી અસંખ્ય જીવને પ્રતિ બોધવનો ઉપકાર થતો હોવાથી તેનાથી કોઇ એક પણ જીવ બોધ પામે છે. બધા જીવલોકમાં દ્રઢઘોષણા કરાવી તેના ફળને પામે છે, તેથી ઘણા જીવ પ્રતિ બોધવાનું ફળ કહેવા કોણ શક્તિમાન છે ? શાસ્ત્રના ઉપદેશ વડે કોઇ એક પણ જીવ બોધ પામે છે. અને શાસ્ત્રનો આધાર પુસ્તક છે. તેથી તેના વડે પુસ્તક ક્ષેત્રોમાં અર્પણ કરાયેલ તે જ પુણ્ય મુખ્ય છે.

એ પ્રમાણે સાંભળીને સોમ અને સોમશ્રી ધન શ્રેષ્ઠ સાથે ઉપવાસ કરીને ઘરમાં જઇને પિતાના દ્રવ્યના સામર્થ્ય વડે બધા પુણ્ય ક્ષેત્ર મુખ્ય છે, માટે પુસ્તકક્ષેત્રને આરાધે છે. એ પ્રમાણે કરીને બીજે દિવસે પારણાં પોતાના ઘન વડે સફેદ દૂધ, ઘી, દહીં, ભાત, ભેગા કરીને થાળીમાં પીરસીને જ્યારે ભોગવવા બેઠા ત્યાં જ માસક્ષમણના સાધુને આવેલા જોઇને સમ્યકભાવ વડે તેને ખીર વહોરાવીને ભોગફળ ઉપાર્જન કર્યું હતું.

એ પ્રમાણે દાન આપીને રાજાએ ઇનામ આપીને અમે વનમાં જઇને મુનિને વંદન કરી તે તત્વાર્થ ઉપદેશ સાંભળીને નગરની વચમાં આવીને સત્ય વૈરાગ્ય રંગથી પુત્રને રાજ્ય અભિષેક કરીને મુનિ પાસે દીક્ષા લીધી. તેથી પોતાનું રાજ્ય કામદેવ રાજા પિતાના જેવા વાત્સલ્યથી પ્રજાનું પાલન હંમેશા કરે છે. ચતુરથી ચતુર એવાં રાજાએ સંપૂર્ણ સરસ્વતીના ભંડારને નિર્માણ કરીને પોતાના અંતઃકરણની શુદ્ધિવડે સિદ્ધાંતની યુક્તિ વડે પૂજા કરે છે.

એ પ્રમાણે આગમ વચન વડે વીતરાગ પૂજાની જેમ પુસ્તક પૂજા વિધિ કહી છે. લક્ષ્મી નાશ ન થાય તેવા તેના ભંડાર કહે છે. આથી બધા લોકોના કરવેરા મૂકાવી

દે છે. પ્રજા આવા રાજા હોવાથી પીડા વગરની અને રોગ વગરની રહે છે. ઘણા લાંબા આયુષ્યવાળી અને મોટા સુખથી શુદ્ધ પરંપરાના સ્વભાવવાળી પ્રજા થઇ છે. વે પૃથ્વીમાં બધે ઢંઢેરો પીટવા વડે ઉદ્ઘોષણા કરી કે રાજાવડે મોટી શાળા નિર્માણ થ ય છે. રાજા વડે શાસ્ત્રોને માટે શિક્ષકોની યોજના કરાઇ અને શાસ્ત્રનો અભ્યાસ જે કોઇપણ એક ચિત્તથી ભણશે તેને હું ભોજન અને વસ્ત્રો પૂર્ણ કરીશ.

એ પ્રમાણે રાજા નિર્માણ કરે છે. તેવી ઉદ્ઘોષણાને કરેક જગ્યાએથી બધી પ્રજા લાલશાથી ભણવા માટે આવી લક્ષ્મી અને સરસ્વતી એક બીજાના સ્વભાવનો વિરોધ મૂકીને રાજાને ખુશ કરીને બંને શોભે છે. તેથી અહિંયા રાજાના અનુભવથી જે રાજા અર્ધભરતમાં પરાક્રમથી આક્રાન્ત શત્રુવાળા હતા તે પણ તેના પગની સેવા કરતા હતા. વિદ્યા ભણેલાઓના નાથ પણ તેની વિદ્યાના બલથી વશીભૂત થયા અને તેના પગની સેવામાં ટેવાયેલા થયા, તેવા સોળ હજાર રાજાઓ જેના ચરણને સેવતા હતા તેવા શ્રીમાન કામદેવ અને વાસુદેવ જેવા શોભતા હતા.

સૌભાગ્ય મંજરીની કુક્ષીના સમુદ્રમાં રાજહંસ જેવો રાજહંસકુમાર બધા ગુણો રૂપી પાણી જેવો શોભતો હતો. અદ્ભુત ગુણોનાં સમુદાયવાળો એકવાર દેકાર્ય કરીને અલંકારથી સુશોભિત એવો રાજાના સિંહાસન ઉપર બધી ઋદ્ધિવડે શોભતો હતો અને તે પ્રમાણે રાજા, યુવરાજ મહારાજા, રાજમંત્રી શ્રેષ્ઠિ સાર્થવાહ, હજારો સેનાપતિનો પતિ તે પ્રભાવ વડે તેની સભામાં અભંગ એવા નાટકના રંગને જોતો હતો, પૌરાણિક પુરૂષો કથાઓ પ્રવર્તાવે છે જે પંડિતો શાસ્ત્રની ચર્ચા આળસ વગર કરતા હતા નોકરો રાજ્યના વ્યવહારને સાચવતા હતા. યોગીઓ વડે લખાયેલા લેખની ચિંતામાં રહેતા હતા ત્યારે બાલ રાજહંશ કુમારને શણગારીને લાવ્યા હતા અને તે પાંચ વર્ષનો હંસ જેવો બાળક બધા રાજાના ખોળારૂપી કમલમાં રમતો જોઇને શ્રી કામદેવ રાજા મનમાં ઘણો મોહ પામતો ચિંતન કરે છે.

અહો આ કોણ, પુત્ર કોનો, કોણ જાણે છે ક્યાંથી આવ્યો છે, ક્યાં જશે, કોનો આના વડે સંબંધ ફક્ત ખોટો જ નાશ પામનારો સ્નેહ સંબંધ છે. એક જીવ જન્મે છે એક નાશ પામે છે.

તેથી ૧૬ દિનાર સોમ અને બાર દિનાર સોમશ્રીએ પુસ્તક લખાવવા માટે આપ્યા અને અંતકાળે બંને અનશન કરીને મરીને સૌધર્મ દેવલોકમાં સ્વર્ગ સુખોને ભોગવીને જે સોમ હતો તે તમે પોતે અને સોમશ્રીએ સૌભાગ્યમંજરી અને તે પ્રમાણે પુસ્તકની આશાતના કરવાથી મૂર્ખ થયો છે અને હવે પુસ્તક લખાવવાના પુણ્યથી

સોળ મહિના વડે બધો મેલ ધોવાય છે. તેનાથી ઘણુ વિદ્વાન થાય.

એ પ્રમાણે કેવલીનું વચન સાંભળીને પગમાં પડીને બોલ્યો ભગવાન અજ્ઞાન વડે કરેલ જ્ઞાનના આશાતનાનું પ્રાયશ્ચિતને આપો. કેવલી બોલ્યા–કુમાર સંપ્રતિની મધ્યમાં બાવીશમાં તીર્થંકરના સમયમાં અઢાર માસની નિર્મલ તપસ્યામાં સોળ મહિના એકાંતરે ઉપવાસ કર્યા છે. અહિંયાના અંતરમાં ત્યાંની સરસ્વતી રહેલી અને દેવતાએ કહેલું કે ચતુર, જ્ઞાન ભંડાર કર તેથી લાભ થશે. તેથી મંત્રીએ કહ્યું–દેવી ધર્મના અંતરાય વિશે વાહ રૂપિ સમુદ્રમાંથી તરવા માટે કર તે કેવી રીતે તરાશે દેવીએ કહ્યું શ્રી વજ્રનાભ કેવલીની કૃપાથી નિશ્ચિંત થવું જોઇએ તે જાણીને સૌભાગ્યમંજરી આવેલી રાજહંસ સ્વયંવરમાં પુતળીની જેમ વાહમાં રૂપવાન એવી બધી તપસ્યાને આરાધીને યક્ષને આકર્ષિત કરેલી હવે મૂળ સમ્યકત્વ વડે શ્રાવક ધર્મને તું ભજ. તેથી બધી ઇચ્છાઓ સિદ્ધ થશે. ત્યારે કુમાર પોતાની પત્ની અને સૈન્ય સાથે કેવલી પાસે ગયો તો ત્યાં કેવલી લોકોને પ્રતિબોધવા વિહાર કરી ગયા.

તેથી કાશ્મીર દેશથી બધા પ્રખ્યાત રાજાઓ પ્રખ્યાત પંડિતો આવ્યા વાદનો મંડપ રચાયો સૌભાગ્યમંજરી પરપુરૂષને સ્વપ્નમાં પણ ઇચ્છતી નથી પણ જે હારી જશે તે જીવન સુધી બીજાની સેવા કરશે. એ પ્રમાણે શરત થઇ ભવ્ય દિવસે સભ્યો મળ્યા મંચ ઉપર રાજાઓ અને પંડિતો બેઠા. ઉપસ્થિત થયેલા પંડિતોનો વાદ થયો. સરસ્વતીની કૃપાવડે કામદેવ વડે તેની જીત થઇ. જય જય અવાજ થયો. વિશ્વમાં યશ વડે ભૂષિત થયો તેથી સેવા કરવાવાળા રાજા કાલ આદિ સાથે મહોત્સવ પૂર્વક પોતાના નગર તરફ સંચાલન કરવા લાગ્યા. હવે રાજા સૂરદેવ પોતાના પુત્રની કિર્તિને સાંભળીને ઘણો ખુશ થયો. (અવિચ્છિન્ન) સતત પ્રયાણવડે નજીક આવેલાની સામે આવ્યો. કુમાર જેન મુકુટો ભૂમિ ઉપર અડેલા છે. તેવો તેને પિતાને નમસ્કાર કર્યો.

હવે યથોચિત કથાદિ સત્કાર થયે છતે રાજા પ્રવેશ ઉત્સવ રચવા માટે નગરમાં ગયા. કુમાર નદીના કિનારે સૈન્ય સાથે રોકાયો. ચંદ્રલેખા કદલીના વનમાં રમવા માટે ગઇ. સોનાના પીંછાવાળી ઢેલને જોઇને કુમારને કહ્યું. કુમારપાળ કૌતુકથી ખેંચાયેલ ચિત્તવાળો જોવા માટે ધીરેધીરે ત્યાં આવ્યો. કુદીને જ્યાં કુમાર મોર ઉપર બેઠો તરત જ ઢેલ જલ્દીથી એક ક્ષણમાં ઉડીને અદ્રશ્ય થઇ ગયા–આ જાય છે આ જાય છે. એમ લોકો કહે છે. ત્યાં જ સૂર્યાસ્ત થઇ ગયો. જગતમાં અંધકાર થઇ ગયો બધું સૈન્ય શોકથી રડવા લાગ્યું. સૌભાગ્યમંજરીએ જ્યોતિષીને બોલાવીને તેના ફળ આદિ વિશે પૂછયુ તે બોલ્યા–તું જરા પણ શોક કરીશ નહિ. બેદ વર્ષમાં ઘણી લક્ષ્મીવાળો થઇને આવશે ત્યારે તેને હર્ષ થયો.

હવે મંત્રીએ કુમાર આવે નહિ ત્યાં સુધી અહિંયા જ રહીએ અને રત્નને પણ ત્યાં જ રાખ્યું, અહિયા કલાવાળા કુમારને લઇને વૈતાઢયગિરિ ઉપર વિદ્યાધર ચક્રવર્તિ રત્નાંગના રથનુપુરના બગીચામાં મૂઠયો ત્યાં જ રત્નાંગચક્રી સાથે આવ્યો. વિનયપૂર્વક રાજમહેલના સિંહાસન ઉપર બેસાડીને કહ્યું :

કુમાર ઈન્દ્ર સાંભળ–મારી પુત્રી રત્નમંજરી કહેરાસરમાં પ્રભુની પૂજા કરીને મંડપમાં મધુર સ્વર વડે સ્તોત્ર એકચિત્તથી બોલતી હતી ત્યાં જ દેવની પૂજા કરવા માટે ત્યાં આવેલી લક્ષ્મી વડે જોવાઇ મધુર સ્વર સાંભળ્યો. તેથી ખુશ થઇને તેને વરદાન આપ્યું કે કામદેવ તારો પતિ થશે તે હમણાં સૌભાગ્યમંજરીને પરણીને અયોધ્યા નગરીમાં જઇ રહ્યો છે. એ પ્રમાણે લક્ષ્મીનું વચન મારા વડે જાણીને બેલના બહાનાથી અહિંયા લાવ્યો છું માટે મારી પુત્રીનું પાણી ગ્રહણ કરો.

કુમાર બોલ્યો : હે રાજેન્દ્ર સોળ મહિનાના એકાંતરા ઉપવાસ કરીને મારાવડે કાર્ય કરવા દો. ચક્રવર્તિ બોલ્યો. તમારી ઇચ્છા પૂર્ણ કરો તેથી કુમારે ચક્રીનં સાનિધ્યતામાં ત્રિકાળ મંદિરમાં દેવપૂજા કરીને એકચિત્તથી પ્રાયશ્ચિત પૂર્ણ કર્યું અને હવે શુભ લગ્ને નવ મહોત્સવ વડે રત્નમંજરીને પરણીને ત્યાંના બધા વિદ્યાધરના બહુમાન મેળવી બે મહિના ત્યાં રહીને દિવ્ય વિમાનમાં પોતાની પત્ની સાથે હજારો વિદ્યાધરોથી પરિપૂર્ણ વરેલો મોટા છત્ર, ચામર આદિ ઋદ્ધિ વડે શોભતો દિવ્ય વાદન વડે બ્રહ્માંડ પૂરતો મહાઆનંદના મહોત્સવ પૂર્વક સૈનિકોની ફાડેલી આંખો વડે જોવાતા તે બેઢ વર્ષે પોતે સૈન્ય પાસે આવી ગયો.

રાજા સૂરદેવ પણ તે જાણીને શોક વગરનો ખુશ થયેલો અંતઃપુર પરિવાર સહિત કુમારના દર્શનનો ઉત્કંઠાવાળો ત્યાં આવ્યો. દુરથી પણ ભાલ જેના પગમાં નમેલ છે તેવા હર્ષના આંસુ પણ વર્ષાવીને પુત્રને બે હાથ વડે પકડીને ઉંચો કરીને બે હાથવડે આલિંગન કરીને ઘણો હર્ષ થયો અને હવે તે સંકટભૂત સ્થાનો હાથી ઘોડા રથ સૈનિકોવડે વિદ્યાથી ભરેલા વિમાનો વડે બધો આકાશ મંડલ ભરાયેલ હતું વાંજિત્રના અવાજથી દિશાઓ પણ બેરી કરી નાંખી છે જેને એવો બે પત્નિ યુક્ત મોટા હાથી ઉપર બેઠેલો પત્રાની પાછળ જતો રસ્તામાં મોટીઋદ્ધિ વડે શોભતો શુભ સમયે મોટા શુંગાર સાથે કુમારે પોતાની નગરીમાં પ્રવેશ કર્યો.

હવે બહુમાનપૂર્વક રાજાએ ભૂમિના રાજા, વિદ્યાધરો, મોટા રાજાઓ આદિને વિદાય કર્યા. કુમાર વડે જેના પગ સેવાય છે એવા રાજા રાજ્યનું પાલન લાંબ સમય સુધી કરે છે. હવે રાજાને વન પાલકે સમાચાર આપ્યા કે તે જ કેવલ જ્ઞાની મુનિ

આપણા બગીચાંમાં આવ્યા છે. તે કેવા એવું રાજાએ પૂછયું–વનપાલકે કહ્યું–સ્વયંવરથી કુમાર પાછા આવતા રસ્તામાં જે મુનિને વંદન કર્યું હતું તે એક ભવાંતરમાં ભેગા કરેલા કર્મને અનુભવે છે. જ્ઞાન, દર્શન, ચારિત્રથી સંયુકત મારો એક આત્મા શાશ્વત છે. સંબંધ ખરો છે. બીજા બધા બહારના ભાવોના સંયોગના લક્ષણવાળો છે.

જીવવડે સંયોગ મૂળવાળી દુઃખપરંપરા છે. તેથી સંયોગના બધા સંબંધો ભાવ વડે વોસિરાવી દઉં છું. એ પ્રમાણે એકત્વ ભાવના ભાવતો રાજા ક્ષપકશ્રેણિમાં આરૂઢ થઈને ચારેય પ્રકારના કર્મો ક્ષય કરે છતે કેવળજ્ઞાનને મેળવ્યું. કેવળજ્ઞાની શ્રી કામદેવ રાજર્ષિ જય પામો એ પ્રમાણે આકાશવાણી ઉચ્ચારતી શાસન દેવતા વડે સાધુવેશ આપ્યો. શ્રી કામદેવ મહામુનિનો કેવલજ્ઞાનનો મહોત્સવ થયો ત્યાં હજારો રાજા વડે આ કેવી રીતે થયું તે આશ્ચર્યવડે પાછળ ચાલે છે. જેના એ વિહાર કરીને અનેક લોકોને પ્રતિબોધીને મહા ઉદયવાળા એવા એમણે મોક્ષ પદને મેળવ્યું. અહિચ્છા રાજહંસ કુમારને બધા રાજપ્રધાન પુરૂષો વડે તેને ગાદી ઉપર પ્રતિષ્ઠિત કરાયો તે કુમાર રાજ્યનું સુંદર પાલન કરવા વડે બધા શ્રેષ્ઠ સુખોને ભોગવતો હતો.

આ કામદેવ સંક્ષિપ્ત ચરિત્ર ૧૭૬૩ના વર્ષે શ્રી મેરૂતુંગાભિગણ ગુરૂ વડે કરાયેલ જે આ પુરતક ડાહ્યાઓ દ્વારા લખાશે, સાંભળશે, વાંચશે અને જે જ્ઞાનની ભકિતપૂર્વક પૂજા કરશે તે સર્વ વિશાળ શિવસુખની લક્ષ્મી પામશે.

આમાં ૭૪૮ શ્લોક છે અને ઉપર સાત અક્ષર જોયેલા છે.

(સંપૂર્ણ)

—: શાસન સમાચાર :—

સુરત–ગોપીપુરા–અત્રે પૂ. આ. શ્રી વિ. વિચક્ષણ સૂ. મ., પૂ. આ. શ્રી વિ. જયકુંજર સૂ. મ. આદિની નિશ્રામાં શાહ ડાહીબેન કેશવલાલ પુનમચંદ પરિવાર ઉંવરીવાળા તરફથી તેમના ચિ. પુત્ર અશોકકુમાર, પૌત્રો હેરીતકુમાર તથા જીમીકુમારની તથા અ.સૌ. સુરેખાબેન અશોકકુમાર તથા કુ. સારિકાની દીક્ષા નિમિતે ચૈત્ર વદ ૧૩ વૈ. સુદ ૬ સુધી અષ્ટોત્તરી સ્નાત્ર સિદ્ધચક્ર મહાપૂજન આદિ મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો છે. આ પ્રસંગે મુંબઇવાળા મુમુક્ષુ સિદ્ધાર્થકુમાર બાબુલાલ (ઉ. વ. ૧૦) પણ દીક્ષા અંગીકાર કરશે.

કુળ લજાવનાર કુપુત્રો ભુજંગી છંદ

અરે આવીયો શું વિચિત્ર જમાનો, ભૂલે પુત્ર આભાર માતપિતાનો;
કટુ વેણ કે'તાં ન રાખે મણાએ, કપૂતો જીવે તે ન જીવ્યા ગણાએ ૧
કીધેલા પિતુમાતુએ ઉપકારો, કટુ ખાઇ કે ભૂખ વેઠી હજારો;
ગયેા રોગ ને ભેાગ માતા કરાએ, કપૂતો જીવે તે. ૨
અતિ કષ્ટ વેઠી ઉછેર્યા રમાડી, કરોડો ગુએા જે કીધેલા અગાડી;
ભૂલી ભામટા સામટા શેઠ થાએ, કપુતો જીવે તે. ૩
ભીનેથી સૂકેા જે કર્યો માત તેને, વદે દીકરા કૂતરી આજ એને;
ભલી આ ભૂમિ ભાર ઝીલે ઘણાએ, કપુતો જીવે તે. ૪
ભણાવે પિતા પુત્રને પ્યાર આણી, રળી રોટલા આપશે એમ જાણી;
ભણ્યા કે પછીથી બને બાઢશાહે, કપુતો જીવે તે. ૫
ઉનેા વાયરો પુત્રને લેશ વાએ, કર માતપિતા હજારો ઉપાએ;
વદે ગુણચેારો કર્યું છે શું માએ, કપુતો જીવે તે. ૬
અભાગી નરો તાતથી વેર વાળે. વધાવે ટુંકારે અને ભુંડી ગાળે,
કુમિત્રેા તણા મુખથી ગુણ ગાએ, કપુતો જીવે તે. ૭
મરે કયારે માતુ મુખે એમ માગે, લઢે નાર તેાએ જઇ પાય લાગે;
સુવાકયો પિતાનાં જરા ન સૂણાએ કપુતો જીવે તે. ૮
કહે સસરાનું કદી કેાઇ ખેાટું. સૂણી ઝાળ લાગે ચઢે મૂખ મેાટું;
લઢે લાકડી લે પિતાથી રીસાએ. કપુતો જીવે. તે. ૯
પ્રિયાનું કહ્યું સાંભળી રોજ બાજે. પિતુ માત સાથે કરીને મિજાજે;
તજી તેમને પુત્ર રે છે જુદાએ, કપુતો જીવે. તે. ૧૦
પડેાશીની સાથે પુરો પ્રેમ સાંધે. છકી છેકને બાપના સામી બાંધે;
નમી નારને દાસના દાસ થાએ. કપુતો જીવે તે. ૧૧
પિતૃ માત જ્યારે થતાં વૃદ્ધ ત્યારે. કહે પુત્ર પુંજી બતાવેા છેા કયારે;
તમે તેા મરીને થશેાજી વિદાયે. કપુતો જીવે તે. ૧૨
કપૂતેા પિતુ માતને પેટ આપી. જીવે ત્યાં સુધી દુઃખ દે છે રિબાવી;
સ્વધામે ગયા કે લગાડે છે લાહે. કપુતો જીવે તે. ૧૩
શીખે કાં સટેા ને રમે જુગટાએ. વડીલે રળેલું બધું દ્રવ્ય જાએ.
કરી કર્જને કષ્ટપૂરે તણાએ. કપુતો જીવે તે. ૧૪
મૂકે સાનમાં કે ઘરાણે ઘરેાને નથી સૂઝતી દિશ એકે ખરેાને;
નમુનેા ખરો કુળબેાળું જણાએ. કપુતો જીવેા તે. ૧૫
સપુતેા સહુ માનશે શીખ જાણી. કપુતેા સૂણી બેાલશે કુરવાણી;
સદા સત્યનેા પક્ષ કેશવ સાહે. કપુતો જીવે તે. ૧૬

શાસ્ત્રમાં આપેલું છે લેવાનું અને દેવાનું



અનંતોપકારી, અરીહંત પરમાત્મા કેવળજ્ઞાનની પ્રાપ્તિ બાદ દરરોજ બે પ્રહરની દેશના આપે છે. કષાયોની આધીનતા અને ઇન્દ્રીયોના વિષયો પ્રત્યેની આસક્તિને કારણે જીવ સંસારમાં રખડ્યા કરે છે તેમ સમજાવી તેનાથી બચવા અનુકુળતાઓમાં વિરાગભાવે અને પ્રતિકૂળતાઓમાં અદીનપણે રહેવાથી જીવ કર્મબંધથી બચે છે તેમ સમજાવે છે. તે પરથી સમજી શકાય છે કે શુભાશુભ વાતાવરણમાં જીવ પોતાની શુભ પરિણતિને કારણે કર્મથી લેપાતો નથી માટે આત્માને કર્મબંધથી અટકાવવા અમુક પ્રકારનું વાતાવરણ હોવું જ જોઇએ તેવો એકાંતે નિયમ નથી.

દ્રષ્ટાંત રૂપે–ભરત મહારાજ સુખ સાહ્યબી ભર્યા વાતાવરણમાં ઘાતિ કર્મનો ભૂક્કો બોલાવે છે જ્યારે વલ્કલચીરી જંગલમાં તેનાથી વિપરીત વાતાવરણમાં ઘાતિ કર્મનો ક્ષય કરે છે. બે વ્યક્તિ વિપરીત વાતાવરણમાં એક સરખી સમાનતાને પામે છે તે વાતાવરણને કારણે નહિ પરંતુ આત્માની પરિણતિને કારણે જ સ્તો! વર્તમાનમાં પર્યાવરણ અને પ્રદુષણ વિષે ધાર્મિક સામાયિકોમાં વાંચવા મળે છે અને જૈન સાધુ તેનો પ્રચાર કરતા હોય તેમ જાણવા મળે છે.

અ માટે પૂછવું જોઇએ કે શું પર્યાવરણ શુદ્ધિમાં અથવા તે પ્રદૂષણ રહિત વાતાવરણમાં જ આત્માની આરાધના થઇ શકે? શું આગમના પાને આવી કોઇ વાત જણાવી છે? શું પૂર્વાચાર્યોએ આના માટે કાંઇ ઉલ્લેખ કર્યો છે? શું શ્રાદ્ધવિધિ ધર્મ-સંગ્રહ, આચારાંગ વિ. ધર્મશાસ્ત્રોમાં આના વિષે કાંઇ જણાવ્યું છે? હા! એક વાત ચોક્કસ છે કે સારા વાતાવરણથી આત્મામાં મલિન વિચારો ઉદ્ભવતા નથી માટે જ શ્રાવકોની વસ્તીમાં રહેવા જણાવ્યું છે. હિંસક સ્થાનોમાં ન જવા જણાવ્યું છે પરંતુ તે માટે આજ સુધી કોઇ જૈન મુનિએ તેવી વસાહત ઉભી કરવા કે હિંસક સ્થાનોનો નાશ કરવાનો ઉપદેશ આપ્યો નથી, તેવી પ્રવૃત્તિ કરાતી નથી કે અનુમોદના પણ કરી નથી.

પર્યાવરણની જાળવણી કરવી કે પ્રદૂષણનો નાશ કરવો એ તો સાવદ્ય પ્રવૃત્તિ છે અને તેનો ઉપદેશ એ તો પાપદેશના છે. અરે! મિથ્યાત્વ વાસિત જીવ સારા વાતા-વરણમાં રાગી બનીને અને પ્રદૂષણયુક્ત વાતાવરણમાં દ્વેષી બનીને અશુભ કર્મથી લેપાય છે જ્યાર સમ્યગદૃષ્ટિ જીવ તેવા વાતાવરણમાં સમભાવ કેળવી કર્મબંધથી બચે છે. મંત્રીશ્વર કલ્પક (સ્થુલભદ્રજીના) પૂર્વજ મૃતક અને અશુચિવાળા કુવામાં પણ ષડ્આવશ્યક આદિ સાધતા હતા માટે, પર્યાવરણ કે પ્રદૂષણનો પ્રચાર કરવા કરતા પૂણચોઢયે સારૂ

સારૂ વાતાવરણ મળે અથવા પાપોદયે પદૂષણયુકત વાતાવરણમાં રહેવું પડે ત્યારે સમભાવમાં રહેવું એ જ સમજવું કે સમજાવવું યોગ્ય છે.

ઉપદેશકોએ કંઇ નવું કહેવાના આશયને દૂર કરી, પૂર્વાચાર્યો જે કાંઇ કહી ગયા છે તેનું જ પુનરાવર્તન કરતા રહે તેમાં જ ઉભયપક્ષનું એકાંતે હિત સમાયેલું છે. પુર્વકાળની પ્રથા હતી કે નૂતન દીક્ષિતોને લોકસંપર્કથી દૂર રાખી યોગ્ય ગુરૂની નિશ્રાએ અભ્યાસ કરાવવાનો ! આ પ્રણાલિ દૂર થઇ ત્યારથી શાસ્ત્રાધિન નથી તેવો પ્રચાર થવા માંડયો ! આજે લોકોનું અજ્ઞાન એટલું વધી ગયું છે કે ધર્મ કે અધ્યાત્મની વાતો સમજવી તો દૂર રહી પરંતુ સાચો વકતા કે વ્યાખ્યાતા કોને કહેવાય એટલી પણ સમજ રહી નથી. બે કલાક સુધી એકધારૂ કાંઇપણ બોલ્યા કરે એટલે મદારીની આસપાસ ટોળા વળે તેમ લોકો થઇ જાય.

લોકો તેને વકતા માને અને વકતા પોતાને હજારોના તારણહાર માને છે. (જો કે તેવા વકતા તારણહાર બની શકતા નથી) જે મુમુક્ષુ સુસાધુ કે કુસાધુને ઓળખી ન શકે ! જે સાધુ પોતાના પુસ્તકમાં અને જાહેરમાં મહાપુરૂષની નિંદા કરે તે સાધુની નિશ્રામાં તે મુમુક્ષુ લેકચર આપવા જાય ! જે ઉન્માર્ગ કે ઉન્માર્ગગામીને ઓળખી શકતા નથી ! તે સંયમી બન્યા પછી શાસનના નહિ પરંતુ પોતાના રાગી બનાવવાની દુર્ભાવના સેવે છે. 'જો હોવે મુજ શકિત કંસી, સવિ જીવ કરૂ લાભરૂચી (લાભના પર્યાયવાચી શબ્દ મૂકો) તેવા જ્યારે વકતા બને ત્યારે તેઓ પાસેથી શું આશા રાખી શકાય ? જે લોકો તેમનામાં મોટી આશા રાખે છે તેઓ રેતીમાંથી તેલ કાઢવાની આશા રાખી રહ્યા છે.

જે આર્યસંસ્કૃતિ ગાયના છાણમાં અને ગાયના દૂધમાં માને છે તે સંસ્કૃતિ શબ્દ ને પણ સમજી શકયા ન કહેવાય. આર્યસંસ્કૃતિ સમજવી હોય તો પરમ શાસન પ્રભાવક વ્યાખ્યાન વાચસ્પતિ સ્વર્ગીય આ. દેવ શ્રી રામચંદ્રસૂ.જી મહારાજના વિચારો પુસ્તક રૂપે લખાયેલ છે તે 'રામાયણમાં સંસ્કૃતિનો આદર્શ' વાંચી લેવાની જરૂર છે. સદાચાર, પરોપકાર, પાપભીરૂતા પરમપદના અભિલાષી એવા ગુણોવાળા આ ય આર્ય કહેવાય અને તેવા સંસ્કાર તે આર્યસંસ્કૃતિ કહેવાય ! પછી તે ગાયનું કે ભેંસનું કોઇપણ દૂધ પીતો હોય ! ગાયના છાણનું લીપણ રાખે કે મોજાદક ટાઇલ્સ પર બેસતા હોય ! ઘણા ગામ ફરવાથી, દેશ-વિદેશ ફરવાથી પોતાની જાતને જ્ઞાની માની લેવી એ અજ્ઞાનતા નહિ પરંતુ મૂર્ખતા છે.

માટે પોતાના આત્માનું અજ્ઞાન અને કષાયયુકત પ્રદુષણ દૂર કરવું જોય અને

નિજાનંદ સ્વરૂપ રૂપ શુદ્ધ પર્યાવરણની પ્રાપ્તિ કરવી હોય તો ગાડપાનના પર્યાવરણ અને વાતાવરણના પ્રદૂષણને મગજમાંથી દૂર કરી લોકોને કાંઇ આપવાના હડકવાને દૂર કરી, જ્ઞાની ભગવંતો પાસેથી કંઈ મેળવવાની લગની લાગી જશે તો ગાયના દૂધથી શરીરને જે તાકાત મળતી હશે તેના કરતાં આત્માનો સ્વભાવદશામાં રહેવાની ઘણી તાકાત પ્રાપ્ત થશે. ઘણીવાર વિદ્વત્તા ન હોય પરંતુ મોટા અવાજને કારણે બહુ વિદ્વાન તરીકે પંકાઇ જાય તેવો હમણાનો કાળ છે. પોતાના વડીલના પૂર્ણયોગથે વધારે માનપાન (કીર્તિ) અને સફળતાં (યશ) પ્રાપ્ત થઈ જાય તેટલા માત્રથી જ્ઞાની બની જવાતું નથી. પૂર્વાચાર્યોના ગ્રંથોનાં લખાણ ભેગા કરી, 'તત્ત્વનું અવલોકન' કરે જેમાં પોતાનું કાંઇ ન હોય અને જે વધારો કરે તે પણ ખોટો હોય અને જ્યારે તે જ તત્ત્વનું 'સૂક્ષ્માવલોકન' કરવાનો પડકાર મળે ત્યારે શરીરમાં ભૂત પ્રવેશી જાય તેવી કંપારી અનુભવે ! આવી ભીતરની વાત કોઇ જાણે નહિ અને વિદ્વતાનો આંચળો ઓઢીને ફરે ! અરે, આ તો 'પૈસા દેખી મુનિવર ચળે' એ જમાતના છે. અને સિદ્ધાંતકી તો ઐસી તૈસીના વિચાર-વાળા છે.

કનિષ્ઠ માણસોને નાખુશ ન કરવા તીર્થ પર વાહનો જાય તો પણ વિરોધ ન કરવો અને જે સંઘમાં અથવા સંઘના નામે નજીકમાં મોટા સ્થાનમાં પ્રસંગ ઉજવાય તે આવક તે સંઘમાં જ ભરાવાય તેવી તપાગચ્છની પ્રણાલીકા અને પોતાના વડીલ મહાપુરૂષની માન્યતા ઉલ્લંઘી પોતાની મરજી મુજબ ટ્રસ્ટ બનાવડાવી પૈસા રખાવાય તે પરીગ્રહ કે અન્ય કંઇ ? માટે જ હવે નામમાત્રથી સાધુમાં વિશ્વાસ રાખવાના દિવસો રહ્યા નથી. મહાપુરૂષની સાથે બેસવા માત્રથી ગુણવાન બની જવાતું નથી.

સુવર્ણ (હેમ) પણ શોભા (ભૂષણ) રૂપ ક્યારે ? શુદ્ધ હોય અને ગીલેટવાળું ન હોય ત્યારે ? માટે વ્યક્તિને બરાબર ઓળખવી જરૂરી છે સંઘ હિતચિંતક પૂ. આ. દેવ શ્રી રામચંદ્રસૂ.જી મહારાજાની સિદ્ધાંતનિષ્ઠાની અવગણના કરનાર સાથે ઔચિત્યતા ના આંચળો હેઠળ પરીચય રાખે, ઉત્સૂત્રભાષી અને ઉન્માર્ગગામીઓથી અલગ થઇ જવાથી પોતે એકલા પડી ગયાનો પશ્ચાતાપ માને ? સિદ્ધાંતમાં ઉંડા ન ઉતારવાની ઉન્માર્ગગામી સલાહ આપે તેને ભૂષણ (!) કેને કહેવાય ? આ બધી મિથ્યાત્વનામે ઉધઇ કહેવાય કે અન્ય કંઇ ? માટે હવે સમુદાયના નામે સુ તરીકે ઓળખાતા હોય તેવાને વ્યક્તિગત રીતે ઓળખવાની તાતી જરૂર છે.

આ આત્મા પ. પ. પૂ. આ. દેવ શ્રી રામચંદ્રસૂ. મહારાજનો અત્યંતોપકાર છે. તેઓશ્રીની વાણી એ રત્નત્રયીનું સ્વરૂપ સમજવા દીવાદાંડી બની રહી. આત્મકલ્યાણાર્થી

જીવો ! જે મહાપુરૂષે આપણને સૌને સન્માર્ગ બતાવ્યો છે. ઉન્માર્ગથી બચાવ્યા છે, તે માર્ગે ટકવું હોય, આગળ વધવું હોય તો વિશાળ જ્ઞાન અને અગાઢ શ્રદ્ધાથી યુકત છે એવા પૂજ્યોનો સંપર્ક કરી, અશ્રધ્ધા રૂપ અંધકારને દૂર કરવા ચંદ્ર જેવો પ્રકાશ અર્પણ કરનાર પરિણામે અમરતાને પ્રાપ્ત કરાવી આપનાર આ પૂજ્યોને સમર્પીત બની સૌ કોઇ પરમપદને પામો એ જ શુભાભિલાષા. —શ્રી કિશોર ખંભાતી. વિરાર

લાખાબાવળ ગામ નજીક મળી આવેલી પ્રાચીન મૂર્તિઓની દેરાસરમાં પધરામણી

જામનગર નજીક લાખાબાવળ ગામ નજીક માટીના ટીંબામાંથી ખોદકામ દરમિયાન મળી આવેલી ત્રણ પ્રાચીન જૈન મૂર્તિઓની વાજતે ગાજતે દેરાસરમાં પધરામણી કરાઇ હતી.

આશરે ૩૫૦૦ની વસતી ધરાવતા આ ગામમાં ૪૪ ઘર જૈનોના છે. અન્ય મુસ્લિમ, કરબાર, હરિજન વગેરે કોમના લોકો છે. આ ગામમાં હરિજનો નવા પ્લોટમાં મકાનો બનાવી રહ્યા છે. આ માટે ગામથી એક કિ. મી. દૂર આવેલા જૂના ટીંબા પર કાનાભાઇ ઝાલાભાઇ માટી ખોદી રહ્યાં હતાં, તે વખતે અંદરથી આરસની ત્રણ અખંડ પ્રતિમાઓ મળી આવી હતી. જેને પોતાના ઘરે લઇ ગયા બાદ તેમણે સરપંચને જાણ કરી હતી. આથી સરપંચે પોલીસને જાણ કરી હતી.

નવા પ્લોટમાં આ ત્રણેય પ્રતિમાઓને રાખી તેની સેવા–પૂજા કરવાનું હરિજન ભાઇઓએ શરૂ કર્યું હતું. દરમિયાનમાં. ગામના માજી સરપંચ દેવચંદ કેશવજીભાઇ નાગડાને આ અંગે જાણ થતા. તેમણે પ્રતિમાઓની ચકાસણી કરતા એક મૂર્તિ મહાવીર સ્વામીની સં. ૧૨૮૮માં બનેલી અને બીજી મૂર્તિ ઋષભદેવની સં. ૧૫૫૧માં બનેલી હોવાનું ઓળખી બતાવ્યું હતું જ્યારે ત્રીજી મૂર્તિમાં લખાણ ઝાંખુ હોવાથી ઉકેલી શકાયું ન હતું.

બાદમાં કાનાભાઇ તથા અન્ય હરિજનબંધુઓએ આ પ્રતિમાઓ દેવચંદભાઇને અર્પણ કરી હતી અને તેને ગાડામાં દેરાસર લઇ જવાઇ હતી.

(મુ. સ)

શ્રી જિનશાસનની પ્રણાલી : પૂજ્યોને 'પ્રણામ'

શ્રી હિતકાંક્ષી

૧. પૂ. ગુરૂમહારાજ, સાધર્મિકબંધુઓ, વિદ્યાગુરૂ, માતપિતા તથા અન્ય વડીલો પૂજ્ય છે. પૂજ્યો હંમેશાં **'પ્રણામ'** ને યોગ્ય છે. પૂજ્યોને **'પ્રણામ'** એ શ્રી જિનશાસનની પ્રણાલિકા છે. આપણે એ પ્રણાલિકાની સુરક્ષા કરવી જોઇએ. પરંતુ હમણાં હમણાં અજ્ઞાનપણામાં, સંસર્ગદોષથી કે દેખાદેખીથી પૂ. ગુરૂમહારાજ તથા પૂ. સાધ્વીજી મહારાજને **'મત્થએણ વંદામિ'** કહેવાને બદલે **'સાહેબજી શાતામાં ?'** કે **'જય જિનેન્દ્ર'** કહેવાનું અને સાધર્મિકબંધુઓ આદિ સર્વ પૂજ્યો **'પ્રણામ'** કહેવા-કરવાને બદલે **'જય જિનેન્દ્ર'** કહેવાનું વધી રહ્યું હોય એમ જણાય છે.

૨. જૈન-જૈનેતર સર્વ ગૃહસ્થોએ પૂ. ગુરૂમહારાજ તથા પૂ. સાધ્વીજી મહારાજને બે હાથ જોડી, મસ્તક નમાવી **'મત્થએણં વંદામિ'** કહેવાય. ત્યાર પછી શાતા પુછાય. **'મત્થએણ વંદામિ'** કહેનારને ગુરૂમહારાજના **'ધર્મલાભ'** એવા શ્રેષ્ઠ આશીર્વાદ મળે છે. તે આશીર્વાદ માત્ર શાતા પૂછનારને મળી શકતા નથી. પત્ર આદિમાં પણ તેમને **'વંદન'** લખાય. **આ શાસ્ત્રીય પ્રણાલિકાનું પાલન કરવા યોગ્ય છે.**

૩. જૈનેતર ગૃહસ્થો ગુરૂ મ. ને **'મત્થએણં વંદામિ'** કહેતાં શીખી લે. તે ન આવડે ત્યાં સુધી તેઓ **'નમસ્કાર'** કે **'નમસ્તે'** કહે-કરે તે ઉચિત છે.

૪. **'ધર્મલાભ'** એવો આશીર્વાદ ગુરૂ મ. ગૃહસ્થોને આપે. પણ ગૃહસ્થો ગુરૂ ને **'ધર્મલાભ'** કહી-કહેવરાવી કે લખી શકે નહિ. ગૃહસ્થો ગુરૂ મ. ને સંદેશો મોકલે ત્યારે **'ધર્મલાભ'** નહિ પણ **'વંદના'** કહેવરાવે. સાધ્વીજી મ. પણ સાધુ મ.ને 'વંદના' કહેવરાવે-લખે. સાધુ મ., સાધ્વીજી મ.ને **'વંદના'** નહિ, પણ **'અનુવંદના'** જ કહેવરાવે અને લખે.

૫. **સાધર્મિકને પ્રણામ :** ગુરૂવંદન ભાષ્યની ચોથી ગાથામાં જણાવ્યા મુજબ સાધર્મિકો, સાધર્મિકોને (શ્રાવક-શ્રાવિકા પરસ્પર) બે હાથ જોડી, મસ્તક નમાવી **'ફેટાફેંદન** (માર્ગમાં કરાતું વંદન) કરે અને એ નમન ક્રિયાને અનુરૂપ **'પ્રણામ'** કહે.

૬. વિદ્યાગુરૂ, માતાપિતા અને અન્ય વડીલોને પગે લાગતી વખતે, બહારગામ, બહાર. શાળા-પાઠશાળાએ જતી વખતે અને અન્ય સમયે પણ **'જય જિનેન્દ્ર'** કહેતાં પહેલાં **'પ્રણામ'** કહેવા અને કરવા જોઇએ. પાઠશાળામાં શિક્ષક આવે ત્યારે બાળકો

ઉભા થઇને **'જય જિનેન્દ્ર'** બોલતાં હોય તો તેની સાથે **'પ્રણામ'** બોલે અને કરે તે પણ જરૂરી છે.

૭. પ્રતિક્રમણમાં પણ ઠાવતાં પહેલાં શ્રાવકો **'ઇચ્છકારી સમસ્ત શ્રાવકોને વંદુ'** એમ જ બોલે છે. આ બાબત પણ સાધર્મિકોને **'પ્રણામ'** નું જ મહત્ત્વ બતાવનારી છે.

૮. પૂજ્ય પુરૂષો હંમેશાં વિનય કરવા યોગ્ય છે. બે હાથ જોડી મસ્તક નમાવી પૂજ્યોને **'પ્રણામ'** કરવાથી તેમનો વિનય થાય છે. **'જય જિનેન્દ્ર'** શબ્દો ધર્મગૌરવ-સૂચક છે– જરૂર સારા છે. છતાં એ પૂજ્યો પ્રત્યે વિનયને સૂચવનારા **'પ્રણામ'**ના વાચક તો નથી જ. એનાથી પૂજ્ય પુરૂષો પ્રત્યેનો વિનયભાવ વ્યક્ત થઇ શકતો નથી. ત્યાં **'પ્રણામ'** શબ્દનો પ્રયોગ આવશ્યક છે. આમ છતાં વર્તમાનમાં કેટલાકે અજાણ-પણાથી **'જય જિનેન્દ્ર'**ને જ **'પ્રણામ'**નું સ્થાન પકડાવી દીધું છે. સ્ટીકરો વગેરે દ્વારા **'પ્રણામ'**ના સ્થાને **'જય જિનેન્દ્ર'**નો પ્રચાર શરૂ કરી દેવાયો છે.

૯. ભુલાઇ રહેલા અને શાસ્ત્રાનુસારી એવા **'પ્રણામ'** ની પુનઃ સ્થાપના થાય તે માટે પૂ. સાધુ–સાધ્વીજી મહારાજને બે હાથ જોડી, મસ્તક નમાવી **'મત્થએણ વંદામિ'** અને પૂ. સાધર્મિક બંધુઓને **'પ્રણામ'** કહેવા દ્વારા તેમનો મૌખિક વિનય અને પત્ર–પત્રિકા આદિમાં અનુક્રમે **'વંદના'** અને **'પ્રણામ'** લખવા દ્વારા લિખિત વિનય કરાય એ નમ્ર નિવેદન છે.

પૂ. સાધર્મિક બંધુઓને 'પ્રણામ' કહી-કરી, વાતચીત કરતા પહેલાં 'જય જિનેન્દ્ર' કહેવાય.

૧૦ જૈન ગૃહસ્થોએ અજૈનો પ્રત્યે ઔચિત્ય જાળવવાનું હોય છે. તેથી જૈનેતર ગૃહસ્થોને **'જય જિનેન્દ્ર'** **'જય શ્રીકૃષ્ણ'** વગેરે કહે ત્યારે તેના પ્રત્યુત્તરરૂપે, શિષ્ટા-ચાર સ્વરૂપે જૈન ગૃહસ્થો, જૈનેતર ગૃહસ્થોને **'જય જિનેન્દ્ર'** કહે તે ઉચિત જણાય છે.

પ્રભુ ! દૂર કરો અંધારું —પૂ. મુ. શ્રી મોક્ષરતિવિજયજી મ.

હે પ્રભુ !

'તું પ્રભુ ! મારો' એમ બોલીને ક્ષણએકમાં જ તને વીસરી જનારો હું ક્યાં ? અને 'હું પ્રભુ તારો' એમ બોલ્યા વગર ક્ષણ એક પણ મુજને નહીં વીસરનારો તું ક્યાં ? આપણા બેઉનો મેળ શી રીતે પડશે, પ્રભુ ?

સ્થાનકવાસી પ્રભુવીર કે માર્ગ સે ભટક ગયે હૈં

—કપૂરચંદ જૈન, હિન્ડૌન સિટી (રાજસ્થાન)

[સંપાદક—પૂર્વ મેં સ્થાનકવાસી આચાર્ય શ્રી હસ્તીમલજી મ.ને પટ્ટાવલી પ્રબંધ મેં મૂર્તિપૂજકો કો 'પાપીધર્મ કે પ્રરુપક', છેલા ઇત્યાદિ શબ્દ કહે થે। અભી મદનગંજ સ્થિત ત્રિલોકમુનિને અપની કિતાબ મેં મૂર્તિપૂજકો કો હિજડા જૈસા અભદ્ર શબ્દ કહા હે । યહ સાધુ—સંતો કી ઉચિત ભાષા નહીં હે, યાની ગાલી—ગલૌજ છોડકર યદિ સ્થાનકપંથ સચ્ચા હે તો ઉસે વાદ કે મૈદાન મેં આના ચાહિએ। 'શંકાયેં સહી સમાધાન નહી" ઇસ મંદિર માર્ગી કિતાબ કે પૂછે ગયે ૧૯ પ્રશ્નો કા ઉત્તર આજ એક સ્થાનકમાર્ગી સંત દે નહીં પાયે હે । ત્રિલોકમુનિ કી ગાલી ગલોજવાલી ભાષા કે જવાબ મેં સે પ્રેરિત મંદિર માર્ગી ગૃહસ્થ દ્વારા લિખા યહ લેખ હમેં મિલા હૈ । આશા હૈ ઇસે પઢકર સ્થાનામાર્ગી અસત્ય કા પથ છોડ દેંગે ।]

---

* સભી સ્થાનકવાસી વિદ્વાન આચાર્ય ઉમાસ્વાતિ આદિ મૂર્તિપૂજક આચાર્યો કે શાસ્ત્રો કો લેકર અપના લેખ લિખતે હૈ, ફિર ભી મૂર્તિ પૂજા કા કયોં વિરોધ કરતે હૈ ?

મૈં મેરા નિવેદન ઇસ પ્રકાર કરના ચાહતા હું ઔર સ્થાનક વાસિયેં કો સત્ય માર્ગ પર આને કે લિયે પ્રાર્થના કરતા હું કિ વે સચ્ચે માર્ગ કા સમર્થન કર અપની આત્મા કો સન્માર્ગ વ સદ્ગતિ કે પ્રતિ લે જાવે । મેરા નિવેદન યહ હૈ કિ—

૧. સ્થાનકમાર્ગ કબ સે પ્રારંભ હુઆ ? 'જૈનધર્મ કે મૌલિક ઇતિહાસ' મેં સ્થાનકવાસી આચાર્ય હસ્તીમલજીને અપની સ્થાનક પરંપરા કો ભગવાન મહાવીર સે જોડને કા અસફલ પ્રયત્ન કિયા હૈ । જિસકે લિએ ઉન્હોંને એક કલ્પિત—મનગઢન્ત પટ્ટાવલી કા સહારા લિયા હૈ । જબકિ ત્રિલોકમુનિ લિખતે હે કિ—સ્થાનકપંથ અભી ૪૦૦ વર્ષ સે નિકલા હે, જિસે લોકાશાહને પ્રારંભ કિયા હે । સત્ય ક્યા હે ? સ્થાનકમાર્ગી આ. હસ્તીમલજીને 'જૈન ધર્મ કા મૌલિક ઇતિહાસ' અસત્ય પૂર્ણ લિખકર, જૈનધર્મકે જડી કુસેવા કી હે ।

૨. ભક્તામર સ્તોત્ર કે રચયિતા પૂ. માનતુંગસૂરિ મ., કલ્યાણ મંદિર સ્તોત્ર કે રચયિતા પૂ. સિદ્ધસેન દિવાકર સૂરિ મ., શાંતિસ્તોત્ર રચયિતા પૂ. માનદેવસૂરિ મ., ઉવસગ્ગહરં સ્તોત્ર કે રચયિતા ભદ્રબાહુસ્વામી મ. ઇન સભી આચાર્યોંને મૂર્તિપૂજાકા સમર્થન કિયા હૈ સભી સ્થાનકવાસી ઇન મૂર્તિ પૂજા કે સમર્થક આચાર્યો કે સ્તોત્રો

કેા દિલ સે પઢતે હૈ, ફિર વે મૂર્તિ પૂજા કા કયેાં વિરોધ કરતે હૈ ?

સભી સ્થાનકવાસી વિદ્વાન આચાર્ય હરિભદ્ર સૂરિ, આચાર્ય હેમચંદ્ર સૂરિ, આચાર્ય શીલાંક સૂરિ, આચાર્ય ઉમાસ્વાતિ આદિ મૂર્તિપૂજક આચાર્યો કે શાસ્ત્રેા કેા લેકર અપના લેખ લિખતે હૈ, ફિર ભી મૂર્તિ પૂજા કા કયેાં વિરોધ કરતે હૈ ?

---

* સ્થાનકવાસી લેાગ અપને કેા દયાધર્મી કહલાતે હૈ, ફિર વે બસેાં સે ગુરૂ કે વંદન કેા જાના, કિતાબ છપવાના, સ્થાનક બનવાના, સાધુસમ્મેલન કરવાના, સમાધિ મંદિર બનવાના, અપની જન્મતિથિયાં બનવાના, આલુ–પ્યાજ ખાના, અપની ફેાટેા ખિંચવાના વ છપવાના ઇત્યાદિ પાપયુકત કાર્યો કેા કયેાં કરતે હૈ ?

સત્ય યહ હૈ કિ માનતુંગ સૂરિ, સિધ્ધસેન સૂરિ, માનદેવ સૂરિ, ભદ્રબાહુ સૂરિ, હરિભદ્ર સૂરિ, હેમચંદ્ર સૂરિ, ઉમાસ્વાતિ સૂરિ ઇત્યાદિ અનેક ધુરંધર જ્ઞાનિયેાં ને મૂર્તિપૂજા કા કહીં ભી લેશમાત્ર વિરોધ નહીં કિયા હૈ, અધિક ભરપૂર સમર્થન કિયા હૈ ।

ઐસી દશા મેં સ્થાનકમાર્ગ કિતના અસત્ય હે યહ સભી જાને યહીં આશા હે। કયા સ્થાનકમાર્ગી સંત ઇન ધુરંધર વિદ્વાનેાં સે ભી અધિક જ્ઞાની હે ?

૩. યાદ રહે–શત્રુંજય તીર્થ, ગિરનાર તીર્થ, સમ્મેતશિખર તીર્થ, પાવાપુરી તીર્થ ઇત્યાદિ તીર્થ આજકલ કે નહીં, હજારેા સાલેાં સે હૈં, જબ ભગવાન કા નિર્વાણ હુઆ તબ સે બના હે ઔર લેાક આસ્થા કે કેન્દ્ર બને હુએ હે । યે તીર્થ વ મંદિર પ્રાચીન ધુરંધર પ્રકાંડ વિદ્વાન જૈનાચાર્યો સે પ્રમાણિત હુએ હે ।

આજ સ્થાનકવાસી લેાગ અપને ગુરૂઓં કે સમાધિ મંદિર, સમાધિ સ્થલ બડે ચાવ સે બનાતે હે । જૈતારણ મેં મિશ્રીમલજી કા, રતલામ મેં ચૌથમલજી કા, ઔરંગાબાદ મેં, મેરઠ મેં, અહમદનગર ઇત્યાદિ સ્થલેાં મેં સ્થાનકવાસી આચાર્યો કે મંદિર બને હે । આચાર્ય હસ્તીમલજી વ આનંદ ઋષિ કે મંદિર ભી બન રહે હે । એક છદ્મસ્થ અલ્પજ્ઞાની ગુરૂ કે સમાધિ મંદિર બનાયે જાતે હે ઉનકી મૂર્તિયાં નિર્માણ કર બિઠાયી જાતી હે ફિર કેવલ જ્ઞાની પરમ ઉપકારી તીર્થંકરેાં કી જિન મૂર્તિ વ જિન મંદિરેાં કા હી વિરોધ કયેાં કિયા જાતા હે ?

હિંસા-વિરાધના તેા દેાનેાં મેં સમાન હી હે, ફિર ભગવાન શ્રી તીર્થંકરેાં ને સ્થાનકવાસિયેાં કા ક્યા બિગાડા હે કિ ઉનકે મંદિર વ મૂર્તિ કા વિરોધ કરતે હૈ

ઔર અપને ગુરુઓ કે મંદિર વ મૂર્તિ કા સમર્થન કરતે હૈં. યહ કૈસા અન્યાય ? યહ કૈસી અજ્ઞાનતા ? ભસ્મગ્રહ કા કિતના પ્રભાવ પડા કિ જૈનધર્મ મેં આલુ-પ્યાજ ખાને વાલે મિથ્યાત્વી સન્તોં ને હિંસક અસત્યમૂલક સ્થાનક પંથ ચલાયા ।

૪. ભગવાન મહાવીર માર્ગ સે સ્થાનકવાસી સંત કિતને ભટક ગયે હૈં કિ વે આલુ પ્યાજ મૂલી ઔંગન લહસુન ગાજર જૈસી અભક્ષ્ય વ વર્જ્ય ચીજેં કો બડે પ્યાર સે બહેરતે હૈં વ ખાતે હૈં । ફિર સ્થાનકવાસી શ્રાવક-શ્રાવિકાએ ભી આલુ-પ્યાજ ખાયે ઇનમેં કયા આશ્ચર્ય હૈ ? ક્યા સન્તોં કા અનંતકાય ભક્ષણ કરના યહ સ્થાનક સંન્તોં કી દયાધર્મિતા હૈ ? ક્યા અભક્ષ્ય ખાના વીતરાગ કા માર્ગ હૈ ?

* મુંહ સે વાયુ કાય કે જીવ મરતે હૈં, તો નાક કી હવા સે કયા નહીં મરતે ?

૫. સ્થાનકવાસી લોગ અપને કો દયાધર્મી કહલાતે હૈ ફિર વે બસોં સે ગુરુ કે વંદન કો જના કિતાબ છપવાના સ્થાનક બનવાના સાધુસમ્મેલન કરવાના સમાધિ મંદિર બનવાના અપની જન્મતિથિયાં બનવાના આલુ-પ્યાજ ખાના અપની ફોટો ખિંચવાના વ છપવાના ઇત્યાદિ પાપયુક્ત કાર્યો કો કયોં કરતે હૈં ?

ક્યા દયાધર્મી કો યે આરંભ-સમારંભ વ હિંસાયુક્ત કાર્યો કો કરના શોભા દેતા હૈ ?

૬. સ્થાનકમાર્ગી લોગ સ્વયં કો ઠાટ આડમ્બર સે દૂર હોને કા કહતે હૈં ફિર ભી યે લોગ આડમ્બરપૂર્ણ અપની જન્મજયંતિયાં મનવાતે હૈં અપની પ્રતિષ્ઠા હેતુ સમ્મેલન કરવાતે હૈં લાખોં કા દાન લેતે હૈં પધારે હુએ મેહમાનોં કે લિએ બાસી અભક્ષ્ય મિઠાઇયાં ઔર આલુ-પ્યાજ કી સબ્જી કયોં બનવાતે હૈં ? યે લોગ નિયમબદ્ધ નહીં હોને સે ઐસે સમ્મેલનોં ઔર આડંબરપૂર્ણ ચદ્દર મહોત્સવોં મેં રાત્રિભોજન ભી કરતે હૈં । ફિર ભી અપને કો 'અહિંસાધર્મી' દયાધર્મી કહલાતે હૈં ક્યા યહ જૂઠાચાર નહી હૈ ? માયાચાર નહીં હૈ ?

૭. સ્થાનકમાર્ગી કા સમ્મેલન પૂના (મહારાષ્ટ્ર) મેં હુઆ થા । તબ ધ્વજવંદન કિયા ગય થા । ૫૦૦ સાધુ-સતિયાં ઔર હજારોં લોગોને આચાર્ય આનંદઋષિ કી નિશ્રા મે લકડી કે ખંભે પર લટકાયા ગયા કપડે કે જડધ્વજ કો વંદન કિયા થા ઔર ધ્વજ ગીત ભી ગાયા થા । જિસ ગીત કે પર્ચે ભી બાંટે ગયે થે । યહ જડ પૂજા નહી હૈ તો કયા હૈ ?

યહ કહાં કા ન્યાય કિ–ધ્વજ તો વંદન કરના ઉસકે ગીત ગાના વ જિન મંદિર વ જિન મૂર્તિયોં કા વિરોધ કરના ।

૮. સ્થાનકમાર્ગી સંત–સતિયાં શાસ્ત્ર વિરૂદ્ધ અંટશંટ પ્રવૃત્તિયાં ભી બહુત કરતે હૈ । યે લોગ પાત્ર મેં બહેરા હુઆ આહાર ભી પ્રસાદ કે રૂપ મેં અન્ય લોગોં કો બાંટતે હૈ । યહ કૌન સે આગમ મેં લિખી હુઇ પ્રવૃત્તિ હૈ, યહ વે દિખાવે । મૈને સ્વયં ને આચાર્ય આનંદઋષિ કે સંત–સતિયોં કો ઇસ પ્રકાર પાત્ર કા બહેરા હુઆ આહાર પ્રસાદ કે રૂપ મેં બાંટતે હુએ દેખા હૈ । લોંકાશાહ કે શબ્દોં મેં કહા જાય તો 'યહ કિસકી પરંપરા હૈ ?' 'ડાહ્યા હો તો સમજલો ।'

૯. સ્થાનકમાર્ગી લોગ મુંહપત્તિ બાંધને મેં ધર્મ સમઝતે હૈ । પર સત્ય યહ હૈ કિ મુંહપત્તિ બાંધના યહ પ્રમાદ કા આચરણ હૈ । વાસ્તવ મેં હાથ પર રખકર યતના કરની ચાહિએ યહી સચ્ચી અપ્રમત્તતા હૈ । યહ તો બાંધ દી યાની ચક્ષ હાથ કો મુંહપત્તિ કા કષ્ટ હી નહીં ?

મુંહ સે વાયુ કાય જીવ મરતે હૈ તો નાક કી હવા સે ક્યા નહીં મરતે ? યદિ સ્થાનકમાર્ગી સચ્ચે દયાધર્મી હૈ તો મુખ કી તરહ નાક ભી બાંધ દેની ચાહિએ જૈસે ડોક્ટર લોગ ઓપરેશન કે વક્ત બાંધતે હૈ । યહ કહાં કા ન્યાય કિ મુંહ બાંધના ઔર નાક નહીં બાંધના ? મુંહ સે નાક જ્યાદા હિંસા કરને વાલી હૈ ઉસે ભી ડોક્ટર કી તરહ બાંધના ચાહિએ ।

એક પ્રશ્ન ક્યા મુંહપત્તિ બાંધકર કોઇ જીવનભર અસત્ય બોલતા રહતા હૈ, તો વહ નિરવદ્ય ભાષા કહલાયેગી યા સાવદ્ય ? ઇસસે ધર્મો કા બંધ હોગા યા નહીં ?

૧૦. સ્થાનકવાસી લોગ ભગવાન મહાવીર સે ભી જ્યાદા જિનકા નામ લેકર ઢોલ પીટતે હૈ, ઉન લોંકાશાહને મંદિર વ મૂર્તિકા વિરોધ કરને કા મહા ભયંકર પાપ કિયા થા । લોંકાશાહ કે ધર્મનાશક ઇસ કાર્ય મે કોઇ ધર્મોદ્યોત તો થા હી નહીં । ઇસ વિષય મેં સ્થાનકવાસી વિદ્વાન નગિનદાસ ગિરધરલાલ શેઠને અપની કિતાબ 'લોંકાશાહ ઔર ધર્મચર્ચા' મેં લિખા હૈ કિ 'લોંકાશાહને ધર્મ ઉદ્ધાર કિયા હી નહી થા, સત્ય પૂછો તો ઉન્હોને અધર્મ કા હી પ્રતિપાદન કિયા થા (પૃ૦ ૨૭) ।

લોંકાશાહ કો અર્ધમાગધી ભાષા કા જ્ઞાન નહીં થા (પૃ૦ ૨૫) × લોંકાશાહને કેવલ ક્રોધ ઔર દ્વેષ સે હી સૂત્રોં કા વ મૂર્તિપૂજા કા વિરોધ કિયા થા ઔર સ્થાનકવાસિયોં ને સૂત્રોં કે ગલત–ઝોટે અર્થ કર મૂર્તિ કા નિષેધ કિયા હૈ ઇસલિએ ઇનકે

કાર્યો મેં ધર્મ કા ઉદ્યોત તો હૈ હી નહીં કિન્તુ ધર્મ કી હાનિ હી હૈ (પૃ૦ ૨૯) × 'અધર્મ' કા પ્રરૂપણ કરને વાલે ઔર જૈન સમાજ મેં ધર્મ વિરૂદ્ધ બાતોં ઔર ધર્મ વિરૂદ્ધ સિદ્ધાંતો કો ફૈલાને વાલે વ્યક્તિ લોંકાશાહ કો અપને આદ્ય પુરૂષ કે રૂપ મેં માનના યહ જૈનધર્મી કે લિએ મિથ્યાત્વ કો અપનાને જૈસા હૈ (પૃ૦ ૪૭) × સ્થાનકવાસી સંત વિજયમુનિ (શાસ્ત્રી) ને 'અમર ભારતી' મેં લિખા કિ × હમારે પુરખોં ને હમેં મંદિર મૂર્તિ ઔર તીર્થો સે વંચિત રખા યહ બડે દુઃખ કી બાત હૈ।

આશા હૈ, સ્થાનકવાસી સંત મૂર્તિ વ મંદિર કા વિરોધ છોડેંગે લોંકાશાહ કો અપના આદ્ય પુરૂષ માનના છોડેંગે આલુ–પ્યાજ–બાસી આદિ અભક્ષ્ય ભક્ષણ કા પાપ ત્યાગેંગે ગુરૂ કે સમાધિ મંદિર બનાને કા હિંસક પાપ છોડેંગે। શાસ્ત્રો મેં લિખા હૈ ફિર ભી મંદિર વ મૂર્તિ કે વિષય મેં અસત્ય બોલને કા પાપ છોડેંગે કપડે કે ધ્વજ કો વંદન જડવંદન છોડેંગે। બસોં સે ગુરૂ કે વંદન કરને જાને કા હિંસા કા પાપ છોડેંગે વ સચ્ચે દયાધર્મી બનેંગે। ભસ્મગ્રહ ઇન વિકારોં કો ત્યાગ દેંગે।

મેરે લેખ મેં જિનાજ્ઞા સે વિપરીત કુછ ભી લિખા ગયા હોવે તો મિચ્છામિ દુક્કડમ્ ચાહતા હું।

(સુશીલ સંદેશ તા. ૧–૨–૯૪) **(શ્રમણ ભારતી સાપ્તાહિક સે સાભાર)**

❖

— શાસન સમાચાર —

તોરણવાર–(બુલઢાણા) અત્રે પૂ. આગમોદ્ધારક પૂ. આ. શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ.ના સમુદાયના પૂ. સા. શ્રી મૃગેન્દ્રવિજયજી મ.ના પરિવારના પૂ. સા. શ્રી નયધર્માશ્રીજી મ.ની નિશ્રામાં પૂ. સા. શ્રી દીપ્તિધર્માશ્રીજી મ.નો બીજ વરસીતપના પારણા પ્રસંગે કનૈયાલાલજી ગણેશલાલજી સંચેતી તરફથી બે પૂજાઓ સંઘજમણ તથા શેગાંવશ્રી સંઘ તરફથી પૂજા વિ. કાર્યક્રમ યોજાયો.

સુથરી–(કચ્છ) અત્રે પૂ. આ. શ્રી વિદ્યુતપ્રભાશ્રીજી મ.ના દીક્ષાના ૫૦ વર્ષ થતા તેની અનુમોદનાર્થે પૂ. આ. શ્રી પુણ્યોદયસાગર સૂ. મ. આદિની નિશ્રામાં વૈ. સુદ ૬ થી ૧૩ સુધી ભવ્ય મહોત્સવ યોજાયો છે. પૂ. સા. શ્રી વિદ્યુતપ્રભાશ્રીજી મ. સત્ય માર્ગના પ્રેમી છે તેમનો પરિવાર ૪૮ સાધ્વીજીનો છે પોતે હાલ સુથરી મુકામે અવસ્થાને કારણે બિરાજે છે.

વધતાં કતલખાનાં એ તો માનવીની કતલના સંકેત !

—મુઝફ્ફર હુસેન

દૈનિક 'જન્મભૂમિ'ને એ માટે મુબારકબાદી આપવી જોઇએ કે તેણે કતલખાનાના વિષય અંગેની ચર્ચા માટે વાચકોને આમંત્રીત કરી દેશના એક જ્વલંત મુદ્દા અંગે સરકાર તથા સમગ્ર દેશનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે. વિશ્વભરમાં અત્યારે પર્યાવરણ અંગે વ્યાપક ચર્ચા થઇ રહી છે. એ જણાવવાની જરૂર નથી કે જો વનસ્પતિ અને પશુપંખીઓ આ વિશ્વમાં ન હોય તો પર્યાવરણની સ્થિતિ શી હશે ? સજીવસૃષ્ટિમાં પ્રકૃતિએ સૌથી છેલ્લે માનવને જન્મ આપ્યો છે. પ્રકૃતિનો આ તબક્કાવારનો વિકાસ એ વાતનો દ્યોતક છે કે છોડવા–વૃક્ષો અને પશુપંખીઓ વિના ન તો તેનો જન્મ સંભવ હતો કે ન તો તેનો વિકાસ સંભવ છે !

વિશ્વમાં બે પ્રકારના ધર્મ છે : એક કૃષિપ્રધાન દેશોમાં જન્મ્યો છે અને બીજો રેગિસ્તાનની ધરતી પરથી તેનો પ્રારંભ થયો છે. કૃષિપ્રધાન દેશોમાં પશુ–પંખીઓનો વધ એ માટે અનિવાર્ય નથી કેમ કે ત્યાંના લોકોને પેટ ભરવા માટે પૂરતા પ્રમાણમાં વનસ્પતિ ઉપલબ્ધ છે. પણ વિશ્વના એ ભાગો કે જ્યાં કશું ય ઊગતું નથી ત્યાંના લોકો માટે માંસાહાર પર જ નિર્ભર રહેવું પડે છે. ટુન્ડ્ર પ્રદેશના લોકો રેન્ડિયરનું માંસ નહીં આરોગે તો તેમનું જીવવું કઠિન બની જશે. સાઇબેરિયા અથવા તો ઉત્તર અને દક્ષિણ ધ્રુવમાં સીલ અને વ્હેલ માછલી જ તેમનું જીવન ટકાવવામાં સક્ષમ છે, પણ એનો અર્થ એ નથી થતો કે એટલું બધું માંસ આરોગવામાં આવે કે મુસલમાનોના ચોથા ખલિફા હઝરતે અલિ કહે છે તેમ તમારું પેટ જ જાનવરોનું કબ્રસ્તાન બનીને ન રહી જાય !

શાકાહાર પણ એક લક્ષ્મણરેખા છે. ફળ, ફુલ અને વનસ્પતિ આરોગવાનો અર્થ એ નથી કે માનવીનું પેટ જંગલોનું કબ્રસ્તાન બની જાય. માંસહાર અને શાકાહારમાં પ્રાકૃતિક સ્રોતોનો કેટલો ઉપયોગ કરવો તેની એક સીમા નક્કી છે. સીમા તોડવાનો અર્થ એ છે કે શોષણ કરવું અને મર્યાદાની અંદર તેનો ઉપયોગ કરવાનો અર્થ છે. પ્રકૃતિનો સુયોગ્ય ઉપયોગ કરવો મનુષ્યમાં વિવેકબુદ્ધિ છે, તેથી એ નક્કી કરે કે કઇ ચીજ કેટલી માત્રામાં ઉપયોગ કરવી જોઇએ.

આજે ભારતમાં જરૂર કરતાં વધુ કતલખાનાં ખોલવામાં આવ્યાં છે, જે ભારત જેવા માનવતાવાદી અને કૃષિપ્રધાન દેશ માટે અત્યંત ચિંતાજનક છે. જો કે કસાઇના વ્યવસાયથી માંડીને માંસ નિકાસ કરવા સુધીના કામમાં મુસ્લિમો વધુ સંખ્યામાં કામ

કરે છે. આથી જ્યારે પણ કતલખાનાની વિરુદ્ધ અવાજ બુલંદ કરવામાં આવે છે તો તેને ઇસ્લામવિરોધી અને મુસ્લિમવિરોધી માનવામાં આવે છે. આ ષડયંત્રમાં આપણા સમાજવાદી, સામ્યવાદી તથા તથાકથિત બુધ્ધિજીવીઓ અને સ્વાર્થી રાજકારણીઓ સામેલ છે. કોઇપણ યોગ્ય અને રાષ્ટ્રહિતની વાત સાંપ્રદાયિકતાના પરીઘમાં ખેંચી લાવવી યોગ્ય નથી. મુસ્લિમસમર્થકો એ નથી જાણતા કે તેઓ કતલખાનાની વાતને ટેકો આપીને પોતે જ મુસલમાનોના પગ પર કુહાડી મારી રહ્યા છે.

માંસાહારનો અર્થ કદીય એ નથી થતો કે પશુપંખીઓને આ વિશ્વમાંથી નેસ્તનાબુદ કરી નાખવા જે ધર્મમાં દયા અને સહિષ્ણુતા નથી હોતી તે ધર્મની પરિભાષાના અંતર્ગત કેવી રીતે આવી શકે છે. અહિંસા કોઇ માંસાહારી માટે પણ એટલી જ અનિવાર્ય છે કે જટલી કોઇક શાકાહારી માટે ! અહિંસા જીવો અને જીવવા દોના સિધ્ધાંતનું પ્રતિપાદન કરે છે. આથી મનુષ્યજીવનનું નિતાંત આવશ્યક છે.

ઇસ્લામનો અર્થ થાય છે સલામતી એટલે કે સુરક્ષા. હવે આ સુરક્ષા જંગલના રાજથી શક્ય નથી બનતી. પણ એક સભ્યસમાજના માધ્યમથી જ શક્ય બને છે. આપણી સલામતી ત્યારે શક્ય બને છે જ્યારે આપણે બીજાની સલામતીની વાતો કરતાં હોઇએ. આ સલામતી સંપૂર્ણપણે પ્રકૃતિની સલામતી હશે. ઇસ્લામી આદેશ અનુસાર મળતી વખતે 'અસ્સલામો અલેકુમ' કહેવામાં આવે છે, જેનો અર્થ એ થાય છે કે હું તમારી સલામતીની કામના કરું છું. સામી વ્યક્તિ પ્રત્યુત્તર વાળે છે. 'વ્હઅલેકુમુસ્સલામ' એટલે કે હું પણ તમારી સલામતી શુભેચ્છક છું. કહેવાનું તાત્પર્ય એ છે કે સલામતી અને સુરક્ષાની ચાહના તો બંને તરફથી છે. એ વાત એકમાર્ગી નથી.

માનવી માટે ઉપયોગી છે, એવા પશુઓની હિંસા કરવાનો ઇસ્લામમાં જોરદાર વિરોધ કરવામાં આવ્યો છે. ગાય માટે પયગમ્બરનું કથન ખૂબ જ સારસ્ય છે, ગાયના માંસમાં જેટલું ખરાબ તત્વ છે. એટલું જ તેનું દૂધ સારું અને ઉપયોગી છે. હવે જો કોઇ પોતાની જીભના સ્વાદ માટે અને પોતાનો આતંક જારી રાખવા માટે ગાયના માંસનું ભક્ષણ અનિવાર્ય સમજે છે, તો તેમાં બિચારો ઇસ્લામ શું કરી શકે ? દુર્ભાગ્ય તો એ છે કે આજે આ લોકશાહીતા યુગમાં જ્યારે સહિષ્ણુતા અતિ અનિવાર્ય છે. કોઇપણ મૌલવી અને ઇસ્લામી વિદ્વાન તેની વિરુધ્ધ પોતાનો ફતવો કરી શકતો નથી.

હજ યાત્રા વેળા બકરા, ડુકકર, ગાય અને ઊંટની કુરબાની આપવામાં આવે છે. જોકે સામાન્ય માનવી બકરા કાપવા માટે સક્ષમ હોય છે, તેથી આ ક્રિયાને બકરા ઇદ કહેવામાં આવે છે. જોકે આ ઇદનું સાચું નામ તો 'ઇદુલ અજહા' કહેવામાં આવે છે.

પયગમ્બર ઇબ્રાહિમને ઇશ્વરે કહ્યું, 'તમે તમારી સૌથી વહાલી ચીજની બલિ ચડાવો.' હજરતે ઇબ્રાહિમે પોતાના પુત્ર ઇસ્માઇલની આપવાનું વિચાર્યું. જ્યારે તેઓ એને શહીદ કરી રહયા હતા તે વેળા તેના સ્થાને ચમત્કારિક રુપે એક દુંબર આવી ગયું. આ પ્રકારે ઇશ્વરે ઇસ્માઇલને બચાવી લીધો. એ જ દિવસથી પરંપરાગત રીતે કુરબાની કરવી અનિવાર્ય બની ગઇ. કુરબાની વિના હજયાત્રા પૂરી નથી થતી. હજરત ઇબ્રાહિમે તો પોતાના પુત્રનું બલિદાન આપવાનું નક્કી કર્યું, પણ શું કરેક વખતે બકરા અથવા તો અન્ય જાનવર કાપીને આ પરંપરા જારી રાખી શકાય ખરી? માનવી ચાહે તો કુરબાની તરીકે પોતાના મોહ, ક્રોધ અને કામનો ત્યાગ કરી શકે છે.

હજયાત્રા વેળા ઊંટ કાપવામાં આવે છે, પણ તેની સંખ્યા મર્યાદિત કેમ છે ? આનું કારણ એ છે કે ઊંટ સાઉદી અરેબિયાનું સૌથી ઉપયોગી પ્રાણી છે. ઊંટને દુર્લભ પ્રાણી જાહેર કરીને તેને બચાવવા માટે સખતમાં સખત કાયદા બનાવાયા છે. આરબોને પોતાના ઉંટ પ્રિય હોય તો ભારતવાસીઓને પોતાના બળદ અને ગાય પ્રિય કેમ નહિ ?

હાડકાંના ઉત્પાદનમાં ભારત સૌથી આગળ છે, પણ વર્ષે ૧૦ લાખ ટન હાડકાનું ઉત્પાદન કરતો દેશ તેનો બે લાખ ટન જેટલો જ ઉપયોગ કરી શકે છે.આ હાડકામાંથી મૂલ્યવાન ચીજવસ્તુઓ બને છે. હાડકા ઉપરાંત ચામડા, શિંગડા, ખરી, વાળ આંતરડા તથા ચરબી જેવી ચીજવસ્તુઓ પ્રાણીમાંથી જ ઉપલબ્ધ બને છે તેમને મારી નાખવામાં આવે તો ભવિષ્યમાં તેની સાથે સંકળાયેલા લોકોનું શું થશે ? આથી કતલખાનાઓની ભરમાર સમગ્રતયા તો મુસ્લિમ અને દલિતબંધુઓને બેકાર બનાવવાનું એક ષડયંત્ર જ છે. સોનાની ઇંડા મૂકતી મરઘીને કાપવાનું શું પરિણામ આવ્યું એ જ પરિણામ દશ વર્ષ પછી આ દેશનું આવશે. સુદાન અને યમન જેવા દેશમાં રાષ્ટ્રગીતમાં ત્યાંના ઉપયોગી પ્રાણી ઊંટના ગુણગાન ગાવામાં આવ્યા છે.

મૂંગા પ્રાણીઓને બચાવવાં આવશ્યક છે. આપણો ધર્મ અને દાયિત્વ તો તેમને બચાવવામાં જ સમાયેલું છે. જો આમ નહીં કરવામાં આવે તો તેમની સાથે જ માનવ અને માનવતા બંને હંમેશા માટે અનંતમાં વિલીન થઇ જશે. (જન્મભૂમિ)

આ લેખમાં જે પ્રાણીદયાનો વિચાર છે. તે એક મુસલમાન ભાઇ દ્વારા પ્રસ્તુત થયેલ છે તે વિચારવા જેવું છે.

ચડાવવાની ઉપજ અંગે તપાસ કરી લેવી જોઇએ, જેથી પોતાનો સંઘ દેવદ્રવ્યના ભક્ષણથી બચી જાય.

[ઉપકરણોના ચડાવા મુમુક્ષુને અર્પણ કરવા નિમિત્તોના છે, માટે વૈયાવચ્ચ-ખાતામાં જાય. ઉપકરણના ચડાવા બોલતી વખતે એનાઉન્સરે **મુમુક્ષુને** પાતરા વહોરા-વવાનો ચડાવો' એમ ન બોલતા 'પાતરા અર્પણ કરવાનો ચડાવો' એમ બોલવું જોઇએ. કારણ કે 'વહોરાવવું' એ શબ્દ સાધુ માટે પ્રયોજાય છે, જ્યારે **મુમુક્ષુને** વહોરાવવાનું નથી, પણ અર્પણ કરવાનું છે.]

* અંજનશલાકા–પ્રતિષ્ઠા પૂર્વે સંઘની અંદર નવી મૂર્તિ ભરાવવાના નકરા નક્કી કરવામાં આવે છે તેમાં ઘણીવાર એવું નક્કી કરાય છે કે, મૂર્તિ ખર્ચ વિ. બાદ કરતાં દેવદ્રવ્ય ખાતે તે રકમ જાય અને દેરાસર સાધારણ ખાતે પૂજા વ્યવસ્થા આવશે તે ખાતે જાય.

એક વણિક હતો. તેનો કિંમતી ઘોડો ખોવાઈ ગયો. ભગવાન પાસે ગયો અને પ્રાર્થના કરે કે 'હે પ્રભુ ! જો મારો ખોવાયેલો ઘોડો મળી જશે તો તેની વેંચાણ કિંમતમાંથી અડધી રકમ આપને ધરીશ.'

ઘોડો મળી ગયો. રૂા. ૫૦૦૦ ની કિંમતના ઘોડાના રૂા. ૨૫૦૦ ભંડારમાં નાખવા પડશે. તેથી વાણિયો ચિંતિત બન્યો. ઉપાય શોધ્યો. પચાસ રૂા. માં એક બિલાડી ખરીદીને બજારમાં ઘોડા વેંચાણ માટે ગયો. જાહેરાત કરી કે ઘોડો–બિલાડી વેચવાના છે. બિલાડીની કિંમત રૂા. ૫૦૦૦ અને ઘોડાની કિંમત રૂા. ૫૦ રાખી છે. પણ શરત એટલી કે બંને સાથે જ ખરીદવા પડશે. રૂા. ૫૦૫૦ માં બંનેનું વેચાણ કરી વાણિયાએ ૨૫ રૂા. ભંડારમાં નાખ્યા અને પોતાની પ્રતિજ્ઞા પાળ્યાનો સંતોષ માન્યો.

આપણા કેટલાક આચાર્યો કે સંઘના ટ્રસ્ટીઓ પણ આ વાણિયા જેવું કરે છે અને સંઘને દેવદ્રવ્યના ખાડામાં ડુબાડે છે અને પોતાની જાતને ભવસમુદ્રમાં ડુબાડે છે.

મૂર્તિ ભરાવવાની બોલી બોલાય તો તે રકમમાંથી મૂર્તિ ભરાયા પછીની બધી જ રકમ દેવદ્રવ્ય ખાતે જાય–પણ તેમાંથી કંઇ જ દેરાસર સાધારણ ખાતે ન જાય. બોલી બોલવાની શક્યતા ન હોય કે તદ્દન મામૂલી રકમમાં બોલી જાય ત્યાં યોગ્ય નકરા કરે.

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



* જેને ભગવાન મલી જાય, ભગવાનનો માર્ગ ગમી જાય તેણે જ આ કલ્યાણક બરાબર ઉજવ્યા કહેવાય. ભગવાન આપણા હૈયામાં આવવા જોઇએ ભગવાનની એક એક આજ્ઞા આપણા હૈયામાં અંકિત થવી જોઇએ. તેમાં પહેલાં મિથ્યાત્વને કાઢવાનું છે, સમ્યક્ત્વ મેળવવાનું છે, મિથ્યાત્વ પર ગુસ્સો આવવો જોઇએ અને સમ્યક્ત્વ પર પ્રેમ થવો જોઇએ.

* તને વળગેલી લક્ષ્મી તારો સત્યાનાશ કાઢનારી છે એમ ભગવાને પહેલાં જ કહ્યું. બીજા નંબરે ભોગને ભૂંડા કહ્યા, ત્રીજા નંબરે દુનિયાના સુખની ઇચ્છાને મૂંડી કહી અને ચોથા નંબરે દુનિયામાં જે કાંઇ પણ સારૂં તેને ભૂંડુ કહ્યું. આ બધી ઇચ્છાઓ ક્યારે જાય ? જ્યારે આખો સંસાર ભૂંડો લાગે ત્યારે.

* ભગવાન મહાવીરને સમજ્યા હોઇએ તો સંસાર કાળા કેર કેવો લાગવો જોઇએ. ધર્મ જ એક સારામાં સારી ઉત્તમ ચીજ લાગવી જોઇએ એવા જીવોનું જ કલ્યાણ થવાનું છે. ધર્મ કરતા હોય પણ હૈયા ભૂંડા હોય તો તેનું કદી કલ્યાણ થવાનું નથી.

* જીવને સુખી કરવો હોય તો મોક્ષે મોકલવા સિવાય બીજો કોઇ ઉપાય નહિ જીવ સુખી ત્યારે જ કહેવાય તો એ મોક્ષમાં જાય અથવા તો સમકિતની પ્રાપ્તિ કરે. સંસારમાં સુખી સમકિતી અને સમકિતનો અર્થી.

* બોલો તમે બધા સુખી છો કે દુઃખી ? સમકિતનો અર્થી દુઃખની ફરિયાદ જ ન કરે. ગમે ત્યારે પૂછો તો કહે આનંદમાં. કેમ આનંદમાં ? તો કહે કે દેવ-ગુરૂ-ધર્મ મલી ગયા છે. દેવ-ગુરૂ-ધર્મની જેને સામગ્રી મલી હોય તેને દુઃખ શું ? સંસારના સુખની સામગ્રીને સુખ માને તે પહેલા નંબરના દુઃખી છે. આ સામગ્રી સુખ રૂપ ન લાગી હોત તો તમે દુઃખી હોત જ નહિ. સમકિતનો અર્થી પણ સુખી એને સમજુ હોય તે કોઇ દિવસ ખાવાની પૈસા ટકાની પહેરવા ઓઢવાની ફરીયાદ ન કરે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક
"સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું"

Recieved

નમો ચઉવ્વીસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

ગીતાર્થ કોણ

ગીયં ભણ્ણુ ઇ સુત્તં,
અત્થા તસ્સેવ હોઇ વકખાણુ।
ઉભએણુય સંજુતો,
સો ગોયત્થો મુણેયવ્વો ।।

સૂત્ર તે ગીત કહેવાય છે અને તેનું જે (સમ્યક્) વ્યાખ્યાન તે અર્થ કહેવાય છે અને તે સૂત્ર અને અર્થ બન્નેના યથાર્થપણાથી યુક્ત જે હોય તેને ગીતાર્થ જાણવો.

અઠવાડિક

વર્ષ	અંક
૧૦	૩૬+૩૭

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
જપ, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

છોકરાનો પરોપકાર

યુરોપમાંના હોલંડનો કેટલોક ભાગ પાણીની સપાટીથી નીચો છે. તેથી કોઇ કોઇ વેળાએ સમુદ્રનું પાણી આવીને ગામોને ઘસડી લઇ જતું હતું. તેનાથી પોતાનો બચાવ કરવા માટે ત્યાંના માણસોએ સમુદ્રની બાજુએ એક મોટી ભીત બંધી છે. કોઇ વેળાએ તે ભીત તોડીને પાણી આવતું હતું અને ત્યાંના લોકોને નુકસાન કરતું હતું. ત્યાંના બધા રહેવાસીઓ જાણતા હતા કે, ઢિવાલ ભાંગી જવાથી ગામ ઘસડાઇ જાય છે, અને લોકો તથા જનાવરોનો પણ નાશ થાય છે. પોતપોતાના છોકરાઓને ઢિવાલ ભાંગી ગયાથી શું શું નુકસાન થયું હતું તેની વાતો કરીને છોકરાઓને મુશી કરતા હતા, એને કહેતા હતા કે 'જો જરા ભીતમાંથી પાણી નીકળે તો તરત તેનો બલાજ કરવો જોઇએ. નહિ તો એકદમ ઢિવાલ તોડીને પાણી ઘણા જોરથી આવે છે અને જાનમાલની નુકશાની કરે છે.'

એક દિવસ શિયાળામાં એક છોકરો ભીતની પાસેથી આવતો હતો. તેની નજર એકાએક ભીતમાંથી પાણી આવતું હતું તેનાપર પડી. તરત તેને પોતાના બાપે કહેલી વાત યાદ આવી, તેથી તેણે પહેલાં વિચાર કર્યો કે, દોડતો જઇને બાપને કહું કે ભીતમાંથી પાણી આવે છે. તેથી અહિંથી નાશી જઇને ઉચ્ચી જગાપર જોઇએ, પણ તરત તેના મનમાં આવ્યું કે અમો બચીશું તો શું થનાર છે? બીજા માણસો મરી જશે. શું હું કોઈ રીતે તેઓને બચાવી શકીશ નહિ? હું દોડતો બધાને કહેવા જઇશ તો પાણી જોરથી આવશે અને બાકું મોટું થઇને આખું ગામ ઘસડાઈ જશે. એમ કરવું પણ સારૂં નથી.' પછી તરત તેના મનમાં આવ્યું કે, 'જો ભીતમાંથી પાણી આવતું અટકાવું, તો મારો બાપ તેમજ લોકો બચશે.' એવું મનમાં નક્કી કરીને પોતાનો હાથ જ્યાંથી પાણી આવતું હતું તેમાં નાંખ્યો, અને પાણી આવતું તેમજ બાકું મોટું થતું અટકાવ્યું. આખી રાત સુધી તેણે પોતાનો હાથ પાણી અટકાવવામાં રોકયો. ઠાઢ સખ્ત હતી, અને ભીનામાં બેઠો હતો અને હાથ પાણીમાં બોળેલા હતા, તેથી તેને ઘણી ઠાઢ લાગી, પણ તેની દરકાર ન કરતા બેઠો રહ્યો, ઘરમાં બાપ તેની વાટ જોતો બેઠો. સવારના પહોરમાંથી ત્યાંથી માણસો જતા હતા. એક માણસે છોકરાને ઢિવાલ તરફ બેઠેલો અને અને પોતાનો હાથ ઢિવાલના બકોરામાં ખોસેલો જોઇને પૂછ્યું, 'છોકરા, તું અહિં શું કરે છે?' છોકરાએ લથડતે અવાજે કહ્યું કે, 'અહિં પાણી નીકળે છે, તેને બંધ કરૂં છું, નહિ તો ગામ ઘસડાઇ જાય.' એથી વધારે બોલી શકયો નહિ, કારણ કે, તે ઠરી ગયો હતો અને ભૂખ્યો હતો. સખ્ત ઠાઢમાં (જુઓ અનુ. ટાઇટલ ૩ ઉપર)

પ. પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘજી ગુંદ (મુલુંડ)
હેમેન્દ્રકુમાર મણિલાલ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (વડોદરા)
ચીમનલાલ પદમશી મુંદરા (થાણા)

વર્ષ : ૧૦] ૨૦૫૩ વૈશાખ વદ-૧ મંગળવાર [અંક : ૩૬-૩૭

સાર શિક્ષા સંગ્રહ

(પ. પૂ આ. દેવ શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના પ્રવચનમાંથી)

સંકલનકાર : અમીષ આર. શાહ, હર્ષાંત એન. શાહ

૧. કોઇની પણ નિંદા કરશો નહિ, નિંદા કરો તો જાતની કરજો.
૨. કોઇનું પણ બુરું ઇચ્છતા નહિ.
૩. કોઇને માર્મિક, કટુ, કે બિભત્સ વાક્ય કહેતા નહિ.
૪. કોઇ કામ સહસા કરશો નહિ.
૫. ક્રોધી અને કટુભાષી બનશો નહિ.
૬. પર દ્રવ્ય હરણ સમાન એકેય પાપ નથી.
૭. દીર્ઘદૃષ્ટિ આવતાં દુઃખોને રોકવાનું સાધન છે.
૮. કુશીલતા એ પ્રગટ દુઃખનું મૂળ છે.
૯. સુશીલતાં એ પ્રગટ સુખનું મૂળ છે.
૧૦. લોભનો કાંઇ થોભ નથી.
૧૧. ઇચ્છા આકાશની માફક અનંત છે.
૧૨. તૃષ્ણા જેવી એકેય મોટી વ્યાધિ નથી.
૧૩. રાત્રે ભોજન કરવું એ મહાપાપ છે.
૧૪. પંડિત શત્રુ ભલો છે.
૧૫. મૂર્ખ મિત્ર સારો નથી.

૧૬. મૂર્ખ સાથે ગોઠડી પળે પળે ક્લેશ કરાવે છે.
૧૭. નારી નરકનું બારણું છે.
૧૮. કર્મને કોઇની શરમ નથી.
૧૯. સમતાનાં ફળ મીઠાં છે.
૨૦. મિથ્યાત્વ સમાન કોઇ રોગ નથી.
૨૧. જયણા ધર્મની માતા છે.
૨૨. પરનિંદા સમાન કોઇ પાપ નથી.
૨૩. કર્મ કંટકથી ત્રાસે તે દીન.
૨૪. મોહ સમાન એકેય મદિરા નથી.
૨૫. વિષય સમાન એકેય ચોટ નથી.
૨૬. વૈરાગ્ય સમાન કોઇ મિત્ર નથી.
૨૭. મરણ સમાન કોઈ ભય નથી.
૨૮. રાગ સમાન કોઇ બંધન નથી.
૨૯. સ્ત્રી કટાક્ષથી પોતાનો બચાવ કરનાર જેવો કોઇ શુરવીર નથી
૩૦. સદુપદેશ સમાન કોઇ અમૃત નથી.
૩૧. સ્ત્રી ચરિત્ર સમાન કાંઇ ગહન નથી.
૩૨. સ્ત્રીના ચરિત્રથી ન છેતરાય તેના જેવો કોઇ ચતુર નથી.
૩૩. અસંતોષ સમાન બીજું કારિદ્ર નથી.
૩૪. યાચના સમાન લઘુતા નથી.
૩૫. સંયમ સમાન જીવીત નથી.
૩૬. પ્રમાદ જેવી કોઇ જડતા નથી.
૩૭. સજ્જનો ચંદ્રના પીરણો જેવા શીયળ છે.
૩૮. પરવશતા સમાન દુઃખ નથી.
૩૯. સ્વતંત્રતા સમાન સુખ નથી.
૪૦. પ્યારામાં પ્યારી ચીજ પ્રાણ છે.
૪૧. પાપથી પાછો હટાવે તે સાચો મિત્ર છે.
૪૨. ગુપ્ત પાપ જેવું કોઇ શલ્ય નથી.
૪૩. અવસરના કાન જેવું બીજું કાન નથી
૪૪. જગત માત્રની સાથે મૈત્રી સમાન આનંદ નથી.
૪૫ અખંડ વ્રત પાળનાર જેવો કોઇ ભાગ્યશાળી નથી.

૪૬. સત્ય, પ્રિય અને વિનીત ભાષણ જેવું કોઈ વશીકરણ નથી.
૪૭. મધ્યસ્થતા જેવો કોઇ શ્રેષ્ઠ માર્ગ નથી.
૪૮. દુર્જનનો સ્નેહ ક્ષારમો છે.
૪૯. વિવેક સમાન કોઇ મિત્ર નથી.
૫૦. નેંઢા કરે તે નારકી થાય.
૫૧. પથ્ય આહાર સમાન કોઈ ઔષધ નથી.
૫૨. કર્મ સમાન કોઇ રોગ નથી.
૫૩. ધર્મ સમાન કોઇ ઔષધ નથી.
૫૪. પંથ સમાન કોઇ જરા નથી.
૫૫. અપમાન સમાન કોઇ દુઃખ નથી,
૫૬. ક્ષુધા સમાન કોઇ વેદના નથી.
૫૭. જ્ઞાન સમાન કોઇ ધન નથી.
૫૮. આશા સમાન કોઇ બંધન નથી.
૫૯. મોહ સમાન કોઇ જાળ નથી.
૬૦. શુદ્ધ ભાવના સમાન કોઇ ઉત્તમ રસાયણ નથી.
૬૧. ચિત્તની મલીનતા કરનાર ચિન્તા છે.
૬૨. ચિત્ત શુદ્ધિ માટે વ્યવહાર શુદ્ધિની ખાસ જરૂર છે.
૬૩. મલીન ચિત્તને ધર્મ રંગ ચઢતો નથી.
૬૪. રાગ–દ્વેષ મોહના પુત્ર છે અને કષાયના સહોદર ભાઇ છે.
૬૫. રાગ કેશરી સિંહ સમાન છે.
૬૬. દ્વેષ હાથી સમાન છે.
૬૭. રાગ, દ્વેષ અને મોહનો ક્ષય કર્યા વિના કદાપિ કલ્યાણ નથી.
૬૮. ધર્મના અર્થી જીવે શુદ્ધતા ત્યજવી જોઇએ.
૬૯. ગમે ત્યાંથી પણ ગુણ રત્ન ગ્રહણ કરવાની ભાવના રાખવી.
૭૦. કાળા નાગનો સંગ કરવો સારો પણ કુગુરૂનો સંગ કરવો સારો નહિ.
૭૧. ક્રોધ પ્રીતિનો નાશ કરે છે. ૭૩. માન વિનયનો નાશ કરે છે.
૭૪. માયા મિત્રનો નાશ કરે છે. ૭૪. લોભ સર્વનો નાશ કરે છે.
૭૫. કયારે પણ પરસ્ત્રી (પારકી સ્ત્રી) ભોગવવી નહી.
૭૬. કયારે પણ મુર્ખ ગમારની સોબત કરવી નહી.
૭૭. કયારે પણ અધમ-અભિમાનીઓની સંગત કરવી નહી.

૭૮. ક્યારે પણ ચાડીખોર માણસોની સોબત કરવી નથી.
૭૯. જુગારના વ્યસનથી ધનનો નાશ થાય છે.
૮૦. માંસ ભક્ષણથી કયા બુદ્ધિનો નાશ થાય છે.
૮૧. મદ્યપાનના વ્યસનથી યશ-કીર્તિનો નાશ થાય છે.
૮૨. વેશ્યાના વ્યસનથી કુળનો નાશ થાય છે.
૮૩. ક્રોધી માણસ કદી ય સુખ ન પામે.
૮૪. અભિમાની માણસ કદી ય જય ન પામે.
૮૫. માયાવી માણસ કદીય શેઠ ન બને.
૮૬. લોભી માણસ કદીય સ્વર્ગે ન જાય.

દેરાસર-ઉપાશ્રયોમાં ગવૈયાઓની દુકાન ! ઘોર આશાતના-ઘોર પાપ !

— જૈન સંઘો સાવધાન ! —

દેરાસર-ઉપાશ્રયમાં 'નિસીહિ' કહીને પ્રવેશ કરવાનો છે. દેરાસર-ઉપાશ્રયમાં વેપારધંધા સંબંધી વાત કે વિચાર કરવાની પણ શાસ્ત્રકારોએ મનાઇ ફરમાવી છે. એ જ આપણાં પવિત્ર દેરાસર-ઉપાશ્રયોમાં પૂજા અને પૂજન ભણાવતી વખતે ગવૈયાઓ વચ્ચે-વચ્ચે વારંવાર માઇક પરથી પ્રભુજીની સામે પોતાના ધંધાથી જાહેરાતો કર્યા કરે છે. એટલું જ નહિ, દેરાસર-ઉપાશ્રયની જગ્યામાં જ પોતાના ધંધાની જાહેરાતનાં કપડાનાં બેનરો લટકાવે છે અને પોતાની કેસેટો વગેરે વસ્તુઓનું વેચાણ કરવા માટે પોતાના માણસને બેસાડી દુકાન માંડીને વેપાર શરૂ કરી દે છે. તેઓ પોતાના ધંધાને ધર્મમાં ખપાવી દે છે. પણ યાદ રાખો કે આ ધર્મ નથી, એમનો ધંધો છે. દેરાસર-ઉપાશ્રયમાં મંડાયેલી ગવૈયાની દુકાનમાંથી ખરીદી કરનાર પણ આશાતનાના ભાગી બને છે.

આ રીતે ગવૈયાઓ દેરાસર-ઉપાશ્રય વગેરે ધર્મસ્થાનોને પોતાના વેપાર-ધંધાના ધામ બનાવી ઠમાણી કરે છે અને દેરાસર-ઉપાશ્રયની ઘોર આશાતના કરી ઘોર પાપ બાંધે.

પૂજા ભણાવતી વખતે ગવૈયાઓનું પ્રભુભક્તિ સિવાયનું બીજું-ત્રીજું બોલવાનું પણ નિરંકુશપણે અને ભયજનક રીતે વધી રહ્યું છે. તેમના બોલવા ઉપર શ્રી જૈન સંઘોનો અંકુશ જરૂરી છે.

શ્રી જૈન સંઘોએ સવેળા સાવધાન બની, રોજ રોજ આગળ ને આગળ વધતી જતી ઘોર આશાતનાની આ પ્રવૃત્તિને હવે તો સખ્તાઇથી ડામી દેવાની જરૂર છે. નહિ તો પડતો કાળ હોવાથી ભાવિમાં (નવરાત્રીની જેમ એનાં ઘણાં માઠા પરિણામ આપણે ભોગવવાં પડશે !

તા.ક. : જે સ્થાનમાં જેટલા સમય માટે પ્રભુજી પધરાવ્યા હોય, તે સ્થાન તેટલા સમય માટે દેરાસર ગણાય. ત્યાં દેરાસર અંગેની બધી આશાતનાઓ ટાળવી જોઇએ. —શ્રી૦

વિવાદ સ્પદ અને શાસ્ત્ર અસમ્મત ૨૦૪૪ના સમ્મેલન

તથા સંસાર પોષક કપોલકલ્પિત સિદ્ધિની વાતોને પુષ્ટ કરવા મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજનું ઓઠું લેવાનું કામ એમના ગ્રંથો પર

ટીકા કે ભાષાંતર લખી કરવું એ મહાપાપ છે.

—શ્રી પ્રેમપ્રિય

વિ. સં. ૨૦૪૪ની સાલમાં નિષ્ફળતાને વરેલ મીની સંમેલન થયું હતું, તેમાં દેવદ્રવ્ય વિષે લગતા કેટલાક ઠરાવો થયા હતા એ ઠરાવો સિદ્ધ કરવા માટે જે પાઠો આપવામાં આવ્યા હતા. તેનું અર્થઘટન અધુરી બુદ્ધિના ભેજાબાજ સંમેલન પરસ્તો તરફથી જે કરવામાં આવ્યું. તેનાથી કેટલાએ સંમેલનમાં સહી કરીને ભાગ લેનારા કે નીકળી ગયેલાઓની પણ દેવદ્રવ્યથી શ્રાવકોને પૂજા કરવાની બાબતમાં મતિ મુંઝાઇ ગઇ એવું ઉડતી હવાએ જાણવા મળ્યું. એઓનો એ મતિ મુંઝારો દુર કરવાનો અને એ મતિ મુંઝારો ઉભો કરનાર 'સતિ દેવદ્રવ્યે' ઇત્યાદિ પાઠોનો અર્થ સંમેલન પરસ્તોએ કઇ રીતે ખોટો કર્યો છે એ સમજાવવાનો અહિંયા પ્રયાસ કરાય છે.

એક કાળ એવો હતો કે જે વખતે રૂપિયો મોંઘો હતો. મંદિરના ભંડારમાં પણ આના-બે આના કે પૈસો નંખાતો હતો. રૂપિયો—બે રૂપિયા તો કોક જ ભાવના સંપન્ન શ્રીમંત નાખતા હતા. ગુરૂપૂજન પણ અત્યારે લોકો ડગલે ને પગલે કરે છે, તેવી રીતે થતા ન હતા. કોક વિશેષ પ્રસંગે જ ગુરૂપૂજન કરાતા હતા. તે પણ આના—બે આના કે પાવલીથી ગુરૂપૂજનમાં રૂપીયો તો કોઇક વખતે જ દેખાતો હતો એ કાલમાં સ્વદ્રવ્યથી પૂજા કરનારો વર્ગ ઓછો દેખાતો હતો. (એ કાળમાં લાખોના દાન કરનારા અને લાખોની બોલીઓ બોલનારા તો લગભગ નહોતા દેખાતા.)

કેટલાક સમય પછી રૂપીયો ઠીક ઠીક સસ્તો થતો ગયો. એમાં વળી ૨૦૪૪ ની સાલમાં તો રૂપીયો ઘણો જ સસ્તો થયો. જૈન સંઘનો ઘણો વર્ગ આર્થિક દૃષ્ટિએ સ્થિતિ સંપન્ન બન્યો. લાખો રૂપીયાનું દાન કરનારા અને લાખોની બોલી બોલનારા દાનેશ્વર તરીકે ચમકવા લાગ્યા- ગુરૂપૂજનમાં પણ પાંચ કે દશ રૂપીયાની તો શી વાત કરવી સો-સો રૂપીયાની નોટો પણ ઉત્સાહ ને ભક્તિભાવથી મૂકવા લાગ્યા. સદ્‌ગુરૂઓના ઉપદેશને કારણે સ્વદ્રવ્યથી પૂજા કરનારો વર્ગ પણ સારા પ્રમાણમાં ઉભો થયો. જૈન સંઘમાં કર્મોદયના કારણે આર્થિક સ્થિતિથી સંપન્ન નહી એવા પુણ્યાત્માઓ પણ અરિહંત પરમાત્માની પૂજા આદિ કરવા દ્વારા આત્મકલ્યાણ સાધે અને પોતાને સાધ-

મિક ભક્તિનો તથા અરિહંત પરમાત્માની પૂજા ભક્તિ કરાવવાનો તેમજ **સ્થિતિસંપન્ન પણ કેટલાક સંયોગોના કારણે પોતાની પૂજા સામગ્રી ન વસાવી** શકનારાઓને પણ અરિહંત પરમાત્માની પૂજા ભક્તિ કરાવવાનો લાભ મળે. એ માટે ચઢાવા–બોલી આદિ દ્વારા પુણ્યાત્માઓ તરફથી જિનમંદિરમાં પૂજાની સામગ્રીઓની વ્યવસ્થા ગોઠવવામાં આવી અને એના દ્વારા હરેક પુણ્યાત્માઓ અરિહંત પરમાત્માની પૂજાભક્તિ કરી શકે તેવી સુંદર પ્રથા ચાલુ થઇ છતાં ૨૦૪૪ ના. નિષ્ફળ મીની સંમેલને સ્થિતિ સંપન્ન ન હોય તે અને સ્થિતિ સંપન્ન પણ ભાવના સંપન્ન ન હોય તે પણ દેવદ્રવ્યથી પૂજા કરી શકે એવો દેવદ્રવ્ય વિનાશક ઠરાવ કર્યો. હકીકતમાં ૨૦૪૪ નું મીની સંમેલન કરવાની જરુર જ ન હતી એની પૂર્વના જે સંમેલનો થયા અને એમાં જે શાસ્ત્રાનુસારી ઠરાવો થયા એના આધારે જૈન સંઘમાં દેવદ્રવ્યાદિની સુંદર વ્યવસ્થા ચાલી રહી હતી અને પૂજા આદિની પણ વ્યવસ્થા વ્યવસ્થિત ચાલી રહી હતી. પૂર્વના રાજનગર-ખંભાત વગેરેના જે સંમેલનો થયા તે સુધારક સાધુ આદિ દ્વારા સુપનાદિની બોલી આદિ દ્વારા પ્રાપ્ત થતા દેવદ્રવ્યનો દુરુપયોગ કરવા-કરાવવા દ્વારા દેવદ્રવ્યનો થતો વિનાશ અટકાવવા માટે થયા હતા ત્યારે ૨૦૪૪નું સંમેલન શ્રાવકોને પોતાની પૂજા વગેરેમાં દેવદ્રવ્ય વાપરવાની છુટ બાપનારો ઠરાવ કરીને દેવદ્રવ્યના વિનાશ કરવા માટેનું થયું.

જો સંમેલનના આચાર્ય વગેરેઓ સ્વદ્રવ્યથી પૂજા આદિ કરવાના ઉપદેશનો ધોધ વહાવ્યો હોત તો સ્વદ્રવ્યથી પૂજાદિને કરનારો વર્ગ વિશાળ સંખ્યામાં ગામો ગામ ઉભો થાત. એ ન કરતા કોઠની બુદ્ધિએ તણાઇને ૨૦૪૪નું મીની સંમેલન કર્યું. જેના કારણે જૈન શાસનમાં ભયંકર ડહોળાણ ઉભું થયું. નાટકીય રીતે ઉભી થયેલી સમિતિએ ભેળાભાજે ઘડી કાઢેલા ઠરાવોને સહી કરી પાસ કર્યા. એમાના કેટલા ઠરાવો પાસ કરતા તો કરી દીધા પણ પછી ચિંતન કરતા એમ લાગ્યું હશે કે આ ઠરાવો તો શાસ્ત્રથી વિરુદ્ધ છે અથવા પોતાના ગુરુઓની માન્યતાથી વિરુધ્ધ છે માટે કેટલાએ આચાર્યો સંમેલનમાંથી નીકળી ગયા. કેટલાક જે રહ્યા તેમણે સંમેલનને નિષ્ફળ માન્યું અને કેટલાક વળી એવું પણ માનવા અને કહેવા લાગ્યા કે આપણે તો પહેલા જે પ્રમાણે દેવદ્રવ્ય ગુરુદ્રવ્ય તથા પૂજાદિમાં કરતા હતા તેમજ કરતા રહેવું અને પુછવા આવનારને પણ એમ જ કહેવું. ૨૦૪૪ ના સંમેલનના ચિંથરા સંમેલનવાસીઓએ જ ઉડાડી દીધા.

એમના ક્ષેત્રોમાં પણ એ ઠરાવ ન પળાયા. સંમેલન પરસ્તોએ જેવા કે પંન્યાસ

શ્રી ચંદ્રશેખરવિ. મ. તથા પંન્યાસ શ્રી અભયશેખર વિ. મ. જેવાઓ એ સંમેલનના દેવદ્રવ્યાદિને લગતા ઠરેલા ઠરાવોને સાચા તરીકે સિદ્ધ કરવા ઘણા ઘણા પાઠો શાસ્ત્રોમાંથી શોધી કાઢયા અને ઉપર છલ્લો એ પાઠોનો અર્થ કરી ઠરાવો લોકોના દિમાગમાં સાચા તરીકે ઠસાવવા પુસ્તકાદિમાં ઘણા લખાણો કર્યા અને ઠરાવોનું જૈન સંઘોમાં પાલન કરાવવા ઘણા હવાતીયા માર્યા.

કોઇક કોઇક સ્થળે પક્ષનો ઠેકો લઇને બેઠેલા અર્ધદગ્ધ બુદ્ધિવાળા આગેવાનોના માથામાં ગુરૂપૂજનાદિનું દ્રવ્ય સાધુ આદિની વૈયાવચ્ચમાં લઇ જવાનું ઘુસેડી દીધું અને એ આગેવાનો ગુરૂપૂજનાદિના દ્રવ્યને સાધુ આદિની વૈયાવચ્ચમાં વાપરવા લાગ્યા અને વાપરે છે. પોતાના ખીસ્સામાં રહેલા પૈસા સચવાઇ રહે અને પારકે પૈસે મફતીયો ધર્મ થઇ જતો હોય તો ગાંઠનો પૈસો કોણ કાઢે ?

સ્થિતિ વગરના સામાન્ય લોકો કે ભાવના વગરના શ્રીમંતો દેવદ્રવ્યથી પૂજા કરવા માટે તૈયાર થયા નહી કેમકે દેવદ્રવ્યનો વિનાશ કરવા દ્વારા આ ભવમાં પણ ભીખારી થઇ જઇશું, દુઃખી–દરીદ્રી થઇ જઇશું, ભૂંડા હાલે મરી જઇશું. પરલોકમાં પણ નરકાદિ દુર્ગતિમાં ભૂંડા હાલે ભટકવું પડશે. આવી શ્રદ્ધાના કારણે તથા તાત્કાલિક આવા માઠા પરિણામો જોવા મળવાના કારણે ડરતા હતા તેમજ પં. પૂ. આ. દેવ શ્રી રામચંદ્ર સૂ. મ. સા.ના જોરદાર કરેલા વિરોધના કારણે પણ લોકોએ પોતાની પૂજાદિમાં દેવદ્રવ્યનો ઉપયોગ ન કર્યો કેમકે મોટા ભાગના જૈન સંઘોના લોકોમાં એ માન્યતા છે કે, પૂ. આ. દેવ શ્રી રામચંદ્ર સૂ. મ. શાસ્ત્રના આધારે જ બોલે છે. દેવદ્રવ્યાદિને લગતા ઠરાવો શાસ્ત્ર વિરૂદ્ધ હશે માટે જ એઓશ્રીએ વિરોધ કર્યો છે.

હવે સંમેલન પરસ્તોએ સ્થિતિ સંપન્ન ન હોય તેવા શ્રાવકો તથા સ્થિતિ સંપન્ન હોવા છતાં ભાવના સંપન્ન નથી તેવા શ્રાવકો પણ દેવદ્રવ્યથી પૂજા વગેરે કરી શકે એવી સંમેલનમાં ઠરાવ રુપે કરેલી વાતને સિદ્ધ કરવા 'सति देवद्रव्ये ઇત્યાદિ સાત પાઠો શાસ્ત્રોમાંના આપ્યા છે અને એનું જે અર્થઘટન કર્યું છે તે અન્ય શાસ્ત્રપાઠની સાથે કેવો વિરોધી બને છે તેનું અહિં સ્પષ્ટીકરણ કરવામાં આવે છે 'सति देवद्रव्ये' ઇત્યાદિ સાત પાઠોથી જે મુંઝારો થયો છે કે દેવદ્રવ્યથી શ્રાવકને અરિહંત પરમાત્માની પૂજા થઇ શકે એમ આ પાઠો પરથી જણાય છે અને દેવદ્રવ્યથી શ્રાવક પૂજા કઇ રીતે કરી શકે ? તે અહિં કરાતા સ્પષ્ટીકરણથી દૂર થઇ જવો જોઇએ, જો માધ્યસ્થ દૃષ્ટિથી વિચાર કરાય તો–

સતિ હિ દેવદ્રવ્યે પ્રત્યહં જિનાયતને પૂજાસત્કારસંભવઃ
સતિ હિ દેવદ્રવ્યે પ્રત્યહં નૈત્યસમારચ્યનપૂજાસત્કારસંભવઃ

શ્રાદ્ધવિધિ આદિ ગ્રંથોના સાત–આઠ પાઠોનો ઉપરછલ્લો 'દેવદ્રવ્ય હોય છતે મંદિરનું સમારકામ પૂજા–સત્કાર વગેરેનો સંભવ છે અર્થાત્ થઇ શકે છે. અ વો અર્થ કાઢીને સંમેલનપરસ્તોએ એવું તારવણ કાઢ્યું કે દેવદ્રવ્યથી શ્રાવક પૂજા કરી શકે એટલે કે સ્થિતિસંપન્ન ન હોય એવો શ્રાવક અરિહંત પરમાત્માની પૂજા કરી શકે અને સ્થિતિસંપન્ન હોવા છતાં જેને પોતાના દ્રવ્યથી જિનપૂજા કરવાની ભાવના ન હોય એવો શ્રાવક પણ દેવદ્રવ્યથી પૂજા કરી શકે છે.

સતિ દેવદ્રવ્યે ઇત્યાદિ પાઠોનો અર્થ આ રીતે કરવામાં આવે તો ત્રિપુરંદર આચાર્ય શ્રી હરિભદ્ર સૂ. મ. રચેલા ષોડશક પ્રકરણ ગ્રંથના ૬ઠ્ઠા પ્રકરણના ૧૫ મા શ્લોક પરની પૂર્વાચાર્ય આચાર્ય શ્રી યશોભદ્ર સૂ. મ. તથા મહોપાધ્યાય શ્રી યશો વિ. મ.ની જે ટીકાઓ છે તેનો પણ અર્થ એ રીતે જ તારવીને લેવો પડે અને એ રીતે લેવામાં આવે તો ઘણો મોટો ગોટાળો ઉભો થાય તેમ છે તેનો મૂલ પાઠ અને ટીકાનો પાઠ આ પ્રમાણે છે. ષોડશક પ્રકરણના ૬ઠ્ઠા પ્રકરણનો ૧૫ મો શ્લોક–'એવં જિનભવનકરણમભિધાય તદ્ગત વિશેષમાહ' આ પ્રમાણ જિનભવનના નિર્માણનું કથન કરીને હવે તે જિનભવનને લગતા વિશેષને ગ્રંથકાર કહે છે.

દેયં તુ ન સાધુભ્યસ્તિષ્ઠંતિ યથા તે તથા કાર્યમ્ ।
અક્ષયનીવ્યા હ્યેવં જ્ઞેયમિદં વંશતરણ્ડકાણ્ડમ્ ।।

આ. યશોભદ્ર સૂ. મ.ની ટીકા :–

'દેયં તુ ન સાધુભ્યો–યતિભ્યો ન દેયમેવ યથા યુષ્મદીયમેતત્ર શીર્ણોદ્ધારાદિ ભવદ્ભિર્વિધેયં કિન્તુ સ્વયમેવ તત્પ્રતિજાગરણીયં । તિષ્ઠન્તિ યથા તે તથા કાર્યમ્–તે સાધવો યથા ચ તિષ્ઠન્તિ તથા વિધેયં કથં પુનસ્તેષાં સાધૂનાં સબાલવૃદ્ધાનાં તત્રાયતને ऽવસ્થાનમિત્યાહ–અક્ષયનીવ્યા હિ–નીવિ–મૂલધનં સ્યાદિતિ પ્રસિદ્ધિઃ, અક્ષયા ચાસૌ નીવિશ્ચ તયા કરણભૂતયા, યત્તન્મૂલધનમાયતનસમ્બન્ધિ તત્સર્વપ્રયત્નેન પરિપાલયદ્ભિઃ સંવર્ધયદ્ભિશ્ચાક્ષયં કર્તવ્યમિત્યક્ષયનીવિરક્ષયનીતિર્વા બાલવૃદ્ધગ્લાનસાધુ સાધર્મિકપ્રભૃતીનાં હિ તદુપષ્ટંભાદેવ સાધુનાં તત્રાऽવસ્થાનં પ્રકલ્પતે । અન્યથૈતદ્ગુણમન્તરેણ ક્ષેત્રાન્તરમાશ્રણીયં સ્યાત્તતોનાऽસૌ લોકોત્તરતત્વસમ્પ્રાપ્તિવ્યવસ્થિતો ગૃહી સર્વ દેશકાલાદ્યપેક્ષયા સાધ્વાવસ્થાનાયૈવ વિદ્યતે । એવ જ્ઞેયમિદં જિનભવન શીર્ણોદ્ધારકારણાનેકપુરૂષસન્તાનમાશ્રિત્ય સ્વપરોપકારકર્તવેન વંશસ્ય સકલસ્ય તરકાણ્ડ–તરણોપાયરૂપમનેન હિ

એવં કુર્વતા સકલોઽપિ ભાવિપુરુષપ્રવાહઃ સધ્ધર્માઽવાપ્ત્યા સંસારાંબુનિધેસ્તારિતો ભવતિ, સ્વવંશજપૂર્વપુરુષ પક્ષપાતેન સદ્ધર્મપ્રવૃત્યુપલંભાદિતિ.

મહામહોપાધ્યાયશ્રી યશો વિ. મ.ની ટીકા.....

એવં જિનભવનકારણમધિય તદ્ગતવિશેષમાહ–દેયંત્વિત્યાદિ–તજ્જિનભવનં કૃત્વા સાધુભ્યસ્તુ ન દેયં–યથા યુષ્મદીયમેતત્તદ્વત્ જીર્ણોધ્ધારાદિ ભવદ્ભિર્વિધેયમિતિ । કિન્તુ સ્વયમેવ તત્ પ્રતિજાગરણીયં, વ્યુત્પન્નશ્રાધ્ધાના માત્યન્તિક કારણું વિના સાધૂનાં દ્રવ્યસ્તવનિયોજનાયોગાત્ । યથા ચ તે સાધવઃ સબાલવૃધ્ધાસ્તત્રાયતને તિષ્ઠન્તિ તથા કાર્યમક્ષયનીવ્યા હિ નિશ્ચિતમહીયમાનચૈત્યાયતન સમ્બન્ધિમૂલધનેનહે તુના કૃત્વા । તદ્ધિ મૂલધનં શ્રાધ્ધૈઃ સર્વપ્રયત્નેન પરિપાલયદ્ભિઃ સંવર્ધયદ્ભિશ્ચ તથાઽક્ષયં કર્તવ્યં, યથાઽભિસન્ધિવિશેષશુધ્ધેન તેન બાલવૃધ્ધગ્લાન સાધુ સાધર્મિક પ્રભૃતીનાચુપષ્ટંભાદાધકાર્મિકાદિદોષ રહિત તત્પ્રતિબદ્ધ હિર્મણ્ડપાદૌ સાધુનાભવસ્થાનં ધર્મોપદેશાય કલ્પતે, ક્ષેત્રેઽપિ ચ તાદ્રશચૈત્યસ્ફાતિગુણયુક્ત એવ તેષામવસ્થાનં કલ્પતે, એતદ્ગુણમન્તરેણ તુ ક્ષેત્રાંતરમાશ્રયણીયં સ્યાત્તેનાઽસૌ લોકોત્તરતત્વસંપ્રાપ્તિવ્યવસ્થિતો ગૃહી દેશકાલાદ્યપેક્ષયા સાધ્વવસ્થાનાગૈવ સર્વમેવ વિધત્તે । એવમુક્તન્યાયેન જ્ઞેયમિદં જિનભવતં શીર્ણોદ્ધારદ્વારેણાનેકપુરુષસન્તાનાશ્રિતોપકાર ફલસ્યાવન્ધ્યત્વાદ્ધંશસ્ય સકલસ્યૈવ તરટાણ્ડં–તરણકાષ્ટ એવં હિ કુર્વતા સકલોઽપિ ભાવિપુરુષપ્રવાહઃ સંસારાન્નિસ્તારિતો ભવતિ, પૂર્વપુરુષપક્ષપાહિતતચ્ચૈત્યભક્તિવિશેષેણ સ્વવંશેન સદ્ધર્મ પ્રવૃત્યુપાલંભાદિતર ચૈત્યેષ્વપિ યશાશક્તિભક્ત્યત્યાગેન મિથ્યાત્વાદ્યનિબંધેરિતિદ્રષ્ટવ્યમ્ ।

મૂલ શ્લોકનો અર્થ :—

શ્રાવકે જિનમંદિરનું નિર્માણ કર્યા બાદ સાધુઓને નહી આપવું જોઇએ પરંતુ અક્ષયનીવિ વડે સાધુઓ જે રીતે રહે તે રીતે કરવું જોઇએ આ રીતે કરવાથી એ જિનમંદિર વંશને તારવાનો ઉપાય બને છે.

આચાર્ય શ્રી યશોભદ્ર સૂ. મ.ની ટીકાનો અર્થ :

આ જિનમંદિર તમારું છે જીર્ણશીર્ણ થાય ત્યારે તેનું સમારકામ–જીર્ણોદ્ધાર વગેરે તમારે કરવાનો છે એમ કહી શ્રાવક ગૃહસ્થે પોતે નિર્માણ કરેલું જિનમંદિર સાધુઓને સોંપવું નહી પણ પોતે જ તેની સારસંભાળ કરવી. તેમજ સાધુઓ ત્યાં રહે તેવું કરવું.

શંકા : સાધુઓને આયતન-જિનમંદિરમાં રહેવાનું કઇ રીતે થાય ?

ઉત્તર : અક્ષયનીવિથી સાધુઓને ત્યાં રહેવાનું થાય.

અક્ષયનીવિનો અર્થ ટીકાકાર કરે છે :-

નીવિ શબ્દનો 'મૂલધન' એવો અર્થ વ્યવહારમાં પ્રસિદ્ધ છે.

અક્ષય એવી નીવિ. અક્ષયા એટલે કયારે પણ ન ખુટે. ક્યારે પણ ન ખુટે એવું મૂલધન. એને અક્ષય-નીવિ કહેવાય એ અક્ષય નીવિ સાધુઓને ત્યાં રહેવામાં-અવસ્થાન કરવામાં કારણભૂત છે.

હવે મૂલધન કયું લેવું અને તેને અક્ષય કઇ રીતે કરવું તે જણાવે છે.

'યત્ત-મૂલધનભાયતનસમ્બન્ધિ' :

યત્=જે મૂલધન લેવાનું કહ્યું છે તે આયતન જિનમંદિર સંબંધિ લેવાનું છે.

શ્રાવક જિનમંદિરનું નિર્માણ કર્યા બાદ તેની સારસંભાળ કરવા માટે પોતાના ધનમાંથી મંદિરની મુડી રૂપે ધન જુદુ કાઢી નિર્ણિત કરે તેને આયતન જિનમંદિર સંબંધિ મૂલધન કહેવાય. (આ ધનને કલ્પિત દેવદ્રવ્ય કહેવાય.)

તત્સર્વપ્રયત્નેન પરિપાલયદ્ભિઃ સંવર્ધયદ્ભિશ્ચ અક્ષયં કર્તવ્યમિતિ ।

તે જિનમંદિર સંબંધી મૂલધનને સર્વપ્રયત્નોથી રક્ષણ કરવા દ્વારા અને વધારવા દ્વારા અક્ષય કરવું જોઇએ અર્થાત્ કયારે પણ એ મૂલધન ખુટે નહિ એવું કરે.

આ (કલ્પિત દેવદ્રવ્ય રૂપ) અક્ષય નીવિ બાલવૃદ્ધગ્લાન સાધુઓ તથા સાધર્મિકો માટે ઉપષ્ટંભક થાય છે અને એ ઉપષ્ટંભક બનવાના કારણે જ સાધુઓ ત્યાં રહી શકે સાધુઓને ઉપષ્ટંભક-ટેકા રૂપે કાંઇ ન હોય તો બીજા ક્ષેત્રનો આશ્રય લેવે પડે માટે લોકોત્તર તત્વની પ્રાપ્તિમાં રહેલ સમ્યગ્દર્શન દેશવિરતિ ધર્મરૂપ લોકોત્તર તત્વની જેને પ્રાપ્તિ થઇ છે એવો શ્રાવક ગૃહસ્થ સાધુઓ પોતાના ગામ નગરમાં રહે એ માટે દેશકાલાદિની અપેક્ષાએ જે કરવું પડે તે બધુ જ કરે એટલે કે દેશકાલની અપેક્ષાયે બાલવૃદ્ધગ્લાનાદિ સાધુઓને જે વસ્તુઓની જે રીતે જરૂરીયાત પડે તે રીતે બધી જ વસ્તુઓની વ્યવસ્થા કરે.

આવી રીતે નિર્માણ પામેલ જિનમંદિર-મંદિર બંધાવનારના વંશપરંપરાસદ્ભાવોને પણ તરવાનો ઉપાય કઇ રીતે બને છે તે જણાવે છે.

એવં જ્ઞેયમિદં વંશતરકાણ્ડં-એવમુક્તન્યાયેન જ્ઞેય મિદં જિનભવન શીર્ણોદ્ધાર-કારણાનેકપુરૂષસન્તાનમાશ્રિત્ય સ્વપરોપકારકત્વેન વંશસ્ય સકલસ્ય તરકાણ્ડં તારણોપાયમ્-

'એવમુક્તન્યાયેન' જિનમંદિર સંબંધી મૂલધન તે પણ સુરક્ષિત કરેલું અને

વૃધ્ધિ પમાડેલું એના દ્વારા જ્યારે જિનમંદિર જીર્ણશીર્ણ થઇ જાય ત્યારે તેનો જિર્ણોદ્ધાર કરવામાં આવે અને એના કારણે એ જિનમંદિરમાં વર્ષોના વર્ષો પૂજા સુધી મહોત્સવાદિના ભક્તિ કાર્યો ચાલુ રહેવાથી અનેકાનેક પુરૂષોની પરંપરાને આશ્રયીને સ્વપરોપકારક બનતું હોવાથી એ જિનમંદિર પોતાના સઘળાએ વંશ માટે સંસાર સાગરને તરવાના ઉપાય રૂપ છે.

આ રીતે જિનમંદિરનું નિર્માણ કરનાર ગૃહસ્થ શ્રાવક સઘળાએ પોતાના વંશમાં થનારા વારસદાર પુરૂષોને સદ્ધર્મની પ્રાપ્તિ દ્વારા સંસાર સાગરથી તારનાર થાય છે કેમકે પોતાના વંશમાં ઉત્પન્ન થયેલ (જિનમંદિરાદિનું નિર્માણ કરનાર) પૂર્વ પુરૂષ પ્રત્યેનો પક્ષપાત હોવાના કારણે વારસદાર પુરૂષોમાં સદ્ધર્મ પ્રવૃત્તિ થતી ઉપલબ્ધ થાય છે.

અર્થાત્ માણસોને પોતાના વંશમાં થયેલ પૂર્વ પુરુષો પ્રત્યેનો પક્ષપાત હોય છે એથી જિનમંદિરનિર્માણ આદિની સુન્દર ધર્મ પ્રવૃત્તિઓ કરતા હતા તેવી ધર્મ પ્રવૃત્તિઓ એમનો પણ કરવાનું મન થાય છે અને એઓ કરતા પણ હોય છે એ ધર્મ પ્રવૃત્તિઓ કરવા દ્વારા એમને સમ્યગદર્શન–દેશવિરતિ–સર્વવિરતિ વગેરેનાં ધર્મની પ્રાપ્તિ થાય છે અને એના દ્વારા એઓ સંસાર સાગર તરી જાય છે એથી જિનમંદિર નિર્માણ આદિની ધર્મ પ્રવૃત્તિઓ કરનાર પૂર્વ પુરૂષ પોતાના વંશમાં જન્મેલા માણસોને તારનાર બને છે.

મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ. પણ પોતાની ટીકામાં લગભગ આવું જ કથન કર્યું છે એથી આખી ટીકાનો અર્થ ન કરતાં જ્યાં જ્યાં વિશેષ કથન કર્યું છે તેનું જ અહિં વિવેચન કરું છું. જેથી લેખનું લંબાણ ન થાય.

સર્વ પ્રયત્નથી પાલન કરાતું તથા સંવર્ધન કરાતું (અક્ષય નીવિ) જિનાયતન સમ્બન્ધી મૂલ ધન કે જે બાલ વૃદ્ધગ્લાન–સાધુ–સાધર્મિક આદિને નિર્વાહમાં ટેકા રૂપ બને તે અભિસંધિ–વિશેષ=આશય વિશેષથી શુધ્ધ હોવું જોઇએ.

આશય વિશેષથી શુધ્ધ એટલે...

જિનાયતન સમ્બન્ધિ મૂલ ધનનું પાલન તથા સંવર્ધન કરવાનો ભક્ત જિનમંદિરના જ ઉપયોગમાં લેવાના તથા પોતાના અંગત ઉપયોગ ન થઇ જાય એની કાલજી રાખવાના આશયથી શુધ્ધ

આવુ મૂલધન બાલ વૃધ્ધ ગ્લાન સાધુ સાધર્મિકાદિ ને નિર્વાહમાં ટેકા રૂપ

બનતુ હોવાથી આધા કર્મિકાદિ દોષથી રહિત જિનમંદિરથી પ્રતિબધ્ધ બહારના મંડપમાં સાધુઓનું અવસ્થાન ધર્મોપદેશ કરવા માટે કલ્પી શકે.

અને પૂજા મહોત્સવાદિ દ્વારા ચૈત્યનો મહીમા વધતો હોય તે ક્ષેત્રમાં જ સાધુઓને અવસ્થાન–રહેવું કલ્પે.

* પોતાના પૂર્વજો પ્રત્યેનો પક્ષપાત હોવાથી તેમણે નિર્મિત કરેલા જિનમંદિરમાં વારસદારો પૂજાભક્તિ કરવા સાથે ઇતર જિનમંદિરોમાં પણ પૂજાભક્તિ યથાયોગ્ય કરતા હોવાના કારણે તેમને મિથ્યાત્વાદિનો દોષ લાગતો નથી એ પણ અહિં સમજી લેવું.

હવે અહિંયા એ વિચાર કરવાનો છે કે–

'સતિ દેવદ્રવ્યે પ્રત્યહં જિનાયતને પુજાસત્કાર સંભવઃ'

ઇત્યાદિ સાત પાઠો દ્વારા સંમેલન પરસ્ત પં. શ્રી ચંદ્રશેખર વિ. તથા પં. શ્રી અભયશેખર વિ. વગેરેએ પોતાના દ્રવ્યથી પૂજા કરવા માટેની સ્થિતિ વગરના કે સ્થિતિ સંપન્ન પણ પોતાના દ્રવ્યથી પૂજા કરવાની ભાવના વગરના શ્રાવકો પણ અરિહંત પરમાત્માની સ્વકર્તવ્ય રુપે દેવદ્રવ્યથી પૂજા કરી શકે છે એવો અર્થ તારવી કાઢયો, તો.

ષોડશક પ્રકરણમાં ઉપાધ્યાય શ્રી યશો વિ. મ.ની ટીકામાં આવેલા :–

અભિનિધિ વિશેષ શુધ્ધેન તેન બાલવૃદ્ધગ્લાન સાધુ–સાધર્મિકપ્રભૃતીનામુપષ્ટભાદાધાકર્મિકાદિ દોષરહિત તત્પ્રતિબદ્ધબહિર્મંડપાદૌ સાધુનામવસ્થાનં ધર્મોપદેશાય કલ્પતે' આ પાઠ પરથી પણ આવો અર્થ કેમ ન તારવી શકાય ? કે અક્ષયનીવિ એટલે કે જિનાયતન સંબન્ધિ મૂલધન રૂપ દેવદ્રવ્ય પણ બાલવૃધ્ધગ્લાન સાધુ સાધર્મિકોને ઔષધાદિ દ્વારા નિર્વાહના ઉપયોગમાં કેમ ન લેવાય ? સંમેલન પરસ્તોએ એમાં પણ લેવાનું માનવું જોઇએ.

અર્થાત્ દેવદ્રવ્યથી જેમ શ્રાવકને પોતાના કર્તવ્ય રૂપની પૂજા સંમેલન. પરસ્તોના મતે કરી શકાય તો એમના મતે બાલવૃદ્ધગ્લાન સાધુ આદિના નિર્વાહ માટે ઔષધ આદિ લાવી આપવામાં વૈદ્યાદિને વેતન ચુકવવામાં તેમજ માણસાદિના વેતન ચુકવવામાં જિનાયતન સંબંધિ મૂલધન રૂપ અક્ષય નીવિનું દેવદ્રવ્ય લેવાય તો શું વાંધો ?

શ્રાવકને દેવદ્રવ્યથી પણ પૂજા થઇ શકે એના માટેના પાઠોમાં સતિ દેવદ્રવ્યે એ પ્રમાણેના શબ્દથી શ્રાવક પોતાને કરવાની પૂજામાં દેવદ્રવ્યનો ઉપયોગ કરી શકે તો 'તેન બાલવૃદ્ધગ્લાન સાધુ સાધર્મિક પ્રભૃતીનામુપષ્ટમ્ભાત્' એ પ્રમાણેના પાઠમાં 'તેન'

અને 'ઉપાદ્રમ્ભ' શબ્દનો પ્રયોગ હોવાથી સુતરાં બાલવૃદ્ધગ્લાન સાધુ આદિના ઔષધાદિ દ્વારા નિર્વાહમાં અક્ષયનીવિનાં દેવદ્રવ્યનો ઉપયોગ થઇ શકે. 'સતિ દેવદ્રવ્યે' આમાં સતિ સપ્તમીનો પ્રયોગ હોવાથી સંમેલન પરસ્તોને શ્રાવક દેવદ્રવ્યથી પૂજા કરી શકે એવો અર્થ તારવવો પડે છે ત્યારે 'તેન' અહિં તૃતીયા વિભક્તિનો પ્રયોગ છે અને તે હેતુ અર્થમાં છે તેથી અર્થ તારવવાની જરૂર પડે તેમ નથી. સીધો જ બાલવૃદ્ધગ્લાન સાધુ આદિના નિર્વાહના ઉપયોગમાં અક્ષયનીવિનું દેવદ્રવ્ય લેવાનો અર્થ થઇ શકે.

માટે સંમેલન પરસ્તો દેવદ્રવ્યનો ઉપયોગ શ્રાવકને પૂજા કરવામાં જણાવે છે અક્ષયનીવિના દેવદ્રવ્યનો બાલવૃદ્ધગ્લાન સાધુ આદિના ઔષધાદિ દ્વારા નિર્વાહમાં ઉપયોગ કરવાનું જણાવવું માનવું જોઇએ.

પરંતુ સંમેલન પરસ્તોનું મન અક્ષયનીવિના દેવદ્રવ્યનો ઉપયોગ બાલવૃદ્ધગ્લાન સાધુ આદિના ઔષધાદિ દ્વારા નિર્વાહ કરવા-કરાવવામાં નહી માને કેમકે દેવદ્રવ્ય સાધુઓના ઉપયોગમાં લેવાય તો દેવદ્રવ્યના ભક્ષણનો મોટો દોષ લાગે.

જો હકીકત આવી જ છે તો શ્રાવક પણ દેવદ્રવ્યથી પૂજા કરે તો તેને પણ દેવદ્રવ્યના ભક્ષણને કે દેવદ્રવ્યને નુકસાન પહોંચાડવાનો મોટો દોષ લાગે જ.

એથી 'સતિ દેવદ્રવ્યે' ઇત્યાદિ પાઠોનો જે અર્થ સંમેલન પરસ્તોએ તારવ્યો છે તે તદ્દન ગલત છે એમ સમજી લેવું જોઇએ અને ઐદંપર્યાર્થ-તાત્પર્યાર્થ સુધી પહોંચી વાસ્તવિક અર્થ કરી પોતે કરેલો ખોટો અર્થ કે જે દેવદ્રવ્યની હાનિ કરનારો છે તેની જાહેરાત કરવી જોઇએ કે અમે 'સતિ દેવદ્રવ્યે' ઇત્યાદિ પાઠોનો જે અર્થ કર્યો કે સ્થિતિ વગરના કે સ્થિતિવાળા પણ ભાવના વગરના શ્રાવકો દેવદ્રવ્યથી પૂજા કરી શકે તે ગલત છે. દેવદ્રવ્યની હાનિ કરનારો છે અને ૨૦૪૪ના સંમેલનમાં જે આવો ઠરાવ કર્યો છે તે પણ ગલત છે.

મહામહોપાધ્યાય શ્રી યશો વિ. મ.ની ટીકામાં 'તેન બાલવૃદ્ધગ્લાનસાધુ સાધર્મિકપ્રભૃતીનામુપષ્ટમ્ભાત ઇત્યાદિ જે પાઠ છે તેનો અર્થ તાત્પર્યાર્થ સુધીના ઊંડાણમાં પહોંચીને કરવામાં આવે તો કોઇ જાતની અસંગતિ ઉભી ન થાય. તે આ પ્રમાણે-

જિનમંદિરનું નિર્માણ કર્યા બાદ શ્રાવક સંરક્ષણ અને સંવર્ધન કરાતું જિનાયતન સંબંધિ મૂલધન રૂપ અક્ષયનીવિ (દેવદ્રવ્ય) સલામત રાખ્યું હોય તો જ્યારે જિનમંદિર જીર્ણ શીર્ણ થઇ જાય ત્યારે તેનો જિર્ણોદ્ધાર કરવા દ્વારા ફરી નિર્મિત કરી શકે અને એના કારણે પૂજાભક્તિ કરનારા લોકો આવતા રહે અને એ પૂજા ભક્તિ કરવા આવનારા લોકો જિનમંદિરથી પ્રતિબદ્ધ બહારના મંડપાદિમાં (ઉપાશ્રયાદિમાં)

રહેલા સાધુઓ પાસે ધર્મ સાંભળવા આવે અને ધર્મ સાંભળવા દ્વારા સાધુઓ પ્રત્યે ભક્તિવાળા બનેલા તેઓ બાલવૃદ્ધગ્લાન સાધુ આદિ માટે જરૂરી ઔષધાદિન પૂરા પાડવા દ્વારા ભક્તિ કરે અને એથી બાલવૃદ્ધગ્લાન સાધુ આદિનો સુંદર રીતે સંયમ નિર્વાહ થાય આ રીતે અક્ષયનીવિનું દેવદ્રવ્ય બાલવૃદ્ધગ્લાન સાધુ વગેરેને ઉપષ્ટભક-ટેકા રૂપ બને છે.

જિનમંદિરનું નિર્માણ કરનાર શ્રાવકે જિનાયતન સંબંધિ અક્ષયનીવિ રૂપ ધન પોતે જુદુ ન રાખ્યું હોય તો જિનમંદિર જીર્ણશીર્ણ થઇ ગયા પછી જિર્ણોદ્ધાર વગેરે થઇ ન શકે એના કારણે લોકો પૂજાભક્તિ કરવા આવતા બંધ થઇ જાય એથી સાધુ-ઓને બાલવૃદ્ધગ્લાન વગેરે સાધુનો નિર્વાહ કરવાની પૂરી મુશ્કેલી ઉભી થઇ જાય. અને એના કારણે સાધુઓને બીજા ગામ નગરાદિના ક્ષેત્રમાં જવું પડે અને જાય પણ ખરા.

અક્ષયનીવિ રૂપે દેવદ્રવ્ય દ્વારા જિર્ણોદ્ધારાદિ કરવાના કારણે વર્ષોના વર્ષો સુધી સલામત રહેલું જિનમંદિર વંશતરકાણ્ડ–જિન મંદિર બનાવનારના વંશને સંસાર સાગરથી તરવામાં ઉપાય રૂપ બને છે.

પ. પૂ. આ. દેવ શ્રી ભુવનભાનુ સૂ. મ.ના પ્રશિષ્ય મુનિરાજ શ્રી યશો વિ. મહારાજે ષોડષક પ્રકરણ ગ્રંથ પરની મહોપાધ્યાય શ્રી યશો વિ. મ. રચેલી ટીકા પર પોતાની 'કલ્યાણકંદલી' નામની ટીકા રચી છે. એમાં કેટલેક ઠેકાણે ઉપાધ્યાય શ્રી યશો વિ. મ.ની ટીકાના જે અર્થઘટનો કરવામાં આવ્યા છે તે સૂક્ષમબુદ્ધિથી વિચારવામાં આવે તો તે અસંગત રૂપે જણાયા વગર રહે નહીં. અસંગત અર્થઘટન કરીને જે ઉપા. શ્રી યશો વિ. મ. ની ટીકા ઉપર વર્તમાનકાલિન મુનિરાજ શ્રી યશો વિ.એ ટીકા રચી છે તેમાં કેટલી વિશ્વસનીયતા છે તે ઉપર ગીતાર્થોએ વિચારવા જેવું છે.

મુ. શ્રી યશો વિ. મ.ની 'કલ્યાણ કંદલી' નામની ટીકામાં ઉપા. શ્રી યશો વિ. મ.ની ટીકાના કરેલા અર્થઘટનની અસંગતતા આ પ્રમાણે છે.

૨૦૪૪ના મીની સંમેલનને કરેલ 'સ્થિતિ વગરના કે સ્થિતિ સંપન્ન પણ ભાવના વગરના દેવદ્રવ્યથી પૂજા કરી શકે એવા પ્રકારનો ઠરાવ તથા એની પુષ્ટિ માટે આપેલા સતિ દેવદ્રવ્યે ઇત્યાદિ સાત પાઠોનું કરેલ અર્થઘટન ષોડશક પ્રકરણ ગ્રંથની ઉપા. શ્રી યશો વિ. મ.ની ટીકા માની 'નિશ્ચિતમહીયમાનચૈત્યાતનસંબંધિમૂલધનેન હેતુનેતિ' એ પંક્તિ દ્વારા ખોટો ઠરતો દેખાતા એ ટીકાનો તેઓ પોતાની ટીકામાં અર્થઘટન આ પ્રમાણે કરે છે.

નિશ્ચિત–નિયમેન મહીયમાનં પૂજ્યમાનં વ્યવસ્થાપ્યમાનં સંરક્ષ્યમાનં યત્

ચૈત્યાયતન તથા તત્સંક્રમનં સાધ્વાદિપ્રાયોગ્યં સામાયિક પ્રતિક્રમણ-પૌષધ-પ્રવચનાગમ વ્યાખ્યાનાદ્યુપયોગિ શ્રમણાવસત્યાદિકં તયોઃ સમ્બન્ધિ યત્ મૂલધનં તેનેત્યર્થઃ ।

નિશ્ચિત એટલે નિયમા-મહીયમાનં એટલે પૂજા તુ-વ્યવસ્થા કરાતુ રક્ષણ કરાતુ એવું ચૈત્યાયતન-જિનમંદિર.

અહિં મુ. રા. શ્રી યશોવિ.મ. 'મહીયમાનં' એ વિશેષણ 'ચૈત્યાયતન' શબ્દનું કર્યું છે અને 'મહીયમાન" વિશેષણના ત્રણ અર્થ કર્યા છે પૂજાતું-વ્યવસ્થા કરાતુ-સંરક્ષણ કરાતું"

વ્યાકરણના સારા અભ્યાસી ગણાતા અને ઉપા. શ્રી યશોવિજયજી મ.ના ગ્રન્થો અને ટીકાઓ પર પોતાની આગવી ટીકાઓની રચના કરવાની પ્રવૃત્તિ કરનારા પણ મુનિ શ્રી 'મહીયમાનં" શબ્દનો પ્રયોગ કરવામાં ભૂલી ગયા લાગે છે.

'મહ પૂજાયાં' એમાં 'મહ' ધાતુનું કર્મણિ વર્તમાન કૃદન્ત રૂપ બનાવીને 'મહીયમાનં" એ પ્રમાણેનો પ્રયોગ કર્યો છે તે ખોટો પ્રયોગ છે કેમકે 'મહ' ધાતુનુ કર્મણિ વર્તમાન કૃદન્ત આ પ્રમાણે બને છે 'મહ' ધાતુને પહેલા કર્મણિ પ્રયોગને સૂચક 'ય' પ્રત્યય લગાડાય છે એથી મહય પ્રયોગ બનાવી વર્તમાન કૃદન્ત સૂચક 'માન' પ્રત્યય લગાડાય છે એથી 'મહયમાન' એ પ્રમાણે 'મહ' ધાતુનું કર્મણિ વર્તમાન (કૃદન્ત) બને છે 'મહીયમાન' રૂપ બનતું નથી એથી મહીયમાનના 'પૂજાતું-વ્યવસ્થા કરાતું અને સંરક્ષણ કરાતું" આ પ્રમાણેના ત્રણ અર્થ કરવા વ્યર્થ છે તેમજ ચૈત્યાયતનુ વિશેષણ બનાવવું પણ યુક્ત નથી.

'નિશ્ચિત" શબ્દને 'મહીયમાનં" શબ્દનુ વિશેષણ બનાવ્યું અને નિયમેન પુજાતું વગેરે જે અર્થ કર્યો એમાં પણ 'મહીયમાનં" શબ્દને 'મહ' ધાતુનુ કર્મણિ-વર્તમાન કૃદન્ત માનવાની ભ્રમણા જ કામ કરી ગઇ છે.

વાસ્તવિક રીતે 'નિશ્ચિતમહીયમાન ઇત્યાદિ અક્ષયનીવિ શબ્દની વ્યાખ્યાના વાક્યમાં 'નિશ્ચિતં મહીયમાન ચૈત્યાયતનસમ્બન્ધિમૂલધનેન' એ પ્રમાણે 'નિશ્ચિત' પદને જુદુ પાડવું જોઇએ તેથી એ વાક્યનો અર્થ 'નિશ્ચિત રીતે નાશ ન પામતું એટલે કે નિયમાએ કરીને અખંડ રહેતુ ચૈત્યાયતન - જિનમંદિર સંબન્ધિ મૂલ ધન' એ રીતે થાય. પરન્તુ નિશ્ચિત = નિયમા પુજાતું-વ્યવસ્થા કરાતું અને સંરક્ષણ કરાતું એવું જિનાયતન = જિન મંદિર આવો જે મુનિશ્રીએ અર્થ કર્યો છે તે યુક્ત જણાતો નથી.

તેમજ 'નિશ્ચિત મહીયમાન ચૈત્યાયતનસમ્બન્ધિ 'મૂલ ધનેન" ઇતિ.

આમાં 'ચૈત્યાયતન સમ્બન્ધિ' આટલું જ કહેવાને બદલે 'ચૈત્યાયતન તો લીધુ અને 'તથા' ઇત્યાદિ કરીને તત્સંલગ્ન સાધુ આદિને પ્રયોગ્ય અને શ્રાવકોને સામાયિક-પ્રતિક્રમણ પૌષધ પ્રવચન-આગમ વ્યાખ્યાન આદિને ઉપયોગી શ્રમણ વસતિ આદિ (ઉપાશ્રયાદિ) પણ લીધા અને તે બન્ને સમ્બન્ધી મૂલ ધન લીધું તે બરોબર લાગતુ નથી.

ઉપાશ્રયાદિ સંબન્ધિ ધનનો પણ અહિં મૂલ ધનમાં સમાવેશ કરવાનો ઇષ્ટ હોત તો ઉપાધ્યાય શ્રી યશોવિ.મ. 'ચૈત્યાયતનાદિ' એમ ચૈત્યાયતન શબ્દની સાથે 'આદિ' પદનો પણ પ્રયોગ કરત પરન્તુ 'આદિ' પદનો પ્રયોગ નથી કર્યો એથી એ સૂચિત થાય છે કે ચૈત્યાયતન સમ્બન્ધી જ મૂલધન અહિં લેવુ યોગ્ય છે. મુનિશ્રીએ શ્રમણ વસત્યાદિ (ઉપાશ્રયાદિ) લઇને તેને લગતા ધનને અક્ષયનીવિ રૂપ મૂલધનમાં સમાવિષ્ટ કર્યું તે ઉચિત નથી કર્યું.

જિનાયતન સમ્બન્ધિ મૂલધન જિનમંદિરની સાર સંભાળ કરવા માટે જિનમંદિરનું નિર્માણ કરનારે કેટલુંક પોતાનુ ધન કલ્પિત કરેલું હોવાના કારણે એ કલ્પિત દેવદ્રવ્ય જિનમંદિરના ઉપયોગમાં જ આવે બીજા ઉપાશ્રય કે સાધુ-સાધ્વી શ્રાવક-શ્રાવિકા કે જીવદયાદિના ઉપયોગમાં ન જ આવી શકે.

કેટલાક વર્તમાન કાલિન મહાત્મા 'જિનાયતન-સમ્બન્ધિનો અર્થ જિનમંદિરની માલીકીનું એવો અર્થ કરીને ઉપાશ્રયાદિનાં ઉપયોગમાં આવતું તથા સાત ક્ષેત્રાદિના દ્રવ્યને 'જિનાયતન સમ્બન્ધિમૂલધન' શબ્દથી લે છે અને ઉપાશ્રયાદિ તથા સાત ક્ષેત્રાદિના દ્રવ્યના માલિક તરીકે જિનમંદિરને કહે છે તે કોઇ રીતે સંગત નથી કેમકે જૈન સંઘ કે ટ્રસ્ટ એ દ્રવ્યના સંરક્ષકાદિ રૂપે માલિક તરીકે ગણાય છે જિનમંદિર ગણાતું નથી.

તથા જિનાયતન સમ્બન્ધિમૂલધન' શબ્દથી જિનમંદિરના સાર સંભાળ માટે જિનમંદિર બનાવનારે પોતાની મૂડીમાંથી જે ધન જુદુ કાઢ્યુ હોય. તે જ લેવાનુ છે બીજું ધન લેવાનું નથી અને તે ધન જિન મંદિર સમ્બન્ધિ ગણાય છે તેથી તે ધન જિન મંદિરના જ ઉપયોગમાં આવે બીજા ઉપાશ્રયાદિ કે સાધુ-શ્રાવિકાદિના ઉપયોગમાં ન જ લઇ શકાય જેમ જ્ઞાનસંબન્ધી દ્રવ્ય સમ્યગ્જ્ઞાનને લગતા જ કાર્યોમાં વપરાય જ્ઞાનથી નીચલા ક્ષેત્રમાં ન વપરાય.

જીવદયા સમ્બન્ધી દ્રવ્ય જીવદયામાં વપરાય અને સાતક્ષેત્ર સમ્બન્ધિદ્રવ્ય સાત ક્ષેત્રમાં જ વપરાય એમ બંધાવનારે આપેલ જિનમંદિર સમ્બન્ધિદ્રવ્ય જિનમંદિરને

લગતા કાર્યો (સમારકામ વગેરે)માં જ વપરાય. ઉપાશ્રયાદિ કે સાધુ આદિના કાર્યોમાં ન વપરાય કેમકે એ કલ્પિત દેવદ્રવ્ય છે.

જિનભક્તિ નિમિત્તે જે બોલીયો બોલાય છે તેનાથી આવેલ દ્રવ્ય દેવદ્રવ્ય કહેવાય પણ કલ્પિત દેવદ્રવ્ય ન કહેવાય. જ્યારે જિનમંદિર બંધાવનાર શ્રાવક જિન મંદિરના જિર્ણોદ્ધારાદિના સારસંભાળ કરવાના કાર્ય માટે પોતાની મૂડીમાંથી જે ધન જુદુ કાઢ્યું હોય તે કલ્પિત દેવદ્રવ્ય કહેવાય. બંને દ્રવ્ય કહેવાય દેવદ્રવ્ય જ પણ એક કલ્પિત દેવદ્રવ્ય કહેવાય અને એક દેવદ્રવ્ય કહેવાય. બંને આવે તો જિનમંદિરના ઉપયોગમાંજ.

ઉપાધ્યાય શ્રી યશો વિ. મ. કૃત ભક્તિ દ્વાત્રિંશિકાની ટીકામાં–

अव्ययनीविः परिपालन संवर्धन द्वाराऽहीयमानमूलधनम् (५–१०)

'अव्ययनीवि'નો અર્થ કરતા ઉપા. શ્રી યશો વિ. મ. જણાવે છે કે પાલન અને સંવર્ધન કરવા દ્વારા 'અહીયમાન' નાશ ન પામતું એટલે કે અખંડ રહેતું મૂલધન એ અવ્યયનીવિ કહેવાય. અહિંયા 'અવ્યય' શબ્દનો 'અહિયમાન' અર્થ કર્યો તેમ અક્ષયનીવિમાં પણ અક્ષય 'શબ્દનો' અહિયમાન' એવો જ અર્થ લેવો જોઇએ.

તેથી કરીને નિશ્ચિતમહીયમાન ઇત્યાદિ વાક્યમાં નિશ્ચિતં અહીયમાન' એ પ્રમાણે જ પદોનો વિશ્લેષ કરવો જોઇએ. નિશ્ચિતેન મહીયમાન એ પ્રમાણેનો વિશ્લેષ કરવો યુક્ત નથી.

ઉપાધ્યાય શ્રી યશો વિ. મ. પોતાની ટીકામાં 'જિનાયતનસંબન્ધિ' એ પ્રમાણે કહ્યું છે પરંતુ 'જિનાયતનાદિસમ્બન્ધિ' એ પ્રમાણે કથન કર્યું નથી અર્થાત્ 'જિનાયતન' શબ્દને 'આદિ' પદ લગાડ્યું નથી એથી અક્ષયનીવિ રૂપ મૂલધન જિનમંદિર સંબંધી જ લેવું જોઇએ. જે જિનમંદિરના જ સારસંભાળમાં વપરાય. ઉપાશ્રયાદિ કે સાધુ આદિના ઉપયોગમાં એ ન જ વપરાય.

માટે જ 'अभिसन्धिविशेषशुध्धेन' એ પદનો અર્થ 'અક્ષયનીવિ રૂપ જિનાયતન સંબંધિ મૂલધન જિનમંદિરના સારસંભાળના કાર્યોમાં જ વાપરવાનું પણ પોતાના કે પોતાના કુટુંબ આદિના ઉપયોગમાં ન લેવાઇ જાય તેની કાળજી રાખવાનો જ આશય રાખવો' એવો કરવો યુક્ત છે અને આવા આશયથી શુધ્ધ એવું મૂલધન બાલવૃધ્ધગ્લાન સાધુ–સાધર્મિકાદિને ટેકારૂપ બનતું હોવાથી સાધુઓ જિનમંદિરની બાજુમાં રહેલ મંડપાદિમાં ધર્મોપદેશ કરવા માટે રહી શકે.

આ મૂલધન બાલવૃધ્ધગ્લાન સાધુ–સાધર્મિકાદિને કઈ રીતે ટેકા રૂપ બને તે હકીકત પૂર્વે અમોએ બતાવી છે.

યદ્યપિ દેવદ્રવ્યાદ્ ભિન્નત્વેઽપિ મૂલધનસ્ય ભાણ્ડાગારો જિનાલયસ્યાઽન્તર્મહિર્વાઽવસ્થાપ્યતે જિનાયતનસંલગ્નશ્રમણાયતને વા યદુતાઽન્યત્ર કુત્રચિત્-ઇતિ તુ રૂપટોલેખાભાવાત દુર્વિજ્ઞેયમ્-

તથાપિ ચૈત્યાતનસંબંધિમૂલધન 'પદેન પૂર્વકાલે જિનાલયસ્યાન્તર્બહિર્વા સાધુ-સાધ્વી-સાધર્મિકોદ્ધારાદ્ધિકાર્યોપયોગાર્થં શ્રાવકાદ્ધિભિર્વૃદ્ધિમાનીયમાનો ભાણ્ડાગારોઽવસ્થાપ્યતે સ્મેતિ જ્ઞાયત ઇતિ. અસ્મદ્ગુરુવિદ્યાગુરુચરણા શ્રી જયસુંદરવિજય ગણિવરા વ્યાચક્ષતે ।

અહિં જિનાયતન સંબંધિ મૂલધન પદથી સાધુ-શ્રાવકાદ્ધિના અંગત ઉપયોગમાં આવતા ધન માટે જિન મંદિરની બહાર કે અંદર ભંડારો રાખવાની પ્રવૃત્તિને વ્યાજબી ઠરાવવાની પં. શ્રી જયસુંદર વિ. મ.ની વિચારધારા શાસ્ત્રસંગત નથી અને અહિં એમનો અભિપ્રાય મુ. શ્રી યશો વિ. મ. જણાવ્યો તે પણ યુક્ત નથી

'ચૈત્યાયતન સંબંધિ મૂલધન પદેન' પૂર્વકાલમાં જિનાલયની અંદર અથવા બહાર સાધુ-સાધ્વી તથા સાધર્મિક-શ્રાવક શ્રાવિકાના ઉદ્ધારાદ્ધિ કાર્ય માટે ટેકા રૂપ બને એ હેતુથી શ્રાવકાદ્ધિ વડે વૃદ્ધિ પમાડનારા ભંડારો મુકવામાં આવતા હતા. આ પ્રમાણેનો પં. શ્રી જયસુંદર વિ. ગણિવરનો અભિપ્રાય દર્શાવામાં આવ્યે છે એમાં સત્યાંશ છે કે નહિ તે સુક્ષ્મબુધ્ધિથી વિચારવા જેવું છે.

કેમકે સાધુ-સાધ્વીને ઔષધાદ્ધિ દ્વારા અંગત ઉપયોગમાં આવે એ માટે તથા શ્રાવિકાદ્ધિનો ઉદ્ધાર કરવા માટે જોઇતા ધનને ઉપાર્જન કરવા જે ભંડારો જિનમંદિરમાં કે તેની બહાર મુકાતા હતા તે ભંડારોને મુકવાની પ્રવૃત્તિને જૈન શાસનના આચાર્ય ભગવંત વગેરે ઉચિત ગણતા ન હતા. જિનમંદિરમાં આવા ભંડારો ન મુકાય એમ જણાવતા હતા. મંદિરમાં અરિહંત પરમાત્માની સમક્ષ ભંડારમાં મુકાવેલ દ્રવ્ય સાધુ આદ્ધિના ઉપયોગનાં આવી શકે નહીં તેમજ જિનમંદિર દેવદ્રવ્યનું હોવાના કારણે તે દેવદ્રવ્ય રૂપે થઇ જવાના કારણે દેવદ્રવ્યની જગ્યામાં સાધુ આદ્ધિના ઉપયોગમાં લેવાના દ્રવ્ય (ધન)નું ઉત્પાદન કરવા ભંડાર ન મુકાય પછી મંદિરની અંદર કે બહાર.

મંદિરમાં ભગવાન સમક્ષ ચોખા, બદામ, રૂપા, નાણુ વગેરે નાખવા માટેનો ભંડાર મુકવાની પ્રથા વર્ષો જુની ચાલી આવી છે એમાં કોઇ પણ આચાર્ય આદ્ધિનો વિરોધ થયો નથી. અને એ ભંડારમાં આવેલ દ્રવ્ય દેવદ્રવ્યમાં જ જમા કરાતું આવ્યું છે.

શાસ્ત્રમાં જેનું વિધાન નથી આવતું એવી કેટલીક સત્પ્રવૃત્તિઓ પાછળથી પણ જૈન શાસનમાં પ્રચલિત થઇ હોય તેનો આચાર્ય ભગવંત વગેરેએ વિરોધ કર્યો નથી

અને જે અસત્પ્રવૃત્તિઓ ચાલુ થઇ તેનો વિરોધ પણ કર્યો જ છે. કોઇ અજ્ઞાન અને જડશુસ લોકો તેનો સુધારો ન કરે એ વાત જુદી છે.

જ્ઞાનદ્રવ્યથી નિર્માણ કરેલ જ્ઞાન ભંડારના મકાનમાં જેમ ગૌચરી વાપરવા આદિની પ્રવૃત્તિ સાધુ આદિથી ન કરી શકાય અને કરે તો જ્ઞાનદ્રવ્યના ભક્ષણનો દોષ લાગે તેમ સાધુ-શ્રાવકાદિને ઉપયોગમાં આવતા દ્રવ્યને મેળવવા આવા ભંડારો મંદિરમાં કે મંદિરની જગ્યામાં કેમ મુકાય ? અર્થાત ન જ મુકી શકાય.

આવા ભંડારો મૂકવાની પ્રવૃત્તિ જે ચાલુ થયેલી છે તે અજ્ઞાન લોકો દ્વારા જ કરાયેલ છે.

શ્રાદ્ધદિન કૃત્ય ગ્રંથની ટીકામાં–'रत्नसमुद्गकः देवगृहभाण्डागारः' (ગાથા ૧૧૧) देवेन्द्रसूरिवचनमप्येतत्संवादि.

આ પાઠમાં રત્નસમુદ્ગક એટલે દેવગૃહભણ્ડાર=જિનમંદિરમાં ભંડાર હોય છે.

જિનમંદિરમાં ભંડાર હોય છે એ વાતની પણ સિદ્ધિ આ પાઠથી થઇ શકે છે.

જિન મંદિરમાં એ ભંડાર વર્તમાનમાં જે અરિહંત પરમાત્માની સમક્ષ ચોખા, બદામ રૂપા, નાણું વગેરે નાખવા માટે મૂકવામાં આવે છે તે લઇ શકાય અથવા જિન મંદિરના સમારકામાદિ માટેના મૂલધન (દેવદ્રવ્ય)ની મીલકતનો પણ લાઇ શકાય. પરંતુ સાધુ–સાધ્વી માટે કે શ્રાવક શ્રાવિકાના ઉધ્ધાર માટે ધન ઉપાર્જન કરવાનો ભંડાર ન લઇ શકાય. આવો ભંડાર તો જિન મંદિરમાં રખાય જ નહીં.

મુનિશ્રી યશો વિ મ. સૂક્ષમબુધ્ધિથી અનુસંધાન કર્યું હોત તો આવા ભંડારો મુકવાની અસત્પ્રવૃત્તિને ટેકો આપનાર પં. શ્રી જયસુંદર વિ. મ.નો અભિપ્રાય સાચો ન લાગત. પણ શું થાય. 'જિનાયતન સંબંધિ મૂલધન' પદથી અક્ષયનીવિ રૂપ મૂલધનમાં સાધુ સાધ્વી–શ્રાવક શ્રાવિકા તથા ઉપાશ્રયાદિ સંબંધિ ધનનો પણ સમાવેશ કરવો હતો અને એવી પોતાની માન્યતાને પુષ્ટ કરવી હતી માટે પં. શ્રી જયસુંદર વિ.નો અભિપ્રાય પણ અહિં પોતાની ટીકામાં મુનિશ્રીએ લીધો છે પણ તે શાસ્ત્રસંગત નથી તેમજ ગીતાર્થ સંમત પણ નથી.

ઉપાધ્યાય શ્રી યશો વિ. મ. વિરચિત દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા ગ્રંથની ભક્તિ દ્વાત્રિંશિકામાં 'अव्ययनीवि=परिपालनसंवर्धनद्वाराऽक्षीयमानमूलधनम' એ પાઠનો જે અર્થ પં. શ્રી અભયશેખર વિ. ગણિવરે કર્યો છે તેનું પણ જો મુ. શ્રી યશો વિ.એ અનુસંધાન કર્યું હોત તો જિનાયતન સંબંધિ મૂલધન રૂપ અક્ષયનીવિમાં સાધુ–સાધ્વી

તથા શ્રાવક શ્રાવિકાના ઉધ્ધાર માટે અને ઉપાશ્રયાદિ માટે જરૂરી દ્રવ્યનો સમાવેશ ન કરત.

પં. શ્રી અભયશેખર વિ. ગણિવરે 'अव्ययनीवि=परिपालनसंवर्धनद्रव्यराऽहीयमानमूलधनम' એ પાઠનો અર્થ આ પ્રમાણે કર્યો છે-.

'આ રીતે જિનાલય નિર્મિત કરી તેની સારસંભાળ સાધુઓને ન ભળાવી દેવી. કિન્તુ ગૃહસ્થે સ્વયં કરવી તે માટે અવ્યયનીવિની વ્યવસ્થા કરવી એટલે કે ધનની વ્યવસ્થા એવી કરવી કે જેથી રાખવામાં આવેલી એ મુડીનું પરિપાલન સંવર્ધન થયા કરે. એમાં ઘટાડો ન થાય.'

અહિંયા પન્યાસશ્રીએ જિનાલયની સારસંભાળ માટે અવ્યયનીવિ ધનની વ્યવસ્થા કરવાનું જણાવ્યું એથી એ નિશ્ચિત થાય છે કે એ ધન જિન મંદિરની સાર સંભાળ માટેનું હોવાના કારણે કલ્પિત દેવદ્રવ્ય જ ગણાય અને એ જિન મંદિરની સાર સંભાળ માટે જ ઉપયોગમાં આવે. સાધુ સાધ્વીના વૈયાવચ્ચમાં તથા શ્રાવક-શ્રાવિકાના ઉધ્ધાર કે ઉપાશ્રયાદિના નિર્માણમાં ઉપયોગી થઇ શકે જ નહીં.

એમણે અવ્યયનીવિમાં સાધુ-સાધ્વી શ્રાવક-શ્રાવિકા કે ઉપાશ્રયાદિના નિર્માણ માટે જોઇતા દ્રવ્યનો સમાવેશ નથી કર્યો એથી કરીને પણ એ નિશ્ચિત થાય છે કે અક્ષયનીવિ રૂપ ધન એ જિન મંદિરની સાર સંભાળ માટેનું કલ્પિત દેવદ્રવ્ય જ છે.

ખરેખર ઉપાધ્યાય શ્રી યશો વિ. મ.ના ગ્રંથો અને ટીકાઓ સુવ્યવસ્થિત છે એને જ સમજવા પ્રયત્ન કરવો જોઇએ. એ મહાપુરૂષની ટીકા અને ગ્રંથો પર ટીકા લખવાના ચાળા કરવા જેવા નથી આટલું મુનિ શ્રી યશો વિ.એ સમજી લેવુ જોઇએ જેથી જૈન શાસનમાં અસંગતીઓ અને વિસંવાદિતાઓ ભવિષ્યમાં ઉભરાય નહી!

એવી જ રીતે દ્રવ્ય સપ્તતિકા ગ્રંથની અવચૂરિ પૃ. ૧૦૭ પરના 'चैत्यद्रव्य सति जिनमंदिर प्रतिमादिसंभवः तत्सत्वे विवक्षितपूजादिसंभवः । चैत्यादिद्रव्य विनाशे विवक्षित पूजादिलोपः ।

આ પાઠનું અનુસંધાન સંમેલન પરસ્તોઓએ તથા મુનિશ્રી યશો વિ. એ કર્યું હોત તો સ્વદ્રવ્યથી પૂજા કરવા માટેની સ્થિતિ વગરના કે સ્થિતિ સંપન્ન પણ સ્વદ્રવ્યથી પૂજા કરવાની ભાવના વગરનો શ્રાવક દેવદ્રવ્યથી પૂજા કરી શકે આવો દેવદ્રવ્ય વિનાશક ઠરાવ જ કર્યો ન હોત અને 'सति देवद्रव्ये' ઇત્યાદિના સાત પાઠોથી એ સંમેલનના ઠરાવની પુષ્ટી જ કરી ન હોત પરંતુ સંમેલન પરસ્તોઓએ એ પાઠને જાણવા

છતાં એની ૧૨૬ આંખ આડા કાન જ કર્યા છે દેવદ્રવ્યથી પણ શ્રાવક પૂજા કરી શકે છે એવો દેવદ્રવ્યના દુરુપયોગનો જ ઉન્માર્ગ પ્રવર્તાવ્યો છે.

દ્રવ્યસપ્તતિકા ગ્રન્થની અવચૂરિના પાઠનો અર્થ આ પ્રમાણે છે.

ચૈત્યદ્રવ્ય હશે તો જિનમંદિર-પ્રતિમા આદિનો સંભવ છે (અને) જિનમંદિર પ્રતિમાદિ હોતે તો વિવક્ષિત પૂજારિનો સંભવ છે ચૈત્યાદિદ્રવ્યના વિનાશમાં પૂજાદિનો લોપ થાય છે.

ચૈત્યદ્રવ્યનો સંબન્ધ જિનમંદિર-પ્રતિમા સાથે છે અને જિનમંદિર અને પ્રતિમાનો સંબન્ધ પૂજા દ્વારે સાથે છે માટે ચૈત્યદ્રવ્યના આ પાઠમાં સીધો સંબન્ધ પૂજાદિ સાથે નથી સતિ દેવદ્રવ્ય વાળા પાઠો સીધા કે અડકતરી રીતે ચૈત્યદ્રવ્યથી પૂજા કરવાનું નહિ પરંતુ તેની વૃધ્ધિ કરવાનું જ જણાવે છે.

ચૈત્યદ્રવ્ય-દેવદ્રવ્યનો સંબન્ધ જિનમંદિર તથા પ્રતિમાની સાથે સંબંધ હોવાના કારણે દેવદ્રવ્યનો ઉપયોગ જિનમંદિરનો નવનિર્માણ-જિર્ણોધ્ધારાદિરમાં જ થઇ શકે સ્વકર્તવ્ય રૂપે પૂજામાં શ્રાવક તેનો ઉપયોગ ન કરી શકે.

દેવદ્રવ્ય હોય તો જિર્ણશીર્ણ થયેલા જિનમંદિરોનો જિર્ણોધ્ધાર કરી શકાય અને એથી લોકોનો પૂજા ચાલુ રહી શકે.

દેવદ્રવ્ય ન હોય અથવા નાશ પામી ગયું હોય તો જિનમંદિર જિર્ણશીર્ણ થઇ જવાના કારણે વિનાશ પામી જાય અને એથી કરીને લોકો જે પૂજા કરતા હતા તેમની પૂજા બંધ થઇ જાય. માટે દેવદ્રવ્ય એ જિનમંદિરાદિને ટકાવનારૂ છે એને લોકો જે પૂજા કરતા હોય છે તે પૂજાને પણ ટકાવનારૂ છે માટે દેવદ્રવ્ય સંરક્ષણ અને સંવર્ધન દ્વારા ટકી રહેવું જોઇએ.

એટલે જ 'સતિદેવદ્રવ્યે' ઇત્યાદિ પાઠોમાં 'સતિ' એ પ્રમાણે સતિ સપ્તમીના શબ્દ પ્રયોગનાં સદ્-શબ્દ દેવદ્રવ્યની-સત્તા વિદ્યમાનતાનું સૂચક છે અર્થાત્ દેવદ્રવ્ય સલામત રહેવું જોઇએ નાશ ન પામે તેની સાવધાની રાખવી જોઇએ એજ અર્થ નીકલે છે પરન્તુ શ્રાવકો દેવદ્રવ્યથી પૂજા કહી શકે એવો અર્થ નીકલી શકતો નથી અને એવો અર્થ કાઢવામાં દેવદ્રવ્યનો વિનાશ થવાની આપત્તિ આવે અને એના પરિણામે પૂજાને લોપ તથા જિનમંદિરાદિનો વિનાશ થવાની પણ આપત્તિ આવે. માટે શ્રાવકો દેવદ્રવ્યથી પૂજા કરી શકે એવો ઠરાવ કરનારા અને શાસ્ત્રીય પાઠોનો અર્થ એ કરવાની પુષ્ટિ માટે મનઘડંત રીતે કરનારાઓ જિનમંદિરાદિના વિનાશ તથ પૂજાદિના લોપની આપત્તિ ઉભી કરનારા છે.

૨૦૪૪ના સમ્મેલના દેવદ્રવ્યાદિને લગતા ઠરાવો સકલ સંઘની તો શી વાત કરવી પણ સમ્મેલનમાં રહેલા કે નીકળી ગયેલા પણ કેટલાક આચાર્યોને માન્ય નથી એવા ઠરાવોની પુષ્ટિ કરવા માટે મહોપાધ્યાયશ્રી યશો વિ. મ. ની પોડશકપ્રકરણ ગ્રન્થ પર રચેલી ટીકા પર ટીકા રચતા કે તેનું ભાવન્તર કરતા મુનિ શ્રી યશો વિજયજીએ ટીકા અને ભાષાન્તરમાં પોતાની એ વાતની પુષ્ટિ કરવા માટે પોતાના માનેલા આચાર્યાદિની માન્યતાઓની (જે સર્વમાન્ય નથી) સાક્ષી તરીકે આપેલી હોવાથી મુનિશ્રી પોતાની પ્રામાણિકતા ગુમાવી બેઠા છે એ ખરેખર બેઠની વાત છે.

શાસનદેવ સદ્બુધ્ધિ અર્પે એજ મને કામના.

'સમન્વય'

—વિજય કકરેચા 'ચિંતક'

વિદ્વાનોં કી ભીડ લગ ગયી, ગલ્લી ગલી કે છોર પર
કયા સમજુ ઔર સમઝાઉ, વિદ્વતા કે મોલ કો વિદ્વાનોં॰
શાંતિ–શાંતિ સબ કોઇ ચાહતે, ક્રાંતિ સે હૈ સબ ઘબરાતે
પહલ કરને મેં રાજનીતિ લાતે, જન–જન કો ખૂબ લડાતે વિદ્વાનો॰
હમ ભી તો મહાવીર અનુયાયી, વે ભી તો અનુયાયી હૈ
ફિર ભેદ ભરા કયોં હર આતમ મેં, તીર્થો કી આડ મેં વિદ્વાનો॰
હમ અજ્ઞાની શૂન્ય જ્ઞાન હૈ, જ્ઞાન કી ચર્ચા કરતે હૈ
જ્ઞાન કભી લડના ન સિખાતા, હમ કૈસે અજ્ઞાની હૈ વિદ્વાનો॰
સમ્પ્રદાયોં કે અમ્બાર લગ ગયેં, મહાવીર ફિર ભી એક હૈ.
કભી ન સોચા હર જન ને, કયા શ્વેતામ્બર કયા દિગમ્બર ? વિદ્વાનો
લડતે હૈ બાથંબાથ ધર્મ કે નામ પર,
લેકિન કભી ન છોડતે ઇર્ષા દ્વેષ
યહકબ તક ચલતા રહેગા, યોં હી ધર્મ કે નામ પર વિદ્વાનો॰
આઓં ! હમ સબ મિલકર સત્ય કો પાવે,
લડાઇ સભી બન્દકર એકશાસ્ત્રસ્થાવે
સભી તીર્થો, મંદિરો ઔર સ્થાનકો કો,
મહાવીર કા અમર સંદેશ યાદ દિલાવે વિદ્વાનો॰



પ્યારા ભૂલકાઓ...

જ્ઞાની શ્વાસોશ્વાસમાં કર્મોનો ક્ષય કરે છે.
અજ્ઞાની પૂર્વ કોટી વર્ષે કર્મોનો ક્ષય કરે છે.

જ્ઞાની–અજ્ઞાનીની આ ઘટમાળ સૌ કોઇ જાણે છે, જ્ઞાનને આપણે નામથી ઓળખીયે છીએ.

કામથી મિથ્યાત્વ અંધકારને હટાવનારા પ્રકાશ તરીકે ઓળખીયે છીએ અને ક્રિયા કરતાં અનેકગણી કર્મ નિર્જરા કરાવનાર તરીકે ઓળખીયે છીએ.

પણ એનું સ્વરૂપ શું ?

પ્રત્યેક ક્ષેત્રમાં જ્ઞાન એટલે તે તે ક્ષેત્રને સ્પર્શતા વિષયનું જ્ઞાન ગણના પાત્ર ગણાય છે.

પણ, અધ્યાત્મ ક્ષેત્રે જ્ઞાન તેને જ કહેવાય કે જે આત્મા સંબંધી હોય.

માનવી જે જ્ઞાન મેળવે છે તે જગતનું જ્ઞાન મેળવે છે.

મુમુક્ષુ જે જ્ઞાન મેળવે છે તે આત્માનું જ્ઞાન મેળવે છે.

જગતની માહિતી દુર્ગતિમાં પટકાવે છે. આત્માની માહિતી સદ્ગતિમાં લઇ જાય છે.

જગતનું જ્ઞાન ભલે મેળવે પરંતુ તે આત્મા, આત્મા અને જગતના સંબંધોનો ભેદ સમજે.

જગતની માહિતીમાં પણ જો કેન્દ્રબિંદુ આત્મતત્ત્વનું/ચૈતન્યનું હોય તો જ કામનું.

આત્મનિર્મળતાના પ્રકટીકરણમાં જે સહાયરૂપ હોય એવું જ જ્ઞાન ગણનાપાત્ર ગણાય.

ચૈતન્યને બાજુ પર રાખી મેળવેલું જગતનું સઘળું'ય જ્ઞાન મિથ્યાજ્ઞાન કહેવાય છે. આ જ્ઞાનની ઉપયોગિતા પણ ન ગણાય તેની કિંમત કુટી કોડિની ગણાય.

આત્મા, જગત અને પરમાત્મા આ ત્રણેયનો પરસ્પર સંબંધ એ મુમુક્ષુની જ્ઞાન પ્રવૃત્તિનો વિષય છે.

ધર્મની વિવિધતાનું શુદ્ધ જ્ઞાન પ્રાપ્ત થતાં જ માનવનું જીવન આનંદથી ભરાય જાય છે. જીવન વિકાસ પામે છે. બોધિબીજ પામે છે. તેની ફળશ્રુતિ રૂપે સમાધિમરણ પ્રાપ્ત કરીને શાશ્વત સ્થાને પહોંચે છે. માટે સુજ્ઞાની બનવું જરૂરી છે.

રવિશિશુ C/o. જૈન શાસન કાર્યાલય

— આજનો વિચાર —

દુઃખ ઇચ્છાઓને આધારે છે.

— સુખાભાસ છે —

ખાવામાં સુખ છે ?
પીવામાં સુખ છે ?
રમવામાં સુખ છે ?
જમવામાં સુખ છે ?
હરવા-ફરવામાં સુખ છે ?
બાગમાં સુખ છે ?
બંગલામાં સુખ છે ?
લાડીમાં સુખ છે ?
વાડીમાં સુખ છે ?
ગાડીમાં સુખ છે ?
રામામાં સુખ છે ?
પુત્રમાં સુખ છે ?
પરિવારમાં સુખ છે ?

ના ! ના ! એમાં તો સુખાભાસ છે.
સુખ તો શાશ્વત ધામ છે.

—રશ્મિકા

સુખ છે

સંયમમાં સુખ છે
વિરાગમાં સુખ છે
ત્યાગમાં સુખ છે
સમતામાં સુખ છે
સમભાવમાં સુખ છે
ગમ ખાવામાં સુખ છે
આત્મામાં સુખ છે

(સુખી થવું હોય તો આમાં રમતા થઇ જાવ.) —વસુમતી

— જાણવા જેવું —

આ મનુષ્ય ક્ષેત્રની બહાર-
દિવસ–રાત્રિ આદિની સમય વ્યવસ્થા નથી.
બાદર અગ્નિકાય નથી
નદીઓ, વીજળી, ગર્જારવ નથી
વાદળ (મેઘ) નથી
અરિહંતો–ચક્રવર્તીઓ–વાસુદેવો આદિ નથી
નિધિઓ નથી–ખાણો નથી
ઉત્તરાયણ કે દક્ષિણાયન નથી
ચંદ્રની ક્ષય-વૃદ્ધિ નથી
ચંદ્ર–સૂર્ય વગેરેનું ગ્રહણ નથી
ચંદ્ર–સૂર્ય આદિની ગતિ નથી
સમય વ્યવસ્થા નથી

—રાજુ ચોકસી

— પાપીની વ્યાખ્યા —

પાપીનું મન સદા કુટિલ રહે
પાપી સદા પાપમાં રમે
પાપી કૂટકપટ કરવામાં હોંશીયાર રહે.
પાપી પારકાના છિદ્ર જ જુએ
પાપીને લાજ શરમ ન હોય
પાપી કોઇના કાર્ય ન કરે

—અંકિત-વલ્લભીપુર

નાને ભડકે દિવાળી ને મોટે ભડકે હોળી,
શહેરમાં લુંટે શાહુકાર ને વનમાં લુંટે કોળી.

—યશિતા

– ગૃહસ્થને વીતરાગ ધર્મ આરાધવાની વિવિધતાઓ –

* જિનભક્તિ, ગુરૂ ઉપાસના સ્વાધ્યાય, સંયમ, તપ અને દાન આ છ કર્મ નિત્ય આચરવા.
* દાન, શીલ, તપ અને ભાવના આ ચાર પ્રકારે ધર્મારાધના કરવી.
* સામાયિક, પ્રભુ વંદના, ગુરૂવંદના, કાયોત્સર્ગ, પ્રત્યાખ્યાન પ્રતિક્રમણ. આ છ આવશ્યક ક્રિયાઓ કરવી.
* સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર. આ ત્રણની આરાધના શુદ્ધ પ્રકારે કરવી.
* અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. આ પાંચ અણુવ્રતોમાં ડાઘ ન લાગે તેમ વર્તવું.
* પાંચ અણુવ્રતો તથા દિક્પરિમાણવ્રત, ભોગોપભોગવ્રત, અનર્થદંડ, સામાયિક, દેશાવકાસિક, પૌષધ ઉપવાસ, અતિથિસંવિભાગ. આ બાર વ્રતોનું પ્રતિપાલન કરવું.
* પ્રાયશ્ચિત, વિનય, સેવા–વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન દેહભાવનો ત્યાગ (ઉત્સર્ગ) આ છ અભ્યંતર તપ તપીને કર્મોનો નાશ કરવો.
* વાંચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા. આ ચાર પરિણામની નિર્મળતા અને જ્ઞાનની વૃદ્ધિ માટે હંમેશાં આસેવન કરો.
* ઉત્તમ ક્ષમા, નમ્રતા, સરળતા, સંતોષ, સત્ય, સંયમ, ત્યાગ, તપ, આકિંચન્ય (અપરિગ્રહ) બ્રહ્મચર્ય. આ દસ પ્રકારનો ધર્મ જીવન શુદ્ધિ માટે છે. આનું આરાધન પરમપદને બક્ષે છે.

—ધવલી-રશ્મિકા

—: કથાનક :—

ભારતના નાને ગામડે અનેક જાતનો વેપાર એક વેપારી કરતો હતો, નાનો વેપારી તેની નાનકડી દુકાન તેમાં નાના પ્રકારનો માલ.

આસપાસ વિસ્તારના લગભગ તમામ લોકો તેની દુકાનેથી જ માલ ખરીદે. ઘરાકી બારેમાસી, દુકાન ધમધોકાર ચાલે, બીજા વેપારીઓ કરતાં આ વેપારીનો વેપાર કાંઈક જુદો જ ચાલે.

વેપારમાં જરાપણ બેઇમાની નહિ. છેતરપીંડી નહિ, લબાડી નહિ, તોલ માપમાં ફરક નહિ. વ્યાજબી ભાવ અને સારો માલ.

સમી સાંજે થાકીને લોથ થઇ ગયેલો વેપારી પોતાના નિયમથી જરાપણ ચલાયમાન થતો નથી.

દુકાન બંધ કરીને હિસાબ મેળવીને પછી ઘરે જવાનું. હિસાબમાં ફરક આવે નહિ. બિલ પ્રમાણે ગલ્લામાં પૈસા હોય જ. નહિ વધારે નહિ ઓછાં. જ્યાં સુધી હિસાબ મળે નહિ ત્યાં સુધી ઘરે જવાય નહિ.

એક દિવસની વાત છે. હિસાબ ગણતાં ગણતાં ત્રણ પૈસા ગલ્લામાં વધ્યા. ફરી ફરી ફરીને પૈસા ગણ્યા. બિલો પણ તપાસ્યા. સરવાળો મળ્યો પણ ત્રણ પૈસાનો વધારો જડતો નથી.

બે કે પાંચ વધારો ન કહેવાય ત્રણ પૈસાનો ફાયદો જ. ચિંતા કરવાનું કોઇ કારણ ખરું ?

પણ ના ! આ તો પ્રમાણિક ! સાચકલો વેપારી ! અણહક્કના ત્રણ પૈસા પણ કેમ લેવાય ? કેમ રખાય ? ત્રણ પૈસાના વધારે તેનું ચિત્ત ચગડોળે ચઢ્યું. ચેન પડતું નથી. સ્મરણ શક્તિ ચગડોળે ચઢી. દિવસ ભરમાં આવેલા સઘળા ઘરાકોની સિરીયલ ચાલુ થઇ. કોણ–કોણ આવ્યું ને કયો કયો માલ લીધો. કેટલા–કેટલા પૈસા આપ્યા. બે ચાર મિનિટમાં તો આખું પિક્ચર આંખ તળેથી પસાર થવા માંડ્યું.

એક ડોશીની યાદમાં સિરીયલ તુટી. સાબુ લેવા આવેલા ડોશી કિંમત કરતાં ત્રણ પૈસા વધુ આપી ગઇ છે. ઉતાવળમાં તે જ પૈસા મેં ગલ્લામાં નાખી દીધેલા. સાર્ું થયું સઘળું યાદ આવી ગયું.

વૃદ્ધાવસ્થાના કારણે ડોશીમા વધુ પૈસા આપી દીધેલા.

રાત પડી ગઇ હતી. અંધારૂં વધતું જતું હતું. એમાંય થાકીને લોથ થઇ ગયેલો અને કકડીને ભૂખ લાગેલી પણ ઘરે કેમ જવાય ? પોતાના ગલ્લામ કોઇના વધારે પૈસા પડ્યા હોય તો ખાવાનું કેમ ભાવે ? ગળે કેમ ઉતરે. અંધારે અંધારે આમતેમ પૂછતાં પૂછતાં એ વેપારી ડોશીના ઘરે પહોંચી ગયો. ડોશીમાને ત્રણ પૈસા પાછા આપી દીધા.

ડોશીમા અને આડોશી–પાડોશીના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. વેપારીની સત્યતા નિરખી સૌની આંખમાંથી હર્ષના આંસુઓ છૂટી પડ્યા. રોમાંચો ખડા થઇ ગયા. આશીષનો ધોધ વર્ષાવતી ડોશીમા આનંદથી નાચવા લાગી.

ધન્ય છે... સત્યના નામના ગુણને ! ! !

—ઉમેશ ભટ્ટ

મહાભારતનાં પ્રસંગો

[પ્રકરણ-૨૬] —શ્રી રાજુભાઇ પંડિત

હણનારો છટકી ગયો

'અરિષ્ટ નામના વૃષભ અને કેશિ નામના અશ્વના પ્રાણો નંદગોકુલમાં નંદના નંદને ઘરના છઠ્ઠા ભાગમાં હરી લીધા છે.' આટલા સમાચાર ગુપ્તચરોએ જઈને મથુરા-નરેશ કંસને આપ્યા.

આ દુ:શ્રવ સમાચાર સાંભળતાં જ 'મારો હત્યારો નંદ ગોકુળમાં ગોપીઓ સાથે આનંદથી જીવે છે' આ રીતે વિચારના પ્રવાહમાં ખેંચાઇ ગયેલો કંસ મનથી અત્યંત દુ:ખી દુ:ખી થઇ ગયો. તેને થયુ કે-'મારા મૃત્યુને મારી નાંખવા મેં મારી જ બેન દેવકીના તરતના જન્મેલા છ-છ ગર્ભોને પત્થર સાથે પછાડી પછાડીને ખલાશ કરી નાંખ્યા, છતાં પણ મારો મૃત્યુદાતા મને છેતરીને નંદ ગોકુળમાં ઉછરી ગયો. અરે રે! અજર-અમર ગણાતા મારે નંદના પુત્રના હાથે મરવું પડશે? મારૂં મોત તેની હથેળીની રેખાઓમાં લખાયુ છે? આમ કંસનું ચેન-બેચેન બની ગયુ.

મન ઉપર પડી રહેલા મૃત્યુના ડરના ભારને કંસ ઊંચકી ના શકયો. તે ક્રોધાયમાન રહેવા લાગ્યો. પ્રત્યેક ક્ષણે મૃત્યુની નજીકને નજીક જઇ રહેલાં કંસનો સ્વભાવ વિકૃત બની ગયો. આરાધ્યદેવને તેણે આરાધવા છોડી દીધા. ગુરૂને ગુરૂના સ્વરૂપે સ્વીકારવા તેણે બંધ કર્યા. જ્યાં પ્રસન્નતાભરી નજરો કરવાની હતી ત્યાં ક્રોધારૂણ રકત આંખો થવા લાગી. ન્યાય કરવાના સ્થળે તે અન્યાય આચરવા લાગ્યો. માથે ભમતા મોતના ડરથી રાત-દા'ડો કંસ બેચેન રહેવા લાગ્યો.

એક દિવસ તેણે બૃહસ્પતી નામના મંત્રીને બોલાવીને કહ્યું-'હે મંત્રીશ્વર! મારા પ્રાણનો શત્રુ નંદગોકુલમાં મોજ-મજા-આનંદ-મસ્તીમાં જીવી રહ્યો છે એવો કોઇ ઉપાય બતાવો, જે નિર્વિઘ્નપણે મારા તે શત્રુને મારા સકંજામાં સપડાવી શકે.'

મંત્રીશ્વર બૃહસ્પતિએ કહ્યું-'દેવાધિષ્ઠિત ધનુષ આપણી પાસે છે. તે ધનુષને ધારણ કરવાનો એક મહોત્સવ યોજો. જેમાં યુદ્ધમાં અત્યંત શકિતશાળી યાદવોને છોડીને દરેક રાજાઓને આમંત્રણ આપો. અને ઘોષણા કરાવો કે-'જે આ દૈવી ધનુષ્યને ધારણ કરશે તેને કંસ પોતાની બહેન સત્યભામા આપશે.' વળી આપણાં જ કોઇને જરા પણ ખબર ના પડવા દે તેવા ચતુર, શકિતશાળી અને ઉદ્ભટ સૈનિકોને ધનુષ્ય-મંડપની

ચારે તરફ શસ્ત્રો ધારણ કરાવીને ઊભા રખાય. કે જેથી ધનુષ્યારોપના આ ઉત્સવમાં આવેલો તારો શત્રુ ધનુષ્ય ધારણ કરતાં ઓળખાય કે તરત તે જીવતોને જીવતો જ ગ્રહણ કરી શકાય.'

મંત્રીશ્વરની આ યોજનાથી અત્યંત ખુશ થઇને કંસે તેને બધી યોજના કરવા આદેશ આપ્યો.

મંત્રીશ્વરે આખુ ય ષડ્યંત્ર યોજનાબદ્ધ રીતે ગોઠવી દીધુ. અને આમંત્રિત કરાયેલા રાજાઓ મથુરામાં આવવા લાગ્યા.

શૌર્યપુરમાં સમુદ્રવિજયાદિ કોઇ જ યાદવોને કંસે આમંત્રણ આપ્યુ નહતું કેમ કે તેમ કરવામાં પોતાનો શત્રુ યાદવકુળનો વંશ જ હોવાથી તેને યાદવો બચાવવા પ્રયત્ન કર્યા વગર ન રહે. અને પોતાના પ્રાણના શત્રુને જીવતો જ ઝડપવાનું ષડયંત્ર પાર પડી ના શકે. આથી બલદેવના મોટાભાઇ 'અનાધૃષ્ટિ' છૂપા વેશે શૌર્યપુરથી મથુરા ધનુષ્યારોપણમાં જવા નીકળી ગયો. વચ્ચે રસ્તામાં આવતા નંદગોકુલમાં નાના ભાઇ બલદેવ તરફના વાત્સલ્યથી ખેંચાઇને ત્યાં જ રાત રોકાયો.

સવારે બલદેવને બલાત્કારે સમજાવીને ગોકુળમાં જ રાખીને કૃષ્ણને પોતાની સાથે લઇને મથુરા તરફ પ્રયાણ કર્યું. પણ રસ્તામાં એક વિશાળ વડ આગળ રથ અટકી પડયો. આથી તે રથને અનાધૃષ્ટિ આગળ લઇ જઇ ના શકયો ત્યારે એક ઘાસના તણખલાની જેમ તે વડવૃક્ષને ઉખાડીને શ્રીકૃષ્ણે દૂર-દૂર ફેંકી દીધું.

કૃષ્ણના બાહુના બળથી ખુશ-ખુશ થઇ ગયેલા અનાધૃષ્ટિએ કૃષ્ણને વારંવાર આલિંગન અને ચુંબન કર્યા. ધીમે ધીમે બન્ને ભાઇઓ મથુરામાં આવ્યા.

રથને મથુરા નગરી બહાર રાખીને કેશવ સહિત અનાધૃષ્ટિએ ચાપ-મંડપમાં પ્રવેશ કર્યો. આબેહુબ શણગારેલા ધનુષ્ય મંડપમાં બેઠેલી રૂપ-લાવણ્યની મૂર્તિ સત્યભામાને જોઇ. સત્યભામાને જોઇ. સત્યભામાની નજર ગોળ-માંસલ બાહા/બાહુબળવાળા શ્યામલ કાંતિવાળા સોહામણા કૃષ્ણ ઉપર પડી. અને શ્રીકૃષ્ણને જોતાં જ સત્યભામા કામાનુરાગવાળી બની.

દેશ-દેશના રાજાઓ આવી આવીને ધનુષ્યને ઉઠાવવા જતાં હતા પણ ત્યાં રહેલા ભયંકર સર્પો અને ભયાનક અગ્નિની જ્વાળાઓ જોઇને જ દૂરથી ધનુષ્યને નમી-નમીને પાછા ફરી જતા હતા. પાછા ફરતાં રાજાઓને જોઇને અનાધૃષ્ટિ તે રાજાઓની હાંસી ઉડાવતો હતો.

હવે તેનો જ વારો આવ્યો પણ ધનુષ્ય સુધી આવે તે પહેલા જ તે ગબડી પડયો. આ જોઈને સત્યભામા સખીઓ સાથે તાળીઓ પાડતી પાડતી હસવા લાગી. આ વાત શ્રીકૃષ્ણથી સહી ના ગઈ. શ્રીકૃષ્ણે તરત જ ઉભા થઈને ધનુષ્ય પાસે આવીને કમળના નાળની જેમ તે અતરનાક ધનુષ્ય ધારણ કરી લીધુ.

આખી સભા સહિત સત્યભામા આશ્ચર્ય ચકિત થઈ ગઈ. જેના માંસલ શરીરને જોતાં સત્યભામા અનુરાગ ધરતી હતી તે જ શ્રીકૃષ્ણ પોતાના પતિ બનેલા જાણીને તેના આનંદની કોઈ જ સીમા રહી નહી. તે પોતાને કૃતાર્થ માનવા લાગી.

શ્રીકૃષ્ણે ધનુષ્ય ધારણ કરતાંની સાથે જ કંસે આદેશ છોડયો. અરે ! પકડી લો આને. છટકી ન જાય. જોજો. પકડો પકડો !

કંસના આદેશને સાંભળ્યા છતાં પણ શિયાળની ગર્જનાની સિંહ ઉપર કશી અસર ન થાય તેમ આવ્યા હતા તે જ ચાલથી અનાધુષ્ટિને આગળ કરીને સૈન્યના સમૂહોના સમૂહોને ભેદી નાંખીને વાદળોની ઘટાઓને ભેદીને બહાર નીકળતા સૂર્યની જેમ શ્રીકૃષ્ણ મથુરા નગરીમાંથી બહાર નીકળ્યા.

'અરે ! આ ધનુષ્યારોપ કરનારો જાય છે. પકડો એને પકડો' આમ બોલતા સૈનિકો અનાધુષ્ટિ તથા શ્રીકૃષ્ણની પાછળ દોડયા પણ રથ અને અશ્વના પ્રચંડ વેગથી ગોકુળ તરફ અનાધુષ્ટિ અને શ્રીકૃષ્ણ કયાં ય આગળ નીકળી ગયા. અને સૈનિકો છેવટે હારી–થાકીને પાછા ફરી ગયા.

અનાધુષ્ટિ કૃષ્ણને બલદેવ પાસે ગોકુલમાં મૂકીને પોતે શૌરી નગરીએ ગયો.

આ બાજુ સૈનિકોએ આવીને કંસને કહ્યું કે–'આ અમારા જોવાથી તો અસાધ્ય જ છે તેનું પ્રચંડ તેજ અમને તેની પાછળ પાછળ જતું ડરાવી રહ્યું હતુ.'

આટલું સાંભળતા જ અત્યંત સળગેલા અંગારા જેવા દુઃસહ એવા મનોદુઃખને વહન કરતો બેચેન-બેચેન થઈ ગયો. તેની ઉંઘ હરામ થઈ ગઈ. મૃત્યુના ડરના બોજને પ્રચંડ શકિતશાળી હોવા છતાં તે કંસ હવે ઉઠાવી ના શકયો. નજર સામે ધનુષ્યને ધારણ કરનારો મૃત્યુદાતા કૃષ્ણ તેની આંખો સામે તરવરતો જ રહ્યા કર્યો. મૃત્યુના ડરથી ચડિયો બીજો કયો ડર છે, ભલા.

❋ ધર્મનો અધિકારી કોણ ? ❋

—અભ્યાસી

આહારોપધિપૂજર્દ્ધિ–ગૌરવપ્રતિબન્ધતઃ ।
ભવાભિનન્દી યાં કુર્યાત્, સા ક્રિયાઽધ્યાત્મવૈરિણી ॥૧॥

(અધ્યાત્મસાર, સ્વરૂપાધિકાર–૫)

ન્યાયવિશારદ, ન્યાયાચાર્ય મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ, અધ્યાત્મના અર્થી જીવોના કલ્યાણ માટે 'અધ્યાત્મસાર' ગ્રન્થમાં અધ્યાત્મનું સ્વરૂપ ફરમાવી રહ્યા છે. તેમાં 'ગતમોહાધિકારાણાં' શ્લોકમાં અધ્યાત્મની વ્યાખ્યા ફરમાવી, હવે અધ્યાત્મ વૈરિણી ક્રિયાનું સ્વરૂપ જણાવતાં ગ્રન્થકાર પરમર્ષિ ફરમાવે છે કે :–

'આહાર, વસ્ત્રપાત્રાદિ ઉપધિ, માનસન્માન, વિશિષ્ટ લબ્ધિઓ, શિષ્યો કે ભક્તો વગેરે પરિવાર : આ બધાંના મમત્વથી–રાગથી–ભવાભિનંદી જીવ જે કાંઇ ક્રિયા કરે તે સઘળી ય ક્રિયા અધ્યાત્મની વૈરિણી એટલે કે અધ્યાત્મના નાશ કરનારી છે.'

: અધ્યાત્મનો અનધિકારી :

અગાઉ 'ગતમોહાધિકારાણાં' શ્લોકના વિવેચનમાં આપણે અધ્યાત્મના અધિકારીની વાત જાણી. આ શ્લોકમાં એવા અધ્યાત્મના અધિકારી નહિ બનેલા જીવોની દેખીતી રીતે 'અધ્યાત્મ'ની લાગતી ક્રિયાઓ પણ, અધ્યાત્મ સ્વરૂપ નહિ બનતાં અધ્યાત્મનો નાશ કરનારી બને છે–એમ ફરમાવી શાસ્ત્રકાર મહાપુરૂષ આપણને સાવધાન કરી રહ્યા છે.

અર્થ અને કામની સાધક પ્રવૃત્તિઓ અધ્યાત્મની વૈરિણી ગણાય એ તો કોઇ સામાન્ય બુદ્ધિ ધરાવતો જીવ પણ સમજી શકે છે. અહીં આ મહાપુરૂષ આપણને જે સમજાવવા માગે છે તે બહુ સૂક્ષ્મમતિની વાત છે. આ મહાપુરૂષ તો દેખીતી રીતે અધ્યાત્મની જ નહિ, પણ ઊંચા અધ્યાત્મની લાગે તેવી ક્રિયાઓ પણ, જો તે ક્રિયાઓ કરનારો જીવ સંસારને સારો માનનાર હોય તો, અધ્યાત્મની વૈરિણી બની જાય–એમ ફરમાવે છે.

આ શ્લોકમાં જે જે વસ્તુઓની લાલસાની વાત કરી છે તેનો સંબન્ધ, સાધુપણામાં રહેલા અને એમાં ય વ્યવહારથી ઊંચી કક્ષાએ પહોંચેલા આચાર્યાદિ મહાત્માઓ સાથે જોડાય એવો છે. કારણ કે ગોચરી–પાણી, ઉપધિ વગેરે તો સામાન્ય સાધુને લાગુ પડે એવી વસ્તુ છે,

પરન્તુ માન–સન્માન, વિશેષ લબ્ધિઓ અને શિષ્યાદિ પરિવારની વાત તો

પુણ્યાઈવાળા પ્રભાવક આચાર્યાદિને જ ઘટે. આવા આત્માઓની ક્રિયા પ્રગટ રીતે તો અર્થકામની સાધક કે પોષક ન જ હોય ને? અને છતાં શાસ્ત્રકાર મહાપુરુષ આવા આચાર્યાદિ પણ જો ભવાભિનંદી હોય તો તેમની ક્રિયામાં પ્રગટ રીતે અધ્યાત્મ દેખાતો હોવા છતાં સૂક્ષ્મ રીતે તો અર્થ-કામની લાલસા જ છુપાઇ હોવાથી તે ક્રિયા અધ્યાત્મની વૈરિણી હોવાનું ફરમાવે છે.

સંસારનાં સઘળાં ય સાવદ્ય-પાપ-વ્યાપારોના ત્યાગની પ્રતિજ્ઞા લઇને જીવનારા સર્વવિરતિધરોની ક્રિયા પણ, સંસારને સારો માનવાપૂર્વક થતી હોય તો અધ્યાત્મની વૈરિણી ગણાતી હોય છે.

તો સંસારને સારો માનીને સંસારની જ બધી પાપપ્રવૃત્તિઓ મજેથી કરનારા જીવોને ક્રિયા અધ્યાત્મનો કેવો નાશ કરે તેની તો કલ્પના ય ભયંકર લાગે છે ને? મનુષ્યભવ પામીને, અધ્યાત્મને ભૂલીને, સંસારને સારો માનીને, સતત અર્થ-કામને ઝંખીને અર્થ-કામ માટે જ ઝઝુમીને, અર્થ-કામમાં આળોટતા રહીને જીવીએ તો મરીને ક્યાં જવું પડે—એનો વિચાર કર્યો છે?

અધ્યાત્મની સાધના માટે મળેલા મનુષ્યભવનો ઉપયોગ અધ્યાત્મના નાશમાં થાય તો ફરી મનુષ્યભવ મળે? અધ્યાત્મની વૈરિણી ક્રિયાની વાત ગ્રન્થકાર મહાપુરૂષે કરી તે વિચારતાં આપણી ક્રિયા તો અધ્યાત્મની ઘોરાતિઘોર વૈરિણી જ ગણાય ને? આવી ક્રિયાઓમાં અટવાયેલા જીવો પૂરેપૂરા મોહના અધિકાર નીચે દબાયેલા જ હોય. અધ્યાત્મના અધિકારી થવા 'ગતમોહાધિકાર' બનવું પડે એ વાત ગ્રંથકારે અગાઉના શ્લોકમાં સ્પષ્ટ ફરમાવી છે. આપણે તો મોહની સેવા વફાદારી પૂર્વક કરતા રહીએ છીએ, પછી આપણને અધ્યાત્મનો મેળ ક્યાંથી મળે?

(ક્રમશઃ)



ઉચિત વેશભૂષા – ગૃહસ્થનો અલંકાર

શ્રી જૈન શાસન વિનયપ્રધાન છે. વિનય એ મોક્ષનું પ્રધાન અંગ છે, જેમ લગામ વિનાનો ઘોડો, અંકુશ વિનાનો હાથી શોભતો નથી. તેમ ઉચિત વેશભૂષા વિનાનો ગૃહસ્થ શોભતો નથી. મર્યાદાશીલતા એ સર્વ ગુણોની જનની છે. જેમ જેમ મર્યાદા મૂકાય તેમ તેમ મનુષ્ય ઉંડા ખાડામાં પતન પામે છે. તેમાં ય ઉદ્ભટ વેષભૂષા અનેકને માટે 'જવાળા' બને છે. જે સ્વયં પોતાને બાળે છે અને અનેક રૂપપિપાસુ ભ્રમરો બાળે છે.

મંદિર-ઉપાશ્રયાદિ કરેક ધર્મસ્થાનોમાં મર્યાદાનું ચુસ્ત પાલન કરવાથી તે તે સ્થાનોની પવિત્રતા જળવાઇ રહે છે. અને તે સ્થાનોની પવિત્રતાથી મનની પ્રસન્નતા જળવાયા સાથે આત્મિક શાંતિનો અનુભવ થાય છે.

આજના ઉદ્ભટ ડ્રેસથી મંદિરની પવિત્રતા તો જોખમાઇ છે પણ ગાથે લજ્જા-શરમ પણ નેવે મુકાઇ છે અને એ માટે અક્ષરવાળા, ફોટાવાળા, ઠાળા રંગ તથા ભડક કલરના ઉદ્ભટ વસ્ત્રો જૈનના કુળમાં હોય નહી. પાપાચાર અને દુરાચાર ભ્રષ્ટાચારથી સાવધ થવા માટે છે.

શિસ્તનું પાલન જો દુનિયામાં જરૂરી ગણાય તો લોકોત્તર ધર્મમાં તો અનિવાર્ય જ ગણાય. જે સ્થાનો મર્યાદા અને પવિત્રતાના ઉદ્ગમભૂત છે ત્યાં જ જો તેનો લોપ કરાય તો તેનું પરિણામ નજર સમક્ષ છે. માટે બીજા શું કરે છે તે જોયા વિના આપણી જાતથી જ સુધારો કરવાનું નક્કી કરીએ તો અશક્ય વાત પણ શક્ય બની જાય. અને આપણા જીવન પ્રાંગણમાં પણ મર્યાદા અને પવિત્રતાની સુવાસ ફેલાયા વિના ન રહે.

માટે યુવાનો જાગો અને સાવધ થાઓ !

ભાઇઓ સાંધા વિનાનું ધોતીયું અને બેસનો તથા બહેનો સાડી આદિ ઉચિત વેષભૂષાનો મર્યાદા રૂપે પૂજા-દર્શનાદિ, ધર્મકાર્યોમાં ઉપયોગ કરે તો તેથી જીવન વ્યવહાર પણ હિતકારી બન્યા વિના નહિ રહે.

ઉચિતવેષભૂષા એ માર્ગાનુસારિપણાનો ગુણ છે, ગૃહસ્થપણાનો અલંકાર છે અને જીવનને પ્રસન્નતા-સુખ, શાંતિ સમાધિથી હર્યું ભર્યું બનાવનાર છે. તો તેનો આદર કરી સૌ પુણ્યાત્માઓ પવિત્ર સ્થાનોને તથા સમગ્ર વાતાવરણને પવિત્ર બનાવે એ જ મંગલ કામના.

દેવદુલારી કોડભરી કન્યા....

—જયશિશુ

મમતાની સાગર–કરૂણાની ગાગર આ...

પૂર્વકાલીન આર્યાવર્તની સંસ્કૃતિના આજે ચિંથરેહાલદશા થતા જોઇ રહ્યા છીએ. ખરેખર કમનસીબીની વાત છે. કલયુગનો પ્રભાવ કહો કે, સ્વભાવનો પરિવર્તનશીલ દશા કહો કે નિયમ–વિવેકનું દેવાળું કહો. જે કહો તે. પણ આર્યાવર્તની સંસ્કૃતિ જોખમાઇ રહી છે. એ વાત સત્ય છે. સાચે વિણસી રહેલી સંસ્કૃતિની સામે દીવાદાંડી ધરતી આ ટચુકડી કથા વાંચવા યોગ્ય છે. કેવી હતી પૂર્વકાલીન માનવતાના સાદથી ધમધમતી અને આજે જોતા મળતી સંસ્કૃતિની કથનીયદશા સૌને સાદ પાડે છે. સંસ્કૃતિ રક્ષા કાજે લોહીના બુંદે બુંદે માનવતાનો ધબકાર જાગી જાય તો. અત્યારની પરિસ્થિતિનું સર્જન ના થાય.

આ કથા પ્રસંગમાં કયાંક મા'નું વાત્સલ્ય-તો કયાંક વહુની વફાદારીનું તો ક્યાં પુત્રનું માનવતાભર્યું હૈયું દેખા દે છે.

આગ લાગી. આગ લાગી. આ સમાચાર વાયુવેગે ચારે બાજુ ફરી વળ્યા તેમાં ય વળી અગ્નિશામક બંબાના ટીન–ટીન–ટીન અવાજે એની સાબિતી પુરવાર કરી, તે સમયે કોઇ ગ્રામ્યવિસ્તારમાં રહેતી એક ડોસી નામે અમથીમા. ઘડપણને કાંઠે ઉભેલા લાકડી લઇ ત્રણ ચાર માઇલ દૂર જવા માટે નીકળી પડયા. સથવારો છે કેવલ લાકડીનો, હૈયામાં ચિંતા છે લાડલાની, હિંમત કેળવી ડોશીએ દોટ મૂકી. વળી પોતાની શક્તિનો ભરોસો ઓછો લાગ્યો હોય તેમ બીજી એક લાકડી બગલમાં રાખેલી. રખેને એક લાકડીથી ન ચલાય તો. બીજીનો ઉપયોગ કરી શકાય.

ગ્રીષ્મઋતુનો એ સમય ખરે બપોરે સૂર્યનારાયણ મસ્તક તપાવી રહ્યા છે. ધોમધખંતી રેતીની અંદર, વગર પગરખાયે એ ડોસી નીકળી જ પડયા. હિંમતભેર લાડલાને જોવાને ઉત્સુક ડોશી શરૂશરૂમાં વેગીલી ગતિથી ચાલતા હતા. પછી જરા ચાલ ધીરી પડી. આવા કપરા સમયમાં ઝાડની છાયાનો આશરો લઇ શકાય. પણ અત્યારે ત્યાં ઉભા રહેવાનો સમય નહોતો. એકલા માજી જ નહીં પણ નવલોહિયાત યુવાનો–યુવતી આધેડવયના માનવોની ગતિ તે સ્થાન તરફ હતી. સૌ પોતપોતાની ધૂનમાં પંથ કાપ્યે જતા હતા. કોઇને કોઇની સાથે વાત કરવાની પડી નહોતી. દરેક ચિંતાતુર હતા બધાની દૃષ્ટિ આગના સ્થાન ઉપર હતી. કેમકે કોઇને કોઇનું સગું ત્યાં વિકરાળ

આગમાં સેકાતું હતું: એટલે તેમના સ્વજનોની ભાળ કાઢવા માટે ચીસાચીસ કરતા હતા.

પણ અમથીમા તો પેલા બધાની પાછળ રહી ગયા છતાં ધીમીગતિએ તેમણે ચાલવા જ માંડયું. આ માડીનું લક્ષ્ય એક જ હતું. વૃદ્ધાવસ્થાના આરે ઊભેલ. માજીને આંધળાની આંખ જેવો, એકનો એક પુત્ર હતો. અને તે જ્યાં આગ લાગી હતી તે જિનમાં જ કામ કરતો હતો. એટલે પેલી માડીનો જીવ જાણે તાળવે ચોંટી ગયો હતો. મનમાં વિચારતાં કે મારા લાડલાનું શું થયું હશે ? તો બીજી પળે વિચારતા. ના, ના મારા દીકરાને કાંઇ ઈજા થઈ નહિ હોય, આવતે મહિને તો એના લગ્ન લેવાના છે. ઇશ્વર જરૂર લાજ રાખશે જ. આ બધા પ્રશ્નોનું સમાધાન પોતે જ મન સાથે કરી રહી હતી.

ઉનાળાની બપોરે, પ્રચંડ સહસ્રરશ્મિનો તાપ શરીર ઉપર દેખાતો સંતાપ, તૃષા પણ અકળાતી રહી હતી પણ બધું જ અવગણીને અમથીમા તો નિશ્ચય કરીને બેઠા કે, 'રામલાનું મોઢું જોયા વિના પાણી પીવું નથી. ભલે મોત આવે. કેવું કે મા'નું મમતાનું હૈયું, પુત્ર ઉપરનો લાગણી ભાવ. મનની દોટ પુત્રમિલનની ડોશીને પ્રેરણા આપી રહી હતી અને માજીએ તો ખૂબ જ દોટ મૂકી આજે તો થાક પણ ભૂલાઇ ગયો કેમકે લક્ષ હતું પુત્રમિલનની ઝંખના. તેથી જ.

મંઝીલ સુધી ચાલ્યા કરશું, દયેય અમારૂં એક છે. કાંટાઓ મળશે તો કહીશું તું ફૂલોની સેજ છે. આવું જ કાંઇ માવડીના હૈયામાં બેઠું હશે. અને ત્યાં તો દૂરથી ધુમના ગોટાઓ, ભભૂકતી જ્વાળાઓ દેખી માજી ચીસ પાડી ઊઠયા. 'ઓ.. બાપ...રે. અને અમથીમા લોથપોથ થઇ ધરતી પર ઢળી પડયા. આંખે અંધકાર આવ્યા. ઊભા થવાનો પ્રયત્ન કર્યો પણ નિષ્ફળ ગયો. છતાં બેસીને ઘસડાતી ઘસડાતી ચાલવા લાગી.

તેવામાં નસીબજોગે એક ભરવાડની દૃષ્ટિ આ વૃદ્ધા ઉપર પડી. દયાભાવ આવ્યો તે નજીક આવી માજીને ટેકો આપે છે. ઉભા કરી હાથ ઝાલી દોરવા માંડયો અમથી-માના મુખથી શબ્દો સર્યા, 'બાપુ તારૂં ભલું થજો.'

ભરવાડે પૂછ્યું. 'માજી ! પણ તમે આ ઘરડે ઘડપણે આગ જોવા ક્યાં ચાલ્યા. પડશો—આખડશો તો વધારે દુઃખ અનુભવશો. છાનામાના ઘેર ન રહીએ. શું કૌતુક જોવાનું મન થયું ? પણ અભિપ્રાયના જાણ્યા વિના બોલતા ભરવાડને ક્યાં ખબર હતી કે પોતે જેને આગ જોવાને નીકળ્યો હતો તેમ માજીને કાંઇ આગ જોવાનો કેડ નહોતો. ભરવાડના વચન સાંભળી માજી તો બેબાકળા બની ગયા. આંખે ઝળઝળિયા ઊભરાયા.

કાંઇ પ્રત્યુત્તર ન આપ્યો. એટલે ભરવાડ બોલ્યો પણ માજી, એ તો કહોને તમારે ક્યાં જવું છે.

વૃદ્ધાનું શરીર કંપતું હતું. હૈયુ ભાંગી ગયું હતું. છતાં થોથરાતી જીભે માજી તો બોલવા લાગ્યા, 'દી...ક...રા...પા...સે...' શબ્દો સુણતાં જ ભરવાડ શરમિંદો બની ગયો. ભારે પશ્ચાતાપ થયો. જાણે તેનું પ્રાયશ્ચિત કરતો ન હોય તેમ શાંતિથી બોલ્યો. માજી ! માજી ! તમે ગભરાશો ના, હું તમને લઇ જઇશ. તમારા ભોળા હૃદયની પ્રભુ લાજ રાખશે. આશ્વાસનના શબ્દો સાંભળી માજીમાં ચેતનતા આવી અને ચાલવાની ગતિ ઝડપી બની. કંપ પણ થોડો ઓછો થયો.

થોડીવાર બાદ બંને આગગ્રસ્ત સ્થળે આવ્યા પણ રામલાને ક્યાં શોધવો એ પ્રશ્ન આવી ઉભો, પણ પેલા અબુજ ભરવાડે બુદ્ધિ ચલાવી અને ઢવાખાને લઇ ગયો. ત્યાંની વેદનાથી કણસતા માનવીને જોતા હૈયું હચમચી ઊઠે. ત્યાં અસંખ્ય દાહની વેદના અનુભવતા, ચીસો પાડતા માનવગણ જોતાં કમકમાટી થઇ જાય. કેટલાક પોતાના સ્વજનોને પરલોકની વાટે ગયેલા જોઇ શોકાતુર બની પોક મૂકી રહ્યા હતા. તો સારવાર કરનારની સંખ્યા ઓછી હતી બધા ખડે પગે પોતાની ફરજ બજાવી રહ્યાં હતા. (ક્રમશ)

શ્રી આચાર્ય ભગવંતને વંદના....

જેઓના છત્રીશ ગુણોને છત્રીશ પ્રકારે મહાપુરૂષોએ વર્ણવ્યા છે. જેઓ અનંતજ્ઞાની શ્રી જિનેશ્વર દેવોએ ફરમાવેલા જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર નામના પાંચેય આચારોને પોતાના આત્મા સાથે એકસાત્ બનાવીને, સદ્ધા હોકના અનુગ્રહની આતર એ પાંચે આચારોનું જ પ્રકાશન અપ્રમત્તપણે કરનારા હોય છે તેથી જ તેઓ સન્માર્ગનું સંસ્થાપન અને ઉન્માર્ગનું ઉન્મૂલન કરવા હંમેશા સજ્જન હોય છે, તેઓ ગમે તેવા પ્રસંગે અને ગમે તેઓ ભોગે પણ પોતાના સ્થાનની જવાબદારી બરાબર અદા કરે છે. પોતાના સ્થાનને માન-પાનાદિકના કારણે નહિ શોભાવતાં શઠનારાઓ, આવા કિંમતી સ્થાનને પોતાની પામરતાના યોગે કલંકિત કરવાનું પાપ વહોરે છે. એમાં લેશ પણ અત્યુક્તિ નથી જે પુણ્યાત્માઓએ સ્થાનને દિપાવી પ્રભુશાસનના પ્રભાવ ફેલાવવા પોતાથી બનતું કરવામાં કશી જ કમીના નથી રાખતા. તેઓ શ્રી નવપદોમાં અને શ્રી પંચ પરમેષ્ઠી પદોમાં ત્રીજા પદને અલંકૃત કરનારા હોઇ શ્રી જૈન શાસનના રાજા પદે હોવાથી શ્રી ઉપાધ્યાયાદિ સૌને એક સરખી રીતિએ આરાધના યોગ્ય છે. આવા શ્રી આચાર્ય ભગવંતોના ચરણોમાં કોટિશઃ વંદના...

લીંબુના ફૂલ શું છે ?

—નવીનચન્દ્ર છેડા. મુંબઇ

લીંબુના ફૂલ (સાઇટ્રીક એસિડ) એ લીંબુના રસમાંથી નથી બનત પણ એ જીવાણુમાંથી (દ્વારા) બને છે, જેનો નજરે જોયેલો અહેવાલ. એ જીવાણુ નરી આંખે જોઇ શકાતા નથી. પણ માઇક્રોસ્કોપ દ્વારા જોઇ શકાય છે. તે હલન-ચલન કરે છે. તે આપણી આંખના પલકારા જેટલા સમયમાં સાત ગણા વધતાં જાય છે. એટલે. એકમાંથી સાત થાય છે. અને સાતના હિસાબે વૃદ્ધિ પામે છે. આ જીવોનો ખોરાક મીઠો (Sweet) ખાવાનો છે અને મળ દ્વારા ખાટું પ્રવાહી બહાર કાઢે છે. આ જીવને શરીર છે. મોઢું છે. અને નિહાર કરવાની જગ્યા છે. પ્રજનન કુદરતી થાય છે. મીઠો પ્રવાહી પીતો જાય અને ખાટો પ્રવાહી કાઢતો જાય અને સાતના હિસાબે પ્રજનન થતું જાય.

લીંબુનાં ફૂલ બનાવવાની પ્રક્રિયા-સાકર બને છે ત્યારે જે પ્રવાહી બચે છે તે મોરેશીશ જેવું હોય છે. એક ટન જેટલો આ મીઠો પ્રવાહી મોટા ધાતુના વાસણમાં નાખવામાં આવે છે. પછી વજનથી ૦૧ કિલો જેટલા એ જીવાણુ તે મીઠા પ્રવાહીમાં નાખવામાં આવે છે. એ પ્રવાહી સાત દિવસ સુધી સતત ૨૪ કલાક વલોવાયા કરે. જીવાણુ સાતની સંખ્યામાં વધતા જાય છે. મીઠો પ્રવાહી આરોગતા જાય અને મળ દ્વારા ખાટું પ્રવાહી છોડતા જાય છે. સાત દિવસે ફોર્મ્યુલા પ્રમાણે મીઠો પ્રવાહી એકદમ ખાટું થઇ જાય છે. પછી એ ખાટા પ્રવાહીને સ્ટીમ (વરાળ) માંથી પસાર કરવામાં આવે છે. ત્યારે એમાં રહેલા બધા જીવાણુ નાશ પામે છે. પછી એ પ્રવાહીને ઝીણી ગરણીથી ગાળવામાં આવે છે.

ગરમીમાં નાશ પામેલા જીવાણુઓનો આઠથી દસ કિલો જેટલો લોંદો (કેક) નીકળે છે. આ લોંદાને થોડા જ સમયમાં જમીનમાં દાટી દેવામાં આવે છે. ગાળેલા પ્રવાહીને ફરીથી ઉકાળવામાં આવ્યા બાદ ઘટ પ્રવાહી બને છે. તેમાંથી સ્ટીમ દ્વારા તાર બનાવાય છે અને તેમાંથી નાના નાના ક્રીસ્ટલ (મોતી) બનાવવામાં આવે છે જેને લીંબુનાં ફૂલ કહે છે.

આનો ઉપયોગ-ઠંડા પાણીમાં-મીઠાઇ-પીપરમેન્ટ-ચોકલેટ-દવા-શાક-દાળ-ફરસાણમાં વધુ પડતો થાય છે.

તો હવે લીંબુનાં ફૂલનો ઉપયોગ આપણે કરવો કે ન કરવો એ આપણા હાથની વાત છે ! આમ લીંબુનાં ફૂલ અભક્ષ્ય છે.

(દિવ્ય ધ્વનિ ૧૯૯૪ સપ્ટેમ્બર)

મોકલનાર : વીરચંદ લાધાભાઇ ૩૫, જનકીનગર એકસ ઇંદોર

બેભાન અવસ્થામાં આવી ગયો હતો, તેમાંના ગૃહસ્થે તેનો હાથ ઠઠાવીને પોતાનો હાથ મૂક્યો, અને માણસોને મદદ કરવા માટે ભુમો પાડી, થોડીવારમાં પાણી આવવાની જગા પૂરી નાખી પછી પેલા છોકરાને લોકોએ ઘણું માન આપ્યું, કારણ કે તેનાથી આજે આખું ગામ બચ્યું હતું પછી તેને ઘેર મોકલ્યો.

આના ઉપરથી શીખામણ લેવાની કે ગમે એટલા નાના હોઇએ, તો પણ પરોપકાર કરી શકાય છે. પૈસાથી, મહેનતથી અને બોલવાથી લોકોનું ભલું કરાય છે. જેવી પોતાની શક્તિ હોય જે વેળાએ જે હાજર હોય તે વેળાએ તેવો ઉપકાર કરવો જોઇએ.



❋ ગરીબ છોકરાની દયા ❋

એક વેળાએ લંડનમાં એક ગૃહસ્થના બુટ રસ્તામાં ઠાઢવ લાગીને ખરાબ થયા હતા, તેને સાફ કરવા માટે કોઇ છોકરાને બોલાવતો હતો એટલામાં એક નાનો છોકરો ધીરે ધીરે આવતો હતો. તે જેવો તેની પાસે આવી પહોંચ્યો, તેટલામાં જ બીજો એક મોટો છોકરો દોડતો ત્યાં આવ્યો, પેલા ગૃહસ્થે કહ્યું કે-'આ નાનો છોકરો મારા જોડા સાફ કરશે. તું ચાલ્યો જા.' પેલા મોટા છોકરાએ કહ્યું, 'ઠીક છે સાહેબ, પણ તે એક મહીનાથી માંદો હતો અને તે હોસ્પીતાલમાં હતા તે ઘણું કામ હજી કરી શકતો નથી. હું તેને માટે કામ કરું છું.'

પેલા નાના છોકરાએ કહ્યું, 'હા એમ છે, મારાથી મહેનતનું કામ થતું નથી, તેથી આ છોકરો વખતો વખત મદદ કરે છે.' આ સાંભળીને પેલા ગૃહસ્થે કહ્યું કે જો બધા આવી રીતે એક બીજાને મદદ કરે તો ઘણુંજ દુઃખ ઓછું થાય.' ત્યારપછી પેલા ગૃહસ્થના જોડાં પેલા મોટા છોકરાએ સાફ કર્યા, ત્યારે પેલા ગૃહસ્થે એક શીલીંગ એટલે બાર આના આપીને કહ્યું કે, 'આમાંથી ૬ પેન્સ તું લેજે અને છ પેન્સ પેલા નાના છોકરાને આપજે.' પેલા મોટા છોકરાએ કહ્યું 'તેમ થાય નહિ. આ પૈસા જીમની મહેનતના છે. હું તે લઇ શકતો નથી.' અને તરત તેણે જીમની તરફ શિલિંગ ફેંકી. આનું નામ જ ખરી દયા છે.

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



* જીવને ખરેખર મજા ત્યારે જ આવે કે વારંવાર સતત મોક્ષ જ યાદ આવ્યા કરે દુનિયાના પદાર્થો પરનો રાગ પણ ન રહે આ શરીરનો પણ મોહ ઉતરી જાય, દુ:ખ વેઠવામાં આનંદ આવે તો !
* શરીરનો જ પૂજારી ધર્મ માટે અયોગ્ય. કોઇ પણ પ્રતિજ્ઞા ભાંગતા ક્ષોભ પણ લાગે નહિ.
* જેને સંસારનું સુખ માત્ર મજેનું લાગે છે, સુખનું સાધન શરીર સારૂં લાગે છે. તે માટે જે કરવું પડે તે કરવા તૈયાર છે. તે બધા સંસારમાં જ ભટકવાના છે.
* આ શરીર 'મિત્ર' જેવું લાગે છે તે 'શત્રુ' જેવું ન લાગે અને દુનિયાનું સુખ જ મોટામાં મોટું, દુ:ખનું કારણ છે આમ પણ ન લાગે ત્યાં સુધી શાસનનો રસ પેઠા થાય નહિ.
* સંયોગના સુખ હંમેશા દુ:ખ આપનારા છે. એકપણ સંયોગની ઇચ્છા ન હોય તે બધા સુખી !
* સાંભળેલું સમજ્યા વગર ચેન ન પડે અને સમજ્યા પછી તે ભૂલાય નહિ તેનું નામ શ્રોતા !
* દોષ ઉપર તિરસ્કાર જરૂર કરવાનો પણ દોષિત પર નહિ. દોષિતને તો બચાવવાની કોશિશ કરવાની.
* દુ:ખ તે સુધરવાની ચાવી છે સુખ તે બગડવાનો ધંધો છે.
* વિરાગના વૈરીને ધર્મ ન આવે. રાગના વૈરીને ધર્મ આવે.
* સંસારના સુખ માટે જ ધર્મ કરનારા કયારે કેવો અધર્મ કરે તે કાંઇ કહેવાય નહિ. સંસાર સુખનું જ અર્થી પણું એટલે પાપનું અર્થીપણું. તેથી તે જીવ જે કાંઇ ધર્મ કરે તે બધો પાપસ્વરૂપ બને.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

नमो चउविसाए तित्थयराणं
उसभाइ-महावीर-पज्जवसाणाणं.

જૈન શાસન

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

અઠવાડિક

વર્ષ ૧૦

અંક ૩૮+૩૯

તેની દીક્ષા નિષ્ફલ છે.

कषाया यस्यनो छिन्ना,
यस्य नात्मवशं मनः ।
इन्द्रियाणि न गुप्तानि,
प्रव्रज्या तस्य निष्फला ॥

જેના કષાયો નાશ પામ્યા નથી, જેનું મન પોતાને વશ નથી, જેની ઇન્દ્રિયો ગુપ્ત નથી, તેની પ્રવ્રજ્યા નિષ્ફલ છે.

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

શ્રી મોડપર પ્રાચીન તીર્થ

આ તીર્થનો વિકાસ થયો નૂતન ભવ્ય રંગ મંડપમાં ૯૯ ઈંચના શ્રી શત્રુંજય કેશરીઆ આદિશ્વરજીની પ્રતિષ્ઠા પછી દર્શનાર્થી વધવા લાગ્યા છે.

જામનગર–દ્વારકા રેલ્વે લાઈન ઉપર મોડપર સ્ટેશન છે ત્યાંથી દેરાસર ૧ કિ.મી. થાય છે. જામનગર–ખંભાળીયા હાઇ-વે ઉપર ૩૫ કિ. મી. કુલઝર ડેમના પાટીયા સુધી બસ જાય છે અને ત્યાંથી રીક્ષા, ટેક્ષી, ટેમ્પો વિ. આખો દિવસ મોડપર માટે મલે છે.

મોડપરમાં લાભ લેવાના નકરા બાકી નીચે મુજબ છે.

(૧) ધર્મશાળા ઉપર નામ બે લાખ.
(૨) ,, ઉપર હોલ (૪૦×૨૫) ૧ લાખ
(૩–૪) ,, ની રૂમ બે (૧૫×૧૧) દરેકનો ૫૧ હજાર.
(૫) ,, હોળી (૪૦×૬) ૫૧ હજાર.
(૬) ધર્મશાળા મેનગેટ ૨૧ હજાર.
(૭) ,, સીળી ૨૧ હજાર.
(૮) વાડી મેઈન ગેટ ૨૧ હજાર.
(૯) ઓફિસ સીડી ૧૫ હજાર.

મોડપર શ્રી સુપાર્શ્વનાથ મૂ જૈન દેરાસર તથા ઉપાશ્રય ટ્રસ્ટ

C/o. શ્રી વિમલનાથ જૈન દેરાસરજી

૪૫, દિગ્વિજય પ્લોટ, **જામનગર** (સૌરાષ્ટ્ર) ફોન : ૫૫૨૩૨૬

પાડીવમાં અપૂર્વ શાસન પ્રભાવના

પાડીવમાં પ. પૂ મેવાડદેશોદ્ધારક આ. દેવ શ્રીમદ્ વિ. જિતેન્દ્ર સૂ. મ. સા.ના શિષ્યરત્ન પ. પૂ. મહાતપસ્વી આ. ભ. શ્રીમદ્ વિ. કમલરત્ન સૂ.મ.સા ના પ્રશિષ્યરત્ન બાલમુનિરાજ શ્રી રત્નેશરત્ન વિ. (પાડીવવાલા) ગામમાં પધારેલ હોવ થી ગામમાં અપૂર્વ ઉત્સાહ હતો. ગામના અજૈન લોકો ભાઇ–બહેન બાલ–બચ્ચાઓ દૂરથી બહાર આવી ઉપાશ્રયમાં આવી જોવાની ભીડ જામી વૈશાખ વદ ૩ ઢિ. ૧૪–૫–૯૮ ને બાલ મુનિના સંસારી ઘરે મૂલચંદજી ગોપાજીના ઘરે વાજતે ગાજતે સંઘ સામે વ્યાખ્યાન પછી પારણા કરાવામાં આવેલ. વ્યાખ્યાનમાં બાલ મુનિરાજ શ્રી રત્નેશરત્નવિજયજીના પાડીવમાં સર્વપ્રથમ દીક્ષા પછી પ્રથમ પ્રવેશને અનુલક્ષીને ૩૨૫ રૂપિયાનું સંઘપૂજન થયેલ. સંસારી ઘેર પણ ગુરૂપૂજન પ્રભાવનાદિ થયેલ. પાડીવમાં જૈન-અજૈનમાં ખૂબ ઉત્સાહ હતો. બધા અંતરના શુભાશીર્વાદ આપતા હતા.

પ્રાતઃસ્મરણીય પ.પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ વાચના અર્થે સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ, શિવાય ચ ભવાય ચ

સંત્રીઓ
પ્રેમચંદ મેલાજી મુહકમ (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (વડોદરા)
પ્રાણલાલ ધરમશી મુહકમ (થાણા ગઢ)

વર્ષ : ૧૦] ૨૦૫૩ જેઠ સુદ-૧ મંગળવાર તા. ૨૬-૫-૯૭ [અંક : ૩૮-૩૯

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પ. પૂ. આ. દેવ શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, શ્રાવણ સુદ-૪ રવિવાર તા. ૩૦-૭-૧૯૮૭ ચંદનબાલા જૈન ઉપાશ્રય મુંબઈ-૬

(કો જિનાજ્ઞા વિરૂદ્ધ કે પૂ. પ્રવચનકારશ્રીના આશય વિરૂદ્ધ કાંઇપણ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના. **(પ્રવચન ૨૫ મું)** અવ૦)

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકારપરમર્ષિ આચાર્ય ભગવંત શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજા ફરમાવી રહ્યા છે કે- સાચું અને વાસ્તવિક સુખ મોક્ષમાં જ છે, પુણ્યથી મળતું એવું પણ સંસારનું સુખ તો સંસારમાં ભટકાવનારું છે. પુણ્યથી મળતું એવું જે સુખ તેના ઉપર રાગ થઈ જાય અને તેને મઝેથી ભોગવે તો તે ય સંસારમાં ભટકે. આ વાત જીવને સમજાય નહિ ત્યાં સુધી જીવનું ઠેકાણું પડે નહિ. આ વાત જીવને નહિ સમજવા દેનાર મિથ્યાત્વ મોહ છે.

અનંતિકાળથી સંસારના સુખની વાસના જીવને એવી વળગી છે કે, સમજુ જીવ પણ ક્યારે ગબડી જાય તે કહેવાય નહિ. આ સંસારનું સુખ બહુ જ ખરાબમાં ખરાબ ચીજ છે. તે સુખનો જરા પણ રાગ થયો એટલે તે જીવ ગયો સામટો. ચૌદ-પૂર્વી જેવા જીવો પણ સંસારના સુખમાં ભૂલ્યા, માન-પાનાદિમાં રાજી થયા તો ચારિત્ર ગુમાવ્યું, જ્ઞાન પણ ભૂલ્યા અને સમકિત પણ હારી ગયા અને આજે નરક-નિગોદમાં ગયા અનંતા જીવો છે.

આ વાત ધ્યાનમાં આવ્યા પછી પણ જો આપણે સાવચેત ન થઈએ તો ભગવાન શ્રી જિનેશ્વરદેવનો ધર્મ પામવો કઠીન છે, આરાધવો કઠીન છે. આરાધનાનું પણ કયારે પતન થાય તે કહી શકાય નહિ. માટે ધર્મનો આરાધક જીવ પણ સારી રીતે સમજીને જીવે નહિ તો પામેલો ધર્મ પણ હારી જાય. સાતમે મજલે અગાશીની પાળી ઉપર ચાલનારો કેટલી સાવધગિરિ અને સવચેતીથી ચાલે, તેના કરતાં પણ વધારે સાવચેતી અને કાળજી ધર્મ કરનારે રાખવી પડે.

મોક્ષની આરાધના કરવા માટે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રને પામ્યા વિના બીજો કોઇ ઉપાય નથી. તે ત્રણ ભેગા થાય તો જ મોક્ષ મળે. સમ્યક્ચારિત્ર પામવું બહુ કઠીન છે અને પામ્યા પછી પણ તેમાં સ્થિર રહેવું તેનાથી કઠીન છે. અનાદિની સંસારની વાસના કયારે હેરાન કરે તે કહેવાય નહિ માટે બહુ જ સાવધ રહેવું પડે. નહિ તો ભણેલા–ગણેલા પણ ભૂલે તે ભૂલે તે એવા ભૂલે કે અનેકને ઊંધે માર્ગે લઇ જાય. બધાને ભૂલાવનાર આ સંસારનું સુખ જ છે માટે જ જ્ઞાનિઓએ તે સુખને ભૂડામાં ભૂડું કહ્યું છે.

ભગવાને કહેલી આ વાત રોજ સાંભળવા છતાં ય, જાતે અનુભવ કરવા છતાં ય, સંસારનાં સુખના પરિણામ નજરે જોવા–જાણવા છતાં ય જો આ સંસારના સુખમાં જ મઝા આવતી હોય તો સમજી લેવું કે મિથ્યાત્વ હજી ગાઢ છે. જો ખાવામાં ભાન ભૂલો તો ખાવું બંધ થાય તે તમારો અનુભવ છેને? તેવી રીતે અનાદિકાળનો ખોટો અભ્યાસ જીવને ધર્મ પામવા દે નહિ, પાળવા દે નહિ, છેક ઉપર ચઢેલાને પણ નીચે પટકી પાડે છે. તે વાતને શ્રી મંગુ આચાર્યના દૃષ્ટાન્તથી સમજાવે છે.

જે જીવે ધર્મ પામવો હોય, આરાધવો હોય તેને સાધુ મહારાજને પણ ઓળખીને માનવા પડે. સાધુ સન્માર્ગે હોય તો પોતે ય તરે અને અનેકને તારે. પણ સાધુ જ જો સંસારના સુખનો, માન–પાનાદિનો રસિયો બને તો પોતે ય ડુબે અને અનેકને ડુબાડે. શાસ્ત્રે કહ્યું છે કે–સર્પ કરતાં પણ કુગુરૂથી ઘણું ઘણું ડરવાનું છે. કુગુરૂ પોતાના સ્વાર્થની સિધ્ધિ માટે ખોટું નિરૂપણ કર્યા વિના રહે નહિ અને અનેકને ડુબાડયા વિના રહે પણ નહિ. સુગુરૂ વિના ધર્મ પમાય નહિ અને આરાધાય પણ નહિ. માટે જ ગુરુને ઓળવાના છે.

શ્રી મંગુ નામના એક આચાર્ય ઘણા વિદ્વાન હતા. તેમનો શિષ્ય પરિવાર પણ મોટો હતો. તેમને મનગમતું ખાવા–પીવા અને સારૂં માન–પાન મળતુ હતું તેમાં તે મૂંઝાઇ ગયા અને ધીમે ધીમે સંયમમાં શિથિલ બનતા ગયા અને નિઃસગારવ અને

ઋદ્ધિ ગારવમાં ફસાઇ ગયા. આયુષ્ય પૂરૂં કરીને અધમ દેવગતિમાં ઉત્પન્ન થયા અને તે જ નગરની બહાર યક્ષ થયા. ત્યાં તેમણે પોતાનો પૂર્વભવ યાદ આવ્યો અને પશ્ચાત્તાપ કરવા લાગ્યા. ખાવા-પીવાદિમાં મઝા આવી, સંયમમાં શીથિલ બન્યો તેના પરિણામે કુદેવની યોનિમાં મારે આવવું પડયું. તે જ નગરમાં રહેલા પોતાના શિષ્યો સ્થંડિલ માટે બહાર જતા આવતા જોઇને તેઓએ વિચાર્યું કે– મારી જેમ મારા શિષ્યો પણ ભૂલ ન કરે માટે મારે તેમને સમજાવવા જોઇએ એટલે પોતાના શિષ્યો સ્થંડિલ ભૂમિએ જાય– આવે ત્યારે યક્ષ પ્રતિમામાં પેસી લાંબી જીભ બહાર કાઢીને રહેતા. કરોજ આવું જોવાથી શિષ્યોએ એકવાર પૂછયું કે– તમે આવું કેમ કરો છો ? તમારે કાંઇ કહેવું છે ? ત્યારે તેમણે કહ્યું કે–'પૂર્વભવમાં હું તમારો ગુરુ હતો. પણ મનગમતું ખાવા–પીવાદિમાં મઝા કરી સંયમમાં શિથિલતા સેવી તેના પરિણામે મારી આ હાલત થઇ છે. માટે તમે સૌ સંયમમાં જરા પણ પ્રમાદ કરતા નહિ.'

આના ઉપરથી પણ તમને ધ્યાનમાં આવે છે કે–**સાધુપણું પામવું કઠીન છે. પામ્યા પછી જીવનભર પાળવું કઠિન છે, મરતાં સુધી શાસ્ત્રમાં કહેલી સાચી વાત સમજાવવી કઠીન છે, માન–પાનમાં મૂંઝાય તે શાસ્ત્રથી વિરૂદ્ધ બોલ્યા વિના રહે નહિ. માટે તમારા માનપાનાદિમાં મૂંઝાયા વિના શાસ્ત્રથી વિરૂદ્ધ ન બોલવું તે કામ બહુ કઠીન છે જેટલા સાધુ તે બધા જ ઉપદેશક એવું નથી.**

જે સાવદ્યભાષા અને નિરવદ્યભાષાના ભેદને ન સમજે તો શાસ્ત્રે તે સાધુને ય બોલવાની મના કરી છે. **સાધુથી સાવદ્યભાષા ન બોલાય, સાવદ્યકામમાં અનુમોદના પણ ન થાય.** જે સાધુ ઉત્સર્ગ અપવાદ ન જાણે, કયા અવસરે શું બોલવું તે ન સમજે, અવસર ન ઓળખે અને બોલવા માંડે તો શું થાય ? બોલવાનું શા માટે છે ? સામાને લાભ થાય માટે. માટે જ શાસ્ત્રે કહ્યું છે કે ઉપદેશક શુધ્ધપ્રરૂપક જોઇએ.

આ જગતમાં શાસ્ત્રવિરૂધ્ધ બોલવાના કેટલા કારણો છે ? આ કાળમાં તો શાસ્ત્રવિરૂધ્ધ બોલે તે જ ફાવે ને ? આ કાળમાં મોટોવર્ગ એવો છે જેને શાસ્ત્રની પડી નથી. તે કેવળ ભૌતિકવાદમાં પડયો છે. આજે આખું જગત કયા માર્ગે છે ? તેને ઉદય અને ઉન્નતિ કરવી છે પણ શાની ? કેવળ ભૌતિકતાની જ. તેમાં જ રચ્યા–પચ્યા રહેલા વર્ગને 'આ સંસારનું સુખ છોડવા જેવું છે અને દુઃખ મઝેથી વેઠવા જેવું છે' તે શાસ્ત્રની વાત ફાવે ખરી ? તેને તો તે વાત કરનાર બેવકૂફ લાગે ! જીવને

જ્યાં સુધી સંસારનું સુખ ભૂંડું લાગે નહિ ત્યાં સુધી ગમે તેટલીવાર મોક્ષ શબ્દ કાને પડે તો પણ સમજવાની ઇચ્છા સરખી ય ન થાય.

લોકો કહે છે કે–'દુઃખનું ઔષધ કા'ડા' દુઃખી હોય તે પણ શાને ઝંખે? દુનિયાના સુખને જ. દુઃખીને વિચાર સરખો પણ નથી આવતો કે, 'મારે દુઃખ નથી જોઇતું છતાં પણ દુઃખ આવે છે કેમ? અને જે સુખ જોઇએ છે તે મળતું કેમ નથી? દુઃખ શાથી આવે છે? પાપથી. પાપ શા માટે થાય છે? સંસારના સુખને માટે જ. શાસ્ત્રે કહ્યું છે કે– પાપ દુઃખ આપવા માટે જ સર્જાયેલું છે. જે કોઇ પાપ કરે તેને દુઃખ આવે, આવે ને આવે જ. શ્રી અરિહંતપરમાત્માઓને પણ દુઃખ આવ્યા તો આપણને દુઃખ ન આવે? આ વાત બેસે તેને જ દુનિયાનું સુખ ભૂંડું લાગે. જગતના જીવો જે પાપ કરે છે તે કાં દુઃખ કાઢવા માટે કરે છે, કાં દુનિયાનું સુખ મેળવવા કરે છે. તમે બધા આજે દુનિયામાં સુખી થવા માટે શું શું કરો છો?

તમે બધા સમજો છો કે– સાધુઓ જો કાંઇ આપી દે કાંઇ બતાવી દે તો કામ થઇ જાય. સાધુઓ પણ જો તે કરવા માંડે તો તમને થાય કે–'સાધુઓ દેશ–કાળના જાણ છે! કેટલી દયા છે!! કેવા પરોપકારી છે!!! સમાજના હિતચિંતક છે!!!!' અનેક જીવોનો ઘાતુ થાય તેવા સાવદ્યકામો સાધુ કરે તો તે સાધુની 'સવ્વસાવજ્જ જોગં પચ્ચક્ખામિ' પ્રતિજ્ઞાનું શું થાય તેમ કોઇ શ્રાવક ચિંતા કરે ખરો?

'સંસારનું કોઇપણ કામ મનથી વચનથી કે કાયાથી હું સ્વયં કરું નહિ, બીજા પાસે કરાવું નહિ અને જે કોઇ કરતા હોય તેને સારા માનું નહિ' આવી પ્રતિજ્ઞા સાધુની છે તો તેનો ભંગ થાય ને? અમારું પચ્ચક્ખાણ 'તિવિહં તિવિહેણ' છે, નવકોટિ પરિશુધ્ધ અમારી પ્રતિજ્ઞા છે. જે સાધુ થયા તે ઘર–બાર, કુટુંબ–પરિવારાદિ મૂકીને તમારી સેવા કરવા નીકળ્યા છે? સ્વાર્થી લોકોને તો તેમનું કામ થાય તો રાજી રાજી થાય, અમારી વાહ વાહ કરે પણ અમારો ધર્મ સળગી ગયો તેનું શું?

(ક્રમશઃ)

卐

❋ ધર્મનો અધિકારી કોણ ? ❋

(ગતાંકથી ચાલુ) —અભ્યાસી

: ભવાભિનંદીપણું એટલે મોહની વફાદારી :

આ મોહની સત્તા અનાદિકાળથી આપણે આત્મા ઉપર ચલાવવા દીધી છે, એમાં એની એવી મજબુત પકડ આવી ગઇ છે કે એકાએક એને ઉથલાવી દેવાનું આપણું ગજું નથી. પણ આપણે એને ઓળખી લઇએ એટલે એનું જોર તૂટ્યા વિના રહે નહિ. જેની સેવા કરતા હોઇએ એની સેવા કરવા લાયક નથી, જેની સાથે રહેતા હોઇએ તેનો સાથ રાખવા જેવો નથી. આટલો ખ્યાલ પણ આવી જાય પછી એ સેવા કે સાથ ચાલુ રાખવાં પડે તો ય કેવી રીતે રાખીએ ? વફાદારી કે ઉમળકો તો હૈયામાં હોય નહિ ને ? અત્યારે આપણે સંસારમાં રહીને મોહના હુકમો ઉઠાવીએ છીએ તેમાં મોહ તરફની વફાદારી છે કે લાચારી ? લાચારીથી મોહના હુકમ ઉઠાવે એની ઉપરથી ધીમે ધીમે મોહનો અધિકાર ઉઠતો જાય અને અવસર આવ્યે મોહનો સામનો કરવાની હિંમત અને તાકાત એનામાં જાગે. શાસ્ત્રકાર મહાપુરૂષો, આવા જીવોને મોહના તાબેદાર હોવા છતાં મોહને ઓળખી ગયા હોવાથી અધ્યાત્મની નજીક ગણે છે.

પણ જે જીવો મોહના હુકમ વફાદારીથી ઉઠાવે છે એની સઘળી ય ક્રિયાઓ મોહને મજબુત બનાવનારી હોવાથી, દેખીતી રીતે અધ્યાત્મની લાગે તો ય મહાપુરૂષો એ ક્રિયાને અધ્યાત્મવૈરિણી ગણાવે છે. આપણી તો વફાદારી ય મોહ તરફની અને ક્રિયા પણ મોહને જ પોષનારી ચાલતી હોય. પછી જ્ઞાનીઓની નજરે આપણી અને અધ્યાત્મની વચ્ચે મેળ મળે એમ નથી—તે સ્પષ્ટ છે. મોહ તરફની આવી વફાદારી આપણામાં જીવતી હોય તો જ્ઞાનીઓ આપણી વાત કરવા પણ રાજી ન હોય. શ્રી તીર્થંકર પરમાત્મા 'સવિ જીવ કરું શાસનરસી'ની ભાવના ભાવીને તીર્થંકર બન્યા છતાં દેશના તો લઘુકર્મી એવા ભવ્યજીવોને ઉદ્દેશીને જ આપે. અભવી, દુર્ભવી, ભારેકર્મી આદિ અયોગ્ય જીવોને લાભ થવાનો સંભવ નહિ હોવાથી શ્રી તીર્થંકરદેવો પણ તેમની ઉપેક્ષા ન કરે તો શું કરે ? આવા અયોગ્ય જીવોના કાને સાચો ઉપદેશ પડે તો ય તેમની અયોગ્યતાને કારણે અનર્થ જ થાય.

વરસાદ ખેતરમાં પડે તો અનાજ પાકે અને ઉકરડે પડે તો ગંધાય. સાચી વાત પણ યોગ્યને જ કરાય. રોગી કાબુમાં હોય, કહ્યા મુજબ ચરી પાળતો હોય, રોગ પણ અસાધ્ય ન હોય, ત્યારે તેવાને રસાયણ અપાય તો રોગીને આરોગ્ય મળે અને વૈદ્યને જશ મળે. પણ રોગ વકરેલો હોય અને રોગી કહ્યાં કરતાં ઉલટું જ કરે એવો

હોય તો રસાયણ તો અપાય જ નહિ, પણ સાદી પડીકી આપવા ય સારે. વૈદ્ય રાજી નહિ. કોઇ ઉંટવૈદ્ય આવીને માત્રા આપે તો રોગીનો પ્રાણ જાય અને આપનારને ઠાળી ટાલી લાગે. હૈયામાં મોહની વફાદારી લઇને ફરનારા જીવોને તો અધ્યાત્મની વાત પણ સંભળાવવા જેવી નથી.

અત્યારે અતિશય જ્ઞાનીઓનો કાળ નથી, તેથી આ સ્થાનમાં જિનવાણી સાંભળવા આવનારા જીવો વ્યવહારથી લઘુકર્મી અને ધર્મની યોગ્યતાવાળા જ હોય એમ માનીને ઉપદેશ આપવાની વિધિ છે. આવા ઉપદેશકના માથે જ્ઞાનીઓએ બહુ મોટી જવાબદારી નાંખી છે. નિશ્ચય અને વ્યવહાર, ઉત્સર્ગ અને અપવાદ, શાસ્ત્ર અને સામાચારી : આ બધાનાં રહસ્યનો જ્ઞાતા હોય, સાધક-બાધક દેશકાળને ઓળખીને સમજાવવાની કલામાં પારંગત હોય અને પોતે શ્રદ્ધામાં સો ટચનો હોય એવો આત્મા જ ઉપદેશ આપવાનો અધિકારી છે.

આવા ઉપદેશકની સભામાં કોઇ અયોગ્ય જીવ આવી પણ ગયો હોય તો ય એને ફાવતું કાંઇ મળે નહિ. અને છતાં કોઇ ભારે અયોગ્ય જીવ ઊંધા અર્થ કરી ફાવતી વાત કરે એમાં ઉપદેશકને દોષ નથી. કારણ કે ઉપદેશકે તો શાસ્ત્રની જ વાત સાચી રીતે અને સાવચેતી પૂર્વક કહી છે. શુદ્ધ બુદ્ધિએ, શુદ્ધ વિધિએ, શુદ્ધ ઉપદેશ આપનારને તો એકાન્તે લાભ જ છે. ઉપદેશમાં જો આવી યોગ્યતા ન હોય તો તેની ગણતરી પણ 'મોહને વફાદાર'માં થાય. આવા કૂટેલા ઉપદેશકો ભગવાનની પાટે બેસીને ઉપદેશ આપે તો ય શાસનમાં એમનું કોઇ સ્થાન નથી. શાસનમાં રહીને શાસનમાં ભાંગફોડ કરનારા આવા ઉપદેશકોની વાણી અધ્યાત્મની વૈરિણી જ હોય અને એ સાંભળનારા સાવધ ન બને તો એમને ય અધ્યાત્મ સાથે વૈર બંધાઇ જાય એમાં શંકા નથી.

: ઉપકરણો અધિકરણો ન બને તેની કાળજી :

સંસારને સારો માનનાર જીવ, અર્થ-કામની પ્રવૃત્તિ તો અર્થ-કામ માટે જ કરે છે, પણ એનો ધર્મ પણ અર્થ-કામના જ લક્ષ્યવાળો હોવાથી એની બધી ક્રિયા અધ્યાત્મની વૈરિણી બને છે. આવા જીવો તો અર્થ-કામની લાલસામાં ને લાલસામાં પાપના ઢગલા બાંધતા જાય. એ પાપના ઉદયે દુઃખમાં રીબાતા જાય અને એ દુઃખમાં ય આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન કરી નવાં પાપ બાંધતા જાય. આમાં કયારેક ધર્મની સામગ્રી મલી જાય ત્યારે ય એ સામગ્રીનો ઉપયોગ અર્થ-કામની લાલસા ઘટાડવામાં કરવાને બદલે એ ય સામગ્રી અર્થ-કામની લાલસા વધારવામાં વાપરે, વધુ ભોગવવાની ભૂખમાં થોડો ત્યાગ કરે. આવા ત્યાગથી પુણ્ય બંધાય, તેના ઉદયમાં સુખ મળે ત્યારે તેમાં

પાગલ બની નવાં ચીકણાં પાપ બાંધે. આ રીતે આવા જીવો માટે પાપોદય અને પુણ્યોદય બંને પાપના જ કારણ બને.

સંસારમાં રખડતાં રખડતાં આવા જીવોના કર્મ, દુઃખો ભોગવીને હળવાં બને-ભવિતવ્યતા સુધરે ત્યારે સાચા ધર્મની પ્રાપ્તિ થાય. શાસ્ત્રોમાં ભારેકર્મી ગોશાલક, લક્ષ્મણા સાધ્વી વગેરે અનેક જીવોની આવી રખડપટ્ટીનાં વિગતવાર વર્ણનો આવે છે. એ બધાં દૃષ્ટાંતો વાંચીએ-સાંભળીએ ત્યારે 'આપણું શું થશે?' એવો વિચાર આવે ખરો? જ્ઞાનીઓએ આ બધાં દૃષ્ટાંતો આપણા આત્માને જગાડવા શાસ્ત્રોમાં મૂક્યાં છે. સંસારની સઘળી ય સુખ-સામગ્રી છોડીને ઊંચું જીવન જીવનારા આત્માઓ ય જરાક ચૂકયા, સંસારને જરા સારો માન્યો, સંસારની આસક્તિનો એક કણ ત્યાગ-વૈરાગ્યમાં પડયો કે નીચે પટકાયા. જેમના ઉપદેશના આલંબને અનેક તરી ગયા, એ પોતે જરાક ગફલતમાં રહ્યા તે ડુબ્યા. શાસ્ત્રોમાં ઠેર ઠેર આવાં દૃષ્ટાંતો પડયા છે. એ કેટલીય વાર વાંચીએ-સાંભળીએ તો ય મોહની ભયાનકતા સમજાય છે?

'આવા ક્રૂર-નીચ શત્રુનો વિશ્વાસ થાય નહિ, ગમે તે ભોગે અધ્યાત્મનું શરણ લઇ આ મોહના સંકજામાંથી છૂટવું જ રહ્યું, નહિ તો આ ભવ પૂરો થાય એટલીવાર છે-પછી ક્યાં ખોવાઇ જશું એનો પત્તો નહિ લાગે.' આવી વિચારણા ચાલે છે? ચાલતી હોય તો શાસ્ત્રો વાંચ્યાં-સાંભળ્યા લેખે ગણાય. આ રીતે સાનમાં નહિ સમજીએ તો પછી ડફણા ખાવાની તૈયારી રાખવી પડશે. શ્રી તીર્થંકર પરમાત્માઓને ય પાપના ફળ શ્રી તીર્થંકર તરીકેના છેલ્લા ભવ સુધી ભોગવવા પડયા છે-એ કર વરસે કર્મમાં કર્મ. એકવાર તો શ્રી પર્યુષણામાં સાંભળીએ છીએ ને? તો એ પાપ આપણને કેમ છોડે? વર્ષોથી શ્રી જિનવાણીનું શ્રવણ કરનારને આવી આત્મલક્ષી વિચારણા ચાલતી ન હોય તો એને માટે તો શ્રી જિનવાણી પણ નિષ્ફળ જ ને?

જેમ અનરાધાર વરસે નદી-નાળામાં પૂર ઉભરાતાં હોય તો ય ઊંધા ઘડામાં પાણીનું ટીપું ય ન હોય, જ્યાં સુધી સંસારનો રાગ ગાઢ થઇને પડયો છે, અધ્યાત્મની વાત માટે આપણો ય ઘડો ત્યાં સુધી ઊંધો જ પડયો છે.

: રસ્તો સાચો, પણ દિશા ખોટી :

આ સંસારનો રાગ જ્યાં સુધી છૂટે નહિ, પૂરો છૂટે નહિ તો ય પાતળો પડે નહિ ત્યાં સુધી સાચો ધર્મ થાય નહિ. આવા જીવો અધર્મ કરે તેથી અધર્મી ખરા, પણ ધર્મ કરે તો ય ધર્મી નહિ. કારણ કે આવા જીવોનો ધર્મ અધર્મ સ્વરૂપ, અધર્મનું કારણ અને અધર્મની પરંપરા ઉભી કરનાર બને. 'આવા જીવો અધર્મ કરે એના કરતાં,

ભલે સંસારના રાગથી પણ, ધર્મ કરે તે તો સારું જ ને?' એવો એમનો બચાવ થાય નહિ. ચોર કાળી રાતે ચોરી જાય અને ઠગ શાહુકાર બનીને ધોળે દિવસે ધૂતી જાય: માટે ચોર કરતા ઠગ સારો ન કહેવાય. દિવસે આવે કે રાતે, લુંટવા માટે ખોટા જ કહેવાય?

ચોર પકડવો સહેલો, ઠગ હાથમાં આવવો અઘરો, ઘણી જાગતો હોય તો ચોર ભાગી જાય, ઠગ તો ઘણી (માલિક)ને શોધતો આવે ને બંગેરી જાય : આ બધું વિચારતાં તો ઠગ ચોર કરતાંય ભૂંડો ગણાય. એકંદરે તો બંને ખોટા જ ગણાય. પેટ દુઃખે ને બમાય નહિ ત્યારે લાગે કે આના કરતાં તો માથાનો દુઃખાવો સારો, માથું દુઃખે ને બમાય નહિ ત્યારે કહે કે આના કરતાં તો પેટ દુઃખે તે સારું, હડીકતમાં કોઇ દુખાવો સારો નહિ. એમ આ સંસારના રસિયા જીવો સુખની લાલચમાં ધર્મ કરે કે અધર્મ : બંને ખોટા. જ્ઞાનીઓને એ બેમાંથી એકે ય ઇષ્ટ નહિ. છતાં સંસારના સુખ માટે અધર્મ કરનાર કરતા ધર્મ કરનારને જ્ઞાનીઓ વધુ ઠપકો આપે. ગઠા કપડા ગંઠડીમાં નાંખે તેના કરતા ઉજળા કપડા ગંઠડીમાં નાંખે તે વધારે ઠપકો ખાય. અજ્ઞાન ભૂત્ર કરે તેના કરતા ભણેલો ભૂલ કરે તો વધુ સજા થાય.

સારી વસ્તુનો ખોટા માટે ઉપયોગ કરે તે વધુ દોષપાત્ર ગણાય. તરવાના સાધનનો ડુબવામાં ઉપયોગ કરે એવાનો નિસ્તાર થવો અઘરો બને. આ બધી રીતે વિચારતા જ્ઞાનીઓ મલિન ધર્મને અધર્મ કરતા ય ભૂંડો કહે તો તેથી અકળાવવાની જરૂર નથી. તરવાની સામગ્રીથી ડુબવાનો ધંધો કરવાની આપણી કુટેવ અનાદિકાલની છે–તે જ્ઞાનીઓ જાણે છે, માટે ટકોરા મારીને આપણી પાત્રતા તપાસે અને પછી જ ધર્મ આપે તેમાં નવાઇ નથી. આપણને મલિન ધર્મ ગમે છે માટે 'જ્ઞાનીઓને પણ અમે અધર્મ કરીએ એના કરતા આવો–મલિન પણ ધર્મ કરીએ તે વધુ ઇષ્ટ છે.' આવી વાતો કરીને જ્ઞાનીઓની આશાતના ન કરાય.

રોગી દવા લીધા વિના રોગથી રિબાઇને મરે તે સાચા વૈદ્યને ન ગમે, અને દવાની સાથે અપથ્ય ખાઇ, દવાને ઝેર બનાવી, એ દવા ખાતા–ખાતા મરે:એ ય સાચા વૈદ્યને ન ગમે. 'દર્દી દવા વિના મરે અને આમ અવળી રીતે દવા લઇને મરે–આ બેમાં તમને વધારે શું ગમે? દર્દીએ કઇ રીતે મરવું વધારે સારું?' આવા સવાલ સાચા વૈદ્યને પૂછાય નહિ અને કોઇ પૂછે તો વૈદ્ય કહે કે 'તને અકકલનું અજીર્ણ થયું છે!' 'કોઇ પણ રીતે જીવો ધર્મ કરે તે જ્ઞાનીઓને ઇષ્ટ છે, 'જ્ઞાનીઓ મોક્ષ માટે ધર્મ કરવાનું કહે તે બરાબર છે, પણ સંસાર માટે ધર્મ કરવાનું કહે તો શું

અધર્મ કરવાનું કહે ?' આવું લખવા-બોલવામાં આપણી અકકલના પ્રદર્શનની સાથે સાથે જ્ઞાનીઓની ઘોર આશાતના થાય છે-એ ભૂલવા જેવું નથી.

વૈદ્ય સાચો હોય-સ્વાર્થી ન હોય-તો આપણા નાશવંત શરીરની ય સંભાળ માટે સાચી સલાહ જ આપે. તો આપણા ભાવદયાના સાગર જેવા જ્ઞાનીઓ આપણા શાશ્વત આત્માની સંભાળ માટે કદી ખોટી સલાહ આપે ? આપણને ખોટું ગમે તે આપણા પાપોના ઉદય છે, તેથી કાંઇ આપણી વાત જ્ઞાનીઓના નામે ન ચડાવાય. આપણે ગમે તે બરાદે પણ ધર્મ કરીએ તે જ્ઞાનીઓને ગમતું હોત તો જ્ઞાનીઓએ 'લોકોત્તર મિથ્યાત્વ'ને પાપ તરીકે ગણાવ્યું જ ન હોત. અન્ય ધર્મવાળા માને છે તેવા. રાગી-દ્વેષી દેવને દેવ તરીકે માનવા, વ્રત વગરના (પરિગ્રહ વગેરે રાખનારા) ને ગુરૂ તરીકે માનવા અને એવાઓએ સ્થાપેલા (હિંસા વગેરે દોષોથી યુકત) એવા ધર્મને ધર્મ તરીકે માનવો : આ લૌકિક મિથ્યાત્વ કહેવાય.

આવા અશુદ્ધ દેવ, ગુરૂ અને ધર્મને છોડીને, વીતરાગ શ્રી તીર્થંકર પરમાત્માને દેવ તરીકે, પંચમહાવ્રતધારી મહાત્માને ગુરૂ તરીકે, અને આવા દેવ-ગુરૂએ સ્થાપેલા-ઉપદેશેલા-આચરેલા ધર્મને ધર્મ તરીકે સ્વીકારવાને સમ્યકત્વ કહેવાય છે. પરંતુ આ સાચા દેવ-ગુરૂ-ધર્મને પણ જો મોક્ષ સિવાયના, સાંસારિક (આ લોક કે પરલોકમાં અર્થ કામ મેળવવાના) હેતુથી સેવે તો તે લોકોત્તર મિથ્યાત્વ કહેવાય. આ લોકોત્તર મિથ્યાત્વને જ્ઞાનીઓએ લૌકિક મિથ્યાત્વ કરતાં વધુ ભયંકર કહ્યું છે.

લોકોત્તર દેવ-ગુરૂ-ધર્મની ઉપાસના, તે લૌકિક મિથ્યાત્વનો દોષ મટાડે છે, તે સાચા દેવ-ગુરૂ-ધર્મનો પોતાની લાલસા માટે દુરૂપયોગ કરનારાને બચાવવાનું જ્ઞાનીઓ માટે પણ અઘરૂં છે. રોગીને ઔષધ આપીને બચાવી લેવાય, પણ ઔષધને જ અવળી રીતે લઇને ઝેર બનાવી દેનાર માટે સારો વૈદ્ય પણ કહે કે 'મારૂં આમાં કામ નહિ' તમે તે બરાદે જીવો ધર્મ કરે તે જ્ઞાનીઓને ઇષ્ટ હોત તો આ લોકોત્તર મિથ્યાત્વની બદલે તે લૌકિક મિથ્યાત્વ કરતા વધુ ભયંકર હોવાની વાત જ જ્ઞાનીઓએ શાસ્ત્રમાં કહી ન હોત. કારણ કે લોકોત્તર મિથ્યાત્વવાળો ધર્મ તો કરે જ છે, એટલું જ નહિ, પણ શ્રી જિનધર્મ જ કરે છે. છતાં એવા જીવને ધર્મ નહિ કરનાર કરતાં કે મિથ્યાધર્મ કરનાર કરતાં ઊંચો નહિ ગણતા મિથ્યાત્વી ગણ્યો છે. લૌકિક મિથ્યાત્વી કરતા વધારે બરાબ ગણ્યો છે.

'શનિની શાંતિ માટે શનિવારે હનુમાનને તેલ-સિંદુર ચઢાવે તેના કરતાં તો શનિવારે શ્રી મુનિસુવ્રતસ્વામીની માળા ગણે તે સારૂં ને ?' માનનારા, લખનારા,

બોલનારાં પોતે ક્યાં જાય અને આપણને ક્યાં લઇ જાય એનો હવે ખ્યાલ આવે છે? જૈનકુળમાં જન્મેલાને શનિની શાંતિ માટે શનિવારે હનુમાનને પૂજવા જવું હોય તો ય છાનામાના ગભરાતાં ગભરાતાં જવું પડે. કોઇ જાણી જાય તો જૈન સાધર્મિક તો ટોકે જ, પણ ઇતર મિત્ર પણ ડાહ્યો હોય તો ય ઝાટકી નાંખે. રીઢા ન બનેલા હોય તો પોતાનાં મનમાં ય ખટકે કે હું આ ઠીક નથી કરતો તેથી આ પાપ લાંબુ ચાલે નહિ અને ચાલે તો ય એનો ચીલો પડે નહિ, મૂળીયાં ઊંડાં જાય નહિ.

જ્યારે શનિની શાંતિ માટે શનિવારે શ્રી મુનિસુવ્રતસ્વામીની માળા જપનારો તો વટથી અને ઠાઠથી મંદિરે જાય, ભારે ભભકાથી પૂજા કરે અને ઠાવકો થઇને માળા જપે. મનમાં ખોટું કરવાનો જરા ય ખટકો નહિ અને કોઇક સમજુ કદાચ ધ્યાન દોરે તો રૂઆબથી કહે કે 'બીજે તો નથી જતો ને?' આવાનું ઠેકાણું પડે? લૌકિક મિથ્યાત્વ કરતાં લોકોત્તર મિથ્યાત્વ ભયંકર કેમ- એનો ખ્યાલ આવા 'નમૂના' જોઇને તરત આવે. જ્ઞાનીઓની વાત મનમાં બરાબર ઠસી જાય. પણ આપણું ઠેકાણે ન હોય તો આપણે આવાની વાતમાં આવી જઇએ અને આ રીતે અનેક લોકો ઉન્માર્ગે ચઢીને બરબાદ થઇ જાય.

આવા લાલચુઓનો 'શનિ ઠેકાણે આવી જાય' પછી મંદિરમાં એ મળે નહિ મહિનાના કે વરસના ખાસ ખાસ દિવસે ભોયણી, શંખેશ્વર, પાલીતાણા વગેરે સ્થળે દોડીને જનારા આ ભગત, પોતાના ઘરની દિવાલને અડીને આવેલા મંદિરમાં કદી પગ ન મૂકતા હોય એવું ય બને. આવા જીવોનાં અનુષ્ઠાન, દેખીતી રીતે, સાચા આરાધકોનાં અનુષ્ઠાન કરતાં ચડિયાતાં પણ હોય છતાં ય જ્ઞાનીઓની દૃષ્ટિએ એની કોઇ કિંમત નથી. સાચે રસ્તે, પણ ખોટી દિશામાં ચાલનારો જેટલો વધારે ઉતાવળો ચાલે એટલો વધુ ભટકે. સાચે રસ્તે સાચી દિશામાં ચાલનારો ધીમો ચાલે તો ય જેટલુ ચાલે એટલો રસ્તો કાપે. દિશા પકડાય નહિ ત્યાં સુધી સાચે રસ્તે પણ દોડવા ન મંડાય. ભગવાને ભાખેલો ધર્મ, મોક્ષનો સાચો માર્ગ છે. પણ એ માર્ગે ચાલતાં પહેલાં મોં, અર્થકામની દિશા તરફથી ફેરવીને મોક્ષની દિશા તરફ વાળવું પડે. નહિ તો જેટલું દોડીએ એથી બમણું રખડીએ.

આ મોં ફેરવવાની ક્રિયા તે અધ્યાત્મની પૂર્વસેવા-ભૂમિકા-છે, અને પછી દોટ મૂકીએ તે અધ્યાત્મ છે. મોહના અધિકાર નીચે દબાયેલો જીવ અર્થ-કામ તરફ મોં કરીને બેઠેલો છે, તેથી તેને અધ્યાત્મ માટે અનધિકારી કહ્યો છે. 'ગતમોહાધિકાર' નું મોં સાચી દિશામાં છે તેથી તે તેની શક્તિ મુજબની દોટ મૂકે તો ફાવવાનો છે.

સંસારને સારો માનનારની દિશા અવળી છે, તે ફેરવ્યા વિના તે દોડે તો મહેનત માથે પડવાની છે, માટે તેની ક્રિયાને અધ્યાત્મ નહિ કહેતાં અધ્યાત્મની વૈરિણી કહી છે.

— જ્ઞાનીઓના મનની વાત —

આટલી વાત વિચાર્યા પછી સ્પષ્ટ થઈ જાય છે કે :– આપણે ધર્મ ન કરીએ તે જ્ઞાનીઓને ઇષ્ટ નથી; અધર્મ કરીએ તે જ્ઞાનીઓને ઇષ્ટ નથી; અને ગમે તે માટે, ગમે તે રીતે ધર્મ કરીએ– તે પણ ઇષ્ટ નથી. સંસારને ભયંકર માનીને સંસારથી છૂટવાના ઇરાદે, શક્તિ**મુ**જબ સંસારને છોડતાં રહેવાનો ધર્મ આપણે કરીએ તે એક જ વાત જ્ઞાનીઓને ઇષ્ટ છે. અહીં 'સંસાર' એટલે; અર્થ–કામનાં સાધન, તે મેળવવાની ભોગવવાની–સાચવવાની ઇચ્છા અને તે ઇચ્છાના યોગે થતી સઘળી ય પ્રવૃત્તિ સમજવાની છે. આ પ્રવૃત્તિઓમાં કેટલીક સારી ય દેખાતી હોય તો ય તે સારી નથી, પણ ખરાબ જ છે– એ ગોખી રાખવાનું છે.

સંસાર વધારનારી પ્રવૃત્તિ, 'બહારથી સારી દેખાતી હોય તેથી સારી છે' એમ માનનાર–કરનાર–બોલનારનો વિશ્વાસ થાય નહિ. એ સાધુ હોય તો ય તેને હાથ જોડાય નહિ. માથું નમાવાય નહિ, ગુરુ ગણાય નહિ. એનાં તપ–ત્યાગને વખાણાય નહિ. રાતો રાત પાટિયું ફેરવી ગામને ન્હવરાવી ગયેલાઓ, શરૂ–શરૂમાં આબરૂ જમાવવા વ્યવહાર ચોકખા હોય, તેને નીતિ કહેવાય કે દગો કહેવાય? 'સારું દેખાય તેથી તે સારું જ હોય એવું નહિ' એમ વ્યવહારમાં ય સમજો છો ને? તો પછી અહીં ધર્મમાં જ ભોળા કેમ થવાય છે? આપણે ભોળા નથી, પણ પોલા છીએ, માટે પોલી વાત જ ગમી જાય છે. આવી પોલને કારણે જ મેરુપર્વત જેટલા ઓઘા થઇ ગયા– એમ જ્ઞાનીઓ કહે છે, છતાં આપણું ઠેકાણું પડ્યું નથી. હજી આવી પોલ ચાલે તો કેટલું રખડીએ એ કહી શકાય નહિ. તેથી જ્ઞાનીઓ અધ્યાત્મની વાત કરતાં તેના અધિકારી–અનધિકારીની વાત પહેલી કરે છે.

મહાભારતનાં પ્રસંગો

[પ્રકરણ-૨૭] —શ્રી રાજુભાઇ પંડિત

અગર કંસને ના હણું તો...

કંસ પોતાના નગરમાં જ નહિ, પરંતુ કંસ પોતે યોજેલા ધનુષ્યારોપણ રંગ મંડપમાં આવીને ધનુષ્યને ધારણ કરીને પોતાની જ સગી આંખ સામેથી ચાલ્યા જતા. પોતાના નજીકના સમયના જ હત્યારા નંદના નંદન ગણાતા શ્રીકૃષ્ણને કડક બંદોબસ્ત તથા સશસ્ત્ર સૈન્યદળોમાંથી કોઇ જ પકડી ના શકયું તેનો અફસોસ કંસને રાત-દા'ડો તડફડાવતો રહ્યો.

કંસને કોણ સમજાવે કે જે દિવસ તારો મોતનો ભાગ્યવિધાતાએ લખી રાખ્યો છે એજ દિવસે એ શ્રીકૃષ્ણ તારૂ મોત બનીને આવશે. કંસ ! તારા યમરાજ ગણાતા શ્રીકૃષ્ણ સામે છળ-કપટ કે ષડયંત્રો રચીશ મા. આ બધા ષડયંત્રોમાંથી પર થઇને તે તારા પ્રાણો હરી જ લેશે.

મૃત્યુદાતાથી મળનારા મોતથી ફફડી રહેલા કંસે ફરીવાર નંદના નંદન શ્રીકૃષ્ણને મલ્લયુદ્ધના બહાને જીવતા જ હણી નાંખવા માટે ફરી એકવાર એજ ધનુષ્યનો મહોત્સવ આદર્યો, જે ધનુષ્ય એક દિવસ શ્રી કૃષ્ણના હાથમાં આવી જવાનુ છે.

આ તરફ મથુરામાં કંસની નજરકેદમાં ફસાયેલા વસુદેવ કે જે શ્રીકૃષ્ણના જન્મદાતા પિતા છે, તેમને કંસની મનની મેલી દાનતનો અંદાજ આવી ગયો. આથી નંદગોકુલમાં રાજાને-બલદેવને પોતાના મનની બધી વાતો જણાવડાવી દીધી. બીજી તરફ સમુદ્ર વિજય આદિ પોતાના વડિલ બંધુઓને પણ વસુદેવે કંસની મેલી મંથરાટી જણાવી અને સાથે સાથે શ્રીકૃષ્ણના રક્ષણ માટે તે દરેકને મથુરા આવી જવા જણાવ્યું.

હવે મથુરામાં ધનુષ્યનો મહોત્સવ શરૂ થતા આમંત્રિત રાજા-મહારાજાઓ મથુરા આવવા લાગ્યા હતા. શૌર્યપુરથી દશેય દશાર્હો-યાદવો પણ વસુદેવના આમંત્રણથી આવી ગયા હતા.

આ બાજુ નંદગોકુળના માર્ગેથી મથુરા તરફ જતા રાજાઓને જોઇને શ્રીકૃષ્ણે બલરામને કહ્યું-'ચાલોને બંધુ ! આપણે પણ મથુરા જઇને મલ્લયુદ્ધ જોઇએ. મારી ત્યાં જવાની અત્યંત ઉત્કંઠા છે. ચાલો આપણે ત્યાં જઇએ. મારી આટલી ઇચ્છા પૂરી કરો બંધુ !

હવે શ્રીકૃષ્ણને પિતા વસુદેવ સંબંધી બધી હકિકતો સ્પષ્ટપણે ખ્યાલમાં આવવાનો સમય પાકી ગયેલો જાણીને બલદેવ સીધા યશોદા પાસે આવ્યા અને કહેવા લાગ્યા કે—અમે મથુરા જવા ઇચ્છીએ છીએ. એટલે અમને બંનેને જલ્દી સ્નાન કરાવ.'

યશોદાએ કહ્યું—'તમને બંનેને સ્નાન કરાવવાનો મારે અવસર (સમય) નથી.'

આથી ક્રોધાવેશ થઇ ગયેલા બલરામે કહ્યું—'અરે દાસી! તું તને પોતાને જાણતી નથી કે તું કોણ છે? બહુ ઘમંડી બની ગઇ છે કેમ?' આમ કહીને દીન વદનવાળા થઇ ગયેલા કૃષ્ણને જલ્દીથી સ્નાન કરાવવા કાલિન્દી—યમુના કીનારે બલદેવ લઇ ગયા.

યમુનાતટે આવીને બલરામે શ્રીકૃષ્ણને પૂછ્યું—'વત્સ! તું સાવ દીન વદનવાળો કેમ ઉદાસ દેખાય છે?'

શ્રીકૃષ્ણે કહ્યું—'તમે મારી યશોદા માતાને 'દાસી' શા માટે કહી માતાનો તિરસ્કાર પુત્ર પોતાની હાજરીમાં સાંખી કેમ શકે?'

બલરામે શ્રીકૃષ્ણને મસ્તક ઉપર ચૂમતા કહ્યું—વત્સ! ન તો યશોદા તારી માતા છે કે ન તો નંદ તારા પિતા છે. તારી માતા તો દેવકરાજની પુત્રી દેવકી છે કે જે મથુરાથી ગોકુળ સુધી આવી આવીને તને સ્તનપાન કરાવતી હતી. અને માત્ર તારા જ નહિ મારા પણ પિતા વસુદેવ છે. અને દુશાર્તના અધિપતિ સમુદ્રવિજય રાજા વસુદેવના વડિલબંધુ છે.

શ્રીકૃષ્ણે વચ્ચે જ પૂછ્યું—તો તો બલદેવ! તું મારો ભાઇ જ છે એમ ને?

બલદેવે કહ્યું હા! વત્સ! આપણે બંને એક જ પિતાના પુત્રો છીએ. આપણી માત્ર માતા અલગ અલગ છે. વળી વત્સ? આ ગાયો ચરાવનારા ગોપાળની તારી જ્ઞાતિ નથી. તું તો પ્રચંડ પરાક્રમી તેજસ્વી એવા યાદવોનો વંશ જ છે, વત્સ! અને જ્ઞાની ભગવંતોએ એમને કહ્યું છે કે—'તું ભરતાર્ધનો અધિપતિ બનીશ.' આવા ગાયોના ચરાવનારા કુળમાં તારો જન્મ થઇ જ શાનો શકે? મરૂદેશમાં કલ્પવૃક્ષ ઊગ્યું કહિ જાણ્યું છે, વત્સ!

શ્રીકૃષ્ણે પૂછ્યું—તો હું ગોકુળમાં શી રીતે આવી ચડયો?

વત્સ! દેવકી અને વસુદેવે અમારા ગોત્રના સર્વસ્વભૂત તને ભયથી ફફડી જઇને ગોકુળમાં નંદગોવાળને ત્યાં રક્ષણ માટે છૂપાવી રાખ્યો હતો.

પણ બંધુ! આવા શક્તિશાળી પિતા વસુદેવને કોનો ભય હતો કે જેથી તેમણે મને ગોવાળાથી ભર્યા ભર્યા આ ગોકુળમાં સંતાડવો પડયો હતો.?

બલદેવે હવે શ્રીકૃષ્ણને દેવકીના છ-છ પુત્રોના જન્મતા જ પત્થર સ થે પછાડીને કરેલા મોત જણાવ્યા. અને કહ્યું કે-વત્સ ! તારૂ રક્ષણ તો કોઇપણ ભોગે કરવાનું માતા દેવકીએ વસુદેવને કહ્યું-વસુદેવની પણ એજ ઇચ્છા હતી. તારો જન્મ થયો. કંસના કરડાકી ભર્યા ચોકી પહેરામાંથી પુન્યયોગે તું મથુરાના કારાગૃહમાં નજરકેદ થયેલી તારી જન્મદાત્રી માત્રાથી જન્મતાની સાથે જ વિખૂટો પડયો. વચ્ચે ભીષણ મોજાઓ ઉછાળતી ભયાનક યમુના નદી આવી. રાતના ભયાનક અંધકારમાં ભીષણ રૌદ્ર સ્વરૂપ ધારી યમુના નદીને વિંધવી. અને તે પણ કંસના કોઇપણ ગુપ્તચરને ખબર ના પડે તે રીતે. અને દેવકીના સાતમા પુત્ર એવા તને લઇને જવાનું... વત્સ ! એ પ્રસંગની કલ્પના જ ધ્રુજારી ઉભી કરે છે. પણ તારા જ પુન્યપ્રભાવે દેવીએ નદીમાં રસ્તો કરી દીધો. નંદ ગોપાળને ત્યાં તે જ સમયે યોગાનુયોગ પુત્રી જન્મી હતી. તેને લઇને તેના સ્થાને તને મૂકીને પિતા વસુદેવ મથુરા પાછા ફર્યા. સવારે તારા સ્થાને પુત્રીને જોતાં કંસને થયું.-'મારી જેવા પ્રચંડ શક્તિના ધણીને આ શક્તિહીન છોકરી હણશે. હા. હા હા: અસંભવ. અસંભવ. હું અજર-અમર છું મને કોણ મારી શકવાનું છે. ભાઇ મુનિ અતિમુક્તકની વાત જુઠી પડી છે.' આ રીતે તે નિર્ભિકપણે જીવતો હતો પણ આખરે નૈમિત્તિક દ્વારા તેને જાણ થઇ કે મારો શત્રુ જીવી રહ્યો છે. ત્યારથી તે ફફડી રહ્યો છે.' વત્સ ! આ છે તારી જનમ કહાની.

આટલું સાંભળતાં જ રોષારૂણ થઇ ચૂકેલા શ્રીકૃષ્ણે કહ્યું કે-હે સર્વે સિદ્ધ ગાંધર્વો એક વડીલર મારી આ પ્રતિજ્ઞા સાંભળો. મારા તરતના જન્મેલા છ/છ બંધુઓના હત્યારા કંસને કરેકે કરેક રાજાઓના દેખતા હણી ના નાંખું તો તેણે કરેલા મારા બંધુઓની હત્યાનું પાપ મને ચોંટજો.

શ્રીકૃષ્ણની આવી પ્રતિજ્ઞા સાંભળીને ખુશ-ખુશ થઇ ગયેલા બલરામે શ્રીકૃષ્ણને આલિંગન કર્યું. અને કહ્યું કે-'વત્સ ! આ પ્રતિજ્ઞાથી તેં યાદવકુળને તિલક લગાડયું છે.' હે વત્સ ! હવે અહીં જ સ્નાન કરીને આપણે બંને મથુરા તરફ જઇશું.

યમુના નદીમાં સ્નાન કરવા બલરામ શ્રીકૃષ્ણને લઇ ગયાં. પણ ત્યાં દૃષ્ટિવિષ કાલીનાગ રહેતો હતો તે કૃષ્ણને ડંખવા ઝડપથી કૃષ્ણ તરફ સરકયો. અને લોકોમાં હાહાકાર મચી ગયો. પણ બાલ શ્રીકૃષ્ણે તે કાળીનાગને બરાબર ગળેથી પકડયો. પછી તેના નાકમાં વિંધ પાડીને ઘોડા જેવી લગામ લગાવી તેના મસ્તક ઉપર બેસીને બંને જાનુ વડે નાગનું ખતરનાક દમન કરીને સાવ નિર્વિષ કરી દઇને યમુનામાં દૂર દૂર જઇને તેને મારી ન નાંખતા જીવતો જ છોડી મૂકયો.

ગોકુળમાં કાળીનાગ દમનની જાણ થતાં ગોવાળો આવી ચડ્યા. અને શ્રીકૃષ્ણની સ્તવના/પ્રશંસા કરવા લાગ્યા.

કૃષ્ણ તથા બલરામ હવે આ ગોવાળો સાથે જ મથુરા તરફ ગયા.

મથુરામાં કૃષ્ણને પ્રવેશતા જ હણાવી નાંખવા માટે કંસે પદ્મોત્તર તથા ચંપક નામના મદમાતા પ્રચંડ શક્તિશાળી હાથીઓને ગોઠવી રાખ્યા હતા.

આ બાજુ ગોપાળો સાથે આનંદ મસ્તીથી શ્રીકૃષ્ણ-બલરામ આવી રહ્યા છે. તેમને આવતાં જોતાની સાથે જ કંસના આદેશથી પદ્મોત્તર હાથી શ્રીકૃષ્ણ તરફ અને ચંપક હાથી બલદેવ તરફ દોડ્યો. નગરજનોમાં હાહાકાર મચી ગયો. બંને નાના બાળક જેવા શ્રીકૃષ્ણ તથા બલદેવને હમણાં હતા ન હતા કરી નાંખશે તેવો ભય સર્વત્ર વ્યાપી ગયો પણ શ્રીકૃષ્ણ પદ્મોત્તરની સામે દોડીને તેના દંતશુળને હાથમાં પકડીને પૂરા જોશથી ફાડીને હાથીને નિષ્ઠુર પ્રહારો કરી કરીને શ્રીકૃષ્ણે રમતમાં જ હણી નાંખ્યો. એજ રીતે ચંપક હસ્તીને બલદેવે ખલાસ કરી નાંખ્યો.

હાથીઓ હણાતા નગરજનોમાં જયારવ મચી ગયો. લોકોએ બંને ઉપર પુષ્પોની વૃષ્ટિઓ કરવા માંડી.

પૂરી ખુમારી, સ્વસ્થતા સાથે ગોવિંદે રંગ મંચમાં પ્રવેશ કરતાં જ લોકોની નજર તેની ઉપર મંડાઈ ગઇ. અને લોકો કહેવા લાગ્યા કે-આ તે જ કેશિ અશ્વનો સંહારક છે, આ તે જ વૃષભનો મર્દક છે, આ તે જ ગોપાલનો તિલક છે, હસ્તીઓને હણનારા આ જ છે. કાળીનાગનું દમન કરનારો આ તે જ નંદનો નંદન છે.

આ રીતે પ્રશંસા પામતા પામતા શ્રીકૃષ્ણ રંગ મંડપમાં જઇને ખુમારી પૂર્વક બલદેવની સાથે એક મંચ ઉપર આરૂઢ થયા. (ક્રમશઃ)

શાસન સમાચાર-મુંબઇ-માટુંગા કિંગ્સાઉથ-અત્રે ન્યુ મહાવીર બિલ્ડીંગમાં માતુશ્રી કંકુબા જૈન રીલીજીયસ ટ્રસ્ટ તરફથી જિનબિંબોની અંજન શલાકા તથા પ્રતિષ્ઠા તથા શ્રી ગૌતમસ્વામી તથા પૂ.આ.શ્રીવિ. રામચંદ્ર સૂ. મ.ની ગુરૂમૂર્તિની પ્રતિષ્ઠા નિમિતે પૂ.આ.શ્રીવિ ગુણયશ સૂ. મ., પૂ.આ.શ્રીવિ. કીર્તિયશ સૂ. મ.ની નિશ્રામાં ચૈત્ર વદ ૧૩ વૈ. ૭ સુધીનો ભવ્ય મહોત્સવ ચોજાયો છે. અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવનો લાભ શ્રી નંદલાલ દેવચંદ શેઠ પરિવાર (કલકત્તા) શ્રી ગોવીંદજી જેવંત ખોના પરિવાર (મુંબઇ) તથા કરજણ નિવાસી તલાકસી જસાજી રૂમાલવાળા પરિવાર (મુંબઇ) તરફથી ચોજાયો છે.

ગુજરાતની ગરીબા !

મુનિ વિશ્વાનંદ વિ. તરફથી (કચ્છ-ડોણવાળા)

તા. ૨૯-૭-૯૩ ગુરૂવાર એહમદાવાદ

દેવ ગુરુ ભક્તિ કારક ધર્મપ્રેમી રાકેશ આદિ સમસ્ત રાઠોડ પરિવાર જોગ, ધર્મલાભ.

તારો ફોન આવ્યો તે સમાચાર મળી ગયા અત્રે આનંદ-મંગળ છે તમારે ત્યાં પણ આનંદ મંગળ હોા.

અહમદાવાદ હું ચોથી વાર આવ્યો લગભગ ૨૮ વરસના સમયમાં જ્યારે પણ હું એહમદાવાદ આવ્યો છું ત્યારે દરેક વખતે એહમદાવાદનો રંગ જુદો જોવા મળ્યો અગાઉ જેવી રોનક આજે નથી આમ જુઓ તો એહમદાવાદની સ્થાપના થઇ ત્યારથી રંગ બદલાતા રહ્યા છે ચાર એહમદે એ ભેગા થઇ ઇ.સ. ૧૪૧૧ની માર્ચની ૪થી તારીખે એહમદાવાદ શહેરનો શાસ્ત્ર વિધિ અનુસાર પાયો નાખ્યો એમ **'મીરાતે - એહમદી'** માં લખ્યું છે.

એહમદાવાદનું પત્તન થવાનું છેલ્લા પચ્ચીસ વરસથી થયું છે તેવું પત્તન તો અગાઉ કયારે નોતુ થયુ જુના એહમદાવાદની પ્રાચિન પોળોમાંથી જૈન-જૈનેતર વસ્તી નીકળીને નદીપાર સોસાયટીમાં તેમજ રેલ્વે બહારની સોસાયટીમાં જતી રહી પોળોમાં નજીક નજીકમાં લગભગ ૮૧ જૈન દેરાસર છે તેમાં પાર વગરની પ્રાચિન મૂર્તિઓ (પ્રતિમાઓ) છે. જે જોતા જ મન હરી લે તેવી છે તેના દર્શન-પૂજન માટે હવે ભીડ થતી નથી ૧૭ સાધુ મહારાજના ને ૫૩ સાધ્વીજી મ. ના ઉપાશ્રય છે દરેકમાં સાધુ સાધ્વીજી રહેલા છે પણ તેમના દર્શને જનારાની ઓછપ વર્તાય છે.

૧૯૬૫ પ્રથમવાર ૧૯૬૭ બીજીવાર ૧૯૭૨ ત્રીજીવાર ૧૯૯૩માં ચોથીવાર. હું ચોથીવાર ૨૦ વરસ પછી એહમદાવાદ આવ્યો આ ચોથી વારનું એહમદાવાદ નૂર રહિત દેખાય છે. જૈન-જૈનેતર કોઈના મોઢામાં આનંદ દેખાતો નથી ઉતરેલા-ઉદાસીનતા મોઢા ઉપર છે. આજીવિકાની ફીકર તેમને સતાવી રહી છે. ૨૦ મીલો જનતાને ખોટ દેખાડી બંધ કરી દેવામાં આવી બાકીની ૪૦ મીલો પણ બંધ કરી દેવામાં આવશે પરિણામે બીજા પણ જૈન-જૈનેતર કુટુંબો આર્થિક-દુઃખમાં સપડાઇ જશે. આજે પોળોમાં ઘેર ઘેર શોકાતુર માનવો જોવા મળે છે. થોડાક પૈસામાંથી શું લાવવું ને શું ન લાવવું તેમની ફીકરમાં પડેલા છે માતાઓ પોતાના નાના બાળકોને દુધ પણ

પીવરાવવા માટે સમર્થ નથી. તેઓ ઘેર આવેલા પરોણા–સાધુ–સાધ્વીજી મ.ની ભક્તિ જરૂર કરે છે. પણ પોતે અછતમાં ચલાવી લે છે. ૨૦ મીલો બંધ પડવાથી લગભગ ૭૦–૮૦ હજાર કામગારો બેકાર બની ગયા તેની પાછળ લાખોની સંખ્યામાં દુઃખી થયા છે. મુશીબતમાં મુકાયા છે.

આ પરિસ્થિતિને બદલી શકાય એમ છે, આ પરિસ્થિત માનવ સર્જીત છે જાણી જોઇને ઊભી કરવામાં આવેલ છે. મહાનપૂર્વજોના વારસદારો જે મીલ–માલીક બની તેમને કેવલ ધન જોઇએ છે મનુષ્ય જોઇતા નથી તે ધન મહાનુભાવોની મેરબાનીથી મલી જાય એમ છે તેથી મીલમાં રોકેલું ધન ખેંચી લઇને અન્યત્ર કારખાના, ફેકટરી જમીનો (પાવરલુમ) વગેરેમાં રોકી વરસો જુના કામગારોને બેકાર બનાવી દીધા તેમને આબરૂની પડી નથી સાખ જેવું હવે તેમના રહ્યું નથી.

એમના મહાન પૂર્વજો જે થોડા જ વરસો પહેલા આ ધરતી ઉપર હતા તેઓ કોઇના આંશુ પણ જોઇ શકતા ન હતા લુંછવા બેસતા હતા. એમના જવાની સાથે સખી પણું પણ જતું રહ્યું કેવા એ ભગુભાઇ, જમનાભાઇ, જીવાભાઇ, જેઠાભાઇ ચમનભાઇ (દડીયા) ચીનુભાઇ, મયાભાઇ, લાલભાઇ, સારાભાઇ રમણભાઇ, (શ્રોફ) કેસુભાઇ, કસ્તુરભાઇ, વળી અમરસી, રૂપસી, કમળસી, ઠાકરસી, પ્રતાપસી વળી અમથાલાલ, નાથાલાલ, કચરાલાલ. મફતલાલ. જયંતીલાલ, શાંતિલાલ, કાંતિલાલ ફોગટલાલ, મુગટલાલ જેવા આજે નથી એનાથી થોડા આગળના પૂર્વજો લઇએ તો તેની પણ ભવ્ય ગૌરવ ગાથા છે. દેવ કરણ, આશ કરણ, મુલ કરણ, અલેચંદ મલુકચંદ, અનોપચંદ, જેચંદ, રીખબચંદ, સુખાજી રવચંદ, વખતચંદ, હકમચંદ. રવચંદ, સકળચંદ. કસળચંદ, સરુપચંદ. શોભાગચંદ, નવલચંદ. સાકેરચંદ. સવચંદ. બાકરચંદ ફકીરચંદ, લાલતચંદ, અમરચંદ, વરદીચંદ, વળી પ્રેમાભાઇ, હેમાભાઇ લાલભાઇ, નરસેરામ, પુંજારામ, જગતરામ, દોલત, કાતારામ, ચંદારામ, બુલાખીદાસ, ચતુરદાસ, પરરામદાસ, જેવા આજે કયા એનાથી આગળ જુઓ મહાન એવા મોતીશા માણેકશા, ઝગાન શાહ કાલુશાહ, ટોકરશાહ, ખીમાશાહ, ગેબનશા, હેંશાશાહ સંગ્રામ શાહ, દેદાશાહ, પેથડશાહ, ઝાંઝણશાહ, કમાલશાહ, ધરણુશાહ, સમરાશાહ, તેજાશાહ, કમાલશાહ. બાવડશાહ, જાવડશાહ, વધજલશાહ, સારંગશાહ, ઐબકશાહ વગેરેની આજે ખોટ છે એનાથી આગળ જુઓ વસ્તુપાલ, તેજપાલ, કુમારપાલ, કરણપાલ વગેરે મહાન પૂર્વજો. યાદ કરવા જેવા.

એહમદાવાદમાં ધનની ખેટ નથી ધનવાનો ઘણાં છે પણ સખાં દિલવાળા ઉપર ગણાવેલા જેવા આગેવાનોની ખોટ છે.

વર્તમાનના આગેવાનો પાસે એવા ઉંચા આદર્શ કે સખાં પણ જોવામાં આવતું નથી. એવી સુઝ–બુઝ તેમને નથી કે ગરિબાઇ આદિ દુઃખ સંકટોનું નિવારણ તેઓ કરી શકે.

જો આજે પણ ઉંચા આદર્શવાદી નેતા ને સખી દિલ શ્રીમંતો પ્રગટે તો મહાન એહમદશાહ મહાન કુતુબશાહ જેવા **બાદશાહ** અને અકબરના દુધભાઇ મીરઝા અઝિઝ કોકા ઉર્ફે આઝમખાન જેવા સુબાઓના સમયમાં જે એહમદાવાદની નામ પ્રમાણે જ આબાદી હતી તે પુનઃ પ્રાપ્ત થાય.

રાકેશ સમય મેળવીને એહમદાવાદ આવો તો પ્રાચિન પોળો. પ્રાચિન પ્રતિમાઓ પ્રાચિન જૈન–જૈનેતર સ્મારકો દેખાડીને ગુજરાતની ભવ્ય સંસ્કૃતિની કંઇક ઝાંખી કરાવીયે.

એહમદાવાદની નજદીકમાં સેરીસા રાંતેજ, શંખલપુર, લોંયણી પાનસર, સરખેજ, રાજપર, સરસપર, નરોડા, વળી વિજાપુર, વાલમ, તારંગા, મેશાણા, ઇડર, પોસીના કુંભારીયાજી વગેરે પ્રાચિન અને ધોલકા, નંદાસર, કોબા વગેરે અર્વાચિન તીર્થોની યાત્રાનો લાભ મળે એમ છે. પત્ર વાંચીને વંચાવજે. –ધર્મલાભ

શ્રી ઉપાધ્યાયપદનું સ્વરૂપ

ભાવાચાર્ય રૂપ રાજાના મંત્રીપદને અલંકૃત કરનારા શ્રી ઉપાધ્યાય ભગવંતો ચોથા પરમેષ્ઠિ પદે પ્રતિષ્ઠિત છે. શ્રી આચારાંગ આદિ બારે ય અંગ સૂત્રોના તેમજ ઉપાંગસૂત્રોના સ્વાધ્યાયના પારગામી અને તેના અર્થોના ધારક હોવા સાથે તેઓ સૂત્ર અને અર્થ ઉભયનો વિસ્તાર કરવામાં રત હોય છે.

સમ્યક્ત્વની નિર્મળતા અને ચારિત્રની શુદ્ધિ તથા વૃદ્ધિ પણ શુદ્ધ કોટિના શ્રુત જ્ઞાન ઉપર જ નિર્ભર છે. એવા અનુપમ શ્રુતજ્ઞાન ના દાતા તેઓ આ શાસનમાં ઘણું જ ઉંચું સ્થાન ભોગવે છે. જ્ઞાનદાન સમાન કોઇ જ દાન નથી. જ્ઞાન દાન દ્વારા પથ્થર જેવા શિષ્યોને પણ ચેતનવંતા બનાવે છે. અજ્ઞાની જીવોને મંડાવૈદ્યની જેમ શ્રેષ્ઠ શ્રુત રસાયણ આપે છે. ગુણ રૂપી ઉપવનને ખેદાન મેદાન કરનાર મદ રૂપી હાથીઓને વંશ કરવા માટે અંકુશ જેવું જ્ઞાનનું દાન જેઓ કરે છે. તે શ્રી ઉપાધ્યાય ભગવંતો શાસનના શ્રુતને અવિચ્છિન્ન પ્રવાહિત બનાવી રાખવા માટે યોગ્ય શિષ્યવર્ગને સિદ્ધાંતની વાચનાનું દાન આપવા સદાય સજ્જ રહે છે. આ રીતિએ અનેક પ્રકારે સ્વ–પરના હિતની સાધનામાં ઉદ્યોત યુવરાજ સમાન એવા શ્રી ઉપાધ્યાય ભગવંતો કલ્યાણના કામી આત્માઓ માટે સદા ય આરાધ્ય છે.



પ્યારા ભૂલકાઓ...

જૈન ધર્મનું પૂર્ણ લક્ષ્ય છે વીતરાગની પ્રાપ્તિ. આ વીતરાગ છે તે મંગળમય છે. મંગળ કરનારું છે એના જ તેજમાં–પ્રકાશમાં ચાલતો માનવી 'અરિહંત' પદને પામે છે આ વીતરાગતા સમ્યગ્દર્શન જ્ઞાન–ચારિત્રરૂપી રત્નત્રયની સમન્વિત સાધનામાંથી પ્રાપ્ત થાય છે. શ્રદ્ધા જ્ઞાન અને ચારિત્ર એ ત્રણેનો સમન્વિત પંથ જ માનવીને મુક્તિ અથવા શિવમંદિર સુધી પહોંચાડે છે. આ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રથી જ મનુષ્ય પૂર્ણતાને પામી શકે છે.

સર્વજ્ઞ કથિત ધર્મયુક્ત જીવન જીવવા માટે છે. સર્વજ્ઞ કથિત ધર્મને જાણે પણ આચરણ ન કરે અને પોપટિયા જ્ઞાનની માફક 'અરિહંત-અરિહંત' બોલે, રટયા જ કરે તો તેનું કાંઇ કિંમત નથી તેનું કાર્ય સિદ્ધ થતું નથી. સર્વજ્ઞ કથિત ધર્મ સાંભળીને કદાચ પંડિત બની જશે પણ તે કેવો ? 'પોથીમાંના રીંગણા જેવો.'

જૈન ધર્મનો સૌ પ્રથમનો અને મૂળભૂત ઉપદેશ એ છે કે શ્રદ્ધાપૂર્વક વિવેકની આંખો વડે ધર્મનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરો એને જીવનમાં ઉતારો અને તેનું યથાયોગ્ય આરાધન કરો આ દરેક જૈનકુળમાં જન્મેલા ભવ્યાત્માઓનું કર્તવ્ય છે.

સંપૂર્ણ ધર્મની આચરણા–વિચારણાનું કેન્દ્રબિંદુ વીતરાગતાની પ્રાપ્તિ કરાવે છે. પ્રવૃત્તિ કે નિવૃત્તિની સ્થિતિમાં જો વીતરાગતા વધતી જાય તો જ તે શ્રેયસ્કર ગણાય છે. બાકી બધુ વ્યર્થ છે.

શ્રધ્ધાપૂર્વક વિવેકની દૃષ્ટિ મળ્યા વગર વીતરાગતાની પ્રાપ્તિનો રસ્તો હાથમાં આવતો નથી. શ્રધ્ધાપૂર્વક વિવેકની દૃષ્ટિ જ પ્રવૃત્તિમાં નિવૃત્તિ અને નિવૃત્તિમાંનું પ્રવૃત્તિ દર્શન કરાવી યથાર્થ માર્ગદર્શન આપી શકે છે. આ જ વિવેકના સથવારે વીતરાગતા પામી શકાય છે.

રવિશિશુ C/o. જૈન શાસન કાર્યાલય

— આજનું સુવાક્ય —

પોતાની ભૂલને ભૂલ માને અને અંતરમાં નમ્રતાને સ્થાન આપે તે જ સાચી ક્ષમાપના કરી શકે છે.

શ્રાવક એટલે ?

શ્રા – શ્રદ્ધા – સમ્યગદર્શન
વ – વિવેક – સમ્યગ્જ્ઞાન
ક – ક્રિયા – સમ્યક્ચારિત્ર

—સમકિત સોહન

શ્રોતા

પાષણ– પત્થર જેવા સાંભળે ભણે પણ પાપબુદ્ધિ ન છોડે

કાણા વાળો ધક્કો– સાંભળેલું નીકળી જાય તરત જ ભૂલી જાય

ઘેટા–પોતાના પાલકને જ માથું મારે તેમ શ્રોતા પોતાના જ્ઞાનદાતા ગુરુનું જ બૂરું ચિંતવે.

મસક–બહારથી ધર્મિષ્ઠ લાગે પણ અંદરથી ધર્મ ઇચ્છા રહિત તથા ક્રોધાદિથી ભરેલા

સર્પ–ગમે તેટલું સારું જ્ઞાન આપો છતાં અવળો અર્થ લે.

પાડો– શ્રોતા, ખોટા બરાડા પાડી સભા ડહોળી નાખે.

બિલાડો- દૂધ ઢોળીને પીએ, તેમ ઉપદેશકનું અનિષ્ટ ચિંતવી સાંભળે.

બગલો – બહારથી ઉજળો અંદરથી મેલો તેમ બહારથી વિનયી અંદરથી મલિન.

પોપટ – માત્ર ગોખેલું જ બોલે.

માટી – પાણી મળે તો ભીની પછી સૂકી તેમ સાધુ સંગે કોમળ અસંગે કઠોર.

ડાંસ – ચટકા ભરે તેમ શ્રોતા શ્રોતા બધડે સભાને બેઠ પેઠા કરાવે.

જળો – અશુદ્ધ લોહી પીએ તેમ છીછરી વાતો બાદરાએ તત્ત્વજ્ઞાન નહિ.

ગાય – થોડું ખાઇને દૂધ આપે તેમ થોડું સાંભળીને ગુરુનો ઉપકાર માને.

બકરી – શાંતીથી નમી નમીને પાણી પીએ તેમ નમી-નમીને શાંતિથી સાંભળે.

હંસ – પાણી છોડીને માત્ર દુધ જ પીએ તેમ સાર–સાર ગ્રહણ કરે.

—વિરુચી

— વિધ વિધ તપ —

શારીરિક તપ દેવ, ગુરૂ, જ્ઞાની આદિની પૂજા પવિત્રતા, સરળતા. બ્રહ્મચર્ય અહિંસા વગેરેનું પાલન.

વાચિક તપ બીજાને ઉદ્વેગ ન થાય તેવી સત્ય, પ્રિય હિતકારી વાણી બોલવી તથા સુસાહિત્યનું અધ્યયન કરતું તે.

માનસિક તપ મનની પ્રસન્નતા, શાંતી સ્વભાવ, મૌન, આત્મસંયમ અને ભાવોની પવિત્રતા રાખવી તે.

સાત્વિક તપ આ ત્રણેય તપ જો ભૌતિક ફળની ઇચ્છા વિના નિસ્પૃહ ભાવે કરવામાં આવે તો તે સાત્વિક કહેવાય છે.

રાજસ તપ માન- સન્માન–પૂજા વગેરેની ઇચ્છાથી કંભપૂર્વક તપ કરવામાં આવે.

તામસ તપ હઠાગ્રહથી માત્ર શરીરને કષ્ટ આપવું અથવા તો બીજાનો સત્યાનાશ વાળવા તપ કરવો તે.

—શશીકલ

મહિમા

અવગુણને સવળા કરે.
ક્રોધીનો ક્રોધ હટાવે,
સરળતા પ્રગટાવે,
અકડ ઇને ટાળે,
અભિમાનીને નમાવે,
ખરેખર !
પ્રભુ ભક્તિનો મહિમા
અવર્ણનીય છે.

—ધીરજ વીકી સોલંકી

છોડવા જોઇએ

શુળવાળાએ ઘિઠળને છોડવું જોઇએ.
કોઢીયાને મિષ્ટાન(માંસ)ને છોડવું જોઇએ.
તાવવાળાએ ઘી ને છોડવું જોઇએ.
અતિસારવાળાએ(ઝાડા)નવા કાળને છોડવી જોઇએ.
નેત્રરોગીએ મૈથુનને છોડવું જોઇએ.

—તુષાર સોલંકી

*

— છોડ – કોઇ છોડશે નહિ —

ઉંચે આકાશમાં ફરવા નીકળેલ એક સમડીની દૃષ્ટિ પોતાનું ઇષ્ટ ભોજન ગોતી રહી હતી ચક્કર ચક્કર મારતી સમડીને એક માછલીનો ટુકડો દેખાઇ ગયો. બસ ! સિંહ ફાળ ભળી સમડી પૃથ્વી તલ ઉપર આવી હડપ કરતી સમડીએ માછલીનો ટુકડો મોમાં લઇ લીધો ફરી પાછી સફળ આકાશ ભણી ચાલુ થઇ ગઇ.

સતત ચોકી કરતા અને ડોળા ફેરવતા કાગડાઓ તથા ધ્યાનમાં તલ્લીન બનેલી સમડીઓની નજરે પેલી માછલીનો ટુકડો ચઢી આવ્યો. કાગડાઓ અને સમડીઓએ તેનો પીછો કર્યો. તરાપ મારી, ચાંચ ઉપર ચાંચોનો માર પડવા લાગ્યો હેરાન–પરેશાન

કરવા લાગ્યા જંપીને બેસવા કે ઉડવા દેતાં નથી માછલીના ટુકડો પડાવી લેવા મથતા હતા. છેવટે ચક્કર મારતી પેલી સમડી થાકી ગઇ. મનોમન નિર્ધાર કરીને ટુકડો પડતો મુકયો જતો કર્યો અધવચ્ચેથી બીજી સમડીએ ગ્રહણ કરી લીધો ટુકડો લઇને ભાગવા માંડી આથી કાગડાઓ અને બીજી સમડીઓ પેલી સમડીને મૂકીને માછલીના સમડીની પાછળ પડયા. પહેલી સમડી શાંતિનો દમ ખેંચતી એક ઝાડ પર જઇને બેઠી.

એક ચિંતકની નજરે આ ખેલ ચઢી આવ્યો મનોમન આભાર માનતા તેઓ બોલવા લાગ્યા...હે સમડી !

તારી પાસેથી હું એટલું શીખ્યો કે સંસારની ઉપાધિઓને છોડી દેવાથી જ શાંતિ છે. નહિ તો મોટી આફત છે ! જે છોડી દે છે, એને પછી કોઇ છેડતું નથી

--રશ્મિ-વસુ



પ્રભુ ! દૂર કરો અંધારું —પૂ. મુ. શ્રી મોક્ષરતિવિજયજી મ.

હે પ્રભુ ! તારા ગિરૂઆ ગુણ સુણતાં મારા શ્રવણે અમી ઝરે છે એ સાવ સાચી વાત છે. પણ તો પછી જે બધું સાંભળતા કાનમાં ઝેર ઝરવું જોઇએ એ બધુ સાંભળવાનું મન શા માટે થયા કરે છે મને...? મને જવાબ નહીં આપે, પ્રભુ ?

હે પ્રભુ ! બગીચામાં કલાકેક બેસું છું ત્યારે ફૂલોની સુંદરતા અને સુગંધ મારા દિલોદિમાગને તાજગીથી ભરી દે છે...બોટું ના લગાડતો હોં પ્રભુ, પણ તારા ગુણો કે તારી વાણી હજુ સુધી તો આવું કશું કરી શકયાં નથી !

હે પ્રભુ ! જ્યોતિ બનીને આવ, અને મારાં અંતરમાંથી તિમિરને દૂર કર ! અંજન બનીને આવ, અને મારી આંખોમાંથી વિકૃતિને દૂર કર ! વૃષ્ટિ બનીને આવ, અને મારા આત્માંથી મલિનતાને દૂર કર ! તારી પ્રતિક્ષામાં ઝુરૂં છું, પ્રભુ, સત્વર આવ !

હે પ્રભુ ! તારૂં મુખડું અને મારી આંખોઃ જાણે ચન્દ્ર અને ચકોર ! તારી વાણી અને મારૂં હૈયું: જાણે મેહુલો અને મોર ! તારા ગુણલા અને મારો આતમઃ જાણે મૂરત અને મંદિર ! તું અને હું : જાણે ક્ષીર અને નીર ! આવી ધન્ય દશા માટે દિનરાત તલસું છું, દિનરાત.

સર્વે ગુણા કાંચનમાશ્રયન્તેમાં માનતા સમાજમાં રાજકારણનું અપરાધીકરણ ન થાય તો બીજું શું થાય !

—બકુલ દેસાઇ

આપણે બધા વીસ વર્ષથી જાણીએ છીએ કે રાજકારણનું વ્યવસ્થિત રીતે ગુનેગારીકરણ થઇ રહ્યું છે. ગુનેગારો વહીવટીતંત્ર અને પોલીસતંત્ર સાથે સાંઠગાંઠ બાંધી રહ્યા છે. અપરાધીઓ ન્યાયતંત્રના પવિત્ર મંદિરને અભડાવવાની દિશામાં આગળ વધી રહ્યા છે. સિનેસ્ટારો ગુનેગારોના ગાંઠિયા બની રહ્યા છે. ભારત જેવા વિશાળ દેશનું ગુપ્તચર તંત્ર જેની ભાળ મેળવી શકતું નથી તેવા દાઉદ ઇબ્રાહિમ જેવા નામીચા ગુનેગારનો દિલ્હી કે મુંબઇથી ટેલિફોન પર સંપર્ક સાધી ઈન્ટરવ્યુ લેવા જેટલી કે તેમને અઘટિત પ્રસિદ્ધ આપવા જેટલી ધનિષ્ઠતા કેટલાક અખબારો, સામયિકો અને પત્રકારો કેળવી ચૂકયા છે. આને કારણે સંસદમાં વોહરા સમિતિનો હેવાલ, કે તેનો કેટલોક અંશ, કે મતારેલો હેવાલ રજુ થયો ત્યારે દેશની પ્રજાને આશ્ચર્ય ન થયું. વોહરા સમિતિનું તારતમ્ય એ કોઇ નવી વાત ન હતી પણ પ્રજા જેના ઓથાર નીચે બે દશકાથી જીવી રહી છે તે હકીકતનો મોડો મોડો સ્વીકાર માત્ર હતો. આ ખેલાડીઓના નામો કે અપરાધીકરણની રમતના આટાપાટાની માહિતીના અભાવે આ અહેવાલ પ્રજામાં ખાસ રસ જગાવી ન શકે.

આ અહેવાલ વોહરા સમિતિએ રજુ કરેલો અહેવાલ જ છે અને સરકારે તેમાં કોઇ જાતનો ફેરફાર કર્યો નથી એમ જયારે જવાબદાર પ્રધાનો સંસદને કહે ત્યારે તેને સ્વીકારવા જેટલી લોકશાહીમાં શ્રદ્ધા આપણે ધરાવીએ છીએ અને તેમાં ગાબડું પડે તેવી સ્થિતિ સરકાર નહીં સરજે તેવી આશા રાખીએ હેવાલ બાબતમાં શંકા પેદા થવા માટેની જવાબદારી કટોકટીખ્યાત વિદ્યાચરણ શુકલાની છે તે સંસદીય બાબતોના પ્રધાન છે એટલે તે જે કંઇ કહે તે સરકારવતી કહે છે એમ માનવું જોઇએ. આ સજ્જને વોહરા સમિતિ હેવાલ સંસદમાં રજુ કરાયો તેના માત્ર બે દિવસ પહેલાં જ કહ્યું હતું કે આ અહેવાલ સો પૃષ્ઠોનો છે જ્યારે સંસદમાં ૧૨ પૃષ્ઠો હેવાલ રજુ થયો આથી બાકીના ૮૮ પૃષ્ઠો કઇ લેંસ વાગોળી ગઇ તેવો પ્રશ્ન પૂછનારાઓને દોષ કઇ શકાશે નહીં

આટલો છબરડો પૂરતો ન હોય તેમ હેવાલમાં પેરેગ્રાફોના નંબરોમાં ગોટાળો હતો. પેરા નં. ત્રણ પછીના પેરાનો નં સાત હોય તો વચલા પેરેગ્રાફો કયાં ગોવાઇ

ગયા તેવો પ્રશ્ન ઉઠવાનો જ. ગૃહપ્રધાને ખુલાસો કર્યો કે ટાઇપ ભૂલ છે. એ પણ શક્ય છે. ટાઇપીસ્ટોની ભૂલોથી આપણે ટેવાયેલા છીએ અને બિનકાર્યક્ષમ સરકારી નોકરોને બરતરફ કરવાનું સહેલું ન હોવાથી અને પગાર તો મસ્ટરમાં સહી કરવાથી મળે છે. હાજર કરવા હથેળી ગરમ કરવી જોઇએ એવી સંસ્કૃતિમાં રાચતા સરકારી નોકરો વધુ પ્રમાણમાં ભૂલ કરે એ સમજી શકાય છે. આવા મહત્ત્વના હેવાલમાં આ પ્રકારની ભૂલ સરકારની વિશ્વસનિયતામાં શંકા પેદા કરશે તેની પણ પરવા ન કરનારા ડઝનબંધી પ્રધાનો અને એક પ્રધાનના અનેક સચિવો, ઉપસચિવો અને અંગત સચિવોના ધાડાઓ કેટલા નિંભર અને નઘરોળ બની ગયા છે તેની પ્રતીતિ કરાવે છે.

વોહરા સમિતિ અહેવાલમાં કશું નવું નથી તો પણ એ અત્યંત મહત્ત્વનો દસ્તાવેજ છે. રાજકારણીઓ અને ગુનેગારો વચ્ચેના સંબંધો અંગે તપાસ કરવાની અને તેનો હેવાલ સંસદ સમક્ષ મૂકવાની સરકારની ફરજ છે તે વાતનો સ્વીકાર કરતો દસ્તાવેજ છે. પ્રજા અનૌપચારિક રીતે જે વાત કહેતી હતી તે રાજકારણીઓ, વહીવટીતંત્ર, પોલીસતંત્ર, ન્યાયતંત્ર અને અખબારોની ગુનેગારો સાથેની સાંઠગાંઠનો સત્તાવાર સ્વીકાર કરતો સરકારી દસ્તાવેજ છે. સરકારે અને વિરોધ પક્ષે, સમગ્ર સંસદે એકમતે આ દસ્તાવેજના તારતમ્યો સ્વીકાર્યા હોય તેવો દસ્તાવેજ છે. રાજકારણના અપરાધીકરણનો સત્તાવાર સ્વીકાર કરતો એ દસ્તાવેજ છે.

હવે પછી દેશનો કોઇ પણ રાજકીય પક્ષ રાજકારણનું ગુનેગારીકરણ થયું નથી એમ નહીં કહી શકે એ વાત અલગ છે કે દરેક રાજકીય પક્ષ એમ કહેશે કે અમારા નહીં અન્ય રાજકીય પક્ષોને ગુનેગારો સાથે સંબંધ છે, પણ પ્રજા સુપેરે જાણે છે કે દાગડા બધે જ દાળા છે. બધા જ રાજકારણીયોને ગુનેગારીકરણના છેડાઓ સીધા કે આડકતરી રીતે અડી ચૂક્યા છે અને બધા જ રાજકીય પક્ષો ભ્રષ્ટાચારીઓ અને ગુનેગારોથી ખદબદે છે. કોંગ્રેસ સૌથી મોટો પક્ષ અને ચાર દશકા સુધી કેન્દ્રમાં સરકાર ચલાવનારો પક્ષ હોઇ. સૌથી વધુ ગુનેગારો અને ભ્રષ્ટાચારીઓ કોંગ્રેસ પક્ષમાં હશે પણ અન્ય પક્ષો તેનાથી બાકાત નથી, નાણાં અને ગુંડાગીરીના જોરે ચૂંટણી જીતવાના જ ધ્યેયો જોનારાઓ દરેક રાજકીય પક્ષોમાં છે કારણ કે રાજકીય પક્ષો જનસેવાની વાતો કરનારાઓને ખોચિયા અને બોદા ગણતા થઈ ગયા છે અને ગાંધી એ માર્ગ માટે વટાવી ખાવાનું સાધન છે, તેના ઉપદેશ અનુસાર ચાલવાની પ્રેરણા આપતું નામ નથી એમ માનતા થઇ ગયા છે.

દેશભરના સાંસદો અને વિધાન સભ્યોનું સર્વેક્ષણ કરવામાં આવે તો જણાશે

કે તમામ રાજકીય પક્ષો અને અપક્ષોમાં હીસ્ટ્રીશીટરો એટલે કે જેમની સામે ગુનાખોરીના ખટલાઓ ચાલી રહ્યા છે તેવાઓ જોવા મળશે. જેઓ ગુનાખોરીમાં સંડોવાયેલા છે પણ ખટલાઓ મંડાયા નથી તેવાઓ પણ જોવા મળશે. આમ રાજકારણનું ગુનેગારીકરણ કોઇ એક પક્ષનો ઇજારો નથી. સામ્યવાદી પક્ષના નામુદ્રીપાદ અને રાજેશ્વર રાવ જેવા અનેક નેતાઓએ તમામ સંપત્તિ પક્ષને ચરણે ધરી સ્વૈચ્છિક ફકીરી સ્વીકારી હતી તેવા સામ્યવાદી પક્ષોમાં પણ ગુનેગારોને પ્રવેશ અપાયો છે. પશ્ચિમ બંગાળમાં એક માર્કસવાદી સામ્યવાદી પ્રધાને કોંગ્રેસ પક્ષના અસામાજિક તત્ત્વોનો મુકાબલો કરવા એક અસામાજિક તત્ત્વનો સહકાર લીધાની જાહેર કબુલાત કરી છે.

આનો બચાવ કરતી એક અખબારી મુલાકાતમાં તેમણે કહ્યું છે કે આ અપવાદ છે અને તેનું પુનરાવર્તન નહીં થાય. આ કબુલાત એ ચોરી કરતાં પકડાઇ ગયેલા ચોરની કબુલાત જેવી છે. જાણકારો કહે છે કે–પશ્ચિમ બંગાળના ગામડાઓમાં અને પંચાયતોમ ગામના ગુનેગારો માર્કસવાદી સામ્યવાદીઓનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ હીસ્ટ્રીશીટરો ભાજપના વિધાન સભ્યો છે. લાલુપ્રસાદ યાદવ અને મુલાયમસિંહ યાદવના તો બધા વિધાન સભ્યો હીસ્ટ્રીશીટરો બનવાની ક્ષમતા ધરાવે છે. ગુનેગારોને સંરક્ષણ છત્ર પુરૂં પાડી રહેલા પ્રધાનો, સચિવો અને ઉચ્ચકક્ષાના પોલીસ અધિકારીઓનો પણ અસામાજિક તત્ત્વોમાં સમાવેશ કરીએ તો આપણે અપવાદ શોધવાની જ મહેનત કરવી પડશે.

આનાથી પણ વધુ ભયજનક વાત તો એ છે કે સરકાર કે રાજકીય પક્ષો રાજકારણના અપરાધીકરણના મૂળ સુધી જવા માંગે છે અને તેને નાબુદ કરવાની ઇચ્છા ધરાવે છે એવો વિશ્વાસ કોઇને બેસતો નથી. સામાન્ય લોકોની વાત તો જવા દઇએ પણ ઇન્ટેલીજન્સના બ્યુરો, સી. બી. આઇ. અને વિદેશી જાસૂસી અંગે ધ્યાન રાખતી રો સંસ્થાના વોહરા સમિતિમાં બિરાજેલા વડાઓને પણ આવો વિશ્વાસ ન હતો એવો નિષ્પાપ કબૂલાત વોહરાએ તેના અહેવાલમાં કરી છે. વોહરા તેમના અહેવાલમાં લખે છે કે ચર્ચા દરમ્યાન મને જણાવ્યું હતું કે કેટલાક સભ્યો ખુલ્લા દિલે ચર્ચા કરતા અને તેમના મંતવ્યો વ્યકત કરતાં અચકાતા હતા અને સરકાર આ બાબતમાં મૂળ સુધી જવા માંગે છે તે બાબતમાં તેમને વિશ્વાસ બેસતો ન હતો.

દેશનાં થઇ રહેલા રાજકારણના અપરાધીકરણની સૌથી વધુ સત્તાવાર માહિતી દેશની જાસૂસ ખાતાની ત્રણે પાંખના વડાઓની પાસે હોય છે અને જ્યારે તેમને જ આ બાબતમાં સરકારની પ્રમાણિકતામાં વિશ્વાસ ન હોય ત્યારે સરકાર અને રાજકીય

પક્ષો રાજકારણમાંથી અપરાધીકરણ દૂર કરવા બાબત ગુનેગારોના ભરડામાંથી દેશના રાજકારણને મુક્ત કરવા બાબતમાં પ્રમાણિક છે, એમ માનનારાઓ મુર્ખાઓના સ્વર્ગમાં વસે છે. જાસૂસી પાંખોના વડાઓ પાસે સરકારની નિષ્ઠામાં વિશ્વાસ ન મૂકવા માટે પુરતી નક્કર માહિતીઓ હશે, એમ માનવાને વાંધો હોઇ શકે જ્યારે સરકારની વિશ્વસનિયતા એટલી હદે ઘટી જાય કે તેના જ આદેશો હેઠળ કામ કરતાં જાસૂસી પાંખના વડાઓ પણ તેની પ્રમાણિકતા અંગે શંકા ધરાવતા થાય ત્યારે પ્રજામાં તે સરકાર અપ્રિય થાય તેનાથી નવાઈ ન થવી જોઇએ.

આ સ્થિતિ દુઃખજનક છે એ સાચું પણ આને કારણે નિષ્ક્રિય વાંઝણો પ્રકોપ ઠાલવવાની જરૂર નથી. તેનાથી તેમ કરનારનું સ્વાસ્થ્ય બગડશે. લક્ષ્મી અને ગુનાને અતુટ સંબંધ છે. આથી જ ડાહ્યા ગુજરાતીઓએ કહેવત રચી છે કે હાથ રળે તો પેટ ભરાય અને ધન રળે તો ઓરડા ભરાય અને ધન ભેગું કરવા માટે સત્તર પંચા પંચાણું મૂઠ્ઠા છૂટના લાવો પટેલ સોમાં બે ઓછા જેવા ધંધા કરવા જ પડે. માણસને ધનની લાલચ અનાદિકાળથી રહેતી આવી છે અને ધનપ્રાપ્તિ માટે ગુનો કરતાં અચકાતો નથી.

આર્યોની ટોળીઓ અનાર્યો પર હુમલાઓ કરી તેમની ગાય, સ્ત્રીઓ અને અન્ય સંપત્તિ લુંટી લેતી અને તે માટેની શક્તિ આપવા ઇન્દ્રની પ્રાર્થના કરતાં શ્લોકો રચતાં. ત્યારબાદ રાજ્યો રચાતા બળવાન રાજાઓ અન્ય રાજાઓ ઉપર હુમલો કરી, તેને હરાવી, તેની સંપત્તિ અને સુંદર કન્યાઓ અને કયારેક રાણીઓ ઉપાડી જતાં તેને શૌર્ય ગણાવી સરાહના કરતા શ્લોકો અને કાવ્યો રચાતાં વર્તમાનકાળના કાનુનો અનુસાર આમ કરનારાઓ ગુનેગાર ગણાય અને તેમનું સ્થાન મહેલોમાં નહીં સાબરમતી અને યરવડા તુરંગોમાં હોય, માણસની મનલાલસાને પિછાનીને આપણા વડવાઓએ કાંચન એટલે કે સર્વ ગુણો સોનાને આસરે રહેલા છે, એવો શ્લોક, સર્વ ગુણા કાંચનમાશ્રયન્તે રચ્યો હતો.

રાજકારણનું અપરાધીકરણ વધતા ઓછા પ્રમાણમાં વિશ્વભરમાં થતું રહ્યું છે. જાપાનમાં આવા અનેક કૌભાંડો બહાર આવ્યા છે અને ઘણાં વડાપ્રધાનોએ ખુરશી ગુમાવી છે. ઇટાલીમાં પણ માફિયા–રાજકારણી ગઠબંધન જાણીતું છે અને એક વડા પ્રધાનને સજા થઇ છે અને અન્ય ઉપર માફિયાઓ સાથે સંબંધ રાખવા માટે ખટલો ચાલી રહ્યો છે. ફ્રાન્સમાં ત્રણ પ્રધાનોએ આ કારણસર રાજીનામા આપવા પડયાં છે અને અન્યો સામે તપાસ ચાલુ છે. (ક્રમશઃ)

卐 જ્ઞાન ગુણ ગંગા 卐

—પ્રજ્ઞાંગ

* શ્રી ઠાણાંગસૂત્રમાં દીક્ષાના ભિન્ન ભિન્ન પ્રકારો બતાવેલ છે.

(૧) **ચાર પ્રકારે દીક્ષા**

(અ) સિંહની જેમ લે, સિંહની જેમ પાળે. શ્રી ધન્ના–શાલિભદ્રજીની જેમ.

(બ) સિંહની જેમ લે, શિયાળની જેમ પાળે. શ્રી કંડરીક મુનિની જેમ.

(ક) શિયાળની જેમ લે, સિંહની જેમ પાળે. શ્રી મેતાર્ય મહામુનિની જેમ.

(ડ) શિયાળની જેમ લે, શિયાળની જેમ પાળે. શ્રી સોમાચાર્યની જેમ.

(૨) **પ્રકારાંતરે ચાર પ્રકારની દીક્ષા :**

(૧) ઇહલોક પ્રતિબદ્ધા : આજીવિકા માટે લેવામાં આવતી દીક્ષા.

(૨) પરલોક પ્રતિબદ્ધા : સ્વર્ગાદિ પારલૌકિક ભૌતિક સુખો માટે લેવાતી દીક્ષા.

(૩) ઉભયલોક પ્રતિબદ્ધા : આ ભયમાં આજીવિકાદિ માટે પરભવમાં સ્વર્ગાદિ સુખો માટે લેવાતી દીક્ષા.

(૪) અપ્રતિબદ્ધા : આલોક કે પરલોક સંબંધી કોઇ પણ સુખ સામગ્રીની ઇચ્છા વિના, કેવળ **આત્મવિશુદ્ધિ માટે લેવાતી દીક્ષા.**

(૩) **દશ પ્રકારે દીક્ષા**

(૧) **છંદા**– પોતાની ઇચ્છાથી ગોવિંદ વાચકની જેમ અથવા બીજાના કહેવાથી ભવદેવની જેમ.

(૨) **રોષા**– રોષથી લેવી. વિશ્વભૂતિની જેમ.

(૩) **પરિદ્યુના**– ગરીબીથી હેરાન થઇને લેવી. કઠીયારાની જેમ.

(૪) **પ્રતિશ્રુતા**– પડકાર ઝીલીને લેવી. ધન્નાજીની જેમ.

(૫) **સ્મારણિકા**– પૂર્વભવનું સ્મરણ કરાવવાથી લેવી.
શ્રી મલ્લિનાથ સ્વામિના પૂર્વભવના છ મિત્રોની જેમ.

(૬) **રોગણિકા**– રોગના કારણે લેવી. શ્રી સનત્કુમાર ચક્રીની જેમ.

(૭) **અનાદૃતા**– અનાદર થવાથી લેવી શ્રી નંદિષેણની જેમ.

(૮) **દેવ સંજ્ઞપ્તિ**– દેવના પ્રતિબોધથી લેવી. શ્રી મેતાર્યની જેમ.

(૯) **સ્વપ્ના**– વિશિષ્ટ સ્વપ્ન આવવાથી લેવી શ્રી પુષ્પચૂલા રાજકુમારીની જેમ.

(૧૦) **વત્સાનુબંધી**– પુત્રના સ્નેહના કારણે લેવી.
શ્રી વજ્રસ્વામિની માતા સુનંદા દેવીની જેમ.

* શ્રી સમવાયાંગ સૂત્રમાં દશ પ્રકારના સ્થવિર કહ્યા છે. તે આ પ્રમાણે ગ્રામ સ્થવિર નગર સ્થવિર. રાષ્ટ્ર સ્થવિર. પ્રશસ્ત સ્થવિર. કુલ સ્થવિર. ગણ સ્થવિર. સંઘ સ્થવિર. જાતિ સ્થવિર. શ્રુત સ્થવિર અને પર્યાય સ્થવિર.

* શ્રી ઠાણાંગ સૂત્રમાં ભાષાના સાત પ્રકાર કહ્યા છે. ૧. આલાપ–થોડું બોલવું ૨. અનાલાપ-બરાબ બોલવું. ૩. ઉલ્લાપ–મર્યાદા ઓળંગીને બોલવું ૪ અનુલ્લાપ–મૌન રહેવું. ૫. સંલાપ–પરસ્પર બોલવું. ૬ પ્રલાપ–ફોગટ બડબડાટ કરવો. ૭. વિપ્રલાપ–વિરૂધ્ધ વાણી બોલવી.

* ચાર પ્રકારના ઘડા અને માનવની વાત શ્રી ઠાણાંગજીમાં સુંદર સમજાવી છે.

ચાર પ્રકારના ઘડા

૧. મધનો ઘડો અને મધનું ઢાંકણ.
૨. મધનો ઘડો અને ઝેરનું ઢાંકણ.
૩. ઝેરનો ઘડો અને મધનું ઢાંકણ.
૪. ઝેરનો ઘડો અને ઝેરનું ઢાંકણ.

તેવા જ પ્રકારના ચાર માનવ.

૧. શુધ્ધ હૃદય અને મધુર વાણી.
૨. શુધ્ધ હૃદય પણ કટુ વાણી.
૩. કલુષિત હૃદય અને મધુર વાણી.
૪. કલુષિત હૃદય અને કટુ વાણી.

* શ્રી ભગવતીજીમાં ઇન્દ્રાદિ દેવોની શક્તિનું વર્ણન કરતા કહ્યું છે.
ઈન્દ્રની શક્તિ :– તેનામાં એટલી શક્તિ છે કે જો તે ઇન્દ્ર ધારે તો મનુષ્યના મસ્તકના ટુકડે ટુકડા કરી ચૂર્ણ બનાવી કમંડલમાં ભરી શકે છે અને પછી તરત જ તે ચૂર્ણમાંથી પાછું મસ્તક બનાવી. મનુષ્યના ધડ સાથે જોડાડી દે છે અને તે માણસ જીવતો રહે છે. વળી આ કામ એટલી કુશલતાથી અને ઝડપથી કરે છે કે માણસને જરાપણ

પીડાનો અનુભવ થતો નથી. (૧૪-૮-૧૮)

દેવોની શક્તિ- કેટલાક દેવો હજાર જાતના શરીર બનાવી જુદી જુદી હજાર જાતની ભાષા બોલી શકે છે. (૧૪-૯-૯)

વળી કેટલાક દેવો મનુષ્યની પાંપથ પર બત્રીશ જાતના નાટકો બતાવી શકે છે છતાં પણ તે માણસને જરાપણ પીડા થતી નથી. આવા દેવો 'અવ્યાબાધ દેવ' કહેવાય છે. ૧૪-૮-૧૭)

* મૂર્છા, પ્રતિબંધ, લોભાત્મા, ભાર, કલિકરંડ. અનર્થ, અગુપ્તિ, તૃષ્ણા, આસક્તિ અને અસંતોષ - આ બધાને પરિગ્રહના પર્યાયવાચી શબ્દો છે એમ આ શ્રી પ્રશ્ન વ્યાકરણ સૂત્રમાં કહ્યું છે.

* શ્રી વિશેષાવશ્યક ભાષ્યમાં ચાર પ્રકારે કષાય કહ્યા છે.

૧. સ્વ પ્રતિષ્ઠિત પોતાની ભૂલથી પોતાની જાત પર કષાય કરવો.
૨. પર પતિષ્ઠિત- બીજાની ભૂલથી બીજા પર કષાય કરવો.
૩. ઉભય પ્રતિષ્ઠિત- સ્વ અને પરની ભૂલથી બન્ને પર કષાય કરવો.
૪. અપ્રતિષ્ઠિત- કારણ વિના ગુસ્સે થવું.

* શ્રી વિશેષાવશ્યક ભાષ્યમાં નીચે પ્રમાણે આઠ પ્રકારે પણ કષાય કહ્યો છે.

૧. નામ કષાય- કોઈનું કષાય એ પ્રમાણે નામ.
૨. સ્થાપના કષાય- કોઇની તેવી સ્થાપના કે મૂર્તિ.
૩. દ્રવ્ય કષાય- ભગવા કપડા વગેરે.
૪. આદેશ કષાય- દેખાવ કષાય.
૫. ઉત્પત્તિ કષાય- અન્ય નિમિત્તો થતો કષાય.
૬. પ્રત્યય કષાય- નિમિત્ત વિના જ અંદરથી થતો કષાય.
૭. રસ કષાય- હરડે આદિનો કષાય તૂરો રસ.
૮. ભાવ કષાય- ક્રોધ. માન. માયા. લોભ.

* શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં સાધુને વિવિધ ઉપમા આપી સ્તવ્યા છે.

સાપ - સાપની જેમ મુનિ પોતાના માટે ઘર ન બનાવે, આહાર કરતાં સ્વાદ ન કરે, સંયમની જ એક આંખ રાખે.

પર્વત - પરિષહો રૂપી પવનથી પર્વતની જેમ અડગ રહે, જરા ય ડોલાયમાન ન થાય.

અગ્નિ - અગ્નિની જેમ તપના તેજથી ઝળહળે.

સાગર – સમુદ્રની જેમ ગંભીર. જ્ઞાનાદિ રત્નોના ભંડાર અને કયારે પણ મર્યાદાનુ ઉલ્લંઘન નહિ કરનાર.

આકાશ–આકાશની જેમ નિર્લેપ અને નિરાલંબી રહે.

વૃક્ષ – વૃક્ષની જેમ સુખ–દુઃખમાં સમાન રહે. મુક્તિ માર્ગના મુસાફરને છાયા-સાંત્વન અને ફળો આપી થાક ઉતારે'

ભમરો – ભ્રમરની જેમ અનિયતપણે આહાર લે.

મૃગ – હરણની જેમ સંસારથી ભયભીત રહે.

પૃથ્વી – પૃથ્વીની જેમ બધું સહન કરે.

સૂર્ય – સૂર્યની જેમ સૌને પ્રકાશ આપે. સન્માર્ગને બતાવે. પાપરૂપી અંધકાર દૂર કરે. કર્મને કાઢે.

કમળ – ભોગ રૂપી કાદવથી અલિપ્ત અને બધે સંયમની સુવાસ ફેલાવે ધર્મીજન રૂપી ભ્રમરોને ખેંચે.

પવન – વાયુની જેમ અપ્રતિબદ્ધ વિહાર કરે.

શાસન સમાચાર : : પાટણના આંગણિયે ઉજવાયેલ ભવ્ય મહોત્સવ

પાટણ–અત્રે નગીનભાઇ પૌષધશાળાના આંગણિયે જીવન પ્રભાવક પૂ. આચાર્યદેવ શ્રી વિજય ગુણશીલસૂરીશ્વરજી મ. સ. પર્યાય સ્થવિર પૂ. મુનિપ્રવર શ્રી જયધ્વજ વિજયજી મ. સા. આદિની નિશ્રામાં વિદુષી ૭૭ થી અધિક પરિવારના યોગક્ષેમવાહક વાત્સલ્યનિધિ પૂ. સા. શ્રી ત્રિલોચનાશ્રીજી મ. ના સમાધિપૂર્ણ કાળધર્મ નિમિત્તે તેઓશ્રીના ૬૦ વર્ષના દીર્ઘ સંયમ જીવનની અનુમોદનાર્થે વૈ. સુ. ૧૫ તા. ૧૧-૫-૯૮ થી વૈ. વ. ૬ તા. ૧૮-૫-૯૮ પર્યંત શ્રી વીશ સ્થાનક પૂજન શ્રી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન, શ્રી અર્હદ્ અભિષેકપૂજન, શ્રી સિદ્ધચક્ર મહાપૂજન, શ્રી લઘુશાંતિસ્નાત્ર શ્રી બૃહદ્ અષ્ટોત્તરીસ્નાત્ર સમેત અષ્ટાહ્નિકા મહોત્સવ અતિ ભવ્યતાથી ઉજવાયો. પૂજ્ય સ્વ. સાધ્વીજી મ.ના પરિવારના ૬૦ સાધ્વીજીઓ એ સિવાય પણ પૂજ્ય ગચ્છાધિપતિના આજ્ઞાવર્તી અનેક સાધ્વીજી ભગવંતોની આ પ્રસંગે ઉપસ્થિતિ હતી આ પ્રસંગે અમદાવાદ મુંબઇ સાવરકુંડલા વાપી જામનગર ખંભાત ઇત્યાદિ અનેક સ્થાનોથી ભાવિકો પધારેલા વૈ. વ. ૬ ના દિવસે સમસ્ત પાટણના જૈનોની નવકારશી તથા પંચાસરા પાર્શ્વનાથ જિનાલયમાં ભવ્ય મહાપૂજનનું આયોજન થયેલ વૈ. વ. ૫ ના રથયાત્રાનો તથા મુમુક્ષુ પ્રકાશકુમાર આદિને વર્ષીદાનનો વરઘોડો સુંદર રીતે એ નીકળ્યો. પાટણના ઇતિહાસમાં મહોત્સવ અધિક સ્મરણીય બની જવા પામેલ છે.

દેવદુલારી કોડભરી કન્યા....

[પ્રકરણ ૨ જું]

—જયશિશુ

માનવતાની–પરિમલ પરાગ
પ્રગટ લાગણીની ચિરાગ

હોસ્પિટલમાં માનવમહેરામણ ઉમટી રહ્યો છે. એટલું જ નહિ. આવી પડેલી આફતમાં સૌ નાતજાતનો કે શ્રીમંત ગરીબનો ભેદભરમ ભૂલી ગયા હતા. રાગ–દ્વેષ–ઇર્ષા તો જાણે પલાયન થઈ ગયા. દરેકની પાસે સહાનુભૂતિ હતી. દર્દીના દર્દને ભૂલાવી તે એવી હૂંફ દર્દી હતી. માનવતાની પરિમલ પરાગના સ્પર્શથી સૌના હૈયામાં લાગણીની ચિરાગ પ્રગટી રહી હતી. સૌ સેવા કરવામાં પોતાની શક્તિનો સદુપયોગ કરતાં હતાં પણ કમનસીબી એટલી હતી કે ઘાયલ કરતાં સેવા કરનારની સંખ્યા ઓછી હતી. આવી આવી પરિસ્થિતિ જોઇ પેલો ભરવાડ પણ પાટાપિંડી કરવાના કામમાં લાગી ગયો. ડોશીમાને પોતાના લાડલા પાસે પહોંચાડી દીધા.

દર્દીઓની કતાર જોતાં ડોશીમા તો હિંમત હારી ગયા પણ એમ હિંમત હારવાથી કાંઇ ન ચાલે. અત્યારે તો પોતાની મેળે જ હિંમત લાવવાની હતી. એટલે ધીમે ધીમે પુત્રની શોધમાં નીકળેલી મા, ઘાયલ થયેલા દરેકને ધારી ધારીને જોતી હતી. આંખે ઝાંખપ હતી છતાં નીચી વળીને જોતી કે આમાં મારો રામલો તો કયાંય છૂપાયો નથી ? જીવતો છે ને ? એમ ફરતા ફરતા ઓરડાના છેલ્લાભાગ સુધી ડોશીમા આવી ગયા. થાક ખૂબ જ લાગ્યો હતો. પણ ત્યાં જે દૃશ્ય જોવે છે ત્યારે ડોશીનું હૈયામાં વેદના ઉમટે છે. આંખે અશ્રુધાર વહી છે.

નર્સ ખૂબ ખંતથી દર્દીની સારવાર કરી હતી. એ દર્દી બીજો કોઇ નહી પણ માતાનો લાડલો, વ્હાવસોયો દીકરો રામલો. અગ્નિજ્વાળાથી સેકાયેલો બેભાન અવસ્થામાં રામલો પડયો હતો. હલનચલની પણ શક્તિ નહોતી. છાતીનો ભાગ ખૂબ જ દાઝી ગયો હતો. એટલું જ નહિ પણ રામલાની આંખ પણ આ અગ્નિજ્વાલા ભરખી ગઇ હતી. રામલાને જોતાં જ અમથી મા સ્તબ્ધ થઈ ગઈ. હૃદય નયન પણ સ્તબ્ધ બની ગયા. માજી નર્સના પગમાં પડયા. રોતા રોતા કહે છે કે બેન ? તું મોરી મા, રાંક મારૂં આ એકનું એક રતન છે. એને કોઇપણ હિસાબે તું બચાવ. હું તારો ઉપકાર કોઇ દિવસ ના ભૂલું.

નર્સનું દયાર્દ્ર હૈયું પણ લાગણીસભર બની જતું તે મનોમન બોલી ઊઠી.

માજી ! હું મારાથી બનતું બધું જ કરીશ. પણ આ ભાઇ... બહુ જ ઢળી ગયા છે. છાતીની ચામડી તો બલાસ થઇ ગઇ છે. નવી ચામડી લાગાવવી પડશે. ચામડાની ડોશી સર્જરીમાં તો કાંઇ સમજે નહિ. પણ એટલું સમજી શકી કે નવી ચામડી જોઇએ. માહેં મમતાળુ કરૂણાસભર હૈયું દિકરાની આ દશા જોઇ રડી ઊઠ્યું. પણ માનુ માતૃત્વ પોકારી ઉઠ્યું. ઓ નર્સ ! ઓ...બેન...! આ મારી ચામડી ઉતરડી લે તો ? આ મારી બખડી ગયેલી કાયા સાર્થક થશે અને મારો રામલો બચી જશે ! બેન બની જશોને ? મારી સામું તું ના જો...મારા રતનનું જતન થઇ જશે તો બધું જ છે ને ?

નર્સ માતાની લાગણીને અભિનંદી રહી ? હશે કોઇ આવી માવડી આ કાળમાં ? નર્સ પણ હારી ગઇ. માતૃત્વની જીત થઇ. છતાં નર્સ કહે છે માજી, ના, એવું ના હોય. ઘરડે ઘડપણ તમને કયાં પીડા ઉપજાવવી. થોડો ઇલાજ કરીએ પછી આગળ...!

હજુ તો નર્સની વાત સાંભળી ન સાંભળી ત્યાં તો માજી હાથમાં ચપ્પુ લઇ બોલ્યા. બેન કયાં સુધી રાહ જોવી ! માજી અધીરા ન થાવો. થોડા ઇલાજ કરીએ. સારૂ ન થાય તો હું કાંઇક જોગવાઇ કરીશ પણ તારા લાલને જીવાડીશ. પણ માજી હવે ઉતાવળા બની કહે છે મારે હવે કાંઇ જોવું નથી. ભલે તમે તમારા ઇલાજ કરો અને માજી તો ચપ્પુ લઇ ચામડી ઉતારવા તૈયાર થયાં. ત્યાં નર્સે કહ્યું, 'માજી આ શું કરો છો. આમ તે કાંઇ ચામડી ઉતારાતી હશે. તમને ના ખબર પડે. ના, મને બધી જ સમજ પડે છે તમે ના ઉતારો તો હું કાંઇ કરી બેસીશ. નર્સની છેલ્લી ચેતવણી પણ ગણકારી નહિ. લાંબા વાદવિવાદને અંતે નેહઘેલી માતાની જીત થઇ. નર્સને હાર કબુલવી પડી.

માજીને રાજી રાખવા ડોશીનું કરચલીવાળું ચામડીનું પડ ઉતારવાની ફરજ પડી. ખરે જ ! સાગર જેવી વિશાળ હૃદયવાળી માની મમતા નર્સને પણ પીગળાવી દે છે અને ન કરવાનું કાર્ય કરે છે. નર્સની તેવી કારવાહી જોતાં વડો ડોકટર અટકયો ગુસ્સામા બરાડી ઊઠયો. એય ! સિસ્ટર ? તું આ ઘરડી ડોશીને શું કરે છે ? તે સાંભળી નર્સ બોલી, 'ડોકટર ? અત્યારે ચર્ચા કરવાનો અવસર નથી. માતૃહૃદયને સમજવા તો સ્ત્રીહૃદય જોઇએ. તમને ન સમજાય. ડોકટર પર કામનો બોજ ઘણો હોય રવાના થઈ ગયો. નર્સે જો આવો જવાબ આકે દિવસે આપ્યો હોત તો બિચારીની નોકરી છૂટી જાત. પણ દર્દીની સારવારમાં ઓતપ્રોત બનેલા કોઇ કે.ધને સાંભળવા કે મળવા નવરા ન હતા.

ગમે તે કહો ? કહો કે ન કહો...માના બખડી ગયેલા મુદુગલમાં પણ માતૃ-

હૃદયની ઝંખના પડી હતી. માતાના વાત્સલ્યનો રણકાર તો પ્રેમનો ધબકાર હતો અને તેથી જ અમથીમાની તે ચામડીએ ન ધારેલો એવો ફાયદો રામને કરી આપ્યો. ગણ્યા-ગાંઠ્યા દિવસોમાં તો તે ભાગ ઉપર રૂઝ પણ આવી ગઇ. નર્સ રોજ સારવાર કરવા આવે પણ આતો માવડીનું હૈયું છે ને? હૈયાના ભાવ ઉછળી પડેને એટલે જ નર્સ હજુ તપાસતી હોય ત્યાં તો મા બોલતી રિપોર્ટ તો સારો છે ને? કાલ કરતાં તો મારા લાલને વધુ સારૂં છે ને?

નર્સ પાસે પણ માનું હૃદય હતું. એટલે એ પણ બોલી ઉઠતી માજી! આજ તો ઘણું સારુ છે. તમને થોડા દિવસ બાદ ઘરે જવાની છૂટ મળશે.

નર્સ જાય પછી અમથી મા પોતાનો કોમળ હાથ રામલાના માથા ઉપર ફેરવે અને તેની જતી રહેલી આંખોને બારીકાઇથી જોતી હતી અને કયારેક પ્યારથી ચુંબન કરી લેતી એમ કરતાં પણ કઠાય રામલો દેખતો થઇ જાય. એ સિવાય માજી પાસે બીજો શો ઉપાય હોઇ શકે? બીજે દિવસે નર્સ આવી. પાટાપીંડી કર્યા અને પોતાનું સર્જરી કામ પતાવી રહી હતી ત્યાં તો મમતાસાગર, કરૂણાની ગાગર, માડીનો અંતર્નાદ પ્રગટયો ઓ બેન! આ ચામડીની જેમ મારી આંખો ન નાંખી શકાય! મારો લાલ દેખતો થઇ જાય તો કેવું સારૂં. માના વાત્સલ્ય–વારિધિના અગાધજલને કોણ માપી શકે? કયાં એના હૈયાની વિશાળતા, કરૂણાની પરાકાષ્ઠા.

પૂર્વકાલીન માનવો કેવા હતા અને અત્યારે પાશ્ચાત્ય સંસ્કૃતિને અપનાવતા માનવી કયાં? મા કેવી હોય છે તેનું દર્શન આ કથામાં થઇ રહ્યું છે. માની મમતાના દર્શન પથ્થર હૃદયના માનવીને પણ પીગાળી દે છે. 'મા તે મા બીજા બધા વનવગડાના વા' 'ઘોડેસ્વાર બાપ મરજો પણ રેંટીયો કાંતનારી મા જીવજો' ખરેખર સુખ મળે છે માની ગોદમાં જ! મીઠાશ મળે છે માની ગોદમાં? કડવાશ ટળે છે માની ગોદમાં? માની ગોદમાં શું નથી મળતું?

મા...ગુણગરિમા ના, મારી મા એટલે વાત્સલ્યની વિરડી, પ્રેમની પરબડી. માના પ્રેમ પ્રવાહમા વહે છે સુખની સરવાણી, માના મુખે વહે છે સુખની સરવાણી માના મુખે વહે પ્રેમની સિતારી નયને વહે તે સ્નેહની પરમકિનારી.

માની માતા કહું, મારી શાતા કહું–મારૂં જીવન કહું, સર્વસ્વ કહું–તો મારી મા જ છે. માની સેવા વીના બધું ધૂળ. મા મારી સાથે ના, સાથે જ નહી પણ માથે સદૈવ હાં...વ્હાલની વેણુપ બજાવતી મા મારા હૃદયમાં માનું હૈયું એટલે સ્નેહ-

ભીનું, પ્રેમભીનું અને તેથી જ કવિએ કાવ્યમાં જડી દીધું, 'જનની જોડ સખી નહિ આજે મળે રે લોલ.'મા પોતાના ભોગસુખની પાછળ પાગલ બની બાળની મા ફક્ત નામથી જ બને છે પણ એને વાત્સલ્યના અમીપાન તો ક્યાંથી મળે ? હા મળે છે આયાનું સાંનિધ્ય અને મળતા હશે બાટલીના દૂધનું પાન ! પછી તમારા બાળકો કેવા પાકે ? પૂર્વે કવિઓ જનની માટે લખતા.'

જનની જણજે કાં દાતા કાં શુરવીર,
નહિં તો રહેજે વાંજણી પણ મત ગુમાવીશ નૂર.

પણ આજે તો મા જ જ્યાં ભોગમાં પાગલ બની હોય તેના બાળ કેવા જન્મે. સંસ્કારવિહીન જ ને ? આ વાર્તામાં જણાવેલ મા'નું સ્વરૂપ સમજવા યોગ્ય છે. આજે સંસ્કૃતિમાં આભ-ગાભનું અંતર પડી ગયું છે.

મા ના સ્નેહાળ વચનો સાંભળી નર્સ તો હસી પડી. તો બીજીબાજુ નયને અશ્રુતોરણિયા બંધાઈ ગયા. એનું અંતર બોલી ઊઠ્યું. 'માજી, તમે તો ખરાં છો ! તમારો લોભ તો વધતો ચાલ્યો. પણ મા ! પ્રભુનો ઉપકાર માનો કે તમાર રતનનું જન્મ તો થયું ને ? એને જ આંખો માનોને ! થોડીવાર બાદ મુખ ઉપર ગંભીરતા ધારણ કરી નર્સે કહ્યું-'માજી, એવું ન થાય આપણે ત્યાં એવું થતું નથી. તો શું બીજે ક્યાંય એવું થતું હશે ખરૂં ? ના રે ના માજી આપણા દેશમાં ક્યાંય આંખો બદલી શકાતી નથી. એ તો દૂર દૂરના દેશોની વાત છે. દુઃખમાં એ આંહી ન બને. અપથી મા એમ તો સમજુ હતા. વાત સમજી ગયા.

કાળનો પલટો કહો, યા કર્મનો પલટો કહો. મમતાળુ મા ની જીવંત લાગણી સ્પર્શિત ચામડીની સ્પર્શનાનો પ્રભાવ રામલા ઉપર પડ્યો. અને એક દિ' રામલો સાજો થઇ ગયો. હોસ્પિટલમાંથી હોમ જવાની રજા મળી ગઇ. બીજા દિવસની પ્રભાતે મા-દિકરો હોસ્પિટલમાંથી વિદાય લેવાના હતા. પણ આજ અમથી મા ની આંખમાં નીંદરડી નથી. મનમાં વિચારોનાં ઘમ્મરવલોણા ચાલી રહ્યા છે. એ ઘમ્મરવલોણાનો નાદ છે. આ નર્સનો પ્રત્યુપકાર શી રીતે વાળવો ? જીવિત દેનારનો ઉપકાર કેમ મૂલાય ?

ઉપકારીનો ઉપકાર તો માનસપટ ઉપર અંકિત થઇ જ રહેલો છે પણ અત્યારની હૃયનીય પરિસ્થિતિ વિચાર માંગી લે છે. દારિદ્રતા મનને ઉધઇની જેમ કોરી ખાતી હતી. ગયા મહિનાના પગારમાંથી ફક્ત પાંચ રૂપરડી જ વધી હતી. તે સિવાય બીજું કાંઇ નહોતું. ગરીબ છતાં ઉદારવૃત્તિવાળી વૃદ્ધાને મન તો આટલું આપવું ઘણું જ અલ્પ લાગતું હતું. પણ લાચાર છે કે બીજું કાંઇ અત્યારે નથી. કેમકે રામલા વિના કમાનાર પણ કોણ હતું !

(ક્રમશઃ)

શાસન સમાચાર

સંઘપતિ શ્રી વસ્તુપાલ મંત્રીશ્વરની સ્વર્ગભૂમિ અંકેવાળીયામાં

ચંપાપુરી શ્રી વાસુપૂજ્ય સ્વામી આદિ જિનબિંબોનો તૈયાર થતા શ્રી પંચ-કલ્યાણક મંદિરમાં પ્રવેશ તથા ચાર કલ્યાણક મંદિરના ખાત તથા શિલાસ્થાપન તથા ગુરૂમંદિરના ખાતમુહુર્ત તથા બીજા ઉપાશ્રય તથા જૈન ધર્મશાળાના ખાત મુહુર્તો પ્રસંગે.

શ્રી સંઘ આમંત્રણ પત્રિકા

પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં પ્રવેશ આદિ જેઠ વદ ૮ ના છે.

— મંગલ મુહૂર્તોમાં લાભ લેનારા ભાગ્યશાળી —

સવારે ૭-૩૦ વાગ્યે ખાત મુહૂર્ત :

મંદિર સ્થાન–(૧) વાયવ્ય ખૂણે–શા. કાંતિલાલ રતિલાલ સુરેન્દ્રનગર (૨) ઇશાન ખૂણે–સિદ્ધ ગેરિ મંડળ બહેનો વઢવાણ (૩) અગ્નિ ખૂણે–શા. શાંતિલાલ લોયકા-વાળા લીંબડી (૪) નૈઋત્ય ખૂણે–વિમલભાઇ (મહાલક્ષ્મી) સુરેન્દ્રનગર.

બપોરે ૧૧ વાગ્યે શિલા સ્થાપન–૧. મહેતા હેમતલાલ છગનલાલ તથા શ્રીમતી વિનોદીનીબેન હેમતલાલ વાંકાનેરવાળા કલકત્તા ૨. શા. રામજી લખમણ માડ થાનગઢ ૩. શ્રીમતી હીનાબેન ભરતભાઇ પટેલ જામનગર ૪. શાહ ચંદુલાલ પદમશી ગુઢકા થાનગઢ

— બપોરે ૧૧ વાગ્યે ખાત મુહુર્ત —

(૫) ગુરૂ મંદિર	શ્રી પુંડરીક સ્વામી	શા. યશવંતરાય મોહનલાલ જુહુપાર્લા
	શ્રી ગૌતમ સ્વામી	શા. પ્રભુદાસ કુલચંદ દોશી અંધેરી
	શ્રી સુધર્મા સ્વામી	શ્રી રજનીકાંત ટી. શાહ વડોદરા
(૬) ગુરુ મંદિર	શ્રી સિદ્ધસૂ. મ.	શ્રી ચંદુલાલ ચત્રભુજ દોશી લીંબડી
	શ્રી કર્પૂરસૂ. મ.	શ્રી કરશનદાસ લલુભાઇ ભારભાયા અમદાવાદ
	શ્રી અમૃતસૂ. મ.	શ્રી જયંતિલાલ ત્રિભોવનદાસ સંઘવી ,,
(૭) ગુરુ મંદિર	શ્રી રામચંદ્રસૂ. મ.	શ્રી પ્રવીણચંદ્ર નાથાલાલ દલાલ વડોદરા
	શ્રી મુક્તિચંદ્રસૂ. મ.	શ્રી પ્રકાશચંદ્ર જયંતિલાલ ગાંધી ,,
	શ્રી માનતુંગસૂ. મ.	શ્રી મુગટલાલ જેચંદભાઇ મલાડ

(૮) બીજા ઉપાશ્રય : શ્રી યશવંતરાય મોહનલાલ શાહ પાલ્લા જુહુ
(૯) જૈન ધર્મશાળા : શ્રી યશવંતરાય મોહનલાલ શાહ પાલ્લા જુહુ

※ મહોત્સવનો મંગલ કાર્યક્રમ ※

૨૦૫૪ જેઠ વદ ૮ બુધવાર તા. ૧૭-૬-૯૮

સવારે ૭-૩૦ વાગ્યે : ચાર કલ્યાણક મંદિરોનું બાત મુહૂર્ત.

સવારે ૮-૩૦ વાગ્યે : ૪૧ ઈંચના મૂલનાયક શ્રી વાસુપૂજ્ય સ્વામી આદિ જિનબિંબોનું સામૈયું તથા જિનમંદિર ગર્ભ ગૃહ પ્રવેશ.

સવારે ૧૧-૦૦ વાગ્યે : ચાર કલ્યાણક મંદિરનું શિલા સ્થાપન ગુરુ મંદિર શિલા સ્થાપન, બીજા ઉપાશ્રય તથા ધર્મશાળાનું બાત મુહૂર્ત.

વિધિ વિધાન માટે જામનગરથી શ્રેષ્ઠિવર્ય શ્રાદ્ધવર્ય શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહ પધારશે.

અંકેવાળીયા (લીંબડી) સંપર્ક સ્થાન

૧ સુરેશ શાંતિલાલ શાહ વીઠલ પ્રેસ શેરી નં. ૪ સુરેન્દ્રનગર ફોન નં. ૨૦૮૨૧
૨ યશવંતરાય મોહનલાલ શાહ પાલ્લા જુહુ ફોન નં. ૬૨૦૯૫૪
૩ રજનીકાંત ટી. શાહ વડોદરા ફોન ૪૮૧૮૭૬-૭૭-૭૮

લિ. સંઘપતિ વસ્તુપાલ મંત્રીશ્વર સ્મારક ટ્રસ્ટના પ્રણામ

લીંબડી વઢવાણ હાઇવે ઉપર છે. લીંબડીથી ૬ કિ.મી. થાય છે. વઢવાણથી ૨૦ કિ.મી. થાય છે. બાજુમાં શિયાણી તીર્થ ૧૨ કિ. મી. છે. અગાઉથી આવનાર મહેમાનો માટે લીંબડી સ્ટેશન રોડ જૈન બોર્ડિંગમાં સુવા બેસવાની વ્યવસ્થા રાખી છે. અગાઉથી જણાવશો તો વ્યવસ્થામાં સરળ પડશે.

પાલીતાણા–પૂ. આ. શ્રી વારિષેણસૂ. મ.ની નિશ્રામાં આરીસાભવન ૨૩ જિનબિંબ ઉત્થાપન પ્રવેશ અને પ્રતિષ્ઠા શેઠ પરિવાર તરફથી થયા શાંતિ સ્નાત્ર તથા દ્વારોદ્ઘાટન લુણીયા કોચર પરિવાર તરફથી સિદ્ધચક્ર મહાપૂજન શાંતિસ્નાત્ર થયેલા.

મહુવામાં નવપદ ઓળી થઇ પૂ. ભદ્રંકરસૂ. મ.ની પુણ્યતિથિ ઉજવાઇ વેરાવળ ઉપાશ્રય ઉદ્ઘાટન શાંતિ સ્નાત્ર સિદ્ધચક્ર મહાપૂજન થયા ચાતુર્માસ હિંમત વિહાર ધર્મશાળામાં થશે.

પૂ. આ. શ્રી વિજય ગુણયશ સૂરીશ્વરજી મ. તથા પ્રવચનકાર પૂ. આ. શ્રી વિજય કીર્તિયશસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં લાલબાગમાં - જીવિત મહોત્સવ—લાલબાગ સંઘના આરાધક જૂના ડીસાના વતની શ્રી જેસિંગલાલ ચોથા-


હાલા મેપાણી તેમજ અ.સૌ. સવિતાબેન જેસિંગલાલ મેપાણીના જીવિત મહોત્સવ સ્વરૂપ ગિરિવશીય મહોત્સવ સુંદર રીતે ઉજવાયેા. ફા.સુ. ૮ના વ્યાખ્યાન બાદ મેપાણી પરિવાર તેમજ તેમના સ્વજનેા તરફથી રૂા. ૧૦૧નું અને બીજા દિવસે રૂા. ૫૧નું સંઘપૂજન રાખવામાં આવેલા. ફા.સુ. ૧૦ના તેમના પરિવાર તરફથી તેમજ સ્વજનેામાં દીક્ષા ગ્રહણ કરતા ૧૦-૧૦ મુમુક્ષુઓનેા વર્ષીદાનનેા ભવ્ય વરઘેાડેા તેમના નિવાસસ્થાન પ્રાર્થના સમાજથી પૂજ્યેાની નિશ્રામાં કાઢવામાં આવેલા. એ પ્રસંગે પૂજ્યેા તેમના નિવાસસ્થાન પધાર્યા હતા અને માંગલિક ફરમાવ્યું હતું. બપેારે હાલાભાગ વ્યાખ્યાન હેાલમાં શાંતિસ્નાત્ર ભણાવાયેલા. જેમાં સુ. કુમારપાળભાઈએ વિધિવિધાન કરાવ્યા હતા. આ પ્રસંગે મેપાણી પરિવારે પેાતાના સુકૃતની અનુમેાદનાર્થે 'સન્માર્ગ' ના બેઠ અંકને પ્રકાશિત કરવાનેા લાભ લઇ ધન્યતા અનુભવી હતી.

ચાર અને દસ મુમુક્ષુઓનેા વરઘેાડેા—નવા ડીસા ખાતે દીક્ષા ગ્રહણ કરનાર ભેમાણી પરિવારના મુમુક્ષુઓ તેમજ અન્ય મુમુક્ષુઓના વર્ષીદાનનેા વરઘેાડેા તેમના સ્વજન-પરિવાર તરફથી યેાજવામાં આવેલા. જે વિવિધ માર્ગો પર ફરી હાલાભાગ ઉતરેલા. પૂજ્યશ્રીએ પ્રાસંગિક પ્રવચાદિ કરેલા. ફા. સુ. પ્ર. ૧૦ના જેસિંગલાલા ચેાથાલાલા મેપાણી પરિવારે પેાતાના સ્વજન પરિવારમાંથી દીક્ષા ગ્રહણ કરતા ૧૦ દીક્ષાર્થીઓનેા વરઘેાડેા પૂજ્યેાની નિશ્રામાં આયેાજાયેા હતેા. જે અત્યંત પ્રભાવનાપૂર્વક વિવિધ માર્ગો પર ફરી હાલાભાગ ઉતર્યો હતેા.

અમદાવાદ-બેતરપાળની પેાળ જૈન મંદિરે પૂ. આ. શ્રી વિ. મહોદય સૂ. મ. આદિની નિશ્રામાં શાહ કલ્યાણભાઇ સેામચંદ તરફથી તેમના ધર્મપત્ની જયાબેનના સંસારીભાઇ પૂ. મુ. શ્રી પ્રશાંતદર્શન વિ. મ.ના સંયમના રપ વર્ષે અને જયાબેનના સંસારીબેન પૂ.સા.શ્રી અરૂણાશ્રીજી મ.ના ૬૩ વર્ષના સંયમની અનુમેાદનાર્થે વૈ. વદ ૧૦ પૂ.શ્રીનું સામૈયું ચૈત્યપરિપાટી તથા ૯ વાગ્યે શાંતિસ્નાત્ર રાખવામાં આવેલ.

ભેાયતીર્થમાં ધ્વજારેાપણ : પ. પૂ. મેવાડદેશેાદ્ધારક આ. દેવ શ્રીમદ્ વિ. જિતેન્દ્ર સૂ. મ.ની શિષ્ય પ્રશિષ્યરત્ન પ. પૂ. તપસ્વી આ. દેવ શ્રીમદ્ વિ. કમલરત્ન સૂ. મ. સ. આદિ બાલમુનિ રત્નેશરત્ન વિ. મ. આગ્રહભરી વિનંતિથી ભેાયતીર્થમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની પ્રથમ વર્ષગાંઠે પર પધારેલ ભવ્ય સામૈયું થયું. સામૈયા થતાં જ સવારે ૧૦-૦૦ વાગે ધ્વજા ચઢાવેલ. પછી પ્રવચન થયેલ તથા ગુરૂપૂજનની બેાલી બેાલી શાહ ચંપાલાલજી સિરેાહીયા (પેાસાલિયાવાલા) પૂ. પુણ્યેાદય વિ. મ.ના સંસારી ભત્રીજે નવાંગી ગુરૂપૂજન કરેલ. વર્ષગાંઠનેા બધેા ખર્ચ પણ આપના તરફથી હતેા. પૂ.શ્રી અત્રેથી વિહાર કરી બાલમુનિના પિતાશ્રીના આગ્રહભરી એમની જન્મભૂમિ પાડીવ થઇ વૈશાખ વદ ૧૧ દિ. ૨૨-૫-૯૮ ને ઢાંતરાઇ દીક્ષા પ્રસંગે ભવ્ય પ્રવેશ કરશે. જેઠ સુદ ૯ દિ. ૪-૬-૯૮ ને ભવ્ય દીક્ષા થશે.

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



* જે જીવ પાપ ન કરે તે તો સારો છે. જ પણ જે જીવ પાપ કરતો પણ હોય છતાં પણ તેનું પાપ જો તેને ખટક્યા કરતું હોય તો તેનો ય નંબર રાખવો છે. પછી તો ભગવાન પાસે જઇને તે રોતો કે-'હે પ્રભુ! હું પાપી શું, તારી પાસે આવવા ય લાયક નથી, પણ આપ તો 'પતિત પાવન' છો માટે હું આપની પાસે આવ્યો છું. આપના દર્શનથી મારી સુખની લાલચ નાશ પામે. ખોટો લોભ ઘટી જાય. ખોટી લાલસાઓ મરી જાય. મારી દુર્બુદ્ધિ નાશ પામે તે માટે હું આપની પાસે આવ્યો છું.' આવી વૃત્તિવાળા જીવોનો પણ આજે દુષ્કાળ પડયો છે.

* આજે મોટો ભાગ પરલોકને માનતો. માટે તેને મરવાનો ભય છે. જીવવાનો લોભ છે, સુખનો-પૈસાનો તો અતિલોભ છે. તેને જ કારણે તેને એક પાપ, પાપ નથી લાગતું, પાપના ફળની માન્યતાનો અભાવ છે, મારૂં પાપ કોઇ ના જાણે તો વાંધો આવવાનો નથી, પણ કદાચ કોઇ મારૂં પાપ જાણે તો તેનુ મોં બંધ કરી દઇશ- આવી દુષ્ટ માન્યતાઓને કારણે જ અમારી વાતો તમારા હૈયામાં પેસતી નથી.

* અમારે જીવતે છતે શાસનની વિરાધના થતી હોય તો તે અટકાવવા સમજાવવા માટે પુરુષાર્થ ન કરીએ તો અમે પણ પાપના ભાગી બનીએ.

* અમારૂં કામ તો તમને બધાને ધર્મમાં જોડવાનું છે, મોક્ષમાં જોડવાનું છે, સંસારમાં જોડવાનું નથી. તમે બધા સંસારના કામ કરો તેમાં અમારી સંમતિ હોય નહિ. તમને બધાને સંસારમાં સુખી જોઇને અમે આનંદ પામીએ તો અમારા હાથમાં ઓઘો શોભે નહિ.

* સારું જીવન જીવવું એટલે એકપણ પાપ ન કરવું પડે તેવું જીવન જીવવું!

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખામાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ	અંક
૧૦	૪૦+૪૧

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

—: મણકો :—

गुणसुट्ठिओ चिय परं ठावेइ
गुणेसु सुप्पसिद्धमिणं ।
न हि बुज्झंतो सोएण
अप्पणा तारएइ अण्णं ॥

એ વાત સુપ્રસિદ્ધ છે કે-ગુણવાન હોય તે જ બીજાઓને ગુણને વિશે સ્થાપન કરી શકે પોતે પાણીના પ્રવાહમાં તણાતો હોય તે બીજાને તારી શકે નહિ.

૨૮૭

卐

❋ દેખા દેખીનું ફળ ❋

—પ્રજ્ઞેશ પી- શાહ

એક બ્રાહ્મણ હતો.

દરિદ્રતા એટલી બધી ને માંગવા છતાં પણ પેટિયું ભરાતું નથી.

અર્ધાંગીનીના મેણાટોણા સાંભળી-સાંભળીને કંટાળી ગયેલા બ્રાહ્મણે પરગામ જવાનું નક્કી કર્યું.

શુભ દિવસે પ્રયાણ કરવાનું નક્કી કર્યું ઘરવાળીએ નાના નાની સાત લાડુડી કરી આપી. પોટલી ખભે નાખી બ્રાહ્મણજી પરગામ તરફ ચાલી નીકળ્યાં.

દૂર દૂર ઘણે દૂર જતાં સૂર્ય દેવતા ઢળવા લાગ્યો. નદીના તટે આવેલા વિશાળ વડલાની નીચે ભાથું છોડી ખાવા બેઠો પોટલી ખોલી જ્યાં લાડુ હાથમાં લીધો ત્યાં ભૂખથી ટળવળતો એક કુતરો દોડતો તેની નજીક આવ્યો.

કરૂણાર્થ બ્રાહ્મણે સાત સાત લાડુ કુતરાને ખવડાવી દીધાં. નદીનું મીઠું જળ પીને તે ઝાડ નીચે સૂઈ ગયો.

થાક, શ્રમના કારણે ઘસઘસાટ સૂતા બ્રાહ્મણને સવાર કયાં પડી તેનો ખબર પણ ન પડી, પક્ષીઓના કલકલાટથી જાગી ગયેલા બ્રાહ્મણે ઝાડ ઉપર લટકતી મટકી જોઇ. કુતુહલથી તે મટકી નીચે ઉતારી તેમાં રહેલાં સાત-સાત સોનાના લાડુઓ જોયાં.

પ્રત્યક્ષ તાત્કાલિક દાનનું ફળ મળી જવાથી તે રાજી થઇ ગયો તે લઈને ઘેર પાછો ફર્યો તે ધનનો વ્યય કરીને બાકીની જીંદગી પૂર્ણ કરવા લાગ્યો.

તે જોઈ બાજુમાં રહેતા હજામના મનનો કીડો સરવળ્યો હજામણીને મોકલી મીઠાશથી સઘળી વાતો બ્રાહ્મણી પાસેથી જાણી લીધી. મોટમોટા લાડવા બનાવડાવી હજામ તે પ્રમાણે કરવા તૈયાર થયો.

સમી સાંજે હજામ નદીના કિનારે પહોંચી ગયો ડાબડીયો ખોલી લાડવા ખાવા બેઠો તે સમયે જ પેલો ભૂખ્યો કુતરો ત્યાં આવી ચઢયો.

ભૂખ્યા કુતરાને ટુકડોય આપ્યા વગર હજામ સાતે સાત લાડુ ઝાપટી ગયા. ઉલટાનું પગમાંથી બાસડુ કાઢીને તેના તરફ ફેંકયું. કુતરો ચાલ્યો ગયો ને હજામ સૂઇ ગયો.

સવારે લટકતી માટલી નીચે ઉતારી તેમાં નજર નાખતાં પોતાનું ચંપલ દેખાયું.

જેવું દેખાદેખીનું ફળ.

કૃપાવંત ગુરુદેવ પ. પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

સંત્રીઓ
ચુનીલાલ મોહનલાલ ગુંદિયા (ભાવનગર)
ચુનીલાલ મોહનલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ (વડોદરા)
પ્રાણલાલ પદમશી ગુંદિયા (ભાવનગર)

વર્ષ : ૧૦ ૨૦૫૪ જેઠ સુદ–૧૪ મંગળવાર તા. ૯–૬–૯૮ [અંક : ૪૦–૪૧

પ્રકીર્ણક ધર્મોપદેશ

–પ. પૂ. આ. દેવ શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, શ્રાવણ સુદ–૪ રવિવાર તા. ૩૦–૭–૧૯૮૭ ચંદનબાલા જૈન ઉપાશ્રય મુંબઈ–૬

(શ્રં જિનાજ્ઞા વિરૂદ્ધ કે પૂ. પ્રવચનકારશ્રીના આશય વિરૂદ્ધ કાંઇપણ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના. **(પ્રવચન ૨૫ મું)** અવ૦)

આજે તો શાસ્ત્રવિરૂદ્ધ કોઇ બોલે કે લખે તેની કોઇને ય ચિંતા નથી. કોઇ તેવાને પૂછનાર નથી પણ તેનો પક્ષપાત કરનારો મોટોભાગ છે અને જે કોઇ વિરાધ. કરે કે ભૂલ કાઢે તો તેને 'કજીયાખોર' 'જિદ્દી' 'અઘડા કરનારા' 'સંઘની શાંતિ તોડનારા' કહે છે. આ કાળમાં તો અમે સાવધ રહીએ તો જ બચી શકીએ બાકી શ્રાવકવર્ગમાંથી કોઇ અમને સાવધ કરનાર નથી કે બચાવનાર પણ નથી જેને માન–પાન, ખ્યાતિ–પ્રતિષ્ઠાદિની કિંમત ન હોય, માનનારા ખસી જાય તેની ય દરકાર ન હોય તે જ શાસ્ત્ર વાંચી શકે, બાકી કોઇનું મોં રાખવું તો શાસ્ત્ર મૂકવું પડે. અમારે દ્રવ્યક્ષેત્ર–કાળ–ભાવ અમારો ધર્મ ન ચૂકીએ અને તમને ધર્મ આપીએ માટે જાણવાના છે.

એક બોટી ઇચ્છા આત્મામાં પેઠા થાય એટલે શાસ્ત્ર ભૂલાય અને અનેક પાપને તે ઇચ્છા જ માગે. માન–પાન, ખ્યાતિ–પ્રતિષ્ઠા, સારાં આહાર–પાણી, વસ્ત્ર–પાત્રાદિની ઇચ્છા પેઠા થઇ એટલે પાપ શરૂ થયુ અને પછી તે ભૂલાવ્યા વગર રહે નહિ. તમને પૈસાના લોભે શું શું ભૂલાવ્યું છે ? જૂઠ–ચોરી, અનીતિ–અન્યાયાદિ કરોને ? તેને સારા માનો

ને સિદ્ધ કરવા ગમે તેવા વિશ્વાસુને ય ઠગે ને ? અવસરે સગા મા–બાપને પણ ઠગે ને ?

તેમ શાસ્ત્રવિરૂદ્ધ ન બોલવું તે સહેલું કામ નથી. ગીતાર્થો ય ગબડી ગયા, સમજદાર પણ ભૂલી ગયા. લોકોને રાજી કરવાનું મન થાય એટલે શાસ્ત્ર ભૂલાય તમને ખુશ રાખવાનું મન થયું એટલે ભગવાનને નારાજ કરવાનું મન થયું. શાસ્ત્રની વાત સાચવવી હોય શાસ્ત્રે કહ્યું હોય તે મુજબ જ બોલવું હોય તો ખૂબ ખૂબ મક્કમ બનવું પડે. પાસે બેસનારો ય ચાલ્યો જાય, માનનારા ય બસી જાય તેની ચિંતા ન હોય, કોઇ ગમે તેમ બોલે તેની અસર ન થાય તે જ બોલી શકે ! મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર્યે ભગવાનની સ્તવના કરતાં કહ્યું કે– 'હે ભગવન્ ! તારી સાથે મેળ કરું તો મૂરખ લોક સાથે મેળ જામતો નથી. લોક સાથે મેળ કરું તો તારી સાથે મેળ મળતો નથી. લોક માને કે ન માને તું રાજી થાય, તારી સાથે મેળ મળે એટલે ઘણું. મારે તો તારી આજ્ઞા તે જ પ્રમાણ છે.' મહામહોપાધ્યાયજીને ઘણી ઘણી આપત્તિ વેઠવી પડી છે. શ્રી સીમંધરસ્વામિ ભગવાન આગળ રોયા છે કે–'મિથ્યાદૃષ્ટિઓ બહુ વધી ગયા છે. જગતમાં પગ મૂકવાની જગ્યા નથી. સાધુ વેષધારી પણ ગમે તેમ બકે છે તેથી સાચાનો લોક વિશ્વાસ કરતું નથી.'

શાસ્ત્રમુજબ બોલવું, શુદ્ધ પ્રરૂપણા કરવી તે સહેલી ચીજ નથી. જે પોતાની જાતને ભૂલેને શાસનની પ્રભાવના કરી શકે જેને જાતની પ્રભાવના કરવી હોય તે શાસનની નિંદા કરાવ્યા વિના રહે નહિ. જેને ધર્મ કરવો હોય તેને ય જાતને ભૂલવી પડે. શાસ્ત્રસંમત બોલવું તે આજના યુગમાં કઠીન છે. રોજ 'આ સંસારના સુખને ભૂંડુ કહેવું અને દુ:ખને સારૂં કહેવું' તે કામ કઠીન છે. અર્થી શ્રોક હોય તો ય તેને સમજાવે તે ખરો વ્યાખ્યાતા છે. અનર્થી હજારો હોય અને તેવાની આગળ વ્યાખ્યાન કરે તે તો લબાડ છે ! તેવાને આ બધાને સાચવવાં શાસ્ત્ર આઘું મૂકવું પડે.

સાચું અને શાસ્ત્રશુદ્ધ બોલવું હોય તેને આત્મા ઉપર કન્ટ્રોલ રાખવો પડે. લોક સારા કહે તે જ ગમે, લોકની અસર થાય તેવાએ તો આ પાટ ઉપર બેસવું ન જોઇએ. યથેચ્છ બોલનાર આ પાટને અભડાવે છે. તેને તો આ પાટ ઉપર બેસવાનો અધિકાર નથી. શાસ્ત્રે કહ્યું છે કે– સંવિગ્ન હોય, ગીતાર્થ હોય. પણ જો શુદ્ધ પ્રરૂપક ન હોય તો તે શાસનને હાનિ કરનારો છે. તે પોતાની સાથે અનેકનું અહિત કરે. અંધારામાં પ્રકાશ ફેંકે તે ઉપકારી કહેવાય, અંધારામાં અંધારૂં કરે તે અપકારી છે. આજે અંધારું છે. જે કોઇ ભગવાનની આજ્ઞા મુજબ શાસ્ત્રસંમત સાચી વાત કહ્યા કરે તો યોગ્ય જીવને તો લાભ જરૂર થાય. અને જે ખોટું નિરૂપણ કરે તો બન્નેને

નુકશાન થાય જેમ દુનિયાની ચીજ જોઇ તપાસીને લો છો તેમ દેવ-ગુરૂ અને ધર્મ પણ ઓળખવા પડે, જાણવાં પડે. આ બહુ મોંઘી ચીજ છે. તમને પૈસો જેટલો વહાલો લાગે છે તેટલા દેવ-ગુરૂ અને ધર્મ વહાલા લાગે છે? ધર્મ કરનારા પણ ભગવાનની આજ્ઞા શું છે, મારે કેવી રીતે જીવવાનું છે તે સમજવાની પણ દરકાર કરે છે?

જે જીવો મરજી મુજબ ધર્મ કરે, વિધિ જાણવાની પણ ઇચ્છા ન હોય, વિધિ-મુજબ ધર્મ કરવાની પણ ઇચ્છા ન હોય તે કેવા કહેવાય? વિધિ કરતાં અવિધિ થઇ હોય તો તેની માફી માગવાની છે પણ જાણી જોઇને જ અવિધિ કરે તો? શ્રી મંગુ આચાર્ય જેવા પણ સારૂં સારૂં ખાવા-પીવામાં, માન પાનાદિમાં ભૂલ્યા તો કુદેવની યોનિમાં ગયા તો તમે અને અમે ભૂલીએ તેમાં નવાઈ છે? આ દુનિયાની સુખ-આત્માને ભુલાવનાર છે. આજે દુનિયાના સુખના અર્થી બનેલા અને પૈસાના ખૂબ લોભી બનેલા જીવો કેવા છે તે તમને સમજાવવું પડે તેમ છે? ધન તમને ભૂલાવનાર છે, માન-પાનાદિ અમને ભૂલાવનાર છે.

તમને બધાને પરલોક યાદ આવે છે? મહારંભ અને મહાપરિગ્રહ નરકમાં લઇ જાય તે ભગવાને કહેલી વાત યાદ આવે છે? શાસ્ત્રે રાત્રિભોજનને પણ નરકનું દ્વાર કહ્યું છે. તમને જૈનકુળ મળ્યું છે. તો તેના આચારો જીવો છો? તમારા ઘરમાં કોઇ રાત્રે ન ખાય ને? આજે તો રાતે ખાવું તે રિવાજ થઇ ગયો તે જે કોઇ રાતે ન ખાય તે 'ઘેલા' ગણાય છે.

સવા૦ : ન ખાનારા સારા ગણાય કે ઘેલા?

ઉ૦ : આજના લોકો ધર્મ કરનારાને 'ઘેલા' કહે છે વ્યાખ્યાનમાં જે આવે છે તે બધાને 'નવરા' કહે છે.

સંસારના અર્થી જીવો આવા જ હોય. તમને બધાને આ સંસારનો મોહ કેટલો છે! આ સંસારનું સુખ કેવું લાગે છે? પૈસો-ટકો તે પરિગ્રહ છે માટે પાપ છે તેમ લાગે છે ખરૂં? આ વિચાર નહિ કરો તો આ જીવન તો પૂરૂં થઇ જશે પણ ધર્મ નહિ મળે. આ લોકની મોજમઝા ખાતર પરલોક બગડી જશે. આવો જનમ તો મહાપુણ્યનો ઉદય હોય તો જ મળે જો અહીં આ ભવ હારી ગયા તો સંખ્યાત કાળે કે અનંતકાળે પણ આવો ધર્મ સામગ્રીવાળો જન્મ નહિ મળે આવું જોખમ ખેડવું છે? સાવચેત થવા માટે આ વાત ચાલે છે.

મોક્ષે જવા માટે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર ત્રણે ય જોઇએ.

તમારે સાધુપણું જોઇએ છે? સાધુ ન થાય તો શ્રાવક પણ થવું છે? સર્વવિરતિની લાલસા વિના દેશવિરતિનો સાચો પરિણામ આવે જ નહિ. દેશવિરતિપણું ક્યારે આવે? સર્વવિરતિની પૂબ લાલસા હોય તો, ઇચ્છા માત્ર ન ચાલે. આજે બાર વ્રતધારી કેટલા મળે? એક વ્રત લેનારા પણ કેટલા મળે? સમ્યક્ત્વને ઉચ્ચારનારા પણ કેટલા મળે? 'શ્રી અરિહંત પરમાત્મા તે જ મારા દેવ છે' આવો પણ નિર્ણય છે ખરો? અમને તો અમે જે ઇચ્છીએ તે આપે તે અમારા દેવ આવું માનો છો? અમને અનુકૂળ વાત કરે, પ્રતિકૂળ વાત ન કહે તે અમારા ગુરૂ! 'સંસાર છે તેને રાતે પણ આવું પડે, અનીતિ પણ કરવી પડે, આપત્તિમાં હોય તો પાપ પણ કરવું પડે તેને ના ન કહેવાય...' આવી વાતો કહે તે ગુરૂ તમને ગમે ને?

તમને અનીતિ આદિ કરતાં દુઃખ થાય છે? તમારી પાસે જે પૈસો છે તે અનીતિનો છે તો તેનો તમને ભય લાગે છે કે તેના ઉપર પ્રેમ થાય છે? અનીતિનો પૈસો જીવને ક્યાં લઇ જાય? આજે તો જેની પાસે વધારે પૈસો હોય તેમ તે વધારે લોભી હોય, વધારે અનીતિ આદિ પાપ કરનારો હોય.

સભા૦ : આજે ધર્મમાં પણ વધારે પૈસો ખર્ચે છે ને?

ઉ૦ : જૂના કાળમાં જેટલા પૈસા ખર્ચાયા છે તેટલા આજે ખર્ચાય છે?

શ્રી મોતીશા શેઠ તો હમણા થયા છે ને? તેમણે જેટલા પૈસા ખર્ચ્યા તેટલા તમે ખર્ચો છો? તેમણે કેટલા મંદિરો બાંધ્યા? આજના સુખીએ કેટલાં મંદિર બાંધ્યાં છે? કોઇ ગામમાં મંદિર થાય તો તે ગામવાળાએ પણ તે મંદિર બાંધ્યું તેમ કહેવાય? ગામના સુખીએ પણ તે બાંધ્યું હશે તેમ મનાય?

આજે ગમે તેટલું સમજાવીએ તો પણ મોટો ભાગ કહે કે– 'આપણાથી આ ન બને. આ વાત આ કાળમાં ચાલે નહિ. આ તો બધી જુના કાળની વાત.' આજે બધા દેશ–કાળ જોવાની વાત કરે છે તો આ દેશ–કાળમાં જેટલો ધર્મ થઇ શકે તેવો છે તે પણ કરો છો કે નહિ પૂછીએ તો મૂંગા રહે છે. હકીકતમાં તમારે ધર્મ કરવો નથી, ધર્મી કહેવરાવવું છે અને ધર્મથી મળતા બધા લાભ મજેથી ભોગવવા છે. આજ ઘણાને ત્યાગનો ઉપદેશ પણ ગમતો નથી, 'આ સંસાર રહેવા જેવો જ નથી' તે વાત પણ બેસતી નથી, મારે વહેલામાં વહેલા મોક્ષે જવું છે' તેવી ઇચ્છાવાળા આંગળીના વેઢે ગણવા પડે તેવું છે.

(ક્રમશઃ)

卐 વગર ભણ્યે ડહાપણ હાનીકર 卐

૨૦૫૪, પોષ સુદિ ૧૩, શનિવાર તા. ૧૦-૧-૧૯૯૮
શ્રી દાન-પ્રેમ-રામચન્દ્ર-કનકચન્દ્રસૂરિ જૈન પૌષધશાળા,
રંગસાગર, પી. ટી. કોલેજ રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

દેવ૩ ભક્તિકારક સુશ્રાવક બિપિનભાઇ યોગ્ય ધર્મલાભ સાથે જણાવવાનું કે તમે જુદા જુદા આચાર્યોને મોકલેલા પરિપત્ર મને એક આચાર્યશ્રી તરફથી વાંચવા મળ્યા. તેમાંના તા. ૮-૧૦-૯૭ના પરિપત્રમાંની તમારી રજુઆત અંગે તમારું ધ્યાન દોરવું જરૂરી લાગે છે.

તમારા આખા પત્રમાં આવેશ, અહંકાર અને કદાગ્રહ લગભગ વાક્યે વાક્યે દેખાઇ આવે છે તમને અનુકૂળ ન આવે તેવાં શાસ્ત્રવચન અને શાસ્ત્રકાર મહાપુરૂષો માટે ગમે તેવા ગર્ભિત આક્ષેપો કરવામાં તમને સંકોચ નડતો નથી. વર્ત્તમાન આચાર્યો માટેય તિરસ્કાર ભર્યા અભિપ્રાય તમે આપ્યા છો. (અને છતાં આવા આચાર્યો ઉપર પરિપત્ર મોકલી તમે એકતાની આશા રાખો છો.)

તમારા પરિપત્રમાંથી પૂર્વાચાર્યો અને તેમના ગ્રન્થો ઉપરના આક્ષેપો :—

'છેલ્લાં બે હજાર વર્ષોમાં બનેલા ગ્રન્થો અને એને સત્ય આધાર માનવાને કારણે જ તિથિના વિવાદ-ભાગલા થયા.'

'એ ગ્રન્થોનો નહિ, પણ મૂળ આગમોનો જ આધાર લેવો જોઇએ.'

'ભગવાન મહાવીરના વખતનું ગણિત જાણીને ગણિત ગણી જોતાં કાલક સૂ.મ.ને તેમાં ક્ષતિ જણાઇ, તેથી તે ગુપ્ત રાખી નવું પંચાંગ બનાવ્યું...હું પણ તેને ગુપ્ત રાખું છું.'

તમારા પત્રમાંના આ બધા આક્ષેપો જોતાં તમારી ધૃષ્ટતાની કોઇ હદ દેખાતી નથી. છેલ્લા બે હજાર વરસ દરમ્યાન સૂરિપુરંદર પૂ. શ્રી હરિભદ્ર સૂ. મ., કલિકાલ સર્વજ્ઞ પૂ. શ્રી હેમચંદ્ર સૂ. મ., મહામહોપાધ્યાય પૂ. શ્રી યશોવિ. મ. અને પૂ. ઉપા. શ્રી વિનયવિ. મ. (જેમણે લોકપ્રકાશ નામના ગ્રન્થમાં જૈન જ્યોતિષ ગણિતની વિસ્તૃત રૂપરેખા કરી છે.) વગેરે અનેક વિશ્વવંદ્ય મહાપુરૂષો થઇ ગયા અને તેમના રચેલા ગ્રન્થો આજે ય આગમની જેમ જ પ્રમાણ મનાય છે, તે બધા મહાપુરૂષો અને તેમના ગ્રન્થો કરતાં તમને તમારી જાત અને વાત વધુ પ્રમાણભૂત લાગે છે ? ભગવાનના ગણિતમાં ભૂલ હતી અને આજ સુધીમાં માત્ર બે જ વ્યક્તિ-એક કાલક સૂ. મ. અને બીજા

તમે–તે જાણી શકયાની તમારી વાત મિથ્યાભિમાનનો નમૂનો છે.

વર્ત્તમાન આચાર્યો માટેના તમારા અભિપ્રાય :–

'તઠ મળે એઠ બીજા ઉપર આક્ષેપ–પ્રતિ આક્ષેપ કરી અધર્મનો પ્રચાર કરનારા.'

'પોતે કઇ ગતિનું આયુષ્ય બાંધી રહ્યા છે તેનો વિચાર નહિ કરનારા.'

'ધર્મધ્વંસ કરનારા.'

'કલ્પસૂત્ર વાંચી જનારા વાંચીને વીંટો વાળીને ઊંચે મૂકી દેનારા, પણ તેમાંના બોધની કદી વિચારણા નહિ કરનારા.' 'અહંકારના હાથી ઉપર બેઠેલા.' : વગેરે વાંચતા એમ લાગ્યું કે વર્ત્તમાનના આચાર્યો કઈ ગતિનું આયુષ્ય બાંધી રહ્યા છે–તેની ચિંતા છોડી તમારે તમારી પોતાની ગતિના બંધની ચિંતા કરવાની જરૂર છે. ધર્મ-શાસ્ત્ર કે જ્યોતિષ શાસ્ત્રનું ઉપર છલ્લું નહિવત જ્ઞાન મળતાં જ પૂર્વાચાર્યે અને વિદ્યમાન આચાર્યોની આવી ઘોર આશાતના કરનારની કઇ ગતિ થાય તેનો ખ્યાલ મેળવી લેવાની તમને ભલામણ છે.

વિ. સં. ૨૦૪૨ માં મારા (સ્વ.) પૂ. ગુરૂદેવશ્રી સુરત પધારેલા ત્યારે પણ તમે તેઓશ્રી સાથે આવો જ કદાગ્રહ ભરેલો લાંબો પત્રવ્યવહાર કરેલો. તેઓશ્રીએ આપેલા ઉત્તરોનો તમે કદાગ્રહ છોડીને વિચાર કર્યો હોત તો તમે આવી ઘોર આશાતનાના પાપથી બચી શકયા હોત. પણ કોઈ શાસ્ત્રીય અભ્યાસ વિના જ અભિપ્રાય બાંધવાની અને તેને પકડી રાખવાની તમારી મનોવૃત્તિ જ તમારું અહિત કરી રહી છે.

મુહૂર્ત્ત શાસ્ત્રમાં વર્જ્ય ગણાતી ૪,૯,૧૪ ને આરાધનામાં ય વર્જ્ય ગણવાનો તમારો કુતર્ક તમારી આવી મનોદશાનો પૂરાવો છે. આરાધના તિથિ નિયત નહિ, પણ મુહૂર્ત જોઇને જ થવી જોઇએ–આવી તમારી માન્યતાને કોઇ શાસ્ત્રીય આધાર છે ? બે હજાર વરસમાં બનેલા ગ્રન્થો, તમારા મતે, આગમ પ્રમાણે નહિ હોવાથી નકામા છે, તેથી (તમારી (૪,૯,૧૪ ને આરાધનામાં નહિ લેવાની) માન્યતાને બે હજાર વરસથી ય વધુ પ્રાચીન કોઇ ગ્રંથનો કે આગમનો આધાર મળ્યો હશે એમ માનવું પડે !

ચોમાસી પૂનમની હતી ત્યારે ય પકખી તો ચૌદસની જ હતી તેનો તમને ખ્યાલ નથી. ઉદિત ચોથ–ચૌદસની આરાધના કરનારાના પાપે ધર્મને ઘસારો પહોંચ્યાનો આક્ષેપ કરતા પહેલાં તમારે ઇતિહાસ ભણવાની જરૂર છે. અત્યાર સુધી થયેલી શાસન રક્ષા–પ્રભાવનામાં ચોથ–ચૌદસ પક્ષના મહાપુરૂષોનો ફાળો કેટલો અને પાંચમ–પૂનમપક્ષનો ફાળો કેટલો–તેનો તટસ્થપણે અભ્યાસ કરશો. પાંચમ–પૂનમ પક્ષવાળા પૌષધ

ઉપવાસ વગેરે સૂર્યોદયથી કરે છે તો આરાધનામાં ઉદિત પાંચમ-પૂનમને બદલે સૂર્યાસ્ત વ્યાપિની પંચમ-પૂનમ શા માટે પકડે છે-તેય વિચારશો ? ધર્મનો ઘસારો પહોંચવાના ખરા કારણ તો આવા કદાગ્રહો છે. આરાધના અને મુહુર્ત્તના વિષય તદ્દન જુદા છે. જો કે મુહુર્તમાં ય ચોથ-ચૌદસ એકાંતે વર્જ્ય નથી અને પાંચમ-પૂનમ એકાંતે શુદ્ધ નથી. ઊંડો અભ્યાસ નહિ હોવાથી તમારા તર્ક કુતર્ક બન્યા છે.

વિ. સં. ૨૦૫૧ ના 'જન્મભૂમિ' પંચાંગમાં હર્ષદભાઇ શાહનો 'જૈન પર્વ વ્યવસ્થા' નામનો લેખ હતો. તેમાં વર્ત્તમાન તિથિ વિવાદના ઉકેલ માટે શાસ્ત્રીય અને વ્યવહારૂ ઉપાય સૂચવ્યો હતો. તેવા કોઇ અભ્યાસીનો સંપર્ક કેળવી સાચી સમજ મેળવવા પ્રયત્ન કરશો તો તમારો પુરૂષાર્થ લેખે લાગશે. અંગત રાગ-દ્વેષ કે પક્ષીય કદાગ્રહ રાખ્યા વિના અને 'શાસ્ત્ર જ સાચું, મને ન સમજાય તો મારું જ્ઞાન કાચું, શાસ્ત્ર તો સાચું જ' આવી અવિહડ શ્રદ્ધા સાથે શાસ્ત્ર સમજવા પ્રયત્નશીલ બની પૂર્ણજ્ઞાની બનો એજ એક શુભાભિલાષા...

કઃ પુવિશાલ ગચ્છાધિપતિ વ્યાખ્યાન વાચસ્પતિ સ્વ. પ. પૂ. આ. શ્રી વિજય રામચંદ્ર સૂ. મ. ના શિષ્યાણુ મુનિ પ્રશાંતદર્શન વિ. મ.ના ધર્મલાભ.

પ્રભુ ! દૂર કરો અંધારું —પૂ. મુ. શ્રી મોક્ષરતિવિજયજી મ.

હે પ્રભુ ! મારી કાયામાં તંદુરસ્તી સચવાયેલી રહે એ મને ગમે છે. મારા કુટુંબમાં શાંતિ છવાયેલી રહે એ મને ગમે છે. મારી કમાણીમાં ભરતી પથરાયેલી રહે એ મને ગમે છે. તો પણ હે પ્રભુ. મારા મનોમંદિરમાં તો તું જ સચવાયેલો, છવાયેલો અને પથરાયેલો રહે એ મને સૌથી વધારે ગમે છે.

હે પ્રભુ ! યુવાન અને ધનવાન દીક્ષાર્થીઓને જોઉં છું ત્યારે કયારેક એમ થઇ જાય કે સંસારની આ સઘળીય માયાજાળનું વિસર્જન કરીને બસ, પ્રભુને શરણે ચાલ્યો જાઉં. અને કયારેક તો હું એ જ માયાજાળના વિસ્તરણમાં એવો તો મસ્ત બની જાઉં છું કે કોઇનુંય સાંભળતો નથી. હું પોતે જ ગુંચવાઇ જાઉં છું પ્રભુ, કે મારે આખરે જોઇએ છે શું ? સંસારસુખો કે મોક્ષસુખો ?

હે પ્રભુ ! કોઇનીય નિંદા કરવી જોઇએ નહીં-એવું તું જણાવે છે, ત્યારે મને મારો વિચાર આવે છે: મને તો હજુ કોઇની સચ્ચાઇભરી પ્રશંસા કરતાંય આવડતું નથી.

✤

સર્વે ગુણા કાંચનમાશ્રયન્તેમાં માનતા સમાજમાં રાજકારણનું અપરાધીકરણ ન થાય તો બીજું શું થાય !

[ગતાંકથી ચાલુ] —બકુલ દેસાઇ

વિશ્વભરમાં ગુનેગારીને ઉત્તેજન આપનારી બેન્ક ઓફ ક્રેડીટ એન્ડ કોમર્સ (ઇન્ટર નેશનલ)ને સી.આઈ.એ. સંરક્ષણ છત્ર પૂરું પાડે છે અને અમેરિકાના ઉચ્ચ રાજકારણીઓ સાથે તેને સંબંધ છે. સંગઠીત ગુનેગારો અમેરિકન રાજકારણનું અવિભાજ્ય અંગ છે. રાજકીય છત્રછાયા મળે ત્યારે જ માફિયાઓ પનપે છે. રશિયામાં માફિયાઓ સમાંતર સરકાર ચલાવે છે. કોલમ્બીયા, પેરુ અને બોલીવીયામાં તો નશીલા પદાર્થોના કાર્ટેલોનો સરકારો પર અંકુશ છે. પાકિસ્તાનમાં પણ રાજકારણીઓ અને નશીલા પદાર્થોના માફિયાઓ વચ્ચે સાંઠગાંઠ છે અને કરાચીમાં જોવા મળતું કલાશનિકોવ કલ્ચર અન્ય શહેરોમાં ઝડપથી વિસ્તરી રહ્યું છે.

રાજકીય સત્તા જનસેવાનું નહીં પણ મેવાનું સાધન હંમેશા રહ્યું છે. આજે આપણે જાગૃત અને સમજદાર થયા છીએ એટલે ખૂંચે છે. આર્યોની ટોળીઓનો નેતા પણ વિશેષધિકારો ભોગવતો રાજાઓની સત્તા અને ધનલોલુપતાને કોઇ મર્યાદા ન હતી. આજે ચૂંટાયેલા પ્રધાનો રાજાઓને પણ ઇર્ષા આવે એવું જીવન જીવે છે. આપણે ત્યાં જ નહીં પણ દુનિયાભરમાં આમ બનતું રહ્યું છે. આનો અર્થ એ નહીં કે આ સ્થિતિને અનિવાર્ય ગણી હાથજોડીને બેસી રહેવાનું છે. તેમાંથી માર્ગ કાઢયા વિના ચાલવાનું નથી પણ આ કામ સહેલું નથી શાસક પક્ષ કે સાંસદ કે વિધાન સભ્ય કે પંચાયત સભ્યો બદલવાથી તેનો ઉકેલ આવવાનો નથી. આપણે તેમને બદલીને ચોરના ભાઇ ઘંટીચોરને બેસાડીએ છીએ અને તેને તગડીને પાછા જુના અને જાણીતા ચોરને ગાદી સોંપીએ છીએ.

સ્થિતિ બદલવી હશે તો પાયાનું પરિવર્તન કરવું પડશે. સરકારે આને માટે નોડલ એજન્સી એટલે કે કેન્દ્રીય સમિતિ, ગૃહસચિવ, મહેસુલ સચિવ અને સી. બી. આઈ. તથા ઇન્ટેલીજન્સ બ્યુરોના વડાઓની બનેલી સમિતિ નિમવાની જાહેરાત કરી છે. આ જાહેરાત પ્રજાને ગેરમાર્ગ દોરવાના પ્રયાસથી વિશેષ નથી. આ સમિતિના સભ્યો પ્રધાનોના હાથ નીચે કામ કરનારા સરકારી નોકરો છે. તેમની બઢતી અને નોકરીની સલામતીનો આધાર પ્રધાનો પર છે. તેઓ પ્રધાનોને ગુનેગારો સાથે સાંઠગાંઠ બાંધતા રોકી શકશે કે તેમના કાળા કામોને જાહેર કરશે એવી આશા મિથ્યા છે.

સમાજ જ્યાં સુધી માનવીને તેના ગુણ અને સમાજને તે શું આપે છે તેના આધારે મૂલવતો નહીં થાય ત્યાં સુધી એક નહીં તો બીજા પ્રકારે આવી સ્થિતિ રહેવાની જ, જે સમાજ લક્ષ્મીપૂજનમાં રાચતો હોય અને લક્ષ્મી કેવી રીતે મેળવી તેના ઉપર નહીં પણ લક્ષ્મીના ઢગલાની ઉંચાઇ પર જ નજર ઠેરવતો હોય ત્યાં ધનિક ગુનેગારોની બોલબાલા રહેવાની જ. આપણે જીવનના દરેક ક્ષેત્રમાં ધનને જ સર્વગુણ સંપન્ન ગણવાનું બંધ નહીં કરીએ ત્યાં સુધી કોઇ નોડલ એજન્સી કારગત નીવડી ન શકે. સમાજ ધનને કયાં અને કેટલું પ્રાધાન્ય આપે છે તેના પર સરસરી નજર નાંખીએ.

ધનમાં જ તમામ સદ્‌ગુણો જોવાની આદત સમાજે કેળવી છે. બેડોળ યુવાન ધનિક હોય તો તેને પુત્રી પરણાવનારાઓની કતાર લાગે છે, જ્યારે ગરીબ બેડોળ તરફ કોઇ નજર પણ નાંખતું નથી. આનો અર્થ એ થયો કે ધનમાં સુંદરતા સમાયેલી છે.

અપ્રમાણિક ધનિક માણસની સમાજમાં ગરીબ પ્રમાણિક માણસ કરતાં વધુ આબરૂ હોય છે. તેણે દેવાળું કાઢયું હોય કે બેંક પાસે ધિરાણ લઇ સફળતાપૂર્વક ડુબાડયું હોય તો તેની આબરૂ ઓર વધે છે, ધનિક અપ્રમાણિક માણસની શાખ પાત્રતા બેંક પાસે પણ ઉંચી હોય છે અને સહેલ ઇથી ધિરાણ મેળવી શકે છે. પ્રમાણિક ગરીબ માણસને કોઇ ધિરાણ આપતું નથી. ધિરાણમાં આવશ્યક વસ્તુ ચૂકવણી અંગેની પ્રમાણિકતામાં વિશ્વાસ છે. આ કસોટીએ જોઇએ તો ધનને જ પ્રમાણિકતાનો પર્યાય માની લેવામાં આવ્યો છે.

જેણે જીવનમાં કયારેય મૌલિકતા ન બતાવી હોય તેવો ડફોળ પણ ધનિક માણસ સમાજ અને વહીવટના ઉચ્ચાસને સડસડાટ પહોંચી જતો જોવા મળે છે પણ મૌલિકતા, સર્જનાત્મકતા અને ફળદાયી વિચારો ધરાવનાર નિર્ધન માણસ માન્યતા અને તકના અભાવે પાયામાં ધરબાતો રહે છે. આનો અર્થ એ થાય કે સમાજે ધનને જ સર્જનાત્મકતાનો શણગાર પહેરાવવાની, આદત કેળવી છે.

બજારમાં ઉંચી કિંમતે વેચાતા માલમાં ઉંચી ગુણવતા હોય છે એવી ભ્રામક માન્યતા પ્રવર્તે છે. ઉંચી ગુણવતા ધરાવતી વસ્તુ સસ્તી હોય તો તેની કિંમત થતી નથી. આ વાકયનું તાત્પર્ય એ છે કે ઉંચી કિંમત એટલે કે ધન એજ ઉંચી ગુણવત્તાની પારાશીશી છે

જે કલાકાર પોતાની સામાન્ય કૃતિને પણ ધનિકોમાં ઉંચી કિંમતે વેચવા જેટલી વગ ધરાવતો હોય તેની કૃતિઓ ઉચ્ચકોટિની ગણાય છે, જે કલાકાર વધુ મૌલિક અને સુંદર કલાકૃતિ સર્જતો હોય પણ ઉંચી કિંમતે વેચી ન શકતો હોય તેની કલા-

કૃતિ નિમ્ન કક્ષાની ગણાય છે. આનો અર્થ એ થયો કે ઉંચી ઠિંમત અને ઉચ્ચકોટિની અભિરુચીનો પર્યાય બની ગઇ છે.

ધનિકોને ડહાપણનો સાગર માનવાની અને મહાજનો (શાહુકાર) પંથે ચાલવાની આદત કેળવી છે જ્યારે સમજુ અને ડાહ્યા પણ ગરીબ માણસોને અવગણવાની અને અપમાનવાની રીતરસમ જોવા મળે છે જે લોકો કશું જ કરતાં અને ધન દ્વારા વધુ ને વધુ ધન રળતા રહે છે. તેમને સર્વગુણ સંપન્ન માનવામાં આવે છે અને જેઓ પોતાને ગમતું અને અનુકુળ કામ કર્યે જાય છે અને પાછળ ગાંડી દોટ મૂકતા નથી. તેમને બિનઉદ્યમી અને આળસુ ગણવામાં આવે છે.

ચાંદીના ચમચા સાથે જન્મેલા કે ચેનકેન પ્રકારે ધન લેણું કરનારાઓની વાતો કર્કશ અને કમ વગરની હોય તો પણ આદરથી સાંભળવામાં આવે છે પણ નિર્ધન શાયરમાં સુમધુર સ્વરે ગવાતાં કાવ્યો પણ જ્યાં સુધી કોઈ ધનિક હાથ ન પકડે ત્યાં સુધી અરણ્યરૂદન જેવા રહે છે. ભેંકોને અને શેરહોલ્ડરોને ઠગીને છેતરીને ધનના ઢગલા કરનારાઓ સફળ અને સાહસિક ગણાય છે પણ પોતાના સહકારીઓ સાથે સૌજન્ય અને પ્રમાણિકતાથી વર્તી પોતાની આવશ્યકતા પૂરતું રળનારો મૂર્ખ ગણાય છે. આ રીતે સર્વ ગુણા કાંચનમાશ્રયન્તે અર્થાત બધા જ ગુણો કાંચનને આશરે રહેલા છે એમ મનનારા સમાજમાં સરકાર પર ધનનું વર્ચસ્વ રહેવાનું. જીવનભર મહેનત કરી ધન કમાવાની ધીરજ રહી નથી અને બધાને જ ફાસ્ટ બકસ એટલે ઝડપથી લાખોપતિ કે કરોડપતિ થવાની ઝંખના જાગી છે ત્યારે તે સ્વપ્ન સિદ્ધ કરવાનો ઘોરીમાર્ગ ગુનેગારીનું દુનિયા તરફ દોરી જાય છે. રાજ્યના આશ્રય અને સાથ સહકાર વિના ગુનેગારીની પ્રવૃત્તિ ચાલી શકતી નથી અને નાણાંની રેલમછેલ કરી શકાતી નથી. રાજકારણના ગુનેગારીકરણનું મૂળ આમાં રહેલું છે.

વોહરા સમિતિએ એક મહત્વની બાબત અંગે ધ્યાન દોર્યું છે જેને દેશના સંરક્ષણ સાથે લાગેવળગે છે તેની ઉપર તાત્કાલીક ધ્યાન આપવું જરૂરી છે. સાંગઠીત ગુનેગારી અને પોલીસતંત્ર તેમજ રાજકારણીયો વચ્ચેની સાંઠગાંઠ દેશની સંરક્ષણ હરોળને ખોખલી બનાવી રહી છે. નશીલી દવાની ગુનેગારી કોઇ એક દેશ પુરતી મર્યાદિત નથી. અમેરિકાની જાસૂસી સંસ્થા સી.આઇ.એ. અને નશીલી દવાઓના વેપારને ડામવા માટેની અમેરિકન એજન્સીએ એક યાદીમાં પાકિસ્તાની ડ્રગ માફિયાઓના ભારતીય વગદાર વર્તુળો સાથેના ગાઢ સંબંધોનો નિર્દેશ કર્યો છે. આ અમેરિકન જાસૂસી સંસ્થાઓને ડ્રગ માફિયાઓ સાથે ઘરોબો ધરાવતાં ભારતીય વગદાર વર્તુળોના નામની માહિતી

પણ છે એમને ગુનેગારો અને તેમના રાજકીય આશ્રય દાતાઓના નામની પણ ખબર છે. પાકિસ્તાનમાંથી ભારતમાં ઠલવાતા ખતરનાક શસ્ત્રો અને દારૂગોળો તથા નશીલી દવાઓ એકધારી રીતે અને આટલી સહેલાઈથી આવે છે તેની પાછળ આ સાંઠગાંઠો રહેલા છે. આ સાંઠગાંઠો ઉચ્ચકોટિનો દેશદ્રોહ છે અને દેશના સંરક્ષણ માટે ખતરો પેદા કરે છે. સરકાર આ ગુનેગારો અને રાજકારણીયોના નામો જાહેર કરી તેમની સામે ખટલો ચલાવે તેને માટે સરકાર પર જનમતનું દબાણ જરૂરી છે.

વેહરા સમિતિએ રાજકારણના અપરાધીકરણ અને ગુનેગારોના રાજકારણીયો, વહીવટી અધિકારીઓ અને પોલીસ અધિકારીઓ સાથેની સાંઠગાંઠના પ્રશ્નને ગંભીરતાથી રજુ કર્યો છે. નોડલ એજન્સી યાને કે મધ્યવર્તી સમિતિના નામે આ પ્રશ્નને રોળીટોળી નાંખવાના સરકારના પ્રયાસને સફળ થવા ન દેવો જોઈએ. તમામ રાજકીય પક્ષોએ ગુનેગારોને સાથ ઇચ્છનિય ગણ્યો હોવાથી રાજકીય પક્ષો તાત્કાલીન લાભ લેવાની રમતથી આગળ વધી તેના મૂળ સુધી જશે એવી આશા વ્યર્થ છે. જાગૃત અને આક્રમક જનમત જ આ કામ કરી શકશે. પક્ષના લેબલ વીસરી જઇ તમામ લોકોએ રાજકારણના અપરાધીકરણ વિરૂદ્ધ અવાજ ઉઠાવવો જોઈએ.

રાજકારણના અપરાધીકરણને અટકાવવાના પ્રયાસો કરતાં રહીએ પણ એ સમજવું જરૂરી છે કે તેને સફળ બનાવવા માટે સામાજિક મૂલ્યોમાં આમૂલ પરિવર્તન આવશ્યક છે. કાંચનમાં સર્વ ગુણો સમાયેલા છે એવી માન્યતા બદલીને સમાજપયોગી કાર્યોને મહત્ત્વ આપવાની પ્રથા તરફ વળવું જરૂરી છે. માનવીનું મૂલ્ય તેની પાસેની ધનસંપત્તિથી નહીં પણ તે સમાજ પાસે મેળવે છે તેના કેટલા વધુ પ્રમાણમાં સમાજને આપે છે તેને આધારે કરવું જોઈએ. ધન સંપત્તિ સમાજમાં માન-મોભો અને ઉચ્ચ પદો અપાવતા બંધ થશે અને સમાજના શ્રેય માટે શ્રમ કરનારાઓને આદર આપવાની સામજિક સમજ કેળવાશે ત્યારે ગુનેગારોનો સાથ લેવાની જરૂર નહીં રહે એવી સ્થિતિ સરજી શકશે.


(મુંબઇ સમાચાર તા. ૧૩-૯-૯૫)

શ્રમણત્વની વિરાધના અનર્થકારી

વિરાધિતં હિ શ્રામણ્યં બહ્વનર્થં પ્રદાયકમ્

વિરાધના કરેલું સાધુપણું ખરેખર બહુ અનર્થને કરનારું છે.

-પ્રવચ્યા વિધાન કુલક ટીકા



શ્રી જીવદયા મંડળ–રાપર

રાપર–કચ્છ ૩૭૦ ૧૬૫ * પોસ્ટ બોક્ષ નં. ૨૩

રાપર પાંજરાપોળને મદદ માટે અપીલ

ધર્મપ્રેમી ભાઇશ્રી,

જીવદયાના ઊમદા હેતુથી છેલ્લા ૨૭ વર્ષથી આ સંસ્થા અબોલ જીવોને નિભાવવાનું કાર્ય કરી રહેલ છે.

આપ સૌના ઊમદા સહયોગથી સંસ્થા તેના આ કાર્યમાં વધારે ને વધારે પ્રગતિ કરી રહેલ છે. આ સંસ્થાના ત્રણ વિભાગોમાં આજે પણ ૪૬૫૦ ની સંખ્યામાં ઢોરો આશ્રય લઇ રહેલ છે.

આ ઢોરોના નિભાવ પાછળ તા. ૧–૪–૯૬ થી ૩૧–૩–૯૭માં આ સંસ્થાએ ૧ કરોડ ૨૦ લાખ રૂપિયાનો ખર્ચ કરેલ જ્યારે તા. ૧–૪–૯૭ થી તા ૩૧-૩–૯૮ દરમ્યાન આ સંસ્થાને નિભાવ ખર્ચ ૫–૮૫ લાખ આસપાસ લાગેલ અને ચોપડાનું ઓડીટ પણ થઇ ગયેલ છે.

આમ ઢોરોની સંખ્યા તથા નિભાવ ખર્ચ ઉપરથી આ સંસ્થાની સંભાળકારીનો ખ્યાલ આવશે.

આવડુ વિચાર કાર્ય ભાગ્યે જ **આપ સૌના સહકાર** વિના શક્ય બને તો જીવદયાના આ મહાન યજ્ઞમાં આપ આપનો શક્ય વધુ ફાળો મોકલી જીવદયાની જ્યોત જલતી રાખવા સહયોગી બનશો એજ અપેક્ષા સહ.

સંસ્થામાં હાલે ૧૨૫ માણસોનો સ્ટાફ પણ છે.

આ સંસ્થાને સ્વાવલંબી બનાવવા માટે સંસ્થાએ પોતાની માલકીની ૨૨૫ એકર જમીનમાં વીડ વીકાસ યોજના બનાવેલ છે. જેમાં ૫૧૦૦૦ (એકાવન હજાર) આપનાર દાતાનું નામ શીલાલેખમાં લખવામાં આવશે.

મદદ મોકલવાનું સ્થળ :
શ્રી જીવદયા મંડળ–રાપર
રાપર-વાગડ–કચ્છ
પીન ૩૭૦૧૬૫ ફોન નં. (૦૨૮૩૦) ૨૦૦૪૦

લી.
ટ્રસ્ટી મંડળ તથા કાર્યવાહક કમીટી.
શ્રી જીવદયા મંડળ રાપર–કચ્છ

મહાભારતનાં પ્રસંગો

[પ્રકરણ-૨૮] —શ્રી રાજુભાઇ પંડિત

ચાણુર ! સાવધાન.

'મારા તરતના જન્મેલા છ–છ બંધુઓને શિલા સાથે અફળાવીને મારી નાંખનારા નરાધમ કંસની હું હત્યા કર્યા વગર જંપીશ નહિ. જો હું કંસને હણુ નહિ તો તેણે કરેલી મારા ભાઇઓની હત્યાનું પાપ મને ચોંટશે.' આવી પ્રતિજ્ઞા કરીને શ્રીકૃષ્ણ બલદેવ સાથે મથુરા નગરીના ધનુષ્યોત્સવના બહાને મલ્લયુધ્ધના રંગમંચ સુધી પહોંચતા પહોંચતા રસ્તામાં આવેલા કાળીનાગ અને મત્તગજ હાથીઓના ઉપદ્રવને જડમૂળથી ઉખાડી નાંખીને જ્યાં દુઃખેથી ચડી શકાય તેવા મંચ ઉપર આવીને બેસી ગયા.

શ્રીકૃષ્ણની યુવાવસ્થાનો આરંભ, શ્યામલવર્ણી આકર્ષક મુખમુદ્રા, મુખ પરની ખુમારી પૂર્ણ નીડરતા આ બધું જોતાં રંગમંચના દરેકે દરેક રાજાઓ આશ્ચર્યમુગ્ધ થઇ ગયા હતા.

થોડીવાર થઇ પછી બલરામે શ્રીકૃષ્ણને કહ્યું– વત્સ ! વિષને વરસાવનારી તારી તે કાતિલ દૃષ્ટિ આ શત્રુઓના સમૂહ ઉપર ફેંક. જો વત્સ ! આ મુગટ બાજુબંધ–હાર–કડા અને કુંડલથી યુકત જેવો ઉંચા સિંહાસન ઉપર બેઠેલો છે તે તારો શત્રુ કંસ છે. આ તે જ કંસ છે વત્સ ! કે જેણે તારા છ–છ ભાઇઓને જનમતાની સાથે જ શિલા સાથે અફાળી–અફાળીને રહેંસી નાંખ્યા છે. તેથી વત્સ ! આજે તે નરાધમને આજ સુધી નહિ જોયેલો મૃત્યુનો ખોળો બતાડી દે.

અને વત્સ ! આ સામેની તરફ જો. તે તારો સઘળો જ્ઞાતિવર્ગ છે. સ્નેહભીની આંખે તે જ્ઞાતિજનોનો તું સ્વીકાર કર.

પેલા બેઠા છે તે તારા જ્યેષ્ઠ પિતા સમુદ્રવિજય છે.

અને તેમની બાજુમાં બેઠેલા તારા જન્મદાતા પિતા વસુદેવ છે. અને ત્યાં આસપાસમાં બેઠેલા છે તે અક્રુરાદિ તારા અતિ પરાક્રમી બાંધવો છે.

એક આંખમાં રોષની અરૂણતા ભરીને શ્રીકૃષ્ણે પોતાના શત્રુઓ સામે નજર કરી લીધી અને બીજી આંખમાં ભક્તિ ભરીને પોતાના સ્વજનોના દર્શન કરી લીધા.

શ્રીકૃષ્ણના સસ્ય શ્યામલા આકર્ષક– અદ્‌ભુત રૂપને જોઇને અંજાઈ ગયેલા રાજા સમુદ્રવિજય તો શ્રીકૃષ્ણને પોતાના નયનપુટો વડે પીતા જ રહ્યા. અને વસુદેવને

કહ્યું– આજે જ કુળદેવી લાગે છે કે આપણા ઉપર પ્રસન્ન થયા છે. કે જેથી ત્રૈલોક્યમાં માણેક સમાન આ પુત્ર નજરથી જોઈ શકાય છે. આટલા વર્ષો સુધી અમાર દુર્ભાગ્યે આપણો પુત્ર આપણાથી દૂર રહ્યો. રાજમહેલમાં ઉછરવો જોઇતો હતો તે ગાયનો વાણુહાર ગોપાળના કુળમાં ઉછર્યો. આટલો સમય આપણી નજરો તેના દર્શનથી વંચિત રહી.

હવે શ્રીકૃષ્ણ– ગોવિન્દાને જોઇને કંસે પોતાના મંત્રી બૃહસ્પતિને કહ્યું–'આવો વિજયી શત્રુ આ ધરતી ઉપર જીવતો છતાં ઋષિની વાણી ખોટી શી રીતે પડે? અને મારી જેવો તેનો ખતરનાક શત્રુ હોવા છતાં વસુદેવે તેને શી રીતે રક્ષ્યો? ખેર... હમણાં જે થયુ તે થયુ. થઇ ગયેલી વાતને વિચારવામાં હું માનતો નથી. વસુદેવે આ શ્રીકૃષ્ણને (વાસુદેવને) ગમે તેમ રક્ષ્યો હોય ભલે રક્ષ્યો હોય, પણ મારા આ હૃષ્ટ–પુષ્ટ ખતરનાક મલ્લ ચાણુરની આગળ હવે તે બચી શકવાનો નથી. આજે જ એની જિંદગીનો ફેંસલો આવી જશે. અને આ મલ્લયુદ્ધના મેદાનમાં તેના પ્રાણ ચાણુર દ્વારા યમરાજને ભેટ ધરી હું અજર–અમર મૃત્યુંજય બની જઈશ.'

આટલું પોતાના મંત્રીને કહ્યા પછી કંસે આંખના ઈશારાથી ચાણુરને મલ્લયુદ્ધ શરૂ કરવા પ્રેરણા કરી.

કંસની આંખના ઇશારે જ હૃષ્ટ–પુષ્ટ કદાવર મહાબલિષ્ટ ચાણુરે ક્રુરતાપૂર્વક આંખોથી કૃષ્ણ તરફ કટાક્ષ કરતા ઉપસ્થિત રહેલા રાજ્યકના જોતા જ ગર્જનાપૂર્વક કહ્યું કે–"અહીં જો કોઇ ક્ષત્રિયકુળમાં જન્મેલો હોય અને પોતાની જાતને શુરવીર ગણાવતો હોય તો તે હમણાંને હમણાં જ મારી સાથે મલ્લયુધ્ધ કરવા આવી જાય.'

આ રીતે ક્ષાત્રવટની–ક્ષાત્રકુળની થતી મશ્કરીભર્યા આક્ષેપથી ક્રોધાયમાન થઇ ગયેલા ગોવિંદ એ જ ક્ષણે છલાંગ મારીને મંચ ઉપરથી ચાણુરની આગળ ઉપસ્થિત થયા. અને ચાણુરને પોતાની ગુવાર'ભની વાણીમાં કુશળતાથી કહ્યું કે–'આ હું ક્ષત્રિય-કુળનો ઉત્ત'સ=ઝળહળાવનારો છું તથા મને હું શુરવીર માનનારો પણ છું. અને હે ચાણુર! શત્રુને સૂરી નાંખવામાં દયાહીન એવો હું તારો યમરાજ પણ છું" આવ મલ્લયુધ્ધ માટે તૈયાર થા.

યુવાર'ભ પામતા નાનકડા દેખાતા શ્રીકૃષ્ણની પ્રતિકારપૂર્ણ વાણીથી રોષારક્ત થઇ ચૂકેલા ચાણુરે નેત્રોની રક્તતા સાથે કહ્યું– 'અરે! ગોવાળીયા! તું જા, હજી તો તારા મોઢામાંથી દૂધની ગંધ પણ દૂર થઇ નથી એટલો તું નાનો છે. મારી આ

મુષ્ટિઓ તારા આ શરીર ઉપર પડતા શરમાય છે. તું મારી મુષ્ટિઓને લાયક નથી. ગાયોની ગમાયુના=ગોકુળના વાછરડા ! દૂધ પી–પીને તું પુષ્ટ ભલે થયો છે પણ મારાથી મારી ઢાંખમાં નંખાઇ જઇશ પછી તું એક ક્ષણ પણ જીવી નહિ શકે. માટે તું જા, ગાયો ચરાવવાનું જાણનારો મલ્લયુધ્ધ કરી ના શકે.'

પ્રત્યુતરમાં અરિષ્ટવૃષભના હત્યારા શ્રીકૃષ્ણે ધીર પણે કહ્યું–હે મલ્લરાજ ! આમ બોલ્યા કરવાથી શું ? આવું બોલવું તને શોભતું નથી. જન્મથી માંડીને મલ્લયુધ્ધનો જાણીને અતિશય બનેલો એવો તું કયાં ? અને ગોપાળની કુળવિદ્યાનો જ પારગામી એવો હું કય ? છતાં મલ્લરાજ ! પ્રચંડ પવનના વા વંટોળમાં રૂ તથા પર્વતની તાકાત પરખાય છે તેમ ચાલો આપણે મલ્લયુદ્ધથી આપણા બન્નેનાં અંતરને માપી લઇએ. સજ્જ થા મલ્લયુધ્ધ માટે ચાણુર ! આમ કહીને શ્રીકૃષ્ણે પોતાની ભુજાઓનો આસ્ફોટ કરી ચાણુરને સાવધાન કર્યો.

શ્રી કૃષ્ણની આ વાત સાંભળીને, જેમણે શ્રી કૃષ્ણથી જ થયેલા અરિષ્ટ વૃષભના કેશિ અશ્વના, પદ્મોતર હસ્તીના મરણની તથા કાલિનાગના દમનની ખબર હતી તે જ લોકો પરસ્પર હાહાકારક પૂર્વક બોલવા લાગ્યા કે– આ પ્રચંડ શક્તિવાળો કયાંવર હુષ્ટપુષ્ટ ચાણુર કયાં ? અને આ ગોવાળનો નાનો અમથો બાળક કયાં ? આ મલ્લયુદ્ધ ઉચિત નથી. મલ્લયુધ્ધ તો સરખે સરખાના હોય. વાછરડાને બળદ સાથે બાખડવા ના દેવાય.'

આ રીતે રંગમંચમાં લોકોનો હાહાકાર સાંભળીને ક્રોધાયમાન થઇ ગયેલા કંસે કહ્યું– આ તમે લોકો તો મનફાવે તેમ બબડયા કરવામાં જ હોશિયાર છો, હે લોકો ! તમારી જેવા નાલાયકો કોઇ નથી. અહીં આ બન્ને ગોવાળીઓને કોણે બોલાવ્યા છે ? દુધ પી--પીને ઉન્મત્ત થયેલા એ બન્ને પોતાની હોંશિયારી બતાવતા પોતાની જાતે જ અહીં આવ્યા છે ? અને મલ્લયુધ્ધ કરવા પણ અમે તેમને મંચ ઉપર નથી. ઉતાર્યા, છલાંગ મારીને તે તેની જાતે આવ્યો છે.

ખબરદાર ! જો હવે પછી તમે આ મલ્લયુદ્ધ અંગે એક હરફ ઉચ્ચારી છે તો બસ વિચાર્યા કર્યા વિના મન ફાવે તેમ ભસી જ નાંખો છો. !

આ રીતેના કંસના ક્રોધ તથા આક્ષેપયુકત વચનથી લોકો કંસના મનના ઇરાદાને સમજી જઇને મૌન થઇ ગયા.

અને આ બાજુ ચાણુરે પણ ઘમંડથી ભુજાઓનો એવી તાકાંતથી આસ્ફોટ કર્યો કે જાણે પૃથ્વી ફાટી ગઇ તેવું લાગ્યુ અને પછી તે વિકરાળ મલ્લે ગોવિંદ સાથે મલ્લયુદ્ધ કરવા માંડયું.

શ્રી અમૃતેશ્વર પાર્શ્વનાથાય નમઃ

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયામૃતસૂરિભ્યો નમઃ

શ્રી શંખેશ્વર મહાતીર્થમાં ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે પધારવા

卐 ભાવભર્યું આમંત્રણ 卐

સ્થળ : શ્રી હાલારી જૈન ધર્મશાળા પંચાસર રોડ, શંખેશ્વર મહાતીર્થ

પ્રણામ સાથે જણાવવાનું જે શ્રી શંખેશ્વર મહાતીર્થમાં શ્રી હા. વી ઓ. શ્વે. મૂ. તપા. જૈન ધર્મશાળામાં સં. ૨૦૫૫માં ત્રણ માળના દેરાસરમાં અંજનશલાકા પ્રતિષ્ઠા તથા ઉપધાન વિ. કરાવવાના હોવાથી હાલાર દેશોદ્ધારક પરમ ઉપકારી પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર પ્રાચીન સાહિત્યોદ્ધારક પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્રસૂરીશ્વરજી મ. પૂ. પ્રવર્તક મુનિરાજ શ્રી યોગીન્દ્રવિજયજી મ. આદિને ચાતુર્માસ માટે વિનંતી કરતાં તેઓશ્રીએ સ્વીકારી છે અને. અષાડ સુદ ૭ બુધવાર તા. ૧-૭-૯૮ના સવારે ૮-૩૦ કલાકે શ્રી હાલારી ધર્મશાળામાં ચામુર્માસ પ્રવેશ થશે. પૂ. મુનિરાજે તથા પૂ. પ્રવર્તિની સા. શ્રી સુરેન્દ્રપ્રભાશ્રીજી મ. પૂ. સા. શ્રી અનંતપ્રભાશ્રીજી મ. આદિનો પણ પ્રવેશ થશે. આ પ્રવેશ મહોત્સવમાં આપને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

ચાતુર્માસ કરવા આવનાર ભાગ્યશાળીઓ પણ આગલે દિવસે પધારે તો પ્રવેશ મહોત્સવનો પણ અનુપમ લાભ મળશે.

— ચાતુર્માસ કરાવવાનો લાભ લેનાર ભાગ્યશાળીઓ —

(૧) મનસુખલાલ ગુલાબચંદ દોશી, સુભાષચંદ્ર મનસુખલાલ દોશી આમરણવાળા હ. શ્રીમતી પ્રભાબેન દોશી પરિવાર, દોશી હાર્ડવેર સ્ટોર્સ પો. ઓ. બોક્સ નં. ૪૦૬૭૧ ફોન નં. ૮૨૩૪૦૧ નાઇરોબી કેન્યા.

(૨) સ્વ. જશમાબેન વીરજી હેમરાજ હસ્તક સ્વ. ગંગાબેન ડુંગરજી પેથરાજ સુમરીયા ડબાસંગવાળા હ. મેઘજી વીરજી હેમરાજ પરિવાર.

જામનગરથી બસો ગોઠવાશે તેનો સંપર્ક સાધવાથી આવવાની સરળતા રહેશે. મુંબઇ શ્રી મગનલાલ માડુ, શ્રી હરખચંદ માડુનો સંપર્ક સાધવાથી ટીકીટ વિ.ની સરળતા રહેશે.

ચાતુર્માસ માટે શ્રી હાલારી વીશા ઓશવાળ ભાવિકોએ નામ ન લખાવ્યું હોય તો પણ આવવાની ઇચ્છાવાળાએ શંખેશ્વર ચાતુર્માસ માટે પધારી જવ. વિનંતી છે.

C/o. શ્રી હર્ષપુષ્પામૃત જૈન જ્ઞાન ભંડાર ટ્રસ્ટ
શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર)

શ્રી શંખેશ્વર ચાતુર્માસ સમિતિ
ના પ્રણામ

દેવદુલારી કોડભરી કન્યા....

[પ્રકરણ ૩ જું]

—જયશિશુ

— રોગ મુક્તિ–ઋણ મુક્તિ —

સ્વાસ્થ્ય સુધરતાં હોસ્પિટલમાંથી વિદાય લેતાં મા–દિકરો નર્સના ઉપકારને વિચારી રહ્યા છે. ત્યાં મા રામલાને પૂછે છે–રામલા ! સેવા કરનાર આપણી બેનને શું ભેટ આપશું ? રામ પણ વિચારમગ્ન બની ગયેા કેમકે એમની પાસે રાતી પાઇ પણ બચી નથી છતાં રામે કહ્યું–મા ! આ મહિનાના સોળ દિવસનેા પગાર મળશે ને ? પણ બેટા એ તેા જ્યારે આવશે ત્યારે. ઘરમાં પણ કોઇ એવી ચીજ નથી કે આપી શકાય મન મૂંઝાય છે. પણ મૂંઝાતા માનવીની મૂંઝવણ પણ દૂર થાય જ છે ને ?

આજ મા ની એવી સ્થિતિ છે કે ભેટ દેવા યેાગ્ય વસ્તુ તેા ઘરમાં નથી. પણ શું આપશું ? એ પ્રશ્ન પણ હૃદયને વ્યથિત કરી રહ્યો છે. પણ એટલું ચેાક્કસ હતું કે મા–દીકરે ઋણમાંથી મુકત થવાની ઇચ્છાવાળા હતા. છેવટે નિર્ણય કરી–ભલે આપણી પાસે પાંચની નેાટ છે આપી દેશું ? શું થાય !...

આ બાજુ પ્રભાત થતાં મા–દિકરાની સાથે પ્રીતડીના તાંતણે બંધાયેલી નર્સ વિદાય આપવા આવી ચૂકી હતી. અમથીમા' જતાં જતાં ખૂબ જ ગળગળા થઇ ગયા. નિરૂપાયે પાંચ રૂપિયાની નેાટ કાઢી નર્સના હાથમાં મૂકી દીધી. નર્સ પાછળ ડગલા ભરી ગઇ. બેાલી ઊઠી, મા ! એવું કરેા તેા મારા દીકરાના સમ હેા. એના મુખ ઉપર હાથ મૂકી અમથી મા બેાલ્યા–બેન ? એવું ના બેાલશેા. તમારે પણ એકનેા એક લાડલેા છે ને ! મારા જેવી ગરીબડીનું એટલું તેા લેા. પરિસ્થિતિ એવી સર્જાઇ છે કે તારા બદલાના પ્રમાણમાં તેા કાંઇ જ દેતા નથી.

માનવતાની પરાકાષ્ઠાની અનુભૂતિ થઇ રહી છે. નર્સ કહી રહી છે માજી ! આમાં શેા ઉપકાર ! મેં તેા મારી ફરજ બજાવી છે તે સિવાય બીજું કાંઇ જ કર્યું નથી. કર્તવ્ય–પાલન ન કરીએ તેા અમે શા કામના ? શું આ કાળમાં આવી ભાવના જીવંત હશે ખરી કે મૃતપ્રાયઃ ? હેાય યા ન હેાય પણ અહીં આ એક બાઇ તેા હતી ! ઘણી રકઝકને અંતે નર્સે પૈસા લીધા કેમકે ઘરડામા'ને દુઃખ ન થાય માટેસ્તેા !

છૂટા પડતા નર્સે અમથીમાના રહેઠાણની માહિતી મેળવી લીધી. કેમકે કોઇકવાર જવાનું મન થઇ જાય તેા ? અંતે મા–દીકરેા નર્સથી છૂટા પડયા પણ હૈયું તેા નર્સને યાદ કરતું હતું. અમથીમાએ નર્સને આલિંગન કર્યું. ખૂબ–ખૂબ આશીર્વાદ આપ્યા

અને કહ્યું, 'બેટા ? જરૂર–જરૂર આવજે હોં. અમ ગરીબને કોઇ દિ' યાદ કરજે. રામલો પણ કહે છે ? બેનડી ! આવજે !

અંધ દીકરાને આંગળીએ વળગાડી મા ચાલી રહી હતી. કયાંય સુધી નર્સ મા–દીકરાને નિહાળી જ રહી. એના હૈયામાં મા–દીકરાનું પ્રતિબિંબ કંડરાઇ ગયું હતું. અમૃત ભરેલ અંતર અને સાગર જેવી વિશાળતા નિહાળી નર્સ વિચારે ચડે છે. બોલી ઊઠી. મમતાની સાગર–કરુણાની ગાગર મા' તે આનું નામ. બીજી બાજુ વૃદ્ધાના આનંદનો કોઇ પાર નથી. જાણે જગ જીતીને પાછી વળી રહી હતી. નિરાશામાંથી આશાના તેજ કિરણને પ્રાપ્ત કરી ચૂકી હતી. તેનો આનંદ હતો.

અંધ દીકરાની મા'નો જીવન નિર્વાહ

કાળની વિષમગતિને પંડિતો પણ કળી શકતા નથી. એક સમય એવો હતો જ્યારે રામ નાનો હતો અને મા કળણું કળીને જીવન નિર્વાહ કરતી હતી. રામ પણ કમાતો થયો. મા'ની ચિંતા ટળી. મા'એ ઘંટી છોડી દીધી. સુખના દિવસો આવ્યા કયેં દેખા દીધા દુઃખના દિવસો આવ્યા. સુખ દુઃખની ઘટમાળ એનું નામ જ જીવન. એક સાંધે ત્યાં તેર તુટે એનું નામ જ જીવન. આજ માજીના ઘરમાં વર્ષો પહેલાની ઘંટીનો અવાજ ગુંજી ઊઠયો. પણ આજના એ ઘંટીના અવાજમાં ફેર હતો.

વર્ષો પહેલાની એ ઘંટીના અવાજમાં યુવાવસ્થાના વૈધવ્યનું જોર હતું. તો આજ વૃદ્ધાવસ્થાના વૈધવ્યનો થાક હતો. અંતર હતું ઘંટીના અવાજમાં. પણ આવી પડેલી આપત્તિમાં મા'નું અંતર જુદું ન હતું. હસતેમુખે આપત્તિનો સામનો કરી રહી હતી કેમકે માજીનો આધાર લાલો તો હવે અંધ બની ચૂકયો છે. છતાં મા અંધ દીકરાનું ભરણપોષણ આનંદથી કરતી તેને શાતા ઉપજાવી રહી છે.

ભલે દીકરાની આંખો ગઇ પણ મા'ના નયનોમાંથી નીતરતા નેહ, હૈયામાંથી ઉછળતા હેત અને મનડાની પ્રીત, એમાં કયાંય ઓછાશ નહોતો. નેહ–હેત–પ્રીતના સુભગ સંગમે શબ્દે શબ્દે દીકરાને પણ શાતા વળતી હતી. આ મા કોવી સ્વાર્થાં નહોતી કે દીકરો કમાતો હતો માટે ભરણ પોષણનું કર્તવ્ય બજાવતી હતી. પણ આજ દીકરાની નિઃસહાયદશામાં, અંધ અવસ્થા, પોતાની વૃદ્ધાવસ્થા છતાં હૈયામાં હામ અને ભાવમાં ન્યુનતા નથી. પેટના જણ્યાનું પાલન હોંશભેર કરતી હતી. ઘરમાં બીજું કમાનાર કોઇ નહોતું એટલે માજીને ઘંટી ચલાવ્યા વિના છૂટકો નથી.

ઘંટીના રણકાર સાથે કર્મચક્રનો રણકાર પણ સંભળાઇ રહ્યો હતો. કર્મસંયોગમાં

આવી પડેલી પરિસ્થિતિ માજીને મૂંઝવી શકતી નહોતી. પણ જગતના જીવોને એક આદર્શ બતાવી રહ્યા હતા. મા-દીકરાના હેત-નેહ-પ્રીત તો આવા હોવા જોઇએ. અરસ પરસના સન્માનભાવ, એકમેકને માટે મરી ફીટવાની ઉદાત્ત ભાવના જ મુશ્કેલીમાં સામનો કરવામાં સહાયતા આપતી હતી.

ડોશી ઘંટી ચલાવતા જાય છે. પણ પોતાના સુખની વિચારણા કે આવી પડેલા દુઃખની વિચારણા કરતાં નથી. પણ હૈયાના હાર જેવા લાલની અને ભાવિમાં આવનાર પુત્રવધૂની વિચારણા કરતા હતા.

સૌ જીવોની ભલુ કરવાની ભાવનાવાળા માજી બોલ્યા, 'પ્રભુ ! સારૂં થયું. રામના લગ્ન નથી કર્યા. જો લગ્ન કર્યા હોત તો પારકીજણીનું શું થાત ! પોતાના સુખની ખાતર બીજાની જીંદગી બરબાદ કરવાની ઇચ્છાવાળા કે જમાનાના ખાધેલ નહોતા. માજી પાસે જેમ માતૃહૃદય હતું તેમ બીજાના હિતની વિચારણા પણ મનમાં રમતી હતી. છતાં મા'નું અમૃતભર્યું અંતર પુત્રના હિતને પણ વિચારતું હતું. મા'નું હૈયું બોલ્યું, 'હું કેટલા દિવસ. મારા પછી મારા લાલનું કોણ ! આવા અનેક વિચારો એ ઘરડીમાંને સતાવી રહ્યા હતા.

માજીનું શરીર કામ નહોતું આપતું છતાં ઘંટી ફેરવતા જાય. વિસામો ખાતા જાય. ત્યાં શું બન્યું ! હા ! થોડીવારમાં કોઇએ આવીને ઘંટીના હાથાને થોભાવ્યો અમથીમાને થયું કે આ તો નર્સબેન હશે બીજું કોણ ? આછા અંધારાના ઓછાયા ! અને આંખનો ઝાંખપમાં કાંઇ પરખાતું નહોતું. તેથી માજી બોલ્યા, 'આપ નર્સબેન છો ? અત્યારે અહીં ક્યાંથી ? સામેથી જવાબ મળ્યો. ના, હું કોઇ બહેન નથી પણ હું તો તમારા ઘરની પુત્રવધુ. શબ્દ સાંભળી અમાસની અંધારી રાત્રિમાં વિજળી ઝબુકે તેમ માજીના મનમાં આશ્ચર્ય થયું ? શું આ સત્ય હશે ? સ્વપ્નામાં પણ જેની કલ્પના ન હતી તે મારી પુત્રવધુ ! શું દિવસે સ્વપ્ન જોઇ રહી છું કે કેમ ? અત્યારના પુત્રના સંયોગ જોત આ અસંભવિત છે પણ...?

ત્યાં તો એ નવી વહુ માજીના પગમાં ઢળી પડી થોડા સમય પહેલા માજી જેની વિચારણા કરતા હતાં તે જ કન્યા આવી ચડી. માજી તો તે જોઇને બોલી ઊઠ્યા, 'અત્યારે વહેલી સવારે ક્યાંથી આવી હશે ? વળી પાછી એકલી આવી છે ? એને કોણે કહ્યું હશે ? કુસંપ તોડવાનું કહેવા આવી હશે. અનેક પ્રશ્નોથી અમથીમાનું મન ઘેરાવા લાગ્યું.

એટલામાં વહુ બોલી, 'મને મારા પ્રિયતમના અને તમારા ખબર મળ્યા.' પણ

હું અત્યારે એકલી કેવી રીતે આવી ? તને આવવા દીધી. એમ અનેક પ્રશ્નો માજીએ પૂછી લીધા. પ્રત્યુત્તરમાં તેણે કહ્યું. 'હું કેવી રીતે આવી તેની પાછળનો લાંબો કર્મભર્યો ઇતિહાસ છે. તે કહેવાની જરૂર નથી હું તો એટલું જ જાણું છું કે મારે આજથી હંમેશને માટે અહીં જ રહેવાનું છે એ સિવાય કાંઇ જ સમજતી નથી.

આ શબ્દો સાંભળી એકબાજુ મનોમન આ કન્યાની સજ્જનતા અને ખાનદાની ઉપર ઓવારી ગયા તો બીજી બાજુ હળવી મુંઝવણ પણ અનુભવી. મુંઝવણમાં અને ઉલઝનમાં પડેલા માજી, બોલ્યા, 'ના બેટા, એવું ના હોય. તારા યૌવનના સપના તું બીજે પૂરા કર. તારા યૌવનના અરમાનો અધુરા ન રાખ. મારા લાલ સાથે તારા અરમાન પૂરા ન થાય. બીલતી કળી કરમાઇ જાય એવું હું જોવા ઇચ્છતી નથી. બેટી ! મારી વાત વિચાર. તારૂં નશીબ જ્યાં લઇ જાય ત્યાં તું ચાલી જા ! તારી જિંદગી બગાડીશ નહિં. તું આવી ગઇ એટલું જ બસ છે. દીકરી ! મારા આશીર્વાદ છે તને સુખી ઘર મળે. તું તારા કોડ પૂરા કરી લે. અમથીમા આગળ બોલી ન શકયા.

પોતાના પુત્રની નિઃસહાયકશામાં વેવિશાળ કરેલી, કન્યાના જીવનને ઉગારવાની વૃત્તિ જોતાં હૈયું ઝુકી જાય છે. માજી પોતાના સ્વાર્થ ખાતર બીજાના સ્વાર્થને કચડવાની વૃત્તિવાળા ન હતા. પણ રોમે રોમે માનવતાની પરિમલ વહી રહી હતી. એટલે માજી એ યૌવનના પગથારે ઉભેલી, સંસારના સથવારાને ઇચ્છતી કોડભરી દેવાંગના સમ દીપતી કન્યાના જીવનરૂપી બાગને સ્વાર્થની આગ લગાડી વેરાન કરવા માંગતા ન હતા. પણ શુષ્ક જીવનરણમાં પ્રેમના ઝરણા વહાવી તેના જીવનને નવપલ્લવિત કરવાની ભાવનાવાળા હતા–કેવી છે ઘરડામાની માનવતા ! (ક્રમશઃ)

—: જીવની દશા દશા :—

પ્રથમ દશ વર્ષ – બાલ	બીજા દશ વર્ષ – વિદ્યા
ત્રીજા દશ વર્ષ – ભોગ	ચોથા દશ વર્ષ – વિજ્ઞાન
પાંચમા દશ વર્ષ – ચક્ષુહાની	છઠ્ઠા દશ વર્ષ – બાહુ બળ હાની
સાતમા દશ વર્ષ – ભોગ હાની	આઠમા દશ વર્ષ – વિજ્ઞાન હાની
નવમા દશ વર્ષ – શરીરવક્ર બને	દશમા દશ વર્ષ – મૃત્યુ.

વાંચી આ દશ દશાઓ, તેનો ભોગવટો આપણે ઘણીવાર કર્યો. હવે તેમાંથી જીવને છોડાવવો છે તો ચાલ્યા આવો સુદેવ અને સુગુરૂઓના ચરણકમળમ ...

—લલિત એન. શાહ, હર્ષિત એન. શાહ

શરણાગતિ સફળ કયારે ?

—પૂ. મુનિરાજ શ્રી રત્નદર્શન વિજયજી મ.

સંસારની માયાજાળમાં ભમતાં સર્વજીવો કોઇને કોઇ સ્વાર્થથી કોઇક જડ અથવા ચેતનનું શરણું સ્વીકારતાં હોય છે. પરંતુ સ્વાર્થિક શરણાગતિ ક્ષણિક તેમજ દુઃખ ફલક હોવાથી કયારે વિનાશ પામે તે શોધવું પણ મુશ્કેલભર્યું બની જતું હોય છે. આપણે એવી 'શરણાગતિ' ની વાત કરવી છે જે બાહ્ય સ્વરૂપથી પરાર્થકરણવાળી હોવા છતાં જોઇએ તેવો આત્મ વિકાસ સાધતી ન હોય અને ભવોભવ સુધી શરણ્ય (શરણ કરવા યોગ્ય) થી વિખૂટા પાડવાનું કામ થઇ જતું હોય. તેના મુખ્ય કારણોની વિચારણા કરવી છે.

શાસ્ત્રોમાં કરેક પદાર્થની પ્રરૂપણા વખતે વિધેયાત્મક (કરવા યોગ્ય)અથવા નિષેધાત્મક (ન કરવા યોગ્ય)અથવા ઉભય સ્વરૂપે વ્યાખ્યા જોવા મળે છે.તેમાં વિધેયાત્મકની પ્રરૂપણાથી તેનાથી અન્ય જે હોય અર્થાત્ તેનાથી જે વિપરિત હોય તેનો નિષેધ સમજાઇ જતો હોય છે. અને તે જ પ્રમાણે નિષેધાત્મક પ્રરૂપણા વેળાએ તેનાથી અન્ય અર્થાત્ તેનાથી જે વિપરિત (કરવા યોગ્ય) ની વ્યાખ્યા આપોઆપ સમજાઇ જતી હોય છે. અને ઉભયસ્વરૂપ પ્રરૂપણામાં તે વ્યાખ્યા સ્પષ્ટ જ જણાય છે.

આપણે અહીં 'શરણાગતિ' ની વ્યાખ્યા કરતી વેળાએ તે કયાં વિધેયાત્મક કારણોથી અલંકૃત બનેલી સફળ થાય તે અંગે કાંઇક વિચારણા કરવી છે. તેના અનેક કારણો હોવા છતાં મુખ્યતયા ૬ કારણોમાં વિભાજિત કરીને સમજવાનો પ્રયાસ કરીએ.

आनुकूलस्य संकल्पः प्रतिकूलविसर्जनम् ।
रक्षिष्यत्यति विश्वासो, भर्तृत्वे वरणं तथा ।
आत्मनिक्षेप कार्पण्यं, षड्विधा शरणागतिः ॥

(૧) **आनुकूलस्य संकल्प :—** અનુકૂલ રહેવાનો સંકલ્પ.

જેનું શરણું સ્વીકાર્યું હોય તેની અનુકૂળતાનો મૂખ્યતા વિચાર કરીને મન–વચન–કાયા દ્વારા પ્રવૃત્તિ કરવી. દેવ–ગુરૂ–ધર્મનો પારમાર્થિક રીતે આત્મશ્રેયાર્થે શરણું સ્વીકાર્યા બાદ તેને હું અનુકૂળ છું કે નહિ ? તેનો સતત આત્મજાગૃતિ સાથે વિચાર કરીને આનુકૂળ વર્તન કરવું જેથી સ્વીકારેલ શરણ આપણને સફળ થયા વિના ન રહે.

(૨) **પ્રતિકૂલ વિસર્જનમ્** :- પ્રતિકૂલનું વિસર્જન અર્થાત્ ત્યાગ.

આપણી પોતાની અનુકુળતા કે પ્રતિકુળતાનો લેશ માત્ર પણ વિચાર્યા વગર આપણે જેનું શરણું સ્વીકારવા તત્પર બન્યા છીએ તે શરણ્ય (શરણ કરવા યોગ્ય) ને જ લક્ષ્યમાં રાખી રજમાત્ર પણ તેઓ તરફી પ્રતિકુળતા ન સેવાઇ જાય તેની સતત જાગ્રતિ પૂર્વક શરણ સ્વીકારવું જેથી શરણ્ય અમોઘ ફળને આપવામાં સફળ બને.

(૩) **રક્ષિષ્યતિ-અતિવિશ્વાસ:**— મારી રક્ષા કરશે ! તેવો દૃઢ વિશ્વાસ રાખવો.

ગમે તેવા સંકટ-વિકટની અંદર ફસાયેલો હોઉં કે ગમે તેવી આધિ-વ્યાધિ-ઉપાધિમાં અટવાયેલો હોઉં કે ગમે તેવી પરિસ્થિતિની વચ્ચે વિવિધ સંકલ્પ-વિકલ્પોની માળાઓથી ઘેરાયેલો હોઉં કે ગમે તેવા સંજોગોની પરાધીનતાના કારણે મુંઝાયેલો હોઉ કે વિધ-વિધ પ્રકારની લોભામણી લાલચોથી ગ્રસિત થયેલો હોઉં પણ મને વિશ્વાસ માત્ર જ નહિ પરંતુ અતિ વિશ્વાસ (દૃઢ વિશ્વાસ) છે કે મેં જેનું શરણું સ્વીકાર્યું છે તે જ મારૂં રક્ષણ કરવા સમર્થ છે અને કરશે ! આવો દૃઢ સંકલ્પ કરવાથી શરણ્યને આપણા ઉપર હેત જાગવાથી આપણું રક્ષણ કરવા દ્વારા અભય બનાવવામાં સફળ બની શકે.

(૪) **ભર્તૃત્વ વરણમ્** :- સ્વામિપણાનો સ્વીકાર.

પૈસાની રેલછેલમાં જન્મેલો જવાન પુત્ર પોતાની ઉન્મત્તાતાના જોરે સઘળુંયે બરબાદ કર્યા બાદ મા-બાપ સ્વજનના શરણે જાય ત્યારે કોઇ તેનો હાથ પકડવા કોઇ તૈયાર નથી, કેમકે તેને તેઓને પૂર્વે સ્વામી તરીકે સ્વીકાર્યા નથી. શેઠની દુકાને રહેલો નોકર પોતાની મરજી પ્રમાણે વર્તન કરતો હોવાથી પોતાની વિકટ અવસ્થામાં શેઠનો સહકાર હજાર પ્રયત્ન કરવા છતાં પામી શકતો નથી, કેમકે તેને શેઠને સ્વામી તરીકે કયારેય નિહાળ્યો પણ નથી. પણ પુણ્ય જો મા-બાપ સ્વજનને આધીન રહે અને નોકર જો શેઠને સ્વામી માની વર્તે તો જરૂર તેઓ તેમની પડખે ઉભા રહી સહકાર સહીયારાપણું આપવા ઉત્સાહિત બને. બસ, તેમ જ જેઓનું શરણું સ્વીકાર્યું તેઓને આધીન જીવન જીવવાથી તેઓના અંતરમાં આપણ સેવકપણું સ્થિર થવાથી આપણું ક્ષેમ-કુશળ કરવા તેઓ હંમેશા તત્પર રહે અને આપણને બોજાહીન બનાવવા સમર્થ બને.

(૫) **આત્મનિક્ષેપ** :— સર્વસ્વ સમર્પણ.

જીવનમાં જે કાંઇ પ્રાપ્ત થયું હોય તે સઘળુ શરણ્યની કૃપાનું જ ફળ છે. જ્ઞાન મેળવવા દ્વારા શ્રોતાજનોને પ્રતિબોધ કરવાની શક્તિ મેળવી હોય કે તપ કરવા દ્વારા

તપસ્વીનું કઠ ચ બિરૂદ પણ પ્રાપ્ત થયું હોય કે સાહિત્યમાં નિપુણતા મેળવવા દ્વારા લેખનકળામાં સફળતા પ્રાપ્ત થઈ હોય કે સુમધુર કંઠની પ્રાપ્તિના કારણે રાગ-રાગિણીઓ ગાવામાં કુશળતા પ્રાપ્ત થઇ હોય અથવા અન્ય જે કાંઇપણ સિધ્ધિ-પ્રસિધ્ધિ-ખ્યાતિ પ્રાપ્ત થઇ હોય તે સઘળુંયે 'શરણાગતિ' નું જ ફળ છે. તેમ સ્વીકારવાથી શરણ્ય પ્રત્યે આદરભાવની વૃધ્ધિ અહંભાવનો વિલય શક્ય બને.

(૬) કાર્પણ્યમ્ :— શરણાગતે દીન ભાવે રહેવું :-

શરણ જેમનં સ્વીકાર્યું તેની સામે આપણી આવડત-હોંશિયારી-નિપુણતા આદિને પ્રગટ ન કરતાં શરણ્યની પાસે પોતાનું શુન્યપણું પ્રગટ કરી દીન (નમ્ર) ભાવે રહેવું જોઇએ. જો આપણામાં આપણે માનેલી સંપૂર્ણતા પ્રવેશી ગઇ હશે તો તેમાં અહંકાર પ્રવેશ્યા વગર નહિ રહે એને તેના પ્રવેશથી કોઇનું પણ વચન આપણા માટે ગ્રાહ્ય નહિ બને. અન્તે ! આપણી માનેલી સંપૂર્ણતા અનેકવિધ વિટંબણાઓને આમંત્રિત કરવાનું અમોઘ સાધન બની જશે. તેથી સહુંથી પહેલાં 'હું કાંઇ નથી !' નો ભાવ કેળવી દીન (નમ્ર) બની શરણ્યની શરણાગતિ સ્વીકારીએ જેથી આપણામાં રહેલી શુન્યતા ને દૂર કરી સજ્જન કરવા શરણ્ય સમર્થ બની શકે.

ઉપરોક્ત છ કારણોથી યુક્ત સ્વીકારાયેલી 'શરણાગતિ' ઇહભવ માત્ર કે પરભવ માત્ર ફળ આપવાના બદલે અંતિમ લક્ષ્ય પરમગતિ (મોક્ષ) પ્રાપ્ત ન થાય ત્યાં સુધી આપણા સહુનો રખોપો કરવા બંધાયેલી રહેશે તેમાં જરાય શંકા ને સ્થાન નથી. તો આજથી આત્મ જાગૃત્તિ કેળવી 'શરણાગતિ' ની નિષ્ફળતા-સફળતાનું મૂળભૂત કારણ શોધી સફળતા માટે પુરૂષાર્થ કરી શિવગતિને પામનારા બનીએ એજ એક અપેક્ષા સાથે વિરમું છું.

તા.ક. : ઉપરોક્ત શ્લોક જૈનેત્તર ગ્રંથમાંથી લીધો છે. 'સારૂં તે આપણું' ના ન્યાયે ગ્રહણ કરેલ ભાવાર્થને યોગ્ય લેખશો તેવી ભાવના...

卐

जयइ तित्थयराविहु संसारसमुद्दतीरपत्तावि ।
अन्नेसिं उवयारं कुणंति उवएसदाणेण ॥

પરોપકારનો એવો મહિમા છે કે સંસારસાગરને પાર પામેલા એવા શ્રી તીર્થંકરદેવો પણ ભવ્ય પ્રાણીઓ ઉપર ઉપદેશ દેવા દ્વારા ઉપકાર કરે છે.

卐 પુણ્યાનંદ સુવાસ 卐

—પૂ. આ. શ્રી વિજય વારિષેણસૂરીશ્વરજી મ.

સુખની લાલસા સત્યના માર્ગથી ચલિત કરી નાખે છે.

અમથલાલ અફિણના વ્યસનીને ગમે તેમ કરીને ૧૦ રૂા. લેગા કરીને અફિણની દુકાને ગયા. ને અફિણ લીધું આધું નશો ચઢયો ને ૧૦ રૂા.ની નોટ આપી. બાકિના ૨–૫૦ પૈસા છૂટા ન હોવાથી માલિકે કહ્યું કાલે લઇ જજો. કાલે કાલે રૂપિયા લઇ જશો. ના નશામાં બબડાત કરતા જતાં હતા ને જોતા જાય કે આ દુકાનની નિશાની શું તો સામે આખલો બેઠેલો છે.

જ્યાં આખલો બેઠેલો સામે દેખાય તે દુકાનમાં ૨–૫૦ રૂ. લેવાના નક્કિ કરી ગયા રાત ભર નશામાં મસ્તિ અનુભવી ને સવારે બાકિની રકમ વસુલ કરવા નીકળ્યા.

માથામાં નશાની અસર હતી ને આવ્યા બજારમાં આખલો જોયેને સામેની દુકાનમાં ચઢયા તો કરજીની દુકાન સીવેલા કપડા લટકાવ્યા હતા. કંઇક ના ટુકડ કરજી કરતો હતો. જોઇને અમથાલાલ બબડયા મારો બેટો ૨–૫૦ રૂા.ના આપવા પડે માટે દુકાન બકલીને કરજીનો ધંધો શરૂ કર્યો અને રાતભરમાં પેલો દુબરો હતો તગડો બની ગયોને વાળ ખેંચીને લાંબી દાઢી વધારી મૂકિ.

કેવા છે માણસો ૨–૫૦ રૂા. ન આપવા પડે માટે બધું બકવું પણ હું તેને નહિ છોડું અમથાલાલે ધમાલ મચાઇ મારઝુડ ચાલુ થઇ તમાશામાં લોકો ભેગા થયા કોઇ સમજાવનાર નીકળ્યુ તો કહે અમથા કાકા આ આખલો બેઠો તેની સામેથી દુકાનથી અફિણ લીધું ને ૧૦ ની નોટ આપી પણ બાકિના રૂપયા આપતો નથી. જ્યાં લોકોને આખલો બતાવવા જાય છે ને જુએ છે તો આખલો તો ભાગી ગયો હતો. છેવટે સજ્જનોએ અફિણની દુકાન બતાવીને ૨–૫૦ પાછા અપાવ્યા.

સંસારમાં સુખની પાછળ દોડતા જીવો પણ શાશ્વત સુખને છોડીને મોહના નશામાં વ્યસનો ફેશનોથી સુખ મેળવવા પ્રયત્ન કરવા લાગ્યાને ઉપરથી કોઈ અજ્ઞાની અથડાયી ગયા ને દોરા ધાગા મંત્ર યંત્રને નાળીયેરથી માથુ ફુટવા માંડયા ને સુખ ઓછું પડયું તે અમૃતક્રિયાના અનુષ્ઠાનો ને વિષને ગરલ બનાવવા લક્ષા ચૂકયા ને પક્ષા જમાવવા મથ્યા તે સંસારની વૃદ્ધિ માટે દેવ ગુરૂ ધર્મને પકડયા. લૌકિક લોકોત્તર મિથ્યાત્વને વળગ્યાને સાચો રાહ ભૂલી ગયા. મોક્ષનો રસ કેળવો તો મોહનો મોહ છૂટે ને આત્મિક આનંદની અનુભૂતિ કરવા ભાગ્યશાળી બનો અનાસકત રહો.

વીતરાગ તારી કને શું માગુ?

—શ્રી વિરાગ

અમાસની અંધારી રાત્રે, ધોળા દૂધ જેવા કાગળો પર ચિત્રામણ કર્યું.

'શાંતીભદ્ર રિદ્ધિસિદ્ધિ મળજો.' અને નવા વર્ષની સુપ્રભાતે વહેલા વહેલા ભગવાનના ખોળામાં મસ્તક મૂકીને, નયનો મીંચીને કાંઇક ફટફટાટ (ગણગણાટ) કર્યો. આ બધાનું દૃશ્ય એક મહર્ષિની નજરે કેદ કરી લીધું.

દર્શન, અર્ચન કરીને સૌને માંગલીક સાંભળવાની ઇચ્છા. મહર્ષિએ મંગલાચરણની પૂર્ણાહુતિ કરીને બોલ્યા. હે ધર્મવીરો! આજે ભગવાનના ખોળામાં ઘણાએ પોતાનું મમધાટ ફેલાવતું મસ્તક મૂકયું. ઘણાએ કાંઇક બબડાટ કર્યો. મારે એ જાણવું છે કે તમે બધાએ શ્રી વીતરાગ દેવ પાસે શું માગ્યું?

(સભામાંથી તીણો છતાં પહાડી અવાજ આવ્યો) 'પૈસા'! એમ તમે રિદ્ધિસિદ્ધિ માંગી. આ માંગવાની સલાહ તમને કોણે આપી! આવું શ્રી વીતરાગ દેવ પાસે મંગાય બરૂં? શ્રી વીતરાગ દેવે તો માગવાની ના જ પાડી છે અને પૂ. યશોવિજયજી મહારાજા સવાસો ગાથાના સ્તવનમાં કહે છે કે–

'અર્થની દેશના જે દીએ, બોલવે ધર્મના ગ્રંથ રે!
પરમપદનો પ્રગટ ચોર તે, તેહથી કિમ વહે પંથ રે।।"

કેટલું સ્પષ્ટ શબ્દોમાં અને સરળ ગુજરાતીમાં કહી વાંચતા જ ભાવાર્થ ઉપસ્થિત થઈ જાય તેવો છે સમજાઇ જાય તેવો છે, છતાં પણ, 'કેવું ભયંકર? આટલી બધી પોલ?'

જે ભગવાન પાસે પૈસા, સ્ત્રી, કુટુંબ–કબીલો માગવા જાય તેને શ્રાવક કહેવાય? (સભામાંથી) સ્વાર્થી કહેવા હોય તો કહો પણ શ્રાવક તો રહેવા દો.

વાહ ભાઇ વાહ, 'ધન્યવાદ!' પૈસા ન આપે તો દેવાળીયા કહેવાઉ ને છાપતો શાહુકારની જ રાખવી છે. બરાબરને!

શું આ કથન બુદ્ધિમાન મનુષ્યના કળદુપ ભેજામાં ઉતરશે બરૂં? સામાન્ય બુદ્ધિમાન માનવી પણ આ કથનને સ્વીકારશે નહિ. માટે જ એક કવિએ કહ્યું છે કે–

'અજ્ઞ માનવી દેવ કને; કામ કરાવવા કાજ,
શ્રીફળ રૂપિયો આપીને; માગે મોટું રાજ.'

જૈનકુળમાં જન્મીને આવું તો તમે નથી કરતાને! આ કુળને લાંછન લાગે, તેના કરતાં શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા શું છે તે વિચારો, જાણો ને આચરો.

સૌ પ્રથમ શ્રી અરિહંત દેવને, શ્રી સિદ્ધ ભગવંતને શ્રી આચાર્ય ભગવંતને, શ્રી ઉપાધ્યાય ભગવંતને અને સુસાધુ ભગવંતોને ઓળખો. ઓળખ્યા વિના ગોળ અને ખોળ એક, હાથી અને રાસભ સરખા માની બેઠા છો તેનું જ આ પરિણામ છે.

જરા આ દૃષ્ટાંત વાંચોને વિચારો. બ્રાહ્મણમાંથી જૈન થયા. નામ હતું ધનપાલ કવિ. ભોજરાજાની સભામાં ઉચ્ચ કોટિનું પાંડિત્ય ધરાવે.

જૈન ધર્મનો સ્વીકાર કર્યા પછી જૈન ધર્મના ગ્રંથો વાંચતા તથા સાંભળતાં એક ગ્રંથ રચવાનું મન થઇ ગયું. આ ગ્રંથમાં આપણા લાડીલા શ્રી નાભી નરેશના નંદનનું જીવન ચરિત્ર હતું. ગ્રંથ લખવાની શરૂઆત કરી ત્યારથી આ કવિરાજ રાજસભામાં મોડાવહેલા પહોંચતા હતા તે જોઇને એક દિવસ રાજા ભોજે પૂછ્યું.

કેમ પંડિતવર્ય હમણાં હમણાં મોડા મોડા દેખાવ છો? તમારા દર્શન તો ઇદના ચાંદ જેવા થઇ ગયા લાગે છે?

ના, ના, રાજાજી! આ તો એક કાર્ય હાથમાં સાંપડ્યું છે તેથી મોડું થાય છે.

પંડિતવર્ય વળી એવું શું કાર્ય હાથ ધર્યું છે?

મહાધિરાજ, હાલમાં એક ગ્રંથની રચના કરી રહ્યો છું. તેથી આવવામાં થોડી ઢીલ થાય છે. વાહ, વાહ, સરસ મઝાનો ગ્રંથ રચજો.

સાંજના ગાળે રાજા ભોજ અને કવિરાજ બંને ભેગા થઇ ગયા. રાજાએ પૂછ્યું, કેમ ભાઇ ગ્રંથ પૂરો થઇ ગયો? જી સાહેબ ગ્રંથ હમણાં જ સંપૂર્ણ થયો છે

સારું, અનુકુળતાએ ગ્રંથ રાજમહેલે લઇ આવજો, જોઇશું અને વાંચશું કેવો રચ્યો છે?

રાજાએ બારીકાઇથી ગ્રંથ વાંચ્યો. કવિરાજ ગ્રંથ તો મજેનો પણ... એક વાત કરવાની. 'જ્યાં જ્યાં અયોધ્યા ત્યાં ત્યાં ધારા. જ્યાં જ્યાં ભરત ત્યાં ત્યાં ભોજ. અને જ્યાં જ્યાં ઋષભદેવ ત્યાં ત્યાં મારા ઇષ્ટદેવનું નામ લખો.' બસ! આટલું કાર્ય કરી આવો પછી હું છપ્પર ફાડીને વરસું.

(ભવા ચઢાવતાં) ધનપાળ કવિ કહે છે કે મહારાજા, 'એ અયોધ્યા ને ક્યાં *ગુંદાવાળી ધારા? એ ભરત ચક્રવર્તીને ક્યાં રાજા ભોજ? એ રાગદ્વેષ વગરના ઋષભ* દેવને ક્યાં તમારા ઇષ્ટદેવ?'

શું તમે એમ માનો છો કે 'ઐરાવણની જગ્યાએ રાસભને! ચિંતામણીની જગ્યાએ કાચને! અને સુવર્ણની જગ્યાએ કથિરને ગોઠવાય?'

(લાલ આંખ કરતાં) ભોજ–કોની આગળ બોલો છો? હું કોણ?

ધનપાલ કવિ–અન્નકાતા.

ભોજ–કહું તેમ કરવું પડશે.

ધનપાલ કવિ–નહિ બને.

ભોજ–પરિણામ ભયંકર આવશે.

ધનપાળકવિ–હું ભાટ નથી.

ભાટ હાજી હા કરે. પૈસા માટે બોલું પણ લખે.

પંડિત તેમ ન કરે. પૈસાને લાત મારે. સત્યને સ્વીકારે.

જુઓ રાજન્, અમારા જાતિ સંસ્કારોને મેં કયારનીય તિલાંજલી આપી દીધી છે. ધનની લાલચે આ ગ્રંથ કાંઇ રચ્યો નથી. પરંતુ જ્યારથી શ્રી જૈનશાસન અને જૈન ધર્મનો સ્વીકાર કર્યો છે ત્યારથી તે ધર્મ ઉપર મને ખમીર પ્રગટયું છે. તે ખમીર કોઇ કાળે વિસરે તેમ નથી. તેના યત્ કિંચિત ઋણમાંથી છૂટવા માટે મેં આ ગ્રંથ રચ્યો છે

તમારા ભગવાન કયાં કાંઇ આપે છે કે બોલે છે. હું તમને જે જોઇએ તે આપીશ.

હજી પણ બોલો, રાજાએ કહ્યું.

તમે આપી આપીને કદાચ રાજ પણ આપો, પરંતુ મારા ભાગ્યમાં ન હોય તો આપશ્રી શું કરવાના? મારા પરમાત્મા જે આપે છે તે અને તેવું તો આપવાની કોઇની પણ તાકાત નથી અને એવી તાકાત કયારેય આવશે કે કેમ તેમાં મને શંકા છે.

સમકિત રૂપી સઘળું ય નિધાન હું તેમની પાસેથી પામ્યો છું તેથી ચલાયમાન એવા આ ધન–વૈભવમે કોણ વંછે?

જેમના આલંબનથી મારા ભવોભવની ભાવઠ ભાંગી છે અને મારા સઘળાય મનોવંછિત પૂર્ણ થઇ ગયા છે તેવો હું શા માટે અન્યનું શરણ ગ્રહણ કરવા હાથ લંબાઉ. બ્રાહ્મણ કુળમાં જન્મવા છતાં જે આવી ખુમારી–સત્વ હોય તો જૈન કુળમાં જન્મેલાઓની કેટલી ખુમારી–સત્વ હોઇ શકે જરા વિચારજો. જ્યાં ત્યાં ભીખ માંગવા બેસી નહી જતાં અને વીતરાગ દેવ પાસે પણ કશું નહીં માંગતા તેનો જ ધર્મ સઘળીય સામગ્રીઓ પૂરી પાડશે. વિશ્વાસ–શ્રદ્ધા જોઇએ.



卐 જ્ઞાન ગુણ ગંગા 卐

—પ્રજ્ઞાંગ

* શ્રી ઠાણાંગ સૂત્રમાં (૩–૪–૨૧૭) શ્રાવકના ત્રણ મનોરથ કહ્યા છે.

૧. ક્યારે હું થોડો કે ઘણો પરિગ્રહ છોડીશ ?

૨. ક્યારે હું ગૃહવાસ છોડી અણગાર બનીશ ?

૩. ક્યારે હું સંલેખના દ્વારા મૃત્યુને મંગલમય કરીશ ?

* શ્રી શ્રાદ્ધવિધિ (ગા. ૪) માં ભાવ શ્રાવકના ત્રણ પ્રકાર કહ્યા છે.

૧. દર્શન શ્રાવક : શ્રી કૃષ્ણ–શ્રેણિક મહારાજાની જેમ અવિરત સમ્યગ્દૃષ્ટિ.

૨. વ્રતી શ્રાવક : પાંચ અણુવ્રતધારી.

૩. ઉત્તરગુણી શ્રાવક : સંપૂર્ણ બાર વ્રતધારી.

* શ્રી ઠાણાંગસૂત્રમાં (૪–૩–૩૧૪) ભાર વાહક મજુરની જેમ શ્રાવકના ચાર વિસાના કહ્યા છે.

ભાર વાહક મજૂરના ચાર વિસામા.

૧. એક ખભાથી બીજા ખભા પર ભાર નાખવો.

૨. ભાર ઉતારીને શરીરની ચિંતા રૂપ લઘુનીતિ વડીનીતિના કાર્ય કરે.

૩. સાંજ પડતાં ભાર મૂકીને ધર્મશાળાદિમાં રાત પસાર કરવી,

૪. ઇષ્ટ સ્થાને પહોંચીને ભારથી સંપૂર્ણ મુક્ત થવું.

તે જ રીતે શ્રાવકના પણ ચાર વિસામા છે.

૧ પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત નવકારશી આદિ પચ્ચક્ખાણ કરે તથા આઠમ ચૌદસ આદિ પર્વ દિવસોએ ઉપવાસ કરે ત્યારે.

૨. સામાયિક અને દેશાવકાશિક વ્રતનું પાલન કરે તે

૩. આઠમ, ચૌદસ આદિ પર્વતિથિમાં અહોરાત્રિક પૌષધ કરે તે.

૪. ચારણાન્તિક સંલેખના કરી યાવજ્જીવ અનશન સ્વીકારી મરણની પણ ઇચ્છા ન રાખે તે.

* શ્રી ઠાણાંગ સૂત્રમાં ધર્મશ્રવણ પ્રાપ્તિના બે કારણ કહ્યા છે.

૧. કર્મના ક્ષયથી.

૨. કર્મના ઉપશમથી

* શ્રી વિશેષાવશ્યક સૂત્રમાં ધર્મશ્રવણની વિધિમાં કહ્યું કે, નિદ્રા વિકથાનો ત્યાગ કરવો. મન–વચન–કાયાનું ગોપન કરવું, બે હાથ જોડવા, ચેતનાને જાગૃત રાખવી, હૃદયમાં બહુમાન રાખવું– તો જ તે ફળે.

* ઠાણાંગ સૂત્ર (૫–૩–૪૬૭) માં પાંચ પ્રતિક્રમણ કહ્યા છે.

૧. આશ્રવદ્વાર પ્રતિક્રમણ : હિંસા આદિથી અટકવું તે.

૨. મિથ્યાત્વ પ્રતિક્રમણ : મિથ્યાત્વથી હટી સમ્યક્ત્વમાં આવવું તે.

૩. કષાય પ્રતિક્રમણ : કષાયથી હટી અકષાયથી બનવું.

૪. યોગ પ્રતિક્રમણ : અશુભ મન–વચન–કાયાના યોગોથી હટી શુભ યોગમાં આવવું.

૫. ભાવ પ્રતિક્રમણ : બીજીવાર તે તે દોષોનું સેવન ન કરવું તે.

* શ્રી પન્નવણા સૂત્ર પદ–૨૮માં કંઈ ગતિના જીવને કયારે આહારની અભિલાષા થાય તે અંગે જણાવ્યું છે કે–

નારકના જીવોને અંતમુહુર્તમાં ભૂખ લાગે.

પૃથ્વી આદિ સ્થાવર જીવો સમયે સમયે આહાર લે વિકલેન્દ્રિયને અંતમુહૂર્તમાં ભૂખ લાગે. તિર્યંચ પંચેન્દ્રિયને જઘન્યથી અન્તર્મુહૂર્તે અને ઉત્કૃષ્ટથી બે દિવસે આહારની ઇચ્છા થાય.

મનુષ્યને જઘન્યની અન્તર્મુહૂર્તે અને ઉત્કૃષ્ટથી ત્રણ દિવસે આહારની અભિલાષા થાય.

દશ હજાર વર્ષના આયુષ્યવાળા દેવને એક દિવસે. પલ્યોપમના આયુષ્યવાળા દેવને ૨ થી ૯ દિવસ સુધીમાં. એક સાગરોપમવાળા દેવને એક હજાર વર્ષે. તેત્રીશ સાગરોપમવાળા દેવને તેત્રીશ હજાર વર્ષે.

* શ્રી ઠાણાંગ સૂત્ર (૪–૪–૩૪૦) માં ચારે ગતિના જીવોને ચાર–ચાર પ્રકારનો આહાર કહ્યો છે.

(૧) નારકોને ચાર પ્રકારનો આહાર.

૧. અંગાર સમાન : થોડીવાર સુધી બાળનાર.

૨. મુર્મુર સમાન : ઘણા સમય સુધી બાળનાર.

૩. શીતલ જેવો : શરદી ઉત્પન્ન કરનાર.

૪. હિમશીતલ સમાન : બરફ કરતાં ય અત્યંત ઠંડો.

૨. તિર્યંચોને ચાર પ્રકારનો આહાર.

૧. કંક સમાન : સુભક્ષ્ય અને સુખકારી પરિણામ લાવે તે.

(૨) બિલ સમાન : દરમાં ઉંદર જાય તેમ રસ-સ્વાદ વિના સીધેસીધો પેટમાં ઉતરી જાય તે.

૩. માતંગના માંસ સમાન : ચંડાળના માંસની જેમ ઘૃણા.

૪. પુત્ર માંસ સમાન : પુત્રના માંસની જેમ અત્યંત દુઃખ પૂર્વક ખવાય તે.

(૩) મનુષ્યોનો ચાર પ્રકારનો આહાર

અશન, પાન, ખાદિમ, સ્વાદિમ,

(૪) દેવોનો ચાર પ્રકારનો આહાર.

૧. સારા વર્ણવાળો, ૨. સારા ગંધવાળો, ૩. સારા સ્પર્શવાળો ૪. સારા રસવાળો.

* શ્રી ઠાણાંગ સૂત્રમાં પાંચ ઇન્દ્રિય, જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ ગને વીર્ય એમ દશ પ્રકારના બળ કહ્યા છે.

* શ્રી ઠાણાંગ સૂત્રમાં (પાકની ટીકા) સ્વાધ્યાયનો અર્થ કરતાં કહ્યું કે- સુક આઠ અધ્યાય=સ્વાધ્યાય.

સુ-સારી રીતે, આ-મર્યાદાપૂર્વક, અધ્યાય-અધ્યયન કરવું તે સ્વાધ્યાય.

* શ્રી ઠાણાંગ સૂત્રમાં ત્રણ ઉત્તમ પુરૂષમાં, ધર્મપુરૂષ-શ્રી તીર્થંકર દેવો ભોગ પુરુષ-ચક્રવર્તીઓ અને કર્મપુરૂષ-વાસુદેવોને કહ્યા છે.

* શ્રી ઠાણાંગ સૂત્ર (૪-૩-૩૧૭) માં ચાર શુર પુરૂષોમાં.

ક્ષમાશુર-શ્રી અરિહંત દેવો, તપઃશુર- અણગાર, દાનશુર- વૈશ્રવણ અને યુદ્ધ-શુર-વાસુદેવોને કહ્યા છે.



卐 મનનીય માર્ગદર્શન 卐

—પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.

આજે એકતાનો યુગ ચાલે છે. તે બધા કહે છે કે-'એકતા તે જ શ્રી જૈન શાસનનો પાયો છે. ભગવાનની આજ્ઞા નહિ!' જ્યાં આજ્ઞા નહિ તેની સાથે એકતા પણ શી રીતે થાય? આજના ઘણા શ્રાવકો મને પણ કહે છે કે-'સાહેબ! મૂકોને પંચાત! તમને બધાએ એકતા કરી નાખી અને આપણે રહી ગયા તેમ લાગે છે!! તેમની એકતાનું સત્યાનાશ ગયું તે નથી જોતા!! એકતા નહિ કરનારા મૂરખા છે-તેમ કહે છે. લોક શું કહે તેની પરવા નથી, અનંતજ્ઞાનિઓ શું કહે છે તે જોવું છે. સાવચેત નહિ રહો તો કામ નહિ ચાલે. સમજુ પહો તો જ બચી શકશો. અમારામાં અનંતજ્ઞાનિઓના વચન ઉપર શ્રદ્ધા છે માટે અમે બચવાની મહેનત કરીએ છીએ અને તમને ય બચાવવાની મહેનત કરીએ છીએ.

પ્રશ્ન : એકતા માટે માર્ગદર્શન બતાવો ને?

ઉ૦ : જો બધાની સાથે એકતા કરવાની હોત તો ભગવાન નવું શાસન સ્થાપત નહિ.

ભગવાન શ્રી મહાવીર પરમાત્માએ શાસન સ્થાપ્યું ત્યારે અબજો મનુષ્યોમાંથી કેટલાને શ્રી સંઘમાં લીધા? ભગવાનના સાધુ માત્ર ચૌદ હજાર (૧૪૦૦૦), સાધ્વી છત્રીશ હજાર (૩૬૦૦૦), શ્રાવકો એક લાખને ઓગણ સાઠ હજાર (૧,૫૯,૦૦૦) અને શ્રાવિકા ત્રણ લાખને અઢાર હજાર (૩,૧૮૦૦૦). ભગવાનના શ્રી સંઘમાં કોણ આવે? સાધુપણું પામ્યો હોય તે અથવા સાધુપણું પામવાની ઇચ્છા હોય તે સંસારમાં જ લહેર કરવું હોય તેનો તો શ્રી સંઘમાં નંબર પણ નથી.

ગમે તેમ બધાની સાથે એકતા કરો તેમ કહેનારા તો શાસનના વિરોધી કહેવાય! અમે તો ધર્મનું માર્ગદર્શન આપીએ. એકતાનું માર્ગદર્શન આપવું હોય તો ધર્મને આઘો મૂકવા પડે. જગતના સઘળાય જીવોનું ભલું થાવ તેમ ઇચ્છીએ, કોઇનું પણ ભૂંડું ન ઇચ્છીએ પણ જગતના બધા મતોને સારા કહીએ? આજનો યુગ કેવો છે તે તમને ખબર નથી? આજે સારાને લાત મારે છે, ખોટાને પકડે છે, ખોટા માર્ગે બધાને લઇ જવા માગે છે-આ વિચાર કેવો છે?

આજે કહે છે કે-'જૈન સંઘનો પાયો એકતા છે.' તેવાઓએ તો એકતા ખાતર ભગવાનને મૂકયા. ગુરૂને ય મૂકયા અને શાસ્ત્રને ય આઘું મૂકયું. ગુરૂઓ જે સારું કરી

ગયેલા તેય ફાડી નાખ્યું. એકતા સામે ગુરૂ ય ન ચાલે. આ રીતે કરે તે બધા ભગવાનની આજ્ઞાનો ભંગ કરી રહ્યા છે ને? આજે તો એકતાની વાતો કરનારા મોટે ભાગે હરામખોરો છે! તેવાઓની એકતાની વાતમાં આવવા જેવું નથી. આ દેશમાં એકતાની વાત કરનારાઓએ દેશના કેટલા ટુકડા કરી નાખ્યા?

આગળ અમે મહાજન ભેગું થતું જોયું છે. મહાજનમાં સવર્ણ અને અવર્ણના આગેવાનો આવતા. અને બધાની એકતાની વાત કરી તો શું થયું? સવર્ણો હરિજનોના ઝુંપડા બાળે છે, હરિજનો સવર્ણોને ગાળો દે છે, તક આવે તો માલમિલકત લુંટી લે છે. તેમાં એકતા આવી? સૌ સૌનો સ્વાર્થ સાધવા એકતા કરે છે, મત મેળવવા એકતા કરે છે. વસતિ કોની વધારે છે? તમારે હૈયું છે ને? આ દેશના સ્વાર્થી નેતાઓએ એકતાની વાત ઊભી કરી, દેશને છિન્ન-ભિન્ન કરી નાખ્યો. આજે ઘરે-ઘરે, ગામડે-ગામડે, ટુકડા થઈ ગયા. દેશનું સત્યાનાશ કાઢયું. આજની તમારી ચૂંટણી એટલે? સાચા લોકો તો તેનાથી દૂર જ રહે છે ને? તમારા જેવા બુદ્ધિમાનો, પોતાને કામ આવે તેને ચૂંટે અને બીજાઓ ચા-ચેવડા અને કારૂથી ચૂંટે. કદી કૂતરાનો સંઘ ભેગો થાય? કાશીએ પહોંચે?

આજે એકતાની વાતથી જે સાથે બેસતા હતા તે પણ સામે થયા છે એટલું નહિ જે બધા સાથે ભેગા થયા છે તેય પરસ્પર લડે છે. આ એકતાએ પાંસરા તો તેમની એકતાનો ભંગ કર્યો છે.

સાચી વાત એ છે કે-**આ બધાને હું જ ખટકતો હતો, મને સંઘ બહાર મૂકવાનું નક્કી કરેલ પણ ન કરી શકયા. મને કહી ગયેલા કે, એકલા રહેવું પડશે, સંઘ બહાર થવું પડશે.** પણ તે થયું? તમે લોકો કશો અભ્યાસ કરતા નથી, કશું સમજતા નથી, કશું જાણતા નથી માટે આ બધી ધમાલ ચાલે છે. તમે થોડા પણ જો મક્કમ થઇ જાવ તો આ લોકોનું કશું ચાલે નહિ. પણ તમારે તો 'આપણે શું?' તેમ મનમાં છે.

ઘણા મને કહે છે કે, એકલો મોક્ષ-મોક્ષ શું કરો છો? મોક્ષની મશ્કરી કરે તેવા નાલાયકોને અમારા ઘરમાં ય પાકયા છે. તેવાને હવે મારે પણ રાખવા નથી 'વાત વાતમાં મોક્ષ' તેમ કહેવું તે મોક્ષની મશ્કરી નહિ તો શું કહેવાય? મોક્ષ પ્રત્યે દ્વેષ આવ્યા વિના આવું બોલાય કે લખાય પણ ખરું? શ્રી જૈન શાસનમાં તો રંગલે ને પગલે મોક્ષ છે. પૂજાઓમાં ય મોક્ષ ભર્યો છે. હમણાં જ શ્રી પીસ્તાલીશ આગમની પૂજા ભણાવાઇને? તેનો અર્થ સમજ્યા હોત તો તમને થયું હોત કે, મોક્ષ વિના કશું નથી.

શ્રી સાધુપદનું સ્વરૂપ

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર રૂપ રત્નત્રયી દ્વારા કેવળ મોક્ષમાર્ગની જ આરાધનામાં રત રહેતા સાધુ ભગવંતો, આર્ત અને રૌદ્રરૂપ દુર્ધ્યાનોનો પરિત્યાગ કરીને ધર્મ અને શુક્લરૂપ શુભ અને શુદ્ધ ધ્યાનોનો સ્વીકાર કરીને, ગ્રહણ શિક્ષા અને આસેવન શિક્ષાના અભ્યાસમાં જ રકત રહે છે, સદાય મનોગુપ્તિ, વચન ગુપ્તિ, અને કાયગુપ્તિથી ગુપ્ત રહે છે. માયાશલ્ય, નિદાનશલ્ય અને મિથ્યાદર્શન શલ્યથી રહિત રહે છે, રસગારવ, ઋદ્ધિગારવ અને શાતાગારવથી વિમુક્ત રહે છે. રાજકથા, સ્ત્રીકથા, દેશકથા કે ભકતકથા તેમને પાપકથા લાગે પૌદ્ગલિક હેતુ માટે થતા ક્રોધ, માન, માયા કે લોભથી દૂર રહે છે.

રોગ્ય અર્થાત્ આત્માઓને મોક્ષને માટે દાન–શીલ, તપ અને ભાવરૂપ ધર્મનો જ ઉપદેશ આપે છે. તેથી નિદ્રાદિ પાંચેય પ્રમાદોનો પરિત્યાગ કરીને, પાંચે ઇન્દ્રિયોને કાબુમાં લઇને પ્રાણીમાત્રના હિતૈષી બનેલા હોવાથી, પાંચે સમિતિના પાલનમાં ઉદ્યત હોય છે. છયે જીવકાયના રક્ષણમાં નિપુણ બનેલા તેઓ હાસ્ય, રતિ, અરિતિ, ભય, શોક, અને દુગંછા રૂપ નોકષાયોથી દૂર રહી પ્રાણાતિપાત વિરમણાદિ છયે વ્રતોનું પાલન પોતાના જીવની માફક કરવામાં સદાય સજજ રહે છે. આત્મરમણતામાં જ આનંદ અનુભવતા તેઓ સાતે ભયોથી નિર્ભય બની આઠે મદોથી પર રહી, બ્રહ્મચર્યની નવગુપ્તિઓનું પાલન અપ્રમતપણે કરે છે, ક્ષમા આદિ દશો પ્રકારના યતિધર્મને બાર પ્રકારની સાધુ પડિમાઓને અને અનશનાદિ બારે પ્રકારનાં તપને આચરવા અત્યંત ઉજમાળ રહે છે, સત્તર પ્રકારના સંયમનો આદર કરી, અઢાર હજાર શીલાંગોને ધારણ કરનાર વિશુદ્ધ મનોવૃત્તિને ધરતા અને અનુપમ પ્રવૃત્તિને આચરતા મુનિ ભગવંતોની ઉપાસના સંસાર નાશક અને મોક્ષસાધક નીવડે એમાં શંકાને સ્થાન નથી.

રોજ પ્રતિક્રમણમાં ચાર થોય તો બોલોને ? તે થોયમાં ત્રીજી આગમની થોય આવે છે ને ? ભગવાનનું આગમ મોક્ષે પહોંચાડનાર છે કે સંસારમાં લહેર કરાવનાર છે ? આજે શ્રાવકોમાંથી ય જ્ઞાન સાવ નાશ પામી ગયું છે. તમે સમજતા નથી માટે ચાલે છે. બાકી તમે જો સમજતા હોત તો મોક્ષની મશ્કરી કરે તેને કાનપટ્ટી પકડી બહાર કાઢત.

માટે મારી ભલામણ છે કે, આજની હવામાં આવો નહિ, એકતાની ખોટી વાતમાં ખેંચાવ નહિ. સમજુ અને શાણા બનશો તો ધર્મ આરાધી શકશો.

(સં ૨૦૪૨, આસો વદિ–૩, મંગળવાર, તા. ૨૧–૧૦–૧૯૮૬, શેઠશ્રી મોતીશા લાલબાગ, જૈન ઉપાશ્રય, ભૂલેશ્વર, મુંબઇ. પૂજ્યપાદશ્રીજીના પ્રવચનમાંથી પ્રાસંગિક.)

શાસન સમાચાર

: પાલીતાણામાં સમાધિપૂર્ણ કાલધર્મ :

પ્રશાંતવિદુષી પૂ. સા. શ્રી દર્શનશ્રીજી મ. સા.ના સુશિષ્યા પૂ. વિદુષી સા. મ. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી વૈ. સુદ ૬ સોમવાર તા. ૨૬-૪-૯૮ સવારે ૧૦-૪૫ મી. સમાધિ પૂર્વક કાલધર્મ પામ્યા હતા.

સ્વર્ગતા સાધ્વીજીનું જીવન રત્નત્રયીની ઉપાસના, નવ્ય સાહિત્ય રચના, આશ્રિત વર્ગનું યોગ ક્ષેમ અને ઉપાસક વર્ગને ધર્મોન્મુખ/ધર્મ દૃઢ બનાવવાના સતત શ્રમ-પૂર્વક દેવપીડાથી નિરપેક્ષ તિતીક્ષાગુણસંપન્ન હતું. માતા-પિતાના સંસ્કાર અને દેશ વિભાજન વેળાએ નિર્મિત પરિસ્થિતિના વિસ્ફોટક નિમિત્તોથી વૈરાગ્ય વાસીત. બની પૂ. પરમ ગુરૂણીજીના પુણ્યપરિચયે ૧૭ વર્ષની ભરયુવા વયે દીક્ષાભિલાષી બના તેઓએ ૨૦૦૭ વૈ. સુદ ૫ સંયમ સ્વીકાર્યું, સદ્‌ગુરૂ ચરણના સમર્પણ પૂર્વક જ્ઞાનાદિની મસ્તી દ્વારા સંસારની સુસ્તી ઉડાડીને સ્વ-પરહિતસાધક આદર્શ જીવન જીવવા લાગ્યા પૂજ્યવર્ગ પ્રત્યેના અહોભાવે પરમોપકારી પૂ. આ. ભ. શ્રી વિ. કનકચંદ્ર સૂ મ. (તે વેળા પંન્યાસજી મ.) અને શ્રુતોપાસક ઉપા. શ્રી મહા વિ. ગણિવર (તે વેળા મુનિવર)ના માર્ગદર્શનથી સાહિત્ય સેવામાં તન્મય બનતા લેખન કાવ્યકૃતિમાં વિશેષ પ્રગતિ કરી જે જીવનમાં અંતિમ દિવસો સુધી અખંડ રહી.

પરમ ગુરૂદેવ આ. ભ. શ્રી વિ. રામચંદ્ર સૂ. મ.ની છત્રછાયા અને સૈદ્ધાંતિક માર્ગદર્શન પામી માર્ગસ્થ પ્રરૂપણાદિથી શ્રાવિકા વર્ગમાં માર્ગદૃઢતા કરવા સાથે આશ્રિત-વર્ગનું સતત વાચનાદાન આદિ દ્વારા શિસ્તબદ્ધ સંયમ જીવન ઘડી શક્યા. જેના પરિણામે વર્ધમાન તપાદિ વિશિષ્ટ તપોયોગ અને જ્ઞાનયોગમાં રક્તતા દ્વારા સ્વ-પરહિત સાધક શ્રમણી પરિવારની શાસનને ભેટ ધરી. છેલ્લા ઘણા વર્ષોથી બ્લડપ્રેશર, ડાયાબીટીશ હાર્ટ પહોળું થવું આદિ વ્યાધિઓ વચ્ચે પણ આરાધનામાં મસ્ત રહેવાની કળા તેઓને હસ્તગત હતી. ગત વર્ષે સુવિશાલ ગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રી વિ. મહોદય સૂ. મ.ની કૃપામયી આજ્ઞાથી તપસ્વી સમ્રાટ પૂ. આ. ભ. શ્રી વિ. રાજતિલક સૂ. મ.ની નિશ્રામાં ચાતુર્માસ પાલીતાણામાં કર્યું તે જાણે અંતિમ બની ગયું. ત્યારે પગુ વ્યાધિનું જોર વધી ગયેલું પણ સ્વસ્થ બની આરાધના વ્યસ્ત બની રહ્યા.

અવાર–નવાર થતી પીડાની જેમ ચૈત્ર વદ ૦)) રાત્રે ૧૦–૩૦ પછી હૃદયનો દુઃખાવો શરૂ થયો જે અવિરત ચાલુ રહેતાં રાત્રે ૩–૦૦ વાગે મહારાષ્ટ્ર ભુવનમાં બિરાજમાન પૂ. પ્રવર્તિનીજી શ્રી હંસશ્રીજી મ. શ્રીને વિનંતિ કરતાં તેઓશ્રી તરત પધાર્યા અને ડો. અમીત શાહ પણ આવી ગયા. ઝાર્ડીઓગ્રામ ઝાઢી જરૂરી સૂચનો કરીને તેઓના ગયા પછી સવાર સુધીમાં થોડું સારૂં જણાતા અમુક સાધ્વીજીઓને શ્રી ગિરિરાજની યાત્રાએ સ્વયં મોકલ્યા. અને વ્યાખ્યાન સમય થતાં થોડાને વ્યાખ્યાનમાં પણ મોકલ્યા પછી ૯–૩૦ બાદ વિશેષ અસ્વસ્થતા જણાતા પૂ. મોટા મહારાજજીને બોલાવી ક્ષમાપના–પચ્ચકખાણ સમજપૂર્વક કર્યા અને અરિહંત સ્મરણ-શ્રવણમાં લીન બની શ્રી ગિરિરાજ સન્મુખ ફરીને બેઠા અને ધાનેરા ભુવનમાં બિરાજમાન પૂ. આ. ભ. શ્રી વિ. શ્રેયાંસપ્રભ સૂ. મ. સા.ને વારંવાર યાદ કરતા રહ્યા. તેઓશ્રી પણ સમાચાર મળતા વ્યાખ્યાન પૂર્ણ કરી યથાશીઘ્ર પધારી ગયા. સ્વર્ગતા સાધ્વીજીનો પવિત્ર આત્મા સ્વભાવમાં મગ્ન બની પાર્થિવ દેહનો ત્યાગ કરી તેઓનો આત્મા મુક્તિમાર્ગે આગે પ્રયાણ કરી ગયે. તેઓનો આત્માનંદી આત્મા શીઘ્ર આત્મસ્વરૂપ પામે એવી ભાવના સાથે માંગીને મેળવી લેવા જેવા સમાધિભાવની સતત અનુમોદના થયા કરે છે.

તેઓના આજીવન આશ્રિત સા. શ્રી કિરણરેખાશ્રીજી અને વિશાળ શિષ્યા પ્રશિષ્યાવર્ગાએ સેવા ભક્તિ દ્વારા સુશિષ્યત્વ દિપાવ્યું છે.

મંગળવાર સવાર સુધીમાં મુંબઇ–વડોદરા–અમદાવાદ–સાવરકુંડલા આદિ સ્થળોથી ભકતોજનો આવી જતાં જરીયાન પાલખીમાં જય જયનંદાના નાદ સાથે અંતિમયાત્રા ૯–૩૦ વાગે શરૂ થઈ અને તેઓના દેહ પંચભૂતમાં વિલીન થઇ નશ્વરતાનો સંદેશ આપતો ગયો.

'શાશ્વતી નવપદની ઓળીની આરાધના'

બોરીવલી–ચંદાવર લેન મધ્યે–પૂ. મુનિરાજ શ્રી ભુવનરત્ન વિ. મ. સા. આદિ સુશ્રાવક નાપનપુરવાળા કાંતીલાલ ગીરધરલાલ ઘોરાના નિવાસસ્થાને પધારેલ. ત્યાં ગુરૂ પૂજન તથા સંઘપૂજન થયેલ. ત્યારબાદ ત્યાંથી વાજતે ગાજતે રાજમાર્ગે ફરી ઉપાશ્રયમાં પધારેલ. ત્યારબાદ માંગલિક પ્રવચન થયેલ પછી જુદા જુદા પુન્યશાળીઓ તરફથી રૂા. ૫ નું સંઘપૂજન થયેલ. શાશ્વતી ઓળી માટે પધારેલ. રોજ સવારે સુંદર પ્રવચન થયેલ. ચૈત્ર સુદિ ૧૩ના રોજ ભગવાન મહાવીર સ્વામીના જન્મકલ્યાણક દિન હોવાથી સવારે સુંદર વરઘોડો નીકળેલ ત્યારબાદ માંગલિક પ્રવચન થયેલ. ત્યારબાદ લાડવાની પ્રભાવના થયેલ. સાંજે પ્રભુજીની ભવ્ય અંગરચના થયેલ જેમાં સેંકડો ફૂલોનો

શણગાર, સેંકડો દિવાઓની રોશનીથી જિનમંદિર તીર્થસમા લાગતું હતું. આમ ઓળીની સુંદર આરાધના થયેલ ૨૦૦ આરાધકોએ આરાધના કરેલ. તેમને જુદા જુદા પુન્યશાળીઓ તરફથી ૧૫૦ રૂા. તથા શ્રીફળ વગેરે આપેલ તેમજ રોજ પ્રભાવના તથા દરરોજ નવનવી પ્રભુજીને સુંદર અંગરચના થતી. આમ નવપદની આરાધના સુંદર રીતે પ્રભાવક બની ગઇ હતી. તેમને જલગાંવ ચાતુર્માસ નક્કી થવાનું છે.

卐 મિચ્છા મિ દુક્કડં 卐

–શ્રી હિતકાંક્ષી

વેરઝેર શમાવવા માટેનું આ સૂત્ર જો સાચી રીતે લખવામાં આવે તો એના અર્થનો બોધ સૌને સ્પષ્ટ રીતે થાય.

હ્રસ્વ–દીર્ઘ સ્વરોની અને વ્યંજનની ભૂલ વિના તથા ત્રણ વિભાગપૂર્વક 'મિચ્છા મિ દુક્કડં" આમ જ લખાય.

'મિચ્છા'ની સાથે 'મિ'ને જોડી દેવાય નહિ. સૂત્રમાંના બંને 'મિ' આમ હ્રસ્વ 'ઇ' વાળા જ લખાય.

પ્રાકૃત વ્યાકરણના નિયમાનુસાર 'દુક્કડં'માં 'ડં" લખાય, પણ 'ડમ્' (દુક્કડમ્) લખાય નહિ.

'મિથ્યા મે દુષ્કૃતમ્' (સંસ્કૃત ભાષામાં)

'મિચ્છા મિ દુક્કડં" (પ્રાકૃત ભાષામાં)

'મિથ્યા થાવ મારું પાપ' (ગુજરાતી શબ્દાર્થ)

સુસ્પષ્ટ અર્થબોધ કરાવવા માટે જ અહીં સંસ્કૃત ને ગુજરાતીમાં લખવામાં આવ્યું છે.

એ વાત ખાસ ધ્યાનમાં રાખવી જરૂરી છે કે પરસ્પર ક્ષમાપનાનો વ્યવહાર તો પ્રાકૃત ભાષાના મિચ્છા મિ દુક્કડં"થી જ કરવાનો છે.

ક્ષમાપના પત્રિકા છપાવનારા પુણ્યાત્માઓ 'મિચ્છા મિ દુક્કડં" આમ શુદ્ધિપૂર્વક છપાવવાનો ખ્યાલ રાખે તો આ શુદ્ધ રીતે લખવાના પ્રચારને વેગ મળે.

સમન્વય સે સમર્પણ તક....!

લોગ સમન્વય કી બાત કરતે હૈ, હમ સમર્પણ કરને કો તૈયાર હૈ,
હમને કબ્રાં ઉઠાયે થે અસ્ત્ર ઔર શસ્ત્ર, ફિર ભી લોગ શસ્ત્રધારી કહતે હૈ.

હમ અહિંસક હૈ અહિંસક થે, ઔર સદૈવ અહિંસક રહેગેં,
ફિર ભી લોગ હમેં હંમેશા વિધ્વંસક ઔર આંતકવાદી કહેગેં. લોગ સમન્વય.

ક્યા હમ શ્વેતવસ્ત્રધારી હિંસા કા રાસ્તા અપનાયેગેં,
સત્ય તો યહ હૈ કિ હમ મહાવીર કે બંદે હૈ ઔર રહેગેં.

મહાવીર ને હમેં અહિંસા કે બદલે કાયરતા કભી નહીં સિખલાઇ,
બિના શસ્ત્ર કે ભી હમ વક્ત આને પર શોલે બનેગેં. લોગ સમન્વય.

આજ હગી હમ મંદિરોં, તીર્થો ઔર સ્થાનકોં મિલાકર એક કરને કો તૈયાર હૈ.
કર્યોંકિ યહી તો માત્ર કષાયોં કી તીવ્રતા કો કમ કરને કા એક માધ્યમ હૈ.

યહ કોઇ અખાડા નહીં જો મોક્ષ કે નામ પર દ્વેષ એવં કલુષતા સિખાયેં.
હમ તો હાથ ફૈલાયે ખડે હૈ હમારી છાતી સે લગ જાઓં આખિર હમ સબ એક હૈ.
લોગ સમન્વય.

આજ અવશ્યકતા હૈ. તીર્થંકરોકે ચરિત્રકો અભિનયસે નહીં, આત્મા મેં ઉતારના હૈ.
વાસ્તવ મેં હમેં તીર્થંકર જૈસા વિશાલ હૃદય બનાના હૈં,
જિસમેં શાંતિ, મૈત્રી, દયા તથા સમન્વય કા ભાવ ભરના હોગા.
સરિતા કે સબ છોરોં કો એક સમન્વય બનના હોગા તભી. લોગ સમન્વય.

એક જૈન ઝંડેકે નીચે સભી વિલય કરદોં ગચ્છો, પંથો, સંપ્રદાયકો મિલાકર એક કરદોં.
સભી જૈન પ્રેમ ઔર સહિષ્ણુતા સે એક નૌકા મેં સવાર હો જાઓ.
છોડકર અપને મંદિરોં, તીર્થો ઔર સ્થાનોં કા મોહ ઔર જોડ દે સમર્પણ
કર દેં, એક શાસ્ત્ર ધારા મેં. લોગ સમન્વય.

–વિજય કંકરેચા 'ચિંતક'

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



* સાધુથી સાવદ્ય ભાષા ન બોલાય, સાવદ્યકામમાં અનુમોદના પણ ન થાય
* જે સાધુ થયા તે ઘર-બાર, કુટુંબ-પરિવારાદિ મૂકીને તમારી સેવા કરવા નીકળ્યા છે? સ્વાર્થી લોકોને તો તેમનું કામ થાય તો રાજી રાજી થાય, અમારું વાહ વાહ કરે પણ અમારો ધર્મ સળગી ગયો તેનું શું?
* ધન તમને ભૂલાવનાર છે, માન-પાનાદિ અમને ભૂલાવનાર છે.
* જૈનકુળમાં જન્મ્યો એટલે તેની ગાડી બદલાઈ ગઇ. તેની આ સંસારના સુખની ગાડી હોય નહિ, તેની મોક્ષની ગાડી શરૂ થઇ ગઇ.
* સમ્યક્‌ત્વનું નામ જ એ છે કે 'સંસારની પિપાસા ઉપર કાપ, આસક્તિ લૂલી, સ્નેહ લુખ્ખો અને દુનિયાદારિનાં--જગતભરનાં કાર્યો પ્રત્યે ઉદાસીનતા'!
* જો સમ્યક્‌ત્વ ધર્મ ગુમાવીને 'સમતા' રહેતી હોય તો હું કહીશ કે એ સમતા મડદાની છે-બોટી છે.
* જો સમ્યક્‌ અને મિથ્યા એ બેને તમે ભેળાં કરવા લાગ્યા તો બધું નકામું જશે અને કરી કમાણી ધૂળમાં મળશે.
* સમ્યગ્‌દૃષ્ટિ દેવતાઓ પણ સંયમના પૂજારી હોય છે અને પાપથી ડરનારા હોય છે.
* દુનિયાને અર્થ અને કામમાં મસ્ત બનાવી કારખાનાં બોલાવીને કે ધંધે લગાડીને લોકોને સુખી કરવાની ભાવના રાખવી એ મુનિનો ધર્મ જ નથી.
* મુનિઓ પાસે પેટની ચિંતા કરાવવાની ઇચ્છા જ સૂચવે છે કે અધઃપતનનું પગથીયું મોટું બોદાઇ રહ્યું છે.
* વર્ષીદાનમાં ભાવના એ છે કે 'આ સારી દુનિયા મોહની જાળમાં ફસી છે અને અજ્ઞાનતાથી સંસારરૂપી ગર્તામાં પડી રહી છે. આ દાનથી તે પણ મોહનો નશો ઉતારીને કાંઇક ત્યાગનો મહિમા સમજે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

नमो चउविसाए तित्थयराणं
उसभाइ-महावीर-पज्जवसाणाणं.

शासन अने सिध्धान्त
रक्षा तथा प्रचारनुं पत्र-

જૈન શાસન

—: મણકો :—

अर्थानामर्जने दुःखम
र्जितानां च रक्षणे ।
आये दुःखं व्यये दुःखं,
धिगर्थं दुःखभाजनम् ।।

લક્ષ્મી કમાવવામાં દુઃખ છે, કમાણી કર્યા પછી રક્ષણ કરવામાં દુઃખ છે, લક્ષ્મી આવે ત્યારે દુઃખ અને જાય ત્યારે પણ દુઃખ છે. દુઃખના સ્થાન રૂપ લક્ષ્મીને ધિક્કાર હો. અર્થાત તેનો મોહ છોડી દો.

卐

અઠવાડિક

વર્ષ ૧૦

અંક ૪૨+૪૩

શ્રી જૈન શાસન કાર્યાલય

શ્રુત જ્ઞાન ભવન

૪૫, દિગ્વિજય પ્લોટ,

જામનગર (સૌરાષ્ટ્ર) INDIA

PIN- 361005


શાસન સમાચાર

જામનગર–અણુદ્રાબાવા ચકલામાં શાંતિભવન જૈન ઉપાશ્રયમાં વિરાજમાન પૂ. તપસ્વી મુ. શ્રી દિવ્યાનંદ વિ. મ. ૧૦૦+૬૭ મી ઓળીની પૂર્ણાહુતિ નિમિત્તે જેઠ સુદ ૧૫ ના શાહ કેશવલાલ ધારશી પારેખને ત્યાં વાજતે ગાજતે જવાનું થયું ત્યાં માંગલિક પ્રવચન થયું. સવારે ૯ વાગ્યે પ્રભુજીને ૧૮ અભિષેક થયા. બપોરે શ્રી ભરતભાઇ પટેલ તરફથી ૬૯ પ્રકારી પૂજા ભણાવાઇ. પૂજા માટે પ્લોટમાંથી વિમલનાથ જિનેન્દ્ર સંગીત મંડળ આવેલ. આરાધકો તરફથી જામનગરના ૧૪ ઢેર સરે આંગી રચાવી હતી.

આણંદ–અત્રે પૂ મુ. મોક્ષરતિ વિ. મ. પૂ. આદિની નિશ્રામાં બે પરિકર દેરાસરની વર્ષગાંઠ દેવી પ્રતિષ્ઠા ઉપાશ્રય ધર્મશાળાનું ઉદ્ઘાટન પૂ. મોક્ષરતિ વિ. મ. ની દીક્ષા તિથિ વિગેરેની ઉજવણીનો મહોત્સવ સુંદર થયો. પંદર વર્ષના દીક્ષા પર્યાય અનુસરીને ૧૫૫ રૂા. સંઘપૂજન તથા સંઘ તરફથી પ્રભાવના થઇ. સિદ્ધચક્રપૂજન વરઘોડો વિ. સુંદર થયા.

છાણી-અમીનનગરમાં જેઠ સુદ ૭ વર્ષગાંઠ શાંતિસ્નાત્ર આદિ થયેલ. વડોદરા આકોટામાં સિદ્ધગિરિ સંઘના સકળ સૂત્રધાર હિંમતભાઇ તરફથી જિનાલયની વર્ષગાંઠ અઢાર અભિષેક આદિ થયા.

ઓરીવલી ચંદાવરકરલેન–આ. ભ. મહાબલ સૂ. મ. તથા શાસન પ્રભાવક પૂ. આ. ભં. પુણ્યપાલ સૂ. મ. આદિ ઠાણા પધારતા શાહ પ્રકાશભાઇને ત્યાં ગુરૂપૂજન તથા સંઘપૂજન થયેલ. ત્યાંથી વાજતે ગાજતે સંઘ રાજમાર્ગે ફરી ઉપાશ્રયે પધારેલ. ત્યાં પૂજ્યોનું સુંદર શૈલીમાં પ્રવચન ફરમાવેલ, ત્યારબાદ જુદા જુદા પુણ્યશાળી ઓ તરફથી ગુરૂપૂજન તથા ૧૬ રૂા.નું સંઘપૂજન તથા લાડવાની પ્રભાવના થયેલ. ૧૭–૧૮ વર્ષો બાદ આ સંઘ પર પૂજ્યોની પધરામણી થયેલ. તેથી સંઘમાં ઘણો ઉલ્લાસ પૂર્વક જુદે જુદે ઠેકાણેથી ભાવિકો પધાર્યા હતા. તેમની પણ સાધર્મિક ભક્તિ કરાયેલ હતી. તબિયત નાદુરસ્ત હોવાથી ગુજરાતથી ઉગ્ર વિહાર કરી–ઓરીવલી, મલાડ, પાલ. વગેરે થઇ લગભગ જેઠ વદિ ૩ ના રોજ ચંદનબાળા, વાલકેશ્વર મધ્યે પ્રવેશ થયો છે.



વર્ષ : ૧૦] ૨૦૫૪ જેઠ સુદ–૧૪ મંગળવાર તા. ૨૩–૬–૯૮ [અંક : ૪૨–૪૩

卐 પ્રકીર્ણક ધર્મોપદેશ 卐

–પ. પૂ. આ. દેવ શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, શ્રાવણ સુદ–૪ રવિવાર તા. ૩૦–૭–૧૯૮૭ ચંદનબાલા જૈન ઉપાશ્રય મુંબઈ–૬

(શ્રી જિનાજ્ઞા વિરૂદ્ધ કે પૂ. પ્રવચનકારશ્રીના આશય વિરૂદ્ધ કાંઈપણ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના. **(પ્રવચન ૨૫ મું)** અવ૦)

'આ સંસાર રહેવા જેવો નથી, મોક્ષ જ મેળવવા જેવો છે, તે માટે સાધુ થવા જેવું છે. સાધુપણું આ મનુષ્યજન્મ વિના બીજા એકે પણ જનમમાં મળતું નથી માટે આ મનુષ્યજન્મ સાધુ થવા માટે જ છે, આ મનુષ્યજન્મનો સંસારની સાધનમાં ઉપયોગ કરવો તે તેનો દુરૂપયોગ છે' આવું માનનારા કેટલા જીવો મળે ? તમે પણ માનો ? તમે તો કહો કે અમે સાંભળીએ છીએ પણ માનતા નથી.

સભા : માર્ગ સારો છે પણ આચરી શકાય તેમ નથી.

ઉ૦ : 'આ માર્ગ સારો છે પણ આચરી શકતો નથી' તો મારૂં શું થશે તેવી પણ ચિંતા થાય તે ? કયાં જવું તેનો ભય લાગ્યો છે ? ભય ન લાગે ને આ બોલે તો તે ગમ્યું છે તેમ કહેવાય ? આ ગમ્યું હોય તો ભય ન લાગે ? સાપ કોઇ દી' કરડયો છે ? પણ સાપ છે તેમ સાંભળીને સૌ ભાગે છે. તો આ સંસારમાં રહેલો જીવ બહુ મે.જમઝા કરે ને લહેર કરે તો દુર્ગતિમાં જાય તે ભગવાનની વાત સાંભળવા છતાં ય ભય લાગે છે ખરો ? આ બહુ કઠીન કામ છે. પણ જીવ જો સમજુ બની જાય તો એકદમ સરળ કામ છે.

તમને બધાને નરકમાં જવાનો ડર લાગે છે ખરો ? શાસ્ત્રે નરકનાં જે દુઃખ વર્ણવ્યાં છે તે સાંભળતાં ભય લાગ્યા વિના ન રહે તેવું છે. પણ નરકની શ્રધ્ધા જોઇએ. શ્રી નેમનાથસ્વામિ ભગવાને શ્રી કૃષ્ણ મહારાજાને કહ્યું કે– તારે નરકમાં જવાનું છે. તો આ વાત સાંભળતાં તેઓ થીજી ગયા. શ્રી કૃષ્ણ મહારાજાએ ભગવાનને કહ્યું કે– મારે નરકે જવાનું ? આપનો ભાઇ અને છપ્પનકોડ યાદવોનો સ્વામી નરકે જાય તે આપને માટે શોભાસ્પદ છે ? નરકની વાત સાંભળીને તેઓ ગભરાઈ ગયા તો તમને નરકનો ભય લાગે છે ? મહારંભ અને મહાપરિગ્રહ નરકે લઇ જાય તે જાણવા છતાં ય તમને મહારંભ કરતા અને મહાપરિગ્રહ મેળવતાં દુઃખ થાય ખરૂં ?

આજે ઘણા લોકો કહે છે કે– નરકની વાતો લોકોને ભય બતાવવા માટે લખી છે, પણ સાચી વાત નથી. નરકની વાત સાંભળતાં ભય લાગવો જોઇએ. જે જૈન હોય તેની પાસે ઘણા પૈસા હોય તો ય અધિક પૈસા મેળવવા વેપારાદિ કરે તે પણ મજેથી કરે તો તેનામાં જૈનપણું હોય ખરૂ ? તમને તેવાની દયા આવે કે તેવા ઉપર બહુમાન થાય ? તમે જ તેવા હો તો તમને ય ભય લાગે ખરું ? તમને બધાને પૈસાનો ભય લાગે છે ખરો ? બહુ લોભ અમને દુર્ગતિમાં લઇ જશે તેમ પણ થાય છે ખરું ?

સભા૦ : અહીં સાંભળીએ ત્યારે યાદ આવે, બહાર જઇએ તો ભૂલી જઇએ.

ઉ૦ : સાપ કરડે તો મરી જવાય તે વાત ક્યારે ય ભૂલાય ખરી ? તેમ આરંભ પરિગ્રહનો ભય લાગે છે ખરો ?

સભા : તે તો પ્રત્યક્ષ છે અને આ વાત પરોક્ષ છે.

ઉ૦ : તમને કદી સાપ કરડયો છે ? તમે કહો કે-અમારામાં શ્રધ્ધા જ નથી. તમને બધાને જીવનનો લોભ છે, મરવાનો ભય છે, પણ પરલોકનો ડર નથી, ખરાબ કરીશું તો દુર્ગતિમાં જવું પડશે તે વાતની શ્રધ્ધા જ નથી. આજે મોટાભાગની શ્રદ્ધા જ નાશ પામી છે. અને જેને થોડીઘણી શ્રધ્ધા છે તે પોલી છે ! જ્યાં સુધી સાચી શ્રધ્ધા પેઠા ન થાય ત્યાં સુધી ગમે તેટલું કહીએ, સમજાવવા લોહીનું પાણી કરીએ તો પણ સમજે નહિ.

ભગવાન કહી ગયા છે કે મહારંભ અને મહાપરિગ્રહ નરકે જ લઇ જાય તો તે વાત બનાવટી છે કે સાચી છે ? મહારંભી કેવાં કેવાં પાપ કરે છે ! મહાપરિગ્રહી કેટલા લુચ્ચા, જુઠ્ઠા, બદમાશ, હરામખોર છે તે નજરે જોતાં નથી ! સગા બાપને ઠગે છે. ઘણા તો પારકે પૈસે તાગડધિન્ના કરે છે. અવસર આવે તે મજા કરે અને તેને ધીરનારા રોવે.

આપણે અહીં ભગવાનના પ્રતિષ્ઠા મહોત્સવે ભેગા થયા છીએ તો સૌથી પહેલા ભગવાન હૈયામાં પેસવા જોઇએ. તેવો જીવ ભગવાનની પ્રતિષ્ઠા ભાવપૂર્વક કરે તો જરૂર ભગવાન થાય. જે કાંઇ ધર્મ કરવાનો છે તે ભગવાન થવા માટે કરવાનો છે અને ભગવાન થવા માટે સાધુ થવા માટે કરવાનો છે. આ વાત હૈયામાં બેસે તે ઉલ્લાસ આવ્યા વિના ન રહે. ભક્તિ પણ આજ્ઞા મુજબ કરવાની છે. ભક્તિમાં જે જીવ ભગવાનની આજ્ઞા મુજબ ભક્તિ કરે તેનો સંસાર ઓછો થયા વિના રહે નહિ. અને તે જીવ વહેલામાં વહેલો મોક્ષે પહોંચી જાય છે.

મોક્ષની સાચી ઇચ્છા અને તાલાવેલી વિના કદી મોક્ષ થતો નથી. મોક્ષ હૈયામાં વસ્યા વિના ભગવાન પ્રત્યે જોઇએ તેવી ભક્તિ જાગતી નથી. મોક્ષે ગયા વિના જીવને કદી સાચી શાંતિ મલી નથી કે મલવાની નથી. શક્તિમુજબ ભક્તિ કરવાની આવી તક મલી છે તે ગુમાવવી ન જોઇએ તે માટે ભગવાન શું કહી ગયા છે, ભગવાનની ભક્તિ શી રીતે થાય તે સમજવું જોઇએ જેને હૈયે ભગવાનની ખરેખરી ભક્તિ વસી છે તેવો જીવ તો કહે છે કે-મારે મુક્તિ જોઇએ છે તે વાત સાચી પણ જો ભક્તિ ન હોય તો મુક્તિ મળે જ નહિ અને ભક્તિ હોય તો મુક્તિ મળ્યા વિના રહે પણ નહિ. માટે જ કહ્યું કે-'મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી' ભગવાનના વચન ઉપર આવી શ્રદ્ધા જન્મે તો તેવા આત્મા પોતાની શક્તિનો ઉપયોગ કર્યા વિના રહે નહિ. સંસારમાં બધી શક્તિ ખર્ચો છો તેમ જો 'ભક્તિથી જ મુક્તિ' તેની ખાત્રી થઈ જાય તો તો અદ્ભૂત ભક્તિ કર્યા વિના રહે નહિ. તેવો જીવ ગરીબ હોય તો ય મોક્ષે જાય અને જેને હૈયે ભક્તિ ન વસે તે ગમે તેટલો મોટો સુખી હોય તો ય મોક્ષે ન જાય.

દિન-પ્રતિદિન ભક્તિભાવ વધતો જાય તેવી સામગ્રી મલી છે તો ભક્તિ કરનારા જૈનકુળના આચાર પાળતા થઇ જાય તો કલ્યાણ થઇ જાય. ભગવાનની ભક્તિ કરનારા, ગુણગાન કરનારા જૂઠ બોલે ? ચોરી કરે ? અનીતિ કરે ? પૈસો મઝેથી લે કે મઝેથી ખર્ચે ?

સભા૦ : પૈસાની વાત કઠીન લાગે છે.

ઉ૦ : દેવ-ગુરૂ અને ધર્મ કરતા પૈસો વહાલો લાગે છે ! જેને પૈસો વહાલો લાગે તેનું મિથ્યાત્વ ટળે નહિ અને સમકિત પામે નહિ. દુનિયાનું સુખ અને પૈસો દેવ-ગુરૂ-ધર્મને વૈરી છે. તેવો જીવ કદી ધર્મ પામે નહિ.

મમ્મણ શેઠ ભગવાનના સમયમાં થયેલા છે. તેની પાસે જેટલો પૈસો હતો તેટલો શ્રી શ્રેણિક મહારાજાના ભંડારમાં પણ ન હતો. પણ તે આજે નરકમાં છે. ઘણા ઘણા પૈસાની

ઇચ્છાવાળા અને આત્મ કલ્યાણના કામમાં પૈસો ખરચવાનું મન પણ ન થાય તે બધા મમ્મણ શેઠના ભાઇ છે. તે બધા જો પરિગ્રહને સારો માનવાવાળા હોય તો નરકે જવાના છે મહાપરિગ્રહની આકાંક્ષાવાળા મમ્મણને ય વટલાવી જાય તેવા છે. પૈસા માટે આજે જેટલાં પાપ થાય છે તેટલાં ભૂતકાળમાં મજેથી થતા ન હતાં. પૈસા માટે શું શું કરો છો? આજે એમ કહેવું પડે કે ભાગ્યે જ વેપારી પ્રામાણિક મળે. કોટિપતિ અને અબજોપતિ પણ અનીતિ મજેથી કરે છે. પૈસો પકડીને દુર્ગતિમાં ૯૭ જનાર છે. જે સાધુને પણ આ સંસારનું સુખ મજેનું લાગે તો તે ય પતિત થયેલો સમજવો આ સંસારનું સુખ સાધુપણાને પણ બગાડનારૂ છે, સાધુને પણ પતિત કરે તેવું તે સુખ છે. તો તે સુખમાં જ રહેલા તમે સાવચેત ન રહો તો શું થાય? ભગવાનની ભક્તિ કરવાનો અવસર મળ્યો છે તો શક્તિ મુજબ ભક્તિ કરતા થાવ તે. કામ થઇ વિશેષ હવે પછી—

શ્રી સમ્યગ્જ્ઞાન પદનું સ્વરૂપ

સાતમા શ્રી જ્ઞાનપદમાં તે જ જ્ઞાન આવે કે જે સમ્યક્ હોય કેમકે સમ્યગ્જ્ઞાન સમ્યગ દર્શનની નિર્મળતાનું તથા સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ અને વૃધ્ધિનું તથા શ્રી સિદ્ધિપદને પામવાનું સાધન છે. જે લોકો પૌદ્ગલિક પદાર્થોની સાધનામાં જ ઉપયોગી થતાં જ્ઞાનને સમ્યગજ્ઞાન તરીકે ઓળખાવવાનો આડંબર કરે છે તેઓ શાસનના પરમાર્થથી ઘણા દૂર છે. કેમ કે– જે જ્ઞાન હોય અને ઉપાદેયનો આશ્રવ અને સંવરનો પુણ્ય પાપનો ભેદ ન સમજાવે, આશ્રવ અને પાપથી ભય ન ઉપજાવે અને સંવર તથા નિર્જરા પ્રત્યે અનુરાગી બનાવી મોક્ષની સાધના માટે ઉત્સાહિત ન કરે, તે વાસ્તવિક રીતિએ જ્ઞાન નથી પણ કોરૂં અક્ષરજ્ઞાન હોઇ, મિથ્યાભાવને પુષ્ટ કરનારૂં હોવાથી ભયંકર સંસાર અટવીમાં અથડાવનારૂં કારમું અજ્ઞાન છે.

સર્વજ્ઞ ભગવાને પ્રણીત કરેલાં આગમોમાં કહેલાં તત્વોનું શુધ્ધ અને યથાસ્થિત જ્ઞાન તે જ સમ્યગજ્ઞાન છે. તેના યોગે જ ભક્ષ્યાભક્ષ્યનું, પેયાપેયનું, ગમ્યાગમ્યનું, કૃત્યાકૃત્યનું વાસ્તવિક ભાન થઇ શકે છે. જે જ્ઞાનના પ્રતાપે ત્રણે લોકના પદાર્થોના ખ્યાલ હાથમાં રહેલા નિર્મલ પ્રાણીની જેમ સ્પષ્ટ થાય છે, એ જ્ઞાનની ઉપાસનામાં અનાદર બુધ્ધિએ બહુલ સંસારિતાનું લક્ષણ છે. જે જ્ઞાન ગમે તેવા આત્માને પણ લોકમાં પૂછવા યોગ્ય, પૂજનિક અને પ્રશંસનીય બનાવી સંસારથી નિસ્તાર પમાડે છે, એ જ્ઞાન કોઇપણ વિવેકી આત્મા માટે આરાધનીય જ હોય, એમાં શંકાને અવકાશ જ નથી. આવા સમ્યગજ્ઞાન પદને અમારો નમસ્કાર હો!

મહાભારતનાં પ્રસંગો

[પ્રકરણ-૨૯]

—શ્રી રાજુભાઈ પંડિત

આખરે કંસ કમોતે હણાયો.

ચાણૂરે શ્રીકૃષ્ણને અને શ્રીકૃષ્ણે ચાણૂરને સાવધાન કરીને મલ્લયુદ્ધનો આરંભ કર્યો. કદાવર ચાણૂર સામે મગતરા જેવા લાગતા ગોવિંદ હમણાં હતા ન હતા થઇ જશે તેવી શંકા લોકોના મનમાં વ્યાપી હતી. ગોવિંદ તો સૌના મનના માણિગર હતા એટલે કદાવર ચાણૂર સામે ગોવિંદનું આ નિયુદ્ધ-મલ્લયુદ્ધ ઘણા મનને દુભવી ગયું હતું. આમેય પ્રિયજનના અમંગળની શંકાઓ બહુ જલ્દી થવા લાગે છે.

પણ... અહીં તો ગાયો ચરાવી જાણનારો નંદનો નંદના ગોવિંદો જનમથી મલ્લયુદ્ધના અનુભવી એવા પણ ચાણૂરની સામે રહેજે મચક આપતો નથી. તેને મન તો આ માત્ર રમત જ હતી. જીવ સટોસટના ખેલ તો કંસના મનમાં આ મલ્લયુદ્ધની સાથે જ ખેલાતા જતા હતા. કૃષ્ણ મરે તો પોતાને મૃત્યુને મારનારો ગણાવી શકાય તેમ હતું. અને ચાણૂર મરે તો તો...તો કંસનું મૃત્યુ નિશ્ચિત જ હતું. આમેય જન્મેલો કર્યો જણ મૃત્યુ નથી પામ્યો ?

વેકરાળ-કદાવર મલ્લને ગોવિંદે અત્યંત કઠણ મહાડી. આથી સમુદ્રવિજયાદિ યદુરાજાઓનો આનંદ માતો ન હતો. અને હવે કૃષ્ણે પગના ઘાત વડે પૃથ્વીને ધ્રુજાવી મૂકી. અને તે સાથે જ કંસ પણ ધ્રુજી ઉઠ્યો. તેને ચાણૂરના મૃત્યુની આશંકાઓ થવા લાગી.

કૃષ્ણના પૃથ્વી ઉપરના પાક ઘાતથી ભયભીત બની ગયેલા કંસે 'મુષ્ટિક' નામના બીજા પહેલવાન-કદાવર-હૃષ્ટ પુષ્ટ -દુષ્ટ-ક્રુર એવા આખલા જેવા મલ્લને કૃષ્ણને હણી નાંખવા આદેશ દીધો. અને 'મુષ્ટિક' મલ્લ પણ કૃષ્ણ તરફ અતિ વેગથી કૃષ્ણનો ઘાત કરવા દોડી ગયો.

ચાણૂર સાથેના યુદ્ધમાં વ્યગ્ર ગોવિંદની હત્યા કરવા દોડી રહેલા મુષ્ટિક મલ્લને જોતાં જ સીરપાણી-બલદેવ બોલ્યા. 'હે નરાધમ ! દુરાચારી ! આ રીતે યુદ્ધ કરવા કેમ દોડે છે ? પહ હવે તું જો તારી યુદ્ધ કરવાની ચળને હું હમણાં જ ખલાસ કરી નાખું છું" આ રીતે બોલીને બલદેવે મંચ ઉપરથી છલાંગ મારીને સીધા મુષ્ટિકના રસ્તા વચ્ચે ઉભા રહી તેની સાથે મુકકાબાજીથી યુદ્ધ શરૂ કરી દીધું.

આ તરફ ચાણુર સાથેના યુદ્ધમાં લાગ જોઈને ચાણુરે ગોવિંદને એક પ્રચંડ તાકાતવાળી મુષ્ટિથી છાતીમાં હણ્યા. અને તરત જ ગોવિંદ મૂર્છા ખાઈને ઢળી પડ્યા. યાદવકુળમાં આતંક અને રોકકળ મચી ગઈ. કંસ પોતાના આસન ઉપર અત્યંત ખુશી પૂર્વક ઉછળવા લાગ્યો. લોકોમાં હાહાકાર મચી ગયો હતો.

બલદેવ તો મુષ્ટિક સાથે યુદ્ધમાં રોકાઈ ગયા હતા. આ તકનો લાભ ઉઠાવીને કંસે ચાણુરને આદેશ કર્યો કે—ચાણુર! કૃષ્ણને હણી નાંખ.' અને મૂર્છા ખાઈને જમીન ઉપર પડી રહેલા કૃષ્ણ તરફ પગ પછાડતો ધમધમતો ચાણુર દોડ્યો. રંગમંચમાં હાહારવ મચી ચૂક્યો હતો. અને બલદેવની નજર શ્રીકૃષ્ણને હણવા દોડતા ચાણુર તરફ ગઈ. તરત જ મુષ્ટિકને એક ધક્કે દૂર હડસેલી કઈને તે સીધા ચાણુર તરફ દોડવા અને ઘૂંટણ તથા કોણીઓના ભયાનક પ્રહારથી બલદેવે ચાણુરને દૂર દૂર હડસેલી મૂક્યો.

હવે બંને મલ્લો બલદેવ તરફ એક સાથે દોડી રહ્યા હતા. તેવામાં મૂર્છા દૂર થતા શ્રીકૃષ્ણ બેઠા થયા. કંસના મનોરથોનો ભાંગીને ભૂક્કો બોલી ગયો. હવે શ્રીકૃષ્ણે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું. ચાણુરને લલકાર્યો અને મુષ્ટિના એક જ પ્રહારથ ચાણુરને યમસદનમાં પહોંચાડી દીધો.

ચાણુરનું મૃત્યુ થતાં જ કંસના ખેદનો કોઈ પાર ન રહ્યો. તેણે તરત જ પોતાના સુભટોને આદેશ કર્યો કે—અરે! આ ચાણુરના હત્યારા ગોવાળીયાને ઝડપી લો. અને અને એને સાથ આપનારા તથા તેના પક્ષ લેનારાઓને પણ પકડી લો. તે બધાં પણ ચોરને સાથ આપનારની જેમ શિરોચ્છેદને જ લાયક છે.'

જવાબમાં શ્રીકૃષ્ણે કહ્યું—મોઢું સંભાળીને બોલજે નરાધમ! તારી જીભને કાબુમાં રાખજે. આજે મારા બાહુબળથી તને તારા દુષ્કર્મના કિંપાકના ફળને હું ચખાડ્યા વગર રહેવાનો નથી. મારા નાના નાના તરતના જન્મેલા બાંધવોનો હત્યારો તું જ હતો ને? નાલાયક! હવે મારા હૈયામાં મારા બંધુઓની હત્યાના વેરની વસૂલાત કરવાની આગ સળગી ઉઠી છે. તે આગમાં આજે તને ખાખ ના કરું તો હું ગોવિંદ નહિ.'

આમ કહી કંસનો સંહાર કરવા માટે શ્રીકૃષ્ણે છલાંગ મારી અને મલ્લયુદ્ધ મેદાનમાંથી સીધા કંસના મંચ ઉપર પહોંચી ગયા અને તેની સામે રોષારૂણ શબ્દો ઉચ્ચારતા કહ્યું કે—નરાધમ! તારા હોય એટલાને બોલાવી લે. અહીં. તારા મિત્રો હોય, તારા રાજાઓ હોય કે તારા બંધુઓ હોય તેને મારાથી તારું રક્ષણ કરવા બોલાવી લે. પાપી! દયાહીન! ખાટકી! જન્મેલા મારા ભાઈઓને જનમતાની સાથે જ શિલા સાથે તેના માથા પછાડી પછાડીને મારી નાંખનારો તું જ હતો ને? તારા બાહુબળનું

તને બહુ ઘમંડ ચડ્યું હતું કેમ ? હવે મારાથી તારી જાતને બચાવી શકાય એટલી બચાવીને જીવ ય તેટલું વહી એ વહી જીવી લે પાપી ! હવે તો હું તારો કાળ બનીને જ આવ્યો છું.'

આમ કહીને શ્રીકૃષ્ણે પગની ઝતરનાઠ લાત મારીને કંસના મસ્તકના મુગુટના ટુકડે ટુકડા કરી નાંખ્યા. અને મુઠ્ઠીથી કંસના માથાના વાળ પકડીને કંસને મંચ ઉપરથી ધરતી ઉપર પછાડી દીધો. આથી ભયથી થર થર ધ્રુજતા કંસની કયામણી નજર પોતાના લશ્કર ઉપર પડી. અને કંસના જમ જેવા સૈનિકો ભાલા–તલવાર સાથે શ્રીકૃષ્ણને હણવા માટે રંગમંચ તરફ દોડી આવ્યા. અને ચારે બાજુથી કંસના સૈન્યે શ્રીકૃષ્ણને ઘેરી લીધા.

વાતાવરણ પાછુ રંગ બદલવા લાગ્યું. બીજી તરફ હજી મુષ્ટિક બલદેવનું મલ્લયુદ્ધ ચાલુ જ હતું. હવે શ્રીકૃષ્ણને સૈન્ય વચ્ચે ઘેરાઇ ગયેલા જોઇને બલદેવે મલ્લ-યુદ્ધનો જલ્દીથી અંત લાવવા એક ભયાનક પ્રહાર કરીને મુષ્ટિકને શબમાં સમાવી દીધો. અને તરત જ રંગમંચ તરફ દોડી જઇને રંગમંચના એક થાંભલાને ખેંચી કાઢીને કંસના સૈન્યને થાંભલા વડે ઝુડી ઝુડીને અધમૂવુ કરી નાંખ્યું. સૈન્યને જ્યારે બલદેવે ભગાડી રહ્યા હતા ત્યારે બીજી તરફ રંગમંડપમાં શ્રીકૃષ્ણે કંસને જીવતી ઝતરનાઠ વિડંબનાઓ પમાડી. છેલ્લે બેહોશ થઇ જમીન પર ઢળી પડેલા કંસની છાતી ઉપર પગના પ્રહારો કરી કરીને શ્રીકૃષ્ણે કંસને કાયમ માટે ખલાસ કરી નાંખ્યો.

કંસના મૃત્યુથી રોષાયમાન થયેલું પહેલેથી ગોઠવી રાખેલું જરાસંધનું સૈન્ય કૃષ્ણ તરફ આક્રમણ લઇને આવ્યું. તે વખતે સમુદ્રવિજય રાજાના પ્રચંડ સૈન્યે પ્રતિ આક્રમણ કરીને જરાસંધના સૈન્યને ચીર્ણ–વિશીર્ણ કરી નાંખ્યું.

બંધુના વિધ્વંસના સ્મરણથી સળગતા રહેલા શ્રીકૃષ્ણે આખરે કુલકલંકી, કુલાં-ગાર કંસના તે મડદાને રોષથી ઉંચકીને વાળથી ખેંચીને રંગમંડપ બહાર ફેંકી દીધું.

આમ એક ક્રુર, ઘાતકી, નિર્દય, શાસનનો શ્રીકૃષ્ણના હાથે અંત આવ્યો.

મથુરાની ગાદી ઉપર કંસના પિતા રાજા ઉગ્રસેનને જ સ્થાપન કર્યા. સમુદ્રવિજ-યાદિ યાદવોએ માતાની જિંદગીમાં પહેલીવાર કૃષ્ણને સ્પર્શ કરી વારંવાર તેને ચુંબનો, આલિંગનો કર્યા. અને વરસોથી વિછોડાયેલી માતા દેવકી શ્રીકૃષ્ણને જોતાં જ સ્તન ઝરાવવા લાગી. માતૃવાત્સલ્યથી માતા દેવકીએ પુત્ર શ્રીકૃષ્ણને નવડાવી દીધો.

ઉગ્રસેન રાજાએ પુત્રી સત્યભામાના લગ્ન શ્રીકૃષ્ણ સાથે કર્યા. (ક્રમશઃ)

પરમ શાસન પ્રભાવક સુવિશાલ ગચ્છાધિપતિ વ્યાખ્યાન વાચસ્પતિ
સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજને

卐 સ્મ ર ણું જ લિ 卐

" સૂરિરામ મારા ઉપકારા "

(રાગ : વીર તારૂં નામ વ્હાલું લાગે...)

હે નામ જેનું લેતાં શિર ઝુકે, સૂરિરામ મારા ઉપકારા
મારા ઉપકારા, શ્રી સંઘ હિતકારા, જગના તારણહારા સૂરિરામ...ટેક

જન્મ કહેવાણમાં ને દિક્ષા ગંધારમાં, સ્વર્ગવાસ રાજનગરમાં
'કાન' ના લાડીલા ગુરૂ 'મેઘ'ના માનીતા, 'પ્રેમ'ના પાટવી પ્યારા... સૂરિરામ...૧
બાલપણાથી ધર્મ પમાડયો, બની ગુરૂમાતા હિતકારા,
વ્રત-નિયમ-ધર્મ સાધનામાં જોડયા, વિરતી ભાવ સિંચનાર...સૂરિરામ...૨
સમ્યગૂદર્શન સમજાવી ઘડયા જેણે, શ્રમણ-શ્રાવક-ધર્મવીરા,
સમકીત દાતા, કેઇના સંયમદાતા, ધર્મદાતા છો મારા...સૂરિરામ...૩
અજબ સાધના ને, ગજબ દેશના, શાસન પ્રભાવક ન્યારા,
સંસાર ભૂંડો જચાવી બનાવ્યા, જિન શાસન અણગારા.. સૂરિરામ...૪
પ્રથમ વ્યાખ્યાન વીર ઉવજ્ઝાયા સુણતાં, ભાવિ પ્રભાવક પુકારા,
ઇચ્છતા પ્રેમ ગુરૂદેવ પ્રવચનનું સંસ્કૃત, ભાવિમાં લાભ જોનારા...સૂરિરામ...૫
વ્યાખ્યાન વાચસ્પતિ બિરૂદે નવાજ્યા, શુદ્ધ પ્રરૂપક મનોહારા,
શાસ્ત્ર-સિદ્ધાંતમાં હતા ધ્રુવતારા, સમર્થ ગીતાર્થ સૂત્રધારા...સૂરિરામ...૬
બાલ-યુવાન-પ્રૌઢ-વૃદ્ધ ઉધ્ધારક, દિક્ષાના દાનવીરા,
નહીં મળે આવા ગુરૂવર જગમાં, સ્વ-પર કલ્યાણ કરનારા...સૂરિરામ...૭
પૂર્વના પ્રબળ પુણ્યોદયે પામ્યા, ધન્ય ધન્ય ભાગ્ય અમારા,
આ ગુરૂવરની સમાધિ ભૂમિ પર, રચાય સ્મારક ભવ્યકારા...સૂરિરામ...૮
સ્થાપીશું પાદુકા-મૂર્તિ-જિનમંદિર, કરવા ભવ નિસ્તારા,
'આણ પડી આંહી સિદ્ધાંતનિષ્ઠની' લખતાં ગુણ ગાશું સુખકારા...સૂરિરામ...૯
રા...મ શાસનમાં 'રામ' કૃપાથી વરતે છે જયકારા,
સંઘજનો તે ભક્તજનો સહુ, ઝંખે દર્શન એકધારા...સૂરિરામ...૧૦
બ્યાશીમી માસિક તિથિ ઉજવાય છે, અંજલિ અર્પતાં અશ્રુધારા,
'ધર્મ રસિક સુત' ને દિલ ધરજો મોક્ષ મારગ સથવારા...સૂરિરામ...૧૧

સમાધિસ્થળ-સાબરમતી

—મહેન્દ્ર રસીકલાલ શાહ-અમદાવાદ

ज्ञान गुण गंगा

—प्रज्ञांग

* कहं नं भंते ! जीवा सुहं कम्मं बंधंति ? गोयमा ! सम्मद्दंसणसुद्धीए १ पसत्थमणु-वय-कायजोगेणं २, इंद्रियनिग्गहेणं ३, कोह विजएणं ४, धम्मसुक्क झाणेणं ५, आयरिय-उवज्झायसाहु-साहम्मियभत्तीए ६, दाणु-सील-तव-भावणुवाभावणाए ७, वेरग्गेणं ८, निस्संगेणं ९, संविभागेणं १० इच्चेइयाहिं दसहिं ठाणेहिं जीवा सुहं कम्मं बंधंति ॥

હે ભગવંત ! જીવો શુભ કર્મ કેવી રીતે બાંધે છે ? હે ગૌતમ ! સમ્યગ્દર્શનની શુદ્ધિથી, પ્રશસ્ત મન-વચન-કાયાના યોગથી, પાંચેય ઇન્દ્રિયોનો નિગ્રહ કરવાથી, ક્રોધનો વિજય કરવાથી, ધર્મ અને શુક્લ ધ્યાનથી, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ અને સાધર્મિકની ભક્તિ કરવાથી, દાન, શીલ, તપ અને ભાવની આરાધનાથી, વૈરાગ્યથી, નિઃસંગપણાથી, સંવિભાગથી આ દશ કારણોથી જીવ શુભ કર્મ બાંધે છે.

* શ્રી ઠાણાંગ સૂત્રમાં મન સંયમ, વચન સંયમ, શરીર સંયમ અને ઉપકરમ સંયમ એમ ચાર પ્રકારના સંયમ કહ્યા છે.

* શ્રી ઠાણાંગ સૂત્રમાં મન સંયમ, વચન સંયમ, શરીર સંયમ અને ઉપકરણ સંયમ એમ ચાર પ્રકારના સંયમ કહ્યા છે.

* શ્રી ઠાણાંગ સૂત્રમાં અસત્ય, તિરસ્કારભરી, કઠોર, ગામડીયાની જેમ વિચાર્યા વિના, ઝઘડો ઉભો થાય તેવી અને કષાયથી ભરેલી—આ છ પ્રકારની વાણી નહિ બોલવા જણાવ્યું છે.

: આઠ પ્રકારના શ્રાવક :

ચેંતए जइकज्जाइं, न दिट्ठखलिओ वि होइ निन्नें । ।
जेगंतवच्छलो जइ—जणस्स, जणणीसमो सड्ढो ॥१॥

યતિજનોના કાર્યોનો વિચાર કરે છે, સ્ખલના—ભૂલ દેખાવા છતાંય સ્નેહ વિનાનો નથી, સાધુજનોની પ્રત્યે એકાંતે વાત્સલ્યભાવવાળો શ્રાવક સાધુપુરૂષોની માતા જેવા છે. ૧.

हेअए सप्पिणेहोवि अ, मुणीणु मंदायरो विणयकम्मे ।
माईसमो साहूणं, पराभवे होइ ससहाओ ॥२॥

સાધુ પ્રત્યે હૃદયમાં સદ્‌ભાવ હોવા છતાંય સાધુઓના વિનયકર્મમાં મંદ-અલ્પ આદ-

રવાળો, તો પણ પરાભવ–સંકટમાં સહાય કરનારો શ્રાવક સાધુઓના બંધુ જેવો છે. ૨.

મિત્તસમાણો માણા, છસિં રૂસઇ અપુચ્છિઓ કજ્જે ।
મન્નંતો અપ્પાણું, મુણીણ સયણાઉ અબ્ભહિઅં ।।૩।।

અભિમાનને કારણે કોઇ કાર્યમાં નહિ પૂછાયેલો કંઇક ગુસ્સે થાય છે મુનિઓને પોતાના સ્વજનોથી પણ અધિક માનતો એવો શ્રાવક સાધુઓના મિત્ર સમાન છે. ૩.

થદ્ધો છિદ્દપ્પેહી, પમાયખલિયાઇ નિચ્ચમુચ્ચરણ ।
સઢ્ઢો સવચ્છિકપ્પો, સાહુજણું તણસમં ગણઇ ।।૪।।

અભિમાની, છિદ્રોને જોનારો, પ્રમાદથી થયેલી ભૂલોને હંમેશા કહેનારો, સાધુઓને તણખલાની જેમ નકામા ગણનારો એવો શ્રાવક, સપત્ની–શોક્ય જેવો કહેલે. છે. ૪.

ગુરૂભણિઓ સુત્તત્થો, જિંજિજ્જઇ અવિતહો મણે જસ્સ ।
સો આયંસસમાણો, સુસાવઓ ઇસિઓ સમએ ।।૫।।

ગુરૂ ભગવંતે કહેલા સૂત્ર અને અર્થ જેના મનમાં યથાર્થ રૂપે પ્રતિબિંબિત થાય છે તે સુશ્રાવક આગમમાં આરીસા જેવો કહેવાયેલો છે. ૫.

પવણેણ પડાગા ઇવ, ભામિજ્જઇ જો જણેણ મૂઢેણ ।
અવિણિચ્છિયગુરૂવયણો, સો ભવઇ પડાઇઆતુલ્લો ।।૬।।

પવન વડે પતાકા–ધ્વજાની જેમ મૂઢ લોકો વડે જેનું મન ભમાડાય છે અને ગુરૂના વચનોનો નિશ્ચય કરી શકતો નથી પણ તેમાં ડોલાયમાન બને છે તે શ્રાવક ધ્વજા જેવો કહેલ છે. ૬.

પડિવન્નમસગ્ગાહં, ન મુઅઇ ગીઅત્થસમણુસિટ્ઠોવિ ।
થાણુ સમણો એસો, અપએાસી મુણિજણે નવરં ।।૭।।

શ્રી ગીતાર્થ ભગવંતોએ સારી રીતના સમજાવવા છતાં પણ પોતાની પકડેલી પાકી માન્યતાને અસદાગ્રહને કયારે પણ મૂકતો નથી અને પાછો મુનિજનને વિષ દ્વેષ પણ કરતો નથી તે શ્રાવક સ્થાણુ–ઝાડના ઠૂંઠા જેવો છે. ૭.

ઉમગ્ગદેસઓ નિન્હવોડસિ મૂઢોડસિ મંદધમ્મોડસિ ।
ઇઇ સંમંપિ કહંતો, ખરંટએ સો ખરંટસમો ।।૮।।

તું ઉન્માર્ગદેશક છે, નિહ્નવ છે, મૂઢ છે, ધર્મમાં મંદ પરિણામી છે એ રીતે સાચું કહેવાતો થકો જે ધૂત્કારી કાઢે તે ખરંટ સમાન–ધૂતારનાર–શ્રાવક છે. ૮.

(શ્રી સ્થાનાંગ સૂત્રના આધારે.)

❋ લાયકાત કેળવો ❋

—શ્રી વિરાગ

ગામડાનો રહેવાસી એક માનવી ફરતો ફરતો એક વખત જંગલમાં પહોંચી ગયો. આગળ માનવી દોડયો જાય છે ને પાછળ વાઘભાઇ.

દોડીને માનવી થાકીને લોથપોત થઇ ગયો છે. હવે પગમાં જોર નથી. શરીરમાં શક્તિ નથી હાફ ચડી ગયો છે. જાત બચાવવાની પૂરી તમન્ના. નજીકમાં આવેલા એક ઘટાદાર વૃક્ષ પર માનવી ચઢી ગયો.

વાઘમાઇ ઝાડ નીચે આવી માનવીની તિતિક્ષા કરવા લાગ્યો. શિકાર ઝાડ ઉપર ચઢી રહ્યો હતો ને તેની દૃષ્ટિ ઝાડ ઉપર બેઠેલા એક વાનર પર પડી. બંને જણાંએ મૈત્રી કરી લીધી.

અલકમલકની વાતો કરતા દિવસ તો જેમ તેમ કરીને પૂરો કર્યો. સંધ્યાકાળ થતાં જ માનવીના મનમાં ફફડાટ થવા લાગ્યો, કદાચ અસાવધ દશામાં પડી જઇશ તો વાઘભાઇ મને ફાડી ખાશે.

જો ક્રમશઃ જાગરણ કરવામાં આવે તો શાંતિથી રાત્રિ પૂરી થઇ જાય અને નિદ્રા દેવીને પણ ન્યાય આપી શકાય આવી ભાવના માનવીએ વાંદરા પાસે વ્યકત કરી. કપિરાજે તે ભાવના સ્વીકારી લીધી.

પ્રથમ માનવી નિદ્રાધીન થયો ને વાનર રક્ષક બન્યો. માનવીના નસકોરા બોલવા લાગ્યા. કાગડાળે શિકારની રાહ જોતા વાઘભાઇએ માનવીના નસકોરાં સાંભળ્યા. તે સાંભળીને વાનરને લલચાતો વાઘભાઇ બોલ્યો. રે કપિરાજ તમે તો મારા મિત્રો છો. આપણે બંને સાથે જ રહીએ છીએ. તમે મને મદદ ન કરો. તમે તમારા અતિથિને ફેંકી દો. તેને કોળીયો કરીને હું મારી ભૂખ ભાંગુ. મારી ભૂખ ભાંગવાથી હું ચાલ્યો જઇશ. તમે ભયમુકત બની જશે.

વાઘભાઇની વાત સાંભળી વાનરે નન્નો ભણી દીધો. વાનર કોઇનો વિશ્વાસઘાત કરવા તૈયાર નથી. ઇન્કાર કરતા વાનરે ત્રણ કલાક સુધી માનવીનું રક્ષણ કર્યું.

ત્રણ કલાક પછી માનવી રક્ષક બન્યો ને વાનર પોઢી ગયો. માનવીના નસકોરાં ન સાંભળવાથી વાઘભાઇ વિચારે છે કે હવે વાનરભાઇ પોઢી ગયા લાગ્યા છે.

માનવીની આગળ પૂર્વવત વાઘભાઈ બોલવા લાગ્યો. લોભામણી અને લલચામણી

વાતો સાંભળીને માનવી લલચાયો. વાનરનો કોળીયો કરીને વાઘભાઇ ચાલ્યા જશે ને મારો જીવ બચી જશે.

પોતાના સ્વાર્થ ખાતર માનવીએ વાનરને થપ્પો માર્યો. માનવી કૃતઘ્ની બન્યો. વિશ્વાસઘાતી પણ બન્યો ને સ્વાર્થી પણ બન્યો પરંતુ વાનર ચતુર હતો. તેને સુતા પહેલા જ પોતાની પૂછડીને ઝાડની ડાળી સાથે વીંટી દીધી હતી. મજબુત વીંટાયેલી પૂંછડીને કારણે તે આબાદ બચી ગયો.

કપટ ભરી નજરે માનવી સામે જોતો વાનર બોલ્યો, ચાલ માનવી ! બેસી જા મારી પીઠ ઉપર, હું તને તારા ઘરે પહોંચાડી દઉં. વાઘભાઇ ભલે નીચે ઉભા. હું કૂદતો કૂદતો તમને ઇષ્ટ સ્થાને પહોંચાડી દઉં.

કૃતઘ્ન માનવીએ વાંદરા ઉપર વિશ્વાસ મૂક્યો. માનવી તેની પીઠ ઉપર બેસી ગયો. કૂદતો કૂદતો વાનર પહોંચી ગયો માનવીના ઘર આંગણે. છુટા પડતા માનવીએ વાનરના ગુણગાન ગાયા. બીરૂદાવલી ગાતાં ગાતાં માનવીએ કપિરાજને કાંઇ માગવાનું કહ્યું. તે સાંભળી વાનરભાઇ બોલ્યા ભાઇ ! ભવિષ્યમાં તું કોઇને કહેતો નહે કે અમે વાનરના વંશજ છીએ. અમે જાત ભાઇઓ છીએ. તારા જેવા કૃતઘ્ન વ્યકિતઓના પૂર્વજ બનવાની અમારી બીલકુલ તૈયારી નથી કે જાતભાઇ બનવાની પણ બીલકુલ ભાવના નથી.

ઉચ્ચારેલ વણેને સાંભળી માનવી સ્તબ્ધ બની ગયો.

પ્રભુ ! દૂર કરો અંધારું —પૂ. મુ. શ્રી મોક્ષરતિવિજયજી મ.

હે પ્રભુ ! મારી કાયામાં તંદુરસ્તી સચવાયેલી રહે એ મને ગમે છે. મારા કુટુંબમાં શાંતિ છવાયેલી રહે એ મને ગમે છે. મારી કમાણીમાં બરકત પથરાયેલી રહે એ મને ગમે છે. તો પણ હે પ્રભુ, મારા મનોમંદિરમાં તો તું જ સચવાયેલો છવાયેલો અને પથરાયેલો રહે એ મને સૌથી વધારે ગમે છે.

હે પ્રભુ ! જાતે દુઃખી થઇને બીજાને સુખ આપજે ! આવું તું કોને કહે છે ? તો મારા સુખને માટે–કયારેક તો એમ ને એમ જ, બસ આકતવશ–અન્યને દુઃખી કરું છું. અને હું દુઃખી ન કરી શકું તો અન્યને દુઃખી થતો જોઇજોઇને ખુશ થાઉં છું.

❋ મનનીય માર્ગદર્શન ❋

—પૂ. આ. શ્રી વિ. રામચંદ્ર સૂ. મ.

[વી. સં. ૨૦૪૨ ના ફાગણ વદિ–૧૦ ને શુક્રવાર તા. ૪–૪–૮૬ ના રોજ
નાનપુરા-સુરતમાં આપેલ પ્રવચનમાંથી]

મનુષ્યપણામાં જન્મેલો સમજુ જીવ શક્તિ હોય તો સાધુ જ થાય, તે શક્તિ ન હોય તો સાધુ થવાની શક્તિ આવે તે માટે શ્રાવક થાય. કદાચ શ્રાવક પણ ન થઇ શકે તો સમ્યક્તિને સ્વીકારે. સમકિત પણ ભારે લાગે તો તે માર્ગાનુસારી તો થાય જ માર્ગાનુસારી જીવ તેનું નામ જેને જીવવા માટે પૈસો જોઇએ પણ મરી જાય તો ય તે કદિ અનીતિ કરે નહિ. પોતાના માલિકનો, મિત્રનો, સ્વજનનો અને જે કોઇ ભલો આદમી વિશ્વાસ મૂકે તેનો વિશ્વાસઘાત ન કરવો તેનું નામ નીતિ છે. આવી નીતિ પાળવી તે કઠીન છે ?

સભા : આત્મિકદૃષ્ટિ આવે તો જીવ અનીતિથી બચે. આજે ધર્મસ્થાનોમાં અનીતિખોરોના પૈસા આવે છે. તે લેવાના બંધ થાય તો લોકલાજે પણ નીતિ કરે.

ઉ૦ : લાખ્ખો અને કરોડો રૂા. પાપમાં વપરાય તે પૂછતો નથી અને ધર્મમાં વપરાય તે માટે પૂછે છે. આજે તો ધર્મમાં વાપરનાર પણ કેટલા જીવો છે ? આ વાતનો જેને વિચાર નથી અને અનીતિનું ધન ધર્મમાં ન વાપરવું એમ કહે છે. લાખ્ખો લોંચા વ્યભિચારી, બદમાશ, ઉઠાવગીર પાક્યા તેનો ભય નથી !

કોઇકને મન થાય છે. મારું બધું ધન અનીતિનું છું, અનીતિ બંધ કરવા માંગું તો ય બંધ કરી શકું તેવી મારી સ્થિતિ નથી, ખોટે માર્ગે જાય તેના કરતાં તે ધન સારે માર્ગે જાય તો સારું તેમ કરી વાપરે તો હું ના પાડું ! અહીં વાપરે તે ખટકે છે.

તમે અનીતિથી કમાવ છો તેનું દુઃખ છે ? જે શેઠની નોકરી કરો તે ય પ્રામાણિકપણે કરે છો ? આવી લુચ્ચાઇ આવી તે ખટકતી નથી અને સારી બુદ્ધિથી ધર્મમાં ખરચે તે ગાંખે ચઢે છે !

પ્ર૦ : બજારમાં અનેકને રોવરાવે અને ધર્મમાં બે–ચાર સારાં કામો કરે અને અહીં આવીને ય ભલા જીવો ઠગે, ફસાવે તેને કેવો કહેવાય ?

ઉ૦ : **નામનાદિ માટે ધર્મ કરે તેને અમે મહાઅધર્મ કહીએ છીએ** ઘસીને ના પાડીએ છીએ. **નામના માટે ધર્મ કરવો તે ધર્મને ઝેર બનાવવા જેવો છે.** નામના, કીર્તિ, ખ્યાતિ, પ્રખ્યાતિ, પ્રતિષ્ઠાદિ માટે જે કોઇ ધર્મ કરે તે ધર્મને ઝેર

બનાવે છે. રોજ ધર્મના ઉપદેશમાં કહેવાય છે કે–'ધર્મમાં અનીતિનો પૈસો વપરાય નહિ, નીતિનો જ વપરાય.'

આજના દાન દેનારા પોતાના નામનું બોર્ડ ન મરાય તો પૈસા ખરચવા તૈયાર છે? લાખના મકાનમાં પચ્ચીશ હજાર આપી, આખા મકાનમાં નામ લખાવનારા, આટલા આપ્યા તેમ નીચે લખીશું તો એક પાઇ નહિ આપું આવું કહેનારા લુંટારા ધર્મ કરે તેની કુટી કોડિની કિંમત નથી.

આજે ધર્મ પ્રત્યે એટલી કુદૃષ્ટિ થઇ છે કે, ગમે ત્યાંથી છિદ્ર શોધી કાઢે છે અને પોતે શું કરે છે તે કદિ જોતા નથી આ એક ભયંકરમાં ભયંકર દોષ લાગુ પડયો છે. તમે બધા ડાહ્યા થાવ, સાચું સમજતા થાવ તે માટેની મારી મહેનત છે.

ભગવાને કહ્યું છે કે, આ સંસારનું સુખ ભૂંડું છે, સંપત્તિ-સાહ્યબી, રાજ-રિદ્ધિ ભૂંડી છે. તે બધું તજવા જેવું છે. તે બધું તજે નહિ, તેને સારું માની તેમાં જ મજા કરે તેને દુર્ગતિમાં જ જવું પડે, આ વાતની શ્રદ્ધા છે? ભગવાનને માનનારા તમે શ્રદ્ધા સંપન્ન છો કે શ્રદ્ધાવિનાના છો? નાનું પણ પાપ કરો તેનો ભય લાગે છે ખરો? પાપનો ભય ન લાગે તેને મકાન-ઉપાશ્રયમાં પેસવા દેવા તે પાપ. આજે તો મંદિર-ઉપાશ્રયે આવી પાપ કરનારા છે. ઘણા તો સાધુને ભ્રષ્ટ કરે છે. મને પૈસા કેવી રીતે મળે તે સાધુને પૂછવા આવે છે. વૈદ્યને ઘેર જઇ પેંડા-બરફી માંગે તો વૈદ્ય શું કહે?

પ્ર૦ : પેંડા-બરફી લેવા વૈદ્યને ઘેર ન જવાય પણ તે પચાવવાની દવા લેવા જવાય ને?

ઉ૦ : વૈદ્ય કહે કે, પેંડા-બરફી સ્વાદથી ખાઇશ તો કદિ પચવાની નથી, માંદો જ રહેવાનો છે. તેમ અમારી-સાધુ પાસે પૈસા માટે, દુનિયાના કામ માટે આવે તો કહીએ કે, અમે ઘર-બાર, કુટુંબ-પરિવાર, મા-બાપ છોડીને આવ્યા તે તારી સેવા કરવા નહિ પણ ભગવાનની સેવા કરવા. સંસારના બધાં જ સુખ છોડીને નીકળ્યા છે. તે સુખ છોડવું હોય તો અમારી પાસે આવવું પણ લેવા નહિ. તે સુખ લેવા મંદિરમાં ય ન જવાય.

પ્ર૦ : પોતાની તકલીફની વાત ગુરૂ આગળ કહેવી જોઇએ તો પછી કહે તેમાં શો વાંધો?

ઉ૦ : અમે તેને કહીએ કે, પાપના ઉદયથી તકલીફ આવી છે તેને મનથી સહન કરતા શીખ, નહિ તો આનાથી ય વધારે તકલીફ વેઠવી પડશે.

પ્ર૦ : કોઇ સાધુ ઉપાય બતાવે તો?

ઉ૦ : તે સાધુ ભગવાનનો સાધુ નથી. જેને પોતે ખરાબમાં ખરાબ માની છોડયું, તેને બીજાના ગળામાં વળગાડે તેને કેવો કહેવાય ?

પ્ર૦ : હૈયામાં કરૂણા આવે તો ?

ઉ૦ : તેના હૈયામાં કરૂણા નથી પણ તે નિર્દય થયો છે. પૈસાદિ માટે દોડા-દોડ કરતાં જો જેને દયા ન આવે તેનો ઓઘો હાથમાં જ રહી જાય. આજે તમે જે રીતે જીવી રહ્યા છો, દોડાદોડ કરી રહ્યા છો.

તેથી અરે. તમારી દુર્ગતિ નજરે જોઇ રહ્યા છીએ. આવું જાણવા છતાં અમે તમને ચેતવીએ નહિ તો અમે પહેલા નંબરના 'ગુનેગાર' છીએ. કસાઇ કરતાં ભૂંડાં છીએ તમારા 'વિશ્વાસઘાતી' છીએ. ષટકાયના રક્ષક અમે, તમારા જેવા પંચેન્દ્રિય દુર્ગતિમાં જાય તે ગમે ?

પ્ર૦ : આજે તો પૈસાની બોલબાલા છે.

ઉ૦ : જૈનશાસન તો પૈસાને તુચ્છ માને છે. ધર્મ વિના કશું સારું માનતો નથી.

પ્ર૦ : સત્યના આગ્રહી થવું કે આગ્રહી થવું ?

ઉ૦ : જેને સત્ય ગ્રહણ કરવું હોય તેને, **સત્ય મરી જાઉં પણ ન મૂકું** તેવો **આગ્રહ** હોવો જ **જોઇએ. આવો આગ્રહ** ન હોય તો તેને **સત્ય પકડયું જ નથી.**

પ્ર૦ : ભગવાન સત્યગ્રાહી હતા કે નિરાગ્રહી ?

ઉ૦ : શ્રી ઋષભદેવસ્વામિ ભગવાને દીક્ષા લીધી ત્યારે બીજા ચાર હજારે પણ દીક્ષા લીધી. ભીક્ષા કેમ લેવી તે ખબર ન હતી તેથી ચાર હજાર તાપસ થઇ ગયા છતાં ભગવાન બોલ્યા નથી. તેર-તેર મહિના ભીક્ષા ન મલી તો ય કશું બોલ્યા નથી. પાછા આવીને ધ્યાનમાં જ ઊભા રહેતા. ભગવાન સત્યના જ આગ્રહી હતા કે સત્ય વિના કશું બોલાય નહિ.

પ્ર૦ : સત્યનો આગ્રહ તે કદાગ્રહ નહિ ?

ઉ૦ : સત્યની વાતો તે કદાગ્રહ !!! **ખોટી વસ્તુને પકડી રાખવાનો આગ્રહ** તે **કદાગ્રહ** કહેવાય. **સાચી વસ્તુને પકડી રાખવાનો આગ્રહ** તે **સદાગ્રહ**. માથું જાય તો જવ દે પણ અસત્ય ન બોલે તે ન જ બોલે. રાજા હરિશ્ચંદ્રે સત્ય ખાતર રાજપાટાદિ છોડયું. સાચાને સાચું અને ખોટાંને ખોટું કહેવું જ જોઇએ પણ તમને સારું લાગે તે અમારાથી બોલાય નહિ. માટે ડાહ્યા થાવ અને સમજતા થાવ તેટલી ભલામણ.

* ગૌરક્ષા વિશે મુસ્લીમ વિભૂતિઓના ઉદ્‌ગારો *

૧. હરગીજ નહી પહુંચતે અલ્લાહ કે પાસ, કુર્બાનિયાં કે ગોસ્ત ઔર ઉનકે ખૂન અલબત્ત, પહુંચતા હે અલ્લાહ કે પાસ તુમ્હારા તકના ઔર પરહેજગારી.

—કુરાન શરીફ સૂર–એ–હજ

૨. ગાયનાં દૂધ–ઘી તમારી તંદુરસ્તી માટે ખૂબજ જરૂરી છે. તેનું માંસ નુકશાનકારક છે —પેગંબર સાહેબ– નિશાયાતહાદી પુસ્તકમાંથી

૩. ગોસ્તની પરહેજને રાખો, તેની આદત શરાબ જેટલી જ હાનિકારક છે. આદત, પડયા પછી છુટતી નથી. —હજરત રમાન– પહલા હદીસ સાઈસ્તામે

૪. ગાયની કુર્બાની ઇસ્લામ ધર્મનો નિયમ નથી.

–કુતેહ હુમાયુની ભા. ૧, પ, ૩૬૦

૫. મુસલમાનોએ મુલ્લાઓ અને પીરોની વાતમાં ન આવી જઇ હિંદુઓ સાથે શાંતિ રાખવી જોઇએ, હિન્દુસ્તાન માટે ગાય અને બળદ બહુ ઉપકારી જીવ છે. તમારે તેનો વંશ–વૃધ્દિ થાય તે માટે પ્રયત્ન કરવા જોઇએ

—અફઘાનિસ્તાનના ભૂતપૂર્વ અમાનુલ્લાખાન

૬. તમારે તમારા મનમાંથી ધાર્મિક પક્ષપાત દૂર કરી દેવો જોઇએ. પ્રત્યેક ધર્મના નિયમ પ્રમાણે ગૌ–હત્યાનો પરહેજ રાખવો.

—બાબરે તેના પુત્ર હુમાયુને લખેલ પત્ર જમાદિલ અવ્વલ ૯૩૦ હિજર

૭. કુરાન અને અરબ પ્રથા પ્રમાણે કોઇપણ ગાયની કુરબાની સમર્થન કરતાં નથી. —હકીમ અજમલખા

૮. હિજ એક્ઝેલ્ટેડ હાઇનેસ હજુર નિઝામે ગાયની કુરબાની બંધ કરવાનો હુકમ સાદર ફરમાવ્યો. –તોફેહીન્દ પેપર ૧૮–૧૧–૩૯

૯. હિંદુ–મુસ્લીમને એક મંચ ઉપર લાવવા માટે ગૌરક્ષાથી મોટો બીજો કોઇ ઉપાય નથી.

મુસલમાન મિત્રોને હું કહીશ કે, કુરાને શરીફમાં જે ખુદાનો કલામ છે. કયાંય ગાયના માંસ ભક્ષણનો હુકમ નથી. –મૌલાના કમિલ સાહેબ

૧૦. તુમ પર લાજિમ હૈ ગાયકા દૂધ ઔર ઘી, ખબરદાર! ઉસકે (ગાશ્ત) સે ઉસકા દુધ, શિફા હૈ ઘી દવા હૈ ઔર ગોસ્ત બીમારી હૈ –કિતાબ મસ્તરક

૧૧ ગૌ વધ નિષેધનો પ્રશ્ન હવે લાંબા સમય સુધી સ્થગિત રાખી શકાય નહી. જનતંત્રના સિધ્ધાંતોનુસાર જનતાને માંગો સ્વીકાર કરવો જ જોઇએ.

–રફી અહમદ કીડવાઇ

દેવદુલારી કોડભરી કન્યા....

[પ્રકરણ ૪ થું] —જયશિશુ

નિઃસહાય દશામાં સહાયક બનતી કોડભરી કન્યા...

માજીના પ્રેમભર્યાં વચનો સાંભળી એ યૌવનાની આંખમાંથી શ્રાવણ ભાદરવા વરસવા લાગ્યા. વચનકરાર જ જેના થયેલ તેવી નવયૌવના માવડીના વચન સાંભળી ક્ષણવાર શૂન્યમનસ્ક બની ગઇ. ડુસ્કે–ડુસ્કે રડતી કન્યાએ પોતાના પાલવથી અશ્રુબિંદુનું પ્રમાર્જન કરી લીધું. પછી હિંમત એકઠી કરી બોલી.

'મા, મને મારૂં નશીબ અહીં જ લઇ આવ્યું છે.' આ ઘર જ મને સુખી કરશે. મારૂં ખરૂં ઘર આ જ છે. આ ઘરમાં ઘણું ઘણું ભર્યું છે. તો મા મને તે જ ભોગવવા દો. અને અહીં જ રહેવા દો. સેવા કરવા દો. માજી લલાટના લેખને મિથ્યા કરી શકતું નથી.' જોયું છે પેલું શતદલકમલ ! રાત્રીના સમયમાં શતદલકમલની પાંખડી બીડાયેલી હોય છે. કોઇ પણ પાંખડી ખુલતી નથી. રાત્રી વીતતાં પ્રભાત ઊગે છે અને તુર્ત જ સોએ પાંખડી ખીલી ઊઠે છે. મનમોહક દૃશ્યનું સર્જન થાય છે. એમ માજી સૌભાગ્ય પર પણ જ્યાં સુધી અંતરાય છવાયેલો હોય ત્યાં સુધી ખીલતું નથી. પરંતુ જ્યાં એ અંતરાય તૂટે,' નસીબ આડેનો પડદો ખસે. ત્યાં સૌભાગ્યનો સૂરજ ચમક–દમક પાથરી દે કે જેના અજવાળા વર્ષોના વર્ષો સુધી ટકી રહે. માજી મારૂં ભાગ્યકમલ પણ એવું જ હશે. ક્યારે બિડાઇ ક્યારે ખીલે તેની ખબર નથી. તો તમે આવું કહી મારા હૈયાને ઉદ્વિગ્નના બનાવો.

ઘેરો લે છે કંટકો ગુલાબને, આંચ ન આવે એની સુવાસને તેમ ભલે મુશ્કેલીના પહાડો મને ઘેરી વળશે, પણ પાર ઉતારશે મને. માજી હવે વધુ કહેશો ના. હું તમારી જ છું. તમારી બનીને જ રહીશ. આવે જીવનમાં આંધી કે તુફાન–પણ અણનમ રહીશ. તમારા આશિષથી માજી ! મને રાખી લો ! જુઓ કેવી ખુમારી છે. મુખ ઉપર જરાય ગ્લાની નથી. અત્યારના સંયોગો જોતા આવી જિંદગી જીતવાનું કોણ સ્વીકારે. પણ સજ્જના કુલની એ બાળિકા હશે. એના હૈયામાં જિંદગીના રાહને વિષે આવી જ કોઇ વિચારણા રમતી હશે...

સાચને પડખે રહી ઝઝુમતા, પલવાર મારે ખસવું નથી,
સંકટો, દુઃખો પધારો 'સ્વાગતમ્' લેશપણ નિર્ણયથી ખસવું નથી,
મર્દની મોંકાણમાં જાવું ભલે, ઠાયરોની જાનમાં ચડવું નથી.

મોતની મહેફિલ મીઠી માણશું, જિંદગીમાં જીવવા રડવું નથી.
પ્રાણ મારા એકલા આગે બઢો. પણ મારે ડરવું નથી.
સાચને પડખે પરાજય હોા ભલે, છતાં પાછાં હવે ફરવું નથી.

આ અઘટિત ઘટના જોઇ અમથીમા બોલી ઊઠયા. બેન ? કોની રે.વા? તૂર્ત યૌવનાએ જવાબ આપ્યો. માજી આપ આવું કહી શું કામ શરમાવો છો ? સેવા તમારી અને તમારાની દીકરાની. આ સાંભળી પરના હિતને ચિંતવતા માજીએ કહ્યું. 'બેટા ! એ વિચાર છોડી દે. તારા જેવી સમજુને હઠ ના શોભે. તું અમારા ૦ નેની આશિષ લઇને જા. તારા જીવનને ઉજ્જવળ બનાવ. 'માજી હું આશિષ લઇને જવાની નથી. પણ અ ીં જ રહીને આશિષ લેવાની છું. એની ખાતરી કરવી હોય તો બુઓ ? બહાર જઇને જુઓ !

આ સાંભળી અમથીમાએ વિચાર્યું એવું તે શું કર્યું હશે કે મને બહાર જઇ જોવા જ કહે છે. ચાલ જોઇ આવું. એમ કહી જોવા જાય છે. ત્યાં તો રામ–માજીનો લાલ ઘસઘસાટ ઊંઘી રહ્યો છે. એના ગળામાં વરમાળા આપતી હતી. ર.ને બીજી એક માળા એના હાથ પાસે પડેલી હતી. આ બાજુ રામ જાગ્યો. ત્યાં અમથીમાએ તેને સઘળી વાત કરી. દીકરાના વિચાર પણ માડીના જેવા જ હતા. કેમકે સંસ્કારી મા'નું ધાવણ પીધેલું હતું ને ? તેના દર્શન જોવા મળે છે ને ? તેણે પણ કહ્યું. 'મા, એવું ના કરાય. મારા ખાતર બીજાની જિંદગી બરબાદ થતા એ વિચાર મને કંપિત કરે છે. તું તેના ઘરે જઇ હમણાં જ મૂકી આવ. એમાં જ આપણી શોભા છે. એને મૂકી આવ નહિતર મને ચેન પડે નહીં.

મા–દીકરાનો હિતકારી વાર્તાલાપ સાંભળી નિઃસ્વાર્થની પરાકાષ્ઠા નિહાળતી અને કર્તવ્યની વેદિકા ઉપર પોતાનું જીવન કુરબાન કરવા ઇચ્છતી તે કન્યાએ કહ્યું, વ્હાલેશ્વર ! પ્રીતમજી ? હું ચેન પાડવા જ આવી છું. અહીંથી જવાની નથી જ. મેં વરમાળા પહેરાવી દીધી છે. મારી પાસે ફકત એક જ વરમાળા હતી. હવે બીજા કો) માટે નથી ! અને તમારા હાથ પાસે પડેલી છે તે મને...! એટલે પછી મારું અહીંનું રહેઠાણ નક્કી થઇ જાય. અને બધાને ખાત્રી પણ થાય. જીવિતેશ્વર ! મેં મનથી તો આ જ મારું ઘર છે એમ માનેલ છે. આ સાંભળી બંનેએ છેલ્લીવાર સમજાવવા પ્રયત્ન કર્યો પણ પેલી કન્યા માનતી નથી. પાડોશીઓએ–સ્નેહી સ્વજનોએ સ્વયંવરી ાની આવેલી ઘરરાણીને ખૂબ સમજાવી પણ નિષ્ફળતા મળી. એના આત્મનિશ્ચય આગળ સૌએ હાર કબુલવી પડી.

સંઘર્ષ દરેકના જીવનનું અવિભાજ્ય અંગ બની જાય છે. જ્યાં સ્વયં ત્યાં સંઘર્ષ– સ્વાર્થવૃત્તિના દર્શન તેમાં સ ફાઢી નાંખો. વયં–વયં ત્યાં વાત્સલ્યના ઝરણા વહે. આ બાઇએ પા એજ અભિગમ અપનાવી લીધો પેલા શૈશવની નિકુંજમાં ખેલતા બાળકને અભ્યાસનો પ્રશ્ન સતાવતો હોય છે તો કયારેક પરીક્ષાની વૈતરણી તરી જવામાં સંઘર્ષ લાગતો હોય છે. યૌવનની પગદંડીએ પદાર્પણ કરતાં માનવને સુખ સમૃદ્ધિમય જીવન જીવવા અનેક મોરચે સંઘર્ષ ખેડવો પડતો હોય છે. જીવનની ઢળતી સંધ્યાએ વૃદ્ધોને જીવનનો ખાલીપો પૂરો કરવા સંઘર્ષ ખેલવો પડે છે.

ધરતીમાં ધરબાઇ ગયેલું વડલાનું નાનું બીજ જ્યારે ધરતીના પડને ભેદે છે ત્યારે જ વિરાટ વટવૃક્ષ બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરે છે. કાળા વાદળાંઓનો પરસ્પર સંઘર્ષ જ્યારે થાય છે ત્યારે જ જગતને જલ મળે છે. સંઘર્ષ ક્યાં નથી ! જેમણે જીવનને અદ્ભુત અને અવિસ્મરણીય પદાર્થોની ભેટ ધરી તેમને પણ સંઘર્ષની અગન–જ્વાળામાંથી પસાર થવું પડયું છે ?

પેલા મહાવીર–દેવને પણ બાર વર્ષ સુધી ઘોર પરિષહ ઉપસર્ગના સંઘર્ષમાંથી પસાર થવુ નથી પડયું ? તત્ત્વચિંતક સોક્રેટીસને શું ઝેરનો પ્યાલો પીવો પડયો નથી ? મીરાંબાઇને પણ રાણાએ ઝેરનો પ્યાલો નહોતો મોકલ્યો ? સૃષ્ટિનો આ સનાતન નિયમ છે તેમાંથી કોઇ બાકાત રહેતું નથી. અરે ? કયારેક સંઘર્ષમાંથી જ ઉન્નતિની કેડી કંડારવી હોય છે. પતનની કેડી વિલય પામતી હોય છે. સંઘર્ષ જીવનના હીરને ઝળહળતું કરી દે છે. નાસીપાસ થવાની કે પાછીપાની કરવાની કોઇ જરૂર નથી.

ભલે ! મારા જીવનમાં દુઃખના ડુંગરો તુટી પડે પણ હું તો તમને છોડીશ જ નહીં ! કેવા છે આ કન્યાની ભાવના ! ખાનદાન કુલના બીજની દર્શનીયતા જોવા મળે છે. આ કોરભરી કન્યા નહિ પણ દેવદુલારી કન્યા જ લેખવી શક્ષય. અંતે સૌએ હાર કબુલવી પડી. જીત તે કન્યાની થઇ. સ્વાર્થભરી દુનિયામાં કોઇ કોઇનું નથી. પણ નિઃસ્વાર્થભરી દુનિયામાં સૌ કોઇ પોતાના બની જાય છે. તે સત્યતાના દર્શન અત્રે જોવા મળે છે. હારજીતમાં ડોલતી જીવનનૈયા જીતી ગઇ. દિવસો વ્યતીત થયા. અંતે સહુને હાર કબુલ કરવી પડી.

ડાકુવર જેવી સેવા મુજને મળજો... એજ તમન્ના મારે...

તમે વડલો જોયો છે ? બેધુર વડલો ગ્રીષ્મના પ્રચંડતાપમાં તપતો હોય, પણ તેની મહત્ત –વિશાળતા એ છે કે તેની છાયામા રહેનારને શીતળતા અર્પે છે. કોઇ માનવ તેની ઉપર પથ્થરનો પ્રહાર કરે તો પણ તેના પ્રત્યાઘાતમાં તે મધુરા ફળ જ

આપે છે. સ્વાર્થી માનવ તેનું છેદનભેદન કરે છે તો પણ તે ગૃહનિર્માણાદિ કાર્યમાં ઉપયોગી બને છે. વૃક્ષની આવી ઉપકારિતા જોઇને જ કોઇ કવિએ લલકાર્યું.

'તડકો માથે વેઠી વેઠી શીળી છાયા આપે.
લોક કૃતઘ્ની તોયે એને સ્વાર્થની ખાતર કાપે.
પ્રાણ લગી ફળફૂલ દઇને ફરજો પાર ઉતારે.
તરુવર જેવી સેવા મળજો, એક જ તમન્ના મારે.'

જેવું તરૂવર તેવું જ સરોવર પણ છે. તેના કિનારે આવી કૈંક જીવો તૃષા છીપાવતા હોય છે તો કોઇ દેહના દાહને દૂર કરે છે. કોઇ શરીરને સ્વચ્છ કરે છે. સરોવરનો આ ઉપકાર પ્રશસ્ય છે. માજી ! મને પણ આપની સેવા મળજો. એજ મારી તમન્ના છે. એજ મારા અરમાન છે. ખરેખર ! આ તો કોઇ ખાનદાન કુલનું બીજ છે. એ કાંઇ આવેલા અકસ્માતથી ખાનદાની છોડી દે તેમ નથી. જુઓ ખાનદાની તે આનું નામ ? સધર્મચારિણી તે આ ? અર્ધાંગના તે આ ! પતિના સુખે સુખી પતિના દુઃખે દુઃખી આ છે. આર્યાવર્તની સંસ્કૃતિ આદર્શભૂત સન્નારી ! આપણને સૌને આદર્શ પૂરો પાડે છે.

કેવી હતી–મા–દીકરાની અવસ્થા. જ્યાં કોઇ સહાયક મળશે એવી આશા પણ ન હતી. છતાં...! મળી ગઇ દેવદુલ્લારી. સંસ્કારી મા'નું જીવન જાગતું બીજ. કેવી હશે એ પુત્રવધુ ! અંધપતિને પણ પ્યાર કરી મા–દીકરાની લાકડી બનવા સ્વયં આવી ચૂકી. ત્રણેનો ત્રિવેણીસંગમ સર્જાયો. માનવતા-નિસ્વાર્થતા–ખાનદાનીનો ત્રિવેણીસંગમ. ત્રણે એકબીજાના પ્રેરક અને પૂરક બની મનખાને ઉજમાળ બનાવી રહ્યા. એનું દુનિયામાં કોઇ સાચું નહિં. તેનો ભગવાન ખરૂં ને ? નિરાધાર મા–દીકરાની સેવા કરવા આવેલી પુત્રવધુ ઘરની જ રાણી નહિં પણ આખા ગામની રાણી બની જાય છે.

અરેખર એક કવિએ સાચું જ કહ્યું છે.

નિશા છોને ભયંકર હો, ઉષા નવરંગ લાવે છે.
પતનનું ઘર પગથિયું, એક નવું ઉત્થાન લાવે છે.
નિરાશાપણે અંધેરી, નવી આશા પાંગરતી,
શિશિરો તો વસંતોની, હંમેશા પૂર્વગામી છે.

અને આવું જ કાંઈ નવસર્જન માતૃહૃદયા મા, માતૃવત્સલ પુત્ર ઉદયના જીવનમાં બની ચૂકયું. હવે સ્વયંવરા દેવદુલ્લારી કન્યા જાતજાતની પ્રવૃત્તિ કરી ઘર-સંસાર ચલાવવા લાગી. માજીને કામમાંથી નિવૃત્ત બનાવ્યા. બંને અપંગ, અનરાધાર, વ્યક્તિઓના જીવનને આશાપૂર્ણ હર્યુંભર્યું બનાવ્યું. તે પણ સદૈવ હસતેમુખે વહુ તે. રાંકનું રતન

કરી–તેનાં પ્રશંસાના ગીતો ગવાવા લાગ્યા. સૌને ભાવનીય બની. મહોલ્લામાં તે એને સૌ કોઇ 'લાડીલી રાણી' 'દેવદુલારી કન્યા' નામથી સંબોધતા.

અત્યારની પુત્રવધુ કેવી ? જુઓ ઘરમાં સૌથી પહેલા પગલા પડે પિતાના, પછી પડે પુત્રના અને છેલ્લા પગલા પડે પુત્રવધુના છતાંય ઘરમાં સામ્રાજ્ય ચાલે પુત્રવધુનું ! પુત્રથી પણ જેનું જોર વધુ તે પુત્રવધુ બરાબરને ? દુઃખ સમયમાં, નાના મોટા સૌની પ્રેમપાત્ર બનેલી, તેને કામપર જતી જઇ ઓટલા ઉપર બેઠક જમાવનારા વૃદ્ધો કહેતા, 'જુઓ, જુઓ, આ ઘરની લક્ષ્મી.'

કાળચક્રની ફરતી સાથે દિવસચક્ર પણ ફરતું રહે છે. આમ સ્નેહ–સદાચાર–પ્રેમની ત્રિવેણી ગંગામાં સ્નાન કરતાં દિવસો પસાર થઇ રહ્યા છે. ત્યાં એક દિવસ રામની ચાકરી કરનાર નર્સ એક ભાઇ સાથે અમથીમાનું ઘર શોધતી આવી ચડે છે. આ આવનાર વ્યક્તિ કોઇ નહીં પણ તે જીનનો માલિક હતો. દ્રવ્યથી પાયમાલી થોડી ઘણી થઇ હોવા છતાં માનવતા તેની જીવંત હતી તે મરી પરવારી નહોતી. તેથી જ રામને શેઠ તો શોધતો અમથીમાના ઘરે આવી પહોંચે છે. તેણે અપંગ થયેલા–જીનના માણસોને યાદી દવાખાનામાંથી મેળવી હતી. એટલું જ નહિ પણ થોડીઘણી આર્થિક મદદ પણ કરી હતી. આજે નર્સની સાથે અહીં પણ યથાશક્તિ મદદ કરવાના આશયથી જ આવ્યો હતો. પણ અહીં તેણે જે જોયું તે જોઇ શેઠ આશ્ચર્યચકિત થઇ ગયો.

શેઠ ઝુંપડીમાં પ્રવેશ કર્યો. શરૂઆતમાં રામની આંખો ગઇ. તેનો શોક વ્યકત કર્યો. ત્યારબાદ પોતાનો અભિપ્રાય આર્થિક મદદ સંબંધીનો જણાવ્યો. પોતાની હમદર્દી બતાવી. વળી કહે છે કે માડી તારા લાલની આંખ પણ ગઇ છે કમાનાર બીજું કોઇ નથી. તો મુશ્કેલી ખૂબ જ પડતી હશે. તે હું સમજું છું. આમ શેઠનો વાર્તાલાપ ચાલી રહ્યો હતો. એ વાત સાંભળવા વેંત દૂર ખૂણામાં બેઠી બેઠી બધું સાંભળી રહેલી યૌવના બોલી ઉઠી.

શેઠ સાહેબ, એવું ના માનશો ભલે એમની આંખો નથી. પણ મારા હૃદય-વલ્લભની આંખો સમી તો હું છું. એટલે અમારે પૈસાની જરૂર નથી. અમારાથી બીજા ઘણા વધુ દુઃખી હશે. તમે તેને દેશો. કોઇની આંતરડી ઠરશે. આશિષ મળશે. આ છે માનવતાનો સાદ, પ્રગટે જીવમૈત્રીનો સંવાદ મળે માતા-પિતાના આશિર્વાદ.

વર્ણીનો રણકાર આગળ વધી રહ્યો. તેના ભણકારાએ શેઠને જાગૃત કર્યો. અરે ઓ શેઠજી ! એ આગમાં બીજા ઘણા અપંગ થયા છે. જેને કોઇ સ્વજન નથી, કમાનાર નથી, એવા જીવોને માટે આ રકમ વાપરો. એ શેઠજી વધુ સારૂં છે. તમે બતાવેલી

હમદર્દી અમે કદી ના ભૂલશું. શેઠ તો આ યુવતીનો રણકાર, ગરીબાઇમાં પણ અમીરીની ખુમારી જોઇ સ્તબ્ધ થઇ ગયો. પોતાને હવે આગળ કાંઇજ કહેવાનું રહેતું નથી. પોતે જ ઉંડા મનોમનમાં ઉતરી ગયા.

શું ગરીબ ઝુંપડીમાં પણ આવા આત્માઓ વસતા હશે ? શું એની કર્તવ્યપરાયણા–શું આજીવન ભોગની લાલસાને તિલાંજલી પૂર્વક અડગપણે, પ્રીતી–નેહ અને સ્નેહના તંતુથી બંધાઇ નિઃસ્વાર્થભાવે મા–દીકરાની સેવા ! આવી પ્રાંગરતી યુવાનીમાં અને અપંગપતિને હૃદયવલ્લભ બનાવી પ્રાણેશ્વરી બની સુખની અનુભૂતિ કરાવનાર આ દેવદુલારી કોડભરી કન્યાનું કેવું સુંદર જીવન ? મનોમન શેઠ ધન્યતાને અનુભવી રહ્યા. આ યુવાનીના વીરતાભર્યા વચનને સાંભળી શેઠ કરતાં પણ વધુ વિચારસાગરમાં નર્સ ડુબી ગઇ. એ વિચારતી હતી કે આ ત્રણમાં કોને શ્રેષ્ઠ ગણું.

વાત્સલ્યકર્તા અને પુત્રવધુની હિતચિંતકમાતા કે માતૃવત્સલ અને અપંગ પોતાની અર્ધાંગના બનેલી કન્યાની વફાદારી ઉપર મુસ્તાક રહેનાર તે યુવાનને કે જીવનની પગથારે–ભોગની હોળી કરી સેવાની દીવાળી પ્રગટાવી–કર્તવ્યપરાયણ બનેલી–ગરીબીમાં પણ અમીરીના દર્શન કરાવતી, હૈયાના વિશુદ્ધ પ્રેમથી પતિદેવની ચાહક, ઘરવાસાસુની દીકરીને જેમ સેવા કરનારી, પોતાના સુખનો અલ્પમાત્ર પણ વિચાર નહીં કરનારી, કોડભરી કન્યાની કર્તવ્યનિષ્ઠા, સદાચારની સુવાસથી મહેકતા જીવનવાવી તે નવયૌવનાને ?

ખરેખર આ કથામાં એક બાજુના મા'ના મમત્વની સરિતાનો કલકલ નાદ તો બીજી બાજુ નિઃસહાય દશામાં વેવિશાળ કરેલી કન્યા, ફક્ત કોલકરાર જ થયેલા, તેવી કોડભરી કન્યાને સમજાવતી મા–દીકરાની જોડલી, તેના જીવનને ઉગારવાની વૃત્તિ જોતાં હૈયું ઝુકી જાય છે. ખરેખર આનું સર્જન સ્વાર્થનું વિસર્જન અને નિઃસ્વાર્થના સર્જન વિના અશક્ય છે.

તો વધુ શ્રેષ્ઠતા તો પેલી કોડભરી કન્યાની કર્તવ્યપાલનતા, ભોગના સુખની વિચારણા તજી કેવલ અપંગ પતિને ભજી, ખુમારીભેર સમગ્ર જીવનની જવાબદારી વહન કરી શબ્દે શબ્દે શાતા ઉપજાવતી દેવદુલારી કન્યાને ! આજીવન એક જ પતિને સમર્પિત બની જીવન જીવવાનો દિવ્ય સંદેશ. કથામાં પગલે પગલે નીતરતી સ્નેહની સરવાણી વિગેરે આજના માનવજનને જીવન જીવવાની અદ્‌ભૂત ચાવી બનાવી જાય છે.

ધન્ય છે તે માતાને–ધન્ય છે તે પુત્રને–
ધન્ય છે તે દેવદુલારી કન્યાને...

卐 નવપદનું આગવું ચિંતન 卐

—પૂ. આ. દેવ વિજય પ્રભાકરસૂરીશ્વરજી મહારાજ

શ્રી જિન શાસનમાં નવપદની આરાધના નિયમિત ચાલી આવે છે. ચાલી રહી છે. અને ચાલશે. નવપદજી મહારાજમાં શું છે ? એમ નહીં શું નથી ? તે જ પ્રશ્ન છે. નવપદજી એ આત્માને રહેવાનો બંગલો છે.

અરિહંત પરમાત્માનો માર્ગ તે ભૂમિ છે. સિધ્ધ ભગવંતોએ બંગલાના નિવાસ સ્થાનની પ્રાપ્તિ છે. આચાર્ય ભગવંત એ બંગલાનું છત્ર છે. ઉપાધ્યાય ભગવંત એ બંગલાની નીંત છે. સાધુ ભગવંત એ બંગલાનો પાયો છે. અને સમ્યગ્દર્શન પદ એ બંગલાને બનાવનાર એન્જીનીયર છે. જ્ઞાનપદ એ બંગલાને મજબૂત બનાવવા પાણી છે. ચારિત્ર એ બંગલાનું મટીરીયલ છે. અને તપ એ બંગલાનું રંગ રોગાન છે. અનિત્યાદિ બાર ભાવનાનું પરિભાવન પહેલી છ ભાવના સંસારનો રસ નિચોવી નાખે છે. હૈયામાંથી સંસારનો નિકાલ કરી ઉઠમણું કરે છે. બીજી છ ભાવના સંયમ અને ધર્મનો રસ હૈયામાં ભરી ધર્મનું બેસણું કરાવે છે. જેના દ્વારા સંસારનો રાગ દૂર થાય છે. અને એ મૈત્રી આદિ ચાર ભાવના રાગ–દ્વેષ કાઢવા માટે છે. મૈત્રી આદિ ચાર ભાવના મહેલ બનાવવા માટેનું ધન છે. એ ધન જેટલું જલદી આવે તેટલો બંગલો જલદી બને તેમ છે.

સંસાર એ અઢાર પાપના અખાડા છે. અખાડામાં કસરત કરીને પહેલવાનો શરીરની શક્તિ વધારે છે. તેમ સંસાર રસિક જીવો અજ્ઞાન, વિષયકષાય, મોહના અંધાપાને લઇ અઢાર પાપોને રાચી માચીને સેવીને દુર્લભ માનવ જીવન હારી જઈ પાપનો જબરજસ્ત ટોક એકઠો કરીને ચાર ગતિની મુસાફરીએ નીકળી જાય છે.

અરિહંત પરમાત્મા આ સર્વ જીવોની રક્ષા અને કક્ષા કરનાર છે. અને વિશ્વના સર્વ જીવોને સાચો માર્ગ આપનાર અરિહંત પરમાત્મા છે. મિથ્યાત્વને કાઢી સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. અરિહંતની આજ્ઞાપાલનથી અહિંસા ધર્મ આવે છે. હિંસા અને મિથ્યાત્વ છોડવાનું કામ અરિહંત પદની આરાધનાથી થાય છે.

સિદ્ધ ભગવંત સદા માટે સર્વજ્ઞ જ્ઞેતા હોય છે. તેમનાથી કોઇ વસ્તુ છાની હોતી નથી. તેથી સિદ્ધ ભગવંત મૃષાવાદ અને માયા મૃષાવાદ આ બે પાપ કાઢે છે.

આચાર્ય ભગવંત કોઇની નીંદા કરતા નથી. તેઓની આત્મગુણોની રમણતા એવી હોય છે કે નીંદા કરવાનો વિચાર આવતો નથી. તેઓને એક પહોરની નિદ્રા

ખૂબ લાગે છે, જાગતા માણસ પાસે ચોર આવતા નથી એટલે આચાર્ય ભગવંતથી અઢત્તાઢાન અને સોળમું પાપ નીંઢા–પર પરિવાઢ પાપ ગયા વગર રહેતા નથી.

ઉપાધ્યાય ભગવંતને જ્ઞાનમાં એવી રમણતા હોય છે અને બીજાને જ્ઞાનમાં રમણતા ઠરાવવાનું હોય છે. સાધુ ભગવંત રાત્રે ઉઠે અને જ્યાં સુધી ઉંઘ ન આવે ત્યાં સુધી ત્યાં સુધી સ્વાધ્યાય ઠરે છે. તેથી મૈથુનના વિચાર આવતા નથી અને રતિ અરતિના વિચાર ઠરવાનો કોઇ ટાઇમ રહેતો નથી. વળી તેમનો વર્ણ લીલો છે. ખેતર લીલું છમ હોય તો ખેડુત અને પ્રજા બંનેને આનંઢ આવે છે. તેમ જ્ઞાનરૂપી ખેતર ભર્યું ભર્યું હોય તો સાધુ ભગવંત અને સંઘ આરાધનાથી ભર્યા ભર્યા રહે છે.

સાધુ ભગવંતને પરિગ્રહ હોતો નથી. સાચા સાધુને શરીર ઉપર મૂર્છા હોતી નથી તો પછી ઉપધિ ઉપર ક્યાંથી હોય? સાધુ તો સાધના ઠરે–સહાય ઠરે–સહન ઠરે–સાધુ ભગવંતને બીજાની ચાડી કે પૈશુન્યનું પાપ ક્યાંથી હોય? જ્યાં શરીર ઉપર મમતા નથી તો બીજાના દોષ કે ચાડી ખાવી બની શકે નહિ. સાધુ તો ક્ષમાશ્રમણ છે. માટે સાધુ પઢની આરાધનાથી પરિગ્રહ અને પૈશુન્ય નામનું પાપ જાય છે.

ઢર્શન એટલે જોવું–સાચું જોવું. સાચું જોનારો–કોઇને આડ દેવી ખોટું કહેવું તે બની શકે નહિ તેથી ઢર્શન પઢની આરાધનાથી ખોટો ક્રોધ પણ થતો નથી. ક્રોધ એટલે અવિવેક ખોટું કામ. જ્ઞાનીઓ કહે છે ક્રોધ આવે ત્યારે ક્ષમા–વિલંબ–મૌન સેવો અને સાચા આત્માની કર્મસ્થિતિનો વિચાર તથા ક્રોધના કટુ પરિણામ અને ક્ષમાના દિવ્ય લાભ વિચારો. ખોટું કામ ત્યારે જ થાય છે પુદ્ગલ ઉપર ગાઢ રાગ હોય છે. નવતત્ત્વના અભ્યાસથી પુદ્ગલનું સ્વરૂપ સમજાય છે. પુદ્ગલ નાશવંત વસ્તુ છે તેના માટે ક્રોધ ઠરાય નહિ. ક્રોધ નામના પાપ સ્થાનકને ઢર્શનપઢથી દૂર ઠરાય છે.

જ્ઞાનનું અજીર્ણ માન છે. જેમ જેમ સાચો જ્ઞાની બને તેમ તેમ આરાધક નમ્ર બનતો જાય છે. આંબાને ફળ આવે તેમ નમ્ર બને છે પાકે ત્યારે મીઠો બને છે. તેમ જ્ઞાન નમ્રતા અને આત્મગુણોની મિઠાસ ઉત્પન્ન ઠરે છે. આંબાને ફળ આવે તેમ નમે અધુરો ઘડો છલકાય છે. ઠાંસુ વધારે વાગે છે. સોનું નહી. સોનું ઠદી ઠાતું નથી. નમ્રતા હોય ત્યાં ઠલહ થતો નથી. એટલે ઢર્શન પઢની આરાધનાથી ઠલહ અને માન નામના પાપો જાય છે.

ચારિત્ર પાલનારો આઠે પ્રવચન માતા ધરનારો પાંચ સમિતિ–ત્રણ ગુપ્તિનો પાલનહાર કોઇના ઉપર દ્વેષ ઠરતો નથી. તેથી માયા નામનું પાપ ચરિત્ર પઢના આરાધનાથી દૂર થાય છે. ચારિત્રમાં માયા હોય નહિ.

તપ એટલે સંતોષ. ઇચ્છા નિરોધ ઇચ્છા જાય તો રાગ જાય–માટે તપથી રાગ પણ જાય અને લોભ પણ જાય. આવા પીવાની કપડા લત્તાની લાલસાઓ નાશ પામે છે.

માટે ૧૮ પાપસ્થાનકને આત્માથી દૂર કરનાર નવપદનું સેવન કરવા જેવું છે. પાપરહિત બનાવનાર નવપદને આનંદ–ઉલ્લાસ–ઉત્સાહ અને સમજપૂર્વક સારી રીતે સેવો અને ભવ્યાત્માઓને આ માર્ગ વધુ ને વધુ જોડો. નવપદના આરાધકમાં એવી શક્તિ ખિલી ઉઠે છે કે તે પોતે ધર્મમાં સ્થિર બને છે. અનેક આત્માઓને ધર્મમાં સ્થિર બનાવી સિદ્ધિપદ પ્રાપ્ત કરાવવામાં સહાયક બને છે. સતત આત્મજાગૃતિ રાખનાર સૌનો રખેવાળ પણ બને છે.

– નવપદનું કુટુંબ સિધ્ધચક્ર –

સિદ્ધભગવંતે આપણને અવ્યવહાર રાશીમાંથી બહાર કાઢી–માતા તરીકેનું કામ કર્યું છે. માતાએ પુત્રને જગત દેખાડ્યું તેમ વ્યવહાર રાશીમાં દેખાડનાર સ્થાપન કરનાર સિધ્ધ ભગવંત છે. અરિહંત પરમાત્માએ આપણે વ્યવહાર રાશીમાં આવ્યા પછી આપણા આત્માને ઉંચે લાવનાર અરિહંત પરમાત્મા છે. આપણી દયા પળાવવા આપણા કષાય ઓછા કરવામાં નિમિત્ત અરિહંત પરમાત્મા બન્યા છે પિતા તુલ્ય બન્યા છે.

અરિહંત પરમાત્માની ગેરહાજરીમાં જેમ વ્યવહારમાં પિતા ગયા પછી કાકા પિતાના પુત્રને સંભાળે છે. તેમ આચાર્ય ભગવંત અરિહંત પરમાત્માની ગેરહાજરીમાં વિશેષે સાચવે છે. માટે આચાર્ય ભગવાન એ કાકા છે. ઉપાધ્યાય ભગવંત મામા છે. સિધ્ધ ભગવંતનો ઉપયોગ અનંતજ્ઞાન અને દર્શન ચાલ્યા કરે છે. જ્ઞાનનું મોટામાં મોટું સુખ છે. અને ઉપાધ્યાય ભગવંત સિધ્ધ ભગવંતના ભાઇ તુલ્ય છે. તે પણ જ્ઞાન સિધ્ધ ભગવંત બનવાનું આપે છે. માટે ઉપાધ્યાય ભગવંત મામા છે. સાધુ ભગવંત એ આપણા ભાઇ–બેન છે. સમ્યકદર્શન એ આપણા પ્રાણ પ્યારા વલ્લભ કે વલ્લભા પતિ–પત્નિ તરીકે છે. સતિ જેમ પતિને મુકતી નથી તેમ સમ્યકદર્શન એ ગમે તેવી કસોટીમાં પતિ પ્રત્યે બેવફા નીવડતી નથી. સમ્યગ્જ્ઞાન એ ધન છે તેના દ્વારા આપણે શુધ્ધ ભાવથી આત્માનો નીર્વાહ કરી શકીએ છીએ. સમ્યકચારિત્ર કરણ સિત્તરી ચરણ અને સિત્તરી ૧૭૦ પેટા વિભાગ એ આપણો પરિવાર છે. સમ્યક તપ એ આપણા આત્માનું કલેવર છે– દેહ છે. અણાહારી પદ છે.

આમ નવપદજી મહારાજ એજ આપણું સાચું કુટુંબ છે.

ધનને ઓળખો

એ હતા શ્રીમાન તેમને ત્યાં લક્ષ્મીના ભંડાર ભર્યા હતા.

એક વખત રાત્રે એ શ્રીમાન સેજ તલાઇમાં પોઢી રહ્યા હતા તે અવસર....

રૂમઝુમ કરતી લક્ષ્મીની અધિષ્ઠાત્રી દેવી આવી. દેવીએ શેઠને કહ્યું.

'તમારો પૂણ્યોદય પરવાર્યો છે, માટે હું દસ દિવસ પછી જઈશ.'

આટલા વણો ઉચ્ચારી દેવી અદૃશ્ય થઇ ગઇ.

થોડીવાર આ શ્રીમાનને આર્ત્તધ્યાન થયું મુંઝાયા થયો, મારૂં અને મારા પરીવારનું શું થશે ?

તરત જ વિચાર કર્યો.

લક્ષ્મીના સેવક તરીકે હું કયાં જીવન જીવી રહ્યો છું. હું કયાં લક્ષ્મીને સર્વસ્વ માની બેઠો છું. હું લક્ષ્મીને આધીન નથી. લક્ષ્મી મારે આધિન છે. લક્ષ્મીથી ઇષ્ટ સાધવું હોય તો મારે મારાપણું વિસારવું ન જોઇએ.

જવાની તો છે. રોકાવાની નથી. આગ્રહ કરીને રાખવામાં મઝા નહી, એ જાય અને હું દીન–ગરીબ કહેવાઉં તેના કરતાં તેને લાત મારીને કાઢવી શી ખોટી ?

સુપ્રભાતના લગભગ ત્રણેક કલા વીત્યા બાદ એ શ્રીમાને કુટુંબને ભેગું કર્યું. મધ્યરાત્રી પછીથી સઘળી બીના કહી સંભળાવી. શરૂઆતમાં આપણી પ્રતિષ્ઠા–ચાબરૂનો વિચાર કર્યો ત્યારબાદ વિચાર આવ્યો કે–

અર્થ–કામની દેશનાને નહી આપનારા સુસાધુઓ પાસેથી સાંભળ્યું છે

'શ્રી જૈન શાસને (શાસ્ત્રે) લક્ષ્મી ભોગવવાનું વિધાન કર્યું નથી પરંતુ તેને સદ્માર્ગે વ્યય કરવાનું વિધાન કર્યું છે.'

માટે, આપણે સૌ નિર્ણય કરીએ કે દસ દિવસમાં સાતેક્ષેત્રમાં લક્ષ્મીનો વ્યય કરીએ, દસમા દિવસની રાત્રીયે માત્ર મકાન જ, અગીયારમે દિને એ પણ નહિ અને આપણે બધા શ્રી જિનચરણે.

શ્રીમાનના પડતા બોલનો સૌએ સ્વીકાર કર્યો. દસ દિવસમાં એ શ્રીમાને સઘળું ધન સાતક્ષેત્રમાં વાવી દીધું. દસમા દિવસની પાછલી રાત્રીયે લક્ષ્મીની અધિષ્ઠાત્રી દેવી પાછી આવી.

સાંથારે સુતા શ્રીમાનને જગાડી કહેવા લાગી. શ્રી શ્રીમાનજી ! આપશ્રીનો પૂણ્યોદય વધી ગયો છે. હવે હું નહિ જાઉ,

શેઠજી બોલ્યા, હવે મારે ન જોઈએ.

દેવી કહે, હું જાઉં નહિ.

શેઠજી કહે, તું આવે તો પણ હું તને રાખુ નહિ, સાચવું નહિ. એવો મારો દૃઢ નિર્ણય છે.

અગીયારમે દિને સૌ જગતના પૂજ્ય બની ગયા.

ધન્ય છે. સાચા શ્રીમાન છે !

—શ્રી વિરાગ

પૂ.આ.શ્રી વિ ગુણયશસૂ. મ.સા. તથા પૂ.આ.શ્રી વિ. કીર્તિયશસૂ. મ.સા.ની નિશ્રામાં

કાંદીવલી પૂ શંખેશ્વર કોમ્પલેક્ષમાં ત્રિ દિવસીય વાચનાશ્રેણી પ્રસંગે
હજારો શ્રોતાઓ સમક્ષ ગવાયેલ.

卐 જિનવાણી સ્તવના ગીત 卐

(રાગ : સુણ ચંદાજી !)

હે શ્રુતગંગા ! મહેર કરી તુજ વહેણમાં સ્નાન કરવા દે.
હે જગમાતા ! તારી મહેરથી આ જગ જન સુખમાં રાજે.

જિનવર મુખ ગંગોત્રી ન્યારી, તેહથી નિઃસ્સૃત થઇ તું પ્યારી,
શમ-સંવેગાદ્વિક ગુણ કયારી...હે...૧

થયા તટરક્ષક ગણધરો તારા, નયનિક્ષેપા ભંગો સારા,
સૂરિરાજ કરે છે વિસ્તારા...હે...૨

ભવોભવનાં પાપો તું ધોતી, ભવિજનને પુણ્યસલિલ દેતી,
કુબડી દે, તે તો લહે મોતી હે...૩

સૂરિ-રામચંદ્રે જાણી તુજને, જિનવાણીરૂપે પીરસી જનને,
સુણી અટક્યાં ભવમાં ભમતાં અમે. હે...૪

તુજ યશોગાન ધરવા કાને, આવ્યા ગુણ-કીર્તિ ગુરુ કને,
દેજો દેવિ ! શિવ-રત્ન મને. હે...૫

રચયીતા : મુ. રત્નયશ વિજય વિ.સં. ૨૦૫૪ જેઠ સુદ ૬૨ શશિવાર

ગાયક : સુશ્રાવક કલ્પેશભાઇ શાહ

* દુર્જનના સંગથી હાની *

—શ્રી રાજેશ શાહ

આજે સહુને દુર્જનનો સંગ વહાલો લાગે છે. સજ્જન માનવી કોને ગમતા નથી. દુજ્જન માનવી પોતાની દુર્જનતા કયારે પ્રગટ કરશે તે આપણે કળી શકતા નથી, સમજી શકતા નથી અને જોઇ શકતા નથી. દુજ્જનનો સંગ હંમેશા માટે છોડવા જેવો છે એવા દુજ્જનોને તો દૂરથી જ નમસ્કાર કરી તિલાંજલિ આપી દેવા જેવી છે. માટે જ કહ્યું છે કે-

"સંગ કરવો હોય તો સજ્જનનો કરજો પણ દુજ્જનનો નહિ."

આ કહેવત ઉપર આપણે એક ભોળા હંસને યાદ કરી શું.

કોઇ કાળે બને નહી ને પણ બની ગયું. એક હંસ અને કાગડો મિત્ર બની બેઠી નદીના કીનારે કાદવની વચ્ચે હંસ સ્થિર બની ઉભો હતો એકાગ્ર ચિત્તે પોતાનો ખોરાક આરોગી રહ્યો હતો. આ દૃશ્ય ઝાડ ઉપર રહેલા મિત્ર કાગડાએ જોયું. તેને પણ મિષ્ટ ભોજન જોઇ ખાવાનું મન થઇ ગયું. કાં...કાં... કરતાં કાગડાએ. નદીના પ્રવાહમાં ઝંપલાવ્યું. ઝંપલાવવાની સાથે જ કાગડાની ચાંચ કાદવમાં ખૂંચી ગઇ અને ફફડાવાની પાંખો સેવાળ–લીલથી ખરડાઇ ગઇ. હવે શું કરવું તે મોટો પ્રશ્ન થઇ ગયો? ન તો ઉડી શકાય કે ન તો પાણીમાં છબછબીયા કરી શકાય. કાગડાભાઇ તો બરાબર ફસાયા આ જોઇ હંસીને દયા આવી, તે બોલી.

હે નાથ! આપ તો પરોપકારી છો. ઉદાર છો. આપનો મિત્ર મરવા પડયો છે. છે. તેને તો બચાવો.

જેવી તારી ઇચ્છા તેમ કહીને હંસ અને હંસી કાગડા પાસે પહોંચી ગયા. પોતાની ચાંચ વડે જીવ–સેવાળ દૂર કરી કાગડાભાઇને હેમખેમ કીનારે મુકી દીધો.

ઉપકાર માનતો કાગડો બોલ્યો, હે કૃપાળુ! આપે મને જીવનદાન આપ્યું છે. આપનો ઉપકારનો બદલો હું કઇ રીતે વાળી શકીશ? જો આપ મારા વનમાં પધારો તો હું કાંઇક આપની સેવા–ભક્તિ કરી ઉપકારનો બદલો વાળી શકું.

તરત જ હંસી બોલી ઉઠી, 'સ્વામીનાથ! નબળા મનના માણસોનો સંગ ભારે વિપત્તિકારી છે. માટે એને આશ્વાસન આપી વિદાય કરો.

પ્રિયે, તું તો ભોળી છે. દાક્ષિણ્યતા જેવો આદર્શ આપણે જાળવવો જોઇએ.

હું તેની સા ા જરા લટાર મારીને હમણાં જ પાછો આવું છું તું શાંતિથી ખોરાક આરોગ.

હંસ મને કાગડો બાજુના વનમાં લટાર મારવા નીકળી પડયા એક ઘટાદાર વૃક્ષ ઉપર કા ડાભાઇએ બેઠક જમાવતાં હંસભાઇને પ્રેમથી આવકાર્યા થોડીવાર આરામ કરી કાગડાભા વનના ફળ-ફુલ લેવા ઉપડી ગયા. અતિથિની ભક્તિ કરવા માટે કાગડા-ભાઇ સુંદર ા ાના ફળ-ફુલ વીણી લાવ્યા બન્ને સાથે બેસીને ઉજાણી કરતા હતા.

તે અ ાસરે નજીકના રાજ્યનો રાજા વૃક્ષ નીચે વિસામો લેવા બેઠો. ત્રાસી નજરે કાગડાએ રાજાને જોઇ લીધો.

મનગમ તી ઉજાણી ઉડાવતા ભાઇ કાગડાનું પેટ ભારે થઇ ગયું પેટને કાંઇક હલકું કરવા ા થોડુક ચરકયો અરે! ચરકયો તો ખરો પરંતુ તે ચરક રાજાના અંગ પર પડયું. ર જાનું અંગ બગડયું. આ દૃશ્ય કાગડાએ જોયું. એ તરત જ આકાશ ભણી ઉડી ગ ા. ભોળા હંસને કાંઇ ગતાગમ પડી નહી રાજાની આંખો લાલ થઇ ગઈ. ગુસ્સે થયેલા ાજાના સેવકે એકાએક સર...ર...ર... કરતું બાણ છોડયું. ધારદાર અણીથી હં ા વિંધાઇ ગયો મર્મ સ્થાન વિંધાઇ જવાથી ચક્કર ખાતો ભોય પર પડયો

હંસને જોઇ રાજા ચકિત થઇ ગયો અને બોલ્યો, 'શું કાળા કાગડા પણ કદિક ધોળા હંસનો વેષ ધારણ કરી શકે છે.'

આ સ ભળી હંસે કહ્યું, મહારાજ મેં એક દુર્જનની ભાઇબંધી કરી અને કહેવા પ્રમાણે હું અહીં આવ્યો તેની બેટી ભક્તિમાં હું લપડાયો તેની મીઠાશ ભરેલી વાણીને કડવા ફળ મેં આજ ચાખી લીધાં.

આમ ા હંસ જાતિ ઉંચા પ્રકારની છે. તેમાં કોઇ દોષ નથી. મહારાજાના તમે પણ હંસ જા ને દોષ દેશો નહિ હંસ જાતિનો નિર્દોષ અને પવિત્ર છે. મેં કરેલ દુર્જનના સંગ નું પરિણામ મને મળી ગયું.

આ પ્ર ાણે પોતાની ભૂલકબુલ કરતાં હંસે પ્રાણ છોડી દીધાં માટે જ હે પ્રિયવાચકો!

દુર્જન ા સંગ કરતા નહી. દુર્જન પોતાની દુર્જનતા બતાવ્યા વગર રહેતા નથી. સજ્જના ા અને ભલાઇનો બદલો દુર્જનતાથી વાળ્યા વગર દુર્જનનો રહી શકતા નથી.

સજ્જને પોતાની સજ્જનતા છોડવા તૈયાર નથી તેમ દુર્જનો પોતાની દુર્જનતા છોડવ તૈયાર નથી. દુર્જનતા સંગનું ફળ શું આવ્યું? તે જોયું તો દુર્જનનો સં કરવાથી હંસને પ્રાણ ખોવા પડયા ભોળી હંસીને હંસનો વિયોગ થયો.

માટે, ા યોગ્ય પુરૂષનો સંગ ન કરો તે જ ઘણું ઉત્તમ છે.

પૂજયશ્રી કહેતા હતા કે- -શ્રી રણુદશી



* ભૌતિક સુખ માત્રને ભૂંડું માને તે સુખી! તે સુખને જ સારાં માને તે બધા દુઃખી!
* સંસારની સુખ સામગ્રી માટે શ્રી નવકારમંત્ર ગણવો તે શ્રી નવકાર મંત્રની આશાતના છે.
* ધર્મ એટલે આત્માનો શુભ પરિણામ! મોક્ષની સાચી ઉત્કટ ઇચ્છા ધર્મના પરિણામને લાવનારી છે.
* શરીર પરનો પણ પ્રેમ જાય તો જ ખરેખર ધર્મ આવ્યો કહેવાય!
* અવિરતિ જેવું ભયંકર પાપ છે કે જે આ દુનિયાના સુખ ઉપર જરા પણ અપ્રીતિ થવા ન દે અને પોતે જ કરેલાં જે પાપ તેનાથી આવતું જે દુઃખ તેના ઉપર કદી પ્રીતિ થવા ન દે!
* જેને દુનિયાની કોઈ જ ચીજની ઇચ્છા નહિ તે જ સાચો ઉપદેશક છે.
* જે જીવ ભગવાનની તારક આજ્ઞા ન માને તેને જગતના બધાની આજ્ઞા માનવી પડે, જગતના ગુલામ થવું પડે!
* જેને રોજ મોક્ષ યાદ આવે તે જ ભણેલો! તેને 'અભણ' કહેવો તે પાપ! જેને મોક્ષ યાદ ન આવે તેને 'ભણેલો' કહેવો તે ય પાપ!
* કર્મ સાથે જેને મેળ નહિ તેનું નામ 'ધર્માત્મા!'
* શાસન સમજેલો દુનિયાના સુખમાં સાવધ રહે અને દુઃખને મજેથી વેદે!
* જગતના અનુકૂળ-મનગમતા પદાર્થો ઉપર પ્રેમ-રાગ અને પ્રતિકૂળ-મણગમતા પદાર્થો ઉપર દ્વેષ તેનું નામ મોહ!
* ભગવાનનું દર્શન આત્મદર્શન માટે છે અને આત્મ સમર્પણ થયા વિના ભગવાનનું દર્શન સાચી રીતે થાય નહિ.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (સાળાખાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું.

Received
18-

નમો ચઉવિસાએ તિત્થયરાણ | શાસન અને સિદ્ધાન્ત |

જૈન શાસન

અઠવાડિક

વર્ષ ૧૦ | અંક ૪૪

આ ચાર દુર્લભ છે.

दानं प्रियवाक्सहितं ज्ञानमगर्वं
क्षमाऽन्वितं शौर्यम् ।
त्यागसहितं च वित्तं,
दुर्लभमेत चतुर्भद्रम् ।।

પ્રિય સંભાષણ પૂર્વક દાન, ગર્વરહિતનું જ્ઞાન ક્ષમાથી યુક્ત બળ અને ક્રોધપણ પ્રકારની ઇચ્છા વિનાનો ધનનો ત્યાગ આ ચાર ચીજ ખરેખર દુર્લભ છે.

૨૮૬

卐

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

❋ કન્યાને ચાર શિખામણ ❋

—પૂ આ. શ્રી વિ. કનકચન્દ્ર સૂ. મ.

મગધના મહામંત્રીની પુત્રવધૂ બનીને પિયરથી વિદાય થતી કન્યાને તેના પિતાએ આખરી શિખામણરૂપે ચાર માર્મિક વાત કહી હતી. આ શિખામણ પ્રત્યેક સ્ત્રી માટે ખૂબ માનનીય છે. આ ચાર વાત નીચે પ્રમાણે છે.

(૧) બધાની લેવી, પણ કોઇને આપવી નહિ.

(૨) તમારૂં આગણું સ્વચ્છ રાખવું.

(૩) સૂર્ય–ચંદ્રની પૂજા કરવી.

(૪) અગ્નિ પૂજામાં પૂરતી સાવધાની રાખવી.

આ માર્મિક શિખામણ મહામંત્રીની પુત્ર–વધુએ પોતાના મનમાં બરાબર ગ્રહણ કરી લીધી. પોતાના પિતાની આ શિખામણોનું બરાબર પાલન કરીને, પોતાનો સદ્‌વ્યવહાર ટકાવી રાખ્યો અને બધાના મન એણે જીતી લીધા,

આપણે ઘણીવાર જોઇએ છીએ કે, યુવતિ પરણીને જ્યારે શ્વસુરગૃહે જાય છે, ત્યારે થોડાક સમયમાં જ કલેશનું વાતાવરણ રચે છે. સાસુ વહુ વચ્ચે મનદુઃખ થાય છે. આના પરિણામે સંયુકત કુટુંબ વિભકત થઇ જાય છે. જુદા જુદા રસોડા શરૂ થાય છે.

સાંકડા મનની અવિવેકીઓ માતાઓ ઘણીવાર પોતાની પુત્રીઓને એવી શિખામણ આપે છે કે, શ્વસુરગૃહે લાગ મળતાની સાથે, જુદા પડાવાનો પ્રયત્ન કરજે, આથી તારે બધાનું કામ કરવું પડે નહિં તને પૂરતો આરામ મળે.

જ્યારે મહામંત્રીની પુત્ર–વધુએ તો સંસારમાં સ્વર્ગ ઉભું કરી દીધું. સાસુ, સસરા, દિયર, જેઠ, દેરાણી જેઠાણી નણંદો બધાના દિલમાં તેણે પોતાના પ્રેમનું સામ્રાજ્ય જમાવી દીધું.

એક દિવસ મહામંત્રીજીએ પોતાની પુત્ર-વધુને પૂછ્યું : 'બેટા ! તમારા પિતાએ જે શિખામણ આપી છે તે ખૂબ ઊંડી છે. તેનો શો અર્થ ઘટાડવો ?'

પુત્ર–વધુએ આ શિખમણો નીચે પ્રમાણે સમજાવી :

પ્રથમ શિખ મારા પિતાજીએ આપેલી કે, બધાની લેવી પણ કોઇને આપવી

(જુઓ ટાઇટલ ૩ જું)

હલારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ લાસા અને સિધ્ધાચલ રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

• તંત્રીશ્રો •
પ્રેમચંદ મેઘાજી ગુરુકા (મુંબઇ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ (વલવાડા)
ધારાચંદ પદમશી ગુરુકા (થાના ગઢ)

વર્ષ : ૧૦] ૨૦૫૪ અષાઢ સુદ-૧૩ મંગળવાર તા. ૭-૭-૬૮ [અંક : ૪૪

વાર્ષિક રૂા. ૫૦ આજીવન રૂા. ૫૦૦ પરદેશ રૂા. ૩૦૦ આજીવન રૂા. ૬૦૦૦

卐 પ્રકીર્ણક ધર્મોપદેશ 卐

-પ. પૂ. આ. દેવ શ્રી ત્રિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, શ્રાવણ સુદિ-૫ શુક્રવાર તા. ૩૧-૭-૧૯૮૭ ચંદનબાલા જૈન ઉપાશ્રય મુંબઇ-૬

(શ્રી જિનાજ્ઞા વિરૂદ્ધ કે પૂ. પ્રવચનકારશ્રીના આશય વિરૂદ્ધ કાંઇપણ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના. (પ્રવચન ૨૬ મું) અવ૦)

दस रसिहस्स य सेणियस्स, पेढालपुत्तस्स य सच्चइस्स ।
अणुत्तरा दंसणु संपया तया, विणा चरित्तेणुडहरं गई गया ।।

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા આચાર્ય ભગવાન શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજા સમજાવી આવ્યા કે- સાચું અને વાસ્તવિક સુખ મોક્ષ વિના બીજે કયાંય નથી, આ સંસારનું જે સુખ છે તો તો આત્માને સંસારમાં ભટકાવનારૂં છે. માટે જ જ્ઞાનિઓ ફરમાવે છે કે- જેની શક્તિ હોય તેને આ સુખનો ત્યાગ કરવો જોઇએ અને જેનાથી ત્યાગ ન થઇ શકે અને તે સુખ ભોગવવું પડે તો હૃદયમાં વિરાગ રાખી વિકાર રહિતપણે ભોગવવું જોઇએ. જે કાંઇ દુઃખ આવે તે મજેથી ભોગવવું જોઇએ દુઃખ શાથી આવે ? જે જીવોએ સંસારના સુખને માટે અને તેના સાધનરૂપ સંપત્તિને માટે પાપ કર્યું હોય તેમને દુઃખ આવ્યા વિના રહે નહિ.

હવે એ વાત ફરમાવે છે કે, ક્ષાયિક સમકિતને પામેલા પણ ચારિત્રને નથી

પામી શકતા તેવા જીવો પણ કર્મના યોગે નીચી ગતિમાં જાય છે જેમ કે. શ્રી કૃષ્ણ મહારાજા, શ્રી શ્રેણિક મહારાજા વ. પરન્તુ સમ્યક્ત્વના બળે તેઓ નરકનાં દુઃખોને પણ સારી રીતે મઝેથી વેઠીને એવી નિર્જરા કરે છે કે જેનું વર્ણન ન થાય.. સંમકિત પામતાં પૂર્વે આયુષ્ય બંધાયું હોય એટલે ફેરફાર થાય નહિ. જીવને આયુષ્ય એક જ વાર બંધાય છે. બંધાયેલું આયુષ્ય ફરે નહિ.

આપણને ભગવાનનું શાસન મળ્યું છે તો તે ગમ્યું છે? શાસન ગમ્યું છે તો મુક્તિની ઇચ્છા થઇ છે? તમે બધા સંસારમાં બેઠા છો પણ મોક્ષના જ અર્થી છો ને? જે જીવ મોક્ષનો અર્થી હોય તેને સાધુપણાને પામવાનો ભાવ ન હોય તેમ બને? જેને મોક્ષે જવાનો ભાવ પેદા ન થાય અને આ સંસાર રહેવા જેવો છે તેવું ન સમજાય તેને સમ્યક્ત્વ પેદા થતું જ નથી. આ સંસારના સુખનો ગાઢ રાગ અને દુઃખ ઉપરનો ગાઢ દ્વેષ તે જ મોટી કર્મની ગાંઠ છે. તે ગાંઠ ન ભેદાય તો સમ્યક્ત્વ પણ થાય નહિ- સમ્યક્ત્વ ન થાય તો મોક્ષની તીવ્ર ઇચ્છા પણ થાય નહિ. તમે બધા મોક્ષની તીવ્ર ઇચ્છાવાળા છો? તમે બધા કર્મયોગે સંસારમાં બેઠા છો પણ સંસારમાં બેસવાની ઇચ્છા નથી– આવી દશા ન આવે ત્યાં સુધી સમ્યક્ત્વની પ્રાપ્તિ થઇ નથી. સંસાર ન છૂટી શકે તેવું બને પણ સંસાર છોડવાનું મન ન હોય તેમ બને ખરૂં?

આપણને ભગવાનનું શાસન મળ્યું છે તો આ સંસારનું સુખ ગમે છે? આ સુખમાં ફાવતું નથી ને? આ સુખમાં દુઃખ આવે તો યાદ આવે કે– પાપ કર્યું માટે દુઃખ આવ્યું છે તો તેને મારે મઝેથી ભોગવવું જોઇએ આવો ભાવ પેદા થાય છે? આવો ભાવ પેદા થાય તો તેને ધર્મનો સાચો પ્રેમી કહેવાય. આવો ભાવ પેદા ન થાય તો ભગવાન શ્રી અરિહંત પરમાત્મા સાચી રીતે ગમતા નથી.

શ્રી અરિહંત પરમાત્મા જ આપણા સાચા ઉપકારી છે. તેમણે કહ્યું છે કે–'આ સંસારનાં સુખમાં ફસતા નહિ, પાપથી દુઃખ આવે તો દુઃખમાં ગભરાતા નહિ. સુખને ફેંકી દેશો, ન ફેંકાય તો કર્મને ભોગવજો, દુઃખ મઝેથી ભોગવજો તો ધીમે ધીમે ધર્મની પ્રાપ્તિ થશે, સંસારથી છૂટી મોક્ષે પહોંચશો.

અનંતજ્ઞાનિની આ વાત ગમે છે? આવી સામગ્રીવાળો મનુષ્ય ભવ મળ્યો છે તો બહુ ગમી ગયો છે? તે ગમી ગયો તો સંસાર છોડવાનું મન થાય છે? આ મનુષ્ય જન્મ સાધુ થવા માટે છે તે યાદ આવે છે? આ મનુષ્યજન્મની મહત્તા તે માટે જ છે બાકી દેવલોકના સુખ આગળ મનુષ્ય લોકના સુખની કાંઇ કિંમત નથી. ખરેખર ધર્મ પામેલા જીવને જે આનંદ આવે, જે સુખનો અનુભવ થાય તે સુખ આગળ દેવલોકન સુખની

ય કશી કિંમત નથી શાસ્ત્રે કહ્યું છે કે– સમ્યકચારિત્ર પામેલો જીવ બાર મહિનામાં અનુત્તરના સુખને ય લંઘી જાય છે. સંસારમાં વધારેમાં વધારે સુખ અનુત્તર દેવલોકમાં છે. તો સાધુપણું જેને પરિણામ પામ્યું હોય તે જીવ તેના કરતા પણ વધારે સુખી હોય છે. આત્મિકસુખની વાત ચાલે છે. અહીં બેઠે બેઠે તેને મોક્ષના સુખનો અનુભવ થાય.

અહીંથી સીધા મોક્ષે જવાય તેમ નથી તો અહીંથી મરીને ક્યાં જવું છે? તમે કહો કે– અમે તેવો વિચાર જ કર્યો નથી. અહીં જવાનું નક્કી છે તો મારે ક્યાં જવું છે તે નક્કી ન કરે તો તે ડાહ્યો કહેવાય કે બેવકૂફ કહેવાય? જવાનું નક્કી છતાં મારે દુર્ગતિમાં નથી જવું અને સદ્ગતિમાં જવું છે અને સદ્ગતિમાં પણ એટલા માટે જવું છે કે ત્યાં મળેલ ધર્મ સામગ્રીનો સદુપયોગ કરી મુક્તિમાં જવું છે અને મુક્તિ નજીક બનાવવી છે. તેની સમજણ વગર જીવે તો તેને આ જન્મની કિંમત સમજાઇ નથી તેમ કહેવાય. તે તો દુનિયાનાં સુખ માટે ફાંફાં મારતો મારતો અગણિત પાપો કરતે કરતો નરકાદિમાં જશે. પછી ક્યારે આવો ભવ મળે તે જ્ઞાની જાણે! વખતે અનંતોકાળ પણ જાય. આવું જોખમ ખેડવું છે?

આ સંસારનું સુખ સંસારમાં જ રખડાવનારૂં છે. દુર્ગતિમાં લઇ જનારૂં છે માટે તેના ઉપરનો રાગ ઘટે નહિ તો સમજી લેવું કે આપણે સાચા સંજ્ઞી નથી., આપણું મત જ સંસારમાં ભટકાવશે. દુર્ગતિમાં લઇ જશે. તમે લોકો ભગવાનનાં મંદિરો બંધાવો છો પ્રતિષ્ઠાદિ કરાવો છો તે શા માટે કરાવો છો? આજે અહીં ભગવાનની પ્રતિષ્ઠા કરાઇ, પ્રતિષ્ઠા કરાવનારનું બહુમાન કર્યું તે શા માટે? ગઇ કાલે જ વાત કરી આવ્યા કે શ્રી જિનભક્તિ એ મુક્તિની દૂતી છે. તમને મંદિર જોઇને આનંદ થાય કે બંગલા કે વેપારના કારખાના જોઇને આનંદ થાય? મોટાં કારખાનાના ધણી મરીને મહાપરિગ્રહની ઇચ્છાવાળા હોવાથી તેમનું શું થશે તે કલ્પના થાય છે? તમે ય તેવા હો તો તમને ય ભય લાગે છે?

જૈનકુળમાં જન્મેલા અને જૈન સંસ્કાર મળે તેને ઘરમાં રહેવાનું ગમે નહિ. જેના ઘરમાં જૈન સંસ્કાર નહિ તે ઘર જૈન કહેવાતું હોય તો ય સાચું જૈન ઘર નથી. જૈનકુળમાં જન્મેલા નાના નાના છોકરા સારા સંસ્કાર પામ્યા હોય તો કહે કે 'મારે મોક્ષે જવું છે' અને તે માટે 'સાધુ થવું છે.' જૈનકુળમાં જન્મ્યો એટલે તેની ગાડી બદલાઇ ગઇ. તેની આ સંસારની, સંસારના સુખની ગાડી હોય નહિ, તેની મોક્ષની ગાડી શરૂ થઇ ગઇ. તમે બધા સાધુના પરિચયમાં છો, રોજ સાંભળવા મળે

છે કે–'આ સંસાર ભૂંડો છે, આ સંસારનું સુખ ભૂંડું છે, મોક્ષ જ મેળવવા જેવો છે' છતાં પણ આ સંસાર છોડવાનું મન ન થાય તો તે કેવો પાપોદય કહેવાય !

હવે એ વાત સમજાવી રહ્યા છે કે, ક્ષાયિક સમકિતના ધણી પણ ચારિત્ર પામી શકતા નથી તેથી નીચી ગતિમાં જાય છે.

સત્યકી કરીને એક વિદ્યાધર હતા, સમ્યગ્દૃષ્ટિ હતા. બહુ શક્તિસંપન્ન હતા. પણ પાપનો ઉદય એવો જોરદાર હતો કે વિષય વાસનાથી બહુ પીડાતા હતા કોઇનું અંતઃપુર ચોકખું રહેવા દીધું નથી. તેથી બધા વિદ્યાધરો કહેતા કે– આ પાપી અમારી જાતિમાં ક્યાંથી આવ્યો છે? એકવાર તે સત્યકી વિદ્યાધર શ્રી મહાવીર પરમાત્માની દેશનામાં આવ્યા છે ત્યારે ય બધા વિચારે છે કે– આ પાપી અહીં પણ આવ્યો છે? અવસર પામીને પૂછે છે કે– સત્યકી વિદ્યાધર સમ્યગ્દૃષ્ટિ છે કે મિથ્યાદૃષ્ટિ છે? ત્યારે ભગવાને કહ્યું કે તેસમ્યગ્દૃષ્ટિ છે! ત્યારે બધાના મોં નીચા થઇ ગયા છે. બધાને લાગે છે કે, ભયંકર પાપના યોગે જ તેને આવું પાપ કરવું પડે છે પણ તે કરતો નથી. ભાવો પણ સત્યકી મરીને નરકમાં ગયો છે.

તમે બધા ઘરમાં બેઠા છો તે હોંશથી નહિ પણ કર્મે તમને બેસાડ્યા છે તેમ કહું ને? માણસ જેલમાં રહે તે ઇચ્છાથી કે અનિચ્છાથી રહે? તમે તમારા બંગલાને જેલ માનો છો કે મહેલ માનો છો? બંગલાને મહેલ માને તે જૈન જ નહિ. જૈન તો બંગલાને જેલ જેવો માને છે.

સભા૦ : કેટલાકને જેલ પણ કોઠે પડી ગઇ હોય છે.

ઉ૦ : તમને ય જેલ કોઠે પડી ગઇ છે? એવા ય હરામખોર કામચોર જીવો હોય છે જે માને છે કે– રોટલાના ટુકડા ય જેલમાં તો મળશે. તમે તેમાંના છો?

તમે કહો કે, અમે બધા સંસારમાં ફસી ગયા છીએ, છોડી શકતા નથી. કર્મનું ભયંકર જોર છે ઘણો પૈસો સત્યાનાશ કાઢનારો લાગે છે, મોટો પરિવાર બંધનરૂપ લાગે છે. આ બધામાં જ જે રાજીપો માને તો તેને ભગવાનને ઓળખ્યા નથી, સાધુને સાચી રીતે સેવ્યા નથી, ધર્મ તો તે સમજ્યો જ નથી. તો અમે ઘર–બારાદિ છોડ્યા તે ભૂલ કરી ને? તમે અમારાં વાળ વગડાવો, ઊંચે બેસાડો તે ફજેતી કરો છો ને? તમે અમને ઊંચે બેસાડો છો તે જ સૂચવે છે કે– તમને અમારા જેવાનું મન છે. જો તમને આવું મન ન હોય તો તમે મહાઢંભી છો. ભગવાનને ય ઠગો છો, સાધુને ય ઠગો છો. ત્યાગ ગમ્યો હોય અને બહુમાન કરતા હો તો બરાબર છે પણ ત્યાગ ન ન ગમતો હોય તો 'ચઢ જા બેટા શુલીએ' એમ જ થયું ને? (ક્રમશઃ)

મહાભારતનાં પ્રસંગો

[પ્રકરણ-૩૦] —શ્રી રાજુભાઇ પંડિત

યાદવોનો મથુરા ત્યાગ

'હમણા નહિ, આ જનાર્દન, આ બલરામ અને આ આખા યાદવકુળની સાથે જ હું મારા પ્રાણેશને અંતિમ સંસ્કારની જલાંજલિ ધરીશ. એકલા મૃત્યુ પામેલા મારા પતિ કંસને હમણાં જલાંજલિ નહિ ધરૂ. આ કૃષ્ણ અને બલરામ સાથે યાદવો મારા પિતા જરાસંધથી ભાગી ભાગીને કેટલે સુધી જશે. યાદવો ! ભલે તમે ગમે ત્યાં જશો. પણ તમારૂં મોત બનીને જરાસંધ આવ્યા પછી. તમારૂં કોઇ રક્ષા–કવચ નહિ રહે. ન પાતાળ તમારૂ રક્ષણ કરી શકશે. ન આકાશ. આ ધરતી તો હવે તમારુ રક્ષા–કવચ રહી જ નથી.'

આવ્યો જનાર્દન ગોવિંદે રંગમંચમાંથી કંસના મડદાને માથાના વાળથી પકડીને બહાર ફેંકી દીધું હતું.

યાદવ કુળમાં આનંદ–કિલ્લોલ હતો. ખુદ કંસના પિતા રાજા ઉગ્રસેનને પણ ઉચ્છૃંખલ રાજ્ય શાસનના શાસક સગા પુત્રના મૃત્યુથી ખુશી જ થઇ હતી. કારાવાસમાંથી ઉગ્રસેન રાજાને મુકત કરીને મથુરાની ગાદીએ સ્થાપન કરાયા હતા.

બીજી તરફ પોતાના પ્રાણેશ કંસના હિચકારા મૃત્યુથી દુઃખી દુઃખી થઇ ગયેલી કંસની પત્નીઓ કરૂણ વિલાપ કરતી કરતી જીવયશા પટ્ટરાણીની સાથે કંસના શબ પાસે આવી પહોંચી. પ્રાણથી વિખૂટુ પડી ગયેલું નિશ્ચેષ્ટ, વિખરાયેલા વાળવાળું બિહામણું અને ધૂળથી રગદોળાઇ ગયેલું કંસનું મડદુ જોઇને કંસની રાણીઓ છાતીફાટ કરૂણ રૂદન કરવા લાગી.

આખરે કંસના શબનો અંતિમ સંસ્કાર કરવામાં આવ્યો. જલાંજલિ આપવાના અવસરે જીવયશાએ યાદવો તરફના સળગતા રોષથી પોતાના પતિ કંસને નિવાપાંજલિ= જલાંજલિ ના ધરી તે ના જ ધરી. અને પ્રતિજ્ઞા કરી કે–આ કૃષ્ણ, બલરામ અને યાદવોના મડદા પાડયા પછી જ હું મારા પ્રાણેશ કંસને તે બધાંની સાથે જલાંજલિ ધરીશ. ત્યાં સુધી હું યાદવોના હરએક મડદાને જલાંજલિ નહિ ધરૂ ત્યાં સુધી મારા પ્રાણેશને સાચી જલાંજલિ ધરી નહિ શકું. હરણા જેવા આ યાદવો સળગતા દાવાનલ જેવા મારા ત્રણ ખંડના સ્વામી પિતા જરાસંધથી ભાગી ભાગીને કયાં સુધી જીવતા રહી

શકશે ? હું અહીં મથુરાથી મગધનાથ સુધી પહોંચી નથી ત્યાં સુધી જ હે યાદવો ! લેવાય તેટલા શ્વાસ લઇલો. મારા ત્યાં પહોંચ્યા પછીને તમારો હરએક શ્વાસ મારા હાથમાં હશે. હવે તમારૂં ભવિષ્ય મારા હાથમાં છે.'

આ રીતે કંસરાણી જીવયશા બેફામપણે બોલી રહી હતી ત્યારે સમુદ્રવિજયાદિ રાજા રોષાયમાન થઇ ઉઠયા. અને બોલ્યા છે–'આવા અંતિમ સમયની અંજલિના સમયે તે મગધરાજ જરાસંધની પુત્રી આવું બેફામપણે શા માટે બોલે છે ? જે કંઇપણ તેણે કહેવું હોય તે હમણા જ જઇને તેના પિતાને જણાવે.'

આ રીતે રાજાની અવજ્ઞાભરી વાણી સાંભળીને હવે પિતા પાસે જવા અતિ ઉત્સુક બનેલી તે તરત જ ગ્રામ–નગરોને ઉલ્લંઘીને પિતા પ્રતિવાસુદેવ જરાસંધ પાસે પહોંચી ગઇ.

જીવયશા રાજગૃહી–મગધદેશ તરફ ગયાના સમાચાર મળતા જ આ તરફ ડરી ગયા હોવા છતાં નીડરપણે રાજા સમુદ્રવિજયે પોતાના હરેક યાદવોને પોતાની પાસે મથુરા બોલાવી લીધા. અને પછી એક નૈમિત્તિકને બોલાવીને પૂછયું કે–'હવે તો જરાસંધ જેવા મહા બળવાન પ્રતિવાસુદેવ સાથે વિરોધનો વિગ્રહ ફાટી નીકળે તેમ છે તો હવે પછી અમારે શું કરવા યોગ્ય છે ? જરાસંધ સામે યુદ્ધ છેડાય તો યુદ્ધ કરવું કે નહિ ?

નૈમિત્તિકે કહ્યું–રાજન્ ! તમારે ગભરાવાની કોઇ જ જરૂર નથી કેમકે તમારા આ બે પુત્રો કૃષ્ણ અને બલરામ ભરતાર્ધની સમૃદ્ધિના ભોગવનારા વાસુદેવ તથા બળદેવ છે. પરંતુ હાલના સંયોગોમાં આ મથુરા છોડીને તમારે જલ્દીથી પશ્ચિમ સમુદ્રના કિનારા તરફ ચાલ્યા જવા વધુ ઉચિત છે. ત્યાં પશ્ચિમ સમુદ્રના કિનારે રહેતા કૃષ્ણ વાસુદેવની પત્ની સત્યભામા જે સ્થળે બે પુત્રોને જન્મ આપે તે સ્થળે તમારે નગર વસાવીને રહેવું.

નૈમિત્તિકનું ઉચિત બહુમાન કરીને તેનું વિસર્જન કરીને રાજા સમુદ્રવિજય કુશાર્ત (શૌર્ય)પુર તથા મથુરા નગરીના હરેક નગરજનોને સાથે લઇ પશ્ચિમ સમુદ્રના તટ તરફ પ્રયાણ કર્યું. પ્રયાણ સમયના શુભ શકુનોથી રાજા આદિ અત્યંત હર્ષ પામ્યા.

પ્રયાણ કરતા કરતા આખરે પશ્ચિમ દિશા તરફના લવણ સમુદ્રના કિનારે હરેક યાદવો આવી ગયા. નૈમિત્તિકે જણાવેલું સ્થળ આવી ગયું હતું. અહીં સત્યભામાએ બે પુત્રોને જન્મ આપ્યો. ત્યારબાદ નૈમિત્તિકના આદેશથી જ કેશવ–કૃષ્ણે લવણસમુદ્રના સ્વામીને ઉદ્દેશીને અટ્ઠમતપ કર્યો. તપના પ્રભાવથી ભેટણા સાથે લવણાધિપતિ હાજર થયા અને શ્રી કૃષ્ણને પોતાને યાદ કરવાનું કારણ પૂછયું. શ્રીકૃષ્ણે એક નગરી વસવાટ માટે બનાવવા કહેતા તરજ લવણાધિપે ત્યાં સુંદર–રમણીય/નિસર્ગરમ્ય સ્થળમાં દ્વારામતી નામની નૂતન નગરી તૈયાર કરી દીધી. (જે હાલ દ્વારકા નામે ઓળ-

આતી રહી છે) ઇન્દ્ર મહારાજાના આદેશથી કુબેરે આખી નગરીને ધન-ધાન્યથી પૂર્ણ ભરી દીધી, જે દિશા સૂર્યને અસ્ત પમાડે છે તે જ પશ્ચિમ દિશામાં યાદવોનો ઉદય થતો હતો

આ નૂતન દ્વારવતી નગરીમાં કેશવ તથા બલદેવ નેમિકુમાર સાથે સ્વેચ્છા મુજબ વિહરવા લાગ્યા. સુખેથી સમય પસાર કરવા લાગ્યા.

આ તરફ હસ્તિનાપુરમાં કુંતીદેવીએ યુધિષ્ઠિરને જન્મ આપ્યો હતો. તે યુધિષ્ઠિર પણ હવે ધીરે ધીરે ધાવમાતાઓ વડે લાલન-પાલન કરતો સુખેથી ઉછરી રહ્યો હતો.

[પાંડુચરિત્ર સર્ગ-૨ પૂર્ણ] [ક્રમશઃ]

[પ્રકરણ ૭ થી ૩૦ સુધી સર્ગ-૨. તેમાં પ્રકરણ ૧૩ થી ૨૩ નળ-દમયંતી ચરિત્ર ત્રિષષ્ટિમાંથી લીધેલ છે.]

—: શ્રી સમ્યગ્દર્શન પદનું સ્વરૂપ :—

સમ્યગ્દર્શન વિના શ્રી સિદ્ધિપદની પ્રાપ્તિ નથી. તે આત્માનો મૂળભૂત ગુણ છે. શ્રી જિનેશ્વરદેવના વચન ઉપર અવિહડ પ્રેમને જાગ્રત કરનાર પણ તે છે. અને સંસારમાં પણ મોક્ષસુખની અનુભૂતિ કરાવનાર તે છે. તેથી જ સમ્યગ્દૃષ્ટિ આત્માને ઋદ્ધિસિદ્ધિથી ભરપૂર દેવલોક પણ તુચ્છ ભાસે છે. એના જીવનની કોઇપણ પ્રવૃત્તિ અનાયાસે પણ આજ્ઞાથી વિપરીતપણે થઇ ન જાય તેની તે આત્મા સતત કાળજી રાખે છે. વિરતિ ધર્મ પ્રત્યે તેનો રાગ એટલો બલવત્તર બની જાય છે કે એ રાગના યોગે વિરતિ વિનાનું જીવન તેને માટે રસહીન બની જાય છે. તેથી જ અનંત ઉપકારીઓએ સમ્યગ્દર્શનને ધર્મવૃક્ષના મૂળ તરીકે, ધર્મપુરના પ્રવેશદ્વાર તરીકે, ધર્મરૂપ પ્રાસાદના પીઠ તરીકે, ધર્મ રૂપ જગતના આધાર તરીકે, ઉપશમ રસના ભાજન તરીકે અને ગુણરત્નોના નિધાન તરીકે વર્ણવ્યું છે. વળી શુદ્ધદેવ, શુદ્ધગુરૂ અને શુદ્ધ ધર્મરૂપ તત્વ સંપતિની શ્રદ્ધાને પણ સમ્યગ્દર્શન કહ્યું છે. આથી જ અનંતજ્ઞાનીઓ સમ્યગ્દર્શન વિનાના જ્ઞાનને અપ્રમાણ તરીકે અને ચારિત્રને કાયકષ્ટ-નિષ્ફલ તરીકે ભારપૂર્વક જણાવે છે.

આ ગુણની પ્રાપ્તિ વિના સંસાર સાગરના નિસ્તારની આશા કોઇપણ રીતિએ કોઇની પણ ફળી શકે તેમ નથી આથી જ 'શ્રી જૈન દર્શનને પામ્યા વિના કોઇપણ આત્મા મુક્તિપદને પામે જ નહિ.' એમ કહેવામાં અચકાવાને કાંઇ જ કારણ નથી. આ વાત કોઇપણ વિચારક આત્માને અતિશયોક્તિ ભરેલી લાગે તેમ નથી અને અભિનિવેશવાળાને રુચે તેમ પણ નથી. આવા સમ્યગ્દર્શન ગુણને અમે નમીએ છીએ.

卐 ધર્મના વાયદા શા માટે? 卐

—શ્રી વિરાગ

ધર્મના રંગે રંગાયેલા વર્ષાબેન નિત્ય દેવદર્શન–પૂજન–સુગુરૂઓને વંદનભક્તિ અને દિવસ–રાતના લાગેલા પાપોના પ્રાયશ્ચિત રૂપે આવશ્યક ક્રિયાઓ કરતાં હતા. સહેલીઓની સાથે અનેક તપ–ત્યાગ કરતાં વર્ષાબેન અનેરો આનંદ લુંટાવતા હતા. અચાનક વર્ષાબેનના લગ્ન મિ. પ્રકાશકુમાર સાથે ગોઠવાઇ ગયા. સાસરે આવ્યા પછી આ જ નિત્યક્રમ ચાલુ હતો પરંતુ સાથે હળીમળીને જે ભક્તિ થતી–કરાતી હતી તેવી ભક્તિનો આનંદ સાસરે ન હતો. એકલાં અટુલાં વર્ષાબેન દેવ–ગુરૂ અને ધર્મની ભક્તિમાં અનેરો આનંદ લાવવા માટે અવારનવાર પતિદેવને પણ વિનંતી કરતાં પરંતુ મિ. પ્રકાશકુમાર તો ધર્મપત્નિથી સાવ વિપરીત જ હતા તેઓનું ચિત્ત સામાજીક કાર્ય તરફ વળેલું હતું.

ધર્મપત્ની વર્ષાબેન હંમેશ કહેતા કે આજે દિવાળી, જ્ઞાનપંચમી, મૌન એકાદશી મોટી પૂનમ, શાશ્વતી ઓળીના દિવસો, પર્યુષણ પર્વના દિવસો, સૌને ક્ષમા આપવાનો દિવસ એટલે ક્ષમાપના મહાપર્વ વગેરે વગેરે દિવસો આવ્યા છે. વળી સુગુરૂઓની આજે પધરામણી થવાની છે, ચારે માસ આરાધનાની હેલીઓ વર્ષે. આજે જિન મંદિરમાં અદ્‌ભુત શણગાર સાથે શ્રી દેવાધિદેવની ભવ્યાતિભવ્ય લાખેણી અંગરચના થશે. ચાલોને આપણે સાથે જઇને આપણા હૈયાને હેલે ચઢાવીએ.

મોઢું બગાડતા મિ. પ્રકાશકુમાર કાંઇક ને કાંઇક બાનુ પરખાવી દેતાં. ધર્મપત્નીની વાત ટાળતા પતિદેવ બોલતા આજે મારે અરજન્ટ કામ છે ઓફીસની આજે મીટીંગ છે. અહીંયા જવાનું છે ને ત્યાં જવાનું બાકી છે. આજે આ રાજકારણીને મળવાનું છે આ સામાજિક કાર્યમાં હાજરી અચુક આપવાની છે. શા માટે તું આજનો મોહ રાખે છે? પરમાત્મા ક્યાં ભાગી જવાનાં છે. તેઓનો તો આપણે સીમેન્ટ લગાડીને ચીટકાડી દીધાં છે તેઓ પોતાના સ્થાનથી એક ડોરાવાર પણ ખસવાના નથી અને ગુરૂ ભગવંતો તો આજે જ આવ્યા છે ને! જરા, થાક તો ઉતારવા દે. થાક્યા પાક્યા હોય ને આપણે જઇએ તો એમને આરામ ક્યાંથી મળે. આરામ કરી લે અને વ્યવસ્થિત ગોઠવાઇ જાય પછી હું ક્યારેક જઇ આવીશ, દર્શન-વંદન અને પૂજન કરીને પ્રવચન સાંભળી લઇશ.

બસ, રાજી. હમણાં તો યુવાનીમાં સામાજિક કાર્યો, મીટીંગો અને લોકોની

સેવા કરીએ તો મેવા ખાવા મળે નહીંતર આટોય ફાંકવા ન મળે. રાજકારણીઓ સાથે હરીએ–ફરીએ તો આપણું બ્લીસ્સું ગરમ રહે. જો યુવાનીમાં ધર્મ કરવા બેસીએ તો આવા કાર્યો કાંઇ ઘડપણ ન થાય. ધન–દોલતથી ભરપૂર હોઇએ તો ઘડપણમાં ધર્મ કરવાનું મન થાય.

આવી અવળી વાણી સાંભળતા જ ધર્મપત્ની વર્ષાબેનનું લોહી ગરમ થઇ જતું. કાંઇક ચોપડાવી દેવાનું મન પણ થઈ જતું. પરંતુ કહે અને કરે પણ શું ? મૌન થઇ પોતાને કાંઈ લાગી જતાં. વર્ષાબેન મનોમન વિચારતાં કે ચોક્કસ 'એક દિવસ ચમત્કાર બતાવીશ ત્યારે જ નમસ્કાર કરવા જશે.'

ધીરતા પૂર્વક અવસરની રાહ જોતાં વર્ષાબેનના પતિદેવ એક દિવસ બિમાર પડી ગયા. ભયંકર બિમારી એકાએક લાગુ પડી ગઇ. બિમારીને કારણે હેરાન–પરેશાન થયેલાં મિ. પ્રકાશકુમારને ઉંઘ પણ નથી આવતી. અને દુઃખ પણ સહન થતું નથી. મખમલની પથારી પણ અત્યારે તેઓને ખૂંચવા લાગી. પથારીમાં પડયા પડયા પત્નીને કહેવા લાગ્યા.

અલી જા, જલ્દી ડોકટર બોલાવી લાવ. હું ઘણો હેરાન–પરેશાન થાઉં છું. મારાથી હવે સહન થતું નથી ઓ–બાપરે, ડોકટર આવશેને એકાદ ગોદો (ઇંજેકશન) આપશે એટલે આરામ થઇ જશે. હાશ, શાંતિનો કાંઇક અનુભવ થશે. માટે જા જલ્દી ડોકટર બોલાવી લાવ.

ઘરનું કામ પડતું મૂકી ધર્મપત્ની વર્ષાબેન પતિદેવ પાસે આવી પહોંચ્યા. કાંઇ આશ્વાસનને બે શબ્દો સંભળાવતાં અને કાનેથી ખંખેરી નાખતા વર્ષાબેન પાછા રસોડામાં આવ્યા.. કાર્ય કરતાં વાસણોનો ખખડાટ થવા લાગ્યો. તે સાંભળી પતિદેવ ફરીથી બોલી ઉઠયા.

અલે, એય રસોડામાં શું કરે છે ? જાણે બેહરી થઇ ગઈ લાગે છે. મારી વાત કાને અડતી જ લાગતી નથી. ફરીથી રસોડામાં ઘલાઇ બેઠી. કોણ અત્યારે જમનાર છે. રસોઇ પડતી મુક. જા, દોડ જલ્દી ડોકટર બોલાવી આવ. મારી હાલત તો જો.

ધીમે પગલે પતિદેવ પાસે આવતી અને વાળ ચંપાળતી ધર્મપત્ની ધીરે રહીને બોલી, 'વ્હાલા પતિદેવ ! આપ સાને ચિંતા કરો છો ? ડોકટરને બોલાવવા છે ને? બોલાવીશું આવતી કાલે બોલાવીશું. શું ઉતાવળ આવી છે. ઓલા જોશીડાએ જોષ જોયા છે કે જીવન ઘણું લાંબું છે.

ત્યાં જ મિ. પ્રકાશકુમારનું બોઇલર ફાટયું અને બરાડી ઉઠયા. તું તે કેવી છે ?

હું આજે હેરાન–પરેશાન થાઉં છું ને તું આવતી કાલની વાત કરે છે. આવી હાલતમાં જો રાત પસાર થશે તો કદાચ ડોક્ટર મને તપાસશે કે કેમ તે પ્રશ્ન છે ? જા, જલ્દી ડોક્ટર બોલાવી લાવ અને બોટાં રૂપિયાની માફક ડોક્ટરને લઇને જલ્દી પાછી આવ.

અધીરા બની ગયેલા પતિદેવને જોઇને વર્ષાબેન બોલ્યા, શું તમારા સિદ્ધાંતનું શિર્ષાસન કરાય ખરા ? મેં આપનો સિદ્ધાંત અપનાવ્યો છે ? આપની જ રીત અજમાવી છે ! હું હરહંમેશ કહેતી હતી કે રોગ, ઘડપણ અને મૃત્યુ કયારે આવશે તેની ખબર નથી. ભેટવા આવેલ આ ત્રિપુટી આપણા મનને અસમાધિમય બનાવી દે છે. માંકડા મનને સ્થિર કરવા માટે ધર્મ–ધ્યાન કરવું જોઇએ. ત્યારે આપ શ્રીમાન્ મોઢું મચકોડતા હતા. ઉંમર ઘણી લાંબી છે. ઘડપણમાં ધર્મારાધન કરીશું, આજે જ શા માટે, ગમે ત્યારે કરીશું. આજ આપશ્રીના સિદ્ધાંતને આગળ કરીને હું પણ કહું છું છું કે શું ઉતાવળ છે ? આજ ને આજ શા માટે ડોક્ટર બોલાવો છો ? કાલે કે અવસરે ડોક્ટર બોલાવીશું.

બરાબરને, આપણી પણ હરહંમેશની હાલત આવી જ છે. ધર્મનું કોઇપણ કાર્ય કરવામાં આપણે નિરુત્સાહી છીએ અને શરીરનું કોઇપણ એન્જીન બોટકાય, કે અન્ય કોઇ કાર્ય હોય તો આપણે તે કાર્ય કે કામ કરવા ઉત્સાહી બનીયે છીએ પરંતુ તે બોટું છે. ધર્મનું કોઇપણ કાર્ય કાલ ઉપર રાખવા જેવું નથી.

કર્મે સુરા તે ધર્મે સુરા કયારે બન્યા જ્યારે તેમને તેમની આકતનું શિર્ષાસન કર્યું ત્યારે !

પ્રભુ ! દૂર કરો અંધારું —પૂ. મુ. શ્રી મોક્ષરતિવિજયજી મ.

હે પ્રભુ ! 'તું તારે કે ના તારે તારો સાથ ના છોડું' એવું હું સાચેસાચ કહું છું હોં. ઘરે જે હું કોઇકને કહું છું કે 'તું મારે કે પંપાળે તારો સાથ ના છોડું' એ બધું તો નાટક છે નાટક. સંસારમાં છું એટલે એવું કહેવું પડે છે...મને કોઇ ઠગભગત કે બગભગત તરીકે બોળખાવે ત્યારે તું સાચું નહીં માની લેતો હોં !

હે પ્રભુ ! શત્રુ પણ સુખી બને–એવું ચિંતવવાનું જણાવતો તારો ઉપદેશ મારે માટે સાવ નકામો છે. કારણ કે હજુ તો હું મારા મિત્રને પણ મારાથી વધુ સુખી થતો જોઇ શકતો નથી...

*

❋ મનનીય માર્ગદર્શન ❋

—પૂ. આ શ્રી વિ. રામચંદ્ર સૂ. મ.

[વિ. સં. ૨૦૪૨ ના ફાગણ વદિ–૨ થી ફા. વદ ૯ સુધી
ગોપીપુરા–સુરતમાં આપેલ પ્રવચનમાંથી સંકલિત]

જૈનકુળમાં જન્મેલો જીવ, તેનું ચાલે તો ઘર માંડે જ નહિ. આઠે વર્ષે સાધુ થાય. સાધુ ન થઇ શકે તેને માટે ભાવ શ્રાવકપણું છે તે ય તમે પામ્યા છો ? શ્રાવકના ય વ્રતો સ્વીકાર્યા છે ? સમ્યક્ત્વનો ય સ્વીકાર કર્યો છે ?

પ્ર૦ : સમકિતી જીવની ઓળખ શું ?

ઉ૦ : તેને દેવલોકમાં મૂકો તો દેવલોકનેય જેલ માને તો તમારા બંગલા–બગીચામ પડયું શું છે ? તેને બંગલા–બગીચા, સુખ–સાહ્યબી–સંપત્તિ, લાખ્ખો–કરોડો, રાજ–રિદ્ધિ આદિ કાંઈ ન ગમે, માત્ર ભગવાનનું સાધુપણું જ ગમે, તેને સાધુપણા વિના જગતની કોઇ ચીજ ગમે નહિ, રાખવી ગમે નહિ, ભોગવવી ય ગમે નહિ. કમનશીબે ભોગવવી પડે તો ભોગવતા ભોગવતા તેને રાખનારા કર્મોનો ભુક્કો બોલાવી દે. સમકિતી એટલે જલ્દી મોક્ષે પહોંચવાની ભાવનાવાળો જીવ ! સંસારની બધી સામગ્રીને બંધનરૂપ માનનારો જીવ !

પ્ર૦ : આપ સમકિતની વ્યાખ્યા ફેરવો તો ઘણા સમકિતી બની જાય.

ઉ૦ : કિંમતીમાં કિંમતી ચીજ કદિ સોંઘી હોય જ નહિ. જે ચીજ કિંમતી હોય તે મોંઘી જ હોય. મોંઘી ને સોંઘી બનાવે તેના જેવો જગતમાં બેવકૂફ બીજો નહિ.

પ્ર૦ : કઠીન માર્ગ ગ્રહણ કરવા શરૂઆત તો સરળ માર્ગની હોવી જોઇએ ને ?

ઉ૦ : આ જ સરળ માર્ગ છે. સંસારના સુખને બરાબરમાં બરાબ માને, લાત મારવા જેવું માને અને તાકાત હોય તો છોડી દે. દુઃખ આવે તો માને કે મેં ભૂલ કરી માટે દુઃખ આવ્યું છે તો તેનું સ્વાગત કરવું જોઇએ, મજેથી વેઠવું જોઇએ સુખ મેળવવા અને દુઃખ કાઢવા બીજા પાપ તો કરાય જ નહિ.

પ્ર૦ : બીજું સમજાવતા હો તો ?

ઉ૦ : શ્રી જિનને માને, શ્રી જિને જે કહ્યું તે જ સાચું અને શંકા વિનાનું છે આમ માનનારને, આ માનવામાં શું વાંધો છે ? અનંતા શ્રી અરિહંત પરમાત્માએ આ સંસારના સુખને ભૂંડું કહી ગયા છે. હિંસાદિ પાપ કરાવનાર આ સુખ અને

પૈસા વિના બીજું કાંઇ છે નહિ તેમ શ્રી અનંતા અરિહંત પરમાત્માઓ કહી ગયા છે તે ન માને તેને બીજું શું સમજાવાય ? આ સીધી વાત છે. દુઃખ મેં બોલાવ્યું માટે આવ્યું છે. દુઃખ પાપ કર્યું તેને જ આવે. સુખની ઇચ્છા વિના પાપ થાય ? થાય ? પાપ કરી કરીને દુઃખને બોલાવો અને તે દુઃખ આવે તો મોં બગાડો તે બેવકૂફી કહેવાય કે બહાદૂરી કહેવાય ? માટે સમજો કે આ માર્ગ સીધોસટ છે.

તમે બધા ભાગ્યશાળી છો. માટે કુતર્કોમાં પડો નહિ. સમજવા માટે પ્રયત્ન કરો. દુનિયાના સુખનો અને પૈસાનો મોહ છે માટે પાપ થાય છે. મોહની સામે થઇ જીવતા શીખો. શક્ય હોય તો સાધુ થાવ. તે ન થવાય તો સારા શ્રાવક થાવ. દુશ્મનને ય થાય કે આ ખોટું કામ કદિ ન કરે. આપણે જન્મ્યા છીએ રોઇને પણ મરવું છે હસીને. મરવાનો અભ્યાસ કરો તે જ સાચું જીવન આ જ સરળ માર્ગ છે,

આવો સારો જન્મ મળ્યો છે તો મોહની આજ્ઞા મજેથી ઉઠાવીએ અને ભગવાનની આજ્ઞા શું છે તે સમજવાની ઇચ્છા પણ ન થાય તો કેવા કહેવાઇએ ?

આજે તમે અમારો ધર્મ ભૂલાવ્યો. સાધુઓને પાયમાલ કર્યા. જે અમારા માટે અધર્મ હતો તે અમને કરતા કર્યા. તમારે ઘરનો પૈસો ખરચવો નથી. સાધુ કરે ને સાચવે. આજની આ હાલત છે.

પ્ર૦ : સાધુ મંદિર બંધાવે તે અધર્મ કઇ રીતે ?

ઉ૦ : મંદિર બાંધવું તે અમારે માટે પાપ, તમારે માટે ધર્મ. અમારી પ્રતિજ્ઞા સમજો છો ને ? કોઇપણ સાવદ્ય કામ અમારાથી થાય નહિ.

પ્ર૦ : પ્રશસ્ત ન કહેવાય ?

ઉ૦ : જરાય નહિ. પછી તો તમારા ઘર બાંધી આપે તો ય તમે રાજી થાવ તેમાંના છો. 'સાધુઓ સમાજનું ખાય છે તો સમાજનાં કામ કરી આપવા જોઇએ.' તેમ બોલનારા પાક્યા છે.

મોહની આજ્ઞામાં આખું જગત હોય પણ આજનો શ્રાવક સંઘ પણ તેની આજ્ઞામાં છે તે દુઃખદ છે. તેને કોઇને ખોટાં કહેવા નથી. બધા જ સરખા. સાચા–ખોટાની પરીક્ષા ય કરવી નથી તે કેમ ચાલે ?

પ્ર૦ : શ્રમણ પ્રધાન સંઘ છે. શ્રમણો એક એક સૂત્રના જુદા જુદા અર્થ કરે તો અમારે શું કરવું ?

ઉ૦ : તમે અભણ કેમ રહ્યા ? સૂત્રના અનંતા અર્થ થાય છે. આ બાપ છે તેમ કહું તો તેનો દીકરો બતાવવો પડે. આ કાકો છે તો ભત્રીજો બતાવવો પડે. શાસ્ત્રના અર્થો અપેક્ષા પૂર્વક થાય. ગપ્પા કદિ મરાય નહિ. ખરેખર ભણેલો તો શાસ્ત્રના વિપરીત અર્થ કરે નહિ અને અપેક્ષા વિના અર્થ કરે તો તે ભણેલો નથી. તમારે કશું

સમજવું નથી અને બોલ બોલ કરો છો.

આજનો મોટોભાગ મોહની આજ્ઞામાં પડયો છે. તેને ભગવાનની વાત સમજવાની કે સાંભળવાની પણ ઇચ્છા નથી. આ સંસારમાં જે કરું છું તે બોટું છે, કરવા જેવું નથી તેમ પણ લાગતું નથી.

પ્ર૦ : આપ વર્ષોથી વ્યાખ્યાન કરો છો. લાભ ન થયો તો લાગતું નથી કે શૈલી બદલવી જોઇએ.

ઉ૦ : ના. જરાય બદલાય નહિ. ભગવાન શ્રી મહાવીર પરમાત્માની પહેલી દેશના ખાલી ગઇ. કેમ ? સર્વવિરતિને લાયક કોઇ જીવ ન હતા માટે. પણ દેશના ન બદલી. જીવનભર એકની એક વાત કરી. ભાગ્યશાળી હોય તે સાંભળે. **અમે ભગવાનનું કહેલ કહેવા બેસીએ છીએ. તમને ગમે તે કહેવા બેસતા નથી. અમે ભાટ-ચારણ નથી. તમને ગમે તે બોલે તે તમારો હિતશત્રુ છે, ભલું કરનારો નથી. તમને ગમે કે ન ગમે પણ ભગવાનને કહેલું જ બોલે તે આ પાટ પર બેસવા લાયક છે.** મરજી મુજબ બોલવું હોય તેને ઓઘો મૂકી દેવો જોઇએ. આ શ્રી સુધર્માસ્વામિજી ભગવાનની પાટ છે. જેમ તેમ બોલાય નહિ.

ડાહ્યા થાવ. આ સંસાર ભૂંડો છે તેમ માનતા થાવ. આ સંસારમાં કશું આપણું નથી. આ શરીર પણ આપણું નથી. તો પછી કુટુંબ-પરિવાર, પૈસા-ટકા, ઘર-બારાદિ કયાંથી તમારા હોય ? તમારા કુટુંબમાં તમારા આત્માની ચિંતા કોઇને છે ? તેમ તમે પણ તમારા કુટુંબમાં કોઇના આત્માની ચિંતા કરો છો ? આત્માની ચિંતા ન કરે અને માત્ર શરીરની, પૈસા-ટકાદિની જ ચિંતા કરે તે બધા મોહની આજ્ઞામાં કહેવાય. આ કાળમાં તો ચાલે તો બજારમાં ય જવા જેવું નથી. આજના બજાર કેવાં છે ?

પ્ર૦ : કાયદા ઘણા છે. વૃદ્ધ બાપ અનુભવી હોય તો તેમની જરૂર પડે ને ?

ઉ૦ : શ્રી જૈન શાસન કહે છે કે ભગવાનની આજ્ઞા મુજબ જીવે તેને રાજનો એક કાયદો નડે નહિ. અમારા પર એક કાયદો લાગતો નથી. મને કોર્ટમાં લઇ ગયા છે તો પાછો આવ્યો છું. રાજના દિવાને પૂછેલ કે-દીક્ષા કેમ આપી ? મેં કહેલ કે, મેં આપી નથી, તેને માગી માટે આપી. તે કહે કે, શી રીતે આવું બને ? મેં કહ્યું કે, પૂછો એને. તે કહે નહિ કે મને મૂંડો, ત્યાં સુધી અમે મૂંડીએ નહિ. દિવાને કહ્યું કે, આ સાધુ હોંશિયાર છે. ત્યારે આગેવાન શ્રાવક શેઠિયાએ કહેલ કે, સાધુ હોંશિયાર હોય તે કલંક નથી પણ ચોર તો નથી ને ? તમે ભગવાનની આજ્ઞા મુજબ જીવતા શીખો તો રાજનો એક કાયદો લાગુ ન થાય. ભગવાનની આજ્ઞાને સમજાવવા માટે વ્યાખ્યાન છે. તે સમજીને જીવશો તો કલ્યાણ થશે.

હૃદય, કિડની અને આંખ જેવા અંગોનો ગેરકાયદે વેપાર

ભારતમાં ફૂલ્યોફાલ્યો છે.

જે કોઈ વ્યક્તિનું હૃદય, કિડની કે આંખ જેવા અંગો નબળા પડી જાય, તો તેને સ્થાને સારા-સબળા અંગોની રોપણી કરવાનું કાર્ય આમ તો વર્ષોથી ચાલ્યું આવતું જોવા મળે છે, પણ તાજેતરના મહિનાઓમાં નબળા અંગોને સ્થાને સબળા અંગોની રોપણી કરવાની શસ્ત્રક્રિયાઓ અનેક ખાનગી તેમજ સરકારી હોસ્પિટલોમાં સારા પ્રમાણમાં થઇ રહી છે. તેમાંય ખાનગી હોસ્પિટલોમાં શ્રીમંત બિમાર દર્દીઓ દ્વારા આવી શસ્ત્રક્રિયાઓને ખૂબ જ પ્રાધાન્ય અપાય છે. માત્ર પૈસા હોવા જરૂરી છે ચોકકસ કિંમત ચૂકવો અને નબળા અંગોને સ્થાને સબળા અંગો મેળવો.

ભારતભરમાં આવા અંગોની બેન્કો ખુલેલી જોવા મળે છે, અને આવી બેંકોમાં હૃદય, કિડની અને આંખ જેવા અંગો મેળવવા માટે ગરીબ લોકોને પૈસા તથા લાલચ આપવામાં આવે છે.

આવા અંગો મેળવવા માટે તબીબી નીતિનિયમોને બાજુ પર મૂકી, વેનકેન પ્રકારે ગરીબ લોકોને ફસાવી અનેક તબીબો આચરતા હોવાના અસંખ્ય કિસ્સાઓ બહાર આવ્યા હોવાનું જણાવવામાં આવ્યું છે.

અખાતના દેશમાંથી આવેલા શ્રીમંત આરબો કે અન્ય વિદેશીઓ પોતાના નબળા અંગોને સ્થાને સબળા અંગોની રોપણી કરવા ભારતને વધુ પસંદ કરે છે તેવો એક અણસાર તાજેતરમાં હાથ ધરેલા અભ્યાસમાં મળતો હતો.

ભારતમાં અમુક વિસ્તારોમાં ગરીબ અને અભણ લોકોને અંધારામાં રાખી, તેમની પર શસ્ત્રક્રિયા કરવામાં આવે છે અને અમુક પૈસા આપી તેમની કિડની કાઢી લેવાય છે. આવી શસ્ત્રક્રિયાઓ અનેક ખાનગી ડોકટરો દ્વારા થતી હોય છે.

આય બેન્ક એસોસીએશન ઓફ ઇન્ડિયાના મહામંત્રી ડો અનિતા પંડયાએ જણાવ્યું હતું કે અનેક એવા લોકો છે કે જેઓ પોતાની ચક્ષુઓનું દાન નથી કરતા સગાવહાલા પાસે નથી કરાવતા. આવા દાનથી અનેક અંધજનોને નવી દ્રષ્ટિ મળી શકે તેમ છે. પરંતુ આ માટે તેમને તેમનો ધર્મ કે સમાજના બીજા નીતિનિયમો નડે છે, જ્યારે બીજી બાજુ અનેક ગરીબોના સારા સારા અંગોને લેભાગુઓ ખરીદી લેતા જોવા મળે છે. અનેક એવા લોકો પણ છે. જે સાચે સાચ દયાથી પ્રેરાઇને પોતાના કુટુંબીજનોને કિડની કે આંખ જેવા અંગો દાન કરે છે. પણ મોટે ભાગે આવા કિસ્સાઓમાં ગેરરીતિ આચરતી જોવા મળે છે તેમ તેમણે જણાવ્યું હતું. (મુ. સ. તા. ૪-૪-૯૪)

卐 જ્ઞાન ગુણ ગંગા 卐

—પ્રજ્ઞાંગ

* એક અક્ષોહિણી સેનાનું સ્વરૂપ :

(૧) ૧ પંક્તિ = ૧-હાથી, ૨–રથ, ૩-ઘોડા, ૫–પદાતિ,

(૨) ૩ પંક્તિ = ૧ સેના = ૩ હાથી, ૩ રથ, ૯ ઘોડા અને ૧૫–પદાતિ.

(૩) ૩ સેના = ૧ સેના મુખ = ૯ હાથી, ૯ રથ,
૨૭ ઘોડા, ૪૫–પદાતિ.

(૪) ૩ સેનામુખ= ૧ ગુલ્મ = ૨૭ હાથી, ૨૭ રથ,
૮૧ ઘોડા, ૧૩૫–પદાતિ.

(૫) ૩ ગુલ્મ = ૧ વાહિની = ૮૧ હાથી, ૮૧ રથ,
૨૪૩ ઘોડા, ૪૦૫ પદાતિ.

(૬) ૩ વાહિની = ૧ પ્રિચ્યણી = ૨૪૩ હાથી, ૨૪૩ રથ,
૭૨૯ ઘોડા, ૧૨૧૫ પદાતિ.

(૭) ૩ પ્રિચ્યણી = ૧ ચમૂ = ૭૨૯ હાથી, ૭૨૯ રથ
૨૧૮૭ ઘોડા, ૩૬૪૫–પદાતિ.

(૮) ૩ ચમૂ = ૧ અનીકિની = ૨૧૮૭ હાથી, ૨૧૮૭ રથ,
૬૫૬૧ ઘોડા, ૧૦૯૩૫–પદાતિ.

(૯) ૧૦ અનીકિની=૧ અક્ષૌહિણી =

= ૨૧૮૭૦ હાથી
૨૧૮૭૦ રથ
૬૫૬૧૦ ઘોડા
૧૦૯૩૫૦ પદાતિ

૨,૧૮,૭૦ =૧ અક્ષોહિણી

* શ્રી દશાર્ણભદ્ર રાજવીનો ખોટો ગર્વ ઉતારવા શ્રી સૌધર્મેન્દ્રે જે સામગ્રી વિકુર્વી, જે ઋદ્ધિથી શ્રી મહાવીર પરમાત્માને વંદન કરવા આવ્યા તેનું વર્ણન (શ્રી ઉપદેશ પ્રાસાદમાંથી)

શ્રી ઇન્દ્ર મહારાજાએ ૬૪૦૦૦ હાથી વિકુર્વ્યા. તેમાં ઠરેકે ઠરેઠ હાથીને ૫૧૨ મુખ હતા.

* ઠરેઠ મુખે મુખે આઠ–આઠ ઠાંત હતા તેથી
  ૫૧૨×૮ = ૪૦૯૬ ઠાંત
* ઠરેઠ ઠાંતે ઠાંતે આઠ–આઠ વાવડી હતી તેથી.
  ૪૦૯૬ × ૮ = ૩૨૭૬૮ વાવડી.
* ઠરેઠ વાવડીમાં આઠ–આઠ ઠમલો હતા. તેથી
  ૩૨૭૬૮ × ૮ = ૨૬૨૧૪૪ ઠમળો.
* ઠરેઠ ઠમળની એઠ એઠ ઠર્ણિઠા ૫૨ એઠ એઠ સિહાંસન હતું. તેથી ૨૬૨૧૪૪ સિંહાસનો.
* ઠરેઠ ઠમળે ઠમળે લાખ–લાખ પાંઠડા હતા તેથી ૨૬૨૧૪૪૦ ૦૦ ઠમળનાં પાંઠડા.
* ઠરેઠ પાંઠડે–પાંઠડે ૩૨ દેવ–દેવી બત્રીશ–બત્રીશ નાટકો ઠરે છે તેથી ૮,૩૮,૮૧,૦૮૦૦,૦૦૦

આ એઠ હાથીની વાત થઇ, આ રીતના ૬૪૦૦૦ હાથીની ગણુના ઠરતાં.

ઠરેઠ હાથીના મુખ– ૩,૨૭,૬૮,૦૦૦ (એઠ હાથીના ૫૧૨ મુખ હોવાથી.

હાથીના ઠાંત– ૨૬,૨૧,૪૪,૦૦૦ (એઠ હાથી=ા ૪૦૯૬ ઠાંત હોવાથી)

ઠરેઠ ઠાંતે વાવડી– ૨૦૯,૭૧,૫૨૦૦૦ (ઠરેઠ હાથીને ૩૨૭૬૮ વાવડી હોવાથી)

ઠમલોની સંખ્યા : ૧૬૭૭ ક્રોડ, ૭૨ લાખ, ૧૬ હજાર
(ઠરેઠ હાથીની વાવડીમાં ૨૬૨૧૪૪ ઠમલ હોવાથી)

ઠમલોના પાંઠડાની સંખ્યા : ૧૬ સો લાખ ક્રોડ, ૭૭ લાખ ક્રોડ, ૭૨ હજાર ક્રોડ, ૧૬૦ ક્રોડ.

(ઠરેઠ ઠમલ લાખ પાંઠડાનું અને એઠ હાથીને
૨૬,૨૧,૪૪,૦૦,૦૦૦ પાંઠડા)

* ઠરેઠ પાંઠડે પાંઠડે ૩૨ નાટકો હોવાથી
  કુલ ૫૩૬૮ કોટા કોટિ ૭૦ લાખ કોટિ ૯ હજાર કોટિ ૧૬૦ કોટી નાટકોની સંખ્યા.
* ૧૬ સો લાખ કોટિ, ૭૭ લાખ કોટિ, ૭૨ હજાર કોટિ, ૧૬૦ કોટિ ઠર્ણિઠા.

* ૧૬૭૯ લાખ કોટિ, ૭૨ હજાર કોટિ, ૧૬૦ કોટિ જિનપ્રાસાદો.
* ૧૬૭૯ કોટિ ૭૨ લાખ ૧૬ હજાર ઇન્દ્રો.
* એક ઇન્દ્રની પાસે ૮–૮ પટરાણી હોય તેથી

૧૩ હજાર કોટિ ૪૨૧ કોટિ ૭૭ લાખ ૨૮ હજાર બધી ઇન્દ્રાણીઓની સંખ્યા.

* સઘળા ય ગજરૂપોની સંખ્યા ૫૩૬૮૭૦૬૧૨૦૦૦૦૦૦૦

* શ્રી સમ્યક્ ચારિત્ર પદનું સ્વરૂપ *

શ્રી ચારિત્રપદ એ શ્રી જિનેશ્વર દેવના શાસનમાં આઠમાપદ તરીકે સુપ્રસિદ્ધ છે જે આત્મા ચારિત્રને પામે છે તેનામાં અજબ કોટિની ગુરૂતા પ્રગટે છે. 'ચારિત્ર વિના મુક્તિ નથી' એ શ્રી જૈન શાસનનો નિયમ અબાધિત છે. મુક્તિ માર્ગના આવા અનુપમ રાજમાર્ગની સામે એક પણ અનિષ્ટ અક્ષર ઉચ્ચારવો એ શ્રી જિનશાસનના અનુયાયી માટે ભયંકર નામોસીજનક છે. જે આત્માને ચારિત્રપ્રત્યે અને ચારિત્રવંત પ્રત્યે રાગ નથી તે આત્મા દુનિયામાં ગમે તેવો સારો ગણાતો હોય તો પણ શ્રી જિનેશ્વર દેવોના શાસનમાં તેની એક કાણી કોડી જેટલી પણ કિંમત નથી.

સઘળાં ય સાવદ્ય યોગોથી ત્રિકરણ યોગે વિરામ પામી શ્રી જિનેશ્વર દેવોની આજ્ઞા મુજબ નિરવદ્ય પ્રવૃત્તિ કરવી તેનું નામ સમ્યકચારિત્ર છે અને મુક્તિપદની તીવ્ર ઝંખના હોવા છતાં પણ જેઓ સર્વ વિરતિ ચારિત્રને સ્વીકારવાનું સામર્થ્ય ન ધરાવતા હોય, તેઓ માટે દેશવિરતિ ચારિત્રનું વિધાન છે.

દેશવિરતિ ધર્મને ધર્માધર્મ તરીકે ઓળખાવનાર શ્રી જિનશાસનના મર્મને જાણકાર ધર્મદેશક પોતાની ધર્મ દેશનામાં 'સર્વવિરતિ એજ વાસ્તવિક ધર્મ છે.' એમ ધ્વનિત કર્યા વિના રહે નહિ. કેમકે 'શ્રી દેશ વિરતિનો પરિણામ પણ સર્વવિરતિની લાલસા વિનાનો હોતો નથી.' અનન્તગુણવાળા એવા ચારિત્રધર્મને મહામુનિઓએ શાસ્ત્રોમાં સત્તર પ્રકારે તેમજ દશ પ્રકારે પણ વર્ણવ્યો છે. જેની સંપૂર્ણ સાધના કરવા માટે ઇર્યાસમિતિ આદિ પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ ક્ષમાદિ ગુણો અને મૈત્રી આદિ ભાવનાઓને આત્મસાત કરવાની અતિ આવશ્યકતા છે અને આની અખંડ આરાધના કરનાર આત્માઓએજ મુક્તિપદને સાધ્યું છે, સાધે છે અને સાધશે. આવા સમ્યક ચારિત્ર પદને નમસ્કાર થાઓ.

મોહરાજાએ શેઠને કયાં ભૂલાવ્યા

—શાહ રતિલાલ ડી. ગુઢકા–લંડન

મોહરાજા આતમા નામના શેઠને કેવા ભૂલાવે છે. પૂર્વ કાળમાં ધરમ ગામે એક ધર્મિષ્ઠ શેઠ. પણ લક્ષ્મીની મૂર્છા ન ઉતરે. એકવાર શેઠ પરગામ ગયા હતા પાછા વળતાં એક ઝાડ પાસેથી પાંચ વર્ષનો બાળક મલ્યો. દયા આવી. શેઠ બાળકને ઘેર લાવી મોટો કર્યો. સંસ્કાર આપ્યાને કોઈવાર સંત પધારે છે છોકરો બારણામાં ઉભો છે સંત કહે છે–આ છોકરો પુણ્યવાન છે–શેઠ કહે મારો નોકર છે–સંત કહે ગમે તે હોય એ ખૂબ જ પ્રતાપી થશે. તમારી બધી મિલ્કતનો માલિક થશે અને તમારો જમાઇ પણ થશે. અને છેવટે સંસાર છોડીને સાધુ પણ થશે એમ કહી સંત ચાલ્યા ગયા.

આ શેઠને ન ગમ્યું અને એનો કાસળ કઢાવી નાખું–કેવો અનર્થ ઉભો. શેઠે ચંડાળને હજાર રૂા. આપી છોકરાને મારી નાખવો એમ કહ્યું. શેઠ કહે છે બેટા તારે બાજુના ગામમાં ઉધરાણી માટે જવું છે ભલે બાપુ બંને ઉપડયા. અધવચે ચંડાળ કહે છે–તારી ઉધરાણી અહીં જ પૂરી થાય છે છોકરાને ચંડાળે છરી બતાવી થરથર ધ્રુજે છે–કહે છે મને જીવતો જાવા દો. કાલાવાલાથી અને એના પુણ્યથી ચંડાળનું હૃદય પીગળી ગયું. ધિક્કાર છે મને હજાર રૂા. માટે નિર્દોષ બાળકનું ખૂન–પછી પોતે કહે છે. દિકરા તું આ જંગલમાં ચાલ્યો જા. બાળક કહે બાપુજી તમે મને જીવતદાન દીધું. તમારો ઉપકાર નહિ ભૂલું.

એમ કહી બીજા ગામ ગયો અને ગામની બહાર ઝાડ નીચે નમસ્કાર મંત્રનું સ્મરણ કરી રહ્યો છે ત્યાં સામે એક કુંભાર માટી ખોદવા આવ્યો. છોકરાએ કહ્યું–લાવો બાપુજી હું માટી ખોદી આપું. અને કુંભાર છોકરાનું બોલવું પ્રિય ભાષા સાંભળી ખુશ થયો. પૂછ્યું તું કોણ છે તારૂં કોણ–છોકરો કહે મારૂં કોઇ નથી. ઘેર લઇ આવ્યો માટલા બનાવતા શીખવડયો. કુંભારને દિકરો ખુબ વ્હાલો લાગે છે.

આમ એક વર્ષ વીતી ગયો. પેલા શેઠ આ કુંભારને ઘેર આવ્યા. કુંભારે શેઠને બેસાડયા. છોકરાને કહે છે દિકરા શેઠ માટે પાણીનો લોટો ભરી આવ–પાણી આપ્યું શેઠને તો છોકરો ઓળખી ગયો કે આ મારા રક્ષણદાતા હું ક્યારે બદલો વાળીશ. શેઠ જમીને ઓસરીમાં સુતા ત્યારે આ છોકરો શેઠના પગ દબાવવા લાગ્યો. જુના શેઠને યાદ આવ્યું કે મારે ઘેર છોકરો આમ જ મારા પગ દાબતો. કુંભારને શેઠ પૂછે છે કે તમને દિકરો નહોતો. તો કુંભાર કહે છે મને ભગવાને આપ્યો. કુંભારે એના ખુબ વખાણ કર્યા. મારા ઘરનો દિપક છે મારો રતન છે.

બ્રહ્મીંયા શેઠની વૃત્તિ બગડી. બસ આને મરાવી નાંખું પછી જમાઇ શેનો થાય. પછી શે કહે છે મારે આગળ જાવું છે પણ મારા ઘેર અગત્યના સમાચાર પહોંચાડવા છે તો, કુંભાર કહે હું પોંચાડી આવું ત્યાં ઢિકરો કહે એ કામ મારૂં બાપુજી. શેઠે ચિઠી લખી તેમાં લખ્યું કે આ છોકરાને વિષ આપજો. છોકરો ઉપડયો પણ રાત પડી ગઇ. જેથી શેઠના બંગલા પાછળ બગીચામાં સુઇ ગયેા. એ સૂતો એટલે બગીચેા લીલેા છમ થઇ ગયેા. શેઠની છોકરીએ બારીએથી જોયું. પુષ્પની સુગંધ અને સૂકાઇ ગયેલેા લીલેા બગીચેા એટલે થયું. નકી કેાઇ આ પુણ્યવાન આત્માના પગલા લાગે છે.

હવે શેઠને જોષીએ કહેલું હતું કે જેના પગલા થવાથી આ બગીચેા લીલેા થઇ જાય તે તમારેા જમાઇ બનશે. ઢિકરી ત્યાં યુવાન સૂતેા છે ત્યાં આવી અને ખીસામાં કવર થેડું બહાર નીકળી ગયું. તે ધીમેથી કાઢી ચીપીયાથી ખોલીને ચીઠી વાંચી અંદર લખ્યું હતું કે કેાઇને પૂછશેા નહિં કેાઇની રાહ ન જોશેા આ આવનાર છોકરાને તરત વિષ દેજો. ઢિકરીને વિચાર આવ્યેા. મારા પિતાજી ધર્મિષ્ઠ છે કદી આવું ન લખે તેમને કોકરેા ગમી ગયેા હશે તે જ ઉતાવળથી વિષ લખાઇ ગયું હશે અને ઢિકરીએ આંખમાં કાજળ વડે તેનાથી એક કાનેા ઉમેરી વિષા કરી દીધું પછી પોતે સુઇ ગઇ.

શેઠાણીએ ભાઇના ઢિકરાને ઢિકરી માની રાખેલ વેપાર સંભાળતેા શેઠાણીએ કવર જોઇ ભત્રીજા પાસે વંચાવ્યું–અને શેઠાણીએ તરત લેાટાની ચેારી બનાવી જોષી બોલાવી ચાર ફેરા ફેરવી લગ્ન કરી દીધા અને છોકરેા ભાગ્યને કહે છે તારી લીલા શેઠાણીને પેાતાની આંગળીમાં ૧ લાખ હીરાની વીંટી તે જમાઇને કન્યાદાનમાં આપી જમાઇ કહે છે હવે મારે જવું છે તે કહેા હવે આપને જાવાની જરૂર નથી.

હવે આ બાજુ શેઠ રાજી થાય છે કહે છે હું જાઉં છું તેમ કુંભાર શેઠને કહે છે હજુ મારેા દિયરેા ન આવ્યેા–તેા શેઠ કહે મારા ઘરના બધા પ્રેમી છે. ફસાઇ ગયેા હશે. હવે જમાઇ તેા શેઠની દુકાને બેસે છે ત્યાં એક ગરીબ યુગલ આવ્યું. રડતું કહે કહે તમેા પૂર્વના પુણ્યથી સુખી છેા અમને કંઇક આપેા. એમના રૂદનથી છોકરાનું હૃદય પીગળી ગયું. કન્યાદાન વખતે જે વીંટી મળી હતી તે આપી દીધી. અને પેલા ગરીબ તેા એને આશીર્વાદ આપી ચાલ્યા ગયા. આ મુનિમથી સહન ન થયું. ત્યાં શેઠ પણ આવી ગયા. કહે એક ગરીબને ૧ લાંખની વીંટી આપી દીધી તેા તમારા મંડાર ખાલી થઇ જાશે–શેઠ કહે કેાણ જમાઇને શું શેઠ ઘેર આવી જમાઇને ગાદી તકીએ જોયા પ્રેસર વધી ગયું.

શેઠ કહે મેં તમને ચીઠી પહોંચાડવા મોકલ્યેા હતેા છોકરેા કહે મેં તે ચીઠી

આપી હું બીજું કાંઇ જાણતો નથી. અને મને તમારી દિકરી પરણાવી પછી મને મારા સાસુએ મને વીંટી દાનમાં આપી હતી તે મેં એક ગરીબને દાનમાં આપી દીધી પછી શેઠ ગુસ્સે થયા હાથમાં તલવાર કહે બે ટુકડા કરી નાખું, શેઠાણી એના પગમાં પડે છે કહે છે આપણે એની સાથે દિકરી પરણાવી છે એને મારી નાખશો તો દિકરી વિધવા થાય માટે શાંતિ. શેઠ કહે કોણે પરણાવવાનું કહ્યું હતું ? શેઠાણી કહે તમે જે ચીઠીમાં લખ્યું હતું. આવનારને વિષ આપજો કોઇની રાહ ન જોશો. મેં તો વિષ દેવાનું લખ્યું હતું. હવે શેઠ કહે તમો ૧૧ લાખની વીંટી લઇને આવો ત્યારે મારા ઘરમાં આવજો. પછી છોકરો જાય છે. પત્ની રડે છે પણ કહે છે તારો બાપ મનવ મટી દાનવ બન્યો છે. પણ અવસર આવશે જરૂર હું તને તેડાવી લઇશ હમણાં તો અહીં જ રહે.

છોકરો વિચારે છે કે કર્મ રાજા તું કેટલા નાટક કરાવે છે શેઠે મને મોટો કર્યો. ૧૮ વર્ષનો થયો ત્યારે એણે જ વધ કરવા મોકલ્યો. ત્યાંથી બચ્યો ને કુંભાર મા–બાપ બન્યા. છોકરો વિચારે છે–ભાવીના ભાવ જોઇએ. ચાલતો નદિ કિનારે નમસ્કાર મંત્રનું ધ્યાન ધરવા બેઠો. પ્રભુમાં લીન બની ગયો છે. ત્યાં ઘણા માણસોનું ટોળું આવે છે. આગળ શણગારેલી હાથણી સૂંઢમાં કળશ લઇ આવી અને આ છોકરા ઉપર ઢોળ્યો લોકો મોટા અવાજે બોલ્યા જય હો વિજય હો. ઉઠો તમો અમારા રાજા બન્યા.

ત્યારે આ પૂછે છે તમે મને ક્યાં લઇ જાવ છો. અમારા ગામના રાજ મૃત્યુ પામ્યા છે અને હાથણી કળશ ઢોળે તે અમારા રાજા. પછી વાજતે ગાજતે એને શહેરમાં લઇ ગયા રાજ્યાભિષેક કર્યો. આ વિચારે છે. આ રાજ્ય તો આજ છે ને કાલ નથી એમાં હરખાવા જેવું નથી. રાજ્ય મળ્યું છે તો તેનો સદુપયોગ કરી લઉં. એણે ખુબ દાન દેવા માંડયું ને રાજ્યનો વહેવાર સરસ કરવા લાગ્યો. અને ભંડારમાંથી મૂલ્યવાન વીંટીઓ કઢાવી થાળ ભરીને સસરાને ત્યાં માણસ મોકલ્યો ત્યારે સસરા કહે છે.

આટલી બધી કિંમતી વીંટીઓ કોણે મોકલી છે ત્યારે–તમારા જમાઈ અમારા મહારાજા બન્યા છે–પછી સસરા દોડતા આવ્યા. કારણ જે સસરાએ કીધું હતું ૧૧ લાખની વીંટીઓ આપો ત્યારે ઘરમાં આવજો. પછી છોકરાએ પત્ની કુંભાર માત–પિતા બધાને બોલાવી આખા શહેરમાં ઢંઢેરો પીટાવ્યો એક પણ ઘર નવકાર વિનાનું ન રહેવું જોઇએ. સાધુ–સંતોને વિનંતી કરી બોલાવે છે. ખુણે–ખુણે જૈન ધર્મ ફેલાવી અનેક જીવોને ધર્મ પમાડી અને વૈરાગ્ય પામી દીક્ષા લઇ કલ્યાણ કર્યું.





પ્યારા બૂલકાઓ...

ભ્રમણ... ભ્રમણ... ભ્રમણ...!!ઠ

કવે, તારો ભ્રમણ યોગ ચાલુ થયો લાગે છે.

ના, ભાઇ, ના, હું તો અનાદીકાળથી ભમતો આવ્યો છું.

કુંભાર, મને કંડ વડે થોડા આંટા મરાવે છે.

તે કંડને પોતે એક બાજુએ મુકી દે છે.

પછી હું (ચક્ર) કંડ વગર આપોઆપ ફરતું જ રહું છું ભ્રમણ કરતું જ રહું છું,

હે ચક્ર ! તે તો તારી કથની કહી

પરન્તુ, કર્કભરી વાત સાંભળી હું ચકડોળે ચડી ગયો. મારૂં ભ્રમણ થવા લાગ્યું.

મારી પણ આવી જ સ્થિતિ દેખાય છે.

દિવસ ભર જે હું કામ કરૂં છું.

તે રાત પડતાં અને નિદ્રા ટાણે વિરામ પામી જતું હોય છે.

કારણે કે મારૂં શરીર તે ટાણે નિષ્ક્રિય બની ગયેલું હોય છે.

પરન્તુ તે કાર્યના વિચારોના ચક્કરો તો ઉંઘમાં પણ ગતિમાન હોય છે.

સ્વપ્નનાં આકાર લઇને મારી આસપાસ ઘુમરે ઘુમતાં જ હોય છે.

ચક્રના ચકરાવાની માફક તેની ગતિ પણ અસ્ખલિત હોય છે.

દિવસ કામમાં અને રાત્રી સ્વપ્નમાં...

આત્મ ચિન્તવન મારાથી થઇ શકતું નથી.

પરન્તુ,

રાત્રિની છેલ્લી બે ઘડીમાં સ્વપ્નની હળવાશ હોય છે માયાજાળ બંધ થઇ જાય છે.

ત્યારે,

હે જીવ ! તું શા માટે નિદ્રાનો ત્યાગ નથી કરતો ?

થોડું પણ આત્મ ચિંતવણ શા માટે નથી કરતો ?

માનવ જીવનની સર્વતોમુખી વિકાસયાત્રાના ધર્મ સાધનથી શા માટે દૂર રહે છે.

શા માટે જાણી-બુઝીને તારા આત્મધનને ધોઇ નાખે છે ?

તારા દિવસો શા માટે વ્યર્થ ગમાવે છે,

ઓહ જીવ ! તારો એક એક દિવસ પસાર થઇ જાય છે.

તારૂં શરીર પોતાને બાળનારી સ્મશાનની આગ તરફ આગળ ધપી રહ્યું છે. તારૂં દેહ ઘર રોજબરોજ અગ્નિમાં (ક્રોધ-માન-માયા-લોભની ચંડાલ ચોકડીમાં) ભડથું થઇ થઇ રહ્યું છે.

ત્યારે ખરેખર ! તું મજેથી નિદ્રા માની રહ્યો છું. મજા માની રહ્યો છું.

ના, ના, તારો ખુદ આત્મ જ બળી રહ્યો છે.

માટે હે જીવ !

ક્ષણે ક્ષણે તારા આત્મ ધનને આવડા મોટા પાપથી શા માટે ભરી રહ્યો છે.

પરની અપેક્ષા અને સ્વની ઉપેક્ષામાં જ તું તારી ઘોર ખોદી રહ્યો છું. હે જીવ ! તને આવું શોભે છે ખરૂં ?

આજથી જ સંકલ્પ કર, મારા આત્માને ઉજળી દિશામાં લઇ જઇશ.

રવિશિશુ C/o. જૈન શાસન કાર્યાલય

મધુરમ્ : સમ્યગ્ સૂત્ર-અર્થમાં મોક્ષની જનેતા રહી છે.

" અંધેર "

અંધેરી નગરી, ગંડુ રાજા બાર કોહરા ને તેર કરવાજા.

અંધેરી નગરી ચૌપાટ રાજા ટકે શેર ભાજી ટકે શેર ખાજા.

જ્યાં અંધાધુંધી હોય, જે રાજ્યમાં ન્યાય આંધળો હોય, જ્યાં ઘોડાં-ગધેડાંને એક જ લાકડીએ હંકારાતા હોય. જ્યાંનો રાજા મૂર્ખાઓનો શિરોમણી તુલ્ય હોય તેને માટે આવી વાતો બોલાય છે.

—શ્રી સેના

મણકા

સુખનું મૂળ ધર્મ છે.

પૂન્ય વડે પાપનો ક્ષય થાય છે.

મા અને માતૃભૂમિની કોઇ કિંમત આંકી શકતું નથી.

તમે બીજા માટે જેવું વિચારશો તેવું બીજા તમારા માટે વિચારશે.

છુપાયેલું પાપ આખા શરીરને કોરી ખાનારૂં ઝેર છે.

જુવાની મળતી નથી મેળવવી પડે છે. અને સંયમથી કેળવવી પડે છે.

-શૈલેષ ત્રાપજ

– ગઝલ –

કોડી ભાલે ન ભાગ બીન
હુન્નર કરો હજાર
કશું નર પાવે સાહેલી
બિના લીખા કિર્તાર
કરિદ્રી ચલ કરિયાવમેં
કર્મ લે ચલે સાથ
મરનેકું ડુબ મરે,
તો શંખ લગ ગયા હાથ

* * *

ઉપાર કહે ઓ, ખૂણે બેસીને રો,
નાદ કહેજી ખા, ખીચડી ને ઘી,
ફાળો ને ડાહ્યો, ફરયો તે મૂર્ખ,

-લાડલી

– હાસ્ય હોજ –

શિક્ષક- અલ્યા મુકેશ, પરીક્ષા ચાલે છે ને કેમ પાછળ જુએ છે.

મુકેશ- સાહેબજી આ પ્રશ્નપત્રમાં લખ્યું છે કે પાછળ જુઓ તેથી પાછળ જોઉં છું.

(અર્થનો અનર્થ ના કરો.)

પાંચ કોલેજિયનો અધ્યાપકને બનાવવા કહેવા લાગ્યા-

સાહેબજી, આજની ખુશ ખબર સાંભળી ?

અધ્યાપક- કઇ ?

સાહેબજી- આજે શેતાનનો સ્વર્ગવાસ થયો.

અધ્યાપક-(કોલેજીયનોના માથા પર હાથ મુકીને) હે ભગવાન ! હવે આ અનાથ યુવાનોનું શું થશે.

—વિણા પારેખ

– આ પુણ્યથી મળ્યું છે –

ઉત્તમ કુલમાં જન્મ પુણ્યથી મળ્યો છે.
ઉત્તમ મા-બાપ પુણ્યથી જ મળ્યા છે.
માનવનો દેહ પુણ્યથી જ મળ્યો છે.
પાંચે ઇન્દ્રિયો પુણ્યથી જ મળી છે.
ઉત્તમ દેવ પુણ્યથી જ મળ્યા છે.
ઉત્તમ ગુરૂ પુણ્યથી જ મળ્યા છે.
ઉત્તમ ધર્મ પુણ્યથી મળ્યો છે.
સારી બુદ્ધિ પુણ્યથી મળી છે.
સારૂં ખાવાનું પુણ્યથી જ મળ્યું છે.
રહેવા માટે ઘર પુણ્યથી જ મળ્યું છે.
સારા કપડા દાગીના પુણ્યથી જ મળ્યા છે.
સારા મિત્રો પુણ્યથી જ મળ્યા છે.
સારા પડોશી પુણ્યથી જ મળ્યા છે.
રોગરહિત શરીર પુણ્યથી જ મળ્યું છે.
લાંબુ આયુષ્ય પુણ્યથી જ મળ્યું છે.
જ્ઞાનકુંજ પુણ્યથી જ આવે છે.
જૈન શાસન પુણ્યથી જ આવે છે.

(પુણ્યના કાર્યો ખૂબ જ કરો.)

—જ્યોત્સના જકડીયા

*

વાવાઝોડાને હિસાબે રાપર તા. ૧૦-૬-૯૮

શ્રી જીવદયા મંડળ સંચાલીત-રાપર પાંજરાપોળને લાખોનું નુકશાન

તા. ૯-૬-૯૮ સૌરાષ્ટ્ર તથા સારાય કચ્છમાં કુંકાયેલ ભયંકર વાવાઝોડાની અસર દરેક તાલુકાના ગામડા થવા પામેલ છે. આમાં આખો રાપર તાલુકો પણ વાવાઝોડાની ઝપટમાં આવી જવા પામેલ છે. સેડોના પતરા મકાનોના નળીયા ઉડી જવા પામેલ છે. વૃક્ષોના તો જાણે સોથ વળી ગયેલ છે. ઠેર ઠેર વિલોપાત કરતા ફકત વૃક્ષોના થડ અને પાંદડા વિનાના ડાળખા નજરે પડે છે. અસંખ્ય વૃક્ષો મુળમાંથી ઊખડી જવા પામેલ છે. તાર અને લાઇટના થાંભલા વળી ગયેલ છે. અથવા તો પડી ગયા છે. રસ્તા ઉપર ઠેર ઠેર વાયરો ઊડતા નજરે પડે છે.

આ સ્થિતીમાં શ્રી જીવદયા મંડળ સંચાલીત રાપર પાંજરાપોળના ત્રણેય વિભાગોમાં મકાનો ઉપરના નળીયા ઉડી જવા પામેલ છે. ઘાસના ગોડાઉન તથા સેડના પતરા ખુબ દૂર સુધી ઉડી ગયેલ છે.

વાવાઝોડું એટલું તો ભેરકાર હતું કે, લોખંડની કેચી સહીત પતરા કેડી જવા પામેલ છે. આ સંસ્થાના ત્રણેય વિભાગોમાં આશરે બાંધકામને લગતું રૂા. ૧૦ લાખ ઉપરનું નુકશાન થયેલ છે. ઘાસને પણ ખુબ જ મોટું નુકશાન થયેલ છે.

સંસ્થાને ફરી ઉભી કરતાં ખુબ જ જહેમત ઉઠાવવી પડશે. એમ એક યાદીમાં સંસ્થાના પ્રમુખ શ્રી વેલજીભાઈ મહેતાએ જણાવ્યું હતું.

જીવદયાનું કામ કરતી આ સંસ્થા ઉપર આપત્તિ આવી પડેલ છે. ત્યારે તેને સહયોગ આપવા સંસ્થાના ટ્રસ્ટી મંડળ તથા કાર્યવાહક કમીટીએ સૌ જીવદયા પ્રેમીઓને નમ્રપણે અપીલ કરેલ છે.

નહિ ! આનો અર્થ એ છે કે જો કોઇ તમારા માટે નિંદાકારક અપશબ્દો કહે, તો તે શાંતિથી સાંભળી લેવા. પરંતુ સામે કોઇને પણ અપશબ્દો કહેવા નહિ. કોઇ તને ગાળો આપે, તો સામે ગાળો આપવી નહી. ચૂપચાપ ગાળો સાંભળી લેવી આ પ્રકારનું આચરણ રાખવાથી તારા ઘરમાં કલેશ કે ઉદ્વેગ થશે નહિં. શાંતિના ધામ જેવું તારું ઘર રહેશે.

બીજી શિખમાં કહ્યું કે, તારું આંગણું સદા–સર્વદા સ્વચ્છ રાખજે. આનો મર્મ એ છે કે, કન્યા ! તારા શીલ અને ચારિત્ર્યની પવિત્રતા હંમેશા જાળવજે. ચારિત્ર્યમાં જરા સરખો પણ ડાઘ પડવા ન દેતી સદા મર્યાદામાં રહેજે. આથી કુળની શોભા વધશે.

ત્રીજી શિખમાં કહ્યું કે, સૂર્ય–ચંદ્રની પૂજા કરજે. આનો અર્થ એ છે કે, સાસુ, સસરા સૂર્ય ચંદ્ર બરોબર છે. તેમને હંમેશા પ્રસન્ન રાખવાનો પ્રયત્ન કરજે. તેમને પૂજ્ય માનજે. તેમની સેવા કરવામાં કોઇપણ જાતની કચાશ રાખતી નહિ.

ચોથી શિખમાં કહ્યું કે, તારા પતિ અગ્નિ સમાન છે. સાવધાનીથી તેમની આરાધના કરજે. પતિને કાયમ પ્રસન્ન રાખવા માટે તારાથી બનતા બધા જ પ્રયત્નો કરજે. પતિના સુખની સાચી ભાગીદાર બનજે. તેમના સુખમાં ભાગ ના લે તો હરકત નથી, પરંતુ તેમના દુઃખમાં તો અવશ્ય સાથીદાર બનજો.

યથાશક્તિ મેં આ શિખની આરાધના કરી છે. મારા માટે આનંદ અને ધન ભાગ્યનો વિષય છે કે, આપણા ઘરમાં સંપ અને સુખ છે.

આ ચારેય શિખામણો ઉપર પ્રત્યેક સ્ત્રીઓએ ખૂબ ઊંડો વિચાર કરવો જ રહ્યો. સંસારની સ્ત્રીએ વસુંધરાની માફક સહનશીલ બનવાનું છે. સાગરની માફક ગંભીરતા ધારણ કરવાની છે. મેરૂ પર્વત જેવી અડગતા રાખવાની છે. અગ્નિ જેવી પવિત્રતા જાળવવાની છે.

મોટા ભાગે ઘણા ઘરોમાં કલેશનું વાતાવરણ પથરાયેલું હોય છે, તેનું કારણ એ છે કે, આ કલેશ અને વિસંવાદના પાયામાં અસંતોષ. અસંયમ અને અસહિષ્ણુતા પડેલા છે. મા–બાપ પોતાના સંતાનોને શિખમાં રૂપિયા આભૂષણ કે વસ્ત્રો ભલે ન આપે, પણ ઉપરની ચાર વાતો તો સારી રીતે આપે, તો સંસારમાં સ્વર્ગ ખડું થાય ! આ ઉપરાંત માતા–પિતાઓ પોતાના સંતાનોમાં વિનય વિવેક, સહનશીલતા, દેવ–ગુરૂ પ્રત્યેની ભક્તિ અને ધાર્મિકતા શીખવે તો ઘણું ઉમદા કાર્ય થાય તેમ છે. આમ કરવાથી આપણા જીવનમાં વધુ સુખ અને શાંતિ આવશે.

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી [redacted]



* જ્યાં ગુર્વાજ્ઞા ત્યાં જ જિનાજ્ઞા છે અને સાચો શિષ્યભાવ પણ જિનાજ્ઞામાં જ છે.
* મૈત્રી એ રાગનો વિષય નથી પણ હિતનો વિષય છે.
* ભૌતિક પ્રગતિ એટલે આત્માની અધોગતિ–અવગતિ !
* ધર્મના પ્રતાપે મળતું પણ સુખ, ધર્મીને પ્રાણ લેનારું લાગે.
* નવકાર તો મોહે પેઠા કરેલ સંસારરૂપી રોગને નાશ કરવા માટે ગણવાનો છે. રોગની પુષ્ટિ માટે જ ગણે તો તેને શ્રી નવકાર ફળે નહિ પણ કુટે ય !
* દુનિયાના સુખ માત્રની ય ઇચ્છા ન થાય તેનું નામ સાધુ !
* પાપને પાપ સમજવા છતાં ય મજેથી પાપ કરે તે નઠોર કહેવાય. ન હોય એટલે વસ્તુતત્ત્વ સમજવા નાલાયક !
* જેને સંસાર સારો લાગે, મજેનો લાગે, રહેવા જેવો લાગે તે બધા ચેતના વગરના મડદા જેવા છે.
* મોક્ષનું સુખ એ એવું સુખ છે જેની ઇચ્છામાં ય પાપ નહિ, પ્રવૃત્તિમાં ય પાપ નહિ, પ્રાપ્તિમાં ય પાપ નહિ. સંસારની સઘળી ય ઇચ્છાઓ મારવા મોક્ષની ઇચ્છા પેઠા કરવાની છે.
* જગતની સારામાં સારી ચીજ પણ જેને આકર્ષિત કરી ન શકે તેવી દશા જેની આવે તે સાચા ભાવે સંયમ પાળી શકે !
* પરિગ્રહની મમતા ઉતારવા માટે જ દ્રવ્યપૂજાનું વિધાન છે. પોતાના વિભવને અનુસારે જ ભક્તિ કરવાની છે. માગી–ભીખીને ભક્તિ કરવી એમ કોઇ પુસ્તકમાં લખ્યું નથી.
* પાપી નરોને આહ્વાન કરે–બોલાવે તેનું નામ નરક !
* ભગવાનનું તીર્થ–શાસન એ સંસારનું વૈરી છે !
* તત્ત્વજ્ઞ[redacted]ચારિત્રનો અર્થી નહિ તે ત્રણ કાળમાં બને નહિ. તત્ત્વજ્ઞાની અને ચારિત્રનો વૈરી તો મહા અજ્ઞાની છે. તે પોતે ય પોતાના તત્ત્વજ્ઞાનથી ડુબે અને બીજાને ડુબાડે !

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક. પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

જગતમાં તેઓ ધન્ય છે!

તે ધન્યા- પુણ્યભાજસ્તે,
તૈસ્તીર્ણઃ ક્લેશસાગરઃ ।
જગત્સંમોહજનની,
યૈરાશાડશીવિષી જેતા ॥

જેઓ વડે જગતને સંમોહન કરનારી આશા રૂપી સર્પિણી જીતાઇ ગઇ (અર્થાત્ જેઓએ આશાને જીતી લીધી છે) તેઓ જ જગતમાં ધન્ય છે, પુણ્યને ભજનારા છે, તેઓ વડે ક્લેશરૂપી સાગર તરાયો છે.

પૂ. આ. શ્રીવિ. રામચન્દ્ર સૂ.મ.
સાતમી પુણ્યતિથિ વિશેષાંક

અઠવાડિક

વર્ષ ૧૦

અંક ૪૫+૪૬

શ્રી જૈન શાસન કાર્યાલય

શ્રુત જ્ઞાન ભવન

૪૫, દિગ્વિજય પ્લોટ,

જામનગર (સૌરાષ્ટ્ર) INDIA

PIN- 361005

ધર્મગુરૂશ્રીના વિહાર પ્રસંગે ગાવા લાયક ગહુંલી.


(મા'રે સોના સરંગે સુરજ ઉગીયે—એ રાગ.)

ગુરૂરાજ વિહાર કરશો નહિ, જાણી સેવક શોચ કરે ઘણો,
કોણ સૂણાવશ સિધ્ધાંત. ગુરૂરાજ વિહાર કરશો નહિ
મીઠી વાણીને નિરમળ વાકયથી, બોધ આપશે આવા હવે કોણ ગુ૰.
પૂરા પુન્યે મળ્યો છે જોગ જૈનને, તજ્યો તેહ તે કેમ તજાય. ,,
બોધ આપી પાશાણો પલાળીઆ, પાયુ ધર્મરૂપી શુભ નીર. ,,
કો દી ઉપાશ્રયે નવ આવતા, તેવા કયાં જઇ પામશે બોધ, ,,
અનાચારીએ આડો મારગ મૂકીઓ, સૂણી આપ તણો ઉપદેશ ,,
અતી છઠ્ઠ અઠ્ઠમ થવા હોંશથી, થશે ઓકાસણું શું કહી એક. ,,
સિંહ સમુ સિંહાસન શોભતુ, તેહ ખાલી જોયું કેમ જાય. ,,
હીરો હાથમાં આવ્યો પાછો જાય છે,દીવો જ્ઞાનનો ગોતીશું કયાંય. ,,
નરનારી ભરે છે નીર નેત્રમાં. ઘર કામ ન સૂઝે કાંઇ. ,,
કહે કેશવ બેઉ કર જોડીને, કરો ફાગણ ચોમાસુ ચાંદ્ય. ,,

ધર્મગુરૂશ્રીના વિહારનું જાણી થયેલી ઉદાસી વિષે ગહુંલી.

(મા'રી પુન્ય ઉદય કશા જાગી રે,—એ રાગ)

ગુરૂરાજ હવે કયાં મળશે રે, મમ ભાગ્ય કશા કયા ફળશે રે,
તમ શેવક કયાં જઇ ઠરશે રે, ગુરૂરાજ હવે કયાં મળશે રે ૧
મીઠી વાણી છે સાકર સેલ રે. થાએ હૃદયમાં અમ્રત વેલ રે,
ચાલે ધર્મ રૂપી રસ રેલરે, ગુરૂરાજ હવે કયાં મળશે રે. ૨
ગુરૂ વિહારનું સહુ જાણીરે, નરનાર ભરે નેત્ર પાણી રે,
જાએ નિરમળ ગુણની ખાણી રે, ગુરૂરાજ હવે કયાં મળશે રે ૩
મુનિ હંસ વિજય મહારાજરે, રહો અવિચળ અમ શિરતાજ રે,
કીધાં ભવ્ય જનોનાં કાજ રે, ગુરૂરાજ હવે કયાં મળશે રે. ૪
શુભ સંપતવિજય મા'રાજ રે, જેવું નામ તેવાં છે કાજ રે,
ગુણે ભરિયાયે તારણ જાજ રે, ગુરૂરાજ હવે કયાં મળશે રે. ૫
દીયે આસન મહાવીર જેવું રે, બેઠા સમવસરણમાં તેવું રે,
લાગે સંઘ સકળને એવું રે, ગુરૂરાજ હવે કયાં મળશે રે. ૬
જૈન ધર્મ મણી શુભ પામી રે, ટળ્યાં કર્મને કીર્તિ જમી રે,
કહે શ્રાવિકા શીર નામી રે, ગુરૂરાજ હવે કયાં મળશે રે. ૭



વર્ષ : ૧૦ | ૨૦૫૪ અષાઢ વદ–૧૩ મંગળવાર તા. ૨૧–૭–૯૮ | અંક : ૪૫–૪૬

વાર્ષિક રૂા. ૫૦ આજીવન રૂા. ૫૦૦ પરદેશ રૂા. ૩૦૦ આજીવન રૂા. ૬૦૦૦

પ્રકીર્ણક ધર્મોપદેશ

–પ. પૂ. આ. દેવ શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

૨૦૪૩, શ્રા૦ શુ સુદિ–૫ શુક્રવાર તા. ૩૧–૭–૧૯૮૭ ચંદનબાલા જૈન ઉપાશ્રય મુંબઈ–૬

(શ્રં જિનાજ્ઞા વિરૂદ્ધ કે પૂ. પ્રવચનકારશ્રીના આશય વિરૂદ્ધ કાંઇપણ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના. **(પ્રવચન ૨૬ મું)** અવ૦)

સભા૦ : ત્યાગ ગમ્યો છે પણ અમારે કરવો નથી.

ઉ૦ જેને જે ચીજ ગમતી હોય તે નથી કરવી તેમ બોલી શકે ? ત્યાગ ન કરવો હોય તો તે ગમ્યો કહેવાય ? ત્યાગ ગમતો હોય અને સાધુ ન થઇ શકે તે બને પણ સાધુ થવાની ઇચ્છા જ ન હોય તો તે જૈન શાસનને પામેલો ન કહેવાય. તેને તો સાધુ પણ ગમતા નથી અને ધર્મ પણ ગમતો નથી. તે જીવ કહાય ધર્મ કરતો હોય તો માન–પાનાદિ માટે કે સારા દેખાવા માટે કરે છે. તે માટે ધર્મ કરનારા સંસારમાં રખડી ગયા છે. તમે બધા સંસારમાં ન રખડો તેની ચિંતા છે.

મારે તમને બધાને મોક્ષે મોકલવા છે. આજે જે જે ભગવાનની પ્રતિષ્ઠા થઇ તે બધા મોક્ષે ગયા છે અને આપણને સૌને મોક્ષે આવવાનું આમંત્રણ આપીને ગયા છે, તે માટે સાધુ થવાનુ કહીને ગયા છે. **જે સાધુને પોતાને મોક્ષે જવાની ઇચ્છા ન હોય, પોતાની પાસે જે આવે તેને મોક્ષે મોકલવાની ઇચ્છા ન હોય તો**

તે શ્રી વીતરાગ પરમાત્માનો સાધુ નથી. જેને મોક્ષ જોઇતો ન હોય ને જૈન પણ નહિ અને આર્ય પણ નહિ. આ વાત હૈયામાં જચાવો તો આજના પ્રસંગમાં ભાગ લીધો તે લાભદાયી થાય.

કર્મયોગે સંસારમાં રહેવું પડે પણ રહેવા જેવું નથી એમ માનો તો કામ થઇ જાય. આ કાળમાં ય સમ્યક્ત્વનો ભાવ આવી શકે છે, જ્ઞાન પણ થઇ શકે છે, ચારિત્ર પણ પામી શકાય છે. આ કાળમાં મોક્ષે જવાય તેવું ચારિત્ર મળતું નથી. ચારિત્ર ન પામી શકો પણ સમ્યક્ત્વ તો પમાય તેવું છે ને? તેની ભાવના શી હોય? રોજ ભગવાન પાસે જાય તો ભગવાન થવાનું મન ન હોય તે બને ખરું? સાધુ પાસે જાય તો સાધુ થવાનું મન ન હોય તે બને ખરું? જેની પાસે રોજ જાય તો તેના જેવા થવાનું મન ન થાય તે બને ખરું? પેઢી પર રોજ જાવ તે શા માટે? વેપારાદિ ન કરીએ તો પૈસો મળે નહિ, પેટ ભરાય નહિ આવી શ્રદ્ધા પાકી છે. તેમ ભગવાન પાસે જવા છતાં ભગવાન થવાનું, સાધુ પાસે જવા છતાં સાધુ થવાનું મન ન થાય તો તે પ્રપંચથી કહેવાય!

અહીંથી જવાનું નક્કી છે તો મરીને ક્યાં જવું છે તેનો વિચાર કર્યો છે? તમે સદા જીવવાના હો તો આ ઉપદેશ આપવો નથી તમે સદા જીવવાના હો તો તમે ડાહ્યા છો અને અમે ગાંડા છીએ. ઇચ્છા હોય કે ન હોય પણ મરવાનું નક્કી છે તો મરીને ક્યાં જવું છે તેનો વિચાર પણ ન કરે તેનામાં જૈનપણું કદ ન આવે. મારે દુર્ગતિમાં નથી જવું તે દુઃખથી ડરીને નહિ પણ મોક્ષસાધક ધર્મની સામગ્રી ન મળે માટે અને સદ્ગતિમાં જ જવું છે તે મોક્ષસાધક ધર્મ સાધી શકાય તેવ. સામગ્રી મળે માટે.

મહાપુણ્યના યોગે આવા બધા પ્રસંગો જોવા મળે છે, સાંભળવા મળે છે તો ડાહ્યા થઇને જીવો. સંસારનાં સુખને આપનાર કર્મ ભોગવવાં પડે તો રોગની જેમ ભોગવો, દુઃખ મજેથી વેઠો, અને ભગવાનની આજ્ઞા મુજબ સુંદર જીવન જીવતા થાવ તો આ સંસાર સાગર નથી પણ ખાબોચિયું છે, આવા પ્રસંગો જોવા છતાં પણ જો સંસારનાં સુખનો જ રસ જીવતો રહે, દુઃખથી ભાગી છૂટવાની ઇચ્છા જીવતી રહે તો સંસારમાં ભટકવું પડશે, સુખ મળશે નહિ અને દુઃખ રોઇ રોઇને ભોગવવું પડશે. માટે આત્માનું સાચું અને વાસ્તવિક સુખ પામવું હોય તો આ વાત સમજો સંસારના સુખના વિરાગી અને દુઃખમાં સમાધિવાળા બનો તો સદ્ગતિ નક્કી અને મોક્ષ નજીક થાય સૌ વહેલામાં વહેલા આવી દશાને પામો એ જ શુભાભિલાષા.

આચાર્ય શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી

—શ્રી શશિકાંત ચીમનલાલ જરદોસ વકીલ

[સુરતના શ્રી સંઘની આગ્રહભરી વિનંતિ હોઇને, પૂ. પ્રવચનકાર મહાત્મા કચ્છથી વિહાર કરીને સં. ૨૦૭૫ના ચાતુર્માસ માટે પધાર્યા હતા અને ચાતુર્માસ પૂર્ણ થયે સુરત જિલ્લાના ગામોની વિનંતિથી સુરત જિલ્લાના ગામોમાં વિહાર કર્યો હતો. સુરતમાં અને સુરત જિલ્લાનાં ગામોમાં, રોજના પ્રવચનો ઉપરાંત સંખ્યાબંધ જાહેર પ્રવચનો અપાયા હતા. જૈનો ઉપરાંત સેંકડો જૈનેતર ભાઇ-બેનોએ તેઓશ્રીના પ્રવચનો નિયમિત રીતિએ ઉમળકાભેર સાંભળ્યા હતા. સુરતના જૈનેતર વિદ્વાન નાગરિકોનું પણ પૂ. આચાર્યદેવના પ્રવચનો પ્રતિ અભૂતપૂર્વ આકર્ષણ થયું હતું. સુરતથી પાલીતાણા તરફ વિહાર કરતાં પૂ. આચાર્યદેવને જૈનેતરોએ પણ પુનઃ વહેલા સુરત પધારવા કૃપા કરવા વિનંતિ કરી હતી. તે પછી, સુરતના 'પ્રતાપ' નામના સુપ્રસિધ્ધ દૈનિકના તા. ૨૦-૫-૫૦ના અંકમાં એક લેખ ઉપરના મથાળેથી પ્રગટ થયો હતો જેમાંના કેટલાક ફકરા ઓ વાંચકોની જાણ અને અનુમોદના માટે આ નીચે આપવામાં આવે છે. સુરતની જનતાના મનોભાવનો આ એક પડઘો જ છે, એમ અમારું માનવું છે.

—સં० **શ્રી જૈન પ્રવચન**]

રાજાઓ રાજપુરૂષો અને તેમની તોપો તલવારો કે લશ્કરો કરતા નીતિબળ વધારે બળવાન છે; તેથી રાજા-મહારાજાઓ કરતા ઋષિઓ અને સંતો મોટા મનાય છે. પરમ પૂજ્ય જૈનાચાર્ય મહારાજ શ્રી વિ. રામચંદ્ર સૂ.નો મોભો અને ઠાઠ એ દૃષ્ટિએ, જગતના કોઈપણ મહારાજાધિરાજથી ન્યુન નથી.

પૂ. આ.શ્રીનો ધર્મોપદેશ, સાચે જ, પ્રાચીન આર્ષદૃષ્ટા વ્યાસ અને વસિષ્ઠનું સ્મરણ તાજું કરાવે છે. વચનશુધ્ધિ અને વચનસિધ્ધિનો આવો સુંદર યોગ, આ જમાનામાં ભાગ્યે જ જોવા મળે છે.

સૌક એમાં, એક. આવા મહાન ધર્મપુરૂષો પાકતા હશે. પરમ પવિત્ર ભારતભૂમિ આવા નરરત્નોથી જેટલું ગૌરવ લે તેટલું થોડું છે. પૂ. આ.શ્રીનું અતિ ઉચ્ચ અને વિશાળ ભાવનામય જીવન એ એક મૂર્ત પરોપકાર છે. અપાર કષ્ટો પોતે વેઠી પ્રસન્નતા-પૂર્વક, સતત લોકકલ્યાણમાં મગ્ન રહેવું, એનાથી વધુ માનવજીવનની સફળતા અને સિદ્ધિ શી હોઇ શકે ?

એમ માનવાનો લોભ રોકી શકાતો નથી કે એક કાળે જેને સ્વર્ગભૂમિ માનવામાં

આવતો હતો એવા આપણા ભારત દેશના રાજપુરૂષોમાં આચાર્યશ્રી જેવા બે ચાર મહાન પુરૂષો હોય તો આપણો ઉદ્ધાર થવામાં વાર ન લાગે.

આજના ભૌતિક યુગમાં એક તરફ જ્યારે ધુળની પણ કિંમત છે, ત્યારે બીજી તરફ ધર્મ એક જ માત્ર એટલો અળખામણો છે કે એને સોંઘો તો શું પણ મફત પણ કોઇ લેવા તૈયાર નથી. આનાં કારણો હજાર હશે. છતાં એ હકીકત છે એટલું સ્વીકારવું પડશે. સર્વતોભદ્ર આર્યધર્મની આ દુર્દશા જોઇને અત્યંત દુઃખ થાય છે. કોઇ પણ સંસ્કારી દેશ યા સમાજને માટે આ વસ્તુસ્થિતિ અનિચ્છનીય છે. સદ્ભાગ્યે એના નિવારણ માટેના પ્રયત્નો થતા રહે છે. આપણા ધર્મોપદેશકો અને કથાકાર પુરાણીઓનો એ પ્રયત્નોમાં સૌથી મોટો હિસ્સો છે. ધર્મની જડ લોકહૃદયમાં લીલીછમ રાખવાની, આ પ્રયત્નો પાછળ, ભાવના હોય છે તે ઘણી પ્રશસ્ય છે.

એ પ્રકારના પ્રયત્નો રૂપે કરવામાં આવતી કથા–ઉપદેશોના પણ અસંખ્ય પ્રકારો હોય છે. પરમ પૂ. આ.શ્રીએ જે મૌલિકતા એમાં આણી છે તે અપૂર્વ છે.

પૂ. આ.શ્રીની જિહ્વામાં સ્વયં સરસ્વતીનો વાસ છે. આખાયે ભાષણમાં એક શબ્દ પણ બદલીને બીજે મૂકવા જેવો ન લાગે તેવી, તેઓશ્રીની સતત જાગ્રત અને સંયમયુક્ત અમૃતવાણીની પ્રશંસા કોણ અને શી રીતે કરી શકે ? અને તેની પ્રશંસાની જરૂર પણ શી છે ? આ.શ્રીની ધર્મ પ્રવૃત્તિને એકદેશીય દૃષ્ટિથી ન મૂલવી શકાય.

પૂ. મ.શ્રીનાં પુણ્ય પ્રવચનોમાં શ્રી વિનોબા ભાવેનું ઉગ્ર તપ, સમદર્શીપણું અને સન્નિષ્ઠા છે. ન્યાયશાસ્ત્ર શિરોમણી સર જમશેદજી કાંગા જેવી વિષયની અનેક પકડ, હલકીલપૂર્ણ છણાવટ, અપાર વિદ્વત્તા અને બુદ્ધિચમત્કૃતિભરી મોહક રજુઆત છે. ભારતપ્રસિદ્ધ મૌલાના અતાઉલ્લાશ બુખારીનો અસ્ખલિત, પરિશ્રમ વિનાનો જોશીલો વાણીપ્રવાહ છે. વિશ્વવિખ્યાત ડેઇલ કૈર્નેગીની અદાથી દોષોને કોમળ બોધથી સુધારવાની ધૈર્યપૂર્ણ શાસ્ત્રીય આવડતની સાથે સાથે સાથે પૂ. આ.શ્રીમાં શ્રી વલ્લભભાઇ પટેલની નિખાલસતા, પૌરૂષભરી ઝમક, વ્યંગ અને વિનોદભરી સચોટ વેધકતા છે.

કલ્પનાની ઉડ્યનોને જમીનની નક્કર સપાટી પર જોડી રાખવાની, ઉંડાણ અને વિસ્તારથી સમતુલા જાળવવાની સનાતન સત્યોને વાસી યા નીરસ બનાવ્યા વિના લોકભોગ્ય બોલભાષામાં રજુ કરવાની અપૂર્વ સિદ્ધિ આચાર્યશ્રીને સુસાધ્ય છે.

સોનામાં સુગંધ ભળે તેમ ધર્મ જેવો રસિક વિષય અને આચાર્યશ્રી જેવા રસિક વક્તા જેમની પ્રાસાદિક વાણી સુધાનું પાન કરવા સ્વયં દેવતાઓ પણ તલસે.

શ્રી કૃષ્ણની બંસી જેવો મંત્રમુગ્ધ કરનારો જાદુ આ.શ્રીની પુણ્યવાણીના શ્રવણ માત્રમાં છે.

* * *

અનકર્ષક અને નીરસ જીવનમાં ખામી હોય તો ધર્મને નામે જાણ્યે–અજાણ્યે વધુ અનાકર્ષકતા અને નીરસતાનો ઉમેરો કરવાના પ્રયત્નો થતા જોવામાં આવે છે. આ શી રીતે સફળ થાય ? કેટલીક વાર એનાથી વિરુદ્ધ દિશામાં સફળતાને આકર્ષવા માટે પ્રયોગ થતા હોય છે, જેવા કે–સીનેમા નાટકોનાં અશિષ્ટ ગાયનો કષ્ટાંતોનો આશરો લઇને પણ ધર્મકથાઓને પોતાની બુધ્ધિ પ્રમાણે રસિક બનાવવાના પ્રયત્નો થાય છે. તે પણ સફળ નિવડતા નથી.

પરિણામે ધર્મોપદેશનું નામ સાંભળીને મોટા ભાગના લોકોને કંટાળો આવે છે અસલ આમ નહોતું. ખરી હકીકતમાં અને મૂળ સ્વરૂપમાં જોતાં, ત્રિવિધ તાપથી બળ્યા ઝળ્યા થાકેલા સંસારપથિકને ધર્મસેવન એક શીતળ છાંયડી રૂપે હોવું જોઇએ

પરમપૂજ્ય આચાર્યશ્રીના ભાષણમાં એ જાતની શીતળતા છે, ઉપકારકતા છે.

* * *

ધર્મોપદેશ રૂપી કડવી કવીનાઇનને, સાત્ત્વિક હાસ્યવિનોદના સુગર કોટીંગ વિના, સંસાર રૂપી રોગના કર્દીઓને ગળે ઉતારવી મુશ્કેલ છે. આપણી નાડ જોઇને આપણો આ રોગ આચાર્યશ્રીએ પારખ્યો છે; તેની દવા તથા અનુપાનના નુસ્ખાઓ પણ તેઓશ્રીએ અનોખી ઢબે તૈયાર કર્યા છે; અને તેમાં તેઓશ્રીએ સંપૂર્ણ સફળતા મેળવી છે.

બાહ્યાડંબર, દંભ, કૃત્રિતમા, કર્મકઠોરતા અને કષ્ટસાધ્યપણું એવા ધર્મના ડંખો કાઢી નાખવા; નરી શુષ્કતાને સળગાવી કઇ ધર્મમાં પણ એક સમર્થ વિચારક તરીકે મૂળ મુદ્દાને વળગી રહી સંસ્કારી સુવિનોદ અને નિર્દોષ હાસ્યને પ્રાધાન્ય આપવું; સત્ય અને પ્રિય, જીવંત અને નૈસર્ગિક બોધવાણી વડે પરમ આનંદમાં સભાને તરબોળ કરવી, છતાં ધર્મની તત્ત્વભાવના પ્રેરણામાં કોઇ પ્રસંગને બેધ્યાન નહીં રહેવું–આ સર્વ પૂ. આ.શ્રીનો રીતે બીજા ધર્મોપદેશકોએ કરવાનો સમય પાકી ગયો છે.

આચાર્યશ્રી અપાર પ્રેમ, ઔદાર્ય અને સહિષ્ણુતાપૂર્વક, કળે કળે વ્યવહારૂ રીતે ધર્મનો મર્મ સરળ ભાષામાં સમજાવે :–

…પાપ પૂરેપૂરૂં છોડી શકાતું નથી, પણ એ છોડી શકીએ તો સારૂં એમ તમને લાગે છે ને ?–ધર્મનું આચરણ ન થાય યા ઓછું થાય, છતાં તે કરવા યોગ્ય છે એની તો તમને ખાત્રી છે ને ? ચાલો કરો આજથી નિર્ણય ! આપી દઉં દીક્ષા ?'

અને આ બધું સમજાવવાના આ.શ્રીના ઉદાહરણો રોજીંદી સીધી સાદી નજર આગળની નિત્ય અનુભવની આપણે ન કલ્પી હોય એવી નાની બાબતોનાં હોય છે. છતાં તેને એવી સીફતથી તર્કશાસ્ત્રની ખૂબી સાથે રજુ કરવામાં આવે કે આ શ્રીએ ઘટાવેલો તેનો અર્થ હજાર વાર જોયા છતાં આપણને ભાગ્યે જ સુઝયો હોય.

'સભા જેની મુંગી એ વક્તા અધુરો'–આ માનનાર અને અમલ કરાવનાર વક્તા કયો ચમત્કાર ન કરી શકે ? આ.શ્રીએ પોતાને માથે વ્હોરી લીધેલ આ ગુરજ મુશ્કેલ છતાં કેટલી સુંદર છે ?

આ.શ્રીની આ સુંદર કળા જાણનારા શ્રોતાઓ પૈકી કેટલાકને પ્રસંગોપાત ટીંખળી બનવાનું મન થાય છે.

અને તેઓને મોંમાં આંગળાં ઘાલી બોલાવીને, અને પછી બોલીમાં બાંધીને તેમને ખબરેય ન પડે એ રીતે કલીલના દાવપેચથી સ્નાત કરી પોતાની હાર કબુલ કરાવવાની વિશિષ્ટ હથોટી પૂ. આ.શ્રી જેવી બીજા કોઇને ભાગ્યે જ હશે.

ટીંખળી અને બોલકણા શ્રોતાઓ સભાગૃહનું વાતાવરણ રસિક રાખવામાં ઉપયોગી છે. પરંતુ એજ શ્રોતાઓ જ્યારે કલીલબાજીમાં ગુંચવાય છે–જાણે ફાંસીનું દોરડું જાણ્યે તેમના ગળા પર લપેટાય છે–ત્યારે તેમને તેનાથી મુકત કરવાની ગુરૂદક્ષિણા તરીકે 'હમારા પક્ષમાં આવી જાઓ-કેસરિયાં કરો' આવી તાત્કાલિક આજ્ઞાની મ.શ્રીની કળા ખરેખર અવર્ણનીય છે અને તે નિહાળવી એ એક જિંદગીનો લહાવો છે.

ગુંચવણો પૂછતા તેનો ઉકેલ પણ સત્વર અને પ્રતીતિજનક હાજર જવાબ રૂપે મળી રહે છે, જાણે કે મ.શ્રી ભવિષ્યવેત્તાની માફક આગળથી જાણી બેઠા હોય કે આપણે શું સવાલ પૂછવાના છીએ !

આપણા ધર્મવક્તાઓ આવો પુણ્ય પરિશ્રમ ક્યારે લેશે ? પોતાના શ્રોતાઓને સંતોષ કરાવવો જ. એવો આગ્રહ સેવતા ક્યારે થશે ? વળી એ સંતોષ પણ કેવા પ્રકારનો ? પોતાને હલકો પાડીને નહીં, જ્ઞાનના અભિમાનથી નહીં, પણ જ્ઞાનની નમ્રતાથી, શ્રોતાની કક્ષાએ નીચા ઉતરીને, ધીરજપૂર્વક તેને સાંભળી, પૃથક્કરણ કરી. ફરી ફરી સમજાવી, ખાત્રી કરીને કરાવવામાં આવેલો સંતોષ.

અર્વાચીન યુગમાં જેનું યોગ્ય પાલન થતું નથી છતાં બહુ જોઇએ એવી કેટલીક ક્રિયાઓ અને વિધિઓનું ગુરૂપૂજન આ.શ્રી કેટલું સુંદર સમર્થન કરી શકે છે ? એ બાબતમાં વિરોધ કરનારાઓની લઘુતા ગ્રંથિ અને વિકૃત દૃષ્ટિ (અંગે તેઓ) પ્રત્યે મ.શ્રીને રહેજ પણ અણગમો નથી પણ સહાયનો પ્રેમ છે.

જેમને સાંભળ્યા પછી શબ્દોમાં મૂકવાની આપણી શક્તિ નથી, એવાં અસંખ્ય ઉપદેશ વાક્યોથી પૂ. મ.શ્રીના ભાષણો ભરપૂર હોય છે.

પૂજ્ય પ્રાતઃસ્મરણીય આ.શ્રીની ગેરહાજરી સૌને સુરતમાં કેટલી સાલશે ? એને કોણ અને ક્યારે દૂર કરી શકશે તે પ્રભુ જાણે

આજે જ્યારે ભારતમાં ધર્મની ગ્લાનિ થવામા કંઇ બાકી નથી રહ્યું, ત્યારે પૂ. આ.શ્રી જેવાં મહાત્મા–આત્માઓની–જ્ઞાનામૃતની પરબોની અતિ ઘણી આવશ્યકતા છે.

આ.શ્રીના શ્રોતા બનવાનું મહદ્ ભાગ્ય જે આબાલવૃધ્ધ નર–નારીઓને મળ્યું છે, તેમને ધન્ય છે.

જે ધર્મમાં પૂ. આચાર્યશ્રી જેવા મહા વિદ્વાન સિધ્ધ યોગી પુરૂષો છે, તે ધર્મને કોટિ કોટિ વંદન.

— શ્રી સમ્યક્તપનું સ્વરૂપ —

શ્રી નવપદમાંનું છેલ્લું અને નવમું પદ એ શ્રી સમ્યક્તપ પદ છે. જેમ ચારિત્ર વિના મોક્ષ નથી તેમ તપ વિના ચારિત્રની શુદ્ધિ નથી. અણાહારી પદની સાધના માટે તપ ખુબ ણબ જરૂરી છે, અને ઇચ્છા નિરોધ એ એનું વાસ્તવિક સ્વરૂપ છે. એ તપના બાર ભેદો છે. તેમાં છ બાહ્ય તપ તરીકે અને છ ભેદો અભ્યંતર તપ તરીકે વર્ણવ્યા છે. જેઓ તે જ જન્મમાં નિયમા મોક્ષે જવાના છે તેવા શ્રી તીર્થંકર પરમાત્માદિના આત્માઓ પણ તે તપનું અનુપમ અને અજોડ સેવન કરે છે. ક્ષમા સહિતના તપથી નિકાચીત કર્મોની પણ ક્ષણવારમાં નિર્જરા થાય છે. જો તપનું આશંસા રહિત બનીને કેવળ કર્મ નિર્જરાના હેતુથી જ આજ્ઞા મુજબ કરવામાં આવે, તો આત્માને અનેક લબ્ધિઓની પ્રાપ્તિ થાય છે. આશંસા, એ ઉગ્ર પણ તપરૂપી અમૃતને વિષ અને ગરલ બનાવી દેનાર છે. આલોક અને પરલોકની પૌદ્ગલિક આશા–ઇચ્છાઓને આધીન થઇ, ઉત્તમ એવા પણ અમૃતને વિષ બનાવવાની પ્રવૃતિ વિવેકી આત્માઓને કોઇ પણ ભોગે ન જ કરાવી શકે (ઘટે).

મોક્ષની સાચી લાલસા ધરાવનારાઓ જ તપનું સાચું આરાધન કરીને મોક્ષ સુખના ભોક્તા થાય છે. એટલું જ નહિ પણ આ સંસારમાં ય તેઓ અનુપમ સુખના ભોક્તા થઇ શકે છે. આવા તપને ઇચ્છા નિરોધ અને અનાદિ કાલની વિષય કષાયની વાસનાઓથી રહિત થવા માટે અનંતજ્ઞાનીઓએ સર્વ મંગલ ક્રિયાઓમાં પ્રથમ મંગલ તરીકે વર્ણવ્યું છે આવા સમ્યક્તપને નમસ્કાર હો...

卐 શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ 卐

લેખક : શ્રી ચંદ્રશંકર શં. પંડ્યા બ્રહ્મ રોડ, ડાકોર-૩૮૮૨૨૫

લેખકે મહારાજશ્રીના સાંનિધ્યમાં પ્રત્યક્ષ કે પરોક્ષપણે રહીને તેમના સદ્‌ગુણોની પ્રતીતિ કરી તેને વ્યક્ત કરવા માટે જ્યોતિષશાસ્ત્રનું માધ્યમ લીધું છે. અહીં તેઓ પંચમહાપુરુષમાંના હંસ, રૂચક, શશ જેવા યોગ સાથે ગ્રહોના આધ્યાત્મિક ગુણધર્મોને આવરી મ શ્રીના યશોગાન ગાતા નજરે પડે છે.

વિ. સં. ૧૯૫૨ના ફાગણ વદી ચોથ પર પંચમી ને મંગળવાર તા. ૩-૩-૯૬ જ. સમય રાતે ૧૦-૩૫, સ્થળ : ઠહેવાણુ (ખંભાત)

જન્માંગ :

લ.	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ,	શ.	રા.	કે.	હ.	નેપ	પ્લૂ.
૭	૧૧	૭	૧૦	૧૦	૪R	૧૦	૭	૧૧	૫	૮R	૨	૨

નવમાંશ

લ.	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.	કે.	હ.	નેપ.	પ્લૂ.
૧૧	૧	૧૧	૧૨	૫	૬	૩	૨	૧૦	૪	૪	૪	૩

દીક્ષાસમયની કુંડળી : ૨૦-૧-૧૩, સમય સવારે લગભગ ૧૧-૩૦,

લગ્ન-૧૧-૨૨-૩૦ ગંધાર (ખંભાત)

લ.	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.	કે.	હ.	નેપ.	પ્લૂ.
૧૨	૧૦	૩	૯	૯	૯	૧૧	૨	૧૨	૬	૧૦	૪	૩

સ્વર્ગારોહણ કુંડળી : તા. ૯-૮-૯૧, સમય સવારે ૧૦-૦૦, સ્થળ-અમદાવાદ.

લ.	સૂ.	ચં.	મં.	બુ.	ગુ	શુ.	શ.	રા.	કે.	હ.	નેપ.	પ્લૂ.
૬	૪	૪	૫	૫	૪	૫	૧૦	૯	૩	૯	૯	૭

(કૃતજ્ઞતાજ્ઞાપન-ઉપરની માહિતી-'જૈન શાસન'માંથી લીધી છે.)

પ્રકાંડ વિદ્વત્તા, પ્રખર વૈરાગ્ય, પ્રચંડ મનોબળ, શાસ્ત્ર સોંસરી સરી જતી તીવ્ર મેધા, ચુંબકીય વ્યક્તિત્વ, ષડરિપુથી નિરંતર સાવધાની, અનન્ય ધર્મનિષ્ઠા, અપાર કરુણા, ગુરુતત્ત્વનું મધુરતમ અવતરણ, શિષ્યો ઉપર નિર્વ્યાજ કૃપા, પ્રચંડ પુરૂષાર્થ, શ્રોતાના અંતરને વલોવી નાખનારી વાણી, મહાન પુણ્યકાર્યો, વંદનીય કર્મઠતા, ઉચ્ચ નીતિમત્તા, ધર્મનું મૂઢ સંશોધન, સતત ધ્યેયનિષ્ઠ અને જીવનની ક્ષણેક્ષણનો ઉચ્ચતમ ઉપયોગ. આ બધું એક જ સ્થળે જોવું હોય તો આચાર્ય મ.ની આ કુંડળીમાં જોવા મળશે.

કોઇ મહાન ભવ્ય મહેલમાં દાખલ થઇએ અને તેને અજવાળી રહેલાં અતિ સુંદર ત્રણ ઝુમ્મરો ઉપર જેમ આપણી દૃષ્ટિ સ્થિર થઇ જાય તેમ આ કુંડળી જોતાવેંત જ ત્રણ મહાપુરુષ યોગો ઉપર દૃષ્ટિ સ્થિર થઇ જાય છે. મહેલ જેમ પ્રકાશની છોળોથી ઝળહળ થતો હોય છે તેમ આ કુંડળી સત્કર્મોનાં દિવ્ય કિરણોથી ઝળહળી રહી છે.

સર્વપ્રથમ દશમ સ્થાનમાં થતા હંસયોગને લઇએ. આ યોગ કર્કના ગુરુને લીધે બને છે. આવા યોગવાળી વ્યક્તિ અદ્‌ભુત વ્યક્તિત્વ ધરાવે છે. રામાનુજાચાર્ય તુલા લગ્નમાં તૃતીયેશ અને ષષ્ઠેશ બનતા હોવા છતાં ગુરુને યોગકારક ગણ્યો છે. તુલાયાં જાયમાનસ્ય યોગ યો ભવતી ધ્રુવમ્. આચાર્યે વાપરેલો ધ્રુવમ્. ખરેખર ગણ્યો જ આ યોગની મહત્તા દર્શાવવા પુરતો છે. આવો ગુરુ હંસયોગ રચે ત્યારે સવિશેષ ધ્યાન અવશ્ય ખેંચે. તેની ઉપર રૂચક યોગકારક મંગળ, મિત્રરાશિસ્થ લગ્નેશ શુક્ર અને ભાગ્યેશ બુધની દૃષ્ટિ (તેને) અતિ બળવાન બનાવે છે. આવા મહાપુરુષોનાં ચુંબકીય આકર્ષણ હોય છે. તે જનતાના લાડીલા બને છે. (૭મું ૪થું જનતા સૂચક છે.) સુંદર નાક, ઉન્નત લલાટ અને નિષ્પક્ષ–ન્યાયોચિત વાણી તેમની વિશેષતા હોય છે. ઉત્કૃષ્ટ પ્રમાણયુક્ત ધારદાર દલીલો પ્રતિપક્ષીના હૃદયને વીંધી નાખે છે.

દશમસ્થ ગુરુવાળી વ્યક્તિ આમેય બીજાના મનને બરાબર સમજી જનારી હોય છે. કોઇ પ્રલોભન કે ડર કે કોઇ દબાણ આવા મહાપુરૂષોને વિચલિત કરી જ ન શકે. તેમના આહકો પાર વિનાના હોય છે. શાસ્ત્રજ્ઞાન અદ્‌ભુત-અનુપમ હોય છે. તેમની વૃદ્ધાવસ્થા રમણીય બગીચા જેવી પ્રશાંત, આકર્ષક અને માધુર્યપૂર્ણ હોય છે. વળી એક સૂક્ષ્મ વાત પણ સમજી લઇએ. રાચ્છિધ્ય જ સદ્‌ગુરૂ બની શકે છે. દશમું મધ્યાકાશનું તેમજ માનવ શરીરમાં બ્રહ્મરંધ્રનું સૂચક છે. ગુરૂ મહારાજનું સ્થાન પણ સહસ્રાર પદ્મમાં નિશ્ચિત થયેલું છે ત્યાં જ ઉચ્ચનો ગુરૂ ઉચ્ચના મંગળથી દૃષ્ટ છે. મંગળ એટલે શક્તિનો પ્રચંડ ધોધ, ચોથું એટલે હૃદય, પોતાના ગુરૂતત્ત્વને તેમણે હૃદયમાં બરાબર ઝીલી લીધું છે. ગુરૂ ધર્મનો કારક હોઇ ધર્મતત્ત્વ પણ એ જ ગુફામાં સંઘરી લીધું છે. (ચાર કર્યા ધર્મસ્ય તત્ત્વં નિહિતં ગુહાયામ્) ગુરૂ એટલે દિવ્યતા, શાસ્ત્ર, વિવેક, દીર્ઘદૃષ્ટિ, ભવ્યતા અને કેવળ ઉચ્ચતા તરફનો જ અભિગમ. તેમણે પોતાની દૃષ્ટિ હંમેશા ઊર્ધ્વગામી જ રાખી છે અને તેથી જ તેઓ ધર્મધુરંધર મહાન આચાર્ય બની શક્યા. પારા જેવા ગુરૂતત્ત્વને બરાબર પચાવેલું હોવાથી જ તેઓ મોટો શિષ્ય સમુદાય ઘડી શક્યા અને અનેકોના પથદર્શક બની શક્યા.

હવે ચોથે થતો ઉચ્ચના મંગળથી થતો રૂચકયોગ લઇએ. આવા યોગમાં જન્મેલી

વ્યક્તિ પોતાના કાર્યોથી સંસારમાં પ્રસિદ્ધિ મેળવે છે અને અપાર કીર્તિ રળે છે. પે તે જનતાને હોંકે છે અને સંસ્કૃતિ તથા સભ્યતાના રક્ષણ માટે જાગૃત રહે છે. ચારિત્ર્ય ખુબ જ ઉંચ કક્ષાનું હોય છે અને તેમની મહત્ત્વાકાંક્ષા પૂરી કરી શકે તેવું વર્તુળ તેમની આજુબાજુ હંમેશા તૈયાર હોય છે. નેતૃત્વના ઉત્તમ ગુણો તેમનામાં વિકસેલા હોય છે. આચાર્યશ્રીમાં ઉપરના બધા ગુણો જોવા મળે છે. થોડું વધુ જોઇએ.

નવમું ધર્મનું છે, બારમું મોક્ષનું છે. બંનેનો માલિક બુધ ચોથે લગ્નેશ શુક્ર સાથે પડયો છે અને તે ચિંતન તથા વૈરાગ્યના કારકે શનિની રાશિમાં પડયો છે. (વળી, બુધને વિષ્ણુસ્વરૂપ તથા પુણ્યકાર્યોનો સાધક ગણ્યો છે) વળી તે જ્ઞાનકારક અને ઉચ્ચ-ત્યપ્રેરક ઉચ્ચના ગુરૂથી દ્રષ્ટ છે અને આ ગુરૂ પુણ્ય કર્મોના સ્થાન દશમણુમાં જ પડયો છે. દશમેશ ચંદ્ર લગ્નમાં છે અને શનિ સાથે યુતિમાં છે. ૧૧મે સિંહ રાશિ છે ત્યા અગ્નિમય મોક્ષકારક કેતુ છે અને આત્મકારક સૂર્ય ત્યાં દ્રષ્ટિ કરે છે. ૧૧મું ઇચ્છાનું હોઇ આ જાતકની તમામ પ્રવૃત્તિઓ મોક્ષાર્થે જ હોય. હવે જુઓ કે પરાક્રમનો કારક મંગળ ચોથે રુચક યોગ સર્જીને કેતુ ઉપર દ્રષ્ટિ નાખે છે. આમ મંગળ-કેતુ બરાબર સંકળાયા છે અને અદ્‌ભુત રીતે મોક્ષ માર્ગની જ તમામ પ્રવૃત્તિઓ કરી રહ્યા છે.

લગ્નસ્થ તુલાનો શનિ શશયોગ સર્જે છે અને પોતે ચતુર્થેશ પંચમેશ થતો હોઇ તુલા લગ્નમાં પાછો યોગકારક પણ બને છે. શનિનું અને લગ્નેશનું પહેલે ચોથે પરિવર્તન પણ થાય છે. આ યોગ રાજયોગ જેવું ફળ આપનાર છે. લગ્નનો શનિ પરગામી સૂક્ષ્મ દ્રષ્ટિ આપે છે. આ યોગમાં જન્મેલી વ્યક્તિ નીતિવિશારદ બને તેનો ઘણા સેવકો હોય અને પોતે સુંદર નેતૃત્વ કરી શકે. શશયોગવાળી વ્યક્તિનો ધીરેધીરે પણ ચોક્કસ અને વ્યવસ્થિત રીતે વિકાસ થાય છે જ. ચંદ્ર મનનો કારક છે. શુક્રની રાશિમાં પડયો છે અને તે ચંદ્ર ૭મે દ્રષ્ટિ કરે છે અને ચતુર્થેશ શનિ સાથે પડયો છે. (૪થું, ૭મું જનતાના સૂચક છે.) ચંદ્ર દશમેષ છે અને ચતુર્થેશ શનિ ઉચ્ચનો થઇ ૭માને જુએ છે.

આથી જાહેર જનતા ઉપર તેમનું અસાધારણ પ્રભુત્વ જણાય છે. તેઓ લાખોના લાડીલા આ કારણે જ બન્યા. તેમનો પડયો બોલ ઝીલાયો. ધર્મધુરંધર તરીકે અપૂર્વ માન પામ્યા એટલું જ નહિ કાળધર્મ પામ્યા પછી પણ જનતાએ કોઇ રાજરાજેશ્વરને આપે એથી પણ અદકું માન આવ્યું. અગ્નિસંસ્કાર માટે કરોડથી પણ વધુ બોલી બોલાઇ. તેમની પાલખી નીકળી તે વખતે આવેલી વિશાળ જનમેદનીએ તેમને 'અધવ' કહેવાય તેવા અનન્ય અને અદ્‌ભુત પ્રેમ વર્ષાવ્યો તે ઉપરના યોગથી જ બની શકયું.

બીજું વાણીનું છે. ત્યાં કલીલો અને નુસ્સાના કારક મંગળની રાશિ છે. ગૂઢતાનો કારક હર્ષલ ત્યાં પડેલો છે. ધર્મકારક નેપ્ચ્યુન અને ઉગ્રતાપ્રેરક પ્લુટોની તેની ઉપર દ્રષ્ટિ છે. વળી, વાકપતિ ગુરૂ દશમ સ્થાનથી બીજે દ્રષ્ટિ કરે છે. પાંચમું વિદ્યાનું છે. તેનો માલિક શનિ ઉચ્ચનો થઇ લગ્નમાં પડયો છે. વૈરાગ્યકારક રાહુની તેની ઉપર દ્રષ્ટિ છે. આમ આચાર્યશ્રીના સમગ્ર વ્યક્તિત્વ સાથે તપ:પુત અને સચોટ શાસ્ત્રમાણો કથીવી શ્રોતાઓને અભિભૂત કરનારી દિવ્ય વાગ્ધારા સર્જાઇ છે. વળી, ચોથું હૃદયનું છે ત્યાં ઉચ્ચનો મંગળ છે. તેની ઉપર ધર્મકારક ઉચ્ચના ગુરુની દ્રષ્ટિ છે. લગ્નેશ શુક્ર પણ સાથે છે. માટે તેમની વાણીમાં હંમેશા સચ્ચાઇનો—ધર્મનો—નીતિનો-શાસ્ત્રનો ટંકાર સંભળાયો છે. તેમની વાણી 'ધર્મવીર'ની વાણી છે. તેના શબ્દે શબ્દે પ્રચંડ આત્મબળના અનુપમ ચમકારા નજરે ચઢે છે.

અધ્યાત્મની દ્રષ્ટિએ જોઇએ તો સંતુલનવાળું તુલા લગ્ન છે. તેમાં જ પુણ્ય કર્મોનો કારક કર્મેશ ચંદ્ર પડયો છે. સાથે યોગકારક શનિ છે. આ શનિ ચંદ્ર ઉપર ગુરૂની કેન્દ્રીય અસર છે અને શનિની દશમસ્થ ગુરૂ ઉપર દ્રષ્ટિ પણ છે. આ યોગ દીક્ષાને પ્રબળ કરે છે અને વૈરાગ્યમાં વૃદ્ધિ કરે છે. વળી, આ ગુરૂ બીજે દ્રષ્ટિ કરતો હોઇ ધાર્મિક બુદ્ધિને ખુબ જ ઉત્તેજન આપે છે તથા છઠે પણ સ્વરાશિને જ જોતો હોઇ ષડરિપુ ઉપર કાબુ પણ સૂચવે છે. પાંચમું મંત્રનું છે તેનો માલિક શનિ લગ્નમાં છે. નવમું ધર્મનું છે તેનો માલિક બુધ ચોથે લગ્નેશ સાથે શનિની રાશિમાં છે. તેની ઉપર ઉચ્ચના ગુરૂની દ્રષ્ટિ છે. મોક્ષકારક કેતુની મંત્ર સ્થાન ઉપર દ્રષ્ટિ છે અને આત્મકારક સૂર્ય પોતાના જ સ્થાન ઉપર દ્રષ્ટિ કરે છે. ચંદ્રથી ગુરૂ દશમે છે, આમ ગુરૂપ્રાપ્ત મંત્રોની સફળતા સ્પષ્ટ દ્રષ્ટિગોચર થાય છે અને ઉચ્ચાભિલાષી વ્યક્તિત્વ પ્રગટ થાય છે. નવમાંશમાં પણ ચંદ્ર, શનિની રાશિમાં લગ્ને છે. વર્ગોત્તમી કે. નવમાંશ—શનિ ધર્મેશ શુક્રની રાશિમાં ચોથે છે અને મોક્ષકારક કેતુ ઉપર અને લગ્નસ્થ ચંદ્ર ઉપર દ્રષ્ટિ કરે છે.

દશમેશ (પુણ્યકર્મ) મંગળ બીજે ગુરૂની રાશિમાં છે અને કન્યાના ગુરૂની તેની ઉપર દ્રષ્ટિ છે. શનિ ઉપર ગુરૂની પણ દ્રષ્ટિ છે. ગુરૂ પોતાની એક રાશિથી ૭મે અને બીજી રાશિથી દશમે છે. સૂર્ય ઉચ્ચનો ત્રીજે છે અને ધર્મભુવન ઉપર જ દ્રષ્ટિ કરે છે. જન્માંગમાં અષ્ટમેશ—લગ્નેશ શુક્ર જ્યાં પડયો છે તે રાશિપતિ શનિ ઉચ્ચનો છે. તૃતીયેશ ષષ્ઠેશ ગુરૂ અને દ્વિતીયેશ સપ્તમેશ મંગળ પણ ઉચ્ચના છે. ચતુર્થેશ પંચમેશ શનિ પણ ઉચ્ચનો છે. ધર્મભાવ અને મોક્ષભાવના માલિક બુધનો રાશિપતિ શનિ પણ ઉચ્ચનો

છે. સૂર્ય નવમાંશમાં ઉચ્ચનો છે અને ચંદ્ર વર્ગોત્તમી છે. આમ સમગ્ર કુંડળી ઉચ્ચતા પામેલી છે. ઉચ્ચાભિલાષી મનુષ્યત્વ એટલે જ આચાર્યશ્રીની કુંડળી–મનુષ્ય વિકાસના કેવા કેવા મહાન સીમાડાઓ સર કરી શકે છે તે આ કુંડળીમાં સ્પષ્ટ રીતે જોવા મળે છે. આવા લોકોત્તર મહાપુરુષો જગતની નિ:સારતા સમજીને અદ્વિતીય પુરુષાર્થ દ્વારા અદ્‌ભુત સફળતા મેળવે છે અને ઇતિહાસમાં સોનેરી અક્ષરે જીવનગાથા લખાવી જાય છે. ખરેખર તો આવા મહાન પુરુષોને ઓળખવા તે પણ દોહ્યલું કામ છે. આપણા આરૂઢ જ્યોતિષી શ્રી અશ્વિનભાઈ રાવલે સાચું જ કહ્યું છે કે 'આચાર્યશ્રીને કદાચ બહુ ઓછા માણસો સાચા અર્થમાં સમજી શકયા હશે.'

આચાર્યશ્રીનું આત્મબળ અનન્ય હતું, તે અંગે જોઈએ તો ૪થે ઉચ્ચનો મંગળ, ઉચ્ચના ગુરુથી દૃષ્ટ છે. મંગળ શનિની રાશિમાં હોઇ તેની ઉપર શનિના ગાંભીર્યની અસર છે જ્યારે નવમાંશમાં જુસ્સાનો કારક મંગળ બીજે ગુરુની રાશિમાં અને ગુરુથી દૃષ્ટ પણ છે. લગ્નેશ શનિ ૪થે છે અને ગુરુથી દૃષ્ટ છે. આમ ૧, ૨, ૪, ચંદ્ર, ગુરુ અને શનિ પરસ્પર સંકળાયા છે. તેથી અસાધારણ મનોબળ વ્યક્ત થાય છે. ભલભલા કરોડપતિઓને પણ સ્પષ્ટ કહેતા આ.શ્રી જરાય ખચકાયેલા નહિ અને પ્રચંડ વિરોધની વેળાએ પણ ક્ષુબ્ધ જ મકકમ રહેલા. તેમનો આત્મદીપ વિરોધના વાવાઝોડામાં પણ જરાય ઝાંખો ન પડયો એટલું તો ખરું જ, ઉપરાંત તેમના આત્મદીપની પ્રચંડ તેજો–રાશિએ વિરોધીઓએ ઊભાં કરેલાં વાદળાં વેરવિખેર કરી નાંખ્યાં. પ્રચંડ આત્મબળ આ કુંડળીનું એક નોંધપાત્ર વિશેષતા છે.

ચંદ્ર દશમેશ–કર્મેશ છે અને તે શનિ સાથે પડયો છે. શનિ ત્રીજે જુએ છે અને કર્તવ્યકારક ગુરુ (કે જે દશમા કર્મસ્થાનમાં જ પડયો છે) ઉપર દૃષ્ટિ કરે છે. આ ગુરુ ત્રીજાના કારક મંગળથી દૃષ્ટ પણ છે. નવમાંશમાં ત્રીજે (પરાક્રમ) ઉચ્ચનો સૂર્ય છે. કર્મેશ મંગળ બીજે ગુરુની રાશિમાં પડયો છે અને ધર્મકારક ગુરુથી દૃષ્ટ છે. વળી મોક્ષકારક કેતુથી પણ દૃષ્ટ છે. આ બધી ગ્રહસ્થિતિએ તેમને સિદ્ધાંતનિષ્ઠ કર્મઠતા આપી. આ.શ્રીના જીવનની પળેપળમાં કર્મઠતા નીતરતી દેખાય છે. તેઓ સ્વયં ધર્મમય બની ધર્મનો પ્રકાશ અવિરતપણે ફેલાવતા જ રહ્યા.

પ્રખર બુદ્ધિમતા પણ આ કુંડળીનું એક વિશિષ્ટ અંગ છે. ૮મે રહેલા પ્લુટો સાથે ધર્મકારક નેપ્ચ્યુન છે અને ગૂઢત્વના કારક હર્ષલની બંને ઉપર દૃષ્ટિ છે. આ યોગો આધ્યાત્મિક વિકાસમાં સારો ભાગ ભજવ્યો છે. વળી, પ્લુટો શુક્રની રાશિમાં છે અને તે શુક્ર સાથે ત્રિકોણ યોગ રચતો હોઇ પ્રચંડ બુદ્ધિમત્તાનો સૂચક છે. વળી શુક્ર ગુરુદૃષ્ટ તો છે જ આમ, આ કુંડળીમાં ઊંચી બુદ્ધિમત્તાના ચમકારા સ્પષ્ટ દેખાય છે.

સાથેસાથે ગુરુ હર્ષલનો ત્રિકોણ (૨-૧૦) આધ્યાત્મિક વિકાસ, સૂક્ષ્મ ગણતરી, શાસ્ત્રોમાં અવગાહન, સંશોધન-મંથન અને ગૂઢ વિષયોમાં પ્રખર બુદ્ધિમત્તાનો દ્યોતક છે. [શ્રી વાસુદેવાનંદ સરસ્વતીની કુંડળીમાં પણ આ યોગ છે. તેમનો પણ આધ્યાત્મિક વિકાસ અદ્ભુત હતો.] શુક્ર નેપ્ચ્યુન ત્રિકોણ પણ અદ્ભુત જ્ઞાનપિપાસા જીવી કરે છે અને પ્રબળ સ્ફૂર્તિ આપે છે, ઉચ્ચ પ્રકારનો દ્રષ્ટિપ્રેમ આપે છે અને ધ્યાનનો શ્રેષ્ઠ સંબંધ દર્શાવે છે.

બુદ્ધ નેપ્ચ્યુન ત્રિકોણ પણ ઉચ્ચ પ્રકારની બુદ્ધિમત્તાની સાથેસાથે સંશોધકવૃત્તિ આપે છે અને મનુષ્ય પોતાના ક્ષેત્રમાં દિવ્ય તથા ભવ્ય કામગીરી કરે છે.

દીક્ષા સમયની કુંડળીમાં એક ધ્યાનપાત્ર યોગ જુઓ, નવમું ગુરૂનું છે, તેનો માલિક મંગળ દશમે કર્મેશ ગુરૂ સાથે યુતિ કરે છે. સાથે ચતુર્થેશ [હૃદય] સપ્તમેશ [જનતા] બુધ પણ તેમની સાથે જ પડયો છે. આમ ગુરૂદેવ, જાહેર જનતા તેમનું પોતાનું હૃદય અને કર્મસ્થાન સુંદર રીતે સંકળાયા છે. વળી, આ બધાનો દ્રષ્ટિ મનના કારક ચંદ્ર ઉપર તથા આધ્યાત્મિકપ્રેરક પ્લુટો ઉપર પડેલી છે. રાહુ ગુરૂની રાશિનો છે, શનિના નક્ષત્રનો છે, રાહુના ઉપનો છે અને કેતુના ઉપઉપનો છે. કેતુ બુધની રાશિનો છે, ચંદ્રના નક્ષત્રનો છે. ગુરૂના ઉપનો છે અને ગુરૂના જ ઉપ-ઉપનો પણ છે. આમ ચારેય કેન્દ્ર અને ત્રણેય ત્રિકોણ સંકળાઇ ગયા છે. આવા જ મહાપુરૂષો ધર્મધ્વજને ફરકતો રાખે છે, દીક્ષા ઉજાતે છે અને ગુરુ પરંપરામાં મહત્વપૂર્ણ સ્થાન મેળવે છે, એટલું જ નહિ પણ અમૂલ્ય શિષ્યરત્નો પણ શાસનને સમર્પિત કરે છે.

સ્વર્ગારોહણ કુંડળી જોઇએ તો ચતુર્થેશ [પ્રાણતત્વ, અંતસમય] ગુરૂ ઉચ્ચનો થઇ સૂર્ય (પ્રાણ) ચંદ્ર (મન) સાથે ૧૧મે પડયો છે. પંચમેશ શનિની દ્રષ્ટ છે અને મોક્ષકારક કેતુની સાથે દ્રષ્ટિ છે. લગ્નેશ-કર્મેશ બુધ સૂર્ય (દ્વાદશેશ) ની રાશિમાં, દશમસ્થ કેતુના નક્ષત્રમાં પોતાના જ (બુધના જ) ઉપમાં અને દ્વાદશસ્થ શુક્રના જ (ધર્મેશ) ઊપ-ઊપમાં પણ છે. જન્મ લગ્નેશ શુક્ર અને જન્મ ધર્મેશ બુધ સ્વર્ગારોહણ કુંડળીમાં ૧૨મે પડયા છે. આ બધું અંત સમયની ઉચ્ચતાનું જ સૂચક છે. આવા લોકોત્તર મહાપુરૂષનું સ્વાગત કરવા દેવો પણ તૈયાર હોય જ ! આવા જીવનભરના આધ્યાત્મિક મહારથી, મહાન ધર્મપ્રભાવકોની શ્રેણીમાં, પ્રથમ પંક્તિમાં સુવર્ણાક્ષરે નામ લખાવી કાળધર્મ પામ્યા અને લાખોની મેદનીએ તેમને ગદ્ગદ હૃદયે ધર્મના વિજયઘોષ પૂર્વક વિદાય આપી ત્યારે ખરેખર એમ લાગે છે કે ન ભાનુસાત શ્રેષ્ઠતરં હિ કિંચિત ! [જગતમાં મનુષ્યથી મહાન કાંઇ પણ નથી.] નરમાંથી નારાયણ બનવાની તેની વિજય યાત્રાને કોઇ રોકી શકે તેમ નથી.

શા સ ન શિ રો મ ણી

(બાઉન્સગ્રીન સત્સંગ મંડળ) —રતિલાલ દેવચંદ ગુઢકા–લંડન

પરમ શાસન પ્રભાવક, પરમ શાસન શિરક્ષત્ર, પરમ શાસન શિરોમણી, શાસન સમ્રાટ, પરમ ગચ્છાધિપતી, પરમ પૂજનીય, પરમ વંદનીય, પરમ આદરણીય સ્વ. પરમ પૂ. આ. દેવેશ શ્રીમદ્ વિ. રામચંદ્રસૂરીશ્વરજી મ.એ આ વર્તમાન કાળમાં (કાળના) જૈન શાસનના સમસ્ત જૈનોના સકળ સંઘ અને સાધુ સમુદાયના પરમ જવાહીર હતા પરમ નેતા હતા, પરમ પુરુષ હતા સાધુ સાધ્વીઓમાંએ પ્રધાન પદે હતા. આપણા પિતામહ હતા. જગત પૂજનીય હતા અને આજે પણ પૂજનીય છે. વંદનીય છે. તેઓ ખુબ જ નીડર હતા. ખુબ જ બાહોશ હતા તેઓ ખુબ જ દયાળુ હતા, દયાના ભંડાર હતા, જ્ઞાનના ગાંભીર્ય હતા. અને વળી ધ્યાનમાં ધૈર્ય હતા વિજ્ઞાનમાં વડવીર હતા. જૈન શાસનના એક સિતારા હતા.

તેઓ આપણાથી દૂર ચાલ્યા ગયા. શાસન સૂર્ય ચાલ્યા ગયા પણ શાસનને ચમકતો ઉજાળ કરીને ગયા છે. શાસનની શોભા વધારતા ગયા છે. આપણા વચ્ચેથી ગયા એને આજે વર્ષોના વાણા (વાય) વીતી ગયા પણ જેમની વાણી અને સુવાસ જાણે ખુબ જ મહેકે છે. તેમની વાણી આપણા આત્માના કોડીયામાં અજવાળા પાથરતા ગયા છે. આપણને ચમકાવી ગયા છે. આપણને સમજાવી ગયા છે કે–છોડવા જેવો સંસાર, મેળવવા જેવા મોક્ષ અને લેવા જેવો સંયમ.

તેઓના જીવનની આછી રુપરેખા તેઓનો જન્મ સંવત ૧૯૫૨ માં પાદરા ગામે થયો હતો, અને જન્મથી એમના પગમાં અને હાથની રેખાઓમાં કોઇ અલૌકિક ચિન્હ હતું, અને તે વખતે સંતે કહ્યું હતું કે આ આત્મા જગત પૂજનીય બનશે, જગત વંદનીય બનશે. માતાને ઉત્તમ દોહદ થયા હતા. પેટમાં હતા ત્યારે અને નાની વયમાં જ ખુબ જ ધર્મી જીવન હતું. તેઓ એમના દાદીમાના ખુબ જ લાડકવાયા હતા. ભણતા ત્યારે જ આચાર્ય વિ. કાનસૂ. મ.નો એમને ભેટો થયો હતો. અને તેમને વંદન કરવાથી ચાર ઉપદેશ શબ્દો સાંભળ્યા ને આત્મામાં વૈરાગ્ય જાગ્યો હતો.

ભાગીને સંવત ૧૯૬૯માં પોષ વદ ૧૩ના શુભ દિવસે ગંધાર શહેરમાં દીક્ષા લીધી ત્યાર પછી તે ઘણા ઝંઝાવાતો એમના જીવનમાં આવ્યા હતા. એમની ખુબ જ કસોટીઓ થઇ છે. સંવત ૧૯૮૭માં ગણી પંન્યાસ પદ કારતક વદ ૩ મુંબઇ શહેરના આંગણે અને આચાર્ય પદ પ્રદાન સંવત ૧૯૯૨ વૈશાખ સુદ ૬ અલબેલી મુંબઇ નગરીમાં જ ત્યારબાદ પણ એમના ઉપર ઘણા આક્રમણો અને વિરુદ્ધના તોફાનો આવ્યા

છે. મુંબઇમાં જ્યારે ચોમાસું હતું ત્યારે ઠાળા વાવટા ધરી અને ત્યાં લગી કે જે કોઇ એમની પર્ષદામાં જાય તો રોકતા. પણ મહાન આત્માઓ તો એની દરકાર કર્યા વિના નાવ ચલાવ્યે જ જતા હોય છે. અને પૂજ્યશ્રી તે સમયે એમ કહેતા કે કદાચ મારા અને શ્રોતાઓના કર્મ ભાગ્યે આવું બનતું હશે છતાં પણ આ દ્વિવાલ સાંભળશે અને એની આંતરે કોઇ માનવી કોઇ શ્રોતાને ચાર શબ્દો કાને પડશે તો એનું કલ્યાણ થઇ જાશે. અને જરૂર કોઇના કાને પડશે જ તેમનો આપના ઉપર અગણિત ઉપકાર છે. તેઓએ જૈન શાસનની અનુપમ પ્રભાવના અને રક્ષા કરી. પરમ પદના વાંછુઓ માટે સદા વંદનીય આદરણીય અને શિરોધાર્ય (શરોમાન્ય) બન્યા છે.

તેમના અગણીત ધર્મ પ્રભાવના આદિના કાર્યોને કોણ ગણી શકે તેમ છે. તેમના અગણિત ઉપકારની નોંધ કોણ લઈ શકે તેમ છે. તેમના અગણિત ગુણોનું વર્ણન લાખો જીભેથી થઇ શકે તેમ નથી. પોતાનું અને જગતના જીવોનું કલ્યાણ કરવા, તેઓ દેશ વિદેશ, કચ્છ, ગુજરાત, માળવા, કાઠીયાવાડ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, બંગાલ, બિહારમાં પગે ચાલીને તેઓ રાજા–રંક–ઉંચ–નીચ ભેદ વગર સૌને સમાન ભાવથી સંબોધતા. માન અપમાન નહિં જોનારા સમતાના સાગરમાં ઝીલતા, જીવનમાં તપ–જ્ઞાન, અભ્યાસ, ધર્મક્રિયા જિન ભક્તિમાં લીન બની આત્માની ઉન્નતી કરી આરાધના કરતાં જીંદગીને સાધના અને આરાધના પસાર કરી છેલે બે જ દિવસની માંદગી ભોગવી કરોડો આત્માઓને રડતા મૂકી સદા માટે લાંબી વાટ પકડી ઉંચી ગતિને મેળવવા આપણુ વચ્ચેથી શુક્રવાર સવારના ભારત દેશમાં અમદાવાદ શહેરમાં અશાઢ વદ ૧૪ ને ઇ. સ. તા. ૯–૮–૧૯૯૧ના સવારના ૧૦ વાગે ચિર વિદાય સમાધિ પૂર્વક કાળધર્મને પામ્યા.

ગચ્છાધિપતિ આચાર્ય પૂ. ગુરૂદેવને શ્રદ્ધાંજલી આપવા આપણે સૌ કોઇ કટીબદ્ધ થઇએ અને એમના ગુણોને યાદ કરીએ. ખરેખર તેઓ બહુ જ માયાળુ હતા અને છેટ પરદેશથી આફ્રિકાથી જે કોઇ ભાવુકો એમના દર્શન વંદનાર્થે જાતા એને મીઠો આવકાર આપતા. કેતા વ્હાલથી બોલાવતા જરા અવાજ સાંભળી તરત જ શિષ્યોને પૂછતા કોણ છે. આ કોણ છે. આ સત્ય બનેલી હકીકત છે અને પૂજ્યશ્રી દાદા ગુરૂની જેમ યાદ આવે છે એમના ગુણોનું વર્ણન હજાર જીભેથી કરીએ તો પણ થઇ શકે તેમ નથી. જેમની વાણી જે કોઇ સાંભળે એ આત્મા અવશ્ય પવિત્ર બની જાય અને જીવનમાં વૈરાગ્ય ભાવો ઉત્પન્ન થયા વિના ન રહે અને એક વખત એમના દર્શન પામ્યા પછી જીવનમાં ધર્મની ભાવના અખુટ બની જાય એજ તેમનો આત્મા તો અવશ્ય દેવગતિને પામ્યો જ હશે, વ્હેલો વ્હેલો મુક્તિને કેતા મોક્ષ ગતિને પામે અને આપણને ધર્મક્રિયામાં સહાયક બને અને આશીર્વાદ મળતા રહો એજ શુભ ભાવના. (અભ્યર્થના).

❋ મનનીય માર્ગદર્શન ❋

—પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સા.

[વિ. સં. ૨૦૪૨ના ફાગણ વદિ ૯ ને ગુરૂવાર તા. ૩-૪-૮૬ના રોજ ગોપીપુરા-સુરતના વ્યાખ્યાન મંડપમાં આપેલ પ્રવચનમાંથી.]

× × × નામના, કીર્તિ, ખ્યાતિ, પ્રતિષ્ઠાદિ માટે ધર્મ કરે તેના ધર્મની કુટી કોડિની કિંમત નથી. દુનિયાનું સુખ, સંપત્તિ-સાહ્યબીને ખરાબ માને નહિ ત્યાં સુધી તે જીવમાં ધર્મ આવે નહિ.

સમકિતી જીવને સંસારમાં રહેવું ગમે નહિ પણ કર્મના યોગે સંસારમાં રહેવું પડે તો સંસારમાં રહેવા છતાંય તે ફસાય નહિ. તમને ઘર-પેઢી, પૈસો-ટકો ગમતો હોય તો તમારામાં સમકિત આવ્યું નથી તેમ કહેવાય. તે બધું ગમી જાય ત્યારે દુઃખ પણ થાય છે બરૂ ? આજે તમે બધા જૂઠ લખો છો, બોલો છો, ચોરી કરો છો તે શાને માટે કરે છો ? જે પૈસા માટે અને સુખ માટે જૂઠ બોલવું પડે-લખવું પડે, ચોરી કરવી પડે તે પૈસાને અને સુખને સારું માને તે જીવ બેવકૂફ કહેવાય કે ડાહ્યો કહેવાય ? જેને માટે થોડું ય પાપ કરવું પડે તેવા સુખ-સંપત્તિને સારા કહેવા, સારા લાગે ત્યારે દુ ખ પણ ન થાય તે ભારે અધમતા છે. તેવો જીવ તો ઘણા સાધુને ય વટાવી જાય. આજે તો ઘણા કહે છે કે, આચાર્યો પણ અમારા ખિસ્સામાં છે !!

ખરેખ શ્રાવક તો એમ કહે છે, અમે તો દેવ-ગુરૂની આજ્ઞાના ગુલામ છીએ. આવી માન્યતા જેનામાં ન હોય તે દેવ-ગુરૂને માનતો નથી. જો આજે ભગવાનની, શાસ્ત્રની વાત માની લેવાય તો કોઇ કજીયો નથી.

પ્ર૦ : બધા કહે છે શાસ્ત્ર અમારી પાસે છે.

ઉ૦ : ભગવાનની આજ્ઞાને જાહેર ચોગાનમાં સમજાવવા તૈયાર છું. મનેય તેઓ સમજાવે હું ખોટો પડું તો ડંકો વગાડી માફી માંગું. તેઓ ખોટા પડે તો માફી માંગે. જો મારા વતી વચન આપું છું. જેને શાસ્ત્રને સામે રાખી વાત કરવી હોય તો તૈયાર છું ખુલાસા કરીશું. અમે ભૂલ્યા તો અમે માફી માગીશું.

પ્ર૦ : આપે દીક્ષા લીધી ત્યારથી વઢવાનું ચાલું રાખ્યું છે. ગામનાને અને ઘરનાને ય છોડયા નથી.

ઉ૦ : હું જે વાત માટે વઢયો છું તેમાં જો ભગવાનની આજ્ઞાની સંમતિ ન હોય તો આજે ય માફી માંગવા તૈયાર છું.

અસલમાં તો અમે વઢયા નથી. જેને જેને શાસ્ત્રની વાત ખોટ. કહી તો અમે કહ્યું છે, આ બરાબર નથી.

હું શાસ્ત્રની વાત સમજવા અને સમજાવવા આજે પણ તૈયાર છું. તે લોકો જાહેરમાં કહે તો જાહેરમાં કરીએ, ખાનગીમાં કહે તો ખાનગીમાં કરીએ. પરસ્પર નહિ સમજી શકીએ તો પ્રેમથી ઊઠીશું પણ કજીયો કરીશું નહિ. ખોટ વાતમાં સહી પણ કરીશું નહિ.

માટે સમજો કે, જેને સમ્યક્ત્વ સ્પર્શ્યું હોય તે જીવ ભગવાનની આજ્ઞાને જ સમર્પિત હોય.

પ્ર૦ : સંઘની શાંતિ માટે પણ સહી ન કરો ?

ઉ૦ : ભગવાનની આજ્ઞા આઘી મૂકી સંઘની શાંતિ થતી હોય તો તે સામે ય ન જોઇએ તો સહી કેવી ? 'ભગવાનની આજ્ઞા હોય ત્યાં જ અમે હોઇએ' આવી જો ખાત્રી ન હોય તો અમે ગુરૂ થવા પણ લાયક નથી. ભગવાનના વચનને સમર્પિત હોઇએ તો જ અમને માનવા જોઇએ, નહિ તો મૂકીને ચાલ્યા જવું જોઇએ. અમે ભગવાનના વચનને સમર્પિત નથી તેમ જાણ્યા પછી પણ જો ન મૂકે તો અધર્મ ! જાણીને અમને મૂકી દો તો તે ધર્મ !

જમાલિને ઓળખો છો ? ભગવાનનો ભાણેજ અને જમાઇ છે, ૫૦૦ શિષ્યોનો ગુરૂ છે. મિથ્યાત્વના ઉદયથી તેને ભગવાનને ય ખોટા કહ્યાં તો તેમના જ શિષ્યોએ સામે પડી તેમને સમજાવવા પ્રયત્ન કર્યો કે, ભગવાન કદિ ખોટું કહે નહિ. તે ન સમજ્યા તો તેમના જ શિષ્યો તેમને મૂકીને ભગવાનની પાસે ગયા તો ભગવાને તેમણે સારૂં કર્યું તેમ કહ્યું.

માટે સમજો કે, ભગવાનની આજ્ઞા હોય ત્યાં જ અમે અને તમે પણ જો શ્રાવક હો તો તમે પણ ત્યાં જ. વર્ષો સુધી જેને માન્યા હોય તેઓ જો આજ્ઞાથી ખસ્યા હોય તો તેમને સમજાવાય. સમજાવવા છતાં ન સમજે તો તેમને મૂકીને જવું જ જોઇએ. ભગવાનના વચનને માનવાની તૈયારી ન હોય તો અમે સાધુ નથી, તમે શ્રાવક નથી.

પ્ર૦ : આપ તો શાસનમાં પિતા તુલ્ય છો. બધા જ સાધુ-સાધ્વી ભગવાનની આજ્ઞાને જ વફાદાર રહી જીવન જીવે એ માટે આપ શું વિચારો છો ?

ઉ૦ : ભગવાનની હાજરીમાં ય બધા આજ્ઞામાં રહ્યા નથી. જે સ્વચ્છંદી બને તેને આજ્ઞામાં રહેવું ગમે નહિ. બધા જ જો આજ્ઞા મુજબ જીવવાનું નક્કી કરે તો કોઇ

કજીયો રહે નહિ. અમે ખોટે માર્ગે છીએ તેમ જો મને સમજાવે તો જાહેરમાં માફી માગવા તૈયાર છું. ખોટું હોય તે ફેંકી દેવા તૈયાર છું.

પ્ર૦ : આપ છો તો સાચા. પણ બધાને સાચાપણું એસે તેવું કરવું જોઇએ ને ?

ઉ૦ : તમને ગમે કે ન ગમે પણ બોલ બોલ કરું છું. સાચી વાત સમજાવવા પ્રયત્ન કરું છું. આ વિના બીજો ઉપાય મારી પાસે નથી.

આજનો શ્રાવક સંઘ જે ન કરે તેવું થઇ રહ્યું છે. સાધુ મહારાજના પારણાની બોલી બોલાય નહિ. જો કદાચ બોલી બોલાઇ હોય તો અમારાથી વહોરવા જવાય નહિ આ એક શાસ્ત્રીય મર્યાદા છે. કદાચ પારણા માટે બોલી બોલાઇ ગઇ હોય તે ગુરૂભક્તિ માટે બોલાઇ કહેવાય. તે દ્રવ્ય દેવદ્રવ્ય વિના બીજે કશે જાય નહિ કેમકે ગુરૂનિશ્રાએ દ્રવ્ય હોતું નથી તેથી તે જીર્ણોદ્ધારમાં જાય પણ આયંબિલ ખાતામાં ન જાય ત્યાં લઇ જાય તો તેના આયંબિલ ખાતાનો જે ભોગવટો કરે તે બધા દેવદ્રવ્યના ભોગી થાય. અને દેવદ્રવ્યના ભોગવટાનું પાપ લાગે. તેથી કોઇ સાધુ-સાધ્વીએ જવું જોઇએ નહિ તેમ શ્રાવક-શ્રાવિકાએ પણ જવું જોઇએ નહિ. અહીં આવો પ્રસંગ બન્યો છે તેમ મારી જાણમ આવ્યું છે માટે આટલો ખુલાસો કર્યો છે.

ખરી વાત તો એ છે કે, બધાને અનુકૂળતા મુજબ આયંબિલ થઇ શકે માટે આ ખાતું રાખ્યું છે. આયંબિલ ખાતામાં ટીપ કરવી પડે તે આયંબિલ કરનારાને કલંક છે. ઘી ખાવા તો ખર્ચો લાગે ને ? આયંબિલ કરનારા શક્તિવાળા છે કે શક્તિ વગરના છે ? આયંબિલ કરનારા શક્તિ મુજબ પૈસા આપવા માંડે તો તોટો પડે નહિ. માટે બધાએ સમજીને સાવચેત થવા જેવું છે.

પ્ર૦ : બોલી બોલાતાં પહેલાં જ તેમ નક્કી કર્યું હોય તો ?

ઉ૦ : ભગવાનની અને ગુરૂની ભક્તિ માટે જે દ્રવ્ય બોલાયું હોય તે દેવદ્રવ્યમાં જ જાય. તમે નક્કી કરો અને તમારા ખાવામાં લઇ જાવ તે ચાલે ? મરજી આવે તેવી કલ્પના કરે તે ચાલે નહિ.

પ્ર૦ : સાત ક્ષેત્ર અને આઠમા અનુકંપા ક્ષેત્રમાં વાપરવા રજા આપી હોય તો ?

ઉ૦ : બોલી બોલતા પહેલા આવી રજા અપાય જ નહિ.

પ્ર૦ : એકાંતે આવું ? ઉ૦ : એકાંતે જ.

પ્ર૦ : આવી ગરબડોનું મુખ્ય કારણ શ્રમણોની એકતા નથી તે છે.

ઉ૦ આ વાત ખોટી છે. તારા ઘરનો છોકરો ઘરની વસ્તુ બહાર ફેંકવા માંડે ગમે તેમ વાપરવા માંડે તો તેની સાથે એકતા રાખીશ ? તેને ઘરમાં રાખીશ ?

જગતના સઘળાય જીવો સાથે અમારે મૈત્રી છે. બધાનું ભલું ઇચ્છીએ છીએ. એકતા ખાતર સાચું ઠામ છોડીએ તો ભગવાનને મૂકયાનું પાપ લાગે. એકતા ખાતર ખોટું કરાય નહિ સાચું મુકાય નહિ.

પ્ર૦ : આપ કરૂણા સાગર છો, મોટો ભાગ આપના પર દોષારોપણ કેમ કરે છે ?

ઉ૦ : મારો પાપનો ઉદય. તેથી હું નારાજ થયો નથી, થવાનો નથી. અજ્ઞાન ગમે તેમ બોલે તેથી દુઃખ થતું નથી. ભગવાનને પણ ગાળો દેનારા છે. મંદિર જોઈને આંખો બાળનારા છે તો મંદિર તોડી નંખાય ?

પ્ર૦ : આપ વિહાર કરવાના છો. છેલ્લા બે મહિનામાં જે પરિસ્થિતિનું નિર્માણ થયું છે તેના પર કાંઇ પ્રકાશ પાથરો તો અમને માર્ગદર્શન મળે.

ઉ૦ : ભગવાનની આજ્ઞાને સમજીને માનો, ન સમજાય તો બોલો નહિ. શાસ્ત્રે શું કહ્યું છે તે સમજો. ભગવાનની આજ્ઞા માનનારની સાથે બેસો, જેઓ આજ્ઞા માને નહિ તેની સાથે બેસો નહિ. તેના પર દુર્ભાવ પણ કરો નહિ. શાસ્ત્રના મુજબ ચાલશો તો કલ્યાણ થશે.

ભગવાને ગીતાર્થોને પણ કહ્યું છે કે, ભગવાનની વાત ન સમજાય ત્યારે 'तमेव सच्चं निःशंकं जं जिणेहि पवेइयं'નો પાઠ કરવો. ભગવાને કહ્યું તે ખોટું હોય નહિ. મારી બુદ્ધિ ઓછી હોય તો ન સમજાય તે બને પણ તેથી ભગવાન ખોટા છે તેમ બોલવાની મના છે.

ભગવાનની આજ્ઞાને સમજવા પ્રયત્ન કરો અને સમજીને જીવશો તો કલ્યાણ થશે.

શાસન સમાચાર

ચાતુર્માસ પ્રવેશ

શ્રી કાંદીવલી સંઘની આગ્રહભરી વિનંતિથી આ. વિ. રત્નભૂષણ સૂ. મ. આદિ ઠાણાનો અષાડ સુદિ ૭ ને બુધવારના રોજ મંગલમય ચાતુર્માસ પ્રવેશ ભવ્યાતિભવ્ય સામૈયા સહિત થયો છે. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ આદિ ત્રણે જિનમંદિરોમાં સંઘ સાથે દર્શન કરીને પૂ શ્રી આરાધના ભવનમાં પધાર્યા હતા. ત્યાં પૂ.શ્રીએ માંગલિક પ્રવચન ફરમાવ્યું હતું. પૂ.શ્રીના આગમનથી સંઘમાં અનેરો આનંદ છવાઇ ગયો છે. અહીંનું પૂરું સરનામું આ પ્રમાણે છે.

શ્રી શાંતિનાથ આલાવાડ જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ

કામોઠર વાડી સામે, અશોક ચક્રવર્તી રોડ, કાંદીવલી પૂર્વ, **મુંબઇ**–૪૦૦૧૦૧

મહાભારતનાં પ્રસંગો

[પ્રકરણ-૩૧] —શ્રી રાજુભાઇ પંડિત

ધર્મ વિના કશું નથી, ગાંધારી !

ધર્મ રૂપી કલ્પવૃક્ષના ફળની અર્થી મહારાણી કુંતીએ નાસિકમાં શ્રી ચંદ્રપ્રભ સ્વામિનું મંદિર કરાવ્યુ. જેની પ્રભાથી અંધકારના સમૂહો વેરણ-છેરણ થઇ જાય તેવા તદ્દન નિર્મળ તથા જાજવલ્યમાન ઝળહળતા રત્નોના ત્યાં દીપકો મૂકાવ્યા. તે રત્ન-દીપકો જાણે માત્ર મંગલના કરનારા થઇ પડયા. નાસિક તો હવે મારે પ્રસાદ ભુક્તિ = દેવશેષનું ભોજન છે. એમ ગણીને પાંડુપત્ની કુંતી દેવીએ ત્યાં જઇને જૈન ધર્મની પ્રભાવના કરી.

ધર્મારાધનમાં સમય પસાર કરતી કુંતીદેવી ફરીવાર ગર્ભવતી બન્યા.

અને વૃક્ષોને જડમૂળથી ઉખાડી નાંખનારા પવને નંદનવન (મેરૂ પર્વતના વન) માંથી એક કલ્પવૃક્ષ લાવીને કુંતી દેવીના ખોળામાં નાંખ્યુ. આવું એક રાતે કુંતી-દેવીએ સ્વપ્ન જોયુ.

સ્વપ્ન ફળ કહેતા સવારે પાંડુરાજે કહ્યું કે-'બળવાનોમાં અતિ બળવાન, જગતને આશ્વાસ દેનાર, એક અદ્ભુત પુત્ર, દેવી ! તમને થશે.' સ્વપ્નફળ સાંભળતા અત્યંત હર્ષ પામેલા દેવી કુંતી કાળજીપૂર્વક સમય વીતાવે છે.

ગર્ભના પ્રભાવથી કુંતી રાણીને થવા લાગ્યું કે-'શૈલેન્દ્રને પર્વતરાજને શું હું તળેટીના મૂળમાંથી ઉખાડી નાંખુ કે પછી તેના ચૂરે ચૂરા કરી નાંખું ?' અત્યંત બળ પ્રાપ્ત થતા રાણી કુંતી વજ્ર જેવા વજ્રને આંગળીના ટેરવા વડે પાકેલા કપૂરનાં કણો (ટુકડાને) ચૂંથે તેમ ચૂરી નાંખવા લાગ્યા. ગર્ભના પ્રભાવથી કુંતી દેવી અતિ બળવાન તથા ઉત્સાહ તેમજ સાહસ ધારણ કરવા લાગ્યા.

જ્યારે બીજી તરફ કુંતી રાણી કરતાં પહેલા ગર્ભધારણ કરેલ ધૃતરાષ્ટ્ર પત્ની ગાંધારી ૩૦ ત્રીશ-ત્રીશ મહિના વીત્યા છતાં પ્રસવ કરી શકી ન હતી. આથી ક્લેશાવેશ ચિત્તથી તે વિચારવા લાગી કે-'અહો ! તાપ દેનારા મારા પાપની ચરમ સીમા છે. કે જેથી નરકના દુઃખને અહીં જ ભોગવું છું. વળી કુંતીએ યુધિષ્ઠિર જેવા પુત્રને તો જન્મ આપ્યો. પણ હાલમાં પણ તે કશી જ વેદના વગર બીજા ગર્ભને ધારણ કરી રહી છે.

મારા પ્રસવ ન થવાની જે અસહ્ય વેદના છે તેનાથી પણ વધુ વેદના તો કુંતી

ફરીવાર પીડા રહિતપણે ગર્ભને વહન કરે છે તે છે. એ કુંતી મને હરપળે તીક્ષ્ણ ભાલાઓ વડે પીડા આપી રહી છે.'

આ રીતે દુઃખથી સતત વિહવલ બનેલી તે જલ્દીથી પ્રસવ થાય તે માટે મુઠ્ઠીઓ વાળીને પોતાના ઉદર ઉપર મારવા લાગી. આથી આધિ તથા મુઠ્ઠી ના મારવા વડે અત્યંત પીડાતુર બનેલી તેનો અપરિપૂર્ણ (નહિ પાકેલો) ગર્ભ બહાર નીકળી ગયો. એકલા માંસના લોચા જેવો નહિ પાકેલો ગર્ભ જોતા આંસુ સારતી અત્યંત વિષાદ પામી અને વિધાતાને ઉપાલંભ દેવા લાગી કે-'મારા મનના મનોરથો હે દેવ! તું દયાહીન બનીને આમ કેમ હણી રહ્યો છે?'

આવા માંસના લોચાથી હવે મારે શું કામ છે? આમ વિચારી તે અપક્વ ગર્ભને તિરસ્કારપૂર્વક નગર બહાર તજી દેવા તૈયાર થઇ.

બરાબર એ અરસામાં ઘરની ધાત્રીઓને ખબર પડતાં તરત ત્યાં દોડી આવી અને કહ્યું કે- હે કલ્યાણી! તો તારા ઉદરમાંથી પુત્ર રત્ન પડ્યુ છે. દુર્ભાગ્યથી તે અર્ધ જ પક્વ છે. આવા પુત્રરત્નને તારા શરીરની વિષ્ઠાની જેમ તજી દેવા શા માટે તૈયાર થઇ છું? તારી આ મુગ્ધતા અમે સમજી શકતા નથી.' આ રીતે ધાત્રીઓએ ગાંધારીને વારંવાર કહીને- સમજાવીને માંડ-માંડ માંસ પિંડ જેવા તે જન્મેલા કાચા ગર્ભને તજી દેતા અટકાવી.

ગાંધારીએ કહ્યું- હે માતાઓ! આ અર્ધપક્વ કેમ છે? તે સાંભળો.

કુંતીના પહેલાં મને ગર્ભ રહ્યો. આથી મને થયું કે-'હું ધૃતરાષ્ટ્ર યુવરાજ હોવાથી રાજાની પત્ની રૂપે તો પહેલા બની ના શકી. પરંતુ મારા આ પહેલ. ગર્ભના પ્રભાવથી હું રાજાની માતા તો જરૂર બની શકીશ. પરંતુ નસીબ અવળ થયું. મારાથી પહેલા કુંતીએ પુત્રને જન્મ આપ્યો. તથા અત્યારે પણ તેને ગર્ભવતી સાંભળી તેથી (રાજ રાણી કે રાજમાતા બની નહિ શકવાથી) મનના મનોરથોના ભાંગીને ભૂક્કા બોલી જતાં અત્યંત બેઠથી જલ્દી પ્રસવની ઇચ્છાવાળી મેં મુઠ્ઠીઓથી મારા ઉદરને હણ્યુ. પરિણામે આ માંસના લોચા જેવો અપક્વ ગર્ભ બહાર પડ્યો. હવે તમે જ કહો હું શું કરું?'

વૃધ્ધ માતાઓએ કહ્યું- બેટા! આવી આધિ તે શા સારૂ કરી? કર્મો કે જે પૂર્વભવમાં કરાયેલા હોય છે તે દરેક પ્રાણીને ભિન્ન-ભિન્ન ફળો આપે છે. વત્સે! માત્સર્ય = ઇર્ષ્યાને તજીને ધર્મમાં મન લગાવ. સુંદર રીતે ધર્મને આરાધની એકાગ્રમન-

વાળી આ કુંતીને જો ધર્મના પ્રભાવથી જ તો સમસ્ત સંપત્તિ પ્રાપ્ત કરી છે. તો હે વત્સે ! કુંતી ઉપર નકામી ઇર્ષ્યા શા માટે કરે છે ? કલ્પવૃક્ષો તો લોઢની ઉપર જ ઉપકાર કરનાર છે તે કલ્પવૃક્ષો તો ધર્મની આગળ શું માત્ર છે ? જો તું ઇચ્છિત ફળને ઇચ્છે છે તો ધર્મમાં દત્તચિત્ત રહે. (ધર્મ વિના કશું જ નથી. સંસારમાં સુખ જેવું હોય તો પણ ધર્મ વિના નહિ જ ચાલે.' આ વાત સુખ માટે ધર્મ કરવાનું નથી કહેતા. પણ ધર્મ વિના કશું જ નથી. એમ કહીને ધર્મની અત્યંત મહત્તા જ બતાવે છે. 'સંસારના સુખો માટે ધર્મ કરવાની' વાતો કરનારા આ વાતને જરા સમજે.)

અને વત્સે ! અમુક લક્ષણોથી આ ગર્ભ અત્યંત બળવાન થશે તેમ જણાય છે. તેથી જરા ય ખેદ ના કરીશ. આ પુત્ર તો માત્ર ત્રીશ મહિના જ ગર્ભમાં રહ્યો છે એ તો કાંઇ નથી બાર–બાર વર્ષ સુધી પણ ગર્ભ ઉદરમાં રહેતા હોય છે.' ચાલો આપણે ગર્ભને જીવાડવાનો જ પ્રયત્ન કરીએ.

ઘી વાળા રૂ વડે તે માંસપિંડને વીંટાળીને સોનાની કુંડીમાં રાખીને તેનું લાલન પાલન કરવા લાગ્યા.

સમય જતાં સંપૂર્ણ સર્વાંગવાળા પુત્રને ગાંધારીએ જન્મ આપ્યો.

બીજી બાજુ ત્રણ પ્રહર પછી કુંતીએ પુત્રને જન્મ આપ્યો

એક જ દિવસે જન્મેલા છતાં બન્નેના ભાગ્ય ભિન્ન ભિન્ન હતા. પહેલાં દુર્લગ્નમાં જ્યારે બીજો સુલગ્નમાં જન્મ્યો હતો.

પાંડુ પુત્રના જન્મ સમયે દિવ્ય વાણી થઇ કે– આ પુત્ર વિજયી, વજ્રકાયવાળો. પ્રચંડ બળવાન્, વડિલ ભાઇ પ્રત્યે ભક્તિવાળો, જગતના દુઃખીજનોનો બાંધવ થશે. મોહનો નાશ કરી કેવલી થઇ સિદ્ધિવધૂનો પતિ બનશે. (મોક્ષે જશે.)

કુંતી આથી ખુશી–ખુશી થઇ. દેવોએ આકાશમાં જ તેનો મહોત્સવ કર્યો.

વળી પાંડુ રાજાએ બન્ને પુત્રનો સાથે જ જન્મોત્સવ કર્યો.

ધૃતરાષ્ટ્રે તથા પાંડુરાજે દુર્યોધન તથા ભીમ એમ બન્નેના નામ કર્યા. દેવોએ પવનના સ્પર્શના કારણે ભીમનું 'મરૂત' એવું બીજું નામ કર્યું.

શ્રી શંખેશ્વર નેમીશ્વર જિનેન્દ્રાય નમઃ

પૂ. આ. શ્રી વિજયામૃતસૂરિભ્યો નમઃ

શ્રી ડોળીયા તીર્થથી શ્રી શંખેશ્વર મહાતીર્થના છ'રી પાલક સંઘમાં પધારવા

॥ ભાવભર્યું આમંત્રણ ॥

નેશનલ હાઇવે નં. ૮ A લીંબડી તથા સુરેન્દ્રનગર અને રાજકોટ વચ્ચે શ્રી ડોળીયા તીર્થથી શ્રી શંખેશ્વર મહાતીર્થના છ'રી પાલક સંઘનું ભવ્ય આયોજન થયું છે.

— તારક નિશ્રા દાતા —

હાલાર દેશોદ્ધારક પૂ. આચાર્યદેવ શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મ.સ. પટ્ટધર પૂ. આચાર્યદેવ શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ., પૂ પ્રવર્તક મુ શ્રી યોગીન્દ્રવિજયજી મ. આદિ

— યાત્રિક સંઘનો કાર્યક્રમ —

સિદ્ધચક્ર મહાપૂજન : મહા વદ ૫ શુક્રવાર તા. ૫-૨-૯૯

સંઘ પ્રયાણ : મહા વદ ૭ રવિવાર તા. ૭-૨-૯૯

શંખેશ્વર તીર્થમાં પ્રવેશ : ફાગણ સુદ ૨+૩ ગુરુવાર તા. ૧૮-૨-૯૯

તીર્થ માળારોપણ : ફાગણ સુદ ૪ શુક્રવાર તા. ૧૯-૨-૯૯

આયોજક : શાહ ખીમજી વીરજી ગુઢકા મીઠોઇવાળા પરિવાર

(૧) લીલાધર ખીમજી ગુઢકા C/o. લાખિની એમ્પોરીયમ નાઇરોબી ફોન : ૭૪૩૦૪૧

(૨) છગનલાલ ખીમજી ગુઢકા તથા મોતીચંદ ખીમજી ગુઢકા C/o. ફિટસ કેમ. નાઇરોબી છગનભાઇ ફોન ૭૪૧૧૧૦ મોતીચંદભાઇ ફોન ૭૪૪૫૦૧

(૩) સોમચંદ ખીમજી ગુઢકા C/o. સર્વોદય સિલેક્શન માહિમ મુંબઇ ફોન ૪૫૫૨૩૦૫

(૪) જયંતીલાલ ખીમચંદ ગુઢકા C/o. જયંતીલાલ ખીમજીની કું. ગ્રેન માર્કેટ, જામનગર ફોન ૫૬૨૨૨૪

(૫) પ્રભુલાલ ખીમજી ગુઢકા C/o. મિરલ સિરામિક થાનગઢ ફોન જામનગર ૫૬૪૪૬૬ થાન-૨૦૬૫૧

ડોળીયા શંખેશ્વર, થાનગઢ થાણા, ભીવંડી, જામનગર, નાઇરોબી મોંબાસા લંડન એમ અનેક ઠેરાસરોએ નામો લખવા વ્યવસ્થા કરી છે.

સારી સંખ્યામાં યાત્રિકો લેવાના છે. આ છ'રી પાળવાની ભાવનાવાળાએ સરનામા નામ લખાવી દેવા તેમજ ઠિવાળી પછી પ્રવેશ પાસ અપાશે.

વ્યવસ્થાપક સમિતિ : C/o. **રામજી લખમણ માડ્ર**

તરણેતર રોડ, થાનગઢ. (સુરેન્દ્રનગર – સૌરાષ્ટ્ર)



પ્યારા બાલકાઓ...

જેમ સૂર્ય ઉગે છે તેમ આથમે છે. સૂર્ય ઉગતાં કમળ ખીલે છે અને સમી સાંજે કરમાય છે.

દરરોજ અનેક જીવો જન્મે છે ને આયુષ્ય પણ પૂર્ણ કરે છે.

સૂર્ય ઉગતાની સાથે જ પ્રકાશ પાથરે છે,
કમળ ખીલતાંની સાથે જ સુગંધ ફેલાવે છે.

ત્યારે...

મનુષ્ય જન્મતાં જ શું કરે છે ?

કોઇ સારો પુરુષાર્થ કરે છે ખરા ? પોતાનું જીવન સફળ બનાવશે ખરા ?

ના...રે...ના...!!! જન્મતાંની સાથે જ અશુભ કર્મોને સંગ્રહ કરવાનું ચાલુ થઇ જાય. પાંચેય ઇન્દ્રિયના વિષયો ભોગવવાની તીવ્ર લાલસા અનેક કર્મો બંધાય છે એક ઇન્દ્રિયનો ભોગવટો અસહ્ય દુઃખોને ખેંચી લાવે છે. દુર્ગતિમાં ધકેલી છે. પાંચેય ઇન્દ્રિયનો ભોગવટો કરવાની ઇચ્છાવાળાની શું હાલત થશે ?

જન્મ તો માનવી સાત કર્મોની બાંધણી નિત્ય બાંધે છે તો પછી સારા કાર્ય કરવાનો સમય કયારે મળશે ? ધર્મ કરતાં પણ દુષ્કર્મ બાંધે છે તે માનવીનું શું થશે ?

સૂર્ય અને કમળ, ઉગતાં અને ખીલતાં જ પોતાની ઉજાસ અને સુવાસ ચો તરફ પાથરે છે તેમ હે માનવી ! તું પણ સદ્વિચાર અને સદ્ કર્યોની સુવાસ ચો તરફ ફેલાવ. કુકર્મો કરવાનું બંધ કર. અવગુણોને છોડી દે ઇન્દ્રિય જન્ય સુખોને તિલાંજલી આપ. ક્રોધ, માન, માયા અને લોભની ચંડાળ ચોકડીનો પડછાયો છોડ રાગ કેસરી સિંહ અને દ્વેષ ગજેન્દ્રની આળ પંપાળ તોડ તો જ,

હે મનુષ્ય, તું સારા કાર્યો કરી શકીશ ઉત્તરોત્તર સદ્ગતિ પામી શકીશ સમી સાંજે ભલે સૂર્ય અસ્ત થાય અને કમળ પણ બીડાય જાય પરંતુ સદ્કાર્યો કયારેય અસ્ત પામતા નથી, બીડાતા નથી તે તો સદાય અમર જ રહે છે.

અમરપણું પ્રાપ્ત કરવા માટે ઇન્દ્રિય જન્ય સુખો છોડી સુદેવ, સુગુરૂ અને કેવળજ્ઞાનીએ પ્રરૂપેલા સુધર્મના માર્ગે ચાલો એજ અભિલાષા.

રવિશિશુ C/o. જૈન શાસન કાર્યાલય

— ચ્યવન —

વિમાનોની પ્રભા ઘટતી જોઇને.
કલ્પવૃક્ષને ગ્લાન થતાં જોઇને
પોતાની તેજોલેશ્યાને(તેજને)ઘટતી જોઇને.
આ ત્રણ કારણે દેવો ચ્યવશે એમ જાણે છે.

-વસુ

— ગઝલ —

કાનુ બોબડું સાંભળી, કરે એકની ચાર,
તેને તો કૂતરાથી બદતર કહ્યો જે ચાડી ખાનાર

❀

કાચા કાનનો માનવી, લોકની સાંભળે વાત
તપાસ કર્યા વિના ન્યાય કરે,
તે ગદ્ધા સમ લેખાય

-રશ્મિકા

— હાસ્ય હોજ —

મુંબઇ (કાલબાદેવી)ના રોડ પર એક ભાઇ સાયકલ લઇને દોડી રહ્યો હતો. તેને અટકાવી એક ભાઇએ પૂછ્યું, સાયકલ લઇને કેમ દોડો છો? તેની પર બેસી જાવ ને!

સાયકલવાળા ભાઈ-અરે! સમય કયાં છે?
(અજ્ઞાનતા ગણાય)

❀

શેઠ - (ગણપતિને) હે ભગવાન! મારી ભક્તિથી તું પ્રસન્ન થયો છે તો મને એક ગાડી અપાવ.

ગણપતિજી-અરે ભક્ત! વાહ રે વાહ! તું જોતો નથી હું તો ઉંદર પર ફરું છું ને...
(લાલસા કરતાં વિચારો)

❀

દર્દી-ડોકટર તમે કયારે આવો છો?

ડોકટર હું આવી જઇશ.

દર્દી-મારો જીવ જશે તો તમને ફી કોણ આપશે?
(ચિંતા ફીની તે સમજ બહાર ગણાય)

-ઋષની અંકિત શાહ

— ગૃહસ્થને વીતરાગ ધર્મ આરાધવાની વિવિધતાઓ —

- જિન ભક્તિ, ગુરૂ ઉપાસના, સ્વાધ્યાય, સંયમ, તપ અને દાન
  આ છ કર્મ નિત્ય આચરવા
- દાન, શીલ, તપ અને ભાવના -આ ચાર પ્રકારે ધર્મારાધના કરવી.
- સામાયિક, પ્રભુવંદન, ગુરૂવંદન, કાયોત્સર્ગ, પ્રત્યાખ્યાન, પ્રતિક્રમણ
  આ છ આવશ્યક ક્રિયાઓ નિત્ય કરવી.
- સમ્યગ્જ્ઞાન, સમ્યગદર્શન અને સમ્યકચારિત્ર
  -આ ત્રણની આરાધના શુદ્ધ પ્રકારે કરવી
- અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ

-આ પાંચ અણુવ્રતોમાં ડાઘ ન લાગે તે રીતે વર્તવું.

- પાંચ અણુવ્રતો તથા દિક્પરિમાણવ્રત, ભોગોપભોગવ્રત, અનર્થદંડ, સામાયિક દેશાવકાશિક, પૌષધ ઉપવાસ, અતિથિસંવિભાગ -આ બારે વ્રતોનું પ્રતિપાલન કરવું.
- પ્રાયશ્ચિત, વિનય, સેવા, સ્વાધ્યાય, ધ્યાન, દેહભાવનો ત્યાગ (ઉત્સર્ગ)

-આ છ અભ્યંતર તપ તપીને કર્મોનો નાશ કરવો.

- વાંચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા પરિણામની નિર્મળતા અને જ્ઞાનની વૃદ્ધિ માટે આસેવન કરવું.
- ઉત્તમ ક્ષમા, નમ્રતા, સરળતા, સંતોષ, સત્ય, ત્યાગ, તપ, આકિંચન્ય (અપરિગ્રહ) બ્રહ્મચર્ય.

એ દસ પ્રકારનો ધર્મ જીવન શુદ્ધિ માટે છે.

આ સર્વ ધર્મની આરાધનાનું મૂળ લક્ષ આત્મપદને માટે જ છે.

-ધવલ પ્રકાશકુમાર

— કથાનક —

સુખી થાય !

સવારે અંધારને સાંજ ઘેર ઘેર ભટકનારો એક ફકીર ચપણીયું લઈને એક વખત સમ્રાટની હવેલીએ જઈ ચડયો. અનુચરોને આજ્ઞા કરી સમ્રાટ પાસે પહોંચ્યો સમ્રાટ એ સમયે પ્રભુ પ્રાર્થના- આજ્ઞા કરતો હતો. શક્તિપાત કરનારા પ્રભુની પાસે ભક્તિ કરતાં કરતાં માંગણી કરી-

હે જિનાનાથ ! 'હવે થોડી પૃથ્વી જીતવાની બાકી છે. તે પ્રાપ્ત થઈ જાય તેવી મહેર કરો'

વારંવાર બોલાતાં આ શબ્દોનું શ્રવણ ફકીરે કર્યું ભિક્ષાર્થે આવેલા ફકીરજી પાછા ફર્યા.

કાંઈક કંપનો સળવળાટ થવાથી સમ્રાટે પાછું જોયું. ફકીર પોતાની મસ્તીથી પાછા જતા હતા આંખની પાપણે નચાવતાં અનુચરોને સમ્રાટે ઇશારો કર્યો કે-

'ફકીરને પાછા બોલાવો.'

ઇંગીતાકારને જાણનારા સેવકોએ ફકીરને વિનંતી કરી પાછા વાળ્યા.

ફક્કડ ફકીરજી કેમ પાછા વળવું પડયું. મારે ત્યાં આવેલો કોઇપણ ખાલી હાથે

જતો નથી તેની માંગણી હું પૂર્ણ કરું છું. જો આપ લીધા વગર પાછા ફરશો અને ધાણેન્દ્રિયમાં આ સમાચાર પહોંચી જશે તો મારી રેવડી ઠાગા ઠાર થઇ જશે.

ફકીરજીએ કટાક્ષભર્યું હાસ્ય પાથર્યું મોઢું મચકોડતાં બોલ્યો, કે રાજન્! હું તારી પાસે યાચના કરવા આવ્યો હતો, પણ જોયું તો સમ્રાટ પોતે જ ભિખારી બન્યો. આપતો પ્રભુ પાસે માંગી રહ્યા હતા. હરહંમેશ હું આપનો હાથ ઉપર જોતો હતો ને આજે નીચે જોયા બુબ જ આશ્ચર્ય થયું.

જે પોતે જ ભિખારી હોય તે પોતે બીજાને શું આપવાનો? એમ વિચારી હું પાછો ફર્યો.

પ્રભુ ભક્તિના બદલામાં તૂચ્છ ફળ માંગનારાઓ બરોબર ભાન ભૂલ્યા છે. શાશ્વત સુખ અર્પનારા પાસે ઈહલોકિક ને પરલોકિક સુખની માંગણી કેટલી બાલિશ ગણાય!

—નિશાન્ત પ્રશા-ત ઝવેરી

— ન મ્ર વિનંતી —

પૂજ્ય મુનિરાજ શ્રી ધર્મતિલકવિ. મ.સા. દ્વારા સંપાદિત વિહાર કરિકા પુસ્તિકા અમોએ વિ.સં. ૨૦૫૩માં બહાર પાડેલ પૂ. સાધુ સાધ્વીજી ભગવંતો તથા શ્રી સંઘો તરફથી જોરદાર આવકાર મળેલ. તેની ૩૦૦૦ નકલમાંથી અમારી પાસે માંડ ૨૫ નકલ વધી છે. તેથી નવી આવૃત્તિ સુધારા વધારા સાથે બહાર પાડવા વિચારણા છે. તેથી આ પુસ્તકમાં કિ.મી. ઘર ફેરાસર આદિની જે જે ભૂલો રહી ગઇ હોય– વિહારોમાં ફેરફાર હોય– તથા બીજા ઉપયોગી વિહારોનો સમાવેશ કરવા જેવો લાગતો હોય તથા તેને લાગતા ઉપયોગી સૂચનો ચતુર્વિધ શ્રી સંઘ તુરંત પાઠવે તેવી અમારી હાર્દિક વિનંતિ છે.

વિહાર કરિકા અંગેના સૂચનો
સૌરાષ્ટ્ર વિહાર ભૂમિ ભક્તિ સમિતિ
૬/એ વર્ધમાનનગર
હજુર પેલેસ રોડ,
રાજકોટ (સૌ.) ૩૬૦૦૦૧.

卐

શાસન સમાચાર

— જૈન શાસનના આદર્શ શ્રમણીરત્નાની ચિર વિદાય —

મહાન ન પૂરાય તેવી ખોટ પડી ગઇ :–

"ચારૂ ચારિત્ર ચાહના ચાહીને પૂ. ચંપકલતાશ્રીજી ચાલ્યાં ગયાં,
સંયમજીવનની સુંદર સુવાસના આદર્શરૂપે મૂકતાં ગયાં."

ભારતના ભાલ પ્રદેશમાં ધોલેરા પાસે **પીપળી** ગામે માતા **શિવબાઇ** પિતા **સુખલાલભાઇ** વિ.સં. ૧૯૬૭ના ભા. શુ–૩ જૈન, સંવત્સરી મહાપર્વનો આગલો ચંપાબેન નામ ગામડાના મર્યાદિત જીવનમાં ગુજરાતી ત્રણ ચોપડીનો અભ્યાસ, છતાં માતાપિતાના સુસંસ્કારે પરોપકાર જીવદયા–જયણા વિ.થી ધાર્મિક અભ્યાસ નહિ હોવા છતાં **પંદરેક વર્ષ**ની ઉંમરે વઢવાણ શહેરના અગ્રગણ્ય માથકીયા કુટુંબમાં સુશ્રાવક ઝુંઝાભાઇના પાંચ પુત્રો પૈકી ત્રીજા નંબરના શ્રી મફતલાલભાઇ, (જેઓ શ્રી હસ્તગિરિ તીર્થોદ્ધારમાં પ્રથમ) તે જેમના જીવનસાથી બન્યા શ્વસુર પક્ષમાં અજવાળીબેન નામ હતું. બસ વૈરાગી આત્માના સંપર્કથી જીવન વિશેષ ઝળહળવા લાગ્યું પોતાની ૨૫ વર્ષની ઉંમરે પતિદેવે, અનંતા અરિહંતોએ આચરેલો, પ્રરૂપેલો, સંયમ-માર્ગ સ્વીકાર્યો, ત્યારથી આર્ય સન્નારીના આદર્શ હૈયામાં એજ માર્ગ અપનાવ્યો, મહાપુરૂષોની વાણી અને હવે થોડા તત્વ અભ્યાસથી મન વૈરાગ્ય રંગે લગાવી, માતા–પુત્રી બંને સાથે ૨૦૦૭ માં વૈ. શુ. ૧૦ પરમાત્મા શ્રી મહાવીરદેવના કેવળજ્ઞાન કલ્યાણકના દિવસે શુભ મુહૂર્તે, સંઘસ્થવિર પ. પૂ. શ્રી સિદ્ધિસૂરીશ્વરજી (બાપજી) મ. સા.ના આજ્ઞાનુવર્તી પૂ. પ્રશાંતમૂર્તિ શ્રી પ્રભંજનાશ્રીજી મ. સા.ના સવિનેયા વાત્સલ્યનિધિ પૂ. શ્રી ચંદ્રોદયાશ્રીજીના પ્રશિષ્યા શ્રી ચંદનબાળાશ્રીજી બન્યા સંયમદાતા તપસ્વી સમ્રાટ પૂ. શ્રી રાજતિલકસૂરીશ્વરજી મ. સા. તથા પૂ. શ્રી માનતુંગસૂરિજી મ. સા.ની નિશ્રામાં મહોત્સવપૂર્વક ઘણા જ ઠાઠ માઠથી દીક્ષા ઉજવાઇ હતી.

સંયમ સ્વીકાર્યા બાદ, ત્યાગ–તપ, વિનય–વૈયાવચ્ચાદિ ગુણોની સાધનાની ધુણી ધખાવી કોમળ સ્વભાવ અને સમર્પિતભાવથી ગુર્વાદિ સર્વેના મન જીતી લીધા પૂ. ગુરૂ મહારાજની ચિર વિદાય પછી પણ ગુરૂ બેનોનો એટલો સદ્ભાવ કેળવ્યો કે સાથે

રહ્યા હોય પછી વિહાર કરવાનો અવસર આવે ત્યારે વડીલ ગુરૂબેનોની આંખમાં પણ આંસુ આવી જાય.

જીવનમાં તપ ધર્મ માસક્ષમણ-સોળ-અગિયાર-ચતારિ અટ્ઠ-દશ કોય તથા શારીરિક શક્તિમાં પર્યુષણમાં તો લગભગ અઠ્ઠાઇ તપ કરેલ, શ્રી વરશીતપ બે વાર, શ્રી વર્ધમાનતપની પપ ઓળી, એકાતર પાંચસો આયંબિલ, બે વાર શ્રી સિદ્ધગિરિની નવ્વાણુ યાત્રા બીજા અનેક તીર્થોની યાત્રા શ્રી સમ્યગદર્શનની શુદ્ધિ માટે કરી.

જ્ઞાનાચારની શુદ્ધિ માટે રોજ પાંચ લોગસ્સનો કાઉસ્સગ જ્ઞાનનું ચૈત્યવંદન, અસ્વસ્થ અવસ્થામાં પણ ચાલુ જ અભ્યાસ પણ પ્રકરણ ભાષ્ય-કર્મગ્રંથ વિ. અર્થસહિત તેમજ સાધુક્રિયાના સત્રો અને શ્રી દશવૈકાલિકસૂ. મ. વિ.નો કરેલ તેનો સ્વાધ્યાય-જીવનના અંતસુધી છોડયો નથી.

ચારિત્રાચાર ની આરાધના માટે પાંચ સમિતિ ત્રણ ગુપ્તિના પાલનમાં ખુબ જ ચિવટ જપ પણ દરેક તીર્થના મૂળનાયક ભગવાનની નવકારવાળી, નમસ્કારમંત્ર વિ.નો જાપ તો લગભગ ચાલુ જ હોય. **સ્વાધ્યાય** પ્રેમ આચારશુદ્ધિ-વ્યવહારશુદ્ધિ વિગેરે ગુણો જીવનની સંધ્યા સુધી ગુણો કેળવ્યા.

પર સમુદાયના પૂ. સાધુ-સાધ્વીજી મ. પણ માતૃહૃદયા-માતૃવત્સલાદિથી સંબોધતા, જેની જેની સાથે સંપર્કમાં રહ્યા હશે તે બધાને જીવન સુવાસ ફેલાવી તેમના અંતરમાં પેસી ગયા હોય તેમ લાગે:

શ્વાસનું દર્દ ઘણા વર્ષોથી હતું તેમાં પણ સમતા-સહનશીલતા અંજ મ કોટિની આશ્રિતોની સંયમસાધનામાં આગળ વધારવાની અપાર ચિંતા, હિતશિક્ષાદિ પ્રેરણા અપૂવકોટિની હતી.

સંયમરસિકતા, સ્વાધ્યાયપ્રેમ, ક્રિયા રૂચી ગુર્વાદિક વડીલોનો વિનયભાવ, ભક્તિ બહુમાન આશ્રિતો પ્રત્યેનો વાત્સલ્યભાવ ઔચિત્ય પ્રવૃત્તિ જૈન શાસન તથા સંયમનો અવિહડરાગ આદિ ગુણો અતિઅનુમોદનીય હતા.

ગૃહસ્થપણામાં પણ પતિદેવની દીક્ષા પછી પંદર વર્ષ રહ્યા પાંચ સમોવડીયામાં સગી બેનો જેવો જ વર્તાવ રાખેલો ત્યારે સંતાન તરીકે નાની બાળકીને ઉત્તમ સંસ્કારો રેડયા જ્ઞાનાભ્યાસ કરાવ્યો, કોઠાશુદ્ધિ અને અનુભવજ્ઞાન દ્વારા વ્યવહારશુદ્ધિ વડે તે વખતના સ્થવિરા-ડોશીઓના મનમાં **અજવાળીબેન** વસી ગયેલા, જ્યારે પોતાને

ત્યાં કે સાંબંધીને ત્યાં જમણ વિ. પ્રસંગ હોય ત્યારે એવા વૃધ્ધાવસ્થાવાળાને પહેલાં સંભારી તેમને ત્યાં પીરસણા વિ. પહોંચડાવવા વિગેરે ઔચિત્ય સાચવેલું તેથી જરા તેમનું આંખ–માથું જરા દુઃખે કે બધાને તેમની ચિંતા રહેતી સંયમી જીવનમાં પણ તે અનુભવ અનેકને આશ્વાસનરૂપ બનતો અને આપત્તિમાંથી પસાર કરાવતો ઉપાશ્રયની અન્યદર્શની પાડોશીઓમાં પણ અવસરોચિત વર્તી શાસન તેમના હૃદયમાં ગમી જાય તેવી સમજાવવાની શૈલી હતી.

કોઈવાર વિહારમાં સડક ઉપર કામ કરનારા અજ્ઞાની મજુર લોકો એમ માનતાં કે 'આ બધાની નાની ઉંમરમાં રાંડે એટલે આવો લેખ લઇ લે' તેમને પણ એવી રીતે સમજાવી દીધા કે તેઓ પણ આપણા સંયમીજીવનની અનુમોદના કરતાં થઇ જાય. તેવી કુશળતા હતી.

આ બધાંની ફળશ્રુતિરૂપે–

આવા અપૂર્વતમ રત્નત્રયીની આરાધના કરતાં ૮૭ વર્ષની ઉંમરે પણ સ્વયં અપ્રમત્તપણે શિષ્યા–પ્રશિષ્યા પરિવારને હંમેશા હિતશિક્ષાદ્વારા આરાધનામાં આગળ વધવા પ્રેરણા ચાલુ જ હતી. આ રીતે જીવનસંધ્યા સુધી **સંયમસાધના** ૪૭ વર્ષ સુધી કરી કરાવી, શ્રી નમસ્કારમહામંત્રનું સ્મરણ–રટન કરતા સર્વજીવોને ક્ષમાપના આપતા, રામ બિમારીમાં સ્વસ્થતાપૂર્વક સર્વની મમતા મૂકીને મુક્તિપંથે અધુરી સાધના સાધવા **વિ.સં. ૨૦૫૪ના જેઠ શુદ ૭** સોમવારે ૯–૧૦ કલાકે સ્વર્ગે સિધાવ્યા.

અમારૂં શિરછત્ર ઝુંટવાઇ જતાં અમે બધા નિરાધાર–નિર્નાથ જેવા બની ગયા કુર–ગોઝારા કાળરાજાને કોઇની પણ શરમ છે? આ પ્રસંગને પામીને આત્મજાગૃતિ સવેંગ વૈરાગ્યની વૃદ્ધિદ્વારા અમોને તેઓ શ્રી સ્વર્ગમાંથી દર્શન આપે સંયમમાં સહાય કરે, એમના ગુણો અમારામાં પ્રગટે, અમે આત્મશ્રેય સાધવા કટીબધ્ધ બની સમાધિમરણને સાધીએ, એજ ઇચ્છાય છે.

લિ: આપના વિરહ વ્યથિતા શિષ્યા–પ્રશિષ્યાઓ

પાટી ઉપાશ્રય–સાઠડી પૂ. આ. શ્રી વિજય કમલરત્નસૂ. મ. આદિનો ચાતુર્માસ પ્રવેશ અ. સુ. ૧૦ ના સારો થયો શિવગંજ પીંડવાડાથી બસો આવેલા રૂા. નું સંઘપૂજન થયું હતું.

卐

શ્રી વિજાપુર સત્તાવીશ જ્ઞાતિના ભાઇઓ દ્વારા આયોજીત. ત્રિદિવસીય વાંચના શ્રેણીનું ભવ્ય આયોજન

તા. ૬–૭–૮ જુન શનિ–રવિ–સોમવારના ત્રણ દિવસની વાંચના શ્રેણીનું ઠાંદીવલી ઇસ્ટમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથના દેરાસરના પટાંગણમાં ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

વર્ધમાન તપોનિધિ આ. વિ. ગુણયશસૂ. મ. સા. તથા પ્રવચન પ્રભાવક પૂ. આ. દેવ શ્રીમદ્ વિ. કીર્તિયશસૂ. મ. આદિ ઠાણા ૧૮ તથા સાધ્વીજી મ. સા. મળી કુલ ૩૫ સાધુ–સાધ્વીજી મ. સા. ઠાંદીવલી શીવમ એપાર્ટમેન્ટમાં ભવ્ય સામૈયા સાથે તા. ૬–૬–૯૮ ના રોજ શંખેશ્વર દેરાસરના પટાંગણમાં ત્રણ દિવસ માટે પધાર્યા હતા.

આ ત્રણે દિવસનું આયોજન જૈન જાગરણ અભીયાન સમીતીના અધ્યક્ષ જયંતભાઇએ સુંદર રીતે કર્યું હતું. રોજ ત્રણે દિવસ લગભગ ૨૫૦૦ શ્રોતાની હાજરીમાં સવારે ૯ થી ૧૨ તથા બપોરે ૨–૩૦ થી ૫–૩૦ કુલ છ કલાક સુધી શ્રોતાઓને આ. કિર્તીયશ વિ. જિનવાણીનું પાન કરાવેલ હતું. સ્વામીવાત્સલ્યમાં એક સાથે ૫૫૦૦ સાધર્મિક ભાઇ બહેનોને બેસાડીને જમાડવાની વ્યવસ્થા સુંદર રીતે કરવામાં આવેલ હતી.

રાત્રે પ્રશ્નોત્તરીમાં પણ ઘણા શ્રોતાઓ હાજર રહેતા. ત્રણ દિવસ સુંદર પ્રભાવના તથા સંઘપૂજન થયાં હતા. ત્રણ દિવસ વિજાપુર સત્તાવીશના ભાઇઓ તરફથી સ્વામિવાત્સલ્ય રાખવામાં આવેલ જેની વ્યવસ્થા વિજાપુર ઉત્કર્ષ મંડળ તેમજ ધર્મશાંતિ મંડળના ભાઇઓએ ખુબ જ વ્યવસ્થિત રીતે જવાબદારી ગ્રહણ કરી હતી.

રવિવારના જેવા દિવસે ૫૫૦૦ જેટલા સાધર્મિક ભાઇ-બહેનોને બેસાડી જમાડવાની વ્યવસ્થાનો યશ હિંમતભાઇ શીવલાલ તથા તેમના કાર્યકરોને જાય છે. ત્રણે દિવસ વિજાપુરનગરમાં તથા ઢામોઢરવાડી તથા શંખેશ્વર પાર્શ્વનાથ દેરાસરમ. કુલ ત્રણ દેરાસરમાં રોજ ભવ્ય આંગીની રચના કરવામાં આવેલ હતી.

રવિવારના રોજ વિજાપુરનગરના સંભવનાથ દેરાસરમાં રંગોળી તેમજ મહાપૂજનનું આયોજન કરવામાં આવેલ હતું. આ ત્રણે દિવસ જાણે કે ઠાંદિવલીમાં પર્યુષણ જેવું વાતાવરણ સર્જાયું હતું.

આવી વાંચના શ્રેણી વર્ષમાં બે–ત્રણવાર યોજાય તેવી વિનંતી વિજાપુર સત્તાવીશના ભાઇઓના શ્રી ચંદ્રકાંત શેઠ, છનાલાલ બી. શાહ, પ્રવીણ વખારીયા, હસમુખ વખારીયા, તથા નીરૂપભાઇ શેઠ તથા મનુભાઇ શાકરચંદ શાહે પૂ. આચાર્ય શ્રી વિ. કીર્તિયશ સૂ. મ.ને કરેલ હતી. આલવાડના ભાઇઓએ સાધર્મિક ભક્તિની વ્યવસ્થા માટે ખુબ જ જહેમત ઉઠાવી હતી.

સંઘવી કાંતીલાલ ગીરધરલાલ છઠના પારણે છઠથી કરેલ શ્રી વીશસ્થાનક તપની પૂર્ણાહુતિ નિમિતે ત્રિદિવસીય પ્રભુભક્તિ મહોત્સવ થયો.

બોરીવલીમાં પાંચ પાંચ આચાર્યો ભગવંતોની સૌ પ્રથમવાર પધરામણી સ્વ. સઢા સન્માર્ગ દર્શક સુવિશાળ ગચ્છાધિપતિ પૂ. પાદ આ. દેવ શ્રીમદ્ વિ. રામચંદ્ર સૂ. મ.નો જ ધર્મોપકાર અનુગ્રહ છે કે જેના પ્રભાવે એઓશ્રી ભીષ્મ તપો દેવગુરૂ પ્રસાદે પુરા થાય છે.

જેઠ સુદિ ૨ ના રોજ તપસ્વી રત્નના ગ્રહે' પ. પૂ. આ. ભગવંત શ્રીમદ્ વિ. રાજશેખર સૂ. મ., પ. પૂ. આ. ભ. વીરશેખર સૂ. મ., પ. પૂ. આ. ભ. ચંદ્રગુપ્ત સૂ. મ., પ. પૂ. આ. ભ. ગુણયશ સૂ. મ., પ. પૂ. આ ભ. કીર્તિયશ સૂ. મ., પ પૂ. જયદર્શનવિ. મ. આદિ વિશાળ સંખ્યામાં તેમના નિવાસસ્થાને જવાનનગરમાં પધારેલ. ત્યાં માંગલિક પ્રવચન ફરમાવેલ. ત્યારબાદ ચાંદીના સિક્કાઓથી ઢગલે પૂજ્યોનું ગુરૂપુજન કરેલ. અને સંઘપુજન થયેલ. ત્યાંથી રાજમાર્ગે ફરી વાજતે ગાજતે ઉપાશ્રયની બાજુમાં 'રામ નગરી' વિશાળ મંડપમાં શ્રી સંઘ પધારેલ. ત્યારબાદ પૂજ્યોના પ્રવચન થયેલ. ત્યારબાદ જુદા જુદા પુણ્યશાળીઓ તરફથી ગુરૂપુજન તથા ૧૦૦ રા.નું સંઘપુજન થયેલ. પ્રભુજીને સુંદર અંગરચના થયેલ.

જેઠ સુદિ ૩ ના રોજ સવારે પૂજ્યોનું સુંદર પ્રવચન ફરમાવેલ તથા અત્રે તપ-ધર્મ જીવનમાં કેટલું મહત્વ છે તેનું સુંદર માર્ગદર્શન ફરમાવેલ. ગુરૂપુજન તથા સંઘ પુજન થયેલ. સાંજના પ્રભુજીને સુંદર અંગરચના થયેલ.

તપસ્વી રત્ન શ્રાદ્ધવર્ય ૭૪ વર્ષની જૈફ વયે શ્રી કાંતીલાલ ગીરધરલાલ વોરાના જીવનની ઉજ્જવળ તપારાધના ૩૫ વર્ષોથી અઠાઇ-વર્ધમાન તપની ૨૭ ઓળી, ત્રણે ઉપધાન ૧૦, ૧૬, ૩૦, ૩૬, ૪૫, ૫૧ ઉપવાસ ભીષ્મ તપો-છઠના પારણે છઠથી વર્ષીતપ, નવપદની ૫૪ ઓળી. ૨૦ મહિનાના ટુંકા ગાળામાં ઢગલે ધર્મક્રિયાઓ અપ્રમત્તપણે કરતા તીર્થંકર નામકર્મની પ્રાપ્તિમાં અનન્ય હેતુભૂત એવાશ્રી વીશસ્થાનક મહાતપ છઠના પારણે છઠથી કરી અને તેમના પરિવારમાં વિવિધ તપોની અનુમોદનાર્થે ત્રણ દિવસનો ભવ્યાતિભવ્ય મહોત્સવ ઉજવાઇ ગયો.

જેઠ સુદિ ૪ શુક્રવારના રોજ સવારે ૯ ક. અષ્ટપ્રકારી પુજા સહિત વિવિધ ભાવવાહી સ્તુતિઓના સથવારે અરિહંતદેવની અનુપમ આરાધના થયેલ. ત્યારબાદ પધારેલ ઢગલે પુન્યાત્માઓને દૂધથી પગ ધોઇ કંકુથી તિલક કરી બાંધલુ છાંટી સંઘપુજન થયેલ.

જેઠ સુદિ ૫ શનિવારના રોજ સવારે ૬ ક. બોરીવલીના આંગણે સૌ પ્રથમ ઐતિહાસિક ચૈત્યપરિપાટી યોજાયેલ જેમાં સૌ પ્રથમ શરણાઇવાદ્ય–નાસિકના નગારાઓ ૧૫–૧૫ બળદગાડાઓ જુદા જુદા રંગ તોરણોથી શણગારેલ તેમજ વિવિધ રચનાઓ પૂજ્યોના ફોટાઓ, પાંચ પાંચ અશ્વસ્વારો, પાંચ પાંચ બેંડ વાજાઓ, બેઠાવાળી બહેનો, પાઠશાળાઓના નાના બાળકો, દેવાધિદેવના નારાઓ પોકારતા જય જયશ્રી મહાવીર પ્રભુ, જય જયશ્રી સૂરિ રામની ઠહાણુકર વાડીમાં પંચધાતુના ૬૨ પરિકર સહિત એવા શ્રી વાસુપુજ્યસ્વામી જિનાલયે પધારેલ તથા સંઘવી તરફથી થાળમાં અષ્ટપ્રકારી પુજાની સામગ્રી મુકાઇ. ત્યારબાદ પુજ્યો સાથે જિનાલયમાં ચૈત્યવંદન આદિ કર્યું. બાજુમાં સૂરિ રામની ગુરૂગુણના વંદન સ્તુતિ આદિ કરેલ. ત્યારબાદ મંગળાચરણ થયેલ. તપસ્વી રત્નનું બહુમાન થયેલ સંઘપુજન થયેલ. ત્યાંથી પાછા વાજતે ગાજતે સાજન સાથે ચંદાવરકરલેન મધ્યે આવતા કરેક જિનાલયે દર્શન કરી પુજનો થાળ મુળ મહાવીર સ્વામી જિનાલયે પધારેલ. ત્યારબાદ નૌકારશી થયેલ. ત્યારબાદ ૧૦ વાગ્યે પૂજ્યોનું પ્રવચન થયેલ. ગુરુપુજન તથા સંઘપુજન થયેલ. ત્યાર બાદ બપોરે અઢાર અભિષેક જિનાલયમાં થયેલ. સાંજે પ્રભુજીને સુંદર અંગરચના થયેલ.

જેઠ સુદિ ૬ રવિવાર સવારે પ્રભાતિયા ૭ ક. પાંચ પાંચ આચાર્યો ભગવંતો શ્રી સંઘ સાથે વાજતે ગાજતે તેમના નિવાસ સ્થાને પધારેલ. ત્યાં પુજ્યોનું ચાંદીના સિક્કાથી ગુરૂપુજન થયેલ. શ્રી સંઘપુજન થયેલ. ત્યારબાદ ૧૦ ક. પુજ્યોનું પ્રવચન થયેલ. ત્યારબાદ સંઘવી પરિવાર તરફથી કરેક આચાર્યો ભગવંતોને કપડું અર્પણ થયેલ. ત્યારબાદ સંઘ તરફથી તપસ્વી રત્નનું બહુમાન થયેલ. ત્યાર બાદ આરાધકો તરફથી તપસ્વી રત્નને ચાંદીનું સુંદર કમળ અર્પણ કરાવ્યું ને શાળા–શ્રીફળ વગેરેથી બહુમાન થયું. પણ તપસ્વીરત્નની ભાવના તો જુઓ–તેમણે ટુંકમાં પણ મર્મની વાતો કરી–ચાંદીનું કમળ તપસ્વી રત્નએ શ્રી સંઘને અર્પણ કરાયું હતું, અને તેમણે કીધું કે હે પુન્યશાળીઓ આ તપ દ્વારા મારા કર્મોને બાળીને અણાહારી પદ ૪૯દી મળે–આ જ ભવમાં સર્વવિરતિ, દીક્ષા, બોધ, સમાધિ મરણ મળે–અને અહીંથી મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધરસ્વામી પાસે જઇ ત્યાં આઠ વર્ષે દીક્ષા ગ્રહણ કરી કર્મ ખપાવી. કેવલજ્ઞાન પામી વહેલામાં વહેલી તકે મોક્ષમાં આપણે સૌ જઇએ એજ મારી ભાવના છે. આવી સુંદર ભાવના વ્યકત કરી હતી. ત્યાર બાદ નગરસેવક વગેરેનું પણ બહુમાન થયું. ત્યાર બાદ ગુરૂપુજન તથા પ રૂા.નું સંઘપુજન થયેલ. ત્યાર બાદ ૧૨ ક. થી ૨ વાગ્યા સુધી 'રામનગરી' મંડપમાં ઠાઠમાઠથી ઉલ્લાસપુર્વક શ્રી વીશસ્થાનક પુજા ભણાવાઇ

પુજા પુર્ણ થયા બાદ આમંત્રિત મહેમાનોની સાધર્મિક ભક્તિ કરાઇ હતી. જાંબલી ગલી સંઘની વિનંતીથી બપોરે ૩ ક. પ્રવચન થયેલ. ગુરૂપુજન તથા સંઘપુજન થયેલ.

જેઠ સુદિ ૬ ના રવિવારના બોરીવલીના બધા જિનાલયમાં દિવાની રોશની રખાઇ હતી. જેઠ સુદિ ૬ રવિવારના રોજ સાંજે સંઘવી વોરા પરિવાર તરફથી જિનાલયમાં મહાપુજાનું આયોજન કરાવ્યું હતું. શ્રી મહાવીર સ્વામી ભગવાનની સુંદર અંગરચના કરાઇ હતી. સેંકડો ફૂલોનો શણગાર, સેંકડો દિવાની રોશની, રંગ બે રંગી ઝંડુલીઓ, આખા જિનાલયમાં સુગંધી ધૂપ વગેરે કરવામાં આવ્યું હતું. સાંજે ૭ ક. સંઘવી પરિવાર પુજયોની વિનંતી કરતા વાજતે ગાજતે શ્રી સંઘ જિનાલયે દર્શનાર્થે પધારેલ. અપુર્વ ચૈત્યવંદન કરાયેલ. હજારો પુન્યાત્માઓ દર્શનાર્થે પધારતા પુરૂષોને માથે ટોપી ને બેસ આપતા અને ભાવથી દર્શન કરવા પધારતા. બહેનોને ખાસ નમ્ર સૂચન થતું માથે ઓઢીને જવું, તેથી દરેક પુન્યાત્માઓ દર્શનાર્થે જતાં શાસ્ત્રીય વિધિનું એક આહલાદક દ્રશ્ય જોવા મળતું અને દરેકના મુખમાંથી બોલાતું કે આ તીર્થ જેવું જિનાલય છે આવી સુંદર સાચું દર્શન અહીંયા જોઇ હજારો પુન્યાત્માઓ ભૂરી ભૂરી અનુમોદના કરી પોતાના આત્માને નિર્મલ બનાવી જઇ રહ્યા હતા. શ્રી બુદ્ધિ સાગરનું સંપુર્ણ બેંડ સુમધુર સુરાવલીના સાથે જિનાલયનું દ્રષ્ય સુંદર લાગતું હતું. મહાપુજા સમયે તપસ્વી રત્ન પરિવાર તરફથી પ્રભુજીને સોનાનો ચેન ચઢાવ્યો હતો.

આ મહોત્સવનું સમગ્ર આયોજન સફળ થયું તેનું કારણ દેવ-ગુરૂ પસાયે તેમજ ત્યાંના ટ્રસ્ટી રાજુભાઇ મફતભાઇ તથા સક્રીય કાર્યકર સેવંતીભાઇ, ગૌતમભાઇ, પારસભાઇ, વિજયભાઇ, શ્રેયાંસભાઇ, સુરેશભાઇ, પ્રવિણભાઇ તેમજ સંઘના અનેક પુન્યાત્માઓએ આનંદ ઉલ્લાસ પુર્વક સાથ સહકાર સાંપડયો હોવાથી આ મહોત્સવ ચંદાવરકર લેનમાં એક ઐતિહાસીક યાદગાર અદ્ભુત ઠબકબાપુર્વક ઉજવાઇ ગયો હતો.

પ. પૂ. આ. ભ. ગુણયશ સૂ. મ. તથા પ. પૂ. આ.ભ. કીર્તિયશ સૂ. મ. આદિ વિહાર કરી કાંદીવલી, મલાડ, ગોરેગાંવ, પાર્લા, થાણા વગેરે શાસનની પ્રભાવના કરતાં કરતાં તેઓશ્રીનું ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદિ ૧૦ના રોજ વાલકેશ્વર-શ્રીપાળનગર મધ્યે ભવ્યાતિભવ્ય પ્રવેશ થયેલ.

આ સમગ્ર મહોત્સવનો શેઠશ્રી સંઘવી કાંતીલાલ ગીરધરલાલ વોરા રાધનપુરવાળા હાલ બોરીવલીવાળા પરિવારે લાભ લીધેલ.

મુંબઇ-ધનજીવાડી મલાડમાં સુખદ સમાધાન
આચાર્યદેવોની પધરામણીથી આવેલો ઉત્સાહ

જૈન શાસનના મહાન જ્યોતિર્ધર વ્યાખ્યાન વાચસ્પતિ સુવિશાળ ગચ્છાધિપતિ

પૂ. આ. દેવ શ્રી વિ. રામચંદ્ર સૂ. મ.ના શિષ્ય-પ્રશિષ્યની વર્ધમાન તપોનિધિ પૂ. આ. શ્રી વિ. ગુણયશ સૂ. મ. તથા પ્રવચન પ્રભાવક પૂ. આ. શ્રી વિ. કીર્તિયશ સૂ. મ. આદિ ઠાણા જેઠ વ. ૨ના અત્રે પધારતાં સંઘમાં અપુર્વ આનંદ ઉલ્લાસ વ્યાપી ગયો. બેન્ડ, બેડા, ઘોડા, ટમટમ વગેરે સામગ્રી સાથે પુજ્યોનું સામૈયું થયું હતું. વ્યાખ્યાનમાં હજારથીય વધુ સંખ્યામાં પધારી સંઘજનોએ નાનકડા સંઘનું ગૌરવ વધાર્યું હતું. ફા. પુનું સંઘપુજન પણ થયેલ. ગુરૂપુજનનો ચડાવો લઇ પ્રાણલાલ ટ્રસ્ટીએ પુજન કર્યું હતું.

અત્રેના ટ્રસ્ટ અંગે ઘણા દિવસથી વિવાદ ચાલતો હતો. બંને પક્ષોએ આ.શ્રી પાસે રજુઆત કરી-આ અંગે ઉચિત નિર્ણય આપવા વિનંતિ કરતા સૌના સહયોગ અને સહકારથી સંઘમાં શાસ્ત્રીય આરાધનાઓની ચેતનાનો સંચાર કરવા માટે નવા નવા ત્રણ બાહોશ કાર્યકર્તાઓની ટ્રસ્ટી તરીકે સંઘે સમાવેશ કર્યો જેને જુના ટ્રસ્ટીઓએ મંજુરી આપી હતી. શ્રી પ્રાણલાલભાઇ, વયોવૃદ્ધ શ્રી નિંમતભાઇ શાહ અને પ્રફુલભાઇ વીરવાડીયાની ટ્રસ્ટી તરીકે પસંદગી કરાઇ હતી. તે ઉપરાંત અનુભાઇ દીઓદરવાળાના નેતૃત્વમાં અગિયાર વ્યક્તિની કાર્યવાહક કમીટી પણ નીમાઇ હતી.

સંઘના ૩૨ વર્ષના ઇતિહાસમાં આ અભૂતપુર્વ ઘટના હતી. સૌએ ગા. ભ.ના ઉપકારને અશ્રુભીની આંખે યાદ કર્યો હતો. ટુંક જ સમયનાં અત્રે શિખરબદ્ધ જિનાલય તેમજ વિશાળ આરાધના ભવન ઉપાશ્રયનું નિર્માણ કરવામાં આવશે. જેથી અત્રે વસતા ત્રણેકસો ઘરોને આરાધનાનું સુંદર આલંબન પ્રાપ્ત થશે. વર્ષોના વિવાદનો ખુશાલી ભર્યો અંત આવતા કમીટી પ્રમુખ ચીનુભાઇ તરફથી દરેક ઘરે સાકરની લહાણીનો નિર્ણય જાહેર કરવામાં આવ્યો હતો. પૂ.આ.દેવ વિશાળ મુનિ પરિવાર સાથે પ્રથમવાર જ અત્રે પધાર્યા હતા અને રાત્રિ રોકાણ પણ કર્યું હતું.

—: સુધારો :—

જૈન શાસન વર્ષ ૧૦ અંક ૩૬-૩૭ તથા ૩૮-૩૯માં ધર્મનો અધિકારી કોણ? લેખક-અભ્યાસી લખેલ છે તેમાં પૂ. આ. ભ. શ્રી વિ. રામચંદ્ર સૂ. મ.ના પ્રવચનોમાંથી સંકલિત. સં. અભ્યાસી' તેમ વાંચવું.

પૂજયશ્રીનો મહારાષ્ટ્રમાં પ્રવેશ અને મહોત્સવોની ભવ્ય ઉજવણી

પૂ. આ. ભગવંત પ્રભાકર સૂ. મ.ની બિહાર, બંગાળ, યુ. પી., એમ.પી. આદિ અનેક રાજયોની જાત્રા કરતાં કરતાં મહારાષ્ટ્રમાં પ્રવેશ થયો. તેરમાં ચાર સાધર્મિક વાત્સલ્ય સા ચાર મહાપુજનો થયા. અને વિશેષ આનંદની બીના તો એ બની કે રાજસ્થાની ઓશવાળ અને ગુજરાતીના ૩૫ વર્ષથી મતભેદ હતા તે દૂર થયા તથા ટ્રસ્ટી મંડળની સ્થાપના થઇ, પાઠશાળાની શરૂઆત થઇ. અનેક યુવાનો પુજા કરતા થયા. માણેકચંદ ગુલાબચંદે તમાકુનો ત્યાગ કરેલ. ત્યાંથી ધુલીયામાં મૂળનાયક શીતળનાથ ભગવાનની પરિકરની પ્રતિષ્ઠા અને રત્નસેન વિ. મ. ના પ્રવેશ પ્રસંગે પૂજ્યશ્રી પધાર્યા ધુલીયા ઇતિહાસમાં ન થયેલ એવી ભવ્ય સ્વાગત યાત્રા રથયાત્રા તેમજ અનેક ક્રમાનો સાથે પૂ.શ્રીને પ્રવેશ મહોત્સવ પરિકરની પ્રતિષ્ઠા ખુબ ધામધુમથી થયેલ. સકલ સંઘનું સાધર્મિક વાત્સલ્ય થયેલ. ત્યાંથી પુજ્યશ્રી માલેગાંવ અષાઢ વ. ૧૦ના આવેલ ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ બારસનો થયેલ. અનેક ક્રમાનો સાથે ભવ્ય સ્વાગત યાત્રા થઇ. ગુરૂ પુજનનો ચઢાવો અનુમોદનીય થયેલ અને ૧૦ રૂા.નું સંઘપુજન શ્રીફળની પ્રભાવના થયેલ. પુજા ભાંગી રચેલ. અષાઢ વદ એકમથી પંચસૂત્રની શરૂઆત થઇ. માલેગાંવ હિસાબે ચઢાવા સારા થયા. જ્ઞાનસત્ર વિવિધ તપોથી માલેગાંવ રંગાવા માંડયું છે. સાધ્વી ચંદ્રાનાશ્રીના શિષ્યા ચંદ્રોજ્જવલાશ્રીએ બેનોમાં જાગૃતિ સારી બતાવેલ છે. સંઘના અકુર કાર્યો વેગથી ચાલતા થયા છે.

સિદ્ધાંત મહોદધિ, કર્મ સાહિત્ય નિષ્ણાંત, સ્વ. પ.પૂ. આ.દેવ શ્રી પ્રેમ સૂ. મ.ના શિષ્ય રત્ન પ પૂ. પંન્યાસપ્રવર શ્રી કુલચંદ્રવિજયજી મ. દ્વારા લેખીત–સંપાદિત
સરળ–સુબોધ–સાત્વિક સાહિત્ય.

નીચેના સ્થાનેથી શ્રમણ સંઘ તથા જ્ઞાનભંડારોને ભેટ મળશે.

* જૈન શ્રાવકાચાર–હીન્દી * જૈન શ્રાવકાચાર-ગુજરાતી * પદાર્થ પ્રકાશ ભાગ-૧ : જીવવિજ્ઞાન, તત્વજ્ઞાન, હીન્દી * પદાર્થ પ્રકાશ ભાગ–૨ : ઔચિત્ય પાલન, માર્ગાનુસારિતા, યોગદૃષ્ટિ સમુચ્ચય કર્મસિદ્ધાંત–હીન્દી * સંસ્કૃત શબ્દ રૂપકોશ * સુલભ ધાતુ રૂપકોષ ભાગ ૧–૨–૩ સંયુકત * સંસ્કૃત ધાતુ અદ્યતનાદિ રૂપાવલી * આચારાંગ સૂત્રમ અક્ષરગમનિકા સમલંકૃતમ–પ્રથમશ્રુત સ્કંધ * કલ્પસૂત્ર સંસ્કૃત અક્ષર ગમનિકા સાથે * શ્રી સિદ્ધસેન દિવાકર વિરચિત : ન્યાયાવતાર : સટીક * મુહપત્તિ ચર્ચા (પૂ. બુટેરાયજી મ. જીવનચરિત્ર સાથે) હીન્દી (ગુજ. અનુ. સાથે) * વિશંતી-વિંશિકા મૂળ સાથે સરળ ગુજરાતી અનુવાદ. કા. સુદ ૧ સુધી પુસ્તક મેળવવા માટે સંપર્ક :–
ભરત રતીલાલ કંસારા બજાર, સિહોર–૩૬૪૨૪૦ જી. ભાવનગર (સૌરાષ્ટ્ર)

પૂજયશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



* સંસારના સુખ માટે સારી ચીજનો ઉપયોગ કરવો એટલે હાથે કરીને પગડવાનો ધંધો કરવો.
* જીવથી ભરેલું આખું જગત છે. તેમાં કોઇપણ જીવને આપણાથી પીડા ન થાય, હાનિ ન થાય તેમ જીવવું તે 'જીવ સંયમ' કહેવાય.
* જે જીવ જેનાથી મરે તે શસ્ત્ર કહેવાય. અસંયમ તે જ મોટામાં મોટું શસ્ત્ર છે. અસંયમ એટલે મન-વચન-કાયાને ઉપયોગ વિના પ્રવર્ત્તાવવા !
* વિષય-કષાયથી જીવ બંધાય છે. વિષય-કષાયે આખા જગતને જીતી લીધું છે. જે જીવ વિષય-કષાયને જીતે તે જ 'જીવ સંયમ' પામે.
* જગતના કોઇ પદાર્થ પર મમતા નહિ તેનું નામ નિઃસંગતા !
* જ્ઞાન જ એનું નામ જે મોહને રાંકડો કરી દે !
* છતી શક્તિએ માગીને ખાય તેના માટે તમારો શું અભિપ્રાય છે ? તેના માટે જેવો તમારો અભિપ્રાય છે તેવો જ જ્ઞાનિઓનો અભિપ્રાય આપણા માટે છતી શક્તિએ ધર્મ ન કરવા માટેનો છે.
* જ્યાં સુધી આહારાદિ સંજ્ઞા ભૂંડી ન લાગે ત્યાં સુધી જ્ઞાન સંજ્ઞા પેદા ન થાય, પુસ્તક વાંચે જ્ઞાન ન થાય.
* મોક્ષ આપનાર ધર્મ પાસે બીજી તુચ્છ વસ્તુઓની ઇચ્છા કરવી તે જ્ઞાનનો અભાવ સૂચવે છે, તે ધર્મનું અપમાન છે !
* મોભા મુજબ સંસારમાં રહેવું જોઇએ તેવી તમારી મતિ છે પણ મોભા મુજબ ધર્મ કરવો જોઇએ તેવી મતિ નથી તે જ સૂચવે છે કે તમારું પાપાનુબંધી પુણ્ય છે.
* શ્રદ્ધા વગરની સમજ આત્મા માટે 'બોઝલ' છે. શ્રદ્ધા વગરનું ઘણું જ્ઞાન એ બોજો છે. શ્રદ્ધાવાળું થોડું પણ જ્ઞાન આત્માની સાચી મૂડી છે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

1060

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

* કષાય માત્રનો ત્યાગ જ શ્રેષ્ઠ છે

જં અજિયં ચરિતં
દેસૂણાએ વિ પુવ્વકોડીએ ।
તં પિ કસાઇયમિત્તો,
હારેઇ નરો મુહુત્તેણં ।।

જે ચારિત્ર દેશોને ક્રોડ પૂર્વ વર્ષ સુધી પણ પાળ્યું હોય તે સર્વ ચારિત્રને, કષાય માત્રથી પુરૂષ અંતમુહૂર્તમાં હારી જાય છે.

અઠવાડિક

વર્ષ	અંક
૧૦	૪૭+૪૮

શ્રી જૈન શાસન કાર્યાલય

શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

* લોભનો ફજેતો *

—પૂ. આ. દે. શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ.

અનાદિ અનંત કાળથી જીવને સ્વાર્થનો રોગ ભયંકર લાગુ પડયો છે. તેના કારણે જીવ અનંત કાળથી આ સંસારમાં રખડી રહ્યો છે. સ્વાર્થનું કારણ સંસારના સુખની કામના છે. જ્યાં સુધી સંસારના સુખની કામના ભયંકર લાગે નહી ત્યાં સુધી મોક્ષ પ્રત્યેનો પ્રેમ જાગે નહિ. મિથ્યાત્વ ભાંગે નહી.


જેઓએ આત્માને અનંત ભવમાં જાણે અજાણે ઠરેઠ જીવો આપણા જીવનમાં સહાયક બન્યા છે. અંતે તેમના દેહને આખાને આખા ભસ્મ કરવાના પાપો કરવા પડયા છે. તે પાપ ઓછું કરવા પ્રયત્ન કરીએ તે ધર્મની શરૂઆત છે. અને સંપૂર્ણ પાપ વિનાના મોક્ષ સિવાય બનાતું નથી. શરીર એ પાપની જનેતા છે. માટે પાપ નથી. બંધન નથી. ફફડાટ નથી. ભય નથી ભ્રમણ નથી. ભૂખ નથી તરસ નથી.

તો આપણે કુટુંબી, નોકરો, આપણા શરણે રહેલા પશુગણ કરેકને સુખ શાંતિ આપવા પ્રયત્ન કરવો જોઇએ.

બાકી લોભને કોઇ થોભ નથી સાગરને તળીયું મળે પર્વતની ટોચ મળે, રાક્ષ-પેટનો અંત આવી જાય. પૃથ્વીનો છેડો મળે પરંતુ જીવને મૃત્યુનો છેડો આવે ત્યાં લોભનો છેડો આવતો નથી. પુત્રો દુકાન પેઢીનો વહિવટ બરાબર સંભાળતા હોય છતાંય લાકડી લઇ ચશ્મા ભારે નંબરના લગાવી. દુકાને દીઠા પણ ન ગમતા હોય છતાંય આ લોભના હુકમને લઇ કહેવાતા અને સાહેબ બની ગરવાના દિવસ સુધી ધર્મને ધકકે ચઢાવી લોભની સેવા કરે છે અન દુર્ગતિમાં ચાલી જાય છે. લોભિયાને ડબલ મરો હોય છે ભેગુ કરવાની ચિંતા અને તેમાંથી ઓછું ન થાય તેની ૨૪ કલાક મોકાણ આખું જગત પણ તેનું મોઢું જોઇ કહે આ લોભિયાનું મોઢું જોવા જેવું નથી. બિચારો હજે ખાય નહિ પીએ નહિ બીજાને ખાવા ન દે પીવા ન દે.

આવા લોભિયાને આ ભવમાં શાંતિ કે આનંદ હોતા નથી અને પરલોકમાં સદ્‌ગતિ અસંભવ બની જાય છે. આવા એક લોભિયા હંસરાજની વાત છે. તે ઠરેઠ નોકર કે કારીગરની ભૂલ કાઢી ઓછા પૈસા આપતો તેણે રામચન્દ્ર નામનો રસોયો હતો તેથી રસોઇમાં ભૂલ કાઢે રોટલી કાચી બની. દાળ ફીક્કી બની. એમ કહી પગાર ઓછો આપતો રામચન્દ્ર એકવાર જૈનોના પર્યુષણમાં પાછળ બેસી પ્રતિક્રમણની થોયનો આદેશ માગ્યો અને ચાર થોયમાં હંસરાજ શેઠની રામ કહાણી કીધી અને સહુને સમજવા જેવી વાત કરી તે જોઇએ. (અનુ. ટાઇટલ ૩ પર)

હાલારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારાર્થ પત્ર



વર્ષ : ૧૦] ૨૦૫૪ શ્રાવણ સુદ–૧૧ મંગળવાર તા. ૪–૮–૯૮ [અંક : ૪૭–૪૮

વાર્ષિક ફા. ૫૦ આજીવન રૂા. ૫૦૦ પરદેશ રૂા. ૩૦૦ આજીવન રૂા. ૬૦૦૦

卐 પ્રકીર્ણક ધર્મોપદેશ 卐

–પ. પૂ. આ. દેવ શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૪, શ્રાવણ સુદિ–૬ શનિવાર તા. ૧–૮–૧૯૮૭ ચંદનબાલા જૈન ઉપાશ્રય મુંબઈ–૬

(શ્રી જિનાજ્ઞા વિરૂદ્ધ કે પૂ. પ્રવચનકારશ્રીના આશય વિરૂદ્ધ કાંઇપણ લખાયું તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડં. (પ્રવચન ૨૭ મું) અવ૦)

દસારસિહસ્સ ય સેણિયસ્સ, ચેડાણપુત્તસ્સ ય સચ્ચઇસ્સ ।
આણુત્તરા દંસણ સંપયાતયા, વિણા ચરિત્તેણ ડહરંગઇગયા ॥

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્ય ભગવંત શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજા એ વાત સમજાવી રહ્યા છે કે– મોક્ષની સાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની પ્રાપ્તિથી જ થાય છે, એ ત્રણેનો યોગ ન મળે તો મોક્ષની સાધના થઇ શકતી નથી. તેનો જ પ્રતાપ છે કે ક્ષાયિક સમકિતના ધણીને પણ સમ્યક્ત્વ પામતા પૂર્વે નરકનું આયુષ્ય બંધાયું હોય તો તેને ચારિત્રધર્મની પ્રાપ્તિ થતી નથી અને તેને નરકમાં પણ જવું પડે છે.

જે જીવોને સમ્યક્ચારિત્રનો ક્ષય ન હોય તે સમ્યગ્દૃષ્ટિ પણ નહિ અને સમ્યગ્જ્ઞાની પણ નહિ, સમ્યગ્દૃષ્ટિ તે જ કહેવાય કે જે સમ્યક્ચારિત્ર માટે ઝુરતો હોય ! દેવલોકમાં સમ્યક્ચારિત્ર મળી શકયું નથી માટે સમ્યગ્દૃષ્ટિ ઇન્દ્રાદિ દેવોને દેવલોક જેલ લાગે છે, લાંબું

આયુષ્ય બંધનરૂપ લાગે છે, ઘણા જીવોને ચારિત્રધર્મ પામી પામીને મોક્ષે જતા જોઇને તેઓને પોતાની જાત દેવલોકમાં ફસી ગયેલી લાગે છે. દેવભવ એ સમ્યકચારિત્ર માટે પ્રતિબંધ રૂપ છે. જ્યારે આ મનુષ્યભવ એવો છે કે જીવ ધારે તો સમ્યકચારિત્ર પામી શકે છે.

જૈનકુળમાં જન્મેલા, રોજ ધર્મ સાંભળનારા એવા કેટલા હશે :– જેઓને સાધુ થવાની જ ઇચ્છા હોય? મોક્ષ વિના બીજું કશું મેળવવા જેવું ન લાગે? 'જીવ જે સુખ ઇચ્છે છે તે મોક્ષમાં જ છે અને મોક્ષના ઉપાયો સમ્યગ્દર્શન, સમ્યકજ્ઞાન અને સમ્યકચારિત્ર છે.' આવું તમે ઘણી વાર સાંભળ્યું પણ છે છતાં પણ સમ્યકચારિત્રને પામવાની ઇચ્છા જ મોટાભાગને થતી નથી. સમ્યગ્દર્શન પામેલો જીવ હજી સમ્યકચારિત્ર ન પામી શકે તે બને. પણ સમ્યકચારિત્ર પામવાની ઇચ્છા જ ન હોય તે બને ખરું? જેને જેને સમ્યકચારિત્રની ઇચ્છા ન થાય તો તેને સમજી લેવું કે તે હજી સમ્યગ્દર્શન પામ્યો જ નથી. આપણને તેવી ઇચ્છા થઇ છે? આવી ઇચ્છા ન થાય તો તેને મિથ્યાદૃષ્ટિ કહેવાય તે પણ ગાઢ! તેવા જીવને ખુદ શ્રી અરિહંત પરમાત્મા મળે તો પણ આ વાત ન ગમે. તેવા જીવો તો સંસારમાં રખડવા જ સર્જાયેલા છે!

સભા૦ : ભવ્ય હોય તો ય

ઉ૦ : ભવ્ય પણ ભારે કર્મી હોય તો તેવો જ હોય. ભગવાનનો ધર્મ સાચી રીતે કરે જ નહિ. તે તો સંસારના સુખ માટે, મોજમઝાદિ માટે ધર્મ કરે.

ભગવાને જે ધર્મ કહ્યો છે તે વિધિપૂર્વક કરવાનો કહ્યો છે. આજે ધર્મ કરનારા મોટાભાગને વિધિ જાણવાની દરકાર જ નથી. મંદિરમાં શી રીતે જવાય, પૂજા શી રીતે થાય તે કોઇ સમજાવે તો પણ સમજવું નથી. જે રીતે કરતા હોય તે રીતે કરે છે. આવા બધા જીવો ભારેકર્મી કહેવાય! રોજ સામાયિક કરનારને સુદેવ–સુગુરુ અને સુધર્મ કોને કહેવાય તેની ખબર ન હોય તે ચાલે? 'શ્રી અરિહંત પરમાત્મા એ જ મારા દેવ છે. નિર્ગ્રન્થ સુગુરુ એજ મારા ગુરુ છે, શ્રી અરિહંત પરમાત્માએ કહેલો ધર્મ એ જ મારો ધર્મ છે' આવી શ્રદ્ધાવાળા પણ કેટલા જીવો મળે? શ્રદ્ધા પામવાની સામગ્રી ઘણી છે પણ પામવાનું મન કેટલાને છે? મોટાભાગને ધર્મો શા માટે કરવાનો છે તેની ખબર નથી. મારે રોજ ધર્મ કરવો જ જોઇએ આવું પણ મનમાં છે ખરું? જેટલો ધર્મ કરું તેટલો તો વિધિપૂર્વક જ કરવો જોઇએ તેમ પણ મનમાં છે ખરું?

રોજ સામાયિક કરનારને મુહપત્તિના પચાસ બોલ આવડે છે? આજનો સામાયિક કરનારો વર્ગ મોટે ભાગે અવિધિ કરે છે. કટાસણા વિના ન ચાલે પણ ચરવળા વિના ચાલે એમ તે માને છે. અનુકૂળતા વાળી જગ્યાએ બેસે છે પણ જરૂરી કરવાનું મન પણ થતું નથી. જે જીવ પચાસ બોલ સમજ્યો હોય તે કદી એમ ન કહી શકે કે– મને શી ખબર પડે? દુનિયાનું બધું જાણો છો તો ધર્મ શું, કેવી રીતે થાય, શા માટે થાય તે જાણવાનું મન પણ ન થાય તે બને? ન જાણો તો સાધુઓને પૂછો. નકામા ટહૂકા તો ઘણા કરો છો, ખોટા પથરા પણ ફેંકો છો. જો તમે તત્ત્વ સમજવા માટે સાધુઓને પૂછતા થશો તો જે સાધુઓ પ્રમાદી અને આળસુ હશે તે પણ ભણવા માંડશે.

પણ આજે તો ધર્મ કરનારા આ ધર્મ શી રીતે થાય તેમ પૂછનારા પણ મળતા નથી અને અમે સમજાવીએ તો ય સમજતા નથી. દુનિયાનાં કામ સમજ્યા વિના કરીએ તો નુકશાન થાય, અહીં શું નુકશાન થાય! દુનિયામાં તો કાંઇને કાંઇ મેળવવું છે, અહીં શું મેળવવું છે? ઘરપેઢી તો કરવાનાં જ, ધર્મ તો થાય તો ય ઠીક, ન થાય તો ય ઠીક આવી તમારી માન્યતા છે. દર્શન-પૂજનાદિ ધર્મક્રિયા ઘર–બારાદિ છોડવા માટે કરવાની છે છે તેની ઘણાને ખબર નથી.

રોજ મંદિરે આવનારાને ઘર–બારાદિ છોડવાની ઈચ્છા થતી હશે? સાધુની પાસે જનાર પણ ઘર–બારાદિ છોડવાની ઇચ્છા વગરના હોય ગૃહસ્થપણામાં પાપ લાગ્યા વિન ન રહે માટે ગૃહસ્થપણું છોડવા જેવું જ છે તેમ ન સમજે તે બને ખરું? આ મુહપત્તિના પચાસ બોલ જાણતા હોત તો તમે બધા સારામાં સારા વિદ્વાન થાત, તત્ત્વજ્ઞાની થાત. તમારે બધાને દુનિયાનું ભણવું છે, સંતાનોને પણ દુનિયાનું જ ભણાવવા છે પણ આ જ ભણાવવું નથી.

સભા૦ : સંતાનોને ભણાવવા નહિ?

ઉ૦ : આજનું શિક્ષણ તો ભણાવવાં જેવું જ નથી.

આજના શિક્ષણના આટલા માઠા પરિમામ નજરે જોવા છતાં ય હજી તમારે તમારા છોકરાઓને આ જ શિક્ષણ આપવું છે. એટલું જ નહિ તો ઘણાને 'જૈન વિશ્વવિદ્યાલય' ખોલવી છે. આજના શિક્ષણે જે પાઠ પઢાવ્યો તેથી શ્રી જૈન શાસનનો જય જયકાર થઇ ગયો છે? તમારા છોકરા દેવ–ગુરુ–ધર્મને ભૂલી ગયા છે પણ માને મા કહેતાં અને બાપને બાપ કહેતાં પણ મટી ગયા છે. અમે લોકો શિક્ષણના વિરોધી છીએ જ નહિ. અમારા જેવા શિક્ષણના પ્રેમી કોઇ નથી.

તમે એવું ભણાવો કે જેથી તમારાં સંતાન તમારા થાય, મા-બાપના થાય, દેવ-ગુરૂ-ધર્મ માટે પ્રાણ આપવા તૈયાર થાય વર્ણશંકર ન થાય. તેને એવી રીતે કેળવો જેથી લોકોને ઊંધે માર્ગે દોરનારો ન થાય, ભૂખે મરે પણ અનીતિ ન કરે, સંતોષી અને સદાચારી બને.

આજના શિક્ષણે તો ઠાઠ વાળી નાખ્યો છે. લોકોને અનીતિખોર, અસંતોષી, અસદાચારી બનાવ્યા છે, જ્યાં ત્યાં ભટકતા બનાવ્યા છે. આવા શિક્ષણમાં અમે હા પાડીએ ? મરી જઇએ પણ હા ન પાડીએ જે શિક્ષણથી આત્માનો સંસાર વધે તેમાં અમારી સંમતિ હોય ? તમે બધા જ શિક્ષણના પ્રેમી ! અને અમે બધા શિક્ષણના વિરોધી...! અમારા જેવા શિક્ષણના પ્રેમી કોઇ નથી પણ અમારૂં શિક્ષણ જુદું છે.

'આ સંસાર એ મારું સ્વરૂપ નથી, મોક્ષ જ મારૂં સાચું સ્વરૂપ છે. આ સંસાર પાપમય છે માટે દુઃખમય છે, તેના સેવનથી ય પાપ બંધાય છે અને પરિણામે પાપની જ પરંપરા વધે છે. માટે આ સંસાર છોડવા જેવો જ છે પણ રહેવા જેવો નથી' આ વાત જેને સમજાય તે જ ખરેખર જ્ઞાની છે. આ વાત જેને ન સમજાય તે ગમે તેટલા મોટી ડીગ્રીના પૂંછડા લટકાવીને ફરે તો ય અજ્ઞાની છે. આજે જૂઠ લખનારા ભાડે મળે છે, કેમકે આજના શિક્ષણમાં જૂઠ કેમ લખવું અને કેમ બોલવું તે પણ શિખવાડાય છે. માટે આજના શિક્ષણને સારૂં કહેવાય ખરૂં ? આજનું શિક્ષણ તો આત્માને હેવાન બનાવનાર છે, તેનાથી લાભ તો થતો નથી પણ નુકશાન જ થાય છે. **જે આત્માને સારી રીતે જીવતા શીખવે તે જ સાચું શિક્ષણ** છે. આવું શિક્ષણ તમારે આપવું છે ખરૂં ?

આપણે મુહપત્તિના પચાસ બોલની વાત કરવી છે તેમાં પહેલો બોલ છે 'સૂત્ર-અર્થ-તત્ત્વ કરી સદ્દહું' દ્વાદશાંગીનાં જે સૂત્રો અને તેનો જે અર્થ તે જ જગતમાં સાચામાં સાચું તત્ત્વ છે. સૂત્રમાં જે મેળવવા જેવું કહ્યું હોય તે જ જીવનમાં મેળવવા પ્રયત્ન કરવો જોઇએ, તે મેળવ્યા વિના કદી મુક્તિ ન થાય. તે બોલનારને તજવા જેવું શું લાગે ? આચરવા જેવું શું લાગે ? આખો સંસાર તજવા જેવો છે, મોક્ષ જ મેળવવા જેવો છે, અને સંયમ ધર્મ જ આચરવા જેવો છે.

પછીનો બોલ છે 'સમ્યક્ત્વ મોહનીય, મિશ્ર મોહનીય, મિથ્યાત્વ મોહનીય પરિહરૂં.' ખરેખર તજવા જેવી આ મિથ્યાત્વ મોહનીય છે, તે બહુ ભયંકર છે. તે ન તજાય તો સમકિત થાય નહિ. (ક્રમશઃ)

卐 પ્રશ્નોત્તરી પરાગ 卐

—શ્રી પ્રેમપ્રિય

પ્ર૦ : 'પંન્યાસ શ્રી અભયશેખર વિ. ગણીએ ઠરેલા ન્યાયસિદ્ધાંત મુક્તાવલીના ભાષાન્તરમાં પૃષ્ઠ ૧૯૦ ઉપર લખાણ કર્યું છે કે 'જે વલવદનિષ્ટાનુબંધી હોય, અકર્તવ્ય હોય, નિષિદ્ધ હોય એનું વિધાન હોઇ શકે નહિ પણ પ્રસ્તુતમાં એનું (વેદમાં શ્યેન યાગનું) વિધાન છે માટે એની સંગતિ કરવા નૈયાયિકને ફાંફાજ મારવા પડે છે ને ?

આવ જ ફાંફા મારવાની પ્રવૃત્તિ વર્તમાનમાં શ્રી જૈન શાસનમાં એક વર્ગમાં (પ. પૂ. આ. ભ. શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ. સા.ના વર્ગમાં) પણ જોવા મળે છે ને ?' **તો વિષયમાં સત્ય શું છે ?**

ઉ૦ : પં. શ્રી અભયશેખ વિ. ગણીનું આવું લખાણ સત્યથી તદ્દન વેગળું છે. પ. પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂ. મ. સા.ના વર્ગને શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના પાઠને સંગત કરવા માટે જરા પણ ફાંફા મારવા પડતા નથી. પ. પૂ. આ.દેવ શ્રી ભુવનભાનુ સૂ. મ. સા. તથા પં. શ્રી અભયશેખર વિ. મ.ની બુદ્ધિ નૈયાયિક દર્શનવાદીઓના સિદ્ધાંતથી વાસિત થઇ જવાના કારણે ઉત્તરાધ્યયન સૂત્રની વૃત્તિના નામે પોતાની મતિકલ્પનાથી કલ્પેલા પાઠને લઇ અર્થઘટન કરવામાં ઘણો મોટો ગોટાળો ઉભો કરી પ. પૂ. આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ. સા. તથા તેમના વર્ગને ઇતર દર્શનીયોના શાસ્ત્રમાં પણ તેનું ભાષાંતર કરતા 'સ્વ. આ. શ્રી રામચંદ્ર સૂ. મ. સા.ના વર્ગને ફાંફા મારવા પડે છે' એમ લખી જૈનેતર સમાજમાં પણ પૂજ્યશ્રી પ્રત્યેની પોતાની સળગતી દ્વેષવૃત્તિ બતાવવાનું કુકૃત્ય કર્યું છે, સાથે સાથે આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ. સા. પ્રત્યેની અરૂચી પણ આવું લખાણ કરવામાં કામ કરી રહી હોય એમ એમના લખાણ પરથી જણાઇ આવે છે.

પ્ર૦ : શ્રી ઉત્તરાધ્યયન સૂત્રવૃત્તિનું 'અર્થકામાભિલાષિણાડપિ ધર્મે એવ યતિતવ્યમ્' આવું આપ્ત વચન વિધિ પ્રત્યય ધરાવે છે. જે અર્થ કામના અભિલાષી હોય તો પણ ધર્મ જ કરવાનું વિધાન કરે છે. સ્વ. પૂ.પાદ ગુરૂદેવ ન્યાયવિશારદ આ. ભ. શ્રીમદ્ વિ. ભુવનભાનુ સૂ. મ. સાહેબે તો આ આપ્ત પુરૂષ એવા શાસ્ત્રકારનું વચન છે ને એમાં વિધિ પ્રત્યય છે માટે એ બલવદનિષ્ટાનનુબંધી જ હોય (ઇષ્ટ સાધન તો ખરૂ જ) એમ વાસ્તવિક અર્થ કરી અર્થ કામની ઇચ્છા હોય તો પણ ધર્મ જ કરાય, અધર્મ (પાપ) નહિ.' આવું જ વિધાન કર્યું, પણ સ્વ. આ. શ્રી રામચંદ્રસૂરિ મહારાજે

'અર્થ કામની ઇચ્છા છે તો ધર્મ તો કરાય જ નહી, એ રીતે કરેલો ધર્મ ભૂંડો છે, સંસાર વધારનારો છે, રીબાવી રીબાવીને મારનારો છે.'

'દુઃખમાં બલવદનિષ્ટાનુબંધી છે ને તેથી અકર્તવ્ય છે એવું નિરૂપણ કર્યું છે આનો સ્પષ્ટ સૂચિતાર્થ એવો કેમ ન થઇ શકે કે 'અર્થ કામની ઇચ્છા છે તો ધર્મ ન કરાય, અધર્મ (પાપ) કરાય કારણ કે સંસારી જીવની ધર્મ અને અધર્મ એ બે જ પ્રવૃત્તિ છે નોધર્મ જેવી કોઇ ત્રીજી પ્રવૃત્તિ નથી (નહીતર તો ત્રીજી રાશિનો જીવ માનનારા નિહ્નવ રોહગુપ્તના અનુયાયી બની જવું પડે) એટલે ધર્મ ન કરાય એનો અર્થ અધર્મ કરાય એવો થઇ જ જાય.

આ લખાણમાં પ. પૂ. આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ. સા.ના નામે જે અર્થ કર્યો છે અને પ. પૂ. આ. દેવ શ્રી ભુવનભાનુ સૂ. મ. સા. જે અર્થ કર્યો છે આમાં કર્યો અર્થ સાચો ?

ઉ૦ : 'પ. પૂ. આ. દેવ શ્રી ભુવનભાનુ સૂ. મ. સા. ને સ્વ. પૂ.પાદ ગુરૂદેવ ન્યાય વિશારદ આ. ભ. શ્રી વિ. ભુવનભાનુ સૂ. મ. સાહેબે' એમ લખીને સારામાં સારું ગૌરવ સાચવ્યું. જ્યારે પ. પૂ. આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ. સ .ના નામનો ઉલ્લેખ 'સ્વ. આ. શ્રી રામચંદ્રસૂરિ મહારાજે' આવી રીતના તોછડાઇ ભર્યા શબ્દોમાં કર્યો છે. કોઇ વિશેષ વિશેષણ આપવું તો બાજુમાં રહ્યું પણ 'આચાર્યદેવ' 'સૂરીશ્વરજી' આટલા શબ્દ લખવામાં પણ એમની કલમ કામ ન કરી. પાતંજલિ માટે 'ભગવાન પાતંજલિ' એ રીતે પોતાના ગ્રંથમાં અનુવાદ રૂપે 'ભગવાન' શબ્દ લખીને આ. ભ. શ્રી હરિભદ્ર સૂ. મહારાજે પોતાનું માધ્યસ્થ્ય જાળવી રાખ્યું. ત્યારે પન્ય.સ શ્રી અભયશેખર વિ. ગણીને માધ્યસ્થ્ય પણ જાળવવાનું ન સુજ્યું એ એમનામાં રહેલ પ. પૂ. આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ. પ્રત્યેની અરૂચીનું સૂચક છે.

ઉત્તરાધ્યયન સૂત્ર પર આ. દેવ શ્રી ભાવદેવ સૂ. મ., આ. દેવ શ્રી નેમિચંદ્ર સૂ. મ., આ. દેવ શ્રી શાંતિચંદ્ર સૂ. મ. આદિ અનેક પુર્વના મહાપુરૂષોની વૃત્તિઓ છે. એમાંની કોઇ પણ વૃત્તિમાં પંન્યાસ શ્રી અભયશેખર વિ.એ બતાવેલા અને જેને અનુલક્ષીને ઉટપટાંગ લખાણ કર્યું છે એવો પાઠ 'અર્થકામાભિલાષિણાઽપે ધર્મે એવ યતિતવ્યમ' એ પ્રમાણેનો છે જ નહિ. આવો પાઠ તો પન્યાસ શ્રી અભયશેખર વિ.મ. અર્થ અને કામ માટે ધર્મ થઇ શકે એ રીતની પોતાની માન્યતાને ખરી ઠરાવીને સિદ્ધ કરવા માટે સંદર્ભ વિનાનો કોઇક ગ્રંથમાંથી લઇને અથવા પોતાની મતિથી ઉપજાવીને શાસ્ત્રસિદ્ધ વાતોની પ્રરૂપણા કરનારા પ. પૂ. આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ. સા.ને શાસ્ત્રવિરૂદ્ધ પ્રરૂપણા કરનાર તરીકે સિદ્ધ કરવા ન્યાય સિધ્ધાંત મુક્તાવલી ગ્રંથના

ભાષાંતરમાં લીધો છે. તેમજ તે ભાષાંતરમાં 'અર્થ કામની ઇચ્છા છે તો ધર્મ તો કરાય જ નહિ એ રીતે કરેલો ધર્મ ભૂંડો છે, સંસાર વધારનારો છે, રીબાવી–રીબાવીને મારનારો છે, ટુંકમાં બલવદનિષ્ટાનુબંધી (બલવાન–ભયંકર, અનિષ્ટ–દુર્ગતિને કરનાર) છે ને તેથી અકર્તવ્ય છે એવું નિરૂપણ કર્યું છે.'

આવું જે લખાણ પં. શ્રી અભયશેખર વિ.એ પ. પૂ. આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ. સા ના નામે કર્યું છે એવું લખાણ પ. પૂ. આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ. સા.ના કોઇપણ પ્રવચન સાહિત્યમાં લખાયું નથી અને આવા પ્રકારની માન્યતા પણ એઓશ્રીની ન હતી ઉપરોકત લખાણ પ. પૂ. આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ. સા.ના માથે ખોટી રીતે ઠોકી બેસાડયું છે. અને એમ એઓશ્રીને ઉત્સૂત્રભાષી તરીકે ખ્યાત કરવાનું કુકૃત્ય કરવા માંગે છે. પૂ.પાદશ્રી તો એવા આશયથી જ પ્રરૂપણા કરતા હતા કે સંસારમાં મઝા માણવા, અર્થ કામને મેળવવા કરેલો ધર્મ ભૂંડો છે, રીબાવી–રીબાવીને મારનારો છે, બલવદનિષ્ટનો અનુબંધી છે માટે અકર્તવ્ય છે એમ કહેતા હતા પણ અર્થ કામની અભિલાષાવાળો માણસ ધર્મ કરે તેના ધર્મને ભૂંડો વગેરે વિશેષણો આપીને અકર્તવ્ય તરીકે ક્યારેય પણ કહ્યો જ નથી અને કોઇ ઠેકાણે પ્રવચનમાં કહ્યું હોય તો શોધી બતાવે.

પ. પૂ આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ. સા. અર્થ કામ મેળવવા કે અર્થ કામની આશંસાથી કરેલા ધર્મને ભુંડો વગેરે કહે છે એથી એઓ ઉત્સુત્રભાષી કે શાસ્ત્ર વિરૂદ્ધ પ્રરૂપણા કરનારા છે એવું કહેવા માંગતા હોય તો શ્રી લલિત વિસ્તરા ગ્રંથના ભાષાંતર 'પરમ તેજ' નામના પુસ્તકમાં પૃષ્ઠ–૩૪ 'પરંતુ તે શુભ ક્રિયા જો દુન્યવી સુખ–સન્માનની આશંસાના અશુભ અધ્યવસાયથી મિશ્રિત થાય તો ઝેરના લાડુ જેવી બની જાય છે. એ પુન્યના ટેસ આપે પણ આત્માના ભાવ હણી નાખે. તેવી અનેક પાપમય અને દુઃખમય દુર્ગતિના જન્મ મરણ આપે છે' એમ પ્રતિપાદન કરીને ધર્મને ભૂંડો કહેનારા પ. પૂ. આ. ભ. શ્રી ભુવનભાનુ સૂ. મ સા.ને પણ ઉત્સુત્રભાષી કે શાસ્ત્ર વિરૂદ્ધ પ્રરૂપણા કરનારા તરીકે કહેવા જોઇએ. કેમકે જેવી વાત પ. પૂ. આ. શ્રી રામચંદ્ર સૂ. મ. સા. રજુ કરી છે એવી જ વાત પ. પૂ. આ. ભ. શ્રી ભુવનભાનુ સૂ. મ. સા. પણ રજુ કરી છે. 'આપકી લાપસી અને પરાઇ કુસ્કા' આવી કુટ નીતિ અપનાવવી પન્યાસ તરીકે પંકિત થયેલા પં. અભયશેખર વિ. મ.ને શોભતી નથી.

દિવ્યદર્શનમાં પણ મોટા અક્ષરોના હેડીંગ રૂપે લખેલ છે કે–**'સંસાર માટે કરેલો ધર્મ સંસારમાં રખડાવે અને મોક્ષ માટે કરેલો ધર્મ મોક્ષમાં પહોં-**

ચાડે' આવું લખનાર દિવ્ય દર્શનના પ્રણેતા પ. પૂ. આ. ભ. શ્રી ભુવનભાનુ સૂ. મ. સા. ને ઉત્સૂત્રભાષી કે શાસ્ત્ર વિરુદ્ધ પ્રરૂપણા કરનાર તરીકે પ્રખ્યાત કરવા પંન્યાસ અભયશેખર વિ. ગણીનું મન અને જીભ તૈયાર થશે ખરી ? નહીં જ તો એમના જેવી જ આવી શાસ્ત્ર સમ્મત રજુઆત કરનારા પ. પૂ. આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ. સા.ને અયાહારથી ઉત્સુત્ર ભાષી કે શાસ્ત્ર વિરૂધ્ધ પ્રરૂપણા કરનાર તરીકે જૈનેતર ગ્રંથમાં આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ.ના નામે તેમની માન્યતા બહારનું લખાણ કરી જૈનેતરોમાં હીણુતપ દેખાડવાનું કાર્ય કરવું એ પન્યાસ શ્રી અભયશેખર વિ. ના સંયમ જીવનને શોભે ખરું કે કલંકિત કરે ?

પ્ર૦ : 'આવો સ્પષ્ટ સુચિતાર્થ એવો કેમ ન થઇ શકે કે અર્થ કામની ઇચ્છા છે તો ધર્મ ન કરાય, અધર્મ (પાપ) કરાય ? કારણ કે સંસારી જીવોને ધર્મ અને અધર્મ એ બે જ પ્રવૃત્તિ છે નોધર્મ જેવી કોઈ ત્રીજી પ્રવૃત્તિ નથી (નહિતર તો ત્રીજી રાશિ–નોજીવ માનનાર નિહનવ રોહગુપ્તના અનુયાયી બની જવું પડે) એટલે ધર્મ ન કરાય એનો અર્થ અધર્મ કરાય એવો થઇ જ જાય,' આ રીતના લખાણમાં પન્યાસ શ્રી અભયશેખર વિ. મ. જે સુચિત અર્થ કાઢયો કે અર્થ કામની ઇચ્છા છે તો ધર્મ ન કરાય તો અધર્મ (પાપ) કરાય, તે સુચિત અર્થમાં સત્યાંશ કેટલો છે ?

ઉ૦ : પન્યાસ શ્રી અભયશેખર વિ. મ. ઉપરોકત લખાણ કરીને અર્થ કામની ઇ છા છે તો ધર્મ ન કરાય–પાપ કરાય આવો જે સુચિતાર્થ કાઢયો છે તે તદ્દન સત્યથી વેગળો છે, એ સુચિતાર્થમાં જરા પણ સત્ય નથી એમ નહિ પણ અસત્યથી ભરપુર છે. પ. પૂ. આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ. સા. પ્રથમ તો 'અર્થ કામની ઇચ્છા છે તો ધર્મ ન કરાય આવું પોતાના જીવનમાં કયારેય પણ બોલ્યા નથી તેમજ એમના પ્રવચનમાં કયાંયે આવું લખાયું પણ નથી હંમેશાં એઓશ્રીના પ્રવચનનાં એવા જ રણકાર હતા કે અર્થ કામ મેળવવા માટે કે મેળવવાની ઇચ્છા કે આ સાથી ધર્મ ન થાય.

પ. પૂ. આ. દેવ શ્રી ભુવનભાનુ સૂ. મ ની શ્રદ્ધામાં પરિવર્તન આવ્યું અને સંસાર માટે પણ ધર્મ થઇ શકે એવી એઓશ્રી પ્રરૂપણા કરવા લાગ્યા અને એ વાતનો પ્રચાર કરવા માટે 'સંસાર માટે ધર્મ ન થાય તો શું પાપ થાય ? સંસાર માટે પણ ધર્મ થઇ શકે' આવી રીતના લખાણવાળા સ્ટીકરો ગામે ગામે ઉપાશ્રયાદિ ધર્મસ્થાનોમાં લાગવા લાગ્યા ત્યારે એ સ્ટીકરો વાંચીને લોકો શંકાનું સમાધાન મેળવવા વ્યાખ્યાનની અંદર પ. પૂ. આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ. સા.ને પ્રશ્ન પુછતા કે સંસાર માટે ધર્મ

ન થાય તો શું પાપ થાય ત્યારે પૂ.શ્રી તેના ઉત્તરમાં ઠોકી વગાડીને કહેતા કે સંસાર માટે ધર્મ પણ ન થાય અને પાપ પણ ન થાય. ધર્મ મોક્ષ માટે થાય. જ્યાં જ્યાં પૂ.પાદશ્રીનું વિચરણ થતું ત્યાં ત્યાં લોકો આ પ્રશ્ન પુછતા અને પ્રત્યુત્તર પણ આવો જ અપાતો. સંસાર માટે પાપ થાય કે કરાય એવું કદિ બોલતા ન હતા ને બોલ્યા પણ ન હતા. અરે આવું એમના દિલમાં પણ ક્યારેય ઉગ્યું ન હતું તો બોલવ.ની કે લખવાની તો વાત જ ક્યાં રહી ?

એટલે એઓશ્રીના હૈયામાં 'સંસાર માટે ધર્મ ન થાય તો પાપ થાય અર્થ કામ માટે ધર્મ ન થાય તો પાપ થાય–' આવી શાસ્ત્ર વિરૂદ્ધ વાતો હતી જ નહિ.

તેમજ અર્થ કામની ઇચ્છા છે તો ધર્મ કરાય જ નહી. એ રીતે કરેલો ધર્મ ભૂંડો છે, સંસાર વધારનાર છે, રીબાવી રીબાવીને મારનારો છે. ટુંકમાં બલવદ્-નિષ્ટાનુબંધી છે ને તેથી અકર્તવ્ય છે' આવી શાસ્ત્ર વિરૂદ્ધ માન્યતાની પ્રરુપણા કરવાનું તો શું પણ પૂ.શ્રીના હૈયામાં પણ આવી માન્યતા ન હોવા છતાં એ માન્યતાનો આરોપ કરી મનઘડંત કલ્પના કરી સુચિત અર્થ કાઢવો એ વિશ્વવંદ્ય વિભૂતિ સમા એક મહાપુરૂષની ઘોર આશાતના કરવા જેવું છે અને આવી જ આશાતના પં. શ્રી અભય-શેખર વિ.એ કરી છે એ વિચાર કરતાં દરેક સુજ્ઞ પુરૂષને જણાવ્યા વગર નહિ રહે.

પ્ર૦ : તમો જણાવો છો કે ઉત્તરાધ્યયન સુત્રવૃત્તિમાં 'અર્થકામાભિલાષિણાડપિ ધર્મે એવ યતિતવ્યમ' આવો પાઠ છે જ નહિ. તો ઉત્તરાધ્યયન સુત્ર વૃત્તિઓમાં કેવો પાઠ છે અને તેનો વાસ્તવિક અર્થ કેવો થાય છે તે જણાવશો.

ઉ૦ : ઉત્તરાધ્યયન સુત્રમાં ઔરભ્રીય નામના સાતમા અધ્યયનમાં ૨૩-૨૪મી ગાથાની ટીકામાં જે પાઠ આપ્યા છે તે નીચે પ્રમાણે છે. અને તેનો સત્યસભર અર્થ આ પ્રમાણે છે.

હાલ ૨ દેશોદ્ધારક પ. પૂ. આ.દેવ શ્રી જિનેન્દ્ર સૂ. મ. સા. ઉત્તરાધ્યયન સુત્ર પર જેટલી વૃત્તિઓ (ટીકાઓ) રચાયેલી છે તે પાંચ વૃત્તિઓનું એક જ ગ્રંથમાં સંકલન કરેલું છે. એ ઘણું સુંદર કર્યું છે. એમાં પૃષ્ઠ ૧૧૫૫ ઉપરના ઔરભ્રીય નામના સાતમા અધ્યયનમાં–

જહા કુસગ્ગે ઉદગં સમુદ્દેણ સમં મિણે ।
એવં માણુસ્સગા કામા દેવકામાણ અન્તિએ ।।૨૩।।
કુસગ્ગમિત્તા ઇમે કામા સન્નિરુદ્ધમ્મિ આઉએ ।
કસ્સ હેઉં પુરાકાઉં જોગવસેમં ન સંવિદે ।।૨૪।।

આ બે ગાથા પરની પ. પૂ. આ. દેવ શ્રી ભાવદેવસૂ. મ. સા.ની ૧૧૫૬ પૃષ્ઠ પરની વૃત્તિ (ટીકા)માં 'મનુષ્ય ભોગાશ્ચ ધર્મ પ્રભાવ પ્રભાવ દિવ્ય ભોગાપેક્ષયાઽત્યલ્પા ततस्तत्यागतो भोगाभिलाषिणाऽपि धर्म એવ યતનીયમિતિ' ।

પૃષ્ઠ ૧૧૬૧ ઉપર પ. પૂ. આ. દેવ શ્રી શાંતિસૂરીશ્વરજી મ. સા.ની 'શિષ્ય હિતા' નામની વૃત્તિમાં 'તે ચ ધર્મપ્રાપ્ય દિવ્યભોગાપેક્ષયૈવ પ્રાયઃ ततस्तत्त्यागतो विषयाभिलाषिणाऽपि धर्म એવ યતિતવ્યમિત્યભિપ્રાયઃ ।

૧૧૬૫ પૃષ્ઠ પર આ. શ્રી કમલસંયમસૂરીજીની સર્વાર્થસિદ્ધિ નામના વિવરણરમાં 'તે ચ ધર્મ પ્રાપ્ય ભોગાપેક્ષયા કુશાગ્ર બિન્દુપ્રાયા એવ ततस्तत्त्यागाદ્ર વિષયાભિલાષિણાऽપિ ધર્મ એવ યતિતવ્યમિતિ ।

જૈન શાસનની એક આ અનુપમ પદ્ધતિ છે કે જ્યારે જ્યારે સૂત્રોના અર્થ કરવાના હોય ત્યારે જો પૂર્વાપર સૂત્ર કે અન્ય શાસ્ત્રોની સાથે વિરોધ આવતો હોય ત્યારે માત્ર શ્રુતજ્ઞાનમાં અટવાયા કરીને યથાશ્રુત (ઉપર છલ્લો) અર્થ પકડી રાખવો ઉચિત નથી. પરંતુ ચિંતા જ્ઞાન દ્વારા ભાવના જ્ઞાન સુધી પહોંચી સૂત્રનો પૂર્વાપર સૂત્ર કે અન્ય શાસ્ત્રની સાથે વિરોધ ન આવે એ રીતે અર્થ કરવો જોઇએ જેથી સૂત્ર અને અર્થની આશાતના પાપથી બચી જવાય.

કુશાગ્ર એટલે ડાભના ઘાસની અણી ઉપર રહેલ જલબિંદુ સમુદ્રના પાણી સાથે માપવું જોઇએ. તેવી રીતે મનુષ્યના ભોગોને દેવોના ભોગો સાથે માપવા જોઇએ. જેમ અજ્ઞાની-જડ માણસ ડાભના ઘાસની અણી ઉપર રહેલ જલના બિંદુને સમુદ્ર જેવું માને છે. તે રીતે મૂઢ માણસ ચક્રવર્તી આદિના ભોગોને દેવોના ભોગો જેવા માને છે. પરંતુ એવું નથી જેમ પાણીનું બિંદુ એ બિંદુ જ છે સાગર નથી, સાગર એ સાગર જ છે પણ બિંદુ નથી પાણીનું બિંદુ અને સાગરના પાણી એ બેની વચ્ચે મોટું અંતર છે. સાગરનું પાણી અપાર છે ત્યારે પાણીનું બિંદુ અત્યલ્પ છે તેવી રીતે ચક્રવર્તી આદિના પણ મનુષ્ય ભોગો ગમે તેવા હોય તો પણ દેવોના ભોગની આગળ એ મનુષ્ય ભોગો બિન્દુતુલ્ય છે. અત્યંત અલ્પ છે. દેવોનું આયુષ્ય પલ્યોપમ અને સાગરોપમોનું દીર્ઘાતિદીર્ઘ હોય છે અને મનુષ્યોનું (કર્મભૂમિના) આયુષ્ય મોટામાં મોટું પણ આયુષ્ય સંખ્યાતા વર્ષનું હોય છે. તે પણ દેવોના પલ્યોપમ-સાગરોપમના આયુષ્યની આગળ ડાભતૃણની અણી પર રહેલ જલબિન્દુ તુલ્ય છે અર્થાત્ અતીવ અલ્પ છે અને એકસીડન્ટાદિના ઉપક્રમો લાગતા તુટી જાય તેવું સોપક્રમ પણ હોય છે.

માટે જ દેવોનું સુખ અને સમૃદ્ધિ સમુદ્ર જેવા અપરંપરા હોય છે જ્યારે મનુષ્યના સુખ સમૃદ્ધિ ડાભના ઘાસની અણી પર રહેલા પાણીના બિન્દુ જેવા અત્યલ્પ હોય છે.

છતાં એ મનુષ્યની સુખ સમૃદ્ધિમાં (ભોગોમાં) માનવ આસક્ત હોવાના કારણે ધર્મના યોગ–ક્ષેમ એટલે કે ધર્મની પ્રાપ્તિ અને પાલનને જાણતો નથી.

તેથી ડાભના ઘાસના અગ્રભાગ ઉપર રહેલા પાણીના બિન્દુ જેવા અત્યલ્પ કામ ભોગોનો ત્યાગ કરીને વિષયાભિલાષી એવા પણ માનવે ધર્મમાં જ પ્રયત્ન કરવો જોઇએ. આ રીતે ઉત્તરાધ્યન સૂત્રની વૃત્તિઓમાં પાઠોનો યથાશ્રુત અર્થ થાય છે હવે અર્થના તાત્પર્ય સુધી પહોંચીએ તો પૂર્વાપર સૂત્ર કે અન્ય શાસ્ત્રોની સાથે કેવો અર્થ સંગત થાય અને તાત્પર્ય સુધી પહોંચીને અર્થ ન કરવામાં આવે તો કેવો વિરોધ પૂર્વાપર સૂત્ર કે અન્ય શાસ્ત્રોની સાથે આવે તે જાણવા જેવું છે.

માનવ–ધર્મની પ્રાપ્તિ (યોગ) અને ધર્મનું પાલન (ક્ષેમ) નથી કરી શકતો એનું કારણ એને મળેલા ભોગોની અને નવા ભોગોને મેળવવાની ને ભોગવવાની આસક્તિ છે અભિલાષા છે. આવી ભોગો–વિષયોની આસક્તિ અભિલાષવાળા માનવને પણ ધર્મમાં પ્રવૃત્તિ કરાવવા માટે ઉત્તરાધ્યયન સૂત્રના વૃત્તિકાર (ટીકાકાર) મહાપુરૂષો સાગર સમા દેવોના વિષયભોગોની અપેક્ષાએ મનુષ્યના વિષયભોગો ડાભના ઘાસના અગ્ર ભાગ ઉપર રહેલા જલબિન્દુ જેવા છે" એવાં સૂત્રકારના કથનનું તાત્પર્ય એ જણાવે છે કે દેવલોકમાં સાગર જેવા દેવતાઇ ભોગો ભોગવ્યા છતા તૃપ્તિ ન થઇ તો બિન્દુતુલ્ય અત્યલ્પ અને તુચ્છ એવા માનવના ભોગોમાં કંઇ રીતે તૃપ્તિ થવાની છે? અર્થાત નથી થવાની. માટે વિષય ભોગોને ભોગવવાનો અભિલાષ હોય તો પણ આવા વિષયભોગાભિલાષી માનવે વિષયભોગોનો ત્યાગ કરીને ધર્મની આરાધનામાં જ પ્રયત્ન કરવો જોઇએ. અને એ ધર્મમાં પણ એવી તાકાત છે કે વિષયભોગના ત્યાગપૂર્વક ધર્મારાધના કરનારની વિષયભોગની અભિલાષાનો એ ધર્મ નાશ કરી નાંખશે.

આ રીતે ઐદંપર્યાર્થ સુધી પહોંચીને સૂત્ર અને વૃત્તિકારોના પાઠોનો અર્થ કરવામાં પૂર્વાપરનો કે અન્ય શાસ્ત્રોની સાથે કોઇ જાતનો વિરોધ આવે તેમ નથી.

'तत्यागतो भोगाभिलाषिणाऽपि धर्मे एव यतितव्यम् तत्यागतो विषयाभिलाषिणाऽपि धर्मे एव यतितव्यम् આવો સૂત્રમાં સ્પષ્ટ નિર્દેશ ન હોવા છતા ઉત્તરાધ્યયન સૂત્રના વૃત્તિકાર (ટીકાકાર) મહાપુરૂષો આ રીતનું કથનું કરવા દ્વારા અને પાઠોમાં 'अपि' શબ્દ દ્વારા એ કહેવા માંગે છે કે મોક્ષના અભિલાષીએ તો માનવીય વિષય ભોગોનો

ત્યાગ કરીને ધર્મમાં જ પ્રયત્ન કરવાનો છે પણ જેના હૃદયમાંથી વિષય ભોગોનો અભિલાષ ગયો નથી એવા માણસે પણ વિષય ભોગોનો ત્યાગ કરી ધર્મમાં જ પ્રયત્ન કરવો જોઇએ અને આ રીતના કથનથી વૃત્તિકાર મહાપુરૂષો પણ ઐદંપર્યાર્થથી જણાવવા માંગે છે કે ધર્મ કરતા કરતા કર્મનો એવો ક્ષયોપશમ થશે કે મોક્ષાભિલાષ યાવત ઉત્કટ રૂપે પ્રગટ થવા સાથે વિષય ભોગાભિલાષ ચાલ્યો જશે. વૃત્તિકર મહાપુરૂષોની મનોભાવના જીવોના વિષય ભોગાભિલાષને કાઢવાની છે પરંતુ વિષયભોગના અભિલાષને પુષ્ટ કરવાની નથી હોતી.

દેવતાઈ ભોગો સાગર સમા છે અને મનુષ્યના ભોગો ડાભના ઘાસના અગ્રભાગ ઉપર રહેલા જલબિન્દુ જેવા છે એમ જણાવીને ઉત્તરાધ્યયન સૂત્રકાર પણ જગતને એ જ જણાવવા માગે છે કે મનુષ્યના ભોગોમાં તૃપ્તિ થાય એમ નથી તેમ સાગર સમા દેવતાઇ ભોગો ભોગવ્યા છતાં તૃપ્તિ થઇ નથી માટે મનુષ્ય ભોગોનો ત્યાગ કરવાપૂર્વક ધર્મ કરવાનો છે તેમ દેવતાઇ ભોગોને મેળવવાની પણ અભિલાષા ઇચ્છા કે આશંસાનો ત્યાગ કરીને ધર્મ કરવાનો છે.

આલોકના કે પરલોકના ભોગોને મેળવવા માટે ધર્મ કરવામાં આવે તો ભોગાભિલાષાને પુષ્ટ કરવા માટે ધર્મ કર્યો કહેવાય. વિષય ભોગોને મેળવવા માટે ધર્મ કરવામાં આવે તો તે ધર્મને શાસ્ત્રકારો વિષ અનુષ્ઠાન કહીને ભૂંડો જણાવે છે, રીબાવી રીબાવીને મારનારો છે, એથી બલવદનિષ્ઠાનુબન્ધી છે માટે જ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ. 'ત્રિક તજીએ દ્વિક ભજીએ' એમ જણાવી વિષ અનુષ્ઠાન અને ગરલ અનુષ્ઠાનનો ત્યાગ કરવાનું કહી તેવા ધર્મને અકર્તવ્ય તરીકે બતાવે છે એટલે કે આલોક પરલોકના સુખાદિ માટે ધર્મ નહિ કરવો જોઇએ. 'ત્રિક તજીએ દ્વિક ભજીએ' ઉપાધ્યાયજી મ.ની પંક્તિનો અર્થ આ પ્રમાણે છે. વિષાનુષ્ઠાન-અનનુષ્ઠાન-તદ્હેતુ અનુષ્ઠાન અમૃત અનુષ્ઠાન-આ પાંચ અનુષ્ઠાનમાંથી પ્રારંભના વિષ, ગરલ અને અનનુષ્ઠાન રૂપ અનુષ્ઠાનનો ત્યાગ કરવો જોઇએ એટલે કે આવા ત્રણ અનુષ્ઠાન ન કરવા જોઇએ એમે 'ત્રિક તજીએ' એ પદથી જણાવે છે, 'દ્વિક ભજીએ' એ પદથી તદ્હેતુ અને અમૃત અનુષ્ઠાન આ બે અનુષ્ઠાન કરવા જોઇએ એ જણાવે છે. આ રીતનો ઉત્તરાધ્યન સૂત્ર અને તેના પરની વૃત્તિ-ટીકા રચનારા આપ્ત પુરૂષોના 'તત્ત્યાગતો વિષયાભિલાષિણોઽપિ ધર્મે એવ યતિતવ્યમ્' પાઠોનો અર્થ કરવામાં આવે તો પૂર્વાપર કોઇ શાસ્ત્રનો વિરોધ ન આવે.

પરંતુ વિષય-ભોગ-અર્થ-કામને મેળવવા પણ ધર્મમાં પ્રયત્ન કરવો જોઇએ એવો અર્થ પૂ. આ. દેવ શ્રી ભુવનભાનુસૂ. મ.સા. અને પં. શ્રી અભયશેખર વિ. મ

કરવા માંગતા હોય તો એમને યોગબિન્દુ ગ્રન્થની સાથે અને ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મ.ના 'ત્રિક તજીએ દ્વિક ભજીએ' એ પાઠની સાથે વિરોધ આવવાનો જ. કેમકે યોગબિન્દુ ગ્રન્થમાં આલોકના અર્થ–કામ–વિષય ભોગો મેળવવા માટે કરાતા ધર્મને ગરલ અનુષ્ઠાન તરીકે જણાવીને એવા ધર્મને ભૂંડો જણાવ્યો છે અને એથી જ એ ધર્મ બહુવકનિષ્ટાનુબન્ધી (મોટા અનર્થને કરનાર) હોવાના કારણે મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ. 'ત્રિક તજીએ' એમ કહી એવા ધર્મને અકર્તવ્ય તરીકે જણાવે છે.

ઉત્તરાધ્યયન સૂત્રના વૃત્તિકાર મહાપુરૂષોને જેમ મોક્ષ માટે ધર્મ કરાવવો ઇષ્ટ છે તેમ વિષય–ભોગ માટેની અભિલાષાથી ધર્મ કરાવવો ઇષ્ટ હોત તો જે લખાણ એઓશ્રીએ વૃત્તિઓમાં કર્યું છે એને બદલે 'विषयाभिलाषिणोऽपि धर्मे एव यतितव्यम्' એવો સ્પષ્ટ નિર્દેશ કરત પણ એમ ન કરતા' तत्त्यागतो विषयाभिलाषिणोऽपि धर्मे एव यतितव्यम्' આવો નિર્દેશ કર્યો છે એથી એ નિશ્ચિત થાય છે કે એ આપ્ત મહાપુરૂષોને લોકોની વિષયાભિલાષા પુષ્ટ કરવી ન હતી. પણ વિષયાભિલાષીઓને પણ વિષય-ભોગોનો ત્યાગ કરાવી ધર્મમાં પ્રવૃત્તિ કરાવવા દ્વારા એમની વિષય–ભોગોને મેળવવા, ભોગવવાની અભિલાષાને ખતમ કરવાનો જ આશય હતો એથી કરીને જે અર્થ ભાવનાજ્ઞાન સુધી પહોંચીને કરવામાં આવ્યો છે એવો જ અર્થ વૃત્તિકારોના પાઠોનો છે અને તે જ અર્થ પ. પૂ. આ. ભ. શ્રી રામચંદ્રસૂ. મ.સા. માનતા હતા અને એમનો વર્ગ પણ માને છે અને એ રીતે કરીને એ આપ્તતાને ચાર ચાંદ લગાડવાનું અનુપમ કામ કરનારા છે.

જ્યારે પૂ. આ. દેવ શ્રી ભુવનભાનુસૂ. મ. સા. તથા તેમનો વર્ગ 'अर्थकामाभिलाषिणोऽपि धर्मे एव यतितव्यम्' આવો પાઠ ઉત્તરાધ્યયન સૂત્ર વૃત્તિઓમાં ન હોવા છતાં ક્યાંકથી ઉપસ્થિત કરી એ પાઠનો 'અર્થ–કામ માટે પણ ધર્મ થઇ શકે' આવો અર્થ ઉપસાવી કાઢતા હોય તો તેઓ એ આપ્તપુરૂષોની આપ્તતા કલંકિત કરે છે.

પંચાશક પ્રકરણમાં પણ પૃષ્ઠ ૧૩૩ ગાથા ૧૨૦ તેની ટીકામાં कुशल–शुभं न तु भवहेतुपदार्थप्रार्थनादिवदशुभं–प्रणिधानं प्रार्थना-गर्भमेदात्रयम् कर्तव्यम् ।

દ્રવ્યપૂજા કર્યા બાદ ચૈત્યવંદન કર્યા પછી ભવનિર્વેદાદિ કેટલાક પદાર્થોની માંગણી જેમાં છે એવા જય વીયરાય સુત્ર બોલવા રૂપ પ્રણિધાન કરવું જોઇએ. આવું પ્રતિધાન કુશલ એટલે શુભ છે. પરંતુ ભવહેતુ પદાર્થોની પ્રાર્થનાદિ માફક અશુભ નથી આમાંથી એ અર્થ સ્પષ્ટ રીતે જણાય છે કે ભવહેતુ પદાર્થોની માંગણી આદિરૂપ

પ્રાર્થના અશુભ છે. ભવહેતુ–સંસારવૃદ્ધિના કારણ અર્થ અને કામ છે વિષયભોગો છે એની માંગણી અરિહંત પરમાત્મા પાસે કરવી કે એના માટે ધર્મ કરવો એ અશુભ છે એટલે એવો ધર્મ ભૂંડો છે બલવદનિષ્ટાનુબંધી છે અને એવો ધર્મ ખરેખર અકર્તવ્ય છે આ રીતે આવા અનેકાનેક પાઠોના આધારે પ. પૂ. આ. શ્રી રામચંદ્ર સૂ. મ. સા. તથા તેમનો વર્ગ અર્થ કામ કે વિષય–ભોગો મેળવવાની અભિલાષાથી કરાતા ધર્મને ભૂંડો રીબાવી રીબાવીને મારનારો બલવદનિષ્ટાનુબંધી અને અકર્તવ્ય તરીકે માનનારો છે ગમે તે ધર્મને કે ગમે તેના ધર્મને ભૂંડો આદિ માનનારો નથી.

અર્થ અને કામ ભવ–હેતુ–સંસાર વૃદ્ધિનું કારણ છે એ વાતની રજુઆત કલિકાલસર્વજ્ઞ આ. ભ. શ્રી હેમચંદ્ર સૂ. મ. સા. ભગવાન મહાવીર દેવની અંતિમ દેશનાના સારનું વર્ણન કરતા 'કામાર્થૌ તત્ર જન્મિનાં અર્થભૂતૌ નામધેયાકૃનર્થૌ પરમાર્થતઃ' જગતમાં જે ચાર પુરૂષાર્થ છે તેમાં અર્થ અને કામ આ બે પુરૂષાર્થો તો નામમાત્રથી જ પુરૂષાર્થો છે અર્થ અને કામ માત્ર નામથી જ અર્થભૂત છે પણ પરમાર્થથી–પરિણામથી તો જીવોને માટે તે અનર્થભૂત છે અર્થ અને કામને અનર્થભૂત કહીને તેની ભવહેતુતા અત્રે બતાવવામાં આવી છે અર્થ અને કામ આલોકમાં પણ રોગ–મરણાદિના અનર્થને પેદા કરનારા છે તથા પરિણામે પરલોકમાં પણ નરકાદિ દુર્ગતિઓમાં દુરન્ત કાલ સુધીના દુઃખો આપનારા છે.

જુદા જુદા શાસ્ત્રોમાં દેખીતી રીતે એકસરખા પાઠો દેખાતા હોય તો પણ શાસ્ત્ર પરિકર્મિત મતિવાળા ગીતાર્થ મહાપુરૂષો શ્રુતજ્ઞાનનું જ અવલંબન લઇ એ પાઠોનો અર્થ કરી એને જ વળગી રહેતા નથી પરંતુ ચિંતાજ્ઞાન દ્વારા ભાવનાજ્ઞાન સુધી પહોંચી કરેક પાઠો કયા સંદર્ભમાં કહેવાયા છે અને એનો વાસ્તવિક અર્થ શું થાય છે એની જાણકારી મેળવે છે.

ઉત્તરાધ્યયન સૂત્રવૃત્તિઓના 'તત્ત્યાગતો વિષયાભિલાષિણોઽપિ ધર્મે એવ યતિતવ્યમ્' એવા પાઠો વિષયાભિલાષી, વિષયના વિરાગી કે મોક્ષાભિલાષી જીવોને આ ભવમાં મળેલા વિષયોનો ત્યાગ કરાવી ધર્મમાં પ્રવૃત્તિ કરાવવાના સંદર્ભમાં છે ન કે વિષયભોગોને મેળવવા માટે ધર્મમાં પ્રવૃત્તિ કરાવવાના સંદર્ભમાં છે.

તેવી રીતે ઉપમિતિ ભવપ્રપંચા કથા ગ્રંથમાં 'અર્થકામૌ હિ વાગ્છતામપિ પુરૂષાણાં ન ધર્મવ્યતિરેકેણ સમ્પદ્યેતે ધર્મવતાં પુનરતદ્ધિતૌ સ્વતઃ એવોપનમેતે અતો અર્થકામાર્થિભિઃ પુરૂષૈઃ પરમાર્થતો ધર્મ એવ ઉપાદાતું યુક્તઃ, તસ્માત્ સ એવ

પ્રધાન ઇતિ.' એ પ્રમાણે પુસ્તક પુષ્ઠ ૪૨ પરનો પાઠ ધર્મની પ્રધાનતા બતાવવાના સંદર્ભમાં છે.

અર્થ-કામને વાંછનારા એવા પણ પુરૂષોને અર્થ-કામ ધર્મ વગર મળતા નથી અને-ધર્મવાળાઓને કલ્પના પણ ન હોય ને પોતાની મેળે પ્રાપ્ત થઇ જાય છે એથી કરીને અર્થ કામ જેને જોઇતા હોય તે પુરૂષોએ પરમાર્થથી એટલે કે વાસ્તવિક રીતે ધર્મનું જ ઉપાદાન કરવું યુક્ત છે અર્થાત પાપનું ઉપાદાન કરવું યુક્ત નથી. પાપ કરવાથી અર્થ-કામ નથી મળતા, પણ ધર્મ કરવાથી જ અર્થ-કામ મળે છે માટે ધર્મ એજ પ્રધાન છે, અહીં પણ 'અતો અર્થકામાર્થિભિઃ પુરૂષૈઃ પરમાર્થતો ધર્મ એવ ઉપાદાતું યુક્ત' આ રીતના પાઠથી 'અર્થ-કામ જેને જોઇતા હોય એવા માણસને પણ ધર્મ જ કરવો પડે પણ પાપ કરે તે બરોબર નથી એવો જ અર્થ કરવો ઉચિત છે કેમકે અહિં ગ્રંથકારને ધર્મની પ્રધાનતા બતાવવી છે. અર્થ કામ માટે ધર્મ કરાવવો ઇષ્ટ નથી એનું કારણ એ છે કે અન્ય ગ્રંથોમાં અર્થ કામ માટે કરેલા ધર્મને વિષ-ગરલ અનુષ્ઠાન કહીને અકર્તવ્ય તરીકે કહ્યો છે.

પ્ર૦ ન્યાયસિદ્ધાંત મુક્તાવલી ગ્રંથના ભાષાંતરમાં ૧૯૦ મા પાના પર પાંચમાં ફકરામાં જે લખાણ કર્યું છે એના ઉપરથી આશંકા થાય છે કે પરિકર્મિત બુધ્ધિ કોની? પ. પૂ. આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ. સા.ની કે પં. શ્રી અભયશેખર વિ. તથા પ. પૂ. આ. દેવ શ્રી ભુવનભાનુ સૂ. મ. સા. ની?

ઉ૦ : કયો ધર્મ અને કોનો ધર્મ બલવદનિષ્ટાનુબંધી (પરિણામે દુ:ખ લાવનાર) અને અકર્તવ્ય છે અને કયો અને કોનો ધર્મ બલવદનનિષ્ટાનનુબંધી અને કર્તવ્ય છે એની જેને બુદ્ધિની સુઝ બુઝ નથી અને જેઓ ઉત્તરાધ્યયન સુત્ર વૃત્તિઓમાં જે પાઠ નથી એવા કોઇક કોકાણેથી અથવા પોતાના ભેજાની પેદાશમાંથી ઉપસ્થિત કરેલા અને ઉત્તરાધ્યયન સુત્રવૃત્તિના નામે રજુ કરેલા 'અર્થં કામાભિલાષિણાઽપિ ધર્મે એવ યતિતવ્યમ' એ પ્રમાણેના પાઠ દ્વારા પ. પૂ. આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ. સા. જે નથી માનતા, તેની રજુઆત કરી તેઓશ્રીને શાસ્ત્રવિરૂદ્ધ પ્રરૂપણા કરનારા કે ઉત્સુત્રભાષી તરીકે બદનામ કરવાની મનોવૃત્તિવાળા પં. શ્રી અભયશેખર વિ. કે આ. શ્રી ભુવનભાનુ સૂ. મ. સા. ને શાસ્ત્ર કે ન્યાયથી પરિકર્મિત બુધ્ધિવાળા તરીકે કોણ માનવા તૈયાર થાય? પોતાને અને પોતાના પરમ ગુરૂદેવ આ. દેવ શ્રી ભુવનભાનુ સૂ. મ. ને પરિકર્મિત બુદ્ધિવાળા માનવાના મદમાં પ. પૂ. આ. દેવ શ્રી રામચંદ્ર સૂ. મ. કે તેમના વર્ગને પરોક્ષ રીતે એટલે કે છુપી રીતે અપરિકર્મિત બુધ્ધિવાળા તરીકે સિધ્ધ કરવા

મહાભારતનાં પ્રસંગો

[પ્રકરણ-૩૨] —શ્રી રાજુભાઇ પંડિત

૩૨. મોહ ધર્મીને પણ રહાવે.

સાથે સાથે વૃદ્ધિ પામી રહેલા બંને બાળ–બહાદુરો સાથે રમે છે અને ઝગડે છે. રમી રહ્યો હોય ત્યારે ભીમ દુર્યોધનને પગેથી પકડીને બાળ–ચાપલ્યથી ઢસડયા કરે છે. કયારેક માતાએ પ્રીતિથી ભીમને સારૂ ખાવાનું આપ્યું હોય તો હઠ કરીને હાથ વડે છીનવી લઇને ભીમને દુર્યોધન રડાવે છે. આમ બંને પરસ્પર ઝગડ કરતા અને રમત કરતા એક જ વાસણમાં જમનારા ધીરે ધીરે વધી રહ્યા છે.

એક વખતની વાત છે.

ચારે કોર પ્રફુલ્લ વાતાવરણને પેદા કરતી, સુગંધ–સુગંધ ફેલાવતી, પુષ્પના ખરી પડેલા પરાગથી ધરતીને સુરભિના રસથી રસ–તરબોળ કરતી વસંતઋતુ આવી. ઉપવનના હરએક વૃક્ષો છોડવાઓ વસંતના વાયરામાં આમ તેમ ડોલતા હતા. મયૂરીઓ સુંદર કેકારવ કરી રહી હતી. વૃક્ષો તથા છોડવાઓ ઉપર આવેલા પુષ્પોના રંગ બે રંગી વાતાવરણમાં ઉપવનની નજીક નાના–નાના રળીયામણાં ટેકરાઓ હતા ઊંચા–ઊંચા પહાડો પણ હતા. અને તે પર્વતોમાંથી ખળ–ખળ નાદ કરતા ઝરણાં વહી રહ્યા હતા.

મનભાવન આવા આહલાદક વાતાવરણમાં પાંડુરાજા કુંતા રાણી સાથે છ જ મહિનાના બાળ–કુમર ભીમને લઇને વસંત ઋતુની શોભા જોવા નીકળ્યા હતા. મનોરમ

મથનારા પં. શ્રી અભયશેખર વિ.એજ પહેલા શ્રુતજ્ઞાનમાં અટવાયા વગર ચિંતા જ્ઞાનનો સહારો લઇ ભાવના જ્ઞાન સુધી પહોંચી શાસ્ત્રોના પાઠોનો અર્થ કરવો જોઇએ તો જ એ પાઠોનો સાચો અર્થ કરી શાસ્ત્રને ન્યાય આપનારા બની શકવાના નહિતર અનુચિત એવા સુચિત અર્થ ઠાઢી ખોટી રીતે ખંડન કરવા દ્વારા શાસ્ત્રોની આશાતના કરવાની સાથે પ. પૂ. આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ. જેવા અનેકાનેક મહાપુરૂષોની અને પૂર્વાચાર્યોની આશાતનાના ભાગીદાર બનવાનું પાપ પણ લમણે ચોંટવાનું, એવું ન બને એટલા માટે સૌ શ્રુતજ્ઞાન, ચિંતા જ્ઞાન અને ભાવના જ્ઞાનનું અવલંબન લઇ બુધ્ધિને પરિકર્મિત બનાવી શાસ્ત્ર પાઠોના સાચા અર્થ કરવા દ્વારા સ્વશ્રેય સાધો એજ એક શુભેચ્છા...

એવા તે ઉપવનમાં તિલક–ચંપાના વૃક્ષો જોતા તથા વિકસેલા પુષ્પોના છોડવાઓ અને વૃક્ષોને જોતા મનમાં આનંદ–આનંદ પામેલા થોડા સમય સુધી રાજા–રાણી ફરતા રહ્યા.

સાથે આવેલો બાળ–કુમાર ભીમ બાળ–રમતથી માત્ર ક્રીડા વડે વૃક્ષો ઉપર હાથ નાંખતો અને વૃક્ષો જડમૂળથી ઉખડી જતા હતા.

ફરત ફરતાં પાંડુરાજા એક રમણીય પર્વત ઉપર ચડયા. પાછળ પાછળ કુંતીદેવી પણ ચડયા. કોઇ વૃક્ષની ઘટાદાર છાંયામાં મન થાય ત્યારે આરામ કરતાં, કરેક વાવડીઓ તથા સરોવરોને હર્ષ પૂર્વક જોતા જોતા પર્વતની છેક ટોચ આગળ જઇ ચડયા.

કંકેલિવૃક્ષની નીચે કુંતીદેવી વિસામો લેવા બેઠા. અને ખોળામાં છ માસના ભીમને રમાડતા રમાડતા હે કુરૂવંશના કુંડળ! હે જગતના નેત્રને ચંદ્ર સમાન! આ રીતે બોલાવતા રહ્યા. ભીમ પણ માતા સામે હાથ ઉંચા કરી–કરીને હસતો હસતો ખોળામાં રમી રહ્યો હતો.

થોડીવાર થઇ અને ભીમને ઉંઘ આવી ગઇ.

આ બાજુ પાંડુરાજ હરિયાળા ઉપવનમાં ફરતાં–ફરતાં ચંપકના પુષ્પોની સુંદર માળા ગુંથીને પોતાની પત્ની કુંતીરાણી માટે લાવી રહ્યા હતા એટલામાં કુંતી દેવીની નજર પાંડુરાજ ઉપર પડી. અને તે સ્નેહ પૂર્વક પતિદેવને જોતી જ રહી. અને કંઠને ઉદ્દેશીને બોલી–'હે કંઠ! તું ભાગ્યશાળી છે કે જેથી આ પ્રેમી પ્રેમથી ગુંથેલી આ માળાને તારા માટે લાવી રહ્યા છે.' અને પછી આવતા પાંડુરાજ તરફ એકીટસે જોઇ રહેલી તે તદ્દન નજીક આવી ગયેલા પાંડુરાજ તરફ જલ્દીથી ઉભી થઈ ગઇ.

પરંતુ કુંતીદેવીને એ ખ્યાલ ન રહ્યો કે–મારા ખોળામાં ભીમ સૂઇ રહ્યો છે. જે વખતે કુંતી ઉભી થવા જતી હતી તે જ વખતે પાંડુરાજે તેના ગળામાં હાર નાંખ્યો. આથી એક હાથથી તે હારને બરાબર કરવા જાય તેટલામાં જ તેના ખોળામાંથી નિઃસહાય બનીને ભીમ નીચે પડયો. બીજા હાથને ભીમને પકડવા પ્રવર્તાવ્યો પણ બાળ કુમાર હાથમાં ન રહ્યો.

છેક ઉંચા પર્વતની ટોચથી નીચે ખડકાળ–પત્થરીલી ખીણ વચ્ચેથી તળેટી તરફ જઇ રહેલા બાળ ભીમને પડતો જોઇ રહેલા સર્વેના જીવ તાળવે ચોંટી ગયા હતા. કરેકની આંખો ભીની હતી.

બાળ ભીમ તો ગબડતો–ગબડતો પત્થરો સાથે ટકરાતો ટકરાતો એક ખતરનાક શિલા પાસે આવીને પડયો. સાથે આવેલા અંગરક્ષકો નીચે પડી રહેલા ભીમને બચાવવા

દોડ્યા તો ખરા પણ નીચે પટકાતો બચાવવો અશકય હતો. સર્વ બાળભીમની ખીણના પત્થરે પત્થરે તપાસ ચલાવી.

આ તરફ પોતાની નાની અમથી અમથી ભૂલથી સર્જાઇ ગયેલ ખતરનાક અનર્થ તરફ પસ્તાઇ રહેલી ચોધાર રડી રહેલી રાણી કુંતીએ કરૂણ સ્વરે મોટે-મોટેથી રુદન કરવા માંડયુ-'હે વત્સ ! તું કયાં છે ? હું ફરી તને કયારે જીવતાં જોઇ શકીશ ? હે વત્સ ! આટલે ઊંચેથી નીચે પટકાઇ રહેલા તારૂ હવે જીવિત શી રીતે રહેશે ?' આ રીતે પુત્ર પતનના શોકથી આકુળ કુંતી દેવી હાહાકાર મચાવી રહેલા પાંડુરાજ સાથે પુત્રની ભાળ મેળવવા ધીરે ધીરે શોકથી નીચે ઉતરવા લાગી.

ઉતરતા ઉતરતા કુંતીએ જોયું તો-શિલાઓના ચૂરેચૂરા થઇ ગયા હતા. તેણે પાંડુને પૂછયું-આ કોણ ચૂરી નાંખી ? પાંડુરાજે કહ્યું-હું નથી જાણતો દેવી ! ફરી કુંતીએ કહ્યું-નાથ ! આ ઘટાટોપ-ઘેઘૂર-વિશાળ કાય-મજબુત વૃક્ષોને કોણે ફોડી નાંખ્યા હશે ? નાથ ! ચોકકસ મારા જ પાપથી આ શિલાઓ અને વૃક્ષો કણ-કણમાં ચૂર્ણ થવા લાગે છે.

કયારેય પર્વત ચડયા ઉતર્યા ન હતા તેથી સુકોમળ શરીરી રાણી કુંતી અત્યંત થાકી ગયા હતા અને પુત્રના પતનના શોકથી દુઃખી દુઃખી હતા આથી અત્યંત ખિન્નતા પામી રહ્યા હતા.

એટલામાં જ સામેથી અત્યંત ઝડપથી આવી રહેલા સૈન્યને જોતા પાંડુરાજે અનુમાન કરી લીધું કે ચોકકસ બાલકુમાર ભીમ કુશળ છે. અને તે સમાચાર કુંતીને આપ્યા. દેવીના ખોળામાં રહેલાની જેમ પડી રહેલા ભીમને કશી જ ક્ષતિ-ઇજા થઇ ન હતી.

ઝડપથી રાજા-રાણીએ આવીને જોયું તો શીલાના ચૂર્ણની શય્યામાં બાળકુમાર હાથ-પગ ઉછાળીને રમી રહ્યો હતો. બાળકને અક્ષત જોઇને રાજા-રાણીને અત્યંત ખુશી થઇ. તથા રાજા-રાણીને જોતા બાળકને ખુશી થઇ હોય તેમ તે બાળકુમાર હાથ ઉંચા કરી નચાવવા લાગ્યો. આથી તરત જ કુંતી રાણીએ બાળ ભીમને બે હાથે ઉઠાવીને પોતાની છાતી સાથે ચાંપી દીધો. વારંવાર ચુંબનોથી ભરી દીધો. અપાર વાત્સલ્યના કારણે રાણી કુંતીના સ્તન દૂધ ઝરાવવા લાગ્યા. કુંતીના બંને હાથના ગાઢ આલિંગનમાં છાતી સરસા રહેલા બાળ ભીમને બળાત્કારે પાંડુરાજે કુંતીના હાથમાંથી ઝુંટવીને આનંદ પૂર્વક પોતે બાળકને ભેટયા.

ખુશી–ખુશી થઇ ગઇ. ધૂપ છાંવનો એક પ્રસંગ ગણતરીની પળોમાં વહી ગયો.

ફરી પૃથા કુંતી દેવીએ પૂછ્યું–નાથ ! આ બધી શિલાના ચૂરેચૂરા શી રીતે થયા ? ત્યારે પાંડુરાજે કહ્યું–દેવી ! દિવ્ય આકાશવાણી થઇ ત્યારે એમ કહેવાયું હતું કે–'આ બાળ વજ્રકાય છે.' તેથી વજ્ર જેવા આ બાળકના શરીરના ઘાતને સહી નહિ શકનારી શિલાઓ ભાંગીને ભૂકકો થઇ ગઇ છે.' વૃક્ષોનું પડવું, શિલાના ટુકડે–ટુકડા થવા એ બધું આ તારા પુત્રનું પરાક્રમ છે દેવિ !

આટલું સાંભળતાં તરત જ પતિદેવના હાથમાંથી બાળ ભીમને લઇને રાણી કુંતીએ ફરી વારંવાર ગાઢ આલિંગનો કરવા માંડ્યા.

સાથે આવેલી વૃદ્ધા–ધાવમાતાઓએ બાળ ઉપર શીતલ જળનો અભિષેક કર્યો અને અત્યંતથી પૂજા કરી. પછી પાછા ખુશ થતાં થતાં રાજા–રાણી બાળ ભીમ સાથે રાજધાની તરફ પાછા ફર્યા.

સંધ્યાટલાક સમયે રાણી કુંતીદેવીએ રાત્રિના અંતે સ્વપ્નમાં મહેન્દ્ર–ઇન્દ્રને જોયા. સ્વપ્નફળ કહેતા પાંડુરાજે કહ્યું કે–'દેવી ! તમારે ઇંદ્ર સમાન પુત્ર થશે.' સ્વપ્ન ફળ સાંભળી ખુશ થયેલા કુંતીએ ગર્ભનું પાલન કરવા માંડ્યું. [ક્રમશઃ]

* દુર્ગતિના સાધનો *

ધણ-સંચએો અ વિઉલેા, આરંભ–પરિગ્ગહેા અ વિત્થિણ્ણેા ।
જેઇ અવસ્સં મણુસ્સં, નરગં-તિરિક્ખજોણિં વા ।।

વિપુલ–ઘણો પૈસો ભેગો કરવો અને વિસ્તીર્ણ–મોટા પાયે આરંભ–પરિગ્રહ–સંસારની પ્રવૃત્તિઓ કરવી અને માલમિલકત–ઋદ્ધિનો પરિગ્રહ કરવો, તે મનુષ્યને અવશ્ય નરક કે તિર્યંચ–યોનિમાં લઇ જાય છે

* ત્યાં સુધી નિર્વાણ નથી *

નાદંસણિસ્સ નાણું, નાણેણ વિણા ન હુંતિ ચરણગુણા ।
અગુણિસ્સ નત્થિ મોકખો, નત્થિ અમોકખસ્સ નિવ્વાણું ।।

શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર (અધ્ય. ૨૮, ગા. ૩૦)માં કહ્યું છે કે–સમકિતથી રહિતને જ્ઞાન ન હોય, જ્ઞાન વિના ચારિત્રના ગુણો ન હોય અને ચારિત્રના ગુણો વિના મોક્ષ ન હોય. જેને મોક્ષ નથી તેનું નિર્વાણ પણ નથી.

*

卐 ત્યા ગી મૃ ગ રા જ 卐

—નિરંજન

એક હતો રાજા. એને શિકારનો ઘણો શોખ. એ પણ મૃગના શિકારનો. આથી રોજ રાજા મૃગયા ખેલવા વનમાં જતો. સાથે બીજા શિકારી લોકોને પણ લેતો. શિકારમાં કેટલાક લોકોને રાજા સાથે જવું પડતું. આથી એમનાં કામકાજ પણ થઇ શકતા નહિ.

કયારેક તો કોઇ કોઇ માણસ વનમાં ભૂલા પડતા તો કોઇક જંગલી પશુઓ—જાનવરોનો ભોગ પણ બનતા. રાજાનો એક દિવસ પણ મૃગયા વગર જતો નહિ એથી રાજાની સાથે જનારા પણ કંટાળ્યા.

એક દિવસ સૌ ભેગા થયા અને વિચાર કર્યો કે આપણે આ શિકારની લપમાંથી કેવી રીતે છૂટવું ? ઘણી ચર્ચાવિચારણા થઇ છેવટે નક્કી થયું કે રાજાને રોજ મૃગનો શિકાર જોઇએ છે તો મૃગો હંમેશા મળી રહે તે માટે મોટા મૃગસમૂહને જ જીવતો પકડીને એક મોટા ઉદ્યાનમાં પૂરી રાખીએ. તો આપણને શિકારની લપમાંથી છૂટી મળે.

એથી તેમણે એક વિશાળ ઉદ્યાન બાગની ચારે બાજુ મોટી મોટી વાડો કરી. મૃગો કૂદી શકે નહિ તેના ચાર મોટા ઝાંપા બનાવ્યા. પછી ત્યાં પુષ્કળ ઘાસ ઉગાડયું. પાણી પીવાનો કુંડ પણ બનાવ્યો. પછી એ સૌ જાતજાતના હથિયારો લઇને વનમાં નીકળી પડયા. પેલો બાગ વનની શરૂઆતમાં હતો. એટલે કે એ ઉપવન જ હતો.

સૌ લોકો થાળી વગાડવા લાગ્યા. હથિયાર ખખડાવવા લાગ્યાં. આથી ત્યાં વનમાં રહેલાં મૃગો ગભરાયાં. એ લોકોએ મૃગોને ઘેરી લીધાં. અને એક બાજુ દોડાવ્યાં. દોડાવતાં દોડાવતાં પેલા બાગમાં હાંકલ કરી પૂરી દીધાં. આમ કરતાં એમણે બે મોટા મૃ સમૂહોને જીવતા જ બાગમાં કેદ કર્યો. પાંચસો પાંચસોના સમુહો હતા.

એક સમૂહનો સરદાર સુવર્ણમૃગ હતો. એનું આખું શરીર સ્વર્ણવર્ણનું હતું. એ જન્મ્યો ત્યારથી જ એનો આવો રંગ હતો. એના શિંગડા રૂપેરી હતા એનું મુખ લાલરંગના દુશાલા જેવું હતું. એના પગ સોનેરી. એનું નામ નિગ્રોધ મૃગરાજ હતું.

બીજા સમૂહનો સરદાર પણ આવો સુવર્ણમૃગ હતો. તેનું નામ શાખામૃગ હતું.

સૌ મૃગોને રાજબાગમાં બંદીવાન બનાવીને લોકો રાજા પાસે જઇને બોલ્યા,

---

મહારાજ, આપને હવે શિકાર કરવા જવું નહિ પડે, આપને માટે અમે એક હજાર અને બે જીવતા મૃગો પકડીને રાજબાગમાં પૂર્યા છે.

'મહારાજ, આપને હવે શિકાર કરવા જવું નહિ પડે, આપને માટે અમે એક હજાર બે જીવતા મૃગો પકડીને રાજબાગમાં પૂર્યા છે. હવે આપ રોજ મૃગનો શિકાર કરી શકશો.'

આ સાંભળી રાજા ઘણો ખુશ થયો. સૌ શિકારીઓને ઇનામ આપ્યું. પછી રાજબાગની મુલાકાત લીધી. એણે જોયું તો ખરેખર એક હજાર અને બે હરણો ! રાજા તો સુવર્ણમૃગને જોઈને ખુશ થયો. અને તેણે આદેશ આપ્યો કે-'આ બે સુવર્ણમૃગોને કોઇએ મારી નાખવા નહિ. એમને જીવતા જ રાખવા. બાકી રોજ એક એક હરણનો શિકાર કરવે .'

રાજા કયારેક પોતે જ એક મનગમતા હરણનો શિકાર કરતો. સુવર્ણમૃગોને મારતો. નહિ. હરણને મારવાની રીત પણ શિકારી રીત હતી.

જેમ શિકારી વનમાં શિકાર પાછળ દોડીને ધનુષ બાણથી શિકાર કરે તેમ હરણને બાણથી શિકાર કરાતો. આથી ધનુને જોતાં જ હરણો દોડાદોડ કરી મુકતા. કેટલાક દોડતા દોડત પડી જતા. કેટલાક જખ્મી થતાં. જેને તીર વાગતું તે તરફડતું. કયારેક એના પ્રાણ હરવા માટે બીજા તીરનો ઉપયોગ કરવો પડતો. આથી હરણોના બંને સમૂહો એકવાર એકઠા થયા.

મૃગરાજ નિગ્રોધે બીજા મૃગસમુહના સરદારને બોલાવીને મૃગસમુહના સરદારને કહ્યું કે મૃગજનોને રાજાના આદેશથી રોજ મરવું પડે છે. પણ ધનુષ-બાણથી હણાતા હોવાથી આપણે સૌ નાસભાગ કરીએ છીએ. અને આપણામાંથી ઘણાને જખ્મી થવું પડે છે. અને મરનારને પણ મરતી વખતે રિબાવું પડે છે. આપણા દરેકને મરવાનું તે જ, તો શા માટે રિબાઇને મરવું ? આપણે બંને સમુહો નક્કી કરી કાઢીએ કે એક સમુહનું એક હરણ એક દિવસ પોતે જ મરવા તૈયાર થાય. તો બીજા દિવસે બીજા સમુહનું એક હરણ મરવા તૈયાર થાય. આમ પોતાનો મરવાનો વારો ન આવે ત્યાં સુધી આપણે કષ્ટમાંથી તો બચી શકીએ !'

મૃગરાજ નિગ્રોધની વાત શાખામૃગને ગળે ઉતરી. એણે પોતાના સાથીઓને પૂછી જોતા તેઓ સૌ સમંત થયા. આથી બંને સરદારોએ પોતપોતાના સમુહના સૌ હરણોનો વારો નકકી કરી દીધો.

બીજા દિવસે રસોયો આવીને જુએ છે તો એક હરણ વધસ્થાન પાસે આવીને ઉભું છે. રસોયાને આવતો જોઇને એણે ગરદન કાપવાનું લાકડું હતું એના પર પોતાની ગરદન ગોઠવી દીધી.

રસોયો આશ્ચર્ય પામ્યો. એને તો હરણો પાછળ દોડવાની માથાકુટ કરવાનું મટ્યું. એણે હરણને મારી નાખ્યો. રસોયાએ આ વાત એક દિવસ રાજાને કરી. રાજાએ રસોયાને કહ્યું કે, 'આવતી કાલે હું પોતે જ એ આશ્ચર્યજનય બીના નજરોનજર નિહાળીશ ત્યારે ખરી માનીશ.'

બીજે દિવસે શાખામૃગ સમુહની એક મૃગલીનો વારો હતો. તેણે પોતાના સરદાર શાખમૃગ પાસે જઇને કહ્યું. 'મૃગરાજ, મને બચ્ચાનો જન્મ થાય ત્યાં સુધી રાહત આપો. આજે તમે બીજા કોઇને મારા વતી મોકલો. મારા બચ્ચાનો જન્મ થતાં હું અને મારું બચ્ચું એમ બંને જણ વારાફરતી જઇશું. પણ આજે મને છુટ આપો.'

શાખામ્રગ બોલ્યો, 'એ ન બને. તારે બદલે હું બીજા કોઇને મોકલી શકું નહિ. તારો વારો છે તો તારે જવું જ પડશે. જા, તું જ જો.'

આથી હરણી નિરાશ થઇને અગરાજ નિગ્રોધ પાસે ગઇ અને કરગરતી કહેવા લાગી. 'અગરાજ, મારા બચ્ચાનો જન્મ થાય ત્યાં સુધી મને છુટ આપો. મારા વતી બીજાને આજે મરવા માટે મોકલો. તો તમારો ઘણો ઉપકાર.'

હરણરાજ નિગ્રોધને દયા આવી. તે કહે, 'બહેન, બીજા કોઇને તો હું કહી શકું નહિ કે એ તારા બદલે જાય. પણ તું તારે પોતાને સ્થળે જા. તારા વતી હું જ આજે વધસ્થાન પર જઇશ.'

એવામાં રાજા વધસ્થાને આવ્યો. સાથે રસોયો પણ હતો. રસોયાના હાથમાં મોટું ભારે ધારદાર ખડગ હતું. એકબાજુથી હરણના ટોળામાંથી અગરાજ નિગ્રોધ આવ્યો. અને આવીને તુરત જ વધસ્થાનના પર પોતાની ગરદન ગોઠવી દીધી. રાજા તો આભો જ બની ગયો!

રસોયાએ ખડગ ઉઠાવ્યું જ નહીં. કારણ કે રાજાની આજ્ઞા હતી કે બેમાંથી એકેય સુવર્ણમૃગને હણવો નહિ. રાજા એમ છતાં બોલી ઉઠયો. 'અરે રસોયા, જોજે આ હરણને મારતો નહિ.'

સુવર્ણમૃગ નિગ્રોધ બોલ્યો, 'મહારાજ, આજે મારે મરવાનું છે માટે તમે રસોયાને રોકશો નહિ.'

રાજા કહે, 'હે અગરાજ, મેં તમને અભયદાન દીધું છે. માટે હું તને નહિ મારી શકું.'

'હે મૃગરાજ, તારા જેવી ક્ષમા, મૈત્રી અને દયા તો મેં કોઇ માનવીમાં પણ જોઇ નથી.'

સુવર્ણમૃગ કહે, 'મહારાજ, તો મેં પણ આજપુરતું એક મૃગલીને અભયદાન દીધું છે. એટલે એના વતી મારે મર્યા વગર છુટકો નથી. પ્રજાના રક્ષણ માટે મારું બલીદાન આપતાં મને આનંદ થશે.

રાજાને આ સુવર્ણમૃગની વાત સાંભળી આશ્ચર્ય થયું. તેથી એ બોલ્યો, 'હે મૃગરાજ, તારા જેવી ક્ષમા, મૈત્રી અને દયા તો મેં કોઇ માનવીમાં પણ જોઇ નથી આથી હું તારા પર પ્રસન્ન થયો છું. જો તને અને એ હરણી બંનેને હું અભયદાન આપું છું.' એટલે નિગ્રોધ મૃગરાજ બોલ્યો, 'મહારાજ, અમે બંને જીવતાં રહીને પણ અમારા ભાઇભાંડુઓ વગર શું કરીશું. ?'

નિગ્રોધ મૃગરાજ કહે, 'મહારાજ, અમારા ભાઇભાંડુઓ માત્ર આ બાગમાં જ છે, એટલું નહિ. વનમાં છે, તો એમનું શું ?' રાજા કહે, 'જા વનમાંના સૌ હરણોને અભયદાન આપું છું. આજથી હું કોઇ હરણને મારીશ નહિ કે મરાવીશ નહીં.'

મૃગરાજ નિગ્રોધ બોલ્યો, 'મહારાજ, અમને હરણોને અભયદાન આપ્યું એ બદલ આપનો ઘણો ઉપકાર, પણ બીજા ચોપગા પ્રાણીઓને તો અમારા વતી મરવું પડશે ને ?' રાજા કહે, 'જા, સૌ ચોપગા પ્રાણીઓને પણ અભયદાન આપું.'

મૃગરાજ કહે, 'તમે ચોપગાં પ્રાણીઓને નહિ મારો તો કાંઇ પક્ષીઓ બચાવાના કે ? એમને તે મરવું જ પડશેને ?' રાજા કહે, 'મૃગરાજ, જા એ પક્ષીઓને પણ અભયદાન આપું છું. હું કોઇ પક્ષીને પણ મારીશ કે મરાવીશ નહિ, પણ તું આ વધસ્થાનેથી ઉઠ.' મૃગરાજ કહે, 'ના મહારાજ, હું મરવાનો જ.'

તમે મને બચાવશો. મૃગરાજને તે ચોપગા પ્રાણીઓને જવા દેશો. પક્ષીઓને બચાવશો તો બિચારા માછલા મગર આદિ જળચર પ્રાણીઓને તો મરવાનો વારો આવશે જ ને ?'

રાજા કહે, 'મૃગરાજ, જા હું અભયવચન આપું છું કે કોઇપણ જળચરને હું મારીશ નહીં.' મૃગરાજ નિગ્રોધની ત્યાગ અને બલિદાન ભાવનાએ રાજામાં પણ ત્યાગ અને બલિદાન મૂર્તિ પ્રેરી અને પોતાના કુકર્મોનો પસ્તાવો થયો. અને સદાને માટે બુદ્ધિ હટી ગઇ. રાજાએ હરણોને મુક્ત કર્યા. સૌ મૃગમંડળી સાથે બંને સુવર્ણમૃગો અરણ્યમાં ચાલ્યા ગયા.

પેલી હરણીએ એક સુંદર બચ્ચાને જન્મ આપ્યો એ શાખામૃગની સમુહની હરણી હતી. તે બચ્ચુ રમતાં રમતા શાખામ્રગ પાસે જતું રહેતું. એટલે માતા કહેતી.

(જુઓ અનુ. પાના નં. ૧૧૨૯ ઉપર)

શ્રી શંખેશ્વર નેમીશ્વર જિનેન્દ્રાય નમઃ

પૂ. આ. શ્રી વિજયામૃતસૂરિભ્યો નમઃ

શ્રી ડોળીયા તીર્થથી શ્રી શંખેશ્વર મહાતીર્થના છ'રી પાલક સંઘમાં પધારવા

ॐ ભાવભર્યું આમંત્રણ ॐ

નેશનલ હાઇવે નં. ૮ A લીંબડી તથા સુરેન્દ્રનગર અને રાજકોટ વચ્ચે શ્રી ડોળીયા તીર્થથી શ્રી શંખેશ્વર મહાતીર્થના છ'રી પાલક સંઘનું ભવ્ય આયોજન થયું છે.

— તારક નિશ્રા દાતા —

હાલાર દેશોદ્ધારક પૂ. આચાર્યદેવ શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મ.ના પટ્ટધર પૂ. આચાર્યદેવ શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ., પૂ પ્રવર્તક મુ શ્રી યોગીન્દ્રવિજયજી મ. આદિ

— યાત્રિક સંઘનો કાર્યક્રમ —

સિદ્ધચક્ર મહાપૂજન : મહા વદ ૫ શુક્રવાર તા. ૫–૨–૯૯

સંઘ પ્રયાણ : મહા વદ ૭ રવિવાર તા. ૭–૨–૯૯

શંખેશ્વર તીર્થમાં પ્રવેશ : ફાગણ સુદ ૨+૩ ગુરુવાર તા. ૧૮–૨–૯૯

તીર્થ માળારોપણ : ફાગણ સુદ ૪ શુક્રવાર તા. ૧૯–૨–૯૯

આયોજક : શાહ ખીમજી વીરજી ગુઢકા મીઠોઇવાળા પરિવાર

(૧) લીલાધર ખીમજી ગુઢકા C/o. સ્વામિની ઓમ્પોરીયમ નાઇરોબી ફોન : ૭૪૩૦૪૧

(૨) છગનલાલ ખીમજી ગુઢકા તથા મોતીચંદ ખીમજી ગુઢકા C/o. ક્રિટસ કેમ્પ નાઇરોબી છગનભાઇ ફોન ૭૪૧૧૧૦ મોતીચંદભાઇ ફોન ૭૪૪૫૦૧

(૩) સોમચંદ ખીમજી ગુઢકા C/o. સર્વોદય સિલેક્શન માહિમ મુંબઇ ફોન ૪૫૫૨૩૦૫

(૪) જયંતીલાલ ખીમચંદ ગુઢકા C/o. જયંતીલાલ ખીમજીની કું. ગ્રેન માર્કેટ, જામનગર ફોન ૫૬૨૨૨૪

(૫) પ્રભુલાલ ખીમજી ગુઢકા C/o. મિરલ સિરામિક થાનગઢ ફોન જામનગર ૫૬૪૪૬૬ થાન–૨૦૬૫૧

ડોળીયા, શંખેશ્વર, થાનગઢ થાણા, ભીવંડી, જામનગર, નાઇરોબી મોંબાસા લંડન ઓમ અનેક દેરાસરોએ નામો લખવા વ્યવસ્થા કરી છે.

સારી સંખ્યામાં યાત્રિકો લેવાના છે. આ છ'રી પાળવાની ભાવનાવાળાએ સરનામા નામ લખાવી દેવા તેમજ દિવાળી પછી પ્રવેશ પાસ અપાશે.

વ્યવસ્થાપક સમિતિ : C/o. **રામજી લખમણ આરૂ**

તરણેતર રોડ, થાનગઢ. (સુરેન્દ્રનગર – સૌરાષ્ટ્ર)



પ્યારા ભૂલકાઓ...

અનેક વિશેષાંકોની હારમાળા પૂર્ણ કરતું જૈન શાસન ધીરે ધીરે ૧૦ વર્ષના પગથીયા ચડી ગયું અને હવે ૧૧ માં વર્ષમાં પગલા પાડી રહ્યું છે.

બીજમાંથી અંકુર, અંકુરમાંથી છોડ, છોડ પર મૃદુલનું આગમન અને મૃદુલમાંથી પાંગરીને કાલક્રમે પ્રફુલ્લિત પુષ્પ !

તેવી જ રીતે નાનું એવું જૈન શાસન અઠવાડિક તેનો ફેલાવો, સત્યનું પ્રતિપાદન કરત. અનેક લેખો, કથાનકો, બાલવાટિકાનું આગમન, ભૂલકાઓની લેખની, વાંચકોનો ઘસારો આદિ સૌને ગમે છે તે વાંચકો દ્વારા જાણીને વિશેષ આનંદ થાય છે.

અનેક સોપાન સર કરતી બાલવાટિકા આજે ૧૦ વર્ષની મંઝિલ પુરી કરી રહી છે અને જે ૧૧ માં વર્ષની મંજીલને સર કરવામાં તમારા સૌનો સાથ-સહકાર કેમ ભૂલી શકાય ?

તમારા સૌના સહકારથી ઝળહળતી જે ફતેહ મેળવી છે એવા આનંદથી અને અને ઉત્સાહથી આપણે સૌ આગળ વધીએ.

બાલવાટિકાથી બાળકોને ઘણું જ જાણવાનું મળે છે હજી પણ તેમાં વિવિધતા અને રસપદ લખાણો આપવાની મને જરૂર જણાય છે.

તેથી આપ સૌ ભૂલકાઓ સારા લખાણો ચૂંટી-ચૂંટીને અને પરિશ્રમ ઉઠાવીને મોકલશો તો તમને અને આબાલવૃદ્ધ સર્વ વાંચકોને લાભકારી બનશે.

જ્યાં ત્યાંથી ઉઠાવેલ લખાણોથી તમારી શક્તિનો વિકાસ થશે નહિ માટે આટલું ખાસ ધ્યાનમાં રાખીને લખાણો લખીને મોકલશો.

રવિશિશુ C/o. જૈન શાસન કાર્યાલય

— આજનો વિચાર —

પોતાનો દોષ હોય કે ન હોય અને કોઇ તેવું કહે તો પણ ગુસ્સો ન આવે તેનું નામ ક્ષમા.

— જીભ સ્વરૂપ —

જીભ સક્કર જીભ દુઃખ,
જીભાં પ્યારી જગ્ગ,
જીભાં સજણ રખિ મિઠો,
જીભાં લાગે આગ

જીભ કસોટી સ્વાદ કી
શ્રવણ કસોટી વૈન
વાસ કસોટી નાસિકા
રૂપ કસોટી નૈન.

—કેન માલિની નાસિક

— હાસ્ય હોજ —

કનુ– મનુ ! મારે ભવિષ્યમાં ફોરેન જવું છે શો ખર્ચ આવશે ?

મનુ–કનુ !...કનુ...! કાંઇ પણ નહિ... વિચાર કરવામાં શો ખર્ચો ?

કનુ–પપ્પા ! આપના માથે ટાલ કેમ પડી ?

પપ્પા–તારા ગાસથી.

કનુ–એમ પપ્પા, તો મારા દાદાને આપના ત્રાસથી જ ટાલ પડી હશે ?

–વિંજલ યુ. માલદે

– આજનું સુવાક્ય –

ગુસ્સે થવું એટલે બીજાની ભૂલનો બદલો આપણી જાત સાથે વાળવો.

–મેઘા

— બાળ ગઝલ —

નગરી સોહંતિ જલવૃક્ષ બાગા,
રાજા સોહંતા ચતુરંગી સેના,
નારી સોહંતિ પર પુરૂષ ત્યાગી
સાધુ સોહંતા નિરવદ્ય વાણી.

–ધરીતા

— સ્વપરના ભાવનો પ્રતાપ —

ભૂતલ ને પાવન કરતાં કરતાં ભગવાન શ્રી મહાવીર પરમાત્મા દશાર્ણભદ્ર રાજાના રાજ્યની નજીક આવ્યા ત્યારે શ્રી દશાર્ણભદ્ર રાજાને સમાચાર મળતાં જ હર્ષથી તેઓનાં રોમાંચ અડાં થઇ ગયાં. પુલકિત હૃદયે ઉદ્‌ગારો બહાર કાઢ્યાં તારક આપે છે.

તારક એટલે ? સંસારને છોડાવનાર.

શ્રી દશાર્ણભદ્રે સભા સમક્ષ કહ્યું 'હું સવારે અતૂટ ઋદ્ધિથી પ્રભુને વાંદીશ. જે ઋદ્ધિથી જાણ જગતમાં કોઇએ પણ પ્રભુને ન વાંદ્યા હોય ?'

વાહ, વાહ ! 'રાજાની ભાવના અતિ ઉત્તમ છે. આવતી કાલે સારીય નગરી ઈન્દ્રપુરી બની જશે.' નગરજનોની વાણી વહેવા લાગી.

ખૂબ આડંબરપૂર્વક ભક્તિ કરૂં, એવી ભાવનામાં વાંધો નહિ પણ જગતમાં કોઇએ પણ જે કાંઇ ઋદ્ધિથી પ્રભુને ન વાંદ્યા હોય એ ઋદ્ધિથી વાદું, એમ અહંકાર છે. આ અહંકાર ન જોઇએ.

શ્રી દશાર્ણભદ્રે પોતાની તાકાત ન વિચારી, એ રાજ્ય ઋદ્ધિમાં ભાન ભૂલ્યાં.

ભાવના એ લીન બનાવી દીધાં. આડંબરો અહંકારમાં જોડી દીધાં... સવારે અપૂર્વ કોટિની ભક્તિ ઘડૂં.

આમજનો તેમજ નગરાધ્યક્ષોને બોલાવી સારૂંય રાજ્ય સર્વ ઋદ્ધિથી શણગારવાનું ઠરી દીધું.

લોકેચ્છા હોય અને રાજાની આજ્ઞા હોય પછી પૂછવું શું ? જોતજોતામાં નગરીના માર્ગો, હાટ, મહેલો મકાનો તેમજ ચૂંપડા આદિ સ્વર્ગપુરીની જેવા શોભવા લાગ્યાં.

જન સમુદાય તેમજ અંતેપુર સહિત રાજા પણ સર્વ ઋદ્ધિ અને સામગ્રીઓથી અલંકૃત થઇને રાજભવનથી નીકળ્યા.

જો આમાં આડંબર ન હોય તો શું થાત તે તમને ખબર છે ?

આજ મારી તૂચ્છ ઋદ્ધિ સફળ થઇ. સવિશેષ ભક્તિ કરવાનો લાભ મને મળ્યો પણ હૈયું કલુષિત બન્યું. ગર્વના ટોપે જઇને બેઠું.

શ્રી દશાણભદ્ર રાજા સ્વઋદ્ધિથી ગર્વિત બન્યા છે એવું ઇન્દ્ર મહારાજાએ જોયું. ભક્તિ સારી, ઉંચામાં ઉંચી ઋદ્ધિના આકર્ષણથી નગરજન પ્રભુના ગુણગાન ગાવા લાગ્યું. વખાણવા જેવી ભક્તિથી પ્રભુને વાંદ્યા પણ ગર્વ–અહંકાર ખોટો.

ત્રણ લોકના નાથની સેવામાં અસંખ્યાત ઇન્દ્રો છે તે વાત શ્રી દશાણભદ્ર રાજા ભૂલી ગયા એટલે એટલે ઇન્દ્ર પોતાની ઋદ્ધિ સાથે આવે તો મારી ઋદ્ધિ તેની આગળ ફીક્કી લાગશે.

ગર્વ–અહંકાર આવો કાંઇ ખ્યાલ કે વિચાર આવવા દે ખરો ?

ઇન્દ્રે શ્રી દશાણભદ્ર રાજાનો ગર્વ તોડવા માટેનો વિચાર કર્યો. શોભા યુક્ત વિમાન વિકુર્વ્યું. દેવદેવી પરિવાર અને અઢળક ઋદ્ધિ સહિત જ્યાં ભગવાનનું સમવસરણ છે ત્યાં આકાશ માર્ગેથી આવ્યા. ઇન્દ્રની ઋદ્ધિ અને ગણી ગણાય નહિ તેટલી સામગ્રીઓ જોઇને શ્રી દશાર્ણભદ્ર રાજાનો ગર્વ પીગળી ગયો.

વિચારતાં થયું કે– મારી સંપત્તિ આની આગળ કૂટી કોટિની છે. મારા અભિમાનને ધિક્કાર હો ! મારી ઋદ્ધિના આ ગર્વ વડે મેં મારા આત્માને દુષિત કર્યો. તૂચ્છ બનાવ્યો.

મદ તો ગળી ગયો પ્રભુ ભક્તિ અખંડિત ઉભી હતી. શ્રી વીર પ્રભુની અપૂર્વ

કોટિની ભક્તિ કરવી છે તેની વિચારધારામાં વૈરાગ્ય ઉત્પન્ન થયેા જાગૃતિ જીવતી હતી. જે ઋધ્ધિથી ઇન્દ્રને પણ માથું નમાવવું પડે એ ઋધ્ધિ પ્રગટ કરું ? પણ એ ઋદ્ધિ કયારે પ્રગટ થાય ? આ પર ફેંકી દઉં તેા.

'ઇન્દ્રની ઋધ્ધિ વડે હું પરાજિત થયેા છું પણ પ્રવજ્યા ગ્રહણ કરવાથી હું ઈન્દ્રને પરાજિત કરીશ શકીશ.

હજી વિવેક વધુ જાગૃત હતેા. હવે તેા વ્રત સ્વીકારી કેવળ એને જ પરાજિત કરીશ એમ નહિ પરન્તુ ભવભ્રમણ કરાવનારા કર્મરૂપ શત્રુઓને પરાજિત કરીશ. બસ ! નિશ્ચય કરી રાજ્ય છેાડી દીધું અને લેાચ કરી દીધેા. ઇન્દ્ર પગમાં પડયેા. હું હાર્યો તમે જીત્યા. મનુષ્યેા ઇન્દ્ર કરતાં પણ બળીયા હેાય છે.

શ્રી કશાર્ણભદ્ર રાજા મુંડિત થઇ સ્વપ્નું સાધિ ગયાં.

— શ્રી વિરાગ

માગેા નહિ, ખરીદેા !

એક વાર લેાકમાન્ય તિલક આગગાડીમાં મુંબઇથી પૂના જતા હતા.

ગાડીમાં તેમણે એક છાપું ખરીદ્યુ છાપાની હજી એક લીટી વાંચી નહેાતી, ત્યાં બાજુમાં બેઠેલ એક માણસે કહ્યું: 'જરા છાપાનું અંકરનું પાનું આપેાને !'

લેાકમાન્યે તરત જ ખિસ્સામાંથી એક આનેા કાઢયેા અને પેલા માણસને આપતાં કહ્યું: 'મને નિરાંતે છાપું વાંચવા દેા. લેા, આ એક આનેા તમે બીજું છાપું ખરીદી નિરાંતે વાંચેા !

— વિવેકી

એક સાહેબ ગુસ્સામાં સ્ટેશન માસ્તરને પૂછી રહ્યા હતા: 'કેમ સાહેબ, આ શું વાત છે ? દરેક ગાડી બે કલાક મેાડી આવે છે !

સ્ટેશન માસ્તર: જો ગાડી સમયસર આવતી હેાય તેા આ પ્રતીક્ષાલયેાની શી જરૂર છે ?'

(અનિયમિતતાની સ્થિરતા)



(ત્યાગી મૃગરાજ પેજ નં. ૧૧૨૩નું ચાલુ)

'બેટા રોની પાસે જજો નહિ. પણ મૃગરાજ નિગ્રોધ પાસે જજે. શાખામૃગે તો આપણને મોતના આરે ધકેલેલા. પણ મહારાજ નિગ્રોધના પ્રતાપથી આપણે બચ્યાં, એટલું જ નહિ સૌ હરણાભાઇભાંડુઓ ને સૌ પ્રાણીઓ બચ્યાં છીએ.'

આ હરણોમાંથી કેટલાક નગરમાં પણ આવી જતાં. અને ખેતરમાં ચરવા લાગતા. માણસો એમને મારી શકતા નહિ. એટલે પોતાના પાકનું નુકશાન થતું અટકાવવા માટે રાજાને વિનંતી કરી.

રાજાએ ઉત્તર આપ્યો, 'ભાઇઓ, મેં હરણોને અભયવચન આપેલ છે. મારી પ્રતિજ્ઞા છે. કહેતા હો તો હું આ રાજ્ય છોડી દઉં પણ મારૂં વચન છોડી શકીશ નહીં. કોઇએ કોઇ પણ હરણને મારવું નહિ.'

આ વાત નિગ્રોધ મૃગરાજના જાણવામાં આવી એટલે તેણે સૌ હરણોની સભા કરી સૌને આજ્ઞા કરી કે, 'કોઇપણ હરણે માનવીના ખેતરોના પાકને નુકશાન કરવું નહિ. ખેતરમાં જવું નહીં.'

તેણે નગરજનોને કહેવડાવ્યું કે, 'ખેતરને વાડ બાંધશો નહિ. પણ ખેતરની ચારે બાજુ પાંદડાની ઝંડી બાંધી દેવી. એ નિશાનીથી હરણો ખેતરમાં પેસશે નહિ.'

ત્યારથી ખેતરની ચારેબાજુ પાંદડાની ઝાડી બાંધી દેતા કોઇ હરણ ખેતરમાં પેસતું નહિ અને બાકીની જગાએ મૃગગણ મનમાની રીતે ચરતું અને કિલ્લોલ કરતું.

ત્યાગમુર્તિ મૃગરાજના પ્રેમનો મૈત્રીનો કરૂણાનો જોટો જગતમાં ક્યાંય મળશે નહિ.

---

* રાત્રિભોજન-અહિતકારક *

અડ્ડનો મુહેડવસાને ચ, યો દ્વે દ્વે ઘટિકે ત્યજન ।
નિશાભોજનદોષજ્ઞો ડ્સનાત્યસૌ પુણ્યભાજનમ ।। (યોગશાસ્ત્ર)

રાત્રિ એટલે કે સૂર્યાસ્ત પછી ભોજન કરવું, સ્વાસ્થ્ય માટે અનેક રીતે હાનીકારક છે. રાત્રિભોજન કરવાથી અનેક પ્રકારના રોગ ઉત્પન્ન થાય છે. રાત્રિફલ પ્રભાવથી પાચનશકિત મંદ થાય છે, વૈદિક વાકમય અનુસાર, રાત્રિભોજનથી ટેવાયેલી વ્યકિતમાં, જંતુસંસર્ગ થવાની સંભાવના વધુ રહે છે, વૈદિક એમ કહે છે કે, જે વ્યકિત પુણ્યકર્મ કરવાવાળા અને રાત્રિભોજનથી થતા નુકાસનથી પરિચિત હોય છે તેઓ સૂર્યોદયથી ૪૮ મિનિટ બાદ અને સૂર્યાસ્તથી ૪૮ મિનિટ પહેલા ભોજન કરી લે છે.

નરક નિગોદનું વર્ણન

—પૂ. સા. શ્રી સુવર્ણપ્રભાશ્રીજી મ.

નરકમાં વ્યક્ત દુઃખ ભોગવવાનું છે, નિગોદમાં અવ્યક્ત દુઃખ છે, નરકના જીવો કુંભીમાં ઉપજે છે, સાતે નરકના મળી ૪૯ પ્રતર છે. પહેલા પ્રતરનો કોડી જેટલો કકડો કોઇ દેવ મનુષ્યલોકમાં લાવે તો તેની દુર્ગંધથી અર્ધો કોશ ફરતાં સર્વ પ્રાણીઓ નાશ પામે અને છેલ્લા પ્રતરનો લાવે તો તેની દુર્ગંધથી સાડી ચોવીશ કોશ ફરતા પ્રાણીઓ નાશ પામે.

નારકીના જીવને દશ પ્રકારની કાહક વેદના છે. અશુભ બંધન, ગતિ, સ્થાન, વેદના, ગંધ, રસ, સ્પર્શ, ગુરુ, લઘુ, વર્ણ તેમજ શીત, ઉષ્ણ, ક્ષુધા, પિપાસા, ભય, શોક, ખુજલી, જ્વર કાહને પરાધીનતા એમ દશ પ્રકારની વેદના છે.

પહેલી ત્રણ નરકમાં પરમાધામી કૃતવેદના, ક્ષેત્ર વેદના, અને પરસ્પર વેદના છે. બાકીની ચાર નરકમાં ક્ષેત્રવેદના ને પરસ્પર વેદના છે. તે પરમાધામી કરતાં અત્યંત છે. નારકીને ક્રોધ વધારે હોવાથી પરસ્પર લડયા કરે છે, તેમનું શરીર પારા જેવું હોવાથી ક્ષણ ક્ષણ ટુકડા મૃત્યુ થયા છતાં પાછું જોડાઇ જાય છે. જેટલું આયુષ્ય હોય તેટલું પૂરેપુરૂં ભોગવવું પડે છે. પહેલી નરકમાં ઉત્કૃષ્ટ એક સાગરોપમ, બીજીમાં સાત ચોથીમાં ૧૦ પાંચમીમાં સત્તર છઠ્ઠીમાં ૨૨ ને સાતમાં ૩૩ સાગરોપમ છે. સમકિતદૃષ્ટિને અવધિજ્ઞાન અને મિથ્યાદૃષ્ટિ વિભંગજ્ઞાન હોય છે. પહેલી નરકમાં ચાર ગાઉ સુધી પછી ઓછું ઓછું થતાં છેલ્લી નરકમાં ૧ ગાઉ સુધીનું હોય છે. અંધકાર એક એકથી વિશેષ પ્રમાણમાં હોય છે। કેવળ અશાતા હોય છે. કદાચ જિનેશ્વરના કલ્યાણક વખતે ક્ષણવાર કંઇક પ્રકાશ ને કંઇક શાતા હોય છે.

નારકો પંચેન્દ્રિયને નપુંશકવેદી હોય છે. નિગોદના જીવો એકેન્દ્રિયને નપુંશક-વેદી હોય છે. નારકીને તેત્રીસ સાગરોપમે પણ છુટકારો થાય છે. નારકી મરીને નારકી થતા નથી તેમજ દેવ પણ થતા નથી અશુભ પરિણામી તિર્યંચ થાય છે. જ્યારે શુભ પરિણામી કોઇ મનુષ્ય પણ થાય છે સાતમી નરકમાંથી નીકળેલો મનુષ્ય થતો નથી ત્રી છઠ્ઠી નરક સુધી તીવ્ર પાપના યોગે જાય છે. પણ મનુષ્યને મત્સ્યો સુધી જાય છે. સર્પ વિગેરે ઉરપરિસર્પો પાંચમી સુધી, ચતુષ્પદો ચોથી સુધી, પક્ષીઓ ત્રીજી સુધી ભુજપરિસર્પો બીજી સુધી, અને અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચો પહેલી સુધી જાય છે. પહેલી નરકમાંથી નીકળેલા જ ચક્રવર્તી થઇ શકે છે. બીજી નરકમાંથી નીકળેલા બળદેવ, ત્રીજીમાંથી નીકળેલા વાસુદેવ કે તીર્થંકર ચોથીમાંથી નીકળેલા કેવળી,

પાંચમીનાંથી નીકળેલા સર્વ વિરતીને છઠ્ઠીમાંથી નીકળેલા દેશવિરતીપણું પામે સાતમી-માંથી નીકળેલા સમકિત પામી શકે. સાતે નરકમાં સમકિત ને મિથ્યદૃષ્ટિ બન્ને પ્રકારના જીવો હોય છે.

નિગોદના જીવોને જન્મ મરણ ક્ષણે ક્ષણે કરવા પડે છે. અસંખ્યાત ને અનંતોકાળ તેમાં પસાર કરવો પડે છે. મનુષ્યના શરીરમાં સાડા ત્રણ કોડ હોય ઉની કરી ઘોંચે તેનાથી આઠ ઘણી વેદના જન્મમરણની છે, એવા જન્મમરણો નિગોદના જીવને એક શ્વાસોચ્છવાસમાં સત્તર વખત કરવા પડે છે. દુઃખનો પાર નથી અપેક્ષાએ નરક કરતા વધારે છે પણ મૂર્છાવશ હોવાથી અવ્યક્તપણે ભોગવી રહ્યા છે.

એક નિરોગી પુરૂષ કોમળ પાનના જથ્થાને સોયથી ઘાંચે તો એક પાનથી બીજા પાને ઘા ચવામાં અસંખ્યાત સમય થઇ જાય તેવા નિર્વિભાજ્ય અતિ સૂક્ષ્મકાળે એક સમય થાય તેવા અસંખ્યાત સમયની એક આવલિકા થાય છે. બસો છપ્પન આવલીકાનો ક્ષુલ્લક ભવ થાય છે.

એક શ્વાસોચ્છવાસમાં ચાર હજાર સુંડતાલીશ આવલી થાય છે. તેમાં સાડાસત્તર ભવ નિગોદના થાય બે ઘડીમાં ૬૫૫૩૬ ભવ થાય એક વર્ષમાં સીતેરકોડ સીતોતેર લાખ અઠ્ઠાસી હજાર આઠસો ભવ થાય તેટલા જન્મમરણ નિગોદના જીવને એક વર્ષમાં કરવા પડે.

એક કોડ સડસઠ લાખ સીતોતેર હજાર બસોને સોળ આવલીકાનું એક મુહૂર્ત થાય. ત્રીશ મુહૂર્તની એક અહોરાત્રી પંદર અહોરાત્રીનું પખવાડીયું બે પખવાડીયે ૧ માસ બાર માસનું ૧ વર્ષ અસંખ્યાતા વર્ષે ૧ પલ્યોપમ દશ કોડાકોડી પલ્યોપમે ૧ સાગરોપમ વીશ કોડા કોડી સાગરોપમે ૧ કાળચક્ર એવા અનંત કાળચક્રે એક પુદ્ગલ પરાવર્ત્ત એવા અનંતા પુદ્ગલ પરાવર્ત્ત નિગોદમાં થઇ જાય છે કરેક જીવ શરૂઆતમાં સૂક્ષ્મ નિગોદમાં હોય છે. એક જીવ સિદ્ધ થતાં સૂક્ષ્મ નિગોદમ થી એક જીવ નીકળીને વ્યવહાર રાશીમાં આવે છે. ફરી નિગોદમાં જાય તો પણ તે વ્યવહાર રાશીઓ ગણાય છે. આવા નરક નિગોદમાં દુઃખ સાંભળી કયો જીવ તેમાં જવા ઇચ્છે? માટે દુઃખથી ભય પામતા હો તો પાપ આચરવું મૂકી દો, અને ધર્મના રસ્તે લાગી જાઓ. મનુષ્ય ભવ મળવો અત્યંત દુર્લભ છે. તેને વ્યર્થ ગુમાવવો નહિ જેટલું સધાય તેટલું સાધી લ્યો.

卐

— નીતિનાં અમૂલ્ય વચનો —

(ઓધવજી સંદેશો શ્યામને — એ રાગ)

પ્રીતિતો રાખો નીતિની રીતમાં, નીતિથી જીતી લેશો સંસાર જો,
નીતિથી ભીતિતો સર્વે ભાગશે, કરૂણા કરશે જગત તણો કિરતાર જો. પ્રીતિ. ૧

નીતિથી નરનારી શોભે સર્વથા સૌથી સારો નીતિનો શણગારજો,
નરતનુ પામી નીતિ જે રાખે નહી, અવની ઉપર ધિક એના અવતાર જો. પ્રીતિ ૨

નીતિથી ઉપજે નહિ પીડા અંગમાં, દરિદ્રતા સ્વપ્નામાં નવ દેખાય જો,
નીતિ અધિક વધારે જગમાં આબરૂ, નીતિધરને કદી ન કુઠે રાયજો. પ્રીતિ ૩

નીતિ તો નરનારીનું શુભ નાક છે, નકટા જાણે જે જન નીતિ હીણ જો,
નીતિ વિણ સદ્‌ગુણ એકે શોભે નહીં, દૂષણ તેને લાગે છે દિનદિન જો. પ્રીતિ ૪

કરે અનીતિ એનું નામ અધમ છે, અનીતિથી તો પુરણ ઉપજે પાપજો,
પડે નરકના કુંડે જઇ પરલોકમાં, આ ભવમાં પણ તન ઉપજે પરિતાપ જો. પ્રીતિ ૫

કપટ કરી જે માલ પચાવે પારકો, કે વદનેથી અસત્ય બોલે વેણજો,
આપ સવારથ સાધે જે અન્યાયથી, એનું નામ અનીતિ અતિ દુખ દેણજે. પ્રીતિ ૬

અયોગ્ય કામ કરે તે પણ નીતિ નહી, કુલણજી થઇ ફોકટ રાખે કૂલજો,
વ્યાજે લઇને વાદે નાણું વાવર, પાળે નહીં કરીને વચન કબૂલજો. પ્રીતિ ૭

અકબ્બ ન રાખે કોઇની અભિમાનથી, બોલે બેશરમથી મુખ હલકા બોલજો,
એવાં એવાં કામ અનીતિ એજ છે, તે કરનારનો ન રહે કાંઈ તોલજો. પ્રીતિ ૮

પશુ પંખીના પંડ વિષે પણ પ્રાણ છે, જનજાતિમાં નીતિ વિશેષે જાણજો,
જે જનમાં નીતિની રીત ન જોઇએ, તે તો પશુ પંખી પ્રત્યક્ષ પ્રમાણજો. પ્રીતિ ૯

લેવડ દેવડ લાખો ધનની થાય છે, એ સૌને છે નીતિનો આધારજો,
નરનારીમાં જો નીતિ નવ હોય તો, વિશ્વ વિશે કાંઇ ચાલે નહિ વ્યવહારજો પ્રીતિ ૧૦

નીતિ તો શિર સાટે સાચવીયે સદા, જીવ જતાં પણ નીતિ ન તજીયે લેશજો,
મોંઘા માલ થકી નીતિ મોંઘી ઘણી, હેત ધરીને કરીએ જતન હમેશ જો. પ્રીતિ ૧૧

આ શીખામણ અંતરમાં ઉતારીને, કપટ તજી કરશો નીતિથી કામજો,
સર્વ મનોરથ સફળ થશે સંસારમાં, દિલથી આશીશ દે છે દલપત રામ જો. પ્રીતિ ૧૨

શાસન સમાચાર

શંખેશ્વર–શ્રી હાલારી જૈન ધર્મશાળામાં પ. પૂ. હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મ., ના પટ્ટધર પ્રાચીન સાહિત્યોદ્ધારક પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. પ્રવર્તક પૂ. મુ. શ્રી યોગીન્દ્રવિજયજી મ. ઠા. ૫ તથા પ્રવર્ત્તિની પૂ. સા. શ્રી સુરેન્દ્રપ્રભાશ્રીજી મ. પૂ. સા. શ્રી અનંતપ્રભાશ્રીજી મ. આદિ ઠા. ૧૨ અત્રે ચાતુર્માસ પધાર્યા છે.

પૂ. શ્રીનો ચાતુર્માસ પ્રવેશ આ. સુ. ૭ ના થયો જામનગર મુંબઇ થાન સુરેન્દ્રનગર આફ્રિકા લંડન બોટાદ કારીયાણી વિ.થી ત્રણસો જેટલા ભાવિકો આવ્યા હતા. સામૈયા બાદ મંગલ પ્રવચન થયું ચાતુર્માસ કરાવનાર તરફથી શ્રીમતી ડાહીબેન વેલજી વીરજી શ્રીમતી પ્રભાબેન મનસુખલાલ નાણરોબીવાળા પધાર્યા છે પ્રવચન બાદ ૪૦–૪૦ રૂા.નું સંઘ પૂજન થયું હતું ચાતુર્માસની ટોળી (સાધર્મિક ભક્તિ) ના એક દિવસના ૫૫૫૫) રૂા. જાહેર થતાં નામો લખાયા હતા. પર્યુષણમાં ચોસઠ પહોરી પોષધ વિ. કરવા માટે આવે તેમને આવવા જાહેર આમંત્રણ અપાયું હતું અને ૧૨ દિવસ ભક્તિના ૧૧,૧૧૬) રૂા. નકરો જાહેર થતા એક નામ રતિલાલ ડી. ગુદકા લંડનનું ઘોષાયું હતું. આસો માસની ઓળી માટે જાહેર આમંત્રણ વિચારણા થઇ છે. એક વ્યક્તિ કે એક એક દિવસનો નકરો લેવાનું નક્કી થયું છે. તે માટે સંપર્ક સાધવો. આસો વદમાં ઉપધાન શરૂ થશે.

સાબરમતી–અત્રે પૂ. આ શ્રી ગુણરત્ન સૂ. મ.નું ચાતુર્માસ છે ભા. ૧૪ ના નૂતન દીક્ષિત સાધુ – સાધ્વીઓ વડી દીક્ષા થઇ છે.

શિહોર – અત્રે પૂ. પં. શ્રી કુલચંદ્રવિજયજી મ. ઠા. ૪ તેમજ પૂ. સા. શ્રી નિર્મળાશ્રીજી મ. ઠા. ૭ પૂ. સા. શ્રી વિચક્ષણાશ્રીજી મ. આદિનું ચાતુર્માસ પ્રવેશ તા. ૧–૭–૯૮ ના ધામધુમથી થયો છે.

જુન્નર (પૂના) : "પાઠશાળા અમારી તિર્થભુમી–જ્ઞાનગંગા જ્યાં વહે"

તપસ્યાના ગુણગાન–બહુમાન સાથે સાધર્મિક ભક્તિનું પૂના ૪૫ જ્ઞાતિમંડળનું આયોજન જૂન્નરમાં શ્રી મહારાષ્ટ્રિય જૈન વિદ્યાભુવનમાં થયેલું

ધર્મના અણનમ ભેખધારી શાસનસુભટ સુશ્રાવક સ્વ. શા. રીખવચંદ કાથીચંદ પરિવારે ત્રણ ટાઇમ સાધર્મિક ભક્તિનો લાભ લીધો–બુફે કરાવવાના આગ્રહી પૂનાના અમુક ભાઇઓનો આગ્રહ છતાં 'આ સાધર્મિક ભક્તિ છે પાર્ટી નહી.' કહી આ પરિવારે સર્વે સાધર્મિકોને બેસાડીને જ સુંદર ભક્તિ કરેલી.

બોર્ડીંગના મહાવ્યવસ્થાપક શ્રી બંસીલાલજી કર્નાવટ પર વર્ષથી સુંદર સેવા આપે છે. જે બાળકોની ફી ભરવાની ત્રેવડ પણ ન હોય તેમને ફ્રી પણ પ્રવેશ આપે છે. સુસંસ્કારની આ જ્યોત મહારાષ્ટ્રમાં ઠેરઠેર સુંદર પ્રકાશ પાથરે છે શ્રી કર્નાવટે બોર્ડીંગનો પરીચય ટુંકમાં જણાવી બોર્ડીંગના યશ ઉન્નતીના શિખર સર કરવાની ભાવના વ્યેય જણાવ્યું.

અદ્ય સંસ્થાપક ધર્મપ્રેમી શ્રી આનંદરામ માનમલ સમરકોયા–મંચરવાલા એ શુભારંભે રૂા. ૧૮૦૧ થી આ બોર્ડીંગની શુભ શરૂઆત કરેલી તે પછી તેમના કુલદીપક ધર્મપ્રેમી શ્રી ઉત્તમચંદજી ભાગચંદજીએ બોર્ડીંગને સભર કરવા અનેક પ્રયત્નો આદરી વટવૃક્ષરૂપે બોર્ડીંગને વિસ્તારી હવે તેમના સુપુત્ર શ્રી કુમારપાળભાઇ સંસ્થાના પ્રમુખ છે સંસ્થા પ્રત્યે સારી લાગણી ધરાવે છે લઘુબંધુ દીનેશભાઇનો ધર્મપ્રેમ સારો છે.

૧૫૨ ભુલકાઓને પ્રેમથી સતત સિંચન કરનાર શ્રી બંસીલાલ કર્નાવટ અહોવાણે પગે સવારના ૪ થી રાતના ૧૧–૧૨ સુધી નરમ તબીયત હોવા છતાં કરેક કાર્યમાં જોડાયેલા રહી સંસ્થાની ઉન્નતીમાં આનંદ અનુભવે છે વિશેષ કહેવું પડે કે સંસ્થાની ચહા કે અનાજનો દાણો પણ તે ચાખતા નથી કેવી લાગણી.

૪૫ જ્ઞાતિ મંડળ પૂના–જુન્નર બોર્ડીંગ–જુન્નર શ્રી સંઘ મંચર શ્રી જૈન સંઘ–નારાયણગામ શ્રી સંઘ–વણી શ્રી જૈન સંઘ–સાસવડ શ્રી જૈન સંઘ અમલનેર શ્રી જૈન સંઘ તરફથી મહારાષ્ટ્રના ધર્મપ્રેમી સુવિશુદ્ધ ક્રિયાકારક શ્રી મનસુખલાલ રીખવચંદનું બહુમાન કરવામાં આવતા અનેક બંધુઓએ અંતરની ભાવના જણાવતા કહ્યું--

આત્મહિતકારી ધર્માનુષ્ઠાનોને આજીવિકાનું સાધન બનાવી શ્રમની લાકડે જ્ઞાન વેચતા અનેક ક્રિયાકારકો જ્યારે ક્રિયા અનુષ્ઠાનોને હાટડી બનાવી બેઠા છે ત્યાં ભાડાનો એક પૈસો પણ ના લેતા સ્વખર્ચે ભારતભરમાં સર્વત્ર વિધિવિધાન માટે જનારા આ

મનસુખભાઇ ખરેખર પ્રેરણારુપ છે. પૂજનો-પ્રતિષ્ઠા-અંજન શલાકાની માટે સમયભોગ આજે પણ સતત આપતા રહે છે.

જવાબમાં અધ્યક્ષપદેથી શ્રી મનસુખભાઇએ જણાવ્યું-લોકોના કાર્યનો પરીચય આપી મહારાષ્ટ્રમાં ચાલતા અનેકવિધ ધર્મકાર્યોમાં તન-મન-ધનથી જોડાવા સર્વને અપીલ કરી-આજના વિષમ સમયે ધર્મપર-સાધુ સાધ્વીઓને જ્યારે આપત્તીઓ વરસે છે. તીર્થો ભયમમાં છે ત્યારે ધર્મની મશાલ લઇ આગળ આવવા જણાવ્યું.

પુષ્પકુમાર રીખવચંદનું બહુમાન સંસ્થા તરફથી.

શ્રી બાળકુમાર મનસુખલાલ શાહએ પધારેલા સાધર્મિકોનો આભાર માની લાભ લેવા વિનંતી કરી.

રીખવચંદ હાથીચંદ પરીવાર તરફથી બુન્નર બોર્ડીંગને ભેટ અપાઇ-શ્રી કનકવિજયજીનું બહુમાન તપસ્વીઓના બહુમાન માટે ભેટ અપાઇને મહીલા મંડળ-પાઠશાળાની શિક્ષિકા બેનો ૩ ની બહુમાન થયું. પૂજારી-સેવિકાશ્રીને બક્ષીસ-૫૦૦ એકોતેર આયંબિલન તપસ્વી સૌ જ્યોતીબેન મનસુખલાલનું મંડળ-સંસ્થા તરફથી બહુમાન કરાયું.

સાદડી : (રાજસ્થાન) મધ્યે પ.પૂ. મહાતપસ્વી આ. વિ. **કમલરત્નસૂરીશ્વરજી** મ. સા.ની શુભનિશ્રામાં પ. પૂ. ભારતદિવાકર, સુવિશાલ ગચ્છાધિપતિ આ.વિ. રામચંદ્ર સૂ. મ. સા.ની સાતવી સ્વર્ગતિથિ અષાઢ વદ ૧૪ ની હોવાથી વિ. સં. ૨૦૫૪ અષાઢ વદ ૧૧ થી અત્રે પાટીના ઉપાશ્રય સંઘના પ્રકમે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના દેરાસરમાં પંચાન્હિકા મહોત્સવ ઉજવવામાં આવેલ. અષાઢ વદ ૧૪ ને ગુણાનુવાદ થયેલ. તેમાં સર્વ પ્રથમ ગુરૂદેવનું મંગલાચરણ પછી ગીતથી પ્રોગ્રામ શરુ થયેલ.

આજે સભાનું સંચાલન ઓમપ્રકાશ કાલનાવાળાએ કરેલ. સભામાં અનેક ગૃહસ્થોના ભાષણ થયેલ પછી **પૂ** પંન્નાકેશરી વિ. વલ્લભસૂરિજી મ. સા. ના સમુદાયના પૂ. પદ્મવિજયજી મ. સા. એ પણ ગુણાનુવાદ કરેલ. ત્યાર પછી મુ. શ્રી ભાવેશરત્ન વિ. તથા આ. શ્રી કર્શનરત્ન વિ. એ ગુણાનુવાદ કરેલ. એકંદરે કાર્યક્રમ ભવ્યરીતે ઉજવાયેલ.

આજે **પૂ.**શ્રીની તિથિ હોવાથી આયંબિલ કરવામાં આવેલ. આજે બપોરે હમીરમલજી પાલરેચા પરિવાર તરફથી શ્રી શાંતિસ્નાત્ર મહાપૂજન થયેલ. જીવદયાની ટીપ પણ જોરદાર થયેલ. છેલ્લા દિવસે અષાઢ વદ ૧ ને સામિ વાત્સલ્ય થયેલ.

ગુણાનુવાદના દિવસો જે ગીત ગાવામાં આવેલ. આજે ગુરુપૂજનની બોલી બોલીને ભવરલાવજી રાકાએ ગુરુપૂજન કરેલ.

— પૂજ્યશ્રીના પાવન પગલે —

પૂ. આ. ભ. પ્રભાકર સૂ. આદિ ઠાણા પટના બનારસ અયોધ્યા આદિ અનેક તીર્થ ભૂમિની સ્પર્શના કરતા બનારસના તીર્થની જાત્રા કરી નેર ગામમાં ગામના દેરાસરના ૭૫ વર્ષની પૂર્ણાહુતિ તથા મહાનતીર્થની પુનઃ સ્થાપના પ્રસંગે લોપાવર તીર્થની પાસે અમીઝરા પાર્શ્વનાથ તીર્થમાં નેરનો સંઘ વિનંતી કરવા આવ્યો અને પૂજ્યશ્રી વિનંતી સ્વીકારતા સંઘમાં અનેરો આનંદ થયો. નેરમાં આઠ દિવસની સ્થિરતા થઇ અનેક મહાપૂજનો સહિત ચાર ચાર સાધર્મિક વાત્સલ્ય સહિત અષાઢ સુદ એકમના મહાનતીર્થની પુનઃ સ્થાપના થઇ આ પ્રસંગે મુનિ રત્નસેન વિ. આદિ પધારેલ. તેથી સોનામાં સુગંધની જેમ આનંદ વધી ગયો. ઘણાં વર્ષોથી ઓશવાળ ગુજરાતી સમાજનો ઝઘડો ચાલતો હતો.

પૂજ્ય આ.દેવના પ્રયત્નથી અંત આવ્યો, એક સુંદર કામ થવા સાથે નેરમાં પાઠશાળા હતી નહી. તે પાઠશાળાની અષાઢ સુદ એકમની શરૂઆત થઇ. નેરથી પૂ.શ્રી ધુલીયા પરિકરની પ્રતિષ્ઠા પ્રસંગે ધુલીયા પધાર્યા ધુલીયાનો સંઘ પૂ.શ્રીને ચાતુર્માસ માટે વિનંતિ કરવા ગયેલ. ત્યારે પૂ.શ્રીએ રત્નસેન વિ. મ.નું ચાતુર્માસ થાય તે માટે પોતાના સાધુ આપી ખુબ સહાયક બન્યા. ધુલીયામાં પૂ. આ.દેવ તેમજ ધર્મદાસ ગણીવરજીના પ્રવચનકાર રત્નસેનવિ.ના ચાતુર્માસ પ્રસંગે અષાઢ સુદ પાંચમનો ત્રામધુમથી ભવ્ય સામૈયા સહિત રથયાત્રાના વરઘોડા સહિત પ્રવેશ થયો. સકલ સંઘનું સાધર્મિક વાત્સલ્ય થયેલ. બપોરના પણ એક ભાગ્યશાળીના ઘરે પ્રભુજીના રથયાત્રાના વરઘોડા સહિત પૂજા પ્રસંગે ત્યાં પધાર્યા. અલ્પઆહારથી સાધર્મિક વાત્સલ્ય થયેલ. ત્યાંથી પૂ.શ્રી ચાતુર્માસ પ્રસંગે નાલેગાંવ પૂ.શ્રીએ આજના નવા નવા પૂજનો કેમ ન ભણાવવા જોઇએ તે માટે સુંદર સમજણ આપેલ. પૂ.શ્રી મહાનભદ્ર પૂજનમાં ગયેલ નહીં અને સંઘ પણ હવે આવા પૂજનો ફરી નહીં ભણાવે–તેવું સંઘને લાગી ગયું છે



પ્રહ ઉઠી રાંધુ, દાળ ભાત અને શાક,
કોણ કોણ જમશે, હંસ નવલને વાત
પછી વધીઓને ઘટીઓ અતિથિનો ભાર,
એમ ચાલે ગૃહસ્થતણો સંસાર. ૧

યાં તો નવલ શેઠ તમ તમી રહ્યા રસોયે બોલતો રહ્યો,
હંસરાજ શેઠને પૈસો પરમેશ્વર મનાય,
નવલબેન પત્ની ગુરુ તરીકે ગણાય,
છૈયા છોકરા સાધર્મિક ભાઇ તરીકે જમાય,
એમ ચાલે સહુ તણો પ્રાયઃ સંસાર— ૨

નવારના ઉઠીને આવશ્યક દાંતણ પાણી થાય,
ચાય ગાંઠીઆ અને ટી. વી. છાપુ જોવાય,
ચિકથા તોફાન વિવાદ સારી રીતે વંચાય.
દેવી અખબાર આગમની વિષયોની વાત. ૩

લક્ષ્મી દેવીનું દરરોજ સાનિધ્ય કરાય
ધુપ, દીપ અને દૂધની લક્ષ્મીદેવી પૂજાય,
ર મચન્દ્ર રસોયાની એહવી સાદી વાત,
સૌ બુદ્ધિજન સાંભળજો ચિત્ત માય. ૪

આ સાંભળી હંસરાજ શેઠનો કજેતો થયો પૈસા પુરા પગાર તરિકે આપવા પડયા અને આબરૂના કાંકરા થયા માટે કોઇપણ બાબતમાં તુચ્છતા કાઢી સરળતા રાખી આત્માનું કલ્યાણ કરવા જેવું છે.

❋ શ્રી જિનશાસનનો સાર શું ! ❋

तित्थंसराणुं बहुमाणुभत्ती; सत्तीइ सत्ताणु दया विरागो ।
समणु धम्माण य वच्छलत्तं, जिणागमे सारमुदाहरन्ति ॥

પોતાની શક્તિ અનુસારે શ્રી તીર્થંકર પરમાત્માઓની હૈયાના બહુમાન પૂર્વક સેવા-ભક્તિ, પ્રાણીઓની દયા, વિરાગ, સાધર્મિકોનું વાત્સલ્ય-આને શ્રી જિનાગમમાં સાર કહ્યો છે.

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણુદર્શી



* દુનિયાના કોઇ કામમાં ન આવે તેનું નામ ભગવાનનો સાધુ !
* કોઈના ય શરીરાદિ કશાની ચિંતા કરે નહિ પણ માત્ર આત્માની જ ચિંતા કરે તેનું નામ ગુરુ !
* સંસારનો વિરાગ તે જ આત્માના ઉદ્ધારનું બીજ !
* તમે તમારા કુટુંબને ધર્મ પમાડવા માટે અનુકૂળતા આપો અને પ્રતિકૂળતા ટાળો તો તે ધર્મ ! તમારા સ્વાર્થ માટે અનુકૂળતા આપો અને પ્રતિકૂળતા ટાળો તો તે અધર્મ !
* જેમ અધર્મ કરવાથી સંસાર વધે છે તેમ આજ્ઞા વિરૂદ્ધ વર્તવાથી પણ સંસાર વધે છે.
* તમે અમને હાથ જોડો તે ધર્મ ! પણ તમે અમને નમસ્કાર કરે એમ ઇચ્છીએ તે અધર્મ !
* ધર્મથી જ સુખ મળે તે વાત સાચી હોવા છતાં પણ સુખ માટે તો ધર્મ થાય જ નહિ. ધર્મ તો નિષ્કામભાવે, આત્મકલ્યાણ માટે કે મોક્ષ માટે જ કરાય. 'સુખ માટે ય ધર્મ કરાય' આવું કહેવું તે મહામિથ્યાત્વનો ઉદય હોય તો જ બોલાવે.
* આજે ભણનારા ઘણા. તેમાં સાચા-ખોટાનો વિચાર કરનારા થોડા. તેમાં ય સાચું સારું જ કરવું અને ખોટું અને ખરાબ છોડવું જ જોઇએ તેવો વિવેક કરનારા તો વિરલ જ મળે.
* જેને સંવર પ્રિય ન હોય અને આશ્રવ અપ્રિય ન હોય તેના રૂપમાં કાંઇ માલ નથી.
* મન-વચન-કાયાની ગુલામી લખી આપવી તેનું નામ સાધુપણું ! તે પણ સદ્ગુરુને જ !
* નીતિ શાસ્ત્ર સંસારનું પક્ષપાતી છે. ધર્મશાસ્ત્ર સંસારનું પ્રતિપક્ષી છે. પૈસાના કામમાં બધા ઉપર અવિશ્વાસ રાખવો તેમ નીતિશાસ્ત્ર કહે. જ્યારે ધર્મશાસ્ત્ર કહે કે, પૈસા માથાકૂટ કરવી નહિ.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લા.માળાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું